# ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ

## (આદિવાસી ગૅઝેટિયર)

सत्यमेव जयते

**ગુજરાત સરકાર વતી**

**ગૂજરાત વિદ્યાપીઠ પ્રકાશન**

**અમદાવાદ – ૩૮૦ ૦૧૪**

© ગુજરાત સરકાર

ISBN : 978-13-85091-44-5

પ્રથમ આવૃત્તિ : પ્રત ૩૦૦, ડિસેમ્બર ૨૦૨૦

**પ્રકાશક**
ગુજરાત સરકાર વતી
પ્રકાશન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
આશ્રમ માર્ગ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪
E-mail : info@gujaratvidyapith.org
Website : www.gujaratvidyapith.org
ફોન : ૦૭૯-૪૦૦૧૬૨૦૦, ૨૭૫૪૦૭૪૬

**મુદ્રક**
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઑફસેટ પ્રેસ, આંબલી ગામ-બોપલ રોડ
અમદાવાદ – ૩૮૦ ૦૫૮
mail@suryaoffset.com

**પ્રાપ્તિસ્થાન**
પુસ્તક ભંડાર
ગૂજરાત વિદ્યાપીઠ
આશ્રમ માર્ગ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪
ફોન : ૦૭૯-૪૦૦૧૬૨૬૯
E-mail : gvpustakbhandar@gujaratvidyapith.org
તથા
સરકારી પુસ્તક ભંડારો

# પ્રસ્તાવના

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને કમિશનરશ્રી, આદિજાતિ વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના સંયુક્ત પ્રયાસથી ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ (આદિવાસી ગૅઝેટિયર) અભ્યાસના નિર્માણની કામગીરી શક્ય બની છે. ગુજરાતમાં વસતા આદિવાસી સમુદાયો અને તેમનાં દરેક પાસાંને આવરી લઈ આ અભ્યાસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આદિવાસી સમુદાયના ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક વિષય પર વિસ્તારસહ રજૂઆત કરતા વિવિધ તજ્જ્ઞોના સંશોધન લેખોને આવરી આ ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ (આદિવાસી ગૅઝેટિયર) અભ્યાસ તૈયાર કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં આદિવાસીઓ જ્યાં વસતા આવ્યા છે તે વિસ્તારની વસતિવિષયક માહિતી, તે વિસ્તારોની વનૌષધિઓ, ગુજરાતમાં વસતા આદિવાસી સમાજનો ઐતિહાસિક પરિચય, તેમનો માનવશાસ્ત્રીય ઇતિહાસ, ગુજરાતમાં વસવાટ કરતા ૨૫ આદિવાસી સમુદાયોની રહેણીકરણી, રીતરિવાજ, પોશાક, ખોરાક, ધાર્મિક અને વ્યાવસાયિક માહિતી, આદિવાસીઓમાં શિક્ષણ, આરોગ્ય, સાહિત્ય, કલા-કૌશલ્ય, પ્રત્યાયન માધ્યમનું સ્થાન વગેરે મુદ્દા પર વિશેષ રજૂઆત કરવામાં આવેલ છે. ઉપરાંત આદિવાસી મેળા, આદિવાસી સંગીત વાદ્યો, આદિવાસી વિસ્તારનાં પ્રવાસન ધામો તેમ જ આદિવાસી સ્વાતંત્ર્ય-સૈનિકો અને ગુજરાતના આદિવાસી આંદોલનની પણ રજૂઆત કરવામાં આવેલ છે.

આદિવાસી સમુદાયનું બૃહદ ચિંતન જે તે વિષયના તજ્જ્ઞોએ પોતાનાં સંશોધનોના આધારે કરેલ હોવાથી આ અભ્યાસ વધુ વિશ્લેષણયુક્ત બને છે, જે તેની મુખ્ય ખાસિયત છે. તે ઉપરાંત ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોષીએ અભ્યાસને આપેલ સંશોધનાત્મક સ્વરૂપ એક વિશેષ બાબત છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા સમતા અને વિકાસ સંસ્થાન, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આ અભ્યાસના નિર્માણ માટે કરેલ કામગીરી તથા રાજ્ય સરકારની આવા અભ્યાસ કરવાની તત્પરતા, આદિજાતિ વિકાસ વિભાગે પૂરું પાડેલ નાણાકીય ભંડોળ. આ દરેક બાબતો સાથે જોડાયેલ વ્યક્તિઓના સતત પ્રયાસના કારણે આ અભ્યાસને પ્રસિદ્ધ કરવો શક્ય બન્યું છે.

ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ (આદિવાસી ગૅઝેટિયર) અભ્યાસ માટે ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકારનો કે જેમણે આ અભ્યાસના નિર્માણ માટે સંમતિ આપી અને નાણાકીય ખર્ચ પૂરો પાડ્યો તે બદલ આભાર વ્યક્ત કરું છું. તે ઉપરાંત નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ તથા ડૉ. વિદ્યુત જોશી, ડૉ. અરુણ વાઘેલા, ડૉ. ચન્દ્રકાન્ત ઉપાધ્યાય, ડૉ. તેજલબહેન, પ્રવીણ પટેલ, શ્રી ભલુભાઈ શેખ, શ્રી વિપુલ રામાણી, ડૉ. જે. સી. પટેલ, શ્રી અરુણભાઈ પટેલ, શ્રી જસવંતસિંહ રાઠોડ, ડૉ. ટીના દોશી, ડૉ. મહેશભાઈ ગામીત, ડૉ. કનુભાઈ વસાવા, ડૉ. મીનાક્ષી ઠાકર, ડૉ. હેમીક્ષા રાવ, ડૉ. સત્યકામ જોષી અને ડૉ. વિક્રમભાઈ ચૌધરી વગેરે તજ્જ્ઞો કે જેમણે આ અભ્યાસમાં પ્રકરણ કે લેખ આપેલ છે તે દરેક તજ્જ્ઞોનો પણ આભાર વ્યક્ત કરું છું.

સલાહકાર સમિતિના સભ્યો તથા આ સાથે જોડાયેલ એવા તમામ સહકર્મચારીઓ કે જેમણે ખૂબ ખંતપૂર્વક, નિષ્ઠાથી આ અભ્યાસ પ્રસિદ્ધ કરવાની કામગીરી કરેલ છે તે બદલ સૌનો આભાર વ્યક્ત કરું છું.

ગાંધીનગર
તા. ૨૦/૧૦/૨૦૨૦

કમિશનરશ્રી,
આદિજાતિ વિકાસ વિભાગ,
બિરસા મુંડા ભવન, ગાંધીનગર

# સંપાદકોનું નિવેદન

ગુજરાત સરકારે ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ ગ્રંથ (આદિવાસી ગૅઝેટિયર) તૈયાર કરવાનું કામ ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થાઓ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તથા સમતા અને વિકાસ સંસ્થાનને સોંપ્યું હતું. ગુજરાતમાં પહેલી વાર આદિવાસીઓને લગતી તમામ વિગતો એક ગ્રંથમાં મળી રહે તેવું આયોજન કરવાનું સરકારે વિચાર્યું. એના પરિણામે 'ગુજરાત આદિવાસી સર્વસંગ્રહ' પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

આ કામ અમને સોંપાયું પછી અમે આ વિષયના નિષ્ણાતોની એક સંપાદન સમિતિ બનાવી અને તેની મદદથી જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરનાર નિષ્ણાતોની યાદી બનાવી. આમ તો ગૂજરાત વિદ્યાપીઠની પાસે જ આદિવાસી સંશોધન કેન્દ્રમાં અને સમાજમાનવશાસ્ત્ર અનુસ્નાતક વિભાગમાં આ વિષયના તજ્જ્ઞો છે. તેમને સામેલ કરવા ઉપરાંત બહારના તજ્જ્ઞોનો પણ અમે સાથ લીધો છે. જે તે પ્રકરણ જે તે ક્ષેત્રના નિષ્ણાતે લખ્યું છે અને સંપાદકમંડળે તેને ચકાસ્યું છે.

જુદા જુદા વિભાગોની માહિતીમાં સંકલન થઈ રહે તેની કાળજી લીધી છે અને જ્યાં દ્વિતીયક માહિતીની જરૂર પડી છે ત્યાં ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડા લીધા છે. તો જંગલ કે વનઅધિકાર જેવા વિષયોના વર્ષ ૨૦૧૫-૧૬ના આંકડા પણ પ્રાપ્ત થયા છે. આમ બને એટલી અદ્યતન માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

મુખ્યત્વે ગુજરાતની ડુંગર અને પર્વતોની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓ ગુજરાતની વસ્તીના ૧૫ % છે. અને ૧૭ % વિસ્તારમાં વસે છે. એક વખત પરંપરાગત જીવન જીવતા આદિવાસીઓ હવે શિક્ષણ અને વ્યવસાય પરિવર્તન પામીને મુખ્યપ્રવાહમાં ભળતા થયા છે તેમ છતાં તેમની આગવી સંસ્કૃતિ ટકાવી રાખવાની તેમની મથામણ પ્રશંસનીય છે. અમે ગુજરાતના આદિવાસીઓ વિશે બને એટલી તમામ માહિતીનું પૃથક્કરણ કરીને અહીં આપવાની કોશિશ કરી છે. આશા છે સમાજના વિવિધ લોકોને આ માહિતી ઉપયોગી થશે.

આ સર્વસંગ્રહનો વિષય સંવેદનશીલ છે અને દરેક વિદ્વાનને પોતાનાં મંતવ્યો હોય છે તેથી જુદા જુદા લેખકોનાં મંતવ્યોમાં પાઠફેર થવાની શક્યતા છે. સરકાર અને સંપાદકોનું મન આ બાબતમાં ખુલ્લું છે.

(ડૉ. રાજેન્દ્ર ખીમાણી)
સંપાદકમંડળ વતી

# પ્રકાશકીય

ગુજરાતમાં વસતા આદિવાસી સમુદાયોના ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક વિષય વિશે વિવિધ તજ્જ્ઞોએ તે સમુદાયનું બૃહદ ચિંતન પોતાના સંશોધનના આધારે કરી, આદિવાસી વિસ્તારોની વસતિવિષયક માહિતી, વનૌષધિઓ, ગુજરાતના આદિવાસી સમાજનો ઐતિહાસિક પરિચય, માનવશાસ્ત્રીય ઇતિહાસ, રહેણીકરણી, રીતરિવાજ, પોશાક, ખોરાક, ધાર્મિક અને વ્યાવસાયિક માહિતી, શિક્ષણ, આરોગ્ય, સાહિત્ય, કલા-કૌશલ્ય, પ્રત્યાયન માધ્યમો ઉપરાંત આદિવાસી મેળા, સંગીત વાદ્યો, પ્રવાસન ધામો તથા સ્વાતંત્ર્ય સૈનિકો અને ગુજરાતનાં આદિવાસી આંદોલનો – આદિવાસી સમુદાયનાં દરેકેદરેક પાસાંને આવરી લઈ અદ્યતન માહિતી આપવાનો આ ઉમદા પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. આદિવાસીઓ શિક્ષણ અને વ્યવસાય પરિવર્તન પામીને મુખ્યપ્રવાહમાં ભળતા થયા છે છતાં પોતાની આગવી સંસ્કૃતિને ટકાવી રાખવાની તેમની જહેમત પ્રશંસનીય છે.

ગુજરાતમાં વસવાટ કરતા ૨૫ આદિવાસી સમુદાયો વિશે સંપૂર્ણ, અદ્યતન માહિતી તથા આદિવાસીઓની આગવી ઓળખ આપતો આ જ્ઞાનસભર દળદાર ગ્રંથ વાચકવર્ગ, વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ તથા સમાજના વિવિધ વર્ગના લોકોને ઘણો જ ઉપયોગી તથા માર્ગદર્શક બની રહેશે. આવા અભ્યાસપૂર્ણ ઉમદા ગ્રંથને શતાબ્દી વર્ષમાં પ્રગટ કરતાં ગૂજરાત વિદ્યાપીઠ અનુપમ આનંદની લાગણી અનુભવે છે.

ડિસેમ્બર ૨૦૨૦

**– ડૉ. ભરત જોશી**
(કા. કુલસચિવ)

# સંપાદન સમિતિ

૧. ડૉ. વિદ્યુત જોષી
૨. ડૉ. અરુણ વાઘેલા
૩. ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય
૪. ડૉ. મહેશભાઈ ગામીત
૫. ડૉ. કનુભાઈ વસાવા
૬. ડૉ. રાજેન્દ્ર ખીમણી

# લેખક પરિચય

(૧) ડૉ. વિદ્યુત જોષી (પ્રકરણ ૧, ૩, ૧૦, ૧૩ અને ૨૧)
પૂર્વ કુલપતિ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, પૂર્વ નિયામક સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત, પૂર્વ અનુનિવૃત્ત (એમરિટ્સ) પ્રોફેસર, ગૂજરાત વિદ્યાપીઠ, વરિષ્ઠ સમાજશાસ્ત્રી.

(૨) ડૉ. હેમીક્ષા રાવ (પ્રકરણ ૧૮)
પૂર્વ કુલપતિ અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

(૩) ડૉ. અરુણ વાઘેલા (પ્રકરણ ૨ અને ૧૨)
પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૪) ડૉ. ચન્દ્રકાન્ત ઉપાધ્યાય (પ્રકરણ ૪, ૯ અને ૧૧)
પૂર્વ નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૫) ડૉ. જે. સી. પટેલ (પ્રકરણ ૬)
પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૬) ડૉ. મહેશભાઈ ગામીત (પ્રકરણ ૨૩)
પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૭) ડૉ. સત્યકામ જોષી (પ્રકરણ ૨૪)
પ્રોફેસર અને પૂર્વ નિયામક, સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત.

(૮) ડૉ. મીનાક્ષી ઠાકર (પ્રકરણ ૮,૧૪,૧૯ અને ૨૨)
પૂર્વ નાયબ નિયામક, માહિતી અને પ્રસારણ, ભારત સરકાર.

(૯) ડૉ. કનુભાઈ વસાવા (પ્રકરણ ૧૬ અને ૧૭)
આસિસ્ટંટ પ્રોફેસર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને સ્થાપક મંત્રી, આદિવાસી સાહિત્ય અકાદમી.

(૧૦) ડૉ. વિક્રમ ચૌધરી (પ્રકરણ ૨૦)
એસોસિયેટ પ્રોફેસર, આર્ટ્સ-કોમર્સ કૉલેજ, બારડોલી, બિરસા મુંડા સન્માન, લોકભાષા સન્માન, સિદ્ધહસ્ત સંશોધક.

(૧૧) ડૉ. ટીના દોશી (પ્રકરણ ૧૧)
આસિસ્ટંટ પ્રોફેસર, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ.

(૧૨) શ્રી અરુણભાઈ પટેલ (પ્રકરણ ૭)
પૂર્વ સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૧૩) શ્રી જશવંતસિંહ રાઠોડ (પ્રકરણ ૫)
પૂર્વ સંશોધન અધિકારી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૧૪) ડૉ. વિપુલ રામાણી (પ્રકરણ ૪ – ૪.૧થી ૪.૬)
સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

(૧૫) ડૉ. પ્રવીણ પટેલ (પ્રકરણ ૪ – ૪.૭થી ૪.૧૨)
સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

(૧૬) ડૉ. ભલુભાઈ શેખ (પ્રકરણ ૪ – ૪.૧૩થી ૪.૧૮ અને પ્રકરણ ૧૫)
સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૧૭) ડૉ. તેજલબહેન અધ્વર્યુ (પ્રકરણ ૪ – ૪.૧૯થી ૪.૨૫)
સંશોધન મદદનીશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૦૦૩ |
| | સંપાદકોનું નિવેદન | ૦૦૪ |
| | સંપાદન સમિતિ અને લેખક પરિચય | ૦૦૫ |
| ૧. | આદિવાસી વિસ્તારો : પરિચય | 00૧ |
| ૨. | ગુજરાતનો આદિવાસી સમાજ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં | 0૧૯ |
| ૩. | આદિવાસીઓનો માનવશાસ્ત્રીય ઇતિહાસ | 0૪૫ |
| ૪. | ગુજરાતના આદિવાસીઓ | 0૬૩ |
| | ૪.૧થી ૪.૨૫ આદિજાતિઓનો પરિચય | |
| ૫. | આદિવાસી વિસ્તારની વનૌષધિઓ | ૧૫૭ |
| ૬. | આદિવાસી શિક્ષણ | ૧૯૩ |
| ૭. | આદિવાસી અર્થવ્યવસ્થા અને જમીન | ૨૧૩ |
| ૮. | આદિવાસીઓ અને જંગલો | ૨૩૧ |
| ૯. | અનુસૂચિત વિસ્તારોમાં પેસા ઍક્ટ કાયદાનો અમલ | ૨૭૯ |
| ૧૦. | આદિવાસીઓમાં આરોગ્ય | ૩૧૧ |
| ૧૧. | ગુજરાતનાં આદિવાસી આંદોલનો | ૩૩૧ |
| ૧૨. | આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો | ૩૬૧ |
| ૧૩. | આદિવાસી અને બિનઆદિવાસી આંતર સંબધો | ૩૮૯ |
| ૧૪. | આદિવાસી વિસ્તારનાં પ્રવાસન ધામો | ૩૯૭ |
| ૧૫. | આદિવાસી પરંપરાગત હાટ બજાર | ૪૩૭ |
| ૧૬. | આદિવાસી કલા-કૌશલ્ય | ૪૬૯ |
| ૧૭. | આદિવાસી સાહિત્ય | ૪૯૧ |
| ૧૮. | આદિવાસી મહિલાઓ | ૫૨૭ |
| ૧૯. | આદિવાસી વિસ્તારના મેળાઓ | ૫૫૯ |
| ૨૦. | આદિવાસી સંગીત વાદ્યો | ૫૯૧ |
| ૨૧. | આદિવાસી અને પ્રત્યાયન માધ્યમો | ૬૧૧ |
| ૨૨. | આદિવાસી વિસ્તારોનાં અભયારણ્યો | ૬૨૯ |
| ૨૩. | આદિવાસી ધાર્મિક માન્યતાઓ | ૬૩૭ |
| ૨૪. | ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિઓ | ૬૬૧ |
| | તસવીરો | ૬૭૭ |

# ૧. આદિવાસી વિસ્તારો : પરિચય



સમગ્ર રાષ્ટ્રવ્યાપી ભારતીય સંસ્કૃતિના વિશાળ માળખામાં ગુજરાત એક સાંસ્કૃતિક પ્રદેશ છે. તે પોતાની આગવી ભાષા, જીવનશૈલી અને સાહિત્ય ધરાવે છે. ગુજરાત સામાન્ય રીતે એક સમૃદ્ધ, પ્રગતિશીલ અને શાંતિપૂર્ણ રાજ્ય તરીકે ઓળખાય છે. ગુજરાતીઓ શાંતિપ્રિય પ્રજા (લોકો) તરીકે જાણીતા છે. કોઈ પણ નવાં સાહસોમાં થતાં રોકાણોમાં ૪૦ ટકા રોકાણો ગુજરાતીઓ દ્વારા કરવામાં આવે છે. નવાં ઔદ્યોગિક રોકાણ આયોજનોમાં કુલ રૂ. ૩.૫૦ લાખ કરોડમાં રોકાણો સાથે ગુજરાત આગળના સ્થાને છે. વળી તે ઘણા મોટા પ્રમાણમાં શહેરીકરણ પામેલું રાજ્ય છે. ગુજરાતીઓ ભારતભરમાં ઉત્તમ સાહસિક વ્યાપારીઓ તરીકે જાણીતા છે અને વિશ્વમાં તે સ્વરૂપે તેમને યહૂદીઓ પછી તરતના જ સ્થાને ગણવામાં આવે છે. દુનિયાના ખૂણે ખૂણે કોઈક ગુજરાતી વ્યાપાર–ધંધા કરતા જોવા મળશે. ગુજરાત અને ગુજરાતીઓ બાકીના ભારત અને ભારતીયો કરતાં વધુ પાશ્ચાત્ય (westernized) અને આધુનિક તરીકે પણ જાણીતા છે.


## ગુજરાતના ત્રણ પેટા–સંસ્કૃતિ વિસ્તારો – (Three Sub–Culture Areas of Gujarat)

ગુજરાત અને ગુજરાતીઓનાં આવાં લક્ષણચિત્રો (stereotypes) આખા ગુજરાત અને બધા ગુજરાતીઓ માટે વાસ્તવિક/સાચાં નથી. ગુજરાતની બહેતર સાચી સમજના હેતુથી આ આખા પ્રદેશ(ગુજરાત)ને ભૌગોલિક દ્રષ્ટિએ મુખ્યત્વે ત્રણ સાંસ્કૃતિક વિભાગોમાં વહેંચી શકાય. (વિદ્યુત જોશી, ૨૦૦૦ –૩૧-૬૫). (સારણી ૧.૧) પૂર્વ પટ્ટી, તળ ગુજરાત અને કચ્છ–સૌરાષ્ટ્ર. આપણે માત્ર પૂર્વ પટ્ટીની વાત કરીએ.

પૂર્વનો આદિવાસી પટ્ટો પરિસ્થિતિની શાસ્ત્રીય દ્રષ્ટિએ ત્રણ સ્પષ્ટ વિભિન્ન પેટા વિભાગોનો બનેલો છે. પહેલો વિભાગ છે, થોડા છૂટાછવાયા ધરબાયેલા ખનીજો, મિશ્ર ઉષ્ણતામાન, ભેજવાળા જંગલની ખડકાળ ઉચ્ચ ભૂમિની ખાસિયતોવાળા ડુંગરાળ અને ઉચ્ચ સપાટ પ્રદેશ(plateaus)નો, બીજો વિભાગ ફળદ્રૂપ ખેતીલાયક જમીન ધરાવતો તથા નદીઓ તેમ જ ઝરણાંઓથી આંતરાયેલી ખીણોના વર્ચસ્વવાળા વિસ્તારનો છે અને ત્રીજો વિભાગ, પહેલા બે વિભાગો વચ્ચે આવેલાં સીધાં ચઢાણો અને ઢોળાવોવાળો પટ્ટો મુખ્યત્વે પુષ્કળ મોટા જથ્થામાં ઊગેલાં–ઊછરેલાં જંગલી વૃક્ષો તથા પાન–પત્તા–રેસાદાર અન્ય વનસ્પતિઓથી છવાયેલો છે. જંગલોથી આચ્છાદિત ચઢાણો અને ઢોળાવોવાળો આ ત્રીજો વિભાગ રાજ્યમાં કેટલાંક આદિવાસી જૂથોની વસતિઓના વસવાટથી શોભતો વિસ્તાર છે.

રાજ્યના પૂર્વભાગનો આ સમગ્ર પટ્ટો સળંગ ઉત્તરથી દક્ષિણ સુધી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર એમ ત્રણ રાજ્યોની ભૌગોલિક સીમાઓને પણ વીંધી વિવિધ પરિમાણમાં જંગલોથી આચ્છાદિત પહાડો સ્વરૂપે પથરાયેલો છે. રાજ્યનો આ સમગ્ર પટ્ટો આદિવાસીઓની વસતિનો છે. તેમાં સદીઓથી સંખ્યાબંધ આદિવાસી સમુદાયો પરંપરાગત રીતે વસવાટ કરે છે. ઉત્તરમાં આ આદિવાસી પ્રદેશ અરવલ્લી અને સાતપુડા

પર્વતમાળાની અને અગ્નિદિશા(દક્ષિણ–પૂર્વ)માં સહ્યાદ્રિની પર્વતમાળાની હૂંફાળી ગોદમાં વસેલો છે. ખીણોના બનેલા બીજા વિભાગમાં તથા સીધાં ચઢાણો અને ઢોળાવોની ડુંગરમાળાઓમાં આદિવાસી વસવાટો છૂટાછવાયા સ્વરૂપે પથરાયેલા છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આદિવાસીઓના વસવાટની ભૂમિનો પૂર્વ–પશ્ચિમ સીમાઓ વચ્ચેનો પટ ઘણો પહોળો છે અને દક્ષિણમાં તે સાંકડો થઈ જાય છે. પરિણામે દક્ષિણ ગુજરાતમાં સહ્યાદ્રિ પર્વતમાળા અને અરબી સમુદ્રની વચ્ચે પથરાયેલો જમીનનો આ પટ્ટો સાંકડો છે અને એકદમ દક્ષિણમાં તો તે તેથી પણ વધુ સાંકડો થઈ જાય છે.





ગુજરાત અને તેના આદિવાસી વિસ્તારોનો નક્શો

**કોષ્ટક – ૧.૧**

ત્રણ પ્રાદેશિક વિભાગો – તુલનાત્મક દ્રષ્ટિએ

| અ.નં. | શીર્ષક | પશ્ચિમ ગુજરાત | મધ્ય ગુજરાત | પૂર્વ ગુજરાત |
|---|---|---|---|---|
| ૧. | ઓળખ | દ્વિપકલ્પનો પટ્ટો | મેદાની પટ્ટો (સપાટ) | ડુંગરાળ/પહાડી પટ્ટો |
| ૨. | વિસ્તારો | જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ જિલ્લાઓ, વીરમગામ, અમદાવાદ જિલ્લાનો ધંધૂકા તાલુકો | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, ગાંધીનગર, સાબરકાંઠા (પશ્ચિમ), અમદાવાદ, ખેડા, વડોદરા (પશ્ચિમ), ભરૂચ (પશ્ચિમ), સુરત (પશ્ચિમ), અને વલસાડ (પશ્ચિમ) જિલ્લો, નવસારી (પશ્ચિમ) | ૫૨ આદિવાસી તાલુકાઓ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, તાપી, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લો અને અન્ય નાના વિસ્તારોના |
| ૩. | ભૂપૃષ્ઠ | મહદંશે કાંઠા વિસ્તાર | સપાટ/મેદાની | ઢોળાવ–ચઢાવવાળું ડુંગરાળ |
| ૪. | જમીન ધારણ વ્યવસ્થા (સ્વતંત્રતા અગાઉ) | જમીનદારી ગરાસદારી, બારખલીદારી અને ઇનામદારી | રૈયતવારી | સામુદાયિક માલિકી |
| ૫. | રાજ્ય વ્યવસ્થા (આઝાદી પહેલાં) | ૨૨૨ દેશી રાજ્યો | કેટલાંક દેશી રાજ્યો અને બ્રિટિશ હકૂમત | કેટલાંક દેશી રાજ્યો અને બ્રિટિશ રાજકીય છત્રછાયામાં આદિવાસી મુખીઓ |
| ૬. | પ્રભાવી મૂલ્યો | સંઘર્ષ | સહકાર | તાબેદારી |
| ૭. | રાજકીય સંસ્કૃતિ | અર્ધસામંતશાહી | લોકશાહી | અર્ધઆદિમજાતિ સ્વરૂપે |
| ૮. | માનવ પ્રકૃતિની દ્રષ્ટિએ | દેવોમાં વિશ્વાસુ, સાધુવૃત્તિવાળું, માનવતાવાદી | હિતો આધારિત તથા સાધ્ય–સાધન સંબંધો | સુધારણા |
| ૯. | સામાજિક સંગઠનો | દાન–ફંડફાળા આધારિત/અભિમુખ | વિકાસોન્મુખ | મુક્તિ–અભિમુખ |
| ૧૦. | રોકાણની ટકાવારી | ૭૦ ટકા | ૨૮ ટકા | ૨ ટકા |
| ૧૧. | યુનિવર્સિટીઓની સંખ્યા | ૮ | ૩ | – |
| ૧૨. | ૫ લાખથી વધુ વસતિવાળાં શહેરો | ૩ | ૩ | – |


## શૈક્ષણિક સંસ્થાઓ (૧૯૯૫)




### આદિવાસી વસતિ –

ગુજરાત અનુસૂચિત જનજાતિની યાદીમાં એકંદરે ૨૫ આદિવાસી સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંના અડધાથી પણ વધુ સમુદાયોની જનસંખ્યા બહુ થોડી છે. વધુ મહત્ત્વનાં આદિવાસી જાતિ–જૂથો (સમુદાયો) અને તેમની વસતિ સારણી ૧.૨ પ્રમાણે છે.

## નાણાકીય રોકાણ તરેહ (૧૯૯૮)



**કોષ્ટક – ૧.૨**

ગુજરાતમાં જનજાતિવાર વસતિ

| અનુક્રમ | જનજાતિનું નામ | વસતિ | નોંધ |
|---|---|---|---|
| ૧. | ભીલ | ૪૦ લાખથી વધુ | સાંસ્કૃતિક, ભાષાકીય અને વસતિશાસ્ત્રીય ખાસિયતોને આધારે રાજ્યમાં આ ૧૨ જનજાતિઓ મુખ્ય ગણાય છે. |
| ૨. | હળપતિ | ૫.૫ લાખથી વધુ | |
| ૩. | ધોડિયા | ૬.૦ લાખ લગભગ | |
| ૪ | ગામિત | ૩.૫ લાખ લગભગ | |
| ૫. | નાયકા | ૪.૫ લાખથી વધુ | |
| ૬. | ચૌધરી | ૨.૫૦ લાખથી વધુ | |
| ૭. | રાઠવા | ૩.૦ લાખથી વધુ | |
| ૮. | ધાણકા (તડવી) | ૨.૦ લાખ લગભગ | |
| ૯. | કોકણા | ૨.૦ લાખ લગભગ | |
| ૧૦. | વારલી | ૧.૫૦ લાખથી વધુ | |
| ૧૧. | પટેલિયા | ૦.૫ લાખથી વધુ | |
| ૧૨. | કુણબી | ૦.૩૫ લાખથી વધુ | |
| ૧૩. | કોલઘા | ૦.૦૫ લાખથી વધુ | રાજ્યમાં આ પાંચ જનજાતિ તેમની અત્યંત ગરીબી તથા આધાતક્ષમ આર્થિક અસ્તિત્વને કારણે ખાસ આધાતક્ષમ જનજાતિ જૂથો ગણવામાં આવે છે. |
| ૧૪. | કોટવાળિયા | ૦.૧૫ લાખથી વધુ | |
| ૧૫. | સીદી | ૦.૦૬ લાખથી વધુ | |
| ૧૬. | કાથોડી | ૦.૦૩ લાખથી વધુ | |
| ૧૭. | પઢાર | ૦.૧૦ લાખથી વધુ | |
| ૧૮. | રબારી (નેસ વિસ્તાર) | ૬ હજારથી વધુ | |
| ૧૯. | ફુણસે–પારધી | ૩ હજારથી વધુ | ઉપરોક્ત બંને કક્ષામાં ન આવતાં આ આઠ જનજાતિનાં આદિવાસી જૂથો અતિ અલ્પસંખ્યક અને અલ્પ મહત્ત્વનાં ગણાય છે. |
| ૨૦. | બાવચા, બમચા | ૯ હજારથી વધુ | |
| ૨૧. | ચારણ (નેસ વિસ્તાર) | ૧૫૦૦ લગભગ | |
| ૨૨. | ભરવાડ (નેસ વિસ્તાર) | ૫૦૦થી વધુ | |
| ૨૩. | ગોંડ, રાજગોંડ | ૫૦૦ લગભગ | |
| ૨૪. | પોમલા | ૫૦૦થી વધુ | |
| ૨૫. | બરડા | ૫૦૦ લગભગ | |

(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)

આમ, અત્યાર સુધી, કેવળ મુખ્ય જનજાતિના આદિવાસીઓને જ વિકાસના હેતુ માટે આવરી લેવાતા આવ્યા છે. વળી, મુખ્ય ગણાતી જનજાતિઓના આદિવાસીઓના સામાજિક–આર્થિક વિકાસના સ્તરે પણ ઘણી અસમાનતા અને તફાવતો પ્રવર્તે છે. ધોડિયા, ચૌધરી, પટેલિયા તથા ડુંગરી ગરાસિયા (ડું.ગ.ને આમ જો કે અલગ આદિ જનજાતિ હોવા છતાં અનુસૂચિત જનજાતિની સરકારી યાદીમાં ભીલ જનજાતિના એક પેટા સમૂહ તરીકે દર્શાવવામાં આવે છે.) જેવી કેટલીક જનજાતિઓમાં સામાજિક અને આર્થિક પરિવર્તનોની પ્રક્રિયા એટલા મોટા પ્રમાણમાં દેખાય છે કે કદાચ તેઓની આદિવાસી સંસ્કૃતિ ઝડપથી છૂટી પણ જાય(process of deculturation). વાસ્તવમાં, તેઓ આદિવાસી સંસ્કૃતિ છૂટી જવાની પ્રક્રિયા(process of deculturation)ના પ્રવાહમાં ખેંચાતા આદિવાસી સમૂહોના જ સ્પષ્ટ કિસ્સા છે. આ સંસ્કૃતિ છૂટી જવાની પ્રક્રિયા(process of deculturation)ની વિભાવના સમાજશાસ્ત્રીય અર્થમાં અહીં ઉપયોગમાં લીધી છે. તેમાં એ અર્થ અભિપ્રેત છે કે, ડાંગના ભીલ જેવી મુખ્ય જનજાતિઓમાંથી કોઈકે તેની કોઈ પેટા સમૂહની પોતાની મૂળ જનજાતિ(આદિમજાતિ)ના વર્તન–વ્યવહારો અને રહેણીકરણીની ઢબછબો છૂટતી કે ભૂંસાતી જાય અથવા તેનો અસ્વીકાર થતો જાય અને તેને બદલે કોઈ બિનજનજાતિના વર્તન–વ્યવહાર કે રહનસહનની ઢબછબો અપનાવવામાં આવતી જાય. બીજે છેડે પંચમહાલ જિલ્લાના નાયકડા જનજાતિએ પોતાની પ્રાચીન આદિમતા હજી ટકાવી રાખી છે. રાજ્યની અન્ય જનજાતિઓ એકંદરે સંસ્કૃતિના આ બે સ્તરોની વચ્ચેની કક્ષાઓની સ્થિતિમાં છે. આ રાજ્યના આદિવાસીઓમાં નૃવંશ (જાતિ) અને સંસ્કૃતિ સંબંધી (ethnic and culture) પ્રવર્તતી આટલી વિશાળ વિવિધતા માનવશાસ્ત્ર (anthropology) અને નૃવંશશાસ્ત્ર(ethnology)ના અભ્યાસીઓ માટે સ્વાભાવિક રીતે જ બહુ ફળદ્રુપ ક્ષેત્ર પૂરું પાડે છે. વળી, તે સાથે આ જ બાબત, આદિવાસી લોકોના જીવનની ગુણવત્તાની સુધારણા માટે પોતાનાં સંશોધનો–અભ્યાસોનાં તારણો–પરિણામો પૂરાં પાડવાનો બહુ મોટો પડકાર પણ સંશોધકો–અભ્યાસકર્તાઓ સમક્ષ સર્જે છે.

આ રાજ્યમાં વિવિધ આદિવાસી જૂથોની વસતિ હવે લગભગ ૯૦ લાખની પાસે પહોંચવા આવી છે અને તે રાજ્યના સમગ્ર પૂર્વ છેડાના પૂર્વ પટ્ટામાં તથા પશ્ચિમ અને વાયવ્ય (ઉત્તર–પશ્ચિમ) દિશાના પ્રદેશોના કેટલાક નાના નાના વિસ્તારો–(pockets)માં વહેંચાઈને વસેલા છે. તેમની વસતિ રાજ્યની કુલ વસતિના ૧૫ ટકા છે. ગુજરાત આદિવાસીઓની વસતિની દ્રષ્ટિએ મધ્યપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી પાંચમા ક્રમે આવે છે. રાજ્યના ૨૫ જિલ્લાઓમાંથી ૧૪ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ નોંધપાત્ર પ્રમાણમાં છે. આ તાપી, અરવલ્લી, મહીસાગર જિલ્લાઓ છે. બનાસકાંઠા, ડાંગ, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને સાબરકાંઠા, તેમાંથી ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ અને પંચમહાલમાં આદિવાસીઓની ટકાવારી જિલ્લાઓની કુલ વસતિના અનુક્રમે ૯૬.૬૪, ૫૨.૯૨, ૧૪.૦૯, ૩૧.૪૭ અને ૩૦.૧૮ ટકા છે. તેમની ઘણી મોટા ભાગની વસતિ રાજ્યની પૂર્વ સરહદ પરના ડુંગરાળ અને જંગલોભર્યા વિસ્તારોમાં વસે છે. માત્ર થોડા અપવાદો સિવાય રાજ્યના આદિવાસી વિસ્તારો વાસ્તવમાં રાજ્યના ડુંગરો અને જંગલોના જ વિસ્તારો છે.

તદુપરાંત, સામાન્ય રીતે આદિવાસી જિલ્લાઓ તરીકે ઉલ્લેખાતા જૂનાગઢ, જામનગર અને અમદાવાદ જિલ્લાઓમાં તો નાનકડા ટાપુ સમા આદિવાસી વસવાટો જ આવેલા છે. આ

જિલ્લાઓમાં મોટે ભાગે નાની–નાની આદિવાસી જાતિઓ વસે છે. આ નાનાં–નાનાં આદિવાસી જૂથો વસતિના પ્રમાણની દ્રષ્ટિએ ખાસ નોંધપાત્ર નથી, પરંતુ સાંસ્કૃતિક દ્રષ્ટિએ આ જુદાં જુદાં આદિવાસી જૂથો બહુ રંગીન અને સમૃદ્ધ વારસો ધરાવે છે. જે આદિવાસી સમુદાયોને આદિમ જનજાતિ તરીકે ઓળખાવવામાં આવ્યા છે, તેમના વિકાસ પ્રત્યે પણ હવે કંઈક ગંભીરતાપૂર્વક ધ્યાન અપાતું થયું છે. આ સિવાય, મુખ્યત્વે બિનઆદિવાસી વસતિના પ્રાધાન્યવાળાં ગામોમાં વસતા આદિવાસીઓને છૂટાછવાયા (dispersed) આદિવાસીઓ તરીકે ઓળખાતી કક્ષામાં મૂકવામાં આવે છે. પાંચમી (પંચવર્ષીય) યોજના પછી આદિવાસી સમસ્યાઓના ઉકેલ માટે ત્રિપાંખિયો હુમલો યોજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, તે માટે આદિવાસીઓને ચાર કક્ષામાં વર્ગીકૃત કરવામાં આવ્યા છેઃ


(૧) આદિવાસી કેન્દ્રિત વિસ્તારમાં વસતા, સંકલિત પ્રાયોજના વિસ્તાર

(૨) લઘુ વિસ્તાર

(૩) આદ્ય/આદિમ જાતિઓ અને

(૪) છૂટાછવાયા આદિવાસી વસવાટવાળા વિસ્તારોમાં વસતા આદિવાસીઓ.

## નોંધપાત્ર પ્રમાણમાં આદિવાસી વસ્તીવાળા જિલ્લાઓ



## કોષ્ટક – ૧.૩

| જિલ્લા અને તાલુકાવાર આદિવાસી વસતિની ટકાવારી – ૨૦૧૧ | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | વિભાગ | તાલુકાનું નામ | તાલુકામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | મુખ્ય આદિવાસી જાતિઓ |
| ૧. | બનાસકાંઠા | ઉત્તર વિભાગ | દાંતા | ૫૬.૩૬ | ભીલ ગરાસિયા |
| | | | અમીરગઢ | ૫૮.૫૩ | રાજપૂત ગરાસિયા |
| | | | ખેડબ્રહ્મા | ૭૫.૩૮ | ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા |
| ૨. | સાબરકાંઠા | | વિજયનગર | ૭૮.૪૫ | સોકળા ગરાસિયા |
| | | | પોશીના | નવો તાલુકો | ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા |
| ૩. | અરવલ્લી | | ભિલોડા | ૫૭.૫૭ | ડુંગરી ગરાસિયા, |
| | | | મેઘરજ | ૩૭.03 | ભીલ ગરાસિયા |
| ૪. | મહીસાગર | મધ્ય વિભાગ | સંતરામપુર | ૮૦.૩૨ | ભીલ, પટેલિયા, નાયકા |
| | | | કડાણા | ૭૮.૨૦ | ભીલ, નાયકડા |
| ૫. | પંચમહાલ | | ઘોઘંબા | ૪૧.૫૧ | નાયકડા |
| ૬. | દાહોદ | | દાહોદ | ૭૭.૩૪ | ભીલ, પટેલિયા |
| | | | ગરબાડા | ૯૪.૮૩ | ભીલ, પટેલિયા |
| | | | ઝાલોદ | ૯૦.૧૩ | ભીલ |
| | | | ફતેહપુરા | ૯૩.૪૫ | ભીલ, નાયકડા |
| | | | લીમખેડા | ૬૩.0૭ | ભીલ, પટેલિયા, નાયકડા |
| | | | ધાનપુર | ૭૧.0૭ | ભીલ, પટેલિયા |
| | | | દેવગઢબારિયા | ૨0.03 | નાયકડા |
| | | | સંજેલી | નવો તાલુકો | ભીલ |
| ૭. | છોટાઉદેપુર | | છોટાઉદેપુર | ૮૭.૬૨ | રાઠવા, ધાણકા, |
| | | | નસવાડી | ૮૭.૭૨ | તડવી, રાઠવા, ભીલ |
| | | | ક્વાંટ | ૯૩.૫૧ | રાઠવા, નાયકા |
| | | | પાવી–જેતપુર | ૮૩.૩૩ | રાઠવા, નાયકા |
| ૮. | ભરૂચ | દક્ષિણ વિભાગ | ઝઘડિયા | ૭૮.૨૫ | વસાવા, ભીલ |
| | | | વાલિયા | ૫૫.૪૨ | વસાવા ભીલ, ગામિત,ધાણકા |
| ૯. | નર્મદા | | તિલકવાડા | ૭૩.૨૯ | – |
| | | | નાંદોદ | ૯૬.૪૧ | વસાવા ભીલ |
| | | | દેડિયાપાડા | ૯૧.૧૯ | વસાવા ભીલ |
| | | | સાગબારા | ૭૭.0૭ | વસાવા ભીલ, ગામિત, ધાણકા |
| ૧૦. | સુરત | | માંડવી | ૪૫.૭૦ | હળપતિ, ચૌધરી, કોટવાળિયા |
| | | | માંગરોળ | ૪૫.૭૦ | ચૌધરી, વસાવા |
| | | | બારડોલી | ૪૫.૨૫ | હળપતિ, ચૌધરી |
| | | | મહુવા | ૮૧.૨૧ | હળપતિ, ચૌધરી, ધોડિયા, ગામિત |

| અ.નં. | જિલ્લાનું નામ | વિભાગ | તાલુકાનું નામ | તાલુકામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | મુખ્ય આદિવાસી જાતિઓ |
|---|---|---|---|---|---|
| ૧૧. | તાપી | | ઉમરપાડા | ૯૬.૭૩ | વસાવા, ભીલ |
| | | | સોનગઢ | ૮૪.૯૧ | ગામિત, વસાવા, ભીલ,ચૌધરી |
| | | | ઉચ્છલ | ૯૮.૦૫ | વસાવા, ભીલ, ગામિત |
| | | | નિઝર | ૮૦.૮૨ | વસાવા, ભીલ, ગામિત, ધાનકા |
| | | | વ્યારા | ૮૪.૮૪ | ચૌધરી, ધોડિયા, ગામિત, કોટવાળિયા |
| | | | વાલોડ | ૭૧.૬૩ | ચૌધરી, ધોડિયા, હળપતિ, ગામિત |
| ૧૨. | નવસારી | | ચીખલી | ૭૧.૦૫ | કોંકણા, નાયકા, કોલઘા, હળપતિ |
| | | | વાંસદા | ૯૦.૫૯ | કોલઘા, કોંકણા, વારલી, ધોડિયા, નાયકા |
| ૧૩. | વલસાડ | | પારડી | ૩૨.૭૫ | ધોડિયા, હળપતિ, નાયકા |
| | | | ઉમરગામ | ૪૬.૬૯ | વારલી, હળપતિ, ધોડિયા |
| | | | ધરમપુર | ૯૧.૯૨ | કોંકણા, વારલી, ધોડિયા, નાયકા, હળપતિ |
| | | | કપરાડા | ૯૬.૨૦ | વારલી, ધોડિયા |
| ૧૪. | ડાંગ | | આહવા | ૯૬.૬૪ | કુણબી, ભીલ, કોંકણા, વારલી, ગામિત, કાથોડી, કોટવાળિયા |

(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)

આ રાજ્યના મુખ્ય આદિવાસી સમૂહોના ચોક્કસ વિભાજનના ખાતરીદાયક સુરેખ આકલન માટે સમગ્ર આદિવાસી પૂર્વ પટ્ટાના ઉત્તર, મધ્ય અને દક્ષિણ એમ ત્રણ વિભાગો પાડવા યથાર્થ બન્યા છે.

## ઉત્તર વિભાગ –

ઉત્તર વિભાગમાં મુખ્યત્વે વિજયનગર, ભિલોડા, ખેડબ્રહ્મા, મેઘરજ, દાંતા અને અમીરગઢ તાલુકાઓ આવેલ છે. આ પ્રદેશમાં પણ જમીનનો મોટો ભાગ જંગલ વિસ્તાર હેઠળ આવરી લેવામાં આવેલો છે. ઉદાહરણ તરીકે, દાંતા અને વિજયનગર તાલુકાઓમાં અનુક્રમે ૫૯.૨ અને ૬૮.૪ ટકા જંગલ ભૂમિ છે. આ પ્રદેશમાં ખેતી માટે સુલભ કુલ જમીનમાંની લગભગ તમામ જમીનમાં સિંચાઈની કોઈ સુવિધા નથી. ફક્ત બહુ જૂજ જમીનને સિંચિત (irrigated) ગણી શકાય. આથી આપણે સ્વાભાવિક રીતે જ એવું ધારવા પ્રેરાઈએ છીએ કે, આ પ્રદેશના આદિવાસીઓએ જીવતા રહેવા માટે ખરેખર ભારે સંઘર્ષ કરવો પડતો હશે. વધારામાં, ખેતીલાયક જમીન સુલભ થવાની સમસ્યા તીવ્ર હોવાની સાથે સાથે જમીનવિમુખતાની સમસ્યા પણ છે. આદિવાસીઓ પાસે જે થોડીક જમીન છે તે પણ પાડોશી સમાજના કંઈક વધુ પ્રગતિશીલ કહેવાતા વિભાગની લોભી નજરથી બચવા પામી નથી. તેમની ભૂમિ–અલગાવની આ પ્રક્રિયા હજી ચાલુ જ છે.

આ પ્રદેશમાં રહેતી આદિવાસી જાતિઓ છે – ગરાસિયા, ડુંગર ગરાસિયા, ભીલ ગરાસિયા અને ભીલ. રાજસ્થાનમાં ગરાસિયા એક સ્વતંત્ર આદિવાસી જૂથ ગણાય છે. જ્યારે ગુજરાતમાં તે ડુંગરી કે ભીલ ગરાસિયા તરીકે ભીલ જનજાતિના પેટા જૂથ છે. આ બધી આદિવાસી જનજાતિઓની ઘણી સાંસ્કૃતિક ખાસિયતો સર્વસામાન્ય (common)

અથવા લગભગ એકદમ સમાન છે. ખાસ કરીને કુળ/ગોત્ર(clan)નાં નામો, પરંપરાગત દેવો, અન્ય સામાજિક ધાર્મિક માન્યતાઓ, લોકગીતો અને છૂટીછવાઈ ઝૂંપડી/છાપરીમાં નિવાસ વગેરેમાં એટલું બધું સામ્ય છે કે, કોઈ બહારના, અજાણ્યા કે કેવળ પ્રેક્ષકો તો બધાં જૂથોને એક જ આદિવાસી જૂથના માની લે છે અથવા બધાને 'ભીલ' નામે એક જ આદિવાસી જૂથમાં સમાવી લે છે. તેવું જ ગરાસિયાઓના કિસ્સામાં બન્યું છે.

જો કે, આ જંગલની જમીન મોટા પ્રમાણમાં હોવા છતાં તે ઇમારતી લાકડાથી ખાસ સમૃદ્ધ નથી. પહેલાં જંગલો આદિવાસીઓના આર્થિક જીવનમાં બહુ અગત્યનો ભાગ ભજવતાં હતાં, પરંતુ આ પ્રદેશનાં જંગલોનો અણઘડ રીતે ઉપયોગ થતો રહ્યો હોવાથી જંગલો હવે આદિવાસી અર્થવ્યવસ્થામાં કોઈ ખાસ સહાય પૂરી પાડતાં નથી. આને પરિણામે આ લોકોનું આર્થિક જીવન ચોક્કસપણે વધુ ચિંતાજનક બન્યું છે. આને કારણે આ પ્રદેશમાં વારંવાર અનાવૃષ્ટિ અને દુષ્કાળની પરિસ્થિતિ પણ સર્જવા પામે છે.

આ પ્રદેશના મોટા ભાગના કામદારો ખેતીના વ્યવસાયમાં રોકાયેલા છે, પરંતુ વિજયનગર, ભિલોડા અને ખેડબ્રહ્માના કેટલાક નાના ટુકડાઓ બાદ કરતાં, આ પટ્ટાના આદિવાસીઓ હંમેશાં ખેતીની અણઘડ સ્વરૂપની પદ્ધતિ જ અપનાવતા આવ્યા છે. સુધારેલાં સાધનો–ઓજારો, સુધારેલાં બી, ખાતરોનો સમુચિત ઉપયોગ વગેરે ખેતીની સુધારેલી આધુનિક પદ્ધતિ જાણતા ન હોવાથી જૂની પરંપરાગત પદ્ધતિથી જ ખેતી કરે છે. તેમાં નવી શોધખોળોને કોઈ સ્થાન નથી. આમ છતાં, વિકાસ કાર્યક્રમને કારણે આ લોકોમાંના નવસંસ્કરણ પામેલા નાનકડા વર્ગે નવી પદ્ધતિઓ અપનાવી છે. પરંતુ આ વસતિના મોટા ભાગના લોકો તો હજી જૂની પદ્ધતિઓને જ વળગી રહ્યા છે.

તેઓ ઘઉં ઉગાડવા માટે સિંચાઈ કરવામાં પોતાની પરંપરાગત 'સારણ' પદ્ધતિનો જ ઉપયોગ કરે છે, પરંતુ તે સારા વરસાદ પર આધાર રાખતી અનિશ્ચિતતાભરી પદ્ધતિ છે. સંભવિત જળશક્તિવાળા નદીઓ, તળાવો કે જમીનતળના જળસ્રોતોની અછતને કારણે જમીનને સિંચાઈ કરવાનું સામર્થ્ય કદી નહોતું અને નથી.

આ પ્રદેશનો મુખ્ય પાક મકાઈ, બાજરી, જુવાર, કોદરા, ઘઉં, તેલીબિયાં, કપાસ અને મગફળી (ભોંયશીંગ) છે. તેમાં પણ મકાઈ અને કોદરા જેવાં બરછટ ધાન્ય મુખ્ય છે. કપાસ પણ અહીં વસતા આદિવાસીઓને રોકડ કમાણીમાં થોડીઘણી મદદ કરે છે.

આમ આ પ્રદેશની આદિવાસીઓની ખેતી સંબંધી આર્થિક સ્થિતિનું ઘણું નિરાશાજનક ચિત્ર ઊપસે છે. ખેત–મજૂરીમાં રોકાયેલા આ પ્રદેશના ગરીબ આદિવાસી પુખ્ત પુરુષો અને સ્ત્રીઓને હાલમાં પણ મજૂરીના રોજના અનુક્રમે ફક્ત રૂ. ૧૫૦ અને ૧૪૦ જ મળે છે. વધારામાં તેમને બીડીઓ આપવામાં આવે છે. આટલી અલ્પ રોજીના બદલામાં પણ તેમણે ૯થી ૧૦ કલાકો કામ કરવું પડે છે. બાંધકામ વગેરેમાં મજૂરીની તેમને મળતી તકો ઘણી થોડી અને સરળતાથી પહોંચી ન શકાય તેટલા દૂરને અંતરે હોય છે. એટલે શિકાર, કોઈ ગૌણ ગણાતી જંગલી પેદાશો લાવી વેચી ખાવી, ખાવાલાયક મૂળિયાં અને ફળો ભેગાં કરી નિભાવ, જંગલમાં જ કોઈ મજૂરીકામ વગેરે સ્વરૂપે જંગલ જ તેમના જીવનનિર્વાહ માટેનો બીજો આધાર બની રહે છે.

અલબત્ત, આદિવાસી વિકાસ કાર્યક્રમની કૃષિક્ષેત્ર સંદર્ભમાં કંઈક પ્રગતિ થઈ છે એમ કહી શકાય, પરંતુ આ પ્રદેશના આદિવાસીઓ પર તેની કેટલી અસર થઈ તે કહેવું કે તારવવું મુશ્કેલ છે. આ પટ્ટાના આદિવાસીઓની ખેતીવિષયક અર્થવ્યવસ્થા પર સુધારાસૂચક સંગીન પ્રભાવ પાડતી કોઈ ખાસ ગણનાપાત્ર સિદ્ધિ દેખાતી નથી. મોટા ભાગનાં ગામડાંઓમાં આદિવાસીઓએ સુધારણા સ્વરૂપના કોઈ કાર્યક્રમ અમલી બન્યાનું

કદી સાંભળ્યું નથી.

સહકારી આંદોલનના સંદર્ભમાં જોઈએ તો, અલબત્ત, સંખ્યાબંધ સહકારી મંડળીઓ રચાઈ છે. પરંતુ આ પ્રવૃત્તિ કે આંદોલનથી આદિવાસીઓને કોઈ ખાસ લાભ થયો નથી. તેમાં મુખ્ય અંતરાયરૂપ હોય તો તે છે, સહકારી મંડળીઓ દ્વારા અપાયેલી ઉછીની કે વ્યાજે અપાયેલી રકમ પરત ભરપાઈ કરવાની આદિવાસીઓની અશક્તિ. તેમની આ અશક્તિનું આદિવાસીઓ દ્વારા દર્શાવાતું કારણ એ છે કે, તેઓ પોતાની ઊપજ સ્થાનિક વેપારીઓને વેચી નાખે છે. આ વેચાણમાંથી થતી કમાણીની મોટા ભાગની રકમ શાહુકારો(money lenders)ને વ્યાજે ઉછીની લીધેલી રકમ પરત ભરપાઈ કરવામાં જ વપરાઈ જાય છે. ઘણી વાર તો તેઓએ પોતાની ઘરગથ્થુ જરૂરિયાતો તેમ જ સામાજિક વ્યવહારો/કર્તવ્યો માટે પણ શાહુકારોને શરણે જવું પડે છે. આમ લોન ભરપાઈ ન કરી શકવાને કારણે સહકારી મંડળીના તેવા સભ્યો વધુ/બીજી લોન મેળવવા માટે હકદાર રહેતા નથી. આ બાબત સહકારી મંડળીની સરળ કાર્યવાહીમાં મોટો અવરોધ સર્જે છે. વળી, કોઈ પરિવારને અપાતી લોનની એકંદર રકમ તેમની જરૂરિયાત કરતાં ઘણી ઓછી હોય છે. તેથી અંતે તેમણે સોસાયટી પાસેથી લોનની મેળવેલી રકમ શાહુકાર પાસેથી લીધેલી ખૂટતી રકમની લોન ભરપાઈ કરવામાં જ વપરાઈ જાય છે. અલબત્ત લોન તરીકે અપાતી રકમ નાની જ હોય છે. છતાં આદિવાસીઓ લોનની તે રકમ પણ ભરપાઈ કરી શકતા નથી. પરિણામે તેમને મંડળીમાંથી વધુ/બીજી વાર લોન મળી શકતી નથી. તે સંજોગોમાં તેઓ ફરીથી શાહુકારના ફંદામાં ફસાય છે, અથવા તો, ખેતીમાં રોકાણ અર્થે વધુ નાણાં મેળવવા માટે વધારાની મજૂરીનો આશરો લેવો પડે છે. આમ, એકંદરે ચિત્ર એવું ઊપસે છે કે, સહકારી ચળવળ વિસ્તરી છે, પરંતુ તેમ છતાં આ પ્રદેશમાં આદિવાસી ખેડૂતને વાસ્તવમાં ભાગ્યે જ ઉપયોગી બની શકી છે. આ જોતાં, આદિવાસીઓને લોન આપવાની જોગવાઈ અંગેના નિયમો ફેરતપાસ કરી સુધારવાની તાતી જરૂર છે. વાસ્તવમાં આદિવાસી વિસ્તાર માટેની સહકારી ચળવળનું સંપૂર્ણ પુનરાવલોકન કરી તેમાં સુધારા–વધારા કરવા જરૂરી છે.

શિક્ષણક્ષેત્રે આ પ્રદેશમાં, શાળાઓની સંખ્યામાં ગણનાપાત્ર વધારો થયો છે. એકંદરે, દરેક ગામનાં આદિવાસી બાળકો સરળતાથી પહોંચી શકે એટલે અંતરે એક એક શાળા થઈ છે, પરંતુ તેના પ્રમાણમાં શાળાએ જતાં બાળકોની સંખ્યામાં થોડો જ વધારો થયો છે. આ સમસ્યા, મુખ્યત્વે દાંતા તાલુકામાં ખાસ કરીને ગરાસિયા આદિવાસીઓમાં ગંભીર છે. ગરાસિયાઓમાં અન્ય આદિવાસી સમૂહો કરતાં પોતે ઉચ્ચ કે શ્રેષ્ઠ હોવાની માન્યતા (ગ્રંથિ) એટલી દ્રઢમૂળ છે કે તેમના જ વિસ્તારમાં અંબાજી પાસે જેતવા મુકામે ખાસ આદિવાસીઓ માટે જ ચાલતી આશ્રમશાળામાં પણ પોતાનાં બાળકોને મોકલવા અત્યાર સુધી તૈયાર નથી. કારણ એટલું જ કે, ત્યાં થોડા ભીલ અને ભીલ ગરાસિયાનાં બાળકો પણ ભણે છે. પરિણામે, મકાનો બાંધી દીધા પછી પણ બેએક વર્ષ નિરર્થક રાહ જોઈને આ શાળાનું સંચાલન કરતી સંસ્થાએ શાળા જેતવા(ગરાસિયા વિસ્તાર)માંથી ખસેડીને મચકોડા(ભીલ ગરાસિયા વિસ્તાર)માં લઈ જવી પડી છે. આવું જ વલણ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આંતરસુબા પાસે વસતા સોકલા ગરાસિયા આદિવાસીઓમાં પણ જોવા મળ્યું છે. વળી, મોટા પ્રમાણમાં અપવ્યય(wastage) અને સ્થગિતતા(જડતા)ની સમસ્યાઓ પ્રવર્તે છે. તેને પણ ઘનિષ્ઠ પ્રયત્નો દ્વારા ઉકેલવાની જરૂર છે.

### મધ્ય વિભાગ –

મધ્ય વિભાગના આ પટ્ટામાં પંચમહાલ, મહીસાગર, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાઓના આદિવાસી તાલુકાઓ આવેલા છે. ઉત્તરની જેમ આ પ્રદેશ પણ ડુંગરાળ અને વનરાજીવાળો છે. જો

કે, તેમાં જંગલ હેઠળ આવરી લેવાયેલી જમીનનો વિસ્તાર એકંદરે ઓછો છે. જેમ કે, દાહોદ જિલ્લાની ઝાલોદ તાલુકાની કુલ જમીનના ૧૭.૧ ટકા અને છોટાઉદેપુર તાલુકામાં ૪૦.૭ ટકા. આ પ્રદેશમાં ખેતીલાયક સુલભ જમીન અંગે અહીં પણ એ જ પરિસ્થિતિ પ્રવર્તે છે. કુલ ખેતીલાયક જમીનનો ફક્ત થોડોક જ વિસ્તાર સિંચાઈની સુવિધા ધરાવે છે. આ સમગ્ર પટ્ટો એકંદરે સમૃદ્ધ જિલ્લાઓમાં સ્થિત પછાત વિસ્તારનું એક વિશિષ્ટ ઉદાહરણરૂપ છે. આ પ્રદેશમાં મુખ્ય આદિવાસી વસતિ ભીલ, પટેલિયા, તડવી, નાયકડા અને રાઠવા જનજાતિઓની છે. તેમાં પટેલિયા અને તડવી (ધાણકા) જાતિના લોકો ખેતી તેમ જ શિક્ષણના ક્ષેત્રે ભીલ, રાઠવા અને નાયકડા કરતાં વધુ પ્રગતિશીલ છે. જેમ કે ઉત્તર વિભાગની તુલનામાં આ પ્રદેશમાં ખેતી માટે જમીન વધુ માત્રામાં ઉપલબ્ધ છે. પરંતુ પછાત વિસ્તાર માટે વસતિની ગીચતા પ્રમાણમાં વધુ છે. જેમ કે, છોટાઉદેપુર તાલુકામાં ચોરસ માઈલ દીઠ ૨૭૪ વ્યક્તિઓની સરેરાશ છે, તેટલા વિસ્તારમાં સમગ્ર રાજ્યની સરેરાશ ૨૯૦ વ્યક્તિઓની છે. ૯૦ ટકાથી પણ વધુ વસતિ ગામડાંઓમાં વસે છે. આ પ્રદેશની અર્થવ્યવસ્થા ખૂબ મોટા પ્રમાણમાં ખેતી પર આધારિત છે. રોજગારીનાં કામો કરતી વસતિના ૯૦ ટકાથી પણ વધુ લોકો આ પ્રાથમિક વ્યવસાય સાથે સંકળાયેલા છે. આદિવાસીઓ દ્વારા લેવાતો અહીંનો મુખ્ય પાક મકાઈ છે, જ્યારે, નાના પાયા પર ઘઉં અને ચણા પણ ઉગાડાય છે. પૂરતા ચોમાસાના અભાવે દુષ્કાળ આ પ્રદેશનું કાયમી લક્ષણ બની ગયું છે. જમીન પણ અલ્પ ઉપજાઉ હોવાથી પાકનો ઉતાર કાયમ ઓછો હોય છે. જંગલોનો પણ ઘણા અંશે નાશ થયો હોવાથી જંગલની મજૂરી કરી ખાતા આદિવાસીઓની હંગામી રોજગારી મળવાની તક પણ ઘટી ગઈ છે. આ પરિબળોને કારણે ચોમાસા પછી સંખ્યાબંધ આદિવાસીઓને નિર્વાહ રળી આપે તેવી રોજગારીની શોધમાં દૂર દૂર સુધી જવું પડે છે. પરિણામે રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ અને અમદાવાદ–મુંબઈ રેલવે માર્ગ પર પંચમહાલના આદિવાસીઓ નાનામોટા મરામતનાં કામો કરતા મજૂરો તરીકે કામ કરતા હોવાનાં જોવા મળતાં દ્રશ્યો બહુ સામાન્ય બની ગયાં છે. તેમને પોતાના વિસ્તારમાં જ અન્ય વ્યાવસાયિક તકો મળવાની શક્યતા પણ બહુ જૂજ છે.

જો કે, છોટાઉદેપુર જિલ્લામાં એક ફ્લોરસ્પાર યોજના શરૂ કરવામાં આવી છે, તે દુનિયાના સૌથી વધુ ફ્લોરસ્પાર જમા કરનારાઓમાંની એક છે. ખનીજ–ખાણોની કામગીરીઓએ નિમ્ન દરજ્જાની ખાસ તાલીમ કે આવડતની જરૂર ન હોઈ તેવી અણકસબી (unskilled) જગાઓ માટેની રોજગારીની તક આદિવાસીઓને પૂરી પાડી છે. ઔદ્યોગિકીકરણની અસરો અંગેના એક સંશોધન–અભ્યાસમાં જોવા મળ્યું હતું કે, આ પ્રોજેક્ટમાં આદિવાસીઓ મુખ્યત્વે ખાસ તાલીમ કે આવડત માગી લેતા કસબી (technical) સ્થાનો ધરાવતી વ્યક્તિઓ બિનઆદિવાસી વિસ્તારોમાંથી આવેલી હતી. તેનાથી આદિવાસી જીવનની સંવાદિતામાં ખલેલ પહોંચી છે. તેવું જ આ યોજનાના ઔદ્યોગિક કામદારોમાં આદિવાસીઓના અભાવને કારણે બનવા પામ્યું છે. એ સંદર્ભે, આ વિસ્તારમાં નજીકના ભવિષ્યમાં વિકસનારા ઉદ્યોગોને અનુલક્ષીને આઈટીઆઈ જેવી ખાસ ઔદ્યોગિક તાલીમ અને




*છોટાઉદેપુર જિલ્લો*



*પંચમહાલ જિલ્લો*

આવડતવાળા કારીગરોની તાતી જરૂર ઊભી થવાની પાકી સંભાવના જોતાં તે અંગે સવેળા દૂરંદેશી આયોજન કરી શકાય.

આદિવાસી વિકાસ કાર્યક્રમોથી કેટલુંક પરિવર્તન આવ્યું છે. પરંતુ તેમ છતાં એવું જણાય છે કે, તેનાથી આ પ્રદેશના આદિવાસી સમાજોમાં પરિવર્તન માટે હજી સુધી કોઈ અર્થપૂર્ણ મહત્ત્વનો પરિણામદાયક પ્રભાવ પડવા પામ્યો નથી. આ પ્રદેશના ઘણાખરા લોકો(આદિવાસી)એ વિકાસ કાર્યક્રમો અમલી બન્યા અગાઉ જેવું જ જીવન જીવવાનું ચાલુ રાખ્યું છે. તેની કસોટી એ હકીકતથી થઈ શકે કે, આજે પણ વધુ ને વધુ આદિવાસીઓ જીવનનિર્વાહ માટે ઋતુવાર આ પ્રદેશમાંથી સ્થળાંતર કરે છે. આ પ્રદેશમાં સહકારી આંદોલનનું પણ એવું જ નિષ્ફળતાસૂચક વૃત્તાંત છે.

શિક્ષણની દ્રષ્ટિએ પણ આ આદિવાસી પટ્ટો સૌથી પછાત વિસ્તારમાંનો એક છે. વસતિના ભાગ્યે જ ૧૦ ટકાને પણ અક્ષરજ્ઞાન ધરાવનારા (સાક્ષર) ગણાવી શકાય. અલબત્ત હવે લગભગ બધાં ગામોમાં શાળાઓ સુલભ છે. પરંતુ વિદ્યાર્થીઓની નોંધણી ઘણી પાંખી છે. આ શાળાઓમાં ૬થી ૧૪ વર્ષની વય–જૂથનાં બાળકોની કુલ સંખ્યાના માત્ર ૧૫–૨૦ ટકા જ નોંધાયા છે. આ પ્રદેશની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણક્ષેત્રે અપવ્યયનો દર ૭૫ ટકાથી પણ વધુ છે. આ પ્રદેશમાં શિક્ષણ અને વસતિની આર્થિક સ્થિતિને ગાઢ સંબંધ હોવો તે વધુ સ્વાભાવિક છે. જીવન ટકાવી રાખવા માટે કરવા પડતા તીવ્ર સંઘર્ષને કારણે શિક્ષણ માટેનું સાહજિક વલણ હજી એકંદરે ઘણું ઓછું છે.

## દક્ષિણ વિભાગ –

દક્ષિણ વિભાગ નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ – એમ સાત જિલ્લાઓમાં પથરાયેલો વિશાળ આદિવાસી વિસ્તાર છે. આ વિભાગનો પૂર્વ ભાગ સાતપુડા અને સહ્યાદ્રિની પર્વતમાળા વડે મહારાષ્ટ્રથી જુદો પડે છે. આ સમગ્ર પ્રદેશ દક્ષિણ ગુજરાતનો જંગલછાયો પટ્ટો છે. આ આખો પ્રદેશ સળંગ પહોળી અને ઊંડી ખીણો અને તેમાં થઈને તળેટી તરફ વહેતી કેટલીક નદીઓ ને ઉપનદીઓ તથા નદીનાળાંથી સુશોભિત છે. ખીણો અને નીચાણવાળા પ્રદેશોની જમીનની માટી મોટે ભાગે કાળી અને ફળદ્રુપ છે. જ્યારે ઊંચાણવાળી અને ઢોળાવવાળી જમીનની માટી સામાન્યપણે લાલ અથવા ઘેરી અને ખડકાળ છે. ખેતી હેઠળની જમીન કુલ જમીનના ૨૦થી ૨૫ ટકા જ છે તેથી વધુ નથી. બાકીનો જમીન–વિસ્તાર ક્યાં તો જંગલ તરીકે આવરી લેવાયો છે કે બિનખેતીલાયક છે. અગાઉના સમયમાં આ પ્રદેશના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલની આસપાસ જ ઘુમરાયેલી રહેતી હતી. બધી વસ્તુઓમાં, સૌપ્રથમ તો, જંગલે તેમને જીવનનિર્વાહના મુખ્ય સ્રોત સમ ખેડવા માટે યથાયોગ્ય જમીન પૂરી પાડી હતી, પરંતુ ક્રમશઃ આદિવાસીઓ સ્થાયી ખેડૂતો બની જવા પામ્યા છે. જો કે, જમીનમાં વાવણી અગાઉ ખેતરમાં સૂકાં ડાળખાં–પાંદડાં બાળવાની પ્રથામાં તેમની પ્રારંભિક ફરતી ખેતીની ખાસિયત હજી પણ દેખાય છે. વર્ષ દરમિયાન આ પ્રદેશના લોકોના કાર્યચક્ર મુજબ જૂન(સામાન્ય રીતે ચોમાસુ અહીં જૂનની અધવચમાં

શરૂ થાય છે.)થી જાન્યુઆરી સુધી તેઓ ખેતીકામમાં વ્યસ્ત રહે છે. આ સમય દરમિયાન લગભગ ત્રણ મહિના તો તેઓ ખેતીમાં પૂર્ણપણે રોકાયેલા રહે છે, પરંતુ બાકીના સમય દરમિયાન તેમને પૂરતું રોકાણ રહેતું નથી. એટલે તેઓ તેવા સમયમાં નાનીમોટી ગૌણ જંગલ–પેદાશો ભેગી કરી તેનું અવલંબન લે છે.

ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન તેમને કોઈ ખેતીકામ રહેતું નથી. તેથી તેઓ તે સમયમાં ક્યાં તો કોઈ જંગલ–પેદાશ એકત્રિત કરવાનું કામ, કે લાકડાં કાપવા–વહેરવાનું કામ તથા તે સાથે સંકળાયેલી જંગલ વિસ્તારની જ કોઈ પ્રવૃત્તિઓ કે પછી દૈનિક છૂટક મજૂરી કરી ખાતા હોય છે. અહીં આ કામદારોને નિયમિત પર્યાપ્ત રોજગારી પૂરી પાડતું કોઈ વ્યવસ્થિત સંગઠન નથી. એટલે આ સમય દરમિયાન પુષ્કળ વધારાની માનવશક્તિ (મજૂરો) છૂટથી મળી રહેતી હોવાથી રોજીનો દર નોંધપાત્ર ઘટી જાય છે.

કુલ ખેતીલાયક જમીનનો લગભગ બે તૃતીયાંશ ભાગ ખાદ્યાન્ન ઉગાડવામાં વપરાય છે. અહીં કપાસ, શેરડી, બટાકા, શાકભાજી વગેરે જેવા રોકડિયા પાકનો લગભગ અભાવ છે. થોડાક વિસ્તારોમાં હમણાં હમણાં શેરડી તથા મગફળી ઉગાડવાનો પ્રારંભ થયો છે. તાજેતરનાં વર્ષોમાં ખાદ્યાન્ન પાક લેતા વિસ્તારોમાં વધારો થયેલો જણાય છે. સુરત અને વલસાડ જિલ્લાઓની સપાટ જમીનોમાં શેરડી લોકપ્રિય રોકડિયો પાક બનવા પામ્યો છે.

હવે ખાદ્યાન્ન ઉગાડવા તરફ વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે તેવા નિર્દેશ મળે છે. અનાજોમાં મુખ્ય પાક નાગલી, ડાંગર અને જુવાર છે. તદુપરાંત વરાઈ, બંટી, સામો, કોદરા જેવા હલકા પ્રકારનાં ગણાતાં અનાજોની કેટલીક જાતો પણ ઉગાડવામાં આવે છે. આ પટ્ટામાં લગભગ તમામ ખેડૂતો પોતાના કુટુંબની વપરાશ માટે સાર્વત્રિક રીતે શાકભાજીની ખેતી, કાજુની ખેતી, ફ્રૂટની ખેતી વગેરે પાકો ઉગાડે છે. ફેબ્રુઆરી–માર્ચમાં લણી લેવાતો રવીપાક તો ગણ્યાગાંઠ્યા આદિવાસીઓ જ ઉગાડે. કારણ કે, અહીં પાણી ખૂબ ઊંડાઈએ હાથ લાગે છે. એટલે તો કૂવાઓમાંથી પીવાનું પાણી પણ નિયમિત રીતે પૂરું પડતું નથી. (તેથી) વાસ્તવમાં પિયત (સિંચાઈ) હેઠળની જમીનનો લગભગ સંપૂર્ણ અભાવ પ્રવર્તે છે. અલબત્ત, તાજેતરનાં વર્ષોમાં સંખ્યાબંધ કૂવાઓ ખોદવામાં આવ્યા છે ખરા, પરંતુ તો પણ વ્યવહારમાં સિંચાઈ હેઠળની જમીનોમાં બહુ થોડો વધારો થવા પામ્યો છે. આખો પ્રદેશ ડુંગરાળ હોવાને કારણે આ સમગ્ર પ્રદેશમાં કૂવાઓના પાણીનાં અથવા બંધિયાર પાણીનાં કેટલાંક ખાબોચિયાં/તળાવોની સમસ્યા ઘણી તીવ્ર છે. તાજેતરમાં, કેટલાક વિસ્તારોમાં સરકારી સાધનો મારફત ટૅન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. (આર.બી.લાલ, ૧૯૯૮: ૬૯)

પશુપાલન વ્યવસાય અંગે લગતા આ વિસ્તારમાં વસતિ મુખ્ય આદિવાસી જનજાતિઓ વસાવા ભીલ, હળપતિ, ગામીત, ચૌધરી, કોંકણા, ધોડિયા, તડવી, વારલી, ભીલ, નાયકા, કાથોડિયા, કોલધા અને કોટવાળિયા છે. આ પ્રદેશમાં વસતા આદિવાસીઓ બોલી, સમાજ અને સંસ્કૃતિની દ્રષ્ટિએ અનેકવિધ વૈવિધ્ય ધરાવે છે. દરેક જૂથનો ઇતિહાસ અને છેલ્લાં વીસ વરસોમાં થયેલા વિકાસનો દર જુદો જુદો છે.

વિકાસ કાર્યક્રમોને ખેતીનાં જૂનાં અણઘડ



*નવસારી જિલ્લો*

સ્વરૂપો બદલીને નવીન પ્રસ્થાપિત પ્રકારની ખેતીને અંતે લોકપ્રિય ખેતી–પદ્ધતિની સુધારણા તરફ વાળવામાં આવ્યા છે. ખેતી વિસ્તરણ અને પશુપાલન કાર્યક્રમોને અગ્રિમતા આપવામાં આવી છે, પરંતુ આ કાર્યક્રમો ઊંડાણના વિસ્તારો સુધી પહોંચી શક્યા નથી. પરિણામે એકંદરે, આ આદિવાસી ગામડાંઓ(ની સ્થિતિ)નું ચિત્ર એકંદરે વણબદલાયેલું જ રહ્યું છે. છેલ્લાં દસેક વર્ષ દરમિયાન ક્રમશઃ જંગલ અદ્રશ્ય થતું જવા સિવાય ખાસ અન્ય વધુ કોઈ પરિવર્તન થયેલું દેખાયું નથી. પશુચિકિત્સાલયો, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો તથા દવાખાનાં, શાળાઓ, સહકારી ગોદામો વગેરેનાં નવાં મકાનો વિકાસસૂચક પ્રવૃત્તિનાં ચિહ્નો તરીકે કોઈ પણ વ્યક્તિની નજરે અવશ્ય પડશે.

તેવી જ રીતે, આ પ્રદેશમાં શૈક્ષણિક વિકાસની પણ દુઃખદ ઉપેક્ષા સેવવામાં આવી છે. શિક્ષણ અંગે હાલમાં સ્થિતિ સારી છે. જો કે, દરેક ગામમાં શાળા સ્થાપવામાં આવી છે. પરંતુ વિદ્યાર્થીઓની નોંધણી અત્યંત નબળી છે. આ પ્રદેશનો સાક્ષરતા દર ૨૦ ટકાથી પણ ઓછો છે. આમ, એકંદરે, આ આખા પહાડી પ્રદેશનો શૈક્ષણિક વિકાસ હજી ઘણો અલ્પ છે.

ઐતિહાસિક દસ્તાવેજો સાબિત કરે છે કે, ભીલો(આધુનિક પરિભાષામાં 'આદિવાસી જનજાતિ'




*નર્મદા(રાજપીપળા) જિલ્લો*

તરીકે ઓળખાય છે તે નહીં)ને આક્રમણકર્તા રજપૂતો દ્વારા ક્યાં તો તાબે કરવામાં આવ્યા હતા અથવા તો ઊંડા જંગલમાં હાંકી કાઢવામાં આવ્યા હતા. તાબેદારીએ અથવા વનવાસી જીવને તેમની જીવનશૈલી અને સંસ્કૃતિ બદલી નાખી હતી, પરંતુ એ યાદ રાખવું ઘટે કે, આ પ્રકારની સંસ્કૃતિ તેમણે પસાર કરવા પડેલા ઐતિહાસિક અનુભવનું પરિણામ હતું. (વિદ્યુત જોશી, ૧૯૯૮ઃ ૨૨).

આદિવાસીઓએ જંગલમાં વસવાટ કર્યો ત્યારે વર્તમાન રાજ્ય અસ્તિત્વમાં નહોતું. "ઓગણીસમી સદીના અંત ભાગમાં, બ્રિટિશરોના સીધા સંચાલન હેઠળ આદિવાસી વિસ્તારોમાં મોજણી (સર્વે) અને જમીનમહેસૂલ નક્કી કરવા માટે પગલાં લેવાવા માંડ્યાં હતાં." (હર્ષદ ત્રિવેદી, ૧૯૯૮ઃ ૧૫૧). તે અગાઉ, જે જમીન પર આદિવાસી સમુદાય વસ્યો ત્યાં સામુદાયિક કબજો હતો. આદિવાસી ખેડૂત પોતાના પરિવારના ભરણપોષણ માટે જરૂરી હોય તેટલી જમીન જાતિ–સમુદાયના મુખી(વડા)ની પરવાનગીથી ખેડવાના કામમાં લેતો હતો. આ પ્રકારના વ્યવહારથી બે ધોરણો (norms) ઉદય પામ્યાં. એક, મુખીની સત્તાને માન આપવું, અને બીજું, આદિવાસી જૂથમાં અંદરોઅંદર સહકાર. આદિવાસીઓ પરંપરાગત રીતે ભારતીય સભ્યતાના જ ભાગરૂપે રહ્યા છે. પરંતુ, આ સંબંધ (ભાગરૂપતા) પોતે જ સમસ્યારૂપ હતો, એ અર્થમાં કે વિકાસના આદર્શે પોતે જ આ પટ્ટાના આદિવાસીઓ માટે સમસ્યાઓ સરજી છે. "સ્થળાંતર, ગરીબી–નિવારણ, સ્વાસ્થ્ય અને રોગ, ભૂમિ–વિમુખતા, દેવું, ગુનાખોરી વગેરે જેવી આદિવાસી વિકાસ સંબંધી ઘણી સમસ્યાઓ આવા વિકાસ આદર્શની અસરોનું પરિણામ છે." (આનંદ કશ્યપ, ૧૯૯૮:30). વિકાસના આ પ્રકારના વપરાશકારી આદર્શ(consumerist mode)ની મોટામાં મોટી નિષ્ફળતા એ છે કે તેણે મનુષ્ય અને કુદરત અને વિશેષ કરીને આદિવાસીઓ અને જંગલો વચ્ચેના ગાઢ સંબંધોમાં વિચ્છેદ (disinte-

gration) સર્જ્યો છે. તદ્દુપરાંત તેણે તેમની આત્મનિર્માણકારી (self–generation) અને આત્મનિર્ભર (self-reliant) સમાજ–વ્યવસ્થામાં ભંગાણ પાડીને તેમ જ સમુદાયની સર્જકતાને અવરોધીને તેમને બજાર સંબંધી પરિબળો પર અવલંબિત બનાવી દીધા છે. વશવર્તી આદિવાસીઓ વિકાસ અંગેના પોતાના વિચારો/ખ્યાલો વ્યાપક પરિબળોને વિરુદ્ધ રજૂ કરી અમલી બનાવી શક્યા નથી. અમારા કહેવાનો અર્થ એવો નથી કે, આદિવાસી પટ્ટામાં વિકાસ થયો જ નથી. જો કે મુખ્ય પટ્ટામાં જોરદાર સહકારી આંદોલન થયું છે, પરંતુ આ પ્રદેશના લોકોના આર્થિક જીવનને તેની સહજ પણ અસર થવા પામી નથી. મુખ્યત્વે, ગાંધીવિચાર પ્રેરિત બિનઆદિવાસી સેવકો દ્વારા સંભાળાતી જંગલ કામદાર સહકારી મંડળીઓ થકી સ્વતંત્રતા પછી તરત ઉપલા સ્તરના કેટલાક આદિવાસીઓ જરૂર લાભ પામ્યા છે. આ મંડળીઓમાં નોંધાયેલા આદિવાસી સભ્યો સહકારી ભાવના કરતાં વધુ તો ગાંધીવિચાર પ્રેરિત સેવકો પ્રત્યેના આદરથી પ્રેરિત હતા. આ સહકારી આંદોલન આંતરિક ભાવના, ઉમળકા કે સમજણનું પરિણામ નહોતું. તે તો આદિવાસી વિસ્તારમાં ગાંધીપ્રેરિત સુધાર–આંદોલનના એક ભાગરૂપ હતું.

ઘણા મોટા બંધો આદિવાસી વિસ્તારોમાં જરૂર બંધાયા છે, પરંતુ તેનાથી સિંચાઈનો લાભ તો મુખ્યત્વે મેદાની બિનઆદિવાસી લોકોને ફાળે ગયો છે. બલ્કે તેમાં ઘણા આદિવાસીઓએ ગુમાવેલી જમીનો અને તેમના પુનર્વસનની સમસ્યા જણાય છે. ઘણા મોટા ભાગના આદિવાસીઓ જીવનનિર્વાહ માટે સૂકી (બિનપિયત) ખેતી ઉપર આધારિત છે. કૃષિક્ષેત્રનો વિકાસ થયો ન હોવાથી જરૂરી સંબંધિત સંસ્થાકીય વ્યવસ્થાઓ તેમ જ બીજા અને ત્રીજા સ્તરના લોક–વિભાગો માટેના પાયાગત–માળખાનો અહીં અભાવ વરતાય છે. તેમાં ''દક્ષિણ ગુજરાતના ધોડિયાઓ અને ચૌધરીઓ તથા દાહોદ જિલ્લાના પટેલિયા જેવા થોડાક આદિવાસી જૂથોના કિસ્સાઓનો અપવાદ કરી શકાય, પરંતુ આદિવાસીઓના ઘણા મોટા ભાગના લોકો તો અલ્પવિકસિત જ રહ્યા છે અને દૈવાધીન બિનસલામત આર્થિક રીતે ટકી રહેવાની મથામણ કરતું જીવન જીવે છે.'' (આર. બી. લાલ,૧૯૯૮ –૭૨)

આદિવાસી વિસ્તારના તમામ તાલુકાઓ ઔદ્યોગિક રીતે પછાત છે. પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે રાહતો આપવામાં આવતી હોવા છતાં આ પટ્ટામાં બહુ જ ઓછા ઔદ્યોગિત એકમો સ્થપાયા છે અને તે પણ વિસ્તાર બહારના બિનઆદિવાસી ઉદ્યોગપતિઓ દ્વારા જ સ્થાપવામાં આવ્યા છે.

આદિવાસી પટ્ટામાં ઘણી બિનસરકારી સંસ્થાઓ આવેલી છે અને તેમને વિશે લખાયું પણ ઘણું છે. તેમાંની ઘણીખરી તો ગાંધીવિચાર પ્રેરિત કાર્યકરો દ્વારા સ્થાપવામાં આવેલી છે. તાજેતરમાં જ યુવાન શિક્ષિત આદિવાસીઓ દ્વારા તેમનાં પોતાનાં સંગઠનોની રચના કરવાનું શરૂ થયું છે. આ પ્રદેશમાં કોઈ યુનિવર્સિટી કે કોઈ સંશોધન સંસ્થા નહોતી. હાલમાં રાજપીપળા ખાતે આદિવાસી યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. આ વિસ્તારમાં, માત્ર છેલ્લા દાયકામાં જ ડઝનેક પૂર્વસ્નાતક (undergraduate) વિનયન (arts) અને વાણિજ્ય (commerce) કૉલેજો ખોલવામાં આવી છે.

શાળાકીય સ્થિતિ પણ ખાસ સુખદ નથી. સોએક વર્ષ પહેલાં આદિવાસી વિસ્તારમાં કોઈ શાળા નહોતી. પ્રથમ ધાણકા વસતિ–ગૃહ (નિવાસી શાળા) ૧૮૮૫માં સ્થાપવામાં આવી હતી. ૧૯૨૨ની ચૌરીચૌરાની ઘટના પછી મહાત્મા ગાંધીજીએ પોતાના કાર્યકર્તાઓને આશ્રમો સ્થાપવાનું જણાવ્યું હતું. આ આશ્રમોની એક પ્રવૃત્તિ હતી શાળાકીય કેળવણીની. તે 'આશ્રમશાળાઓ' તરીકે જાણીતી થઈ (વિદ્યુત જોષી, ૧૯૮૦, ૧૭). આ ગાંધીજન કાર્યકર્તાઓ/સેવકોના સંપર્કથી આદિવાસીઓમાં સુધારણા આંદોલન શરૂ થયું, પરંતુ આ સુધારણા આંદોલન એવા બાહ્યજન(બિનઆદિવાસીઓ)ની

આગેવાની હેઠળ દોરવાયેલું હતું કે જેઓ આદિવાસી સંસ્કૃતિને નિમ્ન/ઊતરતી કક્ષાની લેખી તેમાં કંઈક ‘બહેતર’ સ્વરૂપનું પરિવર્તન કરવા માગતા હતા. હવે પરિસ્થિતિ કંઈક આવી સર્જાઈ હતી. એક બાજુ પર પરંપરાગત આદિવાસી સંસ્કૃતિ હતી. બીજી બાજુ પર વ્યાપક સમાજ દ્વારા અનુસરાતો પાશ્ચાત્યીકરણ અથવા આધુનિકીકરણનો નમૂનો (model) હતો અને આ ત્રીજો ગાંધીપ્રેરિત બિનઆદિવાસી (બાહ્યજનો) ગાંધીજનો દ્વારા પ્રસ્તુત નમૂનો (model) હતો. પરંપરાગત રીતે આદિવાસીઓ દારૂ (ખાસ કરીને મહુડાનો) અને માંસથી ટેવાયેલા હોય છે. તેમને શીખવવામાં આવે છે કે દારૂ નિષેધ અને શાકાહારીપણું એ ચડિયાતાં ધોરણો છે. અને જો તે દિશામાં તેઓ સુધરે તો તેઓ વિકાસ પામશે. આનાથી બાહ્યજનો એવા બિનઆદિવાસીઓમાં વર્ચસ્વિતા સર્જાવા પામી અને આદિવાસીઓમાં વશવર્તિતા અને અપરાધીભાવ સર્જવા પામ્યા. તેમને એવું લાગ્યું કે, તેમણે જો વિકાસ કરવો હોય તો નવી સંસ્કૃતિ અપનાવવી જોઈશે. આને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળવાના એક ભાગરૂપ પણ ગણવામાં આવ્યું. આ ભળવાપણું થયું પણ ખરું. આદિવાસીઓ મુખ્ય સમાજના ભાગરૂપ બન્યા પણ તે સાથે જ તેઓ પોતાના સમાજ અને સંસ્કૃતિથી પણ થોડા અળગા થયા. આ સાંસ્કૃતિક તફાવત સમજવો જોઈએ તેમ તેનો આદર પણ થવો જોઈએ.

* * *

# સંદર્ભ-સાહિત્ય


1. Singh, K S : Anthropology, Culture and Development in Karla and Singh(ed.) Anthropology Development and Nation Building, New Delhi, Concept 1987.
2. Encyclopedia of Social Sciences.
3. Joshi, Vidyut : Cultural Factors in Gujarat's Development in EPW (Special Issue of Gujarat's Development) 2000.
4. Lal, R. B. : Tribal Situation in Gujarat in Vidyut Joshi (ed.) Tribal Situation in India (Ed.) Rawat, Jaipur, 1998.
5. Joshi, Vidyut : Genesis of Tribal Problems — Vidyut Joshi (ed.) – Ritual Situation in India (1st ed.) Rawat, Jaipur 1998.
6. Trivedi, Harshad : Tribal Land in Gujarat in Vidyut Joshi (ed.) Tribal Situation in India (1st ed.) Rawat, Jaipur, 1998.
7. Kashyap, Anand : Parameters of Tribal Development in Vidyut Joshi (ed.) Tribal Situation in India (1st ed.) Rawat, Jaipur 1998.

# ૨. ગુજરાતનો આદિવાસી સમાજ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં



### પ્રસ્તાવના

આદિવાસીઓ 'આદિજાતિ', 'મૂળનિવાસી', 'અસલી વતની કોમો' વગેરે પર્યાયવાચી નામોથી પણ ઓળખાય છે. નૃવંશશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ અને ઇતિહાસકારોએ તેમના પર સંશોધનો કરી આદિવાસીઓની અસલિયત, જાતિમિશ્રણ, ધર્મ, સંસ્કૃતિ, ઇતિહાસ વગેરે પર પ્રકાશ પાડ્યો છે. તે બધાંને પરિણામે આદિકાળથી આઝાદી સુધીના આદિવાસી સમાજને લગતી માહિતી આપણા સુધી પહોંચી છે. પ્રસ્તુત પ્રકરણમાં પ્રાચીન કાળથી લઈ આઝાદી સુધીના આદિવાસી સમાજનું વિહંગાવલોકન કરાવવાનો ઉપક્રમ છે.

### આદિકાલીન આદિવાસીઓ

ગુજરાતનો આધારભૂત ઇતિહાસ હડપ્પીય સંસ્કૃતિથી શરૂ થાય છે, તે પૂર્વેના પથ્થરયુગના અવશેષો સુધી પણ માનવ ઇતિહાસની તવારીખ લંબાય છે. ગુજરાતમાં થયેલાં પુરાતત્ત્વીય સંશોધનોમાં ગુજરાતની આદિમજાતિઓનાં પ્રમાણો પ્રાપ્ત થયા છે. વલસાડ, મહીકાંઠા, ડાંગ વગેરે જેવા આજે આદિજાતિ ગણાતા વિસ્તારોમાં પથ્થરયુગના અવશેષો પ્રાપ્ત થયા છે. તે દરમિયાન માણસે પથ્થરમાંથી હથિયારો ઘડવાની હુન્નરકલા હસ્તગત કરી હતી. હથિયારોમાં એક ભાગ ધારવાળો કે અણીવાળો અને બીજો ભાગ અણઘડ કે ગોળ છે. કેટલાંક હથિયાર બીજા પથ્થરો વડે ઘડાયાં લાગે છે, તો કેટલીક ઘણી નાની અને આખા કદની પતરીઓ લાકડાના કે હાડકાના નળાકાર હથોડા વડે પાડી હશે એમ જણાય છે. ગમે તેમ, આ પરથી સ્પષ્ટતઃ માણસે ઘડેલાં હથિયાર છે. એ કાળની માનવસંસ્કૃતિના અવશેષો હોવાનું માલૂમ પડે છે. સાપેક્ષ કાલગણનાની દ્રષ્ટિએ જોઈએ તો માનવસંસ્કૃતિનો સહુથી પુરાતનકાળ દર્શાવે છે, અર્થાત્ એ હથિયારો ઘડનાર માનવ એ પ્રદેશનો આદિમાનવ હતો. (પરીખ અને શાસ્ત્રી, ૧૯૭૨:૭૦) ગુજરાતમાં પથ્થરયુગીન સંસ્કૃતિની અનેક વસાહતો કે અવશેષો પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં આદિમાનવ સાબરમતી તટ ઉપરાંત ગુજરાતની સાબરમતીની શાખા નદીઓ મહી, ઓરસંગ, કરજણ અને નર્મદા, દક્ષિણમાં અંબિકા, સૌરાષ્ટ્રમાં ભાદર, સૂકી અને કચ્છમાં ભૂખી નદીના તટ પ્રાંતમાં વસતો હતો. (પરીખ અને શાસ્ત્રી, ૧૯૭૨:૯૦)

આદિમાનવનું જીવન શિકારી તરીકેનું હતું. ગુજરાતનો આદિમાનવ આફ્રિકાના પૂર્વ કિનારેથી આવ્યો હોવાની સંભાવના પુરાતત્ત્વવિદ શ્રી હસમુખ સાંકળિયાએ દર્શાવી છે. તેમના મતે ખંડમાં ત્રણ સ્થળોએ અને ખાસ કરીને ઓલ્ડુવાઈ ગોર્જ(Olduvai Gorge)માં માનવશરીરો અને એની હથિયારોની ઉત્ક્રાંતિને ત્યાંના બદલાતા સ્તરો સાથે સરખાવી શકાય છે એટલે ઉત્ક્રાંતિની દ્રષ્ટિએ આ એક આદર્શ સ્થળ છે. તેઓએ સાબરમતીની ખીણમાં લાંઘણજ વગેરે સ્થળોએ ઉત્ખનન કરી એક લાખ વર્ષ પૂર્વેની માનવ વસાહતોના અવશેષો શોધી કાઢ્યા છે.

હડપ્પીય સંસ્કૃતિ ગુજરાતમાં કચ્છથી લઈ દક્ષિણ ગુજરાત સુધી વિસ્તરેલી હતી. તેના અવશેષોમાં માતૃપૂજા, વૃષભપૂજા વગેરેના નમૂનાઓ પ્રાપ્ત થયા છે. તેનું અનુસંધાન કેટલાક અન્વેષકોએ આદિવાસી સભ્યતા સાથે કર્યું છે. સિંધુ સંસ્કૃતિ પછીના સમયનો ઇતિહાસ અર્થાત્ વૈદિક

સમય સાહિત્ય પર નિર્ભર છે. વૈદિક સાહિત્યમાં ગુજરાતની આદિજાતિને લગતાં અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે. તેમાં આર્ય–અનાર્ય, આર્ય–દસ્યુ, આર્ય–બર્બર વગેરે બાબતોનાં વર્ણનો પ્રધાનસ્થાને છે. આર્યોએ ભારત પર લીધેલો કબજો અને અહીંના મૂળ નિવાસીઓએ કરેલી પીછેહઠ વગેરે બાબતો આજે પણ સમાજવિજ્ઞાનીઓમાં ચર્ચાનો મુદ્દો છે.

## વેદકાલીન આદિવાસીઓ

વૈદિક સાહિત્યમાં ઇન્દ્ર માટે 'પુરંદર' સંજ્ઞા પ્રયોજાઈ છે. તેમાં તેમનો દસ્યુઓ સાથેનો સંઘર્ષ તથા નાર્મર, વસુ અને પૃક્ષ સાથેનો સંઘર્ષ મહત્ત્વનો છે. સામાન્ય રીતે ઋગ્વેદમાં દાસ અને દસ્યુ સ્વલ્પભેદે એકાર્થ જેવા છે. તેમની ત્વચા કાળી હતી. તેઓ મિથ્યાવાદી, અવ્રત–વ્રત ન કરનારા અને શિશ્નદેવા–શિશ્નને દેવ તરીકે માનનારા લિંગપૂજકો હતા. એ લોકોને પોતાનો જુદો જ ધર્મ હતો. તેઓ અયશ્વાનઃ યજ્ઞ ધર્મનો સમાદાર ન કરનારા હતા. ઋગ્વેદમાં એક નહીં, પણ અનેક સ્થળે ઉપરનાં વિશેષણો 'દસ્યુ' તેમ જ 'દાસ'ને માટે પ્રયોજાયાં છે. શ્રી કે. કા. શાસ્ત્રીના મતે 'દાસ' શબ્દની વિભાવના દ્વારા વિરોધ, શત્રુ જેવા શબ્દો અને આર્યોએ પોતાની સત્તા નીચે લીધેલા દસ્યુઓને સેવકની દશામાં લીધા ત્યારથી 'દાસ'નો અર્થ 'સેવક' પણ થયો અને પછીથી એ શબ્દ 'શુદ્ધ'ના પર્યાય તરીકે પણ વપરાતો થયો. (શાસ્ત્રીઃ૧૯૭૨:૮) શ્રી શાસ્ત્રીના ઉપરોક્ત સંકેતોના સંદર્ભમાં જાણીતા ઇતિહાસકાર રોમીલા થાપરનો મત પણ નોંધપાત્ર છે. આર્ય–દસ્યુ, સભ્ય–અસભ્ય પ્રજા એ વાસ્તવમાં 'ગ્રામ' અને 'અરણ્ય' વચ્ચેના ભેદભાવ હતા. આદિમજાતિઓ પરના પ્રાચીન રાજાઓના વિજયો એ વાસ્તવમાં 'આશ્રમ'ના માધ્યમથી 'ગ્રામ'ના લોકોએ અરણ્ય પર કરેલું અતિક્રમણ છે. જે અરણ્યમાં રહેતા લોકોએ કાઢી નાખવાનો પ્રયત્ન રાખ્યો. એમાં કોઈ આશ્ચર્ય નથી કે ગ્રંથ સાહિત્ય આશ્રમો પર થતા હુમલા અને તેને પ્રતિકારવા માટે નાયકોએ કરેલી વિનંતીઓથી ભરેલું હોય. આ હુમલાખોરો મોટે ભાગે હિંસક પશુઓ નહીં, પણ દાનવો જ રહેતા હતા, રામ અને લક્ષ્મણે ઋષિઓને આવા રાક્ષસો સામે રક્ષણ આપીને જ તેમની નાયક તરીકેની કારકિર્દી શરૂ કરી હતી. (થાપર:૨૦૧૩:૧૨) પ્રોફે. થાપરે આગળ નોંધ્યું છે કે આશ્રમ એ કદાચ અરણ્ય પરના અતિક્રમણની સૌથી આગલી હરોળ હોઈ શકે... આશ્રમોનું મૂળ ચોક્કસ કહી શકાતું નથી, પણ પસંદગી એવા સ્થળની રહેતી હતી જે વસાહતથી સુદૂર હોય, જેથી વિક્ષેપ ઓછો આવે, વક્રતા એ છે કે આશ્રમ એ પોતે જ અરણ્યમાં લાવેલો એક વિક્ષેપ હતો. ત્યાંની જીવનપદ્ધતિ એ વસાહત સાથે સંબંધિત તત્ત્વોને નકારરૂપ હતી. (શાસ્ત્રી:૧૯૭૨:૮) ટૂંકમાં તેઓના મતે દેવાસુર સંઘર્ષ, દેવ–દાનવ યુદ્ધો એ વાસ્તવમાં પ્રાચીન કાળથી નગરીય અને અરણ્ય આદિવાસી સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ હતો.

આદિવાસીઓના વેદકાલીન અનુસંધાનના સંદર્ભમાં ખાન–પાનની કેટલીક ટેવો પણ મહત્ત્વની બને છે. શ્રી ભગવાનદાસ પટેલે નોંધ્યું છે કે વેદકાળથી આહાર તરીકે વપરાતી 'નડ' નામની વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ ભીલો આજ દિન સુધી કરે છે. આ નડ નામની વનસ્પતિ પણ વનસ્પતિજન્ય આહાર માનવ દીર્ઘકાળથી વાપરતો આવ્યો છે તે બાબતનું સૂચન કરે છે. (પટેલ:૧૯૯૨:૧૫૩)

વેદકાળમાં મૂળ દસ્યુ લોકો રાજકીય અને શક્તિશાળી પરિબળ હોવાનાં પ્રમાણો પ્રાપ્ત થાય છે. અથર્વવેદમાં દસ્યુ લોકોના કિલ્લાઓ હોવાનું પણ નોંધાયું છે. મોહેં–જો–દડો, હડપ્પા, લોથલ વગેરેમાં આપણને કિલ્લાઓ અને એવી દીવાલોનો ખ્યાલ મળે છે. લિંગપૂજાનાં ચિહ્નો પણ ત્યાં મળે છે, એટલે આર્યો એ પ્રજા સાથે વિગ્રહમાં પડ્યા હોય એ જરાયે અસંભવિત નથી. એ સમયના ઋગ્વેદમાં જાણીતા દસ્યુઓ ચુર્મુરિ, શમ્બર, શુષ્ણ, ઇલિબિશ, ધુનિ, પિત્રુ, વર્ચિન, નાર્મર વગેરે ઉલ્લેખિત થયેલા

છે. (શાસ્ત્રી:૧૯૭૨:૮) પરંતુ તેઓ કયા પ્રદેશના યોદ્ધાઓ કે રાજાઓ હતા તે સ્પષ્ટ થઈ શક્યું નથી. એટલે આદિમજાતિઓ આર્યો પૂર્વે પોતાનું સુનિયોજિત વ્યવસ્થાતંત્ર ધરાવતી હશે એવી અટકળ કરીને વિરમવું પડે. વેદોનાં ઉક્ત વર્ણનો આદિવાસીઓના મૂળનિવાસીની માન્યતાને મજબૂત પીઠબળ પૂરું પાડે છે.

## પૌરાણિકયુગમાં આદિવાસીઓ

પૌરાણિકકાલીન ભારતમાં આદિમજાતિઓનું વર્ણન વધુ સુસ્પષ્ટ બને છે. પુરાણોમાં વધતે–ઓછે અંશે મુખ્ય ધારાનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. માર્કંડેય પુરાણમાં 'સપ્તશતી'માં કૌલો અને રાજા સુરથનો વિગ્રહ આલેખાયો છે. વિધ્વંશી કૌલોએ દગાથી સુરથ રાજાને પદભ્રષ્ટ કર્યો. તેણે વશિષ્ઠ ઋષિની મદદથી, દેવી ઉપાસનાથી કૌલોનો નાશ કર્યો. શ્રી કે. કા. શાસ્ત્રીએ ગુજરાતમાં કૌલ પ્રજા કે જે પાછળથી કોળીમાં તબદીલ થઈ તેને આદિવાસી સંજ્ઞાને પાત્ર ગણી છે તે બાબત ચકાસણીપાત્ર છે. (B.G.Vol–IX, Part:237) અને આ પ્રજાઓએ મુખ્યત્વે સૌરાષ્ટ્રના પ્રદેશમાં પોતપોતાનું વ્યક્તિત્વ સમય પરત્વે બતાવી એના અભ્યુદયમાં ફાળો આપ્યો છે. બંગાળી વિદ્વાન સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાય કૌલોની ગુજરાતમાં હયાતી માટે અલગ મત રજૂ કરે છે: "આર્યપ્રજા હિંદુસ્તાનમાં આવી ત્યારે આ પ્રદેશમાં કોલ નામની પ્રજા રહેતી હતી. આર્યો આવ્યા પછી ધીરે ધીરે એ પ્રજા દૂર ખસતી ગઈ અને જેમ જેમ તે જુદા જુદા પ્રાંતોમાં જઈ વસી તેમ તેમ તેમના નામમાં ફેરફાર થતો ગયો. આગળ વધતા એ પ્રજા ગુજરાતની ભૂમિમાં ફેલાઈ ગઈ. સ્કંદપુરાણ મુજબ અર્બુદાક્ષેત્રની આસપાસ ભીલો વસતા હતા." (દ્વિવેદી:૧૯૪૧:૧૬૧)

ભવિષ્યપુરાણ સિંધ, કચ્છ અને ભૂજ એ દેશોનો એક રાજવંશ સાથે સંબંધ બાંધે છે. સિંધુના રાજા સિંધુવર્માના પુત્ર શ્રીપતિરાજાના પુત્ર ભૂજવર્માએ શબર ભીલોને હરાવી રાષ્ટ્ર નીમ્યું તે ભૂજવંશ તરીકે પ્રસિદ્ધ થયો. (જોશી:૧૮) પ્રસ્તુત વર્ણન મુજબ ગુજરાતના ભીલ આદિવાસીઓની આજની ભૌગોલિક પરિસીમા, આજના દાયરાની બહાર જઈ છેક ભૂજ–કચ્છ સુધી વિસ્તરે છે. એ પ્રાચીન પ્રજા રાજકીય સંઘર્ષોમાં સ્થાનભ્રષ્ટ થઈ આજના ભૌગોલિક સીમાડાઓમાં આવી હોવાની શક્યતા સંભવી શકે.

## મહાકાવ્યયુગમાં આદિવાસીઓ :

મહાકાવ્યયુગ આદિવાસી ઇતિહાસને ગૌરવાન્વિત કરે છે. જો કે મહાકાવ્યો જેવાં કે મહાભારત અને રામાયણ પૂર્ણતઃ ઐતિહાસિક હોવાનું હજુ સુધી સ્પષ્ટ થયું નથી. રામાયણના સર્જક મહર્ષિ વાલ્મીકિ, શબરીબાઈ, ગુહકરાજા અને મહાભારતમાં એકલવ્ય વગેરે ભીલ પાત્રો આદિવાસી અસ્મિતાને ઉજાગર કરે છે. મહાભારતમાં થયેલ ઉલ્લેખ મુજબ કુરુક્ષેત્રના યુદ્ધમાં પશ્ચિમ ભારતમાંથી તીરંદાજીમાં કુશળ એવો આદિવાસીઓનો કાફલો ગયો હતો. (દ્વિવેદી:૧૯૪૧:૫૫)

ગુજરાતની સરહદે આવેલા કેટલાક પ્રદેશોની ઓળખાણ ત્યાંની જાતિઓને કારણે ઊભી થઈ છે. ઉદા. તરીકે ભિન્નમાલ. શ્રી ઉમાશંકર જોષીના મતે 'ભિન્નમાલ' નામ ભિન્ન–માલ = જંગલી જાતિના લોકો પરથી થયું છે. તે દ્રષ્ટાંતના પ્રકાશમાં એમનું સૂચન વિચારવા જેવું છે. મહીના કોતરો પ્રાચીન સમયથી જ લૂંટફાટ માટે સગવડવાળા હોઈ, લટ્ટો એ આ પ્રદેશની કોઈ ભિલ્લ અને માલો જેવી મૂળ જાતિ હોય. શ્રી રસિકલાલ પરીખ લટ=ચોર, લૂંટારુ અથવા લટ્ટ=દુર્જન ઉપરથી લાટ થવાની સંભાવના કરે છે. (શાહ:૧૯૫૯:૧૭૨) સાબરમતીથી દમણગંગા વચ્ચેના પ્રદેશમાં ઉત્તર પુરાણો અને સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યમાં લાટ નામ જાણીતું હતું. તેના મૂળમાં પણ રટ્ટ>રટ્ટ લટ્ટ>લટ્ટ હોવાની શક્યતા બૉમ્બે ગૅઝેટિયરમાં વ્યક્ત કરવામાં આવી છે. (B.G. Vol. IX:1901:7) એ જ પ્રમાણે ભરૂચ અને

ધાર વચ્ચે પ્રદેશનો 'રાઠ' નામનો એને કંઈક સંબંધ હોવો જોઈએ. આ માન્યતાને લોકોક્તિ સાથે મિલાવતાં કેટલીક નક્કર સંભવિતતાઓ ઊભી થાય છે. ઉદા. તરીકે રાથ કે રાઠ નામના સ્થળે વસતા હોવાથી તેઓ 'રાઠવા' કહેવાયા તેવો એક મત છે. (વાઘેલા:૨૦૦૯:૨૭)

ભિન્નમાલનો પ્રદેશ ભીલો અને માલો તરીકે ઓળખાતી અસલ જાતિઓના વસવાટવાળો પ્રદેશ હતો. પુરાણ અને દંતકથા મુજબની રાક્ષસો તરફની વારંવારની આફતો તે બીજું કંઈ નહીં પણ નિઃસ્વ કરવામાં આવેલા ભીલ અને માલના બળવાળા જ હોય. શ્રીમાલ પુરાણે વર્ણવેલાં તીર્થોમાં એકનું નામ "કિરાતસર અર્થાત્ કિરાત અથવા ભિલ્લને મન પવિત્ર એવું સરોવર." (જોશીઃ૧૯૭) પ્રસ્તુત વર્ણન સંશોધકોનો પ્રાચીન આદિવાસીઓ પરત્વે નવો દ્રષ્ટિકોણ રજૂ કરે છે. અત્યાર સુધી દેવાસુરના નામે ચાલતા ડીંડકોને બદલે સંશોધકો તેમાં ભીલોની આત્મરક્ષાની લડતનાં ચિહ્નો જોતા થયા છે. (થાપરઃ૨૦૦૩:૧૯૭)

ભારતીય પુરાણકથાઓમાં ભીલો સાથે અનેક વાતો વણાયેલી છે. તેમાંની કેટલીક અત્યંત રસપ્રદ અને આજના જમાના સાથે અનુસંધાન પણ ધરાવે છે. શ્રીમાલનગરમાં રોગચાળો ફાટી નીકળેલો ત્યારે બ્રાહ્મણો પર દયા આવવાથી સૂર્ય ભગવાન ભીલનું રૂપ ધારણ કરી ત્યાં પ્રત્યક્ષ થયા અને તેમણે હાથમાંના લીલા કમળથી મડદાંઓને સ્પર્શ કરી સજીવન કર્યાં. શ્રીમાલનગર નિવાસીઓ સૂર્યની પૂજા કરવા લાગ્યા. સૂર્યે કહ્યું કે, યાત્રાના ઉત્સવમાં તમામ શ્રીમાલ નગરવાસીઓએ મેં કિરાતનો વેશ ધારણ કર્યો હતો તેવો વેશ ધારણ કરવો. પછી બનાવટી મડદું કરી રોતાં રોતાં અને વાળ છૂટા મૂકીને મારી પાસે લોટવું, જેથી મહામારીથી ભય નહીં થાય. રથના ઉત્સવની મૂર્તિનું નામ આત્માધાર, આત્માને ટેકો આપનાર ઠર્યું. શ્રીમાલવાસીઓએ આત્માધાર સૂર્યનારાયણની કિરાતરૂપની અદ્ભુત મૂર્તિનું સ્થાપન કરી પૂજન કર્યું. ત્યાંથી આરંભી શ્રીમાલમાં બ્રાહ્મણો રથોત્સવ વખતે ભીલ વેશ સર્જે છે અને બનાવટી મડદું કરી રોતાં રોતાં કેશ છૂટા મૂકી સૂર્યની આગળ લોટે છે અને રોગમુક્ત રહે છે. (જોશીઃ૧૯૮૫:૧૯૭) પ્રસ્તુત વર્ણન આદિમજાતિઓના મુખ્યધારા સાથેના સાંસ્કૃતિક સંકલનની દ્રષ્ટિએ મહત્ત્વનું છે.

ગુજરાતની આદિમજાતિઓ સાથે બીજા એક પ્રદેશનું પણ અનુસંધાન થાય છે અને તે છે આનર્ત. આનર્ત શબ્દ મહાભારતથી પ્રચલિત છે. જેની રાજધાનીનું સ્થળ દ્વારકા હતું. તેમાં આજના ઉત્તર ગુજરાતનો મોટા ભાગનો પ્રદેશ સમાઈ જતો હતો. 'આનર્ત' શબ્દ 'અનૃત' ઉપરથી आनर्त શબ્દ થયો છે અને નૃતનો અર્થ 'બ્રાહ્મણોના યજ્ઞ ધર્મ ન પાળનાર દસ્યુઓ અને અનાર્યો જ્યાં વસે છે તે આનર્ત.' શ્રી કે. કા. શાસ્ત્રીના મતે પ્રાચીન ભૂગોળના સંદર્ભમાં વિચારતાં આનર્ત, સુરાષ્ટ્ર, ભીર, કચ્છ, શ્વભ્ર અને અપરાંતનો આજનો દક્ષિણ ગુજરાતનો ભાગ જૂના નિષાદ દેશ સાથે એક એકમના રૂપમાં સ્પષ્ટ રીતે આવી રહે છે. નિષાદ દેશથી અહીં ગુજરાતની પૂર્વ અને ઉત્તર સરહદના ભીલી પ્રદેશોને હકીકતે વિંધ્યની બે બાજુની ખીણ ને એનાથી આગળ વધી અરવલ્લી–આબુની દક્ષિણ દિશાની ખીણનો વ્યાપક પ્રદેશ છે તેને સૂચવવાનો આશય છે. (શાસ્ત્રી:૧૯૯૧:૫) એ સંદર્ભમાં વિચારતાં દક્ષિણ રાજસ્થાનના ડુંગરપુર, વાંસવાડાના વાગડ અને પંચમહાલનો પ્રદેશ 'નિષાદ'ના ભાગરૂપે ગણી શકાય.

ભારતીય આદિવાસીઓની ઉપરોક્ત યુગાંતરકાલીન સ્થિતિમાં તેમની સ્થિતિ આર્યેતર જાતિઓ, આર્ય સંસ્કાર પ્રણાલીથી જુદી, વન્ય જાતિની ઊપસે છે. પૌરાણિક ગાથાઓ પ્રમાણે પુરાણસિદ્ધ જાતિઓનો ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને સરહદના પ્રદેશોમાં સંબંધ હતો. તેવી આર્યેતર કહી શકાય તેવી જાતિઓમાં 'નાગ' જાતિ સૌથી જૂની માલૂમ પડી આવી છે. એ નર્મદા નદીના કાંઠાના પ્રદેશમાં વસેલી હતી અને આર્યેતર હતી

તેવી સંભવતઃ અનાર્ય – એક હૈહય પ્રજા હતી. હૈહેયોએ આ પ્રદેશ પર આક્રમણ કરીને નાગોને હાંકી કાઢ્યા અને માહિષ્મતીમાં રાજધાની રાખી તળગુજરાતના મોટા ભાગના પ્રદેશ પર સત્તા જમાવી હતી. (શાસ્ત્રી:૧૯૯૧:૧૩) વિષ્ણુપુરાણ, મહાભારત અને હરિવંશમાં જણાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણે મુર અને નરક નામની પ્રાગજ્યોતિષ જાતિના નેતાઓનો વિનાશ કર્યો તે પ્રાગજ્યોતિષો આર્યેતર હતા. બરડા પર્વત નજીકના યાદવોએ નાશ કરેલા પ્રાગજ્યોતિષ નાગ જાતિનો એક વિભાગ હોય. (શાસ્ત્રી:૧૯૯૧:૧૩)

ભારતની મહત્ત્વની આદિમજાતિઓમાં પુલિન્દ જાતિ જાણીતી છે. શબરો, આભીરો, પુલ્કેશો વગેરેની જેમ એ આર્યેતર જાતિ હતી. શ્રી કે. કા. શાસ્ત્રીના મતે પુરાણમાં તેમને દક્ષિણાપથવાસી કહ્યા છે. બીજાં પુરાણો પણ આને ટેકો આપે છે. આમાં દક્ષિણાપથ એટલે 'દંડકો'ની ગણતરી કરી ડાંગના પ્રદેશોની જૂની પ્રજાનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. ટોલેમીના મતે લાટપ્રદેશની સીમા ઉપર નર્મદાના કાંઠાના પ્રદેશમાં પુલિન્દો વસતા હતા. આમ આજથી બે હજાર વર્ષ ઉપર સિદ્ધિરૂપે પુલિન્દો નર્મદા પ્રદેશમાં હતા. આજના આ વિભાગના ભીલોના એ પૂર્વજ હોવા વિશે શંકા રહેતી નથી. પુલિન્દો બનાસકાંઠા અને અશોકના સમયમાં ગુજરાતની ફરતી સરહદના વાસીઓ હોવાનું પણ જાણવા મળે છે. (જોશી:૧૯૮૫:૨૪) શ્રી કે. કા. શાસ્ત્રી પુલિન્દો કચ્છ–ગુજરાતની ઉત્તર સરહદના ભીલો હોવાની શક્યતા દર્શાવે છે.

પુરાણોમાં પુલિન્દ, શબર અને નિષાદ જાતિઓના અંશ પરિપાત્ર (અરવલ્લી) અને વિંધ્યની બેઉ બાજુની ખીણોમાં હોવાનું વર્ણન મળી આવે છે. પુરાણોમાં કહેલો નિષાદ પ્રદેશ સ્પષ્ટ રીતે આ બેઉ પહાડોની ખીણોનો પ્રદેશ છે. ગુજરાતની ત્રણે બાજુની સરહદને વીંટીને રહેલો છે. દંડકાનું ભ્રષ્ટરૂપ એ ડાંગ છે. આ પ્રદેશમાં ભીલ પ્રજા રહેતી હતી. કવિ બાણે શબરોનો શિકાર વગેરે ઉપર જીવનનિર્વાહ હોવાનું પણ કહ્યું છે.

વેદકાળથી શરૂ કરી પૌરાણિકકાળમાં આર્યો, દ્રવિડોની સાથે 'નિષાદ' પ્રજાનું અસ્તિત્વ હતું. તેમના ઉલ્લેખો તૈત્તિરીય, કાઠક, મૈત્રામણી અને વાજસનેયી સંહિતાઓ અને ઐતરેય અને પંચવિશ વગેરે બ્રાહ્મણ ગ્રંથોમાં નોંધાયેલ છે. વાજસનેયી સંહિતાનો ભાષ્યકાર મહીધર અને ભિલ્લ હોવાનું કહે છે. નિષાદોનું સરસ્વતીના પ્રદેશમાં રાષ્ટ્ર હતું. (એજન) આ પ્રદેશ તે સ્પષ્ટ રીતે ઉત્તર ગુજરાતની નજીકનો છે. આ પ્રદેશ ત્યાં સ્પષ્ટ રીતે પરિયાત્ર(અરવલ્લી પહાડો)ની નજીકનો પશ્ચિમ વિંધ્યનો હતો. આમ, સાબરકાંઠામાં વસતી આજની ભીલ પ્રજામાં નિષાદોનો અંશ હોવાની પૂરી સંભાવના છે. આ પ્રદેશ સંભવતઃ સરહદનો પ્રદેશ રુદ્રદામાએ પોતાની સત્તા નીચે લીધો હતો જ.

'નિષાદ' શબ્દથી એક આર્યેતર પ્રજાનો ગુજરાતમાં વાસ હોવાનું મનાય છે. બ્રહ્માંડ, વાયુ અને વામન પુરાણ પ્રમાણે વિંધ્ય પર્વતની હારમાળાનો આ પ્રદેશ હતો, જ્યાં નિષાદો રહેતા હતા. મહાભારતના જણાવ્યા પ્રમાણે નિષધોના પ્રદેશની રાજધાની ગિરિપૃષ્ઠ હતી. શ્રી કે. કા. શાસ્ત્રી આ સ્થળ ગુજરાતની પૂર્વે આવેલા વાગડ પ્રદેશનું ડુંગરપુર હોવાની સંભાવના દર્શાવે છે. તેમના મતે વાગડના પાલવાસી ભીલો એ કટારાના ભીલો આ 'નિષાદ' હોય. મને ભય છે કે 'નિષધ' શબ્દ ભ્રમથી 'નિષાદ' શબ્દને બદલે પ્રયોજાયો હોય. આમ હોય તો આ પ્રદેશ હકીકતે નિષાદ દેશ જ છે. (શાસ્ત્રી:૧૯૯૧:૧૪)

પ્રાચીન ભારતની કેટલીક મહત્ત્વની જાતિઓમાં શબરો પણ જૂની પ્રજાઓ પૈકી એક છે. શબરો આર્યેતર પ્રજા હતી. ઐતરેય બ્રાહ્મણ જેટલા જૂના સમયમાં એ નામથી એ પ્રજા જાણીતી હતી અને દક્ષિણાપથમાં રહેતી હતી. માળવા, મારવાડ અને રાજસ્થાનના દક્ષિણ ભાગમાં ટોલેમીએ જણાવેલી 'સુર્રિઅસ' જાતિ આ જ છે. આમ ગુજરાતની સરહદ નજીક આ જાતિ બે હજાર વર્ષ ઉપર હતી જ. સાબરકાંઠાની સરહદની વન્ય

જાતિઓમાં ભેળાઈ ગયેલી સંભવે છે. (એજન) ગુજરાતના આદિવાસીઓમાં પૌરાણિકકાળમાં 'કારુષ' નામની વધુ એક જાતિનો પરિચય મળે છે. તેઓ મૂળમાં આર્યેતર પ્રજા હતી. પછી સંસ્કૃત બની આર્યો સાથે સંબંધમાં આવ્યા હતા. કારુષો ગુજરાતની સરહદે વિંધ્ય પર્વતની તળેટીમાં પણ વસેલા હોવાનું વાયુપુરાણમાં જણાવ્યું છે. (શાસ્ત્રી:૧૯૯૧:૧૪)

પ્રાચીન ભારતીય સાહિત્યમાં ભીલો વિશે પ્રચુર માત્રામાં ઉલ્લેખો ઉપલબ્ધ છે. સંસ્કૃત ભાષામાં 'भील्ल' શબ્દ સ્વીકારવામાં આવ્યો છે. અને દ્રવિડયન ભાષાના 'बिल्ल'(બાણ) શબ્દમાં એનું મૂળ જોવામાં આવે છે. જેનો અર્થ 'કાપવું' એવો થાય છે. (એન્થોવન:૯૯૭:૧૫૧) પંચમહાલ, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ અને સુરત આ જિલ્લાઓમાં 'ભીલ' શબ્દથી આર્યેતર અંશવાળી વધુ જૂની પ્રજા સમજવામાં આવે છે.

ભીલોને એક સમયે મુંડાઓનો એક પેટાપ્રકાર તરીકે ગણવામાં આવતા હતા. શ્રી ડી. એન. મજુમદારે ભીલોની મુંડાઓથી વિભિન્ન પ્રકારની લાક્ષણિકતા બતાવી આનું નિરાકરણ કરી આપવાનો પ્રયત્ન કર્યો છેઃ "A good deal of cultural similarity has been found to exist between the Bhils and their neighbours, and the non–Hindu element in the Bhil culture are significantly few to warrant us to group the Bhils with Santhals, Mundas and Cognate tribes who are popularly known as of similar racial stock."

શ્રી મજુમદારે કરેલાં વર્ણનોમાં ભીલ અને મુંડાઓમાં મૂળભૂત ભેદભાવો રહેલા છે. એક હકીકત બહુ જ સ્પષ્ટ છે કે ગુજરાત, સૌરાષ્ટ્ર અને સરહદ પ્રાંતોમાં વસ્તી આ જાતિઓમાં આર્ય અંશોનું ઠીક ઠીક પ્રમાણમાં મિશ્રણ થયું છે અને આનુવંશિક શુદ્ધતા સર્વાંશે સચવાયેલી જોવા મળતી નથી. સમગ્ર ભીલ જાતિમાં ઋગ્વેદનું 'अनास'ચીબા નાકનું તત્ત્વ લગભગ દૂર થઈ ગયું કહેવાય અને આર્ય પ્રકારના અણીદાર નાક મોટે ભાગે જોવામાં આવે છે. કંઈ પણ સચવાઈ રહ્યું હોય તો એ સહેજ પાતળું શરીર, ઘેરો શામળો લાલાશ તરફ વધતો જતો વર્ણ અને પ્રમાણમાં ટૂંકા ઘાટની ઊંચાઈ. શ્રી કે. કા. શાસ્ત્રીના મતે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છની સરહદે વસતી ભીલ પ્રજા પણ આ પ્રદેશની બીજી પ્રજાઓની જેમ આગંતુક છે. એ આદિમવાસી બીજી વર્તમાન જાતિઓની તુલનાએ છે પણ આદિવાસી નથી. સાચા અર્થમાં તો એ 'પ્રાચીન વસાહતીઓ' છે. (શાસ્ત્રીઃ૧૯૯૧:૧૯) અત્રે આ બધાં વર્ણનોની વચ્ચે એટલું ઉમેરવું યોગ્ય લાગે છે કે સભ્યતાના પ્રારંભિક તબક્કાઓમાં આદિવાસી, બિનઆદિવાસી તત્ત્વોને જુદાં પાડવા એ ઘણું મુશ્કેલ સંશોધન છે. છતાં ઘણાખરા સંશોધકોના અભિપ્રાય મુજબ કૌલસું, રક્ષ, પુલિન્દ, નિષદ, શબર, કારુષ, બર્બર અને આભીર વગેરે આર્યેતર પ્રજાઓ હતી.

પૌરાણિક યુગમાં આદિમજાતિઓ સાથે કેટલાંક વ્યક્તિનામો પણ મળે છે. 'પુરાતન દક્ષિણ ગુજરાત' ગ્રંથની નોંધ મુજબ "ઘણા પુરાતન કાળથી આ જાતિ પુરાણકથાઓને પાને ચઢી ચૂકી હતી. વેણુ શરીરમાંથી ઉત્પન્ન થયેલા અને આબુની આસપાસના જંગલપ્રદેશ પર અધિકાર જમાવી બેઠેલા કૈયાના પુત્ર અજાતબાહુનું નામ પણ પુરાણપ્રસિદ્ધ છે." (દ્વિવેદી:૧૯૪૧:૭)

ભારતીય આદિવાસીઓ વિશે પહેલી વખત શાસ્ત્રીય વિચારણા અને લેખન યુરોપિયન વિદ્વાનોએ કર્યું હતું. જેમાં વિલ્સનનું નામ ઘણું મહત્ત્વનું છે. તેમની નોંધ મુજબ ભીલ શબ્દ દ્રવિડયન ભાષાના 'બિલ્લુ (Billu)' પરથી આવ્યો છે. જેનો અર્થ 'બાણ' અથવા 'તીર' થાય છે. ભીલો પ્રાચીન કાળથી જ પોતાની સાથે બાણ રાખતા હોવાથી તેઓ ભીલ નામથી જાણીતા થયા હોવાની માન્યતા છે. સંસ્કૃત શબ્દકોશકારો (Lexicographers) 'ભીલ' શબ્દનો અર્થ 'કાપવું' એવો કરે છે. જેનો સૌપ્રથમ ઉલ્લેખ ગુણાઢ્યના 'કથાસરિત્સાગર' ગ્રંથમાં જોવા મળે છે.

જેનો અર્થ 'મ્લેચ્છ' એવો પણ થાય છે. તેઓ નિષ્ફળ, માનભંગ કે નીચલી પાયરીએ ઊતરી ગયેલી પ્રજા હતી. પ્રસ્તુત વર્ણન મુજબ ભીલ પ્રજા એ કાળે ઘણી શક્તિશાળી પ્રજા હોવાની સંભાવના છે. (એન્થોવાન:૧૯૯૭:૧૫૧)

## પ્રાચીન કાળમાં આદિવાસીઓ

ઈ.સ.પૂ.ના ચોથા સૈકાથી ભારતનો પ્રાચીન ઇતિહાસ સુસ્પષ્ટ બને છે. જે આ સમયના ઉપલબ્ધ સાહિત્યિક, અભિલેખિક સાધનોની વિપુલતાને લઈને શક્ય બન્યું છે, સૌપ્રથમ મૌર્યવંશની વાત કરીએ. મૌર્ય રાજવંશ દરમિયાન અશોકના ધર્મલેખોમાં તેણે આદિવાસીઓની ચિંતા વ્યક્ત કરી છે. અશોકના ધર્માનુશાસનમાં આદિવાસીઓ માટે લખાયું છે કે, "જંગલી જાતોના લોકોની બાબતમાં રાજાની શી ઇચ્છા છે એમ તમે પૂછતા હો, તો મારી એવી ઇચ્છા છે કે તેઓ ચિંતારહિત થાઓ, એમ રાજા ઇચ્છે, એવી ખાતરી એમને થાય. તેઓ મારા તરફથી સુખને જ લહશે, દુઃખને નહીં. વળી તેઓ ધર્મને આચરે, આ લોક અને પરલોકને આરાધે. આ લિપિને દર ચાતુર્માસે સંભળાવવી."(દ્વિવેદી:૧૯૪૧:૧૬૧). પ્રસ્તુત વર્ણન ઈ.સ.પૂ.ના ત્રીજા સૈકામાં આદિવાસીઓની સ્થિતિ અને તે પરત્વે શાસકના અભિગમનું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે. સભ્ય–અસભ્ય જાતિઓ વચ્ચેના ભેદભાવો મૌર્યકાળમાં પણ સ્પષ્ટપણે દેખાય છે. સમાજની મુખ્ય ધારાથી આદિવાસીઓનું નોખું અસ્તિત્વ હોવાની પ્રતીતિ પણ પ્રસ્તુત વાણીમાં જણાય છે. સાથે શાસકના છેવાડાના લોકો તરફના અભિગમને સમયના સંદર્ભમાં જોઈ શકાય છે. સમ્રાટ અશોકનું સામ્રાજ્ય ઠેઠ જૂનાગઢ સુધી ફેલાયેલું હતું, એટલે તેમનું આદિવાસીઓ પ્રત્યેનું વલણ ગુજરાતના આદિવાસીઓને પણ અવશ્ય લાગુ પડે છે.

પ્રાચીન કાળમાં સોલંકી–વાઘેલાયુગ દરમિયાન ગુજરાતનો ઇતિહાસ સ્વતંત્ર આકાર ધારણ કરે છે. પરંતુ ગુજરાતના સંશોધકોએ આ સમય પહેલાંની ઠકરાતો અને નાનાં રજવાડાંઓની અવગણના કરી છે. અણહિલવાડના પહેલાંના રાજાઓના વખતમાં (ઈ.સ.૭૪૨–૯૪૨) ચાંપાનેર સહિત આ પ્રદેશ કોળી, ભીલ, તડવી અને નાયક જાતિના હાથમાં હતો. અગિયારમા, બારમા અને તેરમા સૈકામાં રાજપૂત અથવા અર્ધરાજપૂત લોહીના મુખીઓને મુસલમાનના હુમલાના દબાણથી દક્ષિણ અને પૂર્વ તરફ હાંકી મૂકવાથી તેઓએ અસલના કોળી, ભીલ, તડવી અને નાયક મુખીઓની જગ્યાઓ લીધી. ગુજરાતના આદિવાસીઓનાં પ્રાચીન રજવાડાંઓની આવી અનેક દાસ્તાનો તેઓના કંઠસ્થ સાહિત્ય, લોકસાહિત્યમાં ધરબાયેલી પડી છે. લોકસાહિત્ય ઉપરાંત કર્નલ ટોડ જેવા અનેક ઇતિહાસ સંશોધકોએ તેના ઉલ્લેખો કર્યા છે. કર્નલ ટોડે ઈડરના આદિવાસી રાજાની કરેલી નોંધ જોઈએ : "વલભીના પતન પછી (ઈ.સ. ૭૮૮) રાજાના કુળની સગર્ભા રાણી પુષ્પાવતી એકલી જ વલભીપુરના નાશમાંથી બચી ગઈ તેમ જ સતી થવાથી પણ બચી ગઈ. અપાર દુઃખોથી બચવા તે માલીયાના ડુંગરોમાં ગુફામાં સંતાઈ ગઈ. ત્યાં તેણીને એક પુત્ર અવતર્યો. તેણે બ્રાહ્મણની વિદ્યા શીખવી પુત્રને ક્ષત્રિયાણી સાથે પરણાવવાના સ્વપ્ન સાથે એક બ્રાહ્મણ સ્ત્રીને ગોહો નામનો પુત્ર સોંપી ચિતામાં બળી મરી. ગોહોએ જંગલમાં રાજપૂત છોકરાઓ સાથે મૈત્રી કરી તે પક્ષીઓનો શિકાર કરતો, જંગલી જાનવરોને મારતો અને અગિયાર વરસની ઉંમરે કાબૂમાં ન રાખી શકાય તેવો હતો." (કારભારી:૧૯૧૨:૨૧૫–૧૬)

આ પ્રસંગે ઈડરમાં ભીલ જાતિનો સરદાર રાજ્ય કરતો હતો. તેનું નામ મંડલિકા હતું. નાનો ગોહો ભીલ લોકો સાથે જઈને વારંવાર જંગલમાં ભટકતો. બ્રાહ્મણ કરતાં તેની ટેવ તેના જાતિસ્વભાવમાં વધારે દ્રશ્ય થઈ આવતી હતી. તે 'વનપુત્ર' અથવા જંગલના છોકરા સાથે મિત્ર

થઈને રહ્યો. તેઓએ તેને ઈડર તેના વન અને પર્વતો સોંપ્યા. આ ખરી વાત અબુલ ફઝલે વર્ણવી છે અને હજી સુધી ભાટચારણો તેના પરાક્રમનું વર્ણન કરે છે. ભીલ લોકોએ શિકારમાં રાજા ચૂંટી કાઢવાનો નિશ્ચય કર્યો અને ગોહાને રાજા તરીકે પસંદ કર્યો. ભીલોમાંના એકે પોતાની આંગળી કાપીને તે નવા રાજાને રાજ્ય સત્તાના ટીકા (તિલક) તરીકે લોહીનો ચાંદલો કપાળમાં કર્યો. શિકારમાં જે કરાર કરવામાં આવ્યો તે ઘરડા ભીલ સરદારોએ કબૂલ કર્યું. છેવટના ભાગમાં તેના ઉપર પોતાનું ભલું કરનારની કતલ કર્યાનો બટ્ટો આવ્યો હતો અને તેવું કામ કેમ કર્યું તે માટે કોઈ પણ હેતુ જણાવવામાં આવતો નથી. પોતાના વંશજોમાં ગોહાનું નામ આશ્રયદાતા થયું. તે વંશજો ગોહીલોટ કહેવાતા હતા. તેનું સુધરેલી ભાષામાં ગ્રેહીલોટ નામ હતું. જે વખત જતાં ગેહલોટ થયું. તેઓ આઠ પેઢી સુધી ડુંગરાળ પ્રદેશમાં વસતા હતા, જ્યારે ભીલ લોકો પરદેશી ધારાથી કંટાળ્યા ત્યારે નાગદિત્ય ઉપર હલ્લો કર્યો. તે આઠમો રાજા હતો અને આ હલ્લો તેના ઉપર તે શિકારમાં હતો ત્યારે જ કરવામાં આવતો હતો, અને તે લોકોએ તેનો પ્રાણ અને ઈડર બંને લઈ લીધા. નાગાદિત્યના ત્રણ વરસના છોકરાનું રક્ષણ એક ભીલે કર્યું હતું. આમ, ઐતિહાસિક રીતે ગુજરાતમાં ભીલ રાજ્યનો મહત્ત્વનો પુરાવો ઈડરના રૂપમાં મળે છે. તેમાં ભીલોની વફાદારી, રાજ્યનિષ્ઠા અને રાજ્યવિનાશનાં કારણો પણ પ્રાપ્ત થાય છે.

આદિવાસીઓનું રાજપૂતકુળ એ નૃવંશશાસ્ત્રીઓ, ઇતિહાસકારો માટે મહત્ત્વનું સંશોધન ક્ષેત્ર રહ્યું છે. ગુજરાતની ઘણીખરી જાતિઓ પોતે રાજપૂત કુળની હોવાનો દાવો કરે છે. પ્રાચીન સાહિત્યમાં રાજપૂતમાંથી ભીલોની ઉત્પત્તિના કેટલાંક પ્રમાણો મળે છે. ઉદા. તરીકે અત્યાચારી વેન રાજાના વધ પછી તેની જાંઘ ચીરી ઋષિઓએ એક પુરુષ બહાર કાઢ્યો, તેના વંશજ ભીલ ગણાયા.(દ્વિવેદી:૧૯૪૧:૧૬૪) આજના ભીલ ઉપરાંત પટેલિયા, ગામીત, ઢોડિયા અને હળપતિઓ પણ પોતાને રાજપૂત કુળમાંથી ઊતરી આવેલા હોવાનું જણાવે છે. કાથુડિયા આદિવાસીઓ પોતાને રાજા રાવણના વંશમાંથી ઊતરી આવ્યા હોવાનું માને છે. આ રીતે આદિવાસી જાતિઓ પોતાની ઉત્પત્તિનું મૂળિયું કોઈ રાજવંશ કે યશસ્વી રાજપૂતકુળમાં હોવાનું જણાવે છે અને જંગલની જાતિઓ પોતાના લોહીના એકધારા સંરક્ષણ માટે એટલા તો મગરૂર છે કે તેમના સિવાયની અન્ય ઉજળિયાત કોમોને તેઓ 'આડજાત' એટલે રક્તમિશ્રણથી પેદા થયેલી ઓલાદ માને છે. (દ્વિવેદી:૧૯૪૧:૧૬૪)

આદિવાસીઓના રાજપૂતો સાથેના કુળ અનુસંધાનની ચર્ચા માત્ર કપોળકલ્પિત માનવી એ વાજબી નથી. કારણ કે જાણીતા નૃવંશશાસ્ત્રી શ્રી ડી. એન મજુમદારે પંચમહાલના ભીલોમાં લોહીના નમૂનાના આધારે કરેલાં સંશોધનોમાં ભીલોનું રાજપૂત કુળ જણાઈ આવ્યું હતું. તે સિવાય રાજકાજ, વહીવટના સંદર્ભમાં વિચારીએ તો પણ બ્રિટિશરોના આગમન પહેલાં ભીલોના ભૂતકાલીન રાજવંશોના અવશેષો રૂપે ઘણાં રાજ્યો જળવાઈ રહ્યાં હતાં. જેમાં દક્ષિણ ગુજરાતમાં ડાંગ, સાગબારા, વાડી, ટોકરવા(સોનગઢ), નળધરા(મહુવા–સુરત), રાયસીંગપુરા, સીંગપુર અને ચીખલી, મધ્યગુજરાત–પૂર્વ ગુજરાતમાં ઝાલોદ, સંતરામપુર, સંજેલી, જાંબુઘોડા, નારૂકોટ ઉત્તર ગુજરાતમાં ઈડર વગેરેનો સમાવેશ થયો હતો. આમાંના કેટલાક 'સરકાર'ના નામથી ઓળખાતા. જેમ કે ગંગથા સરકાર (ચીખલી) નાલા સરકાર વગેરે.(એજન) તે સાથે આદિવાસીઓનો છૂટોછવાયો પર્વતાળ, વનવિસ્તારમાં વસવાટ, સ્ત્રીઓનું સન્માનજનક સ્થાન, ક્ષત્રિયો જેવી જ વેરવૃત્તિની તડપ વગેરે પણ તેમના રાજપૂતકુળના સંશોધનમાં ઉપયોગી થાય તેવી બાબતો છે.

ગુજરાતનો પૂર્વભાગ રેવાકાંઠા વિસ્તાર તરીકે જાણીતો છે અને વેદકાળથી ત્યાંના આદિ-

જાતિઓને લગતા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઈ.સ.ના પહેલા સૈકામાં આદિવાસીઓનાં સ્વતંત્ર રાજ્યો હોવાનાં પ્રમાણો પણ ઇતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. જેમાં કવિ ભાઈશંકરજી વિદ્યારામ પંડિતરચિત 'સોલંકી વંશની ગોધરા શાખાનો ઇતિહાસ' મુજબ ગોધરા વિસ્તારમાં કંકુમથાંભલા ગામે અરજણ નામના ભીલનું રાજ્ય હતું. તેણે દળકંદદેવ નામના રાજપૂત સામંતને ચાર માસ પોતાના પ્રદેશમાં રસાલા સાથે ચોમાસું ગાળવાની મંજૂરી આપી હતી. અરજણના ત્રાસથી પીડાતા બ્રાહ્મણને મદદ કરતાં દળકંદદેવે અરજણને કપટથી મારી બ્રાહ્મણધર્મ અદા કર્યો. લેખકે પ્રસ્તુત પરાક્રમમાં ભોળા શંભુનાથના આશીર્વાદ હોવાનું પણ નોંધ્યું છે. દળકંદના કાવતરામાં અરજણ અને તેના સૈનિકોને મદ્યપાન–વિષયુક્ત આહાર આપી માર્યા હોવાનો ઉલ્લેખ છે. અસાધારણ સંખ્યામાં ભીલોને રહેંસી નાંખ્યા. તેમણે નોંધ્યું છે કે, "અરજણ સામે રજપૂત બચ્ચાઓએ પૂરેપરું પાણી બતાવ્યું, ને તેમાં સઘળાં ભીલાણાને રહેંસી નાખ્યા છેવટે તેના સરદાર અરજણનો શિરચ્છેદ કરી તેના મસ્તકને એક ભાલા ઉપર ઘાલી આસુરી લોહીથી ખરડાયેલી ઉઘાડી તલવારો રાખી ગોઝરેશ્વર મહાદેવની જય પુકારતા સઘળા સોલંકીવીરોએ છાવણીમાં વિશ્રાંતિ લીધી. કેદ પકડાયેલા ભીલો પાછળથી દળકંદદેવજીને શરણે થયા. તેમ જ કેટલાક ભીલોને લડાઈ વખતે રાજપૂત વીરોએ ઝાડ સાથે તાણી બાંધ્યા હતા. તેમને પણ અભય વચન આપી છૂટા કર્યા. તેથી તેઓ પણ અંતઃકરણપૂર્વક દળકંદદેવજીને પોતાના મહારાજા માનવા લાગ્યા. આ પ્રમાણે તાબે થયેલા ભીલોની મદદ લઈ મહારાજા દળકંદદેવજીએ પ્રથમ ઘા રૂઝવે તેવી વનસ્પતિ જંગલમાંથી મંગાવી ઘવાયેલા ભીલ સૈનિકોની પાટાપિંડી કરી, તંદુરસ્તી બક્ષી વફાદાર બનાવ્યા." (પંડિત:૧૯૧૮:૧૭–૧૮)

ઉપર ઉલ્લેખેલા પ્રસંગો સંવત ૧૦૦(ઈ.સ. ૫૪)ના માગસર સુદી ૧૦ ને સોમવારના રોજ ગોધરા નામે શહેર બંધાવી ગાદી સ્થાપી તે પહેલાંના છે. પ્રસ્તુત પુસ્તકમાંથી બે–ત્રણ બાબતો સામે આવે છે. એક તો, સમગ્ર વર્ણનમાં ઈ.સ.ના પહેલા સૈકામાં ભીલનું સ્વતંત્ર રાજ્ય અને બળવાન જાતિ તરીકે તેનું અસ્તિત્વ છતું થાય છે. બે, પ્રસ્તુત પુસ્તક ગાજણા સંસ્થાનના રાજાની નોંધપોથી ઉપરથી ઉતાર્યું છે. (ઈ.સ.૧૯૧૮) તેમાં ભાટચારણો–બારોટોની સદીઓથી ચાલી આવતી મુખપરંપરાનો મુખ્ય આધાર છે. ત્રણ, રાજપૂતોએ તેમના આશ્રયદાતા તરીકે રહેલા ભીલ સરદારોને બ્રાહ્મણધર્મ, ગૌબ્રાહ્મણ પ્રતિપાલનના આદિ નિયમ મુજબ હરાવી પોતાની સર્વોપરિતા સ્થાપી. જ્યારે ભીલોને રાક્ષસી, અનાર્ય અને અસંસ્કૃત પ્રજા તરીકે વર્ણવ્યા છે. ચાર, રાજપૂત–ભીલ સંઘર્ષના ઉપરોક્ત પ્રસંગોમાં આર્ય–આર્યેતર જાતિઓ વચ્ચેના સંઘર્ષની કથા પણ જોઈ શકાય તેમ છે. કારણ કે અરણ્ય અને સભ્ય સંસ્કૃતિના ભેદોમાં રાજપૂત શાસકોએ બ્રાહ્મણ, ગાય જેવાં હિંદુ આરાધ્ય તત્ત્વોને વધુ મહત્ત્વ આપ્યું હતું. આવો સાંસ્કૃતિક ટકરાવ અહીં પણ દ્રષ્ટિગોચર થાય છે.

આવી જ અન્ય એક કથા ઈડર રાજ્ય સાથે સંકળાયેલી છે. 'ગુજરાત–રાજસ્થાન' ગ્રંથમાં નોંધાયેલા આ પ્રસંગને જોઈએ : "૧૨મી સદીના અંતભાગમાં ઈડરમાં ભીલરાજા શામળિયો સોડ રાજ્ય કરતો હતો. તે તેની પ્રજાને ઘણું દુઃખ દેતો હતો, તેના દરબારમાં એક નાગર કારભારી હતો. તેને એક ખૂબસૂરત કન્યા હતી. તે શામળિયો સોડના જોવામાં આવી. તેને જોઈને તે ઘણો મોહ પામ્યો. તેથી તેની સાથે પરણવા માગું કર્યું. નાગર કારભારીએ વિચાર કર્યો કે જો હું સાફ ના કરીશ તો મારી કન્યાને જોરાવરીથી લઈ જશે. તેથી બહાનું કાઢ્યું કે છ મહિનાની મને મુદ્દત આપો, તેટલા વખતમાં હું વિવાહની તૈયારી કરું. શામળિયા સોડે તે વાત કબૂલ કરી, એટલે નાગર કારભારીએ બીજા કોઈ બળવાન ક્ષત્રિય પુત્રની મદદ ખોળવા માંડી. નાગર કારભારી સોનીંગજી રાઠોડ પાસે

આવ્યો અને કહ્યું કે જો તમારામાં હિંમત હોય તો હું તમને નવ લાખ રૂપિયાની ઊપજવાળી ઈડરની ગાદી અપાવું. સોનીંગજીએ હા કહી, અને શી રીતે તજવીજ કરવી તે વિશે બંને જણે મળી વિચાર કર્યો. નાગર ઈડર પાછો આવ્યો અને તેણે એમ વાત ચલાવી કે વિવાહની તૈયારી કરૂં છું અને સગાંવહાલાંને તેડાવું છું. પછી એક્કા રથમાં ત્રણ નાગરણો બેસી વિવાહમાં આવે છે એમ વાત ચલાવી. સોનીંગજી રાઠોડની સરદારી નીચે ૧૦૦ રથમાં ૩૦૦ મારવાડી યોદ્ધાઓને બેસાડી ઈડર લાવી પોતાની હવેલીમાં ઉતાર્યા. આ વેળા નાગર કારભારીએ પીવાનો દારૂ અને બકરા મંગાવ્યા. તથા શામળિયા સોડને કહ્યું કે તમે જમવા આવો. જાન આવી તેમાંના તમામ માણસોને એકાંત જગામાં બેસાડી દારૂ પાઈ બેશુદ્ધ બનાવ્યા એટલે રાઠોડો તલવારો લઈને નીકળ્યા. તેમણે સારી રીતે તલવાર ચલાવી ઘણા કોળીઓનો ઘાણ કાઢી નાખ્યો, પણ કોળીઓની એક ટુકડીએ બારણાં ઉઘાડી શામળિયા સોડને બહાર કાઢ્યો. તેણે નાસીને કિલ્લામાં પેસવા ઇલાજ કર્યો. પણ કિલ્લાના પડાવ ઉપર જતાં તેમના માણસો મરાયા અને શામળિયો સોડ ઈડરના દરવાજાની નજીકમાં પડી ગયો. જ્યાં તે તરફડિયાં મારતો હતો, ત્યાં સોનીંગજી આવ્યા. આ વેળા શામળિયા સોડે બેઠાં થઈ આ શૂરવીર સોનીંગજી રાઠોડના કપાળમાં પોતાના લોહીથી ચાંલ્લો કર્યો અને મરતી વખતે એટલું બોલ્યો કે મારું નામ કાયમ રાખવા સારુ તમારા વંશમાં જે રાવ રાઠોડ ઈડરની ગાદીએ બેસે, તેમણે મારા વંશજના જમણા હાથની આંગળીના લોહી વડે તિલક કરાવવું, તથા તે વેળા કહેરાવવું કે, 'તપો શામળિયા સોડનું રાજ્ય'. સોનીંગજીએ તે વાતની હા કહી એટલે શામળિયા સોડે પોતાનો પ્રાણ છોડ્યો. (ઈ.સ.૧૨૫૭)" (પંડ્યા:૧૮૮૪:૯૩–૯૪) આ ગ્રંથના કર્તાએ નોંધ્યું છે કે, શામળિયા સોડના વંશવાળા મેવાડના સીમાડા ઉપર પાટણવાડામાં સરવાળા છે ત્યાં રહે છે અને તે ખોખર અટકથી ઓળખાય છે. આ પ્રસંગ 'ઈડર રાવની વંશાવલી' ગ્રંથ મુજબ સંવત ૧૩૧૦–(ઈ.સ.૧૨૬૪)માં બન્યો હતો. (જાની:૧૯૨૩:૧૪૬)

ઉપરોક્ત સમગ્ર વર્ણન ભાટચારણો, આશ્રયદાતાઓના રચનાકારો કે ભદ્રવર્ગીય લેખકો દ્વારા કરવામાં આવ્યાં છે. એટલે તેમાં પરાજિતો કે આદિવાસીઓનો દ્રષ્ટિકોણ ન જ હોય તે સ્વાભાવિક છે. આવાં વર્ણનો વાંચતાં ચિત્રપટ માણતા હોઈએ તેવી અનુભૂતિ થાય, પરંતુ તેમાં આદિવાસી દ્રષ્ટિકોણનું શું ? આવાં અનેક વર્ણનો ગુજરાતના ભદ્રવર્ગીય સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. તેમાં આદિવાસી રાજાઓ પ્રતિનાયક અને હિંદુ રાજપૂત રાજાઓ નાયકના રૂપમાં પ્રતિબિંબિત થાય છે. આને લગતા વધુ બે કિસ્સાઓ જોઈએ : "ઈ.સ. ૧૦૬૯માં તરસંગમાં તરસંગીયો નામનો ભીલરાજા રાજ્ય કરતો હતો, તેને મારીને દાંતાના રાજા જસરાજના પુત્ર કેદારસિંહે ગાદી પ્રાપ્ત કરી હતી. માલપુરમાં (મહીકાંઠા) માલોકંઠ નામનો ભીલ રાજા રાજ્ય કરતો હતો. તેણે માલપુરની એક ખૂબસૂરત બ્રાહ્મણ કન્યાને પરણવાનું માગું તેના બાપ પાસે કર્યું. તેનો સ્વીકાર ન થતાં તેણે કન્યાને જબરજસ્તીથી પડાવી લેવા ધાર્યું. બ્રાહ્મણ પોતાની કન્યાને લઈ છાનોમાનો મોડાસે જતો રહ્યો. તથા મોડાસાના રાજવી વાઘસિંહજીએ સવારી સાથે માલપુર ઉપર ચડાઈ કરી તેમાં માલોકંઠ મરાયો અને તેણે માલપુર જીતી ત્યાં ગાદીની સ્થાપના કરી." (પંડ્યા:૧૮૮૪:૧૧૨)

ઉત્તર ગુજરાત ઉપરાંત મધ્ય ગુજરાતમાં પણ મુસ્લિમ શાસનના પ્રારંભે ભીલોની સ્વતંત્ર ઠકરાતો હતી જેનું ૧૨મી સદીના ચાંપાનેરના રૂપમાં ઉદાહરણ મળે છે. ત્યાંના ચાંપાભીલનું શાસન વિક્રમ સંવત ૧૨૯૬(ઈ.સ. ૧૨૫૦)માં રાજપૂત તરીકે છીનવી લીધું. તેને લગતી માહિતી 'પાવાના ધણીની વંશાવલી' નામના હસ્તલિખિત ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. "વિક્રમ સંવત ૧૨૯૬–(ઈ.સ. ૧૨૫૦)માં પાલસણી પાવે (પાવાગઢ)

આવ્યા, સાડા ચારસે અવતારા સુ ચાંપાનેર ચાંપોભીલ રાજ કરે તેની જાણ ઠકરાતે સોનારૂપાને બેડે પાણી આણ તેવી નગર હાટ તેવા મુહેલ જલુરા રાજાના જેવી તાર પાલણ દે તરસા આવી પાણી હાજરનું તુ તારે પીધરા ચુર આવા તે પાણી પીધું ને વળતું પૂછું કે કીઆરા રાજાની ઠકરાત તાર કરે જે ચાંપાભીલની જગો છે. તે પીધા થકી રાવળ નામ ધરાવૂ ચાંપાભીલની દીકરી પદમણી... પાલન દે પટણઆ ચાંપાભીલને મારીને ઠકરાત લીધી તે પાલન દે ને પુત્ર આવું તેનું નામ ગંગાદાસ." x(જાની:૧૯૨૩:૧૪૬)

ઉપરોક્ત તમામ વર્ણનમાં જે તે સમયના લેખકોની દ્રષ્ટિએ આદિવાસીઓની ભૂમિકા નકારાત્મક જણાય છે. બીજું કે આવા વર્ણનમાં આદિવાસી દ્રષ્ટિકોણ પણ ઘણો ઓછો દ્રશ્યમાન થાય છે. સભ્યતા–અસભ્યતાના નામે ગુજરાતના પુરોગામી ઇતિહાસ સંશોધકોએ કરેલાં વર્ણનોને આજે નવેસરથી તપાસવાની જરૂર છે. જેથી આજની અને ભાવિ પેઢી માટે આદિવાસી ઇતિહાસ નિર્માણની પ્રક્રિયાને સમજવામાં વધુ સરળતા રહે.

ગુજરાતમાં સોલંકી–વાઘેલા યુગના અંત સાથે પ્રાચીનકલાની પૂર્ણાહુતિ થાય છે. (ઈ.સ.૧૩૦૪) સોલંકી રાજા કર્ણદેવના સમયથી જ ભીલોને દાબવા માટે પ્રયાસો શરૂ થઈ ચૂક્યા હતા. (ઈ.સ.૧૦૦૨–૧૦૯૪) તે દરમિયાન પાટણની સત્તા સાથે રેવાકાંઠાના ભીલોની અથડામણના કેટલાક નિર્દેશો પ્રાપ્ત થાય છે. ગુજરાતના પરંપરાગત દુશ્મન માળવા પર હુમલો લઈ જવા માટે રેવાકાંઠાના આદિવાસી વિસ્તારમાંથી પસાર થવું જરૂરી હતું. સિદ્ધરાજ જયસિંહને તેના માળવા પરના આક્રમણ વખતે પંચમહાલના ભીલોને તાબે કરવા સારી એવી મહેનત કરવી પડી હતી. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીના મતે સિદ્ધરાજે બર્બરક નામના ભીલ જાતિના સરદારને હરાવી 'બર્બરજિષ્ણુ' ઉપનામ ધારણ કર્યું હતું. જે બર્બરક અને ભીલોનું મહાત્મ્ય છતું કરે છે. બર્બરક એ લોકસાહિત્યમાં બાબરાભૂત તરીકે ઓળખાય છે અને તેણે સિદ્ધરાજને મુશ્કેલ વિજય અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું દંતકથાઓમાં કહેવાય છે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ સિદ્ધરાજના લશ્કરમાં ભીલોની ભરતી થઈ હોવાની શક્યતા વ્યક્ત કરી છે. (શાસ્ત્રી:૧૯૫૩:૨૮૬) પ્રસ્તુત વર્ણન મુજબ ૧૧મી સદીમાં ભીલો પૂર્વ ગુજરાતમાં પ્રબળ તાકાત તરીકે ઊભરી આવે છે.

## સલ્તનતકાલમાં આદિવાસીઓ

અલાઉદ્દીન ખિલજીના ગુજરાત વિજય પછી ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો પાયો નંખાયો. સમયના વહેણ સાથે ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સત્તા અસ્તિત્વમાં આવી. તે દરમિયાન મુસ્લિમ–આદિવાસી સંઘર્ષની અનેક નોંધો પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર સુલતાનોમાં બાદશાહ અહમદશાહ અને અમદાવાદના ભીલ શાસક આશા ખાંટ અને તેની દીકરી તેજાને લગતી વાતો મુખ્ય છે. આ સમયે અમદાવાદ આશાપલ્લી કે આશાવલ નામે ભીલ શાસકોના અધિકારમાં હતું. ઈ.સ. ૧૪૧૦માં સુલતાન અહમદશાહે ગુજરાતમાં ગાદી પ્રાપ્ત કરી ત્યારે તેના સૂબેદાર શેખ અહમદ હતા. ગંજબક્ષના કહેવાથી અમદાવાદમાંથી આશા ભીલને હરાવી શહેર વસાવવાનું નક્કી કર્યું હતું. (શેઠ:૧૮૫૦:૬) અમદાવાદની સ્થાપના વિશે શ્રી રત્નમણિરાવ જોટે લખે કે આશાવલમાં ઘણા જૂના વખતમાં ભીલ રાજાઓનું રાજ્ય હતું એ તો પ્રસિદ્ધ વાત છે. એ ભીલ રાજાઓ આશા ભીલના નામથી પ્રસિદ્ધ હતા એમ જણાય છે. મૂળવંશનો સ્થાપક આશા ભીલ નામનો પુરુષ હોય અને તે ઉપરથી આશાપલ્લી નામ પડ્યું હોય કે આશાપલ્લીના રાજાઓ તે આશા ભીલ કહેવાતા હોય તે મોટો પ્રશ્ન છે. પરંતુ આશાપલ્લીના રાજા એટલે ગમે તે નામ હોવા છતાં આશા ભીલ કહેવાયા તે વધારે બંધબેસતું લાગે છે. (જોટે:૧૯૨૯:૧૦) આશાપલ્લી કે આશાવલ ક્યારે વસ્યું તેના પૂરતા પુરાવા નથી. પરંતુ ઈ.સ.ની ૧૦મી સદીથી એના ઉલ્લેખો આરબ

મુસાફરોનાં વર્ણનોમાં અને ગુજરાતના સંસ્કૃત પ્રબંધ વગેરે સાહિત્યમાં વારંવાર આવે છે એટલે આશાવલ ૧૦મી સદી પહેલાં ઘણા લાંબા સમયથી વસ્યું હશે એમ જણાય છે. ૧૧મી સદીમાં છ લાખ ભીલોના સ્વામી આશા ભીલને હરાવી સોલંકી રાજા કર્ણદેવે આશાવલનું નામ બદલી કર્ણાવતી રાખ્યું હતું. (જોટે:૧૯૨૯:૫૨) તે ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે.

અમદાવાદની સ્થાપના અને આશા ભીલના પરાજય પાછળ અનેક લોકસાહિત્યિક વાતો વણાયેલી છે. તેમાંની લોકમુખે ચર્ચાતી અને એકાધિક ગ્રંથોમાં નોંધાયેલી એક બહુચર્ચિત દંતકથા જોઈએ : "આશા ભીલ આસ્ટોડિયા ગામમાં રહેતો હતો. તેને તેજા નામની સુંદર રૂપવતી છોકરી હતી. તેહની સાથે સુલતાન અહેમદનો રાવત લાગ્યો હતો. તેથી બાદશાહના ઘોડા ઉપર સવાર થઈ રાતના પહોર પાટણથી નીકળી અહીંયાં આવતો ને વહાણાના પહોરે પાટણ આવી ઊભો રહેતો, એ રીતે ઘણા દહાડા ચાલ્યું. એક દહાડાને વિશે અહીંયાંથી જઈને ઘોડો તબેલામાં બાંધ્યો ને તેવામાં બાદશાહ તબેલો જોવા આવ્યો ત્યારે પોતાનો ઘોડો હાંફતો ને તેને પરસેવાથી રેબઝેબ દીઠો તેથી બાદશાહે રાવતને પૂછ્યું કે, આ ઘોડાને પરસેવો શો છે? તે વાત કહેતાં રાવતે કહ્યું કે “એ હજરત જે કામ કરું છું તે આપના માટે.” ત્યારે બાદશાહે સ્પષ્ટતા માંગતાં, સાચું બોલીશ તો તારો ગુનો માફ છે. તેથી રાવતે કહ્યું કે, ‘સાબરમતી નદીને કાંઠે આશતોડિયા કરીને ગામ છે તેહનો ઠાકોર આશા ભીલ, તેને એક તેજા કરીને દીકરી છે, તે તમારા લાયક કન્યા છે. કેમ કે તે ઘણી જ રૂપાળી છે. માટે હું આપને માટે મહેનત કરું છું.’ આ વાત સાંભળી બાદશાહ લલચાયો ને કહ્યું કે આજ આપણે બે સાથે જઈશું. એ પ્રમાણે રાવત તથા પોતે પાટણથી નીકળ્યા તે સાબરમતીને છેડે આવી પહોંચ્યા ને જ્યારે વહાણે વાએ તેજા નદી ઉપર રાવત પાસે આવી એટલે બાદશાહની નજર પડી. બાદશાહે રાવતને કહ્યું કે તું એને પકડી લે, ત્યારે રાવતે કહ્યું કે આ મહેવાસી ગામ છે. ને આપણે બે છડેછડાં છીએ માટે આપણી વલ્હે થઈ જાસ તેથી હેવું ન કરવું, ને આપણે પાટણ જઈ ફોજ લઈને પાછા અહીંયાં આવીશું. એ રીતે તેઓ પાછા ગયા ને ફોજ લઈને પાછા આવીને સાબરમતી ઉપર પડાવ કર્યો. આશા ભીલ આવીને નમ્યો ને કહ્યું કે, સાબેર તમારી જે ખંડણી છે તે લો ને આ ઝૂંપડાના રહેનારા ઉપર આટલી ફોજ લાવવી ઠીક નહીં. ત્યારે બાદશાહે આશા ભીલના ગજા કરતાં વધારે પૈસા માંગ્યા ને કહ્યું કે એટલા રૂપિયા આપ નીકર તારી દીકરી તેજાને મને પરણાવ. આ વાત સાંભળીને એ ભીલને ઘણો ક્રોધ ચઢ્યો, પણ શું કરે? હેની સાથે પોતાનું ચાલે તેવું નથી તેથી એ વાત સાંભળીને ઘેર ગયો, ને પોતાની બાયડીને કહ્યું કે બાદશાહની હાવી નજર થઈ છે માટે આપણે સરવેને મરવું પણ દીકરીને આપવી નહીં. ત્યારે બાયડીએ શિખામણ દીધી કે મરીને શું કરીશું ને તેજા બાદશાહની રાણી થશે તો આપણને પણ સારું છે. પછી આશા ભીલ સમજી ગયો ને તેજાને પરણાવી. બાદશાહ પાટણ ગયા પછી તેજાએ બાદશાહને કહ્યું કે માહારા બાપને તાહાંની જમીન ઘણી સારી છે. ત્યાહારે બાદશાહે પૂછ્યું કે કેમ? તેજાએ કહ્યું તમે જઈને જોઈ આવો એટલે માલૂમ પડશે. તે ઉપરથી બાદશાહ શિકાર રમવાને આણી તરફ આવ્યો, ને વનકરીમ શિકાર કરતો હતો. એવામાં સસલો જાળામાંથી નીકળીને બાદશાહના શિકારી કૂતરા ઉપર ધસ્યો ને તેહેને બિહડાવીને નસાડી મૂક્યો. એ જોઈને બાદશાહ દંગ થઈ ગયો ને હેવું ધાર્યું કે આ ધરતીના સસલાં આવાં જોરાવર છે તો માણસ તો કહેવા જોરાવર હશે ને અહીંયાં એક શહેર વસાવીને રાજાની રાજધાની કરી હોય તો સારી, હેવો વિચાર કરી અમદાવાદ શહેર વસાવ્યું. આ શહેર વસવા બાબત એક કહેવત છે કે –

'જબ કુત્તે પર સસ્સા આયા

તબ બાદશાહને શહેર બસાયા' (શેઠ:૧૮૫૦:૮)."

ઈ.સ.૧૯૬૨માં (સંવત ૧૮૧૮માં) રચાયેલ 'અમદાવાદ શહેરની લાવણી' ગ્રંથમાં સમગ્ર ઘટનાક્રમ 'આશા ભીલની લાવણી' નામે પદ્યાત્મક રૂપે નિરૂપાયો છે, જે નીચે મુજબ છે. (જાની:૧૯૨૩:૨૪૬)

"દલ્લી સેહેર સે આયા પાતસ્યા
સુલતાન એહમદ નામ ધરા
ચૌવાલ ચૌક મેં પીર હે પાટણ ઉવા બેઠકર રાજ્ય કરયા
લાખુ ફોજ કરે પાતસાકી માર મુલક સબ વષ(સ) કરયા
જબ પરતાપે સે ડંકા દિયા આશાખાંટ ઓર ગામ આસ્ટોડિયા

**** **** ****

બોલ્યા આસા ખાંટ સુનો રે પાદસા એસી બાત કઈ નહીં હોવે
મારું મરું લડું તમ સાથે દુનિયા સબ નજરે દેખે
પકડું તરુઆર ખાંટ ઉઠા ગામમાં આયા તેઅ ઘડી
ખાંટ જઈ નારીને સાંભલી વાત તેએ વડી
મારસે ગામને મારસે છોકરા કોહો નાશીને ક્યાંહા જાઓ
કેઈ ફોજ તારો પછવાડે કિયા સગા લેઈ જાસો
રૂડી રીત્યે દ્યો એ દીકયરી દીકયરી કેરું ભાગ્ય ભૂલ્યું
પાતસા જમાઈ આપણ ક્યાંહાથી હાથ જોડીને કહું ખરું.
સમજાવ્યા નારીયે નરને ભાંજઘડ મોકલી છે ખાંટે
પાદસા કા આગલ જા સબ કહી મગાઈ મીસરી કર બાંટે
શુક્રવારે આયા મુહૂર્ત તેડ્યા સૈયદ કાજી મુલ્લાં
ફોઈ લઈ ચડ્યા બરઘોડો નકા પડ્યા તેજા ભલાં
પરણ્યા પાદસા રીઝ બુજ ને ખાનપાનમેં ખુશ પાયા
અબ કાયકુ પાટણ જાવું પાટણ સેહેર સો ઈહાં આયા
સુણો ઉતપતિ પાતસાકી ભરહર ગોવિંદને આપ કિયા
કર્મ ફીરા જબ આશા ખાંટકા તેજા દેઈ પાતસાહા કુ લીયા

આનાથી વિપરિત વર્ણન મધ્યકાલીન તવારીખોમાં મળે છે તે મુજબ અહમદશાહે આશાખાંટના ત્રાસને ઓછો કરવા તેના પર હુમલો કરી આશાવલ જીત્યું તથા ત્યાં સુશાસન સ્થાપ્યું હતું (જોટે:૧૯૨૯:૨૪)

આશાખાંટ આશાવલ વિશેનાં ઉપરોક્ત વર્ણનો આપણી સમક્ષ અનેક વિચારણાઓ મૂકે છે. એક તો, તેજા સાથેના અહમદશાહનાં લગ્ન પછી અહમદશાહનું આશાવલમાં સ્થાયી થવું. આદિવાસીઓમાં ભૂતકાળમાં અને થોડેઘણે અંશે આજે પણ દેખાતી 'ખંધાડપ્રથા'(ઘરજમાઈની પ્રથા)નું બીજ આ પ્રસંગ પછીથી નહીં વવાયું હોય ને ? કારણ કે અહમદશાહ બાદશાહનું પાટણથી સ્થળાંતર કરી તેજાના પિયર આશાવલમાં આવી વસવું એ ઘરજમાઈ જેવી જ પરિસ્થિતિ હતી. વિશેષમાં એક શાસકનું જીવન પ્રજાજનો માટે અનુકરણીય બનતું હોય છે. તેથી આદિવાસીઓએ તેને પરંપરા બનાવી પણ હોય ! બે, અમદાવાદના સસલા ઉપરાંત માણસોની અપ્રતિમ બહાદુરીની કલ્પના દ્વારા બાદશાહ પરોક્ષ રીતે ભીલોનાં શૌર્ય અને વીરતાને જ બિરદાવે છે. આવી શૂરવીર પ્રજા પર વર્ચસ્વ જમાવી તેઓના લશ્કર તથા અન્યત્રનો ઉપયોગ કરી બાદશાહે તેની રાજકીય સ્થિતિ મજબૂત બનાવવાનું મુત્સદ્દીયુક્ત પગલું લીધું હોવું જોઈએ. ત્રણ, પ્રાચીન કાળથી ભીલો તેમની વીરતા, પરાક્રમ વગેરે માટે જાણીતા હતા. આશાવલનું ભીલ રાજ્ય અને તેની વિશાળ સેના, બાહુબળ વગેરેને જોતાં, આવી પ્રજા પર તેમનો વિશ્વાસ જીત્યા વગર શાસન ન કરી શકાય તેનું ઉમદા પ્રમાણ અહમદશાહનું તેજા સાથેનું લગ્ન આપે છે. સમાન દ્રષ્ટાંત તરીકે અકબરના રાજપૂતો સાથેના લગ્ન સંબંધોને મૂકી શકાય. તેણે પણ રાજપૂત શૂરવીરોને મુત્સદ્દીપૂર્વક મુઘલ સત્તા તળે લાવવા રાજપૂત કન્યાઓ સાથે લગ્ન સંબંધો બાંધ્યા હતા. જે ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે. જો કે પ્રસ્તુત થિયરી આદિવાસી ઇતિહાસમાં ઐતિહાસિક

સાધનોનો અભાવ વગેરેને લઈને નક્કર નથી છતાં વિચારણીય અવશ્ય છે.

## મુઘલકાળમાં આદિવાસીઓ

મુઘલકાળમાં હુમાયુના સમયથી મુઘલોના હુમલાઓ ગુજરાત પર શરૂ થઈ ગયા હતા. તેમાં હુમાયુની બહાદુરશાહ સાથેની લડાઈ ઘણી મહત્ત્વની હતી અને તેની યુદ્ધભૂમિ ચાંપાનેર–પાવાગઢનો આદિવાસી પ્રદેશ હતો. બહાદુરશાહનો પીછો કરતાં હુમાયુએ ચાંપાનેર પર આક્રમણ કર્યું. ચાંપાનેર જીતવા ચાર માસનો ઘેરો ઘાલવા છતાં કોઈ સફળતા હાંસલ ન થઈ. એનું કારણ બહાદુરશાહને ભીલોનું મજબૂત પીઠબળ હતું. તેઓ કિલ્લામાં જોઈતી વસ્તુઓ ઘી વગેરે જંગલમાંથી લઈ જતા અને ઉપરથી દોરડાઓ ખેંચી લેતા તથા તેના પૈસા એ પ્રમાણે આપતા. એક વખત હુમાયુ હાલોલના બગીચા બાજુ નિરીક્ષણ કરવા ગયો ત્યારે બાજુના જંગલમાંથી કેટલાક ભીલ લોકોને નીકળતા જોયા. તેઓ સંતાવા ગયા, પણ પકડાઈ ગયા, તેમને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે કઠિયારા લાકડાં કાપવા ગયા હતા તેવો ઉત્તર મળ્યો. પરંતુ કુહાડી વગેરે ન હોવાથી એ વાત સાચી ન ઠરી અને થોડાને મારી નાખતાં બાકીનાએ ખરી વાત કરી. (જોટે:૧૯૫૭:૭૪૮) આ ઘટનાક્રમ પછી હુમાયુના ચાંપાનેર વિજયનો માર્ગ પ્રશસ્ત થયો હતો.

ગુજરાતની ભીલ સત્તા વિશે આઈને–અકબરીએ પણ નોંધ કરી છે. Baglan as an independent Region rightly belonging to Gujarat. The suba is said to be populated by Kanbis, Bhils and Gonds as very industrious and dast name famous for taming Lion. (દ્વિવેદી:૧૯૪૧:૫૩) બાગલાણની વન્ય જાતિઓ સિંહોનું પાલન કરતી હોવાનું તેમાં જણાવ્યું છે.

મુઘલકાળની સ્થાપના પહેલાં મુસ્લિમોના હાથે આદિવાસી બહુમતીવાળા વિસ્તારો આવ્યા હતા. ઈ.સ. ૧૨૪૭માં મુસલમાનો સાથેની લડાઈમાં ઝાલોદનો જાલમસિંહ મરાયો, તેનો સંત નામનો કુંવર ઝાલોદ છોડી ત્યાંના પશ્ચિમ ભાગમાં થોડા ગાઉને છેટે ભીલનો મુલક હતો ત્યાં આવી ઝાડી અને ડુંગરોમાં સંતાયો. કેટલોક વાસ તેમણે ડુંગરોમાં રહીને ગાળ્યો, ત્યાર પછી ઈ.સ. ૧૨૫૫માં સંત બ્રહ્મપુરી નામના ભીલોડી ગામની જગ્યાએ ડુંગર ઉપર પોતાના નામથી સુંથ વસાવી ત્યાં પોતાની સ્થાપના કરી અને ભીલ લોકો પાસેથી આજુબાજુનાં ગામડાં છીનવી લઈ રાજ્ય બાંધ્યું. (પંડ્યા:૧૮૮૪:૧૯૭). આદિવાસીઓમાં ચાલતી દંતકથાઓ અને લોકગીતોમાં આનાથી વિપરીત સુંથનું રાજ્ય મૂળ તો ભીલરાજ્ય હતું. જેને ૧૩–૧૪મા સૈકામાં પાટણથી ભાગેલા રાજપૂતોએ ખૂંચવી લીધું હતું. આવો જ ઘટનાક્રમ ચાંપાનેરના ભીલ રાજ્ય સાથે પણ સર્જાયો હતો. ઈ.સ. ૧૩૦૦માં રણથંભોરમાં અલાઉદ્દીનના આક્રમણથી બચવા રાજપૂતો આલનેર નામના ઠાકોરની સરદારી નીચે ગુજરાતના પૂર્વ ભાગમાં આવ્યા અને પાવાગઢની તળેટીમાં ચાંપાનેરનું ભીલ રાજ્ય જીતી લીધું હતું. એ જ પ્રમાણે સંખેડા મેવાસમાં ગડ વિસ્તારમાં ભીલ રાજાઓનો મુલક અલાઉદ્દીનના આક્રમણથી બચવા માળવાથી આવેલા ખીચી હમીર નામના પુરુષે છીનવી લીધો હતો.(પંડ્યા:૧૮૮૪:૨૦૭)

ગુજરાતમાં રાજપૂત સત્તાના અંત પછી પાટણથી ભાગેલા રાજપૂતોએ પહાડી–જંગલ વિસ્તારોમાં પોતાનાં નાનકડાં રજવાડાંઓ ભીલ રાજ્યના ભોગે સ્થાપ્યાં. એ રીતે સલ્તનત, મુઘલકાલમાં કેટલાંય આદિવાસી રાજ્યો કાળની ગર્તામાં ધકેલાઈ ગયાં. તેમાંથી દક્ષિણ ગુજરાતનાં આદિવાસી રાજ્યો પણ બાકાત ન હતાં. ઈ.સ.ના ૧૫ના સૈકામાં પારનેરા(દક્ષિણ ગુજરાત ધરમપુર પાસે)નો કિલ્લો આ રાજ્યના તાબામાં હતો. આ રાજ્યના પહાડી લોકોએ રાજ્યમાંથી પસાર થતા મુઘલ બાદશાહના લશ્કર પર હુમલો કરી લૂંટ કરી. (પંડ્યા:૧૮૮૪:૨૪) આ લડાઈ પછી આ પસાણા

મુઘલોએ કબજે કર્યા. પ્રસ્તુત વર્ણન આદિવાસીઓના પોતીકું રાજ્ય બચાવવાના જીવન–મરણના સંઘર્ષને નિરૂપે છે. દક્ષિણ ગુજરાતમાં આવેલા સોનગઢના કિલ્લાનો ધણી સોનિયો ભીલ હતો એવી દંતકથા પ્રચલિત છે. એ સોનિયા ભીલે કિલ્લાની તળેટીએ આવેલું સોનારપાડા ગામ વસાવેલું એમ કહેવાય છે અને તેની યાદમાં આજ પણ ત્યાં જાત્રા ભરાય છે. (દ્વિવેદી:૧૯૧૦:૭) ગુજરાતના આદિવાસીઓમાં સીદીઓનો પણ સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતમાં સચિનનું રાજ્ય સીદી આદિવાસીઓના હાથમાં હતું. ૧૫મા સૈકાથી તે કોંકણ જિલ્લાના દંડરાજપુર અથવા જંજીરાના સીદી નામથી ઓળખાતું હતું. જેમણે મરાઠાઓના તીવ્ર આક્રમણ વચ્ચે પણ જંજીરાના કિલ્લા માટે લડત આપી હતી. (પંડ્યા:૧૮૮૪:૨૪)

૧૬મી સદીના આરંભમાં ભીલોની કીર્તિ વિજયનગરના સુવિખ્યાત મહારાજા કૃષ્ણદેવરાય સુધી પહોંચી હતી. તે કાળે દક્ષિણ ગુજરાતની સરહદ પર ભીલો બળવાન હોવાનું જણાય છે અને ૧૭મી સદીમાં શહેનશાહ જહાંગીરે બાગલાણના પ્રદેશમાં આવેલા મુલ્હેર વિભાગમાંથી અચ્યુ ભીલના છોકરાને એક ગામ ઇનામમાં આપી તેમનાં ઉત્પાદને શાંત કરવા કોશિશ કરેલી. આમ મુઘલકાલના અંત ભાગમાં પણ આદિવાસીઓ રાજકીય અસ્તિત્વ માટે ઝઝૂમતા હતા.

## મરાઠા સમયમાં આદિવાસીઓ

ઔરંગઝેબના અવસાન પછી મરાઠાશક્તિ પશ્ચિમ ભારતમાં પ્રબળ બની. મધ્યકાળમાં મુસ્લિમોએ આદિવાસીઓને હરાવી તેમનાં રાજ્યો હડપ કરી લીધાં અને તે પ્રજાને પોતાની આણ નીચે આવવા મજબૂર કર્યા. બિલકુલ એવો જ ક્રમ મરાઠાઓના શાસનમાં પણ જળવાઈ રહ્યો. મરાઠાઓનો કાળ અંધાધૂંધી અને અરાજકતાનો સમય હતો. આ સમયે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાનો વ્યાપક અભાવ હતો. આવી સ્થિતિમાં ઘણી વાર ભીલ અને અન્ય આદિવાસી જાતિઓ નિર્ણાયક પરિબળ સમાન સાબિત થતી. તેનો ઉત્તમ દાખલો વડોદરા રાજ્યના ઇતિહાસમાં મળે છે. ‘ગુજરાત–રાજસ્થાન’ ગ્રંથની નોંધ મુજબ “સત્તા સંઘર્ષમાં ભીલ અને કોળી લોકો સત્તાવાંચ્છુઓના લશ્કરમાં જોડાઈ મજબૂત લશ્કરી પીઠબળ પૂરું પાડતા હતા. ઉદા. તરીકે પોલાજીરાવ ગાયકવાડના અવસાન પછી તેના મિત્ર પાદરાના દેસાઈઓ, ભીલો અને કોળીઓની મદદથી અભયસિંહ નામના જોધપુરના રાજાએ વડોદરા પર કબજો જમાવ્યો તે પાછો અપાવ્યો હતો.” (દેસાઈ :૧૯૨૬:૨૬) આમ ભીલો તેમની સુસંગઠિત તાકાત અને બાહુબળથી સત્તા પરિવર્તનમાં પણ નિમિત્ત બનતા. બીજી તરફ આ જ મરાઠા સરદારો આદિવાસી વિસ્તારોને કબજે કરી મોટી રાહત પણ અનુભવતા. ઈ.સ. ૧૭૧૯માં પીલાજીરાવે મેવાસી ભીલોના સોનગઢના ડુંગર ઉપર પોતાનું થાણું જમાવ્યું અને ત્યાંથી ભવિષ્યમાં દરોડા પાડવાનો વિચાર તેણે કર્યો. સોનગઢના ભીલ માલિક પાસેથી તેણે તે જીતી લીધો અને મજબૂત કિલ્લેબંધી કરાવી. ગાયકવાડના ભીલો તરફની નીતિ એક તરફ આક્રમણ અને બીજી તરફ ભીલોની સહાયતા મેળવવાની રહી. તેમણે રાજપીપળા વિસ્તારમાં ભીલ અને કોળી લોકોનો સહકાર મેળવી પોતાની માલિકીના કિલ્લાઓ બાંધી મજબૂત લશ્કરી કવચ ઊભું કર્યું હતું. વડોદરાનું રાજ્ય દુશ્મનો પાસેથી પરત મેળવવામાં ગાયકવાડને ભીલોની નિર્ણાયક મદદ મળી હતી. (દેસાઈ:૧૯૨૬:૨૭) આમ મરાઠાઓ અને વિશેષતઃ ગાયકવાડની આદિવાસીઓ પ્રત્યેની નીતિ મિશ્ર રહી હતી.

મરાઠા શાસનના પ્રારંભ સુધી ગુજરાતમાં સાગબારા, જાંબુઘોડા, નારૂકોટ, વાડી, ટોકરવા, નળધરા, ધરમપુર, વાંસદા અને બીજી અનેક નાની નાની ઠકરાતો આદિવાસી શાસકોની હતી

તેના કેટલાંક ઉદાહરણો જોઈએ : કવિ કેવલરામરચિત ‘લુણાવાડાના રાજા દીપસિંહની પ્રશંસા’ નામના કાવ્યમાં ત્યાંના રાજા દીપસિંહે મહેવાસી ભીલોને હરાવી લુણાવાડાના રાજવંશનો જશ દીપાવ્યો તેનો ઉલ્લેખ છે. મૂળ પંક્તિઓ આ પ્રમાણે છે:

“નાહર સંઘ કીય કોટ ટ રૈયત કો કિન્નો
મૈહવાસી સબ માર ઘાટ નિહકંટક લીન્નો.”
(જાની:૧૯૨૩:૩૪)

કવિ કેવળરામે ‘બાબીવિલાસ’ કાવ્ય(સંવત ૧૮૭૫)માં નોંધ્યું છે કે, “બહાદુરખાનજીએ ભીલોને હરાવી ખેડા, બાલાસિનોર આદિ તાબે આણ્યા હતા. (એજન:૧૩) ગુજરાતમાં રાજપીપળા, છોટાઉદેપુર, ધરમપુર, વાંસદા વગેરે રાજ્યોમાં નવા શાસકનું રાજતિલક ભીલના હાથે થતું. જે ઉપરોક્ત રાજ્યો મૂળ ભીલોના હોવાના સ્પષ્ટ સંકેતો આપે છે. ‘વડોદરાના રાજકર્તા’ના લેખકે નોંધ્યું છે કે રાજપીપળા પ્રદેશમાં ઐતિહાસિક સાધનોના આધારે એક હકીકત ખાસ તરી આવે છે કે ત્યાં સબળ ભીલ રાજ્યો હતાં અને તેમાં ડુમખલ, વાપી (દેવસાતળા પાસે), કુકરાડા, સાગબારા, રાયસિંગપુર, ચીખલી વગેરે જગ્યાએ તેમની જાહોજલાલીના સૂચક મોટા મોટા શિલાલેખવાળી ખાંભીઓ તેમ જ અન્ય સ્મારકો આજે પણ તેની સાક્ષી પૂરતા ઊભા છે.” (મશરૂમવાળા:૧૯૦૫:૪૭)

મરાઠાયુગમાં કાયદો અને વ્યવસ્થાનો વ્યાપક અભાવ હતો, તેમને સ્થાયી શાસનમાં કોઈ રસ ન હતો. તે ગાળામાં રાજકાજ ગુમાવી ચૂકેલા, સર્વહારાઓમાં પલટાયેલા આદિવાસીઓ તેમનું લશ્કરી કૌશલ્ય ઝળકાવતાં થયાં. તેમનો સુવ્યવસ્થિત ઢબે અભ્યાસ નહીં થવાને કારણે તેમની પ્રવૃત્તિને લૂંટફાટ અને ડકૈતીમાં ખપાવી તેમનું અવમૂલ્યન કરવામાં આવ્યું. ખરેખર તો નબળી શાસન વ્યવસ્થામાં આદિવાસીઓને પોતાનું ગુમાવેલું પાછું મેળવવાની ઉત્તમ તક દેખાતી હતી. પરંતુ ૧૮મી સદીમાં સત્તાના સંઘર્ષમાં અંગ્રેજો પ્રભાવી સાબિત થયા. તેઓએ કાયદા–વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ જાળવવાના ભાગરૂપે આદિવાસીઓના ન્યાયી પ્રયત્નોને બાહુબળથી કચડી નાંખ્યા. રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસીઓએ મૂડીવાદી અર્થવ્યવસ્થા નીચે પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું. હવે પછીના વિભાગમાં બ્રિટિશકાળમાં આદિવાસીઓની થયેલી અવનતિનો ખ્યાલ મેળવીશું.

## આધુનિક ગુજરાતમાં આદિવાસીઓ

ગુજરાતમાં ઈ.સ. ૧૮૧૮માં બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ તે પછી ધીરે ધીરે ઈ.સ. ૧૮૬૧ સુધી સમગ્ર ગુજરાત બ્રિટિશ સત્તાના એકાધિકારમાં આવ્યું. બ્રિટિશ વિજયયાત્રા આદિવાસી વિસ્તારો પર પ્રભુત્વ મેળવતાં નાકે દમ લાવનારી નીવડી હતી. તેના કેટલાક દાખલાઓ જોઈએ : ૧૮મી સદીમાં દિલ્હીની મુઘલાઈ નબળી અને નિર્જીવ બની અને બીજી તરફ મરાઠી સત્તાનો ગુજરાતમાં પગપેસારો થયો હતો. આ તકનો લાભ લઈ જંગલ અને જંગલધારે ડાંગે ઘેરી વસેલી પ્રજાઓએ માથું ઊંચક્યું અને તોફાનો જમાવવા માંડ્યાં. લગભગ દોઢસો વર્ષ સુધી આ પ્રજાએ નાનામોટા બખેડાઓ ચાલુ રાખ્યા. આખરે અંગ્રેજોના વ્યવસ્થિત મોરચાઓ આગળ તેમનાં સંગઠન તૂટ્યાં, ભીલ પ્રજા દબાઈ, ડાંગનાં વનોમાં શાંતિ પથરાઈ પણ ત્યાર પહેલાં આ દોઢસો વરસના ગાળા દરમિયાન ડાંગ અને તેની આસપાસના પ્રદેશની પ્રજાએ ઝંઝાવાત ફેલાવ્યો હતો. (દ્વિવેદી:૧૯૧૦:૮) ડાંગ જેવી જ સ્થિતિ રાજપીપળા વિસ્તારની પણ હતી. ઈ.સ. ૧૭૯૩માં સાગબારાના ભીલ વસાવા ઉમેદે બળવો કર્યો. જેણે આરબ અને સિંધીના લશ્કરની મદદથી ડુંગરમાંનાં પાંચ ભીલોડી પરગણાં તાબે કરી લીધાં તથા ખાનદેશના રસ્તાને બંધ કરી દીધો એટલે વેપાર કમી થઈ ગયો. આવા કારણથી રાજપીપળાના રાજ્યની વાર્ષિક ઊપજ

રૂ. ૩,૪૫,૦૦૦માંથી ઘટીને છેક ૨,૬૦,૦૦૦ને આશરે થવા લાગી. (પંડ્યા:૧૮૮૪:૧૬) ઉપરોક્ત ઘટનાક્રમમાં આદિવાસીઓની ન્યાયી લડતનાં દર્શન થાય છે. રાજપીપળા રાજ્ય સામેની તેમની આ લડાઈ ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ સુધી અને પછી પણ ચાલતી રહી હતી. 'ભારત રાજ્ય મંડલ' ગ્રંથની નોંધ જોઈએ : "ઈ.સ. ૧૮૨૩માં રાજપીપળા રાજ્ય અંગ્રેજ અધિકારમાં આવ્યું. તે સમયે પણ સાગબારાનો ભીલ વસાવો કુંવર, રોહાવાનો રાયસિંહ અને તલકવાડાનો બાજી દાયમા આ ત્રણે સરદારો રાજપીપળા રાજ્ય ઉપર પોતાના કેટલાક હક છે એમ બતાવી હુમલા કરતા અને રસ્તામાં મારતા હતા. વિલોબી સાહેબે (બ્રિટિશ અધિકારી) તેમને કબજે કરવા યુક્તિઓ કરવા માંડી. પ્રથમ કુંવર વસાવા શરણ થયો અને તેણે સલાહથી ચાલવા માંડ્યું પણ ફેર પાછો રાજપીપળાનો મુલક લૂંટવા લાગ્યો. એ વેળા તેની પાસે ૪૦ ભીલ, ૨૦ આરબ અને ૨૦ સિંધી મળી ૮૦ માણસનું લશ્કર હતું. જ્યારે અંગ્રેજ સરકારે તેના ઉપર ઘણી સખતાઈ કરવા માંડી ત્યારે છેવટે પોતાની ઉપરના ગુના માફ કરવાની શરતે તા. ૨૬મી જાન્યુ., ૧૮૨૨ના રોજ વિલોબી સાહેબની છાવણીમાં આવી હાજર થયો. તેણે ઉધમાતિયા લોક, ચોર, બહારવટિયા, રસ્તામારુ વગેરે હરામખોરોને આશ્રય નહીં આપવા તેમ જ પોતે રાજપીપળાના રાજાની રૈયત માફક રહી ચાલવાનું કબૂલ કર્યું. પોતાના પરગણામાં બીજા હરામખોર લોક આવે તેને પકડી રજૂ કરવા અથવા તે બાબતની સરકારને ખબર આપવા માટે પણ કબૂલાત આપી. આ વેળા એમ પણ ઠરાવ થયો કે કુંવર વસાવા પાસે જે નોકરો છે તેમાંના ૨૫ સવારોને રાજપીપળાના રાજ્ય તરફથી નોકરીમાં રાખવા અને કુંવર વસાવાનો ભાઈ પોતાની સાથે બાર માણસો સાથે નાંદોદમાં રહી નોકરી કરે તેને પણ દર મહિને રૂ. ૧૨૫ આપવા એમ ઠરાવ થયો." (ભારત રાજ્ય મંડલ:૧૯૦૨:૨૧૫)

પ્રસ્તુત ગ્રંથમાં આગળ નોંધાયું છે કે કુંવર વસાવા સાથે ઉપર પ્રમાણે બંદોબસ્ત થયો. પણ રોહાયોવાળો રાયસિંહ વસાવો જે કુંવર વસાવાનો સસરો થતો હતો તેની સાથે બંદોબસ્ત કરવો એ ઘણું કઠિન કામ હતું. રાયસિંહ ઘણો પૈસાવાળો અને તેની પાસે ૫૦ માણસનું લશ્કર હતું. તે આ વેળા બહારવટું કરતો નહોતો, પરંતુ પોલિટિકલ ઓફિસર પાસે આવવાની ના કહેતો હતો. કેટલાક દિવસ ગયા પછી છેવટે હાજર થયો અને આઠ કરતાં વધારે સવાર પોતાની નોકરીમાં નહીં રાખવાનું કબૂલ કર્યું. તેની સાથે સારી ચાલથી ચાલવાના જામીન આપ્યા. વિલોબીએ પોતાની કુશળતાથી અન્ય બહારવટિયાઓને પકડવા પ્રથમ તો તેમને અનાજ ન મળે તે બાબતનો બંદોબસ્ત કર્યો. તેની સાથે તે લોકને પકડવા માટે એક ભીલ સરદાર રાખ્યો અને જે પકડી લાવે તેને ઇનામ આપવાનું જાહેરનામું બહાર પાડ્યું. (પંડ્યા:૧૮૮૪:૧૬૩)

ઉપરોક્ત વર્ણન આપણી સમક્ષ અનેક સૂચિતાર્થો મૂકે છે. સૌપ્રથમ તો, આદિવાસીઓ પોતાના ન્યાયી અધિકારો માટે દાયકાઓ સુધી સ્થાપિત હિતો સામે ઝઝૂમે છે તેનો પુરાવો પ્રસ્તુત વર્ણનમાંથી મળે છે. અત્યાર સુધી માત્ર દેશી સ્થાપિત હિતો સામે લડી રહેલા આદિવાસીઓને બ્રિટિશ સ્થાપિત હિતો રૂપે નવા પરિબળ સામે લડવાનું થયું. મોટા ભાગના કિસ્સાઓમાં બ્રિટિશ સત્તા અને સ્થાનિક રિયાસતોની સગવડિયા યુતિ પણ રચાઈ. આ કુટિલ સામ્રાજ્યવાદી રાજકારણમાં પોતાનું ભૂતકાલીન ગૌરવ, અસ્મિતાને ટકાવી રાખવા જીવન–મરણનો સંઘર્ષ ખેલતા આદિવાસી સરદારો આખરે બ્રિટિશ કુટિલ નીતિઓ સામે પરાજિત થઈ અને કાળના ગર્ભમાં વિલીન થઈ ગયા. કમનસીબી તો એ વાતની છે કે સમકાલીન લેખકો પણ તેમનાં લખાણોમાં આદિવાસીઓની આત્મગૌરવની લડાઈને નોંધી શક્યા નથી.

બ્રિટિશરોના આગમન પહેલાં દામાજીરાવ ગાયકવાડે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને કુનેહથી જીતવાના પ્રયત્નો કર્યા હતા. તેણે ઈ.સ. ૧૭૫૧માં નળધરાના રાનીપરજના આગેવાનોને કેટલીક જમીન ઇનામમાં આપી તેની સનદ પણ લખી આપી હતી. (દ્વિવેદી:૧૯૪૧:૯) લાગણીસભર દેખાતા આ પ્રસંગમાં આદિવાસી પ્રજાની માનસિકતાને પામી ગયેલા ગાયકવાડો આદિવાસી નેતાઓને વિશ્વાસમાં લઈ આખી આદિવાસી કોમને જીતવાના પાસા ફેંકતા જણાય છે.

૧૮મી સદીનો ઉત્તરાર્ધ એ ગુજરાતમાં રાજકીય રીતે સંક્રાન્તિકાળ હતો. સત્તાની ખેંચતાણ, કુદરતી આપત્તિઓ વગેરેના વાતાવરણમાં આદિવાસીઓએ તેમનો મિજાજ બતાવ્યો હતો. 'પુરાતન દક્ષિણ ગુજરાત' પુસ્તકમાં તેનો તાદ્રશ્ય ચિતાર પ્રાપ્ત થાય છે. "સને ૧૮૦૦માં મરાઠી સત્તાની ખેંચતાણ વખતે થયેલી નાસભાગ, દુષ્કાળ, બરબાદીના વાતાવરણમાં ડાંગ તેમ જ તેની આજુબાજુના જંગલના કુદરતી કિલ્લાઓમાં રહેલી ભીલ વગેરે વન્ય પ્રજાઓએ આ અંધાધૂંધીનો લાભ લઈ ટોળીઓ જમાવી દૂર દૂર સુધી લૂંટફાટ કરવાનું શરૂ કરી દીધું. ડાંગના નાયકો 'રાજા'ના નામથી ઓળખાતા. આ રાજાઓ બળવાન બનતા જતા હતા અને પોતાની જરૂરિયાતો પૂરી કરવા તેઓ આસપાસની વસતિમાં ગમે ત્યારે ટોળી લઈ તૂટી પડી ભારે ત્રાસ આપતા હતા." (દ્વિવેદી:૧૯૪૧:૬) પ્રસ્તુત વર્ણનનું ઐતિહાસિક અનુસંધાન પણ તપાસવા જેવું છે. બ્રિટિશકાળ પહેલા ડાંગમાં રાજ કરનારો ભીલ સરદારોનો વર્ગ હતો. જેઓ સામાન્ય ભીલ ખેડૂતો હતા. તેઓ પાસે થોડી જમીન હતી. ૧૮૭૨માં પહેલી વસતિગણતરી વખતે ડાંગમાં ૭૪૨૬ ભીલો અને ૩૦૨ ગાવિતોની ગણતરી કરવામાં આવી હતી. ભીલ મુખીઓ આ વિસ્તારમાં ચારસો વર્ષ પહેલાં સ્થપાયા હતા. કારણ કે બ્રિટિશ પ્રવાસી જ્હોન હોકીન્સે ઈ.સ. ૧૬૦૮માં ડાંગના કુલી(Cruly)ના મુખીનો ઉલ્લેખ કર્યો છે. જે ઘણું કરીને ડાંગના કિરલી(ડાંગનો એક પ્રદેશ)નો સરદાર હોવાનો સંભવ છે. (હાર્ડીમેન) આમ ઇતિહાસની સળંગસૂત્રતાને મદ્દેનજર રાખીએ તો ૧૯મા સૈકાના લેખકોએ લખેલાં પુસ્તકોમાં આદિવાસીઓ માટે ઉપયોગમાં લીધેલા બેદિલ, લૂંટારા, મારધાડિયા જેવા શબ્દો આજે તેમની ન્યાયી લડત માટેની પ્રવૃત્તિઓમાં તબદીલ થાય છે.

બ્રિટિશ સત્તાની સ્થાપના પછી ગુજરાતના આદિવાસીઓ નવી વહીવટી–રાજકીય વ્યવસ્થાના માળખા હેઠળ મુકાયા. ગુજરાતના રાજપૂતોના હાથ નીચે આન–બાન–શાન ગુમાવી ચૂકેલા આદિવાસી સરદારો સત્તાથી દબાઈને જીવતા થયા હતા. સાંસ્થાનિક સત્તાએ આદિવાસી વિસ્તારમાં પણ પોતાનાં મૂડીવાદી હિતો જોયાં. બ્રિટિશરોએ કુશળતાથી તૈયાર કરેલા સત્તાના સ્તરોમાં આદિવાસીઓ વધુમાં વધુ જકડાતા ગયા. જંગલના હક્કો, નવી જમીનમહેસૂલ વ્યવસ્થા, કાયદો અકળાવનારું સાબિત થયું. બ્રિટિશ પૂર્વેનાં દેશી રજવાડાંઓએ આદિવાસીઓની સંસ્કૃતિ, રીત–રિવાજોની અદબ જાળવી હતી, પરંતુ બ્રિટિશ સત્તાની સ્થાપના પછી સ્થાનિક રજવાડાંઓ પણ આદિવાસીઓના મામલે વિદેશી સત્તાને મજબૂત પીઠબળ પૂરું પાડતાં હતાં. સમગ્ર પરિસ્થિતિને લઈ ૧૯મા અને ૨૦મા સૈકામાં આદિવાસીઓએ સ્થાપિત સત્તા સામે અનેક વિદ્રોહો કર્યા, જેમાં સુવ્યવસ્થિત ચળવળોનાં દર્શન થાય છે. જેનું વિગતવાર વિશ્લેષણ અંદરનાં પ્રકરણોમાં કરવામાં આવ્યું છે. છતાં અત્રે આદિવાસી ઇતિહાસને સળંગસૂત્રમાં સમજવા માટે તેનું વિહંગાવલોકન અસ્થાને નહીં ગણાય.

૧૯મા સૈકામાં ઈ.સ. ૧૮૬૧ સુધી બ્રિટિશ સત્તાએ આદિવાસી વિસ્તારો ઉપર પણ મજબૂત કબજો જમાવ્યો. બ્રિટિશ નીતિરીતિઓ સામે આદિવાસી વિદ્રોહની શૃંખલા યોજાઈ. જેનો પ્રથમ પુરાવો પંચમહાલ જિલ્લાના નાયકાઓના ઇતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. નાયક

આદિવાસીઓએ બ્રિટિશ સત્તા અને સ્થાનિક રજવાડાંઓ વિરુદ્ધ ૧૮૧૮, ૧૮૨૬, ૧૮૩૮, ૧૮૫૪, ૧૮૫૭–૫૯ તથા ૧૮૬૭માં વિદ્રોહો કર્યા હતા. તેને લગતાં પ્રમાણો બૉમ્બે ગૅઝેટિયર, રેવાકાંઠા ડિરેક્ટરી તથા અન્ય ગુજરાતી સ્રોતોમાંથી પ્રાપ્ત થાય છે. એક ઉદા. જોઈએ. "ઈ.સ. ૧૮૩૮માં બારીઆ, છોટાઉદેપુર, જાંબુઘોડા અને ગોધરાના નાયકડાઓએ એટલા બધા ગુના કર્યા કે તેમને ઠેકાણે લાવવા બ્રિટિશ સરકારને ચાંપતા ઉપાયો લેવા પડ્યા. મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ કૅપ્ટન આઉટ્રમે લડાઈની યોજના કરી અને લશ્કર એકઠું કરી ઈ.સ. ૧૮૩૮ના ફેબ્રુઆરી માસમાં મેજર ફાર્બ્સના ઉપરીપણા નીચે તોફાનવાળા ભાગમાં મોકલવામાં આવ્યું. તે જ વખતે સરહદ ઉપરના કેટલાંક સ્થાનોમાં લશ્કરી થાણાં બેસાડ્યાં તથા નાયકડાના મુખીઓ સંતાતા હતા તે જગ્યાઓ ઘેરી લીધી, અને શરણે આવવાને માટે તેમને લાલચો આપવામાં આવી. તે સાલ ખલાસ થયા અગાઉ બારીઆ અને છોટાઉદેપુરનાં રાજ્યોની અને વડોદરા, ગ્વાલિયરના મહારાજાઓની મદદથી મુખ્ય નાયકડાઓને પકડવામાં આવ્યા અથવા તો તેઓ શરણે થઈ ગયા. એમાંના કેટલાકને કેદની શિક્ષા થઈ ને બાકીનાઓને સારી ચાલના જામીન આપવાથી તેમને છોડી મૂકવામાં આવ્યા. આ તોફાન મચાવવામાં બહારવટિયાની બે મુખ્ય ટોળીઓ હતી. બારીઆના મુલકમાંનો કેવળ નાયક તેનો ભાઈ જાલમ રૂપા નાયક અને તેનો કારભારી ઓકારસિંહ તે બધા એક ટોળીના મુખી હતા, અને તેમને મદદ કરવામાં ઉદેપુર તથા જાંબુઘોડાના મકરાણીઓ તથા કેટલાક બેદિલ આદમીઓ હતા. તેઓ ઉદેપુરનાં ઢોર તથા કેટલીક મિલકત લૂંટી ગયા. બીજી ટોળી વિરમ નાયક તેનો ભાઈ મહાદેવ નાયક અને અમરા નાયકની સરદારી નીચે હતી. તેણે રાજગઢની જમીન વેરાન કરી અને લગભગ વસ્તી વિનાની કરી મૂકી." (પરમાર:૧૯૦૩:૭–૮) નાયકાઓની વિદ્રોહી પ્રવૃત્તિ ઈ.સ. ૧૮૬૮ સુધી ચાલુ રહી હતી. ૧૮૫૭ના મહાન વિપ્લવ વખતે કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો લાભ લઈ તેઓએ બ્રિટિશ સત્તા અને સ્થાનિક રજવાડાંઓ વિરુદ્ધ વિદ્રોહ કરી અંગ્રેજ શાસન માટે ખતરો ઊભો કર્યો હતો. ઈ.સ. ૧૮૫૭ની સમાંતર રૂપા નાયક અને કેવળ નાયકના નેતૃત્વમાં ગુજરાતના આદિવાસીઓનું તે મહાન યોગદાન હતું.

પંચમહાલના આદિવાસીઓની વિપ્લવી પ્રવૃત્તિઓને ગૅઝેટિયરે આમ નોંધી છે: "ઑક્ટોબર ૧૮૫૮માં સંખેડાના નાયકડાઓએ રૂપા નાયક અને કેવળ નાયકની આગેવાનીમાં બ્રિટિશરો સામે હથિયારો ઉઠાવ્યાં. નારૂકોટ થાણામાં લૂંટફાટ કર્યા પછી તેઓએ જાંબુઘોડા પર હુમલો કર્યો. તેઓએ ચાંપાનેરે અને નારૂકોટ વચ્ચેના વિસ્તારમાં મજબૂત કબજો જમાવ્યો હતો. નાયકડાઓના વિદ્રોહનો અંત લાવવા કૅપ્ટન હેવર્ડ, મેજર વોલેસ અને કૅપ્ટન રિચાર્ડ બોર્નર જેવા એક–એકથી ચડિયાતા સેનાપતિઓ મેદાનમાં આવ્યા હતા. આખરે નાયકાઓના વિદ્રોહનો અંત ૧૮૫૯માં રૂપા નાયક અને કેવળ નાયકની શરણાગતિ સાથે આવ્યો." ઈ.સ. ૧૮૫૭માં આ જ પ્રકારના વિદ્રોહો રાજપીપળા રાજ્યમાં વસાવા આદિવાસીઓએ સર્જ્યા હતા. (વાઘેલા:૨૦૦૬) આદિવાસીઓએ સ્વતંત્ર વિદ્રોહો ઉપરાંત વિપ્લવકારીઓ સાથે જોડાણ કર્યાના બનાવો પણ નોંધાયા હતા. તેનું ઉદા. વિજાપુરમાંથી પ્રાપ્ત થાય છે. વિજાપુરના મગન વાણિયાએ કરેલા બળવામાં ગુજરાતના ઉત્તર ભાગના ભીલ અને કોળી લોકોનું મહત્ત્વનું પીઠબળ હતું. વિપ્લવની સમાપ્તિ પછી લદાયેલી હથિયારબંધીનો પણ ઉત્તર ગુજરાતના ભીલોએ તીવ્ર વિરોધ કર્યો હતો. (પંડ્યા:૧૮૮૪:૩૬)

પંચમહાલના નાયક આદિવાસીઓ ૧૮૫૭ના વિપ્લવના એક દાયકા પછી વધુ પ્રબળ રીતે મેદાનમાં આવ્યા હતા. ઈ.સ. ૧૮૬૮માં રૂપા નાયક

અને જોરીયા ભગત નામના આદિવાસીઓએ 'નાયકીરાજ'ના ઇરાદા સાથે સમાંતર શાસનની સ્થિતિ સર્જી હતી. પરંતુ રાજસત્તા સામે આદિવાસીઓ પરાસ્ત થયા. અહીંથી બ્રિટિશ શાસને આદિવાસીઓનું દમન, અધિકારવિહીન કરવાનો પ્રારંભ કર્યો હતો. રાજદ્રોહના ગુના અનુસાર ૫ આદિવાસીઓને ફાંસી અને અનેકને દેશનિકાલ કે સ્થળાંતરની સજાઓ કરી. પ્રસ્તુત ઘટનાક્રમ પછી ૧૯મા સૈકામાં પંચમહાલના ઇતિહાસ પર છવાયેલા રહેલા નાયક આદિવાસીઓ કાળની ગર્તામાં ધરબાઈ ગયા. તેની વિસ્તૃત ચર્ચા આ ગ્રંથમાં એક પ્રકરણ લેખે કરાઈ છે એટલે અહીં આટલું પર્યાપ્ત ગણાશે.

૧૯મા સૈકાના મધ્યભાગમાં ભીલોની પોતીકા રાજ્યની પુનઃપ્રાપ્તિ કરવાની લડતો ચાલી હતી. અત્યાર સુધી માત્ર દેશી સામ્રાજ્યવાદી પરિબળો સામે લડી રહેલા ભીલો સામે બ્રિટિશ સત્તાના રૂપમાં નવું સામ્રાજ્યવાદી પરિબળ ઉમેરાયું હતું. દેશી–વિદેશી સામ્રાજ્યવાદી યુતિ સામે ભીલોની લડતો નાકામયાબ અને નિષ્ફળતાનાં પ્રકરણો સાબિત થઈ. આવો દાખલો સંતરામપુરના ભીલોમાં મળે છે. 'ગુજરાત રાજસ્થાન' ગ્રંથની નોંધ મુજબ "સુંથ–(સંતરામપુર)ના રાજા ભવાનસિંહના સમય દરમિયાન ઈ.સ. ૧૮૫૪માં ખાંટ જાતના કોળીઓએ તોફાન કરવા માંડ્યું. જે કોળીઓએ ભવાનસિંહજીના બાપ કલ્યાણસિંહજીના વડવા બદનસિંહની ઘણી બરદાસ્ત કરી હતી. આ લોકોએ સુંથના રાજ્ય ઉપર ધાણીના ઘા નાંખવા માંડ્યા અને ઘણું નુકસાન કર્યું. તેમણે લુણાવાડા કડાણાના ગામ પણ લૂંટવા માંડ્યા. આ લોકોનું તોફાન મહારાજા ભવાનસિંહજીથી બંધ પાડી શકાય નહીં એટલે છેવટે પોલિટિકલ એજન્ટ સાહેબની મદદ માંગવી પડી. એજન્ટ સુંથ આવ્યો અને ફિતૂરી લોક પાસે સલાહથી ચાલવા કબૂલ કરાવ્યું. આ વેળાએ સુંથ રાજ્યના ઈશાન કોણ તરફથી સરહદ ઉપરનાં ગામડાંના ભીલોએ ગડના ઠાકોર સામે તોફાન કરવા માંડ્યું અને તેમનો ઉપદ્રવ વધી પડ્યો. તેનો બંદોબસ્ત રાખવા મહારાજા ભવાનસિંહજીએ સરહદ ઉપર ફતેગડી નામનો કિલ્લો બાંધ્યો. જેને 'ફતેહનો કિલ્લો' એમ કરીને કહે છે. આવા બંદોબસ્તથી તે લોક કબજે થયા નહીં એટલે છેવટે અંગ્રેજ સરકારને એ ભાગના ઈશાન કોણમાં ભાણશિમળ ગામમાં પોતાના તરફથી એક થાણેદાર અને કેટલાક સવારોનું થાણું મૂકવું પડ્યું. જે થાણું હાલ થોડાં વરસોથી ઉઠાવવામાં આવ્યું છે." (પંડ્યા:૧૮૮૪:૧૯૯)

૧૯મા સૈકાનો ઉત્તરાર્ધ એ જેમ અંગ્રેજ પ્રજાએ ભારતીય સમાજને સમજવામાં ગાળ્યો તેમ ૧૯મા સૈકામાં સત્તાના વિસ્તાર સાથે આદિવાસી બાહુલ્ય ધરાવતા વિસ્તારમાં વર્ચસ્વ સ્થાપી તેઓએ આદિવાસી સમાજને સમજવાની શરૂઆત કરી હતી. નવી વહીવટી–રાજકીય વ્યવસ્થા આદિવાસીઓ માટે વિનાશકારી નીવડી. પરિણામે તેઓએ ૧૯મા સૈકામાં વિદ્રોહોની શૃંખલા ઊભી કરી. ઈ.સ. ૧૮૧૯માં ભીલ વિદ્રોહને નાથવા માટે ખાનદેશમાં 'ખાનદેશ ભીલ કોર્પ્સ'ની રચના કરવામાં આવી તેમાં ભીલ એજન્ટનો હોદ્દો ઊભો કરવામાં આવ્યો. તેનો દાયરો ડાંગથી લઈ રેવાકાંઠા સુધી હતો. અર્થાત્ તેનું કામ આ વિસ્તારોમાં ભીલોની ગતિવિધિઓ પર બાજ નજર રાખવાનું હતું. ઈ.સ. ૧૮૫૮માં દાહોદમાં પંચમહાલ ભીલ કોર્પ્સની રચના કરવામાં આવી હતી. રાજપીપળા રાજ્યમાં કુંવર વસાવા (સાગબારા), ડાંગના ભીલ રાજાઓ, પંચમહાલના નાયકા અને દાહોદ–ઝાલોદના ભીલ સરદારો પર અંકુશ સ્થાપવા તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બળની સાથે આદિવાસી પ્રજાને કળપૂર્વક–કુનેહથી વાળવા સ્થાયી ખેતીમાં પ્રોત્સાહન, જ્ઞાતિપંચાયતો દ્વારા ઝઘડાઓનો ઉકેલ, શાળાઓની સ્થાપના જેવા લાંબા ગાળાના ઉપાયો પણ તેમના ઉદ્દામવાદને વશ કરવા માટે અજમાવવામાં આવ્યા હતા. (Graham:1856)

૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં આદિવાસીઓનો સૌથી મોટો અને સુનિયોજિત વિદ્રોહ ભરૂચના તળાવિયા આદિવાસીઓનો હતો. અગાઉ ઉલ્લેખ કર્યો તેમ બ્રિટિશરોએ ઉદ્દામવાદી માનસિકતા અને ન્યાયી અધિકારોની લડત ચલાવી રહેલા આદિવાસીઓને સામ, દામ, દંડ, ભેદથી રાજધર્મી બનાવવાના પ્રયત્નો કર્યા. સુરત, ડાંગ અને રેવાકાંઠામાં તેનાં સાનુકૂળ પરિણામો પણ મળી રહ્યાં હતાં. બ્રિટિશ સત્તાધીશોએ ખેતી, જમીનવિકાસ, શિક્ષણ જેવી મૂળભૂત જરૂરિયાત આદિવાસીઓને પૂરી પાડી તેમને સ્થાયી અને શાંત પાડવાના પ્રયાસો કર્યા હતા. આ પરિસ્થિતિમાં કેટલીક આદિવાસી જાતિઓએ ધર્મના માધ્યમથી જુદો ચોકો રચવાનો પ્રયત્ન કર્યો હતો. તળાવિયાઓની સ્થિતિ સુધારવા માટે સરકારે સુધારાનું વાતાવરણ બનાવ્યું છતાં તેનાથી ઉફરા ચાલી ભરૂચના તળાવિયાઓએ બંડ પોકાર્યું. લખા ભગત નામના તળાવિયા આદિવાસી નેતાની આગેવાનીમાં તેઓએ ભરૂચના કલેક્ટર મિ. વિલિયમ એલનને મળવાનો પ્રયત્ન કર્યો. તે ગાળામાં બ્રિટિશ અને દેશી લશ્કરો સાથે તેમને અથડામણ થઈ. તેઓએ પોલીસ ચોકી, મુંબઈ બૅંકની ભરૂચ શાખાને લૂંટવાનો નિષ્ફળ પ્રયત્ન પણ કર્યો. સામનો કરતાં પોલીસમાંથી તેમણે એક પોલીસને મારી ત્રણને ઘાયલ કર્યા. પોલીસ ગોળીબારમાં પાંચ તળાવિયા માર્યા ગયા. કાનૂની કાર્યવાહીમાં ૪૦ તળાવિયાઓને પકડી તેમની પર કેસ ચલાવવામાં આવ્યો. મુખ્ય નેતા લખા ભગત અને તેના સાગરીતને ફાંસીની સજા આપવામાં આવી. (એદલજી:૧૮૫૦:૨૯૮ એફ) ૧૯મા સૈકાના ગુજરાતના આદિવાસી ઇતિહાસનો આ મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ હતો. છતાં ગુજરાતના ઇતિહાસમાં તેના પર ટૂંકી નોંધ સિવાય વિસ્તૃત સંશોધન થયાનું જણાયું નથી.

૧૯મા સૈકામાં બ્રિટિશ સત્તા ઉપરાંત ગાયકવાડી શાસન ગુજરાતમાં મહત્ત્વનું રાજકીય પરિબળ હતું. મૂળ વડોદરા ઉપરાંત તેમનો આદિવાસી બહુમતી ધરાવતા નવસારી પ્રાંતમાં અધિકાર હતો. સયાજીરાવ ગાયકવાડ ત્રીજા(૧૮૭૫–૧૯૩૬)એ આદિવાસી કલ્યાણની અનેક યોજનાઓ દાખલ કરી ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ પ્રકરણ ઉમેર્યું હતું. ૧૮૮૪માં ધાનકા વસતિગૃહથી તેમણે આદિવાસીઓને શિક્ષણ આપવાનો નિષ્ઠાવાન પ્રયત્ન કર્યો હતો. આ પ્રયત્નો સમયના વહેણમાં આદિવાસીઓને આર્થિક રીતે પગભર બનાવવાથી માંડી સમાજસુધારા સુધી વિકસ્યા હતા. નવસારી પ્રાંતમાં તેનાં સુખદ પરિણામો આદિવાસી સમાજને પ્રાપ્ત થયાં હતાં. (પટેલઃ ૧૯૦૧) ગાયકવાડી આદિવાસી કલ્યાણ પ્રવૃત્તિઓની આ જ ગ્રંથમાં સ્વતંત્ર પ્રકરણ લેખે ચર્ચા કરી છે.

## સ્વરાજયુગમાં આદિવાસીઓ

ગુજરાતમાં ૨૦મો સૈકો આદિવાસી ઇતિહાસ સંદર્ભે વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આઝાદી સુધી આદિવાસી ઇતિહાસના ક્ષેત્રે ગોવિંદગુરુ અને તેમની ‘ભગત ચળવળ’, મોતીલાલ તેજાવતની ‘એકી ચળવળ(૧૯૨૨)’, દક્ષિણ ગુજરાતમાં સલાબાઈની દેવી ચળવળ, હિંદુ ચળવળો અને ગાંધીવાદી આદિવાસી કલ્યાણ જેવી મહત્ત્વપૂર્ણ ઘટના–પ્રવૃત્તિઓથી આદિવાસી ઇતિહાસ ધબકતો રહ્યો હતો. પ્રસ્તુત દરેક મુદ્દાઓ પર આગળ વિસ્તૃત ચર્ચા કરવાનો ઉપક્રમ છે. છતાં અત્રે તેની ઉપલક ઝાંખી અપ્રસ્તુત નહીં ગણાય.

૨૦મા સૈકામાં આદિવાસીઓમાં કેટલીક સ્વયંસ્ફુરિત આદિવાસી ચળવળો અસ્તિત્વમાં આવી હતી. જેમાં ધાટાની ભગત પરંપરા, પંચમહાલમાં ગોવિંદગુરુની ભગત પરંપરા વગેરે ઘણી મહત્ત્વની આદિવાસી ચળવળો હતી. ગોવિંદગુરુની ભગત ચળવળનું કાર્યક્ષેત્ર ગુજરાતનો પંચમહાલ જિલ્લો હતો. ઈ.સ. ૧૯૦૫થી ૧૯૩૧ દરમિયાન અહીંના ભીલ આદિવાસીઓ પર તેનો

ગાઢ પ્રભાવ હતો. ભીલોમાં સામાજિક–આર્થિક સુધારાના હેતુથી શરૂ થયેલી તેમની ચળવળનો વ્યાપ 'ભીલરાજ'ની સ્થાપના સુધી વિસ્તર્યો હતો. તેને પરિણામે સાંસ્થાનિક અને દેશી સામ્રાજ્યવાદી પરિબળો સાથેના સંઘર્ષમાંથી માનગઢ હત્યાકાંડ જેવી કરુણાંતિકા સર્જાઈ હતી. અનુગામી આદિવાસી વિકાસની પ્રવૃત્તિઓને ગોવિંદગુરુની ભગત ચળવળે મજબૂત પીઠબળ પૂરું પાડ્યું હતું. (વાઘેલા:૨૦૦૬:૧૩૯–૧૪૦)

૨૦મા સૈકાની પહેલી પચ્ચીસીમાં ગુજરાતના આદિવાસીઓમાં બીજી બે મહત્ત્વપૂર્ણ ચળવળો નોંધાઈ છે. જે પૈકી મોતીલાલ તેજાવતની ચળવળ ઉત્તર ગુજરાતના આદિવાસીઓ સાથે સંકળાયેલી હતી. વેઠપ્રથા, આદિવાસીઓના શોષણનો વિરોધ તથા તત્કાલીન આદિવાસીઓની આર્થિક–સામાજિક સુધારણા માટે 'એકી'નો ખ્યાલ મોતીલાલે આદિવાસી સમાજ સમક્ષ પ્રસ્તુત કર્યો હતો. રાજસ્થાનના મેવાડથી શરૂ કરી ગુજરાતના દાંતાથી ઈડર સુધીના વિસ્તારોમાં એકી ચળવળનો ઊંડો પ્રભાવ હતો. મોતીલાલ તેજાવતના પ્રયત્નો પણ દ્રઢવાવ હત્યાકાંડના (૧૯૨૨) રૂપમાં નિષ્ફળતાને વર્યા, છતાં તે ગુજરાતના આદિવાસી ઇતિહાસનું મહત્ત્વપૂર્ણ પ્રકરણ છે. (કાંકરિયા:૧૯૮૫) ગુજરાતી ભાષામાં તેના વિશે વિસ્તૃત સંશોધન થયું હોય તેવું જણાતું નથી.

મોતીલાલ તેજાવતની ચળવળની સમાંતર દક્ષિણ ગુજરાતમાં દેવી ચળવળે આકાર લીધો હતો. આદિવાસીઓને દારૂ–તાડી, વેઠનો ઇન્કાર અને બીજા સામાજિક સુધારાના મકસદથી શરૂ થયેલી દેવી ચળવળનો વ્યાપ વિશેષ કરીને સુરત જિલ્લાના આદિવાસીઓ પર હતો. ઢોડિયા, કુંકણા, ગામીત, દૂબળા આદિવાસીઓને દેવીના ઉપદેશો ઝીલી પ્રસરાવ્યા હતા. દેવી આંદોલનની પ્રવૃત્તિઓથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં સુધારાનું મોજું ઊભું થયું હતું. જેણે દારૂ–તાડીના ઠેકેદારો માટે અને ગાયકવાડી વિસ્તારમાં પણ હલચલ મચાવી દીધી હતી. દૂધના ઊભરાની જેમ શમી ગયેલી આ ચળવળ ગાંધીવાદી પ્રવૃત્તિઓ માટે પશ્ચાતભૂમિકારૂપ ચળવળ સાબિત થઈ હતી. પ્રો. ડેવિડ હાર્ડીમેને આ ચળવળ પર Coming of Devi (૧૯૮૪) નામનો નમૂનારૂપ ગ્રંથ લખ્યો છે.

ભારત–ગુજરાતના ઇતિહાસમાં ઈ.સ. ૧૯૨૦થી ૧૯૪૭ સુધીનો સમયગાળો ગાંધીયુગ તરીકે પ્રસિદ્ધ થયો છે. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓના કાર્યક્રમમાં આદિવાસી કલ્યાણ પણ મહત્ત્વની પ્રવૃત્તિ હતી. સ્વરાજ્યયુગના પ્રારંભે ગાંધીવાદી કાર્યકર્તાઓએ આદિવાસી ઇલાકાઓમાં શિક્ષણ, દારૂબંધી, આર્થિક સુધારણા, ખાદી–રેંટિયા પ્રવૃત્તિઓ માટે આશ્રમો સ્થાપ્યાં. જેમાં ચુનીલાલ મહેતા, જુગતરામ દવે, ઠક્કરબાપા, ઇન્દુલાલ યાજ્ઞિક, સુમંત મહેતા, ડાહ્યાભાઈ નાયક, લક્ષ્મીદાસ શ્રીકાંત વગેરે મહત્ત્વનાં નામો હતાં. તેમના પ્રયત્નોથી વેડછી રાનીપરજ આશ્રમ અને દાહોદમાં ભીલ સેવા મંડળના રૂપમાં મહત્ત્વપૂર્ણ આદિવાસી કલ્યાણની પ્રવૃત્તિઓએ આકાર લીધો હતો. આદિવાસીઓમાં સર્વાંગી પરિવર્તન અને સ્વરાજ્ય આંદોલનમાં આદિવાસીઓની ભાગીદારી એ બંને પ્રવૃત્તિઓનો મહત્ત્વનો સીમાસ્તંભ હતો. ગાંધીવાદી કાર્યકર્તાઓએ ઠેર–ઠેર નાનામોટા આશ્રમો સ્થાપી આદિવાસીઓને શિક્ષણ, જીવનનિર્વાહનાં સાધનો, શોષણમુક્તિ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ વિસ્તારી હતી. ગાંધીયુગીન રચનાત્મક પ્રવૃત્તિઓને પરિણામે આદિવાસીઓના પ્રશ્નો હાથમાં લઈ તેનું નિરાકરણ લાવવાના પ્રયત્નો કર્યા હતા. સ્વરાજ્ય બાદ આદિવાસીઓની સ્થિતિમાં આવેલા મૂળભૂત પરિવર્તનો વગેરે પાછળ ગાંધીવાદી આદિવાસી નેતાઓનું તપ કામ કરી રહ્યું હતું. પ્રસ્તુત ગ્રંથમાં 'ગાંધીવાદી આદિવાસી કલ્યાણ'ને ચળવળ રૂપે ચર્ચવામાં આવ્યું છે.

ગુજરાતનો આદિવાસી સમાજ એ ભારતની આદિમજાતિઓ પૈકીનો છે. સભ્યતાના ઉષઃકાળે દેખાતી જાતિઓમાં આદિવાસીઓ હતા ત્યારથી

લઈ ઈ.સ. ૧૯૪૭માં આઝાદી મળી ત્યાં સુધીના આદિવાસી સમાજના ઉપરોક્ત વિહંગાવલોકનમાંથી નીચેની બાબતો સ્પષ્ટપણે તરી આવે છે:

૧. ગાંધીયુગ પહેલાંના ગુજરાતના આદિવાસી સમાજનું વર્ણન, નિરૂપણ, પતિતાવસ્થા વગેરેનું લેખિત સ્વરૂપે વર્ણન થયું છે. જે બહુધા બિનઆદિવાસીઓ દ્વારા થયું છે. રાજ્યાશ્રિત ભાટચારણો અને રાજપૂત શાસકોનાં યશોગાન કરવામાં અને આદિવાસીઓને પતિત દેખાડવામાં રચનાકારોએ પાછી પાની કરી ન હતી.

૨. પ્રાચીન કાળથી અંગ્રેજ સત્તાના આગમન સુધી કેટલાક કિસ્સાઓમાં આદિવાસીઓનાં પોતાનાં સ્વતંત્ર રાજ્યો હતાં. જે દેશી–વિદેશી સ્થાપિત હિતો દ્વારા સમયાંતરે છીનવી લેવામાં આવ્યાં હતાં. અતિક્રમણની આ ભદ્રવર્ગીય પ્રવૃત્તિઓને રાજપૂત શાસકોના ભાટચારણાર્થે કુશળ વહીવટ, નીતિમત્તા, ગૌબ્રાહ્મણ પ્રતિપાલનના રૂપાળા બહાના હેઠળ છાવરી છે. રાજપૂત શાસકોને છાવરવા માટે તેઓએ ગળે ઊતરે તેવી દંતકથાઓ, વાર્તાઓ અને ગીતો ઉપયોગમાં લીધાં. જેને ઇતિહાસ સંશોધનમાં આધારભૂત પણ ગણવામાં આવ્યાં. બીજી તરફ આદિવાસીઓની પરંપરાગત સાહિત્યિક સામગ્રીમાં પણ ભૂતકાલીન આદિવાસી રાજ્યો, સમાજવ્યવસ્થા વગેરે વિશે પુષ્કળ માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ ભદ્રવર્ગીય અભિમત લેખિત સ્વરૂપમાં અને શાસક પ્રજાનો હોવાથી તેને પ્રમાણભૂત ગણાયો જ્યારે આદિવાસીઓ શાસિત, પરાજિત અને મુખ્ય ધારાથી ફંટાયેલા રહેવાથી તેમની પોતીકી સ્રોતસામગ્રી સંશોધકો માટે બિનઆધારભૂત બની. પ્રસ્તુત બાબત ઇતિહાસલેખનમાં આદિવાસી દ્રષ્ટિકોણ લાવવામાં અવરોધક છે. જેનું નિવારણ ઇતિહાસકારોએ કરવું જ રહ્યું.

૩. આદિવાસીઓ માટે વેદકાળમાં અનાર્ય, દસ્યુ જેવા શબ્દો પ્રચલિત હતા. વેદકાળ વીત્યો, ઇતિહાસે સદીઓની મંજિલ કાપી, પરંતુ અનાર્ય, અસંસ્કૃત પ્રજા જેવાં આદિવાસીઓને મળેલાં વિશેષણો બ્રિટિશકાળ સુધી ચાલુ રહ્યાં. સંશોધકો અને સમાજે આદિવાસીઓને 'મૂળનિવાસીઓ' તરીકે સ્વીકારવા પ્રેર્યા. પરંતુ તેમનો અભિગમ ઉપર દર્શાવ્યા મુજબનો હતો. ગુજરાતી સંશોધકો દ્વારા આદિવાસી ઇતિહાસલેખન લઘુતમ માત્રામાં થવા પાછળ આ મહત્ત્વનું કારણ હતું. આ સંદર્ભમાં પ્રસિદ્ધ ઇતિહાસકાર પ્રોફે. ડેવિડ હાર્ડિમેનની વ્યથા ગુજરાતી ઇતિહાસકારોની આંખો ખોલનારી છે. જે તેમણે તેમના Coming of Devi ગ્રંથમાં સમસંવેદનાત્મક રીતે નોંધી છે.

૪. આદિવાસીઓ આદિકાળથી આઝાદી સુધી ભારતીય ઇતિહાસના રંગમંચ પર વિવિધ ભૂમિકાઓ ભજવતા જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે સામાન્ય પ્રજાજનો, સૈનિકો, શાસકો, શાસકોના રખેવાળ, સત્તાની સમતુલા જાળવનાર વગેરે. રાજાઓને અંગૂઠાના લોહીથી તિલક કરતા ભીલ નેતાઓ, રાજાઓ માટે જાન ન્યોછાવર કરતા ભીલો ભારતીય ઇતિહાસમાં નિરૂપાયેલાં આ પ્રકારનાં શબ્દચિત્રો સમસંવેદન જગાડે તેવાં છે. આ તમામ વર્ણનોમાં આદિવાસીઓને સમાજના દ્વિતીય કક્ષાના નાગરિકો તરીકે જ જોવામાં આવ્યા છે. અને ઇતિહાસ નિર્માણની પ્રક્રિયામાં આદિવાસીઓના યોગદાનને નજરઅંદાજ કરવામાં આવ્યું છે. ઇતિહાસના વિવિધ કાળે દેશી–વિદેશી સામ્રાજ્યવાદી પરિબળો કેવી કેવી તરકીબો અપનાવી આદિવાસી સમાજ પર આધિપત્ય જાળવી રાખે છે તેની આછેરી ઝલક પણ પ્રસ્તુત વર્ણનમાં જોઈ શકાય છે.

૫. આઝાદી પહેલાંનો ગુજરાતનો ઇતિહાસ રાજ્યાશ્રિત ઇતિહાસ રહ્યો છે. ખાસ કરીને બ્રિટિશ સત્તાની સ્થાપના પછી દેશી–વિદેશી પરિબળોએ સંયુક્ત રીતે આદિવાસીઓની સામાજિક ન્યાયની લડતને કચડી નાંખવામાં સહભાગીદારી કરી. દાંતાથી લઈ ડાંગ સુધીના વિસ્તારોમાં આવા ઘટનાક્રમો નજરે પડે છે. પંચમહાલના નાયક આદિવાસીઓ,

ગોવિંદગુરુની ભગત પરંપરા, મોતીલાલ તેજાવતની એકી ચળવળ, સલાબાઈની દેવી ચળવળ તથા બીજી નાનીમોટી અનેક આદિવાસી પ્રવૃત્તિઓને બારીકાઈથી તપાસતાં તેમાં સામાજિક ન્યાય અને સમાજ પરિવર્તનનાં ચિહ્નો સ્પષ્ટપણે જણાય છે. આવી ચળવળોને કચડી નાંખી વિજેતાઓએ આદિવાસી નાયકો ને પ્રજા સમક્ષ 'બેદિલ', 'મારધાડિયા' અને 'અલ્પબુદ્ધિવાદીઓ' તરીકે જાહેર કર્યા. વાસ્તવમાં આદિવાસી ચળવળો પાછળના ગર્ભિતાર્થોને સંશોધકોએ ગંભીરતાથી લીધા નથી. પરિણામે આપણે આદિવાસી પ્રવૃત્તિઓને અન્યાય આચરી બેઠા.

૬. આદિવાસીઓના લાંબા ઇતિહાસમાં પરંપરાપાલક પ્રજા તરીકે તેમની સુંદર છબી આપણી સમક્ષ રજૂ થાય છે. આદિવાસીઓની ભગત પરંપરાને સદીઓથી તેઓ અકબંધ રીતે સાચવતા આવ્યા હતા. તેનો શાસ્ત્રીય અભ્યાસ આદિવાસી દ્રષ્ટિકોણથી થયો નથી. વિશેષમાં ૨૦મા સૈકાની ભદ્રવર્ગીય અને ગાંધીવાદી આદિવાસી કલ્યાણની પ્રવૃત્તિઓમાં આદિવાસીઓની પોતીકી ચળવળોએ પીઠિકા પૂરી પાડી હતી. છતાં આદિવાસી ચળવળોને ભદ્રવર્ગીય પરિપ્રેક્ષ્યમાં જ જોવાનું સંશોધકોએ યોગ્ય માન્યું છે. અર્થાત્ ઇતિહાસ નિર્માતા તરીકેની તેમની ભૂમિકાને નજરઅંદાજ કરાઈ છે. પંચમહાલમાં ગોવિંદગુરુની ભગત ચળવળ, દક્ષિણ ગુજરાતમાં ધાટાની ભગત પરંપરા અને સલાબાઈની દેવી ચળવળે ગાંધીવાદી આદિવાસી કલ્યાણને મજબૂત જનાધાર પૂરો પાડી ફળદ્રુપ ભૂમિ પૂરી પાડી હતી. આવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને સંશોધકો દ્વારા નજરઅંદાજ કરવામાં આવ્યા છે.

૭. આદિવાસીઓનું રાજપૂત કુળ એ સમાજવિજ્ઞાનમાં ચર્ચાસ્પદ મુદ્દો છે. સંતરામપુર–દાહોદના પટેલિયા, સંખેડા મેવાસમાં તડવી, સાબરકાંઠામાં ડુંગરી ગરાસિયા વગેરે આદિવાસી જાતિઓનું કુળ ખાસ ચર્ચામાં રહ્યું છે. નૃવંશશાસ્ત્રને વધુ સ્પર્શતો આ મુદ્દો પુરવાર કરવો કઠિન છે, છતાં આદિવાસીઓની ભૂતકાલીન અને સાંપ્રત ગતિવિધિઓના અહેવાલ પ્રસ્તુત માન્યતાને પ્રબળ બનાવે છે. તેને ૨૦મા સૈકાના કેટલાક હિંદુ સુધારકોએ ઉત્તેજન આપ્યું હતું. ઉદા. તરીકે શંકરભાઈ તડવીની નોંધ જોઈએ : "સંખેડા–મેવાસના ભીલો પોતાને 'પાવા–ચુંવાણ' તરીકે ઓળખાવે છે. કેટલાક પોતાને રામભક્ત શબરી અને વાલ્મીકિના વંશજ તરીકે ઓળખાવે છે પણ એ વાતમાં તથ્ય નથી. પોતાની આમ ઓળખાણ આપવાનું કારણ ભીલ ઉદ્ધારક સ્વ. વિશ્વનાથજી મહારાજે પોતે યજ્ઞ કરતી વખતે છપાવેલી પત્રિકામાં ભીલોને રામભક્ત શબરીના વંશજ કહ્યા, એ છે. વડોદરા, સુરત અને ભરૂચમાં વસતા ભીલો આર્યસમાજની અસરથી પોતાને આર્ય ગણે છે. તેમ મહારાજના બોધ પછી તેઓ પોતે ઊંચા ગણાઈ શકે તે માટે આમ કહે છે." (તડવીઃ૧૯૭૪:૧૬–૧૭) ૧૯મા અને ૨૦મા સૈકાની આદિવાસીકેન્દ્રી ગતિવિધિઓમાં હિંદુકરણનો ઝોક પણ નજરે પડે છે. હિંદુ સુધારકોએ ધાર્મિક ઉદ્દેશોથી તેમની પ્રવૃત્તિઓને વિવિધરંગી બનાવી હતી.

* * *

## સંદર્ભ


૧. રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપા.) (૧૯૭૨), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ–૧, ભો. જે. વિદ્યાભવન – અમદાવાદ.

૨. Sankalia, H. D., Early Man in India, Journal of Asiatic Society of Bombay, Vol. 41-42.

૩. શાસ્ત્રી, કે. કા., પુરાણોમાં ગુજરાતની આદિમજાતિઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૪. થાપર, રોમીલા, 'પ્રાચીન ભારતમાં અરણ્યની વિભાવના', ઢોલ, ગુજરાતી વાર્ષિકાંક, દિવાળી ૨૦૦૩.

૫. પટેલ, ભગવાનદાસ (૧૯૯૨), ખેડબ્રહ્મા તાલુકાના પ્રાગૈતિહાસિક સંસ્કૃતિમાં, પ્રકાશક – ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૬. Gazetteer of the Bombay Presidency, Vol–IX, Part–1 (1901).

૭. ફાર્બસ ગુજરાતી સભા–ત્રૈમાસિક, સપ્ટેમ્બર ૧૯૪૧, પૃ. ૬, અંક–૨, 'ગુજરાતી રાનીપરજ કોમ' નામના મણિભાઈ દ્વિવેદીના લેખમાંથી.

૮. જોશી, ઉમાશંકર (૧૯૫૫), પુરાણોમાં ગુજરાત, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૯. P. G. Shah (1959), Tribal Life in Gujarat, Ahmedabad.

૧૦. Gazetteer of the Bombay Presidency, Vol. I (1901).

૧૧. વાઘેલા, અરુણ(૨૦૧૭) (બીજી આવૃત્તિ), પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, ગોધરા.

૧૨. જોશી, જયાનંદ (૧૯૮૫), રાજના આદિવાસી છેલીયા, નવસારી.

૧૩. Enthoven, R. E (1997, Reprint), The Tribes and Castes of Bombay Presidency, Vol. I, Delhi.

૧૪. કારભારી, ભગુભાઈ (૧૯૧૨), રાજસ્થાન (કર્નલ ટોડનો અનુવાદ), પૃ. ૧, મુંબઈ.

૧૫. ફાર્બસ સભાનું ત્રૈમાસિક, ઑક્ટો–ડિસે. ૧૯૪૧.

૧૬. પંડિત, શંકરજી વિદ્યારામ(૧૯૧૮), સોલંકી વંશની ગોધરા શાખાનો ઇતિહાસ, મુંબઈ.

૧૭. પંડ્યા, કાળીદાસ દેવશંકર (૧૮૮૪), ગુજરાત–રાજસ્થાન, અમદાવાદ.

૧૮. જાની, અંબાલાલ, (૧૯૨૩), શ્રી ફાર્બસ સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તાર નામાવલિ, મુંબઈ.

૧૯. શાસ્ત્રી, દુર્ગાશંકર(૧૯૫૩), મધ્યકાલીન ગુજરાતનો રાજપૂત ઇતિહાસ, ભાગ ૧–૨, અમદાવાદ.

૨૦. શેઠ, મગનલાલ વખતચંદ (૧૮૫૦), અમદાવાદનો ઇતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ.

૨૧. જોટે, ર. ભી.(૧૯૨૯), અમદાવાદ ગુજરાતનું પાટનગર, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

૨૨. જોટે, ર. ભી.(૧૯૫૭), ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઇસ્લામયુગ) ખંડ–૩, અમદાવાદ, ૧૯૫૭.

૨૩. દેસાઈ, ચુનીલાલ(૧૯૨૬), વડોદરા રાજ્યનો ઇતિહાસ, વડોદરા.

૨૪. મશરૂવાળા, ઈશ્વરદાસ(૧૯૦૫), વડોદરાના રાજકર્તા, વડોદરા.

૨૫. Hardiman David, Village Voices Forest Choices in Mark Poffen(ed.), Berger & Betsy McGean, New Delhi.

૨૬. પરમાર, લાધાભાઈ હરજી(૧૯૦૩), રેવાકાંઠા ડિરેક્ટરી ભાગ–૨, રાજકોટ.

૨૭. વાઘેલા, અરુણ (૨૦૦૬), ઇતિહાસ દર્પણ, અમદાવાદ.

૨૮. Selection from the Baroda Records, (new series 1962) Vol.–II, Baroda, 1962.

૨૯. Graham, D. C. (1856), Historical Sketch of the Bheel Tribes Inhabiting the Province of Khandesh, Bombay.

30. Edalji Dasabhai (1898), A History of Gujarat, p. 298F.

૩૧. પટેલ, પ્રેમાનંદ (૧૯૦૧), નવસારી પ્રાંતની કાળીપરજ, વડોદરા.

૩૨. કાંડરિયા, પ્રેમસિંહ (૧૯૮૫), ભીલ ક્રાંતિ કે પ્રણેતા મોતીલાલ તેજાવત, ઉદયપુર.

33. Hardiman David (1984), The Coming of Devi, New Delhi.

૩૪. ઈશ્વરલાલ દેસાઈ (૧૯૭૧), 'રાનીપરજ જાગૃતિ', સુરત.

૩૫. શાહ, કાંતિલાલ (૧૯૫૫), 'ઠક્કરબાપા', દિલ્હી, ૧૯૫૫.

૩૬. મેરાઈ, શાંતિભાઈ (૧૯૮૬), દેવી આંદોલન (અનુ.) સુરત.

૩૭. તડવી, શંકરભાઈ (૧૯૭૪), મેવાસની લોકસંસ્કૃતિ, પાવી જેતપુર, ૧૯૭૪.

# ૩. આદિવાસીઓનો માનવશાસ્ત્રીય ઇતિહાસ



## 'આદિમ જનજાતિ' (tribe) અને તેનો ભારતીય સંદર્ભ –

સામાન્ય રીતે જનજાતિ/વનજાતિ શબ્દ ''કોઈક પ્રદેશ સાથે સંકળાયેલા, પોતાને રાજકીય રીતે સ્વાયત્ત માનતા અને સામાજિક રીતે સુશ્લિષ્ટ (cohesive) એકમ'' (મિશેલ, ૧૯૭૯– ૨૩૨) માટે વાપરવામાં આવે છે. ઘણુંખરું, જનજાતિ એક આગવી બોલી તેમ જ વિશિષ્ટ ખાસિયતો પણ ધરાવે છે. ''આદિમ અથવા પૂર્વસંસ્કૃત દશામાં રહેતા લોકોનો જથ્થો (જમાવ)'' (એનસાઇક્લોપીડિયા ઑફ સોશિયલ સાયન્સિસ, ગ્રં. ૧૫) એ અર્થમાં પશ્ચિમના માનવશાસ્ત્રીઓ 'આદિમ જનજાતિ' શબ્દનો ઘણી વાર ઉપયોગ કરે છે. વિવિધ માનવશાસ્ત્રીઓ જનજાતિ (tribe) શબ્દની વ્યાખ્યા 'સમાજની ઉત્ક્રાંતિના પ્રારંભિક તબક્કાના લોકો' એવી કરે છે. આ અર્થો/વ્યાખ્યાઓમાં આદિવાસીઓ/જનજાતિના લોકોએ હજી વિકાસ સાધવાનો તથા સભ્ય/સુસંસ્કૃત થવાનું બાકી છે એવા એક પ્રકારનો નૈતિક ધ્વનિ રહેલો છે. આ જ કારણે તેઓ(આદિવાસીઓ/જનજાતિના લોકો)ને 'આદિમ' (primitive), અશિષ્ટ અસંસ્કૃત (barbarous) કે મૂળ રહેવાસી (aboriginal) તરીકે પણ ઓળખાય છે. પાછળથી 'રાજ્યના અસ્તિત્વ પૂર્વેનો સમાજ' (pre-state-society) 'સાક્ષરતા પૂર્વેનો સમાજ' (pre-literate-society) કે 'લોક–સમાજ' (folk society) જેવા શબ્દોનો ઉપયોગ કરી ઉપરોક્ત જેવા નૈતિક અર્થધ્વનિને ઘટાડવાનો કે દૂર કરવાનો પ્રયાસ થયો છે. આ બધા ઉત્ક્રાંતિમૂલક અભિગમજન્ય શબ્દો દર્શાવે છે કે અન્ય વિકસિત જૂથોની તુલનામાં આદિવાસીઓ પછાત છે. આ સંદર્ભમાં આદિવાસી વિકાસ એટલે રાજ્યપૂર્વેના સમાજમાંથી રાજ્ય સ્વરૂપના સમાજમાં, સાદા સરળ સમાજમાંથી જટિલ સમાજમાં, વગેરે જેવાં રૂપાંતરો.

જનજાતિ/આદિવાસી જાતિને પોતાની આગવી બોલી, રાજકીય અને સાંસ્કૃતિક સંસ્થાઓ તેમ જ બાહ્ય અસરોથી અળગું રાખનાર પ્રાદેશિક વિસ્તારની ખાસિયતોવાળા સામાજિક રીતે સમરૂપતાવાળા સ્વરૂપના એકમ 'એક આદર્શ પ્રરૂપ' તરીકે આલેખી શકાય. આવા 'એક આદર્શ પ્રકાર'ની રચના ઉત્ક્રાંતિવાદી શાખાના અગાઉના બ્રિટિશ માનવશાસ્ત્રીઓએ કરી હતી. અને તે ત્યારે તેઓના અભ્યાસ હેઠળના આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયાની કેટલીક જનજાતિઓ સાથે બરાબર બંધબેસતી હતી. આ પ્રકારની રચના તેમનાં સાંસ્થાનિક હિતો અને સાંસ્કૃતિક નેતૃત્વ સાથે ઉત્તમ રીતે સગવડ અને સુમેળભરી હતી. ભારતીય ભાષાઓમાં આપણી પાસે ટ્રાઇબ (tribe) શબ્દનો કોઈ સમાનાર્થી શબ્દ નથી. તેનો અર્થ એ કે બ્રિટિશ શાસનકાળ પૂર્વે આદિવાસી–બિનઆદિવાસી સ્વરૂપનું વર્ગીકરણ અસ્તિત્વમાં નહોતું. આ પૂર્વભૂમિકામાં, બ્રિટિશ વિદ્વાનોએ ભારતનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે તેઓ સમગ્ર ભારતીય સમાજને વિવિધ આદિવાસી જાતિઓ(tribe)ના સમાજ તરીકે આલેખવા/ઉલ્લેખવા માગતા હતા. કોલકત્તા યુનિવર્સિટીના એક પીએચ.ડી.ના મહાનિબંધનું શીર્ષક હતું, 'પ્રાચીન ભારતની કેટલીક ક્ષત્રિય જનજાતિઓ' (Some Kshatriya Tribes of Ancient India – Law, 1923), ભારતીય ઉપખંડમાં

સાંસ્કૃતિક વૈવિધ્ય અને તેમનાં પોતાનાં ધોરણો મુજબ પણ કેટલાક અતિ ઉચ્ચ સુસંસ્કૃત (highly civilized) સમૂહોનું અસ્તિત્વ જોતાં બ્રિટિશ વિદ્વાનો સમગ્ર ઉપખંડને આદિવાસી જનજાતિના ઉપખંડ તરીકે વર્ણવી ન શક્યા. તેમ છતાં, અમુક સમૂહોને 'જનજાતિ' (આદિવાસી) તરીકે ઓળખવા કે 'જ્ઞાતિ' તરીકે ઓળખવા તે અંગે તેઓ ચોક્કસ નહોતા. લેથામે પંજાબ અને સિંધનાં લેપચા અને કિરાત જૂથોને નેપાળી જનજાતિઓ તરીકે વર્ણવ્યાં છે, પરંતુ ગુજરાતની નૃવંશ જાતિનું વિજ્ઞાનની દ્રષ્ટિએ વર્ણન કરતી વખતે તેઓ મેમણ, ખોજા, સીદી, આહીર, રબારી જેવા કેટલાંક જૂથો જનજાતિઓ છે કે નથી તે અંગે નિર્ણય કરી શક્યા નહોતા. એટલે માત્ર તેમનું વર્ણન કરી છૂટ્યા હતા. (લેથામ, ૧૮૫૯–૨૬૨–૨૭૧) જો કે, એન્થોવને તેની વખણાયેલી કૃતિ 'મુંબઈ પ્રાંતની જનજાતિઓ અને જ્ઞાતિઓ'માં જ્ઞાતિ અને જાતિ વચ્ચેનો તફાવત મહદંશે સ્પષ્ટ કર્યો છે.

ભારતમાં રાષ્ટ્રવાદીઓનો માનવશાસ્ત્રીઓ પર આરોપ છે કે તેમણે ભારતની લગભગ બધી ભાષાઓમાં જેનો કોઈ સમાનાર્થી શબ્દ નથી એ tribe નામની એક કક્ષા ઊભી કરીને રાષ્ટ્રીય ઓળખનો નાશ કર્યો છે. પરંતુ નોંધવું જોઈએ કે ભારતમાં 'જનજાતિ' સંબંધી આ પ્રશ્નમાં માનવશાસ્ત્રીઓએ નહીં પણ સાંસ્થાનિક/વહીવટી અધિકારીઓએ સલાહકાર, સંશોધક અને વહીવટદારો તરીકે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. આ અંગે ઘૂર્યે લખે છે કે, ''૧૮૯૧ની વસતિ–ગણતરીના અહેવાલમાં બેઈન્સે જ્ઞાતિઓની ગોઠવણી તેમના પરંપરાગત વ્યવસાયો મુજબ કરી હતી. ખેતી અને ગ્રામ્ય જ્ઞાતિઓમાં તેણે એક પેટા વિભાગ ઊભો કરી તેને જંગલની જનજાતિ-(forest tribes)નું નામ આપ્યું'' (ઘૂર્યે, ૧૯૪૩–૭) તે પછીની ૧૯૦૧ અને ૧૯૧૧ની વસતિગણતરી માટે જીવાત્મવાદી (animist) કહેવાયા. સર હર્બર્ટ રીઝલી અને સર ઈ.એ. ગેઈટને ૧૯૧૧માં લેવામાં આવ્યા... ૧૯૩૧ની વસતિગણતરી માટે ડૉ. હટનને લેવાયા તે બેઈન્સને અનુસર્યા પરંતુ તેમણે 'જંગલ જનજાતિ'(forest-tribe)ને સ્થાને 'આદિમ જનજાતિ'(primitive tribe) શબ્દપ્રયોગ કર્યો (ઘૂર્યે, ૧૯૪૩–૭). અહીં યાદ રાખવું જરૂરી છે કે બ્રિટિશરોએ સર્જેલી 'જનજાતિ'(tribe)ની કક્ષાનો અસ્વીકાર કરનાર માત્ર ઘૂર્યે જ હતા, પરંતુ બ્રિટિશ વિદ્વાનના પ્રભાવ હેઠળ ઘણાખરા ભારતીય વિદ્વાનોએ 'જનજાતિ'(tribe)ની ઉત્ક્રાંતિવાદી વ્યાખ્યા સ્વીકારી લીધી. (વિદ્યાર્થી અને રાય, ૧૯૭૬: ૧૬૭–૧૭૪). તેમ છતાં, જ્યારે કોઈ એક જૂથને 'જનજાતિ'(tribe)નું નામ આપવાના હેતુથી 'જનજાતિ'(tribe)નાં વિશિષ્ટ લક્ષણો/તત્ત્વો નક્કી કરવાના સમયે બધા એકમત નહોતા. ખાસ કરીને બિનઆદિવાસીઓ સાથેના સંબંધો અંગેના મતભેદોનાં પ્રમાણ અને વ્યાપ એટલાં બધાં વૈવિધ્યવાળાં હતાં કે ભારતીય આદિવાસીનું કોઈ એક આદર્શ પ્રરૂપ રચવું/વિકસાવવું અત્યંત મુશ્કેલ, બલકે, લગભગ અશક્ય હતું. તેમની ભૂતકાળ કે હાલની જીવનશૈલીઓમાં એટલી બધી વિવિધતાઓ હતી કે, તેમને (જીવનશૈલીઓને) સમગ્ર રૂપે સમજ્યા વિના તેમનું વર્ગીકરણ કરવાનો કોઈ પણ પ્રયત્ન મનસ્વી અને વ્યર્થ જ નીવડે.

પરંતુ એક બાબત નિશ્ચિત અને સુસ્પષ્ટ હતી કે, થોડાંક જૂથોના અપવાદ સિવાય બધા 'આદિવાસીઓ'ના 'બિનઆદિવાસીઓ' સાથે સંબંધો હતા. જરૂર છે તે સંબંધોના સ્વરૂપ (nature) અને પ્રકાર બરાબર નક્કી કરવાની.

આદિવાસી/જનજાતિની યથાર્થ ચોક્કસ વ્યાખ્યાના અભાવમાં આપણે બંધારણે સૂચવ્યા મુજબ કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો આપવાના હેતુથી જંગલો અને ડુંગરાઓમાં વસતા અમુક સમૂહોની મનસ્વી પસંદગીનો આશ્રય લઈ તેમને 'અનુસૂચિત જનજાતિઓ'(scheduled tribes)નું નામ આપી

દીધું છે. વિવિધ સામાજિક જૂથોને આ યાદીમાં કેવી રીતે સમાવવામાં આવ્યાં તે વાત સારી એવી જાણીતી હોવાથી અહીં તેની પુનરુક્તિ બિનજરૂરી છે. ખાસ કાર્યક્રમોનો અમલ કરવા માટે અનિવાર્યતા હોવાથી અમુક જૂથોની તાત્કાલિક પસંદગી કરવી જરૂરી પણ હતી, પરંતુ આપણા વિદ્વાનો તથા વહીવટદારો માટે પશ્ચિમના માનવશાસ્ત્રીઓએ વર્ણવેલી ખાસિયતો બળજબરીથી ભારતની 'અનુસૂચિત જનજાતિઓ'ને લાગુ પાડવી જરૂરી નહોતી.

આથી સામાજિક વૈજ્ઞાનિકો હવે કોઈ આદિવાસી જાતિ/જનજાતિ કોઈ અલગ(isolate) સમરૂપ (homogenous) તથા સ્વાયત્ત સામાજિક એકમ હોવાનો ખ્યાલ છોડી ચૂક્યા છે. હવે તેઓ આદિવાસીઓને બિનઆદિવાસીઓ સાથેના સંબંધની દ્રષ્ટિએ જુએ છે. (દુબે, ૧૯૭૭) પરિપ્રેક્ષ્યના આ પરિવર્તને આદિવાસી સમસ્યા પરત્વેનો આપણો સમગ્ર દ્રષ્ટિકોણ બદલી નાખ્યો છે.

ભારતીય સમાજ ઘણો જટિલ છે. તે બહુલ(plural) સમાજનું ઉત્તમ ઉદાહરણ નથી, કારણ કે બહુલતાવાદ(pluralism)માં તો જાતિ (race), નૃવંશીયતા(ethnicity), ધર્મ(religion) કે સંસ્કૃતિની દ્રષ્ટિએ જુદા પડતા લોકોના વિભાગો વચ્ચે તડાં અને ખંડિતતા (discontinuities) પર ભાર મૂકવામાં આવે છે. જ્યારે અહીં તો, સાંસ્કૃતિક એકતા, આંતરક્રિયાઓ અને પરસ્પરાવલંબન, અને અનેકવિધ ચળવળ(multifold)ને બદલે અમુક સર્વસામાન્ય પ્રતીકોમાં સહભાગિતાની સર્વવ્યાપી ભાવના રહેલી છે. આદિવાસીઓ પણ પરાયા નથી, તેમની અલગતા પણ મર્યાદિત (આંશિક) અને સાપેક્ષ છે અને તેમનો સળંગ ઇતિહાસ ભારતીય સભ્યતા જગત (Indian Civilization Universe)ના એક ભાગ સ્વરૂપનો છે. તેઓ આ વ્યાપક સભ્યતાના એક ભાગરૂપ રહેવાની સાથે સાથે જ તેમણે પોતાની વિભિન્નતા પણ જાળવી છે. તેઓ સામાન્યપણે જ્ઞાતિ–કોટિક્રમના ભાગરૂપ નથી. તેમ જ  નથી એઓ સનાતન ધર્મના ભાગરૂપ.

## ભારતમાં પ્રજાતિઓ અને આદિવાસીઓનાં પ્રજાતિ લક્ષણો –

જગતના લોકોનું વર્ગીકરણ કરવાની એક રીત પ્રજાતિ (રેશિયલ) વર્ગીકરણ છે, જે મુજબ જગતની પ્રજાતિઓને ચાર વિભાગોમાં વહેંચી નાખવામાં આવે છે : ૧. કોકેસોઇડ, ૨. મોંગોલોઇડ, ૩. નીગ્રોઇડ અને ૪. ઓસ્ટ્રેલોઇડ. કેટલાક માનવશાસ્ત્રીઓ ઓસ્ટ્રેલોઇડને નીગ્રોઇડની પેટાશાખા ગણે છે. પરંતુ આદિજાતિઓનાં પ્રજાતિ લક્ષણો જોવા માટે આ પેટાશાખાને અલગ ગણી છે. કોકેસોઇડ લોકો વાને ગોરા, ઊંચા, તીણું–લાંબું નાક, સીધા વાળ જેવાં અનુવંશિક લક્ષણો ધરાવતા લોકો છે. આ લોકો મુખ્યત્વે યુરોપ ખંડના દેશોમાં રહે છે. તો મોંગોલોઇડ લોકો પીળો વાન, ચૂંચી આંખો, નાનું નાક, સીધા વાળ જેવાં આનુવંશિક લક્ષણો ધરાવે છે. અને મુખ્યત્વે પૂર્વ એશિયાના દેશોમાં વસે છે. નીગ્રોઇડ લોકો શ્યામ વર્ણ, ગૂંચળાવાળા–ઊન જેવા વાળ, દબાયેલું નાક, મોટા(જાડા) હોઠ જેવાં આનુવંશિક લક્ષણો ધરાવે છે તથા મુખ્યત્વે આફ્રિકામાં વસે છે. ઑસ્ટ્રેલિયાના આદિજાતિ સમૂહોમાં આ લક્ષણો જોવા મળે છે. દિનકર (દિનકર, ૧૯૬૨– ૬–૭) જણાવે છે તેમ "આ પ્રજાતિના લોકો (ભારતનાં) જંગલોમાં વસે છે અને આદિવાસી તરીકે ઓળખાય છે. આ એ જ આદિવાસીઓ છે જે આર્યો અને દ્રવિડો પહેલાં અહીં આવ્યા હોવાનું મનાય છે." આ ઑસ્ટ્રેલોઇડ પ્રજાતિને દિનકર (૧૯૬૨–૯) ઓસ્ટ્રિક અથવા આગ્નેય જાતિ તરીકે પણ ઓળખે છે. આ પ્રજાતિ નીગ્રોઇડના આગમન પછી ભારતમાં આવી હશે અને કાળક્રમે નીગ્રોઇડ અને મોંગોલોઇડ જાતિનાં લક્ષણોનું તેમનામાં મિશ્રણ થયું હશે. ભારતના કોલ, મુંડા, ભીલ આદિજાતિઓમાં ઑસ્ટ્રેલોઇડ પ્રજાતિનાં લક્ષણો જોવા મળે છે. માત્ર આદિજાતિઓમાં ઓસ્ટ્રેલોઇડ પ્રજાતિનાં લક્ષણો જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં આ વનવાસી જૂથોને નિષાદ, કિરાત, નાગ વગેરે નામોથી પણ ઓળખવામાં આવ્યા છે.

મધ્યકાલીન ભારતના ઇતિહાસથી આદિજાતિઓના સ્પષ્ટ ઉલ્લેખો, લેખિત ઇતિહાસ સ્વરૂપે જોવા મળે છે. આમ છતાં આદિજાતિઓમાં કે સમગ્ર ભારતમાં શુદ્ધ પ્રજાતિ લક્ષણો નથી મળતાં. તમામ કોમોમાં પ્રજાતિ મિશ્રણ જોવા મળે છે.

## મધ્યકાલીન ગુજરાતમાં આદિવાસીઓ –

માનવશાસ્ત્રીય ઇતિહાસ જોઈએ તો યુરોપના લોકો વ્યાપાર અર્થે આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા વગેરેમાં ગયા. ત્યાં તેમને એવા સ્થાનિક લોકો મળ્યા જેઓમાં રાજ્ય, શાળા, ચર્ચ વગેરે સંસ્થાઓમાં વિકાસ નહોતો થયો. તેઓ શિકાર અને પછાત ખેતી કરતા હતા અને સ્થાનિક બોલી બોલતા હતા, જેને લિપી નહોતી. આવા લોકોને યુરોપના વિદ્વાન માનવશાસ્ત્રીઓએ ઉત્ક્રાન્તિના શરૂઆતના તબક્કાના, પછાત અને આદિમજાતિ (tribe) કીધા. આ લોકો અલગ (isolated) રહેતા હતા. આવા લોકોના અભ્યાસ પરથી માનવશાસ્ત્રનું જ્ઞાન વિકસ્યું.

પરંતુ ભારતને લાગેવળગે છે ત્યાં સુધી અહીંના આદિવાસીઓ કાયમ બિનઆદિવાસીઓ સાથે સંપર્કમાં અને સંબંધમાં હતા. (વિદ્યુત જોષી, ૧૯૯૭)

ઐતિહાસિક દ્રષ્ટિએ કહીએ તો, આદિવાસીઓને બિનઆદિવાસીઓ સાથે હંમેશાં સંબંધ રહ્યો છે. આદિવાસી પ્રદેશોમાં રાજપૂતોએ દેશી રાજ્યો સ્થાપ્યાં, તેમાંથી બિનઆદિવાસી રાજાઓ અને આદિવાસી પ્રજા સ્વરૂપના સંબંધો શરૂ થયા. ગુજરાતમાં આદિવાસીઓની સ્થિતિનો આ દ્રષ્ટિકોણથી અભ્યાસ થયો નથી. આ તો ‘વિજેતા–પરાજિત’ અથવા ‘શોષક–શોષિત’ સ્વરૂપનો સંબંધ હતો. આવી આદિવાસી–બિનઆદિવાસી સંબંધો અંગેની પૌરાણિક કાલ્પનિક કથાઓથી વિપરીત લેખિત નોંધાયેલો ઇતિહાસ વર્ણવે છે તે મુજબ મોગલ રાજ્યકાળ દરમિયાન જમીન વિપુલ પ્રમાણમાં સુલભ હતી, અને ભીલો બિનઆદિવાસી આમ ગ્રામજનો જેટલી જ સમૃદ્ધ જિંદગી જીવતા હતા. આ સમય દરમિયાન જ મોગલોએ રજપૂતાનાનાં કેટલાંક રાજ્યો જીતી લીધાં. એટલે રજપૂત સરદારો ગુજરાતમાં ઊતરી આવ્યા. તેમાંના કેટલાકે જંગલ વિસ્તારમાં આવી ભીષણ યુદ્ધ ખેલી ભીલો ઉપર વિજય મેળવ્યો. ભીલોએ ડુંગરાળ વિસ્તારોમાં નાસી જઈ વસવું પડ્યું. આ ડુંગરાળ ભૂમિ એવી ફળદ્રુપ નહોતી. આથી તેમની આર્થિક અવદશા અને એકંદર અલગતાની સ્થિતિ ૧૨મીથી ૧૬મી સદીની વચ્ચેના ગાળામાં થવા પામી. અંબાજી નજીકના ગબ્બરગઢના કેસરીસિંહે ભીલ મુખીને મારી નાખીને તારંગા વિસ્તારમાં ઈ.સ. ૧૨૬૭માં પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેના વંશમાં આસકરણ નામનો ઘણો પ્રખ્યાત રાજા થઈ ગયો. મોગલ શહેનશાહ અકબરે તેને ‘મહારાણા’નું બિરુદ આપ્યું હતું. પંચમહાલમાં જાલમસિંહે ઝાલોદ ગામમાં રાજધાની સ્થાપી આજુબાજુના વિસ્તારના ભીલોને વશ કર્યા હતા. તેના વંશજમાંનો એક કુમાર એથી પણ વધુ ઊંડાણમાં ગયો. ત્યાં ઈ.સ. ૧૨૨૫માં તેણે ‘સુંથ’ જાગીર સ્થાપી (પરીખ, ૧૯૭૯–૧૩૩–૧૪૭). બારિયા, નસવાડી, છોટાઉદેપુર, રાજપીપળા, વાંસદા અને ધરમપુરનાં રાજ્યોની પણ આદિવાસી વિસ્તારોમાં આવી જ કથનીઓ છે. લગભગ બધા કિસ્સાઓમાં ભીલ સરદારોએ હારીને જગા છોડી દીધી અને જંગલના ઊંડાણના વિસ્તારોમાં જઈ વસ્યા.

આ ઐતિહાસિક દસ્તાવેજો સાબિત કરે છે કે, ભીલો (આધુનિક ભાષામાં ‘જનજાતિ’ નહીં) રજપૂતોના આક્રમણ સામે હારી ગયા હતા અથવા તો તેમને ઊંડાં જંગલોમાં હાંકી કાઢવામાં આવ્યા હતા. પરાજય પામી જંગલોના જીવને તેમની જીવનશૈલી તથા સંસ્કૃતિને બદલી નાખી હતી. પરંતુ અહીં યાદ રાખવું જોઈએ કે, આ પ્રકારની સંસ્કૃતિ તેમને જે ઐતિહાસિક અનુભવમાંથી પસાર

થવું પડ્યું છે તેનું પરિણામ છે.

બ્રિટિશ અને ગાયકવાડી પ્રદેશોમાં આ બાબતે તદ્દન જુદો જ ઘાટ પકડ્યો હતો. ગાયકવાડે એક ભીલ સરદાર પાસેથી રાજ્ય જીતી લઈ ત્યાં પોતાનો કિલ્લો બાંધી દીધો. તે સોનગઢ નામે જાણીતો થયો (દેસાઈ, ૧૯૨૦). ગાયકવાડે ખેડા જિલ્લામાંથી પાટીદારોને વસવા માટે નિમંત્ર્યા. તેઓએ દક્ષિણ ગુજરાતમાં વડોદરા રાજ્યના આદિવાસી વિસ્તારનાં જંગલો કાપી ત્યાં વસવાટ કર્યો. વલસાડ અને સુરતના હળપતિ, ભરૂચના વસાવા અને વડોદરાના રાઠવા આ વિભાગમાં પરંપરાગત રીતે ખેતી કરતા હતા. રાઠવા 'રાઠવા કોળી' તરીકે ઓળખાતા હતા, અને કોળી એક જ્ઞાતિ છે, તેમ છતાં તેઓ કાયદેસર જમીનમાલિક નહોતા. કારણ કે આ વિસ્તારમાં કાયદેસર જમીન–કરાર (સમજૂતી) થયેલા નહોતા. પાટીદારોને કાયદેસર વસાવવામાં આવ્યા હોવાથી તેઓ જમીનના કાયદેસર માલિકો બન્યા જ્યારે આદિવાસીઓ તેમના ખેતમજૂરો બન્યા.

ગુજરાતના સુલતાન દ્વારા હાથ ધરાયેલી કાનૂની કાર્યવાહીના ભયથી બચવા માટે ૧૫મી અને ૧૬મી સદીઓમાં પારસીઓ દૂર આદિવાસી પટ્ટામાં નાસી છૂટ્યા હતા. (હાર્ડિમેન, ૧૯૮૫) તેઓ દક્ષિણ ગુજરાતનાં ગામડાંઓમાં વસીને ક્રમશઃ જમીનમાલિકો બન્યા અને મૂળ માલિક હળપતિઓ તેમના 'હાળીઓ' અથવા જમીનવિહોણા ખેત–મજૂરો બન્યા. તેઓ જમીનવિહોણા ખેતમજૂરો કેવી રીતે બન્યા તે તેમના જમીનવહેવારના સંબંધોમાંથી જોવું–સમજવું રહ્યું. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ પરિસ્થિતિ કંઈ બહુ ખાસ જુદી નહોતી.

રાજસ્થાન, ગુજરાત અને માળવા પર મુસ્લિમોના આક્રમણને પરિણામે તે સમય દરમિયાન ઈ.સ. ૧૪૩૭ની આસપાસ ઘણા રજપૂત યોદ્ધાઓ દૂર ભાગી જઈ નર્મદાની ખીણોના આ વિસ્તારોમાં આવી વસ્યા હતા. રાઠોડ (રાજપૂત) સરદાર આનંદદેવે પોતે અલિરાજપુરનો રાજા હોવાનો દાવો કર્યો હતો. તેના વંશજે ફૂલમાળ, સોંડવા અને જોબતપુરને પોતાના રાજ્યના પ્રદેશો તરીકે કોતરી લીધા હતા. (બાવિસ્કર, ૧૯૫૫, ૫૪)

આદિવાસી પ્રદેશોમાં આ પ્રકારનાં રચાયેલાં રાજ્યો રજપૂત સત્તાવાળાઓને વશ થયેલા આદિવાસીઓનાં હતાં. આમ, જંગલમાં વસનારાઓ માટે જ્યારે 'જનજાતિ'(tribe) શબ્દ ચલણી બન્યો ત્યારે તેઓ અલગ અને રાજકીય રીતે સ્વાયત્ત પણ નહોતા. તેઓ ક્યાં તો બ્રિટિશ ભારતના અથવા તો બ્રિટિશ દેખરેખ હેઠળના દેશી રાજ્યના વહીવટમાં સંકળાયેલા–ગૂંથાયેલા હતા જ. આમ ભારતના આદિવાસી/જનજાતિનું પછાતપણું આ વશવર્તીપણાને કારણે છે. અલગતા કે સ્વાયત્તતાને કારણે નહીં.

આદિવાસી પ્રદેશમાં રાજ્યો સ્થપાયાં હતાં, પરંતુ ઊંડાણનાં આદિવાસી ગામોમાં દેશી રાજ્યો દ્વારા 'વહીવટ' (administration) જેવું ખાસ કંઈ હતું નહીં. દેશી રાજ્યોએ બિનઆદિવાસી ખેડૂતોને મેદાની પ્રદેશોમાં નિમંત્ર્યા તો હતા, પણ બહુ ઊંડાણવાળા ભાગોમાં વસાવ્યા નહોતા. સ્થાનિક આદિવાસીઓની તુલનામાં બિનઆદિવાસી ખેડૂતો ખેતીની વધુ ચડિયાતી તકનીક (રીતો) લઈને આવ્યા હતા અને તે વડે આદિવાસી મજૂરોની મદદથી સવિશેષ (surplus) પાક ઉગાડતા હતા. લગભગ તમામ કિસ્સાઓમાં બહુ મોડા આવેલા બિનઆદિવાસીઓ જમીનદારો બની ગયા, જ્યારે સ્થાનિક આદિવાસીઓ જમીનવિહોણા મજૂરો બની રહ્યા. ગુજરાતના કેટલાક ભાગોમાં મિશ્ર વસતિ હોવાથી આવો માલિક–નોકરનો સંબંધ વિકસવા પામ્યો. બિનઆદિવાસી માલિકો આ આદિવાસીઓમાં કોઈ પણ સ્વરૂપની સામાજિક સુધારણાની વિરુદ્ધ હતા. તેથી તેવી સુધારણાની પ્રવૃત્તિ કરતા આદિવાસીઓને તેઓ પજવતા હતા (જોશી ૧૯૮૦, ૨૧). ૧૯૨૨ની આસપાસ શ્રી જુગતરામ દવેએ

સરભોણ ગામે જઈ હળપતિઓને ભણાવવાનું શરૂ કર્યું, ત્યારે તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો. એટલા માટે કે માલિકોએ હળપતિઓને ભણવા જવા દીધા નહીં (દવે, ૧૯૭૫). એટલું જ નહીં પરંતુ, જમીનમાલિક ધણિયામાઓને ત્યાં જીવનભર મજૂરી માટે બંધાયેલા હતા. તેમને તેમનું ભાવિ પસંદ કરવાની સ્વતંત્રતા નહોતી (બ્રેમન, ૧૯૭૪, ૪૫). આવી, હવે દૂર કરવામાં આવેલી હાળી–પ્રથા તો જૂના જમાનામાં મજૂરો માટે અત્યંત પીડાકારક હતી. હવે તેઓ બજારમાં કામ (રોજગારીનું) કરવા માટે સ્વતંત્ર છે, પરંતુ કામ મળતું નથી. તેમનો પ્રશ્ન હવે કેવળ સ્વતંત્રતા(કામ કરવાની)થી પૂરો થયો નથી, પરંતુ તેમાં તેમનાં નીકળતાં પાછલાં લેણાં મળવાના અધિકાર પણ સામેલ છે.

જ્યારે આપણે જમીન અને આદિવાસીઓ વિશે વાત કરતા હોઈએ ત્યારે વિકાસના હેતુસર સંપાદિત કરવામાં આવેલી જમીનનો મુદ્દો પણ લક્ષમાં રાખવો જ પડે. લગભગ બધા જ બંધો આદિવાસી વિસ્તારોમાં જ આવેલા છે. આ સ્થાન (location) પણ મહત્ત્વનો મુદ્દો છે. એટલા માટે કે નહેરો/સિંચાઈ મેદાની વિસ્તારના બિનઆદિવાસીઓને ઉપયોગી છે જ્યારે આદિવાસીઓએ તો પોતાની ભૂમિથી વિમુખતાના જ ભોગ બનવું પડે છે. સન ૧૮૯૪ના ભૂમિ–સંપાદન કાયદામાં રોકડ વળતરની જોગવાઈ કરવામાં આવી છે અને તે પાછળ ધારણા એવી છે કે, આ રીતે જમીન ગુમાવનાર આદિવાસીને મળેલા રોકડ વળતરમાંથી અન્ય સ્થળે જમીન ખરીદી ફરીથી ઠરીઠામ થાય, પરંતુ આમાં આદિવાસીઓની વિશિષ્ટ પરિસ્થિતિ ગણનામાં લેવામાં આવી નહોતી. પરિણામે આ રીતે જમીન ગુમાવનાર હજારો આદિવાસીઓ આવી વિકાસ યોજનાઓમાં જમીનવિહોણા બન્યા હતા (જોશી, ૧૯૮૬, ૨૧–૨૬). હવે (૨૦૦૭માં) રાષ્ટ્રીય પુનર્વસન નીતિ ઘડાઈ છે.

આદિવાસીઓના જંગલો સાથેના સંબંધ અંગે પણ આવી જ સ્થિતિ હતી. ઈ.સ. ૧૮૫૪ પહેલાં, જંગલોના ઉપભોગ પર ખાસ કોઈ મર્યાદાઓ નહોતી. પરંપરાગત રીતે જ તેઓ મુક્તપણે જંગલોના ઉપભોગના હક્કો ભોગવતા હતા, પરંતુ ત્યાર પછી ઇંગ્લૅન્ડમાં યુદ્ધ–જહાજો બાંધવા માટે જંગલનાં લાકડાંની જરૂર પડી. ભારતમાં રેલવે માર્ગો બાંધવા માટે પણ તેની જરૂર ઊભી થઈ. જ્યારે બ્રિટિશ સરકારે આ અને આવા અન્ય હેતુઓ માટે જંગલ કાપવાનું શરૂ કર્યું એટલે અથડામણો થવા પામી. (તે જોતાં) બ્રિટિશ સરકારે ૧૮૬૪નો જંગલ સંબંધી કાયદો કરી તે દ્વારા આદિવાસીઓના જંગલ પરના પરંપરાગત અધિકારો છીનવી લીધા. તેઓનેં દંડ/ખેડ અધિકાર માટેની રકમ ભરી જંગલની જમીન ખેડવાની જ પરવાનગી આપવામાં આવી.

આમ, આદિવાસી પછાતપણું મૂળે નથી સાંસ્કૃતિક કે નથી સામાજિક (જ્ઞાતિ આધારિત). કેટલાક બ્રિટિશ માનવશાસ્ત્રીઓએ આદિવાસીઓને અલગ (isolated) તથા સમરૂપ (homogenous) દર્શાવ્યા છે, પરંતુ તેઓ તેવા પણ નથી. તેઓને મેદાની વિસ્તારના લોકો સાથે સંબંધો હતા જ, પણ આ સંબંધોમાં તેઓને ભાગે તો એક યા બીજા સ્વરૂપે સહન કરવાનું અને ગુમાવવાનું જ આવ્યું છે. બીજા ઘણા દેશોમાં આક્રમણકર્તાઓ સામે પરાસ્ત થનારા મૂળ આદિવાસીઓની સાથે પણ આવું જ બન્યું છે. પરંતુ ભારતમાં આદિવાસી સમાજના બિનઆદિવાસી સમાજ સાથેના સંબંધ સંદર્ભે પરિસ્થિતિ કંઈક જુદી છે અને તેથી સમસ્યાનું સ્વરૂપ પણ ભિન્ન છે. આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ સદીઓથી પાસે પાસે જીવન જીવી રહ્યા છે. તેઓ વચ્ચેનો સંબંધ ક્યારેય સંપૂર્ણપણે કપાઈ ગયો નથી.

એટલે, આદિવાસીઓ ભારતીય સમાજના અંગભૂત છે, તે સાથે તેઓ ભિન્નતા પણ ધરાવે છે. તેમની આ ભિન્નતાઓ તથા વિશિષ્ટતાઓને

અનુલક્ષીને તેમના સંબંધી વિશિષ્ટ નીતિઓ અને કાર્યક્રમોની રચના તથા પુનર્રચના કરવી જરૂરી છે. જ્યારે આપણે આદિવાસી વિકાસ માટે યોજના ઘડીએ ત્યારે આપણે આ ભિન્નતાઓ–વિશિષ્ટતાઓ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. તેમની વિભિન્ન પરિસ્થિતિઓ અને ક્ષમતાઓની વિશેષ નોંધ લઈ તેમની ઇચ્છિત દિશામાં વિકસાવવા માટે સાનુકૂળતા/સગવડ/સહાય પૂરી પાડવી જોઈએ. વિકાસ શબ્દનો પોતાનો જ અર્થ થાય છે : અંદર પડ્યું હોય તેને બહાર લાવવું – એને વિકસાવવું. એટલે કે, આદિવાસીઓએ પોતાની ક્ષમતાઓ પ્રગટાવવી અને વિકસાવવી પડશે. બાહ્યજનો (outsiders) આદિવાસીઓનો વિકાસ કરી શકે નહીં. તેઓ ઇચ્છે તો માત્ર મદદ અને સાનુકૂળતાઓ આપી શકે. જો આદિવાસીઓએ પોતાની અંતઃક્ષમતા પ્રગટાવવી હશે તો કોઈ પણ વિકાસ સંબંધી નિર્ણયમાં તેમણે સહભાગી બનવું જ પડશે. તેમની અનુભવાતી જરૂરિયાતોને વિકાસ કાર્યક્રમોમાં રૂપાંતર કરવી પડશે. નેહરુએ 'પંચશીલ' જાહેર કરીને કંઈક અંશે આમ કર્યું હતું.

આદિવાસીઓ પોતાના વિકાસ કાર્યક્રમોમાં શી રીતે ભાગીદાર બની શકે? વિકાસ માટે તેમની દિશા અને અભિગમ કયાં હોઈ શકે? તેમણે મુખ્ય પ્રવાહમાં અંગભૂત થઈ જવું જોઈએ કે પછી તેમને માટે વિશિષ્ટ નીતિઓ અને કાર્યક્રમો હોવા જોઈએ? આ સંદર્ભમાં અહીં ત્રણ વિવિધ અભિગમો ઉદ્‌ભવ્યા છે.

## અંગ્રેજી શાસન અને આદિજાતિની સ્થિતિ –

ભારતમાં વ્યાપાર અર્થે અંગ્રેજો આવ્યા તે પહેલાં અંગ્રેજ અને યુરોપિયન વ્યાપારીઓ આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા વગેરે વિસ્તારોમાં ગયા હતા. આ સમયે યુરોપમાં માનવના વૈજ્ઞાનિક અભ્યાસ–(માનવશાસ્ત્ર–એન્થ્રોપોલોજી)નો સૂર્ય તપતો હતો. ડાર્વીનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતની અસર હેઠળ બ્રિટનના વિદ્વાન હર્બર્ટ સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત વિકસાવ્યો હતો. જે મુજબ દેહની જેમ માનવ સમાજની પણ સાદા સમાજમાંથી જટિલ સમાજમાં ઉત્ક્રાંતિ થઈ છે. સાદા સમાજમાં રાજ્ય, ચર્ચ, શાળા વગેરે સંસ્થાઓ ઉદ્‌ભવી હોતી નથી. જ્યારે જટિલ અને વિકસિત સમાજમાં આ સંસ્થાઓ વિકસી હોય છે. આવી સમજ સાથે યુરોપિયન વ્યાપારીઓ આફ્રિકા, અમેરિકા વગેરે ગયા ત્યારે ત્યાંના સ્થાનિક લોકોમાં આવી સંસ્થા ન જોતાં તેમને 'પૂર્વ રાજ્ય, પૂર્વ શાળા, પૂર્વ ધર્મ સંગઠનવાળા, બોલી (લિપી વિનાની) બોલતા અને નિશ્ચિત ભૌગોલિક સીમામાં વસતા એવા આદિવાસી લોકો' કહ્યા. આમ થતાં આવા લોકોનો અભ્યાસ એ માનવશાસ્ત્રનો મહત્ત્વનો હિસ્સો બની ગયું. આમ જગતના આદિજાતિઓના એથનિક અભ્યાસોથી માનવશાસ્ત્ર સમૃદ્ધ થયું.

હવે આ અંગ્રેજો અને યુરોપિયન વ્યાપારીઓ આ માનવશાસ્ત્રીય જ્ઞાન સાથે ભારતમાં આવ્યા ત્યારે ભારત પૂર્વ શાળેય સમાજ નહોતો. અહીં પાઠશાળા અને મદરેસાઓ હતી. અહીં વિકસિત ભાષા અને સાહિત્ય હતાં. અહીં જહાંગીરનું વિકસિત રાજ્ય હતું. અહીં દર્શન શાસ્ત્રીય રીતે વિકસિત ધર્મ હતો. તેથી ભારતના સમગ્ર સમાજને આદિવાસી કહી શકાય તેમ નહોતો. તેમ છતાં અહીં જંગલો અને પહાડોમાં રહેતા એવા સમુદાયો હતા જ્યાં સુધી રાજ્ય પહોંચી નહોતું શક્યું, જ્યાં જમીન હજી રાજ્યની કે ખાનગી માલિકીની નહોતી, જ્યાં હજી શાળા અને બજાર પહોંચ્યા નહોતા. આવા સમુદાયો ભારતીય સંસ્કૃતિના મુખ્ય પ્રવાહથી થોડા દૂર પણ હતા. અહીં હજી જ્ઞાતિનો કોટીક્રમિત સમાજ પૂર્ણપણે ઉદ્‌ભવ્યો નહોતો. એટલું જ નહીં, બ્રિટિશરો ભારતમાં આવ્યા તે પહેલાં અંગ્રેજી શબ્દ 'ટ્રાઇબ'(tribe)નો સમાનાર્થી કોઈ શબ્દ ભારતીય ભાષાઓમાં નહોતો.

આવી સ્થિતિમાં, માનવશાસ્ત્ર મુજબ 'આદિવાસી'નું જ્ઞાન લઈને આવેલા બ્રિટિશરોએ ભારતીય સમાજમાં આદિજાતિ સમૂહોને શોધવાના

હતા. આથી બ્રિટિશરોએ આ ઓળખ માટે સાંસ્કૃતિક પછાતપણાના સિદ્ધાંત મુજબ બ્રિટિશ નીતિ–(આદિવાસીઓ સંબંધી)માં આદિવાસીઓને બિનઆદિવાસીઓથી અલગ તારવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. બ્રિટિશરો આદિવાસી વિસ્તારોમાં પ્રવેશ્યા ત્યારે અથડામણો અને વિદ્રોહો થવા પામ્યાં હતાં. તેથી આવા પ્રદેશોના વહીવટીતંત્રને અન્ય નાગરિક વહીવટીતંત્રથી અલાયદું રાખવામાં આવ્યું હતું. તે 'નિયંત્રિત અધિનિયમો વિનાનું વ્યવસ્થાતંત્ર' (non-regulation system) તરીકે ઓળખાતું. એમ માનવામાં આવ્યું હતું કે, આ વ્યવસ્થાતંત્ર તેના 'વહીવટની સાદી પદ્ધતિઓ અને જટિલ નિયમો અને વિધિઓ વડે ખાસ કરીને મૂળ નિવાસી જાતિને માટે સાનુકૂળ છે.' (સિંહા,૧૯૭૦–૬) ૧૮૭૪માં અનુસૂચિત જિલ્લાઓ માટેનો કાયદો (Scheduled Districts Act) પસાર કરવામાં આવ્યો. તેને પરિણામે દીવાની તથા ફોજદારી ન્યાય, વસાહતીકરણની કાર્યવાહીઓ (Settlement Operations) અને મહેસૂલી કામકાજ આ વિસ્તારના ખાસ (Special) અધિકારીને સોંપવામાં આવ્યાં. ભારત સરકારના ૧૯૩૫ના દાયકાથી 'બાકાત વિસ્તારો' અને 'અંશતઃ બાકાત વિસ્તારોને' ધારાસભાના કાર્યક્ષેત્રમાંથી બહાર કાઢી લઈ ગવર્નરની સત્તા હેઠળ મૂકવાની જોગવાઈ કરવામાં આવી. આદિવાસી વિસ્તારોને બાકીના ભારતથી અલગ કરવા માટે આવા વિવિધ કાયદા પસાર કરવામાં આવ્યા. જો કે, આવી અલગતા મનસ્વી હતી, કારણ કે આદિવાસી અને બિનઆદિવાસી વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા આંકવામાં આવી નહોતી. વેરિયર એલ્વિનના અભિગમનું મૂલ્યાંકન આ સંદર્ભમાં થવું ઘટે. પરંતુ તેના વિચારોના બહેતર મૂલ્યાંકનના માર્ગમાં તેનો બ્રિટનમાં જન્મ આડો આવ્યો. બાકી, આદિવાસી સમસ્યા અંગેના તેના કેટલાક વિચારો હજી પણ એક રીતે પ્રસ્તુત છે.

### બ્રિટિશરોનો 'અલગતા'વાદી અભિગમ –

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આદિવાસી વિસ્તાર પર પોતાનો કાબૂ વિસ્તારવાનો નિર્ણય કર્યો. તેથી તેને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડ્યો. કંપની દ્વારા ભરાયેલાં કેટલાંક વહીવટી પગલાંથી આદિવાસી કોમનો જમીન ભોગવટાનો અધિકાર જોખમાયો અને તેમની સામાજિક એકતાનું સંતુલન ખોરવાયું. કેટલેક ઠેકાણે અથડામણો થવા પામી અને બળવો થયો. એટલે અંતે બ્રિટિશ હકૂમતે આદિવાસીઓને બાકીના ભારતથી વિખૂટા પાડી નાંખવાનું ઠરાવ્યું. પરિણામે ભારતના ઘણાખરા ભાગોના આદિવાસીઓ વધુ ગરીબીની દશામાં આવી પડ્યા. અમુક ભાગોને બાદ કરતાં તેઓ અક્ષરજ્ઞાનની બાબતમાં નીચામાં નીચા સ્તરે હતા. તેમની જમીનો ભારે બોજા(કરજના)વાળી તેમ જ જમીનોનો સારો એવો હિસ્સો તો બિનઆદિવાસીઓના હાથમાં ચાલ્યો ગયો હતો. જંગલોમાં તેમના અધિકારો પર ઘણા મોટે પાયે અતિક્રમણ થયું હતું. સરકારી હેતુઓ અને કામગીરીઓ માટે સારા એવા પ્રમાણમાં બહારનાં તત્ત્વો જંગલમાં આવ્યાં હતાં અને જંગલ ખાતેનાં કામોમાં તેમનું શોષણ ચાલુ જ રહ્યું હતું. ઘણા પ્રસંગોએ સુધારણા માટે આદેશો થયા પરંતુ તે વ્યર્થ સાબિત થયા હતા.

બ્રિટિશ સરકારે છેવટે આદિવાસી જાતિઓને તેમનાં હિત અને જીવન સંરક્ષી શક્ય તેવા વિસ્તારોમાં અલગ રાખવાની નીતિ અપનાવવાનો નિર્ણય કર્યો. ૧૮૭૪માં એક કાયદો પસાર કરીને આદિવાસી વિસ્તારોને 'અનુસૂચિત વિસ્તારો' (Scheduled Districts) ઠરાવી તેમને સંરક્ષણ પૂરું પાડવાના હેતુથી અલગ તારવવામાં આવ્યા. બ્રિટિશ સરકારના ૧૯૧૯ના કાયદાથી આ વિસ્તારોની પુનર્રચના કરવામાં આવી અને તેમને તે દ્વારા 'બાકાત અને અંશતઃ બાકાત વિસ્તારો'માં ફેરવવા સાથે આદિવાસી વિસ્તારોની વિશિષ્ટ માવજત માટે વધુ સખ્તાઈભરી બંધનકારક

જોગવાઈઓ કરવામાં આવી. ૧૯૪૭ સુધીમાં આવતા સંખ્યાબંધ કાયદાઓ અને નિયમનોના અમલની જાહેરાતો કરીને સુધારાઓ દાખલ કરવામાં આવ્યા. આ આદિવાસીઓની અલગતાની નીતિને ઘણી વાર 'અભયારણ્ય' નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. કોઈને નવાઈ લાગે પરંતુ આ પાછળનો છૂપો હેતુ અધ્યાત્મ તરફ ઝોકવાળા આદિવાસીઓને હિંદુ બનતા અટકાવી ખ્રિસ્તી બનાવવા માટે ખ્રિસ્તી મિશનરીઓને આ વિસ્તારોમાં કામ કરવાનું પ્રોત્સાહન આપવાનો હોઈ શકે.

આ અલગતાવાદી નીતિનાં બે ઉદાહરણો જોઈએ. પ્રથમ, એન્થોવન નામના એક માનવશાસ્ત્રી કમ વહીવટદારે ટ્રાઇબ્સ ઍન્ડ કાસ્ટ્સ ઑફ બૉમ્બે પ્રેસિડેન્સી નામે ત્રણ ગ્રંથો લખ્યા, જેમાં મુંબઈ ઇલાકાના લોકોને આદિજાતિ અને જ્ઞાતિ તરીકે વર્ગીકૃત કર્યા. એન્થોવન ધોડિયા કે ગામીત-(જંગલ–પર્વતના રહેવાસી)ને સ્પષ્ટપણે આદિજાતિ ગણાવે છે. પરંતુ રાસ્તી વિસ્તારના દૂબળાઓને-હળપતિઓને શેમાં ગણવા તેની અસમંજસ અનુભવે છે. દ્વિતીય, સન ૧૮૫૩માં મુંબઈ–અમદાવાદ રેલવે નાખવા માટે, સ્લીપર્સ માટે, સાગની જરૂર પડી ત્યારે કંપની સરકારના ઠેકેદારો આદિવાસી વિસ્તારોમાં સાગ કાપવા ગયા. ત્યારે આદિવાસીઓએ "અમારાં જંગલ કેમ કાપો છો?" કહી વિરોધ કરતાં સરકારે એક કમિશન નીમ્યું અને આ કમિશનની ભલામણ મુજબ સન ૧૮૬૪માં ફોરેસ્ટ ઍક્ટ બનાવીને તમામ જંગલો સરકાર હસ્તક લઈ લીધાં અને જંગલમાં વસતા આદિવાસીઓના જંગલ પરના હક્કો છીનવી લીધા. આ કાયદા હેઠળ કપાયેલા સાગ દ્વારા ઇંગ્લૅન્ડનાં યુદ્ધજહાજો અને ફર્નિચર બન્યાં હતાં.

## સ્વાતંત્ર્યની લડત અને આત્મસાતીકરણ અભિગમ –

અલગતાવાદી બ્રિટિશ નીતિનો રાષ્ટ્રવાદીઓએ વિરોધ પોકાર્યો હતો. તેઓ આદિવાસીઓ ભારતીય સમાજ(કેટલાકને મતે હિંદુ સમાજ)ના જ એક ભાગ હોવા બાબતમાં બહુ સ્પષ્ટ હતા. આ અભિગમની પૂર્વભૂમિકા શ્રી એ. વી. ઠક્કર, જે ઠક્કરબાપાના લોકપ્રિય નામે જાણીતા છે, તેમણે અને સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયન સોસાયટીના કેટલાક સભ્યોએ તૈયાર કરી દીધી હતી. તેમણે આદિવાસીઓમાં પાયાગત કામ કર્યું હતું. ઘણા રાષ્ટ્રવાદી નેતાઓએ બ્રિટિશરો સામેની ચળવળમાં ટેકો આપ્યો હતો. મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ કૉંગ્રેસે પણ આદિવાસીઓને બાકીના ભારતથી અલગતાનો વિરોધ કર્યો હતો. તેણે(કૉંગ્રેસે) પોતાના કાર્યકર્તાઓને આદિવાસી વિસ્તારોમાં જઈ, આશ્રમો સ્થાપી તેમને રાષ્ટ્રીય ચળવળ માટે તૈયાર કરવા ફરમાવ્યું હતું. આમ, આદિવાસીઓ પ્રત્યેની અલગતાવાદી નીતિનો વિરોધ એ બ્રિટિશ વિરોધી અને રાષ્ટ્રીય વિચારસરણીના જ એક ભાગરૂપ હતો. તેથી તેમાં, આદિવાસીઓનું બિનઆદિવાસી ભારત સાથેનું આત્મસાતીકરણ સ્વાભાવિક જ ગણાવ્યું હતું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓનો સામાન્ય ઝોક આદિવાસી જીવનનાં સામાજિક તથા સાંસ્કૃતિક પાસાંઓનો અભ્યાસ કરવા તરફ જ રહ્યો હતો. આદિવાસીઓનું શું કરવું એ પ્રશ્નની એમણે ચિંતા કરી નહોતી. તેમને મન તો બહુ સ્પષ્ટ હતું કે તેઓ ભારતીય સમાજનો જ એક ભાગ છે, તથા આદિવાસી-બિનઆદિવાસી વચ્ચેનો તફાવત ધીમે ધીમે લુપ્ત થઈ જશે અને આદિવાસીઓ મુખ્ય પ્રવાહમાં ભળી જશે. પ્રશ્ન માત્ર શક્ય એટલી સરળ રીતે તે પ્રક્રિયાને વેગ આપવાનો જ છે. ધુર્યે આ અભિગમના સમર્થ પ્રવર્તક હતા.

## સ્વતંત્ર ભારત અને સુગ્રથન અભિગમ –

બ્રિટિશરોના અલગતાવાદી(isolation) અભિગમની સામે રાષ્ટ્રવાદી સમાજવિજ્ઞાનીઓએ આત્મસાતીકરણ (assimilation) અભિગમ

અપનાવ્યો. ગોવિંદ સદાશિવ ધૂર્યેએ આદિવાસીઓને પછાત હિંદુ કહ્યા પરંતુ સ્વાતંત્ર્ય બાદ ફરી અભિગમ બદલાય છે.

આદિવાસીઓ હિંદુ સમાજના જ ભાગરૂપ છે, પરંતુ 'સવર્ણો'માંની કોઈ નીચલી કોટિ નથી. તેઓ સામાજિક સાંસ્કૃતિક દ્રષ્ટિએ કેટલેક અંશે ભિન્ન છે. જેટલે અંશે તેઓ ભિન્ન છે તેટલે અંશે તેઓ પ્રત્યે ભિન્ન વિશેષ અભિગમ આવશ્યક છે. તેમને તેમની વિશિષ્ટ ખાસિયતો જળવાઈ રહે એ રીતે મુખ્ય પ્રવાહમાં સાંકળી લેવા જોઈએ.

આદિવાસી વિકાસના અભિગમનો પ્રારંભ સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ કર્યો હતો. ડૉ. વૅરિયર એલ્વિનની કૃતિ 'એ ફિલૉસૉફી ફૉર નેફા'ની બીજી આવૃત્તિના પુરોવચનમાં ૧૯૫૮ના ઑક્ટોબરની ૯મી તારીખે નેહરુએ લખ્યું હતું કે –

"આદિવાસી વિસ્તારોમાં સમસ્યાત્મક પરિસ્થિતિને નિરુદ્દેશ્ય ગમે તેમ ઘસડવા દઈ શકીએ નહીં કે તેમાં કોઈ રસ ન દાખવતા બેસી પણ રહી શકીએ નહીં. સાથે સાથે જ આ પ્રદેશો પર વધુ પડતો વહીવટી બોજો આવતો પણ ટાળવો જોઈએ, ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં ઘણા બધા બહારના માણસોને મોકલવાની બાબતમાં. આ બંને આત્યંતિક સ્થિતિઓની વચ્ચેની કોઈ સ્થિતિમાં રહી આપણે કાર્ય કરવાનું છે. ત્યાં સંચારવ્યવસ્થા/સંદેશાવ્યવહાર, દાક્તરી સુવિધાઓ, શિક્ષણ અને બહેતર ખેતી જેવાં વિવિધ ક્ષેત્રે વિકાસ સાધવાનો છે."

પંડિત નેહરુએ વધુમાં ઉમેર્યું હતું કે, વિકાસમાં ધ્યેયસિદ્ધિના આ માર્ગે નીચેના પાંચ પાયાના સિદ્ધાંતોના વ્યાપક માળખામાં રહીને ખંતપૂર્વક આગળ વધવાનું છે –

૧. લોકોના પોતાના આવિર્ભાવોની દિશામાં જ તેમનો વિકાસ સધાવો જોઈએ. તેમણે તેમની ઉપર કંઈ પણ બેળેબેળે લાદવાનું ટાળવું જોઈએ. આપણે દરેક રીતે તેમની પોતાની જ પરંપરાગત કળાઓ અને સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવાનો પૂરતો આદર કરવો જોઈએ.
૨. જમીન અને જંગલો સંબંધી આદિવાસીઓના અધિકારોનો પૂરતો આદર કરવો જોઈએ.
૩. આપણે વહીવટ અને વિકાસનાં કામો કરવા માટે તેમના પોતાના જ લોકોનું એક જૂથ રચવાનો પ્રયત્ન કરવો જોઈએ. અલબત્ત, કેટલાક તકનીકી કર્મચારીઓ બહારથી મોકલવા જરૂરી બનશે, ખાસ કરીને શરૂઆતમાં. પરંતુ વધુ પડતા બાહ્યજનો(બિનઆદિવાસીઓ)ને આદિવાસી પ્રદેશોમાં મોકલવાનું ટાળવું જોઈએ.
૪. આપણે આ વિસ્તારોને વધુ પડતા વહીવટના બોજથી લાદી દેવા જોઈએ નહીં. અથવા તો યોજનાઓની ભરમાર પણ તેમના ઉપર લાદી દેવી જોઈએ નહીં. ઊલટું, આપણે તેમની સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ મારફત કાર્ય કરવું જોઈએ, નહીં કે તેમની સાથે ચડસાચડસી કે વિરોધમાં.
૫. આપણે પરિણામોની ચકાસણી પણ આંકડાઓની માયાજાળ વડે કે વપરાયેલાં નાણાંની રકમને આધારે ન કરવી જોઈએ, પરંતુ માનવીય ચારિત્ર્યની ગુણવત્તા કેટલી વિકસી શકી છે તેને આધારે કરવી જોઈએ. આ પાંચ સિદ્ધાંતો 'આદિવાસી પંચશીલ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

**અનુસૂચિત જનજાતિઓ માટે બંધારણીય સંરક્ષક જોગવાઈઓ –**

આપણા બંધારણમાં અનસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ) માટે સુરક્ષાત્મક અન્ય સંખ્યાબંધ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાંથી કેટલીક અગત્યની જોગવાઈઓનો જ અમે અહીં ઉલ્લેખ કરવા માગીએ છીએ. 'રાજ્યો અંગેની નીતિના

માર્ગદર્શક સિદ્ધાંતો' વિશેના પ્રકરણની કલમ–૪૬માં જણાવવામાં આવ્યું છે કે –

''રાજ્યોએ લોકોના નબળા વિભાગના, તેમાં પણ ખાસ કરીને અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિના, શૈક્ષણિક અને આર્થિક હિતોની ખાસ કાળજી લેવી જોઈએ. તેમના વિકાસમાં સહાય તથા પ્રોત્સાહન પૂરાં પાડવાં જોઈએ. તેમ જ, સામાજિક અન્યાય તથા શોષણનાં તમામ સ્વરૂપોથી પણ તેમને રક્ષવા પડશે.''

કેવળ એક જ કલમ, એટલે કે કલમ–૨૪૪, સમાવતું સમગ્ર પ્રકરણ અનુસૂચિત અને આદિવાસી વિસ્તારો માટે ફાળવવામાં આવ્યું છે. બંધારણમાં આ કલમની અનુગામી પાંચમી અનુસૂચિમાં અનુસૂચિત વિસ્તારોનાં વહીવટ અને નિયંત્રણ અંગેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે છઠ્ઠી અનુસૂચિમાં આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યોના આદિવાસી વિસ્તારોના વહીવટ અંગેની વિગતવાર જોગવાઈઓનો સમાવેશ થયેલો છે. છઠ્ઠી અનુસૂચિ મુજબ રચાયેલી જિલ્લા કાઉન્સિલો લોકતાંત્રિક, સ્વાયત્ત અને શક્તિશાળી અંગો છે.

એક બહુ અગત્યની જોગવાઈ કલમ–૨૭૫(૧)માં કરવામાં આવી છે, તે આ મુજબ છે – ''...રાજ્યમાંની અનુસૂચિત જનજાતિઓ–(આદિવાસીઓ)નું વધુ કલ્યાણ કરવાના કે અનુસૂચિત વિસ્તારોના વહીવટનું સ્તર સુધારીને રાજ્યના શેષ વિસ્તારોના વહીવટના સ્તરની સમકક્ષ બનાવવાના હેતુસર ભારત સરકારની સંમતિથી રાજ્ય હાથમાં લે તે વિકાસ યોજનાઓના ખર્ચને પહોંચી વળવાને રાજ્ય શક્તિમાન બને તે માટે જરૂરિયાત મુજબ સહાયાર્થ અનુદાનો પેટે થતી રાજ્યની આવકોની થાપણો કે આવર્તક સ્વરૂપની રકમો ભારત સરકારના સંયુક્ત ભંડોળમાંથી ચૂકવવાની રહેશે.''

બંધારણીય જોગવાઈઓ, એટલે કે, કલમ-૩૩૯(૨) અને પાંચમી અનુસૂચિનો ફકરો ૫(૧)નો વિશેષ ઉલ્લેખ કરવા યોગ્ય છે. કલમ-૩૩૯(૨) મુજબ ''રાજ્યમાંની અનુસૂચિત જનજાતિઓનાં કલ્યાણ માટે અનિવાર્ય જરૂરિયાતની દિશામાં નિશ્ચિત વિગતપૂર્ણ યોજનાઓ તૈયાર કરવા તથા તેને અમલમાં મૂકવા અંગે રાજ્યને સૂચનાઓ આપવા સુધી ભારતની સંઘની વહીવટી સત્તા પહોંચશે''. અત્યાર સુધીમાં ભારત સરકારે કોઈ પણ રાજ્યને એક પણ આવી માર્ગદર્શક સૂચના આપી હોય એવું અમારી જાણમાં નથી. તેવી જ રીતે પાંચમી અનુસૂચિના ફકરા ૫(૧)માં નીચે મુજબ દર્શાવવામાં આવ્યું છે :

''આ બંધારણમાં ભલે કંઈ પણ હોય, તેમ છતાં ગવર્નર જાહેરનામું પ્રસિદ્ધ કરી સૂચના આપી શકશે કે સંસદ કે રાજ્યની વિધાનસભાનો કોઈ પણ અમુક કાયદો રાજ્યના કોઈ અનુસૂચિત વિસ્તાર કે તેના કોઈ પણ એક ભાગને લાગુ પડશે નહીં અને તેવા અપવાદો તથા જાહેરનામામાં સ્પષ્ટતાથી દર્શાવેલા ફેરફારો તેમ જ સૂચના આપી હશે તો તે મુજબ પશ્ચાતવર્તી અસરથી લાગુ પડશે''.

અનુસૂચિત વિસ્તારો ધરાવતા રાજ્યોના ગવર્નરોને આદિવાસીઓના હિતમાં કામ લેવા માટે અસાધારણ સત્તા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જોગવાઈનો ઉપયોગ કેવળ એક જ રાજ્યમાં (આંધ્રપ્રદેશમાં) થયો છે અને તે પણ માત્ર ૧૯૮૬માં. ત્યારે રાજ્ય સરકારે આદેશ ફરમાવ્યો હતો કે હવેથી અનુસૂચિત વિસ્તારોમાં શિક્ષકો, જંગલરક્ષકો તથા ગ્રામ અધિકારીઓ–(અન્ય રાજ્યમાં, પટવારી, લેખપાલ, તલાટી કે કરનામ હોય છે તેવા)નાં તમામ સ્થાનો માત્ર સ્થાનિક અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ દ્વારા જ ભરવામાં આવશે.

## પંચવર્ષીય યોજનાઓ –

ચોથી પંચવર્ષીય યોજનાના અંત સુધી અનુસૂચિત જનજાતિઓની સારસંભાળ મુખ્યત્વે નાનકડા આયોજન વિભાગ (tiny plan sector) અર્થાત્ પછાતવર્ગોના કલ્યાણ વિભાગ દ્વારા લેવામાં આવતી હતી. આ સમયગાળા દરમિયાન કુલ આયોજન ખર્ચમાં આદિવાસી વિસ્તારોમાં કરવામાં આવેલા રોકાણની ટકાવારી આ પ્રમાણે હતી : પ્રથમ યોજના ૧ ટકા, બીજી યોજના ૦.૯ ટકા, ત્રીજી યોજના ૦.૬ ટકા. ત્રણ વર્ષીય યોજનાઓ (૧૯૬૬–૭૯થી ૧૯૬૮–૧૯૬૯) અને ચોથી યોજના ૦.૫ ટકા, ૧૯૫૪માં ૪૫ ખાસ વિવિધલક્ષી આદિવાસી ઘટકો (Special Multi–Purpose Tribal Blocks) સામૂહિક વિકાસ કાર્યક્રમની પુરવણી રૂપે આદિવાસી વિસ્તારોમાં શરૂ કરવામાં આવ્યા હતા. ગૃહમંત્રાલયે ડૉ. વૅરિયર એલ્વિનની અધ્યક્ષતા હેઠળ આ આદિવાસી ઘટકો(SMPT Blocks)ની કામગીરીની સમીક્ષા કરવા માટે એક સમિતિ નીમી હતી. ૧૯૬૦માં આ સમિતિએ રજૂ કરેલા પોતાના અહેવાલમાં ભલામણ કરી કે આદિવાસી વિસ્તારોમાં ઘનિષ્ઠ કાર્યક્રમો શરૂ કરી તેમને ચાલુ જ રાખવા અને આદિવાસી વિકાસ ઘટકો ૧૫૦થી ૨૦૦ ચોરસ માઈલ જેટલા નાના વિસ્તારવાળા તથા ૨૫,૦૦૦ જેટલી ઓછી વસતિવાળા રાખવા. ત્રીજી યોજનાના અંતે કુલ વસતિના ૪૦ ટકા લોકો(આદિવાસી)ને આવરી લેતા આવા ૫૦૦ ઘટકો રચાયેલા હતા.

ચોથી યોજનામાં આદિવાસી સમુદાયના વિભિન્ન વર્ગો વચ્ચે તથા વિભિન્ન પ્રદેશો વચ્ચે વધતી જતી વિષમતાઓની પ્રક્રિયાને અંકુશમાં લેવા માટે નાના ખેડૂતો તથા ખેતમજૂરો જેવા ચોક્કસ લક્ષ્યરૂપ સમૂહો તેમ જ અનાવૃષ્ટિના વલણવાળા પ્રદેશોને અનુલક્ષીને કાર્યક્રમોની હારમાળાઓ હાથ ધરવામાં આવી. આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ અને ઓરિસ્સામાં ૬ આદિવાસી વિકાસ એજન્સીઓ(TDAs) સ્થાપી ખાસ ખેતી અંગે અજંપો ધરાવતા આદિવાસી વિસ્તારો માટે પ્રાયોગિક ધોરણે પણ એક કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. ચોથી યોજના પૂરી થતાં સુધીમાં ઓરિસ્સામાં બે વધુ આદિવાસી વિકાસ એજન્સીઓ(TDAs) ઊભી કરવામાં આવી, પરંતુ તે ખેતીવિષયક અજંપા આધારિત નહોતી. આ કાર્યક્રમ પાછળ સંરક્ષણાત્મક પગલાં, આર્થિક વિકાસ અને સામાજિક સેવાઓના બનેલા એક સુસંકલિત માળખાની ધારણા હતી, પરંતુ તેમ છતાં, પ્રત્યક્ષ વ્યવહારમાં આ એજન્સીઓએ પોતાની પ્રવૃત્તિ ખેતી વિકાસ પૂરતી જ મર્યાદિત રાખી અને તે સાથે માત્ર ધોરી માર્ગો પર વધારાનું રોકાણ કર્યું એટલું જ.

આયોજન પંચ(Planning Commission)ની યોજના કાર્યક્રમો(Plan Project) માટેની અખિલ ભારતીય સમિતિએ શ્રી શીલુ આઓની અધ્યક્ષતામાં આદિવાસી વિકાસ કાર્યક્રમોની તપાસ માટે એક અભ્યાસ જૂથ નીમ્યું હતું. તેણે ૧૯૬૯માં અહેવાલ રજૂ કર્યો. તેમાં એવી ટીકા કરવામાં આવી હતી કે, આદિવાસી વિકાસ ઘટકોની યોજના આદિવાસી વિકાસની જટિલ સમસ્યાઓ સાથે કામ પાડવા માટે અપર્યાપ્ત છે. આ ઘટકો યોજના તથા તેના અમલ માટેના પાયાના એકમો તરીકેની કામગીરી બજાવવા માટે અત્યંત નાના છે. તેમને મતે આદિવાસી સમુદાયની મુખ્ય સમસ્યાઓ દેવાંઓ, ભૂમિ–વિમુખતા, શૈક્ષણિક પછાતપણું અને સંપર્ક વ્યવહાર(Communication)ની અપર્યાપ્તતા સંબંધી છે. તેમણે ઢેબર કમિશનની ભલામણોનો અમલ કરવા માટે જોરદાર પગલાં લેવાની તેમ જ વધુ વ્યાપક સાધનો સાથે સમસ્યાના કદ તથા એકંદર રાષ્ટ્રીય વિકાસના થઈ રહેલા પ્રયત્નોને અનુરૂપ સમતોલ સુગ્રથિત આદિવાસી વિકાસ કાર્યક્રમો યોજવાની માગ કરી છે. (શિવરામન સમિતિનો અહેવાલ, પૃ.૧૪)

## આદિવાસી પેટા યોજનાનો ખ્યાલ અને વ્યૂહરચના –

(Tribal Sub–plan Concept and Strategy) –

પ્રથમ ચાર પંચવર્ષીય યોજનાઓના વિવિધ વિકાસ કાર્યક્રમો હેઠળ પૂરતા પ્રમાણમાં વધુ લાભો મળશે એવી અપેક્ષા હતી. વળી એવી પણ અપેક્ષા હતી કે, આદિવાસી વિકાસ ઘટક કાર્યક્રમ તેમ જ પછાતવર્ગોની કલ્યાણ યોજનાઓના વિકાસ પ્રયત્નોમાં પૂરક સ્વરૂપનો વિકલ્પ પૂરો પડાશે. પરંતુ પાંચમી યોજનાની તૈયારી ટાણે આદિવાસીઓની પરિસ્થિતિની સમીક્ષા કરતાં બહાર આવ્યું કે, કેટલાક આદિવાસી સમુદાયો અન્ય જૂથોથી શૈક્ષણિક તેમ જ આર્થિક, બંને રીતે ઘણા આગળ હતા. થોડાક આદિવાસી વિસ્તારોમાં ઔદ્યોગિક અને ખાણ ઉદ્યોગનાં સંકુલો સ્થાપવામાં આવ્યાં હતાં. અને તેનાથી થોડાક લાભો થવાથી તે વિસ્તારમાં રહેતા લોકોને તે મદદરૂપ પણ અવશ્ય થયાં હતાં. પરંતુ આ તો અનાયાસે થયેલા મિશ્ર આશીર્વાદ હતા. એથી વિપરીત અન્ય આદિવાસી વિસ્તારોમાં કેટલાક સમુદાયો તો કેવળ પાવડા, કોદાળી જેવાં જૂનાં અત્યંત સાદાં ઓજારો વડે કરાતી ખેતીના પ્રાથમિક તબક્કે જ હતા અને બહુ થોડાએ સ્થિર ખેતી અને હળ સંસ્કૃતિ અપનાવી હતી. કેટલાક આદિવાસી પ્રદેશોની કુદરતી સાધન–સંપત્તિ બહારની સારી એવી વસતિને આકર્ષતી હતી તો વળી અન્ય આદિવાસી પ્રદેશોમાં વસતિવધારાનું દબાણ કેટલાક આદિવાસી સમુદાયોને ઋતુગત કે કાયમી સ્થળાંતર માટે ફરજ પાડતું હતું. આમ, એ સ્પષ્ટ થઈ ગયું કે, બધા આદિવાસી વિસ્તારોમાં સાર્વત્રિક રીતે લાગુ પાડી શકાય તેવો કોઈ એક જ ગુરુચાવીરૂપ ઉકેલ સ્વીકારપાત્ર નથી. કારણ કે, દરેક આદિવાસી વિસ્તાર કુદરતી સાધનસંપત્તિ, લોકો, સામાજિક દબાણો–નિગ્રહો, પાયાગત સંરચનાકીય (Infra-structural) વિકાસ વગેરે બાબતે વત્તે–ઓછે અંશે અનન્ય પરિસ્થિતિ રજૂ કરે છે.

એકજૂથમાં વસતા આદિવાસીવાળા વિસ્તારો અને છૂટીછવાઈ આદિવાસી વસતિવાળા વિસ્તારો બંને માટે બિલકુલ ભિન્ન અભિગમ અને વ્યૂહરચના જરૂરી બને. આગલા કિસ્સામાં, ખાસ કરીને જ્યાં સુગ્રથિત સંસ્થાઓની પાયાગત સંરચના (વ્યવસ્થા) વિકસવા પામી નહોતી, તેવા પછાત વિસ્તારોમાં તો ભલે સર્વાંશે લોકોના જ વિકાસ માટે યોજેલી કોઈ યોજનામાં પણ તે વિસ્તારોના વિકાસ માટેનાં કેટલાંક તત્ત્વોને સામેલ કરવાં જ પડે. તેમ છતાં ભૌતિક સંભાવનાઓ અને પાયાગત સંરચનાનો વિકાસ થાય એટલે આદિવાસી લોકોનો પણ વિકાસ થવા જ માંડે તેવું અનિવાર્યપણે બનતું નથી. બલ્કે, ઘણી વાર તો લોકોનો પણ વિકાસથી વિપરીત ઉગ્ર પ્રતિક્રિયાનો સામનો કરવો પડે છે. એટલે, પાયાગત સંસ્થાઓ – રચનાઓનો વિકાસ પણ કાર્યક્રમોના વ્યાપક આયોજનના જ એક ભાગ રૂપે તે સાથે સુસંગત રીતે જ કરવો પડે. આમ, 'આદિવાસી સમુદાયના વિકાસકેન્દ્રી વિસ્તારના વિકાસ'ની વિભાવના આદિવાસી વિસ્તારો માટે સ્વીકારવામાં આવી. તદુપરાંત, આદિમ(primitive) જનજાતિ સમુદાયોને એક વિશેષ પ્રકારના સમૂહ ગણી લેવામાં આવ્યા, અને તેમને માટે તેવા દરેક સમુદાયની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી વિકાસ માટે બહુ લવચીક (flexible)અભિગમ વિકસાવવામાં/ અપનાવવામાં આવ્યો. છૂટાછવાયા વસતા આદિવાસીઓનો સઘન વિકાસ બીજા તબક્કામાં લેવામાં આવ્યો.

નવી 'આદિવાસી પેટા–યોજના' અભિગમનાં અગત્યનાં લક્ષણો નીચે મુજબ હતાં –

૧. આદિવાસી વિસ્તારોમાં વિકાસ સર્વગ્રાહી સ્વરૂપે જ વિચારવો પડે. વિકાસ માટેનાં

સંસાધનો (resources) એકત્રિત કરવાં જોઈએ, અને આ સંસાધનોને આ વિસ્તારોની જરૂરિયાતના સંદર્ભમાં અગ્રતાક્રમ વિચારી તે મુજબ કામમાં લેવાનું ગોઠવવું જોઈએ. સ્પષ્ટ ધ્યેયો સહિત સમસ્યાઓ ઉકેલતા જવાનો અભિગમ અપનાવવો જોઈએ અને તે પણ પાયાનાં ધ્યેયો સાથે કોઈ બાંધછોડ કે સમાધાન કર્યા સિવાય તંત્રને લવચીક રાખીને.

૨. આદિવાસી વિસ્તારોનો વિકાસ રાજ્ય અને રાષ્ટ્રના સમગ્ર વિકાસનો જ એક અંતરંગ ભાગ હોવો જોઈએ. જુદા જુદા વિભાગીય સત્તાવાળાઓએ પોતે જ તેમના વિકાસ માટે મુખ્ય ધક્કો પૂરો પાડવો જોઈએ. એટલે, આદિવાસી વિસ્તારોના વિકાસ માટેનું પાયાનું રોકાણ રાજ્યની સામાન્ય (normal) યોજનામાંથી થવું જોઈએ.

૩. બંધારણીય જોગવાઈઓ મુજબ કેન્દ્ર સરકારની વિશિષ્ટ જવાબદારી પણ સ્પષ્ટ કરવામાં આવી હતી. આ વિસ્તારોના વિકાસ માટે દરેક કેન્દ્રીય મંત્રાલય તેના કાર્યાત્મક ક્ષેત્રના સંદર્ભમાં જવાબદાર છે. તેમણે આદિવાસી પરિસ્થિતિનું અવલોકન કરતા રહી તેમના ઝડપી વિકાસ માટે જરૂરી નાણાકીય રોકાણોની જોગવાઈ કરવી જોઈએ. તેમ છતાં બધા વિભાગીય પ્રયાસો તેમના સમગ્ર સ્વરૂપે તેમની સમસ્યાઓના ઉકેલ કદાચ હજી પૂરા ન પણ પાડી શકે. એટલું તો સર્વસ્વીકૃત હતું કે, બંધારણીય યોજના હેઠળ મધ્યમવર્તી તેમ જ શેષ જવાબદારી તો કેન્દ્રીય સ્તરે ગૃહ–બાબતોના ખાતાને શિરે રહેશે. આમ, આ વિકાસકાર્યમાં તમામ ભાગીદારોની ભૂમિકાઓ સ્પષ્ટ કરવામાં આવી હતી, અને તેનું વ્યવહારમાં ક્રિયાત્મક સ્વરૂપમાં રૂપાંતર કરવા માટેના એક વ્યવસ્થાતંત્રની પણ જોગવાઈ કરવામાં આવી હતી.

૪. આદિવાસી વિકાસમાં પાયાની અન્ય એક બાબત સામાજિક આર્થિક પરિસ્થિતિ માટે કોઈ વિશેષ ચોક્કસ ઉકેલ કદાચ આવશ્યક બને પણ ખરો એ હકીકતને મળેલી માન્યતા છે. યોજના તથા તેના અમલનું પાયાનું એકમ સમરૂપ(homogenous) અને વહેવારમાં શક્ય (વહેવારુ) હોવું જોઈએ. તેવા એકમને ‘સુસંકલિત આદિવાસી વિકાસ યોજના (Integrated Tribal Development Project ITDP i.e. સુઆવિયો)’ તરીકે ઓળખવામાં આવ્યું હતું. આ પેટા યોજના નિમ્ન સ્તરેથી રચાયેલી હોવી જોઈએ અને તેના આયોજનનો મૂળભૂત આંગિક બાંધો વ્યક્ત થવો જોઈએ.

૫. આદિમ જનજાતિ સમુદાયોની સ્પષ્ટ ઓળખ થવી જોઈએ અને તેમને માટે પૂરતી લવચીકતાવાળો ખાસ કાર્યક્રમ ઘડાવો જોઈએ.

૬. આદિવાસી વિસ્તારો માટેનું વહીવટીતંત્ર સીધુંસાદું સરળ હોવું જોઈએ. વળી, તેમાં વધુ પડતા વિશેષીકરણને શક્ય એટલું ટાળવું જોઈએ, જેથી જેને સેવાઓ પૂરી પાડવાની અપેક્ષા છે તેવા સમુદાયો વહીવટને સમજી શકે. દરેક સ્તરે પર્યાપ્ત વહીવટી અને નાણાકીય સત્તાઓ સોંપાયેલી હોવી જોઈએ. તેમ જ તેમની જવાબદારીઓ પણ સ્પષ્ટ અને ચોક્કસપણે નક્કી થયેલી હોવી જોઈએ. (શિવરામન સમિતિનો અહેવાલ, પૃ.૧૫–૧૬).

આદિવાસી પેટા યોજનાની વિભાવના તથા વ્યૂહરચના વિશે વિગતવાર માહિતી માટે ડૉ. બી. ડી. શર્મા લિખિત “Tribal Development :

The Concept and the Frame" તેમ જ "Planning for Tribal Development" શીર્ષકવાળાં બે પુસ્તકો જોઈ શકાય. ગૃહખાતાના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા પણ આદિવાસી વિકાસની નીતિઓ તથા વિવિધ પાસાંઓને લગતી "Occasional Papers" શીર્ષક હેઠળ એક માહિતીપ્રદ શ્રેણી પ્રકાશિત થઈ હતી.

ભારત સરકારે નક્કી કર્યું છે કે, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, દાદરા અને નગર હવેલી તેમ જ લક્ષદ્વીપ જેવાં આદિવાસી બહુમતી ધરાવતાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો માટે આદિવાસી પેટા યોજના જરૂરી નથી. કારણ કે આદિવાસી વસતિની જ બહુમતી હોવાથી આ રાજ્યો તથા પ્રદેશોની સમગ્ર યોજના જ મુખ્યત્વે આદિવાસીઓ માટે છે. છઠ્ઠી યોજનાના અંત સુધીમાં ૧૭ રાજ્યો તથા ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આદિવાસી પેટા યોજના અને ૧૮૧ સુસંકલિત આદિવાસી વિકાસ યોજનાઓ (સુઆવિયો – ITDPs), ૨૪૫ સુધારેલા વિસ્તાર વિકાસ અભિગમવાળા એકજૂથે રહેતા આદિવાસીઓ માટેના નાનકડા વિસ્તારો (MADA Pockets, i.e. – Modified Area Development Approach for Tribal Concentration Outside the Sub–plan Area) અને આદિમ જનજાતિ જૂથો માટેની ૭૨ યોજનાઓ ખાસ કાર્યરત હતી. પંચવર્ષીય યોજના દરમિયાન આવરી લેવાયેલી વસતિ પાંચમી યોજનાની ૬૫ ટકા હતી, તે છઠ્ઠી યોજના દરમિયાન વધીને ૭૫ ટકા થઈ.

## આદિવાસી પેટા યોજનાની સમીક્ષા (Review of the TSP) –

આદિવાસી વિકાસને ક્ષેત્રે છઠ્ઠી યોજના માટેનાં ધ્યેયો છઠ્ઠી યોજનાના ગાળા દરમિયાન 'આદિવાસી વિકાસ પરના કાર્ય–જૂથ'ના અહેવાલમાં નીચે મુજબ જણાવવામાં આવ્યાં છે –

(અ) ખેતી, બાગાયત, પશુપાલન, વનપ્રવૃત્તિ, કુટિર ઉદ્યોગ, ગ્રામ ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ વગેરે ક્ષેત્રે ઉત્પાદકતા વધારવી. જેથી આદિવાસી પેટા યોજના વિસ્તારમાં કુટુંબોની નક્કી કરેલી લક્ષ્ય સંખ્યા (ધારો કે ૫૦ ટકા) ગરીબીની રેખા ઓળંગી ઉપર આવવા શક્તિમાન બને તેવી એક સુધારાત્મક અસર તેમની આર્થિક સ્થિતિમાં સર્જાય. ગરીબી ઘટાડાના આયોજનના એકમ તરીકે પરિવારને લઈએ તો અતિ ગરીબ અને સામાન્ય ગરીબ પરિવાર આર્થિક પ્રગતિ સૂચક માપનમાં કંઈક સધ્ધરતા દર્શાવતા થવા જોઈએ.

(બ) ઉપર (અ)માં દર્શાવ્યા મુજબ કેન્દ્રીય આર્થિક ક્ષેત્રમાંના પ્રયત્ન ઉપરાંત શિક્ષણ પણ ચાવીરૂપ ક્ષેત્ર બની રહેવું જોઈએ.

(ક) ઉપરોક્ત (અ) અને (બ) ધ્યેયોની સિદ્ધિ પ્રબળ રીતે યથાર્થ પાયાગત સંરચના (Infrastructure) પર આધારિત છે અને તેવી પાયાગત સંરચના સર્જવા માટે તેને અનુરૂપ સપ્રમાણ આર્થિક અને ભૌતિક પ્રયાસો થવા જોઈએ.

(ડ) ઉપરોક્ત ત્રણ ધ્યેયોની સાથે જ, અને કદાચ તેથી પણ વધુ ચીવટ તથા ખંતભર્યો પ્રયાસ સૌથી વધુ ભૂમિ વિમુખતા, નાણાં ધિરાણ, દેવાં સાટે બંધનો, વેપાર, આબકારી જકાત, જંગલ વપરાશ વગેરે ક્ષેત્રે આદિવાસીઓનું થતું શોષણ દૂર કરવા માટે જરૂરી છે.

સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન 'અનુસૂચિત જનજાતિઓનો વિકાસ' વિષય પરના કાર્ય–જૂથ(ડિસેમ્બર ૧૯૮૪)ના અહેવાલમાં આ હેતુઓને વિસ્તારપૂર્વક રજૂ કરવામાં આવ્યા હતા તથા અગાઉની યોજનાઓના ગાળામાં નીતિઓ અને તેમાં રહી ગયેલી ખામીઓ દૂર કરવા માટે આ કાર્ય–જૂથ દ્વારા અગિયાર અગત્યનાં પાસાં ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વિકાસની નવી વ્યૂહરચનાની અન્ય એક સારી સમીક્ષા શ્રી બી. શિવરામનની અધ્યક્ષતાવાળી પછાત વિસ્તારોના વિકાસ અંગેની રાષ્ટ્રીય સમિતિના 'આદિવાસી

વિસ્તારોના વિકાસ'ના અહેવાલ(જૂન ૧૯૮૧)માં જોવા મળી શકે છે.

અધિકૃત સંસ્થાઓ તેમ જ સ્વતંત્ર સંશોધન સંસ્થાઓ દ્વારા નિદર્શ સ્વરૂપના મૂલ્યાંકન કરતા સંખ્યાબંધ અભ્યાસો કરવામાં આવ્યા છે. તેમાં તારવવામાં આવ્યું છે કે, અલબત્ત છઠ્ઠી યોજનાનું લક્ષ્યાંક ગરીબીની રેખાની નીચે જીવતાં આદિવાસી કુટુંબોના ૫૦ ટકા કુટુંબોને ગરીબી રેખાથી ઉપર જીવવા શક્તિમાન બનાવવાનું હતું, પરંતુ આ યોજનાના ગાળા દરમિયાન તેમાંથી ભાગ્યે જ ૧૫ ટકા પરિવારોને સહાય કરીને ગરીબી રેખા પાર કરવા શક્તિમાન બનાવી શકાયા હતા. વાસ્તવમાં તો, કોઈ રાજ્ય ગરીબી રેખા પાર કરી હોય તેવા પરિવારોની ચોક્કસ સંખ્યા નિશ્ચયાત્મક રીતે આપી શકવાની સ્થિતિમાં નહોતું. રાજ્ય સરકારોએ સહાય કરેલ કુટુંબોની કુલ સંખ્યા જ માત્ર દર્શાવી હતી. વળી, ઘણી વાર તો જુદા જુદા કાર્યક્રમો હેઠળ સહાય કરી હોય તેવા એનાં એ જ કુટુંબોની સંખ્યા એકથી વધુ વાર ગણાવાઈ હતી. ઘણાં રાજ્યોમાં આ યોજનાના ગાળા દરમિયાન સહાય પહોંચાડેલા પરિવારોની સંખ્યા લક્ષ્યાંક કરતાં વધી હતી, પરંતુ તેથી તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થવાની દ્રષ્ટિએ જોતાં પરિણામ નિરાશાજનક હતું. લાભ પામેલાઓનો મોટો ભાગ 'સંકલિત ગ્રામ્ય વિકાસ યોજના' (IRDP– Integrated Rural Development Programme) અને અન્ય ગરીબી નિવારક કાર્યક્રમો હેઠળ આવરી લેવાયો હતો. આ કાર્યક્રમોના અમલમાંની વિવિધ મૂલ્યાંકન અભ્યાસો દ્વારા સૂચવાઈ ગયેલી ખામીઓ એટલી બધી જાણીતી છે કે તેનું પુનરાવર્તન અહીં જરૂર નથી.

સંસાધનો (ભંડોળ) એકત્રિત કરવા અને સંકલિત આદિવાસી વિકાસ યોજનાઓ(IRDPs)ની વ્યૂહરચનામાં એક રેખીય વહીવટ એ બે આદિવાસી પેટા યોજનાના પાયાના ઘટકો છે, પરંતુ આદિવાસી પેટા યોજનાવાળાં બધાં રાજ્યોએ હજી પણ તેમનો (આ બે ઘટકોનો) અમલ કર્યો નથી. દરેક વિકાસ–વિભાગના અંદાજપત્રમાં અલગ ગૌણ ખાતા હેઠળ થોડી જોગવાઈ કરવા માત્રથી ધ્યેયપૂર્તિની કોઈ ખાતરી મળતી નથી. આ બાબતે આંધ્રપ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોની સ્થિતિ વધુ સારી છે. તેમણે આદિવાસી પેટા યોજના માટે બજેટમાં એક જ માંગ–ક્રમાંક (demand number) રાખવાનું અપનાવ્યું છે. તેવી જ રીતે, એક રેખીય વહીવટ તો માત્ર આંધ્રપ્રદેશે જે પૂરી ગંભીરતાપૂર્વક દાખલ કર્યો છે અને તે પણ કેવળ ૧૯૮૬-૮૭થી જ.

કેટલાંક રાજ્યો હજી પણ કોઈ વાસ્તવિક/વહેવારુ આયોજન કરતાં નથી. તેઓ વિવિધ વિભાગના કાર્યક્રમો માટે ભંડોળના રાષ્ટ્રીય અંદાજ ઉપર આધાર રાખે છે. તા. ૬ જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ આદિવાસી વિકાસ અંગે રાજ્યના મંત્રીઓની એક પરિષદ યોજવામાં આવી હતી. તે પ્રસંગે કલ્યાણ–મંત્રાલય દ્વારા કબૂલ કરવામાં આવ્યું હતું કે, સંકલિત આદિવાસી વિકાસ યોજનાઓનો ક્રિયાન્વિત એકમો તરીકેનો હેતુ બર આવ્યો નથી, કારણ કે, તેમનો આયોજનના પાયાના એકમ સ્વરૂપે સ્વીકાર કરવામાં આવ્યો નથી. રાજ્યોએ સંકલિત આદિવાસી યોજનાવાર (ITDP–wise) યોજનાઓ તૈયાર કરવી જોઈએ. એટલા માટે કે, આદિવાસી પેટા યોજનાવાળું રાજ્ય બનવા સાથે તે અવિભાજ્ય રીતે જોડાયેલી બાબત છે. આદિવાસી વિસ્તારોને લગતા સર્વેક્ષણ અભ્યાસો દ્વારા નોંધાયેલી સામાજિક માહિતી પણ હવે તો મોટા ભાગનાં રાજ્યોની આદિવાસી સંશોધન સંસ્થાઓમાં ઉપલબ્ધ છે. વળી, તેમાંની કુટુંબો, ગામડાં, ઘટકો (blocks) સુસંકલિત આદિવાસી વિકાસ યોજનાઓ (ITDPs) વગેરે સંબંધી કેટલીક માહિતી તો કૉમ્પ્યૂટરબદ્ધ પણ કરવામાં આવી હોય છે. સંકલિત

આદિવાસી વિકાસ યોજના ઘડવામાં સંસદસભ્ય અને વિધાનસભાના સભ્ય સહિત સ્થાનિક આદિવાસી પ્રતિનિધિઓને પણ સામેલ કરવા જોઈએ.

## આદિવાસી વિસ્તારોનો વહીવટ –

આદિવાસી વસતિવાળાં લગભગ બધાં રાજ્યોમાં આદિવાસી વિકાસનો હવાલો સંભાળતા એક સચિવ હોય છે. કેટલાંક રાજ્યોમાં તો આદિવાસી વિકાસ કમિશનર પણ હોય છે. વળી સચિવ/કમિશનરની મદદમાં આદિવાસી વિકાસ નિયામક અથવા અધિક કમિશનરો હોય છે. મધ્ય પ્રદેશ રાજ્યમાં કાર્યોનાં વિકેન્દ્રીકરણ તથા યોજના સ્તરે (at the project level) બહેતર સુસંકલન સાધવાની દ્રષ્ટિએ પ્રાદેશિક આદિવાસી વિકાસ સંસ્થાઓ (Regional Tribals Development Agencies) રચવામાં આવી છે.

સુસંકલિત આદિવાસી વિકાસ યોજના(ITDPs)ના વહીવટકર્તાની ભૂમિકા સામાન્ય રીતે સમન્વયકર્તા સંયોજકની ચાલુ રહી છે. તેમ છતાં આ પ્રાયોજના સ્તરે આયોજન થતું નથી. તેમાં વહીવટ વધારે છે અને પ્રજાના પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમ જ લાભાર્થીઓની ભાગીદારી નહિવત્ હોય છે. વળી, નેહરુએ આદિવાસી પંચશીલમાં જણાવ્યું હતું તે મુજબ આદિવાસી સંસ્થાઓ અને રિવાજો મુજબ તો આ વહીવટ બિલકુલ ચાલતો નથી.

## આધુનિક પ્રવાહ – ઓળખ –

સન ૧૯૯૦ સુધી આદિવાસી વિકાસ કાર્યક્રમો જે રીતે ચાલ્યા તેનાથી આદિજાતિઓમાંથી કેટલાક યુવાનોએ શિક્ષણ લીધું. પરંપરાગત વ્યવસાયો અને નોકરીઓમાં આવ્યા તથા શહેરી વિસ્તારોમાં સ્થળાંતરિત થયા. આવો આદિવાસી ભદ્રવર્ગ બિનઆદિવાસીઓના સંદર્ભમાં પોતાને અને પોતાની કારકિર્દીને જોતો થયો. આથી પોતાની આદિજાતિ તરીકેની ઓળખ અને અધિકારોને પ્રસ્થાપિત કરવાની સભાનતા ધરાવતો થયો. બરાબર આ જ સમયે રિયો ડી જાનેરોમાં યોજાયેલ ટકાઉ વિકાસની વિશ્વ પરિષદમાં જગતના આદિવાસીઓ પોતાનો અવાજ રજૂ કરવા આવ્યા. ભારતમાંથી પણ જાગ્રત–યુવાન–શિક્ષિત આદિવાસીઓ આમાં આવ્યા. આના ફળ સ્વરૂપે જગતના આદિવાસીઓનું એક પ્લૅટફૉર્મ ઊભું થયું. હવે આ પ્લૅટફૉર્મ પશ્ચિમ ભારતમાં ‘આદિવાસી એકતા સમિતિ’ રૂપે વિકાસ પામ્યું અને બંધારણ પ્રેરિત પોતાના અધિકારો અને આકાંક્ષાઓ મુજબ આદિવાસી વિકાસ થવો જોઈએ તેવી માંગ ઊઠી. (અશોક ચૌધરી– ૨૦૧૭, ૨૨૧–૬). ભારત સરકારે પણ આ દિશા તરફ કદમ માંડ્યાં અને પંચાયત એક્સ્ટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયાઝ (પેસા) એક્ટ, ફોરેસ્ટ રાઇટ્સ ઍક્ટ તથા જમીન સંપાદન અને પુનર્વસન ધારો (૨૦૧૩) ઘડીને તેના અમલની શરૂઆત કરી છે.

*       *       *

# સંદર્ભસૂચિ


1. Mitchel, Duncan GA : New Dictionary of Sociology, Routledge and Kegan Park, London 1972.
2. Encyclopaedia of Social Sciences (V. XV).
3. Law, Bimanchandra : Some Kshatriya Tribes of Ancient India. (Unpublished Ph.D. Thesis, Calcutta University, 1923)
4. Latham, RG : Enthology of India, Jon Vam Voorst, London, 1859.
5. Ghurye, GS : The Aboriginals – "So called" and Their Future, Gokhale Institute, Pune, 1943.
6. Dube, SC : Tribal Heritage of India. Ethnicity, Indentity and Interaction V.I., Vikas, 1977.
7. Singh, Ramdhari – 'Dinker', "Sanskruti Ke Char Adhyay".
8. Joshi, Vidyut, The Nature of Tribal Problem in Vidyut Joshi (ed.) : Tribal Situation in India : Rawat, 1998.
9. Parikh, R and Shastri, HG(ed.) : "Gujarat no Rajkiya ane Sanskrutik Itihas", (V.III) B.J. Institute, Ahmedabad, 1979.
10. Desai, Haribhai Hathibhai : "Navasari Prant Sarv Seva Sangrah", Baroda State, 1920.
11. Hardiman, David : Custom to Crime – The Politics of Drinking in Colonial South Gujarat in Guha, Romchandra(ed.) Subaltern Studies, Vo.IV, Oxford, 1985.
12. Bavisker, Amita : In the Valley of the River, Oxford, New Delhi, 1995.
13. Joshi, Vidyut : "Ashram Shalao – Ek Adhyayan", Gujarat Samajik Seva Mandal, Ahmedabad, 1980.
14. Dave, Jugatram : "Mari Jivan Katha", Navajivan, Ahmedabad. 1975.
15. Breman, Jan : Patronage and Exploitation, Oxford, London. 1974.
16. Joshi, Vidyut : Submerging Villages – Problems and Prospects, Ajanta, New Delhi, 1997.
17. Sinha, SP: A Special Deals for Tribal in India : A Historical Appraisal. Tribe. (VI–4), March, 1970.

# ૪. ગુજરાતના આદિવાસીઓ
## ૪.૧થી ૪.૨૫ આદિજાતિઓનો પરિચય



ગુજરાતનો આદિવાસી વિસ્તાર ત્રણ જુદા જુદા પર્યાવરણીય વિભાગોને આવરી લે છે. પર્વતો અને મેદાની પ્રદેશ, ખડકાળ ઉચ્ચ પ્રદેશ જેમાં નાના અને છૂટાછવાયા ખનીજો તેમ જ ઉત્તર અક્ષાંશીય અને ભેજવાળાં જંગલોનો પ્રથમ પર્યાવરણીય વિભાગ બને છે. બીજા વિભાગમાં છે ખીણપ્રદેશ તથા નદીઓ અને ઝરણાંઓથી પ્લાવિત બનેલ ફળદ્રુપ ભૂમિનો પ્રદેશ. ત્રીજા પર્યાવરણીય પ્રદેશમાં છે મહાકાય વૃક્ષો, વાંસ અને અન્ય રેસાદાર વનસ્પતિ. ગુજરાતની મોટા ભાગની આદિવાસી વસતિ જંગલોથી ઘેરાયેલા ગુજરાતના દક્ષિણ ભાગમાં વસે છે.

ગુજરાત રાજ્યની સમગ્ર પૂર્વપટ્ટી ઉત્તરથી દક્ષિણ તરફ પસાર થાય છે અને ભારતનાં ત્રણ રાજ્યો – રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદોને સ્પર્શે છે. આ સમગ્ર પ્રદેશ પર્વતીય છે અને તેમાં વિવિધ પરિમાણ ધરાવતાં જંગલો આવેલાં છે. આ આખી પૂર્વપટ્ટી ગુજરાત રાજ્યનો આદિવાસી પટ્ટો છે અને તેમાં સદીઓથી અનેક આદિવાસી સમુદાયો પરંપરાગત રીતે વસેલા છે. ઉત્તરમાં આદિવાસી વિસ્તારનો પડાવ છે અરવલ્લી અને સાપુતારાની ટેકરીઓની હારમાળામાં જ્યારે દક્ષિણ–પૂર્વમાં સહ્યાદ્રિ પર્વતની હારમાળા આવેલી છે. ઉપર દર્શાવેલા બીજા પર્યાવરણીય વિભાગના ખીણ પ્રદેશમાં તેમ જ તે પર્વતીય હારમાળાના ઢોળાવ અને ફળદ્રુપ માટીના ઢાળિયામાં આદિવાસી વસતિનો વસવાટ છૂટોછવાયો છે. ઉત્તર અને મધ્યમાં પૂર્વ–પશ્ચિમની જમીનની પહોળાઈ ખૂબ વિસ્તૃત છે પરંતુ દક્ષિણમાં તે પહોળાઈ ઘણી ઓછી છે. આ પ્રદેશ સહ્યાદ્રિ પર્વતમાળા અને અરબી સમુદ્રની વચ્ચેનો સાંકડો પ્રદેશ છે. જેમ જેમ દક્ષિણ તરફ જાઓ તેમ આ પ્રદેશ વધુ ને વધુ સાંકડો થતો જાય છે.

### આદિવાસી વસતિ :

ગુજરાત રાજ્યમાં ૨૬ આદિવાસી સમુદાયો વસે છે પરંતુ તે પૈકી અડધા કરતાંય વધુ સંખ્યાના સમુદાયોની વસતિ સાવ નજીવી છે. રાજ્યની આદિવાસી વસતિનું વસતિવિષયક રેખાચિત્ર કોષ્ટક નં. ૧માં વધુ સ્પષ્ટતાપૂર્વક દર્શાવ્યું છે :

**કોષ્ટક – ૧**

**ગુજરાતની મુખ્ય આદિવાસી પ્રજા (૨૦૧૧)**

| અ.નં. | અનુસૂચિત જનજાતિનું નામ | કુલ વસતિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ભીલ | ૪૨,૧૫,૬૦૩ | ૪૭.૨૭ |
| ૨. | હળપતિ | ૬,૪૩,૧૨૦ | ૭.૨૧ % |
| ૩. | ધોડિયા | ૬,૩૫,૬૯૫ | ૭.૧૨ % |
| ૪. | ગામીત | ૩,૭૮,૪૪૫ | ૪.૨૪ % |
| ૫. | નાયકા–નાયકડા | ૪,૫૯,૯૦૮ | ૫.૧૫ % |
| ૬. | ચૌધરી | ૩,૦૨,૯૫૮ | ૩.૩૯ % |
| ૭. | રાઠવા | ૬,૪૨,૨૪૮ | ૭.૨૦ % |
| ૮. | ધાણકા | ૨,૮૦,૯૪૯ | ૩.૧૫ % |
| ૯. | કોંકણા | ૩,૬૧,૫૮૭ | ૪.૦૫ % |
| ૧૦. | વારલી | ૩,૨૮,૧૯૪ | ૩.૬૮ % |
| ૧૧. | પટેલિયા | ૧,૧૪,૪૧૪ | ૧.૨૮ % |
| ૧૨. | કણબી | ૬૦,૬૪૬ | ૦.૬૮ % |

*(સ્રોત : ભારતની વસતિગણતરી, ૨૦૧૧)*

ઉપરની આદિજાતિઓને તેમની ભાષાકીય, સાંસ્કૃતિક અને વસતિવિષયક લાક્ષણિકતાના આધાર પર રાજ્યની મુખ્ય આદિવાસી જાતિઓ ગણવામાં આવે છે. અન્ય અગત્યની ગૌણ જાતિઓ કોષ્ટક – ૩માં દર્શાવી છે.

ગૌણ આદિજાતિઓ પણ આદિમજૂથ તરીકે અથવા વિશેષ vulnerable પડકારરૂપ પરિસ્થિતિ ભોગવતી જાતિઓ તરીકે ઓળખાય છે. રાજ્યે ઘડી કાઢેલ સામાજિક, આર્થિક દર્શકોની દ્રષ્ટિએ આ જાતિઓ અન્ય જાતિઓ કરતાં ઘણી પછાત છે. વળી અન્ય આદિવાસી જાતિઓની તુલનામાં આ જાતિઓ દૂરદૂરના પર્વતીય પ્રદેશોમાં વસે છે. આ આદિજાતિ સમુદાયની વિસ્તૃત વિગતો કોષ્ટક – ૨ અને ૩માં દર્શાવવામાં આવી છે :

### કોષ્ટક – ૨
### ગુજરાતની સવિશેષ પડકારરૂપ પરિસ્થિતિમાં જીવતી જાતિઓ (૨૦૧૧)

| અ.નં. | અનુસૂચિત જનજાતિનું નામ | કુલ વસતિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | કોલઘા | ૬૭,૧૧૯ | ૦.૭૫ % |
| ૨. | કોટવાળિયા | ૨૪,૨૪૯ | ૦.૨૭ % |
| ૩. | સિદી | ૮,૬૬૧ | ૦.૦૯ % |
| ૪. | કાથોડી | ૧૩,૬૩૨ | ૦.૧૫ % |
| ૫. | પઢાર | ૩૦,૯૩૨ | ૦.૩૪ % |

*(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)*

### કોષ્ટક – ૩
### અન્ય આદિજાતિ સમૂહો

| અ.નં. | અનુ.જનજાતિનું નામ | કુલ વસતિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | રબારી (નેસ) | ૫૯,૯૯૫ | ૦.૬૭ % |
| ૨. | પારધી (ફણસે, અડવિન,ચિંચેર) | ૩,૪૫૦ | ૦.૦૩ % |
| ૩. | બાવચા, બામચા | ૨,૮૮૯ | ૦.૦૩ % |
| ૪. | ચારણ (નેસ) | ૨,૮૯૦ | ૦.૦૩ % |
| ૫. | ભરવાડ (નેસ) | ૧,૬૭૨ | ૦.૦૧ % |
| ૬. | ગોંડ, રાજગોંડ | ૨,૯૬૫ | ૦.૦૩ % |
| ૭. | પોમલા | ૬૮૭ | ૦.૦૭ % |
| ૮. | બરડા | ૭૪૮ | ૦.૦૮ % |

*(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)*

ગુજરાતની આદિજાતિઓના વિકાસને સંબધ છે ત્યાં સુધી, કેટલીક આદિજાતિઓએ બીજી જાતિઓની તુલનામાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. આમ, વિકાસના હેતુ માટે આપણે મુખ્ય મુખ્ય આદિજાતિઓને લક્ષ્યમાં રાખી છે. વળી, મુખ્ય આદિજાતિ સમૂહોમાં સામાજિક આર્થિક વિકાસની દ્રષ્ટિએ અસમાન સ્થિતિ છે. ધોડિયા, ચૌધરી, પટેલિયા અને ડુંગરી ગરાસિયા (જે ભીલ જાતિનું જ એક પેટાજૂથ છે પરંતુ તેની આગવી ઓળખ પણ છે) જેવી કેટલીક જાતિઓમાં સામાજિક આર્થિક પરિવર્તનની ગતિ એટલી તેજ છે કે તેમની સંસ્કૃતિમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. હકીકતમાં, આ આદિજાતિ સમૂહોમાં એમ લાગે છે કે જાણે તેમનું નિઃઆદિવાસીકરણ થવાની પ્રક્રિયામાં છે. નિઃઆદિવાસીકરણ detribalisation શબ્દ અહીં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં પ્રયોજવામાં આવ્યો છે જેનો સૂચિતાર્થ એ છે કે તેઓએ જાણે આદિવાસી વર્તન ત્યજી દીધું છે અથવા તેનો પરિત્યાગ કરીને જાણે ડાંગના ભીલ જેવી મુખ્ય જાતિનાં પેટાજૂથો કરતાં અલગ જ પ્રકારના વર્તનનાં ધોરણો અપનાવ્યાં છે. કાથોડી, કોલઘા, કોટવાળિયા અને પંચમહાલના નાયકડાઓમાં હજી પ્રાથમિક અવસ્થાનાં લક્ષણો ટકી રહ્યાં છે. રાજ્યની બીજી આદિજાતિઓ મોટે ભાગે આ બે અંતિમ સામાજિક–સાંસ્કૃતિક કક્ષાઓની વચ્ચેની સ્થિતિએ છે. આમ કુદરતી રીતે જ રાજ્યની આદિજાતિઓમાં જે વંશીય અને સાંસ્કૃતિક વૈવિધ્ય છે તે નૃવંશશાસ્ત્રીય

અને વંશીય અભ્યાસો માટે ફળદ્રુપ વાતાવરણ ઉપલબ્ધ કરે છે. સાથે સાથે આદિજાતિ લોકોના જીવનની કક્ષામાં સુધારો લાવવા માટે તે સંશોધનોએ પોતાનાં સંશોધનોનાં પરિણામો ઉપલબ્ધ કરવા માટે એક પ્રબળ પડકાર પેદા કરે છે.

છેલ્લામાં છેલ્લા પ્રાપ્ય આંકડાઓ અનુસાર રાજ્યની આદિવાસી વસતિ ૮૯ લાખ જેટલી છે, જે સમગ્ર રાજ્યની કુલ વસતિના ૧૫ % થાય છે. આ વસતિ મુખ્યત્વે ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીમાં વસેલી છે; અને દેશમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને રાજસ્થાન પછી ગુજરાત પાંચમું એવું રાજ્ય છે જ્યાં આદિજાતિ વસતિ મોટા સમૂહમાં જોવા મળે છે. ગુજરાતના ૩૩ જિલ્લાઓ પૈકી બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આદિજાતિ વસતિનું પ્રમાણ ઠીક ઠીક મોટું છે. આ તમામ જિલ્લાઓની વસતિમાંથી ડાંગ, તાપી, નર્મદા, દાહોદ અને વલસાડમાં અનુક્રમે આદિજાતિ વસતિનું પ્રમાણ ૯૪.૬ %, ૮૪.૨ %, ૮૧.૬ %, ૭૪.૩ % અને ૫૨.૯ % છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણેના સઘન આદિજાતિ વસતિ ધરાવતા ૧૪ જિલ્લાઓ ઉપરાંત જૂનાગઢ, કચ્છ, સુરેન્દ્રનગર, જામનગર અને અમદાવાદ જિલ્લાઓમાં નાના નાના આદિજાતિ સમૂહો વસે છે. પઢાર, રબારી, બરડા જેવી ઉપર જણાવેલી ગૌણ આદિવાસી જાતિઓ આ જિલ્લાઓમાં જોવા મળે છે. આ નાનકડા આદિજાતિ સમુદાયોની વસતિ બહુ નોંધપાત્ર નથી તેમ છતાં સાંસ્કૃતિક રીતે તે સમુદાયો વિશેષ અગત્ય ધરાવે છે કારણ કે આ જિલ્લાઓમાં વસતી આદિજાતિઓ ખૂબ જ રંગીન અને સંગીન વારસો ધરાવે છે. હવે જો કે, જેને આદિમજૂથ કહીએ છીએ તેવા સમુદાયોના વિકાસ માટે સઘન કાર્યક્રમો હાથ ધરાયા છે. આ બધા ઉપરાંત આદિજાતિ વસતિનો એક વિશિષ્ટ પ્રકાર છે જેને સ્થળાંતરિત અથવા છૂટાછવાયા વસતા આદિવાસીઓ કહે છે. તેઓ જેને બિનઆદિવાસી કહી શકાય તેવા સમાજનાં ગામોમાં તે વસતિની સાથે જ વસે છે. અનુસૂચિત વિસ્તારો માટેની યોજના સિવાય આ વસતિના વિકાસ માટે પાંચમી યોજના પછીની વ્યૂહરચનામાં આદિજાતિની સમસ્યાઓને ત્રિસ્તરીય રીતે વિભાજિત કરીને ત્રણ પ્રકારો નક્કી કરાયા છે – (અ) સઘન આદિવાસી વિસ્તારોમાં વસતી આદિજાતિઓ (બ) આદિમજૂથો અને (ક) અન્ય વિસ્તારોમાં છૂટાછવાયા વસતા આદિવાસીઓ.

મુખ્ય આદિજાતિ જૂથોનું સચોટ વિતરણ કરવા માટે સમગ્ર પૂર્વપટ્ટીને ત્રણ વિભાગોમાં વિભાજિત કરવાનું વધુ યોગ્ય બની રહેશે : ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ અને દક્ષિણ વિભાગ. અલબત્ત આ વિભાગો કૃત્રિમ છે. ઉત્તર વિભાગમાં આવશે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો. જેમાં મુખ્યત્વે ભીલ જાતિ કે તેનાં પેટાજૂથોની વસતિ સવિશેષ છે; જેમ કે રાજપૂત ગરાસિયા, ડુંગરી ગરાસિયા અને ભીલ ગરાસિયા આ વિભાગમાં કાથોડી નામના આદિમજાતિના લોકો પણ વસે છે.

મહીસાગર, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાઓ મધ્ય વિભાગમાં આવશે. જ્યાં મુખ્યત્વે ભીલ, પટેલિયા, ધાણકા, નાયકડા અને રાઠવા જાતિના લોકો વસે છે.

દક્ષિણના વિશાળ ત્રીજા વિભાગમાં મુખ્યત્વે ભીલ જાતિનું પેટાજૂથ ગણાતી વસાવા જાતિ, તડવી, હળપતિ, ગામીત, કોંકણા, ધોડિયા, વારલી, ભીલ, નાયકા અને ચૌધરી જાતિના લોકો વસે છે. ઉપરાંત કાથોડી, કોલઘા અને કોટવાળિયા જેવાં આદિમજૂથોની વસતિ પણ આ વિભાગમાં છે. આ વિભાગમાં ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાનો સમાવેશ થશે.

આ ઉપરાંત રાજ્યના સંકલિત આદિવાસી વિકાસ પ્રાયોજના(ITDP) અંતર્ગત કેટલાક એવા તાલુકાઓ છે જ્યાં નોંધપાત્ર આદિજાતિ વસતિ ધરાવતા આદિવાસી સમૂહો વસે છે.

**ઉત્તર વિભાગ :**

નીચેના કોષ્ટક–૪માં ઉપર દર્શાવેલા ૧૪ જિલ્લાઓમાં તાલુકાદીઠ આદિજાતિ વસતિની માહિતી આપવામાં આવી છે. જુદા જુદા આદિજાતિ સમૂહોની તાલુકાદીઠ વસતિ જોતાં નીચેનું ચિત્ર ઊપસે છે :

ગુજરાતની આદિવાસી પટ્ટીના ઉત્તર વિભાગમાં દાંતા, અમીરગઢ, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, ભિલોડા અને મેઘરજ તાલુકા આવેલા છે. અહીં મુખ્યત્વે જંગલ આચ્છાદિત વિસ્તાર આવેલો છે. દાંતા અને વિજયનગર તાલુકાઓમાં અનુક્રમે ૫૯.૨ ટકા અને ૬૮.૪ ટકા જમીન ઉપર જંગલ છે. તે પછી ખેડવાલાયક જે જમીન પ્રાપ્ત થાય છે તેમાં સિંચાઈની નહિવત્ સુવિધા છે. તેથી પાક વરસાદ–આધારિત છે. આથી આ તાલુકાઓના આદિજાતિ લોકોને આજીવિકા મેળવવા ખૂબ પરિશ્રમ કરવો પડે છે. આ પ્રદેશમાં ખેતીલાયક જેટલી જમીન ઉપલબ્ધ છે તેમાં ભાગ્યે જ સિંચાઈની સુવિધા પ્રાપ્ય છે. આમ નહિવત્ જમીન સિંચાઈયુક્ત છે. ઉપરાંત આ વિભાગમાં જમીન હસ્તાંતરણના કિસ્સા પણ જોવા મળે છે. આથી અહીંની આદિજાતિ વસતિની આજીવિકાની સમસ્યા વધારે ઘેરી બને છે.

ગરાસિયા, ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા અને ભીલ જાતિના લોકો આ વિસ્તારમાં વસે છે. રાજસ્થાનમાં ગરાસિયા એક અલગ આદિજાતિ છે અને ગુજરાતમાં તે જાતિને ડુંગરી ગરાસિયા અથવા ભીલ ગરાસિયા તરીકે ઓળખવામાં આવે છે. આ વિભાગમાં સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિનું તે મોટું પેટાજૂથ છે. આ તમામ જાતિઓની નિરાળી અને સમાન સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ છે. તેમનાં કુળ–નામ, પરંપરાગત દેવી–દેવતાઓ, અન્ય સામાજિક, સાંસ્કૃતિક માન્યતાઓ, લોકગીતો, છૂટા–છવાયા વસવાની પદ્ધતિ વગેરેમાં ઘણું સામ્ય છે. બહારની વ્યક્તિને ભાગ્યે જ તેઓમાં જુદાપણું જણાઈ આવે. તેઓ બધા સામાન્યપણે ‘ભીલ’ તરીકે જ ઓળખાય છે. ગરાસિયાની બાબતમાં પણ તેમ જ બન્યું છે.

## કોષ્ટક – ૪

## ગુજરાતમાં જિલ્લા અને તાલુકાદીઠ આદિજાતિની વસતિ (૨૦૧૧)

| અ.નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | તાલુકાનું નામ | તાલુકામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | મુખ્ય આદિવાસી જાતિઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૯.૧૦ | દાંતા | ૫૬.૩૬ | ભીલ ગરાસિયા, |
| | | | અમીરગઢ | ૫૮.૫૩ | રાજપૂત ગરાસિયા |
| | | | ખેડબ્રહ્મા | ૭૫.૩૮ | |
| ૨. | સાબરકાંઠા | ૨૨.૩૨ | વિજયનગર | ૭૮.૪૫ | સોકળા ગરાસિયા |
| | | | પોશીના | નવો તાલુકો | ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા |
| ૩. | અરવલ્લી | – | ભિલોડા | ૫૭.૫૭ | ડુંગરી ગરાસિયા |
| | | | મેઘરજ | ૩૭.૦૩ | ભીલ ગરાસિયા |
| ૪. | મહીસાગર | – | સંતરામપુર | ૮૦.૩૨ | ભીલ, પટેલિયા, નાયકા |
| | | | કડાણા | ૭૮.૨૦ | ભીલ, પટેલિયા |
| ૫. | પંચમહાલ | ૩૦.૧૮ | ઘોઘંબા | ૪૧.૫૧ | ભીલ, પટેલિયા |
| ૬. | દાહોદ | ૭૪.૩૧ | દાહોદ | ૭૭.૩૪ | ભીલ, પટેલિયા |
| | | | ગરબાડા | ૯૪.૮૩ | ભીલ, પટેલિયા |
| | | | ઝાલોદ | ૯૦.૧૩ | ભીલ, પટેલિયા |
| | | | ફતેહપુરા | ૯૩.૪૫ | ભીલ |
| | | | લીમખેડા | ૬૩.૦૭ | ભીલ, પટેલિયા |
| | | | ધાનપુર | ૭૧.૦૭ | ભીલ, રાઠવા, પટેલિયા |
| | | | દેવગઢબારિયા | ૨૦.૦૩ | ભીલ, રાઠવા |
| | | | સંજેલી | નવો તાલુકો | ભીલ |
| ૭. | છોટાઉદેપુર | – | છોટાઉદેપુર | ૮૭.૬૨ | રાઠવા, ધાણકા, નાયકા |
| | | | નસવાડી | ૮૭.૭૨ | તડવી, રાઠવા, નાયકા |
| | | | ક્વાંટ | ૯૩.૫૧ | રાઠવા, નાયકા |
| | | | પાવી–જેતપુર | ૮૩.૩૩ | રાઠવા, નાયકા |
| ૮. | ભરૂચ | ૩૧.૪૭ | ઝઘડિયા | ૭૮.૨૫ | વસાવા, ભીલ |
| | | | વાલિયા | ૫૫.૪૨ | વસાવા ભીલ, ગામીત,ધાણકા |
| ૯. | નર્મદા | ૮૧.૫૫ | તિલકવાડા | ૭૩.૨૯ | – |
| | | | નાંદોદ | ૯૬.૪૧ | વસાવા ભીલ |
| | | | દેડિયાપાડા | ૯૧.૧૯ | વસાવા ભીલ |
| | | | સાગબારા | ૭૭.૦૭ | વસાવા ભીલ, ગામીત, ધાણકા |

| અ.નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | તાલુકાનું નામ | તાલુકામાં આદિજાતિ વસતિની ટકાવારી (૨૦૧૧) | મુખ્ય આદિવાસી જાતિઓ |
|---|---|---|---|---|---|
| ૧૦. | સુરત | ૧૪.૦૯ | માંડવી | ૪૫.૭૦ | હળપતિ, ચૌધરી, વસાવા |
| | | | માંગરોળ | ૪૫.૭૦ | હળપતિ, ચૌધરી, વસાવા |
| | | | બારડોલી | ૪૫.૨૫ | હળપતિ, ચૌધરી, વસાવા |
| | | | મહુવા | ૮૧.૨૧ | હળપતિ, ચૌધરી, વસાવા |
| ૧૧. | તાપી | ૮૪.૧૭ | ઉમરપાડા | ૯૬.૭૩ | વસાવા, હળપતિ |
| | | | સોનગઢ | ૮૪.૯૧ | ગામીત, વસાવા ભીલ,ચૌધરી |
| | | | ઉચ્છલ | ૯૮.૦૫ | વસાવા ભીલ, ગામીત |
| | | | નિઝર | ૮૦.૮૨ | વસાવા ભીલ, ગામીત, ધાણકા |
| | | | વ્યારા | ૮૪.૮૪ | ચૌધરી, ધોડિયા, હળપતિ, ગામીત, કોટવાળિયા |
| | | | વાલોડ | ૭૧.૬૩ | ચૌધરી, ધોડિયા, હળપતિ, ગામીત |
| ૧૨. | નવસારી | ૪૮.૧૦ | ચીખલી | ૭૧.૦૫ | કોંકણા, વારલી, ધોડિયા, નાયકા, કોલઘા |
| | | | વાંસદા | ૯૦.૫૯ | હળપતિ, કોલઘા |
| ૧૩. | વલસાડ | ૫૨.૯૨ | પારડી | ૩૨.૭૫ | ધોડિયા, હળપતિ, નાયકા |
| | | | ઉમરગામ | ૪૬.૬૯ | વારલી, હળપતિ, ધોડિયા |
| | | | ધરમપુર | ૯૧.૯૨ | કોંકણા, વારલી, ધોડિયા, નાયકા, હળપતિ |
| | | | કપરાડા | ૯૬.૨૦ | વારલી, કોંકણા, ધોડિયા, નાયકા, હળપતિ |
| ૧૪. | ડાંગ | ૯૬.૬૪ | આહવા | ૯૬.૬૪ | કુણબી, ભીલ, કોંકણા, વારલી, ગામીત, કાથોડી, કોટવાળિયા સુબીર, કુણબી, ભીલ, કોંકણા,વારલી, ગામીત, કાથોડી, કોટવાળિયા, વઘઈ, કુણબી, ભીલ, કોંકણા, વારલી, ગામીત, કાથોડી, કોટવાળિયા |

*(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)*

જંગલની જમીન વ્યાપક પ્રમાણમાં હોવા છતાં તેમાંથી ઇમારતી લાકડું વિશેષ પ્રમાણમાં પ્રાપ્ય નથી. તે રીતે આ જંગલો સમૃદ્ધ નથી. અગાઉ વિસ્તારના લોકોના આર્થિક જીવન ઉપર જંગલોનો ઘણો પ્રભાવ હતો; પરંતુ આ વિસ્તારમાં બેફામપણે જંગલો ઉપરના આક્રમણથી હવે તેમાં આદિવાસી લોકોના આર્થિક જીવનમાં મહત્ત્વનું પ્રદાન રહ્યું નથી. આને કારણે જ આ વિસ્તારના આદિવાસીઓનું જીવન પામર બન્યું છે. વળી, જંગલો કપાવાને કારણે જ આ વિસ્તારમાં અવારનવાર વરસાદની/પાણીની અછતની પરિસ્થિતિ પેદા થાય છે.

આ વિસ્તારના મોટા ભાગના લોકો ખેતી કરે છે. પરંતુ વિજયનગર, ભિલોડા અને ખેડબ્રહ્મા જેવા થોડા વિસ્તારોને બાદ કરતાં આ પટ્ટાના આદિવાસીઓની ખેતીવાડીની પદ્ધતિ તદ્દન પુરાણી ઢબની રહી છે. તેઓ ખેતીવાડીની સુધારેલી પદ્ધતિથી તદ્દન અજાણ છે; તેમને નવા પ્રકારનાં ખેત–ઓજારો કે સાધનોની, સુધારેલાં બિયારણની, ખાતરના ઉપયોગની માહિતી નથી તેથી હમણાં સુધી તેઓ પરંપરાગત રીતે જ ખેતી કરતા હતા; જ્યાં આવા નવતર પ્રયોગોને કોઈ જ સ્થાન ન હતું. જો કે હવે સરકારના વિકાસ કાર્યક્રમોને કારણે આ લોકો પૈકી થોડાક આગળ પડતા લોકોએ નવી પદ્ધતિ અપનાવી છે; તેમ છતાં સમગ્ર પટ્ટાના મોટા ભાગના લોકો હજી પરંપરાગત પુરાણી ઢબે જ ખેતી કરી રહ્યા છે.

જમીનમાં સિંચાઈ કરવા માટે તેઓ એ જ જરીપુરાણી સારણપ્રથાનો ઉપયોગ કરીને, ઘઉંનો પાક લે છે. પરંતુ આ પદ્ધતિ તો તદ્દન ઢંગધડા વિનાની અને માત્ર વરસાદ આધારિત છે. વળી, અહીં ભરપૂર પાણી વહાવતી નદીઓ, તળાવ કે ભૂગર્ભ જળ ઉપલબ્ધ નથી તેથી જમીન માટે સિંચાઈની યોગ્ય સુવિધા જ પ્રાપ્ય નથી.

આ વિસ્તારમાં મુખ્યત્વે મકાઈ, બાજરી, જુવાર, ઘઉં, તેલીબિયાં, કપાસ અને મગફળીનો પાક લેવાય છે. પરંતુ આ વિસ્તારનો મુખ્ય પાક તો મકાઈ અને જાડું ધાન્ય – કોદરા છે. કપાસનો પાક થાય તો આદિવાસી ખેડૂતોને રોકડ આવક થઈ શકે છે.

આમ આ વિસ્તારના આદિવાસીઓની કૃષિ સંસ્કૃતિનું ચિત્ર તદ્દન નિરાશાજનક ઊપસી આવે છે. ખેતમજૂરીના કામમાં તો હજી હમણાં સુધી ગરીબ આદિવાસીઓને એવું કામ મળતું જેમાં વળતર સાવ નજીવું હતું. રોજી ઉપરાંત અહીં તેમને બીડી પણ મળતી. નજીવા વેતન માટે દિવસના ૯–૧૦ કલાક સખત મહેનત કરવી પડતી. બાંધકામક્ષેત્રે મજૂરી મળવી તો ખૂબ દુર્લભ હતી. આથી આજીવિકા માટે અંતે તો તેમની નજર જંગલ પર જ પડતી જ્યાંથી તેઓ ગૌણ પેદાશ એકત્રિત કરીને વેચી શકતા. આ ઉપરાંત જંગલમાંથી તેમને પોતાના ખોરાક માટેના ખાદ્ય કંદમૂળ પણ મળી શકતાં કે સવેતન મજૂરીકામ પણ મળતું.

આદિવાસી વિસ્તારોના કૃષિ વિકાસ કાર્યક્રમોને નિસબત છે ત્યાં સુધી ઉત્પાદનવૃદ્ધિ અને આવકપ્રાપ્તિ ક્ષેત્રે સારી પ્રગતિ નોંધાઈ છે. આ વનબંધુ કલ્યાણ યોજના તેમ જ અન્ય કૃષિ વિકાસ કાર્યક્રમોને કારણે શક્ય બન્યું છે.

આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિઓની બાબતે, આ વિસ્તારમાં ઘણી મોટી સંખ્યામાં સહકારી મંડળીઓની સ્થાપના થઈ છે અને તેને પરિણામે આદિવાસીઓ ધિરાણ માટે શાહુકારો પર આધાર રાખતા હતા તેમાં ધરખમ ઘટાડો થયો છે. વળી સહકારી ધિરાણનો ઉપયોગ કૃષિ વિકાસ માટે કરવામાં આવતો હોવાથી ખેત–પેદાશમાં પણ સારો સુધારો થયો છે. જો કે, આદિવાસી વિસ્તારો પૂરતું સહકારી પ્રવૃત્તિ અંગેના કાયદા અને નિયમોમાં થોડાક ફેરફાર કરવાનું જરૂરી છે.

શિક્ષણક્ષેત્રે છેલ્લાં થોડાંક વર્ષોમાં આ વિસ્તારમાં શાળાઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે. ભૂતકાળની સરખામણીમાં અત્યારે આદિવાસીઓના સાક્ષરતા દરમાં સારો સુધારો નોંધાયો છે.

## મધ્ય વિભાગ :

મધ્યઝોનમાં મહીસાગર, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાઓના આદિવાસી તાલુકાઓનો સમાવેશ થાય છે. ઉત્તર વિભાગની જેમ આ વિભાગ પણ પર્વતીય અને જંગલોવાળો છે; તેમ છતાં સરખામણીમાં આ વિભાગમાં જંગલ હેઠળની જમીન પ્રમાણમાં ઓછી છે. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કુલ વિસ્તારની ૧૭.૧ ટકા જમીન અને છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાની કુલ જમીન પૈકી ૪૦.૭ ટકા જમીન ખેતી માટે ઉપલબ્ધ છે. સિંચાઈની બાબતમાં પણ પરિસ્થિતિ ઉત્તર વિભાગ જેવી જ છે. અહીં પણ કુલ ખેતીની જમીનમાંથી બહુ ઓછી જમીન ઉપર સિંચાઈની સુવિધા પ્રાપ્ય છે. આખા વિસ્તાર વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે પ્રમાણમાં સમૃદ્ધ જિલ્લાઓમાં રહેલા પછાત વિસ્તારોનો આ વિરલ નમૂનો છે. આ વિભાગમાં મુખ્યત્વે ભીલ, પટેલિયા, ધાણકા, નાયકડા અને રાઠવા નામની આદિવાસી જાતિઓ વસે છે. ભીલ, રાઠવા અને નાયકડા કરતાં ધાણકા અને પટેલિયા પ્રમાણમાં ઠીક ઠીક પ્રગતિશીલ છે. રાઠવા અને નાયકડા મુખ્યત્વે કૃષિ અને શિક્ષણક્ષેત્રે જોવા મળે છે. આમ તો ખેતી માટે સારી એવી જમીન ઉપલબ્ધ હોવા છતાં ઉત્તર વિભાગની સરખામણીમાં વસતિની ઘનતા વધુ છે. ઉદાહરણ તરીકે, છોટાઉદેપુર તાલુકામાં ૫૦ માઈલ દીઠ ૨૭૪ વ્યક્તિઓની વસતિ છે. તો રાજ્યમાં તે સરેરાશ ૫૦ માઈલ દીઠ ૨૯૦ની છે. આ વિભાગમાં ૯૦ ટકા કરતાં વધુ લોકો ગામડાંઓમાં વસે છે. આ વિભાગનું અર્થતંત્ર મોટે ભાગે કૃષિ અને ખેતમજૂરી પર નિર્ભર છે અને ૭૮.૯૭ ટકા લોકો આ પ્રાથમિક ક્ષેત્રમાં કામ કરે છે.

આ વિભાગનો મુખ્ય પાક મકાઈ છે; ઉપરાંત અહીંના આદિવાસીઓ ઓછા પ્રમાણમાં ઘઉં અને ચણા પણ ઉગાડે છે. પૂરતા વરસાદના અભાવે, આ વિસ્તારમાં અછતની પરિસ્થિતિ તો કાયમી ધોરણે રહેલી છે. વળી જમીનની ગુણવત્તા પણ હલકી હોવાથી તેમાં ઘણો ઓછો પાક પેદા થાય છે. વળી જંગલો લગભગ અદ્રશ્ય થઈ ગયાં હોવાથી આ વિભાગના આદિવાસીઓ મુખ્યત્વે વરસાદની ઋતુ પતી ગયા પછી રોજગારીની શોધમાં દૂર–સુદૂરના પ્રદેશમાં જાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર તેમ જ અમદાવાદ, મુંબઈના રેલમાર્ગ ઉપર મોટી સંખ્યામાં આદિવાસી મજૂરો નાનાંમોટાં મરામતનાં કામ કરતા જોવા મળશે. આ સિવાયની રોજગારીની શક્યતાઓ તેમના વિસ્તારોમાં તો નહિવત્ છે.

જો કે છોટાઉદેપુર તાલુકામાં એક ફ્લોરસ્પાર પ્રાયોજના શરૂ કરવામાં આવી છે; જ્યાં દુનિયાના સૌથી વધુ જથ્થા પૈકીનો ફ્લોરસ્પારની ખાણ મળી આવી છે. ત્યાં ખાણકામમાં સ્થાનિક આદિવાસીઓને બિનકુશળ મજૂરીના કામની રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે. ઔદ્યોગિકીકરણની અસરોના અભ્યાસના સંશોધનમાં જોવા મળ્યું છે કે તે પ્રમાણે આદિવાસીઓને તેવી યોજનામાં બિનકુશળ મજૂર તરીકે વેતન મળે છે. જ્યારે મોટા ભાગના ટૅક્નિકલ માણસો બિનઆદિવાસી વિસ્તારોમાંથી નિયુક્ત કરવામાં આવે છે. જેને કારણે આદિવાસી જીવનની સંવાદિતાને ખલેલ પહોંચે છે; આદિવાસીઓમાં કુશળ ઔદ્યોગિક કારીગરોના અભાવને કારણે તેવી પરિસ્થિતિ આ પ્રાયોજનામાં પણ પેદા થઈ છે. નજીકના ભવિષ્યમાં, આ વિસ્તારમાં ઊભા થતા ઉદ્યોગો માટે આવશ્યક એવા કુશળ ઔદ્યોગિક કારીગરોની માનવશક્તિ તૈયાર કરવા માટે અગાઉથી જ વધુ ને વધુ આઈટીઆઈ આ વિસ્તારોમાં સ્થાપવાનું આયોજન થવું જોઈએ.

સરકારે શરૂ કરેલા આદિવાસી વિકાસ કાર્યક્રમોનું સુખદ પરિણામ જોવા મળી રહ્યું છે અને આદિવાસીઓ પોતાના બહેતર ભવિષ્યની પ્રતીક્ષામાં છે. શિક્ષણક્ષેત્રે અગાઉનાં વરસોની સરખામણીમાં ખૂબ જ સારી પ્રગતિ નોંધાઈ છે.

## દક્ષિણ વિભાગ :

દક્ષિણ વિભાગમાં નર્મદા–તાપી વચ્ચેનો સાત જિલ્લામાં પથરાયેલો આદિવાસી પ્રદેશ આવે છે. આ સાત જિલ્લા છે ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ. આ પૈકીના પ્રથમ ત્રણ જિલ્લાનો પૂર્વ ભાગ મહારાષ્ટ્રની સરહદની સાથે સીમાંકન ધરાવે છે અને સાતપુડા અને સહ્યાદ્રિની ગિરિમાળાઓને કારણે સાંકડો બનતો જાય છે. આ સમગ્ર પ્રદેશ દક્ષિણ ગુજરાતની જંગલ અને પર્વતીય પટ્ટી છે. દક્ષિણ ગુજરાતનો આ પૂર્વપ્રદેશ, લહેરાતા ભૂપૃષ્ઠનો બનેલો છે. જ્યાંથી અનેક નદીઓ પસાર થઈ પૂર્વના મેદાની પ્રદેશ તરફ વહે છે. ખીણ પ્રદેશ અને નીચાણવાળા વિસ્તારોમાં મોટે ભાગે જમીન કાળી અને રસાળ છે, પરંતુ ઢોળાવોમાં અને ઉચ્ચ પ્રદેશોમાં તે લાલ રંગની જણાય છે. ૨૦થી ૨૫ ટકા જમીન સિંચાઈયુક્ત છે. તો બાકીની જમીન ઉપર યા તો જંગલો આવેલાં છે અથવા તે ખેતી માટે યોગ્ય નથી. અગાઉની સંખ્યામાં આ વિસ્તારના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલ આધારિત હતી. જંગલની જમીન પર તેઓ વનસ્પતિને સળગાવીને અથવા ઉખેડી નાખીને ખેતી કરી શકતા અને તે જ તેમની આજીવિકાનો મુખ્ય આધાર હતો. હવે તો આદિવાસીઓ ઠરીઠામ થઈને ખેતી કરતા થયા છે તેમ છતાં ફરતી ખેતીનાં તત્ત્વો હજી પણ એ ભૂમિ પર સચવાયેલાં છે. જ્યાં ખેડવાલાયક જમીન પરનાં વનસ્પતિનાં પાંદડાંને અને ડાળીઓને સળગાવી દેવામાં આવે છે અને તેવી ભૂમિ પર ખેડ કરવામાં આવે છે.

આ પ્રદેશના લોકોનું જીવનચક્ર તપાસીએ તો જૂનના મધ્ય ભાગમાં વરસાદ પડે ત્યારથી જાન્યુઆરી સુધીમાં ચોમાસુ પાક તૈયાર થાય ત્યાં સુધી તેઓ સંપૂર્ણ કાર્યરત રહે છે અને બાકીના સમયગાળામાં તેમની પાસે કંઈ જ કામ નહીં હોવાથી તેઓ જંગલની ગૌણ પેદાશ એકત્રિત કરવાનો ઉદ્યમ કરે છે.

આમ, ફેબ્રુઆરીથી મે સુધી તેમની પાસે ખેતીવાડીને લગતી કોઈ જ પ્રવૃત્તિ હોતી નથી. તે દિવસોમાં ઉપર કહ્યું તેવી ગૌણ જંગલપેદાશો એકત્ર કરવામાં કે જંગલમાં લાકડાં કાપવાની મજૂરી કરવા અથવા દૈનિક ધોરણે મજૂરી કરવા જાય છે. આ શ્રમશક્તિને રોજગારી પૂરી પાડી શકે તેવું કોઈ વ્યવસ્થિત તંત્ર નથી તેથી આ સમયગાળામાં તેમને ચૂકવાતા વેતન દરો નોંધપાત્ર રીતે નીચા ઊતરી જાય છે કારણ કે મોટા પ્રમાણમાં માનવશક્તિ ઉપલબ્ધ હોય છે.

ઉપર જણાવ્યું તેમ ખાદ્યખોરાકીના પાક લેવાનું વલણ ઘનિષ્ઠ બનતું જાય છે. નાગલી, જુવાર અને ડાંગર અહીંના મુખ્ય પાક છે. આ ઉપરાંત કેટલાંક જાડાં ધાન્ય વરાઈ, બંટી, સામો, કોદરા પણ ઉગાડાય છે. આ વિસ્તારના લોકો પોતાના નિત્યના ખોરાકના ઉપયોગ માટે અનિવાર્યપણે આ પાક ઉગાડે છે. આદિવાસીઓ રવીપાક પણ ઉતારતા થયા છે. સરકારી કાર્યક્રમો અંતર્ગત સહાય મેળવીને મોટી સંખ્યામાં કૂવા અને જળાશયો બનાવાયાં છે. જેનાથી આ વિસ્તારમાં સિંચાઈ થાય છે. તાજેતરનાં વર્ષોમાં ખેડૂતો કાજુ અને કેરી મોટા પ્રમાણમાં પકવે છે. આનાથી તેમની આવકમાં સંગીન ઉમેરો થયો છે.

વિકાસના કાર્યક્રમોનું ધ્યેય ફરતી ખેતીમાંથી સ્થાયી ખેતીના સ્વરૂપમાં લાવવાનું અને પરિણામે ખેતીની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવાનું રહ્યું છે. તેથી, કૃષિ વિસ્તરણ અને પશુપાલનના કાર્યક્રમો ઉપર વધુ ઝોક મૂકવામાં આવ્યો છે. હજી જો કે તેને પૂરતો પ્રતિભાવ સાંપડ્યો નથી. તેથી જ ખાસ કરીને આદિવાસી વિસ્તારના ગ્રામીણ પ્રદેશનું ચિત્ર ખાસ બદલાયું નથી. છેલ્લાં દસ વરસમાં અલબત્ત જંગલો ક્ષીણ થયાં છે પણ તે સિવાયનું વિશેષ પરિવર્તન જોવા મળતું નથી. વિકાસની પ્રવૃત્તિના પ્રતીક રૂપે નવાં મકાનો, નવાં પશુ-દવાખાનાં, નવી હૉસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, સહકારી વખારો અને ગોડાઉન

વગેરે બનેલાં જોવા મળે છે, પરંતુ આદિવાસીઓના આર્થિક ચિત્રમાં મોટા ગજાના ફેરફાર જોવા મળતા નથી. લગભગ એવી છાપ ઊભી થાય છે કે વિકાસ પ્રવૃત્તિનાં નાણાં વિવિધ પ્રવૃત્તિઓનાં મકાનોના બાંધકામ પાછળ કે સાધનસામગ્રીની ખરીદી પાછળ વપરાયાં છે, પરંતુ આદિવાસીઓને સીધેસીધો ફાયદો પહોંચે તે પ્રકારે પ્રયાસો બહુવિધ પ્રકારે હાથ ધરાયા નથી. સરકારે દરેક ગામમાં શિક્ષણની સુવિધા વિકસાવી છે. દરેક ગામમાં પ્રાથમિક શાળા અસ્તિત્વ ધરાવે છે. તેથી ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે આ વિસ્તારનો સાક્ષરતા દર વધીને ૬૯.૦૧ ટકા જેટલો ઊંચો આવ્યો છે.

### આજીવિકાની ઢબ :

ભારતનાં અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ આદિવાસી પટ્ટામાં આદિવાસીઓ પોતાની આગવી બોલીનો ઉપયોગ કરે છે. ભારતના બંધારણની કલમ ૩૫૦ની જોગવાઈ છતાં તેમ જ કેન્દ્રીય શિક્ષણ બોર્ડે ૧૯૪૯ના વર્ષમાં પસાર કરેલા ઠરાવ છતાં, ભારતનાં અન્ય રાજ્યોની જેમ ગુજરાત રાજ્યમાં પણ લાખો આદિવાસી બાળકોને તેઓ જે બોલે–સમજે છે તે માતૃભાષામાં શિક્ષણ આપવામાંથી તેમને વંચિત રખાયાં છે. એટલે કે આદિવાસી બોલીઓમાં ન તો પાઠ્યપુસ્તકો તૈયાર કરાયાં છે કે ન આદિવાસી બોલી બોલતા શિક્ષકોની સેવાઓ ઉપલબ્ધ કરાઈ છે. આદિવાસીઓમાં જેમ જેમ શિક્ષણ વિસ્તરતું જાય છે તેમ તેમ હવે આદિવાસી બોલી બોલતા અને જાણતા ખુદ આદિવાસી શિક્ષકોની કમી છે.

સહકારી ચળવળના ક્ષેત્રે એમ જણાય છે કે આ વિસ્તારના લોકોના આર્થિક જીવનને તેનો હજી સ્પર્શ સરખો થયો નથી. અલબત્ત જંગલ સહકારી મંડળીઓ તો બિલાડીના ટોપની જેમ વિસ્તરી છે પરંતુ તેના વાસ્તવિક લાભ મેદાની વિસ્તારોના આદિવાસીઓને જ મળ્યા છે; અને આ પર્વતીય પ્રદેશના આદિવાસીઓને તેવી જંગમ સહકારી મંડળીઓનો લાભ પહોંચ્યો નથી. એ જણાવવું પ્રસંગોચિત છે કે જંગલ સહકારી મંડળીઓ તેમ જ અન્ય સહકારી મંડળીઓમાં આદિવાસીઓને સભ્ય બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા નથી. આ સહકારી મંડળીઓ, આદિવાસી સમુદાયોમાં, ખુદ આદિવાસીઓમાંથી જ આગળ આવેલા નાનકડા સમુદાયના લોકોને પોતાના જ ભાંડુઓનું શોષણ કરવાની તાલીમ આપવામાં આડકતરી રીતે નિમિત્ત બની છે. તાજેતરના આ વિસ્તારોમાં દૂધ સહકારી મંડળીઓ પણ બની છે અને આદિવાસીઓને આ દૂધ સહકારી મંડળીઓથી ઘણો લાભ પહોંચ્યો છે.

**કોષ્ટક – ૫**

**વ્યવસાયદીઠ ગુજરાતના આદિવાસી કામદારો**

| ઔદ્યોગિક વર્ગીકરણ | આદિવાસી કામદારોની ટકાવારી | | | | | |
|---|---|---|---|---|---|---|
| | **૧૯૬૧** | **૧૯૭૧** | **૧૯૮૧** | **૧૯૯૧** | **૨૦૦૧** | **૨૦૧૧** |
| ખેડૂત તરીકે | ૫૯.૧૪ | ૪૮.૩૪ | ૪૫.૯૪ | ૪૫.૭૦ | ૪૧.૮૮ | ૩૪.૨૩ |
| ખેતમજૂર તરીકે | ૩૧.૦૯ | ૪૨.૩૩ | ૪૦.૧૦ | ૩૯.૧૬ | ૩૬.૦૪ | ૪૪.૭૪ |
| ગૃહઉદ્યોગ ક્ષેત્રે | ૧.૫૭ | ૨.૩૩ | ૦.૮૩ | ૧.૭૭ | ૨.૦૦ | ૦.૭૦ |
| ઉત્પાદન સેવા, મરામત અને અન્ય ક્ષેત્રે* | ૮.૨૦ | ૭.૦૦ | ૧૩.૧૩ | ૧૩.૭૭ | ૨૦.૦૮ | ૨૦.૩૩ |
| **કુલ** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** |

* અન્યમાં સંદેશા અને વાહનવ્યવહાર, વ્યાપાર વ્યવસાય, બાંધકામ, નોકરી, ખાણકામ વગેરેનો સમાવેશ થાય છે.

*(સ્રોત : વસતિગણતરી (વસતિગણતરી સંબંધિત વર્ષો ૧૯૬૧,૧૯૭૧, ૧૯૮૧, ૧૯૯૧, ૨૦૦૧, ૨૦૧૧) ભારત સરકાર)*

રાજ્યના મોટા ભાગના આદિવાસી લોકો માટે સ્થાયી સૂકી ખેતી અન્ન ઉત્પાદનની પ્રાથમિક પદ્ધતિ જ રહી છે. એકત્રિત કરેલી માહિતી જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે રાજ્યના આદિવાસી લોકો માટે ખેતી જ રોજગારીનું મુખ્ય સ્રોત રહ્યું છે. રાજ્યની આદિવાસી વસતિ મુખ્યત્વે ખેડૂત છે અને સાચા અર્થમાં જમીનને વળગીને રહ્યા છે. આદિવાસી અર્થતંત્રમાં આજીવિકાનું મુખ્ય સ્રોત ખેતી હોવાને કારણે જમીન જ અગત્યની છે.

ઉપરના કોષ્ટક પરના આંકડાઓ પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ૧૯૬૧–૭૧થી ૧૯૭૧–૮૧, ૧૯૮૧–૯૧, ૧૯૯૧–૨૦૦૧ અને ૨૦૦૧થી ૨૦૧૧ના પાંચ દસકાઓમાં ખેતીવાડી કરતા આદિવાસી શ્રમિકોનો દર ઘટતાં ઘટતાં ૫૯.૧૪(૧૯૬૧–૭૧)થી ૩૪.૨૩ (૨૦૦૧–૨૦૧૧) સુધી નીચે ઊતર્યો છે. ખેતમજૂરોનો દર જોઈએ તો ૧૯૬૧–૭૧માં ૩૧.૦૯ હતો તે વધતાં વધતાં ૨૦૦૧–૨૦૧૧માં ૪૪.૭૪ સુધી પહોંચ્યો છે. આ ફેરફારો જો કે કૃષિક્ષેત્રની અંદર જ નોંધાયા છે. વળી, ૧૯૬૧થી ૧૯૭૧ સુધીમાં આ મુખ્ય ઉત્પાદન પર આધાર રાખવાનું શ્રમિકોનું વલણ ખાસ બદલાયું નથી; પરંતુ ૨૦૧૧ની વસતિગણતરીમાં દ્વિતીય અને તૃતીય ક્ષેત્રોમાં શ્રમિકોની ટકાવારી જે ૧૯૭૧માં ૭ ટકા હતી તે વધીને ૨૦૧૧માં ૨૦.૩૩ ટકા સુધી પહોંચી છે. આનો અર્થ એમ કહી શકાય કે આદિવાસી વિકાસ માટે આદિજાતિ પેટા યોજના અંતર્ગત જે વિકાસ કાર્યક્રમો હાથ ધરાયા તેને કારણે આદિજાતિ સમુદાયના લોકો આજીવિકાના પ્રથમ ક્ષેત્રમાંથી દ્વિતીય અને તૃતીય ક્ષેત્રોમાં ગતિ કરી શક્યા. આદિવાસી વિસ્તારોમાં ખેતીના વિકાસની મૂળભૂત મર્યાદાઓ રહેલી છે તે ધ્યાનમાં લેતાં આ વલણ ઘણું પ્રશંસનીય છે.

તેમ છતાં સમગ્રપણે જે ચિત્ર ઊપસે છે તે નીચી આવક ધરાવતા લોકોનું છે જેમાં મોટા ભાગના સમુદાયના લોકો તો આજે પણ આજીવિકા માટે માત્ર ને માત્ર ખેતી/ખેતમજૂરી પર જ નિર્ભર છે. દ્વિતીય અને તૃતીય ક્ષેત્રોમાં ઓછા પ્રમાણમાં તેમની ભાગીદારીને કારણે તથા ખેતીવાડીના પ્રથમ/મુખ્ય ક્ષેત્રમાં વિસ્તરણના વ્યાપની મૂળભૂત મર્યાદાને કારણે રાજ્યના મોટા ભાગના આદિવાસી લોકો જેને આપણે પરંપરાગત અને પછાત ક્ષેત્ર તરીકે ઓળખીએ છીએ તે અર્થશાસ્ત્રના પરિઘમાં આવે છે. અલબત્ત, કેટલાક આદિજાતિ સમુદાયો જેવા કે દક્ષિણ ગુજરાતના ધોડિયા કે ચૌધરી અને દાહોદ જિલ્લાના પટેલિયા સમુદાયો આમાં અપવાદરૂપ ગણાય. પરંતુ મોટા ભાગના આદિજાતિ લોકો તો હજી પણ અવિકસિત રહ્યા છે અને જોખમી આર્થિક અસ્તિત્વમાં જીવી રહ્યા છે. એકંદરે કુલ આદિવાસી પરિવારો પૈકી ૨૮.૦૫ ટકા ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે. જો કે વાસ્તવિક ગરીબી રેખા તો ઘણી ઊંચી છે. કારણ કે જીવનધોરણની ચીજવસ્તુઓના ભાવો સતત ઊંચા જતા જાય છે. પ્રો. દાંતવાલાના કથન અનુસાર (ગરીબીનિવારણ અને બેરોજગારી નાબૂદીના) ધ્યેયની પ્રાપ્તિમાં મળેલી સફળતા નિરાશાપ્રેરક બની રહી છે તે જ રીતે, વ્યાસ કહે છે તેમ, દાયકાઓના આયોજન છતાં, આ બાબતમાં કોઈ નોંધપાત્ર સિદ્ધિ જોવા મળતી નથી.

આ પરિસ્થિતિની અંદર પ્રાથમિક ક્ષેત્ર એટલે કે ખેતીવાડી અને તેને આનુષંગિક પ્રવૃત્તિઓના તેમ જ દ્વિતીય અને તૃતીય ક્ષેત્રના વિકાસ માટે બાહ્ય મદદની ઘણી અગત્યતા રહેલી છે. આદિવાસીઓના આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમો માટેની સહકારી સંસ્થાઓએ બે પ્રકારની ભૂમિકા ભજવવાની છે. આ ઉપરાંત તેઓએ ઉક્ત પ્રાથમિક ક્ષેત્રની સંભવિત ક્ષમતાનો મહત્તમ વિકાસ હાંસલ કરવા માટે તેમ જ તેને વધુ ઉત્પાદક બનાવવા માટે તેટલી જ અગત્યની ભૂમિકા ભજવવાની છે. ગુજરાતમાં આદિજાતિઓનું પરંપરાગત આર્થિક માળખું હોવાથી સહકારી ક્ષેત્રની કે બિનસહકારી ક્ષેત્રની બાહ્ય વિકાસ સંસ્થાઓ માટે વાસ્તવિક રીતે ખાસ કોઈ કામગીરી રહેતી નથી. તેઓએ માત્ર વધુ ને વધુ વળતર પ્રાપ્ત થાય તે માટેની ઉદ્દીપક તરીકેની જ ભૂમિકા ભજવવાની રહે છે.

વળી, આદિવાસીઓના વ્યવસાયની તરાહમાં વૈવિધ્ય લાવવાની બાબત પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જેથી વધુ ને વધુ આદિવાસીઓ કૃષિક્ષેત્રને છોડીને દ્વિતીય અને તૃતીય વ્યાવસાયિક ક્ષેત્રો તરફ ગતિ કરે. પરંતુ જ્યારે આદિવાસીઓ દ્વિતીય કે તૃતીય ક્ષેત્રના વ્યવસાયો તરફ વળે છે ત્યારે તેમની પહોંચ વધુમાં વધુ શિક્ષક/નર્સ કે અસંગઠિત દૈનિક રોજગાર મેળવતા શ્રમિક સુધીની રહે છે. આથી તેમના વ્યાવસાયિક આધારમાં વૈવિધ્ય લાવવા માટે તાકીદે અને સત્વરે પ્રયાસો કરવા જરૂરી છે.

પરંતુ અમુક આદિવાસી સમુદાયોને બાદ કરતાં જુદા જુદા આદિવાસી સમુદાયોમાં સાક્ષરતાની નીચી કક્ષાને કારણે તેમનામાં વ્યાવસાયિક વૈવિધ્ય લાવવામાં ભારે અવરોધ રહેલો છે. આદિજાતિ સમુદાયો પૈકી ધોડિયાનો સાક્ષરતા દર સૌથી ઊંચો છે (૨૦૧૧ની વસતિગણતરી મુજબ ૮૩.૬૭ ટકા). વળી આ એક આદિજાતિ સમુદાય એવો છે કે જેમાં ખૂબ ઝડપથી આપણે નવા ઉદ્યોગ સાહસિકો ઊભરતા જોઈ શકીએ. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે ૭૨.૯૩ % સાક્ષરતા દર ધરાવતા ચૌધરી અને ધોડિયા જાતિના લોકો દ્વિતીય અને તૃતીય વ્યાવસાયિક ક્ષેત્રોમાં કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ ગુજરાતની મોટા ભાગની આદિવાસી વસતિ માટે તેમની નિરક્ષરતા જ તેમની વ્યાવસાયિક તરાહમાં વૈવિધ્ય લાવવા માટે અવરોધરૂપ બની રહેલ છે.

આદિજાતિ પેટા યોજનાની એક વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે તેમાં જે તે વિસ્તારની વિશિષ્ટ જરૂરિયાતો અનુસારના કાર્યક્રમો ઘડવામાં આવે છે અને તેનો ઉદ્દેશ તે વિસ્તારની આદિવાસી વસતિના લોકોની જીવનકક્ષામાં દસ વરસની અંદર નોંધપાત્ર સુધારો લાવવાનો હોય છે. આ ઉદ્દેશો ધ્યાનમાં રાખીને બીજી અને ત્રીજી આદિજાતિ પેટા યોજનાઓના વિકાસ પ્રયાસોની સમીક્ષા હાથ ધરાતાં તેમાં હજી પણ જે તે વિસ્તારના આદિજાતિ લોકોના વિકાસની લાંબા ગાળાની વ્યૂહરચનાનો સ્પષ્ટ દ્રષ્ટિકોણ ઊપસી આવ્યો જણાતો નથી. ઉદાહરણ તરીકે એમ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે કેટલાક વિસ્તારોમાં આદિજાતિઓનું અર્થતંત્ર માત્ર જંગલ આધારિત હતું. આદિવાસીઓની જીવનમાં જંગલની આવી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત દર્શાવી હોવા છતાં આદિવાસી વિસ્તારોમાં જંગલ સંબંધિત નીતિ અને વ્યવસ્થાપનનો વિષય ગંભીર ચર્ચા માગી લેતો મુખ્ય નિસબતનો વિષય રહ્યો છે.

જો કે જંગલ સંબંધિત નીતિમાં સ્થાનિક જરૂરિયાતોનો ઉલ્લેખ જરૂર કરવામાં આવ્યો છે. પરંતુ સરકારની રોકાણનીતિ વ્યાપક સમુદાયના અર્થતંત્રની વિચિત્ર જરૂરિયાતોને અનુરૂપ રહી છે. વનીકરણના કાર્યક્રમોમાં જે રોકાણ કરવામાં આવી રહ્યું છે તેની પાછળ હંમેશાં વ્યાપારી દ્રષ્ટિકોણ રહેલો જણાઈ આવે છે અને આદિવાસીઓના અર્થતંત્રના વિકાસની જરૂરિયાતોને પાછળ ધકેલી દેવામાં આવી છે. આદિવાસીઓના અર્થતંત્રને પોષક એવા વન–આધારિત કાર્યક્રમોના આયોજન સંબંધે ભૌતિક કક્ષાએ સર્વસંમતિ પ્રવર્તતી હોવા છતાં, આ દિશામાં કોઈ નક્કર સંગીન પ્રયાસો હાથ ધરાયા નથી.

## વિકાસનો વહીવટ અને બિનસરકારી સંગઠનો :

ડાંગ, ધરમપુર, વડોદરા, સોનગઢ, સાગબારા, ડેડિયાપાડા, છોટાઉદેપુર, ગોધરા જિલ્લામાં રતનમહાલ જેવા વિસ્તારોમાં આદિજાતિઓ માટેના કે જંગલના વિકાસના કાર્યક્રમો એકપક્ષીય રીતે હાથ ધરવાનો કોઈ મતલબ નથી. આ બંને કાર્યક્રમો એકબીજાને પુષ્ટ કરે તે પ્રકારે આયોજન કરવું જોઈએ. આ વિસ્તારોમાં જંગલ આધારિત અર્થતંત્રનું આયોજન કરવું જોઈએ. જેમાં કૃષિ અને તેને સંલગ્ન બાબતોને ગૌણ સ્થાન આપવું જોઈએ. ઉપર દર્શાવવામાં આવ્યું છે તે મુજબ આ વિસ્તારોમાં કૃષિ વિકાસ માટેની ગુંજાશ માટે સ્પષ્ટ મર્યાદાઓ રહેલી છે,

કારણ કે જમીન નબળી છે અને જમીન જાણે સમુદ્રના તરંગો જેવી બિનસપાટ છે તેમ જ સિંચાઈની સગવડનો લગભગ સંપૂર્ણ અભાવ છે. આ બધાં કારણોને લીધે, આદિજાતિ વિકાસ તેમ જ જંગલ વિકાસનો સમાવેશ તમામ પરંપરાગત, સઘન કે વ્યાપારી તમામ વનીકરણ યોજનાઓમાં થવો જોઈએ.

આદિવાસીઓ વૃદ્ધિની પ્રક્રિયામાં સમાન ભાગીદાર બની રહે તે માટે તેમને સહાયરૂપ થવા માટે પૂરતા પરિમાણમાં વળતરરૂપ પરિબળો પેદા કરવા માટેના કાર્યક્રમોનો સંપૂર્ણ અભાવ જોવા મળી રહેલ છે. અહીં આપણને ડાંગના ભીલ, ધરમપુર અને ઉમરગાંવ તાલુકાના વારલી, પારડી તાલુકાના નાયક, ગોધરા તાલુકાના નાયકડા વગેરેની કફોડી પરિસ્થિતિની યાદ આવે. જ્યારે આ પ્રદેશની મુલાકાત લેવાનો પ્રસંગ આવે ત્યારે સ્પષ્ટ રીતે પ્રતીતિ થાય કે આ સમુદાયોને આદિવાસી વિકાસની પ્રક્રિયામાં યોગ્ય પ્રમાણમાં ક્યારેય સમાવવામાં આવ્યા નથી. તો પછી, આદિવાસી વિકાસ કાર્યક્રમોનો મહત્તમ લાભ કોણ મેળવે છે ? સ્પષ્ટપણે સમગ્ર આદિજાતિ સમુદાયોમાંથી અમુક જ જાતિઓનો મર્યાદિત સમુદાય જે તેનો મહત્તમ લાભ ઉઠાવી રહેલ છે. આદિજાતિઓમાં જે આગળ વધેલો વર્ગ છે તે જ આદિજાતિ વિકાસ કાર્યક્રમોમાંથી વધુ ને વધુ લાભો મેળવી રહેલ છે. વધુ આઘાતજનક વાત તો એ છે કે કેટલાંક જૂથો અન્ય આદિજાતિ સમૂહોના ભોગે વધુ લાભ મેળવી રહ્યાં છે. એમ કહેવામાં આવે છે કે આદિવાસી વિસ્તારોમાં નિર્માણ પામતા રસ્તાઓ/માર્ગો આદિજાતિ લોકોના આર્થિક વિકાસ માટે છે; પરંતુ હકીકતમાં તો તે રસ્તાઓને કારણે ચીજવસ્તુઓના ઉત્પાદનમાં વધારો થાય છે અને સાધનસંપન્ન અને સુખી આદિવાસી ખેડૂતો તે ઉત્પાદનના વધુ દામ મેળવવા, નિર્માણ પામેલા રસ્તાઓનો ઉપયોગ તે ઉત્પાદનને વેપારનાં મોટાં બજાર કેન્દ્રો તરફ લઈ જવા માટે કરે છે.

**કોષ્ટક – ૬**

**મોટા આદિજાતિ સમુદાયોમાં સાક્ષરતા દર**

| અ.નં. | જાતિનું નામ | ૧૯૬૧થી ૨૦૧૧ સુધીમાં સાક્ષરતા દર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
| ૧. | ભીલ | ૯.૮૦ | ૧૧.૭૩ | ૧૮.૧૮ | ૨૬.૬૯ | ૩૫.૫૯ | ૫૯.૮૦ |
| ૨. | હળપતિ | ૧૧.૬૧ | ૧૩.૭૫ | ૧૭.૯૨ | ૨૬.૯૯ | ૪૦.૭૯ | ૬૫.૪૬ |
| ૩. | ધોડિયા | ૨૩.૯૪ | ૩૧.૧૯ | ૪૪.૯૬ | ૫૭.૧૩ | ૬૭.૦૫ | ૮૩.૬૭ |
| ૪. | ગામીત | ૧૧.૯૩ | ૧૪.૮૬ | ૨૪.૩૯ | ૩૩.૪૭ | ૪૫.૬૩ | ૬૭.૦૭ |
| ૫. | નાયકા–નાયકડા | ૧૦.૭૯ | ૯.૫૫ | ૧૩.૮૫ | ૧૯.૭૯ | ૨૯.૨૮ | ૫૦.૦૫ |
| ૬. | ચૌધરી | ૧૩.૪૩ | ૨૨.૪૦ | ૩૨.૨૪ | ૪૧.૭૧ | ૫૪.૮૯ | ૭૨.૯૩ |
| ૭. | રાઠવા | ૪.૮૧ | ૫.૬૧ | ૧૨.૧૯ | ૨૦.૮૩ | ૩૦.૦૫ | ૫૨.૮૭ |
| ૮. | ધાણકા | ૧૫.૮૩ | ૧૭.૦૫ | ૨૬.૨૦ | ૩૨.૯૮ | ૪૪.૭૧ | ૬૩.૩૫ |
| ૯. | કોંકણા | ૮.૯૨ | ૧૨.૫૬ | ૧૯.૯૪ | ૩૦.૮૩ | ૪૨.૯૮ | ૬૬.૪૮ |
| ૧૦. | વારલી | ૪.૪૩ | ૫.૦૩ | ૯.૮૧ | ૧૫.૯૫ | ૨૫.૩૫ | ૫૨.૭૪ |
| | **ગુજરાત રાજ્ય કુલ** | **૩૦.૪૫** | **૩૫.૭૯** | **૪૩.૭૦** | **૫૧.૧૫** | **૬૯.૦૧** | **૭૮.૦૩** |
| | **અનુ. જનજાતિ કુલ** | **૧૧.૬૯** | **૧૪.૧૨** | **૨૧.૧૪** | **૨૬.૬૭** | **૪૭.૭૪** | **૬૨.૪૮** |

*(સ્રોત : વસતિગણતરી – ૨૦૧૧, ભારત સરકાર)*

વ્યારા, સોનગઢ, વાલોડ (જિ. તાપી), બારડોલી (જિલ્લો સુરત), પારડી અને ઉમરગાંવ (જિલ્લા વલસાડ), વાલિયા, નેત્રંગ (જિલ્લો ભરૂચ) અને ઝાલોદ, દાહોદ, દેવગઢબારિયા (જિ. દાહોદ) જેવા આદિજાતિ વિસ્તારોમાં વેપારીક્ષેત્રો અને નગરોનાં ધમધમતાં બજાર કેન્દ્રો તરફ નજર કરવામાં આવે તો ઉપરના વિધાનને પુષ્ટિ મળે તેવા સમર્થનકારી પુરાવા તરત જ મળી શકશે.

આમ, એક યા બીજી રીતે, વિકાસ કાર્યક્રમોએ આદિજાતિ સમુદાયોમાં વર્ગના સ્તરીકરણને જ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે; અને આપણને સુવિદિત છે કે આદિજાતિ વિકાસ પેટા યોજનાઓનો આ ઉદ્દેશ તો હરગિજ ન હતો. વિકાસના આયોજનની એ વક્રતા છે કે તમામ સંસાધનો અને વિકાસની તકો અમુક સાધનસંપન્ન સમુદાયોના વિકાસ માટે જ વપરાય છે. આમ, આપણે ઠરાવેલા ઉદ્દેશો કરતાં જુદા જ માર્ગે આયોજનનાં સંસાધનો વપરાઈ રહ્યાં છે. ઉપર જણાવેલા વંચિત આદિજાતિ સમુદાયોને જો વિકાસની કૂચમાં પાછળ જ રાખી દેવામાં આવશે અને માત્ર અમુક સમુદાયો જ વિકાસમાં તમામ ફળોનો ઉપભોગ કરશે તો તેમાંથી ગંભીર પરિણામો નીપજી શકે.

અમુક આદિજાતિ વિસ્તારોની અંદર એક તરફ જ્યારે આપણે આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના જોશભર્યા પ્રયાસો કરી રહ્યા છીએ ત્યારે બીજી તરફ તે વિસ્તારોમાં મોસમી સ્થળાંતરની ઘટના આકાર લઈ રહી છે તે હકીકત વિકાસતંત્ર માટે ગંભીર નાલેશી સમાન છે. આદિવાસીઓના આર્થિક વિકાસનો હેતુ જ તેમને તેમના પોતાના સ્થળ પર જ આર્થિક તકો ઉપલબ્ધ કરવાનો છે. તે સંજોગોમાં જો આદિવાસીઓના મોસમી સ્થળાંતરમાં મોટા પાયે ઝડપી વધારો થઈ રહ્યો હોય તે ઘટના સાચી હોય તો તે આ આદિવાસીઓના આર્થિક વિકાસ માટેના આપણા પ્રયાસોનાં દૂરગામી પરિણામો તરફ આપણને ચેતવે છે. તે સંજોગોમાં ગરીબ આદિવાસી સમુદાયોની ગતિશીલતા વધારવા માટે સઘન અને જોશભર્યા પ્રયાસો કરવા પડશે તેમ જ તેમને માટેનો નિશ્ચિત કાર્યક્રમ ઘડી કાઢવો પડશે. પોતાના કાર્યબોજને સરળ બનાવવા માટે, તેનો અમલ કરનારાઓએ એવો ટૂંકો માર્ગ પસંદ કર્યો છે જેમાં તેમણે જે આદિવાસી સમુદાયો વિકસિત થયેલા હતા તેમની ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આથી, હવે તો પ્રશ્ન એ ઊભો થયો છે કે આ વિકાસ કાર્યક્રમોના અમલ કરનારાઓને કેવી રીતે પ્રોત્સાહિત કરી તેમને ગરીબ આદિવાસી સમૂહો જેવા કે ભીલ, વારલી, નાયકડા વગેરેને ગતિશીલ અને પ્રોત્સાહિત કરી વિકાસ યોજનાઓમાં રસ લેતા કરવા? આ માટેનો એક માર્ગ એ છે કે તેમને માટે આ બાબત ફરજિયાત બનાવવી. બીજો માર્ગ એ છે કે અધિકારીઓને કાયદા અંતર્ગત જ, આવા આદિવાસી સમુદાયો પૈકી જે પરિવારોની આર્થિક પરિસ્થિતિ અત્યંત કફોડી હોય તે પરિવારો પૈકી અમુક ચોક્કસ સંખ્યામાં પરિવારોને આવરી લેવાનું ફરજિયાત બનાવવું.

આદિવાસીઓને સીધો અને ત્વરિત લાભ પહોંચાડી શકે તેવા કાર્યક્રમો મર્યાદિત બજેટ જોગવાઈ ધરાવતા નાનકડા કાર્યક્રમો છે. મોટા ભાગનાં ક્ષેત્રોમાં વધારે મોટા બજેટવાળા કાર્યક્રમો છે જે આ આદિવાસીઓ માટે બહુ મહત્ત્વપૂર્ણ ન પણ હોય. આથી હવે વધુ ઝોક એવા કાર્યક્રમો પર મૂકવાની આવશ્યકતા છે જે લાભાર્થી–અભિમુખ હોય. આથી તેવાં ક્ષેત્રોમાં વધુ રોકાણ એવા કાર્યક્રમો પરત્વે કરવું જોઈએ જે આદિવાસીઓને સીધેસીધો લાભ ઉપસ્થિત કરી આપે તેવા હોય. યોજનાનું આર્થિક સમાવેશન (Content) સુદ્રઢ હોવું જોઈએ.

આપણે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી કે યોજના મોટી હશે તો તેનાં પરિણામ પણ સારાં જ આવશે. આયોજન અને અમલની વચ્ચે કેટલાંક દરમિયાનગીરી કરતાં ચલ કાર્યરત હોય છે. જેમ કે આદિવાસીઓને માટે ઘણી શાળાઓ સ્થાપવામાં આવી પરંતુ શાળાના કામકાજના દિવસોએ શિક્ષક

શાળામાં જ નિયમિત રૂપે હાજર રહે એ સુનિશ્ચિત કરવા માટેની કોઈ વ્યવસ્થા હતી નહીં. દૂર–સુદૂરના આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોનું પલાયન થઈ જવું એ ઘટના બહુ જાણીતી છે. તે જ રીતે ભારતનું બંધારણ તેની કલમ ૩૫૦-એ નીચે એ બાબત પર ભાર મૂકે છે કે તમામ રાજ્યોએ તેમનાં શાળાએ જતાં બાળકોને તેમની જ માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરે તેવી સુવિધા વિકસાવવાની છે. પરંતુ દસકાઓ વીતી ગયા છતાં પણ રાજ્ય સરકારોએ આદિવાસી વિસ્તારોમાં આદિવાસી બાળકો માટેની આ જરૂરિયાત પ્રત્યે દુર્લક્ષ્ય જ સેવ્યું છે. આદિવાસી બાળકોને શરૂઆતના સમયમાં જે પ્રકારે જે ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે તે ભાષા તેમને માટે તો વિદેશી ભાષા જેટલી જ પરાઈ છે તેથી તેઓ તેમાંથી કંઈ સમજી શકતાં નથી કે ગ્રહણ કરી શકતાં નથી. જો બાળકો તેમના શિક્ષકને જ ન સમજી શકતાં હોય તો તેમના પ્રશ્નોના જવાબ તો ક્યાંથી આપી શકવાનાં ?

ગુજરાતના તમામ મોટા આદિવાસી સમુદાયો અને તેમાંય ખાસ કરીને ધોડિયા, ચૌધરી, ગામીત, પટેલિયા, ડુંગરી ગરાસિયા અને કોંકણા કે જે સૌ રાજકીય પ્રક્રિયા નીચે પસાર થઈ રહ્યા છે તેઓ પર તો આધુનિકતાનું અને વ્યાવસાયિક રાજકારણીય વ્યક્તિનું રેખાચિત્ર સ્પષ્ટ આલેખાયેલું જોઈ શકાય છે અને હવે જે નવા સંબંધોની જાળ લોકોની વચ્ચે બંધાઈ રહી છે અને જેમાં તેમના પિતા અને દાદા વગેરે પેઢીઓ સુધી અલિપ્ત રહ્યા અને તેમના તદ્દન નજીકના પડોશીથી તેમને અલિપ્ત બનાવી શકાયા નહીં.

રાજકીય વ્યક્તિઓનું આ જૂથ જેઓ ભદ્રલોક (elite) તરીકે પરિભાષિત થાય છે તેઓ રાજકીય વિકાસ માટે પ્રેરક બળ પૂરું પાડે છે અને તે રીતે તેમને વ્યવસ્થાની અંદર વ્યૂહાત્મક રીતે પોતાની જાતને આગળ ને આગળ ધપાવે છે. રાજકીય રીતે આગળપડતા લોકોનું આ જૂથ તેમ જ અમુક સમુદાયનો સામાજિક–રાજકીય ઇતિહાસ આદિજાતિના સમુદાયોના રાજકીય વિકાસનું સ્વરૂપ ઘડે છે. ગુજરાતમાં આદિજાતિ સમુદાયોની રાજકીય વ્યવસ્થા જો એક યા બીજા આવરણમાં સતત બદલાયા કરતી હોય છે તેમાં આ આદિવાસી રાજકીય અગ્રણીઓ વચેટિયાની ભૂમિકા ભજવીને જનસમૂહની અંદર સામાજિક–રાજકીય અભિમુખતાના સ્વરૂપે ઘણી બધી આધુનિકતાનો સંચાર કરે છે અને પરિણામે જનસમૂહની રાજકીય ક્ષિતિજો વિસ્તૃત બનાવે છે. પરંતુ આદિવાસીઓ પૂરતા પ્રમાણમાં વિકસિત બન્યા નથી અને તે સમુદાયે તો એકસમાન રાજકીય વ્યવસ્થાની અંદર પ્રમાણમાં આગળપડતા લોકોની સાથે જ સ્પર્ધા કરવાની આવે છે; આથી તેઓને લાગે છે કે તેમને નુકસાન થઈ રહ્યું છે આને કારણે આદિવાસી નેતૃત્વને આદિવાસી સમુદાયને એક રાજકીય એકમ તરીકે ઓળખ મળે તે હેતુની સિદ્ધિ માટે રાજકીય સામાજીકરણનો વેગ ઊંચો લઈ જવાની ચાનક ચડે છે. રાજ્યમાં બહુવિધ પ્રકારનું સામાજિક વાતાવરણ હોવાથી, સ્પર્ધા કરતાં વંશીય જૂથો વચ્ચેના વિરોધી વાતાવરણની માત્રા વધુ તીવ્ર બને છે અને પરિણામ સ્વરૂપે સામાજિક તનાવ વધુ ગહન બને છે. આદિવાસી સમુદાય બૃહદ બહુમતી સમાજથી ભયભીત હોવાને કારણે તેના સભ્યોમાં વંશીય જૂથની અસર વધુ માત્રામાં નજરે ચડે છે. આમ પણ, ગુજરાતના વિવિધ પ્રદેશોમાં વસતા આદિવાસી સમુદાયોએ નોંધપાત્ર પ્રમાણમાં રાજકીય પેટા–સંસ્કૃતિ વિકસાવી છે. ધોડિયા અને ચૌધરી જેવા આદિવાસી સમુદાયો ગુજરાતી સમાજનો એક મહત્ત્વનો હિસ્સો છે અને તેથી તેમના વિશિષ્ટ રાજકીય પેટા–સંસ્કૃતિની રાજ્યની રાજકીય વ્યવસ્થાના માળખા અને કાર્યો પરની અસર દૂરવર્તી છે. આનાં દ્રષ્ટાંતો આપણને નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનઃવસનમાં, વાલિયા તાલુકાના આદિવાસીઓની ઉપરના દમન તેમ જ જંગલ સહકારી મંડળીઓના વ્યવસ્થાપનમાં પણ જોવા મળે છે.

આમ, જો આવશ્યક રાજકીય ઇચ્છાશક્તિ વિના જ યોજનાઓ બનાવી હોય તો તે યોજનાઓ ગમે તેટલી શ્રેષ્ઠ જણાતી હોય તો પણ કચેરીના કબાટમાં શોભા વધાર્યા વિના તેનું બીજું કંઈ વિશિષ્ટ મૂલ્ય નથી. અમલદારશાહીની પહેલવૃત્તિને અભાવે માત્ર વિધિપૂર્વકની કવાયત જ થતી જોવા મળે છે. અમલદારશાહીને લક્ષ્યવેધી અને સમયબદ્ધ કાર્યક્રમો સમર્પણભાવે હાથ ધરવા માટે તૈયાર કરવાનું મુશ્કેલ છે. અલબત્ત કેટલાક એવા સારા અધિકારીઓ છે જે પ્રતિબદ્ધતા ધરાવે છે પરંતુ મોટા ભાગના અધિકારીઓ તો કોઈ પણ પ્રકારનું જોખમ લેવાનું ટાળવાનું જ વલણ ધરાવે છે. એ હકીકત કમનસીબ હોવા છતાં સાવ સાચી છે કે જાહેર સેવકોમાં સાવ સામાન્યપણું અને ચીલાચાલુ કક્ષાને વધાવી લેવાય છે અને નવા પ્રયોગો કરનાર અને રૂઢિઓને તિલાંજલિ આપી આગળપડતો રસ લઈ કામ કરી ઇચ્છિત પરિણામો હાંસલ કરવા પ્રયાસો કરનાર દંડ કે શિક્ષાને પાત્ર બને છે. આને પરિણામે પહેલવૃત્તિ અને પ્રયોગશીલતાને ફટકો પડે છે. આદિવાસી પેટા યોજનાની રણનીતિમાં આયોજન અને અમલ એમ બંને તબક્કે આવી પહેલવૃત્તિની અને સખત પરિશ્રમની જરૂર રહે છે. જો પ્રોત્સાહનની ઊંચી માત્રાનો અભાવ હશે તો પરિણામ પાંગળાં જ આવશે. આથી જો નિશ્ચિત સમયમર્યાદામાં પરિણામો પ્રાપ્ત કરવા હશે તો અમલદારી તંત્રને નવેસરથી ઊર્જા પહોંચાડી તેમને કાર્યરત બનાવવાની જરૂર છે.

છેલ્લે આદિવાસી વિકાસના કાર્યનું એક વધારાનું પરિમાણ પણ છે; કારણ કે આદિવાસી જીવનપદ્ધતિની સમાનતાને જાળવી રાખવાના અને તેને વધુ સજ્જ અને સશક્ત અને સમૃદ્ધ બનાવવાનું આવશ્યક અને ઇચ્છનીય છે. આ બાબતને હળવાશથી લેવાની જરૂર નથી. આદિવાસી વિકાસ માટેની જે ચર્ચાઓ થાય છે, જે સંબંધો થાય છે તેમાંથી આ બાબત સુપેરે ઊભરી આવેલ છે. જે આદિવાસી લોકો પોતાની આગવી સંસ્કૃતિને ખતમ કરીને અન્ય સંસ્કૃતિ થોપવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓ તરફથી આદિવાસી સમાજને મોટો ખતરો છે. આને કારણે આદિવાસીને પોતાની વિશિષ્ટ જીવનશૈલીને ભવિષ્યના ભારતના વંશીય નકશામાંથી ભૂંસાયેલી જોવાનું નિર્મિત જણાય છે.

જો વિકાસ વાસ્તવિક હોય તો તે સંપૂર્ણ હોવો ઘટે. એનો અર્થ એમ થાય કે આર્થિક પરિમાણોની સીમા ઓળંગીને તે સામાજિક બાબતો ઉપરાંત સંસ્કૃતિનાં સમગ્ર પરિમાણોને સમાવિષ્ટ કરે તેમ જ સર્જનાત્મકતા જીવનની બહેતર કક્ષા અને આદિવાસીઓના માનવ તરીકેના અધિકારોને પણ તેમાં આવરી લે.

અહીં એ જણાવવું ઉપયોગી થઈ રહેશે કે ગુજરાતમાં વિવિધ આદિવાસી સમુદાયોમાં સામાજિક પરિવર્તનને ગતિશીલ બનાવવામાં તેમ જ તેને દિશાસૂચન પૂરું પાડવામાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા ઘણી મહત્ત્વપૂર્ણ રહી છે. મહાત્મા ગાંધી પોતે જ ગુજરાતના આદિવાસી સમુદાયોના પુનઃનિર્માણમાં રસ ધરાવતા હતા અને તેમણે ઘણા સામાજિક કાર્યકરોને તે માટેની પ્રેરણા પૂરી પાડી જેઓએ તદ્દન અગતિશીલ એવા આદિજાતિ સમૂહોને ગતિશીલ બનાવવા માટેના મોટા ગજાના પ્રયાસોમાં પોતાની જાત હોમી દીધી. તે પૈકીના મુખ્ય પૈકી એક હતા શ્રી એ.વી. ઠક્કર, જેઓ પાછળથી 'ઠક્કરબાપા' તરીકે ઓળખાયા; તેમ જ શ્રી જુગતરામ દવે, તેમના દ્વારા સંસ્થાઓ સ્થાપવામાં આવી. તે અનુક્રમે ભીલ સેવા મંડળ અને રાનીપરજ સેવા સભા સમય જતાં આ સંસ્થાઓ, ભારત સ્વતંત્ર બન્યું પછી પણ આદિવાસી વિકાસ માટે પાયાનું કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તરીકે ઊભરી આવી અને રાજ્યમાં સ્વૈચ્છિક પ્રયાસોનાં મજબૂત મૂળ નંખાયાં તેમ જ રાજ્યમાં સ્વૈચ્છિક પ્રયાસો મારફત સામાજિક પરિવર્તન

માટેનું વાતાવરણ રચાયું. આજે આપણે જોઈ શકીએ છીએ કે જે આદિવાસી સમુદાયોમાં આવી સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમને ગતિશીલ અને સંગઠિત બનાવવાનું પાયાનું કાર્ય કર્યું હતું તે જ સમુદાયોમાંથી આદિવાસી લોકો વધુ વિકસિત બન્યા છે. તે સંસ્થાઓના પાયાના પ્રયાસોના પરિણામે જ આજે રાજ્યમાં ૪૫૨ આશ્રમશાળાઓ અને ૭૪ ઉત્તર બુનિયાદી શાળાઓ રાજ્યના આદિવાસી વિસ્તારોમાં ધમધમી રહી છે અને તે દરેકનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને હસ્તક છે. તાજેતરનાં વર્ષોમાં ભીલ સેવા મંડળ તેમ જ રાનીપરજ સેવા સંઘ ઉપરાંત હવે ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં નોંધપાત્ર સ્વૈચ્છિક કાર્ય કરતી સંખ્યાબંધ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે આર્યવાહિની, 'સેવા' (ઝઘડિયા) ભારતીય એગ્રો–ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશન (BAIF), સદ્‌ગુરુ સેવા સંઘ, આદિવાસી સેવા સમિતિ, AKRSP વગેરે કાર્યરત છે.

ગુજરાત સરકારે ૨૦૦૭માં વનબંધુ સેવા યોજના શરૂ કરી છે, જેની અગિયારમી યોજનાની ફાળવણી રૂ.૧૫૦૦૦ કરોડ હતી; જેનો ઉદ્દેશ રાજ્યના આદિવાસી વિસ્તારોનો ઝડપી વિકાસ કરવાનો હતો. આદિમજૂથો અને સમાંતરિત પરિવારો ઉપર વધારે લક્ષ્ય કેન્દ્રિત કરીને ત્યાંથી આદિવાસી પરિવારોની આવક બમણી કરવાનો ઉદ્દેશ છે.

વનબંધુ કલ્યાણ યોજનાએ ગુજરાત રાજ્યમાં બહુ જ પ્રશંસનીય કાર્ય કર્યું છે.

છેલ્લે, સંશોધનમાં ગુણકક્ષા અને આદિવાસી વિકાસ વચ્ચે અદ્રશ્ય પણ ખૂબ જ ચોક્કસ પ્રકારનો સંબંધ રહેલો છે. આ સંદર્ભમાં સમાજશાસ્ત્રીઓએ પોતાનાં સંશોધનોને ગુણવત્તાની દ્રષ્ટિએ બળવત્તર બનાવવાં જોઈએ. આદિવાસી વિકાસની સમગ્ર પ્રક્રિયામાં સમાજશાસ્ત્રીઓનું શું દાયિત્વ રહેલું છે તે અંગે સ્પષ્ટ દ્રષ્ટિકોણ હોવો જરૂરી છે. આદિવાસી લોકોની સેવાના બોલના જવાબમાં સામાજિક શાસ્ત્રોનાં સંશોધનોએ સુદ્રઢ બૌદ્ધિક અને લાગણીવિષયક પ્રતિબદ્ધતા દાખવવી જરૂરી છે. જેથી આદિજાતિ સમુદાયોની સમસ્યાઓ યથાર્થરૂપે સમજી શકાય અને તેને માટેના ઉપાયો સૂચવી શકાય. આપણી પાસે વ્યક્તિગત રીતે તેમ જ સામૂહિક સ્વરૂપે, ગરીબ, વંચિત, હક અને અધિકારરહિત, દલિત અને શોષિત આદિવાસી જનતા માટે એટલે કે આ સમગ્ર સમુદાય માટે અને તેમની દુનિયાને બહેતર બનાવવા માટેની પ્રતિબદ્ધતા હોવી જરૂરી છે.

* * *

## સંદર્ભ-સાહિત્ય


૧. ૨૦૦૧ અને ૨૦૧૧ની વસતિગણતરીના ભારત સરકારના અહેવાલ.

૨. ૨૦૧૧ દ્રષ્ટિક્ષેપ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ.

૩. ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા અને રાજપૂત ગરાસિયાનો સમાવેશ અનુસૂચિત જનજાતિઓમાં કરવામાં આવેલ છે.

૪. ગુજરાત રાજ્યમાં ૧૪ સંકલિત આદિવાસી વિકાસ પ્રાયોજનાઓ કાર્યરત છે. તે પ્રાયોજનાઓનાં નામ છે – ડાંગ, વાંસદા, માંડવી, સોનગઢ, રાજપીપળા, છોટાઉદેપુર, દાહોદ, ખેડબ્રહ્મા, પાલનપુર, લુણાવાડા, મોડાસા અને ભરૂચ.

૫. આદિજાતિ વિકાસ પેટા યોજના નીચે આવરી લેવાયા નથી તેવા કેટલાક તાલુકાઓ, જેનાં અમુક ગામડાંઓમાં ૫૦ ટકા કરતાં વધુ અનુસૂચિત જનજાતિની વસતિ છે તેવાં અમુક ગામો ભેગાં કરીને તેમને ટ્રાઇબલ પૉકેટ તરીકે નક્કી કરાયાં છે; જ્યાં આદિજાતિ વિકાસ પેટા યોજનાઓ નીચેના કાર્યક્રમો અમલી બનાવાય છે.

૬. દાંતવાલા, એમ. એલ., રૂરલ એમ્પ્લોયમેન્ટ : ફેક્ટ્સ ઍન્ડ ઇસ્યૂઝ, ઈકોનોમિક અને પોલિટિકલ વીક્લી, વોલ્યૂમ – નં. ૨૫, ૨૩ જૂન, ૧૯૭૯.

૭. વ્યાસ, બી.એલ., ઇન્ટ્રોડક્શન ટુ બી રિસર્ચ પ્રોગ્રામ્સ ઇન રૂરલ ડેવલપમેન્ટ ફોર રૂરલ પીપલ, ધરમપુર પ્રોજેક્ટ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ, ૧૯૭૫ (Mimeo).

# ૪.૧થી ૪.૬ આદિજાતિઓનો પરિચય




૪.૧ પઢાર જાતિ

૪.૨ કાથોડી જાતિ

૪.૩ હળપતિ(તળાવિયા) જાતિ

૪.૪ પટેલિયા જાતિ

૪.૫ ચારણ જાતિ(નેસ વિસ્તાર)

૪.૬ બરડા જાતિ


## ૪.૧ પઢાર જાતિ

### પઢારનો અર્થ

પઢાર સમાજના લોકો એવું માને છે કે તેમનું અસ્તિત્વ હિંગળાજ માતાને આભારી છે જેથી તેઓ હિંગળાજ માતાની પૂજા કરે છે. પઢાર શબ્દનો અર્થ "પૂજારી" એમ પઢાર ગણાવે છે. આથી હિંગળાજ માતાની પૂજા કરનારા "પૂજારી"ને તેઓની મૂળ ભાષામાં "પઢાર" કહેતા હશે એમ લાગે છે. (કાંતિલાલ મકવાણા–આદિલોક, અંક–૧, જાન્યુ.–ફેબ્રુ.–૨૦૧૪, ૩૪) "પઢાર" શબ્દ તેમના સમુદાયને ઓળખવા અને ઓળખાવવા તેઓ વાપરતા હશે અને અન્ય લોકો પણ તે માટે પઢાર શબ્દ જ વાપરતા હશે તેમ કહી શકાય.

### પઢાર સમુદાય: ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

પ્રાથમિક ઢબે જીવન જીવતી કોમોમાં પઢાર કોમનું નામ સૌરાષ્ટ્રમાં મોખરે છે. જેમ આસામ, ઓરિસ્સા તથા મધ્યપ્રદેશના આદિવાસીઓનું જીવન આદિ તથા વિશિષ્ટ પ્રકારનું હોવાથી બીજી પ્રજાઓથી અલગ તરી આવે છે તેમ જ તેમના જીવન વિશે વધુ ને વધુ ઊંડા ઊતરવાની જિજ્ઞાસા નિર્માણ થાય છે તેમ સૌરાષ્ટ્રમાં વસતા પઢાર લોકો અંગે પણ છે. વ્યાપન કલહ એ જ એમનો વ્યવસાય છે અને તેમનું જીવન છે. એ વસ્તુનું પ્રત્યક્ષ ચિત્ર આ પ્રજાના જીવનમાં જોવા મળે છે.

પઢાર લોકો રંગે શ્યામ, મધ્યમ કદના, શરીરે કદાવર, કસાયેલા, મજબૂત બાંધાના છે. આ લોકો કંઈક અંશે કોળીને મળતા આવે છે પણ તેમનો કોળીઓ સાથે બેટીવ્યવહાર જોવા મળતો નથી. પઢારો કોળી અને રાજપૂત લોહીનું મિશ્રણ થયેલું એમ માનવામાં આવે છે.

આદિવાસીઓમાં જાતિ ઉત્પત્તિ અંગે દંતકથાઓ હોય છે. તેમની ઉત્પત્તિ અંગે પણ કેટલીક દંતકથાઓ છે. જીવન કલહના વંટોળમાં ઘેરાયેલી તથા અનેક વિશિષ્ટતાઓવાળી આ પ્રજાતિ ક્યાંથી આવી અને ક્યારે આવી તેના વિશેની કોઈ ચોક્કસ માહિતી મળતી નથી છતાં પણ તે અંગેનાં અનેક અનુમાનો પ્રવર્તે છે.

હિંગળાજ માતા તેની બહેન ભૂરેખ સાથે ફરવા નીકળી હતી. આ ઉત્તરના મૂલક તે સિંધમાં ફરતાં ફરતાં ઉત્તરથી બહુ છેટે આવી ગયાં અને રાત પડી ગઈ. હિંગળાજ માતા સાથે તેના બાર દીકરાઓ હતા. સાથે પોસી નામનું એક પંખી પણ હતું. આ બાર દીકરાઓ થાકી જવાથી જમીન ઉપર ઢળી પડ્યા અને ઊંઘી ગયા. હિંગળાજ માને આ બાળકોની ચિંતા થઈ કે આ બાળકો જાગીને ખાશે શું? આથી તે સિંધમાં પહોંચી, બીજી બહેનના ઘરે ગઈ. તેનું નામ સિંધુ હતું. સિંધુ ઘરે ન હતી. આથી તેણે ત્યાંથી ચોરી કરીને કંદમૂળ લીધાં અને ચાલવા માંડી. રસ્તામાં સિંધુ સામે મળી. આથી હિંગળાજ માતાએ કંદમૂળ માથાના વાળમાં સંતાડી દીધાં

અને સિંધુને કહ્યું કે, "મારા દીકરા ભૂખ્યા છે તો તું કંઈક ખાવાનું આપ." આથી સિંધુએ કંદ અને માછલી આપ્યાં. તે લઈને હિંગળાજ ત્યાંથી ચાલવા માંડ્યાં અને નળ સરોવરના કાંઠે આવીને ઊભા રહ્યાં. સાથે લાવેલ કંદ અને માછલાં નળસરોવરમાં નાખ્યાં અને ત્યા જ કંદ ઊગ્યાં, માછલાં ત્યાં જ વધ્યાં. આજે કંદમૂળ અને માછલાં બંને પઢારોના જીવનનિર્વાહનો આધાર છે. એ હિંગળાજ માતાને આપેલ ભેટને આભારી છે. (પ્રવીણ પટેલ, ૨૦૧૫:૮) પઢારો જણાવે છે કે તેઓ સિંધુ નદીના કાંઠેથી આવ્યા છે.

બીજી એક દંતકથા પ્રમાણે પઢારોના એક પૂર્વજનું નામ હિલ્લુ હતું. એ વનરાજ ચાવડાનો સમકાલીન હતો. આ સમયે નળ સરોવરની આજુબાજુ બાવળનાં ઘણાં ઝાડ હતાં. આ કાંટાળા બાવળના જંગલમાં તે રહેતો હતો. તે પઢારોનો નેતા હતો. હિલ્લુ ભાલો અને તીરકામઠું વાપરવામાં કુશળ હતો. પઢારોનો પોશાક ભીલોના પોશાકને મળતો હતો. રંગ કાળો, ઠીંગણા, ચપટા નાકવાળા અને ચોરસ આકૃતિવાળું મોં હતું. તે નળ સરોવરમાંથી માછલાં મારી કે પંખી પકડીને તથા શિકાર કરીને તેના પર જીવનનિર્વાહ કરતો હતો. જ્યારે વનરાજ ચાવડો તેના સાથીઓ સાથે આ પ્રદેશમાં આવી ચડ્યો, ત્યારે તેમાંથી કેટલાક સાથીઓ અહીં રહી ગયા અને પઢારોમાં ભળી ગયા. (આદિલોક, અંક –૧, જાન્યુ.–ફેબ્રુ.–૨૦૧૪:૩૪)

પઢારોની દંતકથા જોતાં તેઓ મૂળ સિંધમાંથી ઊતરી આવ્યા હશે તેવું માનવામાં આવે છે. શ્રી કર્નલ જે. ડબલ્યુ. વોટ્સન પણ નોંધે છે કે તેઓ સિંધમાંથી આશરે પાંચમી–છઠ્ઠી સદી પહેલાં આવેલા છે. (પ્રવીણ પટેલ, ૨૦૧૫:૮)

સિંધમાંથી પઢારો નળકાંઠા વિસ્તારમાં આવ્યા બાદ તેમની બીજી દંતકથાઓ જોતાં જણાય છે કે કદાચ વનરાજ ચાવડો અહીં તેના સાથીઓ સાથે આવી ચડ્યો હશે અને પઢારોમાં ભળી ગયો હશે. તેથી કદાચ તેઓમાં રાજપૂત અટકો આવી હશે.

વળી, તેઓ જણાવે છે કે તેમના પૂર્વજો ભીલનાં લક્ષણો ધરાવતા હતા. ત્યાર બાદ વનરાજ ચાવડાના કેટલાક સાથીઓ અહીં રહી જવાથી જાતીય સંબંધો દ્વારા તેઓમાં લોહીનું મિશ્રણ થયું હશે એમ માની શકાય. કારણ કે તેઓમાં કેટલીક રાજપૂત અટકો પણ જોવા મળે છે. તે ઉપરાંત કેટલાંક પઢાર સ્ત્રીપુરુષો વાને ઊજળાં જોવા મળે છે. આ બે બાબતો એમ માનવા પ્રેરે છે કે તે મૂળ સિંધ તરફની કોઈ કોમ હશે અને અહીં આવીને વસ્યા બાદ તેમાં રાજપૂત લોહીનું મિશ્રણ થયું હશે.

## વસતિ

પઢાર જાતિની વસતિ મુખ્યત્વે અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાના નળકાંઠા વિસ્તારમાં વસવાટ કરે છે. આ બંને જિલ્લાનાં કુલ ૧૫ ગામોમાં તે લોકોની વસતિ જોવા મળે છે. ૨૦૧૧ની વસતિગણતરી મુજબ પઢાર જાતિની વસતિ ૩૦,૯૩૨ની છે. અને તે આદિવાસી વસતિના ૦.૩૫ ટકા છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૧૫,૦૨૧ છે અને પુરુષોની સંખ્યા ૧૫,૯૧૧ છે. ગુજરાતમાં પઢાર જાતિનાં ૫,૫૬૬ કુટુંબો વસવાટ કરે છે. ૦થી ૬ વર્ષનાં બાળકોની વસતિ ૬,૨૫૮ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૪૪ સ્ત્રીઓ છે. (ભીખા પટેલ અને પ્રવીણ પટેલ, ૨૦૧૫:૧૨૯)

## વિસ્તાર

પઢાર આદિમ જૂથ તેના વિશિષ્ટ સામાજિક જીવનના લીધે જાણીતું છે. પઢારોનું સામાજિક જીવન આગવું અને નિરાળું છે. ગુજરાતમાં વસવાટ કરતી આદિવાસી જાતિઓમાં મોટા ભાગની જાતિઓ ડુંગરાળ તથા જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે. જ્યારે પઢારો વર્ષોથી સપાટ, મેદાની અને વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા પ્રદેશમાં રહે છે. ભૌગોલિક રીતે નળકાંઠાનો વિસ્તાર

નીચાણવાળો છે. ચોમાસામાં મોટા ભાગની જમીન પર પાણી ભરાઈ જાય છે. જમીન ખારાશવાળી હોવાના લીધે તથા પિયતની સગવડના અભાવે બારેમાસ ખેતી થઈ શકતી નથી. તેથી તેઓ વરસાદ આધારિત ખેતી કરે છે. તેના પરિણામ સ્વરૂપે જીવનનિર્વાહ ટકાવી રાખવા સ્થળાંતરનો આશરો લેવો પડે છે. તેની અસર સામાજિક જીવન પર પડે છે.

પઢાર અનુસૂચિત જનજાતિનો રહેણાક વિસ્તાર અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના શિયાળ, ધરજી, દેવડથલ, બાવળા, વિરમગામ તાલુકાના શાહપુર, ધંધૂકા તાલુકાના ખસ્તા તથા દસ્ક્રોઈ તાલુકાના કમોડ ગામમાં તેમ જ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના નાની કઠેચી, રાણાગઢ, પરાલી પરનાળા, ગેડી, રળોલ, જશમતપર અને આનંદપર ગામોમાં જોવા મળે છે. આદિમ જૂથ સાથે બીજી કોઈ આદિવાસી જાતિ વસવાટ કરતી નથી. પઢાર આદિમ જૂથનું સ્વતંત્ર કોઈ ગામ જોવા મળતું નથી. પરંતુ પઢાર આદિમ જૂથ સાથે બિનઆદિવાસી લોકોની કેટલીક જ્ઞાતિઓ વસવાટ કરે છે.

## પઢારોનું નિવાસ

પઢારોનાં મકાનોને "કૂબા" તરીકે ઓળખવામાં આવે છે. જે સ્થાનિક કક્ષાએ ઊગતા ઘાસ તથા લાકડામાંથી બનાવવામાં આવે છે. મકાનની દિવાલો "બરુ" નામના ઘાસમાંથી બનાવી તેના પર ચીકણી માટીનું લીપણ કરવામાં આવે છે. સામાન્ય રીતે એક જ ઓરડો હોય છે. જેમાં પઢારોની ઘરવખરી અને રાચરચીલું સાથે સમાયેલ હોય છે. પઢારોનાં મકાન ગામની અન્ય જ્ઞાતિઓથી અલગ જોવા મળે છે. તેઓ ફળિયા સ્વરૂપે વસવાટ કરે છે, જેને "પઢારવાસ"ના નામથી ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે એક ફળિયામાં એક જ શાખના પઢારો વસવાટ કરતા હોય છે.

## ભાષા-બોલી

પઢાર જાતિની આજે મૂળ ભાષા જાણવી મુશ્કેલ છે. તેઓ પોતે ખાસ જુદી તરી આવે તેવી બોલી (ભાષા) બોલતા નથી, પરંતુ ગામની અન્ય કોમોની જ ભાષા બોલે છે. એટલે કે નળકાંઠા વિસ્તારમાં વસવાટ કરતા કોળી અને રાજપૂત જ્ઞાતિના લોકો જે કાઠિયાવાડી બોલી બોલે છે તેવી જ બોલી બોલે છે. તેનું કારણ સદીઓથી અન્ય ભાષાવાળા લોકો સાથેનો સતત સહવાસ છે.

## પહેરવેશ

પઢાર જાતિનાં સ્ત્રીપુરુષો પહેરવેશમાં જાડા કપડાનો ઉપયોગ કરે છે. પઢાર જાતિના પુરુષો શરીરના ઉપરના ભાગમાં બાંય વિનાની જાડી બંડી પહેરે છે. આ બંડીને તેઓ "કેડિયા" તરીકે ઓળખે છે અને કેડથી નીચેના ભાગે જાડી પછેડી આકારનું કપડું પહેરે છે. જ્યારે પઢાર જાતિની સ્ત્રીઓ દસ મિટર કાપડનો ચણિયો તથા ઉપર બ્લાઉઝની જગ્યાએ જાડું કપડું અને સાડીના બદલે ઓઢણી ઓઢે છે. જો કે અત્યારે યુવાન પુરૂષો પેન્ટ, શર્ટ કે ટી-શર્ટ તથા સ્ત્રીઓ ચણિયા અને સાડી પહેરતી થઈ છે. આ જાતિનાં સ્ત્રીપુરુષો લાલ, પીળો કે ભૂરા રંગનાં કપડાં વધુ પહેરે છે.

## ઘરેણાં

પઢાર જાતિની સ્ત્રીઓ ઘરેણાંમાં ચાંદી કે કલાઈના વેડલા કાન વીંધાવીને પહેરે છે. કેટલીક સ્ત્રીઓ હાથે ચાંદી કે પિત્તળની વીંટી પહેરે છે. જ્યારે ગળામાં રૂપાની હાંસડી, કંઠી પહેરે છે. પગમાં ઘૂંટણ ઉપર કલાઈને ચાંદીનો ઢોળ ચઢાવેલાં કડાં પહેરે છે અમુક સ્ત્રીઓ કોણીથી ઉપરના ભાગમાં હાથીદાંતનાં બલોયાં પહેરે છે.

આ ઉપરાંત પઢાર જાતિની સ્ત્રીઓ પોતાનાં શરીર ઉપર છૂંદણાં છૂંદાવે છે. મોટે ભાગે સ્ત્રીઓ હાથના કાંડા ઉપર પોતાની કુળદેવીની આકૃતિ

ચિતરાવે છે. કોઈ સ્ત્રીઓ હાથ પર ઘડિયાળ, કૃષ્ણ અને વીંછીની આકૃતિ ચિતરાવે છે.

### ખોરાક-પીણાં

પઢાર જાતિના લોકોનો મુખ્ય ખોરાક બાજરી, જુવાર, બીડ, ઘઉં તથા કઠોળમાં મગ, મઠ, તુવેર કે અડદની દાળનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગ હોય ત્યારે ચોખા અથવા માંસ–મચ્છીનો ઉપયોગ કરે છે

## ધર્મ અને ઉત્સવોની ઉજવણી

પઢાર જાતિના લોકો હિન્દુ ધર્મનાં દેવી–દેવતાઓની પૂજા કરે છે. આ સાથે પોતાનાં પરંપરાગત કેટલાંક દેવી–દેવતાઓની પણ પૂજા કરતા જોવા મળે છે. ખાસ નવરાત્રિની આઠમે હિંગળાજ માતાની પૂજા કરે છે. આ ઉપરાંત હોળી, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, મકરસંક્રાંતિ, અખાત્રીજ વગેરે વાર–તહેવાર અને ઉત્સવોની ઉજવણી કરે છે.

## સામાજિક-સાંસ્કૃતિક રીતરિવાજો

પઢાર જાતિમાં વિવિધ પ્રકારના સામાજિક રીતરિવાજો જોવા મળે છે, જેમાં બાળકના જન્મથી લઈને વ્યક્તિના મૃત્યુ સુધીના રિવાજો જોવા મળે છે, જેમ કે નામકરણ વિધિ, સગાઈ, લગ્ન, દહેજપ્રથા (કન્યા શુલ્ક), છૂટાછેડા, પુનઃલગ્ન, વિધવા લગ્ન, દિયરવટું, મૃત્યુની વિધિ વગેરે પ્રકારના સામાજિક – સાંસ્કૃતિક રીતરિવાજો જોવા મળે છે.

### લગ્ન

પઢાર આદિમ જૂથના લોકો પોતાની જાતિમાં જ લગ્ન કરવામાં માને છે. પઢારોમાં સગોત્ર લગ્ન તથા મામા–ફોઈનાં સંતાનો વચ્ચે લગ્ન સંબંધ બાંધી શકાતો નથી. દીકરીનાં લગ્ન ૧૮ વર્ષથી ઓછી ઉંમરે અને દીકરાનાં લગ્ન ૨૧ વર્ષથી ઓછી ઉંમરે પણ કરવામાં આવે છે. એટલે કે બાળલગ્ન આજે પણ થાય છે. વર–વધૂની પસંદગીમાં સામાન્ય રીતે ઉંમર, રંગ, રૂપ, આબરૂ, પ્રતિષ્ઠા, મિલકત વગેરે બાબતો લક્ષમાં લેવામાં આવે છે. પઢારોનાં લગ્નની વિશિષ્ટતા એ છે કે તેઓ ચોમાસામાં નવરાશના સમયે લગ્ન કરે છે તેમ જ લગ્નવિધિ અને તેના રીતરિવાજો બિનઆદિવાસી લોકો જેવા છે તેમાં ખાસ કોઈ ભિન્નતા જોવા મળતી નથી. પઢાર જાતિમાં કન્યા શુલ્ક રૂપે દહેજપ્રથા, પુનઃલગ્ન, વિધવા પુનર્લગ્ન, દિયરવટું, છૂટાછેડા વગેરે પ્રકારના સામાજિક રીતરિવાજો જોવા મળે છે તેમ જ સાળીવટું નહિવત્ જોવા મળે છે. તાજેતરમાં પઢાર જાતિમાં સમૂહલગ્ન શરૂ થયાં છે.

### શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર પઢાર જાતિમાં ૪૦.૯૬ ટકા સાક્ષરતા જોવા મળે છે. એટલે કે કુલ ૩૦,૯૩૨ લોકોમાંથી ૧૦,૧૦૬ લોકો શિક્ષિત છે, જેમાં ૬૭૧૫ (૫૩.૦૮ ટકા) પુરુષો અને ૩૩૯૧ (૨૮.૨૦ ટકા) સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે. જ્યારે ૫૯.૦૪ ટકા લોકો નિરક્ષર જોવા મળે છે.

### અર્થવ્યવસ્થા

પઢારોની અર્થવ્યવસ્થાનું મુખ્ય કેન્દ્રબિન્દુ નળ સરોવર છે. નળ સરોવરમાંથી તેઓ પોતાના ખોરાક માટે કંદમૂળ ખોદે છે અને માછલી પકડે છે. શિયાળા–ઉનાળાની ઋતુ દરમિયાન પઢારો નળ સરોવર વિસ્તારમાંથી સરોવરનું પાણી જેમ જેમ સુકાતું જાય અને જમીન ખુલ્લી થતી જાય તેમ તેમ પોતાના બારમાસના ખોરાક માટે બીડ ખોદવાનું કામ કરે છે. આ ઉપરાંત માટીકામ એ પઢારોનો પરંપરાગત વ્યવસાય છે. જેથી મોટા ભાગના પઢારો માટીકામ, રસ્તા અને મકાન બાંધકામની મજૂરીમાં રોકાયેલા જોવા મળે છે. પઢારો અન્ય આદિમ જૂથ જાતિઓ કરતાં વધુ સ્થળાંતર કરતી જાતિ છે.

# ૪.૨ કાથોડી જાતિ

## કાથોડીનો અર્થ

કાથોડી નામ 'કથ' શબ્દ પરથી પડ્યું હોવાનું મનાય છે. કાથોડી જાતિ એ જંગલમાં ખેરના વૃક્ષમાંથી કાથો પાડવાનું કામ કરતી હોવાથી આ જાતિનું નામ કાથોડી પડ્યું હોવાનું મનાય છે. સમાજમાનવશાસ્ત્રી એન્થોવનના મતે કાથોડી અથવા કાતકરી કાથો બનાવનારી જાતિ છે. કાથોડી અથવા કાતકરી એ બન્ને નામો તેમના કાથો પાડવાના વ્યવસાય પરથી પડેલાં છે. તેમની બે પેટાજાતિઓ છે; એક ઢોર કાથોડી (ઢોર કાતકરી) અને બીજી સોન કાથોડી (સોન કાતકરી). કાથોડી જાતિ એ આસપાસમાં વસતા આદિવાસીઓ કરતાં નિમ્ન ગણાય છે. કાથોડી જાતિનો શારીરિક દેખાવ અને સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજો પરથી તથા બોલીના કેટલાક પર્યાય જોતાં તેઓ ઉપર જણાવ્યા મુજબ વર્ષો પહેલાં ભીલોની જાતિમાંથી છૂટા પડેલા હોય તેવું મનાય છે. કાથોડી જાતિની ઓળખ તેમના વ્યવસાય આધારિત છે. તેઓ પોતાને હનુમાનના વંશજ ગણાવે છે. (ભીખા પટેલ અને પ્રવીણ પટેલ ૨૦૧૫:૧૨૦)

## કાથોડી જાતિ: ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

એમ. એ. શેરિંગના પુસ્તક "હિન્દુ જાતિઓ અને જ્ઞાતિઓ"માં કાથોડી અથવા કાતકરી વિશેના લેખમાં કાથોડીઓને ઘણા જ નાના માનવી જાતિના અને ઉત્તરના કોંકણના પર્વતો અને જંગલોમાંથી મોટી સંખ્યામાં ઊતરી આવેલા અને 'માઈલા ભીલ' તરીકે જાણીતા થયેલા લોકો તરીકે વર્ણવે છે. કાથોડી એ અતિપછાત જાતિ છે. તેઓ નાશ કરાયેલા ખેરના ઝાડના અર્કમાંથી કાથો બનાવનાર લોકો છે. લાકડાંમાંથી કોલસા બનાવવા, ગુંદર એકઠો કરવો અને ખેતરમાં મદદનીશ વગેરે જેવાં કામો કરતાં હોય છે.

આદિવાસી સંશોધન કેન્દ્રમાં ૧૯૮૧માં ડૉ. મસવી અને ડૉ. પંડ્યા દ્વારા થયેલ સંશોધન અભ્યાસમાં તેઓ નોંધે છે તેમ વર્ષો પહેલાં વોહરા કોન્ટ્રેક્ટરો તેમને અહીં ખેરના વૃક્ષમાંથી કાથો બનાવવાના વ્યવસાય માટે લાવ્યા હશે તેમ મનાય છે. શરૂઆતમાં આ વ્યવસાય માટે પુરુષો જ આવ્યા. જેઓ પૂર્વ પટ્ટીના જંગલ વિસ્તાર ડાંગ, ઉચ્છલ, છોટાઉદેપુર, ડેડિયાપાડા અને ખાસ કરીને સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવીને રહ્યા હશે અને પાછળથી તેઓ પોતાનાં કુટુંબીજનોને સાથે લાવી સ્થાયી વસવાટ કર્યો હોવાનું મનાય છે. (ભીખા પટેલ અને પ્રવીણ પટેલ ૨૦૧૫:૧૨૧)

## વસતિ

કાથોડી જાતિની વસતિ ખાસ કરીને નર્મદા, ડાંગ, સુરત, તાપી અને સાબરકાંઠા જિલ્લામાં જોવા મળે છે. ૨૦૧૧ની વસતિગણતરી મુજબ કાથોડી જાતિની કુલ વસતિ ૧૩,૬૩૨ની છે. આદિવાસી વસતિના ૦.૧૫ ટકા છે. જ્યારે આદિમ જૂથોની કુલ વસતિમાં કાથોડી જાતિની વસતિ ૯.૪૩ ટકા છે. કાથોડી જાતિની કુલ વસતિમાં સ્ત્રીઓની સંખ્યા ૬૮૪૫ છે અને પુરુષોની સંખ્યા ૬૭૮૭ છે. ગુજરાતમાં કાથોડી જાતિનાં ૨૯૮૧ કુટુંબો વસવાટ કરે છે. કાથોડી જાતિની કુલ વસતિમાંથી ૧૩,૧૯૬ એટલે કે ૯૭ ટકા ગ્રામ્ય વિસ્તારમાં અને ૪૩૬ એટલે કે ૩ ટકા વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. (ભીખા પટેલ અને પ્રવીણ પટેલ ૨૦૧૫:૧૨૧) આ વસતિ ૦થી ૬ વર્ષનાં બાળકોની ૨૪૧૨ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૫૫ સ્ત્રીઓ છે.

## વિસ્તાર અને વસવાટ

કાથોડી જાતિ ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે ડાંગ, સુરત, તાપી, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં વસવાટ કરે છે.

કાથોડી જાતિના વસવાટની લાક્ષણિકતા જોઈએ તો સામાન્ય રીતે કાથોડી જાતિનો જંગલની જમીનમાં અથવા તો ગામના ખરાબાની જમીનમાં વસવાટ જોવા મળે છે. કેટલાંક કુટુંબો નદીના આસપાસના વિસ્તારમાં તો કેટલાંક કુટુંબો ડુંગર પરની ઢોળાવવાળી જમીન પર છૂટાછવાયા વસવાટ કરે છે. કાથોડી જાતિ નિમ્ન ગણાતી હોવાથી તેમનો વસવાટ ગામમાં મુખ્યત્વે છેવાડાના ભાગમાં જોવા મળે છે.

## નિવાસ (ઘર)

કાથોડી જાતિના નિવાસ કે ઘર ગામતળથી દૂર, ગામના છેવાડે, જંગલની ઢોળાવવાળી જમીનોમાં અને છૂટાછવાયા જોવા મળે છે. તેમનાં મકાનો કાચાં, માટીનાં વાંસ–કરાંઠીની દીવાલવાળાં, સાજ દેશી નળિયાંવાળી અથવા તો સરકારની યોજનાઓ દ્વારા બનાવેલ વિલાયતી નળિયાંવાળાં કે સિમેન્ટનાં પતરાંવાળાં જોવા મળે છે. તેમનાં ઘર ઓછી હવાઉજાસવાળા હોય છે.

## દેખાવ

કાથોડી જાતિના લોકો દેખાવે શ્યામ વર્ણના, મધ્યમ કદના અને શરીરે મજબૂત બાંધાના, સશક્ત જોવા મળે છે. કાથોડી જાતિ ખૂબ જ મહેનતુ પ્રજા છે અને આખો દિવસ જીવનનિર્વાહ માટે અને વ્યવસાય અર્થે જંગલોમાં રખડતી–ભટકતી પ્રજા છે.

## બોલી (ભાષા)

કાથોડી જાતિ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદને સ્પર્શતા જિલ્લાઓ જેવા કે ડાંગ, નર્મદા, તાપી, સુરત, સાબરકાંઠા જિલ્લામાં વસવાટ કરે છે, જેથી તેમની બોલીમાં મરાઠી, હિન્દી અને ગુજરાતી ભાષાનું મિશ્રણ જોવા મળે છે. કાથોડી જાતિની બોલીમાં આજુબાજુની આદિવાસી જાતિઓની બોલીનું પણ મિશ્રણ જોવા મળે છે. કેટલાક વિસ્તારમાં કાથોડી જાતિ પોતાની આગવી કાથોડી બોલી પણ બોલતા જોવા મળે છે.

## પહેરવેશ

કાથોડી જાતિના પુરુષો પેન્ટ–શર્ટ, ધોતી અને માથે ટોપી પહેરે છે. સ્ત્રીઓ નીચેના ભાગે સાડીનો કછોટો ઢીંચણ સુધી રાખી અડધી સાડી ઉપરના શરીરે ઢાંકે છે, ઓઢે છે. માથે લાલ કપડું નાંખે છે. યુવાન છોકરીઓ ચણિયો, બ્લાઉઝ અને પંજાબી પ્રકારનાં કપડાં પહેરે છે. કાથોડી જાતિનો પહેરવેશ રંગબેરંગી પ્રકારનો જોવા મળે છે.

## ઘરેણાં (આભૂષણ)

કાથોડી જાતિની સ્ત્રીઓ ઘરેણાં પહેરવાની બહુ જ શોખીન છે. કાથોડી સ્ત્રીઓ ગળામાં કડિયાની માળા, પગના અંગૂઠામાં વેડલો, કાને તથા ધાતુમાંથી બનાવેલ રિંગો, હાથ કોણી સુધીનો ઢંકાઈ જાય તે રીતે ધાતુની કે કાચની બંગડીઓ પહેરે છે તથા કેટલીક પૈસાદાર કુટુંબની સ્ત્રીઓ ચાંદીનાં ઘરેણાં પહેરે છે. કાથોડી પુરુષો કમરે ચામડાનો પટ્ટો વીંટાળે છે તેમાં દાતરડું અને તમાકુની ડબી રાખે છે. કાથોડી સ્ત્રીપુરુષો છૂંદણાં પડાવવાના પણ ખૂબ શોખીન છે. તેમના હાથ, પગ અને ચહેરા પર અવશ્ય છૂંદણાં જોવા મળે છે.

## ખોરાક અને પીણાં

કાથોડી જાતિ માંસાહારી પ્રજા છે. તેઓ જંગલમાંથી પશુ–પક્ષી અને પ્રાણીઓનો શિકાર કરીને ખોરાક મેળવે છે. આ ઉપરાંત ડાંગ અને સુરત જિલ્લામાં વસવાટ કરતા કાથોડી જાતિના લોકો ચોખા, જુવાર અને નાગલીનો ખોરાકમાં ઉપયોગ કરે છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં વસવાટ કરતા લોકો મકાઈ અને ઘઉંનો ખોરાકમાં ઉપયોગ કરે છે. તુવેર, અડદ અને વાલ જેવા કઠોળ પણ ખાય છે. કાથોડી જાતિના લોકો કંદમૂળ અને શાકભાજીનો ખોરાકમાં ઉપયોગ કરે છે. કાથોડી જાતિનાં સ્ત્રીપુરુષોમાં દારૂનું સેવન સવિશેષ જોવા મળે છે તેમ જ બીડી અને તમાકુનું વ્યસન પણ છે.

## વ્યવસાય

કાથોડી જાતિનો પરંપરાગત વ્યવસાય કાથો પાડવાનો છે. પરંતુ સમય જતાં જંગલો ઘટવાથી, જંગલોમાં ખેરનાં વૃક્ષો ન રહેતાં કોલસા પાડવા, ખેતમજૂરી, છૂટક મજૂરી અને પશુપાલનનો વ્યવસાય કરે છે. કાથોડી જાતિનાં કુટુંબોને સરકાર દ્વારા દુધાળાં ઢોરની યોજનાનો લાભ આપવાથી તેઓમાં પશુપાલનનો વ્યવસાય વધી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વસતા કાથોડી જાતિનાં કુટુંબો ખાંડનાં કારખાનાં અને શેરડી કાપવાના વ્યવસાયમાં પણ વધુ રોકાયેલા છે. કાથોડી જાતિના લોકોને સ્થાનિક સ્તરે રોજગારી ન મળતાં શહેરો તરફ સ્થળાંતર કરતા થયા છે.

## શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર કાથોડી જાતિમાં ૩૬.૫૧ ટકા સાક્ષરતા જોવા મળે છે. એટલે કે કુલ ૧૩,૬૩૨ લોકોમાંથી ૪૦૯૬ લોકો શિક્ષિત છે, જેમાં ૨૩૨૭ (૪૧.૯૧ ટકા) પુરુષો અને ૧૭૬૯ (૩૧.૨૨ ટકા) સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે. જ્યારે ૬૩.૪૯ ટકા લોકો નિરક્ષર જોવા મળે છે. (ભીખા પટેલ અને પ્રવીણ પટેલ ૨૦૧૫:૧૨૩)

## સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો

કાથોડી જાતિના કેટલાક સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો અન્ય આદિવાસી જાતિઓ જેવા જ છે. કાથોડી જાતિની ગરીબ અને આદિમ જૂથમાં ગણના થતી હોવાથી લગ્ન પણ સાદી રીતે કરે છે. સામાજિક–સાંસ્કૃતિક રિવાજોમાં બાળકના જન્મથી મૃત્યુ સુધી અનેક પ્રકારના રિવાજો જોવા મળે છે. જેમ કે પંચૂરો એટલે કે નામકરણ, સગાઈ, લગ્ન, દહેજ પ્રથા, પુનર્લગ્ન, વિધવા પુનર્લગ્ન, છૂટાછેડા, મૃત્યુ વગેરે જોવા મળે છે.

# ૪.૩ હળપતિ (તળાવિયા) જાતિ

"હળપતિ જાતિ" એ ગુજરાતમાં વસવાટ કરતી અન્ય આદિવાસી જાતિ કરતાં સામાજિક–સાંસ્કૃતિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાતપણું ધરાવતી જાતિ છે. હળપતિ જાતિ મુખ્યત્વે સુરત જિલ્લાના તમામ તાલુકામાં ઓછા–વત્તા પ્રમાણમાં વસવાટ કરે છે. આ સિવાય ભરૂચ, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં પણ તેમની વસતિ જોવા મળે છે. હળપતિ જાતિને "કાળીપરજ"માં વર્ગીકૃત કરવામાં આવી છે. સામાન્ય રીતે હળપતિ જાતિના લોકો "ભૂમિહીન ખેતમજૂરો" તરીકે કામ કરે છે. જેનું પ્રમાણ આશરે ૭૦ ટકા જેટલું છે. ગ્રામીણ વિસ્તારમાં હળપતિ લોકોનો વસવાટ અલગ અલગ જોવા મળે છે. સામાન્ય રીતે હળપતિ સમુદાયના લોકો બિનઆદિવાસી સમાજના લોકો સાથે સપાટ, મેદાની પ્રદેશ અને ફળદ્રુપ જમીનમાં વસવાટ કરે છે, તેમ જ ઉજળિયાત લોકો સાથે સંબંધો ધરાવતા હોવાથી સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજોમાં સામ્યતા જોવા મળે છે. છતાં પણ આર્થિક રીતે નબળા, ભૂમિવિહોણા અને નિમ્ન શિક્ષણને કારણે ઉજળિયાતોને ત્યાં ખેતી તથા ખેતમજૂરીના વ્યવસાયમાં રોકાયેલા જોવા મળે છે. ખેતી અને ખેતમજૂરી ઉપર જ તેમનો જીવનનિર્વાહ ચાલે છે. હળપતિ જાતિની સામાજિક–સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, ભૌગોલિક વિશિષ્ટતાની સમજ અહીં રજૂ કરી છે. (રેણુકા ભાવસાર–આદિલોક, અંક–૩, મે–જૂન–૨૦૧૬, ૫૦)

## હળપતિ (તળાવિયા) જાતિનો અર્થ

આઝાદી પૂર્વે હળપતિ જાતિના લોકો માટે "દૂબળા" શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. જેનો અર્થ થાય છે કમજોર, નબળા, દબાયેલા, કચડાયેલા લોકોનો વર્ગ. સામાન્ય અર્થમાં કહીએ તો હળપતિ જાતિના લોકો શારીરિક–માનસિક રીતે

કમજોર, આર્થિક રીતે નબળા તેમ જ ગરીબી અને હાળી–ધણિયામાની ગુલામી પ્રથાથી દબાયેલા–કચડાયેલા હતા. આ જાતિના લોકો ઉજળિયાતો–અનાવિલ બ્રાહ્મણ, રાજપૂત, કણબી, કોળી વગેરેનાં ખેતરોમાં ખેતમજૂરો તરીકે કામ કરતા હોવાથી તેમને "હળપતિ" તરીકે ઓળખવામાં આવ્યા છે. હળપતિનો બીજો એક એવો અર્થ પણ થાય છે કે હળ એટલે ખેતર ખેડવા માટે વાપરવામાં આવતું સાધન અને પતિ એટલે આ સાધનનો ઉપયોગ કરનાર વ્યક્તિ – માલિક. અર્થાત્ હળપતિ એટલે ખેતર ખેડવા માટે વાપરવામાં આવતા હળ નામના સાધનનો ઉપયોગ કરનાર પતિ (માલિક). (રેણુકા ભાવસાર–આદિલોક, અંક–૩, મે–જૂન–૨૦૧૬, ૫૧)

## હળપતિ શબ્દની ઉત્પત્તિ

"હળપતિ" શબ્દ એ ભારત દેશને આઝાદી મળી તે સમયગાળા દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ બારડોલીમાં ખેડૂતો અને હળપતિ લોકોની સંયુક્ત સભા મળી. આ સભામાં હાળી–ધણિયામાની ગુલામી પ્રથા દૂર કરવા તથા સ્વતંત્રતા મળે એ માટે ઠરાવ પસાર કર્યો અને હળપતિની સ્વતંત્રતા જાહેર કરી હતી. આ કાયદા દ્વારા તેમની ગુલામી દૂર કરવાની હિમાયત કરી. તા. ૨૩/૧/૧૯૩૯ના રોજ મહાત્મા ગાંધીએ "હળપતિ" શબ્દ પ્રયોજીને આશીર્વચન આપ્યા હતા. ત્યારથી "હળપતિ" શબ્દ પ્રયોજવામાં આવી રહ્યો છે. ત્યાર બાદ શ્રી જુગતરામ દવેએ હળપતિ જાતિના લોકોની સ્થિતિમાં સુધારો લાવવા માટે રચનાત્મક કાર્યક્રમો પર ખાસ ભાર મૂક્યો હતો. "દૂબળા" શબ્દમાંથી આ જાતિના લોકો માટે હાળી–ધણિયામાની ગુલામી પ્રથા દૂર કરીને "હળપતિ" શબ્દ આ જાતિના લોકોમાં ગૌરવભેર, સ્વમાનભેર અને સ્વતંત્ર રીતે જીવન જીવવાની તક પૂરી પાડે છે. (રેણુકા ભાવસાર–આદિલોક, અંક–૩, મે–જૂન–૨૦૧૬, ૫૦)

## હળપતિ જાતિઃ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

હળપતિ જાતિના લોકો પોતાને રાજપૂત વંશના ગણાવે છે, કારણ કે તેમના નિકટના સંબંધો રાઠોડ લોકો સાથે વધુ જોવા મળે છે. એવું કહેવાય છે કે દૂબળા અને કોળીના પૂર્વજો મૂળભૂત અને સમાન હતા. હળપતિ અન્ય હિંદુ જાતિઓ જેવી કે અનાવિલ બ્રાહ્મણ, રાજપૂત, કોળી, કણબી સાથે હાળી–ધણિયામાની ગુલામી પ્રથાની કોઈ પણ પ્રકારની વિધિ વગર જોડાઈ ગયા. અન્ય આદિવાસી જાતિઓ જેવી કે કોંકણા, નાયકા, ચૌધરીના સભ્યો દાખલ થયા એટલે તેમની સેવા ૨૦–૨૫ ગામોને પૂરી પાડતા. તેઓ કેટલાંક સ્થળોએ નવા આવનાર લોકોને ખોરાક અને દારૂ પૂરો પાડતા હતા. ઉચ્ચ જ્ઞાતિના લોકો હળપતિ સ્ત્રીઓને સાથે લાવતા હતા. આ રીતે આ જ્ઞાતિમાં પ્રવેશ થયો હોય તેવું માનવામાં આવે છે.

આ જાતિના ઉદ્ભવ પાછળ કેટલીક લોકવાયકાઓ જોવા મળે છે જે આ મુજબ છે :

ભૂતકાળમાં આ જાતિના લોકોને દુશ્મનોએ તેમની સામે રણમેદાનમાં લડવાનો પડકાર ફેંક્યો. તેમણે હારવાની બીકે લડવાની ના પાડી, જેથી દુશ્મનો બોલી ઊઠ્યા કે, "તમે દૂબળા રહ્યા એટલે અમારી સામે કેવી રીતે લડી શકો" ત્યારથી તેઓ "દૂબળા" તરીકે ઓળખાવા લાગ્યા.

ભૂતકાળમાં એક વખત વરસાદની અછતના કારણે તેમના મૂળ વતનમાં દુષ્કાળ પડ્યો. આ દુષ્કાળમાંથી બચવા તેમના પૂર્વજો આ પ્રદેશમાં (દક્ષિણ ગુજરાતમાં) હિજરત કરી આવ્યા. હિજરતે નીકળેલા દૂબળાઓનું ટોળું એક ગામમાં આવી પહોંચ્યું. તેમને ઘણા દિવસોથી અન્ન–જળ મળ્યું ન હતું. તેથી તેઓ નબળા અને કમજોર દેખાતા હતા. તે ગામના લોકોએ પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે આ લોકો દુકાળિયા પ્રદેશમાંથી આવ્યા છે અને દૂબળા છે ત્યારથી આ લોકો "દૂબળા" તરીકે ઓળખાય છે.

કેટલાક દૂબળાઓ “તલાવિયા રાઠોડ” તરીકે ઓળખાવા પાછળ એક કિંવદંતી એવી છે કે પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરવા માંડી ત્યારે ક્ષત્રિયની બનેલી આ જાતિએ એક યુક્તિ અજમાવી. એક દિવસ રાઠોડ લોકો તેમના નાયક સાથે તળાવના કિનારે બેઠા હતા. ત્યારે રાઠોડનાં કુળદેવી માતા તુળજા ભવાનીએ તળાવમાં ઊતરીને રાઠોડને જીવનદાન આપ્યું હતું. ત્યાંથી તેઓ “તળાવિયા રાઠોડ” કહેવાયા. વર્તમાન સમયમાં તળાવિયા રાઠોડને “તળાવિયા હળપતિ” તરીકે પણ ઓળખવામાં આવે છે.

સુરત શહેરના અને દક્ષિણ ગુજરાતના ઇતિહાસને તપાસતાં ખ્યાલ આવે છે કે ઈ.સ. ૧૫૭૩માં અકબરે સુરત જીત્યું. ત્યારથી પોર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેંચ લોકોએ અહીં કોઠીઓ સ્થાપી હતી. સુરતનાં અંદરનાં ગામડાંઓમાં હાકેમોની સત્તા પહોંચતી ન હતી. જમીનમહેસૂલ ઉઘરાવવાની સ્થાનિક વગદાર વર્ગના લોકોની જરૂરિયાત હોવાથી તેમની નિમણૂક કરવામાં આવી હતી, આ લોકો “દેસાઈ” કહેવાતા. સુરતમાં જમીનમહેસૂલનો ઠરાવેલો ભાગ પહોંચાડવા પૂરતી આ લોકોની સત્તાઓને તેઓ માનતા. બાકી આ લોકો સ્વતંત્ર હતા. તેમનાથી આ લોકો સ્વતંત્ર હતા. તેમની માથે દેવું હોય ત્યાં સુધી તે ગુલામ રહેતા અને દેવા સાથે બીજા ધણિયામાને ત્યાં મોકલતા. જ્યાં સુધી દેવું ભરપાઈ ન થાય ત્યાં સુધી તેમણે ગુલામી કરવી પડતી. આથી તેઓ આર્થિક અને હંમેશને માટે પરાવલંબી અને ગરીબ બની ગયા.

મુંબઈ સરકારે ઈ.સ. ૧૮૭૭ના ગૅઝેટિયરમાં જણાવ્યું છે કે સુરતની આદિવાસી લોકોની વસતિ કુલ વસતિના ૩૩ ટકા હતી. તેમાં થોડાક નાના જમીનદારો, સ્વતંત્ર શ્રમિકો અને ગરીબો હતા. આ ત્રણેય જૂથોની હાલત અત્યંત કંગાળ હતી.

એક એવી પણ માન્યતા પ્રચલિત છે કે હળપતિ લોકોએ દરિયાપારથી અહીં આવીને વસવાટ કર્યો છે, કારણ કે આ લોકો પાસે પોતાનું કશું ન હોવાથી જ્યાં વરસાદ સારો થતો હોય, જમીન ફળદ્રુપ હોય, કૃષિનું ઉત્પાદન સારું થતું હોય, સપાટ જમીન પ્રદેશ હોય તેવા વિસ્તારમાં પોતાનો કાયમી વસવાટ કર્યો છે. તેમનામાં ખેતી કરવાની શક્તિ અને આવડત સારી હોવાથી ખેતમજૂરીના કામને વળગી રહ્યા છે. હળપતિ જાતિની સ્ત્રીઓ ખેતમજૂરી દરમિયાન નીંદવાનું અને ફસલ લણવાનાં કામો કરે છે. ઉજળિયાતના “હાળી” તરીકે પેઢી દર પેઢી રહેતા હોવાથી તેઓ “હળપતિ” કહેવાયા છે. (રેણુકા ભાવસાર–આદિલોક, અંક–૩, મે–જૂન–૨૦૧૬, ૫૧)

એક સમયે તેમની પાસે જમીન હશે તેઓ “કાપો અને બાળો” પ્રકારની ખેતી કરતા જેને “દાઝિયું” કહે છે. આજે તેમનામાંથી બહુ ઓછા લોકો પાસે જમીન છે. આ જમીનનું પ્રમાણ પણ ખૂબ જ ઓછું છે. આના પરથી તેઓ દરિયાપારથી આવ્યા હોવાનું અનુમાન કરાયું હશે. આજે હળપતિ જાતિના લોકો ખેતમજૂરી પર પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે.

## હળપતિ જાતિઓના પેટાવિભાગો (પેટાજાતિઓ)

૧૯૨૦માં એન્થોવને હળપતિ જાતિના ૨૦ પેટાવિભાગો પાડી પેટાજાતિઓ દર્શાવી છે જે આ મુજબ છે, ૧. બાળા ૨. બલાસરિયા ૩. બરુનિયા ૪. ચોરીઆ ૫. દામાણી ૬. હરાવિયા ૭. ઇસરિયા ૮. ખારચા ૯. માંડવીઆ ૧૦. નારડા ૧૧. ઓલપાડિયા ૧૨. પાળિયા અથવા ખોડિયા ૧૩. રાઠોડિયા ૧૪. સરવિયા અથવા સરાળિયા ૧૫. સીપરિયા ૧૬. તળાવિયા ૧૭. ઉબારિયા ૧૮. ઉમરિયા ૧૯. વસાવા અથવા વસાવડા અને ૨૦. વહોરિયા.

ઉપરોક્ત પેટાજૂથો પૈકી તળાવિયા સામાજિક ક્રમની દ્રષ્ટિએ સૌથી ઊંચા મનાય છે. તેઓ લગ્ન કરવા માટે છોકરીઓ લાવતા, પરંતુ પોતાની છોકરીઓને લગ્ન કરવા માટે આપતા ન હતા. તળાવિયા અને માંડવિયા જાતિના લોકો એકબીજા

સાથે બેસીને જમે છે તથા આંતરજ્ઞાતીય લગ્ન કરે છે. ખારચા નીચેના ક્રમે આવે છે.

ડૉ. ડી. પી. ખાનપુરકરે હળપતિ જાતિના પેટાવિભાગોમાં બીજાં પાંચ નામોનો ઉમેરો કર્યો છે. તેમાં ગાંગલિયા, કન્હારિયા, ઠાકોરો, થાળી ગોરિયા અને વંટોળિયાનો સમાવેશ થાય છે. તેમના મતાનુસાર હળપતિ જાતિના ૨૫ વિભાગો પૈકી ત્રણ વિભાગો મહત્ત્વના છે, તેમાં તળાવિયા, વહોરિયા અને ખારચા તેમ જ વલસાડિયા, મિલિયા અને ઓલપાડિયા મહત્ત્વના છે. (રેણુકા ભાવસાર– આદિલોક, અંક–૩, મે–જૂન–૨૦૧૬, ૫૧)

## રહેઠાણ

હળપતિ જાતિના લોકો સપાટ જમીન પ્રદેશમાં રહેતા હોવા છતાં તેમનાં રહેઠાણ (ઘર) એકસરખી બનાવટનાં ઓછાં જોવા મળે છે. ઘરની બનાવટમાં ખૂબ જ વૈવિધ્ય જોવા મળે છે. તેમનાં ઘર ઝૂંપડા પ્રકારનાં કે અર્ધ કાચા–પાકા પ્રકારનાં જોવા મળે છે. એક ઘરમાં સરેરાશ ૫થી ૧૦ કુટુંબના સભ્યો એકસાથે નિવાસ કરે છે. કાચા–પાકા મકાનમાં દીવાલો પાકી, નીચેનું ભોયતળિયું ગારવાળું કે સિમેન્ટવાળું તથા સાજ દેશી કે વિલાયતી નળિયાવાળી હોય છે. તેમાં ફેરફારની શક્યતા ભાગ્યે જ હોય છે.

## વસતિ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર ગુજરાત રાજ્યમાં હળપતિ જાતિની કુલ વસતિ ૬,૪૩,૧૨૦ની છે, જેમાં સ્ત્રીઓની સંખ્યા ૩,૨૦,૪૯૦ છે અને પુરુષોની સંખ્યા ૩,૨૨,૬૩૦ છે. ગુજરાતમાં હળપતિ જાતિનાં ૧,૪૮,૫૧૨ કુટુંબો વસવાટ કરે છે. આદિવાસી વસતિમાં હળપતિ જાતિની વસતિ ૭.૨૧ ટકા છે. આ વસતિ મહદંશે સુરત જિલ્લામાં ૨,૬૮,૭૪૩, નવસારી જિલ્લામાં ૧,૬૯,૬૧૮, વલસાડ જિલ્લામાં ૯૧,૮૫૦, ભરૂચ જિલ્લામાં ૬૧,૬૨૨, વડોદરા જિલ્લામાં ૩૨,૩૦૭ વગેરે વિસ્તારમાં હળપતિ જાતિની વસતિ સવિશેષ પ્રમાણમાં વસવાટ કરે છે. (અરુણ પટેલ, ૨૦૧૫:૩–૫) આ વસતિમાં ૦થી ૬ વર્ષનાં બાળકોની વસતિ ૭૮,૧૩૫ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૬૧ સ્ત્રીઓ છે. ગુજરાત રાજ્યમાં વસતિની દ્રષ્ટિએ હળપતિ જાતિ ભીલ જાતિ પછી બીજા ક્રમે આવે છે.

## પહેરવેશ

હળપતિ જાતિના લોકોમાં પરંપરાગત રીતે પુરુષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, ધોતી, માથે ફાળિયું, ટોપી કે રૂમાલ બાંધે છે. જ્યારે સ્ત્રીઓ ઘાઘરાનો કછોટો મારીને સાડી અને કાંચળી પહેરે છે. યુવાન સ્ત્રીઓ ગુજરાતી અને બંગાળી ઢબે સાડી પહેરતી થઈ છે.

## ઘરેણાં

હળપતિ જાતિમાં સ્ત્રીપુરુષ બંને ઘરેણાં પહેરવાનો શોખ ધરાવે છે. હળપતિ જાતિની સ્ત્રીઓ ગળામાં કંઠી, કોડીઓ, મણકાનો હાર, કાનમાં ચોકડી આકારનાં એરિંગ, પગમાં કડલા, નાકમાં નથ કે ચૂની તથા હાથમાં વીંટી અને બંગડી પહેરે છે. આ બંગડી પ્લાસ્ટિક અથવા અન્ય ધાતુઓની હોય છે. પુરુષો હાથમાં વીંટી, ગળામાં દોરો કે માદળિયું, ખમીસમાં બટણ તથા કમરે કંદોરો પહેરે છે. આર્થિક સ્થિતિ સારી હોય તે ચાંદીનાં આભૂષણો પહેરે છે તથા દિન–પ્રતિદિન હળપતિ જાતિમાં ચાંદીનાં આભૂષણો પહેરવાનું વલણ વધતું જાય છે.

## બોલી (ભાષા)

હળપતિ જાતિની પોતાની પ્રાદેશિક કે સાંસ્કૃતિક આગવી કોઈ બોલી નથી. તેઓ ઉજળિયાતો સાથે રહેતા હોવાથી વાતચીતમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે. ગુજરાતની સરહદ પર આવેલાં ગામડાંઓમાં વસતા હળપતિ લોકોની બોલીમાં મરાઠીની અસર જોવા મળે છે. તેઓ વાતચીતમાં દક્ષિણ ગુજરાતની તોછડી, ગાળ મિશ્રિત મીઠી બોલી બોલે છે. તેમનું કંઠસ્થ સાહિત્ય, તેમનાં પ્રસંગોપાત્ત ગીતો–ભજનો વગેરે ગાય ત્યારે સાંભળવાં મળે છે.

## ખોરાક અથવા ખાનપાન

હળપતિ જાતિનો મુખ્ય ખોરાક જુવારનો રોટલો, લીલાં શાકભાજી અને દાળ–ભાત છે. તેઓ વાર–તહેવારે મિષ્ટાન્ન બનાવીને ખાય છે. પ્રસંગોપાત્ત માંસાહાર પણ કરે છે. સામાન્ય રીતે તેઓ સસલા, બકરાનું માંસ ખાય છે, પરંતુ ગાયને પવિત્ર માનતા હોવાથી ગાયનું માંસ ખાવાનો નિષેધ છે. તેઓ શિકારના શોખીન છે.

હળપતિ જાતના લોકોમાં દારૂનું વ્યસન વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેઓ આખો દિવસ સખત મજૂરી કરીને આવ્યા બાદ થાક ઉતારવા માટે દારૂ પીએ છે. આ ટેવને કારણે તેઓ લાંબું આયુષ્ય ભોગવી શકતા નથી. દારૂ ઉપરાંત ચા–બીડી, તમાકુ, ગુટકા વગેરેનું પણ વ્યસન જોવા મળે છે. દારૂ અને વ્યસન તેમની રોજિંદી જરૂરિયાત હોય તેમ લાગે છે.

## ઘેરૈયા નૃત્ય

હળપતિ જાતિનું "ઘેરૈયા નૃત્ય" ખૂબ જ પ્રચલિત છે. નવરાત્રીના સમયે હળપતિ જાતિના લોકો "ઘેરૈયા" બનીને નાચે છે. આ સમયે ચિત્ર–વિચિત્ર અને રંગબેરંગી પહેરવેશ પહેરીને નાચગાન કરીને પૈસા ઊઘરાવે છે. ઘેરૈયા નૃત્ય જુદા જુદા પ્રકારના ચાળાઓ દ્વારા કરવામાં આવે છે. જેમાં ઘોઈ ચાળો, મરઘી ચાળો, શેરડી ચાળો, ખિસકોલી ચાળો, માંડવા ચાળો વગેરેનો સમાવેશ થાય છે.

## ગીત-સંગીત અને વાજિંત્રો

હળપતિ લોકોનાં ગીતોમાં મુખ્યત્વે ઘેરૈયા નૃત્યનાં ગીતો, લગ્નગીતો, મેહુલિયાનાં ગીતો, કુંડલિયાનાં ગીતો, ગરબાનાં ગીતો વગેરેનો સમાવેશ થાય છે. આ ગીતોમાં અને ગરબાઓમાં પણ અર્વાચીન યુગની અસર જોવા મળે છે. આજે યુવક–યુવતી તથા બાળકો મોટે ભાગે ડીજે અને બેન્ડના તાલે આધુનિક નૃત્ય કરે છે.

હળપતિ જાતિનાં મુખ્ય વાજિંત્ર તૂર અને થાળી છે. આ ઉપરાંત મંજીરા, તંબૂરો, ભૂંગળ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ઢોલ અને સંગીતના તાલે નૃત્ય કરી આનંદ મેળવે છે. આ સિવાય ઝારી અને કાઠીનો ઉપયોગ કરે છે. ભજન મંડળમાં જતા લોકો મંજીરા, પેટી તથા તંબૂરાનો ઉપયોગ કરીને ભજન ગાય છે.

## ધર્મ અને દેવીદેવતાઓ

હળપતિ જાતિના લોકો હિન્દુ ધર્મમાં આસ્થા ધરાવે છે. આ ઉપરાંત ભૂતપ્રેત, જાદુ–ટોણાં, ડાકણ, ભગત–ભૂવામાં પણ શ્રદ્ધા રાખે છે. હળપતિ જાતિમાં સ્ત્રી કે પુરુષ બીમાર પડે ત્યારે બળિયા કાકાની અથવા કાલીમાતાની માનતા રાખે છે. આ ઉપરાંત આ જાતિના લોકો સિકોતરી માતા, મેલડી માતા, જોગણી માતા ઉપર શ્રદ્ધા રાખે છે અને જો દર્દ સારું ન થાય તો અંતમાં નજીકના દવાખાને કે ડૉક્ટર પાસે સારવાર કરાવે છે. આ ઉપરાંત વૃક્ષમાં પીપળો, પ્રાણીમાં વાઘ, પશુમાં ગાય અને નાગદેવની પૂજા કરે છે. હળપતિ જાતિના લોકો ઉજળિયાત લોકો સાથે રહેતા હોવાથી તેમનાં દેવી–દેવતાઓ જેમ કે અંબા માતા, ખોડિયાર માતા, શિવજી, રાધા–કૃષ્ણ, રામ–સીતા, હનુમાનજી વગેરેમાં પણ આસ્થા રાખે છે.

## તહેવારો અને ઉત્સવોની ઉજવણી

હળપતિ જાતિનો મુખ્ય તહેવાર દિવાસો છે. દિવાસો એ તેમનો સામાજિક–સાંસ્કૃતિક તહેવાર છે. દિવાસાના દિવસે કેટલીક માન્યતાઓને ધ્યાને રાખીને સામાજિક–સાંસ્કૃતિક રિવાજ પાળે છે. દિવાસાના દિવસે તેઓ નવાં કપડાંમાંથી નાનાં નાનાં ઢીંગલા–ઢીંગલી બનાવીને તેનાં વિધિસરનાં લગ્ન કરાવે છે અને તેમને નાના માટલામાં મૂકીને નદીમાં તરતાં મૂકી દરિયાપાર સાસરે વળાવે છે.

દિવાસો ઉપરાંત હોળી, બળેવ કે રક્ષાબંધન, નવરાત્રી, દિવાળી, ગણેશોત્સવ, જન્માષ્ટમી, શિવરાત્રી, મકરસંક્રાંતિ, રામનવમી, શીતળાસાતમ વગેરે તહેવારો પણ ધામધૂમથી મનાવે છે.

### શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર હળપતિ જાતિમાં ૬૫.૩૫ ટકા સાક્ષરતા જોવા મળે છે. એટલે કે કુલ ૬,૪૩,૧૨૦ લોકોમાંથી ૩,૬૯,૮૩૨ લોકો શિક્ષિત છે, જેમાં ૨,૦૪,૦૭૫ (૭૨.૧૭ ટકા) પુરુષો અને ૧,૬૫,૭૫૭ (૫૮.૭૪ ટકા) સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે. જ્યારે ૩૪.૬૫ ટકા લોકો નિરક્ષર જોવા મળે છે. હળપતિ જાતિના લોકોમાં અક્ષરજ્ઞાન તથા સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. શહેરી વિસ્તારમાં કે તેની નજીકના વિસ્તારમાં વસવાટ કરતાં હળપતિ જાતિનાં કુટુંબોને શિક્ષણની ઉત્તમ સુવિધાઓ અને શૈક્ષણિક યોજનાનો લાભ મળવાને કારણે તેમનાં બાળકો ઠીક ઠીક પ્રમાણમાં શિક્ષણ લઈ શક્યાં છે.

### વ્યવસાય (અર્થવ્યવસ્થા)

હળપતિ જાતિના લોકો ખેતી અને ખેતમજૂરી સંબંધિત વ્યવસાયમાં જોડાયેલા છે. આ લોકો પાસે જમીન કે અન્ય પરંપરાગત આર્થિક ઉપાર્જનનાં સાધનો ન હોવાથી તેઓ જમીનદારોને ત્યાં ભાગવા ખેતી કે ખેતમજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. કેટલાંક કુટુંબો સુરત શહેર કે તાલુકા કક્ષાએ છૂટક મજૂરીનાં કામોમાં જોડાઈને રોજગારી મેળવે છે, તો કેટલાક પરિવારો જંગલ વિસ્તારમાં ગૌણ વન પેદાશ એકત્ર કરવા જાય છે અને તેમાંથી મળતી આવકમાંથી પરિવારનો જીવનનિર્વાહ કરે છે. હળપતિ જાતિની સ્ત્રીઓ લગ્ન પ્રસંગો કે અન્ય પ્રસંગોએ કેટરિંગમાં કામ કરી આવક મેળવીને કુટુંબનું ભરણપોષણ કરે છે.

### સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજો

હળપતિ જાતિમાં બાળકના ગર્ભધારણથી મૃત્યુ સુધીના સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજો જોવા મળે છે. આ સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજોમાં રજસ્વલા સ્ત્રી અને સીમંતવિધિ, સગર્ભાવસ્થા અને પ્રસૂતિ, છઠ્ઠીની વિધિ, નામકરણ વિધિ, સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન, દિયરવટું, સાળીવટું, ઘરજમાઈ, દહેજપ્રથા વગેરે પ્રકારના રીતરિવાજો જોવા મળે છે.

હળપતિ જાતિમાં યુવક–યુવતી પુખ્ત વયનાં થાય ત્યારે લગ્ન કરે છે. લગ્ન માતા–પિતા દ્વારા નક્કી થાય છે અને છોકરાનાં માબાપ છોકરીને ઘરે જઈને લગ્ન નક્કી કરે છે. તેની સાથે દહેજની રકમ પણ નક્કી થાય છે. લગ્નની સંપૂર્ણ વિધિ હિન્દુ લગ્ન પરંપરા પ્રમાણે કરવામાં આવે છે. સગોત્ર લગ્નનો નિષેધ છે.

### જાતિપંચ

જાતિપંચ એ આદિવાસી સમાજના સામાજિક–સાંસ્કૃતિક, આર્થિક–વ્યાવસાયિક, શૈક્ષણિક, રાજકીય વગેરે પ્રશ્નો અને તેના નિરાકરણ માટે કાર્ય કરતી એક સામાજિક સંસ્થા છે. અન્ય આદિવાસી જાતિઓની જેમ હળપતિ જાતિમાં સામાજિક વ્યવસ્થાઓનું નિયમન તથા નિયંત્રણ કરવા માટે જાતિપંચ છે. આ જાતિપંચ એ ગામના કેટલાક વડીલો અને ડાહ્યા લોકોએ ભેગા મળીને બનાવેલ હોય છે. જે સમાજના રીતરિવાજો, શૈક્ષણિક બાબતો, કૌટુંબિક ઝઘડાઓ, લગ્ન, છૂટાછેડા, પુનર્લગ્ન, સંપત્તિઓના ઝઘડાઓ વગેરે પ્રશ્નોના નિરાકરણ માટે જાતિપંચ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે પંચ દ્વારા પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યારે પોલીસ કે અદાલતનો આશ્રય લે છે.

## ૪.૪ પટેલિયા જાતિ

### પટેલિયા જાતિ: ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

પાવાગઢમાં પતાઈ રાવળનું પતન થયા પછી પંચમહાલના જુદા જુદા જંગલ પ્રદેશો જેવા કે દાહોદ, લીમખેડા અને સંતરામપુરમાં આવી જે ક્ષત્રિયો રહ્યા તે "પટેલિયા" કહેવાયા. પટેલ જાતિના

લોકો ભીલોની સાથે ભળી જઈ હળીમળીને રહેવા લાગ્યા. પટેલિયાઓ હોશિયાર અને આવડતવાળા હોવાથી ગામનું મુખીપણું સ્વીકાર્યું, 'પટેલ' તરીકે કારભાર કરવા લાગ્યા. સમય જતાં 'પટેલ' શબ્દનો અપભ્રંશ થયો અને તેઓ "પટેલિયા" કહેવાયા. (બચુ બરંડા, ૨૦૦૭:૬૨)

## વિસ્તાર

પટેલિયા જાતિના લોકો ગુજરાતમાં મુખ્યત્વે દાહોદ જિલ્લાના દાહોદ, લીમખેડા અને ધાનપુર તેમ જ પંચમહાલ જિલ્લાના સંતરામપુર અને લુણાવાડા તાલુકામાં વસવાટ કરે છે. પટેલિયા જાતિના લોકોની વસતિ ગામડાંઓ અને શહેરોમાં બંનેમાં જોવા મળે છે.

## વસતિ

૨૦૧૧ની વસતિગણતરી મુજબ પટેલિયા જાતિની કુલ વસતિ ૧,૧૪,૪૧૪ની છે. જે આદિવાસી વસતિના ૧.૨૮ ટકા છે. પટેલિયા જાતિની કુલ વસતિમાંથી પુરુષોની સંખ્યા ૫૮,૨૯૦ છે, જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૫૬,૧૨૪ છે. ગુજરાતમાં પટેલિયા જાતિનાં ૨૧,૩૭૮ કુટુંબો વસવાટ કરે છે. ૦થી ૬ વર્ષનાં બાળકોની વસતિ ૧૭,૪૬૭ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૦૯ સ્ત્રીઓનું છે.

## ઘરની બનાવટ

સામાન્ય રીતે પટેલિયા જાતિના લોકો ગામની નજીકની જંગલની જમીનને અડીને કે ડુંગરોની તળેટીમાં વસવાટ કરે છે. જ્યારે કેટલાંક પટેલિયા જાતિનાં કુટુંબો ટેકરીઓ ઉપર છૂટાછવાયા પણ વસવાટ કરે છે. પટેલિયા જાતિના લોકો પોતાના ઘર મોટે ભાગે પોતાની ખેતીની જમીન ઉપર બનાવે છે. તેઓનાં ઘર મોટે ભાગે કાચાં, છાણ–માટીથી લીપેલાં, વાંસની દીવાલવાળાં અને થાંભલીને ટેકેથી બાંધેલાં હોય છે. તેમનાં ઘરોમાં બે ભાગ હોય છે. ઓશરીના ભાગે તેઓ રહે છે અને બીજા ભાગે પોતાનાં પશુઓને બાંધે છે. તેમ જ આજે કેટલાંક ઘરો પાકા ધાબાવાળાં પણ જોવા મળે છે.

## પહેરવેશ

પટેલિયા જાતિનો પહેરવેશ અન્ય જાતિઓ કરતાં ઘણો જુદો પડે છે. પટેલિયા જાતિની સ્ત્રીઓ પરંપરાગત પોશાકમાં કાછડો મારી શકાય તેવા ઘેરા લાલ કે લીલા રંગનો ઘાઘરો પહેરે છે. માથે લાલ રંગનું કપડું નાખે છે. આજે સ્ત્રીઓ સાડી, ચણિયો અને બ્લાઉઝ પહેરતી થઈ છે. પુરુષો માથે સફેદ રંગનો ફેટો, પાઘડી કે ટોપી, શરીરે બંડી કે ખમીસ અને ધોતી કે લંગોટી પહેરે છે.

## ઘરેણાં

પટેલિયા જાતિની સ્ત્રીઓ ગળામાં ચાંદીની હાંસડી, સાંકળી તથા પગમાં ચાંદી કે કથીરનાં કડલાં, વીંછિયાં અને માથે બોર મૂકે છે. હાથે લાખવાળી ચિંદીની બંગડીઓ, ચળકતી ચૂડીઓ, વીંટી તથા કાને લોળિયાં, એરિંગ, વેઢલા તથા કાને સોનાની વાળી વગેરે પહેરે છે. જ્યારે પટેલિયા જાતિના પુરુષો ચાંદીનું ભારિયું, કાને બુટ્ટી અને કેડે કંદોરો પહેરે છે. હાલ તેઓ સોના–ચાંદીનાં ઘરેણાં સવિશેષ વસાવતાં થયાં છે. આ ઉપરાંત તેઓ વિવિધ પ્રકારનાં છૂંદણાં છૂંદાવતાં જોવા મળે છે.

## બોલી (ભાષા)

પટેલિયા જાતિના લોકો ભીલ જાતિના લોકો સાથે વસવાટ કરતા હોવાથી તેઓ પણ ભીલી બોલીનો ઉપયોગ કરે છે. તેઓ પરંપરાગત બોલીની સાથે સાથે ગુજરાતી ભાષાનો પણ ઠીક ઠીક ઉપયોગ કરતા જોવા મળે છે. પટેલિયા જાતિ ભીલ જાતિની એક ઉજળિયાત જાતિના નામથી ઓળખાય છે.

### વ્યવસાય

પટેલિયા જાતિના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ ઉપરાંત પટેલિયા જાતિના લોકો ખેતમજૂરી, જંગલ મજૂરી, ગૌણ વન-પેદાશો એકઠી કરવી, શહેરોમાં છૂટક મજૂરી તેમ જ કેટલાક શિક્ષિત લોકો નોકરી કરતા થયા છે.

### ખોરાક

પટેલિયા જાતિના લોકો ખોરાકમાં મુખ્યત્વે મકાઈનો ઉપયોગ કરે છે. મકાઈ ઉપરાંત ઘઉં, કઠોળ, દાળ, લીલાં શાકભાજી અને થૂલી ખાય છે. લગ્ન પ્રસંગે તથા વાર–તહેવારોમાં તેઓ મિષ્ટાન્ન સાથેનું ભોજન કે માંસ–મચ્છીનો ઉપયોગ કરે છે. એટલે કે પટેલિયા જાતિના લોકો શાકાહારી અને માંસાહારી એમ બંને પ્રકારનો ખોરાક ખાય છે. પટેલિયા જાતિમાં સવિશેષ ધૂમ્રપાનનું વ્યસન જોવા મળે છે. આ ઉપરાંત તેઓ દારૂ, તાડી, તમાકુ વગેરેનું પણ સેવન કરે છે.

### શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી મુજબ પટેલિયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો શિક્ષિત લોકોનું પ્રમાણ ૭૧.૬૯ ટકા હતું, જ્યારે અશિક્ષિત લોકોનું પ્રમાણ ૨૮.૩૧ ટકા હતું. પટેલિયાઓ ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે, જેથી શહેરી વિસ્તારમાં રહેતા પટેલિયા જાતિઓએ સરકારની વિવિધ યોજનાઓનો અને અનામતની જોગવાઈઓનો લાભ ઠીક ઠીક પ્રમાણમાં લીધો હોવાથી તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

### સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો

પટેલિયા જાતિમાં અન્ય આદિવાસી જાતિઓની જેમ વિવિધ પ્રકારના અનેક સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો જોવા મળે છે. પટેલિયા જાતિમાં દહેજ પ્રથા, સગાઈ, લગ્ન, ઘરજમાઈ, પુનઃલગ્ન, આંતરજ્ઞાતીય લગ્ન, પસંદગીનાં લગ્ન, છૂટાછેડા, નામકરણ વિધિ, વાર–તહેવારો અને ઉત્સવોની ઉજવણી વગેરે પ્રકારના સામાજિક–સાંસ્કૃતિક રિવાજો જોવા મળે છે.

### ધર્મ

તેઓ હિન્દુ ધર્મના બધાં દેવો અને દેવીઓની પૂજા કરે છે.

### પંચ પ્રથા

પંચના આગેવાનો સમાજમાં ચાલતા ઝઘડા, જમીન કે છેડતીના ગુના, શિક્ષણ વિકાસ અને સુધારાવધારા કરવામાં ન્યાય કરે છે.

### મુખ્ય વિશેષતા

તેઓની વિશેષતા એ છે કે તેઓ વિવિધ પ્રકારનાં છૂંદણાં છૂંદાવતાં જોવા મળે છે. તેમનું નૃત્ય અને ઘોડા ચલાવવાની રીત જાણીતી છે.

## ૪.૫ ચારણ જાતિ (નેસ વિસ્તાર)

### ચારણ અનુસૂચિત જનજાતિ : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ચારણનો ઇતિહાસ બીજી પ્રજાઓના ઇતિહાસ કરતાં કંઈક અનેરી ભાત પાડે છે. વેદકાળ, પુરાણો, રામાયણ તથા મહાભારત વગેરેમાં તેમના નામનો ઉલ્લેખ જોવા મળે છે. ચારણ જાતિ મુખ્યત્વે કયા વિસ્તારમાંથી આવી હશે અને ક્યારે આવી હશે તેનો કોઈ ખાસ ઉલ્લેખ જોવા મળતો નથી. મારુ ચારણ જાતિ ચોરવાડમાંથી આવેલ હશે તેવું મનાય છે. હાલમાં આ જાતિ સૌરાષ્ટ્રના ઝાલાવાડ અને હાલાર પ્રદેશમાં વસે છે. કેટલીક ચારણ જાતિ ‘સોરઠિયા ચારણ’ તરીકે ઓળખાય છે. (બચુ બરંડા, ૨૦૦૭:૪૨) ચારણ જાતિ વીરરસભર્યાં કાવ્યો અને દોહાઓ પીરસવા માટે જાણીતી છે. રામાયણ, મહાભારત, પુરાણ, વેદકાળ વગેરેની કથાઓ શ્રેષ્ઠ રીતે ગાય છે, જે “વહીવંચા” તરીકે ઓળખાય છે. ચારણ જાતિના લોકો વહીવંચો ગાવામાં નિષ્ણાત હોય છે. ગીર-બરડાના નેસ વિસ્તારના ચારણો આદિજાતિ ગણાય છે.

## વસતિ

૨૦૧૧ની વસતિગણતરી મુજબ ચારણ જાતિની કુલ વસતિ ૨૮૯૦ની છે, એટલે કે કુલ આદિવાસી જાતિમાં તેમની વસતિ 0.0૩ ટકા છે. ચારણ જાતિમાં પુરુષોની વસતિ ૧૪૮૩ અને સ્ત્રીઓની વસતિ ૧૪૦૭ની છે તથા કુલ કુટુંબોની સંખ્યા ૪૯૩ છે. આ વસતિમાં ૦થી ૬ વર્ષનાં બાળકોની વસતિ ૫૫૨ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૮૨૮ સ્ત્રીઓ છે. જ્યારે ૨૦૦૧ની વસતિગણતરી મુજબ ચારણ જાતિની કુલ વસતિ ૨૪૮૧ની હતી એટલે કે છેલ્લાં દસ વર્ષમાં તેમની વસતિમાં નજીવો વધારો જોવા મળે છે.

## વસવાટ

ગુજરાતમાં ચારણોની જાતિ મુખ્યત્વે સૌરાષ્ટ્રના ઝાલાવાડ, હાલાર અને સોરઠ પ્રદેશમાં જોવા મળે છે. ખાસ તો આ જાતિના લોકો ૧૯૫૬ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં વસવાટ કરતા તેને જ ‘અનુસૂચિત જનજાતિ’ની યાદીમાં સમાવાયા છે.

## રહેઠાણ-નિવાસ

ચારણ જાતિના લોકોનાં ઘરો સાદાં એક કે બે ગાળાના જોવા મળે છે. ઘર ઉપર દેશી નળિયાં કે ઘાંસ ઢાંકેલું જોવા મળે છે. હાલમાં ક્યાંક ક્યાંક પાકાં મકાનો જોવા મળે છે.

## પહેરવેશ

ચારણ જાતિના પુરુષોનો પહેરવેશ ખેડૂત જેવો જોવા મળે છે. તેઓ ચોરણો અને કોટ પહેરે છે, કમરે ભેટ બાંધે છે તથા માથે આંટિયાળી મોટી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ પગની પાનીથી તે છેક માથા સુધી ધૂમટો વાળી શકાય એવો મોટો ચોરસો પહેરે છે.

## બોલી-ભાષા

ચારણ જાતિની બોલી એક રીતે જોઈએ તો ઘણી આગવી છે. છતાં પણ તેમની બોલી કાઠિયાવાડી બોલીને મળતી આવે છે, એટલે કે તેઓ ગુજરાતી અને સૌરાષ્ટ્રની મિક્સ બોલી એવી કાઠિયાવાડી બોલી બોલે છે.

## ખોરાક અને પીણાં

ચારણ અનુસૂચિત જનજાતિનો મુખ્ય ખોરાક ઘઉં, જુવાર, બાજરો તથા કઠોળમાં મગ અને ચણા છે. આ ઉપરાંત દૂધ, દહીં, છાશ અને લીલાં શાકભાજી વગેરેનો ખોરાકમાં ઉપયોગ કરે છે. પીણાંમાં તેઓ ચા અને કાવાના શોખીન છે. આ સિવાય અન્ય કોઈ પીણાં પીતાં નથી.

## ધર્મ

ચારણ જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓની પૂજા કરે છે. આ ઉપરાંત નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, હોળી, દિવાળી વગેરે દિવસે પોતાનાં કુળદેવી કે દેવી-દેવતાઓની આરાધના કરે છે અને તેની ઉત્સવની જેમ ઉજવણી કરે છે.

## શિક્ષણ

સૌરાષ્ટ્ર વિસ્તારના ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં વસવાટ કરતી ચારણ જાતિમાં ૨૦૧૧ની વસતિગણતરી અનુસાર ૫૨.૬૫ ટકા સાક્ષરતા જોવા મળે છે. જેમાં પુરુષો ૬૧.૬૪ ટકા અને સ્ત્રીઓ ૪૩.૪૭ ટકા સાક્ષર છે. જ્યારે કુલ વસતિમાંથી ૧૨૩૧ લોકો સાક્ષર છે, જેમાં ૭૨૮ પુરુષો અને ૫૦૩ સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે.

## વ્યવસાય-અર્થવ્યવસ્થા

ચારણ જાતિના લોકો મોટા ભાગે પશુપાલનનો વ્યવસાય કરે છે. જ્યારે કોઈક કોઈક કુટુંબ ખેતી, છૂટક મજૂરી, કડિયાકામ, વેપાર વગેરે કરતાં જોવા મળે છે.

## સામાજિક-સાંસ્કૃતિક રીતિરિવાજો

ગુજરાત રાજ્યમાં ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં વસવાટ કરતી ચારણ અનુસૂચિત જનજાતિમાં રૂઢિચુસ્ત અને પરંપરાગત સામાજિક-

સાંસ્કૃતિક રીતિરિવાજો જોવા મળે છે. આ સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજોમાં રજસ્વલા સ્ત્રી માટેનાં કેટલાંક નિયંત્રણો–પ્રતિબંધો, સીમંત, નામકરણ વિધિ, સગાઈ, લગ્ન, છૂટાછેડા, વિધવા–વિધુર પુનઃલગ્ન, મૃત્યુ, અંત્યેષ્ટિ વિધિ, સૂતક પાળવું વગેરે જોવા મળે છે.

### જાતિપંચ

ચારણ જાતિનું પંચ છે. પંચના દરેક સભ્ય તથા લોકો નિયમોનું પાલન કરે છે. ચારણ જાતિમાં કોઈ સામાજિક ઝઘડાઓ કે ગુનાઓ દરમિયાન જાતિપંચ દરમિયાનગીરી કરીને તેનું નિવારણ કરે છે.

## ૪.૬ બરડા જાતિ

### બરડા જાતિ : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

સામાન્ય રીતે બરડા જાતિના લોકો પોતાને 'ખાનદેશી ભીલ' તરીકે ઓળખાવે છે. બરડા જાતિને 'બારિયા ભીલ જાતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. બરડા જાતિને મહારાષ્ટ્રમાં ભીલ અનુસૂચિત જનજાતિ કરતાં અલગ ગણવામાં આવે છે. તેઓને 'લીનિયા' અથવા 'લાહીલિયા ભીલ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ઘણાં વર્ષો પહેલાં તેઓ બરડા ડુંગર વિસ્તારમાં રહેતા હોવાથી તેઓને 'બરડા જાતિ' તરીકે ઓળખવામાં આવ્યા છે. એટલે કે 'બરડા' શબ્દ તેઓ જે વિસ્તારમાં રહેતા હતા તે વિસ્તાર સાથે સંબંધ ધરાવે છે. બરડા જાતિના કેટલાક લોકો મહારાષ્ટ્રના ધૂળિયા, જલગાંવ, નાસિક, ઉસ્માનાબાદ, સોલાપુર અને કોલ્હાપુર જિલ્લામાં વસવાટ કરે છે. (બચુ બરંડા, ૨૦૦૭:૮૦)

### વસતિ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર બરડા જાતિની કુલ વસતિ ૭૪૮ છે તેમ જ કુલ આદિવાસી વસતિમાં બરડા જાતિના લોકોની વસતિ 0.01 ટકા છે. બરડા જાતિની કુલ વસતિમાંથી પુરુષોની સંખ્યા ૪૦૮ છે, જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૩૪૦ છે. ગુજરાતમાં બરડા જાતિનાં ૧૭૧ કુટુંબો વસવાટ કરે છે. આ વસતિમાં ૦થી ૬ વર્ષનાં બાળકોની વસતિ ૧૦૦ની છે. આ જાતિમાં જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૨૩ સ્ત્રીઓ છે. જ્યારે ૨૦૦૧ની વસતિગણતરી અનુસાર બરડા જાતિની વસતિ ૭૭૫ હતી. એટલે કે દિનપ્રતિદિન બરડા જાતિની વસતિ ઘટતી જાય છે જે એક ચિંતાનો વિષય છે.

### વિસ્તાર

બરડા જાતિના લોકો વર્ષો પહેલાં બરડા ડુંગર ઉપર રહેતા હશે એવું માનવામાં આવે છે. પરંતુ હાલ બરડા જાતિના લોકો ગુજરાતના મુખ્ય જિલ્લાઓ એવા અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા વગેરે જિલ્લાઓમાં છૂટાછવાયા વસવાટ કરે છે.

### રહેઠાણ

બરડા જાતિના લોકો શહેરી વિસ્તારમાં રહેતા હોવાથી તેમનાં મકાનો સવિશેષ સપાટ જમીન ઉપર જોવા મળે છે. આ ઉપરાંત તેમનાં ઘર આર્થિક પરિસ્થિતિ આધારિત કાચાં–પાકાં અને પાકા ધાબાવાળાં જોવા મળે છે.

### પહેરવેશ

બરડા જાતિના લોકોનો પરંપરાગત પહેરવેશ લંગોટી કે પોતડી અને ઉપરના શરીર ઉપર ભાગ્યે જ વસ્ત્ર જોવા મળતું હતું. આજે બરડા જાતિના પુરુષો માથે પાઘડી, કોટ, બંડી વગેરે પહેરે છે તથા સ્ત્રીઓ ઘેરદાર ઘાઘરો પહેરે છે અને શરીર ઉપર કપડું નાખે છે. આ ઉપરાંત શહેરી વિસ્તારને અનુકૂળ પહેરવેશ પહેરતા જોવા મળે છે.

### બોલી

સામાન્ય રીતે બરડા જાતિના લોકોની કોઈ વિશિષ્ટ બોલી જોવા મળતી નથી, પરંતુ આ

જાતિના લોકો ગુજરાતી ભાષા બોલે છે. તેઓ જે જિલ્લામાં વસવાટ કરે છે તેના પ્રાદેશિક શબ્દો તેમની બોલીમાં સાંભળવા મળે છે.

## ખોરાક

બરડા જાતિના લોકો ખોરાકમાં મુખ્યત્વે બાજરી, જુવાર, ઘઉં અને ચોખા તેમ જ તુવેર, અડદ, મગ, મસૂર અને મઠનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત લીલાં શાકભાજી અને પાંદડાંવાળી ભાજી સવિશેષ ખાય છે. ફળફળાદિનો પણ ભોજનમાં ઉપયોગ કરે છે. વારતહેવારે મીઠું ભોજન પણ લે છે. તેઓ શાકાહારી ભોજન ઉપરાંત માંસાહાર પણ કરે છે. બરડા જાતિનાં સ્ત્રીપુરુષો નિયમિત રીતે દરરોજ દારૂ, તમાકુ, બીડી, સિગારેટ વગેરેનું વ્યસન કરે છે તેમ જ ચા પણ સવિશેષ પીએ છે.

## ધર્મ

બરડા જાતિના લોકો આદિવાસી ધર્મ પાળે છે. તેની સાથે સાથે તેમના ધાર્મિક રીતરિવાજો ઉપર હિન્દુ ધર્મની પણ અસર જોવા મળે છે. ખાસ કરીને તે કુળદેવ–દેવી તરીકે ખંડેરાવજી, હિંદોલે દેવી, અંબામા, કાલીમા, પાર્વતી અને શંકરની પૂજા કરે છે.

## તહેવારોની ઉજવણી

બરડા જાતિના લોકો સવિશેષ હિંદુ ધર્મના વાર–તહેવારોની ઉજવણી કરે છે, જેમ કે દિવાળી, હોળી, દશેરા, ઉત્તરાયણ વગેરે તહેવારોની ઉજવણી કરે છે.

## જાતિપંચ

બરડા જાતિના લોકોમાં પણ જાતિપંચની વ્યવસ્થા જોવા મળે છે. આ જાતિપંચ બરડા જાતિના લોકોના સામાજિક ઝઘડાઓ, સામાજિક પ્રશ્નો, સામાજિક–સાંસ્કૃતિક રીતરિવાજોનું નિયમન અને નિયંત્રણ વગેરે જોવાનું કામ કરે છે. સામાજિક કલ્યાણ અને વિકાસ અંગે કાયદાનુસાર રચાયેલી પંચાયત પદ્ધતિ દ્વારા લોકહિતાર્થનાં કામો કરે છે.

## શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી અનુસાર બરડા જાતિમાં ૬૫.૧૨ ટકા સાક્ષરતા જોવા મળે છે. એટલે કે કુલ ૭૪૮ લોકોમાંથી ૪૨૨ લોકો શિક્ષિત છે, જેમાં ૨૫૪ (૭૧.૩૫ ટકા) પુરુષો અને ૧૬૮ (૫૭.૫૩ ટકા) સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે.

જ્યારે ૩૪.૮૮ ટકા લોકો નિરક્ષર જોવા મળે છે.

## વ્યવસાય–અર્થવ્યવસ્થા

બરડા જાતિના લોકો પરંપરાગત રીતે શિકારી અને વિચરણ કરતી પ્રજા છે. પરંતુ હાલ આ જાતિના લોકો ખેતી, ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા જોવા મળે છે. કેટલાંક કુટુંબો શહેરી વિસ્તાર કે તેની નજીક રહેતા હોવાથી નાનામોટા ઉદ્યોગો, કારખાનાંઓ કે ગૃહઉદ્યોગોમાં છૂટક મજૂરીનો વ્યવસાય કરે છે. બરડા જાતિના લોકો પાસે ખાસ કોઈ પરંપરાગત વ્યવસાય ન હોવાથી તેઓ છૂટક મજૂરી પ્રકારના કામધંધાઓમાં રોકાયેલા છે અને તેમાંથી જે આવક મળે છે, તેના આધારે પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે.

## સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો

બરડા જાતિમાં સામાજિક–સાંસ્કૃતિક રીતિરિવાજો જેવા કે રજસ્વલા સ્ત્રી માટે કેટલાંક નિયંત્રણો, ગર્ભાધાન બાદ સીમંત પ્રથા, નામકરણવિધિ, સગાઈ, લગ્ન, બાળલગ્ન, દિયરવટું, સાળીવટું, પુનઃલગ્ન, છૂટાછેડા, મૃત્યુવિધિ, સૂતક, શ્રાદ્ધવિધિ વગેરે જોવા મળે છે.

* * *

# સંદર્ભ

**સંશોધન અભ્યાસો :**

૧. બરંડા, બી. (૨૦૦૭), "ગુજરાતના આદિવાસીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૨. પટેલ, અરુણ (૨૦૧૫), "હળપતિ તળાવિયા જનજાતિ સર્વેક્ષણ", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૩. પટેલ, બી. એસ. (૧૯૮૩), "પટેલિયા જાતિ તપાસ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૪. પટેલ, ભીખા અને પટેલ, પ્રવીણ (૨૦૧૫), "ગુજરાતના આદિમજૂથ પાયાનું સર્વેક્ષણ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૫. પટેલ, પ્રવીણ (૨૦૧૫), "પઢાર જાતિમાં સ્થળાંતર અને કૌશલ્ય વૃદ્ધિ મોજણી", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

**સામયિક :**

૧. ભાવસાર, રેણુકા (વર્ષ–૮, અંક–૩, મે–જૂન, ૨૦૧૬), ગુજરાતના હળપતિઓ, અમદાવાદઃ આદિલોક.

૨. મકવાણા, કાંતિલાલ (વર્ષ–૬, અંક–૧, જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૧૪), ગુજરાતના પઢારો, અમદાવાદ : આદિલોક.

**વેબસાઈટઃ**

1. http://censusindia.gov.in/ – 8-11-2019

2. http://censusgujarat.gov.in/ – 14-11-2019

# ૪.૭થી ૪.૧૨ આદિજાતિઓનો પરિચય



- ૪.૭ ધાણકા
- ૪.૮ કોલઘા – કોલચા – ઢોરકોળી
- ૪.૯ ચૌધરી
- ૪.૧૦ પારધી (ફણસે-અડવીંચર)
- ૪.૧૧ પોમલા
- ૪.૧૨ વારલી

## ૪.૭ ધાણકા

**પ્રસ્તાવના:**

મહમદ બેગડા વખતે પાવાગઢનું પતન થયા પછી ધાણકા જાતિ લડાઈ વખતે મુસ્લિમ લોકોથી જાત છુપાવવા માટે પાવાગઢના ડુંગરોમાંથી છટકીને વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને બીજા ડુંગરાળ વિસ્તારમાં આવીને વસ્યા એવું માનવામાં આવે છે. કેટલાક નર્મદા પાર કરી છેક નાંદોદ, ઝઘડિયા અને નિઝર તરફનાં જંગલોમાં આવીને સ્થિર થયા. જેઓ પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના કેટલાક ભાગોમાં ગયા ત્યાં તેઓની અસલ જાતિ રાજપૂત તરીકે ઓળખાતી હતી. ધાણકા તડવી તરીકે પણ આ લોકો ઓળખાય છે.

**વસતિ :**

ગુજરાતમાં ધાણકાઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ, વડોદરા, ભરૂચ વગેરે જિલ્લામાં વિશેષ જોવા મળે છે, જ્યારે ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ અને ગાંધીનગરમાં વધતાઓછા પ્રમાણમાં વસતિ આવેલી છે. ૨૦૧૧ પ્રમાણે કુલ વસતિ ૨,૮૦,૯૪૯ છે. જેમાં ૧,૪૪,૯૪૮ પુરુષો અને ૧,૩૬,૦૦૧ સ્ત્રીઓ જોવા મળે છે. ધાણકા જાતિમાં ૧૦૦૦ પુરુષોએ ૯૫૭ સ્ત્રીઓ જોવા મળે છે. (વસતિગણતરી–૨૦૧૧, ભારત સરકાર)

**રહેઠાણ અને ઘરવખરી :**

ધાણકા જાતિનાં ઘરો સરખી સપાટ જમીનમાં ઊંચાણ પર પોતાની માલિકીની જમીનમાં બાંધેલ જોવા મળે છે. ઘર બાંધતી વખતે ધાણકાઓ કુટુંબનાં સભ્યો અને સગાંને બોલાવે છે. ઘરની દીવાલ વાંસની ચીપો અથવા કરાંઠીની હોય છે. ઉપર દેશી નળિયાં કે વિલાયતી નળિયાં હોય છે. કેટલેક ઠેકાણે પાકી દીવાલ કે ધાબાવાળાં મકાનો જોવા મળે છે. ઘરવખરીમાં જોઈએ તો ઍલ્યુમિનિયમનાં વાસણો, પિત્તળ, કાંસાનાં, તાંબાનાં અને માટી કે પ્લાસ્ટિકનાં અને કાચનાં વાસણો રાખે છે. આ ઉપરાંત ઘરમાં ખાટલા, પલંગ, ખુરશી, ટેબલ, ગોદડાં, પાણિયારું, અભરાઈ, ફર્નિચરનાં સાધનો, મનોરંજન અને મોજશોખનાં સાધનો, સાઇકલ, ટેપરેકોર્ડર, મોટરસાઇકલ, ઘડિયાળ, સીવવાનો સંચો વગેરે ઉપયોગી સાધનો રાખતાં જોવા મળે છે.

**પહેરવેશ :**

પરંપરાગત રીતે જોઈએ તો ધાણકાના પોશાકમાં સ્ત્રીઓ ઘાઘરો અને ચોળી તથા પુરુષોનો પોશાક ખમીશ, ટૂંકી લંગોટી તથા પાઘડી છે. પરંતુ આધુનિક સમયમાં પેન્ટ–શર્ટ તથા સાડી અને પંજાબી ડ્રેસે આ સમાજમાં પ્રવેશ કર્યો છે. આ જાતિના લોકો રિવાજ મુજબ પરંપરાગત ચાંદીનાં, કડલાં, સાંકળાં તથા કડાં તેમ જ એરિંગ પહેરતા પરંતુ આજે સોના–ચાંદીની બનાવટના વિશેષ દાગીના પહેરતા થયા છે.

## બોલી :

ધાણકા જાતિની બોલી એ સમાજની આગવી પ્રતિભા ગણાય છે. તેઓ તેમની આ બોલીની સાથે સાથે ગુજરાતી બોલીનો પણ ઉપયોગ કરે છે.

## ખોરાક અને પીણાં :

પરંપરાગત રીતે તેઓ મકાઈ, જુવારનો રોટલો, તુવેર, અડદની દાળ અને વિસ્તાર પ્રમાણે મળતી શાકભાજીનો રોજિંદો ઉપયોગ કરે છે. પરંતુ વારતહેવારે માંસાહારનો પણ ઉપયોગ કરે છે. તહેવાર હોય તો મીઠું ભોજન પણ બનાવે છે. હાથવણાટની બીડીનો મોટા ભાગે સ્ત્રીપુરુષો ઉપયોગ કરે છે.

## શિક્ષણ :

ધાણકા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૧૧ પ્રમાણે ૬૫.૩૫ ટકા જોવા મળે છે. જેમાં પુરુષોમાં ૭૫.૪૮ ટકા અને સ્ત્રીઓમાં ૫૪.૬૦ ટકા જોવા મળે છે.

## ધર્મ :

ધાણકાઓ પરંપરાગત રીતે હિન્દુ દેવ–દેવીઓની પૂજા કરે છે. વારતહેવારે અન્ય સમાજની જેમ હોળી, અખાત્રીજ, દિવાળી, દિવાસો, નવરાત્રી, મેળા વગેરે ઊજવે છે. આ ઉપરાંત ખેતીનો નવો પાક થાય ત્યારે ઉજવણી પણ કરે છે. તેઓ જાદુ, ભૂત–પ્રેત, ડાકણ વગેરેમાં માને છે. ભાથીજી મહારાજ, બળિયાદેવ, હનુમાનદાદા, મેલડીમાતા, વેરાઈ માતા, ઝાંપડી માતા વગેરેની પૂજા કરે છે.

## વ્યવસાય :

તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. તેની સાથે સાથે ફૅક્ટરીઓમાં તથા નજીકનાં શહેરોમાં છૂટક મજૂરી કરતા પણ જોવા મળે છે.

## જાતિપંચ :

ધાણકા જાતિનું પંચ ખૂબ જાણીતું છે. તેમાં પંચના કડક નિયમો પાળવામાં આવે છે. કેટલાક કેસમાં પંચ પોતે કોર્ટમાં અપીલ કરે છે. ગુનેગારને કડકમાં કડક સજા થાય જેથી ફરી ગુનો ન કરે તેનો પંચો તથા વડીલો ખ્યાલ રાખે છે. આ સમાજમાં જન્મ, લગ્ન, મરણ, ગુનાઓ સમાજની અંદરના પ્રશ્નો, સરકાર સાથે વગેરે પંચ બહુ જ ખ્યાલ રાખે છે. જાતિપંચ સમજણભર્યા ઉકેલ લાવતું હોય છે.

## સામાજિક રીતરિવાજો :

### રજસ્વલા :

રજસ્વલા સ્ત્રીને “માથું ધોવાની છે” તેમ કહેવામાં આવે છે. તેઓ ચાર દિવસે માથું ધુએ છે ત્યાર પછી ઘરનાં કામો કરે છે. સ્ત્રી રજસ્વલા બનતી અટકી જાય પછી તેને ગર્ભ રહ્યો છે તેમ માને છે. સ્ત્રીને ગર્ભ રહ્યા બાદ બાળકના જન્મ સુધી કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

### પ્રસૂતિ :

પરંપરાગત રીતે પ્રસૂતિ ઢોરને બાંધવાની કોઢમાં કરવામાં આવે છે. કારણ કે ઘર અપવિત્ર ન થાય તે માટે કંતાન નાંખીને કરાવે છે. આજે પરિવર્તન આવ્યું છે જે ઘરમાં એક ખૂણામાં કે ડૉક્ટરને ત્યાં તાલીમ પામેલ દાયણ પાસે કરાવે છે. અઠવાડિયા બાદ બાળક અને સ્ત્રીને નવડાવી, ઘર લીંપી નાંખી પવિત્ર બનાવે છે. બાળક અને તેની માતાને હાથે કાળા દોરા બાંધવામાં આવે છે.

### છઠ્ઠીની વિધિ :

પ્રસૂતિ બાદ છઠ્ઠીની વિધિને પાંચ કે છ દિવસે ‘પાણી ઘાલવું’ એ નામથી તેઓ ઓળખે છે. આ વિધિમાં શ્રીફળ, અગરબત્તી, ઘીનો દીવો, સવાશેર ખાંડ લાવે છે. દાયણ આવીને દીવો સળગાવી નીચે લીંપેલી જગ્યામાં સુવાડે છે અને કુળદેવનું આવાહન કરી દેવને બાળકનું રક્ષણ કરવાનું કહેવામાં આવે છે. દાયણ તે દિવસે એક દોરો બાળકના પગે બાંધે છે. તે રાત્રે એક થાળીમાં કંકુ–ચોખા મૂકી સ્વસ્તિક કરી રાખવામાં આવે છે જેથી બાળકનું ભવિષ્ય વિધાતા સારું લખે.

### નામકરણ :

બાળકનું નામ એક માસ પછી પાડવામાં આવે છે. બાળકની ફોઈ બહારગામ હોય તો તેને બોલાવવામાં આવે છે. બાળકનું નામ જે વારે બાળક જન્મ્યું હોય તે વાર ઉપરથી પાડવામાં આવે છે. આજે કેટલાક જન્મકુંડળી કઢાવીને આધુનિક નામો બ્રાહ્મણ પાસે પડાવે છે.

### સગાઈ :

ધાણકાઓમાં પરંપરાગત રીતે સગાઈ માટે ૧૫થી ૨૨ વર્ષ પુરુષોની ઉંમર અને સ્ત્રીઓમાં ૧૪થી ૧૮ વર્ષની ગણી શકાય છે. સ્વપસંદગી મુખ્ય છે. છોકરા–છોકરીની પસંદગીને મહત્ત્વનું સ્થાન અપાય છે. માતા–પિતા પણ જુએ છે. તેઓ સગાઈને "ગોળ ખાવો" કહે છે.

### લગ્ન :

લગ્નમાં ઘરજમાઈ પ્રથા છે. જેમાં ગરીબ ઘરનો છોકરો કન્યામૂલ્ય આપી શકે તેમ ન હોય કે લગ્નનો ખર્ચ કરી શકે તેમ ન હોય તો સસરાને ત્યાં જઈને બે–ત્રણ વર્ષ માટે રહે છે. ત્યાં જઈને મજૂરી દ્વારા દહેજની  રકમ વસૂલ કરી આપે છે.

આજે ધાણકાઓ પરંપરાગત રીતે થતાં લગ્નને બદલે હિન્દુ વિધિ પ્રમાણે પણ લગ્ન કરતા જોવા મળે છે.

### છૂટાછેડા :

ધાણકા જાતિમાં જાતિપંચ મહત્ત્વનું ગણવામાં આવે છે. આ જાતિપંચ ગંભીર માંદગી હોય, પતિ દારૂડિયો હોય, ગુનેગાર હોય, ઝઘડા–તોફાન કરતો હોય તો છૂટાછેડા સ્ત્રી લઈ શકે છે. સ્ત્રીને પણ ગંભીર માંદગી કે સમસ્યા હોય તો પતિ છૂટાછેડા લઈ શકે છે. સમાજના કાયદા કડક હોવાથી છૂટાછેડાને વધુ મહત્ત્વ અપાતું નથી.

### પુનઃલગ્ન :

પુનઃલગ્ન સમાજમાં સ્વીકાર્ય છે. કોઈ કારણોસર આકસ્મિક મૃત્યુ થયું હોય, ગંભીર માંદગી હોય કે છૂટાછેડા લીધેલ હોય તો સ્ત્રીપુરુષો બીજે લગ્ન કરી શકે છે. કુંવારા પુરુષ વિધવા સાથે લગ્ન કરતાં હોય તેવાઓનું પ્રમાણ ઓછું છે. બન્ને પક્ષે પુનઃલગ્ન થઈ શકે છે.

### મૃત્યુ :

ધાણકાઓમાં મૃતદેહને બાળવાનો અને દાટવાનો એમ બન્ને રિવાજ છે. જો કુંવારો છોકરો કે છોકરી મરી ગઈ હોય તો તેને પીઠી ચોળીને સ્નાન કરાવે છે. છાણથી લીંપેલી જગા ઉપર મૂકવામાં આવે છે. પાસે રામદીવો સળગાવે છે, મોઢામાં ગંગાજળ અને તુલસીનાં પાન મૂકે છે.

સગાંવહાલાં અને પડોશીઓને બોલાવવામાં આવે છે. એક તરફ લાકડાં કાપીને સ્મશાનમાં મોકલવામાં આવે છે, જ્યારે બીજી બાજુ સુથારને બોલાવીને મૃતદેહ માટે ઠાઠડી તૈયાર કરી અને ચાર છેડે  નાળિયેર બાંધવામાં આવે છે. પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કફન ઓઢાડીને સ્મશાને લઈ જવામાં આવે છે. સ્ત્રીઓ ગામની ભાગોળ સુધી જાય છે. ધાણકાઓ હિન્દુ વિધિ પ્રમાણે ઉત્તર દિશા તરફ માથું રાખીને લાકડાં ઉપર મૂકીને તેના વારસદાર અગ્નિદાહ આપે છે. અગ્નિદાહ આપ્યા પછી નદી કે તળાવ અથવા ડંકીએ સ્નાન કરીને ગામમાં પાછા ફરે છે. મૃત્યુ પછી સ્ત્રીઓ બારમું થાય ત્યાં સુધી રડતી હોય છે અને પુરુષો રાત્રે ભજનકીર્તન કરતા હોય છે. મૃત્યુ પછી બારમે દિવસે બારમું કરે છે.

### ખાસ વિશેષતા :

ધાણકાઓ સમાજની પરંપરા મુજબ તેઓના વિવિધ તહેવારો, સામાજિક પ્રસંગોએ દેવો અને પિતૃઓને યાદ કરી જે તે દેવની પૂજાવિધિ કરી તેને ખુશ કરી પોતાની મિલકતમાં વધારો થાય, રક્ષણ થાય અને કોઈ જાતની મુશ્કેલી ન સર્જે તે માટે બકરા કે મરઘાનો બલિ આપી દારૂની શાખ પાડવાની વિધિ માટે જાણીતા છે.

# ૪.૮ કોલઘા – કોલચા – ઢોરકોળી :

## પ્રસ્તાવના :

કોલઘા જાતિ કયા પ્રદેશમાંથી આવીને વલસાડના ધરમપુર તાલુકામાં, નવસારી જિલ્લાના વાંસદા અને ચીખલી તાલુકાના ગ્રામ્ય પ્રદેશોમાં વસવાટ શરૂ કર્યો તે અંગેનો વિગતવાર ઇતિહાસ ક્યાંય જાણવા મળતો નથી. કોલઘા જાતિ વિશે કોઈ આધારભૂત સાહિત્ય મળતું નથી. આમ છતાં તેઓની લાક્ષણિકતા વિશેની આંશિક માહિતી ૧૯૦૧ના બૉમ્બે રેસિડેન્સીના જૂના ગૅઝેટિયરમાંથી અને બીજા કેટલાક રિપોર્ટમાંથી મળી આવે છે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિઃ

કોલઘા જાતિ મુખ્યત્વે જંગલો અને ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરતી જોવા મળે છે. તેમનો મૂળ વસવાટ વાસ્તવમાં ખાનદેશ કે મહારાષ્ટ્ર છે. આ પ્રદેશના કોલઘાની અવસ્થા મધ્યયુગમાં સામંતશાહી દાસો જેવી હતી. તેઓ ખૂબ જ પરિશ્રમ કરનારી  અને મહેનતુ જાતિ તરીકે ઓળખાતી હતી. ઢોરકોળી નામ ઢોર શબ્દ અથવા અંગ્રેજી શબ્દ પરથી આવ્યું છે. ટોકરે–કોળી શબ્દ જે જૂથો વાંસના ધંધા સાથે જોડાયેલ હતા, જે વાંસકામમાં ટોકરીઓ બનાવતા હતા, તે ટોકરે–કોળી તરીકે પણ જાણીતા થયા હતા.

આર. ઈ. એન્થોવનના મત મુજબ આ જાતિ ખૂબ જ પછાત અને અસ્વચ્છ હોવા છતાં તેઓ ભંગીઓ સાથે જમતા નથી અને ભંગીઓને સ્પર્શતા નથી. કોલઘા જાતિનો વસવાટ ધોડિયા, કુંકણા, નાયકા, રાજપૂત, મુસ્લિમ વગેરે જાતિઓ સાથે ગામડાંઓમાં છે. ગામમાં તેઓ જુદા જુદા વિસ્તારોમાં ૧૦–૧૨ કુટુંબો જોડે છૂટાછવાયા રહે છે. (Enthoven R. E., The Tribes and Castes of Bombay, Vol–II, 1922)

## વસતિ :

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૧૪–૧૫માં કરવામાં આવેલ આદિમજૂથ બેઇઝ લાઇન સર્વેક્ષણ મુજબ કોલઘા જાતિનાં ૯૮૯૮ કુટુંબો અને ૪૭,૬૮૬ની વસતિ છે. (આદિમજૂથ બેઇઝ લાઇન સર્વે–૨૦૧૪–૧૫, બી. એસ. પટેલ, પ્રવીણ પટેલ) જે મુખ્યત્વે સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં વસવાટ કરતાં જોવા મળે છે. કોલઘા જાતિમાં સ્ત્રીપુરુષ પ્રમાણ ૯૯૬ જોવા મળે છે.

## રહેઠાણ :

કોલઘા આદિવાસીઓની આર્થિક સ્થિતિ ખૂબ જ કંગાળ જોવા મળે છે. ઝૂંપડા માટે તેઓ છત પર બોરડી, લીમડો, બાવળ, શરુ વગેરે વૃક્ષનાં લાકડાંનો ઉપયોગ કરે છે. જ્યારે દીવાલ માટે કરસાંટી, ગોગળા કે વાંસની કામઠીઓનો ઉપયોગ કરે છે. જેના પર માટીનું લીંપણ કરે છે અને છતને ઘાસના પૂળાથી ઢાંકી દે છે.

## ઘરવખરી :

કોલઘા જાતિમાં ઘરવખરીમાં ખાસ કરીને માટીનાં વાસણો, ઍલ્યુમિનિયમ, સ્ટીલ અને જૂનાં પુરાણા પિત્તળનાં વાસણો કંઈક અંશે રાખતા જોવા મળે છે. અન્ય સાધનોમાં કાથાની દોરીના ખાટલા, પલંગ અને ખજૂરીનાં પતરાથી વણેલી સાદડીઓ, ચાદર, ફાટેલાં કપડાંથી બનાવેલ ગોદડી જોવા મળે છે.

## પોશાક :

કોલઘા જાતિના લોકોમાં મોટી ઉંમરના પુરુષો  ચડ્ડી, ખમીસ, બંડી, માથે સફેદ ટોપી પહેરતા  જોવા મળે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ ચણિયા, બ્લાઉઝ અને માથે કાપડના ઓઢણામાં જોવા મળે છે. નાની ઉંમરના પુરુષો  પેન્ટ, શર્ટ પહેરતા હોય છે. સ્ત્રીઓ ચણિયા, બ્લાઉઝ, સાડી તેમ જ શાલ કે રૂમાલનો ઓઢણા તરીકે ઉપયોગ કરતી જોવા મળે છે.

## આભૂષણ :

કોલઘા પુરુષો  હાથમાં વીંટી પહેરે છે. જ્યારે વૃદ્ધ સ્ત્રીઓ હાથમાં ધાતુનાં કડાં જે નિકલ અથવા

ચાંદીનાં બનેલાં હોય છે તે પહેરે છે. જ્યારે ગળામાં કંઠી પહેરે છે. અત્યારે બધા જ ચાંદીનાં ઘરેણાંનો ઉપયોગ કરતાં થઈ ગયા છે.

**ખોરાક :**

કોલઘા જાતિના લોકો ખોરાકમાં મુખ્યત્વે ચોખાના રોટલા, નાગલીના રોટલા, જુવારના રોટલા, કઠોળ, શાકભાજી તેમ જ માંસાહારનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરે છે.

**ધર્મ :**

કોલઘા જાતિના ધર્મમાં કોઈ પ્રકારનું ધાર્મિક પ્રતીક ( ટોટેમ ) જોવા મળતું નથી. તેઓ મુખ્યત્વે કનેશરી, માવલી, કાળકા માતા વગેરે દેવદેવીઓને પૂજે છે. આ દેવદેવીઓની પૂજા ફૂલ, નાળિયેર કે મરઘા ચડાવીને હોળી તથા દિવાળી વગેરે તહેવારોમાં કરવામાં આવે છે. આ ઉપરાંત તેઓના આર્થિક જીવનમાં પણ ધર્મનું સ્થાન મહત્ત્વનું છે. ખેતીના પાક કાપતી વખતે કનેશરી અને માવલી દેવીની પૂજા કરે છે.

**અર્થવ્યવસ્થા :**

કોલઘા જાતિનો મુખ્ય પરંપરાગત વ્યવસાય દેડકાં પકડવાનો હતો. પરંતુ આ બંધ થતાં હવે વિસ્તાર પ્રમાણે અલગ અલગ વ્યવસાય કરતા જોવા મળે છે. પહાડી વિસ્તારોમાં વસવાટ કરતા લોકો જંગલ મજૂરી તથા અન્ય મજૂરી કરે છે. શહેરી વિસ્તાર નજીક વસતા આ જાતિના લોકો કારખાનાં તથા છૂટક મજૂરી કરતા થયા છે. છૂટક મજૂરી માટે ગામ તથા તાલુકા અને જિલ્લા બહાર પણ જાય છે.

**શિક્ષણ :**

કોલઘા જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. નજીકની શાળામાં સામાન્ય રીતે ૧થી ૫ ધોરણ સુધી બાળકોને ભણાવાય છે. આ જાતિ આર્થિક રીતે ખૂબ જ પછાત હોઈ તેમને મજૂરી કરવા માટે બહારગામ જવું પડતું હોય છે. તેથી આ જાતિમાં શિક્ષણનું અલ્પ પ્રમાણ જોવા મળે છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૧૪–૧૫માં કરવામાં આવેલ આદિમજૂથ બેઇઝ લાઇન સર્વેક્ષણ મુજબ આ જાતિમાં ૪૭.૬૭ ટકા સાક્ષરતા જોવા મળી હતી.

**સામાજિક રીતરિવાજો :**

કુટુંબવ્યવસ્થા પિતૃસત્તાક જોવા મળે છે. કુટુંબમાં વડીલનું વર્ચસ્વ હોય છે. કુટુંબના અગત્યના નિર્ણયો વડીલો લેતા હોય છે. અગત્યના નિર્ણયોમાં મોટા દીકરા, મા તથા અન્ય સગાં–સંબંધીની સલાહ લેવાય છે. આર્થિક સંજોગોને લઈને વિભક્ત કુટુંબ તરફનું વલણ હવે વધુ જોવા મળે છે.

**રજસ્વલા સ્ત્રી :**

સ્ત્રી જ્યારે પ્રથમ વખત રજસ્વલા થાય ત્યારે તે સમયને બહેરી કહેવામાં આવે છે. ચાર દિવસ સુધી ઘરનાં કામ કરવા તેના પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. પાંચમા દિવસે સ્નાન કર્યા પછી તે પહેલાંની જેમ ઘરનાં કામકાજ કરી શકે છે.

**પ્રસવ :**

કોલઘા આદિવાસીઓમાં પણ બાળકના જન્મ પછી આ વિધિ કરવાનો રિવાજ જોવા મળે છે.

જો બાળક ખોડખાંપણવાળું હોય તો લોખંડના સળિયાને ગરમ કરીને બાળકની છાતી પર ડામ દેવામાં આવે છે. બાળકના જન્મ પછી ચાર કે પાંચમા દિવસે ધાર્મિક વિધિ કરવામાં આવે છે. જેને પાંચૂરો કહેવાય છે.

**પાંચૂરો :**

પાંચૂરાની વિધિ સ્ત્રી–બાળકના જન્મ પછી ચાર દિવસે અને પુરુષ–બાળકના જન્મ પછી પાંચ દિવસે કરવામાં આવે છે. પાંચૂરા વિધિને દાયણ ડોહી વિધિ તરીકે ઓળખે છે. પાંચૂરા વિધિના દિવસે બાળક અને તેની માતાને ગળામાં ઇખંડ

(એક પ્રકારનું ઔષધ) બાંધવામાં આવે છે. તે પાછળની માન્યતા એ છે કે બાળક અને માતાને ગળામાં ઇખંડ બાંધવાથી તેમનું સ્વાસ્થ્ય સારું રહે છે. પાંચૂરાની વિધિ કરવા બદલ દાયણને ૩૦થી ૪૦ રૂપિયા આપવામાં આવે છે અને એક સમયનું ભોજન પણ આપવામાં આવે છે.

### સગાઈ :

સગાઈની શરૂઆત છોકરા પક્ષથી છોકરાનો બાપ તથા ગામના બે–ત્રણ વડીલો છોકરીના ગામે જાય છે અને ત્યાં આપવાનું કે લેવાનું નક્કી કરે છે. સગાઈ વિધિ વખતે છોકરાપક્ષ દ્વારા છોકરીના ઘરે ઘરની અંદર ચોખાનો લોટ, કંકુ, ચોખા વગેરે ચીજો દ્વારા ચોક પૂરવામાં આવે છે. છોકરીને ચોક પર બેસાડી તેના હાથમાં રાખેલ રૂમાલમાં નાળિયેર મૂકી ચાંલ્લો કરવામાં આવે છે.

### લગ્ન :

કોલધામાં પોતાની જાતિની અંદર જ લગ્ન કરવું અનિવાર્ય ગણવામાં આવે છે. જેમાં મામા–ફુઈનાં સંતાનો વચ્ચે લગ્ન સંબંધ બાંધી શકાતા નથી. કોલધા જાતિમાં લગ્ન કરવાની ઉંમર સામાન્ય રીતે છોકરા માટે ૨૦થી ૨૨ વર્ષ અને છોકરી માટે ૧૭થી ૧૮ વર્ષની ગણવામાં આવે છે.

કોલધા આદિવાસીઓનાં લગ્નમાં મુખ્યત્વે બે રીતો જોવા મળે છે. જેમાં નાનીપેન અને મોટીપેન.

### છૂટાછેડા :

પતિ–પત્ની વચ્ચે અણબનાવના સંજોગોમાં છૂટાછેડા આપવામાં આવે છે. પુરુષ છૂટાછેડા આપે તો સ્ત્રીને ઘરેણાં, વાસણો, કપડાં અને ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. છોકરી ઘર છોડી જતી રહે તો છોકરાને દહેજ પાછું આપવું પડે છે. છૂટાછેડાનાં કારણો સ્ત્રીપુરુષ બંને માટે સરખા જણાતાં નથી.

### પુનઃલગ્ન :

પરણેલી સ્ત્રીનો પતિ જો મૃત્યુ પામે તો તેણીને વિધવા તરીકે ઓળખવામાં આવે છે. તે પુનઃવિવાહ કરી શકે છે. તેઓમાં પુનઃલગ્નની વિધિ ખૂબ જ સાદી જોવા મળે છે. જેને નાતરું કહેવામાં આવે છે. દિયરવટાની પ્રથા જોવા મળતી નથી.

### મૃત્યુ :

વ્યક્તિના મૃત્યુ પછી શબને પરસાળમાં રાખવામાં આવે છે. તેનું મોં ઉત્તર દિશામાં રાખવામાં આવે છે. ત્યાં આગળ દીવો કરવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવી, નવાં કપડાં પહેરાવી, ચાંલ્લો કરી હળદર લગાવવામાં આવે છે. એક તપેલીમાં ૨૫૦ ગ્રામ જેટલા ચોખા રાંધવામાં આવે છે. વાંસની બે નળી બનાવવામાં આવે છે. એક નળીમાં દૂધ અને બીજી નળીમાં ગૌમૂત્ર ભરવામાં આવે છે પછી શબને બહાર કાઢવામાં આવે છે. ત્યાં આગળ શરીર પર મોઢાથી શરૂ કરીને બધે પીઠી લગાડવામાં આવે છે. ફળિયાનાં, ગામનાં તથા સગાંસંબંધીઓ શબને દફનાવવા કે બાળવા માટે લઈ જાય છે. શબને દફનાવવું કે બાળવું તેનો નિર્ણય ઘરના વડા કરે છે. મૃત્યુ પછી નવમું કે બારમું કરવામાં આવે છે.

## ૪.૯ ચૌધરી

### પ્રસ્તાવનાઃ

ચૌધરી જાતિ વિશે જુદા જુદા મતમતાંતરો છે. જેમાં રેવરંડ જ્હોન વિલસન(૧૮૬૬)ના જણાવ્યા મુજબ “ચૌધરીઓ તાપી નદીના અસ્તિત્વકાળથી હયાતી ધરાવે છે.” આનો અર્થ એ કે ચૌધરીઓ ઘણી પુરાણી જાતિ તરીકે હયાતી ધરાવે છે પણ તેમની ઉત્પત્તિ કે સ્થળાંતર વિશે બીજી વિગતો જોવા મળતી નથી. મુંબઈ ગૅઝેટિયર ૧૯૦૧ દર્શાવે છે કે તેઓ મૂળ પાવાગઢના રાજપૂતો છે. મહમદ બેગડાએ ૧૮૮૪માં પતાઈ રાજાને

હરાવ્યો ત્યારે પોતાનો ધર્મ બચાવવા જે રાજપૂતો નાસી જઈ દક્ષિણ ગુજરાતમાં ગયા તેઓ કોઈ કારણસર ચૌધરી જાતિ સ્વરૂપે વિકસ્યા હશે. ચૌધરીઓની ત્રણ મુખ્ય પેટાજાતિ છે–(૧) પાવાગઢિયા (૨) ટાકરિયા (૩) વલસાઈ. દેખાવે પ્રમાણમાં ઊજળા અને શરીરે મજબૂત હોય છે. સ્ત્રીઓ બીજી જાતિની સ્ત્રીઓ કરતાં વધારે દેખાવડી હોય છે. (બરંડા, ૨૦૦૭:૩૭)

**વસતિ** :

ગુજરાતમાં ૨૦૧૧ પ્રમાણે ચૌધરીઓની વસતિ ૩,૦૨,૯૫૮ છે, જેમાં પુરુષો ૧,૫૨,૫૧૨ અને ૧,૫૦,૪૪૬ સ્ત્રીઓ જોવા મળે છે. આ જાતિમાં ૧૦૦૦ પુરુષો એ ૯૫૮ સ્ત્રીઓ જોવા મળે છે. (પટેલ બી. એસ. અને પટેલ પ્રવીણ, ૨૦૧૫)

**શિક્ષણ** :

ચૌધરી જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૧૧ પ્રમાણે ૭૨.૭૩ ટકા જોવા મળે છે. જેમાં પુરુષોમાં ૮૦.૦૧ ટકા અને સ્ત્રીઓમાં ૬૫.૯૯ ટકા જોવા મળે છે.

**રહેઠાણ, ઘર અને ઘરવખરી** :

ચૌધરીઓનાં ઘર સામાન્ય રીતે કાચાં અને એક માળનાં, પહેલાં ઘાસનાં છાપરાંવાળાં અને વાંસની લીંપેલી છાણ–માટીની દીવાલોવાળાં હતાં. પરિવર્તન આવતાં આજે કંઈક અંશે વ્યવસ્થિત, સ્વચ્છ સાગ–સાદડનાં લાકડાંવાળાં દેશી કે વિલાયતી નળિયાંવાળાં, વાંસ કે જુવારની ઈંટોની દીવાલોવાળાં હવાઉજાસ ધરાવતાં અને વધુ આર્થિક સ્થિતિ સારી હોય તો રાચરચીલાથી સજ્જ પાકાં મકાનો પણ જોવાં મળે છે. આધુનિક સમયમાં આ સમાજમાં જાજરૂ, વીજળી, નાવણિયું, પીવાના પાણીનો નળ વગેરે વસાવેલ છે. ઘરવખરીમાં પરંપરાગત વાસણોની સાથે સાથે પિત્તળ, સ્ટીલ, માટી, કાચ અને પ્લાસ્ટિકનાં વાસણો જરૂરિયાત મુજબ રાખે છે. ઘરવપરાશના ઉપયોગી ખાટલા, ટેબલ, પલંગ, ખુરશી, સાઇકલ, મોટરસાઇકલ, ચાર પૈડાંવાળી જીપ, રેડિયો–ટેપ, ટી.વી., માછલી પકડવાની જાળ, વાજિંત્રો, ફાનસ–ચીમની, ટોપલા–ટોપલી, ઘંટી, પેટી, બેટરી, કબાટ વગેરે આજના સમય પ્રમાણે બધું રાખે છે. આ ઉપરાંત ખેતીનાં સાધનોમાં હળ, કરબ, સમાર, ગાડું, વાવણિઓ, નાનાં ઓજારો, કોદાળી, દાતરડું, ખૂરપી, કોસ, પાવડા વગેરે સાધનો જોવા જાણવા મળે છે. (સી. એસ. પટેલ, ૨૦૦૩)

**પહેરવેશ** :

ચૌધરી જાતિમાં પરંપરાગત રીતે પુરુષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, કછોટો મારેલું ધોતિયું, માથે ફાળિયું કે ટોપી મૂકે છે. શિક્ષિત યુવાનો બુશર્ટ–પેન્ટ, લુંગી, જીન્સ જેવાં સારાં કપડાં પહેરે છે. સ્ત્રીઓ અંદરના ભાગમાં કટકો કરછો મારીને પહેરે છે આજે આધુનિક રીતે રંગબેરંગી સાડીઓ પહેરતાં થયા છે. નાની બાળકીઓ બુશર્ટ–સ્કર્ટ કે પંજાબી ડ્રેસ પહેરે છે. યુવાન શિક્ષિત મહિલાઓ મોટા ભાગે પંજાબી ડ્રેસ પહેરે છે.

પુરુષો પરંપરાગત ઘરેણાંમાં કાનમાં ચાંદીની 'કીંકરી', હાથમાં કડું અને કમરે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ લગ્નના પ્રતીક તરીકે ગળામાં કાળા મણકાની ગાંઠી પહેરે છે. એ સિવાય કીડિયાની માળાઓ, ચાંદીની સેર, રૂપિયાના હાર, હાંસડી, કાનમાં બુટ્ટીઓ તથા પગમાં ચાંદીના છડા પહેરે છે. (બરંડા, ૨૦૦૭:૩૮)

**બોલી** :

ચૌધરીઓના સમાજના વ્યવહારમાં ગુજરાતી તથા ચૌધરી બોલીનો મોટા ભાગે ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં** :

ચૌધરીઓ પોતાના ખોરાકમાં પરાપૂર્વથી માંસાહારી છે. તેઓ તેમના પોતાના ખોરાકમાં મરઘાં, માછલાં, બકરાં વગેરેને ખાય છે. આની સાથે જુવાર કે ચોખાના રોટલા, ભાત, તુવેર–વાલનું કઠોળ, શાકભાજીનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત તમાકુ–બીડી, સિગારેટ અને ચા–કૉફીનાં વ્યસન ધરાવે છે.

## ધર્મ :

ચૌધરી જાતિમાં દેવ–દેવીઓનાં મંદિરો નથી પણ કુદરતની ગોદમાં, ડુંગરોમાં, ગુફાઓમાં, ઝાડ નીચે, નદીકાંઠે તેમનાં સ્થાનકો છે. પ્રકૃતિ દેવો : સૂર્ય, ચંદ્ર, ધરતી, દરિયો, મેઘ, હિમાયો દેવ, પાંઢરમાતા, દેવલીમાડી અને ખેતી–પશુના દેવ : ગોવાળદેવ, નાંદરવો દેવ, દૂધિયો દેવ, કંસરીદેવી, વાઘદેવ, મગરદેવ, દૂધ મોગરા વગેરે છે. આ દેવ–દેવીઓની પૂજા બે સ્વરૂપે જોવા મળે છે તેમાં વ્યક્તિગત પૂજા અને સામૂહિક પૂજા.

## વ્યવસાય :

ચૌધરીઓની આર્થિક પરિસ્થિતિનો આધારસ્તંભ મુખ્ય વ્યવસાય તરીકે રહેલો તેમનો ખેતીનો વ્યવસાય છે. આ સિવાય તેઓ ખેતમજૂરી, જંગલ મજૂરી, છૂટક સ્થળાંતરી મજૂરી, પશુપાલન, જંગલ પેદાશ, શિક્ષણમાં નોકરી, સરકારી નોકરી, ઔદ્યોગિક કંપનીમાં નોકરી, હીરા ઘસવા જેવા વ્યવસાય કરતા જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૩૯)

## જાતિપંચ :

ચૌધરી જાતિપંચ પહેલાં પરંપરાગત જુદા સ્વરૂપે સમાજમાં ચાલતું હતું. આ જાતિપંચ વ્યક્તિગત તેમ જ સામૂહિક રીતે તેમની જાતિમાં કોઈ રીતે આચરતા નિયમભંગ, ગુનાઓ માટે સજા કરે છે અથવા તેને નિયંત્રિત કરવાનું કામ કરે છે. જાતિપંચ ચોરાપંચો સામાજિક–ધાર્મિક સુધારા, સંમેલનો, પરિષદો યોજીને કેટલાંક કાર્યો કરે છે. (૧) લગ્નને લગતાં કાર્યો (૨) લગ્નતિથિઓ નક્કી કરવાનું કાર્ય (૩) તડજોડનાં કાર્યો (૪) ધાર્મિક સુધારાનાં કાર્યો (૫) સામાજિક સુધારા વગેરેનાં કાર્યો કરવામાં આવે છે.

## સામાજિક રીતરિવાજો :

ચૌધરીઓમાં ગર્ભ રહ્યા પછી છેક પ્રસૂતિ સુધી તેમનામાં કોઈ વિધિ કરવામાં આવતી નથી. ગર્ભાવસ્થાથી પ્રસૂતિ સુધી તેમનામાં સ્ત્રીઓ રોજબરોજનાં કામો કરી પરિશ્રમ કરતી હોય છે.

## રજસ્વલા :

રજસ્વલા સ્ત્રીને રજોદર્શનની મુદત દરમિયાન અપવિત્ર ગણવામાં આવે છે. આ દિવસોમાં તે સ્ત્રી પાણી ભરી શકે નહીં. રાંધી શકે નહીં, ગાયની ગમાણમાં કે ધાર્મિક વિધિમાં જઈ શકતી નથી. પરંતુ ખેતરમાં બહારનું કામ કરી શકે છે. (બરંડા, ૨૦૦૭:૩૯)

## પ્રસૂતિ :

સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. તાલીમ પામેલ દાયણ પાસે અથવા દવાખાનામાં કરવામાં આવે છે. ચૌધરીઓમાં પ્રસૂતિ સારી થાય તે માટે દાયણ “ડેબરી” “પેટફોડી” દેવીની બાધા રાખે છે.

## પંચૂરો :

પ્રસૂતિ પછીના પાંચ દિવસ પછી સ્ત્રીને સુવાવડમાંથી ઊઠવાનો અને બાળકના નામકરણની વિધિને ‘પંચૂરો’ કહેવામાં આવે છે. પંચૂરાના દિવસે દાયણ બાળકને નવડાવી ઘરમાં ચોખાની ઢગલી કરી તેની સામે ચા, દૂધ, દારૂ–તાડી મૂકવામાં આવે છે. બાળકને નજર ન લાગે તે માટે કમરે કાળો દોરો બાંધે છે. પ્રસંગ કે વારતહેવાર ઉપરથી તેનુ નામ પાડવામાં આવે છે. નોકરી કરવાવાળા બ્રાહ્મણ પાસે નામકરણ કરાવે છે. (બરંડા, ૨૦૦૭:૪૦)

## સગાઈ :

ચૌધરી જાતિમાં લગ્ન સમયની ઉંમર ૨૧થી ૩૦માં લગ્ન કરી દેતાં જોવા મળે છે. પુરુષો કરતાં સ્ત્રીઓની ઉંમર નાની હોય તો પણ લગ્નો ગોઠવાઈ જતાં જોવા મળે છે. સામાન્ય રીતે લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યાની સંમતિ આવશ્યક મનાય છે. આ સંમતિ વડીલોની સમક્ષ અપાય છે અને જરૂર લાગે તો નિર્ણય કરવા માટે કન્યાને સમય અપાય છે. છોકરાની સંમતિ પણ જરૂર ગણાય છે.

**લગ્ન :**

ચૌધરી જાતિમાં હાટ, મેળામાં કે જંગલમાં ઢોર ચરાવવા જતાં મનપસંદ પાત્ર મળી જાય તો ભાગી જઈને લગ્ન કરવામાં આવે છે. વરપક્ષેથી જે શોધે છે તેને ચૌધરીઓમાં "માગી" તરીકે ઓળખે છે. માગી જ લગ્નનો પ્રસ્તાવ કન્યાપક્ષ સામે મૂકે છે. લગ્નો મોટા ભાગે સ્વપસંદગીનાં થતાં જોવા મળે છે. ચૌધરીઓમાં ખંધાડ (ઘરજમાઈ) લાવવાની પ્રથા જોવા મળે છે. ચૌધરીઓમાં સ્ત્રીપુરુષ બન્ને પુનઃલગ્ન કરી શકે છે. તેઓમાં પુરુષ કે સ્ત્રી બન્ને સાસરે જઈ શકે છે. સ્ત્રી લગ્ન પછી સાસરે જાય છે તેવી રીતે ખંધાડે આપેલ પુરુષ સાસરીમાં રહે છે. કોઈ મૃત્યુ પામે કે કોઈ પણ કારણોસર છૂટાછેડા આપે તો સ્ત્રી કે પુરુષને બન્નેને પુનઃલગ્ન કરવાનો અધિકાર છે એટલે તો આ સમાજમાં યુવાન વિધવા–વિધુરનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે.

**મૃત્યુ :**

તેઓમાં મૃત્યુને "મૈયત" તરીકે ઓળખવામાં આવે છે. ખબર પડે કે વ્યક્તિનું મૃત્યુ નજીક છે તો તેને પ્રથમ ખાટલા ઉપરથી ઉતારી ખાંડણિયા ઉપર સુવાડવામાં આવે છે અને સફેદ કપડું કે લાલ કપડું ઓઢાડી દે છે. મૃત્યુ થતાં તૂર વગાડે છે એટલે બધાને ગામમાં ખબર પડે છે. ઠાઠડી સાથે "ગીદાવ" નામનું ઘાસ મૂકે છે. સ્મશાને જનાર દરેક વ્યક્તિ ઘરેથી શબને બાળવા માટે એક એક લાકડું લઈને જાય છે. તેમનામાં મૃતકને બાળવાનો રિવાજ છે. મૃતકને ખીચડી ખવડાવી વિધિ કરવામાં આવે છે. ત્રીજા દિવસે કરવામાં આવતા શ્રાદ્ધને મોટા દહાડા તરીકે ઓળખે છે. બારમાની વિધિ કરી જમણવાર પણ કરે છે. ચૌધરીઓમાં ખતરા મૂકી પૂજાપાઠ કરવાનો રિવાજ છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ સૂરજદેવ, ધરતીમાતા, કાકાબળિયા, ભવાની માતા, પાળિયાદેવ અને શિમળિયાદેવને આગવી પ્રતિભાથી પૂજાપાઠ કરીને ઊજવે છે. આધુનિક સમયમાં આ ચૌધરીઓ શુકન માટે આંબો, તાડ, ખજૂર વગેરે વૃક્ષોને તેઓ પૂજે છે. દિવાળી–હોળી તેઓના મુખ્ય તહેવારો છે. ઢોલકા સાથે આગવી રીતે નૃત્ય કરીને ઊજવતા જોવા મળે છે.

## ૪.૧૦ પારધી (ફણસે–અડવીંચર)

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિઃ**

પારધી સમુદાય ધુલે, જલગાંવ, મહારાષ્ટ્રની આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરે છે. તેઓને કેટલાક  લંગોટી પારધી પણ કહે છે. ફાંસે પારધી શબ્દ એટલે કે શિકાર અને તેઓ ફાંસેનો અર્થ કરતાં કહે છે કે જાળમાં ફસાવવું. એન્થોવને ૧૯૨૨માં ફાંસે પારધીને સામાજિક તથા ધાર્મિક રિવાજોથી અલગ દર્શાવ્યા છે. આ લોકો જંગલમાં કે જંગલ વિસ્તારની નજીક રહે છે. તેઓની વસતિ વિશે પાકી માહિતી નથી કેમ કે તેઓ અન્ય જાતિઓ સાથે પણ રહે છે. કેટલાક હરણનો શિકાર કરતા હોવાથી હરણ પારધી તરીકે ઓળખાય છે. કેટલાક 'અડવી ચીંચર' તરીકે ઓળખાય છે તેનું કારણ (અડવી = જંગલ, ચીંચર = ફરનાર) આમ, તેઓ જંગલમાં કાયમ ભટકતા હોય તે છે. મેક ફારલીનના મતે તેઓ મધ્યમ કદના, ગોરા રંગના, ભૂરી આંખોવાળા લોકો છે. (બરંડા, ૨૦૦૭:૭૧)

**વસતિ :**

ગુજરાતમાં પારધી જાતિ સુરત, વલસાડ, ભરૂચ, પંચમહાલ, વડોદરા, સાબરકાંઠા, ડાંગ, ખેડા, ગાંધીનગર, બનાસકાંઠા જિલ્લાનાં ગામોમાં વસવાટ કરે છે. ૨૦૧૧ પ્રમાણે પારધીઓની વસતિ ૩૪૫૦ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૧૮૩૧ અને સ્ત્રીઓ ૧૬૧૯ છે. પારધી જાતિમાં ૧૦૦૦ પુરુષો એ ૮૮૫ સ્ત્રીઓ જોવા મળે છે. (વસતિગણતરી, ૨૦૧૧)

## રહેઠાણ–ઘરવખરી :

તેઓનાં મકાન એકસાથે એટલે કે એક ફળિયામાં કાચાં તથા માટી–ઈંટની દીવાલવાળાં જોવા મળે છે. ઉપર છાજ દેશીનળિયાં તથા વિલાયતી નળિયાં અને પાંદડાંવાળું પણ કેટલેક ઠેકાણે જોવા મળે છે.

પારધીઓ ઘરવખરીનાં સાધનો પોતાની જરૂરિયાત પૂરતાં જ રાખે છે. ઘરવખરીમાં મોટા ભાગની વસ્તુઓમાં ઍલ્યુમિનિયમ, પિત્તળ, માટી કે કાચ તથા પ્લાસ્ટિકનાં વાસણો રાખે છે. આ ઉપરાંત થોડાં ગોદડાં, ખાટલા, ફાનસ, લાકડાની અભરાઈ ઉપરાંત અનાજ રાખવાના ડબ્બા, ઘરમાં રેડિયો, ટી.વી., ટેપ, કબાટ પણ આજે રાખતા જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૭૧)

## પહેરવેશ :

પારધીઓ મોટા ભાગે બુશર્ટ–પેન્ટ પહેરે અને માથે રૂમાલ કે પાઘડી બાંધે છે, જ્યારે સ્ત્રીઓ સાડી, બ્લાઉઝ અને ચણિયો પહેરે છે. બાળકો જો પુરુષ હોય તો બુશર્ટ–ચડ્ડી અને સ્ત્રી–બાળક હોય તો ફ્રૉક કે પંજાબી ડ્રેસ પહેરે છે.

## ઘરેણાં :

આ સમાજની સ્ત્રીઓ થોડાંઘણાં ઘરેણાં પહેરે છે. હાટમાં કે બજારમાં મળતા ખોટા દાગીના વિશેષ પહેરે છે. આધુનિક સમયમાં જે પારધીઓની સ્થિતિ સારી છે તેઓ સોના–ચાંદીના દાગીના પણ પહેરતા થયા છે.

## બોલી :

પારધીઓ અંદરોઅંદર કામ પડે ત્યારે મરાઠી બોલીનો ઉપયોગ કરે છે. સામાન્ય વ્યવહારમાં ગુજરાતી તથા હિન્દી બોલીનો તેઓ ઉપયોગ કરે છે. ગુજરાતમાં વસતા પારધીઓ ગુજરાતી લિપીનો વિશેષ ઉપયોગ કરે છે.

## ખોરાક અને પીણાં :

પારધીઓ ખોરાકમાં શાકાહારી તેમ જ માંસાહારી છે. તેઓ જુવાર, બાજરી તથા ચોખાના રોટલા ખાય છે. તેઓ ગાયનું માંસ ખાતા નથી. મહુડા–ગોળનો દારૂ સ્થળ પ્રમાણે પિવાતો જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૭૨)

## શિક્ષણ :

પારધીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૨૦૧૧ પ્રમાણે જોઈએ તો ૭૨.૩૦ ટકા છે. જેમાં પુરુષોમાં ૭૯.૪૮ ટકા અને સ્ત્રીઓમાં ૬૪.૧૯ ટકા જોવા મળે છે. (વસતિગણતરી–૨૦૧૧, ભારત સરકાર)

## ધર્મ :

પારધી લોકો હિન્દુ ધર્મ પાળે છે. તેઓ મારુતિ, ખાંડેરાવ, જૂમદેવ તથા ગ્રામદેવની પૂજા કરે છે. ગોત્ર અનુસાર પોતાની કુળદેવી, છિતરસિંગ, ભવાની તથા શિવ–શક્તિની પૂજા કરવામાં આવે છે. પારધીઓ ભગત–ભૂવાને ખાસ મહત્ત્વ આપે છે. પારધીઓમાં દશેરાનો તહેવાર મુખ્ય છે. તેઓનાં સ્થાનક જૂનાગઢ તથા પાવાગઢમાં આવેલ છે. આ ઉપરાંત દિવાળી, હોળી, નવરાત્રી, ગોકુળાષ્ટમી, ઉત્તરાયણ વગેરે તહેવારો પણ ઊજવે છે. (બરંડા, ૨૦૦૭:૭૨)

## વ્યવસાય :

પારધીઓનો પરંપરાગત વ્યવસાય જંગલનાં પશુ–પક્ષીઓનો શિકાર કરવાનો છે. તેઓ શિકાર કરીને વેચવાનું પણ કામ કરે છે. નવેમ્બર અને મે મહિનામાં પોતાના ઘરે રહે છે. કેટલાક પારધીઓ ખેતી, ખેતમજૂરી, જંગલ મજૂરી કે અન્ય મજૂરી કરતા પણ જોવા મળેલ છે. ગામડાંમાં મજૂરી ન મળતાં શહેરોમાં સ્થળાંતર કરીને મજૂરી કરે છે. (બરંડા, ૨૦૦૭:૭૨)

## જાતિપંચ :

પારધીઓની જાતિ પંચાયત ત્રણ સ્તર પર છે. આ જાતિમાં મુખીનું સ્થાન મુખ્ય છે. જે નાયક હોય તેને ગામનો મુખી ગણવામાં આવે છે અને 'પુદારી' સમગ્ર સમાજનો મુખી કહેવાય છે. આ 'મુખી', પારધી જાતિમાં થતા ઝઘડાનું નિરાકરણ

કરે, સમાજના રિવાજો ઉપર નિયંત્રણ મૂકે, લગ્ન–મૃત્યુના રિવાજો જાળવે વગેરે કાર્યો કરે છે. (બરંડા, ૨૦૦૭:૭૨)

## સામાજિક રીતરિવાજો :

ગુજરાતમાં વસતા પારધીઓની સંસ્કૃતિ ભિન્ન ભિન્ન છે. સંસ્કૃતિની ભિન્નતાની અસર તેમના જીવન ઉપર થાય છે.

### રજસ્વલા સ્ત્રી :

રજસ્વલા સ્ત્રીને છેટી બેસી, કપડે આવી, લૂગડે આવી વગેરે નામે પારધી લોકોમાં બોલાવવામાં આવે છે. સામાન્ય રીતે આવી સ્ત્રીઓ ધૂપ, દીપ, દેવદેવીની પૂજા કરતી નથી. પારધીઓમાં છોકરીઓના જન્મ વખતે (અશુદ્ધ) આભડછેટ ચાર મહિના રાખવામાં આવે છે.

### ગર્ભાધાન–સીમંત :

સ્ત્રીને રજોદર્શન બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવું માને છે. પારધીઓ ગર્ભ રહેવા પાછળ જાતીય સંબંધને મહત્ત્વ આપે છે. છતાં તેઓ ઈશ્વરની કૃપા વગર કે તેઓના આશીર્વાદ સિવાય કંઈ થતું જ નથી તેવું માને છે. ગર્ભ રહ્યા બાદ સાતમા મહિને સીમંતની વિધિ પિયરમાંથી માતા–પિતાને બોલાવીને કરવામાં આવે છે. પારધી જાતિના રિવાજ મુજબ ઉગમણે સ્ત્રીને બેસાડીને બ્રાહ્મણ કે ભગત પાસે વિધિ કરાવે છે. ત્યાર પછી માતા–પિતાની સાથે પિયરમાં મોકલે છે. (બરંડા, ૨૦૦૭:૭૩)

### પ્રસૂતિ :

પ્રથમ સુવાવડ સ્ત્રી મોટા ભાગે પિયરમાં કરે છે. પ્રસવની ક્રિયા દાયણ પાસે કરાવે છે. જો પ્રસવમાં મુશ્કેલી જણાય તો દવાખાને પણ જાય છે. બાળકના જન્મ બાદ કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. આજે બ્રાહ્મણ પાસે રાશિ જોવડાવીને નામ પાડે છે.

### સગાઈ :

પારધી લોકો પોતાની જાતિ અને ગોત્રમાં લગ્ન કરે છે. તેઓમાં બહુપત્નીત્વનો રિવાજ પ્રચલિત રહ્યો છે. નાની ઉંમરે સગાઈ–લગ્નની પૂછપરછ થાય છે. તેની ભારે કિંમત આપવી પડે છે. મામા–ફુઆનાં દીકરા–દીકરી સાથે સગપણ કે લગ્ન થઈ શકે છે. સગાઈ મોટા ભાગે માબાપની રાજીખુશીથી નક્કી થાય છે. એવા વિવાહ આ સમાજમાં પ્રચલિત છે.

### લગ્ન :

સગાઈ થઈ ગયા પછી બન્ને પક્ષ પોતાની અનુકૂળતા પ્રમાણે લગ્નતિથિ નક્કી કરે છે. તેઓ મોટે ભાગે માગશર–પોષ–મહામાં લગ્ન ગોઠવે છે. લગ્નમાં પીઠી ચોળવી, ગણેશ સ્થાપન, માંડવા રોપવા, લગ્નવિધિ વગેરે હિન્દુ વિધિ પ્રમાણે બધી જ ક્રિયા તેઓ કરે છે.

### છૂટાછેડા :

પારધી જાતિમાં છૂટાછેડા સમાજ માન્ય છે. આમ છતાં સહેલાઈથી કોઈને છૂટાછેડા મળતા નથી. આ જાતિ પિતૃનિવાસને વધુ મહત્ત્વ આપે છે. તેમાં પણ વિભક્ત કુટુંબને વધુ મહત્ત્વ આપે છે. મોટા ભાગે સ્ત્રી–પુરુષના ઝઘડા, ગંભીર બીમારી, બાળકો ન થવાં વગેરે કારણોસર છૂટાછેડા થતા હોય છે. બાળકોનો હક્ક પુરુષને લાગે છે.

### પુનઃલગ્ન :

પારધી જાતિમાં પુનઃલગ્ન માન્ય છે. એટલે કે સ્ત્રી–પુરુષ છૂટાછેડા લીધેલ હોય કે વિધવા–વિધુર હોય તો તે બીજાં લગ્ન સમાજના રિવાજ મુજબ કરી શકે છે. (બરંડા, ૨૦૦૭:૭૩)

### મૃત્યુ :

વ્યક્તિ મરણ પથારીએ હોય ત્યારે નજીકના સંબંધીઓ જેવાં કે ભાઈ, કાકા, બહેન, મામા–ફોઈ વગેરેને બોલાવી લેવામાં આવે છે. વ્યક્તિ મરી ગઈ છે તેવો ખ્યાલ આવે કે તરત જ પોતાની

જાતિના લોકોને ખબર આપવામાં આવે છે. પ્રથમ મૃતદેહને નવડાવીને વિધિ–વિધાન કરે છે. નવું કપડું ઓઢાડે છે અને વાંસની ઠાઠડીમાં નારિયેળ–કંકુ સાથે બાંધે છે. ભગવાનનું નામ બોલતાં બોલતાં વિસામા સુધી જાય છે. ત્યાંથી સ્ત્રીઓ પરત આવે છે. પારધીઓ મૃતદેહ સાથે ભોજન પણ દાટતા જોવા મળે છે. તેઓ બાર દિવસનો શોક પાળે છે. હિન્દુ વિધિ પ્રમાણે તેઓ અગિયારમું તથા બારમાની વિધિ પણ કરે છે. શ્રાદ્ધ પણ કેટલાક પારધીઓ કરતા જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૭૪)

### મુખ્ય વિશેષતા :

પારધી લોકો ભૂતપ્રેત, ડાકણ, નડતર વગેરેમાં વિશેષ માને છે. ઉપરાંત જડીબુટ્ટીઓ વેચવાની ખાસ વિશેષતા ધરાવે છે.

## ૪.૧૧ પોમલા

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિઃ

સેન્સસ ઑફ બરોડામાં દર્શાવ્યા મુજબ પોમલા જાતિ ૨૦૦ વર્ષ પહેલાં મદ્રાસ પ્રદેશમાંથી ગુજરાતમાં આવીને વસી હોય તેવું લાગે છે. તેઓની ભાષા તેલુગુને મળતી આવે છે તેથી તેઓ મૂળ દક્ષિણમાંથી આવ્યા હશે તેમ મનાય છે.

### વસતિ :

ગુજરાતમાં પોમલા જાતિ મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને આણંદ જિલ્લામાં વસવાટ કરે છે. તેમ જ મહારાષ્ટ્રમાં પણ તેમની વસતિ છે. ગુજરાતમાં ૨૦૧૧ પ્રમાણે પોમલાની વસતિ ૬૮૭ની છે. તેમાં પુરુષો ૩૫૮ અને સ્ત્રીઓ ૩૨૯ છે. પોમલા જાતિમાં ૧૦૦૦ પુરુષોએ ૧૧૨૮ સ્ત્રીઓ જોવા મળે છે. (વસતિગણતરી–૨૦૧૧, ભારત સરકાર)

### રહેઠાણ–ઘર–ઘરવખરી :

પોમલા જાતિનાં મકાનો સપાટ જમીન ઉપર બાંધેલાં છે. મકાનો એક ફળિયામાં હોય તેવું વધારે જોવામાં આવે છે. દીવાલો માટીમાંથી બનાવેલ હોય છે. ઘરની ઉપરનું છાજ દેશી નળિયાં, પતરાં, મેંગલોરી નળિયાં કે તાડછાનાં પાનનું જોવા મળે છે. તેમના મકાનમાં મોટા ભાગે એક કે બે ખંડ હોય છે. પોમલાની ઘરવખરીનાં સાધનો પોતાની જરૂરિયાત પૂરતાં પણ નથી. ઘરવખરીમાં મોટા ભાગની વસ્તુઓમાં ઍલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ અને ચિનાઈ માટી તથા માટીનાં વાસણો વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત થોડાંક ગોદડાં, ખાટલા, ઘરમાં પ્રકાશ માટે ફાનસ, લાકડાની અભરાઈ, ઉપરાંત અનાજ તથા લોટ ભરવા માટે પતરાના ડબ્બા રાખે છે. ઘરમાં રેડિયો, ટેપ, ટી.વી., ઘડિયાળ, પતરાની પેટી, લાકડાની પેટી વગેરે રાખતા જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૫૭)

### પહેરવેશ :

પોમલા પુરુષોનો પહેલાંનો પોશાક ધોતી–ખમીશ અને ફેંટો હતો. હાલમાં તેઓ લેંઘો, ખમીશ અથવા શર્ટ પહેરે છે. તો કોઈ કોઈ પાટલૂન–શર્ટ પણ પહેરે છે. સ્ત્રીઓ ચણિયો, પોલકું અને સાડી પહેરે છે. સ્ત્રીઓ મુખ્યત્વે ગળામાં કાળા મણકાની માળા, કાચની માળા, કાને કડી અને નાકે સોનાની ચૂની પહેરતાં જોવા મળે છે. લગ્નમાં પણ સોના–ચાંદીના દાગીનાની લેવડદેવડ કરે છે. (બરંડા, ૨૦૦૭:૫૮)

### બોલી :

પોમલાઓને એક રીતે કહીએ તો તેઓ મૂળ તેલુગુને મળતી બોલી બોલે છે પણ આધુનિકીકરણની અસર થવાથી તેઓમાં આજે ગુજરાતીકરણ વધુ જોવા મળે છે.

### ખોરાક–પીણાં :

ખોરાકમાં આ જાતિ શાકાહારી તેમ જ માંસાહારી છે. તેઓ બાજરીના રોટલા, શાક, કઠોળ, દાળ વગેરેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ચોખા,

ખીચડી તથા વારતહેવારે મીઠાઈ ખરીદે છે અને બકરાનું માંસ કે માછલીનો ખોરાકમાં ઉપયોગ કરે છે.

**શિક્ષણ :**

પોમલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૨૦૧૧ પ્રમાણે ૭૩.૦૧ ટકા છે. જેમાં પુરુષોમાં ૭૮.૬૮ અને સ્ત્રીઓમાં ૬૬.૬૭ ટકા જોવા મળે છે.

**ધર્મ :**

પોમલા જાતિ હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ–દેવીઓને માને છે. તેઓ ચોસઠ જોગણી, ભદ્રકાળી, અંબાજી, લક્ષ્મી, હનુમાન, બળિયાદેવ વગેરેને પૂજે છે. તેઓ આર્થિક પ્રકૃતિમાં કાળભૈરવ, નવકોટદેવ, શેષનાગ વગેરેની પૂજા પણ કરે છે. આ જાતિના લોકો હોળી, રક્ષાબંધન, સાતમ–આઠમ, નવરાત્રી, દિવાળી, ચૈત્રી ઉજવણી, વગેરે તહેવારો પણ ઊજવતા જોવા મળે છે. (બરંડા, ૨૦૦૭:૫૮)

**વ્યવસાય :**

પોમલા જાતિનાં કુટુંબો જુદા જુદા પ્રકારના કામ કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. જેમ કે ટોપલા–ટોપલી, રંગાટીકામ, ઑટોરિક્ષા, પગરિક્ષા, લુહારીકામ, ડ્રાઇવિંગ, ચાની લારી, છૂટક મજૂરી, હીરા ઘસવા, હોટલમાં નોકરી વગેરેનો વ્યવસાય કરે છે.

**જાતિપંચ :**

પોમલા લોકો વચ્ચેનું અંતર એકબીજાથી દૂર હોવા છતાં જાતિપંચથી સમાજના દરેક પ્રસંગે જાતિમાં જોડાયેલા રહે છે. આ જાતિપંચમાં એવું નક્કી કરેલ છે કે લોકો નિયમોનું પાલન કરે, ગુનાઓનું પ્રમાણ ઘટે, સરકારી કાયદાઓનું અમલીકરણ થાય. જન્મ, લગ્ન, મરણના પ્રસંગોએ કોઈ પ્રશ્ન ઊભો થાય તો જાતિપંચ અને તેના વડીલ સભ્યો ઉકેલ લાવતા હોય છે. પોમલામાં પટેલ આગેવાન સમસ્યા ઉકેલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સામાજિક રીતરિવાજો :**

ગુજરાતમાં વસતા પોમલાઓ શહેરી સંસ્કૃતિની અસર નીચે હોવાથી તેના ઘણા સામાજિક રિવાજોમાં પરિવર્તન આવ્યું છે. મૂળ રિવાજોને છોડી દીધા હોય તેવું પણ જોવા મળ્યું છે.

**રજસ્વલા સ્ત્રી :**

પોમલાઓમાં રજસ્વલા સ્ત્રીને "અડકવું નહીં" એવા નામે બોલાવે છે. આ સમય દરમિયાન રસોઈ બનાવવી, પાણી ભરવું, દેવ–દેવીની પૂજાવિધિ, ધૂપ–દીપ કરવા વગેરે કાર્યો કરવાનાં હોતાં નથી. તેમ જ કોઈ પવિત્ર કાર્યો થતાં હોય ત્યાં જઈ શકાતું નથી. આવી સ્ત્રીઓ મોટા ભાગે વાસણ સાફ કરવાં, ઘરમાં સફાઈ કરવી વગેરે કામો કરે છે.

**ગર્ભાધાન :**

સ્ત્રીને રજસ્વલા થતું બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવું માને છે. આવી સ્ત્રીને ઊલટી થાય તો પણ ગર્ભ રહ્યો હશે તેવું માને છે. ગર્ભ રહેવા પાછળ જાતીય સંબંધને મુખ્ય ગણવામાં આવે છે. ગર્ભ રહ્યા બાદ કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. ખોળો ભરાવવાની વિધિને સીમંત કહે છે.

**પ્રસૂતિ :**

પ્રથમ સુવાવડ સ્ત્રીના પિતાને ત્યાં કરવામાં આવે છે. હાલ આ લોકો તાલીમી દાયણની સાથે સાથે પ્રસૂતિ દવાખાને કરાવવાનું વધારે પસંદ કરે છે. પ્રસવ સમયે પોતાનાં કુટુંબની સ્ત્રીઓ અને પુરુષો હાજર હોય છે.

**છઠ્ઠી :**

બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે ઘઉંની રોટલી અને સાત લીલોતરી શાક સાથે બનાવી નાનાં બાળકોને જમાડવામાં આવે છે. આ દિવસે બાળકને નવડાવવામાં આવે છે. નવાં વસ્ત્રો પહેરાવવામાં આવે છે. (બરંડા, ૨૦૦૭:૫૯)

## નામકરણ વિધિ :

બાળકના જન્મ પછી સવા માસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે પાંચ–સાત બાળકોને જમાડવામાં આવે છે. આવી સ્ત્રી તથા જન્મેલ બાળકને પોતાની કુળદેવીને પગે લાગવા લઈ જાય છે. દેવ–દેવીની પૂજા કર્યા પછી બ્રાહ્મણ પાસે નામ માટે રાશિ જોવરાવી નામકરણ વિધિ કરવામાં આવે છે. (બરંડા, ૨૦૦૭:૫૯)

## સગાઈ :

સગાઈ માટે તેઓ "માંગણી" એવો શબ્દ વાપરે છે. સામાન્ય રીતે છોકરાની ઉંમર ૧૯થી ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૭થી ૨૦ વર્ષની થાય ત્યારે સગાઈ કરવામાં આવે છે. સગાઈ માટેની શરૂઆત છોકરાપક્ષ તરફથી થાય છે. સગાઈમાં છોકરી માટે છોકરાપક્ષ તરફથી બે જોડી કપડાં, કંકુ, બંગડી–બક્કલ લઈ જાય છે.

## લગ્ન :

બન્ને પક્ષની અનુકૂળતાએ લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. હાલમાં કંકોત્રીથી દસ–બાર દિવસ પહેલાં સગાંને જાણ કરવામાં આવે છે. ગામમાં રૂબરૂ આમંત્રણ આપે છે. લગ્નની તિથિ અગાઉ ત્રણ દિવસ પહેલાં પીઠી ચોળવામાં આવે છે. પરિણીત સ્ત્રીઓ જ પીઠી ચોળે છે, કુંવારી છોકરીઓ પીઠી ચોળતી નથી.

જાન કન્યાપક્ષે પહોંચ્યા પછી વડીલો મળવા આવે છે અને જાનને યોગ્ય જગ્યાએ ઉતારો આપે છે. તેમના માટે ભોજનમાં દાળ–શાક, ભાત, લાપસી હોય છે. માંડવા નીચે પાટલા ઉપર વરરાજાને બેસાડવામાં આવે છે ત્યાં બે રીતે લગ્નો થાય છે– (૧) બ્રાહ્મણ દ્વારા (૨) પોચલા પટેલ દ્વારા. તેઓ હિંદુ વિધિ પ્રમાણે લગ્ન કરે છે. ત્યાર પછી ચા–પાણી કર્યાં પછી લગ્નના બીજા દિવસે સવારમાં વરકન્યાને વિદાય કરવામાં આવે છે. (બરંડા, ૨૦૦૭:૬૦)

## છૂટાછેડા :

પોમલા છૂટાછેડા સમાજ માન્ય છે. તેમાં પત્ની કહ્યામાં ન રહે, ચાલચલગત સારી ન હોય, સંતાનો થતાં ન હોય, પુરુષ અથવા સ્ત્રીમાં ગંભીર બીમારી હોય, આવી પરિસ્થિતિમાં છૂટાછેડા લે છે. પતિ–પત્ની છૂટાછેડા લે અને જો કંઈ સંતાન હોય તો તે સંતાનનો હક્કદાર પુરુષ બને છે. પરંતુ સંતાન નાનું હોય તો સ્ત્રી પાસે રહે છે પણ મોટું થતાં તેણે પુરુષને સોંપી દેવું પડે છે.

## પુનઃલગ્ન :

પુનઃલગ્ન સમાજ સ્વીકૃત હોવાથી વિધવા–વિધુર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી–પુરુષ પુનઃલગ્ન કરી શકે છે. આવાં લગ્નો વિધિસર કરતાં નથી. આ પુનઃલગ્નને તેઓ 'નાતરું' એવો શબ્દ વાપરે છે. આમાં ફૂલહાર પહેરાવી લગ્ન કરતાં હોય છે. આ ઉપરાંત દિયરવટું, સાળીવટું વગેરેની પ્રથા ચાલે છે.

## મૃત્યુ :

વ્યક્તિ જ્યારે મરણ પથારીએ હોય ત્યારે તેના નજીકના સંબંધીઓને બોલાવી લેવામાં આવે છે. ઘીનો એક દીવો કરવામાં આવે છે. મૃતદેહને જમીન ઉપર રાખીને સ્નાન કરાવવામાં આવે છે, આખા શરીરે હળદર ચોળવામાં આવે છે અને અત્તર છાંટવામાં આવે છે. નવાં વસ્ત્રો પહેરાવવામાં આવે છે. ઉત્તર દિશામાં માથું રાખીને દાટવામાં કે બાળવામાં આવે છે. પરત આવ્યા પછી સ્નાન કરીને મૃત્યુ પામનારના ઘરે આવીને આગળની વિધિ નક્કી કરી છૂટા પડે છે. ઘરમાં રસોઈ બનતી નથી પરંતુ કુટુંબીઓ – પડોશીઓ બે દિવસ સુધી રસોઈ કરે છે.

## મુખ્ય વિશેષતા :

આ જાતિ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હતી. ત્યાંથી ધીમે ધીમે સ્થળાંતર થઈને શહેરમાં આવીને વસી છે.

## ૪.૧૨ વારલી

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિઃ

વારલી જાતિનો કોઈ ચોક્કસ ઇતિહાસ લેખિત સ્વરૂપે પ્રાપ્ત થઈ શકતો નથી. જુદા જુદા વિદ્વાનોએ વારલી વિશે નીચે પ્રમાણે મંતવ્યો આપ્યાં છે :

"જૂની સરકારી નોંધો મુજબ વારલીઓ મૂળ દક્ષિણ ભારતના કોંકણ તરફના વતનીઓ છે. તેઓ ૧૪મા, ૧૫મા સૈકામાં દખ્ખણમાંથી ફિરંગીઓને લીધે કે કુદરતી આફતોને લીધે કે મરાઠાઓની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિને કારણે એ પ્રદેશ છોડી ધરમપુરમાં તથા આજુબાજુના પ્રદેશમાં આવીને વસ્યા હોય એમ માનવામાં આવે છે." (બરંડા, ૨૦૦૭:૧૦૫)

આ ઉપરાંત ડુંગરાળ વિસ્તારમાં વસે છે અને ખેતીમાં ઝાડી–ઝાંખરાં દાઝીયા માટે વાપરે છે. કેટલીક જગ્યાએ ઝાડી–ઝાંખરાંને માટે 'વારૂલ' ને બદલે 'વાવર' શબ્દ વાપરવામાં આવે છે. આ પરથી આ શબ્દ તેમના ધંધા સાથે સંકળાયેલ છે.

### વસતિ :

ગુજરાતમાં ૨૦૧૧ પ્રમાણે વારલીઓની વસતિ ૩,૨૮,૧૯૪ છે. જેમાં પુરુષો ૧,૬૪,૨૫૮ અને સ્ત્રીઓ ૧,૬૩,૯૩૬ છે. કુલ આદિવાસી વસતિમાં તેનું પ્રમાણ ૩.૬૮ ટકા છે. વારલી જાતિની મુખ્ય વસતિ વલસાડ જિલ્લામાં ધરમપુર, ઉમરગામ તેમ જ ડાંગની દક્ષિણ પૂર્વપટ્ટીમાં પથરાયેલી છે. વારલી જાતિમાં ૧૦૦૦ પુરુષો એ ૯૫૩ સ્ત્રીઓ જોવા મળે છે.

### રહેઠાણ–ઘર–ઘરવખરી :

વારલી જાતિનાં રહેઠાણ હારબંધ નહીં પરંતુ ઘરની દીવાલ એકબીજાને અડકેલી ન હોય તે રીતનાં ઘરો બાંધી રહેતા હોય છે. તેઓ ખપેડા કે સાંઠીની દીવાલ બનાવે છે. ઉપર માટીનું લીંપણ કરે છે. છાજ વિલાયતી કે દેશી નળિયાંવાળું હોય છે. ઘરનો આકાર લંબચોરસ પ્રકારનો હોય છે. ઘરમાં એક, બે કે ત્રણ રૂમો જોવા મળે છે.

ઘરવખરીમાં મોટા ભાગે અનાજ ભરવાની કોઠી, વાંસમાંથી બનાવેલ વિવિધ સાધનો, ખાટલા, દોરડાં, સંગીતનાં સાધનો, ખેતીનાં સાધનો, હળ, વાવણિયો, ધૂંસરી, પંજેઠી, સમાર વગેરે, ઍલ્યુમિનિયમ અને સ્ટીલનાં જરૂરી ખાવા–પીવાનાં વાસણો, પાણી માટે તાંબા, પિત્તળ અને હવે સ્ટીલનાં વાસણોએ ઘરપ્રવેશ કર્યો છે.

### પહેરવેશ :

પહેરવેશમાં ઓછાં વસ્ત્રોને પરિણામે વર્ણે શ્યામ, દાઢી તથા માથાના વાળ અવ્યવસ્થિત હોય છે. આ જાતિમાં નિગ્રો જાતિતત્ત્વ હોવાનું મનાય છે. પુરુષ–બાળકો બુશર્ટ તથા ચડ્ડી પહેરે છે. યુવાન પુરુષો ફેંટો, શરીરે જાકીટ કે બંડીને મળતું અડધી બાંયનું કોલર વિનાનું કપડું તથા કમ્મરે લાલ રંગનાં ફૂમતાવાળી દોરી બાંધે છે સ્ત્રીઓ માથે ગુચ્છેદાર ચોટલી રાખે છે. હાલમાં સ્ત્રીઓ સાડી, બ્લાઉઝ પહેરે છે. વારલી સ્ત્રીઓ છૂંદણાંની શોખીન છે. કપાળ, ગાલ, પગ પર, હાથના પંજા પર, નાક ઉપર છૂંદણાં છૂંદાવતાં જોવા મળે છે. વારલી સમાજમાં નકલી ઘરેણાંનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે.

### બોલી :

દક્ષિણના વારવાટ પ્રદેશમાંથી મૂળ આવતા હોવાના કારણે પણ વારલી કહેવાયા હોય એ સંભવ છે. તેમનામાં ચાર પેટા જાતિઓ છે – (૧) યુદ્ધ (૨) મુર્દે (૩) દાવર (૪) નિહિર. આ ઉપરાંત તેમનામાં ૨૪ જેટલાં કુળ છે. આ બધાંની બોલી જોતાં તેમની ભાષા કૂકણા જાતિ જેવી જોવા મળે છે.

### વ્યવસાય :

વારલી જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી તથા ખેતમજૂરી, જંગલ મજૂરી અને ફેક્ટરીમાં છૂટક મજૂરીકામ કરે છે. આ ઉપરાંત જંગલમાં મજૂરીએ

જવું, કોલસા પાડવા, જંગલમાંથી ગુંદર, મધ, મહુડાં ભેગા કરી લાવવાં વગેરે સહાયક ધંધા છે. (બરંડા, ૨૦૦૭:૧૦૬)

## ખોરાક અને પીણાં :

ખોરાકમાં નાગલી અને તેની જુદી જુદી બનાવટોનો તથા ચોખાનો ઉપયોગ કરે છે. પ્રસંગોપાત્ત માંસાહાર–દારૂનો ખાસ ઉપયોગ કરે છે. આનો ઉપયોગ બધા જ વારલીઓ કરે છે.

## શિક્ષણ :

વારલી જાતિમાં ૨૦૧૧ પ્રમાણે ૫૨.૭૪ ટકા સાક્ષરતા જોવા મળે છે. જેમાં પુરુષોમાં ૬૧.૩૬ ટકા અને સ્ત્રીઓમાં ૪૪.૧૯ ટકા સાક્ષરતા છે.

## ધર્મ :

તેઓ દેવ–દેવીઓમાં નારણદેવ, હીરયા દેવ, ભરમદેવ, ગામદેવ, વાઘદેવ, સરવર દેવ, મહાલક્ષ્મી, કંથરી એ એમના મુખ્ય દેવ છે. હોળી–દિવાળી, દિવાસો, દશેરા મુખ્ય તહેવારો છે. તેઓ નૃત્યના ઘણા શોખીન છે. નૃત્ય કરી તહેવારો ઊજવે છે. આજે પણ નવું કામ કરાવવાનું હોય કે કામની શરૂઆત કરવાની હોય તો તેઓ ભગત–ભૂવાનો ઉપયોગ કરતા હોય છે. તેઓ ભૂતપ્રેત, ડાકણ અને પિતૃપૂજાને મહત્ત્વ આપે છે.

## સામાજિક રીતરિવાજ :

વારલીઓ પરંપરાગત રૂઢ થયેલા રિવાજોને 'કાયદો' કહે છે. આ કાયદા પ્રમાણેના વ્યવહારોનો જ આગ્રહ રખાય છે, જન્મથી મૃત્યુ સુધીના રીતરિવાજોને જોવાથી તેનો ચોક્કસ ખ્યાલ આવી શકશે.

## રજસ્વલા સ્ત્રી :

રજસ્વલા સ્ત્રીને ધરમપુર વિસ્તારમાં વસતા વારલીઓ 'ડોકીચાખાલા', 'ડોકી ધોવાયમા' કે 'પદરેણ' કહે છે. પવિત્ર ન થાય ત્યાં સુધી તે રાંધવાનું, ખાંડવાનું, દળવાનું, પાણી ભરવાનું કામ કરી શકતી નથી. ઘરની બહારનાં કામો કરે છે જેમાં છાણ–વાસીદું, ખેતીનાં કામો, નીંદવાનું, વાઢવાનું, ઘાસ લાવવાનું, પશુપાલનનું કામ, જંગલમાંથી લાકડાં લાવવાનું, જંગલ પેદાશો એકઠી કરવાનું કામ કરી શકે છે. આવી સ્ત્રી ચાર દિવસે માથું ચોળીને સ્નાન કરી પવિત્ર બનીને બધાં કામો કરી શકે છે.

## પ્રસવ :

પોતાના ફળિયાની જે સુવારીન હોય તેને જ બોલાવવામાં આવે, તે સિવાયની બીજા ફળિયાની સુવારણ પ્રસવ કરાવતી નથી. પ્રસવ કોથળા પાથરીને નીચે કરાવે છે. બાળકની નાડ જુવારના સાંઠાની ચીપથી, બરુથી કે તીરથી કાપવામાં આવે છે. આ નાડ ઘરની પાછળ દાટીને ઉપર પથ્થર મૂકવામાં આવે છે. આ સિવાય કોઈ ખાસ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

## પાંચોરા (છઠ્ઠીની વિધિ ) :

પાંચોરાની વિધિ બાળકના જન્મ બાદ પાંચમા દિવસે કરવામાં આવે છે. પૈસાની સગવડ ન થાય તો પાંચને બદલે સાત દિવસે પણ કરે છે. આ વિધિમાં મુખ્યત્વે બે ટોકરી ડાંગર, નાળિયેર, સિંદૂર, ગુલાલ, તવીની મેશ, ખાંચખાદ્યાં (બે કાચા સૂતરના દોરાની આંટીઓ, લાકડાના ટુકડા, કંકુ, કોપરાના બે–ત્રણ કકડા) એ સિવાય બે બાટલી દારૂ, દીવો કરવા તેલ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

## નામકરણ વિધિ :

બાળકનું નામ ૧૦ કે ૧૫મા દિવસે પાડવામાં આવે છે. બાળકનું નામ પાડવાના દિવસે સુવારીનને બોલાવવામાં આવે છે, સુવારીન જ બાળકનું નામ પાડે છે, તે સમયે એકત્ર થયેલ કુટુંબીઓ, દાયણો, સગાં–સંબંધી, પાટિલને તાડી પાવામાં આવે છે.

## લગ્ન :

વારલી સમાજમાં યુવાન વયે લગ્નનો સમય હોળીની આસપાસનો છે. લગ્ન એકસાથી અને

બહુસાથી બન્ને પ્રકારનાં છે. પહેલી પત્નીથી છોકરાં ન થતાં હોય ત્યારે સમાજમાંથી બીજી પત્ની લાવે છે. બન્ને પત્નીને તે જુદી અને સાથે પણ રાખી શકે છે. આજના સમયમાં છોકરા–છોકરીઓ પસંદગીનાં લગ્નો કરે છે. લગ્નની ઉંમરમાં પુરુષ માટે ૨૦થી ૨૨ વર્ષે અને સ્ત્રી માટે ૧૮ વર્ષની આજુબાજુ છે.

### છૂટાછેડા :

મુખ્યત્વે છૂટા થવાનાં કારણો પતિ–પત્ની વચ્ચે મનમેળ ન હોય, પત્નીને મારવામાં આવતી હોય, કાયમ હેરાન કરતા હોય તો તે સ્ત્રી તેનાથી છૂટી થાય છે. પુરુષ કે સ્ત્રી બંને છૂટા થતાં સ્વતંત્ર છે. પંચ નક્કી કરે પછી ખર્ચ આપીને છૂટાછેડા થાય છે.

### પુનઃલગ્ન :

વારલીઓમાં પુરુષ વિધુર હોય કે છૂટાછેડા લીધેલ હોય તે ફરીથી લગ્ન કરી શકે છે. કુંવારી છોકરી સાથે પણ લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષનું લગ્ન થાય તો મંડપ, હળદર કે દેવ કરવાની વિધિ કરવામાં આવતી નથી.

### મૃત્યુ :

મૃત્યુ બાદ મૃતદેહને ઘરમાં એક કોથળો પાથરી દક્ષિણ દિશા તરફ તેનું માથું રાખી સુવાડવામાં આવે છે. મૃતદેહ પર એક ચાદર (કપડું) ઓઢાડવામાં આવે છે. ગરમ પાણીથી મૃતદેહને નવડાવે છે. ગામમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો ખેતરનું, શિકારનું, માછલી પકડવાનું, રાંધવાનું, પાણી ભરવાનું કે ઝાડુ કાઢવાનું કામ કરવામાં આવતું નથી.

મૃતદેહને ઠાઠડીમાં બાંધીને સ્મશાને લઈ જવામાં આવે છે. વિસામા આગળ બધાં જ સ્ત્રીપુરુષો, બાળકો હાથમાં ચોખા અને પાંચ–દશ પૈસા રાખીને શબને પગે લાગે છે અને પગ આગળ નાંખવામાં આવે છે. છેલ્લે દારૂની શાખ પાડવામાં આવે છે. ત્યાર બાદ શબને સ્મશાનમાં લઈ જઈ અગ્નિદાહ દેવામાં આવે છે અને દાટવાના હોય તો દાટે છે.

કોઈ પુરુષ કે સ્ત્રીનું અકસ્માત, વાગવાથી, પડી જવાથી, ભયંકર રોગથી મૃત્યુ થાય કે સાપ કરડવાથી થયું હોય તેવા તથા સગર્ભા સ્ત્રીનું મૃત્યુ થયું હોય તો દાટવામાં આવે છે. જ્યારે અન્ય રીતે મૃત્યુ પામેલ સ્ત્રીપુરુષને પુત્ર, પિતા કે પતિ તેમ જ બીજા એક અપરિણીત છોકરા મૃતદેહની ચારે બાજુ પાંચ ફેરા કરી અગ્નિદાહ આપે છે. અગ્નિદાહ દે છે ત્યારે એક બાટલી દારૂ રેડવામાં આવે છે. અગ્નિદાહ આપ્યા પછી નદીમાંથી કે કૂવામાંથી પાણી લાવવાની ક્રિયા કરી નાહ્યા પછી ઘરે જાય છે.

### મુખ્ય વિશેષતા :

તેઓ નારણદેવ, ગામદેવ, વાઘદેવ વગેરે દેવોની સામૂહિક રીતે પૂજા કરે છે. સાથે સાથે હિંદુ દેવ–દેવીઓની પૂજા કરે છે, સાથે સાથે તેઓ છૂંદણાં પણ છૂંદાવે છે. તેઓનાં વારલી ભીંતચિત્રો વિશ્વવિખ્યાત બન્યાં છે.

* * *

# સંદર્ભસૂચિ

૧. ભારત સરકાર (૨૦૧૧), વસતિગણતરી – ૨૦૧૧.

૨. પટેલ, બી. એસ. અને પટેલ, પ્રવીણ (૨૦૧૫), "આદિમજૂથ ગુજરાત બેઝલાઇન સર્વે – ૨૦૧૪–૧૫", અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૩. પટેલ, બી. એસ. અને પટેલ, પ્રવીણ (૨૦૧૫), "આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ – ૨૦૧૧", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૪. ઉપાધ્યાય, ચંદ્રકાન્ત બા. (૧૯૮૧), "ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજ માનવશાસ્ત્રીય અધ્યયન", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૫. બરંડા, બચુભાઈ એસ. ( ૨૦૦૭), "ગુજરાતના આદિવાસીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૬. પંડ્યા, ગૌરીશભાઈ (૧૯૮૨), "ગુજરાતના વારલીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૭. Enthoven R. E. 1922, The Tribes and Castes of Bombay, Vol. II, 1922. .

## વેબસાઈટઃ

૧. http://censusindia.gov.in/

# ૪.૧૩થી ૪.૧૮ આદિજાતિઓનો પરિચય



૪.૧૩ કુણબી જાતિ
૪.૧૪ ગામીત જાતિ
૪.૧૫ ભરવાડ જાતિ (નેસ વિસ્તાર)
૪.૧૬ ગોંડ–રાજગોંડ જાતિ
૪.૧૭ ભીલ જાતિ
૪.૧૮ સીદી જાતિ

## ૪.૧૩ કુણબી જાતિ

### ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણ :

કુણબીનો અર્થ થાય છે બીજ. કુણબી શબ્દ 'કુણ' અને 'બી'થી બન્યો છે. કુણબી તે લોકો કે જેઓ બીજ ઉગાડે છે. કુણબીઓ જમીનના માલિક રહ્યા છે. તેઓ સામાન્ય બાંધાવાળા હોય છે, શરીરે દૂબળા દેખાય પણ ખડતલ હોય છે. કુણબીઓની મુખ્ય વસતિ ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત જિલ્લામાં વિશેષ જોવા મળે છે. તેઓ ડાંગી તથા ગુજરાતી ભાષા બોલે છે અને જરૂર મુજબ મરાઠી ભાષાનો પણ ઉપયોગ કરે છે. ખોરાકમાં નાગલી, બંટી, કોદરા અને કઠોળનો ઉપયોગ કરે છે. જુવાર–ચોખાના અને નાગલીના રોટલા તેમ જ મળતી શાકભાજીનો ઉપયોગ કરે છે. તેઓ માંસાહારી તથા શાકાહારી છે. પીણાંમાં ચા, કૉફી, મહુડાનો દારૂ વગેરેનો તહેવારો તથા લગ્ન પ્રસંગે છૂટથી ઉપયોગ કરે છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૧૮–૧૯)

તેઓની કુલ વસતિ ૨૦૧૧ પ્રમાણે ૬૦,૬૪૬ છે, જેમાં પુરુષો ૩૦,૩૭૬ અને સ્ત્રીઓ ૩૦,૨૭૦ છે. કુલ આદિવાસી વસતિમાં તેઓનું પ્રમાણ ૦.૬૮ ટકા છે. કુણબીઓમાં શિક્ષણ ૨૦૧૧ પ્રમાણે જોઈએ તો ૬૬.૫૩ ટકા શિક્ષિત છે, જ્યારે ૩૩.૪૭ ટકા અભણ જોવા મળે છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, ૨૦૧૪:૩૬)

### વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં :

કુણબીઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે, પરંતુ ભૌગોલિક તથા પર્યાવરણીય પ્રતિકૂળતાઓ અને જમીનની મર્યાદાના કારણે ખેતી સિવાય ખેતમજૂરી, જંગલ મજૂરી, અન્ય છૂટક મજૂરી, પશુપાલન તથા થોડા પ્રમાણમાં નાનીમોટી નોકરી અને વ્યવસાયો કરીને જીવનનિર્વાહ કરતા જોવા મળે છે.

કુણબીઓ ગ્રામ્ય વિસ્તારમાં એક ફળિયામાં પાંચ–સાતથી માંડીને પંદર–વીસ સુધીનાં ઝુંડમાં ઘરો બનાવે છે. તેઓ પોતાની જમીનમાં છૂટાં છૂટાં ઘરો બાંધે છે. ઘરની બાંધણીમાં જંગલનાં લાકડાંનો ઉપયોગ કરે છે અને પછી ફરતે વાંસ કે 'બરુ' અથવા 'કથુર'ની ચીપથી ભીંત કરવામાં આવે છે. ઘરની ઉપર દેશી નળિયાં, વિલાયતી નળિયાં, પાંદડાં કે ઘાસનું છાજ કરે છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૧૮) આર્થિક રીતે સક્ષમ લોકો ક્યાંક ઘરની ઉપર પતરાં કે ધાબાવાળાં મકાનો બનાવે છે. ગાયનાં છાણ તથા માટીથી લીંપણ કરે છે. ઘરની બાજુમાં પશુ માટે નાની છાપરી બાંધે છે.

ઘરવખરીમાં પોતાની જરૂરિયાતો મુજબ પિત્તળ, કાચ, પ્લાસ્ટિક અને માટીનાં વાસણો રાખે છે. આ સાથે ખાટલા, ગોદડાં, ટોપલા–ટોપલી, શિકાર કરવાનાં સાધનો, માછલી પકડવાની જાળ

વગેરે જોવા મળે છે. આધુનિક સમયની અસરના કારણે તેઓ ટેપ, ટી.વી., સ્કૂટર, સાઇકલ, ટેબલ–ખુરશી, પંખા, ઇલેક્ટ્રિક મોટર, ઘંટી, પેટી, કબાટ વગેરે જીવનજરૂરી ચીજવસ્તુઓ રાખતા જોવા મળે છે. તેઓ ખેતીનાં સાધનોમાં હળ, દાતરડાં, કુહાડી, ગાડા, ટ્રૅક્ટર, વાવણિયો વગેરે રાખતા હોય છે.

કુણબીઓના પહેરવેશમાં પરંપરાગત રીતે પુરુષો શરીરના નીચેના ભાગે માત્ર લંગોટી અને શરીરના ઉપરના ભાગે બંડી કે બુશર્ટ અને માથે ટોપી કે ફાળિયું પહેરતા જોવા મળે છે. આજે પરિવર્તનની અસરોના કારણે બુશર્ટ–પેન્ટ, ધોતી, ખમીશ, ટોપી પહેરે છે. યુવાનો પેન્ટ–શર્ટ અને બાળકો ચડ્ડી–બુશર્ટ પહેરે છે. સ્ત્રીઓ કમરે એક અડધી સાડી કછોટો મારીને પહેરે છે અને ઉપરના ભાગે ચોલી પહેરે છે. યુવાન સ્ત્રીઓ બ્લાઉઝ, સાડી અને ચણિયો પહેરે છે. નાની છોકરીઓ ફ્રૉક કે પંજાબી ડ્રેસ પહેરે છે.

કુણબી લોકો મુખ્યત્વે સોના–ચાંદી તેમ જ વિવિધ ધાતુઓનાં ખોટાં ઘરેણાં પહેરે છે. સ્ત્રીઓ કાનમાં વાળી, એરિંગ, હાથમાં કડાં, પહોંચી અને કમરે કંદોરો પહેરતાં જોવા મળે છે. ગળામાં કે પગમાં પહેરવાનાં ઘરેણાં ચાંદીનાં હોય છે. આર્થિક રીતે સક્ષમ લોકો સોનાની ચેન પહેરે છે. કુણબીઓ જેટલાં ઘરેણાં પહેરવાના શોખીન છે તેટલા જ છૂંદણાં પડાવવાના પણ શોખીન છે. સંત–પુરુષ કે દેવ–દેવીઓનાં છૂંદણાં છૂંદાવે છે. હાથ, કપાળ, મોં પર પોતાનું નામ અથવા શ્રીરામ, હનુમાન, શ્રીકૃષ્ણ વગેરે ચિતરાવે છે.

## સામાજિક અને સાંસ્કૃતિક જીવન :

કુણબીઓ હિન્દુ ધર્મમાં માનતા હોવાથી હિન્દુઓના રીતરિવાજોને અનુસરે છે. કુણબી લોકો ભગવાન તથા વિવિધ દેવ–દેવીઓનાં સ્વરૂપો વિશે માન્યતાઓ ધરાવે છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના બનતા સારા કે ખરાબ પ્રસંગોમાં પોતાના દેવ કે દેવીની પૂજાવિધિ કે માનતા–બાધા રાખીને જ આગળ વધે છે. તેઓ માવલીદેવી, કંસરીદેવી, વાઘદેવ, કાળો કાકર, ગોવાળદેવ, સિમારિયો દેવ, દેવલીમાંડી, નારણદેવ, ગ્રામદેવતા, ગૃહદેવતા, હીરવાં–હલગ બરમદેવ વગેરે દેવ–દેવીઓની પૂજા કરે છે. હિન્દુ દેવ–દેવીઓમાં રામ–કૃષ્ણ, શંકર, પરશુરામ ભગવાનની પૂજા કરે છે. સાથે સાથે હોળી–દિવાળી, નાગપંચમી, પિતૃપંચમી, લગ્નના તહેવારો બધા સાથે મળીને નાચ–ગાન–નૃત્ય સાથે ઉજવણી કરતા જોવા મળે છે. કુણબીઓને મનોરંજન માટેનું મુખ્ય સાધન હોય તો તે ડાંગી નૃત્ય છે. આ ઉપરાંત માંદલ નૃત્ય, મેળા નૃત્ય, દિવાળીનાં નૃત્ય અને તેનાં લોકગીતો, ઘેર નૃત્ય, વિદાય નૃત્ય વગેરે ખૂબ જાણીતાં છે.

## બાળજન્મ અને નામકરણ :

કુણબી લોકો રજસ્વલા સ્ત્રી સાથે આભડછેટ રાખે છે. સ્ત્રીને ઊલટીઓ થાય, ઊબકા આવે, ખાવાનો અભાવ થાય ત્યારે સમજે છે કે ગર્ભ રહ્યો છે. કુણબીઓ ગર્ભધારણ જાતીય સંબંધથી રહ્યો છે એવું માને છે પણ સાથે સાથે કુળદેવ–દેવીઓની કૃપા છે એમ પણ માને છે. સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. આજે તાલીમ પામેલ દાયણ પાસે ઘરે અથવા કેટલીક વાર દવાખાનામાં કરવામાં આવે છે. હાલના સમયમાં ઘણી સ્ત્રીઓ પ્રસૂતિ સાસરે પણ કરાવતી જોવા મળે છે. દાયણને પહેલાં અનાજ, ગોળ અને ઘી અપાતું હતું, પરંતુ આજે રોકડા રૂપિયા તથા સાડી આપવામાં આવે છે.

બાળજન્મ બાદ પાંચમા દિવસે પાંચુરો કરવામાં આવે છે. આ દિવસે ફળિયાની કેટલીક બહેનોને બોલાવી બાળકને નવડાવીને ઝોળીમાં નાંખી હીંચોળે છે. દાયણ અને બીજી સ્ત્રીઓ થાળી વગાડી માબાપનું કહ્યું માનવું, બીવું નહીં, હોશિયાર બનવું વગેરે અંગે નાના બાળકને લાડથી સલાહ આપે છે. આ પછી બાળકની ફોઈ એનું નામ પાડે છે.

**સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :**

કુણબી જાતિમાં સગાઈ તથા લગ્ન સામાન્ય રીતે પુખ્ત ઉંમરે થાય છે. સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યા અને તેના બાપની સંમતિની ખાસ જરૂર હોય છે. લગ્નના સગપણનું માગું વરપક્ષ તરફથી કરાય છે, જેને આ લોકો 'પેન ભરવી' તરીકે ઓળખે છે. સગપણ નક્કી થાય તેને 'નાની પેન' કહે છે, પરંતુ કોઈ પણ કારણસર લગ્ન પાકું કરવાનું અટકી જાય ત્યારે 'મોટી પેન' ભરવી એમ કહે છે. આજે છોકરા–છોકરીની પસંદગીનાં લગ્ન તથા કોર્ટ મૅરેજ પણ સ્વીકારાય છે, પરંતુ તે લગ્ન એક ગોત્રમાં ન હોવાં જોઈએ. સગાઈના દિવસે સમાજના રિવાજ મુજબ કપડાં, પૈસા, જમણવાર, લગ્નનો દિવસ વગેરે નક્કી કરે છે.

કુણબીઓમાં બાળલગ્ન જોવા મળતાં નથી. લગ્નમાં ગણેશ સ્થાપન કરી રિવાજ મુજબ છોકરા–છોકરીને પીઠી ચઢાવવામાં આવે છે. આ દિવસથી લગ્નની ધામધૂમ શરૂ થાય છે. ડાંગી રિવાજ મુજબ નાચગાન થાય છે. જાન જવાના દિવસે ટ્રક, ટેમ્પો કે ટ્રૅક્ટરમાં સવારે નીકળે છે. જાન લગ્નના સ્થળે પહોંચીને ઉતારો રાખેલ હોય ત્યાં ઊતરે છે. વાજિંત્રોના સૂરો સાથે કન્યાને ખભે બેસાડી ઘરે પધરાવે છે. જાનને દારૂ, તાડી, બીડી કે ચા આપી સ્વાગત કરે છે. સમાજની પરણેલ બહેનો મીઠું ભોજન કરાવે છે. સાંજે લગ્ન પૂર્ણ થતાં જાનને વિદાય આપે છે.

સ્ત્રી વ્યભિચારી હોય, કજિયાખોર હોય, ઘરકામમાં બેદરકાર હોય, તેનાં બાળકો સતત મરણ પામતાં હોય, બાળકો થતાં ન હોય, ડાકણ હોવાની શંકા હોય અથવા તો ગંભીર બીમારી હોય તેવા સંજોગોમાં જાતિપંચ કે કોર્ટ મારફતે છૂટાછેડા આપવામાં આવે છે. કુણબી જાતિમાં પુનઃલગ્ન કરવાની છૂટ છે. સામાન્ય રીતે નિયમ એવો કે વિધવા પોતાના દિયરને પરણે તો તે યોગ્ય ગણાય પણ જેઠને પરણી શકતી નથી.

કુણબી જાતિમાં મૃત્યુ સમયે રોવા–કૂટવાનો રિવાજ જોવા મળે છે. મૃત્યુ અંગે કુટુંબના કે ગામના લોકોને નગારાં વગાડીને ખબર આપે છે. મૃત્યુને તેઓ મૈયતના નામથી ઓળખાવે છે. વ્યક્તિનું મરણ થયા પછી ખાંડણિયા ઉપર સુવાડી દેવામાં આવે છે. જો પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ રંગનું કફન ઓઢાડવામાં આવે છે, ત્યાર બાદ કપડાં પહેરાવી, પીઠી ચોળીને શબવાહિનીમાં સુવડાવવામાં આવે છે. મૃતદેહને ચોખા–ફૂલ અને પૈસાથી વધાવે છે. તેઓમાં મૃત વ્યક્તિને ડાકણ હેરાન કરે નહીં એવી માન્યતા હોવાથી તેઓ સ્મશાનમાં સાથે ધારિયાં, કુહાડી વગેરે હથિયારો લઈ જાય છે. શબને ચિતા ઉપર ગોઠવી પુત્ર કે વારસદાર અગ્નિદાહ આપે છે. સ્મશાનનું કામ પૂર્ણ કરી બધા નદીમાં સ્નાન કરીને ઘરે આવે છે. આ સમાજમાં બારમું કરવામાં આવે છે અને તે દિવસે સગાંવહાલાંને બોલાવીને વિધિ કરવામાં આવે છે.

**જાતિપંચ :**

કુણબીઓમાં જાતિપંચ સમાજના નાનામોટા ઝઘડા, મિલકત, જમીન, લગ્ન સંબંધી ઊભા થતા પ્રશ્નોનું નિવારણ કે સમાજના અન્ય સુધારા–વધારાનું કામ કરે છે. જાતિપંચનું મુખ્ય કામ ન્યાય આપવાનું છે. તે ગુનેગારને સજા કે દંડ આપે છે, જો ગુનેગાર પંચનો નિર્ણય ન માને તો તેઓને સમાજ બહાર મૂકીને તેમની સાથે કોઈ પણ જાતના વ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

## ૪.૧૪ ગામીત જાતિ

**ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણ :**

ગામીત જાતિના લોકો પોતે સૂર્યવંશી રાજપૂત જાતિના વંશજો હોવાનું માને છે. તેઓ કોઈ પણ સામાજિક કે ધાર્મિક પ્રસંગે સર્વ પ્રથમ સૂર્યદેવની પૂજાવિધિ કરે છે. બીજો એક ખ્યાલ એવો છે કે ગામીત મૂળ ભીલની જ એક પેટા જ્ઞાતિ

હોય તેવું મનાય છે. જે ભીલો ગામ વસાવીને એક ઠેકાણે સ્થિર થયા તે ગામીત કહેવાયા. તેઓની પેટા જાતિમાં પડવી, વળવીનો સમાવેશ થાય છે. ગામીત જાતિને ગાંવીત અને માવચીના નામથી પણ ઓળખવામાં આવે છે. (વિમલ શાહ, ૧૯૬૮:૩૩) ગામીતોની મુખ્ય વસતિ સુરત, તાપી, ભરૂચ, વલસાડ અને ડાંગ જિલ્લામાં જોવા મળે છે. ગામીત લોકો પોતાની ગામીત બોલી જ બોલે છે, તેઓ તે બોલીમાં જ વ્યવહાર કરે છે. ગામીત લોકો નાગલી, જુવાર કે ચોખાના રોટલા, ભાત, અડદ–તુવેરની દાળ તથા બટેટા, ડુંગળી અને ઋતુ પ્રમાણે શાકભાજીનો ઉપયોગ કરે છે. તેઓમાં ભક્તિ સંપ્રદાયમાં જોડાયેલ સિવાયના લોકો દારૂ, તાડી અને માંસ–મચ્છીનો ઉપયોગ કરે છે.

ગામીત લોકોની કુલ વસતિ ૨૦૧૧ પ્રમાણે ૩,૭૮,૪૪૫ છે. જેમાં પુરુષો ૧,૮૭,૬૭૩ અને સ્ત્રીઓ ૧,૯૦,૭૭૨નું પ્રમાણ છે. ગામીતોની વસતિનું પ્રમાણ કુલ આદિવાસી વસતિમાં ૪.૨૪ ટકા છે. ગામીતોમાં શિક્ષણનું પ્રમાણ ૨૦૧૧ પ્રમાણે ૬૦.૧૭ ટકા છે અને નિરક્ષરનું પ્રમાણ ૩૯.૮૩ ટકા છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, ૨૦૧૪:૩૪)

### વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં:

ગામીત લોકો મુખ્યત્વે સ્થાયી ખેતી કરનારા તથા સ્થાયી કૃષિકાર આદિવાસી જાતિ છે. તેઓમાં કેટલાંક કુટુંબો પાસેથી જમીન ઝૂંટવાઈ જતાં વારસાગત જમીન ન મળવાથી માત્ર મજૂરી ઉપર નિર્ભર છે. આ ઉપરાંત શિક્ષણનું પ્રમાણ વધવાના કારણે નોકરી, પશુપાલન તથા નજીકનાં કારખાનાંઓમાં કામધંધો કરીને આજીવિકા મેળવે છે.

ગામીત લોકો મુખ્યત્વે ગામડાંમાં વસવાટ કરે છે. સામાન્ય રીતે તેઓનાં ઘરો નજીક નજીક હોવા છતાં પણ સ્વતંત્ર હોય છે અને દરેક ઘરની ચારે તરફ વધતા–ઓછા પ્રમાણમાં ખુલ્લી જગ્યા રાખવામાં આવે છે. તેમનાં ઘરો નાની નાની ટેકરીઓ ઉપર પણ બાંધેલાં હોય છે તો કેટલાક લોકોનાં ઘરો ટેકરીના નીચાણના ભાગમાં પણ બાંધેલ હોય છે. ઘરની દીવાલો બનાવવામાં વાંસનો ઉપયોગ થતો જોવા મળે છે. ઘરનું છાપરું ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ બનાવવામાં આવે છે, જેમાં પરંપરાગત દેશી નળિયાં અને આજે મોટા ભાગે વિલાયતી નળિયાં નાંખેલ જોવા મળે છે. લીંપણની સામગ્રીમાં માટી, છાણ અને ડાંગરનાં છોતરાંનો ઉપયોગ કરવામાં આવે છે. આજે ક્યાંક ક્યાંક પાકા ધાબાવાળાં ઘરો પણ જોવા મળે છે.

ઘરવખરીમાં તેઓ તાંબા, પિત્તળ, ઍલ્યુમિનિયમ, સ્ટીલ, માટી કે કાચનાં વાસણો વસાવે છે. આ ઉપરાંત ગોદડાં, ખાટલા, ફાનસ, દીવો, લાકડાની અભરાઈ, અનાજ ભરવાની કોઠી, અનાજ ભરવાનાં પીપ, રેડિયો, ટી.વી., ટેપ, પતરાની પેટી, તિજોરી વગેરે રાખતા જોવા મળે છે.

વૃદ્ધોમાં અને પુખ્ત વયના લોકોમાં તેઓના પરંપરાગત પહેરવેશનું મહત્ત્વ હજુ પણ જળવાઈ રહેલું જોવા મળે છે. યુવાનો પેન્ટ–શર્ટ પહેરે છે જ્યારે બાળકો બુશર્ટ અને ચડ્ડી પહેરે છે. સ્ત્રીઓ સાડી, બ્લાઉઝ, ચણિયો અથવા પંજાબી ડ્રેસ પહેરે છે, જ્યારે છોકરીઓ ફ્રૉક અને પંજાબી પહેરે છે. વૃદ્ધ પુરુષો માથા ઉપર ટોપી અવશ્ય પહેરે છે અને વૃદ્ધ સ્ત્રીઓ કાછોટો મારીને સાડી પહેરે છે. ગામીત સમાજની સ્ત્રીઓ સોના, ચાંદી ઉપરાંત વિવિધ ધાતુનાં ઘરેણાંનો સારો એવો શોખ ધરાવે છે. તેઓ ગળામાં કંઠી, અછોડો, નાકમાં કાંટો, કાનમાં રિંગ, હાથે બંગડી, કોણીથી ઉપરના ભાગમાં કડું, પગમાં સાંકળાં અને કલ્લાં પહેરે છે, જ્યારે પુરુષો કમ્મરે ચાંદીની સાંકળ, હાથની આંગળીએ વીંટી અને પગની આંગળીએ દોલો પહેરે છે.

### સામાજિક અને સાંસ્કૃતિક જીવન :

ગામીત જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવતા હોવાથી તેઓ હિન્દુ દેવ–દેવીઓને માને

છે. આ ઉપરાંત તેઓ પરંપરાગત દેવલીમાંડી, ગૌમુખ, ગોવાળદેવ, અનાજદેવ વગેરે દેવ–દેવીઓ તથા માનતા–બાધા, જાત્રા વગેરેમાં ખાસ શ્રદ્ધા ધરાવે છે. તેઓ ગામદેવ, હોળી, ગોવાળદેવ, વાઘદેવ, મહાદેવ, દશેરા, દિવાળી, નાનાદેવ, મોટાદેવ વગેરેના ઉત્સવ–તહેવારો ઊજવે છે. આ ઉપરાંત ગામીતોમાં ખ્રિસ્તીકરણ થયેલા લોકો નાતાલનો તહેવાર ધામધૂમથી ઊજવે છે. વાર–તહેવારે અષ્ટલા, માવલી, વાઘદેવનાં સ્થાનકોમાં જઈ પૂજાપાઠ કરી નાચ–ગાન કરીને ઉત્સવ મનાવે છે. તેઓની પાસે ચર્મવાદ્યો, તંતુવાદ્યો, શુષિરવાદ્યો, ઘનવાદ્યો, વાંસળી, નોળું, પાવરી, ડોબરું ઘોંઘલી વગેરે વાદ્યો જોવા મળે છે.

### બાળજન્મ અને નામકરણઃ

ગામીત જાતિમાં બાળજન્મ માટે કયા સ્થળે વધુ સારી સુવિધા ઉપલબ્ધ છે તેનો ખ્યાલ રાખીને પ્રથમ સુવાવડ તેના પિયરમાં અથવા સાસરીમાં કરાવવામાં આવે છે. દાયણ બાળકના જન્મ પછી પાંચ દિવસ સુધી બાળકને નવડાવવા માટે ઘેર આવે છે. બાળકના જન્મના પાંચમા દિવસે પાંચુરો અથવા તો છઠ્ઠા દિવસે છઠ્ઠીની ક્રિયા કરવામાં આવે છે.

### સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :

ગામીત સમાજમાં છોકરાપક્ષવાળા છોકરી–પક્ષના ઘરે જાય છે. આ બંને પક્ષના લોકોને પરસ્પર અનુકૂળ આવે તો “પીયણ આવવાનું” નક્કી કરે છે. આ ઉપરાંત ખરજણી ખાવી કે ઘર જોવા જવું વગેરે મહત્ત્વનું ગણાય છે. આ જાતિમાં લગ્ન મોટા ભાગે એક જ ગોત્રમાં થાય છે. લગ્ન માટે સામાન્ય રીતે મંગળવાર કે ગુરુવાર સારો માનવામાં આવે છે. લગ્ન વખતે ઘરની સામે માંડવો પણ બાંધવામાં આવે છે. આ માટે ગોળના લોકો અને પડોશીઓ મદદ કરે છે. લગ્નનું આમંત્રણ આપવા માટે હળદર કે કંકુવાળા ચોખા સાથે છાપેલી કંકોત્રી પણ મોકલવામાં આવે છે. પરંપરાગત લગ્નવિધિની સાથે સાથે બ્રાહ્મણ હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરે છે. લગ્ન બાદ જમણવાર કરવામાં આવે છે. આ સમાજમાં આણાની પ્રથા, ખંધાડ લગ્નપ્રથા, પ્રેમલગ્ન, સાળીવટું, દિયરવટું, બહુપત્નીત્વ, નાતરું વગેરે પ્રથાઓની માન્યતા જોવા મળે છે.

આ જાતિમાં લગ્ન બાદ ત્રણ વર્ષ પહેલાં છૂટાછેડા આપી શકતા નથી તથા એકબીજાની હયાતીમાં બીજી વ્યક્તિ જોડે સંબંધ રાખી શકાતો નથી અથવા લગ્ન સંબંધથી જોડાઈ શકતા નથી. આ નિયમનો ભંગ કરનારને દંડ કરવામાં આવે છે અને યોગ્ય ઉકેલ ન આવે તો કોર્ટમાં પણ જાય છે. (સિદ્ધરાજ સોલંકી, ૧૯૮૩:૨૨) પુનઃલગ્ન સમયે સમાજના નિયમો મુજબની લેવડદેવડ કરવામાં આવે છે. ગામનાં તમામ લગ્નોની નોંધ ચોપડામાં રાખવામાં આવે છે અને બંને પક્ષના આગેવાનોની સહી લેવાય છે.

ગામીતોમાં કોઈનું મરણ થાય તો મૃતદેહને પથારીમાંથી ઉતારી ખાંડણિયા પાસે માથું ઉત્તર અને પગ દક્ષિણમાં રહે એ રીતે સુવાડવામાં આવે છે. ગામના લોકોને મૃત્યુની ખબર આપવા માટે અમુક ઢબે તૂર વગાડવામાં આવે છે. તેઓમાં આ પ્રસંગે રડવાનો રિવાજ છે. સામાન્ય રીતે મૃતદેહને બાળવામાં અથવા દાટવામાં આવે છે. મૃત વ્યક્તિને આમલી, બાવળ અને સાગનાં લાકડાંથી બાળવામાં આવે છે. શબવાહિનીને મરનારના પુત્રો અને સગાં ઉપાડે છે. મૃતદેહને નદીકિનારે લઈ જઈ તેની આસપાસ સાત ફેરા ફર્યા બાદ મૃતદેહને ખાખરાનું દાંતણ કરાવવામાં આવે છે અને મોં સાફ કરીને દહીં, ખીચડી, દારૂ અવળા હાથે મરનારના મુખમાં મૂકવામાં આવે છે. આ વિધિ બાદ મૃતદેહને ચિતા ઉપર રાખી કુટુંબનાં સગાં અથવા આગિયા અગ્નિદાહ આપે છે, ત્યાર બાદ આવેલ તમામ લોકો નદીએ કે કૂવા પર સ્નાન કરવા જાય છે.

સ્નાન બાદ પરત આવી મરનારના ઘરથી થોડે દૂર બેસે છે. આ પછી તૂર વગાડવામાં આવે છે અને ડાઘુઓને ગોળ તથા ખાંડ આપવામાં આવે છે. આ સાથે દહાડા–પાણીની વિધિ, ખતરું મૂકવું, સમાજમાં બારમું કરવાનો અને પૂજાપાઠ કરવાનો રિવાજ જોવા મળે છે.

**જાતિપંચ :**

ગામીત જાતિમાં પોતાના સામાજિક વ્યવહારોના સંચાલન માટે પરંપરાગત રીતે જાતિપંચ જોવા મળે છે. સમાજના સભ્યો સમાજના રીતરિવાજો અને નીતિનિયમોનું યોગ્ય રીતે પાલન કરે તે માટે તેઓ ભેગા મળીને જાતિપંચની રચના કરે છે. ગામીત સમાજનું લેખિત બંધારણ છે. (સિદ્ધરાજ સોલંકી, ૧૯૮૩:૧૩) જાતિપંચ લગ્ન, પુનઃલગ્ન, છૂટાછેડા, શિક્ષણ વગેરે સામાજિક–સાંસ્કૃતિક વ્યવસ્થા સંબંધી કાર્યો કરે છે.

## ૪.૧૫ ભરવાડ જાતિ (નેસ વિસ્તાર)

### ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણ :

ભરવાડ જાતિના લોકો સૌરાષ્ટ્રભરમાં વસવાટ કરતા જોવા મળે છે, પરંતુ ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારોમાં વસતા ભરવાડોને જ ભારત સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવ્યા છે. તેઓમાંના કેટલાક પોતાને જાદવકુળના વંશજો કહેવડાવે છે અને તે અંગે ગર્વ અનુભવે છે. ભરવાડ કોમમાં મોટા ભાઈ અને નાના ભાઈ એમ બે વર્ગ છે. તેઓ ઘેટાં–બકરાંના વ્યવસાયને કારણે એક ગામથી બીજા ગામે હંમેશાં સ્થળાંતર કરતા જોવા મળે છે. ભરવાડ જાતિના લોકો પોતાની એક આગવી બોલી ધરાવે છે, જેમાં ગુજરાતી અને સૌરાષ્ટ્રની બોલીનું મિશ્રણ જોવા મળે છે. ખોરાકમાં તેઓ ઘઉં, જુવાર, બાજરો, મગ, ચણા, દાળ તથા દૂધ, દહીં, છાશ, ઘી વગેરેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત જે વિસ્તારમાં જાય છે ત્યાં મળતાં શાકભાજીનો ઉપયોગ કરે છે. પીણાંમાં તેઓ ચા, કૉફી, ઉકાળો પીએ છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૮૯–૯૦)

સૌરાષ્ટ્રમાં ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારમાં વસતા ભરવાડોની કુલ વસતિ ૨૦૧૧ પ્રમાણે ૧૬૭૨ છે, તેમાં પુરુષોનું પ્રમાણ ૮૫૩ અને સ્ત્રીઓનું પ્રમાણ ૮૧૯ જોવા મળે છે. તેઓનું કુલ આદિવાસી વસતિમાં ૦.૦૨ ટકા પ્રમાણ જોવા મળે છે. આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ૨૦૧૧ પ્રમાણે ૪૮.૧૫ ટકા જોવા મળે છે. જ્યારે નિરક્ષર હોય તેવા લોકોનું પ્રમાણ ૫૧.૮૫ ટકા છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણ પટેલ, ૨૦૧૪:૩૩)

### વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં :

ભરવાડ લોકો પરંપરાગત રીતે ઘેટાં–બકરાં તથા ગાય–ભેંસનો વ્યવસાય કરવા માટે જાણીતા છે. તેઓનો મુખ્ય વ્યવસાય ગાય, ભેંસ તેમ જ ઘેટાં–બકરાં ચરાવવા તથા દૂધ ઉત્પાદન અને ઊન વેચવાનો છે. જ્યારે ગૌણ વ્યવસાય તરીકે છૂટક મજૂરી કરતા જોવા મળે છે. હાથથી તેમ જ મોટા રેંટિયાથી ઊન કાંતવાની વિશિષ્ટ કળા આ લોકોમાં ખાસ જોવા મળે છે.

ભરવાડ લોકો હવે ગામમાં પોતાનાં કાચાં ઘરો બાંધીને સ્થાયી વસવાટ કરતા થયા છે. ઘર ઉપર વિલાયતી નળિયાં કે પતરાં ચઢાવેલ હોય છે. મોટા ભાગે મકાનની દીવાલ ઈંટ કે પથ્થર અથવા માટીની બનાવેલ જોવા મળે છે. તેઓ પોતાના કુટુંબની જરૂરિયાત પૂરતાં ઍલ્યુમિનિયમ, સ્ટીલ તથા પિત્તળનાં વાસણો રાખે છે. આ ઉપરાંત નાની ખાટલીઓ, ગોદડીઓ તથા ગરમ કામળા રાખે છે. એક ગામથી બીજા ગામે સ્થળાંતર કરતા હોઈ ઘરવખરીમાં જરૂર જેટલાં જ સાધનો રાખતા જોવા મળે છે.

ભરવાડ જાતિમાં પુરુષો કેડિયું અને ચોરણી

તથા માથે આખી લાલ કે લાલ છેડાવાળી પાઘડી કાયમ પહેરે છે. સ્ત્રીઓ મુખ્યત્વે લાલ રંગની ચોળી, ચણિયો અને કિરમજી રંગની ચૂંદડી જેવી ઓઢણી પહેરે છે. આ તેમનો મુખ્ય પોશાક છે. આજે આ સમાજ પણ આધુનિક પહેરવેશથી બાકાત રહ્યો નથી. પુરુષો પેન્ટ–શર્ટ તથા સ્ત્રીઓ પંજાબી અને સાડી પહેરતા થયાં છે. આ ઉપરાંત તેઓ પરિસ્થિતિ પ્રમાણે સોના–ચાંદીનાં ઘરેણાં પહેરે છે.

### સામાજિક અને સાંસ્કૃતિક જીવનઃ

ભરવાડ જાતિમાં પરંપરાગત રિવાજનું મહત્ત્વ ઘણું જોવા મળે છે, તેમ છતાં આધુનિક સમયમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જે કુટુંબોમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યાં મૂળ રિવાજોમાં થોડાઘણા અંશે પરિવર્તન જોવા મળે છે. આ જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે અને હિન્દુ દેવ–દેવીઓની પૂજા કરે છે. આ ઉપરાંત દિવાળી, હોળી, નવરાત્રી, મેળાઓ વગેરે તમામ હિન્દુ ઉત્સવ–તહેવારોમાં દેવ–દેવીઓની પૂજા–અર્ચના કરીને ઉજવણી કરતા જોવા મળે છે.

### બાળજન્મ અને નામકરણ :

ભરવાડ જાતિમાં રજસ્વલા સ્ત્રીને રજોદર્શનની મુદત દરમિયાન અપવિત્ર ગણવામાં આવે છે. પરિણીત સ્ત્રીને જો ઊલટી–ઊબકા થાય તો સ્ત્રીને ગર્ભ રહેવાની શરૂઆત થઈ છે તેમ માને છે અથવા બીજા મહિને માસિક થતું અટકી જાય તો ગર્ભ રહ્યો છે તેમ માને છે. આ ગર્ભ જાતીય સંબંધ તથા દેવ–દેવીની કૃપાથી થયો છે તેવું માનવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રીને પિયરમાં તેડી જાય છે, પરંતુ શક્ય હોય તો જ્યાં સ્થળાંતરિત જગ્યા હોય ત્યાં જ પ્રસૂતિ કરાવવામાં આવે છે. પોતાની કોમની સ્ત્રીઓ જ પ્રસૂતિ કરાવે છે, જો પ્રસૂતિમાં વધારે તકલીફ જણાય તો જ દવાખાને લઈ જવામાં આવે છે. બાળકની નામકરણ વિધિ તેઓના વડીલ અથવા ફોઈ–કુઆ કે ભગત પાસે કરાવે છે, પરંતુ આધુનિક સમયમાં હવે પરંપરાગત નામોને બદલે નવાં નામ પણ આ જાતિમાં પાડવામાં આવે છે.

### સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :

આ જાતિમાં છોકરા–છોકરીની સગાઈ નાની વયે થાય છે પરંતુ તેઓ પુખ્ત ઉંમરના થાય ત્યારે હવે મોટા ભાગે લગ્ન કરે છે, તેમ છતાં ક્યાંક ક્યાંક બાળલગ્નો પણ થતાં જોવા મળે છે. તેઓમાં આણાં કરવાનો પરંપરાગત રિવાજ જોવા મળે છે. તેઓ પોતે જે જગ્યા પર રહેતા હોય ત્યાંથી છોકરાની જાન કન્યાને ઘરે જીપ, ટેમ્પો કે ટ્રેક્ટરમાં જાય છે. લગ્ન હિન્દુ અને ભરવાડ જાતિના પરંપરાગત રિવાજો મુજબ કરવામાં આવે છે. તેઓ કન્યાને લઈને પોતે જ્યાં રહેતા હોય ત્યાં અથવા સ્થળાંતર થયેલ જગ્યાએ લાવીને તમામ વિધિ–વિધાનો કુદરતના ખોળે કરતા હોય છે.

ભરવાડ જાતિમાં ગંભીર કારણો સિવાય છૂટાછેડા લઈ શકાતા નથી, તેમ છતાં ઘણા ઓછા કિસ્સામાં છૂટાછેડા થતા હોય છે. સમાજના કાયદા અને દંડની પ્રથા કડક હોવાથી છૂટાછેડા ઓછા થાય છે. આ સમાજમાં પહેલાં પુનઃલગ્ન સ્વીકૃત ન હતાં, પરંતુ આજે આધુનિક સમયમાં આવેલ પરિવર્તનની અસરના કારણે ક્યાંક ક્યાંક પુનઃલગ્ન થતાં જોવા મળે છે.

ભરવાડ જાતિમાં વ્યક્તિ જ્યારે અંતિમ શ્વાસ લેતી હોય ત્યારે તેના નજીકના સંબંધીઓને જ્યાં સ્થળાંતરિત થયા હોય ત્યાંથી બોલાવવામાં આવે છે. મૃતદેહને ખાટલીમાંથી નીચે ઉતારીને હિન્દુ વિધિ પ્રમાણે ઉત્તર દિશામાં માથું રાખીને સુવરાવવામાં આવે છે. તેઓ મૃતદેહને મોટે ભાગે દફનાવી દે છે, પરંતુ મોટી ઉંમરની વ્યક્તિ હોય તો આજે કેટલાક અગ્નિદાહ પણ આપતા થયા છે. તેઓમાં બારમાની પ્રથા જોવા મળે છે.

### જાતિપંચ :

ભરવાડોનું જાતિપંચ એકદમ ચુસ્ત અને તટસ્થ નિષ્ઠાથી કામ કરતું જોવા મળે છે. તેઓ સમાજમાં લગ્ન, મરણ, જન્મ કે અન્ય પ્રસંગોએ

સમાજના નીતિ–નિયમો પ્રમાણે જ વર્તન–વ્યવહાર કરતા જોવા મળે છે. પંચના નિયમો વડીલો, બાળકો, સ્ત્રીપુરુષો વગેરેએ પાળવાના હોય છે, જો કોઈ પંચના નિયમો કે નિર્ણયોનું પાલન ન કરે તો તેઓ માટે શિક્ષાત્મક પગલાં લેતા હોય છે અને કેટલાક ગંભીર ગુનાઓ બદલ સમગ્ર કુટુંબને નાત બહાર પણ મૂકવામાં આવે છે.

## ૪.૧૬ ગોંડ–રાજગોંડ જાતિ

### ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણ :

ગોંડ લોકો તામિલ, કન્નડી અને તેલુગુ કુટુંબની દ્રવિડ ભાષા (ગોંડી) બોલે છે. તે પરથી અનુમાન કરવામાં આવે છે કે તેઓ દક્ષિણમાંથી મધ્ય પ્રાંતમાં આવ્યા હશે. તેમનો માર્ગ ગોદાવરી નદીની ઉપર ચંદામા થઈને ત્યાંથી ઇંદ્રાવતી નદીની ઉપરના વિસ્તારમાં અને છત્તીસગઢ મેદાનની દક્ષિણ અને પૂર્વના ડુંગરોમાં થઈને ત્યાંથી વર્ધા અને વેનગંગા ઉપર થઈ સાતપુડાના ઉચ્ચ પ્રદેશના જિલ્લામાં પ્રવેશ્યા હશે. ચંદામા એક ગોંડ વંશે કેટલાંક સૈકાં રાજ્ય કર્યું હતું. અહીં આ લોકો તેલુગુઓના સંપર્કમાં આવ્યા હશે અને ત્યાં તેમને ગોંડ નામ મળ્યું હશે. આમ તેઓ દક્ષિણ ભારતમાંથી ગુજરાતમાં આવ્યા હોવાનું જણાય છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૨૭) તેઓ મુખ્યત્વે સુરત, ભરૂચ, વડોદરા, પંચમહાલ, કચ્છ, રાજકોટ, જૂનાગઢ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં વસે છે. ગોંડ લોકો જે લોકોની વચ્ચે રહે છે તેમની બોલી બોલે છે અને પોતાના આંતરિક વ્યવહારમાં તેમની ગોંડ બોલીનો ઉપયોગ કરતા જોવા મળે છે. મુખ્યત્વે તેઓ ગુજરાતી ભાષા બોલે છે અને તે જ ભાષામાં વ્યવહાર કરે છે.

ગોંડ લોકો ખોરાકમાં મુખ્યત્વે ચોખા અને બાજરીના રોટલા, જુદાં જુદાં કઠોળ, શાકભાજી વગેરેનો ઉપયોગ કરે છે. તેઓ ભાગ્યે જ કોઈ પ્રતિબંધ પાળે છે. પરંપરાગત રીતે તેઓ મરઘાં, ગાય, ડુક્કર, મગર, કાચબા, ઉંદર, બિલાડી, શિયાળ, લાલ કીડીઓ, માછલી વગેરેનો ઉપયોગ કરે છે. હિંદુ ધર્મની અસરના કારણે આજે તેમાં ઘટાડો થતો જોવા મળે છે. તેઓ મહુડાંનાં ફૂલમાંથી ગાળેલો દેશી દારૂ, તાડી અને કાળી ચાનો પીણાં તરીકે ઉપયોગ કરે છે.

ગુજરાતમાં ૨૦૧૧ પ્રમાણે ગોંડની વસતિ ૨૯૬૫ છે. જેમાં પુરુષોનું પ્રમાણ ૧૫૯૩ અને સ્ત્રીઓનું પ્રમાણ ૧૩૭૨ જોવા મળે છે. જે કુલ આદિવાસી વસતિમાં ૦.૦૩ ટકા છે. આ જાતિ આર્થિક રીતે ખૂબ જ પછાત હોવાથી તેમને મજૂરી કરવા માટે બહારગામ જવું પડે છે, જેથી આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. તેઓમાં શિક્ષણનું પ્રમાણ ૪૭.૭૯ ટકા છે અને નિરક્ષરતાનું પ્રમાણ ૫૨.૨૧ ટકા છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણ પટેલ, ૨૦૧૪:૩૪)

### વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં :

ગોંડ લોકો મુખ્યત્વે પરંપરાગત રીતે વિવિધ જડીબુટ્ટીઓ દ્વારા દેશી ઉપચારો કરતા જોવા મળે છે. આ ઉપરાંત ખેતીમાં રોકાયેલા છે, તેઓની વસતિનો ઘણો મોટો ભાગ ખેતમજૂરી કરે છે. આ ઉપરાંત જંગલની ખેતી, શિકાર કરવો, માછલી પકડવા જવું અને આજે શહેરોમાં જઈને ઉદ્યોગોમાં, ખાણોમાં વગેરે જગ્યાએ છૂટક મજૂરી કરીને આજીવિકા મેળવે છે.

ગોંડ લોકોની ઝૂંપડીની દીવાલો ચાર કે પાંચ ફૂટ ઊંચી હોય છે. દીવાલો વાંસના ખપાટિયાને લીંપીને બનાવવામાં આવે છે. આજે પરંપરાગત સ્થિતિમાં પરિવર્તન આવતાં ક્યાંક પાકાં મકાનો બાંધેલ જોવા મળે છે. તેઓ ઘરવખરીમાં ઍલ્યુમિનિયમ, સ્ટીલ અને જૂનાંપુરાણાં વાસણો

કંઈક અંશે રાખતા જોવા મળે છે. અન્ય સામગ્રીમાં કાથીની દોરીના ખાટલા, પલંગ, ફાટેલાં કપડાંમાંથી બનાવેલ ગોદડીઓ વગેરે રાખતા જોવા મળે છે.

ગોંડ પુરુષો અને સ્ત્રીઓ હિંદુઓ જેવો પોશાક પહેરે છે. તેઓ પહેલાં ઝાડની છાલ અને પાંદડાંનાં વસ્ત્રો પહેરતાં હતાં, પરંતુ હવે તેઓનો મુખ્ય પહેરવેશ ધોતી, ખમીશ અને માથે ફાળિયું બાંધે છે, વળી લેંઘો, ઝભ્ભો, ટોપી, કોટ વગેરે પણ પહેરતા થયા છે. સ્ત્રીઓ કમ્મર નીચે કપડું વીંટાળે છે. આ સમાજની સ્ત્રીઓ છૂંદણાં છૂંદાવાની ઘણી શોખીન હોય છે. તેઓના હાથમાં જસતની બંગડીઓ, પગે પિત્તળનાં મોટાં કડાં પહેરે છે, પરંતુ આજે તેમાં ઘટાડો થતો જોવા મળે છે. હાલમાં સ્ત્રીપુરુષો અને બાળકો સોના–ચાંદી અને તૈયાર મળતા ખોટા દાગીના પહેરતા જોવા મળે છે.

## સામાજિક અને સાંસ્કૃતિક જીવનઃ

ગોંડ લોકોમાં તેઓનાં તમામ ગોત્રોના બે મોટા વર્ગ પાડવામાં આવ્યા છે. ‘અ’ વર્ગમાં ૯૦ શાખાઓ અને ‘બ’ વર્ગમાં ૬૯ શાખાઓ છે. તેઓ પરંપરાગત રીતે શાહુડી, વાઘ, સારસ, કાચબો, ડુંગરદેવ વગેરેની પૂજા કરે છે. હિંદુ ધર્મ પ્રમાણે દિવાળી, નવરાત્રી, ઉત્તરાયણ અને હોળી પણ ઊજવે છે. પોતાના દેવની પૂજા કર્યા પછી જ તેઓ ખેતીમાં વાવેતર કરે તથા ઊપજ લે છે. તેઓ નાગદેવ, નારાયણદેવ, બડાદેવ વગેરેની ખાસ પૂજા કરે છે. નવો પાક થાય ત્યારે, હોળીનો ઉત્સવ, મેઘનાથ ઝૂલાનો ઉત્સવ, નવરાત્રી, ઉત્તરાયણ તથા લોકમેળાઓ તેઓ ખાસ આગવી રીતે ઊજવે છે.

## બાળજન્મ અને નામકરણ :

ગોંડ જાતિમાં સ્ત્રીને તેના રજોદર્શનના સમયગાળા દરમિયાન અપવિત્ર ગણવામાં આવે છે. સ્ત્રીની પ્રથમ સુવાવડ સામાન્ય રીતે તેના પિયરમાં તાલીમ પામેલ દાયણ પાસે અથવા દવાખાનામાં કરવામાં આવે છે. બાળકના જન્મ પછી એક માસ સુધી બાળકનો પિતા સૂતકી મનાય છે. તેથી તે કામ પર જતો નથી. તેઓમાં પરંપરાગત રીતે બાળક અઠવાડિયાના જે વારે જન્મેલ હોય તે વાર ઉપર નામ પાડવામાં આવે છે અને જો બાળક માઘ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ કે પોષમાં જન્મ્યું હોય તો તેના ઉપર નામ પાડે છે. આજે તેઓમાં હિંદુઓ જેવાં નામ પાડવામાં આવી રહ્યાં છે. નામ પાડવાના દિવસે ઘરનો જમાઈ, પિતાનો સાળો અથવા માનો દિયર બાળકના વાળ મુંડે છે. માતા દ્વારા બાળકને નવડાવીને તેલ અને હળદર ચોળવામાં આવે છે અને પછી વિધિ કરીને સમૂહમાં નામ પાડે છે.

## સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :

ગોંડ લોકોમાં પરગોત્ર વિવાહની પ્રથા છે, તેમની શાખા કે વંશનાં સગાંમાં લગ્નનો નિષેધ છે. સામાન્ય રીતે લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યાની સંમતિ આવશ્યક મનાય છે. આ સંમતિ વડીલોની સમક્ષ અપાય છે અને જરૂર જણાય તો નિર્ણય કરવા માટે કન્યાને સમય અપાય છે. છોકરાની સંમતિ પણ જરૂરી ગણાય છે. તેઓમાં કન્યાની કિંમત ચૂકવવી પડે છે.

હિંદુઓ કરતાં ઊલટી રીતે લગ્નનો વરઘોડો કન્યાના ઘરેથી નીકળે છે અને લગ્નવિધિ વરના ઘરે કરવામાં આવે છે. કન્યાની જાન વરના ગામમાં આવીને તેમને માટે તૈયાર કરેલાં કેટલાંક મકાનોમાં ઊતરે છે. વરપક્ષ તેમનાં માટે સીધું–સામાન મોકલે છે અને આખો દિવસ મિજબાનીમાં જાય છે. સાંજે જાનૈયા વરના ઘરે જાય છે. પરણનાર યુગલ તથા ગામના જુવાનિયા આખી રાત નૃત્ય કરી આનંદ માણે છે. તેઓ પરંપરાગત રીતે સાદગીથી લગ્ન કરીને કન્યાને કહે છે કે “તું તારા વરના કુટુંબની થઈ, માટે તારે તારી જાતે એકલું પાછા આવવું નહીં” તેમ કહીને સાદી વિધિ કરે છે. તેઓ ધીમે ધીમે લગ્ન હવે હિંદુ લગ્નવિધિ પ્રમાણે કરતા થયા છે. લગ્નમાં કોઈ મોટો ખર્ચ કરવામાં આવતો નથી.

ગોંડ જાતિમાં કોઈ કારણોસર કુટુંબ ચાલે તેમ ન હોય તેવી સ્થિતિમાં છૂટાછેડા અપાય છે. જાતિપંચ લગ્નમાં થયેલ ખર્ચ ભરપાઈ કરે છે અને પતિએ આપેલાં ઘરેણાં તેને પરત આપીને છૂટાછેડા આપવામાં આવે છે. આ સમાજમાં બહુપત્નીત્વનો રિવાજ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે. તેઓમાં વિધવા પુનર્લગ્ન છૂટથી કરવા દેવામાં આવે છે.

ગોંડ સમાજમાં માણસનું મૃત્યુ થયા પછી ઢોલ વગાડવામાં આવે છે અને સમાજ તથા સગાંસંબંધીઓને ખબર પહોંચાડવામાં આવે છે. મરણોત્તરની વિધિ બીજા કે ત્રીજા દિવસે બધા ભેગા મળીને કરે છે. મૃતદેહને સ્મશાને લઈ જવામાં આવે છે. ઉત્તર દિશામાં માથું રાખીને દાટવાની કે બાળવાની ક્રિયા પુત્ર–પિતા કરતા હોય છે. ગોંડ લોકોમાં મૃતદેહને દાટવાની પ્રથા ભૂતકાળથી ચાલી આવે છે. હિંદુઓની અસરથી આજે અગ્નિદાહ દેવાની ક્રિયા શરૂ થઈ હોય તેમ જણાય છે. મૃત્યુ બાદનાં વિધિ–વિધાન કર્યાં પછી અનુકૂળ સમયે સામાન્ય રીતે રસ્તાની બાજુમાં તેના સ્મારક તરીકે પાળિયો ઊભો કરવામાં આવે છે. પાળિયાની સ્થાપના કર્યા પછી તેના ઉપર હળદર, દહીં, ઘી અને તેલ ચોપડવામાં આવે છે. આ ઉપરાંત મૃત વ્યક્તિનાં કુટુંબીઓ–સગાંઓ અને રસ્તે આવતા–જતા લોકો અવારનવાર દારૂ અને તમાકુનું નૈવેદ્ય ધરાવે છે.

**જાતિપંચ :**

ગોંડ લોકોમાં વિખવાદો અને ગુનાઓના નિકાલ માટે ચુસ્ત જાતિ પંચાયત હોય છે. પંચાયતનો સભ્ય બધાની સંમતિથી ચૂંટાય છે, વર્તણૂક સારી હોય ત્યાં સુધી તે પદ ચાલુ રહે છે. ગોંડ જાતિમાં પંચાયતનું સભાસદ વંશપરંપરાગત નથી. દરેક પુખ્ત વયનો ગોંડ પુરુષ તેનો સભ્ય ગણાય છે અને બધાને સભામાં બોલાવવાના હોય છે. પંચાયત મળે છે ત્યારે પાંચ આગેવાન વડીલો સભા વતી ચુકાદો આપે છે.

# ૪.૧૭ ભીલ જાતિ

**ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણ :**

ભીલ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના 'બિલ્વ' શબ્દમાંથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ બાણ અથવા તીર થાય છે. ભીલો પ્રાચીન કાળથી પોતાની સાથે કામઠી અને તીર રાખતા આવ્યા છે. મુખ્યત્વે ડુંગરી, ઢોલી, રાવળ, વસાવા, પાવરા વગેરે ભીલની મુખ્ય પેટાજાતિઓ છે. તેઓ રંગે કાળા, ઘઉંવર્ણા અને ગોરા તેમ જ શરીરે મજબૂત બાંધાના, નીચા કદના, સુદ્રઢ અને કસાયેલા હોય છે. તેઓ સ્વભાવે પ્રામાણિક અને સંતોષી હોય છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૯૨) ભીલ જાતિ મુખ્યત્વે ગુજરાતના તાપી, સુરત, ડાંગ, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓમાં વસેલી છે. તેઓ પોતાની આગવી ભીલોડી બોલીમાં જ વ્યવહાર કરે છે, પરંતુ રોજગારી અર્થે શહેર કે અન્ય જગ્યા પર સ્થળાંતર કરે છે ત્યાં ગુજરાતી બોલીનો ઉપયોગ કરતા જોવા મળે છે.

ભીલ જાતિ પોતાના ખોરાકમાં મુખ્યત્વે મકાઈ અને અડદની દાળનો પ્રયોગ કરે છે અને તેની સાથે સાથે કોદરા, કુટી, બાવટો, બંટી, ચણા, ઘઉં, ચોખા, વટાણા, તુવેર વગેરે વસ્તુઓ ખોરાકમાં લેતા જણાય છે. તહેવાર કે પ્રસંગોપાત્ત લાડુ, શીરો કે કંસાર જેવાં મિષ્ટાન્ન બનાવે છે. પરંપરાગત પ્રસંગોપાત્ત પાડા, બકરા, મરઘાનું માંસ ઉપરાંત હરણ, સસલાં, લાવરી, હોલી, માછલી વગેરેનો ઉપયોગ કરતા હોય છે. તેઓ તહેવાર–પ્રસંગોમાં દારૂનો પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે.

ભીલોની કુલ વસતિ ૨૦૧૧ પ્રમાણે ૪૨,૧૫,૬૦૩ છે, જેમાં પુરુષોનું પ્રમાણ ૨૧,૩૩,૨૧૬ અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૦,૮૨,૩૮૭ જેટલું જોવા મળે છે. કુલ આદિવાસી વસતિમાં ભીલોનું પ્રમાણ

૪૮.૨૮ ટકા છે. શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૧૧ પ્રમાણે સાક્ષરતા ૪૮.૮૨ ટકા છે અને નિરક્ષરતાનું પ્રમાણ ૫૧.૧૮ ટકા છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણ પટેલ ૨૦૧૪:૩૩)

## વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં :

ભીલો મુખ્યત્વે સ્થાયી ખેતી કરનારા આદિવાસીઓ છે. તેઓમાં કેટલાંક કુટુંબો પાસેથી ખેતીની જમીન ઝૂંટવાઈ જતાં વારસાગત જમીન ન મળવાથી આજે જમીનવિહોણા લોકો વધુ જોવા મળે છે. તેઓમાં કેટલાક લોકો માત્ર ખેતી પર નિર્ભર છે, કેટલાક નાનીમોટી નોકરીઓ કરે છે તો કેટલાક સ્થળાંતર કરીને છૂટક મજૂરીકામ કરતા જણાય છે. આ ઉપરાંત રોડ–રસ્તાનું કામ, મકાન બાંધકામ, પાઇપલાઇનો કે ગટરોનું, માટીકામ વગેરે જેવી છૂટક મજૂરી માટે મોટા પાયે બહારગામ અને શહેરોમાં જાય છે.

ભીલ લોકો મોટા ભાગે જંગલો કે ડુંગરો ઉપર પોતપોતાનાં ખેતરોમાં છૂટાછવાયાં ઝૂંપડાંઓ બાંધીને વસે છે. સમગ્ર રીતે જોઈએ તો માટી, ઘાસ, નળિયાં, વાંસ–સાંઠી વગેરેથી બનાવેલાં તદ્દન કાચાં ઝૂંપડાં સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેઓના ઘરમાં બે ભાગ હોય છે, તેમાં એકમાં ઘરના માણસો રહે છે અને બીજામાં ઢોરઢાંખર રાખે છે. આજે કેટલાક ઠેકાણે શિક્ષણના કારણે નોકરી કરતા હોય તેવા કિસ્સાઓમાં કે સરકારે વસાહતી ઘરો ફાળવેલ હોય તેવાં ઘરો વિલાયતી નળિયાંવાળાં કે પાકા ધાબાવાળાં પણ જોવા મળે છે.

ઘરવખરીમાં તેઓ આજે પણ કથરોટ, કલેડું, હાંસલી, ચાટવો, તાવડી, સૂપડું, બાહડી, બલારો ઉપરાંત વાંસના બનાવેલા ટોપલા–ટોપલી, વગેરેનો ઉપયોગ કરતા જોવા મળે છે. આ ઉપરાંત ખેતીવાડીનાં સાધનો, ખાટલા, તીરકામઠાં, માછલાં પકડવાની જાળ, તલવાર, ભાલા, તીરકામઠાં વગેરે જોવા મળે છે. આજે આધુનિકીકરણની અસરના કારણે તાંબા, પિત્તળ, સ્ટીલ, માટીનાં વાસણો તથા કપડાં ભરવા માટેની બેગ, અનાજ ભરવા માટેની પેટીઓ, કબાટ વગેરે જરૂરિયાત પ્રમાણે રાખતા જોવા મળે છે.

ભીલોમાં પરંપરાગત રીતે પુરુષો એક મોટો લંગોટ, શરીર પર એકાદ ચાદર, ધોતિયું કે કામળો અને માથે ફાળિયું બાંધે છે. બાળકો ચડ્ડી–પેન્ટ, બુશર્ટ પહેરે છે. સ્ત્રીઓ ઘાઘરો, ઓઢણું અને કાંચળીમાં જોવા મળે છે. નાની અને યુવાન મહિલાઓ પંજાબી તથા બ્લાઉઝ, સાડી અને ચણિયો પહેરે છે. સ્ત્રીઓ છૂંદણા છૂંદાવાની ખૂબ શોખીન છે. શિક્ષણ અને આધુનિકીકરણની અસર છે ત્યાં પુરુષો પેન્ટ–શર્ટ કે ખમીશ પહેરે છે, જ્યારે સ્ત્રીઓ પરંપરાગત પહેરવેશ કરતાં સાડી પહેરવાનું વધુ પસંદ કરે છે.

ઘરેણાંમાં પુરુષો હાથે રૂપાનું ભોરિયું, કડું, કાનમાં રૂપા કે કથીરની મરકીઓ અને સેલ કડીઓ તેમ જ મોટી કડીઓ પહેરે છે. સ્ત્રીઓ ચાંદીની સાંકળીઓ, રૂપાનો કંદોરો તેમ જ હાથની આંગળીઓમાં રૂપાની વીંટીઓ પહેરે છે. આજે શિક્ષણ તથા આધુનિકીકરણના કારણે તેઓમાં સોના–ચાંદીના દાગીના પહેરવાનું પ્રમાણ વધવા લાગ્યું છે.

## સામાજિક અને સાંસ્કૃતિક જીવન :

ભીલ જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રદ્ધા રાખતા હોવાથી તેઓ હિન્દુ દેવ–દેવીઓને માને છે. તેઓ દેવદિવાળીએ પોતાના પૂર્વજોની પૂજા કરે છે. આ ઉપરાંત બારબીજ, કચુંબર, ઇંદરાજ, ઘોડાજો, કોહાજો, વગાજો, હાદરજો, મનાતો, મોઝીંગ, ઓખા, કાળકા, સુંદાઈ, ઝાંપડી વગેરે તેમનાં દેવ–દેવીઓ છે. ભીલો ‘બારબીજ’ને તેમની ધાર્મિક માન્યતામાં ઘણું જ મહત્ત્વનું સ્થાન આપે છે. તેઓ પોતાના આગવા નાચગાન માટે જાણીતા

છે. ઉઘાડી તલવાર સાથેનું નૃત્ય તેમની નૃત્યકળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેઓ ચર્મવાદ્યો, તંતવાદ્યો, ઘનવાદ્યો, વાંસળી, પાવા, ઢોલ, શરણાઈ વગેરે વાદ્યો રાખે છે.

### બાળજન્મ અને નામકરણઃ

ભીલ લોકો લગ્ન બાદ સ્ત્રીને ગર્ભ રહેવો એ દેવ–દેવીની કૃપા ગણે છે. ઊંડાણનાં ગામોમાં સુયાણીને બોલાવીને જ પ્રસૂતિ કરાવે છે જ્યારે શિક્ષિત અને જાગ્રત લોકો દવાખાને પ્રસૂતિ કરાવે છે. ભીલો પરંપરાગત રીતે ત્રણ દિવસે ઘરસફાઈ કરીને લીંપણ કર્યા પછી ઓટલા પર કે પરસાળે લોટનો સાથિયો પૂરી વચ્ચે અનાજની ઢગલી કરી, પાણીનો લોટો ભરી, નારિયેળ મૂકીને વધાવે છે. ચોકને ચારે ખૂણે ચાર તીર પૈસા સાથે રોપે છે અને તેલ કે ઘીનો દીવો કરી આરતી કરે છે. આ પછી બાળકને સ્તનપાનની ક્રિયા કરાવવામાં આવે છે. સ્ત્રી કે બાળકને સવા મહિના સુધી કોઈ સ્પર્શ નથી કરતા. કોઈ ગામના વડીલ છોકરાનો કાન ફૂંકે પછી જ સ્પર્શ કરતા હોય છે.

### સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :

ભીલ લોકો પોતાનાં લોહીનાં સગાં અને ગોત્રકુળમાં લગ્ન કરતાં નથી. યુવક–યુવતીની પુખ્ત ઉંમર થયા પછી લગ્ન ગોઠવાય છે. પ્રથમ છોકરાનાં માબાપ કે સગાંસંબંધીઓ કન્યા પસંદ કરતાં હોય છે. જાન કન્યાપક્ષે નક્કી કરેલ દિવસે અને સમયે પહોંચી જાય છે. કન્યાના ઘરે મંડપ બનાવેલ હોય છે. મંડપમાં કન્યાનો બનેવી કે જાણકાર ભીલ વ્યક્તિ હસ્તમેળાપ કરાવે છે. આજે આ વિધિ ક્યાંક ક્યાંક બ્રાહ્મણ પણ કરાવતા હોય છે. તેઓમાં દહેજનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે. તેમનામાં બહુપત્નીત્વ, સાળીવટું, દિયરવટું, ઘરજમાઈ, નાતરું તથા વિધવા પુનઃલગ્ન કરતાં જોવા મળે છે.

ભીલોમાં કોઈ કારણોસર લગ્ન તૂટી જાય ત્યારે હગુ તૂટી ગયું તેમ કહે છે. મુખ્યત્વે લગ્નમાં ઝઘડો, ખૂન, વેરઝેર વગેરે કારણોથી છૂટાછેડા થાય છે. ભીલોમાં પુનઃલગ્ન કરવાની છૂટ હોઈ તેમનામાં દિયરવટું કરાય છે. વિધવા સ્ત્રી બીજાની સાથે 'નાતરું' કરી શકે છે. જો સ્ત્રીને બાળકો હોય તો તે મોટાં થતાં સુધી પુનઃલગ્ન થયેલ ઘરે માતા ભરણપોષણ કરે છે અને ત્યાર બાદ મોટાં થયેલાં બાળકોને સ્ત્રીના પિતા કે કાકા લઈ જાય છે.

વ્યક્તિનું અવસાન થતાં મૃતદેહને તુરંત જ ખાટલા ઉપરથી ઉતારી લઈ માથું ઉત્તર દિશામાં રાખી નીચે સુવડાવે છે. મૃતદેહ ઉપર નવું કપડું, ધોતી ને સ્ત્રી હોય તો લૂગડું–કાપડું ઓઢાડી દે છે. નજીકનાં સગાંને બોલાવવા માટે "હાનન કહેણ" મોકલવામાં આવે છે. જો રાતના મૃત્યુ પામે તો મૃતદેહ પાસે ઘરમાં જ બધા બેસી રહે છે. મોટી વ્યક્તિનું મરણ થાય ત્યારે ગરમ પાણીમાં દહીં–હળદર નાખીને મૃતદેહને સ્નાન કરાવે છે. આ પછી નવાં કપડાં પહેરાવી ઢોલ તેમ જ શરણાઈ વગાડતાં સ્મશાને લઈ જવામાં આવે છે. સ્મશાનયાત્રામાં ગામના કે ફળિયાની દરેક વ્યક્તિ એક એક લાકડું લઈ આવે છે. સ્ત્રીઓ વિસામા સુધી જ આવે છે ત્યાંથી પાછી વળે છે. મરનારનો જ્યેષ્ઠ પુત્ર અગ્નિદાહ આપે છે. બે વર્ષથી ઉપરના મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવે છે. આ ઉપરાંત તેઓમાં બારમાની વિધિ કરવામાં આવે છે.

### જાતિપંચ :

ભીલ જાતિમાં ઓછીવત્તી અસરકારકતા સાથે પંચપ્રથા જોવા મળે છે. આ જાતિપંચ ગામ માટે કે ફળિયા માટે હોય છે. આ પંચ સમાજના આંતરિક ઝઘડાઓ સાંભળી નિકાલ કરી ગુનેગારને દંડ કરે છે. આ ઉપરાંત લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન વગેરેમાં ઊભા થતા પ્રશ્નોનું સમાધાન તથા અન્ય સમાજ સંબંધિત કાર્યો કરે છે.

# ૪.૧૮ સીદી જાતિ

## ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ અને શિક્ષણઃ

સીદી જાતિના લોકો દેખાવે આફ્રિકાના નિગ્રો જનજાતિ સાથે મળતા આવે છે. તેઓ શારીરિક રીતે મજબૂત બાંધાના, ઊંચા અને રંગે કાળા હોય છે, તેમના વાળ વાંકડિયા, જડબું આગળ પડતું અને હોઠ જાડા હોય છે. (ઠાકોરભાઈ નાયક, ગૌરીશ પંડ્યા, ૧૯૮૦:૦૧) સીદીઓ સ્વભાવે માયાળું અને સરળ હોય છે, વળી મનમોજીલા અને નફિકરા હોવાથી અન્ય સમાજના લોકો તેમને 'સીદી બાદશાહ' તરીકે સંબોધે છે. આ જાતિ વિશે એવું માનવામાં આવે છે કે તેઓને પૂર્વ આફ્રિકાથી રાજપીપળા અકીકની ખાણમાં ગુલામ તરીકે લાવવામાં આવ્યા હતા. ગુજરાતમાં તેમની મુખ્ય વસતિ જૂનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં જોવા મળે છે. આ ઉપરાંત કચ્છ, ભરૂચ, સુરત, અમદાવાદ, જામનગર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર અને પોરબંદર જિલ્લાઓમાં વસવાટ કરે છે. આ પૈકી ભારત સરકાર દ્વારા જૂનાગઢ, અમરેલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર અને પોરબંદર જિલ્લાઓમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં વસતા સીદીઓને જ અનુસૂચિત જનજાતિ તરીકે ગણવામાં આવેલ છે. (મુસ્તાઅલી મસવી, રવીન્દ્ર પંચોલી, ૧૯૯૮:૪) તેઓ સામાન્ય વ્યવહારમાં સૌરાષ્ટ્ર વિસ્તારની તળપદી ભાષા અને આંતરિક વ્યવહારમાં હિન્દી–ગુજરાતી મિશ્રિત ભાષા બોલે છે.

સીદીઓ સામાન્ય રીતે ખોરાકમાં બાજરીના રોટલા અને સાથે શાક કે દાળનો ઉપયોગ કરતા હોય છે. આ ઉપરાંત કોઈક વાર ઘઉં, ચોખા કે કઠોળ પણ ઉપયોગમાં લે છે. તેઓ પ્રસંગોપાત્ત ખોરાકમાં માંસ–મચ્છીનો ઉપયોગ કરે છે. પીણાં તરીકે ચા લગભગ બધાં જ સીદી કુટુંબો ઉપયોગમાં લે છે. સવારે નાસ્તામાં ચા અને રોટલો ખાય છે. તેઓના ઘરે કોઈ પણ મહેમાન આવે ત્યારે ઉમળકાભેર સ્વાગત કરે છે અને સાથે ચા, દૂધ કે ઉકાળો પાય છે.

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની સૂચિમાં સમાવિષ્ટ સીદીઓની વસતિ ૨૦૧૧ની વસતિ-ગણતરી મુજબ ૮૬૬૧ છે. જેમાં પુરુષોનું પ્રમાણ ૪૨૭૩ અને સ્ત્રીઓનું પ્રમાણ ૪૩૮૮ છે. આ સાથે કુલ આદિવાસી વસતિમાં તેમનું ૦.૧૦ ટકા પ્રમાણ છે. સીદીઓમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો તેઓની કુલ વસતિમાં ૬૧.૩૫ ટકા લોકો શિક્ષિત અને ૩૭.૬૫ ટકા લોકો અશિક્ષિત છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણ પટેલ, ૨૦૧૫:૧૨૬–૧૨૭)

## વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને ઘરેણાં :

સીદીઓ જુદા જુદા વ્યવસાય દ્વારા જીવન–નિર્વાહ કરે છે. તેઓ આર્થિક રીતે ઘણા પછાત છે. ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાનું મોટામાં મોટું સાધન ખેતમજૂરી છે. સીદીઓમાં જેઓ પાસે પોતાની માલિકીની જમીન છે તેવાં ૧૪થી ૧૫ ટકા કુટુંબો ખેતીનો વ્યવસાય ધરાવે છે. તેમની પાસે ખેતીનાં સાધનોમાં હળ, કરબ, સમાર, ધૂંસરી, વાવણિયો, ગાડું, કોદાળી, પાવડા, લોખંડની કોશ, કુહાડો, દાતરડાં, ફૂવો, મશીન વગેરે સાધનો જોવા મળે છે. આ સિવાય ખેતી સાથે પશુપાલનમાંથી તેઓ પૂરક આવક મેળવે છે. આ ઉપરાંત અન્ય છૂટક મજૂરીમાં તેઓ વિવિધ પ્રકારની રોજગારી મેળવે છે.

સીદીઓનાં રહેઠાણ અંગે જોઈએ તો એક જ મહોલ્લામાં બે–ત્રણથી માંડીને પંદર–વીસ ઘરો એકબીજાની દીવાલ જોડીને બાંધેલ હોય છે, તેઓ છૂટાંછવાયાં ઘરો બાંધતા નથી. મોટા ભાગે ઘરની દીવાલો માટીમાંથી બનાવેલી હોય છે, કેટલીક જગ્યાએ પથ્થર અને માટીથી દીવાલોનું ચણતર કરવામાં આવે છે તો કેટલીક જગ્યાએ સિમેન્ટ અને પથ્થરોથી દીવાલ બાંધવામાં આવે છે. ઘર ઉપર ઘાસ, દેશી નળિયાં કે વિલાયતી નળિયાં જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં તેમનાં ઘરો પતરાંવાળાં કે ધાબાવાળાં જોવા મળે છે.

ગામડાંમાં અને શહેરમાં વસવાટ કરતા સીદીઓ જીવન જરૂરિયાતની ઓછામાં ઓછી

ચીજવસ્તુઓથી ચલાવે છે. ઘરવખરીની ચીજવસ્તુઓમાં મુખ્યત્વે પિત્તળ, તાંબા, કાંસા, સ્ટીલ કે કાચનાં વાસણો ઉપરાંત ગોદડાં, પાટીના ખાટલા, કાથીના ખાટલા, લોખંડના પલંગ, ટેબલ, ખુરશી, સાઇકલ, ઘડિયાળ, ટેપ–રેડિયો, ટીવી, મોબાઇલ, શિકાર કરવાનાં તથા માછલી પકડવાનાં સાધનો, વાજિંત્રો, ફાનસ, ચીમની, ટોપલા–ટોપલીઓ, ઘંટી, પ્રાઇમસ, બેટરી, કપડાં ભરવા માટે પતરાની પેટી વગેરેનો સમાવેશ થાય છે.

સીદી લોકોનો પરંપરાગત પહેરવેશ જોઈએ તો પુરુષો ખમીશ, કોટ, લેંઘો તથા ટોપી પહેરે છે. ગામડાંમાં રહેતા પુરુષો ખમીશ, ચોરણી અને માથે ફાળિયું બાંધે છે. યુવાનો હવે તો બધાની જેમ જ સાદા કે જીન્સના પેન્ટ તથા શર્ટ કે ટી–શર્ટ પહેરે છે. સ્ત્રીઓનો પહેરવેશ જોઈએ તો ગુજરાતી સ્ત્રીઓના પહેરવેશ જેવો જ છે, જેમાં ઘેરદાર ઘાઘરો, પોલકું અને ચૂંદડી કે સાડી પહેરે છે. યુવાન સ્ત્રીઓ પાયજામો અને કુરતાં પહેરે છે તથા માથે ઓઢણી ઓઢે છે. પુરુષો પગમાં ચંપલ, સેન્ડલ કે બૂટ પહેરે છે જ્યારે સ્ત્રીઓ ચંપલ કે સેન્ડલ પહેરે છે.

સીદીઓ ઘરેણામાં સોના–ચાંદીની વીંટી પહેરે છે. સ્ત્રીઓ પગમાં ચાંદીની ઝાંઝરી, હાથમાં પ્લાસ્ટિક કે કાચની બંગડી, ગળામાં ચાંદીનો દોરો, કાનમાં લટકણિયાં, નાકમાં નથણી તથા યુવક–યુવતીઓ માથાના વાંકડિયા વાળને સીધા રાખવા માટે ચીપિયા પહેરે છે. આજે પરિવર્તનની સાથે કેટલીક સ્ત્રીઓ કાન અને ગળામાં સોનાના કાપ અને દોરા પહેરે છે.

## સામાજિક અને સાંસ્કૃતિક જીવન :

ગુજરાતમાં વસતા સીદીઓ મુસ્લિમ સંસ્કૃતિની અસર હેઠળ હોવાથી તેઓ મુસ્લિમ ધર્મ પાળે છે, જેના કારણે તેમની તમામ સંસ્કૃતિ મુસ્લિમ રીતિરિવાજો પ્રમાણે ગોઠવાયેલી જોવા મળે છે. સૌરાષ્ટ્રની પ્રાદેશિક અસરો પણ તેમના જીવનમાં અસર કરે છે અને હિન્દુકરણની અસર જોવા મળે છે. સીદીઓ મુસ્લિમ ધર્મમાં આસ્થા ધરાવતા હોવાથી તેમના પવિત્ર યાત્રાધામ મક્કા–મદીનાની હજ વિશે આશા સેવતા હોય છે. સીદીઓનાં ઘરોમાં મક્કા, મદીના, મોટાપીર સાહેબ, રસૂલેપાક વગેરે ધાર્મિક સ્થળોના ફોટાઓ રાખે છે અને ધૂપ વગેરે કરે છે તથા ત્યાં આખું કુટુંબ નમાજ પઢતું હોય છે. સીદીઓ મુખ્ય ચાર તહેવારો ઊજવે છે, જેમાં બાબાગોર, નગારચી બાવાનો ઉરસ તેમ જ 'કંદુરી' માઈમીસરાનો ઉરસ ઊજવે છે. આ ઉપરાંત અન્ય મુસ્લિમોની જેમ મોહરમ, બારેવફાત (ઈદે મિલાદ), રમજાન ઈદ, બકરી ઈદની ઉજવણી કરે છે.

સીદીઓ મૂળ આફ્રિકન પ્રજાતિના હોવાથી તેમની સાંસ્કૃતિક પરંપરાઓ મુજબ નાચવા–ગાવાનાં વાજિંત્રો જોવા મળે છે, જે મુખ્યત્વે તેમના ખૂબ જાણીતા ધમાલ નૃત્યમાં વપરાય છે. ધમાલ નૃત્યને તેઓ પવિત્ર માને છે. આ ધમાલ નૃત્યમાં તેમની સંસ્કૃતિની આગવી ઓળખ રજૂ થાય છે, જે તેમના પૂર્વજ આફ્રિકનોની યાદ અપાવી જાય છે.

## બાળજન્મ, નામકરણ, અકીકો (મુંડન) અને સુન્નત :

સીદીઓ માને છે કે ગર્ભધારણ થવા માટે અલ્લાની દુઆ જરૂરી હોય છે. સીદીઓમાં સ્ત્રીને પ્રથમ વાર ગર્ભધારણ રહ્યા પછી સાતમે માસે સીમંત વિધિ કરવામાં આવે છે તથા પ્રસૂતિ ઘરમાં કરાવવામાં આવે છે. પ્રસૂતિ સમયે પોતાની જાતિની કે અન્ય જ્ઞાતિની જાણકાર દાયણને બોલાવીને બાળ જન્મ કરાવવામાં આવે છે. આજે કેટલીક વખત બાળ જન્મમાં મુશ્કેલી જણાતાં દવાખાને પણ પ્રસૂતિ કરાવવામાં આવે છે. બાળકના જન્મ બાદ તુરંત તેના કાનમાં બાંગ પોકારવામાં આવે છે. બાળ જન્મના ત્રીજા દિવસે બાળક અને તેની માતા લાલ કપડાં પહેરે છે. આ દિવસે કુટુંબીજનો બાળકનું મોઢું જોવા આવે છે અને તેને ભેટ આપે છે. બાળ જન્મના છઠ્ઠા દિવસે છઠ્ઠી કરવામાં આવે છે. આ દિવસે સગાંસંબંધીઓ ભેગા થઈને બાળકને ઝભલું વગેરે ભેટ આપે છે અને બાળકની ફોઈ નામ પાડે છે.

બાળક પાંચથી સાત વર્ષની ઉંમરનું થાય

એટલે તેના માથાના વાળ ઉતારવાની વિધિ કરવામાં આવે છે, જેને અકીકો(મુંડન) કહેવામાં આવે છે. આ વાળ પોતાના પીરના સ્થાનકે ઉતારવામાં આવે છે. મુસ્લિમ ધર્મમાં સુન્નત ફરજિયાત માનવામાં આવે છે. તેઓમાં સુન્નત કર્યા વિના લગ્ન થઈ શકતાં નથી. સીદીઓ પણ મુસ્લિમધર્મી હોવાથી સુન્નત ફરજિયાત કરાવે છે. સુન્નત છ માસથી માંડીને પાંચ–છ વર્ષ સુધીમાં કરાવે છે. (ઠાકોરભાઈ નાયક, ગૌરીશ પંડ્યા, ૧૯૮૦:૧૧૦–૧૧૧)

**સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન અને મૃત્યુ :**

સીદી જાતિમાં છોકરા–છોકરીની સગાઈ માટે પ્રથમ છોકરાના કુટુંબ તરફથી પહેલ કરવામાં આવે છે. સગાઈ વિધિ છોકરીના ઘરે રાત્રીના સમયે કરવામાં આવે છે. સીદીઓમાં પુખ્ત વયે જ લગ્ન કરવામાં આવે છે. સગાઈ પછી બન્ને પક્ષ પોતાની અનુકૂળતા જોઈને લગ્નની તારીખ નક્કી કરે છે, જે મુસ્લિમ કેલેન્ડરની તિથિ મુજબ નક્કી થાય છે. લગ્નની તિથિ નક્કી થયા મુજબ જાન જવાના આઠ દિવસ પહેલાંથી પીઠી ચોળવાની શરૂઆત કરવામાં આવે છે. જાન જવાના આગલા દિવસે તો કોઈ કુટુંબોમાં બે–ચાર દિવસ પહેલાં મંડપ નાખવામાં આવે છે.

લગ્નના દિવસે વરરાજાની જાન ગામમાં પહોંચે ત્યારે ઢોલનગારાં વાગતા હોય છે અને બન્ને પક્ષની સ્ત્રીઓ સામસામે લગ્નનાં ગીતો ગાતી હોય છે. ગામમાં સગાંને ત્યાં જાનને ઉતારો આપવામાં આવે છે અને ત્યાર બાદ લગ્નમાં આવેલ બધાંને ભોજન આપવામાં આવે છે. લગ્નની વિધિ કાજી પાસે મુસ્લિમ ધર્મ અનુસાર કરવામાં આવે છે. વિધિ સમયે કાજી કુરાનની આયાતો પઢે છે. જમાતના રિવાજ મુજબ કન્યાના કુટુંબ તરફથી કન્યાને સાથે પલંગ, ગાદલાં, હેલ, બુઝારું, થાળી, વાડકા, ગ્લાસ, કાંસાની તાંસળી વગેરે આપે છે.

સીદી જાતિમાં જમાતની મંજૂરી સિવાય છૂટાછેડા મળતા નથી. વર કે કન્યાપક્ષમાંથી જે પક્ષે છૂટાછેડા લેવા હોય તેમણે જમાતને લેખિતમાં આપવું પડે છે. જમાત બન્ને પક્ષને સાંભળીને છૂટાછેડા મંજૂર કરીને ફારગતી આપે છે. સીદીઓમાં વિધવા, વિધુર તથા છૂટાછેડા લીધેલ ફરીથી લગ્ન કરી શકે છે, જેમાં છૂટાછેડા લીધેલ અને વિધવા સ્ત્રી છૂટાછેડા લીધેલ પુરુષની સાથે કે વિધુર પુરુષ સાથે પુનઃલગ્ન કરી શકે છે. દિયરવટું અને સાળીવટું સીદીઓમાં થાય છે પરંતુ તે ફરજિયાત નથી.

સીદીઓમાં વ્યક્તિ જ્યારે બીમાર પડે ત્યારે જીવનના અંત સમયે સગાંસંબંધીઓને મળવા માટે બોલાવવામાં આવે છે. જો મૃત્યુ થાય તો સગાંઓને બોલાવી લીધા પછી સુગંધિત સાબુથી સ્નાન કરાવીને સુગંધિત તેલ અને અત્તર છાંટવામાં આવે છે, ત્યાર બાદ તૈયાર જનાનામાં મૃતદેહને સુવરાવવામાં આવે છે. મૃતદેહ ઉપર ૧૦ મિટર લાંબું કપડું ઢાંકવામાં આવે છે. જનાનાને ઘરમાંથી સગાંસંબંધીઓ ઉપાડીને કબ્રસ્તાનમાં લઈ જાય છે. કબ્રસ્તાનમાં જનાનો એક બાજુ મૂકીને કબર તૈયાર કરવામાં આવે છે. કબર તૈયાર થયા બાદ મુસ્લિમ ધર્મની વિધિ અનુસાર મૃતદેહને કબરમાં દફનાવવામાં આવે છે. તેઓ મૃત્યુ બાદ મુસ્લિમ ધર્મ અનુસાર તમામ વિધિ–વિધાનો અનુસરે છે અને દરેક કુટુંબ પોતાની આર્થિક સ્થિતિ મુજબ મૃત્યુ પાછળ ખેરાતના રૂપમાં ખર્ચ કરે છે. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૮૫–૮૭)

**જાતિપંચ :**

સીદી જાતિમાં જાતિપંચને જમાત (જમાઅત) તરીકે ઓળખવામાં આવે છે. આ જમાત દરેક ગામમાં હોય છે, જે સગાઈ, છૂટાછેડા, મૃત્યુ, અંદરોઅંદરના ઝઘડા, સામાન્ય રહેણીકરણી, જાતીય સંબંધો વગેરે સમાજના અનેક પ્રકારના પરંપરાગત નિયમોનું પાલન કરાવી શકે છે. જો કોઈ વ્યક્તિ સમાજના નિયમોનું પાલન ન કરે તો તેને શારીરિક માર મારવો, દંડ કરવો, સામાજિક બહિષ્કાર કરવો વગેરે શિક્ષા પણ કરે છે. તેઓનાં જાતિપંચો 'સીદી જમાત', 'બાદશાહ જમાઅત', 'નિગ્રો જમાઅત', 'જમાયતે ગોટિયા' જેવાં નામોથી ઓળખાય છે.

* * *

# સંદર્ભસૂચિ

૧. शाह, व. (१९६८), गुजरात के आदिवासी, अहमदाबाद: गूजरात विद्यापीठ.

૨. ઠાકોર, નાયક, ગ. પ. (૧૯૮૦), ગુજરાતના સીદી, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૩. બરંડા, બ. (૨૦૦૭), ગુજરાતની આદિવાસી જાતિઓ, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૪. ભીખાભાઈ પટેલ, પ. પ. (૨૦૧૪), આદિવાસીઓઃ એક દ્રષ્ટિક્ષેપ–૨૦૧૧, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૫. ભીખાભાઈ પટેલ, પ. પ. (૨૦૧૫), ગુજરાતનાં આદિમજૂથો પાયાનું સર્વેક્ષણ, અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.

૬. સોલંકી, સ. (૧૯૮૩), ગામીત (ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સાંસ્કૃતિક અભ્યાસ), અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૭. રવીન્દ્ર પંચોળી, મ. મ. (૧૯૯૮), કચ્છના સીદીઓ, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

# ૪.૧૯થી ૪.૨૫ આદિજાતિઓનો પરિચય




૪.૧૯ ધોડિયા

૪.૨૦ કોંકણા

૪.૨૧ રબારી (નેસ વિસ્તાર)

૪.૨૨ કોટવાળિયા

૪.૨૩ નાયકા

૪.૨૪ બાવચા

૪.૨૫ રાઠવા


## ૪.૧૯ ધોડિયા

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

આ જાતિની ઓળખ વિશે અનેક મતમતાંતરો જોવા મળ્યા છે. એમની ઓળખ વિશે એક મત એવો જાણવા મળે છે કે ભીલ જાતિની બોલીમાં છાપરાને 'ધાન્ડા' કહેવાય છે. આ ધાન્ડામાં રહેનાર ધુન્ડિયા કે ધોડિયા તરીકે ઓળખાયા. બીજો મત એવો પણ છે કે 'ધૂર એટલે ધૂંસરી'. આ પ્રજાતિનો મુખ્ય વ્યવસાય ખેતી છે એટલે ધૂંસરીનો ઉપયોગ કરવો પડે છે. આ ઉપરથી 'ધૂર–ધૂરિયા–ધોડિયા' કહેવાયા. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૩૧)

ધોડિયા જાતિનું મૂળ યાદવકુળ છે તે બીજા એક મત મુજબ છે. ત્રીજા એક મત પ્રમાણે મોગલ રાજાઓના આક્રમણથી બચવા રાજપૂતો જંગલો કે પહાડોમાં સંતાઈને રહ્યા. જેમાં ધનસિંહ અને રૂપસિંહ નામના રાજાએ નાયક જાતિની "જમની" નામની સ્ત્રી સાથે લગ્ન કર્યાં. આ લગ્નથી જે પ્રજોત્પત્તિ થઈ તે ધોડિયા નામે પ્રચલિત થઈ. ધના–રૂપા માલેગાંવ ધુળિયાના હતા. એટલે ત્યાંની પ્રજા તેના જ વડવાઓના મૂળ વતન ધુળિયા એટલે કાળક્રમે ધોડિયા કહેવાયા. (બચુભાઈ બરંડા, ૨૦૦૭:૩૧)

### જનસંખ્યા

આ સમુદાયની વસતિ ગુજરાતના આદિવાસી વસતિ ધરાવતા ૧૪ જિલ્લાઓ પૈકી ૧૧ જિલ્લાઓમાં જોવા મળે છે. ૨૦૧૧ની જનગણના અનુસાર ધોડિયા જાતિની ગુજરાતમાં કુલ વસતિ ૬,૩૫,૬૯૫ જોવા મળે છે. જેમાં પુરુષોની સંખ્યા ૩,૧૮,૦૮૭ અને સ્ત્રીઓની સંખ્યા ૩,૧૭,૬૦૮ જોવા મળે છે. આ સમુદાયમાં કુલ શિક્ષણનું પ્રમાણ ૮૩.૬૭ જેટલું જોવા મળે છે. જેમાં ૨,૨૨,૨૮૩ પુરુષો શિક્ષિત છે, જ્યારે ૧,૭૨,૭૦૪ સ્ત્રીઓ શિક્ષિત જોવા મળે છે. આ સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જોવા મળે છે. શિક્ષણના પ્રમાણે લિંગ આધારિત ભેદ આપણને દ્રષ્ટિગોચર થાય છે.

### રહેઠાણ અને ઘરવખરી

ધોડિયા જાતિનાં ઘર કાચાં, એકગાળાનાં, વાંસની સાંઠી સાગ કે ખેરનાં લાકડાં ઉપર છાણ–માટીના લીંપણવાળાં કે ઈંટ કે સિમેન્ટનાં હોય છે. ઘરની છત દેશી, વિલાયતી નળિયાં, ઘાસ, પતરાંવાળી અથવા સિમેન્ટ–ક્રોંક્રીટના ધાબાવાળી હોય છે. આ સમુદાયનાં ઘરો છૂટાંછવાયાં કે ઝૂમખામાં જોવા મળે છે, તો કેટલાંક ગામોમાં એક હરોળમાં નજીક નજીક પણ જોવા મળે છે. પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ કુટુંબો પોતાનાં ઢોરને ઘરની બાજુમાં જ અંદરના ઓરડામાં એક બાજુ છાપરું બનાવી બાંધે છે.

ઘરમાં જ ખેતીનાં ઓજારો રાખે છે. બીજા ખૂણામાં અનાજની કોઠી મૂકે છે. એક ખૂણે ચૂલો રાખે છે. જે ખૂણામાં ચૂલો રાખ્યો હોય એ ખૂણા પાસે જ રસોઈની વપરાશનાં વાસણો મૂકતાં હોય

છે. રસોડામાં લાકડાંનાં, તાંબાના, કાચ, પિત્તળ, ઍલ્યુમિનિયમ અને સ્ટીલનાં વાસણો જોવા મળે છે.

મરઘાં રાખવા માટે ઊંચે વાંસની ટોપલીઓ ટીંગાડેલ હોય છે. આ ઉપરાંત ઘરોમાં ઇલેક્ટ્રોનિક કે ઇલેક્ટ્રિક–ઉપકરણો પણ આધુનિક હાલમાં આ સમાજના ઘરનાં રાચરચીલાંમાં જોવા મળે છે.

## પરંપરાગત

પહેરવેશ જોઈએ તો પુરુષો ધોતી, બંડી, ખમીસ, માથે ટોપી કે ફાળિયું બાંધે છે. જ્યારે સ્ત્રીઓ પોશાકમાં હાથસાળના બ્લાઉઝ, કાળા સાડલા, સાડી કે જેને તેઓ બે પગની વચ્ચેથી અડધો કચ્છ મારી પહેરે છે. શહેરીકરણ અને આધુનિકીકરણને કારણે પરંપરાગત કરતાં આધુનિક પોશાકનું ચલણ યુવા વર્ગમાં વધુ જોવા મળે છે.

હાલમાં સ્ત્રી–પુરુષના પોશાકમાં ફૅશનની અસર જોવા મળે છે. આભૂષણોમાં જોઈએ તો સ્ત્રીઓ કાનમાં કુંડળ, નાકમાં ચૂની, ગળામાં ચાંદી કે સોનાની સાંકળ (ચેન) હાથે ચૂડીઓ કે કડાં, પગમાં ચાંદીનાં કલ્લાં, સાંકળાં, કે પાતળી ઝાંઝરી પહેરે છે. હાલમાં સ્ત્રીઓનાં ઘરેણાંની શૈલીમાં આમૂલ પરિવર્તન જોવા મળે છે. હાથમાં ઘડિયાળ, રબ્બર–પ્લાસ્ટિકની બંગડીઓ, સોના–ચાંદીની વીંટી વગેરે પહેરે છે. યુવાન પુરુષ ગળામાં ચેન, આંગળીમાં સોનાની કે ચાંદીની વીંટી પહેરે છે. જ્યારે વૃદ્ધ પુરુષ કાનમાં ચાંદી કે સોનાની કડી આભૂષણ તરીકે પહેરે છે.

## બોલી

દક્ષિણ ગુજરાતમાં સવિશેષ વસતિ ધરાવતી અનુસૂચિત જનજાતિ આ પ્રજાતિને પોતાની લિપિ ધરાવતી ભાષા નહીં પરંતુ બોલી છે જે "ધોડિયા બોલી" તરીકે ઓળખાય છે. અંતરિયાળ ગામોમાં વસવાટ કરતાં કુટુંબો ધોડિયા બોલીનો જ વાતચીતમાં ઉપયોગ કરે છે. જ્યારે શિક્ષિત અને શહેરમાં વસવાટ કરતાં કુટુંબો ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે.

## આહાર

આ સમુદાયના લોકોની પરંપરાગત ખોરાકની શૈલી માત્ર માંસાહારી પરંતુ હાલમાં મિશ્રાહારી શૈલી જોવા મળે છે. ખોરાકમાં જુવાર, ડાંગર, કોદરાનો રોટલો અને ભડકું જેવાં ધાન–ધાન્ય, કઠોળ, દાળ અને લીલાં શાકભાજીનો ઉપયોગ કરે છે. ઊંડાણના વિસ્તારમાં વસવાટ કરતાં કુટુંબો જંગલમાં થતી ખાવાયોગ્ય વનસ્પતિનાં પાંદડાંઓને અડદની દાળ કે કંદમૂળ સાથે બાફીને ખાય છે. સામાજિક, ધાર્મિક–ઉત્સવે ફરસાણ અને મિષ્ટાન્ન બનાવે છે. શહેરી વિસ્તારના ભોજનની શૈલી કે ભાત પણ જોવા મળે છે. આ ઉપરાંત જે માંસાહારી છે તેઓ મરઘાં, બકરાં, સસલાં, તેતર, માછલીનો ભોજનમાં ઉપયોગ કરે છે. પરંપરાગત રીતે દારૂ–તાડીનું વ્યસન જોવા મળે છે.

પરંતુ હાલમાં પૌરાણિક કે આધુનિક ધાર્મિક સંપ્રદાયોમાં માન્યતા ધરાવતા હોવાથી વ્યસનોનું પ્રમાણ ઘટી રહ્યું છે.

ધોડિયા સમાજના લોકો ભારતમાં ૧૮મી–૧૯મી સદીના સમાજસુધારકો દ્વારા સ્થાપિત વિવિધ હિંદુ સંપ્રદાયોના અનુયાયી થયા હોય એવું જોવા મળે છે.

પ્રાકૃતિક દેવ–દેવીઓની આરાધના–અર્ચના વધુ કરે છે. આ ઉપરાંત ભૂત–પિશાચ, ડાકણમાં વધુ માને છે. આ અસુરી શક્તિમાં વિશ્વાસ વધુ ધરાવે છે. મૃતાત્મા હેરાન ન કરે તે માટે ખતરું મૂકી તેની પૂજા પણ કરે છે.

આ સમાજનો વસવાટ અને ઘરોબો હિંદુ ધર્મ પાળનારા સાથે વધુ હોવાથી તેઓ તેમના સામાજિક–ધાર્મિક તહેવારો ઊજવતા હોય એવું જોવા મળે છે.

## અર્થોપાર્જન

આ જાતિનો પરંપરાગત વ્યવસાય જોઈએ તો ખેતી, ખેતમજૂરી, જંગલ–ગૌણ વનપેદાશો એકઠી કરવી, માછલાં પકડવા વગેરે જોવા મળે છે.

ખેતી સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલન પણ કરે છે. પરંતુ હાલમાં શહેરી વિસ્તારમાં ખાનગી ક્ષેત્રોમાં છૂટક મજૂરી, નોકરી તેમ જ આ સમાજમાં શિક્ષણનો વ્યાપ અને દર વધ્યો હોવાથી સરકારના વિવિધ ઉચ્ચ કક્ષાના એકમોમાં તેમ જ શિક્ષણ ક્ષેત્રમાં પણ નોકરી અર્થે જોડાયા છે.

સામાજિક–આર્થિક વાદવિવાદ વગેરે પ્રશ્નોના નિરાકરણ માટે જાતિપંચ એ આગવું મહત્ત્વ ધરાવે છે. આ પંચ દ્વારા નિયત નીતિ–નિયમોને દરેક જ્ઞાતિબંધુ અનુસરે છે.

## સામાજિક-ધાર્મિક માન્યતાઓ અને રિવાજો

આ સમાજમાં સામાજિક–ધાર્મિક પ્રસંગોમાં રજસ્વલા સ્ત્રીઓની હાજરીને નિષેધ ગણવામાં આવે છે. ચાર દિવસ માટે સ્ત્રીને ઘરનાં રોજિંદા કામકાજથી દૂર રાખવામાં આવે છે. આ જ રીતે ઋતુચક્રની ઉંમરમાં આવતી પરિણીત સ્ત્રીનો રજોસ્રાવ બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે અથવા શારીરિક લક્ષણોને આધારે અનુમાન લગાવવામાં આવે છે. અથવા ઘરની અન્ય વ્યક્તિઓને જાણ થાય છે. આ સમાજમાં પુત્રની ઝંખના વિશેષ પ્રમાણમાં હોય એવું જોવા મળે છે.

સ્ત્રીની પ્રસૂતિ આ જ જ્ઞાતિની દાયણ બહેનો દ્વારા કરવામાં આવે છે. હાલમાં શિક્ષિત કુટુંબો સ્ત્રી-રોગ નિષ્ણાત પાસે સ્ત્રીની પ્રસૂતિ કરાવે છે.

બાળકના જન્મ બાદ પાંચ દિવસે પાંચુરાની વિધિ કરે છે. જેમાં બાળક અને પ્રસૂતાને નવડાવવામાં આવે. બાળકનો જ્યાં જન્મ થયો હોય ત્યાં પૂજા કરવામાં આવે અને ફળિયાની સ્ત્રીને ભોજન કરાવવામાં આવે છે. આ વિધિ કરવા પાછળનો તર્ક જોઈએ તો આસુરી શક્તિ(ડાકણ, પિશાચ)થી બચવા માટે કરવામાં આવે છે.

આ દિવસે ઘરના પુરુષોને ઘરમાં ભોજનનો નિષેધ હોય છે. એક માસ અને પાંચ દિવસ (સવા માસ) સ્ત્રીને ઘરકામ કરવા પર પ્રતિબંધ હોય છે. પરંપરાગત રીતે બાળકના પિતાની બહેન નામકરણની વિધિ કરે છે. હવે આમાં બદલાવ જોવા મળે છે.

### લગ્ન

આ સમાજમાં યુવક–યુવતીનાં લગ્ન માતા–પિતા દ્વારા કે સ્વપસંદગીથી થતાં જોવા મળે છે. જે કુટુંબમાં સંતાનોમાં પુત્રી જ હોય અથવા વધુ જમીન ધરાવતા કુટુંબ હોય ત્યાં કેટલીક વખત પુત્રી પોતાના પતિ સાથે પિયરમાં રહેવા આવે એટલે કે ઘરજમાઈ તરીકે રહે છે. ધોડિયા સમાજમાં દીકરા–દીકરીની સગાઈ નક્કી કરવામાં વચગાળિયો અગત્યની ભૂમિકા ભજવે છે.

લગ્ન સમયે વર કે કન્યા બન્નેને પીઠી લગાવવામાં આવે છે. વરપક્ષ અને કન્યાપક્ષના ઘરે કંકુને તેલમાં પલાળી એક કોરા કાગળ ઉપર સીધી લીટીમાં ચાર ચાંદલા કરે છે. જે ખાંડણિયાવાળી જગ્યાએ ભીંતે ચોંટાડવામાં આવે છે. આ વિધિને ‘લગ્ન કાઢયા’ કહેવામાં આવે છે. આવો કાગળ કન્યાપક્ષ–વરપક્ષને અને વરપક્ષ–કન્યાપક્ષને ત્યાં પહોંચાડે છે. કન્યાપક્ષવાળા એ પીઠી ચોળાવવાના શુકનનાં નાણાં લે છે. કાગળમાં જેટલા ચાંદલા હોય તેટલા દિવસ પહેલાં પીઠી લગાવવામાં આવે છે. કન્યાને પીઠી વરપક્ષના સગાંની હાજરીમાં લગાવવામાં આવે છે.

પીઠી વિધિ બાદ સગાંસંબંધી અને આડોશી પાડોશીની હાજરીમાં લાકડાના સાંબેલાની પૂજા કરી પૂર્વ દિશામાં મુહૂર્તની થાંભલી ખાડો ખોદી મૂકે છે.

હિંદુ લગ્નવિધિ પ્રમાણે જ બંને પક્ષના મામા તરફથી મોસાળું કરવામાં આવે છે. લગ્નની વિધિ બ્રાહ્મણ કરાવે છે.

જાતિના પરંપરાગત ઢબનાં લગ્નની શૈલીમાં છોકરી જાન લઈને છોકરાને ઘેર જાય છે. લગ્ન બાદ આણાનો રિવાજ જોવા મળે છે.

વિધવા, વિધુર, ત્યક્તા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી–પુરુષનો પુનઃલગ્ન પર પ્રતિબંધ નથી. પરંતુ

આ પ્રકારનાં લગ્નમાં કોઈ વિશેષ વિધિ જોવા મળતી નથી. મૃત પતિની પત્ની પતિના નાનાભાઈ સાથે અથવા મૃત પત્નીની નાની બહેન સાથે લગ્ન કરવા અંગેનો રિવાજ જોવા મળે છે.

છૂટાછેડાનું પ્રમાણ ઘણું ઓછું છે. છૂટાછેડા માટે જ્ઞાતિપંચ દ્વારા દંડ વસૂલ કરવામાં આવે છે.

### મૃત્યુની વિધિ

મૃત્યુ અંગેની વિધિ કંઈક અંશે હિન્દુ ધર્મ જેવી જોવા મળે છે. મૃત શરીરને જમીન પર સુવડાવતાં પહેલાં તે જગ્યાને છાણ–માટીથી લીંપવામાં આવે છે. મૃતદેહને નવડાવ્યા બાદ ધોયેલાં કપડાં પહેરાવી વાંસ અને ઘાસમાંથી બનાવેલી નનામી પર સુવડાવવામાં આવે છે. આ નનામી ઉપર પહેલા નવું કાપડ બાંધવામાં આવે છે. નનામીને ચાર વ્યક્તિઓ ઉપાડે છે. નનામી ઘરમાંથી લઈ જાય ત્યારે આગળ મૃત્યુ પામનાર વ્યક્તિનો નાનો ભાઈ કે દીકરો લાકડાં, છાણાં–કોલસાની મદદથી પ્રગટાવેલ અગ્નિની હાંડી(માટીના વાસણ) લઈને આગળ ચાલે છે. સ્માશાન ગૃહે મૃતદેહને ચિતા પર સુવડાવી અગ્નિદાહ આપવામાં આવે છે. મૃતદેહ ફરતે ઘર–કુટુંબનાં સગાં પ્રદક્ષિણા ફરે છે અને જાંબુના પાનથી પાણીનો છંટકાવ કરે છે. માત્ર પુરુષો સ્મશાને જાય છે, સ્ત્રીઓ ગામના પાદરેથી પરત આવે છે. વ્યક્તિના મૃત્યુના બારમા–તેરમા દિવસે ધાર્મિક વિધિ અને જમણવાર કરવામાં આવે છે. મૃત વ્યક્તિના નામથી ખતરું મૂકવામાં આવે છે જેની પૂજા વાર–તહેવારે કરે છે.

હિંદુ મરણોત્તર ધાર્મિક વિધિમાં મૃતાત્મા–પ્રેતાત્માની શાંતિ માટે જે પ્રકારે શ્રાદ્ધવિધિ થાય છે એ જ પ્રકારે આ સમાજમાં પણ શ્રાદ્ધવિધિ થતી જોવા મળે છે.

### નૃત્ય

આ સમુદાયમાં શૂરવીરતા આઠથી દસ પ્રકારનાં વિવિધ શૈલીનાં તેમ જ તહેવારો પ્રમાણેનાં નૃત્યો જોવા મળે છે.

# ૪.૨૦ કોંકણા

## ઓળખ, વિસ્તાર, વસતિ, શિક્ષણ, ખોરાક અને બોલી

ઈ.સ.૧૯૦૮માં આવેલ અંગ્રેજ પ્રવાસી સર જ્હોન રોકીન્સે નોંધ્યું છે કે નૈઋત્ય તરફથી મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાતમાં આવ્યા આથી કુંકણા કોમનો મૂળ વસવાટ ભારતની કોંકણપટ્ટીમાં હોય એવું એક મંતવ્ય છે. કારણ ગુજરાતમાં વસવાટ કરતા કોંકણા અને કોંકણપટ્ટીમાં વસવાટ કરતી જનજાતિનો શારીરિક દેખાવ એકસરખો દ્રશ્યમાન થાય છે. બ્રિટિશર્સનાં સરકારી દફતરોના દસ્તાવેજમાં (ઈ.સ.૧૮૫૨–૫૪) કૂકણા શબ્દનો લેખિત પુરાવો મળે છે. (પટેલ ચંદ્રકાંત, ૧૯૮૩–૪)

### વસતિ

ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, દાદરા નગર હવેલી અને કર્ણાટકના મૈસુરમાં કોંકણા જનજાતિની વસતિ જોવા મળે છે. જ્યારે ગુજરાત રાજ્યના સુરત, ડાંગ, ભરૂચ મુખ્ય તેમ જ, વડોદરા, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા અને ખેડા જિલ્લામાં પણ અલ્પ તેમની વસતિ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતમાં આ જાતિ કુંકણા, કોંકણા, કુંકણી કે કુનબી વગેરે નામોથી ઓળખાય છે. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે કોંકણાની કુલ વસતિ ૩,૬૧,૫૮૭ જેટલી જોવા મળે છે. જેમાં પુરુષોની સંખ્યા ૧,૮૦,૦૭૫ છે, અને સ્ત્રીઓની સંખ્યા ૧,૮૧,૫૧૨ જેટલી જોવા મળે છે. (ભીખાભાઈ પટેલ, પ્રવીણ પટેલ, ૨૦૧૪)

### પરંપરાગત આહાર અને પીણાં

તેઓ મિશ્રાહારી છે. તેઓનો વસવાટ દક્ષિણ ગુજરાતમાં હોવાથી રોજિંદા ખોરાકમાં જુવાર, ચોખા, નાગલી (રાગી), બંટી, વરાઈ, કોદરા જેવાં ધાન તેમ જ લીલાં શાકભાજી અને કઠોળનો ઉપયોગ કરે છે., માંસાહારમાં વિશેષ તેતર–સસલાના મટનનો ઉપયોગ ખોરાકમાં કરે છે.

સામાજિક–ધાર્મિક શુભાશુભ પ્રસંગોએ મહુડાંના દારૂનું સેવન કરે છે. ચા, બીડી, તમાકુનું વ્યસન કરે છે. કાવો બનાવીને પીવાનું ચલણ જોવા મળે છે.

### શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી મુજબ આ સમુદાયનો સાક્ષરતા દર ૫૧.૪૬ % જેટલો છે. જેમાં ૮૬,૩૮૫ પુરુષો સાક્ષર છે. જ્યારે સ્ત્રીઓમાં ૫૫,૨૪૨ સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે.

## વ્યવસાય, આવાસ, ઘરવખરી, પોશાક અને આભૂષણ

### આવાસ:

કોંકણા જનજાતિનો મુખ્ય વસવાટ જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં જોવા મળે છે.

અનુસૂચિત જનજાતિના વસવાટની ખાસિયત મુજબ આ જાતિનાં ઘરો છૂટાંછવાયાં સાથે જ પાંચ–સાતથી લઈને પંદર–વીસ સુધી ઘરોની સંખ્યા ધરાવતા ફળિયામાં જોવા મળે છે. ઘરો છાણ–માટી અને લાકડાંમાંથી બનાવેલ હોય છે.

જો નવું ઘર બનાવવાનું હોય તો તેનું બાંધકામ હોળીના દિવસ પછી સગાંસંબંધીઓની મદદથી ચાલુ થાય છે. તેમનાં ઘરોની ભીંતોની એક ખાસિયત કહી શકાય છે કે તેઓ ઘરની દીવાલ વાંસ કે 'બરુ' અથવા 'કથુર'ની (પટ્ટીઓ) ચીપ વડે બનાવે છે. ઘરની છત દેશી–વિલાયતી નળિયાં, પાંદડાં કે ઘાસ દ્વારા બનાવે છે. આર્થિક રીતે સાધનસંપન્ન કુટુંબનાં મકાનો સિમેન્ટ–કૉંક્રીટનાં પણ જોવા મળે છે. પરંતુ મોટે ભાગે તેમનો વસવાટ કાચાં મકાનોમાં કે ઝૂંપડાંમાં જોવા મળે છે. એક શાખ અથવા નજીકનાં સગાસંબંધી સૌ સાથે એક ફળિયામાં રહે છે. તેમનાં ગામોમાં ૨થી માંડીને ૧૨ ફળિયાં જોવા મળે છે.

ઘરના રસોડામાં પરંપરાગત રીતે માટી કે લાકડાનાં વાસણો જોવા મળતાં. પરંતુ હાલમાં તેઓનાં ઘરોમાં ઍલ્યુમિનિયમ, સ્ટેનલેસ સ્ટીલ, તાંબા–પિત્તળ, પ્લાસ્ટિક અને કાચનાં વાસણો જોવા મળે છે.

આધુનિકીકરણ અને ભૌતિકવાદની અસરને કારણે એમનાં ઘરોમાં હાલમાં મોબાઇલ ફોન, ટેલિવિઝન, ટેપરેકોર્ડર, સ્કૂટર કે બાઇક, ખાટલા, પેટીપલંગ ઇલેક્ટ્રિક મોટર, ટેબલ ખુરશી વગેરે જોઈ શકાય છે.

### વ્યવસાય

પરંપરાગત વ્યવસાય મુજબ શિકાર કરવાનાં સાધનો, માછલાં પકડવાની જાળ, ફાનસ, પથ્થર કે માટીની ઘંટી જોવા મળે છે.

કુંકણાઓ મુખ્યત્વે પરંપરાગત રીતે ખેતી કે ખેતમજૂરી અને પશુપાલનનો વ્યવસાય કરતા હતા. પોતાની અંગત માલિકીની જમીન ઘણી અલ્પ માત્રામાં જોવા મળે છે. હાલમાં નજીકના શહેરમાં વિવિધ ખાનગી ક્ષેત્રોમાં મજૂરી કે નોકરી કરતા પણ થયા છે.

### પોશાક

પરંપરાગત પોશાકની શૈલીએ જોઈએ તો પુરુષો શરીરના કમરથી નીચેના ભાગે લંગોટી વીંટાળે છે. જ્યારે શરીરના ઉપલા ભાગે બંડી કે બુશર્ટ પહેરે છે. માથે સુતરાઉ ટોપી કે ફાળિયું, ટોપી બાંધે છે. વર્તમાન સમયમાં યુવાન પુરુષ પેન્ટ, શર્ટ, ટી–શર્ટ પહેરે છે.

સ્ત્રીઓ સાડીનો બે પગની વચ્ચે કછોટો મારીને પહેરે છે. છાતીના ભાગે કબજો (બ્લાઉઝ) પહેરે છે. પરિણીત સ્ત્રીઓ ચણિયો, બ્લાઉઝ અને સાડી પહેરે છે. આધુનિક પહેરવેશમાં સ્ત્રીઓ ઘરમાં ગાઉન પહેરે છે. જ્યારે તરુણીઓ/યુવતીઓ ફ્રૉક, સલવાર–કુર્તી રોજિંદા પોશાકમાં પહેરે છે.

સ્ત્રીઓ સામાજિક–ધાર્મિક પ્રસંગોમાં ચાંદી, કથીર, રૂપાં તેમ જ ખોટાં ઝવેરાતો પહેરે છે. સ્ત્રીઓ મુખ્યત્વે કાનમાં વાળી, એરિંગ, હાથમાં કડાં, પહોંચી, કમરે કંદોરો પહેરે છે.

પુરુષો વિશેષ ગળામાં ચાંદીનો અછોડો પહેરે છે. ઘરની આર્થિક સ્થિતિ મુજબ સ્ત્રીપુરુષ આભૂષણો પહેરતાં હોય છે. સ્ત્રી અને પુરુષો બંનેમાં છૂંદણાં છૂંદાવવાનું ચલણ જોવા મળે છે. હાથે, કપાળે, મોં ઉપર સૌંદર્યના પ્રતીક રૂપે છૂંદણાં છૂંદાવે છે.

## સામાજિક-સાંસ્કૃતિક જીવન

પ્રાકૃતિક દેવ–દેવીઓની પૂજા કરે છે. આ જાતિ વિવિધ દેવ–દેવીઓમાં આસ્થા–વિશ્વાસ ધરાવે છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોમાં માવલીદેવી, કંસરીદેવી, વાઘદેવ, કાળોકાકર, ગોવાળદેવ, સિમારિયો દેવ, દેવલી માડી, નારણદેવ, ગ્રામદેવતા, ગૃહદેવતા, હીરવા–હલગ, બરમદેવ વગેરેનું પૂજન કરે છે. વિશેષમાં તેઓ હિંદુઓનાં દેવ–દેવીઓનું પણ પૂજન કરે છે, જેથી હોળી, દિવાળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે ધાર્મિક તહેવારોની ઉજવણી કરે છે.

દરેક શાખને પોતાનો 'ભૂવો' ભગત હોય છે, જેની પાસે સામાજિક, ધાર્મિક, આર્થિક મુશ્કેલીનો હલ કરાવવાનો પ્રયાસ કરે છે. અદ્વૈત તેઓ (આસુરી) શક્તિમાં વિશ્વાસ વધુ રાખે છે.

કોંકણા સમાજવ્યવસ્થામાં 'શાખ' જોવા મળે છે. જે દરેકને વારસામાં મળે છે. પિતૃસત્તાક સમાજવ્યવસ્થા હોવાથી સ્ત્રીની શાખ લગ્ન પછી બદલાય છે.

કોંકણા જાતિમાં તરુણી પ્રથમ વખત રજસ્વલા થાય ત્યારે તેને 'છેટી બેઠી' એમ કહે છે. રજસ્વલા સ્ત્રીને જેમ કે રસોઈ, પાણી ભરવું, ઘરની ચીજવસ્તુઓ કે વ્યક્તિને ન અડવું વગેરે નિષેધ હોય છે. ધાર્મિક કાર્ય કે ખેતીકામ કરવા અંગે પણ નિષેધ હોય છે.

પરિણીત સ્ત્રીમાં ગર્ભાધાનનું અનુમાન તેનાં શારીરિક લક્ષણોના ફેરફારને આધારે બાંધવામાં આવે છે. સ્ત્રીના ગર્ભાધાન માટે જાતીય સમાગમ તેમ જ ઈશ્વરકૃપા માનવામાં આવે છે. બાળક ન થતાં હોય એવા દંપતી ભૂવા પાસેથી બાધા–માનતા પણ લેતાં હોય છે. પ્રથમ સુવાવડ પરિણીત સ્ત્રીના પિયરપક્ષે (માતા–પિતા) થાય છે. સ્ત્રીપ્રસૂતિ દાયણ પાસે કે રુગ્ણાલયમાં સ્ત્રીરોગ–નિષ્ણાત તબીબ પાસે કરાવે છે. દાયણ દ્વારા થતી પ્રસૂતિમાં દાયણને રોકડ, સીધુંસામાન આપવામાં આવે છે.

બાળકના જન્મના પાંચમા દિવસને પાંચુરો કરે છે. આ દિવસે પ્રસૂતાના ઘરની આજુબાજુની અન્ય સ્ત્રીઓને બોલાવવામાં આવે છે. તેઓ બાળકને નવડાવી ઝોળીમાં મૂકી હીંચકો નાખે છે. દાયણ બહેન તેમ જ સ્ત્રીઓ થાળી વગાડી બાળકને સામાજીકરણની સમજ આપતાં હોય એ રીતે ગીતો ગાય છે. આ વિધિ બાદ બાળકને તેની માતાને સોંપવામાં આવે છે. પરંપરાગત ઢબે બાળકનો જન્મ જે વારે કે તહેવારે થયો હોય તેના ઉપરથી તેની ફોઈ (બાળકના પિતાની બહેન) તેનું નામ પાડે છે.

હાલમાં શિક્ષિત અને શહેરમાં વસનારાં દંપતીઓ બ્રાહ્મણ પાસેથી પંચાંગ મુજબ રાશિ પ્રમાણે નામો પાડે છે.

આ જનજાતિમાં પરણવા યોગ્ય પુખ્ત ઉંમરનાં યુવક–યુવતીઓની સગાઈ કે લગ્ન માતા–પિતાની સંમતિથી થાય છે. લગ્નના સગપણનું માગું વરપક્ષ (છોકરાવાળા) તરફથી મૂકવામાં આવે છે. સગાઈ નક્કી થાય એ દિવસને 'નાની પેન' તરીકે ગણે છે. લગ્નની તિથિ, તારીખ નક્કી થાય, સામસામે કપડાં–નાણાં વગેરે જ્યારે આપવામાં આવે તેને 'મોટી પેન' ભરવી એમ છે. આ જાતિમાં બાળલગ્નનું પ્રમાણ જોવા મળતું નથી. એક જ કુળ કે ગોત્રમાં લગ્ન થતાં નથી. પરંતુ મામા–ફોઈનાં દીકરા–દીકરીમાં લગ્ન સંભવી શકે છે. કુંકણાઓમાં ઠાકરે, ગાવિત, પવાર, ચૌધરી, ભોયે, ગાંગોડા, ગાયકવાડ, સૂર્યવંશી, નવોત્ર, વાઘ,

રાઉપક, દાવતરી જેવી બાર શાખોમાં લગ્નો થાય છે દરેક કુટુંબની અલગ અલગ શાખ જોવા મળે છે. જેનાં લગ્ન થવાનાં હોય તે છોકરા–છોકરીને પોત–પોતાના ઘરે લગ્ન પહેલાં પીઠી લગાવવામાં આવે છે. લગ્નના દિવસે પરણનાર યુવતી ઉપવાસ કરે છે. તુવેર કે વાલ બાફીને ખાય છે. લગ્નના દિવસે સૌ નાનાંમોટાં સ્ત્રીપુરુષો નૃત્ય કરે છે. પરણેલી સ્ત્રીઓ કે બ્રાહ્મણ દ્વારા ગંગાફેરા વિધિ કરાવવામાં આવે છે. સમાજના રીતિરિવાજ મુજબ આણું કરવાનો દિવસ નક્કી થાય પછી પરિણીત સ્ત્રી સાસરે જાય છે. લગ્ન બાદ દીકરો–પિતૃઘરેથી જુદો રહે છે. છોકરા–છોકરીઓના ઉછેરમાં ભેદ જોવા મળતો નથી. પરંતુ મિલકતનો વારસદાર પુત્રને માનવામાં આવે છે. આ કારણોસર પુત્ર ઘેલછામાં બીજાં લગ્ન પણ થતાં જોવા મળે છે.

પુનઃલગ્ન અહીં નિષેધ નથી. મૃત્યુ પામનાર પુરુષની પત્ની પતિના નાના ભાઈ સાથે લગ્ન છૂટથી કરી શકે છે.

## વ્યસનો

દારૂ, તાડી જેવાં પીણાં પીએ છે. બીડીનું વ્યસન જોવા મળે છે.

## છૂટાછેડા

પરિણીત સ્ત્રીને ચારિત્ર્ય, નિઃસંતાન, સ્વભાવ કે અપશુકનિયાળ માનીને છૂટાછેડા અપાતા હોય એવું જાણવા મળે છે.

## મૃત્યુ

ઘરમાં, કુટુંબમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામી હોય તે કુટુંબના અન્ય વ્યક્તિઓ રુદન કરે છે. ગામના લોકોને નગારું વગાડીને જાણ કરે છે. મૃત્યુ પામનાર સ્ત્રી કે પુરુષના નશ્વર દેહને સ્નાન કરાવી, પીઠી ચોળવામાં આવે છે. સ્ત્રીના નશ્વર દેહ ઉપર લાલ અને પુરુષના નશ્વર દેહ ઉપર સફેદ કપડું કફન તરીકે ઓઢાડી નનામી ઉપર સુવડાવવામાં આવે છે. મૃતદેહને અક્ષત, ફૂલ અને નાણાંથી વધાવે છે.

આ સમાજમાં સ્મશાનયાત્રામાં પુરુષો ધારિયાં, કુહાડી જેવાં તીક્ષ્ણ હથિયાર લઈને જાય છે. આમ કરવાનું તાત્પર્ય એ છે કે મૃત વ્યક્તિને ભૂત, ડાકણ જેવા પ્રેતાત્માઓ હેરાન ન કરે. શબને અગ્નિદાહ તેનો પુત્ર આપે છે. સ્મશાનયાત્રામાં ગયેલા પુરુષો નદીએ સ્નાન કર્યા બાદ જ ઘરે આવે છે.

મૃત્યુ બાદ ધાર્મિક ક્રિયાકાંડનો મહિમા જોવા મળે છે. ભૂત, પિશાચ, ડાકણ જેવી શક્તિઓ છે અને તે આમલી કે પીપળાના વૃક્ષમાં નિવાસ કરે એવી દ્રઢપણે માન્યતા ધરાવે છે.

## મુખ્ય વિશેષતા

આ સમુદાયના લોકો માદલ નૃત્ય, મેળા નૃત્ય, ઘેરનૃત્ય વિદાય નૃત્ય તેમ જ દિવાળીના દિવસોમાં નૃત્ય કરી મનોરંજન મેળવે છે. હોળી અને દિવાળીના તહેવારોમાં ભવાડા પ્રકારના નૃત્યની શૈલી ભજવે છે. જેમાં મુખ્યત્વે કથક નૃત્યના અંશો વાર્તા સાથે કલાત્મક રીતે વણી સમૂહ નૃત્ય કરે છે.

બપોરે બાર વાગ્યા પછીનો સમય શુભ કાર્ય માટે યોગ્ય નથી એવું દ્રઢપણે માને છે. આ એક ઇષ્ટ કે અનિષ્ટ કહી શકાય એવી બાબત જોવા મળે છે.

વ્યક્તિગત અને કૌટુંબિક, સામાજિક–આર્થિક વિખવાદ સંદર્ભના પ્રશ્નોના ઉકેલ માટે જાતિપંચ કે જ્ઞાતિપંચ હોય છે. જેમાં સમાજના વડીલો, આગેવાન વગેરે દ્વારા નીતિનિયમો બનાવ્યા હોય છે. જેને દરેકે અનુસરવાના હોય છે.

## લોકસાહિત્ય

પોતાના સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક જીવનની ઝાંખી કરાવતાં લોકગીતો, વાર્તાઓ, તેમ જ તે આધારિત નૃત્ય વગેરે આ સમુદાયના સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવે છે.

# ૪.૨૧ રબારી (નેસ વિસ્તાર)

## ઓળખ, વિસ્તાર, બોલી, ખોરાક, વસતિ, શિક્ષણ

ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રના નેસ વિસ્તારમાં રહેતા રબારીઓનો બંધારણની કલમ ૩૪૨ (ક) અન્વયે રાષ્ટ્રપતિના આદેશ અનુસાર વર્ષ-૧૯૫૬માં અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રજાતિનો મુખ્ય વસવાટ સૌરાષ્ટ્રના વિસ્તારમાં જ ગીર, બરડા અને આલેચમાં જોવા મળે છે.

નેસ વિસ્તારમાં વસવાટ કરતી આ સમુદાયની ૨૦૧૧ની વસતિગણતરી મુજબ કુલ વસતિ ૫૯,૯૯૫ છે. જેમાં પુરુષોની સંખ્યા ૩૦,૮૦૪ અને સ્ત્રીઓની સંખ્યા ૨૯,૧૯૧ જેટલી જોવા મળે છે. આ જનજાતિમાં કુલ ૩૨,૪૪૫ સભ્યો સાક્ષર જેમાં ૧૩,૩૭૦ સ્ત્રીઓ સાક્ષર છે, જ્યારે ૧૯,૦૭૫ પુરુષો સાક્ષર છે.

## ઉત્પત્તિ

અનુસૂચિત જનજાતિ ઉત્પત્તિઓ અંગે અનેક દંતકથાઓ પ્રચલિત છે. ભગવાન શંકર–પાર્વતીએ ઋષભને ચરાવવા માટે મંત્રોચ્ચાર દ્વારા જે ગોવાળા ઉત્પન્ન કર્યા અને એમાંથી જે જાતિ તૈયાર થઈ એ આ રબારી જાતિ.

હિંદુ ધર્મનાં ધાર્મિક પુસ્તકોમાં કૃષ્ણાવતારમાં રત્ના રબારી (રાયકા) નામનો ઉલ્લેખ જોવા મળે છે. સોલંકી વંશના દસ્તાવેજોમાં બતાવ્યું કે વનરાજ ચાવડાને અણહિલ નામના રબારીએ જંગલના રસ્તાઓ બતાવવા પથદર્શકનું કામ કર્યું હતું એવો ઉલ્લેખ ઇતિહાસકારોનાં લખાણોમાં જોવા મળે છે. આથી તેમને શ્રીકૃષ્ણના વંશજ પણ ગણવામાં આવે છે. (મલકાણ જે. એમ., ૧૯૫૭–૧૬૭)

રબારીઓ પોતાને શંકરે ઉત્પન્ન કરેલ સાંબડા નામના ગોવાળ અને ઇન્દ્રની રાઈ નામની અપ્સરાના વંશજો તરીકે ઓળખાવે છે. રબારી સમાજ પિતૃવંશીય અને પિતૃસ્થાનીય છે. બારોટની વંશાવળીને કારણે શાખને વંશ ગણવાની એક શક્યતા જરૂર ઊભી થઈ છે.

## ઘર–વસવાટ

ગીર–બરડા અને આલેચનાં જંગલો અને ડુંગરોમાં આ રબારી નેસ બાંધીને વસવાટ કરે છે. સરેરાશ દસથી બાર ઝૂંપડાંનો એક નેસ હોય છે. મોટા નેસડામાં ૧૫થી ૨૦ જેટલાં ઝૂંપડાંઓ હોય છે. નેસ નાની ટેકરીઓ કે ઊંચાણવાળા ભાગમાં જંગલથી ઘેરાયેલા હોય છે. પરંતુ હવે નેસ ખુલ્લા દેખાય છે કારણ જંગલ ઘણાં પાંખાં થઈ ગયા છે.

બરડાના રબારીઓ ને આલેચ ગીરના રબારીઓ વચ્ચે પરસ્પર સંબંધ છે.

આ જાતિના આવાસો સાદાં, સ્વચ્છ અને સુઘડ હોય છે. સમગ્ર વાસ નેસથી ઓળખાય છે. ઘરમાં મુખ્યત્વે ઍલ્યુમિનિયમ, પિત્તળ તથા સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો હોય છે. ઓઢવા–પાથરવા માટે ઘરમાં જ બનાવેલી કપડાંની ગોદડીઓ, ગરમ ધાબળા (કામળા) તથા ચાદરો રાખે છે. વિષમ પરિસ્થિતિમાં જ્યારે સ્થળાંતર કરે ત્યારે સહેલાઈથી વસ્તુઓની હેરફેર થઈ શકે એ મુજબનો જ સામાન રાખે છે.

પથ્થરોની દીવાલોવાળાં ઘરો જોવા મળે છે. પાંદડાં, ઘાસ કે નળિયાંની છત હોય છે. બારણાંની પડખે ઘૂંટણ જેટલો ઓટલો હોય ત્યાં ભેંસ કે ઢોરો માટે ખાણ નાંખે છે. બહાર ફળિયામાં લાકડીના આડાઊભા ટેકા મૂકી નાનું વાડોલિયું કરે છે. જેને ઉપરથી બંધ રાખી અહીં ઢોરોને રાખે છે. ઘરના વાડામાં ઝાડ ઉપર માંચડા બનાવી ઢોરના નીરણ માટેનું ઘાસ મૂકે છે. ફળિયાં પશુઓનાં મળ–મૂત્રવાળાં જોઈ શકાય છે.

ઘરની ચોક્કસ ગોઠવણી નહીં પરંતુ અવ્યવસ્થિત તેમ જ બેકાળજીવાળી જોવા મળે છે.

## ભાષા

આ સમુદાય સૌરાષ્ટ્રના લઢણવાળી ગુજરાતી ભાષાનો રોજિંદા વ્યવહારમાં ઉપયોગ કરે છે.

## વ્યવસાય-આવાસ-ઘરવખરી, પોશાક અને આભૂષણો

દરેક કુટુંબ પોતાનાં પશુઓને (માલને) (પશુઓની સામૂહિક ઓળખ) ઘેટા–બકરાં, ઊંટ, ગાય અને ભેંસોને ઘરની સામે જ બાવળના કાંટા અને થોરથી વાડા કરીને બાંધે છે.

## વ્યવસાય

તેઓના મુખ્ય વ્યવસાયમાં પશુપાલન હોવાથી દૂધ અને પશુઓના ઊનનું વેચાણ કરે છે. જ્યારે ગૌણ વ્યવસાયમાં ખેતમજૂરી, છૂટક મજૂરી, છૂટક વ્યવસાય ખાનગી કે સરકારી નોકરી કરતા પણ જોવા મળે છે.

## પોશાક

પુરુષો પહેરવેશમાં શરીરના કમરથી નીચેના ભાગે ધોતિયું, ઉપરના ભાગે કેડિયું અને માથે લાલ પાઘડી  બાંધે છે. હાલ યુવાનો શર્ટ, ટી–શર્ટ, ડેનિમ, જીન્સના પેન્ટ પહેરે છે. સ્ત્રીઓ ઘેરવાળો ઘાઘરો, સાડલો, મઝિયું અને કાપડું પહેરે છે. ઘાઘરા છાપકામવાળા કે ભરતકામવાળા હોય છે. સાડલામાં માથાવટી સિવાયના બીજા ભાગમાં ભરતકામ કરેલું હોય છે.

પુરુષના આભૂષણમાં જોઈએ તો પુરુષો કાનમાં સોનાની વાળીઓ કે મોતીની બુટ્ટીઓ પહેરે છે. હાથમાં માદળિયાં અને આંગળિયે વેઢ પહેરે છે. જ્યારે સ્ત્રીઓ ચાંદી–સોનાનાં ઘરેણાંઓ પહેરે છે. જેમાં પગમાં ચાંદીનાં ઝેર, કલ્લાં, સાંકળાં, કાંબી જેવાં આભૂષણો પહેરે છે. હાથમાં હાથીદાંતનાં બલોયાં કાંડાથી લઈ કોણી સુધીનાં પહેરે છે. વર્તમાન સમયમાં હાથીદાંતને બદલે પ્લાસ્ટિકનાં બલોયાં પણ પહેરતાં હોય એવું જોવા મળે છે. હાથની આંગળીઓમાં વીંટી, ગળામાં માદળિયાં, સોનાની કંઠી, સોનાના હાર વગેરે પહેરે છે.

બરડાના માલધારીઓનો મુખ્ય પહેરવેશ ચોરણી, કેડિયું અને માથે સફેદ રંગના મેલખાયું એ મુખ્ય છે. કામકાજના સમયે છૂટું પોતિયું અને માથે મેલખાયું પહેરી રાખે છે. હાથમાં કડિયાળી ડાંગ કે કુહાડી રાખે છે. પગમાં ફૂદડી ટાંકેલા ઓખાઈ જોડા પહેરે છે. હાથમાં કડાં, પગમાં ચાંદીની બેડિયું પહેરે છે. જ્યારે ઉંમરલાયક વ્યક્તિઓના ગળામાં ચાંદી અથવા કથીરની બે સરની લાંબી સાંકળી અને વચ્ચે કાંટા કાઢવાની સોય કે રુદ્રાક્ષનો એકાદ મણકો લટકતો હોય છે. યુવાન પુરુષો પારદર્શક મોતી અને ઘુમરાની માળા પહેરે છે. આ સિવાય કાનમાં સોનાનાં ફૂલ, છાપવા, કોકરવા અને ઠોળિયાં પહેરે છે. આ સમુદાયની સ્ત્રીઓ લાલ કે કાળી જીમી, કાપડાં અને ઓઢણાં પહેરે છે. સ્ત્રીઓનાં કાપડાંના આગળના ભાગમાં રંગબેરંગી કપડાની ડિઝાઇન હોય છે.

## સામાજિક–સાંસ્કૃતિક જીવન

આ રબારીઓ હિંદુ ધર્મ પાળે છે. હિંદુઓનાં દેવ–દેવીઓની ઇષ્ટદેવ તરીકે પૂજા કરે છે તેમ જ ગોગા મહારાજને પણ ઘણું માને છે.

ખાંભલ્યા, મોપડાવ, નાંગોર, ખટાણા, ચામુંડા, ચેહર, બાણ ખોડિયા, તરેજ, સેમાંજ નામક દેવીઓનાં કુળદેવી તરીકે પૂજન કરે છે અને આસો માસના નવરાત્રીની આઠમે માતાને નૈવેદ્ય ચઢાવે છે. માતરી મા કે ગોગા મહારાજને માનતાનાં દેવ–દેવી ગણે છે.

હિંદુ ધર્મના વિક્રમ સંવતનું બેસતું વર્ષ, મહાશિવરાત્રી, હોળી–ધુળેટી, અખાત્રીજ, નવરાત્રી–દશેરા, મકરસંક્રાંતિ (ઉત્તરાયણ), શરદપૂર્ણિમા ધામધૂમથી ઊજવે છે. સ્ત્રીઓ કેવડાત્રીજ, જયાપાર્વતી વ્રત તેમ જ તરુણીઓ ગૌરીવ્રત કરે છે.

રબારીઓની વિશિષ્ટ ઓળખમાં છૂંદણાં આગવું સ્થાન ધરાવે છે. પસંદગીયુક્ત આકાર, નિશાન અને ઈશ્વરના નામે તેમ જ મિત્રોનાં નામો કોતરાવે છે.

રજસ્વલા સ્ત્રીને ઘરકામ, સામાજિક શુભકાર્ય અશુભકાર્ય કે ધાર્મિક કાર્ય કરવા અંગે નિષેધ હોય છે. સ્ત્રી આ સમયે ઘરની બહાર રહીને હળવાથી ભારે કામો કરી શકે છે.

### જન્મ

પરિણીત સ્ત્રીનાં શારીરિક લક્ષણોને આધારે ગર્ભાધાન અંગેનું અનુમાન લગાવવામાં આવે છે. ગર્ભધારણને જાતીય સંબંધ તેમ જ દેવ–દેવીઓની કૃપા માનવામાં આવે છે. સ્ત્રીની પ્રસૂતિ રબારી જાતિની દાયણ બહેનો પાસે જ કરાવે છે. ગર્ભાધાનના છ માસ બાદ સીમંતની વિધિ બાદ (ખોળો ભરાવવો) તે સગર્ભા સ્ત્રીને પિયરમાં લઈ જવામાં આવે છે. ત્યાર બાદ પ્રથમ પ્રસૂતિ પિયરમાં જ કરાવવામાં આવે છે.

નવજાત શિશુના નામકરણની વિધિ ઘરના વડીલ, ફોઈ–ફુઆ કે ગોગા મહારાજના ભગત પાસે કરાવે છે. વર્તમાન સમયમાં બાળકના નામમાં પરંપરાગતને બદલે આધુનિકીકરણ જોવા મળે છે.

### લગ્ન

નાની ઉંમરમાં લગ્નનો રિવાજ જોવા મળે છે, પરંતુ આણું મોડું કરે છે. વૈવાહિક સંબંધો અન્ય જાતિ કે કોમમાં જોવા મળતા નથી. આ ઉપરાંત સંબંધ બાંધવા ઘરની આર્થિક સ્થિતિ, કુળની પ્રતિષ્ઠા વગેરેને ધ્યાનમાં રાખે છે. હિંદુ લગ્નવિધિ મુજબ જ આ સમુદાયમાં લગ્ન થતાં હોય છે.

રબારી સમાજમાં પરિણીત દંપતીમાં છૂટાછેડાનું ઘણું અલ્પ પ્રમાણ જોવા મળે છે. અપવાદ રૂપ ગંભીર અને અનિવાર્ય સંજાગોમાં જ અપવાદ રૂપે દંપતીના છૂટાછેડા થાય છે. રબારી સમાજનાં લગ્ન અને છૂટાછેડા અંગેનાં ધારાધોરણો ખૂબ જ કડક અને દંડનીય હોય છે. આ સમાજમાં પુનઃલગ્નને સ્વીકૃતિ પહેલાં નહોતી, બદલાયેલા વહેણની હકારાત્મક અસર આ સમાજને પણ થઈ છે એટલે હવે પુનઃલગ્ન થતાં હોય એવું જોવા મળે છે. બાળકોવાળી સ્ત્રી કે નિઃસંતાન સ્ત્રી ફરીથી લગ્ન કરી શકે છે પરંતુ તેને તેઓ ‘નાતરું કર્યું’ એવો શબ્દપ્રયોગ કરે છે.

### મૃત્યુ

ઉંમરલાયક મૃત્યુ પામેલ વ્યક્તિને જમીનમાં ઉત્તર દિશા તરફ સુવડાવે છે. ત્યારે કફન ઓઢાડી સ્મશાને લઈ જાય છે. નાની ઉંમરના બાળકના મૃતદેહને જમીનમાં દફનાવે છે. હિંદુ વિધિ મુજબ મૃત્યુ બાદની વિધિ થાય છે. જે ઘણી ખર્ચાળ હોય છે.

### શાખ

રબારીઓની શાખ એ પિતૃક વંશાવળી મુજબ  મૂળ એક જ પૂર્વજમાં માને છે. રબારીના સામાજિક માળખાને શાખની દ્રષ્ટિએ સમજવાનો પ્રયાસ કરીએ તો તે મહત્ત્વના બે હેતુઓ સિદ્ધ કરે છે :

૧. એક જ શાખ ધરાવતી વ્યક્તિઓ પરસ્પરથી ગમે તેટલી દૂરની હોવા છતાં એકબીજા સાથે સમાન પૂર્વજ દ્વારા સંકળાયેલી છે.

૨. જેમની વચ્ચે વંશાવળી દ્વારા સંબંધો સ્થાપિત થઈ શકે એમ ન હોય તેઓ પણ એક શાખના છે તેને આધારે લગ્ન થઈ શકતાં નથી.

માત્ર સાંબડા શાખ સર્વ પ્રથમ ગણાય છે. સાંબડાને શંકરે ઉત્પન્ન કર્યો અને એમાંથી બધા જ રબારીઓ ઊતરી આવ્યા એમ તેઓ સ્પષ્ટપણે માને છે. સંકળાયેલી શાખોવાળા એકબીજાને શાખભાઈ માને છે. (માટલિયા દુલેરાય, ૧૯૭૩)

### અટક

ચાવડા, મોરી, રગીયાર, કુછડીયા, હૂણ જેમ તેમ જ મકવાણા જેવી અટકો હોય છે. નેસના નામ મુખ્યત્વે આજુબાજુના વિસ્તાર પરથી પાડવામાં આવે છે. દા.ત. એક વિસ્તારમાં કરંજ વધુ થાય છે ત્યાં વસતા લોકોનો નેસ એ કરંજની વાડીનો નેસ.

જંગલમાં જ વસવાટ કરતા હોવાને કારણે દીપડા, સિંહ જેવાં હિંસક પ્રાણીનાં પગલાં ઓળખે છે અને ડરતા પણ નથી.

## ખોરાક

આ સમુદાયના મુખ્ય ખોરાકમાં જોઈએ તો બાજરાના રોટલા, કાંદાનું શાક, દૂધ, દહીં અને છાશ લે છે. રોજિંદા પીણામાં ચાનો ઉપયોગ કરે છે. લીલાં મરચાં પણ લે છે. કંકોડાંનું શાક અથવા ચોમાસાની સિઝનમાં વેલાવાળાં શાકભાજીનો ઉપયોગ કરે છે. પ્રસંગોપાત્ત ભાત, ગોળ અને ઘી ખાય છે.

હાલમાં તેમના લગ્નપ્રસંગના ભોજનમાં ઘણો ફેરફાર આવ્યો છે. લાડુ, મોહનથાળ, પૂરી વગેરે પણ બનાવે છે. આરોગ્યપ્રદ ખોરાક, પાણી, પોશાક, શરીર વગેરે સંદર્ભે ઘણી ઓછી જાગૃતિ વર્તાય છે. આથી શરીરજન્ય રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે.

દહીં, દૂધ, છાશની ભરપૂર વપરાશ જોવા મળે છે. આ ઉપરાંત તેઓ ચાના વધુ બંધાણી હોય છે. મોટે ભાગે સ્ત્રીઓ ઘરકામ, પશુપાલન તેમ જ બળતણનાં લાકડાં લાવવાના કામમાં આખો દિવસ પોરવાયેલી જોવા મળે છે. પશુપાલનનો વ્યવસાય મુખ્યત્વે કરતા હોવાને કારણે પુરુષો નજીકના શહેર કે કસબામાં જઈને દૂધ–ઘી વેચી આવે છે. જેની ફેરી માટે સાંઢિયાનો ઉપયોગ કરતા. હાલમાં રાજદૂત કે અન્ય સાધનો યાતાયાત માટે જોવા મળે છે.

## રહેણીકરણી

સંયુક્ત પ્રકારની કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. એક જ ઓરડામાં સૌ રહે છે. કુટુંબમાં સભ્યસંખ્યા વધતાં મોટા દીકરાઓ પાસે જ નવું બીજું ઝૂંપડું બાંધે છે. આ રીતે તેમનો નેસનો વિસ્તાર વધવા પામે છે. પરસ્પર માનમરતબો જાળવતાં હોવાને કારણે ઘરમાં સંવાદિતતા વધુ જોવા મળે છે. પુરુષ પોતાની પત્નીને કે નાના ભાઈઓની વહુઓને તમે કહીને જ બોલાવે છે. લાજ કાઢવાનો રિવાજ નથી પરંતુ લગ્ન સમયે કન્યાને લાજ કાઢવી પડે છે. રબારી સમાજમાં કૌટુંબિક ઝઘડાઓના કારણે વિખવાદ થાય તો વાત ખૂનખરાબા સુધી પહોંચી શકે છે. વેર વાળવાનું ચૂકતા નથી. પરંતુ અન્ય સમાજ દ્વારા વ્યક્તિગત સામૂહિક અણબનાવના પ્રસંગોમાં સૌ એક થઈ જાય છે. One for all and all for oneનો પ્રત્યક્ષ અનુભવ આ કોમના સંપમાં જોવા મળે છે. આ માટે સંદેશો મોકલવાની રીત પણ આગવી હોય છે. આ પ્રકારના સંદેશાઓ એક નેસના કુટુંબની વ્યક્તિમાંથી બીજા નેસમાં આપે છે. પછી એ નેસની અન્ય વ્યક્તિઓ દ્વારા સંદેશો પહોંચાડાય છે. પરંતુ હવે સંદેશાવ્યવહાર માટે ઇલેક્ટ્રોનિક ગૅઝેટ્સ કે મોબાઇલનો ઉપયોગ કરતા થયા છે.

હિંસક પ્રાણીના આક્રમણ સમયે આજુબાજુના નેસવાળા ભેગા થઈ જાય છે. આ પ્રજા કસાયેલી હોય છે. પરંતુ પ્રકૃતિએ આળસુ જોવા મળે છે. તેઓ બીજી પ્રજા ઉપર જલદી વિશ્વાસ મૂકતા નથી, શંકા ઘણી કરે છે.

## ધાર્મિક ઉત્સવો

જાંજણી માતાની પૂજામાં ખૂબ આસ્થા ધરાવે છે. જેઠ સુદ અગિયારસે પોરબંદરના ભાણાવડ તાલુકાના કલ્યાણપુર પાસે આવેલ આ માતાના સ્થાનકે મોટો મેળો ભરાય છે. દરેક નેસમાંથી રબારીઓ આ મેળામાં જાય છે. માતાજીનું સ્થાપન થયું હોય ત્યાં ભૂવાઓ આવીને ધૂણે છે. ભૂવો ત્યાં ડાકલાં વગાડે છે. ભૂવાને સમસ્યા નિવારણ સંબંધી વિવિધ પ્રશ્નોત્તરી કરવામાં આવે છે. ભૂવાઓને જમાડવામાં આવે છે. મોટી માનતાને ‘કળશ’ કહેવામાં આવે છે. ભૂવાને પણ આ જમણમાં બોલાવવામાં આવે છે.

ભૂવા ધૂણતા બંધ થાય પછી માતાના મઢેથી ગોળ, ઘી અને ભાત ભોજનમાં પીરસવામાં આવે છે, જેને પ્રસાદરૂપે સૌ કોઈ અચૂક ગ્રહણ કરે છે. આ સમગ્ર ઉત્સવનો ખર્ચ સામૂહિક રીતે થાય છે. ખર્ચને કે ઉઘરાણીને તેઓ ‘ધૂપેડી’ કહે છે. નેસ માટે ચાર–પાંચ વ્યક્તિ મળી સરઘસ જેવું કાઢે છે. જેમાં એકના હાથમાં મોરનાં પીંછાંનો મોટો

ઝૂડો હોય છે. તેને ધૂપેડીની “ધની” કહે છે. ધૂપેડી ઉઘરાવનારને પૂજ્યભાવથી જોવામાં આવે છે. દરેક શક્તિ અનુસાર ધૂપેડી આપે છે. આ ઉઘરાણીનાં નાણાંમાંથી ખર્ચ અંગે નીતિમત્તા જાળવવામાં આવે છે.

માતાના સ્થાનકની બાજુના મેદાનમાં સાંઢ–દોડની હરીફાઈ રાખવામાં આવે છે. સૌ નાનાંમોટાં સ્ત્રીપુરુષો આ નિહાળે છે. નાચગાન કરે છે. ગુલાલ ઉડાડી શૂરાતન પ્રગટ કરે છે અને આનંદ વિભોર બને છે.

જાંજણી માતાની જેમ પૂજનું મહત્ત્વ વિશેષ છે. પૂજ એક જગ્યાએ ભરાતી નથી. દર વર્ષે જુદી જુદી માતાના સ્થાનકે ભરાય છે. પૂજ ભરાવવા માટે પણ ભૂવો દાણા જુએ છે.

શ્રાવણ માસના વદની સાતમ–આઠમના તહેવારનું મહત્ત્વ ધરાવે છે. આ બે દિવસ કોઈ દૂધ વેચતાં નથી કે દૂધ ડેરીમાં પણ ભરતાં નથી. કોઈને વિનામૂલ્યે આપે અથવા પાડા–પાડીને પિવડાવી દે છે.

### ધાર્મિક પરંપરા

રબારીઓ સમાધિ, પાળિયા અને ખાંભીની, પૂર્વજની પૂજામાં આસ્થા ધરાવે છે. નેસની બહાર વસવાટ કરતાં કુટુંબો પણ આ પૂજાના નૈવેદ્ય અને પહેરામણી કરવા ભેગા મળી માતાની પૂજા કરે છે. દરેક સારાનરસા કામમાં ભૂવા પાસે માતાના દાણા જોવડાવે છે. દાણા નક્કી કરેલી સંખ્યા પ્રમાણે પડે તો જ કામ કરવું એવું દ્રઢપણે માને છે. જૂની પરંપરાને જલદી છોડતા નથી જો તે છોડીએ તો માતા કોપાયમાન થાય એવું માને છે. સાથે જ તેઓ હિંદુ દેવ–દેવીઓની આરાધના કરે છે.

પશુઓમાં રોગચાળો ફેલાય ત્યારે માતાના ભૂવા પાસે દાણા જોવડાવે છે. નિશ્ચિત કામ પાર પાડવા માટે માનતા રાખે અને જો કામ થઈ જાય તો માનતા મુજબ નવ કે દસને જમાડે છે. જેને “સેલણ જમાડી” એવું કહે છે. આ જમણમાં પીણી કરે છે, તેમાં ઘી, ભાત, ગોળનું જમણ કરે છે. ઘી આગ્રહપૂર્વક રેડવામાં આવે છે.

# ૪.૨૨ કોટવાળિયા

### ઓળખ

આ સમુદાયનો મુખ્ય વસવાટ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વિશેષ જોવા મળે છે. કોટવાળિયા જાતિને વિટોલિયા, બરોડિયા, વાંસ-ફોડિયા તરીકે ઓળખવામાં આવે છે. વાંસકામ કરતાં હોવાને કારણે વાંસફોડિયા તરીકે ઓળખાવે છે. વિટોલિયા એટલે વટલાયેલા અને કોટવાળનું કામ કરતાં હશે એટલે કોટવાળિયા એવા શબ્દ પણ આ જાતિની ઓળખ માટે વપરાય છે.

ભારતના મહારાષ્ટ્ર રાજ્ય તરફથી ગુજરાતમાં આવ્યા હોય એવું માનવામાં આવે છે. એક અનુમાન એવું પણ કરવામાં આવે છે કે દ્રવિડો ભારતમાં આવ્યા તે પહેલાં આ સમુદાયની વસતિ ગુજરાત હશે. ગુજરાતમાં આ પ્રજાતિનો સમાવેશ આદિમ જૂથમાં કરવામાં આવે છે. (બરંડા બચુ, ૨૦૦૭–૫)

### વસતિ

આ જાતિનો વસવાટ ગુજરાતના સુરત, તાપી, નવસારી, નર્મદા, ભરૂચ, વલસાડ અને ડાંગ જિલ્લામાં જોવા મળે છે. ભારતની ૨૦૧૧ની વસતિગણતરી મુજબ ગુજરાતમાં તેની કુલ વસતિ ૨૪,૨૪૯ જેટલી છે. સાક્ષરતાનો દર ૩૮.૪૫ જોવા મળે છે.

### આવાસ, ઘરવખરી, આભૂષણ, બોલી

### આવાસ

ગુજરાતના અંતરિયાળ અને જંગલ વિસ્તારોમાં આ જાતિનો વસવાટ જોવા મળે છે. ઘરો વાંસ, છાણ, માટી અને લાકડાંમાંથી બનાવેલાં, કદમાં નાનાં અને કાચાં હોય છે. ગામના છેવાડે એકજૂથમાં આ સમુદાય મકાન બાંધે છે.

## ઘરવખરી

ઘરમાં જરૂરિયાત મુજબની સાધન–સામગ્રી રાખે છે. રસોડામાં જરૂરિયાત મુજબનાં ઍલ્યુમિનિયમ, સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો જોવા મળે છે. પરંપરાગત વાસણો માટીનાં, લાકડાનાં જ હતાં. માટીના કોબલા, પાણી માટે દોબટુ અને ચાટુ હોય છે. વિશેષમાં ઘરમાં અનાજ દળવાની ઘંટી.

આધુનિક ઇલેક્ટ્રોનિક સંસાધનો અલ્પ પ્રમાણમાં રાખે છે. છતાં ટેલિવિઝન, ટેપરેકોર્ડર, પંખા કે મોટરબાઇક, સાઇકલ જેવાં ભૌતિક ઉપકરણ જોવા મળે છે. ઓઢવા, પાથરવા માટેનાં ગાદલાં, ગોદડાં ખૂબ જ ઓછાં રાખે છે.

કોટવાળિયા જનજાતિની ઘરવખરીની સાથે શિકાર કરવાનાં સાધનો જોવા મળે છે. જેમાં માછલી પકડવાનો ગલ, ગીલોલ, ફાંસો હોય છે. વાંસકામ માટે કુહાડી, દાતરડું, સાદડી જોવા મળે છે.

## પહેરવેશ

વૃદ્ધ અને પ્રૌઢ પુરુષો લાંબો, પહોળો લંગોટ, કે ધોતિયું કમરથી નીચેના ભાગમાં બાંધે છે. કમ્મરથી ઉપરના ભાગે બંડી કે શર્ટ પહેરે છે. યુવાનો પેન્ટ–શર્ટ પહેરે છે. જ્યારે બાળકો ટૂંકી ચડ્ડી, પેન્ટ અને શર્ટ પહેરે છે.

સ્ત્રીઓ પાંચ હાથનો લૂગડાનો કટકો પહેરે છે. અને એટલા જ માપનો બીજો કટકો માથા ઉપર રાખે છે. કબજો રંગીન અને બટનવાળો પહેરે છે. બટન વગરના કબજાને તેઓ કપડાં તરીકે ઓળખે છે. જ્યારે યુવાન સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો (બ્લાઉઝ) અને છોકરીઓ સલવાર–કુર્તા પણ પહેરે છે.

## આભૂષણ

યુવાન સ્ત્રી ગળામાં ચાંદીનો દોરો, પરિણીત સ્ત્રી મંગળસૂત્ર અને નાકમાં સોનાની ચૂંક કે વાળી પહેરે છે. વૃદ્ધ સ્ત્રીઓ હાથમાં કડાં, પગમાં સાંકળાં ગળામાં કાળીગાંઠી, હાંસડી કે કંઠી પહેરે છે. આ ઘરેણાં ચાંદી કે નિકલ ધાતુનાં હોઈ શકે છે. વૃદ્ધ પુરુષો કાનમાં રૂપા કે ચાંદીની કડી પહેરે છે.

## બોલી

જે વિસ્તારમાં તેઓ વસવાટ કરે છે તે વિસ્તારમાં વસવાટ કરતા લોકોની બોલી જ તેઓ બોલે છે.

## આહાર

આ જાતિ શાકાહાર – મુખ્ય ખોરાક જુવારના રોટલા, ઢાંચલી(ભડકું), ખાટીભાજી, દાળ, કોદરી (એક જાતના ચોખા) હોય છે. સમયાંતરે માંસાહાર, માછલી જેમાં ખાસ કરીને બુમલા અને ઈંડાંનો ઉપયોગ કરે છે. ઘરના સભ્યો કે મહેમાનો માટેનાં પીણાંમાં દૂધ વિનાની કાળી ચા બનાવીને પીએ અને દારૂનું વ્યસન જોવા મળે છે. ધાર્મિક કે સામાજિક પ્રસંગોમાં દારૂ–તાડી પીએ, પૂરી–ભજિયાં વગેરે બનાવે છે.

## સામાજિક–સાંસ્કૃતિક જીવન

દેવમોગરા, દેવલીમાડી કે ગોવાળદેવ ઇષ્ટ દેવ–દેવી છે. વાર–તહેવારે ખતરાની પૂજાવિધિ કરે છે. જેમાં મરઘું કે બકરાં ચઢાવે છે. કૌટુંબિક જીવનમાં પડતી કોઈ પણ પ્રકારની મુશ્કેલીના હલ માટે ભગત–ભૂવાનો સહારો સૌપ્રથમ લે છે. મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા ધરાવે છે. એટલે ડાકણ–પિશાચ–ભૂતમાં વિશ્વાસ રાખે છે. ડાકણ હોય તે સ્ત્રી અડધી રાત્રે સ્મશાનમાં નિર્વસ્ત્ર જાય છે અને તાંત્રિક વિદ્યા કે મેલી વિદ્યા શીખે છે. પછી તે ફળિયા કે ગામમાં લોકોને હેરાન કરે છે. આવી અંધશ્રદ્ધામાં માને તેમ જ તેઓ પ્રેતાત્માના જીવનમાં પણ ખૂબ માને છે, તેનાથી ખૂબ ડરે છે.

પ્રવર્તમાન સમયમાં આ જનજાતિમાં ધર્મ-પરિવર્તન જોવા મળે છે. જેમાં વિશેષ તેઓએ (ખ્રિસ્તી ધર્મ) અંગીકાર કર્યો હોય એમ જણાય છે. આ ધર્મ અંગીકાર કર્યા પછી ચર્ચમાં જાય, ગળામાં ક્રૉસ પહેરે પરંતુ ઘરમાં પરંપરાગત દેવ–દેવીઓના ફોટા કે તેની પૂજા–અર્ચના તો કરે જ છે.

## વ્યવસાય

કોટવાળિયા જનજાતિ માટે વાંસ એ કલ્પવૃક્ષ છે.

પરંપરાગત વ્યવસાય એ વાંસકામનો જોવા મળે છે. આ સાથે તેઓ ખેતમજૂરી, મરઘાં ઉછેર, મત્સ્યઉદ્યોગ કે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે.

## રીતિરિવાજો

રજસ્વલા સ્ત્રીને ધાર્મિક, રસોઈનાં કાર્યો, સહશયન નિષેધ હોય છે.

સગર્ભા સ્ત્રીના ખોરાકમાં કોઈ વિશેષ ફેરફાર કરવામાં આવતો નથી. પ્રસૂતિ કરાવનાર સ્ત્રીને 'હુવાવરણડોહની' કહેવામાં આવે છે. પહેલાં પ્રસૂતિ કરાવવાના મહેનતાણા પેટે દારૂ, મરઘી અને સવા રૂપિયો આપવામાં આવતો, જેમાં ફેરફાર જોવા મળે છે. બાળકનો જન્મ  કરવામાં વધુ તકલીફ થાય તો ઇષ્ટ દેવ–દેવીઓની માનતા–બાધા રાખવામાં આવે છે. ઘરમાં દાયણ બહેનો પાસે કરાવવામાં આવતી સુવાવડમાં બાળકની નાળ બ્લેડ વડે કાપી જમીનમાં દાટવામાં આવે છે. પ્રસૂતા સ્ત્રીને પ્રસવ બાદના પહેલા પાંચ દિવસોમાં ઢીલો ભાત, ભાતની કાંજી (રાબ), સૂંઠ, ગોળ, કોપરું અને દારૂ આપે છે. પાંચ દિવસ બાદ સૂંઠ, ગોળ અને કોપરું આપવામાં આવે છે. સુવાવડની આભડછેટ પાંચ કે છ દિવસ રખાય છે. સ્ત્રી સુવાવડ બાદ દસ–બાર દિવસ પછી વાંસકામ કરી શકે છે. બાળકના જન્મના છઠ્ઠા દિવસે છઠ્ઠીની પૂજાવિધિ કરે છે, જેને "પાંચરોહ" કે 'પાંચરો" પૂજવો એ નામે ઓળખે છે. નવજાત શિશુનું નામ તેનાં માતા–પિતા પોતાની પસંદગીથી પાડે છે.

### સગાઈ

તરુણાવસ્થાએ થતા શારીરિક ફેરફારોને પરિપક્વતા ગણી તેમને લગ્નલાયક ગણવામાં આવે છે. એટલે કે તરુણાવસ્થાને લગ્નની અવસ્થા ગણવામાં આવે છે.

છોકરા–છોકરીની સગાઈ કરવામાં છોકરાપક્ષવાળા છોકરીને જોવા જાય છે. છોકરા–છોકરીઓ અને વડીલોની પસંદગીને આધારે સગાઈ ગોઠવાય છે.

### લગ્ન

પરણેતર છોકરા–છોકરીને પીઠી લગાવવામાં આવે છે. લગ્નની આગલી રાત્રે 'તારપું' એક પ્રકારનું વાજિંત્ર વગાડતાં સ્ત્રીપુરુષ બન્ને સાથે નૃત્ય કરે છે.

આ જાતિનાં લગ્નની શૈલીમાં કોઈ ખાસ વિશેષતા જોવા મળતી નથી. વરવધૂનું પૂર્વ દિશામાં મોં રાખીને લાકડાના પાટલા પર ઊભા રાખી ઘરની વડીલ સ્ત્રી કપાળે ચાંદલો કરે છે અને ચોખાથી વધાવી હાર પહેરાવે છે. હાર પહેરાવ્યા બાદ કન્યા વરને ચાંદલો કરીને ચોખાથી વધાવે છે. બંને એકબીજાને હાર પહેરાવે છે. વધૂના સાડીનો છેડો અને વરને નાંખેલ ખેસનો છેડો બાંધી એકબીજાના હાથ પકડાવવામાં આવે છે. દેવીના નામનો દીવો કરીને બન્નેને સામે ઊભા રાખી પ્રતિજ્ઞા લેવડાવે છે.

લગ્નવિધિ પૂર્ણ થયા બાદ ગાંઠ છોડવાની વિધિ કરે છે. લગ્નની રાત્રે સૌ નાચણું (નૃત્ય) કરે અને ગીતો ગાય છે.

### છૂટાછેડા

સ્ત્રીને ચારિત્ર્યહીન માની કે નથી ગમતી વગેરે કિસ્સામાં પુરુષ પતિ તરીકે પત્નીને છૂટાછેડા આપે છે. આ છૂટાછેડા જ્ઞાતિપંચ સામે નાણાં ભરીને લઈ શકાય છે. જેમાં જ્ઞાતિપંચ દ્વારા પ્રથમ તો સમાધાનના જ પ્રયાસ કરવામાં આવે છે. જો આમાં બંને પક્ષ ન માને તો છૂટાછેડા આપવામાં આવે છે.

પુનઃલગ્ન વિધવા, વિધુર કે છૂટાછેડા થયેલ સ્ત્રીપુરુષ બન્ને કરી શકે છે. આ પ્રકારનાં લગ્ન ખૂબ સાદાઈથી કરવામાં આવે છે.

### મૃત્યુ

મૃત્યુ પામનાર વ્યક્તિના નશ્વર દેહને જમીન પર ઉત્તર દિશામાં ખાંડણિયા પાસે માથું રહે એ રીતે સુવડાવવામાં આવે છે. ત્યાર બાદ તેને સ્નાન

કરાવી નવાં કપડાં પહેરાવવામાં આવે છે. તેના માથાની નીચે છરી, ચપ્પુ કે દાતરડું મૂકવામાં આવે છે. મોઢામાં ચોખામાંથી બનાવેલ ઢાંચલું મૂકવામાં આવે છે. મૃતદેહ માટેની નનામી વાંસથી તૈયાર કરવામાં આવે છે, તેને તેઓ 'ગોઠડી' કહે છે. તેના પર સુવડાવી તેના પર કંકુ–ચોખા અને કપડું ઢાંકે છે. નનામી સગાંવહાલાં અને દીકરો ઊંચકે છે. આ નનામીને ઘરની આસપાસ ફેરવ્યા બાદ સ્મશાને લઈ જવામાં આવે છે. આમ કરવાનું તાત્પર્ય બતાવવામાં આવે છે કે મૃત વ્યક્તિ ભૂત–પ્રેતની યોનિમાં જાય તો તેને રસ્તો ભુલવાડવાનો છે. મૃત્યુ બાદ તે કુટુંબીજનો કે સ્વજનોને હેરાન ન કરે એ માન્યતા આ પાછળ છુપાયેલી જોવા મળે છે.

સ્મશાને લાકડાની ચિતા ફરતે મૃતદેહને પાંચ વખત ફેરવવામાં આવે છે, પછી મૃતદેહને ચિતા પર મૂકે અને મરનાર વ્યક્તિનો મોટો દીકરો મૃતદેહના મુખ ઉપર 'ઢાંચલું' અને 'દારૂ' મૂકે છે. ત્યાર બાદ હાંડલીમાં લાવેલા અગ્નિથી દાહ મૂકે છે. અગ્નિસંસ્કાર બાદ સૌ નદી કે કૂવા પર સ્નાન કરે છે.

આ સમુદાયમાં ખતરાનો રિવાજ સવિશેષ જોવા મળે છે. મૃતાત્માનું ખતરું ન બેસાડવામાં આવે તો મૃતદેહ ભૂતપ્રેત બની હેરાન કરે એવી માન્યતા દ્રઢપણે જોવા મળે છે. (બરંડા બચુ, ૨૦૦૭–૮, "ગુજરાતના આદિવાસી" )

## ૪.૨૩ નાયકા

### ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

પ્રાચીન સમયમાં મધ્ય ગુજરાતના હિંદુ રાજાઓના શાસનમાં લશ્કરમાં સેનામાં નેતા તરીકેની ફરજ બજાવતા હોવાને કારણે નાયક–નાયકડા તરીકે આ સમુદાય ઓળખાયો.

આ નાયક પ્રજાને કોઈ પણ બાબતમાં તૈયારી કરી શકે એવો અધિકાર ધરાવનાર પ્રભાવશાળી નેતા પણ કહેવાય છે.

આ નાયક–નાયકડા ભીલની એક પ્રજાતિ કે પેટાજાતિ હોય એવું માનવામાં આવે છે. નાયક–નાયકડા જાતિમાં મુખ્યત્વે ત્રણ પેટા જાતિ જોવા મળે છે – (૧) ઊંચા નાયકા (૨) નીચા નાયકા (૩) ચોળીવાળા નાયક – આ ત્રણેય જાતિનો એકબીજાની વચ્ચે આંતરિક સામાજિક વ્યવહાર નથી. (પટેલ ગુલાબ, ૧૯૮૩–૧૦)

### વિસ્તાર

આ જનજાતિ મુખ્યત્વે ગુજરાતના વલસાડ, તાપી, સુરત, ડાંગ, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા–ઉદેપુર, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં જોવા મળે છે.

### વસતિ

નાયક–નાયકડાઓની ૨૦૧૧ પ્રમાણે કુલ વસતિ ૪,૫૯,૯૦૮ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૨,૩૨,૯૬૫ છે. જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ ૨,૨૬,૯૪૩ છે. ઊંચા નાયકાની વસતિ વલસાડ અને સુરતમાં જોવા મળે છે. નીચા નાયકાની વસતિ પંચમહાલ જિલ્લામાં જોવા મળે છે.

### શિક્ષણ

નાયક જાતિમાં શિક્ષણનું પ્રમાણ ૩૫.૫૭ જેટલું છે. જેમાં સ્ત્રીઓ ૭૭,૦૩૨ અને ૧૧,૩૬૨ પુરુષો સાક્ષર છે.

આ પ્રજાતિ જે પ્રદેશ અને અન્ય જે જ્ઞાતિ વચ્ચે વસવાટ કરે છે, તે મુજબ ઘરની બાંધણી, રહેણીકરણી જોવા મળે છે.

### આવાસ

આ જનજાતિના લોકોનાં ઘરોમાં છાપરાં છાજથી છવાયેલાં, દેશી કે વિદેશી નળિયાંવાળાં, અર્ધ છાજનાં અને અડધા નળિયાંવાળાં અને પાકાં જોવા મળે છે. ઘરની દીવાલો વાંસની કામઠી, કપાસ, તુવેરની સાંઠી, ખજૂરીનાં છટિયાં, તાડનાં પાંદડાં, બરુ, અંકોલ કે ઉમરડા જેવાં ઝાડની

પાતળી સોટી તથા કાંસર જેવાં ઘાસ વડે અને છાણ–માટીનાં લીંપણથી બનાવેલી હોય છે. ઘરમાં મુખ્યત્વે એક કે બે ઓરડા જોવા મળે છે.

આ જનજાતિ પોતાના ઘરમાં જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓ રાખે છે. રસોડામાં માટી, ઍલ્યુમિનિયમ, સ્ટીલનાં વાસણો, આ ઉપરાંત ખાટલા, ટોપલા–ટોપલીઓ, અનાજ દળવાની ઘંટી, મત્સ્ય ઉદ્યોગોનાં સંસાધનો વગેરે રાખે છે. ઘરમાં પીવાના પાણીનાં માટલાં મૂકવા ઘરમાં પાણિયારું બનાવે છે.

હાલમાં પરંપરાગત રાચરચીલાની સાથે આધુનિક ભૌતિક ઇલેક્ટ્રોનિક, ઇલેક્ટ્રિક ઉપકરણો પણ તેમનાં ઘરોમાં જોવા મળે છે.

## પહેરવેશ

પરંપરાગત રીતે પુરુષોનો પોશાક એ ધોતિયું, ખમીશ તેમ જ માથે ટોપી કે રૂમાલ જોવા મળે છે. જ્યારે સ્ત્રીઓ કબજો, આખી સાડી પહેર્યા બાદ તેને પગ વચ્ચેથી કછોટો મારીને પહેરે છે. હાલના સ્ત્રી અને પુરુષોના પહેરવેશમાં આધુનિકતાની અસર જોવા મળે છે.

## આભૂષણ

મોટી ઉંમરની સ્ત્રીઓ પગમાં ચાંદીનાં કલ્લાં કે સાંકળાં પહેરે છે. હાથમાં બંગડી અને નાકમાં સોનાની નથ પહેરે છે. હાલના સમયમાં સ્ત્રીઓ ગળામાં ચાંદીનું મંગળસૂત્ર પણ પહેરે છે.

## બોલી

શાબ્દિક વ્યવહાર માટે એમની ભાષા નથી પરંતુ બોલી છે. મુખ્યત્વે જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારને અનુરૂપ બોલે છે. હાલમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ વધતો હોય એવું જોવા મળે છે.

## આહાર

દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતાં નાયકા જાતિનાં કુટુંબો મુખ્યત્વે ચોખાના રોટલા, જુવારના રોટલા, શાક, દાળ અને ભડકું(ધાન)નો ખોરાકમાં ઉપયોગ કરે છે. જ્યારે મધ્યગુજરાતમાં વસવાટ કરતાં કુટુંબો તેમના રોજિંદા ખોરાકમાં અડદ, તુવર, મકાઈ, જુવાર કે બાજરીના રોટલા, શાક, દાળનો ઉપયોગ કરે છે.

તહેવારોમાં મિષ્ટાન્ન અને ફરસાણ તેમ જ માંસાહારમાં તેતર, સસલાં, મરઘી અને બકરાનું માંસ તેમ જ માછલીનો ઉપયોગ કરે છે.

રોજિંદા વ્યવહારમાં કે ધાર્મિક સામાજિક પ્રસંગોએ દારૂ, તાડી કે ચાનો પીણાં તરીકે ઉપયોગ કરે છે. આ પીણાં સ્ત્રીપુરુષ કે બાળકો પીએ છે. જે પીવા ઉપર કોઈ નિષેધ જોવા મળતો નથી.

## લગ્ન

નાયકાઓમાં ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે. માતાના ગોત્રમાં લગ્ન નિષેધ છે.

## ધાર્મિક માન્યતા

આ જાતિનાં ઘરોમાં હિરવાદેવ, ગૌરી હોલો, કણસવીદેવી, મોમાઈ, જળદેવ, હિમલીયો દેવ, ભરમદેવ, ઝાંપલીઓ દેવ, બાળદેવ, કુંવારો દેવ, ગામખેડી માતા, વાઘેશ્વરી માતા, વાઘયો દેવ, ખતરી દેવ, અગાસી માતા, ચાપલી દેવી વગેરે દેવ–દેવીઓની ધાર્મિક તહેવારોમાં કે નિયમિત રીતે પૂજા થતી જોવા મળે છે. ધાર્મિક–સામાજિક પ્રસંગે કે મુશ્કેલીના ઉકેલ માટે ભગત–ભૂવા પાસે સલાહ લે છે. તેઓ અનાજની વાવણી પહેલાં સામાજિક, ધાર્મિક કે અન્ય કોઈ પણ પ્રકારની કામગીરી કરતાં પહેલાં દેવ–દેવીઓને દારૂની શાખ પાડી મરઘાનો ભોગ ચઢાવ્યા બાદ જ કાર્યની શરૂઆત કરે છે.

## અર્થોપાર્જન

આ જાતિના લોકો પરંપરાગત રીતે ખેતી, ખેતમજૂરી, જંગલનાં જલાઉ લાકડાં એકઠા કરવા, ગૌણ વનપેદાશો એકઠી કરવી, માછલાં પકડવા જેવા વ્યવસાય કરે છે. જે કુટુંબો ખેતી કરે છે તે પશુપાલનનો ગૌણ વ્યવસાય કરતા હોય એવું જોવા મળે છે.

જે કુટુંબના સભ્યોએ અર્થોપાર્જન માટે કાયમી રીતે સ્થળાંતર કરી શહેરમાં આવીને વસવાટ કર્યો હોય તે કુટુંબોના સભ્યો છૂટક મજૂરી, ખાનગી કે સરકારી નોકરી કરતા જોવા મળે છે.

સામાજિક ન્યાયિક પ્રક્રિયા અને સામાજિક નિયંત્રણ માટે જ્ઞાતિપંચ એ આગવી ભૂમિકા અદા કરે છે. પરંપરાગત ઢબે ખેતીનાં ઓજારો વધુ જોવા મળે છે. પરંતુ હાલમાં કેટલાંક કુટુંબોમાં ખેતીનાં આધુનિક ઉપકરણો પણ જોવા મળે છે.

પિતૃસત્તાક સમાજવ્યવસ્થા હોવાથી મિલકતનો અધિકાર પુત્રને મળે છે.

સ્ત્રી રજસ્વલા થાય તેને 'નાવણ' કે 'ડોયધોવની' કહે છે. માસિકના પાંચ દિવસ સ્ત્રીને ઘરમાં રસોઈકામ, પાણી ભરવું કે ધાર્મિક કામ કરવા અંગે નિષેધ હોય છે. પરંતુ તેને ઘરની બહારનાં કામો જેમ કે દુધાળાં પશુ સંલગ્ન કામો કે ખેતી જેવાં કામો કરવા ઉપર નિષેધ નથી હોતો.

પરિણીત સ્ત્રીને તેના ગૃહસ્થાવસ્થા દરમિયાન માસિક આવતું એકદમ બંધ થાય, ઊલટી–ઊબકા થાય કે ચક્કર આવે ત્યારે તે સ્ત્રી ગર્ભવતી થાય એવું અનુમાન લગાવવામાં આવે છે. કેટલીક પરિણીત સ્ત્રી પોતાના પતિને ગર્ભ રહ્યાની જાણ કરે છે. ગર્ભધારણને ઈશ્વરકૃપા ગણે છે. જો પરિણીત દંપતીને બાળક ન થતાં હોય તો દેવ–દેવીઓની માનતા રાખે છે.

સ્ત્રીના સગર્ભાવસ્થાના છઠ્ઠા માસે હિંદુ વિધિ મુજબ પૂજા કરવામાં આવે છે અને પ્રસૂતિ સ્ત્રીના પિયરમાં જ કરવામાં આવે છે. સગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીના રોજિંદા ખોરાકમાં કોઈ વિશેષ ફેરફાર જોવા મળતો નથી. સ્ત્રીરોગ–નિષ્ણાત કે તજ્જ્ઞ પાસે સુવાવડ કરાવવા કરતાં દાયણ બહેનો પાસે સુવાવડ કરાવવાનું વલણ વધુ જોવા મળે છે. સુવાવડ ઘરના જ એક ઓરડામાં કરવામાં આવે છે.

પ્રસવ કરાવનાર દાયણ બહેનને નાણાં તેમ જ કપડાં, ભોજન અને એક વાસણ આપવાનો રિવાજ જોવા મળે છે. નવજાત શિશુના નામ બાળકની ફોઈ અથવા ઘરના વડીલો રાખે છે. બાળકના જન્મના ત્રણ ચાર માસ બાદ જન્મના વાળ ગામના વાળંદ પાસે ઉતારવાનો રિવાજ જોવા મળે છે. જેના વળતર રૂપે તેને નાણાં કે ધોતી આપવામાં આવે છે.

આ સમાજ ઉપર હિંદુત્વની અસર જોવા મળે છે. લગ્નના રીતિરિવાજોમાં જોઈએ તો છોકરીના ૧૫ વર્ષ બાદ કોઈ પણ વર્ષે સગાઈ થાય એવું જોવા મળે છે. માતા–પિતા તેમ જ છોકરા–છોકરીઓની પસંદગીથી સગાઈ નક્કી કરવામાં આવે છે. સગાઈની વાત છોકરાના કુટુંબીજનો તરફથી મૂકવામાં આવે છે.

નાયકાઓમાં ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે. સગોત્ર લગ્ન તેમ જ માતાના ગોત્રમાં લગ્ન નિષેધ છે. લગ્ન પ્રસંગે ગણેશપૂજા કરી હળદર અને તલ સૌપ્રથમ જુવાન કન્યાઓ દ્વારા કરવામાં આવે છે. એ બે જ છોકરીઓ જેમણે ખાંડણિયું ખાંડ્યું હોય એ જ તેને માથામાં તેલ નાંખી નવરાવે અને એ જ પહેલી પીઠી લગાવે ત્યાર બાદ ઘરના અન્ય સભ્યો લગાવે એવો રિવાજ જોવા મળે છે. પીઠી લગાવ્યા બાદ ચોથા દિવસે મંડપ સ્થાપન કરે છે. હાલમાં લગ્નમંડપમાં કુલેકામાં, જાનમાં આધુનિક ઇલેક્ટ્રિક–ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ વધી રહ્યો છે. મંડપમુહૂર્ત બાદ ગામમાં કુલેકુ ફેરવવામાં આવે છે. ત્યાર બાદ પાંચમા દિવસે જાન કન્યાના ઘરે ખાનગી વાહનમાં જાય છે. લગ્ન સમયે વરપક્ષ તરફથી કન્યાને ચાંદીના દાગીના અને કપડાં આપવામાં આવે છે.

### છૂટાછેડા

આ સમાજમાં છૂટાછેડા, પુનર્લગ્નને સામાજિક માન્યતા મળેલી છે.

### મૃત્યુ

કોઈ પણ કુટુંબમાં વ્યક્તિનું અવસાન થાય તો તેની જાણ સૌપ્રથમ ગામમાં હરિજન કુટુંબને કરવામાં આવે છે. તે ગામમાં સૌને જાણ કરે છે. મૃતદેહને કફન ઓઢાડતાં પહેલાં મોં ઉપર હળદર

લગાવવામાં આવે છે. વાંસની નનામી બનાવી તેના ચારેય ખૂણે નાળિયેર મૂકવામાં આવે છે. મરનાર વ્યક્તિ દ્વારા વપરાયેલ તમામ વસ્તુઓ બહાર અવાવરી જગ્યાએ મૂકવામાં આવે છે. મૃતદેહને પુરુષો સ્મશાન લઈ જાય ત્યારે સ્ત્રીઓ પહેલા વિસામા સુધી જ જાય છે. અગ્નિદાહ બાદ પુરુષ–સ્ત્રી બધાં જ સ્નાન કરે છે. બાર દિવસ સુધી ઘરના સભ્યો રાત્રે રાત્રે ઈશ્વર સ્મરણ, ભજનકીર્તન કરે છે. મૃત્યના બાર દિવસ બાદ બારમા–તેરમાની વિધિ કરે છે.

આમ, નાયક–નાયકાની જીવનશૈલી ઉપર હિંદુ સામાજિક–ધાર્મિક જીવનશૈલીની અસર સવિશેષ જોવા મળે છે.

## ૪.૨૪ બાવચા

બાવચા જાતિ ગુજરાતમાં મહારાષ્ટ્ર રાજ્યમાંથી રાજકીય અને આર્થિક કારણોસર આવીને વસી હોય એવું ઐતિહાસિક પુરાવાઓને આધારે જાણવા મળે છે. આ જાતિના લોકો મરાઠા શાસનકાળ સમયે છત્રપતિ શિવાજીના લશ્કરમાં ફરજ બજાવતા હતા એવું એમના પરંપરાગત લોકવાયકા સમુદાયના વડવા પાસેથી જાણવા મળે છે.

ગુજરાતમાં મુખ્યત્વે આ જાતિનો વસવાટ જોઈએ તો આઝાદી પૂર્વે જ્યાં ગાયકવાડી સ્ટેટ્સ (થાણાં) હતાં ત્યાં જોવા મળે છે. એટલે કે અમદાવાદ, વડોદરા, ખેડા, ગોધરા, ભરૂચ, મહેસાણા અને પાટણ જિલ્લાઓમાં જોવા મળે છે. જે પૈકી સૌથી વધારે વસતિ અમદાવાદ અને વડોદરામાં જોવા મળે છે. (બરંડા બચુભાઈ, ૨૦૦૭)(મુસ્તા અલી મશવી, ૧૯૮૨)

બાવચા જાતિ બામચાથી પણ ઓળખાય છે. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે ગુજરાતમાં તેમની કુલ વસતિ ૨૮૮૯ છે. જેમાં પુરુષોનું પ્રમાણ ૧૫૩૬ અને સ્ત્રીઓની સંખ્યા ૧૩૫૩ છે. કુલ ૦.૦૩ % વસતિ બાવચાની ગુજરાતમાં જોવા મળે છે. ૨૦૦૧માં કુલ વસતિ ૦.૦૬ ટકા વસતિ બાવચા જાતિની ગુજરાતમાં જોવા મળી હતી. ક્રમશઃ આ જાતિની વસતિમાં ઘટાડો થતો જોવા મળે છે.

### ઓળખ, વિસ્તાર, શિક્ષણ, ખોરાક અને બોલી

### આવાસ

બાવચા જાતિનો મુખ્ય વસવાટ ગ્રામ્ય કરતાં શહેરી ગરીબ, ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જોવા મળે છે. ઘર ઈંટ, સિમેન્ટના સ્લેબવાળાં પાકાં મકાનો અને માટીનાં કાચાં મકાનો પણ જોવા મળે છે.

પરંપરાગત અને આધુનિક રાચરચીલું ઘરની આર્થિક સ્થિતિ મુજબ જોવા મળે છે. વાસણો માટી, પ્લાસ્ટિક, કાચ, ઍલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા, સ્ટેનલેસ સ્ટીલનાં જોવા મળે છે. ઘરવપરાશમાં ભૌતિક ઇલેક્ટ્રોનિક અને ઇલેક્ટ્રિક ઉપકરણો તેમનાં ઘરોમાં જોવા મળે છે.

### પહેરવેશ

પરંપરાગત પહેરવેશમાં પુરુષો પોતડી, ખમીશ પહેરે છે. અને ફેંટો બાંધે છે. જ્યારે સ્ત્રીઓ બ્લાઉઝ, સાડી કછોટા મારીને પહેરે છે. આ પોશાકમાં હાલ પરિવર્તન જોવા મળે છે.

### આભૂષણ

સ્ત્રીપુરુષ બંને સોના–ચાંદીનાં ઘરેણાં પહેરે છે. સ્ત્રીઓ કાને બુટ્ટીઓ, સોના કે ચાંદીના હાર, હાથેકડા, વીંટી, બંગડી પહેરે છે. નાકમાં ચૂંક, પગમાં છડા કે સાંકળાં પહેરે છે. પુરુષો આભૂષણ રૂપે હાથની આંગળીઓમાં સોના–ચાંદીની વીંટી અને ગળામાં સોના કે ચાંદીનો અછોડો પહેરે છે.

### ભાષા

શાબ્દિક વ્યવહારમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે. જેનો લહેકો મરાઠી જેવો જોવા મળે છે.

### ખોરાક

આ જાતિ શાકાહારી અને માંસાહારી બંને પ્રકારનો ખોરાક લે છે. મુખ્યત્વે શાકાહારમાં ઘઉં, ચોખા, બાજરી, કઠોળ, શાકભાજી અને માંસાહારમાં

મરઘાં–બકરાંનું માંસ ખાય છે. પ્રસંગોપાત્ત અલગ અલગ ફરસાણ અને મિષ્ટાન્ન બનાવે છે.

દૈનિક જીવનમાં ચાનો પીણા તરીકે ઉપયોગ કરે છે. બાવચાઓમાં જન્મના પ્રસંગથી લઈ મૃત્યુ સુધીના પ્રસંગોમાં દારૂને પીણા તરીકે સ્થાન મળ્યું છે. શુભ પ્રસંગોમાં મહેમાનોની સરભરા માટે તેનો ઉપયોગ થતો જોવા મળે છે.

## શિક્ષણ

૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે સાક્ષર વ્યક્તિઓ ૧૮૯૯ છે. જેમાં ૧૦૯૮ પુરુષો સાક્ષર છે, જ્યારે ૮૦૧ સ્ત્રીઓ સાક્ષર છે. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

## સામાજિક–ધાર્મિક માન્યતા

આ સમુદાયના લોકો હિંદુ ધર્મ પાળતા હોવાને કારણે હિંદુઓનાં ધાર્મિક દેવી–દેવતાઓની પૂજા–અર્ચના કરે છે અને એમના જ તહેવારોની ઉજવણી કરે છે. ઉજવણીની સમગ્ર પૂજાવિધિઓ ભૂવા–ભગત મારફત કરાવે છે.

## અર્થોપાર્જન

પરંપરાગત વ્યવસાય વાંસમાંથી ટોપલા–ટોપલીઓ બનાવવાનો છે. પરંતુ આજે શહેરીકરણને કારણે તે લુપ્ત થતો જોવા મળે છે. આ સમુદાયના લોકો આર્થિક ઉપાર્જન માટે ખાનગી કંપનીમાં નોકરીઓ કરે છે અથવા છૂટક મજૂરી કરતા જોવા મળે છે.

## જ્ઞાતિપંચ

આ સમુદાયમાં જાતિપંચનું આગવું સ્થાન છે. આ પંચમાં મુખી–કોટવાલ અને તેના સભ્યો જોવા મળે છે. જાતિપંચ કે જ્ઞાતિપંચ દ્વારા સામાજિક પ્રશ્નો, આંતરિક સંઘર્ષ તેમ જ આર્થિક લેવડદેવડના પ્રશ્નોનું સમાધાન કે નિરાકરણ લાવવામાં આવે છે. શૈક્ષણિક વિકાસ અને પરિવર્તનને કારણે દીવાની કોર્ટનો આશરો લેતા જોવા મળે છે. સ્ત્રીના રજસ્વલા થવાના સમયને તેઓ 'છેટી બેઠી' કે 'હાથ ચોખ્ખો નથી' એમ કહે છે. સ્ત્રીના માસિકના ચાર દિવસો દરમિયાન સામાજિક–ધાર્મિક કામમાં તેની હાજરીને નિષેધ ગણવામાં આવે છે. ઘરનાં કામ કે ઘરની ચીજવસ્તુઓને અડવા ઉપર પણ બાધ હોય છે. ગર્ભધારણને ઈશ્વરકૃપા માનવામાં આવે છે. સ્ત્રી ગર્ભધારણ ન કરી શકે તે સમયે દેવ–દેવીઓની બાધા–માનતામાં વિશેષ શ્રદ્ધા ધરાવે છે. પ્રથમ વખત સગર્ભા સ્ત્રીની સાતમા માસે સીમંતની (ખોળો ભરવો) વિધિ કરે છે. સ્ત્રીની પ્રથમ પ્રસૂતિ તેના માતા–પિતાના ઘરે કરવામાં આવે છે. પરંપરાગત ઢબે જ્ઞાતિની જ દાયણ બહેનો પાસે પ્રસૂતિ કરાવતાં હતાં. દાયણ બહેનોને પ્રસૂતિ કરાવવાના વળતર પેટે નાણાં અને સીધુંસામાન આપવામાં આવે છે. હાલમાં સુવાવડ સ્ત્રી–રોગ–નિષ્ણાત તબીબના રુગ્ણાલયમાં કરવામાં આવે છે.

બાળકના જન્મના છઠ્ઠા દિવસે, દશમા દિવસે કે સવા માસે ધાર્મિક વિધિ કરવામાં આવે છે. આ વિધિ કુટુંબની આર્થિક સ્થિતિ મુજબ કરવામાં આવે છે. જન્મેલ બાળકના પિતાની બહેન–ફોઈ, સગાંસંબંધી કે બ્રાહ્મણ નામ પાડે છે. સામાજિક, કૌટુંબિક સમસ્યા, વિખવાદ, આર્થિક મૂંઝવણોના ઉકેલ જાતિપંચ દ્વારા મેળવવામાં આવે છે.

## લગ્ન

લગ્નમાં સગોત્ર લગ્ન નિષેધ છે. ગોત્ર વ્યવસ્થા જોવા મળતી નથી. તેમ છતાં મામા–ફોઈનાં લગ્ન વર્જ્ય ગણાય છે. લગ્નની ઉંમર ધરાવતાં ૧૫થી ૨૫ વર્ષનાં છોકરા–છોકરી સ્વપસંદગીથી પાત્રની શોધ કરી શકે છે. લગ્નમાં ધાર્મિક વિધિ કોટવાળ કરાવે છે. છોકરીવાળાને ઘરે જાન વાજતે–ગાજતે લઈને જાય છે. ત્યાં કન્યાપક્ષ સ્વાગત કરે છે. ભોજનવિધિ બાદ લગ્નની વિધિ શરૂ થાય છે. હિંદુ ધર્મની લગ્નવિધિ તેમના સમાજનાં લગ્નોમાં જોવા મળે છે. ત્યક્તા–વિધવા–વિધુર સ્ત્રી–પુરુષ પુનઃલગ્ન કરી શકે છે. પુરુષનાં પુનઃલગ્ન કુંવારી છોકરી સાથે થતાં હોય એવું પણ જોવા મળે છે. આ જાતિ શહેરી ગરીબ ઝૂંપડપટ્ટી

વિસ્તારમાં વસતી હોવાથી ઉત્સવ સમયની નાચ–ગાનની શૈલી વીસરાતી જતી હોય એવું જોવા મળે છે.

### મૃત્યુ

વ્યક્તિ મૃત્યુ પામે પછી તેના નશ્વર દેહને ઘરમાં જમીન પર સુવડાવવામાં આવે છે. સુવડાવતાં પહેલાં તે જગ્યાને છાણ–માટીથી લીંપવામાં આવે છે. ત્યાર બાદ ઘરના તેમ જ સગાંસંબંધીમાંથી પુરુષો દ્વારા વાંસની નનામી બનાવવામાં આવે છે. નનામીના ચારેય ખૂણે નાળિયેર બાંધવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવી નવાં કપડાં પહેરાવવામાં આવે છે. મૃતદેહને પીઠી, સિંદૂર, ચોખા, ગુલાબ વગેરે ચઢાવવામાં આવે છે. સ્મશાન સુધી પહોંચતાં રસ્તામાં અનાજ, છૂટા પૈસા અને જલેબી વગેરે નાખવામાં આવે છે. સ્ત્રીઓને સ્મશાન સુધી જવા પર પ્રતિબંધ છે. સ્મશાનયાત્રા શરૂ થવાના પ્રથમ વિસામા સુધી સ્ત્રીઓ જઈ શકે છે. મૃત્યુ પામનાર વ્યક્તિનો પતિ, પિતા, મોટા ભાઈ અગ્નિદાહ મૂકે છે. મૃતદેહ સળગી ગયા બાદ સૌ પુરુષ ઘરે કે બહાર કૂવાએ સ્નાન કરે છે ત્યાર બાદ છઠ્ઠા દિવસે સુંવાળા (વાળ) ઉતારવા અને મૃત્યુના અગિયારમા–બારમે દિવસે ધાર્મિક વિધિ કરે છે. મૃત વ્યક્તિની યાદમાં પાળિયા મૂકે છે.

## ૪.૨૫ રાઠવા

### ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

મુંબઈ ગૅઝેટિયર ૧૮૨૫ની નોંધને આધારે કહીએ તો રાઠવા જાતિ મધ્યપ્રદેશના માડવા નજીક અલીરાજપુર પાસેના રાઠ વિસ્તારમાંથી આવ્યા છે. ભાષાશાસ્ત્રીય જ્યોર્જ ગ્રિયર્સન લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયાના (૧૯૦૭) નવમા ગ્રંથમાં રાઠવા જાતિ વિશે લેખિત નોંધ દર્શાવે છે કે ભિલ્લાઓ અડધા રાજપૂત અને અડધા ભીલી જાતિનું મિશ્રણ છે. રાઠવાઓ તેનું નાનું પેટાજૂથ છે. વધુમાં તેમણે લખ્યું છે કે રાઠવાઓ રેવાકાંઠા એજન્સીના અલીરાજપુરમાં આવેલા 'રાઠ' વિસ્તારના વતની છે.

રાઠવા આદિવાસીઓ એક એવો સામાજિક સમૂહ છે જે એક પ્રદેશમાં રહેનારો, સમાન ભાષા બોલનારો, સમાન રિવાજો અને સંસ્કૃતિનું જતન કરનાર તથા પ્રાકૃતિક જીવન જીવનારો સમાજ છે.

રાઠવા શબ્દ રાઠોળ, રાષ્ટ્રીય કે રાષ્ટ્રકૂટો ઉપરથી આવ્યો હોવાનો કે છોટાઉદેપુરના રાઠ પરગણા ઉપરથી આવ્યો હોવાની સંભાવના છે.

### વસતિ

ગુજરાતમાં રાઠવાઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાઓમાં છે. ૨૦૧૧ની વસતિગણતરી પ્રમાણે તેમની કુલ વસતિ ૬,૪૨,૩૪૮ છે. એટલે કે ગુજરાતની આદિવાસીઓની કુલ વસતિના ૭.૨૦ ટકા વસતિ રાઠવાઓની છે. જેમાં ૩,૨૫,૫૫૦ પુરુષો અને ૩,૧૬,૭૯૮ સ્ત્રીઓની સંખ્યા છે. ૨૦૦૧ની તેમની કુલ વસતિ ૭.૧૬ ટકા હતી. તેમાં નજીવો વધારો જોઈ શકાય છે.

### આવાસ

આ જાતિના મકાનની ગૂંથણી તેના આર્થિક સ્તરનું સૂચન કરે છે. આર્થિક રીતે નબળા વર્ગનાં ઘર કાચાં–વાંસનાં ખપાટિયાં, છાણ–માટીના લીંપણવાળાં, ઘરની છત દેશી–વિલાયતી નળિયાંવાળી કે પાંદડાંની જોવા મળે છે. જે આર્થિક સુખસંપન્ન છે તેમનાં મકાનોની ઘરની દીવાલ રેતી–સિમેન્ટની અને છત સ્લેબવાળી જોવા મળે છે.

આ જાતિનાં કુટુંબોના ઘરમાં પરંપરાગત રીતે ખાટલા, ગોદડાં, લાકડાં, પતરાના કબાટ, પેટી, ફાનસ, અનાજ ભરવાની કોઠી, શિકારનાં સાધનો, માછલાં પકડવાની જાળ જોવા મળે છે. ઘરના રસોડામાં ઍલ્યુમિનિયમ, માટી, ચિનાઈ માટી, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, કાચ તેમ જ પ્લાસ્ટિકનાં વાસણો જોવા મળે છે.

આ ઉપરાંત આધુનિકીકરણની અસરને કારણે ઇલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો આર્થિક સ્થિતિ પ્રમાણે જોવા મળે છે.

## પહેરવેશ

આ જાતિના પરંપરાગત પોશાકમાં પુરુષો, ખમીશ, લંગોટી આગળ ખૂલે તે રીતે પહેરે છે. સ્ત્રીઓ રંગબેરંગી કબજો, ઘાઘરો અને ઓઢણી કે સાડલો પહેરે છે. તેઓ કમરે સૂતરનો રંગબેરંગી કંદોરો બાંધે છે. હાલમાં સ્ત્રી–પુરુષના પરંપરાગત પોશાકમાં પરિવર્તન જોવા મળે છે. તહેવારોમાં પુરુષો રંગીન શર્ટ, ધોતી કે ફાળિયું, માથે લાલ અથવા પીળા રંગની પાઘડી બાંધે છે.

રાઠવા જાતિનાં સ્ત્રી–પુરુષોનાં શારીરિક લક્ષણો જોઈએ તો લગભગ સમાન જોવા મળે છે. શરીરે મધ્યમ બાંધાના, સશક્ત અને રંગે ઘઉં વર્ણના છે. પુરુષો મોટા ભાગે મૂછો રાખતા હોય છે

## આભૂષણો

આ જાતિની સ્ત્રીઓ ચાંદી, સોના અન્ય ધાતુનાં કે મોતીનાં આભૂષણો માથાના વાળથી લઈ પગના અંગૂઠા સુધી પહેરે છે. આ આભૂષણો ૧૦૦ ગ્રામ વજનથી લઈ ૭૦૦ ગ્રામ વજન સુધીનાં હોય છે જેમાં કાનમાં વીંટલા, ગળામાં હાંસડી, બાર કે કડાં, સાંકળાં વગેરે પહેરે છે.

રાઠવાઓમાં છૂંદણાં છૂંદાવવાનો તેમ જ નાનાં બાળકોથી લઈ મોટા પુરુષોમાં હાથના કાંડા ઉપર ચાઠા (ગલ) પાડવાનો રિવાજ જોવા મળે છે. પુરુષો ચાંદીનું કડું (ભોરિયું) પહેરે છે.

## બોલી

આ જાતિની શાબ્દિક લિપિ ધરાવતી ભાષા નથી પરંતુ બોલી છે જે 'રાઠ' બોલી તરીકે જાણીતી છે.

## ખોરાક

તેઓ રોજિંદા ખોરાકમાં મકાઈના રોટલા અને અડદની દાળ, ઘઉં, ચોખા, તુવેરની દાળ, ફળ, શાકભાજી, કઠોળ, દહીં, છાશ, દૂધ, ઘીનો ઉપયોગ કરે છે. મકાઈની રાબ પણ બનાવે છે. સામાજિક–ધાર્મિક પ્રસંગોએ દારૂ–તાડી લે છે. ખોરાકમાં કંદમૂળ, ચટણી અને મરચાંનો ઉપયોગ કરે છે. તહેવારોમાં અડદનાં વડાં અને પ્રસંગોપાત્ત કરવામાં આવતા માંસાહારમાં મરઘાં, બકરાંના મટન લે છે.

## શિક્ષણ

રાઠવા જાતિમાં ૨૦૧૧ સેન્સસ પ્રમાણે કુલ ૨,૮૫,૨૪૧ વ્યક્તિઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. જેમાં અક્ષરજ્ઞાન ધરાવતા પુરુષો ૧,૭૪,૪૫૫ છે, જ્યારે ૧,૧૦,૭૮૬ સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે

## અર્થોપાર્જન

તેઓ ખેતી, ખેતમજૂરી કરે છે. ખેતી માટેનાં ઓજારો માટેનાં લાકડાં જાતે કાપીને બનાવે છે.

## હુન્નર

વાંસના ટોપલા–ટોપલી, કાષ્ઠકામ, તરા બેસાડવા માટેના પથ્થરના પાળિયા, મોતીકામ, પીઠોરા ચિત્ર વગેરે જાતે બનાવે છે. પીઠોરા ભીંતચિત્ર સામાજિક–ધાર્મિક માન્યતાઓને કારણે દોરાતાં ભીંતચિત્રો છે. જેમાં ૧૦૦થી વધારે અલગ અલગ ચિત્રો જોવા મળે છે.

## સંગીતનાં સાધનો

મોટો ઢોલ, વાંસળી, પેટો, પેટી, ઘાંઘળી, કરતાલ વગેરે જેવાં વાદ્ય–વાજિંત્ર દેવ હોળી, મેળા, ઈદ કે કુંવારિયો દેવને રીઝવવા તેમ જ લગ્ન પ્રસંગોએ વાજિંત્રોનો ઉપયોગ કરે છે.

## સામાજિક–ધાર્મિક

રજસ્વલા સ્ત્રીને ધાર્મિક–સામાજિક કાર્યો ઉપર નિષેધ જોવા મળે છે. સ્ત્રીના ગર્ભધારણને કુદરતી કૃપા ગણવામાં આવે છે. ગર્ભાધાનથી લઈ બાળકના જન્મ સુધી સ્ત્રી ઘરના શારીરિક શ્રમનાં કાર્યો કરતી હોય છે.

## જન્મ

સ્ત્રીની પ્રસૂતિ શ્વશુરગૃહે કે માતૃપક્ષે થતી હોય છે. ઘરની ધાર્મિક, સામાજિક, માન્યતા અહીં

કામ કરતી જોવા મળે છે. સ્ત્રીની પ્રસૂતિ દાયણ બહેનો કરાવે છે.

બાળકના જન્મના છઠ્ઠા દિવસે 'પાંચુરા'ની વિધિ કરવામાં આવે છે. માતા–બાળકને ઘરની વડીલ સ્ત્રી કે દાયણ નવરાવે છે. માતાના સ્થાનક સામે દીવો કરીને બાળકને કપાળે તિલક અને કપડાં પહેરાવી સુવડાવે છે. બાળકના હાથેપગે, ગળે કાળા દોરા પહેરાવવામાં આવે છે. બાળકને એકાંતમાં સુવડાવવામાં આવે છે. એ પાછળ તર્ક એ છે કે આ દિવસે દેવી વિધાતા લેખ લખે છે.

બાળકના જન્મના વાળ સવા માસે કે અઢી માસે ઉતારવામાં આવે છે. બાળકનું નામ પ્રકૃતિ આધારિત જોવા મળે છે.

## રાઠવા જાતિનાં લગ્નો

આ સમાજમાં માતા–પિતા દ્વારા કે સ્વપસંદગીનાં લગ્ન કે પુનઃલગ્નને સ્થાન મળેલ છે. સગોત્ર લગ્નને સ્થાન હોતું નથી. સગોત્ર લગ્ન જો કોઈ કરે તેવા કિસ્સામાં તેને સમાજ બહાર મૂકવાની પ્રથા જોવા મળે છે. તેના ઘર સાથે કોઈ પણ પ્રકારના વહેવાર રાખવામાં આવતા નથી.

જો કોઈ યુવક ભાગીને પોતાની પસંદગીની યુવતીને ઘરમાં લઈ આવે અને લગ્નેતર સંબંધ સાથે જીવતાં હોય છતાં લગ્નની વિધિ આર્થિક સગવડ થાય ત્યારે કરે એવું પણ જોવા મળે છે.

લગ્નના પ્રકાર આ સમાજમાં અલગ પ્રકારનાં લગ્ન જોવા મળે છે. જેમ કે માતા–પિતાની મરજીથી થાય એ સામાજિક લગ્ન જેમાં લગ્નનો પ્રસ્તાવ વરપક્ષવાળા તરફથી  કન્યાપક્ષે મૂકવામાં આવે છે. ઘરજમાઈ/ખંધાડિયા લગ્ન બાદ પરિણીત પુરુષ – પત્નીના ઘરે રહે માટે તે લગ્ન.

મરજીનાં લગ્ન – પ્રેમમાં પડેલ યુવક–યુવતી પોતાની મરજીથી ભાગી લગ્ન કરે તે.

ગીહી જવાની રીતથી થતાં લગ્ન – મેળામાં તહેવારે કોઈ યુવકને કોઈ યુવતી ગમી જાય તેને બળજબરીથી ભગાડીને લઈ જાય તેવાં લગ્ન.

ઘરઘૂસણિયું – છોકરી–છોકરાની લગ્નની ઇચ્છા હોય પરંતુ ઘરના વડીલોની ઇચ્છા ન હોય છતાં છોકરી – છોકરાના ઘરમાં ઘૂસી આવે તેવાં લગ્નને ઘરઘૂસણિયું લગ્ન કહે છે.

## લગ્નની વિધિ

લગ્નની વિધિમાં જોઈએ તો તેમાં સોંગ ભરવાની વિધિ જેમાં દહેજનાં નાણાં, અને અનાજ વરપક્ષ તરફથી આપવામાં આવે.

ખત્રીજ દેવને તેલ ચઢાવ્યા પછી વર કે કન્યા તેના ઘરના આંગણામાં તલનું તેલ ચઢાવે છે. આ તેલ ધરતીમાતાને પણ ચઢાવે છે. તેલ ચઢાવ્યાની વિધિ બાદ ઘોણ ભરવાની વિધિ થાય છે. ત્યારે સીંભોડીની વિધિ કરે છે. ગામલોકોએ નક્કી કરેલ સ્થળે સીંભોડી માતાનું સ્થાનક હોય છે. અહીં પૂંજારો ધાર્મિક વિધિ કરે છે. સીંભોડી માતાનું સ્થાનક કોઈ મોટા ઝાડની નીચે હોય છે. ઝાડના થડમાં પૂંજારો કોદરીનો ભાત મૂકે છે તેને ખાખરના પાંદડામાં નૈવેદ્ય તરીકે મૂકી દારૂની છાક પાડી પૂજન કરે છે. આ કોદરીનો પ્રસાદ બધાને આપવામાં આવે છે. આ વિધિ પૂરી થાય પછી ઉકેડી નોતરવાની વિધિ કરવામાં આવે છે. જે માંડવાના દિવસે બપોરે થાય છે.

આ વિધિ ઘરના ઝાંપા આગળ વાંસની કામડી વાળીને ટોડો (તોરણ) બનાવેલ હોય ત્યાં કરવામાં આવે છે.

ટોડાના થળમાં ખીલી અને સવા રૂપિયો મૂકવામાં આવે છે. જેને પૂંજારો પાંચ વખત કઢાવે છે, અહીં મકાઈનાં ઢેબરાં અને દારૂનું નૈવેદ્ય ચઢાવવામાં આવે છે. આંબાનું દાતણ કરાવે છે. અહીં ઝાંપલિયા દેવની પૂજા કરે છે. લાડા કે લાડીને ઉકેડી રમાડે છે ત્યારે ગોત્રજની વિધિ કરવામાં આવે છે.

ગોત્રજની વિધિ ગૃહશાંતિ કરવા જેટલું મહત્ત્વ ધરાવે છે. ત્યાર બાદ જાન જવાની વિધિ, જાન ઉતારની વિધિ, કલવેલા ખવડાવવાની વિધિ, ઘરેણાં વખેળવાની રીત, ચોરી પૂરવાની વિધિ, વરરાજાને ઢોળે લેવાની વિધિ, મોસાળાની વિધિ, માંડવાની વિધિ અને અંતે કન્યા વિદાયની વિધિ કરવામાં આવે છે.

આ સમગ્ર પ્રસંગે સામસામે કટાક્ષ ગીતો ગાવામાં આવે છે.

### મૃત્યુ

વ્યક્તિ મૃત્યુ પામી હોય તેના નશ્વર દેહને ખાટલા–પલંગને બદલે નીચે જમીન પર ઉત્તર દિશામાં માથું રાખીને સુવડાવે છે. મૃતદેહને સ્ત્રીઓ નવડાવી પીઠી ચોળે છે. નવાં કોરાં કપડાં પહેરાવે છે. ત્યાર બાદ મૃતદેહને વધાવે છે. પરંતુ આ તમામ વિધિમાં વિધવા સ્ત્રીઓની ભૂમિકા અગત્યની માનવામાં આવે છે. ઘરનાં સગાંવહાલાં સાગનાં લાકડાં અને વાંસની નનામી બનાવે છે. વાંસની સળીઓ દર્ભ (એક પ્રકારનું ઘાસ) કે સૂતરની દોરી (નાડાછડી) વડે બાંધવામાં આવે છે.

સ્ત્રીના મૃતદેહ ઉપર રંગીન કપડું અને પુરુષના મૃતદેહ ઉપર સફેદ કપડું ઓઢાડવામાં આવે છે. મૃતદેહના મુખમાં ઘઉંની સુખડી, કોપરું અને ઘી, ઓઢાડેલ કપડાની ચાર બાજુએ પૈસા મૂકવામાં આવે છે. નાળિયેર અને કોપરાની કાચલી બાંધવામાં આવે છે. સ્મશાનયાત્રામાં ઢોલ વગાડવાનો રિવાજ જોવા મળે છે. મરનાર વ્યક્તિનો નજીકનો સગો (દીકરો કે ભાઈ) દાહ દેવા માટે સળગતાં છાણાં લઈને સ્મશાનયાત્રામાં આગળ ચાલે છે. સ્મશાનમાં જ એક વ્યક્તિ ડાંગરની ઢગલીઓ કરતો ચાલે છે. જેને તેઓ પૂંજ કહે છે. ગામમાં એક સ્થળે હાંડી અને છાણું મૂકે છે. અહીં હાંડી ફોડી નનામી સાથે મૃતદેહને નીચે ઉતારવામાં આવે છે. ડાંગરના સાથિયા કરી મૃતદેહનું માથું ઉત્તર દિશામાં હોય એ ઉપર ખીચડી મૂકવામાં આવે છે. સ્ત્રીપુરુષ અહીં મરનારનું મોં જુએ છે અને સ્ત્રી ઘર તરફ રુદન કરતી પરત ફરે છે. સ્મશાનમાં મૃતદેહને જમીન પર મૂકે છે. મૃત્યુ પામનાર વ્યક્તિના ભાણેજ મૃતદેહનું મોઢું ધુએ છે. નનામીનું મુખ ઉત્તર દિશા તરફ રાખી ફરતે પ્રદક્ષિણા કરે છે. ત્યાર બાદ દેહને ચિતા પર સુવડાવે છે. નનામી સાથે બાંધેલ તમામ વસ્તુઓ છોડી નાખવામાં આવે છે. મૃત્યુ પછી બારમાની વિધિ અને ધાર્મિક વિધિઓ કરે છે. સૂતક પાળે છે.

* * *

# સંદર્ભ-સાહિત્ય


૧. નાયક, ઠાકોર અને પંડ્યા, ગૌરીશ (૧૯૮૦), "ગુજરાતના સીદી", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૨. પટેલ, ભીખાભાઈ અને પ્રવીણ (૨૦૧૪), "આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ–૨૦૧૧", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૩. પટેલ, ભીખાભાઈ અને પ્રવીણ, (૨૦૧૫), "ગુજરાતનાં આદિમજૂથો પાયાનું સર્વેક્ષણ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૪. પંડ્યા, ગૌરીશ અને રાઠોડ, જસવંતસિંહ (૧૯૮૮), "રબારી–ભરવાડ જાતિ તપાસ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૫. પંચોળી, રવીન્દ્ર (૨૦૦૯), "કચ્છના સીદીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૬. પંચોળી, રવીન્દ્ર અને મસવી, મુસ્તાઅલી (૧૯૯૮), "કચ્છના સીદીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૭. બરંડા, બચુ (૨૦૦૭), "ગુજરાતની આદિવાસી જાતિઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૮. મલકાણ, જે. એમ. (૧૯૫૭), "સૌરાષ્ટ્રની પછાત કોમો (ભાગ પહેલો)", રાજકોટ : સૌરાષ્ટ્ર પછાત–વર્ગ બોર્ડ.

૯. મસવી, મુસ્તાઅલી (૧૯૮૨), "ગુજરાતના આદિવાસીઓ", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૧૦. માટલિયા, દુલેરાય (૧૯૭૩), "ગોપાલ દર્શન–૫ (ભરવાડ કોમનો આનુશ્રુતિક ઇતિહાસ)", અમદાવાદ : ગુજરાત રાજ્ય ગોપાલક સહકારી સંઘ લિ.

૧૧. મેકવાન, સાયમન (૧૯૮૩), "ગામિત (ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સાંસ્કૃતિક અભ્યાસ)", અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૧૨. શાહ, વિમલ (૧૯૬૬), "ગુજરાતના આદિવાસીઓ", અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૩. शाह, विमल (१९६८), "गुजरात के आदिवासी", अहमदाबाद : गूजरात विद्यापीठ.

# ૫. આદિવાસી વિસ્તારની વનૌષધિઓ



જુદી જુદી આદિવાસી જાતિઓમાં પરંપરાગત વનૌષધિના ઉપયોગનો જિલ્લાવાર ખ્યાલ આવે તે રીતે જિલ્લાવાર વનસ્પતિ દવાના ખાસ જાણકાર એવા ભગતો, ભૂવાઓ, બડવાઓ અને અન્ય અનુભવીઓ પાસેથી વિવિધ દર્દોમાં વપરાતી દવાઓની શક્ય એટલી વિશેષ વિગતો એમનો રૂબરૂ સંપર્ક સાધી પ્રાથમિક વિશ્વાસ સંપાદન કર્યા પછી મેળવવામાં આવી. આ પ્રમાણે મળેલી માહિતીની પુનઃચકાસણી પણ શક્ય હોય ત્યાં કરવામાં આવી છે. વનસ્પતિ દવા સિવાયની પણ કોઈ ચિકિત્સા પદ્ધતિ કે ચીજવસ્તુનો ઉપયોગ કરતા હોય તો તેની પણ વિગતે માહિતી મેળવવામાં આવી. જેવી કે પ્રાણીજન્ય ઔષધિ, માટીનો ઉપયોગ, ઍક્યુપ્રેશર વગેરે.

જુદાં જુદાં ગામોની જાણકાર વ્યક્તિઓની મુલાકાત લઈ વનસ્પતિ દવા અંગેની માહિતી એકત્ર કરી, જેમાં વનસ્પતિનું નામ, કયા રોગમાં તે ઉપયોગમાં આવે, કેટલાક સમયમાં રોગ મટે, તેને વાપરવાની રીત અને પ્રમાણ, ક્યારે અને ક્યાં દવા મળે, ઝાડ, છોડ, વેલનું શબ્દચિત્ર દ્વારા ઓળખાણ. દર્દીએ અને દવા `આપનાર વ્યક્તિએ પાળવી પડતી ચરી, લાવવાની પદ્ધતિ, માન્યતા વગેરે માહિતી તથા ગ્રંથાલયની મદદથી તેનાં ગુજરાતી અને વનસ્પતિશાસ્ત્રીય નામોની ચોક્કસતા, જુદાં જુદાં દર્દોમાં વપરાતી ઔષધિ જોઈશું.

| ક્રમ | દર્દ | ઔષધ સંખ્યા |
|---|---|---|
| ૧. | પેટના દર્દમાં વપરાતી વનૌષધિ | ૬૩ |
| ૨. | ઊલટી કરાવવા તેમ જ બંધ કરાવવા વપરાતી વનૌષધિ | ૧૬ |
| ૩. | હાથપગના સોજામાં વપરાતી વનૌષધિ | ૧૮ |
| ૪. | શક્તિવર્ધક વનૌષધિ | ૬ |
| ૫. | લકવાના દર્દમાં વપરાતી ઔષધિ | ૧૫ |
| ૬. | કાંટા કાઢવા તેમ જ પગની કણી માટેની વનૌષધિ | ૮ |
| ૭. | તજાગરમી, કળતર, ઓસડમાં વપરાતી વનૌષધિ | ૧૭ |
| ૮. | સફેદ કોઢમાં વપરાતી વનૌષધિ | ૭ |
| ૯. | કૅન્સરમાં વપરાતી વનૌષધિ | ૧૦ |
| ૧૦. | હરસમસામાં વપરાતી વનૌષધિ | ૨ |
| ૧૧. | દાઝી ગયા ઉપર વપરાતી વનૌષધિ | ૨૬ |
| ૧૨. | દમના દર્દમાં વપરાતી વનૌષધિ | ૧૬ |
| ૧૩. | વા, વાળા, વાઈના રોગમાં વપરાતી વનૌષધિ | ૨૦ |
| ૧૪. | જુદા જુદા બાળરોગમાં વપરાતી વનૌષધિ | ૪૧ |
| ૧૫. | ખીલ, ગૂમડાં, ચાંદાંમાં વપરાતી વનૌષધિ | ૬૫ |
| ૧૬. | ખસ, દાદર, સૂકા ખરજવામાં વપરાતી વનૌષધિ | ૨૮ |
| ૧૭. | પથરી(અસ્મરી)ના રોગમાં વપરાતી વનૌષધિ | ૧૬ |
| ૧૮. | ત્વચા રોગમાં વપરાતી વનૌષધિ | ૨૧ |
| ૧૯. | ઝાડા, મરડામાં વપરાતી વનૌષધિ | ૭૪ |

| ક્રમ | દર્દ | ઔષધ સંખ્યા |
|---|---|---|
| ૨૦. | ઘા તેમ જ હાડકું ભાંગે તેમાં વપરાતી વનૌષધિ | ૭૧ |
| ૨૧. | ઝેરી જાનવરના વિષ ઉપર વપરાતી વનૌષધિ | ૧૧૨ |
| ૨૨. | વિવિધ પ્રકારનાં સ્ત્રી–દર્દોમાં વપરાતી વનૌષધિ | ૧૧૧ |
| ૨૩. | પુરુષના ગુપ્તરોગમાં વપરાતી વનૌષધિ | ૫૪ |
| ૨૪. | વિવિધ પ્રકારના તાવમાં વપરાતી વનૌષધિ | ૪૯ |
| ૨૫. | માથા અને ગળાનાં દર્દોમાં વપરાતી વનૌષધિ (માથું, કાન, દાંત, આંખ, મોંના રોગો, કંઠમાળ, શરદી વગેરે) | ૨૪૩ |
| ૨૬. | શરીરના કળતર, શૂળ, હાડકાના દુ:ખાવામાં વપરાતી વનૌષધિ | ૧૫ |
| ૨૭. | લોહી બગાડ, રક્તપિત્ત, શરીર ફિક્કું પડે તેમાં વપરાતી વનૌષધિ | ૧૫ |
| ૨૮. | મૂઢમાર, લોહી ગંઠાઈ જવું, મચકોડ વગેરેમાં વપરાતી વનૌષધિ | ૧૬ |
| ૨૯. | ભારે ખોરાકની ટેવ, ભૂખ ઓછી લાગવી માટેની વનૌષધિ | ૬ |
| ૩૦. | મધુપ્રમેહ | ૯ |
| ૩૧. | કૉલેરા | ૪ |
| ૩૨. | કમળાના રોગમાં વપરાતી વનૌષધિ | ૨૨ |
| ૩૩. | અન્ય વિવિધ રોગમાં વપરાતી વનૌષધિ | ૧૨ |
| ૩૪. | પશુ–દર્દોમાં વપરાતી વનૌષધિ | ૬૪ |

(સ્રોત : અભ્યાસ આધારિત ક્ષેત્રકાર્ય નોંધના આધારે)

દુર્ગમ જંગલ વિસ્તારમાં પેઢીઓથી વસવાટ કરતા આદિવાસીઓએ પ્રકૃતિ સાથે તાલ મિલાવી પોતાની જીવનશૈલી વિકસાવી છે. પ્રકૃતિપ્રેમી આ પ્રજાએ જીવન પણ પ્રકૃતિ પાસેથી મેળવ્યું છે. તેમનામાં રહેલી આ શક્તિનો પરિચય તેમની એક ખાસ આદિવાસીઓમાં પરંપરાગત વન–ઔષધ તરફ દ્રષ્ટિપાત કરીએ તો જોવા મળે છે. આદિવાસીઓમાં પરંપરાગત વનૌષધિ અંગેના પેઢી દર પેઢીના અનુભવ વિશે તેમને પૂછવામાં આવે ત્યારે એક જવાબ તો હોય જ કે 'દરેક ઝાડ કોઈ ને કોઈ વંશી' છે. સામાન્ય રીતે ભગત–ભૂવાના નામે ઓળખાતી વ્યક્તિઓ વનસ્પતિ દવા આપે છે. જંગલ અને દુર્ગમ વિસ્તારમાં ક્યારે કેવા અકસ્માત થાય, કેવાં ઝેરી જાનવરોના ભોગ બનાય તે નક્કી હોતું નથી. વળી તેમને તત્કાળ કોઈ સારવાર મળી શકે તેવી ઘણી વાર ભૌગોલિક પરિસ્થિતિ હોતી નથી. તેવા સમયે તેમનામાં રહેલી આ પરંપરાગત જાણકારી ઘણી જ ઉપયોગી નીવડે છે. પહેલાં વનસ્પતિ જડીબુટ્ટીના જાણકારોનું પ્રમાણ ઠીક ઠીક હતું. અત્યારે જંગલનું પ્રમાણ ઓછું થવાને લીધે અને આવી દવાઓની જાણકારી સામાન્ય રીતે ભાગ્યે જ બીજા કોઈને અપાતી હોવાથી જાણકાર વ્યક્તિ અવસાન પામે એની સાથે એ જાણકારી પણ નષ્ટ થાય તેવી પરિસ્થિતિ કેટલાક કિસ્સાઓમાં જોવા મળી હોવાથી પહેલાંની તુલનામાં આવી વનસ્પતિજન્ય દવાના જાણકારોનું પ્રમાણ ઘટ્યું છે.

દવાની જાણકાર વ્યક્તિઓનો મુખ્ય ધંધો વનસ્પતિ દવા લાવી આપવાનો હોતો નથી. પણ તેમનો મુખ્ય ધંધો ખેતી–પશુપાલનનો હોય છે. આમાં ભગત–ભૂવા તરીકે કામ કરનાર વ્યક્તિઓને કોઈ નાણાકીય મહેનતાણું મળતું નથી. વળી, આ કામગીરી સેવાના ભાવથી કરતા હોવાથી તેઓ કોઈ મહેનતાણું માંગતા નથી કે લેતા પણ નથી. વળી કેટલીક દવાઓનો સંગ્રહ કરી રાખવો પડતો હોય છે. કારણ કે બારેમાસ મળતી નથી, તેને સંઘરી રાખવામાં ન આવે તો ટૂંક સમયમાં તેનો નાશ થાય છે. વળી મોટા ભાગની વનસ્પતિ દવાઓ વેલા કે નાના છોડરૂપે હોય છે. આ વેલ અને છોડ ચોમાસામાં થાય છે. ચોમાસું પૂરું થતાં તે સુકાઈ જાય અથવા ઢોર, બકરાં ચાવી ખાય ત્યારે મળતી હોતી નથી. કેટલાક વનસ્પતિ છોડ ઘણા જ ઓછા થતા હોય છે. દવા તરીકે તેનાં મૂળ કે છાલનો ઉપયોગ થતો હોય છે. જેના કારણે જડમૂળમાંથી

વનસ્પતિને ઉખેડવી પડે છે. જો તે એક જ છોડ હોય તો તેનો નાશ થાય છે. અને ફરીથી છોડ ઊગતો નથી. આવી સ્થિતિમાં ધીરે ધીરે તે દવાનો છોડ નામશેષ થઈ જાય છે. આદિવાસી જાણકારોના મુખેથી પણ સાંભળવા મળે છે કે પહેલાં અમુક દવાઓ અમારા જંગલમાં થતી હતી, હવે નથી મળતી અથવા દૂરનાં જંગલોમાં શોધવા જવું પડે છે. એમાં ઘણા દિવસોનો ભોગ આપવો પડે છે. આમ છતાં નિરુત્સાહ થઈ આ સમાજ ઉપયોગી પ્રવૃત્તિ માટે પાછા પડતા નથી. પોતાનાથી થાય તેટલા પ્રયત્ન કરી દવા શોધી દર્દીને દવા આપે છે.

આદિવાસીઓમાં પણ કેટલીક પ્રચલિત માન્યતાઓ છે. વનસ્પતિને તેઓ દેવ માની પૂજાવિધિ કરે છે. ખાસ કરીને ભગત–ભૂવા તરીકે ઓળખાતા લોકો વર્ષમાં એક વાર વનસ્પતિની પૂજા કરતા હોય છે. લાવતાં પહેલાં બધી વનસ્પતિની વિધિ કરતા નથી પણ ખાસ પ્રકારની દવા લાવવાની હોય ત્યારે આગલા દિવસે આમંત્રણ આપવામાં આવે છે. કેટલાક અગરબત્તી સળગાવી દવા લાવે, કેટલાક અમુક દિવસે જ દવા લાવે, ખાસ કરી રવિવાર અને મંગળવારે.

કેટલાક ભગતો વનસ્પતિને સંબોધન કરી મંત્ર બોલી દવા લાવે છે. કેટલાક ભગતો દવા બતાવવામાં માનતા નથી કે ઔષધનું નામ કાગળ પર લખાવો તો કામ આપતી નથી તેમ માને છે. ડાંગી ભગત–ભૂવાઓ દવા અને શ્રદ્ધા બન્ને ધરાવે છે. દવા સાથે મંત્ર અને આરાધ્ય દેવની પૂજા કરે છે. કેટલાક તો એટલા સુધી કહે છે કે વનસ્પતિના પ્રભાવથી મરેલાં માછલાં પણ સજીવન થતાં. વાઘ પણ અમુક વનસ્પતિના પ્રભાવથી દૂર રહે છે. તેમ પણ માને છે. જ્યારે કેટલાક એમ માને છે કે અમુક દવાની જાણકારી દૈવી રીતે જાણવા મળે છે. સ્વપ્ન દ્વારા જાણકારી મળે તેનું સ્થળ અને દવાનું ઝાડ દેખાય તે દવા લાવી રોગ નિવારણ કરવામાં આવતું હતું. હાલમાં આવી દવાનો ઉપયોગ નહિવત્ સાંભળવા મળે છે. આમ છતાં વનસ્પતિ દવાનો પ્રભાવ ચોક્કસ જોવા મળે છે. વળી પ્રસૂતિ સમયે સ્ત્રી કષ્ટાતી હોય ત્યારે ભગતે આપેલ એક વનસ્પતિનું મૂળ ખાલી હાથમાં પકડી ધીરે ધીરે ચાલતા આવવું, અડધા રસ્તા સુધી આવતાં સ્ત્રીને પ્રસૂતિ થાય છે તેને ડાંગી ભાષામાં 'બેનદોર' કહેવામાં આવે છે. આ પણ એક ચમત્કારી દવા કહી શકાય.

સાપના પ્રકારો જેમ ઘણા છે, તેમ સાપના ઝેર ઉતારવાની દવાઓ પણ ઘણી છે. કેવા પ્રકારના સાપનું ઝેર ચડે છે તે પ્રમાણે દર્દીને દવા આપવામાં આવે છે.

પશુ માટેનાં દર્દોમાં પણ ઘણા નિષ્ણાત ભૂવાઓ છે. કારણ કે પશુઓ આદિવાસીઓની આજીવિકા અને જીવન સાથે ઓતપ્રોત છે.

સંમોહન વિદ્યાના પણ કેટલાક જાણકારો હોય છે. જેઓ પતિ–પત્નીના ઝઘડામાં સહાયરૂપ બને છે. મોહન (ડાંગીનામ) આ છોડ કાળો અને સફેદ ફૂલવાળો હોય છે. તે ફૂલમાંથી સુગંધ આવે છે. આ ઔષધ મોહિની વિદ્યામાં વપરાય છે.

બાળકો ન કરવા કે કરવા માટેની દવાઓ પણ તેઓ જાણે છે. આથી જન્મ પહેલાંથી મૃત્યુ સુધીના કોઈ પણ દર્દની દવા તેઓ જાણતા હોય છે.

ડાંગ વિશે કેટલીક માહિતી પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે ડાંગમાં ૨૭૮ પ્રકારની વનસ્પતિની ઓળખ થઈ છે તેમાં એક પણ કાંટાવાળું ઝાડ નથી. આ એની આગવી ઓળખ છે.

એમના જણાવ્યા પ્રમાણે ડાંગ પ્રદેશના જંગલમાં બુદ્ધિપૂર્વક રાત્રે કુહાડી (પરશુ) દ્વારા અમુક ઝાડના થડને ઘા કરી આવતા, પછી બીજા દિવસે એકલા તેનું પરીક્ષણ કરતા કે આ કે તે ઝાડના થડ પરનો ઘા જલદી રુઝાયો છે કે નહીં તે પ્રમાણે જાણી તે ઝાડની છાલ કે પાલો (પાન) ભાંગેલું હાડકું કે અન્ય રોગ માટે તેનો ઉપયોગ કરતા.

વનસ્પતિમાં ઝેરી, અર્ધઝેરી વનસ્પતિ પણ થતી હોઈ આ દેશમાં રહેતાં વાંદરાંઓને તેઓ કેવી વનસ્પતિનાં પાન, ફળ, ફૂલ ખાય છે વગેરેનું

નિરીક્ષણ પણ કરતા. પોતે પણ તે ચાવી તેના સ્વાદનો અનુભવ કરતા અને તેઓ ભોજન અને દુઃખ દૂર કરવા ઔષધિનો ઉપયોગ કરવા લાગ્યા.

- વિજયનગરના સરસવા ગામે પાણીનો વેલો જોયેલો જેમાંથી પાણી મળે છે.
- ઝેરી જાનવર ઘરમાંથી બહાર કાઢવા માટે ડોળીનો ધૂપ કરવાથી તરત જ જાનવર બહાર નીકળી જાય છે.
- ગધામણીનું ઝાડ (સ્થાનિક આદિવાસી નામ) જે હાડકાં મજબૂત કરવા વપરાય છે. જીતનગર–બાર ફળિયા–દેવલિયા રોડ ઉપર રાજપીપળા.
- સફેદ ખાખરો – વિસનગર ગામ – ગરબાડાથી આગળ મધ્યપ્રદેશની બોર્ડર ઉપર આવેલ છે. પોશીના પટ્ટામાં, પહેલાં રતનમહાલના એક તળેટીના ગામમાં હતો.
- ઝાલોદ લીમડાથી આગળ બોર્ડર ઉપર સફેદ ખાખરા નામનું ગામ છે. ત્યાં એક નાનું ઝાડ બચ્યું છે, જે જોવા અમે ગયેલા. આ વન ઔષધ માટે અગત્યનું ઝાડ હાલ લુપ્ત થવાની આરે ઊભું છે.
- તો નવલસીંગ નામના ભાઈએ એક સાધુબાબાને કાળી હળદર ખોદી કાઢી આપેલી તેની વાત કહેલી. અત્યારે જોવા મળતી નથી.
- ઝેરકચોલું – આ ખૂબ મોટું ઝાડ થાય છે. તેના ફળને ઝેરકચોલું કહે છે. તે બીલા જેટલા મોટા થાય છે. આ ઝાડ કેવડી તા. ઉમરપાડા, આશ્રમસ્કૂલના પટાંગણમાં જોયેલું. બીજી કોઈ જગ્યાએ આ ઝાડ જોવામાં આવ્યું નથી.
- કાળો આંકડો – અતેડા ગામ – બારિયાથી આગળના ગામમાં સગડ મળેલા, મોટા જંગલમાં હોય તેમ જાણવા મળેલ. મઢીમાં કોઈ ધાર્મિક સ્થળે છે તેમ જાણવા મળેલ – જોયેલ નથી.
- આહવા નજીક ઘોઘલી ગામે રગતરોયડાનું ઝાડ જોયું ત્યારે લોકો તેની છાલ પણ ઉખેડી લઈ ગયેલા હતા.
- સાલય – વાંસદા તાલુકાના 'નાઉગા' ગામે જાણવા મળેલ, ડાંગના જંગલમાં પણ સાલય મળે તેમ જાણકારે જણાવેલ.

આદિવાસીઓ જેનો પ્રચુર પ્રમાણમાં વર્ષોથી ઉપયોગ કરે છે, તેવી વનસ્પતિને પણ જાણવા જેવી છે. જેમ કે બાફલીનો ડાંગના આદિવાસીઓ પેટના દુખાવામાં ઉપયોગ કરે છે. તેને દાળ–શાકના મસાલા તરીકે પણ વાપરી શકાય છે. ભૂત ચામોલી (આદિવાસી નામ) જે કાંચનાની વેરાઇટી છે. જેના ઉપયોગને કારણે આદિવાસીઓમાં ગાંઠ થતી હાથપણી રક્ત ગુલ્મ મટાડે છે. માર્ચ–૨૦૦૦માં આદિવાસીઓમાં વનઔષધ અંગે વિજયનગર ફિલ્ડ વર્કમાં જવાનું થયું. ત્યાંના આદિમ જૂથના એક વિદ્યાર્થીએ જણાવેલ કે જંગલમાં તરસ લાગે ત્યારે એક વેલ થાય છે તેને તોડવાથી તેમાંથી માણસની તરસ છિપાય તેટલું પાણી મળે છે તે વેલનું નામ બતાવી શક્યો ન હતો.

હાડકું ભાંગે તેમાં અનેક વનસ્પતિ દવાઓ તો હોય પણ કેટલાક આદિવાસી વિસ્તારોમાં (માલ સામોટ) 'લાગમાટી' તરીકે વપરાતી માટીનો ઉપયોગ કરે છે. આ લાગમાટી ભેજવાળી જગ્યાએ થાય છે. પાણી પહાડ ઉપરથી નીચે પડે તે પડવાના કારણે થોડે દૂર માટીનાં બિંદુ બાઝી માટીના થર ઊંચા થાય છે તેને લાગમાટી કહેવામાં આવે છે. તે માટી હાડકું ભાગે તેમાં વપરાય છે. હાડકું બેસાડી તેના ઉપર આ માટી બાંધવામાં આવે છે. એક જ વાર બાંધવાથી સારું થાય છે. થોડીક ખાવા પણ આપે છે. આ માટીનો ગુણ એટલો બધો છે કે ગર્ભવતી સ્ત્રીને માટી ખાવા આપવામાં આવે તો બાળક ગર્ભાશય સાથે ચોંટી જાય છે. જેથી ગર્ભવતી સ્ત્રીને માટી ખાવા આપવામાં આવતી

નથી. જેથી સ્ત્રીઓને માટે બહારના ભાગે જ લેપ કરવામાં આવે છે.

### સર્પદંશમાં

સર્પદંશમાં પીપળાની એવી બે ડાળખીઓ બાર બાર આંગળ લાંબી કાપી લાવવી કે જે ટચલી આંગળી જેટલી જાડી હોય અને જેને છેડે ઊઘડ્યા સિવાયની અણીદાર કૂંપળો લાગેલી હોય. રોગીના બન્ને કાનમાં બે અણીદાર ભાગો મજબૂત રીતે પકડી રાખવાથી થોડા જ વખતમાં જાદુઈ રીતે સાપનું ઝેર ઊતરી જાય છે. જો એ અણીદાર કૂંપળોને નખથી જરા ખોતરીને પછી ઉપયોગમાં લેવામાં આવે તો જલદી ફાયદો થાય છે. પીપળાની ડાળખીનો કાનમાં એવી રીતે પ્રવેશ કરવો જેથી તે કાનના પડદાને સ્પર્શ કરે નહીં. થોડી વખત વેદના અધિક થાય છે. પરંતુ પછી તરત જ ઝેર ચુસાઈ જાય છે.

### સૂકી ડોળી

સર્પદંશમાં મહુડાની ડોળીનો ઉપયોગ આદિવાસી જાણકારો કરે છે. સર્પદંશ થયેલ વ્યક્તિની બન્ને આંખમાં તેનો પ્રવાહી પાઉડર આંખમાં ભરવાથી સર્પ ઝેર ઊતરે છે. ડોળી જેમ જૂની તેમ વધારે ગુણકારી તેમ માનવામાં આવે છે. (ડોળીને પથ્થર ઉપર થોડું પાણી નાંખી, પાણી ન મળે તો થૂંક લગાવી ડોળી પથ્થર ઉપર ઘસવાથી પ્રવાહી મળે છે.)

આદિવાસી જાણકાર પાસેથી વર્ષમાં પ્રથમ વાર આંબાનો મોર જોવામાં આવે ત્યારે તે મોરને પૂર્વ દિશામાંથી લઈ બંને હાથે મસળી રાખવો. આ વ્યક્તિ વીંછીના ઝેરને એક વર્ષ સુધી કોઈ પણ દવા વગર ઉતારી શકે છે. વીંછી કરડેલ વ્યક્તિને જ્યાં વીંછી કરડ્યો હોય ત્યાંથી ઉતારે એટલે વીંછીનું ઝેર ઊતરે છે.

### રગતરોહીડો

સ્ત્રીઓના ગર્ભાશય અંગેનાં દર્દોમાં રગત–રોહીડાનો ઉપયોગ કરે છે. તેને રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી પીવા આપે છે. કેટલાક ઉકાળીને પણ પાણી આપે છે. આ ઝાડ વિશે એવું કહેવાય છે કે રાત્રે દાતરડાનો ઘા કરી દાંતરડું ઝાડમાં બેસાડવામાં આવે તો સવારે તે નીચે પડી જાય છે. આમ લોખંડ ઓગાળવાની શક્તિ આ ઝાડમાં રહેલી છે. આદિવાસીઓ ઘણા બધા રોગોમાં રગતરોહીડાની છાલનો ઉપયોગ વર્ષોથી કરતા આવ્યા છે.

### કુટુંબ નિયોજન

કુટુંબ નિયોજન માટેની ઘણી દવા જાણે છે પણ તે પાપ માની કરતા નથી. કાયમી વંધ્યત્વ માટે ઝાડની છાલ અને મૂળનો ઉપયોગ કરી તેનો બારીક ભૂકો કરી ચાળીસ દિવસ સુધીની નાની પડીકીઓ આપે છે. સ્ત્રીઓએ તે દવા ચાળીસ દિવસ સુધી લેવાની હોય છે. તે દવા લીધા પછી ફરીથી બાળક થતું નથી. આ દવાની કોઈ આડઅસર પણ નથી. આ દવામાં લવિંગનો પાઉડર રામગુંદીનાં મૂળ, જાયફળની ભૂકી વાપરી દવા તૈયાર કરવામાં આવે છે.

### હડકવા

હડકવા જેવા રોગની પણ આદિવાસી ભગતો દવા આપે છે. એક જાણકારના જણાવ્યા પ્રમાણે ગરમાળાની છાલનો પાઉડર અને ગોળ મિક્સ કરી દવા આપે છે. આ દવા સવા માસ સુધી લેવાની હોય છે. જેને દવા આપતાં પહેલાં તેને મંતરીને આપવામાં આવે છે. સાથે દોરો બાંધવામાં આવે છે. (હડકવા ચાલુ થાય તે પહેલાં આ દવા કરાવવી પડે છે) તેલ, કોપરું, સીંગદાણા, ખટાશ વગેરે આપતા નથી. (વ્યારા વિસ્તારના ભગત)

વનસ્પતિ દવા ઉપરાંત પ્રાણીજન્ય ઔષધ પશુ, પક્ષી, જંગલી જાનવરોની ચરબી, શિંગડાં વગેરેનો ઉપયોગ પણ અભણ આદિવાસી ખૂબ સહેલાઈથી સારી રીતે કરી શકે છે. તે જાણીએ ત્યારે તેની આવડત ઉપર માન અને શ્રદ્ધા ઘણી જ વધી જાય છે.

દા.ત. શરીરના કોઈ ભાગમાંથી મુડદાલ લોહી બહાર કાઢવા માટે તેઓ કોઈ તળાવમાંથી જળો લઈ આવે છે. માટલામાં પાણી સાથે લાવવામાં આવે છે. જે જગ્યાએ મુડદાલ લોહી કાઢવાનું હોય તે જગ્યાએ જળો લગાડવામાં આવે. જળો મુડદાલ લોહી ચૂસી લે છે. પછી દર્દીની દવા કરવામાં આવે છે. હવે આ મુડદાલ લોહી ચૂસી લીધું તે જળો પણ બચવી જોઈએ તે માટે તેની મોં આગળ મીઠાનું પાણી કે મીઠાનો ગાંગડો મૂકી તેના શરીરમાંથી મુડદાલ લોહી બહાર કાઢવામાં આવે છે. જળોના પાછળના ભાગને જરા જરા દબાવતા જવાથી તેને જે લોહી પીધું છે તે બધું જ મોં દ્વારા બહાર આવે છે. આમ, જળો અને દર્દી બન્ને બચી જાય છે. આવી તો અનેક ચિકિત્સા પદ્ધતિઓ આદિવાસી જાણકારો પાસે ઉપલબ્ધ છે. દિવસે દિવસે વનસ્પતિની ઓળખ અને તેના ઉપયોગનું જ્ઞાન લુપ્ત થતું જાય છે. આજે પણ આપણા દેશમાં ઘણી દિવ્ય વનસ્પતિઓ ઉપલબ્ધ છે. પરંતુ આપણી જાગ્રતતાના અભાવે આપણે તેને ઓળખતા નથી અથવા તેનો ઉપયોગ જાણતા નથી.

આદિવાસીઓમાં મેદ તો ઓછામાં ઓછો જણાય છે. તેમનો જઠરાગ્નિ ખૂબ પ્રદીપ્ત હોય છે. મકાઈના બે-ત્રણ રોટલા તો સહેજ વારમાં પચી જાય. તેમનો દસ્ત પણ બંધાયેલો અને દુર્ગંધ વગરનો હોય છે. આ લોકો લસણ–મરચાંની ચટણીનો ઉપયોગ સારો એવો કરે છે. દૂધ, ઘી, દહીં જવલ્લે જ ખાય છે. શાકભાજી પણ જવલ્લે જ. જંગલમાં થતાં ટિંબરુનાં ફળ, બોર, ચણીબોર અવારનવાર ખાતા હોય છે. આ કોમ ખૂબ જ શક્તિશાળી પ્રજા છે. તેનું કારણ સૂકી અને વન–ઔષધિની હવા પણ છે. વાંસદા, સહ્યાદ્રિ, ધરમપુર, ડાંગ, જેસોર અને દાંતામાં, તથા ડાંગમાં આદિવાસીઓ ખોરાકમાં આંબલીનો ઉપયોગ કરે છે. તપેલીમાં ૨૦–૨૨ શેર પાણી લે છે. તેમાં ૨૦થી ૨૨ તોલા નાગલીનો લોટ ભેળવીને ખૂબ ઉકાળે છે. ઊકળે ત્યારે તેમાં ત્રણ–ચાર તોલા મીઠું નાખે છે. અને પાણી બળતાં બળતાં રાબ જેવું રહે એટલે ઉતારી કાંજી તૈયાર કરે છે. સાબરકાંઠા અને પંચમહાલના આદિવાસીઓ મકાઈની કાંજી ખાતા. આખા ચોખાનું તે ઢાંચલું પણ બનાવે છે. ઢાંચલામાં થોડું દહીં કે છાશ નખાય છે. આ લોકોનાં ગામોનાં નામ પણ વન–ઔષધો ઉપરથી પડ્યાં છે. જેમ કે જામલા, બીલમાડ, બીલીઆંબા, ટેંબુરવા, બહેડુન પીપળદહાડ, ભીલામા, ખજૂરીઆ, મોગરા, પડપાડા વગેરે. આ લોકોનાં હૃદય, મગજ અને ફેફસાં ત્રણેય સારા છે. ખોરાકમાં મુખ્યત્વે મકાઈનો રોટલો અને મળે ત્યારે શાકભાજી અને થોડી ચટણી તો ખરી જ.

ચાલવું, દોડવું, તરવું તો તેમની રોજની રમત છે. તેમના દાંત ખૂબ જ મજબૂત હોય છે. તેનું કારણ તેઓ ગળપણનો બહુ ઉપયોગ કરતા નથી તે છે. શ્વાસ, વાઈ, ડાયાબિટીસ અને કૅન્સર ભાગ્યે જ જોવા મળે છે. તેમનામાં પ્રસન્નતા પણ કુદરતી રીતે જ હોય છે. વાસી ખાતા નથી. રોટલો અને ચટણી રોજ તાજાં જ ખાય છે. એક પણ પૈસો ખોટો ખર્ચ કરતા નથી. તેઓ કુદરતી જીવન જીવે છે. સવારે વહેલા ઊઠે છે. નદીનું નિર્મળ વહેતું પાણી પીએ છે. કેટલાક જંગલનું કામ કરે છે તે મકાઈના લોટની બાટી પણ બનાવે છે. આ બાટી ખૂબ જ મીઠી લાગે છે. સાથે લસણની ચટણી ખાય છે.

વાંસ ઉપર ઘઉં થાય છે તેને છરીથી સાફ કરી તેમાંથી તેઓ ચોખ્ખા ઘઉં કાઢે છે. તેના રોટલા કરી ખાય છે. અને ભાતની માફક બાફીને પણ ખાય છે. આ વાંસના ઘઉંથી ડાયાબિટીસ થતો નથી છતાં ખૂબ મીઠા લાગે છે. આ ખાણું ખૂબ જ હલકું છે, પાચક છે અને ઘણા રોગ મટાડનારું છે.

રસિકલાલ વૈદ્યે નોંધ્યું છે કે હજી આ પેઢીમાં ગાંઠિયા, ફાફડા પણ પેઠા નથી. આમ પચાસ, પંચાવન વર્ષ ઉપર આદિવાસી જીવન કેટલું આરોગ્ય સભર, કુદરતી માપ અને પ્રકૃતિ સાથે તાલમેલવાળું જોઈ શકાય છે. જો કે આ લેખ લખતા પહેલાં પોતે જ્યારે સિલ્ધા વિસ્તારના ડુંગળી વારલીમાં ક્ષેત્રકાર્ય કર્યું ત્યારે પણ

દૂધ કે ચા જોવા મળતાં ન હતાં.(૧૯૮૪,૮૫) ક્યારેક પ્રસંગોપાત્ત ચા મળતી તો તે પણ દૂધ વગરની કે ચાની જગ્યાએ લીંબુના ઝાડનાં પાન નાખવામાં આવતાં. ઉપરોક્ત વિગતોનો મુખ્ય ઉદ્દેશ આજે આદિવાસીઓના આરોગ્ય સાથે, આ કુદરતી ઉપચારો સાથે, ખાદ્યસામગ્રીની હલકી ગુણવત્તાવાળી ચીજો આદિવાસી વિસ્તારોમાં બેહદ પ્રમાણે થતી વપરાશ અને સંપર્ક આદિવાસીઓના આરોગ્ય માટે ખતરાથી ખાલી નથી જ.

મામાના પીપળીઆ પાસે વાઘ સાથે સાઠમારી કર્યા બાદ વનઔષધિ લાવી તેની લૂગદી ઘા ઉપર બાંધી અને આ ઘા રૂઝવી દીધો. મહાબલા અને બલાના છોડ આ જંગલમાં સારા પ્રમાણમાં થાય છે તેનાથી ઘા રુઝાવી દીધો.

- કોઢ ઉપર ચિત્રકનું મુરાડિયું ઘસી ચોપડી કોઢ મટાડાતો હતો. આ વિસ્તારમાં લાલ, પીળો અને સફેદ ચિતરો સારા પ્રમાણમાં થતો હતો.
- અરડૂસી અને કુંવારપાઠું તો અઢળક થાય છે અને ખાંસી, લીવર બરોળ વગેરેમાં તેનો ઉપયોગ કરે છે.
- લાલ અને પીળાં ઇંદ્રવારણાં ઘણા પ્રમાણમાં થાય છે. તેમાં મીઠું કે સંચળ ભરીને તેને તડકે સૂકવે છે. અને પછી તેને ખાંડી તેમાંથી બે–ત્રણ વાલ જેટલું ઉદરરોગમાં વાપરે છે.
- સાદડાના ઝાડને અર્જુન કહે છે. હૃદયરોગમાં તેનો ઉપયોગ થાય છે. સાદડો આ પ્રદેશની સારી સંપત્તિ છે.
- વિદારીકંદ તો મણ મણ જેવા થાય છે. તેનો લોટ દળાવી રોટલા પણ ખાય છે.
- નકટી નામના વૃક્ષના ફળમાં દોરો પરોવીને તેઓ મોટી ખાંસી થઈ હોય ત્યારે બાળકોના ગળે બાંધે છે.
- ભોરિંગણીનો રસ નાકમાં મૂકી તેમાંથી જીવડાં કાઢે છે.
- પથરીનો રોગ થાય ત્યારે શેંમળાનું મૂળ ઘસીને ખાય છે.
- સ્ત્રીઓને લોહીવાનો રોગ થયો હોય ત્યારે ઉમરડાના મૂળમાં ઘા કરી નાની ઢોચકી લટકાવી રાખી ઢોચકીમાં ટપક ટપક પાણી પડતું હતું. પણ દિવસમાં ઢોચકી ભરાઈ જતી. તે પાણી તે બાઈને ભૂખ તરસ લાગે ત્યારે આ પાણી જ પાય. સ્ત્રીને લોહીવા માત્ર છ જ દિવસમાં મટી જાય છે.
- ગૂગળનો ઉપયોગ ખાસ કરીને વાત–વ્યાધિઓમાં સારો એવો કરે છે.
- પ્રસૂતિ સમયે કાલથી હાથના કષ્ટમની પીશીને માથા ઉપર બાંધવાથી તરત જ પ્રસવ થઈ જાય તેવાં મૂળ આ ભગતો જાણે છે.
- શામળાજી વિસ્તારમાં પણ જૂના સમયે વાઘ સાથે મૂઠભેડમાં એક માણસ ઘાયલ થઈ ગયો હતો. તથા ડૉક્ટરોએ પણ દવા કરવાની હિંમત નહોતી કરી ત્યારે ઘરે લાવી વનસ્પતિનો લેપ કરવાથી વ્યક્તિ બચી ગયો અને સારો થયેલાનો દાખલો જાણવા મળેલો.

## ડાંગની વનસ્પતિ

ડાંગની ભૂગોળ પથ્થરોવાળી, ખીણ તથા ખાડા–ટેકરીઓવાળી છે. ડાંગ પ્રદેશની વનસ્પતિની ઓળખ નીચે પ્રમાણે પાડી શકાય :

૧. વૃક્ષના રૂપે
૨. ઝરડાં(ઝાંખરાં)ના રૂપે
૩. વેલી(વેલ)ના રૂપે
૪. છોડના રૂપે
૫. કંદ(કાંદા)ના રૂપે.

આમ, જુદા જુદા પાંચ પ્રકારે ડાંગમાં જોવા મળે છે. અહીંના લોકોએ વૃક્ષના પ્રકારો ફળ–પાન અને તેની છાલ વગેરેના ગુણધર્મ ઓળખ માટે પાડ્યા છે. તેમાં પણ (૧) ખાદ્ય ફળ-ઝાડ (૨) અખાદ્ય ફળ–ઝાડ (૩) સીંગ પાપડીવાળાં વૃક્ષો (૪) અન્ય જંગલી ઝાડ.

### (૧) ખાદ્ય ફળ–ઝાડ

ડાંગના વનપ્રદેશમાં જંગલી ફળ–ઝાડો ઘણાં આવેલાં છે. પશુ, પક્ષી ઉપરાંત અહીંના લોકો પણ તેનો ખાવામાં ઉપયોગ કરતા હોય છે.

**૧.૧ –** (૧) ટીમરૂ (૨) અસંદ (૩) પાયર (કાળા અને ખડક) એમ બે પ્રકારના (૪) ઊમરો (ઉંબર) (૫) બોર (૬) ટુંબ (૭) બેલ (૮) કાકડ (૯) અલીવ (૧૦) કુમ્બી (૧૧) ચારોળી (અચાર) (૧૨) કોસીબ (૧૩) ધામુન (૧૪) ભોકર (૧૫) આમળો (આમળા) (૧૬) વડ (વળ) (૧૭) સાવર (૧૮) જામ્બુડો (જામુન) (૧૯) પીપળો

### ૧.૨ અખાદ્ય ફળ–ઝાડ

આમ તો નાનામોટા દરેક ઝાડને ફળ આવતાં હોય છે. પરંતુ ડાંગના જંગલમાં અમુક વૃક્ષોનાં ફળો એવાં છે કે તેનો અમુક પશુ કે પક્ષીઓ જ ઉપયોગ કરે છે. માણસ ખાઈ શકતાં નથી. જે આ પ્રમાણે છે :

(૧) સીંવડ (૨) બેહડો (૩) ચોખા (૪) સાદડો (૫) બોન્ડાર (૬) ધામડો (૭) રાઠ (૮) મહબ (મહુબ) (૯) નીમ્બારો (૧૦) ગાળ (૧૧) હોમળો (પંગારો) (૧૨) બીલવા

### ૧.૩ સીંગ પાપડીવાળાં વૃક્ષો

(૧) ખાખરો (પલાસ) (૨) બાહવા (૩) કુડી (કોળી) (૪) કરંજ (૫) કોડા (કોળા) (૬) રોંગળ (૭) ટેટુ (૮) વરસ (૯) પીપળા (૧૦) સેગુ (સરગવો) (૧૧) ચામોલી

### ૧.૪ અન્ય જંગલી ઝાડ

(૧) સાગ (૨) સીસમ (સીસવ) (૩) રેદ (હળફન) (૧) ખેર(ખઇટ) (૫) ઇરાન (૬) કલમ (કળમ) (૭) કંહડોળ (૮) બીવાશ (૯) પતાળ (૧૦) ભેદ (૧૧) સીરીસ (૧૨) ભૂલે પોળસ (૧૩) રગતરોહળી (૧૪) તીવીસ

### (૨) ઝરડાંરૂપે (ઝાંખરાં)

(૧) ખરબાટ (૨) હીના (૩) પીચરૂંડ (૪) તોરણ ગંગુતાઈ (૫) ઇળંગી (૬) કરમટા (કરૂન્દા) (૭) આટી (૯) ભેંડો (૯) ભૂયઉમેરો (૧૦) આકડો (રુપ) (૧૧) સાબર (૧૨) ચંદરજોતિ (૧૩) નગોળ (નિળગુણ) (૧૪) એરંડો (૧૫) કારવી (કારવ)

જાળ : આમાં ખાસ કરી મોટા વાંસ(કાસીટ)ની જાળ આવે છે અને નાના વાંસની જાળ જોવામાં આવે છે.

### (૩) વેલીના સ્વરૂપે

(૧) બેંદોર (૨) ચીલારી (૩) કરકાંગવલ (૪) વાગાટ (૫) કૌંચા (કુંપલાં) (૬) સીરી (૭) ઉળસુ (૮) ગાકે (૯) પોળસપેલ (૧૦) પેલે બીવલાં (૧૧) ગોમઠ (૧૨) મેકા (મેકા) (૧૩) નાંદન (૧૪) કંટોલા (કારલા) (૧૫) ચીલળુ (ચીલળ) (૧૬) ગુંળમેકાં (૧૭) કાતર (૧૮) દીગળ (૧૯) ઉમરવેલ (૨૦) ધામોળી (૨૧) તાન (૨૨) ગુંજ (૨૩) કાડે બેંદોર

### (૪) છોડના સ્વરૂપે

(૧) ભોરિંગણ (૨) અઘેડો (સુનારુ) (૩) દારૂડી (કરડાય) (૪) શતાવરી (સસાના ધાગુર) (૫) કુંવાડિયા (તરોટા બીજા વસા, તરોટા) (૬) તુળસી (૭) રાનતુળસી (૮) આજાલા (૯) સરબેલ (૧૦) ભૃંગરાજ (૧૧) બીરનખ (૧૨) પીસવે બુરાડું (૧૩) દુહરી (૧૪) ફોક (૧૫) રાન આંબાડી (૧૬) શર પંખો (બળબળો) (૧૭) શંખાવલી (શંખપુષ્પી) (૧૮) ધતુરા (૧૯) દેવઆબાઢી (૨૦) પેવટા (૨૧) સીળદી (૨૨) કચૂરા (૨૩) મોહન (બે પ્રકારની રાજ અને કાળી મોહન) (૨૪) લોત (૨૫) આગે બોંડ

### (૫) કંદ (કાંદા) સ્વરૂપે

ડાંગમાં ચોમાસાના વિવિધ પ્રકારના જંગલી કંદ થતા હોય છે. જે અહીંના લોકો ખાવા તેમ જ ઔષધ તરીકે ઉપયોગ કરતા હોય છે.

(૧) જંગલી કંદ (કડવા અને મોળા) (૨) હલુદા (૩) વાજા કંદ (૪) કવળીનો કંદ (૫) તેરાનો કંદ (૫) કાગડા(હાળજા)નો કંદ (૭) જંગલી કેળા(ચવ)નો કંદ

## (૬) બિલાડીના ટોપવાળી વનસ્પતિ

ચોમાસાના સમય દરમિયાન ડાંગનાં જંગલોમાં ફૂગવાળી પણ ખાસ બિલાડીના ટોપ જેવી જુદા જુદા પ્રકારની વનસ્પતિ થતી જોવા મળે છે.

(૧) રાજકવર (૨) કનુબી કવર (૩) રોમ્બાબે (૪) સીતા–અરીમ (૫) નાની અળીમ (૬) તેલભેંડે (૭) ભૂપભપૂળ (૮) દેવ અળીમ (૯) માજરા (૧૦) વાસરુણ (૧૧) બાબર. પરંપરાગત વનઔષધ અંગેની જિલ્લાવાર માન્યતાઓ અને ખ્યાલો (વિવિધ પદ્ધતિઓ અને પ્રણાલિકાઓ)

આ આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓના ક્ષેત્રકાર્ય દરમિયાન પદ્ધતિ અને પ્રણાલિકાઓ જાણવા અને જોવા મળી હતી. દરેક આદિવાસીઓ પાસે પોતાની આગવી પદ્ધતિ અને પ્રણાલિકા હતી. જાતિ પ્રમાણે બોલી પણ જુદી હોવાને કારણે રોગનાં નામો, ઝાડ, વેલ કે નામોમાં પણ ભિન્નતા જોવા મળતી હતી. આમ છતાં દરેક જિલ્લાની માન્યતા જોઈએ તો તે હતી કે તેમની આ જાણકારી અદ્‌ભુત હતી. તેમની આ જાણકારી કોઈ પણ લેખિત સ્વરૂપ પુસ્તકમાં ન હતી. મૌખિક સ્વરૂપની આ જાણકારી ધીરે ધીરે લુપ્ત થઈ રહી હોય તેમ દરેકેદરેક વિસ્તારના વડીલો કે જાણકારો પાસેથી સાંભળવા મળતું હતું. તેમની વાર્તાઓ ઉપરથી એમ લાગે કે શું ખરેખર આવી ચમત્કારિક વનસ્પતિ આપણાં જંગલોમાં ઉપલબ્ધ હશે ? તો વિસ્તારવાર વનસ્પતિ, દવા અંગેના ખ્યાલો, માન્યતાઓ અને પદ્ધતિનો વિચાર કરીએ.

દવા કરવી તેને વૈદું અને દવા કરનારને દવાવાળા અથવા દવાદારૂ કરનાર નામે ઓળખાય છે. ડુંગળને ભાંખરા અને જંગલને ઝારીના નામે ઓળખવામાં આવે છે. દવાના જાણકારોમાં મોટા ભાગે વડીલો પાસેથી, કુટુંબીજનો પાસેથી, સગાં પાસેથી, ગુરુ પાસેથી, દવા કરે તે જોઈને શોધેલા તેમ જાણવા મળ્યું. એવું બીજી એક પદ્ધતિ ચોરી કરીને દવા જાણવાની છે. તેને ચોરીને ચોરેલા તેમ કહેવામાં આવે છે. ચોરી કરીને શીખેલી દવા વધારે ગુણ આપે છે તેમ માનવું છે. ચોરી કરીને દવા શીખવાની પદ્ધતિમાં દવા લેવા જાય ત્યારે તે જુએ નહીં તે રીતે તે કઈ દવા લે છે તે જાણી લેવી. આમ જુદી જુદી પદ્ધતિથી દવા જાણતા હતા. દવા કોઈને જુદી પડે તેમ માનતા હોવાથી દવા કોઈને બતાવતા નથી. તેથી એકલા જ દવા લેવા જાય છે. કેટલાકનું એવું માનવું છે કે અત્યારે રોગો વધ્યા છે તેમ પણ એક વર્ગનું માનવું છે. જે દવા પહેલાં કામ આપતી અત્યારે કામ આપતી નથી તેમ જણાવે છે. આ દવા કરતી વ્યક્તિઓ વનસ્પતિ દવા ઉપરાંત ડામ દઈ દુઃખ મટાડતા હોય છે. તેને ટાઢાના નામે ઓળખવામાં આવે છે. ખાસ કરીને આંતરગાંઠ, પેટનાં દર્દો, કાનનો દુખાવો વગેરેમાં ડામ આપવામાં આવે છે. ઝેરી જાનવર સાપની દવા જાણનાર વ્યક્તિઓએ ઘણા બધા આકરા નિયમો પાળવાના હોય છે અને તેમને રોગના નામથી ઓળખવામાં આવે છે.

સાપનું ઝેર ઉતારનાર વ્યક્તિ ઘરમાં એક જગ્યાએ ગોગાનું સ્થાનક બનાવે છે. જ્યાં કાળી–ચૌદસને દિવસે એક શ્રીફળ મૂકવામાં આવે તે બારમાસ સુધી ત્યાં જ રહે છે. બીજા વર્ષે બીજું મૂકવામાં આવે. આગળના શ્રીફળનો ભોગ ધરાવી વહેંચી દે છે.

- દવા કરનાર કે ઉતારનાર વ્યક્તિ આભડછેટ–વાળી જગ્યાએ પાણી કે ચા પીતા નથી.
- ડાઘુ તરીકે સ્મશાને ગયા હોય તો ઘરે આવી ફરી સ્નાન કરી અગરબત્તી કરી પછી જ ખાઈ શકે.
- સાપ કે ઝેરી જાનવરના આકાર ધરાવતી કોઈ વસ્તુ ખાઈ શકાતી નથી. દા.ત. કોળું, રીંગણ, અડદની દાળ, કાખરું, ડાંગરું, નઈ, પીડુઈ વગેરે ચટાપટાવાળી ચીજો હોવાને કારણે ખાવામાં વાપરતા નથી.

- ઝેરી સાપ કરડેલ દર્દી આવે તો તેને વનસ્પતિ દવા આપવામાં આવે છે ને ચડેલું ઝેર ઉતારવામાં આવે છે. ઝેર એક કપડા દ્વારા ચૂસવામાં આવે છે. મોંમાં ઝેર આવે તે બહાર થૂંકી દે છે. દર્દીને ઝેર ચુસાઈ જાય ત્યારે લોહી આવે છે ત્યારે ચૂસવાનું બંધ કરે છે. તેને ઊંજણી નાખવી તેમ પણ કહે છે. ઝેરી જાનવર કરડેલ વ્યક્તિ પાસેથી કંઈ લેવામાં આવતું નથી. પણ સારું થાય ત્યારે દર્દી શ્રીફળ, અગરબત્તી આપે છે.
- કેટલીક સાપવેલ એવા પ્રકારની હોય છે કે તેની સુવાસથી સાપ ત્યાં ખેંચાઈ આવે છે તેવું મનાય છે. સાપ ત્યાંથી હટતા નથી ત્યારે ત્યાં જ મૃત્યુ પામે છે. એટલા માટે આવી વેલની આજુબાજુ સાપનાં હાડકાં પડેલાં હોય છે. તે વેલ સાપનું ઝેર ઉતારવામાં વપરાય છે.

આ વિસ્તારના જાણકારો પાસે ખરેખર અદ્‌ભુત જાણકારી હતી. લગભગ દરેકેદરેક રોગની દવા જાણતા હતા. જંગલ ઓછું હતું ત્યાં જાણકારી પણ ઓછી હતી. વળી દવાખાનાંઓની સગવડ વધવાથી દવાખાને જઈ દવા કરાવનારની સંખ્યા વધી હતી. આમ છતાં કેટલાક લોકો વનસ્પતિ દવા ઉપર વિશ્વાસ રાખી દવા કરાવતા હતા.

**સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના ભીલોડા, મોડાસા, વિજયનગર, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકાઓનું ક્ષેત્રકાર્ય કરી વનસ્પતિ દવા જાણકાર એવા જુદાં જુદાં પંદર ગામોના પંદરથી વીસ ભગત–ભૂવા અને અનુભવીઓ પાસેથી વિવિધ દર્દોની, દવાઓની શક્ય એટલી વિશેષ વિગતો એકત્ર કરવામાં આવી હતી. જેમાં વનસ્પતિનાં નામ, કયા રોગમાં ઉપયોગમાં આવે, કેટલા સમયમાં રોગ મટે, તેને વાપરવાની રીત, પ્રમાણ, ક્યારે અને ક્યાં દવા મળે તથા ઝાડ છોડ વેલાની શબ્દચિત્ર દ્વારા ઓળખાણ, દર્દીએ અને દવા આપનાર વ્યક્તિએ પાળવી પડતી ચરી, લાવવાની પદ્ધતિ વગેરે પ્રકારની માહિતી મેળવી તે ઉપરથી લાગે છે કે આ વિસ્તારમાં લગભગ મોટા ભાગનાં દર્દોની દવાઓ મળે છે. વનસ્પતિ દવાથી બીજી કોઈ આડઅસરની શક્યતા ઘણી જ ઓછી હોવાથી પ્રમાણમાં ઠીક ઠીક ઉપયોગ ચાલુ રહ્યો છે. જો કે વનસ્પતિ દવામાં રોગ મટાડવાની જે શક્તિ છે તે ધીમી અને જડમૂળથી રોગ મટી જાય પછી ફરીવાર તે રોગ થતો નથી

વનસ્પતિ દવા જાણકાર વ્યક્તિઓ માને છે કે જાણકારની પવિત્રતા ઉપર વધારે આધાર રાખે છે. પૈસા ન લે તો દવા વધારે અસર કરે છે. જાણકારો આ જાણકારીને ક્યારેય આજીવિકાનું સાધન બનાવતા નથી. આત્મશ્રદ્ધાથી દવા આપવામાં આવે તો દવા ખૂબ સારી અસર કરે છે. જાણકારોને ખાસ કંઈ પરેજી પાળવાની હોતી નથી. પણ કેટલીક દવાઓને આગળના દિવસે નોતરવામાં આવે છે. નોતરવા જાય તેની સાથે કંકુ, ગોળ, અગરબત્તી, ટકો (પાંચ દસ પૈસા) વગેરે મૂકી આવવાનું હોય છે. બીજા દિવસે કોઈ માણસ જુએ નહીં તે રીતે વહેલી સવારે ચાર વાગે દવા લેવા જાય છે. રસ્તામાં કોઈ મળે તો પાછા આવે છે. કોઈ સામે મળે કે જાણ થાય તો દવા કામ આવે નહીં તેમ માને છે. જાતે જ ઘસી કે વાટીને દવા આપે છે. કેટલીક વાર કેટલાક ઉપચારકો શનિવારે નોતરવા જાય અને રવિવારે લાવે છે. શક્તિ અને શરીરના ધોવાણવાળાં દર્દોમાં દવા નોતરવા જાય છે.

કેટલાંક દર્દોમાં દર્દીને ખાટું, તેલ, ચોખા (ભાત) ખાવા આપવામાં આવતાં નથી. ભાત ખાવાથી દર્દીનું શરીર ફૂલી જાય છે તેમ માનવામાં આવે છે. બનાસકાંઠાના જાણકારોની માફક સાબરકાંઠાના જાણકારો પણ કેટલાંક દર્દોમાં ડામ દેવામાં માને છે. વળી ડામ પાકે તો જ સફળ થાય તેવી પણ માન્યતા છે. ડામ ના પાકે તો પકવવા માટે દર્દીને ખાટું ખવડાવવામાં આવે છે. પશુઓને પણ કેટલાંક દર્દોમાં ડામ દેવામાં આવે છે. કેટલાકનું એવું માનવું છે કે શામળાજી અને વિજયનગરનાં

જંગલોમાં જડીબુટ્ટી પણ થતી તેમ જ વનસ્પતિની મેશ બનાવી આંખમાં આંજવાથી ગુપ્ત ધન જોઈ શકાય તેવી વનસ્પતિ જંગલોમાં હતી.

સ્થાનિક ગરાસિયા ભાષામાં રોગોનાં નામો પણ જુદાં જુદાં જાણવા મળે છે. દા.ત. કૅન્સરને તેઓ કીડીનગરુ, રજવાડી દર્દ અથવા અદીઠ દર્દના નામથી ઓળખે છે. આ વિસ્તારના જાણકારો લગભગ દરેક દર્દની દવા જાણે છે. દવા જાણકાર વ્યક્તિઓએ વનસ્પતિ દવા તરીકે પોતે જાતે ઉપયોગ કર્યો હોય તેવી જ દવાઓની માહિતી આપતા હોય છે. જેનો ઉપયોગ ન કર્યો હોય કે તેમને સંપૂર્ણ દવા અંગેની જાણકારી ન હોય તેવી દવા આપતા કે બતાવતા નથી. આમ જાણકાર વ્યક્તિ વનસ્પતિ દવા અંગે ચોક્કસ હોય છે. તેથી જે દવાઓની માહિતી મળી છે તે ચોક્કસ અને પ્રયોગસિદ્ધ હોય તો દાવો કરવામાં વાંધો નથી.

આશ્ચર્ય અને ખૂબીની વાત એ છે કે તેમની પાસેથી જે માહિતી મળી છે તે વનસ્પતિનાં ગુજરાતી નામો અને લૅટિન નામો મેળવવા માટે આયુર્વેદ ગ્રંથ 'આર્યભિષક'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. અને તેમાંથી કેટલીક દવાઓ એની પ્રમાણભૂત માહિતી મળી છે તે સિદ્ધ થાય છે. વળી, વનસ્પતિ દવાઓ સાથે પશુપક્ષીની હગાર, કોઈ પશુનું મૂત્ર, રાખ, થોર કે આકડાનું દૂધ, પ્રાણીની ચરબી, વાઘનું દૂધ, સારસનું ઈંડું, પાણી, લોખંડ, માટી કે કાથીની દોરી અને છેલ્લે શિવામ્બુ જેવી દરેક પ્રકારની દવાઓની જાણકારી; જેઓના આજીવન સાથી એવાં પશુઓના દરેક પ્રકારનાં દર્દો આ મોટા ભાગના જાણકારો સામે આજનો ડિગ્રીધારી ડૉક્ટર પણ ઝાંખો પડે તેમ લાગે છે.

આમ સાબરકાંઠાના આ ક્ષેત્રકાર્ય દરમિયાન ૧૦૦ જેટલી વનૌષધિઓની જાણકારી તેના ગુણધર્મો સાથે મેળવી હતી. વનસ્પતિનાં નામો તેમની સ્થાનિક ગરાસિયા બોલીમાં છે. તેનાં ગુજરાતી અને બોટેનિકલ નામો મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે બધાં જ નામો મેળવી શકાયાં નથી કારણ કે સ્થાનિક બોલીમાં હોવાથી ચોપડીઓમાં મેળવી શક્યાં નથી.

## પંચમહાલ–દાહોદ

વનસ્પતિ ઔષધોના જાણકારને આ વિસ્તારમાં 'વેદ', 'વાદી', 'બડવો', 'જાણકાર' વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આમાં કેટલાક એવા પણ હોય છે કે જેઓ દવા સાથે મંત્રતંત્ર પણ કરતા હોય તેમને ખાસ કરી 'વાદી' અને 'બડવા'ને નામે ઓળખવામાં આવે છે. વનસ્પતિ દવાઓ જાણનારમાં ઘણી બધી માન્યતા પ્રવર્તતી હોય છે. જેમ કે દવાનું નામ કહેવાથી તેમાં રહેલા ગુણ નષ્ટ થઈ જાય છે. કોઈને બતાવવાથી તે ગુણ આપતી બંધ થઈ જાય છે વગેરે માન્યતા હોવાને કારણે દવા લેવા આવનાર વ્યક્તિને બીજા દિવસે સવારે કે સાંજે મોડા આવવાનું કહી જાણકાર તે દવા લાવવા માટેનો સમય અને સ્થળ ખાનગી રાખી શકવાનો હેતુ પણ પાર પાડી શકે છે. જો કે વિસ્તારના લોકો પણ તેને માન આપી તેની પાસે કોઈ આગ્રહ કે જાણવાની ઇચ્છા વ્યક્ત કરતા નથી. દવા લાવવામાં કેટલાંક નીતિનિયમો પાળવામાં આવે છે. દવા વહેલી સવારે લાવવાથી વધારે અસરકારક રહે છે. દવા લાવતી વખતે દવાના છોડ ઉપર કે વેલ ઉપર તેનો પડછાયો પડવો જોઈએ નહીં. પડછાયો ન પડે તેમ રહી દવા લેવામાં આવે છે. કેટલીક દવાઓ એવી છે કે પોતાના ખેતરમાં કે વાડામાં પણ રાખવામાં કે ઉછેરવામાં આવે છે. નાગદાવત એવી વેલ છે જે વાડા કે ખેતરમાં થઈ શકે છે. નાગ કરડે ત્યારે તેનો ઉપયોગ થાય છે તેથી દવા તરત જ આપવામાં આવે છે. દર્દીને સારું ન થાય ત્યાં સુધી જાણકાર તે વ્યક્તિને છોડી જતો નથી. આવી દવા આપવા બદલ એક પણ પૈસો લેવામાં આવતો નથી. પણ એક શ્રીફળ ચઢાવી દેવાનું માનવામાં આવે છે. નાગ કરડેલ વ્યક્તિને ઘરમાં ન બેસાડતાં  બહાર બેસાડવામાં આવે છે. જો તેને ઘરમાં બેસાડે તો ઝેર ઊતરતું નથી તેમ માનવામાં આવે છે. આ જંગલમાં મળતી

દવાઓ વિશે જાણકાર વ્યક્તિઓમાં મુખ્યત્વે વડીલ વ્યક્તિઓ હોય છે. તેઓ તેમના વિશ્વાસુ હોય છે. જેથી આ વારસો ટકી રહે પણ દિવસે દિવસે આ જાણકારીનું પ્રમાણ ઘટતું જતું હોય તેમ લાગે છે. કારણ કે નવી પેઢી વનસ્પતિ દવા કે બડવાઓમાં વિશ્વાસ ન કરતાં દવાખાનાનો આશરો વધારે લેતી થઈ છે. જો કે ઘણાખરા કિસ્સામાં દવાખાના પહેલાં પણ તેઓ વનસ્પતિ દવા કે બડવા–ભૂવાનો આશ્રય તો લેતા જ હોય છે. આ લોકો ખૂબ અસરકારક અને ઉપયોગી દવાઓ જાણતા હોય છે. તેઓએ જે દવાઓ જણાવી છે તે દવા જોતાં એમ લાગે કે ભાગ્યે જ કોઈ રોગ એવો હોય કે જેની વનસ્પતિ દવા ન હોય અને તેઓ દવા ન જાણતા હોય. હા, એમ બનવા સંભવ છે કે બધી જ દવા બધી જ વ્યક્તિઓ જાણતી હોય તેવું જોવા મળતું નથી. પણ બધા મળી બધા પ્રકારની દવા જાણતા હોય તેની વધારે શક્યતા રહેલી છે. કેટલાંક પાસાંઓમાં આયુર્વેદની સરખામણીમાં આ લોકો પાસે વધારે જ્ઞાન છે તે ચોક્કસપણે કહી શકાય તેમ છે.

જંગલમાં રહેનાર આ પ્રજા જે જંગલી ફળ–ફળાદિનો ઉપયોગ કરે છે તે વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ કોઈ ને કોઈ પ્રકારની દવા જ હોય છે. આવો દવાયુક્ત ખોરાક જ તેમનામાં રહેલી નબળાઈ દૂર કરી રોગપ્રતિકારક શક્તિનો વધારો કરતી હોય છે. જેના કારણે તેમને નબળાઈ કે અશક્તિની દવાઓ લેવાની જરૂર પડતી નથી. તેમનાં ધાન્ય આયુર્વેદની દ્રષ્ટિએ ગુણકારી તેમ જ પૌષ્ટિક છે. અને એ ચોખ્ખી હવા, પાણી બારેમાસ મળતું રહે તેવા વિસ્તારમાં ઝેરી જાનવરોનો સામનો કરવા સિવાય વધારે રોગોના ભોગ બનવું પડતું નથી. જેથી આવી સ્થિતિના સામના માટે દરેક વિસ્તારમાં વધારેમાં વધારે વનસ્પતિ દવાઓ જાણકાર જોવા મળે છે.

વનસ્પતિ દવા ઉપરાંત જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનો ઉપયોગ પણ ક્યારેક દવા તરીકે કરવામાં આવે છે. દા.ત. મોરનો પગ, મરઘાનું લોહી, રતાંધણી, જરખનું તેલ, ખોખરી, સાબરસીંગ વગેરેનો ઉપયોગ દવા તરીકે કરે છે. વાઈ એવો રોગ છે જેનો કોઈ અસરકારક ઉપચાર આજ સુધી શોધાયો નથી. જ્યારે તે રોગ માટે પણ એક નાના શાહુડી જેવા પ્રાણી જેને જંગલવાસી ‘ખોખરી’ નામે ઓળખે છે તે ખાવાથી વાઈનો રોગ મટે. આમ વનસ્પતિ દવાઓ સાથે આવી દવાઓ પણ તે જાણતા હોય છે.

ક્યારેક એવું પણ જાણવા મળે છે કે આપણે જેને વધુમાં વધુ પૌષ્ટિક અને દરેક રોગની દવાના ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ... જેવી કે મધ, આમળાં, મૂસળી, ગરમાળો વગેરેનો અહીં ફક્ત ખાવામાં કે દુકાને વેચવામાં ઉપયોગ કરવામાં આવે છે. તેનો દવા તરીકે ઘણા જ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. આમ આ રીતે જોઈએ તો હજુ પણ વધારે દવાનો ભંડાર તેમની પાસે છે, જેને આપણે પણ જાણતા નથી. સર્વસામાન્ય તેમનું એક વાક્ય ‘જેટલી વનસ્પતિ તેટલી દવા’ પણ તે ઓળખતા હોવા જોઈએ. હડકવા જેવા રોગ માટેની દવા પણ વનસ્પતિ દવાઓના જાણકારો પાસે પડેલી છે તે ઘણી જ અચરજ અને ગૌરવની વાત છે.

પંચમહાલમાં આવેલ રતનમહાલનું જંગલ એ રીંછ અભયારણ્યના જંગલ તરીકે રાખવામાં આવ્યું છે. રતનમહાલમાં લગભગ આઠ ગામોનો વસવાટ છે. જે દરેક ગામ ડુંગરની અંદર કે તળેટીમાં વસવાટ કરે છે. આદિવાસી પ્રજા ડુંગરને દેવ તરીકે જ માનતી આવી છે. આજે પણ તેઓ બાબા રતનમહાલના નામથી જ ડુંગરને ઓળખાવે છે અને ત્યાં દેવોનો વાસ છે તેવું સ્પષ્ટ માને છે. આ જંગલોમાં ગુજરાતનાં બીજાં જંગલો કરતાં વધારે વનસ્પતિ દવાઓ ઉપલબ્ધ છે.

## વડોદરા–છોટાઉદેપુર

ભગત–ભૂવાને બડવાના નામે ઓળખવામાં આવે છે. દરેક ગામમાં બે–ત્રણ બડવા હોય છે. તેઓ બીમારી, વળગાડ, કોઈને નડતર, પાક–સંરક્ષણ કે નવા પાકની પૂજનવિધિ કરતા હોય છે અથવા કામો કરતાં પહેલાં બડવા પાસે વિધિ કરાવવી એ આ વિસ્તારના આદિવાસીઓમાં આવશ્યક છે. આ જાણકારી તેમને પોતાના બાપદાદા પાસેથી કે પોતે જાતે શીખેલા તેમ જણાવે છે. તેઓ તેમના સ્થાનિક દેવતાઓની પૂજાવિધિ કરતા હોય છે. પીઠોરો તેમનો મોટો દેવ છે, તેને ખુશ રાખવા માટે તેની વિધિ કરી ઘરની દીવાલ ઉપર પીઠોરો દોરવામાં આવે છે. તેની વર્ષમાં એક વાર પૂજા કરવામાં આવે છે. આ પીઠોરા પાછળ દસથી પંદર હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આ દેવ કરવાથી ઘરમાં ધનધાન્ય સારું રહે સાથે માણસમાં કે ઢોરમાં બીમારી આવે નહીં તેમ માનવામાં આવે છે. પીઠોરો તેમનો મુખ્ય દેવ છે.

ભગત–ભૂવા જેમ કહે તેમ દર્દીએ કરવાનું હોય છે. કોઈ પણ પ્રકારના દર્દમાં ઝારો નાંખવો, મંત્ર કરવા, વિધિ કરવી વગેરે કામ તેઓ કરતા હોય છે. માણસ કે ઢોર સારું થાય એટલા માટે વિધિ કરવામાં આવે છે. જેમાં મરઘું, બકરું કે અન્ય શ્રીફળ વગેરે નૈવેદ્ય ધરાવવામાં આવે છે. આ લોકો પોતાના દેવો આ કામ કરે છે તેમ દ્રઢપણે માને છે. સાથે સાથે વનસ્પતિ દવા પણ આપે છે. કેટલાક બડવાઓનું એમ માનવું છે કે તેમને આ દવાઓ તેમની માતા બતાવે છે. તેઓ પોતાની માતાને વારતહેવારે નૈવેદ્ય ધરાવે છે.

બડવાઓ નાનામોટા હોઈ શકે છે. કોઈક વધારે જાણે તે મોટો અને ઓછું જાણે તે નાનો કહેવાય છે. ક્યારેક બડવો પણ એમ કહે છે કે મારે શીખવાનું બાકી છે. એટલે હું નાનો બડવો છું. બડવાને આ વિસ્તારના લોકો માનથી જુએ છે. બડવાઓ રોગને કોઈ સામાન્ય રોગ કે શારીરિક રોગ માનતા નથી પણ આવું કોઈકે કંઈ કહ્યું છે અથવા તો દેવનો આપેલો રોગ છે, તેમ માની દૈવીશક્તિ ઉપર વધારે ને વધારે આધાર રાખે છે. જો કે સાથે સાથે વનસ્પતિ દવા પણ કરે છે. ક્યારેક દર્દીને સારું ન થાય તો દવાખાને જવાની સલાહ પણ આપે છે. ઝેરી જાનવર (સાપ) કરડે તેને પાનું બેઠું છે તેમ કહેવામાં આવે છે. બડવો દવા આપે સાથે સાથે મંત્ર બોલે છે. કેટલાક ભાથીજીના ભગત પણ હોય છે. તેઓ મરઘું, બકરું કે ઈંડાનું નૈવેદ્ય ધરાવતા નથી, પણ સારું થાય પછી પાંચ શ્રીફળ અને દીવો, અગરબત્તી કરે છે. વર્ષમાં અખાત્રીજ અને દિવાળી એમ બે સમયે વનસ્પતિને દીવાદર્શન કરાવી તેને ભોગ ધરાવવામાં આવે છે. ત્યાર પછી વચ્ચે વનસ્પતિ લાવવામાં કોઈ વિધિ કરવામાં આવતી નથી. કેટલાક બડવાઓ એમ માને છે કે મંતર વગર દવા કામ આપતી નથી માટે તેઓ મંતર સાથે દવા આપે છે. કેટલાંક દર્દો મંત્રથી પણ દૂર કરે છે, જેમાં વીંછીનું ઝેર ઉતારવું, સાપનું ઝેર ઉતારવું. પેટનાં દર્દો–આવાં દર્દો ફક્ત મંતરથી દૂર કરવામાં આવે છે. જો કે બધા જ બડવાઓ એમ કરે છે તેવું નથી.

દવા અંગેની માન્યતા અંગે જંગલની જ દવા કામ આવે છે. ગામ કે ઘર નજીકની દવા બહુ કામ આવતી નથી. કારણ કે નજીકની દવા ઉપર સ્ત્રીઓનો પડછાયો પડેલો હોય સાથે સાથે છોકરાઓએ પેશાબ કરેલી જગ્યા હોય તો તે કામ આવતી નથી તેમ કેટલાક માને છે. ઝાડ મૂળિયાનું પ્રમાણ ઘટી ગયું છે તેમ ખાસ માનતા નથી પણ દવાવાળા છોડ જોઈ રાખવા પડે છે અથવા તેને લાવી રાખવા પડે છે. કારણ કે કેટલાક છોડ બારેમાસ મળતા નથી. દવા આપ્યા પછી દર્દીને સારું થાય ત્યાં સુધી તેનો ખ્યાલ રાખવામાં આવે છે અને સારું થાય કે તરત જ તેમની માન્યતા પ્રમાણે વિધિ પણ કરે છે. બીજા વિસ્તારનો એક વર્ગ એવો છે જે ભગત તરીકે ઓળખાવે છે.

તેઓએ કોઈને પોતાના ગુરુ બનાવેલા હોય છે. તેઓ પોતાના ખેતર કે ગામની ખુલ્લી જમીનમાં દેવની સ્થાપના કરી મંદિર બનાવે છે. તેઓ પણ જંગલની દવા આપે છે. તેઓ ઈશ્વરની ઇચ્છા ઉપર વધારે શ્રદ્ધા રાખે છે. તેઓ દારૂ, મરઘી કે અન્ય માંસનો ઉપયોગ કરતા નથી. દર્દીને સારું થાય ત્યારે શ્રીફળ, અગરબત્તી કે જે કંઈ ટેક આપી હોય તે કરે છે. આ બન્ને પ્રકારના ભગતોમાં મહેનતાણા પેટે કંઈ જ લેવામાં આવતું નથી. દર્દીને દર્દ પ્રમાણે ચરી પાળવાનું કહેવામાં આવે છે. જેમાં ખારું, તીખું, ભારે ખોરાક લેવા દેવામાં આવતો નથી. આ ભગતો વનસ્પતિ દવાથી જ સારું થયું તેમ માને છે. જ્યારે બડવાઓ મંત્રથી સારું થાય છે તેમ માને છે. ભગતો દરેક જગ્યા પરની દવા કામ આવે તેમ માને છે. બાળકોના દર્દની દવા મોટે ભાગે રવિવારે કરતા હોય છે.

જડ–ચેતનમાં ઈશ્વરનો વાસ રહેલો છે, તેમ માનવાવાળો વર્ગ પણ જડ વસ્તુમાં દૈવીશક્તિની અસર જોઈ શકતો નથી, પણ અહીંના આદિવાસીઓ જડ વસ્તુઓ ઉપર પણ દૈવીશક્તિની અસર થાય છે તેમ માને છે. તેને ચલાવવા, તેને ખુશ રાખવા માટે અનેક પ્રકારની વિધિ કરવામાં આવે છે. ડુંગરને તેઓ દેવ માની પૂજે છે. અનાજ અને શાકભાજીમાં રોગ પડે કે ઘંટી બરાબર ન ચાલે તો તે માટે પણ વિધિ કરવામાં આવે છે. મકાઈના ડોડામાં ઇયળ પડે કે રીંગણીનાં ફૂલ ગળી જતાં હોય તો દિતવારે (રવિવારે) મરીચનાં પાંદડાં તોડી અનાજ ઉપરથી ઉતારી કોતરમાં (રસ્તામાં) મૂકી આવે છે. જેથી રોગ અટકે છે. તે જ રીતે ઘંટીમાં પણ બીમારી ઊતરે, ઘંટી બરાબર ફરે તે માટે રસ્તા ઉપર લોટના ગોળ કૂંડાળાં કરી લોટથી ચોકડી કરવામાં આવે છે. આવાં પાંચથી સાત કૂંડાળાં કરવામાં આવે છે. આમ કરવાથી રસ્તો જાય તેમ ઘંટી ફર્યા કરે છે. આમ ઘંટીની પણ બીમારી ઉતારવામાં આવે છે.

વનસ્પતિની દવા સાથે સાથે પ્રાણીઓ અને પક્ષીઓનો પણ દવા તરીકે ઉપયોગ કરે છે. જેમાં શિયાળ, કબૂતર, સફેદ ઉંદર, સસલા વગેરેની જાણકારી મળેલી. મહિલાને પૂરા સમયે પ્રસૂતિ ન થતી હોય, જો બાળક પેટમાં ઊંધું થઈ ગયું હોય તો પણ સુયાણીબાઈ પેટ ચોળી વનસ્પતિ દવા આપે અને પ્રસૂતિ કરાવે છે. આમ દરેકેદરેક પાસામાં તેમની વત્તાઓછા પ્રમાણમાં જાણકારી હોય છે અને તે કામ તેઓ ખૂબ પ્રેમ અને નિષ્ઠાથી કરે છે.

બન્ને પ્રકારના ભગતો દવા બતાવવામાં સંકોચ અનુભવે છે. બહારથી આવનાર કે બીજી વ્યક્તિને તેઓ જાણે તે કરતાં ઠીક ઓછી કે મુખ્ય વસ્તુ ગણતા હોય તે ન બતાવે તેવું બને ખરું. આમાં તેમને ભય પણ લાગે છે. તેમને સરકારમાં બોલાવવામાં આવશે. ઝાડ કપાવો છો તેમ માની તેમને પકડશે તેમ માની બતાવતા નથી. આમ છતાં ખૂબ સારી અને ઘણી અગત્યની માહિતી પ્રાપ્ત થઈ છે. આ વિસ્તારમાં જુદાં જુદાં આઠ ગામમાંથી ૧૩ જાણકારો પાસેથી ૨૦૭ જેટલી ઔષધિની જાણકારી ઉપલબ્ધ બની હતી.

### ભરૂચ-નર્મદા

વનસ્પતિ દવા જાણકાર વ્યક્તિને આ વિસ્તારમાં ભગત, ભૂવો અથવા બડવાના નામે ઓળખવામાં આવે છે. ભગતો બે પ્રકારના હોય છે. કેટલાક દેવના મંત્ર અને વિધિ સાથે જ દવા કરે, કેટલાક વનસ્પતિ દવા જ કરે. આ વિસ્તારમાં વનસ્પતિ દવાને 'ઔહરિયા'ના નામે ઓળખવામાં આવે છે. વનસ્પતિ દવા જાણકાર વ્યક્તિઓ ખાસ માણસને જ દવા બતાવતા હોય છે. બીજા કોઈને તે બતાવતા નથી. કુટુંબનો એક સભ્ય જાણતો હોય તો બીજો કોઈ સભ્ય તે શીખવાની ઇચ્છા રાખતો નથી. મુલાકાત લીધેલ ભગત-ભૂવાઓને પૂછવામાં આવે કે તમે આ જાણકારી ક્યાંથી મેળવી ત્યારે જુદા જુદા જવાબો મળ્યા હતા. તેમાં 'કાકા', 'બાપદાદા', 'મામા', 'મદારી', 'ગોવાળ', 'બીજા

પાસેથી', એકબીજાનું જોઈને વગેરે જવાબો મળ્યા હતા.

જાણકાર વ્યક્તિઓ અમુક ચોક્કસ દવાઓ માટે વિધિ પણ કરતા હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે દર્દીને રોગ મટે ત્યારે ઈંડું કે મરઘીનો ભોગ પણ આપે છે. એક ભગતના જણાવ્યા પ્રમાણે દવા મેળવવા જાય ત્યારે કોઈ ખાસ વિધિ કરવામાં આવતી નથી પણ વરસાદ પડે, ઘરની ઉપર નવી વનસ્પતિ ઊગી નીકળે, ઘરની હરિયાળી બને એટલે આ વિસ્તારમાં તેને 'લીલી સાડી ઓઢી' તેમ કહેવામાં આવે છે. ત્યારે સમગ્ર વનસ્પતિ દવાને પૂજવામાં આવે છે. વર્ષમાં એક વાર બધી જ વનસ્પતિને ભોગ આપી દેવાનો હોય છે. નાગ કરડે કે ઝેર ચઢે તેવા જાનવર કરડે તેમાં બાધા (માનતા) માનવામાં આવે છે. સાથે શ્રીફળ ચઢાવવામાં આવે છે. ભાથીજીના ભૂવા પાસે લઈ જાય છે. ભૂવો ધૂણે અને ઝેર ઉતારે છે, સાથે વનસ્પતિ દવા પણ આપે છે.

વનસ્પતિ દવા લેવા જાય ત્યારે કોઈ બીજી વ્યક્તિને સાથે લઈ જતા નથી. દવા ઉપર પોતાનો પડછાયો પડવા દેતા નથી. દવાને સૂંઘવાથી કામ આપતી નથી, માટે દવા સૂંઘતા નથી. ગામ નજીકની દવા ઓછી અસરકારક હોય છે, એમ કેટલાકનું કહેવું છે. કેટલાક વડીલોનું કહેવું છે કે ચોખ્ખી હવા, સાદા પૌષ્ટિક ખોરાકના કારણે અહીંના આદિવાસીઓમાં હઠીલાં દર્દો ભાગ્યે જ થતાં, દવા તરીકે ઉપયોગમાં લેવામાં આવતી વનસ્પતિનો એક ઇમારતી કે જલાઉ લાકડા તરીકે ખૂબ ઓછો ઉપયોગ થતો હોવાથી તે જંગલમાં ટકીને રહે છે. વળી દવા જાણકાર વ્યક્તિ જે ભાગનો ઉપયોગ થતો જાય તે ભાગને જરૂર પડે તો જ એક બાજુથી ખોદી કાઢી કરીને લાવે છે. પછી માટીથી તેને ઢાંકી દેવામાં આવે છે. જેથી છોડ કે વેલનો નાશ થતો નથી. બકરી કે ઢોર તેને ખાઈ જાય પણ ફરીથી થઈ શકે છે.

કુટુંબ નિયોજનના ઉપયોગમાં આવે તેવી દવા ખૂબ સારી રીતે જાણે છે. જો કુટુંબ કલ્યાણમાં વનસ્પતિ દવા અને સ્થાનિક જાણકાર વ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવે તો આ વિસ્તારમાં વધારે સારું પરિણામ લાવી શકાય તેમ છે.

વનસ્પતિ ઉપરાંત પ્રાણીજ ઔષધિ પશુ, પક્ષી, જંગલી જાનવરોની ચરબી, શિંગડાં વગેરેનો ઉપયોગ પણ ખૂબ સારી રીતે જાણે છે. શરીરના કોઈ ભાગમાંથી મુડદાલ લોહી બહાર કાઢવું હોય તો તળાવમાંથી જળો લાવી લોહી ચુસાવી લેતા હોય છે. જળો પણ બચી જાય માટે તેના મોં આગળ મીઠાનો ગાંગડો મૂકવાથી પીધેલું લોહી પાછું ઓકી દેતી હોય છે.

કેટલાક ભગતોના જણાવ્યા પ્રમાણે ધંધાદારી લોકો આખું ઝાડ ઉઠાવી લેતા હોય છે. તેથી જલદી નાશ થાય છે. ગામડાના ભગતો જરૂર પૂરતી જ દવા લાવતા હોય છે. દવા આપવાનો સમય સવારનો વધારે પસંદ કરવામાં આવે છે. જો કે જરૂર પડે ગમે ત્યારે પણ દવા આપતા હોય છે. દર્દ પ્રમાણે કેટલીક ચીજો ખાવા આપતા નથી જેમાં ગરમ મસાલા, ભારે ખોરાક, માંસ, લસણ, ડુંગળી વગેરે ખાવાની મનાઈ કરવામાં આવે છે. દર્દીને ક્યારેક તો દારૂ પણ પીવાની મનાઈ હોય છે. નસ પકડાઈ જાય, ઢોરને હાંફણીનું દર્દ થાય તેવાં દર્દોમાં કપડાની દિવેટ બાળી ડામ દેવામાં આવે છે. ઢોર માટે લોખંડના દાંતરડાનો ઉપયોગ કરવામાં આવે છે. બાળકની નજર પણ ઉતારવામાં આવે. જેમાં વાળ, મરચું, મીઠું વગેરે બાળક પરથી ઉતારી રસ્તા ઉપર મૂકવામાં આવે છે.

ઍક્યુપ્રેશર દાબ–વિદ્યાની યાદ અપાવે તેવો એક પ્રયોગ ગર્ભપાત માટે વપરાય છે તેમાં પેટચોળી ચૂંટી ખણી ગર્ભપાત કરાવવામાં આવે છે. આ પદ્ધતિથી ગમે તેટલા માસનો ગર્ભ હોય ગર્ભપાત થઈ જાય છે. આ પદ્ધતિ સ્ત્રીઓ અથવા દાયણો જાણતી હોય છે. માટીનો ઉપયોગ પણ કરવામાં આવે તો 'લાગમાટી' તરીકે ઓળખાતી માટી છે, જે હાડકું ભાગે તેમાં વપરાય છે. આ માટી ઊંચેથી પાણી પડતું હોય ત્યાં કોતરોમાં માટીનાં

બિંદુ બાઝી માટીના ઊંચા થર થાય છે તે વપરાય છે. એક જ વાર બાંધવાથી આરામ થાય છે. થોડીક ખાવા પણ આપે છે. ગર્ભવતી સ્ત્રીને માટી ખાવા આપવામાં આવતી નથી. કારણ કે બાળક ગર્ભાશય સાથે ચોંટી જાય એવી માન્યતા છે. માટે તેમને બહારના ભાગમાં જ લેપ કરવામાં આવે છે.

અન્ય વિસ્તારોની જેમ અહીંના ભગત-ભૂવા પણ દર્દીની પાસેથી કંઈ મહેનતાણું લેતા નથી. પૈસા લે તો દેવ રૂઠે તેમ માને છે. ખુશ થઈ કોઈ દર્દી કંઈ આપે તો લે. ક્યારેક ભગતને ખવડાવે અને દારૂ પાય છે.

આ વિસ્તારના ભગતોમાં કેટલીક માન્યતાઓ પણ જાણવા મળી :

૧. કોઢની દવા કેટલાક ભગતો કરતા નથી. તેમ માને છે કે કોઢની દવા કરવાથી તેનો કોઢ પોતાને લાગે છે.

૨. રીંછ જંગલમાં મળે ત્યારે રીંછ પહેલાં માણસ બરાડે તો રીંછ પાછું વળી જાય છે. જો માણસ પહેલાં રીંછ બરાડે તો માણસ ઉપર હુમલો કરે છે.

આ વિસ્તારનાં જુદાં જુદાં અગિયાર ગામોમાંથી સોળ જેટલા જાણકારોની મુલાકાત લઈ ૨૩૦ જેટલી ઉપચાર પ્રણાલિકાઓ જાણવા મળી છે તે અહેવાલમાં મૂકી છે.

### સુરત-વ્યારા

વ્યારા જિલ્લાના વ્યારા, સોનગઢ અને ઉચ્છલ તાલુકાઓમાં જંગલનું પ્રમાણ દિવસે દિવસે ઘટતું રહ્યું છે. આમ છતાં ગામડાંઓમાં વસતા આદિવાસીઓ વનસ્પતિ દવાઓ કરે છે. અને તેની જાણકારી પણ છે. અહીં દવા કરનાર વ્યક્તિઓને ભગત યા વૈદ્યના નામે ઓળખાય છે. આ વિસ્તારના દવા કરનારને તે પંથકમાં લગભગ બધા ઓળખતા હોય છે. આ વિસ્તારમાં ચોક્કસ દર્દ માટે જાણીતા હોય તેવા પણ ભગત–ભૂવા હતા. બીજું આ વિસ્તારના ભગતોને કોઈ વ્યસન હોય કે દેવદેવીઓનો આધાર લઈ દવા કરતા હોય તેવું ઘણું ઓછું જોવા મળે છે. જો કે ભગવાન ઉપર શ્રદ્ધા રાખી દવા કરવામાં આવે છે. કેટલાક તો દેવને વચ્ચે રાખી દવા કરતા હોય છે. પોતાના ઘરમાં દેવનું સ્થાનક હોય છે. ત્યાં દીવો, અગરબત્તી, નૈવેદ્ય ધરાવે છે. કેટલાક ભગતોનું એમ માનવું છે કે અમુક દેવો કોપવાથી જ અમુક રોગ થાય છે. જો કે બધા આવી માન્યતા ધરાવે છે એવું નથી. ઘરમાં દેવી–દેવતાઓના ફોટા રાખવામાં આવે છે. તેમાં મહાદેવ, મહાકાળી, અંબાજી, હનુમાન વગેરેનો સમાવેશ થાય છે. કેટલાક વૈદ્યો પોતાના ઘરે ક્લિનિક ચલાવતા હોય તે રીતે વ્યવસ્થિત દવા આપે છે. ઘણા દૂરથી આવનાર વ્યક્તિઓને રહેવા માટે જગ્યા, ખાવા બનાવવા માટે વ્યવસ્થા પણ આપે છે. ક્યારેક તો દર્દીને સારું થાય ત્યાં સુધી પોતાના ઘરે જ રાખે છે. કેટલાંક એવાં દર્દો છે જેના માટે રોકાવું ફરજિયાત હોય છે. દા.ત. લકવાનું દર્દ. લકવાના દર્દીને ભગત પોતાના ઘરે જ નવ દિવસ સુધી રાખે છે. રાતે સૌ જંપી જાય એટલે કે રાતે દસ વાગ્યા પછી રાનીભીંડાથી નવરાત્રિ સુધી ઉતારે છે. દસમે દિવસે દેવના સ્થાનકે પગે લગાડી રજા આપે છે. સાથે સાથે વનસ્પતિ દવા ઉકાળીને આપે છે જે પીવાની હોય છે. આ દર્દીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી પણ કોઈ ખુશીથી આપે તો તે લેવામાં આવે છે. આવા દર્દીઓએ પરેજી પાળવાની હોય છે. જેમાં ખટાશ, ચોખા, પાપડી, કેળા, વાલ વગેરે ખાવા આપતા નથી.

હડકવાની દવા આપનાર પણ આ વિસ્તારમાં જાણીતા હતા. મુલાકાત લીધી તે સમય સુધીમાં બેથી ત્રણ હજાર દર્દીઓની દવા કરી છે તેવું જણાવેલ હતું. હડકવાની દવા લેનાર વ્યક્તિએ એક શ્રીફળ, અગરબત્તી અને સવા પાંચ રૂપિયા આપવાના હોય છે. ગરમાળાની છાલનો પાઉડર અને ગોળ મિક્સ કરી આપે છે. દવા આપતાં પહેલાં મંતરીને આપે છે. દર્દીને તેલ, કોપરું, સીંગદાણા, ખટાશ ખાવા આપતા નથી.

આ સિવાય ઘણા બધા રોગોની દવા જાણતા હોય તેવા પણ ભગત–ભૂવાઓ છે જેઓ દર્દીના દેખાવ, તેવા રોગનાં લક્ષણ, દર્દીને ક્યાં પીડા થાય છે તે જાણી દવા કરતા હોય છે. આવા જાણકારો પાસે દવાખાનાથી હારી–થાકીને આવનારની સંખ્યા વિશેષ હોય છે. જો કે સ્થાનિક લોકો તો તેમની જ દવા લેતા હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે વાયુ–પિત્ત અને કફ અધિક વધવાથી રોગો થાય છે. આ ઉપરાંત કીટાણુજન્ય રોગો પણ હોય છે. તેમાં નાના જીવાણુથી માંડીને મોટા જીવડા સુધીના રોગ પણ થાય છે. આ ત્રણેના પ્રકોપથી કેવા રોગ થાય છે તેની વિગતોની વાત કરી હતી. સામાન્ય રોગથી માંડીને કૅન્સર જેવા અતિ ગંભીર રોગોની જાણ પણ આપે છે. અને આ જાણકારી તેમને વારસાગત મળી છે. વનસ્પતિ જાણકારોમાં મોટા ભાગના જાણકારોને વંશપરંપરાગત રીતે જાણકારી મળેલી હતી. દવા લેવા જતી વખતે દવામાં રસ ધરાવતા છોકરાને સાથે રાખે છે. તેની પાસે દવા મંગાવડાવે તથા તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે પણ બતાવે, જે છોકરાને રસ હોય, વિશ્વાસુ હોય તેને જ બતાવતા હોય છે.

કેટલાક ભગત–ભૂવા વિધિ સાથે વનસ્પતિ દવા આપે છે. આથી મહત્ત્વ તેમની શ્રદ્ધામાં જ રહેલું છે. વળી દર્દીને કે અન્ય વ્યક્તિઓને પણ તેમ લાગે કે તેઓ કોઈ દેવની સહાયથી દર્દ મટાડે છે. આમ એકલી દવા કામ આપતી નથી, પણ સાથે મંત્ર ને વિધિ જરૂરી છે તેમ માને છે. એટલે કે દવા સાથે શ્રદ્ધા ખૂબ જ જરૂરી માને છે તેમ લાગે છે. આમ છતાં આ વિસ્તારના ભગત–ભૂવાઓ વ્યસનમાં માનતા નથી. બકરા કે મરઘાનો ભોગ આપતા નથી કે દારૂ પણ મંગાવતા નથી. ઉચ્છલ નિઝરના વસાવા ભગત–ભૂવા પણ જંગલના પ્રમાણમાં ખૂબ સારી જાણકારી ધરાવતા હતા. દરેક પ્રકારના રોગોની દવા તેઓ જાણતા હોય છે અને તે બધી જ દવાની ઉપલબ્ધિ તે વિસ્તારમાં હોય છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સ્ત્રીઓનાં દર્દોની જાણકારી ઘણી સારી છે. સ્થાનિક જાણકારો કોઈ પણ પ્રકારની દવાના પૈસા લેતા નથી. દવાની જાણકારી વનસ્પતિ સાથે ઓતપ્રોત થઈ ગયેલાને માલૂમ પડે છે. તેઓ કોઈ પણ દવા જાણતા ન હોય તેવું જોવામાં આવ્યું નથી. તેઓ બાળકના જન્મ પહેલાંથી મૃત્યુ સુધીમાં કોઈ પણ રોગ થાય તેવી દરેકેદરેક દવા જાણે છે, તેમ લાગ્યા વગર રહેતું નથી. કુટુંબ નિયોજનની દવા, ક્ષય, ઍસિડિટી, કૅન્સર જેવા અસાધ્ય રોગોની દવા તેઓ ખૂબ સહેલાઈથી કરતા હોય છે. અને દર્દીને સારું થવાના કેસો પણ જોઈ શકાય છે. તેમની જાણકારીના ઘણા બધા દાખલાઓ, આવડતી પદ્ધતિ વગેરે તેમની પાસેથી સાંભળવા, જાણવા અને જોવા મળે છે. પણ બધાનો અહીં ઉલ્લેખ કરેલ નથી. જિલ્લાવાર અહેવાલમાં તે વિગતો દર્શાવવામાં આવી છે. આ વિસ્તારના ભગત–ભૂવાઓ જંગલના નાશ સાથે વન–ઔષધિઓનો નાશ થઈ રહ્યો છે તેમ માને છે. વળી બધી જ વન–ઔષધિને તાજી વાપરવાનો આગ્રહ રાખે છે. ઉકાઈ બંધમાં ડૂબી ગયેલા પુનઃવસવાટવાળા એક ગામના જાણકારની મુલાકાત લીધી તે પોતે ભાથીજીના ભૂવા તરીકે જાણીતા હતા. ઝેરી જાનવર કરડે તો દર્દીઓ તેમની પાસે આવે છે. તેમના જણાવ્યા પ્રમાણે ઉકાઈ ડેમ થવાથી જંગલોનો નાશ થયો અને સાથે સાથે વનસ્પતિ દવાઓનો પણ નાશ થયો છે. તેમના મત પ્રમાણે જંગલનો નાશ થશે તો રોગોને કાબૂમાં રાખવા અશક્ય બની જશે. કારણ કે વનસ્પતિ જ સર્વશ્રેષ્ઠ દવા છે અને દરેક રોગોને મટાડનારી છે. માટે કોઈ પણ ભોગે જંગલને બચાવવું જ રહ્યું. રાસાયણિક ખાતર અને હાઇબ્રિડ બિયારણની વપરાશથી રોગોનું પ્રમાણ વધ્યું છે તેમ પણ કેટલાકનું માનવું છે. રાસાયણિક ખાતરોનો ઉપયોગ મર્યાદિત કરવો જોઈએ.

વનસ્પતિ દવાની જાણકારી પશુઓના રોગોની દવામાં પણ ખૂબ સારી રીતે જાણે છે.

સાથે સાથે પ્રાણીજન્ય ચરબીનો ઉપયોગ પણ રોગ કાબૂમાં લેવા માટે કરે છે. રોગમુક્ત જગામાં રોગના જીવાણુનો હુમલો ઓછો થાય અને રોગ કાબૂમાં આવે તે માટે માણસના માંસને બદલે બકરીના માંસનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે કે રોગયુક્ત ભાગને બચાવવા માટે તેની જ જગ્યાએ બીજી વ્યવસ્થા કરવામાં આવે છે. દા.ત. ટી.બી.ના દર્દીને રાત્રે પચાસ ગ્રામ જેટલું બકરીનું કાચું માસ ખવડાવવામાં આવે છે. ત્યાંના જીવાણુ તે માંસને લાગે છે તેમ માને છે. તે જ રીતે શરીરના બહારના ભાગમાં પાક થયો હોય તે જગ્યાએ પણ બકરાનું માંસ બાંધવાથી પાક કરતા જીવાણુ તે માંસના ટુકડા તરફ વળે છે. દાઝી ગયેલા ઉપર પાટલાઘોની ચરબી વપરાય છે. વનસ્પતિ દવા અંગેની જાણકારી અદ્‌ભુત છે. તેઓ જંગલ સાથે રહે છે, તેના ગુણધર્મો તેઓ જાણે છે. જન્મજાત ખોડ–ખાંપણવાળાને પણ તેઓ વનસ્પતિ દવાથી સારું કરી શકે છે. જંગલમાં શક્તિપ્રધાન ઔષધિ કઈ છે તે ખૂબ સારી રીતે જાણે છે. તેમની પાસે જાણકારી છે, અનુભવ છે પણ તેનો સુવ્યવસ્થિત ઉપયોગ થઈ શકે તે માટેની વ્યવસ્થા નથી. જંગલમાં રહેલી વનસ્પતિ ઔષધિનો નાશ ન થાય તે માટે તેમની પાસે કોઈ ઉપાય નથી કે અટકાવવા માટેના રસ્તાની કોઈ જાણ નથી. પેઢીઓથી અમલ કરી આવતા આ જ્ઞાનને ટકાવી રાખવા માટે તેમની પાસે જે જંગલ હતું તે જંગલનો નાશ થઈ રહ્યો છે. જેમ જંગલનો નાશ થશે તેમ જાણકારીનો નાશ થશે કે દવા આપવાનો કે બતાવવાનો કોઈ અવકાશ રહેશે નહીં. તેમની પાસે દ્રશ્યમાન જ્ઞાન છે તે નષ્ટ થશે તેની સાથે તેનો પણ નાશ થશે તે નિશ્ચિત છે.

થોડાંઘણાં આયુર્વેદ ભવનો જંગલની વનસ્પતિમાંથી દવા બનાવી આપે છે. પણ જોઈએ તેટલા પ્રમાણમાં તેમની પાસે તે ચીજો ઉપલબ્ધ નથી. વળી નવી જાણકારી ઉમેરાવી જોઈએ તે પણ ઉમેરાતી નથી. આના કારણે જ છે તેનો ઉપયોગ કરવો પડે તેમ છે. આમ જ ચાલ્યા કરશે તો વનસ્પતિ દવા તરીકે ઉપયોગમાં આવતાં ઝાડોનો નાશ થશે અને બિનઉપયોગી ઝેરી વનસ્પતિ જ બાકી રહી જવા પામશે. સુરત જિલ્લાના ત્રણે તાલુકાનાં ગામડાંઓના ક્ષેત્રકાર્ય દરમિયાન ૨૨ જેટલી વન–ઔષધિઓની જાણકારી તેના ગુણધર્મો સાથે મેળવી હતી. વન–ઔષધિનાં નામો તેમની સ્થાનિક બોલીમાં છે તેના ગુજરાતી અને બોટેનિકલ નામ મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે બધાં જ નામો મેળવી શક્યાં નથી કારણ કે સ્થાનિક બોલીમાં નામો જ એવાં હોય છે જે જોવાથી જ ખ્યાલ આવે.

### વલસાડ-નવસારી

આદિવાસીઓમાં પરંપરાગત વન–ઔષધિ પેઢી દર પેઢીનો અનુભવ છે. તેમને પૂછવામાં આવે ત્યારે એમ જવાબ તો હોય જ "દરેક ઝાડ કોઈ ને કોઈ વંશી છે." પણ જાણે તેના માટે હવે આ જાણકારોનું જે પ્રમાણ છે તે ઓછું થતું જાય છે. તેના પણ ઘણાં કારણો છે જેમાં આધુનિક દવાપદ્ધતિ, જંગલનું ઘટતું જતું પ્રમાણ, રોગ મટાડવાની ધીમી પ્રક્રિયા, આજે લોકોને મિનિટોમાં કે કલાકોમાં આરામ થાય તેવી દવાનો ઉપયોગ વધારે પસંદ પડે છે. આમ છતાં તેમનામાં રહેલી વનસ્પતિ દવા અંગેની શ્રદ્ધા ઓછી થઈ હોય તેવું નથી. પણ જાણકાર વ્યક્તિઓ જાતે જ દવાની વપરાશ ઘટાડતા હોય છે. કારણ કે તેમના મુખેથી સાંભળવા મળે છે કે પહેલાં અમુક દવા અમારા જંગલમાં થતી, હવે નથી મળતી. અથવા દૂરના જંગલમાં શોધવા જવું પડે છે.

દવા જાણકાર વ્યક્તિઓનો મુખ્ય ધંધો વનસ્પતિ દવા લાવી આપવાનો જ માત્ર નથી, પણ તેમનો મુખ્ય ધંધો ખેતી, પશુપાલનનો હોય છે. તેમાંથી નવરાશ કાઢી આ સમાજોપયોગી સેવાનું કાર્ય કરતા હોય છે. તેના બદલામાં રૂઢિગત માન્યતા પ્રમાણે શ્રીફળ, મરઘી કે બકરું આપે તેનો

ઉપયોગ ભગતના સાગરીતો કે બધા સાથે મળી કરતા હોય છે. આમ ભગત–ભૂવા તરીકે કામ કરતી વ્યક્તિઓને જે આજના જમાના પ્રમાણે મહેનતાણું મળવું જોઈએ તે મળતું નથી જેથી તેમને આર્થિક મુશ્કેલીઓ અનુભવવી પડે છે. જેના કારણે તેઓ દૂર જંગલમાંથી દવા લાવવા માટે પ્રેરાતા નથી, પણ નજીક હોય તો લાવી દે છે. વળી કેટલીક દવાઓ બારેમાસ મળતી હોતી નથી. તેનો સંગ્રહ કરી રાખવો પડતો હોય છે. દા.ત. મરડાસીંગ, કેરીનો ચીક, ગુંદર, ફળનાં બી વગેરે ચીજો તેની સિઝનમાં જ મળે ત્યારે લાવી સંગ્રહી રાખવી પડે છે. તેને સંગ્રહી રાખવામાં ન આવે તો ટૂંક સમયમાં તેનો નાશ થાય છે.

આ વિસ્તારના વનસ્પતિ દવા જાણકાર દરેક પ્રકારના રોગની દવા જાણતા હોય છે. અને તે પણ પોતાના અનુભવજન્ય જ્ઞાનને આધારે જાણે છે. હા, કોઈ અમુક દવા માટે સ્પેશિયાલિસ્ટ હોય તેવું બને. કાસ્ટુનિયના એક વારલી ભાઈ સાપના ઝેર માટેની દવા જાણતા હતા. તેમના જણાવ્યા પ્રમાણે તે ગામમાં સાપ કરડેલી એક પણ વ્યક્તિને દવાખાને જવું પડ્યું નથી. કેટલાક બાળકોના રોગ, કેટલાક ગર્ભરક્ષક વગેરે દવાઓના જાણકારો પણ હતા. તેમની બતાવેલી દવાની માહિતી જ્યારે આર્યભિષક નામના પુસ્તકમાં જોઈએ ત્યારે તેમની દવાના પ્રમાણભૂત આધાર મળી રહે છે. આમ છતાં તેમની પાસે જે છે તે બધું આપણા પુસ્તકમાં છે તેમ કહી શકાય તેમ નથી. કારણ કે તેમની પાસે આ અનુભવનું ભાથું ભરેલું છે. વળી બધી વનસ્પતિના નામ કે ઉપયોગ પણ આપણે જાણતા નથી. તે દવા જાણ્યા પછી આપણને લાગે કે તેમની સરખામણીમાં આપણી પાસે કંઈ નથી. આ વિસ્તારમાં વનસ્પતિ દવાને વંશીના નામે ઓળખવામાં આવે છે. વાંસદા તાલુકાનાં ગામો ડાંગ અને મહારાષ્ટ્ર જિલ્લાની સરહદે આવેલાં હતાં. જંગલોનું પ્રમાણ ઠીક ઠીક હતું. વંશપરંપરાગત ઔષધોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે. દવા અંગેની શોધનો દાખલો મૂકીએ તો અસ્થાને નહીં હોય.

એક વાર જંગલમાં શિકાર કરવા માટે ગયેલ વ્યક્તિઓએ સસલાઓનો શિકાર કર્યો. તેના માંસના ભાગ પાડી દરેકને વહેંચવામાં આવ્યા. ઝાડના પાનમાં પોતપોતાના ભાગ લઈ ઘેર આવ્યા પણ બધાના આશ્ચર્ય વચ્ચે જે પાનમાં માંસના ટુકડા બાંધ્યા હતા તે ટુકડા એક ગઠ્ઠાના રૂપમાં ફેરવાઈ ગયેલા હતા એટલે કે જે પાનમાં માંસ બાંધ્યું હતું તે પાનમાં એવી શક્તિ હતી કે ભાંગેલ તૂટેલ વસ્તુને સાંધી દે. આમ તે પાન હાથપગ ભાંગે કે તૂટે તેમાં વપરાવા લાગ્યાં.

જાણકાર વ્યક્તિઓ દવા આપનાર વ્યક્તિ પાસેથી કોઈ પણ પ્રકારનું મહેનતાણું લેવાનો આગ્રહ રાખતા નથી. પણ અમુક દર્દો એવાં હોય છે કે જેમાં દૈવીશક્તિથી આમ થયું તેમ માની તેમની પાસેથી શ્રીફળ, દારૂ, મરઘી વગેરેનો ઉપયોગ ભગત–ભૂવા કરતા હોય છે. કેટલાક ફક્ત દવા જ આપે છે. દવા કોઈને બતાવવામાં આવતી નથી. એ ઉપલબ્ધ હોય તે સમયે તેઓ તે દવા પોતાના ઘરે લાવી મૂકી રાખતા હોય છે. જેથી તેનો ઉપયોગ દવા ન મળતી હોય તેવા દિવસોમાં કરી શકે. મોટા ભાગે તેનાં મૂળ, ફળ, બી, ગુંદર વગેરે વસ્તુઓ લાવી મૂકતા હોય છે. ક્યારેક દવાનું દ્રાવણ આપવાનું હોય છે તેમાં ઘણી બધી જડીબુટ્ટી, ગુંદર વગેરેનો ઉપયોગ થયો હોય તેવી દવા તૈયાર કરી એકાદ શીશીમાં મૂકી રાખતા હોય છે. જેનો ઉપયોગ પાંચથી છ માસ સુધી કરવામાં આવે છે.

વંશી લેવા જાય ત્યારે ભગત એકલા જ જાય છે. તેમના જોયેલા સ્થળેથી દવા લાવતા હોય છે. દવા લાવવા માટે સવારનો સમય ઉત્તમ ગણવામાં આવે છે. કેટલીક વનસ્પતિ દૈવીશક્તિવાળી ગણવામાં આવે છે. દા.ત. વાંસ ઉપરનો વાંદો જેમાંથી સોનું બનાવી શકાય તેવી માન્યતા છે. કાળી હળદર જે દૈવીશક્તિશાળી ગણે છે તેને મેળવવા માટે વિધિ કરવી પડે છે. તેના છોડમાંથી

રાત્રે પ્રકાશ નીકળે છે તેમ માને છે.

જડીબુટ્ટીનું નામ દેવાથી કે તેની જાહેરાતથી તેના ગુણ નાશ પામે છે તેમ માનવાને કારણે ક્યારેક ખૂબ ઉપયોગી અને જરૂરી આ દવાને પણ ઓછી વ્યક્તિઓ જાણતી હોય છે. ક્યારેક એવું પણ બને કે વનસ્પતિને ઓળખતા હોય પણ તેનું નામ ન જાણતા હોય. તેને જોવાથી ઓળખે કે આ વનસ્પતિ અમુક દર્દ માટે વપરાય છે. ક્યારેક સાપ કરડે તેમાં વપરાતી કે ઓછાયો લાગી જાય તેવી વન–ઔષધિનાં નામ આપવામાં આવતાં નથી.

ધરમપુર વિસ્તારના વારલી ભગત–ભૂવાઓ ઢોર અને પાક–સંરક્ષણ માટે પણ વનસ્પતિ દવાનો ઉપયોગ કરે છે. અમુક પ્રકારના છોડનાં પાન લાવી ખેતરની ચારેબાજુ મૂકવાથી ખેતરમાં પાક સારો થાય છે તેવી માન્યતા છે. તે જ રીતે કોઈએ કંઈ કરી નાંખ્યુ હોય, ગાય, ભેંસ, દૂધ ન આપતી હોય તેમાં પણ વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે દેવ પણ કરે છે. જુદાં જુદાં ગામોના જાણકારો પાસેથી ૧૫૪ જેટલી વન–ઔષધિની જાણકારી મળેલી જે અહેવાલમાં દર્શાવવામાં આવી છે.

## ડાંગ

ડાંગ જિલ્લો જંગલથી સમૃદ્ધ છે. ૧.૭૨ લાખ કુલ હેક્ટરમાં ૧,૬૯,૦૦૦ હેક્ટર જંગલ વિસ્તાર છે. ૨૫૦૦ હેક્ટરમાં ખેતી કરવામાં આવે છે. આ વિશાળ જંગલમાં અનેક જાતની વનસ્પતિ થાય છે. ત્યાં વસતા આદિવાસીઓ આ વનસ્પતિનો ઉપયોગ પરંપરાગત રીતે કરતા આવ્યા છે અને કરે છે. તેમના આ જ્ઞાનનો વિશેષ ઉપયોગ થાય, તેનો લાભ વૈજ્ઞાનિક રીતે થાય તે હેતુસર અનુભવી અને જાણકાર વ્યક્તિઓ પાસેથી તે વારસો સદા ટકી રહે તે હેતુસર અનેક પ્રયોગો કરવામાં આવ્યા છે. જેમાં ૧૯૫૫–૫૬માં છોટુભાઈ નાયક અને ઘેલુભાઈ નાયકના પ્રયત્નો અને તે સમસ્યા કલેક્ટરના સહકારથી ડાંગ જિલ્લામાં કામ કરતા ભગત–ભૂવાઓને એકત્ર કરવામાં આવ્યા હતા. જેમાં લગભગ ૩૦૦ ભગત–ભૂવાઓએ ભાગ લીધેલો. તેના ફળસ્વરૂપે એક સહકારી મંડળી પણ ઊભી થયેલી જેમાં આજે પણ ૬૨ ભગતો તેના સભ્યો છે. આજે તે બિલીમોરા અવધૂતવાડીમાં કાર્યરત છે. ત્યાર પછી આદિજાતિ વિસ્તાર પેટાયોજનાના સહકારથી તા. ૧૬, ૧૭ માર્ચ, ૧૯૮૧ના રોજ જિલ્લાના આદિવાસી અને વનસ્પતિ જાણકાર ભગતોની શિબિર યોજી તેમની જાણકારી અંગેની ચર્ચાઓ કરવામાં આવી. ત્યાર પછી ૧૯૮૨માં સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પ્રોજેક્ટ એડ્‌મિનિસ્ટ્રેટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. કે. નંદાના સહકારથી, ડાંગ જિલ્લામાં આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી લિ.ની સ્થાપના કરવામાં આવી. આ ફાર્મસીના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણેના હતા :

- ડાંગ જિલ્લાનાં જંગલોમાં ઊગતી જુદી જુદી વનસ્પતિઓમાંથી શુદ્ધ અને તાજી શાસ્ત્રોક્ત પદ્ધતિથી આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન કરી દવા પૂરી પાડવી.
- ડાંગ જિલ્લાનાં જંગલોમાં ઊગતી ૨૧૬ જાતની વનસ્પતિના ઉપયોગની ઓળખ, સંચય અને એકત્રીકરણ પદ્ધતિઓ અંગે આ વિસ્તારના આદિવાસી લોકોને જરૂરી માર્ગદર્શન આપવું અને તેનું મહત્ત્વ સમજાવવું.
- ડાંગ જિલ્લાનાં જંગલોમાં ઊગેલી ઉપયોગી વન–ઔષધિઓના એકત્રીકરણ દ્વારા આ વિસ્તારના આદિવાસી લોકો માટે રોજગારીની તકો ઊભી કરવી.
- ડાંગ જિલ્લાના આદિવાસી વૈદ્ય કે જેઓ ડાંગી ભગત તરીકે ઓળખાય છે, તેમની પરંપરાગત ચિકિત્સાપદ્ધતિના જ્ઞાનનો વિકાસ તથા તેની માહિતી એકત્ર કરી તેને પ્રકાશમાં લાવવી.

માનદ મૅનેજર વૈદ્ય એ. જી. પરમાર તથા રજનીભાઈ પટેલની મુલાકાતમાં ડાંગના ભગત–

ભૂવાઓ તથા વન–ઔષધિઓની કેટલીક મહત્ત્વની વાત જાણવા મળી જે નીચે પ્રમાણે છે :

તેમના જણાવ્યા પ્રમાણે ભગત–ભૂવાઓની જાણકારી ઘણી જ સારી હતી જે હાલમાં ઓછી થઈ ગઈ છે. તેઓ તરત જ તાજી વનસ્પતિનો ઉપયોગ કરતા હોવાથી અસર સારી કરે છે. તથા તેઓ જે વનસ્પતિ લાવે છે તે વિધિપૂર્વક અને પ્રમાણસર લાવતા હોવાથી વધુ ગુણધર્મવાળી હોય છે.

- વેપારી ધોરણે કલેક્શન કરવાથી તેની પરિપક્વતા જળવાતી નથી.
- ભગતો પોતાની અસલ દવા બતાવતા નથી તેના કારણે આજે તે માહિતી ઉપલબ્ધ નથી.
- ગુજરાતમાં નાના છોડની વનસ્પતિ ઔષધ છોડ ઘણા ઓછા થાય છે.
- જંગલમાં ઊગેલા છોડની વૃદ્ધિ અને પ્લાન્ટેશન કરેલ છોડની વૃદ્ધિમાં ઘણો તફાવત જોવા મળે છે.
- મોટાં ઝાડવાંઓ સિવાયની ઔષધ મધ્યપ્રદેશમાંથી લાવવી પડે છે. મધ્યપ્રદેશમાંથી ૮૦ % ઔષધ આવે છે.
- મોટા બંધોથી ઔષધનો નાશ થવાનો પૂરેપૂરો સંભવ છે.
- ફાર્મસીમાં ઔષધ બનાવવાની પ્રક્રિયામાં ઘણો સમય લાગતો હોવાથી તે વધારે મોંઘી બને છે.
- બહારથી મંગાવવી પડતી વનસ્પતિ દવા ઘણી જ મોંઘી આવે છે.
- જંગલમાં કૂપ કપાયા પછી તે જગ્યાને બાળી નાંખવામાં આવે છે. આથી ઔષધ છોડ બળી જાય છે. બિયારણ પણ બળી જાય છે જેથી તે ઔષધનો નાશ થાય છે. હાલમાં ઘણી દવાના છોડ એ રીતે નાશ થયેલ જે મળતા નથી.
- અત્યારે જે રીતે વનસ્પતિ દવાનો નાશ થાય છે તે રીતે તો સોનાના ભાવે પણ વનઔષધ મળશે નહીં.
- ઑક્ટોબર માસ એ ઔષધ મેળવવાનો ઉત્તમ માસ છે.
- ઔષધ મેળવવામાં તેની પરિપક્વતાનો ખ્યાલ રાખવામાં ન આવે તો તેની અસર ઓછી થાય છે.
- પહેલાંના ભગત–ભૂવાઓ ખૂબ ચમત્કારી અસરવાળી દવા આપતા જેનાથી ડૉક્ટરો પણ આશ્ચર્યમુગ્ધ બની જતા. હાલ તે દવા મળતી નથી.
- યોગ્ય પાત્ર સિવાય પોતાના છોકરાને પણ દવા બતાવતા નહીં હોવાથી આ જાણકારી દિવસે દિવસે ઓછી થતી જાય છે.
- અત્યારના ભગતો ઓછું જાણે છે અને વ્યસનમાં વધારે માને છે.

## ડાંગના ભગતો

ભગતો બધી વનસ્પતિની વિધિ કરે તેવું નથી. અમુક વનસ્પતિ માટે સિંદૂર અને તાંબાનો પૈસો લઈ જાય. તેને ચાંદલો કરી પૈસા મૂકી વનસ્પતિ દવા લાવે છે. કેટલાક અગરબત્તી સળગાવી દવા લાવે, કેટલાક અમુક દિવસે જ દવા લાવે, ખાસ કરી રવિવાર અથવા મંગળવાર–જ્યારે અમુક દવા ગમે તે દિવસે અને સમયે લાવી શકાય. મોટા ભાગે એક વ્યક્તિ દવા લેવા જતી હોય છે.

કેટલાક ભગતો આખા ગામમાં કોઈ રોગચાળો ફાટી નીકળે ત્યારે વિધિવિધાન પણ કરે છે. આ સાથે મંત્ર પણ બોલે છે. આવી વિધિ વહેલી સવારે અથવા રાત્રે કરવામાં આવે છે. માણસને અથવા ઢોરના ચાંદા માટેનો એક મંત્ર ભણવા મળેલો જે અહીં મૂક્યો છે. હાથમાં ચપટી રાખ લઈ આ મંત્ર ભગત વહેલી સવારે બોલે છે –

ખરિયાખૂટ ભીયાસિયા મૂળ માને શબ્દમાં બોલતામાં જ ઇલા હુઇડ પાઇલ્યે મોટી કીડી મરી પડ અને બારીક કીડી જરી પડ.

એમના આરાધ્ય દેવને સ્મરણ કરી હું કહું તેમ થાય તેમ કહી ચાંદામાં મોટા જીવડા છે તે મરી જાય અને નાના જીવડા ખરી પડે તેમ કહી ચપટી રાખ ફેંકવામાં આવે છે.

કેટલાક ભગતો વનસ્પતિ દવા લેવા જાય ત્યારે તેની પૂજાવિધિ કરી દવા લાવે છે. વનસ્પતિને સંબોધીને કહે છે કે,

દુરના ગીર પહાડ જદી રાવણના બાણ લાગલા દાદ હનુમાન

ગયેલા તે વંશી ચાલ મને ધરમના કામ પડેલા.

ઉપરોક્ત શબ્દો બોલી વનસ્પતિ લેવામાં આવે છે. એનો અર્થ એમ છે કે જે દિવસે રાવણનું બાણ લક્ષ્મણને વાગ્યું અને લક્ષ્મણ મૂર્છામાં આવી ગયા ત્યારે હનુમાનજી જે વનસ્પતિ લેવા ગયેલા તે હે વનસ્પતિ, આજે મારે તારું કામ પડેલું છે તો તું મારે ઘેર ચાલ.

આ વનસ્પતિ દવાથી દર્દીને સારું થાય ત્યારે તેને શ્રીફળ અને સિંદૂર ચઢાવવામાં આવે છે.

કેટલાક ભગતો પોતે ખાતરી ન કરેલી હોય તેની દવા કરતા નથી. કોઈ માણસ મૃત્યુ પામે અને તેની તપાસ સરકાર કરે તે ડરના કારણે પોતે દવાનો ટેસ્ટ કરે છે પછી જ દર્દીને આપે છે. સરકારી તપાસથી ખૂબ ડરે છે. સરકારી તપાસના ડરે પોતે દવા નથી કરતા અથવા નથી જાણતા તેવું પણ ક્યારેક કહે છે. કેટલાક કંઈ જ પણ લીધા વગર દવા કરતા હોય છે. કેટલાક ભગતો ઠગે છે તેવું પણ માનવું છે. એટલે કે દવા ન જાણતા હોય તો પણ તે જાણે છે તેમ કહી દર્દીને દવા આપે છે. કેટલાક ભગતો એમ માને છે કે ઔષધનું નામ કાગળ ઉપર લખવાથી તે કામ આપતી નથી તેમ માની દવા બતાવતા નથી.

ડાંગી ભગત–ભૂવાઓ દવા અને શ્રદ્ધા બન્ને ધરાવે છે. દવા સાથે મંત્ર અને આરાધ્ય દેવની પૂજા પણ કરે છે. વહી ગયેલી વાતોની યાદ તાજી કરી દવા લેવામાં આવે છે. દેવ અને વનસ્પતિમાં અતૂટ શ્રદ્ધા છે. રોગચાળો અથવા આપત્તિ કોઈ દૈવી પ્રકોપને કારણે જ થાય છે, તેમ પણ માનવામાં આવે છે. વનસ્પતિમાં દૈવીશક્તિ રહેલી છે તેવી વાતો પણ સાંભળવા મળે છે. કેટલાક તો એટલા સુધી કહે છે કે વનસ્પતિના પ્રભાવથી મરેલાં માછલાં પણ સજીવન થતાં. વાઘ પણ અમુક વનસ્પતિના પ્રભાવથી દૂર રહે છે તેમ પણ માને છે. જ્યારે કેટલાક એમ માને છે કે અમુક દવાની જાણકારી દૈવી રીતે મળે છે. કોઈ એવા પ્રકારનો રોગચાળો ફાટી નીકળ્યો હોય તો તેના નિવારણની દવા ક્યાં છે તે રીતે સ્વપ્ન દ્વારા જાણકારી મળે. તેનું સ્થળ અને દવાનું ઝાડ દેખાય તે દ્વારા તે દવા લાવી રોગ નિવારણ કરવામાં આવતું હતું. આ બધી તો વાતો થઈ તે વડીલો પાસેથી સાંભળેલી કે જોયેલી અને અનુભવેલી. હાલમાં આવી દવાનો ઉપયોગ નહિવત્ સાંભળવા મળે છે. આમ છતાં આજે પણ વનસ્પતિ દવાનો પ્રભાવ ચોક્કસ જોઈ શકાય છે. સ્ત્રી પ્રસૂતિ સમયે કષ્ટાતી હોય ત્યારે ભગત એ છોડ જેને ડાંગીમાં બેનદોર કહે છે. તેનાં મૂળ ખોદી અને ધીરે ધીરે ચાલતા આવવું. અડધા રસ્તા સુધી આવતાંમાં સ્ત્રીને પ્રસૂતિ થાય છે. આમ આ પણ એક ચમત્કારી દવા જ કહી શકાય. આવી તો ઘણી દવાઓ તેમની પાસે છે. જેનાથી ઘણા રોગો નિર્મૂળ કરી શકાય છે. આયુર્વેદિક માફક તેઓ ઘણાં બધાં ઝાડોના ગુણધર્મો પણ જાણે છે. કઈ દવા સાથે કઈ દવા મેળવી શકાય તે પણ ખૂબ સારી રીતે જાણે છે. ઘણા જાણકારો તો આઠથી દસ ઝાડનાં પાન, છાલ, મૂળનું મિશ્રણ કરીને દવા આપતા હોય છે. તેમાં પણ વૈજ્ઞાનિક ઢબે મિશ્રણ થતું હોય તેમ જોવા મળે છે. દા.ત. અમુક ઝાડનું અડધું પાન, અમુક ઝાડનું આખું પાન, મૂળ કે છાલનો અમુક માપનો જ ટુકડો વગેરે.

સાપના પ્રકારો જેમ ઘણા છે તેમ તે સાપની દવાઓ પણ ઘણી છે. કેવા પ્રકારના સાપનું ઝેર કેવું છે તે પ્રમાણે દર્દીને દવા આપવામાં આવે છે. સાથે મંત્ર પણ બોલવામાં આવે છે. ઢોર માટેનાં દર્દોમાં

ઘણા નિષ્ણાત છે. કારણ કે પશુઓ આદિવાસીઓની આજીવિકા સમાન હોવાથી પશુના રોગોમાં ઘણા નિષ્ણાત છે. ઢોર માટેની ઘણા પ્રકારની દવા તેઓ જાણે છે. ઢોરનું હાડકું ભાંગવું, ચારો ન ચરવો વગેરે પ્રકારની દવા તેઓ જાતે જ કરી લેતા હોય છે. સંમોહન વિદ્યાના પણ કેટલાક જાણકારો હોય છે. જેઓ પતિ–પત્નીના ઝઘડામાં સહાયરૂપ બને છે. બાળકો કરવાં કે ન કરવાં માટેની દવાઓ પણ જાણે છે. આ છે ડાંગના ભગતોની વિદ્યા. આદિવાસી વિસ્તારમાં ડાકણની માન્યતા તો પ્રવર્તતી જ હોય, આવી ડાકણોનો પ્રભાવ કેટલાક વિસ્તારમાં ઘણો બધો હોય છે. ડાકણોની વિદ્યા ગુપ્ત હોય છે. તેઓ ભાગ્યે જ ખબર પડવા દે કે તે ડાકણવિદ્યા જાણે છે. આ વિદ્યા માન્યતાઓથી ભરેલા આ સમાજ પાસે વન–ઔષધિ અંગેની પણ અઢળક સામગ્રી પડેલી છે તે જોઈએ.

આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધના ઉપચારો જોયા પછી વનસ્પતિ પ્રત્યે અત્યંત માન વધી જાય. વનસ્પતિને માનવમિત્ર તરીકે ઓળખવામાં આવશે તે વિશેષણ સુધારવાનું મન થાય છે. માનવમિત્રને બદલે માનવજીવન શબ્દ વધારે યોગ્ય લાગે છે. કારણ કે માણસ ગમે તેવી ભૂલ કરી શરીરમાં રોગ નોતરી લાવે તો પણ તેને નવજીવન આપવાનું કામ વનસ્પતિ કરે છે. મનુષ્યો અને પશુ, પક્ષીઓ ને મનુષ્યોને પુનઃજીવન આપવા પોતાની જાતનું બલિદાન આપી ઉત્કૃષ્ટ નિઃસ્વાર્થ સેવાનું કાર્ય કરે છે. આમ પણ દવા તરીકે ઉપયોગ ન કરો તો પણ હવામાંથી ઝેરી વાયુ શોષી પ્રાણવાયુ આપવાની પ્રક્રિયા તો સતત ચાલતી જ રહે છે. એ રીતે પણ જીવન આપવાની પ્રવૃત્તિ વનસ્પતિ દ્વારા થાય છે. આ સાથે પશુ, પક્ષી અને મનુષ્યને ફળ, ફૂલ, અનાજ અને શાકભાજી તેમ જ પશુઓ માટે ચારો આપી જીવન તો આપે છે. આમ વનસ્પતિ એ જીવનદાતાથી જરાય ઊતરતી પદવી વનસ્પતિના અપમાન સમાન કહી શકાય.

### રોગ અને દવાઃ

હવે આદિવાસી ભગત, ભૂવા, બડવા, વાદી, જાણકાર વગેરે દ્વારા જે વનસ્પતિનો દવા તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેની દ્યોતક જાણકારી મેળવીએ.

### વીંછી ડંખઃ

વીંછીના ડંખ ઉપર જંગલી હેગવો (સરગવો) હેગવાના ગુંદરને પાણીના ટીપા સાથે મેળવીને એક પથ્થર પર ઘસી તે પેસ્ટ વીંછીના ડંખ ઉપર એક વાર લગાવો.

### નબળાઈમાંઃ

આંઠ કુવો (ભીલી બોલી) હિંદીમાં – બિલાઈ કંદ નામની વનસ્પતિની ગાંઠ(કંદ)ને સૂકવી તેનો પાઉડર બનાવી તે પાઉડરને પાણીમાં ભેળવીને લેવો (સવાર–સાંજ ત્રણ ચમચી પાઉડર આપવો – ૧૫થી ૨૧ દિવસમાં નબળાઈ દૂર થાય છે).

### કરોડરજ્જુના મણકાના દુખાવા માટે

સાદડ ઝાડની છાલ ઉકાળીને તેનું પાણી રોજ અડધો ગ્લાસ પીઓ. (ભગત–સંપતભાઈ ડાંગ નામી સાજુપાડા, તા. જિ. ડાંગ)

ઍસિડિટી (અમ્લતા) દૂર કરવા ભીંગલી(જેઠી મધ)નો ઉપયોગ કરવો.

કંબોઈનું દાતણ કરતાં કરતાં તેનો રસ પીવો (લોકવૈદ્ય – તુવાજીભાઈ કાળીદાસ ગામીત)

ગામ હીંદલા, તા. સોનગઢ, જિ. તાપી (વ્યારા)

### હરસમસા

૬૦ ગ્રામ આમલીનાં પાનને બે ગ્લાસ પાણીમાં ઉકાળી અડધો ગ્લાસ કાઢો તૈયાર કરવો. સૂતા પહેલાં તે કાઢો પીવો. સાત દિવસ સુધી આ પ્રયોગ કરવો.

લીમડાનાં પાન નાખી ગરમ પાણી કરવું. એક ચમચી, હળદર અને એક ચમચી મીઠું નાખી

પાણી ઉકાળવું. સહન થાય તેટલું ગરમ રાખી તે પાણીમાં ૨૦ મિનિટ સુધી બેસવું.

હરસ બહાર નીકળી ગયા હોય તો હળદર અને મીઠાની લૂગદી કરી હરસ ઉપર લગાડવી. ઉપર લંગોટ પહેરી લેવો. આ ત્રણે ઇલાજ સાત દિવસ સુધી કરવા.

### ક્ષય – ટી.બી.

સરગવાની છાલનો ત્રણ ઇંચ લાંબો પહોળો એક ટુકડો એક ચમચી જીરા સાથે પાઉડર બનાવી, એક ઈંડામાં મિલાવી ખૂબ હલાવવું (બરાબર મિક્સ કરવું). તેમાં એક ચમચી ઘી મિલાવી મીઠા વગર ખાલી પેટે ખાવું.

### તાવ–ફ્લૂ

૬૦ ગ્રામ ધરોનું ઘાસ – બે ચમચા જીરું, એક ચમચો માટીને બે ગ્લાસ પાણીમાં ઉકાળી એક ગ્લાસ કાઢો તૈયાર કરવો. એક ગ્લાસ દિવસમાં બે વાર લેવો.

### જૂનો મલેરિયા

એક મોટો ચમચો કાળા મરી વાટી બે ગ્લાસ પાણીમાં રાત્રે ઉકાળવું. અડધો ગ્લાસ કાઢો તૈયાર કરવો. ૧૨ કલાક ઠંડો થવા દેવો. સવારે ગાળી પી લેવો. એ રીતે સાંજે પણ પીવો. આને ફક્ત બે વાર પીવાથી જૂનો મલેરિયા મટી જાય છે.

નોંધ : પેટમાં અલ્સર(ચાંદું) કે ઘા હોય તો તેમણે પીવો નહીં.

સુખે પ્રસૂતિ થવા માટે કેળનો ફાંદો કમરે બાંધવો. પ્રસવ થયા પછી છોડી નાંખવો.

સાપના ઝેરમાં – ખીજડાનાં પાંદડાંનો રસ સાપના ઝેરને ઉતારવાનો એક ચમત્કારિક રામબાણ ઇલાજ છે.

આંજણી – ગળી નામની વનસ્પતિનાં પાન લસોટી ગરમ કરી આંજણી ઉપર લગાડવા – સહન થાય તેટલું ગરમ રાખવું.

### માસિક સ્રાવ વધારે થતો હોય તો

- કમ્બોઈનાં પાન સૂકવી, ખાંડી પાઉડર બનાવવો. આ પાઉડરને સાકરમાં રાબ કરી પિવડાવવાથી બીમારી મટે છે.
- ડોડીના વેલાના ટુકડા કરી, સૂકવી, ખાંડી પાઉડર તૈયાર કરવો, તેમાં સાકર અને બકરીનું દૂધ મેળવીને ૭ દિવસ પીવાથી વધુ પડતું આવતું માસિક ઓછું થાય છે.

### મોં આવવું

- મોઢામાં કે જીભ પર ચાંદાં પડ્યાં હોય અને ખાઈ શકાતું ન હોય ત્યારે ઊતરતું દૂધ ચાંદાં પર ચોપડાય છે.
- ચણોઠીનાં પાન ચાવવા માટે આપવા.

### આંજણી

આંજણી થઈ હોય તો ફટકડી ફુલાવી તેને એકદમ બારીક ઘૂંટીને છીંકણી જેવો પાઉડર તૈયાર કરવો. આ પાઉડરમાં સિંદૂર ભેગું કરી આંજણી પર લગાડવો.

### દાંતમાં જંતુ હોય (પાયોરિયા)

ઇંગોરિયા તથા ઢેડ ખાખરાની છાલ (કાકાદમ્બરક્ષક) સરખા ભાગમાં લઈ સૂકવી પાઉડર તૈયાર કરવો. આ પાઉડરને પાણીમાં નાખી કોગળા કરવાથી જંતુઓ મરી જાય છે.

### પેટમાં ગાંઠ

પેટના દુખાવામાં હાથણીનાં મૂળને પિવડાવવાથી પેટની ગાંઠ ગળી જાય છે. આ મૂળ ખાધાના કલાક પછી પાકું બિજોરું ખાઈ જવું. આ રીતે અઠવાડિયું પ્રયોગ કરવો.

નોંધઃ છત્રાજી નાનજી ખેર – ઝગહિંગટીયા, તા. ખેડબ્રહ્મા – જિ. સાબરકાંઠા

વૈદ્ય રસિકલાલ પરીખે પણ આ જાણકારની મુલાકાત કરી હતી તથા કનુ યોગીએ તેમના પુસ્તકમાં પણ આ વૈદ્યની મુલાકાત કરી વનઔષધ જાણી હતી.

લકવા – લકવાની અસર હોય તો ચિત્તકનું મૂળ (સફેદ ચિત્તક) વાટી, ખાંડી રાબ કરી ખદખદાવી લેપ ચોપડવો.

કોઢ ઉપર – આંકલાની છાલનો પાઉડર કરી રાબ કરી કોઢવાળા ભાગ ઉપર ચોપડી દેવો. લાંબા સમય સુધી આ પ્રયોગ ધીરજ રાખીને કરવો.

પેશાબમાં વીર્ય જતું હોય તો કાંસકીનાં મૂળ વાટી, પાઉડર કરી પાણી અને સાકર સાથે લેવાથી પેશાબમાંથી વીર્ય જતું બંધ થઈ જાય છે.

અપચો કે કબજિયાત હોય તો – દાંતિયા–(દંતી)નું મૂળ લઈ તેના ટુકડા કરી, સૂકવી પાઉડર બનાવી લેવો. આ પાઉડર ૧થી ૨ ચમચી લેવાથી પેટ સાફ થશે. મેદ–કબજિયાત મટી જશે.

ભૂખ ન લાગતી હોય તો – બિજારાની ફાકી જમવાની કલાક પહેલાં રોજ લેવી. તેનાથી કકડીને ભૂખ લાગશે.

પગમાં ચીરા પડ્યા હોય તો તે ચીરામાં વડલાનું દૂધ ભરી દેવું. થોડાક દિવસો આ રીતે કરવાથી ચીરા પુરાઈ જશે.

વાઈ – બ્રાહ્મીનાં પાનાંનો પાઉડર કરી ગાયના ઘીમાં ભેળવી ખાવા આપવો. ગાંડા માણસને ડાહ્યો કરવા માટે તેમ જ મગજને શાંત કરવા માટે આ દવા સારી છે.

તજાગરમી – કેલાઈનો પાઉડર સાકરમાં રાબ કરીને પિવડાવવો અથવા શિયાળુ કોઠીનો પાઉડર સાકર તથા બકરીના દૂધ સાથે ૭ દિવસ લેવો.

પગમાં કપાસીમાં – થોરનું દૂધ લગાડીને તેને નરમ થવા દેવી પછી તેને કાઢી નાખી તે જગ્યાએ આવળનાં પાન કે છાલની ભૂકી ભરી પાટો બાંધી દેવો.

## શરીરમાં આંતરિક કે બાહ્યપટલનું દુઃખ દૂર કરવા

કુમ્બીની છાલ અંદરથી લાલ રંગની અને તૂરી હોય છે. જ્યારે ફળ કેરીથી મોટા ગોળ આકારનું હોય છે.

આ ઝાડની છાલ વાટી ભૂકો કરી તેને પાણીમાં ગરમ કરી દર્દની જગ્યાએ બાંધવાથી દુઃખ મટે છે.

## શરીરે નીકળતાં ગૂમડાંઓ માટે સારવાર

આ ઝાડના થડ કે ડાળો જે કાંટા આવતા હોય છે એનાં લંબગોળ બી અને પાકવાથી તેમાંથી રૂ પણ નીકળે છે.

આ ઝાડનાં મૂળિયાં વાટીને તેને ગરમ કરી તે જગ્યાએ બાફ કરવાથી ગૂમડાંઓ મટે છે.

આસીતરનાં મૂળ ઘસીને ગૂમડાં ઉપર લગાડવાથી ગૂમડું મટે છે.

## આસીતરો

આસીતરો વીંછીના ઝેરમાં પાન લસોટી તેનો રસ કાઢી વીંછી કરડેલ હોય તે ડાબી કે જમણી બાજુના કાનમાં રસનાં ટીપાં નાંખવાથી ઝેર ઊતરે છે.

## સોજા કે મોચ આવી હોય તો : ટેંટું

પડવાના કારણે હાથપગમાં મોચ આવી હોય અથવા વાગવાથી સોજો આવ્યો – થયો હોય તો ટેંટુંની છાલને વાટી પાણીમાં ઉકાળી ગરમ ગરમ શેક કરવાથી દર્દ મટે છે.

કોડ(કોળી) થડ સફેદ તથા પાન, મરચાં જેવા તીખાં લાગે છે. ફૂલ સફેદ અને સીંગ પાતળી એક મીટર જેટલી લાંબી લાવે છે.

આંખમાં ફૂલ પડ્યું હોય તો – આ ઝાડની ડાળી આપમેળે તૂટી પડી હોય તો તેને ટુકડા કર્યા પછી થોડી આંખ બાજુના કાને બાંધવાથી ફૂલ દૂર થાય છે.

(૨) પશુના શરીરના બગાડ ઉપર આવા પ્રકારની ડાળી લાવી તેનો ધૂપ કરી બગડેલ અંગવાળા ઢોરને બાંધવાથી દુઃખ મટે છે.

**અળવી** – સાપ વગેરેના વિષમાં ઝાડની છાલને વાટી વિષવાળા દર્દીને પિવડાવવાથી ગમે તેવું ઝેર ઊતરવા માંડે છે.

અળવી – આની છાલ કડક અને સહેજ લાલ હોય છે. એની નાની ડાળીઓને મોટા લાંબા કાંટા આવે છે. તથા જમરૂખ જેવાં ફળ પાકે છે, ત્યારે માટી જેવા કલરવાળાં બને છે. જે ફળોમાં લોકો ચટણી નાખીને રોટલી જોડે ખાતા હોય છે.

**ઘામડો** – ઊલટી માટે આ ઝાડની છાલને વાટીને દર્દીને બે–ત્રણ વખત પિવડાવવામાં આવે તો તરત જ ઊલટી બંધ થાય છે.

આ ઝાડના ગુંદરનો લોકો ખાવામાં ખૂબ પ્રમાણમાં ઉપયોગ કરે છે.

ચોખા : માણસને ઊલટી થતી હોય તો આની છાલને ઉકાળી પિવડાવવાથી ઊલટી બંધ થાય છે. છાલ થોડી સફેદ અને કડવી હોય છે.

જામુન (જામ્બુડો) ઝાડની છાલને બરાબર વાટી ઉકાળો બનાવીને પીવાથી ઝાડા તરત જ મટે છે.

**સીસમ** – ગળામાં સોજો અથવા ખવાતું ન હોય તો આ ઝાડનાં લાકડાંના નાના ટુકડા કરી સતત ધૂપ આપવાથી માણસના કે પશુના ગળામાં કે મોઢામાં કંઈ અસર થઈ હોય તો તે દૂર થાય છે.

આ ઇમારતી ઝાડ છે. આ ઝાડ વધારે કઠણ હોય છે. છાલ ઘણી ઓછી આવે છે. તેનાં પાન બોરના ઝાડ જેવાં હોય છે.

**ગરમાળો** ( બાહવા) – રતાંધળાપણું આવતું હોય તો ગરમાળાની સીંગ લાવી તેનો ધૂપ કરી તેને માથા પર ફોડવાથી અવશ્ય રતાંધળાપણું દૂર થાય છે.

**રતનજોત** (ચંદર જાતિ) – રતાંધળા માટે આના થડનું દૂધ (ચીક) લાવી દર્દીને પિવડાવવાથી તરત જ આ રોગ મટે છે.

**વાંસ** - કપાયેલ ઘા માટે – જ્યાં કપાયું હોય કે ઘા થયો હોય ત્યાં પાકા વાંસને ઘસીને ત્યાં લગાડવાથી લોહી બંધ થાય છે અને ઘા મટે છે.

(૧) જંગલી વાંસનાં કુમળાં ફળોમાંથી વાંસ બનતાં તેના મૂળમાં સુકાયેલ ઉપરનો ભાગ લઈ આવી ઘસી – વાટીને દર્દીને પિવડાવવાથી કૂતરાનું ઝેર ઊતરે છે.

ચીલાટી – ચર્મરોગ માટે – આનાં પાંદડાં લાવી તેનો રસ કાઢી શરીરે લગાડવાથી ચર્મરોગ મટે છે.

આ કાંટાવાળો વેલો હોય છે.

## ઉંમરવેલ (અમરવેલ) પરોપજીવી પીળીવેલ

મરઘાની બીમારી માટે કે કોઈ રોગ આવવાથી મરઘાં મરી જતા હોય કે ઝાડા કરતા હોય તો ઉંમરવેલને વાટીને મરઘાને પાવાથી રોગ મટે છે.

કચૂરો – આ છોડ હળદર જેવો હોય છે અને કંદ પણ હળદર જેવો પણ સફેદ હોય છે અને સુગંધ અલગ જ પ્રકારની હોય છે.

- નસકોરી ફૂટતી હોય તેને કંદ કે પાન સૂંઘાડવાથી તે બંધ થાય છે.
- કોઈ માણસ બેભાન થઈ જતો હોય તો તેને સૂંઘાડવાથી જલદી ભાનમાં આવે છે.
- વળગાડ – માણસને ખરાબ વસ્તુની અસર થઈ હોય તો આનો રસ પિવડાવવાથી આડઅસર દૂર થાય છે.

વાગાટ – આનો મોટો વેલો આવે છે. આનાં ફળ ટીંડોળા જેવાં દેખાય છે. જંગલમાં વધારે થતો હોય છે.

દમની બીમારીમાં આ વેલનાં મૂળ લાવી તેને પાણીમાં ઉકાળી પિવડાવવાથી દમ મટે છે.

**કુરડું** – આનો છોડ નાનો હોય છે તે ક્યારાઓમાં જોવા મળે છે. પથરીના રોગમાં તેનાં મૂળિયા લાવી તેને ઉકાળી નિયમિત પીવાથી પથરીનો રોગ મટે છે.

**હેદ** (હળદર) – કમળા માટે આ ઝાડની છાલ વાટી તેને પાણીમાં ઉકાળીને સપ્રમાણ દર્દીને સવાર–સાંજ આપવાથી કમળાનો રોગ મટે છે. શરદી–સળેખમમાં નાક દુર્ગંધ મારતું હોય તો પાંદડાંનો તાજો રસ કાઢી નાકમાં ચાર–પાંચ ટીપાં સવાર–સાંજ નાંખવાથી મટે છે.

**કામઠા(હાડમે)નો કંદ** – આ કંદ મોટે ભાગે ઝાડની મોટી ડાળીઓની વચ્ચે અર્થાત્ ઝાડ પર થતો જોવા મળે છે.

- સાપના વિષ ઉપર – આ કંદને વાટીને દર્દીને પિવડાવવાથી વિષ દૂર થાય છે. આ દવા જાણકાર ભગત કે વૈદ્યની સલાહ પ્રમાણે લેવી.

- ભોંય ઉંબર – આંખ બગડેલી હોય અથવા આંખમાં સફેદ જેવું પડ બંધાયું હોય, ઓછું દેખાતું હોય તો આનું દૂધ કાઢી નિયમ પ્રમાણે રોગના લક્ષણ પ્રમાણે આંખમાં ટીપાં નાંખવાથી રોગ મટે છે.
- ભોંય ઉંબર નાના ઝાખરાના રૂપમાં અથવા ઝાડના રૂપમાં પણ હોય છે. આના ફળ ઊમરા જેવા નાનાં હોય છે.

ઘો (ઘોળપોળ) ડાંગના રહેવાસીઓ નાનાં–મોટાં જંગલી પ્રાણીઓમાંથી પણ ઔષધ બનાવી રોગ મટાડતા હોય છે.

આ પ્રાણીની દાઢ, દાંત અથવા હાડકું તથા તેના પૂછડાનો ભાગ મેળવી તેને વાટીને થોડો ઉકાળો બનાવી નિયમ પ્રમાણે દર્દીને આપવાથી ગમે તેવું ફૂતરું કરડ્યું હોય તો તેનું ઝેર ઉતારે છે.

કરચલું (કરચલો) ટી.બી.ની બીમારી માટે – જે માણસને ખૂબ ટી.બી.ની બીમારી થઈ હોય તો સફેદ કરચલાના આંગળા જેવા પગને ભાંગી તેમાંથી નીકળતું પાણી સવાર–સાંજ દર્દીને આપવાથી અવશ્ય ભારે ટી.બી.ની બીમારી મટે છે.

૧. કાળુભાઈ એસ. ગામીત — જામલાપાડા
(હાડવૈદ્યના જાણકાર)
૨. ભનુભાઈ ઠાકરે — ધવલીદોડ
(ભગત અને વૈદ્ય)
૩. સમાભાઈ પવાર — જામન વિહિર
(કથાકારી, વૈદ્ય)
૪. હરિભાઈ એમ. માળદરે — ગાઢવી
(ભગત, વૈદ્ય)

(ઢોલ સામયિક દ્વારા કુંકણા આવૃત્તિમાં આદિવાસી બોલીમાં પ્રકાશિત ઔષધ અંગેની કેટલીક નોંધ–સંપાદક–ડાહ્યભાઈ વાયુ, ધીરુભાઈ પટેલ, કુંકણા અંક–૨,ઑગસ્ટ–૧૯૯૮)

### અર્જુન સાદડ

**અર્જુન સાદડમાં હાડકાં સાંધવાનો ખાસ ગુણ છે.**

- અર્જુન સાદડની છાલના ચૂર્ણમાં દૂધ નાખી પીવાથી મોચ તેમ જ ભાગેલાં હાડકાં ઉપર ફાયદો થાય છે. તેની છાલ પણ વાટીને હાડકાં ઉપર બાંધે છે.
- અર્જુન સાદડની છાલના ચૂર્ણમાં ઘઉંના લોટમાં ગાયનું ઘી અને સાકર નાંખી રવો બનાવી ખાવાથી છાતીના દુખાવામાં ફાયદો થાય છે. (હૃદયરોગમાં ફાયદો કરે છે.)
- અર્જુન સાદડની છાલને ઉકાળી પાણીથી તે ઘા ધોવાથી ઘા જલદીથી રુઝાય છે. અગ્નિદાહમાં પણ ફાયદો કરે છે.
- અર્જુનનું ચૂર્ણ દૂધમાં મેળવી ખીલ ઉપર લગાડવાથી ખીલ બેસી જાય છે.

### આંબો

- આંબાના મોર (ફૂલ) દિવેલ સાથે લસોટી તે દિવેલ ગરમ કરી ઠંડું પડવા દઈ ગાળીને દુખતા કાનમાં નાંખવાથી ફાયદો થાય છે.
- આંબાનો મોર દહીંમાં વાટી પીવાથી કૉલેરામાં ફાયદો થાય છે.
- આગ્યાનો છોડ
- આગ્યાનાં પાનનો રસ ઘા ઉપર લગાડવાથી લોહી તરત જ બંધ થાય છે અને ઘા જલદી રુઝાય છે.
- આગ્યાનાં પાનને બાળી રાખ કરી તે રાખ કોપરેલમાં નાંખી ખાજ–ખૂજલી ઉપર લગાડવાથી ખાજ–ખૂજલી મટે છે.

## વારંવાર નસકોરી ફૂટતી હોય તો

### આમળાં

- નસકોરી ફૂટે તેમાં, આમળાંનું ચૂર્ણ ઘીમાં શેકી પાણીમાં ઉકાળી તાળવા પર લગાડવાથી કોઈ દિવસ નસકોરી ફૂટતી નથી.
- આમળાંનું ચૂર્ણ ઘી તેમ જ મધમાં મેળવી રોજ સવારે ખાવાથી અશક્તિ દૂર થાય છે. શરીરમાં તેજ વધે છે.

### બાવળ (બબૂલ)

- બાવળની પાપડીનાં બીનું ચૂર્ણ મધમાં

ખવડાવવાથી મોચ તેમ જ મચકોડમાં ફાયદો થાય છે.

- દાઝ્યા ઉપર બાવળની છાલનો ભૂકો ઝાળ લાગેલ જગ્યા પર લગાડવાથી ફોલ્લા બેસી રૂઝ આવે છે.
- બાવળની અંદરની છાલ દહીંમાં નાખી ખાવાથી પેટ દુખતું હોય તો ફાયદો થાય છે.
- આંખો દુખતી હોય તો બાવળનાં પાન કૂટી તેની લૂગદી દુખતી આંખ ઉપર લગાડી સૂઈ જવું. થોડી વારમાં આંખ સારી થઈ જશે.

## બીલી

- બીલીનાં પાન પાણીમાં ઉકાળી ત્રણ ભાગ પાણી બળી જાય પછી તેમાં દૂધ ઉમેરી થોડું થોડું પીવાથી ગળામાંનો દુખાવો દૂર થાય છે.
- બીલાનો ગર જરાક ગરમ કરી તેમાં ગોળ નાંખી ગરમ પાણીમાં શરબત બનાવી પીવાથી મરડામાં આરામ થાય છે.
- આંખના દુખાવામાં પાનના રસનાં ટીપાં નાંખવાથી આંખ દુખતી બંધ થાય છે.

## બાફળી – બાફળીનો છોડ થાય છે.

- બાફળી પાણીમાં ઘસી પીવાથી પેટનો દુખાવો દૂર થાય છે.
- તાજા જન્મેલા વાછરડાના પેટમાં કૃમિ હોય તો તેને બાફળી વાટીને પાઈ દેવાથી કૃમિનો નાશ થાય છે.

## બિજોરા

- નવજાત બાળક દૂધ ઓકી કાઢતું હોય તો બિજોરાનાં મૂળનું માંદળિયું બનાવી તેના ગળામાં બાંધવું.
- બિજોરામાં સિંધવ નાંખી પીવાથી પથરીમાં આરામ થાય છે.

## ચીરેચીરે લીફો (આદિવાસી નામ)

આ છોડ ચોમાસામાં થાય છે. ત્રણ–ચાર ફૂટ ઊંચાઈવાળો છોડ એકાદ ફૂટ લાંબી ડાળી ઉપર ફાંસવાળી લીફો રહે છે. તેમાં કાંટા હોય છે. વનસ્પતિ દવામાં તેનો ખૂબ ઉપયોગ છે. આ છોડ ઉટકટારી(ઉત્કરી)નો હોવો જોઈએ.

- વીંછીના ડંખ ઉપર મૂળ અથવા છાલ ઘસી, ડંખ ઉપર ચોપડવાથી ફાયદો થાય છે.
- કમળામાં આ છોડનાં મૂળ ઘસીને પીવાથી ફાયદો થાય છે.
- પેટના દુખાવામાં પણ ત્રણ–ચાર પાન ચાવી જવાથી ફાયદો થાય છે.
- આંખમાં ફૂલ પડે ત્યારે આ છોડનાં મૂળ ઘસી તેમાં મધ મેળવી આંખમાં આંજવાથી સારું થાય છે.
- ઉદરરોગમાં તેની રાખ કરી તેમાં મધ નાંખી તેની ગોળી કરી ખાવાથી ફાયદો થાય છે.
- ચોખ્ખા પાણીમાં કૂટી પીવાથી હરસમસામાં ફાયદો થાય છે.
- પુષ્ય નક્ષત્રમાં વહેલી સવારે આ છોડનાં મૂળ લાવી ઘરમાં ચોખ્ખી જગ્યામાં ઊંધાં ટાંગી રાખવાં. સુવાવડ વખતે કષ્ટાતી સ્ત્રીના માથામાં તે મૂળ બાંધવાથી તરત જ છુટકારો થાય છે. સુવાવડ થાય કે તરત જ મૂળ છોડી વહેતા પાણીમાં નાંખી આવવા. આ ઉપચાર અનુભવી દાયીબહેન અથવા અનુભવી ડૉક્ટરની હાજરીમાં જ કરવો જરૂરી છે.

## ચંદોરજોતેં (રતનજોત)

માથાના વાળ ખરતા હોય તો ચંદરજોતેનાં ફૂલો ચોળવાથી વાળ ખરતા અટકે છે.

## સફેદ જાસુદી

જે સ્ત્રીને કોઈ કારણવશ બાળકો ન થતાં હોય તો ચંદોર જાતનાં મૂળ એક જ રંગની ગાયના દૂધમાં ઘસી તે રસમાં બિજોરાનાં બી કૂટી માસિક વખતે પીવાથી મહિના રહેવાની શક્યતા રહે છે.

## પીપળ

પીપળાની લાખ વાટી ઘી અને સાકરમાં ભેળવી ખાવાથી દમનો રોગ અને ઉધરસમાં

ફાયદો થાય છે. આ ઉપચાર સ્ત્રીઓને માટે કરતા નથી કારણ કે પીપળાની લાખથી સ્ત્રી વાંઝણી થઈ જાય છે.

(જેઠાનોપા પરમાર મું. કાનીવાસ (આંબામહુડા) પોશીના, ખેડબ્રહ્મા કનુ યોગી દ્વારા જણાવેલ વનઔષધ)

## હાથ-પગ છાતીમાં ચાંદાં થયા હોય તો (ચામડીના રોગ)

જરખનું તેલ અને ધોળા સાદડાની છાલ ઘસીને ચોપડવાથી ચાંદાં સારા થાય છે.

(જરખનું તેલ મેળવવા માટે કોઈ શિકારીએ જાનવર મારી નાંખ્યું હોય અથવા કોઈ અકસ્માતે જરખ મૃત્યુ પામ્યું હોય તો તરત જ તેની ચરબીમાંથી તેનું તેલ કાઢવામાં આવે છે.)

## શરીર ઉપર ગાંઠ મારો

સાદડની છાલ વાટીને લૂગદી બનાવી સહન થાય તેવી ગરમ કરી ગાંઠ પર બાંધવાથી ગાંઠ ઓગળી જાય છે.

## ખીલ મટાડવા

ફાફડિયા થોરની લૂગદી ખીલ ઉપર ચોપડવાથી જલદીથી ખીલ સુકાઈને મટી જાય છે.

શીતળાની છાલ વાટીને ખીલ પર લગાડવાથી ખીલ મટી જાય છે અને ચહેરા ઉપર ડાઘ રહેતો નથી.

કોઠીનાં પાન : પેશાબમાં વીર્ય જવાની બીમારીમાં કોઠીનાં પાન વાટીને પાવાં.

ડોડીનું મૂળ : હડકાયું કૂતરું કરડ્યું હોય તો ડોડીનું મૂળ ઘસીને પિવડાવવું.

**આંકડાનું પાન** – કાન દુખતો હોય તો આંકડાનાં પાનને મધ્યમ તાપે ગરમ કરી તેનો રસ વાટકીમાં પાડવો. આ રસ ઠંડો પડે એટલે કાનમાં ૩–૪ ટીપાં નાંખવાં. બે–ત્રણ દિવસે સવાર–સાંજ આ પ્રયોગ કરવાથી કાનનો દુખાવો દૂર થાય છે.

**સરગવાનાં પાન** – ઢોર દૂધ ન આપતું હોય તો સરગવાનાં પાન ખવડાવવાં.

**માળવી પુંવાડ** – પગના સ્નાયુઓ નબળા પડ્યા હોય કે પગે લકવાની અસર થઈ હોય તો માળવી પુંવાડનાં પાનથી માલિશ કરવી.

**વેવડીનાં પાન** – આંખમાં દુખાવો હોય કે આંખમાં ગરમી હોય તો વેવડીના વેલાને વાટી તેની લૂગદી આંખ ઉપર બાંધવી.

**કાંટોસેરિયા** – પેટના દુખાવામાં કાંટોસેરિયાનું મૂળ વાટીને પિવડાવવું.

**સહાદેવી(સહદેળ)** – નાનાં બાળકોને ગળું પડે ત્યારે સહાદેવીના કુમળા છોડનો રસ બાળકને પિવડાવવો.

**દંતી** – જુલાબ લેવા માટે દંતીનું મૂળ કે પાન શ્રેષ્ઠ છે. મૂળ કે પાન વાટીને પાણી સાથે લેવાથી ઝાડો થાય છે.

**કાંચનાર** – ઝાડો બંધ કરવા માટે કાંચનારની છાલ વાટીને પાવી.

કાંસકી (અતિબલા) શરીરે ચીરા પડ્યા હોય તો કાંસકીનાં મૂળને વાટી તેમાં કણજીનું તેલ મેળવી લૂગદી બનાવી આ લૂગદીને પીછા વડે છાતીમાં જ્યાં જ્યાં ચીરા પડ્યા હોય ત્યાં ચોપડવાથી થોડા દિવસમાં દર્દ દૂર થાય છે.

**સરગવાનું મૂળ** – ગરમીમાં લૂ લાગી માથું દુખતું હોય તો સરગવાનું મૂળ પાણીમાં વાટીને માથા ઉપર લગાડવું.

**ડોડીનું મૂળ** – ઉધરસ ઉપર – ઉધરસ થઈ હોય તો ડોડીનું મૂળ લાવી તેનો એકાદ ઇંચનો ટુકડો ચાવવા આપવો, તેનો રસ ગળામાં ઉતારતા જવું. મૂળ વધારે ચાવવા આપવું નહીં નહીંતર તેને દારૂની માફક નશો ચઢશે.

**જાંબુની છાલ** – જો પુષ્કળ ઝાડા થયા હોય તો જાંબુની છાલ પથ્થર પર પાણીમાં વાટીને તેની લૂગદી કરી ખાઈ જવી અથવા અંદરનો ગર એક પ્યાલા પાણીમાં ઓગાળીને તે પી જવો.

**ખાખરાની છાલ** – પેટમાં હળવો દુખાવો હોય કે અજીર્ણ જેવું લાગતું હોય તો ખાખરાની છાલ વાટીને પીવાથી દુખાવો મટી જાય છે.

(નાથાભાઈ પુનાભાઈ ડાભી – મું. લખિયા, પો. પોશીના, તા. ખેડબ્રહ્મા)

**ચણોઠીનું મૂળ** – ખરજવા પર ચણોઠીનું મૂળ વાટીને લગાડવાથી ખરજવું મટી જાય છે.

## ગરમાળો – કોઠા ગરમી

- કોઈ સ્ત્રીના શરીરમાં ગરમી હોય તો સંતાન થતાં નથી. આવી સ્ત્રીને ગરમાળાની છાલ વાટીને પાવાથી તેના શરીરની ગરમી ઓછી થાય છે. અને ક્રમશઃ ઠંડક થતાં સંતાન થાય છે.
- માથામાં વાળ ખરતા હોય તો છાશથી દિવસે માથું ધોવું. ત્યાર બાદ ગરમાળાનું મૂળ વાટીને ચોપડવું.
- ખોરાકનું પાચન, ગૅસ. અપચો, અજીર્ણ હોય તો ગરમાળાનું મૂળ વાટીને પાવું.

**સાટોડી** – ગળામાં કાકડા થયા હોય તો સાટોડીનું મૂળ વાટીને ગળે બાંધવાથી કાકડા બેસી જાય છે.

**કાંચનાર** – લકવામાં ઝીંઝી(કાંચનાર)નાં પાનાં વાટીને સરસિયાના તેલમાં મેળવી લકવાવાળા અંગ પર માલિશ કરવી.

**અરણીનું મૂળિયું** – શરીર પર ગરમી નીકળે તો અરણીનું મૂળિયું વાટીને ચોપડવું.

**બીજારું** – પેટમાં ગાંઠ હોય કે પેશાબ ટીપે–ટીપે થતો હોય તો બીજારું ફોલીને, કૂટીને રસ વહેલી સવારમાં પી જવો. ૩–૪ દિવસ કરવાથી તકલીફ તુરત દૂર થાય છે.

**સેવન** – મોતીઝરા (અછબડા) નીકળ્યા હોય તો તે પર સેવનની છાલ વાટીને ચોપડવી.

**મરડાસીંગ** – વીંછી કરડ્યો હોય તો મરડાસીંગ પાન વાટીને ખાતાં જ ઝેરની અસર તુરત ઓછી થઈ જાય છે. આકલાનું મૂળ ડંખ ઉપર ચોપડવું.

## કંનોરનાં પાન કે છાલ

દાઢ દુખતી હોય તો કંથેરનાં પાન કે છાલનાં પાનનો રસ જે તરફની દાઢ દુખતી હોય તે તરફના કાનમાં નાંખવો.

**રોહિડો** – વાઈ આવતી હોય તો દર્દીને પણ રોહિડાની છાલનો રસ ર ચમચી જેટલો પિવડાવવાથી રાહત થાય છે.

**ખાખરો** – શરીર ફિક્કું રહેતું હોય અને ભૂખ ન લાગતી હોય તો ખાખરાનો ગુંદર પાણીમાં ઓગાળી રોજ સવારે થોડોક પીવો.

**કેરડાં** – બરોળની તકલીફ હોય તો કેરડાંનાં બીજને સૂકવીને વાટીને ખવડાવવાં.

**દંતીમૂળ** – પેટમાં પાણી ભરાતું હોય તો દંતીનું મૂળ પિવડાવવું.

**દારૂડા** – દાઢ દુખતી હોય તો દારૂડીના છોડનો રસ દુખતી દાઢમાં રૂ સાથે મૂકવાથી દુખતી દાઢ મટે છે.

દારૂડીનું મૂળ વાટીને તેનો તલભાર રસ મધ સાથે પી જવાથી પેશાબમાં વીર્ય જતું હોય તો તે મટે છે.

**ખાખરો** – પેટમાં ગરબડ કે દુખાવો હોય તો ખાખરાની થોડીક છાલ પથી ૧૦ ગ્રામ વાટીને પીવાથી આરામ થાય છે.

સ્ત્રીઓને સફેદ પાણી પડતું હોય તો ખેરની છાલ, સરગવાની છાલ અને ઉગરાની છાલ સાથે વાટીને લેવી.

**ઊમરો** – નાના બાળકના ઝાડા મટાડવા માટે ઊમરાનાં પાનનો રસ કાઢી ૧ ચમચી પિવડાવવો.

**ડમરો** – નાના બાળકના ઝાડા–ઊલટીમાં ડમરાનો રસ ૧થી ર ચમચી પિવડાવવો.

**સરગવો** – ઍપેન્ડિક્સની બીમારી હોય તો તે માટે સરગવાની છાલ ર ભાગ લઈ તેમાં ૧ ભાગ લુણિયાની છાલ ઉમેરીને સવારે ચાવી, ઉકાળીને સવાર–બપોર–સાંજ ત્રણ ટાઇમ એક એક કપ પીવો.

### કડો, લીમડો, આંકલો

- સાપના ડંખ ઉપર ત્રણેય વૃક્ષોની છાલ લઈ તેનો ઉકાળો કરી દર્દીને ૧ કપ જેટલો પાવો. થોડા સમયમાં ઊલટી ન થાય તો ફરીથી પાતા રહેવું.
- લીમડાનું કુમળું મૂળ લઈ તેને કૂટીને તેનો રસ ગાળીને દર્દીને પિવડાવવો, કલાકમાં જ ઊલટી થઈ ઝેર નીકળી જાય છે.
- આંકલાનું મૂળ ઘસીને ડંખ ઉપર ચોપડવું તેમ જ તે પિવડાવવું ઊલટી થઈ જશે.

કડવા તૂરિયાં – કૃમિ મટાડવા માટે કડવા તૂરિયાને કૂટીને પાઈ દેવું કરમિયા ઝાડા વાટે નીકળી જશે.

કોપરું–કોપરેલ – વહેલી સવારે ૧ કાછલી ટોપરું ચાવીને ખાઈ જવું અગર તો ½ કપ કોપરેલ પી જવું. ૪–૫ દિવસ આમ કરવું ઝાડા વાટે કરમિયા નીકળી જશે.

ખીજડો, લુણિયા, કોઠી – કમળાના રોગ માટે

ખીજડાની છાલ, લુણિયાની છાલ, કોઠીનાં પાન અને મૂળ તેનો રસ દિવસમાં ૪ વખત અર્ધા કપ જેટલો પાવો.

પરેજી – ખાટી છાશ, ઘી–દૂધ ખાવા આપવા નહીં. ગોળ–ચણા ખાઈ શકાય.

નગોડ – કુહાડી કે કોઈ ઓજારનો ઊંડો ઘા પડ્યો હોય તો તેના પર નગોડનાં પાન વાટીને લૂગદી ચોપડવી.

ધોળા ધવ–ધૂપડા – ભાલો કે તીર વાગ્યું હોય તો ધોળા ધવનાં પાન અને ધૂપડાનાં પાન ધોઈને કોરા થવા દીધા બાદ ચોખ્ખા કરેલા પથ્થર પર વાટી દેવાં. વાટતી વખતે તેમાં પાણી ઉમેરવું નહીં. ત્યાર બાદ વડવાઈ કે ખજૂરીનાં ચોખ્ખાં પાન વડે જ્યાં વાગ્યું હોય ત્યાં લૂગદી ચોપડવી – પાણીથી કે હાથથી દવા ભરવી નહીં.

### સૂકા ધાણા – શેતૂરનાં પાન

નસકોરી ફૂટે ત્યારે ધાણા વાટી, તેનો પાઉડર તૈયાર કરી તેમાં તેટલા જ વજનના શેતૂરનાં પાન અને થોડીક સાકર વાટીને ભેળવી દેવી અને ૧ ગ્લાસ જેટલું શરબત બનાવી દર્દીને પિવડાવી દેવું.

સફેદ ખાખરો – સફેદ ખાખરાનાં પાન વાટી ૧ ચમચી રસ પીવાથી કમળો મટે છે.

શીમળાનું મૂળ – શેતૂરનાં પાન જે સ્ત્રીને શરીરમાં ગરમી હોય અને માસિકમાં નિયમિતતા આવતી ન હોય તો તેને શેતૂરનાં પાન અને શીમળાનું પાન વાટીને પાવાં.

(જોગા નવા બુબડીયા મુ. પેટાછાપરા (કોલંદ) પોશીના, ખેડબ્રહ્મા, નારણભાઈ છનાભાઈ મકવાણા – મુંસુકા આંબા, ખેરોજ, ખેડબ્રહ્મા)

### બીલી

- કાનમાં બહેરાશ હોય કે ઓછું સંભળાતું હોય તો બીલીનાં પાનનો રસ ગાળીને ૫–૭ ટીપાં કાનમાં નાંખવા. આમ કરવાથી દાઢનો દુખાવો પણ મટે છે.
- બીલીનાં મૂળ ઘસીને વીંછીના ડંખ પર લગાડવાથી ઝેર ઊતરે છે. બીલી ન મળે તો અંકોડાનું મૂળ વાટીને પિવડાવવું. ઊલટી થશે અને ઝેર ઊતરી જશે.
- ઇન્દ્રમણિનાં મૂળ નો રસ – કાનના દુખાવામાં અકસીર છે. સાપના ડંખ ઉપર આ મૂળનો રસ લગાડવો અને પિવડાવવો.

ફૂડવો, કેરડો, પિલુરો – આ ત્રણેયનાં મૂળ વાટીને પાવાથી ટી.બી. મટે છે. આ દવાથી ઉધરસ પણ મટે છે.

(વાઘાવિરમા બેગડીયા, મુ. ગનાપીપળી, તા. દાંતા, બનાસકાંઠા)

- ઢોરને પૂંવાડિયાનાં બીજ બાફીને ખવડાવવાથી ૧ કિલોને બદલો ૨ કિલો ઘી મળશે.
- પૂંવાડનાં બીજ ન મળે તો ઘોડા જીરું વાપરી શકાય, તેનાથી દૂધ વધારે મળે છે.

- આમલી અને ફટકડીને લોટમાં નાંખી ગરમ કરવી અને ફૂટવા દેવી, પાકી થઈ જાય ત્યારે તે પાણી થઈ જાય. તેનાથી આંખમાં રાત્રે ટીપું પાડવું. સવારે આંખ સારી થઈ જશે.
- લીમડાનો મોર તથા આંકડાનાં પાન સૂકવી, વાટી, કપડાથી ચાળી તે ચૂર્ણ બાટલીમાં ભરી લેવું. તાવ આવે કે તરત જ આ ચૂર્ણ ફાકી જવાથી તાવ ઊતરી જાય છે.
- ઇંગોરિયાની છાલ પેટમાં જીવડાં મારી નાંખે છે. પેટમાં જીવાત પડી હોય (કરમિયા હોય) તેણે આ છાલ સૂકવીને પાઉડર કરી શીશીમાં ભરી રાખવો અને જરૂર પડ્યે વાપરવો.

શીમળાની છાલ – બાળકના જન્મ સમયે સ્ત્રી ખૂબ કષ્ટાતી હોય તો શીમળાની છાલનો રસ કાઢી તે સ્ત્રીને પિવડાવવાથી ડિલિવરી તુરત થઈ જાય છે. કષ્ટદાયક પ્રસૂતિમાં આ દવા ઉપયોગી છે.

ઉમોળીયા(ઉત્કંટો)નાં મૂળ પીવાથી પણ સ્ત્રીઓને જલદી ડિલિવરી થાય છે. સ્ત્રીને બાળક અવતરતું ન હોય, તકલીફ પડતી હોય તો ઉલેટાનું મૂળ કાઢવું પણ તેના પર કોઈનો પડછાયો (કાઢનારનો પણ) પડવો જોઈએ નહીં અને મૌન પાળવું (બિલકુલ બોલવું નહીં). મૂળ લાવીને ડિલિવરીવાળી સ્ત્રીના ઓસીકે મૂકવાથી જલદી ડિલિવરી થઈ જશે. જેવી ડિલિવરી થાય કે તુરત જ મૂળ ઓસીકાથી કાઢી નાંખવું.

કૌંચા – વીંછી કરડે તો કોચનાં મૂળ વાટી વીંછીના ડંખ ઉપર લગાવી તથા કૌંચાનાં બી વાટીને ખાવાથી ઊંઘ આવશે અને દર્દ મટી જશે.

કૌંચા પુરુષની કમજોરી માટે ઉત્તમ દવા છે.

મહુડો – મહુડાની ડોળી કે છાલ ઘસીને વીંછીના ડંખ પર ચોપડવી.

ખાખરો – સ્ત્રીની સુવાવડમાં પેટમાં કસર રહી ગઈ હોય, ડિલિવરી પછી વધુ લોહી વહી જતું હોય તો ખાખરાનાં ફૂલ (કેસૂડાં) તપેલામાં નાંખી ગોળ ઉમેરી ઉકાળો કરી સ્ત્રીને તે ઉકાળો પાવો અને ખાખરાનાં પાન વાટીને પેટ પર ચોપડવાં.

ખાખરાનાં બી વાટીને તેમાં ગોળ ઉમેરી પાપડી બનાવી દેવી. આ દવા ખાંસી, દમ અને તેનાથી થતો છાતીનો દુખાવો મટાડે છે. પેટના કીડા પણ મટાડે છે.

## મોરનાં પીંછાં

ખાટલામાં મોરનાં પીંછા પાથરી તેના પર શીતળાવાળા છોકરાને સુવડાવી નીચે હળવો અગ્નિ પેટાવવો (ખાટલા સુધી ન પહોંચે તેટલો). બે કલાક હળવો શેક લેવાથી માતા કાચી પડી જાય છે.

દૂધી(મીઠોકડો) આ ઝાડનું દૂધ ૫–૭ ટીપાં ખાવાના દૂધમાં નાંખવામાં આવે તો તરત જ દહીં બની જાય છે. આ દહીં ખાઈ શકાય છે.

ધોળી ડુંગળી – શરીરના જે ભાગે લકવો પડ્યો હોય તે ભાગમાં ખાવાની ધોળી ડુંગળીનો રસ ઘસીને ચોપડવો.

સ્ત્રીને વારંવાર કસુવાવડ થતી હોય અને ઠંડા દુખની બીમારી હોય, અને તે કારણે બાળકો રહેતાં ન હોય તો પાતાળ કોળું (વિહારી કંદ) અને હથેળી કે જેનું સાગ કરતાંય મોટું પાન થાય છે. તેની ગાંઠ લઈને બંને ગાંઠોના ટુકડા કરીને સાકર સાથે ખાવાથી સ્ત્રીઓને ઠંડક થઈ કસુવાવડો બંધ થાય છે અને બાળકો થાય છે. જો આ બે ગાંઠો ન મળે તો ગમે તે એક ગાંઠના ટુકડા કરીને સાકર સાથે લઈ શકાય.

ગુજરાતના આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ તરીકે ઉપયોગમાં લેવાતી વનસ્પતિ દવાઓ અંગે સઘન આદિવાસી વસતિ ધરાવતા આઠ જિલ્લાનાં ગામોમાંથી જાણકાર વ્યક્તિઓની મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી. તેમનાં નામ, ગામ, ઉંમર અને મુખ્ય વ્યવસાયની નોંધ :

## વનસ્પતિ દવાના જાણકારોઃ

| ક્રમ | નામ | ગામ | ઉંમર | વ્યવસાય |
|---|---|---|---|---|
| | **બનાસકાંઠા** | | | |
| ૧. | જીવાભાઈ અમરાભાઈ | કાનપર | ૫૫ | ખેતી |
| ૨. | હંસાભાઈ જી. પરમાર | જાટીચાલી | ૪૦ | ખેતી(નોકરી) |
| ૩. | વશાભાઈ રામજીભાઈ ભગોરા | ટાઢોળી | ૪૦ | ખેતી |
| ૪. | કાનાભાઈ હોમાભાઈ ગેમારા | ટાઢોળી | ૪૦ | ખેતી |
| ૫. | સોમાભાઈ સોમાભાઈ ભગોરા | ટાઢોળી | ૪૦ | ખેતી |
| ૬. | સદાભાઈ બાબુભાઈ | પેટચોરી | ૫૫ | ખેતી, પટેલ સામાજિક કાર્યકર |
| ૭. | જાગાભાઈ ધનજીભાઈ બોબરિયા | પેટચોરી | ૪૦ | ખેતી, મજૂરી |
| ૮. | જાસાભાઈ ગુનાભાઈ ધ્રાંગી | પેટચોરી | ૭૦ | ખેતી |
| ૯. | નાનાભાઈ કાનાભાઈ સોલંકી | પેટચોરી | ૬૦ | ખેતી |
| ૧૦. | સોનાભાઈ સતરાભાઈ પરમાર | ભાયલા | ૫૦ | ખેતી |
| ૧૧. | મોહનભાઈ સધાભાઈ ચાસરિયાતા | કાળીમાટી | ૫૫ | ખેતી, સરપંચ |
| ૧૨. | ખાંગાભાઈ સદાભાઈ પરમાર | કેગોરા | ૯૫ | નિવૃત્ત |
| ૧૩. | મોહનભાઈ વિરમભાઈ રાઠોડ | વિરમપુર | ૭૦ | ખેતી |
| ૧૪. | ધનાભાઈ લાધાભાઈ ચૌહાણ | પીપળાવાળી વાવ | ૫૫ | ખેતી |
| ૧૫. | જાનાભાઈ રાજાભાઈ ગમાર | ચોરાસણી | ૫૦ | ખેતી |
| ૧૬. | સવજીભાઈ બધાભાઈ કટેરિયા | ટુડિયા | ૪૫ | ખેતી/સરપંચ(ટુડિયા) |
| | **સાબરકાંઠા** | | | |
| ૧. | કલજીભાઈ બદાજી ભાગોકા | વેલુર | ૬૦ | ખેતી |
| ૨. | બદાજી જીવાજી ખરાડી | ડોડીસરા | ૫૫ | ખેતી |
| ૩. | મંગળભાઈ રૂપાભાઈ ગામીત | વાગપુર | ૫૦ | ખેતી |
| ૪. | ભખાભાઈ દાવતભાઈ અસારિયા | વાગપુર | ૩૫ | નોકરી (આરોગ્ય ખાતામાં) |
| ૫. | રેવાભાઈ બદાભાઈ ગામીત | શામળપુર | ૩૦ | ખેતી |
| ૬. | ખીમજીભાઈ પરમાર | મલાસા | ૯૮ | (માજી ધારાસભ્ય) |
| ૭. | શમાભાઈ રત્નાભાઈ ભગોરા | પાંચાગામડા | ૬૫ | ખેતી |
| ૮. | ધરમાભાઈ સોમાભાઈ ખરાડી | વીરમપુર | | ખેતી |
| ૯. | બદાભાઈ ગઢીયા | ધંધાસણ | ૪૫ | ખેતી |
| ૧૦. | ખાનાસુખા ખોખરીયા | દાવલી/વંટોળ | | ખેતી |
| ૧૧. | કવાજી ગરાસિયા | શામળાજી | ૪૫ | નોકરી (પટાવાળા) |
| ૧૨. | સુરમાજી માવાજી ડામોર | દ્રઢવાવ | ૬૦ | ખેતી |
| ૧૩. | ભીખાભાઈ લાલાભાઈ ડામોર | દ્રઢવાવ | ૩૨ | ખેતી |
| ૧૪. | માવજીભાઈ મરતાજી ડામોર | સુનાખણ | ૩૦ | ખેતી |
| ૧૫. | ચુનીલાલ નાથાભાણ માંડોર | ઝુમસર | ૪૫ | નોકરી–શિક્ષક |
| | **પંચમહાલ-દાહોદ** | | | |
| ૧. | દેવસીંગભાઈ મનસુખભાઈ રાઠવા | પીમેરી | | ખેતી |
| ૨. | કેહરાભાઈ રામજીભાઈ રાઠવા | ધાનપુર | | ખેતી (કબીરપંથી) |
| ૩. | બદુભાઈ મકનાભાઈ ભીલ | પીપર | | ખેતી (કબીરપંથી) |
| ૪. | અપ્પાભાઈ ભોલાભાઈ વાખલા | પીપરકોટા | | ખેતી (કબીરપંથી) |
| ૫. | કુલાભાઈ ખૂમનાબાઈ ભીલ | પીપરકોટા | | ખેતી (કબીરપંથી) |

| ક્રમ | નામ | ગામ | ઉંમર | વ્યવસાય |
|---|---|---|---|---|
| ૬. | સુરયાભાઈ શામલભાઈ વાખલા | પીપરકોટા | | ખેતી (કબીરપંથી) |
| ૭. | નારસીંગભાઈ કાળુભાઈ પગી | કંજેટા | – | – |
| ૮. | હિંમતગુરુજી | કંજેટા | – | શિક્ષક, પ્રા. શાળા પટીરો |
| ૯. | સોમાભાઈ ફુલાભાઈ ભગોર | પાનમ | – | ખેતી |
| ૧૦. | હળીભાઈ મુકાભાઈ ભાભોર | પાનમ | – | ખેતી |
| ૧૧. | છનાભાઈ પટેલ | પીપેરો | – | ખેતી |
| ૧૨. | રાવલા રામજી ડામોર | પાનમ | – | ખેતી |
| ૧૩. | વિક્રમ ગુરુજી તથા નવલસીંગ રાઠવા | પાનમ | – | ખેતી |
| | **વડોદરા-છોટાઉદેપુર** | | | |
| ૧. | ભીખાભાઈ ભંગડાભાઈ રાઠવા | અંમાલા | ૫૦ | ખેતી |
| ૨. | બીજલભાઈ મથુરભાઈ રાઠવા | દેવસર | ૩૫ | નોકરી (પટાવાળા) |
| ૩. | ભાલાઈ ધુળાભાઈ રાઠવા | દેવસર | ૩૫ | (ખેતમજૂરી, સુથારીકામ) |
| ૪. | અમરિયાભાઈ ખંગળાભાઈ રાઠવા | અંબાલી | ૩૦ | ખેતી |
| ૫. | નામસંગભાઈ ફતાભાઈ રાઠવા | બેડૈવી | ૩૫ | ખેતી |
| ૬. | કનુભાઈ મેધજીભાઈ રાઠવા | ખેડવી | ૫૦ | ખેતી |
| ૭. | પારસીંગભાઈ જેસલાભાઈ રાઠવા | બેડવી | ૩૫ | ખેતી/મજૂરી |
| ૮. | બચુભાઈ નાનકાભાઈ રાઠવા | દેવસર | ૩૫ | ખેતી/પશુપાલન |
| ૯. | નરસંગભાઈ રઇલાભાઈ રાઠવા | ચીસારિયા | ૪૦ | ખેતી/મજૂરી |
| ૧૦. | નરજીભાઈ નાયકાભાઈ રાઠવા | રાયસીંગપુરા | ૪૫ | ખેતી |
| ૧૧. | નાયકડા ખંડુભાઈ રાઠવા | ખસરા | ૬૦ | ખેતી |
| ૧૨. | જામસીંગભાઈ નાયકાભાઈ રાઠવા | મોટીચીખલી | ૪૨ | ખેતી |
| ૧૩ | કેવજીભાઈ હામરિયાભાઈ રાઠવા | મોગરા | ૪૫ | ખેતી |
| | **ભરૂચ-નર્મદા** | | | |
| ૧. | જગલાભાઈ હાંદીયાભાઈ વસાવા | રાજકોટ | ૪૫ | ખેતી/મજૂરી |
| ૨. | નકટયાભાઈ મોરિયાલા વસાવાટ | મહાલ | ૬૦ | ખેતી |
| ૩. | જાતરીબહેન હરિયાભાઈ | મહાલ | ૭૦ | ઘરકામ |
| ૪. | ગુજરિયાભાઈ સોમાભાઈ વસાવા | મહાલ | ૬૦ | ખેતી |
| ૫. | હુસિયાણા ગેબાભાઈ વસાવા | મહાલ | ૫૦ | ખેતી |
| ૬. | મનિયાભાઈ રુબીયાભાઈ વસાવા | ઉંમરકુવા | ૬૦ | ખેતી |
| ૭. | છગનભાઈ નાચરિયાભાઈ વસાવા | ગડી | ૩૫ | મજૂરી |
| ૮. | રુપસીંગભાઈ જ. વસાવા | સામોટ | ૪૫ | મુ. શિક્ષક, સામોટ |
| ૯. | ધુળીયાભાઈ માલિયાભાઈ વસાવા | ગડદા | ૩૫ | ખેતી |
| ૧૦. | પારિયાભાઈ વિઠ્ઠલાભાઈ વસાવા | ગુડદા | ૩૫ | ખેતી |
| ૧૧. | જયન્તીભાઈ જેમાભાઈ વસાવા | ગુડદા | ૩૫ | ખેતી |
| ૧૨. | વાડકોયાભાઈ ભૂરીયાભાઈ | મોઝદા | ૩૫ | ખેતમજૂરી |
| ૧૩. | વેસ્તાભાઈ આતિયાભાઈ ગરી | મોટી સીંગ લોટી | ૭૫ | ઢોર ચરાવવાનું |
| ૧૪. | મોહનભાઈ બામણિયાભાઈ | કુલસર | ૨૨ | ખેતી (સ્થાનિક પોસ્ટમેન) |
| ૧૫. | ભેંગળાભાઈ વાલિયાભાઈ વસાવા | ગોળટેકવારા | ૪૫ | ખેતી (માજી સરપંચ) |
| ૧૬. | ખૂજલિયા ઘેરીયાબાઈ | કુલસર | ૭૫ | ખેતી (માજી પટેલ) |

| ક્રમ | નામ | ગામ | ઉંમર | વ્યવસાય |
|---|---|---|---|---|
| | **સુરત-વ્યારા** | | | |
| ૧. | નારસીંગભાઈ રૂપસીંગભાઈ ચૌધરી | ગડત | ૭૫ | ખેતી |
| ૨. | રતનાભાઈ નાથાભાઈ ગામીત | કપુરા | ૯૦ | નિવૃત્ત |
| ૩. | દુરસીંગભાઈ જશીભાઈ | આંબીયા | ૫૫ | ખેતી |
| ૪. | રતિલાલ રેશમાભાઈ ગામીત | ડોસવાડા | ૪૦ | ખેતી |
| ૫. | રેવજીભાઈ ગુના વસાવા | બાબરગાટ | ૭૭ | નિવૃત્ત/ખેતી |
| ૬. | દાજીભાઈ સુરજીભાઈ વસાવા | ભડભુજા | ૪૯ | ખેતી |
| ૭. | વેચીયાભાઈ માનિયાભાઈ ગામીત | કાળાગાટ | ૪૫ | કમાઠી |
| ૮. | ગણેશભાઈ છાણીયાભાઈ વડવી | કરોઠ | ૩૦ | દરજીકામ |
| ૯. | છોટુભાઈ એચ. ગામીત | કરોઠ | ૫૦ | આચાર્ય, આશ્રમશાળા |
| ૧૦. | સીંગભાઈ રુપજીબાઈ વડવી | છાપટી | ૪૫ | ખેતી |
| ૧૧. | આલુભાઈ ફતિયાભાઈ વસાવા | કમલાપુર | ૩૦ | ખેતી |
| ૧૨. | વાઢસીંગ દામાભાઈ વરવી | કરોઠ | ૩૫ | દરજીકામ |
| | **વલસાડ-નવસારી** | | | |
| ૧. | છોટુભાઈ પટેલ | નવતાડ | – | ખેતી |
| ૨. | મંગુભાઈ આપાભાઈ પટેલ | નવતાડ | – | ખેતી |
| ૩. | એવાજાભાઈ લક્ષ્મણભાઈ પટેલ | મહવાસ | – | ખેતી |
| ૪. | ભાવલુવહનું વારલી | માંડવા | – | ખેતી |
| ૫. | છાકલભાઈ માહધુભાઈ વારલી | માંડવા | – | ખેતી |
| ૬. | હરજીભાઈ માસ્તર | જાગેલ | – | નિવૃત્ત શિક્ષક, ડાંગ |
| | **ડાંગ** | | | |
| ૧. | ગોરુભાઈ લક્ષ્મણભાઈ ભોયે | ગાઢવી | ૫૦ | ખેતી–માજી સરપંચ |
| ૨. | જીયરાભાઈ લક્ષ્મણભાઈ પવાર | ગાઢવી | ૫૦ | ખેતી–મજૂરી |
| ૩. | રુપભાઈ લાસીભાઈ પવાર | ગાઢવી | ૪૫ | ખેતી |
| ૪. | અરુભિ ગાંડાભાઈ ભોયે | દિવાન/ટેમ્બરુન | ૫૫ | ખેતી |
| ૫. | નાથુભાઈ સોમાભાઈ કુંવર | દિવાન/ટેમ્બરુન | – | ખેતમજૂરી |
| ૬. | પવાજી મનાજી ભોયે | ઘોઘીલી | ૭૦ | ખેતી |
| ૭. | નાવાજુ અમજી રાઉત | પાપરઘોડી | ૬૫ | ખેતી |
| ૮. | ગોવિંદા રેવાજી પવાર | વકારીઆ | ૬૦ | ખેતી |
| ૯. | ગાવજીભાઈ કાળુભિ સૂર્યવંશી | મોટાચેસ્પા | ૬૫ | ખેતી |
| ૧૦. | રામુલોટે કોંકણ | ગલકુંડ | ૬૦ | ખેતી |
| ૧૧. | પ્રો. એમ. સી. ગામીત | સુરસદા | ૫૦ | બારડોલી કૉલેજમાં અધ્યાપક જીવશાસ્ત્ર વિભાગ |
| ૧૨. | રજનીભાઈ પટેલ | આહવા | | આ.મેં. ડાંગ જિલ્લા આયુર્વૈદિક ફાર્મસી |
| ૧૩. | એ. જી. પરમાર | આહવા | | માનદ મૅનેજર, ડાંગ જિલ્લા આયુર્વૈદિક ફાર્મસી |
| ૧૪. | ઘેલુભાઈ નાયક | આહવા | | સંયોજક કાર્યકર, સ્વાતંત્ર્યસેનાની |

(નોંધ : અહીં આપેલા વિવિધ પ્રયોગો અને નુસખાઓ પરંપરાગત લોકવિદ્યાના અંશો છે, જે વૈજ્ઞાનિક ચકાસણીને પાત્ર છે.)

# સંદર્ભ-સાહિત્ય


૧. આર્યભિષક અથવા હિમાનની વેદરાજ ભિક્ષુ અખંડ સાધ્વી પ્રસાદી, લેખક : સદ્‌ગત આયુર્વેદ માર્તંડશાસ્ત્રી શંકર હાજીયા, ભાષાંતરકર્તાઃ વ્યાસ હરિકૃષ્ણ ભગવાન

૨. પંચમહાલના આદિવાસીઓ, જયંતીલાલ મણિલાલ, ૧૯૫૫.

૩. ગુજરાતના પંચમહાલ જિલ્લાના ભીલોઃ પાંડુરંગ ગોવિંદ વણીકર, ભીલ સેવા મંડળ, દાહોદ–૯૪૪.

૪. પાલના રાઠવા : શંકરભાઈ સોમાભાઈ તડવી.

૫. ઘટક કક્ષાએ રોજગારી આયોજન (રાણપરા), આર.બી.લાલ ભારતીબહેન દેસાઈ–૧૯૮૦, આદિવાસી કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪.

૬. ગુજરાતના આદિવાસીઓઃ વિમલ શાહ, નિયામક, આદિવાસી સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ–૧૯૬૬.

૭. સુરત જિલ્લા આંકડાકીય રૂપરેખા, વર્ષ ૧૯૮૧–૮૨, કુંડાવિભાગ, જિલ્લા પંચાયત, સુરત.

૮. તા. ૬,૭ માર્ચ ૧૯૮૧ના દિવસે રોજ શિબિરમાં ભગતોએ વનસ્પતિના બતાવેલા ઉપયોગ.

૯. ડાંગ વનૌષધિ તરીકે તેમ જ અન્ય વપરાશમાંનાં કેટલાંક વૃક્ષોનો ઉપયોગ, ડૉ. સિદ્ધરાજ સોલંકી, ડાંગનો જિલ્લાનો વિકાસ કાર્યક્રમ, વિષય કાર્યગોષ્ઠિ, ૬ નવેમ્બર, ૧૯૮૨માં રજૂ કરેલ પેપર.

૧૦. ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી લિ., આહવા–ડાંગનો અહેવાલ, ૧૯૮૯.

૧૧. ગુજરાતના આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધ, ડૉ. સિદ્ધરાજ સોલંકી, શ્રી જસવંતસિંહ રાઠોડ, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૯૯૨.

૧૨. વનઔષધ મોડલ ફાર્મ શ્રી જસવંતસિંગ રાઠોડ, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૧૩. વિદ્યાપીઠ ઑક્ટોબર–૧૯૬૫નો વિશેષ અંક, આદિવાસીઓના રોગો અને તેના ઇલાજો, રસિકલાલ વૈદ્ય.

૧૪. અરવલ્લીના આદિવાસી લોકવૈદ્યો અને તેમની પરંપરાગત જડીબુટ્ટીઓ, લેખકઃ કનુયોગી, ૨૦૦૪.

૧૫. વનઔષધિની માર્ગદર્શિકા, વનવિભાગ– ગુજરાત રાજ્ય, ૨૦૦૭.

૧૬. ઢોલ–આદિવાસી બોલીનું સામયિક, કુંકણા, અંક–૨, ઑગસ્ટ ૧૯૯૮, સંપાદક–ડાહ્યાભાઈ વાઢુ, ધીરુભાઈ પટેલ.

૧૭. વિદ્યાપીઠ–ગૂજરાત વિદ્યાપીઠનું સામયિક –૧૯૯૭, લેખ આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધ, શ્રી જસવંતસિંહ રાઠોડ.

૧૮. આદિલોક – આદિવાસી વિશેષ અંક સુવર્ણજયંતી નિમિત્તે–૨૦૧૨.

# ૬. આદિવાસી શિક્ષણ



## પૂર્વ પ્રાથમિક શિક્ષણ

સન ૨૦૦૨માં ૮૬મા સુધારામાં શિક્ષણને પાયાના અધિકાર તરીકે જાહેર કરાયું. તે અનુસાર રાજ્ય પૂર્વ પ્રાથમિક શિક્ષણ ૦થી ૬ વર્ષનાં બાળકોને પૂરું પાડશે. Early Child Care Educationની કેટલીક જોગવાઈઓમાં નીચેની બાબતોનો સમાવેશ કરાયો છે :

(૧) તેનો સમયગાળો ૩થી ૫ કલાકનો રહેશે.

(૨) એક વર્ગ ૩૫ સ્કે. મીટરનો કે જેમાં ૩૦ બાળકોનો સમાવેશ કરી શકાશે તેમ જ તેની બહાર ખુલ્લી જગ્યા હોવી જોઈએ.

(૩) પૂરતો તાલીમી સ્ટાફ.

(૪) બાળકોને પોતાની માતૃભાષા અને સ્થાનિક ભાષા ધ્યાનમાં રાખી બાળકેન્દ્રિત અભ્યાસક્રમ હોવો જોઈએ.

(૫) તદનુસાર રમકડાંઓ અને શીખવાની સામગ્રી તૈયાર કરવી જોઈએ.

(૬) સલામતીભર્યું મકાન હોવું જોઈએ જ્યાં બાળકો સહેલાઈથી આવી શકે અને તે સ્વચ્છતાભર્યું હોવું જોઈએ.

(૭) પૂરતી ચોખ્ખા પાણીની સુવિધા હોવી જોઈએ.

(૮) જાજરૂની સુવિધા હોવી જોઈએ. બાળકો માટે હાથ ધોવાની પણ સુવિધા ઉપલબ્ધ કરવી.

(૯) રસોઈ બનાવવા માટે અલાયદી વ્યવસ્થા હોવી જોઈએ.

(૧૦) આરોગ્ય માટે ફર્સ્ટ એઇડ કિટ કે મેડિકલ કિટ ઉપલબ્ધ હોવું જોઈએ.

(૧૧) ૩ વર્ષથી નીચેનાં બાળકો માટે ૧.૧૦ અને ૩થી ૬ વર્ષનાં બાળકો માટે ૧.૨૦ના રેશિયામાં બાળકોની સંભાળ લેનાર હોવા જોઈએ.

આ પ્રકારની સુવિધાઓના સંદર્ભમાં મૂલ્યાંકન થતું રહેવું જોઈએ.

ઇન્ટરનૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર પોપ્યુલેશન સાયન્સિસ, મુંબઈ દ્વારા ૨૦૧૪માં આ સંદર્ભમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં મુખ્યત્વે આ યોજનાની ઘણી ખામીઓ જોવા મળી હતી. સમગ્ર આદિવાસી વિસ્તારોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ જણાય છે. પરંતુ ઉપરોક્ત જણાવ્યા મુજબ, તેમાં દરકાર રાખવામાં આવેલી જણાતી નથી. તેથી આદિવાસી બાળકોમાં પ્રાથમિક શિક્ષણ તરફ જે પ્રકારનો ઝોક વિકસવો જોઈએ તે વિકસી શક્યો નથી.

## પ્રાથમિક શિક્ષણ

"અગાઉ પાટલા નામની સ્લેટ હતી. તેના પર ધૂળ નાખી લખાવાતું હતું, તે ઉપર બરાબર આવડ્યા પછી ઊંચા ક્લાસમાં પાટી આપવામાં આવતી. એ વખતે તું કાંઈ ભણ્યો કે નહીં, તે માટે કોઈને પૂછવામાં આવતું કે, 'પાટલા પર ધૂળ નાંખી છે કે નહીં?' આ કહેવત સાધારણ હતી. વિદ્યાર્થીઓને શિક્ષકો હદ બહાર મારતા હતા. જાનવરોને જેમ મારવામાં આવે તેમ, હેવાનિયત માર વિદ્યાર્થીઓને પડતો. બ્રાહ્મણોમાં તે વખતના પ્રખ્યાત શાસ્ત્રીને ત્યાં છોકરાઓ જતા. પારસીઓમાં મોબેદોની નીસારે (નિશાળે) જવું કહેવામાં આવતું. ત્યાં ધર્મની તાલીમ અપાતી. પોતાના દુશ્મનના છોકરાને પણ ભણાવવાની ના પાડી શકાતી નહીં. શિક્ષકોને જ્ઞાતિમાં ઘણું માન મળતું. શીખવવાથી શિક્ષકનું જ્ઞાન હંમેશાં તાજું રહેતું. તેથી શિક્ષક પાંચ–દશ કે પચીસ/ત્રીસ વિદ્યાર્થીઓની નિશાળ માંડી ભણાવતા

અને ભણાવવા બદલ પૈસા લઈ શકતા નહીં. વરસે દહાડે ચોખા અને એક નાળિયેર શિક્ષક માટે લઈ જતા. ભણી રહ્યા પછી શિક્ષકોને ગુરુદક્ષિણા પેટે બે, પાંચ કે દશ રૂપિયા જેટલી રકમ અપાતી હતી. ગુરુને બારણે ઉઘાડે માથે છાતી અને માથું ધુણાવતાં ધુણાવતાં મોટેથી ભણનારાઓનો એકસામટો અવાજ સાંભળી એક પરદેશીને તો આનંદ અને મોટી અજાયબી લાગી હતી. બપોરના ૧૨ વાગ્યા સુધી શિક્ષકો વિદ્યાર્થીઓને પાઠ ગોખાવતા હતા."

નવી પદ્ધતિની પ્રાથમિક શાળા મિશનરીઓ, બૉમ્બે નેટિવ ઍજ્યુકેશન સોસાયટી તથા બોર્ડ ઑફ ઍજ્યુકેશને ૧૯મી સદીના પૂર્વાર્ધ દરમિયાન શરૂ કરી હતી. બોર્ડે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવ્યા હતા. વાંચન અને ગણિતના શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓ પાસે ફી નામની લેવાતી હતી.

સને ૧૮૫૫માં કેળવણી ખાતાના જન્મથી પ્રાથમિક શિક્ષણને વેગ મળ્યો હતો. ૧૮૬૫માં જમીનમહેસૂલના દરેક રૂપિયા દીઠ એક આનો (છ પૈસા) લોકલ ફંડ સેસ લેવાનું નક્કી થયું, તેની $^1/_3$ રકમ શિક્ષણ પાછળ ખર્ચાવાથી શાળાઓની સંખ્યામાં વધારો થયો હતો. સરકાર તરફથી શાળાઓને ફી તથા ખર્ચ પેટે ગ્રાન્ટ મળતી હતી. આ યોજનાથી મિશનરી સંચાલિત તથા અન્ય ખાનગી શાળાઓ અસ્તિત્વમાં આવી હતી. ૧૮૮૨માં લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજની ભેટ આપી અને નિશાળો લોકલ બોર્ડોના સંચાલન હેઠળ મુકાઈ. બોર્ડની આવક જૂજ હોવાથી વધુ શાળા શરૂ કરવાનું મુશ્કેલ બન્યું હતું. આ કાળ દરમિયાન ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં સર્વશ્રી દુર્ગારામ મહેતાજી, નર્મદાશંકર અને દલપતરામ જેવા સમાજ–સુધારકોએ શિક્ષણ વિકાસ માટે ઝુંબેશ ચલાવતાં સરકારી પ્રયાસોને વેગ મળ્યો હતો. ૧૮૭૨માં પ્રાથમિક શિક્ષણનું એકમ માધ્યમિક શિક્ષણના વિભાગથી સ્વતંત્ર થયું.

વૂડના ખરીતાએ ભારતીય શિક્ષણમાં ઉપલી કક્ષાએ કૉલેજ, માધ્યમિક કક્ષાએ માધ્યમિક શાળા અને પાયામાં પ્રાથમિક શાળા એમ કડીબદ્ધ શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કર્યું. આ અગાઉ ભારતમાં દેશી પદ્ધતિની ગામઠી શાળાઓ(Indigenous School) અને પશ્ચિમના પાયા ઉપર રચાયેલી નવી મિશનરી અને સરકારી માધ્યમિક શાળાઓ એમ બે પ્રકારની પ્રાથમિક કેળવણીની સંસ્થાઓ હતી. ઈ.સ. ૧૯૩૫–૪૭ના સમયગાળામાં પ્રાથમિક શિક્ષણના વિકાસ માટેની બે મહત્ત્વની ઘટનાઓ બની – (૧) મહાત્મા ગાંધીજીએ ૧૯૩૭માં વર્ધા પરિષદમાં રજૂ કરેલી બુનિયાદી કેળવણીની યોજના (૨) ૧૯૪૪માં સાર્જન્ટ સમિતિની સાર્વત્રિક કેળવણીની યોજના.

સ્વતંત્રતા બાદ ૬–૧૪ વયજૂથનાં બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક કેળવણીનું ધ્યેય સ્વીકારાયું અને પ્રાથમિક શિક્ષણના કેટલાક હેતુઓ નક્કી કરાયા. જેમાં અક્ષરજ્ઞાન, અંકજ્ઞાન અને હસ્તઉદ્યોગોમાં કુશળતા પ્રાપ્ત કરવી, સામાજિક અને પ્રાકૃતિક વિજ્ઞાન ક્ષેત્રમાં નિરીક્ષણ અભ્યાસ અને પ્રયોગ દ્વારા જ્ઞાન મેળવવા પર ભાર મુકાયો, રમત–ગમત અને ખેલકૂદ દ્વારા શારીરિક શક્તિ અને સમૂહભાવના વિકસાવવી, કુટુંબ, શાળા અને સમાજની અંદર સહયોગી વર્તનની ટેવો કેળવવી, બીજા ધર્મો, પ્રદેશો અને દેશોની વ્યક્તિઓની સંસ્કૃતિ અને જીવનપ્રણાલીની કદર કરવી, સામૂહિક જીવન વિકાસ કેળવવો.

આ ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે અભ્યાસ–ક્રમમાં તદ્દન અનુરૂપ બાબતો અપનાવવામાં આવી. જેમાં ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજ ઉપયોગી શિક્ષણ, રમતગમતો, સંગીત, નૃત્ય, ચિત્રકામ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓનું પ્રમાણ કેટલું છે તેની વિગત નીચેના કોષ્ટકમાં જણાય છે :

**કોષ્ટક–૧**

**શાળાઓનું પ્રમાણ**

| ક્રમ | જિલ્લાઓ | સરકારી | સ્થાનિક સંસ્થાઓ સંચાલિત | ગ્રાન્ટ/ગ્રાન્ટ વગરની | કુલ | માત્ર છોકરીઓ માટેની પ્રાથમિક શાળાઓ |
|---|---|---|---|---|---|---|
| | ગુજરાત | ૨૨૧૫ | ૩૧,૫૩૬ | ૧૦,૨૬૭ | ૪૪,૦૧૮ | ૧૩૯૮ |
| ૧. | અરવલ્લી | ૩૫ | ૧૨૪૫ | ૧૩૨ | ૧૪૧૨ | ૧ |
| ૨. | બનાસકાંઠા | ૭૧ | ૨૩૪૬ | ૩૧૩ | ૨૭૩૦ | ૨૫ |
| ૩. | ભરૂચ | ૧૦ | ૯૩૧ | ૨૮૦ | ૧૨૨૧ | ૬૦ |
| ૪. | છોટાઉદેપુર | ૬૩ | ૧૨૪૮ | ૫૯ | ૧૩૭૦ | ૨૬ |
| ૫. | દાહોદ | ૧૦૯ | ૧૬૫૨ | ૧૩૨ | ૧૮૯૩ | ૨૮ |
| ૬. | ડાંગ | ૨૩ | ૩૭૮ | ૨૪ | ૪૨૫ | ૨ |
| ૭. | મહીસાગર | ૪૨ | ૧૨૨૨ | ૧૦૨ | ૧૩૬૬ | ૧૩ |
| ૮. | નર્મદા | ૫૩ | ૬૮૯ | ૪૯ | ૭૯૧ | ૧૦ |
| ૯. | નવસારી | ૨૩ | ૭૩૬ | ૧૪૬ | ૯૦૫ | ૨૩ |
| ૧૦. | પંચમહાલ | ૫૦ | ૧૪૦૩ | ૧૪૬ | ૧૫૯૯ | ૩૨ |
| ૧૧. | સાબરકાંઠા | ૫૭ | ૧૨૨૧ | ૨૫૬ | ૧૫૩૪ | ૭ |
| ૧૨. | સુરત | ૩૬૩ | ૯૮૦ | ૧૦૭૧ | ૨૪૧૪ | ૧૧૮ |
| ૧૩. | તાપી | ૭૦ | ૭૯૭ | ૫૫ | ૯૨૨ | ૭ |
| ૧૪. | વલસાડ | ૬૧ | ૧૦૦૦ | ૨૨૩ | ૧૨૮૪ | ૧૯ |
| | કુલ | ૧૦૩૦ | ૧૫,૮૪૮ | ૨૯૮૮ | ૧૯,૮૬૬ | ૩૭૧ |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135

ઉપરોક્ત કોષ્ટક જોતાં જે જિલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધુ છે તે જિલ્લા સુરતમાં તમામ પ્રકારની શાળાઓનું પ્રમાણ વધુ છે. જ્યારે સૌથી ઓછી શાળાઓ ડાંગમાં જણાય છે.

ગુજરાતમાં આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં ધો.૧ થી ૫ની શાળાઓમાં કુલ શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓનું પ્રમાણ કેટલું છે તેની વિગત નીચેના કોષ્ટકમાં રજૂ કરી છે :

### કોષ્ટક-૨
### વિદ્યાર્થીઓની સંખ્યા

| ક્રમ | જિલ્લાઓ | પ્રાથમિક શિક્ષક | | | પ્રાથમિક વિદ્યાર્થી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | છોકરો | છોકરી | કુલ |
| | ગુજરાત | ૧૭,૧૪૫ | ૧૭,૮૫૪ | ૩૪,૯૯૯ | ૨૯,૮૫,૦૭૩ | ૨૬,૪૬,૨૩૩ | ૫૬,૩૧,૩૦૬ |
| ૧. | અરવલ્લી | ૬૬૬ | ૭૧૨ | ૧૩૭૮ | ૫૨,૧૬૭ | ૪૭,૯૧૧ | ૧,૦૦,૦૭૮ |
| ૨. | બનાસકાંઠા | ૨૩૦૨ | ૯૩૩ | ૩૨૩૫ | ૧,૯૨,૫૧૬ | ૧,૭૨,૭૧૪ | ૩,૬૫,૨૩૦ |
| ૩. | ભરૂચ | ૩૪૯ | ૪૩૫ | ૭૮૪ | ૭૧,૩૬૯ | ૬૫,૫૮૯ | ૧,૩૬,૯૫૮ |
| ૪. | છોટાઉદેપુર | ૧૧૩૫ | ૮૩૬ | ૧૯૭૧ | ૫૨,૧૬૭ | ૪૭,૯૧૧ | ૧,૦૦,૦૭૮ |
| ૫. | દાહોદ | ૧૭૭૪ | ૧૧૨૦ | ૨૮૯૪ | ૧,૪૨,૯૧૫ | ૧,૩૧,૭૫૨ | ૨,૭૪,૬૬૭ |
| ૬. | ડાંગ | ૪૯૧ | ૩૨૯ | ૮૨૦ | ૧૮,૯૮૮ | ૧૭,૮૮૭ | ૩૬,૮૭૫ |
| ૭. | મહિસાગર | ૧૧૩૩ | ૬૩૨ | ૧૭૬૫ | ૫૧,૪૭૨ | ૪૮,૩૪૯ | ૯૯,૮૨૧ |
| ૮. | નર્મદા | ૪૫૯ | ૨૮૫ | ૭૪૪ | ૨૭,૧૧૯ | ૨૫,૪૭૩ | ૫૨,૫૯૨ |
| ૯. | નવસારી | ૨૫૬ | ૪૫૫ | ૭૧૧ | ૫૧,૧૫૦ | ૪૭,૧૨૩ | ૯૮,૨૭૩ |
| ૧૦. | પંચમહાલ | ૯૩૪ | ૭૨૫ | ૧૬૫૯ | ૮૬,૮૭૪ | ૮૦,૫૬૦ | ૧,૬૭,૪૩૪ |
| ૧૧. | સાબરકાંઠા | ૬૫૪ | ૭૯૩ | ૧૪૪૭ | ૭૬,૧૫૫ | ૬૮,૨૯૮ | ૧,૪૪,૪૫૩ |
| ૧૨. | સુરત | ૬૪૭ | ૧૧૫૬ | ૧૮૦૩ | ૨,૮૧,૯૬૮ | ૨,૩૫,૩૬૯ | ૫,૧૭,૩૩૭ |
| ૧૩. | તાપી | ૫૫૦ | ૬૦૯ | ૧૧૫૯ | ૩૨,૯૨૧ | ૩૧,૦૬૯ | ૬૩,૯૯૦ |
| ૧૪. | વલસાડ | ૪૯૪ | ૮૯૯ | ૧૩૯૩ | ૮૩,૧૩૫ | ૭૫,૯૦૯ | ૧,૫૯,૦૪૪ |
| | **કુલ** | **૧૧,૮૪૪** | **૯૯૧૯** | **૨૧,૭૬૩** | **૧૨,૨૦,૯૧૬** | **૧૦,૯૫,૯૧૪** | **૨૩,૧૬,૮૩૦** |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016
Page No. 129 to 135

ઉપરોક્ત માહિતી જોતાં સૌથી વધુ બાળકોની સંખ્યા સુરત જિલ્લામાં છે. જ્યારે શિક્ષકોની સંખ્યા બનાસકાંઠા જિલ્લામાં જણાય છે. અને શિક્ષકોની સંખ્યા જોતાં તે સૌથી ઓછી નવસારીમાં છે. તે જ રીતે ઓછાં બાળકોની સંખ્યા ડાંગ જિલ્લામાં જણાય છે.

એ જ રીતે ધો. ૬થી ૮ એટલે કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં આદિવાસી વિસ્તારમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનું પ્રમાણ કેવું છે તેની વિગત કોષ્ટક–૩માં દર્શાવી છે.

## કોષ્ટક-૩
## ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ

| ક્રમ | જિલ્લાઓ | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | | | ઉચ્ચ પ્રાથમિક વિદ્યાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | છોકરો | છોકરી | કુલ |
| | **ગુજરાત** | ૧,૨૫,૬૩૨ | ૧,૬૪,૨૧૧ | ૨,૮૯,૮૪૩ | ૧૮,૭૪,૩૯૧ | ૧૫,૬૧,૧૧૭ | ૩,૪૩,૫૫,૫૦૮ |
| ૧. | અરવલ્લી | ૩૦૩૦ | ૨૮૮૧ | ૫૯૧૧ | ૩૨,૨૦૯ | ૨૭,૭૮૨ | ૫૯,૯૯૧ |
| ૨. | બનાસકાંઠા | ૧૦,૦૩૭ | ૬૦૮૯ | ૧૬,૧૨૬ | ૧,૨૩,૯૦૨ | ૯૯,૫૬૫ | ૨,૨૩,૪૬૭ |
| ૩. | ભરૂચ | ૩૦૨૮ | ૫૧૩૭ | ૮૧૬૫ | ૪૬,૬૭૬ | ૪૦,૭૫૫ | ૮૭,૪૩૧ |
| ૪. | છોટાઉદેપુર | ૨૨૦૧ | ૧૪૪૭ | ૩૬૪૮ | ૨૬,૦૭૭ | ૨૩,૭૨૯ | ૪૯,૮૦૬ |
| ૫. | દાહોદ | ૫૮૩૬ | ૪૨૦૩ | ૧૦,૦૩૮ | ૬૯,૯૦૩ | ૬૨,૯૪૦ | ૧,૩૨,૮૪૩ |
| ૬. | ડાંગ | ૭૩૧ | ૫૮૯ | ૧૩૨૦ | ૯૯૩૮ | ૯૫૧૫ | ૧૯,૪૫૩ |
| ૭. | મહીસાગર | ૩૧૯૦ | ૧૮૩૦ | ૫૦૨૦ | ૩૧,૨૪૮ | ૨૭,૯૦૦ | ૫૯,૧૪૮ |
| ૮. | નર્મદા | ૧૫૪૨ | ૧૨૦૫ | ૨૭૪૭ | ૧૬,૫૮૭ | ૧૫,૩૩૧ | ૩૧,૯૧૮ |
| ૯. | નવસારી | ૧૮૨૮ | ૩૭૧૫ | ૫૫૪૩ | ૩૩,૩૨૬ | ૩૦,૦૦૭ | ૬૩,૩૩૩ |
| ૧૦. | પંચમહાલ | ૪૧,૩૫૪ | ૩૮૦૪ | ૭૯૩૯ | ૫૪,૭૭૦ | ૪૮,૭૬૯ | ૧,૦૩,૫૩૯ |
| ૧૧. | સાબરકાંઠા | ૪૧૬૯ | ૪૦૦૬ | ૮૧૭૫ | ૪૫,૩૫૭ | ૩૭,૭૪૬ | ૮૩,૧૦૩ |
| ૧૨. | સુરત | ૭૩૮૮ | ૧૬૨૪૧ | ૨૩,૬૨૯ | ૧,૬૬,૧૪૪ | ૧,૩૧,૨૬૮ | ૨,૯૭,૪૧૨ |
| ૧૩. | તાપી | ૧૪૨૪ | ૧૮૦૪ | ૩૨૨૮ | ૨૦,૪૬૦ | ૧૯,૮૩૨ | ૪૦,૨૯૨ |
| ૧૪. | વલસાડ | ૨૬૩૭ | ૫૩૬૨ | ૭૯૯૯ | ૪૯,૨૮૭ | ૪૪,૨૨૩ | ૯૩,૫૧૦ |
| | **કુલ** | **૫૧,૧૭૫** | **૫૮,૩૧૩** | **૧,૦૯,૪૮૮** | **૭,૨૫,૮૮૪** | **૬,૧૯,૩૬૨** | **૧૩,૪૫,૨૪૬** |
| Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135 | | | | | | | |

આદિવાસી વિસ્તારોના ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સૌથી વધુ શિક્ષકોની સંખ્યા સુરત તેમ જ વિદ્યાર્થીઓની સંખ્યા પણ સૌથી વધુ સુરત જિલ્લામાં જ જણાય છે. સ્ત્રી શિક્ષકો અને વિદ્યાર્થીઓની ચર્ચા કરીએ તો તેમાં પુરુષ શિક્ષકો અને પુરુષ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ જણાય છે. જે જાતિગત અસમાનતા સૂચવે છે.

પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કર્યા પછી આદિવાસી વિસ્તારોનાં આદિવાસી બાળકોમાં શિક્ષણનું પ્રમાણ કેવું છે તેનું ચિત્ર નીચેની માહિતી ઉપરથી જાણી શકાશે :

## કોષ્ટક-૪
## પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિકમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ

| ક્રમ | જિલ્લાઓ | આદિવાસી બાળકોમાં પ્રાથમિક શિક્ષણ | | | આદિવાસી બાળકોમાં ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | છોકરો | છોકરી | કુલ | છોકરો | છોકરી | કુલ |
| | ગુજરાત | ૧,૫૩,૩૧૧ | ૧,૪૭,૩૦૬ | ૩,૦૦,૬૧૭ | ૬,૭૫,૦૬૮ | ૬,૦૮,૦૩૯ | ૧૨,૮૩,૧૦૭ |
| ૧. | અરવલ્લી | ૩૪૧૦ | ૩૫૯૬ | ૭૦૦૬ | ૧૭,૫૪૫ | ૧૫,૭૭૬ | ૩૩,૩૨૧ |
| ૨. | બનાસકાંઠા | ૮૪૦૮ | ૭૭૮૯ | ૧૬,૧૯૭ | ૨૮,૮૦૩ | ૨૪,૩૩૪ | ૫૩,૧૩૭ |
| ૩. | ભરૂચ | ૪૬૦૩ | ૪૫૨૦ | ૯૧૨૩ | ૩૬,૩૭૬ | ૩૩,૯૬૬ | ૭૦,૩૪૨ |
| ૪. | છોટા ઉદેપુર | ૧૯,૨૦૫ | ૧૮,૫૫૯ | ૩૭,૭૬૪ | ૪૫,૫૭૫ | ૪૧,૪૧૯ | ૮૬,૯૯૪ |
| ૫. | દાહોદ | ૩૪,૨૯૭ | ૩૨,૩૯૦ | ૬૬,૬૮૭ | ૧,૩૦,૩૪૦ | ૧,૧૮,૪૩૨ | ૨,૪૮,૭૭૨ |
| ૬. | ડાંગ | ૯૦૫૩ | ૮૮૮૧ | ૧૭,૯૩૪ | ૧૯,૦૬૫ | ૧૭,૭૩૬ | ૩૬,૮૦૧ |
| ૭. | મહીસાગર | ૭૩૮૧ | ૭૪૨૪ | ૧૪,૮૦૫ | ૨૫,૬૦૦ | ૨૩,૭૪૨ | ૪૯,૩૪૨ |
| ૮. | નર્મદા | ૬૪૩૯ | ૬૧૫૩ | ૧૨,૫૯૨ | ૩૧,૪૪૫ | ૨૯,૩૫૭ | ૬૦,૮૦૨ |
| ૯. | નવસારી | ૫૨૩૭ | ૪૯૮૯ | ૧૦,૨૨૬ | ૩૭,૭૨૩ | ૩૫,૫૩૭ | ૭૩,૨૬૦ |
| ૧૦. | પંચમહાલ | ૬૮૫૨ | ૬૫૬૩ | ૧૩,૪૧૫ | ૩૦,૪૭૫ | ૨૭,૭૦૩ | ૫૮,૧૭૮ |
| ૧૧. | સાબરકાંઠા | ૭૦૫૬ | ૬૫૮૭ | ૧૩,૬૪૩ | ૩૨,૭૦૮ | ૨૯,૪૭૦ | ૬૨,૧૭૮ |
| ૧૨. | સુરત | ૧૦,૫૧૩ | ૧૦,૩૯૮ | ૨૦,૯૧૧ | ૫૨,૭૪૦ | ૪૯,૧૬૭ | ૧,૦૧,૯૦૭ |
| ૧૩. | તાપી | ૯૮૨૭ | ૯૬૮૮ | ૧૯,૫૧૫ | ૩૫,૯૨૮ | ૩૪,૩૮૩ | ૭૦,૩૧૧ |
| ૧૪. | વલસાડ | ૧૧,૧૮૭ | ૧૧,૦૭૧ | ૨૨,૨૫૮ | ૬૩,૦૨૯ | ૬૦,૪૯૩ | ૧,૨૩,૫૨૨ |
| | કુલ | ૧,૪૩,૪૬૮ | ૧,૩૮,૬૦૮ | ૨,૮૨,૦૭૬ | ૫,૮૭,૩૫૨ | ૫,૪૧,૫૧૫ | ૧૧,૨૮,૮૬૭ |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135

ઉપરોક્ત રીતે જોતાં દાહોદ જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થીની સંખ્યા પ્રાથમિક તેમ જ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જોવા મળે છે. કારણ કે આદિવાસી વસ્તીમાં પણ દાહોદ જિલ્લો અગ્ર છે. પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓની સૌથી ઓછી સંખ્યા ભરૂચ જિલ્લામાં જણાય છે જ્યારે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં તે ડાંગ જિલ્લામાં જોઈ શકાય છે.

આદિવાસીઓ અને બિનઆદિવાસીઓમાં પ્રાથમિક તેમ જ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની તુલના કરીએ તો આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કારણ કે તેઓમાં અધવચ્ચેથી શાળા છોડી દેવાનું પ્રમાણ વધુ છે. જેનાં કારણો નીચે મુજબ ગણાવી શકાય. આદિવાસી બાળકોને તેમની સંસ્કૃતિ મુજબ શિક્ષણ રસપ્રદ જણાતું નથી. તેમાં તેમની સાંસ્કૃતિક પરંપરાઓ, લોકકથા કે જીવનશૈલીનો સમાવેશ થયેલો હોતો નથી. શિક્ષકો પૂરતું ધ્યાન આપતા નથી. આદિવાસી વિસ્તારમાં શાળામાં કામ કરતા શિક્ષકો આવજા કરતા હોય છે. આ વિસ્તારોની શાળાઓમાં પૂરતી દેખરેખ રખાતી નથી. બાળકોને રમતગમતનો અવકાશ ઓછો મળે છે. જેથી તેઓને શિક્ષણ કાર્યમાં રુચિ રહેતી નથી. ગરીબ, નિરાધાર, અનાથ બાળકોને શિક્ષણ સહાયરૂપ જણાતું નથી, આદિવાસી બાળક જે બોલી શકે છે તેના તરફ શિક્ષકો અણગમો દાખવે છે. બાળકોનાં માતા-પિતા અભણ હોય, મજૂરી

પ્રકારના કાર્યમાં જોડાયેલા હોય તેમના શિક્ષણને સમજી શકતાં નથી. PTA, MTAની મિટિંગોમાં માતા–પિતાની પૂરતી હાજરી હોતી નથી. ઘણી વખત શિક્ષકો મોટા ભાગનો સમય વહીવટી કાર્યોમાં ગાળે છે. જેથી વિદ્યાર્થીઓ તરફ ધ્યાન આપી શકતા નથી.

## માધ્યમિક શિક્ષણ

માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પ્રકારો મુજબ વહેંચતાં કુમારો માટેની, કન્યાઓ માટેની અને મિશ્ર પ્રકારની; વર્ગો અનુસાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક; સંચાલન અનુસાર સરકારી, બિનસરકારી ગ્રાન્ટેડ, બિનસરકારી નોન–ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ; વિષયો મુજબ ટૅક્નિકલ, હોમ સાયન્સ, ઉત્તર બુનિયાદી, ખેતીવાડી અને સામાન્ય પ્રકારની શાળાઓમાં વહેંચી શકાય. માધ્યમને ધ્યાનમાં લેતાં મુખ્યત્વે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમની શાળાઓ અને અલ્પ પ્રમાણમાં મરાઠી, સિંધી, ઉર્દૂ અને તમિળ જેવા માધ્યમવાળી માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તર બુનિયાદી શાળાઓ અને સામાન્ય શાળાઓ – જેવા બે પ્રકાર પાડી શકાય.

વળી ગુજરાત રાજ્યમાં કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો અને સૈનિક શાળાઓ પણ છે. આ પ્રકારની શાળાઓ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSC) સાથે સંલગ્ન છે.

ગુજરાતમાં માધ્યમિક શાળાઓની નોંધણી, વહીવટ, શૈક્ષણિક કામગીરીની દેખરેખ તથા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાની કાર્યવાહી માટે માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે ૧૯–૧૨–૭૩થી પ્રાથમિક શિક્ષણ બોર્ડ અસ્તિત્વમાં આવ્યું છે.

ગુજરાતમાં મોડલ એકલવ્ય રેસિડન્સી શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ તથા સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ, ઇન્ટરનૅશનલ શાળાઓ એમ વિભિન્ન પ્રકારની માધ્યમિક શાળાઓ છે.

ગુજરાતમાં માધ્યમિક શાળાઓના સંદર્ભમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અસ્તિત્વમાં છે. (Govt. of India, New Delhi, 2012) મુજબ કુલ માધ્યમિક શાળાઓ ૩૫૭૫ છે. જ્યારે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનું પ્રમાણ ૬૨૨૯ છે. આ શાળાઓ પૈકી ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓનું પ્રમાણ ૫૨ % અને પ્રાઇવેટ શાળાઓનું પ્રમાણ ૩૯.૫ % છે. જેમાં ધો.૮માં ૫૫,૬૦૫ છોકરાઓ અને ૪૩,૪૭૩ છોકરીઓ એમ કુલ ૯૯,૦૭૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે. ધોરણ–૯માં ૫૬,૨૮૭ છોકરાઓ અને ૪૬,૦૪૧ છોકરીઓ એમ કુલ ૧,૦૨,૩૨૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે. તેમ જ ધોરણ ૧૦માં ૩૬,૨૮૧ છોકરાઓ અને ૩૭,૪૦૮ છોકરીઓ એમ કુલ ૭૪,૨૨૯ વિદ્યાર્થીઓની સંખ્યા છે. જ્યારે ધોરણ–૧૧માં ૨૮,૯૨૦ છોકરાઓ અને ૨૩,૪૦૮ છોકરીઓ એમ કુલ ૫૨,૩૨૮ વિદ્યાર્થીઓ તેમ જ ધોરણ–૧૨માં ૨૩,૧૨૦ છોકરાઓ અને ૧૮,૫૬૫ છોકરીઓ એમ કુલ ૪૧,૬૮૫ વિદ્યાર્થીઓનું પ્રમાણ છે.

ઓપન સ્કૂલ શિક્ષણમાં આદિવાસીઓનું પ્રમાણ નજીવું છે જે ૧ %થી પણ ઓછું છે. ગુજરાત માધ્યમિક શાળાઓમાં કુલ શિક્ષકોનું પ્રમાણ ૩૪,૮૮૧ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૪૦,૦૪૮ છે.

આદિવાસીઓમાં જેમ વય વધતી જાય છે તેમ નોંધણી દર ઘટતો જાય છે. ૧૬થી ૧૭ વર્ષની વયે તે ૩૧ % છે. સામાન્યમાં તે ૩૭ % છે. ડ્રોપ આઉટનું પ્રમાણ સામાન્યમાં ૧થી ૪ ધોરણમાં ૨૬ %, ૧થી ૮માં ૪૮ % અને ૧થી ૧૦માં ૫૮.૯ % છે. જ્યારે આદિવાસીઓમાં ૧થી ૪ ધોરણમાં ૫૦ %, ધોરણ ૧થી ૮માં ૭૦ % અને ધો.૧થી ૧૦ માં ૭૮ % છે.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ધો–૧થી ૧૨ માટેનાં તમામ વિષયનાં પાઠ્યપુસ્તકોનું ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને અન્ય માધ્યમોમાં પ્રકાશન કરે છે. આ ઉપરાંત આ બોર્ડ પી.ટી.સી. અને સી.પી.એડ. જેવા અભ્યાસક્રમો માટેનાં પાઠ્યપુસ્તકો પણ પ્રકાશિત કરે છે.

ગુજરાત રાજ્યમાં શિક્ષકો માટેના સેવાપૂર્વ શિક્ષક–પ્રશિક્ષણ માટે ૪૧ બી.એડ્. કૉલેજો છે. અંગ્રેજી વિષયના શિક્ષકો માટે બે વિશિષ્ટ બી.એડ્. કૉલેજો છે. હિન્દી વિષયના શિક્ષકો તૈયાર કરવા ગૂજરાત વિદ્યાપીઠમાં વિશિષ્ટ બી.એડ્. કૉલેજ છે. ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓ માટેના શિક્ષક તૈયાર કરવા ૪ જી.બી.ટી.સી. કૉલેજો છે. આ ઉપરાંત ચિત્રશિક્ષકો અને વ્યાયામશિક્ષકો તૈયાર કરતી શિક્ષક–પ્રશિક્ષણ સંસ્થાઓ છે. છેલ્લાં ત્રણ વર્ષથી ઠીક ઠીક સંખ્યામાં સ્વનિર્ભર બી.એડ્. કૉલેજો શરૂ થઈ છે. આ ઉપરાંત શિક્ષકોના સેવાકાલીન પ્રશિક્ષણ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૧૯૮૬ અન્વયે સી.ટી.ઈ. અને આઈ.એ.એસ.ઈ. શરૂ થયા છે; પરંતુ અધ્યાપકોની નિમણૂકના અભાવે હજુ આ સંસ્થાઓ પૂર્ણ સક્રિય બની શકી નથી.

વિકલાંગો જેવા કે દ્રષ્ટિબાધિત, બહેરા–મૂંગા, મંદબુદ્ધિ વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારની માધ્યમિક શાળાઓ અને વિશિષ્ટ પ્રકારની શિક્ષક–પ્રશિક્ષણ સંસ્થાઓની સુવિધા પણ ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ છે.

ગુજરાતમાં જે જિલ્લાઓમાં આદિવાસી વસ્તી વધુ છે તેવા જિલ્લાઓમાં માધ્યમિક તેમ જ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રમાણ કેટલું છે તેની માહિતી નીચે મુજબ છે :

**કોષ્ટક–૫**

**માધ્યમિક શાળાઓનું પ્રમાણ**

| ક્રમ | જિલ્લાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર શાળાઓ | કુલ | શાળાઓનું વર્ગીકરણ | | | માત્ર છોકરીઓ માટે શાળાઓ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સરકારી | સ્થાનિક બોર્ડ બોર્ડ સંચાલિત | ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર શાળાઓ |
| | ગુજરાત | ૬૫૯૧ | ૪૩૪૯ | ૧૦,૯૪૦ | ૧૧૦૨ | ૧૧૫ | ૯૭૨૩ | ૪૧૨ | ૧૭૩ |
| ૧. | અરવલ્લી | ૧૩૬ | ૧૩૨ | ૨૬૮ | ૧૮ | ૦ | ૨૫૦ | ૩ | ૨ |
| ૨. | બનાસકાંઠા | ૩૨૫ | ૧૮૬ | ૫૧૧ | ૧૦૧ | ૦ | ૪૧૦ | ૧૮ | ૧૨ |
| ૩. | ભરૂચ | ૧૮૩ | ૧૧૬ | ૨૯૯ | ૩૧ | ૦ | ૨૬૮ | ૫ | ૫ |
| ૪. | છોટાઉદેપુર | ૫૯ | ૮૩ | ૧૪૨ | ૬૨ | ૦ | ૮૦ | ૩ | ૧૪ |
| ૫. | દાહોદ | ૨૦૯ | ૧૬૫ | ૩૭૪ | ૬૪ | ૦ | ૩૧૦ | ૧૨ | ૧૭ |
| ૬. | ડાંગ | ૨૭ | ૨૬ | ૫૩ | ૩૦ | ૦ | ૨૩ | ૧ | ૩ |
| ૭. | મહીસાગર | ૧૧૮ | ૧૨૩ | ૨૪૧ | ૧૬ | ૦ | ૨૨૫ | ૨ | ૭ |
| ૮. | નર્મદા | ૪૬ | ૬૪ | ૧૧૦ | ૪૦ | ૦ | ૭૦ | ૨ | ૩ |
| ૯. | નવસારી | ૧૫૦ | ૪૪ | ૧૯૪ | ૨૧ | ૦ | ૧૭૩ | ૯ | ૧ |
| ૧૦. | પંચમહાલ | ૧૫૫ | ૧૪૪ | ૨૯૯ | ૧૯ | ૦ | ૨૮૦ | ૪ | ૪ |
| ૧૧. | સાબરકાંઠા | ૧૯૪ | ૧૪૦ | ૩૩૪ | ૨૯ | ૦ | ૩૦૫ | ૪ | ૬ |
| ૧૨. | સુરત | ૫૬૭ | ૧૯૯ | ૭૬૬ | ૨૩ | ૦ | ૧૭૩ | ૯ | ૧ |
| ૧૩. | તાપી | ૬૮ | ૭૬ | ૧૪૪ | ૫૩ | ૦ | ૯૧ | ૭ | ૪ |
| ૧૪. | વલસાડ | ૧૮૩ | ૮૭ | ૨૭૦ | ૪૧ | ૦ | ૨૨૯ | ૭ | ૪ |
| | કુલ | ૨૪૨૦ | ૧૫૮૫ | ૪૦૦૫ | ૫૪૮ | ૦ | ૨૮૮૭ | ૮૬ | ૮૩ |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135

ઉપરોક્ત રીતે જોતાં સૌથી વધુ માધ્યમિક શાળાઓ સુરત જિલ્લામાં જણાય છે અને સૌથી ઓછી ડાંગ જિલ્લામાં છે. જ્યારે સૌથી વધુ સરકારી શાળાઓ બનાસકાંઠામાં છે.

આ શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રમાણ કેટલું છે તેની વિગત નીચે મુજબ જોઈ શકાય છે :

**કોષ્ટક-૬**

**માધ્યમિકમાં આદિવાસી વિદ્યાર્થીઓ**

| ક્રમ | જિલ્લાઓ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આદિવાસી બાળકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | છોકરો | છોકરી | કુલ |
| | ગુજરાત | ૧,૯૬,૫૫૬ | ૧,૭૬,૦૦૦ | ૩,૭૨,૫૫૬ |
| ૧. | અરવલ્લી | ૭૫૩૭ | ૬૭૩૭ | ૧૪,૨૭૪ |
| ૨. | બનાસકાંઠા | ૫૩૯૮ | ૪૧૭૪ | ૯૫૭૨ |
| ૩. | ભરૂચ | ૯૪૮૯ | ૮૧૯૪ | ૧૭,૬૮૩ |
| ૪. | છોટાઉદેપુર | ૧૨,૨૨૬ | ૧૦,૪૪૭ | ૨૨,૬૭૩ |
| ૫. | દાહોદ | ૩૩,૨૩૭ | ૨૯,૮૦૫ | ૬૩,૦૪૨ |
| ૬. | ડાંગ | ૧૮,૬૫૬ | ૧૮,૬૦૧ | ૩૬,૭૧૬ |
| ૭. | મહીસાગર | ૯૬૬૨ | ૮૫૯૮ | ૧૮,૨૬૦ |
| ૮. | નર્મદા | ૯૧૨૮ | ૮૫૩૩ | ૧૭,૬૬૧ |
| ૯. | નવસારી | ૧૬,૫૫૯ | ૧૬,૧૮૬ | ૩૨,૭૪૫ |
| ૧૦. | પંચમહાલ | ૬૭૩૬ | ૫૯૩૫ | ૧૨,૬૭૧ |
| ૧૧. | સાબરકાંઠા | ૭૫૭૪ | ૬૫૮૮ | ૧૪,૧૬૨ |
| ૧૨. | સુરત | ૧૮,૬૫૫ | ૧૮,૦૬૧ | ૩૬,૭૧૬ |
| ૧૩. | તાપી | ૧૩,૧૩૪ | ૧૪,૦૯૩ | ૨૭,૨૨૭ |
| ૧૪. | વલસાડ | ૨૧,૬૪૧ | ૨૦,૩૦૩ | ૪૧,૯૪૪ |
| | કુલ | ૧,૮૯,૬૩૧ | ૧,૭૫,૭૧૫ | ૩,૬૫,૩૪૬ |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135

ઉપરોક્ત વિગત જોતાં જણાય છે કે સૌથી વધુ વિદ્યાર્થીઓ સુરત અને નવસારી જિલ્લામાં નોંધાયેલા જોવા મળે છે જ્યારે સૌથી ઓછા બનાસકાંઠામાં છે. વિદ્યાર્થીઓની સંખ્યાની ચર્ચા બાદ આ વિસ્તારોમાં શિક્ષકોનું પ્રમાણ કેટલું છે તેની વિગત નીચે મુજબ છે :

**કોષ્ટક-૭**

**માધ્યમિકમાં શિક્ષકો**

| ક્રમ | જિલ્લાઓ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ |
| | ગુજરાત | ૫૪,૫૯૮ | ૨૯,૦૬૪ | ૮૩,૬૬૨ |
| ૧. | અરવલ્લી | ૧૫૩૮ | ૨૮૯ | ૧૮૨૭ |
| ૨. | બનાસકાંઠા | ૨૯૩૧ | ૬૯૬ | ૩૬૨૭ |
| ૩. | ભરૂચ | ૧૨૦૯ | ૮૯૭ | ૨૧૦૬ |
| ૪. | છોટાઉદેપુર | ૭૦૪ | ૧૭૬ | ૮૮૦ |
| ૫. | દાહોદ | ૨૧૫૧ | ૪૫૦ | ૨૬૦૧ |
| ૬. | ડાંગ | ૧૭૨ | ૧૦૧ | ૨૭૩ |
| ૭. | મહીસાગર | ૧૪૦૯ | ૨૧૨ | ૧૬૨૧ |
| ૮. | નર્મદા | ૪૩૫ | ૧૮૬ | ૬૨૧ |
| ૯. | નવસારી | ૧૧૫૯ | ૯૬૭ | ૨૧૨૬ |
| ૧૦. | પંચમહાલ | ૧૫૮૯ | ૪૧૨ | ૨૦૦૧ |
| ૧૧. | સાબરકાંઠા | ૧૯૧૩ | ૪૪૭ | ૨૩૬૦ |
| ૧૨. | સુરત | ૧૦૫૫ | ૧૩૭૩ | ૨૪૨૮ |
| ૧૩. | તાપી | ૫૩૪ | ૪૦૩ | ૯૩૭ |
| ૧૪. | વલસાડ | ૧૦૫૫ | ૧૩૭૩ | ૨૪૨૮ |
| | કુલ | ૧૭,૮૫૪ | ૭૯૮૨ | ૨૫,૮૩૬ |

Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135

સૌથી વધુ નોંધાયેલા શિક્ષકો સુરત અને વલસાડ જિલ્લામાં છે અને સૌથી ઓછા ડાંગ જિલ્લામાં જણાય છે. જેનું મુખ્ય કારણ જે જિલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધુ છે ત્યાં સ્વાભાવિક રીતે જ શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## ઉચ્ચ શિક્ષણ

સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણમાં કૉલેજો અને યુનિવર્સિટીઓના વિભાગોમાં અપાતા શિક્ષણ, તાલીમ તેમ જ સંશોધનકાર્યનો સમાવેશ થાય છે. ઉચ્ચ શિક્ષણના હેતુઓમાં નૂતન જ્ઞાનની શોધ કરવી અને તેનો વિકાસ કરવો, સત્યનું અન્વેષણ કરી જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવી, નેતૃત્વનો વિકાસ કરવો, સારા નાગરિકો તૈયાર કરવા, શિક્ષણ

અને સંશોધન સાથે સંકળાયેલ પુસ્તકોનું પ્રકાશન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

આદિવાસી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત સંતોષવા માટે સરકાર દ્વારા કેટલાક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ તે આ વિસ્તારને ધ્યાનમાં રાખીએ તો પૂરતા જણાતા નથી. કારણ કે આ વિસ્તારમાં હજુ સુધી એન્જિનિયરિંગ, મેડિકલ, નર્સિંગ, અદ્યતન ટૅક્નૉલૉજીને લગતી કૉલેજો શરૂ કરવામાં આવી નથી. આ વિસ્તારમાં જૂજ પ્રમાણમાં વિજ્ઞાન પ્રવાહની કૉલેજો આવેલી છે. વળી આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં ફી માફી હોવા છતાં ઊંચી ફી ભરવી પડે છે. જેથી તેઓ તે શિક્ષણ મેળવી શકતા નથી. સરકારી કૉલેજો અને સેલ્ફ ફાઇનાન્સ કૉલેજોમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થિનીઓ તથા ૧,૫૦,૦૦૦થી ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓને ફી માફી હોવા છતાં પ્રવેશ સમયે ઘણી મોટી રકમ ભરવાની થતી હોય, જે પાછળથી એક કે દોઢ વર્ષે મળે છે. પરિણામે આટલી મોટી રકમ ભરવાની વ્યવસ્થા ન કરી શકતા ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસમાં પ્રવેશ મેળવી શકતા નથી અને ઘણી વખત પ્રવેશ મેળવ્યા પછી પણ અભ્યાસ અધવચ્ચે છોડી દે છે.

ગુજરાત આદિવાસી વિસ્તારમાં આવેલી શાળા, કૉલેજોમાં વિદ્યાર્થીઓને વિષય પસંદગીનો અવકાશ ઘણો ઓછો મળે છે. જેથી તેઓ વ્યવસાયલક્ષી કોર્સ કે મહત્ત્વના વિષયોને લઈ અભ્યાસ કરી શકતા નથી. એમ.ફિલ. કે પીએચ. ડી કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ પરીક્ષાને લઈને આવા અભ્યાસથી, ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકતા નથી. ઘણી વખત વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ મળી જાય છે, પરંતુ રહેવા માટે છાત્રાલયની કે અન્ય સુવિધાના અભાવે અભ્યાસ છોડી દેવો પડે છે. ગુજરાત અને ભારતમાં આદિવાસીઓની ઉચ્ચ શિક્ષણમાં શું સ્થિતિ છે તે નીચે મુજબની માહિતી પરથી જાણી શકાય છે :

**કોષ્ટક-૮**

**ઉચ્ચ શિક્ષણમાં આદિવાસી વિદ્યાર્થીઓનો પ્રવેશ (સંખ્યામાં વર્ષ ૨૦૧૭-૧૮)**

| | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| ગુજરાત | ૬૬,૬૧૩ | ૬૬,૧૪૦ | ૧,૩૨,૭૫૩ |
| ભારત | ૧૦,૦૧,૯૮૯ | ૯,૧૧,૮૭૫ | ૧૯,૧૩,૮૬૪ |
| Directorate of Economics and Statistics Government of Gujarat Statistical Abstract of Gujarat State 2016 Page No. 129 to 135 | | | |

ઉપરોક્ત કોષ્ટક જોતાં એમ કહી શકાય કે ગુજરાતમાં કુલ આદિવાસી વસ્તીનું પ્રમાણ ૮૯ લાખથી વધુ છે જ્યારે તેની સામે ઉચ્ચ શિક્ષણમાં આદિવાસીઓનું પ્રમાણ ૧ લાખ ૩૨ હજાર છે. જ્યારે ભારતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ લગભગ ૧૦ કરોડની આજુબાજુ છે. જેમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ૧૯ લાખ જેટલું છે.

## બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી

બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીની સ્થાપના રાજપીપળા ખાતે ૨૦૧૭-૧૮માં કરવામાં આવી છે. જેનું ઉદ્‌ઘાટન આદિવાસી કલ્યાણ મંત્રી શબ્દશરણ તડવી દ્વારા કરાયું હતું. હાલમાં આ યુનિવર્સિટી આદર્શ નિવાસી શાળામાં કાર્યરત છે. એ પછીથી યુનિવર્સિટી જીતનગર ગામ ખાતે ૨૫ એકરના વિસ્તારમાં ખસેડવામાં આવશે. ગુજરાત વિધાનસભાએ મે ૨૦૧૮માં વિધાનસભામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીનું બિલ પસાર કર્યું છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક તેમ જ અનુસ્નાતક, ડિપ્લોમા તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમો શરૂ કરાશે. જેમાં આર્ટ્સ, કોમર્સ, વિજ્ઞાન, પરંપરાગત કળા અને કૌશલ્ય, હર્બલ મેડિસિન તેમ જ સંસ્કૃત વગેરેનો સમાવેશ થશે. જેમાં એક અંદાજ મુજબ મોટા પ્રમાણમાં આદિવાસી વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકશે. આ યુનિવર્સિટીને લઈને કેટલાક

ઉદ્દેશો રાખવામાં આવ્યા છે. જેમાં આદિવાસી ઓળખ, આદિવાસી સંસ્કૃતિ, આદિવાસી ભાષા, આદિવાસીની મુખ્ય સમસ્યાઓ, આદિવાસીઓમાં રોજગારી અને સ્થળાંતર જેવી બાબતોનો સમાવેશ થઈ શકે છે. જો ખરેખર એ પ્રમાણેનું કાર્ય સધાશે તો આદિવાસી યુનિવર્સિટીનાં મીઠાં ફળ ચોક્કસ આદિવાસી સમાજના લોકોને પ્રાપ્ત થશે.

ગુજરાતમાં સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે વિભિન્ન પ્રયત્નો થયા છે. સરકાર દ્વારા Knowledge Consortiumની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં કુલ ૫૮ યુનિવર્સિટીઓ, ૧૨ સંશોધન સંસ્થાઓ અને ૮ અગત્યની રાષ્ટ્રીય સંસ્થાઓ છે. તેમાં ૯ સ્ટેટ યુનિવર્સિટીઓ, ૨ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ, ૨ ડીમ્ડ યુનિવર્સિટી અને ૨૬ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ, ૧ ઓપન યુનિવર્સિટી, ૧૪ સ્પેશિયલ યુનિવર્સિટીઓ અને ૪ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીઓ છે. ૭૧ સરકારી કૉલેજો છે. જ્યારે ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજો ૩૫૭ છે અને ૬૦૪ સેલ્ફ ફાઇનાન્સ કૉલેજો છે. જેમાં ૧૨,૦૦૦ કર્મચારીઓ અને ૧૩.૫ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

એમ.એચ.આર.ડી. દ્વારા થયેલ સર્વે મુજબ ગુજરાતમાં કુલ કૉલેજોની સંખ્યા ૧૮૦૫ છે. ખાનગી કૉલેજોની સંખ્યા ૧૦૫૪ છે. ખાનગી અને સહાય નહીં મેળવતી કૉલેજોમાં ૨,૬૬,૬૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જ્યારે ખાનગી અનુદાન મેળવતી કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૮૯,૦૨૮ છે અને કુલ સંખ્યા ૫,૫૫,૬૪૧ છે. જ્યારે સરકારી શિક્ષણ સંસ્થાઓમાં ૪,૪૯,૪૯૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

એમ.ફિલ. કક્ષાના અભ્યાસમાં કુલ સંખ્યા ૭૮૩ છે જેમાં વિદ્યાર્થીઓ ૪૩૮ અને વિદ્યાર્થિનીઓ ૩૪૫ છે. જ્યારે પીએચ.ડી.માં ૧૬૩૨ વિદ્યાર્થીઓ અને ૮૨૦ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૨૪૫૨ની સંખ્યા છે. અનુસ્નાતકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૫૦,૨૩૪ છે. જેમાં ૮૯,૭૧૧ વિદ્યાર્થીઓ અને ૬૦,૫૨૩ વિદ્યાર્થિનીઓ છે. સ્નાતક કક્ષાએ ૯,૦૧,૭૬૫ કુલ વિદ્યાર્થીઓ જેમાં ૫,૦૯,૦૧૧ વિદ્યાર્થીઓ અને ૩,૯૨,૭૪૪ વિદ્યાર્થિનીઓ છે. જ્યારે પી.જી. ડિપ્લોમામાં ૮૧૪૯ વિદ્યાર્થીઓ છે જ્યારે ફક્ત ડિપ્લોમામાં ૧,૩૦,૨૮૬ વિદ્યાર્થીઓ છે કુલ વિદ્યાર્થીઓમાં એસ.ટી. વિદ્યાર્થીઓનું પ્રમાણ ૭ % છે જ્યારે તેની સામે તેમની કુલ વસ્તીનું પ્રમાણ ૧૫ % છે. અનુસૂચિત જાતિમાં ૭.૨૪ પ્રમાણ છે જેની સામે વસતિ પણ ૭ ટકા છે. શિક્ષણ શાખાઓ પૈકી સૌથી વધુ શિક્ષણ બી.એ.માં છે જે ૨૨.૪૨ % છે.

## બુનિયાદી શાળાઓ

ડેન્માર્કની લોકશાળા (Folk School) ઉપરથી ગુજરાતમાં લોકશાળાનો પ્રયોગ દાખલ કરવામાં આવ્યો છે. આ શાળાઓમાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ ન હોવાથી ૮–૧૦ ધોરણો દરમિયાન બાળકોને અંગ્રેજી સિવાયના વિષયોનું શિક્ષણ આપવાનો આ પ્રયોગનો હેતુ છે. તાંત્રિક વિષયો જેવા કે ખેતીવાડી, પશુપાલન અને કાંતણ–વણાટના વિષયોને અભ્યાસક્રમ ઉપરાંત સ્થાન અપાય છે. આ શાળાના બે પ્રકાર છે: (૧) પ્રાથમિક કક્ષાએ નિમ્ન–બુનિયાદી શાળા, અને (૨) માધ્યમિક કક્ષાએ ઉત્તર–બુનિયાદી શાળા.

શિક્ષણ ખાતાએ મંજૂર કરેલ નવા અભ્યાસક્રમ પ્રમાણે, પ્રાથમિક શાળામાં ‘બેઝિક ઉદ્યોગ’ની જગ્યાએ સમાજ ઉપયોગી ઉત્પાદન કાર્યનો વિષય દરેક શાળામાં ૧૯૬૮થી ફરજિયાત દાખલ હોઈ, પ્રાથમિક બુનિયાદી (બેઝિક) શાળા હવે રહેવા પામી નથી, જેથી જિલ્લાની બધી જ પ્રાથમિક શાળાઓ સામાન્ય શાળાઓ ગણાય છે. જિલ્લામાં ૧૯૬૪–૬૫માં પ્રાથમિક બુનિયાદી શાળાઓની સંખ્યા ૨૫૭ હતી. અને ૧૯૮૫–૮૬માં તે ૧૪૭૭ હતી, જ્યારે માન્ય થયેલ ખાનગી શાળાઓની સંખ્યા ૫૪ હતી. ૧૯૮૫–૮૬ના વર્ષમાં આ બન્ને

પ્રકારની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૨,૯૨,૦૫૭ અને ૧૭,૨૫૮ અને શિક્ષકોની સંખ્યા ૭૯૪૩ અને ૪૨૪ હતી.

આ બુનિયાદી શાળાઓ સાથે મોટે ભાગે છાત્રાલયની સગવડ હોય છે અને તે તેમની વિશેષતા છે. વલસાડ જિલ્લામાં આદિવાસી વસતિનું પ્રમાણ વધુ છે. આ આદિવાસી બાળકોને ખેતીવાડી વિશે પોતાના અભ્યાસમાં જ્ઞાન મળે તે હેતુથી જિલ્લામાં કુલ ૧૩ ઉત્તર બુનિયાદી શાળાઓ સ્થાપવામાં આવી છે. જિલ્લાની સૌપ્રથમ વિદ્યાભારતી નામની ઉત્તર બુનિયાદી શાળા ૧૯૬૧માં બિલપુડી (તા. ધરમપુર) ગામે શરૂ કરવામાં આવી હતી.

## આશ્રમશાળાઓ

રાજ્ય સરકાર તરફથી ગુજરાતમાં પછાત ગણાતા વર્ગોના ઉત્કર્ષ માટે ૧૯૫૩–૫૪ના વર્ષથી આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી હતી. આ આશ્રમશાળાઓ ૧થી ૭ ધોરણ સુધી શિક્ષણ આપતી રહેણાકની વ્યવસ્થાવાળી પ્રાથમિક શાળાઓ છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓ જંગલ વિસ્તારમાં હોય છે અને તેમાં ભણતાં બાળકોને જમવાની તથા રહેવાની સગવડો, ઉપરાંત પુસ્તકો અને ગણવેશ જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. આથી આદિવાસી વિસ્તારનાં બાળકોની પાયાની જરૂરિયાત સંતોષાતી હોઈ, તેઓ શિક્ષણકાર્ય સરળતાથી કરી શકે છે. છાત્રજીવન સમૃદ્ધ બને તે માટે ઉત્તર બુનિયાદી શિક્ષણમાં પાયાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. શિક્ષકના સાંનિધ્યમાં જીવનઘડતર અને ચારિત્ર્ય ઘડતરનું કાર્ય આ સંસ્થાઓમાં થાય છે.

આશ્રમશાળાઓમાં કૃષિ ઉદ્યોગોને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેમાં ૭ ધોરણનું શિક્ષણ પૂરું કરીને વિદ્યાર્થીઓ પોતાનું માધ્યમિક શિક્ષણ આગળ ધપાવી શકે તે હેતુથી, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે. આ સંસ્થાઓમાં ઉદ્યોગ તરીકે કૃષિ અને ગોપાલન શીખવવામાં આવે છે. આશ્રમશાળાના સંચાલન માટે કે નિરીક્ષણ માટે રાજ્ય સરકારે જરૂરી વહીવટી માળખું ગોઠવી શિક્ષણ સેવા વર્ગ–૨ની કક્ષાના આશ્રમશાળા અધિકારીઓ નિયુક્ત કરેલા છે.

ગુજરાતમાં આશ્રમશાળાઓની સંખ્યા કેટલી છે તે નીચેના કોષ્ટકમાં રજૂ કરી છે

**કોષ્ટક–૯**

**જિલ્લાવાર આશ્રમશાળાઓ**

| ક્રમ | જિલ્લાઓ | આ.શાળા/ઉ.બુ.આ.શા.ની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | આ.શા. સંખ્યા | ઉ.બુ. આ.શા.ની સંખ્યા | આ.શા./ઉ.બુ. આ.શા.ની કુલ સંખ્યા |
| ૧. | બનાસકાંઠા | ૨૨ | ૫ | ૨૭ |
| ૨. | અમદાવાદ | ૧ | ૦ | ૧ |
| ૩. | ખેડા | ૧ | ૦ | ૧ |
| ૪. | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ |
| ૫. | જૂનાગઢ | ૩ | ૦ | ૩ |
| ૬. | પોરબંદર | ૧ | ૦ | ૧ |
| ૭. | જામનગર | ૧ | ૦ | ૧ |
| ૮. | પાટણ | ૧ | ૦ | ૧ |
| ૯. | સાબરકાંઠા | ૪૫ | ૧૩ | ૫૮ |
| ૧૦. | પંચમહાલ | ૩૬ | ૪ | ૪૦ |
| ૧૧. | દાહોદ | ૭૦ | ૨૧ | ૯૧ |
| ૧૨. | વડોદરા | ૩૮ | ૧૦ | ૪૮ |
| ૧૩. | નર્મદા | ૪૫ | ૬ | ૫૧ |
| ૧૪. | ભરૂચ | ૯ | ૨ | ૧૧ |
| ૧૫. | સુરત | ૩૬ | ૧૩ | ૪૯ |
| ૧૬. | તાપી | ૫૬ | ૧૨ | ૬૮ |
| ૧૭. | વલસાડ | ૫૦ | ૫ | ૫૫ |
| ૧૮. | નવસારી | ૨૨ | ૬ | ૨૮ |
| ૧૯. | ડાંગ | ૧૨ | ૦ | ૧૨ |
| | કુલ | ૪૫૦ | ૯૭ | ૫૪૭ |

**(સ્રોત – https://tribal.gujarat.in - તા.૨૦-૧-૨૦૨૦)**

ગુજરાતમાં આશ્રમશાળાઓ ઉત્તર બુનિયાદી શાળાઓ મુખ્યત્વે આદિવાસી વિસ્તારોમાં આવેલી છે. સૌથી વધુ આશ્રમશાળાઓ દાહોદ, તાપી અને વલસાડ જિલ્લામાં આવેલી છે. વર્તમાન સમયમાં આ વિસ્તારના લોકોની માંગ ઊઠી છે કે આશ્રમશાળાના શિક્ષણમાં અભ્યાસક્રમોનું મૂલ્યાંકન કરી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને અનુરૂપ કૌશલ્યવર્ધક શિક્ષણની જોગવાઈ કરવામાં આવે. વળી આવી શાળામાં અભ્યાસ કરતા છાત્રોને દર માસે આપવામાં આવતું ભોજન ખર્ચ ખૂબ જ ઓછું છે. એક અંદાજ મુજબ મહિને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ગુજરાત રાજ્ય આદિવાસી શિક્ષણ સોસાયટી દ્વારા ૮૬ શાળાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે જેની વિગત નીચે મુજબ જોઈ શકાય છે :

**કોષ્ટક-૧૦**

**રાજ્ય સંચાલિત વિશેષ શાળાઓ**

| અનુ. નં | શાળાનું નામ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળાઓ | ૨૫ | ૭૭૮૯ |
| ૨. | છોકરીઓ માટેની રેસિડેન્શિયલ શાળાઓ | ૪૩ | ૧૨,૯૦૦ |
| ૩. | મોડલ ડે શાળાઓ | ૧૨ | ૪૮૦૩ |
| ૪. | સૈનિક સ્કૂલ | ૧ | ૪૨૬ |
| ૫. | ડાંગ જિલ્લામાં આશ્રમશાળા | ૫ | ૬૮૨ |
| | કુલ | ૮૬ | ૨૬,૬૦૦ |

**(સ્રોત – https://tribal.gujarat.in - તા.૨૦-૧-૨૦૨૦)**

આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તાને ધ્યાનમાં લઈને ઉપરોક્ત પ્રકારની કેટલીક શાળાઓ શરૂ કરવામાં આવી છે, જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જો કે આ શાળાઓમાં પણ પૂરતા શિક્ષકોનો અભાવ જણાય છે. તેમ જ બીજી તરફ કૉન્ટ્રેક્ટ પદ્ધતિ દ્વારા શિક્ષકોની ભરતી કરવામાં આવે છે જેથી શિક્ષકોને શિક્ષણકાર્યમાં પૂરતો રસ કે નિષ્ઠાનો અભાવ સ્વાભાવિક રીતે પ્રવર્તતો જણાય છે. અહીં આ શાળાઓને ધ્યાનમાં રાખીને કેટલાક પ્રશ્નો પણ સાહજિક રીતે પેદા થાય છે. જેવા કે શા માટે સરકાર આદિવાસી વિસ્તારોમાં અસ્તિત્વ ધરાવતી શાળાઓનું પૂરતું ધ્યાન ન રાખી, નવી શાળાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે? ગુણવત્તાની બાબતમાં સરકારી તેમ જ અનુદાન લેતી શાળાઓ તેમ જ આવી શાળાઓ વચ્ચે કેવા તફાવતો જોવા મળે છે? વળી આ શાળાઓમાં એવાં બાળકોને પ્રવેશ મળે છે જેઓની બૌદ્ધિક કક્ષા ઊંચી હોય છે. બાળકોની પરીક્ષા લઈને આવી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે જેથી સ્વાભાવિક રીતે જ આવી શાળાઓનું પરિણામ સારું આવે છે.

## આદિવાસીઓનું શિક્ષણ કેવું હોય?

બ્રિટિશ સરકારે શરૂ કરેલી નરી પુસ્તકિયા પરીક્ષાલક્ષી કેળવણીનો નિર્જીવ વારસો હઠીલો નીવડતો રહ્યો છે. એટલે જ કાંઈક કેળવણી આ પ્રજાને મળતી થઈ છે તે એમની સામાજિક સ્થિતિ અને સંસ્કૃતિને ભાગ્યે જ સુસંગત છે. સ્વરાજ મળ્યું ન હતું ત્યારે આ પ્રજાની મુશ્કેલી અનુભવી અભ્યાસ કરી સમજી શકેલા બ્રિટિશ અમલદાર ડો. જે. એચ. હટને એમના આ વિશેના અભ્યાસપૂર્ણ પુસ્તકમાં લખ્યું છે કે, "હિંદમાં બ્રિટિશ અમલથી આદિવાસીઓમાં ઘણાખરાને લાભ કરતાં હાનિ વધારે થઈ છે."

સ્વરાજ્ય મળ્યા બાદ સર્વોદય કાર્યકરો દૂરના આદિવાસી પ્રદેશોમાં કામ કરતા થઈ ગયા. તેમને તેના પ્રત્યક્ષ અનુભવો થતા જ રહે છે કે આજની કેળવણી આ પ્રજાનું ભાગ્યે જ કલ્યાણ કરી શકે છે. કંઈક આવી સમજણને પરિણામે જ છાત્રાલયો અને આશ્રમશાળાઓ, પ્રચલિત કેળવણીમાં કંઈક સાચા સંસ્કારો પ્રગટે તે માટે મથી રહ્યાં છે. જગતના બધા જ સમજુ કેળવણીકારોનો અનુભવ છે કે મનુષ્યમાં રહેલી અને પ્રગટ થવા મથતી સદ્‌વૃત્તિઓનો વિકાસ એ જ સર્વોતમ કેળવણી છે. આજની કેળવણી આ દ્રષ્ટિએ નિષ્ફળ જ ગઈ છે.

"ઉપરચોટિયા નજરે જુઓ તો એવું જ લાગે, પણ જે ક્ષણે તમે એ લોકોની જોડે વાત કરો ને તેઓ બોલવા લાગે તે ક્ષણે તમે જોશો કે એમની જીભમાંથી જ્ઞાન ઝરે છે. બહારથી અણઘડપણાનો દેખાવ છે તેની પાછળ આધ્યાત્મિક વૃત્તિનો ઊંડો ઝરો પડ્યો છે. એને હું સંસ્કારિતા કહું છું. હિંદના ગામડિયામાં તો અણઘડપણાના પોપડા નીચે જુગજૂની સંસ્કારિતા છુપાયેલી છે. એ પોપડા ઉખેડી નાંખો, એ ગ્રામવાસીની દરિદ્રતાને અને અજ્ઞાનને દૂર કરો તો શિષ્ટ, સંસ્કારી, સ્વતંત્ર નાગરિક કેવો હોવો જોઈએ એનો સુંદરમાં સુંદર નમૂનો તમને જોવા મળશે."

## શિક્ષણમાં આદિવાસી ભાષાના ઉપયોગનો પ્રશ્ન

આદિવાસી જાતિઓમાંની ઘણી બધી જાતિઓને પોતાની આગવી ભાષાઓ કે બોલીઓ છે. ભારત સરકારની અને કેટલીક રાજ્ય સરકારોની તો આ અંગે સ્પષ્ટ નીતિ છે કે શક્ય હોય ત્યાં સુધી આદિવાસીઓને પ્રાથમિક શિક્ષણ તેઓની માતૃભાષા દ્વારા જ આપવું. ખરેખર તો બંધારણની કલમ ૩૫૦(એ) ભાષાકીય નાના જૂથનાં બાળકોને પ્રાથમિક તબક્કાની કેળવણી માતૃભાષા દ્વારા આપવામાં જરૂરી એવી સવલતો પૂરી પાડવાનો આદેશ આપે છે. પરંતુ નીતિના અમલમાં ખૂબ ધીમા છે. ઈ.સ. ૧૯૫૬માં રાજ્ય સરકારે આદિવાસી ભાષાને લગતા પ્રશ્નોની તપાસ અર્થે એક સમિતિ નીમી હતી. રાજ્યના જુદા જુદા ભાગમાંથી આવેલા આદિવાસીઓના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણ માતૃભાષા દ્વારા નહીં અપાતું હોવાના કારણે આદિવાસી બાળકોને નીચે જણાવ્યા મુજબની બાબતોમાં સહન કરવું પડે છે :

- ભાષાની મુશ્કેલીના કારણે, આદિવાસી વિદ્યાર્થીઓની પ્રમાણમાં ઓછી સંખ્યા.
- એક જ વર્ષમાં પહેલો વર્ગ પસાર કરવામાં આદિવાસી બાળકોની લગભગ સાર્વત્રિક નિષ્ફળતા આનું કારણ છે. તેઓ નિશાળે જવાનું શરૂ કરે ત્યાર પછી તેઓનું લગભગ એક વર્ષ તો પ્રાદેશિક ભાષાથી પરિચિત થવામાં જ જાય છે.
- આદિવાસી બાળકોની જંગી ગેરહાજરી, વર્ગમાં ચાલતું લેસન, ભાષાની મુશ્કેલીના કારણે, બરાબર નહીં સમજાવાથી આમ બનતું હોય છે.
- પ્રાથમિક અભ્યાસક્રમ પૂરો કર્યા પહેલાં જ આદિવાસી બાળકોનો અભ્યાસ–ત્યાગ.
- જે પોતાનો અભ્યાસ પૂરો કરે છે તેઓનું આદિવાસી સમાજ અને સંસ્કૃતિથી અળગા પડી જવું.
- પ્રાથમિક તબક્કે આદિવાસી ભાષા નીચે દર્શાવ્યા મુજબનાં કોઈ પણ સ્વરૂપોમાં વપરાઈ શકે :
- ઇતિહાસ, ભૂગોળ અને અંકગણિત સહિતનાં બધાં જ પાઠ્યપુસ્તકો જે તે આદિવાસી જાતિની ભાષામાં લખાય અને વર્ગમાં ભણાવવાનું પણ તે ભાષા દ્વારા થાય. પ્રાદેશિક ભાષા એક વિષય તરીકે ત્રીજા ધોરણથી શીખવવાનું શરૂ થાય.
- શરૂઆતના વર્ગોમાં જ પાઠ્યપુસ્તકો આદિવાસી ભાષામાં હોય, ત્રીજા ધોરણથી પાઠ્યપુસ્તકો પ્રાદેશિક ભાષામાં હોય પરંતુ જે વિષયોનાં પાઠ્યપુસ્તકો પ્રાદેશિક ભાષામાં હોય તે વિષયો પણ આદિવાસી ભાષા દ્વારા શીખવાય.
- ભાષાના વિષય સિવાયનાં પાઠ્યપુસ્તકો પ્રાદેશિક ભાષામાં હોય અને પરીક્ષામાં ઉત્તરો પણ પ્રાદેશિક ભાષામાં લખાય, પરંતુ વર્ગનું લેસન આદિવાસી ભાષા દ્વારા અપાય.

## આ જાતિનું વસતિપ્રમાણ અને તેનો પથરાટ

જો આદિવાસી જાતિ નાનકડી હોય અને તેની વસતિ અન્ય પ્રજાની સાથે છૂટીછવાઈ રહેતી હોય તો માધ્યમિક કક્ષાએ તેની સંખ્યા, દેખીતી

રીતે જ, અલાયદો વિચાર કરવો પડે તેટલી નહીં હોય. તેથી પ્રાથમિક તબક્કે ભાષાનો, પ્રાદેશિક ભાષાની સેતુભાષા તરીકે ઉપયોગ કરવો જોઈએ. પરંતુ જો આદિવાસી જાતિ ખાસ મોટી હોય અને જે તે વિસ્તારમાંની તેની સંખ્યા પણ તે જ જાતિની હોય તો ત્યાં આ પ્રશ્નને જુદી રીતે જ જોવો પડશે. આસમાની ખાસી, ગારો અને લુસી જેવી આદિવાસી જાતિઓ આ પ્રકારની છે. આવી જાતિઓની ભાષાને માધ્યમિક કક્ષાએ પણ સ્વીકારવી જોઈએ. તેથી એ તો દેખીતું જ છે કે પ્રાથમિક તબક્કે બધા જ વિષયોનાં પાઠ્યપુસ્તકો આદિવાસી ભાષામાં હોવાં જોઈએ.

## જુદી લિપિ અને લેખિત સાહિત્યનું અસ્તિત્વ

નેફાની ખામતી અને હિમાલયની ગોદમાંની કૂતિયા જાતિઓની જેમ કેટલીક જાતિઓને પોતાની અલગ લિપિ અને લેખિત સાહિત્ય હોય છે. પણ ઘણીખરી આદિવાસી જાતિઓને પોતાની ભાષાની અલગ લિપિ હોતી નથી. છેલ્લા કેટલાક દસકાઓથી, તે છતાં ઘણી આદિવાસી ભાષાઓમાં કેટલાંક પુસ્તકો લખાયાં છે. દાખલા તરીકે સંથાલી ભાષા, રોમન, બંગાલી, દેવનાગરી અને ઊડિયા લિપિઓ દ્વારા લખાય છે. એક વર્ગ એમ માને છે કે બધા જ રાજ્યમાં રહેલા સંથાલોની એક જ લિપિ હોવી જોઈએ, જેથી કરીને જાતિની સાંસ્કૃતિક એકતા જળવાઈ રહે.

## આદિવાસી શિક્ષણ

### • શિક્ષણનું ધ્યેય

આદિવાસી બાળકોને એ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ કે જેના પરિણામે તેઓ પોતાના વિસ્તારના વિકાસમાં ફાળો આપી શકે, અને આવી પડતી મુશ્કેલીઓનો સામનો કરીને દેશના ઉત્તમ નાગરિક તરીકે બહાર આવી શકે. આ ધ્યેય સામાન્ય તથા શિક્ષણમાત્રનું છે, પછી તે આદિવાસી હોય કે બિનઆદિવાસી, પરંતુ આદિવાસીઓનો વિચાર કરીએ છીએ ત્યારે તેમના સંજોગો આ ધ્યેય તરફની ગતિમાં ઘણી વાર અવરોધક જણાય છે. આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ તદ્દન જુદા જ વાતાવરણમાં આજસુધી રહ્યા છે. તેથી બંને સમાજના પ્રશ્નોને આપણે તે સમાજને કેન્દ્રસ્થાને રાખીને વિચારવા પડશે.

## આદિવાસી સંસ્કૃતિ અને શિક્ષણ

આદિવાસીઓને જુદા માપદંડથી જોઈએ તો તેમની પાસે ઠીક ઠીક કહેવાય એવા લોકજીવનનો વારસો છે, તેમાં આનંદ, ઉલ્લાસ અને મસ્તી છે. કળાની દુનિયાના જાણકારો જેનું ઊંચું મૂલ્ય આંકે છે એવી કળા અને રસિકતા એમના હૃદયમાં વસેલી છે. ઇતર સમાજ, જીવનમાં ઉલ્લાસ ગુમાવી બેઠો છે ત્યારે આ તત્ત્વનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આ પ્રજા અલગ અલગ ઝૂંપડીઓમાં, પ્રકૃતિની ગોદમાં મુક્ત જીવન જીવે છે. તે પણ ચિત્તાકર્ષક લાગે છે. તેમની ઝૂંપડીઓની બાંધણી અને જે રીતે તે છવાય છે તે આખી રચનામાં, આંગળાના અમુક પ્રકારના થાપા પાડીને ઉપસાવાયેલી વિવિધ ભાતોના લીંપણમાં, ભીંતો પરનાં ચિત્રોમાં, ચમચાની અવેજીમાં વપરાતી તંબડીમાં, એમની સાડી પહેરવાની પદ્ધતિમાં, માટીમાંથી તૈયાર કરેલી બાંકડા જેવી બેઠકો અને વૃક્ષ નીચેના ચોતરાઓ અને કૂંડાંઓમાં, એમનાં સ્થાનિક વાજિંત્રોમાં અને એકંદર છટામાં, સર્વત્ર એમણે આપણને કળાતત્ત્વની ઝાંખી કરાવી નથી. પ્રજામાં એની સભાનતા પણ નથી.

એમના પાળિયા, ઢીંગલીઓ, અન્ય આકૃતિઓ, ધૂમટો, વિભિન્ન બાબતોમાં એમની મૌલિક કળાદ્રષ્ટિનો અણસાર પ્રાપ્ત થાય છે. આવું જ એમનું એક મોટું સ્થાનક ગોવાળદેવ તો આધુનિક કલાના ઉપાસકોનું તીર્થધામ બની ગયું છે. દશાવરમાં દોડવા માંડેલો પેલો માટીનો ઘોડો– એમનો દેવ એક સુંદર કલાકૃતિ તરીકે ખ્યાતિ પામ્યો છે.

આદિવાસી શિક્ષણના સ્વરૂપનો વિચાર કરતી વખતે આ અને આવાં બીજા અનેક તત્ત્વોને

કીમતી ધનરૂપે સાચવવાનો, શિક્ષણની પ્રક્રિયામાં તેને સમાવિષ્ટ કરવાનો અને રસનાં બિંદુઓ તરીકે શિક્ષણ–પ્રસારમાં તેનો ઉપયોગ કરી લેવાનો ખ્યાલ રાખવા જેવો છે.

આ પ્રજાઓની એક અલગ સભ્યતા છે. તેના તરફ હીનભાવથી જોઈને યા તો ઉદાસીનતા કેળવીને સભ્ય ગણાતો સમાજ પોતાની કલ્પના પ્રમાણે જીવનપદ્ધતિના બીબામાં તેમને ઢાળવા જાય છે. જ્યારે તેમને માટે તો જીવનનો પાયો જ ખસી જાય છે.

જંગલ અને ખેતરમાં મુક્ત જીવનથી ટેવાયેલાં આ બાળકોને શાળાની ઓરડી અને ત્યાંનું પુસ્તકિયા શિક્ષણ એક પ્રકારની માનસિક ગૂંગળામણ પ્રેરે છે. વળી ઘરની બોલીથી જુદી જ ગુજરાતી ભાષા તદ્દન અવૈજ્ઞાનિક રીતે તેને શીખવવામાં આવે છે. ત્યાં પણ એ પાછો પડે છે. તેથી શરૂઆતના ૨–૩ ધોરણમાં તેમની લોકબોલી અને ગુજરાતી સમાંતર ચલાવવી જરૂરી છે.

આદિવાસી વિસ્તારોમાં વિકાસનું પ્રમાણ ઓછું છે. પરંતુ બિનઆદિવાસીઓના પગપેસારા પછી પરિવર્તનનો દોર શરૂ થયો છે. પરંતુ તેઓ આ દોર સમજી શક્યા નથી. કારણ કે વિકાસના પ્રથમ તબક્કામાં તેમનું તીવ્ર શોષણ જ થયું. જેમાં તેઓ મૌન જ રહ્યા, જેનાં ત્રણ કારણો છે – આયોજન સ્વકેન્દ્રિત હતું. નવો ઇતિહાસ અને ત્રીજું આર્થિક પરિબળોની જાણકારીનો અભાવ. આવા આદિવાસી સમાજને સુદ્રઢ કરવા માટે સર્વોદય વિકાસની ભાવના સાથે આધુનિક દ્રષ્ટિકોણ અપનાવવો જોઈએ જેના લીધે તેઓ આનો અહેસાસ કરી શકે.

ભારતમાં સ્વતંત્રતા પછીથી, તેમના આર્થિક વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવ્યા જેનાં કારણોમાં એક તરફ તેમનું પછાતપણું તો બીજી તરફ આ વિસ્તારોમાંથી ખનીજ સંપદા મેળવવાનું હતું. આ સંપદા મેળવવા માટે રસ્તાઓ બનાવવામાં આવ્યા અને ખનીજ સંપત્તિનું દોહન કરવામાં આવ્યું. આ માટે પ્રશાસનિકો દ્વારા કાનૂનો બનાવાયા. સમાજનો આ વર્ગ તે માટે પૂરેપૂરો ચાલાક છે. આદિવાસીઓ તેનાથી અપિરિચિત છે. તેમને નવી વ્યવસ્થાનો કોઈ ખ્યાલ હોતો નથી. જેનો ફાયદો બિનઆદિવાસીઓ પૂરેપૂરો મેળવે છે. જેથી આદિવાસીઓમાં અસંતોષ અને અવિશ્વાસ પેદા થાય છે. અહીં આગળ શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવી શકે છે. પરંતુ શિક્ષણ વ્યવસ્થામાં પણ કેટલાંક અવરોધક પરિબળો પેદા થાય છે.

આદિવાસી વિકાસની ચર્ચા કરીએ તો તેમાં કેટલાક એવા વિસ્તારો છે જે અત્યંત પછાત છે પરંતુ તે ક્ષમતામૂલક જોવા મળે છે. જેમાં બધા લોકો વચ્ચે કોઈ વિશાળ અસમાનતા જણાતી નથી.

ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં આ સ્થિતિ જુદી જણાય છે. અહીં આગળ ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગ જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં મુખ્યત્વે બે વર્ગો જોવા મળે છે – ઉચ્ચ અને નિમ્ન વર્ગ. આદિવાસીઓ મુખ્યત્વે ગામડાંઓ અને કસબામાં રહે છે અને નિમ્ન વર્ગમાં આવે છે. ગ્રામીણ ક્ષેત્રમાં ઘણી વખત માત્ર આ એક જ વર્ગ જોવા મળે તેવું પણ બની શકે. બિનઆદિવાસી લોકો મુખ્યત્વે શહેરો અને કસબામાં રહે છે અને મુખ્યત્વે ઉચ્ચ અને મધ્ય વર્ગમાં આવે છે. ઘણી વખતે તેઓ ગામડામાં જાય છે અને ત્યાં નવો ઉચ્ચ વર્ગ જન્માવે છે પરંતુ આદિવાસીઓમાં મુખ્યત્વે આ બાબત કઠિન બને છે. કારણ કે તેમની સામે મુખ્યત્વે બે અવરોધો રહેલા છે. ભાષાનો અવરોધ અને બીજો સામાજિક–મનોવૈજ્ઞાનિક અવરોધ. તેઓ શહેરના તૌર–તરીકાઓથી અપરિચિત કે અજ્ઞાત હોય છે. કાયદા–કાનૂન, વહીવટી પ્રક્રિયાઓ, વિનિમય આધારિત અર્થવ્યવસ્થા વગેરેની તેઓ પૂરતી જાણકારી ધરાવતા નથી.

શિક્ષણ વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ છે. પરંતુ તે આદિવાસી માટે તેમાં ભાષા અને સામાજિક મનોવૈજ્ઞાનિક પરિબળો મુખ્યત્વે બાધકરૂપ બને છે. સામાજિક મૂલ્યો, અભાવમય જીવન, વસ્ત્રપરિધાન વગેરે બાબતો પણ અવરોધરૂપ બને છે.

રાઇટ ટુ એજ્યુકેશન ઍક્ટ–૨૦૦૯ના અમલીકરણની સ્થિતિ વિશેના અહેવાલમાં પ્રાથમિક શિક્ષણની પ્રાપ્યતા, માળખાકીય સુવિધા, શિક્ષકોની સંખ્યા, સમુદાયની ભાગીદારી, શિક્ષણમાં સામાજિક બહિષ્કાર, ગુણવત્તા વિશે, આરતીજી જણાવે છે કે પ્રાથમિક શિક્ષણમાં સ્થળાંતરિત બાળકોને સમાવી શકાયાં નથી.

ભારત અને ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાનું આંકડાકીય વિગતો પરથી પ્રાપ્ત થાય છે જેને ખૂબ જ ટૂંકા શબ્દમાં સૂચવવું હોય તો એમ કહી શકાય કે, 'આદિવાસી સંસ્કૃતિની થતી અવગણના'. જેની ચર્ચા મૂળ નિવાસીઓ અને આદિવાસીઓનો ભારતીય સંઘમાં સમાવેશ. અત્રે તેનું ટૂંકમાં વિશ્લેષણ નીચે મુજબ કરી શકાય. શિક્ષણવિષયક ભૌતિક સુવિધાઓનો અભાવ, તેમના સામાજિક–સાંસ્કૃતિક વાતાવરણને અનુરૂપ શિક્ષણનું સ્વરૂપ ઘડાયું નથી. શિક્ષણમાં તેમની બોલીની અવગણના, વાહનવ્યવહારની સુવિધાનો અભાવ, બાળકોનાં માતા–પિતામાં શિક્ષણનું મહત્ત્વ તથા જાગૃતિનો અભાવ, માતા–પિતામાં વ્યસનનું પ્રમાણ, આર્થિક પરિબળો ઘણી વખત બાળકના શિક્ષણને અવરોધે છે. જેમાં ગરીબી, બાળકોની આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી, મજૂરી માટે સ્થળાંતર, પૂરતા પોષણનો અભાવ, વગેરેનો સમાવેશ કરી શકાય. શારીરિક વિષયક ઊણપો, જે પ્રકારની શિક્ષણની માંગ છે તેવા પ્રકારની શિક્ષણ સુવિધાનો અભાવ, સમાજના અગ્રગણ્ય વર્ગ દ્વારા તેમના વિસ્તારમાં શિક્ષણ સુવિધા વિશે પહેલનો અભાવ, શિક્ષણ સંદર્ભમાં સમગ્ર આદિવાસી સમૂહો એકત્રિત થાય, સામુદાયિક પહેલ કરે તેવી વિચારસરણીનો સમૂળગો અભાવ, આ ક્ષેત્રમાંથી જે લોકો શિક્ષણ ક્ષેત્રે આગળ વધ્યા છે તેવા વર્ગને એક તો લોકોનો ટેકો સાંપડતો નથી વળી, બીજી તરફ તેઓ પણ શિક્ષણની ગતિશીલતા વધે તેવા પ્રયત્નોથી દૂર રહે છે. વિવિધ પ્રકારનું આદિવાસી સાહિત્ય ઊભરી શક્યું નથી. આ પ્રકારે વિવિધ કારણો આદિવાસીઓના શિક્ષણ માટે અવરોધક જણાવી શકાય.

**કોષ્ટક–૧૧**

**રાજ્યની વસ્તીમાં અને અનુસૂચિત જનજાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ**

| દાયકા | રાજ્યની કુલ વસ્તી (લાખમાં) | અનુ. જનજાતિની વસ્તી (લાખમાં) | રાજ્યની કુલ વસ્તી સામે ટકાવારી | રાજ્યની સામાન્ય સાક્ષરતા (ટકામાં) | અનુ. જનજાતિઓમાં સાક્ષરતા (ટકામાં) | સામાન્ય સાક્ષરતા અને આદિવાસીઓમાં સાક્ષરતાનો તફાવત |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૧ | ૨૦૬.૩૩ | ૨૭.૫૪ | ૧૩.૩૫ | ૩૦.૪૫ | ૧૧.૬૯ | ૧૮.૭૬ |
| ૧૯૭૧ | ૨૬૬.૯૭ | ૩૭.૩૪ | ૧૩.૮૮ | ૩૫.૭૯ | ૧૪.૧૨ | ૨૧.૬૭ |
| ૧૯૮૧ | ૩૪૦.૮૬ | ૪૮.૪૯ | ૧૪.૨૩ | ૪૩.૭૦ | ૨૧.૧૪ | ૨૨.૫૬ |
| ૧૯૯૧ | ૪૧૩.૧૦ | ૬૧.૬૨ | ૧૪.૯૨ | ૫૧.૧૫ | ૨૯.૬૭ | ૨૧.૪૮ |
| ૨૦૦૧ | ૫૦૬.૭૧ | ૭૪.૮૧ | ૧૪.૭૬ | ૬૯.૧૪ | ૪૭.૭૪ | ૨૧.૪૦ |
| ૨૦૧૧ | ૬૦.૩૮ | ૮૯.૧૭ | ૧૪.૭૫ | ૭૮.૩ | ૬૨.૦૨ | ૧૭.૦૦ |

(સ્રોત : વસતિગણતરી – ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧, ૧૯૯૧, ૨૦૦૧, અને ૨૦૧૧ ભારત સરકાર)

**કોષ્ટક-૧૨**

**ગુજરાતની અનુસૂચિત જનજાતિ પ્રમાણે વસ્તી અને શિક્ષણ (૨૦૧૧)**

| ક્રમ | જનજાતિનું નામ | વસ્તી (સંખ્યામાં) | શિક્ષણ (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | બરડા | ૭૪૮ | ૬૫.૧૨ |
| ૨. | બાવચા, બામચા | ૨૮૮૯ | ૭૨.૯૩ |
| ૩. | ભરવાડ(નેસ, આલેચ, બરડા અને ગીર) | ૧૬૭૨ | ૫૭.૦૧ |
| ૪. | ભીલ, ગરાસિયા, ઢોલી ભીલ | ૪૨,૧૫,૬૦૩ | ૫૯.૮૦ |
| ૫. | ચારણ (નેસ, આલેચ, બરડા અને ગીર) | ૨૮૯૦ | ૫૨.૬૫ |
| ૬. | ચૌધરી અને ચૌધરા | ૩,૧૦,૫૩૭ | ૭૨.૯૩ |
| ૭. | ધાણકા, તડવી, તેતરિયા, વાલ્વી | ૨,૮૦,૯૪૯ | ૬૫.૩૫ |
| ૮. | ધોડિયા, ધોડી | ૬,૩૫,૬૯૫ | ૮૩.૬૭ |
| ૯. | તલાવિયા, હળપતિ | ૬,૪૩,૧૨૦ | ૬૫.૪૬ |
| ૧૦. | ગામીત, ગામતા, ગાવીત, માવચી, પાડવી | ૩,૭૮,૪૪૫ | ૬૭.૦૭ |
| ૧૧. | ગોંડ-રાજગોંડ | ૨૯૬૫ | ૫૫.૯૪ |
| ૧૨. | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી સોન કાથોડી, સોન કાતકરી | ૧૩,૬૩૨ | ૩૬.૫૧ |
| ૧૩. | કોંકણા-કોંકણી-કુંકણા | ૩,૬૧,૫૮૭ | ૬૬.૪૮ |
| ૧૪. | કોળીઢોર, ટોકરે કોળી, કોલચા, કોલઘા | ૬૭,૧૧૯ | ૫૬.૫૧ |
| ૧૫. | કુનબી (ડાંગ જિલ્લાના) | ૬૦,૬૪૬ | ૭૯.૯૭ |
| ૧૬. | નાયકડા, નાયકા | ૪,૫૯,૯૦૮ | ૫૦.૦૫ |
| ૧૭. | પઢાર | ૩૦,૯૩૨ | ૪૦.૯૬ |
| ૧૮. | પારધી, ફણસે પારધી, અડવીચીંચર | ૩૪૫૦ | ૭૨.૩ |
| ૧૯. | પટેલિયા | ૧,૧૪,૪૧૪ | ૭૧.૬૯ |
| ૨૦. | પોમલા | ૬૮૭ | ૭૩.૦૧ |
| ૨૧. | રબારી (નેસ, આલેચ, બરડા અને ગીર) | ૫૯,૯૯૫ | ૬૪.૨૪ |
| ૨૨. | રાઠવા | ૬,૪૨,૩૪૮ | ૫૨.૮૭ |
| ૨૩. | સીદી, સીદી બાદશાહ | ૮૬૬૧ | ૭૨.૨૫ |
| ૨૪. | વારલી | ૩,૨૮,૧૯૪ | ૫૨.૭૪ |
| ૨૫. | વીટોલિયા, કોટવાળિયા, બરોડિયા | ૨૪,૨૪૯ | ૫૪.૬૧ |
| | **ગુજરાત** | **૮૯,૧૭,૧૭૪** | **૬૨.૪૮** |

સ્રોત : વસતિગણતરી - ૨૦૧૧, ભારત સરકાર

### કોષ્ટક-૧૩
### Scheduled Tribes of Gujarat
### Census 2011

| S.N. | Particulars | Numbers | |
|---|---|---|---|
| 1. | Population | 89.17 lakh | |
| 2. | Percentage of State's Population | 14.75 % | |
| 3. | Concentration | 14 Eastern Districts | |
| | | 48 Talukas | |
| | | 15 Pockets | |
| | | 4 Clusters | |
| 4. | Geographical Area | 18 % of State Area (5884 villages) | |
| 5. | Out of 41 Developing Talukas | 23 are Tribal | |
| | | **State** | **ST** |
| 6. | Literacy Rate (Total) | 78.0 % | 62.5 % |
| 7. | Literacy Rate (Male) | 85.8 % | 71.7 % |
| 8. | Literacy Rate (Female) | 69.7 % | 53.2 % |

(સ્રોત : વસતિ ગણતરી - ૨૦૧૧, ભારત સરકાર)

# સંદર્ભસૂચિ


1. ઘાંચી, દાઉદભાઈ, જોષી, મૂળશંકર, ગુજરાત વિશ્વકોશ સર્વસંગ્રહ, ભાગ(પા.નં. ૪૦૩, ૪૦૪, ૪૦૫).
2. ચૌધરી, અશોક (૨૦૧૧), આદિવાસીઓના શિક્ષણ સંદર્ભે પ્રશ્નો, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ ખાતે રજૂ કરેલ પેપર (અપ્રકાશિત).
3. ઉજ્જલ, આર.એસ. (૧૯૬૫), ભારતમાં આદિવાસી શિક્ષણની પ્રગતિ, વિદ્યાપીઠ અંક–૫, સપ્ટેમ્બર, ઑક્ટોબર, ગૂજરાત વિદ્યાપીઠ (પા.નં. ૨૨૩).
4. દીવાનજી, દિલખુશભાઈ (૧૯૬૫), આદિવાસીઓનું શિક્ષણ કેવું હોય, વિદ્યાપીઠ અંક–૫, સપ્ટેમ્બર–ઑક્ટોબર, ગૂજરાત વિદ્યાપીઠ (પા.નં. ૨૨૭,૨૨૮).
5. રોયબર્મન, બી.કે. (૧૯૬૫), શિક્ષણમાં આદિવાસી ભાષાના ઉપયોગનો પ્રશ્ન, અંક–૫, સપ્ટેમ્બર–ઑક્ટોબર, ગૂજરાત વિદ્યાપીઠ (પા.નં. ૩૪૧–૩૪૨).
6. વ્યાસ, ભીખુ (૧૯૬૫), આદિવાસી સંસ્કૃતિ અને શિક્ષણ, અંક–૫, સપ્ટેમ્બર–ઑક્ટોબર (પા.નં. ૨૫૧).
7. Maria Montessori (1929), AMI USA
8. કમિશનર આદિજાતિ વિકાસ (૨૦૧૦), ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની જિલ્લાવાર માહિતી.
9. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, વલસાડ જિલ્લો–ગુજરાત સરકાર, (૧૯૯૦) (પા.નં. ૪૮૯, ૯૦, ૯૫).


## વેબસાઈટ


1. gujaratedu.govt.in/primary/mahiti તા. ૧૪-૨-૨૦૨૦
2. mhrd.gov.in.sites તા. ૧૧-૨-૨૦૨૦
3. http://keg.gujarat.gov.in તા. ૨૮-૧-૨૦૨૦
4. Pre-primary-schools-gujaratgovt તા. ૭-૨-૨૦૨૦

# ૭. આદિવાસી અર્થવ્યવસ્થા અને જમીન



આર્થિક વ્યવસ્થા અંગે જુદા જુદા અર્થશાસ્ત્રીઓ નૃવંશશાસ્ત્રીઓએ જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે. આ વ્યાખ્યાઓ મુજબ આર્થિક વ્યવસ્થામાં લક્ષણો કંઈક આવાં આપવામાં આવે છે. એ મુખ્યત્વે ચાર લક્ષણો છે :

૧. લોકોની ભૌતિક જરૂરિયાતો પૂરી પાડવી.

૨. ઉત્પાદનને વ્યવસ્થિત કરવું.

૩. વિતરણને નિયંત્રિત કરવું અને

૪. સમુદાયમાં માલિકીના હક્કો નક્કી કરવા.

દરેક સમુદાયમાં ભિન્ન ભિન્ન પ્રકારની જરૂરિયાતો જોવા મળે છે. આમ જરૂરિયાતોનો તથા તે કઈ રીતે પૂર્ણ કરવી તેનો ખ્યાલ જુદા જુદા સમાજમાં જુદો જુદો હોય છે. આર્થિક સંગઠનના પ્રકારની દ્રષ્ટિએ આદિવાસીઓની આર્થિક વ્યવસ્થા પ્રાથમિક કક્ષાની હોવાથી ઉત્પાદન અને ઉપભોગની કક્ષામાં આવે છે.

જુદા જુદા નૃવંશશાસ્ત્રીઓએ આદિવાસી અર્થવ્યવસ્થાનું વર્ગીકરણ આપ્યું છે. સ્વાભાવિક રીતે ભિન્ન ભિન્ન વિચારસરણી અને દ્રષ્ટિબિંદુને કારણે જુદા જુદા નૃવંશશાસ્ત્રીઓએ આપેલાં વર્ગીકરણોમાં ભિન્નતા જોવા મળે છે.

(અ) ગ્રોસ(Gross)નું વર્ગીકરણ વિકાસવાદની દ્રષ્ટિએ અર્થવ્યવસ્થાના નીચેના સ્તરો બતાવે છે.

૧. ખોરાક એકઠો કરનારની અર્થવ્યવસ્થા
૨. પશુપાલકો તરીકે ભટકતું જીવન જીવનારની અર્થવ્યવસ્થા
૩. સ્થિર ગ્રામ અર્થવ્યવસ્થા
૪. નાગરિક અર્થવ્યવસ્થા
૫. મેટ્રોપોલિટન અર્થવ્યવસ્થા

(બ) ફોર્ડ અને હસ્કોવીત્ઝનું વર્ગીકરણ

૧. ખોરાક એકઠો કરવો
૨. શિકાર
૩. માછલાં પકડવાં
૪. ખેતી
૫. પશુપાલન

અર્થવ્યવસ્થાના જુદા જુદા ઉપર પ્રમાણેના સ્તરો જોવા મળે છે. પરંતુ લોકો એક સમયે એક જ અર્થવ્યવસ્થાને અનુસરતા હોય તેવું બનતું નથી. ખરેખર તો એક જ સમયે જુદા જુદા સ્તરનું મિશ્રણ જોવા મળે છે. આ ઉપરાંત બીજા કે ત્રીજા પ્રકારની અર્થવ્યવસ્થા અપનાવવા માટે પહેલા સ્તરને છોડી દેતા નથી. આવાં અનેક ઉદાહરણો ભારતના અને ગુજરાતના આદિવાસીઓમાં મળી આવે છે. દા.ત. ગુજરાતની લગભગ બધી આદિવાસી જાતિઓનો મુખ્ય ધંધો ખેતી છે. સાથોસાથ તેઓ પશુપાલન પણ કરે છે, કેટલાક માછલાં પકડવા પણ જાય છે.

આદિવાસીઓની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરતાં તેમાં નીચેનાં લક્ષણો જોવા મળે છે :

### કુદરત પર આધારિત –

આદિવાસીઓ મુખ્યત્વે ડુંગરો, જંગલ વિસ્તારોમાં તથા મેદાનોમાં વસે છે. તેઓ જે કંઈ આર્થિક પ્રવૃત્તિ કરે તેનો આધાર તેમના વિસ્તારનાં કુદરતી સંસાધનો પર પણ હોય છે. મોટે ભાગે તેઓ કુદરતને ખોળે જીવે છે. તેથી કુદરતી સંપત્તિમાંથી મળતો ખોરાક અને ઘર બાંધવાની સામગ્રી મેળવવા તેઓ સ્થાનિક પ્રયત્ન જ કરે છે. જંગલમાં વસતા આદિવાસીઓ વનપેદાશો એકઠી કરે છે, ઉપયોગ કરે છે. પહાડી વિસ્તારમાં વસતા લોકો પગથિયાં (ટેરેસિંગ) ખેતી કરે છે. પાણી અને

ઘાસની સગવડ હોય તેવા પ્રદેશમાં તેઓ પશુપાલન કરે છે. જો કે પશુપાલન એ તેમનો ગૌણ વ્યવસાય બની ગયો છે અને અત્યારે આદિવાસી અર્થવ્યવસ્થામાં મહત્ત્વની ભૂમિકા પર છે. કેટલીક જનજાતિઓ કંદ, મૂળ, મધ વગેરે એકઠાં કરીને તથા શિકાર કરીને કે માછલાં પકડીને ગુજરાન ચલાવતા હતા તેઓનું પ્રમાણ હવે ઘણું ઓછું થઈ ગયું છે, અને તેમની વસ્તી ઘણી ઓછી છે.

ગુજરાતના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી સિવાય તેઓ ખેતમજૂરી, પશુપાલન, છૂટક મજૂરી, વન્ય પેદાશ એકઠી કરી ગુજરાન ચલાવે છે. અત્યારે ભણેલી વ્યક્તિઓ નોકરી મેળવતા થયા છે. ટૂંકમાં આદિજાતિઓ માત્ર એક જ ધંધા પર આધાર રાખતા નથી. તેમનો પોતાનો જીવનનિર્વાહ કરવા માટે અનેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ કરવી પડે છે.

## ધાર્મિક માન્યતાઓનો પ્રભાવ –

આદિવાસીઓની અર્થવ્યવસ્થા સામાન્ય રીતે પ્રાથમિક કક્ષાની હોય છે. તેમનાં સાધનો, ઓજારો, જૂનાંપુરાણાં હોય છે. તથા તેમનું ખેતીનું જ્ઞાન પણ ખૂબ ઓછું હોય છે. તેમના જીવનમાં દરેક ક્ષેત્રની માફક આર્થિક ક્ષેત્રે પણ ધર્મનો પ્રભાવ જોવા મળે છે. ખેતીમાં વધારે પાક મેળવવાની ઇચ્છાએ, પાક નિષ્ફળ જાય ત્યારે, શિકારમાં જતા સફળતા મેળવવા, નોકરીધંધામાં આગળ વધવામાં, ઢોરો મરી જતાં હોય તો બચાવવા માટે કોઈ ને કોઈ ધાર્મિક ક્રિયા કરે છે. તેમનામાં એવો વિશ્વાસ જોવા મળે છે કે કોઈ પણ આર્થિક પ્રગતિ ધાર્મિક ક્રિયા વિના સફળ જ ન થાય. ખેતી કરતી બધી જ જનજાતિમાં વાવણી સમયે અને લણણી સમયે દેવ–દેવીની પૂજા કરવામાં આવે છે, અને માનતા પૂરી કરે છે. નાગલીની કાપણી સમયે કંસરીદેવીની પૂજા થાય છે. ખેતી નિષ્ફળ જાય છે ત્યારે રાઠવા જનજાતિના લોકો પિઠોરા બાપાની પૂજા કરે છે. આમ દરેક આર્થિક પ્રવૃત્તિ સાથે ધાર્મિક ક્રિયા વણાયેલી જોવા મળે છે.

## સહકાર–સામૂહિક ભાવના–

અવિકસિત અર્થવ્યવસ્થા હોવા છતાં હજારો વર્ષોથી આદિવાસીઓ ટકી શક્યા છે તેનું કારણ તેમનામાં જોવા મળતી સહકાર અને સંગઠનની ભાવના છે, એમ કહી શકાય. આદિવાસીઓમાં કુટુંબની દરેક કાર્યક્ષમ વ્યક્તિ કામમાં મદદ કરી શકે છે. કંદમૂળ એકઠાં કરવાં, માછલાં પકડવાં કે ખેતી કરવી એવી કોઈ પણ આર્થિક પ્રવૃત્તિમાં તેઓ એકબીજાને મદદ કરે છે. પકડેલાં માછલાં સરખે ભાગે વહેંચી લે છે. શિકાર પણ પરંપરા પ્રમાણે સરખે ભાગે વહેંચી લે છે. ખેતીમાં ખાસ કરીને વાવણી અને પાક લણવાનો હોય ત્યારે જુદાં જુદાં કુટુંબો એકબીજાને મદદ કરે છે. કોઈની પાસે ખેતીનાં સાધનો ન હોય તો એકબીજાને મદદ કરે છે. ડાંગર, શેરડી, નાગલી રોપવામાં બધા સાથે મળીને કામ પૂરું પાડે છે. ઘર બાંધવામાં પણ એકબીજાને મદદ કરે છે. અલબત્ત મદદ કરનારને બદલો આપવાનો હોય છે. આ બદલા તરીકે ભોજન અથવા અનાજ આપવામાં આવતું. હવે નાણાકીય વ્યવહાર થઈ રહ્યો છે.

## જીવનનિર્વાહની રીતો –

સમગ્ર ગુજરાતના જુદા જુદા આદિવાસીઓની અર્થવ્યવસ્થા એકસરખી જોવા મળતી નથી. પ્રત્યેક આદિવાસીનો વસવાટ વિભિન્ન ભૌગોલિક વિસ્તારમાં હોવાથી તેઓની જીવનનિર્વાહની રીતો અલગ અલગ રીતની જોઈ શકાય છે. જેમ કે કોટવાળિયા આદિમજાતિનો વ્યવસાય વાંસમાંથી વસ્તુઓ બનાવવાનો ગૃહઉદ્યોગ છે. પઢાર આદિમજાતિનો વ્યવસાય ગટરલાઇન, પાઇપલાઇન કે કેબલ લાઇન નાખવાના ખોદકામ–માટીકામનો છે. હળપતિ જનજાતિ મુખ્યત્વે ખેતમજૂરી, પરંપરાથી જડીબુટ્ટી વેચવી તથા છૂટક મજૂરીમાં જોતરાયેલા છે. જ્યારે ભીલ જનજાતિ ખેતી, ખેતમજૂરી, સ્થળાંતર થઈ અન્ય મજૂરી જેવી આર્થિક વ્યવસાયની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. દરેક સમાજને પોતાની ચોક્કસ અર્થવ્યવસ્થા હોય છે.

આદિવાસીઓની સર્વ આર્થિક ક્રિયાઓ શારીરિક અસ્તિત્વ ટકાવી રાખવાની મહત્ત્વની સમસ્યાની આસપાસ ગૂંથાઈ ગઈ હોય છે. 'જીવંત કઈ રીતે રહેવું' તે તેઓની અર્થવ્યવસ્થાનો મહત્ત્વનો આધાર છે. (મસવી મુસ્તાલી, ૧૯૮૩:૧–૧૦)

૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તીમાંથી કામ કરનારની વસ્તી જુદા જુદા કયા વ્યવસાયોમાં રોકાયેલ છે, અને અનુસૂચિત જનજાતિમાંથી કામ કરનારની વસ્તી જુદા જુદા કયા કયા વ્યવસાયમાં રોકાયેલ છે તે આંકડાઓ દર્શાવે છે કે ગુજરાતની કામ કરતી કુલ વસ્તીના પ્રમાણમાં (૪૦.૯૮ %) અનુસૂચિત જનજાતિની કામ કરતી વસ્તીનું પ્રમાણ (૪૯.૭૧ %) વધારે છે. એટલે કે અન્ય સમાજો કરતાં અનુસૂચિત જનજાતિ સમાજમાં નાનાંમોટાં સૌ કામ થઈ શકે ત્યાં સુધી કામ કરતાં હોય છે. પોતાનો રોટલો પોતે રળી લેવાની ટેવને કારણે અને કુટુંબના બીજા સભ્યો પર ઓછામાં ઓછો આધાર રાખવાને કારણે જ અનુસૂચિત જનજાતિ સમાજમાં વધારે સમાનતા અને સ્વતંત્રતા પણ પ્રવર્તતી દેખાય છે. તેમના આર્થિક સંજોગો પણ કુટુંબની કામ કરતી દરેક વ્યક્તિને કામ કરવાની ફરજ પાડતી હોય છે.

તેમના વ્યવસાયોનું પૃથક્કરણ કરતાં જણાય છે કે અનુસૂચિત જનજાતિનો ઘણો મોટો ભાગ ૭૯ % ખેતી અને ખેતમજૂરી પર આધાર રાખે છે. તેમાંય ૪૪.૭૪ % ખેતમજૂરી પર આધાર રાખે છે. આ દર્શાવે છે કે તેમની સ્થિતિ કેટલી નબળી છે. જ્યારે સમગ્ર ગુજરાતના આંક જોઈએ તો ૨૩.૩૧ % લોકો ખેતી અને ૨૨.૦૫ % લોકો ખેતમજૂરી પર આધાર રાખે છે. એટલે કે અનુસૂચિત જનજાતિ કરતાં સમગ્ર ગુજરાતમાં ખેતી અને ખેતમજૂરી કરનારનું પ્રમાણ ઘણું ઓછું છે. ટૂંકમાં અનુસૂચિત જનજાતિના વ્યવસાયનું પોતાનું ગણી શકાય એવું કોઈ સાધન કે આવડત ન હોવાને કારણે આવડા મોટા વર્ગને માત્ર ખેતમજૂરી પર આધાર રાખવો પડે છે. આ પૃથક્કરણમાંથી સૌથી અગત્યની બાબત એ દેખાઈ આવે છે કે સમગ્ર ગુજરાતના મુખ્ય વ્યવસાયમાંથી ૫૩.૪૦ % અન્ય વ્યવસાયમાં કાર્યરત છે તેની સરખામણીમાં અનુસૂચિત જનજાતિના મુખ્ય વ્યવસાયમાંથી ૨૦.૩૪ % અન્ય વ્યવસાયમાં કાર્યરત જોવા મળ્યા છે, જે પ્રમાણમાં ખૂબ ઓછા ગણાય. અન્ય વ્યવસાય એટલે કે સરકારી નોકરી, ખાનગી નોકરી, વેપાર, ધંધો, છૂટક મજૂરી વગેરે. એટલે કે સમગ્ર ગુજરાતના લોકોમાં અડધાથી વધારે લોકો અન્ય વ્યવસાયમાં છે ત્યારે અનુસૂચિત જનજાતિના પાંચમા ભાગના લોકો અન્ય વ્યવસાય કરતા થયા છે.

**કોષ્ટક–૧**

**રાજ્યની કુલ વસ્તીમાં અને અનુસૂચિત જનજાતિમાં કામ કરનારની સંખ્યા તથા ટકા – ૨૦૧૧**

| ક્રમ. | વિગત | ગુજરાત | અનુસૂચિત જનજાતિ |
|---|---|---|---|
| ૧. | કુલ વસતિ | ૬,૦૪,૩૯,૬૯૨ (૧૦૦.૦૦) | ૮૯,૧૭,૧૭૪ (૧૦૦.૦૦) |
| ૨. | કુલ કામ કરનાર | ૨,૪૭,૬૭,૭૪૭ (૪૦.૯૮) | ૪૪,૩૨,૪૪૪ (૪૯.૭૧) |
| ૩. | મુખ્ય | ૨,૦૩,૬૪,૩૭૪ (૧૦૦.૦૦) | ૩૦,૪૭,૯૧૨ (૧૦૦.૦૦) |
| ૪. | ખેતી | ૪૭,૪૬,૯૫૬ (૨૩.૩૧) | ૧૦,૪૩,૩૯૭ (૩૪.૨૩) |
| ૫. | ગૃહઉદ્યોગ | ૨,૫૨,૨૧૩ (૧.૨૪) | ૨૧,૧૩૯ (૦.૬૯) |
| ૬. | અન્ય | ૧,૦૮,૭૪,૪૫૪ (૫૩.૪૦) | ૬,૧૯,૭૪૦ (૨૦.૩૪) |
| ૭. | ગૌણ | ૪૪,૦૨,૩૭૩ | ૧૩,૮૪,૫૩૨ |
| ૮. | કામ નહીં કરનાર | ૩,૫૯,૭૧,૯૪૫ (૫૯.૦૨) | ૪૪,૮૪,૭૩૦ (૫૦.૨૯) |

(સ્રોત : વસતિગણતરી - ૨૦૧૧, ભારત સરકાર)

## ખેતી –

અત્યારે સજીવ ખેતીના નામે ઝુંબેશ ચાલી રહી છે. તથા સરકાર દ્વારા સજીવ ખેતીને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. હકીકતમાં આદિવાસી વિસ્તારમાં પરંપરાગત ખેતી તથા વૃક્ષઉછેર તો થતો જ રહે છે અને તે પ્રાકૃતિક ખેતી તરીકે જ ગણાય છે.

મોટા ભાગે આદિવાસી વિસ્તારમાં પોતાને અનુકૂળ આવે તેવા, ઓછા પાણીથી થાય તેવા અને માત્ર વરસાદ પર આધારિત રહે તેવા પાકોની પસંદગી તેઓ કરતા હોય છે. મિશ્ર પાકો પોતપોતાના પ્રદેશ પ્રમાણે વાવણી કરવામાં આવે છે. દા.ત. ઉત્તર–પૂર્વ પટ્ટી પ્રદેશોમાં મકાઈ સાથે અડદ, વાલોળ, ચીભડાં વગેરે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ડાંગર, નાગલી, તુવેર, વાલોળ/પાપડી, મગ, મઠ વગેરે. ટૂંકમાં મિશ્ર પાકો કરવાની પરંપરાગત આવડત છે. તેનાં બીજ સાચવવા માટે મોટા ભાગના લોકો ચૂલામાંથી મળી આવતી રાખ સાથે ભેળવીને નાની કોઠીઓમાં, પોહરૂમાં અથવા ડાંગરના ઘાસમાંથી પેટિયું બનાવીને તેમાં સંગ્રહ કરે છે. બીજની પસંદગી કરતી વખતે મોટા અને ભરાવદાર દાણાવાળાં દૂંડાં–દૂંડી/લોળિયાં/ડોડા વગેરેને જે તે ખેતરમાંથી તારવી અલગ રાખી સંગ્રહ કરાય છે.

ગુજરાતમાં અને બીજાં રાજ્યોમાં પણ વરસોથી આદિવાસી વિસ્તારોમાં દાઝિયું પ્રથા હતી. અત્યારે અંશતઃ છે. જંગલખાતા દ્વારા જે કૂપો કપાતા તેમાં ઇમારતી લાકડું, જલાઉ લાકડું વગેરે લઈ લેવામાં આવતું. પરંતુ વૃક્ષોની ડાળીઓ, પાંદડાં, લાકડા પરની છાલ વગેરે જે તે સ્થળે મુકાયા બાદ સળગાવી દેવામાં આવતાં. આમ કરવાથી કાપવામાં આવેલાં વૃક્ષોના થડમાંથી સારી રીતે, સરળતાથી અને ઝડપથી જે તે વૃક્ષના ફણગા ફૂટી આવતા. તેવું જંગલખાતાના અધિકારીઓનું પણ માનવું હતું. તેનું મુખ્ય કારણ બળી ગયેલી વસ્તુમાંથી જે રાખ છે તેનાં તત્ત્વોનું છે અને જે તે જમીનમાં કેટલાક કીટકો, અન્ય બીજ, ઘાસચારાની ગાંઠો વગેરે બળી જવાથી માત્ર વૃક્ષ સુરક્ષિત બનતું અથવા સુરક્ષિત બનાવવામાં મદદ મળતી. રાખમાં ફૉસ્ફરસ, પોટૅશિયમ, સેલ્યુસીસ, ઍસિડ, તેમનો સંગ્રહ કરવો વગેરે તત્ત્વો ગણી શકાય. ટૂંકમાં કુદરતી રીતે ફૉસ્ફરસ, પોટૅશિયમ વગેરે રાસાયણિક ખાતર તરીકે કામ કરે છે. અને પાણી સંગ્રહી રાખવાના ગુણધર્મથી વરસાદની ખેંચ પડે ત્યારે ઉપયોગી નીવડે છે. આમ છોડની વૃદ્ધિમાં અનેક રીતે ભાગ ભજવે છે. શેરડીનો પાક કાપ્યા બાદ દાઝિયું કરવામાં આવે છે અને તે રીતે બીજા વરસે પાક ઉગાડવામાં આવે છે. ખાસ કરીને નાગલી, ડાંગર વગેરેનાં ધરુવાડિયાં માટેની થોડી જમીનમાં ઘાસ, પાન, સૂકાં છાણાં, અન્ય કચરો વગેરે બરાબર પાથરી તેને સળગાવી દેવામાં આવે છે. એટલે કે ખાતર બનાવવામાં આવે છે. ટૂંકમાં જમીન બરાબર તપી જાય છે, તેમાં રાખ રહી જાય છે. અને ઉપર બતાવ્યું તેમ રાખના ગુણધર્મોથી ઓછા વરસાદે પણ જે તે ધરુ સારી રીતે ઉગાડી શકાય છે. ઉપરાંત રાખ ભેજ સંગ્રહ કરવાનું કામ કરે છે, તેથી અને તેની ચીકાશથી ધરુ ઉપાડવામાં સુગમતા રહે છે. ટૂંકમાં તેઓ પાણી વગર ધરુ ઉગાડી શકે છે.

## સિંચાઈની સવલતો –

આદિવાસી વિસ્તારની કુલ ૨૯.૪૩ લાખ હેક્ટર જમીનમાંથી ૧૫.૫૩ લાખ હેક્ટર જમીન ખેડાણ હેઠળ છે.

રાજ્ય સરકાર દ્વારા ૧૪,૬૬૦ ચેકડેમ, ૨૮૫૪ તળાવોની ઊંડાઈ, ૧૦૬૦ ઉદ્‌વહન સિંચાઈ યોજના મારફતે આશરે ૬ લાખ એકર જમીનને સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં આવી છે. નહેર સુધારણાનાં કામો કરી ૯૮,૫૯૦ હેક્ટર જમીનને આધુનિકીકરણ, લંબાઈ વધારવી તથા રિનોવેશન દ્વારા સહભાગી સિંચાઈની યોજના હેઠળ લાભ પૂરો પાડવામાં આવ્યો છે.

હવે તો મોટા ભાગના ખેડૂતો પોતે પોતાની રીતે કૂવા બનાવતા થયા છે. જ્યાં પાણી મળે ત્યાં કૂવા ખોદે, ઊંડા કરે અને વધારે ને વધારે પાણી મળતું થાય તેવા સતત પ્રયત્નો કરતા રહે છે. આ કૂવાઓના મહત્તમ પાણીનો ઉપયોગ કરવા માટે ઇલેક્ટ્રિક મોટરપંપ, પાઇપલાઇન, ટપક પદ્ધતિ, ફુવારા પદ્ધતિ વગેરે દ્વારા પિયત વિસ્તાર વધારવા લાગ્યા છે. પાણીની સગવડ હોય તેટલી જ જમીનમાં શાકભાજી–ફળફળાદિ જેવા રોકડિયા પાકો તેઓ હવે કરે છે. બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખી જે તે શાકભાજીનું વાવેતર થતું હોય છે તે રીતે આ એક મોટું પરિવર્તન ગણી શકાય.

### ખેત–સાધનો –

ખેતીમાં બળદ અને ગાડાં તેઓ ઠીક ઠીક પ્રમાણમાં રાખતા હતા, હવે બળદની સંખ્યા અડધોઅડધ થઈ ગઈ છે, તે રીતે ગાડાં પણ ઓછાં થઈ ગયાં છે, સાથે સાથે પરંપરાગત ખેતઓજારો ઘટતાં જાય છે. નવાં સુધારેલાં ઓજારો વધતાં જાય છે, ટ્રૅક્ટર–ટ્રેલરનો ઉપયોગ વધી ગયો છે. થોડાઘણા તેઓ પોતે પણ આવાં સાધનો વસાવતાં થયા છે. વેલાવાળાં શાકભાજી માટે મંડપનો સામાન, રોપા ઉછેર માટે શેડ, દવા છાંટવાના પંપ, રાસાયણિક ખાતરો, નવી નવી જાતનાં બિયારણ અને રોપા વગેરે પણ થોડાઘણા ખેડૂતો અપનાવતા થયા છે. પોતે પોતાની રીતે પણ જુદા જુદા ખેતીના પ્રયોગો કરી વધારે આવક મેળવવાની મથામણમાં પડ્યા છે.

### વિસ્તારવાર પાક –

આદિવાસી વિસ્તારના મુખ્ય પાકો, ગૌણ પાકો, શાકભાજી, ફળફળાદિ, રોકડિયા પાકો વગેરે જે તે વિસ્તારમાં વસતા લોકોના ખોરાક પર આધારિત છે. આ ઉપરાંત સિંચાઈની સગવડ અને વ્યવસ્થા પર આધારિત પણ છે, જેમ કે કૅનાલોથી મળતા ભરપૂર પાણીવાળા વિસ્તારોમાં મૂળ પાકો હતા તેના સ્થાને શેરડી, કેળ, શાકભાજીઓ ફળાઉ વાડીઓ વગેરે હવે થાય છે. તેમાંથી સારી આવક તેઓ મેળવતા થયા છે. કપાસ જેવા રોકડિયા પાકો હવે ઘટતા થયા છે.

આદિવાસી વિસ્તારવાર–જિલ્લાવાર થતા પાકો જોઈએ તો, બનાસકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાક મકાઈ, બાજરી, કપાસ, તુવેર, અડદ, તલ, દિવેલા ગણી શકાય જ્યારે ઘઉં, ચણા, મગ, મઠ, ચીભડા–કાકડી, સોયાબીન વગેરે પાકો પણ છે. પહેલાં કળથીનો પાક થતો હવે તે ઘટી ગયો છે. શાકભાજીમાં ગવાર, કારેલાં, કંકોડાં, રીંગણ, તૂરિયાં, ગલકાં, દૂધી વગેરે ઠીક ઠીક પ્રમાણમાં થાય છે. પણ પાકની રીતે ઉછેરવામાં આવતા નથી. મોટે ભાગે પોતાના ઉપયોગ માટે શાક ઘરની આજુબાજુમાં થતાં હોય છે.

સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાક મકાઈ, અડદ, કપાસ, દિવેલા, તુવેર, ઘઉં છે જ્યારે અન્ય પાકમાં ડાંગર, બાજરી, તલ, જવ, વરિયાળી, મગફળી, રાઈ, લસણ, ચીભડાં, કાકડી, મગ, આદું, હળદર, પીંડાળુ, વેલાવાળાં શાકભાજી ખાસ કરીને કંકોડાં, કારેલાં, તૂરિયાં, ગલકાં દૂધી વગેરે પણ આ વિસ્તારમાં પોતાના ઘર પૂરતાં ઉછેરવામાં આવે છે. કોઈક કોઈક વધુ શાકભાજી ઉગાડે તો બજારમાં વેચાણ કરી દેતા હોય છે. અરવલ્લી જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાકો મકાઈ, ડાંગર, કપાસ, ઘઉં, તુવેર, અડદ, રતાળુ, હળદર, આદું, પીંડાળુ વગેરે છે. આ ઉપરાંત દિવેલા, વરિયાળી, રાઈ, લસણ, ડુંગળી, મગ, ચોળી, કંકોડાં, દૂધી, રીંગણ, મરચી વગેરે પાકો પણ પોતપોતાની રીતે પિયતની સગવડ પ્રમાણે થતા હોય છે.

મહીસાગર જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાક મકાઈ, ડાંગર, બાજરી, ઘઉ, ચણા, તુવેર, અડદ છે તથા દિવેલા, જુવાર

(ઘાસ માટે) સોયાબીન, મગફળી, કપાસ, તુવેર, મગ, જવ, મસૂર, તલ, વટાણા, રાયડો, શણ, ભીંડી, આદું, હળદર, સૂરણ, બીટ, રતાળુ, શક્કરિયાં, ગાજર, લસણ, ડુંગળી, ગવાર વગેરે પાકો ઠીક ઠીક રીતે થાય છે.

દાહોદ અને પંચમહાલ જિલ્લાઓના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાકો મકાઈ, ઘઉં, ડાંગર, ચણા, અડદ, તુવેર છે જ્યારે અન્ય પાકોમાં કપાસ, દિવેલા, મગ, વટાણા, જવ, મસૂર, તલ, રાઈડો, શણ, ભીંડી, લસણ, ડુંગળી, વાલોળ, ચોળી, ભીંડા, મરચી, રીંગણ વગેરે પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉગાડે છે. આ વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થા ઓછી છે. માત્ર વરસાદી જળ પર વધારે આધાર રાખવો પડે છે. કોદરા, બાવટો, બંટી, જેવા પાકો થતા હતા તે હવે લુપ્ત થવા લાગ્યા છે.

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં મકાઈ, ઘઉં, કપાસ, તુવેર, મગ, ચણા, મગફળી, દિવેલા વગેરે પાક થાય છે. શાકભાજીનાં બિયારણ સરકાર દ્વારા વિતરિત થતાં હોય છે તે રીતે દૂધી, પાપડી, વાલોળ, ગલકાં, કારેલાં, ભીંડા, મરચી, રીંગણ જેવાં શાકભાજી પણ તેઓ ઉછેરે છે.

નર્મદા અને ભરૂચ જિલ્લાઓના આદિવાસી તાલુકાઓમાં મુખ્ય પાક જુવાર, ડાંગર, મકાઈ, ઘઉં, તુવેર, શેરડી વગેરે થાય છે. આ ઉપરાંત અડદ, મગ, મગફળી, દિવેલા, કપાસ, કેળ, બંટી, બાવટો, વાલ, સોયાબીન વગેરે પણ ઠીક ઠીક પ્રમાણમાં થતા પાકો છે. શાકભાજીમાં લીલી તુવેર, પાપડી, રીંગણ, ટામેટા, વાલોળ, દૂધી, મરચી વગેરે થાય છે. મોટે ભાગે શાકભાજી ઘર પૂરતાં વાવતાં હોય છે.

સુરત અને તાપી જિલ્લાઓના આદિવાસી તાલુકાઓમાં થતા મુખ્ય પાક શેરડી, ડાંગર, જુવાર, ઘઉં, કેળ વગેરે છે. ઉપરાંત દિવેલા, મગફળી, તલ, ચણા, તરબૂચ, કેરી, કપાસ, અજમો, સુરતી પાપડી, વાલોળ, કડવા વાલ, કોળું, ચીભડાં, દૂધી, રીંગણ, ટામેટાં,પરવળ જેવી અનેક શાકભાજી પણ થયા કરે છે. આ ઉપરાંત આ પ્રદેશમાં વિવિધ પ્રકારની ભાજીઓની પણ વાવણી થાય છે.

નવસારી અને વલસાડ જિલ્લાઓના તાલુકાઓમાં થતા મુખ્ય પાકોમાં વિવિધતા જોવા મળે છે. ડાંગર, નાગલી, શેરડી તો છે જ. ઉપરાંત ઘઉં, વરાઈ, કપાસ, દિવેલા, મગફળી, કાજુ, કેરી, કેળ, પપૈયાં, ચીકુ, જામફળ, આદું, હળદર, સૂરણ, ડુંગળી, કંદ, સુરતી પાપડી, કડવા વાલ, જુવાર, ફણસ, કાકડી, ચણા, તુવેર, મગ, ચોળી, પરવળ, કારેલાં, રીંગણાં, કોબીજ, કોળું, ફુલાવર, દૂધી, મરચાં, ટામેટાં, તરબૂચ વગેરે બધા જ પ્રકારના પાકો આ વિસ્તારમાં થાય છે. ઉપરાંત દરેક પ્રકારની ભાજીઓ આ પ્રદેશમાં ભરપૂર થાય છે.

આહવા–ડાંગ જિલ્લો એટલે નાગલીના પાક તરીકે જાણીતો છે. તે ઉપરાંત ડાંગર, વરાઈ, જુવાર, કોદરા, મકાઈ, શેરડી, કેળ, આંબા, પપૈયાં, તરબૂચ, કાજુ, મગફળી, ફણસ, સ્ટ્રોબેરી, અડદ, તુવેર, કોળું વગેરે પાકો પણ ઠીક ઠીક પ્રમાણમાં થાય છે. આ જિલ્લામાં એક વખત બટાકાનો પાક થતો હતો. ડાંગમાં મશરૂમની ખેતી પણ થતી હતી.

વાવેતરની અને વસ્તુની વિશિષ્ટતા જોઈએ તો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં આદું, હળદર, રતાળુ અને પેંડાળુ તથા આ વિસ્તારમાં અડદની સારી માંગ છે. તેવી જ રીતે દાહોદ–પંચમહાલ જિલ્લાઓમાં ચણા, તુવેર, અડદની પણ ગુણવત્તાની રીતે પ્રખ્યાત છે.

આદિવાસી વિસ્તારમાં પાકોના વાવેતરની વિશિષ્ટતા જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં નહેરો દ્વારા સિંચાઈ વ્યવસ્થા થઈ ત્યારથી અને તે વિસ્તારમાં આવેલાં ૧૧ ખાંડ કારખાનાંઓને કારણે શેરડીનો પાક ખૂબ જ વધ્યો. તથા ખાંડ કારખાનાંઓ દ્વારા શેરડીનો પાક વધે તે રીતનાં પ્રોત્સાહનો દ્વારા મોટા ભાગના આદિવાસી ખેડૂતોએ રોકડિયા પાકની સારી તક ઝડપી છે. દક્ષિણ ગુજરાતમાં સફેદ જુવાર, કોલમ ચોખા, નાગલી, પાપડી, સુરતી

પાપડી, વાલ, કડવા વાલ જેવા પાકોની વિશિષ્ટતા છે. નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આફૂસ કેરી, ચીકુ અને કાજુની વાડીઓની વિશિષ્ટતા છે. ગુજરાતમાં વલસાડ આફૂસ કેરી તરીકેના શહેર તરીકે જાણીતું છે. જો કે લોકોની માંગ કેસર કેરી તરફની હતી. તે રીતે તે લોકોએ કેસર કેરીની વાડીઓનું ખૂબ જ પ્રમાણમાં વાવેતર વધારી દીધું છે. આવું જ લીલાં શાકભાજી બાબતે થયું છે. જેમ કે ભીંડાની માંગ બારેમાસ છે તે રીતે નાના અને લીલા રંગના ભીંડા ઊતરે તે રીતે વાવેતર કરતા થયા છે. જ્યાં પિયતની સગવડ વધી છે ત્યાં નવા નવા પાકો આવતા ગયા અને જે વિસ્તારમાં હજુ પણ પિયતની વ્યવસ્થા નથી તેવા વિસ્તારમાં કુદરતમય વરસાદી ખેતી પર આધાર રાખવો પડે છે. તેઓ તેમની રીતે તમામ પ્રકારનાં ધાન્ય અને કઠોળ વાવવા પ્રયત્ન કરે જ છે. તેમાંથી જે મળ્યું તે ખરું અને આખરે પોતાનો જીવનનિર્વાહ કરવા માટે સ્થળાંતર કરી મજૂરીની વાટે ચડે છે.

### મજૂરી –

નહિવત્ પ્રમાણમાં ગણી શકાય તેવા મોટા ખેડૂતો પણ આ વિસ્તારમાં છે કે જેઓ પાસે વધારે જમીન હોય ને ખેતીમાં પહોંચી ન શકાય તેમ હોય ત્યારે તેઓ ખેતમજૂરો દ્વારા ખેતીનાં કામ કરાવતા હોય છે. હવે તો નોકરી કરતા હોય તથા વેપાર-ધંધો કરતા હોય તેઓ પાસેની જમીનમાં તેઓ ખેતમજૂરો દ્વારા ખેતીનાં કામ કરાવે છે. આમ ખેતમજૂરોને થોડું થોડું કામ મળતું રહે છે. મોટે ભાગે આદિવાસી ખેડૂત પોતે પોતાનું ખેતીનું કામ કરવા ટેવાયેલા હોય છે. તે રીતે ખેતી અને પશુપાલન સંદર્ભની મજૂરી જાતે કરતા હોય છે.

બહારગામ મજૂરી કરનારા શ્રમિકોમાં ત્રણેક પ્રકારના વર્ગો બતાવી શકાય – ૧. જેઓ પાસે બિલકુલ જમીન નથી તેવા લોકો સ્થાનિક મજૂરી ન મળતાં બહારગામ મજૂરી કરવા ચાલ્યા જાય છે. ૨. જેઓ પાસે થોડી ખેતીની જમીન છે અથવા બીજાની પણ થોડી જમીન ખેડતા હોય છે તેવા લોકો જે તે પાક લઈ લીધા બાદ તરત જ બીજે મજૂરી કરવા બહારગામ જાય છે. ૩. જમીન પૂરતી હોય અને કુટુંબકદ મોટું હોય તેવાં કુટુંબોમાંથી પોતાની ખેતમજૂરી લગભગ પૂરી થાય ત્યારે કુટુંબના અમુક સભ્યો મજૂરી કરવા ચાલ્યા જાય છે. આ બધા જ પ્રકારમાં ખેતીની મોસમ આવતાં જ જે તે શ્રમિકો પાછા ઘરે આવી જતા હોય છે.

જેઓ મજૂરીની શોધમાં બહાર જાય છે તે બધાને કારખાનાંઓમાં જે પ્રકારનાં કામ થતાં હોય તેવાં કામોની આવડત ન હોય ત્યારે તેમને માટી–કામ, રોડકામ, ઘર બાંધવાની મજૂરી વગેરે કરવી પડે છે. જો કે આવી બહારગામની મજૂરી તેમના માટે આશીર્વાદરૂપ છે. કારણ કે પોતાના ગામે કે આજુબાજુ નજીકમાં મજૂરી મળી રહેતી નથી એટલે શહેરોમાં કે ઔદ્યોગિક એકમોમાં તેઓ મજૂરી કરે છે. પોતાના જે તે ગામ કરતાં આવી જગ્યાઓએ મજૂરી દર ઊંચો મળે છે અથવા વધારે મળે છે. આમ જોઈએ તો તેઓનું જીવનધોરણ ઘણું નીચું અને બહારની મજૂરીના દર સારા મળતા હોવાથી મોટા ભાગના શ્રમિકો બચત કરીને ધનરાશિ ઘરે લાવી શકે છે.

દક્ષિણ ગુજરાતમાં કુલ ૧૧ ખાંડ કારખાનાં આવેલાં છે અને તેની આસપાસની જમીનમાં શેરડીનો મુખ્ય પાક છે. શેરડી કાપવાનું કામ માત્ર ને માત્ર આદિવાસી શ્રમિકોનું જ છે. શેરડી કાપવાના કામમાં લગભગ ૬થી ૮ માસ માટે કામ મળતું હોય છે. તે રીતે મૂળ વતનથી સ્થાળાંતર કરી કામ કરવાનાં જુદાં જુદાં સ્થળોએ રોકાયેલા રહે છે. તેઓ જ્યાં રોકાય છે ત્યાં તંબુ બાંધી વસવાટ કરતા હોય છે. ડાંગ જિલ્લાના આહવા, સુબીર, વઘઈ તાલુકાઓ, વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા તાલુકાઓ, નવસારી જિલ્લાનો વાંસદા તાલુકો, તાપી જિલ્લાના ઉચ્છલ, નિઝર, સોનગઢ તાલુકાઓ તથા નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડિયાપાડા તાલુકાઓમાંથી શેરડી કાપવાવાળા શ્રમિકો સ્થળાંતર કરી મજૂરી માટે પોતાનાં બાળકોના

ભણતરની ચિંતા કર્યા વગર અને પોતાના પરિવારના અન્ય સભ્યોને છોડી જે તે કુટુંબના જીવનનિર્વાહ માટે સ્થળાંતરનો માર્ગ અપનાવવો પડે છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૧૦–૧૧માં દાહોદ જિલ્લાના સ્થળાંતરિત આદિવાસી મજૂરોનું સર્વેક્ષણ થયેલ. જેમાં દાહોદ જિલ્લાનાં કુલ ૨,૨૩,૮૫૭ કુટુંબોમાંથી ૯૧,૨૭૮ કુટુંબો સ્થળાંતરિત જોવા મળ્યાં હતાં. એટલે કે આ જિલ્લાનાં ૩૮.૩૧ % કુટુંબો અથવા જે તે પરિવારના સભ્યો મજૂરી અર્થે સ્થળાંતર થયેલ જોવા મળેલ.

સ્થળાંતરિત કુટુંબોની સંખ્યાની રીતે સૌથી વધારે ઝાલોદ તાલુકામાંથી સ્થળાંતરિત કુટુંબો છે તથા સ્થળાંતરિત પ્રમાણની રીતે સૌથી વધારે ગરબાડા અને ધાનપુર તાલુકાઓમાંથી સ્થળાંતરનું પ્રમાણ સૌથી વધારે છે. જ્યારે દેવગઢબારિયા તાલુકામાંથી સ્થળાંતરનું પ્રમાણ ઠીક ઠીક જોવા મળેલ.

સ્થળાંતરની પ્રક્રિયામાં ૯૫.૮૦ ટકા પરિવારો પોતાના જિલ્લાની બહાર જતા જોવા મળેલ તથા ૩.૭૩ ટકા પરિવારો રાજ્ય બહાર પણ જતા જોવા મળ્યા હતા. કુલ સ્થળાંતરિત પરિવારોમાંથી ૩૫.૪૬ ટકા પરિવારો પોતે એકલા મજૂરી માટે જતા જોવા મળ્યા હતા. ૪૯.૧૮ ટકા પરિવારોનાં પતિ–પત્ની સાથે મજૂરી માટે જતાં જોવા મળ્યાં, ૧૧.૭૧ ટકા પરિવારોનાં પતિ–પત્ની–બાળકો સાથે મજૂરી કરવા જતાં જોવા મળ્યાં તથા ૩.૬૫ ટકા પરિવારોના આખા કુટુંબ સાથે એટલે કે કુટુંબના બધા જ સભ્યો મજૂરી માટે સ્થળાંતર કરતા જોવા મળ્યા હતા.

સ્થળાંતર થવાનાં કારણો જોઈએ તો પોતાની જમીન જે છે તેનું વિભાજન થવાથી, સ્થાનિક રોજગારીનો અભાવ, ભરણપોષણનો પ્રશ્ન હોવાથી કુટુંબ પાછળનો ખર્ચ વધી જવો વગેરે જાણવા મળ્યાં હતાં.

ડાંગ જિલ્લામાંથી દર વર્ષે ૬૦,૦૦૦થી પણ વધારે શ્રમિકોનું સ્થળાંતર વધતું જાય છે. બીજા જિલ્લાઓમાં પણ આવી પરિસ્થિતિ આવી શકે છે.

**કૌશલ્ય –**

કેટલીક જાતિઓમાં અમુક પ્રકારના કામની આવડત અને કૌશલ્ય પણ જોવા મળે છે. જેમ કે કોટવાળિયા આદિમ જૂથ સારું વાંસકામ કરી શકે છે. વાંસમાંથી સુંદર ટોપલા, કરંડિયા, સાદડી વગેરે તો બનાવે જ છે પણ ઘરની સજાવટ માટે સારા આર્ટિકલ, ફર્નિચર પણ વાંસમાંથી હવે બનાવતા થયા છે. કાથોડી આદિમ જૂથ ખેરના વૃક્ષમાંથી કાથો પાડવામાં નિપુણ હતા. પરંતુ ખેરનાં વૃક્ષો કપાઈ જવાથી અને કાથાનાં કારખાનાં થવાને લીધે તેમનો પ્રણાલીગત ધંધો છીનવાઈ ગયો છે. પઢાર આદિમ જૂથના લોકો માટીકામમાં નિપુણ છે. તેઓ ગટરલાઇન, પાણીની લાઇન કે ગૅસલાઇન નાખવા માટે ખોદકામ–માટીકામ જેવી મજૂરી કરતા હોય છે. હળપતિ જનજાતિ ખેતી અને ખેતમજૂરીમાં સારું કામ કરવામાં ગણાય છે. ગુજરાતની કેટલીક જનજાતિઓ નદીઓ અને તળાવોમાંથી માછલાં પકડે છે. આ માછલાંનો ઉપયોગ તેઓ ખાસ પોતાની વપરાશ પૂરતો કરતા હોય છે. નદીના કાંઠે વસતા થોડા આદિવાસીઓ મત્સ્ય ઉદ્યોગના ધંધામાં રોકાયેલા છે.

ગુજરાતના આદિવાસીઓમાંથી કેટલીક જનજાતિઓ અન્ય જનજાતિઓની સરખામણીએ શિક્ષણમાં આગળપડતી છે. જેમ કે ધોડિયા, ચૌધરી, ધાનકા, ગામીત, ગરાસિયા, કુંકણા વગેરે. તેઓ મોટે ભાગે શિક્ષકોની નોકરીમાં જોડાયા છે. તદ્ઉપરાંત કેટલીક ઉચ્ચ શિક્ષણ મેળવેલ વ્યક્તિઓને પણ જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં સારી નોકરી મળી છે. પરંતુ આ પ્રકારની નોકરી કરતી વ્યક્તિઓનું પ્રમાણ ઘણું ઓછું છે. હવે તો આઈ.પી.એસ., આઈ.એ.એસ., આઈ.એફ.એસ., પેરા મેડિકલ, તકનીકી ક્ષેત્રે ઘણી વ્યક્તિઓ નોકરી કરી રહી છે. રાજ્યના સચિવશ્રી, કમિશનરશ્રી,

ઉપસચિવશ્રી, નાયબ સચિવશ્રી વગેરે પદ પર પણ પહોંચી શક્યા છે. અન્ય સમાજની જેમ હવે આદિવાસી કુટુંબોમાંથી તેઓના સભ્યો પરદેશમાં વધુ અભ્યાસના નામે ત્યાં સ્થાયી થવા તથા નોકરીધંધા માટે જઈ રહ્યા છે. આવા કિસ્સાઓમાં સરકાર તેઓને નાણાકીય મદદ અથવા લાભ આપી રહી છે.

અત્યારે એવી પરિસ્થિતિ છે કે ઘણા પાસે સારી પદવીઓ છે, લાયકાત ધરાવે છે, પણ નોકરીઓમાં જગ્યાઓ ખૂબ જ ઓછી છે તેથી સૌને જેમ નોકરીની જરૂર છે અને મળતી નથી તેમ આ સમાજનાં ભણેલાં–ગણેલાં યુવક–યુવતીઓ માટે પણ મોટો પ્રશ્ન છે. ખાનગી નોકરીઓની રીતે જોઈએ તો ઔદ્યોગિક એકમો, નાનાં કારખાનાંઓ, આ વિસ્તારના શોરૂમ, દુકાનો, વેપાર–ધંધા કરતા એકમોમાં પણ તેઓ નોકરી મેળવતા રહે છે. ટૂંકમાં ગમે તે રીતે કે ગમે તેવી નોકરી મેળવવા માટેની હરીફાઈ વધી ગઈ છે અને હવે નોકરી બાબતે ક્રેઝ વધી ગયો છે. મહિલાઓ પણ આમાં બાકાત નથી.

**પશુપાલન –**

દરેક આદિવાસી એની પેઢી દર પેઢી ચાલી આવતી રીત પ્રમાણે પશુ અને મરઘાં પાળતાં. ઢોરો જંગલમાં ચરી ખાય, થોડુંઘણું દૂધ આપે અને ખેતી માટે બળદોના પૈસા ખરચવા ન પડે. પણ તેમનાં ઢોરોની ઓલાદ ઊતરતા પ્રકારની હોઈ દૂધ નામનું જ આપતા. આર્થિક રીતે પહોંચી નહીં વળવાથી સારી ઓલાદવાળાં ગાયભેંસ અલ્પ દુધાળાં થઈ જાય છે તેમ જ રોગનો સામનો કરી શકતાં નથી. મરઘાંમાં રોગ ફેલાતાં સામટાં મરી જાય છે. દૂધ, ઘી, ઈંડાંનું વેચાણ ગામના વેપારીને ત્યાં કે હાટમાં કરતા હતા તથા તેના સારા ભાવ મળતા ન હતા તેથી આ વ્યવસાયમાંથી પણ આવક ઓછી મળતી હતી.

આદિવાસીઓ માટે આંગણે વધુ ઢોરો રાખવા એ સામાજિક પ્રતિષ્ઠાનું લક્ષણ ગણાય છે. ઘણી વાર લગ્ન સમયે દાપા પેટે ગાય, ભેંસ કે બળદ આપતા હોય છે. આર્થિક સંકટના સમયે ઢોર કે મરઘાં વેચી તાત્કાલિક નાણાં મેળવાતાં. આમ ઢોર વેચીને રોકડ રકમ મેળવી શકે છે. આ કારણસર પણ તેઓ ઢોર પાળે છે.

ગુજરાત ડેરી ક્રાંતિમાં મોખરે રહ્યું છે તેમ છતાં વનબંધુ કલ્યાણ યોજનાના અમલ પહેલાં અંતરિયાળ આદિજાતિ પશુપાલકો ડેરી જોડાણથી વંચિત હતા. આદિવાસી વિસ્તારોમાં ડેરી વિકાસને સુધારવાના હેતુસર ડેરી વિકાસ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો. સંકલિત ડેરી વિકાસ પરિયોજના થકી ગ્રામીણ વિસ્તારના આદિજાતિ પશુપાલકો દુધાળાં પશુઓની સહાય મેળવી દૂધ ઉત્પાદક સંઘો સાથે જોડાયા છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘોએ રાજ્ય સરકાર સાથે ભાગીદારી કરી તેના ફળ સ્વરૂપે આદિજાતિ પશુપાલકો નિશ્ચિત આવક મેળવતા થયા.

સંકલિત ડેરી વિકાસ પરિયોજના અંતર્ગત દશ વર્ષના સમયગાળામાં ગરીબી રેખાથી નીચેના ૧,૦૪,૦૦૦ આદિવાસી લાભાર્થીઓને આવરી લીધા છે.

સંકલિત ડેરી વિકાસ પરિયોજના પ્રોગ્રામમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે :

– ઢોરઢાંખરની ખરીદી તથા વહીવટ, સારી ઓલાદનાં દુધાળાં પશુઓની જોગવાઈ, પશુ વીમો, જિલ્લા સ્તરે ઇમરજન્સી સેવા, ઘાસચારા પ્લોટનો વિકાસ, ચાપ કટર, પશુ માટે કેટલ સેટનું બાંધકામ.

– ઘેર બેઠાં પશુઓને કૃત્રિમ ગર્ભાધાન અને પશુ–ચિકિત્સાની સેવા, રોગચાળો અટકાવવા માટે નિયમિત મુલાકાત, પશુ રસીકરણ, રોગ નિદાન માટેની લૅબોરેટરી.

– હાઇજિનિક દૂધ માટેનો સહયોગઃ બલ્કચીલર્સ, સ્ટેનલેસ સ્ટીલના કેનની સુવિધા,

ઓટોમેટિક સેલ કાઉન્ટર, મિલ્ક કલેક્શન યુનિટની સ્થાપના.

– વૈજ્ઞાનિક ઢબથી દૂધ ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન.

ડેરી વિકાસ અને પશુપાલન યોજનાનો લાભ મળવાથી સારી ઓલાદની ભેંસ, ગાય વગેરે પાળતાં થયાં. ભેંસ કરતાં ગાયની પસંદગી હવે વધવા લાગી છે. તથા દેશી ગાય કરતાં જરસી/હોસ્ટેન ગાય વધુ પસંદ કરતાં થયાં છે. ગામેગામ ડેરીઓનો વિકાસ થતાં દૂધની આવક પણ વધવા લાગી છે. પશુપાલનથી તેઓને સેન્દ્રિય ખાતર મળતું થયું, ખેત ઉદ્યોગમાં બળદ તથા પાડાનો ઉપયોગ થતો હોય છે, ડેરીમાંથી દૂધના બદલામાં રોકડ રકમ મળતી થઈ, દૂધ–ઘી–છાશ મળતાં થયાં, પશુઓનાં નાનાં બચ્ચાં, મરઘીનાં બચ્ચાં તથા ઈંડાં મળતાં થયાં છે. આમ પશુપાલન તેઓનો ગૌણ વ્યવસાય હોવા છતાં ઘણી બધી રીતે પૂરક છે તથા તેમની અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલ છે.

### વ્યવસ્થિત બજારોનો અભાવ –

આદિવાસી વિસ્તારમાં બિનઆદિવાસી સમાજ જેવાં સ્થાયી, નિયમિત બજારો હોતાં નથી, તેમની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે તેઓ અઠવાડિક હાટમાં જાય છે. આ બજારમાં તેઓ પોતાની વેચવાની વસ્તુઓ લઈ જતા અને જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવતા હતા. પરંતુ આજે આ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે તેઓ પોતાના ગામમાં વેપારી સાથે સીધો વ્યવહાર કરે છે. શાકભાજી, ફળફળાદિ કે વધુ અનાજ વેચવાનું હોય તો ખરીદ–વેચાણ સંઘમાં માલ લાવે છે. મોટે ભાગે પોતાની ચીજવસ્તુઓની ખરીદી સ્થાનિક વેપારીઓ પાસેથી કરે છે. આ વિસ્તારમાં ૧૮૨ અઠવાડિક પરંપરાગત હાટ બજાર આવેલાં છે. જેમાં તેઓને રોજબરોજની ચીજવસ્તુઓ જેવી કે ખાદ્ય સામગ્રી, જંગલની પેદાશો, ફળફળાદિ, શાકભાજી, મરીમસાલા, કપડાં, વાસણો, ઉછેરેલાં નાના છોડ, પાલતૂ પશુ, ઈંડાં, મચ્છી વગેરે વસ્તુઓનું વેચાણ તથા ખરીદી થાય છે. વ્યવસ્થિત બજારના અભાવે તેમનું શોષણ થતું રહે છે. કેટલેક સ્થળે જંગલ વિકાસ નિગમ દ્વારા વસ્તુનું વેચાણ થાય છે. હવે આને લીધે તેઓને સારા ભાવ મળતા થયા છે.

### જંગલ –

વર્ષોથી આદિવાસીઓ જંગલો અને ડુંગરોમાં રહેતા આવ્યા છે. જંગલોએ જ આદિવાસીઓને જીવતદાન આપ્યું છે. જીવનની જરૂરિયાતો જ્યારે ઓછામાં ઓછી અને સાદામાં સાદી હતી ત્યારે આદિવાસીઓને વનમાંથી તેમને જોઈએ તે કરતાં વધુ મળી રહેતું. આજે વનની ગીચતા ઘટી છે અને ઘટતી રહી છે. ૩૫ વર્ષ પહેલાં ડાંગ જિલ્લાના ગાઢવી અને મહાલનાં જંગલો જોવા જેવા હતાં. તેમાં વન્ય પ્રાણીઓની બીક લાગતી હતી. અત્યારે આ બંને ગામો જુઓ તો વેરાન બની ગયાં છે. એટલે કે જંગલ જેવું કંઈ દેખાતું જ નથી. ટૂંકમાં, જે જંગલો પર તેઓ જીવનનિર્વાહ કરતા હતા તે જંગલનો નાશ થઈ ગયો છે. આ જંગલમાંથી મળતી જંગલ ગૌણ પેદાશો ઘટી ગઈ છે તો કેટલીક નામશેષ થઈ ગઈ છે. સૌથી વધારે ઔષધિઓ આ પ્રદેશોમાં હતી તેમાં ઘણો જ ઘટાડો થઈ ગયો છે. તેઓ જ્યારે ઘર બાંધતાં ત્યારે મહત્તમ વસ્તુઓ વનમાંથી લાવીને ઉપયોગ કરતા હતા. વન વિભાગનાં નિયંત્રણો આવી જવાથી આ બધી સામગ્રી નહીં મળવાથી ઘર બાંધવાનું મુશ્કેલ થઈ ગયું છે. ખાસ કરીને લાકડું, વાંસ, છાજ માટેનાં પત્તાં વગેરે મેળવવાની મોટી મુશ્કેલી થઈ ગઈ છે.

ટૂંકમાં, જંગલ એ તેમની અર્થવ્યવસ્થામાં મહત્ત્વનો ભાગ હતો તે હવે વન ઘટી જવાથી અને વન પરના પ્રતિબંધથી મોટી સમસ્યા સર્જાઈ છે.

## આદિવાસીઓમાં જમીન ફેરબદલી

સૌ પહેલાં બ્રિટિશ શાસનકાળ દરમિયાન આદિવાસીઓના આર્થિક ઉત્થાન માટેનો પ્રશ્ન ઊભો થયો હતો. આ પહેલાં મરાઠા અને મુસ્લિમ શાસન દરમિયાન તેઓ જંગલો અને ડુંગરોમાં એકલવાયું જીવન જીવતા હતા. બ્રિટિશ શાસન દરમિયાન આદિવાસી વિસ્તારોને રાજકીય અંકુશ અને બહારના વહીવટકર્તાઓના નિયમન નીચે મૂકવામાં આવ્યા. આદિવાસી વિસ્તારોમાં રસ્તાઓ અને વાહનવ્યવહારનાં સાધનોની સગવડ વધતાં આદિવાસી શાહુકારો, વેપારીઓ, જંગલ કૉન્ટ્રેક્ટરો અને સરકારી અમલદારોના હાથે શોષણ થવા લાગ્યું. આ શોષણને પરિણામે આદિવાસીઓની જમીનો તેમના હાથમાંથી ઝૂંટવાઈ ગઈ. જમીનદારી અને રૈયતવારી બન્ને પદ્ધતિ દેશમાં હતી તેમાં બ્રિટિશરોએ ગુજરાતમાં રૈયતવારી પ્રથા દાખલ કરી અને ખેડનારને માલિક બનાવ્યા. પરંતુ રૈયતવારી પ્રથામાં વારસાગત જમીનમાલિકો અને ખેડૂતો વચ્ચેનો કોઈ તફાવત જણાવવામાં આવ્યો નહોતો. આને લીધે મૂળ જમીનમાલિકોના હાથમાંથી જમીનો સરકી ગઈ. જ્યારે બીજી તરફ વસ્તીના દબાણને કારણે ખેડવા લાયક જમીનની માંગ વધવા લાગી. આને લીધે જમીનની સાંથ વધી અને આદિવાસીઓ દેવાદાર થવા લાગ્યા. એટલે કે આદિવાસીઓ પોતાની જમીન શાહુકાર અને વેપારીને ત્યાં ગીરો મૂકી અને ધીમે ધીમે જમીન ગુમાવતા ગયા. આમ આદિવાસી વિસ્તારોમાં જમીન અપહરણના પ્રવાહને લીધે અન્ય બિનઆદિવાસી સમુદાયો પણ આદિવાસી વિસ્તારમાં જવા માટે આકર્ષાયા અને તે વિસ્તારોમાં સ્થાયી બન્યા.

વીસમી સદીની શરૂઆતમાં બ્રિટિશરોએ નવી કરનીતિ “મદ્રાસ પ્રથા” દાખલ કરી હતી. આ નીતિની શરૂઆત પહેલાં આદિવાસીઓને દારૂ અને તાડી ગાળવાની છૂટ હતી. આ કાયદા દ્વારા આદિવાસીઓના દારૂ ગાળવા પર અંકુશ મૂકવામાં આવ્યો અને દારૂના વેચાણના પરવાના બિનઆદિવાસી વેપારીઓને અપાયા. આ રીતે સરકારે શોષણનો રસ્તો ખોલી દીધો. તેમની પાસે પૈસા નહોતા અને નાણાં વિનિમય દ્વારા તેમનું શોષણ થવા લાગ્યું.

ગુજરાતમાં જમીનધારણ હક્ક અને કાયદાકીય સવલતો –

૧૯૬૦ સુધી ગુજરાત રાજ્ય મુંબઈનું દ્વિભાષી રાજ્ય હતું. ગુજરાત અલગ થયા પછી પણ મુંબઈ જમીનમહેસૂલ ધારો–૧૮૭૯ કેટલાક સુધારાવધારા સાથે અમલમાં રહ્યો. ૧૯૯૭ના અનુસૂચિત જનજાતિના કમિશનરના તૈયાર થયેલ વાર્ષિક અહેવાલ પ્રમાણે શિડ્યૂલ એરિયાના આદિવાસી ખેડૂતોની જમીનમાલિકીની તબદીલીના ૧૮૭૯ મનાઈ હુકમો આપવામાં આવેલ કે જેમાં હજુ સુધી અધિકારીની પરવાનગી વગર સંબંધિત કાયદાની રૂએ પતાવટ થઈ શકી નથી. રાજ્ય સરકારે મુંબઈ મહેસૂલ ધારો–૧૮૭૯ને નવા સુધારા સાથે ૭૩એમાં ૭૩ એએ, ૭૩ એબી, ૭૩એસી અને ૭૩ એડીને ઉમેરી વધારો કર્યો છે, આ નવા સુધારાએ કલેક્ટરોની સત્તામાં વધારો કર્યો છે. અને આદિવાસીઓની બિનઆદિવાસીઓની સાથેની જમીન તબદીલી અમાન્ય જાહેર થવાની સત્તા આપી, મુંબઈ જમીન ધારા પ્રમાણે જમીન તબદીલીનો ભંગ કરવા બાબતે ઉપર્યુક્ત સુધારો તા.૧–૨–૧૯૮૧થી અમલમાં છે. આદિવાસીઓની ખેત માલિકી ધરાવતા જમીન કલેક્ટરની મંજૂરી વિના કોઈના નામે તબદીલ કરી શકાશે નહીં. (પટેલ અરુણ, ૨૦૧૦:૪૨–૪૫)

અનધિકૃત તબદીલ જમીનધારણ હક્ક અંગે ડેપ્યુટી કલેક્ટર અને તેમના હાથ નીચેના અધિકારી વર્ગ સાથે સંલગ્ન પાંચ વિભાગોની દોરવણી હેઠળના સ્ટાફની નિમણૂક કરી છે. બિનઅધિકૃત રીતે જમીન ફેરબદલીના કિસ્સાઓ શોધી કાઢવા તથા મૂળ માલિક આદિવાસી હોય તેને જમીન પાછી અપાવવાની કાર્યવાહી માટેની તમામ

સત્તાઓ તેમને આપવામાં આવી છે. આ માટે મુંબઈ મહેસૂલ ધારો ૧૮૭૯ અને તેની પેટા કલમો છે. આવી કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં બિનઆદિવાસીઓએ આ બાબતમાંથી (કાયદાની) છટકવાની વિવિધ તરકીબો શોધી કાઢી છે.

ગુજરાત સરકારે ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૧થી મહત્ત્વપૂર્ણ સુધારો કર્યો છે. જે મુજબ ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસીઓની માલિકીની જમીનની તબદીલી અથવા ફેરબદલી કલેક્ટરની મંજૂરી વગર કરવા મનાઈ કરી છે. આ સુધારાઓ BLRC કલમ ૭૩એએ, ૭૩એબી, ૭૩એસી અને ૭૩ એડીમાં સમાવિષ્ટ છે.

૧૮૭૯ની BLRCમાં અને ૧૯૭૨ના ગુજરાત જમીનમહેસૂલ નિયમોમાં સુધારા –

૧૯૮૧માં ગુજરાત સરકારે BLRCમાં સુધારા સૂચવ્યા અને નવી કલમો–જમીન હક્ક સંપાદન કલમ ૭૩એ અન્વયે નીચેની પેટા કલમો છેઃ

૧. ૭૩એ – તબદીલ કરવાની સત્તા પર મનાઈ લાવવા બાબત.
૨. ૭૩એએ – આદિવાસીઓની જમીન આદિવાસીઓ તથા આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓ પાસે તબદીલ થતાં મનાઈ.
૩. ૭૩ એબી – પોતાની માલિકીની જમીન ગુજરાત સરકાર અને કેટલીક સંસ્થાઓ માટે ગીરો મૂકવા બાબતે મનાઈ.
૪. ૭૭ એસી – સિવિલ કોર્ટમાં આ વિષયે ન્યાય સંવિધાન સહારો લઈ શકાશે નહીં.
૫. ૭૩ એડી – દસ્તાવેજોના રજિસ્ટ્રેશન–નોંધણી પર મનાઈ.

આદિવાસીઓની જમીન ફેરબદલી અટકાવવા ગુજરાત સરકારે લીધેલ પગલાં –

અનધિકૃત રીતે આદિવાસીઓની જમીન પડાવી લેવામાં આવતી હતી. તેવા કિસ્સાઓ શોધવા માટેની સત્તા જે જિલ્લાના નાયબ કલેક્ટરશ્રીઓને આપવામાં આવી હતી અને તે ઉપરાંત એવી પણ સત્તા આપવામાં આવી હતી કે આદિવાસીઓની જમીન પરનો અન્ય કોઈનો કબજો છોડાવી મૂળ આદિવાસી ખેડૂત/માલિકને તે જમીન પાછી અપાવી શકે આ યોજના અંતર્ગત માર્ચ ૨૦૦૧ સુધીના મુકદ્દમા નીચે મુજબ હતા :

**કોષ્ટક–૨**

**જમીનના દાવાઓ**

| ક્રમ | વિગત | કુલ કિસ્સાઓ (સંખ્યામાં) | કુલ જમીન (એકરમાં) |
|---|---|---|---|
| ૧. | શોધાયેલ કુલ કેસ | ૪૭,૯૨૬ | ૧,૪૦,૩૨૪.૩૭ |
| ૨. | જે કેસોનો નિકાલ થયો તે | ૪૬,૬૨૧ | ૧,૩૬,૮૭૯.૧૪ |
| | (અ) આદિવાસીઓની તરફેણમાં | ૪૦,૨૮૧ | ૧,૨૦,૧૯૪.૧૯ |
| | (બ) આદિવાસીઓની વિરુદ્ધમાં | ૮૦૯ | ૩૮૪૯.૦૫ |
| ૩. | જે મુકદ્દમા આદિવાસીઓની જમીન પાછી આપવામાં આવી છે તે | ૩૯,૫૦૩ | ૧,૧૮,૨૫૯.૨૬ |
| ૪. | કાઢી નાંખવામાં આવેલ મુકદ્દમા | ૩૯૦૭ | ૯૭૯૧.૨૦ |
| ૫. | માર્ચ ૨૦૦૧ સુધીમાં વણઉકેલાયેલા | ૧૧૭૧ | ૩૫૯૭.૦૦ |

(સ્રોત : આદિવાસીઓમાં જમીન ફેરબદલી, ૨૦૧૪ – શ્રી અરુણ પટેલ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ)

ધ્યાન દોરે તેવી બાબત એ હતી કે ગુજરાતમાં આદિવાસી જમીન ફેરબદલી/ અપહરણના કિસ્સાઓને શોધી તેનો રેકર્ડ બનાવવા માટે વિસ્તાર મુજબ તકેદારી જૂથો બનાવવામાં આવેલ જે આવા કિસ્સાઓ સંદર્ભ કાર્યાન્વિત હતાં. આને કારણે જમીન અપહરણના કિસ્સાઓ શોધી તેની નોંધણી/રજિસ્ટ્રેશન કરવામાં આવેલ. આ તકેદારી જૂથો જે તે વિસ્તારનાં આદિવાસી ગામોની મુલાકાત લઈ લોકોને મળીને જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી સ્થળ પરની જાત–ચકાસણી દ્વારા યોગ્ય કાર્યવાહી કરતા. આદિવાસીઓની જમીન પરત અપાવવાના સંદર્ભે જોઈએ તો શોધી કઢાયેલ અપહરણ જમીનના ૭૬ ટકા જમીન જે તે આદિવાસીઓને પરત આપવામાં આવી હતી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે, મહેસૂલ વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક: અજદ/૨૧૯૮/૩૦૫/જ.૧, તા.૨૨–૧૨–૧૯૯૮ દ્વારા જમીનમહેસૂલ કાયદાની કલમ–૭૩એએના નિયંત્રણ હેઠળની જમીનો પૂર્વ મંજૂરી મેળવી વેચાણ કરવાની પરવાનગી આપવા અંગેના કેસોમાં માર્ગદર્શન આપવા અંગેનો પરિપત્ર આ મુજબ હતો.

ઉપરોક્ત વિષયના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત અધિનિયમ નં.૫, ૧૯૯૮થી જમીનમહેસૂલ સંહિતાની કલમ ૭૩એએમાં સુધારો કરી ફક્ત આદિજાતિ વિસ્તારો પૂરતી આ કલમ હેઠળની સત્તા જિલ્લા પંચાયતોને આપવામાં આવી છે.

જમીનમહેસૂલ કાયદામાં થયેલા આ સુધારા અન્વયે જમીનમહેસૂલ નિયમ–૫૭(એલ)ની પેટા કલમમાં જરૂરી સુધારો કરવાનો થાય છે. આ સુધારો કરવાની કાર્યવાહી વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગના પરામર્શમાં ચાલુ છે. આ કાર્યવાહીમાં સમય જાય તેમ છે. નિયમોમાં સુધારો ન થાય ત્યાં સુધી કાયદામાં થયેલા સુધારા મુજબની કાર્યવાહી કરવાનું શક્ય ન બનતાં આદિજાતિ વિસ્તારોની જમીનમહેસૂલ કાયદાની કલમ–૭૩ એએના નિયંત્રણ હેઠળની જમીનોની નિકાલની કાર્યવાહી કઈ રીતે ચાલુ રાખવી તે અંગે વિચારણા કર્યા પછી સરકારે નીચે મુજબનો નિર્ણય લીધો છે :

"જમીનમહેસૂલ નિયમોના નિયમ–૫૭ (એલ) હેઠળના પેટા નિયમમાં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી ચાલુ હોઈ તે કાર્યવાહી પૂરી થાય તે સમય દરમિયાન આદિજાતિ વિસ્તારની જમીનમહેસૂલ કાયદાની કલમ–૭૩એએના નિયંત્રણ હેઠળની જમીનોની પૂર્વ મંજૂરીની દરખાસ્તો પરત્વે નિયમોમાં હાલ જે જોગવાઈ છે તે ચાલુ રહેતી હોઈ તે જોગવાઈ મુજબ કાર્યવાહી કરવી."

ઉપરોક્ત નિર્ણય મુજબ જમીનમહેસૂલ સંહિતાની કલમ–૭૩એએથી નિયંત્રિત જમીનોની તબદીલી અંગેની આદિજાતિ વિસ્તારની જે દરખાસ્તોનો નિકાલ કલેક્ટરશ્રીના અધિકાર ક્ષેત્રમાં આવતો હોય તેવી દરખાસ્તોનો કલેક્ટરશ્રીએ તાકીદે નિકાલ કરવો. જે દરખાસ્તો પરત્વે સરકારના હુકમો મેળવવાના થતા હોય તેવી દરખાસ્તો તાકીદે સરકારમાં નિર્ણય માટે રજૂ કરવાની રહે છે. આ મુજબની કાર્યવાહી સત્વરે થાય તે માટે લાગતા વળગતા તમામને સૂચના આપવા આથી સઘળા કલેક્ટરશ્રીઓને જાણ કરવામાં આવે છે.

તે જ રીતે તા. ૫–૪–૨૦૦૦ના પરિપત્ર ક્રમાંક અદજ–૩૩૯૯/૧૬૬૦–જ દ્વારા લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩એએ આદિવાસી કબજેદારોની વારસાઈથી મળેલ સ્વઉપાર્જિત જમીનોની તબદીલી અંગે ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે સરકારી પરિપત્ર આ મુજબનો હતો.

સરકારના આ વિભાગના તા.૧૮–૩–૧૯૯૯ના જાહેરનામા નંબર ધમ/૯૯/૮/એમ/અદજ/૯૨–સીએમ/૩–જ.૧ અન્વયે જમીનમહેસૂલ નિયમોના નિયમ ૫૭ એલ(૩) પછી નવો નિયમ ૫૭ એલ (૪) ઉમેરવામાં આવેલ છે. પ્રસ્તુત નવા નિયમ મુજબ આદિવાસી કબજેદારે તેમની જમીન પોતાના નાણાકીય સ્રોતો દ્વારા કોઈ બિનઆદિવાસી પાસેથી ખરીદી હોય તો તેવી જમીનોની તબદીલીની

પરવાનગી આપવાના અધિકારો કલેક્ટરશ્રી અથવા શિડ્યૂલ એરિયાની આવી જમીનો માટે જિલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે, જો કે આદિવાસી કબજેદારને ગ્રાન્ટ કરેલ તબદીલી માટે આ જોગવાઈ લાગુ પડતી નથી. ઉપર મુજબની સ્વઉપાર્જિત જમીનના ધારણકર્તા આદિવાસી કબજેદારને આ જમીન તેમના પૂર્વજો દ્વારા વારસામાં મળી હોય તો ઉપરોક્ત નવા નિયમની જોગવાઈનો લાભ મળે કે કેમ તે અંગેની બાબતે સ્પષ્ટતા જરૂરી જણાતાં આ અંગે સરકાર દ્વારા કાળજીપૂર્વકની વિચારણા કરતાં સ્પષ્ટતા કરવાની કે આદિવાસીના પૂર્વજોએ જો જમીન કોઈ બિનઆદિવાસી પાસેથી તેમના પોતાના નાણાકીય સ્રોતો દ્વારા ઉપાર્જિત કરેલ હોય અને તેવી જમીન ક્રમશ: સળંગ રીતે હાલના આદિવાસી કબજેદાર પાસે વારસાઈ હક્કે તે જમીન મળેલ હોય તો પણ તે આદિવાસી કબજેદારને તે જમીનોને તબદીલ કરવાની થાય તો ઉપરોક્ત તારીખ ૧૮–૩–૧૯૯૯ના જાહેરનામાથી નવા ઉમેરાયેલ નિયમની જોગવાઈઓ પ્રમાણે જણાવેલ સક્ષમ અધિકારીશ્રીઓની પૂર્વ મંજૂરી મેળવીને તબદીલ કરવાની રહે છે. આવા કિસ્સાઓમાં રેકર્ડમાં સચોટ અને ચોકસાઈપૂર્વક જરૂરી ચકાસણી કરીને ઉપર મુજબની કાર્યવાહી કરવા તમામ કલેક્ટરશ્રીઓ/ જિલ્લા પંચાયતોને આથી જણાવવામાં આવે છે. ઉપરોક્ત હુકમો આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

સને ૧૮૭૯ના મુંબઈ જમીનમહેસૂલ અધિનિયમની કલમ ૭૩એએ તથા ૫૭ એલ મુજબ પરવાનગી ન મળવાનાં કારણો –

૧. વેચાણ લેનાર બિનખેડૂત હોવાથી.
૨. જમીન વેચાણ કરવા માગતા ન હોવાથી.
૩. જમીનની વેચાણ કિંમત ઓછી હોવાથી વેચનાર આદિવાસીનું શોષણ થતું હોવાથી.
૪. અદલાબદલીવાળી જમીન જુદા જુદા સત્તા પ્રકારની છે. ક્ષેત્રફળ પણ જુદું છે.
૫. જમીનનું વેચાણ થતાં અરજદાર બિનખેડૂત થઈ જાય છે.
૬. સૂચિત રહેણાકની સોસાયટીનું જિલ્લા રજિસ્ટ્રાર પાસેથી નોંધણી પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
૭. અરજદારશ્રી તરફથી જરૂરી માહિતી હદ પુરાવા રજૂ થયા નથી. પરવાનગી મેળવવા માટે રસ લેતા નથી.
૮. અરજદાર આદિવાસી પોતે જ પોતાની જમીનમાં રહેણાકનું મકાન બાંધનાર હોવાથી ૭૩ એએનું નિયંત્રણ યથાવત્ રાખી બિનખેતીની પરવાનગી મેળવી કાર્યવાહી કરી શકે છે.
૯. અરજદારશ્રી સતત ગેરહાજર રહેતા આવેલા છે.
૧૦. જમીન બૅંક/સહકારી મંડળીના બોજવાળી છે.
૧૧. જમીનમાલિક વેચાણ લેનાર જ પાવર ઑફ એટર્ની આપેલ છે. વેચાણ વ્યવહાર શંકાસ્પદ છે.
૧૨. જમીન ટાઇટલ ક્લિયર ન હોવાથી.
૧૩. જમીન સહમાલિકી સગીર હોવાથી.
૧૪. જમીન સંપાદન હેઠળ હોવાથી.
૧૫. ગૃહફાઇનાન્સ બોર્ડમાંથી લોન લેવા માટે ગીરો મૂકવાની પરવાનગી આપવાની જોગવાઈ નથી.
૧૬. જમીન વેચાણના કારણ ૧૯૭૨ના જ.મ.નિયમોના નિયમ ૫૭ (એલ) સાથે સુસંગત ન હોવાથી.
૧૭. જમીન પરવાનગી મળે તે પહેલાં તબદીલ થયેલ હોવાથી.
૧૮. જમીન મૌખિક કરારથી/મોંઢાના કરારથી તબદીલ થયેલી હોવાથી.
૧૯. ૭૩ એએ નિયંત્રિત સત્તા પ્રકારવાળી જમીન ગુજરાત રૂરલ હાઉસિંગ ફાઇનાન્સ કો.-ઓ.માં ગીરો મૂકવા પરવાનગી આપવાની જોગવાઈ નથી.

૨૦. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની આપેલી બિનખેતીની પરવાનગીની શરતોનો ભંગ થતો હોવાથી.

૨૧. કાનૂની જોગવાઈ મુજબ આદિવાસી ખાતેદાર ખેતીની જમીન બિનઆદિવાસીને તબદીલ કરી શકે નહીં.

૨૨. ધી ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ (આઠમો સુધારો) નિયમ ૧૯૯૯માં જોગવાઈ ન હોવાથી.

૨૩. સને ૧૯૭૨ના ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ નિયમ ૫૭(એલ)માં તથા પેટા નિયમોમાં જોગવાઈ ન હોવાથી.

૨૪. પરવાનગી આપવાની બાબત જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી.

રાજ્યની અનુસૂચિત જનજાતિઓ એટલે કે આદિવાસીઓ અને તેની અર્થવ્યવસ્થાને જળ, જમીન, જંગલના હક્કો સાથે ગાઢ સંબંધ છે. અને આમાં દિન–પ્રતિદિન કેટલીક સમસ્યાઓ વધતી–ઓછી દેખાય છે. તેમાંથી જમીનવિષયકમાં ખાતેદારો ઘટતા જાય છે. સાથે આદિવાસી ખાતેદારો પાસેથી જમીન ઘટતી જાય છે. જમીન ઘટવાનાં મુખ્ય બે કારણો છે – (૧) જમીન વેચવાથી અથવા બીજાને ગમે તે રીતે આપવાથી જમીન ઓછી થાય છે. (૨) વારસાઈની રીતે જમીનના ભાગલા પડવાથી જમીનના બટવારા થાય છે. આમ આદિવાસી વિસ્તારની જમીન આદિવાસીઓ પાસેથી ઓછી ન થાય તે માટે સરકારે ૧૯૮૧થી ૭૩ એએની કલમ દ્વારા પ્રતિબંધ મૂક્યો છે. છતાં એક યા બીજા પ્રકારે જમીન તબદીલ થયાના કિસ્સાઓ નોંધાયા છે. તો તે કેવી રીતે બને છે, કેવા સંજોગોમાં થાય છે, આવી જમીન કોણ લે છે વગેરે બાબતો સમસ્યારૂપ જાણવા જેવી છે.

આર્થિક વિકાસની પ્રક્રિયાને લીધે આદિવાસીઓના જમીન અને જંગલો પરના રૂઢિગત હક્કો ધીમે ધીમે નાબૂદ થયા છે. જ્યારે એક બાજુએથી પરાપૂર્વથી એમના સાંસ્કૃતિક જીવનના મોટા ભાગના વ્યવહારો જમીનની આસપાસ રચાયેલા છે. ત્યારે બીજી બાજુએ કાયદાની છટકબારીએ અને ધારાઓના ખામીયુક્ત અમલને લીધે તેમ જ વેપારીઓ અને શાહુકારોનાં શોષણોને લીધે આદિવાસી ખેડૂતો જમીન પરના પોતાના ભોગવટા હક્ક ગુમાવી રહ્યા છે. પરાપૂર્વથી ચાલી આવતી તેમની માન્યતા મુજબ ધરતીમાતા જ તેમનું પોષણ કરે છે, જમીન તેમને સલામતીની ભાવના આપે છે, અને સાથોસાથ આજીવિકાનું સાધન પણ પૂરું પાડે છે, ઘણી આદિમજાતિઓ આજે પણ જમીનને માત્ર એક આજીવિકાનું સાધન ગણતી નથી પરંતુ પોતાના જીવનનું એક અગત્યનું અંગ માને છે. આમ આદિવાસી વિસ્તારોમાં સૌથી વધારે અગત્યનો પ્રશ્ન તેમની જમીન પરની માલિકી એટલે કે જમીન પરના હક્ક અને ભોગવટાનો છે. આ સમસ્યા માત્ર આર્થિક કે રાજકીય નથી પરંતુ ઘણી પાયાની છે કે જ્યાં આર્થિક, સામાજિક, રાજકીય તેમ જ નૈતિક પાસાંઓને પણ ધ્યાનમાં લેવા ઘટે. સદ્ભાગ્યે કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ આ ગંભીર સમસ્યાને રોકવા અને આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં જતી રોકવા માટેના ધારાઓ અને (૨) આદિવાસીઓને જમીન માલિકી હક્ક આપવા માટે અને જાળવવા અંગેના ધારાઓ.

ગુજરાત રાજ્યમાં પણ આદિવાસીઓની જમીન હક્કની જાળવણી અંગે વખતોવખત જુદા જુદા ધારાઓ ઘડવામાં આવ્યા છે. ૧લી એપ્રિલ ૧૯૫૭થી "ખેડે તેની જમીન"નો કાયદો થયા પછી અનુસૂચિત જનજાતિઓના ઘણા લોકો જમીન-માલિક બન્યા છે. પરંતુ વાસ્તવમાં જમીન બિનઆદિવાસી લોકોના હાથમાં એક યા બીજી રીતે જતી રહી હોય તેવું પણ બન્યું છે અને બનતું રહે છે. જમીન ધારાઓમાં છટકબારીઓ અને તેના અમલની નબળાઈઓને લીધે આમ બનવા પામ્યું હોય એવો સંભવ છે.

ગુજરાત રાજ્યના દરેક વિસ્તારમાં કે જ્યાં મુંબઈ રાજ્યનો ગણોતધારો અને ખેતીવિષયક ધારો લાગુ પડે છે, તેવા વિસ્તારમાં કોઈ પ્રકારની ખેતીવિષયક જમીન બિનખેડૂતને નામે ફેરબદલી કરી શકાય નહીં. રાજ્યના ૧૯૬૧ના કાયદા હેઠળ

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને આપવામાં આવેલ પડતર સરકારી જમીન કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય બીજાના નામે ફેરબદલી કરી શકાય નહીં. મુંબઈ જમીનમહેસૂલ કાયદો ૧૮૭૯ હેઠળ રાજ્ય સરકારે ૧૯૬૧માં અનુસૂચિત વિસ્તાર માટે એક જુદી નિવેદિતા (Notification) બહાર પાડેલ. આ નિવેદિતા મુજબ અનુસૂચિત વિસ્તારનાં ગામોમાં અનુસૂચિત જનજાતિના લોકો તેમની ખેતીવિષયક જમીન બિનઆદિવાસી લોકોને વેચાણ, ગીરો કે બક્ષીસ આપી શકતા નથી. વેચાણ, ગીરો કે બક્ષીસ આપતા પહેલાં કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવવાની શરત છે. કેટલાક સંજોગોમાં આવી મંજૂરી આપવામાં આવે છે

## પ્રવર્તમાન પડકારો –

બજાર આધારિત ખેતીના વિકાસે કૃષિ ક્ષેત્રે શેરડી, કપાસ, તમાકુ, શાકભાજી, ફૂલ, ફળફળાદિ જેવા રોકડિયા પાકોના વાવેતરને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને આ કારણે જમીનની માંગ અને કિંમતમાં વધારો થયો. રાજ્યના ઔદ્યોગિક વિકાસને ૧૯૯૧ની નવી આર્થિક નીતિએ વેગ આપ્યો અને આદિવાસી વિસ્તારોની જમીનો અને કુદરતી સ્રોતોની માંગ વધારી. ભારત સરકાર ઉદ્યોગોનું વિસ્તૃતીકરણ પ્રક્રિયાનું અનુશાસન કરવા પ્રયત્ન કરી રહી છે. જેથી દેશના પછાત વિસ્તારોને પ્રોત્સાહન આપી શકાય. આમ નવી આર્થિક નીતિના અમલીકરણ માટે ગુજરાત સરકારે પણ સાહસિકોને પ્રોત્સાહન આપવા આદિવાસી વિસ્તારોમાં નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા પોત્સાહક પ્રયત્નો કર્યા છે. ઔદ્યોગિક સંસ્થાપન માટે ૩૧મી માર્ચ, ૧૯૮૩થી આદિવાસી વિસ્તારોમાં સહાય ઉપરાંત રાહતના દરે રાષ્ટ્ર તરફથી મળતી નાણાકીય સહાય મેળવવા પાત્ર છે. આમ આદિવાસી વિસ્તારની ખેતીની જમીનમાં ઉદ્યોગો તથા વ્યાપારીકરણને પરિણામે અને સિંચાઈ યોજનાઓના હેતુઓ સિદ્ધ કરવામાં આદિવાસીઓ પોતાની જમીન પરના હક્કો ગુમાવતા ગયા છે. જમીન અને જંગલો એ બંને આદિવાસીઓ માટે આજીવિકાના હાથમાં મોટા પાયે સરકતી રહી છે. જે વસતિગણતરીના અહેવાલો જોવાથી ખ્યાલ આવશે, આદિવાસીઓની જમીન ફેરબદલી અથવા તબદીલી માટે કેટલાંક જવાબદાર પરિબળો છે. જેમાં,

૧. દેવાની સરભર કરવાના હેતુથી નાણાં ધીરનાર અને શ્રીમંત આદિવાસીઓ, ગરીબોની જમીન પર માલિકી હક્ક પ્રાપ્ત કરી લે છે.
૨. જમીન આધારિત યોજનાકીય લાભ મેળવવા ખેતવિષયક મંડળીઓ, અને બૅંકો દ્વારા જે દેવાં કરવાં પડતાં હતાં અને તેના સરભર પેટે આદિવાસીઓની જમીનનું જાહેર લિલામ થતું હોય છે.
૩. ખાનગી લોકોને નામે જમીન તબદીલ કરવા ઉપરાંત કેટલીક યોજનાઓના વિકાસ માટે સરકારે આદિવાસીઓની જમીનનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.

આદિવાસીઓની જમીન બિનઆદિવાસી કે શાહુકારો પાસે ન જાય તે માટે તા.૧–૨–૧૯૮૧થી નવો જમીનમહેસૂલ ધારો ૭૩એએ, ૭૩એબી, ૭૩એસી અને ૭૩એડી અમલમાં આવ્યો અને આવી જમીન તબદીલીના કિસ્સાઓને જે તે જિલ્લા કલેક્ટરની પરવાનગી વગર વેચી શકાય નહીં. આવા નિયંત્રણથી મોટા ભાગના કેસોમાં જમીન જતી અટકી શકી છે. પણ આવી કલમ કે ધારો હોવા છતાં કેટલીક છટકબારીઓ દ્વારા જે જમીન તબદીલ થાય છે તે અગણ્ય છે. જેમ કે નવી શરતની જમીન હોય તો તેને જમીનમહેસૂલ ધારાની કલમ ૪૩ અને ૬૩ની પરવાનગી મેળવવા માટે ૬૦ પટ પ્રીમિયમ ભરીને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવે છે. ત્યાર બાદ એન. એ. કરાવવામાં આવે છે. અને તે રીતે જૂની શરતવાળી જમીન તબદીલ થઈ શકે છે.

કેટલીક જગ્યાએ આદિવાસીઓની જમીનો બિનઆદિવાસીઓએ નજીવી રોકડ રકમ આપી ખાનગી દસ્તાવેજ પર લઈ લીધેલ હોય છે. રેકર્ડમાં આદિવાસીના નામે જમીન ચાલતી હોય છતાં પાછી જોઈતી હોય તો પણ તેઓને મળતી નથી. તેમાં ધાક, ધમકી, પોલીસ કેસ, મારામારી વગેરે થાય છે. આ ગરીબ, અભણ આદિવાસી પાસે

જમીન પાછી મેળવવા માટે કાનૂની કે પોલીસ કેસથી બચવા માટે પૈસા નથી, તેથી દશકાઓના દશકાઓ સુધી પોતાની જમીનનો ભોગવટો મળતો નથી. આ રીતે જમીન પચાવી પાડનારને જેલ/દંડ થવો જોઈએ તથા પોલીસ ખાતા તરફથી પણ આદિવાસીને પૂરતું રક્ષણ મળે તેવું ગોઠવવું જોઈએ. અત્યારે ઊલટું ચાલે છે. પૈસાના જોરે બિનઆદિવાસી ફરિયાદ કરે તો આદિવાસીની ધરપકડ કરી પૂરી દેવામાં આવે છે. તેને છોડાવવા માટેની પણ મુશ્કેલી છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૧૪માં આદિવાસીઓની જમીન ફેરબદલીના કિસ્સાઓ માટે કુલ ૧૨ જિલ્લાઓના ૧૨ તાલુકાઓ વધુ વસ્તીવાળા પસંદ કરવામાં આવ્યા હતા. આ ૧૨ તાલુકા નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે :

**કોષ્ટક–૩**

તાલુકાવાર જમીન પડાવી લીધેલા કિસ્સાઓની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં) –

| ક્રમાંક | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કિસ્સાઓ |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા | દાંતા | ૮ |
| ૨. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૯ |
| ૩. | પંચમહાલ | સંતરામપુર | ૧ |
| ૪. | દાહોદ | દાહોદ | ૭ |
| ૫. | વડોદરા | પાવીજેતપુર | ૩ |
| ૬. | નર્મદા | નાંદોદ | ૩ |
| ૭. | ભરૂચ | ઝઘડિયા | ૦ |
| ૮. | સુરત | માંડવી | ૨ |
| ૯. | તાપી | વ્યારા | ૫ |
| ૧૦. | નવસારી | ચીખલી | ૦ |
| ૧૧. | વલસાડ | કપરાડા | ૯ |
| ૧૨. | ડાંગ | આહવા–ડાંગ | ૨ |
| | કુલ | | ૪૯ |

(પટેલ અરુણભાઈ ૨૦૧૪:૭–૮)

૨૦૧૦માં આદિવાસી ખેડૂતોની જમીનની ફેરબદલી સંદર્ભે અભ્યાસ પૂર્વે તમામ જિલ્લા ક્લેક્ટરશ્રીઓ પાસેથી આવા કિસ્સાઓની વિગતો મંગાવી હતી. માત્ર બે જિલ્લાઓમાં એટલે કે ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાંથી આવા કિસ્સાઓ નોંધાયા હોય તેવું જાણવા મળેલ હતું. ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર તાલુકામાં ૪, વાલીયા તાલુકામાં–૧૩, ઝઘડિયા તાલુકામાં–૧ અને ભરૂચ તાલુકામાં–૧ આમ, કુલ ૧૯ કિસ્સાઓમાંથી ૧૪ કિસ્સાઓની જમીન ખાલસા કરી સરકારી પડતરે દાખલ કરવાના હુકમો દર્શાવે છે. તથા ૫ કિસ્સાઓમાં સુનાવણી બાકી હતી. નર્મદા જિલ્લામાં એક કિસ્સો નોંધાયો હતો જેના પર મનાઈ હુકમ દર્શાવેલ જોવા મળેલ. ટૂંકમાં, તમામ જિલ્લા ક્લેક્ટરશ્રીની કચેરીઓમાંથી જમીન તબદીલના કિસ્સાઓની વિગતો મેળવવા પ્રયત્ન કર્યો હતો.

૨૦૧૪–૧૫માં હળપતિ કુટુંબોનું હાઉસ ટુ હાઉસ સર્વેક્ષણ થયેલ. વસ્તીના ધોરણે હળપતિ જનજાતિ ગુજરાતમાં બીજા ક્રમે છે. જમીનવિહોણાનું પ્રમાણ ખૂબ મોટું છે. ટૂંકમાં જમીન ધરાવનાર કુટુંબો ઓછાં છે અને જમીન પણ ઓછી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં જમીન વેચાણ અથવા જમીન પડાવી લીધેલ બાબતોને આવરી લેતા આ સર્વેક્ષણ મુજબ જમીન ધરાવતાં કુટુંબોમાંથી ૩ કુટુંબોએ પોતાની જમીન વેચાણ કરેલ હતી તથા ૧૯ કુટુંબોની જમીન અન્ય વ્યક્તિઓ દ્વારા પડાવી લેવામાં આવેલ હતી.

અખબારી યાદીના સમાચારોમાં જોઈએ તો દિવ્ય ભાસ્કર, ૨૮ ડિસેમ્બર, ૨૦૧૩ સુરત આવૃત્તિમાં મોટા અક્ષરોમાં સમાચાર હતા કે "૭૩–AA ભંગના કેસોમાં રૂ. ૬૦૦ કરોડની પેનલ્ટી ! FIRમાં ગલ્લાંતલ્લાં, ૨૧ કેસોમાં કબજેદારો પાસેથી પેનલ્ટી વસૂલવા આદેશ, હાઇકોર્ટમાં કેસ થયા બાદ મહેસૂલી તંત્રની ઊંઘ ઊડી". ગુજરાત હાઇકોર્ટમાં ૭૩–AAના કયા કેસોમાં શું ફરિયાદ તે ૨૧ કિસ્સાઓની નામો સાથેની વિગતો પ્રસિદ્ધ થયેલ હતી. આ વિગતો જોતાં જમીન પરના પ્રતિબંધક ધારાઓ હોવા છતાં જમીન ફેરબદલીના કિસ્સાઓ બહાર પડતા દેખાય છે તે હકીકત છે.

(પટેલ અરુણભાઈ ૨૦૧૪:૨૩)

* * *

## સંદર્ભ–સાહિત્ય

૧. મસવી, મુસ્તાઅલી : ગુજરાતના આદિવાસીની અર્થવ્યવસ્થા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૩.

૨. પટેલ, અરુણ : આદિવાસી : કૌશલ્ય અને અભિવૃદ્ધિ, અમદાવાદ, ૨૦૧૦.

૩. પટેલ, અરુણભાઈ : આદિવાસીઓમાં જમીન ફેરબદલી, સંશોધન અહેવાલ : આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ, ૨૦૧૪.

# ૮. આદિવાસીઓ અને જંગલો



## બ્રિટિશરોના આગમન પહેલાંની પરિસ્થિતિ (૧૭૫૦ સુધી)

બ્રિટિશરોના આગમન પહેલાં જંગલો, જંગલ સંરક્ષણ અને આદિવાસી અભિન્ન હતાં.

સન ૩૨૦માં ઈ.સ. પૂર્વે સિકંદરે આક્રમણ કર્યું તે દરમિયાન જંગલોમાંથી પસાર થતાં તેને પારાવાર મુશ્કેલીઓ નડી તથા તેના લશ્કરે સામે કૂચ ધીમી પાડી દેવી પડી, તેવું ઇતિહાસે નોંધ્યું છે. મૌર્યકાળમાં અને તેમાંયે ખાસ કરીને અશોકના રાજ્યકાળ દરમિયાન જંગલો અને વન્યપ્રાણીઓ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું. જંગલમાં ગુનો થાય તો તે માટે સજા આપવાનો કાયદો ચંદ્રગુપ્ત મૌર્યના કાળમાં હતો.

આ ગાળા દરમિયાન જંગલોમાં વસતી જાતિઓ જ જંગલના માલિકો તરીકે રહેતા હતા, અને જંગલની વ્યવસ્થા કરતા હતા. આ જાતિઓના વ્યવહારો અને રૂઢિઓ તથા માન્યતાઓમાંથી જાણવા મળે છે કે જંગલનું રક્ષણ કરવાની તેમની પ્રાથમિક ફરજ ગણતા હતા. મોગલકાળમાં મોગલો બગીચાઓના અને શિકારના શોખીન હતા. અકબર પોતે વૃક્ષોનો ચાહક અને પૂજક હતો તેમ જ અહિંસાનો હિમાયતી હતો. મુસ્લિમ આક્રમણોને કારણે સ્થાનિક લોકો ડરીને જંગલોમાં નાસી ગયા હતા અને આશ્રય લીધો હતો. આ લોકો જંગલમાં રહેવા લાગ્યા ત્યારે આસપાસની જમીન સાફ કરીને રહેતા હતા. તે વખતે જરૂરિયાત ઓછી હતી. નિકાસ હતી નહીં, આથી જ્યાં જુઓ ત્યાં ગાઢ જંગલો જ હતાં. આમ બ્રિટિશરોના આગમન પહેલાં ઓછી વસ્તી અને ઓછી જરૂરિયાત હોવાને કારણે, ખોરાક, બળતણ, લાકડું, ઘાસ, રેસા અને વનપેદાશો જોઈએ તેટલાં મળતાં હતાં. (મિનાક્ષી ઠાકર, ૨૦૦૪:૧૭૬)

જંગલો સૌની સહિયારી મિલકત હતી. જંગલમાં વસતા આદિવાસીઓ માટે તો જંગલ તેમનું સર્વસ્વ હતું. આમ આદિવાસીઓ અને જંગલો અભિન્ન હતાં. બહારની દુનિયાથી અલગ, સ્વતંત્ર સહઅસ્તિત્વ સાથે જીવતાં હતાં.

પહેલાંના સમયમાં ઓછી જરૂરિયાત હોવાને કારણે રાજ્યનું નિયંત્રણ પણ નહોતું. પરંતુ પાછળથી લશ્કરી જરૂરિયાતને કારણે લાકડાંની અને હાથીની જરૂર પડી અને જંગલ પર નિર્ભર થવાનું આવ્યું ત્યારે થોડાંઘણાં નિયંત્રણો શરૂ થયાં. આથી ભારતનું જંગલ ગામડાના મુખી અને આદિવાસીઓના નિયંત્રણમાં આવ્યું.

ગુજરાતમાં જુદા જુદા જંગલ વિસ્તારના લોકોએ જુદી જુદી સામાજિક અને સાંસ્કૃતિક રૂઢિઓ વિકસાવી હતી, જે જંગલ પેદાશોના યોગ્ય ઉપયોગ માટે યોગ્ય માર્ગદર્શન આપતી હતી, જેવી કે :

૧. કુદરતી સાધનોનો બેફામ દુરુપયોગ ન કરવો જેથી જંગલ પેદાશો સતત મળતી રહે.
૨. વન્યપ્રાણીઓના શિકાર કરવામાં નિયંત્રણ.
૩. કેટલાક ધાર્મિક વૃક્ષોનું રક્ષણ – જેવાં કે પીપળો, વડ, ખીજડો વગેરે.
૪. સમગ્ર પર્યાવરણીય સમતુલાનું રક્ષણ : કેટલાંક જંગલો, તળાવો કે નદીઓના પટ્ટાને પૂરતું રક્ષણ આપવું. જેમ કે કેરળના દરિયાકાંઠા વિસ્તારમાં કેટલાંક વૃક્ષોનું સાપો દ્વારા રક્ષણ.

૫. કેટલાંક આદિવાસી ગામોમાં કુદરતી સંપત્તિનું નિયંત્રણ. જેમ કે એક કુટુંબદીઠ એક જ લાકડાંનો ભારો લેવા દેવો વગેરે.

આમ આ બધાં જાતે બનાવેલાં અને લાદેલાં નિયંત્રણો હતાં. છતાં જંગલની જમીન કે જંગલપેદાશનો ઉપયોગ કરવામાં આ નિયંત્રણો આડે આવતાં નહોતાં. જંગલમાં વસતી જુદી જુદી જાતિઓને એકબીજા પર પૂરતો વિશ્વાસ હતો. આ રૂઢિઓ કે નિયંત્રણો કેવી રીતે અમલમાં આવ્યાં તે ખબર નથી. પરંતુ અનુભવ અને લોકોની સમજણને કારણે તે સ્વીકારાયાં.

વળી જંગલમાં વસતા લોકો જાતે જ સહિયારા પુરુષાર્થથી જંગલની સંપત્તિને કુદરતી સંપત્તિ માની તેનું રક્ષણ કરતા હતા. બ્રિટિશ સમય પહેલાંનાં યાત્રા–પ્રવાસ વર્ણનોમાં આનો સારી પેઠે ઉલ્લેખ થયેલો છે.

જંગલો સૌની સહિયારી મિલકત હોવાને કારણે તેના રક્ષણ માટે આખો સમાજ ધ્યાન આપતો હતો. પરંતુ બ્રિટિશરોના આગમન બાદ આ ચિત્ર બદલાયું.

### બ્રિટિશ યુગ

મોગલ સામ્રાજ્યના પતન બાદ દેશના અનેક ભાગમાં લડાઈ ફાટી નીકળતાં કેટલાય લોકો પોતાની ખેતી છોડીને ગાઢ જંગલ વિસ્તારમાં જતા રહ્યા.

આના વિરુદ્ધમાં ઇંગ્લૅન્ડમાં પરિસ્થિતિ જોઈએ તો ઇંગ્લૅન્ડમાં જંગલોનો તદ્દન નાશ થઈ ગયો હતો. બ્રિટિશરોના આવ્યા પહેલાં ભારતમાં વિવિધ પાકો ખેતી દ્વારા લેવાતા હતા અને સ્થાનિક લોકોની જરૂરિયાત મુજબ તેમ જ પશુધનની જરૂરિયાત મુજબ પૂરતું ધાન મળી રહેતું હતું. પરંતુ ત્યાર બાદ કપાસ, શણ, ગળી અને ચા જેવા નવા પાકો લેવાવા માંડ્યા. તેમ જ સાગનું લાકડું ઉત્પન્ન કરીને ઇંગ્લૅન્ડ નિકાસ થવા લાગ્યું. બ્રિટિશરોને વહાણ બાંધવામાં સાગનું લાકડું બહુ જ મહત્ત્વ ધરાવતું હતું. બ્રિટનમાં તો સાગ અને ઓકનાં જંગલો સત્તરમી સદીમાં જ ખલાસ થઈ ગયાં હતાં. ભારતનો પશ્ચિમ કાંઠો ખાસ કરીને મરાઠા વહાણ વિભાગના વડાઓએ તેમના વહાણઉદ્યોગ માટે કોંકણ પટ્ટીમાં ૧૬૮૦ની સાલથી જ સાગ ઉગાડવાનું શરૂ કર્યું હતું. ભારત મહત્ત્વનું બ્રિટન સામ્રાજ્યનું અંગ હોવાથી બ્રિટનમાં જરૂરી એવો કાચો માલ પહોંચાડતું હતું અને બ્રિટિશ ત્યાંથી તૈયાર માલ કરીને એટલે કે વહાણો તૈયાર કરીને ભારતને અને અન્ય દેશને વેચતા હતા. આમ કાચો માલ લઈ જવા અને તૈયાર માલ ભારતમાં લાવવા બ્રિટિશે ભારતમાં રેલવેની શરૂઆત કરી. આના માટે ગાઢ જંગલ વિસ્તારમાંથી જ રેલવેલાઇન નાંખવાની શરૂઆત કરવામાં આવી. આમ જરૂરી ટિમ્બર મફત મેળવવા બ્રિટિશરોએ જંગલના રસ્તાઓ પોતે આરક્ષિત કરી લીધા. જે પહેલાં સમુદાયોના કબજામાં હતા. આના માટે ત્યાં વસતા સમુદાયોને કોઈ જાતનું વળતર આપવામાં આવતું નહોતું.

૧૯મી સદીના મધ્ય સુધી જંગલનાં આરક્ષણ માટે દુર્લક્ષ સેવવામાં આવ્યું. જંગલ દેશની આબાદીમાં કાંટારૂપ લાગવા માંડ્યાં હતાં અને જંગલોનો નાશ થાય તો ખેતીને લાયક જમીન વધે તથા આવકમાં વધારો થાય તેવું ગણિત બેસાડવામાં આવ્યું હતું. આ દરમિયાન સમગ્ર નીતિ અને ધ્યાન ખેતી તરફ જ કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. છતાં જંગલોમાં વસતા લોકોના હકો આરક્ષિત જ હતા.

આગળ જણાવ્યું તેમ ૧૬મી સદીના અંત સુધીમાં પશ્ચિમ યુરોપ આખું જંગલવિહીન થઈ ગયું હતું અને ઉત્તર યુરોપ બ્રિટનને લાકડું પૂરું પાડતું હતું. ૧૬૦૦થી ૧૭૦૦ એ.ડી. દરમિયાન આયર્લૅન્ડનાં જંગલો બ્રિટનની જરૂરિયાત પૂરી કરવા કપાઈ ગયાં હતાં. ઇંગ્લૅન્ડમાં ઓકનાં જંગલો અદ્રશ્ય થઈ ગયાં હતાં. આથી શાહી નૌસેના માટે અને સામ્રાજ્યના કિલ્લાના રક્ષણ માટે લાકડાંની દીવાલો ઊભી કરવાની જરૂરિયાત હતી. તે વખતે ભારતમાંના બ્રિટિશ સામ્રાજ્યવાદે વહાણોના બાંધકામ માટે અને નેપોલિયન સામેની બ્રિટનની

લડાઈમાં ટકવા માટે નૌસેનાને મજબૂત કરવા ભારતમાંથી લાકડું લઈ જવાનું નક્કી કર્યું હતું. મલબારમાંથી ૧૯૦૬માં જે લાકડું મળતું હતું તે સંરક્ષણના કામમાં અને આવક ઊભી કરવાના કામમાં આવતું હતું.

બ્રિટિશ શાસન હેઠળના જંગલ વિભાગનો વહીવટ બે કારણોસર સામ્રાજ્યવાદી વ્યૂહરચના પ્રમાણે રસ જળવાઈ રહે તેવો બન્યો. એક તો રેલવેનું વિસ્તૃતીકરણ અને પાછળથી બે વિશ્વયુદ્ધો દરમિયાન થતી જંગલની આવક. વળી, બ્રિટિશ શાસનની સ્વાવલંબી નીતિને પરિણામે જંગલખાતાએ પૂરતી આવક પણ ઊભી કરવાની હતી. પરિણામે ઉષ્ણકટિબંધનાં જંગલોની વિશિષ્ટ પેદાશોના વેચાણ માટે બજાર ઊભું કરવાનો પણ સતત પ્રયત્ન થયો હતો. પરંતુ જંગલોની અમુક પેદાશોના દસ ટકા જેટલું જ વેચાણ થઈ શકતું હતું. બીજી મુશ્કેલી સંદેશાવ્યવહારની હતી. ઘણાં જંગલોમાં કીમતી વનપેદાશો કરવા માટે મજૂરોની અછત હોવાને કારણે આ વનપેદાશો અન્ય સ્થળે મોકલી શકાતી નહોતી. (પ્રસાદ આર. આર. અને જહાંગીરદાર એમ.પી : ટ્રાઇબલ સિચ્યુએશન ઇન ફોરેસ્ટ વિલેજીસ, ૧૯૯૧, પા.૨)

જંગલનાં સાધનો તથા પેદાશો એકઠી કરીને અન્ય સ્થળે મોકલવા માટે નિયમિતપણે મજૂરો જોઈએ. આમ બ્રિટિશ શાસનની જરૂરિયાતને કારણે મજૂરોને વનમાં વસાવવાનું નક્કી કરવામાં આવ્યું. જંગલમાં કૂપ કાપવા, જંગલનાં કાર્યો માટે, કાયમી અને નિયમિતપણે મજૂરો મળી રહે અને જંગલમાં વસતા લોકોને રોજગારીની તકો પણ પ્રાપ્ત થતી રહે તે માટે વનવસાહતોની સ્થાપના કરવામાં આવી.

આ સદીની શરૂઆતના તબક્કાઓમાં વનવસાહતોની સ્થાપના કરવામાં આવી હતી. મળી આવતા દસ્તાવેજી પુરાવા પ્રમાણે સૌપ્રથમ વનવસાહતી ગામ બિહાર રાજ્યના સિંગભૂમ જિલ્લામાં ઈ.સ. ૧૯૦૫માં સ્થાપવામાં આવ્યું હતું. પાછળથી આ પ્રકારનાં સો કરતાં વધુ વનવસાહતી ગામો જરૂરિયાત પ્રમાણે દેશના જુદા જુદા ભાગોમાં સ્થાપવામાં આવ્યાં.

મહેસૂલી ગામોની સામાજિક, આર્થિક, રાજકીય અને વહીવટી પદ્ધતિઓના કારણે વનવસાહતી ગામો તેનાથી જુદાં પડે છે. સાતમી પંચવર્ષીય યોજનાના આદિજાતિ વિકાસના વર્કિંગ ગ્રૂપના અહેવાલ પ્રમાણે લગભગ બે લાખ જેટલાં આદિવાસી કુટુંબો ૫૦૦૦ જેટલાં વનવસાહતી ગામોમાં વસે છે. (રિપોર્ટ ઑફ ધ કમિટી ઑન ફોરેસ્ટ્રી પ્રોગ્રામ્સ, ૧૯૮૪, પા.૨૯)

પહેલેથી જ જંગલોમાં વસતા લોકોના સમૂહની એક વસાહત બનાવીને વનવસાહત ઊભી કરવામાં આવતી હતી અથવા જ્યાં લોકો રહેતા ન હોય ત્યાં તે સ્થળે જંગલમાં કે બહાર ક્યાંય પણ લોકોને વસાવીને વસાહત ઊભી કરવામાં આવી હતી.

## આદિવાસી વસ્તી, વિસ્તાર અને વિકાસ યોજનાઓ

વનવસાહત એટલે માત્ર વનમાં જ વસાહત ઊભી કરીને મજૂરોને વસાવવા એ જરૂરી નહોતું. પરંતુ જંગલખાતાને નિયમિત રીતે જંગલનાં કામ માટે મજૂરોનો પુરવઠો મળી રહે તે માટે વસાવવામાં આવેલી વસાહતોને વનવસાહત કહેવાતી. (પ્રસાદ અને જહાંગીરદાર, ૧૯૯૧, પા.૨) ખાસ તો જ્યારે જંગલોમાં આગ ફાટી નીકળે અથવા કુદરતી આફતો સામે ટક્કર લેવાની હોય ત્યારે જંગલ મજૂરોની જરૂર પડતી. આમ જંગલમાંના આવા પ્રશ્નો હલ કરવા નાનાં નાનાં પોકેટ્સ–વનવસાહતી ગામો ઊભાં કરવામાં આવ્યાં.

શરૂઆતમાં તો જંગલનાં કામો માટેનાં આવાં ગામો એ હંગામી મજૂર કૅમ્પ જ હતા. વ્યક્તિઓને હંગામી ધોરણે કાચું મકાન ઊભું કરવા દેવામાં આવતું હતું. ઘરની આસપાસ અનાજ ઉગાડીને તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. આમ, આવા

ખેડાણના ઉપયોગમાં આવતી જમીનો પણ આરક્ષિત જંગલમાં જ આવી જતી, પણ આવું વસેલું ગામ જંગલ કામો પૂરાં થઈ જતાં ઉપાડી લેવામાં આવતું અને જ્યાં કામ ચાલતું હોય ત્યાં ફરી આવું ગામ વસાવવામાં આવતું.

જંગલમાં જો કે સળંગ કૂપ કાપવાનું કામ આવા મજૂરોને મળતું નહીં. આથી આવા મજૂરોને પોતાનું ગુજરાન ચલાવવા ખેતી કરવા દેવામાં આવતી. વસાહતીઓ આરક્ષિત જંગલમાં જ પોતાનું ઘર વસાવતા અને ખેતી પણ કરતા. ઘર, ખેતીની જમીન, આગળનો વાડો, ચરાણની જગ્યા વગેરે જંગલમાંથી તેઓ મેળવતા.

જંગલમાં વસતા દરેક કુટુંબમાંથી એક કે બે વ્યક્તિઓને જંગલમાં કામ આપવામાં આવતું હતું. વળી જંગલનાં કામ માટેનો વેતનદર અને અન્ય શરતો પણ નક્કી કરી લેવામાં આવી હતી. નક્કી કરેલ શરતોમાં આવા વસાહતીઓને ખેતી માટે જમીન આપવામાં આવતી, પરંતુ ખેતીની જમીન ખેડવાનો હક માત્ર એક જ વર્ષ માટે રહેતો. ખેતી ખેડવા માટેનો આ હક દર વર્ષે રિન્યુ કરવો પડતો. જમીન ખેડનારાઓને જમીન ઉપર કાયમી હકો મળતા નહોતા. જંગલમાં વસતાં કુટુંબો અને વનવસાહતી ગામોની આ પદ્ધતિ અને શરતો સ્વાતંત્ર્યની પ્રાપ્તિ બાદ ભારતમાં ચાલુ રહી.

જો કે જંગલનાં વનવસાહતી ગામો, આરક્ષિત જંગલોમાં કુદરતી આપત્તિ કે જંગલનાં કામોમાં કાયમી અને નિયમિત મજૂરો મળી રહે એ માટે મુખ્યત્વે સ્થાપવામાં આવ્યાં હતાં. પરંતુ કેટલીક જગ્યાએ એવા પણ કિસ્સાઓ જાણવા મળ્યા છે કે, મહેસૂલી ગામોને વનવસાહતી ગામમાં ફેરવી નાંખ્યાં હોય અને ફરતી ખેતી કરતા આદિવાસીઓને આવાં ગામોમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હોય. આવા પ્રકારના દાખલાઓ મધ્યપ્રદેશ અને ગુજરાતમાં જોવા મળે છે. જે મહેસૂલી ગામો આ રીતે વનવસાહતી ગામોમાં ફેરવવામાં આવતાં તેને (મહેસૂલી ફોરેસ્ટ વિલેજીસ) મહેસૂલી વનવસાહતી ગામો તરીકે ઓળખવામાં આવે છે. (પ્રસાદ અને જહાંગીરદાર, ૧૯૯૧, પા.૪)

## આદિવાસી પરંપરા અને જંગલો સાથેનો સંબંધ

ઇતિહાસમાં નોંધાયું છે કે ગુજરાત ઉપર વિવિધ મુસ્લિમ, શીખ અને અન્ય જાતિઓનાં આક્રમણ થયાં. અહીં મરાઠા અને બ્રિટિશરોએ પણ આક્રમણ કર્યાં. જંગલની માલિકી જે તે રાજાની રહી. છતાં પણ થોડાક અપવાદો બાદ કરતાં બ્રિટિશ પહેલાંના સમયમાં જંગલમાં જવાનું કે તેની સંપત્તિનો ઉપયોગ કરવાનું મુક્ત હતું. વૃક્ષો અને જંગલોની ધાર્મિક રીતે, પ્રતીક રૂપે પૂજા થતી. મૌર્યવંશના રાજ્યકાળ દરમિયાન ભારતમાં જંગલી જાનવરોના રક્ષણ માટે પ્રયત્નો થતા. મૌર્યવંશ દરમિયાન (324 BC to 80 BC) અલગ અલગ જંગલની રક્ષણની નીતિ બનાવી હતી. દરેક રાજ્યના રાજાઓ માટે આરક્ષિત જંગલ, બ્રાહ્મણોને દાનમાં આપેલું જંગલ, અને જાહેર જનતા માટેનું જંગલ હતું.

મોગલકાળ દરમિયાન જંગલ ધરાવનાર ઉપર કોઈ ટેક્સ લેવામાં આવતો નહોતો. જંગલનાં વન્ય પશુઓનો શિકાર કરવા દેવામાં નહોતો આવતો પરંતુ જંગલની વનપેદાશ એકત્રિત કરવાની છૂટ હતી. મોગલ શાસકો ખરેખર થયેલ ઉત્પાદિત પાકનો અડધો હિસ્સો કે ક્યારેક તેનાથી પણ વધારે લઈ લેતા હતા. (હબીબ:૧૯૮૪:૩૫) તેઓને વધારે મહેસૂલ જોઈતું હતું. લગભગ દરેક મુસ્લિમ શાસકોએ જંગલ–જમીન એઠવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. માનવી(આદિવાસી) જંગલો કાપવા અને તેને ખેતીલાયક બનાવવા મુક્ત હતો. જંગલની માલિકીનો ખ્યાલ કોઈને આવ્યો નહોતો. પરંતુ ઇસ્લામિક લોકોના આવ્યા પછી તેમની પરિસ્થિતિ બદલાઈ. તેઓએ જંગલને પૂરી રીતે લીધું. મુખ્ય મુદ્દો જંગલની જમીનમાંથી થતી આવક હતી. ગુજરાતમાં મધ્યકાલીન મુસ્લિમ શાસનકાળ દરમિયાન બોટો–વહાણના બાંધકામ

માટે જંગલમાંથી કપાયેલું લાકડું મહત્ત્વનું હતું. કારણ કે ઊંચી ગુણવત્તાવાળાં ગુજરાતનાં લાકડાંમાંથી બનાવેલી બોટો અને વહાણો, નદી ને સમુદ્રમાં માલ પરિવહન માટે ઉપયોગમાં આવતાં હતાં. ગુજરાતમાં સ્થાપત્યો ઊભાં કરવા અને હવેલી બાંધવામાં લાકડું બહુ મહત્ત્વનું હતું. ગુજરાતમાં તે વખતે ઘણાં નાનાં નાનાં રાજ્યો હતાં, જેમાં રાજમહેલો બંધાતા અને લાકડાંનો ઉપયોગ થતો હતો.

## રેલવેનું વિસ્તરણ

ભારતમાં પગદંડો જમાવ્યા બાદ બ્રિટિશ સામ્રાજ્યવાદે કાચા માલની નિકાસ કરવા અને તૈયાર માલની આયાત કરવા રેલવેલાઇનો નાંખવાનું વિસ્તૃત કાર્ય ઉપાડ્યું. આમ જંગલોમાંથી આડેધડ વૃક્ષો કપાયાં અને રેલવે સ્લીપરો માટે તેનો ઉપયોગ કરાયો. આના ઉપર કોઈ નિયંત્રણ કરવામાં ન આવ્યું અને એવાં કેટલાંયે વૃક્ષો કાપી નાંખવામાં આવ્યાં જેનાં થડનો ઉપયોગ સ્લીપરોમાં ન થયો અને નકામાં ગયાં. આના ઉપરથી બ્રિટિશરોને લાગ્યું કે ભારતનાં જંગલો પણ ક્યારેક નાશ પામશે. એમ વિચારી તેમણે ભારતમાં નવો જંગલ વિભાગ શરૂ કરવાનું વિચાર્યું.

## જંગલખાતાની સ્થાપના :

સન ૧૮૬૨માં ગવર્નરજનરલે નવો જંગલ વિભાગ શરૂ કરવાનું અને આ વિભાગ દ્વારા લાકડાંની અને જંગલ પેદાશની આવક સતત મળતી રહે જેવું વિચાર્યું.

## વન નીતિ, વનવસાહતી ગામો

કૉન્ટ્રેક્ટરો જો આડેધડ જંગલો કાપી નાંખે તો ભવિષ્યમાં જંગલોનો વિનાશ થાય તેવું વિચારી “ઇમ્પીરિયલ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ” જર્મન ફોરેસ્ટ નિષ્ણાતોની મદદથી ઈ.સ. ૧૮૬૪માં શરૂ કરવામાં આવ્યું. આમ ઇન્ડિયન ફોરેસ્ટ્રી, જર્મન અને બ્રિટિશ ઑફિસરોની મદદથી ઊભી થઈ છે અને ટકી રહી છે. બ્રિટિશ અને જર્મન ઑફિસરોએ ભારતમાં જંગલ સંરક્ષણ અને જંગલ વ્યવસ્થાપનનો પાયો નાંખ્યો હતો. આમ ભારતમાં લગભગ સો વર્ષ સુધી આ ઑફિસરોને તાલીમ આપી તૈયાર કર્યા હતા. ભારતના સૌપ્રથમ ઇન્સ્પેક્ટર જનરલ ઑફ ફોરેસ્ટ્સ બ્રિટનના ડિસ્ટ્રીચ બ્રાંડીસ (Dietrich Brandis – ૧૮૬૪–૮૧) હતા, જેણે જંગલખાતાને વ્યવસ્થિત કર્યું. જંગલખાતાનો સ્વતંત્ર વિભાગ શરૂ થવાથી સ્થાનિક સમુદાયોને જે અમર્યાદ હકો અને છૂટછાટો મળતી હતી તેમાં નિયંત્રણો આવ્યાં. કાયદો થવાથી પરંપરાગત રૂઢિઓ ઉપર પણ કાપ મૂકવામાં આવ્યો. સન ૧૮૬૫ના ભારતીય જંગલ કાયદાથી રાજ્યનો પ્રથમ ઇજારાશાહી હક્ક દાખલ કરવામાં આવ્યો. જ્યારે સન ૧૮૭૮ના કાયદા પ્રમાણે રાજ્યને જરૂર જણાય ત્યાં નીતિમાં સુધારા કરવા જંગલ વિસ્તારમાં ફેરફારનો હક્ક આપવામાં આવ્યો.

## આદિવાસીઓના હકોમાં ઘટાડો

આમ જંગલખાતાની રચના બાદ જંગલોના રક્ષકો (બ્રિટિશ તાજ) જંગલના લોકોને બિનકાયદેસરના રહેવાસીઓ કે ઘૂસણખોર માનવા લાગ્યા. છતાં આદિવાસીઓને જંગલમાં એટલા માટે રહેવા દેવામાં આવ્યા કે જંગલખાતાને સસ્તી મજૂરી મળી રહે અને જંગલોમાંનાં વૃક્ષો કાપતી વખતે મજૂરો શોધવા ન પડે. લાકડું ઉપાડવામાં, લઈ જવામાં આવા મજૂરો સસ્તા પડતા હતા. તેથી આવી વસાહતી ગામની પ્રથાને તેમણે બંધ ન કરી. તે વખતની સરકારને લાગ્યું કે જંગલના રહેવાસીઓના અમર્યાદ હકો ઉપર નિયંત્રણો લાદવા જોઈએ. આ બધું જંગલ સંરક્ષણના નામ હેઠળ કરવામાં આવ્યું. બ્રિટિશ સામ્રાજ્યના શાસન દરમિયાન એ બહુ વિચિત્ર વાત હતી કે સામાન્ય પ્રજાજનના હિતને સાચવવામાં આવતું હતું, જ્યારે જંગલોના આદિવાસીઓનાં હિતો અને હકો ઉપર નિયંત્રણો લાદવામાં આવતાં હતાં.

ઑગસ્ટ ૧૮૫૫માં (જંગલ સંરક્ષણ માટે) જંગલોમાં રહેનારાઓના હકો ઉપર નિયંત્રણો લાદવા માટે મેમોરેન્ડમ જારી કરવામાં આવ્યું હતું, જે ૧૮૮૪માં સુધારવામાં આવ્યું હતું.

### આદિવાસીઓ ઉપર નિયંત્રણ :

આ કાયદા હેઠળ બનાવવામાં આવેલા નિયમો આ મુજબ હતા. બધાં જ વૃક્ષોનું સંરક્ષણ, છોડ કે નવાં વૃક્ષોની જાતનું રક્ષણ કરવું. સરકારી જંગલ હેઠળ રહેતા બધા આદિવાસીઓ વૃક્ષો ઉપર કંઈ લખી ન શકે, વૃક્ષો પાડી ન શકે, તેના ટુકડા ન કરી શકે, વૃક્ષોને કરાતી કોઈ પણ પ્રકારની ઈજા ગુનાપાત્ર ઠરશે. આગનો તણખો પ્રગટાવવામાં આવશે તો ગુનો બનશે. પાંદડાં તોડવાં, ભેગાં કરવાં, વીણવાં, ... ઘાસ, વનસ્પતિમાંથી નીકળતું તેલ, રેઝિન, ગુંદર, મધ, પથ્થર, ચૂનો કે જંગલમાંથી નીકળતી કોઈ પણ પ્રકારની પેદાશ ભેગી નહીં કરી શકાય. આવાં જંગલોમાંથી આવનજાવન નહીં કરી શકાય. માત્ર સત્તાવાર રસ્તાઓ અને કેડીઓ ઉપરથી જ આવજાવ થઈ શકશે, પશુઓને જંગલમાં ચરવા નહીં છોડી શકાય. કોલસો નહીં બાળી શકાય. આમ આ બધાં નિયંત્રણો આ કાયદા હેઠળ લાદવામાં આવ્યાં.

આમ, બ્રિટિશરોએ ભારતીય જંગલોનો નાશ કર્યો હોવા છતાં નિયંત્રણો લાદવામાં આવ્યાં ત્યારે આદિવાસીઓ તેના ભોગ બન્યા. આમ જ્યારે નિયંત્રણો લાદવામાં આવ્યાં ત્યારે માલિકી હક્કનો દાવો કરતો નિયમ "ગવર્નમેન્ટ ફોરેસ્ટ ઍક્ટ–૧૮૬૫" બનાવવામાં આવ્યો હતો.

## સરકારી જંગલ કાયદો–૧૮૬૫

### સરકારની વધેલી સત્તા :

આ કાયદા હેઠળ જંગલ વિસ્તારનો કોઈ પણ ભાગ, વૃક્ષોથી આચ્છાદિત જમીન કે ઊંચાં વૃક્ષો નોટિફિકેશન દ્વારા સરકારી છે તેવું જણાવી શકાતું હતું. આ નોટિફિકેશન દ્વારા વ્યક્તિગત જંગલમાં રહેતા વ્યક્તિઓના વ્યક્તિગત અને સામુદાયિક હકો ઉપર અસર ન થવી જોઈએ તેવું જણાવવામાં આવ્યું હતું. તો બીજી બાજુ સરકાર પણ કાયદાના અને નિયમોના ભંગ માટે કોઈ પણ પ્રકારની સજા ફરમાવી શકતી હતી અને જંગલમાં ગુનો કરનારને પકડી શકતી હતી. આ કાયદાનો અભ્યાસ કરતાં જણાય છે કે આ કાયદાનો હેતુ જંગલો ઉપર સરકારી નિયંત્રણનો અમલ કરાવવાનો હતો, કારણ કે સરકાર 'ગુના' શબ્દને કોઈ પણ રીતે વાળી શકે તેમ હતી. જેમ કે વૃક્ષ ઉપરથી ખરી પડેલાં પાંદડાં જો આદિવાસી વીણે તો તે ગુનો ગણાય તેવી પરિસ્થિતિ હતી. એક વખતના જંગલના માલિકો, જંગલના રહેવાસીઓ, બ્રિટિશ સત્તાધારીઓના હાથની કઠપૂતળીઓ બની ગયા. (મિનાક્ષી ઠાકર, ૨૦૦૪:૧૮૦)

## ભારતીય જંગલ કાયદો–૧૮૭૮

### નવી વ્યાખ્યા :

આ ગાળા દરમિયાન બ્રિટિશ સરકારને એવી જરૂરિયાત લાગી કે તે જંગલની જમીન આદિવાસીઓને ખેડવા આપે. આમ ૧૮૭૮નો ભારતીય જંગલ કાયદો પહેલાંના કરતાં વધુ સર્વગ્રાહી હતો. આ કાયદા હેઠળ વૃક્ષો એટલે પામવૃક્ષો, વાંસ, સ્ટમ્પ્સ, બ્રુશ અને નેતર ટિમ્બર એટલે કે લાકડું પણ મેળવી શકે, તેમાં પડી ગયેલા વૃક્ષનું લાકડું મેળવી શકે તેવું જણાવવામાં આવ્યું. 'વનપેદાશ' શબ્દની વ્યાખ્યામાં લાકડું, કોલસો, વૃક્ષનું તેલ, રેઝિન, કુદરતી રંગો, લાખ, છાલ, મહુવાનાં ફૂલો વગેરેનો સમાવેશ થતો હતો. તદ્ઉપરાંત નીચેની વસ્તુઓનો પણ આ કાયદા હેઠળ સમાવેશ કરવામાં આવ્યો હતો :

૧. વૃક્ષો, પાંદડાં, ફૂલો, ફળો ને વૃક્ષના કોઈ પણ ભાગ

૨. નાના છોડ જે વૃક્ષો ન હોય.

૩. વન્ય પ્રાણી અને તેમની ચામડી, ધડ, શિંગડાં, હાડકાં, રેશમી કીડા, મધ અને પ્રાણીઓ દ્વારા પેદા થતી બધી જ પેદાશો.

૪. જમીન ઉપરની માટી, ખડક, ખનીજ તેલ અને ખાણમાંથી નીકળતી બધી જ પેદાશોની પણ વિસ્તૃત વ્યાખ્યા આપવામાં આવી છે.

**જંગલના પ્રકારો :**

પ્રથમ વાર આ કાયદા હેઠળ જંગલના પ્રકારો નક્કી કરવામાં આવ્યા હતા :

(૧) આરક્ષિત જંગલો (૨) રક્ષિત જંગલો (૩) ગામ–જંગલો.

કાયદા હેઠળ સરકારને જંગલનો કોઈ પણ ભાગ આરક્ષિત કરવાનો હક્ક હતો. આથી સ્થાનિક સરકાર દર વખતે જંગલનો કોઈ ને કોઈ ભાગ આરક્ષિત જાહેર કરતા હતા.

આરક્ષિત જંગલો એટલે એવાં ગાઢ જંગલો, જ્યાં સર્વ નિયંત્રણો લાદવામાં આવ્યાં હોય અને મંજૂરી વગર તે જંગલમાં પ્રવેશ ન કરાય. રક્ષિત જંગલો એટલે એવાં જંગલો જ્યાં નિયંત્રણ ન મુકાય ત્યાં સુધી બધી જ છૂટ હોય.

સરકાર આવા રક્ષિત જંગલના કોઈ પણ વૃક્ષ, જમીનને કે વનપેદાશને ગમે ત્યારે આરક્ષિત બનાવી શકે છે. વનપેદાશ, લાકડું કે પરવાનો મળ્યો હોય તો રક્ષિત જંગલમાંથી મેળવી શકાતું હતું. જંગલનાં ગામોમાંથી મેળવી શકાતું હતું. જંગલનાં ગામોમાં રહેતા આવા વસાહતીઓને પરવાના આપવામાં આવતા હતા.

## વનવસાહતો

કોઈ પણ આરક્ષિત જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓને જમીન ઉપરનો અને વનપેદાશ ઉપરનો તેમનો હક રજૂ કરવા અલગ તારવવામાં આવતા. ફૉરેસ્ટ ઑફિસરોની આ માટે નિમણૂક કરવામાં આવતી અને તેઓ આવા હકો રેકર્ડમાં નોંધતા. આ માટે તેમને વિશિષ્ટ હકો પ્રદાન કરવામાં આવ્યા હતા. આવા ગાઢ જંગલમાં વસતા દરેક વસાહતીને અમુક નક્કી કરેલા સમયગાળા દરમિયાન ઑફિસર સમક્ષ હાજર થવું પડતું અને તેમનું નામ રજિસ્ટરમાં નોંધાવવું પડતું. તેમણે પોતાની જમીન, વળતર, વળતરની રકમ વગેરે દરેકેદરેક વિગત રજિસ્ટરમાં નોંધાવવી પડતી.

ફૉરેસ્ટ સેટલમેન્ટ ઑફિસર પોતે અથવા પોતે નીમેલા કોઈ પણ ઑફિસરને કોઈ પણ જમીન આપતી રોકવા, વધારાનાં પાણીનો ઉપયોગ થતો રોકવા મોકલી શકતા. કોઈ પણ ગુનો થતો તો તેમને સિવિલ કોર્ટની સત્તા આપવામાં આવેલી અને કોઈ પણ વનવસાહત જંગલમાં રહેવા દેવા, વનપેદાશ એકઠી કરવા કે ન એકઠી કરવા દેવાની સત્તા ફૉરેસ્ટ સેટલમેન્ટ ઑફિસર પાસે રહેતી.

આમ, પાયાના સ્તરે જોઈએ તો આરક્ષિત જંગલોની માપણી અને વિશાળ ફેન્સિંગ કરવાનું કામ આ ઑફિસર દ્વારા થતાં જંગલમાં રહેનારાઓને જમીન ઉપર હક્ક ગુમાવવા જેવું થયું હતું.

**આદિવાસીઓ સસ્તા મજૂરો બન્યા :**

યુરોપના ઔદ્યોગિક બળવાને કારણે હકારાત્મક પાસું એ ઊપસ્યું કે કુદરતી સંપત્તિના લાભો ધીમે ધીમે બધા વચ્ચે વહેંચાવા લાગ્યા. ભારતમાં યુરોપની આ ક્રાંતિનાં નકારાત્મક પરિણામો આવ્યાં. કોઈ પણ આદિવાસીઓ કુદરતી સંપત્તિના લાભો મેળવવા આગળ ન આવ્યા.

## ડૉ. વોલકરનો અહેવાલ

બ્રિટિશગાળા પહેલાં દેશની જમીનનો કેટલોક ભાગ ગ્રામવાસીઓ દ્વારા સામુદાયિક ઉપયોગ માટે જુદો રાખવામાં આવ્યો હતો. પરંતુ બ્રિટિશ સરકારે

આ જમીનની વ્યવસ્થા સારી રીતે થાય તેવા કોઈ પ્રયત્નો કર્યા નહીં કે ઉપયોગી પ્લાન્ટ નંખાય તેવો પ્રયત્ન પણ કર્યો નહીં. સને ૧૮૮૫માં ડૉ. વોલકરે અહેવાલ બહાર પાડ્યા. બહાર પડેલા અહેવાલમાં 'ભારતીય કૃષિ' ઉત્પાદન ઓછું થવા માંડ્યું છે કારણ કે ખેડૂતો છાણનો ઉપયોગ ખાતરમાં નહીં પરંતુ બળતણમાં વધુ કરે છે. તેમણે જંગલખાતાને સૂચન કર્યું કે માત્ર ટિમ્બર ઉપર ધ્યાન કેન્દ્રિત ન કરતાં સારું બળતણનું લાકડું પેદા કરવા તથા ગ્રામ્ય પ્રજા માટે ઘાસના પ્લાન્ટ નાંખવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવું. આ સલાહને અવગણવામાં આવી અને જંગલો વધુ કપાતાં ગયાં. આના પરિણામે વ્યથિત ગ્રામવાસીઓ ગામની આવી જમીનો માટે દુઃખ પ્રગટ કરતા રહ્યા અને તેમની જરૂરિયાત પૂરી પડી નહીં, બ્રિટિશગાળા પહેલાં ભારતીય ગામડાંઓ મહેસૂલ આપતાં હતાં. આ મહેસૂલ સામુદાયિક રીતે આપતાં હતાં, વ્યક્તિગત નહીં. પરંતુ બ્રિટિશરોએ વ્યક્તિગત જમીન પર અને વ્યક્તિગત સેટલમેન્ટ ઉપર મહેસૂલ આપવા ગ્રામવાસીને દબાણ કર્યું.

આ ઉપરાંત મહત્ત્વની બાબત એ બની કે ગામડાંની સામાન્ય ચરાણની જગ્યા અને જંગલો સરકારે સરકારી મિલકત છે તેમ જાહેર કરી. જો કે સરકારે કેટલાક વિસ્તારોમાં સેટલમેન્ટ ગામો બનાવ્યાં હતાં, છતાં સામુદાયિક કબજાનો ખ્યાલ જતો કરવો પડ્યો.

ખરેખર તો ડૉ. વોલકરને ૧૯મી સદીના અંત સુધીમાં ભારતીય ખેતી અંગે સંશોધન કરવાનું કહેવામાં આવ્યું હતું. ડૉ. વોલકરે આ પ્રમાણે સૂચનો કર્યાં હતાં :

૧. ભારતમાં બળતણ અને ઘાસનાં મેદાનો ઊભાં કરવા પ્રયત્નો કરવા જોઈએ.
૨. જંગલ ગામ ઊભું કરી ચરાણનાં મેદાનો તૈયાર કરવાં જોઈએ અને તેની વ્યવસ્થા ગામલોકોએ જ સંભાળવી જોઈએ.
૩. બળતણ અને ઘાસના જથ્થામાંથી જે લાભ થાય તે ત્યાં રહેતા સમુદાયને વહેંચી દેવો જોઈએ. વેચાણમાં ન લેવું જોઈએ.
૪. જમીનની ફળદ્રુપતા ટકાવવા બળતણનું લાકડું વધારવું જોઈએ, ટિમ્બર નહીં. આ બળતણનાં લાકડાંના વિચારમાંથી પશુના છાણનો વિચાર જન્મ્યો, જે સામાજિક વનીકરણ માટે પાયાનો હતો. આ સૂચનોને ૧૮૯૪ના જંગલ કાયદામાં આવરી લેવાયાં હતાં અને આમ વ્યક્તિગત રીતે જંગલો અને આદિવાસીઓ વચ્ચેનો સંબંધ કપાઈ ગયો.

## રાષ્ટ્રીય જંગલનીતિ-૧૮૯૪

આ નીતિ મુખ્યત્વે ડૉ. વોલકરના ભારતીય કૃષિ પરના અહેવાલ (૧૮૯૩) ઉપર આધારિત હતી. આ નીતિમાં જંગલ અને ખેતી વચ્ચે નજીકનો સંબંધ છે તેની નોંધ લેવામાં આવી હતી અને દલીલ કરવામાં આવી હતી કે ખેતીના સીધા કે આડકતરા વિકાસ દ્વારા જ જંગલની પ્રવૃત્તિઓ વિકસી શકે. આથી સારું લાકડું ઉત્પાદિત કરવા માટે કેટલાક વિસ્તારો યોગ્ય લાગ્યા હોય તોય તે જંગલની પ્રવૃત્તિઓ માટે કે ખેતી માટે કામના ન હોય તેવું બને. આ વલણને કારણે જંગલ વિસ્તાર સુધી ખેતીને વિસ્તારવામાં આવી. આને કારણે જમીનની ઉત્પાદકતા અને તેનો કસ જળવાયો, પરંતુ જંગલમાં રહેતા આદિવાસીઓને માટે નકારાત્મક રહ્યો, કારણ કે આદિવાસીઓને જમીન ઉપરના હક્ક વિશેની કોઈ જાણ જ નહોતી.

## ભારતીય જંગલ કાયદો-૧૯૨૭

સને ૧૮૭૮નો ભારતીય જંગલ કાયદો થોડા વિભાગોમાં બદલવામાં આવ્યો, જેમાં સ્થાનિક સરકારોને સ્થાન મળ્યું. પાછળથી તે સંકલિત કાયદો બન્યો અને ભારતીય જંગલ કાયદો, ૧૯૨૭ અમલમાં આવતાં ૧૮૭૮નો કાયદો અમલમાં ન રહ્યો. જો કે ૧૯૨૭ના જંગલ કાયદામાં પહેલાંની

બધી જ નીતિઓની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અગાઉ લાદવામાં આવેલાં બધા જ નિયંત્રણો આ કાયદામાં જેમનાં તેમ રહ્યાં. ગુનેગારનો દંડ વધારવામાં આવ્યો. પહેલાંના નોટિફિકેશનની સામે તથા રક્ષિત જંગલોમાં કરવામાં આવતા ગુના માટે પહેલાં ૬ માસની જેલની સજા કરવામાં આવતી તે વધારીને પાંચસો રૂપિયા દંડ અથવા ૬ મહિનાની સજા અથવા બંને એવું રાખવામાં આવ્યું.

આવા નાના સુધારાઓ બાદ કરતાં ભારતીય જંગલ કાયદો ૧૯૨૭, બરાબર ૧૮૭૮ના કાયદા જેવો જ હતો.

બ્રિટિશ પાર્લમેન્ટે પસાર કરેલા સને ૧૯૩૫ના ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના કાયદાએ વિભાગીય કાયદા ઊભા કર્યા. આ કાયદા હેઠળ (આઇટમ ૨૨) પ્રોવિન્શિયલ સૂચિમાં જંગલના વિષયને ઉમેરવામાં આવ્યો. ત્યાર બાદ ઘણાં રજવાડાંઓએ પોતાના કાયદાઓ બનાવ્યા. આમાંના ઘણા કાયદાઓ ૧૯૨૭ના જંગલ કાયદામાં જણાવ્યા મુજબના જ કાયદાઓ છે.

## બ્રિટિશનીતિ

બ્રિટિશરોએ બનાવેલી જંગલનીતિ માત્ર મહેસૂલ એકઠી કરવા જ બનાવેલી હતી. જંગલ વિભાગ આદિવાસીઓ ઉપર ભોગવવા જ બનાવવામાં આવ્યો હતો. આમ, આદિવાસીઓ જંગલના માલિકને બદલે સસ્તા મજૂરો બનીને રહી ગયા હતા. સરકારની સત્તા વધી એટલે આદિવાસીઓ ઉપર વધુ નિયંત્રણો આવ્યાં. આ સમયે જ પ્રથમ જંગલનીતિ અમલમાં આવી અને જંગલ કાયદાઓ ઘડાયા.

### રૉયલ કમિશન ઑન એગ્રિકલ્ચર-૧૯૨૮

ડૉ. વોલકરે સૂચવેલાં કૃષિ ઉપરનાં સૂચનોને ૧૮૯૪ની નીતિમાં સમાવાયા બાદ સને ૧૯૨૭નો જંગલ કાયદો મુખ્યત્વે ૧૮૭૮ના કાયદા ઉપર જ આધારિત હતો. છતાં ૧૯૨૮ના રૉયલ કમિશન ઑન એગ્રિકલ્ચરે બળતણ, ઘાસ, નાના ટિમ્બરનું ઉત્પાદન કરવા ખેતીમાં શું ફેરફાર થઈ શકે તે સૂચવ્યું. આને કારણે સામાજિક વનીકરણમાં મોટો ફાયદો થશે તે પણ જણાવ્યું.

રૉયલ કમિશનનાં સૂચનો આ મુજબ હતાંઃ

૧. જંગલ ગામને જંગલની જમીન આપીને 'ચરાણની જગ્યા' તરીકે ગણી આપવી જોઈએ.
૨. જંગલ ગામનું જંગલ, પંચાયતની સત્તા હેઠળ તેમને વહીવટ કરવા સોંપવું જોઈએ.
૩. જંગલ ગામના જંગલનો વધુ સારો ઉપયોગ કરવા જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ.
૪. ફોરેસ્ટ પંચાયતો અને સહકારી મંડળીઓ ગામની જમીનનો વહીવટ કરવા કે વૃક્ષો ઉગાડવા કામ કરતી હોય તે ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ કૅનાલો બનાવીને ખરાબાની જમીનનો ઉપયોગ કરવો જોઈએ.

આ સમયે રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજીએ પણ આદર્શ જંગલ ગામડાની અને વનપેદાશની વ્યાખ્યા આપી હતી અને લખ્યું હતું. "An Ideal Village should be so conditioned that the villages could procure all their daily needs, requirements of material of thatch bamboo, fuel wood, grazing etc. from within a radius of 5 miles."

### સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ-રાષ્ટ્રીય જંગલનીતિ-૧૯૫૨

સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા બાદ આદિવાસીઓ, સામાજિક કાર્યકરો, વિચારકો, સંશોધકો, શિક્ષણકારો દરેકેદરેક વ્યક્તિએ જંગલનીતિમાં કોઈ ફેરફાર આવશે એવી આશા રાખેલી. આપણી સરકાર આદિવાસીઓનું શોષણ બંધ થાય અને આદિવાસીઓનો જંગલ સાથે સંબંધ હતો તે સમજશે એવું લાગતું હતું. પરંતુ ભારત સરકારે

બ્રિટિશરોએ અમલમાં મૂકેલા પાયાના સિદ્ધાંતો બધા જ એમના એમ અપનાવીને બધાને નિરાશ કર્યા. આદિવાસીઓ દખલ કરનારા મજૂરો જ રહ્યા. તેમને તેમના જમીન પરના કે જંગલ પેદાશ ઉપરના પોતાના હકો પાછા ન મળ્યા.

પરંતુ સ્વતંત્રતા બાદ ક્રમશઃ જંગલનીતિ અંગે ફેરવિચારણા કરવાનો અભિગમ અપનાવાયો. સામાજિક વનીકરણ અને પર્યાવરણીય પાસાંઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો.

## રાષ્ટ્રીય જંગલનીતિ–૧૯૫૨:

બ્રિટિશ રાજ્ય દરમિયાનની અને બ્રિટિશ રાજ પછીની જંગલનીતિ – આ બંનેનો સમન્વય રાષ્ટ્રીય જંગલનીતિ ૧૯૫૨માં જોવા મળે છે. ૧૯૫૨ની જંગલનીતિના નિવેદનમાં જણાવાયું છે કે ૧૮૯૪ની જંગલનીતિમાં ઘણા પાયાના જંગલના સિદ્ધાંતો છે તેને લક્ષમાં લેવા જોઈએ. ૧૯૫૨ની જંગલનીતિ નીચેના મહત્ત્વના મુદ્દા ઉપર રચવામાં આવી હતી :

(૧) જમીનમાં સૌથી વધુ પાક લઈ શકાય તે રીતે જમીનને તૈયાર કરવી અને તેનો સમતોલ તથા મહત્તમ ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૨) ચેકિંગ જરૂરિયાત

(અ) પહાડી વિસ્તાર ઉપર આવેલા પાણીના સ્રોતની આજુબાજુનો વિસ્તાર અને નદી થઈને વહી જતા પહાડની નીચે આવેલો બેઝિન વિસ્તાર.

(બ) વહી જતા પાણીની આજુબાજુ ઘસારો થતાં વૃક્ષો ઊખડી ન પડે તેનું ચેકિંગ કરવું, જેથી નકામી ખરાબાની જમીન પેદા ન થાય.

(ક) દરિયાકાંઠાની દરિયાની જમીન વધે નહીં અને રેતી વધુ જમીનમાં ન ફેલાય તેનું ચેકિંગ કરવું.

(ડ) વૃક્ષોની જગ્યા ઊભી કરવી અને લોકોની સામાન્ય જરૂરિયાતો પૂરી કરવા વૃક્ષો વાવવાં.

(ઇ) ઘાસનો પુરવઠો સતત મળી રહે, ખેતી માટે કે ઘર માટે નાનું લાકડું મળી રહે અને ખાતર બનાવવા બળતણનું લાકડું મળી રહે તેવી સગવડ કરવી.

(ઉ) ટિમ્બરનો પુરવઠો સતત મળતો રહે અને સંરક્ષણ, સંદેશાવ્યવહાર તથા ઉદ્યોગ માટે અન્ય ઉત્પાદનો મળી રહે તેવા પ્રયત્નો કરવા.

આ સૂચનો આપી ચાર પ્રકારનાં જંગલોનું સૂચન કર્યું હતું :

(૧) પ્રોટેક્શન ફોરેસ્ટ : દેશના સાનુકૂળ વાતાવરણને ટકાવી રાખવા ગાઢ જંગલો પેદા કરવાં કે હોય તે સાચવવાં.

(૨) નૅશનલ ફોરેસ્ટ : દેશના સંરક્ષણ, સંદેશાવ્યવહાર અને ઉદ્યોગની જરૂરિયાત પૂરી કરવા આવાં જંગલો સાચવવાં તેમ જ સામાન્ય મહત્ત્વના હેતુ માટે જંગલો ઊભાં કરવાં.

(૩) વિલેજ ફોરેસ્ટ : આવાં જંગલો ગામડાંમાં આવેલાં હોય કે જે બળતણનું લાકડું, ખાતર, છાણ અને લાકડું પેદા કરવા ઊભાં કર્યાં હોય તથા પશુઓને ચરવા માટે ચરાણો ઊભાં કર્યાં હોય.

(૪) ટ્રી લેન્ડર્સ : એટલે એવા વિસ્તારો જ્યાં દેશની વાતાવરણીય સમતુલા જાળવવા સપાટ મેદાનોમાં વૃક્ષોનું વાવેતર કરી ઊભા કર્યા હોય. આ નીતિમાં પણ જંગલમાં રહેનારાઓની કે આદિવાસીઓની જરૂરિયાત ઉપર સૌથી ઓછું મહત્ત્વ અપાયું છે.

૧૯૫૨ સુધીમાં તો પલ્પ, પેપર અને પ્લાયવુડ ઉપર આધારિત ઉદ્યોગો સ્થપાયા અને આ ઉદ્યોગોને જરૂરી એવા કાચા માલની જરૂરિયાત ઊભી થઈ. તેની કાચા માલની માંગને કારણે જંગલ વ્યવસ્થાપન અને તેમાંથી માલ મેળવવાની નીતિ અમલમાં આવી. છતાં સમગ્ર ધ્યાન શહેરી વિકાસ ઉપર કેન્દ્રિત થયેલું હોવાથી આદિવાસી પ્રજા તરફ કોઈનુંય વધુ ધ્યાન ગયું નહીં કે તેવી જોગવાઈ જંગલ કાયદામાં કરવામાં ન આવી.

## નૅશનલ કમિશન ઑન એગ્રિકલ્ચર-૧૯૭૬

નૅશનલ કમિશન ઑન એગ્રિકલ્ચર, ૧૯૭૬માં પણ જંગલમાં વસતા આદિવાસીઓના જીવનનિર્વાહ અંગે કોઈ વાત ચર્ચવામાં નથી આવી. પરંતુ ખેતપેદાશોનું વ્યવસાયીકરણ કરવા અંગે સૂચનો કર્યાં છે. ગરીબીનાબૂદી, સ્વાવલંબન પ્રાપ્ત કરવું અને મહત્તમ રોજગારી પૂરી પાડવી એ ત્રણેય આયોજિત વિકાસ હેઠળ ઘડવામાં આવેલા આ પંચના મહત્ત્વના ઉદ્દેશો હતા. "ઔદ્યોગિક લાકડું પેદા કરવા અને જંગલોનું અસ્તિત્વ ટકાવી રાખવા" ઉપર ભાર મૂક્યો હતો.

આ અહેવાલમાં ગરીબ વિરોધી અને વ્યવસાયી પૂર્વગ્રહ ચારે તરફ દેખાય છે. પંચે નથી જણાવ્યું કે કોણે જંગલોને બરબાદ કર્યાં છે. પરંતુ એવા અછડતા નિર્દેશો આપ્યા છે કે કદાચ આદિવાસીઓએ જંગલનો નાશ કર્યો હોય. પંચે જંગલમાં વસતા વસાહતીઓને કન્સેશન આપવામાં આવ્યાં છે તેની ટીકા કરી છે.

આ અહેવાલ ઢેબરપંચના અહેવાલ કરતાં તદ્દન ભિન્ન અને વિરુદ્ધ છે.

નૅશનલ કમિશન ઑન એગ્રિકલ્ચરે આદિવાસીઓને જંગલનો નાશ કરનારા ગણાવ્યા છે એટલું જ નહીં, પરંતુ જંગલના વિકાસમાં આદિવાસીઓ અવરોધરૂપ છે તેવું જણાવ્યું છે. આથી તેમણે જણાવ્યું છે કે સ્થાનિક આદિવાસીઓની લઘુતમ જરૂરિયાત સંતોષાય કે તરત જ રાષ્ટ્રીય હિતને નજર સમક્ષ રાખી કાર્ય કરવું જોઈએ. આથી પંચે સૂચવ્યું છે કે વનવસાહતી ગામોમાં વસેલા વસાહતી લોકોને જંગલમાં જગ્યા ન આપવી જોઈએ તેમ જ કાયમી હકો ન આપવા જોઈએ. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરહદો ઉપરથી જંગલપેદાશ જતી રહેતી હોવાથી પંચે નોંધ્યું છે કે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને આને કારણે કરોડો રૂપિયા ખોવા પડ્યા છે, કારણ કે સ્થાનિક આદિવાસીઓની મદદથી કૉન્ટ્રેક્ટરો અને વેપારીઓ રેલવેની મદદથી લાકડું અને જંગલ પેદાશ લઈ જાય છે. પંચે દેશની મહત્ત્વની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ભારતમાં સુધારેલી રાષ્ટ્રીય જંગલનીતિ ઘડાવી જોઈએ તેવું સૂચન કર્યું હતું. મહત્ત્વના મુદ્દાઓ અને જરૂરિયાતો નીચે મુજબ હતાં :

૧. દેશના આર્થિક વિકાસ માટે અને લોકોના કલ્યાણ માટે જંગલના સ્રોતોનો વ્યવસ્થિત ઉપયોગ કરવો જેથી વધુમાં વધુ જંગલ પેદાશ મેળવી શકાય અને સેવા આપી શકાય.

૨. પહાડી વિસ્તારોમાં અને જળસ્રોતોના ભરાવાના વિસ્તારોમાં ઘસારો ન થાય તે અંગે વિચારવું તેમ જ ડેમ અને રિઝર્વૉયરને નુકસાન ન થાય તે રીતે આયોજન કરવું.

૩. વૃક્ષો વગરના નદીકાંઠા ઉપર ઘસારો અટકાવવો તથા દરિયાકાંઠાની જગ્યાઓમાં રેતી છવાઈને ક્ષારીકરણ વધી ન જાય તેનું ધ્યાન રાખવું.

૪. ઔદ્યોગિક કાચો માલ, ટિમ્બર અને સંરક્ષણ, સંદેશાવ્યવહાર અને અન્ય ઘરેલૂ જરૂરિયાતના ટિમ્બરના ઉત્પાદન વધારવા અંગે આયોજન કરવું.

૫. જંગલ વિસ્તારોમાં પશુધન માટે ઘાસ અને ચરાણની જગ્યા આપવી. જંગલને આ જગ્યા હાનિકર્તા ન હોવી જોઈએ.

૬. ગ્રામ્ય પ્રજા માટે નાનું ટિમ્બર અને બળતણનું લાકડું પૂરું પાડવું.

૭. જંગલના સ્રોતોને નુકસાન પહોંચાડ્યા વગર આનંદદાયક અને પ્રવાસીઓને આકર્ષી શકે તેવી તકો ઊભી કરવી. તેમ જ વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે વ્યવસ્થા કરવી.

૮. જમીન, વાવેતર, વન્ય પ્રાણી વચ્ચે એક સુંદર સમન્વય બની રહે તે માટે જંગલના અલગ અલગ બ્લૉક પાડવા અને જંગલને વ્યવસ્થિત કરવા વિચારવું.

આમ નૅશનલ કમિશન ઑન એગ્રિકલ્ચર–૧૯૭૬ના અહેવાલમાં આગામી રાષ્ટ્રીય જંગલનીતિ માટેનાં સૂચનો અપાયાં છે. પર્યાવરણીય સમતુલા જાળવવા સૂચનો કર્યાં છે. પ્રવાસીઓને જંગલમાં આકર્ષવાની વાત કરી છે, પણ જંગલમાં રહેતા આદિવાસીઓના કલ્યાણની વાતને સ્પર્શ્યા જ નથી.

## જંગલ સંરક્ષણ બીલ – ૧૯૮૦ (Forest Conservation Bill – 1980)

ભારતીય જંગલ ડ્રાફ્ટ(૧૯૮૦)માં આદિવાસી સમુદાયના જંગલ સાથેના સંબંધ ઉપર ભાર મૂકવામાં આવશે તેવી ધારણા હતી, પરંતુ કંઈક જુદું જ નીકળ્યું. આ બીલમાં કેટલીક વ્યાખ્યાઓ વિસ્તૃત કરવામાં આવી. આથી ‘જંગલ’ એટલે કોઈ પણ જમીન, જેના ઉપર વૃક્ષો અને ઝાડો તથા છોડ હોય. વળી રાજ્ય સરકાર જે જમીન નક્કી કરે તે જમીન જંગલની જમીન તરીકે ગણાય. આ જ રીતે ‘વનપેદાશ’ એટલે વૃક્ષ, પાંદડાં, ફૂલો, ફળો અને વૃક્ષના બધા ભાગો, બધી જાતના ઘાસ, વેલા, બગીચાઓની શેવાળ અને છોડની કોઈ પણ જાતનો સમાવેશ થાય છે.

આ બીલમાં જંગલને ત્રણ વિભાગમાં જુદા પાડવામાં આવ્યા છે – આરક્ષિત જંગલો, રક્ષિત જંગલો અને જંગલ ગામો. આરક્ષિત જંગલો એટલે ‘પ્રતિબંધક વિસ્તાર’ જેમાં સ્થાનિક રહેવાસીઓ કે આદિવાસીઓને પણ પ્રવેશ મળે નહીં. પ્રતિબંધક વિસ્તારમાં પશુધન ચરાવવા નહીં લઈ જવાનું, ઝાડની ડાળીઓનો દવા તરીકે ઉપયોગ નહીં કરવાનો, ઘરો બનાવવા ફાઇબર કે લાકડું નહીં લેવાનું, પડિયા, પતરાળાં બનાવવા પાંદડાં નહીં લેવાના, બિયારણ, ગુંદર, મધ, મત્સ્ય શિકાર કે શિકાર નહીં કરવાનો વગેરેનો પ્રતિબંધક કાર્યોમાં સમાવેશ થાય છે. આવું થતાં ગુનો બનશે અને દંડ કે સજાને પાત્ર થશે તથા જેલ પણ થઈ શકે.

કલમ ૩૬ હેઠળ, આ બીલને કારણે રાજ્ય સરકારોએ શિકાર, માછલી મારવી વગેરે કાર્યોને નિયમિત રીતે પ્રતિબંધક કાયદા હેઠળ મૂકી દીધાં.

આ બીલના પ્રકારણ–૧૨માં કલમ ૧૧૮ અને ૧૧૯ હેઠળ ફૉરેસ્ટ ઑફિસરોને ગુના કરનારાઓને પકડવા તથા મિલકત જપ્ત કરવાની કાયદાકીય સત્તા આપી દીધી. આ બીલ હેઠળ ફૉરેસ્ટ ઑફિસરો દંડ પણ વસૂલ કરી શકે છે અને નુકસાનનું વળતર પણ માંગી શકે તેવી સત્તા આપવામાં આવી. આમ, આ બીલમાં માનવીઓ તરફથી વનને સંરક્ષણ પૂરું પાડવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ બીલમાં જંગલમાં વસતા લાખો આદિવાસીઓનો જંગલ સાથેનો સંબંધ નકારવામાં આવ્યો છે.

આમ, આ બીલ કોઈ પણ સુધારા વગર ફૉરેસ્ટ કન્ઝર્વેશન ઍક્ટ(જંગલ સંરક્ષણ કાયદો, ૧૯૮૦) બની ગયું. જો કે આ કાયદા સામે ૧૯૮૨માં રાષ્ટ્રીય સ્તરે બહુ ઊહાપોહ થયો જેને કારણે સરકારે નવી જંગલનીતિ દસ્તાવેજ–૧૯૮૩ તૈયાર કરાવ્યો. આ દસ્તાવેજ ૧૯૮૭માં સુધારાવવામાં આવ્યો અને અંતે ૧૯૮૮માં “રાષ્ટ્રીય જંગલનીતિ–૧૯૮૮” બહાર પાડવામાં આવી.

## રાષ્ટ્રીય જંગલનીતિ–૧૯૮૮ (National Forest Policy–1988)

રાષ્ટ્રીય જંગલનીતિ–૧૯૮૮ અન્ય નિવેદનો, ઠરાવો, કાયદાઓથી અલગ છે. આ નીતિમાં આદિવાસીઓ તરફી અભિગમ દેખાઈ આવે છે. આ નીતિમાં આદિવાસીઓના હકો અને કન્સેશનોની વાત કરી છે, પરંતુ સાથે સાથે આ નીતિમાં જંગલનો મહત્તમ ઉપયોગ અને વનપેદાશમાં સંશોધન પછી વિસ્તારના વિકાસની વાત ઉલ્લેખવામાં આવી છે. આ નીતિ વનવસાહતીઓ માટે બળતણનું લાકડું, ઘાસ, ગૌણ પેદાશો ઉલ્લેખવામાં અને ઘર બાંધવા ટિમ્બરની જરૂરિયાતની તરફેણ કરે છે.

આમ, આ પ્રકરણમાં અલગ અલગ જંગલનીતિ, જંગલના રહેવાસીઓ, કાયદાકીય

ધંધા, જંગલ સંરક્ષણ માટે પ્રયત્નો અને વસાહતીઓ માટે શું મળતું હતું, શું પરિસ્થિતિ હતી અને શું મળવું જોઈએ તે વિશે સવિસ્તાર માહિતી મળે છે.

જંગલમાં વસતા આદિવાસી સમુદાયોને બ્રિટિશરો આવ્યા તે પહેલાં જંગલોમાં કોઈ રોકટોક નહોતી. મુક્ત રીતે હરતા ફરતા અને જંગલ પેદાશોનો ઉપયોગ કરી શકતા હતા.

બ્રિટિશ સરકારે જંગલના કુદરતી સ્રોતોને કાચા માલના ઉત્પાદક તરીકે જંગલ આધારિત ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડનાર અને આવક ઊભી કરનાર સ્રોત તરીકેના સાધન તરીકે વર્ણવ્યા હતા. જંગલનીતિઓ, જંગલ કાયદાઓ બની ગઈ અને જંગલમાં રહેનારા આદિવાસીઓ ઉપર પ્રતિબંધો લાદતી ગઈ તેમ જ વનપેદાશ કે જેના ઉપર આદિવાસીઓ જીવતા હતા, તેના ઉપર પણ પ્રતિબંધ લાદતી ગઈ.

ભારત સરકારે અપનાવેલી જંગલનીતિ, બ્રિટિશરોએ આપેલી જંગલનીતિનું અનુસંધાન જ હતું. આથી આવક આધારિત અભિગમ ચાલુ જ રહ્યો. જંગલો કાચા માલના ઉત્પાદક બની રહ્યા અને સરકાર માટે આવક મેળવતા રહ્યા. જંગલમાં વસતા આદિવાસીઓ, માલિકોને બદલે સસ્તા મજૂરો બની રહ્યા અને જંગલના અધિકારીઓની દયા ઉપર જીવતા રહ્યા. સરકારે શરૂ કરેલા દરેક નવા પ્રોજેક્ટમાં આની કડી મળી રહે છે. પરંતુ સમાજસુધારકો, સ્કૉલરો અને સામાજિક કાર્યકરોની વારંવારની ટીકા બાદ જંગલમાં વસતા રહેવાસીઓ માટે કેન્દ્રીય સહાય યોજના હેઠળ વિશિષ્ટ "આદિવાસી વિકાસ કાર્યક્રમ" અમલમાં મૂકવામાં આવ્યો અને અલગ ફંડ ફાળવવામાં આવ્યું.

આ વિકાસ યોજના શું છે ? તેનો અમલ ક્યારથી શરૂ થયો ? અમલ કરનારી, કરાવનારી એજન્સી કઈ ? આ યોજના હેઠળ કઈ કઈ યોજનાઓ હતી ? વગેરે અંગેની માહિતી અહીં પ્રસ્તુત છે.

૧૯૮૮ની નવી જંગલનીતિમાં વનવસાહતીઓ માટે કૂણું વલણ દાખવ્યા બાદ અને કેન્દ્રીય સહાય યોજના હેઠળ "વનવસાહતી આદિવાસીઓ" માટે અલગ ફંડ ફાળવવાની રજૂઆત કરવામાં આવી ત્યારે ગુજરાતના વનવસાહતી આદિવાસીઓ માટેની પરિસ્થિતિ અને તેમના વિકાસ માટે ફાળવવામાં આવેલા અલગ ફંડની પણ ચર્ચા કરીએ.

પ્રથમ વનવસાહતી ગામ ઈ.સ. ૧૯૦૫માં બિહારના સિંગભૂમ જિલ્લામાં સ્થાપવામાં આવ્યું તે રેકર્ડ તો પ્રાપ્ત થયો છે. પરંતુ ગુજરાતમાં આવાં વનવસાહતી ગામો ક્યારે સ્થાપવામાં આવ્યાં તેનો કોઈ રેકર્ડ, નોંધ કે દસ્તાવેજ મળતો નથી, પરંતુ એવું લાગે છે કે લગભગ બધાં જ જંગલ વિસ્તારનાં વનવસાહતી ગામો બ્રિટિશ હકૂમત દરમિયાન સ્થાપવામાં આવ્યાં હતાં, અને તેમના દ્વારા જ આવાં ગામો ઉપર શાસન ચલાવવામાં આવતું હતું.

ગુજરાતમાં પણ આવાં વનવસાહતી ગામો સ્થપાયાં હતાં. એમાં પણ જંગલખાતાને મદદ કરવા આદિવાસીઓને આવાં ગામોમાં વસાવ્યા હતા. વનવસાહતી ગામોમાં વસતા આદિવાસીઓને એક વર્ષના ભાડેપટ્ટે જમીન ખેડવા આપવામાં આવતી. જેમના નામે જમીન ભાડેપટ્ટે નોંધવામાં આવી હોય તે મૃત્યુ પામે તો તેની પત્ની કે પુત્ર જમીન ખેડવાની લીઝ મેળવી શકે.

જૂનાગઢ જિલ્લામાં કદાચ સૌપ્રથમ વનવસાહતી ગામ સ્થાપવામાં આવ્યું હોય તેવા નિર્દેશો મળે છે, કારણ કે ગુજરાત સરકારના રેકર્ડમાં જૂનાગઢ જિલ્લામાં, જૂનાગઢ રાજ્યના સમયે વનવસાહતી આદિવાસીઓ માટે જે શરતો નક્કી કરવામાં આવી હતી તે મળી આવી છે. (જુઓ પરિશિષ્ટ)

આ જ રીતે, આવી જ પરિસ્થિતિ સાથે જૂનાગઢ જિલ્લા સિવાયના અન્ય જિલ્લાઓમાં જે શરતોએ ખાતેદારોને જમીન આપવામાં આવી છે તે શરતો પણ પરિશિષ્ટમાં દર્શાવી છે.

પરંતુ ધીમે ધીમે, સમગ્ર દેશમાં વસ્તી વધારો થતાં અને જંગલની સરહદો ઓછી થતાં, સંચાર માધ્યમોનો ઝડપી વિકાસ થતાં, વનવસાહતી ગામોનું મહત્ત્વ ઘટ્યું. ખાસ કરીને જંગલોનાં કામ માટે આવા મજૂરોનું મહત્ત્વ ઘટી ગયું છે. છતાં ગુજરાતમાં અને અન્ય રાજ્યોમાં વનવસાહતી ગામોનું અસ્તિત્વ જેમનું તેમ જ રહ્યું. જંગલની મધ્યમાં તેઓ વસતા હોવાથી વિકાસનાં ફળ તેમનાં સુધી પહોંચ્યાં નહીં.

આ ગામોમાં રહેતા વનવસાહતી ખાતેદારો પોતાનાં કામ માટે કોઈ ખેતમજૂરો રાખી શકે જેને સ્થાનિક ભાષામાં 'ઊભડ' કહેવાય. આવા 'ઊભડ' બિનખાતેદાર કહેવાય છે. તેઓ જંગલમાં ઝૂંપડાં બાંધીને રહી શકે છે, પરંતુ ખાતેદાર બની શકતા નથી. 'ઊભડ' માટેની શરતો પણ પરિશિષ્ટ–૩માં આપેલી છે. પરિશિષ્ટ–૩માં અન્ય ત્રણ જિલ્લાઓ, સુરત, ભરૂચ અને પંચમહાલમાં વસતા વનવસાહતીઓ માટે પણ શરતો મુકરર કરેલી છે.

આ શરતોમાં મહત્ત્વની બાબત એ છે કે આ જમીનની મૂળ માલિકી તો સરકારની જ રહે છે. વળી, આ જમીન ઉપર તો માત્ર ખેડાણ હક્ક જ ખાતેદાર ખેડૂતોને આપવામાં આવે છે. આમ, પોતે ખેડે તે જમીનનું તે વેચાણ કરી શકે નહીં કે બક્ષિસમાં કોઈને આપી શકે નહીં. આમ છતાં આ જમીન બીજા જમીન માલિકોની માફક મૂળ ખાતેદારના અવસાન પછી તેના વંશવારસોના નામે કરવાની જોગવાઈ છે. આ જ પ્રમાણે જરૂર પડે ત્યારે વારસાઈ કરીને ખાતામાં ફેરબદલી કરી આપવામાં આવે છે.

સરેરાશ વનવસાહતીઓ અભણ અને ગરીબ છે.

આધુનિક ખેતી, આધુનિક સ્વાસ્થ્ય રક્ષણ, આધુનિક કુટુંબ કલ્યાણ પ્રણાલી વગેરે ત્યાં નથી. અન્ય નાગરિકો માટે સામાન્ય એવી સવલતો પણ વનવસાહતોમાં ભાગ્યે જ જોવા મળે છે.

મોટા ભાગનાં વનવસાહતી ગામો જંગલના અંદરના વિસ્તારોમાં આવેલાં છે, જેથી નજીકના મુખ્ય બજારો સાથેનો તેમનો સંપર્ક બીજાં મહેસૂલી ગામોની સરખામણીએ દુષ્કર છે.

મહેસૂલી ગામોને જે સવલતો મળે છે, દા.ત. જિલ્લા પંચાયત તરફથી કે ટ્રાઇબલ સબ પ્લાન પ્રોજેક્ટ તરફથી કે શિક્ષણ ખાતા તરફથી, એ સગવડો વનવસાહતીઓને અપાતી નથી.

આમ, સમગ્રપણે જોતાં વનવસાહતોમાં વસતા આદિવાસીઓ ગુજરાતની સૌથી પછાત વસ્તી છે.

આમ, આ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકારે એક વનવસાહત વિકાસ યોજનાની રૂપરેખા ૧૯૮૪માં ઘડી હતી. આ જોગવાઈ મુખ્યત્વે કેન્દ્ર સરકાર તરફથી મળતાં નાણાંમાંથી થતી હતી.

આગળ જણાવ્યું તેમ આઝાદી પછી ભારતમાં ઉત્તરોત્તર થયેલા અન્ય વિકાસની સાથે સાથે વનવસાહતો ઊંડાણના વિસ્તારોમાં આવી હોવાથી તેનો તેટલા પ્રમાણમાં વિકાસ થવા પામ્યો નહોતો. મોટા ભાગનાં ગામોમાં ન્યૂનતમ મૂળભૂત સગવડો પણ નથી. ૧૯૮૪ સુધી વન વિભાગના સામાન્ય બજેટમાંથી વનવસાહતી લોકોને લોન પેટે મર્યાદિત પ્રમાણમાં રકમ ધીરવામાં આવતી હતી. પરંતુ નાણાકીય જોગવાઈ ઘણી ઓછી હોવાથી વિકાસનો દર નહિવત્ રહેવા પામ્યો હતો. એકસાલી ધોરણે ખેતી માટેની જમીન આપવામાં આવેલી હોવાથી બૅંકો પાસેથી પણ આ લોકોને નાણાકીય લોન મળી શકતી નહોતી. તેઓની ખેતીપદ્ધતિ પણ પ્રાચીન પ્રકારની રહેવા પામી છે. ખેતીની જમીનમાં બંધ–પાળા, ક્યારી બનાવવી વગેરે સુધારાનાં કામો ન થવાથી જમીનમાં પોષક તત્ત્વો ઓછાં થવાના કારણે તેની ફળદ્રુપતા પણ ઘટવા પામી છે.

## છઠ્ઠી અને સાતમી યોજના

વનવસાહતી ગામો મુખ્ય બજાર કે મુખ્ય મથકનાં શહેરોથી બારેમાસ સડકથી જોડાયેલાં ન હોવાના કારણે વિકાસના લાભ તેને મળ્યા નથી. આ ગામો તો ચોમાસા દરમિયાન બિલકુલ વિખૂટાં

પડી જાય છે. તેમ જ રસ્તાના અભાવે વૈદકીય સારવાર સમયસર મળી શકતી નથી. રાજ્ય સરકાર તરફથી વનવસાહતી ગામોના વિકાસ માટે ૬ વર્ષ માટેનો રૂ. ૧૦.૩૦ કરોડનો એક વિકાસ કાર્યક્રમ ઘડી ભારત સરકારને ૧૯૮૪થી સુપરત કરવામાં આવેલો હતો. તેને ભારત સરકારે મંજૂર કર્યો હતો. આ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી ખાસ કેન્દ્રીય સહાય આ ૬ વર્ષોમાં મળી હતી જેમાં ૧ વર્ષ છઠ્ઠી પંચવર્ષીય યોજનાનું અને પાંચ વર્ષ સાતમી પંચવર્ષીય યોજનાનાં હતાં.

### આઠમી પંચવર્ષીય યોજના :

આઠમી પંચવર્ષીય યોજના માટેની દરખાસ્તોની કુલ રકમ રૂ. ૯ કરોડ થાય છે. કાર્યક્રમના ઝડપી અમલીકરણ માટે રાજ્ય સરકારે સને ૧૯૮૪–૮૫થી રાજ્યમાં એક સ્પષ્ટ વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું છે. આ માટે મુખ્ય વનસંરક્ષક, વનવસાહત વિભાગમાં એક ખાસ જગ્યા ઊભી કરવામાં આવી છે.

### વિશિષ્ટ કેન્દ્રીય સહાય (Special Central Assistance)

વિશિષ્ટ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ૧૯૮૪–૮૫થી વનવસાહતીઓના વિકાસ માટે જે વિશિષ્ટ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેની મધ્યસ્થ (Nodal) એજન્સી તરીકે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગને મૂકવામાં આવ્યો છે કે જે વનવસાહતીઓના સમગ્ર વિકાસના કાર્યક્રમનું અમલીકરણ કરાવે.

મુખ્ય વનસંરક્ષક, વનવસાહત વિભાગ, વડોદરાના હાથે ચાર નાયબ વનસંરક્ષકશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. મુખ્ય વનસંરક્ષક (DFS) વડોદરા કાર્યક્રમનું અમલીકરણ, સુપરવિઝન અને મોનિટરિંગ કરે. ડિવિઝન સ્તરે ડેપ્યુટી કન્ઝર્વેશન ઑફિસર કરાવે. રેન્જ ફોરેસ્ટ ઑફિસરો જંગલમાં રહેલા વનવસાહતીઓનો સંપર્ક કરે અને તેમને જોઈતી સહાયની એક યોજના બનાવે. તેમની ખરેખરી જરૂરિયાતનો અંદાજ કાઢી સબસિડી–લોન પેપરો ફોરેસ્ટર દ્વારા તૈયાર કરાવી ડેપ્યુટી કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટને ડિવિઝન ઑફિસમાં મોકલી આપે.

આ કાર્યક્રમનું અમલીકરણ વન વિભાગના વડોદરા, સુરત અને જૂનાગઢ સર્કલનાં ચાર ડિવિઝનો – (૧) માંડવી (૨) દેવગઢબારિયા (૩) રાજપીપળા અને (૪) જૂનાગઢ ડિવિઝનો દ્વારા થાય છે. આ ચારેય ડિવિઝનમાં (ડેપ્યુટી કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ) નાયબ વનસંરક્ષકશ્રીઓ અમલીકરણના ઇન્ચાર્જ ઑફિસર છે.

આમ, આ DFS કાર્યક્રમ દેવગઢબારિયા, રાજપીપળા અને માંડવીનાં ત્રણ ડિવિઝનો વતી અમલમાં આવે છે. જ્યારે જૂનાગઢનું કામ નાયબ વનસંરક્ષકશ્રી ગીર (પશ્ચિમ) સંભાળે છે. સર્કલ સ્તરે એક ડેપ્યુટી એન્જિનિયર અને એક ઓવરસીયરની નિમણૂક કરવામાં આવેલી હોય છે જે ગામોનાં સામુદાયિક કામો માટે તથા માળખાગત વિકાસાત્મક યોજનાઓ માટેની યોજનાઓ, નકશા તથા અંદાજો તૈયાર કરે છે.

ડિવિઝન સ્તરની હાથ નીચે કામ કરતી એજન્સી તરીકે રેન્જ ફોરેસ્ટ ઑફિસરો હોય છે. તેમની પાસે ફોરેસ્ટ અને બીટગાર્ડ હોય છે. રેન્જ ફોરેસ્ટર ઑફિસરની ફરજ વનવસાહતીઓની જરૂરિયાતોનો અંદાજ બાંધી તેમના લોન–સબસિડી માટેના કાગળો ફોરેસ્ટ દ્વારા તૈયાર કરાવી વનવસાહતીઓ આવક ઊભી કરી શકે તેવી યોજના અંદાજપત્રમાં મુકાવવાની છે. આ ઉપરાંત રેન્જ ફોરેસ્ટ ઑફિસરોએ તેમની રેન્જના સામુદાયિક વિકાસનાં કામોનું પણ સુપરવિઝન કરવું પડે છે. આ ઉપરાંત નાયબ વનસંરક્ષકશ્રીની સૂચના મુજબ એ જે કામ ચીંધે તે પ્રમાણે કામ કરવાનું હોય છે.

વનવસાહતીઓની સંખ્યા ઉપર રેન્જ કે ડિવિઝનના કદનો આધાર નથી હોતો. વનવસાહતી ડિવિઝન રેન્જ કદ માટે કોઈ નક્કી કરેલા સિદ્ધાંતો

નથી, જ્યારે સામાન્ય જંગલ ડિવિઝનના કદ માટે આવા નિયમો હોય છે ખરા. DFS કાર્યક્રમનું કામ સમગ્રપણે વિકાસાત્મક છે અને તેમાં વનવસાહતીઓ સાથેનો વ્યક્તિગત સંપર્ક જરૂરી છે.

### ખર્ચની તરાહ (Funding Pattern) :

DFS કાર્યક્રમ વિશિષ્ટ કેન્દ્ર પુરસ્કૃત સહાય કાર્યક્રમ હોવાને કારણે કેન્દ્ર સરકારે ૧૯૮૪–૮૫થી ૧૯૮૯–૯૦ સુધીમાં તો ૧૦૦ ટકા ખર્ચ પૂરો પાડ્યો હતો.

નાણાકીય વર્ષની શરૂઆતમાં જ, વન અને પર્યાવરણ વિભાગના સચિવ પોતાના બજેટમાંથી ચીફ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ(DFS)ને ગ્રાન્ટ આપે છે. તે આ ગ્રાન્ટ પોતાના હાથ નીચેના વનસંરક્ષકને (Conservator of Forest) આપે છે, જે તરત જ પોતાના હાથ નીચેના નાયબ વનસંરક્ષકશ્રીઓને આ ગ્રાન્ટ તેમની જરૂરિયાત, કુટુંબો અને સામુદાયિક કામોને અનુલક્ષીને ફાળવી આપે છે. ગ્રાન્ટ ફાળવાયા બાદ નાયબ વનસંરક્ષકશ્રીઓ પોતાની હાથ નીચેના રેન્જ ફોરેસ્ટ ઑફિસરોને નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંકો ફાળવી આપે છે. ગ્રાન્ટ ફાળવાતાં પહેલાં જે તે રેન્જની આદિવાસી વસ્તીને ધ્યાનમાં લઈ પછી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

### કાર્યક્રમનું અમલીકરણ :

ઇનપુટ વિતરણ, ખેતીનું બિયારણ કે દવાઓનું વિતરણ તથા બાગાયતી રોપાનું વિતરણ કરતી વખતે કેસ પેપર તૈયાર કરવાની જરૂર નથી, પરંતુ વનવસાહતીઓની જરૂરિયાત પ્રમાણે તેનું વિતરણ કરવામાં આવે છે. તે અંગેની સહાય આપવામાં આવે છે. રેન્જ ફોરેસ્ટ ઑફિસર આવા લાભાર્થીઓનો રેકર્ડ, ચીફ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ નક્કી કરેલા રજિસ્ટરમાં રાખે છે. સબસિડી કે લોન માટેના પેપરો રેન્જ ફોરેસ્ટ ઑફિસર તૈયાર કરે છે અને જ્યારે જરૂર પડે ત્યારે નાયબ વનસંરક્ષકને મોકલી આપે છે. લોન માટેના પેપરો સંબંધિત બૅંકને લોન મંજૂર કરવા માટે મોકલી આપવામાં આવે છે. યોજનાની નક્કી કરેલ યુનિટ કોસ્ટ ઉપર સબસિડી આપવામાં આવે છે.

ભારતની નાનીમોટી આદિજાતિઓના લોકો પર્વતો અને ડુંગરો અથવા જંગલો અને કોતરોમાં રહેતા હોઈ ગિરિજનો કે વનવાસીઓ તરીકે ઓળખાય છે. પ્રકૃતિની ગોદમાં રહેતા આદિવાસીઓનું સાંસ્કૃતિક જીવન પ્રાકૃતિક પરિસ્થિતિ અને પરિષ્કારના નિરંતર પ્રભાવ હેઠળ હોય છે. આદિવાસી વિસ્તારમાં પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ અસ્ખલિત અને અવિચ્છિન્ન જોવા મળે છે. પરિણામે આદિવાસીઓના સામાજિક વહેવારો તેમની સંસ્કૃતિ અને આસપાસની પ્રકૃતિને આધીન હોય તે સ્વાભાવિક છે. ભૌગોલિક દ્રષ્ટિએ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ આજ સુધી બહારના સમાજથી અલિપ્ત રહ્યા હોઈ પોતાની આગવી જીવનભાત ધરાવે તે સમજી શકાય તેવી હકીકત છે. દરેક આદિજાતિને પોતાનું અલાયદું એવું સામાજિક સંગઠન હોય છે અને તે મુજબ સામાજિક વહેવારો નિર્માયેલા હોય છે.

મોટા ભાગના આદિવાસીઓએ નિર્વાહમાં કે જીવનમાં કપરો સંઘર્ષ કરવો પડતો હોય છે. એટલે તેમની સમાજવ્યવસ્થા જીવનનિર્વાહની પરિસ્થિતિ દ્વારા નિર્ધારિત બને છે. આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખેતી અને જંગલ પર આધારિત હોઈ તેમની રહેણીકરણી તેને અનુલક્ષીને ગોઠવાયેલી હોય તે સ્વાભાવિક છે. ભારતનાં રાજ્યોમાં પથરાયેલા આદિવાસીઓ જીવનનિર્વાહ માટે જુદી જુદી આર્થિક પ્રવૃત્તિઓ કરતા જોવા મળે છે. જંગલમાં વસતા ગુજરાતના વનવસાહતી આદિવાસીઓનો ખ્યાલ મેળવવા તેમનો જંગલ સાથેનો અતૂટ સંબંધ જોવો જોઈએ. બ્રિટિશરોએ સ્થાપેલાં વનવસાહતી ગામોમાં વનવસાહતી આદિવાસીઓનો બહુ જ ઓછો વિકાસ થયો છે.

## વન અધિકાર ધારો–૨૦૦૬ (FRA) :

વનવિસ્તારમાં રહેતા આદિવાસીઓ, વનવાસી અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓના વન અધિકારો અને વન્ય જમીનમાંના વ્યવસાયને માન્ય કરવા તથા તેમનામાં નિહિત કરવા, વન્ય જમીનના સંબંધમાં એવી રીતે નિહિત થયેલા વન અધિકારોની નોંધ કરવા, એવી રીતે માન્ય કરવા અને નિહિત કરવા માટે જરૂરી પુરાવાના પ્રકાર માટેના એક માળખાની જોગવાઈ કરવા બાબત અધિનિયમને વન અધિકાર ધારો–૨૦૦૬ કહેવાય છે.

## હેતુ :

આ કાયદાનો હેતુ સ્થાનિક જનસમુદાય પોતાની આજીવિકા નિશ્ચિત કરે અને વનોનું સંરક્ષણ અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં મદદરૂપ થાય તે છે. પૂર્વકાળથી દેશની આઝાદી પછી ઘણાં રાજ્યોના વનવિસ્તારના સીમાંકન દરમિયાન પણ આવા સમુદાયના અધિકારો અને વસવાટને પર્યાપ્ત માન્યતા અપાઈ નથી. રક્ષિત કે આરક્ષિત કે અન્ય વનોની જાહેરાત કરવાની વિધિના જંગલમાં અંતરિયાળમાં વસતા કે સ્થળાંતર કરતા આદિવાસીઓ પોતાના હકો અંગેની જાણકારીના અભાવે કે અભણ અને ગરીબ હોવાથી તેમ જ રજૂઆતની આવડત ન હોવાથી આમ બનવા પામેલ છે. જેમાં પરિણામ સ્વરૂપે વનવિસ્તારમાં વસવાટ કરતા આદિવાસીઓ અને અન્ય વનવાસીઓ પ્રત્યે ઐતિહાસિક અન્યાય થયેલ છે. તેઓ તો પર્યાવરણ સમતુલાની નિરંતરતા અને વન આધારિત ખાસ જીવંતતાના અભિન્ન અંગ છે.

આ કાયદા હેઠળ અનુસૂચિત જનજાતિ અને આજીવિકા માટે જમીન ખેડવાનો, ઘાસ ચરાવવાનો, પીવાનું પાણી મેળવવાનો, ગૌણ પેદાશો એકઠી કરી તેનો ઉપયોગ કરવાનો અધિકાર છે. આ કાયદામાં હકોને માન્યતા સાથે નિરંતર વિકાસ માટે વનરક્ષણ અને વ્યવસાયની જવાબદારીની ખાસ શરત છે. સાથે સાથે પર્યાવરણના અભિન્ન અંગ એવા વન્યજીવનાં નિવાસસ્થાનો જો સંકટગ્રસ્ત કક્ષામાં હોય તો તેવા વિસ્તારોને પ્રતિબંધિત કરવાની પણ જોગવાઈ છે. આ કાયદા હેઠળ અધિકારો ભોગવતી વખતે અન્ય પ્રવર્તમાન કાયદાનું ઉલ્લંઘન ન થાય તે જોવાનું રહે છે.

આ કાયદાનો ગ્રામ કક્ષાએ અમલ કરવા માટે કેટલીક અગત્યની કાળજી લેવાની જરૂર રહેશે. તેને ધ્યાનમાં રાખી આ માર્ગદર્શિકા મુખ્યત્વે ગ્રામ કક્ષાની વન અધિકાર સમિતિ માટે બનાવવામાં આવી છે.

વ્યાખ્યાઓ, શબ્દાર્થ અને અર્થઘટન

૧. **સામુદાયિક વન્ય સ્રોતો** : જે સમુદાયનો જેમાં પરંપરાગત પ્રવેશ માન્ય હતો તેવા કોઈ પણ પ્રકારનાં વનોમાં આવેલી વનસ્પતિ અને વૃક્ષો, ગોચર, વાડી, ઝરણાં, નદી, નાળાં, મોસમી ઘાસ, જમીન કે જેમાંથી મળતી પેદાશોનો તે સમુદાય પરંપરાગત રીતે ઉપયોગ કરતો હોય તથા જેમાં માલધારીઓ મોસમી ચરિયાણ ચરાવતા હોય તેવા વન્ય સ્રોતો.

૨. **સંકટગ્રસ્ત વન્યજીવ નિવાસસ્થાનો** : વન્યજીવ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન પૈકીના વિસ્તારો, જેમાં વૈજ્ઞાનિક અને હેતુલક્ષી માપદંડના આધારે એક પછી એક બાબત તપાસી ચોક્કસ અને સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરેલ વિસ્તારો કે જે આ કાયદાની કલમ–૪(૨)ને અનુસરીને કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ હોય.

૩. **વનવાસી અનુસૂચિત જનજાતિ** : એવા સમુદાયના સભ્યો, જે પ્રાથમિક રીતે વન કે

વનની જમીન પર વસતા હોય અને તેમનો જીવનનિર્વાહ વન ઉપર નિર્ભર હોય, જેમાં અનુસૂચિત જનજાતિના માલધારીઓનો પણ સમાવેશ થાય છે. આંશિક રીતે વનમાં ખેતી માટે વસવાટ કરતા હોય તે પણ વનવાસી ગણાશે.

• વનવાસી : ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલયના સૂચવ્યા પ્રમાણે જે હક્ક દાવેદારો જંગલની બહાર કાયમી વસવાટ કરતા હોય અને ખેતી કે રહેઠાણ માટે આંશિક રીતે જંગલમાં રહેતા હોય તો તેઓને પણ આ કાયદાના અર્થમાં વનવાસી ગણવા.

૪. **વનની જમીન** : વન વિસ્તારની વ્યાખ્યામાં આવતી હોય તેવી જમીન જેમાં વર્ગીકૃત કે બિનવર્ગીકૃત વન, અસીમાંકિત વન, હયાત અથવા નીમ થયેલ વન, વન્ય–પ્રાણી અભયારણ્યને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોની જમીનનો સમાવેશ થાય છે.

૫. વન : વન અંગે આ કાયદામાં સ્પષ્ટ વ્યાખ્યા દર્શાવવામાં આવી નથી. જેથી ભારતીય વન અધિનિયમ–૧૯૨૭ અને નામદાર સુપ્રીમ કોર્ટની પરચૂરણ યાચિકા નં. ૨૦૨/૧૯૯૫ હેઠળ કરવામાં આવેલ વ્યાખ્યા પ્રમાણેનો વન વિસ્તાર કે વૃક્ષ આચ્છાદિત વિસ્તાર.

૬. વન અધિકારો : આ કાયદાની કલમ–૩માં દર્શાવેલ વ્યક્તિગત અને સામુદાયિક આધિકાર, જેમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી ચોક્કસ ૧૩ બાબતો હેઠળનાં વિકાસ કામો માટે જંગલની જમીન (શરતોને આધીન) મેળવવાના અધિકારોનો સમાવેશ થાય છે.

૭. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતાં વિકાસ કામો : રસ્તા, નહેરો, તળાવો, ચેકડેમ, વનસંરક્ષણ સિવાયના ખાસ હેતુ માટેનાં વાવેતરો કે નર્સરીઓ (દા.ત. પુનિતવન, બોટૅનિકલ ગાર્ડન, સંશોધન નર્સરી, ગ્રીન હાઉસ વગેરે)

૮. રાજ્ય સરકારની જવાબદારી હોય તેવી માળખાકીય સુવિધાઓ : આ કાયદાની કલમ–૩(૨)માં જણાવેલ કુલ ૧૩ માળખાકીય સુવિધાઓ, જેમાં સુવિધા(બાબત/કેસ)વાર એક હેક્ટર સુધી જંગલની જમીન અને તેના પર આવેલ વૃક્ષો પૈકી પ્રતિ હેક્ટર વધુમાં વધુ ૭૫ વૃક્ષો કાપવાની શરતે મળવાપાત્ર છે.

૯. **વનગામો** : વનનિર્માણની કામગીરી માટે રાજ્ય સરકારના વન વિભાગે વનોમાં સ્થાપેલી અથવા અનામત વન જાહેર કરવાની પ્રક્રિયા દ્વારા જે વસાહત અથવા વિસ્તારને વનગામોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હોય અને તે વન વસાહતો જેમાં સરકારે પરવાનગી આપેલી ખેતી અને બીજા ઉપયોગ માટેની જમીનનો સમાવેશ થાય છે.

૧૦. **ગામ** : પંચાયત (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) ધારો (પેસા) ૧૯૯૬ની કલમ–૪(ખ) મુજબ ગામ એટલે વસાહત, ફળિયાં, ફળિયાના સમૂહ, પાડા કે પરાં, જ્યાં વસતા લોકો પરંપરા અને રૂઢિરિવાજોથી જોડાયેલા હોય.

૧૧. **ગ્રામસભા** : પેસા–૧૯૯૬ની કલમ–૪(ખ) મુજબના ગામના મતદારયાદી પરના સભ્યો/પુખ્ત વયના સભ્યોનું સંગઠન જે કલમ–૪(ગ) મુજબ ગ્રામસભા કહેવાશે.

૧૨. **ગૌણ વનપેદાશો** : ગૌણ વનપેદાશો એટલે વાંસ, ઝાંખરાં, ઠૂંઠા, નેતર, તુષાર, કોશેટા, મધ, મીણ, લાખ, બીડી/ટીમરુ પત્તાં, ઔષધીય છોડ અને ઓસડના છોડ, મૂળ, કંદમૂળ અને તેના જેવી વનસ્પતિ સહિત તમામ બિનઇમારતી વનપેદાશો.

૧૩. **નોડલ એજન્સી** : કલમ–૧૧ મુજબ આ કાયદાના અમલીકરણ અંગે કેન્દ્ર સરકારે નીમેલ અધિકારી અથવા સત્તાતંત્ર અથવા આદિજાતિ મંત્રાલય. ગુજરાત રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ નોડલ એજન્સી તરીકે કામ કરે છે.

૧૪. **જાહેરનામું**: રાજપત્રમાં જાહેર કરેલ જાહેરનામું. દા.ત. આ કાયદો તા. ૩૧/૧૨/૨૦૦૭ના રોજ રાજપત્રમાં બહાર પાડેલ જાહેરનામાથી અમલમાં આવેલ છે.

૧૫. **અનુસૂચિત વિસ્તારો** : ભારતના સંવિધાનની કલમ–૨૪૪(૧)માં અનુસૂચિત વિસ્તારો– ગુજરાત રાજ્યમાં કુલ ૫૨ તાલુકાઓ અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરેલા છે.

૧૬. **સ્થાયી (નિરંતર) ઉપયોગ** : જૈવ વિવિધતા અધિનિયમ–૨૦૦૨ની કલમ–૨(દ)માં જે અર્થ આપ્યો છે તે જ થશે.

૧૭. **વન્યપ્રાણીઓ** : વન્યપ્રાણી (રક્ષણ) ધારો ૧૯૭૨ની અનુસૂચિઓ ૧થી ૪માં નિર્દિષ્ટ કરેલ અને જંગલી કૂતરાં, શિયાળ, કાળિયાર, નીલગાય, દીપડા, રીંછ, સસલાં, નાગ, મોર વગેરે.

૧૮. **હક્ક દાવાદાર** : દરેક પુખ્ત વયની વ્યક્તિ, સમુદાય, કુટુંબ કે કુટુંબનું જૂથ. આ કાયદાના સંદર્ભમાં પતિ અને પત્ની(ઓ) સંયુક્ત દાવેદાર ગણાશે.

૧૯. **વન અધિકાર સમિતિ** : આ કાયદાના અમલ માટે નિયમો–૨૦૦૮ના નિયમ–૩ મુજબ ગ્રામપંચાયત દ્વારા બોલાવવામાં આવેલી ગ્રામસભા દ્વારા રચવામાં આવેલી સમિતિ .

૨૦. **સહભાગી વન વ્યવસ્થા** : વન વિભાગ દ્વારા વન વ્યવસ્થા અને રક્ષણ અર્થે રચવામાં આવેલી વનની આસપાસનાં ગામોના પુખ્ત વયના સભ્યોની ગામ વન રક્ષણ સમિતિઓ કે જેમના દ્વારા જે તે વનના રક્ષણ, વિકાસ અને વ્યવસ્થા સંબંધી કામગીરીમાં સહભાગિતા હોય અને તે માટે ખાસ હકો આપવામાં આવ્યા હોય.

૨૧. **પિયત અંગેનાં સંસાધનો** : કૂવા, તળાવ, ચેકડેમ, નદી, નાળાં, વહેળા, જે મોસમી કે બારમાસી હોય.

૨૨. **જમીનનો કબજો** : જંગલની જમીન પર રહેઠાણ (ઘર અને રસોડું/ચૂલો) અને/ અથવા જમીન ખેડી વાવેતરમાં કોઈ પણ પાક લેવામાં આવેલ હોય, પરંતુ ગામ નમૂના નં. ૬ કે ૮(અ)માં માલિકી હક્ક આપવામાં આવેલ ન હોય.

૨૩. **પ્રામાણિક આજીવિકા** : પોતાના કે કુટુંબના નિર્વાહ માટે ખેતી કરીને વન પેદાશ એકઠી કરીને તેનો સ્વઉપયોગ કરીને કે વેચીને મેળવેલ આવક.

૨૪. **અન્ય પરંપરાગત વનવાસી** : સને ૨૦૦૫ના ડિસેમ્બર મહિનાની ૧૩મી તારીખ પહેલાં ઓછામાં ઓછી ત્રણ પેઢીઓથી વનોમાં રહેતા હોય અને જીવન નિર્વાહ માટેની ખરેખરી જરૂરિયાતો માટે વન અથવા વન જમીન પર નિર્ભર હોય તેવા સભ્ય અથવા સમુદાય, આ ખંડના હેતુ માટે ત્રણ પેઢી એટલે ૭૫ વર્ષનો સમયગાળો. બિનઆદિવાસી સભ્ય કે સમુદાય જે તા. ૩૧/૧૨/૧૯૩૨ પહેલાંથી વન અથવા વનની જમીન પર વસવાટ કરતા હોય.

૨૫. **આદિમ જૂથ** : આદિજાતિમાં પણ અતિપછાત એવા કોટવાળિયા અને વાંસફોડિયા, કાથોડિયા વગેરે જનજાતિના લોકો.

૨૬. **ધારો** : ધારો એટલે અધિનિયમ કે કાયદો, જેના આધારે કોર્ટ કે કચેરીમાં કાર્યવાહી અને ન્યાય/નિર્ણય થાય છે.

આ કાયદા હેઠળ મળવાપાત્ર અધિકારો

૩.૧ આ કાયદા હેઠળ નીચેની વિગતે મુખ્ય ત્રણ પ્રકારના અધિકારો મળવાપાત્ર છે :

ક વ્યક્તિગત અધિકાર : ખેતી અને/અથવા રહેઠાણ માટે જમીન મેળવવાનો અધિકાર.

ખ સામુદાયિક અધિકારો (આજીવિકા માટે): વનસંપત્તિ અને વનપેદાશો દ્વારા આજીવિકા મેળવવાનો અધિકાર.

ગ સામુદાયિક અધિકારો (માળખાકીય સુવિધાઓ): વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વહીવટ કરવામાં આવતી સુવિધાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, વીજળી અને સંચાર વ્યવસ્થા અંગે વનની જમીન મેળવવાનો અધિકાર.

## ક વ્યક્તિગત અધિકાર :

૧. વન કે વનની જમીન પર રહેતા હોય અને/અથવા ખેતી કરતા હોય તો તે જમીન મેળવવાનો અધિકાર.

૨. જે હક્ક દાવેદારને તા. ૧૩/૧૨/૨૦૦૫ પહેલાં વનવસાહતી તરીકે પુનઃવસવાટના કાયદેસર હકોની માંગણી સ્વીકાર્યા વગર વનના વર્ણન હેઠળ આવતી ગમે તે જમીન પરથી ગેરકાયદેસર રીતે જમીન ખાલી કરાવીને કાઢી મૂક્યા હોય તેમને પુનઃવસવાટ માટે જે તે જમીન અથવા વૈકલ્પિક વનની જમીન મેળવવાનો અધિકાર.

૩. જે હક્ક દાવેદારોને તા. ૧૩/૧૨/૨૦૦૫ પહેલાં ગમે ત્યારે રાજ્યના વિકાસની કામગીરી માટે જમીનના બદલામાં જમીન આપ્યા વગર ખેતી કે વસવાટની જમીન પરથી ખસેડ્યા હોય અને જો કોઈ જમીન વળતર આપી સંપાદન કરેલ હોય તેવા કિસ્સામાં જમીન સંપાદન કર્યાની તારીખથી પાંચ વર્ષની અંદર કોઈ વિકાસ કામગીરી હાથ ધરવામાં આવી ન હોય તેવી જમીન પરત મેળવવાનો અધિકાર.

૪. સરકારશ્રી તરફથી અગાઉ પટ્ટા કે લીઝ કે ખેડહક્ક આપવામાં આવ્યો હોય તેને કાયદેસર કરવાનો અધિકાર.

## ખ સામુદાયિક અધિકારો (આજીવિકા):

૧. ગૌણ વનપેદાશો એકઠી કરવાનો, પ્રક્રિયા કરવાનો, ઉપયોગ કરવાનો, અદલાબદલી કે નિકાલ કરવાનો અધિકાર.

૨. સામુદાયિક વનસંપત્તિનું વ્યવસ્થાપન અને વપરાશનો અધિકાર, જેમાં ઢોર ચરાવવાનો, ખેતી માટે પાણી મેળવવાનો, માછલી પકડવાનો અને તળાવોમાંથી પેદાશો મેળવવાનો અધિકાર સામેલ છે.

૩. રાજાશાહી સમયે કોઈ પણ આદિજાતિ સમુદાયને વનની જમીન ઉપર જે કોઈ ખાસ અધિકારો આપવામાં આવ્યા હોય તે પરત મેળવી શકે છે.

૪. પરંપરાગત રીતે જે ગૌણ વનપેદાશો ઉપર સંબંધિત આદિજાતિ સમુદાયની માલિકી હોય તેમને તે એકત્ર કરવાનો અને ઉપયોગ કરવાનો અધિકાર રહેશે. આ વન અધિકાર અન્વયે કોટવાળિયા સમુદાયને તેમની જરૂરિયાત માટે યોગ્ય પ્રકારનો વાંસ મેળવવા માટેનો અધિકાર મળે છે.

૫. આદિમજાતિનાં જૂથો જો હાલ જંગલની જમીનમાં રહેતા હોય તો રહેઠાણનો અધિકાર.

૬. જો વનની જમીન ઉપર આદિવાસી સમાજો અને રાજ્ય સરકાર વચ્ચે કોઈ તકરાર/ વિવાદ હોય તે જમીન મેળવવાનો અધિકાર.

૭. કોઈ પણ સામુદાયિક વનસંપત્તિ, જેને આદિવાસી સમુદાય પરંપરાગત રીતે સાચવે છે, તેને લાંબા ગાળા માટે ઉપયોગ કરવા માટે સાચવવાનો અધિકાર. દા.ત. જ્યાં સહભાગી વન વ્યવસ્થા અમલમાં છે તે અધિકાર રૂપે સ્પષ્ટ થશે.

૮. આદિવાસીઓના પરંપરાગત જ્ઞાન અને જાણકારી અંગેનો અધિકાર.

૯. ઉપર દર્શાવવામાં આવ્યા ન હોય તેવા અન્ય પરંપરાગત અધિકારો.

**ગ સામુદાયિક અધિકારો (સરકારશ્રી દ્વારા હાથ ધરવાની થતી માળખાકીય સુવિધાઓ):**

**૧ સરકારશ્રી તરફથી વહીવટ કરવામાં આવતો હોય તેવી પાયાની સુવિધાઓ પૈકી –**

(ક) શાળાઓ

(ખ) દવાખાનું અથવા હૉસ્પિટલ

(ગ) આંગણવાડીઓ

(ઘ) વાજબી ભાવની દુકાન

(ચ) વિદ્યુત અને દૂરસંચારની લાઇનો

(છ) તળાવ અને બીજાં નાનાં જળાશયો

(જ) પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઇપલાઇન

(ઝ) પાણી અથવા વરસાદનું પાણી એકત્રિત કરવાના માળખા

(ટ) નાની સિંચાઈની નહેરો

(ઠ) ઊર્જાના બિનપરંપરાગત સ્રોત

(ડ) કૌશલ્ય વિકાસ અથવા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો

(ઢ) માર્ગો અને

(ણ) સમુદાય કેન્દ્રો માટે પ્રતિ કેસ હેક્ટર એટલે કે અઢી એકરથી ઓછી વનની જમીનની માંગણી ગ્રામસભા મારફતે કરવાનો અધિકાર.

**૨ વનવસાહતનાં ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવાનો અધિકાર.**

૩.૨ અધિકારો માટે પાત્રતાની શરતો અને હક્કદાવાની સમયમર્યાદા

(ક) હક્ક દાવેદાર અનુસૂચિત જનજાતિના સભ્ય હોવા જોઈએ અને તે માટેનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે. જો અન્ય પરંપરાગત વનવાસી હોય તો તે અંગેના આધાર રજૂ કરવા પડશે.

(ખ) હક્ક દાવેદારો આંશિક રીતે વન કે વનની જમીનમાં રહેતા હોવા જોઈએ.

(ગ) આજીવિકા માટે વન કે વનની જમીન ઉપર આધાર રાખતા હોવા જોઈએ.

(ઘ) તા. ૧૩/૧૨/૨૦૦૫ની પહેલાંથી જમીનનો કબજો ધરાવતા હોવા જોઈએ.

(ચ) રહેઠાણ અને ખેતીની જમીન માટેના કિસ્સાઓમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ના રોજ કબજો ચાલુ હોવો જોઈએ. ખેતી અને રહેઠાણ માટે કુલ મળીને ચાર હેક્ટર (૧૦ એકર) સુધીની જમીન મળી શકે.

(છ) જમીન મેળવનાર આ જમીનને વેચી કે ગીરવે નહીં મૂકી શકે.

(જ) જમીન પતિ અને પત્નીના સંયુક્ત નામે રહેશે.

(ઝ) ઉપરોક્ત (ક)થી (ચ)ની શરતો પૂર્ણ કરવા હક્કદાવા અરજી સાથે જરૂરી પુરાવા જોડવાના રહેશે. જો પુરાવા મેળવવા અરજી કરી હોય અને પુરાવા ન મળ્યા હોય તો અરજી કર્યાની નકલ બીડવાની રહેશે.

આ કાયદા હેઠળ મળવાપાત્ર અધિકારો

**૨. હક્કદાવા જમા કરાવવાની સમયમર્યાદા**

ક વ્યક્તિગત રહેઠાણ કે ખેતીની જમીન સંબંધી હક્કદાવા કે સામુદાયિક હક્કદાવા સ્વીકારવાની તારીખ ગ્રામસભા જાહેર કરશે. આ જાહેર કરેલ તારીખથી ૯૦ દિવસમાં હક્કદાવા અરજીઓ વન અધિકાર સમિતિના સચિવ/મંત્રીને જમા કરાવવાની રહેશે.

ખ ગ્રામસભા હક્કદાવા અરજી સ્વીકારવાનો સમયગાળો ઠરાવ કરીને લંબાવી શકે છે.

ગ બીજા તબક્કાની ગ્રામસભાઓમાં હક્કદાવા અરજી સ્વીકારવાની સમયમર્યાદા તા. ૨૪/૭/૦૮ સુધી રાખવામાં આવી છે.

ઘ અનુસૂચિત વિસ્તારો સિવાયના વનવિસ્તારો પરના હક્કદાવા અંગે આ કાયદાનો અમલ બીજા તબક્કામાં કરવામાં આવશે.

ચ ઉપર જણાવેલ તમામ અધિકારો માટે અરજીઓને મેળવી, યોગ્ય ચકાસણી કરી હક્કદાવા અંગે ભલામણ કરવાની સંપૂર્ણ સત્તા ગ્રામસભાને આપવામાં આવેલ છે.

## ૩.૩ આ કાયદા હેઠળના વિસ્તારો

ક આ કાયદા અને નિયમોની જોગવાઈ હેઠળ ગુજરાત રાજ્યમાં આવેલ વન વિસ્તાર જેમાં આરક્ષિત વન, વર્ગીકૃત જંગલ, બિનવર્ગીકૃત જંગલ, સીમાંકન બાકી હોય તેવા, હયાત અથવા નીમ કરાવેલ જંગલ વિસ્તારોનો સમાવેશ થાય છે.

ખ વન્ય પ્રાણી અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનના વિસ્તાર અંગેના હક્કદાવાઓના કિસ્સાઓમાં અમુક નિયંત્રણ મૂકવામાં આવ્યાં છે. આ વિસ્તારો પૈકી કોઈ વિસ્તારને સંકટગ્રસ્ત વન્યજીવ નિવાસસ્થાન જાહેર કરવામાં આવે તે જાહેરાતને આધીન રહીને અંતિમ નિર્ણય કરવાનો રહેશે. આ માટે રાજ્ય સરકાર પેકેજ જાહેર કરશે, જે ગ્રામસભાની સ્વીકૃતિને આધીન રહેશે.

**નોંધ :**

ગ્રામસભા દ્વારા આ માટેની કામગીરીનો વ્યવહારુ રીતે અમલ કરવામાં આવે, જરૂરી તમામ પુરાવા એકઠા કરી નોંધ કરવામાં આવે તે માટે એક વન અધિકાર સમિતિની રચના કરાશે. આ વન અધિકાર સમિતિ ગ્રામસભાને જવાબદાર રહેશે એટલે કે વન અધિકાર સમિતિનું કોઈ અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ નથી. આ સમિતિ આ કાયદાના અમલ માટે સંપૂર્ણપણે ગ્રામસભાને જવાબદાર છે. વન અધિકાર સમિતિ અરજીઓની યોગ્ય ચકાસણી કરી તારણો સાથે ગ્રામસભાને ભલામણ કરશે. જેના પર ગ્રામસભા ચર્ચા કરી પેટા–વિભાગીય સમિતિને યોગ્ય ભલામણ કરશે.

# ૪. ગ્રામસભા અને વન અધિકાર સમિતિ

## ૪.૧ ગ્રામસભા

ક જે તે ગામના તમામ પુખ્તવયના પુરુષ અને મહિલા સભ્યો કે જેમના નામનો મતદારયાદીમાં સમાવેશ કરેલો હોય તે તમામ સભ્યો મળી ગ્રામસભા બને છે.

ખ ગામ એટલે પંચાયત (અનુસૂચિત વિસ્તારો લાગુ પાડવા બાબત) ધારો (પેસા)–૧૯૯૬માં જે વ્યાખ્યા કરવામાં આવી છે તે રીતે સમજવાનું રહેશે. એટલે કે ફળિયા/પાડા/પરા પણ પેસા–૧૯૯૬ મુજબ ગામની વ્યાખ્યામાં આવતા હોઈ સ્વતંત્ર ગ્રામસભા બોલાવી શકે છે.

ગ આ અંગે સ્પષ્ટતા કરવાની જરૂર છે કે આ કાયદા હેઠળ ગામ અને ગ્રામસભાની વ્યાખ્યા ગુજરાત પંચાયત ધારો–૧૯૯૬ કરતાં અલગ છે – જુદી છે. એટલે કે આ કાયદાના અમલ અંગે પેસા–૧૯૯૬ હેઠળ ગામ અને ગ્રામસભાની વ્યાખ્યા અનુસરવાની રહેશે.

## ૪.૨ ગ્રામસભાના અધિકારો

ક આ કાયદા સંબંધી વન અધિકાર સમિતિની રચના કરવાનો અધિકાર અને તે અન્વયે સમિતિના કોઈ પણ સભ્યનું રાજીનામું સ્વીકારવું કે સભ્યપદ રદ કરવું અને તેમના સ્થાને નવા સભ્યની નિમણૂક કરવાનો અધિકાર.

ખ દાવા અરજીઓ સ્વીકારવાની તારીખ નક્કી કરવાનો અને આ માટેની સમયમર્યાદા વધારવાનો અધિકાર.

ગ વન અધિકાર સમિતિએ કરેલ તપાસ, તે અંગેનાં તારણો અને ભલામણ સામે નિર્ણય લેવા સુનાવણી કરવાનો અધિકાર અને લીધેલ નિર્ણય સામે હક્કદાવા અરજીઓ પેટા–વિભાગીય સમિતિને મંજૂરી માટે ભલામણ સહ મોકલવાનો અધિકાર.

ઘ સામુદાયિક હકો અંગે અરજીઓ મેળવવા વન અધિકાર સમિતિને નિર્દેશ કરવાનો અધિકાર.

ચ વન સંપત્તિના હક્ક, સંરક્ષણ અને વિકાસ સહિત નિરંતર ઉપયોગ અંગે વન વિભાગ સાથે સહભાગી વન વ્યવસ્થાનો અધિકાર અને આ કાયદાની કલમ–૫ હેઠળ પોતાના સભ્યોમાંથી ખાસ વન સંરક્ષણ સમિતિ રચવાનો અધિકાર.

છ આ કાયદાની કલમ–૩(૨) અન્વયેના સામુદાયિક અધિકારોની ઉપયોગિતા માટે આનુષંગિક માંગણીઓ કરવાનો અધિકાર (દા.ત. ખેતી માટે પાણી, આ વન વિસ્તારમાં નદી/નાળાં આવેલ હોય તો તેમાંથી પાણી મેળવવાનો અધિકાર).

જ આ કાયદાની કલમ–૪(૨)ના ખંડ (ચ) હેઠળ પુનઃસ્થાપન અંગેનું પેકેજ ધ્યાને લઈ તે સંબંધી ઠરાવ કરવાનો અધિકાર.

## ૪.૩ પેટા–વિભાગીય સમિતિની ફરજો

ક દરેક ગ્રામસભા તેમની ફરજો, વનસંબંધી અધિકારો ધરાવતી વ્યક્તિઓ તેમ જ અન્ય વ્યક્તિઓની વન્ય પ્રાણીસૃષ્ટિ, વન અને જૈવવૈવિધ્ય પરત્વે ફરજો એટલે કે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની જાળવણી અને સંવર્ધન માટેની ફરજો વિશે માહિતી આપશે.

ખ વન અધિકાર સમિતિને વનોના નકશા તથા મહેસૂલી નકશા અને મતદારયાદીઓ પૂરી પાડશે.

ગ સંબંધિત ગ્રામસભાના તમામ ઠરાવો સંપાદિત કરશે અને તેનો ધ્યાનથી અભ્યાસ કરશે અને દાવાઓની સચ્ચાઈ નક્કી કરવા માટે ગ્રામસભાના ઠરાવો અને નકશા તપાસશે.

ઘ વનસંબંધી કોઈ પણ અધિકારોના પ્રકાર અને વ્યાપ અંગે ગ્રામસભાઓ વચ્ચેના વિવાદો સાંભળશે અને તેનો ન્યાયિક નિર્ણય કરશે.

ચ ગ્રામસભાના ઠરાવોથી અસંતુષ્ટ હોય એવી રાજ્યની એજન્સીઓ સહિત લોકોની અરજીઓ સાંભળશે.

છ આંતર પેટા–વિભાગીય હક્કદાવાઓ માટે અન્ય પેટા–વિભાગીય સ્તરની સમિતિઓ સાથે સંકલન કરશે.

જ સરકારી રેકર્ડ સાથે મેળવણી કર્યા બાદ સૂચિત વનસંબંધી અધિકારોના તાલુકાવાર રેકર્ડનો મુસદ્દો તૈયાર કરશે.

ઝ સૂચિત વનસંબંધી અધિકારોના રેકર્ડનો મુસદ્દો અને હક્કદાવા આખરી નિર્ણય માટે પેટા–વિભાગીય અધિકારી મારફત જિલ્લા સ્તરીય સમિતિને મોકલશે.

ટ અધિનિયમ તથા નિયમો હેઠળ નિર્ધારિત કરવામાં આવેલા હેતુઓ અને કાર્યપદ્ધતિઓ વિશે વનવાસીઓમાં જાગૃતિ ઊભી થશે.

ઠ આ નિયમોના જોડાણ–૧(ફૉર્મ–ક અને ખ)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ હક્કદાવો કરવા માટેના, સરકારશ્રીએ નંબર સાથે છપાવેલાં ફૉર્મ દાવેદારોને વિનામૂલ્યે અને સરળતાથી પ્રાપ્ત થાય એ સુનિશ્ચિત કરશે.

ડ ગ્રામસભાની બેઠકો જરૂરી કોરમ સાથે મુક્ત અને ખુલ્લા મને યોજાય એ સુનિશ્ચિત કરશે.

## ૪.૪ વન અધિકાર સમિતિની રચના

ક આ કાયદાના અમલ અંગે સરકારશ્રીની સૂચના મળતાં ગ્રામપંચાયત પેસા–૧૯૯૬ કાયદાની જોગવાઈ પ્રમાણે ગ્રામસભા બોલાવશે અને આ ગ્રામસભામાં વન અધિકાર સમિતિની રચના કરવામાં આવશે.

ખ સભ્યો : ગ્રામસભા ઠરાવ કરીને ૧૦થી ૧૫ સભ્યોની વન અધિકાર સમિતિની રચના કરે છે. આ સમિતિના ૩૩ ટકા એટલે ત્રીજા ભાગના સભ્યો આદિવાસી હોવા જોઈએ તેમ

જ આ આદિવાસી સભ્યો પૈકી ત્રીજા ભાગના મહિલા સભ્યો હોવા જરૂરી છે તથા કુલ સભ્યોના ત્રીજા ભાગના સભ્યો પણ મહિલા હોવી જરૂરી છે. ગ્રામસભા આ સમિતિને જમીન ઉપર હક્કદાવાની અરજી મેળવવા, ચકાસણી તથા આગળની કાર્યવાહી કરવા માટે અધિકૃત કરે છે.

ગ ગ્રામસભા વન અધિકાર સમિતિના સભ્યોની વરણી કરી સમિતિની રચના અંગે ઠરાવ કરશે. ગ્રામપંચાયતના તલાટી–કમ–મંત્રી આ વનઅધિકાર સમિતિની રચનાની જાણ પેટા–વિભાગીય સમિતિને કરશે.

**નોંધ :**

જો વન અધિકાર સમિતિમાં કુલ–૧૫ સભ્યો હોય તો ત્રીજા ભાગના સભ્યો એટલે કે પાંચ સભ્ય આદિવાસી હોવા જોઈએ અને કુલ સભ્યોના ત્રીજા ભાગના એટલે પાંચ મહિલા સભ્ય હોવા જોઈએ. આ આદિવાસી સભ્યો પૈકી ત્રીજા ભાગની મહિલા સભ્યો એટલે કે ઓછામાં ઓછી બે મહિલા સભ્યો આદિવાસી હોવી જોઈએ.

## ૪.૫ વન અધિકાર સમિતિની કાર્યપદ્ધતિ

ક વન અધિકાર સમિતિ દર માસની પહેલી અને સોળમી તારીખે અને પખવાડિયા દરમિયાન થયેલ કામગીરીની સમીક્ષા કરશે. જો જરૂર જણાય તો એથી ઓછા સમયાંતરે પણ બેઠક બોલાવી શકશે.

ખ સમિતિ ઠરાવ કરીને પ્રમુખ અને મંત્રીને સંબંધિત તાલીમમાં મોકલશે.

ગ સમિતિની પ્રથમ બેઠકમાં કાયદા અન્વયે હક્કદાવા અરજીઓ સ્વીકારી પાવતી આપવા મંત્રીને સત્તા–સોંપણી ઠરાવ કરશે અને તે પ્રમાણે મંત્રી અરજીઓ સ્વીકારી, રજિસ્ટરમાં નોંધી, પાવતીમાં રજિસ્ટરનો નંબર આપી, અરજદારને પાવતી આપશે. આ માટે મંત્રીને સહાયક થવા માટે વન અધિકાર સમિતિ તે જ ગામના કોઈ પણ ગ્રામસમિતિના સભ્યની સેવાઓ લઈ શકશે.

ઘ અરજદારની વિગતો તપાસીને પ્રતિવાદી નક્કી કરવા.

ચ પ્રતિવાદીને જરૂરી પુરાવા રજૂ કરવા સમય–મર્યાદામાં નોટિસ બજાવવા અંગે ઠરાવ અને તે પ્રમાણે મંત્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

## ૪.૬ અરજી મળ્યા પછી કરવાની કાર્યવાહી

(૧) મંત્રી, અરજી મળતાં તરત જ અરજી રજિસ્ટરમાં નોંધાશે અને પખવાડિયા દરમિયાન મળેલ અરજીઓ સમિતિની બેઠકમાં એજન્ડા સાથે રજૂ કરાશે.

(૨) વન અધિકાર સમિતિના સભ્યો પખવાડિયા દરમિયાન મળેલ અરજીઓ માટે સ્થળ–ચકાસણી અને સુનાવણી માટે સમય અને તારીખ નક્કી કરશે. નક્કી કરેલ તારીખ અને સમયે વાદી તથા પ્રતિવાદીને પુરાવા સાથે સ્થળ પર હાજર રહેવા સમિતિના પ્રમુખની સહીથી નોટિસ આપવામાં આવશે.

(૩) નોટિસમાં દર્શાવેલ તારીખ અને સમયે પક્ષકારો(વાદી અને પ્રતિવાદીઓ)ની હાજરીમાં વન અધિકાર સમિતિના સભ્યો સ્થળ–ચકાસણીની કાર્યવાહી કરશે. (સ્થળ–ચકાસણી કે નિવેદન સમયે સમિતિના પ્રમુખ અને મંત્રીની હાજરી અનિવાર્ય છે.) જેમાં –

(ક) પંચનામું/રોજકામ કરશે. (તેમાં નીચેની વિગતોની સ્પષ્ટતા સાથે નોંધ કરશે.)

૧. ચતુર્સીમા

૨. હદબાણ/ટ્રેન્ચ/પાળા/પથ્થર વંડી/વાડ/ખૂંટા/ચીરા પથ્થર

૩. કાયમી/કુદરતી હદ (નદી, નાળી, કૂવા, બાંધકામ)

૪. પરંપરાગત ઓળખ (દા.ત. ક્યારીવાળું, મંદિરિયું)

(ખ) દસ્તાવેજી રેકર્ડની સ્થળ સાથે સરખામણી/ખરાઈ કરી ઉલ્લેખ કરવો.

(ગ) પુરાવા જેવા કે સાક્ષીઓ/વડીલનું નિવેદન નોંધવું.

(ઘ) ખેતર શેઢા પાડોશી હોય તો તેનો જવાબ નોંધવો. (પુરાવા યાદી, ચેકલિસ્ટ, નોટિસ નમૂનો, પંચનામા, ગ્રામસભાના ઠરાવના નમૂના આ સાથે જોડાણ–કથી છ સુધી સામેલ છે.)

(૪) નોટિસની એક નકલ ચાવડી/ચોરા પર લગાવવામાં આવશે.

(૫) પત્રવ્યવહાર અંગે ટપાલ ખર્ચ વગેરે ગ્રામ–પંચાયત ભોગવશે અને જરૂરી કાર્યવાહી કરવા ગ્રામપંચાયત તલાટીને સૂચના આપશે.

(૬) વન અધિકાર સમિતિ સુનાવણી દરમિયાન ખૂટતા પુરાવા અંગે વાદી અને/અથવા પ્રતિવાદીને પૂરતો સમય આપશે.

(૭) જોડાણ–ખર્ચની વિગતોના ચેકલિસ્ટ મુજબ ચકાસણી કરી જો પુરાવા પૂરતા જણાશે તો વાદી અને પ્રતિવાદીની હાજરીમાં આખરી સુનાવણી અંગે તારણો/અભિપ્રાય સાથે ગ્રામસભા સમક્ષ કેસ રજૂ કરાશે.

(૮) વન અધિકાર સમિતિ દ્વારા રજૂ થયેલ કેસો અંગે રજૂ કરેલ પુરાવા અને સમિતિનાં તારણો/અભિપ્રાયની ચર્ચા કરી વાદીની તરફેણ અથવા વિરુદ્ધમાં પોતાના અભિપ્રાય સાથે નિયત ચેકલિસ્ટમાં ભરી ગ્રામસભાની બેઠકમાં રજૂ કરાશે.

(૯) વન અધિકાર સમિતિ ગ્રામસભાની ભલામણ અંગે તમામ પક્ષકારોને જાણ કરશે, જેથી વાદી અથવા પ્રતિવાદી ઉપલી કક્ષાએ (પેટા–વિભાગીય સમિતિને) સમયમર્યાદામાં (૬૦–દિવસમાં) અપીલ કરી શકશે. આ જાણ નિયત નમૂનામાં કરવાની રહેશે.

(૧૦) મળેલ અરજીઓ, પુરાવાઓની નકલો, નિવેદનો, દસ્તાવેજો/દાખલાની નકલો વગેરે ક્રમમાં રાખી ખાખી પૂંઠાની ફાઈલમાં ટેગ(દોરી)થી બાંધી ફાઈલ તૈયાર કરશે અને ફાઈલ ઉપર હક્ક દાવેદારનું નામ, સરનામા, અરજી નંબર/દાવા રજિસ્ટર નંબર વગેરે નોંધી સલામત જગ્યાએ રાખશે.

## ૪.૭ વન અધિકાર સમિતિની જવાબદારીઓ

ક કોઈ સભ્ય રાજીનામું આપવા માંગે તો તેણે ગ્રામસભાના પ્રમુખને ઉદ્દેશીને રાજીનામું લેખિતમાં તલાટીને આપવાનું રહેશે. તલાટી આ રાજીનામું તે પછી મળનાર ગ્રામસભામાં રજૂ કરશે.

ખ સભ્યનું રાજીનામું – ગ્રામસભાની જવાબદારી – કોઈ પણ કારણોસર કોઈ સભ્ય રાજીનામું આપે કે દૂર કરવાના થાય તો ગ્રામસભા ઠરાવ કરી રાજીનામું સ્વીકારી, તે સામે નિયમોની જોગવાઈ મુજબ નવા સભ્યની નિમણૂક કરશે.

ગ ગ્રામમિત્રની ફરજો – પંચાયત વિભાગ દ્વારા ગ્રામમિત્ર પૈકી પંચાયત ઠરાવે તે ગ્રામમિત્રે વન અધિકાર સમિતિના સહાયક તરીકે ફરજ બજાવવાની રહેશે.

ઘ સમયમર્યાદા અંગે અરજી મેળવવાનું રજિસ્ટર સમયમર્યાદા પૂરી થતાં પેટા–વિભાગીય સમિતિ સમક્ષ રજૂ કરી બંધ કરાશે.

ચ ગ્રામસભાના અભિપ્રાય બાદ તમામ રેકર્ડ અને ફાઈલો તલાટીને સુપરત કરવામાં આવશે અને તેની પાવતી મેળવી લેવાની રહેશે.

છ સમિતિને કોઈ માહિતી, પુરાવા, આધારની જરૂર જણાય તો પેટા–વિભાગીય સમિતિને લેખિતમાં જાણ કરાશે.

જ ગ્રામસભાની બેઠકમાં કોઈ પણ સરકારી અધિકારી/કર્મચારી માત્ર હાજર રહી ગ્રામસભાને માહિતગાર કરવાની જવાબદારી નિભાવશે. પરંતુ તેમને ગ્રામસભાની ચર્ચા કે નિર્ણયમાં ભાગ લેવાનો અધિકાર નથી.

ઝ ગ્રામસભાએ જ્યારે અભિપ્રાય આપવાનો થશે ત્યારે ગ્રામસભા કેવી રીતે કાર્ય કરશે?

૧. ગ્રામસભામાં તલાટી વન અધિકાર સમિતિની ભલામણ પુરાવા યાદી સાથે વાંચશે.

૨. ગ્રામસભામાં સુનાવણી અંગે હાજર રહેવા વન અધિકાર સમિતિના પ્રમુખની સહીથી આપવામાં આવેલ નોટિસ મુજબ વાદી અને પ્રતિવાદી હાજર રહેતાં ગ્રામસભાની હાજરીમાં વાદી અને પ્રતિવાદીઓને સાંભળવામાં આવશે અને વાદી અને પ્રતિવાદીઓએ રજૂ કરેલ વાંધા/પુરાવા/નિવેદનોની નોંધ કરવામાં આવશે.

૩. આ અંગે અન્ય કોઈને પણ વાંધો હોય તો તે ઠરાવ સાથે નોંધવામાં આવશે. જે આધારે ગ્રામસભા વન અધિકાર સમિતિની ભલામણ અને વાદી–પ્રતિવાદીની સુનાવણી સામે હક્કદાવા અંગે નિર્ણય કરશે અને ભલામણ અને ઠરાવની નકલ સાથે હક્કદાવા અરજી અસલ પુરાવા સાથે એક અઠવાડિયામાં પેટા–વિભાગીય સમિતિને પંચાયતના તલાટી મારફતે મોકલી આપશે. લીધેલ નિર્ણયના ઠરાવની નકલ સાથે વાદી અને પ્રતિવાદીને લેખિતમાં જાણ કરવામાં આવશે.

૪. ઠરાવનો નમૂનો જોડાણ–છમાં આપેલ છે. દાવા/કેસવાર અલગ ઠરાવ કરવો હિતાવહ છે.

ટ કાયદા અને નિયમોની જોગવાઈ મુજબ વાદી કે પ્રતિવાદીને ગ્રામસભાના નિર્ણય અંગે અસંતોષ જણાય તો પેટા–વિભાગીય સમિતિને ગ્રામસભાના ઠરાવની તારીખથી ૬૦ દિવસમાં અપીલ કરી શકે છે.

ઠ વન અધિકાર સમિતિએ કરેલ કાર્યવાહીનો અહેવાલ સમિતિના મંત્રી પંચાયતના તલાટી મારફતે તાલુકા વિકાસ અધિકારીને પછીના અઠવાડિયાના પ્રથમ કામકાજના દિવસે સવારે ૧૧.૦૦ કલાકે અચૂક પહોંચાડશે.

(૧) ગામની વિકાસલક્ષી માળખાગત ૧૩ સુવિધાઓ આ કાયદાની કલમ–૩(૨) હેઠળ જમીન મેળવવાની કાર્યવાહી ગ્રામસભાએ હાથ ધરવાની રહે છે.

(૨) ગ્રામસભાની બેઠકમાં વિકાસલક્ષી કામોના મુદ્દાની વિગતવાર ચર્ચા કરી તલાટીશ્રી કઈ વન જમીનની જરૂરિયાત છે તેની યાદી તૈયાર કરશે અને તે સંબંધી કાર્યવાહી કરવા અને વન અધિકાર સમિતિએ તૈયાર કરેલ યાદીમાંનાં કામો માટે સંબંધિત ખાતાને જાણ કરશે. સંબંધિત ખાતું/વિભાગ આ જમીન સંબંધી સર્વે નંબરવાર નકશા અને તે સંબંધી વિસ્તારની વિગતો/નમૂના વન વિભાગ કે મહેસૂલ વિભાગ પાસેથી મેળવવા જરૂરી કાર્યવાહી કરશે અને સંબંધિત ખાતા તરફથી અંદાજિત જમીનની વિગતો પણ મેળવશે. સંબંધિત ખાતું આ અંગે સહકાર આપવા બંધનકર્તા છે.

(૩) વન અધિકાર સમિતિ ખાતા તરફથી મળેલ વિગતો ગ્રામસભા સમક્ષ રજૂ કરશે. ગ્રામસભા જે તે વિકાસની કામગીરી લઈ શકાય તેવી હોય તે કામગીરી હાથ ધરવા અંગેનો ઠરાવ કરશે.

(૪) સદરહુ ઠરાવની નકલ પેટા–વિભાગીય સમિતિને મોકલી આપશે.

(૫) સદરહુ ઠરાવની નકલ આગળની કાર્યવાહી અર્થે સંબંધિત ખાતાને પણ મોકલી આપશે.

(૬) ઠરાવની નકલ મળ્યેથી જે તે વિભાગ/ખાતું તે કામગીરી માટે સર્વે (મોજણી) કરાવી અંદાજો (એસ્ટિમેટ) તૈયાર કરશે.

(૭) સદરહુ ઠરાવ ગ્રામસભા વન વિભાગના સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રીને મોકલી જમીન ફાળવી આપવા માટે કાર્યવાહી કરવા વિનંતી કરશે.

(૮) સદરહુ ઠરાવ મળ્યેથી વન વિભાગ સદરહુ કામગીરી માટે સ્થળ–મુલાકાત લઈ જરૂરી પ્રાથમિક શક્યતાઓ તપાસશે. જેમાં (દરેક કેસમાં ૧.૦ હેક્ટરથી ઓછી) જમીનની મર્યાદામાં અને હેક્ટરે ૭૫ સુધી ઝાડ કાપવાની જોગવાઈ સામે જમીન ફાળવવાની વિગતો તૈયાર કરશે.

(૯) આ ચકાસણી દરમિયાન વન અધિકાર સમિતિના સભ્યો અને સંબંધિત ખાતાના અધિકારીઓ સ્થળ–મુલાકાત દરમિયાન હાજર રહેશે.

(૧૦) આ ચકાસણી બાદ જે તે જરૂરિયાત મુજબની ફાળવણીના હુકમો માટે ગ્રામસભા વિગતવાર દરખાસ્ત તૈયાર કરી મંજૂરી અર્થે પેટા–વિભાગીય સમિતિને મોકલશે.

(૧૧) સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી દરખાસ્ત અંગે જરૂરી કાર્યવાહી કરી જમીન ફાળવણી હુકમો મેળવી આપશે.

(૧૨) જમીન ફાળવણી અંગે જરૂરી હુકમો થયેથી સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી મંજૂર થયેલ દરખાસ્ત મુજબની જમીનની ખાતા દ્વારા સર્વે (મોજણી) કરાવી જમીનના વિસ્તાર, સ્થળ ઉપર સીમાંકન કરાવશે.

(૧૩) આવા સીમાંકન કરેલ વિસ્તારમાં કાપવાના થતા ઝાડની નિશાની અંગેનો ખરડો મંજૂર કરવાની કાર્યવાહી કરશે. જરૂરી મંજૂરી બાદ ખાતાના નિયમો મુજબ ઝાડ કપાવી મુદ્દામાલ જમીન પરથી હટાવી, સફાઈ કરેલ વિસ્તાર ગ્રામસભાને સુપરત કરશે.

(૧૪) કાયદાની જોગવાઈ મુજબ આવી મંજૂર થયેલ દરખાસ્તની જમીન માટે વળતર રૂપે કોઈ જમીન આપવાની રહેતી નથી કે કોઈ નાણાકીય વળતર આપવાનું રહેતું નથી.

(૧૫) જમીનનો કબજો સંભાળ્યા બાદ, તેના જરૂરી રેકર્ડ, નકશા તૈયાર કરાવીને ગ્રામસભા તેના રેકર્ડ સુધારા માટે જિલ્લા સમિતિ મારફતે કલેક્ટરશ્રીને વિનંતી કરશે. આવા સુધારા બાબતે જિલ્લા કલેક્ટરશ્રી જરૂરી આદેશ બહાર પાડશે અને સુધારા થયા બાબતે ચકાસણી પણ કરશે.

(૧૬) ગ્રામપંચાયત દરખાસ્ત મુજબની મંજૂરીવાળી જમીનનો કબજો મેળવીને જે તે વિકાસ કામગીરી માટે સંબંધિત ખાતાને જાણ કરશે.

(૧૭) આ જાણ થયેથી સંબંધિત ખાતા તરફથી ફાઇનલ પ્લાન, એસ્ટિમેટ બનાવી, જરૂરી તાંત્રિક મંજૂરી મેળવી કામગીરી માટે જરૂરી ફંડ મેળવવા સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીને નાણાકીય જોગવાઈ માટે દરખાસ્ત મોકલી આપશે.

(૧૮) નાણાકીય સહાય/ગ્રાન્ટ મેળવવા માટે મળેલ દરખાસ્તને પ્રાયોજના વહીવટદારશ્રી જે તે ગ્રાન્ટ નિયમો મુજબ જરૂરી કાર્યવાહી કરી મંજૂરી આપી ગ્રાન્ટ ફાળવણીના હુકમો કરશે. (ગ્રાન્ટ મળ્યેથી સંબંધિત ખાતા/વિભાગ તરફથી જે તે વિકાસલક્ષી કામગીરી પૂર્ણ કરવાની કાર્યવાહી કરશે.)

## વન સંબંધી અધિકારો નક્કી કરવા માટેના પુરાવા

વન સંબંધી અધિકારો સ્વીકારવા અને તે નિહિત કરવા માટેના પુરાવાઓમાં અન્ય બાબતોની સાથે સાથે નીચેનાનો સમાવેશ થશે :

| ક | જાહેર દસ્તાવેજો | દસ્તાવેજનું નામ/નંબર | ક્યાંથી મળશે? કચેરી |
|---|---|---|---|
| ૧. | સરકારી દસ્તાવેજો જેવા કે ગેઝેટિયર્સ | સરકારી ઠરાવ, પરિપત્રો | સંબંધિત સરકારી કચેરી જેવી કે પંચાયત, વન વિભાગ, મહેસૂલ વિભાગ વગેરે હેઠળની જિલ્લા/ તાલુકા કક્ષાની કચેરીઓ |
| ૨. | વસ્તીગણતરી | વસ્તીગણતરી પત્રક | ગ્રામપંચાયત/તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત/મામલતદાર કચેરી, જિલ્લા આંકડા અધિકારી |
| ૩. | મોજણીઓ | મોજણી અહેવાલ | DILR, વન વિભાગ, સિંચાઈ વિભાગ, જાહેર બાંધકામ, પંચાયતને લગતી કચેરીઓ |
| ૪. | સેટલમેન્ટ રિપોર્ટ્સ | સેટલમેન્ટ રિપોર્ટ્સ | ફોરેસ્ટ સેટલમેન્ટ ઑફિસર, પેટા–જિલ્લા વન વિભાગની કચેરી |
| ૫. | નકશાઓ | નકશાઓ, ગામ નકશા, સર્વે નંબરના નકશા, સેટેલાઇટ ઇમેજરીઝ | રેવન્યુ, ફોરેસ્ટ, સિંચાઈ, PWD, પંચાયત, DILRની કચેરીમાંથી |
| ૬. | સેટેલાઇટથી લીધેલી છબીઓ | ડિજિટલ મેપ, ડિજિટલ ઇમેજરીઝ, ટોપોસીટ્સ | વન વિભાગ, FSI, GIS સેન્ટર્સ, BISAG, GEER ફાઉન્ડેશન, સર્વે ઑફ ઇન્ડિયા |
| ૭. | કાર્યકારી (વિકાસ) યોજનાઓ | પ્રોજેક્ટ રિપોર્ટ્સ, અંદાજપત્રો (એસ્ટિમેટ) | ફોરેસ્ટ, સિંચાઈ, આરોગ્ય, શિક્ષણ, ગ્રામ વિકાસ, આદિજાતિ વિકાસ, ખેતી, પશુપાલન, બાગાયત |
| ૮. | વ્યવસ્થાપન સંબંધી યોજનાઓ | વાઇલ્ડ લાઇફ મૅનેજમેન્ટ પ્લાન, વર્કિંગ પ્લાન | વન વિભાગની સંબંધિત પેટા–જિલ્લા વિભાગીય કચેરીઓ |
| ૯. | લઘુસ્તરીય યોજનાઓ (માઇક્રો પ્લાન) | વર્કિંગ સ્કીમ, ઉદ્‌વહન સિંચાઈ, નાની સિંચાઈ, ટ્રીટમેન્ટ પ્લાન, માઇક્રો પ્લાન | વન, ખેતી, સિંચાઈ, વોટરશેડ, સહભાગી વન વ્યવસ્થા |
| ૧૦. | વન તપાસ અહેવાલો | વન ગુના તપાસણી, વન ગુના તપાસ આખરી હુકમ, ખાસ તપાસ હુકમો, અદાલત હુકમો, ઇન્સ્પેક્શન રિપોર્ટ, મોનિટરિંગ રિપોર્ટ | વન વિભાગની પેટા–જિલ્લા વિભાગીય કચેરીઓ, ફોરેસ્ટ રેન્જ કચેરીઓ |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | વન સંબંધી અન્ય રેકર્ડ | વનવસાહત વિકાસ અહેવાલ, ગુજરાત ફોરેસ્ટ મેન્યુઅલ, વનના હકો અને સવલતો | વન વિભાગની પેટા–જિલ્લા વિભાગીય કચેરીઓ, ફોરેસ્ટ રેન્જ કચેરીઓ |
| ૧૨. | હક્કપત્રકો (પછી તે ગમે તે નામે ઓળખાતા હોય) | ગામના નમૂના નં. ૬,૭/૧૨, ૮–અ, એકસાલી/બેસાલી ખેડાણ હક્કપત્રક, કૂપનો ઇતિહાસ (વર્કિંગ પ્લાન) | ગ્રામપંચાયત મામલતદારશ્રીની કચેરી, ફોરેસ્ટ રેન્જ કચેરી, પેટા–જિલ્લા વન વિભાગ, (રજવાડા, બ્રિટિશ રૂલ્સ) |
| ૧૩. | ભાડાપટ્ટા અથવા પટ્ટા | ભાડાપટ્ટા અથવા પટ્ટા | (અર્સ્ટવાઇલ સ્ટેટ, રજવાડા) વન, મહેસૂલ, પંચાયત |
| ૧૪. | સરકાર દ્વારા રચવામાં આવેલી સમિતિઓ અને આયોગોના અહેવાલો | સંબંધિત પંચના અહેવાલો | વન, મહેસૂલ, સિંચાઈ, પંચાયત, જાહેર બાંધકામની કચેરીઓ |
| ૧૫. | સરકારી હુકમો | સરકારી હુકમો | સંબંધિત ખાતાંઓમાંથી |
| ૧૬. | જાહેરનામા | જાહેરનામા | સંબંધિત ખાતાંઓમાંથી |
| ૧૭. | પરિપત્રો | પરિપત્રો | સંબંધિત ખાતાંઓમાંથી |
| ૧૮. | ઠરાવો | ઠરાવો | સંબંધિત ખાતાંઓમાંથી |
| **ખ** | **અધિકૃત સરકારી દસ્તાવેજો જેવા કે** | દસ્તાવેજનું નામ/નંબર | **ક્યાંથી મળશે? કચેરી** |
| | | મતદાર ઓળખપત્ર | મામલતદાર |
| | | રેશનકાર્ડ | પુરવઠા ખાતું, મામલતદાર કચેરી |
| | | પાસપોર્ટ | પાસપોર્ટ ઓથોરિટી |
| | | મકાન વેરાની પહોંચ | ગ્રામપંચાયત |
| | | રહેઠાણ અંગેનાં પ્રમાણપત્રો | ગ્રામપંચાયત/મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી |
| **ગ** | **જમીન ઉપર ઊભાં કરવામાં આવેલા** | **દસ્તાવેજનું નામ/નંબર** | **ક્યાંથી મળશે? કચેરી** |
| ૧. | પાળા | નકશા. અંદાજ, તાંત્રિક/વહીવટી મંજૂરી GIS નકશા, પંચનામા/ ફોટોગ્રાફ્સ | સિંચાઈ, વન, ખેતી વિભાગની કચેરીઓ |
| ૨. | ચેકડેમ | નકશા, અંદાજ, તાંત્રિક/વહીવટી મંજૂરી GIS નકશા, પંચનામા/ ફોટોગ્રાફ્સ | ગુજરાત જમીન વિકાસ નિગમ લિ. સિંચાઈ, વન, ખેતી વિભાગની કચેરીઓ, પંચાયત ગુજરાત જમીન વિકાસ નિગમ લિ. |
| ૩. | સમથળ કરેલા વિસ્તાર સહિત ઘર | નકશા, અંદાજ, તાંત્રિક/વહીવટી મંજૂરી GIS નકશા, પંચનામા/ ફોટોગ્રાફ્સ | વન, ખેતી, પંચાયત વિભાગની કચેરીઓ, ફોટોગ્રાફ્સ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ઝૂંપડીઓ | નકશા, અંદાજ, તાંત્રિક/વહીવટી મંજૂરી GIS નકશા, પંચનામા/ ફોટોગ્રાફ્સ | આદિજાતિ વિકાસ, ગ્રામ વિકાસ |
| ૫. | કાયમી માળખા જેવી ભૌતિક બાબતો રસ્તાઓ/મેટલરોડ, WBM રસ્તા, ડેમ | નકશા, અંદાજ, તાંત્રિક/વહીવટી મંજૂરી GIS નકશા, પંચનામા/ ફોટોગ્રાફ્સ | સિંચાઈ, પંચાયત, વન, ખેતી, જાહેર બાંધકામ ખાતું |
| ઘ | અદાલતી આદેશો અને ચુકાદા સહિત અર્ધ–ન્યાયિક અને ન્યાયિક રેકર્ડ | વન ગુના, જમીન સંપાદન કેસો, અગાઉની જિલ્લા સમિતિના રિપોર્ટ/હુકમો કલેક્ટરશ્રીના હુકમો, ન્યાયિક/અર્ધ–ન્યાયિક આદેશો | વન, મહેસૂલ, હાઇકોર્ટ, સેશન કોર્ટ, અન્ય અદાલતો તથા DIL-Rની સંબંધિત રજિસ્ટ્રાર/વહીવટ કચેરીઓ |
| ચ | ઍન્થ્રોપૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા અને વન સંબંધી અધિકારોનો ભોગવટો દર્શાવતા તથા પરંપરાગત કાયદા અથવા રિવાજોથી સમર્થિત એવા દસ્તાવેજ/રિપોર્ટ | સંશોધન અહેવાલ, ડિગ્રી માટેના મહાનિબંધ | સંબંધિત યુનિવર્સિટીઓ, આદિવાસી સંશોધન અને તાલીમ સંસ્થા (ગૂજરાત વિદ્યાપીઠ) ઍન્થ્રોપૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા અને પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓ |
| છ | દેશી રજવાડાં અથવા પ્રાંતો અથવા વચગાળાનાં રાજ્યો કે પ્રાંતના નકશા, હક્કપત્રો, તેમણે આપેલા વિશેષાધિકારો, રાહતો, ભેટ, સહિત અન્ય રેકર્ડ | નકશા, હક્કપત્રો, તેમણે આપેલા વિશેષાધિકારો, રાહતો, ભેટ, સહિત અન્ય રેકર્ડ, ગૅઝેટિયર્સ | કલેક્ટર કચેરીઓ, ફોરેસ્ટ સેટલમેન્ટ ઑફિસ |
| જ | પરંપરાગત મળવા જેવી માળખાકીય સુવિધાઓ, કૂવા, બોર, અંતિમ સંસ્કાર ભૂમિ, પવિત્ર સ્થળ, જે પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ થાય. | કૂવા, બોર, અંતિમ સંસ્કાર ભૂમિ, પવિત્ર સ્થળ, જે પ્રસ્થાપિત કરવામાં આવે. જેમાં પંચનામા/ ફોટોગ્રાફ્સ/ઠરાવો | લોકલ ફંડ, ગ્રામપંચાયત/ તાલુકા/જિલ્લા પંચાયત |
| ઝ | અગાઉના જમીન દફ્તરમાં દર્શાવેલ વ્યક્તિઓની ઓળખ પૂરી પાડતી વંશવેલી અથવા ભૂતકાળમાં સંબંધિત ગામના ખરેખર રહેવાસી હોવાની સ્વીકૃતિ | ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, સંશોધન અહેવાલો, સંશોધન મહાનિબંધો | કલેક્ટરશ્રીની કચેરી, ટી.આર. ટી.આઈ. (ગૂજરાત વિદ્યાપીઠ), યુનિવર્સિટીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ, વહીવંચા સોગંદનામા |

## ભારતમાં જંગલ

ભારતમાં આવેલા ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયા નામની સંસ્થા દ્વારા રિમોટ સેન્સિંગ દ્વારા જંગલ વિસ્તારની ચોક્કસ માપણી કરવામાં આવે છે. ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયા જંગલોના નકશા બનાવે છે તથા આધુનિક ઇલેક્ટ્રોનિક ડાટા પ્રોસેસિંગ તથા ડિજિટલ ઇમેજ પ્રોસેસિંગ પદ્ધતિનો ઉપયોગ કરી કુદરતી જંગલો અને સામાજિક વનીકરણ માટેની યોગ્ય જગ્યાઓ શોધી કાઢે છે. વળી, સામાજિક વનીકરણ માટે યોગ્ય ડિઝાઇન બનાવી દરેક રાજ્યને પહોંચાડે છે. જેથી આનો વધુ સારો અમલ થઈ શકે.

ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયાને જંગલના પ્રકારો, અંદર ઊગેલી જંગલ પેદાશ, ગાઢ જંગલનો વિસ્તાર અને અન્ય જમીનનો ઉપયોગ તૈયાર કરવાનું કામ સોંપાયું છે. ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયા સામાન્યત : ૧:૫૦૦૦૦ના સ્કેલ પર આખા દેશના થિમેટિક નકશા બનાવે છે. સર્વે ઑફ ઇન્ડિયા લીધેલા ફોટોગ્રાફ્સનું સ્ટીરીઓસ્કોપની મદદથી વિશ્લેષણ કરે છે. દર વર્ષે ૫૦૦૦ એરિયલ (આકાશમાંથી લીધેલા ફોટાઓ) ફોટોગ્રાફ્સ લેવામાં આવે છે. જેમાંથી ૨૬૦ ટ્રોપોગ્રાફિક્સ શીટ્સ બનાવવામાં આવે છે અને આમ દર વર્ષના ફેરફાર નોંધવામાં આવે છે. (Annual Report of Mini of Environment and Forests, Government of India)

આ જ પ્રમાણે વાવેતર માટે પણ નકશાઓ બનાવવામાં આવે છે. આવા નકશાઓ બે વર્ષના ગાળા માટે બનાવવામાં આવે છે. જેથી જંગલનો વિસ્તાર ખબર પડે અને તેમાં વિસ્તાર વધ્યો કે ઘટ્યો તેની ખબર પડે છે. દર બે વર્ષે સર્વેક્ષણ થાય છે. હાલ ભારતનાં જુદાં જુદાં ૩૦ રાજ્યો અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશોમાં થઈને કુલ ૩૨,૮૭,૨૬૩ સ્ક્વેર કિ.મિ.નો ભૌગોલિક વિસ્તાર છે. જેમાં ૮૫,૯૦૪ સ્ક્વેર કિ.મિ. ગાઢ જંગલ; ૩,૦૦,૩૯૫ સ્ક્વેર કિ.મિ. ખુલ્લું જંગલ છે. આમ કુલ ૭,૦૧,૬૭૩ સ્ક્વેર કિ.મિ. જંગલ વિસ્તાર છે. જે કુલ ભૌગોલિક વિસ્તારના ૨૧.૩૪ ટકા જેટલો થાય છે. આ આંકડા જોતાં ભારતના કુલ જંગલ વિસ્તારમાં ગુજરાતના જંગલ વિસ્તારના ૭.૫૨ ટકા જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે.

## કોષ્ટક-૧

### ૨૦૧૭ના અહેવાલ પ્રમાણે રાજ્યવાર જંગલ વિસ્તાર દર્શાવતું કોષ્ટક (ચો. કિ.મિ.માં)

### ૨.૧૩ STATE WISE FOREST COVER (in Sq. Km.)

| Sr. No. | State/UT | Geographical Area | Very Dense Forest | Moderate Dense Forest | Open Forest | Total | Percent | Scrub |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1. | Andhra Pradesh | 1,60,204 | 375 | 13,093 | 10,956 | 24,424 | 15.25 | 8562 |
| 2. | Arunachal Pradesh | 83,743 | 20,804 | 31,301 | 15,143 | 67,248 | 80.3 | 264 |
| 3. | Assam | 78,438 | 1441 | 11,258 | 14,914 | 27,623 | 35.22 | 384 |
| 4. | Bihar | 94,163 | 248 | 3375 | 3664 | 7288 | 7.74 | 120 |
| 5. | Chhattisgarh | 1,35,191 | 4152 | 34,846 | 16,588 | 55,586 | 41.12 | 117 |
| 6. | Delhi | 1483 | 6.94 | 57.15 | 124.68 | 188.77 | 12.73 | 2 |
| 7. | Goa | 3702 | 542 | 580 | 1102 | 2224 | 60.08 | 0 |
| **8.** | **Gujarat** | **1,96,024** | **378** | **5200** | **9179** | **14,757** | **7.52** | **2194** |
| 9. | Haryana | 44,212 | 27 | 452 | 1105 | 1584 | 3.58 | 151 |
| 10. | Himachal Pradesh | 55,673 | 3224 | 9681 | 5091 | 14,696 | 26.4 | 301 |
| 11. | Jammu & Kashmir | 2,22,236 | 4061 | 8815 | 10,112 | 22,988 | 10.34 | 625 |
| 12. | Jharkhand | 79,714 | 2588 | 9663 | 11,227 | 23,478 | 29.45 | 685 |
| 13. | Karnataka | 1,91,791 | 1781 | 20,063 | 14,571 | 36,421 | 18.99 | 3191 |
| 14. | Kerala | 38,863 | 1523 | 9301 | 8415 | 19,239 | 49.5 | 36 |
| 15. | Madhya Pradesh | 3,08,245 | 6629 | 34,902 | 35,931 | 77,462 | 25.13 | 6383 |
| 16. | Maharashtra | 3,07,713 | 8712 | 20,747 | 21,169 | 50,628 | 16.45 | 4157 |
| 17. | Manipur | 22,327 | 727 | 5925 | 10,342 | 16,994 | 76.11 | 1182 |
| 18. | Meghalaya | 22,429 | 449 | 9584 | 7184 | 17,217 | 76.76 | 348 |
| 19. | Mizoram | 21081 | 138 | 5858 | 12,752 | 18,748 | 88.93 | 0 |
| 20. | Nagaland | 16,579 | 1296 | 4695 | 6975 | 12,966 | 78.21 | 622 |
| 21. | Orissa | 1,55,707 | 7023 | 21,470 | 21,861 | 50,354 | 32.34 | 4499 |
| 22. | Punjab | 50,362 | 0 | 735 | 1036 | 1771 | 93.52 | 37 |
| 23. | Rajasthan | 3,42,239 | 76 | 4425 | 11,669 | 16,171 | 4.73 | 4302 |
| 24. | Sikkim | 7096 | 500 | 2160 | 697 | 3357 | 47.31 | 311 |
| 25. | Tamilnadu | 1,30,058 | 2993 | 10469 | 12,883 | 26,345 | 20.26 | 414 |

| Sr. No. | State/UT | Geographical Area | Very Dense Forest | Moderate Dense Forest | Open Forest | Total | Percent | Scrub |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 26. | Telangana | 1,14,265 | 513 | 12,712 | 8366 | 21,591 | 18.8 | 1874 |
| 27. | Tripura | 10,486 | 113 | 4609 | 9089 | 7811 | 74.49 | 55 |
| 28. | Uttar Pradesh | 2,40,928 | 2195 | 4060 | 8206 | 14,461 | 6 | 803 |
| 29. | Uttranchal | 53,483 | 4754 | 13,602 | 5884 | 24,240 | 45.32 | 307 |
| 30. | West Bengal | 88,752 | 2948 | 4172 | 9708 | 16,828 | 18.96 | 133 |
| 31. | A & N Island | 8249 | 5686 | 685 | 380 | 6751 | 81.84 | 1 |
| 32. | Chandigadh | 114 | 1.36 | 40.09 | 6.58 | 2203 | 19.32 | 0.03 |
| 33. | D.N. & Haveli | 491 | 0 | 80 | 126 | 206 | 41.96 | 5 |
| 34. | Daman & Diu | 112 | 1.4 | 5.82 | 12.39 | 1961 | 17.51 | 0.55 |
| 35. | Lakshadweep | 32 | 0 | 17.22 | 9.84 | 2706 | 84.56 | 0 |
| 36. | Pondichery | 480 | 0 | 29.68 | 25.7 | 5538 | 11.54 | 0 |
| | **Total** | **32,87,263** | **85,904** | **3,15,374** | **3,00,395** | **7,01,673** | **21.34** | **41,362** |

Source: India State of Forest Report–2017 (ISFR), FSI, Dehradun.

## ગુજરાતમાં જંગલ વિસ્તાર

ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર ૧,૯૬,૦૨૪ ચો.કિ.મિ. છે. જેમાંથી રાજ્યનો વન વિસ્તાર ૨૧,૯૦૯ ચો.કિ.મિ. છે. આ પૈકી ૧૪,૭૯૬.૫૮ ચો.કિ.મિ. આરક્ષિત વન ક્ષેત્ર, ૩૦૦૧.૪૦ ચો.કિ.મિ. સંરક્ષિત જંગલ વિસ્તાર તથા ૧૪૦૨.૪૪ ચો.કિ.મિ. વિસ્તાર બિનવર્ગીકૃત વન વિસ્તારમાં આવે છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૧.૧૮ ટકા છે.

### કોષ્ટક-૨

### વર્ષવાર જંગલ વિસ્તારની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વર્ષ | આરક્ષિત જંગલ | સંરક્ષિત જંગલ | બિનવર્ગીકૃત જંગલ | કુલ જંગલ | કુલ ભૌગોલિક ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મિ.માં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૯૯૧–૯૨ | ૧૩,૮૧૭.૫૧ | ૯૯૮.૦૯ | ૪૫૬૩.૭૧ | ૧૯,૩૭૯.૩૧ | ૯.૮૯ |
| ૨. | ૧૯૯૨–૯૩ | ૧૩,૮૨૦.૦૧ | ૯૯૫.૩૧ | ૪૫૭૭.૧૫ | ૧૯,૩૯૨.૪૭ | ૯.૮૯ |
| ૩. | ૧૯૯૩–૯૪ | ૧૩,૮૧૮.૮૩ | ૯૯૭.૪૩ | ૪૫૭૬.૭૬ | ૧૯,૩૯૩.૦૨ | ૯.૮૯ |
| ૪. | ૧૯૯૪–૯૫ | ૧૩,૮૩૨.૯૭ | ૯૯૭.૫૩ | ૪૫૭૫.૨૬ | ૧૯,૪૦૫.૭૬ | ૯.૯ |

| ક્રમ | વર્ષ | આરક્ષિત જંગલ | સંરક્ષિત જંગલ | બિનવર્ગીકૃત જંગલ | કુલ જંગલ | કુલ ભૌગોલિક ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મિ.માં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫. | ૧૯૯૫–૯૬ | ૧૩,૭૦૪.૧ | ૩૮૮.૩૭ | ૪૭૭૫.૮૧ | ૧૮,૬૬૮.૨૮ | ૯.૬૩ |
| ૬. | ૧૯૯૬–૯૭ | ૧૩,૬૯૪.૭ | ૩૮૭.૯૯ | ૪૭૩૨.૪૫ | ૧૮,૮૧૫.૧૪ | ૯.૬ |
| ૭. | ૧૯૯૭–૯૮ | ૧૩,૬૯૬.૦૪ | ૩૮૮.૧૨ | ૪૭૪૬.૨૧ | ૧૮,૮૩૦.૩૭ | ૯.૬૧ |
| ૮. | ૧૯૯૮–૯૯ | ૧૩,૭૨૪.૦૭ | ૩૮૮.૧૮ | ૪૭૨૧.૨૧ | ૧૮,૮૩૩.૪૬ | ૯.૬૧ |
| ૯. | ૧૯૯૯–૨૦૦૦ | ૧૩,૯૦૩.૭૭ | ૩૯૫.૯૬ | ૪૬૯૯.૭૮ | ૧૮,૯૯૯.૫૧ | ૯.૬૯ |
| ૧૦. | ૨૦૦૦–૨૦૦૧ | ૧૪,૧૫૫.૧૮ | ૩૯૪.૮૫ | ૪૫૬૨.૫૧ | ૧૯,૧૧૨.૫૪ | ૯.૭૫ |
| ૧૧. | ૨૦૦૧–૨૦૦૨ | ૧૪,૧૨૬.૩૮ | ૩૭૭.૫૬ | ૪૫૦૯.૯૭ | ૧૯,૦૧૩.૯૧ | ૯.૭ |
| ૧૨. | ૨૦૦૨–૨૦૦૩ | ૧૪,૨૫૭.૦૯ | ૩૭૮.૧૨ | ૪૪૫૯.૩૧ | ૧૯,૦૯૪.૫૨ | ૯.૭૪ |
| ૧૩. | ૨૦૦૩–૨૦૦૪ | ૧૪,૨૨૫.૫૬ | ૩૭૮.૮૨ | ૪૪૮૮.૯૩ | ૧૯,૦૯૩.૩૧ | ૯.૭૪ |
| ૧૪. | ૨૦૦૪–૨૦૦૫ | ૧૪,૨૬૩.૭ | ૩૭૮.૮૫ | ૪૪૩૧.૮૫ | ૧૯,૦૭૪.૪ | ૯.૭૩ |
| ૧૫. | ૨૦૦૫–૨૦૦૬ | ૧૪,૨૭૧.૪ | ૩૭૯.૧૩ | ૪૪૨૨.૭ | ૧૯,૦૭૩.૨૩ | ૯.૭૩ |
| ૧૬. | ૨૦૦૬–૨૦૦૭ | ૧૪,૨૭૦.૯૪ | ૩૮૩.૨૭ | ૪૪૨૯.૯૪ | ૧૯,૦૮૪.૧૫ | ૯.૭૪ |
| ૧૭. | ૨૦૦૭–૨૦૦૮ | ૧૪,૩૪૯.૨૪ | ૩૮૯.૨૭ | ૪૩૮૭.૬૧ | ૧૯,૧૨૬.૧૨ | ૯.૭૬ |
| ૧૮. | ૨૦૦૮–૨૦૦૯ | ૧૪,૩૬૪.૫૫ | ૩૮૯.૩૧ | ૪૩૮૬.૫૭ | ૧૯,૧૪૦.૪૩ | ૯.૭૬ |
| ૧૯. | ૨૦૦૯–૨૦૧૦ | ૧૪,૩૬૮.૨૭ | ૩૮૯.૩૧ | ૪૩૮૬.૭૬ | ૧૯,૧૪૪.૩૪ | ૯.૭૬ |
| ૨૦. | ૨૦૧૦–૨૦૧૧ | ૧૪,૩૬૮.૧૪ | ૩૮૯.૫૬ | ૪૩૮૮.૧૩ | ૧૯,૧૪૫.૮૩ | ૯.૭૬ |
| ૨૧. | ૨૦૧૧–૨૦૧૨ | ૧૪,૩૭૩.૧ | ૨૮૮૬.૫૩ | ૪૩૮૭.૮૧ | ૨૧,૬૪૭.૪૪ | ૧૧.૦૪ |
| ૨૨. | ૨૦૧૨–૨૦૧૩ | ૧૪,૩૮૭.૧૬ | ૨૮૮૮.૮૫ | ૪૩૮૮.૯૮ | ૨૧,૬૬૪.૯૯ | ૧૧.૦૫ |
| ૨૩. | ૨૦૧૩–૨૦૧૪ | ૧૪,૪૭૦.૯૯ | ૨૮૯૬.૮ | ૪૧૭૧.૪૮ | ૨૧,૫૩૯.૨૭ | ૧૦.૯૯ |
| ૨૪. | ૨૦૧૪–૨૦૧૫ | ૧૪,૫૨૯.૧૨ | ૨૮૮૬.૬૮ | ૪૪૦૪.૩૨ | ૨૧,૮૨૦.૧૨ | ૧૧.૧૩ |
| ૨૫. | ૨૦૧૫–૨૦૧૬ | ૧૪,૫૯૬.૧૪ | ૩૨૯૯.૩૭ | ૪૪૦૭.૧૪ | ૨૨,૩૦૨.૬૪ | ૧૧.૩૮ |
| ૨૬. | ૨૦૧૬–૨૦૧૭ | ૧૪,૫૯૪.૯૨ | ૨૮૮૪.૧૧ | ૪૪૨૦.૪૬ | ૨૧,૮૯૯.૪૯ | ૧૧.૧૭ |
| ૨૭. | ૨૦૧૭–૨૦૧૮ | ૧૪,૭૬૯.૫૮ | ૩૦૦૧.૪ | ૧૪૦૨.૪૪ | ૨૧,૯૦૯ | ૧૧.૧૮ |

Source: India State of Forest Report – 2017 (ISFR), FSI, Dehradun.

Total Geographical Area of the State (p) – 1,96,024 sq.km.

દેશમાં જંગલના મુખ્ય ૧૬ પ્રકાર છે. જ્યારે કાયદાકીય રીતે જંગલને ત્રણ પ્રકારે વર્ગીકૃત કરાયાં છે – (૧) આરક્ષિત જંગલ (૨) સંરક્ષિત જંગલ (૩) બિનવર્ગીકૃત જંગલ

ગુજરાતમાં મુખ્યત્વે ઉષ્ણકટિબંધ ભેજવાળાં પાનખર જંગલો (પ્રકાર 3B), દરિયાકાંઠા અને ભેજવાળી પોચી જમીનનાં જંગલો (પ્રકાર 4B), ઉષ્ણકટિબંધીય સૂકાં પાનખર જંગલો (પ્રકાર 5A) અને ઉત્તરીય ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો (પ્રકાર 6B) જોવા મળે છે. રાજ્યનાં જંગલોને મુખ્યત્વે ૧૧ શ્રેણીમાં વિભાજિત કરવામાં આવ્યાં છે, જે આ પ્રમાણે છે – (૧) ભેજવાળાં પાનખર જંગલો (૨) થોડાંક ભેજવાળાં સાગનાં જંગલો (૩) સૂકા સાગનાં જંગલો (૪) અતિસૂકા સાગનાં જંગલો (૫) અતિસૂકાં પાનખર જંગલો

(૬) અતિખરાઉ ઝાડી–ઝાંખરાં ધરાવતાં જંગલો (૭) ઉષ્ણકટિબંધીય સૂકાં પાનખર જંગલો (૮) સૂકાં મિશ્ર પાનખર અને ઉષ્ણકટિબંધીય જંગલો (૯) રણ કાંટાળાં ઝાડી–ઝાંખરાં ધરાવતાં જંગલો (૧૦) ઘાસિયા જંગલો (૧૧) મેન્ગ્રોવ જંગલો.

રાજ્યમાં ગરમીથી તપતા ક્ષારયુક્ત રેતીના રણથી માંડીને ભેજયુક્ત પર્વતીય વિસ્તાર, દરિયાથી માંડીને ઊંચા ઊંચા પહાડો સહિત ભૌગોલિક અને ઈકો–ક્લાઇમેટિક પરિસ્થિતિનું વૈવિધ્ય જોવા મળે છે, જેના પરિણામે વિવિધ પ્રકારનાં જંગલોનું નિર્માણ થયું છે. આ પરિબળોને કારણે જ રાજ્યને કુદરતી સંપદા અને સૌંદર્યનો લખલૂટ અને અમૂલ્ય વારસો ભેટમાં મળ્યો છે. બહુવિધ પ્રજાતિની વનસ્પતિઓનું વૈવિધ્ય, વસાહતો અને જીવસૃષ્ટિથી ગુજરાત હર્યુંભર્યું છે. દેશની ૧૩ % જેટલી બહુવિધ પ્રજાતિની વનસ્પતિઓનું વૈવિધ્ય એકલા ગુજરાતમાં જ છે. સમગ્ર વિશ્વમાં એશિયાઈ સિંહો અને જંગલી ગધેડા-(ઘુડખર)ની વસતી માત્ર ગુજરાતમાં જ છે. દેશની કુલ જીવસૃષ્ટિ પૈકી પ્રાણીઓની જૈવવૈવિધ્યની દ્રષ્ટિએ ૧૪ % માછલીઓ, ૧૮ % સરિસૃપો, ૩૭ % પક્ષીસૃષ્ટિ, ૨૫ % સસ્તન પ્રાણીઓની વસતી એકલા ગુજરાતમાં જ છે. ગુજરાતના વન વિભાગની પ્રમુખ અને મુખ્ય જવાબદારી વન્યજીવન અને વન વિસ્તારનું રક્ષણ, સંરક્ષણ અને વિકાસ કરવાની છે.

ગુજરાતનો જિલ્લાવાર ભૌગોલિક જંગલ વિસ્તાર અને જિલ્લાના જંગલ વિસ્તારની માહિતી કોષ્ટક – ૩માં આપી છે.

### કોષ્ટક–૩


### જિલ્લાવાર ભૌગોલિક અને જંગલ વિસ્તારની માહિતી દર્શાવતું કોષ્ટક

(In Sq. Km.)

| Sr. No. | District | Geographical Area(P) | 2017–18 | |
|---|---|---|---|---|
| | | | Forest | % of F.A. to Geo. Area |
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | Ahmedabad | 7170 | 106.82 | 1.49 |
| 2. | Amreli | 7397 | 339.93 | 4.6 |
| 3. | Anand | 2941 | 0 | 0 |
| 4. | Banaskantha | 10,757 | 1107.2 | 10.29 |
| 5. | Bharuch | 6527 | 245.85 | 3.77 |
| 6. | Bhavnagar | 8335 | 255.45 | 3.06 |
| 7. | Dahod | 3646 | 884.15 | 24.25 |
| 8 | Dang | 1764 | 1034.7 | 58.66 |
| 9. | Gandhinagar | 2163 | 24.96 | 1.15 |
| 10. | Jamnagar | 8441 | 1078.6 | 12.78 |
| 11. | Junagadh | 5092 | 1572.3 | 30.88 |
| 12. | Kutchh | 45,652 | 5638.5 | 12.35 |
| 13. | Kheda | 3667 | 21.05 | 0.57 |
| 14. | Mehsana | 4384 | 71.52 | 1.63 |
| 15. | Narmada | 2755 | 1142.9 | 41.48 |
| 16. | Navsari | 2209 | 274.69 | 12.44 |
| 17. | Panchmahals | 3226 | 685.76 | 21.26 |
| 18. | Patan | 5730 | 484.64 | 8.46 |
| 19. | Porbandar | 2298 | 246.9 | 10.74 |
| 20. | Rajkot | 7550 | 170.95 | 2.26 |
| 21. | Sabarkantha | 4180 | 815.03 | 19.5 |
| 22. | Surat | 4418 | 496.72 | 11.24 |
| 23. | Surendranagar | 9271 | 406.82 | 4.39 |
| 24. | Tapi | 3239 | 907.61 | 28.02 |
| 25. | Vadodara | 4113 | 20.83 | 0.51 |
| 26. | Valsad | 3035 | 937.53 | 30.89 |
| 27. | Chhotaudepur | 3436 | 720.71 | 20.98 |
| 28. | Morbi | 4871 | 377.65 | 7.75 |
| 29. | DevBhumi Dwarka | 5684 | 510.93 | 8.99 |
| 30. | Botad | 2563 | 35.67 | 1.39 |
| 31. | GirSomnath | 3754 | 183.01 | 5.03 |
| 32. | Mahisagar | 2546 | 619.45 | 24.33 |
| 33. | Arvalli | 3210 | 484.57 | 15.1 |
| | **Total** | **1,96,024** | **21,909** | **11.18** |

(સ્રોત : State of Forest Report)

### આકૃતિ-૧ ગુજરાતનો જંગલ વિસ્તાર




## ગુજરાતની આદિવાસી વસતી

આમ, ગુજરાતમાં કુલ ભૌગોલિક વિસ્તાર, જંગલ વિસ્તાર, તેમાં વસતી આદિવાસી પ્રજા અને તેમના ફાળે આવતી વ્યક્તિદીઠ જમીનમાં આદિવાસીઓ ખેતી કરીને પોતાનું જીવન ચલાવે છે. હવે જંગલોની ભારત સરકારની નીતિ અને હાલ જંગલોમાં વસતા આદિવાસીઓ વિશે માહિતી જોતાં દેશની આદિવાસી વસતીનો ૮.૧ % ભાગ ગુજરાતમાં વસે છે. ગુજરાતમાં આદિવાસીઓની એકંદરે વસતી ૮૯.૧૭ લાખ છે. જે ગુજરાતની કુલ વસતીનો ૧૪.૮ % હિસ્સો છે. આદિવાસી વસતી રાજ્યની પૂર્વ પટ્ટીમાં રાજસ્થાનની ઉત્તર સરહદે માઉન્ટ આબુથી દક્ષિણમાં મહારાષ્ટ્રના દહાણુ જિલ્લાને અડીને આવેલા વિસ્તારોમાં વસે છે. આદિજાતિ પેટા યોજના હેઠળનો વિસ્તાર રાજ્યના ભૌગોલિક વિસ્તારનો ૧૮ % હિસ્સો રોકે છે. રાજ્યમાં આદિવાસીઓની મુખ્ય ૧૧ જાતિઓ છે. જેમાં ભીલ જાતિની વસતી સૌથી વધુ છે અને તે રાજ્યની કુલ આદિવાસી વસતીના ૪૭.૮૯ % થાય છે. હાલની વસતીગણતરી અનુસાર રાજ્યમાં જે પાંચ અતિ પછાત આદિમ જાતિ સમુદાયો છે તેની વસતી ૧,૪૪,૫૯૩ છે. જો કે રાજ્યમાં ૧૪ આદિવાસી જિલ્લાઓ છે અને ૨૬ આદિવાસી જનજાતિઓ ગુજરાતમાં વસે છે. ગુજરાતના ૧૪ જિલ્લાના ૫૨ તાલુકાઓમાં જુદી જુદી આદિવાસી જાતિઓ વસે છે. તો આદિવાસીઓની જિલ્લાદીઠ વસતી પણ અહીં દર્શાવવામાં આવી છે. જેઓના નિર્વાહનો મુખ્ય આધાર જંગલ છે. જંગલમાં થતી ખેતી, ખેત–મજૂરી, વન્યપેદાશની આવક પશુપાલન વગેરે છે.

## કોષ્ટક–૪
## આદિવાસી જિલ્લા અને તાલુકા

| ક્રમ | જિલ્લા | તાલુકા |
|---|---|---|
| ૧. | બનાસકાંઠા | અમીરગઢ |
| ૨. | | દાંતા |
| ૩. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા |
| ૪. | | પોશીના |
| ૫. | | વિજયનગર |
| ૬. | અરવલ્લી | ભિલોડા |
| ૭. | | મેઘરજ |
| ૮. | મહીસાગર | કડાણા |
| ૯. | | સંતરામપુર |
| ૧૦. | પંચમહાલ | ઘોઘંબા |
| ૧૧. | | જામ્બુઘોડા |
| ૧૨. | દાહોદ | દાહોદ |
| ૧૩. | | દેવગઢબારિયા |
| ૧૪. | | ધાનપુર |
| ૧૫. | | ફતેપુરા |
| ૧૬. | | ગરબાડા |
| ૧૭. | | લીમખેડા |
| ૧૮. | | સંજેલી |
| ૧૯. | | ઝાલોદ |
| ૨૦. | છોટાઉદેપુર | છોટાઉદેપુર |
| ૨૧. | | પાવી–જેતપુર |
| ૨૨. | | ક્વાંટ |
| ૨૩. | | નસવાડી |
| ૨૪. | નર્મદા | દેડિયાપાડા |
| ૨૫. | | ગરુડેશ્વર |
| ૨૬. | | નાંદોદ |
| ૨૭. | | સાગબારા |
| ૨૮. | | તિલકવાડા |
| ૨૯. | ભરૂચ | ઝગડિયા |
| ૩૦. | | નેત્રંગ |
| ૩૧. | | વાલિયા |
| ૩૨. | સુરત | બારડોલી |
| ૩૩. | | મહુવા |
| ૩૪. | | માંડવી |
| ૩૫. | | માંગરોળ |
| ૩૬. | | ઉમરપાડા |
| ૩૭. | નવસારી | વાંસદા |
| ૩૮. | | ચીખલી |
| ૩૯. | | ખેરગામ |
| ૪૦. | વલસાડ | ધરમપુર |
| ૪૧. | | કપરાડા |
| ૪૨. | | ઉમરગામ |
| ૪૩. | તાપી | નિઝર |
| ૪૪. | | ઉચ્છલ |
| ૪૫. | | ડોલવણ |
| ૪૬. | | કુક્કરમુંડા |
| ૪૭. | | વાલોડ |
| ૪૮. | | વ્યારા |
| ૪૯. | આહવા ડાંગ | આહવા |
| | | વઘઈ |
| | | સુબીર |

(સ્રોત : વસતિ ગણતરી - ૨૦૧૧, ભારત સરકાર)

## જિલ્લાદીઠ વસતી
## કોષ્ટક–૫
## આદિવાસીઓની જિલ્લાદીઠ વસતી, ૨૦૧૧

| અનુ. નં. | જિલ્લાનું નામ | કુલ વસતી | અનુસૂચિત જન-જાતિની વસતી |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭૨,૧૪,૨૨૫ | ૮૯,૧૩૮ |
| ૨. | અમરેલી | ૧૫,૧૪,૧૯૦ | ૭૩૨૨ |
| ૩. | આણંદ | ૨૦,૯૨,૭૪૫ | ૨૪,૮૨૪ |
| ૪. | બનાસકાંઠા | ૩૧,૨૦,૫૦૬ | ૨,૮૪,૧૫૫ |
| ૫. | ભરૂચ | ૧૫,૫૧,૦૧૯ | ૪,૮૮,૧૯૪ |
| ૬. | ભાવનગર | ૨૮,૮૦,૩૬૫ | ૯૧૧૦ |
| ૭. | દાહોદ | ૨૧,૨૭,૦૮૬ | ૧૫,૮૦,૮૫૦ |
| ૮. | ગાંધીનગર | ૧૩,૯૧,૭૫૩ | ૧૮,૨૦૪ |
| ૯. | જામનગર | ૨૧,૬૦,૧૧૯ | ૨૪,૧૮૭ |

| અનુ. નં. | જિલ્લાનું નામ | કુલ વસતી | અનુસૂચિત જનજાતિની વસતી |
|---|---|---|---|
| ૧૦. | જૂનાગઢ | ૨૭,૪૩,૦૮૨, | ૫૫,૫૭૧ |
| ૧૧. | કચ્છ | ૨૦,૯૨,૩૭૧ | ૨૪,૨૨૮ |
| ૧૨. | ખેડા | ૨૨,૯૯,૮૮૫ | ૪૦,૩૩૬ |
| ૧૩. | મહેસાણા | ૨૦,૩૫,૦૬૪ | ૯૩૯૨ |
| ૧૪. | નર્મદા | ૫,૯૦,૨૯૭ | ૪,૮૧,૩૯૨ |
| ૧૫. | નવસારી | ૧૩,૨૯,૬૭૨ | ૬,૯૩,૬૫૯ |
| ૧૬. | પંચમહાલ | ૨૩,૯૦,૭૭૬ | ૭,૨૧,૬૦૪ |
| ૧૭. | પાટણ | ૧૩,૪૩,૭૩૪ | ૧૩,૩૦૩ |
| ૧૮. | પોરબંદર | ૫,૮૫,૪૪૯ | ૧૩,૦૩૯ |
| ૧૯. | રાજકોટ | ૩૮,૦૪,૫૫૮ | ૨૪,૦૧૭ |
| ૨૦. | સાબરકાંઠા | ૨૪,૨૮,૫૮૯ | ૫,૪૨,૧૫૬ |
| ૨૧. | સુરત | ૬૦,૮૧,૩૨૨ | ૮,૫૬,૯૫૨ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૧૭,૫૬,૨૬૮ | ૨૧,૪૫૩ |
| ૨૩. | તાપી | ૮,૦૭,૦૨૨ | ૬,૭૯,૩૨૦ |
| ૨૪. | ડાંગ | ૨,૨૮,૨૯૧ | ૨,૧૬,૦૭૩ |
| ૨૫. | વડોદરા | ૪૧,૬૫,૬૨૬ | ૧૧,૪૯,૯૦૧ |
| ૨૬. | વલસાડ | ૧૭,૦૫,૬૭૮ | ૯,૦૨,૭૯૪ |
| | **ગુજરાત રાજ્ય** | **૬,૦૪,૩૯,૬૯૨** | **૮૯,૧૭,૧૭૪** |

(સ્રોત : વસતિગણતરી - ૨૦૧૧, ભારત સરકાર)

આમ ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે ગુજરાતની પૂર્વ પટ્ટીમાં રહેતા આદિવાસીઓના જીવનના મુખ્ય અને ગૌણ વ્યવસાયો આ મુજબ ગણાવી શકાયઃ

૧. ફરતી ખેતી
૨. સ્થાયી ખેતી
૩. પગથિયાં ઢાળની ખેતી
૪. ખેતમજૂરી–હાળીપ્રથા
૫. પશુપાલન
૬. જંગલની પેદાશ એકઠી કરવી
૭. શિકારની પ્રવૃત્તિ
૮. માછલાં પકડવાની પ્રવૃત્તિ
૯. હસ્તઉદ્યોગો
૧૦. નોકરી
૧૧. અન્ય

## વનપેદાશ એકત્રીકરણ

આદિવાસીઓમાં પહેલેથી જ અર્થવ્યવસ્થા જરૂરિયાત પર આધારિત હોવાથી વનપેદાશો એકઠી કરવી તે પણ તેમની જરૂરિયાતના ભાગરૂપે જ થતી હતી.

જંગલની ગૌણપેદાશોમાં મુખ્યત્વે મહુડા, મધ, ગુંદર, ટીમરુનાં પાન, ખાખરાનાં પાન, બહેડાં વગેરે લાવી સ્થાનિક વેપારીને વેચતા હોય છે. જંગલ તેમને મુશ્કેલીના સમયે ટેકો આપે છે. અન્નની અછત અને દુકાળના સમયે વનપેદાશ તેમને માટે વીમાની ગરજ સારે છે. મોટા ભાગના આદિવાસીઓ દુકાળના સમયમાં સંખ્યાબંધ કંદ અને ભાજીઓ ખોરાકના બદલામાં વાપરે છે. ચોમાસાના ત્રણ માસમાં જ્યારે મજૂરી ન મળે ત્યારે ભૂખમરા જેવી સ્થિતિ સમયે ખોરાકમાં કડવા મેદાનો વિશેષ ઉપયોગ કરે છે. આદિવાસીઓ જંગલમાંથી મુખ્યત્વે નીચે જણાવેલ વન્યપેદાશો એકઠી કરીને તેનો ઉપયોગ કરે છે અથવા વેચે છે. વળી તેનો ઉપયોગ કઈ રીતે થાય તે પણ આ કોષ્ટકમાંથી મળી શકશે.

ગુજરાતની મુખ્ય વનપેદાશો છે – ઇમારતી લાકડું, સાગી લાકડું, બિનસાગી લાકડું, બળતણનું લાકડું(કોલસા સાથે) અને વાંસ. જ્યારે ગૌણ વનપેદાશોની આવક ક્યાંથી થાય છે તે કોષ્ટક – ૬માં દર્શાવવામાં આવ્યું છે.

## કોષ્ટક-૬

## ગુજરાત રાજ્યમાં ગૌણ વનપેદાશોનું ઉત્પાદન

| ક્રમ | ગૌણ વનપેદાશોનું નામ | ઉપયોગ | ક્યાં થાય છે? |
|---|---|---|---|
| ૧. | પૂંવાડિયા બીજ | ઢોરદાણ, ઉકાળો | ઉત્તર તથા દક્ષિણ ગુજરાત |
| ૨. | સાદડ છાલ | ચામડાં કમાવવામાં | દક્ષિણ ગુજરાત |
| ૩. | મૂસળી | દવામાં આરોગ્યવર્ધક | ઉત્તર ગુજરાત |
| ૪. | કરંજ બીજ | તૈલીબીજ, સાબુ ઉદ્યોગ | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૫. | ખાખરા બીજ | તૈલીબીજ, સાબુ ઉદ્યોગ | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૬. | ચણોઠી | દવામાં/વજનમાં | દક્ષિણ ગુજરાત |
| ૭. | અરીઠાં | સાબુ ઉદ્યોગ | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૮. | ચારોળી | ખોરાકમાં | છોટાઉદેપુર વિસ્તાર, બારિયા વિસ્તાર |
| ૯. | રોસાતેલ | દવામાં | છોટાઉદેપુર વિસ્તાર તથા દક્ષિણ ગુજરાત |
| ૧૦. | આમળાં | દવામાં | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૧૧. | મધ | આરોગ્ય માટે | કચ્છ, ગીર, સાબરકાંઠા, બનાસકાંઠા |
| ૧૨. | કૌંચાબીજ | દવા | દક્ષિણ ગુજરાત |
| ૧૩. | આસોત્રી પાન | બીડી | દક્ષિણ ગુજરાત, પંચમહાલ, છોટાઉદેપુર |
| ૧૪. | બહેડા | દવા | દક્ષિણ ગુજરાત, કચ્છ |
| ૧૫. | ધટબોર | ખાવાના | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૧૬. | મીણ | ઉદ્યોગ | કચ્છ ગીર, સાબરકાંઠા, બનાસકાંઠા |
| ૧૭. | દારૂડી | દવા | ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત |
| ૧૮. | ઇન્દ્રજવ | દવા | ઉત્તર ગુજરાત, બારિયા અને છોટાઉદેપુર |
| ૧૯. | ખાખરા પાન | પડિયા-પતરાળા | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૨૦. | બીલા | ફળ, ધાર્મિક ઉપયોગ, દવા | ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તથા જૂનાગઢ |
| ૨૧. | નીમ બીજ | તૈલીબી, સાબુ ઉદ્યોગ | છોટાઉદેપુર, બારિયા, સાબરકાંઠા, બનાસકાંઠા |
| ૨૨. | હરડે | દવામાં | દક્ષિણ ગુજરાત |
| ૨૩. | બહેડા છાલ | દવા | દક્ષિણ ગુજરાત |
| ૨૪. | કાંચકા બીજ | દવા | દક્ષિણ ગુજરાત, કચ્છ, સાબરકાંઠા |
| ૨૫. | ગોખરુ મોટા | દવા | બનાસકાંઠા |
| ૨૬. | રતનજ્યોત | દવા | પંચમહાલ, વડોદરા |
| ૨૭. | કુસુમબીજ | સાબુ ઉદ્યોગ | દક્ષિણ ગુજરાત |

| ક્રમ | ગૌણ વનપેદાશોનું નામ | ઉપયોગ | ક્યાં થાય છે? |
|---|---|---|---|
| ૨૮. | આવળછાલ | રંગકામ | ગુજરાત રાજ્યમાં બધે |
| ૨૯. | માલ કાંગણી | દવા | દક્ષિણ ગુજરાત |
| ૩૦. | લીંબોળી | ફળ/દવા | છોટાઉદેપુર, બારિયા, સાબરકાંઠા, બનાસકાંઠા |
| ૩૧. | આંબલી | ખોરાક | ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત |
| ૩૨. | વીવેડીઓ | દવા | પંચમહાલ, સૌરાષ્ટ્ર |
| ૩૩. | ગાંડા બાવળની સીંગ | ઢોરદાણ | સૌરાષ્ટ્ર–કચ્છ |
| ૩૪. | પીલુબીજ | દવા | કચ્છ, બનાસકાંઠા |
| ૩૫. | કુસુમીલાખ | ઉદ્યોગ | દક્ષિણ ગુજરાત |
| ૩૬. | ખાખરાલાખ | ઉદ્યોગ | પંચમહાલ, સાબરકાંઠા, છોટાઉદેપુર |
| ૩૭. | પાવળામૂળ | દવા | દક્ષિણ ગુજરાત |
| ૩૮. | ચાપડાડોળી | દવા | દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત |
| ૩૯. | કેસુડાં ફૂલ | રંગ ઉદ્યોગ | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૪૦. | ટીમરુ પાન | બીડી ઉદ્યોગ | કચ્છ સિવાય આખા ગુજરાતમાં |
| ૪૧. | મહુડાફૂલ | ખોરાક તથા મદિરા ઉદ્યોગ | સૌરાષ્ટ્ર કચ્છ સિવાય |
| ૪૨. | મહુડાડોળી | ઔદ્યોગિક તેલ | સૌરાષ્ટ્ર કચ્છ સિવાય |
| ૪૩. | ગુંદર | દવા, રંગ ઉદ્યોગ, ખોરાક | આખા ગુજરાતમાં |

(ઉગમ : ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ)

**જંગલ વિસ્તારમાં ખાણ અને ખનીજ સંપત્તિ :**

આદિવાસીઓને મદદરૂપ થતી વનપેદાશની વિગતો સાથે જંગલો આપણને શું શું આપે છે. જંગલમાં થતી વનૌષધિઓ હર્બલ દવાઓ બનાવવામાં વપરાય છે. તો લાકડું બળતણ, ફર્નિચર વગેરે બનાવવામાં કામ લાગે છે. પરંતુ નવા પેસા એક્ટ મુજબ ગૌણ વનપેદાશ એકત્રીકરણ માટે વેચાણમાંથી થતી આવકની ફાળવણી સરકાર ગ્રામસભામાં જંગલોના સંવર્ધન અને વિકાસ માટે આપ્યા બાદ એકત્રીકરણ કરતા આદિવાસીઓ વચ્ચે પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૨૬/૦૮/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક ગવપ/૨૦૨/૧૦૫૧/પાર્ટ–૩/ગથી વહેંચવાની હોય છે.

તે જ રીતે ગુજરાત સરકારના ખાણ અને ખનીજ નિયમન અને વિકાસ ધારા–૧૯૫૫ અન્વયે ગુજરાતમાં ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬માં ઘડાયા છે. (ઉદ્યોગ અને ખાણવિભાગના તા.૨૬/૦૮/૨૦૧૦ના જાહેરનામા ક્રમાંક જીયુ–૨૦૧૦–(૩૭)–એમસીઆર–૧૦૯૭–એમએમ–૧૫–૬થી ગુજરાત ગૌણ ખનીજ રાહત નિયમો, ૨૦૧૦ બહાર પાડવામાં આવ્યા છે) આ મુજબ ગૌણ ખનીજો તેની રૉયલ્ટી વગેરે અંગે અનુસૂચિઓ આપવામાં આવી છે. આ મુજબ ગૌણ ખનિજો નીચે મુજબ છે :

૧. ક્વાર્ટરાઇટ
૨. સેન્ડ સ્ટોન

૩. ગ્રેનાઇટ/ડૉલોરાઇટ (બ્લૉક)
૪. ગ્રેનાઇટ/ડૉલોરાઇટ (ભૂકો)/ડૉલોમાઈડ
૫. સ્લેટ, ફિલાઇટ, ટ્રેચાઇટ, ગાલરો, અને અન્ય બાંધકામ માટેના પથ્થર
૬. બ્લેક ટ્રેપ, હાર્ડ મુરમ
૭. આરસ (બ્લૉક), આરસ (ભૂકો)
૮. કાર્બનેસિસ રોલ
૯. બેન્ટોનાઇટ/કુલસલર્સ અર્થ
૧૦. ગ્રેવલ
૧૧. મુરમ
૧૨. લાલ માટી
૧૩. સાદી માટી
૧૪. સારી રેતી
૧૫. ઈંટો બનાવવા વપરાતી માટી
૧૬. ક્વાર્ટલાઇટ પેબલ્સ
૧૭. જિપ્સમ
૧૮. સોફ્ટ સ્ટોન

તો મુખ્ય ખનિજોમાં સમાવેશ થાય છે :

૧. ફ્લોરસ્પાર
૨. બોક્સાઇટ
૩. ગ્રેફાઇટ
૪. ગ્રીન માર્બલ

આમ, જંગલમાં ખાણ–ખનિજ તથા વન્ય પેદાશો વિપુલ પ્રમાણમાં હોય છે. પરંતુ તેનો ઉપયોગ આદિવાસી પોતે કરી શકતો નથી, કારણ કે તેની માલિકી ગુજરાત સરકારની ગણાય છે. જો કે ગૌણ વનપેદાશો એકઠી કરવી, જંગલોનું સંરક્ષણ અને સંવર્ધન કરવું, તે આદિવાસીઓનો આદિકાળથી ચાલી આવતો ધર્મ બની ગયો છે. ત્યારે જંગલ વ્યવસ્થાપન, ગૌણ પેદાશ એકત્રીકરણ માટે જંગલ મંડળીઓ બનાવવામાં આવી હતી. વળી જંગલોનો વિસ્તાર વધારવા અને ચારેબાજુએ વૃક્ષો વાવી વૃક્ષવન ઊભા કરવાનું કામ ઘણી મંડળીઓએ કર્યું છે. જેમાં વિકસત, સેવા, નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, વગેરેએ પોતાની રીતે નાણાકીય અને તેમની મંડળીઓ દ્વારા સહાય કરી હતી. જંગલખાતાએ પોતાની રીતે પણ પોતાના વિસ્તાર હેઠળ આવતાં ગામોમાં જંગલ સમિતિ બનાવી હતી. જે વૃક્ષો વાવવા, સંવર્ધિત કરવા, સંરક્ષિત કરવા માટે કામ કરે છે. વળી પોતાના ગામના વનવિસ્તારમાંથી કોઈ લાકડું કાપીને ચોરી ન જાય તે માટે પણ સતત જાગ્રત રહે છે.

આ ઉપરાંત ગુજરાતમાં ચાલી રહેલી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આદિવાસી વિકાસ અને જંગલ સંવર્ધનમાં ફાળો આપે છે.

(૧) વેડછી ઇન્સેન્ટિવ એરિયા સ્કીમ (વાલોડ એક્સપરિમેન્ટ) વાલોડ
(૨) ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (બાયફ)
(૩) વાંસદા સદ્‌ગુરુ વોટરશેડ ડેવલોપમેન્ટ એન્ડ ફાઉન્ડેશન, પંચમહાલ
(૪) દિશા ડેવલોપિંગ ઇનિશિયેટીવ્સ ફોર સોશિયલ એન્ડ હ્યુમન એક્શન
(૫) આર્યવાહિની
(૬) આગાખાન રૂરલ સપોર્ટ કાર્યક્રમ
(૭) ઓક્સફાર્મ
(૮) ભીલ સેવા મંડળ

વગેરે સંસ્થાઓએ જંગલ વધારવામાં મદદ કરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની નિષ્ઠા, સેવાવૃત્તિ, સમજદારી, સિદ્ધાંતનિષ્ઠા, સંપર્ક, સહકાર, સરળતા, અને સાદગીને કારણે સ્થાનિક જંગલ સુરક્ષિત રહી શકે છે.

# પરિશિષ્ટ – ૧

ગુજરાત રાજ્યના વન વસાહતીઓને ખાતે આપવામાં આવેલ ખેડાણ માટેની જંગલ જમીનની શરતો :

## (અ) જૂનાગઢ જિલ્લો

૧. સંવત ૨૦૦૪ની સાલથી કાયમ માટે દર એકરે રૂ. ૧.૦૦ના રેતનો દર છે, પીતનો દર તેથી બમણો લેવાનો રહેશે.

૨. ખાતેદાર સેટલમેન્ટમાં દસ વર્ષ સુધી રહેવાને બંધાયેલા છે અને જો તેમાં નિષ્ફળ જશે તો ખાતેદાર પાસેથી જેટલાં વર્ષ સેટલમેન્ટમાં રહ્યાં હોય, તેટલાં વર્ષની વિઘોટી દર સાંતીએ એટલે ૨૦ એકરે રૂ. ૨૦ ગણી વસૂલ કરવાની રહેશે.

૩. વાંસ નજીક નીરણ ભરવા માટે દર સાંતીએ એક વીઘા સુધીનો વાડો ખાતેદાર મેળવી શકશે અને તેમાં ચોમાસામાં મકાઈ અથવા તમાકુ પકવે તેનો કોઈ દર લેવાનો રહેશે નહીં.

૪. સદરહુ વાસમાં ખાતેદાર જે તારીખથી વસવાનું કબૂલ કરે તે તારીખથી છ માસ સુધીમાં એક ગાડું અને ઓછામાં ઓછી એક જોડી બળદ રાખવા પડશે.

૫. ડિસ્ટ્રિક્ટમાં અમલદારો પ્રવાસે નીકળે તેમને તથા ફોરેસ્ટના કામ માટે અને બીજા અમલદારોને ભાડા વડીએ ખાતેદારે ગાડું આપવાનું રહેશે.

૬. ફોરેસ્ટના ગુના શોધવા અને આગ ઓલવવાને ફોરેસ્ટના કોઈ પણ અમલદારને ખાતેદાર મદદ કરવા બંધાયેલા છે.

૭. વાંસની નજીકના ખુલ્લા જંગલમાંથી ખાતેદાર પોતાની માલિકીનાં ઢોર માટે જરૂર જેટલું ઘાસ મફત વાઢી લઈ શકશે.

૮. વખતોવખત અમલ હોય તે નિયમ પ્રમાણે ખાતેદારોએ પોતાની માલિકીનાં ઢોરની સમવાડી ભરવાની રહેશે.

૯. ખેતીના કામ માટે ખાતેદારો ઊભડ લાવી શકે અને ખાતેદારોએ એનું નામ નોંધાવવાનું રહેશે. નામ નોંધાવવા બદલ ખાતેદાર પાસે કોઈ વેરો લેવાનો રહેશે નહીં અને માફી દરથી એક વીઘું જમીન વાડો કરવા માટે ખાતેદાર હકદાર બનશે તથા ખોરડા માટે જરૂર જોઈતો કાટ મેળવવા હકદાર બનશે.

## (બ) પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાઓ :

૧. ખાતેદાર જે સર્વે નંબરનો ભોગવટો કરતો હશે તે સર્વે નંબર કે તેનો કોઈ ભાગ કોઈ પણ શખ્સને ખેતી કરવા કે પેટા ભાડે આપી શકશે નહીં, પણ વાજબી રીતે તે પોતે જ તેમાં ખેતી કરી શકશે.

૨. ખાતેદારે સર્વે નંબરની હદ, નિશાનો યોગ્ય રીતે મરામત કરવા પડશે.

૩. જિલ્લા માટે હપતાઓની ઠરાવેલ તારીખે દર વર્ષે ખાતેદારે સરકારશ્રીને આકારણી નિયમિત ભરવી પડશે.

૪. ખાતેદાર એકીવખતે સાત કરતાં ઓછી હોય તેટલી મુદત માટે ગામના પટેલને તેની ગેરહાજરીની આગળથી જાણ કર્યા સિવાય વસાહતમાંથી ગેરહાજર રહી શકશે નહીં. જો એકીવખતે સાત દિવસ કરતાં વધારે વખત માટે ગેરહાજર રહેવાનું જરૂરી હશે તો રેંજ ફોરેસ્ટ ઑફિસરની અગાઉથી પરવાનગી લેવી પડશે.

૫. ખાતેદાર જે સર્વે નંબરમાં રહેતો હશે તે સર્વે નંબરમાં અનામત રાખેલાં તમામ ઝાડોનું નુકસાનીમાંથી ઉત્તમોત્તમ શક્તિથી રક્ષણ કરવાનું રહેશે. તેમ જ નીચે જણાવેલ મદદ આપવાની રહેશેઃ

- શક્ય તેટલી ત્વરાથી આગ બુઝાવવા.
- અનામત રાખેલા જંગલમાં આગ પ્રસરતી અટકાવવા.
- જંગલના ગુનાની જાણ થયેથી ગુના અટકાવવા.
- જંગલમાં ગુનેગારોને ગિરફતાર કરવામાં.

૬. કૉન્ટ્રેક્ટર અથવા સરકારની એજન્સી મારફત કરવામાં આવતા જંગલના રક્ષણકારોની બાબતમાં જ્યારે ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસર દ્વારા ખાતેદારોને જે કામ કરવાનું કહેવામાં આવે ત્યારે ખાતેદાર યોગ્ય પગારે તે કામ કરે – તે કામ કરવા બંધાયેલ છે.

૭. ખાતેદાર જે જમીનનો ભોગવટો કરે તે જમીન સરકારી કામસર જરૂર હશે તો ખાતેદારને બાર મહિનાની નોટિસ આપી કબૂલાતનામું રદ કરી શકશે અને પરત આપવાની જમીનમાં ખાતેદારે જમીનને સુધારવા કરેલા ખર્ચ સિવાયના બીજા કોઈ બદલા માટે હકદાર રહેશે નહીં. સરકારી કારણ કયું છે અને જમીન સુધારાના ખર્ચ બાબતમાં નિર્ણય લેવાની સત્તા વનસંરક્ષણશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૮. તાલુકાના વસાહતની ફેરતપાસ વખતે ખાતેદાર જે જમીનનો ભોગવટો કરતો હશે તે જમીનની આકારણી માટે ફેરતપાસ કરવાની આખરી સત્તા ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસરની રહેશે અને આવી તપાસ કરેલ દરેક બાબતે કરેલો વધારો ૬૬.$^{२}/_{3}$ ટકા કરતાં વધારે આકારણી કરી શકશે નહીં.

૯. ઉપર જણાવેલ શરતોમાંની કોઈ પણ શરતનો ખાતેદાર ભંગ કરશે તેવા કિસ્સામાં ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસરને આ કબૂલાતનામું રદબાતલ કરવાની સત્તા છે. તેમ જ કબૂલાતનામાની શરતોના ભંગ માટે જો ખાતેદારે જમીનનો કબજો છોડવો પડશે તો જંગલમાંનો ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસર–(કે જેનો અભિપ્રાય છેવટનો ગણાશે તે)ના અભિપ્રાય પ્રમાણે વાજબી લાગે તેવા ખાતેદારના ખર્ચે કરેલા સુધારાની વિઘનફાળે જે કિંમત થશે તેટલી કિંમત પ્રમાણે સરકારને અથવા નવા વસાહતીઓને બદલી આપશે. વનસંરક્ષકશ્રીએ પસાર કરેલા કોઈ પણ કબજો છોડવાના હુકમના કિસ્સામાં ખાતેદારને હુકમ મળ્યેથી ૬૦ દિવસમાં અથવા ખાતેદારની જંગમ મિલકતનો નિકાલ કરી શકે તે પ્રમાણે ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસર જે લાંબો સમય મંજૂર કરે તે સમયમાં ખાતેદારે જગ્યા ખાલી કરવાની કબૂલાત આપવી પડશે. તેમ જ ખાતેદારે સ્થાવર મિલકત જેવી કે ઘરો, કૂવા વગેરે પર કોઈ જાતનો દાવો કરવાનો રહેશે નહીં. ખાતેદારે આવી જગ્યા ખાલી કરવાનો હુકમ રદ થાય તે પહેલાં તે જગ્યામાં ખાતેદારે વાવેતર કરી નાખ્યું હશે તો તે મોસમનો પાક લણવાને ખાતેદારે પરવાનગી માંગવાની રહેશે.

૧૦. જગ્યાનો કબજો છોડવાના કિસ્સામાં ખાતેદારનાં લેણાં નીકળતાં કોઈ પણ આકારણી, જમીનમહેસૂલની બાકી હોય તે રીતે ખાતેદાર પાસેથી વસૂલ કરી શકાશે.

## પરિશિષ્ટ-૨

No. 13–1/90–FP

Government of India

Ministry of Environment and Forests

Dt : 18.9.1990

To,

The Secretary,

Forest Department (Al) States/UTs.)

**Sub. : Conversion of Forest Village into revenue villages and settlement of other old habitations.**

Sir,

Forest Villages were set up in remote and inaccessible forest areas with a view to provide uninterrupted man-power for forestry operations. Of late, they have lost much of their significance owing to improved accessibility of such areas, expansion of human habitation and similar other reasons. Accordingly, some of the states converted forest villages into exist between 2500 to 3000 forest villages in the country. Besides, some cases of other types of habitations e.g. unauthorized houses/homesteads, dwellings of tribals who have been living in them in virtually preagrarian life styles, are suspected to exist in forest lands even though these may not have been recognized either as revenue villages or forest villages.

2. In March, 1984 the then Ministry of Agriculture, suggested to the State/UT Governments. That they may confer heritable and Inalienable rights on forest villagers if they were in occupation of land for more than 20 years. But this suggestion does not seem to have been fully implemented. Development of forest villages has also been addressed to in the National Forest Policy, 1988 which states that these should be developed on par with revenue villages. This issue was again examined by an Inter-Ministerial Committee set up by this Ministry to look into various aspects of tribal-forest-interface in consultation with representatives of some of the States.

All though the forest villages have lived in harmony with their surrounding Forest and the concept of forest villages proved an effective arrangement for sustained supply of manpower, yet it would not be appropriate to deny them legitimate rights settlement and have been continuously under their occupation since then. Keeping this aspect and the recommendations of the Inter-Ministerial Committee in view, the following measures are

suggested to resolve the outstanding issues of forest villages and other types of habitations existing in forest lands :

### 3.1 Forest Villages

Forest villages may be converted into Revenue villages after de-notifying requisite land as forest. Proposals seeking prior approval of Government of India for this purpose under the Forest (Conversion) Act, 1980 may be submitted expeditiously. While converting these villages into revenue villages, the following principles may be adhered to :

(1) the villages are conferred heritable but inalienable rights;

(2) Administration of these and other Revenue villages enclaved in forest area should preferable be entrusted to the State Forest Departments.

### 3.2 Other habitations

(a) Habitation other than Forest villages may be grouped into the following categories :

(1) Cases where dwelling belong to persons who have encroached on forest land for cultivation;

(2) Dwellings of other persons who have been living there in since past without encroaching on forest land for cultivation but their habitations are neither recognized as Revenue villages nor Forest villages.

(b) Each case may be examined on its merits, suggestions for resolving the cases are given below :

(1) in case of category (a)(1) above, whenever encroachments for agricultural cultivation are regularised, the house sites and homesteads, too, may be regularized either in-situ or as near to the agricultural field as possible subject to certain safeguards in the interest of forest protection and “eligibility” criteria as may be evolved by the state government.

(2) In case of category (a) (2) above certain specific habitations, more than 25 years old, involving sizeable group of families, may be examined, case by case, on merits for their amicable settlement.

(3) Scheduled Tribes and rural poor not covered under (1) and (2) above should be resettled in non-forest government land.

(4) All other unauthorized habitations must be evicted.

Whatever provisions of the Forest (Conversion) Act, 1980 are attracted, comprehensive proposals may please be submitted for seeking prior approval of this Ministry. It may

kindly be noted that such proposals will be considered only when the State/UT Govt. ensure that all the measures are taken simultaneously and effectively and are accompanied with proposals for compensatory afforestation.

This ministry may kindly be kept informed of the action taken/proposed to be taken in this regards.

Yours faithfully,

Sd.(K.M.CHADHA)

JOINT SECRETARY TO THE GOVERNMENT OF INDIA

Copy to :

1. Principal CCFs(All States/UTs)

Yours faithfully,

Sd.(K.M.CHADHA)

JOINT SECRETARY TO THE GOVERNMENT OF INDIA

Copy to :

Secretary, Ministry of Welfare

Secretary, Deptt. of Rural Development

Secretary (Co-ordination), Cabinet Secretariat

Regional CCFs (Central) (All Regional Offices)

DIG (FC)

Sd./–

(K.M. CHADHA)

JOINT SECRETARY TO THE GOVERNMENT OF INDIA

# સંદર્ભ-સાહિત્ય


| | | | |
|---|---|---|---|
| ૧. | આદિવાસી વિકાસ દર્શન | અહેવાલ નોંધ : સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત (પાન નં ૪-૫) | ૨૦૧૦ |
| ૨. | આદિવાસી વિકાસ અને વન | ડૉ. મીનાક્ષી ઠાકર, યુનિવર્સિટી, ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ - ૬ | ૨૦૦૪ |
| ૩. | ગુજરાતનાં વનો | વનવિભાગ, ગુજરાત રાજ્ય | ૧૯૮૬ |
| ૪. | ધરતીમાતા | સંપાદક - ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રકાશક-પુ. છો. પટેલ, મંત્રી આચાર્ય શ્રી જે. બી. કૃપાલાણી અને મગનભાઈ દેસાઈ મેમોરિઅલ ટ્રસ્ટ, અમદાવાદ-૫૪ | ૧૯૮૫ |
| ૫. | Right to Forest Act | Published by Adivasi Sahitya Prakashan, Surat | 2006 |
| ૬. | The Greeting of Gujarat | R. K. Trivedi, Published by Director of Information Govt. of Gujarat, Gandhinagar | 2017 |
| ૭. | Forest and Tribal livelihood – Changing Behaviors and Attitudes | Lancy lobo, Jayesh Shah, Published by Concept Publishing Company Pvt. Ltd., New Delhi–110 059 | 1981 |
| ૮. | Tribal Development in India Problems and Prospects | Chaudhari Buddhadev, Book Published by Inter India Publication, New Delhi | 1984 |
| ૯. | Report of the Committee on Forestry Programmers for Alleviation of Poverty | Govt. of India, New Delhi | 1982 |
| ૧૦. | Statistics on Soil Conservation in India | MINI of Agriculture, New Delhi | |
| ૧૧. | ગુજરાતી વિશ્વકોશ ભાગ - ૧ | ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, દ્વિતીય સંસ્કરણ | ૧૯૯૧ |
| ૧૨. | સાંસ્કૃતિક માનવશાસ્ત્ર | ડૉ. દેસાઈ ઊર્મિબહેન શકુન્તરાય - રચના પ્રકાશન, અમદાવાદ | ૧૯૭૫ |
| ૧૩. | ગાંધીયન એપ્રોચ ટુ રૂરલ ડેવલોપમેન્ટ | શાહ ઘનશ્યામ એન્ડ ચતુર્વેદી, એચ.આર પબ્લિશ્ડ અજંતા, ન્યૂ દિલ્હી | ૧૯૮૩ |
| ૧૪. | ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | વર્મા રામચંદ્ર, પ્રકાશન વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી | ૧૯૯૫ |

૧૫. Annual Report of Ministry of Environment and Forests – Government of India, 1994–1995. p. 26-27.

૧૬. Saxena, Ghanshyam, "The Forest Crisis", 1990 – p. 114.

૧૭. Verma, D.P.S. – "Social Forestry : Its Performance and Problems" – A Ph.D. thesis submitted to South Guj. Uni.-Surat - Faculty of Rural Studies - Surat-1993. (Chapter-1).

૧૮. "જંગલવિષયક કાર્યક્રમો, તેની થયેલી અસરોનો અભ્યાસ" – આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – પૃ. નં. ૩૨૬.

૧૯. Mukherjee, K. K., 'Development Concept Programme and Strategies', Changing Villages Vol. 2, No. 5, June, February 1981.

૨૦. Prashad, R. R. and Jehangirdar, M.P., "Tribal Situation in Forest Villages – Changing Subsistence, Strategy and Adaptation", NIRD Hydrabad, India – 1991, p. 2.

૨૧. Report of the National Commission on Labour, Govt. of India, Ministry of Labour, Employment and Rehabilitation, New Delhi. p. 96.

૨૨. Report of the Working Group on Development of Scheduled Tribes During Seventh Five Year Plan (1985-90), Govt. of India–Ministry of Social Welfare, New Delhi-1980 p. 86.

૨૩. "Tribal Development – An Overview" Research Paper, Reference and Research Division of Ministry of Information and Broadcasting, Vol. XL, No. RP. 8-3-95, May 12, 1995.

* * *

# ૯. અનુસૂચિત વિસ્તારોમાં પેસા ઍક્ટ કાયદાનો અમલ



### પેસા ઍક્ટ

ધી પ્રોવિઝન ઑફ ધી પંચાયત્સ (એક્સ્ટેન્શન ટુ ધી શિડ્યૂલ્ડ એરિયાઝ) ઍક્ટને પેસા ઍક્ટ કહેવામાં આવે છે, કેન્દ્ર સરકારે પંચાયત (એક્સ્ટેન્શન ટુ ધી શિડ્યૂલ્ડ એરિયાઝ) ઍક્ટને (પેસા ઍક્ટ) ૪૦/૧૯૯૬, ૧૯૯૬ની સાલમાં પસાર કરેલ છે. આ કાયદાથી ભારતના બંધારણની કલમ ૨૪૪(૧) હેઠળ જાહેર કરાયેલ અનુસૂચિત વિસ્તારોમાં આ કાયદાનો અમલ થાય છે.

ભારતના બંધારણમાં કેન્દ્ર સરકારે ૭૩મો સુધારો કર્યો હતો. આ સુધારાનો અમલ ૨૪–૩–૯૩થી થયેલ છે. આ સુધારા અન્વયે પેસા ઍક્ટ, ૧૯૯૬ અમલમાં મુકાયો છે. કેન્દ્રનો પેસા ઍક્ટ ગુજરાત, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજ્ય એટલે કે નવ રાજ્યોમાં અમલમાં આવ્યો હતો અને આ કાયદો ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૬થી અમલમાં છે.

ગુજરાત સરકારે, ગુજરાત પંચાયત કાયદો (સુધારા) અધિનિયમ–૫/૧૯૯૮ નામનો કાયદો કરેલ છે. જે હેઠળ રાજ્ય સરકારનો પેસા ઍક્ટ તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૭થી અમલમાં છે. આ કાયદો ગુજરાતના અનુસૂચિત વિસ્તારોના ચૌદ જિલ્લામાં અમલમાં છે અને આ ચૌદ જિલ્લામાં ૫૨ તાલુકાઓનો સમાવેશ થાય છે, જ્યાં આ કાયદો અમલી છે. મુખ્યત્વે 'પેસા એક્ટ' તે બંધારણના ભાગ IXની પંચાયત સંબંધી જોગવાઈઓનો અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ માટે જોગવાઈ કરતો અધિનિયમ છે.

**કોષ્ટક – ૧**

**પેસા વિસ્તારમાં સમાવિષ્ટ જિલ્લા અને તાલુકા**

**૧૪ જિલ્લામાં સમાવિષ્ટ ૫૨ તાલુકા**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | દાહોદ | ઝાલોદ, દાહોદ, લીમખેડા, દેવગઢબારિયા, ફતેપુરા, ધાનપુર, ગરબાડા, સંજેલી, સીંગવડ |
| ૨. | નર્મદા | ડેડિયાપાડા, ગરુડેશ્વર, નાંદોદ, સાગબારા, તીલકવાડા |
| ૩. | ડાંગ | આહવા, સુબીર, વઘઈ |
| ૪. | તાપી | ડોલવણ, કુકરમુંડા, સોનગઢ, નિઝર, ઉચ્છલ, વાલોડ, વ્યારા |
| ૫. | અરવલ્લી | ભિલોડા, મેઘરજ |
| ૬. | ભરૂચ | વાલિયા, ઝગડિયા, નેત્રંગ |
| ૭. | છોટાઉદેપુર | છોટાઉદેપુર, નસવાડી, ક્વાંટ |
| ૮. | નવસારી | ચીખલી, ખેરગામ, વાંસદા |
| ૯. | પંચમહાલ | ઘોઘંબા |
| ૧૦. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર |
| ૧૧. | સુરત | મહુવા, માંડવી, માંગરોળ, બારડોલી, ઉમરપાડા |
| ૧૨. | મહીસાગર | સંતરામપુર, કડાણા |
| ૧૩. | વલસાડ | ધરમપુર, પારડી, ઉમરગામ, કપરાડા, વાપી |
| ૧૪. | બનાસકાંઠા | દાંતા |

(સ્રોત : વસતિગણતરી - ૨૦૧૧, ભારત સરકાર)

## "પેસા ઍક્ટ–૧૯૯૬" જોગવાઈઓ

પેસા ઍક્ટ, ૧૯૯૬ મુખ્યત્વે બંધારણના ભાગ–૯ની પંચાયત સંબંધી જોગવાઈઓનો અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ માટેની જોગવાઈ કરતો અધિનિયમ છે.

બંધારણના ભાગ–૯માં ગમે તે દર્શાવવામાં આવ્યું હોય છતાં રાજ્યની વિધાનસભા અનુસૂચિત વિસ્તારોમાં વસવાટ કરતા આદિવાસી સમુદાયની લાક્ષણિકતાઓ સાથે સુસંગત ન હોઈ તેઓ કોઈ કાયદો આ ભાગ નીચે બનાવશે નહીં. (કલમ–૪ અથી ડ)

(અ) રાજ્ય પંચાયત સંબંધિત જે કોઈ કાયદો ઘડે તે સમુદાયના રીતરિવાજ અનુસારના કાનૂન, સામાજિક–ધાર્મિક રૂઢિઓ અને સામુદાયિક સંસાધનોના પરંપરાગત વ્યવસ્થાપનની પ્રથાઓને ધ્યાને લેશે.

(બ) ગામ એટલે વસાહત કે વસાહતોના સમૂહોનું અથવા કસબા કે કસબાઓના સમૂહનું અને સમુદાયનું બનેલું હશે.

– તેઓ પોતાનાં કાર્યોનું વ્યવસ્થાપન પરંપરાઓ અને રીતરિવાજ અનુસાર કરતા હશે.

(ક) દરેક ગામને એક ગ્રામસભા હશે. ગ્રામસભા તે પંચાયતની ચૂંટણીની મતદારયાદીમાં સમાવિષ્ટ તમામ સભ્યોની બનેલી હશે.

(ડ) ગ્રામસભા લોકોની પરંપરાઓ, રીતરિવાજ તેમની સાંસ્કૃતિક ઓળખ, સામુદાયિક સંસાધનો અને વિવાદના ઉકેલ માટે રીતરિવાજ મુજબ જાળવણી કરી શકવા માટે સક્ષમ હોવી જોઈએ.

(ઈ) દરેક ગ્રામસભા :

(૧) ગ્રામકક્ષાએ પંચાયત, ગામની સામાજિક, આર્થિક વિકાસ માટે યોજનાઓ, કાર્યક્રમો અને પ્રયોજનાઓ હાથ ધરે, અમલ કરે તે પહેલાં તેવી યોજનાઓની મંજૂરી આપશે.

(૨) ગરીબી નિર્મૂલન અને અન્ય કાર્યક્રમો અંતર્ગત લાભાર્થીઓ નક્કી કરવા કે પસંદ કરવા માટે જવાબદાર ગણાશે.

(એફ) દરેક પંચાયતે ગ્રામ કક્ષાએ (ઉપર ઈમાં નિર્દિષ્ટ કરેલ) યોજનાઓ, કાર્યક્રમો માટે ગ્રામસભા પાસેથી ભંડોળના ઉપયોગ સંબંધિત પ્રમાણપત્ર મેળવવું પડશે.

(જી) અનુસૂચિત વિસ્તારોમાંની પ્રત્યેક પંચાયતોમાં બંધારણના ભાગ IX અનુસાર અનામત બેઠકોનું પ્રમાણ, તે સમુદાયની વસતિના પ્રમાણમાં હોવું જોઈએ. જે સંખ્યા કુલ બેઠકોની ૫૦ ટકા સંખ્યા કરતાં ઓછી રાખી શકાશે નહીં.

– પંચાયતની દરેક કક્ષાએ અધ્યક્ષ (CHAIR-PERSON) માટેની તમામ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રહેશે.

(એચ) જે અનુસૂચિત જનજાતિનું પંચાયતમાં તાલુકા કે જિલ્લા કક્ષાએ પૂરતું પ્રતિનિધિત્વ પ્રાપ્ત ન થયું હોય ત્યાં રાજ્ય સરકાર અનુસૂચિત જનજાતિની વ્યક્તિને નોમિનેટ કરશે.

– આવી રીતે નિયુક્ત કરેલ વ્યક્તિઓની કુલ સંખ્યા પંચાયતની કુલ ચૂંટાયેલ સંખ્યાના $^{૧}/_{૧૦}$ કરતાં વધવી જોઈએ નહીં.

(આઈ) અનુસૂચિત વિસ્તારોમાં વિકાસ યોજનાઓ માટે જમીનનું સંપાદન કરતાં પહેલાં ગ્રામસભા અથવા યોગ્ય કક્ષાએ પંચાયત સાથે પરામર્શન કરવું.

– કોઈ યોજનાથી અનુસૂચિત વિસ્તારોમાં લોકો અસરગ્રસ્ત થતા હોય તો પુનઃસ્થાપન અથવા પુનઃવ્યવસ્થાપન કરતાં પહેલાં ગ્રામસભા અથવા પંચાયત પાસે મસલત સૂચનો મેળવશે.

– તેના વાસ્તવિક આયોજન અને અમલ માટે રાજ્ય કક્ષાએ સંકલન કરવામાં આવશે.

(જે) અનુસૂચિત વિસ્તારોમાં યોગ્ય સ્તરે લઘુ જળસ્રોતનાં આયોજન અને વહીવટ પંચાયતને સુપરત કરવામાં આવશે.

(કે) અનુસૂચિત વિસ્તારોમાં ગૌણ ખનીજ માટે પ્રોસ્પેક્ટિંગ લાઇસન્સ અથવા ખાણ–ખનીજની લીઝ મંજૂર કરતાં પહેલાં ગ્રામસભા અથવા યોગ્ય તે સ્તરે પંચાયતની ભલામણ આદેશાત્મક ગણાશે.

(એલ) હરાજી દ્વારા ગૌણ ખનીજ કાઢવા માટે રાહતની મંજૂરી આપતાં પહેલાં ગ્રામસભા અથવા યોગ્ય તે સ્તરે પંચાયતની પૂર્વ મંજૂરી આદેશાત્મક ગણાશે.

(એમ) અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતો સ્વ-શાસનની સંસ્થા તરીકે કાર્યરત બને તે માટે રાજ્ય વિધાનસભા, પંચાયતો અને ગ્રામસભાને આવશ્યક નીચેની સત્તાઓ અને અધિકારો આપવાનું સુનિશ્ચિત કરશે :

(૧) દારૂબંધી લાગુ કરવા કોઈ પણ કેફી દ્રવ્ય કે પદાર્થના વેચાણ–વપરાશ પર નિયંત્રણ કે નિયમન માટેની સત્તા.

(૨) ગૌણ વનપેદાશોની માલિકી.

(૩) અનુસૂચિત વિસ્તારોમાં જમીનનું હસ્તાંતર અટકાવવાની સત્તા, ગેરકાયદે હસ્તાંતર કરાયેલી જમીન પાછી મેળવી આપવા માટેની યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા.

(૪) ગ્રામીણ બજાર/હાટ જે કોઈ નામે ઓળખાતું હોય તેના વ્યવસ્થાપનની સત્તા.

(૫) અનુસૂચિત જનજાતિઓને શાહુકારી ધિરાણ અટકાવવા માટેની નિયંત્રણ કરવાની સત્તા.

(૬) તમામ સામાજિક ક્ષેત્રોની અંદરની સંસ્થાઓ તેમ જ તેના કર્મચારીઓ ઉપર નિયંત્રણની સત્તા.

(૭) આદિજાતિ પેટા–યોજના સહિતની યોજનાઓ માટે સ્થાનિક આયોજન અને સંસાધનો ઉપર નિયંત્રણ કરવાની સત્તા.

(એન) રાજ્યની વિધાનસભા પંચાયતો એક સ્વ-શાસનની સંસ્થા તરીકે કાર્ય કરી શકે તે માટે જરૂરી સત્તાઓ અને અધિકાર સુપરત કરે ત્યારે –

– એ સુનિશ્ચિત કરશે કે ઉપલી કક્ષાએ પંચાયત નીચેની કક્ષાની પંચાયતોના કે ગ્રામસભાની સત્તાઓ અને અધિકારો હડપ ન કરી લે.

(ઓ) રાજ્યની વિધાનસભા અનુસૂચિત વિસ્તારોમાં જિલ્લા કક્ષાએ વહીવટી વ્યવસ્થાની રચના કરતી વખતે બંધારણની છઠ્ઠી અનુસૂચિની તરાહને અનુસરવાનો પ્રયાસ કરશે.

**પંચાયત સંબંધિત પ્રવર્તમાન કાનૂન ચાલુ રહેવા બાબત :**

અગાઉની પંચાયત સંબંધિત જોગવાઈઓ આ અધિનિયમને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મળે તે તારીખથી એક વર્ષ પૂરું થાય ત્યાં સુધી ચાલુ રહેશે તથા તે મુજબ અગાઉ રચાયેલી પંચાયતો પોતાનો કાર્યકાળ પૂરો કરશે.

## આદિજાતિની વ્યક્તિઓની જમીન

### (જમીનમહેસૂલ કાયદાની કલમ ૭૩-એએનાં નિયંત્રણો)

૧. આદિજાતિના ખાતેદારોએ ધારણ કરેલ જમીનો, લોભ, લાલચ, ધાકધમકી કે અન્ય રીતે સહેલાઈથી તબદીલ ન થઈ જાય તે હેતુથી રાજ્ય સરકારે મુંબઈ જમીનમહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭૩ (ક) અન્વયે તા. ૪–૪–૬૧ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ

કરીને રાજ્યના અનુસૂચિત વિસ્તાર પૈકી જે વિસ્તારોમાં તા. ૪–૪–૬૧ના રોજ મૂળ સર્વે સેટલમેન્ટ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં આદિજાતિના લોકોની જમીનોને કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી સિવાય તબદીલ કરી શકાય નહીં તેવું રાજ્યના મર્યાદિત વિસ્તારો પૂરતું નિયંત્રણ મૂકેલ હતું. ત્યાર બાદ તા.૧–૨–૮૧થી લેન્ડ રેવન્યુ કોડમાં કલમ ૭૩–એએથી ૭૩–એડી નવી કલમો દાખલ કરવામાં આવતાં તેની જોગવાઈઓ તેમ જ તદનુરૂપ તા. ૨૧–૬–૮૨ના જાહેરનામાથી અમલમાં મૂકેલા જમીનમહેસૂલ નિયમો અન્વયે વૈધાનિક નિયમો હાલમાં અસ્તિત્વમાં છે. લે.રે. કોડની કલમ ૭૩–એએ તથા તેના આનુષંગિક વૈધાનિક નિયમો (મુખ્યત્વે નિયમ–૫૭ કેથી નિયમ–૫૭–એસ સુધી) હાલમાં અમલમાં છે. મહેસૂલ વિભાગે આદિજાતિના લોકોએ ધારણ કરેલી જમીનોની તબદીલી બાબતના તા.૧૯–૧૦–૭૯ના પરિપત્રની સૂચનાઓ હાલમાં અમલી વૈધાનિક નિયમો સાથે સુસંગત ન જણાતાં રદ ગણેલ છે અને અનુ.આદિજાતિના લોકોએ ધારણ કરેલી જમીનની તબદીલી સંબંધમાં તા.૧૮–૩–૨૦૦૬ના સંકલિત પરિપત્ર ક્રમાંક અદજ–૧૦૨૦૦૩–૨૬૩૨–જથી આપેલ સૂચનાઓ અનુસાર અમલ કરવાનો રહે છે જે અંગેની મૂળભૂત જોગવાઈઓનું અત્રે વર્ણન કરવામાં આવ્યું છે. સંબંધિત જોગવાઈઓમાં લાગુ પડતા ઉલ્લેખ કરેલ એનેક્ષરના નમૂના મહેસૂલ વિભાગને ઉક્ત મૂળ ઠરાવ જોઈ ઉપયોગમાં લેવા.

૨. લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩–એએની સંક્ષિપ્ત જોગવાઈઓ :

મુંબઈ જમીનમહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૭૩–એ હેઠળ રાજ્યના અનુસૂચિત વિસ્તારો પૈકી જે વિસ્તારોમાં તા. ૪થી એપ્રિલ, ૧૯૬૧ના જાહેરનામાની તારીખે મૂળ સર્વે સેટલમેન્ટ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનની તબદીલી કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય કરવા પર નિયંત્રણ મુકાયેલ હતું. આ જોગવાઈઓ વધુ વ્યાપક બનાવવા મુંબઈ જમીનમહેસૂલ અધિનિયમ–૧૮૭૯ હેઠળ કલમ ૭૩–એ પછી નવી કલમો ૭૩–એએ, ૭૩–એબી, ૭૩–એસી, ૭૩–એડી અને ૧૯૮૦ના મુંબઈ જમીનમહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ–૧૯૮૦, ગુજરાત અધિનિયમ ૩૭ ઑફ ૧૯૮૦થી ઉમેરવામાં આવેલ છે. આ અધિનિયમની જોગવાઈઓ તા.૧–૨–૮૧થી અમલમાં આવેલ છે. ઉક્ત અધિનિયમ હેઠળ સમગ્ર રાજ્યમાં કોઈ પણ સ્થળે આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મૂકવામાં આવેલ છે. આ અધિનિયમની કેટલીક મુખ્ય જોગવાઈઓ ટૂંકમાં નીચે દર્શાવ્યા મુજબ છે :

**કલમ–૭૩એએ પેટા કલમ (૧) :**

આ પેટા કલમ અનુસાર રાજ્યમાં કોઈ આદિવાસીની જમીન કલેક્ટરની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય બીજા કોઈને ફેરબદલ થઈ શકશે નહીં.

**કલમ–૭૩–એએ પેટા કલમ (૨) :**

કોઈ આદિવાસીઓને પોતાની જમીન બીજાને વેચાણ તબદીલ કરવી હોય તો કેવા સંજોગોમાં તથા કઈ શરતોએ પૂર્વ મંજૂરી આપવી તે અંગેના નિયમો ઘડવાની જોગવાઈ છે.

## કલમ-૭૩- એએ પેટા કલમ (૩) :

કોઈ આદિજાતિની વ્યક્તિ બીજી આદિજાતિની વ્યક્તિને વિના પરવાનગીએ જમીન વેચાણ તબદીલ કરે તો તેવી જમીન મૂળ જમીન ધારણ કરનાર આદિજાતિની વ્યક્તિને પરત કરવાની જોગવાઈ છે. આ માટે મૂળ જમીન ધારણ કરનાર આદિજાતિની વ્યક્તિએ વેચાણ તબદીલ કર્યા પછી બે વર્ષમાં અરજી કરવાની રહે છે. જો બે વર્ષમાં અરજી ન કરે તો તે જમીન જે આદિજાતિની વ્યક્તિને તબદીલ કરવામાં આવી હોય તેની પાસે રહે. તા. ૪થી એપ્રિલ, ૧૯૬૧ના જાહેરનામાથી મૂળ સર્વે સેટલમેન્ટ ન થયું હોય તેવા અનુસૂચિત વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મૂકેલ છે. આ નિયંત્રણની જોગવાઈની અજ્ઞાનતાના કારણે આદિજાતિની વ્યક્તિએ બીજી આદિજાતિની વ્યક્તિને જમીનો તબદીલ કરેલ છે અને કલમ ૭૩એની જોગવાઈઓનો ભંગ થયેલ છે. આવા ૭૩એના ભંગના કેસો જે તા. ૪થી એપ્રિલ, ૧૯૬૧થી તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૧ સુધીના ગાળામાં ઊભા થયેલ હોય તેવા કિસ્સાઓ આપોઆપ નિયમબદ્ધ ગણવાની જોગવાઈ કરાયેલ છે. (સાર : તા. ૪-૪-૬૧થી તા. ૩૧-૧-૮૧ના સમયગાળાના આવા પૂર્વ મંજૂરી સિવાયની તબદીલીના કિસ્સાઓ નિયમબદ્ધ કરવા)

## કલમ ૭૩-એએ પેટા કલમ - (૪) :

આદિજાતિની વ્યક્તિએ બિનઆદિજાતિ વ્યક્તિને વિના પરવાનગીએ વેચાણ – તબદીલ કરેલ જમીન સરકારમાં સંપ્રાપ્ત કરવાની કાયદાકીય વિધિ નક્કી કરી છે. તે મુજબ બિનઆદિજાતિ વ્યક્તિને જમીન તબદીલ કરવામાં આવી હોય તેને નોટિસ આપી તબદીલી ગેરકાયદેસર જાહેર થશે. જમીન કોઈ પણ પ્રકારના બોજા રહિત સરકાર સંપ્રાપ્ત થાય છે. (સાર : આદિજાતિ વ્યક્તિએ બિનઆદિજાતિની વ્યક્તિને પૂર્વ મંજૂરી વગર કરેલ તબદીલીથી જમીન સરકાર સંપ્રાપ્ત)

## કલમ-૭૩-એએ પેટા કલમ - (૫) :

ઉપર મુજબ સરકાર દાખલ થશે તે જમીન મૂળ આદિજાતિ વ્યક્તિને પરત કરવાની જોગવાઈ છે. પેટા કલમમાં કરેલ જોગવાઈ મુજબ મૂળ આદિજાતિના કબજેદારે તે જમીન પોતે ખેડવા તૈયાર છે તેવી લેખિત બાંયધરી આપવાની છે. (સાર : સરકાર સંપ્રાપ્ત જમીન મૂળ આદિજાતિ વ્યક્તિને પરત કરવી.)

## કલમ-૭૩-એએ પેટા કલમ : (૬) :

જો મૂળ આદિજાતિ કબજેદાર તે જમીન પરત લેવા અને જાતે ખેડવા તૈયાર ન હોય તો તે જમીન તે જ ગામની બીજી આદિજાતિની વ્યક્તિને અથવા તો નજીકના ગામની બીજી આદિજાતિ વ્યક્તિને તે જમીન પરત આપવાની જોગવાઈ છે. જો તે મુજબ ગામની કે નજીકના ગામની આદિજાતિ વ્યક્તિઓ આ જમીન લેવા તૈયાર ન હોય તો સરકારશ્રી ઠરાવે તે અગ્રતાક્રમ મુજબ જે જમીન ગ્રાન્ટ કરવાની જોગવાઈ છે. (સાર : ગામની અન્ય આદિજાતિ વ્યક્તિ અથવા નજીકના ગામની આદિજાતિ વ્યક્તિને આપવી અથવા સરકારના અગ્રતાક્રમ મુજબ ગ્રાન્ટ કરવી.)

## કલમ-૭૩-એએ પેટા કલમ - (૭) :

આદિજાતિ વ્યક્તિની જમીન બિનઆદિજાતિ વ્યક્તિને વિના પરવાનગીએ તબદીલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં બીજા આદિજાતિની ખરીદ કરનાર વ્યક્તિને બીજી જે કોઈ શિક્ષા થઈ શકે તે ઉપરાંત જમીનની કિંમતની ત્રણ ગણી રકમ સુધીનો દંડ કરવાની જોગવાઈ કરાયેલ છે. (સાર :

બિનઆદિજાતિની વ્યક્તિને શિક્ષા ઉપરાંત જમીનની કિંમતની રકમનો ત્રણ ગણી રકમ સુધીનો દંડ)

**કલમ-૭૩-એએ પેટા કલમ (૮) :**

ઉપર જણાવેલ દંડની રકમ જે તે બિન-આદિજાતિની વ્યક્તિ પાસેથી જમીનમહેસૂલ બાકી તરીકે વસૂલ કરવાની જોગવાઈ છે. (સાર : આવી વસૂલાત જમીનમહેસૂલની બાકી રહેતી વસૂલ કરવી)

**કલમ-૭૩-એબી :**

આદિજાતિની વ્યક્તિની તેની જમીન ખેતી માટે લોન લેવા માટે સરકારશ્રીને સહકારી મંડળીને ''સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા'' જેવી નાણાકીય બૅંકોને ગીરો મૂકી શકે છે અને તે માટે આ કાયદા નીચે પરવાનગી લેવાની જરૂરત નથી. લોનની રકમ પરત ન થયે જે તે સંસ્થા જમીન ટાંચમાં લઈ વેચી શકે છે અને વેચાણ કિંમત લોન પેટે ભરપાઈ કરી શકે છે. ગીરો મૂકેલ જમીન કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી સિવાય બિનઆદિજાતિની વ્યક્તિને વેચી શકાશે નહીં. (સાર : જમીન પર લોન લેવી, ગીરો મૂકવાની છૂટ, આવી બોજાવાળી જમીન પૂર્વ મંજૂરી સિવાય વેચી શકાય નહીં.)

**કલમ-૭૩-એસી :**

કલમ -૭૩એ અને ૭૩-એએ અને ૭૩-એબી નીચે થયેલ કાર્યવાહી દીવાની અદાલતના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઈ કરાયેલ છે. ઉપરોક્ત કલમો નીચે કલેક્ટર જે હુકમ કરે તે કોઈ દીવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહીં. દીવાની અદાલત કામચલાઉ કે કાયમી મનાઈહુકમ પણ આપી શકે નહીં. (સાર : કલેક્ટરના નિર્ણયો દીવાની કે ફોજદારી અદાલતના કાર્યક્ષેત્ર બહાર)

**કલમ-૭૩-એડી :**

આ કલમ રજિસ્ટ્રેશન ઍક્ટ, ૧૯૦૮ની જોગવાઈ સુધારો સૂચવે છે. આદિજાતિ વ્યક્તિએ જમીન વેચાણનો કરેલ દસ્તાવેજ નિયમસરની કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવ્યાનો દાખલો રજૂ કરાય ત્યાર પછી જ દસ્તાવેજ નોંધી શકાય તેવી જોગવાઈ આ કલમમાં છે.

આ ઉપરાંત આદિજાતિની વ્યક્તિની જમીન કોઈ બિનઆદિજાતિની વ્યક્તિ કેટલાક કેસોમાં ગણોતિયા તરીકે મેળવી શકે નહીં તેની ગણોતધારામાં સુધારો કરતી મહત્ત્વની જોગવાઈ અધિનિયમ પણ અપાયો છે.

# કેન્દ્રીય અધિનિયમ પેસા ઍક્ટની જોગવાઈઓ અને રાજ્યમાં પંચાયતોમાં વિવિધ સ્તરો વચ્ચે સત્તાની વહેંચણી

કેન્દ્રીય પેસા ઍક્ટ ૧૯૯૬, ગુજરાત પંચાયત (સુધારા) ઍક્ટ, ૧૯૯૮

| ક્રમ | કલમ નંબર | જોગવાઈ | શિડ્યૂલ નંબર | કલમ નંબર | જોગવાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૪(ખ) | સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓના સમૂહ અથવા નાના ગામ અથવા નાનાં ગામોનો સમૂહનો બનેલો છે અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે. | ૪ | ૩ | સ્થાનિક વિસ્તારના સંબંધમાં ભલામણ કરતી વખતે એવી ખાતરી કરવી જોઈએ કે, તે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓના સમૂહ અથવા નાનાં ગામોનો સમૂહનો બનેલો છે અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે. |
| ૨. | ૪(ગ) | દરેક ગામોમાં તે ગામના મતદાર વિભાગમાં મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યાં હોય તેવી વ્યક્તિઓની ગ્રામસભા બનશે. | ૪ | ૨(૨) | તે ગામના મતદાર વિભાગના મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યાં હોય તે વ્યક્તિઓની ગ્રામસભા બનશે. |
| ૩. | ૪(ઘ) | દરેક ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો. | ૪ | ૨(૩)(ક) | ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો તેમની સાંસ્કૃતિક ઓળખ, સાંસ્કૃતિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો. |
| ૪. | ૪(ચ)(૧) | દરેક ગ્રામસભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામ–પંચાયત અમલ હાથ ધરે તે પહેલાં એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈએ. | ૪ | ૨(૩)(ખ)(૧) | દરેક ગ્રામસભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામપંચાયત અમલ હાથ ધરે તે પહેલાં એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈએ. |
| ૫. | ૪(ચ)(૨) | દરેક ગ્રામસભા ગરીબીનિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યક્તિઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે. | ૪ | ૨(૩)(ખ)(૨) | દરેક ગ્રામસભા ગામમાં ગરીબી–નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યક્તિઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે. |

| ક્રમ | કલમ નંબર | જોગવાઈ | શિડ્યૂલ નંબર | કલમ નંબર | જોગવાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬. | ૪ (એફ) | ગ્રામ કક્ષાએ દરેક પંચાયતે પેટા કલમ–ઈમાં ઉલ્લેખેલ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે ફંડ ઉપયોગિતાનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવું જોઈએ. | ૪ | ૧૨ | ગ્રામ કક્ષાએ દરેક પંચાયતે કલમ ૪(૩)(૧)માં ઉલ્લેખેલ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે ફંડ ઉપયોગિતાનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવું જોઈએ. |
| ૭. | ૪(જી) | અનુસૂચિત વિસ્તારમાં દરેક પંચાયતની બાબતમાં ભારતના બંધારણના ભાગ–૧૧માં જણાવ્યા અનુસાર અનુસૂચિત આદિજાતિની વસ્તીના પ્રમાણમાં અનામતની બેઠકો હોવી જોઈએ. પરંતુ ઓછામાં ઓછી ૫૦ % બેઠકો અનામત રાખવી. | ૪ | ૪,૫, ૬ | ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે જોગવાઈ કરેલ છે. |
| ૮. | ૪(જી) | પંચાયતોના તમામ સ્તરે અધ્યક્ષ (Chairperson) સહિત તમામ હોદ્દાઓ અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવા જોઈએ. | ૪ | ૮,૯, ૧૦ | તમામ સ્તરની પંચાયતોના હોદ્દાઓ અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવાની જોગવાઈ કરેલ છે. |
| ૯. | ૪ (એચ) | ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિ–જાતિનો કોઈ સભ્ય ચૂંટાય નહીં તો રાજ્ય સરકાર અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી નિયુક્ત કરશે. | ૫ | ૭ | કોઈ કારણોસર ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિ–જાતિનો કોઈ સભ્ય ચૂંટાય નહીં તો રાજ્ય સરકાર અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી નિયુક્ત કરશે. |
| ૧૦. | ૪ (આઈ) | ગ્રામસભા અથવા યોગ્ય સ્તરની પંચાયત સાથે અનુસૂચિત વિસ્તારમાં કોઈ પણ વિકાસ પરિયોજના માટે જમીન સંપાદન કરતાં પહેલાં અને આવી પરિયોજનાથી અસર પામેલી વ્યક્તિઓના પુનઃસ્થાપન અથવા પુનઃવસવાટ કરતાં પહેલાં વિચાર-વિનિમય કરવો જોઈએ. | ૪ | ૧૩ | જમીન સંપાદન પહેલાં અને અસર પામેલ વ્યક્તિઓના પુનઃવસવાટ પહેલાં તાલુકા પંચાયત સાથે વિચારવિનિમય કરવો જોઈએ. |

| ક્રમ | કલમ નંબર | જોગવાઈ | શિડ્યૂલ નંબર | કલમ નંબર | જોગવાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૧. | ૪(જે) | લઘુ જળાશયોના આયોજન અને સત્તાઓ યોગ્ય સ્તરની પંચાયતોને સત્તા | ૪ | ૧૪ (૨) | જળસંસ્થાઓનું આયોજન અને વ્યવસ્થાપન બાબત ગ્રામપંચાયતને સત્તા |
| ૧૨. | ૪(કે) અને ૪ (એલ) | ગૌણ ખનીજો માટે ખાણ કામનો ભાડા પટ્ટો કે શોધ માટેનો પરવાનો આપતા પહેલાં તેમ જ હરાજી દ્વારા ગૌણ ખનીજોની પ્રાપ્તિ માટે રાહતો આપતાં પહેલાં ગ્રામસભા તથા યોગ્ય સ્તરની પંચાયતોની આગોતરી ભલામણ મેળવવી ફરજિયાત. | ઉદ્યોગ અને ખાણ વિભાગના નોટિફિકે-શનના તા.૨૬/ ૦૮/૨૦૧૦ | ગૌણ ખનિજ રાહત નિયમો-૨૦૧૦ના નિયમ–૪,૧૦, ૫૬,૬૧ | ગુજરાત સંબંધિત ગ્રામસભાની ભલામણ મેળવવી |
| ૧૩. | ૪ (એમ) (૧) | નશાબંધીનો અમલ અને કોઈ પણ માદક પદાર્થોના વેચાણ કે વપરાશનું નિયમન કે તેના ઉપર અંકુશ માટે યોગ્ય સ્તરની પંચાયત અને ગ્રામસભાને સ્થાયી આવકની સત્તા. | ૪ | કલમ–૧૪(૧) અનુસૂ-ચિત ૧(ટ)(ક) | નશાબંધીનો અમલ અને કોઈ પણ માદક પદાર્થોના વેચાણ કે વપરાશનું નિયમન કે તેના ઉપર અંકુશ માટે ગ્રામપંચાયતને સત્તા |
| ૧૪. | ૪ (એમ) (૨) | ગૌણ વનપેદાશોની માલિકી ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયતને સ્થાયી આવકની સત્તા. | ૪ | કલમ–૧૪ (૧) | કલમ–૧૦૮માં અધિનિયમના હેતુઓ માટે તે ગામની હકૂમતમાં આવેલ હોય તેવા (રાષ્ટ્રીય ઉપવનો અથવા અભયારણ્યોના વિસ્તારમાંથી મળી આવેલ હોય તે સિવાયના) વન વિસ્તારમાંથી મળી આવેલ ગૌણ વન-પેદાશ ગ્રામપંચાયતમાં નિહિત થશે. ગૌણ વનપેદાશોની ઊપજ ગામના ફંડમાં ભરવી જોઈએ અને તેનો ભાગ બનશે. ખંડ(ક)માંના કોઈ પણ મજકૂરનો અર્થ ખંડ(ક)માં ઉલ્લેખેલ વન વિસ્તારની જમીન ગ્રામપંચાયતમાં નિહિત થાય છે તેવો કરી શકાશે નહીં. |

| ક્રમ | કલમ નંબર | જોગવાઈ | શિડ્યૂલ નંબર | કલમ નંબર | જોગવાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૫. | ૪ (એમ) (૩) | અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસીઓને જમીનથી અલગ પડતા રોકવા અને ગેરકાનૂની રીતે આદિવાસીઓ પાસેથી લેવાયેલ જમીન પરત આપવા યોગ્ય પગલાં લેવા ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ૫(૧) | જમીન–મહેસૂલ કાયદો, ૧૮૭૯ કલમ–૭૩–એએ | અનુસૂચિત વિસ્તારોમાં જિલ્લા પંચાયતને સત્તા |
| ૧૬. | ૪ (એમ) (૪) | ગામના બજારોનું સંચાલન ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ૪ | ગુજરાત પંચાયત ઍક્ટની કલમ–૯૯ અને શિડ્યૂલ (૨)(૬) | બજારો સ્થાપવા અને તેને નિભાવવા માટેની જોગવાઈ કરવાની ગ્રામ–પંચાયતની ફરજ |
| ૧૭. | ૪ (એમ) (૫) | ધિરાણ ઉપર અંકુશ ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ૫(૨) | બૉમ્બે મની લેન્ડર્સ ઍક્ટ–૧૯૪૬ની કલમ–૧૭ | અનુસૂચિત આદિજાતિના સભ્યને ધિરાણ આપતાં પહેલાં ગ્રામ–પંચાયતની પૂર્વ મંજૂરી જરૂરી છે. |
| ૧૮. | ૪ (એમ) (૬) | તમામ સામાજિક ક્ષેત્રોની સંસ્થાઓ અને તેમના કર્મચારીઓ ઉપર અંકુશ ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ૪ | ૧૪ (૩) | ગ્રામપંચાયતને જોગવાઈ કરવાની ફરજ |
| ૧૯. | ૪ (એમ) | આદિવાસી પેટા યોજના સહિતની યોજનાઓ અને સંસાધનો પર અંકુશ ગ્રામસભા અને યોગ્ય સ્તરની પંચાયત | ૪ | ૧૫ | તાલુકા પંચાયતને પ્રબંધ કરવાની ફરજ |

અનુસૂચિ–૪ની કલમ ૨૭૮–ક પ્રમાણે આ અધિનિયમ હેઠળ જોગવાઈ હેઠળનાં કાર્યો કરવા એક ગામ માટે એક ગ્રામસભા હોવી જોઈએ. ગ્રામસભા જે તે ગામના મતદાર વિભાગના મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યાં હોય તેવી વ્યક્તિઓની બનશે.

## ગ્રામસભાની રચના અને તેનાં કાર્યો

### ૧. ગ્રામસભાની રચના :

ગામ સ્તરે પંચાયત માટેની મતદારયાદીમાં જેમનાં નામોનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તમામ લોકો, તે ગામની ગ્રામસભાના સભ્યો રહેશે.

### ૨. પંચાયત, ગ્રામસભાની કારોબારી સમિતિ હોવા બાબત :

૧. પંચાયત, ગ્રામસભાની કારોબારી સમિતિ હોવાનું ગણાશે.

૨. પંચાયતે, ગ્રામસભાની સામાન્ય દેખરેખ, નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ કાર્ય કરવું જોઈએ.

### ૩. ગ્રામસભાના સેક્રેટરી, કચેરી વગેરે બાબત :

૧. પંચાયતમાં એકથી વધુ ગ્રામસભા હોય તેવી પરિસ્થિતિમાં, પંચાયતના સેક્રેટરી, તમામ ગ્રામસભાના સેક્રેટરી ગણાશે અને તેઓ અધિનિયમ અને તે હેઠળના નિયમો પ્રમાણે બેઠકો બોલાવવા માટે જવાબદાર રહેશે.

૨. પંચાયતની કચેરી એ ગ્રામસભાની કચેરી ગણાશે. પંચાયતમાં એકથી વધુ ગ્રામસભા હોય, તો દરેક ગ્રામસભાને તેની પોતાની કચેરી જાહેર મકાનો, સાર્વજનિક સભાખંડ, શાળા અથવા જાહેર જનતા જ્યાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકે તેવા કોઈ સ્થળે રહેશે અને આવું કોઈ સ્થળ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં, સામાન્ય વ્યક્તિના મકાન (ઘર)માં રહેશે.

– પરંતુ આવી કચેરી માટે કોઈ પણ કોઈ ભાડું સ્વરૂપમાં ચૂકવવું જોઈશે નહીં.

૩. પંચાયતના સેક્રેટરી, રેકર્ડની સુરક્ષિત કસ્ટડી માટે જવાબદાર રહેશે, જે (રેકર્ડ) પંચાયતની કચેરી ખાતે રાખી શકાશે.

### ૪. ગ્રામસભાનાં કાર્યો :

અધિનિયમની કલમ ૯૪માં નિર્દિષ્ટ કરેલી ફરજો અને કાર્યો ઉપરાંત, ગ્રામસભા, સરકાર દ્વારા અપાયેલા આદેશો, હોય તો, તેને આધીન રહીને, નીચેનાં કાર્યો કરશે :

૧. અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ બીજા કાયદા હેઠળની પંચાયતની સત્તા અને તેનાં કાર્યોના સંબંધમાં અને ખાસ કરીને અધિનિયમની અનુસૂચિત–૧માં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં પંચાયત અને તાલુકા અથવા જિલ્લા પંચાયતના સત્તાધિકારીઓ અને સરકાર સાથે ચર્ચા કરવી અને તેમને ભલામણો કરવી.

૨. પંચાયત દ્વારા અંદાજપત્ર પસાર કરવામાં આવે તે પહેલાં, અંદાજપત્રમાં, યોગ્ય જણાય તેવા કોઈ સુધારાની વિચારણા કરવી અને તે અંગે ભલામણો કરવી;

૩. જરૂરી હોય, તો ચાલુ વર્ષના અંદાજપત્રમાં પુનર્વિનિયોગ સૂચવવો;

૪. લોકકલ્યાણ અર્થે મહત્તમ લાભો મેળવવા માટે, પંચાયતના અંદાજપત્રમાંથી તેમ જ સરકારી વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા અથવા જિલ્લા પંચાયતના પોતાના ફંડો વગેરે જેવા બીજા વિવિધ પ્રકારના સ્રોતોમાંથી, આગામી વર્ષ માટેનાં વિકાસ કાર્યો અને યોજનાઓની વિચારણા કરવી, તે અંગે સૂચન કરવાં અને તે મંજૂર કરવાં;

૫. કાર્યો અને યોજનાઓ અને તેનાં સ્થળોનો અગ્રતાક્રમ નક્કી કરવો;

૬. પંચાયત અથવા સ્થાનિક અધિકારીઓએ નક્કી કરેલી વ્યક્તિઓમાંથી, અગ્રતા ક્રમ પ્રમાણે, વિવિધ ગરીબીનિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓ નક્કી કરવા;

૭. ગૌણ ખનિજોના ઉત્ખનનની પરવાનગી માટેનાં સ્થળો અંગે વિચારણા કરવી અને તે અંગે અભિપ્રાય આપવો;

૮. પંચાયતના સેક્રેટરી, ગ્રામસેવક, શાળાઓના આચાર્ય, આરોગ્ય કાર્યકરો, વાજબી ભાવની દુકાન ચલાવનાર, સહકારી મંડળીના સેક્રેટરી, આંગણવાડી અથવા બાલવાડી કાર્યકર, સિંચાઈ, જાહેર બાંધકામો અને વિદ્યુત કંપનીઓના કર્મચારી જેવા ગ્રામ સ્તરના વિવિધ કર્મચારીઓના કાર્યની સમીક્ષા કરવી;

૯. આગ, પૂર, ધરતીકંપ વગેરે જેવી કોઈ કુદરતી આફતના સંબંધમાં આપત્તિ ઉપશમન યોજનાની દર વર્ષે સમીક્ષા કરવી અને તેમાં સુધારા કરવા અને આવી આફતની અસર ઓછી કરવા માટે અને તેનાથી અસર પામેલી વ્યક્તિઓને તાત્કાલિક રાહત આપવા માટે અગાઉથી તમામ રક્ષણાત્મક પગલાં લેવાં.

૧૦. પ્રતિકૂળ સંજોગોમાં લોકોને સહાય કરવા માટે, જાન–માલ, આરોગ્ય અને પાક વીમા યોજનાઓ વિશે પ્રચાર કરવો અને તે અંગે લોકોને સલાહ આપવી;

૧૧. સમાજલક્ષી ઓડિટ માટે નીચેની બાબતોના સંબંધમાં પંચાયત પાસેથી અહેવાલ મેળવવા અને તેની સમીક્ષા કરવી અને તે અંગે ભલામણો કરવી;

(૧) મંજૂર થયેલા, ચાલુ બાંધકામ અને યોજનાઓ માટે મળેલા અને ખર્ચેલા ફંડ,

(૨) ગરીબીનિવારણ યોજનાઓ જેવી કે–

(ક) વાજબી ભાવની દુકાનેથી રાહત દરે અનાજ વગેરેનું જાહેર વિતરણ;

(ખ) મધ્યાન ભોજન;

(ગ) અંત્યોદય યોજના;

(ઘ) વૃદ્ધાવસ્થા પેન્શન યોજના;

(ચ) સંકલિત બાળ વિકાસ યોજના;

(છ) સગર્ભાવસ્થા લાભ યોજના;

(જ) મફત કાનૂની સહાય યોજના;

(ઝ) નબળા વર્ગો માટે પ્લોટની ફાળવણી અને ગૃહનિર્માણ.

(૩) અછત, પૂર અને ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત યોજનાઓ;

(૪) ગરીબીનિવારણ માટે ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ;

(૫) સમાજના નબળા વર્ગોના લાભ માટેની વિવિધ વિભાગોની બીજી યોજનાઓ જેવી કે વિધવા પેન્શન, શાળાના ગણવેશ, પુસ્તકો અને રોકડ શિષ્યવૃત્તિ વગેરે;

(૬) સ્માર્ટ ગામ (Smart Village), પ્રાથમિક શાળા, નાગરિક પુરવઠા (વાજબી ભાવની દુકાન), સામાજિક ન્યાય, પાણી અને સફાઈ, મધ્યાન ભોજન વગેરે જેવા વિવિધ કાર્યક્રમોનો અમલ કરતી સમિતિઓની કામગીરી અને પ્રગતિ;

૧૨. કૂવા, તળાવ, ઝરણાં જેવા નાનાં જળાશયોનું આયોજન અને વ્યવસ્થાપન કરવું અને ચેકડેમ (આડબંધ) અને વોરટશેડ અને જળ સંરક્ષણની યોજનાઓ જેવી વિવિધ પદ્ધતિઓથી જળસ્રોતો સમૃદ્ધ કરવા માટેનાં તમામ પગલાં લેવાં;

૧૩. તમામ સામાજિક ક્ષેત્રોમાંની સ્થાનિક સંસ્થાઓ અને તેમાંના કર્મચારીઓની દેખરેખ રાખવી;

૧૪. સમાજના તમામ વર્ગોમાં એકતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવું;

૧૫. સામુદાયિક કલ્યાણ કાર્યક્રમો અને જાહેર કામો માટે રોકડ, વસ્તુ અથવા શ્રમ સ્વરૂપે સ્વૈચ્છિક યોગદાન આપવાને લગતી કામગીરી સક્રિય કરવી;

૧૬. પંચાયત, સહકારી મંડળીઓના વેરા, ફી અને મહેસૂલી લેણાંની વસૂલાતના કેસોની સમીક્ષા કરવી અને બેઠકમાં કસૂરદારોનાં નામ જાહેર કરવાં;

૧૭. કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવી અને જરૂરી જણાય, તો ગ્રામ્ય સ્વયંસેવક દળ અથવા ગૃહરક્ષક દળ ઊભું કરવા માટે પગલાં લેવાં;

૧૮. જરૂર જણાય, તો ખોરાક, ઘાસચારો, પીવાના પાણી, રોકડ નિભાવ–સહાય, રાહત કાર્યો વગેરેને લગતાં રાહતનાં પગલાંઓની સમીક્ષા કરવી;

૧૯. સરકારી અથવા પંચાયતની જમીન (ગામતળ– ગોચર) વગેરે પરના દબાણ અને અનધિકૃત બાંધકામની સ્થિતિની સમીક્ષા કરવી અને નિર્ધારિત સમયના સામુદાયિક પ્રયત્નોના કાર્યક્રમોથી અથવા કાયદાકીય પગલાં દ્વારા તેને દૂર કરવા અને નિયંત્રિત કરવાનાં પગલાં લેવાં;

૨૦. કુદરતી સાધનસંપત્તિ અને પર્યાવરણની જાળવણી કરવી, તેનું સંરક્ષણ કરવું અને તેનો વિકાસ કરવો;

૨૧. ગામના રહેવાસીઓના કલ્યાણને પ્રોત્સાહન આપે તેવાં બીજાં કોઈ કાર્યો કરવાં;

૨૨. જે કાયદાની જોગવાઈઓ, રૂઢિગત કાયદા, સામાજિક અને ધાર્મિક પ્રથા, પરંપરાગત વ્યવસ્થા (વહીવટ), પ્રથા અથવા સામુદાયિક (સાર્વજનિક) સાધનસંપત્તિ સાથે અસંગત હોય તેવા કાયદામાં સુધારા સૂચિત કરવા અને આદિજાતિ સંસ્કૃતિને જાળવવી અને નિભાવવી;

૨૩. સરકાર અથવા તાલુકા અથવા જિલ્લા પંચાયત દ્વારા સોંપવામાં આવે તેવું બીજું કોઈ કાર્ય.

## શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ

**૫. શાંતિ અને સલામતી જાળવવા અને તકરારના ઉકેલમાં ગ્રામસભાની ભૂમિકા –**

૧. સમુદાયની પરંપરાઓ અને સંબંધિત કાયદા અને તે હેઠળ કરેલા નિયમોની ભાવના અનુસાર, તેના વિસ્તારમાં શાંતિ, સલામતી અને વ્યવસ્થા જાળવવાની ગ્રામસભાની મૂળભૂત ફરજ રહેશે.

૨. ગ્રામસભા, તેના પ્રદેશમાં નીચેની કામગીરી અને કાર્યો કરવા માટે સક્ષમ રહેશે–

(૧) શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા;

(૨) દરેક નાગરિકના સ્વમાનને સુરક્ષિત રાખવા માટે અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવવા;

(૩) સ્ત્રીઓ સાથેના અભદ્ર વ્યવહાર, જાહેર સ્થળમાં લડાઈ અથવા ઝઘડો વગેરે સહિતનાં અસામાજિક તત્ત્વોના દુર્ગુણોનો સામનો કરવો;

(૪) પરસ્પર સંમતિથી (મૈત્રીભાવથી) વિવાદોનું નિવારણ લાવવું.

**૬. શાંતિ અને સલામતી દળ (સંગઠન) :**

(૧) ગ્રામસભા, જાનમાલના સંરક્ષણ માટે શાંતિ અને સલામતી દળ(સંગઠન)ની રચના કરી શકશે. તે ટીમ (ટુકડી) શાંતિ સમિતિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે.

(૨) ૧૮ વર્ષથી ૩૦ વર્ષની વયજૂથમાં આવતા ગામના યુવાનો, સ્વેચ્છાએ શાંતિ અને સલામતી દળ(સંગઠન)માં જોડાઈ શકશે.

**૭. ખર્ચનું પ્રમાણપત્ર :**

પંચાયતે, પોતે હાથ ધરેલાં કાર્યો માટે, ગ્રામસભા પાસેથી તમામ ફંડના ઉપયોગ અંગેનું પ્રમાણીકરણ મેળવવું જોઈશે.

**૮. સામાજિક ક્ષેત્રની સમીક્ષા :**

(૧) ગ્રામસભા – એ, વખતોવખત, તમામ સામાજિક ક્ષેત્રની યોજના તેમ જ આંગણવાડી, કેન્દ્રો, શાળા, હૉસ્પિટલ વગેરે જેવી સ્થાનિક સંસ્થાઓની સમીક્ષા કરવા સક્ષમ રહેશે અને તેની સુધારણા માટેનાં સૂચનો કરશે.

(૨) ગ્રામસભા, પોતાને સમીક્ષામાં સહાયરૂપ થવા માટે, ખાસ સમિતિઓની રચના કરી શકશે.

(૩) ગ્રામસભાએ, સ્થાનિક સંસ્થાઓની સામાજિક ક્ષેત્રની યોજનાઓના અમલીકરણમાં સુધારો કરવા માટે, આપેલાં સૂચનો ઉપર સંબંધિત વિભાગોના કર્મચારીઓએ યોગ્ય રીતે વિચારણા કરવી જોઈશે.

**૯. વિકાસ પ્રવૃત્તિઓનું સામાજિક ઓડિટ અને દેખરેખ – નિયંત્રણ :**

ગ્રામસભા, તકેદારી અને દેખરેખ – નિયંત્રણ સમિતિની રચના કરી શકશે.

આ સમિતિએ નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જોઈએ :

(ક) કામ અંગેની માહિતી, કામના સ્થળ પર અને કોઈ જાહેર સ્થળ પર પણ સ્થાનિક ભાષામાં પ્રદર્શિત કરેલ છે;

(ખ) કામની પ્રગતિ અને ગુણવત્તા સુસંગત છે; અને

(ગ) કામદારોને ચુકવણી, ડિજિટલ રીતે અથવા ચેક દ્વારા કરવામાં આવેલ છે, તેની નોંધ કરેલ છે અને તે જાહેર સ્થળોએ આપવામાં આવેલ છે.

**૧૦. રાજ્ય કાયદાને રિવાજ, સામાજિક, ધાર્મિક અને પરંપરાગત વ્યવસ્થા પ્રથા અનુસાર રાખવા બાબતઃ**

(૧) ગ્રામસભાનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત વિસ્તારો સુધી લાગુ પાડવામાં આવેલ વિદ્યમાન રાજ્ય કાયદાની કોઈ પણ જોગવાઈઓ, તેમનાં રિવાજ, સામાજિક અને ધાર્મિક પ્રથા અને સમુદાય–સાધનસંપત્તિની પરંપરાગત વ્યવસ્થા પ્રથા અથવા અનુસૂચિત વિસ્તારોના કાર્યક્ષેત્રની અંદર આવતા કોઈ પણ વિષયવસ્તુની બાબત અનુસાર નથી, તો તે, બેઠકમાં ઠરાવ પસાર કરીને ભલામણો કરી શકશે.

(૨) આવી રીતે પસાર કરવામાં આવેલ ઠરાવ, ગ્રામસભાએ, જિલ્લા વિકાસ અધિકારીને મોકલવો જોઈએ, જેમણે તેની(ઠરાવ) એક નકલ, ભારતના સંવિધાનની પાંચમી અનુસૂચિની આવશ્યકતાને સુસંગત રહીને, સરકારને તેમ જ રાજ્યપાલને મોકલવી જોઈએ.

(૩) સરકારે, આવા ઠરાવ અંગે જરૂરી પગલાં લેવા જોઈશે અને ગ્રામસભાને તેની જાણ કરવી જોઈશે.

કુદરતી સંસાધનો, કૃષિ, જમીન અને સામુદાયિક અસ્કામતોનું વ્યવસ્થાપન

**૧૧. ગ્રામસભાએ અનુસૂચિત વિસ્તારમાં કુદરતી સંસાધનને સુરક્ષિત રાખવા બાબત :**

(૧) ગ્રામસભા, તેના વિસ્તારમાં આવેલ તેમ જ સ્થાનિક પરંપરા મુજબ જેના પર તે પોતાના પરંપરાગત હકો ભોગવે છે તેવાં જળ, વન, જમીન અને ખનીજસંપત્તિ સહિતના કુદરતી સંસાધનને અને સંઘ તથા રાજ્ય સરકારોના કાયદાની ભાવના(અર્થ)ને સુરક્ષિત રાખવા અને તેને જાળવવા સક્ષમ રહેશે. આ ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે ગ્રામસભા, તેના વ્યવસ્થાપનમાં સલાહકારી ભૂમિકા ભજવી શકશે.

(૨) ગ્રામસભાએ પ્રયત્ન કરવો જોઈએ કે સાધનસંપત્તિનો ઉપયોગ એવી રીતે કરવો જોઈશે કેઃ

(૧) આજીવિકાનાં સાધનો ટકી રહે;

(૨) લોકોમાં રહેલી અસમાનતા ઘટે;

(૩) વિકાસક્ષમતાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક સાધનસંપત્તિનો પૂરો ઉપયોગ થાય;

(૪) સંસાધન અમુક લોકો પૂરતાં મર્યાદિત ન રહે;

**૧૨. ખેતી માટે ગ્રામસભાએ કરવાનું આયોજન :**

(૧) ગ્રામસભા, ખેડૂત માટે ખેતી કરવાનું આર્થિક રીતે પોષાય તે રીતે પોતાના ગામની ખેતી અંગેનું આયોજન કરવા અને પગલાં લેવા સક્ષમ રહેશે.

(૨) ગ્રામસભા,

(ક) જમીનનું ધોવાણ થતું અટકાવવા માટે;

(ખ) પાકનું રક્ષણ કરવા અને ઘાસવાળી જમીન(બીડ)ની ક્ષમતા વધારવા, ચરાઈનું નિયમન કરવા માટે;

(ગ) વરસાદના પાણીનો સંગ્રહ કરવા, તેનો ખેતી માટે ઉપયોગ કરવા અને તેની વહેંચણીની જોગવાઈ કરવા માટે;

(ઘ) બીજ, ખાતર વગેરે તેમ જ જ્ઞાનની આપલે અંગેની જોગવાઈને સુનિશ્ચિત કરવા માટે;

(ચ) કાર્બનિક ખાતર, રસાયણી ખાતર અને જંતુનાશક દવાને ઉત્તેજન આપવા માટે; યોગ્ય પગલાં સૂચવી શકશે.

**૧૩. જમીન વ્યવસ્થાપન :**

(૧) ખેડૂતોના નામની સાચી રીતે નોંધણી કરેલ છે અને રેકર્ડ યોગ્ય રીતે નિભાવવામાં આવેલ છે, તે બાબત સુનિશ્ચિત કરવા માટે, દસ વર્ષે બહાર પાડવામાં આવતા ગામના ગામ નમૂના ૭ અને ૧૨ને ગ્રામસભાની બેઠકોમાં મૂકવો જોઈશે અને તેનું વાંચન કરવું જોઈશે.

**૧૪. જમીન સ્વત્વાર્પણ અટકાવવા બાબત :**

ગુજરાત જમીનમહેસૂલ અધિનિયમની કલમ ૭૩–કક હેઠળના તમામ કેસમાં ગ્રામસભા સાથે પરામર્શ કરવાની વિદ્યમાન પ્રથાનું પાલન કરવું જોઈએ.

**૧૫. સ્વત્વાર્પણ થઈ ગયેલી જમીનના પુનઃસ્થાપન બાબત :**

ગ્રામસભાને એવી જાણ થાય કે કોઈ અનધિકૃત વ્યક્તિ, કલમ–૭૩–કક હેઠળ મર્યાદિત ભોગવટાની જમીનોનો કબજો ધરાવે છે, તો તે વિસ્તારની હકૂમત ધરાવતા મામલતદારના ધ્યાને તે બાબત તાત્કાલિક લાવવી જોઈએ.

**૧૬. જમીન સંપાદન કરતાં પહેલાં પરામર્શ કરવા બાબત :**

(૧) સંબંધિત જમીન સંપાદિત કરનાર એજન્સીએ, ગ્રામસભા સમક્ષ પુનઃસ્થાપનની તમામ વિગતો રજૂ કરવી જોઈએ. સત્તામંડળે રજૂ કરેલ તમામ પૃચ્છા અને આપેલ પ્રત્યુત્તરને ગ્રામસભાની કાર્યનોંધમાં નોંધ કરવી જોઈએ.

(૨) ગ્રામસભા, બહુમતીથી એવો અભિપ્રાય આપી શકશે કે સુખસગવડ પૂરી પાડવા જેવા કયાં કામ પંચાયત દ્વારા કરી શકાશે. જેમાં ટૅક્નિકલ (તકનીકી) કૌશલની આવશ્યકતા હોય તેવાં કામો, સંબંધિત વિભાગ દ્વારા અથવા પંચાયત દ્વારા યોગ્ય કક્ષાએ કરી શકાશે.

**૧૭. જળ સંસાધનનું આયોજન અને વ્યવસ્થાપન :**

(૧) જળ સંપત્તિનું આયોજન અને વ્યવસ્થાપન એવું હોવું જોઈએ કે જે ભાવિ પેઢી માટે યથાવત્ રહે અને તમામ સભ્યોનો આ સંપત્તિ ઉપર સમાન હક રહે.

(૨) ગ્રામપંચાયતની અંદર આવેલ તમામ જાહેર કરેલ જળાશયોનું, જળાશયો સિવાયના બીજા કોઈ ઉપયોગ માટે સ્વત્વાર્પણ કરવું જોઈએ નહીં અથવા તેની તબદીલી કરવી જોઈએ નહીં અથવા તેનું રૂપાંતર કરવું જોઈશે નહીં તથા જળની ગુણવત્તા માટે તેને નિભાવવા જોઈશે અને તેના પર દેખરેખ રાખવી જોઈશે. તેના (જળાશયોના) પુનઃપ્રભરણ (ફરી ભરવા) માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈશે અને ગ્રામપંચાયતે, આવાં જળાશયોના પ્રદૂષણ અને દબાણ અંગે પગલાં લેવા જોઈશે.

(૩) જળાશય સંબંધી કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં, તમામ તબક્કાએ પંચાયતોએ, ગ્રામસભાની સંસાધન (રિસોર્સ) આયોજન અને વ્યવસ્થા (મૅનેજમેન્ટ) સમિતિ સાથે પરામર્શ કરવો જોઈએ.

**૧૮. સિંચાઈનું વ્યવસ્થાપન :**

(૧) ગ્રામપંચાયત અથવા તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયત, સંસાધન (રિસોર્સ), આયોજન અને વ્યવસ્થાપન સમિતિની સલાહ લીધા પછી, સિંચાઈ માટે પાણીના ઉપયોગનું નિયમન કરશે.

(૨) સિંચાઈ માટે પાણીનો ઉપયોગ એવી રીતે કરવો જોઈશે કે તમામને સરખા ભાગે તેનો લાભ મળે.

**૧૯. બીજ અને અનાજ ભંડાર (કોષ્ટક-૨) :**

(૧) ગ્રામસભા, નીચેના હેતુઓ માટે પરસ્પર સહકારથી ગામના અનાજ (ધાન્ય) ભંડારમાં બીજનો સંગ્રહ કરવા માટે સક્ષમ છે :

(૧) કોઈ કારણસર પાક નિષ્ફળ જવાના કિસ્સામાં, આકસ્મિક (સંકટકાલીન) જોગવાઈ અને બીજ વગેરે સહિતની ગ્રામજનોની જરૂરિયાતને પહોંચી વળવા માટે, જરૂરી જથ્થામાં અનાજ અને અન્ય પેદાશ ઉપલભ્ય બનાવવા માટે,

(૨) અનાજની તંગી અનુભવતી હોય તેવી વ્યક્તિઓને પેશગીની સુવિધા પૂરી પાડવા માટે;

(૩) નીચા ભાવે વેચાણ કરવાની ફરજ પડતી હોય તેવા ખેડૂતોને તેમાંથી રાહત આપવા માટે;

**૨૦. ગ્રામસભાએ શ્રમ દળ અને આયોજન કરવા બાબત :**

(૧) ગ્રામસભા, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની જુદી જુદી યોજનાઓ હેઠળના કાર્ય આયોજન તૈયાર કરીને અને તેનો અમલ કરીને, ગ્રામ શ્રમ દળનો સંપૂર્ણ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ રહેશે.

(૨) ગ્રામસભા, લોકોમાં સહકારને પ્રોત્સાહન અપાય તેવું કોઈ પગલું લઈ શકશે.

**૨૧. ગામ બહાર લઈ જવાયેલા કામદારો :**

(૧) રોજિંદાં કામો માટે કામદારોને ગામ બહાર લઈ જતી તમામ વ્યક્તિઓ માટે, ગ્રામસભાએ કાર્યનું સ્વરૂપ અને તેની શરતો નિર્દિષ્ટ કરતી લેખિત અથવા મૌખિક સમજૂતી અંગેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનું અને ગ્રામસભાને જાણ કરવાનું ફરજિયાત રહેશે.

(૨) સરકારી અથવા સંગઠિત ક્ષેત્રની સંસ્થાઓ સિવાયના ખાનગી અથવા અસંગઠિત ક્ષેત્રના મેનેજર માટે, ગ્રામીણ સ્ત્રીઓની સુખાકારી અંગે સંબંધિત ગ્રામસભાને વખતોવખત જાણકારી આપવાનું ફરજિયાત રહેશે.

**૨૨. ગૌણ ખનિજો માટે આયોજન કરવાની ગ્રામસભાની સત્તા :**

ગ્રામસભા, ગૌણ ખનિજોના આયોજન માટે,

(૧) અનુસૂચિત વિસ્તારોમાં તમામ ગૌણ ખનિજોના ખોદકામ અને તેના ઉપયોગ માટે ગ્રામસભાની પૂર્વ ભલામણ જરૂરી રહેશે.

(૨) ભલામણો લેવાના હેતુ માટે, તમામ જરૂરી માહિતી, ગ્રામસભાને મોકલવી જોઈશે. ગ્રામસભા, આવી માહિતી મેળવ્યા પછી ત્રણ મહિનાની મુદતની અંદર પોતાના નિર્ણયની જાણ કરશે.

(૩) રિસોર્સ પ્લાનિંગ અને મૅનેજમેન્ટ કમિટી(આર.પી.એમ.સી.)ની સલાહ મુજબ ગ્રામસભા કાર્ય કરશે. રોયલ્ટી ઇન્સ્પેકટર/ખાણકામ નિરીક્ષક કક્ષાની નીચેનો નહીં એવો ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગના અધિકારી આર.પી. એમ.સી.માં પ્રતિનિધિત્વ કરશે.

## ગૌણ ખનિજ અને ખાણપટ્ટો

વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ અનુસાર સક્ષમ સત્તાધિકારી ગ્રામસભાથી પૂર્વભલામણો

લીધા પછી, અનુસૂચિત વિસ્તાર હેઠળ આવેલા ગૌણ ખનિજ માટે ખાણપટ્ટો આપી શકે છે. ગ્રામસભા આવી પર્યાવરણ મંજૂરી કોઈ પણ શરતો કમી કરવા અથવા ઉમેરવા સૂચન કરી શકશે. સંબંધિત સત્તામંડળો પર્યાવરણીય મંજૂરી માટેની અરજીની વિચારણા કરતી વખતે ધ્યાનમાં લઈ શકશે.

વળી અનુસૂચિત વિસ્તારમાં ખાણકામની પ્રવૃત્તિના કોઈ અહેવાલો હોય તો, ગ્રામસભા સક્ષમ સત્તાધિકારીને જાણ કરશે.

## પર્યાવરણ સંરક્ષણ

ગૌણ ખનિજના વાણિજ્યિક ઉત્પાદનની શક્યતા ધરાવતાં ગામોમાં ગૌણ ખનિજોનો વ્યાવસાયિક ઉપયોગ કરવાની પરવાનગી આપતાં પહેલાં ગ્રામસભાની પૂર્વ સંમતિ (ભલામણ) મેળવવાની રહેશે. વળી ગ્રામસભા પર્યાવરણના સંરક્ષણ માટે અન્ય કોઈ શરત લાદવાનું સૂચન કરી શકે છે, જે સંબંધિત અધિકારીએ પર્યાવરણીય મંજૂરી આપતાં પહેલાં વિચારણામાં લેવી જોઈએ. અને આની કોઈ શરત ઉમેરવામાં આવી હોય, તો તે માત્ર સરકાર જ હળવી કરી શકશે.

## ગૌણ વનપેદાશનું વ્યવસ્થાપન (મૅનેજમેન્ટ)

**૨૩. ગૌણ વનપેદાશ :**

ગૌણ વનપેદાશમાં, ગુજરાત ગૌણ વનપેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ હેઠળ જાહેર કરી હોય તેવી તમામ વનપેદાશનો સમાવેશ થશે.

**૨૪. ગ્રામસભાના અધિકારો :**

(૧) પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા) બાબત અધિનિયમ, ૧૯૯૬(PESA)ના હેતુઓ સિદ્ધ કરવા માટે, ગામ(રાષ્ટ્રીય ઉપવન અથવા અભયારણ્યના વિસ્તારની અંદર આવતા ક્ષેત્ર સિવાય)ની હકૂમતની અંદર આવતા વન–વિસ્તારમાં મળતી ગૌણ વન–પેદાશ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૦૮ પ્રમાણે ગ્રામપંચાયતમાં નિહિત થશે. પરંતુ આ પેટા નિયમનું અર્થઘટન એવું નથી થતું કે અહીં આમાં ઉલ્લેખેલ વન જમીન, ગ્રામપંચાયતમાં નિહિત થશે.

(૨) ગૌણ વનપેદાશો એકત્રિત કરનારાઓ, તેમણે એકત્રિત કરેલી ગૌણ વનપેદાશો તેઓ ઇચ્છે તે રીતે વેચવા માટે સ્વતંત્ર રહેશે. તેમ છતાં, તેઓ પર્યાપ્ત કિંમત મેળવે અને મધ્યસ્થીઓ અથવા આડતિયાઓ દ્વારા તેમનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આ મતલબના ગ્રામસભાના ઠરાવ પછી, સરકાર દ્વારા કિંમત નક્કી કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, એકત્રિત કરનારાઓએ વેચાણ માટે એકત્રિત કરેલ ગૌણ વનપેદાશોને, સરકારે નક્કી કરેલ કિંમતે ખરીદવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમને અધિકૃત કરી શકાશે.

પરંતુ આવું કરતી વખતે, ખર્ચ બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો, સીધેસીધો એકત્રિત કરનારાઓના ખાતામાં જમા થાય તેવું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમે સુનિશ્ચિત કરવું જોઈએ.

## ૨૫. ગ્રામસભાની બેઠકની કાર્યરીતિ

ગ્રામસભાની સાધારણ બેઠકો :

(૧) ચાર મહિનાથી વધારે નહીં તેટલા મધ્યવર્તી સમયગાળામાં ગ્રામસભાની સાધારણ બેઠક દરેક ત્રણ માસમાં ઓછામાં ઓછી એક વખત યોજવી જોઈએ.

(૨) દરેક નાણાકીય વર્ષમાં પ્રથમ સાધારણ સભા, કલમ ૯૪ની પેટા કલમ(૧)માં જણાવ્યા પ્રમાણે તેમાં દર્શાવેલ, કામકાજ માટે અને આ નિયમો અનુસાર વર્ષની શરૂઆતના બે મહિનાની અંદર યોજવી જોઈએ.

બેઠકમાંના કામકાજનો ક્રમ :

(૧) બેઠકના કામકાજની બાબતો, સામાન્ય રીતે નીચેના ક્રમમાં દર્શાવવી જોઈએ :

(૧) અગાઉની બેઠકની કાર્યવાહીઓનું વાંચન;

(૨) અગાઉની બેઠકમાં લીધેલા નિર્ણયો પર લીધેલાં પગલાંનો અહેવાલ;

(૩) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત, બેઠક સમક્ષ મૂકવા ફરમાવે તેવી કોઈ બાબત;

(૪) ગ્રામસભાની સમિતિઓની કાર્યવાહીઓ અને તેની ભલામણોની મંજૂરી;

(૫) ચાલુ વર્ષ માટે કરવા ધારેલાં વિકાસનાં કામો અને બીજા કાર્યક્રમો અને યોજનાઓની મંજૂરી, (વર્ષની પ્રથમ બેઠક માટે)

(૬) પંચાયતે બેઠક સમક્ષ રજૂ કરવા નક્કી કર્યું હોય તેવું કામકાજ;

(૭) સભ્યોએ મોકલેલ પ્રસ્તાવ, હોય તો તે,

(૮) જેમના પ્રસ્તાવો અને પ્રશ્નો રજૂ કરવાની છૂટ ન મળી હોય તેવા સભ્યોના નામનું વાંચન;

(૯) ૪૫ મિનિટ સુધીની મર્યાદામાં પ્રશ્નો (પંચાયતે મતદાનથી અગ્રતા નક્કી કર્યાના ક્રમમાં) અને બેઠકમાં હાજર સભ્યોમાં મહિલાઓને અગ્રતા આપીને મૌખિક રીતે પૂછેલ પ્રશ્નો ત્રીસ મિનિટ સુધીની મર્યાદામાં પૂછવાની બાબત;

(૧૦) અગાઉની બેઠક પછી, જમીન અને મકાનોના સંબંધમાં હકપત્રક અને મિલકત રજિસ્ટરમાં કરેલા કોઈ ફેરફાર અથવા તેને અધિકૃત કરેલ હોય, તો તે અંગે સેક્રેટરીનું વાંચન,

(૧૧) ખાસ કરીને નીચેની બાબતોમાં, અગાઉની બેઠક પછી, પંચાયતે લીધેલા મહત્ત્વના નિર્ણયો વિશે સેક્રેટરીનું વાંચન :

(ક) ગામઠાણ પ્લોટોની વહેંચણી;

(ખ) ખેડવાલાયક ખરાબાની જમીનની વહેંચણી;

(ગ) જાહેર સુવિધાઓના બાંધકામ માટે પસંદ કરેલી જગ્યા,

(ઘ) સરકારી વિભાગો, બોર્ડ, કૉર્પોરેશનો, જિલ્લા આયોજન સમિતિ, તાલુકા અને જિલ્લા પંચાયતોની (લોકોને) લાભદાયી હોય તેવી યોજનાઓની વિગતો,

(ચ) વસૂલાતો અને કર અને ફી અને જમીન–મહેસૂલની બાકીની સમીક્ષા અને કસૂરદારોનાં નામોનું વાંચન,

(છ) ગ્રામ્યસ્થળ(ગામતળની જમીન, ગૌચર જમીન અને કૃષિવિષયક જમીન પરના દબાણ અને અનધિકૃત બાંધકામો,

(જ) પંચાયતની સ્થાવર અને જંગમ મિલકતોની ખરીદી અને વેચાણ.

(૧૨) અગાઉના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ (વર્ષની પ્રથમ બેઠકના કિસ્સામાં),

(૧૩) વાર્ષિક હિસાબપત્રકો (વર્ષની પ્રથમ બેઠકના કિસ્સામાં) અથવા ચાલુ વર્ષ દરમિયાનની આવક અને ખર્ચનું પત્રક (અન્ય બેઠકોના કિસ્સામાં),

(૧૪) આખરી ઑડિટ અહેવાલ અને તેના સંબંધમાં કોઈ જવાબો, હોય તો તે;

(૧૫) કાર્યો, યોજનાઓ અને કાર્યક્રમોનો પ્રગતિ અહેવાલ

(૧૬) જમીન અને મકાન જેવી મિલકતોના; કબજા હકની તબદીલી અને બાંધકામ માટેની પરવાનગી વગેરેને લગતા પંચાયત પાસે નિકાલ બાકી કેસોનું વાંચન અને સમીક્ષા

(૧૭) બેઠકમાં આમંત્રિત કરાયેલા અધિકારીઓ દ્વારા સંબોધન

(૧૮) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સંમતિથી બેઠકમાં લાવી શકાય તેવું બીજું કોઈ કામકાજ.

## ૨૬. ચર્ચા સમાપ્ત થયેથી, પ્રસ્તાવ પર મત લેવા બાબત

અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, કોઈ પ્રસ્તાવ ઉપરની ચર્ચા સમાપ્ત થયેથી અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને કોઈ પણ સમયે એવી ખાતરી થાય કે, તે પ્રસ્તાવ ઉપર પૂરેપૂરી ચર્ચા કરવામાં આવી છે, ત્યારે બેઠકના મત માટે તે પ્રસ્તાવ રજૂ કરી શકશે.

**પંચાયતની બેઠક :**

ગ્રાસભાની બેઠક માટે સભ્યો પાસેથી મળેલી દરખાસ્તો અને પ્રશ્નો અને કાર્યસૂચિની

બીજી બાબતોની વિચારણા કરવા ગ્રામસભાની બેઠક માટે નક્કી કરેલી તારીખની તરત જ પહેલાના દિવસે પંચાયતની બેઠક યોજવી જોઈશે.

**બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી** :

કલમ ૯૩ની પેટા કલમ(૩)માં જોગવાઈ કર્યા પ્રમાણે પંચાયતના સરપંચ અથવા ઉપસરપંચ અથવા ગ્રામસભાના સભ્યોથી ચૂંટાયેલ સભ્ય, બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે.

બેઠક લોકો માટે ખુલ્લી રાખવા બાબત

ગ્રામસભાની તમામ બેઠકો લોકો માટે ખુલ્લી રાખવી જોઈએ.

**નિયમના (કાયદાના) મુદ્દા** :

(૧) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ, નિયમના (કાયદાના) તમામ મુદ્દાનો નિર્ણય કરવો જોઈશે અને તે ઉપરનો નિર્ણય આખરી ગણાશે.

(૨) કોઈ સભ્ય કોઈ પણ સમયે અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીના નિર્ણય માટે નિયમનો (કાયદાનો) કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકશે, પરંતુ એમ કરતી વખતે તેણે માત્ર તે મુદ્દો જ જણાવવો જોઈએ.

(૩) અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની સંમતિથી હોય તે સિવાય નિયમના (કાયદાના) કોઈ પણ મુદ્દા ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં.

**મત લેવાની પદ્ધતિ** :

મત સામાન્યપણે, હાથ દર્શાવીને લઈ શકાશે અને જે સભ્ય તેમનો મત આપવાની ઇચ્છા ધરાવે છે તેણે તે દરખાસ્તની તરફેણમાં પોતાનો હાથ ઊંચો કરવો જોઈએ.

**૨૭. સભ્યોની વર્તણૂક** :

(૧) બેઠક સમક્ષ કોઈ પણ બાબત વિશે મંતવ્ય રજૂ કરવા (બોલવા) ઇચ્છતા સભ્યે, પોતાની બેઠક ઉપરથી ઊભા થવું જોઈએ અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી જણાવે, તો અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને સંબોધીને પોતાનાં મંતવ્યો રજૂ કરવા જોઈએ. અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી તેને જણાવે નહીં, તો તેણે પોતાની બેઠક ઉપર બેસી જવું જોઈશે;

પરંતુ અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી, કોઈ પણ સભ્યને પોતાની બેઠક ઉપર બેસીને બેઠકને સંબોધવાની પરવાનગી આપી શકશે.

(૨) કોઈ પણ સભ્યે, પોતાનું પ્રવચન બેઠક સમક્ષના પ્રશ્ન પૂરતું જ મર્યાદિત રાખવું જોઈએ અને અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીએ, અપ્રસ્તુત અથવા અપમાનજનક ઠરાવ્યાં હોય તેવાં મંતવ્યો આપવાનું તેણે બંધ કરવું જોઈએ.

**૨૮. બેઠકની કાર્યવાહીઓના રેકર્ડ**:

(૧) સેક્રેટરીએ, બાંધેલા પુસ્તકમાં, ગ્રામસભાની દરેક બેઠકની કાર્યનોંધની નોંધ ગુજરાતીમાં કરવી જોઈશે. આ પુસ્તકમાં, તેણે દરેક બેઠક ખાતે હાજર સભ્યોની સંખ્યા, દરેક ઠરાવ માટે લીધેલો નિર્ણય, તરફેણમાં અથવા વિરુદ્ધમાં મતદાન કરનાર સભ્યોની સંખ્યા અને તટસ્થ રહેનાર સભ્યોની

સંખ્યાની નોંધ કરવી જોઈશે. બેઠકની કાર્યનોંધને બેઠકના દિવસના પછીના દિવસે તૈયાર કરવી જોઈશે અથવા તરત જ પછી, વ્યવહારુ હોય તેમ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અને સેક્રેટરી દ્વારા તેના પર સહી થયેલી હોવી જોઈશે અને પછીની બેઠક ખાતે, સમર્થન માટે તેને વાંચવી જોઈશે.

(૨) કાર્યનોંધની પ્રતને બેઠક પૂરી થયેથી સાત દિવસની અંદર, તાલુકા પંચાયતને મોકલવાની રહેશે. કાર્યનોંધ, તમામ વાજબી સમયે નિરીક્ષણ માટે ખુલ્લી રહેશે. ગ્રામસભાનો કોઈ સભ્ય, તેની અથવા તેના કોઈ પણ ભાગની પ્રત (નકલ), સામાન્ય ચાર્જની ચુકવણી પર મેળવવા માટે હકદાર થશે.

(૩) કાર્યનોંધની પ્રત(નકલ)ને સામાન્ય જનતાની માહિતી માટે પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર દર્શાવવી જોઈશે અને તેને પંચાયતના વેબ પોર્ટલ પર મૂકી શકાશે.

(૪) ગ્રામસભાના નિર્ણયો ઉપર ચર્ચા અને કાર્યવાહી કરવા માટે, કાર્યનોંધને પંચાયતની બેઠક સમક્ષ મૂકવી જોઈએ.

(૫) એક ગ્રામસભાના કિસ્સામાં હોય તે પ્રમાણે, નિર્ણય કરવાની પદ્ધતિ રહેશે.

**૨૯. સેક્રેટરીની ફરજો :**

(૧) સેક્રેટરીએ, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર ગ્રામસભાની બેઠકો બોલાવવા અને તેના યોગ્ય સંચાલન માટે તમામ પગલાં લેવા જોઈશે.

(૨) તેણે કાર્યસૂચિની બાબતો માટે રિપોર્ટ અને પત્રકો તૈયાર કરવા જોઈશે અને સરપંચને અને પંચાયતની બેઠકમાં તેને મંજૂરી માટે રજૂ કરવા જોઈશે અને આવા રિપોર્ટ અને પત્રકોની પ્રતો(નકલો)ને, ગ્રામસભાની બેઠકની કાર્યવાહીઓની પ્રતો(નકલો) સાથે તાલુકા પંચાયતને મોકલવી જોઈશે.

**૩૦. ગ્રામસભાની સમિતિઓની રચના અને તેનાં કાર્યો**

ગ્રામસભાની સમિતિઓ :

(૧) ગ્રામસભા, આ અધિનિયમ અને નિયમો હેઠળ પોતાનાં કાર્યો અસરકારક અને કાર્યક્ષમ રીતે કરવા માટે તેના સભ્યોમાંથી, નીચે મુજબની સમિતિઓની રચના કરી શકશે :

(ક) શાંતિ સમિતિ :

(૧) ગ્રામસભા, શાંતિ સમિતિની રચના કરી શકશે,

(૨) શાંતિ સમિતિ, પડોશનાં ગામો સાથે યોગ્ય સંબંધો જાળવશે તથા સુનિશ્ચિત કરશે કે પડોશી ગામોના સમાન હિત અને પરસ્પરાવલંબન અંગેની બાબતોમાં કોઈ પણ

કાર્યવાહી પડોશી ગામો સાથે પરામર્શના આધારે કરવામાં આવશે.

(ખ) સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ ઍન્ડ મૅનેજમેન્ટ કમિટી)

(૧) ગ્રામસભાની સ્થાયી સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મૅનેજમેન્ટ કમિટી) (આરપીએમસી) રહેશે. તમામ વિભાગોના પ્રતિનિધિઓ, આરપીએમસીના સલાહકાર તરીકે કાર્ય કરશે અને તેની બેઠકોમાં હાજરી આપશે.

(૨) સંસાધન, આયોજન અને વ્યવસ્થાપન સમિતિ (રિસોર્સ, પ્લાનિંગ અને મૅનેજમેન્ટ કમિટી) ગામના પ્રદેશની અંદરની તમામ સંસાધનના શ્રેષ્ઠ સંભવિત ઉપયોગ માટે યોજના ઘડશે અને તદનુસાર તેનો ઉપયોગ કરવા માટે, ગ્રામસભાના સભ્યોને સલાહ અને સહકાર આપશે.

(ગ) તકેદારી અને દેખરેખ સમિતિ

(૧) તકેદારી અને દેખરેખ સમિતિ, નિયમ ૧૬ પ્રમાણે કામકાજ થાય છે અને બીજું સમાન કામકાજ થાય છે તે સુનિશ્ચિત કરશે.

(૨) સમિતિની મુદત અઢી વર્ષની રહેશે અને અધ્યક્ષ અને સભ્યો, પંચાયતના સભ્યો તરીકે લાયક હોય અને અધિનિયમની કલમ ૩૦માં નિર્દિષ્ટ કોઈ પણ ગેરલાયકાત હેઠળ આવતા ન હોય, તો ફરી ચૂંટાવા માટે પાત્ર થશે.

(૩) સમિતિ, ગ્રામસભાના સભ્યોમાંથી અધ્યક્ષ અથવા સરપંચ સહિત, ૧૧ (અગિયાર) સભ્યોની રહેશે.

(૧) દરેક સમિતિના અધ્યક્ષ, પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી, ગ્રામસભાએ ચૂંટવાના રહેશે.

(૨) એવા અધ્યક્ષ, પંચાયતના સભ્ય અથવા યથાપ્રસંગ, સરપંચ હોતા બંધ થાય તો, તે અધ્યક્ષ હોતા બંધ થશે.

(૪) કોઈ પણ વ્યક્તિ સામાન્ય રીતે એકથી વધુ સમિતિના અધ્યક્ષ રહેશે નહીં.

## ૩૧. સમિતિના સભ્યોની ચૂંટણી

(૧) દસ સભ્યોની ચૂંટણી ગ્રામસભાની મુદત બેઠકમાં યોજવી અને બેઠકમાં ચૂંટણી દ્વારા ભરવાની ખાલી જગ્યાઓની સંખ્યાનો કાર્યસૂચિમાં સમાવેશ કરેલો હોવો જોઈશે.

(૨) બેઠકની નોટિસની સાથે જ અને તે જ રીતે નામનિયુક્તિ માટેની નોટિસ નમૂના–કમાં આપવી અને પ્રસિદ્ધ કરવી. નોટિસમાં એ બાબતનો ઉલ્લેખ કરવો જોઈશે કે નામનિયુક્તિ ફૉર્મ સરપંચ અને સેક્રેટરી પાસે ઉપલબ્ધ

થશે અને બેઠકના નિયત સમયના ઓછામાં ઓછા બે કલાક પહેલાં યોગ્ય રીતે ભરીને તેમાંથી કોઈને પરત કરવાનું રહેશે.

(૩) દરેક સમિતિની ચૂંટણી, ગ્રામસભાની બેઠકમાં, એક પછી એક, અલગથી યોજવી જોઈએ.

(૪) સેક્રેટરીએ સમયસર મળેલાં તમામ નામનિયુક્તિ પત્રો પૂરા પાડવા જોઈશે, અને મતદાર યાદીમાં નામોની ચકાસણી કરીને, માન્ય નામનિયુક્તિઓ અને અમાન્ય નામનિયુક્તિઓની યાદી તૈયાર કરવી જોઈશે.

## ૩૨. ગ્રામસભાની સમિતિઓની કાર્યરીતિ

ગ્રામસભાની સમિતિઓની કાર્યરીતિ આ મુજબ રહેશે :

(૧) તમામ સમિતિની બેઠકો જાહેરમાં યોજવામાં આવશે.

(૨) દરેક સમિતિની દરેક બેઠકની નોટિસ જેમાં તેની તારીખ, સમય અને સ્થળ તથા ચલાવવાનું કામકાજ નિર્દિષ્ટ કરીને, સમિતિના સેક્રેટરીએ ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ આપવી જોઈએ.

(૩) અધ્યક્ષની ગેરહાજરીમાં હાજર રહેલા સભ્યો દ્વારા પસંદ કરાયેલ, સભ્ય, બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૪) સમિતિની બેઠક માટેનું કોરમ અધ્યક્ષ સહિત (કુલ સભ્યોની) અડધી સંખ્યાની બનેલી વ્યક્તિઓનું રહેશે.

(૫) સમિતિઓના તમામ નિર્ણય અને અન્ય રેકર્ડ તેની તરત પછીની ગામની ગ્રામસભા સમક્ષ મંજૂરી માટે મૂકવા જોઈશે અને મંજૂર થયેલા નિર્ણયને ગ્રામસભાના નિર્ણયો તરીકે ગણવામાં આવશે.

### સમિતિના સેક્રેટરીઓ :

(૧) પંચાયતના સેક્રેટરી, ગ્રામસભાની તમામ સમિતિઓના સેક્રેટરી રહેશે અને દરેક સમિતિની દર મહિને (માસિક) બેઠકો બોલાવવા, બેઠકની નોટિસ બહાર પાડવા, બેઠકમાં હાજર રહેવા તેમ જ તેની કાર્યવાહી જાળવવા તથા તેને પંચાયત અને ગ્રામસભાની બેઠકો સમક્ષ રજૂ કરવા માટે જવાબદાર રહેશે.

## ૩૩. સમિતિની પેટા-સમિતિઓ :

પોતાની ફરજો અને કાર્યો બજાવતી સમિતિ, તેના સભ્યો પૈકીના ત્રણ સભ્યોની બનેલી પેટા-સમિતિને કોઈ પણ તપાસ અથવા નિરીક્ષણ સોંપવાનો નિર્ણય લઈ શકશે, જે નિર્દિષ્ટ ફરજો નિભાવશે અને સમિતિની વિચારણા માટે તેની આગામી બેઠકમાં રિપોર્ટ (અહેવાલ) આપશે.

આમ, ગુજરાત સરકારે પેસા ઍક્ટનો અમલ હવે આદિવાસી વિસ્તારમાં શરૂ કરી દીધો છે.

સંલગ્ન : કોષ્ટક–૨

૧) ગુજરાત સરકારના વિવિધ વિભાગોએ બહાર પાડેલા ઠરાવો, પરિપત્રોનું સંકલન

૨) અનુસૂચિ–૪ (Schedule IV)

૩) અનુસૂચિ–૫ (Schedule V)

## કોષ્ટક – ૨

## વિવિધ વિભાગોએ બહાર પાડેલ ઠરાવો, પરિપત્રોનું સંકલન

| અ. નં. | વિષય | વિભાગનું નામ | પરિપત્ર/ઠરાવ નંબર | પાના નંબર |
|---|---|---|---|---|
| ૧. | ગ્રામપંચાયતમાં આદિજાતિની વસ્તી કુલ વસ્તીના ૨૫ % કરતાં ઓછી હોય ત્યાં ઓછામાં ઓછી ૫૦ % બેઠકો અનામત રાખવાની જોગવાઈ લાગુ પડશે નહીં. તેમ જ તે ગ્રામપંચાયતમાં બિન–આદિજાતિની વસ્તી કુલ વસ્તીના ૭૫ % કરતાં વધુ હોય ત્યાં અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતમાં સરપંચના હોદ્દા અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવાની જોગવાઈ લાગુ પડશે નહીં. | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | જાહેરનામા ક્રમાંક–કેપી/૧૮૭/પીડીએસ/૧૦૯૯ ૭૧ ૨૧/ગના તા.૨૩–૧૧–૨૦૦૧ના નામદાર રાજ્યપાલના જાહેરનામાથી | ૫૯ |
| ૨. | વનપેદાશ અને તેની ઊપજ બાબત | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંકઃપરશ/૧૦૯૯/ ૬૩૫/ગ તા.૧–૧૧–૧૯૮૯ | ૬૧ |
| ૩. | રાજ્યના અનુસૂચિત વિસ્તારોની ગ્રામપંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોના એકત્રીકરણ અને વહેંચણીમાંથી પ્રાપ્ત થયેલ આવકની વહેંચણી અંગે | પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંકઃ પધસ/૧૦૯૯/ ૧૨૨૬/પાર્ટ–૧–ગ તા. ૧૩–૦૫–૨૦૦૨ | ૬૩ |
| ૪. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવધ/૨૦૦૨/ ૧૦૫૧–ગ તા. ૨૦–૧૨–૨૦૦3 | ૬૫ |
| ૫. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવધ/૨૦૦૨/ ૧૦૫૧/ગ તા. ૦૧–૦૧–૨૦૦૫ | ૬૭ |
| ૬. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવધ/૨૦૦૨/ ૧૦૫૧–ગ તા. ૧૮–૦૧–૨૦૦3 | ૬૯ |

| અ. નં. | વિષય | વિભાગનું નામ | પરિપત્ર/ઠરાવ નંબર | પાના નંબર |
|---|---|---|---|---|
| ૭. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવધ/૨૦૦૨/ ૧૦૫૧–પાર્ટ–૧–ગ તા. ૦૪–૦૩–૨૦૦૬ | ૭૨ |
| ૮. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ.ને નહીં નફો નહીં નુકસાનના ધોરણે સોંપવા બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવધ/૨૦૦૨/ ૧૦૫૧–પાર્ટ–૧–ગ તા. ૦૪–૦૩–૨૦૦૬ | ૭૪ |
| ૯. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ.ને નહીં નફો નહીં નુકસાનના ધોરણે સોંપવા બાબત | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવપ/૨૦૦૨/ ૧૦૫૧–પાર્ટ–૩–ગ તા. ૨૧–૦૨–૨૦૧૧ | ૭૭ |
| ૧૦. | અનુસૂચિત વિસ્તારોની ગ્રામ–પંચાયતોમાંથી પ્રાપ્ત થતી ગૌણ વનપેદાશોની કામગીરી ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ.ને. નહીં નફો નહીં નુકસાનના ધોરણે સોંપવા બાબત. | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ઠરાવ ક્રમાંક : ગવપ/૨૦૦૨/ ૧૦૫૧–પાર્ટ–૩–ગ તા.૨૬–૦૮–૨૦૧૧ | ૮૦ |
| ૧૧. | અનુસૂચિત જોગવાઈ (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬નો કેન્દ્રીય કાનૂન ૪૦/૯૬ને પ્રાથમિક શિક્ષણની ગ્રામ કક્ષાની યોજના કાર્યક્રમો અને પ્રોજેક્ટોને લાગુ કરવા બાબત | શિક્ષણ વિભાગ | ઠરાવ ક્રમાંક : પીઆરઈ/ ૧૦૯૭/૪/૬૨/ક તા.૧૦–૦૧–૧૯૯૯ | ૮૨ |
| ૧૨. | બંધારણનો ૭મો સુધારો પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જિલ્લા/ તાલુકા કક્ષાની કચેરીઓને સુપરત કરવા બાબત | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ઠરાવ ક્રમાંક : પરચ/૧૨૯૯/ ૧૯૯૨/ચ તા.૧૯–૦૬–૧૯૯૯ | ૮૫ |
| ૧૩. | નશાબંધી નીતિના અમલીકરણમાં સરપંચ તેમ જ ગ્રામસભાના સભ્યોનો સહયોગ લેવા બાબત | ગૃહ વિભાગ | ઠરાવ ક્રમાંક : વદર૧૦/૨૧૮૫ઈ. ૧ તા.૧૦–૦૬–૯૮ | ૮૭ |

| અ. નં. | વિષય | વિભાગનું નામ | પરિપત્ર/ઠરાવ નંબર | પાના નંબર |
|---|---|---|---|---|
| ૧૪. | જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ હેઠળ જમીન સંપાદન કરતી વખતે પંચાયત અધિનિયમની કલમ–૧૩૨–એની જોગવાઈનો અમલ કરવા બાબત | નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ | ઠરાવ ક્રમાંક : પરચ/૧૧૯૭/ ૬૨૬૧/આઈ તા. ૨૮–૦૪–૧૯૯૯ | ૮૮ |
| ૧૫. | આદિજાતિ વિસ્તારમાં ધિરાણ કરતાં પહેલાં ગ્રામપંચાયતની પૂર્વ મંજૂરી મેળવવા બાબત | રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર | પત્ર ક્રમાંક : પશપ/૭/૮૯૦/ ૯૮ તા.૧–૧–૯૮ | ૮૯ |
| ૧૬. | જમીન સંપાદન અધિનિયમ હેઠળ જમીન સંપાદન કરતી વખતે પંચાયત અધિનિયમની કલમ–૧૩૨–એની જોગવાઈનો અમલ કરવા બાબત | મહેસૂલ વિભાગ | ઠરાવ ક્રમાંક :એએલએકયુ/ ૨૨૯૮/પ૨૦/ધ તા.૧૮–૦૪–૧૯૯૮ | ૯૦ |
| ૧૭. | જમીન સંપાદન અધિનિયમ–૧૯૮૪ હેઠળ જમીન સંપાદન કરતી વખતે પંચાયત અધિનિયમની કલમ –૧૩૨– એની જોગવાઈનો અમલ કરવા બાબત. | મહેસૂલ વિભાગ | ઠરાવ ક્રમાંક : એએલએકયુ/ ૨૨૯૮/પ૨૦/ધ તા.૨૨–૧૨–૧૯૯૮ | ૯૧ |
| ૧૮. | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલીની સત્તાઓ જિલ્લા પંચાયતને આપવા અંગે | મહેસૂલ વિભાગ | ઠરાવ ક્રમાંક : અંદાજ–૧૦૯૯/ ૧૪૯૧/ તા.૯–૯–૧૯૯૯ | ૯૫ |
| ૧૯. | Notification of Republished Notification No.O.S.R.797(E) dated 31-12-1977 of Ministry of Law, Justice and Company Affairs, GOI, New Delhi | Of Labour, Social Welfare and Tribal Department, Gandhinagar | Notification No. KHSH–473–TAP–1076 833–RI Dated 08-05-1978 | ૯૬ |
| ૨૦. | ગુજરાત ગ્રામપંચાયત (ગ્રામસભાની બેઠકો અને કાર્યો) નિયમો, ૨૦૦૯ | પંચાયત, ગ્રામ ગૃહ–નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૦૯નો ૨૪/ પીઆરઆર/૧૦૯૭/ ૮૨૦/ચ તા.૨૭–૧૦–૨૦૦૯ | ૯૭ |
| ૨૧. | ગુજરાત ગૌણ ખનિજ રાહત નિયમો, ૨૦૧૦ | ઉદ્યોગ અને ખાણ વિભાગ ૧૦૯૭–એમએમ–૧૫–છ ૮૨૦/ચ તા.૨૬–૦૮–૨૦૧૦ | જાહેરનામા ક્રમાંક : જીયુ/ ૨૦૧૦–(૩૭)/એમસીઆર/ | ૧૨૨ |

# અનુસૂચિ-૪

## (જુઓ કલમ ૨૭૮-ક)

(જે ફેરફારોને આધીન રહીને આ અધિનિયમ, રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે તે ફેરફારો)

૧. કલમ–૨માં, ખંડ (૧૯) પછી નીચેનો ખંડ દાખલ કરવો (૦૯૬) ''અનુસૂચિત વિસ્તારો'' એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ(૧)માં ઉલ્લેખેલ રાજ્યના અનુસૂચિત વિસ્તારો

૨. કલમ ૪ને બદલે નીચેની કલમ મૂકવી

ગ્રામસભા

૧. આ અધિનિયમથી અથવા તે હેઠળ જોગવાઈ કરી હોય તેવાં કાર્યો કરવા માટે ગામ માટે એક ગ્રામસભા હોવી જોઈએ.

૨. ગ્રામસભા, તે ગામના મતદાર વિભાગના મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યાં હોય તેવી વ્યક્તિઓની તે બનશે.

૩. ગ્રામસભા નીચેનાં વધારાનાં કાર્યો કરશેઃ

- ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીતે સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો.

(ખ) ગ્રામસભા :

- સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામપંચાયત અમલ હાથ ધરે તે પહેલાં એવી યોજનાઓ કાર્યકરો અને પરિયોજનાઓ
- ગામમાં ગરીબીનિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યક્તિઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે.
- કલમ–૭માં પેટા કલમ (૧)માં નીચેનો પરંતુક ઉમેરવો;

  ''પરંતુ અનુસૂચિત વિસ્તારમાં સ્થાનિક વિસ્તારના સંબંધમાં ભલામણ કરતી વખતે એવી ખાતરી કરવી જોઈએ કે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓના સમૂહ અથવા નાના ગામ અથવા નાનાં ગામોના સમૂહનો બનેલો છે અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે છે.''
- કલમ–૯ની પેટા કલમ (૫)માં ખંડ (ક) પેટા ખંડ (૧) પછી નીચેનો સભાખંડ દાખલ કરવો.

  (૧ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર કોઈ પણ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય તેવા ગ્રામપંચાયતની બાબતમાં પેસા–ખંડ–(૧) હેઠળ અનુસૂચિત/ આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઈએ કે જેથી કરીને આવી સંખ્યા સામે ગ્રામપંચાયતમાંની બેઠકોની સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહીં.
- કલમ ૧૦માં પેટા કલમ (૫)માં, ખંડ (ક)માં પેટા ખંડ (૧) પછી, નીચેનો પેટા ખંડ દાખલ કરવો.

  (૧ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર કોઈ પણ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય તેવા તાલુકા પંચાયતની બાબતમાં પેટા ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઈએ કે જેથી કરીને આવી સંખ્યા સામે તાલુકા પંચાયતમાંની બેઠકોની સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહીં.
- કલમ–૧૧ પેટા કલમ (૫)માં ખંડ (ક)માં, પેટા ખંડ પછી નીચેનો પેટા ખંડ દાખલ કરવો.

  (૧ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર કોઈ પણ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય તેવા જિલ્લા પંચાયતની બાબતમાં પેટા–ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી

બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઈએ કે જેથી કરીને આવી સંખ્યા સામે જિલ્લા પંચાયતમાંની બેઠકોની સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહીં.

– કલમ ૧૧ પછી નીચેની કલમ દાખલ કરવી.

''૧૧–ક કોઈ કારણસર ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિનો કોઈ સભ્ય ચૂંટાય નહીં તો રાજ્ય સરકાર ચૂંટણી માટે યોગ્ય હોય તેવા અનુસૂચિત આદિજાતિના સભ્યોના એક દશાંશ કરતાં વધે નહીં તેટલી સંખ્યાના સભ્યોની નિમણૂક કરી શકશે.''

– કલમ ૫૧માં પેટા કલમ (૨)માં

(૧) ખંડ (ક)ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

''(ક) રાજ્યની તમામ ગ્રામપંચાયતોના સરપંચના હોદ્દા અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઈશે.''

સ્પષ્ટીકરણ – આ ખંડના હેતુઓ માટે ગ્રામપંચાયત એટલે ગ્રામપંચાયત જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(૨) ખંડ (ખ)માં

(ક) પેટા–ખંડ (૧)માં ''અને'' શબ્દ કમી કરવો.

(ખ) પેટા–ખંડ (૨) કમી કરવો.

કલમ ૬૩માં પેટા કલમમાં

– કલમ ૬૩માં પેટા કલમ (૨)માં

– (૧) ખંડ (ક)ને બદલે નીચેનો મજકૂર મૂકવો

''(ક) રાજ્યની તમામ તાલુકા પંચાયતના પ્રમુખના તમામ હોદ્દા અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઈશે.''

સ્પષ્ટીકરણ – આ ખંડના હેતુઓ માટે તાલુકા પંચાયત એટલે તાલુકા પંચાયત જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર આ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય છે.

– (૨) ખંડ (ખ)માં

(૩) પેટા – ખંડ (૧)માં ''અને'' શબ્દ કમી કરવો.

(ખ) પેટા ખંડ (૨) કમી કરવો.

– (૧) ખંડ (ક)ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

''રાજ્યના જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઈશે.''

સ્પષ્ટીકરણ – આ ખંડના હેતુઓ માટે ''જિલ્લા પંચાયત'' એટલે જિલ્લા પંચાયત જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(૨) ખંડ (ખ)માં

(ક) પેટા ખંડ (૧)માં શબ્દ 'અને' કમી કરવો.

(ખ) પેટા ખંડ (૨) કમી કરવો.

– કલમ ૧૦૮માં પેટા કલમ (૪) પછી નીચેની પેટા કલમ ઉમેરવી

(૫) (ક) આ અધિનિયમના હેતુઓ માટે તે ગામની હકૂમતમાં આવેલ હોય તેવા (રાષ્ટ્રીય ઉપવનો અથવા અભયારણ્યોના વિસ્તારમાંથી મળી આવેલ હોય તે સિવાય)ના વન

વિસ્તારમાંથી મળી આવેલ ગૌણ વનપેદાશ ગ્રામપંચાયતમાં નિહિત થશે.

(ખ) ગૌણ વનપેદાશની વેચાણ ઊપજ ગામના ફંડમાં ભરતી જોઈશે અને તેનો ભાગ બનશે.

(ગ) ખંડ (ક)માંના કોઈ પણ મજકૂરનો અર્થ ખંડ (ક)માં ઉલ્લેખેલ વન વિસ્તારની જમીન ગ્રામપંચાયતમાં નિહિત થાય છે તેવો કરી શકાશે નહીં.

સન ૧૯૭૯ને ગુજરાતનો ૭મો

સ્પષ્ટીકરણ : આ પેટા–કલમના હેતુઓ માટે ''ગૌણ વનપેદાશ'' એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત ગૌણ વનપેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ની કલમ ૧૯૭૯ની કલમ રના ખંડ (૯)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

– કલમ ૧૧૨માં પેટા કલમ (૧) પછી નીચેની કલમ દાખલ કરવી.

– (૧ક) તે પંચાયત/ કલમ–૪ની પેટા કલમ (૩)માં પેટા–ખંડ (૧)માં ઉલ્લેખેલ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે પંચાયત દ્વારા ફંડના ઉપયોગ માટેનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવું જોઈશે.

જમીન સંપાદન પહેલાં અસર પામેલી વ્યક્તિઓના પુનઃવસવાટ પહેલાં તાલુકા પંચાયત સાથે વિચારવિનિમય કરવા બાબત

૧ ક કલમ – ૧૩૨ પછી નીચેની કલમ ઉમેરવી

૧૩૨ ક તાલુકા પંચાયત સાથે

(ક) કોઈ પણ વિકાસ યોજનાઓ માટે તાલુકામાં આવેલી કોઈ પણ જમીનનું જમીન સંપાદન અધિનિયમ–૧૯૯૪ હેઠળ સંપાદન કરતાં પહેલાં

(ખ) આવી પરિયોજનાથી અસર પામેલી વ્યક્તિઓના પુનઃરચના અથવા પુનઃવસવાટ કરતાં પહેલાં વિચારવિનિમય કરવો જોઈએ.

– અનુસૂચિ–૧માં

(૧) નોંધ ૧માં પેટા નોંધ (ટ) પછી નીચેની નવી પેટા–નોંધ ઉમેરવી.

'' (ટ–ક) કેફી પદાર્થોના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવા અને તેનું નિયમન અથવા નિયંત્રણ કરવા બાબત.''

(૨) નોંધ ૭માં પેટા–નોંધ (ડ) પછી નીચેની નવી પેટા–નોંધ ઉમેરવી.

''(ક–૧) જળ સંસ્થાઓનું આયોજન અને વ્યવસ્થાપન બાબત''

(૩) નોંધ ૧૦ પછી નીચેની નોંધ ઉમેરવી.

– ૫૧ સામાજિક ક્ષેત્રના કાર્યક્રમમાં

તમામ સામાજિક ક્ષેત્રોમાંની સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ કરવાની સત્તા બાબત

– અનુસૂચિ – રમાં ભાગ ૧માં નોંધ ૫માં પેટા–નોંધ (ધ) પછી નીચેની નવી પેટા–નોંધ ઉમેરવી.

''(ચ) સ્થાનિક યોજનાઓ અને આદિજાતિ પેટા–યોજનાઓ સહિત આવી યોજનાઓનાં સાધનો ઉપર નિયંત્રણ.''

# અનુસૂચિ – ૫
## સુધારેલા અધિનિયમો
## જુઓ કલમ ૨૭૮કક

| અ.નં. | ટૂંકી સંજ્ઞા | કેટલે સુધી સુધાર્યો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મુંબઈ જમીનમહેસૂલ અધિનિયમ–૧૮૭૯ (સને ૧૮૭૯નો મુંબઈનો ૫મો) | કલમ ૭૩ કકમાં<br>(૧) પેટા કલમો (૧) અને (૨)માં ''કલેક્ટર'' એ શબ્દને બદલે ''જિલ્લા પંચાયત'' એ શબ્દો મૂકવા.<br>(૨) પેટા કલમ (૩)માં ખંડ (ક)માં<br>(ક) ''અન્ય આદિવાસીને'' એ શબ્દને બદલે ''કોઈ પણ વ્યક્તિને'' એ શબ્દો મૂકવા.<br>(૩) પેટા કલમ (૪)માં ખંડ (ક)માં ''આ કલમની પેટા કલમ (૧)નું અથવા એ શબ્દો કૌંસ અને આંકડા કમી કરવા" .<br>(૪) સ્પષ્ટીકરણમાં ખંડ (૧) પહેલાં નીચેનો ખંડ દાખલ કરવો.<br>''(૧ક) જિલ્લા પંચાયત'' એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેના રાજ્યના કોઈ પણ અનુસૂચિત વિસ્તારના બનેલા જિલ્લાની જિલ્લા પંચાયત જેમાં આદિવાસી કબજો ધરાવતો હોય તે'' |
| ૨. | મુંબઈનો નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિ–નિયમ, ૧૯૪૬, (સને ૧૯૪૬નો મુંબઈનો ૩૦મો)<br>અનુસૂચિત આદિજાતિના સભ્યોને નાણાં ધીરતાં પહેલાં ગ્રામપંચાયતની અગાઉથી મંજૂરી મેળવવા બાબત<br>રદ કરવા બાબત | કલમ ૧૭ પછી નીચેનો મજકૂર દાખલ કરવો.<br>''૧૭ ક કોઈ પણ નાણાંની ધીરધાર કરનાર ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેના રાજ્યના અનુસૂચિત આદિજાતિના કોઈ પણ સભ્યને તે ગામની ગ્રામપંચાયતની પૂર્વ મંજૂરી સિવાય કંઈ પણ નાણાં ધીરી શકશે નહીં''<br><br>૪. (૧) ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૧૯૯૮ આથી સન ૧૯૯૮નો ગુજરાતનો અને<br>(૨) એ રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં સદરહુ વટહુકમ ૩ જો અપવાદ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ પણ કાર્ય અથવા લીધેલું કોઈ પણ પગલું, આ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે. |

# સંદર્ભ–સાહિત્ય


| | | | |
|---|---|---|---|
| ૧) | ગુજરાત પંચાયતની જોગવાઈઓ નિયમો, ૨૦૧૭ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર | ફેબ્રુઆરી, ૨૦૧૭ |
| ૨) | અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતી રાજનું અમલીકરણ પેસા ઍક્ટ માર્ગદર્શિકા | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરની બુકમાંથી ... | ૨૦૧૨–૧૩ |
| ૩) | વેબસાઈટ, ગુજરાત સરકાર પંચાયત વિભાગ | ગુજરાત સરકાર પંચાયત વિભાગ | |
| ૪) | વેબસાઈટ પેસા ઍક્ટ | ગૂગલ | |

# ૧૦. આદિવાસીઓમાં આરોગ્ય



## પ્રાસ્તાવિક

આદિવાસી વિસ્તારોમાં સંસાધનોની અછતની નોંધપાત્ર અસર આદિવાસીઓના આહારની ઉપલબ્ધિ ઉપર પડે છે. પરિણામે પ્રાપ્ત થતા અહેવાલો અનુસાર આદિવાસીઓ પોષણની ખામીથી પીડાય છે. આવા પોષણની ખામીવાળાં જૂથો મલેરિયા, હાથીપગો, ક્ષય, કુષ્ઠરોગ, ચામડીના રોગો, બાળ રોગો, સ્ત્રીઓના રોગોથી પીડાય છે. સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના અભાવે આ સમસ્યા વધુ વકરે છે. એકંદરે બાળકોના જન્મ સમયે ઓછા વજન, જીવનરેખાની નીચી શક્યતા, ઊંચો માતા મૃત્યુદર, વિવિધ સંપર્કજન્ય રોગો વગેરે સૂચકાંકો આવતાં નીચી આરોગ્ય કક્ષામાં જીવે છે.

ગુજરાતમાં પાંચ આદિમજૂથોનો સમાવેશ કરતા કુલ ૨૫ અનુસૂચિત જનજાતિઓનો વસવાટ છે. પાંચ આદિમજૂથોમાં કોટવાળિયા, કોલઘા, કાથોડી, સીદી અને પઢાર ને બાદ કરીએ તો મુખ્ય નોંધપાત્ર વસ્તી ધરાવતી અનુસૂચિત જનજાતિઓમાં ભીલ, હળપતિ, ધોડિયા, રાઠવા, કોંકણા, વારલી, ગામીત, નાયકા, પટેલિયા વગેરેને ગણાવી શકાય. ગુજરાતમાં દસ હજારની વસ્તીએ સ્ત્રીઓનું પ્રમાણ ૯૧૯ છે. જ્યારે આદિવાસીઓમાં ડાંગ અને તાપી જિલ્લામાં દર હજારે અનુક્રમે ૧૦૦૬ અને ૧૦૦૭ છે. આદિવાસીઓ મુખ્યત્વે ખેતી, ખેતમજૂરી, પશુપાલન, ગૃહઉદ્યોગ, નોકરી કે અન્ય રોજગારમાં જોડાયેલા હોય છે. (જુઓ અનુસૂચિત જનજાતિની આંકડાકીય માહિતી, ૨૦૧૩)

સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સેવાઓ જે તે વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઘડવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અને આવા વિસ્તારો માટે આયોજન કમિશને તે માટેના કેટલાક માપદંડોમાં પણ છૂટછાટ મૂકી અને જે તે આદિવાસી વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓ ઊભી થઈ. પરંતુ તે વિસ્તારમાં ખરેખર આરોગ્ય સુવિધાઓ મળે છે કે નહીં? આદિવાસી સમાજમાં થતા મુખ્ય રોગો કયા છે? એ રોગો થવાનાં કારણો શું? અને તેને દૂર કરવા શું ઉપાયો કરવા જોઈએ? વગેરે અંગે વિચાર કરવો ખૂબ જરૂરી છે. આ પશ્ચાદ્ભૂમિકાની અંદર ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓની પ્રવર્તમાન આરોગ્ય સ્થિતિ તેમ જ તેમને આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્યે લીધેલાં પગલાં અંગે અહીં હકીકત આપવામાં આવી છે.

## આરોગ્ય

આપણા દેશ અને રાજ્યમાં લોકોના સ્વાસ્થ્ય માટે અને આરોગ્ય માટે દિનપ્રતિદિન વધુ ને વધુ ધ્યાન અપાતું જાય છે. આ માટેની સગવડ અને સુવિધા જિલ્લા અને તાલુકા સ્થળે વધુ પ્રમાણમાં કેન્દ્રિત થતી જાય છે. સ્વાસ્થ્ય માટે અને આરોગ્યની જાળવણી અર્થે ઘણી રકમ ખર્ચવામાં આવે છે. પરંતુ ગામડાના લોકો કે પછાત લોકો સુધી કોઈ ને કોઈ કારણોસર આ યોજનાનો લાભ કે આરોગ્યની સેવા જરૂરી પ્રમાણમાં પહોંચતી નથી તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. આથી ગામડાના લોકોમાં દિનપ્રતિદિન રોગોનું પ્રમાણ સવિશેષ વધતું જાય છે.

આદિવાસી વિસ્તારમાં આરોગ્યના પ્રશ્નો ઘણા જટિલ છે. ખાસ કરીને ઉનાળામાં અને ચોમાસામાં રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. વળી આદિવાસી વિસ્તારમાં મોટા ભાગના રોગો પીવાના

પાણી ઉપર આધારિત છે. પીવાના પાણીનો આદિવાસી વિસ્તારમાં ઘણો મોટો પ્રશ્ન હોય છે.

આદિવાસીઓની આર્થિક સ્થિતિ અતિ ખરાબ છે. કેટલાંય કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. સાથોસાથ દિવસે દિવસે મોંઘવારી અને માનવીની જરૂરિયાતો વધતી જાય છે. આથી પૌષ્ટિક આહાર ન મળવાથી શારીરિક અને માનસિક રોગોના પણ તેઓ ભોગ બને છે. વળી આદિવાસીઓના કુટુંબનું કદ સામાન્ય રીતે મોટું હોય છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (NRHM) અને અનુસૂચિત જનજાતિઓ :

આરોગ્ય એ રાજ્ય સરકારોનો વિષય હોવા છતાં કેન્દ્ર સરકારે પણ દેશના તમામ નાગરિકોમાં આરોગ્યને ભારે અગત્યતા આપી છે અને રાજ્યના આરોગ્ય કાર્યક્રમોને સહયોગ આપવાની જરૂરિયાતનો સ્વીકાર કર્યો છે. અનુસૂચિત જનજાતિઓના લોકો મોટે ભાગે દૂરના વિસ્તારોમાં અને દેશના પર્વતીય પ્રદેશોમાં વસે છે. તેમને માટે તો ન્યાયપૂર્ણ અને અસરકારક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવાનું સવિશેષપણે જરૂરી છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન(NRHM)નો ઉદ્દેશ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સહિત તમામ ગ્રામીણ લોકોને સર્વગ્રાહી અને લોકશાહી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવાનો છે. આ સંદર્ભમાં શર્મા(૨૦૧૪;૨૮૭) નોંધે છે : "રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશને તેની સમયમર્યાદામાં સૂચિત લક્ષ્યો સિદ્ધ કર્યાં નથી, અને તેમાં ઘણા બધા અવરોધો રહેલા છે." વળી રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અંતર્ગત એવા કોઈ પુરાવા ઉપલબ્ધ નથી કે પૂરતા પ્રમાણમાં વધારાનું નાણાંભંડોળ કરાયેલ હોય અથવા અનુસૂચિત જનજાતિઓના આરોગ્યની સુધારણા અર્થે ટૅક્નિકલ કે સંસ્થાકીય સહયોગ પણ પૂરો પાડવામાં આવ્યો હોય. સાથે સાથે, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનનો એવો દાવો છે કે તે ૧૮ વિશેષ લક્ષિત કરેલાં રાજ્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને અનુસૂચિત જનજાતિઓ સહિતની ગ્રામીણ વસતિને સુગમ્ય, પોષણક્ષમ, જવાબદેહીયુક્ત ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરશે.(શર્મા,૨૦૧૪; ૨૯૦) વળી શર્માનું અવલોકન છે કે – "ગ્રામીણ અને આદિવાસી વસતિ એમ દર્શાવે છે કે તેમની આરોગ્ય જરૂરિયાતો માટે તેમને માટેનું પ્રથમ સ્થાન છે–સરકારી હૉસ્પિટલો.(ગ્રામીણ વિસ્તારોમાં તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કે સામુદાયિક આરોગ્ય કેન્દ્રોને પણ લોકો સરકારી હૉસ્પિટલ તરીકે જ ઓળખતા હોય છે.)"

## અનુસૂચિત જનજાતિઓ માટે આરોગ્ય સંભાળ:

જુદાં જુદાં અવલોકનો એ અભિપ્રાયનું સમર્થન કરે છે કે અનુસૂચિત જનજાતિઓમાં પોતે માટે બહેતર જીવનધોરણની તીવ્ર આકાંક્ષાઓ અને ઇચ્છાઓ રહેલાં છે અને તે રીતે તેઓ પોતાના સામાજિક અને આર્થિક જીવનમાં ઝડપી પરિવર્તન સ્વીકારવા ઇચ્છે છે. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓએ મોટા ભાગે તો પોતાની પ્રવર્તમાન આરોગ્ય પદ્ધતિ ઉપરાંત આધુનિક તબીબી આરોગ્ય સેવાઓનો પણ સ્વીકાર કર્યો છે. જો કે રાજ્ય સરકારે તેમના આરોગ્ય અને વિકાસ માટે ખાસ પ્રયાસો અને વિશેષ નાણાકીય ફાળવણીની જોગવાઈ કરી હોવા છતાં તેમના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો થયેલો જોઈ શકાતો નથી.

ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ ઊંચી માત્રામાં કુપોષણથી પીડાય છે અને તેમાંય નાનાં બાળકોમાં તો ખૂબ મોટા પ્રમાણમાં મૃત્યુ અને નબળું માતૃ આરોગ્ય જોવા મળે છે. અનુસૂચિત જનજાતિની મહિલાઓ પૈકી ઘણી બધી મહિલાઓ કુપોષણને કારણે ફિક્કી લાગે છે. તેમની આરોગ્ય સ્થિતિ માટે 'નબળી' શબ્દ જ વાપરી શકાય પરંતુ ન તો તેને માટે આરોગ્ય સંભાળસેવા માટેની માંગ કે ઉપલબ્ધિમાં કોઈ કમી છે. તેમના નબળા આરોગ્ય અને તે સંબંધિત અન્ય સમસ્યાઓ માટે

ગરીબાઈ, અપૂરતો ખોરાક અને પર્યાવરણીય બગાડ જવાબદાર છે. અનુસૂચિત જનજાતિઓના આરોગ્ય સંબંધિત પસંદગીનાં સંશોધન તારણો મુખ્યત્વે ગુજરાતના જિલ્લા કક્ષાના પરિવારોની મોજણીના બે રાઉન્ડ–DLHS–૨ અને DLHS–૩ જે અનુક્રમે ૨૦૦૨–૨૦૦૪માં અને ૨૦૦૭–૨૦૦૮માં હાથ ધરાઈ તેમાંથી તારવવામાં આવ્યાં છે. ગુજરાત DLHS–૨ અને ગુજરાત DLHS–૩એ માતૃત્વ અને બાળ આરોગ્ય કાર્યક્રમ/રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન માટે રાજ્ય કક્ષાના અંદાજો અને પ્રગતિની માહિતી ઉપલબ્ધ કરી આપી. તેવી જ રીતે રાષ્ટ્રીય કૌટુંબિક આરોગ્ય મોજણી–૩ (NE-HS–૩ ) જે ૨૦૦૫–૦૬માં હાથ ધરવામાં આવી. તેણે ગુજરાત રાજ્યની વસતિના આરોગ્ય અને સામાજિક–આર્થિક સૂચકાંકોના અંદાજ ઉપલબ્ધ કરી આપ્યા. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની આરોગ્ય સ્થિતિ સમજવા માટે ગુજરાત માટે રાજ્ય કક્ષાની અનુસૂચિત જનજાતિઓ માટેની સમગ્ર માહિતીને અલગ અલગ કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

## આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને તબીબી સેવાઓ

આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને તબીબી સેવાઓ અસમતુલિત છે. આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની સુવિધાઓ માટે નીચેના માપદંડો સ્વીકારવામાં આવ્યા છેઃ

1. સહેલાઈથી પ્રાપ્ત થાય તેવી આરોગ્ય સેવા
2. સ્વીકાર્ય હોય તેવી આરોગ્ય સેવા
3. યોગ્ય ટૅક્નૉલૉજી
4. આર્થિક રીતે પોષાય તેવી આરોગ્ય સેવા.

ગુજરાતની કુલ ૨૫ અનુસૂચિત જનજાતિઓમાં ભીલજાતિનું સૌથી વધુ પ્રમાણ લગભગ ૪૬.૦૧ ટકા જેટલું છે. ગુજરાતમાં કામની શોધમાં પરિવારોનું મોસમી સ્થળાંતર ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં ખાસ જોવા મળે છે. અને તેઓ બિનકૃષિ મોસમના સમયગાળામાં જૂથમાં ઔદ્યોગિક શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરતી જોવા મળે છે. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણના કારણે ગુજરાતની જનજાતિઓ તેમ જ અન્ય સમુદાયની જાતિઓ અને જ્ઞાતિઓનું વિસ્થાપન થાય છે. તો નર્મદાબંધ, સ્ટેચ્યુ ઑફ યુનિટી, જી.એચ.એફ.સી. દહેજ, બંદર કે તેની આસપાસના ઔદ્યોગિક એકમોને કારણે આદિવાસીઓની જમીન જતાં તેમનું પુનઃસ્થાપન થયું છે. નવી જગ્યાએ સ્થાપિત થતાં ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પર્યાવરણ સાથે સમરસ થવું, જમીન, આબોહવા વગેરે સાથે એકરૂપતા સાધવી વગેરે તેમના માટે એક પડકાર બની ગયો છે. છતાં આદિવાસીઓની વિશેષતા છે કે તેઓ તેમના જૂના ઉપાયો છોડતા હોતા નથી. પછાત એવા આદિવાસી વિસ્તારના લોકોના ખરાબ આરોગ્યનાં કારણો જોઈએ તો અપૂરતો અને અપોષણક્ષમ આહાર, રહેઠાણ, કપડાં, અશુદ્ધ પાણી, આરોગ્ય, શિક્ષણ, અંધશ્રદ્ધા, પરંપરાગત માન્યતાઓ, વ્યસનો, રોજગારીની તકોનો અભાવ, વાહનવ્યવહારનો અભાવ છે.

## આદિવાસીઓની આરોગ્ય અંગેની પરંપરાગત પદ્ધતિઓ

હજુ પણ અનેક આદિવાસીઓ અદ્રશ્ય અને અમાનવીય શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. કુળ/ગોત્રચિહ્ન (Totem) સાથે પોતાની જનજાતિને અલૌકિક સંબંધ છે તેમ માને છે. તેમ જ એ માન્યતાની આસપાસ અનેક માન્યતાઓ અને વહેમોને તેઓ વણી લે છે. જે તે વિસ્તારમાં ભગત કે બડવા જેવી ચમત્કારિક વ્યક્તિમત્તા ધરાવતી વ્યક્તિનું તેઓ પર સવિશેષ આધિપત્ય હોય છે.

જો કે દવા આપનાર બડવો/ભગત કે ભૂવા જેવી વ્યક્તિઓ કોઈ ને કોઈ વનસ્પતિની દવા લાવી આપે. તેમનો મુખ્ય ધંધો ખેતી કે પશુપાલનનો હોય છે. તેમાંથી નવરાશ કાઢીને આ સમાજ ઉપયોગી કાર્ય કરતા હોય છે. આ દવા આપવાની

કે લઈ આવવાની કામગીરી માટે કોઈ મહેનતાણું તેઓ માંગતા નથી કે લેતા પણ નથી. વળી કેટલીક વનસ્પતિ બારેમાસ મળતી ન હોવાથી તેઓ તે લાવીને સંઘરી રાખે છે. મોટા ભાગની વનસ્પતિઓ વેલા કે નાના છોડરૂપે દવામાં વપરાય છે. ચોમાસામાં આ વનસ્પતિ થાય ત્યારે સંઘરી રાખવી પડે. ઘણી વાર દવા તરીકે તેનાં મૂળ કે છાલનો ઉપયોગ કરવો પડે. આવી પરિસ્થિતિમાં દવાના જાણકારો વનસ્પતિ દવાનો સંગ્રહ કરે. જે સંગ્રહ ન થાય તેને શોધવા દિવસો ને દિવસો જંગલમાં રખડે પણ ખરા. વનસ્પતિ લાવતાં પહેલાં તેઓ તે વૃક્ષની પૂજા કરે. દવા કરે ત્યારે મંત્ર અને આરાધ્ય દેવની પૂજા કરે. ક્યારેક દવાની જાણકારી દેવી સ્વપ્નમાં આવીને આપે તેવું પણ માનવામાં આવે છે. ડાંગમાં ૨૭૮ પ્રકારની વનસ્પતિ દવા તરીકે વપરાય છે. આ વનસ્પતિઓમાં પેટનાં દર્દોમાં વપરાતી, ઊલટી કરાવવા કે બંધ કરાવવા વપરાતી વનસ્પતિ, હાથપગના સોજા ઉતારવા, શક્તિવર્ધક વનૌષધિ, લકવાના દર્દ માટે વનૌષધિ તથા ગરમી, કળતર માટે, સફેદ કોઢમાં વપરાતી, કૅન્સરમાં વપરાતી, હરસ–મસા માટે, દાઝી ગયા ઉપર લગાડવા માટે, દમના દર્દવાળા, વા, વાળા, વાઈના રોગમાં વપરાતી વનૌષધિ, બાળરોગ માટે, ખીલ, ગૂમડાં કે ચાંદામાં વપરાતી, ખસ, દાદર, સૂકા ખરજવામાં વપરાતી, પથરીના રોગમાં કે ઘા કે હાડકું ભાગે ત્યારે વપરાતી વનસ્પતિ, વિવિધ પ્રકારના સ્ત્રી-રોગમાં વપરાતી કે પુરુષ-રોગમાં વપરાતી વનસ્પતિઓ, ઝેરી જાનવર કરડ્યું હોય તો તેનું ઝેર ઉતારવા માટે, માથા અને ગળાનાં દર્દોમાં વપરાતી વનૌષધિઓ, લોહી બગાડ, રક્તપિત્ત, મૂઢમાર, લોહી ગંઠાઈ જવું વગેરે માટેની વનસ્પતિ, મધુપ્રમેહ, કૉલેરા, કમળાના રોગમાં ઔષધ બનતી વનસ્પતિ જંગલમાંથી મળી રહે છે. પહેલાં જંગલમાંથી મળતી વનસ્પતિ/જડીબુટ્ટીના જાણકારોનું પ્રમાણ ઠીક ઠીક હતું, પરંતુ હવે જાણકારોની સંખ્યા ઓછી હોવાથી, દવાઓની જાણકારી સામાન્ય રીતે ભાગ્યે જ બીજાને અપાતી હોવાથી જાણકાર વ્યક્તિ અવસાન પામે તેની સાથે એ દવાની જાણકારી પણ નષ્ટ થતી હોય છે.

આદિવાસીઓમાં કેટલીક પ્રચલિત માન્યતાઓ છે. વનસ્પતિને તેઓ દેવ માની પૂજાવિધિ કરે છે. ખાસ કરી ભગત–ભૂવા તરીકે ઓળખાતા લોકો આગલા દિવસે આમંત્રણ આપે છે. કેટલાક અગરબત્તી પ્રગટાવી દવા લાવે તો કેટલાક રવિવારે કે મંગળવારે જ દવા લાવે. ભગત–ભૂવાઓ દવા અને શ્રદ્ધા બંને ધરાવે છે. આથી વનસ્પતિની પૂજા કરીને જ દવાની ઔષધિ વનસ્પતિ લાવે છે.

કેટલાક ભગત–ભૂવાઓ સંમોહન વિદ્યાના જાણકાર હોય છે. આમ જાણકારોમાં મોટે ભાગે વડીલો પાસેથી, કુટુંબીજનો પાસેથી, સગાં પાસેથી, ગુરુ પાસેથી શીખે છે. ઘણી વાર ચોરી કરીને શીખેલી વિદ્યા અને દવા વધુ ગુણ કરે છે તેમ કહેવાય છે. દવા આપનાર વ્યક્તિએ કેટલીક ચરી પાળવાની હોય છે. વળી જાણકારની પવિત્રતા પર વધુ આધાર રાખે છે. આગલા દિવસે દવા નોતરવા જાય (આમંત્રણ આપે) ત્યારે તેની સાથે કંકુ, ગોળ, અગરબત્તી વગેરે મૂકી આવવાનું હોય. બીજા દિવસે સવારે ચાર વાગ્યે કોઈ જુએ નહીં તે રીતે વનસ્પતિ લેવા જાય. કોઈની સાથે બોલે નહીં. પાછા આવીને ચૂપચાપ દવા વાટીને કે ઘસીને રોગીને આપી દે છે. આમ આદિવાસીઓ મંત્રેલું પાણી કે ઘસેલી દવા પહેલા પસંદ કરે અને છતાં જો ન મટે તો જ તેઓ આરોગ્ય કેન્દ્રમાં જાય.

## આદિવાસીઓમાં રોગો

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારોમાં ભયંકર બીમારીઓ જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં

વધારે પ્રમાણમાં થતી હોય છે. ચોમાસાના બે માસમાં ડહોળાઈ ગયેલા પીવાના પાણીનો ઉપયોગ થવાથી પાણીજન્ય રોગો વધારે પ્રમાણમાં જોવા મળે છે. વળી પહાડી અને ખાડી વિસ્તારને કારણે અને ઝાડીપ્રદેશ હોવાને કારણે મચ્છરનો ઉપદ્રવ વધારે રહે છે. તો વધુપડતા વરસાદના કારણે વાતાવરણમાં ઘણા ફેરફાર થવાને કારણે પણ બીમારીના કિસ્સા વધુ જોવા મળે છે.

## મોસમી કે આકસ્મિક માંદગી

આદિવાસીઓમાં મોસમ બદલાતાં તાવ–વાઇરસ, ઝાડા–ઊલટી, મલેરિયા, શરદી, ખાંસી, મરડો કે ગૂમડાંની બીમારી વધુ થાય છે તો ક્યારેક અકસ્માતે જમીન લીસી થતાં પડી જવાથી વાગવાના કિસ્સા પણ વધી જાય છે.

ઘણા ઓછા આદિવાસીઓમાં લાંબા સમયથી કોઈ બીમારી ચાલી આવતી હોય તેવા રોગો છે. જેના માટે તેઓ ભગત–ભૂવાની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દવા લેતા હોય છે. લાંબા સમયથી ચાલી આવતી બીમારીમાં ક્ષય, લકવો, ચામડીના રોગો, સંધિવા, સ્ત્રી-રોગ જેવા રોગો છે. મહિલાઓમાં લગભગ ૧૬થી ૨૦ ટકા આદિવાસી મહિલાઓ રક્તસ્રાવ, કમરનો દુખાવો અને મસાની બીમારીથી પીડાય છે. કેટલાક આ માટે ગોળીઓ કે ઇંજેક્શનો લઈ ઇલાજ કરે છે. તો કેટલાંક વનૌષધિ કે ઘરગથ્થુ ઇલાજ કરે છે. આદિવાસી બાળકોમાં ખાસ કરીને તાવ, ઝાડા–ઊલટી, ચામડીના રોગ, લકવા, મલેરિયા, એનીમિયા, કુપોષણ, ગૂમડાં થવા, ખસ–ખરજવું થવું, શરદી–ખાંસી કે ઝાડા–ઊલટી જેવા રોગો દેખાય છે. આનાં કારણોમાં મુખ્યત્વે સ્વચ્છતાનો અભાવ, અપૂરતો આહાર, ચોખ્ખા પીવાના પાણીનો અભાવ વગરે જાણવા મળ્યાં છે. હવે જો કે આદિવાસી વિસ્તારમાં સરકાર દ્વારા આરોગ્ય કેન્દ્રો હોય છે. છતાં ત્યાં ડૉક્ટરો – નર્સોનો અભાવ, આરોગ્ય સેવાઓમાં ખામીઓ, ત્રુટિઓ હોવાથી આદિવાસી ખાનગી દવાખાનાંઓમાં સારવાર લેતા હોય છે. આદિવાસીઓ મુખ્યત્વે બાળકોને હવે સરકારી કે ખાનગી દવાખાનામાં સારવાર અપાવે છે. જ્યારે બહુ ઓછા આદિવાસીઓ પરંપરાગત અંધશ્રદ્ધા ધરાવતા હોય ત્યારે ભગત–ભૂવા દ્વારા ઉપચાર કરાવે છે કે વન ઔષધિઓ આપીને સારવાર કરે છે. એક અભ્યાસમાં આદિવાસી મહિલાઓની પ્રસૂતિ મુખ્યત્વે સરકારી દવાખાનામાં પછી ખાનગી દવાખાનામાં ને છેલ્લે અડધા કરતાં વધુ પ્રસૂતિઓ ઘેર દાયણ કે સુયાણીની મદદથી કરાવે છે. મોટે ભાગે આદિવાસી મહિલાઓ હજી પણ પ્રસૂતિ ઘેર દાયણ દ્વારા કરાવાનું જ પસંદ કરે છે.

પૂર્વપટ્ટીમાં વસવાટ કરતાં કેટલાંક આદિવાસી જૂથો જેવાં કે ડુંગરી ભીલ, નાયક, હળપતિ, ધોડિયા, કુંકણા, વારલી, ભીલ, કોલઘા, ગામીત, ચૌધરી, રાઠવા, વસાવા, કોટવાળિયા વગેરે જનજાતિઓમાં સિકલ સેલ, એનીમિયા જેવા વારસાગત રોગનું પ્રમાણ વધતું જાય છે અને રોગ ગંભીર સ્વરૂપે જોવા મળે છે.

આદિવાસી વિસ્તારમાં વસતા પરિવારોમાં છેલ્લા કેટલાક સમયથી વારસાગત લોહીનો રોગ, સિકલ સેલ એનીમિયાનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. આ જિનેટિક ડિસઓર્ડર ડિસીઝના કારણે જે તે દર્દીઓમાં  સાંધાનો અસંખ્ય દુખાવો, હાડકામાં સડો લાગવો, તથા બરોળ મોટી થવી, લીવર ઉપર સોજો આવવો, દર્દી બેભાન અવસ્થામાં આવવો અને સ્ત્રી–દર્દના ગર્ભમાં બાળકનો યોગ્ય વિકાસ ન થવો વગેરે પ્રકારની તકલીફો જોવા મળે છે.

સારા તંદુરસ્ત વ્યક્તિના લોહીમાં લાલકણ ગોળ, નરમ તથા સ્થિતિસ્થાપક હોય છે. લાલકણ

પોતાના કદ કરતાં પણ નાની બારીક નળીઓમાંથી પસાર થાય ત્યારે લંબગોળ થઈ જાય છે. અને બારીક નસમાંથી બહાર નીકળતાં તે તેના સ્થિતિસ્થાપકતાના ગુણના કારણે પુનઃગોળાકાર થઈ જાય છે. લાલકણનો લાલ રંગ તેમાં રહેલા હિમોગ્લોબિન નામના તત્ત્વને કારણે  હોય છે. આવા તંદુરસ્ત રક્તકણમાં હિમોગ્લોબિન નામનું તત્ત્વ નોર્મલ હોય છે. જ્યારે હિમોગ્લોબિન એચ. બી.એ.ની જગ્યાએ અસામાન્ય એચ.બી.એ. પ્રકારનું થાય એટલે કે લાલકણ ગોળાકાર હોય તો તે બદલાઈને અર્ધગોળ, દાંતરડા આકારના તથા બરડ થઈ જાય છે તેને 'સિકલ સેલ' કહેવામાં આવે છે.

સિકલ સેલ એનીમિયાને બે પ્રકારે જોઈએ તો એક પ્રકારનો સિકલ સેલ ટ્રેઇટ એટલે કે સિકલ સેલના ગુણવાળી વ્યક્તિ (વાહક) કહેવામાં આવે છે. જ્યારે બીજા પ્રકારને સિકલ ડિસીઝ કહેવામાં આવે છે. આવી વ્યક્તિમાં હિમોગ્લોબિન એસનું પ્રમાણ લગભગ ૮૦ ટકા જેટલું હોય છે જ્યારે વાહકમાં તે પ્રમાણે ૪૦ ટકાથી ઓછું થાય છે. માતાપિતા બંને સિકલ સેલ ટ્રેઇટ હોય તો ૨૫ ટકા-વાળાઓને  સિકલ ડિસીઝ અને ૫૦ ટકા બાળકોને સિકલ સેલ ટ્રેઇટ અને ૨૫ ટકા બાળકો નોર્મલ એચ.બી.એવાળાં હોવાની શક્યતા રહે છે. માતાપિતામાંથી કોઈ એકને સિકલ  ડિસીઝ હોય અને બીજી વ્યક્તિ સામાન્ય હોય તો પણ ૧૦૦ ટકા બાળકોને સિકલ સેલ ટ્રેઇટ થઈ શકે. પરંતુ સિકલ ડિસીઝ થતો નથી. આ વારસાગત રોગને અટકાવવાના વિવિધ ઉપાયો જરૂર વિચારવા જોઈએ.

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કોઈ કોઈ વાર ખાસ કરીને લેપ્ટોસ્પાઇરોસિસ નામનો રોગ ફાટી નીકળે છે. ચોમાસામાં પાણી ભરાઈ જવાથી ઉંદરનું મળમૂત્ર પાણીમાં ભળી જાય ત્યારે તેના દૂષિત પાણીથી સામાન્ય રીતે આ રોગ થાય છે. આ રોગનાં લક્ષણોમાં જે તે વ્યક્તિને માથું દુખે છે. તાવ અને શરીર તૂટે છે. ટૂંકા ગાળામાં તેનો પ્રાણ જતો રહે છે. આરોગ્યવિષયક સારવારની રીતે જોઈએ તો મોટા ભાગે ભગત–ભૂવા કે બડવા પાસે દવા અથવા વિધિ કરાવતા અને આરોગ્ય કેન્દ્રો પાસેથી પણ સારવાર લીધી હોય તેવું બને છે. હવે લોકોમાં દવાખાનાંઓ પર વિશ્વાસ બેઠો છે. ઍલૉપેથી દવાઓ, ઇંજેક્શનો લેવામાં હિચકિચાહટ નથી અનુભવતા ને સરકારી કે બિનસરકારી દવાખાનાનો ઉપયોગ તેમના માટે અનિવાર્ય બનવા લાગ્યો છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (NRHM) અને અનુસૂચિત જનજાતિઓ

અનુસૂચિત જનજાતિઓના આરોગ્ય માટે કેન્દ્ર સરકાર પાસે કેટલીક ખાસ જોગવાઈઓ છે. રાજ્યના અતિ દૂરના અને પર્વતીય વિસ્તારોમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો માટે ન્યાયયુક્ત અને અસરકારક આરોગ્ય સંભાળના હેતુથી રાજ્યની અનુસૂચિત જનજાતિઓ માટેની ખાસ આરોગ્ય કાર્યક્રમની જરૂરિયાત વર્તાઈ હતી. આવા આરોગ્ય પૈકીનો એક કાર્યક્રમ રાષ્ટ્રીય આરોગ્ય મિશન જે અનુસૂચિત જનજાતિઓને સંપૂર્ણ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું ધ્યેય રાખે છે.

## ગુજરાતની અનુસૂચિત જનજાતિઓનું આરોગ્ય

ગુજરાત – DLHS–૨ અને DLHS–3 તથા રાજ્ય કક્ષાની આરોગ્યવિષયક મોજણી તેમ જ અન્ય પસંદગીના અભ્યાસોમાંથી આપણને ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં પ્રસૂતિ અને

બાળ આરોગ્ય કાર્યક્રમોની પ્રગતિના અંદાજો પ્રાપ્ત થઈ શકે છે. તે જ રીતે, રાષ્ટ્રીય કૌટુંબિક આરોગ્ય મોજણી–૩ (NFHS–૩) જે ૨૦૦૫–૦૬માં હાથ ધરવામાં આવી હતી. તેમાંથી પણ આપણને ગુજરાત રાજ્યના આરોગ્યવિષયક અંદાજો પ્રાપ્ય બન્યા છે.

આદિવાસી લોકોનું સ્તર ઊંચું લાવવા માટે બહુવિધ અને સર્વગ્રાહી અભિગમ અપનાવવાની જરૂર છે. કુદરતી પદાર્થોમાં રહેલાં ખનિજ, વિટામિન, પ્રોટીન જેવાં તત્ત્વોની માહિતી તેમ જ પૂરક પોષણ અને આરોગ્યપ્રદ ખોરાક વિશેની જાણકારી આપવાની જરૂર છે. આદિવાસીઓ પાસે પૂરક પોષણની ઊણપનો ઉકેલ મળતો નથી. આના માટેનું જરૂરી જ્ઞાન, વિવિધ રોગોનું નિદાન, ચિકિત્સા અને સારવાર માટેનાં પગલાં, રોગપ્રતિકારક રસીઓ તથા રોગ અટકાવવા માટેના ઇલાજો આરોગ્ય અને સ્વાસ્થ્યપ્રદ ઇલાજો વિશેનું શિક્ષણ આપવું જરૂરી છે, જેથી વ્યક્તિ નીરોગી જીવન જીવી શકે.

આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય અંગેની જરૂરિયાતના વિકાસ માટે કેટલાક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હતા જે આ પ્રમાણે છે :

૧. દાયણોને તાલીમ
૨. આરોગ્ય માર્ગદર્શિકા તાલીમ
૩. પેટા આરોગ્ય કેન્દ્ર
૪. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૫. સામૂહિક આરોગ્ય કેન્દ્ર.

ગુજરાતમાં ૧૪ જિલ્લાઓના ૫૨ તાલુકામાં ગુજરાતની અનુસૂચિત જનજાતિના ૮૯,૧૭,૧૭૪ આદિવાસીઓ વસે છે. તેમના આરોગ્યની સંભાળ માટે વિવિધ પગલાં ભરવામાં આવ્યાં છે.

## આદિવાસી વિસ્તારમાં આરોગ્યની પરિસ્થિતિ

આરોગ્ય સંભાળ અને તબીબી સેવાઓ સહુને પ્રાપ્ત થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આરોગ્ય ક્ષેત્રે કાર્યાન્વિત સંસ્થાઓ, તબીબી કર્મચારીઓ અને અર્ધતબીબી કર્મચારીઓની સુલભતા અને દવાઓની માંગ અને પુરવઠામાં તફાવત જોવા મળે છે.

આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ દિનપ્રતિદિન વધતી જાય છે. અનેકવિધ નવા કાર્યક્રમોનો ઉમેરો થતો જાય છે. તેની સાથે સાથે સાધનસામગ્રી, માનવશક્તિ અને મકાનોના બાંધકામ તથા ભૌતિક સુવિધા વચ્ચે નોંધપાત્ર અંતર જોવા મળે છે. જોઈએ આ કોષ્ટકમાં:

**કોષ્ટક – ૧**

**આદિજાતિ ક્ષેત્રમાં આરોગ્યની સગવડો**

| S.N. | Infrastructure | Required | Existing | Gap |
|---|---|---|---|---|
| 1. | Sub Centers | ૨૫૦૦ | ૨૨૦૯ | ૨૯૧ |
| 2. | PHCs | ૩૭૫ | ૩૪૩ | ૩૨ |
| 3. | CHCs | ૯૩ | ૭૧ | ૨૨ |
| 4. | Nursing Staff and PHCs & CHCs | ૮૪૦ | ૮૧૮ | ૨૨ |
| 5. | Health Workers (Male) at sub Centers | ૨૨૦૯ | ૨૫૮૧ | – |
| 6. | Health Workers (F)/ANM at SC & PHCs | ૨૫૫૨ | ૩૧૮૦ | – |
| 7. | Sub District Hospital | – | ૮૦ | – |
| 8. | District Hospital | – | ૧૧ | – |

(National Health Mission - Report-2012)

ઉપરોક્ત કોષ્ટક જોતાં જણાય છે કે આદિવાસી વિસ્તારમાં ૨૫૦૦ સબ–સેન્ટરની સામે ૨૨૦૯ આરોગ્ય સબ–સેન્ટર છે. તો ૩૭૫ પીએચસી સેન્ટરની સામે ૩૪૩ પીએચસી સેન્ટર છે. નર્સિંગ સ્ટાફ પણ પૂરતો છે. ૯૩ સીએચસી સેન્ટરની સામે ૭૧ સીએચસી સેન્ટરો કામ કરે છે. સ્ત્રી અને પુરુષ આરોગ્ય કાર્યકરો વધુ છે જે ગામડામાં સીએસસી અને પીએચસી કેન્દ્રોમાં કામ કરે છે.

જિલ્લા હૉસ્પિટલો ૧૧ છે તો સબ–જિલ્લા હૉસ્પિટલો ૮૦ જેટલી કાર્યરત છે. આમ જોઈએ તો આરોગ્ય માળખું લગભગ જોઈએ તેટલું છે. તેમાં પણ પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના, મુખ્યમંત્રી મા વાત્સલ્ય યોજના અને મા અમૃતમ કાર્ડ થકી હવે આદિવાસીઓ કોઈ પણ સરકારી કે ખાનગી હૉસ્પિટલમાં જાય તો આરોગ્ય કાર્ડ ધરાવતા હોવાથી તેમને નિઃશુલ્ક સારવાર મળે છે. અને મફત ઑપરેશન પણ થાય છે. દવાના પૈસા આપવા પડતા નથી કે હૉસ્પિટલ આવવા જવાના પૈસા પણ તેમને રોકડા મળી જાય છે. આમ આરોગ્ય સુવિધાઓ મેળવવી સરળ બની ગઈ છે.

આમ આરોગ્યની આદિવાસીઓમાં અમુક સુવિધાઓ વધી છે તો આરોગ્ય સંલગ્ન અન્ય કેટલીક સુવિધાઓ નીચે જણાવેલ કોષ્ટકમાં દર્શાવી છે.

## આદિજાતિ વિસ્તારની આરોગ્ય સુવિધાઓ

ગુજરાતમાં DLHS–2, DLHS–3 અને NF-HS–3નાં તારણો

ગુજરાતમાં DLHS–2 અને DLHS–3ના અભ્યાસોમાં જોવા મળ્યું કે અનુસૂચિત જનજાતિની સગર્ભા મહિલાઓમાં પાંડુરોગ(ફિક્કાશ)નું પ્રમાણ ઘટ્યું હતું. (કોષ્ટક–૨) અને તેમના પરિવારોમાં વીજળી જોડાણના પ્રમાણમાં વધારો થયો હતો (કોષ્ટક–૩) જો કે પીવાનું પાણી નળમાંથી કે હેડપંપમાંથી કે પાતાળકૂવા(બોરવેલ)માંથી મેળવવાની સુવિધા બાબતે અનુસૂચિત જનજાતિઓ માટે આવું કહી શકાય તેવું નથી. (કોષ્ટક–૪), વળી, સ્વચ્છતાની બાબતમાં સ્થિતિમાં કોઈ સુધારો થયેલો જોઈ શકાતો નથી. ૮૦ ટકા કરતાં વધારે પરિવારો પાસે શૌચાલયની સુવિધા નથી અને તેઓ જાજરૂ જવા માટે ખુલ્લાં ખેતરોનો ઉપયોગ કરે છે. (કોષ્ટક–૫) ૮૫ ટકા કરતાં વધારે પરિવારો માટે બળતણનું લાકડું જ રસોઈ કરવાના કામમાં મુખ્ય સ્રોત તરીકે રહેલું છે.

### કોષ્ટક–૨

### અનુસૂચિત જનજાતિની સગર્ભા મહિલાઓમાં પાંડુરોગ (ફિક્કાશ) Anemia

| પાંડુરોગનું પ્રમાણ | DLHS–2 (૧૫-૪૪ વર્ષ) | DLHS–3 (૧૫-૪૯ વર્ષ) |
|---|---|---|
| નજીવું | ૨૭.૭ | ૪૬.૫ |
| સામાન્ય | ૬૨.૩ | ૨૪.૪ |
| ગંભીર | ૯.૯ | ૩.૩ |
| નોંધાયેલું નથી/ બિલકુલ નહીં | ૦.૦ | ૨૫.૮ |
| કુલ ઉત્તરદાતાઓ | ૧૬૦ | |

(સ્રોત : અનામી (૨૦૧૪:૭)

### કોષ્ટક–૩

### ઘરનો પ્રકાર અને વીજળી

| ઘરનો પ્રકાર અને વીજળીનું જોડાણ | DLHS–2 | DLHS–3 |
|---|---|---|
| કાચાં મકાન/ઝૂપડાં | ૬૬.૦ | ૬૪.૭ |
| અર્ધા પાકાં મકાન | ૧૬.૯ | ૨૩.૭ |
| પાકાં મકાન | ૧૭.૦૦ | ૧૧.૫ |
| વીજળીનું જોડાણ | ૬૪.૦ | ૬૯.૫ |
| કુલ પરિવારોની સંખ્યા | ૪૪૧૭ | ૬૩૮૬ |

(સ્રોત : અનામી (૨૦૧૪:૭)

## કોષ્ટક-૪

## પીવાના પાણીનો સ્રોત

| પીવાના પાણીનો સ્રોત | DLHS-2 | DLHS-3 |
|---|---|---|
| ઘરમાં નળ | ૧૩.૭ | ૧૩.૭ |
| જાહેર નળ | ૧૦.૦૦ | ૮.૦૦ |
| હેન્ડપંપ/બોરકૂવો | ૫૪.૪ | ૫૧.૦૦ |
| સુરક્ષિત કૂવો | ૦.૮ | ૭.૧ |
| અસુરક્ષિત કૂવો | ૧૭.૨ | ૧૫.૧ |
| નદી/તળાવ/ઝરો/ કૅનાલ/સિંચાઈ નહેર | ૨.૪ | ૨.૯ |
| ઝરણાં | ૦.૪ | ૧.૧ |
| અન્ય | ૧.૦ | ૦.૯ |
| પરિવારોની કુલ સંખ્યા | ૪૪૧૭ | ૬૩૮૬ |

(સ્રોત : અનામી (૨૦૧૪:૭)

## કોષ્ટક-૫

## શૌચાલય સુવિધાનો પ્રકાર

| શૌચાલય સુવિધા | DLHS-2 | DLHS-3 |
|---|---|---|
| પોતાનું જ ફ્લશ શૌચાલય | ૧૧.૮ | ૧૪.૮ |
| પોતાનું જ ખાડા જાજરૂ | ૨.૮ | 3.3 |
| જાહેર શૌચાલય | 3.3 | ૦.૨ |
| શૌચાલયનો અભાવ | ૮૩.૧ | ૮૧.૭ |
| કુલ પરિવારોની સંખ્યા | ૪૪૧૭ | ૬૩૮૬ |

(સ્રોત : અનામી (૨૦૧૪:૭)

અનુસૂચિત જનજાતિની મહિલાને જ્યારે પણ બાળકનો જન્મ થાય તે તેની ફળદ્રુપતાનો નિર્દેશ કહેવાય. DLHS-2 અને DLHS-3ના અભ્યાસોએ સમર્થન કર્યા મુજબ, રાજ્યમાં સરેરાશ મહિલા ૨.૬ બાળકોને જન્મ આપે છે તે કરતાં કંઈક ઊંચા પ્રમાણમાં અનુસૂચિત જનજાતિની મહિલા સરેરાશ ૨.૯ બાળકોને જન્મ આપે છે. સાથે સાથે, NFHS-3ની મોજણીમાં બહાર આવેલ તારણ મુજબ રાજ્યમાં સરેરાશ શિશુ મૃત્યુદરનું પ્રમાણ ૪૯ છે તેની માટે અનુસૂચિત જનજાતિઓમાં શિશુ મૃત્યુદર ૮૬ છે.

અનુસૂચિત જનજાતિઓમાં પ્રસૂતિ પૂર્વેની સેવાઓમાં સુધારો થયો નથી. હૉસ્પિટલોમાં પ્રસૂતિ કરાવનારની સંખ્યામાં નજીવો સુધારો થયો જોવા મળે છે. અગત્યનો મુદ્દો એ નોંધવાનો છે કે આ સમયગાળામાં હૉસ્પિટલમાં પ્રસૂતિ કરાવવાની જરૂરિયાત સમજાઈ છે અને તે સમજદારની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે. તે જ રીતે, અનુસૂચિત જનજાતિઓમાં, બાળકના જન્મ પછી તરતના બે કલાકમાં જ તેને સ્તનપાન કરાવવાના કિસ્સાઓમાં પણ વધારો નોંધાયો છે. અનુસૂચિત જનજાતિના લોકોને ઝાડાના રોગની તેમ જ ન્યુમોનિયાનાં ભયજનક લક્ષણોની પણ જાણકારી હતી. તે જ રીતે ઝાડાના રોગોમાં સારવાર તરીકે ORS દ્રાવણ વિશેની પણ તેમને જાણકારી આપી હતી.

અનુસૂચિત જનજાતિઓ અને બિનઅનુસૂચિત જનજાતિઓમાં કુટુંબ નિયોજન વિશેની જાણકારી સારા પ્રમાણમાં હતી. અનુસૂચિત જનજાતિઓ અને બિનઅનુસૂચિત જનજાતિઓ બંનેમાં કુટુંબ નિયોજન માટેની ઓછામાં ઓછી એક પદ્ધતિની જાણકારી તો હતી જ. તેમ છતાં બે બાળકો વચ્ચે સમયગાળો રાખવા બાબતની આધુનિક જાણકારી પ્રમાણમાં ઓછી હતી. સમય જતાં, કુટુંબ નિયોજન માટેની આધુનિક પદ્ધતિઓ વિશેની જાણકારી વધવા પામી હતી; તેમ છતાં અનુસૂચિત જનજાતિઓ અને બિનઅનુસૂચિત જનજાતિઓમાં પણ કુટુંબ નિયોજન માટેની સેવાઓ મેળવવા માટેની સુગમ્યતા ઓછી જણાઈ હતી. એચઆઈવી/એઇડ્સ વિશેની જાણકારી એક ચતુર્થાંશ જેટલી અનુસૂચિત જનજાતિની મહિલાઓને પણ ન હતી.

એકંદરે, અનુસૂચિત જનજાતિ અને બિન–અનુસૂચિત જનજાતિઓમાં આરોગ્યવિષયક વર્તનમાં ભાગ્યે જ થોડો તફાવત જોવા મળ્યો હતો.

**મહિલાનાં દર્દો :**

બાળકોની સંભાળની બધી જ વ્યવસ્થા હોવા છતાં આદિવાસી સ્ત્રીઓનાં દર્દોમાં મુખ્યત્વે એનીમિયા, પાંડુરોગ, સિકલ સેલ, રક્તસ્રાવ, ખસ, ચામડીના રોગો તથા ગાયનેકને લગતા રોગો વધુ થાય છે. આ રોગો થવાનાં કારણોમાં પૌષ્ટિક આહારનો અભાવ, સ્વચ્છતાનો આભાવ, આરોગ્ય શિક્ષણનો અભાવ, બેદરકારી, વધુ બાળકોનો જન્મ તથા નાની વયે બાળકોના જન્મ, બે પ્રસૂતિ વચ્ચેનો ટૂંકો ગાળો વગેરે ગણાવી શકાય. અમુક આદિવાસી સમુદાયોમાં બહુપત્નીત્વની પ્રથા હોવાથી તેમ જ તેઓ ગરીબ હોવાથી ઘણી વાર લાચારીથી શારીરિક રીતે લલચાતા રહે છે. જેના કારણે ચામડીના ચેપી રોગો ને એઇડ્સની શક્યતા વિશેષ રહે છે. વળી આરોગ્ય કેન્દ્રોમાં HIV એઇડ્સના ચેપની સામે રક્ષણ માટેના વૅક્સિન કે સારવાર માટેની અસરકારક દવાઓ ઉપલબ્ધ હોતી નથી.

આથી આ બધા રોગો સામે રક્ષણ મેળવવા દરેક ગામમાં એક ગ્રામીણ આરોગ્ય માર્ગદર્શક હોવો જોઈએ. પંચાયતી રાજ સંસ્થાઓને ઊંટવૈદ્યો સામે પગલાં ભરવા સત્તા આપવી જોઈએ. બધાં જ આરોગ્ય પેટાકેન્દ્રોમાં પેશાબ, આલ્બુમિન, શર્કરા વગેરેની તપાસ થઈ શકે તેવી લૅબોરેટરી હોવી જોઈએ. આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ માટે રહેણાકની સુવિધા હોય તો ગમે ત્યારે ઝડપથી ઉપયોગમાં આવી શકે. પ્રસૂતા મહિલા અને ધાત્રી માતાઓને આરોગ્ય કાર્યકરો દ્વારા ક્ષાર અને વિટામિન નિયમિત વહેંચવા જોઈએ. આરોગ્ય કેન્દ્રોમાં સર્પદંશ કે હડકવાની રસી જથ્થામાં હોવી જોઈએ. તો કેન્દ્રોમાં દવાઓની જાળવણી માટે ડીપ ફ્રીઝર, રેફ્રિજરેટર અને તબીબી કચરાના નિકાલ માટેનાં મોટાં સાધનો ઉપલબ્ધ કરાવવાં જોઈએ. મોબાઇલ દવાખાનાની સેવા ઉપલબ્ધ કરાવવી જોઈએ. પીવાના પાણીમાં નિયમિત ક્લોરિન નાંખવું અને શુદ્ધીકરણની પ્રક્રિયા થાય તે જરૂરી છે. વળી જ્યાં જે કેન્દ્રોમાં ઍલૉપેથી ડૉક્ટરો ન હોય ત્યાં આયુર્વેદિક ડૉક્ટરો કે હોમિયોપેથી ડૉક્ટરોને નિમણૂક આપવી જોઈએ. દરેક ગામમાં કુષ્ઠ નિવારણ દવા અને રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, બિનસરકારી સંગઠનો અને આરોગ્ય રક્ષકને સાંકળવાં જોઈએ. દવાનો જથ્થો પૂરતો રાખવો જરૂરી છે. ગ્રામ આરોગ્ય માર્ગદર્શક, દાયણ, આંગણવાડી કાર્યકર જેવા ગ્રામ કક્ષાએ કાર્ય કરતા અર્ધતબીબી કર્મચારીઓ પંચાયતી રાજ સંસ્થા હેઠળ મૂકવા જોઈએ. બાળકો માટે પોષણ કાર્યક્રમો ચાલુ કરવા જોઈએ. બાળકોનું નિયમિત રસીકરણ થાય છે કે નહીં, તે આરોગ્ય કાર્યકર મારફતે જોવડાવવું જોઈએ. આ અંગે સ્થાનિક કક્ષાએ જાગૃતિ લાવવા આરોગ્ય કાર્યકારોએ ઘરે ઘરે જઈ માહિતી આપવી જોઈએ.

બાળમરણ ઘટાડવાના ભાગરૂપે ગામેગામ તમામ દંપતીઓને તબક્કાવાર આરોગ્ય શિક્ષણ મળે તેવું ગોઠવવું જોઈએ. ખાસ કરીને બાળઉછેર અને બાળકોની સારવાર, સંભાળ વિષય પર વધુ ધ્યાન આપવું જોઈએ. બાળકો માટે આહાર યોગ્ય હોવો જરૂરી છે. પાણી ચોખ્ખું મળે અને પાણીજન્ય રોગો ન થાય તે માટે તેનું ક્લોરિનેશન થાય તે જરૂરી છે.

આ ઉપરાંત "દૂધ સંજીવની યોજના" અંતર્ગત પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળામાં ભણતાં ધો. ૧થી ૮ સુધીનાં બાળકોને પોષકતત્ત્વયુક્ત ફ્લેવર્સવાળું ૨૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે. તેમાંય આદિવાસી વિસ્તારનાં કુપોષિત બાળકોને

"દૂધ સંજીવની યોજના" હેઠળ દૂધ આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારના મોટા ભાગનાં કુટુંબો પાસે દૂધ પિવડાવવાનું દૂધ નથી હોતું. આથી આ રીતે મળતું દૂધ સંજીવની રૂપ બની જાય છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત રાજ્યના તમામ આદિજાતિ વિસ્તારના તમામ તાલુકાઓ અને ૨૨ વિકાસશીલ તાલુકાનાં બાળકોમાં પ્રવર્તતા કુપોષણના નિવારણ માટે આંગણવાડીનાં ૬ માસથી ૬ વર્ષનાં બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ ૧૦૦ મિ.લિ. પેસ્ચ્યુરાઇઝ્ડ ફ્લેવર્ડ ફોર્ટિફાઇડ દૂધ આપવામાં આવે છે તથા સગર્ભા માતા તેમ જ ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે દિવસ ૨૦૦ મિ.લિ. પેસ્ચ્યુરાઇઝ્ડ ફ્લેવર્ડ ફોર્ટિફાઇડ દૂધ આપવામાં આવે છે. તો આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત બાળકોને (૧) પૂરક પોષણ (૨) પૂર્વ પ્રાથમિક શિક્ષણ (૩) આરોગ્ય તપાસ (૪) પોષણ અને આરોગ્યવિષયક શિક્ષણ આપવામાં આવે છે. આઈ.સી.ડી.એસ. અંતર્ગત બાળકો, કિશોરીઓ અને સગર્ભા તથા ધાત્રી માતાઓનાં પોષણ, તંદુરસ્તી અને સ્વાસ્થ્ય માટે આંગણવાડી પરથી તેમને સૂક્ષ્મ પોષકતત્ત્વોયુક્ત રેડી ટુ ફૂક, ટેક હોમ રેશનનાં પેકેટ્સ આપવામાં આવે છે. આ પેકેટ્સમાં માનવીના તંદુરસ્તી શારીરિક વિકાસ માટે જરૂરી એવા પ્રોટીન, વિટામિન, આયર્ન, રાઇબોફ્લેવિન, કૅલ્શિયમ, થાઇમીન, નાયસિન અને ફોલિક ઍસિડ જેવાં ૮ સૂક્ષ્મ પોષકતત્ત્વોનો સમાવેશ થાય છે.

### દૂધ સંજીવની યોજનાઃ

દૂધ સંજીવની યોજના હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પણ આવરી લીધા છે. ૧થી ૪ ધોરણમાં ભણતા આદિવાસી વિદ્યાર્થીઓમાં ૮૫થી ૯૫ ટકા વિદ્યાર્થીઓને દૂધ ભાવતું હોય છે. બાળકોને વિવિધ ફ્લેવરવાળા દૂધની ફ્લેવર ૧૫ દિવસે કે અઠવાડિયે બદલાય તો વધુ ગમતું હોય છે. દૂધ પીવાથી બાળકોના ચહેરા પર અને આંખોમાં ચમક આવી જાય છે, વજનમાં વધારો થાય છે. રમતગમત અને અભ્યાસમાં મન પરોવાય છે અને માંદગી ઓછી થાય છે. આથી દૂધ સંજીવની યોજના અમૃત સમાન બની ગઈ છે.

આમ ભારત સરકારે શરૂ કરેલી પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના અને રાજ્ય સરકારની આરોગ્ય યોજનાઓમાં બાળસંભાળ, માતૃસંભાળ, કુપોષણ નિવારણના ઉપાયો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વધારો, પ્રાથમિક આરોગ્ય કાર્યકરો અને દાયણો તથા નર્સિંગની પૂરતી સેવા મળી રહે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વળી યોગ્ય રસીકરણ, સુવિધાયુક્ત આરોગ્ય કેન્દ્રો, દવાઓનો પૂરતો જથ્થો, આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાની ઉપલબ્ધિ, ડૉક્ટરોની નિમણૂક વગેરે પણ સરકાર જોતી રહે છે. ગુજરાત સરકારની નૅશનલ હેલ્થ મિશનની વેબસાઈટ પરથી મળેલી માહિતી પ્રમાણે (૧૫/૮/૨૦૧૮) ૧૪ આદિવાસી જિલ્લાઓમાં ૧૦ જિલ્લા હૉસ્પિટલ છે, ૧૩ સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલો છે, ૧૬૫ જેટલાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો છે, ૭૦૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને ૪૫૦૭ પેટા કેન્દ્રો છે. આ બધી વિગતો સાથે સંલગ્ન કોષ્ટકમાં છે.

## કોષ્ટક – ૬

## જિલ્લા આરોગ્ય કેન્દ્રો (તા. ૧૫-૦૮-૨૦૧૮ની સ્થિતિએ)

| અ.નં. | જિલ્લાનું નામ | ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સા. આ. કે. | પ્રા. આ. કે. | પેટા કેન્દ્રો |
|---|---|---|---|---|---|---|
| A | B | C | D | E | F | G |
| ૧. | અરવલ્લી (મોડાસા) | ૦ | ૧ | ૧૦ | ૩૭ | ૨૧૯ |
| ૨. | બનાસકાંઠા (પાલનપુર) | ૧ | ૩ | ૨૭ | ૧૨૧ | ૭૫૯ |
| ૩. | ભરૂચ | ૧ | ૦ | ૧૦ | ૪૧ | ૨૪૧ |
| ૪. | છોટાઉદેપુર | ૧ | ૦ | ૧૨ | ૫૦ | ૩૧૦ |
| ૫. | દાહોદ | ૧ | ૧ | ૨૧ | ૯૭ | ૬૩૭ |
| ૬. | ડાંગ | ૧ | ૦ | ૩ | ૧૦ | ૬૮ |
| ૭. | મહીસાગર (લુણાવાડા) | ૧ | ૧ | ૮ | ૩૫ | ૨૨૪ |
| ૮. | નર્મદા (રાજપીપળા) | ૧ | ૧ | ૪ | ૨૭ | ૧૭૪ |
| ૯. | નવસારી | ૧ | ૨ | ૧૨ | ૪૫ | ૨૯૬ |
| ૧૦. | પંચમહાલ (ગોધરા) | ૧ | ૦ | ૧૩ | ૫૦ | ૩૦૦ |
| ૧૧. | સાબરકાંઠા (હિંમતનગર) | ૦ | ૧ | ૧૩ | ૪૮ | ૨૮૧ |
| ૧૨. | સુરત | ૦ | ૧ | ૧૪ | ૫૭ | ૩૯૪ |
| ૧૩. | તાપી (વ્યારા) | ૧ | ૦ | ૮ | ૩૮ | ૨૪૧ |
| ૧૪. | વલસાડ | ૦ | ૨ | ૧૦ | ૫૧ | ૩૬૩ |
| | **રાજ્યનું કુલ** | **૨૩** | **૩૬** | **૩૬૩** | **૧૪૭૪** | **૯૨૩૧** |

(Source: National Health Mission)

## કોષ્ટક – ૭

## જિલ્લા અને તાલુકાવાર આરોગ્ય કેન્દ્રો (તા.૧૫-૦૮-૧૮ની સ્થિતિએ)

| અ.નં. | જિલ્લાનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અરવલ્લી (મોડાસા) | ૧. | ભિલોડા | – | ૧ | ૨ | ૧૦ |
| | | ૨. | મેઘરજ | – | – | ૨ | ૮ |
| | | | **કુલ** | **૦** | **૧** | **૪** | **૧૮** |
| ૨. | બનાસકાંઠા (પાલનપુર) | ૧. | અમીરગઢ | – | – | ૨ | ૭ |
| | | ૨. | દાંતા | – | ૧ | ૨ | ૧૦ |
| | | | **કુલ** | **૦** | **૧** | **૪** | **૧૭** |

| અ.નં. | જિલ્લાનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | ભરૂચ | ૧. | ઝઘડિયા | – | – | ૨ | ૮ |
| | | ૨. | નેત્રંગ | – | – | ૧ | ૫ |
| | | ૩. | વાલિયા | – | – | ૧ | ૪ |
| | | | **કુલ** | **૧** | **૦** | **૪** | **૧૭** |
| ૪. | છોટાઉદેપુર | ૧. | છોટાઉદેપુર | ૧ | – | ૨ | ૧૧ |
| | | ૨. | જેતપુર-પાવી | – | – | ૨ | ૧૦ |
| | | ૩. | ક્વાંટ | – | – | ૩ | ૧૦ |
| | | ૪. | નસવાડી | – | – | ૨ | ૭ |
| | | | **કુલ** | **૧** | **૦** | **૯** | **૩૮** |
| ૫. | દાહોદ | ૧. | દાહોદ | ૧ | – | ૩ | ૧૮ |
| | | ૨. | દેવગઢબારિયા | – | ૧ | ૨ | ૧૧ |
| | | ૩. | ધાનપુર | – | – | ૨ | ૯ |
| | | ૪. | ફતેપુરા | – | – | ૩ | ૧૨ |
| | | ૫. | ગરબાડા | – | – | ૨ | ૧૦ |
| | | ૬. | ઝાલોદ | – | – | ૪ | ૧૮ |
| | | ૭. | લીમખેડા | – | – | ૩ | ૭ |
| | | ૮. | સિંગવડ | – | – | ૧ | ૮ |
| | | ૯. | સંજેલી | | | ૧ | ૪ |
| | | | **કુલ** | **૧** | **૧** | **૨૧** | **૯૭** |
| ૬. | ડાંગ | ૧. | આહવા | ૧ | – | ૧ | ૪ |
| | | ૨. | સુબીર | – | – | ૧ | ૩ |
| | | ૩. | વઘઈ | – | – | ૧ | ૩ |
| | | | **કુલ** | **૧** | **૦** | **૩** | **૧૦** |
| ૭. | મહીસાગર (લુણાવાડા) | ૧. | કડાણા | – | – | ૨ | ૬ |
| | | ૨. | સંતરામપુર | – | ૧ | ૨ | ૧૨ |
| | | | **કુલ** | **–** | **૧** | **૪** | **૧૮** |
| ૮. | નર્મદા (રાજપીપળા) | ૧. | ડેડિયાપાડા | – | ૧ | ૧ | ૮ |
| | | ૨. | ગરુડેશ્વર | – | – | ૧ | ૪ |
| | | ૩. | નાંદોદ | ૧ | – | ૦ | ૭ |
| | | ૪. | સાગબારા | – | – | ૧ | ૫ |
| | | ૫. | તિલકવાડા | – | – | ૧ | ૩ |
| | | | **કુલ** | **૧** | **૧** | **૪** | **૨૭** |
| ૯. | નવસારી | ૧. | બાંસદા | – | ૧ | ૨ | ૧૧ |
| | | ૨. | ચીખલી | – | – | ૩ | ૧૨ |
| | | ૩. | ગણદેવી | – | ૧ | ૨ | ૬ |
| | | ૪. | ખેરગામ | – | – | ૧ | ૩ |
| | | | **કુલ** | **–** | **૨** | **૮** | **૩૨** |

| અ.નં. | જિલ્લાનું નામ | અ.નં. | તાલુકાનું નામ | ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સબ–ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦. | પંચમહાલ (ગોધરા) | ૧. | ઘોઘંબા | – | – | ૩ | ૧૧ |
| | | ૨. | હાલોલ | – | – | ૧ | ૬ |
| | | ૩. | જાંબુઘોડા | – | – | ૧ | ૨ |
| | | ૪. | કાલોલ | – | – | ૨ | ૬ |
| | | ૬. | મોરવા–હડફ | – | – | ૨ | ૬ |
| | | ૭. | શહેરા | – | – | ૨ | ૯ |
| | | | **કુલ** | **-** | **-** | **૧૧** | **૪૦** |
| ૧૧. | સાબરકાંઠા | ૧. | ખેડબ્રહ્મા | – | ૧ | ૧ | ૭ |
| | | ૨. | પોશીના | – | – | ૨ | ૭ |
| | | ૩. | વિજયનગર | – | – | ૧ | ૫ |
| | | | **કુલ** | **૦** | **૧** | **૪** | **૧૯** |
| ૧૨. | સુરત | ૧. | બારડોલી | – | – | ૨ | ૭ |
| | | ૨. | ચોર્યાશી | – | – | ૧ | ૫ |
| | | ૩. | કામરેજ | – | – | ૨ | ૬ |
| | | ૪. | મહુવા | – | – | ૨ | ૭ |
| | | ૫. | માંડવી | – | ૧ | ૧ | ૯ |
| | | ૬. | માંગરોળ | – | – | ૨ | ૮ |
| | | ૭. | ઓલપાડ | – | – | ૨ | ૭ |
| | | ૮. | પલસાણા | – | – | ૧ | ૪ |
| | | ૯. | ઉમરપાડા | – | – | ૧ | ૪ |
| | | | **કુલ** | **-** | **-** | **૧૪** | **૫૭** |
| ૧૩. | તાપી (વ્યારા) | ૧. | ડોલવણ | – | – | ૧ | ૫ |
| | | ૨. | કુકરમુંડા | – | – | ૧ | ૩ |
| | | ૩. | નિઝર | – | – | ૧ | ૩ |
| | | ૪. | સોનગઢ | – | – | ૨ | ૧૦ |
| | | ૫. | ઉચ્છલ | – | – | ૧ | ૪ |
| | | ૬. | વાલોડ | – | – | ૧ | ૫ |
| | | ૭. | વ્યારા | ૧ | – | ૧ | ૮ |
| | | | **કુલ** | **૧** | **-** | **૮** | **૩૮** |
| ૧૪. | વલસાડ | ૧. | ધરમપુર | – | ૧ | ૧ | ૯ |
| | | ૨. | કપરાડા | – | – | ૩ | ૧૨ |
| | | ૩. | પારડી | – | – | ૨ | ૭ |
| | | ૪. | ઉમરગામ | – | – | ૨ | ૯ |
| | | | **કુલ** | **૦** | **૧** | **૮** | **૩૭** |

(Source: National Health Mission)

## કોષ્ટક – ૮

### રાજ્યમાં જિલ્લાવાર એમ.એચ.યુ./એમ.એમ.યુ.ની વિગત (તા. ૩૧/૩/૨૦૧૭ની સ્થિતિએ)

| અ. નં. | જિલ્લો | મોબાઇલ હેલ્થ યુનિટની સંખ્યા | મોબાઇલ મેડિકલ યુનિટની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | અરવલ્લી (મોડાસા) | ૨ | ૧ | ૩ |
| ૨. | બનાસકાંઠા (પાલનપુર) | ૫ | ૪ | ૯ |
| ૩. | ભરૂચ | ૪ | ૨ | ૬ |
| ૪. | છોટાઉદેપુર | ૪ | ૨ | ૬ |
| ૫. | દાહોદ | ૩ | ૩ | ૬ |
| ૬. | ડાંગ | ૧ | ૧ | ૨ |
| ૭. | મહીસાગર (લુણાવાડા) | ૧ | ૧ | ૨ |
| ૮. | નર્મદા (રાજપીપળા) | ૧ | ૨ | ૩ |
| ૯. | નવસારી | ૮ | ૦ | ૮ |
| ૧૦. | પંચમહાલ (ગોધરા) | ૩ | ૨ | ૫ |
| ૧૧. | સાબરકાંઠા (હિંમતનગર) | ૪ | ૩ | ૭ |
| ૧૨. | સુરત | ૫ | ૩ | ૮ |
| ૧૩. | તાપી (વ્યારા) | ૩ | ૧ | ૪ |
| ૧૪. | વલસાડ | ૧૧ | ૦ | ૧૧ |
| | કુલ | ૫૫ | ૨૫ | ૮૦ |

(Source: National Health Mission)

તો સાથે રાજ્યના ૧૪ આદિવાસી જિલ્લામાં ૫૫ મોબાઇલ હેલ્થ યુનિટ છે તથા મોબાઇલ મેડિકલ યુનિટની સંખ્યા ૨૫ જેટલી છે. રાષ્ટ્રીય આરોગ્ય ગ્રામ્ય મિશનના આંકડા મુજબ ૩૧મી માર્ચ ૨૦૧૫ની તારીખે ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં ૨૭૭૫ સબ–સેન્ટર, ૩૮૨ પી.એચ.સી. અને ૭૦ સી.એચ.સી. સેન્ટર છે. તો ગુજરાતમાં ૧૪૭૯ સબ–સેન્ટરોનાં સરકારી મકાનો છે, જ્યારે ૧૭૦ સબ–સેન્ટરો પંચાયત કે સોસાયટીનાં મકાનોમાં ચાલે છે. ૨૧૪ સેન્ટરો બની રહ્યાં છે. જ્યારે હજુ ૧૦૮૨ સબ–સેન્ટરોનાં મકાનો બનવાનાં છે. વાત કરીએ સી.એચ.સી. સેન્ટરની, તો ૩૮૨ કાર્યરત સેન્ટરોમાંથી ૨૯૩ પી.એચ.સી. સેન્ટર સરકારી મકાનોમાં છે. ૨ કેન્દ્રો ખાનગી મકાનમાં બેસે છે અને ૮૭ જેટલાં પંચાયતનાં બિલ્ડિંગો છે. ૩૧ મકાનો બની રહ્યાં છે, છતાં ૫૮ મકાનો બાંધવાનાં બાકી છે. આ જ રીતે સી.એચ.સી. કેન્દ્રોની વાત કરીએ તો કાર્યરત ૭૦ સી.એચ.સી. કેન્દ્રોમાંથી ૫૬ સરકારી મકાનો છે. એક ભાડાનું મકાન છે. ૧૩ પંચાયતનાં મકાનો છે, જ્યારે ૭ બિલ્ડિંગ બની રહ્યાં છે અને ૭ બાંધવાની જરૂર છે.

હાલમાં ગુજરાતમાં ૨૭૧ ડૉક્ટરો પી.એચ.સી. સેન્ટરોમાં કામ કરી રહ્યા છે, પરંતુ ૬૭૯ જરૂરી પોસ્ટની સામે ૪૦૮ ડૉક્ટરોની જગ્યા ખાલી છે. સી.એચ.સી. સેન્ટરમાં ૭૦ સર્જનોની જરૂરિયાત સામે સમગ્ર ગુજરાતમાં માત્ર બે જ સર્જનો કામ કરી રહ્યા છે. મહિલાઓના ગાયનેક ડૉક્ટરોની આદિવાસી ૧૪ જિલ્લાઓમાં ૭૦ જગ્યાઓની જરૂરિયાત છે તેની સામે હાલમાં માત્ર એક જ જગ્યાએ ગાયનેક ડૉક્ટર કામ કરે છે. ૬૯ જગ્યાઓ ખાલી છે. સી.એચ.સી. સેન્ટરમાં ૭૦ ફિઝિશિયનની જરૂરિયાત સામે માત્ર ૭ ફિઝિશિયન કામ કરે છે. બાળકોના ડૉક્ટરોની (પીડિયાટ્રિશિયન) આદિવાસી વિસ્તારમાં ૭૦ જગ્યાએ જરૂરિયાત છે. તેમાંથી ક્યાંય પીડિયાટ્રિશિયન કામ કરતા નથી. કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં કુલ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો ૨૮૦ હોવા

જોઈએ, તેની સામે હાલમાં ૧૦ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર કામ કરે છે. કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં આદિવાસી વિસ્તારમાં ૭૦ રેડિયોગ્રાફરની જગ્યાએ ૨૧ રેડિયોગ્રાફર કામ કરી રહ્યા છે, તો પી.એચ.સી. અને સી. એચ.સી. કેન્દ્રોમાં દવા આપનાર ફાર્માસિસ્ટની ૪૫૨ પોસ્ટની સામે ૧૨૨ ફાર્માસિસ્ટ કામ કરી રહ્યા છે. આમ હજી ૩૧૩ જગ્યાઓ ખાલી છે.

તો ગુજરાતના આદિવાસી વિસ્તારનાં પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરોમાં ૪૫૨ લેબ ટેક્નિશિયનની જરૂરિયાત સામે માત્ર ૮૨ લેબ ટૅક્નિશિયનો કામ કરે છે, જ્યારે ૩૭૦ પોસ્ટ ખાલી છે. આમ રાષ્ટ્રીય હેલ્થ રૂરલ મિશનના (૩૧મી માર્ચ, ૨૦૧૫) અહેવાલ પ્રમાણે આરોગ્યના દરેક ક્ષેત્રે ડૉક્ટરોથી માંડી ટેક્નિશિયન સુધીના નિષ્ણાતોની ખામીને લીધે તથા પૂરતી દવાઓનો જથ્થો ન હોવાને કારણે આદિવાસીઓની આરોગ્યની સ્થિતિમાં જે ઝડપી સુધારો થવો જોઈએ, તે થતો નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આદિવાસીઓના આરોગ્ય પ્રત્યે હજુ વધુ ધ્યાન આપવાની જરૂર છે.

## કોષ્ટક – ૯

### NUMBER OF SUB CENTERS, PHCS & CHCS IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Tribal Population in Rural Areas | Sub Centers | | | PHCs | | | CHCs | | |
| | | | R | P | S | R | P | S | R | P | S |
| 1. | Gujarat | 8021848 | 2673 | 2775 | – | 401 | 382 | 19 | 100 | 70 | 30 |

## કોષ્ટક – ૧૦

### BUILDING POSITION FOR SUB CENTERS IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Tribal Number of Sub Centers Functioning | Sub Centers Functioning in | | | Building Under Construction | Buildings Required to be Constructed |
| | | | Govt. Buildings | Rented Buildings | Rent Free Panchayat/ Vol. Society Buildings | | |
| 1. | Gujarat | 2775 | 1479 | 170 | 1126 | 214 | 1082 |

## કોષ્ટક – ૧૧

### BUILDING POSITION FOR PHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Tribal Number of PHCs Functioning | PHCs Functioning in | | | Building Under Construction | Buildings required to be Constructed |
| | | | Govt. Buildings | Rented Buildings | Rent Free Panchayat/ Vol. Society Buildings | | |
| 1. | Gujarat | 382 | 293 | 2 | 87 | 31 | 58 |

## કોષ્ટક – ૧૨

### BUILDING POSITION FOR CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Tribal Number of CHCs | CHCs Functioning in | | | Building Under Construction | Buildings Required to be Constructed |
| | | | Govt. Buildings Functioning | Rented Buildings | Rent Free Panchayat/ Vol. Society Buildings | | |
| 1. | Gujarat | 70 | 56 | 1 | 13 | 7 | 7 |

## કોષ્ટક – ૧૩

### HEALTH WORKER(F)/ANM AT SUB CENTER – IN RURAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required | Sanctioned | In Position | Vacant | Shortfall |
| 1. | Gujarat | 2775 | | 3607 | 3180 | 427 |

## કોષ્ટક – ૧૪

### HEALTH WORKER (F)/ANM AT SUB CENTER & PHC – IN RURAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required | Sanctioned | In Position | Vacant | Shortfall |
| 1. | Gujarat | 3157 | 3607 | 3180 | 427 | |

## કોષ્ટક – ૧૫

### HEALTH WORKER (M) AT SUB CENTER – IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 2775 | 3607 | 2944 | 663 | – |

## કોષ્ટક – ૧૬

### HEALTH ASSISTANTS (FEMALE)/LHV AT PHCs – IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 382 | 330 | 331 | – | 51 |

## કોષ્ટક - ૧૭

### HEALTH ASSISTANTS (MALE) AT PHCs – IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 382 | 330 | 331 | 99 | 151 |

## કોષ્ટક - ૧૮

### DOCTORS AT PHCs – IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 382 | 679 | 271 | 408 | 111 |

## કોષ્ટક - ૧૯

### SURGEON AT CHCs – IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 70 | 2 | 2 | 0 | 68 |

## કોષ્ટક - ૨૦

### OBSTETRICIANS & GYNAECOLOGISTS AT CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 70 | 5 | 1 | 0 | 0 |

## કોષ્ટક - ૨૧

### PHYSICIANS AT CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 70 | NA | 7 | NA | 63 |

## કોષ્ટક - ૨૨

### PEDIATRICIAN AT COMMUNITY HEALTH CENTERS IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 70 | 5 | 0 | 5 | 70 |

## કોષ્ટક – ૨૩

### TOTAL SPECIALIST AT COMMUNITY HEALTH CENTERS IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P)0q |
| 1. | Gujarat | 280 | NA | 10 | NA | 270 |

## કોષ્ટક – ૨૪

### RADIOGRAPHER AT COMMUNITY HEALTH CENTERS IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P) |
| 1. | Gujarat | 70 | 71 | 21 | 50 | 49 |

## કોષ્ટક – ૨૫

### PHARMACISTS AT PHCs & CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P) |
| 1. | Gujarat | 452 | 435 | 122 | 313 | 330 |

## કોષ્ટક – ૨૬

### LAB TECHNICIANS AT PHCs & CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P) |
| 1. | Gujarat | 452 | 142 | 82 | 60 | 370 |

## કોષ્ટક – ૨૭

### NURSING STAFF AT PHCs & CHCs IN TRIBAL AREAS

| S.N. | State/UT | (As on 31st March, 2015) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Required (R) | Sanctioned (S) | In Position (P) | Vacant (S–P) | Shortfall (R–P) |
| 1. | Gujarat | 872 | 1703 | 1474 | 229 | – |

* * *

## સંદર્ભ-સાહિત્ય

1. Lancy Lobo & Jayesh Shah, Forests and Tribal Livelihood – Changing Behaviors and Attitudes by Concept Publishing Co. Pvt. Ltd. New Delhi – Year 2017
2. Vidyut Joshi & Chandrakant Upadhyay, Tribal Situation in India, By Rawat Publication, Jaipur, New Delhi, Year 2017.
3. Sharma, A. K., The National Rural Health Mission, Critic in Sociological Bulletin.
4. Upadhyay, Chandrakant and Pancholi, Ravindra, The Primitive, Tribal Group of Gujarat ... Survey, Ahmedabad. Tribal Research & Training Institute, Gujarat Vidyapith, Ahmedabad.
5. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂ. વિ., અમદાવાદ–૧૪, દૂધ સંજીવની યોજના, મૂલ્યાંકન અભ્યાસ – ૨૦૧૪

# ૧૧. ગુજરાતનાં આદિવાસી આંદોલનો



**પ્રસ્તાવના:**

આદિવાસીઓ પરંપરાગત રીતે સ્વતંત્ર જીવન જીવતા હતા. જળ, જમીન અને જંગલનો મનમાની રીતે ભોગવટો કરતા હતા. પરંતુ મોગલો અને બ્રિટિશરોના શાસનકાળ દરમિયાન તેમના સ્વાતંત્ર્ય પર જોખમ તોળાયું. આદિવાસીઓ જ્યાં વસતા હતા તે ઘનઘોર જંગલો વનસંપદા અને ખનિજ સંપત્તિથી સમૃદ્ધ હતાં. અંગ્રેજો આ સમૃદ્ધિ ભણી આકર્ષાયા. તેમણે આદિવાસી ક્ષેત્રોમાં પગપેસારો કર્યો. રાજનૈતિક પ્રભુત્વ જમાવી દીધું. આદિવાસી પ્રદેશોમાં સરળતાથી અવરજવર થઈ શકે તે માટે સંચાર વ્યવસ્થા શરૂ કરી. પરિણામે વેપારીઓ, શાહુકારો અને ઠેકેદારોએ આદિવાસી વિસ્તારમાં પગ મૂક્યો, પગદંડો જમાવ્યો. આદિવાસી જીવનમાં હસ્તક્ષેપ થયો. ઘૂસણખોરોએ આદિવાસીઓનાં ભોળપણ, અજ્ઞાનતા અને નિરક્ષરતાનો લાભ ઉઠાવીને તેમનું શોષણ શરૂ કર્યું. અન્યાય અને અત્યાચાર કર્યા. તેમના વન અધિકાર છીનવી લીધા. જમીન પડાવી લીધી. દેવાદાર – વેઠિયા બનાવી દીધા. આદિવાસીઓ પોતાની જ જમીન પર માલિક મટીને મજૂર થઈ ગયા. (Mathur, 2004, 171) આદિવાસીઓ લાંબા સમય સુધી અત્યાચાર સહન કરતા રહ્યા,પરંતુ એક દિવસ તેમની સહનશક્તિનો અંત આવ્યો. તેમનું ધૈર્ય ખૂટી ગયું. તેઓ અન્યાયનો પ્રતિકાર કરવા કટિબદ્ધ થયા. પોતાની આગવી અસ્મિતા જાળવવા અને પોતાના પર થતા અત્યાચારનો જવાબ આપવા આદિવાસી પ્રજાએ આંદોલનો કર્યાં. વિદ્રોહ કર્યા.

ભારતનાં તમામ આદિવાસી આંદોલનો દેશમાં પ્રવર્તતી વિશિષ્ટ સામાજિક-સાંસ્કૃતિક અને રાજનૈતિક પરિસ્થિતિઓનું પરિણામ હતાં. ઑસ્ટ્રેલિયા, અમેરિકા અને આફ્રિકા જેવાં રાષ્ટ્રોમાં મોટા ભાગનાં આદિવાસી આંદોલનો વિદેશી સત્તા તથા તેમના પ્રશાસકીય હસ્તક્ષેપના વિરોધમાં થયાં હતાં. વિદેશમાં થયેલાં આદિવાસી આંદોલનો અને ભારતમાં થયેલાં આદિવાસી આંદોલનોને એક ત્રાજવે તોળી શકાય નહીં. સંસારનાં અન્ય તમામ ક્ષેત્રોમાં મોટા ભાગનાં આદિવાસી આંદોલનો સામંતવાદના પરિણામ સ્વરૂપ હતાં. જ્યારે ભારતમાં માત્ર વિદેશી હસ્તક્ષેપને કારણે આદિવાસી આંદોલનો થયાં નથી. અનેક ઠેકાણે દેશનાં જ અન્ય તત્ત્વોના વ્યવહાર તથા તેમના દ્વારા થતા આર્થિક શોષણના વિરોધમાં આદિવાસીઓએ પ્રતિક્રિયા કરી. આંદોલનો કર્યાં. (Mathur, 2004,171) જો કે સમાજસુધારા, વ્યસનમુક્તિ અને કુરિવાજોની નાબૂદી માટે સકારાત્મક આંદોલનો પણ આદિવાસીઓએ કર્યાં છે.

## આદિવાસી આંદોલનોના ચાર તબક્કાઓ:

આદિવાસી આંદોલનોને આર. બી. લાલે (લાલ,૧૯૮૯,૮૭૦) આ ત્રણ તબક્કામાં વિભાજિત કર્યા છે :

### (૧) પ્રથમ તબક્કો: (ઈ.સ. ૧૭૬૫થી ૧૮૬૦) :

આ આંદોલનો બ્રિટિશ સામ્રાજ્યના વિસ્તરણ દરમિયાન થયાં હતાં. પ્રથમ તબક્કાના આરંભિક સમયમાં આદિવાસી આંદોલનોનું નેતૃત્વ પરંપરાગત મુખિયાઓએ કર્યું હતું. નવી વસાહતી વ્યવસ્થાના પગલે આ મુખિયાઓ પોતાની સંપત્તિથી વંચિત થઈ ગયા હતા. આદિવાસીઓએ આ ઘૂસણખોરોનો અને તેમણે ઠોકી બેસાડેલી

નીતિઓનો જબરદસ્ત વિરોધ કર્યો હતો. સ્થાનિક વહીવટીતંત્ર, નવા જમીનદારો અને સરકારી કર્મચારીઓ સામે તેમણે પ્રકટપણે અવાજ ઉઠાવ્યો હતો. આ ગાળામાં ગુજરાતમાં ૧૭૯૩માં અન્યાય અને ઉપેક્ષાથી ત્રસ્ત થયેલા ભીલોએ ઉમેદ વસાવાના નેતૃત્વમાં વિદ્રોહ કર્યો હતો. એ જ રીતે ૧૮૫૭માં રૂપસિંહ નાયકના નેતૃત્વમાં નાયકોએ અંગ્રેજો સામે આંદોલન કર્યું હતું.

આમ, પ્રથમ તબક્કાનાં આદિવાસી આંદોલનો અંગ્રેજ પગપેસારા, આર્થિક શોષણના વિરોધમાં તથા જમીન અને જંગલના અધિકારોના મુદ્દે થયાં હતાં.

### (૨) બીજો તબક્કો (ઈ.સ. ૧૮૬૦થી ઈ.સ. ૧૯૨૦) :

જમીન તથા જંગલો સાથે સંકળાયેલી સમસ્યાઓ અને સામાજિક સુધારણા માટેની આદિવાસીઓની ઝંખનામાંથી બીજા તબક્કાનાં આંદોલનોનો ઉદ્ભવ થયો. અંગ્રેજોએ આદિવાસીઓના વન અધિકારો પર તરાપ મારી હતી. પરિણામે આદિવાસીઓનો અસંતોષ વધતો જતો હતો. ૧૮૬૪માં વન યોજના બની. તેને લીધે આદિવાસીઓના વન સંબંધી તમામ હક્કો ચાલ્યા ગયા. ગોચર અથવા બિનલાયક એવી બધી જ જમીન સરકારી છે, એવો કાયદો પહેલી વાર લાદવામાં આવ્યો. જંગલ પર આ મુજબનો સંપૂર્ણ હક ક્યારેય કોઈ દ્વારા લાદવામાં આવ્યો નહોતો. અલબત્ત, માત્ર ઈંધણ માટે અને તે પણ મર્યાદિત માત્રામાં જ ઝાડ કાપી શકાય અન્યથા નહીં, એવી નાનીમોટી છૂટછાટ આપવામાં આવી. આમ, આ હક્કો સાવ મર્યાદિત રહ્યા. અનેક લોકોના સંપૂર્ણ અધિકાર છીનવાઈ ગયા. ૧૮૭૫નાં જંગલ કાનૂને આદિવાસીઓને વન સંપદા અને વન સંસાધનોથી વંચિત કરી દીધા. એથી આદિવાસીઓનો અજંપો અને આક્રોશ વધતા ગયા. એક બાજુ તેમણે હિંસક પદ્ધતિ અપનાવીને વસાહતી શાસનનો વિરોધ કરવાનું શરૂ કર્યું અને બીજી બાજુ પોતાના સમાજના ઉદ્ધાર માટે સામાજિક-ધાર્મિક કે પુનરુત્થાન ચળવળો આરંભી. આ બીજા તબક્કાની ચળવળો ખેતીની જમીનના મુદ્દે થયેલી, અંગ્રેજ વિરોધી, સ્વતંત્રતા માટેની ધાર્મિક તથા રાજકીય સ્વરૂપનું મિશ્રણ હતી.

આ સમયગાળામાં ૧૮૬૮માં સામાજિક-ધાર્મિક સુધારણા માટેની જોરિયા ભગત ચળવળ થઈ હતી. ૧૯૦૫માં અમરસિંહ ગામીતના નેતૃત્વમાં શરાબવિરોધી ચળવળ થઈ. ૧૯૧૨માં ભીલોનો વિદ્રોહ અને ૧૯૧૩માં ઘરેણાં વિરોધી ચળવળ ઉપરાંત ગોવિંદગુરુનું આંદોલન અને માનગઢ હત્યાકાંડ થયો હતો.

### (૩) ત્રીજો તબક્કો(ઈ.સ. ૧૯૨૦થી ઈ.સ. ૧૯૪૭) :

આદિવાસી આંદોલનોના ત્રીજા તબક્કામાં નાના પાયા ઉપર જૂની ચળવળો ચાલુ રહેવા છતાં રાજકીય તથા ધર્મનિરપેક્ષ સ્વરૂપની નવી ચળવળોનો ઉદય થયો. વીસમી સદીના ત્રીજા દાયકામાં ઘણા આદિવાસી વિસ્તારોમાં ગાંધીવાદી ચળવળના પ્રભાવથી આદિવાસીઓએ શરૂ કરેલી સામાજિક સુધારણાની ચળવળોને જરૂરી ઉત્તેજન મળ્યું. આદિવાસી જૂથોમાં ગાંધીજીના અનુયાયીઓ ઊભા થયા. ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલતા આઝાદીના આંદોલનમાં આદિવાસી ચળવળ ભળી ગઈ હતી. તેનાથી તેમનામાં અગાઉ ગુમાવેલા રાજ્ય તથા કૃષિવિષયક અધિકારો પાછા મેળવવાની આશા જાગી.

આ તબક્કાના સમયખંડમાં ગુજરાતમાં મોતીલાલ તેજાવતની આગેવાની હેઠળના ૧૯૨૨માં થયેલા એકી આંદોલનનો સમાવેશ થાય છે. આ આંદોલન દરમિયાન દ્રઢવાવ હત્યાકાંડ થયો હતો. ૧૯૨૨માં જ સામાજિક સુધારા માટેનું

દેવી આંદોલન અને વેડછી આંદોલન થયું હતું. વિશેષ નોંધવા જેવી બાબત એ હતી કે આ આંદોલનો ગાંધીવાદી વિચારસરણીથી પ્રભાવિત હતાં. ૧૯૨૫માં ગુજરાતમાં સામાજિક-ધાર્મિક સુધારણા માટેની ચળવળ થઈ. ૧૯૩૮માં સતીપતિ અને હળપતિ ચળવળ થઈ. આ ત્રીજા તબક્કાનાં આંદોલનો સ્વતંત્રતા માટે, ગાંધીવાદી વિચારધારાથી પ્રભાવિત તથા આર્થિક શોષણના વિરોધમાં અને અધિકારો માટે થયાં હતાં.

### (૪) ચોથો તબક્કો (સ્વતંત્રતા પછી)

ચોથા તબક્કામાં ઈ.સ. ૧૯૪૭ પછીનાં આંદોલનોનો સમાવેશ કરી શકાય. સ્વતંત્રતા પહેલાં થયેલાં આંદોલનોની સરખામણીમાં સ્વતંત્રતા પછીનાં આંદોલનોનું સ્વરૂપ ઘણું જુદું છે. સ્વતંત્રતા પછી આદિવાસીઓ પોતાના અધિકારો પ્રત્યે જાગ્રત બની ગયા છે. તેઓ અલગ અને સ્વાયત્ત રાજ્યની માંગણી કરી રહ્યા છે. આ માંગણીને પગલે જ નાગાલૅન્ડ, ઝારખંડ અને મિઝોરમની રચના થઈ છે. આ સિવાય આદિવાસીઓ વિકાસ પણ ઝંખે છે. વિકાસની નીતિથી આદિવાસી સંતુષ્ટ નથી. આદિવાસીઓને પોતાનું તંત્ર, પોતાનું રાજ અને પોતાની સત્તા જોઈએ છે. સાથે જ શિક્ષણ, વ્યસનમુક્તિ અને અન્ય સામાજિક-ધાર્મિક સુધારણા માટે પણ આદિવાસીઓએ આંદોલનો કર્યાં. આઝાદી પછી આદિવાસીઓએ પોતાની ઓળખ અને અસ્તિત્વ જાળવવા આંદોલનો કર્યાં.

આ ગાળામાં ગુજરાતમાં જમીનના મુદ્દે ૧૯૫૨માં પારડી અન્નાખેડ સત્યાગ્રહ થયો. ૧૯૬૯માં રતનસિંહ ગામીતે આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળનો આરંભ કર્યો. ૧૯૮૦માં નર્મદા આંદોલનનો આરંભ થયો. ૧૯૯૨માં પુનરુત્થાન અને ઇતિહાસ પુનર્લેખન માટેની આદિવાસી ચળવળ શરૂ થઈ. ૨00૩માં વન અધિકારો માટેનું આંદોલન થયું.

## આદિવાસી આંદોલનોનું વર્ગીકરણ:

સ્વતંત્રતા પહેલાં અને સ્વતંત્રતા પછી વિવિધ કારણસર થયેલાં આદિવાસી આંદોલનોનું આ વર્ગીકરણ લખનારે (દોશી,૨૦૧૧,૧૯૮-૨૨૫) સાત ભાગમાં કર્યું છે :

### (૧) આર્થિક શોષણથી પ્રેરિત આંદોલન :

ભારતમાં આદિવાસીઓનું આર્થિક શોષણ એક મુખ્ય સમસ્યા છે. આર્થિક શોષણના વિરોધમાં આદિવાસીઓએ અનેક આંદોલનો કર્યાં છે. મોટા ભાગે ત્રણ પ્રકારનાં તત્ત્વોએ આદિવાસીઓની દયનીય અવસ્થા તથા સરકારી કાનૂન વિશેના તેમના અજ્ઞાનનો લાભ ઉઠાવીને તેમનું આર્થિક શોષણ કર્યું. એક તો અંગ્રેજ સરકાર દ્વારા નિયુક્ત અને માન્યતા પ્રાપ્ત જમીનદારો અથવા મતાદારોનો વર્ગ હતો. તેમને ખેતી કરવાનો અને વન સંપત્તિનો ઉપયોગ કરવા માટે આદિવાસીઓ પાસેથી કરવસૂલીનો અધિકાર આપવામાં આવ્યો હતો. અંગ્રેજોએ વન સંપત્તિનો આર્થિક ઉપયોગ કરવા કઠોર નિયમ બનાવ્યા. વનને સુરક્ષિત ક્ષેત્ર જાહેર કર્યું. આદિવાસીઓના વન સંપત્તિના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો. આદિવાસી અર્થવ્યવસ્થા મૂળભૂત રીતે વન પર જ નિર્ભર હતી. આ પ્રતિબંધોને પગલે તેમના માટે વિકટ આર્થિક સમસ્યા ખડી થઈ. જમીનદારોએ મનસ્વીપણે કર વસૂલવાનું શરૂ કર્યું. જો આદિવાસી કર ન ભરી શકે તો તેમના પર અત્યાચાર કરવા લાગ્યા. તેમની જમીન હડપ કરવા માંડ્યા. વેઠપ્રથા શરૂ કરી.

આદિવાસીઓનું આર્થિક શોષણ કરનારો બીજો વર્ગ હિંદુ ખેડૂતોનો હતો. વ્યાજખોર મહાજનો અને શાહુકારોએ આદિવાસીઓની ગરીબી અને અજ્ઞાનતાનો ભરપૂર લાભ ઉઠાવ્યો. તેઓ આદિવાસીઓને ઊંચા દરે કરજ આપતા. પછી બનાવટી કાગળો પર તેમના અંગૂઠાની છાપ લઈને તેમને તેમની જ જમીનમાંથી બેદખલ કરવા લાગ્યા. તેમણે ધીમે ધીમે આદિવાસીઓની જમીન ઓળવી લીધી. સરકારી કર્મચારીઓ આદિવાસીઓનું

આર્થિક શોષણ કરતો ત્રીજો વર્ગ હતો. તેઓ ખોટા સરકારી આદેશો, પોલીસ અને જેલની બીક બતાડીને આદિવાસીઓને ઠગતા. મારપીટ કરતા.

આમ ત્રણ પ્રકારનાં બાહ્ય તત્ત્વ આદિવાસીઓના આર્થિક શોષણના કેન્દ્રબિંદુ હતાં. પરિણામે આદિવાસીઓની દુર્દશા થઈ. તેમનો અસંતોષ એટલો વધી ગયો કે આંદોલન કર્યા સિવાય કોઈ વિકલ્પ તેમની પાસે રહ્યો જ નહીં. ૧૯૪૫માં ઉમરગામના વારલી આદિવાસીઓએ જમીનદારોની ગુલામી અને શોષણમાંથી મુક્ત થવા વિદ્રોહ કર્યો હતો તેને આ શ્રેણીમાં મૂકી શકાય. વારલી મુક્તિ ચળવળ તરીકે જાણીતા થયેલા આ આંદોલનમાં વેઠપ્રથામાં ફસાયેલા વારલીઓ કિસાન સભાના સહકારને કારણે શોષણથી મુક્ત થઈ શક્યા હતા.

**(૨) સંસ્કૃતીકરણ કે સામાજિક-આર્થિક સુધારા માટેનાં આંદોલનો :**

ભારતના આદિવાસીઓમાં સામાજિક-ધાર્મિક સુધારા માટે અનેક આંદોલનો થયાં છે. આ આંદોલનો દ્વારા આદિવાસીઓની સંસ્કૃતીકરણની પ્રક્રિયા પણ થઈ હતી. એથી એ સંસ્કૃતીકરણ માટેનાં આંદોલનો તરીકે પણ ઓળખાય છે. આ આંદોલનોની વિશેષતા એ હતી કે તેમાં એક જ સમયે પુનરુત્થાન અને સંસ્કૃતીકરણની પ્રક્રિયા થઈ હતી. તેના નેતાઓ આદિવાસીઓનો વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે પોતે અલૌકિક શક્તિ ધરાવવાનો દાવો કરતા હતા. આ આંદોલનોની પૃષ્ઠભૂમિમાં અસંતોષનાં મૂળ કારણ સાંસ્કૃતિક અને આર્થિક જ હતાં,પરંતુ આંદોલનોનો આરંભ ધાર્મિક આધારે જ થયો હતો. તેના આગેવાનો આદિવાસીઓને આકર્ષિત કરવા માટે જે કરવું પડે એ બધું જ કરતા હતા. પોતાને આદિવાસીઓના કલ્યાણ માટેના અવતાર અથવા મસીહા ઘોષિત કરતા હતા. એથી જ આવાં આંદોલનો મસીહી આંદોલનો તરીકે પણ જાણીતાં છે.

૧૮૬૮ની જોરિયા ભગત ચળવળ,૧૯૦૫ની અમરસિંહ ગામીતની મદ્યપાન વિરોધી ચળવળ, ૧૯૨૨ની દેવી ચળવળ, વેડછી ચળવળ અને ૧૯૩૮ની સતીપતિ ચળવળને આ શ્રેણીમાં મૂકી શકાય.

**(૩) સ્વતંત્રતા આંદોલન:**

આદિવાસીઓ સ્વભાવે સ્વતંત્ર પ્રકૃતિના હોય છે. ભારતમાં અંગ્રેજ રાજની સ્થાપના પહેલાં આદિવાસીઓના એકાંત અને નિર્જન વિસ્તારોમાં રાજનૈતિક હસ્તક્ષેપ નહિવત્ હતો. પરંતુ અંગ્રેજોએ તમામ ક્ષેત્રોમાં વર્ચસ્વ જમાવવાનું શરૂ કર્યું. આદિવાસીઓએ પોતાની પરંપરાગત સ્વતંત્રતામાં બ્રિટિશરોની દખલગીરી સહન ન કરી. જોરશોરથી વિરોધ કર્યો. સ્વતંત્રતા પહેલાં કેટલાક અપવાદ સિવાય તમામ આદિવાસી આંદોલનો બ્રિટિશકાળમાં થયાં હતાં તેનું આ જ કારણ છે. આ આંદોલનો આઝાદી આંદોલનો તરીકે પણ ઓળખાયાં.

૧૮૫૮માં રૂપસિંહ અને કેવળ નાયકના નેતૃત્વમાં બ્રિટિશરો વિરુદ્ધનું બંડ અને મોતીલાલ તેજાવતની આગેવાનીમાં થયેલું એકી આંદોલન આ શ્રેણીમાં આવે છે.

**(૪) સ્વતંત્ર અને સ્વાયત્ત રાજ માટેનાં આંદોલન :**

આદિવાસીઓ મૂળભૂત રીતે સ્વતંત્ર જીવન જીવવાને ટેવાયેલા હતા. બ્રિટિશ શાસકો અને ધૂસણખોરોએ આદિવાસીઓની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કર્યો ત્યારે તેઓ અકળાયા. અન્યાય અને અત્યાચારના વિરોધમાં તેમણે વિદ્રોહ કર્યો. સ્વતંત્રતા પહેલાં અને સ્વતંત્રતા પછી પણ આદિવાસીઓની સ્થિતિમાં ઝાઝો ફરક પડ્યો નહોતો. એટલે આદિવાસીઓએ વારંવાર સ્વતંત્ર અને સ્વાયત્ત રાજની માંગણી સાથે આંદોલનો કર્યાં હતાં.

૧૯૧૩ના અરસામાં ગુજરાતમાં ગોવિંદગુરુ ભીલરાજની સ્થાપના કરવા માંગતા હતા.૧૯૬૯માં રતનસિંહ ગામીતે અલગ રાજ્યની માંગણી કરી હતી. ૧૯૮૦ના દાયકામાં સોમજી ડામોરે અલગ

ભીલીસ્તાનની માંગણી કરી હતી. ૧૯૯૫માં છોટુભાઈ વસાવાએ આદિવાસી સ્વાયત્ત રાજ ચળવળ શરૂ કરી. તેઓ આદિવાસી વિસ્તારોમાં સ્વાયત્તતા તથા સ્વશાસનની વ્યવસ્થા દાખલ કરવાના હિમાયતી છે.

**(૫) ગાંધીવાદી વિચારસરણી પર આધારિત આંદોલનો :**

આઝાદી પહેલાં અને આઝાદી પછી આદિવાસીઓએ ગાંધી વિચારધારાના પ્રભાવ હેઠળ કેટલાંક આંદોલનો કર્યાં હતાં. આ આંદોલનોમાં સત્ય, અહિંસા અને અસહકારના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

એકી આંદોલન, દેવી આંદોલન અને વેડછી આંદોલનનો સમાવેશ આ શ્રેણીમાં કરી શકાય.

**(૬) ભાષા અને સંસ્કૃતિની જાળવણી માટેનાં આંદોલનો :**

ભારતના આદિવાસીઓએ પોતાની ભાષા અને સંસ્કૃતિની રક્ષા માટે પણ આંદોલનો કર્યાં છે. ગુજરાતમાં ૧૯૯૨માં આદિવાસી એકતા પરિષદના છત્ર હેઠળ આ ચળવળ શરૂ થઈ.આદિવાસી સંસ્કૃતિનું પુનરુત્થાન અને આદિવાસી ઇતિહાસનું પુનર્લેખન એ આદિવાસી એકતા પરિષદની મુખ્ય કાર્યસૂચિ છે.

**(૭) જમીન અને જંગલના અધિકારોના મુદ્દે થયેલાં આંદોલનો:**

આદિવાસીઓ પરંપરાગત રીતે ઘનઘોર જંગલો અને ડુંગરાળ પ્રદેશોમાં વસતા હતા. ખેતી અને વન્ય પેદાશો પર નભતા હતા. પરંતુ અંગ્રેજો અને સ્થાનિક લોકોની લાલસાનો આદિવાસીઓ ભોગ બન્યા. આ બહારના લોકોએ આદિવાસીઓને જમીન તથા જંગલના અધિકારોથી વંચિત કરી દીધા. અંગ્રેજોએ જમીન મુદ્દે જે નવી વહીવટી પદ્ધતિ દાખલ કરી, તેના કારણે આદિવાસીઓના પરંપરાગત અધિકારો પર તરાપ આવી. વનોનું વ્યાપારીકરણ થવાને પગલે આદિવાસીઓ જમીનમાલિકો મટીને ગણોતિયા બની ગયા. બળતામાં ઘી હોમવા આદિવાસીઓ પર જમીન–મહેસૂલ ઉપરાંત જાતભાતના કરવેરા ઠોકી બેસાડવામાં આવ્યા.પરિણામે જમીન તથા જંગલના હક્કો ગુમાવી બેઠેલા આદિવાસીઓએ આંદોલનો કર્યાં.

ગુજરાતમાં ૧૯૫૨માં થયેલો પારડી અન્નખેડ સત્યાગ્રહ, ૨૦૦૩માં થયેલું વન અધિકાર આંદોલન આ શ્રેણીમાં આવે છે.

## ગુજરાતનાં આદિવાસી આંદોલનો:

ગુજરાતનાં આદિવાસીઓએ સ્વતંત્રતા પહેલાં અને સ્વતંત્રતા પછી અનેક આંદોલનો કર્યાં હતાં. સ્વતંત્રતા પહેલાંનાં આંદોલનો મુખ્યત્વે અંગ્રેજવિરોધી, અત્યાચાર અને શોષણવિરોધી તથા સામાજિક-ધાર્મિક સુધારા માટેનાં હતાં. સ્વતંત્રતા પછી સામાજિક જાગૃતિ, સુધારાવાદી, જળ, જમીન અને જંગલના અધિકારો, પર્યાવરણની જાળવણી, પુનઃવસન, આદિવાસી વારસાની જાળવણી, આદિવાસી સ્વાયત્ત રાજ અને સત્તામાં ભાગીદારીના મુદ્દે આદિવાસી આંદોલનો થયાં હતાં. ગુજરાતનું પ્રથમ આદિવાસી આંદોલન ૧૫૩૫માં થયું હતું. ૧૮૩૫ સુધી ચાલેલું આ આંદોલન ખંભાત-મહેમદાવાદમાં કોળીઓનાં તોફાનો માટે જાણીતું થયું હતું. દરમિયાન,૧૭૯૩માં ભીલ નાયક ઉમેદ વસાવાએ વિદ્રોહ કર્યો ત્યારથી માંડીને ૨૦૦૮માં વન અધિકાર માટે વિજયનગરમાં આંદોલન થયું, ત્યાં સુધી આદિવાસીઓ વિવિધ માંગણીને લઈને વિદ્રોહ કરતા રહ્યા.

### આદિવાસી આંદોલનોની તારીખ અને તવારીખ:

**(૧) ભીલ અને કોળીઓનાં તોફાનો (ઈ.સ. ૧૫૩૫થી ઈ.સ. ૧૮૩૫) :**

૧૬મી સદીના આરંભમાં લડાયક કોમોએ રજપૂતાનામાંથી ગુજરાતમાં પ્રવેશ કર્યો. તેઓ

ટોળાંના સ્વરૂપમાં આવતા અને ગામડાં તથા કસબાઓમાં લૂંટફાટ ચલાવતા. ૧૫૩૫માં મુઘલ બાદશાહ હુમાયુએ ખંભાતમાં મુકામ કરેલો ત્યારે કોળીની આ ટોળકીઓએ તેમના પર હુમલા કર્યા હતા. શાહજહાંના સમયમાં સૂબા તરીકે આઝમખાંએ ૧૬૧૬ના અરસામાં ભીલ અને કોળીઓનાં તોફાનો શમાવ્યાં હતાં. ૧૯મી સદીના મધ્યકાળ સુધી કાનૂન અને વ્યવસ્થા જાળવવાના સરકારી પ્રયત્નોને પરિણામે ઘણા કોળીઓ આ પ્રદેશના સ્થાયી વસાહતીઓ બની ગયા. છતાં કેટલાક લોકોની લૂંટફાટની મૂળ પ્રવૃત્તિઓ ચાલતી રહી. પરિણામે ૧૮૭૧માં બ્રિટિશ સરકારે તેમના પર ક્રિમિનલ ટ્રાઇબ્સ ઍક્ટ લાગુ કર્યો. અનેક સુધારાવધારા સાથે આ કાયદો ઑગસ્ટ ૧૯૪૯ સુધી અમલમાં રહ્યો હતો. (પટેલ,૨૦૦૦,૨૧)

### (૨) પ્રથમ ભીલ વિદ્રોહ (ઈ.સ. ૧૭૯૩) :

ગુજરાતનો પ્રથમ ભીલ વિદ્રોહ ૧૮મી સદીમાં થયો હતો. ભીલોની અવગણના અને રાજાઓના ગેરવહીવટને લીધે ૧૭૮૦થી ૧૮૦૦ દરમિયાન પરિસ્થિતિ વણસી હતી. પરિણામે ભીલોએ સંખ્યાબંધ વિદ્રોહ કર્યા હતા. આ પૈકીનો એક વિદ્રોહ રાજપીપળાના સાગબારાના ભીલ નાયક ઉમેદ વસાવાનો પણ હતો. રાજપીપળાના કુંવર અજાબસિંહના ગેરવહીવટના વિરોધમાં ૧૭૯૩માં વિદ્રોહ થયો હતો. એ વખતે બ્રિટિશ સરકારના પોલિટિકલ એજન્ટ વિલોબીએ ભીલોને ખેતીની જમીન અને સાધનો ખરીદવા માટે લોન અપાવી. ઉપરાંત જંગલ પેદાશનો ઉપયોગ કરવાનો હક્ક આપ્યો. આમ ભીલોનો અસંતોષ ઠારીને વિલોબીએ રાજપીપળામાં કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં. (પટેલ,૨૦૦૦,૨૦)

### (3) ડાંગી ભીલોની આઝાદીની લડાઈ (ઈ.સ. ૧૮૧૮) :

અઢારમી સદીના અંત ભાગમાં મુઘલ સત્તા તૂટી પડી. મરાઠાઓ વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગયા. એથી ભીલો અને વનમાં વસતા અન્ય લોકોને લૂંટ ચલાવવાની સુવિધા ઊભી થઈ. આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા લેફ્ટનન્ટ આઉટ્રમે ૧૮૨૫માં ખાનદેશમાં ભીલ પલટણ સ્થાપી. જંગલની સંરક્ષણાત્મક કિલ્લેબંધી અને પોતાના બાહુબળથી ડાંગના ભીલ રાજાઓએ પોતાની સ્વતંત્રતા જાળવી રાખી હતી. ડાંગી રાજાઓ સ્વતંત્ર મિજાજના હોવાથી ૧૮૧૮થી ૧૯૦૨ સુધી આજુબાજુના વિસ્તારો સાથે યુદ્ધે ચડ્યા હતા. બ્રિટિશરોની દખલગીરીનો પણ સામનો કર્યો. જ્યારે બ્રિટિશરોએ ડાંગના જંગલના પટ્ટા મેળવ્યા ત્યારે આ યુદ્ધનો અંત આવ્યો. ૧૮૪૨માં ડાંગના રાજાઓ તરફથી જંગલના પટ્ટા બ્રિટિશ સરકારને અપાયા. તેને કારણે ડાંગના રાજાઓની સત્તા મર્યાદિત બની. ડાંગના રાજાઓએ અમુક મહેસૂલી હક્કો અને આદિવાસીઓના ઝઘડાનું સમાધાન કરવાના કેટલાક રૂઢિગત હક્કો પોતાની પાસે રાખ્યા હતા. આ વ્યવસ્થા ૧૯૩૩ સુધી ચાલતી રહી. (પટેલ,૨૦૦૦,૨૨)

### (૪) કોળી-નાયકાઓનો વિદ્રોહ (ઈ. સ. ૧૮૩૭):

૧૯મી સદીમાં નારુકોટમાં બારિયા કોળીનું શાસન હતું. રાજ્યમાં મુખ્યત્વે નાયકા અને કોળીઓની વસ્તી હતી. આ લોકોએ ૧૮૩૭માં ગાયકવાડના મૅનેજરની વિરુદ્ધમાં બંડ પોકાર્યું હતું. ૧૮૨૬માં નારુકોટ રેવા કાંઠા એજન્સીના પોલિટિકલ એજન્ટના અંકુશ હેઠળ આવ્યું. ગાયકવાડના અધિકારીને વાર્ષિક ખંડણી ઉઘરાવવાનો અધિકાર અપાયો. હોદ્દાની રૂએ મૅનેજરને રાજા કરતાં પણ વધુ સત્તા પ્રાપ્ત થઈ. આ સત્તાનો દુરુપયોગ કરીને ગાયકવાડના અધિકારીએ રાજ્યનો કારભાર સારી રીતે ન સંભાળતા હોવાના આરોપ હેઠળ રાજા જગતસિંહને સપરિવાર જેલમાં ધકેલી દીધો. ઉપરાંત મહેસૂલ ઉઘરાવવા લોકો સાથે ગેરવર્તન કર્યું. એથી રોષે ભરાયેલા નારુકોટના આદિવાસીઓએ આ ગેરવર્તણૂક સામે ૧૮૩૭માં વિદ્રોહ કર્યો. આ

વિદ્રોહ ડામી દેવા બ્રિટિશ લશ્કરની મદદ લેવામાં આવી. જગતસિંહ કંપની સરકારને શરણે ગયો. નારુકોટના સુશાસનની જવાબદારી અંગ્રેજોને સોંપી. બદલામાં પોતાની આવકની અરધોઅરધ રકમ મહેસૂલ પેટે કંપની સરકારને આપવાનું નક્કી કર્યું. (Gazeteer of India, Panchmahal District, 1972,145) આ સાથે વિદ્રોહનો અંત આવ્યો.

### (૫) કોળીઓનો વિદ્રોહ (ઈ.સ. ૧૮૫૭) :

લુણાવાડામાં મહી નદીને કાંઠે આવેલા ખાનપુરમાં મુખ્ય વસ્તી કોળીઓની હતી. તેઓ લુણાવાડાના રાજાના આદેશોનું પાલન કરતા નહોતા. તેઓ વિદ્રોહીઓને પડખે હતા. આથી બ્રિટિશ કૅપ્ટન બક્લેએ ખાનપુર પર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો. ૭ ડિસેમ્બર, ૧૮૫૭ની વહેલી સવારે બક્લેની સેનાએ ખાનપુરને ઘેરી લીધું. મુખિયા અને અન્ય નેતાઓને બંદી બનાવી લીધા. એથી પાડોશી ગામવાસીઓએ વિદ્રોહનો વાવટો ફરકાવ્યો. કોળીઓએ કોતરોમાંથી સેના પર હુમલો કર્યો. સેનાએ વળતો જવાબ આપ્યો. કેટલાક કોળીઓ ઠાર થયા. કેટલાક ઝાડીઓ અને કોતરોમાં છુપાઈ ગયા. આમ આ વિદ્રોહનો અંત આવ્યો. (Gazeteer of India, Panchmahal District, 1972,122)

### (૬) નાયકાઓનો વિદ્રોહ (ઈ.સ. ૧૮૫૮) :

ભીલની પેટાજાતિ એવા નાયકાઓ ૧૮૧૮માં બ્રિટિશ હકૂમત હેઠળ આવ્યા ત્યારે ક્રૂરતા માટે જાણીતા હતા.

લૂંટ અને ધાડ પાડવાનું આયોજન કરતા. સિંધી તથા મકરાણીની મદદ લેતા. ઢોરઢાંખરને પહાડોમાં હાંકી જઈ ગોંધી રાખતાં. ધારી રકમ મળતાં માલિકને પાછાં સોંપતાં. ૧૮૩૮માં તેઓ તરફથી લૂંટ-તોફાનો ભયાનક બનતાં તેમને સૈન્ય બળથી દબાવી દેવાયા હતા. પછી ૧૮૫૪માં તેઓ પરંપરાગત ઢબે જંગલના ઊંડાણમાં જઈ વસ્યા હતા. આ નાયકાઓમાં બ્રિટિશ શાસનને કારણે ભારોભાર અસંતોષ પ્રવર્તતો હતો. કારણ, બ્રિટિશરો નાયકાઓના શોષકોનું સમર્થન કરતા હતા. નાયકાઓના અસંતોષની ચિનગારીને આગમાં ફેરવવાનું કામ ગાયકવાડના સાળા ભાઉસાહેબ પવારે કર્યું હતું. એનું પરિણામ એ આવ્યું કે ઑક્ટોબર ૧૮૫૮માં સંખેડા(બહાદુરપુર)ના નાયકાઓએ રૂપા અને કેવળ નાયકના નેતૃત્વમાં બ્રિટિશરો વિરુદ્ધ બંડ પોકાર્યું. (Raghvaiah, 1972,186)

રૂપા એટલે રૂપસિંહ નાયક. નાયકાઓનો સરદાર. નાયકાઓ સામાજિક, આર્થિક રીતે પછાત, પણ ઉદ્દામવાદી માનસિકતા અને કાયદાહીન જીવનશૈલી તેમની વિશેષતા હતી. નાયકા કોમમાં ૧૮૧૫માં પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના ડાંડિયાપુરા ગામે રૂપસિંહનો જન્મ થયો.પિતા ગોબર નાયકની ગિરાસી વિવાદમાં હત્યા થઈ. રૂપસિંહ ભૂમિહીન ખેતમજૂર બન્યો. તેને થયેલા અન્યાયમાં સ્થાનિક સામંતશાહી પરિબળોને બ્રિટિશ સત્તાનું મજબૂત પીઠબળ હતું. તેથી નાયકાઓની સંગઠિત તાકાત વડે તે પોતાના રાજકીય અધિકારો માટે તથા આર્થિક શોષણ વિરુદ્ધ ઝઝૂમતો હતો. આદિવાસી લોકવાયકાઓમાં રૂપસિંહને નાયકોના રાજા તરીકે બિરદાવવામાં આવે છે.(વાઘેલા, ૨૦૦૮,૧૨)

રૂપસિંહ પોતાના અને શોષિત સમાજના અધિકારો માટે લડતો હતો. તેના સામાજિક બહારવટાનો ત્રણ દાયકાનો રોમાંચક ઇતિહાસ છે. આદિવાસીઓના જંગલના હક્કો, વારસાગત ગિરાસી અધિકાર પરત મેળવવા તથા આદિવાસી પરંપરાઓને આઘાત પહોંચાડતાં બ્રિટિશ પરિબળો સામે તેની જીવસટોસટની લડાઈ હતી. ૧૮૩૮માં તેણે સૌપ્રથમ વાર હથિયારો ઉઠાવી કાયદો અને વ્યવસ્થાને બાનમાં લીધાં હતાં. જાંબુઘોડાથી ગોધરા સુધીના વિસ્તારમાં આતંક મચાવી દીધો હતો. જો કે બ્રિટિશ અને દેશી રજવાડાંના સંયુક્ત લશ્કર સામે તે ઝાઝી ઝીંક ઝીલી શક્યો નહોતો.

૧૮૫૭ના વિપ્લવ દરમિયાન રૂપસિંહને ફરી અંગ્રેજો સામે બાથ ભીડવાની તક મળી. આ સ્વતંત્રતા સંગ્રામમાં તે આદિવાસી પ્રજાના પ્રતિનિધિ તરીકે બ્રિટિશ સલ્તનત સામે લડ્યો હતો. ઑક્ટોબર ૧૮૫૮માં રૂપસિંહ નાયક અને કેવળ નાયકની આગેવાનીમાં નાયકાઓએ બ્રિટિશરો સામે બંડ પોકાર્યું. નાયકાઓના વિદ્રોહથી કાંપતા બ્રિટિશ લશ્કર અને સ્થાનિક રજવાડાની સેનામાં જાંબુઘોડામાં ત્રાટકેલા રૂપસિંહને ઝબ્બે કરવાનું સાહસ નહોતું. ખમીરવંતા નાયકાઓ સામે લડવા કર્નલ વોલેસની નિમણૂક કરવામાં આવી. તેણે નાયકાઓને શરણે લાવવા સ્થાનિક લોકોને હથિયારોના પરવાના આપ્યા. નાયકાઓ છાપા મારતા. ગેરીલા પદ્ધતિથી લડતા. પાંચસો-હજારનાં જૂથમાં હુમલો કરી પળવારમાં જંગલમાં અદ્રશ્ય થઈ જતા.

રૂપસિંહ નાયક જેવો જોરાવર નેતા બ્રિટિશરોને પડકારી રહ્યો હતો. ગુજરાતમાં બ્રિટિશરોને આ રીતે કોઈએ પડકાર્યા નહોતા. બ્રિટિશ સત્તાની પ્રતિષ્ઠા દાવ પર લાગી. આખરી ઉપાય તરીકે કર્નલ વોલેસની નિયુક્તિ થઈ હતી. તેણે સામ, દામ, દંડ અને ભેદની નીતિ કામે લગાડી. પંચમહાલ ભીલ કોર્પ્સ જેવી મજબૂત અને જાણકાર સેનાની મદદથી નાયકાઓના વિદ્રોહનો અંત આણવામાં આવ્યો. રૂપસિંહ નાયકે સામાન્ય માફી સાથે હથિયારો હેઠાં મૂક્યાં.(વાઘેલા, ૨૦૦૭,૫૬) તેનો ભાઈ કેવળ નાયક પણ તેને અનુસર્યો. એ સાથે રૂપસિંહના વિદ્રોહ પર પૂર્ણવિરામ મુકાયું.

**(૭) જોરિયા ભગત ચળવળ ( ઈ.સ. ૧૮૬૮) :**

રૂપસિંહ નાયકના આત્મસમર્પણનાં દસ વર્ષ બાદ જોરિયા નાયક નામના નાયકાના સરદારે ૧૮૬૮માં ધાર્મિક અને નૈતિક ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા હતા, જે થોડા સમયમાં જ રાજકીય પરિવર્તનની પ્રવૃત્તિઓમાં પલટાયા હતા. તે લોકમાનસમાં આજે પણ જોરિયા પરમેશ્વર તરીકે જાણીતો છે. જોરિયા કાલિયા નાયક જાંબુઘોડાથી દોઢ માઈલના અંતરે આવેલા વડેક ગામનો વતની હતો. પ્રારંભિક જીવન ખેડૂત તરીકેનું હતું. નવેમ્બર ૧૮૬૭થી તેણે ધાર્મિક માણસ એટલે કે ભગત કે પ્રેરણાદાયી શક્તિ તરીકે જીવન જીવવાનું શરૂ કર્યું. તે પોતાને પરમેશ્વરનો અવતાર ગણાવતો. ચમત્કારિક શક્તિ ધરાવતો હોવાનો દાવો કરતો. પવિત્રતા અને નૈતિકતાનો દાવો કરતો. આધ્યાત્મિક દરબાર ભરતો. પોતાને સર્વેસર્વા ગણતો. (પટેલ,૨૦૦૦,૨૪)

નવેમ્બર ૧૮૬૭થી ભગત તરીકેનું જીવન જીવવાનું શરૂ કરનાર જોરિયાની આરંભિક પ્રવૃત્તિઓના પાયામાં ધાર્મિક અને નૈતિક ઉત્કર્ષની બાબતો કેન્દ્રસ્થાને હતી. ધર્મ અને નીતિમત્તાનો પ્રચાર કરવા તે નાયકાઓને ઉપદેશ આપતો કે, શુદ્ધ અને સદાચારી જીવન જીવો, ખૂનના ગુનાથી દૂર રહો, લૂંટફાટ ન કરો, આળસુ મટી પરિશ્રમ કરો, પ્રામાણિકતાથી વર્તો, અણહક્કનું લેવું નહીં, માંસાહારથી દૂર રહો, પશુઓને મારો નહીં અને ધરમરાજની સ્થાપનામાં મદદરૂપ થાવ.

જોરિયાએ પોતાની ચળવળનો આરંભ નાયકાઓમાં નૈતિકતા અને સદાચારનો પ્રચાર કરવા માટે જ કર્યો. તેના પ્રભાવી વ્યક્તિત્વના કારણે લોકો ચળવળમાં જોડાતા ગયા. હિન્દુ ધર્મશાસ્ત્રો અને ધાર્મિક વિધિઓનું તેને અદ્‌ભુત જ્ઞાન હતું. તેણે પોતાની જન્મભૂમિ વડેકમાં પોતાના વડપણ હેઠળ આધ્યાત્મિક અદાલતની સ્થાપના કરી હતી. પોતાના ધાર્મિક મતનો પ્રચાર કરવા તેણે અનુયાયીઓમાં જોદ્ધા, વજીર, કોટવાળ, હનુમાન, લક્ષ્મણજી અને ગોપીઓ જેવા હોદ્દાઓનો સમાવેશ કર્યો. જોરિયો તંબૂરો લઈને ઠેકઠેકાણે ફરતો. ગીતો ગાતો અને સદાચારી જીવન જીવવાનો બોધ આપતો.

રૂપસિંહ નાયક જાન્યુઆરી ૧૮૬૮થી આ જોરિયાનો શિષ્ય બન્યો. બંનેએ સાથે મળીને

નાયકી રાજ કે ધરમરાજ સ્થાપવાના ઉદ્દેશથી ૨ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી, ૧૮૬૮ દરમિયાન રાજગઢ, જાંબુઘોડા, છોટાઉદેપુર તથા જેતપુર જેવાં વહીવટી મથકો પર હિંસક હુમલાઓ કર્યા. આ દિવસો બ્રિટિશ સત્તા અને દેશી રજવાડા માટે પડકારરૂપ હતા. બ્રિટિશ સરકારે કૅપ્ટન બાર્ટનના નેતૃત્વમાં આરબ સેના, ગાયકવાડનું સહાયક લશ્કર અને ભીલ કોર્પ્સ સાથેની ફોજ જાંબુઘોડા રવાના કરી. ૧૬ ફેબ્રુઆરી, ૧૮૬૮ના રોજ બ્રિટિશ સેના સાથેના સંયુક્ત લશ્કરોએ વડેકને ઘેરો ઘાલીને જોરિયાના સ્વપ્નને રોળી નાખ્યું. ત્યાર બાદ અદાલતી કાર્યવાહી થઈ. જોરિયા, રૂપસિંહ અને તેમના સાથીદારોને કસૂરવાર ઠરાવવામાં આવ્યા. તેમને ફાંસીની સજા ફટકારવામાં આવી. અન્યોને જનમટીપ થઈ.(વાઘેલા,૨૦૦૯,૫૨)

જોરિયા ભગતની ચળવળ એ નાયકાઓના ઇતિહાસનું સોનેરી પૃષ્ઠ હતું. જો કે ૧૮૬૮ પછી નાયકાઓ કાયમ માટે ઇતિહાસની ગર્તામાં ધકેલાઈ ગયા એ પણ વાસ્તવિકતા હતી. આ ચળવળ નાયકાઓના ઇતિહાસની જ નહીં, આદિવાસી ચળવળોના ઇતિહાસનું પણ મહત્ત્વનું પ્રકરણ હતી. નાયકાઓમાં ધર્મપ્રચાર અને નીતિમત્તાના પ્રસારની સાથે જ વારસાઈ હક્ક તથા રાજકીય પરિવર્તનની બાબત પણ મહત્ત્વની હતી. તેમનો પ્રયત્ન દૂધના ઊભરાની જેમ શમી ગયો છતાં સમય અને સ્થળના પરિપ્રેક્ષ્યમાં આ ચળવળ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### (૮) ઘાટાનું ભગત આંદોલન (ઈ.સ. ૧૯૦૫) :

દક્ષિણ ગુજરાતના ભણેલા આદિવાસીઓએ ૧૯૦૫માં મદ્યપાન અને માંસાહાર વિરોધી ચળવળ ચલાવી હતી. વ્યારા તાલુકાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા ઘાટા ગામના અમરસિંહ ગામીતે ચળવળનું નેતૃત્વ કર્યું હતું. અમરસિંહે સોનગઢની નિવાસી શાળામાંથી અભ્યાસ પૂરો કર્યો, એ પછી વડોદરા સરકારે રેશમના ઉત્પાદન વિશે શીખવા માટે તેમને બહાર મોકલ્યા. થોડો સમય એ ધંધો કર્યા પછી સામાજિક સુધારણા માટે ૧૯૦૫માં વ્યવસાયને તિલાંજલિ આપી. અમરસિંહને ખાતરી હતી કે આદિવાસીઓના પછાતપણાનું મુખ્ય કારણ તેમનું પીવાનું અને માંસાહારનું હતું. ૧૯૦૫માં તેમણે અને ફત્તેહખાન પઠાણે આદિવાસીઓને પીવાનું છોડી દેવાનું સમજાવવા ઘાટામાં એક સભાનું આયોજન કર્યું. આ સભામાં ભણેલા આદિવાસી જાણે શરીરમાં દેવી આવ્યા છે તેવો દેખાવ કરી જે લોકો નહીં સુધરે (દારૂ-માંસ નહીં છોડે) તેમનું ધનોતપનોત જશે તેમ કહેતા. આદિવાસી ગામોમાંથી ચૌધરીઓ અને ગામીતોએ તેમાં હાજરી આપી. તેમને દારૂતાડી છોડવા માટે સમજાવવામાં આવ્યા. જે આદિવાસી પીતો જોવામાં આવે તેને ૨૫ રૂપિયાનો દંડ કરવો એવો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો.(હાર્ડિમન,૧૯૮૬,૧૨૩)

આરંભમાં આ ચળવળને ખાસ્સી સફળતા મળી. દારૂના વેપારીઓને દુકાને તાળાં મારવાનો સમય આવ્યો. વીસ દુકાન બંધ થઈ ગઈ. છતાં આ સફળતા લાંબી ન ટકી. ૧૯૦૫માં જ પાક બરાબર થયો નહીં, તેથી મોટા ભાગના કિસ્સાઓમાં કાં ભૂખે મરો કાં તાડી પીઓ તેવો ઘાટ થયો. ૧૯૦૬ની હોળી સુધીમાં દારૂતાડીની વપરાશ પહેલાં જેવી સામાન્ય થઈ ગઈ . આ નિષ્ફળતા છતાં નિરાશ થયા વિના અમરસિંહ ગામેગામ ફરીને સમાજસુધારણાનો ઉપદેશ આપતા રહ્યા. લગ્નના રિવાજો સુધારવાની ઝુંબેશ શરૂ કરી. આદિવાસી સ્ત્રીઓને ભારે વજનવાળાં ઘરેણાં છોડી દેવા સમજાવી. આદિવાસીઓના ભૂવાઓની ટીકા કરી અને માંદગીમાં તેમની પાસે ન જતાં દવા લેવાની સલાહ આપી. રોજ સ્નાન કરવાનું, ઘર ચોખ્ખા રાખવાનું, હવા-ઉજાસવાળાં ઘરો રાખવાનું અને ઢોરની કોઢ અલગ રાખવાનું સૂચન કર્યું.

શરૂઆતમાં લોકોએ અમરસિંહની વાત સાંભળી, પણ આદિવાસીઓની જમીન પચાવી પાડતાં પારસીઓએ પોતાના પ્રભાવનો ઉપયોગ

કર્યો. એથી આરંભમાં સફળ દેખાતી અમરસિંહની ચળવળને આગળ જતાં નિષ્ફળતા સાંપડી હતી.

### (૯) ઘરેણાંવિરોધી ચળવળ (ઈ.સ. ૧૯૧૩) :

દક્ષિણ ગુજરાતના શિક્ષિત ધોડિયાઓના એક જૂથે સ્ત્રીઓ ભારે ઘરેણાં પહેરવાનું છોડી દે તે માટે ૧૯૧૩માં ચળવળ ચલાવી હતી. આ ચળવળને સારી એવી સફળતા પણ મળી હતી. ઘૂંટીથી ઘૂંટણ સુધી પિત્તળનાં સાંકળાં પહેરવાનો અને કાંડાથી કોણી સુધી પિત્તળની પહોંચી પહેરવાનો આદિવાસી સ્ત્રીઓનો રિવાજ હતો. વધારામાં આ સ્ત્રીઓ સસ્તી ધાતુઓ અને ચાંદીની માળા પહેરતી. આ ઘરેણાંના ભારથી દબાઈને સ્ત્રીઓએ ખેતરમાં અને ઘરમાં કામ કરવું પડતું હતું. આ ઘરેણાંથી ઘણી વાર તેમની ચામડી છોલાતી, પાકતી. તેને કારણે આદિવાસી સ્ત્રીઓમાં ચામડીના રોગો અત્યંત સામાન્ય બની ગયા હતા. આમ છતાં આદિવાસી પુરુષો, સ્ત્રીઓ બધાં જ ઘરેણાં પહેરે તેવો આગ્રહ રાખતા. કારણ કે જો કોઈ કુટુંબની સ્ત્રીઓ ઘરેણાં ન પહેરે તો તે અપમાનજનક માનવામાં આવતું. જેમ કુટુંબ વધુ સમૃદ્ધ તેમ તેમની સ્ત્રીઓ વધુ વજનદાર અને વધુ પ્રમાણમાં ઘરેણાં પહેરતી.

મહુવા તાલુકાના કાઢરિયા ગામના શિક્ષિત રામા હીરજીએ આ રિવાજ સામે પ્રથમ વાર વિરોધનો સૂર પ્રકટ કર્યો હતો. તેણે તેની પત્નીને બન્ને ઘૂંટી પર સાંકળાંનો આખો સેટ પહેરવાને બદલે એક જ સાંકળું પહેરવા સમજાવી, જેથી ખેતરમાં તે સરળતાથી કામ કરી શકે. વડીલોએ આ ક્રાંતિકારી પગલાનો વિરોધ કર્યો. પણ શિક્ષિત યુવાનોએ આ બાબતનું જોરદાર સમર્થન કર્યું. પરિણામે જૂનાં વજનદાર પિત્તળનાં ઘરેણાંનું સ્થાન સફેદ ધાતુનાં વજનમાં હલકાં એવાં સાંકળાં તેમ જ હલકા વજનની પિત્તળની અથવા લાકડાની બંગડીએ લઈ લીધું. (હાર્ડિમેન,૧૯૮૬,૧૨૮)

સમાજસુધારકો માટે આ મહત્ત્વનો વિજય હતો. વડોદરા, વાંસદા અને ધરમપુરનાં રાજ્યોએ આ ચળવળને પૂરેપૂરો સહકાર આપ્યો, તેને પગલે ઘરેણાંવિરોધી ચળવળને જ્વલંત સફળતા મળી.

### (૧૦) ગોવિંદગુરુનું ભગત આંદોલન ( ઈ.સ. ૧૯૧૩) :

વીસમી સદીના આરંભમાં પંચમહાલના આદિવાસીઓનું રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે પતન થયું હતું. આ પરિસ્થિતિમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના આદિવાસી પટ્ટામાં ખળભળાટ મચાવી દેનાર એક ચળવળનો ઉદ્ભવ થયો. આ ચળવળે સામાજિક અને ધાર્મિક સુધારણાનું ઉત્તમ વાતાવરણ સર્જ્યું. તેનું સૂત્ર સંચાલન ગોવિંદગુરુએ કર્યું હતું.

ગોવિંદગુરુનો જન્મ દક્ષિણ રાજસ્થાનના ડુંગરપુર સ્થિત વેદસા ગામમાં ૧૮૬૩માં થયો હતો. વિચરતી અને વિમુક્ત જાતિ તરીકે ઓળખાતી વણજારા કોમમાં જન્મેલા ગોવિંદગુરુએ ૧૮૮૪માં સાધુ જીવન સ્વીકાર્યું. સમાજસુધારાની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો. ૧૮૯૯-૧૯૦૦ના છપ્પનિયા દુકાળમાં પત્ની અને બાળકોનું મૃત્યુ થયા પછી પોતાના ભાઈની વિધવા સાથે પુનઃલગ્ન કર્યાં. સુંથ-સંતરામપુર રાજ્યના નટવા ગામે સ્થાયી થયા. ગુજરાતના ઈડર અને સુંથમાં વસતા ભીલો વચ્ચે રહી હાળી થઈ કામ શરૂ કર્યું. જોકે હાળી તો મુખવટો હતો. તેની આડમાં તેમણે પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો. ભીલોને આધ્યાત્મિક શિક્ષણ આપ્યું. સાથે જ જાગીરદારો દ્વારા થતા અત્યાચારો અને શોષણ વિરુદ્ધ સંગઠિત કર્યા. તેમના મૂળભૂત અધિકારો પ્રત્યે જાગ્રત કર્યા. દમનખોર અને શોષણખોર વ્યવસ્થા વિરુદ્ધ સંગઠિત થઈને લડત ચલાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

ગોવિંદગુરુએ સામાજિક અને ધાર્મિક શિક્ષણને આધાર બનાવી ભીલ સમાજમાં સુધારણા પ્રવૃત્તિઓ શરૂ કરી, તે ટૂંકા ગાળામાં જ ચળવળમાં પરિણમી. સંપ્રદાયની ધૂણીઓ અને ધજાઓની મદદથી ભગત આદિવાસીઓની આગવી ઓળખ

ઊભી થઈ. પોતાના સંપ્રદાયનો સુવ્યવસ્થિત ઢબે પ્રચાર થાય તે આશયથી ગોવિંદગુરુએ કોટવાળ, ગોવાળ મહારાજ અને મહંત મહારાજ જેવા હોદ્દાઓ ઊભા કર્યા. સામાજિક-ધાર્મિક કુરિવાજોની નાબૂદી દ્વારા ભીલોને એકમંચ પર આણવાનો પ્રયાસ કર્યો. ગોવિંદગુરુ પોતાની સમાજસુધારા પ્રવૃત્તિઓને 'નૂગરામાંથી સુગરા' બનાવવાની પ્રક્રિયા તરીકે ઓળખાવતા હતા.

ભગત ચળવળના મુખ્ય સિદ્ધાંતો આ મુજબ હતા : એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખો, સંપૂર્ણ ભક્તિથી ઈશ્વરની પૂજા કરો, રોજેરોજ સ્નાન કરો, સૂર્યદર્શન કરો, સ્વજનોને વફાદાર રહો, બડવા-ભોપા એટલે કે ભૂવા-તાંત્રિકોને બદલે સંપ્રદાયની ધૂણીઓ અને હવનમાં શ્રદ્ધા રાખો, કારણ કે ભગવાન તેની આજુબાજુ જ રહે છે. ચોરી, ખૂન અને લૂંટફાટના ગુનાથી તથા વ્યભિચારથી દૂર રહો, ધનનો લોભ ન કરો, ખોટા પુરાવાઓ ન આપો, ધાર્મિક તહેવારોના દિવસે ઉપવાસ કરો, પશુઓના માંસ અને મદિરાથી દૂર રહો.

ગોવિંદગુરુએ ઈડર રાજ્યના પાલ પટ્ટાના ઠાકુરના અત્યાચારો સામે અવાજ ઉઠાવવા ભીલોને એકત્ર કર્યા. સામૂહિક આંદોલન શરૂ કર્યું. ભીલોના આક્રમક આંદોલન સામે ઠાકુરે નમતું જોખવું પડ્યું. ભીલો સાથે ૨૪ ફેબ્રુઆરી, ૧૯૧૦ના રોજ ૨૧ કલમનો કરાર કરીને કેટલીક રાહતો આપી. (Sharma,1996,118) આ કરારનામાએ વર્ષોથી થઈ રહેલા જાગીરદારી અને સામંતવાદી શોષણ વિરુદ્ધ લડત ચલાવવા ભીલોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. એથી સામાજિક-ધાર્મિક સુધારા ચળવળે આર્થિક અને રાજકીય સ્વરૂપ ધારણ કર્યું. ૧૯૧૦ સુધીમાં ચળવળનો વ્યાપ એકદમ વધી ગયો. ચળવળે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું.

ગોવિંદગુરુ ૧૯૧૧ના આરંભમાં વેદસા પાછા ફર્યા. તેમની ચળવળના વધતા પ્રભાવને પગલે ભયભીત થયેલા શાસકોએ તેમની ધરપકડ કરી. ત્રણ દિવસ બાદ તેમને જેલમાંથી છોડવામાં આવ્યા. ડુંગરપુર છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો. એપ્રિલ ૧૯૧૩માં ગોવિંદગુરુ ઈડર રાજ્યના રાજડા ગામે આવી વસ્યા. ગોવિંદગુરુ અને તેમના અનુયાયીઓ પર થયેલા અત્યાચારોને કારણે તેમણે ભીલરાજની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો.

ગોવિંદગુરુના નેતૃત્વમાં ભીલોએ શોષણખોરો અને અત્યાચારીઓ વિરુદ્ધ અવાજ બુલંદ કર્યો. ભીલોમાં અસંતોષ તો પ્રવર્તતો જ હતો. અર્ધસામંતી અને અર્ધવસાહતી વ્યવસ્થાએ ભીલોના અર્થતંત્ર અને પરંપરાગત માળખા પર પ્રહાર કર્યો હતો. સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહેલા ભીલો નવી વ્યવસ્થામાં નિરાશા અનુભવતા હતા. શાસકોએ તેમના પરંપરાગત અધિકારો છીનવી લીધા હતા. ભીલોને અન્યાય થઈ રહ્યો હતો. પોતાના અધિકારો પાછા મેળવવા ભીલોએ વિદ્રોહ કર્યો.

વિદ્રોહ અને લડતના એક ભાગરૂપે ગોવિંદગુરુએ ભીલ રાજ્યની સ્થાપના કરવાનું વિચાર્યું. ઑક્ટોબર ૧૯૧૩માં તેઓ ઈડર અને વાંસવાડાની સરહદે આવેલી માનગઢ ટેકરી પર પહોંચ્યા. ટેકરી ગાઢ જંગલોથી ઘેરાયેલી હતી. ડુંગરપુરની સરહદેથી પસાર થતી મહી નદીની નજીક આ ટેકરી આવેલી હતી. એ કારણસર પણ આ સ્થળની પસંદગી ગોવિંદગુરુએ કરી હતી. તેમણે ભીલોને ટેકરી પર એકત્ર થવાનો સંદેશ પાઠવ્યો. ભીલો શસ્ત્રો સાથે આવ્યા. માનગઢ ટેકરી પર ૪૦૦૦ જેટલા ભીલો એકઠા થઈ ગયા હતા, એથી સત્તાધીશો સાવધ થઈ ગયા. (Sharma,1996,118) દરમિયાન ૧ નવેમ્બર, ૧૯૧૩ના રોજ ભીલોએ સુંથના કિલ્લા પર હુમલો કર્યો. વળતા જવાબમાં ૧૦ નવેમ્બર, ૧૯૧૩ના રોજ અંગ્રેજ સેનાએ માનગઢ ફરતે ઘેરો ઘાલ્યો અને જુદી જુદી દિશાઓમાંથી આવી રહેલા ભીલોને રોક્યા. માનગઢનો રસ્તો બંધ કરી દીધો. પછી ગોવિંદગુરુનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો. પણ સશસ્ત્ર ભીલોએ અંગ્રેજ સેનાને પાછી વાળી.

૧૨ નવેમ્બર, ૧૯૧૩ના દિવસે ભીલોનું એક પ્રતિનિધિમંડળ ટેકરી પરથી નીચે ઊતરી આવ્યું. તેણે ભીલોની સમસ્યાઓ તથા કરારની શરતો વર્ણવતો ગોવિંદગુરુનો પત્ર બ્રિટિશ અધિકારીને સોંપ્યો. ભીલરાજની સ્થાપનાનો સૂર કાઢતા આ પત્રની શરતોનું સ્વરૂપ ક્રાંતિકારી હતું. બ્રિટિશ અધિકારીઓએ પરસ્પર સંતલસ કરીને ભીલોની સમસ્યાઓનું નિવારણ કરશે તેવી બાંહેધરી સાથે ટેકરી પરથી વિખરાઈ જવાની અન્યથા મરણને શરણ થવું પડશે  તેવી ધમકી આપી. પણ આ ચીમકીની કોઈ અસર ન થઈ. એક બાજુ ભીલોને એવી શ્રદ્ધા હતી કે ગોવિંદગુરુ અલૌકિક શક્તિઓ ધરાવે છે એથી એમનો જ વિજય થશે અને બીજી બાજુ અંગ્રેજોને ભીલો વિરુદ્ધ ઉશ્કેરવામાં આવ્યા. પરિણામ એ આવ્યું કે ૧૭ નવેમ્બર, ૧૯૧૩ના દિવસે અંગ્રેજ સેનાએ માનગઢને ઘેરો ઘાલ્યો. ગોળીબાર શરૂ કર્યો. લગભગ ૧૦૦ ભીલ માર્યા ગયા. ૯૦૦ પકડાયા. ગોવિંદગુરુ અને તેમનો ચેલો પૂંજીયા પણ પકડાયા. અમદાવાદની જેલમાં તેમને મોકલાયા. એક અઠવાડિયા પછી ૮૦૦ કેદીઓને છોડી મુકાયા. ગોવિંદગુરુને પહેલાં ફાંસીની સજા સંભળાવી અને પછી દસ વર્ષની કેદ ફટકારવામાં આવી. ૧૯૨૩માં તેમનો જેલવાસ પૂરો થયો. સુંથ, ડુંગરપુર, વાંસવાડા, કુશલગઢ અને ઈડર પ્રાંતમાં નહીં પ્રવેશવાની શરતે તેમને છોડવામાં આવ્યા. તેમને પંચમહાલના ઝાલોદ ગામે રહેવાની મંજૂરી આપવામાં આવી. (Sharma,1996,132-134)

ગોવિંદગુરુના નેતૃત્વમાં ભીલરાજ સ્થાપવા માટે થયેલો વિદ્રોહ ભલે નિષ્ફળ ગયો, આ વિદ્રોહે ઊંડો અને દીર્ઘકાલીન પ્રભાવ પાડ્યો. ભીલોને અધિકારો માટે જાગ્રત કર્યા. વર્ષોથી ચાલી આવતી સામાજિક, આર્થિક અને રાજકીય ગુલામીમાંથી ભીલો બહાર આવ્યા. આ આંદોલન ડામી દીધા પછી તરત જ અંગ્રેજોએ ભીલ વિસ્તારોનો પ્રવાસ કર્યો. ભીલોના વન અધિકારને માન્યતા આપી. કેટલેક અંશે પરંપરાગત વન અધિકાર પાછા આપ્યા. જમીનમહેસૂલ અને બેગારમાં પણ રાહત આપવામાં આવી. ભીલોમાં અનોખી શક્તિ અને સાહસનો સંચાર કર્યો હોવાથી એ રીતે આ આંદોલન મહત્ત્વનું બની ગયું હતું.

### (૧૧) મોતીલાલ તેજાવતનું એકી આંદોલન (ઈ.સ. ૧૯૨૨) :

અંગ્રેજો અને જાગીરદારો થકી થતાં અત્યાચાર અને શોષણની વિરુદ્ધમાં ૧૯૨૧-૨૨માં રાજસ્થાન અને ગુજરાતના સરહદી પ્રદેશમાં મોતીલાલ તેજાવતનું એકી આંદોલન થયું હતું. આંદોલન દરમિયાન તેઓ ગુજરાત આવ્યા ત્યારે દ્રઢવાવ હત્યાકાંડ સર્જાયો હતો.

મોતીલાલ તેજાવત અને તેમના ટેકેદારો સિરોહી, કોટડા, દાંતા, પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગરમાં જાગીરદારો અને બ્રિટિશરો દ્વારા કરાતા અત્યાચારો વિરુદ્ધ સભાઓનું આયોજન કરીને આદિવાસીઓને આંદોલનમાં જોડવાનું કામ કરતા હતા.

૭ માર્ચ, ૧૯૨૨ના રોજ મોતીલાલ તેજાવત સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દ્રઢવાવમાં હતા. તેમની સાથે ૨૦૦૦ જેટલા સમર્થકો હતા. આ સભામાં મોટા ભાગના લોકો ખેડબ્રહ્મા બાજુના ડુંગરી ગરાસિયાઓ હતા. એકાએક મેજર સટ્ટનના નેતૃત્વ હેઠળની મેવાડ ભીલ કોર્પ્સે તેજાવત અને સમર્થકોને સભાસ્થળે ઘેરી લીધા. તેજાવતે આદિવાસીઓને સંગઠિત રાખવા પોતે ચમત્કારી હોવાની છાપ ઊભી કરી હતી, તેથી આદિવાસીઓ નિશ્ચિંત હતા. સભાને એવો વિશ્વાસ હતો કે મેવાડ ભીલ કોર્પ્સના જવાનોની બંદૂકમાંથી ગોળીઓ છૂટશે નહીં. ગોળીઓના ભમરા બની જશે અને બંદૂકની નળીએ પાણી પડશે.(ભણાત,૨૦૦૬,૧૪૧)

આ વિશ્વાસના વહાણે ચડીને આદિવાસીઓએ મેવાડ ભીલ કોર્પ્સના જવાનો સાથે અથડામણ વહોરી લીધી. અંધાધૂંધ ગોળીબાર કરાયો. સરકારી

સૂત્રો અનુસાર આ હત્યાકાંડમાં તેજાવતના ૨૨ સમર્થકોનું મૃત્યુ થયું હતું અને ૨૯ ઘાયલ થયા હતા. પણ દ્રઢવાવમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ મોતને ઘાટ ઉતારાયા હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા.(શર્મા, ૨૦૦૨,૨૩) જો કે સમયસૂચકતા દાખવીને તેજાવત નાસી છૂટ્યા. આવડો મોટો મૃત્યુઆંક હોવા છતાં આદિવાસીઓના વિરોધની ચિનગારી શાંત થઈ ન હતી. છેવટે સરકાર દ્વારા કેટલીક બાબતોમાં આદિવાસીઓને રાહતો આપવામાં આવી હતી.

દ્રઢવાવ હત્યાકાંડ આઝાદી આંદોલન દરમિયાન થયેલા મોટા હત્યાકાંડોમાંનો એક હતો. તેની તુલના જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડ સાથે કરવામાં આવે છે.

## (૧૨) સલાબાઈનું દેવી આંદોલન (ઈ.સ. ૧૯૨૨) :

દક્ષિણ ગુજરાતમાં ૧૯૨૨માં દેવી આંદોલન થયું હતું. આ સુધારાવાદી ચળવળનું સૂત્રસંચાલન સલાબાઈએ કર્યું હતું. સલાબાઈ એટલે સલાહ આપતી સ્ત્રી. સુરત જિલ્લાની પૂર્વ સરહદે વસતા ૨૦૦૦ જેટલા આદિવાસીઓ ૯ નવેમ્બર, ૧૯૨૨ના રોજ ખાનપુર નજીકના એક મેદાનમાં ભેગા થયા. પૂર્વ તરફના ડુંગરાઓમાંથી આવેલી મનાતી સલાબાઈ નામની શક્તિશાળી દેવીએ તેમને ઉપદેશ આપ્યો : દારૂતાડી પીવાનું બંધ કરો, માંસ-મચ્છી ખાવાનું બંધ કરો, ચોખ્ખું અને સાદું જીવન જીવો, પુરુષોએ દિવસમાં બે વાર સ્નાન કરવું અને પારસીઓ સાથે સંબંધ ન રાખવો.

આ આદેશો પૂરા થયા પછી જેને દેવીનો વેશ પહેરાવ્યો હતો તેવી નાની બાલિકાને આદિવાસીઓ પગે લાગ્યા અને તેના ચરણોમાં પૈસા ધર્યા. જોતજોતાંમાં આ ધાર્મિક બાબતોનો ફેલાવો થયો. દરેક જગ્યાએ દેવીના આદેશો સાંભળવા આદિવાસીઓ મોટી સંખ્યામાં ભેગા થતા હતા. દેવીની અસર વાલોડ, બારડોલી, માંડવી, જલાલપુર, સુરત અને અન્યત્ર થવા લાગી. આ વિસ્તારનું કોઈ આદિવાસી ગામડું દેવીના પ્રભાવથી મુક્ત ન રહ્યું.

એવી માન્યતાનો પ્રચાર–પ્રસાર થવા માંડ્યો કે જે દેવીના આદેશોને માનશે નહીં તે મુસીબતોનો ભોગ બનશે, ગાંડા થઈ જશે અથવા મૃત્યુ પામશે. સલાબાઈ ગાંધીના નામે ખાદી પહેરવાની અને રાષ્ટ્રીય સેવકોના સમૂહમાં જોડાવાની પ્રતિજ્ઞા લેવાનું કહેવા લાગી. એવું પણ કહેવાયું કે ગાંધી જેલમાંથી નાસી છૂટ્યા છે અને એક કૂવામાં સલાબાઈની બાજુમાં બેસીને તેમનો ચરખો કાંતતા દેખાય છે.(હાર્ડિમન,૧૯૮૬,૨)

દક્ષિણ ગુજરાતમાં ચકચાર મચાવનાર દેવી ચળવળના મૂળ અંગે મતમતાંતર છે. એક મત પ્રમાણે દેવી ચળવળ પશ્ચિમ ખાનદેશના નવાપુર તાલુકામાં શરૂ થઈ અને ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધી. બીજા મત મુજબ ભીલ ભગતોએ ગુજરાતની સરહદ નજીકના નાસિક તાલુકાનાં બે ગામ કાલવણ અને પેંઠમાં આ ચળવળનો આરંભ કર્યો હતો. ત્રીજા મત અનુસાર સલાબાઈ નામની દેવી અરબી સમુદ્રમાં ભૂતિયા પવન પર સવાર થઈને ડાંગ અને ખાનદેશમાંથી પસાર થઈને આવી હતી.ચોથા મત મુજબ દેવીનાં મૂળ પશ્ચિમ ખાનદેશમાં હતાં પણ તે નાસિક તાલુકાના બાગલાણા તાલુકાનાં મુલ્હર અને સાસહર ગામોમાં થઈને આવી હતી. દેવી ચળવળનો ગહન અભ્યાસ કરનાર ડેવિડ હાર્ડિમનના મત અનુસાર દમણની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં દેવીનો જન્મ થયો હતો. અને ત્યાંથી તે પૂર્વના કાલવણ તરફ, ત્યાંથી ઉત્તર-પશ્ચિમના ડાંગ તરફ અને ત્યાંથી પશ્ચિમના વાલોડ, બારડોલી અને સુરત તરફ પહોંચી.(હાર્ડિમન,૧૯૮૬,૧૯)

ડેવિડ હાર્ડિમનને દેવીનાં મૂળ પાલઘર તાલુકામાં દેખાયા. એક સમયે ત્યાં શીતળાનો રોગ ફાટી નીકળ્યો હતો અને બાપા નામની દેવીનાં કોપથી થયો હતો એવું લોકો માનતા હતા. આ દેવીને રીઝવવાની  હતી. કેટલીક સ્ત્રીઓને આ

દેવી આવતી અને તેમના દ્વારા પોતાની ઇચ્છા પ્રકટ કરતી. આ માધ્યમરૂપ સ્ત્રીઓ સલાબાઈ કહેવાતી. બાઈ એટલે સ્ત્રી અને સલા એટલે સલાહ. અર્થાત્ સલાહ આપતી સ્ત્રી. જ્યાં સુધી આ વિધિ ચાલુ રહેતી ત્યાં સુધી દરેકે માંસ-મચ્છી ખાવાનું અને દારૂતાડી પીવાનું બંધ રાખવું પડતું. વિધિ પૂરી કરવા ગામવાસીઓ બાપાને એક ટોપલીમાં તેમના ગામની સરહદ સુધી સરઘસાકારે લઈ જતા. ત્યાંથી બીજે ગામ જવાનું. આ બાબતના આધારે ડેવિડ હાર્ડિમને આખરી તારણ એવું કાઢ્યું કે દેવી ચળવળનાં મૂળ શીતળાના રોગને ઠંડો કરવા દેવીને રીઝવવાની વિધિમાં હતાં. (હાર્ડિમન,૧૯૮૬,૨૦)

દેવી ચળવળમાં પણ આદિવાસીઓ દેવીની પૂજા કરતા. પૂજા કરવાની વિધિએ કાયમી સમાજસુધારા માટેની ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું. ધોડિયાઓ, વારલીઓ અને કુંકણાઓ અને ચૌધરીઓમાં  વાયુવેગે ચળવળ પ્રસરી. સલાબાઈ શીતળાની દેવી તરીકે ઉદ્‌ભવ પામી ને પારડીના આદિવાસીઓ માટે સમાજસુધારણા માટેનું પરિબળ બની. ડાંગના કુંકણાઓ માટે ભૂત, રાક્ષસ, ડાકણ જેવી અંધશ્રદ્ધા પર પ્રહારનું નિમિત્ત બની. દક્ષિણ ગુજરાતના મેદાની વિસ્તારમાં વસતા ચૌધરીઓમાં શોષણખોર પારસીઓ સામે અવાજ ઉઠાવવા સાહસનો સંચાર કર્યો. બીજી બાજુ, બારડોલીના પાટીદારો અને જલાલપુરના કોળીઓએ તેને ગાંધીકાર્યના સાથીદાર તરીકે તથા રાષ્ટ્રીય કામમાં સહાયક તરીકે જોઈ. આમ તે વિવિધ સાધ્યવાળા બળ તરીકે સાબિત થઈ. આ આખાયે પ્રદેશના ખેડૂતોની અમુક પ્રકારની માન્યતાઓ અને આચરણના વાતાવરણમાંથી ઉદ્‌ભવી તેણે એક જુદા જ પ્રકારની આકાંક્ષા અને જરૂરિયાત માટેનો વળાંક લીધો.

દેવી ચળવળની આગેવાની વિકેન્દ્રિત અને લોકતાંત્રિક હતી. તેના માળખામાં તે કોઈ ઉદ્ધારક એવી વ્યક્તિની આસપાસ કેન્દ્રિત થયેલી નહોતી. જે ચળવળમાં મુખ્ય સત્તા એકકેન્દ્રી ન હોય ત્યાં જેમ બને છે તેમ, દેવી ચળવળમાં પણ દેવીનાં માધ્યમો દ્વારા સામાજિક સુધારણા માટેનો જે કાર્યક્રમ રજૂ થતો હતો તે જુદી જુદી સભાઓમાં થોડો જુદો રહેતો હતો.

આ સમયગાળા દરમિયાન ગાંધીવાદીઓ પણ આદિવાસીઓની સભા ભરતા હતા. આવી પહેલી સભા મહુવા તાલુકાના શેખપુરમાં ૨૧ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ થઈ હતી. એને પહેલી કાળીપરજ પરિષદ કહેવામાં આવી. સરદાર વલ્લભભાઈ પટેલ તેના પ્રમુખ બન્યા. તેમના નેતૃત્વમાં  ગાંધીવાદીઓએ દેવી ચળવળને હજુ વધારે સુધારવાનો પ્રયત્ન કર્યો. તેઓ એવું માનતા હતા કે ચળવળનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓની આત્મશુદ્ધિ હતો. ગાંધીવાદીઓ આદિવાસીઓને કહેતા કે, તેમની ફરજ માત્ર ખાદી પહેરવાની નહોતી, પણ તેમણે કાંતવાનું પણ હતું. કાંતવાથી તેઓ પોતાને આર્થિક રીતે સ્વતંત્ર બનાવી શકશે અને એ રીતે પોતાને તેમ જ દેશને આઝાદ કરાવવામાં ઉપયોગી બનશે. આ દલીલ આદિવાસીઓને ગળે ઊતરી ગઈ. તેઓ કાંતવાની અને વણવાની તાલીમ લેવા લાગ્યા. આર્થિક આકર્ષણ ઉપરાંત આદિવાસીઓ માટે ખાદીનો ચમત્કારિક સૂચિતાર્થ પણ હતો. તેમણે ગાંધીને કૂવામાં ચરખો કાંતતા જોયા હતા. એથી તેઓ એવું માનતા હતા કે ચરખો કાંતવો ધાર્મિક વિધિ હતી. અને એમ કરવાથી દેશને આઝાદી અને આદિવાસીઓને મુક્તિ ઝડપથી મળશે.

દેવી ચળવળે આદિવાસીઓમાં હક્ક માટેની અને એક પ્રકારે સ્વાભિમાનની  ભાવના પ્રગટાવી હતી. એમ કહી શકાય કે દેવીએ આદિવાસીઓમાં આત્મસન્માનનાં બીજ વાવ્યાં હતાં !

## (૧૩) વેડછી આંદોલન (ઈ.સ. ૧૯૨૨થી ૧૯૬૭) :

વેડછી આંદોલન પણ દક્ષિણ ગુજરાતમાં થયું હતું. સુરત જિલ્લાના વાલોડ તાલુકામાં આવેલા વેડછી ગામમાં સ્વતંત્રતા પહેલાં શરૂ થયેલું આ આંદોલન આઝાદી મળ્યા પછી પણ લંબાયું હતું. ગાંધીવાદી પ્રભાવ હેઠળના આ આંદોલનમાં જુગતરામ દવેએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

વેડછી આંદોલનનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરનાર આઈ. પી. દેસાઈએ આ ચળવળને વિવિધ રીતે વિભાજિત કરી છે. ૧૯૨૨થી ૧૯૪૭ સુધીના સમયને આંદોલનના ભરતીઓટના સંદર્ભમાં પેટા વિભાજિત કરી છે. ૧૯૨૨થી ૧૯૨૯ સુધીનો સમય રાજકીય આંદોલનમાં ઓટનો પરંતુ વેડછી આંદોલનમાં ભરતીનો સમય હતો. ૧૯૨૯થી ૧૯૩૬નો સમય સઘન રાજકીય પ્રવૃત્તિઓવાળો પરંતુ વેડછી આંદોલનનો ઓટનો સમય હતો. ૧૯૩૭થી ૧૯૪૨નો ગાળો સ્થિર બનીને કામ કરવાનો હતો. ૧૯૪૨થી ૧૯૪૫ વચ્ચેનો ટૂંકો ગાળો ફરી પાછો રાજકીય આંદોલનનો ગાળો હતો. ૧૯૪૫થી ૧૯૪૭ના ટૂંકા ગાળામાં ૧૯૪૨ સુધી થયેલા કામને આગળ ધપાવવામાં આવ્યું હતું.

૧૯૪૭ પછીનો સમય તેના પહેલાંના સમય કરતાં ગુણવત્તાની દ્રષ્ટિએ અલગ પડી જાય છે. બન્ને સમયગાળા વચ્ચે રાજકીય સંદર્ભોમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું. ૧૯૪૭ પછીની સરકાર એ ભારતીય સરકાર હતી. પહેલા તબક્કામાં આંદોલન અને સરકાર વચ્ચે જે વિરોધના સંબંધો હતા તેને સ્થાને પછીના તબક્કામાં સહકારના સંબંધો સ્થપાયા. સરકારે આંદોલનના કાર્યક્રમો સ્વીકાર્યા અને પોતાના વિકાસ કાર્યક્રમોમાં તેનો સમાવેશ કર્યો.(દેસાઈ આઈ. પી, ૧૯૮૨, ૧૧-૧૨)

વેડછીમાં મુખ્યત્વે હળપતિ, ચૌધરી, ધોડિયા, ગામીત અને કોટવાળિયા આદિવાસીઓની વસ્તી હતી. મેદાનનાં ગામોમાં વસતી પ્રજા ઉજળિયાત તરીકે ઓળખાતી હતી. જ્યારે જંગલો અને પર્વતોમાં રહેતા આદિવાસીઓ કાળીપરજ તરીકે જાણીતા હતા. વેડછીનું કામ આ કાળીપરજ આદિવાસીઓના વિકાસ માટેનું હતું.

કાળીપરજ જે ઉજળિયાતોના સંપર્કમાં આવતા તે જમીનદારો, વેપારીઓ, પોલીસ કે વન ખાતાના માણસો અને જંગલના ઠેકેદારો હતા. તેઓ આદિવાસીઓનું વિવિધ રીતે શોષણ કરતા હતા. પરિણામે આદિવાસીઓ દેવાદાર બન્યા. જમીન ગુમાવી. તેને પગલે કાં ગણોતિયા બન્યા અથવા ખેતમજૂરો.

આ પરિવેશના પાર્શ્વભૂમાં વેડછીમાં આંદોલનનાં મંડાણ થયાં. પ્રદેશ, પ્રજા અને પરિસ્થિતિનો જે પ્રકારનો મેળ રચાયો તેણે આંદોલનની પાર્શ્વભૂમિકા બાંધી. વેડછી આંદોલન પહેલાં કેટલાક ભણેલા આદિવાસીઓએ જાતે જ પોતાના સમાજમાં સુધારાની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. ગાંધીવાદી વિચારસરણી આ સુધારાવાદી આદિવાસીઓની પ્રાથમિક જરૂરિયાતો સંતોષતી હતી. તેથી એ સ્વીકૃત બની.

વેડછીનાં કામનાં મંડાણ ૧૯૨૨માં થયાં. મગનલાલ ગાંધીએ બારડોલીમાં આ વર્ષમાં સ્વરાજ આશ્રમની સ્થાપના કરી. ગાંધીજીએ ૧૯૨૦માં અસહકારનો વિચાર રજૂ કર્યો હતો. તેમાં પરદેશી માલના બહિષ્કારનો અને ખાદીના પ્રચારનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમને સ્વીકારવામાં આવે તો એક વર્ષમાં સ્વરાજ લાવવાની વાત ગાંધીજીએ કરી હતી. આ વિચારને પગલે અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિમાં દેશભરમાં વીસ લાખ રેંટિયા ગુંજતા કરવાનું નક્કી થયું હતું. વેડછીના કામની શરૂઆત સ્વદેશી અથવા ખાદીકામના એક ભાગરૂપે થઈ હતી. આથી વેડછીનાં કામના મંડાણ એટલે ખાદીકામનાં મંડાણ. (દેસાઈ આઈ.પી, ૧૯૮૨, ૩૫)

વેડછી આશ્રમ ખાદી કેન્દ્ર તરીકે ૧૯૨૪માં અસ્તિત્વમાં આવ્યો. વેડછીના પ્રથમ પુરુષ

ચુનીભાઈ મહેતાએ આંદોલનનું એક મહત્ત્વનું કામ–ખાદીકામ શરૂ કરી દીધું હતું. ૧૯૨૮થી જુગતરામ દવેના પ્રવેશ બાદ શિક્ષણના નવા કાર્યક્રમનો આરંભ થયો હતો. આદિવાસીઓમાંથી આદિવાસીઓના સેવકો પેદા થાય એ શિક્ષણનો ઉદ્દેશ હતો. આ કામ જોશભેર ચાલતું હતું, ત્યારે રાજકીય આંદોલન પુરજોશમાં શરૂ થઈ જવાથી ખાદી અને શિક્ષણનું કામ ખોરંભે ચડ્યું.

આદિવાસીઓ તથા બિનઆદિવાસીઓએ આઝાદીની લડતમાં ખભેખભા મિલાવીને કામ કર્યું. આંદોલનની વિચારધારા સંપૂર્ણપણે ગાંધીવાદી રહી. આદિવાસીઓને નવી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ. રાજકીય લડતમાં ભાગ લેવાને પરિણામે તેમનામાં નવી જાગૃતિ અને ઉત્સાહનું સિંચન થયું. આ સમયગાળા દરમિયાન કાર્યક્રમમાં ગણોતના કાયદાનું નવું પરિમાણ ઉમેરાયું. આમ વેડછી આંદોલનના કાર્યક્રમમાં મહત્ત્વનું પરિવર્તન આવ્યું. તેણે વિશાળ સંખ્યામાં હક્કોથી વંચિત એવા લોકોને આકર્ષ્યા. આદિવાસીઓની રાજકીય જાગૃતિનો વિકાસ અને વિસ્તાર થયો. એનાથી આદિવાસીઓમાં અસ્મિતાની લાગણી ઉદ્ભવી.

## આઝાદી પછીનું વેડછી આંદોલન:

વેડછી આંદોલન સ્વતંત્રતા સંગ્રામનો એક ભાગ હતું. સ્વતંત્રતા મળવાની સાથે તેનો એક હેતુ પૂરો થયો. ૧૯૪૭માં મુંબઈ રાજ્યની સરકારે ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસ માટે એક સમિતિની નિમણૂક કરી. વસ્ત્રો માટે આત્મનિર્ભરતા અંગેની વેડછીએ આપેલી યોજનાનો સમિતિએ સ્વીકાર કર્યો. ઉપરાંત ગણોતધારા અને ઋણમુક્તિ અંગે કામ કર્યું. જંગલ સહકારી મંડળીઓ સ્થાપી અને સહકારી પ્રવૃત્તિઓ આરંભી. તેનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે આદિવાસીઓ નવી સુવિધા અને તકોને જાણતા થયા. ફળશ્રુતિ સ્વરૂપે આદિવાસીઓ અને બિનઆદિવાસીઓના સંબંધોમાં પરિવર્તન આવ્યું. સાથે જ શિક્ષણક્ષેત્રે પણ સારું એવું કામ થયું. આમ આ આંદોલનને ખાસ્સી સફળતા મળી હતી.

## (૧૪) મોક્ષમાર્ગી અથવા વલ્લભસ્વામી સંપ્રદાય ( ઈ.સ. ૧૯૨૫) :

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓએ કેટલીક સામાજિક-ધાર્મિક ચળવળો ચલાવી હતી. મોક્ષમાર્ગી અથવા વલ્લભસ્વામી સંપ્રદાય તેમાંની જ એક ચળવળ હતી. વીસમી સદીના આરંભમાં અમદાવાદના વલ્લભ રામસૂર્ય વ્યાસે આ સંપ્રદાયની સ્થાપના કરી હતી. વલ્લભે ઓમ મંત્રોચ્ચારનું મહત્ત્વ સમજાવ્યું હતું. જો કે તેઓ અમદાવાદ જિલ્લાના લોકોને જ અનુયાયીઓ તરીકે આકર્ષિત કરી શક્યા હતા. વલ્લભના મૃત્યુ પછી ૧૯૨૫માં તેના પુત્ર રામુજીએ પિતાની ગાદી સંભાળી. તેમણે સુરત અને વાલોડ જિલ્લાના આદિવાસીઓમાં વલ્લભસ્વામી સંપ્રદાયનો પ્રચાર કર્યો. સત્સંગ સભાઓ શરૂ કરી. ધોડિયાઓ, ચૌધરીઓ અને ગામીતો રામુજી ભણી આકર્ષાયા. ૧૯૫૦ સુધીમાં રામુજીનો પંથ અત્યંત લોકપ્રિય થઈ ગયો. એ દિવસોમાં ગુરુ રામુજીના આદેશાનુસાર ધોડિયા પુરુષો કપાળમાં યૂ આકારના તિલક સાથે જોવા મળતા હતા. (Lal,1983,87)

મોટા ભાગના આદિવાસી અનુયાયીઓએ રામુજી પાસેથી ગુરુમંત્ર પ્રાપ્ત કર્યો હતો. ગુરુમંત્ર લેતી વખતે શિષ્યે ગુરુને બાવીસ વચન આપવાનાં રહેતાં, તેમાંથી ત્રણ મહત્ત્વનાં વચન આ મુજબ હતાં: સ્ત્રીપુરુષ પોતાના પતિ કે પત્ની સિવાય અન્ય કોઈ સાથે શારીરિક સંબંધ બાંધશે નહીં, માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કરશે અને કેફી પીણાનું સેવન નહીં કરે તથા મદિરા, તાડી, તમાકુ, સિગારેટ, બીડી અને સોપારી જેવા પદાર્થોથી દૂર રહેશે. શિષ્યોએ આ પ્રકારનાં વચન પણ આપવાં પડતાં : રોજ સ્નાન કરશે, શરીર સ્વચ્છ રાખશે, સવારના ભોજન પહેલાં ગુરુની પૂજા કરશે, કપાળ પર તિલક ધારણ કરશે, પ્રામાણિક, શુદ્ધ અને સરળ જીવન જીવશે.

મંત્ર આપતી વખતે રામુજી ઉપદેશ આપતા કે જો તમે પુણ્ય ન કરી શકો તો વાંધો નહીં, પણ પાપ તો ન જ કરો. ગુરુના કહેવા પ્રમાણે જીવન જીવશો તો જ મોક્ષ મળશે.

રામુજી ૧૯૬૨માં મૃત્યુ પામ્યા. તે સાથે જ સંપ્રદાયના પ્રભાવનાં વળતાં પાણી થયાં. પણ રામુજી આજે પણ મોક્ષમાર્ગી સંપ્રદાયના મુખ્ય સ્થપતિ ગણાય છે.

**(૧૫) કોટલા મહેતા ચૌધરીનું આંદોલન (ઈ.સ.૧૯૩૪) :**

દક્ષિણ ગુજરાતમાં પારસી શાહુકારો દ્વારા આદિવાસીઓ પર થતા અત્યાચારો વિરુદ્ધ અને આદિવાસી સમાજમાં જાગૃતિના પ્રચાર–પ્રસાર માટે કોટલા મહેતા ચૌધરીએ આંદોલન કર્યું હતું. મહેતા પિતાનું નામ હતું.

આદિવાસીઓ આ શાહુકારો પાસેથી ખેતી માટે વ્યાજે રકમ લેતા હતા. આ રકમનો કોઈ હિસાબ રાખવામાં આવતો નહોતો, પણ પાકની મોસમ આવે, પાક થાય ત્યારે ધીરેલી રકમના બદલામાં શાહુકાર આવીને બધું અનાજ લઈ જતો. ખેતરમાં તનતોડ મહેનત કરતા આદિવાસીઓ કશું જ પામતા નહીં. એમની પાસે ખાવા પૂરતું અનાજ પણ ન રહેતું. આથી બીજા વર્ષે ફરી શાહુકાર પાસે હાથ લાંબો કરવો પડતો. પછી એ ચક્કર શરૂ થઈ જતું અને આદિવાસી ખેડૂત દેવાંના ચક્રવ્યૂહમાં ફસાઈ જતો. અવાજ ઉઠાવે તો તેની મારપીટ કરતા. તેના ઘરમાંથી પિત્તળનાં વાસણ, ખેતીનાં ઓજારો, બળદ વગેરે પડાવી લેતાં.

કોટલા મહેતા મૂળ વ્યારાના. આદિવાસીઓ સાથે થતા અત્યાચારો તેમનાથી સહન થયા નહીં. વડોદરા રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકપદેથી રાજીનામું આપી સમાજસેવાનો ભેખ લીધો. શાહુકારો વિરુદ્ધ લોકોને જાગ્રત કરવા કવિતાઓ પણ લખતા. પણ તેઓ પોતે જ શાહુકારના અન્યાયનો ભોગ બની ગયા. ત્રિકમચંદ મૂળચંદ શાહ નામના શાહુકારે ખોટું દેવું બતાવીને ૨૦૦ રૂપિયામાં તેમની જમીન પડાવી લીધી. એથી ખેડૂત મંડળની સ્થાપના કરીને શાહુકારો સામે આંદોલનનો આરંભ કર્યો. (ચૌધરી કિશોર, ૨૦૧૯,૨૬૫) ડોલવણમાં રહી પ્રવૃત્તિઓ કરી.

કોટલા મહેતાએ ખેડૂતોની અવદશાનો ચિતાર આપવા અને તેમને જાગ્રત કરવા રાની ખેડૂતોનું આક્રંદ નામનો કાવ્યસંગ્રહ પ્રકાશિત કર્યો. તેમાં રાનીપરજ ખેડૂતો કઈ રીતે શાહુકારોના પંજામાં સપડાયા અને કઈ રીતે તેમની જમીનો શાહુકારો પાસે જતી રહી તેની વાત કરી છે. ખેડૂતોની દુર્દશા, શાહુકારો અને સરકારી નોકરોના જુલમોની વાતો કરીને આ ધરતી ધ્રૂજી ઊઠે એવો આર્તનાદ સંભળાવ્યો છે. કોટલા મહેતાએ રાનીપરજ ખેડૂત મંડળની રચના કરીને લોકોને ભેગા કરી જાગૃતિનું કામ કર્યું.

૧૯૩૪માં કોટલા મહેતાએ આદિવાસી ગણોતિયાઓની માંગ રજૂ કરવા ૫૧ આદિવાસીઓના પ્રતિનિધિમંડળ સાથે વ્યારાથી વડોદરા સુધીની કૂચનું આયોજન કર્યું. કોટલા મહેતાએ ગણોત કાયદાનો મુસદ્દો બનાવી સરકારને સુપરત કર્યો. તે સ્વીકારી સરકારે પ્રમાણમાં નબળો એવો રોકડ ગણોતનો કાયદો કર્યો. સ્વરાજ બાદ મુંબઈ સરકારે કોટલા મહેતાએ તૈયાર કરેલા વડોદરા રાજ્યના ગણોત કાયદાના મુસદ્દાનો અભ્યાસ કરીને નવો જમીન સુધારણાનો–ગણોત–ધારાનો કાયદો કરાવીને તેનો સફળ અમલ કરાવ્યો હતો.(ચૌધરી વિક્રમ,૨૦૧૯,૨૯૧) આ જ કોટલા મહેતાના આંદોલનની સફળતા અને સિદ્ધિ હતી.

**(૧૬) સત કૈવલ ચળવળ ( ઈ.સ. ૧૯૩૫) :**

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં મોક્ષમાર્ગી ચળવળ પછી સત કૈવલ તરીકે જાણીતી થયેલી કાયમપંથ ચળવળ ચાલી હતી. ખેડા જિલ્લાના કુબેરસ્વામીએ સત કૈવલ સંપ્રદાયની સ્થાપના કરી હતી. આદિવાસીઓમાં પ્રચલિત દંતકથા અનુસાર સત કૈવલ ભગવાને પોતાના

સંદેશનો પ્રચાર કરવા કુબેરસ્વામીને ધરતી પર મોકલ્યા હતા. કુબેરસ્વામી મહારાજે પોતાના સંપ્રદાયને જ્ઞાન સંપ્રદાય તરીકે પણ ઓળખાવ્યો હતો. તેમણે કુલ મળીને ૧૮ ગ્રંથ લખ્યા હતા. તેમાં વિશ્વ ધરમ વિધ્વંશ નિધિ ગ્રંથ અને પંચમ સ્વંસ દેવ ગ્રંથ અગત્યના છે. ૧૯૩૪માં ૧૦૫ વર્ષની ઉંમરે તેમનું મૃત્યુ થયું. તેમના અનુયાયી તપસ્વી રઘુરામ દૂર દૂર સુધી પ્રખ્યાત થઈ ગયા હતા.

કુબેરસ્વામીના  અનુયાયીઓ સત કૈવલ સંપ્રદાયનો પ્રચાર કરવા લાગ્યા. સત કૈવલનાં મંદિરોનું નિર્માણ થવા લાગ્યું. સત કૈવલ સંપ્રદાયના સાધુઓ જે તે વ્યક્તિના કાનમાં મંત્રોચ્ચાર કરીને ગુરુમંત્ર આપતા હતા, જે આ પ્રમાણે હતો : શુદ્ધ મન સાથે ગુરુના ચરણોમાં બેસીને કૈવલ કૈવલ શબ્દનું પઠન કરો. અને સ્નાન કર્યા પછી, ઈશ્વરની આરાધના કરવાના હેતુથી યુવા વિચારો સાથે ગુરુને પ્રવેશવા દો. સત કૈવલના અનુયાયીઓ માટે સત્યના માર્ગ પર ચાલીને સાદગીભર્યું જીવન જીવવું જરૂરી હતું. મદિરાપાન, માંસાહાર અને તાડીનો સંપૂર્ણપણે ત્યાગ કરવો અનિવાર્ય હતું. તેમણે રોજ સ્નાન કરવું અને કરુણાસાગરની છબી કે પ્રતિમા સામે ગુરુમંત્રોનું પઠન કરવું આવશ્યક હતું.( Lal, 1983, 297)

### (૧૭) સતીપતિ ચળવળ ( ઈ.સ. ૧૯૩૮) :

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં સત કૈવલ પછી સતીપતિ ચળવળ ચાલી. આરતી સમાજ કે આપ કી જયવાલા તરીકે જાણીતી થયેલી આ ચળવળનું નેતૃત્વ ગુલિયા મહારાજ, રામદાસ અને પછી કેસરીસિંહે કર્યું હતું. ધાર્મિક આંદોલન તરીકે શરૂ થયેલી સતીપતિ ચળવળે પાછળથી અર્ધરાજકીય સ્વરૂપ ધારણ કર્યું હતું. મહારાષ્ટ્રના ધૂળિયા જિલ્લાના ગુલિયા મહારાજ નામના ભીલ ગુરુએ આ ચળવળનો આરંભ કર્યો હતો. તેમણે પોતાના વિસ્તારના આદિવાસીઓમાં ધર્મનો પ્રચાર કર્યો હતો. તેઓ ગામેગામ ઘૂમતા અને આદિવાસીઓને મદિરા, માંસ અને તાડીનો ત્યાગ કરવા સમજાવતા. સત્સંગ યોજતા. જો કે તેમણે કોઈ પણ પ્રકારના સંપ્રદાયની સ્થાપના કરી નહોતી. તેઓ ધાર્મિક ઉપદેશ દ્વારા આદિવાસી સમાજમાં સુધારણા લાવવા માંગતા હતા.

૧૯૩૯ કે ૧૯૪૦માં ગુલિયા મહારાજના મૃત્યુ પછી તેમના નાના ભાઈ રામદાસે ચળવળનું સુકાન સંભાળી લીધું. અત્યંત ટૂંકા ગાળામાં રામદાસે લોકપ્રિયતા મેળવી લીધી. એથી તે નવા સંપ્રદાયની સ્થાપના કરવા પ્રેરાયા. એવામાં દક્ષિણ ગુજરાતના સોનગઢ અને વ્યારાની મુલાકાત દરમિયાન, રામદાસનો ભેટો વ્યારા તાલુકાના કટાસવણ ગામના કેસરીસિંહ સાથે થયો. સત કૈવલ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી તંત્યાભાઈના એ પુત્ર કેસરીસિંહ રામદાસ સાથે જોડાઈ ગયા. જોતજોતાંમાં કેસરીસિંહ સતીપતિ  સંપ્રદાયના સર્વોપરી નેતા બની ગયા.

નવા સંપ્રદાયને સતીપતિ નામ રામદાસે આપ્યું કે કેસરીસિંહે તે સ્પષ્ટ થયું નથી. સંપ્રદાયની મૂળ ફિલસૂફી આ પ્રમાણે છે : આકાશ છે અને ધરતી છે. બન્નેનું મિલન થાય છે અને આકાશમાંથી વરસાદ વરસે છે ત્યારે ધરતીના ગર્ભમાંથી છોડવાં ઊગી નીકળે છે. એ જ રીતે પુરુષ, જે આકાશ જેવો છે, પોતાનું વીર્ય સ્ત્રી, જે ધરતી જેવી છે, તેની કૂખમાં ઠાલવે છે ત્યારે, એક બાળકનો જન્મ થાય છે. સતી એ સ્ત્રી કે માતાની સમકક્ષ છે અને પતિ એ પુરુષ કે પિતાની સમકક્ષ છે. એથી આ સંપ્રદાયના લોકો સતીપતિ પ્રથાવાળા કહેવાયા. (Singh,1983,300)

સ્ત્રીઓ ગુલિયા મહારાજ માટે આરતી કરે એ પ્રથા રામદાસે શરૂ કરી. કેસરીસિંહે આરતીપ્રથાને નવું પરિમાણ બક્ષ્યું. આરતીને અપાતા મહત્ત્વને કારણે આ સંપ્રદાય આરતી સમાજ તરીકે પણ જાણીતો થયો હતો. કેસરીસિંહના અનુયાયીઓ ન હોય તેવા લોકો આ સંપ્રદાયને આપ કી જયવાલા

તરીકે ઓળખાવતા. આ સંપ્રદાયમાં પ્રત્યેક વ્યક્તિ માતાની કૂખમાંથી બહાર આવે છે તેનું સ્મરણ કરવા હાથની મુઠ્ઠીઓ વાળતી. કેસરીસિંહ માંસ–મદિરાને વખોડતા. તેમણે ભારે ઘરેણાં પહેરવા પર પ્રતિબંધ મૂક્યો. આદિવાસી એકતા અને આદિવાસી ઉત્થાનને મહત્ત્વ આપ્યું.

કેસરીસિંહે જ આ ધાર્મિક આંદોલનને અર્ધરાજકીય ચળવળનું સ્વરૂપ આપ્યું. તેઓ એવું માનતા હતા કે, સામાજિક અંધાધૂંધી માટે આદિવાસીઓની દુર્દશા નહીં, પણ બિનઆદિવાસીઓ જવાબદાર હતા. એથી નવા સુવર્ણયુગનો ઉદય થાય તે પહેલાં બિનઆદિવાસીઓની હકાલપટ્ટી કરવી પડશે. તેમણે પોતાના અનુયાયીઓને જમીનમહેસૂલ ન ભરવા આદેશ આપ્યો. પરિણામે સરકાર અને આદિવાસીઓ વચ્ચે ઘર્ષણ થયું. કેસરીસિંહે મહેસૂલ ઉઘરાવવાની કેન્દ્ર સરકારની સત્તાને પડકારી. તેમણે એવી દલીલ કરી કે આદિવાસીઓ જમીનના સાચા માલિક છે અને સરકાર આદિવાસીઓની સેવકમાત્ર છે. જોકે કેસરીસિંહની ચળવળ લાંબો સમય ચાલી ન શકી.

### (૧૮) હળપતિ ચળવળ ( ઈ.સ. ૧૯૩૮) :

સતીપતિ આંદોલનનો આરંભ થયો એ જ અરસામાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં હળપતિ ચળવળ ચાલી હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને જુગતરામ દવેએ હળપતિઓમાં જાગૃતિ આણવાનું ભગીરથ કામ કર્યું હતું. વલસાડ, સુરત અને ભરૂચ જિલ્લામાં બહોળી વસ્તી ધરાવતા હળપતિઓ દક્ષિણ ગુજરાતનો સૌથી મોટો આદિવાસી સમુદાય છે. તેઓ અત્યંત ગરીબ અને જમીનવિહોણા હતા. જમીનદારોના વેઠિયા તરીકે કામ કરતા. એવું કહેવાય છે કે તેમની ગરીબીને કારણે તેઓ દુર્બળ કહેવાયા. ગાંધીજીએ તેમને હળપતિ નામ આપ્યું. ૨૬ જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલે પ્રથમ જ વાર, વેઠ કરતા આદિવાસીઓ અને તેમના માલિકોની સંયુક્ત બેઠકમાં, તેમને હળપતિ તરીકેનું સંબોધન કર્યું. હળ ચલાવે તે હળપતિ. (Ekka-Danda, 1983,274)

સ્થાનિક સ્તરે વેઠપ્રથા હાળીપ્રથા કહેવાતી. આ પ્રથા હેઠળ દેવાદાર મજૂર કે હાળી તેનું બધું દેવું ચૂકવી ન દે ત્યાં સુધી ધણિયામા કે લેણદારનું વૈતરું કરવા બંધાયેલો હતો. ખેતમજૂરી એ આવકનો એકમાત્ર સ્રોત હતો. કામના વળતર રૂપે તેમને ભાત કે ભાતું મળતું. લટકામાં થોડી રોકડ રકમ અપાતી, પણ એ એટલી ઓછી રકમ હતી કે દેવું ભરપાઈ કરવાનું અશક્ય બની જતું. પરિણામે આખું કુટુંબ દેવાના ચક્રવ્યૂહમાં ફસાતું. નરમ પ્રકૃતિના હોવાને કારણે હળપતિઓ સૌથી વધુ સંખ્યામાં વેઠિયાઓ બન્યા. આર્થિક અસલામતી, વ્યવસાયના વિકલ્પનો અભાવ, એકતા અને નેતૃત્વની ઊણપ, નિરક્ષરતા અને ઊતરતા સામાજિક દરજ્જાને કારણે તેઓ વંચિતોની શ્રેણીમાં મુકાયા અને વેઠિયા બની રહેવા લાચાર થઈ ગયા.

કૉંગ્રેસના સ્વયંસેવકોએ, ખાસ કરીને નરહરિ પરીખ અને ઠક્કરબાપાએ હળપતિઓની મુશ્કેલીઓ દૂર કરવા કેટલાક પ્રયાસ હાથ ધર્યા. સરદાર વલ્લભભાઈ પટેલે જો હળપતિઓ મદ્યપાન છોડે તો તેમને હાળીપ્રથામાંથી મુક્તિ અપાવવાનું વચન આપ્યું. હાળીઓએ મદિરાપાનનો ત્યાગ કર્યો. હરિપુરા કૉંગ્રેસની સમાપ્તિ પછી, વલ્લભભાઈ પટેલે બારડોલી તાલુકાના જમીન ધરાવતા ખેડૂતો અને હાળીઓના પ્રતિનિધિઓની સંયુક્ત બેઠક બોલાવી. તેમને હાળીપ્રથાનાં દૂષણો અંગે સમજાવ્યું અને હળપતિઓને આ પ્રથામાંથી મુક્ત કરવાની વિનંતી કરી. ૨૧ ઑગસ્ટ, ૧૯૩૮ના રોજ તેમણે ફરી સંયુક્ત બેઠક બોલાવી. આ બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે એક મહિનાની અંદર હાળીપ્રથા નાબૂદ કરવામાં આવશે. આ ઉપરાંત જે કેટલાક ઠરાવો પસાર કરવામાં આવ્યા, તેમાં રોજ રોકડ રકમ ચૂકવવાનો ઠરાવ મહત્ત્વનો હતો. જો કે આ ઠરાવનો અમલ ન થયો એટલે હળપતિઓએ કામ પર જવાનું બંધ કરી દીધું. તેમની સ્ત્રીઓનું પણ કામ પર જવાનું બંધ કરાવી દીધું. પરિણામે

પટેલો અને પટલાણીઓ પર કામના ઢગલા થઈ ગયા. આવા સંજોગોમાં હળપતિઓની માંગણી સ્વીકારવાની ફરજ પડી. આ પરિવર્તનનાં કેટલાંક વર્ષો પછી, ૧૯૪૨માં કૉંગ્રેસી કાર્યકર્તાઓ આઝાદી આંદોલનમાં ભાગ લેવા હળપતિઓના વિસ્તારમાંથી ચાલ્યા ગયા. એથી હળપતિઓ એકલા પડી ગયા. ફરી હાળી બની ગયા.

ભારત આઝાદ થયા પછી પણ, હાળીપ્રથાની નાબૂદીમાં કેટલોક સમય લાગ્યો. બારડોલીમાં ૧૧ જૂન, ૧૯૪૮ના રોજ, મોરારજી દેસાઈ અને ગુલઝારીલાલ નંદાના પ્રયાસોથી ગુજરાતના હળપતિઓ, ખેડૂતો અને હાળીઓએ હાળીપ્રથાની નાબૂદી માટે વિધિવત્ કરાર કર્યો. ૧૭ જૂન, ૧૯૪૮થી આ કરાર અમલમાં આવ્યો.

( Ekka-Danda,1983,275 )

જો કે કરારને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું નહોતું, એથી સંબંધિત પક્ષો કરારની શરતોનું પાલન કરવા બંધાયેલા નહોતા. પરિણામે હાળીપ્રથા ચાલતી રહી.

કૃષિના વ્યવસાયીકરણ દ્વારા હાળીપ્રથાનાં વિઘટનની પ્રક્રિયાનો આરંભ કરાયો. પચાસના દાયકાના અંત સુધીમાં હાળીપ્રથા મહદંશે નાબૂદ થઈ ગઈ. દક્ષિણ ગુજરાતના હળપતિઓનાં અસલામત જીવન અને ગુલામ અવસ્થાને કારણે ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ અને ગુલઝારીલાલ નંદા જેવા રાષ્ટ્રીય નેતાઓનું તેમના પ્રત્યે ધ્યાન ખેંચાયું હતું. ગાંધીજી વેઠિયા મજૂરોના આ સમુદાયને જમીન-માલિક ખેડૂત બનાવવા માંગતા હતા. તમામ રાષ્ટ્રીય નેતાઓએ આ લક્ષ્ય પાર પાડવાની દિશામાં કામ કર્યું હતું, છતાં તેઓ સાચા અર્થમાં જમીન-માલિક ખેડૂત બની શક્યા નથી.

### (૧૯) દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં કેટલીક સામાજિક-ધાર્મિક ચળવળો (૧૯૫૦) :

### (૧) સનાતન ધર્મ સેવા સંઘ :

આ સંઘે ૧૯૫૦માં પારડી અને વલસાડ તાલુકાના ધોડિયા સમુદાયમાં તેની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો હતો. વિદ્યાનંદ મહારાજ, અખંડાનંદ મહારાજ અને સ્વામી દયાનંદ વેદપતિ મહારાજ જેવા સાધુઓ આદિવાસી ગામોમાં સત્સંગ યોજતા. અનુયાયીઓએ મદ્યપાન અને માંસ-મદિરાનો ત્યાગ કરવો પડતો.

### (૨) સ્વામીનારાયણ સંપ્રદાય :

આ સંપ્રદાયના અનુયાયીઓએ શિક્ષાપત્રીમાં આપેલા ૨૦૬ આદેશોનું ચુસ્ત પાલન કરવાનું રહેતું, જેમાંના કેટલાક આ મુજબ છે : પશુહત્યા ન કરવી, માંસાહાર ન કરવો, મદિરાપાન ન કરવું, લાંચ અને વ્યભિચારથી દૂર રહેવું. સંપ્રદાયના સાધુઓ સત્સંગ યોજતા. (લાલ, ૧૯૮૩,૩૦૪-૩૦૫)

### (૨૦) પારડી અન્નખેડ સત્યાગ્રહ (ઈ.સ. ૧૯૫૨) :

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓએ જમીન અધિકારોના મુદ્દે પારડી સત્યાગ્રહ કર્યો હતો. પારડી તાલુકામાં કેન્દ્રબિંદુ ધરાવતી આ ચળવળે ગાંધીચીંધ્યા માર્ગે સત્યાગ્રહ કર્યો હતો. સમાજવાદી આગેવાન ઈશ્વરભાઈ છોટુભાઈ દેસાઈએ આ ચળવળનું નેતૃત્વ કર્યું હતું. પચાસના દાયકામાં શરૂ થયેલી આ ચળવળની સાઠના દાયકામાં પૂર્ણાહુતિ થઈ હતી.

સાઠના દસકના આરંભે સંખ્યાબંધ મોટા જમીનદારો પારડી તાલુકાની કુલ ખેતીલાયક જમીનની ત્રણ ચતુર્થાંશ ભૂમિના માલિક બની ગયા હતા. આ બિનખેડૂત જમીનદારોને ખેતીમાં જરાય રસ નહોતો. તેમનાં પ્રાથમિક હિત વ્યાપારલક્ષી હતાં અને વિવિધ પાક લેવા માટે જમીનનો ઉપયોગ કરવામાં આવતો નહોતો. માત્ર જમીનના નાના ટુકડા પર આદિવાસીઓ ખેતી કરતા હતા. ઘાસની વાર્ષિક કાપણી કરીને નફાકારક ઘાસચારાનો વેપાર કરવાના હેતુથી મોટા ભાગની જમીન પડતર રાખવામાં આવતી હતી. કોઈ પણ પ્રકારનું રોકાણ અને મહેનત કર્યા વિના જમીનદારો ઘાસિયા જમીનમાંથી આકર્ષક આવક ઊભી કરી લેતા હતા. આમ, મૂળ રહેવાસીઓ, જેમાંથી મોટા

ભાગના આદિવાસીઓ હતા, જમીનવિહોણા મજૂરો બની ગયા. પોતાની જ જમીનમાં ગણોતિયા બની ગયા.જમીનનો ઉપયોગ ઘાસ ઉગાડવા થતો હોવાથી ભૂમિહીન આદિવાસીઓને કામ મળતું નહોતું. વર્ષમાં આઠથી દસ મહિના તેમણે ભૂખમરો વેઠવો પડતો હતો.

આદિવાસીઓની દુર્દશા જોઈને ઇન્દુલાલ યાજ્ઞિકે લડત ચલાવવા તે વિસ્તારમાં કિસાનસભાની સ્થાપના કરી. ઈશ્વરભાઈ દેસાઈ અને ઠાકોરભાઈ પટેલે ચળવળનું સુકાન સંભાળ્યું. આ ચળવળમાં કૉંગ્રેસે પણ ઝુકાવ્યું.આદિવાસીઓ જાગ્રત થયા, પણ પ્રભાવશાળી જમીનદારોએ તલાટીઓને સાધીને જમીન પોતે ખેડતા હોવાનું પુરવાર કરી દીધું. એથી આદિવાસી ગણોતિયાઓ આજીવિકાનું સાધન ગુમાવી બેઠા.

### પારડી સત્યાગ્રહનો ઘટનાક્રમ:

૧૯૫૨ની ચૂંટણીમાં સમાજવાદી પક્ષના ઉમેદવાર ઈશ્વરભાઈ દેસાઈએ પારડીનો પ્રવાસ કર્યો હતો. આદિવાસીઓની દયનીય દશા જોઈને તેમણે ચળવળ ચલાવવાનો નિર્ણય કર્યો. કિસાન પંચાયતની સ્થાપના કરી. સ્થાનિક આદિવાસી નેતા અને તલાટી ઉત્તમભાઈ પટેલ પણ જોડાયા. નોકરી છોડીને ઉત્તમભાઈ સમાજવાદી પક્ષમાં જોડાયા ને પારડી કિસાન પંચાયતના મજબૂત સ્તંભ બની ગયા. હકૂમત દેસાઈ મંત્રી હતા. ૨૬ સપ્ટેમ્બર, ૧૯૫૨ના રોજ ઉત્તમભાઈ પટેલના નેતૃત્વમાં આદિવાસીઓએ ગણોતધારાના અમલના મુદ્દે જોરદાર રજૂઆત કરી. આ સાથે જ સત્યાગ્રહનાં બીજ રોપાયાં. જો કે વાટાઘાટોના પ્રયાસો નિષ્ફળ ગયા. એથી આંદોલન શરૂ કરવાની ફરજ પડી,પણ નેતાગીરી ગાંધીચીંધ્યા માર્ગે ચાલવા માંગતી હતી. ગાંધીજી એમ માનતા હતા કે વિરોધીઓ શત્રુ નથી, પણ માર્ગ ભૂલેલા હોય છે. તેમની સાથે માનવીય અભિગમ દાખવવામાં આવે તો તેઓ સાચા રસ્તે વળી શકે છે. નેતાગીરીને આ બાબતે શ્રદ્ધા હતી.

આદિવાસીઓએ રેલીઓ કાઢી. પોતાની માંગણીઓ ફરી ફરી દોહરાવી. આખરે સો એકર કરતાં વધુ જમીન ધરાવતા જમીનદારોની ઘાસિયા જમીન પરથી સત્યાગ્રહનો આરંભ કરવાનો નિર્ણય લેવાયો. ઘાસિયા જમીન પર પાક ઉગાડવો એ ચળવળનો મુખ્ય હેતુ હતો, એથી તેને અન્નખેડ સત્યાગ્રહ નામ અપાયું.(Desai & Desai,1997,66) ગણોતધારાનો પ્રામાણિક અમલ, જમીન, દસ્તાવેજો કે પાહણીપત્રકોમાં સુધાર અને ગણોતિયાઓના અધિકારોની પુનઃ સ્થાપના એ સત્યાગ્રહના અન્ય હેતુઓ હતા. જમીનદારોએ સત્યાગ્રહીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. એટલે ઘણા નેતાઓની અને સત્યાગ્રહીઓની ધરપકડ કરાઈ. છતાં ચળવળ ચાલતી રહી.

ધીમે ધીમે પારડી સત્યાગ્રહને પ્રજાનું અને રાજકીય વર્તુળોનું સમર્થન મળતું થયું. સરકારે ભારે દબાણ હેઠળ સત્યાગ્રહીઓને જેલમુક્ત કરવા પડ્યા. દરમિયાન રવિશંકર મહારાજે ભૂદાનયાત્રા નિમિત્તે જાન્યુઆરી ૧૯૫૪માં પારડીની મુલાકાત લીધી. રાનીપરજ આદિવાસીઓની દશા સુધારવા તેમણે સરકારને સૂચનો કર્યાં. સરકારે જમીનદારો સામે પગલાં લેવાનું શરૂ કર્યું. આ જ અરસામાં મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન મોરારજી દેસાઈએ પણ પારડીની મુલાકાત લીધી. ૧ એપ્રિલ, ૧૯૫૪થી ગણોતધારો અમલમાં આવ્યો. પણ એથી પરિસ્થિતિમાં ઝાઝો ફરક ન પડ્યો.

ઑક્ટોબર ૧૯૫૪માં ઘાસ કાપવાની મોસમનો આરંભ થયો. એ સાથે જ બીજા તબક્કાના આંદોલનનો આરંભ થયો. તેમાં બે કાર્યક્રમ હાથ ધરાયા : એક, મોટા જમીનદારોની ઘાસિયા જમીન પર ઘાસકાપણીનો સંપૂર્ણ બહિષ્કાર. બે, અન્ય જમીનદારોની જમીન પર ઘાસ કાપવાના બદલામાં દૈનિક દોઢ રૂપિયાના વળતરની માંગણી. કુલ મળીને ૨૫,૦૦૦ ભૂમિહીન મજૂરોએ આ અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો. આ ચળવળને પગલે જમીનદારોએ ૫૦૦૦ એકર જમીન સરકારને સુપરત કરવી પડી હતી.

૧૯૬૦માં મુંબઈ રાજ્યનું ગુજરાત અને મહારાષ્ટ્રમાં વિભાજન થયું. સત્યાગ્રહીઓએ નવેસરથી માંગણીઓ રજૂ કરી : વધુમાં વધુ જમીન કૃષિલાયક બનાવવી, જમીન ટોચમર્યાદા ધારા હેઠળ જમીન ધરાવવાની મર્યાદા બાંધવી, ભૂમિવિહોણાઓને રોજગારી અને જમીન-માલિકીના કૃત્રિમ વિભાજનને નિયંત્રિત કરવું... સરકારે આ બાબતે પગલાં લેવાનું માન્ય કર્યું.

સરકારે વચન આપ્યાં પણ પૂરાં ન કર્યાં. દરમિયાન ૧ સપ્ટેમ્બર, ૧૯૬૩ના દિવસે પારડી સત્યાગ્રહે દસ વર્ષ પૂરાં કર્યાં. આ દિવસે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું. હજારોની સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો. ઈશ્વરભાઈએ રેલીને સંબોધન કરતાં સરકારને ચેતવણી આપી કે, ૧૦ સપ્ટેમ્બર સુધીમાં સરકાર પગલાં નહીં ભરે તો ફરીથી અન્નખેડ સત્યાગ્રહનો આરંભ કરવામાં આવશે. જો સત્યાગ્રહ નિષ્ફળ જશે તો ખેતીની મોસમના અંતે અસહકાર આંદોલન શરૂ કરવામાં આવશે. આ તબક્કામાં આદિવાસીઓ ઘાસકાપણીનો બહિષ્કાર કરશે. જો જમીનદારો બહારથી મજૂરો બોલાવશે તો આદિવાસીઓ પહેરેદારી કરશે. જો તે પણ નિષ્ફળ જશે તો ધીકતી ધરાનું પગલું લેવામાં આવશે, જેમાં ઘાસ બાળી નાખવામાં આવશે.

(Desai & Desai,1997,85)

આ સત્યાગ્રહ ચાલી રહ્યો હતો, તે ગાળામાં રાજકીય ઊથલપાથલને પગલે ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ રાજીનામું આપવું પડ્યું. બળવંતરાય મહેતા નવા મુખ્ય મંત્રી બન્યા. તેમણે પારડીની ઘાસિયા જમીનની સમસ્યાનું નિવારણ કરવા સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી.

૧ સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ બળવંતરાય મહેતા અને ઈશ્વરભાઈ દેસાઈએ પારડી સમસ્યાના સમાધાન સમાન એક કરાર પર હસ્તાક્ષર કર્યા. બળવંતરાય મહેતાએ ઘાસિયા જમીન પર પ્રતીકાત્મક હળ ચલાવીને સરકારની પ્રતિબદ્ધતા બતાડી. જો કે એનું કાંઈ પરિણામ ન આવ્યું. ફરી આંદોલનનું શસ્ત્ર ઉગામવું પડ્યું. એ વખતે મુખ્ય મંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ ધરપત આપી. ૨૧ માર્ચ, ૧૯૬૬ના રોજ સરકાર સાથે બેઠકનું આયોજન થયું, પણ કૉલેરાની બીમારીમાં સપડાયેલા ઈશ્વરભાઈએ બેઠકની વીસ મિનિટ પહેલાં દેહ છોડ્યો. તેમનાં પત્ની કુમુદબહેને ચળવળનો દોર હાથમાં લીધો. અંતે ૫ જુલાઈ, ૧૯૬૭ના રોજ ગુજરાત સરકાર અને જમીનદારો વચ્ચે બાર મુદ્દાનો એક કરાર થયો.(Desai & Desai, 1997,95-96) તે મુજબ ભૂમિહીન આદિવાસીઓમાં વહેંચવા માટે જમીનદારોએ ૧૪,૦૦૦ એકર જમીન સરકારને સુપરત કરી હતી. કિસાન પંચાયતે જમીનના વિતરણ માટે યોજેલા સમારોહમાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી ઉપસ્થિત રહ્યાં હતાં. આમ,પારડી સત્યાગ્રહ સફળ થયો. જમીનનો વિશાળ ભાગ ખેતીલાયક બનાવવામાં આવ્યો. ભૂમિહીન આદિવાસીઓમાં જમીનનું પુનઃ વિતરણ કરવામાં આવ્યું. આઝાદી પછી પારડી સત્યાગ્રહ એ મહત્ત્વની ખેડૂત ચળવળ હતી.

## (૨૧) અલગ ભીલીસ્તાનની ચળવળ (ઈ.સ. ૧૯૬૦) :

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના દાંતીયા ગામના આદિવાસી નેતા સોમજીભાઈ ડામોરે આદિવાસીઓને શિક્ષણ અને રોજીરોટી મળી રહે તથા તેમની આર્થિક ઉન્નતિ થાય તે માટે સાઠના દાયકામાં અલગ ભીલીસ્તાનની ચળવળ ચલાવી હતી. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોનું ભીલીસ્તાન બનાવવાની તેમની કલ્પના હતી. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને સુરત, મહારાષ્ટ્રના નાસિક, ધુળે અને થાણા, મધ્યપ્રદેશના રાજગઢ, રતલામ, ઉજ્જૈન, ધાર, શાજાપુર, મંદસૌર અને પશ્ચિમ નિભાડ તથા રાજસ્થાનના સિરોહી, ભીલવાડા, ચિત્તોડગઢ,

ઉદયપુર, ડુંગરપુર અને વાંસવાડા જેવા પ્રદેશોને જોડીને અલગ ભીલીસ્તાનની રચના કરવાની કલ્પના હતી. ૧૯૮૪માં સોમજીભાઈએ 'ભારત મેં આદિવાસી રાજ્ય' શીર્ષક સાથેનો આ નકશો દર્શાવ્યો હતો. (સોમજીભાઈ સાથેની ૨૦૦૮ની રૂબરૂ મુલાકાતના આધારે) જો કે પછીથી તેમણે પોતે જ ચળવળમાંથી રસ ગુમાવી દીધો. એ સાથે જ એનો વીંટો વળી ગયો.

### (૨૨) આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળ (ઈ.સ. ૧૯૬૯) :

દક્ષિણ ગુજરાતમાં પારડી સત્યાગ્રહ પૂરો થયા પછી થોડા જ સમયમાં આદિવાસીઓએ સ્વાયત્ત રાજ માટે ચળવળ ચલાવી હતી. ભરૂચ, સુરત, ડાંગ અને વલસાડ જિલ્લામાં આ ચળવળનો પ્રચાર-પ્રસાર થયો હતો. ચળવળનો આરંભ ૧૯૬૯માં થયો હતો.

ગુજરાત રાજ્ય વિધાનસભાની બેઠકમાં પ્રજા સમાજવાદી પક્ષના સભ્ય અને ડાંગના આદિવાસી વિસ્તારમાંથી આવતા રતનસિંહ ગામીતે કહ્યું હતું કે તે ડાંગી સેના ઊભી કરશે અને અલગ રાજ્યની માંગણી કરશે. તેમના મત મુજબ સરકાર ડાંગીઓના પ્રશ્નો હલ કરી શકી નહોતી. ત્યાર બાદ આદિવાસી સ્વાયત્ત રાજ્યની માંગણી કરતી પરિષદ મે ૧૯૬૯માં આહવામાં મળી હતી. આ રીતે ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજનું સૂત્ર શરૂ થયું.(દેસાઈ ઈ.પ્રા.,૧૯૭૦,૩) આ સૂત્રનો ઉદ્‌ભવ કરનાર મુખ્યત્વે ત્રણ હિમાયતી જૂથો હતાં.– એક, ભારતીય સામ્યવાદી પક્ષ(માર્ક્સવાદી). બે, વ્યારાનું જૂથ ઉર્ફે આદિમજાતિ રાષ્ટ્રીય મહાસભા અને ત્રણ, સ્વતંત્ર પક્ષના ધારાસભ્યોનું જૂથ.

આદિવાસી સ્વાયત્ત રાજના આંદોલનની સમીક્ષા કરતાં કહી શકાય કે, બંધારણીય જોગવાઈઓને પગલે આદિવાસીઓની આકાંક્ષાઓ વધી. સત્તાની વહેંચણીમાં આદિવાસીઓને હિસ્સો જોઈએ છે. બિનઆદિવાસી વિસ્તારોમાં પણ જે ઊંચી ગણાતી જ્ઞાતિઓ અને ઊંચી આવક ધરાવતાં જૂથો છે તેમની પાસેથી નિમ્ન દરજ્જો ભોગવતા નીચલા વર્ગો આ જ પ્રકારની સારી પ્રતિષ્ઠા અને સત્તાસ્થાન પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખે છે. હરીફાઈમાં પાછળ રહેલા આદિવાસીઓ પણ સત્તાપ્રાપ્તિ ઝંખે છે. આ ઇતિહાસની પ્રક્રિયા છે અને બધે જ જોવા મળે છે.

### (૨૩) નર્મદા આંદોલન (ઈ.સ. ૧૯૮૦) :

ગુજરાતમાં છેલ્લા ચારેક દાયકાથી નર્મદા વિરોધી આંદોલન ચાલી રહ્યું છે. પર્યાવરણની જાળવણી અને આદિવાસીઓના પુનઃવસનના મુદ્દે થયેલા આ આંદોલનનું સૂત્રસંચાલન મેધા પાટકરે કર્યું. નર્મદા એ ગુજરાતની સૌથી મોટી નદી છે. ભારતના કમરબંધને ચીરીને નીકળતી નર્મદા નદી, મધ્યપ્રદેશના વિલાસપુર જિલ્લામાં આવેલી અમરકંટકની દરિયાઈ સપાટીથી ૩૫૦૦ ફૂટ ઊંચે આવેલી પર્વતમાળામાંથી નીકળે છે. મધ્ય પ્રદેશના વિલાસપુર, જબલપુર, રેવા વગેરે જિલ્લાઓમાં ૧૦૭૭ કિ.મિ. સુધી વહે છે. પછીના ૩૫ કિ.મિ.માં ઉત્તર કિનારે મધ્યપ્રદેશ અને દક્ષિણ કિનારે મહારાષ્ટ્ર એમ બન્નેની વચ્ચે થઈને વહે છે. ત્યાર બાદ ઉત્તર કિનારે હાંફેશ્વરથી વડગામ સુધી ગુજરાતની સરહદે જ્યારે દક્ષિણ કિનારે પંઢેરિયા અને સુરપાણ વચ્ચે મહારાષ્ટ્રની સરહદે વહે છે. ગુજરાતમાં તે વડોદરા અને ભરૂચ જિલ્લાઓમાં થઈને વહે છે. તેથી જ નદીની જળસંપત્તિ પર કોનો કેટલો અધિકાર છે તે બાબત વિવાદનો વિષય બન્યો.

સ્વતંત્રતા પૂર્વે ૧૯૪૬માં રાજ્યોની વિનંતીથી સરકારે નર્મદાની જળસંપત્તિના વિકાસ માટે મોજણી શરૂ કરી હતી. સ્વતંત્રતા પછી કેન્દ્રીય જળ અને વિદ્યુત પંચે આ કામ ચાલુ રાખ્યું. ગુજરાત માટે ૧૯૫૬માં આ પંચ તરફથી નવાગામના

હેઠવાસમાં ગોતાગામ પાસે ૧૬૨ ફૂટનો આડબંધ બાંધી ૧૦.૯૭ લાખ એકરમાં સિંચાઈ કરવા માટે ભરૂચ યોજના તૈયાર કરી હતી. ૧૯૫૭માં આ બંધનું સ્થાન નવાગામથી છ કિ.મિ ઉપર ખસેડાયું અને આ યોજનાને વિશાળ બનાવવાની વિચારણા થઈ. આ સુધારેલી યોજના મુજબ નવાગામ પાસે ૩૨૦ ફૂટ ઊંચો બંધ થવાનો હતો, જેમાંથી કુલ ૨૦.૪ લાખ એકર જમીન માટે સિંચાઈનું આયોજન થયું હતું.(જોષી,૨૦૦૦,૨ )

૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય થતાં જ આ યોજના તત્કાળ મંજૂર થઈ. ૧૯૬૧માં યોજનાને વહીવટી મંજૂરી મળી. વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ નવાગામ બંધનું ખાતમુહૂર્ત કર્યું. દરમિયાન કચ્છ તેમ જ રાજસ્થાનના રણ સુધી નર્મદાનાં નીર પહોંચાડી શકાય તે હેતુથી બંધની ઊંચાઈ ૪૬૦ ફૂટ સુધી વધારવાનો વિચાર કરાયો. આ માટે મધ્યપ્રદેશની સંમતિની જરૂર હતી. બન્ને રાજ્યો વચ્ચે ૧૯૬૨-૬૩માં અનેક વાટાઘાટો થઈ, પણ મધ્યપ્રદેશ ૪૨૫ ફૂટથી વધુ ઊંચાઈ માટે રાજી ન થયું. એથી એકમતી સાધી શકાઈ નહીં. આ મુદ્દે ભોપાલ કરાર અને ખોસલા સમિતિ પણ રચાઈ, પરંતુ પ્રશ્નનો હલ ન આવ્યો. આખરે ૧૯૬૮માં ગુજરાતે આંતરરાષ્ટ્રીય જળવિવાદ ધારા હેઠળ જળવિવાદ પંચની માંગણી કરી. ૧૬ ઑગસ્ટ, ૧૯૭૮ના રોજ પંચે ચુકાદો આપ્યો. ગુજરાતની માંગણી ૫૩૦ ફૂટની જળસપાટી સાથે ૫૪૦ ફૂટનો બંધ બાંધવાની હતી. તેની સામે પંચે ૪૫૫ ફૂટની જળસપાટી સાથે ૪૬૦ ફૂટનો બંધ બાંધવાનો ચુકાદો આપ્યો. સરદાર સરોવર ડેમના કારણે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનાં ઘરો અને જમીન ડૂબમાં જાય તેનું વળતર ગુજરાત સરકારે ચૂકવવું તેવું પણ પંચે જણાવ્યું. વિસ્થાપિત લોકોને ગુજરાતમાં નર્મદા કમાન્ડ એરિયામાં વસાવવા અંગે પંચે ગુજરાતને વિસ્તૃત અને સ્પષ્ટ આદેશ આપ્યો. નર્મદાની પુનર્વસવાટ નીતિના મૂળમાં આ આદેશ રહેલો છે. (જોષી,૨૦૦૦,૨)

ગુજરાતે પંચનો ચુકાદો સ્વીકારી લીધો અને પંચના ચુકાદા અનુસાર જે કાંઈ ફેરફાર કરવા પડે તે કરીને નર્મદા યોજનાનું કામ હાથ ધર્યું. દરમિયાન ૧૯૮૦ના વર્ષથી એકાંગી વિકાસની તરાહનો વિરોધ કરતાં અને શોષિતોને પક્ષે બોલનારાં બિનસરકારી સંગઠનોનો વ્યાપક પાયા પર ઉદ્ભવ થયો. સરકાર પણ કપાતાં જતાં જંગલોથી ચિંતિત બની. સરદાર સરોવર બંધનું કામ બંધ પડ્યું. ૧૯૮૭માં પર્યાવરણ જાળવવાની શરતે બંધનું કામ આગળ વધારવાની મંજૂરી મળી.

આ યોજનાથી ગુજરાતનાં ૩૨૪૪ ગામોમાં ૧૭.૯૨ લાખ હેક્ટર જમીનને સિંચાઈ મળશે. રાજ્યની ૧૭ ટકા જમીન અને પાંચમા ભાગની ગ્રામીણ વસ્તીને લાભ મળશે. ૧૩૧ શહેરો અને ૪૭૨૦ ગામડાંને પીવાનું પાણી મળશે. ૧૪૫૦ મેગાવૉટ વીજળી પેદા થશે. ગુજરાતના વિકાસમાં નર્મદા યોજના આવડું મોટું પ્રદાન આપી શકે તેમ હોવાથી તે ગુજરાતની જીવાદોરી ગણાય છે. છતાં નર્મદા યોજનાનો વિરોધ થયો, કારણ કે, નર્મદા યોજનાથી ડૂબમાં જતી જંગલોની જમીનને લીધે અમૂલ્ય જંગલો નાશ પામે, વન્યસૃષ્ટિનો અને પશુપક્ષીઓનો નાશ થાય, ભૂકંપની શક્યતા વધી જાય, કૅનાલની સિંચાઈથી પાણીનો જમાવ થાય તેથી દરિયાકિનારા નજીકની જમીન ઉપર ખારાશ આવે અને આ જમીન ખેતી માટે નકામી બની જાય, ડૂબમાં જતાં ગામોના લોકો, મુખ્યત્વે આદિવાસીઓની જમીનો છીનવાઈ જાય તથા યોગ્ય પુનર્વસવાટ નહીં થાય.

નર્મદા યોજનાને કારણે ડૂબમાં જતાં ગુજરાતનાં ૧૯ ગામોનું પુનર્વસન થઈ ગયું છે. તેમાં નવાગામ, લીમડી, ખલવાણી, પાંચમૂળી, ઝેર, વડગામ, મોખડી, સુરપાણ, કાટખડી, ગઘેર, માકડખડા, ધુમણા, છારબારા, અંત્રાસ, કડધા, ફેરકડા, તુરખેડા, હાંફ અને પંઢેરિયાનો સમાવેશ થાય છે. પરંતુ નર્મદા યોજનાના વિરોધનાં અન્ય કારણોનો સર્વસંમત ઉકેલ લાવી શકાયો નથી.

## (૨૪) આદિવાસી પુનરુત્થાન ચળવળ (ઈ.સ. ૧૯૯૨) :

આદિવાસીઓના પુનરુત્થાન માટેની ચળવળનો આરંભ ૧૯૯૨માં થયો હતો. આ ચળવળનું સુકાન ગુજરાતના અશોક ચૌધરી, દીપક ચૌધરી અને સિદ્ધરાજ સોલંકી, મહારાષ્ટ્રના કાળુરામ ધોબડે અને વહારુ સોનવણે તથા રાજસ્થાનના વેલારામે સંભાળ્યું હતું. આદિવાસી એકતા પરિષદના છત્ર હેઠળ આ ચળવળ ચાલી હતી. આદિવાસી એકતા પરિષદ સાંસ્કૃતિક સ્વાયત્તતા માટે આદિવાસીઓને સંગઠિત કરવાનું કામ કરે છે. તેની પ્રવૃત્તિઓનો વ્યાપ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં વિસ્તરેલો છે. પરિષદનો ઉદ્દેશ રાજકીય સત્તા હાંસલ કરવાનો નથી. આદિવાસી સંસ્કૃતિનું પુનરુત્થાન અને આદિવાસી ઇતિહાસનું પુનર્લેખન એ પરિષદની મુખ્ય કાર્યસૂચિ છે.

૧૯૯૨ની રિયો શિખર પરિષદ પછી આદિવાસી એકતા પરિષદ અસ્તિત્વમાં આવી. ૧૪-૧૫ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ મહારાષ્ટ્રના અકલકુવામાં આદિવાસી એકતા પરિષદનું પ્રથમ સંમેલન મળ્યું. આ સંમેલનમાં એવું નક્કી કરવામાં આવ્યું કે દર વર્ષે ૧૪ અને ૧૫મી જાન્યુઆરીએ પશ્ચિમ ભારતના આદિવાસી વિસ્તારમાં આદિવાસી એકતા પરિષદનું સંમેલન યોજવું. ૧૪મી જાન્યુઆરીની પસંદગી ઉલ્લેખનીય છે, કારણ કે તે દિવસે સૂર્ય નવી દિશામાં ઊગે છે એવું એ લોકો માને છે.

આદિવાસી એકતા પરિષદના મુખ્ય ઉદ્દેશો આ મુજબ છે : દુનિયાભરમાં આદિવાસી સમાજો પર થતા અત્યાચારો અને શોષણ વિરુદ્ધ તેમને જાગ્રત અને સંગઠિત કરવા, આદિવાસી કળા, સંસ્કૃતિ, પરંપરાગત જ્ઞાન અને રીતરિવાજો અંગે સંશોધન કરવું, સંસાધનોના ટકાઉ વિકાસ માટે પ્રચાર અને અમલ કરવો, આદિવાસીઓની પરંપરાગત સ્વનિર્ભર ને સ્વશાસિત સામાજિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવી અને આદિવાસી ઓળખનું સન્માન અને જતન કરવું.

પરિષદના ૧૮ પાનાંના જાહેરનામા પ્રમાણે આદિવાસી સમાજ વ્યવસ્થા સમાનતાના સિદ્ધાંત પર આધારિત છે. આદિવાસીઓનું જીવન સરળ છે અને સર્વસામાન્ય માનવીય સિદ્ધાંતોને વરેલું છે. તે પ્રકૃતિ અને ટકાઉ વિકાસ પર આધારિત છે. એથી જ 'પ્રકૃતિ અમારો ઈશ્વર છે' એ આદિવાસી એકતા પરિષદનું સૂત્ર છે. (અશોકભાઈ સાથેની ૨૦૦૮ની રૂબરૂ મુલાકાતના આધારે )

## (૨૫) આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળ (ઈ.સ. ૧૯૯૫) :

દક્ષિણ ગુજરાતમાં છોટુભાઈ વસાવાએ ૧૯૯૫માં આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળનો આરંભ કર્યો. તેમણે ગુજરાત આદિજાતિ વિકાસ પક્ષની સ્થાપના કરી. તેમની માન્યતા મુજબ ભારતના ઇતિહાસમાં અને ત્યાર પછી સ્વતંત્ર ભારતમાં પણ આદિવાસીઓને હાંસિયામાં જ ધકેલી દેવામાં આવ્યા છે. એથી જ આદિવાસીઓ માટે સ્વાયત્ત રાજની માંગણી કરી રહ્યા છે.

ગુજરાત આદિજાતિ વિકાસ પક્ષે પક્ષના જાહેરનામા તરીકે ૨૫ મુદ્દાનો કાર્યક્રમ પ્રકાશિત કર્યો. તેમાં સ્વાયત્ત પરિષદની રચના એ પ્રથમ અને મુખ્ય માંગણી છે. પરિષદ તેમને જમીન, જંગલ, શિક્ષણ, નહેરો, સ્વચ્છતા અને જાહેર આરોગ્ય વ્યવસ્થા ક્ષેત્રના અધિકાર આપશે એવી જાહેરાત ઘોષણાપત્રમાં કરવામાં આવી હતી. અન્ય મુદ્દાઓમાં નગર, કસબા અને તાલુકા પંચાયતની રચના, ગ્રામ્ય અને નગર સ્તરે પોલીસદળની રચના, લગ્ન અને છૂટાછેડા, સામાજિક રીતરિવાજો, જિલ્લા પરિષદોમાં વહીવટી અધિકારો અને ન્યાય વ્યવસ્થા માટે અલાયદા મંચનો સમાવેશ થતો

હતો. (છોટુભાઈ સાથેની ૨૦૦૮ની ટેલિફોનિક વાતચીતના આધારે)

આ ચળવળનું સકારાત્મક પાસું એ રહ્યું કે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ અધિકારોની માંગણી કરવા લાગ્યા. સ્વાયત્ત રાજ્ય કે જંગલો પર સંપૂર્ણ નિયંત્રણની તેમની માંગણી સ્વીકારાઈ નહીં, પણ સરકારનું ધ્યાન ખેંચવામાં તેઓ જરૂર સફળ થયા. સરકારે આદિવાસી કલ્યાણ કાર્યક્રમો માટે વધુ નાણાકીય ભંડોળ ફાળવ્યું. આદિવાસી વિસ્તારોમાં વસતા બિનઆદિવાસીઓને સમાધાન કરવાની ફરજ પડી અને વિવિધ સ્તરે તેમણે આદિવાસીઓને શરણે જવું પડ્યું.

**(૨૬) વન અધિકાર આંદોલન (ઈ.સ. ૨૦૦3) :**

બ્રિટિશકાળના જંગલના કાયદાઓથી માંડીને આઝાદી પછીના ભારતીય કાનૂનોએ આદિવાસીઓને અતિક્રમણ કરનારા ગણ્યા, એથી સંઘર્ષ વધતો ગયો અને ૨૦૦3માં વનઅધિકાર આંદોલન થયું. ૧૮૭૮, ૧૯૨૭ અને ત્યાર બાદ ૧૯૫૨ની વન નીતિમાં પણ આદિવાસીઓ માટે કોઈ વિશેષ જોગવાઈ કરવામાં આવી નહોતી. આદિવાસીઓ જંગલની જમીન ખેડે, પણ તે જમીન તેના નામે કરાતી નહોતી. એથી આદિવાસીઓ વારંવાર આંદોલન કરવા પ્રેરાયા. અંતે ૨૦૦૬માં આવેલા જંગલના સુધારેલા કાયદા બાદ જંગલ જમીન ખેડતા આદિવાસીઓના નામે જમીન થવા લાગી. આમ આંદોલનને સફળતા મળી.

## સમાપન:

ગુજરાતમાં વિવિધ કારણોસર થયેલાં આદિવાસી આંદોલનોને સ્વતંત્રતા પહેલાંનાં અને સ્વતંત્રતા પછીનાં એમ બે ભાગમાં વહેંચી શકાય. આ આંદોલનોમાં આદિવાસીઓની સાથે બિન–આદિવાસીઓએ પણ ભાગ લીધો હતો અને આંદોલનોને નેતૃત્વ પણ પૂરું પાડ્યું હતું. નોંધપાત્ર બાબત એ છે કે શોષણને કારણે કે જાગૃતિના લીધે, પણ, સૌથી વધુ આંદોલનો દક્ષિણ ગુજરાતમાં થયાં. સ્વતંત્રતા પહેલાંનાં આંદોલનોમાં મુખ્યત્વે ભીલ વિદ્રોહ, નાયકાઓનો વિદ્રોહ, ભગત ચળવળ, ગોવિંદગુરુનું આંદોલન, એકી આંદોલન, દેવી આંદોલન, વેડછી આંદોલન, સતીપતિ ચળવળ અને હળપતિ ચળવળનો સમાવેશ થાય છે. ગુજરાતના ભીલ, નાયકા, ધોડિયા કુંકણા અને હળપતિ આદિવાસીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ આંદોલનો અંગ્રેજવિરોધી, અત્યાચાર અને શોષણવિરોધી તથા સામાજિક-ધાર્મિક સુધારા માટેનાં હતાં.

અઢારમી સદીમાં પ્રથમ ભીલ વિદ્રોહ થયો ત્યારથી લઈને ૧૮૬૮માં જોરિયા ભગત ચળવળ થઈ ત્યાં સુધીનાં તમામ આંદોલનો મુખ્યત્વે અંગ્રેજવિરોધી, શાહુકારો અને જમીનદારોના અત્યાચારોના વિરોધરૂપે થયાં હતાં. ભગત ચળવળથી આંદોલનોમાં સામાજિક સુધારણાનું તત્ત્વ ભળ્યું. અલગ રાજ્ય બનાવવાનું પરિમાણ પણ ઉમેરાયું. અમરસિંહ ગામીતે ૧૯૦૫માં અને રામા હીરજીના નેતૃત્વમાં ૧૯૧૩માં ધોડિયાઓએ ઘરેણાંવિરોધી ચળવળ ચલાવી હતી, તે સમાજસુધારા માટેની હતી. દરમિયાન ગોવિંદગુરુ અને મોતીલાલ તેજાવતે સામાજિક-ધાર્મિક ચળવળ ચલાવી, તેમાં પાછળથી રાજકીય તત્ત્વ ઉમેરાયું. પરિણામે પ્રથમમાં માનગઢ હત્યાકાંડ થયો અને બીજામાં દ્રઢવાવ હત્યાકાંડ થયો. બન્ને આંદોલન ઝાઝાં સફળ ન થયાં.

એ પછીના તબક્કામાં દેવી આંદોલન અને વેડછી આંદોલન થયાં. તેમાં સમાજસુધારણાની સાથે ગાંધી વિચારધારાનું પરિમાણ ભળ્યું. સાથે જ વેડછી આંદોલનમાં શિક્ષણ અને ખાદીનો પ્રચાર કરાયો. કોટલા મહેતાના આંદોલનને પગલે ગણોતનો કાયદો બન્યો. સતીપતિ ચળવળમાં ધાર્મિકતાનો રંગ ચડેલો હતો. હળપતિ ચળવળને પગલે વેઠપ્રથા મહદંશે દૂર કરી શકાઈ હતી.

ગાંધીજી અને સરદાર પટેલ જેવા રાષ્ટ્રીય નેતાઓએ પણ આ ચળવળમાં રસ લીધો હતો.

સ્વતંત્રતા પછીનાં આદિવાસી આંદોલનોમાં કારણો બદલાયાં. મુખ્ય આંદોલનોમાં પારડી અન્નખેડ સત્યાગ્રહ, આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળ, નર્મદા આંદોલન, વન અધિકાર આંદોલન તથા આદિવાસી સંસ્કૃતિના પુનરુત્થાન અને આદિવાસી ઇતિહાસના પુનર્લેખન માટેની ચળવળનો સમાવેશ થાય છે. રાનીપરજ અને કાળીપરજ આદિવાસીઓ ઉપરાંત ભીલ અને વસાવા આદિવાસીઓએ આંદોલનોમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આઝાદી પછીનું પ્રથમ મહત્ત્વનું આદિવાસી આંદોલન જમીન ખેડવાના મુદ્દે થયેલું પારડી અન્નખેડ સત્યાગ્રહ હતું. ગાંધીચીંધ્યા માર્ગે થયેલા આ આંદોલનને સફળતા મળી. ઘાસિયા જમીનમાં અનાજ ઉગાડવાના હેતુથી આંદોલન થયું હોવાથી તેને પારડી અન્નખેડ સત્યાગ્રહ નામ આપવામાં આવ્યું હતું. એ પછી સોમજી ડામોર, રતનસિંહ ગામીત અને છોટુભાઈ વસાવાએ આદિવાસી સમસ્યાઓના નિવારણ માટે અલગ રાજ્યની માંગણી સાથે કરેલાં આંદોલનોને ધારી સફળતા ન મળી. પર્યાવરણ બચાવવા માટેનું નર્મદા આંદોલન ચાલ્યું. આદિવાસી એકતા પરિષદે શરૂ કરેલી આદિવાસી સંસ્કૃતિના પુનરુત્થાન અને આદિવાસી ઇતિહાસના પુનર્લેખન માટેની ચળવળ હજુ ચાલી રહી છે.

અંતે, એમ કહી શકાય કે, આઝાદી પહેલાં અને આઝાદી પછી થયેલી આદિવાસી ચળવળોમાં કેટલીક ચળવળ સફળ થઈ, જ્યારે કેટલીક નિષ્ફળ થઈ.

* * *

| ગુજરાતનાં આદિવાસી આંદોલનોની તારીખ અને તવારીખ | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **આંદોલન** | **વર્ષ** | **સૂત્રધાર** |
| ૧. | ભીલ અને કોળીઓનાં તોફાનો | ૧૫૩૫ | – |
| ૨. | પ્રથમ ભીલ વિદ્રોહ | ૧૭૯૩ | ઉમેદ વસાવા |
| ૩. | ડાંગી ભીલોની આઝાદીની લડાઈ | ૧૮૧૮ | – |
| ૪. | કોળી-નાયકાઓનો વિદ્રોહ | ૧૮૩૭ | – |
| ૫. | સૂરજમલનો વિદ્રોહ | ૧૮૫૭ | સૂરજમલ |
| ૬. | કોળીઓનો વિદ્રોહ | ૧૮૫૭ | – |
| ૭. | નાયકાઓનો વિદ્રોહ | ૧૮૫૮ | રૂપસિંહ નાયક |
| ૮. | જોરિયા ભગત ચળવળ | ૧૮૬૮ | જોરિયા ભગત |
| ૯. | ભગત આંદોલન | ૧૯૦૫ | અમરસિંહ ગામીત |
| ૧૦. | સંતરામપુરના ભીલોનો વિદ્રોહ | ૧૯૧૨ | – |
| ૧૧. | ઘરેણાંવિરોધી ચળવળ | ૧૯૧૩ | રામા હીરજી |
| ૧૨. | ગોવિંદગુરુનું આંદોલન | ૧૯૧૩ | ગોવિંદગુરુ |
| ૧૩. | એકી આંદોલન | ૧૯૨૨ | મોતીલાલ |
| ૧૪. | દેવી આંદોલન | ૧૯૨૨ | સલાબાઈ |
| ૧૫. | વેડછી આંદોલન | ૧૯૨૨-૧૯૬૭ | જુગતરામ દવે |
| ૧૬. | મોક્ષમાર્ગી સંપ્રદાય | ૧૯૨૫ | રામુજી |
| ૧૭. | કોટલા મહેતાનું આંદોલન | ૧૯૩૪ | કોટલા મહેતા |
| ૧૮. | સત કૈવલ ચળવળ | ૧૯૩૫ | રઘુરામ |
| ૧૯. | સતીપતિ ચળવળ | ૧૯૩૮ | ગુલિયા મહારાજ, રામદાસ અને કેસરીસિંહ |
| ૨૦. | હળપતિ ચળવળ | ૧૯૩૮ | વલ્લભભાઈ પટેલ અને જુગતરામ દવે |
| ૨૧. | સામાજિક-ધાર્મિક ચળવળો | ૧૯૫૦ | – |
| ૨૨. | પારડી અન્નખેડ સત્યાગ્રહ | ૧૯૫૨ | ઈશ્વરભાઈ દેસાઈ, ઉત્તમભાઈ પટેલ |
| ૨૩. | અલગ ભીલીસ્તાન ચળવળ | ૧૯૬૦ | સોમજી ડામોર |
| ૨૪. | આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળ | ૧૯૬૯ | રતનસિંહ ગામીત |
| ૨૫. | નર્મદા આંદોલન | ૧૯૮૦ | મેધા પાટકર |
| ૨૬. | આદિવાસી સંસ્કૃતિના પુનરુત્થાન અને આદિવાસી ઇતિહાસના પુનર્લેખન માટેની ચળવળ | ૧૯૯૨ | અશોક ચૌધરી, દીપક ચૌધરી અને સિદ્ધરાજ સોલંકી |
| ૨૭. | આદિવાસી સ્વાયત્ત રાજની ચળવળ | ૧૯૯૫ | છોટુભાઈ વસાવા |
| ૨૮. | વન અધિકાર આંદોલન | ૨૦૦૩ | – |

## સંદર્ભસૂચિ


૧. અરુણ વાઘેલા : પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, રાધિકા પ્રિંટર્સ, ગોધરા, ૨૦૦૯

૨. અંબાલાલ મોતીલાલ પટેલ : ભીલોનો ઇતિહાસ, ડૉ. પટેલ, અમદાવાદ, ૨૦૦૦

૩. આઈ. પી. દેસાઈ : વેડછી આંદોલન, સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૨

૪. આર. બી. લાલ : આદિવાસી બળવાઓ તથા સામાજિક ચળવળો, ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૯

૫. ઈ. પ્રા. દેસાઈ : દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સ્વાયત્ત રાજનું સૂત્ર, પ્રદેશ વિકાસ અભ્યાસ કેન્દ્ર, સુરત, ૧૯૭૦

૬. કિશોર ચૌધરી : ખેડૂત ચળવળ અને કોટલા મહેતા ચૌધરી, ગુજરાતની ખેડૂત ચળવળોનો ઇતિહાસ(સંપાદક : સંજયપ્રસાદ અને અન્યો), મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ, ૨૦૧૯

૭. ડેવિડ હાર્ડિમન : દેવી આંદોલન, અનુવાદ: શાંતિભાઈ મેરાઈ, સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૬

૮. દોશી ટીના : આદિવાસી આંદોલનો : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૧

૯. વિક્રમ ચૌધરી : ગણોતધારો અને કોટલા મહેતા, ગુજરાતની ખેડૂત ચળવળોનો ઇતિહાસ(સંપાદક: સંજયપ્રસાદ અને અન્યો), મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ, ૨૦૧૯

૧૦. વિદ્યુત જોષી : નર્મદા યોજના અને પુનર્વસવાટના પ્રશ્નો, ગુજરાત ખેતવિકાસ પરિષદ, અમદાવાદ, ૨૦૦૦

૧૧. સ્ટેન્લી ભણાત : મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરુનું આદિવાસી આંદોલન : એક તુલનાત્મક અભ્યાસ, મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૨૦૦૬


## સામયિકો


૧૨. અરુણ વાઘેલા: ૧૮૫૭નો વિપ્લવી આદિવાસી રૂપસિંહ નાયક, આદિલોક, વર્ષ: ૧, અંક: ૪, ૨૦૦૮

૧૩. અરુણ વાઘેલા : વનવાસી વીર રૂપસિંહ નાયક, આદિલોક, વર્ષ: ૭, અંક: ૩-૪, ૨૦૦૭

૧૪. રવિશંકર મહારાજ : પારડી તાલુકાનો પ્રશ્ન, ભૂમિપુત્ર, વર્ષ: ૧, અંક: ૧૦, ૧-૨-૧૯૫૪, યજ્ઞ પ્રકાશન, વડોદરા

૧૫. उमाशंकर मिश्र, प्रभातकुमार तिवारी : भारतीय आदिवासी, उत्तर प्रदेश हिंदी ग्रन्थ अकादमी, १९७५

૧૬. शांतिकुमारी शर्मा : मोतीलाल तेजावत, राजस्थान स्वर्णजयंती समारोह समिति, जयपुर, २००२

૧૭. B. K. Sharma : Tribal Revolts, Pointer Publications, Jaipur, 1996

૧૮. G. D. Parel ( Chief Editor): Gazeteer of India, Gujarat State, Panchmahal District, Government of Gujarat, Ahmedabad,1972

૧૯. Hakumat Desai, Kiran Desai : The Pardi Annakhed Satyagraha, Centre for Social Studies, Surat, 1997

૨૦. K. S. Singh : Tribal Movements in India, Vol: II, Manohar Publications, New Delhi,1983

૨૧. L. P. Mathur : Tribal Revolts in India under British Raj, Avishkar Publications, Jaipur, 2004

૨૨. R. B. Lal : Socio-Religious Movements among the Tribals South Gujarat, Tribal Movements in India, K. S. Singh (Ed.) Vol: II, Manohar Publications, New Delhi, 1983

૨૩. V. Raghvaiah : Tribes of India : Vol: II, Bhartiya Adimjati Sevak Sangh, New Delhi, 1983

૨૪. Villiam Ekka & A. K. Danda : The Halpati Movement Among the Dublas of South Gujarat, Tribal Movements in India, K. S. Singh (Ed.) Vol: II, Manohar Publications, New Delhi,1983

-----------

# ૧૨. આદિવાસી સ્વાતંત્ર્ય સૈનિકો



## પ્રસ્તાવના

ભારતનો સ્વાતંત્ર્ય–સંગ્રામ ૧૮૫૭માં શરૂ થયો તે લગભગ નવા દાયકાની લાંબી મંજિલ પછી ૧૯૪૭માં પૂર્ણ થયો. તે દરમિયાન આદિવાસીઓએ ઘણીખરી લડતો લડી. સત્યાગ્રહોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પરિણામે સેંકડોની સંખ્યામાં નાનામોટા સ્વતંત્રતા સૈનિકો પેદા થયા હતા. અત્રે ગુજરાતના આદિવાસી સ્વતંત્રતા સૈનિકોના રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી છે.

૧૯મા સૈકામાં બ્રિટિશકાળમાં વહીવટી નવરચના પછી પણ આદિવાસીઓ પાસે તેમની જાગીરો હતી. આવા જાગીરદારોમાં જાંબુઘોડા-નારુકોટ વિસ્તારમાં રૂપસિંહ નાયક, કેવળ નાયક, રાજપીપળાના સાગબારા વિસ્તારમાં કુંવર વસાવા જેવા જાગીરદારોનો ગાઢ પ્રભાવ સ્થાનિક આદિવાસીઓ પર હતો. આ જ ઉમદા સ્થિતિ દક્ષિણ ગુજરાતમાં નળધરા વિસ્તારમાં ચૌધરી જાગીરદારો ભોગવતા હતા. વેડછી પ્રદેશમાં ગાંધીવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આદિવાસીઓ પણ જમીનમાલિકો હતા. ૧૯મા સૈકાના બધાં આંદોલનોમાં આંદોલનની બાગડોર મુખ્યત્વે આવા જાગીરદારો કે જમીનદારો હસ્તક રહી હતી. આમ, આદિવાસી નેતૃત્વના પરંપરાગત સંદર્ભમાં રાજકીય અને વહીવટી સંચાલનનો સંદર્ભ હતો. આદિવાસી સમાજની પરંપરાગત વહીવટી સામાજિક વ્યવસ્થામાં ચૌધરી જાગીરદારો વહીવટી સંચાલન, મહેસૂલ ઉઘરાણી, દીવાની ફોજદારી દાવામાં ન્યાયની પ્રક્રિયાનું કામ જોતા હતા. ચૌધરી જાગીરદારોની સમગ્ર દક્ષિણ તાપી વિસ્તારમાં ન્યાય તોળવા માટે ખ્યાતિ હતી. આવા નેતૃત્વ પ્રકારને ૧૯મા-૨૦મા સૈકામાં આદિવાસીઓએ સ્વીકાર્યું હતું. આ સંદર્ભમાં A Aiyappan દર્શાવે છે કે Important feature in the study of dynamics of change is the emergences of leadership from time to time. If while traditional eaders play a very important part there is scope for the growth of new leaders in a time of crisis.

૧૯મા સૈકામાં આદિવાસી વહીવટી-સામાજિક વ્યવસ્થા ગામ, ગોળ, એકડામાં વહેંચાયેલી હતી. સાથે ગામેતી, પટેલ, નાયક, ગામપટેલ, કારભારી, ભગત વગેરે પરંપરાગત હોદ્દાઓ કે દરજ્જાઓ અસ્તિત્વમાં હતા અને તેઓનો ઊંડો પ્રભાવ સ્થાનિક આદિવાસીઓ પર હતો. તેઓ સ્થાનિક સ્તરે તહેવારો, સગાઈ સંબંધો, લગ્નો વગેરેમાં વડીલ, માર્ગદર્શક, સલાહકારોની ભૂમિકામાં રહેતા. આદિવાસી સમૂહો માટે તેમની આજ્ઞા ઈશ્વરી આજ્ઞા હતી. આમ, આદિવાસી નેતૃત્વમાં ગાઢ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભ હતો. બીજી રીતે કહીએ તો આદિવાસીઓની સામાજિક-વહીવટી સંરચનાએ તેમનાં આંદોલનોના સંગઠનની પ્રક્રિયા સરળ બનાવી હતી.

૧૯મા સૈકામાં ગુજરાતના 'આદિવાસીઓનું સમાજજીવન' જોઈએ તો આદિવાસીઓ અને બિનઆદિવાસીઓના સમાજજીવનમાં પાયાના તફાવતો હતા. ગુજરાતની આદિવાસી ચળવળો સ્વયંસ્કુરિત અને પ્રેરિત એમ બે પ્રકારની ચળવળો હતી. સ્વયંસ્કુરિતનો અર્થ એ નથી એ ચળવળો શૂન્યાવકાશમાં સર્જાઈ હતી. સાંથાલ, મુંડા અને કોલ જેવી અન્ય ભારતીય ચળવળોની માફક

ગુજરાતની આદિવાસી ચળવળોમાં પણ અસંતોષનો સળવળાટ થયા પછી તેના નેતાઓએ સંબંધિત વિસ્તારોમાં બેઠકો અને સંવાદોનો દોર શરૂ કર્યો હતો. ગોવિંદગુરુની ભગત ચળવળમાં તો સંપસભા (૧૯૦૫) નામનું ઔપચારિક સંગઠન પણ અસ્તિત્વમાં આવ્યું હતું. આ જ તત્ત્વો જોરીયા ભગત (૧૮૬૮) અને મોતીલાલ તેજાવતની ચળવળમાં (૧૯૨૨-૨૩) પણ વિદ્યમાન હતાં. બંને પ્રકારની ચળવળોમાં નેતૃત્વની તરાહ સંક્રમણ–પરિવર્તિત સ્વરૂપમાંથી પસાર થઈ હતી, કારણ કે આદિવાસી ચળવળો આદિવાસી હક્કો માટે સ્થાનિક ભદ્રવર્ગ, રિયાસતો, બ્રિટિશ શાસન વિરુદ્ધ અને આદિવાસી આંતરિક સુધારણાના હેતુસર થઈ હતી. ત્યારે સ્વાભાવિકપણે અત્યાર સુધી જાતિગત ધોરણે ચાલતી નેતાગીરીને વિવિધ રીતે બાહ્ય પરિબળો સાથે કામ પાર પાડવાનું હતું. ઉદા. તરીકે ૧૮૩૮-૧૮૬૮ દરમિયાનની નાયકા ચળવળ, ૧૯૦૫ની ધાટાની ભગત ચળવળ વગેરે. આ ચળવળો સ્વયંસ્ફુરિત (Autonomous) હતી. તે વખતે બાહ્ય પરિબળો સામેના પ્રશ્નો માટે સૌપ્રથમ સંઘર્ષ-વિમર્શની તકો ઊભી થઈ હતી. પરંપરાથી જુદા સ્તરે, સંક્રમણકાળ–પરિવર્તિત સ્થિતિ આદિવાસી નેતૃત્વના સંદર્ભમાં મહત્ત્વની પરિસ્થિતિ હતી. જોરીયો પરમેશ્વર, રૂપસિંહ નાયક, અમરસિંહ ગામીત વગેરે તેના મહત્ત્વપૂર્ણ ઉદાહરણો હતાં.

આદિવાસી નેતૃત્વને પ્રભાવિત કરવાવાળાં અનેકવિધ પરિબળો હતાં. ઉદા. તરીકે આદિવાસીઓમાં ચાલેલી સંસ્કૃતીકરણની પ્રક્રિયા, ભદ્રવર્ગીય સુધારણા પ્રવૃત્તિઓ, આદિવાસી શિક્ષણ, ગાંધીવાદી સ્વાતંત્ર્ય આંદોલન અને રચનાત્મક પ્રવૃત્તિઓ, હિંદુ પ્રતિકારાત્મક પ્રવૃત્તિઓ વગેરે. દક્ષિણ ગુજરાતમાં સ્વયંસ્ફુરિત ધાટાની ભગત પરંપરાએ નેતૃત્વ ઉદ્ભવના પરિબળ તરીકે મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. જેણે ગાયકવાડી પ્રવૃત્તિઓ ઉપરાંત દેવી આંદોલન અને ગાંધીવાદી પ્રવૃત્તિઓને મહત્ત્વપૂર્ણ જનાધાર પૂરો પાડ્યો હતો. ૧૯૦૫-૧૯૩૧ વચ્ચે પંચમહાલમાં ચાલેલી ભગત ચળવળ બહુધા હિંદુ સંપ્રદાયોના પ્રભાવમાં થયેલી હતી. તેનું નેતૃત્વ વણજારા જ્ઞાતિના ગોવિંદગુરુએ લીધું હતું. ભગત ચળવળે નાના પાયે ભીલોને નેતૃત્વની તકો પૂરી પાડી હતી.

સ્વરાજયુગના પ્રારંભે (૧૯૧૫-૨૦) ગુજરાતમાં દુષ્કાળનિવારણ, સંકટનિવારણ, ખાદી–કાંતણની પ્રવૃત્તિઓ નિમિત્તે ગાંધીવાદીઓ આદિવાસી વિસ્તારોમાં પહોંચ્યા. તેઓએ કાંતણ-વણાટ કેન્દ્રો, ત્યાર પછી આશ્રમો અને આદિવાસી ઉત્કર્ષની સંસ્થાઓ સ્થાપી હતી. પ્રારંભે ગાંધીવાદીઓ સાથે જ આદિવાસી સેવકો સંપર્કમાં આવ્યા તે આદિવાસી સમાજના નેતા તરીકે પ્રસ્થાપિત થયા હતા. ઉદા. તરીકે મકનજીબાબા (વેડછી), ગોમજી લાલા ચૌધરી(વેડછી), રૂપાજી પરમાર(દાહોદ) વગેરે. આમ, આદિવાસી નેતૃત્વના સર્વોચ્ચ પરિબળ તરીકે ગાંધીવાદી કાર્યકરોનો સતત સંપર્ક અને સહવાસ હતો એટલું યાદ રાખવું ઘટે. અલબત્ત ગાંધીવાદી પ્રવૃત્તિઓને પણ અગાઉની પોતીકી આદિવાસી પ્રવૃત્તિઓનો સધિયારો સાંપડ્યો હતો. વળી આદિવાસી વિસ્તારની ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે ગાંધીવાદીઓ આદિવાસીઓમાંથી જ આદિવાસી સેવકો તૈયાર થાય તે માટે સતત પ્રયત્નશીલ હતા. તેઓએ આદિવાસીઓ રચનાત્મક કાર્યોની પાકી તાલીમ પામી, સ્વાવલંબી, સંયમી બની, આદિવાસી સેવામાં ગળાડૂબ બની, કૂપમંડૂપતાની દ્રષ્ટિથી ઉપર ઊઠી પોતાની જાતને રાષ્ટ્રીય પ્રવાહના સંદર્ભમાં જુએ તેની પૂરતી તકેદારી લીધી હતી. સ્વરાજ્યયુગીન ગાંધીવાદી આદિવાસી નેતાઓનાં જીવન અને કાર્યને અવલોકતાં તેઓમાં પ્રસ્તુત સદ્ગુણો જણાતા હતા.

ગાંધીવાદી કાર્યકરોએ તેમના કાર્યનો પ્રારંભ ખાદીકાર્યને વસ્ત્રો માટેની આત્મનિર્ભરતાનો કાર્યક્રમ

ગણીને કર્યો. કાંતણ-પીંજણ વગેરેનું કામ શિખવાડવાનું હોવાથી તેઓએ આ ઉદ્દેશ માટે વ્યક્તિઓને મળવું પડતું. ખાદીકાર્યકરો તેઓને માત્ર કાંતણવણાટનું કામ જ નહોતા શીખવતા, આદિવાસીઓના નૈતિક જીવન અને જીવનશૈલીને સ્પર્શતી બધી બાબતોના વિકાસ માટે તે કાર્ય કરતા. આવા કાર્યકરો આદિવાસીઓની વચ્ચે રહેતા અને તેમને દારૂબંધી, શાકાહાર, સ્વચ્છતા વગેરેનો ઉપદેશ આપતા. આદિવાસીઓના શોષક એવા બિનઆદિવાસીઓ જે પ્રકારનું સુખ અને સમૃદ્ધિસભર જીવન જીવતા હતા તેમના કરતાં આ કાર્યકરો ઘણું સાદું જીવન જીવતા. આંદોલનના કાર્યકરો અને લોકો વચ્ચે ઘરોબો ઊભો કરવામાં ઘણું કરીને આ બાબત સહાયરૂપ બનતી. આવી ક્રિયા-પ્રતિક્રિયાઓએ આદિવાસીઓમાંથી ગાંધીવાદી નેતૃત્વ તૈયાર કરવામાં ભૂમિકા ભજવી હતી. (દેસાઈ આઈ.પી.:૧૯૮૨:૬૭-૬૮)

આદિવાસી નેતૃત્વનું સ્વરૂપ અગાઉ નોંધ્યું તેમ મહદંશે ભદ્રવર્ગીય નેતૃત્વ કરતાં જુદા પ્રકારનું હતું. આદિવાસીઓની પૈતૃક સત્તા, વડીલશાહીમાં શ્રદ્ધા, વૃદ્ધોનું સન્માન વગેરેમાંથી તેઓનું નેતૃત્વ પ્રગટતું હતું. આદિવાસીઓમાં ૧૯મા અને ૨૦મા સૈકામાં જાગીરદારો અને કેટલાક અપવાદોને બાદ કરતાં નેતૃત્વ મોટે ભાગે વૃદ્ધો, આધેડો પાસે રહેલું હતું. યુવાનોએ પોતાના વડીલોને અનુસરવાનું કાર્ય કર્યું હતું. પરંપરાગત નેતૃત્વથી આદિવાસીઓ ઉફરા ચાલ્યા હોય કે આડા ફંટાયા હોય તેવું જવલ્લે જ બન્યું છે. એમ સ્વયંસ્ફુરિત અને પ્રેરિત ચળવળોમાં પણ તેમનું નેતૃત્વ પરંપરાગત રહ્યું છે.

નેતાઓએ ચળવળો દરમિયાન આદિવાસીઓના મૂળભૂત પ્રશ્નોને કેન્દ્રમાં રાખ્યા હતા. આદિવાસીઓમાં સંસ્કૃતીકરણ, સામાજિક-ધાર્મિક સુધારણા, સામાજિક ન્યાય અને આર્થિક શોષણનો વિરોધ વગેરે માટે સંસ્થાકીય-બિનસંસ્થાકીય ઢબે કાર્ય કરવું, વગેરે તેમના વિચારસ્તંભો હતા. ૨૦મા સૈકામાં અનેકની સંખ્યામાં આદિવાસી-બિનઆદિવાસી નેતાઓએ સંસ્થાઓ રચી આદિવાસી સમસ્યાઓના નિવારણ માટે મંચ ઊભો કર્યો હતો. તેમાં ગાંધીવાદી આદિવાસી નેતાઓની સંખ્યા વિશેષ હતી. અલબત્ત, ગાંધી પૂર્વ ઘાટાની ભગત પ્રવૃત્તિઓ પણ સંસ્થાકીય બેજ હતી. જેમાં દેવમંદિર સંસ્થાના સ્થાને મંદિર હતું.

આદિવાસી નેતૃત્વ વિશે આટલી સૈદ્ધાંતિક ચર્ચા કર્યા પછી પ્રસ્તુત પ્રકરણમાં ૧૯મા અને ૨૦મા સૈકાના કેટલાક અગ્રગણ્ય આદિવાસી સ્વતંત્રતા સૈનિકોનો પરિચય આપવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ જીવનચરિત્રાત્મક કરતાં નેતૃત્વના જુસ્સા(Spirit)ને પ્રગટાવવાનો વિશેષ છે.

## ૧. રૂપસિંહ નાયક (૧૮૧૩-૧૮૬૮)

ગુજરાતના આદિવાસીઓમાં સ્વતંત્રતા સૈનિક તરીકેનો પહેલો દાખલો પંચમહાલના નાયકોએ પૂરો પાડ્યો હતો. નાયકા આદિવાસીઓએ જાતિગત અસંતોષને લઈ ૧૯મા સૈકામાં સ્થાનિક રિયાસતો અને બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્રોહની અહાલેક પોકારી હતી. તેનો પ્રથમ દાખલો રૂપા નાયક ઉર્ફે રૂપસિંહ નાયક હતો તેણે ત્રણ-ત્રણ દાયકા સુધી દેશી-વિદેશી સ્થાપિત હિતોને હંફાવ્યા હતા. તે ૧૯મા સૈકામાં આદિવાસીઓમાં જોરાવર નેતા સ્વરૂપે પ્રગટ થાય છે.

રૂપસિંહ નાયકનો જન્મ આશરે ઈ.સ. ૧૮૧૩માં જાંબુઘોડા રાજ્યના ઝીંઝરી ગામે થયો હતો. પિતાનું નામ ગોબર નાયક હતું. જે વારસાગત રીતે નારુકોટ રાજ્ય હસ્તકના ઝીંજરી ગામ પર ગિરાસી હક ધરાવતો હતો. ગિરાસી લડાઈમાં આ ગામ નારુકોટના જાગીરદારે જપ્ત કરી ગોબર નાયકનું ખૂન કર્યું હતું. (M.S.A.,pol (Sp.)File-621 to 1868:p.12 and 71) જે રૂપસિંહ નાયકની બળવાખોર પ્રવૃત્તિઓનું મૂળ કારણ હતું.

રૂપસિંહ નાયકના વિદ્રોહનો પ્રારંભ ૧૮૩૮માં થયો હતો. ફેબ્રુઆરી ૧૮૩૮માં અન્ય નાયકા નેતાઓ સાથે તેણે નારુકોટ રાજ્યને ઘેરામાં લીધું હતું. પરંતુ સ્થાનિક રજવાડાંઓનું સંગઠન અને બ્રિટિશ લશ્કરની સામે રૂપસિંહે પીછેહઠ કરવી પડી. ૧૮૫૭માં વિપ્લવના વમળમાં પોતાનો અસંતોષ ભેળવ્યો હતો. કાયદો-વ્યવસ્થાની કથળેલી સ્થિતિમાં તેણે ચાંપાનેરથી નારુકોટ સુધીના વિસ્તાર પર સત્તા જમાવી હતી. પરંતુ બીજી વાર પણ કર્નલ વોલેસ અને ભીલ કોર્પ્સની સામે તેણે નમતું મૂકવું પડ્યું હતું.(Campbell: 1879:254-258) પરંતુ નાસીપાસ થયા વગર વધુ તાકાત સાથે ઈ.સ. ૧૮૬૭માં તે મેદાને પડ્યો હતો. આ વખતે તેણે નાયકા આદિવાસીઓ પર ઊંડો પ્રભાવ ધરાવનાર જોરીયા પરમેશ્વરનો સાથ મેળવ્યો હતો. જોરીયા-રૂપસિંહની યુતિ મજબૂત આદિવાસી ચળવળમાં પરિણમી હતી. તેઓએ નાયકાઓમાં કુશળ સંગઠિત શક્તિ પેદા કરી દેશી રિયાસતો અને બ્રિટિશ સત્તાના આધિપત્યને ફગાવી દીધું હતું. જાંબુઘોડામાં ભરાયેલી નાયકાઓની સભામાં રૂપસિંહ નાયક 'સરકાર' ઘોષિત થયો હતો. જે સ્થાનિક સ્તરે વહીવટી, રાજકીય, ધાર્મિક નિયંત્રકની ભૂમિકામાં હતો. રૂપસિંહ નાયકની તાકાતને બ્રિટિશ દસ્તાવેજોમાં પણ સરાહવામાં આવી છે. (M.S.A.:1868:10)

બ્રિટિશ શાસન, દેશી રિયાસતો સામે બહારવટું ખેલવાનો રૂપસિંહ નાયકનો ત્રણ દાયકાનો ઇતિહાસ હતો. ઈ.સ. ૧૮૩૮ અને ૧૮૫૭માં તેણે કામચલાઉ શરણાગતિ સ્વીકારી હથિયાર હેઠાં મૂક્યાં હતાં. પરંતુ દીર્ઘદ્રષ્ટિવાળું બ્રિટિશ શાસન, રૂપસિંહ નાયકની શક્તિઓને વધવા દેવા ઇચ્છતું ન હતું. આદિવાસી નેતા એટલે વિદ્રોહી, હિંસાત્મક વલણ એવી સામાન્ય છાપ ઊપસે, પરંતુ રૂપસિંહ નાયકમાં પરંપરાગત આદિવાસી નેતામાં ઉપલબ્ધ ગુણો ઉપરાંત સમાધાનીની કુનેહ અને દીર્ઘદ્રષ્ટિ જેવા વિશેષ ગુણો પણ હતા. જે તેણે તેની લાંબી કાર્યયોજનાના ભાગરૂપે ઈ.સ. ૧૮૩૮ અને ૧૮૫૭ના વર્ષે દર્શાવ્યા હતા. આંધળૂકિયા કરી નિષ્ફળતાનું પ્રકરણ બનવા કરતાં કામચલાઉ પીછેહઠ કરી લાંબી લડત માટે તે પ્રતિબદ્ધ હતો. ૧૮૬૭માં તે બમણી તાકાત અને કુનેહપૂર્વક આગળ આવ્યો હતો. નાયકાઓની સંગઠિત તાકાતના બળે તેણે સંબંધિત વિસ્તારમાં ૧૫ દિવસ સુધી વહીવટી શૂન્યાવકાશની સ્થિતિ ઊભી કરી હતી, જે સાંસ્થાનિક ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ ઘટના હતી. રૂપસિંહનો ખેલ ખતમ કરવા તેના પરંપરાગત દુશ્મનો જેવા કે નારુકોટ-જાંબુઘોડા ઉપરાંત છોટાઉદેપુર વડોદરાનું ગાયકવાડી લશ્કર, ભીલ કોર્પ્સ અને કુશળ બ્રિટિશ અધિકારીઓના નેતૃત્વમાં રૂપસિંહ નાયક વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી શરૂ થઈ. ૧૬ ફેબ્રુઆરી, ૧૮૬૮ના રોજ બ્રિટિશ આગેવાનીમાં વડેક ઉપર હુમલો થયો. જેમાં ૧૧ જેટલા નાયક યોદ્ધાઓ શહીદ થયા. આકરી રઝળપાટ પછી રૂપસિંહ નાયકને જીવતો પકડવામાં આવ્યો. તેની પર બ્રિટિશ સત્તા વિરુદ્ધ બળવો પોકારવા બદલ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૧, સ્થાનિક દેશી રજવાડા વિરુદ્ધ પડવા બદલ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૫ અને સ્થાનિક રિયાસતોમાં લૂંટફાટના આરોપ બદલ કલમ ૧૨૬ મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવી. ૧૬ એપ્રિલ,૧૮૬૮ના રોજ તેને ફાંસીની સજા થઈ. (M.S.A.:1868:33-34)

૧૯મા સૈકાના આદિવાસી નેતાઓમાં રૂપસિંહ નાયકનો જોટો જડે તેમ નથી. માત્ર ૫૪ વર્ષની ઉંમરે તેણે આદિવાસી ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું. તે માત્ર વિદ્રોહી, ક્રાંતિકારી નહીં આદિવાસીઓનો ધાર્મિક નેતા હતો. તેણે દાયકાઓ સુધી નાયક આદિવાસીઓને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું. તેના વ્યક્તિત્વ સાથે અનેક લોકવાયકાઓ, લોકગીતો સંકળાયેલાં છે. તેમાં રૂપસિંહની મહાનતાને ગૌરવ બક્ષતું ગીત :

'રૂપસિંહ નાયક તારી દોઢ શેરની કામઠી
(બાણ) ને સવાશેરનું સરીયું (તીર)
રૂપસિંહ નાયક તે તો ઉદેપુર લીધું (લૂટ્યું)
રૂપસિંહ નાયક તારી દોઢ શેરની કામઠી
રૂપસિંહ નાયક તે તો રોઇકુ હાલોલ શેર
રૂપસિંહ નાયક તારી દોઢ શેરની કામઠી
રૂપસિંહ નાયક તે તો રોઇકુ સંખેડા શેર
રૂપસિંહ નાયક તે તો રોઇકુ બારીયા શેર
રૂપસિંહ નાયક તારી દોઢ શેરની કામઠી ને
સવાશેરનું સરીયું (વાઘેલાઃ૧૯૧૬:૮૫)

રૂપસિંહ નાયક આજે પણ 'નાયકાઓના રાજા' તરીકે સ્થાનિક આદિવાસીઓના હૃદય સિંહાસન પર બિરાજમાન છે. જ્ઞાત દસ્તાવેજો પ્રમાણે રૂપસિંહ નાયક ગુજરાતના આદિવાસીઓમાં પ્રથમ સ્વતંત્રતા સૈનિક સાબિત થયા છે.

## ૨. જોરીયો પરમેશ્વર (૧૮૪૬-૧૮૬૮)

૧૯મા સૈકામાં આદિવાસીઓમાં જે વિદ્રોહી, વિપ્લવી કે ક્રાંતિકારી નેતાઓ પાક્યા તેમાં જોરીયા નાયકનું નામ અગ્રપંક્તિમાં આવે છે. જાંબુઘોડા-નારુકોટ(પંચમહાલ) વિસ્તારમાં 'જોરીયા પરમેશ્વર' તરીકે પ્રસિદ્ધ થયેલો તે આજે પણ ઇતિહાસનું અજાણ્યું પાત્ર રહ્યું છે.

જોરીયા કાલીયા નાયક ૧૯ના સૈકામાં વિદ્રોહી, બળવાખોર આદિવાસી નેતા હતો. તેનો જન્મ ઈ.સ. ૧૮૪૬માં (આશરે) જાંબુઘોડા તાલુકાના વડેક ગામે થયો હતો. ૨૧ વર્ષની ઉંમરે તેણે ધાર્મિક કે અધ્યાત્મિક નેતા તરીકેનું જીવન શરૂ કર્યું હતું. તેની પાછળ અનેક પ્રકારની લોકવાયકાઓ સંકળાયેલી છે. બ્રિટિશ અધિકારીઓ સમક્ષ તેણે ચમત્કારિક શક્તિઓ, દૈવી શક્તિઓની પ્રેરણાથી આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જીવન જીવવાનું શરૂ કર્યું હોવાનું કહ્યું હતું. (વાઘેલાઃ૨૦૧૬:૮૫). આજે ૧૪૦ વર્ષ પછી પણ જોરીયાના વ્યક્તિત્વ સાથે અનેક દંતકથાઓ વણાયેલી છે. ૧૮૬૭માં તેણે નૈતિક ઉત્કર્ષ અને સદ્‌ગુણી-સદાચારી જીવન જીવવા માટે આદિવાસીઓમાં પ્રચાર કર્યો હતો. તે હિંદુ ધર્મશાસ્ત્રો અને ધાર્મિક વિધિઓનું જબરું જ્ઞાન ધરાવતો હતો. તેણે પોતાની જન્મભૂમિ વડેકમાં આધ્યાત્મિક કોર્ટની સ્થાપના દ્વારા ન્યાય આપવાનું કાર્ય પણ કર્યું હતું. જોરીયાએ પોતાના ધાર્મિક વિચારોનો ફેલાવો કરવા માટે જોદ્ધા (Fighter), વઝીર (સલાહકાર), કોટવાળ, હનુમાન, લક્ષ્મણજી, ગોપીઓ જેવા હોદ્દાઓ પણ ઊભા કર્યા હતા. જોરીયો વૈદકશાસ્ત્રનું જ્ઞાન પણ ધરાવતો હતો. જોરીયાનું વ્યક્તિત્વ અને ચમત્કારિક વાતોથી નાયકા આદિવાસીઓમાં તેનો જબરજસ્ત પ્રભાવ છવાયો હતો. જાંબુઘોડા-નારુકોટ વિસ્તારના પછાત જ્ઞાતિના લોકો જોરીયાનું શિષ્યપદ પામવા, તેના દર્શન કરવા માટે તલપાપડ રહેતા હતા.

જોરીયા ભગત સમાજસુધારકની ભૂમિકામાં પણ હતો. તેણે નાયકાઓને સુધારવા માટે સુધારણા કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેના સામાજિક-ધાર્મિક ઉપદેશોમાં શુદ્ધ-સદાચારી જીવન, ખૂનામરકીથી દૂર રહેવું, લૂંટફાટ ન કરવી, પરિશ્રમી જીવન જીવવું, પ્રામાણિકતા, માંસાહારનિષેધ, ધરમરાજની સ્થાપના વગેરે બાબતોનો સમાવેશ થતો હતો. જોરીયા નાયકના પ્રસ્તુત ઉપદેશો તત્કાલીન નાયકાઓની સ્થિતિઓના સંદર્ભમાં ક્રાંતિકારી ગણાવી શકાય તેવા છે. ઈ.સ. ૧૮૬૮ની શરૂમાં નાયકા જ્ઞાતિના અન્ય ક્રાંતિકારી નેતા રૂપસિંહ નાયકનો સંગાથ મળતાં જોરીયાની ધરમરાજની પ્રવૃત્તિમાં તેજી આવી હતી. રૂપસિંહ નાયક અને વિશાળ સંખ્યામાં નાયક આદિવાસીઓના સથવારે તેણે સ્થાનિક રિયાસતોની સાથે, બ્રિટિશ કાયદો અને વ્યવસ્થાને પણ પડકાર ફેંક્યો હતો. (એજન) રાજગઢ થાણામાં લૂંટફાટ પણ ચલાવી હતી. સરકારી અધિકારીઓનાં ખૂન પણ કર્યાં હતાં. જોરીયા નાયક અહંકારી, દીર્ઘદ્રષ્ટિ વગરનો નેતા હતો. સ્થાપિત સત્તા સામે થોડીક સફળતા મળતાં તેનો ઉત્સાહ અને મહત્ત્વાકાંક્ષા બેવડાતાં હતાં.

ઉદા. તરીકે રાજગઢ થાણા પર સફળ હુમલા પછી (૧૮૬૮), સફળતાના મદમાં તેણે પૂના અને વડોદરા જેવાં વહીવટી કેન્દ્રો જીતવાના અભરખા રાખ્યા હતા. તેણે જન્મભૂમિ વડેકમાં નાયકાઓની વિશાળ સભા ભેગી કરી પોતાને આધ્યાત્મિક-ધાર્મિક(Spiritual) વડા તરીકે જાહેર કર્યો હતો. તેનાથી ઉત્સાહિત થયેલા શિષ્યોએ સરકારી કાયદાનો ભંગ કરી નાકાવેરો ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. વાણિયાઓનું દેવું ભરવાનો ઇન્કાર કર્યો હતો. સાંસ્થાનિક ગુજરાતમાં કોઈ પણ આદિવાસી નેતાએ આણેલું આ મહાન પરિવર્તન હતું. તેની નોંધ પંચમહાલના પોલિટિકલ એજન્ટે નીચેના શબ્દોમાં લીધી હતી : "પરમેશ્વર (જોરીયા) દ્વારા સ્થાનિક રહેવાસીઓ પર જે કાબૂ જમાવાયો હતો, તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. રાજગઢ-જાંબુઘોડા અને જેતપુર પરના સફળ હુમલા પછી વડેકથી ૨૦ માઈલના ઘેરાવામાં દરેક વ્યક્તિ એમ માનતો હતો કે બ્રિટિશ રાજનો અંત આવ્યો છે. અને જોરીયાના શુકનિયાળ ધરમરાજનો પ્રારંભ થઈ ચૂક્યો છે."(વાઘેલાઃ૨૦૧૬:૮૬-૮૮) ટૂંકમાં બ્રિટિશ વહીવટીતંત્રે પણ જોરીયાનાં પરાક્રમ અને સ્થાનિક આદિવાસી પરના પ્રભાવને બિરદાવવા પડ્યાં હતાં.

જોરીયા નાયકની મહત્ત્વાકાંક્ષા 'નાયકીરાજ' (નાયકાઓનું રાજ્ય) સ્થાપવાની હતી. તે માટે તેણે પોતાનામાં ચમત્કારિક શક્તિઓ હોવાનો દાવો પણ કર્યો હતો. નાયકાઓના સંગઠનના સથવારે તેણે છોટાઉદેપુર જેવા રાજ્ય અને બ્રિટિશ સત્તાને પણ ખુલ્લો પડકાર ફેંક્યો હતો. પરિણામે બ્રિટિશ તંત્રે સ્થાનિક દેશી રજવાડાંઓ, ભીલ કોર્પ્સ, આરબ સેના, ગાયકવાડી લશ્કરને સાથે રાખી જોરીયા વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી કરી. જોરીયા અને નાયકા યોદ્ધાઓએ મરણિયો જંગ ખેલ્યો, આખરે તેમણે શરણાગતિ સ્વીકારવી પડી. જાંબુઘોડામાં સ્થપાયેલી ખાસ કોર્ટે જોરીયા નાયકને ફાંસીની સજા ફટકારી. (વાઘેલાઃ૨૦૧૬:૮૯-૯૦) આમ, મહાન ક્રાંતિકારી આદિવાસી નેતાના જીવનનો કરુણ અંત આવ્યો. માત્ર ૨૨ વર્ષની ઉંમરે નાયકાઓનું કુશળતાપૂર્વક સંગઠન, નાયકા ચળવળનું બે મહિના જેવા લાંબા સમય સુધી સંગઠન તથા સ્થાપિત સત્તાઓને મર્દાનગીસભર પડકાર વગેરે સામાન્ય બાબતો ન હતી. આજે પણ જાંબુઘોડા-નારુકોટના નાયકા આદિવાસીઓ જોરીયાના જીવન અને કાર્યને લગતી અનેક વાતો કંઠમાં સંઘરીને બેઠા છે. જોરીયો આજે સ્થાનિક સ્તરે પરમેશ્વરના સ્થાને બિરાજે છે.

### ૩. કિશનસિંહ ગામીત (૧૮૯૫-૧૯૮૧)

કિશનસિંહ ગામીતનો જન્મ ધાટાના પ્રસિદ્ધ ભગત પરિવારમાં ઈ.સ. ૧૮૯૫માં થયો હતો. ભગત પરિવાર પોતીકી સુધારક ભગત પરંપરા અને ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓના પ્રોત્સાહક તરીકે સમગ્ર સોનગઢ-વ્યારા વિસ્તારમાં પ્રખ્યાત હતો. ૭ વર્ષની ઉંમરે કિશનસિંહ ગામીતે ગામઠી શાળામાં શિક્ષણ લેવાની શરૂઆત કરી હતી. ભણવામાં તેઓ ઘણા તેજસ્વી હતા. ધાણકા વસતિગૃહમાં રહીને તેમણે પ્રાથમિક શિક્ષણનું છઠ્ઠું ધોરણ પાસ કર્યું હતું. અંગ્રેજી પાંચમા ધોરણનું શિક્ષણ વ્યારામાં અને અંગ્રેજી છઠ્ઠા ધોરણનો અભ્યાસ નવસારીની મદ્રાસ હાઇસ્કૂલમાં કર્યો હતો. ૨૩ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૧૮માં મહારાણી હાઇસ્કૂલ વડોદરામાંથી સ્કાઉટની પરીક્ષા પાસ કરી હતી. ઈ.સ. ૧૯૨૦માં મૅટ્રિક પાસ કરી, ૧૯૨૧માં કૉમર્સનું ભણતર શરૂ કરી વાણિજ્યની સરકારી (કૉમર્સ, જી.આઈ.સી.) પરીક્ષા પાસ કરી હતી. ઈ.સ. ૧૯૨૧-૨૩માં મુંબઈમાં દફતરી દીવાન સૉલિસિટરની પેઢીમાં નોકરી થઈ, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે નોકરીનો ત્યાગ કર્યો હતો, છતાં અભ્યાસ પ્રત્યેની તીવ્ર ઝડપ અને મહત્ત્વાકાંક્ષાને કારણે ૧૯૨૭માં વડોદરા રાજ્યના ખર્ચે શાંતિનિકેતનમાં (બંગાળ) અભ્યાસ કરવા લાગ્યા. ત્યાં તેઓ અભ્યાસ અર્થે બે વર્ષ રોકાયા. ૧૯૨૯માં

ત્યાંથી પરત ફરી સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. (લોકગુર્જરીઃ ૧૯૬૩-૬૨)

ઉમદા કૌટુંબિક વારસો, શિક્ષણપ્રાપ્તિની ધગશ અને ગાયકવાડી રાજ્યનું પ્રોત્સાહન વગેરેને લઈ કિશનસિંહ ગામીતમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવવા માંડી હતી. પોતાની શિક્ષણ અને સુધારા પ્રત્યેની ધગશથી મહારાજા સયાજીરાવને પણ પ્રભાવિત કર્યા હતા. શાંતિનિકેતનમાં તેમના અભ્યાસથી પ્રભાવિત થઈ સયાજીરાવે હજૂર હુકમ અંક ૧૦૨/૧૨ દ્વારા તા. ૨૯-૧૧-૧૯૩૪ના રોજ રાનીપરજ શાળાઓના તપાસનીશ તરીકે કિશનસિંહ ગામીતની નિમણૂક કરી હતી. પ્રસ્તુત નિમણૂકે આદિવાસીઓમાં શિક્ષણ અને સમાજસુધારાના કાર્યમાં નવી ઊર્જા પૂરી પાડી હતી. શાળાના તપાસનીશ તરીકે વ્યારા, મહુવા, સોનગઢ, માંગરોળ તાલુકામાં કામ કર્યું હતું. આદિવાસીઓની શિક્ષણની સમસ્યાઓની જાતતપાસ કરી તેના નિવારણ માટે – રાનીપરજ બાળકો માટે નવી શાળાઓનું બાંધકામ, રાનીપરજ વિદ્યાર્થીને કોઈ પણ વસતિગૃહમાં પ્રવેશવાની પરવાનગી, વિદ્યાર્થીઓને શિક્ષણની સવલત વગેરે જેવા ઉમદા પ્રયત્નો કર્યા હતા. (પાટીલઃ૧૯૩૪)

કિશનસિંહ ગામીત સ્વભાવે કડક હતા, પરંતુ તેમનું હૃદય ઘણું ઋજુ હતું. આદિવાસી વિસ્તારોમાં આદિવાસી શિક્ષકો અને અન્ય બેદરકાર શિક્ષકો પ્રત્યે તેઓ ઘણા કઠોર હતા. અનિયમિત અને બેદરકાર શિક્ષકોને તેમણે પોતાની કડકાઈ, શિસ્ત અને કુનેહથી નિયમિત અને શિક્ષણ પ્રત્યે જવાબદાર બનાવ્યા હતા. તેમની પ્રસ્તુત કોઠાસૂઝે આદિવાસી શિક્ષણ માટે આશાસ્પદ પરિણામો આપ્યાં હતાં. તેમના તાબામાં રહેલી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી અન્ય શાળાઓ કરતાં ઘણી ઊંચી રહેતી હતી. (લોકગુર્જરીઃ૧૯૬૩-૬૨)

કિશનસિંહ ગામીત ગાયકવાડી રાજ્યના વતની હોવા છતાં ગાંધીપ્રેરિત રાષ્ટ્રીય લડતો પ્રત્યે તેમની સહાનુભૂતિ હતી. ઈ.સ. ૧૯૨૮માં પહેલી વાર આદિવાસી ખેડૂતોએ બારડોલી સત્યાગ્રહમાં ભાગ લઈ મહેસૂલ ભરવાનો વિરોધ કર્યો હતો. તેની વિરુદ્ધમાં કડક કાર્યવાહી થતાં ઘણા આદિવાસી ખેડૂતોએ બ્રિટિશ સરહદમાંથી ગાયકવાડી હદમાં હિજરત કરી હતી. તેમને ઘાટામાં અમરસિંહ અને કિશનસિંહ ગામીતે આશ્રય આપ્યો હતો. બારડોલી અને સ્થાનિક સ્તરે સ્થપાયેલાં કાંતણ-વણાટ કેન્દ્રો અને આશ્રમોને કારણે કિશનસિંહ ગાંધીવાદી રંગે રંગાયા હતા. ગાંધીવાદી રચનાત્મક કાર્યકરો સાથે પણ તેમનો આત્મીય સંબંધ બંધાયો હતો.

૧૯૪૧માં પિતા અમરસિંહ ગામીતનું અવસાન થતાં કિશનસિંહ ગામીતની પ્રવૃત્તિઓમાં બદલાવ આવ્યો હતો. મૃત્યુ વખતે પિતાએ તેમને ઘાટાના મંદિરમાં વહીવટ માટે વચનબદ્ધ કર્યા હતા, પરિણામે ૧૯૪૪માં શિક્ષિકા પત્ની સાથે નોકરી છોડી વારસાગત મંદિરનો વહીવટ, અન્નક્ષેત્ર અને ખેતીનો વ્યવસાય આગળ ધપાવ્યો હતો. બીજી તરફ સામાજિક સુધારાની પ્રવૃત્તિઓ પણ ચાલુ હતી. ઈ.સ. ૧૯૩૮માં સ્થપાયેલ 'સમસ્ત ગામીત સમાજ સંગઠન'ના નિરીક્ષક અને તાલુકા પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. (લોકગુર્જરી:૧૯૬૩:૬૩)

કિશનસિંહ ગામીતના જીવનનો અભ્યાસ કરતાં ઘણા ઉમદા પાસાંઓ છતાં થાય છે. જેમ કે, ૧૯૩૬માં ગાયકવાડના હીરક મહોત્સવમાં ઉપસ્થિત રહેનાર નેતાઓ પૈકીના તેઓ એક હતા. તેઓ પરંપરાગત આદિવાસી વૈદક શાસ્ત્રના અચ્છા જાણકાર હતા અને ગામડાંઓમાં લોકોને તેમના વૈદકના અનુભવનો લાભ મળતો. (ક્ષેત્રકાર્ય) તેઓ ધાર્મિક સ્વભાવના હોવાથી ભજન પ્રવૃત્તિઓમાં દેખીતી રીતે રસ હતો. તેઓએ ઘણાં ધાર્મિક ગીતો લખી તેનો આદિવાસીઓમાં પ્રસાર કર્યો હતો. આવી ભજન પ્રવૃત્તિઓ અને મંડળીઓ આદિવાસી વિસ્તારોમાં અસરકારક ભૂમિકા અદા કરતા હતા.

સાથે સાથે તેઓ ગામમાં વૈદની ફરજો પણ અદા કરતા હતા. મુંબઈના આયુર્વેદિક વૈદોને દવાઓ પૂરી પાડવાનું કામ કરતા હોવાથી ઔષધો વિશેનું એમનું જ્ઞાન ઘણું સારું હતું. (લોકગુર્જરીઃ૧૯૬૩)

કિશનસિંહ ગામીત આદિવાસી બૌદ્ધિક હતા. તેઓ સારી કવિતા રચી શકતા, જેમાં તત્કાલીન રાનીપરજ સમાજની પરિસ્થિતિ અને આધ્યાત્મિક વિકાસના સંદેશા નજરે પડે છે. દા.ત. હોળી વિશેના ગીતમાં તેઓ લખે છે કે,

'ઓ યેની ઓ ઓળી જુવાની – યો હરખી
રંગ ઉડાવતી ખૂબ શોબકાતી – ઓ યેની
આંબો મોરવો ખૂબ ફૂટ્યો
નીરા લાલ ગુલાબે બુરા – ઓ યેની'

આ ગીતમાં તેમણે આદિવાસી સમાજ માટે આનંદ અને ઉલ્લાસના તહેવાર સમાન હોળી વખતે યુવાનોની રંગલીલા, ગોવાળિયાગીરી, નૃત્યના વિવિધ ચાળાનું કાવ્યાત્મક વર્ણન કર્યું છે. તેમણે કાવ્યના ગઝલ નામના પ્રકાર પર પણ હાથ અજમાવ્યો હતો.

'તુ મેં ગર્ભ માંઈ આપ્યેલ ખર
તુંને ફોમ હેઈ કાનાંઈ હેમ.'

જેવી ગઝલ રચી હતી. 'મુક્તિ' નામના કાવ્યમાં પોતાના પરંપરાગત આધ્યાત્મિક વારસાને કાવ્યસ્વરૂપ આપ્યું છે. તેની કેટલીક પંક્તિઓ જોઈએ.

'હવે મીળે રા હવે મીળે મુક્તિ હવે મીળે,
રામા ભજન વગાર મુક્તિ હવે ના મળે,
અમથી રા કાયાને અમથી રા માયા,
માયામાંઈ ગુંચવાયારા' (દેસાઈઃ૧૯૬૪:૨૨૪)

પ્રસ્તુત કાવ્યમાં તેમણે મુક્તિ (જન્મારાથી) માટે રામભજન, ટંટાફિસાદ નાબૂદી, દારૂ-તાડી ત્યાગ અને સત્યનો સંગાથ રાખવાની રાનીપરજ કોમોને અપીલ કરી હતી. તેમનાં કાવ્યો આદિવાસી ગ્રામસભાઓમાં ગવાતાં અને તેનાં ધાર્યાં પરિણામો પ્રાપ્ત થતાં હતાં. સમાજશાસ્ત્રી પી. જી. શાહે એમના વિશે લખ્યું છે કે ૧૯૫૭માં તેઓ અમારા એક ક્ષેત્ર કર્મચારીના સંપર્કમાં આવ્યા ત્યારથી આદિવાસી સંશોધનના મંડળનો સતત સંપર્ક રાખે છે. અને ગામીત જાતિના સાંસ્કૃતિક જીવનના વિષયમાં કીમતી માહિતી પૂરી પાડ્યા કરી છે. ૧૯૮૧માં તેમનું અવસાન થયું હતું. તેઓ ૨૦મા સૈકાના પ્રતિભાશાળી આદિવાસી નેતા હતા.

### ૪. મકનજી કોટાભાઈ ચૌધરી

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનો પાયો, સંકટનિવારણ કાર્યો અને ખાદી-કાંતણ-વણાટની પ્રવૃત્તિઓ પર રચાયો હતો. આ પ્રવૃત્તિઓ આદિવાસીઓ માટે નવતર પ્રવૃત્તિઓ હતી. તેથી તેનો આદિવાસીઓમાં પ્રસાર કરવા આદિવાસીઓમાંથી જ આ પ્રવૃત્તિઓને ઝીલી તેને વિકસાવી શકે તેવા સમર્પિત કાર્યકર્તાઓની તાતી જરૂરિયાત હતી. દક્ષિણ ગુજરાતમાં ખાદી-કાંતણ નિમિત્તે ઘૂમતા રહેતા ચુનીભાઈ મહેતાની નજરમાં આવા એક આદિવાસી ચૌધરી યુવાન પડ્યા. જેમણે સ્થાનિક સ્તરે ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનાં દ્વાર ખોલી આપ્યાં હતાં. જે મકનજી કોટાભાઈ ચૌધરી ઉર્ફે મકનજી બાબા હતા.

મકનજી બાબાના પરિચયમાં જુગતરામે નોંધ્યું છે કે બારડોલી રાનીપરજ વિદ્યાલયમાં ભરતી કરવામાં આવેલી પહેલી ટુકડી વિદ્યાર્થીઓની હતી. તેઓએ સાત ગુજરાતી ધોરણો પૂરાં કરેલાં હતાં. તેમાંના વડા વિદ્યાર્થી હતા મકનજી બાબા. તે વડા હોવા છતાં સૌથી નાના હતા. ઉંમરમાં નહીં પણ શરીરની આકૃતિમાં. બેડકૂવાના એક ચૌધરી કુટુંબમાં જન્મેલ મકનજી કોટાભાઈ ચૌધરી ગોડાસંબાની 'કાળીપરજ બોર્ડિંગ'માં ભણીને સાત ચોપડી પાસ થયા હતા અને ત્યાર પછી તેમને વેડછી ગામની નિશાળમાં શિક્ષકની નોકરી મળી હતી. અહીં તે ગામના સેવાભાવી અને ભક્તહૃદય

આગેવાન જીવણ પટેલની અસરમાં આવ્યા. તે જ અરસામાં વેડછીમાં આવીને વસેલા ખાદીસેવક ચુનીભાઈ મહેતાના પરિચયમાં પણ તે આવ્યા. તેમની પાસેથી મકનજી બાબાએ અમારા રાનીપરજ વિદ્યાલય વિશે સાંભળ્યું. તે તરત જ શિક્ષકની નોકરીનું રાજીનામું આપી અમારી સાથે વિદ્યાર્થી તરીકે જોડાયા. ( દવે:૧૯૭૫:૭૦)

મકનજી બાબાનો ચુનીલાલ મહેતા સાથેનો પરિચય પરસ્પરાવલંબી બન્યો હતો. ચુનીભાઈ મહેતાની ખાદી-કાંતણ-વણાટની પ્રવૃત્તિઓને મકનજીનો સથવારો મળતાં તેમની પ્રવૃત્તિઓમાં વેગ આવ્યો હતો, તો ચુનીભાઈનું સાંનિધ્ય તેમને રચનાત્મક કાર્યકર અને સ્વાતંત્ર્ય સૈનિક તરીકે આગળ ધપાવતું હતું. દક્ષિણ ગુજરાતમાં વેડછી તેની વડવાઈઓ દ્વારા આદિવાસીઓમાંથી સેવકત્વ નિર્માણ કરવામાં સફળ થયું હતું. વેડછી ક્ષેત્ર જેટલું સ્વસ્થ અને રચનાત્મક નેતૃત્વ ગુજરાતના કોઈ પણ આદિવાસી ક્ષેત્રમાં પેદા થયું ન હતું. જુગતરામ દવેએ નોંધ્યું છે કે ચુનીભાઈને તેમની વણાટની પ્રવૃત્તિઓમાં મકનજી બાબા જેવા નિર્મળ ચારિત્ર્યવાળા અને એક પણ ક્ષણ ગુમાવ્યા વિના કામ કરનારા સેવકોના સહવાસનો લાભ મળ્યો હતો. (દવે:૧૯૬૬:૫૩)

રચનાત્મક કાર્યોના ક્ષેત્રે મકનજીએ સંકટ–નિવારણ કામો અને ખાદી પ્રવૃત્તિઓમાં વિશેષ રુચિ દાખવી હતી. જુગતરામે નોંધ્યું છે કે મકનજી બાબાએ બારડોલી અને પાદરામાં રેલસંકટમાં મળીને અમારો બે વર્ષનો કાર્યક્રમ પૂરો કર્યો હતો. તેમની ભાવના, ચીવટ અને શિક્ષક સ્વભાવ વગેરે જોઈને  અમે તેમને શિક્ષક મંડળમાં ગણી લીધા હતા. તે સહવાસમાં બાળકોને સરખા લાગતા છતાં જ્ઞાનચારિત્ર્યમાં તેમને ગુરૂરૂપ હતા. (દવે:૧૯૮૧:૮૬) આમ, રચનાત્મક સેવક તરીકે તેઓ ઘડતર પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂક્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ખાદી નિષ્ણાત તરીકે પ્રખ્યાત થયેલા લક્ષ્મીદાસ આશરની તાલીમમાં તેઓ ખાદી પ્રવૃત્તિ કરતા હતા. પોતાની તાલીમને વ્યાપક આદિવાસી સમાજ સુધી પહોંચાડવા તેમણે કોઠાસૂઝનો ઉપયોગ કર્યો હતો. વેડછીની ચોમેર દરેક ગામમાં ૩૦ જણને રેંટિયો શીખવવાના અને ૧૫ દિવસના વર્ગો કાઢવાનું શરૂ કર્યું હતું. તે દ્વારા તેઓ સ્વાશ્રયી અને સાદા જીવનનો ફેલાવો થાય તેવું ઇચ્છતા હતા.

મુંબઈ પ્રાંતમાં પ્રાંતીક સ્વરાજ્યના ભાગરૂપે થયેલી ચૂંટણીઓ પછી કોંગ્રેસી પ્રધાનમંડળ (૧૯૩૭) રચાયું હતું. તેણે ગણોતધારો અને ઋણ રાહતધારો અમલી બનાવ્યો હતો. પરંતુ આદિવાસીઓમાં સૈકાઓની શાહુકારી અને ગુલામી માનસને કારણે આ ધાર્યા જેટલું સરળ ન હતું. કારણ કે આવો પ્રગતિશીલ કાયદો આદિવાસી વિસ્તારમાં કોઈ માનવા તૈયાર ન હતું. તેઓમાં અજ્ઞાન, ભોળપણ અને પરંપરાગત માનસિકતાને લઈ તે તરફ કોઈ જાગૃતિ ન હતી. આ સ્થિતિમાં ગાંધીવાદી પ્રવૃત્તિઓથી કેળવાયેલા મકનજી બાબા જેવા આદિવાસી કાર્યકર્તાઓ આદિવાસીઓની વહારે ધાયા હતા. તેઓએ સદીઓથી જમીન-માલિક હોવા છતાં ગણોતિયા-ગુલામીવસ્થા ભોગવતા આદિવાસીઓને જમીન-માલિક બનાવવાનું બીડું ઝડપ્યું હતું. તેઓએ વેડછી અને માંડવી ક્ષેત્રમાં આદિવાસીઓ માટે જમીન-માલિકોનો રોષ વહોરીને ગણોતિયાએ મળેલી જમીન વેચી ન દે તે માટે કાર્યવાહી કરી હતી. (દેસાઈઃ ૧૯૬૮:૧૬૫) આદિવાસી ખેડૂતોનાં હિતો સાચવવામાં તેઓ પારસી જમીનદારો, શાહુકારોને પહોંચી વળ્યા હતા. (દવે:૧૯૬૬:૭૧-૭૨)

મકનજી રચનાત્મક કામોમાં જાત ઉદાહરણ દ્વારા લોકોને પ્રેરણા આપતા હતા. સર્વોદય યોજના અનુસાર ગામડાંઓમાં ખાડા-ટેકરાવાળા રસ્તાનું સમારકામ અને લકડી પુલો તથા નાના રસ્તાઓ બાંધવાની યોજના શરૂ કરી હતી. જુગતરામે નોંધ્યું છે કે, કોદાળી લઈને સૌથી પહેલા નીકળી પડનાર મકનજી બાબાના આકર્ષણથી ગામલોકો આ કામમાં

સ્વયંસેવકો તરીકે આવવા તૈયાર થઈ જતા. તેમને મજૂરીનો રોજ આપવાનું રાખ્યું નહોતું પણ કામ કર્યા પછી ગોળચણાનો પ્રસાદ આપવાનું રાખ્યું હતું. આ કામ લોકોની ખરેખરી અગવડો દૂર કરનારું હોઈ ઘણું લોકપ્રિય બન્યું હતું.(દવે:૮૫) આવાં ઉદાહરણો મકનજીને 'નાના ગાંધી' તરીકે રજૂ કરે છે, કારણ કે તેમના કામમાં 'ઉપદેશ નહીં પણ ઉદાહરણ પૂરું પાડો' અને 'મારું જીવન એ જ મારો સંદેશ'ની ગાંધીચીંધી વાત પડઘાતી હતી.

સર્વોદય યોજનાના ઉપક્રમે તેઓ આદિવાસીઓમાં ગાંધીપ્રેરિત વ્યક્તિત્વોને આદર્શ તરીકે સામે રાખી તેમને દ્રષ્ટાંતો પૂરા પાડતાં, ખાસ તો સર્વોદય યોજનામાં મકનજી બાબાએ આંબાપારડી ગામના રત્નાબાબાનું ઉદાહરણ રજૂ કરી સર્વોદય યોજનાથી કેવા લાભો મેળવી શકાય તેના દાખલા રજૂ કરતા અને ગામાત (ગ્રામીણ) જીવનમાં કેવાં કામો કરી શકે તેનો નકશો કરી આપતા અને એ પ્રમાણે અમલ કરવા તૈયાર થાય તો તેમને સર્વોદય યોજનામાંથી કેવા પ્રકારની રાહત મળી શકે તે ગણી બતાવતા.

રચનાત્મક પ્રવૃત્તિઓ એ આદિવાસીઓને સ્વતંત્રતા આંદોલનમાં સાંકળનાર પગથિયું હતું. ખાદી, સ્વાશ્રય, દારૂબંધી જેવાં રચનાત્મક કાર્યોએ પ્રચાર-પ્રસારના માધ્યમથી જાહેર જીવનની પ્રવૃત્તિઓની ટેવ પાડી હતી. પ્રક્રિયા રાષ્ટ્રીય આંદોલનમાં જોડાવા સુધી આગળ વધી હતી. જેનો પ્રારંભ ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહથી થયો હતો. પ્રારંભિક આદિવાસી નેતાઓ મકનજી બાબા જેવા હતા. સત્યાગ્રહ આંદોલનમાં તેમના પ્રદાન વિશે જુગતરામ દવેએ નોંધ્યું છે કે, મકનજી બાબા ત્રીસ વર્ષની ઉંમરના છતાં નાના બટુક જેવા દેખાય તેવા છોકરામાં ખપી જતા. તે વેડછીની આસપાસનાં ગામોમાં રહી લડતના સૈનિકોને તૈયાર કરતા અને વખતોવખત વાલોડ થાણા ઉપર છાપો મારી સત્યાગ્રહ કરતા. બે વાર તો તેમને નાના જાણી ધોલધપાટ કરી કાઢી મૂક્યા, પણ છેવટે પકડી સજા કરી જેલમાં રવાના કરી દેવામાં આવ્યા. (દવે:૧૯૮૧:૧૧૫)

બારડોલી સત્યાગ્રહમાં આદિવાસીઓની ભાગીદારી અને સત્યાગ્રહની સફળતા પછી સ્થાનિક આદિવાસીઓમાં રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેવા માટેનું વલણ વધ્યું હતું. સવિનય કાનૂનભંગ આંદોલનમાં અનેક આદિવાસી યુવાનોએ તેમનું કર્તૃત્વ દેખાડ્યું હતું. મકનજી બાબાને સ્વરાજ્યની લડતમાં ભાગ લેવાને કારણે કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ સાથે આશ્રમ છોડી જવાનો હુકમ કર્યો હતો. (દવે:૧૯૬૬:૧૧૩) લડતથી દૂર રહેલા મકનજીએ સત્યાગ્રહીઓ માટે નવું કામ શરૂ કર્યું. તેઓ લડતમાં ઘવાયેલા સાથીદારોને ગરમ પાણીથી નવડાવી, શેક આદિ ઉપચારો દ્વારા ખવરાવી-પીવરાવી થોડા દિવસમાં તાજામાજા કરતા.

લાંબી દડમજલ પછી દેશ આઝાદ થયો, પરંતુ આદિવાસીઓની સમસ્યાઓનો અંત આવ્યો ન હતો. જે એક સંવેદનશીલ કાર્યકર તરીકે મકનજી જેવા આદિવાસી નેતાઓ જાણતા હતા. તેમણે રચનાત્મક કાર્યોને નવા મુકામો આપ્યા હતા. 'ખાદીભક્ત ચુનીભાઈ' ગ્રંથની નોંધ મુજબ આઝાદી બાદ તેમણે સર્વોદય યોજનાના કાર્યકતાઓ અને ચુનીભાઈ મહેતા સાથે મળી માંડવી તાલુકાના ઊંડાણવાળાં ગામોમાં વાંસના ચરખાના વર્ગો ચલાવી ચરખાને લોકપ્રિય કર્યો હતો. (એજન:૧૮૩) માંડવી તાલુકાનાં ૪૦ પછાત ગામોનો સઘન પ્રવાસ કરી રેંટિયા કેન્દ્રો શરૂ કરી ત્યાંથી જ ઋણ–રાહત અને ગણોત નિયમનના કાયદાઓનો અમલ કરાવવા માટેનું આંદોલન શરૂ કર્યું હતું. તેમણે માંડવી તાલુકામાં ગામેગામ ફરી ઘરેઘરનો પરિચય મેળવ્યો હતો. સર્વોદય યોજનાના ઉપસંચાલક તરીકે તેઓએ નિષ્ઠાવાન, મહેનતુ કાર્યથી ઘેર ઘેર માનભર્યું સ્થાન મેળવ્યું હતું. તેઓ સરકારી

યોજનામાંથી કોઈ વેતન લેતા ન હતા. માંડવી તાલુકામાં ફરવા માટે તેઓ વાહનને બદલે પગપાળા પ્રવાસ કરતા હતા. (દવે:૧૯૬૬:૨૦૩-૨૦૪)

મકનજી બાબાનાં જીવન અને કાર્યને જુગતરામ દવે અને તેમના જેવા નીવડેલા ગાંધીવાદીઓએ વખાણ્યાં હતાં. દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી પ્રવૃત્તિઓનો ઉદય અને વિકાસ મકનજી બાબા જેવા આદિવાસી કર્મશીલોને આભારી હતો. સાદાઈ, સંયમ, સહઅસ્તિત્વ, શોષણનાબૂદીના સદ્‌ગુણોના સંદર્ભમાં સ્વરાજ્યયુગીન આદિવાસી નેતાઓમાં તેમનો કોઈ વિકલ્પ ન હતો.

## ૫. જીવણભાઈ પટેલ

જીવણભાઈ બાબરભાઈ પટેલ વાલોડ મહાલના વેડછી ગામના વતની હતા. વેડછીમાં પ્રાથમિક શાળા ન હોવાથી તેઓએ વાલોડમાં ૭ ધોરણ (ફાઇનલ) સુધીનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પછી તેમના પ્રયત્નોથી વેડછીમાં પણ શાળા શરૂ થઈ હતી. આ શાળામાં તેઓ શિક્ષક તરીકે જોડાયા હતા. આ શાળાને તેઓએ શિક્ષણ માટેનો યજ્ઞ બનાવ્યો હતો. જ્યાં ૧૫-૨૦ કિલોમિટર દૂરથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. ઘણા વિદ્યાર્થીઓને તેઓ જાતે જઈ લઈ આવતા. આ વિદ્યાર્થીઓના રહેવા જમવાની વ્યવસ્થા તેમના ઘરે જ રાખી હતી. વેડછી શાળામાં તેઓ સત્તર વર્ષ સુધી શિક્ષક તરીકે રહ્યા હતા. (દેસાઈ:૧૯૭૧:૨૬૪) આદિવાસી નેતા જીવણભાઈ પોતે ૮૬ એકર જમીનના માલિક હતા. જેમાં ૬૩ એકર વેડછીમાં અને ૨૩ એકર નજીક ગામોમાં ધરાવતા હતા. જમીન–ઘર, હોવા છતાં તેઓ માટી-ઘાસના બનેલા સાદા ઘરમાં રહેતા હતા. (મેરાઈ:૧૯૮૭:૭૨)

દક્ષિણ ગુજરાતમાં ગાયકવાડી અને તેના લાગેલા બ્રિટિશ પ્રાંતના આદિવાસીઓ મોટે ભાગે ઘાટાની ભગત પરંપરાથી પ્રભાવિત હતા. તેમના નેતૃત્વનું કેન્દ્રબિંદુ પણ મોટે ભાગે ઘાટા રહ્યું હતું. જીવણભાઈ પટેલ પણ તેમાંથી બાકાત ન હતા. ઘાટાના દેવજી ભગત અને અમરસિંહ ગામીત સાથે તેઓ ગાઢ સંપર્કમાં હતા. તેમનાથી પ્રભાવિત થઈ જીવણ પટેલે દારૂનો ત્યાગ કર્યો હતો અને ઘાટાની ભગત પરંપરાના માળખામાં સમાજસુધારાની પ્રવૃત્તિઓની આગેવાની લીધી હતી. તેઓ કૃષ્ણભક્ત થઈ ઘરમાં મૂર્તિ દ્વારા કૃષ્ણપૂજા કરતા હતા. આને કારણે ગામલોકોમાં તેમની ઓળખાણ 'ભગત' તરીકે ઊભી થઈ હતી. તેમણે સમાજસુધારણાનો દાખલો વ્યક્તિગત ધોરણે શરૂ કર્યો હતો. કૃષ્ણભક્તિમાં તેઓ જાતે બનાવેલી રસોઈ જમતા, તેને કારણે નાતજનો તેમને 'બામણો' કહીને સંબોધતા. (દેસાઈ:૧૯૭૧:૨૬૪) જુગતરામ દવેએ નોંધ્યું છે કે, જીવણ પટેલ સંસ્કારથી બ્રાહ્મણ જેવું જીવન જીવી રહ્યા હતા. નજીકના ગામ વાલોડના બ્રાહ્મણ-વાણિયાઓના સહવાસથી અને ત્યાંનાં દેવાલયોમાં વખતોવખત આવતા સાધુ-સંન્યાસીઓના સત્સંગથી તેમના જીવનમાં સ્નાન, પૂજા, દેવદર્શન, કથાપુરાણ વગેરેએ સારું સ્થાન મેળવ્યું હતું. માંસ-મચ્છી અને દારૂ-તાડી તો જીવનમાં શાનાં જ હોય ? સામાન્ય બીડી-તમાકુનું વ્યસન પણ તેમણે ત્યજી દીધું હતું. તેમના સગાંવહાલાંઓ હજુ તેમના સુધારાના રસ્તામાં જોડાયા નહોતા, તેથી જીવણ પટેલ કેટલાક વખતથી સ્વયંપાકી બની પોતાનું ધર્મજીવન જીવી રહ્યા હતા. તે ઘરના રસોડે ખાતા નહીં પણ ઘરના એક ખૂણામાં ચૂલો સળગાવી રાંધી લેતા. (દવે:૧૯૬૬:૧૭)

તેમણે સુધારા પ્રવૃત્તિનો મુખ્ય આધાર ધાર્મિક અને ભજન પ્રવૃત્તિઓને બનાવ્યો હતો. વેડછી ગામમાં તેઓ ગાયકોને બોલાવી ભજન પ્રવૃત્તિઓનું આયોજન કરતા હતા. ચૌધરી-ગામીત યુવાનો ઉપરાંત સ્થાનિક શિક્ષકો પણ ભજન પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા. તેઓ નિશ્ચિત સમયે ૫૦-૧૦૦ની સંખ્યામાં ધાર્મિક અને

સુધારાવાદી બાબતના ચૌધરી બોલીમાં રચાયેલાં ભજનો ગાવા વેડછીમાં ભેગા થતા અને સમાજસુધારાની સાથે રાષ્ટ્રીય લડતોની પણ ચર્ચા કરતા. (મેરાઈ:૧૯૮૬:૧૩૦-૧૩૧)

ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦માં પડેલો દુષ્કાળ સંવત ૧૯૫૬નું વર્ષ હોવાથી, ગુજરાતમાં 'છપ્પનિયા દુષ્કાળ' તરીકે કુખ્યાત બન્યો હતો. તેમાં સૌથી કફોડી સ્થિતિ આદિવાસીઓની હતી. આ દુષ્કાળ વખતે તેમની શિક્ષકની નોકરી છોડી પોલીસપટેલની નોકરી સ્વીકારી હતી. તેઓ પોતે ૮૬ એકર જમીનના માલિક હતા. પોતાની કુટુંબગત સમૃદ્ધિનો લાભ તેમણે દુષ્કાળ સમયે પોતાના જાતિબંધુઓને પહોંચાડવાનું વિચાર્યું હતું. તે અનુસાર દુષ્કાળ પીડિત આદિવાસીઓ માટે ભોજનપ્રબંધ કર્યો, જ્યાં આસપાસના ગામના લોકો જમવા માટે આવતા. દૂર દૂરથી પણ ભૂખ્યા આદિવાસીઓ ગાડામાં બેસી જમવા માટે આવતા. (દેસાઈ:૧૯૭૧:૨૬૪) જીવણભાઈ પટેલની આવી સદાવ્રતી પ્રવૃત્તિઓ પણ ઓછી મહત્ત્વની નથી, કારણ કે ભૂખ્યું પેટ ઉપદેશ નહીં પણ રોટલાની અપેક્ષા રાખતું હોય છે. બીજી તરફ દુષ્કાળના સમયે સ્થાનિક શાહુકારો તરફથી આદિવાસીઓનું શોષણ પણ વધી રહ્યું હતું. તે સમયે એમની અજ્ઞાનતા, દારૂનું દૂષણ વગેરે બાબતે ચર્ચા કરવા ઈ.સ. ૧૯૦૩માં જીવણ પટેલના ઘેર આદિવાસી આગેવાનો વચ્ચે વિચારણા યોજાઈ હતી. ત્યાં પુખ્ત વિચારણાને અંતે 'એકડા' એટલે કે સુધારા પ્રવૃત્તિની શરૂઆત થઈ હતી. ઈ.સ. ૧૯૦૩માં રચાયેલા પ્રથમ એકડાના મહત્ત્વના આગેવાન શ્રી જીવણભાઈ પટેલ હતા. આવી એકતા અંતર્ગત વિશાળ આદિવાસી સમાજનું સૌપ્રથમ સંગઠન ઊભું થયું હતું. ઈ.સ. ૧૯૧૧માં બીજા એકડા દ્વારા સમાજસુધારા પ્રવૃત્તિમાં વેગ આવ્યો હતો. તે સમયે વૈદિક ધર્મ અને શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આવા એકડાની પ્રવૃત્તિ હેઠળ આદિવાસી આગેવાનો અવારનવાર ભેગા થતા હતા. (દેસાઈ:૧૯૭૧:૨૬૪) આ પ્રવૃત્તિ પાછળ આર્યસમાજનો પ્રભાવ હોવાની પ્રબળ શક્યતા છે.

જીવણ પટેલ, એમના જેવા આધુનિક વિચારસરણી ધરાવતા આગેવાનોની મદદથી ગુજરાતના આદિવાસીઓમાં સમાજસુધારાની મજબૂત પીઠિકા ઊભી થઈ હતી. જે ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓમાં પૃષ્ઠભૂમિરૂપ સાબિત થઈ હતી. ઈ.સ. ૧૯૨૧-૨૨ના અરસામાં રેંટિયા, ખાદી-કાંતણ જેવી પ્રવૃત્તિઓ ગાંધીવાદી સેવકો જેવા કે ચુનીભાઈ મહેતા વગેરે વિકસાવી રહ્યા હતા ત્યારે તેનાથી પ્રભાવિત થઈ ઈ.સ. ૧૯૨૪માં જીવણ બાબર પટેલ અને ગોમજી લાલા ચૌધરીએ બારડોલી જઈ વેડછીમાં કાંતણ કેન્દ્ર શરૂ કરવા અને તેમની તમામ વ્યવસ્થા પોતે ઊભી કરશે તે મતલબનું આમંત્રણ આપ્યું હતું. ત્યાર બાદ વેડછીમાં કાંતણ-વણાટનું કેન્દ્ર જીવણ પટેલના ઘરે જ શરૂ થયું હતું. આ પ્રવૃત્તિના પ્રચાર અર્થે જીવણ પટેલ ગાડાંઓમાં રેંટિયા-ચરખા અને પૂણીઓ લઈ ગામડાંઓમાં ફરતા હતા. આદિવાસીઓનો આ પ્રવૃત્તિમાં સહકાર મળતાં તેનો વિકાસ થતો ગયો હતો. (મેરાઈ:૧૯૮૬:૧૭૫) ઉપરોક્ત વર્ણન એ બતાવે છે કે ગાંધીવાદીઓને જેવા માણસો કે વાતાવરણની આદિવાસી વિસ્તારમાં જરૂર હતી તે જીવણ પટેલના રૂપમાં મળી ગયું હતું.

જીવણ બાબર પટેલ પોતીકી આદિવાસી સમાજસુધારણા પ્રવૃત્તિના આગેવાન તો હતા જ, સાથે વેડછીમાં રચનાત્મક પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર સાથે તેઓ ગાંધીવાદી પ્રવૃત્તિઓના મહત્ત્વના નેતા સાબિત થયા હતા. તેમણે અગાઉની એકડા અને સંગઠન પ્રવૃત્તિઓ ગાંધીવાદી માર્ગે રાનીપરજ પરિષદો દ્વારા વિકસાવી હતી. ૧૮ ડિસેમ્બર, ૧૯૨૫ના રોજ વેડછીમાં ગાંધીજીના પ્રમુખપદે ત્રીજી રાનીપરજ પરિષદ મળી હતી. સ્થાનિક કક્ષાએ તેમની કામગીરીને ધ્યાનમાં લઈ તેઓને સ્વાગત સમિતિના પ્રમુખ બનાવવામાં આવ્યા

હતા. આ પરિષદમાં શ્રી જુગતરામ દવેએ તેમનો પરિચય આપતાં કહ્યું હતું કે, "જે ડોસો હમણાં અહીં આવીને તમને આવકાર આપનારું ભાષણ કરશે એ તમારો જાતભાઈ છે અને આજે તમે મહાત્માજીનાં દર્શન કરવાને ભાગ્યશાળી થયા છો તે માટે તમારે તેમનો જ આભાર માનવો ઘટે છે. જીવણ પટેલે ભર જુવાનીથી દારૂ છોડ્યો હતો અને તેમનાં સગાંવહાલાં તેમને 'બામણ' કહીને ચીડવતા, પણ તે સગાંવહાલાં આજે તેમના શિષ્ય બની ગયા છે. તેમણે રાનીપરજનાં ઘણાં બાળકોને પોતાના ઘરમાં રાખીને કેળવણી આપી છે. અને આજે હું જ્યાં ફરું છું ત્યાં ઘરડા માણસો પહેલાં તેમના શિષ્યો હતા, એવાયે જોવામાં આવે છે." આ પરિષદના સ્વાગત પ્રમુખ તરીકે તેમણે ગાંધીજી પ્રત્યે સંપૂર્ણ અહોભાવ અને સમર્પણ વ્યક્ત કરી, આદિવાસી સમાજ માટે ગાંધી જેવા અન્ય કોઈ ઉદ્ધારક ન હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "ભક્ત થયા છો, ભક્તિ માર્ગનો રસ લાગ્યો છે એ ઉત્તમ કામ કર્યું છે. જગતગુરુ ભગવાન મહાત્મા ગાંધીએ પધારી અમારી આશાને પૂર્ણ કરી છે. આપણે પૂર્ણ ભગવાનને પૂજેલા હોવા જોઈએ. હવે પછી કોઈ પણ દેવ એમનાથી વધારે સારી અક્કલ આપનાર નથી. દારૂ-તાડી નહીં છોડો તો આંખમાં બોરબોર જેવડાં આંસુડાં લાવી ખૂબ રોશો."(દેસાઈ:૧૯૭૧:૭૧) આમ પોતીકી આદિવાસી સમાજસુધારણાની પ્રવૃત્તિઓ જીવણભાઈ પટેલ જેવા નેતાઓ દ્વારા ગાંધીવાદી પ્રવૃત્તિઓમાં રૂપાંતરિત થઈ હતી. પરિષદને અંતે શુદ્ધ ખાદી પહેરતા, દારૂ ન પીતા અને પરિષદની પ્રતિજ્ઞાઓ પાળતા આદિવાસીઓને કાર્યકર્તા તરીકે નોંધવાની માંગણી શ્રી જીવણભાઈએ કરી હતી. તેમાં નોંધાયેલ ૩૦ સભ્યોમાં સૌપ્રથમ તેઓ હતા. (દવે:૧૯૬૬:૨૧) આદિવાસીઓમાં પોતીકી અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિના પ્રેરક એવા જીવણ પટેલનું ઈ.સ. ૧૯૩૨માં અવસાન થયું હતું. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે ગામેગામ ફરતા જીવણ પટેલ આદિવાસીઓમાં સન્માનનીય નેતા હતા. શ્રી જુગતરામ દવેએ તેમને આદિવાસી વિસ્તારમાં રચનાત્મક પ્રવૃત્તિના પાયાના પથ્થર ગણાવી 'ગ્રામભજન મંડળી' (અમદાવાદ, ૧૯૩૮) નામની પુસ્તિકા અર્પણ કરી છે. તેમના શબ્દ આવા છેઃ "રાનીપરજને ભજનમંડળીને માર્ગે વાળી જનાર વેડછીવાળા સ્વ. જીવણ પટેલના આત્માને."

## ૬. રૂપાજી પરમાર

ભીલ સેવા મંડળની પ્રવૃત્તિઓ થકી આદિવાસીઓમાંથી તૈયાર થયેલા અગત્યના નેતાઓમાં એક શ્રી રૂપાજી ભાવજીભાઈ પરમાર હતા. પ્રારંભમાં ભીલ સેવા મંડળની પ્રવૃત્તિઓ, સવર્ણ આજીવન ભીલ સેવકોના ત્યાગ અને સમર્પણના બળે ચાલતી હતી. જ્યારે આદિવાસીઓમાંથી સૌપ્રથમ આજીવન ભીલ સેવક બનનાર રૂપાજી પરમાર હતા. મીરાખેડી ભીલ આશ્રમમાં મદદનીશ શિક્ષક તરીકેની કારકિર્દીથી શરૂ થયેલી તેમની વિકાસયાત્રા મંડળના સામાજિક પ્રચારક, આદિવાસીઓને લગતાં વિવિધ ખાતાંઓના સભ્ય, અધ્યક્ષ અને લોકસભાના સભ્ય સુધી વિસ્તરી હતી.

રૂપાજીભાઈનો જન્મ ઝાલોદ તાલુકાના વરોડ ગામે થયો હતો. પ્રાથમિક શિક્ષણ મુવાલિયા ભીલ આશ્રમમાં પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૯૨૦માં ફાઇનલની પરીક્ષા પાસ કરી સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા. આ દરમિયાન ભીલ સેવા માટે ભીલ સેવકો અને શિક્ષકોની શોધમાં ફરતા ઠક્કરબાપાની નજરમાં આવ્યા અને ઈ.સ. ૧૯૨૨થી મીરાખેડી ભીલ આશ્રમમાં મદદનીશ શિક્ષક તરીકે નિમાયા, ત્રણ વર્ષના ગાળામાં સ્વતંત્ર કાર્યકર્તા તરીકે તૈયાર થયા. ભીલ સેવા મંડળના પ્રારંભિક દીક્ષા લેનારા ભીલ સેવકો સાથે ઈ.સ. ૧૯૨૬માં યશવાટિકા આશ્રમ, જેસાવાડામાં ભીલ સેવાની દીક્ષા લીધી. ઈ.સ. ૧૯૨૭માં ભીલ આશ્રમમાં કેળવાયેલ બહેન લીલાબહેન સાથે તેમનાં લગ્ન બ્રાહ્મણવિધિ પ્રમાણે ઠક્કરબાપાની

હાજરીમાં થયાં. જે બ્રાહ્મણવિધિ મુજબનું પહેલું ભીલ લગ્ન હતું. (વાઘેલા:૨૦૧૬:૨૧૦)

આદિવાસીઓમાંથી તૈયાર થયેલા પ્રથમ ભીલ સેવક રૂપાજીભાઈએ ભીલ સેવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે મંડળ માટે તે અવસર કેટલો આનંદદાયી હતો, તેનો ખ્યાલ ઠક્કરબાપાના નીચેના શબ્દોમાં આવે છે : "તમે (રૂપાજી) વીસ વરસની પ્રતિજ્ઞા લો છો તેથી હું રાજી થાઉં છું. બીજા ભાઈઓ કરતાં તમારી જવાબદારી જુદા પ્રકારની છે. તેમ તમારા કામથી અને વર્તનથી તમારા જ્ઞાતિના જ ભાઈઓના ધ્રુવતારક બની રહેશો એવા હું તમને આશિષ આપું છું. બીજી કોમોના સેવકો જે પ્રયત્ન કરશે તેના કરતાં ભીલોની પછાતવર્ગોની ખરી ઉન્નતિ તમારા જેવા ઘણા સેવકો થશે તેનાથી થવાની છે. એટલે તમે યોગીઓને પણ કઠિન એવા આ પરમગહન સેવાધર્મમાં સાચવીને પગ માંડજો અને ક્યાંય ભૂલ ન થઈ જાય એ માટે સતત જાગ્રત રહેજો."(એજન) ઠક્કરબાપાના પ્રસ્તુત શબ્દો ભીલસેવા કાર્યની વિકટતા અને ભીલ સેવકની ભૂમિકાને સુસ્પષ્ટ કરે છે. પોતાની નિષ્ઠા અને સમર્પણભાવથી તેમણે ઠક્કરબાપાના ઉપર્યુક્ત શબ્દો પુરવાર કર્યા હતા.

ભીલ સેવા મંડળના આજીવન સેવક બન્યા પછી તેમની નેતાગીરીનો પહેલો તબક્કો આરંભાયો હતો. મંડળની પ્રવૃત્તિના પ્રથમ ફાલરૂપ રૂપાજીભાઈએ ઝાલોદ, મીરાખેડી, જેસાવાડા, સરદા વગેરે ગામોમાં આવેલી મંડળની શાળા–આશ્રમોમાં આચાર્ય તરીકે જવાબદારી સંભાળી હતી. તેમની આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિઓ પંચમહાલના સીમાડા પાર કરીને પણ વિસ્તરી હતી. વડોદરા રાજ્યના નવસારી પ્રાંતના ગાઢ જંગલ અને જીવલેણ મલેરિયાવાળા ઉમરપાડા વિભાગમાં ત્રણ વર્ષ સુધી રહી ત્યાંના આદિવાસીઓની શૈક્ષણિક સેવા બજાવી હતી. (એજન)

ભીલ સેવા મંડળની શિક્ષણ, સામાજિક અને અન્ય સેવા પ્રવૃત્તિઓનો સીમાસ્તંભ ભીલ સેવકો હતા. દુર્ગમ અને પહાડી ગામડાંઓમાં આદિવાસી માબાપ અને બાળકોને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું, સામાજિક-ધાર્મિક કુરિવાજો વિરુદ્ધ પ્રચાર પ્રવૃત્તિ વગેરે ભીલ સેવકોના માધ્યમથી જ શક્ય બન્યું હતું. રૂપાજીભાઈની આદિવાસીઓમાં શિક્ષણ પ્રચાર માટેની નિષ્ઠાનો એક દાખલો જોઈએ : "ઝાલોદથી ૩૨ માઈલ દૂર ભીમપરીમાં આશ્રમ નાંખવા ભીલ સેવક રૂપાજી પરમારને મોકલવામાં આવ્યા ત્યારે ગાડામાંથી સામાન ઉતારી તેમણે વડલા નીચે ઉતારો કર્યો અને ભીલ બાળકોને એકઠાં કરીને ત્યાં જ શાળા શરૂ કરી. રૂપાજીભાઈ વડલાની ડાળી સાથે એક તાડપત્રીની દીવાલ ઊભી કરી રાત્રે ઝાડ નીચે સૂતા, ત્યાં રાત્રે છલંગ દેતો વાઘ આવ્યો, ત્રાડ નાંખી, ત્રાડ સાંભળી રૂપાજીભાઈના હાંજા ગગડી ગયા. આમ છતાં બીજે દિવસે બીકના માર્યા તેમણે ગામ તેમ જ સ્થાન છોડી દીધું નહીં પણ મિશનરીના જુસ્સાથી કામ ચાલુ રાખ્યું. બાપાને (ઠક્કરબાપા) આ ખબર મળ્યા ત્યારે રૂપાજીભાઈને અભિનંદન મોકલાવ્યા ને કહ્યું કે, આપણે તો જોખમ વચ્ચે જ જીવવાનું અને એ રીતે કામ કરવાનું છે." (એજન: ૧૫૧) ઠક્કરબાપાના આ શબ્દો રૂપાજીભાઈની તેમની ભીલ સેવા પ્રત્યેની નિષ્ઠા, કર્મઠતા અને સમર્પણભાવની પ્રતીતિ કરાવે છે.

રૂપાજીભાઈનો ભીલ પ્રદેશની ભૂગોળનો અનુભવ અને ભીલોની માનસિકતા પારખવાની આવડત વગેરે ભીલ સેવા મંડળને વિશેષ મદદરૂપ નીવડ્યા હતા. ભીલ કોમની બૂરાઈઓ, લાક્ષણિકતાઓ ને મર્યાદાઓને સારી પેઠે જાણતા, તેઓએ મંડળની પ્રચાર પ્રવૃત્તિમાં કોઠાસૂઝ દર્શાવી હતી. શ્રી દીતાભાઈ બામણિયા ભીલ સેવા મંડળની સામાજિક પ્રચાર પ્રવૃત્તિની સફળતાનો યશ રૂપાજીભાઈને આપતાં કહે છે કે ... 'પ્રારંભમાં ભીલોમાં દારૂબંધીનો પ્રચાર કરવામાં તથા

સામાજિક કુરિવાજો વિરુદ્ધ વાતાવરણ તૈયાર કરવામાં તેમની ભીલોડી બોલીમાં પ્રચાર પદ્ધતિ ખાસ મદદરૂપ નીવડી હતી.'(એજન) તેઓએ મંડળના દારૂબંધીના પ્રચારક તરીકે ગરબાડા, નવાગામ વગેરે પ્રચાર મથકો પર કામ કર્યું હતું.

ભીલ સેવા મંડળે આદિવાસી સમાજજીવનની નાડ પારખીને તેની પ્રવૃત્તિમાં ઘટતા સુધારા કર્યા, જે અનુસાર મંડળના અગત્યના આશ્રમોમાં સામાજિક પ્રચાર મથકો ઊભા કર્યા, આગળના ક્રમમાં મંડળ તરફથી ભીલ સમાજસુધારા માટે ભીલો દ્વારા બનેલી પંચાયત નીમવામાં આવતી. જેમાં દારૂબંધી કરાવવા માટે દારૂ પીનારને શિક્ષાની જોગવાઈ પણ આ પંચાયત કરતી હતી, જેના આગેવાન સભ્ય શ્રી રૂપાજી પરમાર હતા. (એજન) તેમણે સામાજિક કાર્યક્રમોમાં મંડળની કાર્યપદ્ધતિ અનુસાર સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. સરકારી કાયદાઓથી ભીલો પરિચિત થાય, ભીલો અને સરકારી માણસો વચ્ચે સરળ સંબંધો રહે અને અન્યાયકારી વર્તન અને શોષણથી ભીલો બચે વગેરે દિશામાં તેમના પ્રયત્નો હતા.

શ્રી રૂપાજી પરમારના વ્યક્તિત્વનું એક અગત્યનું પાસું સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનું પણ હતું. સ્વાતંત્ર્ય આંદોલનોનો ગાઢ પ્રભાવ ભીલ સેવા મંડળ પર પણ પડ્યો. મંડળના આજીવન સેવકો લક્ષ્મીદાસ શ્રીકાંત, ડાહ્યાભાઈ નાયક, પાંડુરંગ વણીકર અને સુખદેવ ત્રિવેદી ગાંધીજીના પ્રભાવથી સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાયા, તેની અસર ભીલ કાર્યકરો ઉપર પણ પડી. રૂપાજી પરમાર પણ તેમાંના એક હતા. તેમને પંચમહાલના પ્રથમ ભીલ સ્વાતંત્ર્ય સૈનિક લેખી શકાય. તેઓ ઈ.સ. ૧૯૩૦ની સવિનય કાનૂનભંગની લડતથી આઝાદી આંદોલનમાં જોડાયા. ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં ભાગ લેવા બદલ ચાર માસની જેલની સજા થઈ હતી. (વાઘેલા:૨૦૧૬:૨૧૨)

આઝાદી બાદ ભીલ સેવા મંડળનો વહીવટ ભીલોમાંથી તૈયાર થયેલા સેવકોને સોંપવાની ઠક્કરબાપાની હોંશ હતી. તે અનુસાર રૂપાજીભાઈ મંડળના મંત્રી બન્યા હતા. ભીલોની જ અર્થવ્યવસ્થા પર આધારિત જંગલ સહકારી મંડળી, ખરોદા-બોરવાણી જૂથના ચૅરમેન બન્યા હતા. આઝાદી બાદ ભીલોના પ્રતિનિધિ તરીકે જિલ્લા લોકલ બોર્ડ, બેકવર્ડ ક્લાસ બોર્ડ, દાહોદ સુધરાઈના સભ્યપદે રહ્યા હતા. તેમના નેતૃત્વનું વિકસિત સ્વરૂપ સંસદસભ્યપદ હતું. ઈ.સ. ૧૯૫૨થી ૧૯૫૭ સુધી દાહોદ સંસદીય ક્ષેત્રમાંથી આદિવાસી સભ્ય તરીકે ચૂંટાયા હતા. જે દરમિયાન રૂપાજીભાઈની ભીલ સેવાનો અને મંડળ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાનો ઉત્તમ દાખલો જોવા મળે છે. તેમણે સંસદસભ્યકાળ દરમિયાન મળેલા પગારભથ્થાંની બચતમાંથી રૂ.૧૧,૦૦૦/- ભીલ સેવા મંડળને દાન કરી ઉત્તમ ભીલ સેવક તરીકેનું દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું (વાઘેલા:૨૦૧૦) મંડળે પણ તેમની ભીલ સેવાની કદરરૂપે ભીમપરી આશ્રમશાળાનું નામ 'રૂપાજી આશ્રમશાળા'રાખ્યું છે. શ્રી લાલચંદભાઈ નીનામાએ તેમની ભીલ ઉત્કર્ષની પ્રવૃત્તિઓનું મહત્ત્વ દર્શાવતાં એક ભીલોડી ગીતની પંક્તિમાં લખ્યું છે કે,

'હાંમળો વીરા હાંમળો બૂનો (૨) હાસી હાસી વાત રે
રામજીની ભગતિ મને હાસી વાલી લાગે
રૂપો ભાયો રઇને બોલ્યા હાંમળો વીરા વાત રે,
રામજીની,
બડવા કરવા મેલો હગળા ધૂળી ખાતા રે –
રામજીની' (શાહ:૧૯૫૫:૨૩૬)

### ૭. દંડાબહેન ચૌધરી (૧૯૦૬-૧૯૯૧)

દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ અને રચનાત્મક પ્રવૃત્તિઓને ઝીલવામાં સ્થાનિક ચૌધરી આદિવાસીઓ અગ્રેસર રહ્યા હતા. વેડછી ગામ રાષ્ટ્રીય ગતિવિધિઓ અને રચનાત્મક પ્રવૃત્તિઓની પ્રયોગશાળા બન્યું હતું. અહીં ચોધરી યુવાનો-યુવતીઓ ઉપરાંત વહુવારુઓ પણ રાષ્ટ્રીય

પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ હતી. આવું એક નામ શ્રી દંડાબહેન ચૌધરીનું છે.

તેમનો જન્મ ૧ જૂન, ૧૯૦૬ના રોજ વ્યારા તાલુકાના ખાનપુર ગામે થયો હતો. કુટુંબમાં તે સૌથી મોટું સંતાન હતાં. તેથી સ્વાભાવિકપણે સંયુક્ત કુટુંબમાં તેમની જવાબદારી પણ વધી જતી હતી. ઈ.સ. ૧૯૧૩માં સાત વર્ષની ઉંમરે અંબાચની પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે દાખલ કરાયાં હતાં. અભ્યાસમાં તેજસ્વી હતાં, પરંતુ બીજું ધોરણ પાસ કર્યા પછી આર્થિક સ્થિતિ નબળી હોવાથી અભ્યાસ છોડવો પડ્યો હતો. (પંડ્યા :૨૦૦૯:૫૧) અભ્યાસ છોડ્યા પછી તેમનું કામ ઘર અને ખેતી સંભાળવાનું રહ્યું હતું.

ઈ.સ. ૧૯૨૨માં તેમનાં લગ્ન વેડછીના બુધિયાભાઈ ચૌધરીના પુત્ર ગુરુજીભાઈ સાથે થયાં હતાં. ગુરુજીભાઈ ચૌધરી વેડછી સ્વરાજ આશ્રમ પાસે જ વસતા હતા અને ત્યાં ચુનીલાલ મહેતા, જુગતરામ દવે પ્રેરિત ખાદી-કાંતણ-વણાટની પ્રવૃત્તિઓ ધમધમતી રહેતી હતી. બીજું કે વેડછીનાં અન્ય મહિલા કાર્યકર્તા દશરીબહેન તેમનાં નણંદ થતાં હતાં. શ્વશુર પક્ષ વેડછી વિસ્તારમાં નવા વિચારોને ઝીલવામાં અગ્રેસર હતો. આવા વાતાવરણમાં તેઓ ખાદીના પ્રચાર-પ્રસાર, કાંતણની પ્રવૃત્તિમાં જોડાયાં હતાં. વેડછી આશ્રમના ખાદીભક્ત ચુનીભાઈએ તેમને રેંટિયો આપેલો, જે નવરાશના સમયે તેઓ કાંતતાં અને ચુનીલાલ તથા જુગતરામ દવેના વૈચારિક સંપર્કમાં રહેતાં હતાં.

દંડાબહેન ચૌધરીએ તેમની સ્વાતંત્ર્ય સૈનિક–રચનાત્મક કાર્યકર તરીકેની કારકિર્દી ઈ.સ. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહથી શરૂ કરી હતી. ખેડૂત હિતોને કેન્દ્રમાં રાખી થયેલા બારડોલી સત્યાગ્રહમાં તેમણે સ્વયંસેવિકા તરીકેનું કાર્ય કર્યું હતું. દરબાર ગોપાળદાસનાં પત્ની અને જાણીતા રચનાત્મક કાર્યકર ભક્તિબા દેસાઈના નેતૃત્વમાં તેઓએ લોકજાગૃતિ માટે કસવાવ, અલગઢ, જામણિયા, મહુવા, વાલોડ અને ધાસીયા મેળામાં પ્રવૃત્તિઓ કરી હતી. આવી પ્રવૃત્તિઓની પ્રતિક્રિયા રૂપે પોલીસ તરફથી માર પણ પડ્યો હતો, છતાં કષ્ટો વેઠી સત્યાગ્રહને માર્ગે મક્કમ રહ્યાં હતાં. ઈ.સ. ૧૯૩૦માં દાંડીકૂચ વખતે સૂરજબહેન મહેતાની આગેવાનીમાં સ્વરાજ આશ્રમની ટુકડીમાં તેમણે સુરતમાં કામ કર્યું હતું. જ્યાં તેઓ પણ પોલીસ હિંસાનો ભોગ બન્યાં હતાં. તેમને સુરતમાં અઠવા લાઇન્સથી અટકાવી, અટકાયત કરી એક મહિનાની કેદની સજા કરી હતી. ઈ.સ. ૧૯૩૩માં સભા-સરઘસબંધી હોવા છતાં તેમણે વેડછીમાં સભા યોજી હતી. (એજન)

દંડાબહેનના જીવનનું વધુ એક પાસું રચનાત્મક કાર્યકર તરીકેનું હતું. ઈ.સ. ૧૯૩૦-૩૧માં સવિનય કાનૂનભંગના આંદોલન પછી રચનાત્મક કાર્યોમાં વેગ આપ્યો હતો. વેડછી સમગ્ર સુરત જિલ્લામાં ચેતનવંતું કેન્દ્ર બન્યું હતું. ૧૯૩૩માં સૂરજબહેન મહેતાની આગેવાનીમાં છ યુવતીઓ વિદેશી કાપડના પિકેટિંગ માટે સુરત ગઈ હતી. જ્યાં વિદેશી કાપડના બહિષ્કારમાં તેઓએ આગળ પડતો ભાગ લીધો હતો. વિદેશી માલના બહિષ્કાર માટે સૂત્રોચ્ચાર કર્યા. 'ખાદીનો રંગ લાગ્યો' જેવું ગીત પણ ગાયું. પ્રતિક્રિયા રૂપે અંગ્રેજ અધિકારીએ ખાદી અને ગાંધીનું નામ ભૂલી જવા કહ્યું, ત્યારે 'અમે ડરતા નથી કોઈથી રે' જેવો વળતો ગીતમય જવાબ મળ્યો. આ કૃત્ય બદલ તેમને યરવડામાં એક વર્ષની જેલ કરવામાં આવી હતી. જ્યાં કસ્તૂરબા, સરોજિની નાયડુ, ભક્તિબા દેસાઈ જેવી અગ્રણી મહિલાઓ સાથે તેમનો ગાઢ પરિચય થયો હતો. આદિવાસી મહિલા દંડાબહેનની સૌથી નાની દીકરીનો જન્મ યરવડાની જેલમાં થયો હતો. જેનું નામ તેઓએ 'મુક્તા' પાડ્યું હતું (એજન) રાષ્ટ્રભક્તિ-દેશસેવાના સંદર્ભમાં આનાથી ઉમદા-નમૂનારૂપ દાખલાઓ હોઈ શકે ખરા?

ઈ.સ. ૧૯૩૮માં સુરત જિલ્લાના હરિપુરા ખાતે મળેલા કૉંગ્રેસના અધિવેશનની પૂર્વતૈયારીમાં

રાનીપરજ પ્રજાનું મૂલ્યવાન પ્રદાન હતું. ભાઈઓની સાથે આદિવાસી બહેનોએ પણ અધિવેશન સફળ બનાવવા કમર કસી હતી. હરિપુરાની પૂર્વ તૈયારી માટે તેઓ જુગતરામ દવે સાથે જોડાયાં હતાં. ત્રણ દિવસના અધિવેશનની તૈયારી માટે ત્રણ મહિના પહેલાંથી તૈયારી શરૂ થઈ હતી. જેમાં દંડાબહેનના પક્ષે પાણી અને ઝંડા ચોકની સફાઈની જવાબદારી હતી, જે તેમણે ૨૫ દિવસ સુધી નિભાવી હતી. (એજન:૫૩) આમ, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય–સંગ્રામ દરમિયાન સંસ્થાકીય અને માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં પણ તેઓનું પ્રદાન રહ્યું હતું.

હિંદની આઝાદી માટેની છેલ્લી લડાઈ ૧૯૪૨માં 'હિંદ છોડો' આંદોલન રૂપે શરૂ થઈ હતી. આ આંદોલનમાં બ્રિટિશ સરકારે અગમચેતીના પગલારૂપે નેતાઓની ધરપકડો કરી, પ્રજાને નેતૃત્વહીન કરી નાખી. આ ક્રમમાં વેડછી વિસ્તારમાં ચુનીભાઈ મહેતા, સૂરજબહેન મહેતા અને જુગતરામ દવેની ધરપકડ કરી હતી. છતાં દંડાબહેન અને તેમના જેવા તે વખતના આદિવાસી નેતાઓએ લડતનું સંચાલન-સુકાન સંભાળ્યું હતું. તેમણે બ્રિટિશ શાસન વિરુદ્ધ લોકજાગૃતિ, ભૂગર્ભ પત્રિકાનું વિતરણ, સભા-સરઘસોનું આયોજન જેવી પ્રવૃત્તિઓ કરી હતી. તે બદલ છ મહિનાની જેલની સજા થઈ હતી. જે તેમણે સાબરમતી જેલમાં ભોગવી હતી. (એજન:૫૪)

દંડાબહેન ચૌધરી સારા રચનાત્મક કાર્યકર પણ પુરવાર થયાં હતાં. ખાદી, મદ્યપાનનિષેધ, ગ્રામસફાઈ, સ્વદેશી ચીજવસ્તુઓનો પ્રચાર, આદિવાસી કુરિવાજોની નાબૂદી વગેરે તેમની વિશેષ પ્રવૃત્તિઓ હતી. જુગતરામ દવેએ નોંધ્યું કે, વેડછીની ગેનાંબહેન, દંડાબહેન જેવી કેટલીક કિશોરીઓએ પોતાની જાતે કાંતેલી સૂતરની ખાદી પહેરવાની આ જે હિંમત કરી હતી તે તેમની જાતિની પ્રથા પ્રમાણેનાં રંગીન કપડાં છોડી જાડી ખાદીનાં ધોળાં કપડાં ધારણ કરવા એ તે દિવસે તેમને માટે નાનીસૂની વાત નહોતી. (દવે: ૧૯૬૬:૪૦) અત્રે ઉલ્લેખનીય છે કે, રાનીપરજ પરિષદોમાં ગાંધીજીના સ્વાગત માટે તેમણે ખાદી માટે આદિવાસી પરંપરાને તિલાંજલિ આપી હતી. જુગતરામ દવેએ નોંધ્યું છે કે, જ્ઞાતિની પ્રથા પ્રમાણે વાળા, કાંકણા, કડાં, વાંક વગેરે ઘરેણાંઓથી અને તેમના પગ આમળાં, સાંકળાં, કલ્લાં, પિત્તળ કથીરનાં ભારે ઘરેણાંથી લદાયેલા હતા. એ નવી ખાદીધારી કિશોરીઓએ માતાઓ અને ગામના વડીલોના ગણગણાટ સામે હિંમત કરીને હાથપગનાં ઘરેણાં ઉતારી આપ્યાં હતાં. (એજન:૪૧) ૧૮-૧-૧૯૨૫ના રોજ ગાંધીજીના પ્રમુખપદે યોજાયેલી ત્રીજી રાનીપરજમાં ચાર પ્રતિજ્ઞાઓ લેવાઈ હતી. તેમાંથી ચોથી પ્રતિજ્ઞા – 'આજથી પથ્થરનાં ઘરેણાં નહીં પહેરીએ અને જે પહેરતી હશે તેમને વિનયપૂર્વક નહીં પહેરવા સમજાવીશું' હતી. આ પ્રતિજ્ઞાના સમર્થનમાં પરિષદમાં ઉપસ્થિત ૩ હજાર મહિલાઓએ હાથ ઊંચા કર્યા હતા. આવાં પ્રારંભિક આદિવાસી મહિલા સુધારકો પૈકીનાં એક દંડાબહેન ચૌધરી હતાં. આ ઉપરાંત રેંટિયાના વર્ગો ચલાવવા પ્રાર્થનાસભાઓ યોજી, નાટકો, ભજનો દ્વારા દારૂબંધીનો ઉપદેશ, સફાઈ પ્રવૃત્તિનું જાતઉદાહરણ, સ્વદેશીના માહાત્મ્યનો બોધ વગેરે તેમનાં વિશેષ રચનાત્મક કાર્યો હતાં. ૧૯૨૫ની વેડછી પરિષદ પછી નિયમિત કાંતે અને દર માસે ૨ હજાર વાર સૂતર આપી મહાસભાના સભાસદ બને અને તેવા દરેક જણ એવા જ ૫ સભાસદો ઊભા કરીને મુકરર દિવસે એકઠાં મળે તેવા સભ્યો નોંધવાનું કામ ચાલ્યું હતું. (એજન:૨૫-૨૬) આવા ૩૦ સભ્યોમાંનાં એક દંડાબહેન ચૌધરી પણ હતાં. ટૂંકમાં આદિવાસી મહિલાઓને રચનાત્મક કાર્યોમાં દોરવામાં તેમનાં જેવી મહિલાઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

આઝાદી પછી પણ દંડાબહેનની પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. સમુદાય ઝઘડાઓનું નિવારણ, બાલવાડી વર્ગો ચલાવવા, બાળઉછેર, બાળ આરોગ્યની વૈજ્ઞાનિક સમજ, બીમાર, દલિત-

પીડિતોની વહારે જવું વગેરે તેમની પ્રવૃત્તિઓ રહી હતી. આમ તેઓ સાચા અર્થમાં રાષ્ટ્રસેવક, આજીવન રચનાત્મક કાર્યકર હતાં. આવા નીવડેલા આદિવાસી મહિલા નેતાનું ઈ.સ. ૧૯૯૧માં અવસાન થયું હતું.

## ૮. ગોમજી લાલા ચૌધરી (૧૮૯૮-૧૯૮૬)

દક્ષિણ ગુજરાતના વેડછી વિસ્તારમાં પ્રારંભિક આદિવાસી નેતાઓમાં ગોમજી લાલા ચૌધરીનું નામ ઘણું મહત્ત્વનું છે. આજે ત્રણ હજારની વસ્તી ધરાવતું વેડછી ગામ ૪૦ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકોથી સમૃદ્ધ હતું. ગુજરાતના કોઈ ગામમાં સ્વાતંત્ર્ય સૈનિકોનો આટલો સમૃદ્ધ વારસો જણાતો નથી. આવા ક્રાંતિકારી ગામમાં તેમનો જન્મ ઈ.સ. ૧૮૯૮માં થયો હતો. જાહેર જીવન અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં તેમને સાંકળનાર પરિબળોમાં તેમનું શિક્ષણ, શિક્ષણનું પદ તથા ચુનીલાલ મહેતા અને જુગતરામ દવેનું સાંનિધ્ય જવાબદાર હતાં. શ્રી જુગતરામ દવેએ 'ખાદીભક્ત ચુનીભાઈ' નામના ગ્રંથમાં તેમનો પરિચય આપતાં જણાવ્યું છે કે, ગોમજી માસ્તર સરકારી શાળા ખાતામાં શિક્ષક હતા. તેઓ વરાડ જેવા ઉજળિયાત ગામમાં નોકરી કરતાં સત્યાગ્રહના રંગમાં રંગાયા હતા. તેમણે લડત અંગે અસહકાર કરી નોકરીનું રાજીનામું આપ્યું હતું. સને ૧૯૨૨થી ગામમાં આવી ભજનમંડળી જમાવી હતી અને તેની મારફત આસપાસનાં ગામોમાં ફરી દારૂ-તાડી સામે ઝુંબેશ ચલાવી હતી. તેઓ વેડછીની ભજનમંડળીને આજુબાજુનાં ગામોમાં લઈ જઈ સમાજસુધારાનો પ્રચાર કરતા, જેમાં દારૂ-તાડીનો વિરોધ મુખ્ય બાબત હતી. (દવે:૧૯૬૬:૪૨) શ્રી જેઠાલાલ ગાંધીએ ગાંધીયુગના પ્રારંભે સ્થાનિક સ્તરે તેમની ઉપયોગિતાને આ પ્રમાણે નોંધી છે: "વેડછીના ગોમજીભાઈ અને રૂપલાભાઈ આ બન્ને ભાઈઓ પોતાના કેટલાક જોડીદારને ભેગા કરી, ભજનમંડળી કાઢી, દર શનિવારે એક ગામ જઈ ભજનની ધૂન, ઉપદેશ અને રેંટિયા-ખાદીનો પ્રચાર કરતા. આમાંના પહેલા ભાઈને ૧૫ વીઘા અને બીજાને ૪૫ વીઘા જમીન છે. છતાં પણ વખત બચાવી તેઓ ભજનમંડળી ચલાવી શકે છે અને રેંટિયા ખાદીનો ઉપદેશ આપી શકે છે." (ગાંધી:૧૯૮૨-૮૩-સંવત)

ઈ.સ. ૧૯૨૧-૨૨નું અસહકાર આંદોલન, પ્રારંભિક સ્તરે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને જાહેર જીવનના ક્ષેત્રે પ્રભાવિત કરનારું પરિબળ હતું. તે વખતે ઉત્સાહિત રાનીપરજ શિક્ષકો અને તલાટીઓએ રાજીનામાં આપ્યાં હતાં. તેમાં ગોમજી લાલા ચૌધરી પણ હતા. લડત દરમિયાન નોકરીમાંથી રાજીનામું આપી તેઓ અસહકાર આંદોલનમાં જોડાયા હતા. તેમણે અસહકાર પછી શરૂ થયેલી દેવી ચળવળ જેવી સમાજસુધારાની આદિવાસી પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો.

બારડોલી સત્યાગ્રહ સ્થાનિક કક્ષાનો અને ખેડૂતહિતોને સ્પર્શતો સત્યાગ્રહ હોવાથી સ્થાનિક આદિવાસીઓ માટે મહામૂલો પ્રસંગ હતો. તેઓ બારડોલી સત્યાગ્રહના મહત્ત્વના સત્યાગ્રહી હતા. 'ખાદીભક્ત ચુનીભાઈ" ગ્રંથની નોંધ મુજબ, "વેડછીના આગેવાનો ગોમજી લાલા વગેરે છાવણીના કાર્યકર્તાઓ રોજ જુદી જુદી દિશાના ગામોમાં જઈને યુદ્ધગીતોની રમઝટ બોલાવતા." (દવે:૧૯૬૬:૯૩) બારડોલી સત્યાગ્રહ વખતે આદિવાસીઓને પ્રોત્સાહિત કરવામાં પરંપરાગત આદિવાસી ભજનમંડળીઓની ભૂમિકા અતિ મહત્ત્વની હતી. તેઓએ વેડછી ખાતે ૧૯૨૨થી ભજનમંડળીની રચના કરી હતી. તેમાં ખાદી-કાંતણ-સત્યાગ્રહની લડતોનો સંદર્ભ વણી લઈ તેઓ આદિવાસીભોગ્ય શૈલીમાં રજૂ કરતા અને ધાર્યાં પરિણામો મળ્યાં હતાં. ગોમજી માસ્તરે તેમનાં બહેન અને પછી તમના સાસરા પક્ષ થકી ડોલવણ ગામના આદિવાસીઓને ખાદીપ્રવૃત્તિમાં રસ લેતા કર્યા હતા. (એજન:૪૩)

ગોમજી લાલા ચૌધરી સ્થાનિક કક્ષાએ રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રણેતા પણ બન્યા હતા. ઈશ્વરલાલ દેસાઈએ નોંધ્યું છે કે, "ચુનીલાલ મહેતાની ખાદીપ્રવૃત્તિને સૌપ્રથમ સથવારો વેડછી ખાતે આદિવાસી યુવાન ગોમજી લાલાભાઈ ચૌધરીનો સાંપડ્યો હતો." (દેસાઈ:૧૯૭૧:૫૨) ખાદીનાં કાંતણ-વણાટ અને ચરખા પ્રવૃત્તિઓમાં તેમને વિશેષ રુચિ હતી. ૧૯૨૫માં યોજાયેલી વેડછી રાનીપરજ પરિષદમાં તેઓ નિયમિત કાંતણ ઉપરાંત ૨ હજાર વાર સૂતર આપી મહાસભાના સભ્ય બનનાર ૩૦ સભ્યો પૈકીના એક હતા. (વાઘેલા:૨૦૧૧:૨૦૧૨) દેવી ચળવળ દરમિયાન અને તે પછી રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર માટે તેઓ ભજનમંડળીઓ સાથે ઘૂમતા રહેતા હતા. જેમાં વ્યસનમુક્તિને તેમણે ખાસ લક્ષ્ય બનાવ્યું હતું. કારણ કે દારૂ-તાડીથી આદિવાસીઓની થતી પાયમાલી તેઓ પ્રત્યક્ષ નિહાળી રહ્યા હતા. દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનો ઉદય આવા પ્રારંભિક આદિવાસી સેવકોને આભારી હતો.

ઈ.સ. ૧૯૩૭માં હિંદને સ્થાનિક સ્વરાજ્ય આપવાના ભાગરૂપે ચૂંટણીઓ યોજાઈ હતી. લોકશાહીનો ઉત્સવ ભદ્રવર્ગો માટે પણ નવીન પ્રસંગ હતો તે આદિવાસીઓ માટે તેની કુતૂહલતા સમજી શકાય તેવી બાબત છે. આ સમયે ગોમજી લાલા ચૌધરીની જવાબદારી ચૂંટણી પદ્ધતિની સમજૂતી આપવાની હતી. તેમના જેવા યુવાનોએ નાટ્યપ્રયોગો અને પ્રચાર દ્વારા આદિવાસી વિસ્તારમાં ચૂંટણીનો ઉત્સવ ઊભો કર્યો હતો. ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલન વખતે ટૂંકા સમય માટે તેઓએ જેલવાસ પણ વેઠ્યો હતો.

સ્થાનિક કક્ષાએ સંસ્થાકીય પ્રવૃત્તિઓના પણ તેઓ આધારસ્તંભ રહ્યા હતા. ઈ.સ. ૧૯૨૪માં ઔપચારિક રીતે રાનીપરજ પરિષદ જેવી આદિવાસીઓની સંસ્થાકીય પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવી હતી. આવી પરિષદો ૧૯૪૧ સુધી ચાલી હતી અને રાષ્ટ્રીય-પ્રાદેશિક નેતાઓના અધ્યક્ષસ્થાને ૧૧ જેટલી રાનીપરજ પરિષદો યોજાઈ હતી. ગોમજી લાલાએ તે માટે વ્યવસ્થાતંત્ર ઊભું કરવાની સાથે પરિષદના વ્યવસ્થાતંત્રમાં મંત્રી, સ્વાગત મંત્રી જેવા હોદ્દાઓ પણ સંભાળ્યા હતા. (વાઘેલા:૨૦૧૧:૨૦૧૪) રાનીપરજ પરિષદોમાં ગાંધીજી, સરદાર પટેલ જેવા નેતાઓની ઉપસ્થિતિને લઈ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આદિવાસી ભાગીદારી વધી હતી.

૧૯૪૭માં આઝાદી આવી, તે પછી રચનાત્મક ક્ષેત્રે આદિવાસી સેવકો સક્રિય રહ્યા હતા, કારણ કે આઝાદી પછી પણ આદિવાસી સમસ્યાઓ યથાવત્ હતી. ગોમજી લાલા ચૌધરીએ ખેતી, પશુપાલન વગેરે જેવા વ્યવસાયો પણ કર્યા હતા. ૧૯૮૬માં તેમનું અવસાન થયું હતું.

## ૯. લાલચંદભાઈ નીનામા (૧૯૧૮-૧૯૯૨)

ભીલ સેવા મંડળ, દાહોદની ભીલ સેવા પ્રવૃત્તિની ફલશ્રુતિ રૂપે તૈયાર થયેલા નેતાઓમાં લાલચંદભાઈ નીનામાનું નામ ઘણું અગત્યનું છે. તેમનો જન્મ ઝાલોદ તાલુકાના નગરાળા ગામે થયો હતો. તેમણે ૧થી ૭ ધોરણ સુધીનું શિક્ષણ યશવાટિકા આશ્રમ, જેસાવાડામાં મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૨૯માં અભ્યાસ પૂરો કરી મંડળના ઝાલોદ આશ્રમમાં જોડાઈ ભીલ સેવાનો પ્રારંભ કર્યો. તેમનું લગ્ન પણ જેસાવાડા આશ્રમમાં કેળવણી પામેલ સંસ્કારી બહેન હીરાબહેન સાથે ઠક્કરબાપાની હાજરીમાં હિંદુવિધિથી થયું હતું. પતિ-પત્નીનો જીવન ઉદ્દેશ ભીલ સેવાનો જ હોવાથી આદર્શ ભીલ દંપતી તરીકે તેઓની છબી ઊભરી હતી. લાલચંદભાઈનાં શિક્ષણ, કેળવણી અને જીવન ઘડતર પાછળ મંડળના આજીવન સેવકો શ્રી પાંડુરંગ વણીકર અને અંબાલાલ વ્યાસનું ખાસ પ્રોત્સાહન અને પ્રદાન હતું (વાઘેલા:૨૦૧૬:૨૧૫)

તેઓએ ભીલ સેવાનો પ્રારંભ સિંધના થરપારકર જિલ્લામાં ભીલ, મેઘવાળ અને કોળીઓ માટે સ્થાપેલા આશ્રમથી કર્યો હતો. અજાણ્યા અને રેતાળ પ્રદેશમાં છ વર્ષ સુધી રહી ત્યાંનું કામ સારી રીતે ખીલવ્યું હતું. ત્યાંથી પાછા આવ્યા બાદ જેસાવાડા અને ઝાલોદના આશ્રમોમાં વ્યવસ્થાપક અને આચાર્ય તરીકે મુકાયા હતા. દરમિયાન ગરબાડા વિસ્તારમાં મંડળના સામાજિક પ્રચારક તરીકે કામ કર્યું. ઈ.સ. ૧૯૪૪માં દાહોદ તાલુકાના પૂર્વગાળામાં ૧૪ ગામોમાં ભીલો ચોરી, લૂંટફાટના માર્ગે વળ્યા ત્યારે લાલચંદભાઈની ખાસ નિમણૂક ગરબાડા ગાળામાં થઈ હતી. ઠક્કરબાપાની સૂચના અને સુખદેવ ત્રિવેદીની મદદથી કઠલાલ ગામમાં ઘણા ભીલોએ દારૂ ન પીવાનો નિર્ણય કર્યો અને દારૂના ઇજારદાર પારસીને નાસી જવું પડેલું. ભીલ સમાજ શોષણમાંથી ઊગરે તથા આર્થિક રીતે પગભર થાય તે માટે તેમણે પ્રચારક તરીકે ઉમદા કામગીરી નિભાવી હતી. ભીલ સેવા મંડળના રજત-જયંતી વર્ષની નોંધ પ્રમાણે ... 'લાલચંદભાઈ નીનામાએ ભીલોના વાજબી હક્કોની માગણીઓ માટે મંડળ તરફથી પ્રચારક તરીકે ઉમદા કામ કર્યું હતું. દા.ત. દાહોદ-ઝાલોદ તાલુકામાં ઋણરાહત ધારાનો અમલ શરૂ થતાં, ધારાનો ઝીણવટભર્યો અભ્યાસ કરી ભીલ, પટેલિયા ખેડૂતોને કાયદાની યોગ્ય મદદ અને સલાહ આપવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું.' તેમની પ્રવૃત્તિઓને કારણે લાલચંદભાઈ દાહોદ-ઝાલોદના ભીલ વિસ્તારમાં ઘણા લોકપ્રિય સેવક તરીકે પંકાયા હતા. તેમના બહોળા અનુભવનો લાભ વિશાળ આદિવાસી સમાજને મળે તે માટે હાલોલ, કાલોલ, ગોધરા તાલુકામાં તેમની માંગ આવવાથી મોકલવામાં આવ્યા હતા. પંચમહાલના સીમાડા બહાર સાબરકાંઠામાં ભીલોની કેળવણી માટે ખેડબ્રહ્માામાં આશ્રમ ખોલી ત્યાં ત્રણ માસ સુધી રહ્યા હતા. આમ, તેમનું જીવનધ્યેય સાર્વત્રિક ભીલ કેળવણીનું રહ્યું હતું. (વાઘેલા:૨૦૧૬:૨૧૬)

આદિવાસી સમાજમાં શિક્ષણ ને કેળવણીનો પ્રચાર થાય તથા આદિવાસીઓ શોષણમુક્ત બને તે તેમનું જીવનધ્યેય હતું. તેઓએ દાહોદ-ઝાલોદ તાલુકાઓમાં મંડળની યોજનાઓ લાગુ પાડવા, કાર્યવાહીનો ભીલોમાં યોગ્ય રીતે પ્રચાર કરવા, દારૂ અને ચોરી જેવી અનૈતિક પ્રવૃત્તિઓનો ભીલોની પરંપરાગત ભીલોડી પદ્ધતિ પ્રમાણે ઉકેલ આણવાના પ્રયાસો કર્યા હતા. સાથે શાહુકારો, દેસાઈઓ, વહોરાઓ દ્વારા ભીલોનું શોષણ અટકે, સ્થાપિત હિતો વિરુદ્ધ ભીલો જાગ્રત થાય અને સંકટ સમયમાં ભીલોને સમયસર મદદ મળી રહે તે દિશામાં તેમના પ્રયત્નો પ્રશંસનીય રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૨ના અછતના વર્ષમાં મુશ્કેલીમાં આવી પડેલા ભીલ, પટેલિયા વગેરે ખેડૂતોને રાહતનાં કામો ખોલાવીને સસ્તા અનાજની દુકાનો ચલાવી આપવા વગેરે માટે મંડળે લાલચંદભાઈ નીનામાની ખાસ નિમણૂક કરી હતી. તેમણે આ વખતે ૬૦૦ જેટલી અરજીઓનો નિકાલ કરાવ્યો, ૩૬૬ જેટલા ખેડૂતોની જમીન શાહુકારો પાસેથી મુક્ત કરાવી, ખેડૂતોને દેવામાં ઘણી રાહત મળી હતી (એજન)

લાલચંદભાઈ નીનામાની નેતાગીરીનો વિકાસ અનુક્રમે મંડળની શાળામાં શિક્ષક, મંડળના આજીવન સેવક, સામાજિક પ્રચારક, મંડળના મંત્રી અને ધારાસભ્ય તરીકેનો રહ્યો હતો. ઈ.સ. ૧૯૫૨માં મુંબઈ ધારાસભાની ચૂંટણીમાં ઝાલોદની અનામત બેઠક ઉપરથી ચૂંટાયા હતા. આઝાદી પછી ધારાસભ્ય બન્યા બાદ 'ખેડૂતોના માણસ' તરીકે તેમની ખાસ ઓળખાણ ઊભી થઈ હતી. શ્રી દાતાભાઈ બામણિયા તેમની ભીલ સેવાને બિરદાવતાં કહે છે કે, 'ભીલ સમાજસુધારણામાં તેમને વિશેષ રસ હતો. આદિવાસીઓમાં ગણોતધારાનો અમલ કરાવવા, તે સંદર્ભમાં

ભીલોમાં જાગૃતિ આણવા ખાસ કામ કર્યું હતું. દરરોજ સવારમાં ઘણા અરજદારો તેમના ઘેર સરકારી કામમાં મદદની અપેક્ષાએ આવતા, તેઓ રામભક્ત અને ધાર્મિક સ્વરૂપના હતા.' લાલચંદભાઈ અને તેમનાં પત્ની હીરાબહેન પરસ્પર પૂરક અને આદર્શ દંપતી હતું. તેઓએ દાહોદ-ઝાલોદમાં ભીલ સેવા મંડળના સેવક અને સેવિકા તરીકે ઉમદા છાપ ઊભી કરી હતી. તેઓની ભીલ સેવાપરાયણતાનું ઉત્તમ ઉદાહરણ તો એ છે કે, તેમના પુત્ર ગોવિંદસિંહનો જન્મ થરપારકરના રણમાં થયો હતો. જ્યાં આ દંપતી ભીલ સેવા મંડળની કેળવણીની પ્રવૃત્તિ વિસ્તારવા ગયું હતું. આદર્શ માતા-પિતાના પુત્ર ગોવિંદસિંહે પણ ઉચ્ચ કેળવણી પામી ડૉક્ટરની પદવી મેળવી હતી. જેઓ મુંબઈ રાજ્યના ભીલ સમાજમાંથી ડૉક્ટર થનાર પહેલા વ્યક્તિ હતા.

લાલચંદભાઈના વ્યક્તિત્વનું એક પાસું લેખક તરીકેનું પણ હતું. મંડળના સુવર્ણજયંતી, રજતજયંતી અંકોમાં લખેલા લેખો તેનાં ઉદાહરણો છે. આઝાદી બાદના આદિવાસી સમાજના પ્રશ્નો અને તેના ઉકેલ એ તેમના લેખનનો મુખ્ય સૂર હતો. આઝાદી પછી રચાયેલી ગુજરાત લોકસાહિત્ય સમિતિની સંશોધન સમિતિના તેઓ મહત્ત્વપૂર્ણ સભ્ય હતા તેમના 'લોકગુર્જરી'(વાર્ષિક)માં તેમણે પંચમહાલની આદિવાસી સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતાં મહત્ત્વપૂર્ણ લેખો પણ લખ્યા હતા. આમ તેઓ પંચમહાલમાં આદિવાસી બૌદ્ધિક તરીકે પણ ઊપસી આવે છે. ભીલ સેવા મંડળની પ્રવૃત્તિઓ અને ભીલ સેવકોનું આદિવાસી સમાજમાં માહાત્મ્ય, ભીલ સેવકોની ખાસ પ્રવૃત્તિઓ વગેરેનું નિરૂપણ કરતી ભીલોડી બોલીમાં એક કવિતા પણ રચી હતી.

## ૧૦. હીરાબહેન નીનામા:

પંચમહાલ જિલ્લાના દાહોદ-ઝાલોદ તાલુકાઓમાં આઝાદી પહેલાં અને પછી પેદા થયેલા ભીલ નેતાઓ મહદંશે ભીલ સેવા મંડળની નીપજ હતા. આદિવાસીઓમાં પુરુષો ઉપરાંત સ્ત્રીઓમાં પણ નાના પાયે નેતાગીરી વિકસી હતી. જેમાં શ્રીમતી હીરાબહેન લાલચંદભાઈ નીનામાનું નામ પ્રથમ પંક્તિમાં મૂકવું પડે.

તેમનો જન્મ દાહોદ તાલુકાના જેસાવાડા ગામે થયો હતો. અત્યંત ગરીબાવસ્થામાં મંડળની જેસાવાડા શાળામાં અભ્યાસ કરી ઈ.સ. ૧૯૩૦-૩૧માં યશવાટિકા આશ્રમ, જેસાવાડામાં વ્યવસ્થાપિકા તરીકે જોડાયાં હતાં. તેઓ નિશાળમાં દાખલ થયાં તે ઘટના રમૂજભરી રહી હતી. પોતે કેવા સંજોગોમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું તેનું વર્ણન કરતાં તેઓ લખે છે કે, 'પૂ. બાપા જેસાવાડાના સોપડા ફળિયામાં વિદ્યાર્થીઓ લેવા આવ્યા ત્યારે હું અને મારી નાની બહેન સંતાઈ જતાં, પણ છેવટે મારા કાકા તથા માસીને સમજાવી સને ૧૯૨૩માં અમને બે બહેનોને જેસાવાડા આશ્રમમાં દાખલ કરી.' (વાઘેલા:૨૦૧૬:૨૧૮) હીરાબહેનનું શાળામાં દાખલ થવું તે ઘટના સમય અને સ્થાનના સંદર્ભમાં વિશિષ્ટ ઘટના હતી. આદિવાસીઓમાં 'છોકરીઓને ભણાવી અમારે ક્યાં રાજ લેવું છે' જેવી કહેવતોના જમાનામાં તેમનાં જેવી બહેનો શિક્ષણપ્રાપ્તિ માટે આગળ આવી તેથી ભીલોમાં કન્યાકેળવણી માટેનો માર્ગ મોકળો થયો હતો.

માત્ર શિક્ષણપ્રાપ્તિ પૂરતું નહીં, પરંતુ આદિવાસી છોકરીની યુવાની ઢોર ચરાવવામાં અને આદિવાસી સ્ત્રીનું જીવન ઘરકામ, ખેતીકામ પાછળ પૂરું થઈ જતું તે સમયે આશ્રમના વ્યવસ્થાપિકા બન્યાં, થરપારકર જેવા રણ વિસ્તારમાં ભીલ આશ્રમમાં શિક્ષિકા તરીકે કામ કર્યું. ત્યાંથી પરત થયા પછી તેમની ભીલ સેવા પંચમહાલમાં રહી હતી. ગોધરાની સિવિલ હૉસ્પિટલમાં મિડવાઇફનો કોર્સ પૂરો કરી ગામડામાં દાયણ તરીકેનું કામ કર્યું હતું. પ્રસૂતિના છેલ્લા દિવસો સુધી કાળી મજૂરી કરતી આદિવાસી સ્ત્રીઓ,

બાળઉછેરમાં બેપરવા માતાઓને વૈજ્ઞાનિક ધોરણે માર્ગદર્શન આપવાની તેમની સેવા ખાસ પ્રશંસાપાત્ર હતી. (એજન)

ગુજરાત નશાબંધી મંડળના સભ્ય, સમાજકલ્યાણ બોર્ડના અધ્યક્ષ અને સંતરામપુર મતવિસ્તારના ધારાસભ્ય, એ તેમની નેતાગીરીની વિકાસાવસ્થાઓ હતી. મંડળની પ્રથમ ભીલ સેવિકા હીરાબહેન સામે આદિવાસી સમાજની ગઈકાલ, આજ અને આવતી કાલ એમ ત્રણેયનું ચિત્ર સ્પષ્ટ હોવાનું તેમનાં લખાણ અને કાર્યોમાંથી જણાય છે. તેમના લેખોમાં આદિવાસીઓના શોષક વર્ગ એવા દેસાઈ, વાણિયા, વોહરાઓ વિરુદ્ધ ખાસ આક્રોશ દેખાય છે. મંડળના ઈ.સ. ૧૯૫૭-૫૯ના વર્ષની નોંધ મુજબ... ૬૦ ગામમાં સ્ત્રી અને બાળકો માટેની કલ્યાણ કામની એક લાખ બત્રીસ હજાર રૂપિયાની યોજનાનાં ચૅરમેન હીરાબહેન લાલચંદભાઈ નીનામા હતાં. આ યોજના અંતર્ગત ૧૦ મુખ્ય કેન્દ્રો અને ૮ અધૂરા સમયનાં કેન્દ્રો મળી ૧૮ કેન્દ્રોમાં ૬૦૦ જેટલાં બાળકો સંસ્કાર મેળવતાં.' (એજન) પોતાના ધારાસભ્યકાળ દરમિયાન સરકારી યોજનાઓનો લાભ આદિવાસી વિસ્તારના લોકોને પહોંચે તે માટે ખાસ રજૂઆતો કરેલી. સાથે આદિવાસી કન્યાઓની ઉચ્ચ કેળવણી, પરિચારિકાના અભ્યાસક્રમની સગવડ વગેરે તેમના મનોરથ હતા. આ સંશોધન દરમિયાન ગુજરાત વિધાનસભાના રેકર્ડરૂમનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેઓએ તેમના ધારાસભ્યકાળ દરમિયાન વિધાનસભામાં સૌથી વધુ હાજરી આપી હતી. જે આજના આદિવાસી કે બિનઆદિવાસી નેતાઓ માટે પ્રેરણારૂપ છે.

હીરાબહેન અને લાલચંદભાઈ ભીલ સમાજમાં આદર્શ દંપતી અને લોકપ્રિય નેતાઓ તરીકે હતાં. લાલચંદભાઈના આદિવાસી સમાજને શોષણમુક્ત બનાવવાના અભિયાનમાં તેમના સંયુક્ત પ્રયાસો રહેતા. શ્રીમતી લીલીબહેન બામણિયા કહે છે કે, 'લોકોના જમીનના, મારામારીના, છેતરપિંડીના કેસ વખતે તેઓ ગામડાંના ભીલો સાથે સરકારી કચેરીમાં જઈ માર્ગદર્શન પૂરું પાડતા. જીવનના અંતિમ સમય સુધી ભીલ સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્નશીલ રહ્યાં હતાં.' ૧૯૯૮ના વર્ષે અમે તેમનો લાંબો ઇન્ટરવ્યૂ કર્યો હતો. તેમનું સ્વાસ્થ્ય કથળેલું હોવા છતાં આદિવાસીઓના વિકાસમાં ઠક્કરબાપા અને ભીલ સેવા મંડળના પ્રદાન વિશે વાત કરતાં તેઓ ધરાતા ન હતાં. ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં તેમણે કરેલી જેલયાત્રાની પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. પિકેટિંગ પ્રવૃત્તિ વગેરેમાં પણ તેમનું સક્રિય યોગદાન હતું. મંડળના પહેલા ફાલરૂપે નીકળેલી આદિવાસી સ્ત્રીઓમાં હીરાબહેન એક ઉત્તમ ભીલ સેવિકા પુરવાર થયાં હતાં.

## ૧૧. દશરીબહેન ચૌધરી

ભારતીય રાષ્ટ્રીય આંદોલન ૧૯૨૨માં અસહકાર આંદોલન પછી આદિવાસી વિસ્તારોમાં પણ વ્યાપ્યું હતું. ગાંધીપ્રેરિત રચનાત્મક પ્રવૃત્તિઓમાં આદિવાસીઓને લગતી પ્રવૃત્તિઓ ઘણી અસરકારક નીવડી હતી. રચનાત્મક પ્રવૃત્તિના આશ્રયે આદિવાસીઓમાં કેટલાક નેતાઓ ઊભરી આવ્યા હતા. પુરુષોની સાથે ગાંધીયુગમાં આદિવાસી મહિલા નેતૃત્વ પણ ખીલી ઊઠ્યું હતું. જેમાં દક્ષિણ ગુજરાતમાં સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે આદિવાસી મહિલા નેતૃત્વ સરસાઈ ભોગવતું હતું. તેમાં દશરીબહેન ચૌધરીનું નામ પ્રથમ પંક્તિમાં આવે છે.

તેમનો જન્મ આશરે ઈ.સ. ૧૯૧૮માં વેડછીમાં થયો હતો. વેડછી ગામ રાષ્ટ્રવાદી વાતાવરણ અને રચનાત્મક પ્રવૃત્તિઓને ક્ષેત્રે ચેતનવંતું ગામ હતું. વેડછી ગામમાં જ ૪૦ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકો હોવાની જાણકારી મળી હતી. તેમાં દશરીબહેનના દાદા જીવણભાઈ ચૌધરીનો પણ સમાવેશ થતો હતો. દશરીબહેનનું મૂળ વતન વેડછી અને સાસરું અંબાચ હતું. પરંતુ ચૌધરી આદિવાસીઓમાં પ્રચલિત ખંધાડપ્રથા (પતિને

પિયરમાં લાવી ઘરજમાઈ રાખવાની પ્રથા) અંતર્ગત પતિ કાનજીભાઈને વેડછી લાવ્યા હતા. જેઓ સંપૂર્ણ નિરક્ષર હતા.

દશરીબહેનનો જીવનવિકાસ તેમના દાદા જીવણભાઈ ચૌધરીના પ્રભાવમાં થયો હતો. તેઓ ચૌધરી જ્ઞાતિના આગેવાન અને સુધારક વૃત્તિવાળા હતા. ભજનમંડળીઓની રચના અને સુધારાનાં ભજનો દ્વારા તેઓ પ્રેરણાદાયી વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થયા હતા. દશરીબહેન ચૌધરી માટે પણ તેઓ પ્રેરણાસ્રોત હતા. બીજી તરફ તેમનો અભ્યાસ વેડછી આશ્રમમાં ચુનીલાલ મહેતા અને જુગતરામ દવે જેવા રચનાત્મક કાર્યકરોની નિશ્રામાં થયો હતો. વેડછીમાં સ્થપાયેલ આશ્રમમાં ખાદી-કાંતણ-વણાટની રચનાત્મક પ્રવૃત્તિઓ અને ગાંધીજી, સરદાર પટેલ, કલ્યાણજી મહેતા, મીઠુબહેન પિટીટ જેવા નેતાઓના વૈચારિક સમાગમથી દશરીબહેનનું રચનાત્મક કાર્યકર તરીકેનું કાઠું ઘડાયું હતું.

દશરીબહેનની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓનો પ્રારંભ બારડોલી સત્યાગ્રહથી થયો હતો. બારડોલી સત્યાગ્રહમાં આદિવાસીઓના પ્રશ્નો અને આદિવાસી વિસ્તારમાં થવાનો હોવાથી સ્થાનિક વાતાવરણ ઘણું ઉમળકાવાળું હતું. આદિવાસી વડીલો, યુવાનોથી લઈ કિશોરો પણ બારડોલીની લડત લડવા થનગનતા હતા. બારડોલી સત્યાગ્રહ પહેલાં મહાદેવ દેસાઈએ નોંધ્યું છે કે, સુરત જિલ્લા પરિષદમાં ૧૦થી ૧૫ હજારની મેદની હતી. તેમાં બારડોલીથી રાનીપરજની બાળાઓને સત્યાગ્રહનાં ગીતો સંભળાવવા માટે લાવવામાં આવી હતી. એ સરળ અને નિર્દોષ બાળાઓને સભાક્ષોભ જેવી વસ્તુ નહોતી. ગાવાનું કહ્યું એટલે કોયલની જેમ ટહુકી ઊઠી. આ બાળાઓ પૈકીનાં એક શ્રી દશરીબહેન ચૌધરી હતાં. (પંડ્યા:૨૦૦૭:૨૮)

દશરીબહેનને છ વર્ષની ઉંમરે વેડછીમાં ગાંધીજી સાથે પરિચય થયો હતો. તેમની સાથેના વૈચારિક સમાગમ પછી તેમણે ચૌધરી આદિવાસી સ્ત્રીઓમાં પહેરાતાં ભારેખમ ઘરેણાં નહીં પહેરવાનું વ્રત લીધું હતું, જે આજીવન પાળ્યું હતું. બારડોલી સત્યાગ્રહ વખતે તેમની ઉંમર આશરે દસ વર્ષની હતી. સત્યાગ્રહ દરમિયાન ચાલેલ સભા-સરઘસ, પિકેટિંગ વગેરે કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.(એજન)

સવિનય કાનૂનભંગની લડતના બીજા તબક્કામાં દશરીબહેન સક્રિય રીતે જોડાયાં હતાં. આ લડતમાં તેમણે સુરત જિલ્લાનાં અનેક ગામોમાં પિકેટિંગ કરી દારૂનાં પીઠાં બંધ કરાવ્યાં હતાં. વિદેશી ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનો પર પિકેટિંગ બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તે દરમિયાનની કાનૂની પૂછપરછના હિંમતભર્યા જવાબોને કારણે ઈ.સ. ૧૯૩૩માં તેમણે બે વર્ષની કેદની સજા થઈ હતી. આ સમયે તેમની ઉંમર માત્ર ૧૫ વર્ષની હતી. આ જેલવાસ તેમણે પૂનાની યરવડા જેલમાં ગુજાર્યો હતો. જ્યાં કસ્તૂરબા સાથે ગાઢ પરિચય બંધાયો હતો. દશરીબહેને કસ્તૂરબાને વાંચતા-લખતાં શીખવ્યું હતું. દશરીબહેનની રૂબરૂ મુલાકાતને આધારે આ વાતની જાણ ગાંધીજીને થતાં તેમણે પત્ર દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યું હતું કે, આ નાની બાળકી આ ચમત્કાર કેવી રીતે કરી શકી. (રૂબરૂ મુલાકાતને આધારે) ઈ.સ. ૧૯૩૫માં કેદમાંથી છૂટ્યા પછી પણ તેમની રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી.

ઈ.સ. ૧૯૩૮માં સુરત જિલ્લાના હરિપુરા ખાતે કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરવાનું નક્કી થયું. પ્રસ્તુત અધિવેશન સ્થાનિક કક્ષાએ થવાથી સેંકડોની સંખ્યામાં યુવાનો અને યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેઓએ ખાસ તો વ્યવસ્થાપનના ક્ષેત્રે સક્રિય કામગીરી નિભાવી હતી. દશરીબહેન ચૌધરીએ હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવિકા તરીકેની સેવા બજાવી હતી. તેઓ

સંગીત ટુકડીમાં જોડાઈ કૉંગ્રેસની બેઠક પૂર્વે ગવાતાં ગીતોમાં દિલરુબા વગાડવાની કામગીરી સંભાળતાં હતાં. આ પૂર્વે તેઓએ સાબરમતી આશ્રમના નિવાસ દરમિયાન સંગીતનું પ્રાથમિક જ્ઞાન મેળવ્યું હતું. હરિપુરા કૉંગ્રેસ વખતે તેમણે ફંડફાળા ઉઘરાવવાની કાર્યવાહી પણ સંભાળી હતી. (રૂબરૂ મુલાકાતને આધારે)

ઈ.સ. ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં આદિવાસી ભાગીદારી વધી હતી. આંદોલન દરમિયાન દશરીબહેને બારડોલી ખાતે યોજાયેલા વિરોધ સરઘસમાં સક્રિય ભાગ લીધો હતો. તે બદલ કાનૂની કાર્યવાહીમાં કેદની સજા થઈ હતી. જે તેમણે યરવડા જેલમાં ભોગવી હતી. યરવડાના જેલવાસ દરમિયાન નામી રાષ્ટ્રીય નેતાઓ, રચનાત્મક કાર્યકરોનો ગાઢ પરિચય થયો હતો. તેનાથી ગાંધીપ્રેરિત રચનાત્મક પ્રવૃત્તિમાં તેમનાં રસ-રુચિ વધ્યાં હતાં. (એજન) ૧૯૪૬ના વર્ષે શ્રી કાકાસાહેબ કાલેલકરે તેમની મુલાકાત લીધી તે સંદર્ભે જુગતરામ દવેએ નોંધ્યું છે કે, બેડા પણ એક રાનીપરજ વસ્તીનું ગામ છે. ત્યાં એક રાનીપરજ પતિ-પત્ની – કાનજીભાઈ ને દશરીબહેન, બંને આશ્રમી કેળવણી લઈને હવે પોતાની પ્રજામાં તેનો પ્રચાર કરવા સારુ નાનું સરખું ખાદીમંદિર કરીને બેઠેલાં છે. આ રીતે રાનીપરજ લોકોને પોતાનો ઉદ્ધાર પોતાને હાથે કરતાં જોઈ કાકાસાહેબે તેમને ધન્યવાદ આપ્યા હતા. (દવે:૧૯૬૬:૯૧૦)

દશરીબહેનનું શિક્ષણ વેડછી અને સાબરમતી આશ્રમમાં થયું હતું. અભ્યાસકાળ દરમિયાન પ્રૌઢશિક્ષણ તેમની રુચિની વિશેષ બાબત બની હતી. સાબરમતી આશ્રમના અભ્યાસકાળ પછી તેમણે આદિવાસીઓમાં પ્રૌઢશિક્ષણ ફેલાવવાનું ધ્યેય રાખ્યું હતું. વેડછીમાં આવેલા શબરી કન્યા વિદ્યાલયના વિકાસમાં તેમનું મહત્ત્વનું પ્રદાન હતું. આદિવાસીઓનું સંસ્કૃતીકરણ એ દશરીબહેનનો જીવનમંત્ર હતો. આદિવાસી પ્રજામાં વ્યસનો, અંધશ્રદ્ધા તથા કુરિવાજો એ તેમની ચિંતાનો વિષય હતો. તેથી રચનાત્મક પ્રવૃત્તિઓ દરમિયાન ઉપરોક્ત બાબતોની વિરુદ્ધ ખાસ ઝુંબેશ ચલાવી હતી.

તેમની વ્યક્તિગત બાબતો ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી ચળવળો વિશે જાણકારી મેળવવા માટે તેમની સાથે બે-ત્રણ મુલાકાતો યોજવામાં આવી હતી. જેમાં તેમના દ્વારા થતું વર્ણન સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસી ભાગીદારોને તાદ્રશ્ય કરતું હતું. તેઓ સ્વાતંત્ર્ય-સંગ્રામની વાતો કહેવા સદાય તત્પર અને ગાંધીભક્તિમાં તરબોળ રહેતાં હતાં. વર્ષ ૨૦૦૯માં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન તરફથી તેમને સંસ્કાર ઍવૉર્ડ આપી, તેમના કાર્યનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## ૧૨. દોલજીભાઈ ડામોર (૧૯૧૪-૨૦૦૭)

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સમાજસુધારા પ્રવૃત્તિઓ અને ગાંધીવાદી રાષ્ટ્રવાદી આંદોલનો તથા રચનાત્મક પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિચારતાં દક્ષિણ ગુજરાત અને પંચમહાલની તુલનાએ ઉત્તર ગુજરાતમાં તેની ગતિ અને વ્યાપ ધીમાં જણાય છે. તેનાં અનેકવિધ કારણો હતાં. મોતીલાલ તેજાવતની એકી ચળવળને અપવાદ ગણીએ તો ઉત્તર ગુજરાતનું આદિવાસી ક્ષેત્ર મોટા પાયા પરની રાજકીય ગતિવિધિઓથી અલિપ્ત રહ્યું હતું. અલબત્ત, ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ, તેનાં થાણાંઓ અવશ્ય સ્થાપ્યાં હતાં અને તેના ફળસ્વરૂપે આદિવાસીઓમાંથી નાના પાયા પર નેતૃત્વનો ઉદ્ભવ થયો હતો. તેમાંના એક શ્રી દોલજીભાઈ ડામોરનો પરિચય અત્રે રજૂ કરવામાં આવ્યો છે.

દોલજીભાઈ લખમાજી ડામોરનો જન્મ ફાગણ સુદ ૧૪ સંવત ૧૯૭૦ના રોજ (ઈ.સ. ૧૯૧૪) થયો હતો. તેમની ચોથી પેઢીએ ડામોર લખમાજી જોધાજી ધંધાસણમાં સ્થળાંતર કરી

વસ્યા હતા. તેમના પૂર્વજો ગામમાં રાજકીય-આર્થિક-સામાજિક-ધાર્મિક પ્રશ્નોમાં અગ્રેસર રહેતા હતા. તેઓ પોલીસપટેલ કે મુખીના કાર્ય સાથે સંકળાયેલા હતા. તેમના પિતા લખમાજી ઈ.સ. ૧૯૧૮માં ધંધાસણના મુખી તરીકે હતા. ૩૫ વર્ષ સુધી સરકારી જાગીરની જવાબદારી સંભાળી હતી. દોલજીભાઈ છ ભાઈ અને બે બહેનો મળી કુલ ૮ ભાઈ-બહેનો હતાં. તેઓ પિતાનું બીજા નંબરનું સંતાન હતા. (ડામોર:૧૯૯૭:૧૫) તેમનાં પત્નીનું નામ વારીબહેન હતું. છ સંતાનોમાં ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓનો સમાવેશ થતો હતો. પત્ની આદિવાસી સ્ત્રીઓમાં દેખાતી ખુમારીયુક્ત હતાં. છ ફૂટ ઉંચાઈ, લાંબો ઝભ્ભો, હાથમાં લાકડી, વાંકડિયા વાળ અને ખભે થેલો, આંખોમાં નિર્ભયતા વગેરે દોલજીભાઈનો બાહ્ય દેખાવ હતો.

ભીલોને વળી ભણવાનું કેવું? એ જમાનામાં મુખીનો છોકરો હોવાને નાતે સામાન્ય પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. રાજકીય ઊથલપાથલોના સમયે તેમને ઘણું સહન કરવું પડ્યું હતું. યુવાન બનતા સુધીમાં ઈડર રાજ્યના સામંતશાહી અન્યાયો, સતામણી અને જોહુકમીથી સારી પેઠે વાકેફ થઈ ચૂક્યા હતા. તે તેમને કડીરૂપ સાહસિક આગેવાન બનાવવામાં નિમિત્તરૂપ બન્યું હતું. યુવાનીમાં જ જાગીરદારી, દરબારીતંત્ર દ્વારા આદિવાસી પ્રજા પર અતિશય ત્રાસ વધી જતાં જાગીરદારો સામેના બંડની આગેવાની તેમણે લીધી હતી. તેમનો વિરોધ મુખ્યત્વે ખોટા હકવેરા (જમીનમહેસૂલ) હળતર (અમૂક પ્રમાણમાં અનાજનો જથ્થો જાગીરદારને આપવો) ચાંલ્લાવેરો, (દરબારમાં છોકરા-છોકરીનાં લગ્ન વખતે ફરજિયાત ચાંલ્લો) વગેરે સામે હતો. ઈડર ઠાકોરે સૌપ્રથમ લાલચ દ્વારા દોલજીને બંડને માર્ગેથી વિચલિત કરવા પ્રયત્ન કર્યો અને છેવટના ઉપાય તરીકે ધાકધમકી અજમાવ્યા હતા (એજન:૨૭) આ જ સમયે તેઓએ ડુંગરપુરના ભોગીલાલ પંડ્યાના નેતૃત્વમાં રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો હતો. પરિણામે ૧૯૪૨-૪૫ અને '૪૬માં જેલની સજા થઈ હતી. ડુંગરપુર દરબારીતંત્રના ગોળીબારથી મૃત્યુ પામેલા બે આદિવાસીઓના મૃત્યુનો વિરોધ નોંધાવવા ૫૦ કાર્યકરો સાથે ડુંગરપુર પ્રજા સંમેલનમાં ગયા હતા. કૉંગ્રેસ પ્રેરિત સંમેલનો-મેળાવડાઓમાં પણ તેઓ સક્રિયપણે ભાગ લેતા હતા. આદિવાસી ગામડાંઓમાં શિક્ષણ સંસ્થાઓ સ્થપાય તે તેમનું જીવનધ્યેય હતું. તે માટે ઉત્તર ગુજરાતના જાણીતા આગેવાન મથુરદાસ ગાંધી સાથે પરામર્શ કર્યો હતો. ગ્રામીણ વિસ્તારોમાં શિબિરો, સંમેલનોનું આયોજન કરી તેઓ બાળકોમાં હિંમત, કુશળતા અને ખડતલપણાના ગુણો ઝળકાવતા હતા. તે બદલ ઈડર રાજ્યનો રોષ પણ વહોરી લીધો હતો. (એજન:૨૯-૩૧) ઈડર રાજ્યે રાજ્ય વિરુદ્ધની ગતિવિધિઓ માટે તેમને જેલની સજા પણ કરી હતી. ઈડર રાજ્યથી બહાર રહેવાની શરતે તેમનો જામીન પર છુટકારો થયો હતો. તેમના જેલવાસ, હદપારીની મુક્તિને લગતાં ગીતો પણ રચાયાં હતાં.

આઝાદી પછી પણ ઈડર સ્ટેટની જુલ્મશાહી, અત્યાચારોનો અંત આવ્યો ન હતો. આઝાદી પ્રાપ્તિ પછીનાં શરૂનાં વર્ષોમાં ઈડર પ્રજાકીય પરિષદની રચના થઈ હતી. તેના નેજા નીચે ૧૭-૦૩-૧૯૪૮ના રોજ ભીલોડામાં એક સભા મળી હતી. તેમાં જાગીરદારીની સંપૂર્ણ નાબૂદી અને દારૂબંધીના ઠરાવો રજૂ કર્યા હતા. જાગીરદારી નાબૂદીનો ઠરાવ દોલજીભાઈ ડામોરે રજૂ કર્યો હતો.

દોલજી ડામોરનું ગાંધીવાદ પ્રત્યેનું મમત્વ મોતીલાલ તેજાવત જેવા મહાન નેતાને પણ સ્પર્શી ગયું હતું. ૧૬ એપ્રિલ, ૧૯૪૮ના રોજ ભરાયેલી સભામાં તેમની પ્રત્યક્ષ મુલાકાત થઈ હતી. મોતીલાલે તેમનું કાર્ય પારખી 'હિંમત રાખો, આગળ વધો, લોકને જાગ્રત કરો, અંગ્રેજોના શાસન સામે છેલ્લે સુધી લડી લો' જેવો પ્રોત્સાહક સંદેશો પણ આપ્યો હતો. (એજન:૩૮) દોલજીભાઈએ ગાંધીહોળી અને ગાંધીગેર મેળાઓ શરૂ કરવામાં

પણ યોગદાન આપ્યું હતું. આઝાદી બાદ વિધાનસભાની ચૂંટણી લડવાના પ્રશ્ને કૉંગ્રેસ સાથે મતભેદો પડતાં તેઓ સમાજવાદી અને પછી પ્રજાસમાજવાદી પક્ષમાં જોડાયા હતા. અંગ્રેજી ન આવડવાનો તેમને ઘણો રંજ હતો. તેથી પુત્ર-પુત્રીઓને બુનિયાદી સંસ્થાઓમાંથી ઉઠાવી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં દાખલ કરી ડૉક્ટર-એન્જિનિયર સુધી પહોંચાડ્યાં હતાં. (એજન:૪૪-૪૫)

આઝાદી બાદ કૉંગ્રેસ સાથે રચનાત્મક પ્રવૃત્તિઓનું અનુસંધાન રચ્યું હતું. પોશીના વિસ્તારમાં શિક્ષણ સંસ્થાઓ, પાણીનો પ્રશ્ન વગેરે તેમના શિરે હતા. ૧૯૫૦ પછી પણ આદિવાસીઓની સ્થિતિ આશાસ્પદ ન હતી. જમીન, જંગલના હક્કો, શાહુકારી શોષણ વગેરે ચાલુ જ હતા. તે સમયે દોલજી ડામોરે ૩૦ મુદ્દાનું આવેદનપત્ર તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીને મોકલ્યું હતું. તેમાં તેમણે લખ્યું હતું કે, “કાં તો આ ત્રાસ દૂર કરો અથવા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની બોર્ડરની વસ્તીવાળા એક અલગ આદિવાસી રાજ્યની માંગણી કરી હતી.” આ પૂર્વ ૧૯૪૨માં રાજસ્થાન ગુજરાતના આદિવાસીઓના હિતાર્થે “ભીલીસ્તાન”(આદિવાસી રાજ્ય)ની ચળવળ ઉપાડી હતી. (એજન:૫૪-૫૬). આવી જ આદિવાસી રાજ્યની લડત દાહોદના પૂર્વ સંસદસભ્ય શ્રી સોમજીભાઈ ડામોરે પણ પાછળથી ઉપાડી હતી.

ઈ.સ. ૧૯૫૬માં ઇન્દુલાલ યાજ્ઞિકપ્રેરિત મહાગુજરાતની ચળવળ શરૂ થઈ હતી. તેમાં ચાર મિત્રો સાથે દોલજીભાઈ ડામોરે પણ ભાગ લીધો હતો. દેખાવો કરવા બદલ તેમની પણ ધરપકડ કરી જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેમણે સાબરકાંઠાનાં વિવિધ ગામડાંઓમાંથી મહાગુજરાતના સમર્થનમાં પાંચેક ટુકડીઓ મોકલી સક્રિય ભાગીદારી દર્શાવી હતી. મહાગુજરાતના આંદોલન પછી ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ૧૯૬૦માં ઇન્દુલાલ યાજ્ઞિકના પ્રમુખપદે ભરાયેલી જાહેરસભામાં દોલજી ડામોરે 'ખેડે તેની જમીન'નો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, પરંતુ તેનો અમલ થયો ન હતો. (એજન:૬૪) છતાં વિશાળ મેદની કે જેમાં જમીનદારો-જાગીરદારો, ઉદ્યોગપતિઓ બિરાજતા હતા, તેવી સભામાં આવો વિચાર રજૂ કરવો એ અભિનંદનીય કાર્ય હતું.

૧૯૮૭-૮૮માં દોલજી ડામોરે મોડાસા-ઈડર વિસ્તારમાં કોમવાદ–કોમી તોફાનોના સમયે બંને કોમોને સમજાવી ગાંધીવાદી માર્ગે સમાધાન કરાવ્યું હતું. જેની પ્રશંસા પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પણ કરી હતી. (એજન:૬૬)

દોલજી ડામોરના જીવનનું મહત્ત્વનું પાસું સમાજસુધારક તરીકેનું હતું. પીંજણિયા(કાંસાનું પગમાં પહેરવાનું ઘરેણું, આશરે ૨૫ જેટલા હોય)ને તિલાંજલિ, અમલાની નાબૂદી (કન્યા સાથે ગામના માણસોને લઈ જવાની પ્રથા), દેવાનાબૂદી, બારમા પ્રથામાં સુધારો, સર્વધર્મસમભાવ, બડવા-ભૂવાના અધિપત્યનો વિરોધ વગેરે તેમની આદિવાસી સુધારણાની પ્રવૃત્તિઓ હતી. (એજન:૮૦-૮૨) સુધારણાની સાથે આદિવાસીઓની આર્થિક સધ્ધરતા, શિક્ષણનો પ્રચાર, કુશળ આદિવાસી નેતૃત્વ ને આદિવાસી સંસ્કૃતિનું જતન વગેરે તેમનો ભાવિ આશાવાદ હતો.

જીવનભર આદિવાસીઓના પ્રશ્ને સંઘર્ષરત રહેનાર શ્રી દોલજીભાઈ ડામોર આદિવાસી પ્રજામાં ઘણા લોકપ્રિય નેતા હતા. તેમનાં નામ અને કામને ગૌરવ બક્ષતાં અનેકની સંખ્યામાં ગીતો રચાયાં છે. તેમાંથી કેટલીક ચૂંટેલી પંક્તિઓ જોઈએ:

‘રઇને કેવું બોલે દોલજી તય બોલાવે અણી પ્રજામાય,

ઓડ કે ધંધાસણ દોલજી તય બોલાવે અણી પ્રજામાય,

ધંધાસણ, ધંધાસણ દોલજી તય બોલાવે અણી પ્રજામાય,

ડામોરોનું ઝાજુ દોલજી તય બોલાવે અણી પ્રજામાય. (એજન:૮૬)

ઉપરોક્ત ગીતમાં તેમની સમાજસુધારક પ્રવૃત્તિનું આબેહૂબ ચિત્ર જોવા મળે છે. દોલજીભાઈ ડામોરનું જીવન અને કાર્ય લાખો આદિવાસીઓના જીવનને અજવાળનારું હતું. તેમના સમકાલીનોએ દોલજીની સેવાઓને મનભરીને વખાણી છે. શ્રી હરિહર ખંભોળજાએ તેમને 'આધુનિક એકલવ્ય' તરીકે ઓળખાવ્યા છે. તેમણે 'મારા સંઘર્ષમય જીવનની કથા' નામથી પોતાનું આત્મવૃત્તાંત લખ્યું છે, જે ઉત્તર ગુજરાતમાં ગાંધીવાદી આંદોલનો તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો ઇતિહાસ જાણવા માટે ઘણો ઉપયોગી ગ્રંથ છે.

## ઉપસંહાર

ઉપર ઉલ્લેખેલા આદિવાસી સ્વતંત્રતા સૈનિકોએ ૧૯મા અને ૨૦મા સૈકામાં આદિવાસી સમાજને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓ, ભગત આંદોલન, દેવી ચળવળ અને વેડછી આંદોલન, ભીલ સેવા મંડળ જેવી ગાંધીવાદી સંસ્થાઓને પરિણામે ગુજરાતમાં આદિવાસી સ્વતંત્રતા સૈનિકોની વ્યવસ્થિત શ્રેણી તૈયાર થઈ હતી. જેમાંના કેટલાક તો આદિવાસી આઝાદીની ચળવળો દરમિયાનની મોટા ભાગની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા હતા. ઉદા. તરીકે કિશનસિંહ ગામીત નામના આદિવાસી નેતાએ ઘાટાની સુધારણા પ્રવૃત્તિ, ગાયકવાડી આદિવાસી પ્રવૃત્તિઓ અને દેવી તથા ગાંધીવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપ્યું હતું. બીજી તરફ સ્વાયત્ત આદિવાસી ચળવળોને પરિણામે આદિવાસી નેતૃત્વનો ખાતમો બોલી ગયો હોવાના દાખલા પણ નોંધાયા હતા. ઈ.સ. ૧૮૬૮માં નાયકા ચળવળની ચરમસીમાએ બ્રિટિશતંત્રને હચમચાવી નાંખ્યું હતું. અનેક આદિવાસી નેતાઓને ફાંસી, આજીવન કેદથી લઈ આકરી કેદની સજા કરી હતી. જેના કારણે નાયકાઓના ક્ષેત્રમાં નેતૃત્વ સંદર્ભે મોટો શૂન્યાવકાશ સર્જાયો હતો. આ જ પ્રકારની નેતૃત્વ વિરુદ્ધની ક્રૂરતા બ્રિટિશતંત્રે ઈ.સ. ૧૮૮૫માં ભરૂચ જિલ્લાના તળાવિયા આદિવાસીઓ માટે આચરી હતી.

અહીં દર્શાવેલ સ્વતંત્રતા સૈનિકો ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ફૈજુ માસ્તર, રૂવજી પટેલ, વેલજીભાઈ ચૌધરી, કાનજીભાઈ ચૌધરી, રત્નાભાઈ ચૌધરી, કોયાભાઈ ચૌધરી, ચંદ્રસિંહ ખુશાલભાઈ ચૌધરી, ગોપાળભાઈ ચીમનભાઈ ચૌધરી, રામજીભાઈ ચૌધરી લવેટવાળા, બરજુલ પટેલ, પંચમહાલ પ્રદેશમાં પરથીંગભાઈ રાઠોડ, વીરસીંગભાઈ ભાભોર, મતાભાઈ ડામોર, દીતાભાઈ બામણિયા, સવિતાબહેન પરમાર, વરદીબહેન રાઠોડ, ધૂળાભાઈ હેમાભાઈ પરમાર, તેરસિંહ ભાભોર, વીરસિંહભાઈ નીસરતા, પૂંજા ધીરજી પારગી વગેરે પણ સ્વતંત્રતા સૈનિકો હતા. ગુજરાતના આદિવાસી નેતાઓ પર ગાંધીપ્રભાવ વિશેષ જોવા મળે છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે દક્ષિણ ગુજરાતના વેડછી ગામમાંથી અંદાજે ૪૦ જેટલા આદિવાસી સ્વતંત્રતા સૈનિકો પેદા થયા હતા. સાંપ્રત આદિવાસી નેતાઓ પણ મુખ્યત્વે ગાંધીવાદી પ્રવૃત્તિઓની નીપજ છે. ગુજરાતના આદિવાસી સ્વતંત્રતા સૈનિકો તૈયાર કરવા ભીલ સેવા મંડળ (દાહોદ), વેડછી આશ્રમ અને અન્ય ગાંધીવાદી આશ્રમો પ્રયોગશાળા સમાન પુરવાર થયા હતા.

*   *   *

# સંદર્ભ-સાહિત્ય


૧. Maharashtra State Archieve (1868), POL (SPL) File No. 621 of 1868.

૨. James Campbell (1879), Gazetteer of the Bombay Presidency, Bombay.

૩. વાઘેલા અરુણ(૨૦૧૬), વિસરાયેલા શહીદો, અમદાવાદ.

૪. વાઘેલા અરુણ(૨૦૧૭), પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા.

૫. વાઘેલા અરુણ (૨૦૧૦), ભીલ સેવા મંડળ, અમદાવાદ.

૬. વાઘેલા અરુણ (૨૦૧૧), નયામાર્ગ (પાક્ષિક) : અમદાવાદ.

૭. લોકગુર્જરી (માર્ચ ૧૯૬૩), ગાંધીનગર

૮. પાટીલ રા.શા. (૧૯૩૪), શ્રીમંત સરકાર મહારાજ સાહેબ એમની ૧૯૩૩-૩૪ની સાલમાં થયેલી અમરેલી તથા નવસારી પ્રાંત સવારીનું નિવેદન, વડોદરા.

૯. દેસાઈ ઈશ્વરલાલ (૧૯૭૧), રાનીપરજમાં જાગૃતિ, સુરત.

૧૦. દવે જુગતરામ (૧૯૭૫), મારી જીવનકથા, અમદાવાદ.

૧૧. દવે જુગતરામ (૧૯૬૬), ખાદીભક્ત ચુનીભાઈ, અમદાવાદ.

૧૨. દેસાઈ નારાયણ (૧૯૭૮), વેડછીનો વડલો, સુરત.

૧૩. મેરાઈ શાંતિભાઈ (અનુ. ૧૯૮૬), દેવી આંદોલન, સુરત.

૧૪. શાહ કાન્તિલાલ (૧૯૫૫), ઠક્કરબાપા, દિલ્હી.

૧૫. પંડ્યા રોહિત (૨૦૦૯), રાષ્ટ્રના નવનિર્માણ અને નવસર્જનમાં ગુજરાતની નારી, વલ્લભવિદ્યાનગર.

૧૬. સાબરમતી (માસિક), સંવત ૧૯૮૨-૮૩, વર્ષ-૫, ‘કાળીપરજનું કાર્ય’ નામના લેખમાંથી.

૧૭. લોકગુર્જરી (વાર્ષિક), માર્ચ ૧૯૬૪માં ‘પંચમહાલના ભીલો અને તેમનું જીવન’ નામનો લેખ.

૧૮. દેસાઈ મહાદેવ (૧૯૨૯), બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ, અમદાવાદ.

૧૯. ઊર્મિ નવરચના, ફેબ્રુ. ૧૯૪૬, ‘રાનીપરજને આંગણે’ નામના જુગતરામ દવેના લેખમાંથી.

૨૦. ડામોર દોલજી (૧૯૯૭), મારા સંઘર્ષમય જીવનની કથા, ધંધાસણ.

# ૧૩. આદિવાસી અને બિનઆદિવાસી આંતર સંબંધો



## પૂર્વભૂમિકા

આદિવાસી (Tribe) શબ્દ બ્રિટિશ માનવશાસ્ત્રની દેણ છે. ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદની અસર હેઠળ હર્બર્ટ સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાન્તિવાદનો સિદ્ધાંત આપ્યો. જેમાં જણાવ્યું કે દેહની જેમ માનવ સમાજ પણ સાદા સમાજમાંથી જટીલ સમાજમાં ઉત્ક્રાંતિ પામ્યો છે. આ સાદો સમાજ એટલે જેમનામાં રાજ્ય, શિક્ષણ, ચર્ચ(સંગઠિત ધર્મ)નાં તંત્રો વિકસ્યા નથી અને જેઓ બોલી બોલે છે. (ડાયલેક્ટ સ્પીકિંગ) તથા પ્રમાણમાં અન્યથી અલગ વિસ્તારમાં રહે છે. હવે વિકસિત અને સંકુલ સમાજવાળા યુરોપિયન મુસાફરો જ્યારે અમેરિકા, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયામાં ગયા ત્યારે તેમણે બાહ્ય સંપર્ક વિહોણા સાદા સમાજ જોયા અને તેમને આદિવાસીઓ કહ્યા. આવી સમજ સાથે યુરોપિયન મુસાફરો ભારતમાં આવ્યા અને અહીં ઇંગ્લૅન્ડના રાજા કરતાં મોટો જહાંગીર રાજા હતો. અહીં પાઠશાળાની વ્યવસ્થા હતી તથા દાર્શનિક રીતે વિકસિત ધર્મ હતો. આથી સમગ્ર ભારતના લોકોને 'આદિવાસી' કહી ન શકાય. તેમ છતાં અહીં જંગલો અને પર્વતોમાં એવા લોકો રહેતા હતા જે રાજ્યસત્તા, સનાતન ધર્મ અને પાઠશાળાથી દૂર હતા. આવા લોકની તપાસ કરી અંગ્રેજ સત્તાએ તેમને આદિવાસી કહ્યા. અત્રે નોંધવું જોઈએ કે અંગ્રેજોના આગમન પહેલાં જંગલો અને પર્વતોમાં વસતા લોકો માટે 'આદિવાસી' કે તેવો કોઈ સર્વસમાવેશક શબ્દ નહોતો. આ બધા લોકો ભીલ, નાગ, મુંડા વ. વિશેષ જાતિવાચક નામોથી ઓળખાતા હતા.

આમ હોવાથી અમેરિકા, ઑસ્ટ્રેલિયા કે આફ્રિકામાં યુરોપિયનો ગયા અને ત્યાંના બધાને આદિવાસી કહ્યા તેવી સ્થિતિ અહીં નહોતી. અહીં તો જંગલ અને પર્વતના લોકો (રાનીપરજ) અને મેદાનમાં રહેતા લોકો વચ્ચે શરૂઆતથી જ આંતરક્રિયા અને આંતરસંબંધો હતા. ભારતમાં અને ગુજરાતમાં પ્રથમથી જે આદિવાસી-બિનઆદિવાસી સંબંધો અને આંતરક્રિયા રહ્યાં તે સહકાર અને સંઘર્ષ બંને સ્વરૂપના હતા.

## પ્રાચીનયુગ

ઈ.પૂ. ૩૦૦૦થી ઈ.સ. ૫૦૦ સુધીના સમયનો જે ઇતિહાસ પ્રાપ્ય છે, તે કથાસ્વરૂપે વધુ છે. આથી સત્યતાની ચકાસણી કર્યા પછી સ્વીકારી શકાય. પ્રાચીન સમયમાં ઋષિઓ વનમાં આશ્રમ ખોલતા ત્યારે વનના સ્થાનિક લોકો તેમની મદદમાં આવ્યા હોવાના તથા તેમના યજ્ઞમાં વિઘ્નકર્તા બનવાનાં અનેક ઉદાહરણો પુરાણોમાં નોંધાયેલાં છે. શ્રીરામને શબરી(ભીલ સ્ત્રી)એ બોર આપ્યાનાં તથા રામે શ્રીલંકા પર ચડાઈ કરી ત્યારે તેમના સૈન્યમાં વનવાસી સામેલ હોવાનાં ઉદાહરણો પ્રાચીન સમયના વનવાસી-મેદાનવાસી લોકોની સતત આંતરક્રિયાની સાક્ષી પૂરે છે. તેવી જ રીતે મહાભારતની કથામાં પાંડવો વનવાસે ગયા ત્યારે તેમને વનવાસીઓ સાથે સંબંધ બંધાયાના ઉદાહરણો છે. ભીલ અને નાગ જાતિઓના તો સ્પષ્ટ ઉલ્લેખો આપણાં પુરાણોમાં જોવા મળે છે. આ પ્રાચીન યુગના સંબંધો વિશે ગહન સંશોધન કરવું જરૂરી છે.

## મધ્યયુગ

ઈ.સ. છઠ્ઠી સદીથી સત્તરમી સદી સુધીના, અંગ્રેજોના આગમન પહેલાંના ઇતિહાસમાં લેખિત સ્વરૂપે આદિવાસી–બિનઆદિવાસી આંતરક્રિયાના સ્પષ્ટ ઉલ્લેખો જોવા મળે છે. ભારતમાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર મધ્યયુગથી મોટા પ્રમાણમાં શરૂ થયો ત્યારથી ગુજરાતમાં અને ગુજરાત બંદરો થકી પરદેશમાં વેપાર કરનાર વેપારીઓને ગુજરાતના પૂર્વ પટ્ટીનાં જંગલો અને પર્વતોના આદિવાસી વિસ્તારમાંથી પસાર થવું પડતું. સોદાગરોની પોઠો આ વિસ્તારોમાં આરામ કે રાતવાસો કરવા રોકાતી ત્યાં વનવાસીઓ સેવા પૂરી પાડતા. આથી જ તો વિજયનગરના પોળોના જંગલમાં અને તેવી જ રીતે તમામ આંતરરાજ્ય માર્ગો પર વાવ, આરામગૃહો અને ધર્મસ્થાનોમાં બાંધકામ જોવા મળે છે. આદિવાસી વિસ્તારમાં આ વેપારીઓ અને તેમની પોઠોનું રક્ષણ પણ આદિવાસીઓ કરતા, આવી રીતે તૈયાર થયેલ ભીલો, રાઠવાઓ વગેરે દેશી રાજ્યોના સૈન્યમાં સૈનિક તરીકે પણ કામ કરતા. રાણા પ્રતાપના લશ્કરના ભીલ સિપાઈઓની ઇતિહાસે નોંધ લીધી છે. (પરીખ અને શાસ્ત્રી, ૧૯૭૯, ત્રીજો ગ્રંથ ૧૩૩)

ઐતિહાસિક દ્રષ્ટિએ આદિવાસીઓનો સંબંધ હંમેશાં બિનઆદિવાસીઓ સાથે રહ્યો છે. પરંતુ રાજપૂતોએ દેશી રાજ્યોની સ્થાપના આદિવાસી વિસ્તારમાં કરી ત્યારે આદિવાસી અને બિનઆદિવાસી રાજાઓ વચ્ચે સંબંધ હતો. ગુજરાતમાં આદિવાસી પરિસ્થિતિનો અભ્યાસ આ દ્રષ્ટિકોણથી કરવામાં આવ્યો ન હતો. આ સંબંધો હારજીત અથવા આશ્રય અને શોષણ પ્રકારના હતા. ધાર્મિક વાર્તાઓ ઉપરાંત આદિવાસી અને બિનઆદિવાસી સંબંધોનું વર્ણન ઇતિહાસમાં મોગલકાળ દરમિયાન કરવામાં આવ્યું છે. આદિવાસી ભીલો સમૃદ્ધ જમીનદારો હતા ને વનમાં વસતા હતા. સમૃદ્ધ જીવન જીવતા હતા. બિનઆદિવાસી ગ્રામીણો સાથે રહેતા હતા. મુસ્લિમ સમય દરમિયાન કેટલાક રાજપૂતોનાં રાજ્યો મુસ્લિમ રાજાઓએ જીત્યાં અને ત્યાંના રાજાઓ ગુજરાત આવ્યા. આ પૈકીના કેટલાકે જંગલ વિસ્તારમાં જઈને ભીલો સાથે ભયંકર યુદ્ધો કર્યાં. ભીલો ત્યાંથી ભાગી ગયા અને પહાડી વિસ્તારોમાં જઈને વસવાટ કર્યો. પહાડી વિસ્તારો ફળદ્રુપ ન હતા. આર્થિક અધઃપતન અને સાપેક્ષ અલગતાએ ૧૨મી અને ૧૬મી સદીની વચ્ચે સ્થાન લીધું. ગબ્બરગઢ(અંબાજી પાસે)ના કેસરીસિંહે ભીલ રાજાનો વધ કર્યો અને ઈ.સ. ૧૨૧૬માં તારંગામાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. આ વંશપરંપરાનો સુવિખ્યાત રાજા 'અક્ષારણ' હતો. જેને મોગલરાજા અકબરે 'મહારાણા' એવું નામ આપ્યું હતું. પંચમહાલમાં જાલમસિંગે ઝાલોદ ગામની સ્થાપના કરી અને તેની રાજધાનીની આસપાસના વિસ્તારોમાં ભીલોને વશ કર્યા. તેમનું એક સંતાન હતું જેનું નામ કુમાર હતું. તે આગળ આવ્યો અને 'સુંઠ' રાજ્યની સ્થાપના ઈ.સ. ૧૨૫૫માં કરી. (પરીખઃ૧૯૭૯-૧૩૩-૧૪૭)

બારીયા, નસવાડી, છોટાઉદેપુર, રાજપીપળા, વાંસદા, ધરમપુર રાજ્યના આદિવાસી પ્રદેશોમાં આવી જ કથા હતી. મોટા ભાગના ભીલ સરદારો અથવા નાયકો પોતાનો વિસ્તાર છોડીને અંતરિયાળ જંગલ વિસ્તારમાં જઈને વસ્યા.

આવા ઐતિહાસિક દસ્તાવેજો પુરવાર કરે છે કે ભીલોને રાજપૂતોએ વશમાં રાખ્યા અથવા રાજપૂતોએ તેમની પર હુમલો કર્યો અને તેમને અંતરિયાળ જંગલ વિસ્તારમાં હાંકી કાઢ્યા. આ પરાધીન અથવા વનવાસી જિંદગીએ તેમની જીવનશૈલી અને સંસ્કૃતિ બદલી નાંખી. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે આ પ્રકારની સંસ્કૃતિ તેઓ જે ઐતિહાસિક બનાવોમાંથી પસાર થયા તેનું પરિણામ હતું.

બ્રિટિશ અને ગાયકવાડી પ્રદેશોમાં આ વસ્તુએ યોગ્ય રીતે અલગ આકાર લીધો. ગાયકવાડે ભીલ રાજાનું રાજ્ય જીતી લીધું અને તેનો કિલ્લો સ્થાપ્યો જે 'સોનગઢ' તરીકે જાણીતો બન્યો. (દેસાઈ-૧૯૨૦) ગાયકવાડે ખેડાના પાટીદારોને આમંત્રણ આપ્યું. તેઓએ વનને સાફ કરી વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારો વસાવ્યા. વલસાડ અને સુરતના દૂબળા (હળપતિ), ભરૂચના વસાવા અને વડોદરાના રાઠવા લોકોએ પરંપરાગત ઢબે આ પ્રદેશની જમીન ખેડી. રાઠવા લોકો રાઠવા કોળી તરીકે જાણીતા થયા. કોળી જ્ઞાતિ હતી આમ છતાં કાયદેસર ધોરણે તેઓ જમીનમાલિકો ન હતા. કારણ કે આ વિસ્તારમાં જમીનના સર્વે કરવામાં નહોતા આવ્યા. પાટીદારો અહીં સ્થાયી થયા અને કાયદેસર જમીનના માલિક બન્યા અને આદિવાસીઓ તેમના મજૂરો બન્યા.

પારસી લોકો ઈરાન છોડીને ગુજરાત આવ્યા તેમાંના કેટલાક આદિવાસી ગામોમાં વસવા લાગ્યા. તેઓ દક્ષિણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં વસ્યા અને ધીમે ધીમે જમીનના માલિકો બની ગયા. જ્યારે અગાઉ દૂબળા જમીનમાલિકો હતા, તેઓ તેમના હાળી બની ગયા અથવા ભૂમિહીન શ્રમિકો બન્યા. આ લોકો ભૂમિહીન શ્રમિકો કેવી રીતે બન્યા તેને જમીનના સંદર્ભમાં જોવું રહ્યું. આ જ સ્થિતિ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં બહુ અલગ ન હતી.

મુસ્લિમોએ  રાજસ્થાન, ગુજરાત અને માળવા પર ચઢાઈ કરી તેના પરિણામે ઘણા રાજપૂત યોદ્ધાઓ (રાજાઓ) આ વિસ્તાર છોડીને ચાલ્યા ગયા અને નર્મદાની ખીણના વિસ્તારોમાં જઈને વસ્યા. લગભગ ઈ.સ. ૧૪૩૭ની આસપાસ રાઠોડ(રાજપૂત) સરદાર આનંદ દેવે પોતાના માટે અલીરાજપુર રાજ્યને માટે દાવો કર્યો. તેમના સગાંસંબંધીઓએ ફૂલપાલ, સોનવડા, અને જાબટે આપ્રદેશનાવિભાગોપાડ્યા.(બાવિસ્કર-૧૯૫૫:૫૪)

રાજપૂત સત્તાએ આદિવાસી પ્રદેશોમાં આદિવાસી લોકોને કાબૂમાં લઈને દેશી રાજ્યોની રચના કરી. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં દરેક રાજપૂત રાજ્ય સુંઠ, દેવગઢબારીયા, છોટાઉદેપુર, નસવાડી, વાંસદા, ધરમપુર વગેરે આ રીતે  જ સ્થપાયાં હતાં. તેવું ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ કહે છે.

જો કે આદિવાસી પ્રદેશોમાં દેશી રાજ્યોની સ્થાપના થઈ ત્યારે અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં દેશી રાજ્યોનો વહીવટ વ્યાપક પ્રમાણમાં ન હતો. દેશી રાજાઓ મેદાની વિસ્તારોમાં રહેતા બિનઆદિવાસી ખેડૂતોને આમંત્રણ આપીને તેમને વધુ ઊંડાણના અંતરિયાળ વિસ્તારમાં વસવાટ નહીં કરવા જણાવ્યું. દેશી આદિવાસી લોકોની સરખામણીમાં બિનઆદિવાસી ખેડૂતો આવ્યા અને તેની સાથે ઉચ્ચ કક્ષાની કૃષિ ટૅક્નૉલૉજી લાવ્યા. આદિવાસી શ્રમિકોની મદદ લઈને જરૂર કરતાં વધુ ઉત્પાદન કર્યું. લગભગ તમામ કિસ્સામાં બિનઆદિવાસી લોકો પાછળથી આવ્યા અને જમીનના માલિકો બની ગયા. જમીન ગુમાવેલ આદિવાસી લોકો ભૂમિહીન શ્રમિકો બની ગયા. ગુજરાતમાં જ્યાં મિશ્ર પ્રજા વસે છે ત્યાં શેઠ અને નોકરના સંબંધો વિકસ્યા. ભૂમિહીન શ્રમિકોનું પછાતપણું આ સંબંધોને લીધે ઉત્પન્ન થયું હશે. બિનઆદિવાસી જમીનમાલિકો કોઈ પણ પ્રકારનો સામાજિક સુધારો આદિવાસી લોકોમાં થાય તેની વિરુદ્ધ હતા. અને જે આદિવાસીઓ સમાજસુધારાની પ્રવૃત્તિ કરતા હતા તેમને હેરાન કરતા હતા. (જોષી:૧૯૮૦:૨૧) લગભગ ૧૯૨૨ની આસપાસ જ્યારે જુગતરામ દવેએ સરભોણ ગામે જઈને હળપતિઓને શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો તો તેને નિષ્ફળ બનાવ્યો. કારણ કે જમીનમાલિકો હળપતિ લોકોને શાળામાં હાજરી આપવા દેતા ન હતા. (દવે:૧૯૭૫) એટલું જ નહીં જમીનમાલિકો

હળપતિઓને બંધુઆ મજૂરો તરીકે રાખતા અને તેમને તેમના પ્રારબ્ધને પસંદ કરવાની કોઈ સ્વતંત્રતા ન હતી. (બ્રેમેન:૧૯૭૪:૩૬.૪૫)

હાળી(બંધુઆ મજૂર)પ્રથા બંધ થતાં હાળીઓની આશ્રિતતા ઘટી, અન્ય મજૂરો માટે વધુ કષ્ટદાયી હતી હવે તેઓ સ્વતંત્ર થયા છે. પણ તેમની પાસે નોકરી નથી. તેમનો પ્રશ્ન મુક્તિનો નથી, પણ આર્થિક સશક્તીકરણનો છે. જેથી તેઓ તેમની નિશ્ચિત માંગણીઓ સંતોષી શકે.

## આધુનિક યુગ – પૂર્વ સ્વાતંત્ર્ય સમય

જેમ રાજપૂત રાજાઓએ આદિવાસી વિસ્તારમાં રાજ્યો સ્થાપ્યાં તેમ શાળાઓ પણ સ્થાપી. ગાયકવાડે સન ૧૮૮૫માં સોનગઢમાં ધાણકા વસતિગૃહ શરૂ કર્યું. (જોષીઃ ૧૯૮૦) આ શાળાઓમાં પ્રથમ પેઢીના જે આદિવાસીઓ ભણ્યા તે ક્યાં તો શિક્ષકો થયા અથવા ચોકીદાર, પોલીસ, સિપાઈ જેવા રાજની નોકરીઓએ લાગ્યા. આમ બિનઆદિવાસી આંતરક્રિયાથી આદિવાસીઓને સહન કરવાનું આવ્યું તેમ તેમની ગરીબીમાંથી નીકળી વિકાસ કરવાની તકો પણ પ્રાપ્ત થઈ. પ્રથમ પેઢીના જે આદિવાસીઓ શિક્ષકો બન્યા તેમણે આદિવાસીઓમાં સમાજસુધારા આંદોલન પણ ચલાવ્યું.

ભારતમાં અંગ્રેજી રાજ્ય સ્થપાતાં અને ખાસ કરીને અમદાવાદ-મુંબઈ રેલવેલાઇન નંખાતી હતી ત્યારે સન ૧૮૫૩માં ઠેકેદારો રેલવેના સ્લીપર માટે સાગ કાપવા જંગલોમાં ગયા અને સ્થાનિક આદિવાસી સાથે કેટલોક સંઘર્ષ પણ થયો. તેને પરિણામે અત્યાર સુધી કોઈનાં નહીં તેવાં જંગલો પર સન ૧૮૬૪માં વન અધિનિયમ લાવીને સરકારે કબજો લીધો. પરંતુ સાથે સાથે વનો કાપવાનાં કામોમાં આદિવાસીઓને રોજી પણ મળી. અંગ્રેજો પોતાની સાથે ખ્રિસ્તી મિશનરીઓ લાવ્યા હતા તેમણે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને સ્વાસ્થ્યનાં કેન્દ્રો શરૂ કર્યાં. તો ખ્રિસ્તી મિશનરીઓની અસરથી કેટલાક આદિવાસીઓએ ખ્રિસ્તી ધર્મ પણ અપનાવ્યો. આની સામે આર્યસમાજ તથા અન્ય હિંદુ સંસ્થાઓએ પણ આદિવાસી વિસ્તારમાં આશ્રમો સ્થાપ્યા હતા.

સ્વાતંત્ર્ય આંદોલન શરૂ થતાં ચોરીચૌરા હિંસા થઈ. ગાંધીજીએ સત્યાગ્રહ અટકાવી દીધો અને પોતાના કાર્યકરને ગામડે ગામડે ફેલાઈ જઈ આશ્રમો સ્થાપી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી લોકોને રાષ્ટ્રવાદી લડત માટે તૈયાર કરવા હાકલ કરી. આનાથી પ્રેરાઈને ગાંધીવાદી કાર્યકરોએ આદિવાસી વિસ્તારમાં આશ્રમો સ્થાપ્યા અને અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ કરી. જેમાં આદિવાસીઓ ભાગીદાર થયા. આશ્રમશાળાઓમાં આદિવાસીઓનાં બાળકોને ભણાવવામાં આવ્યાં. અહીં ભણેલા આદિવાસીઓ, શિક્ષકો, બીટગાર્ડ, તલાટી, ગ્રામસેવક કે સહકારી મંડળીઓના મંત્રીઓ તરીકે શરૂમાં કામ કરતા થયા. ગાંધીવાદી કાર્યકરોએ આદિવાસી વિસ્તારોમાં ઋણરાહત, ખાદી અને નશાબંધીનાં કામો કર્યાં જેમાં કેટલાક આદિવાસીઓ સહભાગી થયા. સત્યાગ્રહની લડતમાં કેટલાક આદિવાસીઓ જોડાયા અને ધરપકડ તથા જેલવાસ પણ ભોગવ્યો. સન ૧૯૩૦ની દાંડીકૂચ દરમિયાન કૂચ કરનાર સૈનિકોની સરભરા અને રાતવાસો આવા આશ્રમોમાં રહેતો, જ્યાં સ્થાનિક કાર્યકરો સેવા આપતા. સન ૧૯૩૯માં લોકલ બોર્ડની સ્થાપના થતાં ઘણા શિક્ષિત આદિવાસીઓને તેમાં નોકરી મળી.

## સ્વતંત્ર ભારત

બ્રિટિશ સમયમાં આદિવાસીઓ દેશના વહીવટમાં સામેલ નહોતા. પરંતુ સ્વાતંત્ર્ય આવતાં બંધારણ થકી આદિવાસીઓને સંસદ અને વિધાનસભામાં જે અનામત બેઠકો પ્રાપ્ત થઈ તેના પર આદિવાસી પ્રતિનિધિઓ ચૂંટાયા અને પ્રથમ વખત સત્તામાં ભાગીદાર બન્યા. આ રાજકીય

ભાગીદારીએ ગુજરાતને એક નવા સ્વરૂપનું અને આધુનિક નેતૃત્વ આપ્યું. આ પ્રક્રિયામાંથી નીકળેલા અમરસિંહ ચૌધરી ગુજરાતના પ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી બન્યા. આંતરક્રિયાનું એક નવું ક્ષેત્ર ઉદ્ભવ્યું તે સહકારી મંડળીઓ, સ્વાતંત્ર્ય આવતાં ગુજરાતનાં વનો કાપવા માટે અત્યાર સુધી બિનઆદિવાસી ઠેકેદારોને ઠેકા આપતા તે ૧૯૪૮માં બંધ કરીને આદિવાસીઓની જંગલ મંડળી બનાવી અને આ મંડળીઓને ઠેકા આપવામાં આવ્યા. સન ૧૯૭૫ સુધી આ મંડળીઓએ ખૂબ સારું કામ કર્યું તેમાં બિનઆદિવાસી સહકારી નેતાઓએ (જેમ કે વ્યારાના પ્રબોધભાઈ જોષીએ) જંગલ મંડળીઓના કાર્યકરોને તાલીમ આપી તૈયાર કર્યા.

સંસદ અને ધારાસભામાં આદિવાસીઓ, બિનઆદિવાસીઓ સાથે સત્તામાં ભાગીદારી મજબૂત રીતે કરતા હતા. તે સમયે સ્થાનિક સ્તરે રાજકીય ભાગીદારીનું નવું ક્ષેત્ર ઊપસી આવ્યું તે પંચાયતીરાજ બળવંતરાય મહેતા સમિતિની ભલામણ મુજબ ગુજરાતમાં અને તેથી આદિવાસી વિસ્તારોમાં પણ પંચાયતીરાજની સ્થાપના ૧૯૬૩માં થઈ (ડાંગ જિલ્લામાં ૧૯૭૩માં થઈ). આમ થવાથી દરેક આદિવાસી ગામ, તાલુકા અને જિલ્લામાં પ્રથમ વાર આદિવાસીઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સ્થાનિક વહીવટમાં આવ્યા. પોતાના વિકાસના નિર્ણયો પોતે લેવાની પ્રક્રિયા શરૂ થઈ. આમ રાજકીય ક્ષેત્રે આદિવાસી, બિનઆદિવાસી સહભાગિતાથી કામ કરી શકે તેવી પ્રક્રિયા પૂર્ણ સ્વરૂપે આવી. આ રાજકીય આંતરસંબંધોની પ્રક્રિયાને કારણે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, બૅંક, વાહનવ્યવહાર વગેરે અનેક ક્ષેત્રો આદિવાસી વિસ્તારો માટે ખૂલવા લાગ્યાં.

ગુજરાતના બિનઆદિવાસી વિસ્તારોમાં દૂધ સહકારી માળખાનું કાર્ય ૧૯૭૫ સુધીમાં પૂર્ણપણે વિસ્તરી ચૂક્યું હતું. ૧૯૭૫ પછી સુરતની સુમૂલ ડેરીએ સોનગઢ વિસ્તારમાં મહિલા દૂધ મંડળીઓ મહિલા સશક્તીકરણના ભાગરૂપે શરૂ કરી. ત્યાર બાદ આદિવાસી વિસ્તારોમાં અનેક મહિલા દૂધ મંડળીઓ બિનઆદિવાસી અધિકારીઓની મદદથી થઈ.

આ સમગ્ર સમય દરમિયાન આદિવાસી વિસ્તારોમાં બિનઆદિવાસીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ કરેલા પ્રશંસનીય કામનો તો અલગ ઇતિહાસ લખી શકાય. વેડછીની રાનીપરજ સેવા સમિતિ અને દાહોદની ભીલ સેવા સંઘ જેવી સંસ્થાઓ તો સ્વાતંત્ર્ય પહેલાં શરૂ થઈ હતી. પરંતુ સ્વાતંત્ર્ય પછી સ્વરાજ આશ્રમ, આહવામાં છોટુભાઈ નાયક, સોનગઢમાં ઉકાઈ પુનર્વસન સમિતિ સ્વરૂપે રમેશ દેસાઈ, દક્ષિણાપથ વ્યારા સ્વરૂપે ઝીણાભાઈ દરજી, હળપતિ સેવા સંઘ સ્વરૂપે અરવિંદ દેસાઈ, વાલોડ પ્રદેશમાં અલ્લુભાઈ અને ભીખુભાઈ એમ સમગ્ર આદિવાસી પટ્ટીમાં કાર્યકરો ફેલાઈ ગયા અને આદિવાસીઓના વિકાસ માટેના વિવિધ કાર્યક્રમો લઈ આવ્યા. નર્મદા યોજનામાં ગુજરાતનાં ૧૦ આદિવાસી ગામો ડૂબમાં જતાં હતાં. રંગપુર આશ્રમ દ્વારા હરીવલ્લભ પરીખે, આર્ચવાહિની દ્વારા ડૉ. અનિલ પટેલ અને સાથીદારોએ તથા શ્રમિક વિકાસ સંસ્થાન થકી સનત મહેતાએ અસરગ્રસ્તનાં પુનર્વસનમાં ફાળો આપ્યો. આદિવાસી વિસ્તારોમાં આ ઉપરાંત પાણી, કૃષિ, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે અનેક વિકાસ કાર્યક્રમો સંસ્થાઓએ કર્યા. ગુજરાતના આદિવાસીઓ સાથે ખભેખભા મિલાવીને બિનઆદિવાસી કર્મશીલોએ જે કામ કર્યું તેને લીધે ગુજરાતના આદિવાસી વિસ્તારોનો વિકાસ અન્ય રાજ્યોના આદિવાસી વિસ્તારોના વિકાસ કરતાં ઘણો આગળ નીકળી ગયો છે. ગુજરાતમાં બિનઆદિવાસી, આદિવાસી વચ્ચે જે સહકારના સંબંધો વિકસ્યા તેણે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં નક્સલવાદને પ્રસરતા અટકાવ્યો છે.

મહદંશે આદિવાસી સંસ્કૃતિ વિરુદ્ધ નહીં તેવાં આ આંતરક્રિયાનાં સ્વરૂપોએ જે પ્રકારનો આદિવાસી વિકાસ કર્યો તેના પરિણામે સરેરાશ આદિવાસીમાં એક શિક્ષિત, બિનકૃષિ, શહેરમાં રહેનાર, બિનપરંપરાગત જીવન જીવનાર ભદ્ર આદિવાસી વર્ગ ઊભો થયો. સન ૧૯૯૦ પછી યુનાઇટેડ નૅશન્સના નેજા હેઠળ વિશ્વભરના આદિવાસીઓ મળ્યા તેમાંથી આદિવાસી ઓળખનો યુગ શરૂ થયો. આ વિચારધારા હેઠળ હવે આદિવાસીઓ, પોતાનાં સંગઠનો અને વહીવટ પર તેમની પકડ અને પ્રભાવ રહેવાં જોઈએ, તેમ મન મનાવતા જાય છે. ભારતનું બંધારણ પણ અનુસૂચિત વિસ્તારોના વહીવટ માટે આ વાત સ્વીકારે છે. આમ પણ પંચાયતીરાજના નિયમોમાં ઝીણાભાઈ દરજી સમિતિએ જોગવાઈ કરી ત્યારથી આદિવાસી ગામોમાં સીધી ચૂંટણી દ્વારા આદિવાસી સરપંચો જ ચૂંટાય છે. તો બીજી બાજુ આદિવાસીઓનાં સંગઠનો બનતાં જાય છે. તાજેતરમાં જ આદિવાસી સાહિત્ય અકાદમી પણ સ્થપાઈ છે. અલબત્ત, આ બધાં આદિવાસી સંગઠનો બિનઆદિવાસીઓના સહકાર થકી કામ કરે છે. તેઓ બિનઆદિવાસીઓ સામે શરસંધાન નથી કરતા, અલબત્ત આદિવાસીઓ પોતાના જળ, જંગલ અને જમીનના હક્કો વિશે સાવચેત થયા છે અને પેસા, જંગલ અધિકાર અધિનિયમ તથા જમીન સંપાદન તેમ જ પુનર્વસનની જોગવાઈઓનો અમલ શાંતિપૂર્ણ રીતે માંગી રહ્યા છે.

જ્યારે આપણે જમીન અને આદિવાસીઓની વાત કરીએ છીએ, ત્યારે વિકાસના હેતુ માટે જમીન સંપાદન કરવાની વાતને ધ્યાને લેવી જોઈએ. લગભગ તમામ બંધો આદિવાસી વિસ્તારમાં આવેલા છે. આ સ્થળ મહત્ત્વનું છે. કારણ કે સપાટ અને મેદાની વિસ્તારમાં રહેતા બિનઆદિવાસી લોકોને સિંચાઈ લાભ મળી શકે છે. જ્યારે આદિવાસીઓને તેમની જમીનનો હક્ક છોડી દેવો પડે છે. જમીન સંપાદન ધારો ૧૮૯૪માં જમીન માટે રોકડ વળતરની જોગવાઈ કરી છે. એવું માનવામાં આવે છે કે આદિવાસીઓને જમીનનું વળતર રોકડમાં મળશે તેની સાથે જ બહારના આદિવાસીઓ તેમની પાસેથી જમીન ખરીદીને તેમને બીજી જગ્યાએ હાંકી કાઢશે અને તેમને બીજી જગ્યાએ પુનઃસ્થાપિત કરશે. આ પ્રકારની ખાસ પરિસ્થિતિને આદિવાસીઓ માટે લક્ષમાં લીધી નથી અને તેમના પુનર્વસનની નીતિ ઘડવામાં આવી નથી. આને પરિણામે હજારો આદિવાસીઓ આવી વિકાસ યોજનાથી વંચિત રહ્યા છે.

આવી જ બાબત આદિવાસીઓમાં વન સાથેના સંબંધોને લાગુ પાડે છે. ૧૮૫૪ પહેલાં જંગલ એ દુર્લભ વસ્તુ હતી. અને આદિવાસીઓ પરંપરાગત રીતે પોતાના વનના અધિકારોનો આનંદ લૂંટતા હતા. જ્યારે જંગલના લાકડાની જરૂર ઇંગ્લૅન્ડમાં યુદ્ધના જહાજો માટે અને રેલવેલાઇન બાંધવા માટે પડી ત્યારે આદિવાસીઓએ તેમની સાથે લડાઈ કરી. ઈ.સ. ૧૮૬૪માં વન અધિનિયમ બનાવીને સરકારે આદિવાસી લોકોના પરંપરાગત વનના તમામ અધિકારો છીનવી લીધા. તેમને દંડ ભરીને જંગલની જમીન ખેડવાની પરવાનગી આપી.

આ ઘટનાઓની રૂપરેખામાં ૧૯૯૦ પછી ઘણું પરિવર્તન આવ્યું છે. રિઓ શિખર પરિષદ પછી શિક્ષિત આદિવાસીઓએ પોતાના સંગઠનની સ્થાપના કરી છે. આને લીધે આવા પ્રદેશોમાં તેમની રાજકીય ઓળખ ઊભી થઈ છે. પશ્ચિમ ભારતનાં ચારેય રાજ્યોમાં તેમની પોતાની 'આદિવાસી એકતા પરિષદ' છે. આ સંસ્થા આધારિત ઓળખથી આદિવાસી વિકાસ માટે

જાગૃતિ લાવવાનો પ્રયાસ થયો છે. સુરક્ષિત આદિવાસી વિકાસને મંજૂરી મળી છે. આદિવાસી વિકાસનાં સોપાનોમાં પરિવર્તન આવ્યું છે. આદિવાસીઓને તેમના સંભવિત વિકાસના કાર્યક્રમોમાં સહભાગી બનાવવામાં આવ્યા છે. તેઓ તેમની સ્વાયત્તતાની માંગણી પાછળ દોટ મૂકે છે. પેસા (PESA) અને વન અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવેલી તમામ જોગવાઈઓનો અમલ કરવાની માંગણી કરે છે. હકીકતમાં પેસા અને વન અધિકાર અધિનિયમોના ઘડતરથી આદિવાસીઓમાં અલગ જાગૃતિ આવી છે તથા તેમની યોગ્ય માંગણી સંતોષાવા માટે દબાણ પણ કરે છે.

## સમાપન

આદિવાસીઓ ભારતીય સમાજનો એક ભાગ છે, તેમ છતાં તેઓ અલગ પણ છે. તેમની બિનઆદિવાસીઓ સાથેની આ આંતરક્રિયાને આ રીતે જોવી જોઈએ. તેમની અલગતાને માન આપીને તેમના માટે ખાસ કાર્યક્રમો અને નીતિનું ઘડતર કરવાની જરૂર છે. આપણે જ્યારે આદિવાસી વિકાસની વાત કરીએ ત્યારે આપણે આ તફાવતને કાળજીપૂર્વક લેવો જોઈએ. તેમની પરિસ્થિતિ અને શક્તિઓની ખાસ અલગ નોંધ લેવી જોઈએ. તેમની વિકાસની ઇચ્છા હોય તો તેમને માટે સરળ વિકાસ રેખા બનાવવી જોઈએ. વિકાસનો આવો અર્થ અત્યંત આવશ્યક છે. તે તેમનામાંથી નીકળવો જોઈએ. આનો અર્થ એ થયો કે આદિવાસીઓએ જાતે વિકાસની શક્તિને પ્રગટ કરવી જોઈએ. બહારના લોકો આદિવાસીઓનો વિકાસ કરી શકે નહીં, તેઓ ફક્ત મદદકર્તા બની શકે. જો તેઓ એમ ઇચ્છતા હોય તો જો કે તેઓએ કોઈ પણ વિકાસના નિર્ણયમાં ભાગીદાર બનવું જોઈએ. તેમની મૂળભૂત જરૂરિયાતને વિકાસના કાર્યક્રમો સાથે પરિવર્તિત કરવી જોઈએ. નેહરુએ જ્યારે પંચશીલની ઘોષણા કરી ત્યારે કંઈક અલગ રીતે કરી હતી.

આદિવાસીઓ તેમના વિકાસમાં કેવી રીતે ભાગીદાર બની શકે? જો તેમને સમાન ગણવામાં આવે તો તેઓ ભાગ લઈ શકે, તાબેદારી અને હુકમના સંબંધો ફક્ત અસમાનતામાં સ્થાન લઈ શકે. એકલો આદિવાસી એટલો બધો નબળો છે કે તે બિનઆદિવાસી સાથે સરખી રીતે સમાન ઊભો રહી શકે નહીં. તેમને સંગઠિત કરવા જોઈએ. તેમના સંગઠનનો પ્રકાર અલગ છે. તેનો આધાર વિવિધ કાર્યક્રમો પર છે. બિનઆદિવાસીઓએ આદિવાસીઓની સાથે મદદકર્તા બની સંગઠનની રચના કરવી જોઈએ. એક વખત તેમની મૂળભૂત જરૂરિયાતોના આધારે સંગઠન બનશે તો તેઓનો વિકાસ થશે. તેમની ભાગીદારી માટેના કાર્યક્રમો અને વિગતો તેમની જરૂરિયાત પ્રમાણે બનાવવા જોઈએ. જ્યારે વિવિધ વિકાસના કાર્યક્રમોમાં આદિવાસીને ભાગીદાર બનાવાશે અને તેનો સ્વીકાર વિવિધ વિભાગોમાં કરવામાં આવશે તો તેમના પુરાવાઓ વિવિધ વિભાગોમાં મળશે. સવાલ તેમને સમાન હક્ક આપવાનો અને તેમની ભાગીદારીનો છે. તેમની સંસ્કૃતિનાં વખાણ કરીને તેઓ જ્યાં છે ત્યાં રાખવાથી તો તેઓ બિનઆદિવાસીઓના પ્રવાસન માટેનાં જોવા લાયક સ્થળો બની જશે.

* * *

## સંદર્ભો


૧. દિનકર, રામધારીસિંહ : સંસ્કૃતિ કે ચાર અધ્યાય.

૨. પરીખ, આર. સી. અને શાસ્ત્રી, હરિપ્રસાદઃ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૪, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ-૧૯૭૯.

૩. દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ, નવસારી પ્રાંત સર્વસંગ્રહ, વડોદરા રાજ્ય, વડોદરા, ૧૯૨૦.

૪. બાવિસ્કર, અમિતા : ઇન ધ બેલી ઑફ ધ રિવર, ઓક્સફર્ડ, દિલ્હી ૧૯૯૫.

૫. જોષી, વિદ્યુતઃ આશ્રમશાળાઓ એક અધ્યયન, ગુજરાત સામાજિક સેવા મંડળ, અમદાવાદ-૧૯૮૦.

૬. દવે જુગતરામ, મારી જીવનકથા, નવજીવન, ૧૯૭૫.

# ૧૪. આદિવાસી વિસ્તારનાં પ્રવાસન ધામો



## અરવલ્લી જિલ્લો

રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશવાના ધોરી માર્ગ ઉપર આવેલા અરવલ્લી જિલ્લાની ભૂરચનાએ આ પ્રદેશની પ્રજાના જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અરવલ્લીની ગિરિમાળાઓ અનેક નદીઓથી ગૂંથાય છે. આ જિલ્લાની ઉત્તર અને પૂર્વ સરહદોને રાજસ્થાનની વિશાળ પટ્ટી સ્પર્શે છે. પશ્ચિમે સાબરકાંઠા જિલ્લો, દક્ષિણમાં ખેડા અને પંચમહાલ જિલ્લાઓની સરહદો સ્પર્શે છે. પર્વતોની હારમાળાઓમાંથી વહેતાં સંખ્યાબંધ ઝરણાં વાત્રક, મેશ્વો અને માજૂમ વગેરે નદીઓમાં થઈને અરવલ્લીની પ્રજાને પોષણ પૂરું પાડે છે.

### ૧. શામળાજી

૧૫૦૦ વર્ષ પહેલાંના અવશેષો ધરાવતી એક ભવ્ય નગરી એટલે આજની તીર્થભૂમિ શામળાજી. કાળના પંજામાં લુપ્ત થયેલી નગરીમાં આજે ગદાધર ભગવાન વિષ્ણુની મૂર્તિ બિરાજે છે. તે શામળાજીનું મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, પરંતુ શામળાજીની આજુબાજુના વિસ્તારમાં સાંપડેલ અવશેષો ઉપરથી પુરાતત્ત્વખાતાની દ્રષ્ટિએ ૧૫૦૦ વર્ષ પહેલાં અહીં નગરી અસ્તિત્વમાં હોવી જોઈએ.

પ્રખ્યાત જર્મન પુરાતત્ત્વવિદ ડૉ. બોઝ શામળાજીનાં કેટલાંક શિલ્પ છઠ્ઠી સદીના ગણે છે. અહીંથી છઠ્ઠી સદીની મળી આવેલી મૂર્તિઓ અને દેવની મોરી વિસ્તારમાંથી મળી આવેલ એકવીસ ઇંચની લંબાઈની ઈંટોના થરના થર પ્રાચીન સમયની ભવ્ય નગરી હોવાની વાતને સમર્થન આપે છે. વરાહમિહિરે પાંચમી સદીમાં માતૃપૂજા વિશે લખ્યું છે. અને અમરકોષમાં સાત માતૃકાઓનાં નામ આપ્યાં છે. એન્દ્રી, વરાહી, મહેશ્વરી, કૌમરી, વગેરે માતૃકાઓની મૂર્તિઓ શામળાજીમાંથી મળી આવી છે. એક લોહી નીતરતું દાનવનું કાપેલું માથું હાથમાં લઈ ઊભેલા ચામુંડાની મૂર્તિ અહીંથી મળી આવેલ છે તે પણ પાંચમા સૈકાની છે.

કળસી છોકરાની માના નામે ઓળખાતી મૂર્તિના અવશેષો મુંબઈ પાસે આવેલા એલિફન્ટાની ગુફાઓમાં શિવના ત્રિમૂર્તિના પ્રખ્યાત શિલ્પને મળતા આવે છે.

શામળાજી સાથે જોડાયેલ તીર્થ મેશ્વો અને પિંગળા નદીના સંગમસ્થાન, નાગધરો, હિરચંદ્રની મુરી, રણછોડરાયનું મંદિર, દેવની મોરી, કળસી માતાનું મંદિર, મળી આવેલ પ્રાચીન બૌદ્ધ અવશેષો વગેરે ઉપરથી એક વાતની પુષ્ટિ થાય છે કે તે એક સમયનું અતિ પ્રાચીન અને પવિત્ર સ્થળ હશે.

કરાજવુજ તળાવમાંથી એક આદિવાસી યુવાનને હળ ચલાવતાં જે મૂર્તિ હાથ લાગી એ જ કાળિયો ઠાકર. એ જ ભગવાન શામળાજી.

### ૨. મેશ્વો વાટિકા – મેશ્વો ડેમ

મેશ્વો ડેમના નીચાણમાં અને નાગધરાની બાજુમાં રાજ્ય સરકાર દ્વારા સુંદર મેશ્વો વાટિકા બનાવવામાં આવેલ છે. જેમાં હરવા ફરવા ઉપરાંત બાળકોને રમવા સુંદર બાલ ક્રીડાંગણ તેમ જ પાર્કિંગ વ્યવસ્થા પણ કરી છે. ટ્રેકિંગ માટે પર્વત ઉપર આવેલ મંદિર સુધી પગથિયાં પણ બનાવ્યાં છે.

મેશ્વો ડેમમાં નૌકાવિહાર કરીને ડૂબમાં ગયેલ દેવની મોરી, રાજા ભોજના ટીંબાનાં દર્શન તેમ જ આસપાસના નૈસર્ગિક સૌંદર્યનાં દર્શન કરીને યાત્રિકો આનંદ માણી શકે છે.

## ૩. નાગધરો

મેશ્વો અને પિંગળા નદીનું સંગમસ્થાન નાગધરા તરીકે ઓળખાય છે. એવી માન્યતા છે કે ત્યાં સ્નાન કરવાથી વાટવળગણ અને ભૂતપ્રેતની અસરમાંથી માણસ મુક્તિ પામે છે. માનવી કે અન્ય પ્રાણીઓના અસ્થિ નાગધરામાં નાખવામાં આવે અને જેના નામથી શ્રાદ્ધ કરવામાં આવે તે દેહધારી જીવાત્માઓને ફરી જન્મ લેવો પડતો નથી અને મોક્ષગતિ પામે છે. એવી લોકવાયકા છે, નાગધરાની પાસે પ્રેતશલ્યા શતીઆ ધરામાં પાણી કાયમ રહેતું. અહીં એક નાનું દેવળ છે. આદિવાસીઓ પ્રેતશલ્યાનાં દર્શન કરે છે તથા ત્યાં પિંડદાન કરે છે. મેશ્વો સરોવર થતાં પ્રેતશલ્યા હાલમાં નથી.

## ૪. મેશ્વો સરોવર

મેશ્વો અને પિંગળના સંગમસ્થાને ભારત સરકારની જળ સિંચાઈ યોજના મુજબ જળાગાર બાંધવામાં આવેલો છે. બે ડુંગરોની વચમાં લગભગ ૨૦૦ ફૂટ ઊંચો બંધ છે. આ સરોવર માટે ખોદકામ કરતાં બૌદ્ધકાલીન સ્તૂપ, વિહાર, મહાક્ષત્રપ રુદ્રદામન રાજાની રૂપાળી મુદ્રાઓ તથા તાંબાનું ધાતુપાત્ર મળી આવ્યું હતું. જે હાલમાં વડોદરા મ્યુઝિયમમાં છે. આ સરોવરમાંથી મોટા ભાગે ખેડા જિલ્લાને અને અમુક સાંબરકાઠા જિલ્લાના ભાગોને સિંચાઈ માટે પાણી અપાય છે.

## ૫. કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર

ખાકચોકના ઉત્તર છેડે કાશી વિશ્વનાથ મહાદેવનું અતિ પુરાણુ શિવાલય આવેલું છે. આ શિવાલયમાં બિરાજેલી સદાશિવની મૂર્તિ અલૌકિક, અનુપમ, એકમુખી શિવલિંગની સુંદર પ્રતિમા છે, માથે જટા અને મુગટ છે.

દેવળની અંદરની મૂર્તિમાં ગંગાવતરણનું દ્રશ્ય છે. સ્વર્ગમાંથી ગંગાજીનું પૃથ્વી પર પધારવું અને શિવની જટામાંથી સરિતારૂપે વહેવું એ સુંદર દ્રશ્ય નિહાળવામાં આવે છે. આ પ્રતિમા સાતમા સૈકાની હોવાનું મનાય છે.

## ૬. જૂના ભવનાથ મંદિર

આ સ્થળ ભિલોડા તાલુકાના મઉ ગામે આવેલ છે. ભિલોડા તાલુકા મથકથી આશરે ૬ કિમિ. દૂર આવેલ છે. આ સ્થળ આશરે ૧૩૦૦ વર્ષ જૂનું હોવાનો આધાર શિલાલેખ પરથી મળે છે. ભવનાથનું નામ ભૃગુકુંડને લીધે જાણીતું છે. કુંડની માટીથી સ્નાન કરાવવાથી કોઢનો રોગ મટે છે, તેવું માનવામાં આવે છે. આ જગ્યાએ મહાદેવનું મંદિર અનેક ડુંગરોની વચ્ચે રમણીય સ્થાનમાં આવેલું છે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે તેમ જ શિવરાત્રિના દિવસે મેળો ભરાય છે. આ મેળામાં મોટી સંખ્યામાં લોકો આવે છે.

## ૭. 'શ્યામલ વન' – શામળાજી

અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે ૨૦૦૯માં 'શ્યામલ વન' બનાવવામાં આવેલ છે. તે રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૨૭ કિ.મિ. દૂર આવેલું છે. અહીં ભગવાન વિષ્ણુનું વિખ્યાત મંદિર આવેલું છે. દર વર્ષે લાખો લોકો આ સ્થળની મુલાકાતે આવે છે. કોપીસીંગ પ્રકારનાં વૃક્ષોનું આવરણ ધરાવતા બે ડુંગરોની વચ્ચે આ જગ્યા આવેલી છે. શામળાજી મંદિરના દર્શને આવતા મોટા ભાગના લોકો આ સ્થળની અચૂક મુલાકાત લે છે.

કોતરણીવાળું મુખ્ય પ્રવેશદ્વાર, દશાવતાર વન, નક્ષત્ર વન, રાશિ વન, ધન્વંતરિ વન, દેવ વન, સ્મૃતિ વન અને ગ્રહ વાટિકા દ્વારા વિવિધ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે. ઉપરાંત ફુવારો, લોન વિસ્તાર, બાળકો માટે રમતનું ક્રીડાંગણ, વનકુટિર, ખેત વનીકરણ નિદર્શન પ્લૉટ, આધુનિક નર્સરી, બામ્બુ સિટમ, ઇન્ટરપ્રિટેશન

સેન્ટર, ટ્રી મ્યુઝિયમનું આયોજન પણ કરવામાં આવે છે. જે લોકો માટે એક અનેરું આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

## ૮. શામળાજી મંદિર

પહાડોની હારમાળા વચ્ચે વહેતી મેશ્વોના બે કાંઠે લીલી વનશ્રી વચ્ચે શામળાજી જાણે પ્રકૃતિએ ખોબામાં ઝીલેલો ઉપહાર છે. ડાકોર, દ્વારિકા અને શામળાજી ત્રણેય ઉત્તુંગ અને ભવ્ય વિષ્ણુમંદિરો, પણ ત્રણેયનું સ્થાપત્ય જુદું જુદું, તેમની લાક્ષણિકતાઓ જુદી જુદી તરાહની. શામળાજી મંદિરની વિશિષ્ટતા છે તેના સ્થાપત્યમાં તેમ જ તેમાંની શિલ્પસમૃદ્ધિમાં. મંદિરોના શિલ્પસ્થાપત્યનો એ જ મહિમા છે. બે બાજુ ચિતરાયેલા વિશાળકાય ગજરાજોવાળા ઊંચા-પહોળા-વિશાળ પ્રવેશદ્વારમાંથી અંદર જતાં જ નજરે પડે ચોક. વચ્ચે ઊભેલું સાત માળનું ભવ્ય મંદિર. પ્રથમ નજરે જ એની ભવ્યતા સાબિત કરી દે અને તે સાથે ખ્યાલ આવી જાય કે ઉત્તરોત્તર નીચા થતા જતા સાત માળનું વિસ્તૃત બેઠક અને અનેક ગોખ-ઝરૂખા અને થર પર થરમાં રચાયેલા કંદોરવાળું આ મહાલય તસુએ તસુ શિલ્પસભર છે.

દર્શન ઊઘડવાને વાર હોય તો રત્નચોકમાં પ્રદક્ષિણા માર્ગમાં ફરતાં ફરતાં મંદિરની ચોપાસની શિલ્પસમૃદ્ધિ અવલોકતાં તેની કલાત્મકતા અને વૈવિધ્ય જોઈ શકાય. એક પછી એક ગોખ અને પટ્ટીઓ પરની પ્રતિમાઓ અને પ્રસંગો જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય છે.

ચોપાસના ગોખમાં દેવમૂર્તિઓ – દિક્પાલો પરંપરા મુજબ ગોઠવાયેલા છતાં શિલ્પ તરીકે સુંદર છે. બ્રહ્માણી જેવું શિલ્પ વિરલ પણ ગણાય. આ કથાપટ્ટીમાં રજૂ થયેલી કૃષ્ણકથાના પ્રત્યેક દ્રશ્યમાં નિરૂપિત પ્રસંગ કે લીલાને ઓળખતાં આનંદ થાય છે. ભાગવત જાણે પ્રત્યક્ષ થાય છે.

સભાખંડના સ્તંભો, ગર્ભદ્વારની કમાનો, તે દ્વારનાં બે બાજુનાં શિલ્પો બહુ જ સુંદર છે. સભાખંડની બરાબર મધ્યમાં બિરાજેલાં ગરુડ. કાળા પથ્થરના આ વીરાસનમાં બેસીને હાથ જોડીને, પાંખ પ્રસારીને બેઠેલા ગરુડનું શિલ્પ ભાવપૂર્ણ તો છે જ પણ શિલ્પાકૃતિની દ્રષ્ટિએ તે બેનમૂન છે.

દ્રષ્ટિ અનિમેષ નીરખ્યા જ કરે એવું દર્શન તો ગર્ભદ્વાર ઊઘડતાં જ દેખાતાં ભગવાન ગદાધરનું ! કદમાં બહુ મોટું નહીં, પણ શ્યામ શિલામાં રચેલી આ વિષ્ણુ પ્રતિમા એવી તો સુંદર છે કે નજર તેના પરથી ખસતી નથી. એમાં આકાર સૌંદર્ય ઉપરાંત કશુંક એવું છે જે જોનારને કેવળ સૌંદર્યદર્શનની પાર લઈ જાય છે.

અહીં રોકાયેલા ઘણા પ્રવાસીઓ માટે આસપાસના વિસ્તારોમાં ફરતાં સૂર્યમંદિર, કાશી વિશ્વનાથનું મંદિર, હરિશ્ચંદ્રની ચૌરીને નામે ઓળખાતો કમાન જેવો શિલ્પાવશેષ એ બધુંય જોવા મળવાનું.

મેશ્વો વટાવી ઉત્તુંગ શિખર દેખાય ત્યારે તેની લાગણી જુદી જ હોય છે. તેમાં ધાર્મિક શ્રદ્ધાપૂર્ણતા સાથે કલાદર્શન, પ્રાકૃતિક રમણીયતા અને અતીતના અવશેષો વચ્ચે સનાતન અનુભવનો આનંદ ઉમેરાયો હોય છે.

શામળાજી ગુજરાતનું પવિત્ર વિષ્ણુતીર્થ છે, તેમ પ્રાચીન અને અર્વાચીન નિર્માણોથી શોભતું એવું લોકતીર્થ છે, જે ગુજરાતનું ગૌરવ સ્થાન છે.

## સાબરકાંઠા જિલ્લો

## ૧. ઝાંઝરી

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ડાભા ગામથી ૪ કિ.મિ.ના અંતરે ઝાંઝરીના નામે પ્રવાસન સ્થળ આવેલ છે. આ સ્થળ તાલુકા મથક બાયડથી ૧૬ કિ.મિ. અને દહેગામથી ૩૫ કિ.મિ. દૂર આવેલ છે. દહેગામ-બાયડ હાઇવે રસ્તાથી ૪ કિ.મિ. દૂર આવેલ છે. ઝાંઝરીમાં (ડાભા) ગંગેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જે ઈ.સ. ૧૯૬૫-(સંવત ૨૦૨૨)માં બાંધવામાં આવેલ છે. જે ધાર્મિક

રીતે અગત્યનું સ્થળ છે, તેમ જ કુદરતી નૈસર્ગિક સૌંદર્યતા ધરાવતું સ્થળ છે. ઉપરના ભાગેથી આવતો પાણીનો પ્રવાહ કુદરતી ધોધ સ્વરૂપે નીચે પડીને નયનરમ્ય દ્રશ્ય બનાવે છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ગંગેશ્વર મહાદેવના દર્શનાર્થે તથા શાંત અને પ્રકૃતિ સ્થળે જાહેર જનતા માટે પિકનિકનું માનીતું સ્થળ બની રહ્યું છે.

### ૨. વિજયનગરની પોળોનાં મંદિરો – એક ઐતિહાસિક ધરોહર –

અમદાવાદથી ઉત્તરપૂર્વમાં રાજસ્થાન સીમાની આસપાસનો વિસ્તાર વનસંપદાથી છલોછલ છે. આ વિસ્તાર ઐતિહાસિક ધરોહરની દ્રષ્ટિએ પણ મહત્ત્વ ધરાવે છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પ્રવેશતાં જ અરવલ્લી ગિરિમાળામાં હરિયાળી ટેકરીઓ અને આહ્‌લાદક પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર દ્રશ્યો નજરે પડે છે. અરવલ્લીની ગિરિમાળામાંથી વહેતી હરણાવ નદીકાંઠે ઐતિહાસિક વારસાથી સમૃદ્ધ એવું પોળોનું જંગલ આવેલું છે. સ્મારકોની આજુબાજુનું વાતાવરણ પર્વત, નદી અને પ્રકૃતિના ત્રિવેણી– સંગમ વચ્ચે નિર્માણ થયેલ છે. જૈન મંદિરોના ભગ્ન અવશેષો અને વૃક્ષોની શીતળ છાયા મનને નીરવ શાંતિનો અહેસાસ કરાવે તેવી પ્રકૃતિની ભરમાર છે તથા કુદરતના ખોળે વસેલું રમણીય પ્રવાસન સ્થળ છે.

પોળોમાં પ્રવેશતાં જ કોઈ આદિવાસી યુવાન તમને Hello Sir, Welcome to Polo, Sir I am Dalsukh Ninama એવું ફાંકડું અંગ્રેજી બોલતો જણાય તો જરૂર નવાઈ લાગે અને તમે એમ માનો કે જરૂર આ છોકરો સારું ભણેલો હશે, પરંતુ ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલા સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અભાપુર ગામની શાળામાં માંડ ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલો દલસુખ આજે પોળો કેમ્પસાઈટના નવીન વિકસેલા પ્રવાસન ધામથી બે પાંદડે થયો છે.

પોળો મહોત્સવ અને સાઇકલ રેસની આંતરરાષ્ટ્રીય નામનાથી પ્રવાસીઓની સંખ્યામાં બહુ જ વધારો થયો છે.

### ૩. પોળોનું જંગલ –

વિજયનગર તાલુકાના અભાપુર વિસ્તારમાં આવેલું પોળોનું જંગલ 'મિનિ કાશ્મીર' તરીકે ઓળખાવા લાગ્યું છે. પ્રવાસધામ તરીકે આ સ્થળનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. પોળોમાં આવેલાં લાખેણાનાં દહેરાં, સૂર્યમંદિર, સતીમાતા (છતરિયા), શારણેશ્વર મહાદેવનું મંદિર તથા આંતરસુબા આશ્રમ, હરણાવ નદીના કિનારે આવેલ શિવત્રયાતન અને શિવપંચાયતન, નવ દેરાં, સદેવંત સાવળીંગાના મંદિરના પુરાતન ખંડેર અવશેષો, કોઈ કાળે આ વિસ્તાર વિકસિત નગર હોવાનો પ્રબળ દાવો કરે છે. તમામ પ્રાપ્ય અવશેષો દશમીથી પંદરમી સદીના છે. પોળોમાં લાખેણાનાં દહેરાથી આંતરસુબા નવ દહેરાંને જોડતું ગુપ્ત ભોંયરું હોવાની લોકવાયકા છે. આ વિસ્તારના સ્થાનિક લોકોમાં 'સતીમાતા'નું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. રસ્તા પર જ રજવાડાંઓના સ્મશાન-સ્મારકોરૂપ છતરિયામાં એક સતીમાતાની છત્રી છે. કહેવાય છે કે કોઈ કાળે રાણી રાજા પર ક્રોધિત થઈને સાત પેઢી સુધી નખ્ખોદ જવાનો શ્રાપ આપી સ્વયં ચિતા ખડકાવી પગના નખના ઘર્ષણથી અગ્નિ પેટાવી અગન જ્વાળા ઓઢી લીધી હતી. સમગ્ર વિસ્તારમાં એ અતિ આસ્થા-શ્રદ્ધાનું પ્રતીક છે. આંતરસુબા આશ્રમ મુકામે આવેલા વનવિભાગનો વનૌષધિ બગીચો પણ એક ઉત્તમ નજરાણું છે. વનૌષધિ બગીચામાં જુદાં જુદાં અઢીસો જેટલાં ઔષધિય વૃક્ષ-વેલીઓ આવેલાં છે. પ્રત્યેક વૃક્ષની આગળ તેનાં પાન, મૂળ, ફળ યા છાલ કયા દર્દ માટે કેવી રીતે ઉપયોગમાં લેવા તેની માહિતી મૂકેલ છે. પોળો કેમ્પસાઈટ પર વિકસાવવામાં આવેલ મ્યુઝિયમ પણ જોવાલાયક છે. 'હરણાવ' જળાશય પણ માણવા લાયક છે.

### ૪. વાઘમારુ વીરેશ્વર-કબીરઆશ્રમ-નીલકંઠ મહાદેવ –

વીરેશ્વર મહાદેવનું મંદિર વિજયનગર તાલુકાનું જ નહીં પણ પોળોના જંગલ જેટલી જ તેને ખ્યાતિ મળેલ છે. જે અતિ પ્રસિદ્ધ શિવ મંદિર છે. ઉંબરાના મૂળમાંથી સતત વહેતી જળધારા (ગંગા) આ ધામની વિશેષતા છે. વીરેશ્વર મહાદેવથી એકાદ કિ.મિ.ના અંતરે કબીર આશ્રમ આવેલ છે. જેમાં કબીરપંથી ભક્તો કબીરવાણી તથા યોગ-પ્રાણાયામનો લાભ લે છે. ખેડાસણ-આંતરી ગામે આવેલા નીલકંઠ મહાદેવનું મંદિર પણ જળધારાના પ્રતાપે પ્રખ્યાત બનતું જાય છે.

### ૫. સંચળઈ માતા – પાલપટ્ટો –

પાલ આસપાસનો પંથક 'પાલપટ્ટા' તરીકે ઓળખાય છે. પાલ ડુંગરની ટોચ પર સંચળઈ માતૃમાં મંદિર આવેલું છે. સમગ્ર વિસ્તારનું એ અસીમ શ્રદ્ધા બળ છે.

મોતીલાલ તેજાવતની આગેવાનીમાં સ્વાતંત્ર્યની કૂચ માટે એકત્ર જનમેદની પર બ્રિટિશ હકૂમતે અંધાધૂધ ગોળીબાર કરીને અઢીસોથી વધુ લાશો ઢાળી દીધેલી એ સ્થળને સ્મારક તરીકે પાલ ગામે ઉપવનના રૂપમાં વિકસાવવામાં આવ્યું છે. શહીદોની આ વીરભૂમિ છે.

### ૬. ઈડર

ચોપાસ ખડકોની હારમાળા અને ડુંગરા તથા કિલ્લાથી સુરક્ષિત ઈડર ગામમાં જ ઊંચી ટેકરી પર જે ગઢ છે તે છે ઇડરિયો ગઢ. અહીંના ભીલ રાજાઓ પાસેથી બાપ્પા રાવલના વંશજ રાજપૂતોએ જીતીને અહીં રાજ સ્થાપ્યું એમ કહેવાય છે. ગઢ પર જવા માટે ગામ બાજુએ પગથિયાં છે. આ આખો વિસ્તાર જંગલોનો હોવાથી ખુલ્લા પથ્થરો વચ્ચે જ આવેલો છે. પરંતુ ઇતિહાસમાં નોંધાયેલો છે.

### ૭. માણેકનાથ – ખેડબ્રહ્મા –

ખેડબ્રહ્માથી અંબાજી જવાના માર્ગે માંકડચંપા નામના સ્થળેથી ફંટાતા માણેકનાથના ડુંગરે જવાય. અમદાવાદ શહેરના બાદશાહે શહેર ફરતો કોટ બનાવવા માણેકનાથ નામના સાધુની મઢૂલી તોડી નાખી. જેનાથી છંછેડાયેલા સાધુ આ ડુંગર પર આવીને વસેલા અને પોતાની મંત્રશક્તિથી બાદશાહના કોટને પાડી નાંખ્યો હતો. ખૂબ જ ઊંડી અને લાંબી ગુફા છે. જોવા જનાર વ્યક્તિએ બૅટરી જેવાં સાધનો લઈને જવું જોઈએ. આ ભોંયરું અમદાવાદ માણેકચોકમાં ખૂલે છે, તેવી લોકવાયકા છે.

### ૮. પોશીના –

ખેડબ્રહ્મા તાલુકાનું છેવાડાનું ગામ એટલે પોશીના. હાલમાં તાલુકા મથક બનેલ છે. પોશીનાનું ઐતિહાસિક મહત્ત્વ ખૂબ છે. અહીં અતિ પૌરાણિક જૈન મંદિરો અને દરબારગઢ આવેલો છે. પોશીના એક સ્ટેટ હતું, જેનો પોતાનો ગૌરવશાળી વારસો અને ઇતિહાસ છે. આદિવાસી સંસ્કૃતિનો અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતા જિજ્ઞાસુને અહીંથી ઘણું બધું મળી શકે. જૈન મંદિર અતિ પ્રાચીન તથા જોવાલાયક છે. સરકારશ્રીની અનેક વિકાસપૂર્ણ યોજનાઓથી પોશીના સારું એવું વિકાસ પામ્યું છે. ચોમાસા પછી ઑક્ટોબર-નવેમ્બરમાં મુલાકાત લેવામાં આવે તો કુદરતી સૌંદર્ય માણી શકાય તેમ છે. સમગ્ર રીતે જોઈએ તો પ્રદૂષણમુક્ત કુદરતી સૌંદર્યથી ઘેરાયેલા શાંત અને સ્વચ્છ એવા ઐતિહાસિક તથા પૌરાણિક સ્થળથી ભરપૂર દરેક સ્થળ સુધીના પાકા રસ્તાઓ વિસ્તારને મુલાકાતપૂર્ણ બનાવી શકે છે.

### ૯. સાબરકાંઠાની વાવો –

સાબરકાંઠા – અરવલ્લી જિલ્લામાં સેંકડો વર્ષ જૂની બસ્સોથી વધુ વાવ છે. મોટા ભાગની વાવ શિલ્પ-સ્થાપત્ય કલામાં એક – એકથી ચઢિયાતી છે. જિલ્લાની સૌથી પહેલી વાવ ઈડર

તાલુકામાં ફૂલેશ્વર મહાદેવ અને ધનસુરા તાલુકાના મુન્દ્રેશ્વર મહાદેવ કે જે હજાર વર્ષ જૂની હોવાનું માનવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે ધનસુરા નજીક સીકા હાઇવે ખાતેની વાવ છેલ્લી વાવ છે. જે ૨૦૦ વર્ષ પહેલાં બનાવાઈ હતી. જિલ્લામાં સૌથી વધુ વાવ ઈડર તાલુકામાં ૨૫ જેટલી છે. ત્યાર બાદ ભિલોડા તાલુકાનો નંબર આવે છે. જિલ્લામાં સૌથી સુંદર શિલ્પ-સ્થાપત્ય ધરાવતી મોડાસા પોલીસ સ્ટેશનની પાસે આવેલી વણઝારી વાવ છે. આની કલાત્મક વિશેષતા છે કે તેમાં હિન્દુ દેવી-દેવતાનાં શિલ્પ છે.

### સાબરકાંઠા જિલ્લાની વાવ

| | |
|---|---|
| વગડી વાવ | ૧૪મી શતાબ્દી |
| સઢા વાવ | ૧૬મી શતાબ્દી |
| સરડોઈ વાવ | ૧૯મી શતાબ્દી |
| મેઢાસણ વાવ | ૧૪મી શતાબ્દી |
| રસૂલપુર વાવ | ૧૪મી શતાબ્દી |
| લાલપુર કંપા વાવ | ૧૮મી શતાબ્દી |
| પાલનપુર ગામ વાવ | ૧૪મી શતાબ્દી |
| સબલપુર વાવ | ૧૭મી શતાબ્દી |
| પાલનપુર ચોકડી વાવ | ૧૮મી શતાબ્દી |
| બોર્ડિંગ ખડાઈતા વાવ | ૧૦મી શતાબ્દી |
| રામોડી વાવ | ૧૭મી શતાબ્દી |
| મોટી મોરી વાવ | ૧૭મી શતાબ્દી |
| કોયલીવાવ મોટી મોરી | ૧૫મી શતાબ્દી |
| મેલાળા વાવ | ૧૬મી શતાબ્દી |
| ગાયત્રી મંદિર વાવ | ૧૬મી શતાબ્દી |
| શ્રી વીરેશ્વર મહાદેવ વાવ વાવ વાસળા | ૧૬મી શતાબ્દી |
| ઘેલી માતાજી વાવ | ઈ.સ. ૧૮૪૦ |
| મુન્દ્રેશ્વર વાવ | ૮-૯ શતાબ્દી |
| આંબાવાડી વાવ મેઘરજ | ૧૮મી શતાબ્દી |
| ખેડ ચાંદરણી વાવ | ૧૩મી શતાબ્દી |
| અડપોદરા વાવ | ઈ.સ. ૧૬૧૯ |
| પોશીના વાવ | ૧૮-૧૯મી શતાબ્દી |
| દોલગઢ વાવ | ૧૮-૧૯મી શતાબ્દી |
| દૂધેશ્વર મહાદેવ વાવ જામળા | ૧૮-૧૯મી શતાબ્દી |
| જામળા વાવ | ૧૯મી શતાબ્દી |
| શાન્તિનાથ જૈન ઇડરિયાગઢ વાવ | ૧૪મી શતાબ્દી |
| વ્રજેશ્વરી માતાજી ઇડરિયાગઢ વાવ | ૧૯મી શતાબ્દી |
| ઈડર રેલવે વાવ | ૧૪મી શતાબ્દી |

ભારતભરમાં ક્યાંય પણ ન હોય તેવું પશુ-પક્ષીઓનું મંદિર સાબરકાંઠામાં છે.

### ૧૦. આભાપુર શિલ્પ-સ્થાપત્યો –

સાબરકાંઠા જિલ્લાનાં ગાઢ જંગલોથી આચ્છાદિત વિજયનગર તાલુકામાં પર્વતોની હારમાળા વચ્ચે આભાપુરનાં શિલ્પ-સ્થાપત્યો વર્ષોથી પોતાની આગવી અસ્મિતા જાળવીને બેઠાં છે. પ્રત્યેક ગુજરાતીએ આ સ્થાપત્યોના વૈભવ અને વારસાથી અવગત થવું જ પડે તેવાં પ્રાચીન સ્થાપત્યો મિસાલ સમાન છે.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની હરણાવ નદીને કાંઠે કેટલાંક ઐતિહાસિક સ્મારકો હિન્દુ અને જૈન ધર્મનાં છે, જે અંદાજે પાંચસોથી હજાર વર્ષ પુરાણાં છે. આ સ્મારકોની આજુબાજુનું વાતાવરણ પર્વત, નદી અને પ્રકૃતિના ત્રિવેણીસંગમ વચ્ચે નિર્માણ થયેલું હોઈ, તેની ભવ્યતા પુરાતત્ત્વીય કાળમાં કેવી હશે તેનો ખ્યાલ આવી શકે તેમ છે. અત્રે જૈન મંદિરના ભગ્ન અવશેષો પાસે વૃક્ષ પરથી પાંદડું નીચે પડે તો તેનો સંગીતમાં અવાજ સંભળાય તેવી નીરવ શાંતિનો અહેસાસ કરાવે તેવી પ્રકૃતિની ભરમાર છે. પ્રાચીન સમયમાં આભાપુરનાં આ શિલ્પ-સ્થાપત્યો પોળોના જંગલ

તરીકે ઓળખાતાં. આભાપુર મુકામે શારણેશ્વર મંદિર, શિવશક્તિ મંદિર, કુંડ એમ ત્રણ જૈન મંદિરો છે. ઈડરથી ઈશાન ખૂણામાં ખેડબ્રહ્મા-અંબાજી માર્ગ ઉપર હરણાવ નદીના કાંઠાથી શરૂ કરીને પોળોની પ્રસિદ્ધ ડુંગરની ધારીમાં ૧૦ કિ.મિ. સુધીમાં જંગલ વિસ્તાર પથરાયેલો છે.

આભાપુરનું અનેરું આકર્ષણ શારણેશ્વર મંદિર પણ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. મંદિર ઉપર ભૈરવ, બ્રહ્મા-સરસ્વતી, અપ્સરા, ઇન્દ્ર, શિવ, પાર્વતી, વિષ્ણુ જેવાં દેવી-દેવતાઓનાં શિલ્પાંકનો છે. અહીં વામનસ્તંભ, ભોગાસન, હંસાવતી તથા નરથરનાં અંકનો અંકિત થયેલાં છે. આભાપુરમાં શિવ-શક્તિનું મંદિર પણ પુરાતન છે. આ મંદિરમાં સૂર્ય વામન, ગણેશ, ભૈરવ, પાર્વતી વગેરેનાં શિલ્પાંકનો છે. મંદિરનો પ્રવેશસ્તંભ મિશ્ર ઘાટનો છે, તેની પીઠ મંડોવર અને શિખર અંગોથી વિભૂષિત છે. મંદિર પાસેના કુંડ પણ તે કાળના શિલ્પકલાના પ્રાચીન વારસાનો પરિચય આપે છે.

### ૧૧. દરબારગઢ – પોશીના –

ભવ્ય વારસો : સાબરકાંઠામાં ખેડબ્રહ્મા પાસે આવેલા પોશીના રાજ્યના વંશજો ચાલુક્ય રાજાઓના વંશજો છે. ચાલુક્યોએ મધ્ય ભારત અને સમગ્ર ગુજરાતમાં ૧૨મી સદીમાં રાજ્ય કર્યું હતું. મધ્યકાલીન સમયમાં ચાલુક્યોએ રાઠોડ રાજપૂતો પાસેથી યુદ્ધોમાં જીતીને પોશીના મેળવ્યું હતું. ઉત્તર ગુજરાતની ઈડર સહિતની રાજવીઓના રાજ્યવાળી જાગીર તેમણે મેળવી હતી. દરબારગઢની ઇમારત યુદ્ધ પહેલાં બંધાયેલી હતી અને મુખ્ય હવેલી ઈ.સ. ૧૬૪૦માં બાંધવામાં આવેલી.

દરબારગઢમાં મોટા રસ્તાઓ, ઊંચા ગુંબજ, અગણિત થાંભલાઓ અને કમાનો આવેલાં છે. દરબારગઢમાં ચોતરફ ખુલ્લું મેદાન, બગીચા, હરિયાળી લોન, ઘટાદાર-છાંયાદાર વૃક્ષો અને અરવલ્લી પર્વતની ગિરિશૃંખલા જોઈ શકાય તેવી ગૅલેરીઓ છે. દરબારગઢમાં પ્રવેશીએ તો એના અંદરના ભાગમાં સુંદર ભોજનખંડ તથા આકર્ષક બેઠક રૂમ છે. જૂના સમયની કિલ્લાની દીવાલો એના જૂના રાજવી ઇતિહાસની શાખ પૂરે છે. દરબારગઢની આસપાસ ગામ અને આદિવાસી પ્રજાની સંસ્કૃતિ આકર્ષક છે. આ વિરાસતની વ્યવસ્થા લગભગ ૫૦૦ વર્ષ પહેલાં પોશીના જીતનાર રાવ રાયસીંગ વાઘેલાના વંશજો સંભાળે છે. હવેલીના માલિકોને કલાપ્રેમ છે, જૂની કલાકૃતિઓ અને હસ્તકળાના નમૂનાઓ છે. આને કારણે દરબારગઢ એક મ્યુઝિયમ જેવો પણ લાગે છે.

દસ જેટલી ડબલબેડ ધરાવતી રૂમો જેમાં બાથરૂમ અને ડ્રેસિંગ–રૂમ સંલગ્ન છે. દરેક રૂમ વિશાળ, ભવ્ય કલાકૃતિઓ અને નકશીદાર ફર્નિચરથી સજ્જ છે. ભીલ અને ગરાસિયા જ્યાં વસે તેવા આદિવાસી વિસ્તારમાં જીપ દ્વારા સફર કરવામાં આવે છે. વળી માટીકામ, લુહારીકામ કરનારા આદિવાસી કારીગરો, બાણ બનાવનાર ભીલો અને તેમની સાથે નિશાનબાજ ભીલોની રમતો, નદીના કે સરોવરના કિનારે બેસી જોવાની મજા આવે છે. આ ઉપરાંત ઊંટગાડીની સફર, બળદગાડીમાં સફર અને નદીકિનારે ભોજન એ અહીંનું આકર્ષણ છે. રાત્રે કૅમ્પ ફાયરમાં આદિવાસીઓ તેમનું નૃત્ય રજૂ કરે છે. રાજવી કુટુંબો સાથે ભોજન લઈ શકાય છે.

### ૧૨. અન્ય રમણીય સ્થળોનું દર્શન

પોશીનામાં આદિવાસીઓ પહેરે તેવાં ચાંદીનાં ઘરેણાંઓ બનાવનાર કુંભાર, લુહાર, સોની, બાણ બનાવનારા કારીગરો વસે છે. આ ઉપરાંત ઈ.સ. ૧૨૪૦માં બનાવવામાં આવેલું જૈન મંદિર, મધ્યકાલીન સમયમાં બનાવેલું શિવમંદિર અને પોશીના રાજ્યના રાજવીઓના રથ જોવાલાયક છે.

## ૧૩. સોનગઢ ડેમ –

પોશીનાની આસપાસ ઊંડી ખીણમાં અને ઊંચાં શિખરો તથા ભેખડોની વચ્ચે આવેલા સરોવરમાં આદિવાસીઓ નૌકાવિહાર કરે છે. આ ઉપરાંત સરોવરના કિનારે લોકસંગીત પીરસવામાં આવે છે.

## ૧૪. ચિત્ર-વિચિત્ર સમાધિ

મહાભારતના બે રાજપુત્રો ચિત્રવીર્ય અને વિચિત્રવીર્યના નામ ઉપર પુરાતન આદિવાસી સમાધિ છે. જે આકળ, વિકળ અને સાબરમતી એમ ત્રણેય નદીઓના સંગમ ઉપર આવેલી છે. રંગબેરંગી પોશાકો પહેરી આદિવાસીઓ આવે છે અને ત્યાં મેળો ભરાય છે.

## ૧૫. આદિવાસીઓનું શહીદ સ્મારક પાલચિતરિયા –

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની નેતાગીરી હેઠળ ભારત આઝાદ થયું ત્યારે ઘણા લોકોએ પોતાના જાન ન્યોછાવર કર્યા હતા. ગાંધીની સ્વાતંત્ર્ય ચળવળ પાછળ આખા દેશનો તમામ પ્રકારનો વર્ગ હતો. આમ તો આપણી પ્રૌઢ પેઢીને સ્વાતંત્ર્ય-સંગ્રામની ઘણી બધી વિગતોની ખબર છે. પરંતુ ૧૯૬૦ પછી જન્મેલાઓને જાણે કે સ્વાતંત્ર્ય-સંગ્રામની માહિતી મેળવવાની પડી જ નથી. આઝાદી પહેલાંનાં ઈડર સ્ટેટનાં રજવાડાંઓએ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ખૂબ ભાગ લીધો છે. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામ અને ભારતની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરનાર ભારત માતાના સપૂતોમાં સાબરકાંઠાનું સ્થાન વિશિષ્ટ છે.

ઈડરના મહારાજા પ્રતાપસિંહે ૧૯૧૦માં પ્રજાની ઉપર કમરતોડ કરવેરા લાદ્યા. પ્રજા ઉશ્કેરાઈ. 'પ્રજામંડળે' ઈડરના શાસકોના દમનની રજૂઆતનું એક આવેદનપત્ર તૈયાર કરી મુંબઈના ગવર્નર લેસી વિલ્સન આગળ રજૂ કર્યું. મથુરદાસ ગાંધીએ આ રજૂઆતમાં અગત્યનો ભાગ ભજવ્યો. ૧૫-૧-૧૯૪૮ના રોજ પ્રજામંડળે ઈડર સ્ટેટને મુંબઈ રાજ્યમાં સમાવવાનો ઠરાવ કર્યો.

વિજયનગર તાલુકાના દ્રઢવાવ પાસે પાલ ગામે ૭મી માર્ચ ૧૯૨૨ના રોજ ૧૨૦૦થી વધુ શહીદવીરોએ પોતાના જાનની આહુતિ આપી હતી. જો કે આ આહુતિ ઇતિહાસના પાને અંકિત થયેલી નથી. પરંતુ હત્યાકાંડમાં શહીદ થયેલાઓની યાદમાં તે સ્થળે શહીદ સ્મારક ચોક્કસ મોજૂદ છે. સ્વાતંત્ર્ય ચળવળ માટેની વિગતો તવારીખમાં ક્યાંક સ્થાન પામે તેવી કાળજી રાખવામાં આવી છે. વિગત કંઈક આવી છે. ગુજરાતનાં લગભગ તમામ દૈનિક પત્રોમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અને દ્રઢવાવના સરપંચ નલિનકાંત કલાસવાલાના કથન મુજબ લગાનવેરો વધારવાનો વિરોધ દર્શાવવા દહેરાવાળા દહેર નદીને કિનારે મેવાડ રાજસ્થાનના જાણીતા સ્વાતંત્ર્ય-સેનાની મોતીલાલ તેજાવતે એક સભાનું આયોજન કર્યું હતું. દાંતા, ખેરવાડા, પોશીના તથા આસપાસનાં ગામડાંઓના મોટા લોકસમૂહને ખાળવા મેવાડ ભીલ કોપર્સના વડા અંગ્રેજ ઑફિસર એમ.જી. સટને આપેલા હુકમ મુજબ ભીલ કોપર્સ ઉપર ગોળીબાર કરતાં અંદાજે ૧૨૦૦ દેશભક્તો શહીદીને વર્યા હતા. જેમની લાશને એક કૂવામાં દફનાવી દેવામાં આવી હતી.

પાલચિતરિયા ગામના આ બનાવની કોઈ ઐતિહાસિક જાણકારી કે પુરાવો ક્યાંય નથી. સાબરકાંઠા ગૅઝેટ કે પાલ ગામના ઐતિહાસિક પ્રસંગોમાં ક્યાંય આ ચળવળનો ઉલ્લેખ નથી. પરંતુ શહીદોની શહીદી અંગેનાં લોકગીતો વિજયનગર તાલુકામાં લોકભોગ્ય થયેલાં છે અને ગવાય છે. લોકગીતો એ વંશપરંપરાગત ચાલી આવતી ઇતિહાસ કથાઓ છે અને પાલ ચિતરિયા મુકામે શહીદોની ખાંભી એ વાતનો પુરાવો છે એમ માનીને ચાલીએ તો આ શહીદોને અવગણી શકાય તેમ નથી.

## બનાસકાંઠા જિલ્લો –

આ જિલ્લો ગુજરાતના ઉત્તરપૂર્વ વિભાગમાં આવેલો છે. અને ત્યાં આવેલી બનાસ નદીના નામ ઉપરથી આ જિલ્લાનું નામ પડ્યું હોય તેવું લાગે છે. આ નદી માઉન્ટ આબુની ખીણ અને અરવલ્લી પર્વતમાળામાંથી નીકળી સપાટ પ્રદેશમાં વહીને અંતે કચ્છના રણમાં લુપ્ત થઈ જતી હોય તેવું લાગે છે. બનાસકાંઠાનું પાટનગર પાલનપુર છે. બનાસકાંઠાની સરહદો ઉત્તરમાં રાજસ્થાન સાથે, પૂર્વમાં સાબરકાંઠા સાથે, પશ્ચિમમાં કચ્છ અને પાટણ સાથે તેમ જ દક્ષિણમાં મહેસાણા જિલ્લા સાથે જોડાયેલી છે. બનાસકાંઠા જિલ્લાને ચૌદ તાલુકાઓ છે. જેમાં થઈને જિલ્લાનાં ચૌદ-પંદર પ્રવાસન ધામો કે મંદિરો છે. જ્યાં અન્ય કોમો સાથે આદિવાસીઓ ફરવા જાય છે કે પછી દર્શન કરવા જાય છે.

### ૧. કેદારનાથ મહાદેવ મંદિર (બાલુન્દ્રા, તા. અમીરગઢ)

અમીરગઢના બાલુન્દ્રા ગામે પર્વત પર આવેલું કેદારનાથ મહાદેવ મંદિર ઘણું પ્રાચીન છે. જ્યાં લોકો દર્શન કરવા આવે છે. વળી આ મંદિર પર્વત પર આવેલું હોવાથી સાંજનું ને સવારનું વાતાવરણ ખૂબ જ રમણીય ને આહ્‌લાદક લાગે છે. આ મંદિર જેસોર અભયારણ્યની પાસે આવેલું છે. આથી પણ પર્યાવરણીય પ્રેમીઓને આ મંદિરમાં આવવું ગમે છે.

### ૨. ડુંગરપુરીજી મહારાજની ધૂણી (અમીરગઢ, તા. અમીરગઢ)

અમીરગઢ તાલુકાના અમીરગઢ ગામે ડુંગરપુરીજી મહારાજની ધૂણી આવેલી છે. ફાગણ વદ આઠમના રોજ આદિવાસી સમાજના તથા અન્ય સમાજના લોકો એકઠા થઈ ધજા ચઢાવે છે. અહીં મેળો ભરાય છે. મેળામાં નાચતાં ગાતાં સાથે સૌ આનંદ માણે છે.

### ૩. બાલારામ મહાદેવ મંદિર (ચિત્રાસણી તા. પાલનપુર)

પાલનપુરથી ૧૦ કિ.મિ. દૂર ચિત્રાસણી ગામની પાસે બાલારામ મહાદેવ મંદિર આવેલું છે. જે ખૂબ જ પ્રાચીન મંદિર છે. દર વર્ષે શ્રાવણ માસના દર સોમવારે અહીં મેળો ભરાય છે. આખો શ્રાવણ માસ મેળા જેવો માહોલ રહે છે. બાલારામ મહાદેવની આસપાસ કુદરતી સંપત્તિ અમૂલ્ય છે. ચારેબાજુ વનરાજી છે. ખળખળ વહેતા ઝરણાના પાણીથી મહાદેવના શિવલિંગને પખાળી શકાય છે. આમ મંદિરની આસપાસનું વાતાવરણ ખૂબ સુંદર લાગે છે.

### ૪. હરગંગેશ્વર મહાદેવ (હાથીદરા, તા. પાલનપુર)

પાલનપુર તાલુકાના હાથીદરા ગામે આવેલ હરગંગેશ્વર મહાદેવનું મંદિર ખૂબ જ પૌરાણિક છે. અહીં શ્રાવણ માસમાં લોકમેળો ભરાય છે. આદિવાસીઓ પણ અહીં માનતા માને છે અને માનતા પૂરી કરવા તથા દર્શન કરવા અહીં જાય છે.

### ૫. બાલારામ પેલેસ રિસોર્ટ

બાલારામ પેલેસ રિસોર્ટની આજુબાજુમાં વન્યજીવન અભયારણ્ય જોવાલાયક છે, તેમ જ જેસોર હિલ અભયારણ્ય પણ જોવાલાયક છે.

મહેલની નજીક આવેલાં જંગલમાં કાળા રીંછ, દીપડાં, જંગલી આખલા, ચાર શિંગડાંવાળું હરણ, શિયાળ વગેરે આવેલાં છે. અહીં પક્ષીઓને નિહાળવા માટે ખાસ જગ્યા મુકરર કરેલી છે.

## છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાનો જન્મ ૧૫ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ થયો. છોટાઉદેપુર અને તેની આસપાસનો વિસ્તાર ખૂબ નયનરમ્ય અને મનોરમ્ય નજરાણું છે. આજુબાજુની વગડાઉ વનરાઈ અને ડુંગરાઓ ગુજરાતના પૂર્વ દરવાજાના કિલ્લા બન્યા અને ભૂતકાલીન ભારતની શૌર્યગાથામાં છોટાઉદેપુરનું નામ અંકિત થયું.

મહંમદ બેગડાએ જ્યારે ચાંપાનેર (હાલનું પાવાગઢ) જીત્યું ત્યારે પતાઈ રાવળનો મોટો પુત્ર ચાંપાનેરથી નાસી છૂટ્યો અને નર્મદાના જમણા કિનારે આવેલા હાંફમાં (હાફેશ્વર) સ્થિર થયો. તેના વંશજો કાળક્રમે પોતાના પુરાવાના પ્રતીકરૂપે અસ્તિત્વ ધરાવે છે. અઢારમી સદીના આરંભમાં વિલોપાતી મોગલ સત્તાના સમયે ૨૫ કિ.મિ. દૂર ઓર નદીના કિનારે રાજધાની ખસેડી. આ રાજધાની એટલે આજનું છોટાઉદેપુર. ઈ.સ ૧૮૨૦માં છોટાઉદેપુર રાજ્ય બ્રિટિશ સરકારને તબદીલ થયું તે પહેલાં ગાયકવાડ રાજ્યની ખંડણી ભરતું હતું. ઓર નદીના કિનારે વસેલા આ નગરનું વિશેષ ઐતિહાસિક મહત્ત્વ છે. આ તાલુકાના ક્વાંટ પાસે આંબાડુંગરની મહામૂલી ખનિજ-તીર્થભૂમિ આવેલ છે. અહીં જગપ્રસિદ્ધ ફ્લોરસ્પારનો વિપુલ જથ્થો પ્રાપ્ત થયો છે. અહીં ડોલોમાઈડ, લાઇમ સ્ટોન, જિપ્સમ અને સોફ્ટ સ્ટોનના ભંડાર ભર્યા છે. ગ્રેફાઇટ અને ગ્રીન માર્બલ પણ આ વિસ્તારનું મહત્ત્વનું પ્રદાન છે. આ જિલ્લામાં ઇમારતી લાકડું ઉપરાંત ગુંદર, લાખ, મહુડાનાં ફૂલ, ડોળી – ખેતરમાંથી બનતો કાથો, ટીમરૂ, આસિત્રાનાં પાન, ચારોળી તેમ જ અન્ય વનૌષધિઓ છે. નગરની આસપાસનો વિસ્તાર લીલી નાઘેરની યાદ અપાવે તેવો છે.

## ૧. પંચ પાંડેશ્વર શિવાલય, પાનવડ

ક્વાંટ તાલુકાના ગામ પાનવડ અને આદિવાસીનો ઇતિહાસ પણ મહાભારત કાળ સુધી જાય છે. ગુજરાતની પૂર્વપટ્ટી હિડંબાવન તરીકે ઓળખાતી હોવાની દંતકથાને મહાભારતમાં સમર્થન છે. આમ આદિવાસી વિસ્તાર એ હિડંબાવન હતું અને એટલે જ આ વિસ્તારમાં વસતા લોકોમાં તામસ – ગુસ્સો વધુ પડતો જોવા મળતો હોવાની લોકોની માન્યતા છે.

ઐતિહાસિક વારસો ધરાવતા ધામણી નદી કિનારે આવેલા પાનવડમાં ઐતિહાસિક વાવ પણ આવેલી છે. આ ઉપરાંત પાનવડ ગામ માટીનાં માટલાં, વાસણો માટે ખ્યાતિ ધરાવે છે. અને આદિવાસીઓનાં ચાંદીનાં ઘરેણાં પણ પ્રખ્યાત છે.

## ૨. એકલવ્ય તીરંદાજી પ્રશિક્ષણ એકેડમી, નસવાડી

આદિવાસી સમુદાય, ગુરુદ્રોણને પોતાના અંગૂઠાની ગુરુદક્ષિણા આપનાર એકલવ્યના સમયથી તીરંદાજીમાં વારસાગત કુશળતા ધરાવે છે. આદિજાતિ લોકો આ કુશળતાનો ઉપયોગ મુખ્યત્વે શિકાર માટે કરતા અને ઝઘડા-વિવાદ પ્રસંગે આ કલા સ્વરક્ષાનું  સ્વરૂપ લેતી. બીજી તરફ જગતમાં તીરંદાજી સચોટ લક્ષ્યવેધની રમતના રૂપમાં રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય અને ઓલિમ્પિક સ્તરે એક રમતના રૂપમાં સ્વીકૃતિ પામી છે.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના દુગ્ધા ગામના તરવરિયા દિનેશ ડુંગરાભીલે સાવ પ્રાથમિક કક્ષાના દેશી તીરકામઠા પર તેનો પરિશ્રમસભર મહાવરો કેળવીને તીરંદાજીની રાષ્ટ્રીય સ્પર્ધામાં મેડલ્સ જીત્યાં અને અદ્યતન અને ઇન્ટરનૅશનલ લેવલે સ્વીકૃતિ માપદંડો પ્રમાણે તીરંદાજીની પદ્ધતિસરનું  પ્રશિક્ષણ મેળવ્યું. આદિવાસીઓએ સ્વરક્ષાના સ્રોત બનેલી તીરંદાજીને લક્ષ્યવેધમાં કુશળતાના એકલવ્ય વારસા તરીકે ઉજાગર કરવા અને વારસાગત કુનેહ ધરાવતા આદિજાતિ યુવાનોને રમતવીર બનાવવાનો સંકલ્પ કર્યો અને આ સંકલ્પનું સાકાર સ્વરૂપ એટલે છોટાઉદેપુર જિલ્લાના ગૌરવ સમાન એકલવ્ય તીરંદાજી પ્રશિક્ષણ એકેડમી.

તેના સ્થાપક દિનેશભાઈનું લક્ષ્ય તીરંદાજીને આદિજાતિ યુવાનોની ગમતી રમત તરીકે વ્યાપક અને સર્વસ્વીકૃત બનાવવાનું છે. આ સંસ્થામાં પ્રશિક્ષણ મેળવનારી કિશોરીએ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય રમતસ્પર્ધામાં ચંદ્રકો જીત્યાં છે.

નસવાડીના વાલપુરા-તણખલા રોડ પર એકલવ્ય વ્યાયામ શાળા ટ્રસ્ટ, દુગ્ધા દ્વારા સ્થાપિત અને રાજ્યની કદાચિત્ એકમાત્ર તીરંદાજી પ્રશિક્ષણની નિવાસી સંસ્થામાં દર વર્ષે તીરંદાજીમાં અભિરુચિ ધરાવતાં ૩૦ જેટલાં કિશોર-કિશોરીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ નિવાસી સંસ્થામાં તીરંદાજીના પદ્ધતિસરના પ્રશિક્ષણની વ્યવસ્થા રાજ્ય સરકારના પીઠબળ અને લોકસહયોગથી કરવામાં આવી છે. તાલીમાર્થીઓ અહીં ધનુર્વિદ્યા શીખે છે. અને નજીકની સંસ્થાઓમાં શિક્ષણ મેળવે છે. આમ આ સંસ્થા શિક્ષિત તીરંદાજી કુશળ રમતવીરોનું ઘડતર કરે છે. રાજ્ય સરકારના સૌજન્યથી લીંબારામ જેવા નામાંકિત ઇન્ટરનૅશનલ આર્ચર દ્વારા પ્રશિક્ષણની તક એકૅડમીના તાલીમાર્થીઓને મળે છે. તીરંદાજીમાં ત્રણ વાર રાષ્ટ્રીય વિજેતા સંસ્થા સ્થાપક દિનેશભાઈને પણ લીંબારામે તાલીમ આપી છે.

એકૅડમીએ આ વિસ્તારના આદિજાતિ સમુદાયને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે સામાજિક કુટેવો, અંધશ્રદ્ધાઓ, નુકસાનકારક રીતરિવાજો, વ્યસનો, ખોટી માન્યતાઓના નિવારણનો યજ્ઞ પણ આદર્યો છે. આમ તીરંદાજીના વારસાગત કૌશલ્યને એક રમત તરીકે વિકસાવવાની સાથે સમાજ સુધારણાને આ સંસ્થાએ પોતાની કાર્ય પ્રવૃત્તિઓમાં સાંકળી લીધી છે.

અકાદમીના કુશળ તીરંદાજોએ રાષ્ટ્રીય રમતસ્પર્ધામાં ૩૪ સુવર્ણ, ૨૮ રજત અને ૩૦ કાંસ્ય ચંદ્રકો મેળવીને એકલવ્ય દ્રષ્ટિનો પુરાવો આપ્યો છે.

આદિજાતિ સમુદાયના યુવાનો માત્ર તીરંદાજી નહીં પણ દોડ, ઊંચા-લાંબા કૂદકા સહિતની ક્ષેત્રીય રમતોમાં ઝળકવાનું કૌવત અને શારીરિક બળ ધરાવે છે. તેના સુનિયોજિત વિકાસ માટે વ્યાયામ સંસ્થાઓની આ વિસ્તારને જરૂર છે. એકલવ્ય અકાદમી એ દિશાની એક ઉજ્જ્વળ શરૂઆત છે.

### ૩. કોરાજ ડુંગર એક ઐતિહાસિક ધરોહર : ગુફા-ચિત્રો

તેજગઢ ગામમાં ત્રણ ફળિયાં આવેલાં છે. ટીમલા ફળિયા, હરદાસપુર ફળિયા, કોરાજ ફળિયામાં ખૂબ મોટો ડુંગર આવેલો છે. તેની તળેટીમાં કોરાજ ફળિયું છે. તેથી આ ડુંગરને કોરાજ ડુંગર તરીકે ઓળખવામાં આવે છે. તેજગઢની ઉત્તરે અછાલા ગામ આવેલું છે. જે પણ કોરાજ ડુંગરની તળેટીમાં છે. ડુંગરની ઉપર જઈને જોતાં તેજગઢથી મધ્યપ્રદેશ ૪૦ કિ.મિ., રાજસ્થાન ૧૦૦ કિ.મિ. અને મહારાષ્ટ્ર ૯૦ કિ.મિ.ના મધ્યબિંદુમાં આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારમાં આ ડુંગર આવેલો છે.

ભાષા સંશોધન કેન્દ્ર દ્વારા આદિવાસી અકાદમી તેજગઢથી પૂનાની ડેક્કન યુનિવર્સિટીના તજ્જ્ઞો દ્વારા અછાલા વિસ્તારમાં આવેલાં ગુફાચિત્રો ૧૨,૦૦૦ વર્ષ કરતાં પણ જૂનાં છે એમ જણાવ્યું છે. જે ગુફાને આદિવાસી વિસ્તારના લોકો ઘોડાવાળી છેલ તરીકે ઓળખે છે. તેની બાજુમાં જ બીજી લાલ કલરની ઘોડાવાળી છેલ આવેલી છે. તેની નજીકમાં અછાલા ગામના ગામદેવ, પહાડિયા પીર અને ખેડબાઈ માતાનાં દેવસ્થાનો છે. તેમ જ પથ્થરની મૂર્તિઓના અવશેષો જોવા મળે છે. નીચે રાણી તેજબાઈએ બંધાવેલ કિલ્લો અને એક કિ.મિ. જેવા કોટની દીવાલના અવશેષો જોવા મળે છે. આ જગ્યા ઉપર એક પૌરાણિક વાવ પણ છે. આ વાવને સરકારશ્રીના ગુજરાત પેટર્ન પોજેક્ટ દ્વારા સમારકામ કરીને તેના રક્ષણ માટે ફેન્સિંગ બનાવેલ છે. આ જ વિસ્તારની ભૂમિમાં પ્રાચીન અને મધ્યયુગની માટીનાં વાસણો, તૂટેલા અવશેષો પણ જોવા મળે છે. પૌરાણિક સમયમાં પથ્થર તોડવાની નિશાનીઓ હતી તે આજે પણ પથ્થર પર તેના ખાડા મોજૂદ છે. તળેટીમાં પથ્થરની હનુમાનદાદાની

મૂર્તિનું સ્થાનક છે. જેને આ વિસ્તારના લોકો બાબા હરમાન તરીકે ઓળખે છે. તેની બાજુમાં ગણપતિ, શંકર-પાર્વતીની મૂર્તિઓ છે. તેની ઉપર પથ્થર ગોઠવીને તૈયાર કરેલ પૌરાણિક મંદિરો છે. નજીકમાં શિવલિંગ પણ આવેલું છે. એ જ સ્થળ પર બાબા બળિયાદેવ અને બાબા મહાદેવનાં સ્થાનકો પણ છે.

તેજગઢ અને અછાલા ગામનાં તેમ જ આજુબાજુ વિસ્તારનાં ભાઈ-બહેનોએ મળીને બાબા હરમાનનું મંદિર બનાવ્યું છે. આ મંદિરમાં દર શનિવારે તથા શ્રાવણ માસમાં આ વિસ્તારના લોકો હરમાનની પૂજા–અર્ચના કરવા માટે આવે છે. અહીંયાં દર વર્ષે બાબા હરમાનની જન્મજયંતીની ઉજવણી કરે છે. આ દિવસે ૮થી ૧૦ હજાર લોકો ઉજવણીમાં આવે છે. આ વિસ્તારનાં પશુઓના પાલક બાબા ભેંહાદેવ જે પશુઓની રખેવાળી કરે છે. તેની માનતા-પૂજા કરવા માટે આ સ્થળે લોકો આવે છે. બળિયા નીકળેલ વ્યક્તિઓ પણ બાધા છોડવા માટે બળિયાદેવની પૂજા-અર્ચના કરવા આ સ્થળે આવે છે. બાજુમાં મુસ્લિમ ભાઈઓ દ્વારા પહાડિયા પીરને દર વર્ષે ચાદર ચઢાવવાની વિધિ કરવામાં આવે છે.

ડુંગરની બીજી બાજુ એટલે કે કોરાજ વિસ્તારમાં બે ગુફાચિત્રો આવેલ છે. જેને ધોળી ભૂતોની ઘોડી અને લાલ ભૂતોની ઘોડી તરીકે ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં એક હીરકૂવો, વાવ, નાંદરવા દેવ, વૈદ્યદેવ, દૂધિયાદેવ આદિવાસી દેવસ્થાનકો અને લાખા વણઝારાના પથ્થરના પાળિયા પણ જોવા મળે છે. આ વિસ્તારમાં અદ્‌ભુત જંગલ આવેલું છે. જંગલમાંથી મળતી કેટલીક વન્ય ઔષધિઓનો લોકો આજે પણ દવા તરીકે ઉપયોગ કરે છે.

ભાષા સંસ્થા આદિવાસી અકાદમી તેજગઢમાં આવેલ અભ્યાસુઓ, સંશોધકો તેમ જ દેશવિદેશના મુલાકાતીને આ સ્થળની ફરજિયાત મુલાકાત કરાવે છે. કોરાજ ડુંગરને ઇટાલીની એલિશ ટીલ્ચે મ્યુઝિયમના સંશોધનના ભાગરૂપે તેમના સંશોધનમાં આ વિસ્તારનું સંશોધન કાર્ય કરેલ છે. ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર દ્વારા ૨૦૧૨માં આ સ્થળ ઉપર પૂર્વજોની ઓળખનો કાર્યક્રમ કર્યો હતો અને ત્યાં ૨૧ દેશોના ભાષાશાસ્ત્રીઓ આવ્યા હતા અને આ સ્થળની મુલાકાત લીધી હતી તેમ જ આદિવાસી અકાદમી તેજગઢનું મ્યુઝિયમ ઑફ વોઇસના સંચાલકોએ આ દરેક સ્થળોના વીડિયો, ફોટોગ્રાફી કરેલ છે. ફોટોગ્રાફીનું પ્રદર્શન વાચા સંગ્રહાલયમાં આજે જોવા મળે છે.

## ૪. કુદરતની અજાયબી માખણિયો પર્વત

મહાભારતમાં માખણિયા પર્વતનો ઉલ્લેખ કરાયો છે. સાહસિક યુવાનો માટે આ પ્રવાસન સ્થળ છે.

પૂર્વપટ્ટીનો આદિવાસી વિસ્તાર હિડિંબા વન હતું એવી લોકોક્તિ છે. આ વિસ્તારમાં તેના પુરાવારૂપ સ્થળો પણ છે. માખણિયા પર્વતનો મહાભારતમાં ઉલ્લેખ છે. આ માખણિયો પર્વત પાવી જેતપુરથી ૧૫ કિ.મિ. અને છોટાઉદેપુર જિલ્લા મથકેથી ૩૦ કિ.મિ. દૂર આવેલો છે. બાજુમાં સુખી ડેમ બાંધવામાં આવેલ છે. સુખી ડેમ પણ પ્રવાસનનું સ્થળ છે. આમ એકસાથે જ પ્રવાસન સ્થળોની મુલાકાત થઈ શકે છે.

જાંબુઘોડા વન્ય પ્રાણી અભયારણ્ય પણ નજીકમાં આવેલું છે. પાવી જેતપુર તાલુકાના કીકાવાડા ડુંગર ઉપર મહિષાસુર(ભેંસાદેવ)નું સ્થળ, કોરાજ, અછાલા, પાલસંડાના ડુંગરોમાં પથ્થર પર લાલ કલરથી ઐતિહાસિક ચિત્રશૈલી છે. જે ફળ અથવા ઝાડના રસમાંથી ચિત્રો દોર્યાં હોવાનું જણાય છે.

રાયપુર ગામ પાસે આવેલા માખણિયા પર્વતને સ્થાનિક લોકો હોરહીંડો ડુંગર કહે છે. આ પર્વતની કહેવત છે – ‘પાવાગઢ પંદર શેરનો અને હોરહીંડો સોળ શેરનો’. આ માખણિયા પર્વતની તળેટીમાં સાત જેટલાં ગામો આવેલાં છે. જેમાં રાયપુર ગામમાં પર્વતની તળેટીમાં અનેક નાની નાની ગુફાઓ આવેલી છે. આ ડુંગરી(ટેકરી)ને

ચિતાડુંગરી તરીકે સૌ ઓળખે છે. જેમાં ચિત્રલિપિઓ અને વિવિધ ચિત્રો પણ દોરેલાં છે. અને એક મહાલય શિલા (પથ્થર) છે. જેનો આકાર નાગદેવતાની ફેણ જેવો છે. આ પથ્થર ઉપર પણ કેટલીક આદિવાસી લિપિઓ દોરેલી જોવા મળે છે. આ સિવાય આ સ્થળ પાસે એક પથ્થર છે. જે પથ્થરમાં રોમન તલવાર સાથે સિપાહી ઊભો હોય તેવો ભાસ થાય છે.

બીજી બાજુ હાથીપગલા ગામ આવેલું છે. જે ગામમાં પણ એક નાની ડુંગરી (ટેકરી) આવેલી છે. જ્યાં ડુગરી ઉપર એક પથ્થર ઉપર હાથીનાં પગલાંની છાપ છે. ત્રીજું ગામ કોસુમપાણી આવેલું છે. આ ગામમાં એક ઝરણું છે. તે ઝરણું બારેમાસ વહે છે. ગમે તેવા દુષ્કાળમાં પણ ઝરણામાં પાણી ખૂટતું નથી. પાસે ડુંગરવાંટ ગામ આવેલું છે. ત્યાં પણ સુખી જળાશય (ડેમ) બાંધવામાં આવેલ છે. બાજુમાં ગંભીરપુરા, ધુંટીઆ, ધનપુર જેવાં ગામો આવેલાં છે. આ ગામો માખણિયા પર્વતની તળેટીમાં આવેલાં છે.

તેનાથી ઉપર જતાં થોડે દૂર એક મોટી શિલા જે રીતે શાળામાં બ્લૅકબોર્ડ મૂકવામાં આવે છે, તે રીતે ગોઠવાયેલી છે. આ પથ્થર ઉપર પણ સંસ્કૃત લિપિમાં લખાણ છે. તથા ચિત્રો પણ દોરેલાં છે. જેને સ્થાનિકો ઘોડાવેલ તરીકે ઓળખે છે. ત્યાંથી થોડે આગળ જતાં જીભડી હોળ નામની મોટી શિલા આવેલી છે. જે શિલા લગભગ ૫૦ ફૂટ લાંબી છે. જે શિલામાંથી ચીકણો પદાર્થ નીકળે છે. જે ચૈત્રી માસ દરમિયાન ખૂબ મોટા પ્રમાણમાં લાળની માફક ટપકે છે. આ જીભલી હોડમાંથી લાળ ટપકતી હોય તેમ ચીકાશવાળું પાણી ટપકે છે. માખણિયા પર્વત ઉપર બે તળાવ આવેલાં છે. એક તળાવનું નામ છે, ઢેડી તળાવ. જેમાં બારેમાસ પાણી રહે છે, બીજા તળાવને સાદું તળાવ કહેવામાં આવે છે. આ બન્ને તળાવની ઉપર મોટી શિલા આવેલી છે. જે શિલા ચઢવા માટે કપરા ચઢાણ ચઢી ઉપર જવાય છે. જ્યાં સાત કુંડો આવેલા છે. જે કુંડો બારેમાસ પાણીથી ભરાયેલા રહે છે. અને કુંડોમાં અનેક જાતની રંગીન માછલીઓ પણ જોવા મળે છે.

તળાવની બાજુમાં ભગ્ન અવસ્થામાં શિવમંદિર આવેલું છે. આ સ્થળે બે નાના પથ્થરો છે. જે પથ્થરોને ઊંચકવાના હોય છે. આ પથ્થરોને દીકરા-દીકરીના પથ્થરો કહેવામાં આવે છે. પથ્થર ઊંચકવાથી જે પથ્થર કમર સુધી ઊંચકાય તેના ઘરે દીકરીનો જન્મ થાય છે. અને પથ્થર ખભા સુધી ઊંચકાય તો દીકરો જન્મે છે. આમ, આ સ્થળે જેને બાળકો નથી થતાં તેવાં જોડાં (યુગલો) બાધા લેવા આવે છે.

આ પર્વત ઉપર એક ગુફા આવેલી છે, જે ગુફાનું મુખ બિલકુલ નાનું છે. ફક્ત એક જ વ્યક્તિ પ્રવેશી શકે પરંતુ ગુફાની અંદરના ભાગે પાંચસો માણસો સમાઈ જાય તેવી ક્ષમતા છે. માખણિયા પર્વત ઉપર વરકન્યાની ચોરી, સાસુ-વહુનો ડીંડો વગેરે અનેક અજાયબીઓ આ પર્વતમાં છુપાયેલી છે.

સત્ય અને અસત્યનાં પારખાં કરવા આ સ્થળે અનેક લોકો આવે છે. અહીં બાપની બારીના બે પથ્થરો વચ્ચેથી સાચો માણસ ગમે તેટલો જાડો હોય તો પણ તેમાંથી પસાર થઈ જતો હોય છે. જેની સામે જૂઠો માણસ ગમે તેટલો પાતળો હોય તોય તે આ પથ્થરો વચ્ચે જકડાઈ જાય છે. અને બાદમાં તેને બાધા આખડી રાખી બહાર કઢાય છે. આમ આ માખણિયા પર્વત ઉપર અનેક અજાયબીઓ છે. આ સ્થળે શિવરાત્રિ તથા ફાગણ સુદ અગિયારસે ભવ્ય મેળો ભરાય છે. આ સ્થળે હજારો લોકો મેળો માણવા આવે છે. આ પર્વતની ઉપર પણ દુકાનો લગાવાય છે. અને આ વિકસી રહ્યું છે.

### ૫. કુસુમવિલાસ પૅલેસ

છોટાઉદેપુર ચૌહાણ રાજપૂતોનું રાજ્ય હતું. આ આદિવાસી પટ્ટામાં ચૌહાણોએ વર્ષો સુધી રાજ્ય કર્યું. હિઝ હાઇનેસ ફતેસિંહજીના સુવર્ણકાળ દરમિયાન ૧૯મી–૨૦મી સદીની શરૂઆતમાં

છોટાઉદેપુર રાજ્યમાં કેટલાક સુધારા-વધારા કરવામાં આવ્યા અને રાજ્યમાં કેટલીક માળખાગત સગવડો વધારી દેવામાં આવી.

કુસુમવિલાસ પૅલેસ ૨૦મી સદીની શરૂઆતમાં બાંધવામાં આવ્યો હતો. અહીં આગળ પોર્ટિકો, વરંડો, આઉટ હાઉસિસ અને બહાર વિશાળ ૩૦ એકર જગા છે. મહેલ અંદરની સજાવટ ફ્રેન્ચ પ્રકારની છે. ફ્રાન્સના રાજા લુઈ ચૌદમાના સમયનું ફર્નિચર, ઝુમ્મરો, વિશાળ ભોજનખંડ, ડ્રોઇંગરૂમ અને જૂનો બિલિયર્ડ રૂમ અહીંની શોભા વધારે છે. અહીં સ્વિમિંગ પુલ અને અન્ય રૂમ પણ છે, રેસ્ટોરન્ટ તો છે જ.

છોટાઉદેપુરમાં ૧૮મી, ૧૯મી, અને ૨૦મી સદીમાં ઘણાં જૂના ઐતિહાસિક મકાનો અને કેટલાંક મહેલો પણ છે. ત્યાં રાજવીઓની ક્લબો, મેન્શન, શાળાઓ, હૉસ્પિટલો વગેરે બાંધેલી છે. છોટાઉદેપુરની આસપાસ આદિવાસી ગામો આવેલાં છે, જ્યાં ભીલ અને રાઠવાની વસ્તી વધારે છે. આદિવાસીઓ તહેવારોના દિવસે તેમના પોશાક, ઘરેણાં, નૃત્યો અને તેમની આગવી સંસ્કૃતિ વડે લોકોનાં દિલ હરી લે છે. ત્યાંની પ્રજાની કલા અને હસ્તકલા કારીગરી વખાણવા લાયક છે. ત્યાંનું આદિવાસીઓનું પીઠોરા પેઇન્ટિંગ, માટીકામ, ટેરાકોટાની આકૃતિઓ, મૂતિઓ અને બાણ બનાવવાની તેમ જ ચલાવવાની કલા અદ્‌ભુત છે.

છોટાઉદેપુરથી ૮૦ કિ.મિ. ના વિસ્તારમાં આવેલાં અન્ય સ્થાનોમાં સંખેડા જોવા જેવું છે. જ્યાં સુંદર રીતે બનાવેલું લાકડાનું ફર્નિચર આકર્ણક છે. પાવાગઢનો કિલ્લો અને મહાકાળીનું મંદિર, ચાંપાનેરનું–સ્થાપત્ય અને ડભાઈનો કિલ્લો જોવાલાયક છે. છોટાઉદેપુર વડોદરાથી ૧૦૦ કિ.મિ. દૂર આવેલું છે.

## પંચમહાલ જિલ્લો

પંચમહાલ એટલે પાંચ મહાલનો સમૂહ. સિંધિયા રાજ્ય વખતે ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ પંચમહાલના પાંચ મહાલ હતા જે પાવાગઢ-પંચમહાલ તરીકે જાણીતા હતા.

યુનેસ્કોએ ચાંપાનેરને હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપી છે. ત્યારથી ચાંપાનેરનું મહત્ત્વ વધી ગયું છે. ચાંપાનેર બૈજુ બાવરાની જન્મભૂમિ છે. અને ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

ગુર્જર ધરાની વૈશ્વિક વિરાસત એવા ચાંપાનેરનો યુનેસ્કો દ્વારા ‘વર્લ્ડ હેરિટેજ’માં સમાવેશ કરવામાં આવ્યો છે. ચાંપાનેર એક સમયે મહંમદ બેગડાની રાજધાની રહી ચૂકી હતી. એક જમાનામાં જાહોજલાલી અને ખુશહાલીથી ધમધમતું ચાંપાનેર સમરકંદ અને તહેરાનથી માંડીને લિસ્બન, શાંઘાઈ અને માડાગાસ્કર સાથે પણ ગાઢ સંપર્ક ધરાવતું હતું. પાવાગઢની તળેટીમાંથી પ્રાપ્ત થયેલાં ઓજારો, પથ્થરના ગોળાઓ, ચક્રો, વાસણો, મૂર્તિઓ જેવા પુરાતત્ત્વીય અવશેષો તો છેક પાષાણયુગ સાથે આ સ્થળનું અનુસંધાન જોડી આપે છે. આજે તો ચાંપાનેર હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિની અણમોલ વિરાસતના સંગમતીર્થ તરીકે વધુ મહત્ત્વનું બની ગયું છે.

આઠમી સદીના પ્રતાપી ગુર્જર નરેશ વનરાજ ચાવડાના મંત્રી ચાંપારાજે પર્વતની તળેટીમાં આ નગર વસાવ્યું હતું અણહિલપુર પાટણથી એકાવન હાથીની સવારી સાથે આવેલા વનરાજ ચાવડાએ નગરનું શિલારોપણ કર્યું એ પછી ચાંપાનેરે ગુજરાતના મહત્ત્વના શહેર તરીકે નામના મેળવી હતી. બારમી તેરમી સદીમાં ચૌહાણોએ નગરની સુરક્ષા માટે મજબૂત કિલ્લો બાંધ્યો. ચૌહાણ વંશના પ્રતાપી રાજા જયસિંહ પતાઈ રાવળના નામે ઇતિહાસપ્રસિદ્ધ છે. તેના સમય દરમિયાન પર્વતની સૌથી ઊંચી મેલિયા ટૂંકથી આરંભાતું શહેર માંચી હવેલીના મેદાનથી તળેટી સુધી વિસ્તરેલું હતું

### ૧. ગોધરા

ગોધરા પંચમહાલનું મુખ્ય શહેર છે. મુગલ અને મરાઠા કાળનું અગત્યનું મથક છે. ત્યાંથી ઉત્તરે દેવગઢબારિયા અને દાહોદ સુધીનો જંગલોનો અને આદિવાસીઓનો વિસ્તાર છે. રતનમાળના ડુંગરા ઉપર રીંછનું અભયારણ્ય છે. દેવગઢબારિયા જૂનું રજવાડું છે. તે રમણીય સ્થળ છે. તો દાહોદ વેપારધંધાથી સમૃદ્ધ એવું લગભગ મધ્યભારતની સરહદે આવેલું શહેર છે. ડભોઈ, સંખેડા, હાલોલ, છોટાઉદેપુર, બોડેલી, ગોધરા, દેવગઢબારિયા, દાહોદ, લુણાવાડા, સંતરામપુર બધે જ કૉલેજો વિકસી છે. તો કપાસ, લાકડું અને જંગલની પેદાશ તેમ જ ઔદ્યોગિક પેદાશોના બજારો પણ વિકસ્યા છે. ગોધરાથી પૂર્વ લુણાવાડા પણ જૂનું રજવાડું છે. આમ, ગોધરા અને દાહોદ આદિવાસીઓની ખૂબ મોટી વસ્તી છે.

### ૨. ટુવા

પંચમહાલ જિલ્લામાં જંગલો અને વનરાજીઓ વચ્ચેના વાતાવરણમાં આ ઝરા આવેલા છે. નજીકમાં જ શિવમંદિર છે. ઓરિસ્સા જેવી બાંધણી ધરાવતું આ મંદિર ગુજરાતમાં બીજે ક્યાંય નથી. મંદિરમાં ખંડિયેરમાં સંવત ૧૦૮૯, ૧૧૧૨ અને ૧૧૩૯ જેવો સમય વંચાય છે. આમ પંચમહાલ જિલ્લામાં ગરમ પાણીના ઝરાનો ઉપયોગ આદિવાસીઓ વિશેષ પ્રમાણમાં કરે છે. એમની માન્યતા છે કે આ ઝરામાં નહાવાથી તેમના રોગ મટી જાય છે. ટુવા એક દિવસની પિકનિક માટે સારું સ્થળ છે.

### ૩. શહેરાનું મરડેશ્વરનું મહાદેવ મંદિર

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે આવેલ મરડેશ્વર મહાદેવનું મંદિર ભગવાન શિવજીનું પ્રાચીન અને વિશાળ મંદિર છે. આ મંદિરમાં ભગવાન શિવજીનું આઠ ફૂટ ઊંચું શિવલિંગ છે. આ ભવ્ય શિવલિંગ મરડિયા પથ્થરમાંથી બનાવેલું હોઈ તે 'મરડેશ્વર' તરીકે ઓળખાય છે. આ લિંગ ઉપરથી સ્વયંભૂ અવિરત ગંગાજળ વહ્યા કરે છે. એવી માન્યતા છે કે પ્રતિવર્ષ આ લિંગ ચોખાના દાણા જેટલું વધે છે. અહીં દૂર દૂરથી શ્રદ્ધાળુઓ આવી શિવજીની ભવ્યતાનો અનુભવ કરી શિવકૃપા મેળવવા પ્રયત્ન કરે છે. આ શિવમંદિર ચાર યુગ પુરાણું છે, તેમ ત્યાંના પૂજારીઓ કહે છે. શ્રાવણ મહિનામાં આ મંદિરમાં લાખો ભક્તોની ભીડ જામે છે. પ્રતિ વર્ષે જન્માષ્ટમીએ અહીં મેળો ભરાય છે.

### ૪. પંચમહાલનું માનગઢ

ગુજરાતમાં પણ જલિયાંવાલા બાગની જેમ સમૂહ હત્યાકાંડ યોજાયો હતો. ૧૭મી નવેમ્બર, ૧૯૧૭ના રોજ રાજસ્થાન અને ગુજરાતની સરહદે આવેલા પંચમહાલના માનગઢમાં ૧૫૦૦ જેટલા ભીલોને બ્રિટિશ હકૂમતે ગોળીઓથી ભૂંજી નાંખ્યા હતા. પાછળથી બાંસવાડા, પંચમહાલ-માનગઢ-ડુંગરપુરના વિસ્તારોમાં ફેલાયેલા ભીલોને મળવાથી મૌખિક ઇતિહાસ પ્રાપ્ત થાય છે. આ ભીલોને ૧૩મી એપ્રિલ, ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડની તેમ જ બ્રિટિશ બ્રિગેડિયર જનરલ રેજિનાલ્ડ ઈ.એચ. ડાયરના હુકમથી પ્રથમ ૩૭૯ લોકોને ગોળીથી મારી નાંખવામાં આવ્યા હતા. જો કે એક મૌખિક ઇતિહાસકારે એક હજાર કરતાં વધુને મારી નાંખ્યા હતા તેવો દાવો કર્યો છે. એક મૌખિક દંતકથા પ્રમાણે સામાજિક સુધારક ગોવિંદગુરુના ૧૫૦૦ જેટલા અનુયાયીઓ, જે માનગઢ પર્વત પર રાજસ્થાનના ડુંગરપુર નજીક વેડસા ગામે એકઠા થયા હતા તેઓને બ્રિટિશ દળોએ ફૂંકી માર્યા હતા અને આ અનુયાયીઓએ શહાદત વહોરી હતી. આ સમાજસુધારક ગોવિંદગુરુએ ૧૯મી સદીમાં ભીલ આદિવાસીઓ વચ્ચે 'ભગત ચળવળ' ચાલુ કરી હતી, જેનો તેમને શાકભાજી ખાવા માટે તેમ જ વ્યસનમુક્તિ માટે પ્રેરવા શરૂઆત કરી હતી અને આ ચળવળ દ્વારા તેઓ આદિવાસીઓમાં જાગૃતિ ફેલાવવા માંગતા હતા. વળી, બાંસવાડા, સંતરામપુર, ડુંગરપુર અને કુશલગઢના ખેતમજૂરો

ઉપર દમનની નીતિ બ્રિટિશરોએ અપનાવી હતી, તેનો આ ભીલો વિરોધ કરતા હતા.

આજે આ હત્યાકાંડમાંથી બચેલા ભીલ ચળવળકારો એ ભયંકર દિવસની યાદ અપાવી દે છે. બ્રિટિશ હકૂમતકારોએ ભીલોને માનગઢ પર્વત ખાલી કરીને જતા રહેવાનું કહ્યું હતું. બધા ભીલો માનગઢ ટેકરી પર ભેગા થયા હતા. આ ટેકરી ઉપર ભીલો ખેતમજૂરી કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવતા હતા. પરંતુ તેમને ટેકરી ખાલી કરવાનું કહેતાં ભીલોએ ના પાડી. પોતાનું સ્થાન છોડવાની ના પાડી અને બ્રિટિશ હકૂમતના ઑર્ડર સ્વીકારવાની ના પાડી. આથી બ્રિટિશ કમાન્ડરે ભીલો ઉપર ગોળી ચલાવવાનો હુકમ કર્યો અને ત્યાં એકઠા થયેલા ભીલો ઉપર ગોળી ચલાવી. આ ગોળીઓની વર્ષા બ્રિટિશ અમલદારે ત્યારે જ રોકી જ્યારે તેમણે એક ભીલ બાળકને તેની મૃતમાતાને ધાવતા જોયો. અન્ય એક જીવંત વ્યક્તિના કહ્યા મુજબ બ્રિટિશરોએ તોપોથી બોમ્બવર્ષા કરી ગોળાકારમાં આદિવાસીઓ ફંગોળાઈને મરી જાય તે રીતે માર્યા હતા. આમ લગભગ ૧૫૦૦ આદિવાસીઓ તે દિવસે માર્યા ગયા હતા. ગોવિંદગુરુએ આ ચળવળ ૧૮૯૦માં શરૂ કરી હતી. આ ચળવળમાં ધાર્મિક તથા સામાજિક ઉદ્દેશો સમાયેલા હતા. ૧૯૦૩માં ગોવિંદગુરુએ પોતાની મુખ્યબેઠક માનગઢ પર્વત ઉપર બનાવી અને તેમના પ્રયત્નોથી ૧૯૧૦માં ભીલોએ બ્રિટિશરો સમક્ષ ૩ ડિમાન્ડનો ખલતો તૈયાર કરી મોકલાવ્યો. આ મુસદ્દામાં પરાણે મજૂરી, ભીલો ઉપર લગાવાયેલા ઊંચા કરવેરા અને ગુરુના અનુયાયીઓને હેરાનગતિ ઓછી કરવાની માંગણી હતી. આ હત્યાકાંડમાં તે વિસ્તારના પોલિટિકલ એજન્ટ આર.ઈ. હેમિલ્ટનનો મુખ્ય હિસ્સો હતો. ગોવિંદગુરુને પકડી તેમની ઉપર મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી, પાછળથી તેમની સારી વર્તણૂકને કારણે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ રજવાડાંઓમાં પ્રવેશવાની બંદી ફરમાવવામાં આવી હતી. છેલ્લે તેમણે ગુજરાતમાં લીંબડી પાસે કંબોઈમાં આશ્રય લીધો હતો અને ૧૯૩૧માં તેમનું મૃત્યુ થયું હતું.

આમ ગોવિંદગુરુ અને માનગઢના ભીલોના હત્યાકાંડને ભીલોએ પોતાની સ્મૃતિમાં જીવતો રાખ્યો છે.

## નર્મદા જિલ્લો

ભરૂચ જિલ્લામાંથી વિભાજિત નર્મદા જિલ્લો ઑક્ટોબર ૧૯૯૭ના રોજ અસ્તિત્વમાં આવ્યો. આ જિલ્લો આદિવાસી જિલ્લો છે. અખૂટ પ્રાકૃતિક સૌંદર્ય અને વનસંપદાથી ભરપૂર આ જિલ્લો ગુજરાતની જીવાદોરી સમી બહુહેતુક સરદાર સરોવર યોજનાને લીધે આંતરરાષ્ટ્રીય નકશામાં સ્થાન ધરાવે છે.

જિલ્લામાં નર્મદા નદી અને કરજણ નદી એમ બે મુખ્ય નદીઓ છે. નર્મદા નદી પર નવાગામ ગામે બંધ બાંધવામાં આવ્યો છે. જેની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર છે. તો કરજણ નદી ઉપર જીતગઢ ગામે ડેમ બાંધવામાં આવેલ છે. જેના પાણીથી નાંદોદ તાલુકા ઉપરાંત ભરૂચ જિલ્લાના ખેડૂતો સિંચાઈનો લાભ લઈ રહ્યા છે. સાગબારા તાલુકામાં ચોપડવાવ તથા કાકડીઆંબા ગામે પણ ડેમ બાંધવામાં આવેલ છે. આજનો નર્મદા જિલ્લો એ સ્વતંત્ર ભારતનાં દેશી રજવાડાંઓ પૈકી એક સ્વતંત્ર રાજપીપળા રાજ્ય હતું ૯-૬-૧૯૪૮ના રોજ ભારતના મુંબઈ રાજ્યમાં વિલીન થયું હતું. લોકવાયકા મુજબ પ્રથમ ગાદીનું સ્થાન પીપળા નીચે કર્યું હતું તેથી રાજપીપળા નામ પડ્યું હતું તેમ કહેવાય છે. જિલ્લાની કુલ વસ્તી ૫,૧૪,૪૦૪ છે. જેમાં આદિવાસીઓની સંખ્યા મહદંશે છે. આદિવાસીઓ અને પછાત વસ્તી ધરાવતા આ જિલ્લામાં જમીનનો પ્રકાર પથરાળ અને ખાડા-ટેકરાવાળો હોવાથી ખેતીની આવક ખૂબ જ ઓછી રહે છે. મુખ્યત્વે સૌ ખેતી, ખેતમજૂરી તથા પશુપાલન ઉપર નભે છે. આ જિલ્લામાં મુખ્યત્વે

વસાવા, તડવી, આદિવાસીઓની વસ્તી વધુ પ્રમાણમાં છે. આ ઉપરાંત કાથોડી, કોટવાળિયા, હળપતિ, ધાણકા પણ છે.

નર્મદા જિલ્લામાં પ્રવાસન સ્થળોએ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી પ્રવાસીઓને આવકારવાનું કામ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાતની પ્રવર્તમાન સરકારે નર્મદા ડેમને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની કરેલી જાહેરાત બાદ નર્મદા ડેમની મુલાકાતીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. ઓવરફ્લો થતા ડેમને નિહાળનારાઓ પોતાને બડભાગી માને છે.

નર્મદાની આસપાસ ગાઢ જંગલો હોવાથી ત્યાં જંગલ ટ્રેકિંગના કાર્યક્રમો ખૂબ થઈ શકે છે. શૂલપાણેશ્વર વન્યજીવન અભયારણ્યમાં ફરવાની તેમ જ વન્યજીવન નિહાળવાની મજા કંઈક ઓર છે. તો હાંફેશ્વરથી ખસેડેલાં મંદિર તેમ જ શૂલપાણેશ્વરની જગ્યાએથી પ્રાચીન મંદિરને ખસેડી નીચે કેવડિયા કૉલોની પાસે આવેલાં સ્થળોએ પ્રસ્થાપિત કર્યાં છે. તેથી તેને જોવા પણ ઘણા લોકો આવે છે.

## ૧. દેવમોગરા તીર્થસ્થાન

દેડીયાપાડાથી પૂર્વમાં ૨૫ કિ.મિ. દૂર આવેલું દેવમોગરા ખાતેનું પાંડોરી માતાનું દેવસ્થાન આ જિલ્લા અને પડોશના જિલ્લા તથા રાજ્યોની આદિવાસી પ્રજાનું મોટું તીર્થ બની ચૂક્યું છે. પાંડોરી માતા આદિવાસીઓની અનન્ય શ્રદ્ધાનું પ્રતીક છે.

પાંડોરીનો સંદર્ભ પાંડવોની માતા કુંતા સાથે છે, તેવું લાગે છે. આ વિસ્તારની આદિવાસી પ્રજાની કુળદેવી છે. દર રવિવારે અનન્ય ભક્તિથી આદિવાસીઓ પોતાની માનતા પૂર્ણ કરવા ત્યાં જાય છે. અહીં શ્રીયંત્ર અને પિરામિડ શૈલીનું અદ્‌ભુત સંકલન જોવા મળે છે. શિવરાત્રીના દિવસોમાં ચૈત્ર ને આસો માસમાં અહીં મેળો ભરાય છે. જ્યાં લાખોની સંખ્યામાં આદિવાસીઓ આવે છે. અહીં હાટ પણ મંડાય છે. અને હાટમાંથી આદિવાસીઓ ખરીદી કરે છે. દેવમોગરા લોકોની આસ્થાનું ઐતિહાસિક સ્થળ છે. જે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ત્રણેય રાજ્યોના ત્રિભેટે આવેલું છે. આ સ્થળ આદિવાસીના ખાનગી ટ્રસ્ટને આધીન છે. આજુબાજુ ક્યાંય રહેવાની વ્યવસ્થા નથી કે ખાવાપીવાની વ્યવસ્થા નથી. માત્ર દેવમોગરામાં જ્યારે મેળો ભરાવાનો હોય ત્યારે પ્રસાદરૂપે અહીં ખાવાનું વહેંચવામાં આવે છે. અહીં પ્રવાસનની રીતે વિકાસ થઈ શકે તેટલી જગ્યા છે. જ્યારે મેળો ભરાવાનો હોય ત્યારે ખાનગી ટ્રસ્ટ અહીં સ્ટોલ નાંખવાની મંજૂરી આપે છે. પરંતુ દેવમોગરા જવાનો રસ્તો કઠિન છે, દુર્ગમ છે. તેથી અને તીર્થસ્થાને પહોંચ્યા પછી પણ કંઈ મળતું નથી.

## ૨. નિનાઈધોધ માલસામોટ

રાજપીપળા પૂર્વ વનવિભાગમાં જે વિસ્તાર છે, તે પૈકી ૬૦૭.૭૦ ચો. કિ.મિ. વિસ્તારમાં જૈવિક વિવિધતા અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવું શૂલપાણેશ્વર વન્યજીવન અભયારણ્ય આવેલ છે. આ અભયારણ્ય વિસ્તારમાં ડુંગરાળ વિભાગો આવેલા છે. જેમાં ગુજરાતનાં શ્રેષ્ઠ અને સમૃદ્ધ ગણી શકાય તેવાં જંગલો આવેલ છે. જ્યાં કરજણ જળાશય, સરદાર સરોવર, નિનાઈધોધ, સગાઈ સામોટ જેવાં પ્રાકૃતિક સૌન્દર્ય ધરાવતાં સ્થળો આવેલ છે. તેમ જ પહાડોમાંથી ખળખળ વહેતાં ઝરણાંના અવાજ અને સપુષ્પી વનસ્પતિથી ચોમાસામાં આહ્‌લાદક વાતાવરણ સર્જાય છે. ચોમાસાની શરૂઆત થતાં જ નિનાઈધોધ, તેની આસપાસનું વિસ્તારોનું નયનરમ્ય દ્રશ્ય ઊભું થાય છે, જે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જે માટે રાજ્ય સરકારે પ્રવાસન વર્ષમાં આ પ્રાકૃતિક ધામોનો વિકાસ કરવા માટે મોટી રકમ ફાળવીને તે દિશામાં નક્કર આયોજન હાથ ધર્યું છે.

વન વિસ્તાર અને વન બહારના લોકોમાં વન્યજીવો, જૈવિક વિવિધતા અંગે જાગૃતિ કેળવવી,

વનોના વિકાસ અને સંવર્ધનોમાં મહત્તમ લોકોનો સહકાર મળે, ઈકોટૂરિઝમ પ્રવૃત્તિઓ થકી સ્થાનિક લોકોની આર્થિક, સામાજિક સ્થિતિમાં સુધાર, સ્થાનિક લોકોનું વન આધારિત લોકજીવન અને સંસ્કૃતિ–કળાથી અન્ય લોકોને અવગત કરવા સાથે ઈકોટૂરિઝમ વિકાસ માટે પ્રયાસો હાથ ધરાયા છે.

સામોટ ખાતે તથા દેડીયાપાડા, સગાઈ, સામોટ ખાતે વન વિભાગનાં રેસ્ટ હાઉસ તથા પ્રાકૃતિક શિક્ષણ શિબિરના હોલ-ડોરમેટરી છે. સગાઈ ખાતે રોકાણની સુવિધા, પરબ, સગાઈ, સામોટ, નિનાઈઘોધ ખાતે પાણીની સુવિધા, કેલ્કા પુલ, દેવી ડુંગર પોઇન્ટ, નિનાઈઘોધ-માલસામોટ ખાતે કામચલાઉ વિશ્રામ માટે વનકુટિર સુવિધા, સામોટ ખાતે ટેન્ટમાં રાત્રિમુકામ સુવિધા છે. ટ્રેકિંગ માટે વનભ્રમણ કેડી, નિનાઈઘોધ વ્યૂ પોઇન્ટ, સસલા ઘર, સગાઈ તથા મોઝદા ખાતે પ્રાકૃતિક શિક્ષણ કેમ્પસાઇટ છે. સિંગલોટી ખાતે માહિતી ઉપલબ્ધ કરવા સ્થાનિક યુવક-યુવતીઓને તાલીમ આપી ૫૦ જેટલા ઈકોટૂરિઝમ ગાઇડ અને ૨૫ યુવક-યુવતીઓને કેટરિંગ માટે તૈયાર કરવામાં આવેલ છે.

નિનાઈ/માલસામોટ વિસ્તારનાં આકર્ષણો – જોવા લાયક સ્થળોમાં નિનાઈઘોધ, ચોશિંગા પ્રજનન કેન્દ્ર, દાબકા, સસલા ઘર – સામોટ તથા વેલી વ્યૂ પોઇન્ટ – સામોટ, રિવર વ્યૂ – કેલ્દા – નિનાઈઘોધનો સમાવેશ થાય છે.

નિનાઈઘોધ-માલસામોટ ઈકોટૂરિઝમ વિકાસ યોજના દ્વારા નિર્માણ પામેલ સુવિધાથી પ્રાકૃતિક આનંદ માણનારા, પ્રાકૃતિક શિબિરના લાભાર્થી, વ્યાવસાયિકો, પ્રકૃતિપ્રેમીઓ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ અને સુરત જેવાં નજીકનાં શહેરો તથા રાજપીપળા, કેવડિયા, દેડીયાપાડાના સ્થાનિક પ્રવાસીઓ આવે છે.

આ વિસ્તારમાં ડુમખલ ખાતે પોપટોનું અનોખું ધામ છે.

### મહીસાગર જિલ્લો –

તાજેતરમાં અસ્તિત્વમાં આવેલા મહીસાગર જિલ્લાના તાલુકાઓ લુણાવાડા, કડાણા, સંતરામપુર, બાલાસિનોર, વીરપુર અને બાકેર તાલુકાઓનાં ગામો જૂનાં છે, પ્રાચીન છે, વનરાજીથી છવાયેલાં છે, ઐતિહાસિક દ્રષ્ટિએ તેનું મહત્ત્વ ખૂબ છે. તો જૂનાં રજવાડાંઓમાંનું એક રજવાડું બાલાસિનોર છે. અહીં બે બંધ આવેલા છે. કડાણા બંધ અને સરોવર તથા લુણાવાડા પાસેનો પદમ બંધ અને સરોવર. જેને કારણે જિલ્લાની સિંચાઈની સુવિધાઓ પૂરી થઈ શકે છે. આ જિલ્લામાંથી જ ઉત્ખનન કરતાં પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. મહીસાગર જિલ્લામાંથી મહી નદી પસાર થાય છે, જે જિલ્લાને સમૃદ્ધ કરે છે. તો જૂના જમાનામાં કહેવાતું હતું કે મહીના કોતરોમાંથી કોઈને જ શોધી કાઢવા મુશ્કેલ. કારણ કે મહીના કોતરો ભૂલભુલૈયા જેવા હોય છે. જ્યાંથી રસ્તો શોધવો બહુ મુશ્કેલ થાય છે. થોડા સમય પહેલાં ગુજરાતી ફિલ્મોનાં શૂટિંગ આ મહીના કોતરોમાં ઘણાં થયાં છે. એમાં પણ ખાસ કરીને બહારવટિયાઓ, ડાકુઓ ને રાજાઓના કોતરોમાં છુપાતા દુશ્મનોના અહીં ઘણાં શૂટિંગ થયાં છે. મહીસાગર જિલ્લામાં સંતરામપુર, લુણાવાડા, બાલાસિનોર જેવા વિસ્તારોમાં આદિવાસી વસ્તી ઘણી રહે છે અને તે હંમેશાં પોતાની સંસ્કૃતિને સાચવીને ઘણાં સ્થળોએ પ્રવાસન માટે જાય છે.

### વલસાડ જિલ્લો –

આપણે ઇતિહાસ તરફ નજર દોડાવીએ તો યાદ આવે કે પારસીઓ સૌપ્રથમ સંજાણ બંદરે ઊતર્યા હતા. પારસીઓ ત્યાર બાદ સમગ્ર ભારતમાં ફેલાઈ ગયા હતા. ઈરાનથી લાવેલા પવિત્ર અગ્નિને પારસીઓએ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા ગામે સ્થાપિત કર્યો હતો અને ઉદવાડા પારસીઓનું તીર્થસ્થાન બની ચૂક્યું છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર બગવાડા ખાતે એક

જૈનમંદિર છે જ્યાં ધાર્મિક યાત્રાળુઓનો પ્રવાહ અવિરત ચાલુ રહે છે.

વલસાડ જિલ્લાના છ તાલુકાઓમાં ઘણા આદિવાસીઓ વસે છે. વલસાડની આદિવાસી જાતિઓની પોતાની સંસ્કૃતિ છે. વલસાડ જિલ્લો પણ લીલાંછમ વૃક્ષોથી સભર છે. કેરી, ચીકુ, નાળિયેર જેવાં ફળોથી લદબદ આ જિલ્લામાં ખેત ઉત્પાદન પણ વધુ થાય છે.

## ૧. ધરમપુરનાં શિવમંદિર –

લગભગ ૭૦૦ વર્ષ પહેલાં માંડવગઢના કોળી રાજા નાથોરાતને મારી ભગવાન શ્રીરામના સૂર્યવંશના અને મેવાડના સિસોદિયાવંશના રાજકુમાર રામસિંહે સ્થાપેલું રામનગર રાજ્ય જે આજે ધરમપુર નામે જાણીતું છે. એની બીજી ઓળખ વિશ્વપ્રસિદ્ધ વીણાવાદક અને સંગીતકાર પ્રભાતદેવજી મહારાજ અને ત્રીજી આધુનિક ઓળખ એટલે ગુજરાતી સાહિત્યના એક અમરકૃતિ 'બાનો ભીખુ'ના લેખક ચંદ્રકાંત પંડ્યાની જન્મભૂમિ.

એક સમયે વેંગણીયા નદી તરીકે જાણીતી અને આજે સ્વર્ગવાહિની તરીકે ઓળખાતી નદીના કિનારે આવેલું ધરમપુર એક રજવાડી નગર છે. અને ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે એનું ભારતીય મહાસંઘમાં વિલિનીકરણ થયું હતું. હવે એ જિલ્લાનું એકમાત્ર રજવાડી નગર છે. સમૃદ્ધ ઐતિહાસિક અને કલા-સંસ્કૃતિનો વારસો ધરાવતા ધરમપુરમાં ફળિયે ફળિયે મંદિરો છે એમાં પણ અહીંનું લક્ષ્મીનારાયણ મંદિર તો સ્થાપત્ય કલાનો બેનમૂન નમૂનો છે અને એ પુરાતત્ત્વખાતા દ્વારા આરક્ષિત પણ છે. આવા ધરમપુરમાં ઐતિહાસિક મહત્ત્વનાં શિવસ્થાનકો હોવા સ્વાભાવિક છે. જેમાં સ્વર્ગવાહિની નદીના કિનારે મનહરઘાટ પર આવેલાં ત્રણ શિવમંદિરો સૌપ્રથમ ધ્યાન ખેંચે છે.

## ૨. બરુમાળનું શ્રી ભાવભાવેશ્વર મંદિર –

રજવાડી નગર ધરમપુરથી સાત કિ.મિ. પૂર્વમાં અને વલસાડથી લગભગ ૪૦ તથા વાપીથી ૫૦ કિ.મિ.ના અંતરે માન નદી જેને માનસીગંગા તરીકે પણ હવે ઓળખવામાં આવે છે. એના કિનારે હજુ સુધી સમગ્ર વિશ્વમાં ક્યાંય જ્ઞાત નહીં એવું અષ્ટધાતુ નિર્મિત બેજોડ શિવલિંગ ધરાવતું ભગવાન ભાવભાવેશ્વર મહાદેવનું ભવ્ય શિવાલય આવેલું છે. આ વિસ્તારનાં અતિ લોકપ્રિય એવાં શિવાલયો પૈકીના એક એવા બરુમાળના મંદિર અને સ્થાનક વિશે કોઈ વિશિષ્ટ ઐતિહાસિક કે સાંસ્કૃતિક સંદર્ભ સ્વાભાવિક રીતે જ નથી, કારણ કે આ શિવાલય હજુ હાલમાં ઈ.સ. ૨૦૦૦માં જ નિર્માણ પામ્યું છે છતાં એની ખ્યાતિ અને લોકપ્રિયતા સીમાડાઓ વટાવી રહી છે.

બરુમાળના આ શિવાલય અને એના બેજોડ શિવલિંગને કારણે આ મંદિરને ધર્માચાર્યો તેરમા જ્યોતિર્લિંગ તરીકે પણ વર્ણવે છે. એમ કહેવાય છે કે, આજે અનેક સ્થળે સ્થાપિત કે સ્વયંભૂ શિવલિંગો જોવા મળે છે. પણ અષ્ટધાતુ નિર્મિત શિવલિંગ સમગ્ર વિશ્વમાં ક્યાંય હોવાનું જાણવા મળતું નથી. જો કે, આ અંગે એમ જરૂર મનાય છે કે શિવપુરાણમાં વર્ણિત દ્વાદશ જ્યોતિર્લિંગો પૈકીના પ્રથમ એવા વેરાવળના સોમનાથ મહાદેવનું જ્યોતિર્લિંગ અષ્ટધાતુ નિર્મિત અને નવરત્નો જડિત હતું અને મોહમદ ગઝનવીના હુમલા સુધી વિદ્યમાન હતું. પણ એનાય કોઈ આધાર પુરાવા પ્રાપ્ત થતા નથી. એવું આ શિવલિંગ જ્યોતિ સ્વરૂપ હોવાથી એને જ્યોતિર્લિંગ કહી શકાય છે. બીજો એક મત એમ છે કે હાલમાં ભારતમાં જે ૧૨ જ્યોતિર્લિંગ છે (કેટલાક ૧૫ ગણાવે છે.) એ જુદા જુદા ભક્તો દ્વારા શિવના તપને કારણે જે તે શિવલિંગમાં ભગવાન શિવ જ્યોતિ સ્વરૂપે સ્થાપિત થયા હોઈ એ જ્યોતિર્લિંગ તરીકે ઓળખાયા છે. એમ આ બરુમાળનું અલૌકિક શિવલિંગ પણ જ્યોતિર્મય હોવાથી એ જ્યોતિર્લિંગ ગણી શકાય એમ મનાય છે. આ શિવલિંગ વિશ્વમાં અદ્વિતીય છે એમાં બેમત નથી. બરુમાળના આ શિવાલયને કારણે વલસાડ જિલ્લો અને ધરમપુર

જેવો અંતરિયાળ આદિવાસી પ્રદેશ ધાર્મિક પ્રવાસ સ્થળ તરીકે પણ પ્રકાશમાં આવ્યો છે.

ધરમપુરના આ આદિવાસી વિસ્તારમાં બ્રહ્મલીન સ્વામી અખંડાનંદજી છેક ઈ.સ.૧૯૪૨થી ગામડે ગામડે ફરી આદિવાસીઓને વ્યસનમુક્ત કરી એમનામાં સંસ્કાર સિંચન કરવા ફરતા હતા અને વિદ્યાનંદ સરસ્વતી એમના જ શિષ્ય છે. તેઓ પણ છેક ઈ.સ.૧૯૬૫થી અહીં આવતા અને કાર્ય કરતા થયા. મહાશિવરાત્રિના દિને ચોથા પ્રહરની પૂજા દરમિયાન એમના મોંમાંથી 'ભાવભાવેશ્વરની જય' એવો શબ્દ અનાયાસે નીકળી ગયો. એને શિવજીનો સંકેત માની એમણે અહીં સ્થાપિત થનાર મહાદેવ 'ભાવભાવેશ્વર મહાદેવ' તરીકે ઓળખાશે એમ નક્કી કરી મંદિરના નિર્માણનો સંકલ્પ જાહેર કરી દીધો. ત્યાર બાદ તેમણે આ શિવાલયમાં કેવા પ્રકારનું શિવલિંગ સ્થાપિત કરવું એનો શાસ્ત્રોમાં અભ્યાસ કર્યો અને સર્વસિદ્ધિ આપનાર મનાતું અષ્ટધાતુનું ક્યાંય નહીં હોય એવું અદ્વિતીય શિવલિંગ સ્થાપવાનું નક્કી કર્યું અને પાંચ કિલો સોનું નાંખવું એમ વિચાર્યું. આ માટે તેઓ આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે ગયા અને રજૂઆત કરી કે તમારા શરીર પર રહેલાં આભૂષણોની તો ક્યારેય પૂજા નહીં થાય, પણ એ સોના-ચાંદી શિવલિંગમાં ભળી જશે તો જ્યાં સુધી શિવલિંગ રહેશે ત્યાં સુધી એની પૂજા થશે અને આદિવાસીઓએ લગભગ ૫૦ કિલો ચાંદી અને દોઢ કિલો જેટલું સોનું પોતાના શરીર પરથી ઉતારી શિવલિંગના નિર્માણ માટે અર્પણ કરી દીધું. એ રીતે આદિવાસીઓની ધર્મભાવના અને આસ્થા પણ શિવલિંગમાં ભળી ગઈ. ત્યાર બાદ ઈ.સ.૧૯૯૯માં મુંબઈમાં લક્ષચંડી મહાયજ્ઞ કર્યા બાદ બરુમાળનું આ મંદિર પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો અને જયપુરમાં આરસની મૂર્તિઓનો ઑર્ડર અપાયો તથા અષ્ટધાતુના શિવલિંગના નિર્માણ માટે દ.ભારત, બનારસ, મુરાદાબાદ વગેરે સ્થળોએ મૂર્તિકારોની તપાસ કરી. અષ્ટધાતુનું આ શિવલિંગ એમણે ૬ મહિનાની જહેમત અને લગભગ ૧ કરોડના ખર્ચે તૈયાર કર્યું. ભાવભાવેશ્વરનું શિવલિંગ તથા ભગવતી પીતાંબરીની મૂર્તિ જ્યારે ઢાળવા આવી ત્યારે બારુમાળ સહિત અન્યત્રથી સેંકડો ભક્તો હાજર રહ્યા હતા અને સતત ઓમ્ નમઃ શિવાયના મંત્રોચ્ચાર વચ્ચે આ કાર્ય પૂર્ણ કરાયું.

આ શિવલિંગના નિર્માણ માટે શાસ્ત્રોક્ત રીતે નિયત સોનું, ચાંદી, તાંબું, જસત, સીસું, પ્લેટિનિયમ પારો વગેરે ધાતુને એકત્ર કરી ઉપયોગમાં લેવાઈ જેમાં ૨૫ કિલો સોનું, ૧૨૫ કિ.ગ્રા. ચાંદી, ૫૦૦ કિલો પારો સહિત અતિ મોંઘું એવું ૧૫ લાખનું ૧૪૦૦ ગ્રામ પ્લેટિનમ વાપરીને લગભગ ૬ ટન વજનનું ૫૪ ઇંચ ઊંચું અને ૮૧ ઇંચ લંબાઈનું અગિયારમુખી આકર્ષક શિવલિંગનું નિર્માણ થયું. આ શિવલિંગમાં દરેક ગ્રહો માટે અનુકૂળ ધાતુ વાપરવામાં આવી હોવાથી દરેક ગ્રહોની શાંતિ થાય છે. અને દરેક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ કહેવાય છે.

આ મંદિરના ભોંયતળિયે ૧૦,૦૦૦ સ્ક્વેર ફૂટનું વિશાળ સ્વામી અખંડાનંદ આદિવાસી સંસ્કારભવનનું નિર્માણ કરાયેલું છે. જ્યાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. લગભગ દસેક એકરમાં પથરાયેલા આ વિશાળ સંકુલમાં પ્રવેશ માટે બનાવાયેલા એક ભવ્ય દરવાજામાંથી પરિસરમાં પ્રવેશતાં જ એની ભવ્યતાથી પ્રભાવિત થવાય છે. આ પરિસરમાં અદ્યતન ગૌશાળા, ઉત્તરબુનિયાદી શાળા, પીટીસી કૉલેજ, સ્વામીજીના ભવ્ય આવાસ સહિતની રહેણાકોની સુવિધા વગેરે કરવામાં આવેલી છે.

આજે નિ:શંક રીતે બરુમાળનું આ અષ્ટધાતુ નિર્મિત અને ૧૩મા જ્યોતિર્લિંગ તરીકે જાણીતું થયેલું શિવલિંગ અને ભાવભાવેશ્વર મહાદેવનું ઉત્તુંગ શિખરોથી શોભતું ભવ્ય શિવાલય ધરમપુર-કપરાડાના આદિવાસી વિસ્તારમાં જ નહીં વલસાડ કે સુરત અને સંઘપ્રદેશ દમણ-દાદરા નગર

હવેલીમાં શિવભક્તોનું મહત્ત્વનું શ્રદ્ધાકેન્દ્ર બની રહ્યું છે. તેમાંય સ્થાપના વર્ષ પછીનાં વર્ષોમાં આ શિવલિંગના ગળામાં લીલો રંગ (નીલકંઠ સ્વરૂપ) ઊપસી રહ્યો હોવાના ચમત્કારોની વાતો પછી ભાવિક ભક્તોનો પ્રવાહ વધતો રહ્યો હોવાનું પણ કહેવાય છે. સામાન્યતઃ ગરીબ આદિવાસીઓના હૃદયમાં ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે ભાવ જાગે અને આ સ્થળ એમને પ્રેરણા આપતો એક પ્રકાશસ્તંભ બની રહે એવા મહામંડલેશ્વર વિદ્યાનંદ સરસ્વતીજીના મત સાથે ભાવભાવેશ્વર મહાદેવનું નામાભિધાન પામેલ આ શિવસ્થાનક સાચે જ એ ભાવના સાકાર કરી રહ્યું છે.

### ૩. માંડવા અને વરવઠનાં શિવમંદિરો

પ્રાકૃતિક સંપદાથી સંપન્ન અને સહ્યાદ્રિની પર્વતમાળાના ભાગરૂપ વલસાડ જિલ્લાના સૌથી મોટા કપરાડા તાલુકામાં જાણીતા અને મહત્ત્વપૂર્ણ એવા કુંભઘાટના તડકેશ્વર મહાદેવ અને વરવઠના પુરાણા શિવમંદિરની વાત કરીએ.

ધરમપુરથી પારનદીનો વડખંભા પુલ પસાર કરી ડાબે વળાંક લઈએ એટલે એ રસ્તો સીધો કુંભઘાટ થઈ તાલુકાના મુખ્યમથક કપરાડા પહોંચે છે. આ જ રસ્તા પર કપરાડા પહેલાં લગભગ બે કિ.મિ.ના અંતરે માંડવાના કુંભઘાટ પર આદિવાસીઓમાં ખૂબ જ જાણીતું જૂનું શિવ સ્થાનક આવેલું છે. આ શિવમંદિરનું ગર્ભગૃહ પહેલાં કરમદાંની ગીચોગીચ પથરાઈને વિકસેલી વેલોની ઝાડી વચ્ચે હતું તેથી એનું નામાભિધાન કરમદેશ્વર મહાદેવ તરીકે થયેલું હતું. આ સ્થાનક અતિ પ્રાકૃતિક સ્વરૂપમાં હોવાથી એના દર્શનનો લહાવો કંઈક અનેરો જ છે અને ઘણા શિવભક્તોએ મૂળ સ્વરૂપનું સ્થાનક જોયું હશે. આ સ્થાન પર પાકું ચણતર કરવાના પ્રયાસો થતા આવ્યા હોવાનું લોકો જણાવે છે, અને કહે છે કે આ જગ્યાએ શિવલિંગની ઉપર કોઈ છાપરું ટકતું નથી. તેથી તેને તડકેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે શ્રદ્ધાળુઓના વધતા પ્રવાહને કારણે ગર્ભગૃહની જગ્યા અને કરમદાંની ઝાડીને યથાવત્ રહેવા દઈ કૉંક્રીટના બીજા કોમન સ્થળને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ થયો છે. જેનાથી ગર્ભગૃહ સુધી પહોંચવાની સરળતા રહે છે. આ કુંભઘાટ પર આવેલું શિવમંદિર પૌરાણિક કાળનો સંદર્ભ અને લોકવાયકા ધરાવે છે. એમ કહેવાય છે કે મહાભારતકાળના સાત ચિરંજીવીઓ પૈકી ગુરુદ્રોણના પુત્ર અશ્વત્થામા આ સ્થાને શિવપૂજા માટે આવતા, એવી દંતકથા આદિવાસીઓમાં પ્રચલિત છે. અશ્વત્થામા મહાભારતના યુદ્ધ પછી ઉત્તરાના ગર્ભસ્થ શિશુની હત્યા બાદ દંડકારણ્યમાં આવીને છુપાયો હતો અને એ શાપિત હતો. કહેવાય છે કે શરીરમાં ઊઠેલા દાહને ઠારવા ખોપરીના બનેલા ભિક્ષાપાત્રમાં ભિક્ષા માગતા આજે પણ જંગલોમાં ફરે છે. આ દતંકથા કોઈએ માની લેવાની જરૂર નથી. આવી બાબતોના કોઈ પ્રમાણ મળતાં નથી. છતાં આ શિવસ્થાનક સાથે શ્રદ્ધાળુઓની આસ્થા પ્રાચીન પરંપરાગત રીતે ચાલી આવે છે. એ હકીકત છે કે મંદિરના ગર્ભગૃહમાં એક પાળિયાના પથ્થરનો ટુકડો, જૂનો નંદી અને શિવલિંગ જોવા મળે છે.

## નવસારી જિલ્લો –

ગુજરાત રાજ્યના દક્ષિણ છેડે ગુજરાતના પ્રવેશદ્વાર સમું નવસારી પૂર્ણા નદીના કાંઠે આવેલું છે. દરિયાની સપાટીથી નવસારી શહેરની ઊંચાઈ દસ મીટર જેટલી છે. નવસારીની શાંત, સુંદર અને ખુશનુમા આબોહવાને કારણે આ શહેર મેદાની વિસ્તારમાં આવેલું અને દરિયાની નજીક હોવાથી આબોહવા સમરસ રહે છે.

### ૧. નવસારી ઉનાઈ માતા –

જગતજનની મા દુર્ગા – અંબે અનેક રૂપમાં ધરતી પર બિરાજેલ છે. દક્ષિણ ગુજરાતમાં ઉનાઈ

માતાજીનું મંદિર દક્ષિણ ગુજરાતના લોકો માટે એક આસ્થાનું પ્રતીક ગણાયું છે.

નવસારી જિલ્લાના ઉનાઈ મંદિરનો પૌરાણિક વારસો શ્રદ્ધાળુઓને દર્શનાર્થે આવવા મજબૂર કરી રહ્યો છે. ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી રોજ આશરે ૫૦૦થી વધુ શ્રદ્ધાળુઓની આસ્થાને ધ્યાને રાખી રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા સમાયેલ પ્રોજેક્ટ અંતર્ગત પાઇલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ૩ કરોડના ખર્ચે ભવ્ય મંદિરનું નિર્માણ તેમ જ વિવિધ સુવિધાઓ શ્રદ્ધાળુઓ માટે ઊભી કરવામાં આવી છે. એક માન્યતા મુજબ શ્રદ્ધાળુઓ ગરમ પાણીના કુંડમાં સ્નાન કરે તો ચર્મરોગ મટી જવાની માન્યતા છે. જેને લઈને ગુજરાત તેમ જ અન્ય રાજ્યોમાંથી શ્રદ્ધાળુઓ ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવા માટે આવતા હોય છે.

દક્ષિણ ગુજરાતનું ઉનાઈ તીર્થધામ આદિવાસી વન વિસ્તારમાં આવેલ છે. રાજ્ય સરકારે આ તીર્થધામનો વિકાસ આરંભ્યો છે ત્યારથી ગ્રામજનોમાં રોજગારીના નવા સ્રોત ઊભા થવા પામ્યા છે. વર્ષોથી આસ્થાનું પ્રતીક બનેલ ઉનાઈ માતાજીનું મંદિર મકરસંક્રાંતિ અને ચૈત્રી પૂનમના રોજ મેળામાં ફેરવાઈ જાય છે અને ગામે-ગામથી ભાવિક ભક્તો પગપાળા ચાલીને માનતા રાખીને આવતા હોય છે. ત્યારે ઉનાઈ મંદિર ટ્રસ્ટ અને સરકારી વહીવટી તંત્ર લોકોની આસ્થાને ટકાવી રાખવા સેવા પૂરી પાડી રહ્યા છે. આમ રાજ્યમાં આદિવાસી સંસ્કૃતિ જળવાઈ રહે અને કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડવાના અર્થે વહીવટી તંત્ર અને ગુજરાત પ્રવાસન વિભાગ ઉનાઈ મહોત્સવની ઊજવણી કરતા ગ્રામજનોને મદદ કરતાં રહે છે.

ઉનાઈ માતાજીનાં દર્શનથી જીવનના દરેક સપના પૂર્ણ થાય એવી આસ્થા સાથે આ તીર્થધામ પર ભાવિકો ઊમટી પડતા હોય છે. ખાસ તો આદિવાસી પ્રજા ખૂબ નાચે છે. આમ ઉનાઈ માતાજીને રીઝવવા પૂજા-અર્ચના કરીને મનવાંછિત ફળ મેળવતા હોય છે. ત્યારે પેઢીગત આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક બનેલું ઉનાઈ માતાનું મંદિર આજે પણ આદિવાસીઓના શ્વાસમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે.

## ૨. આછવણીનું પ્રગટેશ્વર મહાદેવ મંદિર –

આદિવાસી વિસ્તારમાં આવેલું ચીખલી તાલુકાના આછવણીનું પ્રગટેશ્વર મહાદેવ મંદિર સદાજાગ્રત શિવતીર્થ ગણાય છે. ખેરગામથી ૭ કિ.મિ. દૂર અને ચીખલીથી ૨૦ કિ.મિ.ના અંતરે આછવણીનું આ શિવસ્થાનક શિવભક્ત પ્રભુભાઈ પટેલે વિક્સાવ્યું છે.

મૂળ આછવણીમાં જ સામાન્ય આદિવાસી કુટુંબમાં ઈ.સ. ૧૯૪૦માં જન્મેલા પ્રભુભાઈ પાતળભાઈ પટેલ નાનપણથી જ શિવભક્ત હતા. બાળપણમાં પણ, વાંસ, ફૂલો ભેગા કરી ધૂળના શિવલિંગો બનાવી તેની પૂજા કરતા. મોટા થતાં ભણીને તેમણે શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો. ઈ.સ. ૧૯૯૭માં તેમને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનું બહુમાન મળ્યું. પણ તેમને શિવપ્રાગટ્યના સંકેતો મળતા જ રહેતા. ચમત્કારિક રીતે તેમનાં પત્ની રમણબહેનને નાનું એવું શિવલિંગ પ્રાપ્ત થયું. આ શિવલિંગ એમણે ખેરગાવના બ્રાહ્મણને બતાવ્યું અને પછી તો એ શિવલિંગની તેમણે સ્થાપના કરી અને નામ આપ્યું પ્રગટેશ્વર મહાદેવ.

એક જાગ્રત શિવસ્થાન તરીકે જ નહીં ધાર્મિક-સામાજિક ચેતનાની જાગૃતિની દિશામાં પણ આછવણીનું આ મંદિર આ વિસ્તારમાં મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે. આ મંદિરના પ્રણેતા એવા પ્રભુભાઈ પટેલ સ્વયં ખૂબ ધાર્મિક વૃત્તિના હોવા ઉપરાંત સામાજિક અને સેવા કાર્યોમાં પણ ઘણા સક્રિય છે અને આ વિસ્તારમાં ભક્તોએ એમને દાદાજીનું હુલામણું નામ આપ્યું છે, જ્યારે નાસિક તરફના ભક્તો બાબાજી કહે છે. આ પરિસરમાં મહાશિવરાત્રિ,

શ્રાવણ માસ, અન્ય તહેવારો, મહાદેવનો પ્રાગટ્ય દિન ૩૦ ડિસેમ્બર, ગુરુપૂર્ણિમા વગેરેની ખૂબ ઉત્સાહભેર ઉજવણી થાય છે. મહાશિવરાત્રિના દિને અહીં નાસિક, ત્ર્યંબકેશ્વર, ઓમકારેશ્વર, ઉજ્જૈન અને સર્વ તીર્થમાંથી ખાસ લવાયેલ જળથી મહાદેવને જળાભિષેક કરવામાં આવે છે. આ ઉપરાંત શિક્ષણક્ષેત્રે નૂરૂબહેન પટેલ, મહિલા પી.ટી.સી કૉલેજ પણ શરૂ કરાઈ છે. તો અહીંથી ગરીબ વિદ્યાર્થીઓને બધી મદદ ઉપરાંત ગરીબ દીકરીઓના લગ્નપ્રસંગનું આયોજન કરાય છે. અહીંની અન્ય એક વિશેષ પ્રવૃત્તિ એ વ્યસનમુક્તિનું ચાલતું કાર્ય પણ છે. આમ આછવણીનું પ્રગટેશ્વર ધામ આ પંથકમાં આદિવાસીઓના ઉત્થાનનું કાર્ય પણ કરે છે.

## તાપી જિલ્લો

ગુજરાત રાજ્યના પૂર્વ દિશાના દ્વારનું બિરુદ પામેલા તાપી જિલ્લાએ ઇતિહાસની ઘણી તેજછાંય ભોગવી છે. સામાજિક અને આર્થિક પરિવર્તનો પામતા અન્ય વિસ્તારોથી અત્યાર સુધી અલગ પડી જતા આ જિલ્લાની પ્રજા અન્ય પ્રજાની સરખામણીમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાતી હતી.

તાપી જિલ્લાનું મુખ્ય મથક વ્યારા મોગલાઈ પેશ્વા સમયનું અંતાપુર પરગણાનું એક ગામ છે, તેવું દફતરે નોંધાયેલું છે. એ મૂળ ‘વિજયનગર’ તરીકે ઓળખાતું. વ્યારામાં આવેલ ફતેહબુરજ તથા તેની ફરતે રક્ષણ માટે આવેલ કિલ્લો આ પ્રદેશ ઉપરના ચિહ્ન તરીકે ઊભેલા જણાય છે. અન્ય એક માન્યતા પ્રમાણે સદીઓ પૂર્વે સૂર્યપુત્રી તાપી નદીના દક્ષિણ કિનારે આ સમૃદ્ધનગર વસતું હતું. પરંતુ અગ્નિના એક ભયંકર તાંડવમાં આખું નગર ભસ્મિભૂત થઈ ગયું. તે વખતે બચેલી વસ્તી સ્થળાંતર કરી મીંઢોળા નદીને તટે આવીને વસી તે જ આજનું વ્યારા. આજે પણ આદિવાસીઓથી વસેલું ગામ 'કાળા વ્યારા' તરીકે એટલે કે બળેલા વ્યારા તરીકે અવશિષ્ટ રહ્યું છે. વ્યારામાં નદીને કાંઠે જૂનાં શિવમંદિર આવેલાં છે. તેમાંનું એક શિવાલય આજે મનકામેશ્વર તરીકે જાણીતું છે. ૧૯૪૭ સુધી વ્યારા ગાયકવાડી અમલ હેઠળ હતું. ગાયકવાડી રાજ્યની સ્થાપના થઈ પછી ઇતિહાસમાં સોનગઢની સાથે વ્યારાનો વિસ્તાર પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. જંગલોથી ભરપૂર એવા આ વિસ્તારનાં ગામોનાં નામો સંસ્કૃતમય છે. દા.ત. કપરાપુરા (કપુરા), અસલાવન (અગાસવાણ), કદલીવન (કેળવણ) તાપી તેમ જ વ્યારાનો દક્ષિણ વિસ્તાર દંડકારણ્યની ભૂમિ મનાય છે. તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, સોનગઢ, નિઝર, ઉચ્છલ, ડોલવણ તાલુકાઓ વનરાજીથી સમૃદ્ધ છે.

વ્યારા સંસ્કાર નગરી છે. જે તાપી જિલ્લા અને વ્યારા તાલુકાનું મુખ્ય મથક સ્થાન ધરાવે છે. વ્યારા એક નાનકડું શહેર છે. અગાઉ સુરત જિલ્લા સાથે તાલુકો સંકળાયેલો હતો. વ્યારામાં આવેલ જૂની ઇમારતો પણ તેની ઐતિહાસિક પૂર્વભૂમિકા સ્પષ્ટ કરે છે. ફતેહબુરજ વ્યારાની ઉત્તરે તળાવની બાજુમાં આજે પણ ઠીક ઠીક કહી શકાય તેવી હાલતમાં મોજૂદ છે. આ ઇમારતનું બાંધકામ પથ્થર અને ઈંટોનું છે, તે રજવાડી અને ઐતિહાસિકતાનું દર્શન કરાવે છે. બુરજની ફરતે કોટ છે, તે બે વિશાળ દરવાજા ધરાવે છે. આ ઇમારતને ભારત સરકારે સુરક્ષિત જાહેર કરેલ છે. કોટમાં પ્રવેશવા માટે બે વિશાળ દરવાજા હતા, એક તળાવની સામે જે લગભગ નાશ પામ્યો છે. બીજા દરવાજાની ઉપરના ભાગે હાલ વ્યારા નગરપાલિકાની કચેરી આવેલ છે જેના ઉપરથી તેની ભવ્યતાનો ખ્યાલ આવે છે.

વ્યારામાં દર વર્ષે દશેરાના દિવસે મેળો ભરાય છે, જે તાલુકાનો મોટામાં મોટો મેળો છે. ધર્મ, સાહિત્ય, સંસ્કાર અને જાહેર જીવનક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓને નગર પોતાનું ગૌરવ લેખે છે. વ્યારાએ અનેક પ્રતિભાઓ આપી

છે. ભારતભરમાં હજારો શિષ્યો ધરાવનારા જૈન ધર્મગુરુ શ્રી પ્રેમચંદજી વ્યારાના હતા. ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચિંતનના વિષયમાં ઊંડી સૂઝ ધરાવનારા શ્રી ગાંડુભાઈ ગિરજાભાઈ દેસાઈ વ્યારા નગરનું ગૌરવ છે. આમ વ્યારા શહેરનો ઇતિહાસ પણ ન્યારો અને પ્યારો છે. વ્યારા શહેર સ્વચ્છ અને નિર્મળ છે.

## ૧. પદમડુંગરી ગામ

પદમડુંગરી ગામ તે તાપી જિલ્લાના નવરચિત ડોલવણ તાલુકામાં આવેલું છે. આ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર પ્રકૃતિની ગોદમાં વસેલું એવું પદમડુંગરી નયનરમ્ય ગામ છે.

પદમડુંગરી ગામ વ્યારાથી ઉનાઈ જતા મુખ્ય રસ્તાથી પૂર્વ દિશામાં ૧૦ કિ.મિ.ના અંતરે આવેલું છે. પ્રાચીન સમયમાં અહીં પદ્મા નગરી હતી અને એની રાની પદ્માવતીના નામ પરથી ગામમાં આવેલ ડુંગરો પરથી ગામનું નામ પદમડુંગરી પડ્યું હોવાનું મનાય છે.

ગામમાં વસતા મોટા ભાગના લોકો આદિવાસી છે. ગામમાં ચૌધરી, ગામીત, કોંકણી, ભીલ, પટેલ વગેરે જાતિના લોકો રહે છે. ગામની વસ્તી આશરે ૧૯૨૫ જેટલી છે. ગામની પૂર્વ દિશામાં ડુંગરોની હારમાળા અને જંગલ વિસ્તાર છે. પશ્ચિમ દિશામાં પણ વનરાજી અને દક્ષિણ દિશામાંથી અંબિકા નદી વહી જાય છે. ઉત્તર દિશામાં જંગલ વિસ્તાર છે. ચારે બાજુ પ્રાકૃતિક સૌંદર્ય ભરપૂર પ્રમાણમાં છે. ગામમાં મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે.

ગામમાં પૌરાણિક સ્થળો અને ધાર્મિક સ્થળો પણ આવેલાં છે. ગામમાં સૌથી પૌરાણિક શરભંગેશ્વર મહાદેવનું મંદિર છે. કહેવાય છે કે, પૌરાણિક સમય દરમિયાન અહીં શરભંગ ઋષિનો આશ્રમ હતો. શરભંગ ઋષિએ અહીં તપ કર્યું હતું. ત્રેતાયુગમાં વનવાસના સમય દરમિયાન રામ–સીતા અને લક્ષ્મણ અહીં પધાર્યાં હતાં. શરભંગ ઋષિને આખા શરીરે કોઢ હતો. તે દૂર કરીને ઋષિને શ્રાપમુક્ત કર્યા હતા. અહીંથી ૧૦ કિ.મિ.ના અંતરે આવેલા ઉનાઈ ગામમાં રામે તીર મારીને ધરતીમાંથી ગરમ પાણી બહાર કાઢ્યું હતું. અહીં સ્નાન કરવાથી શરભંગ ઋષિનો ચર્મરોગ દૂર થયો હતો. આજે પણ લોકો શ્રદ્ધાપૂર્વક એ ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવા માટે આવે છે. આ ઉપરાંત અંબિકા નદીના કિનારા પર ચાંદસૂર્યા પવિત્ર અને જોવાલાયક સ્થળ છે. નદીના તટે યોગેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. મંદિરથી થોડે દૂર શ્રીરામે કરેલા યજ્ઞની ભસ્મ હજી પણ વિદ્યમાન છે. જે ભભૂતી તરીકે ઓળખાય છે. આ ભસ્મ ખૂબ પુરાતન હોવાનું મનાય છે.

ગામમાં ધુસમાઈ માતાનું મંદિર પણ આવેલું છે. ત્યાં પણ ભક્તો દર્શનાર્થે આવે છે. ગામમાં અંબિકા નદીના કિનારે વનવિભાગ દ્વારા પ્રકૃતિ શિક્ષણ પ્રવાસ સ્થળ તરીકે ખૂબ જ વિકસ્યું છે. જે જોવાલાયક સ્થળ છે. મનોરમ્ય નદીકિનારો ચેકડેમ, વનરાજી, મ્યુઝિયમ, ટેન્ટ વગેરે આકર્ષક છે. ડુંગરો પર ફેરફુદરડી લેતા રસ્તાઓ અને પગદંડી, સૂર્યાસ્ત સમયની પ્રવૃત્તિ, અવલોકન ટાવર, આરામદાયક વૃક્ષોની ઘટાઓ, ઓષધિ ઉદ્યાન વગેરેની મુલાકાત લેવા જેવી છે. આ દર્શનીય સ્થળે ઊંડાં જંગલો, પથરાળ મેદાનો એવાં રમણીય પ્રાકૃતિક દ્રશ્યો છે. અહીંનાં જંગલોમાં બિલાડી કુળના મોટાં પ્રાણીઓ, માંસાહારી, શાકાહારી પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપ અને જળચર જીવોનો સમાવેશ થાય છે.

જેઓ નિસર્ગપ્રેમી છે, તેઓ માટે આ સ્થળ ખૂબ જ સુંદર છે. સ્વચ્છ હવાને તમે મનભરી શ્વાસમાં ભરી લેવાનું ઇચ્છો, ખળભળ વહેતી નદી, પડછાયાની ચાદર પાથરતાં ઊંચાં વૃક્ષો, ધીમેથી કાનમાં કશુંક કહી જતો પવન, ખુલ્લી ધરતી જેના પર સૂઈને અનંત એવા નીલગગનને જોયા જ કરવાનું મન થાય. ખુશ કરી દે એવો મનને પ્રફુલ્લિત કરે એવો પક્ષીઓનો કલરવ સાંભળવો

ખૂબ જ કર્ણપ્રિય છે. ઈકોટૂરિઝમમાં પ્રવાસીઓના રોકાણ માટે ટેન્ટ અને એ.સી./ નોન એ.સી રૂમોની વ્યવસ્થા છે. પ્રકૃતિ શિક્ષણ શિબિરના કારણે આજ પદમડુંગરી ગામ વિશ્વના નકશામાં અંકિત થઈ ગયું છે, જે ગર્વની બાબત છે.

આમ નૈસર્ગિક વાતાવરણ, પ્રદૂષણમુક્ત હવા, વનરાજીથી ભરપૂર એવું પદમડુંગરી ગામ ખૂબ જ રમણીય છે.

## ૨. કાંજણ ગામ

કાંજણ ગામ વ્યારા તાલુકામાં આવેલું છે. દંતકથા પ્રમાણે દેવોએ એક જ રાતમાં લાંબા ઊંચા વિવિધ આકારના નાનામોટા પથ્થરો ગોઠવી પાળ બનાવી દીધી હતી, જે આજે પણ જોઈ શકાય છે. ઝાંખરી નદીના કિનારાના પથ્થરોના ખડક ઉપર ઘર બનાવવા માટે ૧૪ ઘરો મોજૂદ છે. જેમ કાદવમાં ગાયો શિંગડાંથી માટીમાં લિસોટા પાડી જાય તેવા આકારો જોવા મળે છે. કુંડીના આકારો પણ છે. પાણીનો ધોધ પડે ત્યાં મોટી કુંડી રચાય છે. તેની નજીક પથ્થરના ખડકમાં આકારો જોઈ શકાય છે. પહાડમાં મોટા મોટા પથ્થરોથી ગોઠવાયેલા મહેલ છે. જેમાં અંદર બેસીને પૂજાવિધિ થાય છે. નજીકમાં ૬-૭ ફૂટનો માખણિયો પથ્થર ઊભો છે. તેની નજીક પહાડ પર બીજો પથ્થર છે. ત્યાં દંડો પછાડીએ તો ઢોલ વાગતો હોય તેવો અવાજ આવે છે.

ગામના લોકો ખેતી કરે છે. ગામમાં એક ધર્મિક સ્થળ ગોવાળદેવ મંદિર આવેલું છે. સને ૧૯૫૮માં ગોવાળદેવ મંદિરની સ્થાપના કરવામાં આવી. મુંબઈના વિદ્વાન શ્રીકૃષ્ણ શાસ્ત્રી દ્વારા મંદિરમાં શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ગામની પરંપરા મુજબ ગોવાળદેવ આવતા પહેલાં લોકો પોતાના ગામમાં ગામને પાદરે મેદાનમાં ખડા પગે રાતના જાગરણ કરી પૂજાવિધિ કરતા, ત્યાર પછી જ અહીં પૂજા કરવા આવે છે. આમ કાંજણ ગામ સુંદર અને રળિયામણું છે. જેને તાપી જિલ્લાના પર્યટન સ્થળ તરીકે જાહેર કરેલ છે.

## ૩. ઘાટ ગામ

ઘાટ ગામ એ બે નદીઓ તથા વિરલ કોતરની આસપાસ ઘેરાયેલું વિવિધ ઘાટ ધરાવતું ગામ છે. મૂળ વાલ્મીકિ નદીના બે ફાંટા વચ્ચે ઘેરાયેલું તથા કુદરતી સૌંદર્યથી ભરપૂર ગામ છે. ઇતિહાસમાં નજર કરીશું તો આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં અહીં નદીઓ પાણીથી રેલમછેલ હતી. પરંતુ હાલ નદીઓ સૂકી જોવા મળે છે. ઘાટ ગામ પછાત જાતિના લોકો વડે કાચાં બંધાયેલ ઘરોથી વસેલું હતું. કાળક્રમે શૈક્ષણિક પ્રગતિ, ખેતીના વિકાસ સાથે પ્રગતિ જોવા મળે છે. અહીં ચૌધરી, ગામીત તથા રાઠોડ લોકો વસે છે. ઘાટ ગામ અને દ.ફ.ઘાટ એમ બે ફળિયા આવેલા છે. નવી ઘાટના વિસ્તારમાં ચૌધરી તથા ગામીત લોકો વસે છે. દ.ફ.ઘાટ વિરલ કોતરને કાંઠે તથા ખુટાડીયા સરદાર તથા ગામીત ફળિયા સાથે જોડાયેલું છે. ઘાટમાં ખોડિયાર માતા મંદિર, દરગાહ, જોધલપીર મંદિર, સત કૈવલ મંદિર તેમ જ અનેક ચર્ચો છે. હિંદુ તથા ખ્રિસ્તી ધર્મ પાળનારા રહે છે. મોટા ભાગના લોકો બારેમાસ ખેતી કરે છે. ગામમાં નહેરો નથી, પણ કોતરો અને નદીના પાણી કે બોરનો સીધો ઉપયોગ થાય છે. ગામમાં ત્રણ તળાવ ખોદવામાં આવ્યાં છે.

## ૪. ડોલવણ ગામ

રામાયણમાં ઉલ્લેખ થયેલ દંડકારણ્યમાં પ્રસિદ્ધ થયેલ ગરમ પાણીના ઝરાવાળું સ્થળ એટલે ઉનાઈ. એની પડોશમાં આવેલું ડોલવણ ગામ, રમણીય અંબિકા નદીના કિનારે ઊંડાણના આદિવાસી વિસ્તારમાં આવેલું છે. ખૂબ જ પ્રગતિશીલ ગામ એટલે ડોલવણ ગામ.

દેશ સ્વતંત્ર થયો તેના પહેલાં ડોલવણ ગામ ગાયકવાડ સરકારના મહારાજા સયાજીરાવ

ગાયકવાડ ચોથાના તાબામાં હતું. તેમણે આ ગામમાં ૧૬-૬-૧૮૮૫માં આદિવાસી બાળકોના શિક્ષણ ઉપર ભાર મૂકતાં શાળા શરૂ કરી હતી, જે આજે પણ ચાલુ છે. હાલમાં વ્યારાના નવનિર્મિત તાલુકાનું નામ ડોલવણ રાખવામાં આવેલ છે.

ડોલવણ ગામમાં ચૌધરી, ઢોડિયા, ગામીત, કોલધા, કોટવાળિયા, કોંકણી વગેરે જુદી જુદી જાતિના લોકો વસે છે. વિવિધ જાતિના લોકો વિવિધ ધર્મ પાળે છે. ગામમાં પુરાતન હનુમાનદાદાનું મંદિર, કાલિકા માતાનું મંદિર, ચર્ચ વગેરે વિવિધ ધાર્મિક સ્થળો આવેલાં છે. ગામમાં વિવિધતામાં એકતા રહેલી છે.

## ૫. ઘાટા ગામ

ઘાટા ગામ કેટલીક ઐતિહાસિક-પૌરાણિક ઘટનાઓ સાથે સંકળાયેલું છે. ગામમાં લગભગ ચારસો વર્ષ જૂનું એક ઐતિહાસિક રામજી મંદિર છે. ઘાટા ગામ એવા સ્થાન પર આવેલ છે કે જ્યાંથી નાસિક તરફ યાત્રાએ જવા માટે સીધો અને ટૂંકો રસ્તો તે સમયે ગણાતો હતો. યાત્રાળુઓ આ રસ્તાનો ઉપયોગ કરતા હતા. આવા સંજોગોમાં આ ગામમાં દેવજી ભગતને ત્યાં રામજી મંદિરે ઉતારુઓનું સ્થાન બનતું. ત્યાં સદાવ્રત પ્રથા ચાલુ હતી, જે વર્ષો સુધી ચાલુ રહી. અમરસિંહ દાદાએ ૧૯૦૫માં નવસારી સૂબા કેશવરામ જાદવને પ્રમુખસ્થાન આપી આદિવાસીઓના પછાતપણાને દૂર કરવા ઘાટા ગામે મોટી સભા યોજી સમાજ–સુધારાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. અમરસિંહ દાદાએ રવીન્દ્રનાથ ટાગોરની શાંતિ નિકેતન સંસ્થા કલકત્તામાં શિક્ષણ મેળવી સારી એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

વિશેષમાં ગામનું વર્ષો જૂનું અનોખું વિશાળ વટવૃક્ષ ગામમાં ઇતિહાસને જીવંત રાખી તેની સાક્ષી પૂરી રહ્યું છે. આશરે એક-દોઢ એકરમાં ફેલાયેલું લગભગ ચારસો વર્ષ જૂનું વટવૃક્ષ છે. જેની મધ્યમાં નીચે રામભક્ત શ્રી હનુમાનજીનું સ્વયંભૂ પૌરાણિક મંદિર છે.

આ બંને સ્થળે ગુજરાતી સાહિત્યના રાષ્ટ્રીય શાયરનું બિરુદ મેળવનાર સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી અને રવિશંકર મહારાજ જેવી વિભૂતિઓએ પણ મુલાકાત લીધી હતી. મેઘાણીના 'માણસાઈના દીવા' પુસ્તકમાં – બહુ લાંબું દેખું છું –નો લેખ, રવિશંકર મહારાજ લિખિત સાહિત્ય 'માધુરી'માં તેમ જ અંગ્રેજી લેખક ડેવિડ હાર્ડિમન લિખિત પુસ્તક જેનો અનુવાદ શ્રી શાંતિભાઈ મેરાઈએ કર્યો છે, એવાં પુસ્તક 'દેવી આંદોલન'માં પણ આ ગામના ઇતિહાસને વિસ્તારથી કંડારવામાં આવ્યો છે.

ઉપરાંત આ ગામના વિકાસમાં વડોદરા સ્ટેટના મહારાજ સયાજીરાવ ગાયકવાડનો સહયોગ મળી રહેતો હતો. જેમાં ૧૧૫ વર્ષ જૂની પ્રાથમિક શાળાના જૂના મકાનના બે ઓરડાઓ તૈયાર થયા હતા. બારડોલી સત્યાગ્રહની લડત વખતે બારડોલી તાલુકાના લોકોએ હિજરત કરી આ ગામમાં લગભગ અગિયાર ગામના લોકોએ આશરો મેળવ્યો હતો.

## ૬. કટાસવાણ ગામ

કટાસવાણ ગામ, વ્યારા તાલુકા અને તાપી જિલ્લામાં વ્યારાથી ચાર-પાંચ કિ.મિ.ના અંતરે આવેલું છે. આજથી આશરે ત્રણસો વરસ પહેલાં આ ગામમાં આદિવાસી લોકો ગામીત અને ચૌધરી લોકો આવ્યા. તેમાંના કેટલાક વડીલો પાસેથી જાણવા મળ્યું કે આ જગ્યા પર ઘણી કાંટાવાળી વનસ્પતિ હોવાથી આ ગામનું નામ કટાસવાણ પડ્યું. ગામમાં પૌરાણિક એક એવી જગ્યા છે, જ્યાં ભવાની માતાનું મંદિર છે. ત્યાં નાનકડું કોતરડું છે અને તેના કિનારે મંદિર આવેલું છે.

ગામમાં શાળાની શરૂઆત થઈ ન હતી ત્યારે ગામમાં ઠાકોરભાઈના ઘરે શિક્ષક ઓટલા પર બેસાડીને બાળકોને શિક્ષણ આપતા હતા. ગામમાં

ફક્ત બે-ચાર કુટુંબો જ રહેતાં હતાં. પાણીની, વીજળી કે રસ્તાઓની કોઈ જ સગવડ ન હતી. ઘરો કાચાં હતાં. ગામમાં હાલ તેર ફળિયાં આવેલાં છે. તેમાં બે પ્રાથમિક શાળાઓ આવેલી છે. મોટા ગામમાં ૧થી ૮ ધોરણની શાળા આવેલી છે. તેની સ્થાપના ૨-૬-૧૯૨૦માં થઈ હતી. સયાજીરાવ ગાયકવાડે દાદાને એક તામ્રપત્ર આપ્યું હતું. હાલ કેશરીસિંહ દાદા નથી. પરંતુ હાલમાં પણ તામ્રપત્ર છે. કેશરીસિંહ દાદાની મૂર્તિ છે. અહીં આદિવાસી સંમેલન દર વર્ષે ભરાય છે. તે સમયમાં સૌથી વધુ ભણેલ વ્યક્તિ તખ્તસિંહ હતા.

ગામમાં નહેરની સગવડ આવી, નાનકડી નદી, હરિયાળાં ખેતરો, નહેર, નાનકડી ટેકરી આવેલી છે. તેથી આખું ગામ ખૂબ રળિયામણું લાગે છે.

ગામમાં સતકૈવલ મંદિરની બાજુમાં નાનું કોતર છે. તેની દક્ષિણ દિશામાં કોતરના કિનારે વરસો પહેલાં રઘુવીર મહારાજ નામના સંતે તપ કરેલું તે જગ્યાએ એમનાં પાવન પગલાંનું સ્થાનક છે. તેમ જ તેની બાજુમાં વર્ષોથી એક પાણીનો ઝરો છે. તેમાંથી નિરંતર પાણી વહ્યા કરે છે, ક્યારેય પાણી ખૂટ્યું નથી, એ પણ એક ચમત્કાર છે.

ઐતિહાસિક વણઝારી વાવ પહેલાંના વખતમાં વણઝારા લોકો પશુપાલનનો ધંધો કરતા હતા. પોતાના વિસ્તારમાં ઘાસચારા, પાણીની તંગી વર્તાતાં વિચરતી જાતિ તરીકે ગામડે ગામડે ઢોરોને લઈને ફરતાં ફરતાં કટાસવાણ ગામે ઘણો સમય રોકાયા હતા, અને એમણે પોતાના રોકાણ દરમિયાન ગામની દક્ષિણ દિશાના સીમમાં પાણીની વાવ બનાવી હતી. તેમાં ૩૦ પગથિયાં છે. તે આજે પણ હયાત છે અને પુરાતત્ત્વ વિભાગે તેની જાળવણી કરી છે.

### ૭. ઉકાઈ ગામ (સોનગઢ તાલુકો)

લોકવાયકા મુજબ આ ગામમાં ઉકા નામના એક પ્રતિષ્ઠિત વડીલ રહેતા હતા. તેથી તેનું નામ ઉકાઈ પડ્યું. ઉકાઈ તાપી નદીના કિનારે આવેલું છે. અહીંના વડીલોના કહેવા મુજબ અહીં મોટું ભયંકર જંગલ હતું. વસ્તી ઘણી ઓછી હતી. દિવસના પણ વાઘ–વરુ જેવાં પ્રાણીઓ જોવા મળતાં હતાં.

તાપી નદીના પૂરથી ઘણું નુકસાન પણ થતું. રાજ્યમાં સિંચાઈની અગત્યતાને અને તેની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સિંચાઈની સવલતો વધારવાનું વિચારવામાં આવ્યું અને પંચવર્ષીય યોજનાનો અમલ શરૂ થયો. ઉકાઈ યોજના ગુજરાત સરકારે હાથ ધરેલી મોટામાં મોટી બહુલક્ષી યોજના છે. તાપીનો વિપુલ પાણીનો જથ્થો જળાશયમાં ભેગો થાય છે. તેને વલ્લભસાગર નામ આપવામાં આવ્યું. લોકો રોજી માટે અહીં દેશના ખૂણે ખૂણેથી આવીને વસ્યા છે. સને ૨૦૧૦માં ઉકાઈ આશરે પાંચ હજાર જેટલી વસ્તી ધરાવતું ગામ બની ગયું. ઉકાઈ યોજના થકી થર્મલ પાવર સ્ટેશન અને કાગળ બનાવવાના મોટા પાયાનાં કારખાનાં ઊભાં થયાં છે. જેને કારણે ગામનો સારો વિકાસ થયો છે.

ઉકાઈ ગામમાં  વિવિધ ધર્મ અને જ્ઞાતિના લોકો વસતા હોવાથી મંદિરો, મસ્જિદ, તથા દેવળો તેમ જ ધર્મસ્થાનો જોવા મળે છે. ગામમાં બાગ-બગીચા પણ બનાવાયા છે. ગામમાં શિક્ષણ માટે એકલવ્ય મોડેલ સ્કૂલ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ જેવી જુદી જુદી સંસ્થાઓ આવેલી છે. આમ ઉકાઈ યોજનાથી જંગલમાં મંગલ બની ગયું છે. આ ગામ એક ઐતિહાસિક સ્થળ બની ગયું છે.

### ૮. જૂના વડગામ

ઈ.સ ૧૯૬૫થી જ્યારે ઉકાઈ ડેમનું બાંધકામ કરવાની શરૂઆત થઈ તે અગાઉ જૂના વડગામનું નામ ફક્ત વડગામ હતું. તાપી નદીને કિનારે આ ગામ સ્થિત હતું. ડુંગરોની વચ્ચે તથા વૃક્ષોની વનરાજી વચ્ચે વડગામ પ્રકૃતિની ગોદમાં રમણીય રીતે શોભાયમાન હતું. ગામની સાથે જ તાપી નદીકિનારે શિવજીનું મંદિર હતું

ગામનું નામ વડગામ રાખવામાં આવ્યું તેનું કારણ હતું જે જગ્યાએ ગામ સ્થાયી થયું હતું તે તાપી નદીને કિનારે તે જ જગ્યાએ વડનાં વૃક્ષોનું ઝુંડ હતું. આ વૃક્ષોની ઘટા ખૂબ વિશાળ રીતે ફેલાયેલી હતી. આ વડનાં વૃક્ષોની સાથે જ ગામ વસ્યું હતું જેથી ગામનું નામ વડગામ રાખવામાં આવ્યું. ૧૯૬૯માં જ્યારે ઉકાઈ જળાશયની યોજના અંતર્ગત પાણી ભરાવાની શરૂઆત થઈ ત્યારે ગામનું સ્થળાંતર થયું. ગામના લોકોને જમીન ફાળવણી કરવામાં આવી હોવાથી તે જગ્યાએ જઈને વસ્યા હતા પરંતુ ગામમાંથી પાંચ કુટુંબોએ તાપીથી થોડે દૂર ટેકરા પર પાણી ન પહોંચે એ જગ્યાએ ઘર બાંધીને વસવાટ કર્યો હતો. આ પાંચ કુટુંબો સરકારે જે જમીન આપી હતી એ જગ્યાએ ગયા ન હતાં. પાંચ કુટુંબોની આ વસાહત સાથે અન્ય ગામનાં દસ જેટલાં કુટુંબ આવીને વસ્યાં હતાં. જે લોકોએ સ્થળાંતર ન કર્યું અને તાપી નજીક ટેકરા પર ઘર બાંધી રહ્યા તેમને જૂની વસાહત તરીકે જૂનું વડગામ નામ આપવામાં આવ્યું

ગામની નજીક ધારેશ્વર તીર્થ આવેલું છે. તેનું માહાત્મ્ય અનેરું છે. સ્કંદપુરાણ–તાપી માહાત્મ્ય ખંડના અધ્યાય ૨૮ મુજબ ધારેશ્વર તીર્થ તાપી નદીને કિનારે આવેલું છે. જ્યાં મહાપાપનો નાશ કરનારી જાહ્નવી ગંગા નદી મળે છે. આ તીર્થમાં યુધિષ્ઠિરે અસિધારાવ્રત કર્યું. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈ ભગવાન શિવે એમને દર્શન આપ્યાં અને આ તીર્થસ્થાનમાં શિવલિંગ પર પડતી જલધારા કે જે દિવ્ય રસાયણ તથા શૈલોદયુક્ત છે, તે જળ આપ્યું જેનાથી તેમનો દેહ વજ્ર સમાન બન્યો. યુધિષ્ઠિરે ભગવાન શિવને આ તીર્થ કદાપિ ત્યજવું નહીં એવી વિનંતી કરી, જે સ્વીકારીને શ્રી રુદ્ર ધારેશ્વરમાં રહ્યા. વૈશાખ સુદ અષ્ટમીને દિને જે ધારેશ્વર મહાદેવનાં દર્શન કરે છે, તેને વ્યાધિ થતો નથી કે અલ્પ મૃત્યુ થતું નથી એવું કહેવાય છે. અને ૧૯૭૨માં ઉકાઈ જળાશયમાં પાણી ભરાવાથી તાપી નદીના કિનારે અસલ શિવલિંગને ધારેશ્વરધામ લાવીને તપસ્વી શ્રી વનવાસી બાબાએ હાલના સ્થળે ધારેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરેલ છે, જે આજે પણ સ્થિત છે. આમ ગામના આ અનેરા ઇતિહાસ સાથે ધારેશ્વર મહાદેવનું મંદિર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### ૯. ઉકાઈ પ્રવાસધામ – ઉકાઈ બંધ

તાપી નદી પછી સુરતથી ૧૦૦ કિ.મિ દૂર આવેલી ઉકાઈ યોજના એ ભાખરા-નાંગલ પછીની તેના જેવી જ બીજી વિશાળ બહુહેતુક યોજના છે. આ યોજના ડાંગ વિસ્તારની ઉત્તરધારે આવેલા સોનગઢ ગામ પાસે આવેલી છે.

સોનગઢ એટલે સરહદ. આજુબાજુનો વિસ્તાર આદિવાસી વિસ્તાર ગણાય છે. સોનગઢ તો ખાનદેશ તરફથી આવતા ગુજરાતનું બારું છે. આજે આ સ્થળ લાકડાના વેપાર માટે, 'ઉકાઈ' બંધ માટે ખૂબ જ જાણીતું છે. તાપી નદી ઉપરની ઉકાઈ યોજનાનો મુખ્ય બંધ અને ઉત્પાદન કેન્દ્ર સોનગઢ ખૂબ જ નજીક છે. અહીં આ વિશાળ સુંદર જળાશયની આસપાસના સુંદર વિસ્તારોને પ્રવાસન ધામમાં ફેરવવાની શરૂઆત થઈ ચૂકી છે. આ જળાશયમાં પાણીની રમતોનો વિકાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આજુબાજુનાં જોવાલાયક સ્થળો : હાઇડ્રો ઇલેક્ટ્રિક વિદ્યુત મથક, ઉકાઈના જળાશયમાં નૌકાવિહાર, મત્સ્ય ઉદ્યોગ કેન્દ્ર, ૧૦ કિ.મિ. દૂર આવેલો સોનગઢનો કિલ્લો , ૬૫ કિ.મિ. દૂર આવેલો બારોડોલી આશ્રમ.

અહીં જવા માટે રેલવે અને બસ – વ્યવહારની વ્યવસ્થા છે. રહેવા માટે કાર્યપાલક ઇજનેરના નિરીક્ષણ હેઠળ ચાલતું સમરી ગેસ્ટહાઉસ, જાહેર બાંધકામ વિભાગ સુરતના કબજામાં આવેલું વી.આઈ.પી. ગેસ્ટહાઉસ અને સાદું ગેસ્ટહાઉસ છે.

ઉકાઈ એ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યનું દક્ષિણમાં આવેલું સ્થળ છે. જે તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલું છે. અહીં ગુજરાતનું વિશાળ જળાશય છે. જેને ઉકાઈ ડેમ તરીકે ઓળખવામાં આવે છે. આ ડેમનું બાંધકામ ૧૯૬૪માં ચાલુ કરવામાં આવ્યું હતું અને ૧૯૭૨માં આ બંધને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ બંધની ઊંચાઈ ૨૭૦ ફૂટ એટલે કે ૮૦ મીટર છે. અને તેની પહોળાઈ ૪૯૨૭ મીટર છે. જેના ૨૨ દરવાજા આવેલા છે. આ બંધ જે ૬૧૨ સ્કે. કિ.મિ. છે. અને ૩૦૦ મેગાવૉટ વીજળીનું ઉત્પાદન થાય છે. આ વિશાળ જળાશયને કારણે તાપી જિલ્લો તથા સુરત જિલ્લો હરિયાળો છે. ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળતું હોવાથી ખેતી – જેમાં ડાંગર, જુવાર, શાકભાજી વગેરે સારા પ્રમાણમાં થાય છે. આ જળાશયને લીધે વીજળી પણ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. આ જળાશય પાસે પ્રવાસનનું કેન્દ્ર પણ છે. પ્રવાસીઓ અહીં ડેમ જોવા આવે છે. તો આજુબાજુના આદિવાસીઓ પણ આવે છે.

## ૧૦. વેડછી સંસ્થા-ગામ

ગાંધીવિચારના રંગે રંગાયેલા કાર્યકરોએ ઠેકઠેકાણે ધામા નાંખેલા તે પૈકી જુગતરામ દવે, ચુનીલાલ મહેતાએ વેડછી ગામ પસંદ કર્યું હતું. તે સમયના જંગલ સમા પર્યાવરણમાં મંગલકાર્ય કર્યું. જેથી વેડછીવાસીઓને દેશકાર્યમાં યશભાગી થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. નવી રાહ મળી, અદ્‌ભુત વિકાસ થયો સાથે આજે પણ એ ચીલે ચાલવાનો પ્રયાસ કરી રહ્યા છે.

કેટલાક વિચારકોનું કહેવું છે કે વેડછી નામ વેદશ્રી પરથી થયું છે. પરંતુ જુગતરામકાકાએ વેડછીનો અર્થ વેડ એટલે ઉપાડવું અને છી એટલે ગંદકી એવો અર્થ કર્યો.

ગામમાં જીવણબાપા સંસ્કારમાં આગળ હતા. ઈશ્વરપરાયણ જીવન જીવતા હતા. ગામમાં શ્રીકૃષ્ણ મંદિર હતું. તેની દેખભાળ, સેવાચાકરી કરતા. અહીંની મૂર્તિ લઈ જઈને કાંજણ ગામ પાસે ગોવાળદેવના મંદિરની સ્થાપના કરી હતી.

એક વાર વાલ્મીકિ નદીમાં ભારે પૂર આવ્યું. રાત્રિના સમયે પૂરમાં ઘણાં લાકડાં તણાઈ આવ્યાં. તેમાંથી એક લાકડામાંથી બચાવો બચાવો અવાજ આવતો હતો. વેડછી ગામના લોકોએ લાકડું શોધી કાઢ્યું અને કિનારાથી દૂર બહેજાના ઝાડ પાસે મૂક્યું. તેમાંથી હનુમાનજી પ્રગટ્યા. આ જગ્યા ખેતરોની વચ્ચે હોવાથી મંદિરે જવા આવવાની તકલીફ રહેતી. આથી રોડ નજીક શ્રી રંગજીભાઈ ચૌધરીએ મંદિર તૈયાર કરવા પોતાની જમીનમાંથી મંદિરને જરૂરી જગ્યા અને કૂવો દાનમાં આપી મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. આ રીતે ગામમાં હનુમાનજીના મંદિરની સ્થાપના થઈ.

### સંસ્થા સ્થાપના

ગામમાં સને ૧૯૨૪માં સ્વરાજ આશ્રમ વેડછીની સ્થાપના થઈ. બાવળોનાં જંગલોથી ઘેરાયેલા અને આદિવાસી વસ્તી ધરાવતા નાના વેડછી ગામમાં શ્રી ચુનીલાલ સાંકળચંદ મહેતા ૧૯૨૪થી જીવણદાદાને ઘરે રહેતા હતા. આ વિસ્તારમાં તેઓ ખાદીની પ્રવૃત્તિ પણ લઈ આવેલા. કપાસ પીલવો, રૂ પીંજવું, પૂણી બનાવવી, કાંતવું અને વણવાની શરૂઆત કરી જીવણદાદાના ઘરના ઓટલા પરથી શરૂ થયેલ ખાદી પ્રવૃત્તિ ધીમે ધીમે વિસ્તરતી ગઈ.

ગામડે બેસી સ્વતંત્રતા લડત માટે અહિંસક સૈનિક તૈયાર કરવા અને રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવવાની હાકલ ગાંધીજીએ કરી. જુગતરામભાઈએ આ હાકલ ઝીલી લીધી. સૌરાષ્ટ્રના લખતર ગામવાસી જુગતરામભાઈ ત્રણ ત્રણ વખત મૅટ્રિકમાં નાપાસ થવાથી તેમના કાકા મુંબઈ લઈ ગયા હતા અને તેઓ કેરોસીન વેચવાની દુકાનમાં નોકરીએ લાગ્યા. નોકરીમાં મન ન લાગ્યું. ત્યાં સ્વામી આનંદનો ભેટો થયો. એમનો સહવાસ મળતાં ગાંધીજીને સમજવાની તક મળી.

૧૯૨૬માં જુગતરામભાઈ વેડછીમાં ચુનીલાઈ મહેતા સાથે ખાદીકામમાં જોડાયા. આ પ્રવૃત્તિઓ માટે સાધનસામગ્રી સાથે ગામડે જવાનું થતું. યાંત્રિક વાહનો ન હતાં. ક્યારેક બળદગાડામાં જવાનું થતું. સાથે સાથે લડત માટે લોકોને તૈયાર કરવાનું કામ ચાલતું હતું તેથી વેડછી આશ્રમ સરકારને કણાની જેમ ખૂંચતો હતો. સરકારે આશ્રમ જપ્ત કર્યો. જુગતરામભાઈને તડીપાર કરવામાં આવ્યા છતાં પોલીસની નજર ચૂકવી આ વિસ્તારમાં લડાઈનું વાતાવરણ તૈયાર કરતા રહ્યા. ચાર ચાર વર્ષની જેલ સજા મેળવવા સામે ચાલીને કારણો ઊભા કરતાં. 'વ્હાલુડી વેડછી અંતરપટ અદીઠ' જેવાં ઉત્તમ કાવ્યોની રચના કરી. ઉમાશંકરભાઈએ સાચું જ કહ્યું હતું કે, જુગતરામભાઈ એમના કવિમંડળમાંથી ભાગી છૂટેલા એક ઉત્તમ કવિ હતા.

વેડછી આશ્રમમાં જુગતરામભાઈએ જે સ્વતંત્ર સૈનિકો તૈયાર કર્યા હતા તેમાંના મોટા ભાગના આદિવાસી હતા. બારડોલી પ્રદેશમાં સરકારે ૩૦ % જેટલું મહેસૂલ વધારી દીધું. આ લોકો પાસેથી આવક વધારવા વધારે કર લેવો જોઈએ, તેવું સરકારે કહ્યું. મહેતાને આ અન્યાયી મહેસૂલ વધારો માન્ય ન હતો. સ્વતંત્રતાની લડતમાં વેડછી આશ્રમે સંપૂર્ણ હિસ્સો આપ્યો હતો. આમ વાતાવરણ ગાંધીની વાતથી, કામથી, સ્વતંત્રતાની લડતથી, કાંતણ અને વણાટની પ્રવૃત્તિથી ગુંજી ઊઠ્યું. જ્યારે આશ્રમની મિલકતને નુકસાન કરાતું કે કબજે કરવામાં આવતો ત્યાર પછી જપ્તિમાંથી મુક્ત થતા કે તરત જુગતરામભાઈની સેના હાજર થઈ જતી અને આશ્રમ ફરી પાછો ધમધમી ઊઠતો.

જુગતરામભાઈ જે કાંઈ પ્રવૃત્તિ કરે તેમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ હોય. જે બાળ શિક્ષણમાં બાળકોની ઉંમર પ્રમાણે શિક્ષણ વ્યવસ્થાનો વિચાર કર્યો. અઢી વર્ષથી પાંચ વર્ષ સુધીનાં ગામનાં અને આશ્રમનાં બાળકોનું એક બાલમંદિર વૃક્ષ નીચે શરૂ કરવામાં આવ્યું. વેડછી ગામનાં જ શ્રી દશરીબહેન અને કાનજીભાઈ ચૌધરી બાલમંદિરનાં શરૂઆતના બાળશિક્ષકો હતાં.

વસ્ત્ર ઉદ્યોગને પ્રથમ મહત્ત્વ આપવામાં આવ્યું. કપાસ, રૂ પીંજી, પૂણી વાળી કાંતણકામ ચાલુ કર્યું. ધોરણ ૪ સુધી કાંતણ અને સાળ વણાટ કાર્ય, ધોરણ ૫થી ૭ સુધીનાં બાળકોને કાંતણ સાથે વણાટ પ્રવૃત્તિ કરવાની સાથે ખેતી ઉદ્યોગ પણ ખરો, ક્યારેક ગીત, વાર્તા, લોકસંપર્ક માટે નાટકો, ગીતો ટુચકા વગેરે હારમાળા ચાલી.

ખાદી પ્રવૃત્તિ, છાત્રાલયો, આશ્રમશાળાઓ વિશાળ પાયા પર સ્થાપવાની જરૂરિયાત ઊભી થઈ. આ પ્રવૃત્તિઓને માટે ૧૯૦૯માં રાનીપરજ સેવાસભા નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. સંસ્થાનું નામ અલગ ટ્રસ્ટ કરીને નોંધવામાં આવ્યું. દાદાસાહેબ માવળંકર આ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ બન્યા. સેવાસભાના બંધારણની રચનામાં ધારાકીય જ્ઞાનનો લાભ તેમણે આપ્યો. ૧૯૫૬માં દાદાસાહેબ સ્વર્ગવાસી થતાં શ્રી વૈકુંઠભાઈ પ્રમુખ બન્યા. મુંબઈ રાજ્યસભામાં સહકાર પ્રધાન હતા. ૧૯૬૪માં તેઓ પણ દેવલોક પામ્યા, બાદ જુગતરામ દવે પ્રમુખ બન્યા. શ્રી ઝીણાભાઈ દરજી આવી પ્રવૃત્તિઓ ચલાવતા હતા અને આર્થિક સહાય આપતા હતા. રાનીપરજ સેવાસભાએ જંગલના વિસ્તારના ઊંડાણોમાં આદિવાસી બાળકોના શિક્ષણ માટે ઉત્તર બુનિયાદી વિદ્યાલયો અને આશ્રમશાળાઓ શરૂ કરી.

પ્રાથમિક શિક્ષણ પછી માધ્યમિક શિક્ષણ મળે તે માટે વેડછી આશ્રમમાં ૧૯૫૦માં ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. ગુજરાત નઈ તાલીમ સંઘે સરકાર સમક્ષ આગળનાં પગલાં તરીકે ઉત્તર બુનિયાદી વિદ્યાલયની યોજના બનાવી, સરકારી મંજૂરી માટે મોકલી. સરકારનાં શિક્ષણ મંત્રી કુમારી ઇન્દુબહેન શેઠે વેડછીની મુલાકાત લીધી. અહીંના શિક્ષણ કામથી તેઓ ઘણાં

પ્રભાવિત થયાં અને સરકાર તરફથી ઉત્તર બુનિયાદી વિદ્યાલયને લીલી ઝંડી આપી. આશ્રમજીવનમાં છાત્રાલયમાં જુદી જુદી પ્રવૃત્તિઓ થતી. તેમાં સૌથી વધુ આકર્ષણ પ્રાર્થનાનું હોય છે. સર્વ આશ્રમની સફાઈ માટે શ્રી ચીમનભાઈ ભટ્ટ જાતે વ્યવસ્થા ગોઠવતા. તેઓ સ્વચ્છતાના આગ્રહી હતા. પાણીની વ્યવસ્થા માટે ભીમ-કૂવો કાયમ પાણીથી ભરેલો રહેતો. ખેતીના કામ માટે પાણીની જરૂરિયાત ઊભી થતાં બીજા કૂવાનું આયોજન થયું. તે કૂવાનું નામ રામકૂવો છે.

નઈ તાલીમ અધ્યાપનનાં બે રસોડાં છે – ૧. સાંદીપનિ રસોડું, ૨. વિવેકાનંદ રસોડું. આ છાત્રાલયનાં નામો જવાહર મંદિર, તિલક મંદિર, ગાંધી મંદિર, પ્રાર્થના મંદિર, ધ્રુવમંદિર, પ્રહ્‌લાદ કુટિર, કૃષ્ણમંદિર, રામ કુટિર વગેરે છે. છાત્રાલયમાં ચૌધરી ગામીત, હળપતિ, ભીલ, હરિજન, કોળી તથા અન્ય પછાત જાતિનાં બાળકો અભ્યાસ કરે છે. દર રવિવારે બપોરે ૧૧થી ૧૨ એક કલાક સમૂહકાંતણ કરવામાં આવે છે. વસ્ત્ર સ્વાવલંબન માટે વિદ્યાર્થીઓ પૂણી અને ખાદી મેળવે છે.

જિલ્લા કક્ષાના અધ્યક્ષ શ્રી કલ્યાણજીભાઈ મહેતાએ પ્રાથમિક શાળાના પસંદ કરેલ મુખ્ય શિક્ષકને બુનિયાદી શિક્ષણ તાલીમ આપવા જુગતરામભાઈને સૂચન કર્યું. વર્ગ શિક્ષણ ઉપરાંત આ પ્રવૃત્તિઓ જોડવામાં આવી – ૧. સેવા વિસ્તરણ ૨. કલા–કૌશલ્ય ૩. વિજ્ઞાનમેળો ૪. સતત શિક્ષણ ૫. ઉદ્યોગ ૬. ફરતી પ્રયોગશાળા ૭. શૈક્ષણિક પ્રદર્શન ૮. સંસ્કાર કાર્યક્રમ ૯. શ્રમકાર્ય ૧૦. મૂલ્યલક્ષી શિક્ષણ. જુગતરામ દવેભાઈએ સુરતના આદિવાસી વિસ્તારમાં ગાંધીમેળા શરૂ કર્યા હતા. આ પ્રથા આજે પણ ચાલુ છે. વેડછી ગાંધીમેળાનું આયોજન થાય છે.

## ડાંગ જિલ્લો

અઢળક કુદરતી સૌંદર્ય ધરાવતી ગુજરાતની અરવલ્લી, સાતપુડા અને સહ્યાદ્રિની પર્વતમાળા નયનરમ્ય છે. ડાંગ જિલ્લો કુદરતી સંપદાથી ભરપૂર છે. એમાં પણ સાતપુડા પર્વતોની હારમાળા પ્રવાસીઓને પોતાના તરફ આકર્ષિત કરે છે. ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળો અને મંદિરોની મુલાકાત લેવા જેવી છે.

### ૧. સૌંદર્યથી ભર્યુંભર્યું ગિરિમથક સાપુતારા

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર, પૂર્વ તરફ થાણા જિલ્લાના ડુંગરો અને જંગલોનું અનુસંધાન એટલે સાપુતારા. ડાંગના આદિવાસી વિસ્તારમાં સહ્યાદ્રિની પર્વતમાળાનું બીજું ઊંચું શિખર એટલે સાપુતારા ગિરિમથક, વલસાડની પૂર્વે ધરમપુરનાં જંગલો, નવસારી બીલીમોરા થઈ પૂર્વ વાંસદા- ડાંગનાં જંગલો, પશ્ચિમ સમુદ્ર તેમ જ પૂર્વમાં જંગલોનો સળંગ પટ્ટો આવે. આસપાસની લીલી વનરાજી અને વૃક્ષોથી છવાયેલા વતાવરણના સૌંદર્યમાં વૃદ્ધિ કરતી સર્પગંગા નદી પર્વત ઉપર જવાના રસ્તાની સાથે જ પર્વતને વીંટળાતી રહે છે.

સાપુતારા શબ્દનો અર્થ સર્પોનો નિવાસ એવો થાય છે. આ ગિરિમથક સમુદ્રની સપાટીથી ૮૭૨.૯ મીટર ઊંચું છે. ડાંગ જિલ્લાનું હૃદય એટલે સાપુતારા ગિરિમથક. આ વિસ્તારમાં આદિવાસીઓ તહેવારના દિવસોમાં આવે છે. અને સૂર્યની પૂજા કરે છે. આ ઉપરાંત હોળી અને વરા-દરશ જેવા તહેવારોના દિવસોમાં આવે છે. અને પોતાના ઉત્સવો નૃત્યો દ્વારા તે દિવસો ખૂબ સારી રીતે ઊજવે છે.

### જોવાલાયક સ્થળો

સૂર્યોદય અને સૂર્યાસ્તનાં કેન્દ્રો, વાઘબારી, બોટક્લબ, સાપુતારા મ્યુઝિયમ, ઈકો પોઇન્ટ, નાગેશ્વર મહાદેવનું મંદિર, મધુવન, વેલીવ્યૂ. ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠ, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે છે.

### ૨. સાપુતારા મ્યુઝિયમ

સાપુતારા મ્યુઝિયમની સ્થાપના ઈ.સ. ૧૯૭૦માં થઈ હતી. અહીં આદિવાસી કલાસંસ્કૃતિ,

સંગીત વાદ્યો, આદિવાસી પોશાકો, ઘરેણાં, આદિવાસીઓની આખા દિવસની કાર્યપદ્ધતિ, તેમનાં ઝૂંપડાં વગેરે બતાવવામાં આવ્યાં છે.

## ડાંગનું શબરીધામ અને પંપા સરોવર

### ૩. શબરીધામ

ડાંગના આહવા-નવાપુરના રસ્તે સુબીર ગામથી ૪ કિલોમિટર દૂર આવેલા 'ચમક ડુંગર' પર શબરીધામ આવેલું છે. આ જગ્યાએ ભગવાન રામ, ભીલ સ્ત્રી શબરીને મળ્યા હોવાની દંતકથાને કારણે શબરીમાતાનું મંદિર બનાવવામાં આવ્યું છે. દંતકથા મુજબ, સીતાની સાથે વનમાં ભ્રમણ કરતાં રામ આ સ્થળે આવ્યા ત્યારે તે આવવાના છે તેવા આભાસ સાથે ભીલ સ્ત્રી શબરીએ પોતે ચાખીને મૂકેલાં મીઠાં બોર રામને પીરસ્યાં હતાં. જે ત્રણ પથ્થરો ઉપર ભગવાન રામ, ભાઈ લક્ષ્મણ અને શબરી બેઠાં હતાં તે ત્રણ પથ્થરોની પણ પૂજા થાય છે. આજના આ શબરીધામમાં ભગવાન રામ, લક્ષ્મણ અને શબરીની મૂર્તિઓ ૨૦૦૪માં પધરાવવામાં આવી હતી. હજી તો આ ધામનો વિકાસ થઈ રહ્યો છે, છતાં અહીં સુબીર-નવાપુર રોડ ઉપર ફોરેસ્ટે રેસ્ટહાઉસ છે. તેમ જ શબરીધામ મંદિરની પાછળ ફાર્મહાઉસ અને રિસોર્ટને વિકસાવવામાં આવ્યો છે.

### ૪. પંપા સરોવર

શબરીધામથી લગભગ ૬ કિલોમિટર દૂર જારસોલ નજીક પંપા સરોવર આવેલું છે. જે પંપા નદીને કિનારે મીઠા પાણીના સંગ્રહ માટે બનાવાયેલું છે. એક પૌરાણિક માન્યતા મુજબ શબરીમાતાના ગુરુ માતંગ ઋષિએ પંપા સરોવરના કિનારે આશ્રમની સ્થાપના કરી હતી, ઘણા પ્રવાસીઓ આની મુલાકાત લે છે.

### ૫. ગીરાધોધ – ડાંગ

વઘઈ – સાપુતારા રોડ પર વઘઈથી ૫ કિ.મિ. દૂર ગીરા ધોધ આવેલો છે. આ ધોધ ૩૦ મીટર ઊંચાઈએથી અંબિકા નદીમાં પડે છે. આ ધોધને ગુજરાતનો મિનિ નાયગરા ધોધ પણ કહેવામાં આવે છે. જૂનથી ડિસેમ્બર સુધી આ ધોધનાં દર્શન કરીએ તો અત્યંત સુંદર રમણીય મનમોહક ચિત્ર ઊભું થઈ જાય છે. આ જિલ્લાના સુંદરતમ દ્રશ્યમાંનું  આ એક દ્રશ્ય છે. ચારેબાજુ પહાડો, પહાડો ઉપર લીલી વનરાજી, પર્વતોમાંથી વહેતી નદી અને એમાંથી પડતો આ ધોધ મનહર બની રહે છે. અને મનભર માણવાનું મન થાય છે.

ડાંગના બોદરમલ તથા મહારાષ્ટ્રના શ્રીભુવન ગામો પાસેની કેમ ટેકરીઓમાંથી ઉત્પન્ન થઈ અંબિકા નદી રંભાસ અને જિલ્લાનાં વઘઈ ગામો પાસેથી પસાર થઈ અંતે વલસાડ જિલ્લાના બીલીમોરા પાસેના અરબી સમુદ્રમાં મળે છે. આ ધોધ પાસે ચા-નાસ્તા માટે કેટલીક ઝૂંપડીઓ ઊભી કરવામાં આવી છે. અહીં નજીકમાં જ વાંસમાંથી બનાવેલ હસ્તકલા નમૂનાઓ વેચાય છે. ગીરા ધોધ પાસે ડાંગનું વિશિષ્ટ અંબાપાડા ગામ આવેલું છે. ગીરા ધોધ પાસેનો રસ્તો અત્યંત દર્શનીય છે. ચારેબાજુએ ઊચાં વૃક્ષો અને વાંસનાં વૃક્ષો છે. આજુબાજુ આદિવાસીઓ વસે છે. અને હસ્તકલાના નમૂનાઓ બનાવે છે. આમ ગીરા ધોધ જોવાલાયક છે.

### ૬. બરડા ધોધ, ડાંગ

ચંબલ ગામ નજીક આવેલો બાર પગથિયાંવાળો બરડા ધોધ પણ જોવાલાયક છે. આ ડાંગના આહવા મહાલ રસ્તા પર આહવાથી ૧૦ કિ.મિ. દૂર ચંબલ ગામ પાસે આ બરડા ધોધ આવેલો છે. આહવા મહલ રસ્તાથી જમણી બાજુ ફંટાઈએ એટલે ચંબલ ગામ પહેલાં નિરાકાર, ઊંચાં લાંબાં વૃક્ષોથી આચ્છાદિત રમણીય પ્રદેશમાં ૩૦

મિનિટની કેડીનો રસ્તો ખૂબ જ સુંદર લાગે છે. આ જગ્યાએ એક વખત પહોંચી જવાય, તો સુંદર મજાનું સરોવર દેખાય છે. જેમાં બાર પગથિયાંવાળા ધોધનું પાણી એકઠું થાય છે. આ સરોવર જૂનથી ડિસેમ્બર મહિનામાં ભર્યું રહે છે. અહીં ચા-નાસ્તાની વ્યવસ્થા નથી. તો કેડીના રસ્તે પીવાનું પાણી સુધ્ધાં નથી મળતું આથી જેમણે આ ધોધ જોવા જવું હોય તેમણે નાસ્તા, પાણીની વ્યવસ્થા આહવાથી જ કરી લેવી પડે. ડાંગનું ખૂબ જ ઓછું જાણીતું સ્થળ એટલે બરડા ધોધ. જો કે ટ્રેકર્સ અને કુદરતને ચાહવાવાળાને આ સ્થળ ચોક્કસ ગમે.

## ૭. દોણ ગામ, ડાંગ

ડાંગ જિલ્લાના આહવા ચીંચલી રોડ ઉપર આહવાથી દક્ષિણ પૂર્વમાં ૪૦ કિ.મિ. જતાં મોરઝીરા પાસે દોણ ગામ આવેલું છે. દોણથી મોરઝીરાનો રસ્તો હજુ કાચો છે. મહારાષ્ટ્રથી ચીંચલી, બાબુલઘાટ અને સાલેર કિલ્લા થઈને દોણ પહોંચવાનો બીજો રસ્તો છે.

આ સ્થળની આસપાસ નાની નાની ટેકરીઓ છે. વળી આ ગામ દરિયાની સપાટીથી ૩૫૦૦ ફૂટ ઊંચું છે. તેના દક્ષિણ પશ્ચિમે પૂર્ણા નદીને કારણે ઉત્પન્ન થયેલી ખીણ છે. દોણમાં સમગ્ર વર્ષ દરમિયાન ખૂબ જ આહ્‌લાદક વાતાવરણ રહે છે. આ સ્થળ એક ગિરિમથકની ખોટ પૂરી કરે છે. અહીં રહેવાની વ્યવસ્થા કદાચ આધુનિક નથી, પરંતુ આને ગિરિમથક તરીકે વિકસાવી શકાય.

## ૮. ડાંગની મહાલ ઈકો-ટૂરિઝમ કેમ્પસાઇટ

ડાંગ જિલ્લામાં ઈકો-ટૂરિઝમનાં ચાર સ્થળો છે. જેમાં મહાલ ફોરેસ્ટ કેમ્પસાઇટ, ગીરલી લોજ, કિલાડ નેચર એજ્યુકેશન સેન્ટર અને દેવીનાગલ ઈકો કેમ્પસાઇટ. પહેલી બે ઉત્તર જંગલ વિભાગ દ્વારા અને પાછળની બે કેમ્પસાઇટ દક્ષિણ જંગલ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.

મહાલ એ આહવાથી ૨૮ કિ.મિ. દૂર આવેલું ગામ છે. પૂર્ણા વન્યજીવન અભયારણ્યની હદને અડીને આહવા સોનગઢ રોડ આવેલા મહાલમાં ગુજરાતનું વાંસનું ગાઢમાં ગાઢ જંગલ આવેલું છે. અહીં આવેલા રેસ્ટહાઉસમાં બાથરૂમ-ટૉઇલેટ એટેચ્ડ ત્રણ રૂમો આવેલા છે. અહીં એક ઇન્ટરપ્રિટેશન રૂમ એટલે કે કૉન્ફરન્સ રૂમ છે. પૂર્ણા નદી તરફ મોઢું રાખીને બેસી શકાય તેવી વ્યવસ્થા આ રૂમોમાં છે. એક રસોડું અને એક ડાઇનિંગ રૂમ છે. મુખ્ય રોડથી ત્રણ કિ.મિ. અંદરના ભાગે ગાડી હંકાવીએ તો ગાઢ બાંબુનાં જંગલો છે. તેની વચ્ચે ટહેલવાની મજા આવે છે. કેડીઓનો વિકાસ કરવામાં આવ્યો છે. અહીંથી ત્રણ કિ.મિ. પગ રસ્તે આગળ જતાં ચીખલી ગામ આવે છે. જ્યાં મુખ્યત્વે વારલી જાતિના આદિવાસીઓ વસે છે. અને તેઓ ડાંગની સંસ્કૃતિને ઉજાગર કરી દુનિયાને વિશિષ્ટતા અર્પણ કરે છે. જંગલોનાં ઊંચાં વૃક્ષોમાંથી સરસર વહેતો પવન અને બાજુમાંથી વહેતી નદી એક અનોખું હૃદયંગમ ચિત્ર ઊભું કરે છે. કુદરતના ખોળે રાચવા આત્માને છૂટો મૂકતાં અદ્‌ભુત આધ્યાત્મિકતાનો પરિચય થાય છે. અહીં રહેવાની, ખાવા-પીવાની વ્યવસ્થા થઈ શકે છે. તો અહીંયાં વાંસની ઝૂપડીઓ બનાવી વધારે લોકો માટે પણ રહેવાની વ્યવસ્થા થઈ શકે છે. અહીંયાં વન્યજીવનને ઓળખવા રાત્રિ ટ્રેકિંગ ગાઇડ પણ મળી શકે છે.

## ૯. કિલાડ ઈકો-ટૂરિઝમ કેમ્પસાઇટ, ડાંગ

અંબિકા નદીને કિનારે વાંસદા-વઘઈ રોડ પર વઘઈથી ૧૫ કિ.મિ. દૂર કિલાડ ઈકો-ટૂરિઝમ સેન્ટર આવેલું છે, જે વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાનનો એક હિસ્સો છે. સુખસગવડભર્યા લાકડાના થાંભલાવાળી ઝૂંપડીઓ અને ઝાડની ડાળીઓ તેમ જ પાંદડાંથી બનાવેલી ઝૂંપડીઓવાળી આ કેમ્પસાઇટ કુદરતી કેમ્પસાઇટનો શ્રેષ્ઠ નમૂનો છે. દરેક ઋતુમાં આ કેમ્પસાઇટની મુલાકાત લઈ શકાય છે. અહીં

જંગલની જમીનો, નદીકાંઠાની વિશેષતાઓ અને ડાંગના જંગલખાતા તરફથી અમલી બનાવેલ બધી જ સગવડો મોજૂદ છે. અહીં પાણી ઉપર બે સિમેન્ટની બનાવેલી કોટેજીસ, ચાર વાંસની બનાવેલી કોટેજીસ, બે ઘરોમાં ચાર રૂમો, ૧૬ ટેન્ટની વ્યવસ્થા, રસોડું તથા જમવા માટે ડાઇનિંગ રૂમની વ્યવસ્થા છે. કેમ્પફાયર માટે અલગ જગ્યા અને દૂરદૂર સુધી જંગલો, વન્યજીવન અને નદીનું નિરીક્ષણ કરવા વાંસના માંચડાઓ મોજૂદ છે. આ કેમ્પસાઇટમાં સૂર્યઊર્જાથી ઉત્પન્ન કરવા માટેની સોલાર વ્યવસ્થા છે. આથી જ્યાં જેટલી જોઈએ તેટલી વીજળી પ્રવાસીઓ વાપરી શકે છે. અહીંની ઈકો-ટૂરિઝમ કમિટી તરફથી ખાવાનું પણ ઉપલબ્ધ થઈ શકે છે. તો આખા જંગલ વિસ્તારને ખૂંદી વળવા સ્થાનિક ભોમિયાની પણ મદદ મળી રહે છે. આમ આ કેમ્પસાઇટ જોવાલાયક છે.

### ૧૦. આહવા, ડાંગ

ડાંગ જિલ્લાનું મુખ્યમથક આહવા સમુદ્ર સપાટીથી ૧૮૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું મધ્ય કેન્દ્ર છે. ડાંગ જિલ્લામાં સૌથી વધુ વસ્તી ને વિસ્તાર ધરાવતું આહવા શહેર છે. બધી જ સરકારી ઑફિસો આહવામાં આવેલી છે. આહવામાં આવેલી દીપદર્શન શાળાની પાછળ આવેલા સ્થળેથી પ્રવાસીઓ સૂર્યને ખીણમાં આથમતો જોઈ શકે છે. આ ખીણનો ઠંડો પવન અને વનરાજીમાંથી સરર વહેતી હવાનો આનંદ માણવા જેવો છે. ઘણી વાર આ ખીણ અને આ જગ્યા ધુમ્મસથી છવાઈ જાય છે. ખાસ કરીને વરસાદ પછીની પાણીની સીકરોને બિંદુઓથી ઊભા થતા ગાઢ ધુમ્મસને માણવાનો પણ એક નજારો છે.

શહેરમાં આવેલા સરોવરમાંથી પીવાનું પાણી પ્રાપ્ત થાય છે. ક્યારેક વરસાદી માહોલની સવારે સરોવર ઉપર પણ પાણીનું ધુમ્મસ છવાયેલું જોવા મળે છે. કલેક્ટર કચેરીની સામેના ભાગમાં આવેલો મહાત્મા ગાંધી ઉદ્યાન જોવાલાયક છે, જ્યાં બાળકો માટે જુદી જુદી સાઇટ્સ છે અને બેસવાની ઘણી જગ્યાઓ છે. આ ઉપરાંત આહવાની આજુબાજુ પણ જંગલનો દર્શનીય વિસ્તાર અને ખીણ જોવાલાયક છે. અહીંથી થોડે દૂર દેવિનામલ ફોરેસ્ટ કેમ્પસાઇટ છે અને અન્ય સનસેટ પોઇન્ટ પણ જોવાલાયક છે. સમગ્ર વિસ્તારની બહાર એક ટ્રેકિંગનો રસ્તો છે. જે ખીણની પેલી બાજુ આવેલા નિશક્યા ગામ સુધી લઈ જાય છે. તેની પાછળ સ્મશાનગૃહ કે કબ્રસ્તાન આવેલું છે. પરંતુ તે ખૂબ જ સુંદર ટ્રેક છે. આહવામાં આવેલ અન્ય ધાર્મિક સ્થાનોમાં હનુમાનજીનું મંદિર, સાંઈબાબાનું મંદિર અને અન્ય બે શિવમંદિરો છે. તો શિયા અને સુન્ની બિરાદરો માટે મસ્જિદ પણ છે. અહીં રહેવા માટે સર્કિટહાઉસ, ફોરેસ્ટ રેસ્ટહાઉસ કે પ્રવાસીગૃહ છે.

### ૧૧. ગીરમાલ પાણીનો ધોધ અને ગીરલી લોજ, ડાંગ

આહવા – નવાપુર રોડ પર નિશાના ગામ તરફ જતાં ગીરમલ ગામે ગીરમાલ ધોધ આવેલો છે. ૧૦૦ ફૂટ ઊંચેથી નીચે પડે છે. રાજ્યમાંના પાણીના ધોધમાં આ સૌથી ઊંચો ધોધ છે. જેમાંથી મેઘધનુષ્ય રંગોની રિંગો દેખાય છે. મહારાષ્ટ્ર રાજ્યના મંગળદેવ ઓટામાંથી ઉત્પન્ન થઈ ગીરા નદીમાં પાણી ઠલવાતાં આ નદી જિલ્લાના રાંગણા, ગીરમલ, બરડીપાડા અને દિવાડીયાવન ગામોમાંથી પસાર થઈ છેલ્લે તાપી જિલ્લાની સોનગઢ તાલુકાની મિંઢોળ નદીને મળે છે.

આ ધોધને નિહાળવા જુલાઈથી ડિસેમ્બર વચ્ચે આવવાની જરૂર છે. જાન્યુઆરીના અંત સુધીમાં આ ધોધ લગભગ સુકાઈ જાય છે. જંગલખાતાએ આ ધોધને નિહાળવા બેસવાની સારી એવી વ્યવસ્થા કરી છે. અને ધોધ સુધી

પહોંચવા જંગલની કેડી પણ બનાવી રાખી છે. અહીં દિવસના સમયમાં ચા-પાણી મળી જતાં હોય છે.

## ૧૨. ગોવડાહાદ વ્યૂ પોઇન્ટ અને ગીરલી લોજ

નિશાનાથી ગીરમલ ગામ જતાં વચ્ચે ગોવડાહાદ ગામ પાસે જંગલખાતાએ એક સરસ મજાનું વ્યૂ પોઇન્ટ વિકસાવ્યું છે. આ વ્યૂ પોઇન્ટ ગીરા નદી જ્યાં યૂ-ટર્ન લે છે તે જગ્યાએ છે. પૂર્ણા વન્યજીવન અભયારણ્યની આસપાસ આવેલાં લીલાંછમ જંગલોની વચ્ચે યૂ-ટર્ન લેતી ગીરા નદીને જોતાં સુંદર પિક્ચર જેવું દ્રશ્ય ઊભું થાય છે. જંગલખાતાની ઈકો-ડેવલપમેન્ટ કમિટી અહીં એક 'યૂ-ટર્ન રેસ્ટોરન્ટ' ચલાવે છે. અહીં બાથરૂમ–ટૉઇલેટ સાથેના ચાર ગીરલી લોજીસ એટલે કે ઓરડા છે. એક કૉન્ફરન્સ રૂમ તાલીમવર્ગ કેન્દ્ર છે. આ સ્થળ ખરેખર આનંદદાયક છે. ડાંગ જિલ્લો ખરેખર પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર જિલ્લો છે. અહીં પહોંચવા માટે કોઈ જાહેર વાહનવ્યવસ્થા નથી.

વ્યૂ પોઇન્ટ એ ડાંગ જિલ્લાનું સર્વશ્રેષ્ઠ પોઇન્ટ છે. આ સ્થળ આહવાથી ૫૦ કિલોમિટર દૂર અને સુબીરથી ૨૦ કિ.મિ. દૂર છે. પરંતુ સર્વશ્રેષ્ઠ સ્થળ છે. જોવાનું ચુકાય નહીં એવું સ્થળ છે.

## ૧૩. વઘઈ, ડાંગ – બોટાનિકલ ગાર્ડન

ડાંગ જિલ્લાનું પ્રવેશદ્વાર એટલે વઘઈ કહી શકાય. અહીં પહેલાંના વખતમાં વાઘનું સામ્રાજ્ય હતું. વઘઈ અંબિકા નદીના કિનારે આવેલું ગામ છે. પશ્ચિમ રેલવે બીલીમોરા વઘઈ નેરોગેજ રેલવે સેક્શનમાં આ છેલ્લું સ્ટેશન છે. આ શહેર બીલીમોરા આહવા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલું છે. જે બીલીમોરાથી ૪૬ કિ.મિ. દૂર અને આહવાથી ૩૨ કિ.મિ. દૂર છે.

બીલીમોરા વઘઈ નેરોગેજ લાઇન ૧૯૧૪ અને ૧૯૨૯ વચ્ચેના તબક્કાઓમાં શરૂ કરવામાં આવી હતી. આ લાઇનની કન્સ્ટ્રક્શન કોસ્ટમાં વડોદરા રાજ્યે પહેલાંના જમાનામાં ખર્ચ કર્યો હતો. ગાયકવાડ બરોડા રેલવે આ રેલવેનું સંચાલન કરતી હતી. ૧૯૧૪માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં ભારત સરકારની રેલવેનો તે ભાગ બની ગઈ. આ લાઇનની કુલ લંબાઈ ૬૩ કિ.મિ. હતી. વઘઈ રહ્યા પછી તમે અંબામાતાનું મંદિર કે હનુમાનજીનું મંદિર જોઈ શકો કે પછી અન્ય ધાર્મિક સ્થળો જેવાં કે બાદશા બાવાપીરની દરગાહ અને સૈયદ મોહમ્મદ શકીરની દરગાહો પણ જોઈ શકાય છે. વઘઈમાં રહેવા માટે રેન્જ ફોરેસ્ટ રેસ્ટહાઉસ છે, જ્યાં વ્યવસ્થા થઈ શકે છે. વઘઈથી કિલાડ કેમ્પસાઇટ, વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, ગીરા ધોધ, બોટાનિકલ ગાર્ડન, ઉમરાખડી ધોધ વગેરે જઈ શકાય છે.

વઘઈ-સાપુતારા રોડ પર વઘઈથી ૨ કિ.મિ. દૂર વઘઈ બોટાનિકલ ગાર્ડન આવેલો છે. આ ગાર્ડનની સ્થાપના ૧૯૬૬માં કરવામાં આવી હતી. ગુજરાતમાં સૌથી મોટો આ ગાર્ડન ૨૪ હેક્ટરમાં ફેલાયેલો છે.

આ બોટાનિકલ ગાર્ડનમાં બહુ ઓછી પ્રાપ્ય છોડની જાતો ઉપલબ્ધ છે. અહીં ૧૪૦૦ જેટલા છોડ ને વૃક્ષોની જાતો ઉપલબ્ધ છે. અહીં ૧૦૭૭ જેટલા ઔષધિયુક્ત છોડો અને વૃક્ષો છે. આ ગાર્ડનમાં આંતરરોડની વ્યવસ્થા ખૂબ જ સિસ્ટેમિક છે. દરેક રસ્તાની બંને બાજુએ વાવેલા છોડની જાતો ઉપર આધારિત નામો છે. જેમ કે નીમ રોડ, અશોક રોડ, વગેરે. અહીં ૮૦૦૦ જેટલાં પાનાંઓમાં ૧૦૦૦ ઔષધિવાળાં ઝાડોનું વિવરણ લખેલું છે. આ ગાર્ડનને જુદા જુદા પ્લૉટમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમ કે લીલાંછમ, કાંટાવાળા, ફૂલોવાળા પ્લૉટ વગેરે, ગુલાબોવાળો પ્લૉટ વગેરે પ્લોટ આવેલા છે. અહીં કેક્ટસના છોડોનો અદ્‌ભુત સંગ્રહ છે. તો વાંસનાં વૃક્ષોની જુદી જુદી જાતો પણ આવેલી છે. જેમ કે ચાઇનીઝ વાંસ, સોનેરી વાંસ,

બીટરબોટલ વાંસ વગેરે. આ બોટાનિકલ ગાર્ડનની મુલાકાત લગભગ એક લાખથી વધુ પ્રવાસીઓ દર વર્ષે લે છે. આ ગાર્ડનમાં લાઇબ્રેરી, કૉન્ફરન્સ રૂમ, સંશોધન રૂમ, ડેમોન્સ્ટ્રેશન રૂમ, મિટિંગ માટે ઓરડો, પીવાના પાણીની વ્યવસ્થા અને શૌચાલય, કેન્ટીન તથા રેસ્ટહાઉસની વ્યવસ્થા છે. અહીં મફત પ્રવેશ છે. આ ગાર્ડન સવારના આઠથી સાંજના છ વાગ્યા સુધી ખુલ્લો રહે છે.

## ૧૪. માયાદેવી મંદિર, ડાંગ

માયાદેવી મંદિર વ્યારા-આહવા રોડ પર કાકરડા ગામે આવેલું છે. આ હિન્દુ માયા નામની દેવીનું મંદિર છે. આ દેવી ત્રણ માથાવાળાં અને ચાર હાથોવાળાં છે, જેને શક્તિનું સ્વરૂપ માનવામાં આવે છે. આ મંદિર પૂર્ણા નદીને કિનારે આવેલું છે. સલ્હેર ટેકરીઓમાંથી શરૂ થઈ પૂર્ણા નદી ચીંચલી, મહાલ, કલિબેલમાંથી આગળ જતાં ભેસકાત્રીથી તાપી જિલ્લામાં પ્રવેશ કરે છે અને નવસારી પાસે અરબી સમુદ્રને મળે છે.

પૂર્ણા નદીના પાણીના પ્રવાહ વચ્ચે આવેલા બેટમાં એક ગુફામાં દેવીનું મંદિર આવેલું છે. વરસાદની ઋતુમાં અહીં આવી શકાતું નથી. કારણ કે વરસાદમાં પૂર્ણા નદી બેકાંઠે વહે છે. અને આ ગુફા ઢંકાઈ જાય છે. પરંતુ પૂજા માટે તેનું મુખ ખોલી શકાય તેવી વ્યવસ્થા હોવાથી વરસાદની ઋતુ દરમિયાન માત્ર માતાની પૂજા જ થાય છે. મંદિરની અંદર પર્વત પરથી નીચે જતાં પથ્થરનાં પગથિયાં છે, જેની ઉપરથી પાણી જઈ શકે છે. વરસાદ સિવાયની ઋતુમાં ભક્તો એક તળાવ પર બંધાયેલા પથ્થરના પ્લૅટફૉર્મ પરથી નીચે ઊતરી ગુફામાં પહોંચે છે. આવા પથ્થરની ગોઠવણીથી ભક્તો, આધ્યાત્મિકતા,  ગૂઢતા, ભય છતાં આનંદ અનુભવે છે. અને આજુબાજુના વાતાવરણનો આહ્લાદક નજારો માણે છે. આ મંદિરમાં શિવરાત્રિ ને નવરાત્રિ દરમિયાન ભક્તોની ભીડ બહુ જ રહે છે. મુખ્ય મંદિરની બાજુમાં મંદિરમાં હનુમાનનું મંદિર છે. અહીં હજારો ભાવિકો આવી પૂજા-દર્શન કરે છે.

## ૧૫. પાંડવ ગુફાઓ, ડાંગ

આહવા-ચીંચલી રોડ ઉપર આહવાથી ૨૭ કિ.મિ. દૂર પાંડવા ગામ પાસે પાંડવ ગુફાઓ આવેલી છે. આ સ્થાન મહારાષ્ટ્રના સલ્હેર પાસેના અટાલા પર્વતનો દક્ષિણ ભાગ છે. ત્યાં આવેલા પાંડવા ગામથી ત્રણ કિ.મિ. પગે ચાલીને આ પાંડવ ગુફાઓ સુધી પહોંચી શકાય છે. આ ગુફા પાંચ થાંભલાઓ ઉપર ઊભેલી છે અને તે ૨૦ મીટર લાંબી તેમ જ ૭ ફૂટ ઊંચી છે. એવી દંતકથા છે કે પાંડવો તેમનાં ચૌદ વર્ષના વનવાસ દરમિયાન અહીં આ ગુફામાં રહ્યા હતા. અહીં જંગલખાતાએ શૌચાલયની વ્યવસ્થા કરી છે તેમ જ આ  જગ્યાએ વિશ્રામ લઈ શકાય તેવી ઝૂંપડીઓ પણ છે. આ ઉપરાંત પાંડવ ગામે જંગલખાતાએ એક રેસ્ટહાઉસ પણ બનાવેલું છે. આ ગુફાઓની મુલાકાત લેવી એ પણ એક સાહસ છે, જે કરવા જેવું છે.

## દાહોદ જિલ્લો

ગુજરાત, માળવા અને રાજસ્થાનને ત્રિભેટે વસેલું તથા ગુજરાતના પ્રવેશદ્વાર તરીકે ઓળખાતું દાહોદ આમ તો મુખ્યત્વે અનાજના વેપારી મથક તરીકે જાણીતું છે. પરંતુ પશ્ચિમ રેલવેના એન્જિન રિપેરિંગ માટેના જંગી કારખાનાને પરિણામે રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ધરાવે છે. દાહોદ જિલ્લો ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દ્રષ્ટિએ પોતાનો ભવ્ય ભૂતકાળ ધરાવે છે. દધીચિ જેવા મહાન ઋષિએ દાહોદને પોતાની તપોભૂમિ બનાવેલ હતી તો મહાન મોગલ શહેનશાહ ઔરંગઝેબનો જન્મ પણ દાહોદમાં જ

થયેલો છે. દાહોદ નગરની વચ્ચે આવેલું પ્રખ્યાત છાબ તળાવ અને ગડીનો કિલ્લો એમનો ઐતિહાસિક વારસો ધરાવે છે. દાહોદ સુધીનાં જંગલોમાં મુખ્યત્વે આદિવાસીઓ વસે છે. અહીં સાગનાં જંગલો છે. અહીં કપાસ, લાકડું અને જંગલની પેદાશ તેમ જ ઔદ્યોગિક પેદાશોના બજારો પણ વિકસ્યા છે. પરંતુ ખાસ તો દાહોદ નગર સ્થાપત્યોનો શ્રેષ્ઠ નમૂનો છે.

## ૧. સોલંકી કાલીન બાવકાનું પ્રાચીન મંદિર (૧૨મી સદી)

દાહોદથી ૧૪ કિ.મિ. દૂર બાવકા નામના ગામમાં આવેલું પ્રાચીન શિવ પંચાયતન મંદિર ભગ્નઅવસ્થામાં સોલંકી કાળના સુવર્ણયુગની યાદ અપાવે છે. આ દેવાલયની બાહ્ય દીવાલો ઉપરની શિલ્પસમૃદ્ધિ આકર્ષક છે. મિથુન શિલ્પોની પ્રચુરતાને કારણે આ પ્રાચીન શિવાલય 'ગુજરાત ખજુરાહો' તરીકે જાણીતું છે. પુરાતત્ત્વવિદોના મત મુજબ આ મંદિર ૧૨મી સદીનું છે. આ દ્વિઅંગી મંદિર ગણાય છે. ગર્ભગૃહની આગળ શૃંગારચોકીની રચના જોવા મળે છે. ગર્ભગૃહમાં દેવ-દેવીઓની પ્રતિમાઓ છે. મંદિરની દીવાલો પર ગજરાજોનાં શિલ્પો છે. દરેક ગજરાજની ચેષ્ટા ન્યારી છે. સ્થાન પરની શિલ્પકૃતિઓ વિશિષ્ટ છે અને આકર્ષક છે. નૃત્યમુદ્રાવાળી અપ્સરાઓ, અને ગાંધર્વકન્યાઓનાં આકર્ષક આભૂષણો અને અપ્સરાઓની અંગભંગિમાઓ મનોહારી છે. સપ્રમાણ અંગમાપ, પ્રમાણ અંગ મરોડવાળી નૃત્ય પ્રતિમાઓના ભાવોની સચોટ અભિવ્યક્તિ જ આ શિલ્પોનું આગવું આકર્ષણ છે. પુરાતન સમયમાં 'કામ'નું જ્ઞાન અને એ વિશેની સમજ અનિવાર્ય લેખાતી. કારણ કે વાત્સ્યાયન મુનિએ 'કામ'ને કલાનો દરજ્જો આપ્યો હતો. એ સમયે જાતીય જ્ઞાનના પ્રસાર-પ્રચારનું માધ્યમ મંદિરો હતાં. બાવકાનાં મંદિરોની દીવાલો પર રતિક્રિડાનાં શિલ્પો જાતીયતાની સાચી સમજ આપે છે. અહીં જાતીય જ્ઞાનનો વૈજ્ઞાનિક અભિગમ દ્રષ્ટિગોચર થાય છે.

લગભગ ખંડેર જેવું બની ગયેલું આ પુરાતન શિવાલય પોતાની જાહોજલાલી, વૈભવ અને ઐશ્વર્યની યાદોને વાગોળતું આંસુ સારી રહ્યું છે. તેના એક એક પથ્થર પર શિલ્પોની કવિતાઓ છે.

## ૨. છાબ તળાવ

યુદ્ધ દરમિયાન અને તે બાદ દરેક સૈનિક દ્વારા એક છાબડી માટી નાખવામાં આવતાં દાહોદના 'છાબ તળાવ'નું નિર્માણ થયું. એવું કહેવાય છે કે આ છાબ તળાવ એક જ રાતમાં બંધાઈ ગયું હતું. સમાજ હજુ પણ આ તળાવને તળાવનું નિર્માણ થયું એવું માને છે. આ છાબ તળાવે આપણને ઈ.સ ૧૮૧૧માં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સામગ્રી પૂરી પાડી છે. પાટણપતિ ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહના સમયનો શિલાલેખ છાબ તળાવમાં પ્રાપ્ત થયેલો. આ શિલાલેખોમાં સિદ્ધરાજે સૌરાષ્ટ્ર અને માળવાના રાજાઓને કારાગૃહમાં નાખ્યાનો નિર્દેશ છે. સિદ્ધરાજે કેશવને દાહોદમાં સેનાપતિ બનાવ્યાનો ઉલ્લેખ આવે છે.

## ૩. સુદાઈ માતાનું મંદિર

છાબ તળાવ પાસે સુદાઈ માતાનું પ્રાચીન મંદિર છે, જે સિદ્ધેશ્વરી માતાના નામથી ઓળખાય છે. દાહોદ એ નગર સ્થાપત્યનો શ્રેષ્ઠ નમૂનો છે. નગર આયોજનની પ્રાચીન પદ્ધતિમાં જે ધોરણ નક્કી કરેલ હતાં તેના આધારે વિસ્તારનાં નામ પડતાં. એ મુજબ દાહોદના અમુક વિસ્તારો પરંપરાગત વ્યવસાયને વળગી રહ્યા છે. અને આજે પણ પોતાની અસ્મિતા ટકાવી રહ્યા છે. ગઢીની આગળ ચોકમાં પોલનબાગ હતો. 'નૂતન બજાર' નામના વિસ્તારમાં કરિયાણા અને કાપડના વેપારીઓની દુકાન હતી. નજીકમાં હનુમાન

બજારમાં શ્રીમંત વેપારીઓની પેઢીઓ હતી એવો ઉલ્લેખ છે.

મધ્યકાલીન ગુજરાતમાં મહંમદ બેગડાનું શાસન દાહોદ ઉપર હતું. દરવાજા ઉપર મહંમદ બેગડાના શાસનકાળનો શિલાલેખ હતો જે અત્યારે મુંબઈના મ્યુઝિયમમાં છે. આ અભિલેખ વિ.સં. ૧૫૪૫નો છે. આ લેખમાં મહંમદ બેગડાના મુખ્યમંત્રી ઈમાદ-ઉલ-મુલકે દધિપદ્ર(દાહોદ)નો કિલ્લો બંધાવ્યાની વિગતો છે. આ અભિલેખમાં મહંમદ બેગડા અને તેના પુરોગામીઓનાં કાર્યો અર્થાત્ તેઓએ જીતેલ સંગ્રામો અને બંધાવેલ ઇમારતોની કેટલીક માહિતી છે. આ લેખ મહંમદ બેગડાના ઈ.સ. ૧૫૯૦ સુધીનાં બધાં મહત્ત્વનાં પરાક્રમ નોંધે છે. અભિલેખમાં નીચેનાં સ્થળોનો ઉલ્લેખ છે. અહમદપુર, ચંપક (રદ્ર), ચંપકપુર, દધિપદ્ર (દાહોદ), ગુર્જર, માલવક્ર, દમક અને બાગુલ (ના અધિપતિઓ), પાવક અને જીર્ણના કિલ્લાઓ તેમ જ રૈવતક પર્વત,પલ્લી દેશ ગોધરા વિસ્તારનો કોઈ ભાગ છે.

ઈ.સ. ૧૫૭૩થી ૧૭૨૬નો સમયગાળો મોગલકાળ તરીકે જાણીતો છે. મોગલ સમ્રાટો જેવા કે અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ દાહોદના માર્ગેથી દિલ્હી જતા. મોગલ શહેનશાહ ઔરંગઝેબનો જન્મ દાહોદ મુકામે ૨૪ ઑક્ટોબર, ૧૬૧૮ના રોજ થયો હતો. દાહોદનો કિલ્લો મોગલકાલીન સ્થાપત્યનો સાક્ષી છે. એ કિલ્લાની પ્રત્યેક ઈંટમાં અનેક સંગ્રામોની વાર્તાઓ ચણાયેલી છે. અહીં ઇતિહાસ થીજી ગયો છે.

ઈ.સ. ૧૬૭૬માં ગુજરાતના સૂબેદાર મુહમ્મદ અમીનખાને ઔરંગઝેબના જન્મસ્થાન દાહોદમાં એક ભવ્ય સરાઈ કરાવી. આ ચોરસ ઇમારત દરેક બાજુએ ૪૫૦ ફૂટ(૧૩૭.૨ મીટર)ની લંબાઈવાળો લગભગ ૧૬.૫ ફૂટ(૫ મીટર) ઊંચો કોટ ધરાવે છે. એના ચારે ખૂણે ચાર બુરજ અને ઉત્તર તથા દક્ષિણની દીવાલોની મધ્યમાં એક એક એમ બે ભવ્ય દરવાજા કરેલા છે. કોટની અંદરના ભાગમાં સંખ્યાબંધ ઓરડા કરેલા છે. આ ઓરડામાં કમાનાકાર સ્થંભ-રચના નજરે પડે છે. ૧૮મી સદીમાં મરાઠા સૂબેદારનું નિવાસસ્થાન બન્યો ત્યારે એમાં મરાઠાઓએ કેટલાક ફેરફાર કર્યા. એમણે પશ્ચિમ દીવાલ અને પૂર્વ દીવાલની મધ્યમાં એક એક અને નૈઋત્ય ખૂણામાં એક એમ બધા મળી ત્રણ ગોળ મિનારા ઉમેર્યા. આ મિનારા ૨૪ ફૂટ (૭.૩ મીટર) ઊંચા છે. ૧૮મી સદીમાં સિંધિયાના સૂબેદાર આવ્યા. સાહેબ પાટણકરે કોટના અગ્નિ ખૂણામાં પોતાના પુત્ર માટે 'બારદ્વારી' નામનું દરવાજાવાળું મકાન બંધાવ્યું. ઔરંગઝેબના સમયની આ સરાઈનો મરાઠાઓએ પોતાની ગઢી (કિલ્લો) તરીકે ઉપયોગ કર્યો. ત્યાર બાદ એના કેટલાક ભાગોનો અમદાવાદ અને સુરતની નામાંકિત સરાઈઓની જેમ થોડો વખત જેલ તરીકે પણ ઉપયોગ થયો. હાલમાં એ સરકારી કચેરીઓ માટે વપરાય છે.

ઈ.સ ૧૭૨૬થી ૧૮૦૩ના સમયગાળાને મરાઠાકાળ તરીકે ઓળખવામાં આવે છે.

ગ્વાલિયરના મહારાજા જયાજીરાવ શિંદે(૧૮૪૩- ૧૮૮૬)ના શાસન વખતે દાહોદમાં ગાંધીચોક પાછળના વિસ્તારની 'ફણસ ચાલ'માં ગ્વાલિયર સ્ટેટની ટંકશાળ હતી. ઈ.સ ૧૮૫૩ સુધી દાહોદની છાપવાળા તાંબા અને ચાંદીના સિક્કાઓ દાહોદ નગર માટે છપાતા હતા. દાહોદમાં સ્મશાનમાં દૂધેશ્વર મહાદેવના મંદિરની એક દીવાલ ઉપર એક મરાઠાકાલીન શિલાલેખ છે. આ શિલાલેખમાં મરાઠા સમયની વિગતો છે. ૧૮૫૭ના બળવા વખતે દાહોદની ભૂમિકા નોંધપાત્ર હતી. ઈ.સ ૧૮૫૩ પછી દાહોદ બ્રિટિશ શાસન હેઠળ આવ્યું. ઈ.સ. ૧૮૯૮માં બૉમ્બે-બરોડા રેલવેને દિલ્હી સુધી લંબાવવામાં આવી. રેલવેનું એન્જિન

રિપેરિંગ કારખાનું દાહોદમાં ઈ.સ. ૧૯૨૫માં નાખવામાં આવ્યું. આ રેલવેના કારખાનાના કારણે દાહોદનો ખૂબ જ વિકાસ થયો.

ત્યાર બાદ ભારત સ્વતંત્ર થતાં મુંબઈ અને ગુજરાત રાજ્યમાં પંચમહાલ જિલ્લાના તાલુકા તરીકે અને પછી જિલ્લા અને તાલુકાઓની પુનર્રચનામાં અત્યારે દાહોદ જિલ્લાનું સ્થાન ભોગવે છે. દાહોદનું ભવિષ્ય સ્વર્ણિમ છે. સમયની થપાટો ખાધા પછી પણ દાહોદ (દધિપદ્ર) આજે ગૌરવવંતો ઇતિહાસ સંઘરીને બેઠું છે. યુગયુગીન દાહોદના ભવ્ય ઇતિહાસ અને અપ્રતિમ વારસાને આપણે સૌ સાથે મળીને સાચવીએ, જાળવીએ અને સંવર્ધન કરીએ.

## સુરત જિલ્લો

### ૪. બારડોલી આશ્રમ

ગુજરાતના દક્ષિણના ક્રાંતિસંગ્રામને યાદ કરીએ તો બારડોલીની ક્રાંતિને તો કેમ ભુલાય?

સુરત જિલ્લામાં જ સુરતથી પૂર્વ તરફ બારડોલી ગામે દાંડી સત્યાગ્રહ પહેલાં બેએક સદી પહેલાં બ્રિટિશ હકૂમત સામે, પૂ. ગાંધીજીની પ્રેરણાથી પ્રજાએ માથું ઊંચક્યું. અહિંસક સત્યાગ્રહની ના-કરની લડતનાં મંડાણ થયાં. એ સંગ્રામના સંચાલનની આગેવાની લીધી ગુજરાતના સપૂત વલ્લભભાઈ પટેલે. સત્યાગ્રહ સફળ થયો. પ્રજાની સહનશીલતા, તેમનો અહિંસક પ્રતિકાર, અડગતા તેમ જ વલ્લભભાઈની કુશળ નેતાગીરીએ અન્યાયી, દમનકારક અને આપખુદ સરકારને પરાજિત કરી. સરકારને નમવું પડ્યું. હરખઘેલી ગુજરાતી પ્રજાએ વલ્લભભાઈને બિરુદ આપ્યું ‘સરદાર’. બારડોલીના એ સરદાર બધાના સરદાર બનીને રહ્યા.

આ નાનકડી નગરીમાં સરદારનું નિવાસસ્થાન આજેય સ્મારક તરીકે સચવાયું છે. ‘સરદાર સ્વરાજ્ય આશ્રમ’ કે ‘બારડોલી આશ્રમ’માં આજે પણ સરદારના અને ગાંધીજીના સાયુજ્યને તેમ જ સ્મૃતિને તસવીરોના કાયમી પ્રદર્શન સ્વરૂપે સાચવી રાખ્યું છે. સ્વરાજ્ય આશ્રમમાં તૈયાર થતાં સૂર્યફૂકરની અને ખેતીનાં ઓજારોની માંગ ગુજરાતભરમાં છે.

બારડોલી શેરડી ઉગાડનાર આગવું નગર છે. ત્યાં સહકારી ધોરણે ચાલતાં ખાંડનાં કારખાનાં ધમધોકાર ચાલે છે.

તો બારડોલી આશ્રમમાંથી શરૂ થયેલી પ્રવૃત્તિ આજે પણ સરદારની યાદરૂપે આશ્રમમાં સંગ્રહાયેલી છે. ઉપરાંત ગાંધી વિચારધારાને લગતી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ ત્યાં થઈ રહી છે.

*  *  *

## સંદર્ભ


૧. જાદવ જોરાવરસિંહ(૨૦૧૦), ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત, માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨. ઠાકર કીર્તિ (૨૦૧૫), ગ્રામીણ આદિવાસી પ્રવાસન અને આતિથ્ય તાલીમ કાર્યક્રમ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

૩. દેસાઈ રોહિત જે. (૨૦૧૫), આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન વિકાસ (લઘુશોધ યોજના) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા.

૪. સેદાણી હસુતાબહેન શશીકાંતઃ ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# ૧૫. આદિવાસી પરંપરાગત હાટ બજાર



## ૧. પ્રસ્તાવનાઃ

દુર્ગમ જંગલ વિસ્તારમાં પેઢીઓથી વસતા આદિવાસીઓએ પ્રકૃતિ સાથે તાલ મિલાવી પોતાની સુસંવાદી અને સરળ જીવનશૈલી વિકસાવી છે. આવા પ્રાકૃતિક અને અંતરિયાળ પ્રદેશોમાં વસતા આદિવાસીઓના જીવનનાં વિવિધ પાસાંઓમાં પરંપરાગત હાટ બજારોની ભૂમિકા ઘણી મહત્ત્વપૂર્ણ રહી છે.

આદિવાસી વિસ્તારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ અને વસ્તુવિનિમય માટે પારંપરિક હાટ વ્યવસ્થા જોવા મળે છે. હાટ બજાર આદિવાસીઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવન સાથે ગાઢ રીતે વણાયેલાં છે. બહારના વેપારીઓ અને આદિવાસી લોકોએ સાથે મળીને પોતાની જીવનજરૂરી ચીજવસ્તુઓના ખરીદ-વેચાણની જરૂરિયાતો સંતોષવા માટે પોતીકા વિશિષ્ટ હાટ બજારની વ્યવસ્થા ઊભી કરી છે. તેઓ હાટ બજારમાં પોતાના ઘરઆંગણે કે ખેતર-શેઢે ઉત્પાદિત કરેલી પેદાશો તેમ જ જંગલમાંથી મળતી ગૌણ વનપેદાશોનું સહેલાઈથી વેચાણ કરતા હોય છે અને સાથોસાથ જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. આ રીતનું ખરીદ-વેચાણ આદિવાસી સમાજની પરંપરાગત ચાલી આવતી વ્યવસ્થા છે, જેને આદિવાસીઓ 'હાટ' કે 'હાટવાડો' (Weekly Market) તરીકે ઓળખે છે. (એસ.પી. પુનાલેકર, આદિવાસી ગુજરાત, ૧૯૭૯,V-૨:૭૫)

હાટ આદિવાસી વિસ્તારોમાં વંશપરંપરાગત ચાલતી એક સંસ્થા છે. હાટ શબ્દ મૂળ સંસ્કૃત ભાષાના 'હટ' પરથી ઊતરી આવ્યો છે. 'હટ' પરથી 'હટાણું' અને 'હટાણું' એટલે ખરીદ-વેચાણ કરવું. હટાણું કરવાનું સ્થળ તે 'હટ', 'હાટ', 'હાટવાડો' કે 'હાટ બજાર'. હાટ બજાર એટલે આદિવાસી વિસ્તારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ખરીદ-વેચાણ માટે દર અઠવાડિયાના નક્કી કરેલા વાર અને સ્થળે નિયમિત રીતે ભરાતું એક વિશિષ્ટ પ્રકારનું અઠવાડિક બજાર છે, તેને આદિવાસીઓ હાટ તરીકે ઓળખે છે. (મહેશ ગામીત, આદિલોક, ૨૦૧૨:૩૭) હાટ બજારોનું મૂલ્ય કેવળ તેમના જીવનની રોજિંદી ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ પૂરતું જ મર્યાદિત નથી, તે ઉપરાંત નાચવા-કૂદવા-વગાડવા સાથે આનંદ-ઉલ્લાસ માણવાનું તથા તે દ્વારા પોતાની લાગણીઓ-ઊર્મિઓની અભિવ્યક્તિ કરવાનું, નવા સામાજિક સંબંધો વિકસાવવાનું તથા જૂના સંબંધો તાજા કરવાનું, કુંવારી છોકરીઓને હાથે-પગે-મોઢે છૂંદણાં છૂંદવાનું, બહારના લોકોના સંપર્કમાં આવવાનું અને ટેવો-વિચારો વગેરેનું આદાન-પ્રદાન કરવાનું વગેરે અનેકવિધ સામાજિક-સાંસ્કૃતિક તત્ત્વોના સુભગ સમન્વયનું સ્થાન એટલે હાટ, હાટવાડો કે હાટ બજાર.

પરંપરાગત હાટપ્રથા આદિવાસી પ્રજાના જીવન અને સંસ્કૃતિમાં બીજાથી અલગ એવી એક વિશિષ્ટ ઓળખ ઊભી કરે છે. એક હાટ આસપાસનાં ૧૦થી ૧૫ ગામોના લોકોની ખરીદ-વેચાણની જરૂરિયાતોને આવરી લે છે. આજે ગુજરાતમાં આદિવાસીઓની સઘન વસ્તી ધરાવતા વિસ્તારોમાં ૨૪૫થી વધુ પરંપરાગત હાટ બજારો ભરાય છે. જેમાં સ્થાનિક લોકો પોતાની ખેતપેદાશો કે ગૌણ

વનપેદાશોનું ખાસ કોઈ પરિવહન ખર્ચ વિના સહેલાઈથી વેચાણ કરીને ઘરઆંગણે રોજગારી મેળવે છે. હાટ બજારમાં સામાન્ય રીતે જે તે વિસ્તારના લોકોની પ્રાથમિક જીવનની તમામ જરૂરિયાતો મળી રહે છે, જેમાં મુખ્યત્વે શાકભાજી, ફળો, અનાજ, કઠોળ, મરીમસાલા, વાસણો, કપડાં, ગૌણ વનપેદાશો, કૃષિનાં ઓજારો તથા જીવન-જરૂરી અન્ય તમામ ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ થાય છે. આ ઉપરાંત બકરી, ગાય, ભેંસ, બળદ વગેરે માંસ, ખેતીકામ કે માલવહનમાં ઉપયોગી પાલતૂ પશુઓની લે-વેચ પણ કરવામાં આવે છે, જે તેમના આર્થિક ઉપાર્જનમાં ત્વરિત અને મહત્ત્વનો ફાળો આપે છે. હાટમાં લોકોને પોતાના ઘરની નજીકના એક જ સ્થળે જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ પોષણક્ષમ ભાવે મળી રહેતી હોવાથી તાલુકા કે જિલ્લા કક્ષાના બજારો સુધી જવા-આવવાનો ખર્ચ અને સમય બચે છે. હાટમાં આદિવાસી માટે જીવનજરૂરી ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ જ મહત્ત્વનું નથી, પરંતુ તેમના જીવનમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનની દ્રષ્ટિએ પણ ઊંડું મહત્ત્વ ધરાવે છે. ટૂંકમાં હાટને આદિવાસીઓ તહેવાર, ઉત્સવ અને મેળાની જેમ માણે છે. આ ઉપરાંત હાટમાં ખૂબ જ અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા લોકો એકઠા થાય છે, હળેમળે છે તથા સુખ-દુઃખના સમાચારોની આપલે કરે છે. આ રીતે હાટ થકી આદિવાસી લોકોના સામાજિક સંબંધો પણ વિકાસ પામે છે.

આજે બદલાતા સમયના વહેણ સાથે હાટમાં ઘણાં પરિવર્તનો આવી રહ્યાં છે. કેટલીક જગ્યાએ ઘણાં જૂના હાટ બંધ થઈ ગયાં છે, તો ઘણાં બંધ થવામાં છે. બીજી બાજુ અંતરિયાળ વિસ્તારોમાં સ્થાનિક લોકો દ્વારા સ્વયંભૂ રીતે નવાં હાટ શરૂ થઈ રહ્યાં છે. આ રીતે થોડાઘણા બદલાયેલા સ્વરૂપ સાથે હજુ પણ હાટ બજારો આદિવાસી જીવનનું અવિભાજ્ય અંગ બનીને સૈકાઓથી તેઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વ્યવહારોનું કેન્દ્રબિંદુ બની રહ્યાં છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં હજુ ઊંડાણના વિસ્તારોમાં પૂરતી વાહનવ્યવહાર અને કાયમી બજારોની વ્યવસ્થા વિકસી નથી ત્યાં હાટ બજારોનું મહત્ત્વ આજે પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ખૂબ જ સાદી અને સરળ રીતે થતી વસ્તુઓની લેવડદેવડ તેમની અર્થવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં ઘણું મહત્ત્વ ધરાવે છે.

## ૨. હાટ બજારનો ઉદ્‌ભવ અને વિકાસ :

આપણે ત્યાં આદિવાસી વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયા એકીસાથે, એકસરખા પ્રમાણમાં અને સાર્વત્રિક રીતે થઈ નથી. આ કારણથી આજે આર્થિક અને સામાજિક રીતે કેટલાક જિલ્લાઓ અને તાલુકાઓની સ્થિતિ સારી છે, તો કેટલાક જિલ્લાઓ અને તાલુકાઓની સ્થિતિ ઘણી જ પછાત જોવા મળે છે. આ પરિસ્થિતિને સ્વતંત્રતા પૂર્વેની સામાજિક-રાજકીય શાસનપદ્ધતિ સાથે ઘણો નિકટનો સંબંધ છે.(પુનાલેકર, ૧૯૮૩) આદિવાસી વિસ્તારોમાં હાટ બજારોની શરૂઆત થઈ તે પૂર્વે ગાઢ જંગલો, પહાડો અને પ્રકૃતિ વચ્ચે વસતાં આદિવાસી ગામો કે ફળિયાંઓમાં રસ્તાઓ, વાહનવ્યવહાર કે બજારોની ખાસ કોઈ સુવિધાઓ ન હતી. તે સમયે નજીકના શહેર કે મોટાં ગામોમાંથી વેપારીઓ અને કેટલાક કારીગરો જુદી જુદી જીવન-જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ લઈને બળદગાડા, ગધેડા, સાઇકલ લઈને કે ચાલીને આદિવાસી ગામોમાં આવતા હતા. તેઓ તહેવારો, લગ્ન-પ્રસંગો તેમ જ ખળાના સમયમાં પહોંચી શકાય તે બધાં ગામોમાં ખાસ આવતા હતા. (એસ.પી. પુનાલેકર, ૧૯૮૩:૬-૯) આ ફેરી કરનારા વેપારીઓ અને કારીગરો બિનઆદિવાસીઓ હતા. જો કે જુદાં જુદાં કારણોસર તેઓ નિયમિતપણે આ વિસ્તારોમાં ફરી શકતા નહીં, તેમ છતાં તેઓએ આદિવાસીઓ માટે અપરિચિત એવી કેટલીક વસ્તુઓની જાણકારી તથા ઉપયોગ કરવામાં સહાય કરીને લોકોમાં પ્રિય બનાવી.

આ વેપારીઓ મીઠું, મસાલા, કાપડ, માટીનાં

વાસણો, ધાતુનાં ઘરેણાં વગેરે જે તે વિસ્તારની જરૂરિયાતો મુજબની ચીજવસ્તુઓ વેચાણઅર્થે લાવતા હતા. આ વસ્તુઓના બદલામાં તેઓ લોકો પાસેથી અનાજ, કઠોળ, ફળો, પશુ-પક્ષીઓ, વનપેદાશો વગેરે વસ્તુઓનો સોદો કરતા હતા. તે સમયે અંતરિયાળ વિસ્તારના આદિવાસીઓ અને વેપારીઓ વચ્ચે નાણાકીય વ્યવહાર ન હતો. આ રીતે વસ્તુના બદલામાં વસ્તુનો વ્યવહાર હતો, જેને સાટાપદ્ધતિ કે વસ્તુવિનિમય પ્રથા તરીકે ઓળખવામાં આવે છે.

જેમ જેમ આ વ્યવહાર આગળ વધતો ગયો તેમ તેમ વર્ષો પછી સ્થાનિક આદિવાસી લોકો અને વેપારીઓ વચ્ચે ગાઢ સંપર્કો વિકસ્યા અને વિશ્વાસ કેળવાયો. આદિવાસી લોકોને પોતાની ખેતપેદાશો અને વનપેદાશો ખરીદે એવા વિશ્વાસુ વેપારીઓની ખાસ જરૂર હતી. તેઓ જીવનજરૂરી ચીજવસ્તુઓની આપલે માટે વેપારીઓ અને કારીગરો પર વધુ ને વધુ આધાર રાખતા ગયા. જ્યારે આ પરસ્પરનો વિશ્વાસ અને અવલંબન વધતાં ગયાં તેમ જ વેપારીઓને પોતાનાં રોકાણ અને મહેનતનું સારા પ્રમાણમાં વળતર જણાયું ત્યારે વેપારીઓએ સાથે મળીને આસપાસનાં ગામોના લોકો આવી શકે એવા કોઈ એક ચોક્કસ ગામમાં અઠવાડિયાના કોઈ એક દિવસે મળવાનું નક્કી કર્યું. જેમ જેમ આ વાતની જાણ આસપાસના આદિવાસી લોકોને થતી ગઈ તેમ તેમ વધુ ને વધુ આદિવાસી લોકો જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી અને પોતાની ખેતપેદાશો તથા વનપેદાશો વેચવા માટે આવવા લાગ્યા. આ રીતે લગભગ ૧૫૦થી ૨૦૦ વર્ષ પહેલાં હાટની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાં વ્યારાનો હાટ ખૂબ જ જૂનો છે, જે લગભગ ૧૭૫૦થી ભરાતો આવ્યો છે. (એસ.પી. પુનાલેકર, ૧૯૮૩:૯-૧૦)

હાટ ભરાવાની આ પ્રક્રિયા દ્વારા આદિવાસીઓ અને વેપારીઓ વચ્ચેના સંપર્કો અને વસ્તુઓની આપલેના વ્યવહારો વધુ સરળ બન્યા. હાટના શરૂઆતના વિકાસમાં ભાગ ભજવનારા મુખ્યત્વે બહારના વેપારીઓ અને કારીગરો હતા. સમયાંતરે હાટમાં થતી ચીજવસ્તુઓની આપલેમાં સ્થાનિક લોકો અને બહારના વેપારીઓ જેમ જેમ વધુ પ્રમાણમાં રસ લેતા થયા તેમ તેમ હાટ વધુ સમૃદ્ધ થતાં ગયાં અને તેની સંખ્યામાં પણ વધારો થતો ગયો. આ ઉપરાંત સ્થાનિક લોકોનો પોતાની પેદાશોના વેચાણમાં વધતી જતી રુચિ તથા આગળ જતાં સ્થાનિક આદિવાસી લોકોનો કાયમી વેપારી તરીકેના પ્રવેશથી હાટ વધુ ને વધુ અસ્તિત્વમાં આવતાં ગયાં. આ ઉપરાંત વસ્તીવધારાને કારણે પણ વધુ હાટવાડાઓની જરૂર ઊભી થઈ. આ રીતે વિવિધ પરિબળોએ હાટના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો અને લગભગ આખા આદિવાસી વિસ્તારમાં વેપારીઓ હાટ દ્વારા પ્રવેશી ગયા હતા.

હાટ બજારની આ વિકાસ પ્રક્રિયામાં ઘણી વાર વિવિધ કારણોસર હાટનાં સ્થળો પણ બદલાયાં છે, કેટલાંક સ્થળોએ ઘણાં જૂનાં હાટ કાયમી રીતે બંધ થઈ ગયાં છે તો કેટલાંક બંધ થવાની તૈયારીમાં છે. જૂનાં હાટ બંધ થવાનાં કારણોમાં જોઈએ તો શરૂઆતનાં હાટ મોટા ભાગે સૌને અનુકૂળ એવાં વિકસિત ગામો કે કસબાઓમાં શરૂ થયાં હતાં. સમય જતાં આ વિકસિત ગામો કે કસબાઓએ તાલુકા કે જિલ્લા કક્ષાનાં શહેરોનું સ્વરૂપ ધારણ કર્યું. ધીમે ધીમે આવાં શહેરોમાં સ્થાનિક કક્ષાએ કાયમી બજારો અસ્તિત્વમાં આવતા ગયા. આ કાયમી બજારોની સુવિધાઓ, વિવિધતાસભર જરૂરી તમામ ચીજવસ્તુઓની એક જ સ્થળે ઉપલબ્ધતા, દુકાનોની સજાવટ તથા વ્યાપારીઓની ધંધા અંગેની કુશળતાઓ સામે હાટ બજારો ઝાંખા પડવા લાગ્યા, આ સાથે શહેરની આસપાસના ૧૦થી ૧૫ કિલોમિટરના વર્તુળમાં આવેલાં ગામોમાં નવાં હાટ શરૂ થવાથી જૂનાં હાટ પૈકીનાં કેટલાંક હાટ કાળક્રમે બંધ થતાં ગયાં અને કેટલાંક બંધ થવાની તૈયારીમાં છે.

આજે દક્ષિણ ગુજરાતમાં સામુદાયિક પ્રયાસો દ્વારા સ્વયંભૂ રીતે મોટી સંખ્યામાં નવાં હાટ શરૂ થઈ રહ્યાં છે. સને ૧૯૭૭માં સુરત અને વલસાડ

જિલ્લામાં કુલ ૭૯ હાટ ભરાતાં હતાં, (તે સમયે આજનો તાપી જિલ્લો સુરત જિલ્લામાંથી અલગ ગણાતો ન હતો) જે વધીને આજે ૧૨૯ જેટલાં હાટ થઈ ગયાં છે. દક્ષિણ ગુજરાતને હાટ બજારનું 'પિયર' કહીએ તો ખોટું નથી, કારણ કે દક્ષિણ ગુજરાતનો આ આદિવાસી વિસ્તાર હાટવાડાની દ્રષ્ટિએ સૌથી સમૃદ્ધ છે. સમગ્ર પંથકમાં થોડા થોડા અંતરે આવેલ હાટવાડાઓની એક સુગઠિત જાળ પથરાયેલી છે. દક્ષિણ ગુજરાતથી જેમ જેમ મધ્ય ગુજરાત તરફ આગળ વધતાં જઈએ તેમ તેમ હાટવાડાઓની સંખ્યા ઘટતી જણાય છે અને ઉત્તર ગુજરાતમાં તો માત્ર એક જ સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકાના આંતરસુબા ગામમાં હાટ જોવા મળે છે, જ્યારે બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં એક પણ હાટ ભરાતો નથી.

આદિવાસી વિસ્તારોમાં જ્યાં હાટ ઓછાં છે અથવા એક પણ હાટ નથી એવા જિલ્લાઓમાં હાટનું મહત્ત્વ નથી એમ ન કહી શકાય. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા થયેલ પરંપરાગત હાટ બજાર પરના અભ્યાસના ક્ષેત્રકાર્ય આધારે કહી શકાય કે આદિવાસી વિસ્તારોમાં જ્યાં ડુંગરાળ વિસ્તાર, નદીઓ-કોતરો અને વધુ અંતરિયાળ વિસ્તાર છે તથા જ્યાં વિકસિત બજારો સુધી સરળતાથી પહોંચી શકાય તેમ ન હોય તેવા વિસ્તારોમાં હાટ બજાર મોટા પ્રમાણમાં જોવા મળે છે અને આજે પણ નવાં હાટ શરૂ થવાની પ્રક્રિયા ચાલુ છે. બીજું એક નિરીક્ષણ એવું પણ છે કે જે વિસ્તારોમાં ઉપલબ્ધ સિંચાઈની સુવિધાઓને કારણે ખેતી અને પશુપાલનના વિકાસ દ્વારા સ્થાનિક રોજગારીની તકો વધી છે અને આજીવિકા માટે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડતી નથી તેવા ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ હાટનું મહત્ત્વ ખૂબ જ જોવા મળે છે. આ સ્થિતિ દક્ષિણ ગુજરાતના મોટા ભાગના આદિવાસી વિસ્તારોમાં જોવા મળે છે.

મધ્ય ગુજરાતમાં હાટ વિકાસની શરૂઆતના તબક્કામાં સ્થપાયેલા તાલુકા અને જિલ્લા કક્ષાનાં હાટ જ જોવા મળે છે. આ વિસ્તારોમાં બારમાસી સ્થાનિક રોજગારીની તકોના અભાવે મોટા પ્રમાણમાં લોકો વર્ષના ૬થી ૮ માસ આજીવિકા માટે ગુજરાતના બીજા વિસ્તારોમાં સ્થળાંતર કરે છે. આથી સિંચાઈના અભાવે બારેમાસ લોકો પાસે હાટમાં વેચી શકાય તેવી ખેતપેદાશો હોતી નથી તેમ જ સ્થળાંતરને કારણે લોકોની હાજરી પણ હોતી નથી. આથી તાલુકા કક્ષાનાં હાટ દ્વારા સમગ્ર તાલુકાના લોકોની ખરીદ-વેચાણની જરૂરિયાતો પૂરી થઈ જાય છે. મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં ભરાતા હાટ બજારોની નોંધપાત્ર વિશેષતા એ છે કે અહીંનાં હાટ ખૂબ જ જૂનાં છે. અહીં ખૂબ મોટી સંખ્યામાં વેપારીઓ અને ગ્રાહકોનો મેળાવડો જામે છે, જેમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ ઉપરાંત મરઘાં, બકરા, ગાય, ભેંસ તેમ જ બળદનું મોટા પાયે હજારોની સંખ્યામાં ખરીદ-વેચાણ થાય છે, જે બીજા વિસ્તારોમાં આજે જોવા મળતું નથી. આમ પશુઓની લે-વેચ કરતાં મધ્ય ગુજરાતનાં હાટ અન્ય વિસ્તારનાં હાટોથી અલગ એવી એક વિશિષ્ટ ઓળખ ઊભી કરે છે.

એક નિરીક્ષણ એવું પણ છે કે જ્યારે શિક્ષિત, નોકરિયાત અને વધુ આવક તથા ઊંચું જીવન ધોરણ ધરાવતા લોકોને પોતાની આસપાસમાં વિકસિત બજારો ઉપલબ્ધ હોય ત્યારે હાટમાંથી તાજાં શાકભાજી અને મરીમસાલા સિવાય વિશેષ કંઈ ખરીદતા નથી, એટલે કે જે વિસ્તારોમાં સરેરાશ શિક્ષણ તથા આર્થિક અને સામાજિક જીવનધોરણ ઊંચું જાય છે તેમ જ બાહ્ય બજારો સાથેનો સંપર્ક સરળ બને છે ત્યાં હાટનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે. આ ઉપરાંત જે વિસ્તારોમાં આદિવાસી વસ્તી સાથે કે આસપાસમાં અન્ય વિકસિત કે વેપારી જ્ઞાતિઓનો વસવાટ રહ્યો હોય ત્યાં પણ હાટ પોતાનું સ્થાન ઊભું કરી શક્યાં નથી, કારણ કે ત્યાં અન્ય વિકસિત કે વેપારી જ્ઞાતિઓના લોકોએ શરૂઆતથી જ કાળક્રમે સ્થાનિક કક્ષાએ લે-વેચના નાનામોટા વ્યવસાયો કરતા હતા અને તેઓ મુખ્ય બજારો સાથે સંપર્કમાં હોઈ સમયની માંગ અને પરિવર્તન પ્રમાણે લોકોની ખરીદ-વેચાણની તમામ

જરૂરિયાતો પૂરી પાડતા હતા, આથી આવા વિસ્તારોમાં હાટ વિકાસ પામી શક્યાં નથી. આ સ્થિતિ ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે.

ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામના વતની અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના નિવૃત્ત અધિકારી શ્રી બી. એસ. બરંડાના મત મુજબ ભૂતકાળમાં અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ગામડાંઓમાં વર્ષ દરમિયાન તહેવારો-પ્રસંગો પર હાટ ભરાતાં હતાં. આ ઉપરાંત તહેવારો પર વિવિધ દેવ-દેવીઓનાં સ્થાનકો પર ભરાતા મેળાઓના દિવસે પણ મોટા પાયે હાટ ભરાતાં હતાં. જેમાંથી આજે માત્ર મેળાઓ દરમિયાન ભરાતાં હાટ ચાલુ છે જ્યારે તહેવારો-પ્રસંગો પર ગામડાંઓમાં ભરાતાં હાટ કાળક્રમે બંધ થઈ ગયાં છે. તેઓના જણાવ્યા મુજબ જેસીંગપુર ગામમાં હોળી તથા દિવાળી જેવા તહેવારોના આગળના કોઈ એક દિવસે જુદા જુદા વેપારીઓ આવતા હતા. આ હાટમાં આદિવાસી લોકો અને વેપારીઓ વચ્ચે વસ્તુવિનિમય દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓની આપલે થતી હતી. કાળક્રમે તાલુકા કક્ષાએ તેમ જ મોટા ગામડાંઓમાં સ્થાનિક કક્ષાએ કાયમી બજારો અને દુકાનો અસ્તિત્વમાં આવતાં આવા તહેવારિક હાટનું મહત્ત્વ ઘટવા લાગ્યું અને સમય જતાં લગભગ ૧૯૬૫ની આસપાસ આવાં હાટ એક પછી એક કરતાં હંમેશને માટે બંધ થઈ ગયાં. આ રીતે ઉત્તર ગુજરાતમાં વિજયનગર તાલુકાના આંતરસુબાના અઠવાડિક હાટને બાદ કરતાં આજે કોઈ હાટ જોવા મળતાં નથી. આ હાટ જાણે કે સમગ્ર ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારમાં હાટ બજારોનું પ્રતિનિધિત્વ કરતો એકમાત્ર હાટ પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમતો હોય તેમ ૭૦ જેટલા વેપારીઓથી ચાલે છે.

### ૩. રાજ્યમાં ભરાતા પરંપરાગત હાટ બજાર:

હાટ મુખ્યત્વે ગામડાંની અને થોડા અંશે શહેરી વિસ્તારની સંસ્થા છે. શહેરોમાં સ્થાનિક કક્ષાએ વિકાસ પામેલા કાયમી બજારો છે, આથી શહેરોમાં ગામડાંની સરખામણીએ હાટનું મહત્ત્વ ઘટતું જણાય છે. કેટલાક આદિવાસી જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં હાટ જોવા મળે છે તો કેટલાક જિલ્લાઓમાં ખૂબ ઓછા અથવા એક પણ હાટ જોવા મળતાં નથી. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાં ૫૫ હાટ, સુરત જિલ્લામાં ૨૫ હાટ, નવસારી જિલ્લામાં ૫૨ હાટ, તાપી જિલ્લામાં ૪૯ હાટ, ડાંગ જિલ્લામાં ૨૨ હાટ, નર્મદા જિલ્લામાં ૪ હાટ અને ભરૂચ જિલ્લામાં ૧૧ હાટ ભરાય છે, એટલે કે દક્ષિણ ગુજરાતમાં આવેલા ૭ આદિવાસી જિલ્લાઓમાં કુલ ૨૧૮ હાટ ભરાય છે. રાજ્યનાં કુલ ૨૪૫થી વધુ ભરાતાં હાટ પૈકી મોટા ભાગનાં હાટ આ વિસ્તારમાં જોવા મળે છે.

મધ્ય ગુજરાતમાં જોઈએ તો છોટાઉદેપુર જિલ્લામાં ૯, દાહોદ જિલ્લામાં ૧૫, પંચમહાલ જિલ્લામાં ૧ અને મહીસાગર જિલ્લામાં ૧ હાટ ભરાય છે, એટલે કે મધ્ય ગુજરાતમાં આવેલા ૪ જિલ્લાઓમાં કુલ ૨૬ હાટ ભરાય છે. આ જ રીતે ઉત્તર ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં ૧ હાટ, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એક પણ હાટ ભરાતા નથી, એટલે કે ઉત્તર ગુજરાતમાં આવેલા ૩ આદિવાસી જિલ્લાઓમાં માત્ર એક જ હાટ ભરાય છે. આ રીતે હાલ રાજ્યમાં અંદાજિત કુલ ૨૪૫થી વધુ હાટ ભરાય છે. વલસાડ જિલ્લામાં ૩ હાટ અને તાપી જિલ્લામાં ૯ હાટ બંધ થયાનું ધ્યાનમાં આવેલ છે. અહીં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ગામ, દિવસ, તાલુકા અને જિલ્લાવાર ભરાતા તમામ પરંપરાગત હાટ બજારોની યાદી આપેલ છે. આ યાદીમાં સમયાંતરે થોડાઘણા અંશે ફેરફાર થવા સંભવ છે, કારણ કે હાલમાં સ્થાનિક કક્ષાએ સામુદાયિક પ્રયાસો વડે સ્વયંભૂ રીતે નવાં હાટ શરૂ થઈ રહ્યાં છે. આ નવાં શરૂ થયેલાં હાટ ઘણી વાર અપૂરતા ગ્રાહકો, અપૂરતા વેપારીઓ કે અન્ય કારણોસર ટૂંક સમયમાં બંધ પણ થઈ જતાં હોય છે.

| રાજ્યમાં ગામ, દિવસ, તાલુકા અને જિલ્લાવાર ભરાતા પરંપરાગત હાટ બજારો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
| ૧. | ધરમપુર | સોમવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૨. | ધામણી | સોમવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૩. | જામલીયા | મંગળવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૪. | પંગારબારી | મંગળવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૫. | નાની ઢોલડુંગરી | મંગળવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૬. | મોટી કોરવણ | બુધવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૭. | ખાંડા | બુધવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૮. | ખડકી | બુધવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૯. | લાકડમાળ | બુધવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૦. | તુતરખેડ | ગુરુવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૧. | આવધા | ગુરુવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૨. | ભેંસધરા | ગુરુવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૩. | તામછડી | ગુરુવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૪. | બોપી | શુક્રવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૫. | આંબાતલાટ | શુક્રવાર | ધરમપુર | વલસાડ | નવો |
| ૧૬. | ઝરીયા | શનિવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૭. | ગડી | શનિવાર | ધરમપુર | વલસાડ | બંધ |
| ૧૮. | હનુમતમાળ | રવિવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૧૯. | ઉગતા | રવિવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૨૦. | તિસ્કારી તલાટ | રવિવાર | ધરમપુર | વલસાડ | જૂનો |
| ૨૧. | ફણસા | સોમવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૨. | કનાડું | સોમવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૩. | કરજગામ | બુધવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૪. | અણગામ | બુધવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૫. | માલખેત | બુધવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૬. | માણેકપુર | ગુરુવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૭. | મરોલી | શુક્રવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૮. | નારગોલ | શુક્રવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૨૯. | અંકલાછ | શનિવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૩૦. | ખતલવાડ | શનિવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૩૧. | માંડા | રવિવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૩૨. | પાલી કરમબેલી | રવિવાર | ઉમરગામ | વલસાડ | જૂનો |
| ૩૩. | કપરાડા | સોમવાર | કપરાડા | વલસાડ | જૂનો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૩૪. | આમધા | મંગળવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૩૫. | સુથારપાડા | મંગળવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૩૬. | કરચોડ | મંગળવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૩૭. | નાનાપૌંઢા | બુધવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૩૮. | દાબખલ | બુધવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૩૯. | ટુકવાડા | બુધવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૦. | રોહિયાળ જંગલ | ગુરુવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૧. | માંડવા | શુક્રવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૨. | નાંદગામ | શુક્રવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૩. | સિલ્ધા | શનિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૪. | વડખંભા | શનિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૫. | મોટાપૌંઢા | શનિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૬. | માની | રવિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૭. | વારણા | રવિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૮. | લવકર | રવિવાર | કપરાડા | વલસાડ | જૂનો |
| ૪૯. | કાંજણ રણછોડ | સોમવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૦. | કાકડમટી | બુધવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૧. | કાંજણહારી | ગુરુવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૨. | ફલધરા | શુક્રવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૩. | કોસમકુવા | શનિવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૪. | નવેરા | રવિવાર | વલસાડ | વલસાડ | જૂનો |
| ૫૫. | રોહીણા | ગુરુવાર | પારડી | વલસાડ | જૂનો |
| ૫૬. | ખાંટાઆંબા | સોમવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૫૭. | વાધાબારી | સોમવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૫૮. | મોટી વાલઝર | સોમવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૫૯. | હોળીપાડા | સોમવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૦. | મનપુર | સોમવાર | વાંસદા | નવસારી | નવો |
| ૬૧. | ખાંભલા | મંગળવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૨. | મોળાઆંબા | મંગળવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૩. | પ્રતાપનગર | મંગળવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૪. | કંસારિયા | મંગળવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૫. | ખંભાલિયા | મંગળવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૬. | સતીમાળ | મંગળવાર | વાંસદા | નવસારી | નવો |
| ૬૭. | કુરેલિયા | બુધવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૬૮. | વાંદરવેલા (વાગળી ફળિયું) | બુધવાર | વાંસદા | નવસારી | નવો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૬૯. | ચોરવણી | ગુરુવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૦. | ચૌંઢા | ગુરુવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૧. | ઢોલુમ્બર | ગુરુવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૨. | મહુવાસ | ગુરુવાર | વાંસદા | નવસારી | નવો |
| ૭૩. | વાંદરવેલા (મંદિર ફળિયું) | શુક્રવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૪. | વાંસદા | શુક્રવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૫. | કાવડેજ | શુક્રવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૬. | અંકલાછ | શનિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૭. | સરા | શનિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૮. | રૂપેલ | શનિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૭૯. | વાંગણ | શનિવાર | વાંસદા | નવસારી | નવો |
| ૮૦. | ખડકિયા | રવિવાર | વાંસદા | નવસારી | નવો |
| ૮૧. | ગોધાબારી | રવિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૮૨. | લીમઝર | રવિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૮૩. | કંડોલપાડા | રવિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૮૪. | ભીનાર | રવિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૮૫. | વાંદરવેલા (વાડી ફળિયું) | રવિવાર | વાંસદા | નવસારી | નવો |
| ૮૬. | દોલધા | રવિવાર | વાંસદા | નવસારી | નવો |
| ૮૭. | લાછકડી | રવિવાર | વાંસદા | નવસારી | જૂનો |
| ૮૮. | અંબાડા | બુધવાર | નવસારી | નવસારી | જૂનો |
| ૮૯. | સાતેલ | શુક્રવાર | નવસારી | નવસારી | જૂનો |
| ૯૦. | નવસારી (સરદાર માર્કેટ) | રવિવાર | નવસારી | નવસારી | જૂનો |
| ૯૧. | વેલણપુર | સોમવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૯૨. | ગોડથલ | સોમવાર | ચીખલી | નવસારી | નવો |
| ૯૩. | અંબાચ | મંગળવાર | ચીખલી | નવસારી | નવો |
| ૯૪. | સતાડિયા | બુધવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૯૫. | ચીખલી | બુધવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૯૬. | ગોડથલ | ગુરુવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૯૭. | કણભાઈ | શુક્રવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૯૮. | કણભાઈ(જગન ફળિયું) | શુક્રવાર | ચીખલી | નવસારી | નવો |
| ૯૯. | ચાપલધારા | શુક્રવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૧૦૦. | ગોડથલ (ઝાડી ફળિયું) | શનિવાર | ચીખલી | નવસારી | નવો |
| ૧૦૧. | અંબાચ (મેરીમાતા ફળિયું) | શનિવાર | ચીખલી | નવસારી | નવો |
| ૧૦૨. | ઢોલુમ્બર | શનિવાર | ચીખલી | નવસારી | જૂનો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧૦૩. | કાકડવેલ | શનિવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૧૦૪. | ઝરી | શનિવાર | ચીખલી | નવસારી | નવો |
| ૧૦૫. | માંડવ ખડક | રવિવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૧૦૬. | સુરખાઈ | રવિવાર | ચીખલી | નવસારી | જૂનો |
| ૧૦૭. | ખેરગામ | શનિવાર | ખેરગામ | નવસારી | નવો |
| ૧૦૮. | ધવલીદોડ | સોમવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૦૯. | આહવા | સોમવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૦. | પીપલઘોડી | સોમવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૧. | ગલકુંડ | મંગળવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૨. | ચીંચલી | મંગળવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૩. | પીપરી | ગુરુવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૪. | જામલાપાડા | ગુરુવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૫. | બોરખલ | શુક્રવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૬. | ભવાનદગડ | શનિવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૭. | મોરજીરા | રવિવાર | આહવા | ડાંગ | જૂનો |
| ૧૧૮. | કાલીબેલ | મંગળવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૧૯. | ભેંસકાતરી | મંગળવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૨૦. | વઘઈ | બુધવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૨૧. | સાકરપાતળ | ગુરુવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૨૨. | ઝાવડા | શનિવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૨૩. | સામગહાન | રવિવાર | વઘઈ | ડાંગ | જૂનો |
| ૧૨૪. | લવચાલી | સોમવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૨૫. | શુબીર | બુધવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૨૬. | કેળ | ગુરુવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૨૭. | પીપલાઈદેવી | શુક્રવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૨૮. | ગારખડી | શનિવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૨૯. | પીપલદહાડ | રવિવાર | શુબિર | ડાંગ | જૂનો |
| ૧૩૦. | નિઝર | સોમવાર | નિઝર | તાપી | જૂનો |
| ૧૩૧. | રાયગઢ | ગુરુવાર | નિઝર | તાપી | બંધ |
| ૧૩૨. | રૂમકી તલાવ | શુક્રવાર | નિઝર | તાપી | જૂનો |
| ૧૩૩. | વેલદા | રવિવાર | નિઝર | તાપી | જૂનો |
| ૧૩૪. | કુકરમુંડા | ગુરુવાર | કુકરમુંડા | તાપી | જૂનો |
| ૧૩૫. | નારણપુર | સોમવાર | ઉચ્છલ | તાપી | જૂનો |
| ૧૩૬. | ભડભુંજા | બુધવાર | ઉચ્છલ | તાપી | જૂનો |
| ૧૩૭. | બંધારપાડા | સોમવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૩૮. | સીંગપુર | સોમવાર | સોનગઢ | તાપી | જૂનો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧૩૯. | પાથરડા | મંગળવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૪૦. | ઉમરદા | મંગળવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૪૧. | મલંગદેવ | મંગળવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૪૨. | ઊખલદા | મંગળવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૪૩. | બોરદા | મંગળવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૪૪. | આમલગુંડી | બુધવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૪૫. | જામાપુર | બુધવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૪૬. | ભુરીવેલ | ગુરુવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૪૭. | ધજંબા | ગુરુવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૪૮. | વાઝરડા | ગુરુવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૪૯. | હિંદલા | ગુરુવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૫૦. | ઓટા | ગુરુવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૫૧. | દેવલીમાળી | ગુરુવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૫૨. | ગોપાલપુરા | શુક્રવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૫૩. | મીરકોટ | શુક્રવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૫૪. | ઘાસીયામેંઢા | શુક્રવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૫૫. | ખેરવાડા | શનિવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૫૬. | પીપલકુવા | શનિવાર | સોનગઢ | તાપી | બંધ |
| ૧૫૭. | ઊકાઈ | રવિવાર | સોનગઢ | તાપી | નવો |
| ૧૫૮. | સોનગઢ | રવિવાર | સોનગઢ | તાપી | જૂનો |
| ૧૫૯. | બાલપુર | સોમવાર | વ્યારા | તાપી | જૂનો |
| ૧૬૦. | વાંસકુઈ | મંગળવાર | વ્યારા | તાપી | નવો |
| ૧૬૧. | જેસીંગપુર | મંગળવાર | વ્યારા | તાપી | જૂનો |
| ૧૬૨. | ઝાંખરી | બુધવાર | વ્યારા | તાપી | નવો |
| ૧૬૩. | કરંજવેલ | ગુરુવાર | વ્યારા | તાપી | જૂનો |
| ૧૬૪. | ડુંગરગામ | ગુરુવાર | વ્યારા | તાપી | નવો |
| ૧૬૫. | ખોડતળાવ | શુક્રવાર | વ્યારા | તાપી | બંધ |
| ૧૬૬. | ઘાટા | શનિવાર | વ્યારા | તાપી | નવો |
| ૧૬૭. | વ્યારા | શનિવાર | વ્યારા | તાપી | નવો |
| ૧૬૮. | ઊંચામાળા | રવિવાર | વ્યારા | તાપી | જૂનો |
| ૧૬૯. | વાલોડ | સોમવાર | વાલોડ | તાપી | નવો |
| ૧૭૦. | બુહારી | બુધવાર | વાલોડ | તાપી | જૂનો |
| ૧૭૧. | કહેર | બુધવાર | વાલોડ | તાપી | નવો |
| ૧૭૨. | બેડકુવા | શુક્રવાર | વાલોડ | તાપી | નવો |
| ૧૭૩. | જામણીયા | શનિવાર | વાલોડ | તાપી | નવો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧૭૪. | કમાલછોડ | રવિવાર | વાલોડ | તાપી | જૂનો |
| ૧૭૫. | કરંજખેડ | ગુરુવાર | ડોલવણ | તાપી | જૂનો |
| ૧૭૬. | પંચોલ | શુક્રવાર | ડોલવણ | તાપી | જૂનો |
| ૧૭૭. | આંબાપાણી | શુક્રવાર | ડોલવણ | તાપી | નવો |
| ૧૭૮. | ધંતુરી | રવિવાર | ડોલવણ | તાપી | જૂનો |
| ૧૭૯. | બાલ્દા | સોમવાર | બારડોલી | સુરત | જૂનો |
| ૧૮૦. | વાંકાનેર | ગુરુવાર | બારડોલી | સુરત | જૂનો |
| ૧૮૧. | સુરાલી | ગુરુવાર | બારડોલી | સુરત | જૂનો |
| ૧૮૨. | સરભોણ | શનિવાર | બારડોલી | સુરત | જૂનો |
| ૧૮૩. | કડોદ | રવિવાર | બારડોલી | સુરત | જૂનો |
| ૧૮૪. | મહુવા | સોમવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૮૫. | અનાવલ | સોમવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૮૬. | કરચલીયા | મંગળવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૮૭. | તરસાડી | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૮૮. | ઉમરા | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૮૯. | ઝેરવાવરા | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૯૦. | વહેવલ | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૯૧. | ખરવણ | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૯૨. | બામણિયા | ગુરુવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૯૩. | વલવાડા | રવિવાર | મહુવા | સુરત | જૂનો |
| ૧૯૪. | અરેઠ | સોમવાર | માંડવી | સુરત | જૂનો |
| ૧૯૫. | માંડવી | બુધવાર | માંડવી | સુરત | જૂનો |
| ૧૯૬. | દેવગઢ | ગુરુવાર | માંડવી | સુરત | જૂનો |
| ૧૯૭. | બોધાન | શનિવાર | માંડવી | સુરત | જૂનો |
| ૧૯૮. | આંબાપારડી | શનિવાર | માંડવી | સુરત | નવો |
| ૧૯૯. | ઉમરપાડા | સોમવાર | ઉમરપાડા | સુરત | જૂનો |
| ૨૦૦. | વાડી | સોમવાર | ઉમરપાડા | સુરત | જૂનો |
| ૨૦૧. | નાની બેલવાન | શુક્રવાર | ઉમરપાડા | સુરત | નવો |
| ૨૦૨. | વડપાડા | શનિવાર | ઉમરપાડા | સુરત | જૂનો |
| ૨૦૩. | વાંકલ | શુક્રવાર | માંગરોલ | સુરત | જૂનો |
| ૨૦૪. | ઝગડિયા | સોમવાર | ઝગડિયા | ભરૂચ | જૂનો |
| ૨૦૫. | દધેડા | બુધવાર | ઝગડિયા | ભરૂચ | નવો |
| ૨૦૬. | ઉમલ્લા | રવિવાર | ઝગડિયા | ભરૂચ | નવો |
| ૨૦૭. | રાજપારડી | રવિવાર | ઝગડિયા | ભરૂચ | નવો |
| ૨૦૮. | નેત્રંગ | મંગળવાર | નેત્રંગ | ભરૂચ | નવો |
| ૨૦૯. | વાલિયા | મંગળવાર | વાલિયા | ભરૂચ | જૂનો |

| ક્રમ | હાટનું ગામ | હાટ દિવસ | તાલુકો | જિલ્લો | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૨૧૦. | વાલિયા (APMC) | બુધવાર | વાલિયા | ભરૂચ | જૂનો |
| ૨૧૧. | બેડાકંપની | રવિવાર | નેત્રંગ | ભરૂચ | બંધ |
| ૨૧૨. | ભરૂચ | શુક્રવાર | ભરૂચ | ભરૂચ | નવો |
| ૨૧૩. | ભડકોદરા | શનિવાર | ભરૂચ | ભરૂચ | નવો |
| ૨૧૪. | અંકલેશ્વર | રવિવાર | ભરૂચ | ભરૂચ | નવો |
| ૨૧૫. | ડેડિયાપાડા | ગુરુવાર | ડેડિયાપાડા | નર્મદા | જૂનો |
| ૨૧૬. | નાંદોદ | શનિવાર | નર્મદા | નર્મદા | જૂનો |
| ૨૧૭. | કેવડિયા | રવિવાર | ગરુડેશ્વર | નર્મદા | નવો |
| ૨૧૮. | સેલંબા | રવિવાર | સાગબારા | નર્મદા | જૂનો |
| ૨૧૯. | ક્વાંટ | સોમવાર | ક્વાંટ | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૦. | તેજગઢ | સોમવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૧. | પાનવડ | મંગળવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૨. | રંગપુર | બુધવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૩. | દેવહાટ | ગુરુવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૪. | ઝોઝ | શુક્રવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૫. | છોટાઉદેપુર | શનિવાર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૬. | કદવાલ | સોમવાર | પાવીજેતપુર | છોટાઉદેપુર | નવો |
| ૨૨૭. | ભીખાપુરા | ગુરુવાર | પાવીજેતપુર | છોટાઉદેપુર | જૂનો |
| ૨૨૮. | જેસાવાડા | શુક્રવાર | ગરબાડા | દાહોદ | જૂનો |
| ૨૨૯. | ગરબાડા | રવિવાર | ગરબાડા | દાહોદ | જૂનો |
| ૨૩૦. | ઝાલોદ | સોમવાર | ઝાલોદ | દાહોદ | જૂનો |
| ૨૩૧. | લીમડી | મંગળવાર | ઝાલોદ | દાહોદ | જૂનો |
| ૨૩૨. | ખરેડી | સોમવાર | દાહોદ | દાહોદ | જૂનો |
| ૨૩૩. | દાહોદ | બુધવાર | દાહોદ | દાહોદ | જૂનો |
| ૨૩૪. | હિમાલા | ગુરુવાર | દાહોદ | દાહોદ | જૂનો |
| ૨૩૫. | કતવારા | શુક્રવાર | દાહોદ | દાહોદ | જૂનો |
| ૨૩૬. | ડભવા | મંગળવાર | દેવગઢબારિયા | દાહોદ | નવો |
| ૨૩૭. | દેવગઢબારિયા | શુક્રવાર | દેવગઢબારિયા | દાહોદ | જૂનો |
| ૨૩૮. | ધાનપુર | ગુરુવાર | ધાનપુર | દાહોદ | નવો |
| ૨૩૯. | સુખસર | ગુરુવાર | ફતેપુરા | દાહોદ | જૂનો |
| ૨૪૦. | ફતેપુરા | શનિવાર | ફતેપુરા | દાહોદ | જૂનો |
| ૨૪૧. | લીમખેડા | રવિવાર | લીમખેડા | દાહોદ | જૂનો |
| ૨૪૨. | સંજેલી | શુક્રવાર | સંજેલી | દાહોદ | જૂનો |
| ૨૪૩. | ઘોઘંબા | રવિવાર | ઘોઘંબા | પંચમહાલ | જૂનો |
| ૨૪૪. | સંતરામપુર | મંગળવાર | સંતરામપુર | મહીસાગર | જૂનો |
| ૨૪૫. | આંતરસુબા | શુક્રવાર | વિજયનગર | સાબરકાંઠા | જૂનો |

**જિલ્લાવાર ભરાતા પરંપરાગત હાટ બજારો**

| ક્રમ | જિલ્લો | હાટની સંખ્યા |
|---|---|---|
| ૧. | વલસાડ | ૫૫ |
| ૨. | નવસારી | ૫૨ |
| ૩. | ડાંગ | ૨૨ |
| ૪. | તાપી | ૪૯ |
| ૫. | સુરત | ૨૫ |
| ૬. | ભરૂચ | ૧૧ |
| ૭. | નર્મદા | ૪ |
| ૮. | છોટાઉદેપુર | ૯ |
| ૯. | દાહોદ | ૧૫ |
| ૧૦. | પંચમહાલ | ૧ |
| ૧૧. | મહીસાગર | ૧ |
| ૧૨. | અરવલ્લી | - |
| ૧૩. | સાબરકાંઠા | ૧ |
| ૧૪. | બનાસકાંઠા | - |
| | **કુલ** | **૨૪૫** |

(સ્રોતઃ www.tribal.gujarat.gov.in અને પરંપરાગત હાટ બજારોના આગેવાનો, વેપારીઓ, ગ્રાહકો તથા ગૂજરાત વિદ્યાપીઠ.

(અમદાવાદ ખાતે અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ પાસેથી મળેલ માહિતી)

## ૪. હાટ બજારનું સ્વરૂપ :

આદિવાસી સમાજના આર્થિક તથા સામાજિક-સાંસ્કૃતિક જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર પરંપરાગત હાટ બજારોને સમજવા માટે તેનું સ્વરૂપ સમજવું ઘણું જરૂરી છે. હાટના સ્વરૂપમાં દુકાનોની ગોઠવણ અને તેની રચના, હાટનું સ્થળ, તેનું ભાડું અને જમીનની માલિકી, હાટ ભરાવાનો સમય, હાટમાં આવતા આદિવાસી લોકો અને વેપારીઓ, માળખાગત સુવિધાઓ વગેરેમાં જિલ્લા અને વિસ્તાર મુજબ તફાવત જોવા મળે છે. અહીં હાટ બજારના સ્વરૂપ અંગે ટૂંકમાં જોઈએ.

### દુકાનોની ગોઠવણ અને તેની રચના

હાટમાં આવનારા વેપારીઓની દુકાનોની સામાન્ય ગોઠવણી ધ્યાન ખેંચે તેવી છે. દુકાનોના ક્રમ કે ગોઠવણ અંગે કોઈ પણ હાટમાં અવ્યવસ્થા કે અસ્તવ્યસ્તતા જોવા મળતી નથી. મોટા ભાગે એક જ વસ્તુ કે એક જ પ્રકારની વસ્તુઓ વેચાતી દુકાનો એક ચોક્કસ જગ્યાએ એકસાથે ગોઠવાયેલી હોય છે. દા.ત. કાપડની દુકાનો હાટમાં એક તરફ જોવા મળે તો શાકભાજીની દુકાનો હાટની બીજી તરફ જોવા મળે છે. બીજી બધી ચીજવસ્તુઓની દુકાનો પણ આવી રીતે એકસાથે ગોઠવાયેલી હોય છે. આ રીતે અમુક જ પ્રકારની વસ્તુઓનું વેચાણ કરતી દુકાનોની નિશ્ચિત જગ્યાનો ફાયદો એ છે કે ગ્રાહકો પોતાના રોજના અનુભવ પરથી જાણી શકે કે હાટમાં અમુક પ્રકારની વસ્તુઓ અમુક સ્થાને જ મળશે, કયો વેપારી હાટના અમુક દિવસે આવ્યો નથી કે કયા નવા વેપારીનો ઉમેરો થયો છે તે પણ ગ્રાહકો પોતાના રોજબરોજના અનુભવ પરથી કહી શકે છે.

હાટમાં જોવા મળતી દુકાનોની રચના ખૂબ સાદી અને સરળ હોય છે. મોટા અને મધ્યમ કક્ષાના વેપારીઓ મોટા ભાગે વ્યક્તિગત કે બે-ત્રણ વેપારીઓ સાથે મળીને માલ લાવવા-લઈ જવા માટે પોતાનું વાહન સાથે લઈને આવે છે. તેઓ હાટના સ્થળ પર પોતાના વેપાર માટે ૧૦ x ૧૦ કે ૧૦ x ૧૫ ફૂટની જગ્યા પર પોતાની હંગામી ધોરણે દુકાન ઊભી કરે છે. તેઓ લોખંડના ખાટલા કે સ્ટેન્ડ પર વેચાણની વસ્તુઓ ગોઠવે છે. તેઓ પોતાને બેસવા માટે સાદી ખુરશી કે પાટલા, પીવાનું પાણી, ટિફિન વગેરે સાથે રાખતાં હોય છે. આ વેપારીઓ મોટા ભાગના બિનઆદિવાસી હોય છે. બિનઆદિવાસી વેપારીઓ આદિવાસી વેપારીઓની સરખામણીમાં પોતાની ચીજવસ્તુઓનું પ્રદર્શન વધુ સારી રીતે કરવાની કુશળતા ધરાવે છે. દા.ત. તેઓ લોખંડના સ્ટેન્ડ સાથે દોરીઓ બાંધીને કપડાં, કટલરી તેમ જ અન્ય વસ્તુઓને

વિવિધ રીતે લટકાવી કે ગોઠવીને સુંદર રીતે પ્રદર્શિત કરે છે.

આ જ રીતે નાના વેપારીઓ મોટા ભાગે ૫ x ૫ કે વધીને ૮ x ૮ ફૂટની જગ્યા પર પોતાની દુકાન તૈયાર કરે છે. તેઓ મોટા ભાગે જમીન પર કપડું કે કંતાન પાથરીને ઉપર પોતાની વેચાણની વસ્તુઓ ગોઠવે છે અને વેપારી પણ નીચે જ બેસે છે. જો પ્લાસ્ટિકની સુવિધા હોય તો ઉપર છાંયડો બાંધે છે નહીંતર ખુલ્લામાં જ બેસે છે. નાના વેપારીઓમાં ખાસ શાકભાજીના વેપારીઓ પાથરણાં પર વિવિધ શાકભાજીને હરોળબંધ નાનીમોટી ઢગલીઓમાં સરસ રીતે ગોઠવે છે, જે ઢગલીઓનું પાંચ, દસ કે વીસ રૂપિયામાં વેચાણ કરે છે. કઠોળ કે કરિયાણાના વેપારીઓ પણ આ જ રીતે પ્લાસ્ટિકની નાની થેલીઓ ભરીને તેનું વેચાણ કરે છે, જેનાથી તેમને તોલમાપનાં સાધનો રાખવા ન પડે અને મુસાફરીમાં સરળતા રહે, કારણ કે શાકભાજીનું વેચાણ કરતી મોટા ભાગની આદિવાસી મહિલા વેપારીઓ હોય છે, જે આસપાસનાં ગામો કે ફળિયાંઓમાંથી ચાલીને કે ખાનગી વાહનમાં આવતાં હોય છે.

હાટમાં મોટા વેપારીઓ દુકાન ઉપર છાંયડો કરવા માટે પ્લાસ્ટિક અને બાંધવા માટે જરૂરી સામગ્રી સાથે રાખે છે. તેઓ પ્લાસ્ટિકને જમીન સાથે લોખંડના ખીલા બેસાડીને દોરડાઓ વડે મજબૂત રીતે બાંધીને છાંયડો બનાવે છે. કેટલાક વેપારીઓ ઉનાળામાં છાંયડા માટે નાનીમોટી છત્રીઓ પણ રાખે છે. ઉનાળાની ઋતુમાં શાકભાજીના એકદમ નાના વેપારીઓ કે જે મહિલાઓ છે તેમને બાદ કરતાં લગભગ તમામ વેપારીઓ પોતાને જરૂરી છાંયડો બનાવે છે. ચોમાસાની ઋતુ નજીક આવતાં જ્યારે વા-વંટોળ શરૂ થાય છે ત્યારે પવનના પ્લાસ્ટિકના છાંયડાઓ તૂટી પડે છે, ક્યારેક કોઈને નાનીમોટી ઈજા પણ થાય છે. વા-વંટોળના સમયે વેપારીઓને વેપાર કરવાની સાથે પોતાની ચીજવસ્તુઓ અને છાંયડો સાચવવા માટે હંમેશાં સજાગ રહેવું પડે છે.

ધૂળની ઊડતી ડમરીઓ કપડાં, શાકભાજી તેમ જ અન્ય ચીજવસ્તુઓને ગંદી કરે છે તથા તેના કારણે ગ્રાહકો અને વેપારીઓને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખાસ ઉનાળાના ધોમધખતા તાપ અને ચારે કોર ઊડતી ડમરીઓ વચ્ચે અસ્તિત્વ માટે ઝઝૂમતા હાટનું દ્રશ્ય ખૂબ જ દયામણું અને શુષ્ક બની જાય છે. ભારે તાપને કારણે બાળકો, વૃદ્ધો અને મહિલાઓ માટે આરોગ્યના ખૂબ મોટા પ્રશ્નો ઊભા થવા પામે છે. આ જ રીતે ચોમાસામાં પણ વરસાદને કારણે કપડાં, કટલરી, કરિયાણું, કઠોળ, શાકભાજી, મરીમસાલા વગેરે ચીજવસ્તુઓ પાણીમાં ભીંજાઈને ખરાબ થઈ જાય છે, પરિણામે વેપારીઓને મોટી ખોટ વેઠવી પડે છે.

### હાટનું સ્થળ, જમીનની માલિકી અને ભાડાની વસૂલાતઃ

હાટનું સ્થળ ગામડાંઓમાં ગામની ભાગોળે રસ્તા નજીક ખુલ્લી જગ્યામાં કે નદીકિનારે રાખવામાં આવેલું હોય છે. આ જગ્યા એવી હોય છે કે જ્યા જુદી જુદી દિશાઓમાંથી વધારેમાં વધારે સંખ્યામાં ગ્રામવાસીઓ આવી શકે. ઘણી વાર કોઈ ગામમાં પૂરતી ખુલ્લી જગ્યા ન હોય તેવા સંજોગોમાં ખેતીના સમયગાળા દરમિયાન ગામના મુખ્ય રસ્તાની બન્ને બાજુએ વ્યાપારીઓ હારબંધ પોતાની જગ્યાઓ પસંદ કરીને વેપાર માટે બેસે છે અને ખેતીનું કામકાજ પૂરું થતાં ગામની પાસેના ખેતરમાં હાટ ભરાતાં હોય છે.

શહેર કક્ષાએ હાટનું સ્થળ વિકસિત-કાયમી બજારોની બાજુમાં આવેલું હોય છે. હાટની દુકાનો રસ્તાની કે મુખ્ય બજાર અને તેની આસપાસની શેરીઓની બંન્ને બાજુઓએ ગોઠવવામાં આવેલી હોય છે. આવા બજારોની કાયમી દુકાનો પણ હાટના દિવસે ખુલ્લી રહેતી હોય છે. આ દિવસે કાયમી દુકાનોની કમાણી વધારે રહે છે, કારણ કે

બીજા દિવસોની સરખામણીમાં હાટના દિવસની ઘરાકી વધારે હોય છે. આ સિવાય કેટલાક કાયમી દુકાન ધરાવનારાઓ તેમની દુકાનની બહાર બજારમાં પડતો ભાગ હાટની દુકાનવાળાઓને ૧૦ કે ૨૦ રૂપિયા ભાડું લઈને આપતા હોય છે.

હાટ ભરાવાના સ્થળની જમીનની માલિકી જોઈએ તો જાહેર માલિકીની જમીન અને વ્યક્તિગત માલિકીની જમીન જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં મોટા ભાગે ગ્રામપંચાયતની જમીનમાં હાટ ભરાય છે. કોઈ હાટના ગામમાં જો જાહેર માલિકીની જમીન ઉપલબ્ધ ન હોય ત્યારે ખાનગી કે વ્યક્તિગત માલિકીની જમીનમાં હાટ ભરાતાં હોય છે. આ જ રીતે શહેરી વિસ્તારનાં હાટ મોટા ભાગે નગરપાલિકાની જમીન પર ભરાતાં હોય છે. મધ્ય ગુજરાતમાં ભરાતાં હાટોમાં પશુઓનું વેચાણ મોટા પાયા પર થતું હોવાથી પશુઓના વેચાણ પૂરતો હાટ એ.પી.એમ.સી.ની જગ્યામાં ભરાય છે અને બાકી બીજી તમામ વસ્તુઓનું વેચાણ નગરપાલિકાની જમીન (મુખ્ય બજારની આસપાસ) પર થાય છે.

વ્યક્તિગત માલિકીની જમીનમાં ભરાતાં હાટમાં જમીનમાલિક જમીનના ભાડાપેટે નાના વ્યાપારીઓ પાસેથી ૧૦ અને મોટા વ્યાપારીઓ પાસેથી ૨૦ રૂપિયા વસૂલે છે. ગ્રામપંચાયત કે નગરપાલિકા પણ નાના વેપારી પાસેથી ૧૦ અને મોટા વેપારી પાસેથી ૨૦ રૂપિયા જમીન ભાડાપેટે વસૂલે છે અને વેપારીને નાણાં વસૂલાતની પાવતી આપે છે, ખાનગી જમીનમાલિકો પાવતી આપતા નથી.

### હાટ ભરાવાનો સમય :

વર્ષ દરમિયાન હાટ ભરાવાનો સમય જોઈએ તો હાટ માત્ર અનુકૂળ મોસમમાં જ ભરાય છે. મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની ઋતુ દરમિયાન અતિ વરસાદને કારણે જૂન માસના પહેલા કે બીજા અઠવાડિયામાં હાટ ભરાવાનું સંપૂર્ણ બંધ થઈ જાય છે અને ફરી ઑક્ટોબર માસની શરૂઆત કે મધ્યભાગમાં શરૂ થઈ જાય છે. હાટ શરૂ કે બંધ થવાની કોઈ ચોક્કસ તારીખ હોતી નથી, કારણ કે તેનો બધો આધાર વરસાદ પર રહે છે. આમ દક્ષિણ ગુજરાતમાં જ્યાં વરસાદને કારણે વેપારીઓને ખાસ રસ્તાઓની મુશ્કેલીઓ ઊભી થાય છે તે હાટ ચોમાસા દરમિયાન બંધ રહે છે. હાલ જ્યાં રસ્તાઓના પ્રશ્નો દૂર થયા છે તેવા વિસ્તારોમાં વરસાદ સિવાયના દિવસોમાં ચોમાસામાં પણ હાટ ભરાતાં હોય છે. આમ ચોમાસા દરમિયાન દક્ષિણ ગુજરાતના રસ્તાઓની મુશ્કેલીઓ અને સતત ચાલુ રહેતા વરસાદવાળા વિસ્તારોમાં હાટ બંધ રહે છે, બાકીના તમામ વિસ્તારોમાં બારેમાસ હાટ ભરાય છે. આ ઉપરાંત ચૂંટણીના દિવસે અને ક્યારેક હાટના ગામમાં કોઈ નામાંકિત વ્યક્તિનું અવસાન થવા જેવી ઘટનાઓમાં હાટ બંધ રહે છે.

હાટ ભરાવાનું દૈનિક સમયપત્રક જોઈએ તો હાટ બજારોને ત્રણ ભાગમાં વહેંચી શકાય. દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગે હાટ સવારે ૦૭થી બપોરે ૧૨ કે ૦૧ વાગતા સુધીમાં પૂરાં થઈ જાય છે અને કેટલાંક હાટ સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૦૪ કે ૦૫ વાગ્યા સુધી ભરાય છે. હવે જ્યાં ખેતીમાં પિયતની સુવિધાઓને કારણે વર્ષ દરમિયાન મોટા ભાગના લોકો દિવસના પહેલા ભાગમાં ખેતીકામ, પશુપાલન વગેરે જેવાં કામોમાં રોકાયેલા હોય છે ત્યાં બપોર પછી ૦૩થી રાત્રે ૧૦ વાગ્યા સુધી હાટ ભરાતાં જોવા મળે છે. આ ઉપરાંત મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાતમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૦૪ વાગ્યા દરમિયાન હાટ ભરાય છે.

### હાટમાં આવતા આદિવાસીઓ અને વેપારીઓઃ

હાટમાં જીવનજરૂરી લે-વેચ માટે આસપાસનાં ચારથી પાંચ કિ.મિ. અંતર સુધીનાં ગામો કે ફળિયાંઓમાંથી આદિવાસી લોકો ચાલતા કે ખાનગી વાહનોમાં આવે છે. હાટમાં આવતા

આદિવાસીઓની સંખ્યામાં ઋતુ પ્રમાણે વધઘટ થતી જોવા મળે છે. હાટમાં વેપારીઓ અને આદિવાસીઓ બન્ને આ વધઘટનું મુખ્ય કારણ એ બતાવે છે કે દિવાળી પછી આદિવાસી ખેડૂતો પાસે વેચવા માટે અનાજ, કઠોળ વગેરે હોય છે, આથી પાક લણણીની મોસમ પછી તરત જ હાટમાં આવતા લોકોની સંખ્યામાં વધારો થતો હોય છે, કારણ કે તેઓ આ અનાજ, કઠોળ હાટમાં વેચવા માટે આવતા હોય છે.

આ ઉપરાંત ચોમાસા અને શિયાળાની ઋતુ દરમિયાન ઘરઆંગણે, ખેતર, શેઢેપાળે અને જંગલમાં પેદા થતાં શાકભાજી અને નાનાંમોટાં ફળો વેચવા માટે આદિવાસી લોકો આવતા હોય છે. આમાંથી મોટા ભાગના આદિવાસી લોકો ગ્રાહક અને વેપારી બન્નેની ભૂમિકામાં હોય છે. તેઓ દરેક વખતે બન્ને ભૂમિકામાં ન હોય તેવું પણ બને, કારણ કે નાનામોટા ખેડૂતો પોતાની ખેતીમાં અનાજ, કઠોળ, શાકભાજી કે ફળો પાકવાની ઋતુમાં જ મોટા ભાગે આ પેદાશો વેચાણ અર્થે હાટમાં સાથે લાવતા હોય છે. ઘણી વાર સક્ષમ ખેડૂતો પોતાનાં અનાજ કે કઠોળ સાચવી રાખીને જરૂરિયાતના સમયે પણ વેચાણ માટે લાવતા હોય છે. જમીનવિહોણા આદિવાસી લોકો મુખ્યત્વે જે તે ઋતુમાં પેદા થતી ગૌણ વનપેદાશો લઈને વેચાણ માટે હાટમાં આવતા હોય છે. આ બધા લોકો જરૂર મુજબ વર્ષ દરમિયાન ગ્રાહક તરીકે તો આવતા જ હોય છે.

હાટમાં નિમ્ન કક્ષાની આર્થિક સ્થિતિ ધરાવતા આદિવાસી લોકો ખાસ આવે છે, કારણ કે હાટમાં સામાન્ય બજારો કરતાં ઘણી ઓછી કિંમતે લગભગ પ્રાથમિક જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ મળી રહે છે. આ ઉપરાંત લોકોને તાલુકા કે જિલ્લા કક્ષાના કાયમી બજારો સુધી જવાનો મુસાફરી ખર્ચ અને સમય બન્ને બચી જાય છે. આથી ગરીબ આદિવાસી પરિવારો ઉપરાંત ખેડૂત વર્ગના આદિવાસી લોકો પણ મોટા ભાગની તમામ ખરીદી હાટમાંથી કરતા હોય છે. આ ઉપરાંત જે ગામમાં હાટ હોય તે ગામના વિદ્યાર્થીઓ અને યુવક-યુવતીઓ હાટમાં ખરીદી ન કરવાની હોય તો પણ મિત્રો સાથે ફરવા માટે આવતાં હોય છે. આ જ રીતે ગામના લોકો પણ ખાસ કંઈ ખરીદી કરવાનો ઇરાદો ન ધરાવતા હોય તો પણ ઘણી વાર હાટમાં ફરવા માટે આવે છે, અને કોઈ વસ્તુ ગમી જાય તો ખરીદી પણ કરે છે. આ સાથે તેઓ આસપાસના ગામમાંથી આવતાં સગાંસંબંધીઓ, પરિચિતો અને જૂના વેપારીઓને મળે છે, ખબરઅંતર પૂછે છે તેમ જ નવી જાણકારી અને સુખ-દુઃખના સમાચારોની આપલે કરે છે.

હાટમાં આદિવાસીઓ ઘણી વાર એક જ ગામના મિત્રો કે સગાંસંબંધીઓ એકસાથે ચાર-પાંચ કે તેથી વધુના ટોળામાં ફરતા જોવા મળે છે. ખાસ લગ્નસરામાં આવાં ટોળાંઓની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ટોળાંઓ પરસ્પર મસલત કર્યા પછી જ વસ્તુઓની ખરીદી કરતા હોય છે. આ રીતે ખરીદીનો તેમનો નિર્ણય સામૂહિક હોય છે. હાટમાં જેઓ એકલા ફરતા હોય છે તેઓ તેમને ખરીદવાની વસ્તુઓ ત્રણ-ચાર દુકાનો ફર્યા પછી જ યોગ્ય દુકાનેથી ખરીદી કરે છે. હાટમાંથી વસ્તુઓ ખરીદતી વખતે લોકો વેપારી કહે તેટલો ભાવ આપતા નથી. લગભગ ૧૫થી ૨૦ ટકા લોકો વેપારી કહે તેટલો ભાવ આપી દે છે, પરંતુ મોટા ભાગના ૮૦થી ૮૫ ટકા લોકો વસ્તુઓનો ભાવ કર્યા પછી જ ખરીદી કરે છે. પોતાના મિત્રો કે સાથે આવનાર સાથે ચર્ચા કરી વેપારીએ જણાવેલ કિંમત ઓછી કરવા ગ્રાહકો ખૂબ રકઝક પણ કરે છે. આ રકઝકમાં જો કિંમત ધાર્યા મુજબ ઓછી થાય તો વસ્તુ ખરીદે છે, નહીંતર દુકાન છોડીને આગળ બીજી દુકાને જતા રહે છે.

હાટમાં આવતા વેપારીઓમાં જાતિ અને વેપારના કદ પ્રમાણે બે પ્રકારો પાડી શકાય. જાતિની દ્રષ્ટિએ જોઈએ તો આદિવાસી વેપારી

અને બિનઆદિવાસી વેપારીઓનો સમાવેશ થાય છે, જ્યારે વેપારના કદની દ્રષ્ટિએ જોઈએ તો નાના, મધ્યમ અને મોટા વેપારીઓ તરીકે જોવા મળે છે. મોટા અને મધ્યમ કક્ષાના વેપારીઓમાં મુખ્યત્વે બિનઆદિવાસી અને નાના વેપારીઓમાં આદિવાસી વેપારીઓનો સમાવેશ થાય છે. આમાંથી આદિવાસી વેપારીઓ મોટા ભાગે હાટના જ ગામમાંથી કે આસપાસનાં ગામોમાંથી આવતા હોય છે જ્યારે બિનઆદિવાસી વેપારીઓ આસપાસનાં શહેરો કે વિકસિત ગામોમાંથી આવતા હોય છે. બિનઆદિવાસી વેપારીઓમાં કેટલાક પડોશી રાજ્યોમાંથી આવતા વેપારીઓ પણ આસપાસનાં નજીકનાં સ્થળોએ વસવાટ કરતા હોય છે.

હાટમાં આવનાર વેપારીઓ જુદી જુદી જ્ઞાતિઓ, જાતિઓ કે કોમના જોવા મળે છે, જેમાં બિનઆદિવાસી વેપારીઓમાં મુસ્લિમ, પ્રજાપતિ, માળી, લુહાર, ખાટકી, ઢીમ્મર, દેવીપૂજક, લબાના, રોહિત, પંચાલ વગેરે જ્ઞાતિઓ અને કોમના વેપારીઓનો સમાવેશ થાય છે. આદિવાસી વેપારીઓમાં ચૌધરી, ગામીત, હળપતિ, કુકણા, ધોડિયા, ભીલ, રાઠવા, કોલઘા, તડવી, કુણબી, નાયક વગેરે વેપારીઓ જોવા મળે છે.

હાટમાં નાના વેપારીઓની હાજરીનું પ્રમાણ વધુ જોવા મળે છે. નાના વેપારીઓ મુખ્યત્વે શાકભાજી, માટીનાં વાસણો, કટલરીનો સામાન, સૌંદર્ય પ્રસાધનો, ખાદ્ય પદાર્થો, મરઘા-મરઘી, બકરા-બકરી, માછલી, પરંપરાગત પીણાંઓ, ગૌણ વનપેદાશો, જડીબુટ્ટીઓ, જીવનજરૂરી પ્રાથમિક ચીજવસ્તુઓ, રમકડાં, વાંસકામની વસ્તુઓ, હસ્તકલાની વસ્તુઓ, મોચી, દરજી, વાળંદ, છૂંદણાં પાડનારા, નાક-કાન વીંધનારા વગેરે વસ્તુઓ અને સેવાઓનું વેચાણ કરતા જોવા મળે છે. આમાંથી કેટલાક ઉત્પાદન અને વેચાણ બન્ને કરતા હોય છે. મધ્યમ તથા મોટી કક્ષાના વેપારીઓ અનાજ, તૈયાર કપડાં, સ્ટીલ-ઍલ્યુમિનિયમ-પ્લાસ્ટિકનાં વાસણો, કરિયાણું, ઘરેણાં, બૂટ-ચંપલ, મીઠાઈ-ફરસાણ, પશુઓ વગેરેનો વેપાર કરતા હોય છે.

હાટમાં કેટલાક પરંપરાગત સેવાઓ આધારિત વ્યવસાય કરતા વિવિધ કારીગરો પણ જોવા મળે છે, જેમાં લુહાર, વાળંદ, સુથાર, દરજી, મોચી વગેરે આવતા હોય છે. લુહાર લોખંડનાં હળ, દાતરડાં, ધારિયું, પાળિયું, કોશ, કુહાડી-કુહાડા, કોદાળી-કોદાળા, ત્રિકમ, ખીલા વગેરે જુદા જુદા પ્રકારનાં સાધનો કે ઓજારોનું વેચાણ કરતા હોય છે. કેટલાંક હાટોમાં લુહારો આવાં ઓજારો તૈયાર કરવા કે જૂનાં સાધનો રિપેર કરવા ભઠ્ઠા પણ બનાવે છે. વાળંદ વાળ કાપવાનાં સાધનો પતરાની એક નાની પેટીમાં  લાવે છે અને ઝાડના છાંયા નીચે બેસે છે. કેટલાક હાટમાં તે ગામના રહેનાર વાળંદ પણ દુકાન લગાવે છે. પોતાની કાયમી દુકાન ન હોય તેવા વાળંદો આસપાસ અઠવાડિયાના જુદા જુદા હાટમાં જાય છે. આ રીતે સુથાર પાટલી-પાટલા, વેલણ, ખાંડણી, કપડાં ધોવાના ધોકા, બેટ, ખાટલી-ખાટલા તથા વિવિધ ખેતઓજારો વગેરે જેવી લાકડાની તૈયાર ચીજવસ્તુઓનું વેચાણ કરે છે અને રિપેર પણ કરે છે. દરજીકામમાં મોટા ભાગે તે જ ગામના દરજી હાટમાં બેસે છે. જે ગામમાં દરજીકામની સેવાઓ ઉપલબ્ધ ન હોય તેવા આસપાસના ગામના માણસો હાટના દિવસે આ દરજીને ત્યા નવાં કપડાં બનાવવા માટે કાપડ આપે છે તેમ જ જૂનાં કપડાં રિપેર કરવા માટે નાંખી જાય અને બીજા હાટના દિવસે તે લઈ જાય છે. આ રીતે મોચી પણ હાટમાં ચામડાના બૂટ-ચંપલ, બેલ્ટ, બળદને ગળામાં પહેરવાના ઘૂઘરા સાથેના પટ્ટા, જોતર વગેરે ચીજવસ્તુઓ રિપેર કરી આપે છે અને નવી વસ્તુઓ બનાવી આપે છે. આજે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર અને ડાંગ જિલ્લાને બાદ કરતાં બીજા વિસ્તારોમાં આ પરંપરાગત સેવાઓ આધારિત વેપારીઓનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે.

### માળખાગત સુવિધાઓ :

હાટ બજારમાં દુકાનો પર કાયમી શેડ, વેપારીઓને બેસવા માટે પાકા ઓટલા, પાકા રસ્તાઓ, વીજ સુવિધા, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, પાર્કિંગ, સલામતીની વ્યવસ્થા વગેરે જેવી પ્રાથમિક અને માળખાગત સુવિધાઓનો તદ્દન અભાવ જોવા મળે છે. કેટલાંક હાટોમાં છેલ્લાં થોડાં વર્ષોમાં સ્થાનિક સત્તામંડળો દ્વારા બનાવેલા થોડી સંખ્યામાં શેડ જોવા મળે છે. હાલમાં આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અમલમાં આવેલ હાટ બજારને સુવિધાજનક બનાવવા માટેની યોજના અંતર્ગત પસંદ થયેલ હાટોમાં તમામ પ્રકારની પ્રાથમિક અને માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવે છે.

### ૫. હાટ બજારમાં ખરીદ-વેચાણ થતી ચીજવસ્તુઓ અને સેવાઓ :

આદિવાસી વિસ્તારોમાં ભરાતા પરંપરાગત હાટ બજારોમાં આદિવાસી લોકો માટે તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓનું ખરીદ-વેચાણ થતું જોવા મળે છે, જે અહીં વિષયવાર દર્શાવવામાં આવેલ છે.

### શાકભાજી, ફળો, કરિયાણું અને મરીમસાલાઃ

હાટમાં શાકભાજીનું ખરીદ-વેચાણ મોટા પ્રમાણમાં થાય છે. શાકભાજીમાં જોઈએ તો બટેટા, ડુંગળી, રતાળું, પેંઢાળું, બીટ, ગાજર, મૂળા વગેરે કંદમૂળનો સમાવેશ થાય છે. આ સાથે ભીંડા, વાલોળ, રીંગણ, ગવાર, ગીલોડી, પરવળ, દૂધી, તૂરિયાં, ગલકાં, ટમેટાં, ફુલાવર, કોબીજ, કારેલાં, કંકોડાં, વટાણા, લીલી તુવેર, લીલી ડુંગળી, કાકડી, ચીભડા, કોળું, વાંસના પીલા વગેરે પ્રકારનાં શાકભાજી વેચાય છે. લીલાં પાંદડાંવાળી ભાજીઓમાં મેથી, પાલખ, તાંદળિયો, મૂળાની ભાજી, ચાકોતની ભાજી, માટલાની ભાજી, ચણાની ભાજી, કડવા ડોડીની ભાજી, ખાટી ભાજી, પુવાડની ભાજી વગેરે ભાજીઓનું વેચાણ ઋતુ પ્રમાણે હાટ બજારમાં જોવા મળે છે.

ફળોમાં જોઈએ તો કેળાં, કેરી, મોસંબી, સંતરાં, સફરજન, જામફળ, સીતાફળ, રામફળ, જમરૂખ, દ્રાક્ષ, ચીકુ, દાડમ, પપૈયું, અનાનસ, લીલાં નાળિયેર, તરબૂચ, જાંબુ, કલમી બોર, ચણીબોર, સૂકાં બોર, કમરખ, આંબળાં, તાડફળી, બીલા, આલુ, જંગલી આંબળાં, પાયર, ગૂંદા, ટીમરુનાં ફળ, રાયણ, કોઠાં, અવળ, આંબલી (ખાટી, મીઠી અને તૂરી), બહેડાં, શિંગોડાં, લીલી ખારેક, ખજૂર વગેરેનું વેચાણ થતું જોવા મળે છે.

કરિયાણામાં તેલ, ગોળ, ખાંડ, ચા, સૂકું નાળિયેર (કોપરું), દીવાસળીની પેટી, મીણબત્તી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મરી-મસાલામાં લીલાં મરચાં, આદું, લીલી તથા સૂકી હળદર, લસણ, કોથમીર, મીઠું, સૂકા તથા દળેલાં મરચાં, સૂકી તથા દળેલી હળદર, આખા તથા દળેલા ધાણા, જીરું, કાળી મરી, લવિંગ, રાઈ, કોકમ, તજ, હિંગ, વિવિધ ગરમ મસાલાઓ વગેરેનો સમાવેશ થાય છે.

### અનાજ, કઠોળ અને તેલીબિયાં :

અનાજમાં ડાંગર, ચોખા, મકાઈ, જુવાર, નાગલી, વરઈ, ઘઉં વગેરેનો સમાવેશ થાય છે. કઠોળમાં અડદ, મગ, તુવેર, ચણા, વાલ, વાલોળ, ચોળી-ચોળા, રાજમા, મેથી, વટાણા વગેરેનો સમાવેશ થાય છે. તેલીબિયાંમાં તલ, સોયાબીન, મગફળી, ખુરસાણી, રાઈ વગેરેનું વેચાણ જોવા મળે છે.

### કપડાં, કટલરી, ઘરેણાં અને જીવનજરૂરી અન્ય ચીજવસ્તુઓ :

આજે લગભગ ગુજરાતના તમામ આદિવાસી હાટ બજારોમાં મોટા પ્રમાણમાં કપડાંનું વેચાણ થતું જોવા મળે છે. પુરુષોનાં કપડાંમાં પેન્ટ, શર્ટ, ટી-શર્ટ, બરમુડા, ચડ્ડી-બનિયાન, નાઇટ ડ્રેસ, નાહવાનો

રૂમાલ, ધોતી, હાથરૂમાલ વગેરેનો સમાવેશ થાય છે. સ્ત્રીઓનાં કપડાંમાં જોઈએ તો સાડી, બ્લાઉઝ, ચણિયો, પંજાબી ડ્રેસ, ચણિયાચોળી, ગાઉન, દુપટ્ટા, પેન્ટ, ટી-શર્ટ; કિશોરીઓ અને યુવતીઓ માટેનાં આધુનિક કપડાં, આંતરવસ્ત્રો, હાથરૂમાલ વગેરેનો સમાવેશ થાય છે અને નાનાં બાળકો(છોકરા-છોકરી)નાં કપડાંઓમાં પણ આજે ઘણી વિવિધતા જોવા મળે છે. આ ઉપરાંત દરેક હાટમાં કાપડ તથા પ્લાસ્ટિકની નાનીમોટી થેલીઓના એકાદ-બે વેપારીઓ અચૂક જોવા મળે છે.

કટલરીમાં જોઈએ તો બંગડી, બોરિયાં, બકલ, મોતીની માળાઓ, હેર પિન, સેફ્ટી પિન, નેઇલપૉલીસ, લિપસ્ટિક, કાજળ, હેર ઓઇલ, ચાંદલા, બટન, કાતર, અરીસા, કાંસકા-કાંસકી, પાઉડર, વિવિધ ક્રીમ, બટવા, પર્સ વગેરનો સમાવેશ થાય છે.

હાટમાં વિવિધ ધાતુનાં ઘરેણાંઓ મોટા પ્રમાણમાં વેચાય છે, જેમાં ઝાંઝરી, સાંકળાં, કડલાં, હાંસડી, નાક-કાનનાં ઘરેણાં (નથણી, કાંટો, બૂટિયાં, ધુંમર, નાનીમોટી કડીઓ, કાનની સેરો વગેરે), હાથ-પગની વીંટીઓ, માળા, કંઠી, દોરો, મંગળસૂત્ર, ડોડી, માંદળિયાં, વિવિધ ચકતાં વગેરે ધાતુનાં ઘરેણાંના વેચાણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં કેટલીક જગ્યાએ હાટદીઠ એકાદ સોના-ચાંદીનાં ઘરેણાંનો વેપારી પણ જોવા મળે છે. ભૂતકાળમાં લગભગ દરેક હાટમાં સોનીઓ આવતા હતા. હાલમાં આવતા સોનીઓ સોના-ચાંદીનાં તમામ ઘરેણાંનું વેચાણ કરે છે. સામાન્ય અને નાનાં ઘરેણાં સાથે રાખે છે અને મોટા તથા કીમતી ઘરેણાં ઑર્ડર મુજબ ગ્રાહકોને પૂરાં પાડતાં હોય છે.

હાટમાં વેચાતી જીવનજરૂરી અન્ય ચીજવસ્તુઓમાં બૂટ, ચપ્પલ, સેન્ડલ, મોજડી, મોજા, બેલ્ટ, ચશ્માં, વિવિધ પ્રકારની ટોપીઓ, લેઝર-બ્લેડ, સૂઈ-દોરા, તાળા, કીચેન, નાહવા-ધોવાના સાબુ, કપડાં ધોવાનો પાઉડર તથા બ્રશ, સાબુદાની, કૂચડા, ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, ઊલિયાં, છરી-ચપ્પા, ગૃહસુશોભનની ચીજવસ્તુઓ (ફૂલદાની, તોરણ, લટકણ વગેરે), વિવિધ દેવ-દેવીઓના ફોટાઓ વગેરે જીવનજરૂરી ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ થતું જોવા મળે છે.

### માટી, લોખંડ, ઍલ્યુમિનિયમ, સ્ટીલ, કાચ તથા પ્લાસ્ટિકનાં વાસણો :

દરેક હાટમાં વિવિધ પ્રકારનાં વાસણોની દુકાનો જોવા મળે છે, જેમાં માટીનાં વાસણોમાં જોઈએ તો પાણી ભરવાના નાનામોટા ગોળા, નાનાં-મોટાં કલેડાં કે તવા (તાવડી), જવલું (શાક બનાવવા માટેનું વાસણ), ઢાંકણી, દહીં મેળવવા માટેની હાંડી, ઘી ભરવા માટેનો પાશેરો, ગલ્લા, કોડિયાં, નવરાત્રીના ગરબા વગેરે જોવા મળે છે. ઍલ્યુમિનિયમનાં વાસણોમાં તપેલી, તપેલા, છીબાં, નાનામોટા ડબ્બા, ડોલ, દસ્તો-ખાંડણી, કડાઈ, નાનીમોટી બરણીઓ, કીટલી વગેરેનું વેચાણ જોવા મળે છે. લોખંડનાં વાસણોમાં જોઈએ તો તગારાં, ડોલ, લોઢી, કડાઈ, ઝારો, તવેથો, સાણસી, છરી-ચપ્પા વગેરેનું વેચાણ જોવા મળે છે. સ્ટીલનાં વાસણોમાં જોઈએ તો ડોલ, થાળી, વાડકા-વાડકી, પવાલી, કથરોટ, તાસ, તગારાં, પાણી ભરવા માટેનું પીપ, ગોળી-ગોળા, બુઝારાં, બેડું (ગાગર અને ઘડો), છીબું, નાનામોટા ડબ્બા, ટિફિન, બરણી, તપેલી-તપેલા, છીબું, ભાતિયું, ચમચા-ચમચી, ડોયો, પાવળી, ગ્લાસ, લોટા, જગ, સાણસી, દસ્તો-ખાંડણી, કપ-રકાબી, કીટલી, થર્મોસ, વાસણ સૂકવવા માટેનું પીંજરું, વાસણ માટેનો ઘોડો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે કાચનાં વાસણોમાં કપ-રકાબી, નાનીમોટી બરણીઓ વગેરેનું વેચાણ જોવા મળે છે.

આજે આદિવાસી વિસ્તારોમાં પણ હાટમાં પ્લાસ્ટિકનાં વાસણોની મોટા પ્રમાણમાં માંગ રહેતી હોય છે, જેમાં તગારાં, ડોલ, ટબ, પાણી ભરવાનાં પીપ, પાટલા-પાટલી, નાનામોટા ડબ્બી-ડબ્બા, છાબડીઓ, પાણીના જગ, બોટલ, વૉટર બોટલ, ગળણી, કપ-રકાબી, પીંજરું, સૂપડી, લંચ બોક્સ વગેરે ચીજવસ્તુઓનું મોટા પાયા પર ખરીદ-વેચાણ જોવા મળે છે.

## ખેતીનાં ઓજારો, લોખંડનાં હથિયારો, દોરી-દોરડાં અને તાડપત્રી-કાગળ :

ખેતીનાં ઓજારો અને લોખંડનાં હથિયારોમાં મુખ્યત્વે પાવડો, તગારું, કોદાળી-કોદાળા, ત્રિકમ, દાતરડી-દાતરડાં, ઓરણી, પંજેટી, કોશ, હળનું પાનું, સાંકળ, પશુઓનાં મહોરાં, કોડિયાં, કુહાડો-કુહાડી, પાળિયું, ધારિયું, હથોડી-હથોડો, ઘણ, લાકડા ફાડવા માટેના શિણા, સુથારીકામ માટેનાં સાધનો (વાંહલો, વીંજણી, ગિરમીટ વગેરે), માંસ-મટન કાપવા માટેના છરી-છરા વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વિવિધ પ્રકારનાં દોરી-દોરડાંનું વેચાણ હાટ બજારને અનોખું રૂપ પ્રદાન કરે છે. હાટના એક વિભાગમાં દોરી-દોરડાંના વેપારીઓ વિવિધ રંગનાં પાતળાં અને જાડાં દોરી-દોરડાંઓ બજારમાં જમીન પર પાથરીને બેઠા હોય છે. આ રસ્સી-દોરડાં સૂતર, નાયલોન, પ્લાસ્ટિકના હાથ બનાવટના તથા કાથીમાંથી બનાવેલ હોય છે. આ ઉપરાત હાટમાં ખાસ ચોમાસાની શરૂઆત પહેલાં અને પછી વિવિધ કલરના પ્લાસ્ટિકના કાગળો અને તાડપત્રીઓનું ખૂબ મોટા પાયે વેચાણ થાય છે. આદિવાસીઓ પોતાનાં કાચાં ઘરો કે છાપરાંઓમાં વરસાદ, ઠંડી કે ઉનાળામાં તાપથી બચવા માટે ઉપયોગ કરતા હોય છે. આ ઉપરાંત તેઓ ઘાસચારો કે ખેતપેદાશો સાચવવા તથા પશુઓને રાખવા માટેનાં છાપરાંઓમાં ઉપયોગ કરતા હોય છે.

## શાકભાજીનું ધરુ અને ઉંદર-ચાંચડ મારવા માટેની દવા :

ઘણા હાટ બજારોમાં ખાસ ચોમાસા અને શિયાળાની શરૂઆતમાં પાક રોપણીના સમયે શાકભાજીનાં ધરુ(છોડ)નું વેચાણ જોવા મળે છે, જેમાં ડુંગળી, રીંગણી, ટમેટાં, મરચી, ફુલાવર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હાટ બજારમાં એકાદ વેપારી દ્વારા ઘર તેમ જ ખેતીમાં નુકસાનકારક જીવોમાં મુખ્યત્વે ચાંચડ અને ઉંદર મારવાની દવાનું વેચાણ થતું જોવા મળે છે.

## તહેવારો – પ્રસંગો, ધાર્મિક વિધિ-વિધાનો, લોકકળા અને હસ્તકળા સંબંધિત સામગ્રી :

હાટ બજારોમાં મુખ્યત્વે હોળી, દિવાળી, ઉત્તરાયણ, નવરાત્રી, રક્ષાબંધન, ગણેશોત્સવ વગેરે તહેવારો દરમિયાન ઉપયોગી ચીજવસ્તુઓ મળી રહે છે. હોળીમાં વિવિધ રંગો, પિચકારી, ખજૂર, દાળિયા, મીઠાઈના હારડા તેમ જ હોલિકા માતાની પૂજાવિધિ માટેની સામગ્રીનો સમાવેશ થાય છે. દિવાળીના તહેવારો સમયે વિવિધ પ્રકારના ફટાકડાઓ, બંદૂકો, મીઠાઈઓ વગેરે જરૂરી સામગ્રી મળે છે. આ જ રીતે ઉત્તરાયણમાં પતંગો, દોરી તથા દોરીને કાચ તથા રંગથી પકવનારા વ્યાપારીઓનો ભારે શોરબકોર રહે છે. આ તહેવારોના આગળના દિવસોમાં જે તે તહેવારો માટેનાં જ ખાસ હાટ ભરાય છે. આદિવાસીઓ પ્રસંગોપાત્ત તથા બાધા-માનતાઓ પૂર્ણ કરતા સમયે પૂરા શ્રદ્ધાભાવથી પોતાનાં દેવ-દેવીઓની પૂજાવિધિ કરતા હોય છે, જેમાં જરૂરી વિવિધ પ્રકારના ઘોડાદેવ, કંકુ, શ્રીફળ, અગરબત્તી, ધૂપ, ચૂંદડી, નાડાછડી, પ્રસાદ વગેરેનો સમાવેશ થાય છે, જે હાટમાં મળી રહે છે.

લોકકળા સંબંધિત ચીજવસ્તુઓ જોઈએ તો આજે ક્યાંક ક્યાંક વાંસળી-પાવાઓનું વેચાણ જોવા મળે છે. આ સાથે હસ્તકળા સંબંધિત વસ્તુઓમાં વાંસના નાનામોટા ટોપલા-ટોપલીઓ, છાબડી,

વાંસના સાવરણા, ખજૂરીનાં પાનમાંથી બનાવેલ સાવરણા-સાવરણી, વાંસની સાદડીઓ, સૂંપડું, મોતીકામની વસ્તુઓ, માટીકામની વસ્તુઓ, દોરી-દોરડાં વગેરેનું વેચાણ થાય છે.

**પરંપરાગત વ્યવસાયો, હથિયારો અને ચીજવસ્તુઓ :**

કેટલાંક હાટમાં મોચી, વાળંદ, નાક-કાન વીંધનારા, વિવિધ પ્રકારનાં છૂંદણાં પાડનારા, વાંસકામ કરનારા, માટીકામ કરનારા, તીરકામઠાં વેચનારા, ગોફણ, તૈયાર ગીલોલ તથા તેની કાચી સામગ્રી, પાળિયું, ભાલો, ધારિયું, બળદને શણગારવા માટેની સામગ્રી (ગળામાં પહેરવા માટેના ઘૂઘરાવાળા પટ્ટા, રંગબેરંગી ઊન-સૂતરમાંથી બનાવેલ ફૂમતાં), ઘરસુશોભન માટેની સામગ્રીનો સમાવેશ થાય છે.

**ગૌણ વનપેદાશો અને ઔષધિઓ :**

ગૌણ વનપેદાશોમાં રાયણ, કંકોડાં, વાંસના પીલા, જાંબુ, ચણીબોર, જંગલી આંબળાં, પાયર, ગૂંદાં, ટીમરુનાં ફળ, મહુડાનાં ફૂલ, ડોળી, કેસૂડાં ફૂલ, સીતાફળ, રામફળ, કોઠાં, અવળ, આંબલી (ખાટી, મીઠી અને તૂરી), બહેડાં, તાડફળી, બીલા, મધ, ગુંદર વગેરે જંગલની પેદાશોનું ઋતુ પ્રમાણે વેચાણ થતું જોવા મળે છે. આ ઉપરાંત વિવધ ઔષધિઓ-જડીબુટ્ટીઓનું વેચાણ પણ જોવા મળે છે.

**ઇલેક્ટ્રોનિક સાધન-સામગ્રી અને રિપેરિંગ કામ :**

હાટ બજારોમાં કાંડા ઘડિયાળ, દીવાલ ઘડિયાળ, વિવિધ પ્રકારની બત્તી (ટોર્ચ), મોબાઇલ, પાવર બેન્ક, વિવિધ પ્રકારની બૅટરી, પાવર, ચાર્જર, બલ્બ, એલ.ઈ.ડી. ટ્યૂબ, હોલ્ડર, વાયર, ઇલેક્ટ્રિક બોર્ડ, પાના-પક્કડ, ડિસમિસ, ટેસ્ટર વગેરેના વેપારીઓ અચૂક જોવા મળે છે. આ સાથે ઘડિયાળ, બત્તીઓ વગેરે રિપેરિંગ થઈ શકે તેવી સાધન-સામગ્રીનું રિપેરિંગ કામ પણ આ જ વેપારીઓ કરતા જોવા મળે છે. અહીં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે હંમેશાં વીજળીની અનિશ્ચિતતા અને પ્રકૃતિ વચ્ચે જીવન જીવતા આદિવાસી લોકોમાં વિવિધ પ્રકારની બત્તીઓની ભારે માંગ જોવા મળે છે.

**રમકડાં અને શૈક્ષણિક સાધનો :**

હાટ બજારો મુખ્યત્વે સ્થાનિક લોકોની ખરીદ-વેચાણની જરૂરિયાતના આધાર પર ચાલે છે. લગભગ દરેક હાટમાં બાળકોના વિવિધ પ્રકારનાં રમકડાંઓનું મોટા પ્રમાણમાં વેચાણ જોવા મળે છે. આ ઉપરાંત આજે મોટા ભાગના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું ઘણું મહત્ત્વ જોવા મળે છે, આથી આદિવાસી વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક વસ્તુઓમાં પાટી, પેન, બોલપેન, પેન્સિલ, સંચો, રબર, કંપાસ, વિવિધ કલર, સ્કેચપેન, સ્કૂલ બેગ, નોટબુક, ચોપડીઓ વગેરે લગભગ દરેક હાટમાં મળી રહે છે.

**નાસ્તા માટેની વિવિધ વાનગીઓ :**

નાસ્તાઓમાં જોઈએ તો સમોસા, ભજિયાં, ગોટા, વડાપાઉં, ખમણ, કચોરી, દાબેલી, પકોડી, ભેળ, ગાંઠિયા, પાપડી, ફાફડા, પાતરાં, જલેબી, બુંદી, ચવાણું, પાંવભાજી વગેરે વિવિધ પ્રકારના નાસ્તાની વાનગીઓ જોવા મળે છે.

**મીઠાઈઓ, દૂધની બનાવટો અને ઠંડાં પીણાં:**

જલેબી, મોહનથાળ, બરફી, પેંડા, આઇસક્રીમ, કેન્ડી, ફ્રૂટસલાડ, બદામશેક વગેરે જોવા મળે છે. ઠંડાં પીણાંમાં જોઈએ તો શેરડીનો રસ, વિવિધ સોડા, લીંબુ શરબત, લસ્સી, કેરીનો રસ, નીરો વગેરેનો સમાવેશ થાય છે.

**પાલતૂ પશુઓ અને માંસાહાર સંબંધી જીવો :**

પાલતૂ પશુઓમાં ગાય, ભેંસ, બળદ તથા ઘેટાં-બકરાંનો સમાવેશ થાય છે, જે ખાસ કરીને મધ્ય ગુજરાતના હાટ બજારોમાં આ પાલતૂ પશુઓનું મોટા પાયે હજારોની સંખ્યામાં ખરીદ-

વેચાણ જોવા મળે છે. માંસાહાર સંબંધી જીવોના ખરીદ-વેચાણમાં મરઘાં, માછલી, ઘેટાં-બકરાંનો સમાવેશ થાય છે. મરઘાંમાં જોઈએ તો મરઘીનાં નાનાં બચ્ચાં આદિવાસી પરિવારો હાટમાંથી ખરીદી કરીને પોતાના ઘરે ઉછેર કરે છે. આ બચ્ચાં મોટાં થતાં માંસ તરીકે પોતાના ઘર માટે ઉપયોગ કરે છે, તે ઉપરાંત ગામ કે હાટમાં વેચાણ કરીને વધારાની આવક પણ મેળવે છે. આ સાથે મરઘાં, બકરાં તથા તેના માંસનું ખરીદ-વેચાણ મોટા પાયે થતું જોવા મળે છે. આ સિવાય હાટ બજારોમાં જીવતી માછલી તથા સુકવણી કરેલ નાની માછલી (બૂમલા), ઝીંગા વગેરેનું મોટા પાયે વેચાણ થાય છે. દક્ષિણ ગુજરાતનાં હાટોમાં તો સુકવણી કરેલ પાણીના જીવોની દુકાનોનો એક આખો વિભાગ જોવા મળે છે.

આમ ઉપર્યુક્ત રીતે આદિવાસી વિસ્તારોમાં ભરાતા પરંપરાગત હાટ બજારોમાં આદિવાસી જીવનમાં જરૂરી ચીજવસ્તુઓ અને પરંપરાગત સેવાઓનું ખરીદ-વેચાણ થતું હોય છે

## ૬. આદિવાસી સમાજમાં હાટ બજારોનું મહત્ત્વઃ

આદિવાસી સંસ્કૃતિમાં હાટનું આગવું મહત્ત્વ જોવા મળે છે. આદિવાસીઓના આર્થિક જીવન પર હાટની વિશેષ અસર જોવા મળે છે, એ જ રીતે તેઓના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પણ હાટ ગાઢ રીતે વણાયેલાં છે. રાજ્યના સઘન આદિવાસી વિસ્તારોમાં આજે ૨૪૫થી વધુ હાટવાડાઓ આદિવાસી જીવનની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને પરંપરાઓથી પોષતા આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાં કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં સામુદાયિક પ્રયત્નોથી આજે પણ નવાં હાટ શરૂ થઈ રહ્યાં છે, જે આદિવાસી સમાજમાં હાટની જરૂરિયાત અને મહત્ત્વને સ્પષ્ટ કરે છે. આદિવાસી જીવનમાં નીચે મુજબ હાટ બજારોનું આગવું મહત્ત્વ જોવા મળે છે :

૧. હાટમાં આદિવાસી લોકો દ્વારા જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓનું વર્ષ દરમિયાન ખરીદ-વેચાણ કરવામાં આવે છે. એક હાટ આસપાસનાં ૧૦થી ૧૫ ગામોનાં લોકોની ખરીદ-વેચાણની જરૂરિયાતોને આવરી લે છે.

૨. હાટમાં જે તે વિસ્તારના આદિવાસી લોકોને પોતાના ઘરથી નજીકના એક જ સ્થળે પ્રાથમિક જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પોતાની આર્થિક સ્થિતિને પોષાય તેવા ઓછા ભાવે મળી રહેતી હોવાથી તાલુકા કક્ષાના બજારો સુધી જવા-આવવાનો ખર્ચ તથા સમય બચી શકે છે. જો હાટ ન હોય તો શહેરના બજારોમાં જવું પડે, જે નિરક્ષર અને ગરીબ આદિવાસીઓને પોષાય તેમ નથી.

૩. હાટ બજાર લોકોને સ્થાનિક ગામડાંના કે તાલુકા કક્ષાના કાયમી વેપારીઓના શોષણ અને ઇજારાશાહીમાંથી બચાવે છે. હાટમાં આવનાર મોટા ભાગના આર્થિક રીતે પછાત અને નાની કક્ષાના વેપારીઓ હોય છે. તેઓ વિકસિત બજારમાં પોતાની કાયમી દુકાન ઊભી કરવા માટે સક્ષમ હોતા નથી. આથી તેઓ હાટની આસપાસના સ્થાનિક લોકોની પ્રાથમિક જરૂરિયાતો અને તે પણ તેઓને આર્થિક રીતે પોષણક્ષમ ભાવે જ વેચતા હોય છે. બીજું કે હાટમાં વેચાણની વધેલી વસ્તુઓને પરત લઈ જવી પોષાતી ન હોવાથી વેપારીઓ શક્ય તેટલો ઓછો નફો લઈને પણ દિવસ દરમિયાન પોતાની મોટા ભાગની વસ્તુઓનું વેચાણ થઈ જાય તેવું ઇચ્છતા હોય છે. આ રીતે હાટમાં સ્થાનિક લોકોને કાયમી બજારો કરતાં ઘણા ઓછા ભાવથી જીવનજરૂરી ચીજવસ્તુઓ મળી રહે છે. જે વિસ્તારોમાં હાટ ખૂબ ઓછાં છે અથવા બિલકુલ નથી ત્યાં દરેક ગામોમાં કાળક્રમે સ્થાનિક કાયમી વેપારીઓ ઊભા થતા જાય છે તથા સ્થાનિક કક્ષાએ ખરીદ-વેચાણની પ્રક્રિયામાં પોતાની ઇજારાશાહી સ્થાપિત કરે

છે, જેમાં પછાત અને ગરીબ લોકોનું વિશેષરૂપે શોષણ થાય છે. આ રીતે આદિવાસી વિસ્તારોમાં આજે ૨૪૫થી વધુ હાટ બજારો પછાત અને નબળી આર્થિક સ્થિતિ ધરાવતા આદિવાસી લોકો માટે આશીર્વાદરૂપ છે.

૪. આદિવાસી વેપારીઓ પોતાની આસપાસના હાટ બજારોમાં પોતાની ખેતપેદાશો, ગૌણ વનપેદાશો કે પશુ-પક્ષીઓનું ખાસ કોઈ પરિવહન ખર્ચ વિના સહેલાઈથી વેચાણ કરીને ઘરઆંગણે રોજગારી મેળવે છે, જે તેમના આર્થિક ઉપાર્જનમાં ત્વરિત અને મહત્ત્વનો ફાળો પૂરો પાડે છે.

૫. જમીનવિહોણા આદિવાસીઓ ઘરે મરઘા-મરઘી અને બકરી-બકરા જેવાં પ્રાણીઓ પણ પાળે છે. તેઓ હાટવાડામાં ઈંડાં, મરઘાં, બકરાં તેમ જ જંગલ પેદાશો (ચોમાસાની ઋતુમાં થતાં વિવિધ શાક અને ભાજીઓ, વિવિધ નાનાંમોટાં ફળો, કંદમૂળ, ગુંદર વગેરે) વેચવા માટે આવતા હોય છે. કેટલાક આદિવાસીઓ હાટમાં નીરો કે તાડી વેચવા માટે લાવતા હોય છે. આ બધી પેદાશો વેચીને જે રૂપિયા મળે તેમાંથી મોટા ભાગે તેઓ ઘરે જોઈતો સામાન ખરીદવામાં ખર્ચ કરતા હોય છે.

૬. ખેતીની જમીન ધરાવતા નાના ખેડૂતો આજે હાટવાડામાં નિયમિત રીતે પોતાની ખેતપેદાશોના વેચાણમાંથી આવક મેળવતા થયા છે. તેઓ શાકભાજી તેમ જ ફળો જેવી પેદાશો ઉત્પન્ન કરીને હાટમાં નિયમિત રીતે વેચાણ કરતા જોવા મળે છે. ધીમે ધીમે આદિવાસી વેપારીઓની આ સંખ્યામાં વધારો થતો જાય છે. આ રીતે આદિવાસી લોકો હાટમાં નિયમિત વેપારી તરીકે વિકસિત થઈને ઘરઆંગણે રોજગારી મેળવતા થયા છે.

૭. હાટમાં શાકભાજી વેચતા મોટા ભાગના આદિવાસી લોકો પોતે જ ઉગાડેલાં શાકભાજી અને ફળોનું વેચાણ કરે છે. તેઓ ગામમાં ફરીને પણ શાકભાજી વેચતા હોય છે, પરંતુ તેમના મતે હાટ એ વધુ સારું વેચાણ કેન્દ્ર છે, કારણ કે તેઓને પોતાની વસ્તુઓના વેચાણથી સ્થાનિક ગામમાં જે ભાવ મળે છે તેના કરતાં હાટવાડામાં વધુ ભાવ મળે છે. આથી આદિવાસીઓ પોતાના ગામમાં ખેત ઉત્પાદનનું વેચાણ કરવા કરતાં હાટવાડામાં વેચાણ કરવાનું વધારે પસંદ કરે છે.

૮. કેટલાક આદિવાસી વેપારીઓ બિનઆદિવાસી વેપારીઓમાંથી શીખીને ખેતી કે જંગલ પેદાશો સિવાયની જીવનજરૂરી વસ્તુઓ બહારથી ખરીદીને કે બનાવીને કાયમી વેપાર કરતા થયા છે. દા.ત. નાસ્તો-ફરસાણ, શાકભાજી, કપડાં, કટલરી, બૂટ-ચંપલ, જીવનજરૂરી ચીજવસ્તુઓ વગેરેનું વેચાણ કરે છે.

૯. આદિવાસી વિસ્તારના ગુણવત્તાવાળા ઉત્પાદનની ચીજવસ્તુઓ ગ્રામીણ લોકોને હાટ મારફત વાજબી ભાવે મળી રહે તે જરૂરી છે, નહીંતર અન્ય વિસ્તારોની જેમ સ્વાદ અને આરોગ્યની દ્રષ્ટિએ ઘણાં જ ગુણકારી અનાજ, દૂધ, શાકભાજી, ગૌણ વનપેદાશો તેમ જ હસ્તકલાની વસ્તુઓ પહેલા સસ્તા ભાવે શહેરોમાં જશે અને તે જ વસ્તુઓ વધુ ભાવ તથા ભેળસેળ થઈને પરત આવશે. જે આદિવાસી આરોગ્ય તેમ જ અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડશે.

૧૦. આદિવાસીઓને તેમના સામાજિક-ધાર્મિક પ્રસંગો તથા તહેવારો જેવા કે દિવાળી, હોળી, ઉત્તરાયણ, રક્ષાબંધન વગેરે પ્રસંગોમાં જરૂરી ચીજવસ્તુઓ હાટમાંથી મળી રહે છે.

૧૧. આદિવાસી સંસ્કૃતિમાં વર્ષમાં આવતા તમામ તહેવારોમાં હોળીનું મહત્ત્વ સૌથી વિશેષ

જોવા મળે છે. આથી આદિવાસી લોકો દ્વારા મોટા પ્રમાણમાં હોળીની ખરીદી હાટવાડામાંથી કરવામાં આવતી હોય છે. હોળીની ખરીદીમાં લોકો કપડાં, ખજૂર, કોપરાં, હારડા, નાળિયેર, મીઠાઈઓ, ડુંગળી, બટેટા, ગુલાલ, નાડાછડી, અગરબત્તી, પ્રસાદ વગેરે જરૂરી તમામ ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. હોળી અગાઉના હાટવાડે મોજશોખ માટે, ખરીદી માટે કે ફરવા માટે મોટા પ્રમાણમાં લોકો આવતા હોય છે. આ હાટવાડા મેળા સ્વરૂપના હોય છે. હાટમાં ઘણી વાર બાળકો, વૃદ્ધો, યુવાનો અને ઘરના તમામ સભ્યો સાથે આવતાં હોય છે. હોળી પહેલાં ખરીદી કે વેચાણ કરી લેવામાં આવે છે. હોળીના હાટવાડામાં ચકડોળ કે સરકસવાળા પણ એક દિવસ માટે આવતા હોય છે. બાળકો રમકડાં કે ધુળેટી રમવા માટે વિવિધ રંગો અને પિચકારીઓ ખરીદતા હોય છે. આ ઉપરાંત હોળી જેવા તહેવારોમાં બકરા, મરઘા-મરઘી તથા માછલીની ખરીદી આદિવાસીઓ મોટા પ્રમાણમાં કરતા હોય છે. હોળી પહેલાંના આ હાટને આદિવાસી લોકો વિસ્તાર પ્રમાણે અલગ અલગ નામોથી ઓળખે છે. દા.ત. છોટાઉદેપુર જિલ્લામાં આ હાટને 'ભંગોરિયો હાટ' તો ડાંગ જિલ્લામાં 'ભુરકૂંડે હાટ' તરીકે ઓળખવામાં આવે છે. (મહેન્દ્ર ડોડિયા, આદિલોક, ૨૦૧૫:૧૦)

૧૨. હોળીના હાટવાડામાં દરેક હાટમાં લોકો ફાગ કે ફગવો માગતા હોય છે. ઢોલકી, થાળી, ઘૂઘરા વગેરે વિસ્તાર પ્રમાણેનાં વાજિંત્રો વગાડતાં જાય છે અને વેપારીઓ પાસેથી ફરજિયાત ફાગ માંગતા જાય છે. બાળકો આખા મોઢે મેશ લગાડીને નાચતાં નાચતાં બે ટુકડીઓમાં ફરતાં હોય છે. એક વૃદ્ધ વ્યક્તિ વાંસનો ઘોડા જેવો આકાર બનાવીને તેના મોઢે સાદી દોરી બાંધીને ઘોડાને બે પગ વચ્ચે રાખીને નાચતા નાચતા હોળીનો ફગવો માંગે છે. બીજો એક પુરુષ હનુમાનજીનો વેશ ધારણ કરીને ફગવો માગે છે. હાટોનો આ માહોલ ખૂબ જ રસપ્રદ બની રહેતો હોય છે, જે લોકોને જોવાની ખૂબ મજા પડતી હોય છે.

૧૩. હાટવાડામાં ખૂબ જ સરળતાથી આદિવાસી યુવક-યુવતીઓને પોતાના જીવનસાથીની પસંદગી કરવાની તક મળે છે તથા તેઓ પોતાના પ્રિયજનોને મનપસંદ ભેટ-સોગાતોની આપલે કરે છે. આ સાથે હાટ એ પ્રેમીઓને મળવાનું, ફરવાનું, લાગણીઓને મનભરીને વ્યક્ત કરવાનું અને પોતાના સંબંધોને વધુ ગાઢ બનાવવાનું એકમાત્ર સ્થળ છે, આગળ જતાં આ સંબંધો મિત્રો, માતા-પિતા અને સમાજની સંમતિથી લગ્નમાં પરિણમે છે.

૧૪. આદિવાસી લોકો લગ્ન પ્રસંગે કુટુંબીજનો, સગાંસંબંધીઓ અને મિત્રો, લગ્ન થનાર વર કે કન્યાને આપવા માટે ભેટ-સોગાતોની ખરીદી પણ હાટમાંથી કરતા હોય છે, જેમાં મોટા ભાગે વાસણો, ઘડિયાળ, ચાંદીના દાગીનાઓનો સમાવેશ થાય છે. આદિવાસીઓમાં લગ્નપ્રસંગે સગાંસંબંધી અને વડીલોને પહેરામણી આપવાનો રિવાજ છે. આ પહેરામણીમાં અપાતી વસ્તુઓમાં મોટા ભાગે સાડીઓ, મોટા રૂમાલો, પેન્ટ-શર્ટનું કાપડ, ધોતિયું વગેરેની ખરીદી પોતાની શક્તિ પ્રમાણે હાટમાંથી કરતા હોય છે.

૧૫. આદિવાસી લોકો હાટમાં જઈને પોતાનાં સગાંસંબંધીઓ અને મિત્રોને મળી શકે છે, એકબીજાના ખબરઅંતર પૂછે છે તથા બીજી ઘણી બધી બાબતે ચર્ચા કરે છે. હાટમાં આવેલા તેમના કોઈ જાણીતા માણસ

મારફત દૂરના ગામમાં રહેતાં પોતાનાં સગાંસંબંધી કે મિત્રોને જરૂરી સંદેશો મોકલી શકે છે તેમ જ ખબરઅંતરની આપલે કરે છે. આ ઉપરાંત સગાંસંબંધીઓને ભેટ-સોગાતો મોકલે છે તેમ જ સામાજિક-સાંસ્કૃતિક પ્રસંગોના સમાચારોની આપલે થાય છે. આજે સંદેશાવ્યવહાર માટે મોબાઇલ ભલે સરળતાથી બધા માટે ઉપલબ્ધ હોય, પરંતુ મોટી ઉંમરના આદિવાસી લોકોને રૂબરૂ મળીને નિરાંતે સુખ-દુઃખની વાતો વાગોળીને જે સંતોષ થાય છે તેવો સંતોષ મોબાઇલથી થતો નથી. આજે પણ દાહોદ, છોટાઉદેપુર કે ડાંગના અંતરિયાળ વિસ્તારનાં હાટોમાં લોકો ખરીદ-વેચાણનું કામ પતાવીને હાટનો એકાદ ખૂણો શોધીને લાંબા સમય સુધી સુખ-દુઃખની વાતો કરીને મન હળવું કરે છે અને આગામી પ્રસંગો અંગે મહત્ત્વની ચર્ચાઓ કરે છે.

૧૬. હાટમાં બિનઆદિવાસી વેપારીઓ જીવન–જરૂરી અવનવી આધુનિક ચીજવસ્તુઓ તથા કળા-કૌશલ્યો, વિચારો, નવી જાણકારી વગેરેના આદાનપ્રદાન દ્વારા આદિવાસી સમુદાયને પરિવર્તનની નવી દિશામાં દોરે છે.

## ૭. હાટ બજારોમાં આવેલ પરિવર્તનો :

હાટ બજારો આદિવાસી સમાજમાં પ્રવેશી રહેલા બજારના અર્થકારણનું ઉદાહરણ પૂરું પાડે છે. બજારના આ અર્થકારણથી તેઓના વ્યક્તિગત અને કુટુંબ સંબંધી જીવનપદ્ધતિઓમાં તેમના દ્રષ્ટિબિંદુ તથા આકાંક્ષાઓમાં ઘણા અંશે પરિવર્તન આવેલું જોવા મળે છે. વર્ષો પહેલાં અને આજે ભરાતા હાટવાડાઓમાં મોટો તફાવત જોવા મળે છે. હાટવાડાઓમાં ખરીદ-વેચાણ થતી વસ્તુઓ, વેપારીઓ અને વેચાણની પદ્ધતિઓમાં આજે મુખ્યત્વે નીચે મુજબનાં નોંધપાત્ર પરિવર્તનો જોવા મળે છે :

### વસ્તુવિનિમય પ્રથાનું ઘટતું પ્રમાણ :

વર્ષો પહેલાં હાટમાં આસપાસનાં શહેરોમાંથી તમામ બિનઆદિવાસી વેપારીઓ આવતા હતા. આ વેપારીઓ ઘરેણાં, કાપડ, વાસણ, ઘરવખરી, ખાદ્ય ચીજો વગેરે હાટમાં વેચાણ માટે લાવતાં હતાં. આ ફેરિયાઓ કે વેપારીઓ આદિવાસીઓને ખેતપેદાશો તથા વન્ય પેદાશોના બદલામાં જીવન–જરૂરી વસ્તુઓ આપતા હતા. આમ એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ મેળવવામાં આવતી હતી. આ સાટાપદ્ધતિમાં આદિવાસીઓનું ઘણું શોષણ થતું હતું. આજે લગભગ વસ્તુવિનિમય પ્રથા બંધ થઈ ગઈ છે. આજથી દસેક વર્ષ પહેલાં ક્યાંક ક્યાંક વસ્તુવિનિમય પ્રથા ચાલતી હતી, જેમાં કોળાનાં બી સામે ત્રણ ગણી ખાંડ, કપાસની ભારોભાર મગફળી કે ગોળ, વન્ય પેદાશો સામે કણકી કે ખાંડ વગેરેની આપલે થતી હતી.(દિલીપ પરમાર, ૨૦૦૬:૩૬) આજે સામાન્ય બજારોની જેમ હાટમાં પણ દરેક વસ્તુઓનું રૂપિયામાં મૂલ્ય નક્કી હોય છે. દરેક ચીજવસ્તુઓનું નાણાંના બદલામાં ખરીદ-વેચાણ કરવામાં આવે છે. આથી આદિવાસીઓને પોતાની ચીજવસ્તુઓના બદલામાં પૂરેપુરું વળતર મળતું હોય છે. હાટની શરૂઆતની સરખામણીએ આજે હાટમાં કપડાં, વાસણો, શાકભાજી, શૈક્ષણિક સામગ્રી વગેરેની મોટા પાયે વિવિધતા જોવા મળે છે.

### હાટ અને વેપારીઓની સંખ્યામાં વધારો :

હાટમાં થતી ચીજવસ્તુઓની આપલેમાં સ્થાનિક લોકો અને બહારના વેપારીઓ જેમ જેમ વધુ પ્રમાણમાં રસ લેતા થયા તેમ તેમ હાટની સંખ્યામાં વધારો થતો ગયો. આ ઉપરાંત વસતિ-વધારો તથા સ્થાનિક આદિવાસી લોકોની પોતાની પેદાશોના વેચાણમાં વધતી જતી રુચિ અને આગળ જતાં સ્થાનિક આદિવાસી લોકોનો વેપારમાં પ્રવેશ થવાથી હાટ વધુ ને વધુ અસ્તિત્વમાં આવતાં ગયાં છે. આજે છેલ્લાં દસેક વર્ષોથી દક્ષિણ ગુજરાતમાં તાપી, વલસાડ, સુરત, નવસારી વગેરે જિલ્લાઓમાં સ્વયંભૂ રીતે સામુદાયિક પ્રયાસોથી મોટા પાયે

નવાં હાટ શરૂ થઈ રહ્યાં છે. આજે આદિવાસી વિસ્તારોમાં ૨૪૫થી વધુ અઠવાડિક હાટ ભરાય છે. હાટની સંખ્યામાં વધારો થવાની સાથોસાથ સ્થાનિક આદિવાસી લોકોનો વેપારમાં પ્રવેશ થવાથી વેપારીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. આ સાથે આદિવાસી લોકો હાટમાં વેપારી તરીકે વધુ ને વધુ સંખ્યામાં જોડાતા જાય છે.

### પરિવહનમાં આવેલ બદલાવ :

વર્ષો પહેલાં આદિવાસી વિસ્તારોમાં જ્યારે રોડ-રસ્તાઓ અને વાહનવ્યવહારની સુવિધાઓ ન હતી, ત્યારે આસપાસનાં વિકસિત ગામો અને શહેરોમાંથી વેપારીઓ ચાલીને, ગધેડા કે બળદગાડામાં પોતાની વેચાણ માટેની સાધન-સામગ્રી લઈને હાટમાં આવતા હતા. આદિવાસી વૃદ્ધજનો પાસેથી મળેલ માહિતી મુજબ પહેલાં મોટાં ગણાતાં કેટલાંક હાટોમાં લગભગ ૧૦૦ જેટલા જુદા જુદા વેપારીઓ બળદગાડા લઈને આવતા હતા. એક ગાડા સાથે બે બળદની ગણતરી કરતાં કુલ ૨૦૦ જેટલા બળદ આગળના દિવસે સાંજે હાટના સ્થળે પહોંચી જતા હતા, આટલી મોટી સંખ્યામાં બળદો, ગાડાંઓ અને વેપારીઓની ચહલ-પહલ તથા બળદોના ગળે બાંધેલ ઘંટડીઓના ધીમા-મીઠા રણકાર સાથેનું સાંજનું વાતાવરણ જાણે આદિવાસી સંસ્કૃતિને વિકાસની નવી દિશામાં આગળ વધવા માટે પ્રેરતું હતું.

જ્યારે આજે આ પરિસ્થિતિમાં એકદમ બદલાવ જોવા મળે છે. આજે મોટા ભાગના આદિવાસી વિસ્તારોમાં રોડ-રસ્તા અને વાહન-વ્યવહારની સુવિધાઓ ઉપલબ્ધ થવાથી મોટા અને મધ્યમ વેપારીઓ સવારે કે હાટના સમયે એકાદ કલાક વહેલા પોતાનું વાહન લઈને આવે છે અને નાના વેપારીઓ બસ, ખાનગી વાહન, મોટર–સાઇકલ કે ચાલીને આવતા હોય છે. વ્યારા તાલુકાના વાજરડા હાટમાં એકમાત્ર વૃદ્ધ આદિવાસી દંપતી બળદગાડામાં પોતાની નાસ્તા-ફરસાણની દુકાન લઈને આવે છે. આ જ રીતે પહેલાં આદિવાસી લોકો પણ પોતાની ખેતપેદાશો કે વનપેદાશો વેચવા માટે બળદગાડાં લઈને પરિવાર સાથે આવતા હતા. પછાત આદિવાસીઓ કે જેઓ પાસે બળદગાડું ન હોય તેવા પરિવારો પોતાની પેદાશો માથે ઊંચકીને ચાલતા હાટમાં આવતા હતા, જ્યારે આજે આદિવાસીઓ બસમાં, ખાનગી વાહનમાં, મોટરસાઇકલ, સાઇકલ કે ચાલીને આવતા હોય છે.

### કાયમી વેપારી તરીકે આદિવાસી લોકોનો પ્રવેશ :

વર્ષો પહેલાં હાટમાં કાયમી વેપારીઓ તરીકે માત્ર બિનઆદિવાસીઓ જ હતા. તેઓ જરૂર મુજબ હાટના દિવસે વેપારમાં મદદ માટે યોગ્ય સ્થાનિક આદિવાસી લોકોને અમુક વળતર આપીને રાખતા હતા. સમય જતાં આ આદિવાસી લોકો કાયમી બિનઆદિવાસી વેપારીઓ પાસેથી વેપારની કળા શીખતા ગયા અને સમય જતાં પોતે જ નાનામોટા વેપાર શરૂ કરીને કાયમી વેપારી તરીકે આજીવિકા મેળવતા થયા. આજે કેટલાંક હાટોમાં તો ૫૦ ટકા જેટલા આદિવાસી વેપારીઓ જોવા મળે છે અને તેઓની આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

### આદિવાસી લોકોમાં શિક્ષણ અને જાગ્રતતામાં વધારોઃ

આદિવાસી લોકોને વેપારીઓ અને શાહુકારોના શોષણમાંથી બચાવવા માટે આદિવાસી વિસ્તારોમાં સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોને વાજબી ભાવે સુધારેલાં બિયારણો, ખાતર, દવાઓ વગેરે મળતાં થયાં. ખરીદ-વેચાણ સંઘોની કામગીરી દ્વારા ઉત્પાદનની ગુણવત્તા, યોગ્ય સંગ્રહ અને જાળવણી, ભાવ, તોલમાપ વગેરે અંગે આદિવાસી લોકો ઘણા જાગ્રત થયા છે. આ સાથે અસંખ્ય પ્રમાણમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શરૂ થયેલ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, જાગૃતિનું પ્રમાણ વધ્યું છે. આથી આજે તેઓ ભાવ અને તોલમાપમાં

ગેરરીતિ તથા ભેળસેળ અંગે પરિચિત થયા છે અને ઘણાં અંશે વેપારીઓના શોષણમાંથી બહાર આવ્યા છે.

### વાસણોનાં વૈકલ્પિક સ્વરૂપો :

આદિવાસીઓ પહેલાં મુખ્યત્વે માટી, કાંસું, ઍલ્યુમિનિયમ, તાંબા, પિત્તળ અને લોખંડનાં વાસણો વાપરતા હતા. આજે તેઓ તે વાસણો ઉપરાંત સ્ટીલ, ચિનાઈ માટી, કાચ અને પ્લાસ્ટિકનાં વાસણો પણ વાપરતા થયા છે. આજે આ પ્રકારનાં વાસણોની દુકાનો દરેક હાટવાડામાં જોવા મળે છે.

### બૂટ-ચંપલમાં વિવિધતા :

આદિવાસીઓ પહાડી અને જંગલ વિસ્તારમાં રહેતા હોવા છતાં તેઓ પહેલાંના સમયમાં બૂટ-ચંપલનો ઉપયોગ ઘણા ઓછા પ્રમાણમાં કરતા હતા. તેઓ ચામડાના ચંપલ કરતાં સસ્તા દરે મળતા સાદા ચંપલ ખરીદતા હતા. આદિવાસીઓનો જેમ જેમ વિકાસ થતો ગયો અને અન્ય લોકોનો સંપર્ક વધતો ગયો તેમ તેઓ આજે બૂટ-ચંપલ વિના ભાગ્યે જ કોઈ જોવા મળે છે. આજે આદિવાસી લોકોની માંગ મુજબ દરેક હાટવાડામાં નવી નવી ફૅશનનાં ચંપલ, સ્લીપર, મોજડી, બૂટ વગેરેની દુકાનો જોવા મળે છે.

### શાકભાજીઓમાં વિવિધતા :

આદિવાસીઓ પહેલાં ભોજનમાં શાકભાજીનો ઉપયોગ નહિવત્ પ્રમાણમાં કરતા હતા. શાકભાજીમાં તેઓ માત્ર જંગલમાંથી મળતાં ભાજીપાલા, કંદમૂળ કે ઘર પાસેના વાડોલિયામાં ઉગાડેલાં શાકભાજીનો જ ઉપયોગ કરતા હતા. આજે હાટમાં વેચાતાં શાકભાજી તેમ જ અન્ય લોકોના સંપર્કના કારણે આદિવાસી લોકો પણ વિવિધ પ્રકારનાં શાકભાજીઓનો ઉપયોગ કરવા લાગ્યા છે. હાટવાડા ઉપરાંત સ્થાનિક બજારોમાં વિવિધ પ્રકારનાં શાકભાજીઓની ઘણી માંગ રહેતી હોવાથી આદિવાસીઓ અનેક જાતની શાકભાજીઓનું ઉત્પાદન કરવા લાગ્યા છે અને તમામ હાટમાં ઘણા અંશે સજીવ તથા એકદમ તાજાં શાકભાજીઓનું વેચાણ જોવા મળે છે.

### મરીમસાલાઓનું વેચાણ :

આદિવાસીઓમાં આજે ખોરાકની બનાવટમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. પહેલાં આદિવાસીઓનો ખોરાક ઘણો સાદો હતો. તેઓના ખોરાકમાં મરી-મસાલાનું પ્રમાણ ઘણું ઓછું અને મીઠા-મરચાનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. આજે અન્યોની જેમ તેઓ પણ ખોરાકમાં વિવિધ પ્રકારના મરી-મસાલાઓનો ઉપયોગ કરતા થયા છે. આજે દરેક હાટમાં સૂકા તેમ જ લીલા મસાલાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

### પરંપરાગત વસ્તુઓ અને સેવાઓનું ઘટતું પ્રમાણઃ

પહેલાં હાટમાં પરંપરાગત સેવાઓ આધારિત વ્યવસાય કરતા વિવિધ કારીગરો મોટા પાયે નિયમિત રીતે આવતા હતા, જેમાં લુહાર, વાળંદ, સુથાર, દરજી, મોચી, સોની, અનાજ-કરિયાણાંના વેપારીઓ, માટીકામ કરતા કારીગરો, વાજિંત્રો બનાવનારા, છૂંદણાં પાડનારા, નાક-કાન વીંધનારા, વાંસકામ કરનારા વગેરેનો સમાવેશ થતો હતો. આજે આ કારીગરો અને વેપારીઓમાંથી અમુક હાટોમાં જ માંડ એકાદ-બે વેપારીઓ કે કારીગરો જોવા મળે છે.

## ૮. હાટ બજારોમાં જોવા મળતી સમસ્યાઓ અને પડકારો :

૧. આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત હાટ જાહેર માર્ગો કે ખુલ્લી જગ્યામાં ભરાતાં હોય છે. દૂર દૂરથી આવતા અંતરિયાળ વિસ્તારના આદિવાસીઓ પોતાની પેદાશો વેચવા માટે કોઈ ચોક્કસ જગ્યા ન હોવાથી રસ્તા ઉપર વાહનોની અવરજવર વચ્ચે શિયાળા, ઉનાળા કે ચોમાસાની દરેક મોસમમાં

ખુલ્લામાં દિવસ દરમિયાન વેચાણ કરી આવક મેળવતા હોય છે.

૨. હાટ બજારમાં ધંધા વ્યવસાય માટે કાયમી શેડ, વેપારીઓને બેસવા માટે પાકા ઓટલા, પાકા રસ્તાઓ, વીજ સુવિધા, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, પાર્કિંગ, સલામતીની વ્યવસ્થા વગેરે જેવી પ્રાથમિક અને માળખાગત સુવિધાઓનો તદ્દન અભાવ જોવા મળે છે, આથી વિકસિત બજારોની સરખામણીએ હાટ ઘણાં નબળા પડતાં જણાય છે.

૩. તાલુકા અને જિલ્લા કક્ષાનાં હાટોમાં અપૂરતી જગ્યા અને માળખાગત સુવિધાઓના અભાવે રસ્તાઓ ઉપર ખૂબ જ ભીડ ઊભી થાય છે. આ ઉપરાંત ખાસ ચોમાસામાં ખૂબ જ અસ્વચ્છતા જોવા મળે છે.

૪. ચોમાસાની ઋતુ નજીક આવતાં જ્યારે વા-વંટોળ શરૂ થાય છે ત્યારે પ્લાસ્ટિકના છાંયડાઓ તૂટી પડે છે, ક્યારેક કોઈને નાની–મોટી ઈજા પણ થાય છે. વા-વંટોળના સમયે વેપારીઓને વેપાર કરવાની સાથે પોતાની ચીજવસ્તુઓ અને છાંયડો સાચવવા માટે હંમેશાં સજાગ રહેવું પડે છે.

૫. ધૂળની ઊડતી ડમરીઓ કપડાં, શાકભાજી તેમ જ અન્ય ચીજવસ્તુઓને ગંદી કરે છે તથા ગ્રાહકો અને વેપારીઓને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખાસ ઉનાળાના ધોમધખતા તાપ અને ચારે બાજુ ઊડતી ધૂળની ડમરીઓ વચ્ચે વેપારીઓ દયાજનક સ્થિતિમાં મુકાય છે. ભારે તાપને કારણે બાળકો, વૃદ્ધો અને મહિલાઓ માટે આરોગ્યના ખૂબ મોટા પ્રશ્નો ઊભા થવા પામે છે. આ જ રીતે ચોમાસામાં પણ વરસાદને કારણે કપડાં, કટલરી, કરિયાણું, કઠોળ, શાકભાજી, મરીમસાલા વગેરે ચીજવસ્તુઓ પાણીમાં ભીંજાઈને ખરાબ થઈ જાય છે, પરિણામે વેપારીઓને મોટી ખોટ વેઠવી પડે છે.

૬. ઘણી વાર આદિવાસી લોકોને પોતાની ખેતી કે જંગલની પેદાશો, હસ્તકલા-કૌશલ્યની વસ્તુઓ, મરઘાં, બકરાં વગેરેના વેપાર માટે હાટ બજાર સુધી દલાલો પહોંચવા દેતા નથી. દલાલો તેઓના ઘરેથી કે હાટમાં પહોંચતાં જ વસ્તુઓ નજીવા ભાવે ખરીદીને હાટમાં ઊંચા ભાવે વેચાણ કરે છે.

૭. હાટવાડામાં મુખ્યત્વે બીજી વસ્તુઓ કરતાં શાકભાજીના ભાવો હાટવાડો પૂરો થવાના સમયે એકદમ નીચે જતા જોવા મળે છે, કારણ કે શાકભાજીને એક હાટમાંથી બીજા હાટમાં લઈ જતાં તે બગડી જાય છે તથા પરત ઘરે લઈ જવાનો ખર્ચ વધી જાય છે. આથી વેપારીઓ ગ્રાહકો માંગે તેવા ખૂબ જ નીચા ભાવે ખોટ ભોગવીને પણ વસ્તુઓ આપી દે છે. આ શાકભાજીના વેપારીઓ મોટા ભાગના સ્થાનિક આદિવાસીઓ હોય છે.

૮. બિનઆદિવાસી વેપારીઓ મોટા ભાગે અઠવાડિયાના જુદા જુદા ૫થી ૬ હાટ ફરે છે. તેઓ વેપાર માટે જરૂરી પોતાનું વાહન, વેચાણ માટે લોખંડના ખાટલા કે સ્ટેન્ડ, પીવાનું પાણી તથા છાંયડા માટે પ્લાસ્ટિકના કાગળ વગેરે સામગ્રી ધરાવે છે, જ્યારે આદિવાસી વેપારીઓ મુસાફરી માટેનાં સાધનોની અગવડના કારણે પોતાના ઘરથી નજીકના ૧થી ૨ હાટમાં જ વેપાર કરીને મર્યાદિત રોજગારી મેળવે છે. તેઓ પાસે પાથરણાં ઉપરાંત બીજી કોઈ જરૂરી સામગ્રી જોવા મળતી નથી.

૯. આદિવાસી વેપારીઓમાં બિનઆદિવાસી વેપારીઓની સરખામણીમાં વેપારીઓની ઓછી સંખ્યા, સામગ્રીનો ઓછો જથ્થો, મોટા ભાગે શાકભાજી અને મરઘાં-બકરાંનું વેચાણ,

વેપારની ઓછી કુશળતા તેમ જ ઓછી આવક જોવા મળે છે.

૧૦. હાટમાં આદિવાસી વેપારીઓ દૈનિક રૂ. ૨૦૦થી ૫૦૦ સુધીની આવક મેળવે છે, જ્યારે બિનઆદિવાસી વેપારીઓ રૂ. ૫૦૦થી ૩૦૦૦ સુધીની આવક મેળવે છે. આદિવાસી વેપારીઓ પોતાની આર્થિક તેમ જ અન્ય કેટલીક મર્યાદાઓને કારણે વધુ આવક મેળવી શકતા નથી.

૧૧. આદિવાસી વેપારીઓમાં મોટા ભાગે મહિલા વેપારીઓ જોવા મળે છે. તેઓ મુખ્યત્વે હાટમાં ચાલતા, છકડો કે બસ દ્વારા વેપાર અર્થે આવે છે, જેમાં ખાસ મહિલા વેપારીઓને વેચાણના જથ્થાને હાટ સુધી પહોંચાડવામાં ખૂબ મુશ્કેલીઓ પડે છે.

૧૨. પહેલાં હાટમાં પરંપરાગત સેવાઓ આધારિત વ્યવસાય કરતા વિવિધ કારીગરો મોટા પાયે નિયમિત રીતે આવતા હતા, જ્યારે આજે આ કારીગરો અને વેપારીઓનું મહત્ત્વ ઘટતું જાય છે.

## ૯. હાટ બજારને વધુ સક્ષમ બનાવવા માટેના પ્રયાસો :

આજે આદિવાસી વિસ્તારોમાં ૨૪૫થી વધુ સંખ્યામાં ભરાતાં પરંપરાગત અઠવાડિક હાટોમાં વધુ ને વધુ આદિવાસી લોકો વેપારધંધો કરીને ઘરઆંગણે રોજગારી મેળવે એવું સરકાર ઇચ્છે છે. આ માટે સરકાર દ્વારા હાટવાડાઓને વધુ સુવિધાજનક બનાવવા અને આદિવાસી લોકોને પોતાની પેદાશોનું વેચાણ કરીને ઘરઆંગણે કાયમી રોજગારી મેળવવા માટે પ્રેરક યોજનાઓ અમલમાં મૂકેલ છે.

### આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત વિકાસલક્ષી યોજના :

રાજ્યમાં સઘન આદિજાતિ વસ્તી ધરાવતા જિલ્લાઓમાં આદિવાસી લોકો પરંપરાગત હાટ બજાર દ્વારા પોતાની ઉત્પાદિત પેદાશોનું વેચાણ વ્યવસ્થિત રીતે કરી શકે તે માટે હાટ બજારોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે આદિજાતિ મંત્રાલય, ભારત સરકાર અને આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા હાટ વિકાસ માટેની યોજના હાથ ધરેલ છે, જેમાં ગુજરાત સરકારે વિવિધ આદિવાસી જિલ્લાઓનાં પસંદ કરેલ હાટોમાં અદ્યતન સુવિધાઓ જેવી કે વેપારીઓને બેસવા માટે શેડ સાથેના પ્લૅટફૉર્મ, પાર્કિંગ, વીજ સુવિધા, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલયની સુવિધા, સલામતીની વ્યવસ્થા વગેરે વિકસાવવાનું આયોજન કરેલ છે. આ યોજના મુજબ પ્રથમ તબક્કે ૧૨ હાટ મંજૂર કરવામાં આવેલ છે, આવા પ્રત્યેક હાટદીઠ લગભગ બે કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત તાપી, સુરત, વલસાડ, નવસારી, છોટાઉદેપુર વગેરે જિલ્લાઓમાં ક્યાંક હાટના બાંધકામની કામગીરી શરૂ છે તો ક્યાંક પૂર્ણ થઈને હાટ કાર્યરત થઈ ગયાં છે. આ યોજના હેઠળ આવનારા સમયમાં મહત્ત્વના દરેક હાટને જરૂર મુજબની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

### સ્થાનિક સત્તામંડળો દ્વારા થયેલ પ્રયાસો :

છેલ્લાં થોડાં વર્ષોમાં કેટલાંક સ્થાનિક સત્તામંડળો જેવા કે ગ્રામપંચાયત કે નગરપાલિકા દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં યોજાતાં હાટોમાં વેપારીઓને બેસવા માટેના પાકા ઓટલા સાથેના થોડા પ્રમાણમાં શેડ બાંધવામાં આવેલ છે. દા.ત. ડાંગમાં આવેલ કાલીબેલ હાટમાં આવા ૬ કે ૮ શેડ બનાવવામાં આવેલ છે, પરંતુ વેપારીઓ ખાસ તેનો ઉપયોગ કરતા જોવા મળ્યા નથી, કારણ કે તેનું ભાડું અને શેડનું સ્થળ બન્ને વેપારીઓને અનુકૂળ નથી. ઉપરાંત કેટલીક નગરપાલિકાઓ દ્વારા હાટ પૂરો થયા પછી હાટના સ્થળની સફાઈ કરાવવામાં આવે છે. મધ્ય ગુજરાતમાં હાટવાડાઓમાં પશુઓનું વેચાણ એ.પી.એમ.સી.ના કેમ્પસમાં કરવામાં આવે છે. એ.પી.એમ.સી.માં

તેમને પ્રાથમિક અને માળખાગત સુવિધાઓ મળી રહે છે. આ ઉપરાંત હવે મોટા ભાગનાં હાટોમાં સ્થાનિક સત્તામંડળો દ્વારા પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવા અંગે વિચારણાઓ થઈ રહી છે.

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા થયેલ અભ્યાસો :

ભારત સરકાર અને રાજ્ય સરકારના અનુદાનથી ચાલતા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સ્થાપના અમદાવાદ ખાતે ૧૯૬૨માં થઈ હતી, જે મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સીધા વહીવટી સંચાલન હેઠળ કાર્યરત છે. આ સંસ્થા મુખ્યત્વે આદિજાતિ સમુદાયો સંબંધિત સંશોધનો, તાલીમ અને આદિવાસી સંસ્કૃતિનો પ્રચાર-પ્રસારની કામગીરી કરે છે. સંશોધન અંગેની કામગીરીમાં વર્ષ ૨૦૦૬માં 'આદિવાસીઓના પરંપરાગત હાટ બજાર' વિષય પર અભ્યાસ કરવામાં આવ્યો હતો અને હાલમાં 'આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત હાટ વ્યવસ્થા' વિષય પરનો અભ્યાસ પૂર્ણ થવામાં છે. આ અભ્યાસો દ્વારા આદિવાસી સમાજમાં પરંપરાગત હાટ બજારોનું વર્તમાન સમયમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્ત્વ તેમ જ હાટ બજારોમાં વેપારીઓ અને ગ્રાહકોને ઊભી થતી મુશ્કેલીઓ, અવરોધક પરિબળો, જરૂરિયાતો વગેરે હાટ સંબંધિત બાબતોનો અભ્યાસ કરીને અહેવાલના રૂપમાં વિકાસલક્ષી નીતિ ઘડતર માટે સરકારને આપવામાં આવે છે.

## ૧૦. હાટ બજારને વધુ સક્ષમ અને ટકાઉ બનાવવા માટેનાં સૂચનો:

આદિવાસી વિસ્તારોમાં ભરાતા પરંપરાગત અઠવાડિક હાટ બજારો વધુ સક્ષમ–ટકાઉ બની રહે તથા આદિવાસીઓ માટેના આર્થિક વિકાસનું કેન્દ્ર બની રહે તે માટેનાં માર્ગદર્શક પગલાંઓ નીચે મુજબ છે :

૧. હાટવાડા માટે સરકારે પૂરતી જગ્યા ફાળવવી જોઈએ.

૨. દરેક મહત્ત્વના હાટ બજારોમાં વેપારીઓને બેસવા માટે શેડ સાથેના પ્લૅટફૉર્મ, પાર્કિંગ, વીજ સુવિધા, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલયની સુવિધા, સલામતીની વ્યવસ્થા વગેરે સુવિધાઓ ઊભી કરવી જોઈએ. આ સુવિધાઓ પૈકી આજે દરેક હાટ બજારોમાં પીવાનું પાણી અને શૌચાલયની સુવિધા તાત્કાલિક ધોરણે કરવાની જરૂર છે.

૩. હાટવાડાને જોડતા રસ્તાઓ સારા બનાવવા જોઈએ.

૪. દરેક હાટ બજારોમાં વધુ પ્રમાણમાં સ્થાનિક આદિવાસી લોકો વેપાર કરીને ઘરઆંગણે રોજગારી મેળવે તે માટે સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ.

૫. હાટપ્રથાને ટકાવી રાખવા તથા સંવર્ધિત કરવા માટે સરકારે, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક લોકો સાથે મળીને હાટ વિકાસ યોજનાઓનું અમલીકરણ થાય તેમ કરવું જોઈએ. દરેક જિલ્લામાં આદિવાસી વિકાસના ક્ષેત્રે પ્રતિબદ્ધ અને નામાંકિત સ્થાનિક સંસ્થાઓને હાટ વિકસિત કરવા માટેની કામગીરીમાં ભાગીદાર બનાવવી જોઈએ.

૬. હાલમાં આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા હાટને સુવિધાપૂર્ણ બનાવવા માટેની યોજનામાં પસંદ થનાર હાટના હાલના સ્થળમાં શક્ય હોય ત્યાં સુધી મોટા ફેરફાર ન કરવા જોઈએ, તેમ છતાં જો જગ્યાના અભાવે ફેરફાર કરવા જ પડે તેમ હોય તો ગામ કે શહેરની મુખ્ય બજારની આસપાસમાં જ નવું સ્થળ પસંદ કરવું જોઈએ. ટૂંકમાં હાટનું સ્થળ એવું પસંદ કરવું જોઈએ કે જ્યાં ગ્રાહકો અને વેપારીઓ સરળતાથી પહોંચી શકે તેમ હોય.

૭. સ્થાનિક બિનસરકારી સંસ્થાઓએ પણ સ્વૈચ્છિક રીતે હાટ વિકાસનાં કાર્યોમાં આગળ આવવું જોઈએ, જેમાં મહિલાઓ, યુવાનો અને ખેડૂતોને હાટમાં વેપાર કરીને રોજગારી મેળવવા માટે પ્રેરિત કરીને વિવિધ પ્રકારની તાલીમો આપવી જોઈએ. આ કામગીરીમાં જરૂરિયાતમંદ અને બેરોજગાર આદિવાસી લોકોને અગ્રતા આપવી જોઈએ.

૮. હાટમાં ગ્રામીણ તથા પરંપરાગત હસ્તકલા કારીગરોને સ્થાન આપીને હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ થાય તેમ કરવું જોઈએ.

૯. આદિવાસી વિસ્તારોમાં સ્વાદ અને આરોગ્યની દ્રષ્ટિએ ગુણકારી એવી ઉત્પન્ન થતી ખેતપેદાશો, ગૌણ વનપેદાશો તેમ જ ગુણવત્તાયુક્ત હસ્તકલાની ચીજવસ્તુઓ ગ્રામીણ લોકોને હાટ મારફત વાજબી ભાવે મળી રહે તે જરૂરી છે અને તે સાથે આદિવાસીઓને પોતાની કીમતી ચીજોનું યોગ્ય વળતર પણ મળવું જોઈએ.

૧૦. જે આદિવાસી વિસ્તારોમાં અઠવાડિક હાટ બજારો નથી અથવા એકદમ ઓછા છે તેવા વિસ્તારોમાં હાટ શરૂ થાય તેમ કરવું જોઈએ. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં એકમાત્ર હાટ ભરાય છે, આથી આ વિસ્તારોમાં જરૂર મુજબ હાટ શરૂ થાય તેમ કરવું જોઈએ.

૧૧. હાટમાં તોલમાપ કાંટાની ચકાસણી વખતોવખત લોકોની હાજરીમાં જ થવી જોઈએ. આથી છેતરપિંડીનું પ્રમાણ ઘટશે અને ગ્રાહકોને પૂરતો જથ્થો મળશે.

૧૨. આદિવાસીઓમાં ગ્રાહક સુરક્ષા અંગેની જાગ્રતતા વધે તેવા પ્રયત્નો થવા જોઈએ.

૧૩. હાટમાં આવનાર વેપારીઓ અને ગ્રાહકો માટે વર્તન-વ્યવહારના નિયમોનું ફરજિયાતપણે પાલન થાય તેમ થવું જોઈએ. હાટમાં દારૂનું સેવન કરીને આવનારા લોકો પર સખત પ્રતિબંધ લાદવો જોઈએ તથા દરેક વેપારીએ કચરાપેટી રાખીને હાટને પ્રદૂષણથી બચાવવા જોઈએ.

૧૪. હાટ બજારોને પ્રોત્સાહન આપવા માટે તેનો ખૂબ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

આમ ઉપર્યુક્ત રીતે હાટ બજારો પરંપરાગત રીતે આદિવાસી સંસ્કૃતિનું એક અમૂલ્ય અને અવિભાજ્ય અંગ બની રહ્યા છે. આ બજાર વ્યવસ્થા દ્વારા તેઓ જીવનજરૂરી ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ કરે છે. હાટ બજાર આદિવાસીઓના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવન સાથે ગાઢ રીતે વણાયેલા છે. આદિવાસી સમાજે બહારના વેપારીઓ સાથે મળીને પોતાની ખરીદ-વેચાણની જરૂરિયાતો સંતોષવા માટે પોતીકા વિશિષ્ટ હાટ બજારની વ્યવસ્થા ઊભી કરી છે. આદિવાસી લોકો હાટ બજારમાં પોતાના ઘરઆંગણે કે ખેતર-શેઢે ઉત્પાદિત કરેલી પેદાશો તેમ જ જંગલમાંથી મળતી ગૌણ વનપેદાશોનું સહેલાઈથી વેચાણ કરી શકે છે અને સાથોસાથ જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. આ રીતનું ખરીદ-વેચાણ આદિવાસી સમાજની પરંપરાગત ચાલી આવતી વ્યવસ્થા છે. હાટ વ્યવસ્થા આજે થોડાંઘણાં બદલાવ સાથે આદિવાસીઓ માટેના આર્થિક વિકાસનું કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહી છે. સરકારે આ હાટ બજારોને સુવિધાજનક બનાવીને વધુ પ્રમાણમાં આદિવાસી લોકો ઘરઆંગણે રોજગારી મેળવતા થાય તેવી યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો લાભ તમામ મહત્ત્વના હાટ બજારોને મળી રહે અને વધુ ને વધુ જરૂરિયાતમંદ આદિવાસી લોકો વેપારી તરીકે જોડાઈને ઘરઆંગણે રોજગારી મેળવતા થાય ત્યારે ખરા અર્થમાં હાટ એ આદિવાસીઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનું કેન્દ્ર બની રહેશે.

* * *

## સંદર્ભસૂચિ


### પુસ્તક-અહેવાલ

૧. પરમાર, દિલીપ (૨૦૦૬), “આદિવાસીઓનાં પરંપરાગત હાટ (બજાર)”, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

૨. પુનાલેકર, એસ.પી. (૧૯૮૩), “આદિવાસી વિસ્તારમાં હાટ”, સુરત : સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ.

### સામયિક

૧. ગામીત, મહેશ (૨૦૧૨), “સામયિક – આદિલોક, સપ્ટે.-ઑક્ટો., પેજ-૩૭”, અમદાવાદ : આદિલોક સોસાયટી, નવરંગપુરા.

૨. ડોડિયા, મહેન્દ્ર (૨૦૧૫), “સામયિક – આદિલોક, માર્ચ-એપ્રિલ, પેજ-૯”, અમદાવાદ : આદિલોક સોસાયટી, નવરંગપુરા.

૩. પુનાલેકર, એસ.પી. (૧૯૭૯), “સામયિક – આદિવાસી ગુજરાત(Vol-2, Issue-2, page-75)”, અમદાવાદ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.

### વેબસાઈટ

૪. https://comm-tribal.gujarat.gov.in

https://tribal.nic.in

https://tribal.gujarat.gov.in

### રૂબરૂ મુલાકાત

૧. પરંપરાગત હાટ બજારોના આગેવાનો, વેપારીઓ, ગ્રાહકો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ તથા તજ્જ્ઞો પાસેથી મળેલ માહિતી

# ૧૬. આદિવાસી કલા-કૌશલ્ય



ભારત પાસે એક સમૃદ્ધ કલા પરંપરા છે. તેમાં પણ લોકકલા એક આગવી છાપ પાડે છે. તેમાં આદિવાસીઓની કલા તેની વિશિષ્ટતાના કારણે જુદી તરી આવે છે. આદિવાસી કલા પરંપરા અતિ પ્રાચીન છે. પોતાના જીવન સાથે જોડાયેલાં વિવિધ પાસાંઓને તે કલા દ્વારા પ્રગટ કરે છે. આદિવાસીઓ માટે કલા એ પોતાના જીવન અને અનુભૂતિઓનું પ્રતિબિંબ છે. આદિવાસીઓમાં કલાકારને કોઈ વિશિષ્ટ સ્થાન હોતું નથી. કારણ કે આદિવાસી સંસ્કૃતિમાં દરેક વ્યક્તિ એક વિશિષ્ટ પ્રકારના કલાકાર હોય છે. આ કલાકારો જે કંઈ બનાવે છે તે માત્ર સૌંદર્ય માટે હોતું નથી, પરંતુ તેની સાથે ઉપયોગિતા પણ જોડાયેલી છે. આદિવાસીઓની કલા દૂરથી જોવાની માત્ર કલા નથી. આદિવાસીઓ કલામાં જીવે છે અને કલાને આત્મસાત્ કરે છે. આદિવાસી કલાઓ માત્ર અમૂલ્ય ધરોહર જ નથી, પરંતુ એક સમૃદ્ધ પરંપરા સંપન્ન સભ્યતા અને સંસ્કૃતિ પણ છે. કલા એ કોઈ પણ સમાજના માનસનો અરીસો છે. આ કલામાં આદિવાસીઓનો હર્ષ-ઉલ્લાસ, સુખ-દુઃખ, સંકુચિતતા વગેરે ભાવો નિરૂપાય છે. આદિવાસીઓની કલામાં અભિવ્યક્તિની સાથે આસ્થા પણ જોડાયેલી છે. આદિવાસી કલાઓમાં સ્વાભાવિક અને પ્રાકૃતિક સંદર્ભ જોવા મળે છે. આદિવાસીઓની કલા તેમની દૈનિક જીવનનો એક ભાગ હોય છે.

## પ્રાચીન સમયની આદિવાસી કલાઓ

આદિવાસીઓની કેટલીક કલાઓ પ્રાચીન અને પરંપરાગત છે. આ પ્રકારની કલાઓ તેમને વારસામાં મળે છે. રોજિંદા જીવન વ્યવહારમાં અને ચોક્કસ પ્રસંગોવશાત્ આદિવાસીઓને આવી કલા શીખવા મળે છે. આ રીતે પેઢી દર પેઢી આ પ્રકારની કલાઓ સચવાતી જાય છે. દરેક પ્રકારની કલાઓમાં પ્રાચીન અને અર્વાચીન બન્ને પ્રકારની કલાઓ આદિવાસીઓમાં જોવા મળે છે. કેટલીક પ્રાચીન કલાઓમાં સમયાંતરે થોડા ફેરફાર પણ થતા રહ્યા છે. કેટલીક કલાઓ તો જીવન જીવવા માટે જ અસ્તિત્વમાં આવી છે. તો કેટલીક કલાઓ જીવનને વધુ સુંદર અને આનંદમય બનાવવાના ખ્યાલથી અસ્તિત્વમાં આવી છે.

## વર્તમાન સમયની આદિવાસી કલાઓ

આદિવાસીઓમાં કેટલીક કલાઓ વર્તમાન સમયની જરૂરિયાતના આધારે અસ્તિત્વમાં આવી. વર્તમાન સમયની કલાઓ મોટા ભાગે ધંધો-રોજગારના ખ્યાલથી અસ્તિત્વમાં આવી છે. કેટલીક કલાઓ સુઘડતાના ખ્યાલમાંથી પણ અસ્તિત્વમાં આવી છે. વર્તમાન સમયની કલાઓ વિકસાવવા કેટલીક ટૅક્નૉલૉજી અને સાધન-સામગ્રી ઉપલબ્ધ હોવાથી આવી કલાઓ વિકસાવવામાં સરળતા રહે છે. આદિવાસીઓમાં હાલમાં જોવા મળતી કલાઓમાં ઘણી કલાઓ વર્તમાન સમયમાં અસ્તિત્વમાં આવી છે.

### હસ્તકલા

આદિવાસીઓ કલાનું નિર્માણ પણ કોઈ કીમતી વસ્તુઓમાંથી કરતા નથી. પરંતુ મોટા ભાગે કુદરતમાંથી ઉપલબ્ધ થતી સામાન્ય

વસ્તુઓમાંથી કલાનું નિર્માણ કરે છે. ઘાસમાંથી ગૂંથેલો મોર, માટીમાંથી બનાવેલા વિવિધ ઘોડાઓમાં વિવિધ આકારો જે મોટા ભાગે તેમની આસ્થાનાં પ્રતીકો છે. ઘરની બનાવટમાં વિવિધ શિલ્પનું નિર્માણ કરે છે, દેવ સ્થાનકોએ લાકડામાંથી વિવિધ આકારો સર્જી તેને દેવનું સ્વરૂપ આપવામાં આવે છે. વાંસકલા, ખાટલામાં દોરી ભરવાની કલા, શિકારનાં સાધનો બનાવવામાં રહેલી કલા, માટીનાં વાસણો બનાવવામાં રહેલી કલા વગેરે અનેક જગ્યાએ આદિવાસીઓમાં રહેલી કલા અવારનવાર પ્રગટ થતી રહે છે. વાદ્યો બનાવવામાં રહેલી કલા, વસ્ત્રોમાં ટાંકવામાં આવતી ભરતકામની કલા, દોરી-દોરડાં ગૂંથવાની કલા, ઘાસમાંથી ગૂંથેલા મોર બનાવવાની કલા, મણકાથી ગૂંથેલા ટોડલા બનાવવાની કલા વગેરે તેમના હસ્તકલાના ઉત્તમ નમૂના છે.

## લોકશિલ્પ

આદિવાસીઓમાં આપણને કલાના શોખના કારણે બનાવવામાં આવેલાં શિલ્પ પ્રાપ્ત થશે નહીં, આદિવાસીઓ માત્ર કલા ખાતર કલાનું નિર્માણ કરતા નથી, તેઓ જીવન ખાતર કલાનું નિર્માણ કરે છે, અથવા તો તેમના જીવનમાં કલા ઓતપ્રોત થઈ જાય છે, એમ કહી શકાય. આથી આદિવાસીનાં શિલ્પ આપણે સંગ્રહાલયમાં શોધવા જઈશું તો પ્રાપ્ત થશે નહીં, પરંતુ તેમનાં રહેઠાણ અને જીવન વ્યવહારમાં ઉપયોગમાં લેવાતાં સાધનોમાં આપણને શિલ્પનાં દર્શન થાય છે. આદિવાસી સમુદાયમાં દેવી-દેવતાઓની મૂર્તિઓ કે રાજા કે મહારાજાઓનાં શિલ્પ ખાસ હોતાં નથી. આદિવાસી સમુદાય માટે કુદરતી તત્ત્વો જ શ્રદ્ધાનાં સાધનો હતાં. આથી તેમના શિલ્પમાં પશુ, પંખી, ચંદ્ર, સૂર્ય જેવાં પ્રકૃતિનાં તત્ત્વો જોવા મળે છે. તેઓ મોટા ભાગે હાથવગાં હથિયારોથી જ આવાં શિલ્પનું નિર્માણ કરે છે. આથી લાકડામાંથી બનાવેલાં શિલ્પ વિશેષ પ્રમાણમાં તેમના પરથી પ્રાપ્ત થાય છે.

## ચિત્રકલા

આદિવાસીઓની ચિત્રકલા એ માત્ર સંસ્કૃતિનું પ્રતીક ન બની રહેતાં એમાં આખી જીવનશૈલી પ્રગટ થાય છે. આખેઆખી વાર્તા ચિત્રકલા દ્વારા પ્રગટ થાય છે. આદિવાસીઓની ચિત્રકલા લખવા-વાંચવાની કલા પહેલાં શરૂ થઈ ગઈ હતી. ૧૦મી સદીમાં એનાં પ્રમાણો મળે છે. ચિત્રકલા આદિવાસીઓની સૌથી વધુ લોકપ્રિય કલા રહી છે. વારલી આદિવાસીઓની વારલી ચિત્રકલા, રાઠવાઓની પીઠોરા ચિત્રકલા જાણીતી ચિત્રકલા છે.

વારલી ચિત્ર ખાસ કરીને લગ્ન સમયે દોરવામાં આવે છે. આ ચિત્રને શુભ માનવામાં આવે છે. આ ચિત્ર વગર લગ્ન અધૂરું ગણાય છે. પ્રકૃતિપ્રેમી આદિવાસીઓની આ કલામાં પણ પ્રકૃતિને વિશિષ્ટ સ્થાન આપવામાં આવે છે. આ ચિત્રકલામાં ત્રિકોણ આકૃતિમાં આકાર પામેલાં માણસો અને પ્રાણીઓ, રેખા દ્વારા હાથ અને પગ દર્શાવવામાં આવે છે. આ ચિત્રોમાં ખાસ કરીને સ્ત્રીઓ ઘરની છાણ અને માટીની દીવાલ ઉપર ચોખાના લોટથી બનાવે છે. આ ચિત્રોમાં લગ્ન, પુરુષ, સ્ત્રી, બાળકો, વૃક્ષો, પશુ-પક્ષી, ખેતરો, વગેરેને વિશેષ સ્થાન આપવામાં આવે છે. આ ચિત્રમાં લોકકથાઓની સાથે સાથે પૌરાણિક કથાઓનું પણ નિરૂપણ કરવામાં આવે છે. આ ઉપરાંત વાઘદેવ અને ધરતી માતાની કથા પણ નિરૂપવામાં આવે છે.

વારલી ચિત્રકલા આજે ઘણી પ્રખ્યાત બની છે. તે માત્ર આદિવાસીઓ પૂરતી સીમિત ન રહેતાં તે વિશ્વફલક ઉપર છવાઈ ગઈ છે. આ કલાના ઉપાદાન પણ બદલાયા છે. હવે આ ચિત્રો કાગળ, કેનવાસ પર પોસ્ટર રંગનો ઉપયોગ થવા લાગ્યો છે.

પીઠોરા ચિત્રકલા આદિવાસીના રાઠવા સમુદાયમાં જોવા મળે છે. પીઠોરા ચિત્રકલા રાઠવા સમાજમાં કલાના સ્વરૂપમાં વિકસી નથી, પરંતુ દેવના ઉત્સવના સ્વરૂપમાં વિકસી છે. પીઠોરાની

ઉજવણીને પાણગાની ઉજવણી તરીકે પણ ઓળખવામાં આવે છે. પીઠોરાની ઉજવણીની તૈયારી રાઠવા સમુદાયમાં એક અઠવાડિયા અગાઉથી શરૂ થઈ જાય છે. મંગળવારના દિવસે બડવો(પૂજારી) સાગ કે કેસુડાંનાં પાંચ પાનમાં હળદર અને ચોખા ભેગા કરી, તેની પૂજા કરી ઉત્સવ માટે પરિવારમાં આમંત્રણ આપવામાં આવે છે. એક અઠવાડિયા પછી બુધવારે પૂજાવિધિ કરી માટી માટલામાં પલાળી લાંબા કપડાથી દીવાલ ધોળવાનું શરૂ કરે છે. એક તરફ પૂજારી મંત્ર અને ભજનો શરૂ રાખે છે. આ મંત્રોમાં ધરતીની ઉત્પત્તિની કથા, પીઠોરાની કથા, કાળી કોયલની કથા, રાણી કાજલની કથા, આમ એક પછી એક દરેક ચિત્રોની કથા રજૂ થાય છે. બીજી તરફ પીઠોરો દોરાતો જાય છે. બીજી તરફ સ્ત્રીઓ દ્વારા આવેલ મહેમાનો માટે ભોજન બનાવવાનું પણ ચાલુ હોય છે. ચિત્ર દોરતાં પહેલાં લખારો નારિયેળની કાચલીમાં રંગની ભૂકીમાં ગાયનું દૂધ અને મહુડાનો દારૂ ભેળવી રંગ તૈયાર કરે છે. જે ભીંત ઉપર ચિત્ર દોરવાનું હોય તે જગ્યાને રાજભીંત કહેવામાં આવે છે. સૌપ્રથમ ચિત્ર દોરવા માટે ભીંત ઉપર એક ચોરસ બનાવવામાં આવે છે. જેને ધરતીની સીમા તરીકે કલ્પવામાં આવે છે. ત્યાર બાદ પાંચમુખી ગણી, ઇંદ, પીઠોરી અને રાણી કાજલના ઘોડા દોરવામાં આવે છે. એ સિવાય રાજા ભોજનો હાથી, હાદરાજા દેવની ઊંટસવારી, કાળી કોયલ, સૂપડકન્નો, એક ટાંગિયો, બારમાથાનો ધણી, બાબા હોઢળ, ગામદેવ, પોલીસચોકી, વહી લખારી, બડવો, મોર, કૂવો, ખેતર ખેડતો ખેડૂત, તાડ, વાણિયા, વાણિયાનું જોડું વગેરે ૭૦થી ૮૦ જેટલાં ચિત્રો દોરવામાં આવે છે. સાંજ સુધીમાં આખું ચિત્ર તૈયાર થઈ જાય છે. રાત્રે ભેગા થયેલાં સૌ નાચે છે. બીજા દિવસે સવારે પીઠોરાની પૂજા કરવામાં આવે છે. આમ પીઠોરા એ માત્ર ચિત્રકલા ન રહેતાં આદિવાસી સંસ્કૃતિનું સ્વરૂપ બની રહે છે.

ચિત્રકલાની વાત કરીએ તો ઘરના લીંપણમાં આવતી વિવિધ ભાત, વાંસળી, પાવા અને માટીનાં વાસણ પર ચીતરવામાં આવતાં ચિત્રો, ઘરનાં લાકડાં પર ચીતરવામાં આવતાં ચિત્રો, ભીંત ઉપર લોટથી દોરવામાં આવતાં વિવિધ ચિત્રો વગેરે વિવિધ ભાત ઊપસાવે છે. તેમાંથી આદિવાસીઓમાંની ચિત્રકલાનાં દર્શન થાય છે.

## લોકનૃત્યકલા

આદિવાસી સમુદાયમાં વિવિધ નૃત્યો જોવા મળે છે. આદિવાસી સમુદાયમાં જે નૃત્યો જોવા મળે છે, તે બધાં જ નૃત્ય માટે કોઈ શાસ્ત્ર લેખિત સ્વરૂપમાં હોતું નથી. કોઈ નિયમો લેખિત સ્વરૂપમાં હોતા નથી. પરંતુ નૃત્ય સાથે સમય અને સ્થળ જોડાયેલાં હોય છે. આદિવાસી સમુદાયમાં થતાં નૃત્ય આનંદ–ઉલ્લાસ માટે હોય છે. આ નૃત્યો બીજાના મનોરંજન માટે નથી થતાં પરંતુ પોતાના આનંદ માટે થાય છે. આમાંનાં મોટા ભાગનાં નૃત્યોમાં અંદર જોડાઈને જ આનંદ માણી શકાય છે. આદિવાસી સમુદાયનાં મોટા ભાગનાં નૃત્ય સામુદાયિક હોય છે. આદિવાસી સમુદાયમાં હોળી નૃત્ય, મોરાનાચ (ભોવાગે) ગોસાંણાંનાચ, વ્યક્તિગત નાચ, ઢોંગ નૃત્ય, ઢોલ નૃત્ય, ઘેરૈયા નૃત્ય, લગ્ન નૃત્ય, પાંજરા કે પાટલા નૃત્ય, ખાંદ નૃત્ય (ખભા), સિબલી નૃત્ય, માટલ્યા દેવ નૃત્ય, બાલી નૃત્ય, વાઘદેવનું નૃત્ય, ભાદર ભાવા નૃત્ય, ડોંગે દિવાળી નૃત્ય, તૂર-થાલી નાચણું, તલવાર નૃત્ય, છેલિયા નૃત્ય વગેરે પ્રચલિત નૃત્યો છે.

**નૃત્યો** :

### વ્યક્તિગત નાચણું (કુદણું)

લગ્ન હોય, ઉત્સવ હોય કે બીજો અન્ય પ્રસંગ હોય આદિવાસી સમુદાયમાં સમૂહ નાચણું ચાલતું હોય તે સમયે વ્યક્તિગત નાચણું પણ ચાલુ રહે છે. વ્યક્તિગત નાચણું સ્ત્રી કે પુરુષ બંને એકલા એકલા વિવિધ ચાળા સાથે નાચતાં જોવા મળે છે.

આદિવાસી સમુદાયમાં નૃત્ય એટલે શાસ્ત્રીય જ્ઞાન નથી, પરંતુ પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું જ્ઞાન છે. પરંતુ આ નૃત્યમાં શાસ્ત્રીયતા નથી એમ આપણે ન કહી શકીએ. આ સમુદાયમાં નૃત્ય એટલે આનંદ–ઉલ્લાસ. એમાં કોઈ નિયમો હોતા નથી. પરંતુ ચોક્કસ ચાળા વખતે ચોક્કસ પદ્ધતિથી નાચવું પડે છે. પરંતુ એ ન આવડે તો તેનાથી ન આવડનાર વ્યક્તિ પોતાનો આનંદ જતો કરતો નથી. તે પોતાની રીતે નાચીને આનંદ માણે છે.

**વ્યક્તિગત ઢોંગ નૃત્ય :**

હોળી નૃત્યમાં વ્યક્તિગત ઢોંગ નૃત્ય ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. આ નૃત્ય કરનાર વ્યક્તિ વિવિધ પ્રાણીઓના વેશ ધારણ કરે છે અથવા તો સમુદાયની જીવનશૈલીને રજૂ કરતા કોઈ પાત્રનો વેશ ધારણ કરે છે. વ્યક્તિગત ઢોંગ નૃત્યમાં બળદ, રીંછ, કાચિંડો, માછલાં પકડતી સ્ત્રી, ખેડૂત, દારૂડિયો વગેરે વ્યક્તિરૂપો ધારણ કરવામાં આવે છે.

નૃત્યમાં ક્યારેક ક્યારેક હલકા અને ક્યારેક ક્યારેક ભારે મનના ભાવોના માગણી સ્વરૂપે પશુ-પક્ષીના વ્યવહારોને પણ મિશ્રિત કરવામાં આવે છે. આદિવાસીઓમાંના નૃત્ય માટે ચોક્કસ માળખું નથી. પરંતુ આદિવાસીઓમાંનાં વિવિધ વાદ્યોના સિદ્ધ થયેલા નાદ-તાલ તથા નાચવાવાળા દ્વારા થતા વિવિધ ધ્વનિ સંકેતો – આ બધામાંથી ઊભો થતો ચોક્કસ અર્થમાં આદિવાસીઓમાંના નૃત્યનો મૂળસ્રોત રહેલો છે. આદિવાસીઓમાંના નૃત્યમાં કોઈ શાસ્ત્રીયતા નથી કારણ કે તેમનાં નૃત્યો સાહજિક અને કુદરતી હોય છે. લોકવાદ્યોમાંથી પ્રગટતા સ્વરો દેહને વિવિધ મરોડ આપે છે. આદિવાસીઓમાંના નૃત્યમાં ગેયતા અને સંગીત એકસાથે ચાલે છે. આદિવાસીઓમાં લોકનાટ્ય, લોકસંગીત કે લોકવાદ્યોને આપણે જુદા પાડી શકતા નથી. તેઓ એકબીજાની સાથે સંકળાયેલાં હોય છે. આદિવાસીઓમાંના નૃત્યની વિશેષતા એ છે કે તે મોટા ભાગે સામૂહિક હોય છે. મોટા ભાગે પુરુષો અને સ્ત્રીઓ સાથે સાથે નૃત્ય કરતાં જોવા મળે છે. આદિવાસીઓમાંના નૃત્યમાં વાદ્યોમાંથી પ્રગટતા સંગીતના આધારે તેના ચાળા નક્કી થાય છે. સંગીત બદલવાની સાથે નૃત્યનું સ્વરૂપ પણ બદલાય તેને ચાળા કહેવામાં આવે છે. આદિવાસીઓમાં ઝવડયાચાળા, મોહ્યાચાળા, સિલાઈનાચાળા, મોરચાળા, કમરમોડિયાચાળા, ભજનીયાચાળા, બાહીનોચાળા વગેરે વિવિધ પ્રકારનાં નૃત્યોના વિશેષ ચાળા હોય છે.

આદિવાસીઓમાં ઘેરૈયા કે ગોર નૃત્ય, હોળી નૃત્ય, ડોબરા નૃત્ય, ડાકણી નૃત્ય, ઠાકર્યા નૃત્ય, ભાયા નૃત્ય, ભડવા નૃત્ય, માદળ નૃત્ય વગેરે નૃત્યો થાય છે. નૃત્યમાં આવતા ચાળા મોટા ભાગે પ્રકૃતિના વિવિધ ભાવ કે પક્ષી, પ્રાણીઓના હાવભાવનું અનુકરણ તથા પોલીસ, શેઠ વગેરે સમાજના વિશિષ્ટ વ્યક્તિનું અનુકરણ કરવામાં આવે છે. વિવિધ ભાવો પરથી ચાળાના નામ પાડવામાં આવે છે.

આફતો અને દુઃખો સામે બધા આદિવાસીઓ એકસાથે લડે છે. પોતાનાં દુઃખોને ભુલાવવા માટે આદિવાસીમાં વિવિધ નૃત્યો અસ્તિત્વમાં આવ્યાં છે. આ નૃત્યો કેટલાક સામાજિક પ્રસંગોની ઉજવણીના ભાગરૂપે છે. તો કેટલાંક નૃત્યો ઉત્સવોના ઉજવણીના ભાગરૂપે છે. આદિવાસીઓમાં ગમે તે પ્રસંગે નૃત્યો કરતા હોય પરંતુ એ નૃત્યના મૂળમાં જીવનને માણવાનું હોય છે.

**વિવાહ નૃત્ય :**

ભીલ સમુદાયના પેટા સમુદાયોમાં જુદી જુદી રીતે વિવાહ નૃત્યો કરવામાં આવે છે. પંચમહાલના આદિવાસીઓ અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનાં લગ્ન-વિવાહ નૃત્યો સાવ ભિન્ન છે. તો ઉત્તર ગુજરાતનાં પણ અલગ નૃત્યો જોવા મળે છે. બંને સમુદાયમાં સ્ત્રીપુરુષો લગ્નના નૃત્યમાં જોડાય છે. પંચમહાલમાં સ્ત્રીપુરુષો એકબીજાના

ખભા પર કે કેડમાં હાથ નાંખી નાચતાં નથી. તેમાં સ્ત્રીપુરુષ બંને અલગ અલગ નાચે છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં આદિવાસી ભીલો હાથમાં હાથ પરોવી, ખભા પર હાથ નાખી નૃત્ય કરે છે. આમ ભીલોમાં પણ સમુદાય પ્રમાણે નૃત્યો જુદાં જુદાં છે. બીજું કે આદિવાસી સમુદાયમાં એકથી વધારે પેટા સમુદાયો છે. આથી બધા જ પેટા સમુદાયોનાં વાજિંત્રો એકસરખાં નથી. નૃત્યોનું સ્વરૂપ વાજિંત્રો સાથે નિસ્બત ધરાવે છે. આથી વાજિંત્રોમાં ભિન્નતાના કારણે આદિવાસીના નૃત્યમાં પણ ભિન્નતા જોવા મળે છે. ચાંગ ઢોલ સાથે થતાં નૃત્યો, શરણાઈ અને કુંડા ઢોલ સાથે થતાં નૃત્યો, તૂર સાથે થતાં નૃત્યો– આ બધામાં ભિન્નતા જોવા મળે છે. બધાં જ નૃત્યોમાં ચોક્કસ ભાવ સાથે ચોક્કસ ચાળા જોડાયેલા છે, જે નાચના સ્વરૂપ સાથે જોડાયેલા છે. ચાળા બદલવાની સાથે નૃત્યનો પ્રકાર પણ બદલાય છે. ચાળા મોટા ભાગે પ્રકૃતિ અને પશુ-પક્ષીઓનાં વિવિધ વર્તનો સાથે સંકળાયેલા હોવાના કારણે ચાળાનાં નામો પણ જે તે પશુ-પક્ષીનાં નામ પરથી ઓળખાય છે. વિવાહ નૃત્યોમાં કઠાલિયા આદિવાસીનું છેલિયા નૃત્ય ખૂબ જ જાણીતું નૃત્ય છે.

### ઘેર નૃત્ય :

ઘેર નૃત્ય હોળી ઉત્સવ સાથે જોડાયેલું છે. ઘેર નૃત્યમાં પણ પ્રદેશભેદે ભિન્નતા જોવા મળે છે. આ નૃત્યમાં પણ સ્ત્રીપુરુષ બંને ભાગ લઈ શકે છે. પરંતુ જે પુરુષો હોળીના તહેવાર દરમિયાન પાંચ દિવસ ઘેરૈયાનું રૂપ ધારણ કરે છે, તેમનાં નૃત્યો સાવ જુદાં હોય છે. કેટલાક ઘેરૈયા માત્ર સારંગી સાથે નૃત્ય કરતા જોવા મળે છે.

### વાઘદેવનું નૃત્ય :

આ નૃત્યમાં ગામનો કોઈ એક વ્યક્તિ અથવા ગામનો પૂજારી વાઘ બને છે. ગામનો પૂજારી વાઘ બનેલા વ્યક્તિને દેવના સ્થળે નૃત્ય કરતો ચારે તરફ ફરાવે છે. આજુબાજુ બેઠેલા લોકો કેટલાક વિશિષ્ટ શબ્દો ઉચ્ચારીને કિકિયારી પાડે છે. વાઘ – વાઘ – શબ્દ બોલે છે. વાઘ બનેલ વ્યક્તિ વાઘનો અવાજ કાઢે છે. બાળકો માત્ર ઢેફાં કે કાદવના ગોળાથી વાઘને મારે છે.

### ગોસાણનાચ (મોરાંનાચ, ભોગાવે) :

ગોસાણનાચ આદિવાસી સમુદાયમાં પ્રચલિત નૃત્ય છે. આ નાચને નાચનાર વ્યક્તિ વિવિધ પ્રાણીઓની મુખાકૃતિ ધારણ કરે છે. વિવિધ મુખાકૃતિ ધારણ કરતા હોવાના કારણે આ નૃત્યને મોરાંનાચ પણ કહે છે. હોળી પછી પાંચ દિવસ સુધી ઘૈરનૃત્ય કરવામાં આવે છે. તેમાં પુરુષો વિવિધ મોહરાંઓ ધારણ કરી બીભત્સ, ભયાનક વગેરે રસોનું નિર્માણ કરે છે. આ મુખાકૃતિઓ લાકડું, ઝાડની છાલ, વાંસની બારીક સળી, સૂપડું, શણના કોથળા, ધાબળા, તૂટેલાં માટલાં, છાણાં વગેરેમાંથી બનાવવામાં આવે છે. આ નૃત્ય આદિવાસી સમુદાયના બધા જ વિસ્તારમાં થતું જોવા મળે છે. પરંતુ તેના સ્વરૂપમાં થોડોઘણો ફેરફાર જોવા મળે છે. હાલમાં આ નૃત્ય દેહવાણી આદિવાસીઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

### ડફ્લી નૃત્ય :

આદિવાસી સમુદાયમાં હોળીનો તહેવાર પંદર દિવસ બાકી હોય ત્યારથી શરૂ થઈ જાય છે. કેટલીક જગ્યાએ મહિના પહેલાં શરૂ થઈ જાય છે. હોળી જ્યાં પ્રગટાવવાની હોય ત્યાં દિવેલો રોપી હોળીનું મુહૂર્ત કરવામાં આવે છે. તે દિવસથી ગામનાં બાળકો લાકડાં ને છાણાં ભેગાં કરે છે. તે દિવસથી બાળકો નાચી–કૂદી ગાઈને ફાગ ઊઘરાવે છે. બાળકોના આ નાચને ડફ્લી નૃત્ય કહેવામાં આવે છે.

### ઘેરૈયા નૃત્ય :

ઘેરૈયા નૃત્યમાં સ્ત્રી–પુરુષ બંને ભાગ લે છે. ક્યારેક પુરુષો સ્ત્રીવેશ લઈને જોડાય છે. આ ઘેરમાં

એક સૂત્રધાર હોય છે, જે ચાળા બદલીને નચાવે છે. ઘેર નૃત્ય શિસ્તબદ્ધ નૃત્ય છે. આદિવાસી સમુદાયમાં જેટલાં જેટલાં નૃત્ય કતારમાં થાય છે તે બધાં જ શિસ્તબદ્ધ થાય છે.

### લગ્ન નૃત્ય :

આદિવાસી સમુદાયમાં લગ્નનું નક્કી થાય તે દિવસથી નાચવામાં આવે છે. મોટા ભાગે સગાઈ કર્યા પછી નવ દિવસનો ગાંઠ લેવામાં આવે છે. આ નવ દિવસ સુધી નાચવામાં આવે છે. આ નૃત્યમાં સ્ત્રી–પુરુષ અને બાળકો પણ જોડાય છે. આ નૃત્યમાં નાચનારા એક હરોળમાં કમર કે ખભા પર હાથથી મજબૂત રીતે પકડી પગની એડી દઈને ઠેકા સાથે નાચે છે. નાચતી વખતે નાચનારના અંગ મરોડ નૃત્યમાં વિશેષતા લાવે છે. આ નૃત્ય હંમેશાં રાત્રે ચાલે છે. લગ્નના આગલા દિવસે તો આ નૃત્ય આખી રાત ચાલે છે. આ નૃત્યમાં જેનાં લગ્ન થવાનાં હોય તેને પણ નચાવવામાં આવે છે.

### પાંજરી કે પાટલા નૃત્ય :

આ નૃત્ય લગ્ન વખતે કરવામાં આવે છે. આ નૃત્યમાં કન્યાને પાંજરી કે પાટલા પર બેસાડીને વિધિપૂર્વક નવ ફેરા મંડપમાં નચાવવામાં આવે છે. આ નાચણામાં કુટુંબીજનો અને સગાંઓ જોડાય છે. આ નાચણું ખાસ કરીને દેહવાલી અને મેવાસી આદિવાસીઓમાં જોવા મળે છે.

### મોરાલી સિબલી નૃત્ય (પડુલો નૃત્ય) :

આદિવાસી સમુદાયના આ નૃત્યમાં એક ફૂલોથી સુશોભિત ટોપલી હોય છે. પહેલાંના સમયમાં આ ટોપલીમાં નવ પડ રહેતાં હતાં. આ નવ પડ નવજીવનના પ્રતીક બની રહેતાં. આ સુશોભિત ટોપલીને સ્ત્રી કે પુરુષ વ્યક્તિગત રીતે પોતાના જુદા જુદા ચાળાઓ સાથે માથે મૂકીને નાચે છે. આ નૃત્ય પણ લગ્ન પ્રસંગમાં જ થાય છે. ખાસ કરીને વરપક્ષની જાન લઈને ગયા હોય ત્યારે વરઘોડામાં આ પ્રકારનું નૃત્ય જોવા મળે છે. કેટલાક વિસ્તારમાં આ શણગારેલી ટોપલીને સંતાડી દેવાનો રિવાજ પણ છે. જ્યાં સુધી વરપક્ષ એનો દંડ ચૂકવે નહીં ત્યાં સુધી ટોપલી આપવામાં આવતી નથી.

### દેવનાચણ નૃત્ય :

આ નૃત્ય ચોમાસા દરમિયાન ઓરણી પૂરી થયા પછી થાય છે. આદિવાસીઓની મોટા ભાગની સમસ્યા ચોમાસાની ઋતુથી જ શરૂ થાય છે. આથી આ તહેવાર દેવને રીઝવવા માટે ઊજવવામાં આવે છે. આ નૃત્યમાં પણ જુદા જુદા ચાળા જોવા મળે છે. આ નાચણું દેવ ઊજવવાનું નક્કી થાય એ દિવસે આજુબાજુના ગામના લોકો તથા સગાંવહાલાં આવે છે. આ નૃત્યમાં મોટા ઢોલનો ઉપયોગ થાય છે. આખી રાત આ નૃત્ય ચાલે છે.

### માટલ્યાદેવનું નૃત્ય :

ચોમાસા દરમિયાન વાડા કે ખેતરમાં ભાજીપાલો ઊગી નીકળે છે. આ ભાજીપાલો ખાવાથી પોતાનું તથા પ્રાણીઓનું સ્વાસ્થ્ય ન બગડે તે માટે દેવને વિનંતી કરવામાં આવે છે. આ નૃત્ય ઢોલ સાથે કરવામાં આવે છે. આ નૃત્ય ભાજીને લગતાં ગીતો ગાતાં ગાતાં કરવામાં આવે છે.

### બાલી નૃત્ય :

વાંસની લાકડીમાં લોખંડના પાન આકારનાં પતરાં લગાડવામાં આવે છે. આ લાકડી પૂજારી પોતાના ઘરે રાખે છે. વાઘદેવના આગલા દિવસે ગામમાં પુંજ પ્રસાદરૂપે અનાજ, મરચું, મસાલો ઉઘરાવવામાં આવે છે. તે સમયે ઘરનાં બારણાં સામે ખાલી (વાંસની લાકડી) ઠોકીને નાચે છે. આ નૃત્ય ખાસ કરીને દેહવાલી આદિવાસીમાં જોવા મળે છે.

### ભાદરવા બાવાનું નૃત્ય :

ભાદરવા બાવાના નૃત્યમાં સ્ત્રી–પુરુષ બંને જોડાય છે. આ નૃત્યમાં ડફ, તાસું, ઠીંગણી, ઘૂઘરી, કરતાલ વગેરે વાદ્યો વગાડીને નૃત્ય કરવામાં આવે

છે. આ નૃત્યના કારણે રાજપીપળા નજીક આવેલા ભાદરવા ડુંગરે જતાં સંઘમાં આ નૃત્ય કરવામાં આવે છે. આ સંઘમાં એક–બે વ્યક્તિ પાસે લાકડામાંથી બનાવેલ ઘોડો હોય છે. જેને શણગારીને ખભે લટકાવવામાં આવ્યો હોય છે. ઘોડો ભેરવનાર ઘોડાને જુદા જુદા ચાળાઓમાં નચાવે છે. તો કેટલાક પુરુષો તલવાર નચાવે છે. કેટલીક વાર તલવાર છાતી પર મૂકી લાકડાથી પ્રહાર કરવામાં આવે છે. આ નૃત્ય પોતાના ઘરથી નીકળી ભાદરવાના ડુંગરમાં બાવાના સ્થાનક સુધી જાય છે. ત્યાં ઘોડો અર્પણ કરવામાં આવે છે. આ સંઘ મોટા ભાગે સાગબારા વિસ્તારમાંથી વધારે જાય છે. અન્ય પ્રદેશમાં આનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### ડોંગે દિવાળી નૃત્ય :

દિવાળીના તહેવાર પહેલાં એક મહિનાથી કેટલાક લોકો પાલની(ટેક), ઉપાસના અર્થે એક મહિના ઘરની બહાર રહે છે. એક મહિનો ઘરની બહાર રહેવાનો હેતુ પવિત્રતા જાળવવાનો છે. ત્યાર બાદ દિવાળીના દિવસે દિવાળી નામના ડુંગર પર દિવાળી માતાનાં દર્શન કરવા પગે ચાલીને જાય છે. આ સંઘમાં ડફ, તારફા, વગેરે વાજિંત્રો રસ્તામાં આવતાં ગામોમાં વગાડીને આ નાચણું નાચવામાં આવે છે. આ નૃત્ય ખાસ કરીને દેહવાલી આદિવાસીઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

### તીજ્યા નૃત્ય :

દેહવાલી આદિવાસીમાં વ્યક્તિના મૃત્યુ પછી બારમા કે તેરમાના દિવસે આ નૃત્ય કરવાની પ્રથા છે. બારમાના દિવસે થતા નૃત્યને તીજ્યા નાચણ તરીકે ઓળખવામાં આવે છે. આ નૃત્ય પણ વિશેષ રીતે દેહવાલી આદિવાસીઓમાં જોવા મળે છે.

### હાલેડી (હાલેણી) માંડવા નૃત્ય :

હાલેડી નૃત્ય સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર, મેઘરજ, ખેડબ્રહ્મા વિસ્તારમાં લગ્ન પ્રસંગે થાય છે. આ નૃત્ય ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ નૃત્યમાં ક્યારેક પુરુષો પણ ભાગ લેતા જોવા મળે છે.

આ નૃત્ય લગ્ન વખતે વર-કન્યાને ત્યાં મંડપ રોપાયા બાદ કરવામાં આવે છે. 'હાલેડી' એક વૃક્ષનું નામ છે. આ વૃક્ષની ડાળીનો ઉપયોગ કરીને માંડવો બનાવવામાં આવે છે. ત્યાર બાદ આ નૃત્ય કરવામાં આવે છે.

### મૂરિયા નૃત્ય :

સાબરકાંઠા જિલ્લાના આદિવાસી સમાજમાં લગ્ન પ્રસંગે આ નૃત્ય કરવામાં આવે છે. વર-કન્યાને પીઠી લગાડ્યા બાદ આ નૃત્ય કરવામાં આ છે.

આદિવાસી સમુદાયનાં નૃત્યો મોટા ભાગે ધાર્મિક, સામાજિક પ્રસંગોમાં કરવામાં આવે છે. આ સમયે યુવાનો આ બધું જુએ છે. ચાળા સાંભળે છે. તે પ્રમાણે નાચ પણ જુએ છે. આ નાચ જોયા પછી તે ઢોર ચારતાં ચારતાં કે પછી એ પ્રકારની બાળ-સહજ રમતો રમતી વખતે નૃત્યના ચાળા શીખી જાય છે. આદિવાસી સમુદાયમાં શીખવા માટે કોઈ અલગ વ્યવસ્થા નથી. એ તો સાહજિક રીતે જીવન દરમિયાન શીખી લે છે. આ બધાં જ નૃત્યો મૂળ તો જિવાતા જીવન સાથે તાદાત્મ્ય સાધવા માટે સર્જાયાં છે. આદિવાસી સમુદાય સાહજિક રીતે વર્ષોથી તેને માણતો આવ્યો છે.

### લોકનાટ્યકલા

આદિવાસી સમુદાયમાં રોડલી સૌથી પ્રિય લોકનાટ્ય છે. કઠાલિયા આદિવાસીઓને બાદ કરતાં બીજા બધા જ આદિવાસીઓમાં વિશેષ પ્રચલિત છે. આદિવાસી સમુદાયમાં નાટ્યની પરંપરા પ્રાચીન કાળથી ચાલતી આવે છે. આદિવાસી સમુદાયના નાટકને સોગાડિયા તરીકે ઓળખવામાં આવે છે. આ સોગાડિયા દ્વારા સમાજને સ્પર્શતા મુદ્દાઓને લઈને નાટક ભજવવામાં આવે છે. સાસુ-વહુના ઝઘડા, ડાકણ, ભૂવા, વરસાદ,

ધાર્મિક તહેવારો, શહેરમાં મજૂરીએ જવું, બે કે તેથી વધુ પત્નીની વેદના, પરસ્ત્રીને ભગાડવાનો પ્રયાસ, બે શોક્યની તકરાર, દારૂડિયા પુરુષની પાયમાલી, પોલીસની હેરાનગતિ વગેરે મુદ્દાઓ કેન્દ્રમાં રાખી નાટક ભજવવામાં આવે છે. આદિવાસી સમુદાયના આ નાટકમાં સ્ત્રીનું પાત્ર પણ પુરુષ જ ભજવતો હોય છે. નાટકનાં મુખ્ય પાત્રોમાં બે વિદૂષક હોય છે. આ નાટકમાં આખા સમાજને સ્પર્શતી પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવે છે. આ નાટકની અંદર જે ગામમાં નાટક ભજવાતું હોય તે ગામના મુખીનું પાત્ર પણ ભજવાય છે. સમાજ–કુટુંબ કે સમાજની સમસ્યામાંથી નિરાકરણ કેવી રીતે લાવી શકાય તેની રજૂઆત કરવામાં આવે છે.

આ નાટકમાં વણઝારો, ગોવાળ, ગોવાલણ, ભૂત, રાજા, રાણી, ચાકર વગેરે વેશો ભજવાતા હોય છે. આ નાટકનાં મુખ્ય આકર્ષણો નાટકમાં વચ્ચે વચ્ચે આવતાં ગીતો છે. આ ગીતો મોટા ભાગે પ્રણય ગીતો અથવા જે તે દ્રશ્યને અનુરૂપ હોય છે. આ નાટક મોટા ભાગે ગામના ચોરા પર ખુલ્લી જગ્યા પર ભજવવામાં આવે છે. આ નાટક ભજવવા માટે સરપંચ કે મુખી આમંત્રણ આપે છે. ભજવવાની તારીખ નક્કી થયા પછી આજુબાજુના ગામમાં પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે. નાટક દેવમોગરા માતાના સંદર્ભમાં હોય તો જે તે ગામથી આ નાટક ભજવાતું ભજવાતું દેવમોગરાના સ્થળ સુધી પહોંચે છે. આ નાટકો મોટા ભાગે મેળાઓમાં, ધાર્મિક સ્થળોએ કે કોઈ મોટા પ્રસંગે ભજવવામાં આવે છે.

ડાંગની લોકનાટ્ય પરંપરામાં માદળ્યા જાણીતી લોકનાટ્ય પરંપરા છે. માદળ્યા એક પછી એક ભજવાતી અનેક નાટિકાઓનો સમૂહ છે. કથાવસ્તુની દ્રષ્ટિએ પ્રત્યેક નાટિકા જુદો વિષય ધરાવે છે. પરંતુ બધાનું પોત તો સામાજિક પ્રહસનનું છે. સોહંગ તરીકે ઓળખાતી આ નાટિકાઓમાં રોજબરોજના જીવનના પ્રસંગોની વાત કરાય છે. આ લોકનાટ્યમાં પરણેલી સ્ત્રીનું પિયર આવવું, ઘરજમાઈની પ્રથા, વણનોતર્યા મહેમાનોનો ત્રાસ, ઢોર ચરાવનારનું જીવન, શિકારની વાત, ઢોર ચરાવતાં ચરાવતાં ઉદ્ભવતો પ્રેમ વગેરે વિષયો લોકનાટ્યનો વિષય બને છે. આ લોકનૃત્યમાં સ્ત્રીઓ ભાગ લઈ શકતી નથી. સ્ત્રીની ભૂમિકા પણ પુરુષો જ ભજવે છે. આ લોક-નાટ્યમાં સૂત્રધાર પાટિલ, વિદૂષક સોહંગી અને સ્ત્રી–પાત્ર રંભાની ભૂમિકા મુખ્ય હોય છે. આ માંદળિયામાં વચ્ચે વચ્ચે ગીત ગાવામાં આવે છે. જેને સોહંગગીત કહે છે. સોહંગગીત માદળિયાના વિષય ઉપર નિર્ભર હોય છે.

**વાંસકલા :**

વાંસમાંથી ખપેડો (દીવાલ) બનાવવામાં આવે છે. ટોપલી, ટોપલા, સૂપડું, પાલું (અનાજ ભરવા માટે ઉપયોગ થાય છે.), વાંસની કોઠી, ભોજન રાખવાનું સાધન, વીણો (પવન નાખવા માટે), પાંજરી (માછલી પકડવા ઉપયોગ થાય છે.), શીકું (બિલાડીથી બચવા માટે ભોજન રાખવા માટે સાધન) વગેરે બનાવવામાં આવે છે.

**વણાટકલા :**

ખાટી ભીંડી અથવા શણને અમુક સમય સુધી પાણીમાં બોળી રાખી તેમાંથી ઢોરને બાંધવાનો અછોડો, રાસ (લાંબું દોરડું), નાથ (બળદને નાકમાં પહેરાવવાની દોરી), મોરી (બળદને મોઢા પર પહેરાવવાની દોરી), ખાટલું ભરવાની દોરી, ગોફણ (ખેતરમાંથી પશુ-પક્ષીને ભગાડવા માટે પથ્થર મારવાનું સાધન), શીકું (દૂધ કે અન્ય સામગ્રી બિલાડી, ઉંદર જેવાં પ્રાણીઓથી બચાવવા માટે બનાવેલો દોરીનો ગોખલો) વગેરે બનાવવામાં આવે છે.

**કાષ્ઠકલા :**

લાકડાંમાંથી હળ, વખાર (કળબ), કુલપી (કરબડી), ચવડું (હળનો એક ભાગ), જુહરા (ગાડું, હળ વગેરેમાં બંને બાજુ બળદ જેનો આધાર લઈ

ખેંચે છે.), હિવેલ (જુહરાના બંને બાજુ બળદને જોતરા વડે જોતરી રાખવામાં મદદ કરે છે.), બળદગાડું, પાળિયા, પાટલો, પાટલી, ઘર, ઘરની થાંભલી, દરવાજામાં કરવામાં આવતું વિવિધ કોતરકામ, તેલ કાઢવાનો ચાપડો, હુંવલામાંડા બનાવવાનું યંત્ર, કૂવામાંથી ખેતરમાં પાણી પિવડાવવા માટે લાકડાંનો ટાલગો, ઢોલ, ખાટલો, હીંચકો, ચૌરંગ, મોટોપાટ, ચાટું, ચાટવો (ચમચો), પેટી (પટારો), વેલણ, બાળકો માટેનાં રમકડાં, સાંબેલું, વાંસળી, સેવ, હુના માડા બનાવવાનું સાધન, વગેરે બનાવવામાં આવે છે. વિવિધ દેવોની મૂર્તિ, મોર, વિવિધ પશુઓનું શિલ્પ, વિવિધ પક્ષીઓની આકૃતિ વગેરે બનાવવામાં આવે છે.

### લીંપણ કલા :

ઘરને લીંપવામાં વિવિધ ભાત પાડવામાં આવે છે. લીંપણ માટે ગાર તૈયાર કરતી વખતે છાણ અને માટીનું પ્રમાણ સાચવવાની પણ એક કલા છે. લીંપણ વખતે દીવાલ અને તળિયે વિવિધ ભાત ઉપસાવવામાં આવે છે. આ લીંપણ દ્વારા ઘરને એક જુદું જ સૌંદર્ય પ્રાપ્ત થાય છે.

### સંગીતકલા

આદિવાસીઓમાંનાં વાદ્યોમાં વિવિધતા છે, પ્રદેશભેદે તેમનાં વાદ્યોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. તેમનાં વાદ્યોમાં ખાસ કરીને ધાતુવાદ્યોમાં વાંસળી, પાવા, શંખ, શરણાઈ ગણાવી શકાય. ચર્મવાદ્યોમાં પણ ઢોલ અને માદળી ઢોલ જેવા પ્રકારો પડે છે. તંબૂર વાદ્યમાં તંબૂર, ઝાલર, ડોબરો, જેવાં વાદ્યો જોવા મળે છે.

ગીત, સંગીત અને નૃત્ય વગરના આદિવાસી સમાજની કલ્પના કરવી અશક્ય છે. આ ત્રણે આદિવાસી સમાજની સંસ્કૃતિનાં અભિન્ન અંગ છે. આદિવાસી સમુદાયમાં ત્રણ પ્રકારનાં વાદ્યો જોવા મળે છે – (૧) ચર્મવાદ્ય (૨) તંતુવાદ્ય (૩) સુષિરવાદ્ય (૪) વાંસવાદ્ય (૫) ધાતુવાદ્ય.

### ૧. ચર્મવાદ્ય :

જે વાજિંત્ર વગાડવામાં ચામડાનો ઉપયોગ થાય છે, તેને ચર્મવાદ્ય કહે છે. આ વાદ્યને અવનદ્ધ-વાદ્ય પણ કહેવામાં આવે છે.

### મોટા ઢોલ (ચાંગ, ટોન)

મોટો ઢોલ આદિવાસી સમુદાયનું મહત્ત્વનું વાદ્ય છે. હોળી તેમ જ દેવની ઉજવણી વખતે ઢોલ વગાડવામાં આવે છે. ખાસ કરીને હોળીના નવ દિવસ પહેલાં હોળીનું નાચણું શરૂ થઈ જાય છે તે વખતે આ મોટા ઢોલનો ઉપયોગ થાય છે. આ મોટા ઢોલનો ઉપયોગ આંબુડા, દેહવાલિયા અને મેવાસી આદિવાસીમાં થાય છે. કઠાલિયા આદિવાસીમાં મોટા ઢોલનો ઉપયોગ કરવામાં આવતો નથી. લગ્ન પ્રસંગમાં પણ મોટા ઢોલનો ઉપયોગ થાય છે. ગમાણદેવના તહેવારમાં મોટા ઢોલની હરીફાઈ રાખવામાં આવતી. આ હરીફાઈમાં કેટલીક વખતે ૧૦૦-૧૦૦ ઢોલ વગાડનારા પોતાના ઢોલ સાથે ભાગ લેતા. આ ઢોલને કેટલીક જગ્યાએ ચાંગ તરીકે તો કેટલાક વિસ્તારમાં ટોન તરીકે ઓળખે છે.

આ મોટા ઢોલને બનાવવા માટે ખાસ લાકડાનો ઉપયોગ થાય છે. ઢોલ વગાડનાર શોખીનો જંગલમાં જઈ આગળથી જોઈ રાખેલું હોય તે ઝાડ કાપી લાવે છે. મોટો ઢોલ, તણસ, આંબો, સીમળો અને સાગ જેવાં લાકડાંમાંથી બનાવવામાં આવે છે. આ લાકડાને કાપતી વખતે વિધિવિધાન કરવામાં આવે છે. લંબગોળ આકારનું લાકડું કાપી તેને અંદરથી પોલું કરવામાં આવે છે. આના કારણે લાકડાનું વજન હલકું થઈ જાય છે. તેના કારણે વગાડનાર આરામથી ઢોલને ઊંચકીને વગાડી શકે છે. ક્યારેક ઢોલ ઉપર પશુ-પક્ષીનાં ચિત્રો પણ કોતરવામાં આવે છે. મોટા ઢોલ ઉપર મોટા ભાગે બકરાનું ચામડું ચઢાવવામાં આવે છે. હરણનું ચામડું પાતળું હોવાથી તેમાંથી અવાજ બહુ મધુર આવે છે. પરંતુ હરણનું ચામડું મળવું ખૂબ મુશ્કેલ

હોય છે. આ ઢોલની બંને બાજુ ચામડાનાં પડ ચડાવ્યા પછી દોરડાથી બંને પડને બાંધી ચામડું તંગ કરવામાં આવે છે. એક તરફ હાથથી વગાડવામાં આવે છે. તેને તાલ કહેવામાં આવે છે. બીજી બાજુ લાકડાના ટુકડાથી વગાડવામાં આવે છે. તે તરફ ડામર અથવા મેણ્યું લગાડવામાં આવે છે. આ મેણ્યું જંગલમાં મધમાખી પ્રકારની ખૂબ જ નાની માખીઓ દ્વારા તૈયાર થાય છે. મેણ્યું લગાડવું એ પણ એક કલા છે. કેટલી માત્રામાં અને કયા સ્થાને મેણ્યું લગાવે છે, તેના આધારે ઢોલનો અવાજ આવે છે. આ ઢોલ બનાવવા માટે લાકડું અને ચામડાની જરૂર પડે છે. કુહાડી, રંધો, કરવત, પરાઈ વગેરે સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**તૂર :**

તૂર એ નાના ઢોલ પ્રકારનું વાદ્ય છે. આ તૂરનું લાકડું વચ્ચેના ભાગમાં પોલું ઊપસેલું હોય છે. કેટલાક વિસ્તારોમાં તૂરને ગંભીર વાદ્ય તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં મૃત્યુ પ્રસંગે વગાડવામાં આવે છે, તો કેટલાક વિસ્તારમાં શુભ – અશુભ બંને પ્રસંગે વગાડવામાં આવે છે. તૂરની સાથે હંમેશાં થાળી વગાડવામાં આવે છે. એવી માન્યતા છે કે તૂર અને થાળી દેવનાં પ્રતીક છે. થાળી મોટા ભાગે કાંસાની બનેલી હોય છે. અશુભ પ્રસંગે વગાડવામાં આવતા તૂરમાં જુદા જુદા ચાળા વગાડવામાં આવે છે. શુભ પ્રસંગોએ તૂરના ચાળા સાથે નાચવામાં આવે છે. જ્યારે મૃત્યુ જેવા પ્રસંગમાં નાચવામાં આવતું નથી. પરંતુ કેટલાક વિસ્તારમાં મૃત્યુ જેવા પ્રસંગોમાં પણ કેટલાક વૃદ્ધોને નાચતા જોયા છે. ધાર્મિક વિધિ વખતે ધાર્મિકચાળો વગાડવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં હોળી પ્રસંગે પણ તૂર વગાડવામાં આવે છે.

કોઈક વ્યક્તિનું અવસાન થાય ત્યારે ચોક્કસ પ્રકારનો ચાળો વગાડવામાં આવે છે. આ ચાળા પ્રાચીન સમયથી એક પ્રકારનો સંદેશ પહોંચાડવાના માધ્યમ બની ગયા છે. તૂરના ચાળા સાંભળીને જ આજુબાજુના ગામમાં ખબર પડી જાય છે કે ક્યાંક મૃત્યુ થયું છે. તૂરના ચાળા બદલાતા જાય એમ મરણ-વિધિની જુદી જુદી ક્રિયાનો નિર્દેશ થાય છે. આથી સાંભળનાર તરત સમજી જાય છે હવે શબને ઘરની બહાર કાઢવામાં આવે છે, શબને સ્મશાને લઈ જવામાં આવે છે, હવે સ્મશાનયાત્રા સ્મશાને પહોંચી છે. કેટલાક વિસ્તારમાં લગ્ન સમયે પણ તૂર વગાડવામાં આવે છે. પરંતુ તે વખતે તેના ચાળા અલગ હોય છે. તૂર બનાવવા માટે દોઢ ફૂટનું ગોળ લાકડું, બકરાનું ચામડું, પાડાનું ચામડું (દોરડા તરીકે) વાંસ, મીણનો ઉપયોગ થાય છે. આ વાદ્યને બનાવવા માટે કુહાડી, રંધો, કરવત, પરાઈ વગેરે સાધનોનો ઉપયોગ થાય છે.

**કાંઠો :**

માટલાને તોડીને ઉપરના કાંઠા પર બકરાનું ચામડું ચઢાવીને વગાડવામાં આવે છે. તે ખાસ કરીને હોળીના તહેવારમાં વગાડવામાં આવે છે. આ વાજિંત્રમાં ખૂબ જ ઓછી સામગ્રી વપરાય છે. આ વાજિંત્રમાં તૂટેલું માટલું, દોરી અને ચામડાનો ઉપયોગ થાય છે.

**ડફ :**

ગોળ લાકડાની પટ્ટી પર ચામડું ચઢાવી આ વાજિંત્ર બનાવવામાં આવે છે. આ વાજિંત્ર એક હાથે પકડવામાં આવે છે. આ વાજિંત્રની બનાવટ માટે ઝાડને કાપી સૂકવવામાં આવે છે. ત્યાર બાદ અંદરનો ભાગ ફરસીથી કોતરી ગોળ પટ્ટી બનાવવામાં આવે છે. બકરાનું ચામડું એક દિવસ પાણીમાં પલાળી રાખી, બીજા દિવસે અસ્ત્રાથી વાળ સાફ કરવામાં આવે છે. ત્યાર બાદ જમીન પર ખીલા ઠોકી તેને સૂકવવામાં આવે છે. સૂકવ્યા બાદ ચામડું લાકડાની ગોળ પટ્ટીની એક તરફ મૂકવામાં આવે છે. ત્યાર બાદ વાંસની રિંગ બનાવી તેના પર

ચઢાવવામાં આવે છે. આ વાજિંત્ર બનાવવા માટે સીસમ, શીમળો, સાદડ, આંબો વગેરેનું લાકડું વપરાય છે તથા ચામડું, દોરડું, મીણ અને વાંસની સળી વાપરવામાં આવે છે.

**કુંડી :**

આ વાજિંત્ર ખાસ કરીને કઠાલિયા આદિવાસીમાં જોવા મળે છે. માટલા જેવા આકારની માટીની કુંડી બનાવવામાં આવે છે. આ કુંડી ઉપર કાંઠો હોતો નથી. ઉપરનો ભાગ જરા પહોળો હોય છે. આ માટીની કુંડીને પકવવામાં આવે છે. ત્યાર બાદ ઉપરની તરફ ચામડું ચઢાવી દોરીથી બાંધવામાં આવે છે. કુંડીની જોડી, એક આડું નાનું ઢોલ તથા શરણાઈવાળાના સમૂહથી આ વાજિંત્ર વગાડવામાં આવે છે. શુભ પ્રસંગમાં આ વાજિંત્ર વગાડવામાં આવે છે. આ વાજિંત્ર બનાવવામાં માટીનું કૂંડું, ચામડું અને દોરીનો ઉપયોગ કરવામાં આવે છે.

**માદોળ**

દક્ષિણ ગુજરાતમાં ધરમપુર, કપરાડા અને વાંસદાનાં ગામડાંઓમાં રહેતા કુકણા સમાજમાં લગ્ન પ્રસંગે માદોળ વગાડવામાં આવે છે. આ માદોળ ત્રણ ફૂટ લાંબા અને એક ફૂટ પહોળા સેવનના લાકડામાંથી બનાવવામાં આવે છે. આજુબાજુ ચામડાનું પડ ચડાવવામાં આવે છે.

**૨. તંતુવાદ્ય :**

આ વાજિંત્રમાં તાર અથવા વાળનો ઉપયોગ કરવામાં આવે છે એ તાર અથવા વાળથી વગાડવામાં આવે છે.

**રણેઠા :**

રણેઠા (રોંઠીયો-રાવણહથ્થો) આદિવાસી સમુદાયમાં આ વાજિંત્ર મોટા ભાગે હોળીના સમયે વગાડવામાં આવે છે. હોળીના તહેવારમાં લોકો આ રોંઠીયાને લઈ ગેરિયા બનીને ઘર ઘર જઈ ફાગ ઉઘરાવતા હોય છે. આ રોંઠીયા દ્વારા લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવે છે. ઘેરૈયો હોળીનાં ગીતો વગાડતો જઈને નાચે છે. આ વાજિંત્ર બનાવવા માટે નારિયેળની કાચલી, તાર, વાંસ, બકરાનું ચામડું, વાંસની કામડી, પાતળી દોરી અથવા ઘોડાની પૂછડીના વાળનો દોરી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

**તંબૂર :**

આદિવાસી સમુદાયના કેટલાક વિસ્તારમાં તંબૂરનું વાદ્ય પણ વગાડવામાં આવે છે. તંબૂર મોટા ભાગે દૂધીના જાતનું મોટું તુંબડું થાય છે. તે તુંબડું સુકાતાં તેનો તંબૂરમાં ઉપયોગ કરવામાં આવે છે. આ તંબૂર આદિવાસી સમુદાયમાં ખાસ કરીને ભજન ગાતી વખતે કે વ્યક્તિ પોતાના શોખ ખાતર વગાડે છે. આ તંબૂરમાં તુંબડી, વાંસનો ટુકડો, ઘોડાના વાળની દોરી અથવા નાનો તાર વગેરે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આ વાજિંત્ર આદિવાસી સમુદાયમાં તંબૂરાને જોઈને પ્રવેશ થયો હોય એવું બની શકે.

આ ઉપરાંત કેટલાક સમુદાયમાં ગાંગળી (ગામિત), ટોવલી, વગેરે વાદ્યો પણ વાપરવામાં આવે છે.

**૩. સુષિરવાદ્ય :**

**વાંસળી :**

વાંસળી એ આદિવાસી સમુદાય સાથે આદિ સમયથી જોડાયેલું વાદ્ય છે. વાંસળી વગાડવી એ તો કળા છે જ પરંતુ વાંસળી બનાવવી એ પણ એક કળા છે. મોટી, નાની, જાડી, પાતળી, વાંસના આકારના આધારે તેના સૂર નીકળે છે. વાંસળી બનાવવા માટે વાંસનો ઉપયોગ થાય છે. વાંસના ટુકડાને પોલો કરવામાં આવે છે. ત્યાર બાદ એક તરફ નાની જગ્યા રાખી વાંસનો કે લાકડાનો ડૂચો

મારવામાં આવે છે. આ વાંસળીમાં ફૂંક મારી આંગળી વડે અમુક કાણાં બંધ રાખી અમુક કાણાં ખુલ્લાં રાખવામાં આવે છે. તેના કારણે ચોક્કસ પ્રકારના સૂર નીકળે છે. વાંસળી બનાવવા માટે વાંસ, કરવત, ફરસી, લોખંડનો સળિયો, દાતરડું વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક ઉત્સવને પોતાનું વાદ્ય છે.

## ડોવડા-ડોવાડ(ગામિત, ચૌધરી)

## તારપું

ફૂંકવાના વાદ્યમાં તારપું મુખ્ય વાદ્ય છે. તે તાડપુમાં બે ઊભી ભૂંગળીઓ હોય છે. તેમાંથી એકમાં સ્થાયી સ્વર નીકળે છે. જ્યારે બીજીમાં રહેલાં છિદ્રોમાંથી સ્વરવિન્યાસ થઈ રાગ-ચાળો ઉત્પન્ન થાય છે. આ વાજિંત્ર દક્ષિણ ગુજરાતમાં વપરાય છે.

## ઘાંઘરી

આ વાજિંત્ર વાપી વિસ્તારના આદિવાસીઓમાં વગાડવામાં આવે છે. આ વાજિંત્ર વાંસ અને દૂધીનો ઉપયોગ કરી બનાવવામાં આવે છે. આ વાજિંત્રનો ઉપયોગ ખાસ કરીને માવલી માતાને રીઝવવા માટે થાય છે.

## પાવરી

ડાંગના આદિવાસીઓમાં આ લોકપ્રિય વાદ્ય છે. પહેલાંના સમયમાં પાવરી બનાવવા માટે ગાય કે બળદનાં શિંગડાંનો ઉપયોગ કરવામાં આવતો હતો. હવે તેના માટે તાડપત્રીનો ઉપયોગ કરવામાં આવે છે. શિંગડાં કે તાડપત્રી ઉપરાંત બે વાંસળી અને પાકીને સુકાઈ ગયેલી દૂધીના એકીકરણથી પાવરી બને છે

આ ઉપરાંત નોળી, પીગળ્યા, નોળો, વગેરે વાદ્યો પણ વગાડવામાં આવે છે.

## (૪) વાંસવાદ્ય

આ વાજિંત્ર વાંસમાંથી બનાવવામાં આવે છે. આ વાદ્યનો ઉપયોગ ચર્મવાદ્ય કે સુષિરવાદ્યને તાલમાં સાથ પૂરવા કરવામાં આવે છે.

દેવા લાકડી(ગામિત)નું વાદ્ય ગામિત સમુદાયમાં વગાડે છે. ચિરચ્યાં, મોરાળી ટોપલી, કીચરી, વગેરે સાધનો વિવિધ પ્રસંગે અન્ય વાદ્યો સાથે પૂરક સાધન તરીકે વાપરવામાં આવે છે.

## (૫) ધાતુવાદ્ય

આ વાજિંત્ર કોઈ ધાતુનું (પિત્તળ, કાંસું, વગેરે) બનેલું હોય છે. આ વાજિંત્ર ચર્મ અને સુષિરવાદ્યને તાલમાં સહકાર આપે છે. થાળી, જાંજીયે, કાહાળ્યા, વગેરે વાજિંત્ર હોળીમાં વગાડવામાં આવે છે.

આ ઉપરાંત આદિવાસીઓમાં અનેક પ્રકારનાં વાજિંત્રો જોવા મળે છે. જેની બનાવટ તેઓ સ્થાનિક ઉપલબ્ધ સાધનોમાંથી કરે છે. આથી પ્રદેશભેદે વાદ્યોની બનાવટ જુદી જુદી જોવા મળે છે. ઉપરાંત તેનો ઉપયોગ પણ જુદી જુદી જગ્યાએ કરે છે.

## રમત કલા :

આદિવાસી સમુદાયમાં ઘણી રમતો પણ રમાય છે. જે રમતો મોટા ભાગે જે તે પ્રદેશની પ્રકૃતિ અને સ્થળ આધારિત હોય છે. જેમાં વૃક્ષ આધારિત રમતો, પાણી આધારિત રમતો, મેદાની રમતો અને ઘરેલૂ રમતો રમાય છે. જેમાં લંગડી, સીલપાટી (ઠીકરી), કીચકા (આંબલીનો ઠળિયો), વરાળ(લગ્ન), દુકાન-દુકાન, કુકદોબી, ડાબાડૂચ(સંતાકૂકડી), કાકરા ઉબાલી (પથ્થર ઉછાળી રમવું), લાકડી ઉબાળી, આંબલીપીંપરી, ગેડીદડો, ગીલ્લીદંડા, આટાપાટા, લખોટી, ભમરડો, મગર, ઠીકરી દડો, નાડો-નાડી, ગાડી-ગાડી વગેરે અનેક રમતો રમાય છે.

વન્યસૃષ્ટિને ઓળખવાની કલા (મધ, મધમાખી, પાન, ફળ, કંદમૂળના સ્વાદ, તરવાનું

જ્ઞાન, વિવિધ વૃક્ષોની ઓળખનું જ્ઞાન, ઝાડ પર ચડવાનું જ્ઞાન, પર્વત પર ચઢવાનું જ્ઞાન, વિવિધ બખોલનું જ્ઞાન, વિવિધ ઋતુઓના સ્વભાવ અને આગમનનું જ્ઞાન, વિવિધ પ્રાણીઓ-જીવજંતુઓ અને વૃક્ષોના હાવભાવ દ્વારા ઋતુઓના આગમનનું જ્ઞાન, પશુ-પક્ષીના હાવભાવ દ્વારા ભયની ઓળખ, વિવિધ કલાઓની ઓળખ, વિવિધ ઔષધિઓનું જ્ઞાન, વિવિધ જીવજંતુઓનું જ્ઞાન, વિવિધ ઘાસ-છોડની ઓળખ, વિવિધ ફળોની ઓળખ, ઋતુ પ્રમાણે થતાં વિવિધ કંદમૂળનું જ્ઞાન, વિવિધ વન્યસૃષ્ટિની ઓળખ, વગેરે).

## રસોઈ કલા

આદિવાસીઓ મુખ્યત્વે જંગલમાં વસતા હોવાથી એમની પાસે ભોજન માટેની અનેક પ્રકારની વસ્તુઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને પહેલાં વર્ષોમાં તેમની પાસે ધાન્ય ખૂબ જ ઓછું હોવાથી તેમણે જીવવા માટે વનમાંથી અનેક વસ્તુઓનો ખોરાક તરીકે પ્રયોગો કર્યા છે. એ પ્રયોગોમાંથી વનસૃષ્ટિની અનેક ખાદ્ય સામગ્રીની શોધ તેમણે કરી છે. સાથે સાથે ઉપલબ્ધ સામગ્રીમાંથી જુદી જુદી વાનગીઓ બનાવવાના પ્રયોગો પણ તેમણે કર્યા છે. પ્રદેશભેદે ખોરાક માટે ઉપલબ્ધ સામગ્રીના આધારે આદિવાસીઓમાં રસોઈ કલા વિશિષ્ટ પ્રકારની છે.

આદિવાસીમાં જ્યારથી રાંધીને ખાવાની પરંપરાની શરૂઆત થઈ ત્યારથી આદિવાસીઓમાં જુદી જુદી ભાજીઓ ખાવાની પરંપરા શરૂ થઈ છે. આદિવાસીઓમાં ઋતુ પ્રમાણે ઉપલબ્ધ જુદી જુદી ભાજીઓ ખાવામાં આવે છે. ભાજી રાંધતી વખતે છોડ, વનસ્પતિ, કંદમૂળ કે ફળનો કયો ભાગ ખવાય તેનું જ્ઞાન જરૂરી છે. આ ઉપરાંત એ ભાજી બનાવવાની પદ્ધતિનો પણ ખ્યાલ હોવો જરૂરી છે.

આદિવાસીઓ ઘણી ભાજી બનાવતી વખતે તેલ, મરીમસાલાનો ઉપયોગ પણ નથી કરતા. આદિવાસીઓ જે રાનભાજી ખાય છે તે વિટામિન અને અનેક ઓષધિ ગુણોથી યુક્ત હોય છે.

**રાનભાજી બનાવવાની રીત અને ગુણધર્મો**

| ક્રમ | ભાજીનું નામ | વાપરવાનો ભાગ | મસાલા | સમય મિનિટમાં | બનાવવાની પદ્ધતિ | ઔષધિ ગુણો |
|---|---|---|---|---|---|---|
| ૧. | માટલાની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તવામાં અથવા તપેલીમાં વઘારીને | મળવિસર્જન, પાચન સરળ |
| ૨. | ખાટી ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું | ૩૫ | તપેલીમાં પાણીમાં બાફી ખાટું પાણી દબાવીને કાઢી નાખવું. | પેટની તકલીફોમાં મદદરૂપ, મોંમાં સ્વાદેન્દ્રિયને જાગ્રત કરવા |
| ૩. | ઉખરડો | પાન, ડીરવા | મરચું, મીઠું | ૨૫ | તપેલીમાં પાણીમાં બાફવું | પથરી તથા પાચન માટે |
| ૪. | ચૂચો | પાન, ડીરવા | મરચું, મીઠું | ૩૫ | તપેલીમાં પાણીમાં બાફવું | પાચન માટે |
| ૫. | પાલક | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તપેલીમાં વઘારીને | વિટામિન માટે |
| ૬. | મેથી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં વઘારીને, બાફીને | ડાયાબિટીસ મટાડવા |

| ક્રમ | ભાજીનું નામ | વાપરવાનો ભાગ | મસાલા | સમય મિનિટમાં | બનાવવાની પદ્ધતિ | ઔષધિ ગુણો |
|---|---|---|---|---|---|---|
| ૭. | ચીલો | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં વઘારીને, બાફીને | ડાયાબિટીસ મટાડવા |
| ૮. | ખાટગોલો | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં વઘારીને | મળવિસર્જન |
| ૯. | કવોલી(સફેદ મૂસળી) | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં વઘારીને મૂઠિયા બનાવવા | કામોત્તેજક |
| ૧૦. | નાલીભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં વઘારીને | પાચન અને પેટના રોગ માટે |
| ૧૧. | પાજો | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તપેલીમાં તુવેરની દાળમાં ઉકાળીને | વિટામિન માટે |
| ૧૨. | સુવાની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તેલમાં વઘારીને | સુવાવાડ થયા પછી |
| ૧૩. | તેરાની ભાજી | પાન | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૫ | તપેલીમાં તુવેરની દાળમાં વઘારીને | શક્તિવર્ધક |
| ૧૪. | ચીલીની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૧૫. | ચણાની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | બાફીને તેલ નાખવું | થાઇરોઈડમાં |
| ૧૬. | પોઈભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૧૦ | તેલમાં ચણાના લોટનાં ભજિયાં | વિટામિનયુક્ત |
| ૧૭. | મૂળાની ભાજી | પાન, મૂળ | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૧૮. | કાંદાની ભાજી | પાન, કંદ | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૫ | તેલમાં વઘારીને | ઠંડક માટે |
| ૧૯. | કરિયાણાની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૨૦. | કોળાની ભાજી | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૨૧. | કમળની ભાજી | દાંડી | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૨૨. | શ્રીવેલાની ભાજી | પાન | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | ઍસિડિટી મટાડવા |
| ૨૩. | પાતરા(અળવી) | પાન, ડીરવા | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |
| ૨૪. | કુરડુની ભાજી | પાન | મરચું, મીઠું, તેલ, જીરું | ૨૦ | તેલમાં વઘારીને | પેટના રોગ મટાડવા |
| ૨૫. | તાંદળજાની ભાજી | પાન | મરચું, મીઠું, તેલ, જીરું | 20 | તેલમાં વઘારીને | વિટામિનયુક્ત |

*(સ્રોત- લાલુભાઈ વસાવાનો 'રાનભાજી' આદિલોકના લેખમાંથી)*

આ ઉપરાંત મોખું, ગૂંદીનાં ફૂલ, ઢીણીના પાન, કુવડનાં ફૂલ, મહુડાનાં ફૂલ, વગેરે કેટલાંય વૃક્ષોનાં પાન, ફૂલ, ફળ, કેટલીય વનસ્પતિઓનો ભાજી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

## ચોખાના લોટની વાનગીઓ –

### ઢેખળાં/ ઢેબળાં

આ ધોડિયા લોકોની વાનગી છે. ચોખાના લોટમાં ગોળ, ઘી કે તેલ નાખીને લોટને બાફી નાખવામાં આવે છે. પછી તેને હાથ પર વણીને તેને અડધા વાળી દઈને માટીના કે ધાતુના વાસણમાં વરાળથી ચઢાવવામાં આવે છે. આ રોટલાનો એક પ્રકાર છે.  આ પ્રકારની વાનગી આદિવાસીઓમાં પણ બનાવવામાં આવે છે. જેને માંડા કહેવામાં આવે છે.

### પનેલા –

આ પણ ધોડિયાની વાનગી છે. આ વાનગીમાં પાકેલા કોળાના માવાને ચોખાના લોટ સાથે મિશ્રણ કરીને એને ખાખરા, વડ કે કરિયાળા પાનની અંદર મૂકીને બંધ કરી વરાળથી બાફવામાં આવે છે.  આ પણ રોટલાનો એક પ્રકાર છે. આ પ્રકારના માડા રોટલા ઘણા આદિવાસીમાં બનાવવામાં આવે છે.

### પાતરાં –

પાતરાંને કેટલાક વિસ્તારમાં અળવી, આળુ કે રાજઆળુ પણ કહેવામાં આવે છે. આ પાતરાં જંગલ વિસ્તારમાં જોવા મળે છે. આ પાતરાંને દરેક વિસ્તારમાં અલગ અલગ રીતે બનાવવામાં આવે છે. ઘણા વિસ્તારમાં ચોખાના લોટમાં ઉમેરીને વરાળથી બાફીને બનાવવામાં આવે છે.

### ઉબાડિયું –

ઉબાડિયું ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં બનાવવામાં આવે છે. ઉબાડિયામાં પાપડી, રતાળું, શક્કરિયું, બટાકા, મીઠું, લસણ, મરચાંની ચટણી– આ બધું ભેગું કરી માટલામાં ભરવામાં આવે છે. આની સાથે કલાડું નામની વનસ્પતિનાં ફૂલ, પાંદડાં, આંકડાનાં ફૂલ, બે-ત્રણ કુમળાં પાંદડાં, કંબોડિયા નામની વનસ્પતિના થોડાં પાંદડાં પણ ભેળવવામાં આવે છે. ત્યાર બાદ માટલું ઊંધું કરી તેના ઉપર છાણાં મૂકી સળગાવવામાં આવે છે. અંદર ભરવામાં આવેલી વસ્તુઓ વરાળથી બફાય છે. આમાં ભેળવેલ વનસ્પતિઓનો સ્વાદ પાપડી, રતાળું, વગેરેમાં આવી જાય છે. જેના કારણે વાનગી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પણ બને છે.

### અથાણું –

આદિવાસીઓમાં કેરી, કાકડી, બીલું, આબાઈ, કરમદા, ગલબેલ, પણીપરા, આંબાહળદર, વાંસ, વગેરેનો માત્ર મીઠાનો ઉપયોગ કરી અથાણું બનાવવામાં આવે છે. આ અથાણું બનાવવાની પદ્ધતિ દરેક પ્રદેશ પ્રમાણે જુદી જુદી જોવા મળે છે.

### બાફલો –

મકાઈના દાણામાંથી બાફલો બનાવવામાં આવે છે. લીલી મકાઈના દાણાને પીસીને તેના ગર્ભમાંથી પ્રવાહી કાઢી તેને ગરમ કરીને બાફલો બનાવવામાં આવે છે. આ વાનગી મોટા ભાગે ઉત્તર ગુજરાત અને પંચમહાલના આદિવાસીઓમાં જોવા મળે છે.

## માટી કલા –

ગુજરાતમાં માટી કલા દરેક આદિવાસી સમુદાયમાં જોવા મળે છે.  ઘર કાચું હોવાના કારણે તેમાં લાકડાની સાથે માટીનો પણ ઉપયોગ થાય છે. માટી કલામાં ખાસ કરીને આદિવાસીઓ રસોઈકામમાં ઉપયોગમાં લેવાતાં વિવિધ વાસણો, પાણી ભરવા માટેનાં વિવિધ સાધનો, ઘંટીની થાળ, સગડી, વગેરે બનાવવાની આવડત એમની પાસે છે. આ ઉપરાંત અનાજ ભરવાનાં વિવિધ સાધનો પણ તેઓ માટીમાંથી બનાવે છે.

## આદિવાસી ટૅક્નૉલૉજી –

ખેતીની ટૅક્નૉલૉજી – વાલરુ અને પરવર પ્રકારની ખેતી –

આ પ્રકારની ખેતીને કેટલાક આદિવાસી વિસ્તારોમાં ફરતી ખેતી પણ કહેવામાં આવે છે. પ્રથમ તો આદિવાસીઓ જંગલી ધાન્યને એકઠું કરીને ખાતા હતા. ત્યાર બાદ ધીરે ધીરે ફરતી ખેતી કરવા લાગ્યા. ફરતી ખેતીમાં બે પ્રકારે ખેતી કરવામાં આવે છે, એક તો ડુંગરના ઢોળાવ પર કરવામાં આવતી ખેતી અને બીજી સપાટ મેદાનમાં કરવામાં આવતી ખેતી. આ પ્રકારની ખેતીમાં પુષ્કળ વૃક્ષો હોય એવી જગ્યા પસંદ કરી સામૂહિક રીતે એ વૃક્ષોને કાપવામાં આવતાં. ત્યાર બાદ તેમને સળગાવવામાં આવતાં. સળગાવ્યાં બાદ રાખનું ખાતર બનતું. બીજો ફાયદો એ થતો કે સળગાવવાના કારણે બીજા ઘાસનાં બીજ ઊગતાં ન હોવાના કારણે તેમાં વાવેલ બીજને પોષણ સારું મળે છે. આ પ્રકારની ખેતી માત્ર ચોમાસા દરમિયાન કરવામાં આવે છે. પર્વતના ઢોળાવ ઉપર કાપવામાં આવેલાં વૃક્ષોને પરવર વાઢું અને મેદાનમાં કાપેલાં વૃક્ષોને વાલરુ વાઢું કહેવામાં આવે છે. આ પ્રકારની ખેતીમાં કોઈ પણ જાતનું ખેડાણ કરવામાં આવતું નથી.

ધીરે ધીરે આ પ્રકારની ખેતી આદિવાસીઓમાં બંધ પડી અને બળદ તથા હળ જેવાં ઓજારનો ઉપયોગ કરી ખેતી થવા લાગી. તેની સાથે પાકોમાં પણ વિવિધતા આવવા લાગી.

## ખેતીમાં પાણી પિવડાવવાની પદ્ધતિ –

### હારણ પદ્ધતિ –

આદિવાસીઓમાં ખેતરમાં પાણી પિવડાવવાની પદ્ધતિ વિસ્તાર પ્રમાણે જુદી જુદી જોવા મળે છે. કેટલાક આદિવાસી વિસ્તારમાં શિયાળા દરમિયાન હારણ પદ્ધતિથી પાણી પિવડાવવામાં આવે છે. આ પદ્ધતિથી સામૂહિક રીતે પાણી પિવડાવી શકાય છે. આ પદ્ધતિમાં પાણીના સ્રોતવાળી ઊંચી જગ્યા પસંદ કરવામાં આવે છે. ત્યાર બાદ સૌપ્રથમ કોના ખેતરમાં પાણી જશે, ત્યાર બાદ કોના ખેતરમાં જશે, આમ ક્રમ નક્કી કરી એ પ્રમાણે નીક તૈયાર કરવામાં આવે છે. આ નીકને હારણ કહેવામાં આવે છે. આ પ્રક્રિયા સમૂહમાં કરવામાં આવે છે. હાલમાં તો પાણીનાં તળ ઘણાં નીચાં જતાં રહ્યાં હોવાના કારણે આ પદ્ધિત માત્ર ચોમાસા દરમિયાન જ શક્ય બને તેમ છે.

### પગ પાવટરો –

આ પદ્ધતિમાં ઓછી ઊંડાઈનો ખાડો ખોદી તેમાં લાકડાનો ઉપયોગ કરી ગોળ ચક્ર બનાવવામાં આવે છે. આ ચક્ર સાથે માટીના ઘડા બાંધી દેવામાં આવે છે. ત્યાર બાદ આ ચક્રને ગોળ ફેરવવામાં આવે છે, જેનાથી ઘડો પાણીમાં ડૂબે છે. બીજી તરફ પાણી ઠલવાય છે. આ રીતે આ પગ પાવટરો એક વ્યક્તિ દ્વારા પાણી પિવડાવવાની ઊભી કરેલી પદ્ધતિ છે. આ પદ્ધતિનાં નામો પ્રદેશ પ્રમાણે જુદાં જુદાં છે. ટૅક્નૉલૉજીમાં પણ થોડાવત્તા અંશે પરિવર્તનો જોવા મળે છે. આ પદ્ધતિ પણ આદિવાસીઓમાં હવે નહિવત્ જોવા મળે છે.

## શિકારની કલા –

શિકાર એ આદિવાસીઓનો શોખ કે વ્યવસાય નથી, પરંતુ શિકાર આદિવાસીઓ પોતાના ખોરાક માટે કરે છે. શિકાર કરવા માટે આદિવાસીઓમાં અનેક પદ્ધતિઓ જોવા મળે છે. શિકાર માટેનાં સાધનો પણ તેઓ વિવિધ વસ્તુઓમાંથી બનાવે છે. લાકડામાંથી, હાડકામાંથી, પથ્થરમાંથી, વાસમાંથી, વગેરે હાથવગી વસ્તુઓમાંથી શિકારનાં સાધનો બનાવવામાં આવે છે.

## તીરકામઠાથી શિકાર –

તીરકામઠું આદિવાસીઓનું ઓળખનું પ્રતીક પણ છે. આદિવાસીઓનો વસવાટ સામાન્ય રીતે જંગલ વિસ્તારમાં હોવાથી જંગલી પ્રાણીઓ સામે રક્ષણ માટે પણ આદિવાસી પુરુષો તીરકામઠું સાથે રાખતા હતા. આજે હિંસક પશુઓ ઓછાં છે, છતાં તીરકામઠાંને આદિવાસીઓ પોતાની ઓળખનું પ્રતીક માને છે. તીરકામઠાથી શિકાર પ્રાણી પાછળ દોડીને તીર મારી શિકાર કરવામાં આવે છે. કેટલીક વખત છુપાઈને પ્રાણી પર તીર છોડવામાં આવે છે. ઘણી વખત જંગલમાં પાણી પીવાના સ્રોતની જગ્યાએ આડસ ઊભી કરી છુપાઈને તીર મારવામાં આવે છે. તો ઘણી વખત પ્રાણીના અવર-જવરના રસ્તા ઉપર ઊંડો ખાડો કરી તેના ઉપર પાંદડાંઓ અને નાની ડાળખીઓ નાખવામાં આવે છે. રાત્રે અંધારામાં પ્રાણી અચાનક આ ખાડામાં પડે છે. પછી તીર મારવામાં આવે છે. આ રીતે જુદી જુદી રીતો તીરથી શિકાર કરવાની આદિવાસીઓ પાસે જોવા મળે છે.

## શિકાર કરવાની રીતો

આદિવાસીઓમાં ફંદા દ્વારા પશુ-પક્ષીઓનો શિકાર કરવામાં આવે છે. આમાં ઘણી વખત પશુ કે પક્ષીના આવવા-જવાના રસ્તા ઉપર વેલો અથવા વાંસમાંથી કે શણની દોરીમાંથી બનાવેલ ફંદો રાખવામાં આવે છે. પશુ કે પક્ષી આ ફંદામાં ફસાય છે. તેતર જેવાં પક્ષીઓને પકડવા માટે વિવિધ આદિવાસી વિસ્તારમાં જુદી જુદી પદ્ધતિ જોવા મળે છે. કેટલાક વિસ્તારમાં જાળ દ્વારા પક્ષીઓ પકડવામાં આવે છે. તો કેટલાક વિસ્તારમાં પક્ષીઓ અને સસલા જેવાં નાનાં પ્રાણીઓને પકડવા માટે વિવિધ પ્રકારના ફંદા બનાવવામાં આવે છે. ક્યારેક ક્યારેક આદિવાસીઓમાં સમૂહ શિકારની પદ્ધતિ પણ અપનાવવામાં આવે છે. આ પદ્ધતિમાં ગામના પુરુષો ભેગા થઈ સમૂહમાં જંગલમાં શિકાર કરવા જાય છે. જેમાં સમૂહમાં હાકોટો કરવો, ઘેરાવ કરવો, ત્યાર બાદ કૂતરા દ્વારા શિકાર કે તીરકામઠા જેવાં સાધનો દ્વારા શિકાર કરવામાં આવે છે. રાત્રી સમયમાં પક્ષીઓને મશાલ સળગાવી પ્રકાશ દ્વારા અંજાવવામાં આવે છે, ત્યાર બાદ શિકાર કરવામાં આવે છે. હવે તો ચાર્જર બૅટરી આવતાં તેનો ઉપયોગ પ્રકાશ ફેંકવા કરવામાં આવે છે.

## માછલાં પકડવાની કલા

માછલીનો શિકાર આદિવાસીઓ પાસે હાથવગો હોવાથી માછલી પકડવા માટે વિવિધ પ્રકારની આવડતો એમની પાસે ઉપલબ્ધ છે. જાળ દ્વારા, વિવિધ પ્રયુક્તિઓ દ્વારા માછલી પકડવામાં આવે છે. નદીનો આખો પ્રવાહ રોકી એક જ જગ્યાએથી પાણી પ્રસાર કરી તે જગ્યાએ વાંસમાંથી માછલી પકડવા માટે સામગ્રી બનાવવામાં આવે છે. આ સામગ્રીને જુદા જુદા વિસ્તારમાં જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. ક્યારેક સામૂહિક રીતે પણ માછલી પકડવામાં આવે છે. જેમાં નદીનો કોઈ એક ભાગ નક્કી કરી, તે વિસ્તારમાં પાણીનો પ્રવાહ અટકાવી, બંધ કરેલ પ્રવાહમાંથી પાણી ઉલેચી માછલી પકડવામાં આવે છે. કેટલીક વખતે કેટલાંક ઝાડ-પાન-મૂળનો ઉપયોગ કરીને પણ માછલાં પકડે છે. આધુનિક સમયમાં ફટાકડાનો ઉપયોગ કરી, તેમ જ હાલમાં સ્કૂલમાં બાળકોને અપાતા દૂધનો ઉપયોગ કરીને પણ માછલાં પકડે છે. કેટલીક વખતે રાત્રે સમૂહમાં માછલાં પકડવા માટે નદીમાં મશાલ બનાવીને જાય છે. રાત્રે ચરવા નીકળતી માછલીઓ અને કરચલા પકડવામાં આવે છે. માછલી પકડવા માટે આદિવાસીઓ જુદાં જુદાં સાધનોનો ઉપયોગ કરે છે. જેને પ્રદેશ પ્રમાણે જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. જેમ કે , આશ, પાંજરી, ગલ જાળ, વગેરે સાધનો વાપરે છે.

આમ આદિવાસીઓમાં માછલાં પકડવાની કલાઓમાં પણ સ્થળ સમય પ્રમાણે પરિવર્તન જોવા મળે છે.

## દારૂ બનાવવાની કલા

દારૂ આદિવાસીઓ માટે મહત્ત્વનું પીણું રહ્યું છે. દારૂ માત્ર નશાનું સાધન ન રહેતાં તે આદિવાસીઓમાં ઔષધીની દ્રષ્ટિએ, પૂજા-વિધિ માટે, ખોરાકની રીતે પણ ઘણો ઉપયોગી છે. આ દારૂ બનાવવાની પણ એક કલા છે. મહુડાનાં ફૂલને ચોક્કસ સમય સુધી પાણીમાં બોળી રાખવાં, ત્યાર બાદ ચોક્કસ પદ્ધતિ દ્વારા આ મહુડાનાં ફૂલને ગરમ કરવાં. તેમાંથી નીકળતી વરાળને ઠંડી કરવી. વરાળનું પ્રવાહીમાં રૂપાંતર થવું. એ પ્રવાહીનું દારૂમાં રૂપાંતર થવું. આમ દારૂ બનાવવું એ પણ એક કલા છે, જે આદિવાસીઓને પરંપરાગત પ્રાપ્ત થાય છે. આ દારૂ થાક ઉતારવા, નાના બાળકના શરીર પર દારૂ લગાડવામાં આવે તો બાળકને તાવ કે વરાધ રોગ સામે રક્ષણ મળે છે. પ્રસૂતિ બાદ સ્ત્રીને યોગ્ય માત્રામાં આપવામાં આવે તો શરીરની શુદ્ધિ થાય છે. મહુડાના ખોળના ધુમાડાથી સાપ અને બીજા જીવજંતુ દૂર રાખી શકાય છે. આવા અનેક પ્રયોગો આદિવાસીઓ પાસે ઉપલબ્ધ છે. આ ઉપરાંત મહુડાનાં બીજમાંથી તેલનો કાઢવામાં આવે છે. આ તેલનો શક્તિવર્ધક છે. આ તેલનો આદિવાસીઓ ખાવામાં ઉપયોગ કરે છે.

## મોતી કલા –

મોતી કલા ઘણા ઓછા આદિવાસીઓમાં જોવા મળે છે. આ કલામાં મોતીનો ઉપયોગ કરી બહેનો વિવિધ ઘરેણાં બનાવે છે. ગોલરાવાળું પાટિયું જેવાં વિવિધ ઘરેણાં બનાવવામાં આવે છે.

## લોકકસબ:

આદિવાસીઓમાં ઘણા લોકકસબ પણ જોવા મળે છે.

## થાળીકથા –

ગુજરાતના ઘણાખરા આદિવાસીઓમાં થાળીનો વાદ્ય તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આદિવાસીઓ પાસે ઘણા ઓછા રાગ છે. થાળી–વાદ્ય એ અર્ધવાદ્ય છે. અર્ધવાદ્ય સાથે રાગ મેળવવો ઘણું કઠિન છે. આ કઠિન કામ આદિવાસી થાળી–વાદ્યકો સરળતાથી કરી શકે છે. ઘણા પ્રસંગોમાં આદિવાસીઓ ઢોલ સાથે થાળીના તાલને મેળવે છે.

મધ્યમ આકારની કાંસાની થાળીમાં ખાસ પ્રકારનું મીણ લગાડેલી એક પાતળી અઢીથી ત્રણ ફૂટની સળી ઊભી રાખવામાં આવે છે. સરબાહ(બરુ) કે ભાંગાર નામની વનસ્પતિની સળીને સર કહેવામાં આવે છે. અઢીથી ત્રણ ફૂટનો સર હોય તો થાળી સારી વાગે છે. વાદક પલાંઠી વાળી બે ઘૂંટણની વચ્ચે એ થાળી મૂકી બન્ને હાથની આંગળીઓ તેની ઉપર ફેરવી સૂર કાઢે છે. સોટીમાંથી ઉદ્‌ભવેલા સ્વરકંપનોને મીણ થાળી સુધી પહોંચાડે છે. સૂરને મોટો કરવાનું કામ કાંસાની થાળી કરે છે. આ થાળી વગાડનારો તેનો સૂર પોતાના કંઠ પ્રમાણે મેળવી શકે છે. કુશળ આદિવાસી વાદકો આ સૂરનો ઉપયોગ હાર્મોનિયમની માફક કરે છે.

થાળીકથા ખાસ કરીને ડાંગમાં કરવામાં આવે છે. આ થાળીકથા કોઈ પણ વિષયવસ્તુને લઈને કરવામાં આવે છે. ડાંગમાં કુકણા જાતિઓમાં આ રીતે કથા કહેવામાં આવે છે. આ કથા રજૂ કરતી વખતે કથાકાર રાગ અને તાલ બરાબર પકડી રાખે છે. થાળીકથા ડાંગના લોકો પોતાના પૂર્વજોની કે અન્ય કથાઓની વાતો કરવા માટે થાળીકથાના માધ્યમનો ઉપયોગ કરે છે. રાતભર ચાલતી આ વાર્તાઓમાં માણસ, અને જંગલના સંબંધની વાતો, સૂર્ય-ચંદ્ર જેવા પ્રાકૃતિક દેવોની કથા, રાજા-મહારાજાઓની કથા, શૌર્યકથાઓ, અને જન્મમરણની કથાઓ સંભળાવવામાં આવે છે.

લોકબોલી દ્વારા એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચતું આ ખૂબ જ સમૃદ્ધ સાહિત્ય છે.

## મૌખિક મહાકાવ્યો –

ભગવાનદાસ પટેલ સંપાદિત ભીલોનું ભારથ, રોમસીતાની વારતા, રાઠોરવારતા, ગુજરાંનો અરેલો જેવાં મહાકાવ્યો તથા તોળી-રોણીની વારતા, આદિવાસીઓની દેવી દેવમોગરા સંદર્ભમાં પ્રગટ થતી અનેક વાર્તાઓ, તડવી દંપતી દ્વારા સંપાદિત મેવાસની લોકવાર્તાઓ, ચૌધરી, ગામીત, કુકણા જેવી અનેક ભાષાઓમાં પ્રચલિત જે તે સમુદાયને લગતી વિવિધ વાર્તાઓ પણ આદિવાસીઓના કસબને પ્રગટ કરે છે. કેટલાંક મહાકાવ્યો અને કથાઓ તો એક-બે દિવસ સુધી ચાલે છે. આદિવાસીઓના દરેક પ્રદેશમાં આદિવાસી મૌખિક કાવ્યો જોવા મળે છે.

## તંબૂરવાદન ભજન

ખાસ કરીને ઉત્તર ગુજરાતના આદિવાસીઓમાં તંબૂરવાદ્યનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. આ તંબૂરવાદ્યને જાતે જ બનાવે છે. ભાદરવા માસના બીજ વખતે તંબૂર અને મંજીરા સાથે ભજન ગવાય છે. આ ભજન જે રીતે રજૂ થાય છે, તે જોતાં આદિવાસીઓની આ આગવી કસબ ગણી શકાય છે. બીજનાં ભજનો વખતે ડુંગરી ભીલ સ્ત્રી-પુરુષો અને બાળકો નૃત્ય કરે છે. તારની ગૂંથેલી નેખલીથી તંબૂરમાંથી સ્વરો કાઢવામાં આવે છે.

## ઊર્જાશક્તિ –

સુકાયેલા વાંસના બે ટુકડાઓ ઘસીને અગ્નિ પ્રજ્વલિત કરવી, ચોક્કસ પ્રકારના બે પથ્થરો ઘસીને અગ્નિ પ્રજ્વલિત કરવી, મહુડાની ડોળીમાંથી તેલ કાઢવું, વૃક્ષોનાં વિવિધ બીજમાંથી મશાલ બનાવવી વગેરે આદિવાસીઓના ઊર્જાશક્તિના નમૂના છે.

## ગીલોલ કલા

ગીલોલ બનાવવી એ તો કલા છે જ પરંતુ ગીલોલ ચલાવવી એ પણ એક કલા છે. ચોક્કસ અંતરે રહેલા નાનામાં નાના શિકારને પણ વીંધવું એ આદિવાસીઓની લાંબા સમય સુધીના પરિશ્રમ પછી પ્રાપ્ત થતી કલા છે. ગીલોલ કયા ઍંગલે અને કેટલા પ્રમાણમાં ખેંચાય છે, તેના આધારે નિશાન સફળ થાય છે.

## ગોફણ કલા

ગોફણ કલા એ ગીલોલ કલા કરતાં અઘરી કલા છે. ગોફણ કલા એ તોપની માફક કામ કરે છે. ગોફણમાં રાખેલો પથ્થર કેટલા અંતરે ફેંકાશે તે ગોફણ ચલાવનાર વ્યક્તિની તાકાત અને આવડત ઉપર આધાર રાખે છે. ગોફણની અંદર પથ્થર મૂકી છેવાડે આવેલી બન્ને દોરી પકડી ચારે બાજુ ફેરવી એક તરફની દોરી છોડી પથ્થરને ચોક્કસ નિશાન પર ફેંકવામાં આવે છે. શિકાર કરવા તેમ જ શિકારી પ્રાણીઓને ભગાડવા માટે આ ઉત્તમ સાધન છે.

ઉપરોક્ત આદિવાસી કલા-કૌશલ્યને જોતાં આદિવાસીઓ પાસે શરૂઆતનાં વિવિધ ઉત્તમ કલા-કૌશલ્ય ઉપલબ્ધ છે. આ કલા–કૌશલ્ય આદિવાસીઓની ટૅક્નૉલૉજીને પણ પ્રસ્તુત કરે છે.

* * *

## સંદર્ભ–સાહિત્ય


૧. આચાર્ય, શાંતિભાઈ (૧૯૯૦), હૅંડો વાત મૉડીએ, ગુજરાત સાહિત્ય અકાદમીઃ ગાંધીનગર.
૨. આચાર્ય, શાન્તિભાઈ (સંપા.) (૧૯૯૩), લોકસાહિત્યમાં કથનશૈલી, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી.
૩. ઉપાધ્યાય, ચન્દ્રકાન્ત (૨૦૦૯), આદિવાસીઃ પરંપરા અને પરિવર્તન, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર.
૪. ચંદરવાકર, પુષ્કર (૧૯૯૩), ઉત્તર ગુજરાતની લોકકથાઓ, અમદાવાદ: અસાઈત સાહિત્ય સભા.
૫. ચૌધરી, પ્રભુ (૨૦૧૦), દસ ડાંગી લોકકથાઓ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૬. ચૌધરી, પ્રભુ (૨૦૧૧), ડાંગનાં લોકગીતો, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૭. જાની, બળવંત (સંપા.) (૨૦૦૪), વનસ્વર, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી.
૮. જોષી, વિદ્યુત (૨૦૦૯), આદિવાસી વિકાસ દર્શન, અમદાવાદ: આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર.
૯. જોષી, વિદ્યુત (૨૦૧૨), સાહિત્ય અને સમાજ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૧૦. જોષી, સુરેશ (૧૯૮૭), ઇતિ મે મતિ, અમદાવાદ: પાર્શ્વ પ્રકાશન.
૧૧. ડાભી, નવજી (૨૦૦૫), અરવલ્લીના લોકદેવો, મુંબઈ: શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ.
૧૨. ડાભી, નવજી (૨૦૦૫), સોખલા ગરાસિયાના હગ અને દેવરો, મુંબઈ: શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ.
૧૩. તડવી, રેવાબહેન અને તડવી, શંકરભાઈ (૧૯૮૩), આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય, અમદાવાદ: લોકસાહિત્યાલય.
૧૪. તડવી, શંકરભાઈ, તડવી, રેવાબહેન (૧૯૮૭), આદિવાસી લોકનૃત્ય, વડોદરા: ઝરણું પ્રકાશન.
૧૫. પટેલ, પ્રભુદાસ આર. (૨૦૦૯), અરવલ્લીની લોકસંપદા, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૧૬. પટેલ, પ્રાંજલિ (૨૦૦૯), લોકવાર્તા સ્વરૂપ વિમર્શ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૧૭. પટેલ, ભગવાનદાસ (૧૯૯૯), આદિવાસી ઓળખ, ગાંધીનગર: માહિતીખાતું, ગુજરાત રાજ્ય.
૧૮. પટેલ, ભગવાનદાસ (૨૦૦૫), ભીલી લોકાખ્યાન 'રોમસીતાની વારતા', ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી.
૧૯. પટેલ, ભગવાનદાસ (૨૦૦૮), શોધસંપદા, અમદાવાદ: લેખક.
૨૦. પટેલ, ભગવાનદાસ (૨૦૦૯), પૌરાણિક લોક મહાકાવ્યો, અમદાવાદ: લેખક.
૨૧. પટેલ, ભગવાનદાસ (૨૦૦૫), ગોપીચંદ-ભરથરીની વારતા, મુંબઈ: શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ.
૨૨. પંચાલ, વીરચંદ (૨૦૦૫), ગરાસિયા લોકોત્સવઃ ગોર, મુંબઈ: શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ.
૨૩. ભટ્ટ, અરવિંદ (૧૯૮૫), ગુજરાતના ચૌધરીઓ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
૨૪. મલકાણ, જયંતીલાલ (૧૯૫૫), પંચમહાલના આદિવાસીઓ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
૨૫. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૦૫), ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા, અમદાવાદ: ગૂર્જર પ્રકાશન.
૨૬. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૧૧), ગુજરાતી આદિવાસી લોકસાહિત્ય, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય,

અકાદમી.
૨૭. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૦૯), ભીલી સાહિત્ય એક અધ્યયન, અંબાજી: ગૂર્જરી ટ્રાઇબલ ફાઉન્ડેશન.
૨૮. યાજ્ઞિક, હસુ (૨૦૧૧), ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
૨૯. વસાવા, લાલુભાઈ (૧૯૮૫), ભીલો કા તેજસ્વી ઇતિહાસ, આહ્વા: ટ્રાઇબલ રિસર્ચ સેન્ટર ઑફ ઇન્ડિયા.
૩૦. एलविन, वेरियर (२००८), जनजातीय मिथक उडिया आदिवासियों की कहानियाँ, भोपाल: वन्या प्रकाशन. (महावर, निरंजन. अनु.)
૩૧. गुप्ता, रमणिका(संपा.) (२००८), आदिवासी साहित्य यात्रा, दिल्ली: राधाकृष्ण प्रकाशन.
૩૨. दुबे, श्यामसुन्दर (२००३), लोकः परम्परा, पहचान एवं प्रवाह, दिल्ली: राधाकृष्ण प्रकाशन प्राईवेट लिमिटेड.
૩૩. देवी, महाश्वेता, अने गुप्ता, सुशील (२००४), आदिवासी कथा, न्यू दिल्ली: वाणी प्रकाशन.

## શોધનિબંધસૂચિ

૧. ગામીત, જયરામભાઈ (સંશો.) (૧૯૯૮-૯૯), વસાવા (ગામીત) જનજાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (એમ.એ.)
૨. જોશી, જયાનંદ (સંશો.) (૧૯૭૨), રાજપીપળા આદિવાસી બોલી અને લોકસાહિત્ય, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (પીએચ.ડી.)
૩. પટેલ, ધનજી (સંશો.) (૧૯૯૭), આદિવાસી સમાજ ઉપર આધુનિકીકરણની અસર – આદિવાસી વિદ્યાર્થીઓનાં પરિવર્તન વલણોનો એક અભ્યાસ–સંશોધન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.)
૪. પઢિયાર, ચંદ્રકાન્ત ડી. (સંશો.) (૧૯૯૬-૯૭), વસાવા આદિવાસી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.)
૫. પરમાર, વેલજીભાઈ ડી. (સંશો.) (૧૯૯૬), વસાવા જાતિના શૈક્ષણિક વિકાસમાં ગ્રામનિર્માણ કેળવણી મંડળ થવા સંસ્થાનું પ્રદાન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.(એમ.એ.)
૬. વસાવા, જિતેન્દ્ર (સંશો.) (૨૦૦૫-૦૬), સાગબારાના આદિવાસીઓના લોકસાહિત્યમાં કૃષિગીતો – એક અધ્યયન, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (એમ. ફિલ.)
૭. વસાવા, સીંગાભાઈ (સંશો.) (૧૯૯૯), વસાવા સમાજની લોકવાર્તાઓ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.)
૮. શ્રોફ, રમેશ (સંશો.) (૧૯૭૪), ઉચ્છલ વિસ્તારના વસાવાઓનું સાંસ્કૃતિક જીવન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.)
૯. Machado, Robert G. (2006), Religion Among the Vasava Bhils, Surat: Veer Narmad South Gujarat University. (Ph.D.)

## સામયિક સૂચિ

૧. જાની, બળવંત (સંપા.) (૧૯૯૯), લોકગુર્જરી, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી, અંક – ૧૭.
૨. જાની, બળવંત (સંપા.) (૨૦૦૮), લોકગુર્જરી, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી, અંક – ૨૦.
૩. જાની, બળવંત (સંપા.) (૨૦૦૯), લોકગુર્જરી, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી, અંક – ૨૧.
૪. વસાવા, આનંદ (તંત્રી) (૨૦૦૮- ૨૦૧૪), આદિલોક, અમદાવાદ : ધી આદિલોક સોસાયટી, અંક- બધા જ.
૫. कुणावत, एच.एल. (संपा.) (२००६), ट्राईब, उदयपुर: माणिक्य लाल वर्मा आदिम जाति शोध एवं प्रशिक्षण संस्थान, अंक- ४२.
૬. वसावा, जितेन्द्र (संपा.) (सप्टे.-२००९), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-२.
૭. वसावा, जितेन्द्र (संपा.) (सप्टे.-२०१०), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-३.
૮. वसावा, जितेन्द्र (संपा.) (सप्टे.-२०११), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-४.

## લેખસૂચિ

૧. પટેલ, ભગવાનદાસ (નવે.-ડિસે. ૨૦૧૦), ભીલ આદિવાસીઓનાં વેશનાટ્યો, અમદાવાદ : આદિલોક, ૬(૨), ૨૦-૨૧.
૨. વસાવા, જિતેન્દ્ર (નવે.-ડિસે. ૨૦૦૮), ભીલોની જ્ઞાનસંપાદન પરંપરા, અમદાવાદ : આદિલોક, ૬(૧), ૧૬-૨૦.
૩. વસાવા, જિતેન્દ્ર (માર્ચ-એપ્રિલ ૨૦૧૧), દેવમોગરાની યાહમોગી માતા, અમદાવાદ : આદિલોક, ૨ (૩), ૫-૧૦.
૪. વસાવા, જિતેન્દ્ર (સપ્ટે.-ઑક્ટો. ૨૦૧૧), આદિવાસી ઓળખ બદલાતા સંદર્ભો અને ભવિષ્ય, અમદાવાદ : આદિલોક, ૫ (૩), ૧૧-૧૫.
૫. વાઢુ, ડાહ્યાભાઈ (નવે.-ડિસે. ૨૦૧૦), આદિવાસી સાહિત્ય : મૌખિક અને મૌલિક, અમદાવાદ : આદિલોક, ૬(૨), ૧૭ -૧૯.
૬. વાઢુ, ડાહ્યાભાઈ (મે-જૂન ૨૦૧૧), ડાંગનું મૌખિક સાહિત્ય, અમદાવાદ : આદિલોક, ૩ (૩), ૬-૧૦.
૭. सहगल, पूरन (जून-जून २०१०), लोक संस्कृति की अभिव्यक्ति है - "लोककथा", उदयपुर : ट्राईब, ४२, ७८-८२.

# ૧૭. આદિવાસી સાહિત્ય



## આદિવાસી સાહિત્ય

આદિવાસી સાહિત્યની દસ્તાવેજીકરણની પ્રક્રિયાનાં મૂળ ઓગણીસમી સદીના છેલ્લા બે દશકામાં બંધાઈ ચૂક્યાં હતાં. જ્યોર્જ ગ્રિયર્સને ઈ.સ. ૧૯૦૩થી ઈ.સ. ૧૯૨૩ સુધીમાં ભારતની કુલ ૧૭૯ ભાષાઓ અને ૫૪૪ બોલીઓનો સર્વે પ્રકાશિત કર્યો. આ બોલી અને ભાષાઓમાં આદિવાસી ભાષાઓનો પણ સમાવેશ થાય છે. આદિવાસી કંઠપરંપરાના સાહિત્યના સંપાદનનું કામ ક્યારથી અને કોણે કેટલું કર્યું તે અંગે વ્યવસ્થિત ઇતિહાસ મળતો નથી. છેલ્લે હસુભાઈ યાજ્ઞિકનું પુસ્તક 'ગુજરાતના આદિવાસી સાહિત્યનો ઇતિહાસ' મળે છે. ત્યાંથી આદિવાસી સાહિત્યના ઇતિહાસ વિશે કેટલાક સંદર્ભો મળી રહે છે. પરંતુ આ પુસ્તક પણ સંપૂર્ણ છે, એમ કહી શકાય તેમ નથી. આ ઇતિહાસમાં ઘણાં સંપાદકોનાં નામ રહી ગયાં છે. આ ઉપરાંત લિખિત સાહિત્યનો વિશેષ ઉલ્લેખ મળતો નથી.  આદિવાસી સાહિત્યનું સૌથી જૂનું સંપાદન ઈ.સ. ૧૯૧૫માં શ્રી નાથજી પાઠકનો 'ભીલોનાં ગીત' નામના સંગ્રહને ગણી શકાય. શ્રી નાથજી પાઠક ડુંગરપુરા તાબાના ચીખલીમાં શિક્ષક હતા.  તે સમયે રેવાકાંઠા બોર્ડર કોર્ટના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ આર. બી. યૂબકે આ સંપાદનનું કામ સોંપ્યું હતું. શ્રી નાથજી પાઠક સાથે કલજી પુના પણ જોડાયા હતા. આદિવાસી સાહિત્યનું સૌથી વિશેષ સંપાદન ઈ.સ. ૧૯૪૭ પછી વિશેષ થયું છે. ખાસ કરીને ઈ.સ. ૧૯૫૭માં ગુજરાત રાજ્યની લોકસાહિત્યની સમિતિના આરંભથી આદિવાસી સાહિત્યનું સંપાદનનું કામ વિશેષ શરૂ થયું. આ સમિતિ દ્વારા મણકા ૧થી ૧૪ સુધી સંગ્રહ પ્રગટ થયા તેમાં આદિવાસી સાહિત્યના સંપાદનને પણ વિશેષ ભાર અપાયો. ડૉ. ભગવાનદાસ પટેલ, શાંતિભાઈ આચાર્ય, ડૉ. જયાનંદ જોષી વગેરે જેવા બિનઆદિવાસી સંશોધકોએ આ કાર્યને ખાસ વેગ આપ્યો. ત્યાર બાદ શંકરભાઈ તડવી અને રેવાબહેન તડવી જેવા આદિવાસી સંશોધક-સંપાદકોએ પોતાના જ સમાજના સાહિત્યનું સંપાદન કર્યું. એ પછી તો અનેક સંશોધન-સંપાદકોએ ડિગ્રી મેળવવાના હેતુથી સંશોધન-સંપાદન કર્યું છે. કેટલાક આદિવાસી સાહિત્યના રસિકોએ પણ આ ક્ષેત્રે કામગીરી કરી. ઘણાખરા સંપાદકોમાં આદિવાસી ભાષાનાં લક્ષણો તટસ્થ રીતે સચવાયાં નથી.

આદિવાસી સમુદાયનું સાહિત્ય જીવનના સંઘર્ષમાંથી સર્જાય છે. એમના સાહિત્યમાં જે સ્પંદનો અનુભવાય છે, તે સામૂહિક હોય છે. આદિવાસી સમુદાયનાં ગીતોમાં વરસાદ, વન, પ્રાણીઓ, પક્ષીઓ, હવા, ફૂલો વગેરે પ્રાકૃતિક સંપદાના ભાવો જોવા મળે છે. આથી આદિવાસી સમુદાયમાં જે પ્રદેશમાં જે પ્રાકૃતિક સંપત્તિ મળે તેના આધારે ગીતો રચાયેલાં જોવા મળે છે. આ બધું જ સાહિત્ય મૌખિક પરંપરા અને વિધિવિધાન પરંપરા દ્વારા, તેમ જ વિવિધ ઉત્સવોના માધ્યમથી સચવાઈ રહ્યું છે. લગ્ન જેવા પ્રસંગોમાં નાચવા જવું, હોળી પ્રસંગે દૂર દૂરનાં ગામડાંઓમાં ગેર ઉઘરાવવા જવું, ખળી જેવાં સામૂહિક કામો કરતી વખતે, ખેતરમાં નીંદામણ કરતી વખતે, નદીમાં માછલાં પકડતી વખતે, સામૂહિક દેવોની ઉજવણી વગેરે પ્રસંગોમાં ગીત ગાવાનો, વાર્તા કહેવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આ પ્રકારના અવકાશના

કારણે પરંપરાગત સાહિત્ય પેઢી દર પેઢી સતત પીરસાતું રહ્યું છે. રોડાલી જેવું નાટ્ય સ્વરૂપ તો આખા સમુદાયની સંસ્કૃતિને ગામેગામ રજૂ કરતું હોવાથી સાહિત્યના પ્રસારમાં તેનો ફાળો વિશેષ છે.

ભારતીય સાહિત્યમાં પ્રાચીન કાળથી આદિવાસી આવતો રહ્યો છે પરંતુ આદિવાસીનું સાહિત્ય આવ્યું નથી. રામાયણ, મહાભારત, વેદ પુરાણો વગેરેમાં અનેક ઉલ્લેખો જોવા મળે છે. બધી જ વિદ્યાશાખાઓનો ઉદ્ભવ લોકવિદ્યામાંથી થયો છે. જગતની બધી જ કલાનો સમાવેશ લોકવિદ્યામાં થઈ જાય છે. આથી આદિવાસી સાહિત્યની ચર્ચા કરતાં પહેલાં લોકવિદ્યા અને આદિવાસી સાહિત્ય કેવી રીતે અનુસંધાન સાધે છે, તેની ચર્ચા કરવી જોઈએ.

એલેક્ઝાન્ડર એચ. કેપ્પ. ફોકલોર વિશે જણાવતાં કહે છે, "ફોકલોર એટલે લોકોની અલિખિત પરંપરાની સામગ્રી. નાગરિક – સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્કૃતિથી જુદું એવું નિરક્ષરોનું સાહિત્ય." (જયમલ પરમાર, ૧૯૮૫-૨૧) આ વ્યાખ્યામાં સભ્યતાનો ખ્યાલ રહેલો છે. એક વાત અહીં એ પણ સ્પષ્ટ થાય છે કે અશિક્ષિત, અભણ લોકોના સાહિત્ય માટે જ લોકવિદ્યા સંજ્ઞા વાપરવામાં આવી છે. એટલે કે મૌખિક પરંપરામાં રહેલા સાહિત્ય માટે જ લોકવિદ્યા સંજ્ઞા વાપરવામાં આવી છે.

આજે જે લોકવિદ્યા આપણને પ્રાપ્ત થઈ છે, તેને ત્રણ વિભાગમાં વહેંચી શકાય – ૧. આદિવાસીની લોકવિદ્યા ૨. ગામડાંની લોકવિદ્યા અને ૩. શહેરની લોકવિદ્યા. જેને આપણે લોકવિદ્યા કહીએ છીએ તેની વિષયસામગ્રી આપણને આદિવાસી અને ગ્રામીણ પ્રજા પરથી મળે છે. આ બધામાં પ્રાચીન આદિસ્રોત આદિવાસીમાં જોવા મળે છે. આ આદિસ્રોત વિશે જણાવતાં હસુ યાજ્ઞિક કહે છે કે, "લોકવિદ્યાના પ્રકારો પર પ્રશિષ્ટકૃત એવી કલાઓ, એનાં શાસ્ત્રો, સામગ્રી અને ધારાધોરણની ક્યાંક પ્રગટ તો ક્યાંક પ્રચ્છન્ન અસર પડે છે. આને મુકાબલે આદિવાસી ધારા પર આવી પ્રશિષ્ટકૃત ધોરણો-વલણોની અસર ઓછી છે. આથી કોઈ પણ પ્રાચીન રૂપ જાણવું હોય કે કોઈ આદિસ્રોત જાણવો હોય ત્યારે આદિવાસી ધારાની સામગ્રી વિશેષ ઉપયોગી અને નિર્ણાયક બને છે." (હસુ યાજ્ઞિક, ૨૦૦૧-૧૫)

જયમલ્લ પરમાર ફોકલોરને ત્રણ વિભાગમાં વહેંચે છે – ૧. લોક વિશ્વાસ અને અંધ પરંપરાઓ ૨. રીતિરિવાજ અને પ્રથા અને ૩. લોકસાહિત્ય. જયમલ્લ પરમારના આ વિભાજનમાં લોકવિદ્યાની તમામ બાબતો આવી જાય છે. તેમણે પ્રથમ વિભાગમાં અંધ પરંપરાની વાત કરી છે. પરંતુ પરંપરા એ ક્યારેય અંધ હોતી નથી. કોઈ પણ વ્યક્તિ સમજ્યા વગર અથવા કારણ વગર કોઈ પણ કાર્ય કરતો નથી. આથી પરંપરાને આપણે અંધ ના કહી શકીએ. તે માટે આપણે માન્યતાઓ શબ્દ વાપરી શકીએ. કારણ કે કોઈ પણ બાબત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ ના થઈ હોય ત્યાં સુધી તમામ બાબતો માન્યતા જ ગણાય.

ડૉ. બાર્કર લોકસાહિત્ય વિશે જણાવતાં કહે છે, "લોકસાહિત્ય એટલે અસંસ્કૃત લોકોનું જ્ઞાન. સંસ્કૃતિથી દૂર રહેવાવાળા જાતિ-સમૂહોનું જ્ઞાન." (જયમલ પરમાર, ૧૯૮૫-૨૧) આ વ્યાખ્યામાં સંસ્કૃતિ કોને ગણવી અને અસંસ્કૃતિ કોને ગણવી તેની કોઈ સ્પષ્ટતા થતી નથી. આ વ્યાખ્યા પશ્ચિમના બુદ્ધિવાદી વિચારધારાના આધારે વાપરી હોય એમ લાગે છે.

લોકસાહિત્ય લોક સમાજમાંથી ઉત્પન્ન થાય છે. આ સાહિત્ય માત્ર આનંદ આપવાની ભૂમિકા ભજવતું નથી પરંતુ આ સાહિત્ય લોકસમૂહ ભાવના અને સંસ્કૃતિને ટકાવી રાખવા તથા અસ્તિત્વના પ્રશ્નોની ચર્ચા કરવા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ભારતીય પરંપરાગત વિવેચન જેમની પાસે શાસ્ત્ર છે, તે વ્યક્તિઓને 'લોકો' તરીકે ઓળખે છે. અને જેની પાસે શાસ્ત્ર નથી, તેને 'લોક' તરીકે ઓળખવામાં આવે છે. 'લોક' તરીકે ઓળખાતા સમુદાયે શાસ્ત્રમાંથી પ્રસંગ, પાત્રો લઈને સાહિત્યનું

નિર્માણ કર્યું છે. લોકસાહિત્ય મુખ્ય પરંપરા આધારિત રામાયણ, મહાભારત વગેરેની કથાઓ, ઘટનાઓ, પાત્રો, ટુચકાઓ વગેરે લઈને તથા કૃષ્ણ, રાધા, રામ, સીતા વગેરે પાત્રો લઈને સાહિત્યનું નિર્માણ કરે છે. આદિવાસીઓનું જીવન - પરિવેશ, નદી, ડુંગર, પશુ, પક્ષીઓ, પોતાની દૈનિક પ્રવૃત્તિઓ, શિકાર, નૃત્ય વગેરે સાથે અનુસંધાન સાધીને ચાલે છે. એ જિવાતા જીવનની ઘટનાઓ અને પ્રસંગોમાંથી તેઓ સાહિત્ય રચે છે.

કોઈ એક વિશિષ્ટ વ્યક્તિનું પ્રદાન ન હોય તેવાં તમામ સાહિત્યને લોકસાહિત્ય પરંપરા રહી છે. કારણ કે આવું સાહિત્ય કોઈ એક વ્યક્તિનું નહીં પરંતુ આખા સમાજનું પ્રતિબિંબ પાડે છે અથવા તો આખા સમાજનો નિર્દેશ કરે છે. કેટલાક મીમાંસકોના મતે લોકસાહિત્ય સૌંદર્યને વરેલું હોય છે. આદિવાસી સાહિત્ય માત્ર સૌંદર્યને જ વરેલું નથી પરંતુ તેમાં સાહજિકતા અને મર્મ સ્પર્શિતા પણ છે. સૌંદર્ય અંતે તો વસે છે હૃદયની નિર્મળતામાં નહીં કે બાહ્ય સ્વરૂપમાં. આદિવાસીઓ સૌંદર્ય દ્વારા સત્યનો સાક્ષાત્કાર નથી કરતા પરંતુ સત્ય દ્વારા સૌંદર્યનો સાક્ષાત્કાર કરે છે. આથી બાહ્ય દેખાવને પ્રાધાન્ય આપવા કરતાં એ કાર્ય કરવા પાછળ તેમનો હેતુ શું છે, તેના આધારે સૌંદર્ય પ્રગટ થાય છે. આપણે ત્યાં એવું માનવામાં આવે છે કે સાહિત્યનું નિર્માણ કોઈ એવી શક્તિને કારણે થાય છે, જે બધા પાસે હોતી નથી. આ વાતને સ્વીકારીએ તો પણ સર્જન ઇંદ્રિયગમ્ય અથવા અનુભવમાંથી થાય છે તે પણ સ્વીકારવું જ રહ્યું. આદિવાસી સાહિત્ય પણ ઇંદ્રિયગમ્ય અને અનુભવમાંથી જન્મે છે.

આદિવાસી સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે ભિન્નતા છે. આદિવાસી સાહિત્ય સભ્યતાના પ્રભાવથી મુક્ત એવી સહજ અવસ્થા હોય છે. એટલે કે આદિવાસી સાહિત્યમાં પુરાણો કે શાસ્ત્રોનાં પાત્રોનાં ગુણગાન હોતાં નથી. આદિવાસી સાહિત્યમાં શાસ્ત્રોનાં પાત્રો, કથાવસ્તુ વગેરેના ઉલ્લેખો આવે તો તેને આદિવાસી સાહિત્ય ગણવું કે કેમ તે મોટો પ્રશ્ન છે. કારણ કે આદિવાસી સમાજ સાથે જઈને અન્ય સમુદાયો રહ્યા તેમણે જે જ્ઞાન આદિવાસીઓ સામે રજૂ કર્યું, તે કાળક્રમે આદિવાસીઓમાં ચર્ચાવા લાગ્યું. આથી હાલમાં જે વાર્તાઓમાં શાસ્ત્રો સાથે સંબંધ ધરાવતું સાહિત્ય આદિવાસીઓમાં જોવા મળે છે તેને આદિવાસીઓના મૂળ સ્રોતનું સાહિત્ય ન ગણતાં બિનઆદિવાસી પ્રભાવિત સાહિત્ય ગણવું જોઈએ. હસુ યાજ્ઞિક પણ જણાવે છે કે, "પ્રાચીન, મધ્યકાલીન સમયથી જ કંઠ પ્રવાહને લિખિત સાથે અને ગ્રામીણને આદિવાસી કંઠ પ્રવાહ સાથે આદાન-પ્રદાનનો સંબંધ હતો જ. આમાં મુખ્ય પ્રદાન બારોટોનું પણ છે. યુદ્ધમાં પરાજય થાય કે બીજા કોઈ સંયોગમાં સૈન્ય ભાંગી પડે, સૈનિકો નોધારા બની વન વિસ્તાર કે પહાડોમાં વિખેરાઈને એકલ-દોકલ કે સામૂહિક એવો નિવાસ કરે અને એવો સામાજિક એકમ ભીલોમાં ભળી જાય તે પછી પણ તે કુળના બારોટો આવા ભીલ બની ગયેલા સમૂહમાં જતો હતો. અને કથાવાર્તા કહી વિધિવિધાન કરાવતો હતો. કાળક્રમે આવી બારોટી પરંપરાથી ભીલોમાં સાધુ, ભોપા વગેરેનો વિશિષ્ટ સામાજિક એકમ રચાયો અને તે લોકો પણ ભીલ બની ગયા."(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૫૪) આ વિધાન પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આદિવાસી સાહિત્યમાં શાસ્ત્રોની જે અસર દેખાય છે તેમાં આવી ઘટનાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આથી આ પણ એક સંશોધનનો વિષય છે કે આદિવાસી સાહિત્યમાં જે શાસ્ત્રો કે પુરાણોની અસરવાળું સાહિત્ય મળે છે, તે ખરેખર આદિવાસીઓનું સાહિત્ય છે કે પછી અન્ય સમુદાય પરથી આવેલું સાહિત્ય છે.

"લોકવિદ્યા એટલે મુખ્ય પરંપરાની કે રીતરિવાજથી પરંપરાગત ઊતરતી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી કે વિદ્યા એમ આર્ચર ટેલરે કહ્યું છે."(હસુ યાજ્ઞિક, ૨૦૦૧-૧૨) વિદ્યાનો સર્વસામાન્ય અર્થ કોઈની પાસે બેસીને ભણવું, એવો પણ થાય છે. પરંતુ આદિવાસી

સાહિત્યને પરંપરાગત રીતે મળતું જ્ઞાન જ ગણાવી શકાય. હસુ યાજ્ઞિક પણ લોર વિશે જણાવતાં કહે છે, કે "lore એ શાસ્ત્ર વગરની વિદ્યા છે. એમાં બેસીને ભણવાની કોઈ એક પાસે વ્યક્તિગત ધોરણે શિક્ષણ લેવાની જરૂર નથી. એ તો પરંપરાગત રીતે જ મળતું જ્ઞાન છે. કાને પડે કે દેખાય અને એનું અનુકરણ કરે, એ સાથે જ આવડે એવી વિદ્યા છે. શાસ્ત્રની નહીં, પરંપરાની, કોઠાની, આંતરસૂઝની. શિક્ષણ માટેની અભ્યાસ માટેની જે વિદ્યાઓ છે તેના કરતાં જુદું એવું આ lore છે, જાણકારી કે જ્ઞાન છે. એનાં નથી શાસ્ત્ર કે શિક્ષકો."(હસુ યાજ્ઞિક, ૨૦૦૧-૧૪) આમ છતાં loreમાં શાસ્ત્રીયતા નથી, એમ કહી શકાય નહીં. Loreથી જ શાસ્ત્રનું નિર્માણ થાય છે. lore એ એક પ્રક્રિયા થાય છે. હસુ યાજ્ઞિક જણાવે છે કે, "લોર એટલે વગર શીખ્યે-ભણ્યે જ વાતાવરણમાથી જ, ઉછેરની સાથે જ જે પરંપરાગત એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે."(હસુ યાજ્ઞિક, ૨૦૧૨-૨) લોકવિદ્યા દ્વારા માણસ સામાજિક બને છે. loreના પ્રભાવથી જ તે નીતિ-અનીતિ, સારાં-નરસાંનું જ્ઞાન શીખે છે.

"લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકચિત્રકલા, લોકસ્થાપત્ય, કે ગૃહનિર્માણ, લોકરંજક કલાઓ અને લોકકસબો વગેરે જે કંઈ લોકજીવન સાથે પરંપરાગત રીતે સંકળાયેલું છે, તેને લોકવિદ્યા કહેવામાં આવે છે. એમાં કહેવતો, બોલીના ઉદ્‌ગારો, લઢણો, મંત્રતંત્ર, ડોશીવૈદું, ભરતગૂંથણ, લીંપણગૂંપણ, નટ-બજાણિયા, મદારી તથા કઠપૂતળીવાળાના ખેલ, ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી પરંપરાઓ, લોકમાનસને વ્યક્ત કરતી માન્યતાઓ અને કારણ – વારણની અનેક વિધિઓ એમ અનેક બાબતોનો સમાવેશ લોકવિદ્યામાં થાય છે."(હસુ યાજ્ઞિક, ૨૦૦૧-૧) લોકવિદ્યાના આ અર્થ પ્રમાણે લોકવિદ્યામાં સંપૂર્ણ જીવનશૈલી આવી જાય છે.

લોકસાહિત્ય મનુષ્યના જીવનના દરેક પળે તેની સાથે સંકળાયેલું છે. માતાના ગર્ભમાં હોય ત્યારથી અપાતા સંસ્કારોને લઈને મૃત્યુ સુધી અપાતા વિવિધ સંસ્કારો લોકસાહિત્યમાં આવે છે. જશવંત શેખડીવાલા કહે છે, "પરંપરાગત સાહિત્ય એટલે મૌખિક પરંપરાથી ઊતરી આવેલું, લોકોના કંઠમાં જળવાયેલું અને લોકો દ્વારા કંઠોપકંઠ પ્રસાર પામેલું સાહિત્ય. લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં સર્જાયેલું, લોકસંસ્કૃતિ અને પ્રાકૃતિક પરિવેશનું પ્રતિબિંબ ઝીલતું. લોકોનું કંઠસ્થ સાહિત્ય અર્થાત્ લોકસાહિત્ય." (રાજેશ મકવાણા, ૨૦૦૭-૨૦) આ વ્યાખ્યામાં લોકનો સમૂહ કેન્દ્રસ્થાને છે. લોકસાહિત્યમાં કોઈ એક સમુદાયની સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. આમ છતાં શિષ્ટ સાહિત્ય જેટલું પ્રાધાન્ય લોકસાહિત્યને અપાતું નથી. એટલું જ નહીં કેટલાક વિદ્વાનો તો લોકસાહિત્યને સાહિત્ય જ ગણવા તૈયાર નથી. આ પ્રકારની સ્થિતિ ભારત અને ભારત બહાર પણ છે. કાર્લ માર્ક્સનું કહેવું છે કે, "વર્ગસ્થિતિ અને દ્રષ્ટિકોણ પ્રમાણે સાહિત્યની બાબતમાં પણ ગમા-અણગમા બદલાતા રહે છે."(વિદ્યુત જોષી, ૨૦૧૨-૩૪) પરંતુ એક વસ્તુ એ પણ સ્વીકારવી રહી કે લોકસાહિત્યમાં બધું જ સારું હોય છે, એમ કહી શકાય નહીં. એમાંથી ઘણુંખરું સાહિત્ય વણોપયોગી પણ હોય છે. છતાં તે સમાજમાં ચાલતું રહે છે. હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કે, "જેમ જેમ સમાજની ધારણશક્તિ વધુ કાર્યક્ષમ બનતી ગઈ તેમ તેમ કલા દ્વારા વ્યક્ત થવા યોગ્ય વણઉપયોગી શક્તિનું પ્રમાણ પણ વધતું ગયું." (વિદ્યુત જોષી, ૨૦૧૨-૩૫) પરંતુ મોટા ભાગે આવું વણઉપયોગી સાહિત્ય આખા સમુદાયની કલાકૃતિ ન પણ હોય. કોઈ એકલદોકલ વ્યક્તિ દ્વારા રચાઈ હોય તેથી તેના વિચારો સાર્વત્રિક ન પણ બન્યા હોય એવું બની શકે. સામાજિક સંગઠન કલાકૃતિમાં પ્રયોજાતું હોય છે. જ્યો મેરી ગ્યુના કહેવા પ્રમાણે "મહાન કલા હંમેશાં સામાજિક જ હોઈ શકે. અને માત્ર સ્વાન્તઃ સુખાય સર્જન કરતો એકલદોકલ સર્જક તેની દ્રષ્ટિમાં આફતરૂપ છે."(વિદ્યુત જોષી, ૨૦૧૨-૩૫) દરેક કલાનું સર્જન હંમેશાં સામાજિક પરિબળોમાંથી થાય છે. સાહિત્ય સમાજમાં એકતા સ્થાપવાનું કામ કરે છે.

આદિવાસી સાહિત્ય ક્ષેત્રે સંશોધન-સંપાદન કરનારા ઘણા સર્જકો આદિવાસી મૂલ્યો અને આદર્શો તરફ આકર્ષાયા છે. કેટલાક સંશોધકોને તેમની વચ્ચે કામ કરતા કરતા આદિવાસીઓ પ્રત્યે કોમળ લાગણી પણ જન્મી છે. આ સંદર્ભે સુરેશ જોષી ત્રણ ભાઈઓનું ઉદાહરણ આપે છે. જેમાં ઓર્લાન્ડો, કલોડિયો અને લિય – ત્રણે ભાઈઓ નોબેલ પારિતોષિકની અવગણના કરે છે. અવગણના વિશે તેમણે જણાવ્યું : “અમારા નમ્ર મત પ્રમાણે આ જાતિની સાચી રક્ષા તે એમને ઘટતું માન આપવું અને એમનાં જીવન મૂલ્યો પ્રમાણે એઓ જીવી શકે એવી બાંહેધરી આપવી. આપણી કહેવાતી ‘સંસ્કારી’ પ્રજા એમને ભવિષ્યમાં આત્મજ્ઞાન કરી શકે એવી પરિસ્થિતિ ઊભી કરે નહીં ત્યાં સુધી એમને એ સમાજમાં ભેળવી દેવાનો પ્રયત્ન એમના વિનાશની યોજનાને અમલમાં મૂકવા બરાબર ગણાશે. આપણે હજી એમને આપણામાં ભેળવી દેવા માટે પૂરા તૈયાર થતા નથી.”(સુરેશ જોષી, ૧૯૮૭-૧૧૨) આ ઉદાહરણ ટાંક્યા બાદ સુરેશ જોષી જણાવે છે, “આ આદિવાસીઓમાં પ્રચલિત દંતકથાઓ એમના આચારવિચાર અને ધાર્મિક વિધિઓને બરાબર સમજવાં હોય તો એ લોકો માનવી અને પશુ, રાત અને દિવસ, પ્રાકૃતિક અને અતિપ્રાકૃતિક વચ્ચેના સંબંધોને જે રીતે જુએ છે તેને બરાબર સમજી લેવાનું રહેશે. આપણાં સાંસ્કૃતિક વળગણોને ઘડીભર અળગાં કરીશું તો જ એમના લોકસાહિત્યમાં માનવ વિશેનું જે સત્ય પ્રકટ થાય છે તેને આપણે સમજી શકીશું.”(સુરેશ જોષી, ૧૯૮૭-૧૧૨)

હસુ યાજ્ઞિકના જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૯૧૫માં પહેલી વાર દક્ષિણ ગુજરાતના ભીલોના સાહિત્યનું સંપાદન થાય છે. ૧૯૧૫માં શ્રી નાથજી મહેશ્વર પાઠકે “ભીલોનાં ગીત” નામનો સંગ્રહ આપ્યો છે. આથી એમ કહી શકાય કે આ સમયે પ્રથમ વખત દક્ષિણ ગુજરાતના આદિવાસીઓના સાહિત્યનું સંપાદન શરૂ થયું. શ્રી નાથજી મહેશ્વરનો આ સંગ્રહ મને પ્રાપ્ત થયો નથી. આદિવાસી સમુદાયનું વિશેષ સંપાદન લોકસાહિત્ય સમિતિ દ્વારા શરૂ થયેલી કામગીરી દરમિયાન પ્રગટ થયેલા મણકાઓમાં જોવા મળે છે. મણકો-૧માં રાજપીપળા પ્રદેશનાં લોકગીતો – માધુભાઈ પટેલ દ્વારા સંપાદિત થયેલાં જોવા મળે છે. મણકો-૧૧માં રાજપીપળા આદિવાસીઓનાં વિરહ ગીત – ચંદ્રશોભા દેશમુખ પાસેથી મળે છે. મણકો-૧૨માં દેડીયાપાડાના આદિવાસીઓનાં વિરહ ગીતો – ચુનીભાઈ ભટ્ટ પાસેથી મળે છે. આવાં ગણ્યાંગાંઠ્યાં સંપાદનો જ આદિવાસી સમુદાયનાં મળે છે. આથી વિશેષ અન્ય આદિવાસી સમુદાયની સરખામણીમાં આદિવાસી સમુદાયનાં ગીતોનું સંપાદન ઓછું થયું છે. ભીલી લોકસાહિત્યનો ઇતિહાસ તપાસતાં ગુજરાતમાં સૌપ્રથમ દસ્તાવેજીકરણ ૧૮૩૧થી શરૂ થયું કહેવાય. પરમપાઠક દસ્તાવેજીકરણ વિશે નોંધતાં જણાવે છે કે, “મને જે સગડ મળ્યા છે એ અનુસાર ‘ગુજરાત શાળાપત્ર’ સામયિકના ૧૮૩૧ના વર્ષના નવેમ્બર-ડિસેમ્બર માસના અંકમાં સુરત જિલ્લાના માંડવી પરગણામાં બોલાતી કાળીપરજની બોલી અંગે એક પરિચયાત્મક લેખ મળે છે.”(આદિલોક, મે-જૂન, ૨૦૧૩-૧૫) આ લેખ માંડવી તાલુકાના સઠવાવ ગામમાં ભણાવતા મહેતાજી મોહનભાઈ નીછાભાઈ દ્વારા મળે છે. આ લેખને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનું પ્રથમ દસ્તાવેજીકરણ કહી શકાય. શાળાપત્રના ૧૮૯૫ ડિસેમ્બર અંકમાં જીવીભાઈ દેસાઈ નામના એક મહેતાજી ‘અનાર્ય લોકોની ભાષા’ નામે લેખ આપે છે. આદિવાસી સમુદાય વિશે પદ્ધતિસરનું દસ્તાવેજીકરણ તો શાતિભાઈ આચાર્ય અને જયાનંદ જોષીનું સંપાદન જ ગણાય. જયાનંદ જોષી પાસેથી રાજનાં આદિવાસી છેલિયાગીતો, હોળીગીતો, લગ્નગીતો : એક સ્વાધ્યાય અને શાંતિભાઈ પાસેથી રાજપીપળા વિભાગની આદિવાસી બોલી ગ્રંથ મળે છે. ત્યાર બાદ લોકસાહિત્ય સમિતિની રચના ૧૯૫૬માં થઈ. ત્યારથી આ કાર્યે ગતિ પકડી છે.

## આદિવાસી સાહિત્યની વિભાવના :

આદિવાસી સાહિત્ય એવો શબ્દ હું પ્રયોજું છું ત્યારે મૂળ અંગ્રેજીમાં રહેલો folk literature એવો અર્થ કે લોકવાડમય એવો અર્થ લેવાનો નથી. કારણ કે આ અર્થ સ્વીકારવાથી આદિવાસી સાહિત્યને બરાબર સમજી શકાશે નહીં. આદિવાસી સાહિત્યમાં લગ્નગીત, કૃષિગીતો, વાર્તાઓ, ઉખાણાં કે દંતકથાઓ વગેરે સામગ્રીને જ સાહિત્ય ગણી શકાશે નહીં. આદિવાસી સાહિત્યની વાત કરતી વખતે તેનાં વિધિવિધાનો, આયુર્વેદિક ઉપચારો, તેની વિવિધ કલાઓને પણ સાહિત્ય જ ગણવું પડશે. કારણ કે આદિવાસીઓની દરેક ક્રિયા પાછળ એક દંતકથા સંકળાયેલી હોય છે. દાખલા તરીકે મૃત્યુ પ્રસંગે વગાડાતું વાજિંત્ર તૂર સંગીત સાથે સંદેશાનું સાધન છે. તેના એક એક ચાળામાં ચોક્કસ સંદેશો રહેલો છે. આ વાજિંત્રથી લોકો સાથે પ્રત્યાયન કરી શકાય છે. આ વાજિંત્ર મૃત્યુ પામ્યાનો, સ્મશાનયાત્રાની તૈયારીનો, સ્મશાનયાત્રા સીમાડે પહોંચ્યાનો વગેરે સંદેશા વાજિંત્રના ચાળા બદલાતાની સાથે લોકો સુધી પહોંચે છે. આથી આ વાજિંત્રને આપણે માત્ર વાજિંત્ર તરીકે ઓળખી શકીએ નહીં. આ વાજિંત્રના માધ્યમ થકી એક પ્રકારનું સાહિત્ય જ સર્જાય છે. આ વાજિંત્રના માધ્યમથી ઘટનાને એક ચોક્કસ આકાર અપાય છે. તેમ જ આદિવાસીઓમાં વિધિવિધાન વખતે વપરાતી તમામ સામગ્રી પાછળ એક માન્યતા હોય છે. આ માન્યતાઓ ઘણી વાર વાર્તા સ્વરૂપે પણ મળે છે. દા.ત. આદિવાસીઓ લગ્ન વખતે ઊમરો નામના વૃક્ષની ડાળીનો ઉપયોગ કરે છે. આ ડાળખી વાપરવા પાછળ ચોક્કસ તેમની માન્યતા છે. આ માન્યતાને પુષ્ટિ કરે એ પ્રકારની કેટલીક દંતકથાઓ પણ તેમની પાસેથી મળી રહે છે. એ જ રીતે આદિવાસીઓની દરેક ઔષધિની પણ એક દંતકથા હોય છે. તેમની ઔષધિ વૈજ્ઞાનિક રીતે સંશોધાયેલી હોતી નથી. પરંતુ તેમાં વિજ્ઞાન નથી એવું આપણે સ્પષ્ટ રીતે કહી શકીશું નહીં. આ ઔષધિઓમાં તેમનો અનુભવ જોડાયેલો હોય છે. ઔષધના અનુભવ સાથે એક દૈવી કથા પણ સંકળાયેલી હોય છે. આદિવાસીઓની દરેક કલાઓ માત્ર મનોરંજન માટે અસ્તિત્વમાં આવી નથી. દરેક પ્રસંગો કે ઘટનાઓ સાથે પ્રકૃતિનું પણ તાદાત્મ્ય હોય છે. આદિવાસીઓનું દરેક કાર્ય કોઈ આસ્થા કે શ્રદ્ધા સાથે સંકળાયેલું હોય છે. તેના ભાગરૂપે મનોરંજન પ્રાપ્ત થાય છે. આદિવાસી સાહિત્યમાં તેમના આખા સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસને વણી લેવો પડે. કિંવદંતી, વાર્તા, ઉખાણાં, આ બધાં દ્વારા આદિવાસીઓની ભાષા ટકી રહી છે. વર્તમાન સમયમાં આદિવાસી સંસ્કૃતિ પર અનેક આક્રમણો થવાનાં કારણે તેમના મૂળ બોલીના ઘણા શબ્દો ગાયબ થઈ ગયા છે. તેમની મૂળ ભાષાના શબ્દની જગ્યાએ નવા શબ્દો સ્થાન લેવા લાગ્યા છે. આથી તેમના સાહિત્યમાં પણ પરિવર્તન થતું ગયું છે. તેથી આદિવાસીઓનું પ્રાચીન સ્વરૂપવાળું સાહિત્ય ઘણું ઓછું ટકી રહ્યું છે. કૉમ્પ્યૂટર, ટ્રૅક્ટર, મોબાઇલ વગેરે નવા શબ્દોનું ઉમેરણ તેમનાં સાહિત્ય અને બોલીમાં થયું છે. આદિવાસીઓના સામાજિક-સાંસ્કૃતિક માળખાનું ચોક્કસ બંધારણ નથી. એટલે કે આદિવાસીઓના નીતિનિયમો માટે કોઈ લિખિત સ્વરૂપ મળતું નથી, જેથી લાંબા સમયે તે શાસ્ત્રનું સ્વરૂપ ધારણ કરી શકે. એમના જીવનના નીતિ-નિયમો હિંદુ-મુસ્લિમ કે અન્ય ધર્મના લોકોની માફક નક્કી થયેલા નથી. પહેરવેશ સંદર્ભે પણ આવું જ છે. આથી આદિવાસી સમાજ એ સતત પ્રક્રિયામાંથી પસાર થતો સમાજ છે. તેથી તેમની ભાષા પણ સ્થિર નથી, જેમ શોધ નવી થાય તેમ શબ્દો ઉમેરાતા રહે છે, તો કેટલાક શબ્દો નાશ પણ પામે છે. ફરી જૂની પરિસ્થિતિ નિર્માણ થતાં ફરી જૂના શબ્દો અમલમાં આવે છે. આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. આથી આદિવાસી સાહિત્યને આપણે ચોક્કસ માળખામાં મૂકી શકીએ એમ નથી. એમાં પણ સતત બદલાવ થતો રહે છે.

આદિવાસી સાહિત્યને આપણે ઊતરતું સાહિત્ય કે ચડિયાતું સાહિત્ય એવું કહી શકીશું નહીં. હસુ યાજ્ઞિક પણ જણાવે છે કે, "લોકસાહિત્યના અભ્યાસથી પણ એ તથ્ય ઊપસી આવ્યું અને સ્વીકારાતું થયું કે સમાજનો કોઈ પણ વર્ગ કહેવાતા શિક્ષણના અભાવ તથા રહેણીકરણી, જીવનધોરણ, માન્યતા, કેટલાક નાનામોટા ભેદના કારણે અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત હોતો નથી. દરેક લોકોને એમના એથેનિક એવા સમૂહને, પોતાની જ આગવી સંસ્કૃતિ, જીવનપરંપરા અને વ્યવસ્થા હોય છે."(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૧૦)

સાહિત્ય શબ્દમાં લિખિત સાહિત્યની અર્થછાયા ઊભી થાય છે તો લોકસાહિત્ય મોટા ભાગે ગ્રામીણ સાહિત્યની પ્રતીતિ કરાવે છે. આથી આદિવાસી સાહિત્ય આ બધાંથી જુદું જ સાહિત્ય છે. આદિવાસી સાહિત્ય માટે આદિવાસી લોકવિદ્યા એવી સંજ્ઞા વાપરવી મને ઉચિત લાગે છે. લોકવિદ્યા માટે કંઠપરંપરાનું સાહિત્ય એવું કહેવામાં આવે છે. આજે આદિવાસીઓની મોટા ભાગની લોકવિદ્યા લિખિત સ્વરૂપમાં પણ મળે છે. ટૅક્નૉલૉજીના વિકાસની સાથે ધ્વનિમુદ્રણ થયેલું સાહિત્ય પણ પ્રાપ્ત થાય છે પરંતુ એ બધું જ સાહિત્ય કોઈ એક વ્યક્તિનું સર્જન નથી. પરંતુ એ કંઠપરંપરાનું સંપાદિત સાહિત્ય છે.

આદિવાસી વિસ્તાર અંગ્રેજોના સમય સુધી સ્વતંત્ર હતો. મોટા ભાગના પ્રદેશમાં અંગ્રેજ રાજ્ય વ્યવસ્થાની અમલવારી ન હતી. તેમના પર કોઈ કર લાદવામાં આવ્યા ન હતા. નાયકો જ નાનામોટા સમુદાયોનું પોતાની પરંપરાગત પદ્ધતિથી શાસન કરતા હતા. આથી આદિવાસીની પોતાના સમુદાયની ભાષા, પહેરવેશ, રીતિરિવાજ, વાર્તાઓ, ગીતો વગેરે ટકી રહ્યાં હતાં. જ્યાં જ્યાં આદિવાસી સમુદાય આજીવિકા માટે અન્ય સમુદાયના સંપર્કમાં આવ્યો છે તે સમુદાય પર જે તે પ્રદેશના અન્ય સમુદાયની ભાષા કે પરંપરાઓની અસર ચોક્કસ થઈ છે. આથી તેની અસર લોકસાહિત્યમાં પણ દેખાય છે.

આદિવાસી સાહિત્યને આપણે નવી વિભાવનાથી જ ઓળખી શકીએ. હસુ યાજ્ઞિક પણ જણાવે છે કે, "આદિવાસીઓની કંઠપરંપરામાં કેટલાંક એવાં તત્ત્વો છે જે એમની ઓળખને ટકાવી રાખે છે અને સ્પષ્ટ કરે છે. આથી આદિવાસી કંઠપરંપરાના સાહિત્યને લોકસાહિત્યના બૃહદ કૌંસમાંથી બહાર રાખીને એક ભિન્ન અને સ્વતંત્ર એકમના રૂપમાં જ તપાસવું જોઈએ. એમ થશે તો જ આ પરંપરાને એના નિજી રૂપમાં જાણી શકાશે અને એમાં રહેલી કેટલીક ભિન્નતા અને સંકુલતાને ઉકેલી શકાશે. આ પરંપરાને એની સ્વતંત્ર ઓળખ સાથે અભ્યાસ થાય તો જ આ વિશિષ્ટ અને સાહજિક એવા પ્રકૃતિએ જ જેને પાળ્યા પોષ્યા છે અને પ્રકૃતિને પણ જેમણે નાગરિક અને ગ્રામીણને મુકાબલે વિશેષ પોષી છે એવા આદિવાસીઓના સામાજિક એકમને યથાર્થ રૂપમાં જાણી શકાશે."(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૧૫) આ રીતે જોઈએ તો આદિવાસીઓની પરંપરા લોકસાહિત્યથી ભિન્ન છે. આથી આદિવાસી સાહિત્યને અલગ સંજ્ઞાથી ઓળખીએ તે ઉચિત ગણાશે. હરિવલ્લભ ભાયાણી આ સંદર્ભે જણાવતાં કહે છે કે, "કથાગીતમાં આદિવાસી ભીલ વગેરે કોમોનાં ગીતો અને ભદ્ર સમાજનાં ગીતો વચ્ચે પણ તેમના પ્રયોજન જીવન રીતિ ભાવના વગેરે દ્રષ્ટિએ ભિન્નતા હોવાના કારણે અમુક રીતે અલગ અલગ વિચારણા જરૂરી છે."(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૧૫)

ગુજરાતમાં આદિવાસી સાહિત્યનો વિશેષ અભ્યાસ ડૉ. ભગવાનદાસ પટેલ અને અન્ય સંશોધકોએ ડુંગરી ગરાસિયાના મૌખિક પરંપરાનો જ કર્યો છે. આથી આદિવાસી સાહિત્યને ગ્રામસંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. વાસ્તવમાં ગરાસિયા ભીલોનો પ્રદેશ રાજસ્થાનના સરહદનો પ્રદેશ છે. આ પ્રદેશ રાજકીય લડવૈયાઓનું પ્રવેશદ્વાર છે.

આથી આ પ્રદેશની પ્રજા અન્ય પ્રજાના સંપર્કમાં વધુ રહી છે. આથી તેમના સાહિત્યમાં ગ્રામસંસ્કૃતિનો પ્રભાવ દેખાય તે સ્વાભાવિક છે. આદિવાસીઓની ભાષા, પહેરવેશ, રીતરિવાજ તેમ જ તેમનાં વિવિધ વિધિવિધાન જોતાં લોકસાહિત્ય અને આદિવાસી સાહિત્ય જુદાં પડે છે. ગ્રામસંસ્કૃતિ સાથે જોડાયેલ લોકસાહિત્યનો વિશેષ સંબંધ કૃષિ સાથે છે તો આદિવાસી સાહિત્યનો વિશેષ સંબંધ પ્રકૃતિ સાથે છે.

આદિવાસી સાહિત્યમાં ડોળ, દંભ કે કૃત્રિમ કરામતો હોતી નથી. આ સાહિત્યમાં જે સ્પંદનો અનુભવાય છે, તે સામૂહિક હોય છે. આથી એમાં કૃત્રિમતાની જરૂર પડતી નથી. આદિવાસીઓમાં સામૂહિક આનંદ મેળવાય છે. એમાં સામેલ થતી દરેક વ્યક્તિ નિજાનંદની અનુભૂતિ કરે છે. આદિવાસી સાહિત્ય એ બીજાને રાજી કરવા કે રીઝવવા માટે નથી. આદિવાસી સાહિત્યમાં એકથી વધારે ભાવોનાં દર્શન થાય છે. આદિવાસીઓનો સૌથી નજીકનો નાતો સાહિત્ય સાથે રહ્યો છે. આ સાહિત્યમાં પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો અને તેની સાથે અનુભવાતા વિવિધ ભાવોનો નિર્દેશ થાય છે. વરસાદ, વન, પ્રાણીઓ, પક્ષીઓ, હવા, ફૂલો વગેરે પ્રાકૃતિક સંપદા સાથે સંકળાયેલા ભાવો નિરૂપાયા છે. આદિવાસીઓના સામાજિક જીવનના પ્રત્યેક પ્રસંગ આનંદ કે ઉલ્લાસના બની રહ્યા છે, જે મોટા ભાગે ગીતો વડે વ્યક્ત થયા છે. આ ગીતોમાં શબ્દ, સંગીત અને નૃત્ય ભળ્યાં છે. જેના દ્વારા આદિવાસીઓએ પોતાના વિવિધ ભાવો આ ગીતોમાં ઠાલવ્યા છે. જે તે જાતિનું આદિવાસી સાહિત્ય એ જે તે જાતિના આદિવાસી સંસ્કૃતિનો આત્મા છે. એમાં જે તે જાતિની જીવનભાવના, ઊર્મિ અને શ્રદ્ધા સંકળાયેલી હોય છે. સામાજિક રીતિરિવાજોના સંદર્ભે તથા વિવિધ સામાજિક – ધાર્મિક રીતિરિવાજોના સંદર્ભે પોતાની લાગણી વ્યક્ત કરવા અથવા તો આરાધ્ય દેવને મનાવવા માટે વિવિધ વિધિવિધાનો તથા ગીતો પ્રાપ્ત થાય છે. તેમ જ એ સંદર્ભે લોકકથાઓ પણ પ્રાપ્ત થાય છે. આદિવાસી સાહિત્યમાં સાંસ્કૃતિક જીવનશૈલીના સંદર્ભે પણ સાહિત્ય પ્રાપ્ત થાય છે. આદિવાસી સાહિત્ય લોકજીવન સાથે તેની તમામ અવસ્થાઓમાં જન્મથી લઈને મૃત્યુ સુધી સતત જોડાયેલું રહે છે. બાળક માતાના પેટમાં હોય ત્યારથી તેના પર સંસ્કારોનું સિંચન થવા લાગે છે. સીમંતના પ્રસંગે ગવાતાં ગીતો, છઠ્ઠીના પ્રસંગે ગવાતાં ગીતો, નાનપણમાં બાળકને સુવડાવવા ગવાતાં ગીતો, રમત-ગમતનાં ગીતો, બાળપણનાં ઉખાણાં, નાનપણમાં બા-બાપુજી, દાદા અને અન્ય વડીલો દ્વારા મળતી વાર્તાઓ, વિવિધ તહેવારો નિમિત્તે ગવાતાં ગીતો, વિવિધ ઋતુગીતો, વાવણી, નીંદામણ સમયે ગવાતાં ગીતો, બોલચાલમાં ઉપયોગમાં લેવાતી વિવિધ કહેવતો, વિવિધ પ્રસંગે થતાં વિધિવિધાનો વગેરે સાહિત્યમાં લોકજીવન ધબકતું જોવા મળે છે.

મૌખિક સાહિત્ય આદિવાસી સાહિત્યનો મૂળ આધાર છે. આદિવાસી સાહિત્યની પરંપરાને મુખ્યત્વે ત્રણ ભાગમાં વિભાજિત કરી સમજવી પડે– ૧. આદિવાસી મૌખિક સાહિત્ય ૨. આદિવાસી ભાષાઓમાં લખાયેલા સાહિત્યની પરંપરા. ૩. સમકાલીન ગુજરાતીમાં લખાયેલું આદિવાસી સાહિત્ય.

## ૧. આદિવાસી લોકવિદ્યાનું સાહિત્ય :

આદિવાસી દર્શનનો મૂળ આધાર પરંપરાગત સાહિત્ય સાથે સંકળાયેલો છે. મૌખિક સાહિત્યનો ઇતિહાસ તો માનવ ઉત્પત્તિ સાથે સંકળાયેલો છે. માનવજીવનમાં શરીરનું ઘણું મહત્ત્વ છે. શરીર જ ન હોય તો આ બધા વાદવિવાદ અને સંશોધનો જ ન થયાં હોત. શરીર વગર બીજાના અસ્તિત્વની આપણે નોંધ લઈ શકીએ નહીં. શરીર હોય તો આત્મા હોય છે, તેની પ્રતીતિ થશે. આત્મા-પરમાત્માની વાત શરીર હશે તો આપણે કરી શકીશું. આથી આદિવાસીઓ શરીરને ઘણું મહત્ત્વનું અંગ માને છે. તેઓ એવું માને છે કે આ શરીરને સન્માન આપવું જોઈએ. આથી આદિવાસીઓમાં

જન્મ પ્રસંગની ઉજવણીના દિવસે – આવું મહત્ત્વનું અંગ ધરતી પર અવતર્યાનો આનંદ અને શરીરને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટેની શ્રદ્ધામાંથી વિવિધ વિધિવિધાનો જન્મે છે. આદિવાસીઓમાં ઊજવાતો લગ્ન પ્રસંગ એ પોતાના જેવો જ બીજો જીવ આ ધરતી પર આવે તે માટે આ પ્રસંગ ઊજવવામાં આવે છે. મૃત્યુ પ્રસંગની ઉજવણી આદિવાસીઓમાં આ દેહ જ્યાંથી આપણને મળ્યો છે, અને જેમાંથી મળ્યો છે, ત્યાં ફરીથી શણગારીને સોંપી દેવા માટે કરવામાં આવે છે.

## બાળકને સુવડાવવા ગવાતાં ગીતો :

આદિવાસી સમાજમાં બાળકને સુવડાવવા માટે હાલરડાં ગાવા જેટલો સમય માતા પાસે હોતો નથી. કેટલીક વાર તો બાળકને ઘોડિયું પણ નસીબમાં હોતું નથી. ત્યાં હાલરડાંનાં ગીત તો ક્યાંથી ઉદ્ભવે. ઘણી વાર બાળક એકલું માટીમાં આળોટતું હોય અને માતા કામ કરતી હોય એવું પણ બને છે. આદિવાસીઓમાં બાળકનો મોટા ભાગે મોટી બહેન, ફોઈ કે દાદા-દાદીના સાંનિધ્યમાં ઉછેર થાય છે. આથી મોટા ભાગે બાળકની બહેન કે ફોઈ દ્વારા તેને ગીત સંભળાવવામાં આવે છે. રડતા બાળકને છાના રાખવા માટે ગીત ગાવામાં આવે છે. હાલમાં તો આ પ્રકારનાં ગીતો ક્યાંય જોવા મળતાં નથી.

“તો બાહકો ગોયો બાજાર તો યાહકી ગોયી રગારી હુવી જાજો રા ભાયા”

(તારો પિતા ગયા છે બજાર અને તારી માતા રિસાઈને જતી રહે છે. માટે તું સૂઈ જજે ભાઈ)

## રમત-ગમતનાં ગીતો :

આદિવાસીમાં બાળકોને રમવાનો અવકાશ ઘણાં નાનાં હોય ત્યારે જ મળે છે. થોડાં મોટાં થતાં તે માતા-પિતાને કામમાં મદદ કરવા લાગી જાય છે. છતાં આ બાળકોને સોંપાયેલાં કામની સાથે પણ તેઓ પોતાની રમત રમતાં હોય છે. તેમાં મોટા ભાગે મોટાઓનું અનુકરણ હોય છે. દા.ત. લગ્ન પ્રસંગની નકલ કરતી રમતો, માતા-પિતાની નકલ કરતી રમતો, ગોવાળ અને ઢોરની રમત, સંતાકૂકડી, આંબલીપીંપળી, ગેડીદડો, ગિલ્લીદંડો વગેરે અનેક રમતો રમાતી હતી. આજે મોટા ભાગની રમતો રમાતી નથી. રમતની સાથે પોતાનાં આગવાં કેટલાંક ગીતો પણ તેઓ બનાવતાં હોય છે.

## સગાઈ ગીતો :

આદિવાસી સમુદાયમાં છોકરા-છોકરી ઉંમર લાયક થાય પછી જ લગ્ન થાય છે. છોકરી-છોકરો ઉંમર લાયક થાય એટલે માબાપ કે કુટુંબીજનો તેમના માટે યોગ્ય પાત્રની શોધ આરંભે છે. છોકરી-છોકરા માટે યોગ્ય પાત્ર મળી જતાં તેમનાં લગ્ન વિશેની વાત આગળ વધારવામાં આવે છે. છોકરી-છોકરા એકબીજાને પસંદ કરી લગ્નની સંમતિ આપતાં બંને પરિવાર છોકરી-છોકરાના સામાજિક સંબંધોને જોડવાની પ્રથમ કડી એટલે સગાઈની તૈયારી કરે છે. સગાઈ કરવાથી આદિવાસી સમુદાયમાં સામાજિક સંબંધો બંને સમાજમાં ગ્રાહ્ય બને છે. આ સગાઈ પ્રસંગને આદિવાસી સમુદાયમાં ગુલખાના, હગાઈ, પેન વગેરે શબ્દોથી પણ ઉલ્લેખાય છે. કેટલીક વાર આ પ્રસંગને ચાંદલો જવું, નાની સગાઈ, મોટી સગાઈ, સઈ હગાય વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે. સગાઈ કરવા છોકરા તરફથી છોકરીના ઘરે જાય છે. ત્યારે બંને પક્ષ સામસામે એકબીજાને કટાક્ષ કરતાં ગીતો ગાય છે. આ પ્રસંગમાં રજૂ થતાં ગીતોમાં મોટા ભાગે કન્યા તરફથી વિવિધ માંગણીઓ મૂકવામાં આવે છે. એ માંગણીઓમાં મોટા ભાગે કન્યા માટે પહેરવાનાં વસ્ત્રો, ઘરેણાં હોય છે. આવા પ્રસંગો હંમેશાં એક આનંદનો અવસર હોય છે. આથી આમાં રજૂ થતાં ગીતો પણ મોટા ભાગે આનંદ–પ્રમોદ કરવા માટે જ રજૂ થતાં હોય છે.

છોકરી જોઈ ગયા પછી છોકરાના કુટુંબીજનો છોકરીના કુટુંબીજનોને મનાવવા માટે કેટલાય

આંટા મારે છે. છોકરીવાળા છોકરાના કુટુંબને સમગ્ર તપાસ કર્યા પછી છોકરી આપે છે. આ સંદર્ભે છોકરી પક્ષની સ્ત્રીઓ ગાય છે

"હારી બેની  દેખીન વ વેવાણ
  પરમ દખા ખાતની વ વેવાણ
હારી બેની દેખીન વ રેખા
  હેરાફેરા માર ય વ રેખા
ખોબાઈતિ વાટ વ રેખા
  ગાડા ઈડી કઈ વ રેખા"

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૨૪)

## ગાંઠ સમયનાં ગીતો :

આદિવાસી સમુદાયમાં સગાઈ પછી મોટા ભાગે નવ દિવસ અથવા તો અમુક નક્કી કરેલા દિવસની ગાંઠ લેવામાં આવે છે. આ ગાંઠ શણની દોરીમાંથી બનાવવામાં આવે છે. પહેલાંના વડવાઓ તારીખ કે તિથિથી પરિચિત નહોતા, તે સમયે લગ્નનો દિવસ નક્કી કરવા માટે આ દોરીની ગાંઠનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેટલા દિવસ પછી લગ્ન કરવાનાં હોય તેટલા દિવસની ગાંઠ બે દોરીઓમાં વાળી બંને પક્ષને આપવામાં આવતી. જેમ દિવસો પસાર થતા  જાય તેમ દોરીમાંથી ગાંઠ છોડતા જાય. છેલ્લી ગાંઠના દિવસે લગ્નનો પ્રસંગ ઊજવાય છે. આદિવાસી સમુદાયમાં સગાઈ પછી તે જ દિવસથી લગ્ન ઉત્સવ શરૂ થઈ જાય છે. જેના ઘરે લગ્ન હોય તેના ઘરે રાત્રે ગામના બધા જ લોકો ભેગા થાય છે અને ગીત ગાય, નાચે છે. સાથે સાથે લગ્ન સંદર્ભની તૈયારીઓ પણ આ જ દિવસથી શરૂ થઈ જાય છે. લગ્નના આગલા દિવસોમાં થતું નાચણું લગ્ન પ્રસંગને એક આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આવા સમયે પંચમહાલ તરફના ભીલ આદિવાસી પુરુષો તેમના વીર પુરુષોને યાદ કરી ગીત ગાય છે. જેમ કે,

"તારી દુદોજી દામોજી ભાઈ રે ડામેરિયા
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું
તારી અલી કેરી ભાલડી મંગાડે રે ડામેરિયા
નૈ હટ્ટુ રે ભીયા નૈ હટ્ટું" (હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૧૦૫)

આદિવાસી સમુદાયમાં લગ્ન પહેલાંના દિવસો દરમિયાન દરરોજ રાત્રે નાચવામાં આવે છે. આ દિવસો દરમિયાન ગામના તથા આજુબાજુ ગામોના લોકો આવીને નાચે છે. નાચતાં નાચતાં સ્ત્રીપુરુષો વિવિધ પ્રકારનાં ગીતો લલકારી પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ નાચવાની ક્રિયા તેમના જીવનનાં દુઃખો અને થાકને ભુલાવવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સમયે ગવાતાં ગીતોમાં તેઓ પોતાની વિવિધ પ્રકારની લાગણીઓ વ્યક્ત કરે છે.

## માંડવાનાં ગીતો :

આદિવાસી સમુદાયમાં વર્તમાન સમયમાં વિવિધ રંગબેરંગી મંડપો લગ્ન પ્રસંગમાં જોવા મળે છે. પરંતુ પહેલાં માત્ર ઝાડનાં પાંદડાંઓથી છાંયડો કરેલા મંડપો જોવા મળતા હતા. તે મંડપોમાં સીમડો અને કાકડાની ઝાડની થાંભલીઓ અવશ્ય જોવા મળતી. આજે પણ આધુનિક મંડપમાં કાકડાની અને સીમડાની ડાળખી પ્રતીક સ્વરૂપે અવશ્ય મૂકવામાં આવે છે. પહેલાંના ઝાડના મંડપ પર મોટા ભાગે જાંબુડાના વૃક્ષનાં પાન નાંખી છાંયડો કરવામાં આવતો હતો. આ સમયે મંડપ માત્ર લીલા રંગનો બની રહેતો હતો. આથી આ પ્રકારના મંડપનું વર્ણન આદિવાસી સમુદાય પાસેથી મળી રહે છે. આ પ્રકારનાં ગીતોથી સામાજિક સંબંધો વધુ મજબૂત બને છે. આ ગીતથી આદિવાસી સમુદાય કેવા પ્રકારના સામાજિક સંબંધોથી રચાયેલો છે, તેનો નિર્દેશ અવશ્ય મળી રહે છે. લગ્નમાં નાચતી વખતે લગ્ન કરનાર કન્યાને પોતાની સખીઓ પોતાના જીવનનાં સંસ્મરણો યાદ કરાવે છે. એ સંસ્મરણોમાં તેમના જીવનનો ભવ્ય ભૂતકાળ પડેલો હોય છે. આ સંસ્મરણો તેમના સંબંધોને વધુ ને વધુ મજબૂત બનાવે છે.

આ પ્રકારના મંડપનું વર્ણન વસાવા સમુદાય પાસેથી મળી રહે છે –

"ઈ લીલો માડવ કેડા રસાવ્યો રા ભાયા
ઈ લીલો માડવ ભાયા રસાવ્યો રા ભાયા
ઈ લીલો માડવ બાહકે રસાવ્યો રા ભાયા"
(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૩૧)

આદિવાસી સમુદાયની કન્યા જ્યારે પરણે છે, ત્યારે તેની સખીઓ પોતાના ભૂતકાળનું સ્મરણ કરે છે. સાથે રમ્યા હોય તેવાં સ્થળો તેમ જ દરરોજના તેમના મિલનનાં સ્થળોનું સ્મરણ કરે છે. આદિવાસી સમુદાયની કન્યાઓ માટે કૂવો નસીબમાં નથી. આથી નદી સખીઓના મિલનનું મુખ્ય સ્થળ છે. કપડાં ધોવાં, નાહવા, વાસણ ધોવાં વગેરે કામો સખીઓનો નિત્યક્રમ છે. આ બધાં કામોમાં પણ દરેક સખીની પોતપોતાની જગ્યા નિશ્ચિત હોય છે. નદી પર નક્કી કરેલા પથ્થર પર જ પોતાનું કામ કરવું તે તેમનો સાહજિક નિયમ હોય છે. સખી મંડળમાંથી એક સખીનું લગ્ન થવાથી એક પથ્થર સૂનો પડ્યો છે. આ સૂનો પથ્થર જોઈ સખીઓ, માતા, મામી વગેરે રડે છે. તેનો નિર્દેશ કરતાં ગીતો ગવાય છે.

## નાવણિયાનાં ગીતો :

આદિવાસી સમુદાયના ચિત્તમાં જે પણ પ્રસંગોપાત્ત આવેગ જન્મે તેને ગીત – નૃત્ય અને સંગીતના માધ્યમ દ્વારા પ્રગટ કરે છે. લગ્ન નક્કી થાય ત્યારથી લઈને છેક લગ્નના દિવસ સુધી સંગીત સાથે નાચી-કૂદીને-ગાઈને આ પ્રસંગને નાનાં બાળકોથી લઈને વૃદ્ધો અને સ્ત્રીઓ પણ એમાં જોડાય છે. આવા પ્રસંગોમાં સૌ ઉંમર અને સ્ત્રી–પુરુષનો ભેદ ભૂલીને એકબીજાના ખભા પર હાથ મૂકીને કિકિયારી પાડતાં જઈને જીવનના સમગ્ર દુઃખને ભૂલીને નૃત્યમાં લીન થઈ જાય છે. લગ્નના નાચણામાં આજુબાજુનાં ગામના યુવાનો અને યુવતીઓ પણ જોડાય છે. આદિવાસી સમુદાયમાં કઠાલિયા આદિવાસી, આંબુડા આદિવાસી, દેહવાલિયા આદિવાસી, મેવાસી આદિવાસી અને માથાવાડિયા આદિવાસીમાં સામાન્ય રીતે વાજિંત્રોમાં થોડોઘણો ફેરફાર હોય છે. તો કેટલીક વાર નાચણાના ચાળામાં પણ થોડોઘણો ફેરફાર હોય છે. છતાં સ્ત્રીપુરુષો એકબીજાના ખભા પર હાથ નાંખી હારબંધ નાચવાની પ્રક્રિયા તમામ આદિવાસીઓમાં જોવા મળે છે. નાચણા સમયે ગવાતાં ગીતોમાં સ્ત્રીઓ પોતાનાં સ્મરણોને વાગોળે છે. તેમાં પ્રેમના, રમતના, ફળ ખાવા માટે જંગલમાં ગયા ત્યારના પ્રસંગો, ખેતીકામ કરતી વખતના પ્રસંગો વગેરે અનેક પ્રસંગોનો નિર્દેશ આ સમયનાં ગીતોમાંથી મળી રહે છે.

આ ગીતો દ્વારા આદિવાસી સમુદાયના લોકોની જીવનશૈલીનો નિર્દેશ મળે છે. આદિવાસી સમુદાયનાં છોકરા-છોકરીઓ લગ્ન કરે તે પહેલાં તેમના જીવનમાં અનેક યાદગાર પ્રસંગો બની ગયા હોય છે. લગ્ન પહેલાં છોકરા-છોકરીને એક પ્રકારની મુક્તતા હોય છે. પ્રકૃતિના ખોળે વિશાળ ક્ષેત્રમાં ઉછેર થતો હોવાથી તેમનું જીવન અનેક વિવિધતાઓથી ભરેલું હોય છે. આ સમયગાળા દરમિયાન યુવક-યુવતી વચ્ચે પ્રણય પણ થઈ જાય છે. પરંતુ માતા-પિતાને એ સંબંધો માન્ય ન હોય તે સંજોગોમાં યુવતી કેવી મૂંઝવણ અનુભવે છે, તેનું નિર્દેશ કરતું ગીત આદિવાસી સમુદાયના બધા જ આદિવાસીઓમાં ગવાય છે.

"મન આતો દિલવાલો દોસ્તી હારી,
લગ્ન કરાવે બેના.
બાપા ના પાડે દિલના રાખો,
સોરા હાતી લગ્ન કરાવે બેના.
મન આતો દિલવાલો દોસ્ત હારી... ..."
(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૩૬)

આદિવાસી વિસ્તારોમાં સ્કૂલ, સિનેમાગૃહ, બજાર વગેરે આવી ગયાં છે. તેના કારણે આદિવાસી સમુદાયના જીવનના કેટલાક પ્રસંગો વન, નદી, ખેતર વગેરેની જગ્યાએ ઉપરોક્ત સ્થળોએ પણ બનવા લાગ્યા છે. આથી વર્તમાન ગીતોમાં આ પ્રકારનાં સ્થળોનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

આદિવાસી સમુદાયની સ્ત્રીઓ વર્તમાનને જોડીને ગીતો રચી શકે છે. આથી આપણે એમ કહી શકીએ કે આદિવાસી સમુદાયની સ્ત્રીઓમાં ભારોભાર સર્જનાત્મકતા પડી છે. આ પ્રકારનાં ગીતો પણ આદિવાસી સમુદાયમાં મળી રહે છે.

આદિવાસી સમુદાયની નવી પેઢી આ બધાં સ્થળો સાથે સંકળાયેલી પેઢી છે. આથી જીવનના કેટલાક અંશો આ સ્થળ સાથે પણ સંકળાયેલા છે. આ બધાં સ્થળોના વર્ણનથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આ સમુદાયની છોકરીઓનું સખીપણું ગહન હોય છે. દરેક સખી એકબીજાના અંગત જીવનથી પરિચિત હોય છે.

આદિવાસી સમુદાય મોટા ભાગે જંગલ પ્રદેશમાં વસવાટ કરે છે. જંગલ પ્રદેશમાં અનેક ફળ થાય છે. બાળપણમાં સમયાંતરે વિવિધ ફળો મિત્રમંડળ સાથે ખાવાની પણ એક મજા હોય છે. આ વિસ્તારમાં રહેતાં દરેક બાળકને ફળ આપતાં વૃક્ષોનાં નામ, તેનું સ્થળ વગેરે સ્મરણમાં હોય છે. તે કયા સમયગાળામાં થાય છે, તેનું જ્ઞાન પણ તેને હોય છે. જંગલમાં જે પણ વસ્તુ ખાવા માટે જાય ત્યારે તેમાં સામુદાયિકતા હોય છે. એક-બે જણ ઝાડ પર ચડે અને બીજા નીચે વીણે. આ પ્રક્રિયા આખો દિવસ ચાલે છે. ઘરે જતી વખતે તમામ ફળો ભેગાં કરી સરખો ભાગ કરી વહેંચવામાં આવે છે. તેમાંથી પોતે ખાય અને ઘરે ભાઈ-બહેન માટે પણ લેતાં જાય છે. જે વર્ષે ઋતુ સારી હોય તે વર્ષે પુષ્કળ પ્રમાણમાં ફળ આવે છે. આ ફળ વૃક્ષ પર લટકતાં હોય ત્યારે એક પ્રકારનું સૌંદર્ય નિર્માણ કરે છે.

## પીઠી લગાડતી વખતનાં ગીતો :

લગ્ન પ્રસંગ કન્યા-વર તથા કુટુંબીજનો માટે એક આનંદનો પ્રસંગ હોય છે. ઘણા આદિવાસીઓમાં તેલ પણ ચઢાવવામાં આવે છે. આ વખતે પ્રદેશભેદે જુદાં જુદાં ગીતો ગવાય છે. આ પંચમહાલ પ્રદેશમાં ગવાતા ગીતના શબ્દો આ પ્રમાણે છે,

"અળદી માપેવડેસંભળાયા રે, અળદી મોર જેલાં
અળદી પૈસાની પાશેર રે, અળદી મોર જેલા."
(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૨૫૪)

લગ્ન પ્રસંગ કન્યા-વર તથા કુટુંબીજનો માટે એક આનંદનો પ્રસંગ હોય છે. પરંતુ એક કન્યા પીઠી લગાડ્યા પછી પણ પ્રસન્ન નથી, એનો મતલબ કે એ આ લગ્નથી રાજી નથી. એનું લગ્ન એના પ્રેમી સાથે ન થવાના કારણે એ નારાજ છે. એની આ નારાજગી એની સખીઓ સામે વ્યક્ત કરે છે. તેના ઉત્તરમાં સખીઓ જણાવે છે કે, હવે તો પાટલો પૂજાઈ ગયો છે. પીઠી પણ લગાડાઈ ગઈ છે. હવે વિચાર કરવાનો કોઈ અર્થ રહેતો નથી. આ ભાવને રજૂ કરતું ગીત વસાવા સમુદાયમાં જોવા મળે છે.

"પાટલો બી પૂજાય ગયો, અલદર બી લગડાય ગયો,
આહુન કા વિચાર બેની, આહુન કા વિચાર.
દોસ્તી પયરો મીલો આવય,
દુશ્મન સાલો નીચો આવય,
આહુન કા વિચાર બેની, આહુન કા વિચાર."
(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૦)

## જાન જાય ત્યારે ગવાતાં ગીતો :

આજે આદિવાસી સમુદાય સાધનસંપન્ન થઈ ગયો છે. આથી જાન બળદગાડામાં કે ચાલતા જતી હોય એવું દ્રશ્ય ક્યાંય જોવા મળતું નથી. મોટા ભાગે વાહનોમાં ફિલ્મગીતો વગાડતાં વગાડતાં જાન જાય છે. આથી રસ્તે બહેનો જવલ્લે જ ગીતો ગાય છે. જે સમયે આ બધી વ્યવસ્થા ન હતી તે સમયે આદિવાસી સમુદાયની જાન બળદગાડામાં કે ચાલતા જતી. ઘણી વાર ઘણે દૂર લગ્ન ગોઠવાતાં. આથી ઝડપથી રસ્તો કપાય અને થાક ન લાગે તે માટે ગીત ગાવામાં આવતાં હતાં. આદિવાસીઓની ભાષા, પહેરવેશ, તથા રીતિ–રિવાજોમાં થોડીઘણી ભિન્નતા જોવા મળે છે. આ

પેટા સમુદાયો મોટા ભાગે પોતપોતાના સમુદાયમાં જ લગ્ન કરે છે. છતાં સમુદાય બહાર પણ લગ્ન થયાના ઘણા દાખલા જોવા મળે છે. કેટલીક વાર એક સમુદાય બીજા સમુદાયને રમૂજ માટે ગીતમાં હલકો પણ ગણે છે. આદિવાસી સમુદાયના પેટા સમુદાયો ભૌગોલિક વિસ્તારથી વહેંચાયેલા છે. આથી એક સમુદાયમાંથી અન્ય સમુદાયમાં લગ્ન કરવામાં આવે તો બે પરિવાર વચ્ચેનું અંતર ઘણું વધી જાય છે. આથી બીજા સમુદાયમાં લગ્ન કરવાથી કન્યાએ પોતાના પિયર અને સાસરીમાં આવવા-જવા માટે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. તેનું વર્ણન ઘણાં ગીતોમાં જોવા મળે છે. આવા પ્રસંગે ટીખળ – મજાક થતી રહે છે. ભીલ સમુદાયનું આ એક ગીત જુઓ,

"હુડીયું મેલનું રેવાસી રે હુડીયું સાલવા ની દે
હુડીયું કઈના ભાઈનો હાળો રે, સાલવાની દે."

(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૧૨૧)

ઘણે દૂરથી આવેલી જાન જે તે ગામમાં પહોંચ્યા પછી, ઉતારો માગે છે. તે અંગેનું ગીત પણ પ્રાપ્ત થાય છે.

"તલ ન તાપામ વ તલ ન તાપામ,
આમી આલ્યા વ તલ ન તાપામ.
ઉતારા આપ વ ઉતારા આપ."

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૪)

ભર બપોરે તડકામાં આવ્યા હોવાથી એમને સારા છાંયડાવાળી જગ્યામાં ઉતારો આપવાની માગણી કરે છે. આ સમયે કન્યાપક્ષના લોકો જાનની વધામણી કરવા જાય છે. તે સમયે કન્યાપક્ષની સ્ત્રીઓ મોડા આવ્યા અંગે ગીતો ગાઈ ઉશ્કેરે છે. તો સામે છોકરાપક્ષના પણ સંભળાવે છે કે, અમે છોકરી લેવા આવ્યા છીએ, છોકરી લઈને જઈશું.

"નેયા આલ્યા નેયા વગરની જાજી ભાયા."

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૪)

**કન્યાવિદાય વખતનાં ગીતો :**

પોતાની સખીને વિદાય વખતે છેલ્લી વાર મળવા માટે વિવિધ સ્થળોનો નિર્દેશ કરે છે.

"આંબા વાલ ખેલ ઉબી રજ વ બેના,
તો મેરાલી યાહકી મીલી આવય વ બેના."

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૫)

પોતાની સખીને વિદાય વખતે છેલ્લી વાર મળવા માટે વિવિધ સ્થળોનો નિર્દેશ કરે છે. આ પ્રકારનાં ગીતો સાંભળી કન્યા રડવા લાગે છે. આથી સખીઓ તેને આશ્વાસન આપતાં કહે છે,

"દૂરના છેટોવા બેની રડતી નખુ વા બેના.
પાવો મેરાલો બેના હાદો આવે વા બેના.
દૂરના છેટોવા બેની રડતી... ..."

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૫)

**વિવિધ તહેવારોનાં ગીતો :**

આદિવાસી સમુદાયના બધા જ પ્રદેશમાં હોળીનો તહેવાર ધામધૂમથી ઊજવવામાં આવે છે. વર્ષના બધા જ તહેવારો કરતાં આદિવાસી સમુદાય હોળીને સૌથી મોટો તહેવાર માને છે. અને સૌથી લાંબો ચાલતો તહેવાર પણ હોળી છે. હોળીના એકાદ માસ અગાઉથી આ તહેવાર શરૂ થઈ જાય છે. ગામનાં બાળકો હોળીમાં બાળવા છાણાં અને લાકડાં જંગલમાંથી લાવી ભેગા કરે છે. હોળીના નવ દિવસ અગાઉ ગામની બહેનો ગામમાં ઘરે ઘરે ફરી હોળીનાં ગીતો ગાય છે. તેની પાછળ બાળકોની ટોળકી ફરે છે. તેઓ ટીખળવૃત્તિનાં ગીતો ગાય છે. આ રીતે એક પ્રકારનો આનંદ મેળવે છે. ત્યાર બાદ રાત્રી દરમિયાન મોડે સુધી આટાપાટાની રમત ચાલે છે. હોળી પછી પણ આ તહેવાર પાંચ દિવસ સુધી ચાલે છે. જેમાં જુદાં જુદાં ગામોમાં ફરી-નાચી ફાગ ઊઘરાવે છે. આથી હોળીનો તહેવાર આદિવાસી સમુદાયમાં ઘણો અગત્યનો છે. આદિવાસી સમુદાયમાં હોળીને લગતાં ગીતો મોટા ભાગે એકસરખાં છે.

ઉત્તર ગુજરાતમાં હોળી ગીતોમાં હોળીના આગમનની આ રીતે નોંધ લેવામાં આવે છે. જેમ કે,

'ઓળી માતા મેંગરાંહા ઊતરો રે
માથે મેલો ઝાલરિયો ટોપ રે
વરલે વાહેલી ઓળી પરુમણી... ...'
(બળવંત જાની, ૨૦૦૪-૫૨૬)

"હાહરો સોહર ગેઠતાં રે, એણ્દુરે લુલીયા...
હાહરો સોહર ગેઠતા રે... ...
હાહરાનો ગેઠિયો નેં પેરું રે, એણેદુરે લુલીયા...
હાહરાનો ગેઠિયો નેં પેરું રે..."
(વીરચંદ પંચાલ, ૨૦૦૫-૫૭)

હોળીના બીજા દિવસને ધુળેટી તરીકે ઊજવવામાં આવે છે. પહેલાં કેસૂડાંનાં ફૂલોના રંગથી ધુળેટી રમાતી. હાલમાં તો વિવિધ રંગોએ સ્થાન લીધું છે. આદિવાસી સમુદાયમાંથી ગેર માટે ગોસાંઈ સાથે ગામનું એક જૂથ તૈયાર થાય છે. આ જૂથ ધુળેટીના દિવસે ગામમાં જ ગેર ફરે છે. ધુળેટીના બીજા દિવસથી પાંચમ સુધી આજુબાજુનાં જુદાં જુદાં ગામમાં ગેર ફરી ફાગ ઊઘરાવે છે. આ ગેર સમયનું ગીત આદિવાસી સમુદાય કઠાલિયા વસાવામાં જોવા મળે છે,

"આગળી ઠેલાં ઠેલ ફાસળી ઠેલા ઠેલ,
આયાંમ ખતો નાસય વા બૈદવાલી ખાસળો
લેરાતો જાય.
ખોયેમ કોપરય ન ઓલીવાલી આલી બૈદરાવાલી
બાલી
ગેરિયો કુકેલો સે."
(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૪૮૩)

વસાવા સમુદાયમાં આંબુડા, મેવાસી, માથવાડિયા, દેહવાલિયા વસાવામાં હોળીને લગતાં ગીતો મોટા ભાગે એકસરખાં છે.

"ઓલીબાય બાર મોઈના વા,
ઓલીબાય આજ આલી વા.
ઓલીબાય આળ્યા વાટ્યા વા,
ઓલીબાય નેતી આલી વા.
ઓલીબાય નેતી આલી વા,
ઓલીબાય નેતી જાજ વા.
ઓલીબાય ગુલ ખજુરે,
ઓલીબાય નેતી આલી વા."
(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૪૫)

આંબુડા વસાવામાં આ રીતે હોળી પ્રત્યેનો ભાવ પ્રગટ થયો છે,

"ઓલી બોલી ગોયીને પોયરા રિયા ચોરી
બાર મઈલા વા ઓલીબાઈ રમજો,
જીવ્યા વા દેખી વો ઓલીબાઈ રમજો,
મોયા વા ગયા વો ઓલીબાઈ રમજો."
(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૪૯૨)

ઘણી વાર આ જૂથ એક ગામથી બીજે ગામ કરતાં કરતાં ઘણે દૂર સુધી નીકળી જાય છે. હાલમાં ગામડાં કરતાં નજીકના શહેરમાં વિશેષ કરીને ગેર ઉઘરાવવામાં આવે છે. આજે તો ગેરની સંખ્યા પણ ઘણી ઓછી થઈ ગઈ છે. આ ગેરૈયા ગેર વખતે વિવિધ પ્રકારનાં ગીત રજૂ કરે છે.

ઉત્તર ગુજરાતમાં સોખલા ગરાસિયામાં દિવાળીનાં ગીતો પણ ગવાય છે. જેમ કે,

"વેનેમાંયે ડેંમાણો વાવીઓ રે નાઁનું ઝેંરમેરિયું રે...
ખાડો ખોદેન વાવીઓ રે નાઁનું ઝેંરમેરિયું રે...."
(નવજી ડાભી, ૨૦૦૫-૩૬)

### માછલાં મારવા જતી વખતનાં ગીતો :

આદિવાસી માટે વાપરવામાં આવેલી સંજ્ઞાઓમાંથી કેટલીક સંજ્ઞાઓનો અર્થ માછીમાર કે માછલાં પકડનાર પણ થાય છે. આદિવાસી સમુદાય એ આદિવાસીનો પેટા સમુદાય છે. માછલી મોટા ભાગે વ્યવસાય કરતાં પણ ખોરાકનો ભાગ રહી છે. આથી વ્યવસાયના ભાગરૂપે નહીં પરંતુ ખોરાકના ભાગરૂપે અવારનવાર માછલાં પકડવા

જવાનું બને છે. આદિવાસી સમુદાયની માછલાં પકડવાની પ્રવૃત્તિ પણ મોટા ભાગે સામૂહિક થાય છે. કોઈ પણ કાર્ય સામૂહિક રીતે કરવામાં આવે ત્યારે તેનો આનંદ બેવડાય છે. સામૂહિક રીતે કરવામાં આવતું કાર્ય એ કાર્ય ન રહેતાં એક ઉત્સવ બની રહે છે. આવા સામૂહિક આનંદને વ્યક્ત કરવા આદિવાસી સમુદાયની સ્ત્રીઓ ગીત લલકારે છે.

## વિવિધ ઉત્સવો અને દેવનાં ગીત -

દેહવાલી આદિવાસી સમુદાયમાં આકસ્મિક મૃત્યુ પામનાર વ્યક્તિની સ્મૃતિમાં લાકડાનો માણસ આકારનો થંભ રોપવાની પરંપરા રહી છે. તેને ખાંભદેવ તરીકે ઓળખવામાં આવે છે. આ ખાંભદેવની સ્થાપના કરવા મેળો ભરાય છે. જેમાં ખાંભદેવની પૂજા કરી સ્થાપના કરવામાં આવે છે. જે જગ્યાએ સ્થાપના કરવાની હોય તે જગ્યાએ ખાંભદેવને લાવવામાં આવે છે. ત્યાં તેની પૂજન-વિધિ કરી સ્થાપના કરવામાં આવે છે. તે સમયે ગીત ગાવામાં આવે છે. જેમ કે,

'દેવીઆંનો આગેવાણ રે, ગુણકો રીહાણો રે...
રેટીલો પેટીલો રે, ગુણકો રીહાણો રે....'
(બલવંત જાની, ૨૦૦૪-૫૨૩)
તથા
'માતાજીનાં દેવરાં, હેંગ પેંમરાં ખાતા...
પાટવી પોપા તૂણો, હેંગ પેંમરા ખાતા....'
(બલવંત જાની, ૨૦૦૪-૫૨૩)
"ઝીણી ઝીણી વાવોરી ગોડાવજો રે બાવસી...
વાવોરી ગોડાવતાં કાંઈકણ કરજો રે બાવસી...."
(નવજી ડાભી, ૨૦૦૫-૧૦૨)

ખાંભદેવ અંગેના એક ગીતમાં મરનાર પ્રત્યેનો પ્રેમ અને સગાંવહાલાંની સ્થિતિનું વર્ણન આવે છે.

"જુગે તોરતી ખોલી ટાંકી
ખાબુલ્યા દેવ તું કાંહી આહી ?
જાત જોમાતે રોડતે ફિરે
ખાબુલ્યા દેવ તું કાંહી આહી ?
યાહકી બાહકો રોડતે ફિરે
ખાબુલ્યા દેવ તું કાંહી આહી ?
પાવૂહુ બોહી રોડતે ફિરે
ખાબુલ્યા દેવ તું કાંહી આહી ?"
(કનુભાઈ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૫૧)

આ ઉપરાંતના ગોરનાં ગીતો, વિવિધ મેળાનાં ગીતો, બડવાનાં ગીતો, વગેરે ગીતો જોવા મળે છે.

## કૃષિગીતો :

આદિવાસી સમુદાય કૃષિ સાથે સંકળાયેલો સમાજ છે. પોતાની પાસે જેટલી જમીન હોય તેટલી ખેડે અને બાકીનો સમય અન્ય ખેડૂતના ઘરે ખેતમજૂરી કરવા જાય છે. કેટલીક વાર ખેતીમાં એકબીજાને મદદ કરવા પણ જાય છે. ખેતીમાં નીંદણનું કામ ઘણું અઘરું છે. એકસાથે ચાર-પાંચ કલાક ઘૂંટણ વાળીને બેસીને નીંદવું ઘણું કપરું છે. જમીન ભીની ન હોય તો આ કામ વધુ કઠિન બને છે. આવા કપરા કામને હળવું કરવા માટે અને થાકને ભુલાવવા માટે આદિવાસી સમુદાયની સ્ત્રીઓ ગીત ગાય છે. નીંદામણ કરતી વખતે એક હાથે ઘાસ પકડી બીજા હાથે દાતરડી વડે ઠેસ મારવામાં આવે છે. આમ કરવાથી જમીનમાંથી ઘાસ બહાર આવી જાય છે.

ડાંગી ભાષામાં કૃષિભાવને રજૂ કરતું સુંદર ગીત મળે છે. જેમાં ખૂબ પાણી વરસજે, જમીન કાદવવાળી થઈ જશે, પછી અમે ખેતરમાં ઘઉં નાખીશું. એવો ભાવ વ્યક્ત કરે છે.

"પાની કા વરસીલ, ગારુની પાની પાની ગ,
ગહું કા પીરુ વ, રસાળ જમીનમાય વ,
ગહું કા વારવુ વ, સુરયે તાપ ખાલી વ,
પાની કા વરસીલ ગારુંની પાની પાની ગ."
(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૪૯૨)

ખેતીમાં સ્ત્રીઓ નીંદામણ, વાવણી, રોપણી, કાપણી વગેરે કામમાં જોતરાય છે. બીજાં બધાં કામોમાં પણ સ્ત્રી ક્યાંક ને ક્યાંક કોઈક રીતે

જોડાયેલી હોય છે. ખેતીમાં પુરુષ કરતાં પણ વિશેષ પ્રાધાન્ય સ્ત્રીનું હોય છે. બિયારણ આખું વર્ષ સાચવવું, ઓરતી વખતે તેની સફાઈ કરવી, ખેતરમાં કામ કરતા લોકોને રસોઈ પહોંચાડવી, ઓરણ કરવું વગેરે કામો તે પોતાનાં નિયમિત કામોની સાથે કરે છે. એક સ્ત્રીએ ઘરનાં કેટલાં બધાં કામો કરવાનાં હોય છે. તેમાં રસોઈ મોડી પહોંચે તો પતિ દ્વારા માર મારવામાં આવે છે. તેની વેદના સ્ત્રીઓ ખેતીકામ કરતી વખતે ગીત દ્વારા વ્યક્ત કરે છે.

બીજના વિકાસની સાથે ખેડૂતનો આનંદ પણ બેવડાતો જાય છે. બીમાંથી અંકુર નીકળવું, અંકુરમાંથી વેલો બનવો, વેલા પર ફૂલ લાગવાં, ફૂલની જગ્યાએ આર્યા (નાની તુંબડી) લાગવા, તુંબડીનું પાકવું અને છેલ્લે સુકાયા બાદ એ તુંબડી વડે પાણી કાઢી પીવાનો આનંદ પણ સામેલ થાય છે. આ બધા જ ભાવ ગીતમાં ઘૂંટાય છે. વરસાદ આવવાનો હોય તે સમયે ખેડૂત દંપતી સમયસર વાવણી કરવા ઉતાવળાં બને છે. પરંતુ પોતાના આરાધ્ય દેવનું સ્મરણ કર્યા વગર સારા કાર્યનો આરંભ કરી શકાય નહીં. વાવણી કરવાની ઉતાવળમાં ક્યાંક દેવને ભૂલી ન જવાય તે માટે ખેડૂતની પત્ની પતિને દેવની પૂજા કર્યા પછી જ વાવણી કરવાનું કહે છે. જેથી વરસાદ પણ સારો આવે અને પાક પણ સારો થાય. આ બધા જ ભાવ તેમનાં ગીતોમાં વ્યક્ત થાય છે. ખેતરમાં વાવણી વખતે હળ દ્વારા ચાસ પાડીને ઓરવામાં આવે છે. એકસરખા અંતરે સીધી રેખાના ચાસ કાઢવા એ ખેડૂતની આવડત પર નિર્ભર છે. જો ચાસ વાંકાચૂકા થાય તો એવા ખેડૂત હાંસીપાત્ર બને છે. આ ભાવ કૃષિગીતોમાં પણ જોવા મળે છે.

"ઓલુ ચાહા વાકા-ચુકારા
ઓલુ હાંકૂનારા
તો કુકરી ઢીલી ઢોચેરા
ઓલુ હાંકૂનારા
ઓલુ કુહૂ બુઢ્ઢો ભોટ્ટેરા
ઓલુ હાંકૂનારા."

(કનુભાઈ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૫૪)

આદિવાસી સમુદાયમાં પોતાનાં દરેક ખેતર ચોક્કસ નામથી ઓળખતા હોય છે. ખેતરની નજીક કોઈ જાણીતું સ્થળ આવ્યું હોય તે સ્થળનું નામ ખેતર સાથે જોડાય છે. આ ઉપરાંત વૃક્ષ, નદી, કોતર, કૂવો, ડુંગર વગેરે ખેતરની આસપાસ હોય તો તેનું નામ પણ ખેતર સાથે જોડાય છે. આથી તેમનાં કૃષિગીતોમાં પણ આવાં નામવાળાં ખેતરોનો ઉલ્લેખ આવે છે. આવાં ગીતોમાં કયા ખેતરમાં કોદરા , બંટી, મૉર, મકાઈ વગેરે વાવ્યાં છે, તેના ઉલ્લેખો પણ મળે છે. તેમ જ આ પાકને નુકસાન કરનારા રોજડા જેવાં પ્રાણીઓના પણ ઉલ્લેખો જોવા મળે છે.

આદિવાસી સમુદાયની મોટા ભાગની વસ્તી ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરે છે. ક્યાંક સપાટ મેદાનો છે તો જમીન પથરાળી છે. આથી આ પ્રદેશમાં વરસાદ વધુ પડે તો પણ થોડા સમયમાં જમીન કોરી થવા લાગે છે. આથી આ પ્રદેશમાં સતત વરસાદની આવશ્યકતા રહે છે. તેમાં પણ જો વરસાદ ન પડે તો આ વિસ્તારના ખેડૂતોની હાલત ગંભીર બની જાય છે. જમીન ઓછી હોવાના કારણે વર્ષ માંડ માંડ ચાલે એટલું આગલા વર્ષનું અનાજ પાક્યું હોય છે. તેમાંથી બિયારણ સાચવીને મૂકી રાખ્યું હોય છે. તે પણ વાવણીનો સમય થતાં ખેતરમાં નાંખી દીધું હોય છે. એ પછી બીજી વાર ઓરવા માટે તેમની પાસે બિયારણ હોતું નથી. ઘરમાં ખાવાનું અનાજ પણ નથી. બાળકોને જિવાડવું પણ અઘરું છે. આ સમયે વરસાદ પણ ન આવે, તો ખેડૂત શું કરી શકે ? તે સમયે ખેડૂત માત્ર વરસાદને પ્રાર્થના કે વિનંતી કરી શકે છે અથવા જીવવા માટે તેણે અન્ય રસ્તાઓ વિશે વિચાર કરવો પડે. આદિવાસી સમુદાયમાં આ ભાવને વ્યક્ત કરતાં ગીતો પણ પ્રાપ્ત થાય છે. લાંબા સમય સુધી વરસાદ ન પડે તો વરસાદને રીઝવવા માટે દેવ મનાવવામાં આવે છે. વરસાદને આવવા માટે વિવિધ પ્રલોભનો આપવામાં આવે છે. આવા સમયે સૌપ્રથમ કુળદેવી પાંડોરી માતાને વિનંતી

કરવામાં આવે છે. આ ભાવને વ્યક્ત કરનારાં ગીતો પણ પ્રાપ્ત થાય છે.

"પાંઈ બી નાહ પોળેતં વેર્યા
કાંહી નિગી જાહુંરા વેર્યા
બેને તીન પોયરે વેર્યા
સીડ્યા આંગે પાળુંરા વેર્યા
સીડ્યં નાંહા પાળેતં વેર્યા
દારાળામ ફૅંકી દેરા વેર્યા."

(કનુભાઈ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૫૫)

ખેતરમાં ઓરણી થઈ ગયા પછી વરસાદના આગમનથી સમગ્ર સૃષ્ટિ પર લીલોતરી ફરી વળે છે. બધાં જ ખેતરોમાં અનાજ ઊગી નીકળે છે. અનાજની સાથે સાથે ઘાસ પણ ખેતરમાં ઊગી નીકળે છે. આ ઘાસ ખેતરમાંથી કાઢવું જરૂરી છે, નહીં તો પાકને તે બરાબર થવા દેતું નથી. આ ઘાસ એકલા વ્યક્તિથી કાઢી શકાતું નથી આથી ઘાસ કાઢવા માટે મજૂર લેવા પડે છે. અથવા તો એકબીજાના સહકાર દ્વારા કાઢવું પડે છે. ટૂંકમાં સમૂહમાં ઘાસ કાઢવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે. મજૂરીએ જાય ત્યારે પહેલો સંઘર્ષ ખેડૂત સાથે થાય છે. ખેતરે આવતાં મોડું થાય એટલે ખેડૂતના કડવાં વેણ સાંભળવાં પડે છે. આવા સમયે મજૂરો પોતાની નારાજગી ગીત દ્વારા વ્યક્ત કરે છે.

સમયસર ભોજન અને પીવાનું પાણી ન આવવાને કારણે નીંદનારી અકળાય છે. તેથી તેઓ કહે છે, રાંધનારી કોઠીમાં કે ચૂલામાં પડી ગઈ છે કે શું, જે હજી સુધી આવતી નથી. પાન તોડનારીને વાઘે ઘેરી લાગે છે. પાણી ભરવા ગઈ છે, તેને દેડકે ઘેરી લાગે છે. અહીં નોંધવું જોઈએ કે આદિવાસી સમુદાયમાં મજૂરોને મોટા ભાગે સાગના પાનમાં ભોજન પીરસવામાં આવે છે. સાથે આ ગીતમાં વાઘનો પણ ઉલ્લેખ આવે છે. જેને આદિવાસી સમુદાય દેવ માને છે. પોતાના ઘરથી ખેતરો ઘણે દૂર હોય છે. આથી ઘણી વાર ઘરેથી ભોજન લઈને નીકળેલી સ્ત્રીના માર્ગમાં પરપુરુષ દ્વારા છેડતી કરવામાં આવે છે. તે સંદર્ભનાં ગીતો પણ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત માત્ર મજાક માટે અતિશયોક્તિવાળાં ગીતો, ખેતરમાં ઘાસ ઘણું વધી ગયું હોવાથી ખેડૂતને ઠપકો આપતાં ગીતો વગેરે ભાવો વ્યક્ત કરતાં ગીતો પણ પ્રાપ્ત થાય છે. આ રીતે ગીતોમાં રજૂ થતા વિવિધ સંદર્ભો આદિવાસી સમુદાયનો પરિવેશ પણ બનાવે છે.

વરસાદ પડતો હોય તેનો પણ એક આનંદ હોય છે. આમ તો આદિવાસી સમુદાય પ્રકૃતિના તમામ સ્વભાવને માણે છે. વરસાદ, તડકો, ઠંડી વગેરે દરેક ઋતુને માણ્યા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ રહેતો નથી. ખેતરમાં કામ કરતી વખતે અચાનક વરસાદ તૂટી પડે છે. વરસાદમાં પૂરેપૂરા ભીંજાઈ જવાના કારણે, ઠંડી લાગવા લાગી છે. આથી વરસાદમાં ભીંજાવાનો આનંદ લાંબો સમય ટકતો નથી. આવા સમયે આનંદને ટકાવી રાખવા તેઓ ગીતનો સહારો લે છે.

## પ્રસંગ ગીતો –

આદિવાસી વિસ્તારમાં ગુજરાતમાં ઘણા બંધો બન્યા છે. ગુજરાતમાં બંધોની સૌથી વધુ અસર આદિવાસીઓને થઈ છે. આ બંધોના કારણે શું શું ગુમાવ્યું છે, એ તો તેઓ જ જાણે છે. પોતાના વતનથી, જમીનથી જુદા થવું કેટલું કઠિન છે, તેનો અંદાજ તેમની પાસેથી પ્રાપ્ત થતાં ગીતોમાંથી થાય છે. ઉકાઈનો ડેમ બન્યા પછી સરકાર કોઈને જગ્યા આપશે નહીં, બધાએ ગામ ગામ માથા પર સામાન લઈને ભટકવું પડશે. ભીખ માંગવાનો વારો આવશે. કોઈ રોટલો પણ આપવાનું નથી. આ પ્રકારનો ભય એ વિસ્તારની પ્રજામાં હતો. ઉકાઈનો ડેમ બન્યા પછીની પરિસ્થિતિનો નિર્દેશ ગીતોમાં જોવા મળે છે.

ઉત્તર ગુજરાતના આદિવાસીઓમાં ખૂનખરાબાની ઘટનાઓથી જન્મેલાં પ્રસંગ–ગીતો પણ ઉત્સાહપૂર્વક ગવાય છે. જેમ કે –

"પોતાનો હેં આદમી લી ગેંવરી
આદમી લી ગેંવરી
એમ નોતો મૉણકો મારવો લી ગેંવરી."
(બલવંત જાની, ૨૦૦૪-૫૨૮)

આદિવાસી સમુદાય દ્વારા પ્રાપ્ત થતાં ગીતોમાંથી આદિવાસી સમુદાયના જીવનનું પ્રતિબિંબ પડે છે. આદિવાસી સમુદાયના રીતિ–રિવાજો, તેમની માન્યતાઓ, તેમનાં દેવી–દેવતાઓ, તેમના અંગત જીવનના પ્રસંગો, યુવક–યુવતીના પ્રણયના પ્રસંગો, વગેરે અનેક પાસાંનું દર્શન આ લોકગીતોમાં જોવા મળે છે.

એક ગીતમાં વીંછી કરડવાની ઘટનાનું પણ નિરૂપણ આવે છે.

"ઓટેળે પાક્યેરા દુસેમોને આપુહ બી જાજી
બાદા દુનિ ચાલ્યારા દુસેમોને આપુહ બી જાજી
ઓટેળે વીસુરા દુસમોને વાકેળ્યાંહાં ટોચી
આલા... લાલા લાલા રા... ... દુસમોને વાકેળ્યાંહાં ટોચી
જાલી-મૂલી હોદેરા દસમોને આકેળી બાંદે
આટેળાં બોનુંમેંરા દુસમોને આટેળે પાક્યે
આટેળાં બોનુંમેંરા... ... ..."
(કનુભાઈ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૬૨)

આદિવાસી વિસ્તારમાં અવારનવાર દુષ્કાળ પડ્યો છે તેવા સમયનો ચિતાર રજૂ કરતા વિવિધ વિસ્તારમાંથી ગીતો મળી આવે છે. પંચમહાલ વિસ્તારમાંથી દુષ્કાળમાં માણસોની શી દશા થાય છે તેનું વર્ણન જોવા મળે છે.

"ગાવડી લટી જાહે, ભાઈ લીમજી
ભેસ્યાં લટી જાહે, ભાઈ લીમજી
કોઠે ધાન ખૂંટયા, ભાઈ લીમજી
માનવી લટી જાહે, ભાઈ લીમજી."
(હસુ યાજ્ઞિક, ૨૦૦૧-૧૦૭)

આદિવાસી વિસ્તારમાં ગુજરાતમાં ઘણા બંધો બન્યા છે. ગુજરાતમાં બંધોની સૌથી વધુ અસર આદિવાસીઓને થઈ છે. આ બંધોના કારણે શું શું ગુમાવ્યું છે, એ તો તેઓ જ જાણે છે. પોતાના વતનથી, જમીનથી જુદા થવું કેટલું કઠિન છે, તેનો અંદાજ તેમની પાસેથી પ્રાપ્ત થતાં ગીતોમાંથી થાય છે.

"ઓકાયુવાલાંહ ઘોરણે બાંધ્ય
કેડાલે જાગો દે યા સરકાર
દુનિયા તા ડૂબી જાનારા
મુનકે બિડારી ગાંવ ગાંવ
કેડોનેય જાગો દે યા સરકાર
આથુમ ઠાલી ગાંવા-ગાંવ
કેડોનેય માંડો દે યા સરકાર
દુનિયા તો ડૂબી જાનારા."
(કનુભાઈ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૬૫)

આ ઉપરાંત ધાડપાડુઓનાં ગીત, આગેવાનોનાં ગીત પણ અવારનવાર ગવાય છે. લડાઈનાં ગીતો ખાસ કરીને પંચમહાલના ભીલ આદિવાસીઓ પાસેથી વિશેષ મળે છે. આ ઉપરાંત ભીલોનાં વિવિધ પરગણાંનાં ગીત, ગાડીનું ગીત, તરબૂચનું ગીત, ટાંડાવાળાનું ગીત, મધ પાડવા વિશે, દુકાનમાંથી વસ્તુ ખરીદવા વિશે, આપેલા અનાજની ઉઘરાણીનાં ગીત, અંગ્રેજો વિશેનાં ગીત, સ્થાનિક રાજાઓનું શોષણ, વગેરે પ્રકારનાં ગીતો પણ જોવા મળે છે. આ ઉપરાંત પંચમહાલ ભીલોમાં ભક્તિગીતો પણ વિશેષ જોવા મળે છે.

## પ્રણય ગીતો

છેલિયા કે પ્રણય ગીતો એ આદિવાસી સમાજનું આગવું ગીત સ્વરૂપ છે. આ ગીતોમાં વિશેષ કરીને પ્રણયનો ભાવ વ્યક્ત થયેલો હોય છે. આ ગીતોમાં કેટલીક વાર લગ્ન પહેલાંના સંબંધોની વાત આવે છે. આ ગીતો સવાલ-જવાબના રૂપમાં પણ રજૂ થાય છે. આ ગીતોમાં યુવક-યુવતીનાં હૃદયનો તલસાટ અને તેનો મિજાજ પ્રગટ થયેલો હોય છે. ઉત્તર ગુજરાતના આદિવાસી પ્રણય ગીતમાં એકબીજાને વચન આપતાં કહે છે કે,

'માય પરણાવી દુરા દેસ, જળૂકો મેલી દેઝેલા;
એણ જળૂકેને જળૂકે પાસી આવુલા.'
(બળવંત જાની, ૨૦૦૪-૫૦૬)

આગળ તેઓ કહે છે,

'મેંરુહુ તે દિ માયા સોરહું લા ગોઠા.'
(બળવંત જાની, ૨૦૦૪-૫૦૩)

આ ગીતોમાં પ્રેમનો જાહેરમાં સ્વીકાર, લગ્નસંબંધના રિસામણાં, મનામણાં તેમ જ પ્રેમીઓની ભાગવાની યોજનાઓ વગેરે બાબતોનો નિર્દેશ જોવા મળે છે. છેલિયા કે પ્રણય ગીતોમાં શરમ-સંકોચ છોડીને બધું જ સાહજિક રજૂ થયેલું હોય છે. આ ગીતોમાં વિપ્રલંભ શૃંગાર તથા સંભોગ શૃંગારનું વર્ણન પણ જોવા મળે છે.

આદિવાસી સમુદાયમાં વિવિધ પ્રસંગોએ એક ગામમાંથી બીજા ગામમાં છોકરા–છોકરી નાચવા માટે જાય છે. છોકરા-છોકરીને મળવા માટે લગ્ન જેવા પ્રસંગો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લગ્નમાં યુવક-યુવતી એકબીજાના ખભા પર હાથ નાંખી નાચે છે. એક તરફ લગ્નનો માહોલ અને બીજી તરફ યુવાન હૃદય આથી યુવક-યુવતી એકબીજા તરફ આકર્ષાય છે. આકર્ષણની સાથે તેઓ એકબીજાને જાણવા ઉત્સુક બને છે. પ્રણય ગીતોના માધ્યમથી તેઓ નામ, ગામ વગેરે જાણવાનો પ્રયત્ન કરે છે. કેટલીક વાર પ્રશ્નના જવાબમાં પ્રશ્ન જ મળે છે. આથી કેટલાંક ગીતો માત્ર પ્રશ્નના જ બની રહે છે. આથી યુવક-યુવતીએ એકબીજાનાં નામ અને ગામ જાણ્યા વગર જ રહેવું પડે છે. એકબીજાથી અજાણ એવા યુવક-યુવતી અજાણતાં જ એકબીજાને પ્રેમ કરવા લાગે છે. આ પ્રેમ તે છૂપો રાખી શકતા નથી. આ પ્રેમને તેઓ ગીતો દ્વારા પ્રગટ કરે છે.

નાનપણથી એકબીજા સાથે જ રમતાં હોય એટલે સાહજિક રીતે જ એકબીજા તરફનો લગાવ રહે છે. સમજણાં થતાં એકબીજા વચ્ચે પ્રેમ પાંગરે છે. યુવાન થતાં સુધીમાં ઘણી ઘટનાઓ એવી બને છે કે તે તેમના પ્રેમને પોષે છે અને વધુ દ્રઢ બનાવે છે. પ્રેમ બરાબર દ્રઢ થયા પછી, તેઓ એવા નિર્ણય પર આવે છે કે, હવે સમાજ સ્વીકારે કે ન સ્વીકારે સાથે જીવવા મરવાનો નિર્ણય કરી લે છે. એકબીજા વચ્ચે પૂરેપૂરો વિશ્વાસ સંપાદિત થયાની ખાતરી થયા પછી જ તેઓ આખરી નિર્ણય લે છે.

"કોળા રોવે નીગી જાહું તા,
માગનેય જોડે વેર્યા
યાહકી કૂચે તાંહાં ગીયા
દેલ્યામ ખોજુ વેર્યા."
(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૬૨)

આ ગીતોમાં મોટા ભાગે સ્ત્રીપુરુષ એકબીજાની સામે પ્રસ્તાવ મૂકીને એકબીજાની શક્તિને માપે છે. જેમ કે રાજપીપળા વિસ્તારના કઠાલિયા વસાવાઓના છેલિયા ગીતમાં આ પ્રમાણે ભાવ વ્યક્ત થયો છે.

"પઈણો તો નાંદલિયો, પણિયો તો બાલની
પઈણો આદીરીયો વાછેરી ઓ કોમારી સીધો મારગડો."
(હસુ યાજ્ઞિક, ૨૦૧૧-૬૫)

ઘણી વાર યુવાન છોકરી પરણેલા પુરુષને તેની પરણેલીને છોડી મૂકવા પડકાર ફેંકે છે. તો સામે પુરુષ પણ તેને એક વાર પોતાના ઘરમાં આવી જવાનો પડકાર ફેંકે છે. ઘણી વાર પરણેલી સ્ત્રી પોતાના પરણેતરને પાંચસો રૂપિયા દંડ પેટે આપી દેવાની પણ વાત કરે છે. આ ગીતોમાં ક્યારેક સૌંદર્યનું વર્ણન પણ આવે છે. મુખને કેળા અને રાયણ સાથે સરખાવવામાં આવ્યું છે. પાતળી કમર અને ભરાવદાર સ્તનનું વર્ણન પણ આવે છે. આ ગીતોમાં કેટલીક વાર પુરુષ પરણેલો છે કે કુંવારો એવું પહેલાંથી પૂછી લેવામાં આવે છે. આ ગીતોમાં કેટલીક વાર દિનચર્યાનું વર્ણન હોય છે, તો સાથે પરંપરાનું  પણ વર્ણન આવે છે.

આદિવાસી સમુદાયનાં આ ગીતો તેમના માનસ અને જીવનને પ્રગટ કરે છે. આ ગીતો તેમના જીવન સાથે નિકટતાથી જોડાયેલાં છે. તે સામાજિક, સાંસ્કૃતિક તેમ જ વિવિધ તહેવાર કે ઉત્સવ પ્રસંગે ગવાય છે. મોટા ભાગનાં ગીતો સ્ત્રીઓ દ્વારા ગવાય છે. કેટલાક પ્રસંગોમાં પુરુષો પણ સ્ત્રીઓ સાથે જોડાય છે. તો કેટલાંક ગીતો માત્ર પુરુષો દ્વારા ગવાય છે. કેટલાંક ગીતો કિશોર-કિશોરીઓનાં છે, તો કેટલાંક યુવાનોનાં ગીતો છે, તો કેટલાંક ગીતો શ્રમિકોનાં પણ છે. લોકવિદ્યાના તમામ પ્રકારોમાં ગીતનું મહત્ત્વ અનેકગણું છે. કારણ કે તેમાં શબ્દ, સંગીત અને નૃત્ય ભળેલાં છે. તેથી ગીત હૃદયને વશ કરવાનું વિશેષ સામર્થ્ય ધરાવે છે. જ્યારે જ્યારે માણસ હૃદયના પ્રબળ ભાવાવેગથી અત્યંત હર્ષ અથવા શોક અનુભવે છે, ત્યારે તેના હૃદયમાંથી ગીતની લહરીઓ અંકિત થઈ ઊઠે છે. આદિવાસી ગીત સામાન્ય રીતે સામૂહિક ચેતના દ્વારા ઉદ્‌ભવે છે. આથી શ્રમ કરતી વખતે, રમત રમતી વખતે, વિવિધ પર્વો વખતે, લગ્ન અને મરણ જેવા પ્રસંગો પણ ગીતમાં વણાઈ ગયા છે. આદિવાસી ગીતોમાં આંતરભાવોનું વાસ્તવિક નિરૂપણ થાય છે. પંડિત રામનરેશ ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, "જેમની વાણીમાં બુદ્ધિ નહીં હૃદય છે, જેમના વિનયમાં છલ નહીં પણ પશ્ચાત્તાપ છે, જેમની મૈત્રીના ફૂલમાં સ્વાર્થનો કીડો નહીં પણ પ્રેમનો પરિમલ છે, જેમના માનવ જગતમાં આનંદ અને શોક છે, પ્રેમ ને કરુણા છે, ત્યાગ, ક્ષમા અને વિશ્વાસ છે, એવાં ગ્રામીણ સ્ત્રી–પુરુષોની વચ્ચે હૃદય નામના આસન પર બેસી પ્રકૃતિ ગાન કરે છે. પ્રકૃતિનું આ ગાન જ લોકગીત બની જાય છે. વેદની જેમ તે પણ અપૌરુષીય છે." આ વિધાન આદિવાસી ગીતોને વિશેષ લાગુ પડે છે.

આદિવાસીનાં તમામ સાહિત્યના કોઈ કર્તા નથી. આથી આદિવાસી ગીતોનું અસ્તિત્વ અસંખ્ય કંઠ પર નિર્ભર રહ્યું છે. આ આદિવાસી ગીતે અનેક પરંપરા અખંડિત રાખી છે. આદિવાસી સમુદાય પાસેથી પણ પોતાની પરંપરા અખંડિત રાખનારાં એવાં અનેક ગીતો પ્રાપ્ત થાય છે.

આદિવાસી સમુદાયમાં પ્રદેશભેદે રાગ બદલાય છે, લહેકા બદલાય છે, પરંતુ પાત્રો અને વિષયવસ્તુ બદલાતાં નથી. મૂળ કથાઘટક પણ બદલાતું નથી. આદિવાસી સમુદાયમાં કેટલાંક ગીતો સામાજિક જીવનશૈલીના કારણે અસ્તિત્વમાં આવ્યાં છે, તો કેટલાંક ગીતો ધાર્મિક જીવનશૈલીના કારણે અસ્તિત્વમાં આવ્યાં છે. કેટલાંક ગીતો પ્રકૃતિના ચક્રના કારણે તેમના જીવન પર થતી વિવિધ અસરોમાંથી ઉદ્‌ભવ્યાં છે. કેટલાંક ગીતો યૌવનની મસ્તીને પ્રગટ કરતાં મળે છે.

## આદિવાસી સમુદાયની વાર્તા

પ્રાચીન દંતકથાઓ માટે અંગ્રેજીમાં મિથ શબ્દ વાપરવામાં આવે છે. કેટલાક લોકકથા અને મિથને અલગ અલગ માને છે. ડૉ. નગેન્દ્રના જણાવ્યા અનુસાર, "મિથનો અંત દુઃખદ હોય છે. મૃત્યુ ઉપરાંત જ મિથનો દેવરૂપ નાયક અમરત્વને તથા અન્ય પાત્ર દેવરૂપને પ્રાપ્ત કરે છે. એનાથી ઊલટું લોકકથાનો અંત સુખદ હોય છે. કારણ કે, એનો મૂળ ઉદ્દેશ મનોરંજનનો હોય છે." (ધ્વનિલ પારેખ, ૨૦૦૭-૫૨) લોકકથાઓનો ઉદ્દેશ મનોરંજન છે, એ બાબત આદિવાસી કથાઓને લાગુ પડતી નથી. કારણ કે આદિવાસી કથાઓ માત્ર અને માત્ર મનોરંજન માટે જ કહેવાતી નથી. આથી મિથ અને આદિવાસી કથાને જે રીતે મૂલવવામાં આવ્યાં છે, તે રીતે આદિવાસી પ્રાચીન દંતકથાઓને મૂલવી શકાશે નહીં. આ પ્રાચીન દંતકથાઓ કેટલીક પવિત્ર બાબતો સાથે સંકળાયેલી છે. આ કથાઓ ભૂતકાળની કેટલીક વિશિષ્ટતાઓ દર્શાવે છે. આ વાર્તાઓમાં કોઈ વિશિષ્ટ વ્યક્તિ અને તેની સાથે સંકળાયેલા

આજુબાજુના જીવન વિશેનું વર્ણન હોય છે. આ પ્રકારની દંતકથાઓ જે સમુદાયમાં કહેવાતી હોય, તે સમુદાયના ઉદ્‌ભવ વિશેની માહિતી મળી રહે છે. આથી આદિવાસીઓમાં આ પ્રકારની કથાઓ શ્રદ્ધાની સાથે જીવન માર્ગદર્શન માટે પણ ઘણી ઉપયોગી બને છે. એટલું ચોક્કસ છે કે આદિવાસી કથાઓમાં પણ ચમત્કારનું તત્ત્વ ભારોભાર ભરેલું છે. એ ચમત્કારો મનોરંજન માટે નથી. એ ચમત્કારો આદર્શ સમાજ નિર્માણ માટેના છે. આ કથાઓમાં જે તે સમાજના જ પૂર્વજોની વાત હોય છે. આથી આ પ્રકારની વાર્તાઓમાં જે તે સમાજના મનુષ્યના વ્યવહારો વિશેની વાત આવે છે. આ કથાઓ દ્વારા જે તે આદિવાસી સમુદાયનું પરંપરાગત પ્રાકૃતિક જોડાણ થતું રહે છે. દરેક આદિવાસી સમુદાયની માફક આદિવાસી સમુદાયની પણ પોતાની પ્રાચીન દંતકથાઓ છે.

આદિવાસી સમુદાયમાં વાર્તાઓ મોટા ભાગે વડવાઓ દ્વારા કહેવામાં આવે છે. આ વાર્તાઓને કેટલાક આદિવાસી સમુદાયમાં “ગાઈ” તરીકે ઓળખવામાં આવે છે. આ વાર્તાઓ ચોક્કસ પવિત્ર સ્થળે જ કહેવામાં આવે છે. આ વાર્તા કહેનાર એવું માને છે કે કોઈ તત્ત્વ દ્વારા તેનામાંથી આ પ્રકારની વાણી બહાર આવે છે. આથી તેમની વાર્તામાં તેમનાં દેવી-દેવતાઓ પણ આવે છે. આદિવાસી સમુદાયમાં આ પ્રકારની વાર્તાઓ ગાન સાથે કહેવામાં આવે છે. વાર્તા કહેનાર વાર્તાની શરૂઆત કરતાં પહેલાં દેવને યાદ કરે છે. દેવને અનાજ, ઈંડું, દારૂ અને મરઘી ચડાવી વાર્તાની શરૂઆત કરે છે. વાર્તા કહેવાની આ પ્રકારની પરંપરાને કારણે આદિવાસી સમુદાય વચ્ચે ગાઢ સંબંધો સ્થપાય છે. એકબીજાને પોતાની જ્ઞાતિ સાથે જોડી રાખવાનું કામ કરે છે. તેમ જ પોતાનાં દેવી–દેવતાઓ પ્રત્યે વિશ્વાસ સંપાદન થાય છે. આદિવાસી સમુદાય આ પ્રકારની વાર્તાઓને ખૂબ જ આદર આપે છે. આ પ્રકારની કથાઓ જ્યારે તેઓ સાંભળે છે, ત્યારે તેઓ પોતાને આ દુનિયાથી અલગ જ દુનિયાની વ્યક્તિ હોવાનું માને છે. આદિવાસી સમુદાયની ભગવાન અને આ સૃષ્ટિ વિશેની વિશિષ્ટ વિચારસરણી છે. વાર્તા દરેક સમાજનો એક દસ્તાવેજ હોય છે. આ પ્રકારની વાર્તાઓ જે તે સમાજના ઇતિહાસ અને સામાજિક જીવનશૈલીને પ્રગટ કરે છે.

સાગબારા તાલુકાના ચોપડવાવ ગામના વતની જાલુભાઈ દ્વારા કોઁણી ગાઁય, રોડે ડોહલી, ચોવદાચોકડી રાજા, રોંગલા ગોંડલા વગેરે વાર્તાઓ પ્રાપ્ત થાય છે. કથા કેવી રીતે આવે છે તે અંગે તેઓ જણાવે છે, “ગાઁઈ એ મોનુ ઇયાલી હાય. મોનુમ ઇયાલી આવનારી, તીહ્નેને આકરો ચોળનારો, તાહાઁ સોબ્દો ફૂટી નીંગનારો, હાતી તો ચાલતો રેનારો. બીયાનાવાલં આવે રેહરેં જ એ સોબ્દો ગોલવાતાહો. ( કથા એ મનની સ્મૃતિ છે. મનમાં સ્મૃતિ ઊપડે, તેમાંથી આકાર બંધાવા માંડે, ત્યારે શબ્દ ફૂટી નીકળે, એટલે તે ચાલતો રહે. કથા કરવાનું બાનું આપવામાં આવે ત્યારથી જ શબ્દો ભેગા થવા લાગે)” (જિતેન્દ્ર વસાવા, આદિલોક, મે-જૂન, ૨૦૧૩-૧૪) કઠાલિયા આદિવાસીઓમાં મળતી દારૂની વાર્તા, જમરાઓને પીપળાના પોલાણમાં પૂરવાની વાત, યમરાજને પણ દારૂ પિવડાવવો વગેરે વાર્તાઓ આવે છે. આદિવાસી સમુદાય પરથી યાહ મોગી, રાજા પાંઠા, નિનાઈ માતા, બેનુ હેજા, દુનિયાનું સર્જન, બારમેઘ અને ધુતી વિજલ, કાળો કુણબી, પોહના પોઈરો, આલી દોધીલી વગેરે વાર્તાઓ પ્રાપ્ત થાય છે. ધરતી માતાના સંદર્ભે કોલડૂબ, જગબૂડ વાર્તાઓ પણ મળે છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતના આદિવાસીઓ પાસેથી ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત

'ગોપીચંદ-ભરથરીની વાર્તા', 'હંસદેવ, જગદેવ પરમાર', 'કોબારિયો અને દેવરા', 'રાઠોરની વારતા', 'તોળીરૉણીની વારતા', 'સતિયો ખાતુ અને હાલો હૂરો', 'રૂપારૉણીની વાર્તા', 'ખૂતાનો રાજવી અને દેવોલ ગુઝરણ', 'ઢોલા મારૂણી', 'હપિયાદે હોખલી', 'હોનલ હોટી', 'રોમ-સીતાની વાર્તા', 'ભીલોનું ભારથ' વગેરે. રાઠવા સમુદાય પાસેથી 'ખાવું હસવું ને રડવું' નામની વાર્તા, તડવી સમુદાય પાસેથી 'મા-દીકરો' જેવી અનેક પદ્યમાં વાર્તાઓ મળે છે. આ ઉપરાંત ચૌધરી, ગામીત તથા આદિવાસી આની સમુદાયમાં પણ વાર્તાઓ વિપુલ માત્રામાં જોવા મળે છે.

### ઉખાણાં /કહેવત/ રૂઢિપ્રયોગ:

આદિવાસી સમુદાયના લોકો નવરાશના સમયે કે કામ કરતી વખતે સરળતાથી સમય પસાર કરવા માટે એકબીજાના બુદ્ધિચાતુર્યને તપાસવા માટે ઉખાણાંનો સહારો લે છે. આ ઉખાણાં દ્વારા માત્ર બુદ્ધિચાતુર્ય જ પ્રગટ થતું નથી, એનાથી જે તે વ્યક્તિના જીવનમાં એક નવા જ્ઞાનનો ઉમેરો થાય છે. એ જ્ઞાનના ઉમેરણની સાથે જે તે વસ્તુ તેના જીવન સાથે જોડાય પણ છે. કેટલાંક ઉખાણાં માત્ર નાનાં બાળકો માટે જ હોય છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ તેની આસપાસ રહેલી તમામ ચીજવસ્તુઓને તે ઓળખવાનો અને જાણવાનો પ્રયત્ન કરે છે. તેના ઓળખના ભાગરૂપે જ્ઞાન પૂરું પાડવામાં ઉખાણાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રકારનાં ઉખાણાં બાળકને તેની આસપાસની પ્રકૃતિ અને સંસ્કૃતિની નજીક લઈ જાય છે.

### ઉખાણાં :

આંદારો ઉઠીન દરામ હાથ કાને તી કાય – **ડગનો**
સવારે ઊઠીને દરમાં હાથ નાખે તે શું ? – **અંગરખું**
આય આલી ને તે ગીયી તી કાય – **નજર**
આ આવી ને તે ગઈ તે શું ? – **નજર**
આયા બૂડીન તાં નીખે – **હુઈ**
અહીં ડૂબીને ત્યાં નીકળે – **સોય**
ઉચા ડોગા પો ઘઉઆ ચા – **નળિયા**
ઊંચા ડુંગર ઉપર ઘઉંના ચાસ – **નળિયા**
ઉચો માલા ને એઠો ઇંડે – **મોવે**
ઉપર માળો અને નીચે ઈંડા – **મહુડા**
ઍહે ને તેંહેન ફિરીન આલંકા ઉચી
ગાંડ કીન ઉબલંજ – **ગાડો**
આમ ફરે તેમ ફરે બાકીના
સમયે ઊંચી ગાંડ કરીને પડી રહે – **બળદગાડું**
એક ડોહા ખેતામ રાત દીહ કડ
બાંધીન પોડી રેહે – ઘાસનો પૂળો
એક ડોસો રાત દિવસ કેડ
બાંધીને પડ્યો રહે – **ઘાસનો પૂળો**
એક ડોહે બાયણામ ઉકડા – **કુઅની**
એક ડોશીના બારણામાં ઉકરડો – **કરચેલ**
એક દાદાઆ થુંબુંહી ડૂચો – **હુઈ**
એક દાદાના થડમાં કાણું – **સોય**
એક દાદાને નીંદ નાંય, એક
દાદાને મીંજ નાય – **માસો, કેલો**
એક દાદાને નીંદ નઈ ને એક
દાદાને બીજ નઈ – **માછલું/ કેળું**
એક દાદો ટાંગાય મોએ, એક
દાદો દાટાય મોએ તો કાય – **વેગો, કાંદો**
એક દાદો ટિંગાઈ મરે, એક
દાદો દટાઈ મરે તે શું ? – **રીંગણ, ડુંગળી**

### કહેવત :

**હોલ આના ગોઠ** – સોળ આનાની વાત
**અર્થ:** મહત્ત્વની વાત

**ખીલા જોરે વાછડો કૂદે** – ખીલાના જોરે વાછરડું કૂદે
**અર્થઃ** બીજાના બળ ઉપર લડાઈ કરવી

**ગોગે તીયા બોરે વેચાય** – બોલે તેના બોર વેચાય
**અર્થઃ** બોલે તેનું જ કામ થાય

**ગોરોજ સોરીન પાતારી મોઅથી**
– ગરજ સરીને અને ભોજનવાળી મરે
**અર્થઃ** કામ પત્યું એટલે બધું ભૂલી જવું

**ચારા આના ઓકુલ નાહા**
– ચાર આનાની અક્કલ નથી
**અર્થઃ** જરા પણ અક્કલ ન હોવી

**નાચા નાચવે તિયાલ કુગર્યા જોજવે**
– નાચવું ન હોય તેને ઘૂઘરી જોઈએ
**અર્થઃ** કામ ન કરવું હોય તે અનેક બહાનાં કાઢે

**ફીરે તો ચરે** – ફરે તે ચરે
**અર્થઃ** સતત પ્રવૃત્ત હોય તેને જ ફળ પ્રાપ્ત થાય છે.

**લેખલા તોતા ચૂકલા** - ભણેલા તેટલા ચૂકેલા
**અર્થઃ** જેટલો વધુ ભણેલો માણસ તેટલો જ વધુ અવગુણવાળો

**વાત કઅતા રાત જાય ને દેવ કઅતા દિહ જાય** – વાત કરતાં રાત જાય અને દેવ પૂજતાં દિવસ જાય
**અર્થઃ** ખોટો સમય વેડફવો

**કોઅમી ઉંદરે કુકે મોએ ને વટ વધાર**
– ઘરમાં ઉંદર ભૂખે મરે ને વટ વધાર
**અર્થઃ** ઘરમાં સંપત્તિ હોય નઈ ને બહાર ધનવાનનો દેખાવ કરે

**ગોઠી રખી ગોઠ નેય ને ગાંવા બોંબો ઉઠાવે**
– વાત જેવી વાત નઈ ને ગામ આખામાં હોબાળો મચાવે.

આદિવાસી સમુદાય પાસેથી પ્રાપ્ત થતી કહેવતો, રૂઢિપ્રયોગ અને ઉખાણાં અગાઉ બનેલા ચોટદાર બનાવો અને વાર્તાલાપોનો નિર્દેશ કરે છે. સમુદાયની સામાજિક પરિસ્થિતિ અને પ્રચલિત માન્યતાઓને પ્રગટ કરે છે. આમાં ઘણી વ્યક્તિઓનું ડહાપણ, સમયસૂચકતા દેખાય છે. અહીં લોક–અનુભવ, લોક–અવલોકન, અને લોક–ડહાપણ પણ સ્પષ્ટ થાય છે. આ કહેવત અને રૂઢિપ્રયોગો આદિવાસી સમુદાયના સંસ્કારોનું વહન કરે છે. અહીં આદિવાસી સમુદાયનું પ્રતિબિંબ પડે છે. સમાજ વ્યવસ્થાના પરિવર્તનમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## ૨. આદિવાસી ભાષાઓમાં લખાયેલા સાહિત્યની પરંપરા :

ગુજરાતમાં આદિવાસી ભાષામાં લખાયેલું સાહિત્ય બે પ્રકારનું જોવા મળે છે – ૧. ધાર્મિક સંસ્થાઓ, વિવિધ સંગઠનો અને બિનઆદિવાસી દ્વારા રચાયેલુ સાહિત્ય અને ૨. આદિવાસી સર્જકો દ્વારા રચાયેલું સાહિત્ય.

### ૧. ધાર્મિક સંસ્થાઓ, વિવિધ સંગઠનો દ્વારા રચાયેલું સાહિત્ય

આદિવાસી સંસ્કૃતિ એમની તળપદી અને કુદરતી સાહજિકતાથી મહેકતી રહે છે. પોતાની જાત સાથે, જાતિ સાથે અને પ્રકૃતિ સાથે એકસૂરમાં–એકતાલમાં ધબકતી એમની સંસ્કૃતિમાં એક ચોક્કસ પ્રકારનો પ્રાકૃત લય ધબકે છે. પરંતુ આ જ આદિવાસીઓ મુખ્યધારાની જીવનશૈલી સામે હારી થાકીને રહેણીકરણી છોડી રહ્યા છે. આથી આદિવાસી સમુદાયની કેટલીક યુવતીઓએ પોતાના સમુદાયનાં બાળકોને સંસ્કૃતિનો પરિચય થાય એ હેતુથી કેટલાંક ગીતોની રચના કરી છે. આ ગીતોમાં આદિવાસી સમુદાયની સામાજિક અને ધાર્મિક સંસ્કૃતિનો પરિચય થાય છે. આ પ્રકારનાં ગીતો વિવિધ સંગઠનોએ બનાવ્યાં છે. એ પછી નર્મદા બચાઓ આંદોલન હોય કે જળ, જંગલ બચાઓ આંદોલન, શક્તિ ટ્રસ્ટ જેવાં અનેક સંગઠનોએ આ પ્રકારની રચનાઓ આપી છે. આ

પ્રકારનાં ગીતો તેમના હક્કો અને સંસ્કૃતિને બચાવવાના ખ્યાલથી રચાયેલાં ગીતો છે.

શક્તિ ટ્રસ્ટની બહેનો દ્વારા ગવાયેલાં ગીતોમાં આદિવાસી સંસ્કૃતિની ઝલક મળે છે. આદિવાસી સમુદાયનો જંગલ સાથે નાડ જેવો સંબંધ રહેલો છે. જંગલને તેઓ પોતે બાપદાદાની સંપત્તિ માને છે. આદિવાસી સમુદાય પ્રકૃતિનો આદર કરે છે. પ્રકૃતિના મોટા ભાગના તત્ત્વને તેઓ દેવ તરીકે પૂજે છે. જન્મથી લઈને મૃત્યુ સુધી પ્રકૃતિ તેમના જીવન સાથે એકતાંતણે વણાયેલી હોય છે. આ ગીતોમાં જંગલ આદિવાસી સમુદાયને કેવું ઉપયોગી બને છે, તેની આખી યાદી પ્રાપ્ત થાય છે. જંગલમાં મળતી તમામ વસ્તુઓ માનવ સમુદાયને ઉપયોગી બને છે. જંગલમાં સીધી રીતે ઉપયોગી ન લાગતી વસ્તુ પણ છેલ્લે આનંદ તો આપે જ છે. જંગલમાં ઝાડ, પાન, નદી, કોતરો મળે છે. જંગલમાંથી મળતાં ફળ, ફૂલ ખાઈને તેઓ રાજી થાય છે. જંગલમાંથી મળતી ઝાડી-મૂળી ખાઈને તેઓ પોતાનું દુઃખ દૂર કરે છે. જંગલમાં કેટલાંક જાનવરો પણ મળે છે. એ જાનવરોનાં અંગોમાંથી પણ દવા મળી રહે છે. ઉપરાંત આ જાનવરોને જોઈને એક પ્રકારનો આનંદ પણ પ્રાપ્ત થાય છે. જંગલમાં રંગબેરંગી પક્ષીઓ મળે છે. એ પક્ષીઓ જોઈને આનંદ પ્રાપ્ત થાય છે. આ ગીતોમાં રજૂ થયેલી વિગતોથી આદિવાસી સમુદાયની આસપાસ વીંટળાયેલી ભૌગોલિક સંપત્તિનો નિર્દેશ મળે છે.

જંગલ હોય તો જંગલમાં વિવિધ જીવજંતુઓ પણ રહે છે. આ ગીતમાં રજૂ થયેલાં જીવજંતુઓ આદિવાસી સમુદાયની આસપાસ રહેનારાં છે. આ જીવજંતુઓની આદિવાસી સમુદાયને ખાસ કુતૂહલતા રહેતી નથી. આ જીવજંતુઓને પણ માણસની હાજરીનો બહુ ફેર પડતો નથી. આદિવાસી સમુદાયની આસપાસ ચકલી, કાચીંડો, સાપ, પોપટ, કાગડો, મરઘાં વગેરે જીવજંતુઓ રહે છે. આ જીવજંતુઓ અંગે આદિવાસી સમુદાયમાં વિવિધ માન્યતાઓ પણ જોવા મળે છે. એ માન્યતાઓ કેટલીક વાર આદિવાસી સમુદાયને ઉપયોગી પણ બને છે. દા.ત. કાગડો ઘરના મોભ પર બેસીને બોલે તો કોઈ મહેમાન આવે છે. આ પ્રકારની માન્યતા આદિવાસી સમુદાયમાં જોવા મળે છે. આથી એમ કહી શકાય કે આ ગીતોમાં રજૂ થયેલાં જીવજંતુઓ આદિવાસી સમુદાયને ઉપયોગી બનનારાં છે.

આ ગીતોમાં રજૂ થયેલી સામગ્રી આદિવાસી સમુદાયના ખાનપાનને દર્શાવે છે. આ ગીતોમાં રજૂ થયેલી ખાનપાનની સામગ્રી આદિવાસી સમુદાયની પરંપરાગત સામગ્રી છે. આ ગીતોમાં દર્શાવેલા તમામ પાકો રાસાયણિક ખાતર વગરના પાકોમાંથી બનાવવામાં આવે છે. આ પાકોમાં પૌષ્ટિકતાનું પ્રમાણ પણ વધુ હોય છે. અહીં દર્શાવેલાં ધાન્યમાં રોગપ્રતિકારક શક્તિ પણ વધુ રહેલી છે. આ ગીતોમાં રજૂ થયેલાં ધાન્યો અને તેમાંથી બનતી વાનગીઓ એ આદિવાસી સમુદાયની સંસ્કૃતિનો એક ભાગ છે.

કેટલાક બિનઆદિવાસી લેખકો દ્વારા પણ આદિવાસી સાહિત્યનું સર્જન થયું છે. જેમણે ખાસ કરીને લાંબા સમય સુધી આદિવાસી અને આદિવાસી સાહિત્ય સાથે કામ કર્યું હોવાથી જે તે ભાષામાં તેમની પકડ હોવાથી આ પ્રકારનું સર્જન કરી શક્યા છે. આ પ્રકારના સર્જનને વેગ આપવામાં લખારા સામયિકનો મહત્ત્વનો ફાળો છે – આવા સર્જકોમાં ભગવાનદાસ પટેલ, ફાધર રેમન્ડ ચૌહાણ, સુભાષ ઈસાઈ.

### રોડાલી ગીતો :

આદિવાસી સમુદાયમાં લોકપ્રિય નાટ્યકલાને પોષતું સાહિત્ય સ્વરૂપ તે રોડાલી છે. ગુજરાતીના ભવાઈ સ્વરૂપને મળતું આવતું આ સ્વરૂપ છે. રોડાલી વર્ષોથી આદિવાસી સમુદાયની સંસ્કૃતિને પોષતું આવ્યું છે. આ સ્વરૂપે આદિવાસીમાં સંસ્કારો અને પરંપરાને ટકાવી રાખવા મહત્ત્વની ભૂમિકા

ભજવી છે. આ રોડાલીને કેટલાક વિસ્તારમાં સોગાડિયા તરીકે ઓળખવામાં આવે છે. રોડાલીમાં કથા આવે છે. એ કથા સામાજિક સમસ્યાઓની હોય છે. તથા પ્રેમને લગતી હોય છે. રોડાલીમાં આદિવાસી સમુદાયના જીવનનું પ્રતિબિંબ પડે છે. રોડાલીમાં નાટકની ભજવણી સાથે વચ્ચે ગીતો આવે છે. ક્યાંક ક્યાંક રમૂજી ટુચકાઓ પણ આવે છે. આ રોડાલીમાં આવતાં ગીતો વિશિષ્ટ લય, નૃત્ય અને સંગીત સાથે ગવાતાં હોવાના કારણે નવી આભા ઊભી કરે છે. આ પ્રકારની ખાસિયતોને કારણે રોડાલી આદિવાસી સમુદાયનું જ્ઞાન અને મનોરંજન મેળવવાનું મહત્ત્વનું સાધન બની ગયું છે. આ નાટ્યવેશ ભજવનારાં જુદાં જુદાં જૂથો આદિવાસીમાં જુદાં જુદાં નામથી ઓળખાય છે. આ રોડાલીમાં આ પ્રમાણે ગીતો ગવાય છે.

"આને ઊભી રે ઊભી રે અનીતા રંગાલીવા
આને વાટે મીલી તા જાત નિગી તુ જે મામા પોયરી
ઊભો રે ઊભો રે ગુલાબ રંગાલા રા
વાટે મિલ્યો તા જાત કાડી તું જે કુયુ પોયરો
આને ગોવારા નાટુમ ગોવારી આલીહી
ગોવારી ચાકરી કે હેવા કટર બિયર પાજે વા
ગોવારા નાટુમ ગોવારી આલી હી રા
ગોવારી ચાકરી કે હો ર કટર બિયર પાજે રા
આને એક એક સક કટર પીધી હી વા
બેન બેન સક બિયર પીધી હી વા
કટર બિયર પીને વા શીડી મેં સાકલી પડી વા
બેન બેન સક કટર પીધી હી રા
બેન બેન સક બિયર પીધી હી રા
કટર બિયર પીને વા શીડી મેં સકલી પડી રા
આને જવાની નાવ દીવાની હાયે વા
જવાની નિગી જાય વા કેઢોને ભાવ પૂછે વા
જવાની નાવ દીવાની હાયે રા
જવાની નિગી જાયે ર કેઢો ને ભાવ પૂછે રા
આના દિલમ દિલ દેનારી અનીતા વા
પુરતો દિલ દે જે વા અધુરો ધગો દિહો રા
દિલમ દિલ દેનારા ગુલાબે રા
પુરતો દિલ દે જે વા અધુરો ધગો દિહો રા
આના આગળી વાટીપ નજુર ટાકી હેવા
વળતી વાટીપ નજુર ટાકી હે વા
આગલી વાટીપ નજર ટાક મામો આવે હે વા
વીજા કાકા ધાક લાગે હે રા
વીજા કાકા ધાકે રા વલતી વાટે નાહુ રા
આના આગલા વાટીપ નજર ટાકી હે વા
વળતી વાટીપ નજર ટાકી
આગલા વાટીપ નજર ટાક ભિલ્યો મામો આવે હે વા
ભિલ્યો કાકા ધાક લાગે હે રા
ભિલ્યો કાકા ધાકે રા વલતી વાટે નાહુ રા."

(કનુ વસાવા, સંશો. : ૨૦૧૪-૧૮૩)

ઉપરોક્ત રોડાલી સીંગા સોગાડિયા પાર્ટીની છે. વસાવા સમુદાયમાં રોડાલી રજૂ કરનાર એકથી વધુ જૂથ છે. દરેક જૂથ પોતાની અલગ અલગ શૈલીના કારણે સમાજમાં સ્થાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. દરેક જૂથનાં પાત્રોનું નામ નાટક દરમિયાન અલગ હોય છે. આ રોડાલીમાં નાયક ગુલાબ દિલીપ છે. નાયિકા રોશની સપના છે. તેમ જ બીજાં અન્ય પાત્રો હોય છે. આ ગીતમાં મહેમાન તરીકે આવેલી મામાની છોકરીને ઉદ્દેશીને ગાવામાં આવ્યું છે. મહેમાન તરીકે આવેલી મામાની છોકરીની સેવામાં દારૂ પિવડાવે છે. દારૂ પીને મામાની છોકરી છાકટી બની ગઈ છે. નાયક નાયિકાને જવાની જતી રહે તે પહેલાં પ્રેમ કરી લેવાનું કહે છે. સાથે નાયક જણાવે પણ છે કે પ્રેમ કરવો હોય તો પૂરો કરજે દગો કરીશ નહીં. બન્ને પ્રેમી મળે છે પરંતુ તેમને કાકા અને મામાનો ભય લાગે છે. આ ગીતમાં નાયકના પ્રશ્નની સામે નાયિકા પણ એવા જ પ્રશ્નો કરે છે. અહીં એક વાત સ્મરણમાં રહે કે રોડાલીમાં નાયિકાની ભૂમિકા પણ પુરુષ જ ભજવે છે. રોડાલીમાં પ્રેમગીતો સિવાય દેવમોગરા માતાને લગતાં પણ ઘણાં ગીતો મળે છે.

આ ઉપરાંત મિશનરી સંસ્થાઓ સાથે આદિવાસીઓનું જોડાણ થયું તેની સાથે જ આદિવાસી ભાષાઓમાં લખાવાનું પણ શરૂ થયું. તેના કારણે ખ્રિસ્તી ધર્મની પ્રાર્થનાઓ, ભજનો, ભાવગીતો આદિવાસી ભાષામાં લખાવાની શરૂઆત થઈ. આ લખાણની શરૂઆત ખાસ કરીને પાદરીઓએ કરી. આ પ્રકારનાં ગીતો ઘણાં લખાયેલાં જોવા મળે છે. આ ઉપરાંત બાઇબલ પણ ઘણી આદિવાસી ભાષાઓમાં લખાયેલું જોવા મળે છે.

## ૨. આદિવાસી સર્જકો દ્વારા રચાયેલું સાંપ્રત સાહિત્ય

આદિવાસી લેખિત સાહિત્યની વિચારધારામાં આદિવાસી દર્શન મહત્ત્વનું અંગ છે. આદિવાસી સાહિત્યમાં પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ છે. પૂંજીવાદી અર્થતંત્રનો વિરોધ કરે છે. તે માને છે પ્રકૃતિએ બનાવેલી દરેક વસ્તુ સુંદર છે. કોઈ વસ્તુ અસુંદર નથી. બધી જ કલાઓ શ્રેષ્ઠ છે. કોઈ કલા ચડિયાતી કે ઊતરતી નથી. મનુષ્યમાત્ર શ્રેષ્ઠ નથી પરંતુ તમામ જીવ મહત્ત્વના છે, માટે પૃથ્વી બચાવવી જરૂરી છે. વ્યક્તિવાદને મહત્ત્વ નથી, સામૂહિકતાને સમર્થન આપે છે. વિદ્રોહ નહીં પણ સંવાદ અને સહજીવનની વાત આવે છે. હિંદુ મિથકોમાં વર્ણન પામેલા આદિવાસીઓની ખલનાયક તરીકે ઊભી કરેલ છબી પર પ્રશ્ન ઉઠાવે છે. આદિવાસીઓ સામે વર્તમાનમાં ઉપસ્થિત સમસ્યાઓને આપણી સામે ધરે છે. જેમ કે વિસ્થાપિતોની સમસ્યા, આર્થિક શોષણની સમસ્યા, બહારના લોકોની દખલગીરીથી ઉત્પન્ન થયેલી સમસ્યા, આદિવાસી સ્ત્રીઓની સમસ્યા, વગેરે.

આદિવાસી લેખનની ચેતનાનો આવિષ્કાર બહુમુખી, વ્યાપક અને યથાર્થપરક છે. તેમનું લેખન પ્રતિબદ્ધ છે. જેમનું લક્ષ્ય સમાજ અને માનવના કલ્યાણનું છે, જે લોકતાંત્રિક છે. અને સમાનતા, બરાબરી, ભાઈચારામાં વિશ્વાસ રાખે છે. હવે આદિવાસીઓએ કલમ પકડી છે. સમકાલીન આદિવાસી સાહિત્ય ખાસ કરીને, ચિનગારી, આદિવાસી સમાચાર, વહી, રીતિ, આદિલોક, એકલવ્યની પણછ, બોલ અને બાળકોનું બોલ, ચૌધરીદર્પણ, વગેરે સામયિકના માધ્યમ દ્વારા મળે છે.

આદિવાસીઓ નવી નવી વિચારધારાઓ અને કૃતિઓથી પરિચિત થયા છે. તેની સાથે પોતાની જૂની પરિસ્થિતિઓની તુલના કરવા લાગ્યા. આ તુલનાથી પોતાનું હોવું ન હોવું, પોતાના હક્કોના અસ્તિત્વની વર્તમાન સ્થિતિ, પોતાની સાથે થયેલા ભેદભાવ અને અન્યાયનો બોધ જાગ્રત થાય છે. એ બોધ સાહિત્યમાં દેખાઈ રહ્યો છે. પોતાનો ઇતિહાસ પોતાના જ મંત્રોમાં શોધી રહ્યા છે. એમની પાસે ગીતો-કથાઓ, વાર-ગાથાઓ, પર્વો-તહેવારો કે ગીતો અને અનુષ્ઠાનોની મહાન પરંપરા છે. જેમાં આદિવાસીઓનો જ નહીં પણ આખા પૃથ્વીનો ઇતિહાસ પડેલો છે. જ્ઞાનના મૂળસ્રોત વિશે શોધ કરવામાં આવે છે. તેમની કથાઓમાં સૃષ્ટિના સર્જનની ગાથાઓ ભરેલી છે. પ્રેમની અનેક કથાઓ, પ્રકૃતિના વિકાસની કથાઓ, એમનાં ગીતોમાં મળે છે. આદિવાસી લેખક પોતાના સમકાલીન જીવનના સત્ય પર/સમસ્યાઓ પર પ્રશ્ન કરી રહ્યો છે, જવાબ માંગે છે. સમાધાન પણ બતાવી રહ્યો છે. એટલા માટે આદિવાસી લેખન જીવનનું લેખન છે. આદિવાસી સાહિત્યમાં કલ્પના અને મનોરંજનની ઘટનાઓ નથી.

વર્ષો પહેલાં આર્યોએ હરાવીને એમને જંગલોમાં ધકેલી દીધા હતા. સામૂહિક જિંદગી જીવવાવાળા, પ્રકૃતિપ્રેમી, પ્રકૃતિ સાથે ચાલનારા અને સમૂહ સંપત્તિ ધારણ કરનારા, ભેદભાવ અને લિંગભેદથી તદ્દન અજાણ હતા. વર્ષો સુધી તેઓ જંગલોમાં ફળ, ફૂલ, કંદમૂળ ખાઈને જંગલોમાં

ફરતી ખેતી કરતા હતા. તેમણે સ્વાભિમાન સાથે પોતાની ભાષા, સંસ્કૃતિ અને જીવનશૈલીને જીવતી રાખી હતી. અંગ્રેજોએ તેમના પર હુમલો કર્યા પછી તેમણે આદિવાસી ભાષાઓને લિપિ આપી. એટલું જ નહીં ભણવા-લખવાનું શીખવ્યું. અંગ્રેજોએ એ પણ જોયું કે આદિવાસીઓ પાસે એમના સાહિત્યનો જથ્થો સુરક્ષિત રીતે સચવાયેલો પડેલો છે. એ સાહિત્યના માધ્યમથી આદિવાસીઓનો ઇતિહાસ પ્રાપ્ત થઈ શકે તેમ છે. જેનો અભાવ ભારતીય સંસ્કૃતિના સાહિત્યમાં છે. આથી અંગ્રેજોએ આદિવાસી સાહિત્યનું સંપાદનકાર્ય પણ કર્યું.

આદિવાસી લેખનની ચેતનાનો આવિષ્કાર બહુમુખી, વ્યાપક અને યથાર્થપરક છે. તેમનું લેખન પ્રતિબદ્ધ છે. તેમનું લક્ષ્ય સમાજ અને માનવ કલ્યાણનું છે, જે લોકતાંત્રિક છે. તે સમતા, બરાબરી, ભાઈચારામાં વિશ્વાસ રાખે છે. આદિવાસીઓની પોતાની જીવનયાત્રા દરમિયાન લિખિત સાહિત્ય દેખાતું નથી. છતાં, એમનું લોકસાહિત્ય મૌખિક પરંપરાના કારણે સમૃદ્ધ રહ્યું છે. હવે આદિવાસીઓએ કલમ પકડી છે. હવે તેઓ પ્રકૃતિની સુરક્ષાનાં ગીત, મનુષ્યની સંવેદનાની કવિતા, વિસ્થાપનની પીડા, શોષણનો ઇતિહાસ, જળ, જંગલ અને જમીન બચાવવાની વાત કરી રહ્યા છે. તેમણે પોતાની ઓળખને સ્વાભિમાન સાથે જોડીને સંઘર્ષ અને મૂલ્યોને પર્યાય બનાવી દીધા છે. આદિવાસીઓનું સાહિત્ય પોતાની ખોવાયેલી અથવા તો પોતાની છીનવાઈ ગયેલી ઇજ્જત અથવા મર્યાદાઓને પોતાનાં મૂલ્યો સાથે સરખાવી પોતાનાં પ્રતીકો, મિથકોમાં બાંધવાનો પ્રયાસ કરે છે. હવે આદિવાસી સાહિત્ય લોકસાહિત્ય પૂરતું સીમિત રહ્યું નથી. આજે આદિવાસી સાહિત્ય સમકાલીન સાહિત્ય સાથે ટક્કર ઝીલે તેવું થઈ ગયું છે.

## આદિવાસી કવિતા લેખનની પરંપરા

હાલ કેટલાક આદિવાસી યુવાનો પણ સર્જનાત્મક સાહિત્ય પોતાની ભાષામાં લખી રહ્યા છે. આદિવાસી સમુદાયમાં ખાસ કરીને જિતેન્દ્ર વસાવા, માનસિંગભાઈ ચૌધરી, જયશ્રી ચૌધરી, સાંગલિયાભાઈ વસાવા વગેરે આદિવાસી ભાષાઓમાં કવિતા લખી રહ્યા છે. એ કવિતાઓ આદિવાસી ઓળખ, અસ્તિત્વ અને સંસ્કૃતિના સંવર્ધનના સંદર્ભમાં વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત વાગડી, રાઠવી, કુકણા, દેહવાલી, મુંડારી, ભીલોરી, પાવરી, ચૌધરી, ચામઠી, વાદી, ધોડિયા, માવચી, ડુંગરી ભીલી વગેરે ભાષાઓમાં કેટલાક સર્જકો પોતાની કલમ ચલાવી રહ્યા છે. ભીમસિંગ પવાર, જગદીશ ચૌધરી, જગન નાઇક, શંકર વલી, વીરસિંહ પાડવી, રાજ મહેન્દ્ર, જયસિંહ વળવી, દામુ ઠાકરે જેવા કેટલાક સર્જકો પોતાની ભાષામાં સર્જન કરવા લાગ્યા છે. આ સર્જકોનું સર્જનનું ક્ષેત્ર હાલ તો કવિતા અને વાર્તા છે. આ સર્જન ખાસ કરીને ઢોલ(અહીરાણી, દેહવાલી, પાવરી, રાઠવી, ચૌધરી, કુંકણા, પંચમહાલી ભીલી, ગરાસિયા, ડુંગરી ભીલી, અને ભાંતુ), પૂર્વપરા, લખારા, આદિલોક વગેરે સામયિકના માધ્યમ દ્વારા પ્રાપ્ત થાય છે. આ સર્જકોનો મિજાજ કંઈક આવો છે,

આઝાદી એટલે શું ? તે કેવી હોય છે ? તે ક્યાં અને કોની પાસે છે ? વગેરે પ્રશ્નો રજૂ કરતાં જિતેન્દ્ર વસાવા દેહવાલી ભાષામાં લખે છે,

"આજી તીયાઁ પોંગાહપે પાને જ હાય
મોબુ બેઅઠે, આળ્યે, પીતળેં
ઓદાઆ ખાય ગીયીહ
જોગલુંમ બી આમી
પોંગા વાગળં મિલે
એહડં નાંહ રિયે, હાતી."

(લખારા, તેજગઢ, સપ્ટે., ૨૦૦૯-૧૬)

વિકાસના કારણે આદિવાસીઓએ જે સહન કરવુ પડ્યું છે, તેની તરફ રોષ ઠાલવતાં વીરસિંહ પાડવી દેહવાલી ભાષામાં કહે છે,

"વિકાસુ જાગે વિકાસે
ધોરણુ જાગે ધોરણે
આદિવાસી હાય મોરણેંવા
માં રાળી રોડાલી જોડી."

(लखारा, तेजगढ, सप्टे., २००९-१४)

આ ઉપરાંત દેહવાલી ભાષામાં જગદીશ ચૌધરી, જગન નાઇક, રાજ મહેન્દ્ર, જયસિંહ વળવી, દામુ ઠાકરે, સાંગલ્યાભાઈ વળવી વગેરેએ પણ પોતાની કલમ અજમાવી છે.

પાવરી ભાષામાં વર્તમાન સમયમાં આદિવાસી સમુદાય ચારે તરફથી લૂંટાઈ રહ્યો છે, તેનો અવાજ ભીમસિંગ પવારની કવિતામાં જોવા મળે છે.

"પાવુઁરા જેહે દેખે તેહે આપુઁરા
એહે બી ઠોગાયે ગીયા
તે હે બી લુટાય ગોયા
આમી તે બી એકે વ્યાઆરા."

(लखारा, तेजगढ, सप्टे., २००९-२)

ચૌધરી ભાષામાં લખનારા ડૉ. માનસિંગભાઈ ચૌધરી સમય જતાં આદિવાસીઓનાં દુઃખો પણ દૂર થશે, એવી આશા આદિવાસીઓ માટે ઠગારી નીવડી છે, તેનું દુઃખ વ્યક્ત કરતાં કહે છે,

"બખાત જાય એટલે દુઃખ જાય, એહે નોકે કઈ ગયે હા
ફ્હણ હાંય વાટ હેદીને થાકી ગો...
બખાત જાતા મજૂરમાંથી માલિક બનીહ
ફ્હણ હાંય વાટ હેદીને થાકી ગો..."

(लखारा, तेजगढ, सप्टे., २००९-३७)

આ ઉપરાંત મનોજ ચૌધરી, માનસિંગ ચૌધરી, બકુલા ચૌધરી, જયશ્રી ચૌધરી, જગદીશ ચૌધરી, માનસિંગ ચૌધરી પાસેથી તો 'ખેતાવાલો' નામે આખેઆખો કાવ્યસંગ્રહ મળે છે.

ધોડિયા ભાષામાં મિનેષ પટેલ, કપિલ પટેલ, મોહન પટેલ વગેરેએ કલમ અજમાવી છે. મિનેષ પટેલ આદિવાસીઓનાં અપાર દુઃખો વિશે જણાવતાં લખે છે,

"લથડી લથડી રા જીવનો તે ઉઠી ઉઠી કૈઈ બેઠોરા,
એણાયા ભાવી દુઃખની થેલી માં કથળી કથલી રા."

(लखारा, तेजगढ, सप्टे., २०११-१६)

તો કુકણા ભાષામાં કાન્તિ મહાલે, અમૃતા વાઢુ વગેરેએ પોતાની કલમ અજમાવી છે. કાન્તિ મહાલે કહે છે,

"ભુંય આપલી આઈસ આહા
રાબ આપલા બાહાસ આહા
રડા, આરડીસની રડા."

(लखारा, तेजगढ, सप्टे., २०११-४६)

રાઠવી ભાષામાં સુભાષ ઈસાઈ, રાજેશ રાઠવા તથા નારજીએ પોતાની કલમ ચલાવી છે. જંગલ, જમીન સાથેથી વિખૂટા પડવાની વેદના વ્યક્ત કરતાં રાજેશ રાઠવા લખે છે,

"હાવ હુ કરહો .... દોદો કે ય ... ચાલ
ઝીણા તું અગેળ ભણ
નહીતર આ પાસલી પરજાનું હુ થહે...
શેરીયા જંગેલ ની રેવા દીધું...
તે હોત તે આજે તને માથે પેટી મેલીન શેરમે
ભણવા ની મેલવા આયવો હોતે...."

(लखारा, तेजगढ, सप्टे., २०११-८)

માવચી ભાષામાં સુમિર ગામીત લખે છે. ઓળખનો પ્રશ્ન રજૂ કરતાં સુમિર ગામીત લખે છે,

"ફાટલી ગોદડી
તૂટલી ખાટલી
મુટલી બંગલી
ફાટલી ડગલી
આમે ગરીબી કી
ઉભી એતી જાહે
નવી ઓળખ."

(लखारा, तेजगढ, सप्टे., २०११-१९)

આ ઉપરાંત ગામીત ભાષામાં યોગીશા ગામીત, હેતલ ગામીત વગેરે પણ ધીરે ધીરે પોતાની ભાષામાં લખવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત આદિવાસી અન્ય ભાષાઓમાં પણ ખાસ કરીને કવિતા ક્ષેત્રે કેટલાક સર્જકો ખેડાણ કરી રહ્યા છે. આદિવાસી સમુદાયમાં સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે હજી મંડાણ થયા છે. આવનારા સમયમાં એનું ક્ષેત્ર ચોક્કસ વિકાસ પામશે.

## આદિવાસી વાર્તાલેખનની પરંપરા

નવાપુરના અરવિંદ ગામીત જેવા કલાકારો દેહવાલી ભાષામાં વાર્તા પણ લખી રહ્યા છે. આ વાર્તાઓ આદિવાસી લોકવાર્તાઓના વિષયવસ્તુ અને શૈલીને પોષક બને તેવી છે. સમાનતા, ભાઈચારા અને આઝાદી આદિવાસીઓની જીવનશૈલી છે. આદિવાસી સાહિત્ય જીવનનું સાહિત્ય છે. આદિવાસી સાહિત્ય પ્રકૃતિને મદદ કરનારું, ઊંચનીચ, ભેદભાવ અને છળકપટ દૂર કરે છે. આદિવાસીઓની પરંપરા જમાખોરીમાં માનતી નથી. તેઓ સામાજિક ન્યાયમાં માનનારા છે. એમના સાહિત્યમાં આ વાતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

જિતેન્દ્ર વસાવા પાસેથી આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરતી દેહવાલી ભાષામાં 'પુડારી', જોરીંગરાયો વાર્તા મળે છે. આશા પાસેથી 'ગરબાર' નામની કુંકણા ભાષામાં વાર્તા મળે છે. 'સુખણે આશા' નામની ચૌધરી ભાષામાં સતીષ ચૌધરી પાસેથી વાર્તા મળે છે. તો જયશ્રીબહેન ચૌધરી પાસેથી 'લેણ્ડાળા' જેવી અનેક વાર્તાઓ મળે છે. બકુલા ચૌધરી પાસેથી તો આખેઆખો વાર્તા સંગ્રહ મળે છે.

ભારતની ઘણી બધી આદિવાસી ભાષાઓની પોતાની લિપિ છે. પરંતુ મોટા ભાગની આદિવાસી ભાષાઓએ પડોશી મોટી ભાષાની લિપિને સ્વીકારી છે. પરિણામે આદિવાસી ભાષાઓનું લેખન અને મુદ્રણ પણ શક્ય બન્યું છે. આદિવાસી ભાષાઓમાં રચિત સાહિત્યનું મહત્ત્વ એ છે કે લિપિ ભલે અન્ય ભાષાની હોય પણ લખનારા પોતાની ભાષામાં લખે છે. આથી અભિવ્યક્તિ વિચાર અને દર્શનમાં મૌલિકતા બની રહે છે. ઉપરોક્ત કવિતા અને વાર્તા ક્ષેત્રે લખનારા સર્જકો પોતાની ભાષામાં તો લખે જ છે પણ સાથે સાથે ગુજરાતી ભાષામાં પણ લખે છે.

## ૩. સમકાલીન ગુજરાતીમાં લખાયેલું આદિવાસી સાહિત્ય :

આદિવાસી સાહિત્યમાં લિખિત સાહિત્ય મૌખિક સાહિત્યથી જરા જુદી ચેતનાથી અસ્તિત્વમાં આવ્યું છે. જેના કારણે લિખિત આદિવાસી સાહિત્યની વિભાવના પણ બીજા બધા લિખિત સાહિત્યથી જુદી પડે છે. "ઉદારવાદ, બજારવાદ, નવી આર્થિક નીતિઓ વગેરેના કારણે આદિવાસીઓનું શોષણ ઝડપી બન્યું છે. એના પ્રતિરોધના ભાગરૂપે આદિવાસી સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. શોષણ અને પ્રતિરોધ બન્ને રાષ્ટ્રીય હતાં એટલે આદિવાસીઓ દ્વારા જે પ્રતિરોધનો અવાજ નીકળ્યો તે પણ રાષ્ટ્રીય છે. આદિવાસી લેખકોમાં બીજા દ્વારા પોતાની વેદના વ્યક્ત થાય તેના કરતાં પોતાનું દુઃખ પોતે વ્યક્ત કરવાની ચેતનાની સાથે વર્ષોની પોતાની ચૂપકીદી તોડીને પ્રસ્થાપિતો દ્વારા બનાવેલ વાડાને તોડવાની ચેતના, પોતાની સંસ્કૃતિ, ભાષા, ઇતિહાસ, ભૂગોળ, વગેરે જાણવાની, એની શોધ કરવાની, શોધ કર્યા બાદ જગતને તેની પ્રતીતિ કરાવવાની ચેતના જાગ્રત થઈ છે. એ ચેતનામાં જુઓ અમારો સમાજ આવો છે, જેનાં મૂલ્યો ન તો નાશ પામ્યાં છે અને ન તો એમાં વિકૃતિ આવી છે. અમે સમૂહજીવન જીવીએ છીએ. તમારા દ્વારા આપવામાં આવેલી મુશ્કેલીઓને

અમારાં ગીતો અને નૃત્યથી ભૂલવાનો પ્રયાસ કરીએ છીએ. તમે અમને સભ્યતાથી દૂર કર્યા, વિસ્થાપિત કર્યા. અમે પાવા અને ઢોલના માધ્યમથી આંતરિક સંવાદ ચાલુ રાખ્યો હતો. એ સંવાદ હવે અવાજ બનીને બહાર આવી રહ્યો છે. જે સંસ્કૃતિને તમે હંમેશાં બદનામ કરી છે, તે જ સંસ્કૃતિને અમે હવે મશાલ બનાવી દીધી છે. દેશ અને ભાષાઓની સીમાઓને બાજુ પર મૂકી હવે અમે અમારા સમાજને રોશન કરવા સંકલ્પબદ્ધ છીએ. અમારી ભાષાઓએ હવે કલમ પકડી છે. હવે અમે લખવા લાગ્યા છીએ. અમે અમારી અસ્મિતા ઓળખી લીધી છે. અમને વનવાસી કહીને અમારી ઓળખને ભૂસી શકશો નહીં. અમે તો પ્રકૃતિની સાથે સાથે પેદા થયા છીએ. તેની સાથે વિકસ્યા અને મોટા થયા છે. અમે પ્રકૃતિને બચાવવાની, એની સાથે સહયોગ અને સહભાગિતાથી જીવવાનો વિશ્વાસ કરીએ છીએ. અમે પ્રકૃતિ પર હક્ક નથી કરવા માગતા કે નથી તેના પર વર્ચસ્વ જમાવવા માગતા. અમે સાથે સાથે જીવવામાં વિશ્વાસ કરીએ છીએ, વિનાશમાં નહીં. અમે પ્રકૃતિમાંથી અમારી જરૂરિયાત સંતોષીએ છીએ અને એટલું જ પાછું આપીએ પણ છીએ. હવે અમે તમારા દ્વારા થોપવામાં આવેલા વ્યવસ્થાપનની વિરુદ્ધ અમારી અસ્મિતા નાશ થવા દેવાના નથી. અમે અમારા આત્મસન્માનને પણ તૂટવા દેવાના નથી. અમે અમારી જીવનશૈલીમાં જીવીને પરિવર્તનની સીડી ચઢીને બતાવીશું. અમે તમારી સાથે બરોબરીમાં બેસીશું, પણ અમારું પોતાપણું, પોતાની સરલતા અને અમારી સામૂહિકતાને જેમ છે તેમ રાખીશું. અમે સમાનતાનાં આગળ વધતાં પગલાંઓ સાથે ચાલવાની ચેલેન્જ સ્વીકારી લીધી છે. અમારે અમારી લઈ લીધેલી જમીન અને જંગલ પાછા લેવાનાં છે. હવે અમે અમારી માતૃભાષામાં ભણવા માગીએ છીએ. એ ભણતર દ્વારા અમે સૌ આદિમ મનુષ્યો એકબીજા સાથે જોડાવા માગીએ છીએ. અમે અમારો ઇતિહાસ શોધી કાઢીશું. તમે અમારા બલિદાન અને વિકાસ પર તો વિકાસ કર્યો છે ! આ સત્ય ઉજાગર કરીશું. અમે મિથકોમાં, પ્રતીકોમાં, સાહિત્યમાં તમારી કલમ દ્વારા વિકૃત કરેલી અમારી છબીને, તમારા ષડયંત્રને અમે ઉજાગર કરીશું અને સાબિત કરીશું કે અમે તો રક્ષક છીએ, રાક્ષસ નથી. અમે દાનવીર છીએ, દાનવ નહીં."

આ ચેતના સાથે પોતાના સાહિત્યની સમૃદ્ધ પરંપરાને સ્રોત બનાવીને આદિવાસી લેખકોએ સમકાલીન સાહિત્યની શરૂઆત કરી છે. સૌથી પ્રાચીન વિરાસત એમની પાસે છે. એમની પાસે ગીતો, કથાઓ, વીર-ગાથા, પર્વો, તહેવારો, અનુષ્ઠાનોની ભવ્ય પરંપરા છે. જેમાં આદિવાસીઓનો જ નહીં પણ પૃથ્વીનો ઇતિહાસ પણ છુપાયેલો છે. આદિવાસીઓ હવે પોતાનો ઇતિહાસ જાતે લખવા માંગે છે. આ ચેતના સાથે ભારતના ઘણા પ્રદેશમાં આદિવાસી લેખકોએ લખવાનું શરૂ કરી દીધું છે. ગુજરાતમાં આ પ્રકારનું લખાણ ઘણા સમય પહેલાં શરૂ થઈ ગયું હતું. શરૂઆતનું લિખિત આદિવાસી સાહિત્ય આદિવાસી મૌખિક સાહિત્યની જેમ જ પોતાની સંસ્કૃતિ, પરંપરા અને પોતાના ભાવ વ્યક્ત કરનારું સાહિત્ય રહ્યું છે. હાલમાં ખાસ કરીને સંવાદ કરનારું સાહિત્ય આવી રહ્યું છે.

ગુજરાતના આદિવાસીઓએ બહારના પ્રભાવ હેઠળ ગુજરાતી ભાષામાં લખવાનું શરૂ કર્યું છે. ગુજરાતી ભાષામાં લખનારા લેખકો સામે પડકાર એ છે કે પોતાની મૌલિકતા, વિચાર અને દર્શન કેટલી હદ સુધી બચાવી રાખે છે.

* * *

## સંદર્ભ-સાહિત્ય


૧. આચાર્ય, શાન્તિભાઈ (૧૯૯૦), હેંડો વાત મૉંડીએ, ગુજરાત સાહિત્ય અકાદમીઃ ગાંધીનગર.

૨. આચાર્ય, શાન્તિભાઈ (૨૦૦૬), ભીલી-ગુજરાતી શબ્દકોશ, અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ.

૩. આચાર્ય, શાન્તિભાઈ (૧૯૮૪), બોલીવિજ્ઞાન કેટલાક પ્રશ્નો, અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ.

૪. આચાર્ય, શાન્તિભાઈ (૨૦૦૬), ચૌધરીઓ અને ચૌધરી શબ્દાવલી, અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ.

૫. આચાર્ય, શાન્તિભાઈ (૨૦૦૬), ભીલી-ગુજરાતી શબ્દકોશ, અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ.

૬. આચાર્ય, શાન્તિભાઈ (૨૦૦૯), અમે બોલીઓ છીએ, અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ.

૭. આચાર્ય, શાન્તિભાઈ (સંપા.) (૧૯૯૩), લોકસાહિત્યમાં કથનશૈલી, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી.

૮. ઉપાધ્યાય, ચન્દ્રકાન્ત (૨૦૦૯), આદિવાસી : પરંપરા અને પરિવર્તન, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર.

૯. ચંદરવાકર, પુષ્કર (૧૯૯૩), ઉત્તર ગુજરાતની લોકકથાઓ, અમદાવાદઃ અસાઈત સાહિત્ય સભા.

૧૦. ચૌધરી, પ્રભુ (૨૦૧૦), દસ ડાંગી લોકકથાઓ, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.

૧૧. ચૌધરી, પ્રભુ (૨૦૧૧), ડાંગનાં લોકગીતો, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.

૧૨. જાની, બળવંત (સંપા.) (૨૦૦૪), વનસ્વર, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી.

૧૩. જાની, બળવંત (૨૦૦૨), લોકગીત તત્ત્વ અને તંત્ર, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી.

૧૪. જાની, બળવંત (૨૦૧૦), ગુજરાતી લોકસાહિત્યવિમર્શ, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.

૧૫. જોષી, વિદ્યુત (૨૦૦૯), આદિવાસી વિકાસ દર્શન, અમદાવાદઃ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર.

૧૬. જોષી, વિદ્યુત (૨૦૧૨), સાહિત્ય અને સમાજ, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.

૧૭. જોષી, સુરેશ (૧૯૮૭), ઇતિ મે મતિ, અમદાવાદઃ પાર્શ્વ પ્રકાશન.

૧૮. જોષી, જયાનંદ (૧૯૮૫), રાજના આદિવાસી છેલિયા, નવસારીઃ લેખક.

૧૯. ડાભી, નવજી (૨૦૦૫), અરવલ્લીના લોકદેવો, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.

૨૦. ડાભી, નવજી (૨૦૦૫), સોખલા ગરાસિયાના હગ અને દેવરો, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.

૨૧. ડાભી, નવજી (૨૦૦૫), સોખલા ગરાસિયાનાં દિવાળી ગીતો અને વાતો, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.

૨૨. તડવી, રેવાબહેન અને તડવી, શંકરભાઈ (૧૯૮૩), આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય, અમદાવાદઃ લોકસાહિત્યાલય.

૨૩. તડવી, શંકરભાઈ, તડવી, રેવાબહેન (૧૯૮૭), આદિવાસી લોકનૃત્ય, વડોદરાઃ ઝરણું પ્રકાશન.

૨૪. તડવી, શંકરભાઈ, તડવી, રેવાબહેન (૧૯૮૬), આદિવાસી લોકમેળા, વડોદરાઃ ઝરણું પ્રકાશન.

૨૫. ત્રિવેદી, પ્રફુલ્લ (૧૯૮૫), આદિવાસી લોકસાહિત્ય, અમદાવાદઃ કાવ્યગોષ્ઠી.

૨૬. પટેલ, દિપક (૨૦૦૯), ભીલ સાહિત્યઃ કૃતિ અને સંસ્કૃતિ, અમદાવાદઃ ડિવાઇન પબ્લિકેશન.
૨૭. પટેલ, પ્રભુદાસ આર. (૨૦૦૯), અરવલ્લીની લોકસંપદા, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.
૨૮. પટેલ, પ્રાંજલિ (૨૦૦૯), લોકવાર્તા સ્વરૂપ વિમર્શ, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન.
૨૯. પટેલ, ભગવાનદાસ (૧૯૮૮), લીલા મોરીયા, અમદાવાદઃ તારામતી પટેલ.
૩૦. પટેલ, ભગવાનદાસ (૧૯૯૯), આદિવાસી ઓળખ, ગાંધીનગરઃ માહિતીખાતું, ગુજરાત રાજ્ય.
૩૧. પટેલ, ભગવાનદાસ (૨૦૦૫), ભીલી લોકાખ્યાન 'રોમસીતાની વારતા', ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય અકાદમી.
૩૨. પટેલ, ભગવાનદાસ (૨૦૦૮), શોધસંપદા, અમદાવાદઃ લેખક.
૩૩. પટેલ, ભગવાનદાસ (૨૦૦૯), પૌરાણિક લોક મહાકાવ્યો, અમદાવાદઃ લેખક.
૩૪. પટેલ, ભગવાનદાસ (૨૦૦૫), ગોપીચંદ-ભરથરીની વારતા, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.
૩૫. પરમાર, ખોડીદાસ (સંપા) (૨૦૦૬), ગુજરાતનાં લોકગીતો, ન્યૂ દિલ્લીઃ સાહિત્ય અકાદમી.
૩૬. પરમાર, જયમલ્લ (૧૯૭૭), લોકસાહિત્ય અને સંસ્કૃતિ, રાજકોટઃ લોકસાહિત્ય પ્રકાશન.
૩૭. પરમાર, જયમલ્લ (૧૯૮૫), લોકસાહિત્યવિમર્શ, રાજકોટઃ ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ.
૩૮. પરીખ, કુમુદ (૧૯૮૮), લોકસાહિત્ય એક અભ્યાસ, અમદાવાદઃ રન્નાદે પ્રકાશન.
૩૯. પંચાલ, વીરચંદ (૨૦૦૫), ગરાસિયા લોકોત્સવઃ ગોર, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.
૪૦. પંચાલ, વીરચંદ (૨૦૦૫), સોખલા ગરાસિયાનાં હોળી ગીતો, મુંબઈઃ શિવશંકર ચુનીલાલ જોષી ચેરિટેબલ ટ્રસ્ટ.
૪૧. પારેખ, ધ્વનિલ (૨૦૦૭), નાટકમાં મિથ, અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન
૪૨. ભટ્ટ, અરવિંદ (૧૯૮૫), ગુજરાતના ચૌધરીઓ, અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ.
૪૩. ભટ્ટ, હિમાંશુ (૧૯૯૩), લોકવિદ્યાનો શબ્દ, અમદાવાદઃ પૂર્વી પુસ્તક ભંડાર.
૪૪. મકવાણા, રાજેશ (૨૦૦૭), લોકવાડમયઃ સ્વરૂપ સંદર્ભ, રાજકોટઃ સાહિત્યધારા.
૪૫. મલકાણ, જયંતીલાલ (૧૯૫૫), પંચમહાલના આદિવાસીઓ, અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ.
૪૬. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૦૫), ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા, અમદાવાદઃ ગૂર્જર પ્રકાશન.
૪૭. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૧૧), ગુજરાતી આદિવાસી લોકસાહિત્ય, ગાંધીનગરઃ ગુજરાત સાહિત્ય, અકાદમી.
૪૮. યાજ્ઞિક, હસુ (સંપા.) (૨૦૦૯), ભીલી સાહિત્ય એક અધ્યયન, અંબાજીઃ ગૂર્જરી ટ્રાઇબલ ફાઉન્ડેશન.
૪૯. યાજ્ઞિક, હસુ (૨૦૦૧), લોકવિદ્યાવિજ્ઞાન, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૫૦. યાજ્ઞિક, હસુ (૨૦૦૫), લોકવિદ્યા-પરિચય, અમદાવાદ: વિશ્વકોશ ટ્રસ્ટ.

૫૧. યાજ્ઞિક, હસુ (૨૦૧૧), ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.

૫૨. યાજ્ઞિક, હસુ (૨૦૧૨), લોકસાહિત્ય-વિજ્ઞાન, અમદાવાદ: ડિવાઇન પબ્લિકેશન.

૫૩. વસાવા લાલુભાઈ (૧૯૮૫), ભીલો કા તેજસ્વી ઇતિહાસ, આહવા: ટ્રાઇબલ રિસર્ચ સેન્ટર ઑફ ઇન્ડિયા.

૫૪. શેખડીવાળા, જશવંત (૨૦૦૭), લોકસાહિત્ય – આલોક, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.

૫૫. एलविन, वेरियर (२००८), जनजातीय मिथक उडिया आदिवासियों की कहानियाँ, भोपाल: वन्या प्रकाशन. (महावर, निरंजन. अनु.)

૫૬. गुप्ता, रमणिका (संपा.) (२००८), आदिवासी साहित्य यात्रा, दिल्ली: राधाकृष्ण प्रकाशन.

૫૭. दुबे, श्यामसुन्दर (२००३), लोकः परम्परा, पहचान एवं प्रवाह, दिल्ली: राधाकृष्ण प्रकाशन प्राईवेट लिमिटेड.

૫૮. देवी, महाश्वेता, अने गुप्ता, सुशील (२००४), आदिवासी कथा, न्यू दिल्ली: वाणी प्रकाशन.

૫૯. सत्येन्द्र (२००७), लोकसाहित्य विज्ञान, जोधपुर : राजस्थानी ग्रंथगार.

## શોધનિબંધસૂચિ

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | ગામીત, જયરામભાઈ (સંશો.), (૧૯૯૮-૯૯), વસાવા (ગામીત) જનજાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (એમ.એ.) |
| ૨. | જોષી, જયાનંદ (સંશો.), (૧૯૭૨), રાજપીપળા આદિવાસી બોલી અને લોકસાહિત્ય, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (પીએચ.ડી.) |
| ૩. | પટેલ, ધનજી (સંશો.), (૧૯૯૭), આદિવાસી સમાજ ઉપર આધુનિકીકરણની અસર – આદિવાસી વિદ્યાર્થીઓનાં પરિવર્તન વલણોનો એક અભ્યાસ-સંશોધન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.) |
| ૪. | પઢિયાર, ચંદ્રકાન્ત ડી. (સંશો.), (૧૯૯૬-૯૭), વસાવા આદિવાસી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.) |
| ૫. | પરમાર, વેલજીભાઈ ડી. (સંશો.), (૧૯૯૬), વસાવા જાતિના શૈક્ષણિક વિકાસમાં ગ્રામનિર્માણ કેળવણી મંડળ થવા સંસ્થાનું પ્રદાન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.(એમ.એ.) |
| ૬. | વસાવા, જિતેન્દ્ર (સંશો.), (૨૦૦૫-૦૬), સાગબારાના આદિવાસીઓના લોકસાહિત્યમાં કૃષિગીતો – એક અધ્યયન, સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. (એમ. ફિલ.) |
| ૭. | વસાવા, સીંગાભાઈ (સંશો.), (૧૯૯૯), વસાવા સમાજની લોકવાર્તાઓ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.) |

૮. શ્રોફ, રમેશ (સંશો.), (૧૯૭૪), ઉચ્છલ વિસ્તારના વસાવાઓનું સાંસ્કૃતિક જીવન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ. (એમ.એ.)

૯. Machado, Robert G. (2006), Religion Among the Vasava Bhils, Surat: Veer Narmad South Gujarat University. (Ph.D.)

## સામયિક સૂચિ

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | જાની, બળવંત (સંપા.), (૧૯૯૯), લોકગુર્જરી, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી, અંક – ૧૭. |
| ૨. | જાની, બળવંત (સંપા.), (૨૦૦૮), લોકગુર્જરી, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી, અંક - ૨૦. |
| ૩. | જાની, બળવંત (સંપા.), (૨૦૦૯), લોકગુર્જરી, ગાંધીનગર: ગુજરાત સાહિત્ય અકાદમી, અંક - ૨૧. |
| ૪. | વસાવા, આનંદ (તંત્રી), (૨૦૦૮- ૨૦૧૪), આદિલોક, અમદાવાદ : ધી આદિલોક સોસાયટી, અંક - બધા જ. |
| ૫. | कुणावत, एच.एल. (संपा.), (२००६), ट्राईब, उदयपुर: माणिक्य लाल वर्मा आदिम जाति शोध एवं प्रशिक्षण संस्थान. अंक- ४२. |
| ૬. | वसावा, जितेन्द्र (संपा.), (सप्टे.-२००९), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-२. |
| ૭. | वसावा, जितेन्द्र (संपा.), (सप्टे.-२०१०), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-३. |
| ૮. | वसावा, जितेन्द्र (संपा.), (सप्टे.-२०११), लखारा, तेजगढ: आदिवासी अकादमी, अंक-४. |

## પરિશિષ્ટ - ૨ લેખસૂચિ

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | કુંવર, અમૃત (જુલાઈ-ઓગ. ૨૦૧૧), ડાંગી પર્વ અખાતી (અખાત્રીજ), અમદાવાદ : આદિલોક, ૪ (૩), ૨૮-૨૯. |
| ૨. | ગામીત, મિસુલા (જાન્યુ.-ફેબ્રુ. ૨૦૦૮), હિમાર્યો દેવ, અમદાવાદ : આદિલોક, ૧(૧), ૧૫. |
| ૩. | ગામીત, રાજેશ કે. (નવે.-ડિસે. ૨૦૦૯), ગોવાળદેવ, અમદાવાદ : આદિલોક, ૫(૧), ૩૪-૩૫. |
| ૪. | ગામીત, સુમિર (જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૨), પ્રકૃતિમાંથી પાંગરેલ આદિધર્મ, અમદાવાદ : આદિલોક ૧(૪), ૧૧-૧૫. |
| ૫. | ગામીત, સુમિર (નવે.-ડિસે. ૨૦૦૮), ગામીત, દેહવાલી અને રાઠવી ઉખાણાં, અમદાવાદ : આદિલોક, ૬(૧), ૨૪-૨૫. |
| ૬. | ગામીત, સુમિર (નવે.-ડિસે. ૨૦૦૮), ગામીત, દેહવાલી અને રાઠવી ઉખાણાં, અમદાવાદ : આદિલોક, ૬(૧), ૨૪-૨૫. |

૭. ચૌધરી, અરવિંદ (નવે.-ડિસે. ૨૦૧૨), ઉજમણી, અમદાવાદ : આદિલોક, ૬(૪), ૧૫-૧૯.

૮. ચૌધરી, અરવિંદ (મે-જૂન ૨૦૧૨), નાંદૂરવા પૂજા અને ઢોરોની વનસી, અમદાવાદ : આદિલોક, ૩(૪), ૪-૮.

૯. ચૌધરી, અરવિંદ (સપ્ટે.-ઑક્ટો. ૨૦૧૧), ચૌધરીઓનો 'બળેવ', અમદાવાદ : આદિલોક, ૫ (૩), ૩૦-૩૨.

૧૦. નવાકાર, પ્રફુલ્લ (નવે.-ડિસે. ૨૦૧૩), ભીલોનો ઇતિહાસ : ગુજરાત અને અમદાવાદને કેન્દ્રમાં રાખીને, અમદાવાદ : આદિલોક, ૬(૫), ૧૮-૧૯.

૧૧. પટેલ, એ. બી. (નવે.-ડિસે. ૨૦૧૨), ધોડિયાઓની વાઘબારસ, અમદાવાદ : આદિલોક, ૬(૪), ૬-૯.

૧૨. પટેલ, જે. સી. (જુલાઈ-ઑગ. ૨૦૧૧), આદિવાસી ઓળખ આદિવાસી પરિપ્રેક્ષ્યમાં, અમદાવાદ : આદિલોક, ૪ (૩), ૬-૯.

૧૩. પટેલ, ભગવાનદાસ (નવે.-ડિસે. ૨૦૧૦), ભીલ આદિવાસીઓનાં વેશનાટ્યો, અમદાવાદ : આદિલોક, ૬(૨), ૨૦-૨૧.

૧૪. યાજ્ઞિક, હસુ (નવે.-ડિસે. ૨૦૧૦), આદિવાસી સાહિત્ય : વિભાવના અને સંપાદન-સંશોધન, અમદાવાદ : આદિલોક, ૬(૨), ૨૦-૨૧.

૧૫. વસાવા, ગેમજીભાઈ (જુલાઈ-ઑગ. ૨૦૦૮), વાઘદેવ અને દેવ પરંપરા, અમદાવાદ : આદિલોક, ૪(૧), ૨૬-૨૭.

૧૬. વસાવા, ગેમજીભાઈ (મે-જૂન ૨૦૦૯), આદિવાસી લગ્નનાં વિધિવિધાનો અને પ્રતીકો, અમદાવાદ : આદિલોક, ૨(૧), ૫-૮.

૧૭. વસાવા, જિતેન્દ્ર (જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૧), સાહિત્યનો વિલક્ષણ અધ્યાયઃ આદિવાસી સાહિત્ય, અમદાવાદ : આદિલોક, ૭ (૩), ૪-૮.

૧૮. વસાવા, જિતેન્દ્ર (જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૨), ભીલ આદિવાસીઓની દ્રષ્ટિએ મૃત્યુ અને પૂર્વજન્મ, અમદાવાદ : આદિલોક, ૧(૪), ૫-૧૦.

૧૯. વસાવા, જિતેન્દ્ર (જુલાઈ-ઑગ. ૨૦૦૯), દેહવાલી ભીલોમાં વરસાદેવિષયક માન્યતા, અમદાવાદ : આદિલોક, ૩(૧), ૧૦-૧૨.

૨૦. વસાવા, જિતેન્દ્ર (નવે-ડિસે. ૨૦૦૮), ભીલોની જ્ઞાનસંપાદન પરંપરા, અમદાવાદ : આદિલોક, ૬(૧), ૧૬-૨૦.

૨૧. વસાવા, જિતેન્દ્ર (માર્ચ-એપ્રિલ ૨૦૧૧), દેવમોગરાની યાહમોગી માતા, અમદાવાદ : આદિલોક, ૨ (૩), ૫-૧૦.

૨૨. વસાવા, જિતેન્દ્ર (સપ્ટે.-ઑક્ટો. ૨૦૧૦), વનસ્પતિ-વૃક્ષો અમારાં માઈ ને બાપ, અમદાવાદ : આદિલોક, ૫(૨), ૮-૧૦.

૨૩. વસાવા, જિતેન્દ્ર (સપ્ટે.-ઑક્ટો. ૨૦૧૧), આદિવાસી ઓળખ બદલાતા સંદર્ભો અને ભવિષ્ય, અમદાવાદ : આદિલોક, ૫ (૩), ૧૧-૧૫.

૨૪. વસાવા, હિના અને વાઘેરા, અંજુ (નવે.-ડિસે. ૨૦૦૮), દેહવાલી અને ડાંગી કન્યાઓની રમતો, અમદાવાદ : આદિલોક, ૬(૧), ૧૪-૧૫.

૨૫. વાઢુ, ડાહ્યાભાઈ (નવે.-ડિસે. ૨૦૧૦), આદિવાસી સાહિત્ય : મૌખિક અને મૌલિક, અમદાવાદ : આદિલોક, ૬(૨), ૧૭ -૧૯.

૨૬. વાઢુ, ડાહ્યાભાઈ (મે-જૂન ૨૦૧૧), ડાંગનું મૌખિક સાહિત્ય, અમદાવાદ : આદિલોક, ૩ (૩), ૬-૧૦.

૨૭. વાઢેળ, મેરુ એચ. (જુલાઈ-ઑગ. ૨૦૧૧), ગામીતોનો ગામદેવ, અમદાવાદ : આદિલોક, ૪ (૩), ૧૬-૧૮.

૨૮. सहगल, पूरन (जून-जून २०१०), लोक संस्कृति की अभिव्यक्ति है - "लोककथा", उदयपुर : ट्राईब, ४२, ७८-८२.

# ૧૮. આદિવાસી મહિલાઓ



ભારતમાં આદિવાસીઓને બંધારણની ૩૪૨ની કલમ મુજબ અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર કરેલ છે. ભારતનાં 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અંદાજિત ૭00 જેટલા અનુસૂચિત જનજાતિ સમુદાયો વસવાટ કરે છે. જેમાંથી ²/₃ જેટલી આદિવાસી વસતી ફક્ત દેશના સાત રાજ્યોમાં વસવાટ કરે છે જેમ કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, ગુજરાત, રાજસ્થાન, ઝારખંડ અને છતીસગઢ. જ્યારે ત્રણ રાજ્યો દિલ્હી, પંજાબ તથા બે કેન્દ્રશાસિત પ્રદેશો પોંડિચેરી અને ચંદીગઢ, હરિયાણામાં કોઈ અનુસૂચિત જનજાતિ જોવા મળતી નથી. ગુજરાતમાં તો ડાંગ જિલ્લા સુધી આ સમૂહો પથરાયેલા છે.

## વસ્તી

ગુજરાત રાજ્યમાંના ૧૪ જિલ્લાઓમાં ૨૫ આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. જેમાંથી પાંચ આદિમ જૂથો છે જેમની કુલ વસ્તી ૮૭.૧૭ લાખ જોવા મળી છે. જે દેશની કુલ વસ્તી ૮.૧% જોવા મળે છે જ્યારે ગુજરાતની કુલ વસ્તીના ૧૪.૮% વસ્તી વિવિધ આદિવાસી સમુદાયોની જોવા મળે છે. ગુજરાતના પૂર્વપટ્ટીના વિસ્તારોમાં તથા ડાંગ જિલ્લામાં સૌથી વધુ આદિવાસી વસ્તીના લોકો વસવાટ કરે છે. આદિવાસી પેટા યોજનામાં રાજ્યના ૧૮ % ભૌગોલિક વિસ્તારમાં આ સમુદાયોનો સમાવેશ થયેલો છે. રાજ્યમાં સૌથી મોટો આદિવાસી સમુદાય એ ભીલ છે. જ્યારે અન્ય પાંચ પછાત આદિમ જૂથોને આદિમ જૂથ ગણાવાયા છે. જેમની ૨૦૧૧ની વસ્તીગણતરીના અહેવાલ પ્રમાણે ૧,૪૪,૫૯૩ થાય છે. અહીં નીચેના કોષ્ટકમાં આદિવાસી સમુદાયોની કુલ વસ્તી અને તેમાં સ્ત્રીપુરુષના પ્રમાણની ચર્ચા કરવામાં આવી છે.

## કોષ્ટક – ૧

## કુલ આદિવાસી વસ્તી, જિલ્લા, સ્ત્રીપુરુષ પ્રમાણ ૨૦૧૧ પ્રમાણે

| S.N. | Tribal Name | No. of Dist. | Male | Female | Total |
|---|---|---|---|---|---|
| 1. | Barda બરડા | 18 | 427 (55) | 339(45) | 766 |
| 2. | Kunbi કુનબી | 1 | 21,806 (50.36) | 21,486(49.63) | 43,292 |
| 3. | Bavcha | 18 | 2148 (52) | 1977(48) | 4125 |
| 4. | Bharvad | 3 | 856 (53) | 763(47) | 1619 |
| 5. | Bhil | 24 | 14,18,837(51) | 13,76,016(49) | 27,94,853 |
| 6. | Charan | 3 | 1299 (52) | 1182(48) | 2481 |
| 7. | Godhara | 20 | 2175 (50) | 2199(50) | 4374 |
| 8. | Chaudhri | 3 | 1,41,512 (50) | 1,40,880(50) | 2,82,392 |
| 9. | Dhodia | 24 | 2,37,761 (50.13) | 2,36,517(49.86) | 4,74,278 |
| 10. | Gamit | 25 | 1,76,780 (50) | 1,77,582(50) | 3,54,362 |
| 11. | Gond | 17 | 1170 (54) | 982(46) | 2152 |
| 12. | Dubla | 24 | 3,01,051 (50.74) | 2,95,814(49.56) | 5,96,865 |
| 13. | Kokna | 25 | 1,65,537(50) | 1,63,959(49) | 3,29,496 |
| 14. | Patelia | 26 | 55,965(51) | 53,425 (49) | 1,09,390 |
| 15. | Pomal | 12 | 409(50) | 410(50) | 819 |
| 16. | Rathwa | 25 | 2,73,226(51) | 2,61,959(49) | 5,35,185 |
| 17. | Dhanka | 25 | 1,30,403(52) | 1,22,234(48) | 2,52,637 |
| 18. | Varli | 16 | 1,05,141(49.60) | 1,06,796(50.40) | 2,11,937 |
| 19. | Rabari | 03 | 8027(52) | 7390(48) | 15,417 |
| 20. | Kathodi | 16 | 2346(51) | 2282(49) | 4628 |
| 21. | Kolgha | 25 | 13,027(51) | 12,491(49) | 2,55,918 |
| 22. | Kotvalia | 23 | 10,794(51) | 10,659(49) | 21,453 |
| 23. | Padhar | 19 | 709(53) | 616(47) | 1325 |
| 24. | Naikda | | 1,99,652(51) | 1,93,372(49) | 3,93,024 |
| 25. | Sidi | | No data | | |

(Source : Census of India-2011)

કોષ્ટક–૧માં ઉપર દર્શાવ્યા મુજબ સૌથી મોટો આદિવાસી સમુદાય ભીલ છે જેની કુલ વસ્તી ૨૭,૯૪,૮૫૩ જેટલી છે. જ્યારે સૌથી ઓછી વસ્તી બરડા સમુદાયની (૭૬૬) છે. મોટા ભાગના આદિવાસી

સમુદાયમાં સ્ત્રીઓ અને પુરુષોની વસ્તી લગભગ ૫૦-૫૦ ટકા જોવા મળે છે. ભરવાડ, ગૌંડ અને પઢાર આદિવાસી સમૂહોમાં પુરુષોનું પ્રમાણ ૫૩ % છે, જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ ૪૭ % જોવા મળ્યું છે. સીદી આદિવાસી સમુદાય અર્થાત્ પ્રાદેશિક સમુદાયમાં સ્ત્રીપુરુષની વસ્તીનું પ્રમાણ સમાન છે જે દર્શાવે છે આદિવાસી સમાજમાં સ્ત્રી અને પુરુષનું સ્થાન સમકક્ષ છે. પ્રાદેશિકતાના સંદર્ભમાં વિસ્તારની દ્રષ્ટિએ ભીલ, ધોડિયા, ગામીત, હળપતિ, કોંકણા, પટેલિયા, રાઠવા, ધાણકા, કોલઘા, કોટવાળિયા સમુદાયો ૨૦થી ૨૫ જિલ્લાઓમાં વસવાટ કરે છે, જ્યારે રબારી, ચૌધરી, ચારણ, ભરવાડ અને કુણબી સમુદાય ત્રણ ત્રણ જિલ્લાઓમાં વસવાટ કરતા જોવા મળ્યા છે. દર ૧૦00 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ડાંગ જિલ્લામાં ૯૬૩, તાપી જિલ્લામાં ૯૪૪, નર્મદા જિલ્લામાં ૯૩૭ અને વલસાડ જિલ્લામાં ૯૨૬ જેટલું પ્રમાણ નોંધાયું છે. બીજી બાજુ આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે સધ્ધર ગણાતા જિલ્લાઓમાં આદિવાસી સમૂહમાં પણ છોકરીઓની સંખ્યા ઓછી જોવા મળે છે.

## જાતિપ્રમાણ

સ્ત્રીપુરુષનું જાતિપ્રમાણ એ વસતિની લાક્ષણિકતામાં એક મહત્ત્વનું લક્ષણ છે. જે સ્ત્રીઓ પ્રત્યેની સામાજિક દિશા નિર્દેશ કરે છે. વસ્તીવિષયક સમૂહોમાં જાતિપ્રમાણ એ મહત્ત્વની બાબત છે. જે ભારતમાં અને ગુજરાતમાં આદિવાસી વસ્તીના સંદર્ભમાં પણ લાગુ પડે છે. ભારતમાં ૨૦૦૧થી ૨૦૧૧ની વસ્તીગણતરીના અહેવાલ મુજબ આદિવાસી સમુદાયોમાં દર હજાર પુરુષોએ ૨૦૦૧માં ૯૭૮ સ્ત્રીઓ હતી જ્યારે ૨૦૧૧માં ૯૯૦ જેટલું પ્રમાણ છે. સેન્સસના ૨૦૧૧ના અહેવાલ મુજબ ગ્રામીણ વિસ્તારમાં દર હજાર પુરુષે ૯૯૧ સ્ત્રીઓ હતી જ્યારે શહેરી વિસ્તારમાં જાતિ પ્રમાણ ૯૮૦ જોવા મળે છે. જ્યારે ગુજરાતના ૨૦૧૧ના સેન્સસના અહેવાલ મુજબ આદિવાસી સમુદાયોમાં દર હજાર પુરુષોએ ૯૮૧ સ્ત્રીઓ હતી. જેમાં અનુક્રમે ગ્રામીણ વિસ્તારમાં ૯૮૪ જ્યારે શહેરી સમુદાયમાં ૯૫૨ જોવા મળી છે જે દર્શાવે છે અન્ય સમાજની જેમ શહેરોમાં કે શહેરી વિસ્તારની આજુબાજુ વસવાટ કરતા આદિવાસી સમુદાયમાં પણ ક્રમશઃ સ્ત્રીઓના જાતિ પ્રમાણમાં અંતર વધતું જાય છે.

બાળકોના જાતિ પ્રમાણના સંદર્ભમાં સેન્સસ ૨૦૧૧ પ્રમાણે ધીમે ધીમે સ્ત્રી-બાળકોની સંખ્યા ઘટતી જાય છે. ભારતમાં દર હજારે નવા જન્મેલ પુરુષ-બાળક સામે ફક્ત ૯૫૭ સ્ત્રી-બાળક જોવા મળે છે. જેમાં ગ્રામીણ ભારતમાં ૯૫૭, જ્યારે શહેરોમાં ૯૪૦ જોવા મળ્યાં છે. ગુજરાત રાજ્યનું ૦.૬ વર્ષનાં બાળકોનું પ્રમાણ જોઈએ તો ૨૦૧૧ના સેન્સસ પ્રમાણે ૯૫૩ સ્ત્રી-બાળકો જોવા મળ્યાં છે જેમાં ગ્રામીણ વિસ્તારમાં ૯૫૬ અને શહેરી વિસ્તારમાં ૯૨૪ જોવા મળ્યાં છે. જે દર્શાવે છે કે આદિવાસી સમાજમાં પણ નવી ટૅક્નૉલૉજી, વિજ્ઞાન, સભ્ય સમાજના સંપર્કના પરિણામ સ્વરૂપ સ્ત્રીઓની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો થતો જાય છે. જે આદિવાસી સમાજમાં સ્ત્રીઓના સ્થાનમાં નકારાત્મક અસરો કહી શકાય.

## કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રીનું સ્થાન

ગુજરાતના આદિવાસી સમુદાયોમાં સંયુક્ત કુટુંબ કરતાં વિભક્ત પ્રકારનાં કુટુંબોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. વિભક્ત કુટુંબોમાં પતિ-પત્ની અને તેનાં અપરિણીત સંતાનો રહેતાં હોય છે. આવા સમૂહોમાં વિભક્ત કુટુંબોનું પ્રમાણ વિશેષ એટલા માટે જોવા મળે છે કે તેમની પાસે પોતાની સંપત્તિ હોય તેવી જમીન જાગીર હોતી નથી અને જે હોય છે તે ખૂબ જ ઓછી હોય છે કે બેથી ત્રણ કુટુંબ એક ઘરમાં રહી શકતાં નથી. અને લગ્નનો જે કંઈ ખર્ચ થાય તે પુરુષે પોતે આપવો પડતો હોય છે. આમ સ્ત્રી–પુરુષને તેમના કુટુંબીઓ દ્વારા અલગ ઘર બાંધી દેવામાં આવે છે અને ક્યારેક પોતે અલગ ઘર બાંધીને રહેતા હોય છે. સંયુક્ત કુટુંબોનું પણ પ્રમાણ ઓછું જોવા મળે છે. સામાન્ય

રીતે ક્યારેક એક મોટું ઘર હોય તેના રૂમમાં જુદા જુદા ભાઈઓ, જુદા જુદા રસોડે જમતા હોય છે. પરંતુ બાપદાદાની મિલકત ભેગી હોય છે. અને જમીનમાં ખેતી બધા સાથે કરતા હોય છે.

ક્યારેક માતા-પિતા, તેનો એક પરિણીત પુત્ર, તેનાં સંતાનો અને અપરિણીત સંતાનો અથવા માતા-પિતા અને તેનાં અપરિણીત સંતાનો સાથે તેની ત્યક્તા બહેન–દીકરી કે વિધવા કે વિધુર માતા કે પિતા સાથે રહેતાં હોય છે. કુટુંબમાં સ્ત્રીએ મુખ્યત્વે ત્રણ ભૂમિકા ભજવવાની હોય છે. વિમળ શાહ નોંધે છે કે ગુજરાતમાં ધાણકા, ધોડિયા અને રાજપીપળાના ભીલોમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. પરંતુ ઘરમાં મુખ્ય ચલણ પિતાનું અને માતાનું બંનેનું સમાન હોય છે.

## માતા તરીકેની ભૂમિકા

દરેક સમાજમાં સ્ત્રીનો સૌથી ઊંચો દરજ્જો તે માતા તરીકેનો છે. માતા તરીકેના દરજ્જામાં સ્ત્રી પૂજનીય ગણવામાં આવતી હતી અથવા તેનું વિશેષ મહત્ત્વ જોવા મળતું હતું. આદિવાસી સમૂહોમાં સ્ત્રી જ્યારે માતા તરીકેનો દરજ્જો ધારણ કરે છે ત્યારે કુટુંબની દરેક વ્યક્તિ તેને માન આપે છે. સ્ત્રી જ્યાં સુધી માતા ન બને ત્યાં સુધી અનેક મહેણાં-ટોણાં સાંભળવા પડે છે. પરંતુ માતા બન્યા પછી તેનું માન વધી જાય છે. જો કે તેને નવો દરજ્જો પ્રાપ્ત થાય છે અને તેની સાથે સાથે અનેક જવાબદારી અને ફરજો વધી જાય છે. માતા તરીકે તેનાં સંતાનો નાનાં હોય ત્યારે અને વિભક્ત કુટુંબ હોય તો છોકરાંઓનો ઉછેર અને સમગ્ર સામાજીકરણની જવાબદારી માતાની ગણવામાં આવે છે. આદિવાસી સમુદાયોમાં કુટુંબ વ્યવસ્થામાં બાળકોના ઉછેરની જવાબદારી ઘરના અન્ય સ્ત્રી સભ્યની હોવાથી ક્યારેક માતા તરીકેની જવાબદારી કેટલેક અંશે ઓછી થઈ જતી હોય છે. જો કે જંગલો, પહાડો કે અંતરિયાળ ગામોમાં રહેતા આદિવાસી સમુદાયના લોકોની આર્થિક પરિસ્થિતિ એટલી નબળી હોય છે કે જેને કારણે સ્ત્રી માતા બન્યા પછી તેનાં સંતાનો પ્રત્યે ધ્યાન આપી શકતી નથી. અનિચ્છાએ મજબૂરીથી આર્થિક ઉપાર્જન માટે સંતાનોને રાખીને બહાર જવું પડે છે. ત્યાર બાદ ઘરમાં સંતાનો મોટાં થઈ જતાં તે સ્ત્રી કુટુંબની વડીલ હોવાથી ઘરના નિર્ણયો લેતી વખતે તેને પૂછીને નિર્ણયો લેવાતા હોય છે અને તેનાં સંતાનોનાં સંતાનોનું પણ સ્ત્રી ધ્યાન રાખતી હોય છે. કુટુંબના વડાની સ્ત્રી એ કૌટુંબિક જીવનના સૂત્રધાર સમી હોય છે. કુટુંબમાં ચાલતી દરેકેદરેક પ્રવૃત્તિ કે સંબંધો તેના ધ્યાન બહાર હોતા નથી. કુટુંબના સભ્યોની કામની વહેંચણી કરે છે તથા તેના ઉપરની દેખરેખ રાખે છે અને ઘરમાં વડાનું પદ સંભાળી શકે તેવી પુરુષ વ્યક્તિ ન હોય ત્યારે તે આખા ઘરનું સંચાલન કરે છે. ખેતરમાં કયો પાક લેવો, પુત્ર-પૌત્રીઓનાં લગ્ન કોની સાથે કરવાં, કઈ વસ્તુઓ ક્યાં વહેંચવી કે કઈ વસ્તુઓ લાવવી તે અંગેના નિર્ણયો તેઓ લેતી હોય છે.

## પુત્રવધૂ તરીકેની સ્ત્રીની ભૂમિકા

આદિવાસી સમાજવ્યવસ્થામાં સ્ત્રી જ્યારે પરણીને તેના પતિના ઘરે જાય છે ત્યારે તેને પુત્રવધૂ તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય છે અને વહુ તરીકે તેણે કાર્ય કરવાનું હોય છે. સ્ત્રીએ પુત્રવધૂ તરીકે તેના સસરા, જેઠ તથા કુટુંબની જેટલી વડીલ વ્યક્તિ હોય તેની લાજ કાઢવી પડે છે. તેઓ બહાર બેઠા હોય તો બહાર આવી શકતી નથી. તેની મર્યાદા રાખવી પડે છે. રાઠવા આદિવાસી સમાજમાં કુટુંબની કે બહારની કોઈ પણ વ્યક્તિ ઘરમાં આવે ત્યારે તે ખાટલે બેસતી હોતી નથી. દિવસે કોઈ ઘરમાં ન હોય તો પણ ખાટલામાં બેસતી હોતી નથી. બપોરે નવરાશના સમયમાં સૂઈ જવું હોય તો જમીન ઉપર સૂઈ જાય છે. સૌપ્રથમ સવારના બધા કરતાં વહેલું ઊઠી જવું અને રાતે વાળુપાણી

કર્યા પછી બધા સૂઈ જાય ત્યાર પછી છેલ્લે સૂઈ જતી હોય છે. ઘરનાં રોજિંદાં કાર્યો બધાં તેને કરવા પડે છે. ઘરમાં અન્ય સ્ત્રી સભ્ય હોય તો નણંદ-દિયર સાથેના સંબંધો મજાકમસ્તીના હોય છે (પરિહાસ). ક્યારેક કાર્ય કરવામાં તેની મદદ લઈ શકતી હોય છે. પરંતુ તેણે દિયર-નણંદને માનથી બોલાવવા પડે છે. પરંતુ કુટુંબની દરેક વ્યક્તિ જે કાર્ય સોંપે તે કરવું પડે છે.

## પત્ની તરીકેની ભૂમિકા

ગુજરાતના આદિવાસી સમાજોમાં પુરુષ અને સ્ત્રીનું સ્થાન સમાન છે. સ્ત્રી અને પુરુષ બંનેને જીવનસાથીની પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. પરંતુ ગુજરાતના સમાજો પિતૃસત્તાક હોવાથી સ્ત્રીઓ લગ્ન કરીને પતિના ઘેર(સાસરે) આવે છે. અને તેના પતિનું નામ અને અટક સ્વીકારવા પડે છે. ડાંગ, વલસાડ, છોટાઉદેપુરના વિસ્તારોમાં અટક સ્વીકારવી પડે છે. ડાંગ, વલસાડ, છોટઉદેપુરના વિસ્તારોમાં સ્ત્રી પરણીને આવે એટલે પતિ-પત્ની અલગ રહેવા જાય છે. મોટા ભાગના આદિવાસી સમૂહોમાં વિભક્ત કુટુંબ જોવા મળે છે. સમાજમાં પતિ-પત્નીનું સ્થાન સમાન છે. સ્ત્રી અને પુરુષ બંને ઘરનાં અને બહારનાં કામ કરે છે. મહત્ત્વના નિર્ણયો પણ બંને સાથે મળીને લેતા હોય છે. રાઠવા, ભીલ, હળપતિ, કાથોડી, કોટવાળિયા આદિવાસી સમુદાયોમાં પતિ-પત્ની વચ્ચે લગ્ન બહારના સંબંધોને સ્વીકાર્ય ગણતા નથી અને કોઈ શંકા જાય અથવા પતિ-પત્ની વચ્ચે સંઘર્ષ થાય તો પતિ પત્નીને છૂટાછેડા આપે છે. તેમાં પંચાયત દ્વારા નિર્ણય લેવામાં આવતો હોય છે. જો સ્ત્રીનો પતિ દારૂ પીતો હોય કે અન્ય સ્ત્રી સાથે સંબંધો હોય, પત્નીને મારકૂટ કરતો હોય તો પત્ની છૂટાછેડા માટે માંગણી કરી શકે છે. આદિવાસી સમૂહોમાં પણ બિનઆદિવાસી સમાજની જેમ સ્ત્રીએ પત્ની તરીકે ઘરનું કાર્ય, બહારનું કાર્ય અને બાળઉછેરનાં કાર્યો કરવાનાં હોય છે.

## પુત્રી તરીકેની ભૂમિકા

પિતૃસત્તાક સમાજ હોય કે માતૃસત્તાક સમાજ વ્યવસ્થા હોય, સ્ત્રી એ લોહીના સંબંધથી પુત્રી તરીકેનો દરજ્જો ધરાવે છે. પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં સામાન્ય રીતે પુત્રી જન્મને આવકારવામાં આવતો નથી. પુત્રીનો દરજ્જો ગૌણ ગણાય છે. આદિવાસી સમાજમાં સામાન્ય રીતે દીકરીના જન્મને ભારરૂપ ગણવામાં આવતો નથી. પુત્ર કે પુત્રી દરેકના જન્મને આવકાર આપવામાં આવે છે. જો કે શિક્ષણ આપવાની બાબતમાં પુત્ર અને પુત્રીનાં વલણો અંગે ભેદભાવ જોવા મળે છે. પુત્રીના ભણતર પ્રત્યે ઉદાસીન વલણ જોવા મળે છે. પરંતુ બંનેનો ઉછેર એક જ રીતે થતો હોય છે. આદિવાસી સમાજોમાં છોકરી નાની હોય ત્યારથી તેનાં માતા-પિતાનાં કાર્યોનું અનુકરણ કરતી હોય છે અને ધીમે ધીમે માતાની જેમ ઘરનું કામ કરતા શીખે છે. પુત્રી પાંચ-છ વર્ષની થાય ત્યાં સુધી અન્ય છોકરા-છોકરી સાથે રમતગમત કે અન્ય પ્રવૃત્તિમાં રોકાયેલ હોય છે. પરંતુ ત્યાર બાદ છ-સાત વર્ષની ઉંમરે તેનાં નાનાં ભાઈબહેનને સાચવવાં, ઘરનું ધ્યાન રાખવું, પાણી ભરવું, કચરા વાળવા, વાસીદું કરવું, વાસણ સાફ કરવાં, આમ નાના-મોટા કામ કરતી હોય છે. ૮ વર્ષની ઉંમરે રસોઈનું કામ કરવું, છાણાં થાપવાં, ઢોર ચરાવવા જવું, ભાઈ અને બહેનપણીઓ સાથે જંગલની પેદાશો એકઠાં કરવા જવું, લાકડા વીણવા જેવાં અનેક પ્રકારનાં કાર્યો કરે છે. અને ઘરમાં જો કોઈ બીજી બહેનો કે નાનાં ભાઈ-બહેનોની સંભાળ રાખનાર કોઈ હોય તો તેની માતા સાથે ખેતમજૂરી કરવા અથવા કારખાનામાં મજૂરી કરવા પણ જતી હોય છે. ઉપરાંત તેની માતાને ઘરના કામકાજમાં મદદ કરાવતી હોય છે. જ્યારે છોકરીને માસિક ધર્મની શરૂઆત થાય ત્યારથી માતા તેને એકલીને ઘરની બહાર જવા દેતા નથી અને ઘરનું કામકાજ કરાવતા હોય છે અથવા પોતાની સાથે લઈ જતા હોય છે. તેનાં લગ્ન માટે વર શોધવાની શરૂઆત કરી દેતા હોય છે.

## વિધવા સ્ત્રીનું સ્થાન

ભારતમાં કુલ સ્ત્રીઓની સરખામણીએ ૮.૨ % વિધવાઓ છે એટલે કે દર ૧૩ કે ૧૪ સ્ત્રીઓમાં એક વિધવા છે. જ્યારે ગુજરાતમાં કુલ સ્ત્રીઓની સરખામણીએ ૭ % વિધવા છે. આમ સ્ત્રીઓની વિવિધ પરિસ્થિતિ સમાન હોતી નથી. તેઓને શાળા, ધર્મ, સમુદાય, સંતાનો, આર્થિક વર્ગ/આવક, વયજૂથ વગેરેને આધારે વૈવિધ્યતા જોવા મળે છે. પરંતુ હિંદુ સમાજમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ અને પ્રશ્નોમાં સમાનતા જોવા મળે છે. આદિવાસી સમાજોમાં વિધવા સ્ત્રીની સ્થિતિ કફોડી અને દયાજનક ક્યારેક જ જોવા મળે છે. સમાજ–સુરક્ષાખાતાના ૨૦૦૧ના આંકડા મુજબ ગુજરાતમાં ૧૪,૫૯૫ સ્ત્રીઓ વિધવા તરીકે જોવા મળે છે. જેમાં સૌથી વધુ પંચમહાલ જિલ્લામાં જોવા મળે છે. આદિવાસી સમાજમાં નાની વયે સ્ત્રી વિધવા બને તો વિધવા પુનર્લગ્નની છૂટ હોવાથી સ્ત્રીઓ પુનર્લગ્ન કરતી હોય છે. બીજું મોટી ઉંમરની વિધવા સ્ત્રીઓ શારીરિક શ્રમ કરી શકતી નથી. તેઓની પોતાની કોઈ સંપત્તિ ન હોવાથી આર્થિક જીવન મુશ્કેલીભર્યું બની જાય છે.

વિધવા સ્ત્રીઓ નાની ઝૂંપડીમાં અલગ રહેતી હોય છે, જે પોતાનાં સંતાનો સાથે રહેતી હોય છે. તેઓને પણ રાત્રે સૂવા માટે અલગ ઓરડી હોય છે. તેઓ તેમના સમુદાયના રિવાજ મુજબ કાળુ કપડું અને બ્લાઉઝ પહેરતા હોય છે.

હિંદુ સમાજની જેમ આદિવાસી સમાજમાં પણ વિધવા સ્ત્રીઓ જુદા જુદા સામાજિક પ્રસંગો જેવા કે જન્મપ્રસંગ પછી, લગ્ન સમયના પ્રસંગો તથા મૃત્યુ જેવા પ્રસંગોમાં ભાગ લઈ શકતી નથી અને ઘરના એક ખૂણામાં બેસી રહે છે. કેટલાક આદિવાસી સમુદાયોમાં ઘરડી વિધવાઓને ડાકણ સ્વરૂપે જોવામાં આવે છે. કોઈના ઘરે બાળક બીમાર પડે, ભેંસ કે બળદ બીમાર પડે, કોઈનું આકસ્મિક મૃત્યુ થાય તો વિધવા સ્ત્રીને જવાબદાર ગણવામાં આવે છે. ક્યારેક તેને સગાંસંબંધીઓ દ્વારા માર મારવામાં આવે છે અને મારી નાંખવામાં આવે છે.

ઉપરોક્ત સ્ત્રીઓની મુખ્ય ભૂમિકા ઉપરાંત જેઠાણી, દેરાણી, નણંદ, કાકીજી, માસીજી જેવી અનેક ભૂમિકા ભજવવાની હોય છે અને સ્ત્રીઓએ પ્રસંગોપાત્ત તેમના દરજ્જા અનુસાર કાર્યો કરવા પડે છે.

### લગ્ન

આદિવાસી સમાજમાં લગ્ન સંસ્થા એ ખૂબ જ મહત્ત્વની સામાજિક સંસ્થા છે. બિન આદિવાસી સમાજ કરતાં વિવિધ આદિવાસી સમાજમાં લગ્ન અંગેના રીતરિવાજો અંગેની વિભિન્નતા જોવા મળે છે. લગ્ન સંસ્થા સ્ત્રી અને પુરુષને ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશવા માટેની છૂટ આપે છે. વ્યક્તિના જીવનમાં તેનાં લગ્ન સમયની ઉંમર મહત્ત્વનો ભાગ ભજવે છે. નાની ઉંમરમાં થતાં લગ્નમાં વ્યક્તિને સ્વપસંદગીનો અવકાશ રહેતો નથી. બીજું આ સમયે બંને પાત્રો એકબીજાથી અપરિચિત હોવાની સંભાવના હોય છે. જ્યારે પુખ્તવયે લગ્ન કરવામાં પરસ્પરનો શારીરિક દેખાવ, વિચારો, વલણો, શિક્ષણ જેવી અનેક બાબતો મહત્ત્વની બને છે. વિવાહ એક સામાન્ય તથા સ્વાભાવિક ઘટના છે તેમ છતાં વિવાહનાં સ્વરૂપો, તેની રીતભાતો સમાજે સમાજે ભિન્ન જોવા મળતી હોય છે પણ છેવટે વિવાહ દરેક સમાજમાં સર્વોપરી સંસ્થા છે. સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત થાય તે રીતે સ્ત્રીપુરુષના યૌન સંબંધની જરૂરિયાતની પૂર્તિ માટે તેને એક નિશ્ચિત ઢંગથી નિયંત્રિત કરીને, સ્થિર રાખીને અને પરિવારને સ્થાયી રૂપ આપવા માટે વિવાહ સંસ્થાનો જન્મ થયો છે. વ્યક્તિગત દ્રષ્ટિકોણથી વિવાહની આવશ્યકતા, યૌન સંબંધોની ઇચ્છાઓની પૂર્તિ, સંતાનપ્રાપ્તિની સ્વાભાવિક ઇચ્છા તથા શરીરનો સ્વસ્થ નિર્વાહ અને માનસિક શાંતિ પ્રાપ્ત કરવા માટેનો છે. જેમ વિવાહનાં સ્વરૂપો, સમાજે સમાજે ભિન્ન છે, તેમ વિવાહના ઉદ્દેશ્યો પણ વિવિધ સંસ્કૃતિઓમાં ભિન્નતા રાખે છે.

આદિવાસી સમાજોમાં સામાન્ય રીતે છોકરી માસિકધર્મમાં આવતી થાય (માથે નાહતી થાય) એટલે તેને લગ્નને લાયક ગણવામાં આવે છે. તે જ રીતે છોકરાઓનો અવાજ બદલાય અને મૂછનો દોરો ફૂટે એટલે છોકરાને ઉંમરલાયક ગણવામાં આવે છે. અને માબાપ છોકરા-છોકરી માટે લાયક પાત્ર શોધવાનું શરૂ કરે છે. પરંતુ તેમાં છોકરા અને છોકરીની મંજૂરી પણ લેવામાં આવે છે. પઢાર આદિમ જૂથમાં છોકરા કે છોકરીની લગ્નવય ૧૮થી ૨૧ વર્ષની ગણવામાં આવે છે. ધોડિયા સમાજમાં લગ્નવય જો શિક્ષિત હોય તો ૧૭થી ૨૨ વર્ષ અને અશિક્ષિત હોય તો ૧૫ વર્ષે લગ્ન કરી નાંખે છે. વર્તમાન સમયમાં મેળા, શાળા, કૉલેજ કે નોકરી વગેરે સ્થળોએ સંપર્કમાં આવતાં એકબીજાની પસંદગી કરતા જોવા મળે છે. આદિવાસી સમાજોમાં સ્ત્રીપુરુષ એકબીજાને જાતે પસંદ કરે કે પ્રેમલગ્ન કરે તે સ્વાભાવિક ઘટના છે. શ્રી ઘનશ્યામ શાહ તેમના પુસ્તક "ગઈ કાલ અને આજ "(૧૯૮૫)માં નોંધે છે કે છોકરા-છોકરી વચ્ચે એકબીજા માટેનો પ્રેમ સામાજિક અને આર્થિક પ્રવૃત્તિમાં સંકળાવાને કારણે પ્રગટે છે. કિશોરાવસ્થા દરમિયાન છોકરા-છોકરીઓ છૂટથી રમે છે અને સાથે રહી ઢોર ચરાવે છે. તેઓ ખેતરમાં સાથે કામ કરે છે. તળાવમાંથી માછલાં પકડે છે. નાચગાન, ધાર્મિક ઉત્સવો, હાટ વગેરે પણ તેમને એકબીજા સાથે મળવાની તકો પૂરી પાડે છે. આજે પણ અંતરિયાળ ગામડાં કે જ્યાં હિંદુ સંસ્કૃતિ અને સભ્યતાની વ્યાપક અસરો નથી ત્યાં મોટે ભાગે સ્ત્રીપુરુષ પોતાની જાતે પોતાનો જીવનસાથી શોધી લે છે. પરંતુ જે આદિવાસી સમુદાયો હિંદુ સમાજના સંપર્કમાં વધુ આવ્યા છે, ત્યાં માબાપ દ્વારા લગ્ન ગોઠવવાનું વલણ વધતું ગયું છે. સામાન્ય રીતે આદિવાસી સ્ત્રીઓ લગ્ન પોતાના સમુદાયમાં કરવા જરૂરી માને છે. તેનાં કારણોમાં જોવા મળ્યું છે કે એક જ સમુદાયના બંને હોવાથી સામાજિક રીતરિવાજો સરખા હોવાથી છોકરી જલદી સાસારિયામાં ગોઠવાઈ શકે છે. અને જો અન્ય સમુદાયમાં લગ્ન કરે તો તેમના રીતરિવાજો અલગ હોવાથી છોકરીઓને તેમાં ગોઠવાતા મુશ્કેલી પડે. વળી પતિ-પત્નીમાં જો કોઈ ઝઘડો થાય તો જે તે સમાજ છોકરીના પડખે ઊભો રહે. આમ પોતાના સમુદાયમાં લગ્ન કરવાથી છોકરીઓને સામાજિક સુરક્ષા મળે છે. તેથી પોતાની જાતિમાં બને ત્યાં સુધી લગ્ન કરતા જોઈ કેટલીક સ્ત્રીઓ તેમ પણ માને છે કે પોતાની જાતિના સમાજના વિકાસ માટે તથા જાતિના શિક્ષિત યુગલને જોઈ બીજા પણ તેનું અનુકરણ કરે. આ ઉપરાંત કેટલીક આદિવાસી છોકરીઓ બિનઆદિવાસી સમાજમાં પુરુષ સાથે લગ્ન કરે તો છોકરીઓને ઘણું સહન કરવું પડે છે. બિન-આદિવાસી સમાજ આદિવાસી સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ રાખે છે અને આવાં લગ્ન ઘણી વાર છૂટાછેડામાં પરિણમે છે. આદિવાસી મહિલાઓ મોટા ભાગે પોતાનાં સંતાનોનાં લગ્ન પોતાની જાતિમાં કરવાનું યોગ્ય માને છે.

## જીવનસાથી પસંદગીનાં પરિબળો

આદિવાસી સમાજમાં છોકરા-છોકરી પોતાના સમાજમાં લગ્ન કરવાનું પસંદ કરે છે. અને તે એક સામાજિક ધોરણ પણ છે. સંતાનોનાં લગ્નમાં જીવનસાથીની પસંદગી માતા-પિતા અને વડીલો દ્વારા કરવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં સ્વપસંદગીથી લગ્ન કરવા માંગતાં યુવક-યુવતી પોતાના સમુદાયને પ્રાધાન્ય આપે છે. આદિવાસી સમુદાયો, એક ચોક્કસ નિશ્ચિત વિસ્તારો, જંગલો અને પહાડમાં વસવાટ કરતા હોય છે અને આધુનિક યંત્રવિજ્ઞાનનો ઉપયોગ ઘણો ઓછો કરતા હોય છે. આથી તેમનું જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર ઘણું મર્યાદિત હોય છે. પહેલાં વાહનવ્યવહારની સગવડ મર્યાદિત હતી તેથી નજીકનાં ક્ષેત્રોમાં જ લગ્નો ગોઠવાય તેવું ઇચ્છતા હતા. પરંતુ હવે ઝડપી વાહનવ્યવહારની સુવિધાઓ પ્રાપ્ત થતાં તેમ જ પોતાની જાતિનાં કુટુંબો દૂર દૂરના વિસ્તારોમાં

રહેતા હોવાથી દૂર લગ્નો ગોઠવે છે. સામાન્ય રીતે આદિવાસી સમુદાયમાં ગામડામાં છોકરાની પસંદગી વખતે સારું કુટુંબ, તેના કુટુંબનો મોભો, ખેતી, વ્યસનોની ઓછી ટેવ, સ્વભાવ તથા મજબૂત બાંધો વગેરેને મહત્ત્વ આપવામાં આવે છે. જ્યારે વર્તમાન સમયમાં મહિલાઓ સૌથી પહેલી પ્રાથમિકતા શિક્ષણને આપે છે. બીજા સ્થાને આર્થિક પરિસ્થિતિ અને ચારિત્ર્યને આપે છે.

## લગ્નગામી પસંદગીનાં ક્ષેત્રો

હિંદુઓમાં અંતર્લગ્ન, બહિર્લગ્નના નિયમો લગ્નગામી પસંદગીના ક્ષેત્રને મર્યાદિત કરે છે. જેની અસર આદિવાસી સમૂહોમાં પણ જોવા મળે છે. વ્યાપક સમાજના સંપર્કમાં આવવાથી, વાહનવ્યવહારની સુવિધાઓ વધવાથી આદિવાસી સમૂહોમાં પણ અંતર્લગ્ન અને બહિર્લગ્ન પ્રથાઓ અસ્તિત્વ ધરાવે છે. સામાન્ય રીતે પોતાના સમૂહમાં જ લગ્ન કરે છે. કેટલાક આદિવાસી સમૂહોમાં મામા-ફોઈનાં સંતાનો વચ્ચે લગ્નસંબંધ બાંધવામાં આવે છે. આદિમજાતિ સમાજોમાં એકપતિ-પત્ની લગ્નપ્રથા, બહુપતિ લગ્નપ્રથા અને બહુપત્ની લગ્નપ્રથા અસ્તિત્વ ધરાવે છે. ગુજરાતમાં મોટા ભાગના આદિવાસી સમુદાયોમાં તેમની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે એક પતિ-પત્ની લગ્નપ્રથા તો ક્યારેક સામાજિક આર્થિક સલામતી માટે બહુપત્ની લગ્નપ્રથા જોવા મળે છે.

હળપતિ સમૂહોમાં વીટા(ગોળ કે આંકડો)ની પ્રથા જોવા મળે છે. વીટો એટલે નિશ્ચિત વર્તુળમાં પરસ્પર રોટી–બેટી વ્યવહાર યોજનાની પ્રથા અને વીટોની રચના પ્રાદેશિકતાને આધારે કરવામાં આવે છે. કેમ કે રાજપીપળાના ભીલોમાં પ્રાદેશિક આંતર્લગ્નપ્રથા હોવાથી ખાનદેશના ભીલો સમકક્ષ હોવા છતાં તેની સાથે લગ્નવ્યવહાર બાંધતા નથી. ધાણકામાં ધાણકા, નાયકડા, ગામીત અને ભીલોમાં પણ પેટા આદિજાતિ હોવાથી તે એક અંતર્વિવાહિત જૂથ બને છે.

## લગ્ન પછીના અને પહેલાંના સંબંધો

ગુજરાતની કેટલીક આદિવાસી જાતિઓમાં લગ્ન પહેલાંના જાતીય સંબંધોની છૂટછાટ મળે છે. પરંતુ લગ્ન બાદ અન્ય પુરુષો સાથેના જાતીય સંબંધોમાં પ્રતિબંધ આવે છે. સામાન્ય રીતે છોકરા-છોકરીઓ ૧૩થી ૧૫ વર્ષનાં થાય ત્યારે પોતાના ગામનાં છોકરા-છોકરીઓ સાથે સંબંધો રાખતા હોય છે. જો લગ્ન પહેલાં ગર્ભ રહે તો છોકરીનાં માતા-પિતા જાતિપંચમાં ફરિયાદ કરે છે. છોકરીને પૂછે છે કે, આ બાળક કોનું છે. તે જાણી છોકરાને બોલાવી બંને છોકરાને – છોકરીને લગ્ન કરવા સમજાવે છે. અને છોકરાનાં માબાપ કે છોકરો લગ્ન કરવા તૈયાર ન થાય તો છોકરી તેના સંતાન સાથે માતા-પિતાને ત્યાં રહે છે. અને છોકરા પાસેથી દંડ વસૂલાત કરવામાં આવે છે. ક્યારેક સંતાન છોકરાને આપી દેવામાં આવે છે. અને છોકરી બીજાં લગ્ન કરે છે. જો કે હાલમાં છોકરીને ગર્ભ રહે તો છોકરી જ છોકરા આગળ વાત કરે છે અને છોકરો લગ્ન કરવાની ના પાડે તો પંચ પાસે જઈ દંડ કરાવીને ગર્ભપાત પણ કરાવી નાંખે છે. ગર્ભપાત ક્યારેક દેશી ઔષધિઓ દ્વારા કે ક્યારેક દવાખાનામાં જઈ કરાવી નાંખતા હોય છે.

## લગ્ન પછીના જાતીય સંબંધો

સામાન્ય રીતે આદિવાસી સમાજમાં લગ્ન પહેલાં જેટલા પ્રમાણમાં જાતીય સબંધો અંગે છૂટછાટ જોવા મળે છે, તેટલા પ્રમાણમાં લગ્ન પછીના જાતીય સંબંધો જોવા મળતા નથી. મોટા ભાગે સ્ત્રી લગ્ન પછી અન્ય પુરુષ સાથેના જાતીય સંબંધો બંધ કરી દેતી હોય છે. અને આણું વળાવ્યા બાદ સ્ત્રીપુરુષ પતિ-પત્ની તરીકેના સંબંધોની શરૂઆત કરતા હોય છે. ત્યાં સુધી જાતીય સંબંધ અંગેના નિષેધ જોવા મળે છે.

ક્યારેક લગ્ન પછી સ્ત્રી તેના પતિ સિવાય અન્ય પુરુષ સાથે જાતીય સંબંધ રાખે અને તેનું બાળક થાય અને તેના પતિને જાણ થાય કે આ

બાળક પોતાનું નહીં પરંતુ બીજાનું છે, તો તે પુરુષને તેનું બાળક સોંપી દેવામાં આવે છે. અને જો સ્ત્રી તેના પતિ સાથે રહેવાનું પસંદ ન કરે તો અન્ય પુરુષને તે સ્ત્રી સોંપી દેવામાં આવે છે. અને તેના પહેલા પતિને જાતિપંચ નક્કી કરે તે રીતે દાયણના પૈસા આપવા પડે છે. ક્યારેક જો સ્ત્રીને ભગાડીને લઈ જાય તો બંને પુરુષો વચ્ચે મારામારીના બનાવો પણ બનતા હોય છે. અને જાતિપંચ આવા ઝઘડાઓમાં વચ્ચે આવી તેનો નિકાલ કરે છે. ટૂંકમાં આદિવાસી સમૂહમાં હિંદુ સમાજવ્યવસ્થા કરતાં લગ્નવ્યવસ્થાનું સ્વરૂપ જુદા પ્રકારનું હોય છે. અને છોકરા-છોકરીઓ જાતીય સંબંધો રાખવાની બાબતમાં સ્વતંત્રતા ધરાવે છે. લગ્ન પહેલાંના જાતીય સંબંધો આદિવાસીઓના વ્યવસ્થિત સ્વરૂપના લગ્ન જીવન તરફ લઈ જતા હોય છે. અને ક્યારેક જાતીય સંબંધોની છૂટછાટ ભાવિ સાથી શોધવાની ભૂમિકા રૂપે હોય છે. વારલી, ધોડિયા, ગામીત વગેરે આદિજાતિમાં ખંધાળ પ્રથા હોય છે. અને આ પ્રથા અનુસાર કન્યા શુલ્ક ન ચડાવી શકનાર પુરુષો પોતાના ભાવિ સસરાને ત્યાં રહે છે. પાંચ કે નવ વર્ષ તેમાં કામ કરે છે. મુદત પૂરી થતાં લગ્ન કરી જો ઇચ્છે તો સાથે રહે છે અથવા અલગ ઘર માંડે છે. જ્યારે હળપતિઓમાં જો કોઈ વ્યક્તિ પોતાના સમૂહોમાં કે અન્ય કોઈ આદિજાતિની વ્યક્તિ સાથે વ્યભિચાર કરે તો તેને પંચ તેમના સમૂહની બહાર મૂકે છે. આજે ધાણકા અને ભીલ સમુદાયોમાં મોટા ભાગે પોતાનાં સંતાનો જીવનસાથીની પસંદગી પોતાની જાતે કરી લે તે માટે પ્રોત્સાહન આપતા હોય છે.

## ગુજરાતમાં દિયરવટું

મોટા ભાગના આદિવાસી સમુદાયમાં સ્ત્રી વિધવા બને ત્યારે પુનઃલગ્ન કરી શકે છે જેમાં ક્યારેક તેના પતિના મૃત્યુ બાદ નાનો ભાઈ હોય તો તેની સાથે લગ્ન કરે છે. જેને દિયરવટું કહેવામાં આવે છે. અને જ્યારે તેના પતિથી મોટા ભાઈ હોય ત્યારે તેને જેઠવટું કહેવામાં આવે છે. ધાણકામાં મોટા ભાઈના મૃત્યુ પછી તેની વિધવા સ્ત્રી નાના ભાઈની પત્ની બને છે અને મોટા ભાઈથી થયેલ છોકરા નાના ભાઈને કાકા કહી બોલાવાનું ચાલુ રાખે છે. આવાં લગ્ન વખતે કન્યા શુલ્ક પરણનાર વ્યક્તિને મૂકવું પડતું નથી. ભીલોમાં વિધવા સ્ત્રી પોતાના પતિના ભાઈ સાથે લગ્ન ન કરતાં અન્ય કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરે તો તેના એ કૃત્ય બદલ પંચ નક્કી કરે તે મુજબ દંડ ભરવો પડે છે. કુટુંબમાં પતિનું મૃત્યુ થતાં વિધવા સ્ત્રીની જવાબદારી અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે વિધવા સ્ત્રી તેની ઇચ્છા મુજબ તેના દિયર, જેઠ કે અન્ય કોઈ પણ પુરુષ સાથે ઇચ્છે તો લગ્ન કરી શકે છે.

## છૂટાછેડા

છૂટાછેડા એ આદિવાસી સમાજમાં જોવા મળતી સાર્વત્રિક ઘટના છે. ક્યારેક આદિવાસી સ્ત્રીપુરુષો છૂટાછેડા લેતા જોવા મળે છે. આદિવાસી સમૂહો છૂટાછેડા અંગે લેખિત કાયદાઓ કે કાયદાઓનો અમલ કરવા જેવું ન્યાયતંત્ર ધરાવતા નથી. પરિણામે તેઓમાં છૂટાછેડાનું ઔપચારિક સ્વરૂપ જોવા મળતું નથી. પણ સામાજિક પ્રથાઓ અનુસાર સ્ત્રીપુરુષો વચ્ચે લગ્નસંબંધ અંગે જે તિરાડ પડે છે તેને છૂટાછેડા માનવામાં આવે છે. ગુજરાતના આદિવાસી સમૂહોમાં છૂટાછેડા અંગેના સમાજમાં અલગ અલગ કારણે વિધિ કે પ્રક્રિયાઓ જોવા મળતી હોય છે. પરંતુ સામાન્ય રીતે મોટા ભાગે નીચે મુજબનાં કારણો જોવા મળતા હોય છે. ક્યારેક લગ્નસંબંધથી જોડાનાર વ્યક્તિની પરસ્પર સંમતિ ના હોય પરતું માબાપના દબાણના કારણે અથવા અમુક પ્રકારના દબાણને કારણે લગ્ન કરવું પડ્યું હોય તેવી પરિસ્થિતિમાં છૂટાછેડા થતા હોય છે. ભીલોમાં પતિ કે પત્ની સતત માંદાં રહેતા હોય, પત્ની પતિની ઇચ્છાનો અનાદર કરતી હોય, બીજા પુરુષના પ્રેમમાં હોય અથવા જાદુગરણી કે ડાકણ હોવાનો શક ધરાવતાં હોય તો છૂટાછેડા લઈ શકે

છે. ક્યારેક સ્ત્રીઓનું અંધત્વ, મૈથુન સંબંધ માટેની કમજોરી, આળસુ સ્વભાવ આદિવાસી સ્ત્રીઓને છૂટાછેડા તરફ લઈ જાય છે. કુટુંબમાં પતિ કે સાસુ તરફથી ખોટી માથાકૂટ કે મારફૂટ થતી હોય તે સંજોગોમાં સ્ત્રી બીજા પુરુષ સાથે ભાગી જતી જોવા મળે છે. અને જો બીજા પુરુષ સાથે જતી રહે ત્યારે તેના કુટુંબીજનો તેને પાછી સોંપવાના પ્રયાસ કરે છે. અને જો તે પાછી ફરવા તૈયાર ન હોય તેવા સંજોગોમાં નવા પતિએ જૂના પતિને વધુ મૂલ્ય પાછું ચૂકવી આપવું પડે છે. ક્યારેક લગ્ન પછીના પ્રેમ સંબંધો અથવા જાતીય સંબંધોની છૂટ છૂટાછેડા માટેનું એક કારણ બને છે.

## વિધવા પુનઃલગ્ન

આદિવાસી સમાજમાં વિધવા કે વિધુર સ્ત્રીપુરુષનાં પુનર્લગ્ન અંગે કોઈ પ્રતિબંધો જોવા મળતા નથી. ગુજરાતની ભીલ, ગરાસિયા, હળપતિ, ધાણકા, ધોડિયા વગેરે આદિવાસી સમૂહોમાં વિધવા કે વિધુર સ્ત્રીપુરુષો પુનર્લગ્ન કરી શકે છે. વિધવા-વિધુર એકબીજા સાથે લગ્ન સંબંધ બાંધે તો તેને 'નાતરું' કર્યું કહેવાય છે. સ્ત્રી વિધવા બને ત્યાર બાદ લગ્ન કરવા કે નહીં તે તેની સ્વતંત્રતા સાથે જોડાયેલી બાબત છે. તે અંગેનો નિર્ણય સ્ત્રી પોતે જ લેતી હોય છે. જો નાની ઉંમરે સ્ત્રી વિધવા બને તો પુનઃલગ્ન કરે છે અને તેનાં સંતાનોને પણ તેનો બીજો પતિ સ્વીકારે છે. પરંતુ મોટી ઉંમરે સ્ત્રી વિધવા બને તો પુનઃલગ્ન કરતી નથી. પુનઃલગ્ન અને આર્થિક પરાવલંબિતા એકબીજા સાથે જોડાયેલાં છે. વિધવા સ્ત્રી પાસે કોઈ આર્થિક ઉપાર્જનનાં સાધનો ન હોય તો તે પોતાના દિયર સાથે કે જેઠ સાથે કે અન્ય કોઈ પણ પુરુષ સાથે લગ્નસંબંધ બાંધે છે.

## રાજ્ય સંસ્થા

ભારત એ ગામડાંઓમાં વસે છે. અને ગામડાંઓમાં વિકસ્યો છે. ભારતમાં ગામડાંઓની એક આગવી ઓળખ છે. જેમાંથી સમુદાયની ભાવના કે પોતાના ગામ પ્રત્યે એક વિશિષ્ટ લાગણી પેદા થાય છે. ભારતમાં ગામડું એક અનોખું વહીવટી એકમ બન્યું હતું. બ્રિટિશરોના આગમન બાદ સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર તેમ જ શિક્ષણ ક્ષેત્રે થયેલી ક્રાંતિને કારણે પશ્ચિમમાં ભારતનાં ગામડાંઓમાં વહીવટી ક્ષેત્રે આમૂલ પરિવર્તન સર્જાયાં છે. ગામનું શાસન પંચાયત દ્વારા ચાલતું. પંચાયત એટલે ગામના પસંદ કરેલ માણસો એકઠા થઈ ગામનો વહીવટ કરે તેવી વ્યવસ્થા. જેમાં ન્યાયના વહીવટનો પણ સમાવેશ થાય છે અને પાંચ વ્યક્તિના સમૂહને કારણે પંચાયત શબ્દ અસ્તિત્વમાં આવ્યો. પંચાયતોમાં જે તે ગામના વડીલો બેસતા અને ગામનો વહીવટ કરતા. ગાંધીજીએ ગ્રામસ્વરાજ વિશે પોતાના વિચારો દર્શાવ્યા છે. હિંદુસ્તાનનું એક પણ ગામ પૂરેપૂરી સત્તા ધરાવે અથવા પંચાયત હોય તેવું ઇચ્છતા.

સ્વતંત્રતા બાદ ભારતના ૭૩મા બંધારણીય સુધારામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો તથા સ્ત્રીઓ માટે ૩ ભાગની બેઠકો અનામત માટે નક્કી કરાઈ છે. અનુસૂચિત વિસ્તારની પંચાયતની રચનામાં ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પણ અનુસૂચિત આદિજાતિના સભ્યોની કુલ બેઠકોની ૫૦ % કરતાં ઓછી હોવી જોઈએ નહીં અને ત્રણેય સ્તરની પંચાયતના અધ્યક્ષ સ્તરે માત્ર અનુસૂચિત જનજાતિની વ્યક્તિ જ હોવી જોઈએ અને ત્રણેય સ્તરની બેઠકોમાં અધ્યક્ષ સ્તરના ત્રીજા ભાગના હોદ્દા અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈઓ કરવામાં આવી છે. પરંપરાગત ભારતીય સમાજમાં મહિલાઓનું સ્થાન ઘરની કામગીરી પૂરતું મર્યાદિત હતું તેમાં મહિલાઓને રાજકીય કે જાહેર જીવનનો અધિકાર ન હતો, પરંતુ બ્રિટિશરોના અમલ દરમિયાન સ્વાતંત્ર્ય ચળવળ અને સામાજિક સુધારણાની પ્રક્રિયાથી સ્ત્રીઓ ઘરની બહાર નીકળી રાજકીય અને જાહેર જીવનનો સમાવેશ કર્યો છે.

પરંપરાગત આદિવાસી સમાજવ્યવસ્થામાં જાતિપંચનું વિશેષ મહત્ત્વ રહેલું છે. જેમાં જે તે આદિવાસી સમૂહના વકીલ પુરુષો દ્વારા ગામના કોઈ પણ પ્રશ્નોનું નિરાકરણ કરી ન્યાય આપવામાં આવતો હતો. જેમાં ખાસ કરીને ભાગી જઈને લગ્ન કરવા, છૂટાછેડા, મિલકતના પ્રશ્નો કે ગામના કોઈ પણ પ્રશ્નો માટે પંચાયત આગળ રજૂઆત કરવામાં આવતી અને ન્યાયની પ્રક્રિયા હાથ ધરાતી જેમાં કોઈ સ્ત્રી સભ્ય જોવા મળતાં ન હતાં. કારણ કે ગુજરાતના આદિવાસી સમૂહો એ પિતૃસત્તાક અને પિતૃવંશીય સમાજવ્યવસ્થા ધરાવે છે. જેથી પુરુષોનું વર્ચસ્વ ન્યાયતંત્રમાં જોવા મળતું. મોટા ભાગના આદિવાસી સમૂહોમાં તે અંગેનાં કોઈ ચોક્કસ, લેખિત બંધારણો કે દંડની જોગવાઈ જોવા મળતી નથી પરંતુ આધુનિક સભ્ય સમાજવ્યવસ્થા ધરાવે છે. જેથી પુરુષોનું વર્ચસ્વ ન્યાયતંત્રમાં જોવા મળતું. મોટા ભાગના આદિવાસી સમૂહોમાં તે અંગેનાં કોઈ ચોક્કસ, લેખિત બંધારણો કે દંડની જોગવાઈ જોવા મળતી નથી પરંતુ આધુનિક સમાજના સંપર્કમાં આવ્યા બાદ ચૌધરી, હળપતિ, ગામીત, ભીલ કે રાઠવા જેવા આદિવાસી સમૂહોમાં જાતિપંચના બંધારણે લેખિત સ્વરૂપ ધારણ કર્યું છે.

સ્વતંત્રતા બાદ દ્વિસ્તરીય કે ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં આવતાં પંચાયતમાં મહિલાઓની ૩૩% અનામતના કારણે જે મહિલાઓ પોતાના ઘર કે ગામની બહાર નીકળતી ન હતી તેઓ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં સ્થાન ધરાવવા લાગી તથા કેટલાંક ગામોમાં સરપંચ તરીકે કાર્ય કરવા લાગી. સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્રમાં પંચાયતમાં આદિવાસી મહિલાઓ અંગે ડૉ. હિતેન્દ્ર કુમારવાળા – ૨૦૧૨, શાહ ઉર્વશી – ૧૯૯૮, ગજેન્દ્ર પ્રસાદ શુક્લ – ૧૯૯૯, આમ્રપાલી મર્ચેન્ટ – ૧૯૯૮, રેખા મહેતા – ૧૯૯૮, મનહર મરકોટ  જેવા સંશોધકો દ્વારા પંચાયતમાં આદિવાસી મહિલાઓ દ્વારા પંચાયતી રાજની નેતાગીરીનો અભ્યાસ, આદિવાસી મહિલાઓમાં ઊભરતું નેતૃત્વ જેવા અભ્યાસો કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત અભ્યાસોમાં જોવા મળ્યું છે કે સરકાર દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થામાં સ્ત્રીઓને અનામત આપવામાં આવી, પરંતુ આદિવાસી સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઘણું જ ઓછું હોવાથી તથા પરંપરાગત મૂલ્યો ધરાવતા હોવાથી તેઓ રાજકીય ભાગીદારી અને જાહેર જીવનની બાબતમાં ઉત્સાહ અને રસ ઓછો બતાવે છે. મોટા ભાગે આદિવાસી મહિલા સરપંચો કૌટુંબિક દબાણથી જાહેર જીવનમાં પ્રવેશ્યાં હતાં. પરંતુ પોતાની ભૂમિકા પ્રત્યે નિષ્ક્રિય જોવા મળ્યાં છે. મોટા ભાગે મહિલા સરપંચોનો વહીવટ તેના પતિ, સસરા કે દિયર ચલાવતા હતા. જેથી પંચાયતની વિવિધ પ્રવૃત્તિમાં તેમની હાજરી પણ નહિવત્ જોવા મળે છે. જે સ્ત્રીઓ શિક્ષિત છે તેઓ પંચાયતની કામગીરી કે કાર્યોથી માહિતગાર છે. તેઓ સારી રીતે પોતાની ભૂમિકા ભજવે છે અને સ્વતંત્ર રીતે નિર્ણયો લેતા જોવા મળ્યાં છે. મુખ્યત્વે આદિવાસી સ્ત્રીઓ ઘરકામ, ખેતીકામ, અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલ હોવાથી સમયનો અભાવ હોવાથી પંચાયતનાં કાર્યો માટે સમય કે ધ્યાન આપી શકતી નથી.  આ ઉપરાંત નિમ્ન આર્થિક સ્થિતિ, ઓછું શિક્ષણ, અનુભવનો અભાવ જેવાં પરિબળોના કારણે કામગીરી કરવામાં મુશ્કેલી અનુભવતી જોવા મળી છે. જે મહિલા સરપંચો  તાલુકા કે જિલ્લા પંચાયતમાં જોડાય છે તેમાં મોટા ભાગે મહિલા અનામત, કુટુંબનું દબાણ અને બહુ જ ઓછી માત્રામાં અંગત રસને કારણે જોડાયેલી જોવા મળી છે. મોટા ભાગે આ મહિલાઓ નિર્ણય લેવાની બાબતમાં બહુ ઓછી સ્વતંત્ર જોવા મળે છે, પરંતુ સૂચનો કે સલાહો આપે છે. જો કે આજે પણ પુરુષ સભ્ય દ્વારા સ્ત્રીઓને નેતા તરીકે માનસિક રીતે સ્વીકારવા તૈયાર નથી અને વિવિધ સમિતિઓમાં પુરુષ સભ્યોની વિશાળ બહુમતી હોવાને કારણે મિટિંગના સંચાલનમાં મુખ્ય નિર્ણયો લેવામાં તેમનાં હિતો અને અપેક્ષાઓ પરિપૂર્ણ થાય તેવા પ્રયત્નો  કરે છે. જે સ્ત્રીઓ યુવાન વયની છે તેઓને અન્ય ક્ષેત્રોના અધિકારીઓ સાથે સંપર્ક

કરવાનું હોવાથી કુટુંબ અને સમુદાયના સભ્ય શંકાની નજરે જોતા હોય છે. તેથી કુટુંબમાં ઝઘડા થવાની શક્યતા રહે છે. જો કે જે સ્ત્રી સભ્ય રાજકીય ક્ષેત્રમાં સક્રિય છે, તેઓ જણાવે છે કે તેના કારણે તેઓમાં આત્મવિશ્વાસમાં વધારો થયો છે. પોતાના દરજ્જામાં વધારો થયો છે. આત્મનિર્ભરતામાં, રાજકીય જાગૃતિમાં વધારો થયો છે. તેમના સમુદાયનો તે સ્ત્રી સભ્ય તરફનો દ્રષ્ટિકોણ બદલાયો છે. સ્ત્રીઓનો પોતે પોતાના જીવનધોરણમાં સુધારો થયો છે તેમ માને છે. તેમ જ તેઓ સ્વતંત્ર નિર્ણયો લેવા લાગી છે. જો કે રાજકીય ક્ષેત્રોમાં આદિવાસી સ્ત્રીઓના પ્રવેશના કારણે સ્ત્રીઓની બેવડી ભૂમિકાને કારણે શારીરિક-માનસિક થાકનો અનુભવ, આરોગ્ય પ્રત્યે પૂરતી કાળજીનો અભાવ તથા બાળઉછેરનાં કાર્યોમાં વિક્ષેપ જોવા મળ્યો છે. ઘરના સભ્યોની અપેક્ષા પૂર્ણ કરવાની બાબતમાં અનુકૂલન કરવું પડે છે.

ટૂંકમાં આદિવાસી સમાજની સ્ત્રીઓને સ્વતંત્રતા બાદ રાજકીય ક્ષેત્ર, જાહેર જીવનમાં અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લેવાની એક તક પંચાયતી રાજ વ્યવસ્થા દ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ હજુ પણ સ્વેચ્છાએ આ ક્ષેત્રમાં ભાગ લેતી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું જ ઓછું છે. સ્ત્રીઓનું આ ક્ષેત્ર પ્રત્યેનું ઉદાસીન વલણ જોવા મળે છે. આ સ્ત્રીઓ સામાન્ય રીતે અન્ય નિર્ણયો લેવામાં ખૂબ સ્વતંત્રતા ધરાવે છે. પરંતુ આ ક્ષેત્રમાં સક્રિય ભાગીદારી માટે બહુ રસ ધરાવતી જોવા મળતી નથી.

## ધર્મ

ધર્મ એ વ્યક્તિના જીવનનું એક મહત્ત્વનું પાસું છે. તે તેની અંગત લાગણી, ભાવના, વલણ અને માન્યતા સાથે જોડાયેલ છે. જો કે આદિવાસી સમાજમાં પણ ધર્મવ્યવસ્થાનું વૈવિધ્ય જોવા મળે છે. આદિવાસીઓ પ્રકૃતિવાદ, જૂથવાદ અને ગૂઢ આત્મવાદ અને ટોટમવાદ સાથે જોડાયેલ હોય છે. ડૉ. ધૂર્યે એવો અભિપ્રાય ધરાવે છે કે હિંદુ સમાજવ્યવસ્થામાં આદિવાસીઓનું નજીકનું સ્થાન રહેલું છે. તેઓ વિશિષ્ટ પ્રકારની ધર્મવ્યવસ્થા ધરાવતા નથી. ધર્મ એ સંસ્કૃતિનું એક અંગ અથવા તત્ત્વ છે, જે માનવીની નિશ્ચિત પ્રકારની જરૂરિયાતો સંતોષે છે. માનવીએ દુર્ઘટનાઓથી દૂર રહેવા માટે જે પ્રકારની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો તેમાંથી જ ધર્મવ્યવસ્થા ઉદ્ભવી છે. આદિવાસીઓમાં અંધશ્રદ્ધા તથા ભૂવા-ભગતનું તત્ત્વ વિશેષ છે. તેઓમાં ધાર્મિક નિષેધોનું ક્ષેત્ર ખૂબ વિસ્તૃત હોય છે. જેથી સમાજોમાં તેના અંગેની અંધશ્રદ્ધાઓ પ્રવર્તે છે. ગુજરાતના ભીલોમાં રાવળ તરીકે ઓળખાતી વ્યક્તિ પૂજારી તરીકે કામ કરે છે. આદિવાસીઓ પરંપરાગત રીતે પ્રાકૃતિક તત્ત્વોની પૂજા કરે છે. જેમ કે સૂર્ય, ચંદ્ર, નદી, પહાડો, વૃક્ષો વગેરે તથા ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. બિન આદિવાસી સમાજના સંપર્કમાં આવવાથી તેમ જ ખ્રિસ્તી મિશનરીઓના સહવાસને કારણે હિંદુ ધર્મનાં અનેક દેવી-દેવતાઓની માનતા કે પૂજા કરે છે. ડાંગ જિલ્લાના આદિવાસી સમૂહો કનલહદેવી, માવલીદેવી, નારણદેવ, હીરવાદેવ, કુંવરદેવ, મોગરદેવ, બગલોભૂત, ગામદેવ, ભવાનીમાતા, બડવાદેવ, ચોસઠ જોગણી, ધરતીમાતા, તાતવા–માતા વગેરે દેવ-દેવીઓની પૂજા કરે છે. વર્તમાન સમયમાં ખ્રિસ્તી ધર્મ, સ્વામીનારાયણ સંપ્રદાય, સ્વાધ્યાય પરિવાર, તથા હનુમાનજી, રામ, કૃષ્ણ અને અંબામા તથા નાનામોટા સંપ્રદાયોનો સ્વીકાર થયેલો છે. વિવિધ સમૂહો જે તે અન્ય દેવી-દેવતાઓની પૂજા કરે છે.

ધર્મ એ પવિત્રતા, અપવિત્રતાના ખ્યાલ સાથે જોડાયેલી બાબત છે. આદિવાસી સમૂહોમાં સ્ત્રી માસિકધર્મમાં બેસે ત્યારે, પ્રસૂતા સમયે કે જન્મ અને મૃત્યુના પ્રસંગોમાં અસ્પૃશ્ય ગણવામાં આવે છે. સ્ત્રીઓ કોઈ ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકતી નથી. વારલી સમૂહમાં માસિકધર્મમાં (માથું ધોવું) કે (બહાર થઈ) કહે છે. બહાર થાય એટલે પાંચ દિવસ સુધી પાણી ભરવાનું, રાંધવાનું કામ કરતી નથી. દેવના સ્થાન કે દેવતા વાજિંત્રોનો સ્પર્શ કરી શકતી નથી. તેણે ચોક્કસ પ્રકારના નિષેધો પાળવા પડે છે. જે લોકો દારૂ કે માંસાહાર ખોરાક છોડે છે

તેને ભગત તરીકે ઓળખવામાં આવે છે અને દરેક પ્રકારની ધાર્મિક વિધિઓ કરતા હોય છે.

આદિવાસી સમૂહના દરેક સામાજિક રીતરિવાજોમાં મોટા ભાગે હિંદુ ધર્મની ધાર્મિક વિધિઓ જોડાયેલી હોય છે. હિંદુ ધર્મની ઘણી ક્રિયા વિધિઓ જોડાયેલી હોય છે. તેઓમાં ભૂતપ્રેત અને ડાકણની પણ માન્યતા એટલી જ મજબૂત હોય છે. કોઈ પણ જાતની આકસ્મિક દુઃખદભરી પરિસ્થિતિ આવે ત્યારે ડાકણની મેલી વિદ્યાથી આ કરવામાં આવ્યું છે તેમ માનવામાં આવે છે. અને તેને દૂર કરવા માટે ભગત પાસે આવતા હોય છે.

ડાકણ એ મેલી વિદ્યાની જાણનાર સ્ત્રીને ગણે છે, જે બિલાડી, કૂતરા, કે શિયાળ બની ફરતી હોય છે તેવી માન્યતા છે. ડાકણ પોતાની વિદ્યા બીજી સ્ત્રીને સ્મશાનમાં લઈ જઈ શીખવે છે. અને આ વિદ્યા શીખેલ સ્ત્રીએ પોતાની પ્રિય વ્યક્તિનો ભોગ આપવો પડે છે. કોઈ સ્ત્રી ડાકણ છે તેમ ગામમાં ખબર પડતાં લોકો ભેગા થઈ તેને મારી પણ નાખે છે. ગામની બહાર કે નાત બહાર તેને મૂકી દેવામાં આવે છે. કેટલીક વાર મોટા ભગતો પાસે ડાકણની વિદ્યા ઉતારવામાં પણ આવતી હોય છે. જો કે શિક્ષિત નોકરિયાત આદિવાસી મહિલાઓ હવે ભૂવા–ભગત પાસે જવાને બદલે બીમારીના પ્રસંગોમાં દવાખાનામાં જાય છે. અને તેઓ ભૂત તથા ડાકણ જેવી અંધશ્રદ્ધામાં માનતા નથી. શિક્ષિત આદિવાસી મહિલાઓનો મોટો સમૂહ જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગોમાં હિંદુ ધર્મની રીતરસમો અને વિધિઓ અપનાવે છે. પરંતુ મૃત્યુ પ્રસંગે પોતાની જાતિના પરંપરાગત રિવાજો અને વિધિઓ પણ ચાલુ રાખી છે. ક્યારેક સંજોગોવશાત્ ગામના ભૂવા પાસે અમુક તકલીફોના નિરાકરણ માટે હજુ પણ જાય છે. સુરત અને ડાંગ જિલ્લામાં કોટવાળિયામાં અને કાથોડીમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ધર્માંતરની પ્રક્રિયા ચાલતી હોવાથી કેટલાક યુવાનો દ્વારા ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવામાં આવે છે. તેમાં બૌદ્ધ ધર્મનો સ્વીકાર પણ કરેલો જોવા મળે છે.

## શિક્ષણ

વર્તમાન યુગ, શિક્ષણ અને વિજ્ઞાનનો યુગ છે. શિક્ષણ વિના સમાજનો ભૌતિક અને સામાજિક વિકાસ થઈ શકે નહીં. આંતરરાષ્ટ્રીય જગતમાં શિક્ષણના પ્રમાણના આધારે રાષ્ટ્રનો સામાજિક દરજ્જો નક્કી થાય છે. ભારતના આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઘણું અલ્પ છે. તેમના વિકાસ માટેના પ્રયાસોમાં તેમની પ્રવર્તતી વ્યાપક નિરક્ષરતા મોટું અવરોધક પરિબળ બની રહે છે.

આદિવાસી સમાજ અન્યથી પછાત દશામાં જીવે છે. આથી તેના સામાજિક, ભૌતિક વિકાસ માટે શિક્ષણની જરૂરિયાત છે.

આદિવાસીઓમાં સ્ત્રીશિક્ષણ હજુ પણ ઘણું ઓછું છે. મોટા ભાગની આદિવાસી સ્ત્રીઓ અભણ છે. ડૉ. જે. સી. પટેલ(૨૦૦૪:૨૪૭)ના અભ્યાસ પ્રમાણે મોટા ભાગની સ્ત્રીઓ ૫૦ વર્ષથી ઉપરની નિરક્ષર જોવા મળી છે. કારણ કે તેમાં શિક્ષણનો પૂરતો વિકાસ થયો નથી તેનાં ઘણાં કારણોમાં વ્યાપક ગરીબી, દુર્ગમ વિસ્તારમાં વસવાટ, ઓછી સામાજિક ગતિશીલતા, પરંપરાગત વ્યાવસાયિક માળખું, દેવું અને શોષણ, શિક્ષણનાં ઓછાં સાધનો, શાળા અને શિક્ષકોની તંગી વગેરે કારણો જવાબદાર ગણી શકાય.

આદિવાસી સમાજ સ્ત્રીશિક્ષણને હવે સ્વીકારતો થયો છે. છતાં સ્ત્રીઓ આધુનિક વ્યાવસાયિક નોકરીઓ કરવાની નથી, તેથી તેઓને શિક્ષણ આપવાની જરૂરિયાત ઓછી છે. વળી છોકરીઓને ઘર બહાર મોકલવાનું ઇચ્છનીય ગણતા નથી. બીજું આદિવાસી સમાજમાં છોકરીઓ નાની ઉંમરથી જ ઘરકામમાં તથા આર્થિક પ્રવૃત્તિઓમાં લાગી જાય છે. આથી માબાપ પોતાની છોકરીઓને શાળા-કૉલેજમાં મોકલવાની અનિચ્છા પણ ધરાવે છે. ગુજરાતના મોટા ભાગના આદિવાસી સમુદાયો પોતાની છોકરીઓ ગામમાં શિક્ષણ લે તેવી ઇચ્છા ધરાવે છે. બહુ જ ઓછા લોકો છોકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે બહાર મોકલે છે.

## કોષ્ટક – ૨


## કેટલાક સમૂહોમાં સ્ત્રીપુરુષ શિક્ષણનું પ્રમાણ – ૨૦૦૧


| No. | Tribe | Total Literate Persons | Male Literates | Female Literates |
|---|---|---|---|---|
| ૧. | Barda | ૪૬૮ | ૨૯૦(૫૮) | ૧૭૮(૩૮) |
| ૨. | Bavcha | ૨૩૮૦ | ૧૪૦૭(૫૯) | ૯૭૩(૪૦) |
| ૩. | Bharwad | ૪૬૫ | ૨૯૯ | ૧૬૬(૩૫) |
| ૪. | Bhil | ૧૨,૨૫,૦૯૮ | ૭,૯૯,૧૨૦(૬૫) | ૪,૨૫,૯૭૮(૩૫) |
| ૫. | Charan | ૬૦૯ | ૩૯૯ | ૨૧૦(૩૫) |
| ૬. | Chaudhri | ૧,૫૫,૦૦૮ | ૮૮,૫૩૭ | ૬૬,૪૭૧(૪૨) |
| ૭. | Ghodhara | ૩૫૯૪ | ૨૦૭૭ | ૧૫,૧૭૯(૪૨) |
| ૮. | Dhanka | ૧,૧૨,૯૫૮ | ૭૩,૭૩૩ | ૩૯,૨૨૫(૩૪) |
| ૯. | Dhodia | ૩,૯૪,૯૮૭ | ૨,૨૨,૨૮૩ | ૧,૭૨,૭૦૪(૪૩) |
| ૧૦. | Dubla | ૨,૪૩,૨૫૨ | ૧,૪૫,૩૬૧ | ૯૭,૮૯૧(૪૦) |
| ૧૧. | Gamit | ૧,૬૧,૬૮૦ | ૯૩,૮૦૦ | ૬૭,૮૮૦(૪૧) |
| ૧૨. | Gond | ૯૦૨ | ૫૫૪ | ૩૪૮(૩૮) |
| ૧૩. | Kathodi | ૧૧૧૪ | ૭૧૯ | ૩૯૫(૩૫) |
| ૧૪. | Kokna | ૧,૪૧,૬૨૭ | ૮૦,૩૮૫ | ૫૫,૨૪૨(૩૯) |
| ૧૫. | Koli | ૧૯,૩૮૬ | ૧૪,૯૦૭ | ૪૪૭૯(૨૩) |
| ૧૬. | Koli Dhor | ૧૫,૫૩૩ | ૯૬૫૩ | ૫૮૮૦(૩૭) |
| ૧૭. | Kunbi | ૨૨,૨૧૨ | ૧૩,૧૪૫ | ૯૦૬૭(૪૦) |
| ૧૮. | Naikda | ૧,૧૫,૦૭૪ | ૭૪,૯૬૪ | ૪૦,૧૧૦(૩૪) |
| ૧૯. | Padhar | ૫૫૬૫ | ૩૯૪૭ | ૧૬૧૮(૨૯) |
| ૨૦. | Paradhi | ૨૨૦૫ | ૧૫૦૨ | ૭૦૩(૪૬) |
| ૨૧. | Pardhi | ૧૩૦૭ | ૮૦૬ | ૫૦૧(૩૮) |
| ૨૨. | Patelia | ૫૭,૦૩૬ | ૩૬,૫૨૩ | ૨૦,૫૧૩(૩૫) |
| ૨૩. | Pomla | ૩૮૯ | ૨૩૪ | ૧૫૫(૩૯) |
| ૨૪. | Rabari | ૪૭૩૩ | ૨૯૯૬ | ૧૭૩૭(૩૬) |
| ૨૫. | Rathawa | ૧,૬૦,૮૩૧ | ૧,૧૨,૧૦૩ | ૪૮,૭૨૮(૩૦) |
| ૨૬. | Siddi | ૪૨૪૨ | ૨૫૮૩ | ૧૬૫૯(૩૯) |
| ૨૭. | Vaghri | ૩૩૬૭ | ૨૩૫૮ | ૧૦૦૯(૨૯) |
| ૨૮. | Varli | ૬૪,૭૧૦ | ૪૨,૦૬૮ | ૨૨,૬૪૨(૩૫) |
| ૨૯. | Vitola | ૬,૭૯૬ | ૩૮૮૨ | ૨૯૧૪(૪૨) |
| ૩૦. | Generic Tribes | ૧૬,૩૭૦ | ૧૦,૪૫૯ | ૫૯૧૧(૩૬) |

ગુજરાતમાં ૨૦૧૧ના સંગણના અહેવાલ મુજબ સાક્ષરતાનો દર ૮૨.૭૮ % જોવા મળ્યો છે. જ્યારે તેની તુલનામાં અનુસૂચિત જનજાતિમાં ૬૨.૫ % જોવા મળે છે, જે ૨૦૦૧ની તુલનામાં ૧૪.૮ % વધુ જોવા મળે છે. અર્થાત્ ૨૦૦૧માં અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૭.૭ % હતું. અહીં નીચેના કોષ્ટક રાજ્યની તુલનામાં અનુસૂચિત જનજાતિના સાક્ષરતાનો દર દર્શાવવામાં આવ્યો છે. ગુજરાતના પંચમહાલ, દાહોદ, વલસાડ, સુરત અને સાબરકાંઠા, બનાસકાંઠા અને ડાંગ જેવા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ સુવિધામાં સુધારો થયો છે. સ્વતંત્રતા બાદ ભારતના બંધારણમાં દરેક નાગરિકોને શિક્ષણ, રોજગારી તથા આરોગ્ય માટેના સમાન અધિકારો આપવામાં આવ્યા છે. પરંતુ વાસ્તવિક ચિત્ર સ્ત્રીશિક્ષણનું અલગ છે. ભારત એશિયાના સૌથી નિમ્ન સાક્ષરતા દરો ધરાવનારામાંનો એક છે. ભારતમાં આજે પણ ૨૦૦ મિલિયનથી પણ વધારે સ્ત્રીઓ નિરક્ષર છે. આ સાક્ષરતાના નિમ્ન સ્તરનો પ્રભાવ ફક્ત સ્ત્રીના જીવન પર જ નહીં પરંતુ દેશના આર્થિક વિકાસ પર, સ્ત્રીના સ્વાસ્થ્ય પર તેમ જ તેમનાં બાળકોના કલ્યાણ પર પણ નકારાત્મક અસર થાય છે.

**કોષ્ટક – ૩**

**રાજ્યમાં સાક્ષરતાનો દર અને આદિવાસીમાં સાક્ષરતાનો દર – તુલના**




ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ૨૦૦૧માં કુલ સાક્ષરતા દર ૬૯.૧ % હતો જે ૨૦૧૧માં તેનું પ્રમાણ ૭૮ % સુધી જોવા મળ્યું હતું. જેમાં પુરુષોનો સાક્ષરતા દર ૭૯.૭ %, જ્યારે સ્ત્રીઓમાં સાક્ષરતાના દરનું પ્રમાણ ૫૭.૮ % હતું. જ્યારે ૨૦૧૧ના સેન્સસના અહેવાલ મુજબ કુલ સાક્ષરતાના દરમાં પુરુષોમાં ૮૫.૮ (૬.૧ %) જોવા મળે છે જે ૬ %નો વધારો દર્શાવે છે. જ્યારે સ્ત્રીઓના સાક્ષરતાના દરમાં ૬૯.૭ (૧૧.૯ %) જોવા મળ્યું છે જે સરેરાશ ૧૨ % નો વધારો દર્શાવે છે.

રાજ્યના સાક્ષરતાના દરના પ્રમાણમાં અનુસૂચિત જનજાતિમાં કુલ સાક્ષરતા દર ૨૦૦૧ પ્રમાણે ૪૭.૭ % જ્યારે ૨૦૧૧માં ૬૨.૫ % જોવા મળ્યો છે. જે દર્શાવે છે કે કુલ ૧૪.૮ %નો વધારો જોવા મળે છે. જેમાં પુરુષોનો સાક્ષરતા દર ૨૦૦૧માં ૫૯.૨ %માંથી ૨૦૧૧માં ૭૧.૭ % અને સ્ત્રીઓના સાક્ષરતાનો દર ૩૬ %માંથી ૫૩.૨ % જોવા મળ્યો છે. અર્થાત્ પુરુષોના સાક્ષરતાના દરમાં ૧૨.૫ % અને સ્ત્રીઓના સાક્ષરતાના દરમાં ૧૭.૫ % ની વૃદ્ધિ જોવા મળી છે. અર્થાત્ ગુજરાતના સામાન્ય સાક્ષરતાના દર અને સ્ત્રીઓમાં સાક્ષરતાના દર કરતાં પણ અનુસૂચિત જનજાતિમાં સ્ત્રીઓના

સાક્ષરતાના દરમાં આ દસકા દરમિયાન ખૂબ ઝડપથી વૃદ્ધિ થયેલ જોવા મળે છે.

આ ઉપરાંત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વિવિધ અનુસૂચિત જનજાતિઓમાં પણ સાક્ષરતાના દરમાં ઘણો તફાવત જોવા મળે છે. જેમાં ધોડિયા, ચૌધરી, હળપતિ, કોંકણા, પારધી, ભીલ, ગામીત આદિવાસીઓમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ સરેરાશ ૪૦ %થી ૪૫ % જેટલું જોવા મળે છે. જ્યારે પઢાર, કોળી, વાઘરી, વગેરે સમુદાયોમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ ૨૫ %થી પણ ઓછું જોવા મળ્યું છે. જેમાં સૌથી ઓછું કોળીમાં ૨૬.૩ % સાક્ષરતાનું પ્રમાણ છે. તેમાં પણ સ્ત્રીઓમાં અંદાજિત ૧૨ % જેટલું જોવા મળે છે. અનુસૂચિત જનજાતિમાં ૫થી ૧૪ વર્ષની વયજૂથનાં બાળકોમાં ૫૬.૯ % બાળકો શાળામાં કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં જાય છે. જેમાં ધોડિયા જાતિનું પ્રમાણ સૌથી વધુ છે. ત્યાર બાદ ચૌધરી, પટેલિયા, કોંકણા, ધાણકા, હળપતિને મૂકી શકાય. ઉચ્ચ શિક્ષણમાં સરેરાશ ફક્ત કુલ શિક્ષિતના ૨.૫ % જોવા મળે છે.

અનુસૂચિત જનજાતિના વિકાસ માટે સરકાર દ્વારા શિક્ષણના વિકાસ માટે અનેક યોજના બનાવવામાં આવી છે. આ સમુદાયના લોકો તેઓની નબળી આર્થિક સ્થિતિને કારણે પોતાનાં બાળકોના શિક્ષણ પાછળ ખર્ચ કરી શકતા નથી. બાળકોને શાળાએ મોકલવાને બદલે પોતાના પરંપરાગત ધંધામાં કામ કરવા માટે ફરજ પાડે છે અથવા પરિવારના નિભાવ માટે આર્થિક રીતે ઉપયોગી થવા માટે નોકરી કે મજૂરીએ મોકલે છે. તેમની સમસ્યાના નિરાકરણ માટે ગુજરાત સરકાર દ્વારા આશ્રમશાળા એટલે નિવાસી શાળા શરૂ કરવા બિનસરકારી સંસ્થાઓને ધોરણ ૧થી ૭, ૮થી ૧૦ અને ધોરણ ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ % અનુદાન આપીને આશ્રમશાળાઓ માટેની યોજના શરૂ કરી. આ શાળાઓના શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓને રહેવા–જમવાની સુવિધાઓ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત આદર્શ નિવાસી શાળાઓ પણ ૧૯૮૬માં શરૂ કરવામાં આવી જેમાં ધોરણ ૯થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓને મફત શિક્ષણ અને રહેવા–જમવાની સુવિધાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત ૨૦૦૮-૦૯માં અનુસૂચિત જનજાતિની કન્યાઓ માટે ઓછી સાક્ષરતાવાળી કન્યા નિવાસી શાળા શરૂ કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી છે. આ યોજના ભારત સરકારના આદિજાતિ બાબતો માટેના મંત્રાલયની અનુસૂચિત જનજાતિઓની કન્યાઓના શિક્ષણના શુદ્ધીકરણની યોજના અંતર્ગત ચલાવવામાં આવે છે. જેનો હેતુ આદિવાસી કન્યાઓની ૧૦૦ % શાળા નોંધણી કરવી અને પ્રાથમિક કક્ષાએ શાળા છોડી જવાના પ્રમાણમાં ઘટાડો લાવી દેશની સામાન્ય મહિલા વસ્તી અને આદિવાસી મહિલા વસ્તી અને સાક્ષરતાની કક્ષામાં રહેલું અંતર ઓછું કરવામાં રહેલું છે. અને આ યોજનાના અમલીકરણ માટે ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ, નિવાસી શૈક્ષણિક સંસ્થા મંડળી અથવા એકલવ્ય આદર્શ નિવાસી શાળા મંડળીને જોડવામાં આવી છે. આ યોજનામાં અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થિનીઓને એ શાળાકીય શિક્ષણ સંસ્થા સાથે રહેઠાણની સુવિધા પણ આપવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લામાં ૪૩ શાળાઓ શરૂ કરાવેલ છે. જેમાં અંદાજિત ૮ હજાર જેટલી વિવિધ અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓએ લાભ લીધેલ છે.

ટૂંકમાં ભારત સરકાર અને ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિની કન્યાઓ માટે શિક્ષણમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેના માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં છેવાડાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે આદિજાતિ વિસ્તારના ૫૨ તાલુકાઓમાં ૮૪ નવોદય અથવા એકલવ્ય નિવાસી શાળા શરૂ

કરવામાં આવી છે. અને કૉલેજના વિદ્યાર્થીને અભ્યાસ સાથે રહેવાની સુવિધા મળે તે માટે ૧૧૨ છાત્રાલય શરૂ કરવામાં આવ્યાં. આદિવાસી કન્યાઓના શિક્ષણનાં પ્રમાણોના પરિણામ સ્વરૂપ આદિવાસી છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેમ જ તેના કારણે આદિવાસી છોકરીઓમાં પરંપરાગત કુરિવાજો, અંધશ્રદ્ધા, ભૂત–ભગતની માન્યતાઓમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું છે. તેઓમાં જાગ્રતતા, સભાનતા વધી છે. અને પોતાનામાં આત્મવિશ્વાસ કેળવતી થઈ છે. ફક્ત પ્રાથમિક શિક્ષણ જ નહીં પરંતુ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઉત્કંઠા જાગી છે. આદિવાસી છોકરીઓ પરંપરાગત શિક્ષણને બદલે નવાં નવાં ક્ષેત્રોના શિક્ષણ મેળવવા લાગી છે.

બેલા ઠાકર : ૧૯૯૬ના અભ્યાસમાં દર્શાવ્યા મુજબ સ્ત્રીઓમાં વ્યક્તિગત અને સામાજિક ક્ષેત્રોનું જ્ઞાન મેળવવા માટે, કેટલીક સ્ત્રીઓ સારી નોકરી મેળવવા શિક્ષણ પ્રાપ્ત કરવું તેમ માને છે. ઉચ્ચતર માધ્યમિક, પી.ટી.સી., સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરતી આદિવાસી મહિલાઓમાં ક્રમશઃ વધારો થયો છે. હવે શિક્ષિત મહિલાઓમાંથી સરકારની અનામત, તેમાંથી આદિવાસી મહિલા વિવિધ સરકારી અને અર્ધસરકારી નોકરીઓમાં જોડાય છે, તેના કારણે તેના સામાજિક દરજ્જામાં–પ્રતિષ્ઠામાં વધારો થયો છે. આદિવાસી પુરુષોમાં શિક્ષિત અને શહેરોમાં વસતી જેવી કે ધોડિયા ચૌધરી, ગામીત અને ડુંગરી ગરાશિયા પોતાની જીવનસાથી તરીકે શિક્ષિત સ્ત્રીને વધુ પસંદ કરે છે. માતા-પિતા અશિક્ષિત હોય પરંતુ પોતાનાં બાળકોને પછી તે પુત્ર હોય કે પુત્રી ભણવા માટે આશ્રમશાળામાં કે શહેરી હૉસ્ટેલોમાં મૂકે છે. શિક્ષણના પરિણામે આદિવાસી સ્ત્રીઓના વિચારોમાં, સામાજિક રીતરિવાજોમાં પરિવર્તન આવ્યું છે. તેઓની નિર્ણયશક્તિ અને આત્મવિશ્વાસ વધ્યો છે અને શિક્ષણના પરિણામે જીવનધોરણ ઊંચું આવ્યું છે અને આર્થિક વિકાસ થયો છે.

## આરોગ્ય

ભારતમાં અને ગુજરાતમાં સ્વતંત્રતા બાદ દેશના નાગરિકોના આરોગ્ય અંગે જે તે શાસકો ચિંતિત છે, તેમાં પણ જન્મદર, મૃત્યુદર, બાળકોનો મૃત્યુદર, માતાનો મૃત્યુદર ઘટાડવા માટેના અનેક પ્રયાસો વિવિધ પંચવર્ષીય યોજનામાં કરવામાં આવે છે. ગુજરાતની આરોગ્યની સ્થિતિ તપાસતાં લોકોનું આયુષ્ય ૬૪.૧ વર્ષનું ગણવામાં આવે છે. ૨૦૧૧ના સેન્સસના અહેવાલ પ્રમાણે બાળ મૃત્યુદર, દર હજાર બાળકોએ ૪૮ છે. જ્યારે માતાનો મૃત્યુદર દર હજારે ૧૬૦ જોવા મળ્યો છે. જો કે અન્ય રાજ્યોની તુલનામાં આ પ્રમાણ ઘણું વધુ છે.

ગુજરાતના શહેરી વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને આદિવાસી સમુદાયમાં બાળ-મૃત્યુદર, માતાના મૃત્યુદર કે જન્મદરમાં ઘણો તફાવત જોવા મળે છે. આદિવાસી વિસ્તારોમાં સ્ત્રીઓ અને નવજાત શિશુના મૃત્યુદરનું પ્રમાણ ઘણું જ ઊંચું છે. જન્મદરનું પ્રમાણ પણ ઘણું વધારે જોવા મળે છે. આદિવાસી વિસ્તારમાં સ્ત્રીપુરુષ અને બાળકો બધામાં કુપોષણની સમસ્યા પણ એટલી જ ગંભીર જોવા મળે છે. માતાઓમાં કુપોષણની સમસ્યા હોવાને કારણે નવજાત શિશુઓ પણ જન્મતાં જ મૃત્યુ પામતાં જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિની જીવનશૈલી, પંરપરાઓ, માન્યતાઓ પ્રમાણે સામાન્ય રીતે કુટુંબમાં સૌ જમી રહે પછી વધ્યુંઘટ્યું સ્ત્રીઓ જમતી હોય છે જેથી સ્ત્રીઓને પોષણયુક્ત આહાર મળતો નથી. અને આ પ્રથા સ્ત્રીઓને નાનપણથી સામાજીકરણ દ્વારા શીખવવામાં આવે છે. પરિણામે સ્ત્રીઓ પોતાનો ખોરાક, આરોગ્ય અને સ્વાસ્થ્ય પાછળ બેજવાબદાર બને છે. પરિણામે લાંબા ગાળે તેમનું આરોગ્ય

કથળે છે. આ ઉપરાંત આદિવાસી લોકોનું રહેઠાણ પૂરતું સુવિધાયુક્ત ન હોવાથી નાના અંધારા ઓરડા, પાણીની અછત તથા આરોગ્યની સુવિધાના અભાવને કારણે આદિવાસી સ્ત્રીઓ અનેક રોગોનો ભોગ બને છે. તેમાં પણ ખાસ કરીને પાણીજન્ય રોગોના કારણે ઘણા લોકો મૃત્યુનો ભોગ બને છે. ડાંગ જેવા સૌથી વધુ વરસાદવાળા વિસ્તારમાં પણ પાણી ઉપલબ્ધ હોય છે, પરંતુ તે પ્રદૂષિત હોય છે. જેના પરિણામ સ્વરૂપ સ્ત્રીઓને અને બાળકોને પેટના અને ચામડીના રોગો થાય છે. આ ઉપરાંત પોષકતત્ત્વોની ખામીના લીધે ક્ષય જેવા રોગોનો ભોગ બને છે.

આદિવાસી વિસ્તારોમાં બાળકના જન્મ અંગે તેઓ સામાન્ય રીતે કુટુંબનિયોજનનાં સાધનોનો ઉપયોગ ખૂબ જૂજ પ્રમાણમાં કરે છે. અને તેના અંગેનું મોટા ભાગની આદિવાસી સ્ત્રીઓ જ્ઞાન ધરાવતી નથી. તેઓ સામાન્ય રીતે ધાર્મિક માન્યતાઓ પ્રમાણે કાર્ય કરતા હોય છે. જો કે વિકસિત આદિવાસી સ્ત્રીઓ કેટલાક પ્રમાણમાં કુટુંબનિયોજનનાં સાધનો અંગે જાણકારી ધરાવતી હોય છે, પરંતુ તેનો ઉપયોગ કરતી હોતી નથી. સ્ત્રીઓ કુટુંબનિયોજનનાં સાધનોનો ઉપયોગ કરતી હોય તેનું પ્રમાણ નહિવત્ છે. તેમાં પણ આદિમ જૂથોમાં ખૂબ જ ઓછું પ્રમાણ જોઈ શકાય છે અને જાણકારી પણ મોટા ભાગે ધરાવતા નથી.

ગુજરાતના બધા આદિવાસી સમુદાયો એ પિતૃસત્તાક, પિતૃવંશીય અને પિતૃસ્થાનીય સમાજવ્યવસ્થા ધરાવે છે. જો કે આદિવાસી સમૂહોમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા હોવા છતાં પણ સ્ત્રીપુરુષ સમાન દરજ્જો ધરાવે છે. બિન આદિવાસી સમાજના સંપર્કમાં આવવાના કારણે દરેક આદિવાસી સમૂહોમાં પ્રથમ બાળક એ પુરુષ-બાળક હોય તેવું ઇચ્છે છે. સૌથી વધુ સીદી સમુદાયમાં સ્ત્રી-બાળક પ્રથમ હોય તેને પસંદ કરનાર ઓછા છે. કારણ કે તેઓ ઇસ્લામ ધર્મ પાળે છે અને તેઓની સંસ્કૃતિનાં ધોરણો અને મૂલ્યોના કારણે સ્ત્રીઓ માટે અનેક બંધનો જોવા મળે છે. આથી સીદી સમુદાયમાં સ્ત્રી–બાળકને ઓછી પસંદગી આપે છે.

માંદગી સમયની સારવારની સુવિધા ગુજરાતમાં અને સમગ્ર ભારતમાં દિનપ્રતિદિન વધતી જાય છે. આ સુવિધાઓ અને જરૂરી સગવડો દરેક જિલ્લા અને તાલુકા સ્થળે વિકસાવવામાં આવી છે. પરંતુ ગ્રામીણ સ્થળે અને અંતરિયાળ ગામડાંઓમાં આવાં કેન્દ્રોનો અભાવ જોવા મળે છે. જેથી મૃત્યુદરનું પ્રમાણ વધે છે. માંદગીથી પીડાતા લોકોની સંખ્યા વધે છે. જો કે સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓ અને ૬ વર્ષથી નીચેનાં બાળકોનું સ્વાસ્થ્ય બગડે નહીં તેમ જ બાળમૃત્યુ પ્રમાણ ઓછું થાય તે માટે પોષણ આહાર યોજના ચલાવવામાં આવે છે. પરંતુ આ સુવિધાનો લાભ આદિવાસી વિસ્તારના ઘણા ઓછા લોકોને પ્રાપ્ત થયો છે. સામાન્ય રીતે તેઓ ભગત, ભૂવા અને દોરાધાગામાં વધુ શ્રદ્ધા રાખતા હોય છે. આદિમ જૂથના અભ્યાસોમાં જોવા મળ્યું છે કે લોકો સરકારી દવાખાનામાં સારવાર માટે જવા લાગ્યા છે. ખાનગી દવાખાનામાં બહુ ઓછાં કુટુંબો જવાનું પસંદ કરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓના ઘરગથ્થુ ઉપચાર કરવામાં અને ભગત–ભૂવા પાસે વિશેષ લઈ જતા હોય છે. પ્રસૂતિ સમયે સરકાર દ્વારા પ્રસૂતિ સહાય યોજના અને પોષણ માટે સગર્ભા સ્ત્રીઓ અને નવજાત શિશુના સહાય અને રક્ષણ માટે પોષક યોજના હોવા છતાં તેનો લાભ ખૂબ ઓછા પ્રમાણમાં લેવામાં આવે છે.

ગર્ભધારણથી પ્રસૂતિના સમય સુધી કોઈ જ વિધિ કરવામાં આવતી નથી. ભિન્ન ભિન્ન સમાજોમાં સામાન્ય રીતે સ્ત્રીઓ પ્રસૂતિ ક્યાં કરાવવી તે અંગેના તેના ધર્મ અને પરંપરાગત રિવાજ પ્રમાણે ભિન્નતા જોવા મળે છે. કેટલાક સમાજમાં સ્ત્રીઓ પોતાની પ્રસૂતિ પિયરમાં કરતી હોય છે. તો કોઈ સમાજમાં સાસરિયામાં કરાવવાનો રિવાજ છે.

પરંપરાગત સમાજમાં અને ખાસ કરીને આદિમ જૂથોમાં સ્ત્રીઓની બધી પ્રસૂતિ દાયણ દ્વારા કરાવવામાં આવે છે, પરંતુ વર્તમાન સમયમાં કેટલેક અંશે તેમાં પરિવર્તન થયેલ જોવા મળે છે. શહેરી સમુદાયના સંપર્કમાં હોય તેવા આદિવાસી સમુદાયો સરકારી દવાખાનામાં પ્રસૂતિ કરાવે છે. અને શહેરી વિસ્તારમાં વસતા લોકો મુશ્કેલભરી પરિસ્થિતિમાં ખાનગી દવાખાને જતા હોય છે. પરંતુ હજુ પણ કુટુંબપ્રથા અને ગામડાંઓમાં વસવાટ હોવાથી કુટુંબના વડીલો કહે તે પ્રમાણે સ્ત્રીઓએ પ્રસૂતિ માટે જવું પડતું હોય છે, તેઓ સ્વતંત્ર નિર્ણય લઈ શકતી નથી. ક્યારેક ખીચડી, મગની કે ચણાની દાળ, બાજરી કે મકાઈ કે ઘઉંની રાબ આપે છે. સુધરેલા લોકો ગુંદર, મધ ખવડાવે છે. પ્રસવ પહેલાં સ્ત્રીઓને કોઈ જુદો ખોરાક આપવામાં આવતો નથી. પરંતુ સ્ત્રીઓ માટે કેટલાક પ્રતિબંધો–નિષેધો પાળવામાં આવે છે. કોટવાળિયા, કોલઘા જેવા આદિમ સમૂહોમાં તે જ સમુદાયની દાયણ  હોય છે. અને પ્રસવ થવામાં કોઈ મુશ્કેલી સર્જાય તો દેવી-દેવતાની માનતા રખાય છે. અને ખોરાકમાં ભાત કે ભાતની કાંજી, ફોતરા કે જુવારના લોટનું ભડકું આપતા હોય છે. જન્મ બાદ બાળકો જીવતાં ન હોય તો વિવિધ દેવી-દેવતાની માનતા રાખે છે. સીદી આદિવાસીમાં મોમાઈ પીરની બાધા રાખવામાં આવે છે. અને પ્રસૂતિ બાદ બકરાની બલિ ચઢાવવામાં આવે છે. સીદીઓમાં પુત્ર કે પુત્રી જન્મનો હર્ષ કે શોક હોતો નથી પરંતુ પુત્ર જન્મે તો મીઠાઈ વહેંચવામાં આવે છે અને પુત્રી જન્મે તો સાદાઈથી વધાવે છે. પઢાર જાતિમાં પુત્રીના જન્મને લક્ષ્મીનો જન્મ થયો તેમ મનાય છે. પરંતુ તેના જન્મ પછી કંઈ વહેંચવામાં આવતું નથી. પરંતુ પુત્ર જન્મે તો પાંચ શેર ગોળ તેની સાસરીમાં વહેંચવામાં આવે છે. રાઠવા આદિવાસી સમાજમાં દીકરીનું  દાપું મળતું હોવાથી તેમ જ ઘરમાં કામ કરતી હોવાથી તેના જન્મને વધાવે છે. તે જ રીતે દીકરાના જન્મને પણ કુટુંબની આર્થિક જવાબદારી, પિતૃસત્તાક સમાજનાં મૂલ્યો, વંશવેલો ચાલુ રાખવો વગેરેને કારણે તેના જન્મને પણ આવકારવામાં આવે છે. પુત્ર અને પુત્રીના જન્મ બંને સામાજિક, આર્થિક રીતે લાભદાયક હોવાથી આવકારદાયક ગણવામાં આવે છે. આદિવાસી સમાજમાં લગ્ન પછીની સ્ત્રીની સાંસારિક બાબતોમાં માતા-પિતા વચ્ચે ખાસ પડતા નથી. ગર્ભકાળ નવ માસ ને નવ દિવસનો ગણવામાં આવે છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં કોઈ ધાર્મિક વિધિ જેવી કે સીમંત વગેરે કરવામાં આવતી નથી. સગર્ભા સ્ત્રીની ખાવા-પીવાની ઇચ્છા શક્ય હોય એટલા પ્રમાણમાં પૂરી કરવામાં આવે છે

પ્રસૂતિના સમયમાં સ્ત્રીની પ્રસૂતિ મોટે ભાગે ઢોરની કોઢમાં કરાવે છે. ઘરમાં જો પ્રસૂતિ કરાવવામાં આવે તો ઘર અભડાઈ જાય તેવી તેમની માન્યતા છે. પ્રસૂતિ કરાવવા માટે દાયણને બોલાવવામાં આવે છે. સામાન્ય રીતે આદિવાસી સ્ત્રીઓ શારીરિક કામ કરતી હોવાથી પ્રસૂતિ સરળતાથી થતી હોય છે. ક્યારેક જરૂર પડે દવાખાને લઈ જતા હોય છે અથવા ડોક્ટર કે નર્સને ઘરે બોલાવે છે. બાળકના જન્મ બાદ દાંતરડું કે અન્ય કોઈ લોખંડના હથિયારથી બાળકની નાળ કાપી નાખવામાં આવે છે. બાળકના જન્મ બાદ બાળક અને તેની માતાને ગરમ પાણીથી નવડાવે છે. કેટલાક આદિવાસી સમુદાયોમાં બાળકના જન્મ બાદ સ્ત્રી સાત દિવસ સુધી ક્યાંય સ્પર્શ કરી શકતી નથી. પંદર દિવસ બાદ ઘરમાં તે હરીફરી શકે છે. ખેતીનું કામ કરી શકે છે. પરંતુ સવા મહિના સુધી રાંધી શકતી નથી તો કેટલાંક આદિવાસી જૂથોમાં ત્રીજે જ દિવસે સ્ત્રી જંગલમાં કે અન્ય જગ્યાએ મજૂરી માટે કામ કરવા જતી રહે છે.

### અર્થવ્યવસ્થા

આદિવાસીઓના આર્થિક માળખામાં શ્રમવિભાજિત વિનિમય, બજાર, મિલકત જેવી સંસ્થાઓ સુગ્રથિત થયેલી જોવા મળે છે. એ સમૂહના સભ્યો વચ્ચે ચોક્કસ પ્રકારના સંબંધો

બાંધવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શ્રમવિભાજન દ્વારા સ્ત્રીપુરુષોના સંબંધો જુદી જ ભૂમિકા પર ગોઠવાતા હોય છે. પરંપરાગત શ્રમવિભાજનનું માળખું એમનામાં ચઢતા-ઊતરતાપણાના ખ્યાલો જન્માવે છે. આદિવાસીઓના આર્થિક માળખામાં વૈવિધ્યતા જોવા મળે છે.

પ્રાદેશિકતાના પાયા પર આદિવાસી સમાજવ્યવસ્થામાં આર્થિક વૈવિધ્ય જોવા મળે છે. છતાં પણ અર્થવ્યવસ્થાના સ્વરૂપને તપાસતાં કેટલીક બાબતો સર્વસામાન્ય જોવા મળે છે. જેમ કે ચલણી નોટોનો ઓછો ઉપયોગ, જરૂરિયાત પૂરતું ઉત્પાદન, વિશાળ બજારવ્યવસ્થા સાથે નહિવત્ સંબંધ, ધર્મ તથા પ્રાકૃતિક વાતાવરણનો વિશેષ પ્રભાવ, તથા ઉત્પાદન કાર્યમાં સહકારને ગણી શકાય. ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓનો મુખ્ય વ્યવસ્થા ખેતી છે. આદિવાસી સમૂહોમાં વ્યાવસાયિક વૈવિધ્ય બહુ જોવા મળતું નથી. ખેતીની સાથે ખેતમજૂરી, પશુપાલન, ઘરકામની નોકરી, ચોકીદાર તરીકેની નોકરી કરતા હોય છે. શિક્ષિત યુવાન, યુવતીઓ સરકારી કે ખાનગી નોકરી કરવા લાગ્યાં છે. જો કે અંતરિયાળ ગામડાંઓમાં વસતા સમૂહોની અર્થવ્યવસ્થા યાંત્રિક વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આદિવાસી સમાજમાં ખેતીવિષયક તમામ કાર્યોમાં કુટુંબના સભ્યો જોડાતા હોય છે. ખેડ, વાવણી, નીંદામણ, કાપણી, લણણી, ટોપલા તથા દોરડા બનાવવા, જંગલપેદાશ એકઠી કરવી, ઢોર ચારવા, ઘર બાંધવા વગેરે કામોમાં વ્યક્તિગત ભાવના કરતાં સામૂહિક ભાવના ને સહકાર વિશેષ જોવા મળે છે. જો કે સ્ત્રીપુરુષ ભેદના આધાર પર કાર્યનું વિભાજન થતું હોય છે.

બિનઆદિવાસી સમાજની સ્ત્રીઓ તથા આદિવાસી કે આદિમ જૂથની સ્ત્રીઓની આર્થિક ક્ષેત્રની ભાગીદારીમાં ઘણો તફાવત જોવા મળે છે. બિનઆદિવાસી સમાજની સ્ત્રીઓની આર્થિક ક્ષેત્રની ભાગીદારીનો આધાર જ્ઞાતિ અને વર્ગવ્યવસ્થા ઉપર રહેલો છે. જ્યારે આદિવાસી કે આદિમ જૂથમાં સ્ત્રીઓ અને પુરુષો બંને સાથે મળીને કામ કરતાં હોય છે. જો કે તેમની પાસે કોઈ કૌશલ્યતા બહુ જોવા મળતી નથી. તેઓ તેમનો પરંપરાગત વ્યવસાય છોડવા લાગ્યા છે. જેમ કે કાથોડી કાથો બનાવવાના વ્યવસાય ઉપરાંત અન્ય ખેતી કે ખેતમજૂરી કરે છે તેમ જ કોટવાળિયા વાંસની વસ્તુઓ બનાવવા ઉપરાંત અન્ય વ્યવસાય પણ કરવા લાગ્યા છે. તેઓને જે આર્થિક પ્રવૃત્તિ મળે તેમાં જોડાઈ જતા હોય છે. ૨૦૦૧ના વસતીગણતરીના અહેવાલ પ્રમાણે કુલ કામદારોમાંથી આદિવાસી સમૂહમાં ૪૯.૦૬ % લોકો આર્થિક પ્રવૃત્તિ કરે છે. જેમાં પુરુષનું પ્રમાણ ૫૩.૨૦ % અને સ્ત્રીઓનું પ્રમાણ ૪૪.૮૩ % જોવા મળે છે. ડાંગ જિલ્લામાં કુલ વસ્તીના ૪૧.૯ % કામ કરનાર લોકો છે જેમાં ૩૩.૬ % મુખ્ય કામ કરનાર છે. જ્યારે સીમાંત કામ કરનાર લોકો ૮.૩ % છે.

ગુજરાતના આદિવાસી સમૂહો જંગલો, પહાડો અને ડુંગરાળ વિસ્તારોમાં વસવાટ કરે છે. જે બિનઆદિવાસી સમાજ સાથે સંપર્કમાં આવ્યા તેઓ શહેરોમાં તથા આજુબાજુનાં ગામડાંમાં વસવાટ કરે છે. પરંતુ તેઓનો આર્થિક વિકાસ ખૂબ ધીમો હોય છે. કેટલાક આદિમ સમૂહો દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરે છે. તેઓની અર્થવ્યવસ્થાનો મુખ્ય પાયો કૃષિ અર્થવ્યવસ્થા છે. પ્રારંભમાં તેઓની પાસે જમીનની માલિકી ન હતી અને સમુદાયની ગણવામાં આવતી ન હતી અને દરેક કુટુંબને અમુક ભાગ કે હિસ્સો ખેડવા આપવામાં આવતો અને જે કાંઈ ઉત્પાદન થાય તેને સરખે ભાગે વહેંચી દેવામાં આવતો. જો કે આજે પણ મોટે ભાગે કૃષિ અર્થવ્યવસ્થા છે. આમ આર્થિક પ્રવૃત્તિ એ સામુદાયિક પ્રવૃત્તિ ગણાતાં કુટુંબના દરેક સભ્ય પોતાની વય અને શક્તિ મુજબ ખેતીના કામમાં

સંકળાયેલા હોય છે. બાળકો નીંદામણ કરે, ઢોર ચરાવે અને જંગલની પેદાશ એકત્રિત કરી લાવતા હોય છે. વડીલ પુરુષો ખેતી અંગે માર્ગદર્શન આપે તેમ જ ખેતરમાં કાપણી કે વાવણીના સમયે મદદ કરે છે. ઘરની સ્ત્રીઓ ઘરની સંભાળ લેવાનું, બાળકોને સાચવવાનું તથા ઘરમાં અનાજ લાવ્યા પછી ઠેકાણે પાડવાનું કામ કરે છે. જો કે બિન-આદિવાસી સમાજના સંપર્કમાં આવવાથી ઘણા સમૂહોમાં સામુદાયિક ભાવના કે કૌટુંબિક ભાવનાને બદલે વ્યક્તિગત વિકાસના ખ્યાલો વિકાસ પામ્યા છે.

આદિવાસી સમાજમાં અર્થવ્યવસ્થા જોઈએ તો કૃષિક્ષેત્રમાં જૂનાં સાધનો અને જૂની પદ્ધતિથી કરતા હોવાથી ખેતીમાં ઉત્પાદનક્ષમતા ઓછી થાય છે. આથી પૂરક રોજગારી મેળવવા માટે અન્ય ખેડૂતોને ત્યાં ખેતમજૂરી કરવા લાગ્યા છે. અન્ય પ્રકારની મજૂરી જેમ કે કારખાનામાં કામ કરવું, ખાણોમાં કામ કરવું, બાંધકામ મજૂરી કરવી, જંગલમાં લાકડાં કાપવાની મજૂરી કરતા જોવા મળ્યા. તેની સાથોસાથ ખભેખભા મિલાવીને ગૃહકાર્ય સિવાય આર્થિક રીતે પોતાનું ઘર સધ્ધર થાય તે માટે પોતાના પુરુષો સાથે ખેતીમાં મદદ કરવી, ખેતર ખેડવું, શાકભાજી વહેંચવા જવું, ખેતર સાફ કરવું, અનાજ બજારમાં વહેંચવા જવું વગેરે કાર્ય કરે છે. જંગલ વિસ્તારમાં કે પહાડોમાં વસતી આદિવાસી સ્ત્રીઓ જંગલમાં જઈ મહુડા એકત્રિત કરવા, ટીમરુનાં પાન એકત્રિત કરવા, બીડીઓ વાળવી, જંગલની અન્ય પેદાશો જેવી કે ડોળી, ગુંદર, રાખ, મધ વગેરે વસ્તુ એકત્રિત કરી બજારમાં વહેંચવી. જંગલમાંથી લાકડાં કાપી વીણી લાવી તેને નજીકનાં શહેરોમાં જઈને વેચે છે. આમ પુરુષ સમકક્ષ અથવા ક્યારેક તો પુરુષ કરતાં પણ વિશેષ કામ કરીને ઘરકામ સિવાય અન્ય પ્રકારનાં કાર્ય કરીને આવકનું સાધન ઊભું કરે છે. જો કે શિક્ષિત અને શહેરોમાં વસવાટ કરતા આદિવાસી સમુદાયોમાં સ્ત્રીઓની આર્થિક ક્ષેત્રમાં ભાગીદારીનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. જેમ કે ભીલ, ચૌધરી, ગામીત, સીદી આદિવાસી સમુદાયોમાં કુટુંબમાં કમાનાર વ્યક્તિ તરીકે મુખ્યત્વે પુરુષો જોવા મળે છે.

આદિવાસી સમાજોની અર્થવ્યવસ્થા પરંપરાગત કક્ષાની હોવાથી તેઓ જીવનનિર્વાહ માટે સ્થળાંતર કરતા હોય છે. ગુજરાતમાં ખાસ કરીને દાહોદ-પંચમહાલના સ્થળાંતરિત આદિવાસીઓ બાંધકામ ક્ષેત્રે જોડાય છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, તાપી, ડાંગ, વલસાડ જિલ્લાના આદિવાસીઓ શેરડીનાં ખેતરો તથા શુગર ફૅક્ટરીઓમાં મજૂરી કરે છે જ્યારે  વડોદરા નર્મદા, ભરૂચ જિલ્લાના આદિવાસીઓ સૌરાષ્ટ્રમાં ખેતીકામમાં મજૂરી કરતા હોય છે. આ સ્થળાંતરિત આદિવાસીઓની બહેનો પોતાના પતિ તથા સંતાનો સાથે સ્થળાંતર કરતી હોવાથી રહેઠાણની મુશ્કેલી અનુભવે છે. અપરિણીત સ્ત્રીના શારીરિક છેડછાડના બનાવો બનતા હોય છે અને ક્યારેક તેને સમજાવી પટાવી લગ્ન કરતા જોવા મળે છે. અને તેનું શોષણ કરતા હોય છે. આ ઉપરાંત પુરુષોના પ્રમાણમાં ઓછું વેતન, અનિયમિત વેતન મળતું હોય છે. તેમનાં બાળકોમાં શિક્ષણની સુવિધાઓનો અભાવ જોવા મળે છે જેથી બાળકો પદ્ધતિસરનું શિક્ષણ મેળવી શકતાં નથી. અપૂરતો ખોરાક હોવાને કારણે કુપોષણની સમસ્યાઓ જોવા મળે છે. આરોગ્યની સુવિધાઓનો અભાવ હોવાથી સ્ત્રીઓમાં ચામડીના રોગો અને શારીરિક અન્ય રોગો જેવી સમસ્યાઓનું પ્રમાણ વધુ હોય છે. આમ સ્થળાંતરને કારણે સ્ત્રીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આદિવાસી સમૂહોમાં છોકરો કે છોકરી નાનાં હોય ત્યારથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવકના સાધન સાથે સંકળાયેલ હોય છે. છોકરી સાસરે જાય ત્યારે સાસરિયા પક્ષને મદદરૂપ હોવાથી કન્યાના બદલામાં દહેજ લેતા હોય છે.

આજે આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધવાથી શહેરો કે નજીકનાં ગામડાંમાં વસવાટ કરતા હોવાથી વાઈટ–કોલર નોકરીમાં જોડાય છે. જેમાં ખાસ કરીને ચૌધરી, ગામીત, ભીલ, ધોડિયા, રાઠવા, જેવી આદિવાસી જાતિઓમાં સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લેતી થાય છે. પરંતુ અન્ય જાતિઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. આદિવાસી સ્ત્રીઓ કે જે મજૂરીકામ કરે છે તેની કમાણી પોતાની પાસે રાખે છે. એટલું જ નહીં પરંતુ પુરુષ પણ પોતાની કમાણી સ્ત્રીને આપે છે. ઘર ચલાવવાની જવાબદારી સ્ત્રીના માથે હોય છે. અને તેઓ શહેરી સ્ત્રીઓ કરતાં વધુ સ્વતંત્રતા ભોગવે છે. ઘરનાં કામોમાં પણ કુટુંબમાં બધી દીકરીઓ હોય અને પિતાની ખેતીની જમીન સારી હોય તો ઘરજમાઈ પણ લાવે છે. પતિ-પત્ની વચ્ચે શ્રમ કે કામનો બહુ મોટો ભેદભાવ નથી. ઘરકામમાં પતિ મદદ કરતા હોય છે. જ્યારે ખેતીમાં સ્ત્રીઓ કામ કરતી હોય છે. બેલા ઠાકરના અભ્યાસ મુજબ નોકરિયાત આદિવાસી મહિલામાં સાબરકાંઠા, બનાસકાંઠા અને પંચમહાલના ભીલો તથા ચૌધરી અને ગામીત જાતિની મહિલાઓ છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આદિવાસી મહિલાઓ મોટે ભાગે પી.ટી.સી. કરી આશ્રમશાળામાં શિક્ષક તરીકે નોકરીઓ કરે છે. તેમ જ તાલુકા કક્ષાની સરકારી કચેરીમાં પણ નોકરીઓ કરે છે. સુરત, નવસારી, બારડોલી, વલસાડ, ભરૂચ, અંકલેશ્વર જેવાં મોટાં શહેરો અને ઔદ્યોગિક એકમોમાં પણ તેઓ નોકરી કરે છે. સરકારી નોકરીઓમાં ક્લાર્ક, ટાઇપિસ્ટ, વર્ગ ત્રણ તથા બૅંક, હૉસ્પિટલ તથા કૉર્પોરેશનમાં ક્લાર્ક તરીકે, ટેલિફોન ઑપરેટર તરીકે કાર્ય કરતી જોવા મળે છે. અને તેઓ શહેરોમાં સ્થળાંતર કરે છે. તેઓ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી વર્ગ બે અને એકના ઉચ્ચ હોદ્દાની નોકરી પણ પ્રાપ્ત કરે છે.

બિનઆદિવાસી વ્યાપક સમાજના સંપર્કમાં આવવાના કારણે આદિવાસી મહિલાઓનાં માતા-પિતા શિક્ષિત હોવાથી તેઓ સારું શિક્ષણ પ્રાપ્ત કરી શક્યાં છે, અને ક્યારેક ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે સ્ત્રીઓને વધુ અભ્યાસ માટે માર્ગદર્શન મળતું ન હોવાથી તેઓ ટૅક્નિકલ કે પ્રોફેશનલનું શિક્ષણ મેળવી શકતાં ન હોવાથી આગળ વધી શકતાં નથી. મોટે ભાગે નોકરી કરતી મહિલાઓને સરકારની અનામત જગ્યાઓને કારણે નોકરી મળે છે. જો કે કેટલીક આદિવાસી સ્ત્રીઓએ સામાન્ય કોટામાં પણ નોકરીઓ મેળવી છે. જે સ્ત્રીઓ વાઇટ-કોલર નોકરીઓ કરે છે તેઓનો સામાજિક દરજ્જો ઊંચો ગણાય છે અને આ સ્ત્રીઓને તેમના અન્ય કર્મચારીઓના વર્તન–વ્યવહારમાં ભેદભાવ દેખાય છે. અનામત નીતિને લીધે સહકર્મચારીના વર્તનને કારણે માનસિક સંઘર્ષ અનુભવે છે. મોટા ભાગની મહિલાઓ પોતાના દ્રઢ મનોબળ, ઇચ્છા તથા મા-બાપના પ્રોત્સાહનના તથા પતિના સહકારથી આગળ વધી શકી છે તેવું માને છે. અને તેઓ કુટુંબની સામાજિક-આર્થિક જરૂરિયાતને કારણે નોકરી કરે છે. આધુનિક યંત્રવિજ્ઞાન, ટૅક્નૉલૉજીનો ઉપયોગ વધવાને કારણે ગ્રામીણ વિસ્તારોમાં કૃષિક્ષેત્રે તથા શહેરોમાં કારખાનાંઓમાં કે બીજે કાર્ય કરતી આદિવાસી સ્ત્રીઓમાં બેકારીનું પ્રમાણ વધ્યું છે. મોટા ભાગે તેઓ અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા હોવાથી પુરુષ અને સ્ત્રીની તુલનામાં નોકરીમાંથી છૂટા કરવાના હોય ત્યારે સ્ત્રીઓને નોકરીમાંથી છૂટા કરે છે. બીજું, આદિવાસી સ્ત્રીઓ તેના પતિ સાથે શહેરી કે શહેરી વિસ્તારોના પરામાં કારખાનામાં, ખાણોમાં, બાંધકામ મજૂરી કરતી હોય છે, તે હંગામી સ્વરૂપની રોજગારી હોય છે. ચોમાસાની ઋતુમાં ખેતી કરવા પોતાના ગામ પરત આવી જતા હોય છે.

સ્ત્રીઓના દરજ્જાને માપવા માટે સ્ત્રીઓ પાસે મિલકત, સત્તા કે સ્વતંત્રતા કેટલી છે તેના આધારે માપી શકાય છે. આદિવાસી સમૂહની સ્ત્રીઓ અન્ય સમાજની સ્ત્રીઓ કરતાં લગ્નક્ષેત્રે, કૌટુંબિક ક્ષેત્રે તથા આર્થિક ક્ષેત્રે પુરુષ સમકક્ષ અધિકારો ધરાવે છે. જો કે પિતૃસત્તાક ઘરના મહત્ત્વના નિર્ણયો પુરુષો કે વડીલો દ્વારા લેવાતા હોય છે. જ્યારે સ્ત્રીઓ કમાતી હોય અને પુરુષ બેકાર હોય ત્યારે કુટુંબના મહત્ત્વના નિર્ણયો સ્ત્રીઓ લેતી હોય છે.

આદિવાસી લોકો અત્યંત ગરીબીમાં જીવતા હોવાથી જીવનનિર્વાહ માટે તેમણે સતત સંઘર્ષ કરવો પડે છે. સ્ત્રીઓ પણ પુરુષોની સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે ત્યારે માંડ પોતાનો ગુજારો કરી શકે છે. તેથી સ્ત્રીઓના આર્થિક વિકાસ માટે સરકાર તરફથી કલ્યાણ યોજનાઓ અમલમાં આવી. આદિવાસી મહિલાઓને સરકારી ખર્ચે તાલીમ આપી કેટલાક હુન્નર-ઉદ્યોગ શીખવવામાં આવે છે. તાલીમ દરમિયાન સરકાર તરફથી નક્કી કરેલ આર્થિક સહાય પણ સ્ટાઇપેન્ડ તરીકે ચૂકવવામાં આવે છે.

આદિવાસીઓની અર્થવ્યવસ્થા મોટે ભાગે નિભાવલક્ષી હોય છે. તેમના વિકાસ માટે ૬ઠ્ઠી પંચવર્ષીય યોજના સુધી વિવિધ કલ્યાણ યોજનાઓ ચાલતી હતી. પરંતુ આદિવાસી સ્ત્રીઓ માટે કોઈ ખાસ યોજનાઓ હતી નહીં. આદિવાસી તથા પછાત-વર્ગના લોકો માટે મહાત્મા ગાંધી ખૂબ ઝઝૂમ્યા, તેમાંય સ્ત્રીઓની ઉન્નતિ માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા, જેના પરિણામે કેટલીક આદિવાસી સ્ત્રીઓ આગળ આવી. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન અનુસૂચિત આદિજાતિના વિકાસ અંગેના કાર્યકારી જૂથ દ્વારા ભલામણ કર્યા મુજબ ગુજરાત સરકારે આદિવાસી સમાજના સંતુલિત વિકાસ માટે ખાસ કરીને સ્ત્રીઓના વિકાસ પરત્વે ધ્યાન આપી આયોજિત પ્રયત્નો શરૂ કર્યા.

ડૉ. રેખા મહેતાના (૧૯૯૬.૫) અભ્યાસમાં દર્શાવ્યા પ્રમાણે આઠ જિલ્લામાંથી બે જિલ્લામાં કોઈ કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ આદિવાસી મહિલાઓ માટે જોવા મળતી નથી.

આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓ નીચે મુજબ છેઃ

૧. મહિલા શિક્ષણ તાલીમવર્ગ
૨. ઊન ગાલીચા તાલીમવર્ગ
૩. મહિલા સંમેલન
૪. મહિલા ખેડૂત શિબિર
૫. ઝરી ભરતકામ તાલીમવર્ગ
૬. ઍમ્બ્રૉઇડરી તાલીમવર્ગ
૭. પડિયા–પતરાળા તાલીમવર્ગ
૮. દવા-સારવાર તાલીમવર્ગ
૯. હોસ્ટીન ગામ યોજના
૧૦. RIR પક્ષી એકમ યોજના
૧૧. કાંકરેજ ગાય યોજના
૧૨. દેશી ગાય યોજના
૧૩. બતક એકમ યોજના
૧૪. સંકર ટામેટા યોજના
૧૫. પરવળ-ઘિલોડા યોજના
૧૬. કેળના પત્તા
૧૭. સસલા એકમ
૧૮. ચાર વ્હીલ લારી
૧૯. અનાજ દળવાની ઘંટી
૨૦. મંડપ
૨૧. દુકાન
૨૨. લૂઝ કેબિન
૨૩. દૂધાળાં ઢોરની યોજના
૨૪. ઝીંક-ઝીંક મશીન

જો કે ઉપરોક્ત યોજનાઓ બધા આદિવાસી જિલ્લાઓમાં ચાલતી નથી. ખૂબ ઓછી યોજનાઓ અંગે લોકો પાસે જાણકારી છે. અને સ્ત્રીઓની

કલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણમાં ઉદાસીનતા જોવા મળે છે. જો કે કલ્યાણ યોજનાઓની જે સ્ત્રીઓએ તાલીમ મેળવેલ છે, તેઓ આર્થિક રીતે પગભર બની શકી છે. આ સ્ત્રીઓ તેમના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બની સમાનતાવાદી મૂલ્યોના વિકાસ હેઠળ ઘર બહાર આર્થિક પ્રવૃત્તિ કરવા લાગી છે.

## સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્ત્રી-સશક્તીકરણ

ગુજરાતમાં ગાંધીવાદી વિચારધારાને વરેલા કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતમાં ગામડે ગામડે ગાંધીવિચારના પ્રચાર-પ્રસાર સાથે જોડાઈ ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાની સેવાઓની કામગીરી જોતાં તેના ઉદ્ભવ, વૃદ્ધિ-વિકાસનાં મૂળિયાં ઘણાં મજબૂત અને ઊડાં છે. સમગ્ર ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી લગભગ ૬૫ % સ્વૈચ્છિક સંસ્થાઓ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કાર્ય કરે છે. જેમાંની ૭૧ % સંસ્થાઓ કેવળ સુરત અને વલસાડ જિલ્લામાં કામ કરે છે. આર બી. લાલ અને સિદ્ધરાજ સોલંકી (૧૯૩૯:૮૯-૯૬) તથા સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના સર્વે મુજબ દક્ષિણ ગુજરાતની ૬૮ સંસ્થાઓમાંથી ૨૫ આર્થિક કાર્યક્રમો, ૧૫ આરોગ્યતંત્ર તથા ૭ કેળવણી દ્વારા વિકાસની કામગીરીમાં જોડાયેલી છે.

ગુજરાતમાં મહિલાઓના નામે જમીન અને મિલકત થાય તેમ જ તેની માલિકી સાચા અર્થમાં બહેનોની હોય એ દિશામાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓને એક જ સંગઠિત મંચ પૂરો પાડવા અને આ મુદ્દાની જુદા જુદા સ્તરે હિમાયત કરવા માટે સંસ્થાઓનું એક નેટવર્ક રચાયું છે, જેનું નામ છે – "મહિલાઓ અને જમીનમાલિકીના મુદ્દે કાર્યકારી જૂથ". આ જૂથના નેજા હેઠળ તેની સભ્ય સંસ્થાઓએ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં મહિલાઓને જમીન અપાવવાનાં અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. 'આનંદી' સંસ્થાએ પંચમહાલ જિલ્લાના બારિયા, રાજકોટ જિલ્લાના માળિયા-મિયાણા તેમ જ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં અનેક મહિલાઓને તેમના જમીનના હક્કો અપાવ્યા છે. સંસ્થાની મદદ અને માર્ગદર્શનથી પંચમહાલ અને દાહોદ સ્થાનિક ગ્રામીણ બહેનોના 'પાવન મહિલા સંગઠન' તથા 'દેવગઢ સંગઠનો'નું સશક્તીકરણ થયું છે. આ સંગઠનો દ્વારા ૬૦ મહિલાઓને નામે વારસાઈ કરાવવામાં આવી છે.

આ સંગઠનોના કારણે આદિવાસી મહિલાઓમાં જાગ્રતતા આવી છે. પરંપરાગત આદિવાસી સમાજોમાં સામાન્ય રીતે મહિલાઓને પુરુષો સમકક્ષ અધિકારો આપવામાં આવે છે. પરંતુ આદિવાસી પિતૃસત્તાક સમાજોમાં જ્યારે સ્ત્રીઓ પોતાના અધિકારની માંગણી કરે છે ત્યારે તેને દબાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રી વિધવા હોય ત્યારે ગામના પંચ દ્વારા, કુટુંબીજનો દ્વારા તેના અધિકારો પ્રાપ્ત ન થાય તે માટેના પ્રયત્નો થાય છે. ક્યારેક સ્ત્રીને ડાકણ તરીકે જાહેર કરવામાં આવે છે.

સંજય દવે (૨૦૧૫:૧૯)ના એકમ અભ્યાસમાં દર્શાવ્યા મુજબ સરકારીતંત્ર, કુટુંબીજનો દ્વારા અને ગામના પંચ દ્વારા વિધવા સ્ત્રીને કે એકલી સ્ત્રીને જમીનના વારસાઈ હક્કો આપવામાં આવતા નથી. પરંતુ મહિલાઓના સંગઠન દ્વારા આદિવાસી બહેનો પોતાના અલગ યુનિટ બનાવી જમીન ભાડાપટ્ટે રાખી આજીવિકા મેળવી શકી છે અને ફક્ત યુનિટમાં ઉત્પાદન જ નહીં પરંતુ તેના સંચાલનની સમગ્ર જવાબદારી બહેનો ઉપાડે છે તેમ જ તેના વેચાણનું કાર્ય પણ બહેનો દ્વારા જ કરવામાં આવે છે.

આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (એકે-આરએસપી(આઈ) દ્વારા સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં ૨૧ ગામોનાં ૪૩ બહેનોને ૮૧ એકર જમીનનો માલિકી હક્ક આપવામાં આવ્યો છે. એકેઆરએસપી(આઈ)ની મદદ અને માર્ગદર્શનથી 'માંડવી મહિલા પંચ'ની રચના કરવામાં આવી છે

જેના નેજા હેઠળ માંડવી તાલુકાની આદિવાસી મહિલાઓને વિધવા પેન્શન અને મરણ સહાયને લગતી કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત એકેઆરએસપી(આઈ)ના કાર્યકર્તાઓની કાર્યકારી જૂથની રચના કરી પેરાલીગલ તાલીમ આપવામાં આવે છે જેનાથી જમીનમાલિકીને લગતા કાયદાકીય મુદ્દાઓ અંગેની સમજણ આપવામાં આવી છે. તેમના થકી આજુબાજુના આદિવાસી વિસ્તારની મહિલાઓને જમીનના હક્કો અપાવવામાં સફળતા મળી છે. હાલમાં માંડવી તાલુકાની ૨૫૦૦ બહેનો આ 'માંડવી મહિલા પંચ'ની સભ્ય છે.

પંચમહાલ જિલ્લાના સંતરામપુર, કડાણા અને શહેરા તાલુકાનાં ગામોમાં તેમ જ મોરબી અને લુણાવાડાનાં ગામોમાં 'સારથિ' નામની સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાઓ ગામોમાં ગ્રામીણ મહિલા સંગઠનોની રચના કરે છે. જેના નેજા હેઠળ અંદાજિત ૨૪૪ બહેનોના નામે જમીનમાલિકી પ્રાપ્ત થઈ શકી છે જેમાં ૨૦૦ વિધવા વારસાઈ, ૪૦ બહેનોને પિતાની મિલકતમાં હક્ક તેમ જ ૪ બહેનોને પતિ સાથે સંયુક્ત નામે જમીન મિલકતમાં માલિકીનો સમાવેશ થાય છે. સારથિ સંસ્થા દ્વારા પંચમહાલ જિલ્લાનાં ગામોમાં બહેનોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરવામાં આવે છે. બહેનો દ્વારા બચત જૂથો શરૂ કરવામાં આવ્યાં છે. અને બહેનોમાં કાયદાકીય જાગૃતિ આવવા લાગી છે. જેના માટે સંસ્થા દ્વારા મામલતદાર, તલાટી તથા સર્કલ ઇન્સ્પેક્ટર અને મહિલાઓ વચ્ચેના સંવાદો રચવાનું કાર્ય કર્યું. સારથિ સંસ્થાના કાર્યકર દ્વારા જુદા જુદા જૂથ દ્વારા યોજાયેલી તલાટી તાલીમોમાં મિશન મંગલમ્, બેકવર્ડ રિજિયન, 'ગ્રાંટ ફૂડ' (બીઆરજીએફ), સરકારી અધિકારીઓની સાથેની કન્વર્ઝન કાર્યશાળાના મધ્યસ્થી જેવી સંસ્થાઓની બહેનો જોડાઈ હતી અને મહિલાઓની જમીનમાલિકીના મુદ્દાને જિલ્લા, તાલુકા, પંચાયત સ્તર સુધી વિસ્તારે છે. સારથિએ રચેલાં મહિલા સંગઠનો, ગ્રામ વિકાસ સમિતિઓ, ક્લસ્ટર ફેડરેશનો તેમ જ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો તેમ જ પંચમહાલ જિલ્લાના ચાર તાલુકાઓમાં ૧૦ મામલતદાર સંવાદો છે. નકલ વિતરણ કાર્યક્રમો દ્વારા જમીનમાલિકીના મુદ્દાઓ પ્રત્યેની જાગૃતિ સરકારી વહીવટી તંત્રોમાં, ગામનાં પંચો, સમાજોમાં અને મહિલાઓમાં લાવવાના ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા છે.

રાજ્યમાં ફોરેસ્ટ રાઇટ એક્ટના અમલથી જંગલની જમીન ખેડતા આદિવાસી કુટુંબને તે જમીન પર ખેડવાનો અધિકાર આપ્યો છે. આ અધિકાર પત્રમાં પુરુષ સાથે તેની પત્નીનું નામ પણ દાખલ થતાં, હજારોની સંખ્યામાં આદિવાસી મહિલાને જમીનના અધિકાર મળ્યા છે.

## સખીમંડળો દ્વારા સ્ત્રી-શક્તીકરણ

૧૯૭૯માં ૧૫ રાજ્યોમાં એનાર્ડે (ANARDE) ફાઉન્ડેશન દ્વારા ગ્રામીણ વિકાસ કેંદ્રો ખોલવામાં આવ્યાં અને જેણે આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં બહેનોને આર્થિક રીતે સ્વનિર્ભર કરવાના પ્રયત્નો કર્યા. ગુજરાતમાં ડાંગ જિલ્લાના કપરાડા તાલુકામાં અને ક્રમશઃ ત્યાર બાદ દરેક આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સખીમંડળોની રચના કરવામાં આવી. એનાર્ડે ફાઉન્ડેશને ભારતનાં નવ રાજ્યોમાં ૧૭,૨૭૫ ગામડાંઓમાં ૬,૮૨,૮૦૦ બહેનોને લાભ આપેલ છે. સખીમંડળોમાં ઓછાંમાં ઓછાં પાંચ બહેનો ભેગા થઈ પોતાનું મંડળ બનાવે અને દર અઠવાડિયે રૂ. ૨૫/-ની બચત કરે. લોન મેળવવા માટે જે તે મહિલાએ રૂ. ૩૦૦/-ની બચત કરેલી હોવી જોઈએ. અને તેને પ્રથમ તબક્કામાં રૂ. ૩૦૦૦/- લોન આપવામાં આવે છે. જો તે લોન સંપૂર્ણ પરત કરે તો બીજા તબક્કામાં રૂ. ૬૦૦૦/- અને વધુમાં વધુ રૂ. ૨૫,૦૦૦/-ની લોન ૯ % વાર્ષિક દરથી આપવામાં આવે છે. જે વધુમાં વધુ ૩૦ મહિના અથવા ૧૨૦ અઠવાડિયાં માટે સામાન્ય રીતે આપવામાં આવે છે.

સખીમંડળની બહેનો સામાન્ય રીતે કૃષિ સંલગ્ન કે બિનકૃષિ આર્થિક પ્રવૃત્તિઓ, આરોગ્યના ખર્ચ માટે, વસ્તુઓના વેચાણ માટે, બાળકોની શાળાની ફી, દીવાલના ખર્ચ માટે કે સામાજિક પ્રસંગો માટે લોન લેતી હોય છે જેના પરિણામે આદિવાસી મહિલાઓ પોતાના નાના નાના ગૃહ ઉદ્યોગો શરૂ કરી, આવકના સ્રોતો ઊભા કરી આર્થિક રીતે સ્વાવલંબી બની શકે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સખીમંડળો દ્વારા આદિવાસી મહિલાઓ પોતાના ઘરે રહીને પોતાનું જીવનધોરણ સુધારી શકે છે. સંતાનોને શિક્ષણ આપી શકી છે. અને તેનામાં સભાનતા અને જાગ્રતતા આવી છે. બાહ્ય સમાજના સંપર્કથી શોષણમાંથી મુક્ત બનવા લાગી છે.

## સ્ત્રીઓ અને માનવ-અધિકારો

અધિકાર દરેક વ્યક્તિના સામાજિક જીવનનું અનિવાર્ય અંગ છે. જેના સિવાય વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકતી નથી કે સમાજ માટે કોઈ કાર્ય કરી શકતી નથી. વર્તમાન પ્રત્યેક રાજ્ય પોતાના નાગરિકોને અધિકાર આપે છે. ભારતના બંધારણમાં સ્વતંત્રતા બાદ સ્ત્રીઓને પુરુષોની સમકક્ષ અધિકારો આપવામાં આવ્યા છે. પછી તે કોઈ પણ વર્ગ, સમુદાય, જ્ઞાતિની સ્ત્રીઓ હોય. ભારતના દરેક નાગરિકોને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. તેમાં કોઈ પણ જાતના ભેદભાવો જોવા મળ્યા નથી. ભારતના સંવિધાનમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય કોઈ પણ નાગરિકની વિરુદ્ધમાં ધર્મ, જાતિ, વંશ, લિંગ કે જન્મસ્થળ વગેરેના આધાર પર કોઈ ભેદભાવ કરશે નહીં.

સ્વતંત્રતા બાદ સરકારે સ્ત્રીઓની ઉન્નતિ માટે અને સ્ત્રીઓને તેમના શિક્ષણ અને દમનની પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવવા, પુરુષોના અત્યાચારમાંથી મુક્ત કરવા અનેક પ્રકારના કાયદાઓ બનાવ્યા છે. અહીં ભારતના બંધારણમાં સ્ત્રીઓ માટેના જે વિવિધ કાયદાઓ બનાવ્યા છે તેની ટૂંકી યાદી રજૂ કરવામાં આવી છે. ભારતીય બંધારણ દેશના નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય આપવાની ઘોષણા કરે છે. ભારતીય બંધારણ દ્વારા સામાજિક ન્યાય બે પ્રકારે લાગુ કરવામાં આવે છે – ૧. નૈતિક અધિકારો ૨. કાનૂની અધિકારો.

### ૧. નૈતિક અધિકારો

નૈતિક અધિકારો મનુષ્યના નૈતિક આચરણ સાથે જોડાયેલા છે જે રાજ્ય દ્વારા પ્રતિબંધિત હોતા નથી, પરંતુ સમાજનાં ધર્મશાસ્ત્ર, લોકમત અને આધ્યાત્મિક ચેતના દ્વારા સમાજસ્વીકૃત થયેલા હોય છે જેનો રાજ્યના કાયદાઓ સાથે કોઈ સંબંધ નથી.

### ૨. કાનૂની અધિકારો

આ એ પ્રકારના કાયદાઓ છે જેની રચના રાજ્ય દ્વારા કરવામાં આવી હોય છે અને જેનું ઉલ્લંઘન કરવાથી કાયદા દ્વારા દંડની જોગવાઈ કરવામાં આવી હોય છે. આ પ્રકારના અધિકારોને કાયદા દ્વારા રક્ષણ પ્રાપ્ત થયેલ હોવાથી આવા અધિકારોના અમલ માટે રાજ્ય દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

નાગરિક અધિકારો બહુ મોટા પ્રમાણમાં વ્યાપક છે. વિશેષ અધિકારો છે જે એક નાગરિકને અન્ય નાગરિકોની વિરુદ્ધમાં પ્રાપ્ત થઈ શકે છે. જે રાજ્યની સર્વોચ્ચ સત્તાશક્તિ દ્વારા આપવામાં આવતા હોય છે. આપણા દેશનું બંધારણ સ્ત્રીઓ માટે વિશેષ પ્રકારની અપેક્ષાઓ રાખે છે.

૧. બંધારણ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના લૈંગિક ભેદભાવ દૂર કરવાની અપેક્ષા રાખે છે.
૨. બંધારણ એવું માને છે કે સ્ત્રીઓને કૌટુંબિક રૂપમાં નિમ્ન ગણવામાં આવે છે અને દમન

કરવામાં આવે છે. આ અન્યાયને દૂર કરવા માટે બંધારણ સરકારને સ્ત્રીઓના હિતમાં વિશેષ પ્રકારના પ્રાવિધાન કરવાની અનુમતિ આપે છે.

૩. બંધારણ એવી અપેક્ષા રાખે છે કે સરકાર નિર્બળ વર્ગો જેમાં સ્ત્રીઓ સમાવિષ્ટ છે તેની સ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો કરશે. બંધારણના મૂળભૂત સિદ્ધાંતોમાં સમાનતાનો તથા સ્વતંત્રતાનો અધિકાર સ્ત્રીઓ માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. સમાનતાના અધિકારમાં સ્ત્રીઓ પુરુષો સાથે જાહેર રોજગારીના ક્ષેત્રમાં સમાન અધિકાર ધરાવે છે. તથા સમાન કામ માટે તેમને સમાન વેતનનો અધિકાર છે. અને જો મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય તો તે કાયદાની મદદ લઈ શકે છે.

કાયદાકીય અધિકારોને બે વિભાગમાં વર્ગીકૃત કરી શકાય :

૧. સામાજિક અને નાગરિક અધિકારો
૨. રાજનૈતિક અધિકારો

સામાજિક અથવા નાગરિક અધિકારોને નીચેની છ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે:

૧. સમાનતાનો અધિકાર
૨. સ્વતંત્રતાનો અધિકાર
૩. શોષણ વિરુદ્ધનો અધિકાર
૪. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
૫. શિક્ષણ અને સંસ્કૃતિનો અધિકાર
૬. બંધારણીય સંરક્ષણનો અધિકાર

## સમાનતાનો અધિકાર

બંધારણની કલમ ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮માં ભારત દેશના દરેક નાગરિકને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે. જેમાં સામાજિક સમાનતા, સરકારી નોકરીઓમાં સ્ત્રીપુરુષ સમાનતા, અસ્પૃશ્યતાનો અંત, જેથી દરેક ક્ષેત્રોમાં સ્ત્રીપુરુષ, ધર્મ, જાતિ, લિંગના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે.

## સ્વતંત્રતાનો અધિકાર

ભારતના બંધારણનો ઉદ્દેશ્ય વિચાર અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ, ઉપાસનાની સ્વતંત્રતા નક્કી કરવાનો છે. બંધારણની કલમ ૧૯થી ૨૨ સુધી સ્વતંત્રતાના અધિકારનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેમાં કલમ ૧૯મી એ વિશેષ મહત્ત્વની છે. કલમ ૧૯માં નાગરિકોને સાત સ્વતંત્રતાઓ આપવામાં આવી છે. જેમાં ૬ઠ્ઠી સ્વતંત્રતા એ સંપત્તિની છે. જેમાં વિચારો અને તેને વ્યક્ત કરવાની સ્વતંત્રતા, શાંતિપૂર્ણ સંમેલનોની સ્વતંત્રતા, સમુદાય-સંઘ નિર્માણની સ્વતંત્રતા, પરિભ્રમણની સ્વતંત્રતા, નિવાસની સ્વતંત્રતા તથા વ્યવસાયની સ્વતંત્રતા આપવામાં આવે છે.

કલમ ૨૦, ૨૧, ૨૨ દ્વારા દેશના નાગરિકોને કાયદાનું ઉલ્લંઘન ન કરે ત્યાં સુધી દંડમાંથી સ્વતંત્રતા, વ્યક્તિને પોતાના જીવન અને શારીરિક રક્ષણની સ્વતંત્રતાનો અધિકાર તથા જો કોઈ વ્યક્તિને કારાવાસમાં બંદી બનાવીને રાખ્યો હોય તો વધુ સમય સુધી કારાગૃહમાં રાખી શકાય નહીં તે પ્રકારનો અધિકાર આપવામાં આવ્યો છે.

## ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

ભારતીય બંધારણની કલમ ૨૫થી ૨૮ દ્વારા વ્યક્તિ એ ભારતીય નાગરિક હોય કે વિદેશી નાગરિક તેને ધાર્મિક વર્તન–વ્યવહાર તથા તેના પ્રચારની સ્વતંત્રતા આપવામાં આવી છે. ધાર્મિક તથા પરોપકારી કાર્યો માટે સંસ્થાઓ બનાવવી, ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવું, સ્થિર કે જંગમ મિલકત ઊભી કરી શકે. ધાર્મિક સંસ્થાઓની સંપત્તિ રાજ્યોના કાયદાઓ અનુસાર ઊભી કરી શકે,

ધાર્મિક કાર્યો માટે ખર્ચ કરેલી રકમ કરમુક્ત કરી શકે. શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપવું કે ન આપવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. પરંતુ અન્ય અધિકારોની જેમ ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર અમર્યાદિત નથી. રાજ્ય દ્વારા સાર્વજનિક વ્યવસ્થાતંત્ર, નૈતિકતા, સ્વાસ્થ્ય વગેરેનાં હિતોને ધ્યાનમાં રાખી તેના પર નિયંત્રણ લાદી શકે છે. રાજ્ય ધાર્મિક ક્ષેત્રોમાં હસ્તક્ષેપ કરી શકે છે.

## શિક્ષણ અને સંસ્કૃતિનો અધિકાર

બંધારણની કલમ ૨૯ અને ૩૦ દ્વારા ભારતના દરેક નાગરિકને શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. જે તેની સંસ્કૃતિનું રક્ષણ કરી શકે છે. કલમ ૨૯ અનુસાર અલ્પસંખ્યક વર્ગના લોકોની પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિને સુરક્ષિત રાખવાનો અધિકાર ધરાવે છે. જ્યારે કલમ ૩૦ મુજબ અલ્પસંખ્યક વર્ગો પોતાની ભાષાઓની શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરી શકશે તથા તેના સંચાલનનો અધિકાર રહેશે. રાજ્ય સરકાર આવા પ્રકારની શૈક્ષણિક સંસ્થાને ફંડ આપવામાં કોઈ ભેદભાવ રાખી શકશે નહીં.

## બંધારણીય રક્ષણનો અધિકાર

બંધારણમાં અધિકારોના નિર્દેશ કરતાં વિશેષ મહત્ત્વપૂર્ણ બાબત તેના અમલીકરણની વ્યવસ્થાનો છે. જેમાં દર્શાવ્યા મુજબ નાગરિકોના અધિકારોને લાગુ કરવા માટે સર્વોચ્ચ ન્યાયાલયોની મદદ લઈ શકે છે. ડૉ. બી. આર. આંબેડકરના મતે ભારતના બંધારણનો આત્મા અને હૃદય એ ન્યાયાલયો છે:

સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ ન થાય તે માટે બંધારણની નીચે મુજબની ધારાઓ બનાવવામાં આવી છેઃ

કલમ ૯ અનુસાર ધર્મના પાયા પર ભેદભાવ પર પ્રતિબંધ

કલમ ૧૬ જાહેર રોજગારીની તકોમાં સમાનતા

કલમ ૧૯ ભાષણ આપવાની સ્વતંત્રતાના વિષયમાં સમાનતા

કલમ ૨૩ બળજબરીથી કામ કરાવવું, ભીખ માંગવા જેવાં મજબૂર કામો કરવા પર પ્રતિબંધ.

કલમ ૩૨ સ્ત્રીઓ અને પુરુષો માટે સમાન કામ માટે સમાન વેતનની વ્યવસ્થાની જોગવાઈ.

કલમ ૪૨ પ્રમાણે રાજ્યોને આ કલમમાં ગર્ભાવસ્થા દરમિયાન કામ કરવા માટેની છૂટ આપવાનો અધિકાર દર્શાવવામાં આવ્યો છે.

ભારતીય બંધારણ ઉપરાંત મહિલાઓને સંરક્ષણ આપતા મહત્ત્વપૂર્ણ કાયદાઓ/અધિનિયમોની યાદી નીચે મુજબ છે :

૧૯૬૧ દહેજ પ્રતિબંધક અધિનિયમ

૧૯૫૬ વેશ્યાવૃત્તિ નિવારણ અધિનિયમ (સુધારો ૧૯૮૬)

૧૯૫૫ હિંદુ વિવાહ અધિનિયમ

૧૯૫૪ વિશેષ વિવાહ અધિનિયમ

૧૯૩૭ શરિયત પ્રાર્થના અધિનિયમ

૧૮૫૨ સિનેમૅટોગ્રાફ અધિનિયમ

૧૯૫૯ મુસ્લિમ વિવાહ ભંગ અધિનિયમ

૧૯૫૬ સ્ત્રીઓનું અશિષ્ટ ચિત્રણ અધિનિયમ

૧૯૨૯ બાલવિવાહ અવરોધ અધિનિયમ (સુધારો ૨૦૦૬)

૧૯૫૬ ગર્ભપરીક્ષણ પ્રતિબંધ અધિનિયમ

૧૯૫૬ બાળક દત્તક લેવું તથા ભરણપોષણ અધિનિયમ

૧૯૫૬ હિંદુ ઉત્તરાધિકારી અધિનિયમ

૧૯૭૮ દિલ્હી પોલીસ અધિનિયમ (મહિલા સામે છેડતી)

૧૯૬૯ ભારતીય છૂટાછેડાનો કાયદો

૧૮૬૧ માતૃત્વ અધિકારનો કાયદો

૨૦૧૩ કાર્યસ્થળે જાતીય સતામણી પ્રતિબંધ કાયદો

૨૦૦૫ ઘરેલૂ હિંસા અધિનિયમ

સ્ત્રીઓને અધિકારોના રક્ષણ મળી શકે તે માટે ભારત સરકાર દ્વારા ૩૧ જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરવામાં આવી તથા ક્રમશઃ દરેક રાજ્યોમાં રાજ્ય મહિલા આયોગની રચના કરવામાં આવી છે. જે સ્ત્રીઓની કોઈ પણ ફરિયાદો હોય તેની તપાસ કરી અને સ્ત્રીઓને ન્યાય આપવાનું કાર્ય કરે છે.

## આદિવાસી સ્ત્રીઓના વિકાસ માટેની નીતિઓ ને અમલીકરણના પ્રશ્નો

કોઈ પણ સમાજમાં સ્ત્રીઓ સામાજિક-આર્થિક ક્ષેત્રોમાં મહત્ત્વની ભૂમિકા ભજવતી હોય છે. પછી તે કુટુંબના સભ્ય તરીકે, કૃષિ ઉત્પાદક તરીકે, વેપારી તરીકે, સામુદાયિક નેતા તરીકે, બાળકોના શિક્ષણકાર તરીકે અનેક ભૂમિકા ભજવે છે. વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. વાસ્તવમાં વિકાસની પ્રક્રિયાના દરેક સ્તર જેવા કે આયોજન, નિર્ણયની પ્રક્રિયા કે અમલીકરણની પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી પ્રત્યે ઉદાસીનતા પ્રવર્તે છે.

ભારતમાં આદિવાસી સમાજમાં આદિવાસી સ્ત્રીઓનો હિસ્સો મોટો છે. તેમનો પરંપરાગત દરજ્જો અને ભૂમિકા એ વિકાસની પ્રક્રિયાથી બિલકુલ વિરુદ્ધ જોવા મળે છે. આદિવાસી સ્ત્રીઓને વિકાસની આયોજનની પ્રક્રિયામાંથી પિતૃસત્તાક સમાજવ્યવસ્થાનાં મૂલ્યોને કારણે દૂર રાખવામાં આવે છે. આથી આયોજન અને નિર્ણયની પ્રક્રિયામાં આદિવાસી સ્ત્રીઓની ભાગીદારી નગણ્ય જોવા મળે છે. તેથી આધુનિક ટૅક્નૉલૉજીના તાલીમ કાર્યક્રમો ખાસ કરીને કૃષિલક્ષી, આધુનિક બિયારણ, ખાતર, સિંચાઈ, આધુનિક સાધનોનો ઉપયોગ તથા બજાર સંબંધી બાબતોમાં દરેક તબક્કે આદિવાસી સ્ત્રીઓ સક્રિય ભાગ લેતી ઓછી જોવા મળે છે.

ભારત સરકાર દ્વારા સ્વતંત્રતા બાદ દરેક સમાજના વિકાસ માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ મહત્તમ રીતે વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આદિવાસી સમાજમાંથી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ આર્થિક ક્ષેત્રમાં વધે તે માટે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં ખાસ કરીને આદિવાસી સ્ત્રીઓ આયોજનની પ્રક્રિયામાં અને નીતિ નિર્ધારણમાં વધુમાં વધુ જોડાય તે તરફ ધ્યાન દોરાયું છે. તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે કે જેથી આદિવાસી સ્ત્રીઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિનું સ્તર ઊંચું આવે, વિજ્ઞાન-ટૅક્નૉલૉજીના ઉપયોગથી સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ વધે, કલા-કૌશલ્યમાં નિપુણતા આવે, સ્વનિર્ભર બને તેમ જ પરંપરાગત કલા–કૌશલ્ય જળવાઈ રહે તે રીતની આત્મનિર્ભરતાની ક્ષમતા વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. સામાન્ય રીતે આદિવાસી સમાજમાં મોટા ભાગના લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવતા હોય છે અને અન્ય સમાજ દ્વારા શોષણ થતું હોય છે. તેમાંથી તેઓને મુક્ત કરવા માટે આયોજન કરવામાં આવે છે. આદિવાસી સ્ત્રીઓના વિકાસ માટેની રણનીતિમાં વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના અમલીકરણ માટે કેટલાક મુખ્ય હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે જેમ કે કામના સ્થળની સારી પરિસ્થિતિ, નિયમિત તાલીમ કાર્યક્રમો, અનૌપચારિક શિક્ષણ તથા વર્તમાન ઉત્પાદન પદ્ધતિમાં સુધારો કરવો, માળખાકીય સુવિધાઓ વધારવી, પરંપરાગત અને આધુનિક ટૅક્નૉલૉજી વચ્ચે સમન્વય સાધવા જેવા હેતુઓને ધ્યાનમાં રાખીને કેટલાક કાર્યક્રમો નક્કી કરવામાં

આવ્યા છે. જેથી આદિવાસી સમાજમાં ઉત્પાદન પદ્ધતિ, વેચાણ અને રોજગારીમાં સુધારો થાય. સરકાર દ્વારા આદિવાસી સ્ત્રીઓનું પરંપરાગત જ્ઞાન અને આધુનિક ટૅક્નૉલૉજીનો સમન્વય સાધી વધુ સારું ઉત્પાદન કેવી રીતે થઈ શકે તે માટેનું આયોજન કરવામાં આવે છે.

આદિવાસી સ્ત્રીઓ સામાન્ય રીતે મધમાખી ઉછેર કેન્દ્ર, ગ્રામીણ માટીકામ, વાંસકામ, ઉદ્યોગ, ગ્રામીણ જ્યૂટ કેન્દ્રો, નાના ગૃહઉદ્યોગો, ગોબર ગૅસ તથા ખેતીકામની મજૂરી જેવી રોજગારલક્ષી આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી હોય છે. સરકાર દ્વારા ઉપરોક્ત પ્રવૃત્તિઓ વધુ સારી રીતે થઈ શકે તેના ઝડપી અમલીકરણ માટેના પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ આદિવાસી સ્ત્રીઓને તેમાં મુખ્યત્વે નીચે મુજબના અવરોધો જોવા મળે છે :

૧. અયોગ્ય તાલીમ, અકુશળ ટૅકનિકલ સ્ટાફ અને નિરીક્ષણની અપૂરતી સુવિધાઓ
૨. જરૂરિયાત મુજબના પ્રોજેક્ટની અછત
૩. યોગ્ય ટૅક્નૉલૉજી નક્કી કરવા માટેના અપૂરતા વ્યવસ્થાતંત્રનો અભાવ
૪. સમયની માંગ પ્રમાણેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટેના સરકારી તંત્રની અછત
૫. સ્થાનિક લોકો અને સંગઠનોની ઓછી ભાગીદારી
૬. ફંડની અછત
૭. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની નીતિના યોગ્ય માપદંડોની જરૂરિયાત
૮. ટૅકનિકલ માર્ગદર્શનનો અભાવ
૯. રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ.

સરકારે આદિવાસી સ્ત્રીઓના સામાજિક-આર્થિક ઉન્નતિ/વિકાસ માટે અનેક નીતિઓ, કાર્યક્રમો ઘડ્યા છે. પરંતુ ઉપરોક્ત અવરોધોને કારણે તેનાં યોગ્ય પરિણામો પ્રાપ્ત થઈ શકતાં નથી.

ભારત સરકારના નૅશનલ કમિશન ફોર વિમેનનો મુખ્ય હેતુ સ્ત્રીઓના વિકાસ માટેની નીતિઓ અને કાર્યક્રમોનું ઘડતર કરવું અને બંધારણ દ્વારા સ્ત્રીઓને આપવામાં આવેલ અધિકારોનો કેટલે અંશે અમલ કરવામાં આવે છે તેનું મોનિટરિંગ કરવું. જેમાં મહત્ત્વની નીચે મુજબની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

૧. રાજ્યમાં આદિવાસી સ્ત્રીઓની વસ્તીનું પ્રમાણ વધ્યું છે તે વિસ્તારોમાં આદિવાસી સ્ત્રીઓના વિકાસ માટે સ્ત્રીઓ વધુને વધુ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી નો ઉપયોગ કરતી થાય તે જોવું.
૨. આ ટૅક્નૉલૉજી જુદા જુદા પ્રાદેશિક, આદિવાસી સમુદાયો અને વિવિધ આદિવાસી સંસ્કૃતિ માટે અલગ અલગ પ્રકારની હોવી જોઈએ.
૩. આદિવાસી સ્ત્રીઓ મોટે ભાગે ખેતરોમાં, જંગલોમાં અને ઘરમાં કામ કરતી હોય છે તો તેમના માટેની ટૅક્નૉલૉજી એવા પ્રકારની વિકસાવવામાં આવે કે જેથી તેઓની રોજિંદી પ્રક્રિયાઓમાં ઉપયોગી બની શકે.
૪. બીજું કે જે ટૅક્નૉલૉજી વિકસાવવામાં આવે તે ટૅક્નૉલૉજી સરળ હોવી જોઈએ કે જેથી સ્ત્રીઓ તેનો ઉપયોગ કરી શકે.
૫. સ્ત્રીઓ સામાન્ય રીતે ઘર સાથે જોડાયેલી આર્થિક પ્રવૃત્તિઓ કરતી હોય છે જેમ કે, ગૃહકાર્ય, શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા, જંગલની પેદાશોનું એકત્રીકરણ, સ્થિર કે ફરતી ખેતી, કૃષિક્ષેત્ર જેમાં એવી ટૅક્નૉલૉજીની શોધ કરવી કે જે સ્ત્રીઓને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં ઉપયોગી બને.

૬. આ ટૅક્નૉલૉજી આર્થિક રીતે સ્ત્રીઓને પરવડે અને તેનું મેઇન્ટેનન્સ કરી શકે તેવી હોવી જોઈએ.

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના વિકાસની સાથે સાથે શિક્ષણનું સ્તર ઊંચું આવે અને તેનું પ્રમાણ વધે, આદિવાસી શિક્ષકોની નિમણૂક થાય અને તેમની ભાષા-બોલીમાં શિક્ષણ અપાય તેમ કરવું જોઈએ કે જેથી આદિવાસી બાળકો, સ્ત્રીઓ શોષણ અને દમનની પરિસ્થિતિમાંથી મુક્ત થઈ શકે.

આરોગ્યના ક્ષેત્રે આદિવાસી સ્ત્રીઓ કુપોષણમાંથી મુક્ત થાય તે માટે એલોપેથિક દવાઓની વ્યવસ્થા કરવી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વિકસાવવા અને આદિવાસી સ્ત્રીઓને સ્વચ્છતા, સ્વાસ્થ્ય, આરોગ્ય, બાળઉછેર અને માતૃત્વની સંભાળ માટેનું શિક્ષણ આપવું.

આ ઉપરાંત આદિવાસી સ્ત્રીઓને તેમના પરંપરાગત ન્યાયિક માળખામાં સ્થાન મળે, યોગ્ય ન્યાય મળે તે માટેની વ્યવસ્થા ગોઠવવા આદિવાસી સમાજમાં જાગૃતિ અને સભાનતા લાવવી.

* * *

## સંદર્ભ-સાહિત્ય


૧. Banu, Z. (2004), D G Empowerment of Tribal Women Perspective on 23rd Constitutional Women Perspective on 23rd Constitutional Amendment, Kamishka Pub., New Delhi.

૨. Census of India (2001).

૩. Census of India and Gujarat (2011).

૪. Conference Report on Science and Technology for Tribal Women (1995), National Commission for Women, New Delhi.

૫. District Census Handbook Sciences.

૬. Ministry of Home Affairs (2012), Workers and Non-Workers, An Analysis Based on Census 2001:2011.

૭. Shah, D., Rajput, H. (2011), Empowerment of Tribal Women through Gramin Vikas Mandal with Micro Finance Approach, Tribal Gujarat Vol. 20-21, Year-2011.

૮. Thakur, D., Thakur, D. N. (1995), Tribal Women (Census on Tribal Life in India-6).

૯. ઉપાધ્યાય, સી., પટેલ, બી., પટેલ, પી. (૨૦૦૧), આદિવાસી એક દ્રષ્ટિપાત – આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૧૦. ઉપાધ્યાય, સી. (૨૦૧૫), સ્થળાંતરિત આદિવાસીઓઃ નીતિનિર્માણ આદિવાસી ગુજરાત – વૉ. ૨૪-૨૫, વર્ષ ૨૦૧૪-૧૫, પાના નં. ૧૯થી ૩૧.

૧૧. ઉપાધ્યાય, યુ., પટેલ, એ.બી. (૧૯૮૭), આદિવાસી સ્ત્રીઓ અને નવી ટૅક્નૉલૉજી.

૧૨. પટેલ, એન. (૨૦૦૭), આદિવાસી મહિલા શિક્ષણ પર સ્થળાંતરની અસર.

૧૩. પટેલ, એન. (૨૦૧૫), ધાણકા અનુસૂચિત જનજાતિઃ પરિવર્તનની વાટે.

૧૪. પટેલ, એન. (૨૦૦૪), આદિવાસી સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો, આદિવાસી ગુજરાત, વૉ.૧૪, નં.૨, પેજ નં ૫૪.

૧૫. પટેલ, જે. સી. (૨૦૦૪), આદિવાસી વિધવાઓની સમસ્યાઓ અને તેના ઉકેલો – આદિવાસી ગુજરાત, વૉ.૧૪, નં. ૨, પાના નં ૨૫થી ૩૦.

૧૬. મહેતા, આર. કે. (૧૯૯૫), આદિવાસી મહિલા કલ્યાણ યોજનાઓ – એક મૂલ્યાંકન અભ્યાસ.

૧૭. દેસાઈ, બી., ભટ્ટ, જી. (૧૯૮૬), ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી એક અભ્યાસ.

૧૮. દવે, એસ. (૨૦૧૫), 'જમીનમાલિકો બની આદિવાસી મહિલાઓ આત્મનિર્ભર બની', આદિવાસી ગુજરાત વૉ. ૨૪-૨૫ પાના નં. ૯૧થી ૧૮૦.

૧૯. શાહ, ડી. (૧૯૯૭), સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદિવાસી વિકાસ પ્રદાન અને પ્રશ્નો, વૉ. ૭, નં. ૧, પાના નં. ૩૩થી ૪૨.

२०. शर्मा, पी (२०१२), महिलाएँ एक मानवाधिकार, सागर पब्लिसर्स, जयपुर.

# ૧૯. આદિવાસી વિસ્તારના મેળાઓ



મેળો એટલે હળવું-મળવું, પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે ભેગા થવું. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. 'મેળો' એવું નામ કદાચ મોડેથી પ્રચલિત થયું હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના મહાત્મ્ય અને જે તે સ્થળની પ્રાચીનતાનો ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે.

દેશનું પ્રત્યેક રાજ્ય આવા મેળાઓથી સભર છે જેમાં ગુજરાતને શિરમોર ગણી શકાય. મેળામાં લોકજીવનનો ઉમંગ, ઉત્સાહ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ છતો થાય છે.

સામાન્ય રીતે ડુંગરાઓ અને નદીઓની રમણીય જગ્યાઓએ મેળાઓ યોજાય છે. આમ, મેળો માનવીને આનંદ, ખરીદી અને દેવદર્શનની અમૂલ્ય તક પૂરી પાડે છે. દૂરદૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવેલાં નર-નારીઓથી મેળો એક રંગભર્યો ઉત્સવ બની રહે છે. મેળાઓ આખો દિવસ મહેનત કરતા માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી, એના હૈયાને હળવું બનાવી આનંદથી ભર્યુંભાદર્યું બનાવે છે.

તો આદિવાસીઓ માટે મેળો એ જીવનનું અભિન્ન અંગ બની ચૂક્યો છે. ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં ૨૨૩ મેળા યોજાય છે.

જંગલના ઊંડાણમાં વસતા હોવા છતાં તેમનું જીવન નીરસ અને શુષ્ક નથી. પરંપરાઓના તાણાવાણામાં વણાયેલ સમાજની દરેક જાતિની આગવી અને વિશિષ્ટ ભાતીગળ સંસ્કૃતિ વિવિધ સામાજિક પ્રસંગોએ અલગ તરી આવે છે.

આદિવાસી લોકમેળાઓ સામાજિક, આર્થિક, અને ધાર્મિક તાણાવાણાથી સભર ભર્યા છે. એનાં અનેક દ્રશ્યો  નજર સમક્ષ તરી આવે છે. ક્યાંક દૂરદૂરના સંબંધીઓ ઘણા લાબા સમયે મળીને આનંદઉલ્લાસમાં પ્રેમથી ભેટે છે. અન્ય સંબંધીઓની ખબરઅંતર પૂછે છે; કોક વળી દીકરા-દીકરીઓના ભાવિ જીવનસાથીની શોધ કરે છે. ક્યાંક કોઈક મેળામાં મનગમતી ભાવિ પત્નીને ઉઠાવી જઈને લગ્ન કરવાની પેરવીમાં કેટલાક જુવાનો ફરતા હોય છે. તો વળી જૂની અદાવતો તાજી કરી મારામારી કે ખૂન કરવા સુધી મનસૂબા રાખી દુશ્મનને પણ કોઈ શોધતું હોય છે. પીપૂડાં વગાડતા યુવકોનાં ઝુંડો, ગીત ગાતી યુવતીઓ  કે પછી ખભેખભો અને કદમેકદમ મેળવી હાથમાં હાથ નાંખી નાચ અને ગીતોની રમઝટ બોલાવતાં ઝુંડો નજરે પડે છે. પીપૂડી, ઢોલ, શરણાઈ, તારપુ કે પાવાના વિવિધ સૂરોથી ત્યાંનું વાતાવરણ મધુર બને છે. કુદરતના વિવિધ રંગોથી સભર વેશભૂષા જોવા મળે છે અને જીવનનો ઉલ્લાસ માણવા મળે છે.

## ગુજરાતના જિલ્લાવાર મેળા અંગે જાણીએ

### જૂનાગઢ જિલ્લો

સીદીઓએ મુખ્યત્વે મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો છે. તેઓનાં રહેઠાણ મુખ્યત્વે માધુપુર, જાંબુર, તલાલા-મહાલ વિસ્તારમાં વધુ છે. મુસ્લિમ કેલેન્ડર પ્રમાણે રજબની ૧૭મીએ તેઓનો મેળો ભરાય છે. નગારશા પીરની દરગાહ બધા સીદી માટે યાત્રાસ્થળ મનાય છે.

મેળામાં સીદીઓ જ્યાં પણ રહેતા હોય ત્યાંથી આવે છે. એટલે કે મુંબઈ કે આગ્રા જેટલે દૂરથી પણ સીદીઓ અહીં આવે છે. મેળામાં તેઓ કવ્વાલી ગાતા હોય છે. ગુજરાતની સંસ્કૃતિની અસર હેઠળ ગરબા પણ ગાય છે. સીદીઓ તેમનું ધમાલ નૃત્ય પણ મેળામાં રજૂ કરે છે. તેમનાં વિવિધ નાચ, રમતો રજૂ કરે છે. સીદીઓ માથેથી નારિયેળ ફોડે તેમ જ આગ પર ચાલી પોતાની માનતા પૂરી કરે છે. નગારશા પીરની દરગાહના મેળામાં ઠેરઠેરથી લોકો પોતાની બાધા-માનતા પૂરી કરવા આવે છે.

## બનાસકાંઠા જિલ્લો

અહીં મુખ્યત્વે ભીલ, ભીલ ગરાસિયા, ઢોલી ભીલ, રાવલ ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, ભીલાલા, તડવી વગેરે જાતિઓના આદિવાસીઓની વસ્તી વધુ છે.

### (૧) ડુંગરી બાવાનો મેળો

આ મેળો પાલનપુરના અમીરગઢમાં ફાગણ વદ આઠમના રોજ ભરાય છે. વિક્રમસંવત, ૧૯૬૭માં સમાધિસ્થ થયેલ ડુંગરપુરી બાવળી સમાધિ પર આ મેળો ભરાય છે અને આઠથી દસ હજાર આદિવાસીઓ એકઠા થઈ અહીં ભજન, કથા કરે છે; તેમ જ નૃત્યો કરે છે. ખાસ કરીને ગરાસિયા આદિવાસીઓ અહીં એકઠા થાય છે.

### (૨) શીતળામાતાનો મેળો

બનાસકાંઠાના પરપડા ગામમાં ભરાય છે. આ મેળામાં આદિવાસીઓ જાય છે અને માતાના મંદિરે દર્શન કરે છે. આ મેળો શ્રાવણ વદ સાતમના રોજ ભરાય છે.

### (3) ગોરનો મેળો

બનાસકાંઠાના વિરમપુર ગામે ચૈત્રી પૂનમના રોજ આ મેળો ભરાય છે. ચિત્રાસણીથી ૧૬ માઈલ દૂર આવેલા વિરમપુર ગામે આદિવાસીઓ ભેગા થાય છે. અને સારા પાકનો આભાર પ્રદર્શિત કરવા ગૌરીપૂજન કરે છે. પૂજન કર્યા પછી આદિવાસી મહિલાઓ પોતાનો આનંદ વ્યક્ત કરવા નૃત્યો કરે, ગીતો ગાય. અહીં ૨૦૦૦થી પણ વધુ આદિવાસીઓ ભેગા થાય છે. મેળો એ સામાજિક મિલનનું પણ સ્થાન ગણાય છે. અહીં ભેગા થતાં આદિવાસી પંચો પોતાના ગામની સમસ્યાઓ રજૂ કરી તેનો નિવેડો લાવવાના પ્રયત્નો પણ કરતા હોય છે. મેળાની ગોઠવણ આદિવાસીઓ જાતે જ કરે છે. મેળામાં આજુબાજુનાં લગભગ ૨૬ ગામોના આદિવાસીઓ એકઠા થાય છે. આ જ રીતે બાજોઠિયા ગામે પણ ગોરનો મેળો ભરાય છે.

### (૪) કેદારનાથનો મેળો

બનાસકાંઠાના પાલનપુર ગામે આવેલા ઇકબાલગઢથી બે માઈલ દૂર કેદારનાથ શંકરનું મંદિર આવેલું છે. ગુજરાત અને રાજસ્થાનના આદિવાસીઓ આ શંકરના મંદિરે દર્શન કરવા અને બાધા પૂરી કરવા આવે છે. ચૈત્ર સુદ બીજના દિવસે બે હજારથી વધુ આદિવાસીઓ અહીં ભેગા થાય છે અને ગુજરાતી ગરબા અને આદિવાસી નૃત્ય તેઓ કરે છે. આ ઉપરાંત ભજનમંડળી પણ આવે છે જે આદિવાસી ભજનો ગાય છે.

### (૫) ધૂણીનો મેળો

બનાસકાંઠાના વિરમપુરમાં ચૈત્ર સુદ અગિયારસને દિવસે ધૂણીનો મેળો યોજાય છે. અહીં આદિવાસી અને કોળી સમાજના લોકો ખૂબ આવે છે. ચિત્રાસણીથી લગભગ ૨૦ કિ.મિ. દૂર ધૂણીવાળા બાવાનું સ્થાનક હતું. તેમણે ઘણા આદિવાસીઓના રોગ મટાડ્યા હતા અને તેમની સમસ્યાઓ દૂર કરી હતી. આ ધૂણીવાળા બાવાએ અમીરગઢમાં સમાધિ લીધી હતી. આ મેળામાં આદિવાસીઓ નૃત્ય કરે છે, ગીતો ગાય છે. ગરબા કરે છે અને મોજમજા કરે છે, મેળો ભરાતો હોવાથી આ દિવસે ખાણીપીણીના સ્ટોલ્સ તથા આદિવાસીઓને લગતી ચીજવસ્તુ વેચાય છે.

## (૬) માતાનો મેળો

વિરમપુરમાં એટલે કે ચિત્રાસણીથી ૨૦ કિ.મિ. દૂર કારતક સુદ અગિયારસના દિવસે માતાનો મેળો ભરાય છે. અહીં શીતળામાતાનું મંદિર છે. બાધા, આખડી પૂરી કરવા અહીં આદિવાસી સમુદાય અને કોળી સમાજના લોકો આવે છે. આ સ્થળે મેળા વખતે આદિવાસીઓ નૃત્યો કરીને, ગીતો ગાઈને મજા કરે છે. આ દિવસે ખાસ આદિવાસી પંચો મળે છે અને તેમની તકરારનું નિવારણ કરવા પંચોની સલાહ લે છે. હજી પણ આદિવાસીઓમાં પંચો દ્વારા કરેલી સમસ્યાના નિવારણને માનવાની પ્રથા છે.

## (૭) ઠાકોરજીનો મેળો

બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં રજોડા ગામે ઠાકોરજી(કૃષ્ણ)નું જૂનું મંદિર છે ત્યાં કારતક સુદ બીજના દિવસે મેળો ભરાય છે. આ મેળામાં અન્ય કોમો સાથે અંશતઃ ભીલો પણ હિસ્સો લે છે.

## (૮) જન્માષ્ટમીનો મેળો

ધાનેરા તાલુકામાં આવેલા સતસણ ગામમાં શ્રાવણ વદ સાતમ-આઠમના રોજ આ મેળો ભરાય છે. આ મેળામાં કણબી, રબારી વગેરે સાથે ભીલો પણ જોડાય છે. આ મેળામાં લગભગ ૨૦૦૦ કે તેથી વધુ લોકો ભેગા થાય છે. સતસણના જન્માષ્ટમીના મેળામાં નજીકના ગામેથી બધા આવે છે. મેળામાં ભજનમંડળીઓ ભજન ગાઈને ઠાકોરજીને મનાવવાના પ્રયત્નો કરે છે. આ ગામ ડીસાથી લગભગ ૩૦ કિ.મિ.ના અંતરે છે.

## (૯) કાર્તિકી પૂર્ણિમાનો મેળો

ધાનેરા તાલુકાના જાડિયા ગામે કાર્તિકી પૂનમના રોજ આ મેળો ભરાય છે. આ મેળામાં કણબી, રબારી તથા ભીલો ભાગ લે છે. આ મેળો જાડિયા ગામમાં આવેલા મહાદેવના પ્રાચીન મંદિરે ભરાય છે. જે રાણીવાડાથી ૨૦ કિ.મિ. દૂર આવેલું છે. મેળામાં ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા લોકો ભાગ લે છે અને અહીં મેળામાં ગરબા ગવાય છે, ગીતો ગવાય છે. બધા ચકરડીમાં બેસે છે અને પોતાને મનગમતી ચીજવસ્તુઓ ખરીદે છે.

## (૧૦) ઠાકોરજીનો મેળો

ધાનેરા તાલુકાના સાંકડા ગામે કારતક સુદ બીજના રોજ ઠાકોરજીનો મેળો ભરાય છે. અહીં ઠાકોરજી અથવા નકલંગનું મંદિર છે. ડીસા અને થરાદ તાલુકાના મળી દસેક ગામના લોકો અહીં આવે છે. આ મેળામાં લગભગ ૧૮૦૦ માણસો ઊંટ પર આવે છે. મેળામાં રંગબેરંગી વેશભૂષા ને છોગાં સાથે ભાગ લેવા કણબી, રબારી અને ભીલો આવે છે. આ સ્થળ ડીસાથી લગભગ ૩૦ કિ.મિ. દૂર છે. આ મેળામાં ભજનમંડળીઓ હોય છે. ગરબા ગવાય છે અને ગીતો ગવાય છે.

## (૧૧) અંબાજીનો મેળો

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી યાત્રાધામમાં બાવન શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ આવેલી છે. અરવલ્લી ગિરિમાળાઓની શ્રેણીમાં આરાસુર ટેકરીમાં સરસ્વતી નદીના ઉદ્‌ગમ સ્થાને અંબાજીનું સ્થાનક આવેલું છે. આથી માતા અંબાને આરાસુરી મા અંબા કહેવામાં આવે છે. સામાન્ય રીતે દરેક પૂનમે અહીં મેળા જેવું જ વાતાવરણ હોય છે પણ કારતક, ચૈત્ર, ભાદરવો અને આસો માસની પૂનમે મોટા મેળા ભરાય છે. તેમાંય ભાદરવી પૂનમનો મેળો સૌથી મોટો મેળો ગણાય છે.

આ મેળો તેરસ, ચૌદશ અને પૂનમ એમ ત્રણ દિવસ ચાલે છે. આ દિવસે લાખો લોકો માતાની ભક્તિ માટે ઊમટી પડે છે. મોટા ભાગના લોકો તો અહીં પગપાળા યાત્રા કરીને આવે છે. મંદિર સાથે ઘણી જૂની માન્યતાઓ પણ જોડાયેલી છે. મા અંબાએ શક્તિરૂપ ધારણ કરી મહિષાસુર રાક્ષસ સાથે નવ દિવસ નવ રાત્રિના યુદ્ધ બાદ વધ કર્યો હતો. ત્યાર બાદ તે ગબ્બરના ગોખને જ પોતાનું સ્થાનક બનાવી સ્થાપિત થયાં. અહીં ભક્તો મોટા સાદે શક્રાદય સ્તુતિનું પઠન કરી માતાજીને રીઝવે છે.

પૂર્ણિમાના દિવસે માતાજીને ખાસ શણગારોથી શોભાયમાન કરવામાં આવે છે. ત્યારે બ્રાહ્મણો સપ્તશતી બોલે છે. ભાદરવી પૂનમે ફક્ત ગુજરાતમાંથી જ નહીં પણ આખા દેશમાંથી અને વિદેશથી પણ માતાના ભક્તો શ્રદ્ધાપૂર્વક માથું નમાવવા આવે છે. પોષી પૂનમ કે જે માતાજીનો પ્રાગટ્ય દિવસ મનાય છે. ચૈત્રી પૂનમ અને શરદપૂર્ણિમાના દિવસે પણ ધાર્મિક વિધિ કરી પૂજા અને હવન થાય છે તથા મેળો ભરાય છે. પૂર્ણિમાના દિવસે માતાજીનાં દર્શને આવેલા વિવિધ સંઘો દ્વારા ભવાઈ અને ચાચર ચોકમાં રાસ-ગરબાનું આયોજન કરાય છે. અહીં મંદિર પરિસરમાં જ ઢોલ-પખવાજના તાલે માતાજીના ભક્તો અદ્ભુત રાસ રજૂ કરે છે.

અંબાજીના આ મહામેળામાં ૨૫ લાખથી વધુ યાત્રિકો માતાજીનાં દર્શને ઊમટે છે. આ પવિત્ર મહાપર્વ પ્રસંગે અંબાજી જતા તમામ રસ્તાઓ પદયાત્રિકોથી ભરપૂર હોય છે. ઠેરઠેર ગરબાની રમઝટ જામે છે. વિવિધ સેવા કેન્દ્રો દ્વારા યાત્રિકોનો વિસામો, ચા-નાસ્તો, અને જમવાની સુવિધા આપવામાં આવે છે. મેળા પ્રસંગે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ આપવામાં આવે છે.

આમ માતાજીની પૂજા, અર્ચના અને ઉત્સાહના વાતાવરણ દ્વારા અંબાજીને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અહીં કેટલીક નવી દુકાનો ઊભી કરવામાં આવે છે. જેમાં ખાણી-પીણી, માટીની, લાકડાની, ધાતુની મૂર્તિઓ ને અન્ય ઘણી ચીજવસ્તુઓ – વાંસની વસ્તુઓ, લાખની બંગડીઓ વગેરે વેચાય છે.

આ મેળામાં આજુબાજુના આદિવાસી વિસ્તારમાંથી આદિવાસીઓ આવે છે અને ચીજવસ્તુ ખરીદે છે. દરેક મેળાની જેમ આ મેળામાં પણ સરકસ, જાદુગર, ચકડોળ જેવાં આનંદ-પ્રમોદનાં સાધનો હોય છે.

મંદિરમાં અને મંદિરની બહાર જૂથમાં ગરબાની રમઝટ જામે છે. તો ક્યાંક ભવાઈ પણ ભજવવામાં આવે છે.

પોષી પૂનમ કે જે માતાજીનો જન્મદિવસ મનાય છે ત્યારે ચૈત્રી પૂનમે, અને શરદપૂર્ણિમાએ પણ ધાર્મિક વિધિ કરી પૂજા થાય છે અને મેળો થાય છે અને મેળો ભરાય છે. શ્રાવણ વદ ૭ અને અમાસના દિવસે પણ અંબાજી લોકમેળાનું મોટું ધામ બની રહે છે.

અંબાજી મેળા ઉપરાંત બનાસકાંઠામાં બાલારામનો મેળો, ધરણીધર ભગવાન ઢીમાનો મેળો, કાંકરેજનો મેળો, વિશ્વેશ્વર મહાદેવનો મેળો, કટાવધામ વાવનો મેળો, ખુણિયા અંબાજી મંદિરનો મેળો, મગરવાડાનો મેળો, મોકેશ્વરનો મેળો, મૂળેશ્વર મહાદેવ પાડણ વાવનો મેળો, રામદેવપીર મજાદરનો મેળો, ગોગા મહારાજનું મંદિર, સેંભરનો મેળો, સિદ્ધિમ્બિકા માતાજીનો ડીસાનો મેળો વગેરે નાનામોટા અનેક મેળાઓ આસ્થાપૂર્વક ઊજવાય છે. ઉત્તર ગુજરાતમાં અંબાજીના મેળાનું મહત્ત્વ છે.

## પંચમહાલ જિલ્લો

પંચમહાલ જિલ્લાની કુલ ૨૩,૯૦,૭૭૬ની વસ્તીમાં આદિવાસી વસ્તીનો હિસ્સો ૭,૨૧,૬૦૪નો છે. આ જિલ્લામાં મુખ્યત્વે જાંબુઘોડા, હાલોલ, કાલોલ, ઘોઘંબા, ગોધરા, શહેરા, મારોવા(હડફ) જેવા તાલુકાઓનો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં ખાસ કરીને ભીલ, ઢોલી ભીલ, મેવાસી ભીલ, ભીલાલા, ધાણકા, તડવી, નાયકડા, નાયક, ચોલીવાલા નાયકા, પટેલિયા, રાઠવા, ભીલાલા વગેરે જાતિના આદિવાસીઓ વસે છે. આ આદિવાસીઓ પોતાની મસ્તીમાં જીવે છે અને પોતાની મસ્તીમાં આનંદ કરે છે. પંચમહાલ જિલ્લાના આઠ આદિવાસી મેળા વધુ પ્રખ્યાત છે. જન્માષ્ટમીનો મેળો (દેલોલ અને જાંબુઘોડા મહાલ), ઝાલાનો મેળો, જન્માષ્ટમીનો મેળો, સીમલિયા અને ચુલનો મેળો (રીંછિયા) ખૂબ જાણીતા છે.

### (૧) જન્માષ્ટમીનો મેળો (ચાર જગ્યાએ મેળા)

પંચમહાલ જિલ્લામાં કાલોલ તાલુકાના દેરોલ ગામે શ્રાવણ વદ આઠમના દિવસે રામનાથ મંદિર પાસે મેળો ભરાય છે. જ્યાં બીજી કોમ સાથે ભીલ અને નાયકા જાતિના આદિવાસીઓ જાય છે. દેરોલથી માત્ર બે કિ.મિ. દૂર ભરાતા આ મેળામાં ભજનમંડળીઓ પોતાની જમાવટ કરે છે. આ જ રીતે જાંબુઘોડા મહાલના જાંબુઘોડા ગામે શ્રાવણ વદ આઠમના રોજ ભરાતા મેળામાં ૩૦૦૦થી ૫૦૦૦ જેટલા આદિવાસીઓ ભાગ લે છે. બોડેલીથી માત્ર દસેક કિ.મિ. દૂર આવેલા જાંબુઘોડાની આસપાસના બધા જ લોકો અહીં ભરાતા જન્માષ્ટમીના મેળામાં હિસ્સો લે છે. અહીં મેળામાં નાયકા, રાઠવા, ભીલ, અને અન્ય આદિવાસીઓ ભાગ લે છે. મહાદેવના ભજન ગાઈ નૃત્યો પણ કરે છે. આ જ રીતે પાવાગઢથી લગભગ ૨૦ કિલોમિટર દૂર રાજગઢ ગામે પણ જન્માષ્ટમીનો મેળો ભરાય છે. આ મેળો રાજગઢમાં વૈજનાથ મહાદેવના મંદિરે ભરાય છે. જ્યાં ભીલો અને અન્ય કોમોના લોકો ભાગ લે છે. આ મેળામાં ૨૦૦૦થી ૨૫૦૦ આદિવાસીઓ ભેગા થાય છે. તો ખરસલિયાથી ૧૫ કિલોમિટર દૂર આવેલા સીમલિયા ગામે દેવલીકુવા ફળિયાના માતાના મંદિરે મેળો ભરાય છે. જ્યાં ભીલો અને અન્ય કોમોના લોકો ભાગ લે છે. આ મેળામાં ૨૦૦૦થી ૨૫૦૦ આદિવાસીઓ ભેગા થાય છે. તો ખરસલિયાથી ૧૫ કિલોમિટર દૂર આવેલા સીમલિયા ગામે દેવલીકૃપા ફળિયામાં માતાના મંદિરે મેળો ભરાય છે. આ મેળો શ્રાવણ વદ આઠમના રોજ ભરાય છે. અહીં અન્ય કોમો સાથે નાયકાઓ પણ મેળામાં ભાગ લે છે. અહીં મેળામાં સંખ્યા લગભગ ૫૦૦ સુધીની જ થાય છે. માનવીની અંદરના ઉત્સાહ ને ઉમંગની લાગણી વ્યક્ત કરવા મેળાનું માધ્યમ ખૂબ ઉપયોગી નીવડે છે. પંચમહાલ જિલ્લાના આદિવાસીઓ મુખ્યત્વે પોતાના પાકની ઉજવણી કરવા, દેવતાની માનતા પૂરી કરવા કે પછી મનનો આનંદ વ્યક્ત કરવા મેળામાં જાય છે.

### (૨) ઝાલાનો મેળો

પંચમહાલના શહેરા તાલુકાના લાભી ગામ ખાતે એટલે કે શહેરાથી પાંચ કિલોમિટર દૂર ભાદરવા સુદ આઠમ પછીના રવિવારે મેળો ભરાય છે. જ્યાં ત્રણસોથી ચારસો લોકો આવે છે. આ મેળામાં વિવિધ કોમોના સભ્યો સાથે નાયકા જાતિના આદિવાસીઓ પણ ભાગ લે છે. ખાસ તો આદિવાસીઓ ઢોરોમાં રોગચાળો ન થાય તે માટે ઢોરોનો રોગચાળો મટાડનાર ઝાલા બાવજીની બાધા આ મેળામાં પૂરી થાય છે. વળી પૂજા પાઠ કરાવી ઢોરોને રોગચાળો ન થાય તે માટે આરાધના કરવામાં આવે છે.

### (૩) ચૂલનો મેળો

પાવાગઢથી ૧૨થી ૧૫ કિ.મિ દૂર દેવાદ્રા ગામે ફાગણ વદ ચોથના દિવસે ચૂલનો મેળો ભરાય છે. આશરે ૬૦૦ જેટલા આદિવાસીઓ ભેગા થઈ નાચે છે. આ મેળામાં રાઠવા, નાયકા, ડામોર ભીલ જાતિના આદિવાસીઓ ભાગ લે છે. એ જ રીતે પાવાગઢની નજીક રીંછિયા ગામે પણ ચૂલનો મેળો ભરાય છે. ધુળેટીના દિવસે ભરાતા આ મેળામાં ત્રણસો જેટલા આદિવાસીઓ ભાગ લે છે. આ મેળામાં રાઠવા, નાયકા અને અન્ય કોમોના લોકો હિસ્સો લે છે. આ મેળામાં નાનું બજાર ભરાય છે. ઢોલ વાગે છે અને તેના પર નૃત્ય થાય છે. આમ આદિવાસીઓ મન મૂકીને મહાલે છે અને આનંદથી ઉત્સવ ઊજવે છે.

## મહીસાગર જિલ્લો

મહીસાગર જિલ્લામાં લુણાવાડા, કડાણા, સંતરામપુર, બાલાસિનોર, વીરપુર અને ખાનપુર તાલુકામાં મુખ્યત્વે આદિવાસીઓ વસે છે. મહીસાગર જિલ્લામાં મુખ્યત્વે ભીલ, ડામોર (ગોત્ર) નાયકા વગેરે જાતિના લોકો વસે છે. આ જિલ્લામાં આદિવાસીઓનો મઠ-કોટલનો મેળો, ઝાલનો મેળો, રવાડીનો મેળો, મહાશિવરાત્રિનો મેળો, ધુળેટીનો મેળો અને ચાડિયાનો મેળો ખૂબ પ્રખ્યાત છે.

## (૧) રવાડીનો મેળો

સંતરામપુરની આગવી ઓળખ એટલે રવાડીનો મેળો. સંતરામપુરના નગરની આન-બાન-શાન કહો તો ચાલે એવા દિગમ્બર જૈન સમાજનાં અહીં ૪૦થી ૫૦ ઘર છે. જેઓની કુલ વસ્તી ૩૦૦ની છે, એવો આ સમાજ દર વર્ષે ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધી મહા પર્યુષણ પર્વની ઉજવણી કરે છે અને ત્યાર બાદ પૂનમે નાની રવાડી તથા એકમ અને બીજે રવાડી (લાકડાના અને ચાંદીના રથમાં) આદિનાથ તીર્થંકરની સોના-ચાંદીની પ્રતિમાને રથમાં બેસાડીને તેમની શોભાયાત્રા કાઢવામાં આવે છે. જ્યાં જૈન સમાજના લોકો ડાંડિયાની રમઝટ બોલાવે છે અને દિવસરાત આ રથયાત્રા ફરે છે અને બીજને દિવસે આદિનાથ તીર્થંકરની સોના-ચાંદીની પ્રતિમાને મંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે. આ રથયાત્રાને ઉપલક્ષીને આશરે ૧૨૫ વર્ષથી વધુ સમયથી રવાડીનો મેળો ભરાય છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાની જેમ નગરયાત્રા કરી નિજ મંદિરે બિરાજે છે.

રવાડીનો મેળો પ્રતાપપુરા વિસ્તારમાં મહાકાળી મંદિરના મેદાનમાં ભરાય છે. જ્યાં મેળાનો હાટ ભરવામાં આવે છે. પહેલાંના સમયમાં એકમ, બીજ, ત્રીજ એમ ત્રણ દિવસ ને રાત મેળો ભરાતો હતો. સંતરામપુર તાલુકાની આદિવાસી જનતા ગમે ત્યાં ગયેલી હોય પણ રવાડીનો મેળો માણવા તો માદરે વતનમાં અચૂક પહોંચી જાય છે. દિવસરાત સતત ચાલતા આ મેળામાં આદિવાસીઓ પરંપરાગત રંગબેરંગી વેશભૂષામાં સજ્જ થઈ નૃત્ય કરતા, પાવા (વાંસળી) વગાડતા ભારતીય આદિસંસ્કૃતિની એક આગવી છાપ જોવા મળે છે. દિવસરાત ચાલતા આ મેળામાં હજારોની સંખ્યામાં માનવમહેરામણ ઊમટી પડે છે અને મેળાને જોઈ એવું થાય છે કે જીવન જીવવાની ખરી મજા તો ગામડાના આ લોકમેળામાં જ છે. લોકો થાકે એટલે નગરના કોઈ પણ ઓટલા, ઉપમેદાનમાં કે ધાબા પર વિસામો કરતા અને સવાર પડે એટલે ફરી મેળામાં મહાલવા લાગે.

હવે સમય સાથે મેળાને પણ આધુનિકતાનો રંગ લાગ્યો છે. લોકોની જિજ્ઞાસાવૃત્તિ વધી, લોકો મોબાઇલ, ટેપરેકોર્ડર, વાજિંત્રોના શોખીન થયા. લોકો પાસે હવે વાહનવ્યવહારોનાં સાધનો થયાં તેથી હવે લોકો પોતાના અંગત વાહનમાં ટુકડીઓમાં સાથે આવે, બે-ચાર કલાક મેળો માણે અને પાછા પોતાના ગામ જતા રહેતા હોય છે.

## (૨) માનગઢનો મેળો

ભગત-ભગતાણીએ મનોમન માન્યું મારે માગશરી પૂનમે માનગઢ મેળે જાવું રે ... મારી મહીસાગરને આરે માનગઢી મોર બોલે છે.

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિભેટે, મહીસાગરના આરે, પ્રકૃતિ-પહાડોના ખોળે, અરવલ્લીની ગિરિકંદરામાં વસેલું માનગઢધામ અનુપમ ઐતિહાસિક ગૌરવવંતું પવિત્ર સ્થળ. ભારતની ભૂમિમાં આઝાદીની હાકલ પૂર્વે આદિવાસીઓના પૂર્વજોએ હજારોની સંખ્યામાં બ્રિટિશરના દમન-શોષણને વશ નહીં થઈ જંગ ખેલ્યો. જલિયાનવાલા બાગ હત્યાકાંડ કરતાંયે ભયંકર શહીદી વહોરી તા. ૧૭-૧૧-૧૯૧૩ના રોજ ૧૫૦૭ આદિવાસીઓની શહાદત આજે પણ યાદ આવ્યા વિના કોઈને રહેતી નથી. ભીલોના ભેરુ અને આદિવાસીઓના ગોવિંદ ગુરુ અને માનગઢ સૌના મનમાં વસ્યા વિના રહેતાં નથી. તેમાં આદિવાસીઓ મેળામાં અચૂક આસ્થા, શ્રદ્ધા અને ભક્તિભાવથી હજારો ગુરુના શિષ્યો ઊમટી પડે.

રાત્રી દરમિયાન માનગઢ ખાતે હજારોની સંખ્યામાં માનવમહેરામણ ઊમટી પરંપરાગત આદિજાતિ ભક્તો દ્વારા સ્વયંભૂ મેળો ભરાય છે. ડુંગરોની ખીણો, પહાડોની પગદંડી અને રસ્તાએથી વાહનોમાં વિશાળ સંખ્યામાં આશરે ૩૦થી ૩૫

હજાર લોકોની જનમેદની મહીસાગરના વહેણની જેમ ઘોડાપુર સ્વરૂપે રાત્રીએ અહીં ઊમટી પડે છે. જેમાં સ્ત્રીપુરુષ અને આબાલવૃદ્ધો સૌ આવે છે. આ મેળાની વિશેષતા એ છે કે અહીં રાત્રી દરમિયાન સત્સંગ, આખ્યાન, ભવાઈ, સત્સંગ–કીર્તન, ભજનોની રમઝટ ચાલે છે. રસ્તે ચાલીને હાથમાં નેજાધારી ધજા, વાજિંત્રો દ્વારા ભજનોની રમઝટથી માનભેર માનગઢ લોકો ચઢે છે અને ગુરુ ગોવિંદની ધૂણીએ શીશ નમાવી નાળિયેર વધેરી હોમહવન કરે છે. લોકસંગીત અને દુહા, સખી અને ગામઠી રાગમાં રમઝટ બોલાવે છે. સૌ ઝૂમી ઊઠે છે. નિજાનંદ મેળવે છે. અલૌકિક આનંદનો મુક્તમને નિખાલસ અહેસાસ કરે છે. ગુરુ ગોવિંદની વાણી રામસાગર સાથે તાર–તંબૂરો લઈને મીરાંની જેમ માનગઢમાં મન મૂકીને મોરની જેમ ઝૂમે છે.

આદિવાસી શ્રમિકો આ મેળામાં થાક ઉતારવા, જીવનમાં નવો જોમ–જુસ્સો ભરવા અહીં આવે છે. મેળામાં શેરડીના સાંઠા, તીર, તલવાર, ત્રિશૂળ પણ ખરીદે છે. માનગઢના મેળાની યાદમાં કંઈક વસ્તુ ખરીદે છે. શેરડીના સાંઠા તો હાથમાં હોય જ, તેના વિના આદિવાસીઓનો હાથ ખાલી ખાલી લાગે. એકબીજાને હળવું, મળવું, ભજન ગાવા, સાદ ઝીલવો ને ગુરુવાણી સાંભળવી. ત્રણે રાજ્યોમાંથી દુકાનદારો હાટડીઓ નાખે છે. સવાર પડતાં માનગઢ સૂમસામ થઈ જાય છે. જિલ્લાનો આ સૌથી મોટો મેળો છે.

આદિવાસીઓમાં એક કહેવત છે કે પિયરમાં ગયેલી સ્ત્રી ને ડુંગરે ચડેલો ભીલ ક્યારે પાછો આવે તે નક્કી નહીં. મતલબમાં જલદી પાછો આવતો નથી અને મન પડે તેટલો સમય રહે છે. એવી જ રીતે માનગઢ ડુંગરે ભરાતો મેળો લોકો મનભરીને માણે છે, નિજાનંદ લે છે. પછી જ ઘરે પાછા ફરે છે. એવો આ માનગઢનો મેળો જોવાનો લહાવો પણ અલગ હોય છે. સંતોસાધુઓ પણ આદિવાસી સમાજના હોય છે.

## વિવિધ સ્થળોએ ભરાતા પરંપરાગત ઝાલાબાવજીના મેળા

મહીસાગર જિલ્લામાં વિવિધ સ્થળોએ દર વર્ષે પરંપરાગત રીતે ઝાલાબાવજીના મેળા ભરાતા હોય છે. આ મેળાની ખાસ બાબત એ છે કે આસપાસના વિસ્તારના લોકો પોતાનાં પશુઓ બીમાર થાય ત્યારે ઝાલાબાવજીની બાધા રાખતા હોય છે ને જ્યારે મેળો ભરાય ત્યારે શ્રીફળ, અગરબત્તી ધરાવીને પોતાની બાધા પૂર્ણ કરતા હોય છે અને પશુઓ સ્વસ્થ રહે તેવી શ્રદ્ધા લોકોમાં પ્રગટતી રહે છે. પશુ પ્રત્યેનો પ્રેમ પણ આ મેળાના માધ્યમ થકી વ્યક્ત થાય છે. ખાસ કરીને ભીલ અને ડામોર શાખના આદિવાસીઓ આ મેળામાં ભાગ લે છે. સંતરામપુર તાલુકાના પીંગલવાડા ખાતે યોજાતા આ મેળામાં ૫૦૦૦થી વધુ લોકો ભેગા થાય છે અને ત્યાં દાંડિયારાસ, કથા, વાર્તા વગેરે કહેવાય છે. શ્રીવીરપનાથજી ઝાલાના સ્મરણમાં માનતા રાખીને મેળો યોજાય છે. સંતરામપુર, લુણાવાડા અને ડુંગરપુર(રાજસ્થાન)ના ભીલ જાતિના લોકો વધુ આવે છે.

### (૩) મઠ-કોટલનો મેળો

સંતરામપુર તાલુકામાં લુણાવાડાથી લગભગ ત્રીસ કિ.મિ.ના અંતરે આવેલા કોટલ ગામે મહા વદ ચૌદસે મહાશિવરાત્રિના રોજ મઠ-કોટલનો મેળો ભરાય છે. જ્યાં ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. જેમાં મુખ્યત્વે ભીલ જાતિના લોકો આવે છે. અહીંયાં મેળામાં ઘરગથ્થુ ચીજોનાં હાટ ભરાય છે. તથા આદિવાસીઓનાં હથિયારોના સ્ટોલ પણ લાગે છે. આ એક પ્રકારે ખૂબ વિશિષ્ટ મેળો છે. આ મેળો મહી નદી ઉપર નદીનાથ મહાદેવના મંદિરે ભરાય છે. બાળકો મેળવવા માટે આદિવાસીઓ અહીંની બાધા રાખે છે અને અહીં આવી પૂજા કરે છે. લગભગ આખા પંચમહાલ, મહીસાગર, ખેડા તથા ડુંગરપુર વિસ્તારના લોકો અહીં આવે છે અને પોતાની બાધા–આખડી પૂર્ણ કરે છે.

### (૪) મહાશિવરાત્રિનો મેળો

સંતરામપુર તાલુકાના સુખસર ગામે મહા વદ ચૌદસના દિવસે મેળો ભરાય છે. જ્યાં ૫૦૦૦થી વધુ લોકો એકઠા થાય છે. આ મેળો લુણાવાડાથી ૩૦ કિ.મિ. દૂર ભરાય છે. મેળામાં ભજનમંડળીઓ આવીને ભજનો ગાય છે. આ મેળામાં આદિવાસીઓ સાથે અન્ય કોમ પણ જોડાય છે પરંતુ મેળામાં આદિવાસીઓ પોતે ખૂબ આનંદથી મહાલે છે.

### (૫) ધુળેટીનો મેળો

હોળીના બીજા રવિવારે સંતરામપુર તાલુકાના ગામ ડોળી ખાતે ધુળેટીનો મેળો યોજાય છે. આશરે ૪૦૦૦ જેટલા આદિવાસીઓ આ મેળામાં ભાગ લે છે. મેળામાં આદિવાસીઓ લોકનૃત્યો કરે છે. ભજન ગાય છે અને નાટક પણ કરે છે. આનંદથી સમય પસાર કરે છે. ગામ ડોળી લુણાવાડાથી લગભગ ૨૫ કિ.મિ. દૂર છે. આ મેળો સુખસારેશ્વર મહાદેવના મંદિર પાસે ભરાય છે. જ્યાં આસપાસનાં ૨૫ ગામોના આદિવાસીઓ આવે છે. તેમના માટે આ મેળો હર્ષોલ્લાસનું પર્વ છે અને ઉમંગથી નૃત્ય કરવાનું પર્વ છે.

## દાહોદ જિલ્લો

દાહોદ જિલ્લાની ૨૧,૨૭,૦૮૬ની વસ્તીમાં આદિવાસી વસ્તી ૧૫,૮૦,૮૫૦ છે, જે મહત્તમ છે. દાહોદ જિલ્લામાં ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, ગરબાડા, દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાનો સમાવેશ થાય છે. અહીંની આદિવાસી વસ્તીમાં ભીલ, ઢોલી ભીલ, ભીલાલા, તડવી ભીલ, ધાણકા, તડવી, તેતરિયા અને વલવી, નાયકડા-નાયકા, પટેલિયા અને રાઠવા જાતિનો સમાવેશ થાય છે. એકલા દાહોદ જિલ્લામાં ૫૦ જેટલા આદિવાસી મેળા યોજાય છે. ગુજરાતનું પ્રાચીન લોકજીવન, શ્રેષ્ઠ કલા વારસો, વિવિધ આદિવાસી જાતિ-જ્ઞાતિઓના સામાજિક, ધાર્મિક ઉત્સવો, ભાતીગળ લોકમેળો, પહેરવેશ વગેરે આપણા સમાજજીવનમાં વણાયેલા છે, જે ચેતનાનો સંચાર કરે છે. શ્રમજીવી આદિવાસીઓ થાક ઉતારી જાણે અજાણે આપણી સંસ્કૃતિનું જતન કરે છે. દાહોદના મેળાઓમાં મહાશિવરાત્રિનો મેળો, ગોકુલઅષ્ટમીનો મેળો, ગોળગધેડાનો મેળો, વિજયાદશમીનો મેળો, આમલી અગિયારસનો મેળો, ચૂલનો મેળો, પાંચકૃષ્ણનો મેળો, ગલદેવરાનો મેળો, રામનવમીનો મેળો, અખાત્રીજનો મેળો, દશેરાનો મેળો, હોળીનો મેળો, ચાડિયાનો મેળો વગેરે જાણીતા મેળાઓ છે.

### (૧) મહાશિવરાત્રિનો મેળો

દાહોદથી ૨૦ કિ.મિ. દૂર ઝાલોદ તાલુકાના ચાકલિયા ગામે મહા વદ ચૌદસના દિવસે મહાશિવરાત્રિનો મેળો ભરાય છે. આ મેળામાં ૫૦૦૦થી ૭૦૦૦ આદિવાસીઓ ભેગા થાય છે. અહીં છેલ્લાં કેટલાંય વર્ષોથી મેળો ભરાય છે. આજુબાજુના ૧૦૦ કિલોમિટર સુધીના લોકો અહીં મેળામાં મહાલવા આવે છે. મારવાડ (રાજસ્થાન)થી પણ ઘણા આદિવાસીઓ આવે છે. આ મેળામાં માટીનાં વાસણો અને ટોપલા-ટોપલીની દુકાનો લાગે છે. અહીં આદિવાસીઓ ખરીદી પણ કરે છે. દાહોદમાં અન્યત્ર પણ મહાશિવરાત્રિના મેળા ભરાય છે. દાહોદથી લગભગ ૪૦ કિલોમિટર દૂર સેંજલી ગામે શ્રાવણ વદ આઠમના રોજ મેળો ભરાય છે. અહીં ૩૦૦૦થી ૪૦૦૦ જેટલા આદિવાસીઓ અને અન્ય પછાતવર્ગના લોકો એકઠા થાય છે. આ મેળામાં આદિવાસીઓની ઘરગથ્થુ ચીજો ઉપરાંત લોઢાનાં દાતરડાં, કુહાડી, ધારિયાં, બરછા વગેરેની દુકાનો પણ લાગે છે. આ મેળો પણ આદિવાસીઓ માટે મોટું મહત્ત્વ ધરાવે છે. દાહોદ જિલ્લામાં દાહોદથી લગભગ ૨૫ કિ.મિ. દૂર ઝાલોદમાં શ્રાવણ વદ આઠમના રોજ મેળો ભરાય છે. આસપાસના દસ કિલોમિટર વિસ્તારના આદિવાસીઓ અહીં ભેગા થાય છે. પંદરસો જેટલા લોકો ભેગા થઈ નાચે–ગાય છે અને ત્યાંથી ઘરગથ્થુ

ચીજોની ચીજવસ્તુઓ ખરીદે છે. આ ઉપરાંત દેવગઢબારિયા તાલુકાના પીપલોદ ગામે જન્માષ્ટમીનો મેળો જામે છે. અંશતઃ ભીલોની વસ્તી આ મેળામાં ભેગી થાય છે. બાકી અન્ય કોમ હોય છે. ૯૦૦૦ જેટલા લોકો ભેગા થાય છે અને ત્યાં લાગેલી ઘરગથ્થુ ચીજો, વાંસના ટોપલા, માટીનાં વાસણો વગેરે દુકાનોમાંથી પોતાને જોઈતી ચીજવસ્તુઓ ખરીદે છે. આ ઉપરાંત પાવાગઢથી ૧૫ કિ.મિ. દૂર રાજગઢના વૈજનાથ મહાદેવના મંદિરે ભરાતા મેળામાં ૨૫૦૦ જેટલા લોકો ભેગા થાય છે. આદિવાસીઓમાં શિવરાત્રિના મેળાનું મહત્ત્વ ઘણું હોય છે.

## (૨) ઘૂઘરનાથનો મેળો

દાહોદથી ૨૦ કિ.મિ. દૂર ઝાલોદ તાલુકાના ચાકલિયા ગામે ફાગણ સુદ અગિયારસના રોજ આ મેળો ભરાય છે. ૫૦૦૦થી ૭૦૦૦ આદિવાસીઓ આ મેળામાં એકઠા થાય છે. લગભગ ૧૦૦ કિ.મિના આજુબાજુના વિસ્તારમાંથી આદિવાસીઓ આવે છે. મારવાડ(રાજસ્થાન)માંથી ઘણા આદિવાસીઓ આવે છે. અહીં આ મેળામાં માટીનાં વાસણ તથા ટોપલા-ટોપલી વેચવાની ઘણી દુકાનો રાખવામાં આવે છે. આ મેળો પણ આદિવાસીઓ માટે મહત્ત્વનો છે.

## (3) ગોકુળઅષ્ટમીનો મેળો

દાહોદથી લગભગ ૨૦ કિ.મિ. દૂર ઝાલોદ તાલુકાના લીમડી ગામે શ્રાવણ વદ આઠમના રોજ આ મેળો ભરાય છે. આ મેળામાં આજુબાજુના ગામના ૫૦૦૦થી ૬૦૦૦ આદિવાસીઓ એકઠા થાય છે. મેળામાં આદિવાસીઓની ઘર વપરાશની ચીજો, માટીનાં વાસણો, ટોપલાં, ટોપલી વગેરેની દુકાનો હોય છે. સૌ ગીત-સંગીત-નૃત્યથી આઠમ સુપેરે ઊજવે છે. આ જ રીતે સંજેલીમાં જન્માષ્ટમીનો મેળો ઊજવાય છે. અહીં, આદિવાસીઓની ઘરગથ્થુ ચીજોની દુકાનો લાગે છે. દેવગઢબારિયાના પીપલોદ ગામે પણ જન્માષ્ટમીનો મેળો ભરાય છે.

## (૪) ગોળગધેડાનો મેળો

દાહોદ જિલ્લામાં ઠેરઠેર ગોળગધેડાના મેળા યોજાય છે. ઝાલોદ તાલુકાના સુથારવાસ ગામે ફાગણ વદ સાતમના રોજ ૫૦૦૦ જેટલા આદિવાસીઓનો ગોળગધેડાનો મેળો યોજાય છે. દાહોદથી ૧૫ કિ.મિ. દૂર છાયણ ગામે ફાગણ વદ સાતમના રોજ ભીલોનો ગોળગધેડાનો મેળો યોજાય છે. જેમાં ઢોલ, થાળી સાથે નાચગાન કરવામાં આવે છે અને ઘરગથ્થુ ચીજવસ્તુઓની દુકાનો હોય છે. એ જ રીતે દાહોદથી ૨૨ કિ.મિ. દૂર રતિયાળીભૂરા ગામે પણ ફાગણ વદ બારસના રોજ ૧૨૦૦થી ૧૫૦૦ આદિવાસીઓ મેળા માટે એકઠા થાય છે. દાહોદથી ૧૫ કિ.મિ. દૂર આવેલા પાવડી ગામે ફાગણ વદ છઠ્ઠના દિવસે ભીલ આદિવાસીઓનો ગોળગધેડાનો મેળો ભરાય છે. આ મેળામાં ૧૦૦૦થી ૧૨૦૦ આદિવાસીઓ ભેગા થાય છે. આ ઉપરાંત દાહોદ તાલુકાના જેસાવાડા ગામે ફાગણ વદ પાંચમના રોજ ગોળગધેડાનો મેળો યોજાય છે. જેમાં ઢોલ, થાળી સાથે આદિવાસીઓ નૃત્ય કરે છે. આમાં ભીલ અને પટેલિયા વધુ હોય છે. દાહોદથી ૧૫ કિ.મિ. દૂર ગરબાડા ગામે ૧૫૦૦ લોકોનો મેળો ભરાય છે. આ મેળામાં ચામુંડા માતાનો હવન થાય છે અને પ્રસાદ લઈ સૌ છૂટા પડે છે. તો દાહોદથી આઠ કિ.મિ. દૂર ગામલા પાસે ફાગણ વદ પાંચમના રોજ આ મેળો યોજાય છે. આમાં રાજપૂતો અને આદિવાસીઓ વધુ હોય છે. આ ઉપરાંત દાહોદથી આઠ કિ.મિ. દૂર આવેલા ભાઠીવાડા ગામે ફાગણ વદ પાંચમના રોજ મેળો યોજાય છે. જેમાં ભીલ, પટેલિયા અને રવાલા લોકોની ભીડ જામે છે. આ ઉપરાંત દાહોદની પાસે બ્રહ્મખેડામાં ફાગણ વદ આઠમ, મોટીખેરજમાં ફાગણ વદ તેરસ, ઉજવણિયા ગામે ફાગણ વદ તેરસના રોજ, ગડોઈ ગામે ફાગણ વદ તેરસના રોજ, લીમખેડાથી પાંચ કિ.મિ. દૂર મોટી બાંડીબાર ખાતે ફાગણ સુદ પૂનમના રોજ ગોળગધેડાનો મેળો ભરાય છે.

ગોળગધેડાની મેળાની વિશેષતા શું છે.

## ગોળગધેડાનો મેળો

દાહોદ જિલ્લાના વિસ્તારમાં આદિવાસીઓમાં ચૂલ મેળાની જેમ અતિ પ્રસિદ્ધ એવો 'ગોળગધેડાનો મેળો' ભરાય છે. આ મેળો પણ તેની આગવી વિશિષ્ટતા ધરાવતો મેળો છે. હોળી પછીના પાંચમા, સાતમા કે બારમા દિવસે ગરબાડા તાલુકાના જેસવાડા ગામે મેદાનમાં 'ગોળગધેડા'નો મેળો ભરાય છે. આ મેળામાં આજુબાજુના વિસ્તારમાંથી હજારો સ્ત્રી-પુરુષો ઢોલ વગાડતાં વગાડતાં અને આનંદથી નાચતાં ગાતાં આવે છે.

પૌરાણિક યુગના સ્વયંવરની યાદ તાજી કરાવતો આ ગોળગધેડાનો મેળો આદિવાસી સિવાયના અન્ય સમાજે પણ એકાદ વખત જોવા જેવો છે. આ પ્રસંગે મેળાના મેદાનની મધ્યમાં ૨૦થી ૨૫ ફૂટ ઊંચો લાકડાનો સમક્ષિતિજ લાંબો સ્તંભ ઊભો કરવામાં આવે છે તેના ઉપર વીંધ પાડી માણસ ઊભો રહી શકે તેવી રીતે ચાર-પાંચ ફૂટના બે આડા લાકડાના કટકા બેસાડવામાં આવે છે ને થાંભલાની ટોચ પર ગોળની પોટકી લગાવવામાં આવે છે. દૂરથી જોતાં આનો આકાર ઈશુના ક્રૉસ સ્તંભ જેવો લાગે છે. આ સ્તંભની આજુબાજુ યુવાન કુંવારી કન્યાઓ હાથમાં વાંસની સોટીઓ લઈને ઢોલના તાલે તાલે ગીતો ગાતી ગોળાકાર નૃત્ય કરે છે. કન્યાઓના આ ટોળાની વચમાં જઈને બે-ત્રણ જુવાનડા થાંભલે ચડે છે. થાંભલે ચઢનાર યુવાનને પેલી યુવતીઓ સોટીઓથી માર મારતી હોય અને છતાંય એ સોટીઓનો માર ખાતા ખાતા કોઈ ચપળ મરદ મૂછાળો જુવાનિયો થાંભલા ઉપર સડસડાટ ચઢી જાય છે અને છેક ટોચ પર બાંધેલી ગોળની પોટલી હાંસલ કરી લે છે. પોતે એ પોટલીમાંનો ગોળ ખાય અને નીચે ગોળની ગાંગડીઓ ચારે બાજુ ઉડાડે છે. પછી બધાની નજર ચૂકવી તે નીચે કૂદી પડે છે.

આ પોટલીનો ગોળ ખાવા માટે ગધેડા જેવો માર ખાવો પડે છે. આ પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે. આ બધી ધાંધલ-ધમાલમાં થાંભલાની ટોચે બાંધેલી પોટલી ક્યાંક અદ્રશ્ય થઈ ગઈ હોય ત્યાં પાછળથી થાંભલે ચઢનાર ગોળ વિના ગધેડો બનનાર પુરવાર થાય છે. ગોળની લાલચમાં ગમે તેટલો માર ખાતા જુવાનિયાઓ અચકાતા નથી. કેટલાંક જૂથો તો સ્તંભના ઉપરના ભાગે પોતાના જૂથનો ધ્વજ પણ ફરકાવે છે. કેટલાક આદિવાસી વિસ્તારોમાં ગોળના બદલે ધજા પણ મૂકવામાં આવે છે. જૂના વખતમાં કોઈ જુવાનિયો ગધેડા જેવો માર ખાઈને પણ ધજા લાવે તો તે કન્યાના ઘેરામાંથી મનપસંદ કન્યાને પરણી લેતો.

આ રમતનો વિજયી પોતાની મનપસંદ કન્યા સાથે લગ્ન કરવાની અનુમતિ મેળવે છે. આથી આ મેળો સ્વયંવરનું પણ રૂપ ધારણ કરે છે તેમ કહી શકાય. આ રિવાજ પ્રાચીન કાળના સ્વયંવરની પ્રથાની યાદ અપાવે છે.

## (૫) વિજયાદશમીનો મેળો

દાહોદથી ૪૦ કિ.મિ. દૂર આવેલા સંજેલી ગામે આસો સુદ દસમના રોજ વિજયાદશમીનો મેળો ભરાય છે. આ મેળામાં ભીલો સાથે અન્ય કોમોના પાંચેક હજાર લોકો એકઠા થાય છે. આ મેળો પ્રાચીન સંજેલી સ્ટેટના વખતથી યોજાય છે. મેળામાં આદિવાસીઓની ઘરવપરાશની ચીજો, માટીનાં વાસણો, ટોપલા-ટોપલીની દુકાનો મંડાય છે અને આદિવાસીઓ તેમાંથી ખરીદી કરે છે.

## (૬) આમલી અગિયારસનો મેળો

આમલી અગિયારસનો મેળો દાહોદ જિલ્લામાં સંજેલી, ચોસલ, લીંબડા બારા, બાવકા ચુંદડી વગેરે જગ્યાએ ફાગણ સુદ અગિયારસના રોજ યોજાય છે. છેલ્લાં લગભગ સો વર્ષથી યોજાતા આ મેળામાં મુખ્યત્વે આદિવાસીઓ હોય છે. જ્યારે દેવગઢબારિયાના પીપલોદ ગામે ફાગણ વદ

અગિયારસના રોજ આનલી અગિયારસનો મેળો યોજાય છે. મેળા દરમિયાન દરેક જગ્યાએ ઘરગથ્થુ ચીજો, વાંસ અને માટીની બનાવેલી ચીજવસ્તુઓ વેચાય છે. મેળામાં મહાલવા આદિવાસીઓ નીકળી પડે છે.

## (૭) ચૂલનો મેળો

છેલ્લાં દોઢસો વર્ષથી આદિવાસીઓ જુદી જુદી જગ્યાએ દાહોદ જિલ્લામાં ને પંચમહાલ જિલ્લામાં ચૂલનો મેળો યોજે છે.

આદિવાસીઓ માટે મેળો નામમાત્રથી આનંદ છવાઈ જાય છે. હોળી પહેલાં અગિયારસના દિવસે દાહોદ જિલ્લાના ઘણાં સ્થળેથી આમલી અગિયારસના મેળા ભરાય છે, તો વળી હોળીના બીજા દિવસે એટલે કે ધુળેટીના દિવસે ગરબાડા તાલુકાના ગાંગરડી અને ઝાલોદ તાલુકાના રણિયાર ગામે ચૂલનો મોટો મેળો ભરાય છે.

પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લાના આદિવાસીઓ હોળીને બીજે દિવસે ચૂલનો મેળો માણે છે. બપોર સુધીમાં લોકો ધીમે ધીમે એકઠા થાય છે. આ મેળાની વિશેષતા એ છે કે તેમાં એકાદ ફૂટ પહોળો અને પાંચથી છ ફૂટ લંબાઈનો એક ખાડો ખોદવામાં આવે છે. આ ખાડામાં બાવળનાં લાકડાંના મોટા કોલસા (કટકા) સળગાવીને અંગારા પાડવામાં આવે છે. આ પ્રસંગે આદિવાસી સ્ત્રી-પુરુષો હાથમાં નાળિયેર લઈને પાણીના લોટા લઈ ઉઘાડા પગે અંગારા પર સાત વાર એક છેડેથી બીજા છેડે જાય છે. પછી પગે લાગી નાળિયેર ફોડે છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરતાં અહીંના આદિવાસીઓ અંગારા ઉપર ચાલીને બહાર નીકળી જાય છે. છતાંય કોઈના પગ સહેજેય દાઝતા નથી. આ પ્રસંગે લોકો પોતાનાં બાળકો અને ઢોર ઢાંખરના રક્ષણ માટે અગ્નિદેવની બાધા રાખે છે.

કેટલાક પુરુષો અને નાની વયના છોકરાઓ શરીરે હળદર ચોળે છે, આંખે આંજણ લગાડે છે અને આંજણનાં કાળાં ટપકાં ગાલે પણ કરે છે. પીળા અને લીલા ડગલી જેવા પોલકાં અને લાલ ઓઢણીમાં રાઠવી સ્ત્રીઓ પણ આ મેળામાં પોતાના બાળકો લઈને આવે છે. હાથમાં તલવારો અને લાકડીઓ સાથે ઢોલના તાલે નાચતાં સ્ત્રીપુરુષ અને બાળકો ચૂલના મેળાની મસ્તી માણે છે.

દાહોદથી ૨૦ કિ.મિ. દૂર રણિયાર કણબી ગામે ફાગણ સુદ પડવાના રોજ મેળો ભરાય છે તો દાહોદથી દસ કિ.મિ. દૂર કાળીગામ ઇનામી ગામે ભીલ, રવાલા અને અન્ય પછાત કોમો આ મેળામાં હિસ્સો લે છે. અનાસથી સાત કિ.મિ. દૂર રાછરડા ગામે ભીલ, પટેલિયા આદિવાસીઓ મેળામાં આવે છે. બાધાવાળા લોકો ઉપવાસ કરી એક હાથમાં નાળિયેર અને બીજા હાથમાં પાણી ભરેલી દોણી લઈ આગ પરથી પસાર થાય છે. તો દાહોદથી ૧૮ કિ.મિ. દૂર ગાંગરડીમાં, એભીલોડ, નઘરાળા, નવાગામ, રાણપુરખુર્દ, મોટી ખેરજ, ઊંચવાણિયા, લીમખેડાથી સાત કિ.મિ. દૂર દૂધિયા ગામે, દેવગઢબારિયાના પીપલોદ, સણિયાડા, પાવાગઢથી ૧૫ કિ.મિ. દૂર દેવાદ્રા, રીંછિયા વગેરે સ્થળોએ રાઠવા, નાયકા ભીલો વગેરે લોકો આ મેળો માણવા આવે છે.

## (૮) પાંચકૃષ્ણનો મેળો

દાહોદથી ૧૮ કિ.મિ. દૂર થેસ્કા ગામે ફાગણ સુદ અગિયારસના દિવસે લગભગ ૨૦૦૦ આદિવાસીઓ અને અન્ય કોમો પાંચકૃષ્ણનો મેળો માણે છે. મચ્છન નદીને કાંઠે ભરાતા આ મેળામાં અન્ય દુકાનોની સાથે આદિવાસીઓનાં વાસણોની દુકાન લાગે છે અને આદિવાસીઓ ત્યાંથી વાસણો ખરીદે છે.  આ જ રીતે દાહોદથી લગભગ ૨૦ કિ.મિ. દૂર લીલવા ઠાકોર ખાતે પણ આ મેળો ભરાય છે. લીલવા ઠાકોરમાં ૧૦૦૦થી ૧૫૦૦ લોકો ઢોલ, થાળી સાથે નૃત્ય કરે છે. અહીં ઘરગથ્થુ ચીજોની દુકાનો લાગે છે. અહીંનો પાંચકૃષ્ણનો મેળો મચ્છન નદીને કાંઠે રામ, લક્ષ્મણ, કૃષ્ણ, મહાદેવ અને હનુમાન એમ પાંચ દેવના પથ્થરમાં કોતરેલાં મંદિરો છે ત્યાં લાગે છે. આસપાસનાં

ગામના આદિવાસીઓ અહીંયાં એકઠા થાય છે. આ જ રીતે દશેરાનો મેળો દાહોદથી ૨૭ કિ.મિ. દૂર આવેલા ઝાલોદમાં યોજાય છે. આદિવાસી અને બીજી કોમના લોકો ઝાલોદમાં એકઠા થાય છે. આ મેળો ઝાઈલા માતાના મંદિર પાસે ભરાય છે અને અહીં ઘોડા પર સવારી નીકળે છે.

## (૯) ગલદેવરાનો મેળો

ગલદેવરાનો મેળો દાહોદના અનાસથી લગભગ ૧૦ કિ.મિ. દૂર દાહોદ તાલુકાના ખાંગેલા ગામે ફાગણ વદ પડવાને દિવસે એટલે કે ધુળેટીના દિવસે યોજાય છે. આ મેળામાં ભીલ અને અન્ય જાતિના આદિવાસીઓ ભેગા થાય છે. લગભગ ૨૦૦૦થી વધુ આદિવાસીઓ આ મેળામાં ઢોલ–થાળી સાથે આખો દિવસ નૃત્ય કરે છે. આ મેળામાં ૨૦થી ૨૫ ફૂટ ઊંચો લાકડાનો થાંભલો રોપવામાં આવે છે. તેની ટોચે એક માંચડો રોપાય છે. તેની ઉપર એક માણસને દોરડાથી બાંધીને સુવડાવે છે અને પછી તેને ગોળ ગોળ ફેરવે છે. બીજા લોકો થાંભલા ફરતે ઢોલ, થાળી વગાડતા નાચે છે. દેવની માનતા માનવામાં આવી હોય તે બાધા પ્રમાણે ગલદેવરા પર પાંચથી સાત આંટા મારવામાં આવે છે અને પોતાની મનોકામના પૂરી થયા પછી બાધા ઉતારે છે. આમ ગલદેવરાનો મેળો બાધા–આખડી પૂરી થયા પછી મનોકામના પૂર્ણ કરવા યોજાય છે.

## (૧૦) રામનવમીનો મેળો

દાહોદથી ૨૦ કિ.મિ. દૂર ચાંદલા ગામે ચૈત્ર સુદ નોમના રોજ રામનવમીનો મેળો યોજાય છે. ભીલ-પટેલિયા આદિવાસીઓ અહીં મોટી સંખ્યામાં એકઠા થાય છે. લગભગ ૧૦૦૦થી પણ વધુ આદિવાસીઓ ભેગા થઈ રામ ભગવાનનો જન્મ ઉત્સવ મનાવે છે અને મેળામાં ઢોલ સાથે ભીલના નાચ થાય છે. આખો દિવસ રામજી ભગવાનને યાદ કરી આ ભીલ પટેલિયા નૃત્યો કરે છે, મેળામાં સૌ રંગબેરંગી પોશાક પહેરીને આનંદ મેળવે છે.

## (૧૧) અખાત્રીજનો મેળો

દેવગઢબારિયાથી લગભગ ૩૨ કિ.મિ. દૂર રતનમાલ એટલે કે લીમખેડા તાલુકાના ભાવેરામાં વૈશાખ સુદ ત્રીજના રોજ અખાત્રીજનો મેળો ભરાય છે. મેળામાં આદિવાસીઓ અને અન્ય સમાજના બધા ભાગ લે છે. મેળામાં ૪૦૦૦થી ૫૦૦૦ જેટલા લોકો ભાગ લે છે. મેળો રતનમાલના મેદાનમાં મહાદેવના મંદિરે ભરાય છે. વડોદરા, પંચમહાલ અને મધ્યપ્રદેશના ત્રિભેટા પર આવેલા સ્થળે ઘણા આદિવાસીઓ ભેગા થાય છે. સામાન્ય રીતે મેળા સાંસ્કૃતિક આદાનપ્રદાન, સામાજિક આદાનપ્રદાન, પહેરવેશના આદાનપ્રદાન, નવીન ટૅક્નૉલૉજી સાથે સંપર્ક, નવી ભાષાનું સાયુજ્ય અને માહિતીના આદાનપ્રદાન માટેનું શ્રેષ્ઠ સાધન છે. એમાં પણ જ્યારે બે રાજ્યો કે ત્રણ રાજ્યોના આદિવાસીઓ ભેગા થાય ત્યારે તેમને રાજ્યો તરફથી મળતી સવલતો અને રહેવાની સ્વતંત્રતા અંગે પણ વાતચીત થતી હોય છે. આ મેળામાં ઘરગથ્થુ ચીજો, વાંસના ટોપલા, માટીનાં વાસણો વગેરેની દુકાનો લાગે છે. અહીં આદિવાસીઓ પોતાની ખેતી – ઘર અને વ્યક્તિગત જરૂરિયાતની ચીજવસ્તુ પણ ખરીદી લે છે.

## (૧૨) હોળીનો મેળો

પીપલોદથી ૧૫ કિ.મિ. દૂર રણધીકપુરમાં ફાગણ સુદ પૂનમનો હોળીનો મેળો ભરાય છે. લગભગ ૫૦૦૦ જેટલા આદિવાસીઓ અને અન્ય સમાજના લોકો આ મેળામાં ભાગ લે છે. મેળામાં ઘરગથ્થુ ચીજો ને વાંસના ટોપલા કે માટીનાં વાસણોનાં હાટ ભરાય છે. આ મેળો ગામની બહાર આવેલા ૧૩મી સદીમાં બંધાયેલા મહાદેવના મંદિરે ભરાય છે. આ જ રીતે પીપલોદથી ૧૫ કિ.મિ. દૂર આવેલા ચુંદડી ગામે પણ ફાગણ સુદ અગિયારસના રોજ હોળીનો મેળો ભરાય છે. જેમાં મુખ્યત્વે ભીલ આદિવાસીઓ ભાગ લે છે.

### (૧૩) ગાય-ગૌહરીનો મેળો

ગુજરાતનો આ મેળો દાહોદના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ભરાય છે, જે ૩૦૦ વર્ષનો ઇતિહાસ ધરાવે છે. આમાં મુખ્ય ભીલ જાતિના લોકો ભાગ લે છે. આ મેળો દિવાળી પછી બેસતા વર્ષ અને ભાઈબીજના દિવસે યોજાય છે. અહીંના લોકોની લાગણી એવી છે કે આખા વર્ષ દરમિયાન આપણે પશુઓનો આપણા જીવનના રોજિંદા કામકાજમાં ઉપયોગ કરીએ છીએ તો એક આખા દિવસ માટે પશુઓને શણગારીએ અને આખા વર્ષ દરમિયાન આપણાથી કોઈ ભૂલચૂક થઈ હોય તો ગાયોના ટોળાની સામે સૂઈ જઈને પ્રાયશ્ચિત્ત કરીએ. તમામ ગાય-બળદને જુદા જુદા રંગોથી રંગીને તેમને મોરપીંછથી શણગારવામાં આવે છે. ત્યાર બાદ ગામના સરપંચ ગાયની પૂજા કરીને આ મેળાની શરૂઆત કરાવે છે અને પ્રાચીન એવી એક લોકમાન્યતા છે કે, જે વ્યક્તિ કોઈ માનતા માને છે તે પૂરી કરવા માટે આ મેળામાં અચૂક ભાગ લે છે. આ મેળામાં ગાય સાથે બળદની પણ પૂજા થાય છે. ગામની આસપાસના અન્ય ગ્રામજનો આ મેળામાં ભાગ લે છે. એક પાઇપ જેવા સાધનમાં દારૂગોળો ભરીને ફોડવામાં આવે છે ને તેના અવાજથી ગાય અને બળદના ટોળા દોડવા લાગે છે. દોડતા ગાય બળદના ટોળા સામે બાધા પૂરી કરનાર સૂઈ જાય છે અને હેમખેમ બહાર નીકળે એટલે બાધા પૂરી થઈ તેવું સૌ માને છે.

## નવસારી જિલ્લો

નવસારી જિલ્લો ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલો મહત્ત્વનો જિલ્લો છે. નવસારી જિલ્લામાં નવસારી, જલાલપોર, ગણદેવી અને વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકાઓ છે. નવસારી જિલ્લામાં આદિવાસીઓની વસ્તી લગભગ ૪૮થી ૪૯ ટકા થવા જાય છે. અહીં મુખ્યત્વે ચૌધરી, ધોડિયા, હળપતિ, તલાવિયા, ગામીત, કોંકણા, કોંકણી, નાયકડા, નાયકા જાતિના તથા વારલી જાતિના આદિવાસીઓ વધુ રહે છે. અહીં અગિયારથી વધુ નાનામોટા મેળાઓ યોજાય છે.

### (૧) ચોકીનો મેળો

નવસારીથી ૧૫ કિ.મિ. દૂર અષ્ટગામ ખાતે હનુમાનજીનો મેળો ભરાય છે. આ મેળો કાર્તિકી સુદ ચૌદશના રોજ ભરાય છે. આ મેળામાં હળપતિ, ધોડિયા, નાયકા અને અન્ય આદિવાસીઓ ભાગ લે છે.

આ મેળામાં ત્રણથી ચાર હજાર આદિવાસીઓ એકઠા થાય છે. મેળામાં માટીનાં વાસણોની હાટડી મંડાય છે. તો હળપતિની મંડળી ભજનો ગાય છે ને નૃત્ય કરે છે.

### (૨) દેવદિવાળીનો મેળો

આ જ રીતે નવસારીથી ૧૫ કિ.મિ. દૂર કારતક સુદ પૂનમના રોજ ડાભલા ખાતે દેવદિવાળીનો મેળો યોજાય છે. આ મેળો હનુમાનજીની મૂર્તિના સ્થાપના દિને ભરાય છે. મેળામાં હળપતિ, ધોડિયા, નાયકા અને અન્ય આદિવાસીઓ ભાગ લે છે. મેળામાં ઘેરૈયા નૃત્ય થાય, ભજન ગવાય, કથા ગાય અને ભેગા થયેલા લગભગ ૨૦૦૦ આદિવાસીઓ મેળો માણે.

### (૩) કપિલેશ્વર મહાદેવની જાત્રા

નવસારીથી ૧૪ કિ.મિ. દૂર આવેલા સરોણા ગામે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે મેળો ભરાય છે. હળપતિ અને અન્ય આદિવાસીઓના ૨૦૦૦થી વધુ લોકો આ મેળામાં ભાગ લે છે. મેળામાં ભજનમંડળીઓ હોય તે ભજન ગાતી હોય, ધાર્મિક વાતાવરણ હોય, લોકવાયકા છે કે કપિલ મુનિએ આ શિવલિંગ સ્થાપ્યું હતું. કપિલ મુનિનો આશ્રમ અહીં હતો. શ્રાવણનો છેલ્લો સોમવાર કપિલ મુનિનો નિર્વાણ દિન મનાય છે. આથી અહીં આવતા આદિવાસીઓ કપિલેશ્વર મહાદેવની જાત્રાએ જાવું છે તેમ કહેતા હોય છે.

## (૪) ઢીંગલાબાપાની શોભાયાત્રા – મેળો

નવસારીમાં અષાઢી અમાસના મેળાઓ ગામે ગામે આનંદ–ઉલ્લાસભેર ઊજવાય છે. નવસારીમાં હળપતિ સમાજ દ્વારા ધૂમધામથી રંગેચંગે ભક્તિપૂર્વક ઢીંગલાબાપાની શોભાયાત્રા કાઢવામાં આવે છે. ઢીંગલાબાપાનો ઉત્સવ આદિવાસી સમાજમાં આસ્થાનું કેન્દ્ર બની ગયું છે અને મનોવાંછિત ફળ આપતા ઢીંગલાબાપાનાં દર્શન કરવા દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ ઊમટે છે. એક લોકવાયકા મુજબ સો વર્ષ પહેલાં નવસારી જિલ્લામાં ભયજનક રોગચાળો ફાટી નીકળ્યો હતો. જેના કારણે લોકો ટપોટપ મરી રહ્યા હતા. તે વખતે આદિવાસીઓએ ઢીંગલાની યાત્રા કાઢી હતી અને રોગચાળાને વકરતો બચાવ્યો હતો. વર્ષોથી આ યાત્રા કાઢી મેળા સ્વરૂપે આદિવાસીઓ ઊજવે છે. ઢીંગલાબાપાનું પૂતળું એક અઠવાડિયા પહેલાં બનાવવામાં આવે છે. જ્યાં સુધી વિસર્જન ન થાય ત્યાં સુધી મોઢામાં સિગારેટ મૂકી ફૂલહાર અને કલગી અર્પણ કરી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક માનતા-બાધા પૂરી કરવામાં આવે છે અને છેલ્લે અષાઠી અમાસના દિવસે ઢીંગલાબાપાના આ પૂતળાનું નદીમાં વિસર્જન કરવામાં આવે છે. આદિવાસી હળપતિ સમાજ ઢીંગલાબાપાને વિશેષ ફળ આપનારા માને છે. તેમની માનતા પૂરી કરવાથી વર્ષ દરમિયાન કોઈ રોગ ન થાય અને તંદુરસ્તી રહે તેવી પ્રાર્થના આદિવાસીઓ કરે છે.

## (૫) અગ્નિમાતાની જાત્રા

અમલસાડથી સાત કિલોમિટર દૂર કનેરામાં આસો સુદ આઠમના રોજ અગ્નિમાતાની જાત્રાનો મેળો ભરાય છે. જેમાં ૯૦૦ જેટલા આદિવાસીઓ ભાગ લે છે. આ મેળામાં અન્ય કોમો સાથે હળપતિ સમાજના આદિવાસીઓ પણ ભાગ લે છે.

## (૬) રતનમાતાનો મેળો

વેડછીથી સાત કિ.મિ. દૂર આવેલા ખરસાડ ગામે આસો સુદ આઠમના રોજ મેળો ભરાય છે. જ્યાં ત્રણસોથી ચારસો જેટલા હળપતિ આદિવાસીઓ એકઠા થાય છે. આ મેળો ખરસાડમાં આવેલા રતનમાતાના મંદિરે ભરાય છે અને અહીં એકઠા થયેલા આદિવાસીઓ દાંડિયા રમી મેળો મહાલે છે.

## (૭) કાળિયા ભૂતની યાત્રા

વેડછીથી લગભગ પાંચ કિ.મિ. દૂર આવેલા અબ્રામા ખાતે પોષ સુદ એકમના રોજ કાળિયા ભૂતની જાત્રાનો મેળો ભરાય છે. આ મેળો અહીં મરી ગયેલા પાંચ વણઝારાની યાદમાં ભરાય છે. આ મેળો ભરાવાનું લગભગ સવા બસો વર્ષ પહેલાં શરૂ થયું હતું. આ મેળામાં હળપતિઓ અને અન્ય આદિવાસીઓ ભાગ લે છે. ને ઢોલ વગાડીને આજુબાજુ ઘૂમે છે ને મેળો માણે છે.

## (૮) સોમવતી અમાસનો મેળો (દાંડીની યાત્રા)

સોમવતી અમાસનો મેળો સામાન્ય રીતે દાંડીના દરિયાકાંઠે ભરાય છે. હળપતિ અને અન્ય સમાજના આદિવાસીઓ સોમવતી અમાસને દિવસે એકઠા થાય છે ને નાચે, ગાય ને મેળો મહાલે છે. આદિવાસીઓ દરિયાદેવનું પૂજન પણ કરે અને આનંદથી આસપાસના ગામના લોકો સાથે મેળો ઊજવે છે.

## (૯) સિંધવાઈ માતાનો મેળો

વેડછીથી સાત કિ.મિ. દૂર ખરસાડ ગામે આસો વદ ચૌદશ એટલે કે કાળીચૌદશના દિવસે આ મેળો ભરાય છે. જો કે આ મેળો મોટો નથી, પરંતુ બહુ ઓછા હળપતિ આદિવાસીઓ ભેગા થઈ સિંધવાઈ માતાના મંદિર પાસે એકઠા થાય, દર્શન કરે, પૂજાપાઠ કરે ને ખાય પીએ ને મજા કરે છે.

## (૧૦) ખોડિયેલ માતાનો મેળો

વેડછીમાં ચૈત્ર સુદ આઠમના રોજ મેળો ભરાય છે. માતાના મંદિરે બધાં દર્શન કરે – ભેગાં થાય ને તે પછી છૂટા પડે. તે જ રીતે ગણદેવીમાં આસો વદ ચૌદશ એટલે કે કાળીચૌદશના દિવસે સતીમાઈની જાત્રાનો મેળો ભરાય છે. ગણદેવીમાં

આવેલા સીતામાતાના મંદિરે આશરે ૧૩૦૦ જેટલા હળપતિઓ એકઠા થાય અને મેળો માણે છે. સૌ નાચે, ગાય ને સાથે લાવેલું ભાતું ખાઈને છૂટા પડે છે.

આમ નવસારી જિલ્લામાં વધુ પડતા મેળા હળપતિઓના છે.

## (૧૧) નાળિયેરી પૂનમનો મેળો

શ્રાવણ સુદ પૂનમના રોજ નાળિયેરી પૂનમનો મેળો બીલીમોરામાં ભરાય છે. આ મેળો અંબિકા નદીને કાંઠે ભરાય છે. વરુણદેવ એટલે કે પાણીના દેવની આ મેળામાં પૂજા થાય છે. તેથી તેને વરુણની જાત્રા પણ કહેવાય છે. બીલીમોરા જૂનું બંદર છે. તેથી આ તહેવાર વહાણની ઋતુ ખૂલતાં શરૂઆતની પૂજાનો છે. આથી ખલાસીઓ, વહાણવાળા લોકો આ તહેવારને વધુ ઊજવે છે. વેપારીઓ પણ આ મેળામાં ભાગ લે છે. આદિવાસી લોકો મજૂરી અને અન્ય કામો માટે આ મેળામાં જોડાય છે તથા ધાર્મિક ભાવનાથી ભાગ પણ લે છે. લગભગ દસેક હજાર ધોડિયા પટેલ આદિવાસીઓ અને અન્ય આ મેળો માણે છે.

## (૧૨) પીરનો ઉર્સ

શવ્વાલની આઠમી અને નોમની તિથિને દિવસે બીલીમોરામાં પીરની દરગાહ પાસે પીરનો ઉર્સ ભરાય છે. લગભગ દસેક હજાર ધોડિયા અને અન્ય કોમોના લોકો દરગાહે માથું ટેકવવા આવે છે. મેળામાં કવ્વાલીનો જલસો હોય છે અને કુરાનની આયાતો પઢવામાં આવે છે.

## (૧૩) દિવાસાનો મેળો

અંબિકાને કાંઠે બીલીમોરામાં આસો વદ અમાસના દિવસે આ મેળો ભરાય છે. આ દિવસે હળપતિઓનો મેળો જામે છે. નદીને કાંઠે હળપતિ અને કોળી સમાજની સ્ત્રીઓ પાણીમાં પૂતળીઓ વહેતી મૂકે છે. માન્યતા છે કે પૂતળી વહેતી મૂકવાથી કુટુંબમાં સૌ નીરોગી રહે છે. આ મેળામાં દસ હજાર હળપતિઓ ભેગા થાય છે.

## (૧૪) ઉનાઈની જાત્રા

વાંસદા તાલુકાના ઉનાઈ ગામે જાન્યુઆરીની ૧૪મી તારીખ એટલે કે મકરસંક્રાંતિને દિવસે ઉનાઈની જાત્રામાં આદિવાસીઓ ભેગા થઈ ઉનાઈ માતાનાં દર્શન કરવા જાય છે. લગભગ દસેક હજાર આદિવાસીઓ અહીં ભેગા થાય છે. મેળામાં રાસલીલા (ભવાઈ) નાટક વગેરે ભજવાય. સાથે મોરપીંછીઓ, વાજિંત્રો, ફોટા, ચામડાં વગેરે આ મેળામાં વેચાય છે.

## (૧૫) હનુમાનનો મેળો

બીલીમોરાથી ૩૦ કિ.મિ. દૂર વાંદરવેલા ગામે હનુમાનજીનો મેળો લાગે છે. કાળીચૌદશના રોજ એટલે કે આસો સુદ ચૌદશના રોજ હનુમાનજીનો મેળો ભરાય છે. આ મેળામાં દશેક હજાર આદિવાસીઓ તથા અન્ય કોમના લોકો એકઠા થાય છે. મેળામાં ભજન, ઘેરૈયાના નાચ, ઘેરનૃત્ય થાય છે, તથા માટીનાં વાસણોની દુકાન, વાંસડા, સાદડીની દુકાનો લાગે છે. આ મેળામાં આદિવાસી સાથે અન્ય કોમના લોકો પણ ભાગ લે છે. આવો જ મેળો લીમઝરમાં કારતક સુદ પૂનમના રોજ યોજાય છે. જ્યાં ધોડિયા, હળપતિ, કુંકણા વગેરે આદિવાસીઓ ભેગા થઈ દાંડિયારાસ લે છે. ઘેરૈયા લોકનૃત્યો કરી નાચે અને ગાય છે. આ હનુમાનજીનો મેળો અનાવલથી લગભગ ૧૨ કિ.મિ. દૂર લીમઝર ખાતે ભરાય છે.

## (૧૬) પ્રતાપનગર મહાદેવનો મેળો

આ મેળો ધોળીકૂઈથી ૧ કિ.મિ. દૂર પ્રતાપનગર ખાતે ભરાય છે. આ મેળામાં આસપાસના ગામોના થઈ લગભગ બે હજાર જેટલા ઘેરૈયા, હળપતિ અને કુંકણા ભેગા થાય છે. મહાદેવનાં દર્શન કરી મેળામાં નાચે–ગાય છે. ઘેરૈયા નૃત્ય કરે છે. દાંડિયારાસ લે છે અને મેળો માણે છે.

### (૧૭) હનુમાનજીનો મેળો

નવસારી જિલ્લામાં અનાવલથી ત્રણ કિ.મિ. દૂર રૂપવેલ ગામ અને અનાવલથી દસ કિ.મિ. દૂર સુખબારી ગામે અનુક્રમે આસો વદ દસમ અને આસો વદ બારશના રોજ હનુમાનજીનો મેળો ભરાય છે. આ બંને જગ્યાએ ભરાતા મેળામાં ધોડિયા, કુંકણા, વારલી અને અન્ય કોમોના લોકો પણ એકઠા થાય છે. ૫૦૦-૬૦૦થી ૯૦૦ની સંખ્યામાં આદિવાસીઓ ભેગા થઈ દાંડિયારાસ લે છે, ઘેરૈયા નૃત્ય કરે છે. ભજનો ગાય છે અને આનંદ કરે છે. આ મેળામાં આદિવાસીઓ ખાસ આવે છે.

## તાપી જિલ્લો

તાપી જિલ્લાની કુલ વસ્તી ૮,૦૭,૦૨૨ છે, જેમાંથી ૬,૭૯,૩૨૦ આદિવાસીઓ છે. તાપી જિલ્લો દક્ષિણ ગુજરાતમાં આવેલો છે. જેનું મુખ્યમથક વ્યારા છે. તાપી જિલ્લાના નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા અને વાલોડ તાલુકામાં મુખ્યત્વે આદિવાસીઓની વસ્તી છે. અહીં રહેતા આદિવાસીઓમાં ચૌધરી, ધોડિયા, કોંકણી, કોટવાળિયા, કાથોડી, હળપતિ, વસાવા, ભીલ, ધાણકા અને ગામીત જેવી મુખ્ય આદિવાસી જાતિ વસે છે. અહીં મુખ્યત્વે આદિમ જૂથોમાં બે જાતિના લોકો જોવા મળે છે. જેમાં કોટવાળિયા અને કાથુડિયા એટલે કે કાથોડી વિશેષ છે. દરેક જાતિનું આગવું મહત્ત્વ છે. આગવા રીતિરિવાજ અને સંસ્કૃતિ છે. દરેક પોતપોતાના તહેવાર ઊજવતા હોય છે,

### (૧) ટોકરવાનો મેળો

સોનગઢથી ૧૮ કિલોમિટર દૂર ટોકરવા ગામે વૈશાખ સુદ પાંચમથી આઠમ દરમિયાન ટોકરવાનો મેળો ભરાય છે. આ મેળામાં લગભગ ૪૦૦૦થી ૫૦૦૦ આદિવાસીઓ ભાગ લે છે. આદિવાસી ગામીત અને બીજી કોમો પણ મેળામાં ભાગ લે છે. પહેલાં અહીં અઠવાડિક હાટ ભરાતું હતું. તેની જગ્યાએ આ મેળો ભરાય છે. મેળામાં સૌ આદિવાસીઓ ભજન ગાય, ગીતો ગાય, નાચે, નૃત્યો કરે, વાદ્યો વગાડે, અને વાસણો તથા કપડાં ખરીદે.

### (૨) દેવલીમાડીની જાત્રા

ડોસવાડાથી લગભગ પાંચ કિ.મિ. દૂર ટેકરી પર આવેલા દેવલપાડામાં માગશર સુદ પૂનમના રોજ દેવલીમાડીની જાત્રાનો મેળો યોજાય છે. અહીં લગભગ ૭૦૦૦ આદિવાસીઓ એકઠા થાય છે. દેવલપાડાની તળેટીમાં દેવલીમાડીની પૂજા થાય છે. વર્ષો પહેલાં શરૂ થયેલી આ પૂજા અને મેળો નજીકના ગામના પારસીઓએ શરૂ કર્યો હતો, જે આજે પણ ભરાય છે.

### (૩) વૈશાખ સુદ બીજનો મેળો અથવા દોણની જાત્રા

સોનગઢથી ૧૫ કિ.મિ. દૂર આવેલા જાનખાડી ગામે વૈશાખ સુદ બીજના રોજ દોણની જાત્રાનો મેળો યોજાય છે. આદિવાસીઓ રંગેચંગે આ મેળામાં સામેલ થાય છે. અહીં કપડાં-વાંસની વસ્તુઓની દુકાન લાગે છે. આ મેળો દોણની માતાના મંદિરે ભરાય છે, આ પહેલાં દોણ ગામમાં ભરાતો હતો. પણ મંદિર જંગલમાં છે અને પાણીની મુશ્કેલી પડતી હતી. તેથી અત્યારે મંદિર છે તે જગ્યા પર મેળો ભરાય છે. અહીં આસપાસનાં ગામના આદિવાસીઓ આવે છે – નાચે, ગાય અને મોજમસ્તી માણે છે.

### (૪) કાળીચૌદશનો મેળો

વ્યારા તાલુકામાં આવેલ ઉનાઈથી સાત કિ.મિ. દૂર ડોલવણ ગામે આસો સુદ ચૌદશના રોજ કાળીચૌદશનો મેળો યોજાય છે. આ મેળામાં લગભગ દસેક હજાર આદિવાસીઓ એકઠા થાય છે. કોટવાળિયા, ભીલ, ચૌધરી, ગામીત, નાયકા, હળપતિ અને અન્ય આદિવાસીઓ આ મેળામાં એકઠા થાય છે. આ મેળો સન ૧૯૩૫થી ભરાય છે. ૧૯૩૫માં ધણિયાળા અને હળપતિઓ વચ્ચે

ખટરાગ થયો હતો. પરંતુ એ દિવસે જ થયેલ સમાધાનના ઉત્સવમાં આ મેળો યોજાય છે. સ્થાનિક આગેવાનોની સમિતિ આ મેળો ઊજવે છે.

### (૫) મહાશિવરાત્રિનો મેળો

વ્યારાથી દસેક કિ.મિ. દૂર આવેલા બાલપુરમાં લગભગ ૨૫૦૦ આદિવાસીઓ ભેગા થાય છે. મહા સુદ ચૌદશના રોજ મેળો ભરાય છે. આદિવાસીઓમાં ગામીત આદિવાસીઓ આ મેળામાં ખાસ ભેગા થાય છે. મેળામાં આસપાસના ૧૫ કિ.મિ. દૂરથી અહીં આદિવાસીઓ મેળો માણવા આવે છે.

### (૬) કાર્તિકી પૂનમનો મેળો

ઉનાઈથી પાંચ કિ.મિ. દૂર પાટીમાં મહા મહિનાની બીજ અને ત્રીજને દિવસે એમ બે દિવસ માટે મેળો ભરાય છે. લુહારી, ઉનાઈ વગેરે ૧૫ કિ.મિ. દૂરના વિસ્તારના લોકો આ મેળામાં આવે છે. અહીં ગામીત, ચૌધરી, ધોડિયા અને અન્ય પછાતવર્ગના આદિવાસીઓ ૨૦૦૦થી ૨૫૦૦ની સંખ્યામાં ભેગા થઈ મેળો માણે છે. મેળામાં પાળિયાની પૂજા કરવામાં આવે છે. આદિવાસીઓ ભૂત, ભૂવા, પાળિયાઓ અને પિતૃમાં ખૂબ માને છે.

### (૭) મનકામેશ્વરનો મેળો

વાલોડ તાલુકાના કિહેરથી દસ કિ.મિ. દૂર વાલોડમાં કાર્તિકી પૂર્ણિમાને દિવસે મનકામેશ્વર મહાદેવનો મેળો ભરાય છે. અહીં લગભગ બારેક હજાર જેટલા આદિવાસીઓ અને અન્ય પછાત લોકો એકઠા થાય છે. વાલ્મીકિ નદીને કાંઠે મનકામેશ્વરનું મંદિર આવેલું છે. આ મંદિર પાસેના ઝરામાંથી સતત પાણી વહેતું રહે છે. અને ગંગાજળી નામના કુંડમાં પડે છે. આ કુંડમાં નાહવાથી મનોકામના પૂર્ણ થાય છે તેમ મનાય છે. અને આથી જ આદિવાસીઓ દિલથી આ મેળો માણવા આવે છે. મેળામાં આદિવાસીઓની ઘરગથ્થુ ચીજોની દુકાનો લાગે છે અને તેઓ પોતાના ઘરની ચીજવસ્તુઓ ખરીદી નાચતાં, ગાતાં, પાવા વગાડતા ઘરે જાય છે.

### (૮) વસંતપંચમીનો મેળો

મઢીથી ૨૦થી ૨૨ કિ.મિ. દૂર લુહારી ગામે વસંતપંચમીનો મેળો માઘ સુદ પાંચમના રોજ ભરાય છે. લગભગ ત્રણેક હજાર જેટલા આદિવાસીઓ અહીં માતાના મંદિરે હવન-પૂજન કરે છે. અહીં અંબામાતાનો વરઘોડો નીકળે છે. અને ૧૦૮ સ્ત્રીઓ માથે કળશ લઈને આ વરઘોડામાં જોડાય છે. માતાના મંદિરે ઘીનું કમળ કરે છે અને બધાં જ ત્યાર બાદ પૂજા ને હવન કરી ભગવાનનો પ્રસાદ લે છે. મેળામાં હાટ પણ લાગે છે અને આદિવાસીઓ પોતાને જોઈતું અનાજ ને ચીજવસ્તુઓ અહીંથી ખરીદે છે. અહીં વાંસની ચીજોની દુકાનો વધુ લાગે છે.

### (૯) ઉનાઈ માતાની જાત્રા

નવસારી અને તાપીની સરહદોને જોડતી સીમારેખા પર વાંસદા તાલુકાના ઉનાઈ ગામે ઉનાઈ માતાની જાત્રાનો મેળો ભરાય છે. ઉનાઈમાં ગરમ પાણીના કુંડ છે. આ સ્થળ પ્રાચીન છે. જ્યાં ભગવાન રામે શરભંગ મુનિનો ત્વચાનો રોગ મટાડવા બાણ મારીને ગરમ પાણી કાઢ્યું હતું. સીતાજી તે વખતે સાથે હતાં અને પાણી નીકળતાં જ તે બોલી ઊઠ્યાં હતાં કે, "હું નાહી". આ શબ્દ ઉપરથી આ સ્થળનું નામ ઉનાઈ પડ્યું. અહીં આ સ્થળે કુંડ બંધાયો ત્યારે એક મૂર્તિ જમીનમાંથી મળી આવી હતી અને તે મૂર્તિને ત્યાં મંદિરમાં પધરાવી હતી. અહીંના મંદિરમાં રામજી મંદિર છે જેમાં રામ, સીતા, લક્ષ્મણ, દત્તાત્રેય અને શરભંગ મુનિની સુંદર મૂર્તિઓ છે. આ મેળાનું આદિવાસીઓને મન ખૂબ મહત્ત્વ છે અને અહીં ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦ જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. રામલીલા ભજવે છે ને મોરપીંછની દુકાનો પણ લાગે છે. અહીં આદિવાસીઓ ચૈત્ર સુદ એકાદશીથી ચૈત્ર વદ પાંચમ સુધી મેળામાં મહાલે છે.

# છોટાઉદેપુર જિલ્લો

વન અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છોટાઉદેપુર જિલ્લો વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવે છે. આ જિલ્લામાં કુદરત મન મૂકીને વરસી છે. નૃત્ય, સંગીત, વેશભૂષા અને પીઠોરાની ચિત્રકલા તથા કાષ્ઠ કસબના સમન્વયથી લોકસંસ્કૃતિનો વારસો જળવાઈ રહ્યો છે. છોટાઉદેપુરની ૧૦,૭૧,૮૩૧ની વસ્તીમાં આદિવાસીની વસ્તી જ વધુ છે. છોટાઉદેપુર જિલ્લામાં ૬ તાલુકાઓ – છોટાઉદેપુર, જેતપુર-પાવી, બોડેલી, નસવાડી, સંખેડા અને ક્વાંટમાં ૮૯૬ ગામો છે. જેમાં મુખ્યત્વે તડવી, ભીલ, વસાવા, રાઠવા, નાયક, ધાણકા, નાનીનાત રાઠવા, તલાવિયા અને ડુંગરાભીલ જાતિના આદિવાસીઓ વધુ પ્રમાણમાં રહે છે. પહેલાંના સમયમાં તેમનું વનવાસી જીવન હતું. ખેતી કરવી, વનપેદાશો એકઠી કરવી, લાકડાં, કાપડ, કોલસા પાડવા કે શિકાર કરવો એ આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય હતો. પરંતુ હવે ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય વિકાસ પામ્યો છે. આદિવાસીઓના મુખ્ય તહેવારો હોળી, અખાત્રીજ, દિવાસો, દશેરા અને દિવાળી છે. તે ઉપરાંત ઉત્તરાયણ, શિવરાત્રિ, ચૈત્રી અને ગોકળઆઠમ જેવા તહેવારોમાં ભરાતા મેળા માણીને તેઓ આનંદ લે છે. તે તહેવારોમાં પોતાની રીતે ભાગ લઈ તહેવારોનો આનંદ માણે છે. છોટાઉદેપુર જિલ્લામાં લગભગ ૪૦ જેટલા મેળા ભરાય છે. જેમાં આદિવાસીઓ મન ભરીને મેળા માણે છે.

## (૧) ક્વાંટનો મેળો

ઉત્તર ગુજરાતના ગરાસિયા આદિવાસીઓની જેમ પૂર્વ ગુજરાતના રાઠવા આદિવાસીઓને સંગીત, નૃત્ય, રંગીન પોશાક અને આકર્ષક ઘરેણાંનો અનહદ શોખ હોય છે. વડોદરાથી આશરે ૧૦૦ કિ.મિ.ના અંતરે આવેલા રાઠવા આદિવાસીઓના મૂળ વતન છોટાઉદેપુરમાં એટલે કે, પંચમહાલના છેડે મધ્યપ્રદેશની સરહદે આવેલા ક્વાંટ ગામમાં હોળી પછીના પાંચમા દિવસે આ મેળો ભરાય છે.

પચ્ચીસ ગામોમાંથી અને મધ્યપ્રદેશ તેમ જ રાજસ્થાનમાંથી આદિવાસીઓ રંગબેરંગી કપડાં પહેરી મેળો માણવા આવે છે. સાથોસાથ અનેક દેશમાંથી ઘણા લોકો આદિવાસી સંસ્કૃતિનું રસપાન કરવા આ મેળામાં આવે છે. રાઠવા આદિવાસીઓ કુશળ બાણાવળી હોય છે. રાઠવાઓ વનરાજીથી છવાયેલાં જંગલોમાં ઘાસ, વાંસ, પાંદડાં અને માટીથી બનાવેલાં ઘરોમાં રહે છે. હવે તો તેઓ જાતે બનાવેલી સ્થાનિક માટીની ટાઇલ્સનો ઉપયોગ કરતા થયા છે. આ લોકો માટીથી લીંપેલી દીવાલો ઉપર પીઠોરાનું ચિત્રણ કરે છે. આ પીઠોરાના ચિત્રણ પછી તેઓ માને છે કે, આ ચિત્રણ દ્વારા ઈશ્વર તેમના ઘરમાં વસ્યા છે.

આવું ચિત્ર મેળામાં પુરુષો પોતાના આખા શરીર પર સફેદ ટપકાં કરીને કરે છે. સાથોસાથ મોરનાં પીંછાં, વાંસની રંગીન ટોપી અને બળદના ગળે બાંધી શકાય તેવા મોટા ઘૂઘરાનો કંદોરો બનાવી કેડ ઉપર પહેરે છે. ત્યાર બાદ ઢોલ પર વાગતા નાદ સાથે તાલ મેળવી યુવતીઓને રીઝવવા નૃત્ય કરે છે. આમ નૃત્ય સમયે એકસરખા તાલબદ્ધ વાગતા ઘૂઘરાનો અવાજ કર્ણપ્રિય હોય છે. આદિવાસીઓના આ મેળામાં લગ્નસંબંધ પણ બને છે જે સામાજિક જીવનને ધબકતું રાખે છે.

મેળા દરમિયાન રાઠવા આદિવાસીઓ માટીમાંથી બનાવેલા ઘોડા અને અન્ય દૈવી આકૃતિઓને ગામની બહાર આવેલા દેવના સ્થાનકે મૂકી આવે છે અને માને છે કે, દેવને તેઓએ ખુશ કર્યા છે. આદિવાસીઓના દરેક મેળાની જેમ આ મેળામાં પણ સંગીત નૃત્યનું ખાસ મહત્ત્વ છે. પાવાં, ઢોલ, તૂર અને પીહવો જેવાં સંગીતનાં સાધનો સાથે મેળાનું દ્રશ્ય આકર્ષક બને છે. મેળામાં સામેલ

આદિવાસીઓનો રંગબેરંગી પોશાક અને સુંદર ઘરેણાં તેમને અન્યથી જુદા પાડે છે. ક્વાંટનો મેળો અન્ય આદિવાસી મેળા કરતાં ભિન્ન, પરંતુ સંસ્કૃતિને જાળવનારો અને ઉજાગર કરનારો મેળો છે.

## (૨) પંચમીનો મેળો

છોટાઉદેપુર જિલ્લામાં હોળી પછીના પાંચમા દિવસે એટલે કે રંગપંચમીના દિવસે ક્વાંટ ઉપરાંત જૂના ઉદેપુરમાં એટલે કે છોટાઉદેપુરથી ૩ કિ.મિ. દૂર રંગપંચમીનો મેળો ભરાય છે. વાઘસ્થળથી ટેકરીની તળેટી પાસે ઓરસંગ નદીને કાંઠે લગભગ ૨૦૦૦ જેટલા તડવી, રાઠવા, આદિવાસીઓ એકઠા થાય છે અને આદિવાસીઓનાં સમૂહ નૃત્યો સાથે વાંસળી પણ વગાડે છે. આવો જ રંગપંચમીનો મેળો છોટાઉદેપુરથી ૬ કિ.મિ. દૂર આવેલા દોલવંત ગામે ભરાય છે. તો છોટાઉદેપુરથી ૨૨ કિ.મિ. દૂર માંડવાડા ગામે પણ ભીલ તડવીનો પાંચિયો મેળો–રંગપંચમીનો મેળો ભરાય છે. તો એ જ રીતે છોટાઉદેપુરથી સત્તર કિ.મિ. દૂર ચીલિયાવંતમાં પણ રંગપંચમીનો મેળો ભરાય છે. આ જ રીતે જેતપુર, ડુંગરવાટ વગેરે સ્થળોએ પણ પંચમીનો મેળો ભરાય છે. આ દિવસે આદિવાસીઓ પોતાની ગાયોને રંગબેરંગી શણગારે છે. ગામને પાદર માણસો જમીન ઉપર સૂઈ જાય છે. સૂતેલા લોકો પર જાનવરો દોડાવવામાં આવે છે. પણ લોકોને કોઈ ઈજા થતી નથી.

## (3) ચૂલનો મેળો

હોળી પછીના પાંચ દિવસ સુધી ચૂલના મેળા યોજાય છે. ચૂલના મેળામાં ગામના યુવાન પુરુષો ચૂલના જીવતા અંગારા ઉપર ખુલ્લા પગે ચાલે છે. ચૂલના દિવસે યુવકો ઉપવાસ રાખે છે અને ચૂલના અંગારા ઉપર ચાલીને જ ઘેર જઈને જમે છે. આદિવાસી યુવકો-પુરુષો ચૂલ ઉપરથી ચાલવાની માનતા રાખે છે. લગભગ દરેક ગામે ચૂલના મેળા યોજાય છે. પરંતુ જિલ્લાના જાણીતા ચૂલના મેળામાં નસવાડીથી દસેક કિ.મિ. દૂર આલવા ગામે, કાલેડિયાથી બે કિ.મિ. દૂર ચામેઠા ગામે, નસવાડીથી ચાર કિ.મિ. દૂર સંતરામપુર ગામે અને રતનપુર ગામે, છોટાઉદેપુરથી ૩૦ કિ.મિ. દૂર નવલજા ગામે, છોટાઉદેપુરથી ૬ કિ.મિ. દૂર પાનવડ ગામે, છોટાઉદેપુરથી ૧૫ કિ.મિ. દૂર રૂમડિયા ગામે, છોટાઉદેપુરથી ૧૨ કિ.મિ. દૂર પાનીબાર ગામે તથા જાંબુગામથી ૧૫ કિ.મિ. દૂર મોલીવંત ગામે, જેતપુર–પાવીથી ૧૫ કિ.મિ. દૂર બામરોલી ગામે ચૂલના મેળા ભરાય છે. આદિવાસીઓ ભેગા થાય છે અને અંગારા ઉપર ચાલીને પોતાની બાધા પૂરી કરે છે.

## (૪) દશેરાનો મેળો

નવરાત્રિના નવેનવ દિવસ માતાજીના જવારા ને ગરબાની ભક્તિ કર્યા બાદ દશેરાના દિવસે ગઢબોરિયાદ, ચોરગંલા, જેતપુર–પાવી, ક્વાંટ અને છોટાઉદેપુરમાં મેળા ભરાય છે. આખું ગામ આદિવાસીઓના રંગબેરંગી પોશાકથી રંગાઈ જાય છે. વાંસળી અને પીહવાના સૂરથી તથા નૃત્યથી વાતાવરણ નાચતું ગાતું બની જાય છે. ગામેગામની મંડળીઓ પોતપોતાની જગ્યા નક્કી કરી, આખી રાત નાચે છે. આ નૃત્યોમાં ઢોલનું નામોનિશાન નથી હોતું. પરંતુ પીહવા, વાંસળી કે કરતાલ વગાડીને તેને તાલે આદિવાસીઓ નાચે છે.

## (૫) કાળીચૌદશનો મેળો

છોટાઉદેપુરમાં કાળીચૌદશને દિવસે મેળા ભરાય છે. નસવાડીથી ૧૦ કિ.મિ. દૂર ગઢબોરિયાદ ગામે આસો વદ ચૌદશના રોજ કાળીચૌદશનો મેળો ભરાય છે. લગભગ સાતેક હજાર આદિવાસીઓ એકઠા થાય છે ને હનુમાનજીનાં દર્શન કરી હનુમાનજીને તેલ ને સિંદૂર ચડાવે છે. આ મેળામાં માટીનાં વાસણોની દુકાન લાગે છે.

## (૬) દિવાળીનો મેળો

જાંબુગામથી ૧૨ કિ.મિ. દૂર કરસન ગામે દિવાળીનો મેળો ભરાય છે. દિવાળીના દિવસે

તૂમડાના મેરાયા બનાવી તેમાં દિવેટ મૂકી કુશકા નાંખી સળગાવે, ઘરમાં બધે ફેરવે ને પછી ઘેર ઘેર તેલ પુરાવે, આખા ગામમાં મેરાયા નીકળે તે વખતે જાણે અંધારા ભગાડવા મશાલ સરઘસ નીકળ્યું હોય તેવું લાગે. આદિવાસીઓ ફટાકડાં પણ ફોડે છે. ને પછી મેરાયા શેરીના નાકે મૂકી આવે છે. દિવાળીના દિવસે બધાં સારા કપડાં પહેરી એક નિશ્ચિત જગ્યાએ ભેગા થાય છે. કરસન ગામે આદિવાસીઓ આનંદથી આ મેળો માણે છે.

### (૭) તેલાવ માતાનો મેળો

નસવાડીથી ૧૭ કિ.મિ. દૂર રાનેડા ગામે તેલાવ માતાનો મેળો ભરાય છે. અહીં આવેલ તેલાવ માતાનાં દર્શને આદિવાસી લોકો આવે છે. અને અહીં બાધા પણ ઉતારે છે. ફાગણ સુદ અગિયારસના રોજ ભરાતા મેળામાં લગભગ ૫૦૦૦થી ૭૦૦૦ લોકો એકઠા થાય છે. તેલાવ માતા મહાકાળી માતાથી મોટા હોવાની માન્યતા છે. આ ઉપરાંત જાંબુગામ તાલુકાના બારવાડા ગામે પણ મેળા યોજાય છે. ઓરસંગ નદીના કાંઠાની માટી કોઢ માટે ઔષધરૂપ મનાય છે.

### (૮) મહાશિવરાત્રિનો મેળો

કોઈ પણ તહેવાર આવે એટલે આખા ગામના પટેલ – મુખીને ઘેર બધા ભેગા મળે, બધાના વિચારોની આપલે થાય, ગામમાં બધા પાસે તહેવાર ઊજવવાની સાધનસામગ્રી આવી ગઈ કે નહીં તે જાતતપાસ થાય. સામાન્ય રીતે આદિવાસીઓ સમૂહમાં માને છે. આથી જ મેળો સમૂહમાં માણે છે. તણખલા ગામે મહા વદ ચૌદશના રોજ આ મેળો ભરાય છે. તારકેશ્વર મહાદેવના મંદિરે આસપાસના દસેક કિ.મિ. વિસ્તારના તડવી, ભીલ અને અન્ય પછાતવર્ગના લોકો એકઠા થાય છે. અને મેળાની મોજ માણે છે. આ ઉપરાંત અશ્વિન નદીને સામે કાંઠે આવેલા મહાદેવના મંદિરે નસવાડીમાં મહાશિવરાત્રિનો મેળો ભરાય છે. અહીં લગભગ ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા ભીલ, નાયકા, તડવી, કોળી વગેરે એકઠા થાય છે. અને મેળાની મોજ માણે છે. આ ઉપરાંત છોટાઉદેપુર તાલુકાના રંગપુર ક્વાંટમાં મહાશિવરાત્રિનો મેળો મહા વદ ચૌદશના દિવસે યોજાય છે. એવું કહેવાય છે કે ૧૯૫૫માં અખિલ ભીલ સર્વ સેવા સંઘના ઠરાવ પ્રમાણે ગાંધીજીના અસ્થિ વિસર્જનના દિવસ તરીકે આશ્રમમાં આ મેળો ભરવાનું ઠરાવેલ છે. રંગપુરનો આનંદ નિકેતન આશ્રમ આ મેળો યોજે છે. આ મેળામાં ભીલ, રાઠવા, કોળી, નાયકા અને તડવી જાતિના આદિવાસીઓ મહાલવા આવે છે. મહાશિવરાત્રિના આ મેળામાં ૫૦૦૦થી વધુ આદિવાસીઓ એકઠા થતા હોવાથી અહીં ઘરેણાં, માટીનાં વાસણ અને અન્ય ઘરગથ્થુ વપરાશી ચીજોની દુકાનો પણ મંડાય છે.

### (૯) ભંગોલિયું – હોળીનો મેળો

હોળી પહેલાંના દિવસોમાં આદિવાસી બોલી પ્રમાણે મેળા યોજાય છે. હોળી પહેલાંના પાંચ દિવસ અને હોળી પછીના પાંચ દિવસ આદિવાસીઓ માટે બહુ મહત્ત્વના હોય છે. હોળી આદિવાસીઓનો મુખ્ય તહેવાર છે. આથી છોટાઉદેપુરથી ૨૫ કિ.મિ. દૂર ક્વાંટમાં હોળી પહેલાંના સોમવારે ભંગોલિયું થાય છે. ત્યાંના આદિવાસીઓ વાંસળી–પાવા સાથે નાચગાન કરે છે. લગભગ ત્રણેક હજાર આદિવાસીઓ એકઠા થાય છે. આ જ રીતે છોટાઉદેપુરથી ૨૨ કિ.મિ. દૂર દેવાઢ ગામે હોળી પહેલાંના ગુરુવારે સૌ એકઠા થાય છે. હોળી પહેલાં ખરીદી કરવા દેવાઢમાં હાટ લાગે છે અને મેળો ભરાય છે. ખાસ કરીને રાઠવા આદિવાસીઓ અહીં એકઠા થાય છે અને નાચગાન કરી હટાણું કરી પોતપોતાના ગામે જાય છે. તે જ રીતે તેજગઢથી ૧૦ કે ૧૧ કિ.મિ. દૂર ઝોઝ ગામે હોળી પહેલાંના શુક્રવારે લગભગ ૨૦૦૦ જેટલા બારિયા, ધાણકા, નાયકા જાતિના આદિવાસીઓ ભેગા થઈ ત્યાં લાગેલા હાટમાંથી ચીજવસ્તુઓ ખરીદે છે અને નાચગાન બાદ ઘેર પરત જાય છે તો છોટાઉદેપુરથી

આઠ કિ.મિ. દૂર પાનવડ ખાતે ભંગોલિયું થાય છે. ધાણકા, નાયકા, રાઠવા સૌ આસપાસના ગામમાંથી આવે છે. મેળામાં લાગેલા હાટમાંથી જોઈતી ચીજવસ્તુઓ ખરીદી નાચગાન બાદ ઘેર પરત ફરે છે. ભંગોલિયામાં ખાસ કરીને આદિવાસીઓ હોળીનો તહેવાર ઊજવવાની સામગ્રી ખરીદે છે. આ ઉપરાંત ગામનાં યુવક-યુવતીઓ ઢોલ, કરતાલ અને વાંસળી વગાડતાં ભંગોલિયું મેળો નાચવા આવે છે. તેથી હાટમાં નૃત્ય મેળો પણ જામે છે.

### (૧૦) વાઘેશ્વરી માતાનો મેળો

પાવાથી લગભગ પાંચ કિ.મિ. દૂર આસો વદ આઠમના રોજ વાધવા ગામે ત્રણથી ચાર હજાર આદિવાસીઓ એકઠા થાય છે. નવરાત્રિના તહેવારમાં છોટાઉદેપુર અને સંખેડાના લોકો અહીં માતાની માનતા માને છે. લગભગ ૧૫ કિ.મિ. વિસ્તારના આદિવાસી રાઠવા વગેરે લોકો અહીં એકઠા થાય છે અને મેળામાં સૌ નૃત્યો કરી માતાને રીઝવવાના પ્રયત્ન કરે છે.

### (૧૧) ફેણાઈ માતાનો મેળો

બોડેલીથી ૨૦ કિ.મિ. દૂર નવા ટીમરવા ગામે ફેણાઈ માતાનું ટેકરી પર મંદિર છે. આ માતાને ભીલ અને તડવી જાતિના લોકો ખૂબ માને છે. તેથી માનતા પણ માને છે અને ત્યાં બાધા પૂરી કરવા જાય છે. અહીં ફાગણ સુદ અગિયારસના રોજ મેળો ભરાય છે અને સાથે હાટ પણ ભરાય છે.

પ્રકૃતિજનક આદિવાસીઓની પરંપરાગત સંસ્કૃતિ છે. તેમનો ધર્મ તેમની માન્યતાઓથી ભરેલો છે. કુદરતનાં ભયાનક અને કલ્યાણકારી બંને સ્વરૂપોને આદિવાસીઓ પૂજે છે. આદિવાસીઓ દરેક કાર્યમાં અને દરેક સ્થાનોનાં ઘણાં દેવ-દેવીઓને માને છે. તેમને ત્યાં બાધા પૂરી કરવા એકઠા થાય છે. તેમની સ્થાપનાને દિવસે મેળા ભરાય છે. ઈ.સ. ૧૯૮૧માં રેવાકાંઠાની એજન્સીઓના અહેવાલ મુજબ ઘણાં દેવીદેવતાઓ અહીં હતાં.

## નર્મદા જિલ્લો

નર્મદા જિલ્લો બીજી ઑક્ટોબર ૧૯૯૭ના રોજ અસ્તિત્વમાં આવ્યો. જિલ્લાનું વડું મથક રાજપીપળા છે. જિલ્લામાં ચાર તાલુકાઓ નાંદોદ, ડેડિયાપાડા, સાગબારા અને તિલકવાડાનો સમાવેશ થાય છે. જિલ્લાનાં ૫૫૦ ગામો છે. જિલ્લાની કુલ વસ્તી ૫,૯૦,૨૯૭ જેટલી છે. જિલ્લામાં મુખ્યત્વે વસાવા, તડવી લોકોની વસ્તી વધુ પ્રમાણમાં છે. આ ઉપરાંત કાથોડી, કોટવાલિયા, હળપતિ, ધાણકા વગેરે વધુ છે. આ દરેકની બોલી તથા પહેરવેશ અલગ અલગ છે. દરેક તાલુકાના વસાવા લોકોની બોલી જુદી જુદી છે. ઘરેણાં પણ રૂઢિગત રીતે પહેરાય છે. સાગબારા તાલુકાનું લોકજીવન મહારાષ્ટ્રના આદિવાસીઓના રીતિરિવાજને મળતું આવે છે. હોળી આ વિસ્તારનો મુખ્ય તહેવાર છે. પાંચ દિવસ સુધી ચાલતો હોળીનો તહેવાર રંગપંચમી સુધી ચાલે છે. ગામેગામ ઘેરૈયાની ટુકડી ફાળો ઉઘરાવવા, ઢોલ-નગારા કે ત્રાંસા વગાડી જાતજાતનો વેશ ધારણ કરીને અનાજ, પૈસા, કોપરું, દાળિયા, હારડા જેવી ચીજવસ્તુ એકઠી કરે છે. રંગપંચમીના દિવસે સમૂહભોજન રાખવામાં આવે છે. અને પ્રત્યેક ગામમાં ઉત્સવનો માહોલ હોય છે.

### (૧) શૂલપાણેશ્વરનો મેળો

શૂલપાણેશ્વર નર્મદા નદીને કિનારે પર્વતીય ટેકરી વિસ્તારમાં આવેલું સ્થાન છે. અહીં ગાઢ જંગલ વિસ્તાર છે. અહીં વનૌષધિનો ભંડાર છે. ઈકોટૂરિઝમ માટે પણ અહીં વિવિધ સ્થળો છે. પહાડમાંથી વહેતો જળપ્રવાહ સહેલાણીઓને આનંદ સાથે પ્રાકૃતિક જ્ઞાન મેળવવાની તક પૂરી પાડે છે. અહીં જંગલ હોવાથી આદિવાસીઓની વસ્તી છૂટીછવાઈ રહે છે અને આથી જ શૂલપાણેશ્વરના મંદિર પાસે દર વર્ષે અહીં મેળો ભરાય છે. સ્થાનિક લોકોનું વન આધારિત લોકજીવન – સંસ્કૃતિ કળાથી અન્ય લોકોને જાણ કરવા સાથે ઈકોટૂરિઝમના વિકાસ માટે પ્રયાસો

હાથ ધરાયા છે. નર્મદા જિલ્લાના શૂલપાણેશ્વરના મેળામાં આદિવાસીઓ પાંચેક હજારની સંખ્યામાં ભાગ લે છે. આખો દિવસ નાચે, ગાય અને ત્યાં હાટ મંડાય ત્યાંથી પોતાના માટે ખરીદી પણ કરે.

### (૨) ભાદરવા દેવનો મેળો

નર્મદા જિલ્લામાં ડુંગરા, ગીચ જંગલની ઝાડીઓ, નિર્ભય વિહરતા વન્યજીવો, વરસાદની મોસમમાં બે કાંઠે વહેતી નદીઓ આ જિલ્લાને રળિયામણો બનાવે છે. કુદરતે અહીં બે હાથે સૌંદર્ય બક્ષ્યું છે. આ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ સમી આ પ્રાકૃતિક વિરાસતના આંગણે મેળા જામે છે. રંગબેરંગી ફૂમતાવાળા પોશાક પહેરી આદિવાસીઓ અહીં ભેગા થઈ ભાદરવા દેવની માનતા પૂરી કરે છે.

### (3) પાંડુરી અને કાળકા માતાનો મેળો

નેત્રંગથી ૨૫ કિ.મિ. દૂર સાગબારા મહાલના દેવમોગરા ગામે મહા વદ તેરસ અને ચૌદશના રોજ મેળો ભરાય છે. લગભગ આઠથી દસેક હજાર આદિવાસીઓ પાંડુરી અને કાળકા માતાનાં દર્શને આવે છે. તેમ જ રોગ અને દુઃખ નિવારણ માટે માનેલી બાધા ઉતારવા જાય છે. આ ઉપરાંત મહાશિવરાત્રિના રોજ ખેતીનું કામ પૂરું થયેલું હોઈ આનંદથી મેળો ઊજવે છે. આદિવાસી પ્રજાનું મોટું તીર્થ એટલે દેવમોગરા પાંડુરી માતાનું મંદિર છે. પાંડુરી માતા આદિવાસી પ્રજાની કુળદેવી છે. આમ તો દર રવિવારે અનન્ય ભક્તિથી આદિવાસીઓ પોતાની માનતા પૂર્ણ કરવા ત્યાં જાય છે. શિવરાત્રિના દિવસોમાં અહીં મેળો ભરાય છે. જેમાં વિશાળ સંખ્યામાં આદિવાસીઓ ભેગા થાય છે. અહીં મેળા દરમિયાન હાટ મંડાય છે. ભેગા થયેલા આદિવાસીઓ સમૂહનૃત્યો કરે છે.

## સાબરકાંઠા જિલ્લો

ઑક્ટોબર ૧૯૧૯માં અસ્તિત્વમાં આવેલા સાબરકાંઠા જિલ્લાની કુલ વસ્તી ૨૪,૨૮,૫૮૯ છે. સાબરકાંઠામાં કુલ આઠ તાલુકાઓ છે – ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી, ઈડર, પોશીના તલોદ, હિંમતનગર અને પ્રાંતિજ. કુલ ૭૦૪ ગામોમાં વસ્તી વસે છે. સાબરકાંઠા જિલ્લો અરવલ્લી ગિરિમાળાની ગોદમાં આવેલો વનસમૃદ્ધિ અને વનસંપત્તિ તથા પ્રાકૃતિક સૌંદર્યને કારણે દેદીપ્યમાન બન્યો છે. જિલ્લાનાં ગાઢ જંગલોથી આચ્છાદિત વિજયનગર તાલુકાની અરવલ્લી પર્વતમાળાઓ વચ્ચે આવેલા આભાપુરનાં શિલ્પ–સ્થાપત્ય વર્ષોથી પોતાની અસ્મિતા સાચવીને બેઠા છે, તો અંગ્રેજ હકૂમત સામે સ્વતંત્રતા માટે બહાદુરીપૂર્વક લડનાર વિજયનગરના આદિવાસીઓનો ઇતિહાસ જાણીતો છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓના મોટા વિસ્તારમાં આદિવાસીઓ રહે છે. અહીં આદિજાતિઓમાં ડુંગરી ભીલો, ભીલ, ગરાશિયા, ડુંગરી ગરાશિયા મુખ્ય છે.

સાબરકાંઠા જિલ્લામાં નાનામોટા જુદા જુદા સમયે યોજાતા મેળાઓની સંખ્યા ૧૧૨ જેટલી છે.

### (૧) ગુણભાંખરી અને ચિત્રવિચિત્ર મેળો

ખેડબ્રહ્માથી લગભગ ૪૫ કિ.મિ. દૂર ગુણભાંખરી ગામે ચિત્રવિચિત્ર મેળો કે ગુણભાંખરીનો મેળો યોજાય છે. આ મેળો ફાગણ વદ ચૌદશના રોજ યોજાય છે. મેળો ત્રિવેણીસંગમ ઉપર ભરાય છે. આ મેળામાં લગભગ ૨૫,૦૦૦થી વધુ આદિવાસીઓ એકઠા થાય છે. લોકનૃત્યો અને ગીતોથી વાતાવરણ આનંદિત થઈ ઊઠે છે.

ચિત્રવિચિત્રનો મેળો ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી માત્ર દોઢેક કિલોમિટરના અંતરે આવેલા ગુણભાંખરી ગામમાં ભરાય છે. આ ગામ આકળ-વાકળ અને સાબરમતીના સંગમ ઉપર આવેલું છે. હોળી પછીના ચૌદશે ભરાતો ચિત્રવિચિત્રનો મેળો તેના નામ પ્રમાણે વિચિત્ર અને અનોખો છે. આ મેળાના પાયામાં ઇતિહાસ અને પુરાણ છે. એવું મનાય છે કે

હસ્તિનાપુર(આજનું દિલ્હી)ના શાસનકર્તા શાંતનુને બે પુત્રો હતા – ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય. તેઓ તેમની અપરમાતા મત્સ્યગંધા અને તેના મોટા પુત્ર દેવવ્રત (ભીષ્મ પિતામહ જે શાંતનુની પ્રથમ પત્ની ગંગાથી જન્મેલા) વચ્ચેના આડા સંબંધો અંગે ખોટી માન્યતા ધરાવતા હતા. પાછળથી આ માન્યતા ખોટી હોવાને કારણે પ્રાયશ્ચિત્ત રૂપે અગ્નિસ્નાન કર્યું. આ જાતબલિદાન તેમણે સાબરમતી, આકળ અને વાકળ નામની ત્રણ નદીઓના સંગમસ્થાને ગુણભાંખરી નામની નાની ટેકરી પાસે કર્યું હતું. સાચી પરિસ્થિતિની જાણ થતાં બંને ભાઈઓને પસ્તાવો થયો હતો અને પ્રાયશ્ચિત્ત રૂપે તેમણે ત્રિવેણીસંગમ પાસે પોતાનું દેહદહન કર્યું હતું. આ યાદમાં મેળો ઊજવાય છે.

અરવલ્લીની ગિરિમાળાઓમાંથી સોળે કળાએ ખીલી ઊઠીને ભીલ અને ગરાસિયા આદિવાસીઓ ઊમટી પડે છે. નદીઓના સંગમસ્થાને આવી તેઓ પૂર્વજોને યાદ કરીને વિલાપ કરે છે. વહેલી સવારે ભિલોડા, શામળાજી અને ખેડબ્રહ્માના આદિવાસીઓ નદીને કિનારે પિતૃઓના અસ્થિનું વિધિપૂર્વક વિસર્જન કરે છે. પોતાના પૂર્વજોને યાદ કરી ધાર્મિક વિધિ કરે છે. શ્રદ્ધાંજલિ અર્પે છે અને અસ્થિને નદીના સંગમમાં પધરાવી રુદન કરે છે. આ વિધિને 'હાડ ગાળવાની' વિધિ પણ કહે છે.

આ મેળો સરહદી વિસ્તારમાં ભરાતો આદિવાસી મેળો છે. જેમાં આશરે પચ્ચીસેક હજાર લોકો ઊમટી પડે છે. પોશીના તેમ જ સાબરકાંઠાના જ નહીં, પરંતુ ચાળીસ માઈલ દૂર બનાસકાંઠાના દાંતા તેમ જ સરૂપંગ, ચિહોટી, ગોગીંડા રાજસ્થાનથી પણ આદિવાસીઓ ઊમટે છે. મેળાના એક કે બે દિવસ અગાઉથી જ મેળામાં લોકોનો ધસારો ચાલુ થઈ જાય છે. પૂરો વિસ્તાર પ્રદર્શનીય બની જાય છે.

## (૨) ગેર મેળો

વિજયનગર તાલુકાઓનાં ગામડાંઓમાં ગેર મેળો પ્રખ્યાત છે. હોળીના દિવસો દરમિયાન આ મેળો ભરાય છે. આદિવાસી ભાઈઓ ગળામાં મોટું ઢોલ ભેરવીને વગાડે છે, નાચે છે અને આનંદ કરે છે. સાબરકાંઠા જિલ્લાના રૂપાલ મુકામે પલ્લીના મેળા ભરાય છે. આ પલ્લીના મેળામાં માતાજીને હજારો કિલો ઘી ચઢાવવામાં આવે છે. ગામ આખામાં તો જાણે ઘીની નદીઓ ! ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ઊજવાતો આ ઉત્સવ સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

## (૩) આનંદમેળો

ખેડબ્રહ્માથી ૪૦ કિ.મિ. દૂર આંબા મહુડા ગામે ચૈત્રી પૂનમના રોજ આ મેળો ભરાય છે. લગભગ પંદર હજાર જેટલા આદિવાસીઓ અહીં ભેગા થાય છે. આ મેળામાં મોટે ભાગે આદિવાસી વસ્તી ભાગ લે છે. આ દિવસે નૃત્યો અને ગીતો દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કરવા આંબા મહુડા ખાતે એકઠા થાય છે. મોટે ભાગે આદિવાસીઓ મોટી સંખ્યામાં અહીં આવે છે. અહીં એક શિવાલયમાં ભીમનું ભાલું છે તેમ કહેવાય છે, તે સ્થળે આ મેળો ભરાય છે. આ મેળો બહુ જૂનો છે.

## (૪) ખેતલા બાવાજીનો મેળો

ખેડથી ૧૫ કિ.મિ. દૂર પાંથલ ગામે વૈશાખ સુદ બીજના રોજ ખેતલા બાવાજીનો મેળો ભરાય છે. તેમાં મુખ્યત્વે આદિવાસીઓ જ વ્યવસ્થા કરે છે અને આદિવાસીઓ જ મેળામાં ભાગ લે છે. અહીં આદિવાસીઓનાં નૃત્યો પણ યોજાય છે.

## (૫) દાણીમહુડીનો મેળો

ખેડબ્રહ્માથી ૧૫ કિ.મિ. દૂર દાણામહુડી ગામે ફાગણ મહિનામાં હોળી પછીના એકાદ દિવસે લગભગ ૪૦૦૦ જેટલા આદિવાસીઓ આ મેળામાં ભેગા થાય છે. પાકની સફળતા અને હોળીની સફળતાનો આનંદ માણે છે. આ મેળામાં પણ આદિવાસીઓ નૃત્ય કરી મનનો આનંદ અભિવ્યક્ત કરે છે.

### (૬) વીરેશ્વરનો મેળો

ઈડરથી ૧૬ કિ.મિ. દૂર વિજયનગર તાલુકાના વીરેશ્વર ગામે વૈશાખી પૂર્ણિમાના રોજ મેળો ભરાય છે. જંગલની વચ્ચોવચ્ચ વીરેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આદિવાસીઓ આ મંદિરે દર્શન કરવા ને બાધા-આખડી પૂરી કરવા જાય છે. અહીં બે હજાર જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. અહીં આ મેળામાં આદિવાસી નૃત્યો પણ થાય છે.

### (૭) જન્માષ્ટમીનો મેળો

આદિવાસી જિલ્લાઓમાં બધાં ગામે, તાલુકાઓમાં અને જિલ્લાઓમાં જન્માષ્ટમીનો મેળો ભરાય છે અને આદિવાસીઓ તે મનભરીને માણે છે. ઈડરથી ૩૦૦ કિ.મિ. દૂર પરવઢ ગામે આ મેળો ભરાય છે. આદિવાસીઓ મેળામાં ખૂબ જ મોજ કરે છે, આદિવાસીઓના નાચ તો થાય જ છે, પણ આ મેળામાં ખાસ કરીને આદિવાસીઓનાં ઘરેણાંના સ્ટોલ્સ પણ લાગે છે. અહીં આ મેળામાં આદિવાસીઓ મનમૂકીને મહાલે છે.

### (૮) અંઘ્રોળનો મેળો

માગશર સુદ પૂનમના રોજ વિજયનગર મહાલના અંઘ્રોળા ગામે મેળો લાગે છે. આ મેળો ભીલ સેવા મંડળ દ્વારા સંચાલિત આસ્તિક આશ્રમના સ્થાપના દિન અંગે યોજાય છે. આદિવાસીઓ મોટે ભાગે આ મેળામાં મહાલવા જાય છે. આ મેળામાં ખાસ કરીને ચાંદીનાં ઘરેણાં વેચાય છે. વળી આ મેળામાં જુદાં જુદાં હાટ લાગે છે અને આદિવાસીઓ ચાંદીનાં ઘરેણાં આ હાટમાંથી જ ખરીદે છે.

### (૯) કંટાળુ હનુમાનનો આમલી અગિયારસનો મેળો

તલોદથી લગભગ ૬૫ કિ.મિ. દૂર મેઘરજ તાલુકાના કંટાળુ ગામે ફાગણ સુદ અગિયારસના રોજ કંટાળુ હનુમાનનો મેળો લાગે છે. અહીં આદિવાસી અને અન્ય કોમોના લોકો પણ હનુમાનજીના મંદિરે આવે છે. ફાગણ સુદ અગિયારસના રોજ ભરાતા મેળામાં લોકગીતોનો મારો જામે છે આ મેળામાં ૫૦૦૦થી વધુ લોકો એકઠા થાય છે. નવાગામની સીમમાં મેળો ભરાય છે. અહીં હનુમાનજીનું સ્થાનક છે. ગુજરાત અને રાજસ્થાનનાં સરહદી ગામોના લોકો અહીં ભાગ લે છે. ઘણી વખત આદિવાસીઓ લગ્નના સાત ફેરા અહીં ફરે છે. તો આદિવાસી વરવધૂ છેડા-છેડી છોડવા પણ અહીં આવે છે. આમ આ લોકમેળો આદિવાસીઓ માટે ઘણો મહત્ત્વનો થઈ રહે છે.

## અરવલ્લી જિલ્લો

અરવલ્લી જિલ્લાનો ઉદય ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૩થી થયો. અરવલ્લી જિલ્લામાં ભિલોડા, મોડાસા, માલપુર, ધનસુરા અને બાયડ સહિત છ તાલુકાનો સમાવેશ થાય છે. અરવલ્લી ગિરિમાળાઓના નામ પરથી જિલ્લાનું નામ અરવલ્લી રાખવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા છે. અહીં મુખ્ય વસ્તી રાજપૂત, પટેલ, આદિવાસી, દલિત, બ્રાહ્મણ અને ઠાકોરની છે.

અરવલ્લી જિલ્લાની ઉત્તર અને પૂર્વ સરહદોને રાજસ્થાનની વિશાળ પટ્ટી સ્પર્શે છે. આ જિલ્લાની ઉત્તર અને પૂર્વ બાજુઓને અરવલ્લીની વિસ્તૃત ગિરિમાળાઓનું કુદરતી રક્ષણ મળી રહ્યું છે. અહીં વસતા આદિવાસીઓ એકધારા જીવનથી કંટાળી અખૂટ આનંદનો સ્રોત શોધી કાઢતા. આથી જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા પણ અઠવાડિક મેળાઓનું આયોજન કરે છે. તો જે તે સ્થળની પ્રાચીનતા મુજબ પણ સામૂહિક ભક્તિ, દર્શન, નૃત્યો કરી ભગવાનને રીઝવવાનો માર્ગ શોધી કાઢે છે. અરવલ્લી જિલ્લામાં ભરાતા કેટલાક મેળાઓનો પરિચય કરાવીએ.

### (૧) શામળાજીનો મેળો

સાબરકાંઠા જિલ્લાના ઈશાન ખૂણે મેશ્વો નદીને કિનારે શામળાજીનું તીર્થ ભિલોડા તાલુકામાં રાજસ્થાન મેવાડની સરહદે આવલું છે, જે હાલમાં

નૅશનલ હાઇવે નં. ૮ પર અમદાવાદથી ઉદેપુર માર્ગમાં આવેલ છે. પ્રાચીન કાળમાં ઉજ્જૈન અને ભૃગુકચ્છ વચ્ચે વ્યાપારી અને રાજમાર્ગ હતો તેના ઉપર આ તીર્થ આવેલું છે. શામળાજીનું મંદિર ‘ગદાધર’ ક્ષેત્રના નામે પુરાણોમાં જાણીતું છે. આ સ્થળ ડુંગરોની વચ્ચે રમણીય વાતાવરણમાં આઠસો વર્ષ પૂર્વે બંધાયેલું શિખરબંધ મંદિર છે. દંતકથા છે કે અહીં બ્રહ્માજીએ એક હજાર વર્ષ તપ કર્યું. આથી શંકર ભગવાન પ્રસન્ન થયા હતા. મંદિરમાં ભગવાન વાસુદેવની ગદાધર શ્યામલ મૂર્તિ બિરાજમાન છે. બીજી દંતકથા અનુસાર એક આદિવાસી પોતાનું ખેતર ખેડતો હતો તે દરમિયાન ભગવાનની મૂર્તિ મળી. આ મૂર્તિનું તેમણે પૂજન કર્યું. તે રોજ દીવો કરતો હતો. આથી ખૂબ પાક મેળવતો. આ સાંભળી એક વૈષ્ણવ વેપારીએ મંદિર બંધાવ્યું અને આદિવાસી દ્વારા પૂજવામાં આવતી તે મૂર્તિને આ મંદિરમાં સ્થાપિત કરી.

એક મહત્ત્વનું પ્રાચીન યાત્રાધામ અને મેળાનું કેન્દ્ર હોવા છતાં ૧૮મી સદીથી ૧૯મી સદી સુધી કેટલાંક તત્કાલીન પરિબળોને કારણે આ મેળો સ્થગિત રહેલ હતો. ઈ.સ. ૧૮૩૮માં સર જે એટ્રિમ નામના રાજકીય નેતાએ વેપારીઓને સલામતીની ખાતરી આપતાં મેળો પુનઃ ચાલુ થયેલ અને તેની કીર્તિ પુનઃજીવિત થયેલ. આ બનાવનું વર્ણન ભારતના ઐતિહાસિક દસ્તાવેજમાં જોવા મળે છે.

શામળાજી સાથે જોડાયેલ તીર્થ મેશ્વો અને પિંગળા નદીનાં સંગમસ્થાનોએ આવેલ નાગધરો, હરિશ્ચંદ્રનું મોટા રણછોડરાયનું મંદિર, દેવની દેરી, કળસી માતાનું મંદિર, બૌદ્ધ અવશેષો વગેરે પરથી એક વાતની પુષ્ટિ થાય છે કે અહીં એક સમયે અતિ પ્રાચીન ભવ્ય નગરી હતી.

શામળાજીનો કાર્તિક પૂનમનો મેળો કારતક વદ ૧૧થી માગશર વદ ૧ સુધીનો ગુજરાતનો સૌથી લાંબો ૨૧ દિવસનો મેળો છે. આ મેળાનું આર્થિક દ્રષ્ટિએ આગવું મહત્ત્વ રહ્યું છે. આ મેળામાં આજુબાજુના જિલ્લાના લોકો તથા ડુંગરના આદિવાસીઓ વાર્ષિક હટાણું કરે છે. મેળામાં મુખ્ય તિમડા, વાણિયા, બ્રાહ્મણો, કણબી, કોળી, ઠાકરડા, આદિવાસી વગેરે સમાજ મોટી સંખ્યામાં આવે છે. કાળિયાદેવ શામળિયા ઉપર ભીલોને મોટી આસ્થા છે.

શામળાજી મેળાના ઉત્સવ પ્રસંગે સ્થાનિક સમાજનું આગવું પ્રતિબિંબ પડે છે. શામળાજી મંદિર પાછળ આવેલો નાગધરો છે. આ નાગધરોમાં સ્નાન કરવાથી કોઈ પણ જાતનો વળગાડ કે ભૂતપ્રેત નીકળી જાય છે, તેવી દ્રઢ માન્યતા પ્રચલિત છે. આદિવાસી પ્રજા મેળાની મોજ માણે છે. આ મેળામાં ખાસ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા પંચમહાલથી મોટી સંખ્યામાં લોકો આવે છે.

શામળાજીના મેળામાં લોકગીતોનો ઉપાડ અને લય-લહેકો, સમુદ્ર ઘુઘવાટ અને ભરતી-ઓટની ઝાંખી કરાવતો, ચઢ-ઊતર થતો સાબિત થાય છે. ખેડબ્રહ્મા તરફ ગોતમજીના મેળાનાં ગીતો ગવાય છે. લગભગ દરેક તીર્થના મેળાનાં ગીતો સ્થાનિક પ્રજામાં પ્રચલિત છે. અહીં આજુબાજુના પ્રદેશના ખેડૂતોનાં ગાડાઓની હારમાળા ચાલી આવે છે. તેમનાં બળદો શણગારેલા હોય છે. શીંગડીઓ તેલ ઘસીને ચકચકિત કરેલી હોય છે. રંગીન ગોદડી ઓઢાડેલા, કોંધ અને પગમાં ઘૂઘરા અને કાંડીઓના હારથી શોભતા અને દોડતા વાઢેવાળી મસ્ત બળદોનો ધમધમાટ દૂરથી સંભળાય છે. આ દ્રશ્ય ઉત્સાહ પ્રેરે તેવું નયનરમ્ય હોય છે. મેળે આવનાર ખેડૂતો અને લોકો પણ સુંદર રંગબેરંગી વસ્ત્રાલંકારમાં શોભતા હોય છે. ગાડામાં સહકુટુંબ માલસામાન લઈને ખેડૂતો આવે છે. ઠાકરડા અને ભીલો પોતાના ગામના સમૂહમાં મેળામાં આવે છે. યુવાનો અને યુવતીઓ સાથે ફરે છે. યુવાનો સાથે રેશમી રૂમાલ વીંટે છે કે હાથમાં

ફરકાવે છે. મસ્ત થઈને ચાલ્યા આવતાં આ યુવક-યુવતીઓ શામળાજીના મેળામાં લોકગીતો ગાતાં હોય છે. મેળામાં આવનાર રાત્રિરોકાણ કરે છે. તેમનાં વૃંદો મેળાનાં ગીતોની રમઝટ સાથે રાત્રી પસાર કરે છે.

મેળામાં તાંબા-પિત્તળનાં વાસણો, બેડાં, ચાંદીનાં ઘરેણાં, ગાદલાં, રજાઈ, ધાબળા, કાપડ અને તૈયાર વસ્ત્રો, લુહારની કોઢ અને ખેતીનાં ઓજારો, શાકભાજી, અનાજ, બંગડી, કોડી આદિ શણગારો તથા મીઠા સુધીની જીવનની તમામ જરૂરિયાતો વખણાય છે. પરપ્રાંતના લોકો તે ખાસ ખરીદે છે. આદિવાસીઓ ને દૂરના લોકો તેમનું હટાણું આ મેળામાંથી કરે છે. આદિવાસીઓ પણ તેમનાં સૂપડાં, વાંસની ચીજો વગેરે વેચવા મેળામાં આવે છે. તો મેળામાંથી તેઓ દેવો તથા તીર્થસ્થાનના ફોટાઓ, કેડિયાંઓ વગેરે ધાર્મિક સામગ્રી ખરીદે છે.

### (૨) રોલેશ્વર મહાદેવનો મેળો

આ મેળો મેઘરજથી લગભગ ૪ કિ.મિ. દૂર પંચાલ રોડની બાજુમાં રોલેશ્વર નામના ગામે ભરાય છે, જ્યાં મહાદેવનું મંદિર આશરે ૭૦૦ વર્ષ પુરાણું મનાય છે. રોલા ગામની બાજુની સીમમાં પર્વતીય વિસ્તારમાં બોરસી તળાવ આવેલું છે.

આ મેળો રોલા ગામની બાજુની સીમમાં પર્વતીય વિસ્તારમાં બોરસી તળાવની બાજુમાં ભરાય છે. મહાશિવરાત્રિ તથા જન્માષ્ટમીના દિવસે રોલેશ્વર મહાદેવના મેળામાં માનવમહેરામણ ઊમટી પડે છે. મેઘરજ અને આજુબાજુનાં ગામના લોકો મેળાની મોજ માણે છે. રોલેશ્વર મેળાના વિસ્તારથી થોડેક અંતરે આવેલા વિસ્તારમાં 'ભાદ્રપદ'(ભાદરવા)ના બીજા રવિવારે નાનો મેળો ભરાય છે. જેને 'ઝાલનો મેળો' કે 'ઝાલો મેળો' તરીકે ઓળખાય છે.

પહેલાં ગામમાં નાગર બ્રાહ્મણોની વસ્તી વિશેષ હતી. પરંતુ ભૂકંપ જેવી કુદરતી હોનારત સર્જાતાં ઘણા લોકો મૃત્યુ પામ્યા. આ ઘટનામાં નાગરોનો વિશેષ ભોગ લેવાયો અને જે લોકો બચી શક્યા તે છૂટાંછવાયાં ગામોમાં ચાલ્યા ગયા ને ત્યાં વસવાટ કર્યો. ત્યાર બાદ આ સ્થાને સમય જતાં નવી વસાહત સ્થપાઈ જેને લોકોએ 'રોલેશ્વર' એવું નામ આપ્યું. ભૂકંપ થવા છતાંય મહાદેવના મંદિરને નુકસાન થયું ન હતું. આ મેળાની મુખ્ય વિશેષતા એ છે કે એક વર્ગ પોતાની મસ્તીમાં મસ્ત હોય છે, જ્યારે વૃદ્ધ વર્ગ એ જ સમયે મંદિરમાં ભજન-કીર્તનમાં ડૂબેલો હોય છે. આ મેળામાં લગભગ એક લાખથી પણ વધુ સંખ્યામાં લોકો આવે છે અને આદિવાસીઓ તો ખાસ આવે છે.

### (૩) ચાડિયા મેળો

મેઘરજ તાલુકાથી ૭ કિ.મિ. બાથીવાડા ગામે ફાગણ વદ પાંચમના દિવસે ચાડિયા મેળાનું આયોજન થાય છે. અંબાના મંદિરની આજુબાજુ આ મેળો ભરાય છે. તેમાં મુખ્યત્વે આદિવાસી વસ્તી જોવા મળે છે. મેળામાં વર્ષના શુકન, આવનાર વર્ષો કેવાં જશે તેની માહિતી આપવામાં આવે છે.

આ મેળાની શરૂઆત હોળીના દિવસથી થાય છે, જેમાં હોળીના દિવસે અંબાના મંદિરની બાજુમાં એક સ્તંભ રોપવામાં આવે છે. ત્યાર બાદ મકાઈના લોટના ગોળ લાડવા બનાવી કોરા માટલામાં પાંચ લાડુ મૂકવામાં આવે છે. જે સ્તંભની સાથે માટલાને જમીનની અંદર મૂકી દેવામાં આવે છે. ત્યાર બાદ આદિવાસીઓ ચાડિયો બનાવવા સુથારના ત્યાં જાય છે. ત્યાંથી બાળક આકારનો ચાડિયો બનાવવામાં આવે છે અને હોળીના પાંચમા દિવસની રાત્રિએ સ્તંભની આજુબાજુ ઢોલ ને હોળીનાં ગીતો ગાઈ આનંદઉત્સાહમાં આવી જાય છે.

પાંચમા દિવસે બાળક સ્વરૂપના ચાડિયાને કપડાં પહેરાવવામાં આવે છે અને મેળાના દિવસે ૪૦થી ૫૦ ફૂટ ઊંચા સ્તંભ પર ગામનો યુવાન

ચાડિયો પીઠ પર લઈ તેને સ્તંભ પર લટકાવવામાં આવે છે. ચાડિયો ઉતારતી વખતે સ્ત્રીઓ સ્તંભની આજુબાજુ ગીતો ગાતી હોય છે અને કોઈ પણ ગામના યુવાનો સ્તંભ પર ચડવા જાય ત્યારે તેને મારે છે. અંતે જે યુવાન ચડી જાય તેને 'બળવાન ગામ' તરીકે ઓળખાય છે. મેળામાં સ્ત્રીઓ નૃત્ય કરે, ગીતો ગાય અને ઢોલ વગાડીને વાતાવરણને આનંદમાં ફેરવે છે. ત્યાર બાદ માટલાના લાડુ આગેવાનો જુએ છે અને ભવિષ્યની તારવણી કાઢે છે. જો માટલાના લાડુ સંપૂર્ણ પલળી ગયા હોય તો વરસાદ સારો અને જો ઓછા પાણીવાળા થયા હોય તો વરસાદ ઓછો એવી માન્યતા પણ છે.

આ મેળાની શરૂઆત લગભગ ઈ.સ. ૧૯૫૪-૫૫ની આસપાસ થઈ હોવાનું મનાય છે. જેની ગુજરાત ગૅઝેટિયરમાં નોંધ કરવામાં આવી છે. બાંથવાડા, અજુના, ઇરોલા, ઇરીટીંબા, લાલકંપા, ખેવા એવા પાંચ ગામના લોકો આ મેળાનું આયોજન કરે છે. અત્યારે આ મેળો 'બાર મેવાડાના મેળા' તરીકે પ્રખ્યાત થયેલ છે.

### (૪) સ્વયંભૂ ખંડજી મહાદેવનો મેળો

મોડાસા તાલુકાના ઉમેદપુર દધાલિયા ગામે સ્વયંભૂ ખંડજી મહાદેવનો મેળો ભરાય છે. અહીં હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડે છે. લોકો પ્રાણી–પશુઓની માનતા રાખે છે. છેલ્લાં ૨૫૦ વર્ષોથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલિયા ગામે આવેલા સ્વયંભૂ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાય છે. લોકોની માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભૂ ખંડુજી મહાદેવના મંદિરે દર્શન કરવા આવે છે. અહીં મોડાસા-માલપુર-મેઘરજ અને શામળાજીથી મોટી સંખ્યામાં આદિવાસીઓ ઊમટી પડે છે. આ મેળામાં ભજનનું આયોજન થાય છે. ગામલોકો દ્વારા આવેલા ભક્તો માટે ચાનાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

## ભરૂચ જિલ્લો

નર્મદાની ગોદમાં વસેલા ભરૂચ શહેર અને જિલ્લાના પાયામાં ભવ્ય ભૂતકાલીન ઇતિહાસ ભંડારાયેલો છે. ભૃગુઋષિની તપોભૂમિ ભૃગુતીર્થ, આજનું ભરૂચ બલિરાજાના સમયકાળ જેટલું પ્રાચીન અને ભગવાન વામનની અવતારી લીલાની યાદ તાજી કરાવે છે. દ્રવિડ સંસ્કૃતિના સમયમાં ભૃગુકચ્છ બંદર તરીકે જાણીતું હતું.

તા. ૨ ઑક્ટોબર, ૧૯૯૭ના રોજ તત્કાલીન ગુજરાત સરકારે રાજ્યના નવા જિલ્લાઓની રચના કરતાં ભરૂચ જિલ્લાનો રાજપીપળા પ્રાંત નર્મદા જિલ્લા તરીકે કરાયો છે, જ્યારે ભરૂચ જિલ્લામાં ભરૂચ, આમોદ, વાગરા, જંબુસર, અંકલેશ્વર, હાંસોટ, ઝઘડિયા અને વાલિયા તાલુકાઓનો સમાવેશ કરાયો છે.

કેટલાક ધાર્મિક તહેવારો દરમિયાન ભરૂચમાં એક જ દિવસે ઠેરઠેર મેળા ભરાય છે. નર્મદા તટનાં સ્થળોમાં મેળા જોવા મળે છે. આદિવાસીઓમાં મેળા વિશેષ મહત્ત્વ ધરાવે છે. અહીંના કેટલાક મેળાઓમાં આદિવાસી પ્રજા જ ભાગ લે છે. આદિવાસી આબાલવૃદ્ધ સહુ એકસરખા આનંદથી મેળાની મઝા લે છે. સમગ્ર ભરૂચ જિલ્લામાં ૯૨ જેટલા નાનામોટા મેળા ભરાય છે. જેમાં પ્રખ્યાત મેળાઓનો અહીં ઉલ્લેખ કરાયો છે.

### (૧) કાર્તિકી પૂનમનો મેળો

ભરૂચથી ૧૦ કિ.મિ દૂર આવેલા સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ શુકલતીર્થ ગામે કાર્તિકી પૂનમનો મોટો મેળો ભરાય છે. ત્યાં ઓમકારેશ્વર અને શુકલેશ્વર મહાદેવનાં મંદિરોમાં લોકો ભક્તિભાવથી પૂજા કરે છે. ભાડભૂત અને કડોદમાં ભારેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવનાં મંદિરો છે. આ સ્થળોએ અધિક ભાદરવા અને અધિક વૈશાખ માસમાં મોટા મેળા ભરાય છે. ભરૂચમાં કેટલાક મેળાઓ છે કે જે ૧૮ વર્ષે એક વાર યોજાય છે. જેમ કે ભાડભૂતનો મેળો, કોટેશ્વર મહાદેવ–કડોદનો મેળો, નાદનો મેળો

વગેરે. ભરૂચ શહેરના નર્મદાકિનારે ભાડભૂતેશ્વર મંદિર આવેલું છે. આ મેળો દર અઢાર વર્ષે યોજાય છે. ૧૮મી સદીમાં બંધાયેલ ભાડભૂતેશ્વર મહાદેવ ઉપરાંત અહીં પંચમુખી મહાદેવ, અંબાજી, રામજી, સત્યનારાયણ, દત્તાત્રેય, સૂર્યદેવ, બળિયાદેવ, ભૈરવીમાતા, રણછોડજી તથા નીલકંઠ મહાદેવ વગેરેનાં મંદિરો તથા એક મસ્જિદ પણ આવેલી છે.

### (૨) કેશરવા માતાનો મેળો

ઝઘડિયા તાલુકાના કેશરવા ગામે મહા સુદ ચૌદશ ને શિવરાત્રિના રોજ કેશરવા માતાનો મેળો ભરાય છે. આદિવાસીઓની માતાનું મૂળ દેવસ્થાન કેશરવા માતાનું મૂળ સ્થાનક ગણાય છે. આ મેળામાં મુખ્યત્વે આદિવાસીઓ જ ભાગ લે છે. આ મેળામાં લગભગ ૩૫૦૦ આદિવાસીઓ નૃત્યો કરીને મેળામાં મહાલે છે.

### (૩) કડિયા ડુંગરનો મેળો

ભરૂચના ઝાઝપુર ગામે ભાદરવા સુદ પાંચમના રોજ કડિયા ડુંગરનો મેળો ભરાય છે. એવી દંતકથા છે કે પાંડવો અહીં રહ્યા હતા અને ભીમ અહીં હિડિંબાને પરણ્યો હતો. અહીં રામ-લક્ષ્મણનાં પગલાં છે જેનાં દર્શને આદિવાસીઓ જાય છે. લગભગ ૨૫૦૦ આદિવાસીઓના અહીં નાચ થાય છે. આ મેળો બધા આદિવાસીઓ માણે છે અને રંગેચંગે મેળા માણે છે.

## સુરત જિલ્લો

સુરત જિલ્લો આદિવાસી જિલ્લો ગણાય છે. તેની કુલ વસ્તી ૬૦,૮૧,૩૨૨ છે. જેમાંથી આદિવાસીઓની કુલ વસ્તી ૮,૫૬,૯૫૨ છે. સુરતના દસ તાલુકાઓ છે – ઓલપાડ, માંગરોળ, ઉમરપાડા, માંડવી, કામરેજ, સુરત તાલુકો, ચોર્યાસી, પલસાણા, બારડોલી અને મહુવા. આ તાલુકાઓમાં આદિવાસીઓની વસ્તી મહુવા, બારડોલી, માંડવી, ઉમરપાડા, માંગરોળ અને પલસાણામાં વધુ છે. જિલ્લામાં ભીલ, મેવાસી ભીલ, તડવી ભીલ, ચૌધરી, ધોડિયા, હળપતિ – તલાવિયા, ગામીત, ગાવિત, કોંકણા, નાયકડા, નાયકા, કોલઘા, વસાવા વગેરે જાતિના આદિવાસીઓ વધુ વસે છે. તેમના રીતરિવાજ અને માન્યતા મુજબ જે મેળા ભરાય છે તે તો સો ઉપર થવા જાય છે. પરંતુ મુખ્ય મેળાઓ આ મુજબ છે.

### (૧) પંચનાથ મહાદેવનો મેળો

ઉમરપાડાથી દસ કિ.મિ. દૂર માંગરોળ તાલુકાના ચોળવાડા ગામે શિવરાત્રિનો મેળો ભરાય છે. પંચનાથ મહાદેવના વસાવા પૂજારી આ મેળાની ગોઠવણ કરે છે. આ મેળામાં ભીલ, વસાવા, કાથોડી, કુંકણા, હળપતિ, ગામીત, પારસી અને મુસ્લિમો સહિત આદિવાસીઓ આ મેળો માણવા જાય છે. લગભગ ચારેક હજાર જેટલા આદિવાસીઓ આ મહાદેવના મંદિરે ભેગા થાય છે. આ મેળામાં નૃત્યો કરે છે. ભજનમંડળીઓ આ મેળામાં વાતાવરણ જમાવે છે. અને આદિવાસીઓ દર્શન કરી મેળો મહાલે છે.

### (૨) આદાપીરનો મેળો

આદિવાસીઓની એક ખાસિયત હોય છે કે જેમનાથી તેમના કુટુંબનું કે તેમના ઢોરનું સારું થાય અને, બાધા કે માનતા આખડી રાખવી પડે તો તેઓ તે રાખે છે. આમ તો, આદિવાસીઓ કુદરતી સૂર્ય, ચંદ્ર, વાઘદેવ, માતાજીને વધુ માને છે અને આથી જ હિંદુ હોય કે મુસલમાન હોય, આદિવાસીઓ તેમને શ્રદ્ધાપૂર્વક પૂજે છે. આવી જ રીતે માંગરોળ તાલુકાના સામપરા ગામે આદાપીરનો મેળો ભરાય છે. આ મેળો માગશર વદ પાંચમથી સાતમ વચ્ચે ભરાય છે. આદાપીરની દરગાહની જગ્યા પાસે જ આ મેળો ભરાય છે. બાજુમાં હનુમાનજીનું મંદિર છે. બંનેની પૂજા સાથે જ થાય છે. દરગાહને ધૂપ અને હનુમાનજીને ધજા ચડાવવામાં આવે છે. જૂના રાજપીપળા રાજ્યે

પીરની પૂજા માટે ફાળો આપ્યો હતો. ત્યારથી આ મેળો શરૂ થયો છે. મેળામાં પહેલાં સમૂહભજન અને સમૂહભોજન બંને થતાં. સામપરા ગામ અગાઉ આદાપીરના ઘણા ચમત્કારોથી રક્ષાયેલું હતું. આથી અહીં મેળો ભરાય છે. આ મેળામાં ચારેક હજાર જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. જેમાં ભીલ, વસાવા, ગામીત, ચૌધરી વગેરે જાતિના આદિવાસીઓ ભાગ લે છે. આદિવાસીઓ ભેગા થઈ નૃત્ય કરે છે. અહીં માટીનાં વાસણ, ઘરેણાં અને ઘરગથ્થુ ચીજોની દુકાનો લાગે છે. કપડાં પણ વેચાય છે. આમ આ મેળો આદિવાસીઓમાં વધુ પ્રિય છે.

### (૩) દશેરાનો મેળો

માંડવી તાલુકાના ટુકડે ગામે કીમથી લગભગ ૩૦ કિ.મિ. દૂર આસો સુદ દસમના રોજ દશેરાનો મેળો યોજાય છે. આ મેળામાં આસપાસનાં ૨૫ ગામના લોકો આવે છે. ખાસ કરીને ચૌધરી ગામીત, ભીલ વસાવા, હળપતિ અને અન્ય આદિવાસી કોમના લોકો મોટી સંખ્યામાં એકઠા થાય છે ને મેળામાં નાચ થાય છે. ભજનમંડળી ભજનો ગાય છે. આ મેળામાં લગભગ ત્રણેક હજાર જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. આમ તો હોળી નિમિત્તે, નવરાત્રિ નિમિત્તે જુદા જુદા મેળા યોજાય છે.

### (૪) દેવમોગરાનો મેળો

આદિવાસીઓ મોગરાદેવને ખૂબ માને છે. આથી શિવરાત્રિને દિવસે માંડવી તાલુકાના બાલેઠી અને લુહારવાડ ગામે મોગરાનો મેળો યોજાય છે. અહીં મોગરાદેવની પૂજા થાય છે અને આસપાસનાં વીસ ગામોના આદિવાસીઓ ચૌધરી, ગામીત, ભીલ, વસાવા વગેરે આ મેળામાં હિસ્સો લે છે. મેળામાં નાચ થાય છે અને ભજનમંડળી ભજનો ગાય છે. આદિવાસીઓ આ મેળો ખાસ ભરે છે.

### (૫) મહાશિવરાત્રિનો મેળો

મહુવા તાલુકાના અનાવલ ગામે માગશર વદ ચૌદશના દિવસે મહાશિવરાત્રિનો મેળો ભરાય છે. આદિવાસી નાયકા, ધોડિયા અને અન્ય કોમોના લોકો આ મેળામાં એકઠા થાય છે. લગભગ ત્રણ હજારથી ચાર હજાર જેટલા આદિવાસીઓ આ મેળામાં એકઠા થાય છે. મહાશિવરાત્રિ હોવાથી તે દિવસે ભજનમંડળીઓ ભજન ગાય છે. અનાવિલોના આ કુળદેવ છે. એવું કહેવાય છે કે રામચંદ્રજીએ અહીં યજ્ઞ કર્યો ત્યારે પૂરતા બ્રાહ્મણો ન હોવાથી આદિવાસીઓને બ્રાહ્મણોમાં પરિવર્તિત કરાવીને યજ્ઞમાં બેસાડ્યા હતા. તેમાંથી અનાવિલો થયા. આમ આ મેળો પણ અગત્યનો ગણાય છે.

### (૬) ગોલીગઢની જાત્રા

હોળી પહેલાંના રવિવારે ગાંગડિયા ખાતે આદિવાસીઓનો મેળો જામે છે. ગોલીમઢ માતાના દર્શને ધોડિયા આદિવાસીઓ જાય છે. ખાસ કરીને આદિવાસીઓએ રાખેલી બાધા તેઓ છોડવા આવે છે અને ચામડીનાં દર્દો માટે માનતા રાખે છે. ચીખલી, વાંસદા અને મહુવા તાલુકાના લોકો અહીં બાધા છોડવા આવે છે. ઢોલી કૂવાથી માત્ર ચાર કિ.મિ. દૂર ગાંગડિયા ગામે આ મેળો ભરાય છે.

### (૭) માતાનો મેળો

ગાંગડિયા ગામે આસો વદ ચૌદશના રોજ એટલે કે કાળીચૌદશના રોજ ૨૫,૦૦૦ જેટલા આદિવાસીઓ ભેગા થાય છે. હનુમાનજીની પૂજા થાય છે. આ મેળામાં મુખ્યત્વે ધોડિયા ભેગા થાય છે અને મજા માણે છે.

## ડાંગ જિલ્લો

ડાંગ જિલ્લાની કુલ વસ્તી ૨,૨૮,૨૯૧ છે. જેમાં કુલ આદિવાસી વસ્તી ૨,૧૬,૦૭૩ છે. અર્થાત્ ડાંગ જિલ્લો આદિવાસી જિલ્લો છે. ભીલ, વસાવા, કોંકણા, કોંકણી, કુકણા, કુનબી, કાથોડી અને વારલી જાતિના આદિવાસીઓ વધુ રહે છે.

### ડાંગ દરબાર

સાપુતારાની ટેકરીઓમાં મહારાષ્ટ્ર રાજ્યની સરહદ નજીક ડાંગ–આહવા પ્રદેશમાં સાત દિવસ ચાલતો ડાંગ દરબાર મેળો ખૂબ પ્રચલિત બન્યો છે. આ મેળામાં દેશવિદેશના પ્રવાસીઓ મુલાકાતે આવે છે. શરૂના સમયમાં ડાંગના રાજા કે દરબાર દર વર્ષે ભેગા થતા હતા. આહવાની આજુબાજુના લાખો આદિવાસીઓ આ સાત દિવસ દરમિયાન દરબાર પાસે એકઠા થતા હતા અને દરબાર તેમની ફરિયાદો સાંભળી તેનો નિકાલ કરતા હતા. આજે પણ આ ક્રમ ચાલુ રહ્યો છે. પરંતુ આજે અહીં ડાંગના આદિવાસીઓ રાજા બેસે છે જરૂર, પણ ફરિયાદોનું નિવારણ જિલ્લા કલેક્ટર કરે છે.

આદિવાસીઓ રંગબેરંગી કપડાં પહેરી શહનાઈ અને ઢોલ ઉપર નાચતાં નાચતાં આ સ્થળે આવે છે. તેમની વિશિષ્ટતા અનુસાર તેમણે બનાવેલી વસ્તુઓ નાસિક, સુરત કે પશ્ચિમ ખાનદેશમાંથી આવેલ વેપારીઓ ખરીદે છે. આ મેળામાં આદિવાસીઓ ચીજવસ્તુ ખરીદવાની અને વેચાણની પ્રવૃત્તિ કરતા હોય છે. મેળામાં ખાસ કરીને હાટ મંડાય છે. વિવિધ જૂથો પોતાના નૃત્યનું, વાદ્યનું કે સંગીતની કળાનું નિદર્શન કરે છે. ડાંગ અને આસપાસના વિસ્તારના આદિવાસીઓના જુસ્સાભર્યાં નૃત્યો જેવાં વાદ્યોના સૂરોથી વાતાવરણ સંગીતમય બની જાય છે. ધીમે ધીમે તેમાં ગતિ આવતાં આદિવાસીઓ વાદ્યોના સહારે નૃત્યો કરે છે.

## વલસાડ જિલ્લો

ગુજરાતના દક્ષિણે આવેલા વલસાડ જિલ્લાના ૬ તાલુકાઓ છે – વલસાડ, પારડી, વાપી, ધરમપુર, કપરાડા અને ઉમરગાંવ. વલસાડ જિલ્લાની વસ્તી ૧૭,૦૫,૬૭૮ (૨૦૧૧ પ્રમાણે) છે. જેમાંથી ૯,૦૨,૭૯૪ આદિવાસીઓની વસ્તી છે. વલસાડમાં કપરાડા અને ધરમપુર તાલુકાઓમાં સૌથી વધુ આદિવાસી વસ્તી છે. અહીં વસતા આદિવાસીઓમાં મુખ્યત્વે હળપતિ, કોંકણા, કોલધા, નાયકા અને સૌથી વધુ વારલી જાતિના આદિવાસી વસે છે. વારલી અને કુંકણા આદિવાસીઓમાં નાગપૂજા મહત્ત્વની હોય છે. ધાર્મિક બાધા – આખડી રાખી હોય ને તે ઉતારવાની હોય તો જે તે મંદિર કે સ્થાન કે મેળા સ્વરૂપે બધા ભેગા થઈ નાચે, ગાય ને ભગવાનને મનાવે. આમ તેમનો ધર્મ જાદુમંતર, દેવદેવલા, પર્વો, તહેવારો, સામાજિક પ્રસંગો સાથે મેળા જોડાયેલા હોય છે. વલસાડ જિલ્લામાં આમ તો નાનામોટા ઘણા મેળાઓ યોજાય છે. જેમાંના કેટલાકનો ઉલ્લેખ અહીં કર્યો છે.

### (૧) કાળી માઈની જાત્રા

વલસાડથી પાંચ કિ.મિ. દૂર આવેલા પારડી પારવેરા ગામે આસો વદ ચૌદશના રોજ કાળી માઈની જાત્રા યોજાય છે. અહીં કાળી માતાનું મંદિર આવેલું છે. જ્યાં અન્ય સાથે આદિવાસીઓ માતાની જાત્રાએ જાય છે અને પોતાની બાધા પૂરી કરવા નાચતા ગાતા જાય છે. આ જ રીતે કાળી માઈની જાત્રા બીલીમોરાથી ૨૫ કિ.મિ. દૂર અંબાચ ગામે યોજાય છે. અહીં ધોડિયા, હળપતિ, કુંકણા અને અન્ય આદિવાસીઓ કારતક સુદ તેરસના રોજ જાત્રાએ જાય છે છેલ્લાં કેટલાંક વરસથી મેળો ભરાય છે. આ દિવસે કથાવાર્તા થાય છે. લગભગ હજારેક આદિવાસીઓ અહીં એકઠા થાય છે.

### (૨) મહાશિવરાત્રિનો મેળો

વલસાડથી લગભગ દસેક કિ.મિ. દૂર ચણવાઈ ગામે મહા સુદ ચૌદશના રોજ મેળો ભરાય છે. પાર નદી પાસેના કુંડમાં આદિવાસીઓ અને અન્ય જાતિના લોકો સ્નાન કરે છે. અહીં પારડી અને વલસાડ તાલુકાના ૧૫૦૦ જેટલા આદિવાસીઓ ભેગા થાય છે અને સ્નાન કરે છે. અહીં શિવજીને યાદ કરી બધા શિવજીની કૃપા મેળવવા પ્રયત્ન કરે છે.

### (૩) કાળીચૌદશનો મેળો

બીલીમોરાથી દસ કિ.મિ. દૂર માજી ગામે આ મેળો ભરાય છે. ૪૦૦ વર્ષથી હનુમાનજી અને બળિયાદેવનાં દર્શન કરવા નજીકના લોકો આવે છે અને ખાસ કરીને હળપતિ અને ધોડિયા લોકો અહીં એકઠા થાય છે અને મેળામાં ઘેર નૃત્ય કરે છે. અહીં લગભગ પાંચેક હજાર આદિવાસીઓ એકઠા થાય છે. તો આ જ રીતે રાનકૂવાથી સાત કિ.મિ. દૂર નોગામા ખાતે આસો વદ ચૌદશના રોજ કાળીચૌદશનો મેળો ભરાય છે. અહીં હનુમાનજીની પૂજા થાય છે તથા આ મેળામાં હળપતિ, ધોડિયા સાથે અન્ય સૌ એકઠા થાય છે. આ મેળામાં પાંચથી સાત હજાર આદિવાસીઓ એકઠા થાય છે. મેળામાં ઘેર નૃત્ય બધાં કરે છે. સૌ આદિવાસીઓ મેળો માણે છે. રાનકૂવાથી દોઢ કિ.મિ. દૂર ઊંધવે ગામે પણ કાળીચૌદશનો મેળો ભરાય છે. જ્યાં આવેલા હનુમાનજીના મંદિરે ધોડિયા અને હળપતિ આદિવાસીઓ ભેગા થાય છે, મંદિરે દર્શન કરે છે. આ બહુ નાનો મેળો હોય છે. પરંતુ અહીં સ્થાનિકો ભેગા થઈ ભજનમંડળી બોલાવે છે અને ભજનો ગાય છે.

### (૪) અંબાજી માતાની જાત્રા

વલસાડથી ૨૨ કિ.મિ. દૂર પાણીખડક ગામે પોષી પૂનમના રોજ મેળો ભરાય છે. આ મેળો અંબાજીના જૂના મંદિરે ભરાય છે. પહેલાં આ મેળો ગરમ પાણીના કુંડ પાસે ભરાતો હતો. ૧૯૫૬માં મંદિરનો અને કુંડનો જીર્ણોદ્ધાર થયો, ત્યારથી આ મેળો ભરાવાનો શરૂ થઈ ગયો. અંબાજી માતામાં આદિવાસીઓની શ્રદ્ધા છે. આથી હળપતિ અને ધોડિયા સાથે અન્ય આદિવાસી જાતિના લોકો પોષી પૂનમને દિવસે એકઠા થાય છે. લગભગ ત્રણેક હજાર જેટલા આદિવાસીઓ ભેગા થઈ ભજન કરે છે.

### (૫) દેવદિવાળીનો મેળો

રાનીકૂવાથી પાંચ કિ.મિ. દૂર ટાંકલ ગામે કાર્તિકી પૂર્ણિમાના રોજ દેવદિવાળીનો મેળો ભરાય છે. અહીં હનુમાનજીનાં દર્શન હળપતિ, ધોડિયા અને અન્ય આદિવાસીઓ કરે છે. આ મેળામાં બેથી ત્રણ હજાર જેટલા આદિવાસીઓ એકઠા થાય છે. નૃત્ય કરે છે. લોકનૃત્યો કરે છે.

### (૬) હોળી

વાપીથી ૧૨ કિ.મિ. દૂર પારડી તાલુકાના લવાછા ગામે ફાગણ સુદ પૂનમના રોજ મોટો મેળો ભરાય છે. આસપાસનાં ગામના આદિવાસીઓ હોળી પર કામ પૂરું થતાં મેળો માણવા આવે છે. આ આદિવાસીમાં લગભગ પાંચેક હજારની સંખ્યામાં ભેગા થાય છે અને ત્યાં નાચે છે, રમતો રમે છે અને હોળીની મજા માણે છે. હોળીના દિવસો આ આદિવાસી માટે ખૂબ આનંદના હોય છે.

### (૭) ગોકુળઅષ્ટમીનો મેળો

પારડીથી લગભગ આઠ કિ.મિ. દૂર સોંઢાલવાડા ગામે ગોકુળઅષ્ટમીનો મેળો યોજાય છે. અહીં હજારેક જેટલા હળપતિ, ધોડિયા આદિવાસીઓ ભેગા થાય છે. આ જગ્યા મહાદેવની ચમત્કાર થયેલ જગ્યા છે. અહીં આ જગ્યાએ હળપતિ, ધોડિયા અને અન્ય કોમો સાથે શ્રાવણ વદ આઠમના રોજ મેળો ભરાય છે.

### (૮) ગંગાજીનો મેળો

ચૈત્રી પૂનમથી આઠમ સુધી સોલસુમ્બા ગામે ગંગાજીનો મેળો ભરાય છે. ગંગાજી માતાની બાધા મનોકામના પૂરી કરવા રખાય છે. છેલ્લાં પચાસેક વર્ષથી આ મેળામાં લગભગ વીસેક હજાર આદિવાસીઓ ભેગા થાય છે. અહીં વારલી, હળપતિ તથા અન્ય કોમો સાથે આદિવાસીઓ ભેગા થાય છે. અહીં લોકનૃત્યો થાય છે. આદિવાસીઓના ઘરેણાંની દુકાન અહીં લાગે છે.

* * *

## સંદર્ભ–સાહિત્ય


૧. અરુણ વાઘેલા, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (૨૦૧૩).

૨. ઇન્દ્રશંકર રાવળ, ગૌરીશ પંડ્યા, જશવંતસિંહ રાઠોડ, ગુજરાતના આદિવાસી મેળા(૧૯૮૨).

૩. ડૉ. ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય, આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ (૨૦૧૪).

૪. બી. જે. ભટ્ટ, કલેક્ટર – અરવલ્લી, અરુણોદય અરવલ્લીનો (૨૦૧૩-૧૪).

૫. બાંછાનિધિપાની, કલેક્ટર – સાબરકાંઠા, સર્જનાત્મક સાબરકાંઠા (૨૦૧૩-૧૪).

૬. સ્વરૂપ પી., કલેક્ટર – સાબરકાંઠા, વિકાસ વાટિકા – સાબરકાંઠા (૨૦૧૫-૧૬).

૭. ડૉ. મિનાક્ષી ઠાકર, પ્રવાસનભૂમિ ગુજરાત (૨૦૦૬) (પુનર્મુદ્રણ ૨૦૧૫).

૮. ડૉ. ભગવાનદાસ પટેલ, આદિવાસી સાંસ્કૃતિક વારસો (૨૦૧૩).

૯. જેનુ દેવન, કલેક્ટર, છોટાઉદેપુર, કેસૂડા સંગ પાવાનો સૂર, છોટાઉદેપુર (૨૦૧૬).

૧૦. માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગુજરાતના મેળા અને ઉત્સવો (૨૦૧૬-૧૭) (૨૦૧૪).

૧૧. જોરાવરસિંહ જાદવ, ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત (૨૦૧૬-૧૭), દૂરદર્શનના ખબરપત્રીઓ.

૧૨. યાજ્ઞિક પટેલ, અરવલ્લી જિલ્લો. - મુલાકાત

૧૩. દેવ ગોસ્વામી, સાબરકાંઠા જિલ્લો. - મુલાકાત

૧૪. સરફરાજ નાગોરી, બનાસકાંઠા જિલ્લો. - મુલાકાત

૧૫. પંકજકુમાર પટેલ, મહીસાગર જિલ્લો. - મુલાકાત

૧૬. પ્રેમશંકર કડિયા, દાહોદ જિલ્લો. - મુલાકાત

૧૭. અશોક સામતાણી, પંચમહાલ જિલ્લો. - મુલાકાત

૧૮. જમીલ પઠાણ, છોટાઉદેપુર. - મુલાકાત

૧૯. જયેશ દોશી, નર્મદા જિલ્લો. - મુલાકાત

૨૦. નિરવ કંસારા, તાપી જિલ્લો. - મુલાકાત

૨૧. રાજેશ રાણા, નવસારી જિલ્લો. - મુલાકાત

૨૨. એસ. જે. મિશ્રા, વડોદરા જિલ્લો, માહિતી વિભાગ. - મુલાકાત

૨૩. સંજીવ મહંતા, જૂનાગઢ જિલ્લો. - મુલાકાત

૨૪. વ્યાસ, રજની(૨૦૦૪), ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, અમદાવાદ.

૨૫. સેદાણી, હસુતાબહેન શશીકાંત : ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

# ૨૦. આદિવાસી સંગીત વાદ્યો



જગતની સૌથી પ્રાચીન સભ્યતાની લોક-કલાઓમાં લોકસંગીત, લોકનૃત્ય અને લોકવાદ્યોનું સર્જન રહ્યું હશે. માનવ હૃદયનું ગીત-સંગીત, કલા, નૃત્ય, મેઘધનુષી વેશ વગેરેના સ્પંદનનું સુંદરતમ પ્રતિબિંબ અને તેની અભિવ્યક્તિ એટલે લોકસંગીત. જે આદિમકાળથી લોકજીવનનું અંગ બની લોક-હૃદયમાં જીવે છે.

પશ્ચિમ ભારતના ગુજરાત અને મહારાષ્ટ્રના સીમાવર્તી પ્રદેશોમાં વસતા આદિવાસીઓએ આદિમ સંગીત-વાદ્ય સર્જન કલાની સુમધુર સૂર-સર્જનની કલા સ્વયં કેળવી છે. વાંસની ભૂંગળી, તુંબડો, જુદાં જુદાં વૃક્ષનાં પાંદડાં, થડ કે નાનાંમોટાં લાકડાં કે વાંસના ટુકડા, મધ, ગુંદર, ચામડું, પીછાં, શણની દોરી, માટલું કે માટીનો કાંઠો વગેરે કુદરતી તત્ત્વોની સામગ્રી ભેગી કરી કર્ણપ્રિય સૂરનું સર્જન કરી પોતે અને બીજાને ડોલાવવાની કળા મોટા ભાગના આદિવાસીઓને સહજ હોય છે.

ભારતના અન્ય પ્રદેશોની સરખામણીમાં લોકસંસ્કૃતિ અને લોકકલાની દ્રષ્ટિએ ગુજરાત અને તેની આસપાસના પ્રદેશો ઘણા સમૃદ્ધ છે. તેમાં આદિવાસી સંસ્કૃતિનું વૈવિધ્ય તો સૌને પ્રભાવિત કરનારું રહ્યું છે, જે હજારો વર્ષથી લોકમાનસને આકર્ષે છે. આદિવાસી લોકકલાઓ અને લોકસંગીતની વિશેષતા એ રહી છે કે લોકહૃદયના આનંદમાંથી પ્રગટી ફરી લોકહૃદયમાં પ્રવેશી આનંદની ચિચિયારીઓ સાથે લોકને ડોલાવે છે.

જગતની ઘણી પરંપરાઓ પ્રાચીન કાળથી મૂળ સ્વરૂપે વહેતી પરંપરાઓ પૈકીની આદિવાસીઓની લોકસંગીતની પરંપરા છે. આદિવાસીઓનાં સંગીતનાં વાદ્યો બનાવવાની અને એમાંથી સૂરસર્જનની સંગીતની પરંપરા આની પરંપરાની તુલનાએ અદ્‌ભુત રહી છે. જુદા જુદા આકારનાં ઢોલ, તૂર, માદળ, ઢાક, પાવો, પાવરી, કાહળે, વિવિધ આકારનું ડોવળું (ડોબરું), જુદી દેવડોવળી, ટીંગરી, ઘાંઘળી, ટારપું, તંબૂરો, દેવલાકડી, કીરચો, ડેરા, વાંસળી, નગારું વગેરે વાદ્યો પ્રકૃતિનાં જુદાં જુદાં તત્ત્વો ભેગા કરી બનાવવા અને તેનું જ્ઞાન મૌખિક પરંપરા અનુસાર આગળ વધારવું એ આદિવાસી લોકસંગીતની વિશેષ કળા રહી છે.

આદિકાળથી આ વાદ્યો પૈકી કેટલાંક કાળમાં લુપ્ત થઈ ગયા હશે, અનેક પ્રકારનો બદલાવ પણ આવ્યો હશે. આ વાદ્યોની લાક્ષણિકતા એ રહી છે કે, કોઈ સ્થળ અને સ્થાન કે પ્રદેશના બંધનથી મુક્ત જંગલ, ડુંગર, ઘર, ગામમાં એક અને અનેક વગાડી શકે ને સંગીત રેલાવી શકે છે. આ વાદ્યો પ્રકૃતિનાં તત્ત્વોમાંથી જ બનેલાં, બીજું ઋતુચક્ર સાથે અને માનવજીવનના સામાજિક, ધાર્મિક, સામૂહિક અને વ્યક્તિગત પ્રસંગો સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં છે.

કોઈ પણ દેશ અને તે દેશમાં રહેતા લોકો એવા નહીં હોય કે જ્યાં નૃત્ય અને સંગીત ન હોય. નૃત્ય અને સંગીતની સાથે વાદ્ય સર્જનની કલા જોડાયેલી જ હોય છે. આદિવાસીઓનાં વાદ્યોનાં માપ આંગળા, વેંત, હાથ ને મનોકલ્પનાનાં માપ પ્રમાણે જે તે વાદ્યની બનાવટ કરવાની અવધારણા તૈયાર કર્યા પછી બને છે. કોઈ ગણિતનું માપ વગર માત્ર જે તે કલાકાર સ્વર બહાર લાવી તેને સૌથી વધારે કર્ણપ્રિય બનાવી લોકપ્રિય બનાવે તેમાં જ એની શાસ્ત્રીયતા જોવા મળે છે. આ શાસ્ત્રીયતા આદિવાસીઓએ તેમની પરંપરાથી ચાલી આવતી જ્ઞાનપરંપરા અને અનુભવને આધારે કેળવી છે.

સંગીત આદિવાસી જીવનનો એક ભાગ છે. ઢોર ચારવા જતો ગોવાળ, ખેતર ખેડતો હાળી કે વાવણી રોપણી કરતા મજૂરો, જંગલમાં લાકડાં કાપવામાંથી નવરાશ મળતાં હાશ અનુભવતો કઠિયારો, મેળે જતા યુવાનો, દેવની પૂજા વગેરે લોકહૈયામાંથી નીકળતું સંગીત, પીહવો, પાવો, ટીંગરી, ટારપું વગાડીને લોકસંગીત-સંગીતને રમણે ચડાવે છે. એ જ તો જીવનનો આનંદ છે. આદિવાસીઓની સંસ્કૃતિની કલ્પના ગીત, સંગીત અને નૃત્ય વગર નથી.

સંગીતનું શાસ્ત્રીય જ્ઞાન કેવું હશે એ એમને મન પ્રશ્ન નથી. આદિવાસીમાં આ પ્રકારનું જ્ઞાન સહજ હોય છે. તેમનાં વાદ્યોમાંથી નીકળતા સૂરો સૌને ડોલાવે. અરણ્યના સાન્નિધ્યમાં ઊછરેલ લોકો, પશુ-પક્ષીઓના મધુર ધ્વનિઓ, ડુંગર પરથી હસતાં રમતાં કૂદી પડતાં નયનરમ્ય ઝરણાંઓના ધ્વનિનો પડઘો એમના સંગીતમાં અચૂક સાંભળવા મળે છે. આદિવાસી વિવિધ પ્રકારનાં વાદ્યો જુદા જુદા પ્રસંગે વગાડે છે. નૃત્ય, સામૂહિક ઉત્સવો, મેળા, લગ્ન, દેવપૂજા કે આનંદ–ઉલ્લાસના સમયે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આદિવાસીઓનું જીવન પ્રકૃતિ સાથે સવિશેષ જોડાયેલું છે.

આ વાદ્યોની લાક્ષણિકતા એ છે કે બધાં જ વાદ્યો પ્રકૃતિનાં તત્ત્વોમાંથી જ બને છે. આ વાદ્યો લાકડું, વાંસ, ઝાડ, છોડ, તુંબડા, જાનવરોનાં શિંગડાં, ચામડાં, પક્ષીઓનાં પીછાં અને જુદાં જુદાં ઝાડ કે વનસ્પતિનાં પાંદડાંને કલાત્મક રૂપે અને એકબીજા સાથે જોડીને બનાવવામાં આવે છે. આદિવાસીઓનાં ઘણાં વાદ્યો દેવવાદ્યો ગણાતાં હોવાથી વાદ્યોની પવિત્રતા જાળવવાનો આગ્રહ દરેક કલાકાર રાખે છે. આ દેવવાદ્યો સાથે આદિવાસીઓની જુદી જુદી માન્યતાઓ અને શ્રદ્ધાઓ જોડાયેલી છે.

ગુજરાતમાં વસતા આદિવાસીઓ પાવરી, ડોવડું, પાવી, કાહળે, મોહવર, પાવો, વાંસળી, તારપું, ઢોલકી, નગારું, તૂર, માદળ, ટાપરા, ચૂનચૂને, સાંબળે, ઘાંઘળી, ટીંગરી, નાળ ઢોલક, ચાંગી ઢોલ, દેવલાકડી, રંગલી ટોપલી, તાસાં, મંજીરા, થાળી, ઢાક, દેવડોવળી વગેરે અનેક પ્રકારનાં વાદ્યો વગાડી દેવની આરાધના કરે છે અને દિવસના થાકને આનંદના સથવારે ઉતારે છે.

આપણે આદિવાસીઓનાં જુદાં જુદાં વાદ્યોના નામનો પરિચય મેળવ્યો તે વાદ્યોને (૧) તત કે તંતુવાદ્ય (૨) વિતત કે અવનદ્ધ વાદ્ય (૩) સુષિર વાદ્ય (૪) ઘનવાદ્યમાં વહેંચી શકાય.

**(૧) તત કે તંતુવાદ્ય** – જે વાદ્યમાંથી સ્વરોની ઉત્પત્તિ તાર દ્વારા થાય છે, તેવાં વાદ્યોને તત કે તંતુવાદ્ય કહેવાય છે જેમાં તારને આંગળી કે નખ વડે વગાડવામાં આવે છે. ચૂનચૂને, ઘાંઘળી, ટીંગરી વગેરે. ચૂનચૂને ડાંગ અને મહારાષ્ટ્રમાં વગાડવામાં આવે છે. જ્યારે ઘાંઘળી ગુજરાતના મોટા ભાગના આદિવાસીઓ વગાડે છે. ઘાંઘળીનો પ્રદેશ પ્રમાણે થોડો થોડો બદલાતો રહે છે. ટીંગરી વાદ્ય ખાસ કરીને બહેનો વગાડે છે. જેને મોઢાથી વાયોલિનની જેમ વગાડવામાં આવે છે.

**(૨) વિતત કે અવનદ્ધ વાદ્ય** – જે વાદ્યો ચામડીથી મઢેલાં હોય તેવાં વાદ્યોને વિતત વાદ્યો કહે છે. ઢોલકી, નગારું, તૂર, તાંબળે, નાળ ઢોલક, ચાંગી ઢોલ વગેરે. આ વાદ્યોના ઉપરના ભાગનાં મોઢાં ચામડાથી મઢેલાં હોય છે. ભારતની સામાન્યતઃ દરેક આદિવાસી જાતિમાં ઢોલ, ઢોલકી નગારું વગાડાય છે. દક્ષિણ ગુજરાતમાં વસતી ચૌધરી જાતિમાં આ પ્રકારનું વાદ્ય ઢોલ વગાડવામાં આવતું નથી.

**(3) ઘનવાદ્ય** – જે વાદ્ય પર બે હાથના આઘાત આપવાથી વાગતું હોય તેને ઘનવાદ્ય કહે છે. ટાપરા, થાળી, તાસાં, મંજીરા વગેરે ઘનવાદ્યો છે. ચૌધરી, ગામીત જાતિના લોકો ડોવળા સાથે વગાડવામાં ઉપયોગ કરે છે. થાળી તૂર સાથે વગાડાય છે.

**(૪) સુષિર વાદ્ય** – જે વાદ્યમાં સ્વરની ઉત્પત્તિ હવા કે ફૂંક દ્વારા થાય, તેવાં વાદ્યોને સુષિર વાદ્યો કહે છે. પાવરી, કાહળે, હુંબાડે, તારપું, ડોવળું, પાવો, દેવદેવળી, વહાળી વગેરે સુષિર વાદ્યો છે. ગુજરાતના અને મહારાષ્ટ્રના મોટા ભાગના આદિવાસીઓ આ સુષિર વાદ્યો વગાડે છે.

આદિવાસીઓનાં વાદ્યો વગાડવા ભારે કઠિન હોય છે. એકધારી રીતે ફૂંકવું, હાથની થાપ ઢોલ પર મારવી, આંગળીઓ સૂર માટે સતત નચાવવી, મનને એકાગ્ર કરી જે તે સૂરની ચોકસાઈ કરવી, અને એકધારી ગતિએ સતત પાંચ-છ કલાક સુધી એકસરખા લય સાથે વગાડવું એ જે તે કલાકારની જાણે જીવનની ગતિ હોય એ રીતે વગાડે છે. આદિવાસીઓનાં વાદ્યો વગાડવાની કોઈ મર્યાદા નથી હોતી. વાદ્યો – આ લોકસંગીતની વિશેષતા એ છે કે કોઈ પણ કલાકાર વગાડે ત્યારે પોતે જેટલી આવડત હાંસલ કરી હોય એ પ્રમાણે ન વાગે તો તેને ચલાવી લેતો નથી. વગાડવાવાળાને ન ગમે કે આનંદ ન થાય ત્યાં સુધી એટલે કે જ્યાં સુધી સારું ન વાગે ત્યાં સુધી સુંદર રીતે વગાડવાના એના પ્રયત્નો હોય છે. બરાબર સૂર નીકળે પછી મનભરીને પોતાને અને લોકોની ઇચ્છા એટલે કે હોંશ પૂરી ન થાય ત્યાં સુધી વગાડીને આનંદ માણે છે.

લોકવાદ્યો વગાડનારા કે બનાવનારા સમુદાયો કોઈ પ્રકારની તાલીમ મેળવતા ન હોવા છતાં તેને બનાવવાની અને તેમાંથી બોલની સ્પષ્ટતા સાથે વગાડવાની કળા અદ્ભુત હોય છે. છતાં દરેક કલાકાર પોતાની વિશેષતાઓને કારણે જે તે વર્ગ કે સમુદાયમાં પોતાની ઓળખ ઊભી કરે છે. જે તાલીમ મેળવેલા અન્ય કલાકારને પણ શરમાવે એવું કૌશલ્ય ધારણ કરે છે. આ વાદ્યો બનાવવા માટેની સામગ્રી ક્યાંથી મેળવવી? તેનો ઉપયોગ કેવી રીતે થાય છે, ને તેમાં રહેલું સાયન્સ અથવા જ્ઞાન આજે જગતને વધારે જાણવાની આવશ્યકતા છે એવું ભારપૂર્વક કહી શકાય.

આગળ આપણે વાદ્યના પ્રકારોનું વિભાજન કર્યું એ એક શાસ્ત્રીય બાબત હતી. આ સિવાય આદિવાસી વાદ્યો, પ્રસંગો અને એની અભિવ્યક્તિની રીતે વિભાગ પાડી શકાય છે. આ સાથે ઉપયોગમાં આવેલ સામગ્રીને આધારે પણ વિભાગ પાડી શકાય. આ પ્રકારના વિભાગો પાડવા કરતાં એની કલા અને સંસ્કૃતિની રીતે વિભાગીકરણ કરીએ.

કથા કહેવા સહયોગી વાદ્યો – થાળી, તંબૂરો, ઘાંઘળી અને ચૂનચૂને વગેરે.

નૃત્ય માટેનાં વાદ્યો – ટારપું, ડોવળું, ઢોલ, તૂર, માદળ, ઢોલકી, કીરચો વગેરે.

ગીત અથવા શબ્દો પ્રગટ કરતાં વાદ્યો – પાવો, ટારપું, ડોવળું, ટીંગરી, ઘાંઘળી, વાંસળી, કાહળે વગેરે.

ધાતુનો સામાન્ય ઉપયોગ કરીને બનાવાતાં વાદ્યો – થાળી, તૂરની થાળી, કાહળે, ઢાક, ચૂન ચૂને, દેવ લાકડી વગેરે.

પ્રકૃતિનાં તત્ત્વોમાંથી જ બનાવાતાં વાદ્યો – તૂર, પાવરી, ડોવળું, દેવડોવળી, ઢોલ, ઢાક, ટારપું, પાવો, વાંસળી, ઘાંઘળી વગેરે.

દેવકાર્ય માટે જ વપરાતાં વાદ્યો – દેવડોવળી, ઘાંઘળી, પાવરી, માદળ, કાઠી, ઢાક, દેવ લાકડસી વગેરે.

## આદિવાસીઓના જુદા જુદા પ્રસંગો પ્રમાણે વગાડાતાં વાદ્યો

લગ્ન – તૂર, ડોવળું, તારપું, ઢોલ, કાહળે, ઢાક, માદળ, ચૂન ચૂને અને ટીંગરી, ઢોલકી વગેરે

મરણ પ્રસંગે – તૂર, નગારું, થાળી વગેરે

સંદેશા માટે – નગારું વગાડવાની રીત પ્રમાણે લોકોને શુભ અને અશુભ એવા જુદા જુદા સંદેશ મળે છે. મરણ પ્રસંગે તીડીમ આપતા નથી. (એટલે કે બંને ડાંડી સાથે બે કે ત્રણ વખત એકસાથે નગારા પર મારવામાં આવે તેને તીડીમ કહેવામાં આવે છે.) નગારાનો ઉપયોગ પ્રાંત અને પ્રદેશ પ્રમાણે જુદાં જુદાં સ્થળોએ ઉપયોગમાં લેવાય છે.

## દેવડોવળી

ચૌધરીઓનું પવિત્ર વાદ્ય એટલે દેવની ડોવળી. એના નામથી પરિચય મળે છે કે આ એક દેવવાદ્ય છે. જે દેવપૂજા થતી ત્યારે વગાડવામાં આવે છે. દેવડોવળી દેવપૂજા માટેનું પવિત્ર વાદ્ય છે. દેવડોવળી વગાડનાર અને બનાવનાર પ્રકૃતિની ગોદમાં રહેતા પ્રકૃતિ જેવા જ ભલા, ભોળા, નિર્દોષ દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતા આદિવાસી કલાકાર છે.

દેવડોવળી દક્ષિણ ગુજરાતમાં વસતા ચૌધરી, ગામીત, કુંકણા, વસાવા, કોટવાળિયા વગેરે લોકોની પવિત્ર વસ્તુઓમાંની એક છે. દરેક જાતિના લોકોની દેવડોવળીની બનાવટ અને આકારમાં થોડો તફાવત જોવા મળે છે. આ તફાવતના કારણે એનો સૂર અને જે તે સ્થળે વગાડવાની મર્યાદાઓ પરંપરાથી જોવા મળે છે. છતાં એક વાત તો ચોક્કસ કહી શકાય કે એના મધુર સૂરથી દેવદેવી પ્રસન્ન થાય છે.

કુદરતનાં જુદાં જુદાં અંગો ભેગા કરી, કુદરતના સાન્નિધ્યમાં રહેતા અનેક કલાના કદરદાન સામાન્ય હાથવગી સામગ્રીનો ઉપયોગ કરી એને ઘાટ આપે છે. દેવડોવળીમાં બે વાંસની એક સવા ફૂટની નાની ભૂંગળીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ વાંસને પોલા કરવામાં આવે. એ ભૂંગળીઓને હવાને યોગ્ય સૂર આપવા માટે એક પર પાંચ અને એક પર ત્રણ નાનાં છિદ્રો પાડવામાં આવે છે. બે વાંસની દેવડોવળી બનાવતી વખતે જેના પર બે છિદ્ર હોય તેને જમણી તરફ અને પાંચ છિદ્રો હોય તેને ડાબી તરફ રાખવામાં આવે છે.

આ બંને વાંસની ઉપર બે નાના પીપા મૂકવામાં આવે છે. દેવડોવળીના વાંસ નાના હોવાથી તેના પર પીપા પણ નાના બેસાડવાના હોય છે. તે પ્રમાણે દેવડોવળીનો અવાજ કર્ણપ્રિય નીકળે છે. પીપા માટે નાની નરહલી મેળવવાનું કામ બહુ મુશ્કેલ હોય છે. સાથે એને ફોડવાનું એના કરતાં વધારે કારીગરી અને અનુભવનું કામ ગણાય છે. ગાંઠ વગરના વાંસને બોલતા કરવા બ્લેડથી કાળજીપૂર્વક એક નાની ચીપ કાઢવામાં આવે જેમાં હવાનું દબાણ આવતાં સ્પંદનોથી સ્વર સંભવે છે. દેવડોવળીમાં બે પીપો મૂકવામાં આવે ને બંને પીપોમાંથી જુદો જુદો અવાજ નીકળે છે.

વાંસની ભૂંગળીની ઉપર દૂધીને પોલી કરી મૂકવામાં આવે છે. એ પહેલાં દૂધીને એક જગ્યા પર નાનું કાણું પાડી એને પાણીમાં બોળી મૂકવામાં આવે પછી અંદરનો ગર્ભ કોહવાઈ જતાં તેને કાઢી નાખવામાં આવે છે. નીચે બીજી દૂધીનો અડધો ભાગ જોડવામાં આવે છે. કુંકણા, ગામીત ને કોટવાળિયા જાતિના લોકોની દેવડોવળીમાં નીચે ગાયનું શિંગડું હોય છે. પરંતુ દેવના કામ સમયે તેઓ ગાયનું શિંગડું કાઢીને વગાડે છે. આ ભાગોને જોડવા માટે ઝાડના પોલાણમાં જે મધ હોય તેનું ‘મેણ’ કાઢી તેનાથી જોડવામાં આવે છે. દેવડોવળીની દૂધી પ્રમાણસરની નાની હોય અને ઉપરની દૂધીનો આકાર સુંદર વળેલો હોય છે. તેની ફરતે મોરનાં પીંછાંથી શણગારવામાં આવે, અને નીચેની અડધી દૂધીના ભાગ સાથે તાડનાં પાતરાં મજબૂત રીતે એક પછી એક એ રીતે વીંટીને અવાજ–સૂર મોટો બને એવી ભૂંગળી બનાવવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ જે દેવોને માને છે તેમાં સૂર્ય, ચંદ્ર, ધરતી, મેઘ જેવા પ્રકૃતિના દેવો સિવાય આહિન્દો ડોગાર, દેવમોગરા, દેવલીમાડી, કાલોકાકાર, ગોવાળદેવ, ભેંડોતળાવ, કાંગરીવેલ, બણભોદેવ, ગુમ્હાયમાડી, મરકીમાતા, વાઘદેવ, કંસરીમાતા, દુધમોગરા, ગોવલીગઢ, બગનોભૂત, ચોસઠજોગણી, મસાલિયો ભૂત, કાકોબલ્લો, નાંદરવોદેવ, ભૂરીમાદણ, હોલિયોડોગાર વગેરે સ્થાનકોએ પૂજા માટે જાય છે. આ પહેલાં દરેક ગામમાં એની પૂજા કરવામાં આવે ત્યારે ડોવળીવાળો અને ભગત હોય તો જ એની પૂજા થઈ શકે. જે તે સ્થાનકે જઈ પ્રસંગને અનુરૂપ દેવડોવળીમાં ચાળા વગાડવામાં આવે છે.

દેવડોવળીને વગાડનાર જુદા જુદા ચાળા જે તે ભાષા બોલનાર પોતાની ભાષામાં વગાડે છે. નાચણાનો ચાળો, પૂજા પાતરીનો ચાળો, આશીર્વાદનો ચાળો, વાટ ઓલાવવાળો ચાળો વગેરે ચાળા વગાડવામાં આવે છે. દેવને નચાવવાનાં, બોલાવવાનાં, ધુણાવવાનાં મંત્રો, દેવનાં ગીતો વગેરે વગાડાય છે. હરખી જેવા અને ખતરાની પ્રશ્ન જેવા શુભ અને અશુભ બંને પ્રસંગોએ વગાડવામાં આવે છે.

## ડોવળું – સુષિર વાદ્ય

દક્ષિણ ગુજરાતમાં વસતા ચૌધરી આદિવાસીઓનું ડોવળું–ડોવળું નામથી ઓળખાતું ચૌધરીઓનું મુખ્ય વાદ્ય છે. ડોવળાની બનાવટ, શણગાર અને ડોવળામાં વગાડવામાં આવતા જુદા જુદા ચાળાઓમાં સંગીતકલાનાં અદ્‌ભુત દર્શન થાય છે. એની બનાવટ જોઈએ.

ડોવળું બનાવવા માટે બે વાંસની ભૂંગળી, બે કે ત્રણ મોટી દૂધી, વાંસની કોમડી, તાડનાં પાંદડાં, મેણ, શણની નાનીમોટી દોરી અને શણગાર માટે બસો-ત્રણસો મોરપીંછની જરૂર પડે છે. આ સામગ્રીમાં દૂધી અને શણની દોરી પોતાના ઘરેથી, વાંસ, તાડનાં પાંદડાં, મેણ અને મોરપીંછ આસપાસના કુદરતી પરિવેશમાંથી પ્રાપ્ત થાય છે. નોંધનીય બાબત એ છે કે ડોવળું બનાવવા માટે અકુદરતી સામગ્રીનો ઉપયોગ થતો નથી.

પ્રથમ નજીકના જંગલમાંથી પ્રમાણસરના મુઠ્ઠીમાં આવે એટલા જાડા, પાંચથી સાત વેંત લાંબા, સીધા વાંસ પસંદ કરી લાવવામાં આવે છે. સૂકા વાંસને ચાર-સાડાચાર વેંત જેટલો લાંબો, એક છેડે સરખો ગોળ અને બીજે છેડે ત્રાંસો કાપવામાં આવે છે. ગોળાકાર ભાગના ઉપરના છેડેથી બાર આંગળા નીચે પહેલું છિદ્ર, તેની બે આંગળા પછી બીજું, બીજા છિદ્રથી દશ આંગળા પછી ત્રીજું, તેના બે આંગળ પછી ચોથું, તેના બે આંગળ પછી પાંચમું અને પછી છઠ્ઠું છિદ્ર પાડવામાં આવે છે. છઠ્ઠું છિદ્ર ડોવળું વગાડવાવાળાને સૂર પસંદ પડે ન પડે તે પ્રમાણે ખુલ્લું રાખે અન્યથા મેણથી બંધ કરી દે છે. જો છઠ્ઠા છિદ્રને ખુલ્લું રાખે તો ઉપરથી ત્રીજું બંધ કરી દે છે. કોઈ કલાકાર પોતાની પસંદગી પ્રમાણે છઠ્ઠું છિદ્ર પાડતો નથી.

આ પહેલાં લાંબા વાંસના પેરાને લોખંડનો સળિયો ગરમ કરી પેરામાં અંદર નાખી ફોડી (વચ્ચે કાણાં પાડી–ભૂંગળી બનાવવી) તૈયાર કરવામાં આવે છે. આ વાંસની સાથે બીજો કદમાં નાનો પરંતુ લંબાઈમાં સરખો ગોળ પોલો નહીં એવો નક્કર વાંસ (લાકડી) કાપીને તૈયાર કરવામાં આવે છે. આમ એક મુઠ્ઠીમાં આવે એવો પોલો છિદ્રો પાડીને અને બીજો નાનો નક્કર વાંસ, એમ બે વાંસ તૈયાર કરવા પડે છે.

એ પહેલાં ઝાડના પોલાણ-બખોલમાં થતું 'કતાણું' નાની માખી ધરાવતું મધનો 'મેણ' ભેગો કરવો પડે છે. ઝાડના પોલાણમાં મધ ઘણા સમયથી હોવાને કારણે નાનામોટા ઘણા પૂળા હોય છે. પૂળામાંથી મધ બહાર કાઢી લીધા બાદ જે ભાગ રહે તેમાંથી 'મેણ' બને છે. આજે જંગલ ઓછાં થવાથી આ પ્રકારનું મેણ મળવું મુશ્કેલ બન્યું છે. મધનું 'મેણ' ન મળે તો બીજા કુદરતી તત્ત્વોમાંથી બનાવવામાં આવે છે.

ડોવળાનો સૌથી મહત્ત્વનો ભાગ અથવા પ્રાણ તે પીપું, પીપું માટે નદીકિનારે થતી નળહીલી જે પાતળી અને પોલી હોય છે એ ન મળે તો આંગળી જેટલા જાડા વાંસની એક પેર (વચ્ચે ગાંઠ ન હોય એવો અડધાથી પોણો ફૂટ લાંબા વાંસના નાના ટુકડા)ની જરૂર પડે છે. જેને ચૌધરીઓ 'નરહીલી'ના નામથી ઓળખે છે. નરહીલીને ઉપરથી એક આંગળીની નીચે કાપ મૂકી ચારથી છ આંગળ જેટલી લાંબી પીપી ફોડવામાં આવે છે. પીપાની ફોડેલી જીભ હવાના દબાણથી સ્પંદિત થાય તેવી પાતળી હોય છે. પીપું ફોડવાનું કામ કાળજીપૂર્વક કરવું પડે, જો પીપું બરાબર ન ફૂટે તો

અવાજ  ન નીકળે. વધારે મોટી અને લાંબી જીભ ફૂટી જાય તો, નીચેની તરફ છેલ્લે સૂતરથી બાંધી જરૂરિયાત પ્રમાણે દોરો ઉપર–નીચે કરવાથી સૂરને ઊંચો–નીચો કરી શકાય  છે. ટારપા ઉપર બેસાડતાં પહેલાં કલાકાર પીપું ફૂંકીને સૂર કેવો નીકળે છે તેની ખાતરી કરી લે છે. પીપું ટારપું(પોલો વાંસના ગોળ પોલાણમાં હવા ન નીકળે એવી મજબૂત રીતે બેસાડવામાં આવે. કલાકાર કર્ણપ્રિય મનગમતો અવાજ નીકળે ત્યાં સુધી જુદી જુદી રીતે પોતાના અનુભવ પ્રમાણેના સૂરને વારે પછી પીપાને બેસાડે છે.

ડોવળાનો મુખ્ય ભાગ તૈયાર થયા પછી પીપું બેસાડવામાં આવે છે. આ ભાગ મેણ વડે જોડવામાં આવે છે. હવે દૂધીને તૈયાર કરીને દૂધી એટલે "નવય્" દૂધી તૈયાર કરવાની પ્રક્રિયામાં એક અઠવાડિયાનો સમય નીકળી જાય છે. પાકી દૂધીને ત્રણ–ચાર દિવસ સુધી પાણીમાં બોળી રાખવામાં આવે છે. એક તરફ કાપીને કોહવાયેલો અંદરનો ભાગ કાઢી નાંખવાથી દૂધી પોલી બની જાય છે. પોલી દૂધીને ચૌધરીઓ "નવય્" નામથી ઓળખે છે. "નવય્"ના કાપેલા ભાગથી ચાર આંગળ ઉપર બે–ત્રણ ઇંચ વ્યાસ ધરાવતું છિદ્ર પાડવામાં આવે છે. જ્યાં દૂધીનો એક–દોઢ ઇંચ લંબાઈ ધરાવતો ભાગ ફૂંકવા માટે મેણથી જોડી જોડવામાં આવે છે.

ટારપા-વાંસની સાથે નીચે બે–અઢી ફૂટ લાંબો બંને તરફ પોલો હોય તેવો દૂધીનો ભાગ ત્રાંસો કરી મેણથી જોડવામાં આવે છે. જેની સાથે 'હાકે' તાડનાં પત્તાં ગોળ ગોળ અડધા ફૂટના વ્યાસવાળી ભૂંગળી બને એ રીતે એક પછી એક બે-ત્રણ ફૂટની લંબાઈ સુધી મજબૂત રીતે વીંટવામાં આવે છે. તાડનાં પત્તાં મજબૂત રહે તે માટે ત્રણ પાતળી વાંસની કામડી બાંધવામાં આવે છે.  આ રીતે તૈયાર થયેલા ભાગને 'ધૂતરો' નામથી ઓળખવામાં આવે છે. દોરીથી ટારપા સાથે બાંધીને 'ધૂતરો'ને મજબૂત કરવામાં આવે છે. નાચતી વખતે ડોવળાના ભાગો છૂટા ન પડે એ રીતે બાંધી, હવા ન નીકળે એ રીતે મેણથી જોડી ચૌધરીઓનું પ્રિય વાદ્ય ડોવળું તૈયાર કરવામાં આવે છે. સૂરથી સુંદર બનેલા ડોવળાની બાહ્ય સુંદરતા માટે "નવય્"ની ઉપરના ભાગે ત્રણસો–ચારસો મોરનાં પીંછાંને ગૂંથીને બાંધવામાં આવે છે. વગાડતી વખતે ડોવળું હાથમાં બરાબર પકડાઈ રહે અને આંગળા જે છિદ્ર પર બરાબર પડે – ગોઠવાય તે રીતે ઉપરની દૂધીની ચાર આંગળ નીચે દોરી બાંધવામાં આવે છે. આ દોરી વગાડનાર ડોવળાને ગળામાં બાંધે છે.

ડોવળું તૈયાર થયા પછી સૌથી મહત્ત્વનું કામ તે ડોવળું ફૂંકવા માટે શક્તિ – હવાની જરૂર પડે છે. ડોવળું વગાડનારે એકસાથે બે કામ – એક ફૂંકવાનું અને બીજું શ્વાસ લેવાનું, એકીસાથે કરવાનાં થાય છે. જેને 'દમ ઘૂંટવો' કહેવામાં આવે છે. દમ ઘૂંટવાનું કામ ગમે તે માણસ કરી શકતો નથી. દમ ઘૂંટવાની પ્રક્રિયા સતત ત્રણ–ચાર કલાક, નાચવાવાળા થાકે ત્યાં સુધી ચાલે છે.

દરેક વાદ્યમાં સૂર બેસવો જોઈએ. તો જ વાદ્ય બરાબર વાગે છે એમ કહેવાય. ડોવળામાં પાતળો, જાડો, મોટો, નાનો વગેરે મનપસંદ સૂર નીકળે તે માટે વગાડનાર જુદા જુદા પ્રયોગ કરે છે. 'ધૂતરા'ની લંબાઈ વધારીને અથવા ઘટાડીને, પીપા પર મેણનું ગોળ ટપકું મૂકીને, પીપા પર સૂતરનો દોરો બાંધી ઉપર–નીચે કરીને અને ટારપાનું ત્રીજું અથવા છઠ્ઠું છિદ્ર બંધ કરવાથી મનગમતા સૂર કાઢી શકાય છે.

ડોવળું સમૂહ વાદ્ય છે. ડોવળા વગાડવાવાળાનો એક નાનો સમૂહ હોય છે. જેમાં એક–બે ડોવળું વગાડવાવાળા, એક ટારપું વગાડવાવાળો, પાંચ–છ તાસાં વગાડવાવાળા અને બીજા નાચવાવાળા હોય છે. તાસાવાળા અને ડોવળું વગાડવાવાળા બધા જ એકતાલ અને લયમાં જુદા જુદા અંગમરોડ અને હાથપગની જુદી જુદી કળાઓથી આનંદથી ઝૂમી ઊઠે છે. જેમાં થોવરાં જ થોચ્યં, હોલકારો ચાલો, ભાજઅં... ખગદં, દાહલી ઓરો, પારાહા

પીપળી, વારજશ્ચ ટાહ્યો, ઉચ્ચો ટાન્યો, ડોહી હીદવો, ઉમરો, ચાનતો ચાળો વગેરે જુદા જુદા ચાળાઓ વગાડે છે. ડોવળાના ચાળાની સાથે નાચવાવાળાની આનંદની ચિચિયારીઓ અને કિલકારીનો અવાજ દૂર સુધી સંભળાય, જે દરેકને નાચવા લલચાવે છે. જુદા જુદા ચાળા વાગે ત્યારે યુવા હૈયાં મોર અને ઢેલની જેમ ચાળા પ્રમાણે નૃત્ય કરવા લાગે છે. જે આખી રાત ચાલે ને લગ્ન હોય તો બીજા દિવસે લગ્ન પૂરાં થાય ત્યાં સુધી વાગે છે.

## ટારપું

આનંદ અવસરને વધાવવા અને થાકને હળવો કરવા વગાડાતું એક વાદ્ય 'ટારપું'. ચૌધરીઓ આ વાદ્ય મુક્ત મનોરંજન માટે વગાડે છે. આ વાદ્યનો ઉપયોગ સામૂહિક અને વ્યક્તિગત બંને રીતે થાય છે. ટારપું સામૂહિક અને એકલો માણસ વગાડીને મનોરંજન કરે છે. ગોવાળનું આ પ્રિય વાદ્ય છે.

ટારપાની બનાવટ એકદમ સરળ છે. કુદરતના ખોળેથી સુગમ રીતે મળતી વસ્તુઓ ભેગી કરી કલાકાર કલાત્મક આકાર આપે છે. એમાં સુંદર નાજુક નમણી નાર જેવી વાંસની દોઢ–બે ફૂટની મધ્યમ કદની ભૂંગળી. એની વચ્ચેની ગાંઠને હવા આરપાર નીકળે એ રીતે પોલી બનાવવામાં આવે છે. આ વાંસને યોગ્ય સૂરમાં ઢાળવા માટે પાંચ નાનાં છિદ્રો પાડવામાં આવે છે. તેની ઉપરના ભાગે વાંસની જ એક નાજુક ગાંઠ વગરની નાની ત્રણ ઇંચની ચીપ મૂકવામાં આવે છે. જેના ઉપરના ભાગને મેણથી બંધ કરવામાં આવે છે. તેની બાજુમાંથી નાની ચીપ કાઢવામાં આવે છે. જે હવાનું દબાણ થતાં સ્પંદન-ગુંજી ઊઠે છે. આ ગુંજનને પાંચ છિદ્રો પર આંગળીઓની કળાથી યોગ્ય સૂર આપવામાં આવે છે.

વાંસની ભૂંગળી ઉપરના ભાગે એકાદ વેંત તાડનાં પાંદડાં મજબૂત રીતે ગોળાકાર ભૂંગળી બને એ રીતે વીંટવામાં આવે છે. એ જ રીતે નીચેના ભાગે બે–ત્રણ ફૂટ લાંબી ગોળાકાર ભૂંગળી બને એ રીતે 'હાકે' તાડનાં પાંદડાંની પટ્ટી વીંટવામાં આવે છે. ઉપરના ભાગે વીંટેલ તાડની પટ્ટી ફૂંક મારવામાં ઉપયોગી થાય છે. જ્યારે નીચેની પટ્ટીઓ અવાજને મોટો કરવા ઉપયોગી થાય છે. સાથે આ બંને તરફની તાડની પટ્ટીઓ ટારપાની સુંદરતામાં વધારો કરે છે. ટારપું વાદ્યને ગાયોનો ગોવાળ બેહદ પસંદ કરે છે.

ટારપાના સૂરમાં દરેક વાત વગાડીને કહેવામાં આવે છે. જે વાત જાહેરમાં કહેવામાં આવે તો પણ જે સમજે તેને જ ખબર પડે છે. મનની બધી જ વાત ટારપામાં કહી શકાય છે. એના સૂરમાં સમજનાર સમજે પછી તો... મસ્તીની બહાર... કોઈ પણ પ્રસંગે ટારપાને વગાડવામાં આવે તો ટારપાનો સૂર વાતાવરણને રંગીન બનાવી દે છે.

## ડોવાળ – ગામીત

દક્ષિણ ગુજરાતમાં વસતા ગામીત જાતિના લોકો ડોવાળ બનાવવા માટે એક પોલો અને એક નક્કર વાંસ, અઢી-ત્રણ ફૂટ લાંબો, મેણ, બળદ અથવા ભેંસનું શિંગડું, તાડનાં પાંદડાં, દોરી, શણગાર માટે બલ્બ જેવી સામગ્રી ભેગી કરીને બનાવે છે. પ્રથમ પ્રમાણસરનો ઘેરાવનો સીધો પાંચથી સાત વેંત લાંબો અને પોલો હોય એવો વાંસ પસંદ કરી કાપીને લાવવામાં આવે છે. એની સાથે બીજો એટલી જ લંબાઈ ધરાવતો પ્રમાણસરનો નાનો પરંતુ નક્કર વાંસની જરૂર પડે છે. સાથે એક નાની નરહીલી એટલે કે સુંદર છતાં પ્રમાણસરનો આંગળી જેટલો જાડો એક ફૂટની લંબાઈનું એક પેરું વાંસ પીપું બનાવવા માટે જરૂર પડે છે.

જંગલમાંથી લાવેલા સૂકા વાંસને ચાર-સાડાચાર વેંત જેટલો લાંબો, એક છેડે સરખો ગોળ અને બીજા છેડે ત્રાંસો કાપવામાં આવે, સરખા ગોળ કાપેલા છેડેથી બાર આંગળ નીચે પહેલું છિદ્ર, તેના બે આંગળ પછી બીજું, બીજા છિદ્રથી દશ આંગળા

પછી ત્રીજું, તેના બે આંગળ પછી ચોથું, તેના બે આંગળ પછી પાંચમું અને પછી છઠ્ઠું છિદ્ર પાડવામાં આવે છે.

આ બનાવનાર પહેલાં લાંબા વાંસના પેરાને સળિયાને ગરમ કરી પેરા વચ્ચે કાણાં પાડી (ફોડી-ભૂંગળી બનાવી – વાંસના પેરાની ગાંઠ વચ્ચે કાણાં પાડીને) તૈયાર કરવામાં આવે છે. એની સાથે બીજો માપસરની ઘેરાઈવાળો ગોળ મોટા જેટલો જ લાંબો પરંતુ પોલો નહીં એવો નક્કર અને નાનો વાંસ કાપીને તૈયાર કરવામાં આવે છે.

આગળ આપણે ચૌધરી ડોવળામાં પિપું ફોડ્યું તે રીતે જ પીપું ફોડવામાં આવે છે. વાંસની ઉપરથી એક આંગળીની નીચે કાપ મૂકી ચારથી છ આંગળ જેટલી લાંબી ચીપ ફોડવામાં આવે. આ ચીપ હવાના દબાણથી સ્પંદિત થાય તેવી રીતે કાઢવામાં આવે. જેને ઘસીને યોગ્ય અવાજને નાનો–મોટો કરી શકાય. આ બહુ જ કાળજી અને અનુભવનું કામ હોય છે. વધારે મોટી અને લાંબી ચીપ નીકળી જાય તો છેલ્લે નાના દોરાથી ચીપ ટૂંકી કરવા બાંધવામાં આવે છે. જરૂર જણાય ત્યાં વગાડવાવાળાની આવડત અને સૂરની પસંદગી પ્રમાણે લાંબા પીપા પણ બનાવીને પોલા વાંસના ગોળ સરખા કાપેલા ભાગ પર વાંસના પોલાણમાં બેસાડવામાં આવે. તેના પર જરૂર જણાય તો મેણ લગાવી હવા ન નીકળે એ રીતે બેસાડવામાં આવે છે. બરાબર બેસાડ્યા પછી કેવો સૂર નીકળે છે, તે ચકાસીને તેની ચીપ નાની–મોટી કરવામાં આવે છે. કર્ણપ્રિય મનગમતો અવાજ નીકળે ત્યાં સુધી કલાકાર જુદી જુદી રીતે પોતાના અનુભવ પ્રમાણે ગોઠવતો હોય છે.

ડોવળાનો મુખ્ય ભાગ તૈયાર થયો તેમાં ત્રાંસા કાપેલા વાંસની સાથે નીચે આગળ રહે એ રીતે બળદ અને ભેંસનું શિંગડું બાંધવામાં આવે છે. આ શિંગડાની આગળ લંબાઈ વધે એ રીતે 'હાકે' તાડનાં પત્તાં ગોળ ગોળ અડધા ફૂટનો વ્યાસવાળી ભૂંગળી બને એ રીતે એક પછી એક વીંટતાં બે–ત્રણ ફૂટ લાંબી ભૂંગળી બને એ રીતે વીંટવામાં આવે છે. આ ભાગ ડોવાળના સૂરને મોટો કરે છે.

દૂધીનો ઉપરનો ભાગ હવાના સંગ્રહ માટે અને નીચેનો ભાગ ડોવાળના સૂરને મોટો કરવા માટે લગાડવામાં આવે છે. જે હવાનો સંગ્રહ કરે અને સૌંદર્ય વધારે. તેની ઉપર જૂના રંગીન બલ્બ બાંધવામાં આવે, જે ડોવાળની સુંદરતામાં વધારો કરે છે. વગાડતી વખતે ડોવળું બરાબર હાથમાં પકડાઈ રહે અને આંગળા જે તે જગ્યાએ બરાબર છિદ્ર પર પડે – ગોઠવાય તે માટે ઉપરના ભાગે ચોંટાડેલ દૂધીની ચાર આંગળ નીચે દોરી બાંધવામાં આવે છે. દોરીના બીજે છેડે ગાળિયો બનાવવામાં આવે જે ગાળિયામાં વગાડવાવાળો હાથ ભેરવી લે છે. વગાડવાવાળો ડાબેરી અને જમણેરી હોય તે પ્રમાણે ઉપરનાં બે અને નીચેનાં ત્રણ છિદ્ર પર હાથની આંગળીઓથી જુદા જુદા ચાળા વગાડે છે.

ડોવળું તૈયાર થયા પછી સૌથી મહત્ત્વનું કામ તે વગાડવાની શક્તિ. ડોવળું ફૂંકવા માટે ઘણી શક્તિ અને પરિશ્રમ કરવો પડે છે. ડોવળું સતત વાગતું રહે તે માટે એક તરફ ફૂંકવાનું કામ અને બીજી તરફ હવા એટલે કે શ્વાસ લેવાનું કામ કરવાનું થાય છે, જેને 'દમ ઘૂંટવો' એવું કહેવામાં આવે. દમ ઘૂંટવાનું કામ ગમે તે માણસ કરી શકતો નથી, અમુક જ લોકોને આ પ્રકારની મહારથ હોય છે. ને એ ડોવળું સતત ત્રણ–ચાર કલાક અને આખી રાત વગાડ્યા કરે. ડોવળામાં પણ વગાડનાર વરાડ્યો ચાળો, કદણિયો ચાળો, બાજી ઘાટિયો ચાળો, તીરહાડી ચાળો, ફૂકડા ચાળો, વ્યારા ચાળો, પોપડિયો ચાળો, હોળી ચાળો, દેડકા ચાળો, કુટણિયો ચાળો વગેરે જુદા જુદા પ્રકારના ચાળા વગાડાય છે.

## પાવરી – કુંકણા

ગુજરાત અને મહારાષ્ટ્રમાં વસ્તા કુંકણા, ભીલ, વારલી, પાવરા વગેરે આદિવાસીઓનું પાવરી પ્રિય વાદ્ય છે. આ વાદ્ય ચૌધરી, ગામીત

અને વસાવા જાતિના લોકો દેવડોવળી, દેવાહાય ડોવળીના પ્રકારનું જ વાદ્ય છે. પાવરી બનાવવા માટે બે વાંસ, લંબગોળ તુંબડો અથવા લંબગોળ દૂધી, ગાય, બળદ અથવા ભેંસનું શિંગડું, શણગાર માટેની સામગ્રી જેમાં મોરનાં પીછાંની વચ્ચેથી ડાંડીને વાળી ગોળાકાર બનાવેલો ઝૂમખો વગેરેનો ઉપયોગ થાય છે.

બીજા સુષિર વાદ્યની જેમ જ બે નાના વાંસને પહેલા લોખંડના કોઈ સળિયા જેવા અણીદાર ભાગને અગ્નિમાં ગરમ કરી વાંસના પોલા ભાગમાં નાખી અંદરની ગાંઠને આરપાર હવા નીકળે એ રીતે બંને વાંસને પોલી કરવામાં આવે છે. આ પ્રકારના સળિયાથી એટલે કે ભૂંગળી બનાવી બંને પર એક એક પીપું મૂકવામાં આવે છે. દરેક ભાગને જોડવા કોતીના મધના મેણનો ઉપયોગ કરવામાં આવે છે. મેણથી દરેક વાદ્યના જુદા જુદા ભાગને મજબૂત રીતે જોડી શકાય છે.

પાવરી મોં વડે ફૂંકીને વગાડવામાં આવે છે. બંને ભૂંગળીના પીપા પ્રમાણે જુદા જુદા સૂર નીકળે છે. સૂરને નાનો–મોટો કરવા માટે એના પર લગાડવામાં આવેલ મેણથી છિદ્ર નાનું–મોટું કરવાથી સૂર નાનો–મોટો થઈ શકે છે. સાથે કલાકારની ફૂંકવાની શક્તિ પ્રમાણે છિદ્રોને નાના–મોટા કરી શકાય છે. આ બધી જ બાબતો જે તે વગાડનાર કલાકારની આવડત અને અનુભવ પર આધારિત હોય છે.

સામાન્ય રીતે પાવરી દેવકાર્યમાં વગાડવામાં આવે છે. આ વાદ્યનો સૂર રાત્રિના વાતાવરણને ભક્તિવાહી બનાવે છે. પાવરીમાં દેવની સ્તુતિ, મંત્રો, ભગતને સૂર ચઢાવવા માટે અને પૂજા વખતે જરૂરી હોય છે. પાવરીમાં દેવના ચાળા વગાડવામાં આવે છે. ભગત જે મંત્રો કે પૂજા કરતો હોય તે સમયે જે મંત્ર બોલે છે તે રીતે પાવરીવાદક તે પ્રમાણેના ચાળા વગાડે છે. માવલી, ડુંગરદેવ, વાઘદેવ કે અન્ય પૂજામાં પાવરકર એટલે કે પાવરી વગાડનારાનું મહત્ત્વ વિશેષ હોય છે.

પાવરી બનાવવા પ્રકૃતિનાં તત્ત્વો એટલે કે જંગલની પેદાશમાંથી જ મેળવવામાં આવે છે. વાંસ (માનવેલ વાંસ), તાડનું પાન, ઝાડની બખોલમાં થતું એક નાની માખીવાળું મધના પોળમાંથી નીકળતો પદાર્થ જેને આદિવાસીઓ મેણ નામથી ઓળખે છે. (કુંકણા લોકો એને કોંતેના મધ તરીકે પણ ઓળખે છે.) આ મધની લાક્ષણિકતા એ છે કે આ મધ અમુક ચોક્કસ સમયગાળા પૂરતું જ હોતું નથી પણ વર્ષો સુધીનું ભેગું થયેલું હોય છે. મેણનો એક વખત ઉપયોગ થયા પછી ફરીથી તેનો ઉપયોગ થોડી ગરમી આપ્યા પછી થઈ શકે છે. આગળના જેવી જ ચીકાશ અને સખતાઈ હોય છે અને તેનો વારંવાર ઉપયોગ થાય છે.

પ્રથમ પાવરીની બનાવટ માટેનો આકાર નિશ્ચિત કરવાનો હોય છે. તેની જાડાઈ, પહોળાઈ, લંબાઈ યોગ્ય હોવી જોઈએ. માપ કલાકારની કલા પ્રમાણે નક્કી થાય છે. દૂધીના નીચેના ભાગ ઉપર કાપ મૂકીને તેની અંદરની બિનજરૂરી વસ્તુઓ બી, તેમાં રહેલું જાળું, કચરો કાઢીને સાફ કર્યા બાદ ફરી સૂકવવામાં આવે છે. આ દૂધીનો વળાંક પૂરો થાય તેના નીચેના ભાગમાં પાંચથી છ ઇંચના ગાળામાં ફૂંક મારવા માટે એક ગર (કાણું) પાડીને તેના ઉપર વાંસની ભૂંગળી આશરે એક ઇંચના ગોળાકારમાં અને દોઢ ઇંચ લંબાઈમાં ગોઠવવામાં આવે છે. આ ભૂંગળી ફૂંક મારવા માટે મૂકવામાં આવે છે.

વાંસમાંથી પાવા બનાવવા માટે બે નળીની જરૂર પડે છે. આ નળી માટે એ ધ્યાન રાખવું પડે કે તે વાંસ બેથી ત્રણ વર્ષના પાકા હોય. પાકા હોવાથી તે સંકોચાતા નથી. આ પાવા ઉપર જમણી બાજુના પાવા પર પાંચ કાણાં અને ડાબી બાજુ પાવા પર ત્રણ કાણાં પાડવામાં આવે છે. પાંચ કાણાં ઉપર વગાડનાર આંગળી દબાવીને વિવિધ સૂર નિષ્પન્ન કરતો હોય છે. વાંસની નળીના ભાગે છેડા પર પાવી મૂકવામાં આવતી હોય છે. આ પાવી વાંસમાંથી અથવા પવેડામાંથી બનાવવામાં

આવે છે. પવેડા એટલે કે ચોમાસાની ઋતુમાં ઊગી નીકળતો છોડ, કે જેનાં પાન લંબગોળ આકારનાં હોય છે. જેને કુંકણા(તરુટા)ના નામથી ઓળખે છે. આ પાવી બનાવવા વાંસ કે પવેડાની નળી ઉપર બ્લેડથી યોગ્ય કાપ મૂકીને સૂતરથી બંધ કરી દેવામાં આવે.

પાવીની નીચેના છેડે ગાય અથવા બળદનું શિંગડું લગાવવામાં આવે છે. જમણું શિંગડું વધુ અનુકૂળ હોવાથી બનાવનાર વધુ પસંદ કરે છે.

પાવરીના સુશોભન માટે ઉપરના ભાગે મોરનાં પીંછાં બાંધવામાં આવે છે. ચૌધરી, ગામીત, વસાવા અને કોટવાળિયા જાતિના લોકોની ડોવળી આ પ્રકારની સામગ્રીમાંથી બને છે. ગાયના શિંગડાંની જગ્યાએ દૂધીનો ભાગ લગાડી તેના પર તાડનાં પાંદડાં વીંટવામાં આવે છે.

## તારફા–તારપું

દક્ષિણ ગુજરાતમાં કુંકણા અને વારલી, ભીલ, કોટવાળિયા વગેરે જાતિના લોકો સામાજિક અને ધાર્મિક પ્રસંગે તારફા કે તારપું આનંદના, ધાર્મિક પ્રસંગે દેવને રીઝવવા અને સામાજિક પ્રસંગે કે વ્યક્તિગત પ્રસંગે જીવન-આનંદની અભિવ્યક્તિએ વગાડે છે. આદિવાસીઓના જીવનચક્રમાં ધાર્મિક પ્રસંગોનું અનેરું મહત્ત્વ રહ્યું છે. વાર્ષિક ઋતુચક્ર પ્રમાણે ચોમાસામાં વરસાદ શરૂ થાય ને લીલો ચારો–પાન નીકળે ત્યારે ટેરાસનની (ટેરા – જંગલી પાતરાં અને સન – ઉત્સવ) પૂજા વખતે, બારસ, તે પહેલા વરસાદમાં તારપું ડુંગરદેવ, માવલી, વાઘદેવ, ટેરાસન વગેરેની પૂજા વખતે અનિવાર્ય બની જાય છે. કુંકણા, વારલી, ભીલ વગેરે જાતિના લોકોની વસતી હોય ત્યાં એક ગામમાં એક કરતાં વધારે વાદ્યો હોય છે. માવલી કે ડુંગરદેવ પૂજાના પ્રસંગોએ એકસાથે ઘણા તારપા વાગે ત્યારે સંગીતમય બનતો માહોલ આખા પરિવેશને એકસૂરમાં સાંકળે છે. તારફા અને પાવરીની બનાવટ પ્રમાણમાં સરખી હોય છે. બંનેના આકાર જુદા હોવાથી એના સૂરમાં તફાવત જોવા મળે છે. સાથે પ્રદેશ પ્રમાણે પાવરી અને તારફા બંને નામો સામાન્ય રહ્યાં છે. માટે આપણે પાવરી વિશે વધુ જોઈએ.

## કાહળે : કુંકણા, વારલી, રાઠવા અને બારિયા

કાહળે દક્ષિણ ગુજરાતમાં, ડાંગમાં કુંકણા, વારલી અને ઉત્તર ગુજરાતમાં બારિયા જાતિના લોકો આ વાદ્ય સંગીતના સૂર રેલાવવા માટે વગાડે છે. ફૂંકીને વગાડાતું હોવાથી કાહળે સુષિર વાદ્ય કહી શકાય. કાહળે માટે નીચેના ભાગે જોડવામાં પિત્તળ ધાતુનો ગોળાકાર ભાગ બજારમાંથી ખરીદવામાં આવે છે. પિત્તળનો આ ભાગ નીચે ત્રણ-ચાર ઇંચની વ્યાસવાળો હોય જે ધીરે ધીરે સાંકળો અને ઉપરના ભાગે એક ઇંચ જેટલો ગોળાકાર બની રહે જેવો ઘાટ હોય છે. તેની ઉપર વાંસ અથવા સીસમ કે અન્ય લાકડાની બે વેંત જેટલી લાંબી ભૂંગળી મૂકવામાં આવે છે. ભૂંગળી સુથાર પાસે સુંદર ઘાટ આવે એ રીતે તૈયાર કરાવે છે.

આ ભૂંગળીને પિત્તળના ધાતુના ભાગ સાથે યોગ્ય મજબૂત રીતે બેસાડવામાં આવે છે. ભૂંગળીનો ઉપરનો ભાગ નાનો અને નીચેનો ભાગ પ્રમાણસરનો મોટો ગોળાકાર હોય છે. નીચેનો ભાગ ધાતુના ઉપરના ભાગે મજબૂત રીતે બેસાડવામાં આવે છે. ભૂંગળીના ઉપરના ભાગે ધાતુની એક ઇંચ જેટલી લંબગોળ રિંગ બેસાડવામાં આવે જેથી ભૂંગળી મજબૂત બની રહે. તેની ઉપર તાડનાં પાંદડાંમાંથી બનાવેલ પીપી મૂકવામાં આવે છે.

પીપી બનાવવાની કલા અને કલ્પના અદ્‌ભુત કહી શકાય એવા પ્રકારની છે. બે–ત્રણ આંગળી જેટલા લાંબાં તાડનાં પાંદડાં ઉપરના ભાગે ચપટાં રહે અને નીચે ગોળાકાર નાની ભૂંગળી બે એ રીતે સૂતરથી બાંધવામાં આવે છે. તાડનાં પાંદડાં ઉપરના ભાગે અર્ધવર્તુળાકાર કાપી પીપી તૈયાર કરવામાં આવે છે. છતાં મજબૂત રીતે બાંધવામાં આવે. પછી એકસાથે ગોઠવે. કાહળેના

બજારમાં, લાકડાની લાંબી ગોળ ભૂંગળી, તેની બનાવટ સામાન્ય પ્રકારે જંગલમાંથી મળતી વન્ય પેદાશોમાંથી બને છે. આ એક પ્રકારનું શહેનાઈ વાદ્ય જેવું જ છે. પરંતુ અહીં બે પ્રકારના જુદા જુદા નર અને નારીથી ઓળખાતા હોય એવા બે પ્રકારની લાંબી ભૂંગળી હોય છે. નર કાહળે નારી કરતાં પ્રમાણમાં મોટા આકારનું હોય છે. જ્યારે નારી નર કરતાં થોડા નાના આકારનું હોય છે.

નર કાહળેમાંથી વગાડનાર વ્યક્તિ એકસરખો સૂર કાઢે છે અને નારી વગાડનાર જુદાં જુદાં ગીતો વગાડે છે. નર અને નારી બંને એકસાથે વગાડવામાં આવે છે. નર અને નારીના પીપા પ્રમાણમાં એકદમ કળી ન શકાય એવા નાના–મોટા હોય છે. નર કોહળમાંથી મોટા અને નારી કોહળનો અવાજ થોડો નાનો કે પાતળો હોય છે. વગાડનાર ચાળા પ્રમાણે વારાફરતી અથવા બંને સાથે વગાડવામાં આવે છે.

## વાંસળી

આદિવાસીઓનું એક સામાન્ય વાદ્ય તે ટારપું અને બીજું વાંહલી. વાંહલી, પાવો, મહોવર પાવો, પીસવો એવાં જુદાં જુદાં નામો અને બનાવટમાં થોડો ફેરફાર જોવા મળે છે. વાંહલી, પાવો, પીસવોની લાક્ષણિકતા એ છે કે તે વાંસની એક ગોળ ભૂંગળીને પાંચ છિદ્રો પાડીને બનાવવામાં આવે છે. આ વાદ્યની લંબાઈ કલાકાર પોતાની રીતે દોઢ વેંતથી લઈને બે વેંત એવા જુદી જુદી લંબાઈના હોય છે. સામાન્ય રીતે વાંસનો વ્યાસ 2.5 સે.મી. જેવો હોય છે. નાનાં બાળકો પોતાના માટે પીહવો બનાવે તો તેનો આકાર નાનો અને વડીલો પાવો બનાવે ત્યારે તેની પહોળાઈ અને લંબાઈ ઘણી હોય છે. મહોવર પાવામાં વાંસની ઉપરના ભાગની એક પેર ફોડવામાં આવતી નથી. એ પેરની નીચે એક ગોળ નાની ભૂંગળી છિદ્ર પાડીને ઉપરથી બેસાડવામાં આવે છે. વગાડતી વખતે તેને થોડી ત્રાંસી કરીને વગાડવામાં આવે છે.

પહેલા સુંદર પોલો વાંસ પસંદ કરવામાં આવે, તેના પેરા હવા એકસરખી રીતે નીકળે એ રીતે ફોડવામાં આવે છે. પછી તેના પર પાંચ છિદ્રો પાડવામાં આવે છે. પોલા વાંસની મોટી બાજુ વાંસને પ્રમાણસરનો અણીદાર હોય એવો કાપવામાં આવે છે. આ ભાગમાં નાનું છિદ્ર રહે એ રીતે લાકડાનો નાનો ટુકડો અણીદાર વાંસ કાપ્યો હોય એ રીતે કાપીને નાનું છિદ્ર રહે એ રીતે બેસાડવામાં આવે છે. નાના છિદ્રને કારણે મોઢામાંથી હવા ફૂંકવાથી સુંદર સૂર નીકળે છે. આ સૂરમાં પોતાના મનમાં હોય એવો ગીતોનો લય આપવા માટે પાંચ છિદ્રો પર એ રીતે એક પછી એક આંગળીઓથી હવા-સૂરને લયમાં ફેરવવામાં આવે છે.

## અનવદ્ય વાદ્યો

### માદળઃ કુંકણા

પશ્ચિમ ભારતનું રાજ્ય ગુજરાતની દક્ષિણે આવેલ પ્રાંતને દક્ષિણ ગુજરાતના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રદેશની આદિવાસી જાતિઓ પૈકીની એક કુંકણા જાતિની દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, વલસાડ, તાપી, ગુજરાતની સીમા સાથે જોડાયેલ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાં કુલ ૯,૦૧,૬૯૧ની વસ્તી છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર પશ્ચિમ મહારાષ્ટ્રમાં થઈને વસતા કુંકણાઓનું પવિત્ર વાજિંત્ર માદળ છે.

માદળ અવનદ્ધ વાદ્ય છે. લંબગોળ લાકડાને પોલું કરી તેના પર ચામડું ચઢાવી તૈયાર થતા માદળની સરેરાશ લંબાઈ છત્રીસથી લઈને ચાળીસ ઇંચની હોય છે. દસ ઇંચ જેટલો વ્યાસ ધરાવતો લાકડાનો ટુકડો સેવન, બિયું, કળમ અથવા સાગના લાકડામાંથી લઈ બનાવવામાં આવે છે. માદળ બનાવવાની પ્રક્રિયા શ્રમ માંગી લે છે. આ ચાર પૈકી કોઈ એક ઝાડના આશરે ત્રણ–સાડાત્રણ ફૂટનો લંબગોળ તિરાડ ન હોય એવા ટુકડાની પસંદગી કરવામાં આવે છે. લાકડાના ટુકડાને માદળ બનાવનાર તેને પોલું બનાવી ઘસીને તૈયાર કરે

છે. લંબગોળ ભાગની બંને બાજુ ઢોરનું ચામડું ચઢાવવામાં આવે, કુંકણા માતૃભાષામાં તેને ‘ઘોદ’ કહે છે. માદળ ઉપર ચામડાને ચઢાવવા માટે દોરીની જરૂર પડે છે. આ દોરીઓ પણ ચામડામાંથી જ તૈયાર કરવામાં આવે છે. આ દોરીઓ વડે માદળના બંને બાજુના ચામડાનાં પડ(પાના)માં ગોળ ધાર પર કાણાં પાડીને તેમાં ભેરવી દેવામાં આવે છે. ત્યાર બાદ ખેંચીને મધ્યભાગમાં સખતાઈપૂર્વક બાંધી તંગ કરવામાં આવે છે.

માદળના અવાજને સુમધુર બનાવવા માટે ચામડાની બહારની પરખ ઉપર મેણ લગાડવામાં આવે છે. (ઝાડની બખોલમાં  નાની માખીવાળું મધના પૂળામાંથી નીકળતો એક પદાર્થ એટલે મેણ. કુંકણાઓ એને કોંતેના મધના મેણ તરીકે ઓળખે છે.) મધના પૂળામાં એક ભાગમાં મધ હોય ને થોડો આ મેણ બને તેવો કુદરતી થોડો જાડો ભાગ હોય તેમાંથી મેણ બને છે. સાથે પૂળામાંથી મધને કાઢી – નિચોવીને પૂળાને પાણીમાં ધોઈ તેમાંથી કચરો, લાકડાના ટુકડા, માટી વગેરે કાઢી ચોખ્ખું કરવામાં આવે. તેમાં જૂનાં ચીંથરાં બાળીને તૈયાર  થતો મેસ બંને ભેગા કરી જે જે પદાર્થ બને તેને મેણ કહેવામાં આવે છે.

માદળને એક તરફ સાધારણ નાનું અને બીજી તરફ મોટું પાન (ચામડાનું પડ) હોય છે. મોટા પાનને નર અને નાના પાનને નારી એવા નામથી ઓળખવામાં આવે છે. નર પાના તરફ કોતી મધુના મેણે એક ગોળી અને નારી તરફ સાત ગોળી બનાવી લગાડવામાં આવે છે. પાના ઉપર વધુ મેણ એટલે કે પાંચ–સાત ગોળી બનાવી લગાવવામાં આવે તેનો અવાજ ઘેરો બને છે. જે ઠુમાયના નામથી ઓળખાય છે. અને બીજા પાના પર એક મોટો ગોળો છતાં પ્રમાણમાં ઓછો મેણ લગાડવામાં આવે તેને ચનાના પાન કહેવામાં આવે છે. જુદા જુદા પ્રદેશ પ્રમાણે મેણ પાંચ કે સાત ગોળીના સ્થાને એક તરફ વધારે અને એક તરફ ઓછો મેણ લગાડવાની પરંપરા છે. માદળની ફરતે સુંદર રંગીન કપડું લંબગોળ વીંટીને સજાવવામાં આવે છે. માદળ બાંધવાની અને બનાવવાની દરેક પ્રકારની કળા માદળ વગાડનારને હસ્તગત હોય, દરેક સામગ્રી માદળ બનાવનાર કલાકાર પોતે અથવા પોતાના સાથીઓ સાથે મળીને બનાવે છે.

માદળ તૈયાર થયા પછી પ્રથમ ઘરે એની પૂજા કરવામાં આવે છે. જમીન ચોખ્ખી કરી છાણથી લીંપેલી જગ્યા પર મૂકી દીવો – અગરબત્તી સળગાવી, ચોખાની પુંજ મૂકી માદળને ધણી અને ધણિયાણી હળદરનો ચાંદલો કરે છે. પછી માદળનો ધણી માદળની પૂજા કરે છે. માદળ એટલે ભવાની દેવીની પૂજાઃ દ્વારકા ભવાની, ખાબા ભવાની, તુળજા ભવાની, ઇબા ભવાની, કાકા ભવાની એવાં નામ અને મંત્રો બોલી નૈવેદ્ય ધરવામાં આવે. પૂજા પછી માદળ માત્ર વાદ્ય નહીં દેવ બની જાય છે. જે તે પરિવાર કે કુટુંબમાં માદળ ભવાની દેવીનું સ્થાન લે ને પૂજનીય બને છે. આ પરંપરાનું મૂલ્ય આદિવાસીઓને મન બહુ મહત્ત્વનું છે. ને પછી માદળ લગ્ન, પૂજા, હોળી, સોહંગ જેવા પ્રસંગોએ વગાડવા માટે તૈયાર થાય છે. માદળ વગાડનારના માથે ફાળિયું, ટોપી, રંગીન ઘાઘરો અને પગમાં ઘૂઘરા બાંધવામાં આવે છે. કમર પર તેની સફેદ ધોતીનો ગોળ સાફો વીંટવામાં આવે, જેના પર માદળ બાંધવામાં આવે છે.

માદળની વર્ષમાં એક વખત હોળી-ધુળેટીના દિવસોમાં ખાસ કરીને ફાગણ મહિનામાં પૂજા કરવામાં આવે છે.  વગાડનાર એનાં દર્શન કરીને વગાડે છે. (દર્શન એટલે માદળની પૂજા–પૈસા ચોંટાડવા) માદળને કંકુની જગ્યાએ હળદરનો ચાંદલો કરવામાં આવે છે. પૂજાના આ પ્રસંગને ડાંગમાં ચરિત્રના દિવસ તરીકે ઓળખવામાં આવે છે. પૂજા કર્યા પછી જ માદળને  વગાડવાની પંરપરા રહી છે. પૂજા, માન્યતા અને સજાવટ પ્રદેશ પ્રમાણે થોડી જુદી જુદી હોય છે.

## તૂર અને થાળી :

પશ્ચિમ ભારતનું રાજ્ય ગુજરાતના દક્ષિણે 'દક્ષિણ ગુજરાત' પ્રાંતથી ઓળખાતા પ્રદેશમાં સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં વસતા ધોડિયા, નાયકા, કુંકણા, ચૌધરી, વસાવા, ગામીત જાતિના આદિવાસીઓ 'તૂર' વાદ્યનો ઉપયોગ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક, લગ્ન, પૂજા, મૃત્યુ, નૃત્ય, મેળા જેવા સુખ-દુઃખના જુદા જુદા પ્રસંગે વગાડે છે. અવનદ્ધ પ્રકારનું ચર્મવાદ્ય તૂર પરંપરાથી વગાડાતું આદિવાસીઓનું પ્રમુખ વાદ્ય છે.

તૂર માટે ત્રણ વસ્તુ મહત્ત્વની છે – એક માટીનો લંબગોળ કાંઠો. બે, કાંઠા પર ચઢાવાતું ચામડાનું પડ અને પડને કોઠા પર મજબૂત રીતે બાંધવા માટેની વાદરી (ચામડાની પાતળી દોરી) અને ત્રીજું સૌથી મહત્ત્વનું તૂરના પડને બાંધવાની કળા અને વગાડવાની તો ખરી જ.

સામાન્ય રીતે તૂરને ચમાર પાસે બંધાવવામાં આવે છે. પ્રથમ કુંભાર પાસેથી માટીનો કાંઠો પસંદ કરી ખરીદવો પડે છે. લંબગોળ માટીના કાંઠાનો એક તરફનો ભાગ નાનો અને બીજો ભાગ પ્રમાણસરનો મોટો હોય છે. કાંઠાની સરેરાશ લંબાઈ ચૌદ–પંદર ઇંચની આસપાસ હોય છે. મોટા પડનો સરેરાશ ઘેરાવો અડતાળીસ અને નાના પડનો સરેરાશ ઘેરાવો છત્રીસ ઇંચની આસપાસનો હોય છે. સારી માટીના ગારામાંથી તૈયાર કરી ભઠ્ઠામાં બરાબર તપાસીને તૈયાર કરેલો કાંઠો મજબૂત હોવાની સાથે વજનમાં હલકો હોય છે.

મજબૂત અને હલકો કાંઠો કુંભાર પાસેથી ખરીદી ચામડું ચઢાવવા ચમારને ત્યાં આપવો પડે છે. ચમાર કાંઠાના માપ પ્રમાણેનું ગોળ પડ – ચામડું તૈયાર કરે છે. ચામડું ગળાના ભાગનું હોય તો તૂર સારો બને અને વાગે એવું તૂર વગાડનારા કલાકારો માને છે. ચામડું એકસરખું હોવું જોઈએ, પડનો કોઈ ભાગ જાડો-પાતળો હોય તો તૂર બરાબર ન વાગે. મોટું પડ નાના પડ કરતાં પ્રમાણમાં જાડું હોય છે. પડને કાંઠા પર બાંધવા માટે ચામડાની વાદરી (ચામડાની પાતળી દોરી) કાપવામાં આવે છે. ચામડાનું પડ અને વાદરી તૈયાર કરી પછી કાંઠા પર ચામડું બાંધવાનું કામ બહુ મહત્ત્વનું હોય છે.

વાદરી બનાવવા માટે ભેંસનાં ચામડાંનો ઉપયોગ થાય છે. ચમાર ભેંસનાં ચામડાંને એક મોટી કુંડીમાં પાણીમાં મીઠું નાંખીને બોળે છે. ત્રણ–ચાર દિવસ બાદ બહાર કાઢી સૂકવીને ખૂરપીથી ચામડું પાતળું કરે છે. ચામડાંને ગોળ ગોળ દોરી જેવું કાપવાથી લાંબી વાદરી નીકળે છે. વાદરીનો ઉપયોગ તૂરના પડ બાંધવા અને તૂરને ખેંચીને કઠણ કરવા માટે થાય છે.

ચામડાના પડની ઉપર પડને મજબૂત પકડી રાખે અને કાંઠા પર કોરને સુરક્ષા આપે એવો ચામડાના કાંઠાના ઘેરાવા કરતાં પ્રમાણમાં નાનો છે. એટલે કે માટીના કાંઠાના કોર પર જે ચામડું હોય એ સમય જતાં ઘસાઈને તૂટી જવાનો ભય હોય છે. માટે ગજરા ચઢાવીને મજબૂત કરવામાં આવે છે. ગજરો એટલે પડ ઉપર બીજું વધારાનું કાંઠાની ધાર સાથે અડધો ઇંચ અંદર હોય એવો ગોળ પટ્ટો જ છે. ગજરો ચામડાંનો જ હોય, જે પડ કરતાં જુદો ભાગ છે. મુખ્ય પડ અને ગજરો બંનેમાં એકસરખાં છિદ્રો પાડી વાદરીની દોરી પરોવીને ખેંચીને તૂર બાંધવામાં આવે છે. બંને પડને પાણીથી ધોઇ વાદરીને ખેંચીને તૈયાર કરવામાં આવે છે. તૂર ગળામાં ભેરવીને વગાડાતું વાદ્ય હોવાથી ગળામાં ન ખૂંચે એવી પટ્ટીને ગોળ બનાવી તૂરને વગાડવામાં સરળતા રહે એટલી લાંબી બાંધવામાં આવે છે. ત્યાર બાદ બંને પડ પર પણ મેણ લગાડવાથી ધોડિયાઓનું પ્રિય વાદ્ય તૂર તૈયાર થાય છે.

તૂરની સાથે થાળી હોય જ. ઘણા લોકો તૂર–થાળી એમ એકસાથે બોલે છે. એનો અર્થ એ થયો કે થાળી વગર તૂર શોભતું નથી. થાળી એ તૂરનું અવિભાજ્ય અંગ છે. કાંસાની થાળી બજારમાંથી

(કંસારાની દુકાનમાંથી) ખરીદવી પડે છે. ઘરના ઉપયોગમાં આવતી તૂર સાથે એક વાદ્ય બની જાય છે. થાળીને વગાડવા માટે ‘ઢેડવો’(ખેતરમાં ઊંચે વધી થતી એક વનસ્પતિ)નો એકાદ ફૂટનો ટુકડો ઉપયોગમાં લેવામાં આવે છે, જે હલકો હોય છે.

### દેવ વાદ્યઃ ઢાક-ઢાંકા

આદિવાસીઓ પોતાની નોખી પરંપરાઓ થકી જગતને હંમેશાં આકર્ષતા રહ્યા છે. પરંપરાનો એક ભાગ તે જુદી જુદી પૂજા પદ્ધતિ અને વિધિ. ખેતી અને નવું ધાન્ય કંસરી, પહેલા વરસાદની પછી ઊગેલા ઘાસ નાંદરવો, ડુંગર, નદી, વૃક્ષ, સીમદેવ, વાઘદેવ, નાગદેવ, ગામદેવ જેવા જુદા જુદા નાનામોટા અનેક દેવોની પૂજા પરંપરાથી કરતા આવ્યા છે.

ડાંગ, વલસાડ અને તાપી જિલ્લામાં વસતા કુંકણા, વારલી જાતિના લોકો દેવકારેની કથા કહેવા માટે ઢાકનો ઉપયોગ કરે છે. એટલે આ વાદ્યને દેવ વાજિંત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ એક અવનદ્ધ પ્રકારનું વાદ્ય છે. આ વાદ્યનો બહારથી દેખાવ ડમરુ આકાર જેવો હોય છે. આ વાદ્યમાં વપરાતું લાકડું સેવન નામના વૃક્ષમાંથી લેવામાં આવે છે. સેવનનું લાકડું એટલા માટે પસંદ કરવામાં આવે છે કે વજનમાં હલકું હોય છે. આ વાદ્ય પગે બાંધીને વગાડાતું હોવાથી તે હલકું હોય તે ખૂબ જરૂરી છે. આ લાકડાની બન્ને બાજુ બકરાના ચામડાનું પડ ચઢાવાય છે. આ વાદ્યને વગાડવા માટે વાંસમાંથી બનાવેલ લાકડી હોય છે. આ લાકડીના બંને છેડે કાપ મૂકી પાતળી દોરીથી ધનુષ્યની જેમ વાળીને બાંધી દેવામાં આવે છે. વાદ્યને પગ સાથે બાંધીને વગાડવામાં આવે છે. એક મુખ્ય કથાકાર હોય છે અને તેની સાથે સૂર પુરાવવા ત્રણથી ચાર લોકો હોય છે. તેમની સામે અને આજુબાજુ કથા સાંભળવા બેઠેલા લોકો એક લીટી ગાય પછી તેને ઝીલીને તેઓ પણ ગાય છે. આમ આ રીતે કથાને રજૂ કરવામાં આવે છે.

પાલના રાઠવાઓ સાગ કે સેવનના લાકડામાંથી આ વાદ્ય બનાવે છે. જુદા જુદા વિસ્તાર પ્રમાણે એની વગાડવાની રીત બદલાય છે. અને સાથે બાંધવામાં આવતા ઘૂઘરા નાનામોટા બાંધવામાં આવે છે. જે પગ હલાવતાં એક પ્રકારનો રણકાર કરે છે. આ વાદ્યનો ઉપયોગ મહારાષ્ટ્રમાં વધારે થાય છે. મહારાષ્ટ્રને અડીને આવેલા ગુજરાતના ડાંગ જિલ્લાના લોકો એનો ઉપયોગ વધારે કરે છે.

### ઢોલઃ

ઢોલ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય વાદ્ય છે. ગામીત, વસાવા, રાઠવા, ડુંગરી ગરાસિયા, તડવી વગેરે જાતિના લોકો ચર્મવાદ્ય ઢોલ હોળી, દિવાળી, લગ્ન મેળા વગેરે જુદા જુદા પ્રસંગોમાં વગાડે છે. અગાઉ આપણે જે વાદ્યનો અભ્યાસ કર્યો તેમાં સૌથી વધારે પરિશ્રમ માંગી લેતું આ વાદ્ય છે. જંગલમાં જઈ બિયું, સાગ, આંબો, લીમડો અથવા સેવનનું ઝાડનું લાકડું  એટલે કે મોટો ગોળ લાકડાનો ટુકડો કાપીને લાવવો પડે. તેમાં બિયાના લાકડાની પ્રથમ પસંદગી કરવામાં આવે છે. જંગલ ઓછા થવાને કારણે બિયું ન મળે તો લીમડો અથવા આંબાના ઝાડમાંથી બનાવવામાં આવે છે. સૌપ્રથમ આગળ દર્શાવ્યા પ્રમાણેના કોઈ પણ લાકડાના ટુકડા લાવીને તેને પોલો કરવામાં આવે છે. લોખંડની પરાઈ, છીણી, હથોડો વગેરે ઓજારો લઈ લાકડાને વચ્ચેથી ધીરે ધીરે પોલો કરવામાં આવે છે. એકાદ ઇંચ કરતાં પણ ઓછો લાકડાનો ભાગ રહે ત્યાં સુધી વચ્ચેના લાકડાને કોચવામાં આવે છે. આ કામ ઘણા દિવસો અને સમય માંગી લે છે. બે કરતાં વધારે માણસો ધીરે ધીરે તૂટે નહીં એ રીતે કામ કરે છે.

ઢોલ માટેનું લાકડું કોચાઈ ગયા પછી એની બહારની બાજુએ ઘસીને સુંદર બનાવવામાં આવે છે. દરેક ઢોલ જુદા જુદા માપના હોય છે. સામાન્ય રીતે મોટા ઢોલની લંબાઈ બે ફૂટની અને નાના ઢોલની લંબાઈ દોઢ–પોણા બે ફૂટની હોય છે.

પહોળાઈ ૨૫થી ૩૦ સે.મી. જેટલી હોય છે. ઢોલ પર બકરાનું ચામડું મઢવામાં આવે છે. ચામડું મઢાવવાનું કામ ઢોલી જાતે પણ કરે અને ડબગર પાસે પણ મઢાવે અન્યથા ચમાર પાસે આ કામ કરાવે છે. ચામડાને ગોળ કામડીમાં આ રીતે વીંટવામાં આવે કે એક પડ અલગ થઈ જાય તો પણ એ ખરાબ ન થાય. બંને પડ પર દોરડું પસાર થાય તેટલાં નાનાં કાણાં પાડવામાં આવે છે. એ કાણાંમાંથી દોરડું પસાર કરી બંને પડને લાકડાના ગોળાકારની બંને બાજુ સારી રીતે અને એકસરખી રીતે બેસાડે. ઢોલના જમણા હાથના પડની અંદરની બાજુ ગાડાનો મેશ લગાડવામાં આવે છે. ઢોલ વગાડનાર ડાબા હાથે વાંકો ડાંડિયો રાખે છે. આ ડાંડો આંબલી, સાગ કે મેંદીના લાકડાનો ટુકડો હોય છે. દરેક કલાકાર પ્રમાણે વગાડવાની રીત જુદી જુદી હોય છે. જમણી તરફ હાથની થાપ મારીને વગાડવામાં આવે છે. ઢોલી જુદા જુદા ચાળા પ્રમાણે ઢોલ વગાડે તે પ્રમાણે નાચવાવાળાઓ ચાળા બદલે છે. વગાડવાવાળો ઢોલી દરેક ચાળાનો જાણકાર હોય છે. ઢોલનો સામાન્ય રીતે અવાજ ટીમ ટીમ ઢચીમ ટીમ એમ વગાડવામાં આવે છે. આ અવાજ જે તે ચાળા પ્રમાણે બદલાય અને લય અને તાલ બદલાય છે.

**નગારું**

નગારું પ્રાચીન લોકવાદ્ય છે. નગારા નાના–મોટા હોય છે. નાનાને ‘નગારી’ પણ કહે છે. નગારા બનાવવાની રીત પણ જુદી જુદી હોય છે. નગારું બનાવવા માટે પહેલાં તાડના થડનો ઉપયોગ થતો હતો. તાડના થડની અંદરનો ભાગ કોતરીને બહાર કાઢવામાં આવે પછી તેના પર ચામડું ચઢાવવામાં આવે છે. ચામડાને મજબૂત કરવા અને ચામડાની જ વાધરીથી બાંધવામાં આવે છે. નગારાને વગાડવા માટે બે દાંડીની જરૂર પડે છે. દાંડી હલકી છતાં તૂટે નહીં એવી બે લાકડી હોય છે. ખાસ કરીને મેંદીથી નાની લાકડી જે એકાદ ફૂટ જેટલી લાંબી હોય છે.

આજે નગારું બનાવવા ધાતુના તગારાનો ઉપયોગ થાય છે. આ લોખંડનું પણ હોય અને તાંબાનું પણ હોય. મંદિરોમાં તાંબાના નગારાનો ઉપયોગ થાય છે. આદિવાસીઓ તગારાની ઉપર ચામડું ચઢાવીને નગારું બનાવે છે. તાડના થડમાંથી બનતું નગારું અને તગારા ઉપર ચામડું ચઢાવીને તૈયાર થયેલા નગારાનો અવાજ થોડો જુદો હોય છે. તાડના થડમાંથી બનેલા નગારાનો અવાજ ચાર–પાંચ ગામ સુધી સંભળાય છે.

નગારું સંગીત અને વાદ્ય સંદેશાની આપલે માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આદિવાસીઓ ગામમાં કોઈ પણ સંદેશો પહોંચાડવાનો હોય તેના માટે નગારાનો ઉપયોગ કરે છે. ગામસભા, ગામદેવ, ગામને ભેગું કરવા, આફતના સમયે અને મરણ પ્રસંગે ખાસ વગાડવામાં આવે છે. મરણ પ્રસંગે વગાડાતી દાંડી અને બીજા અન્ય પ્રસંગે વગાડાતી દાંડી જુદી જુદી રીતે મારવામાં આવે છે. દાંડી મારવાની રીતને આધારે નક્કી થાય છે કે કયો પ્રસંગ છે. દાંડી મારવાની જુદી જુદી રીતને તીડીમ પણ કહેવામાં આવે છે. એટલે કે એકસાથે બંને દાંડી મારીને વગાડવાનું શરૂ કરવામાં આવે અને એ જ રીતે એકસાથે વગાડવાનું બંધ કરવામાં આવે. એ જ રીતે એક પછી એક દાંડી પડે ને અંતે પછી એક દાંડીથી નગારું વગાડવાનું બંધ કરવામાં આવે. તે રીતે લોકો જે તે સંદેશા શુભ છે કે અશુભ તે પ્રમાણે નક્કી કરે છે.

પંચમહાલ, છોટાઉદેપુર જિલ્લામાં વસતા રાઠવા, ડુંગરી ગરાસિયા, ડુંગરી ભીલ વગેરે જાતિના લોકો નગારું અથવા નગારીને સંગીતના વાદ્ય તરીકે ઉપયોગમાં લે છે. જ્યારે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ નગારાનો ઉપયોગ સંદેશા માટે કરે છે. મંદિરોમાં વગાડવામાં આવતું નગારું પણ આ જ પ્રકારનું હોય છે. એનો આકાર અને બનાવટમાં સામાન્ય તફાવત જોવા મળતો હોય છે. આમ નગારું સંદેશ અને સંગીત માટે જુદા જુદા પ્રદેશ અને જાતિ પ્રમાણે ઉપયોગમાં આવે છે.

## થાળી

હાથવગાં સાધન ભેગા કરી બનાવવામાં આવતું વાદ્ય છે. કાંસાના ધાતુની થાળી, ભાંગસરની સળી, કોતેના મધનું મેણ એવી ત્રણ વસ્તુ ભેગી કરીએ એટલે થાળી વાદ્ય તૈયાર થાય છે. આ થાળી ખાસ નથી હોતી, રોજબરોજના ઘરના કામમાં ઉપયોગમાં આવતી વસ્તુ છે. જેમાં ખાવાનું ખાઈ શકાય, લોટ બાંધવાના કામ જેવા ઘરના અનેક કામમાં ઉપયોગમાં લઈ શકાય છે. દરેક ઘરમાં આ પ્રકારની થાળી હોય છે. આ વાદ્યમાં ઘન થાળી વગાડનારને આમંત્રણ મળે ત્યારે પોતાની થાળી લઈને જતો હોય છે.

આ થાળીમાં વચ્ચે કોતેના 'મેણ' જે આગળ આપણે જોયું તે રીતે માખીના મધનું મેણ હોય છે. જે તરત ચોંટી જાય અને ફરી ઉખેડી લઈ શકાય છે. જે થાળી વગાડનાર જંગલમાંથી મેળવતો હોય છે. પહેલા થાળીની વચ્ચે થોડું મેણ લગાવી એના પર ભાંગસરની સળી ઊભી મૂકી બીજું જરૂર પ્રમાણેનું મેણ લગાડવામાં આવે છે. મેણ લગાડ્યા પછી અઢી-ત્રણ ફૂટની ભાંગસરની સળી સીધી થાળીની વચ્ચે મજબૂત રીતે ઊભી રહી શકે છે. પછી થાળીને ખોળામાં લઈ જેના પર બંને હાથની આંગળી વારાફરતી હળવેથી ઘસવાથી મધુર સૂર નીકળે છે. ભાંગસરની સળી ગાંઠ વગરની હોય છે. ભાંગસર જંગલ કે ગામમાં થતી એક વનસ્પતિની સીધી લોટી જ છે. જેને ગાંઠ ન હોવાને કારણે આંગળીઓના ઘસારા વખતે અવરોધ બનતો નથી. ઘણા કલાકારો ભાંગસરને સ્થાને બરુનો ઉપયોગ કરે છે. બરુ એક પ્રકારનું ઘાસ છે તેની પણ ગાંઠ હોવી ન જોઈએ. આ સળી સાચવવા માટે કલાકાર વાંસને પોલો કરી તેમાં અંદર મૂકીને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે. એને સ્થાને છત્રીનો જૂનો હાથો પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

## ઘૂઘરા

આદિવાસીઓ નાના, મધ્યમ અને મોટા છતાં પ્રદેશ પ્રમાણે જુદા જુદા આકારના ઘૂઘરાઓનો ઉપયોગ કરે છે. ઘૂઘરા હાથ, પગ, કમર, ઘાંઘળી વગાડવાની દોરી સાથે એમ જુદાં જુદાં અંગો અને વાજિંત્ર સાથે રણકે એ રીતે બાંધીને અથવા હાથમાં લઈને કરવામાં આવે છે. ઘૂઘરા ધાતુમાંથી તૈયાર થતા હોઈ ઘનવાદ્યના પ્રકારમાં ગણી શકાય. જે આસપાસના સ્થાનિક બજારમાંથી મળે છે. સ્થાનિક બજારોમાં પ્રદેશ પ્રમાણે ઘૂઘરાના આકાર અને રચના જુદી જુદી હોય છે.

બજારમાં નંગ અને જોડી પ્રમાણે કે ચામડાના પટ્ટા કે દોરીની ગૂંથણીમાં દશ–બાર ગૂંથેલા હોય એ રીતે ઉપલબ્ધ હોય છે. નાની ઘૂઘરીઓને દોરીમાં બાંધીને કે ગૂંથીને તૈયાર કરવામાં આવે છે. ઘણી વખત એક જ ઘૂઘરો કે ઘૂઘરીનો ઉપયોગ થાય છે. આમ ઘૂઘરા કલાકારની પસંદગી અને જરૂરિયાત પ્રમાણે એક અથવા એક કરતાં વધારે ઘૂઘરાઓ બાંધીને ચાલતા, નાચતા કે કૂદતા બીજા કોઈ પણ જાતના પ્રયત્ન વગર સહજ રીતે રણકે એ રીતે બાંધીને ઉપયોગમાં લેવાતા હોય છે.

મોટા ઘૂઘરાનો ઉપયોગ લોકો નૃત્ય સમયે કમરમાં બાંધે છે. કમર સાથે બાંધેલા ઘૂઘરા નાચતી વખતે આપોઆપ રણકે છે. હોળીના સમયે ફાગ માંગવા નીકળતા ભોપલાઓ, ઘેર રમવાવાળા ઘેરૈયાઓ કમરમાં ઘૂઘરા બાંધે છે. ઠાકરે નૃત્ય કરતા કલાકારો, પાવરી વગાડનાર પગમાં મોટા ઘૂઘરા કરતાં નાના મધ્યમ આકારના ઘૂઘરા બાંધે છે.

હાથમાં બાંધવામાં આવતા ઘૂઘરા નાના કદની ઘૂઘરી કહી શકાય એવી નાની હોય છે. હાથમાં બાંધવામાં આવતી ઘૂઘરીઓ કરતાં નાની ઘૂઘરી ઘાંઘળી જોડે બાંધવામાં આવે છે. જે ઘાંઘળીના તારને ઘસવાનો હથ્થો જેમ જેમ હાલે તેમ ઘૂઘરીનો રણકાર થાય ને સંગીતની લહેરો

કાનમાં સુમધુર રીતે વહ્યા કરે. ક્વાંટની ઘેરમાં આવતા આદિવાસીઓ કમરે ઘૂઘરા બાંધે ને કમરને એકસાથે મચકોડે કે હલાવે ત્યારે તાલ અને લય એકસાથે મળીને જોવા અને સાંભળવાનો આનંદ અવિસ્મરણીય બને છે. ઘૂઘરા ધાતુમાંથી તૈયાર કરતા હોવાથી આદિવાસીઓ પોતે તૈયાર કરતા નથી. પોતાની પસંદગી અને જરૂરિયાત પ્રમાણે જ તેઓ બજારમાંથી તેની ખરીદી કરે છે. આ જ ઘૂઘરા બળદ, બકરી જેવાં પોતાનાં પાલતૂ પ્રાણીઓના ગળામાં બાંધે છે. મોટા ઘૂઘરા મોટે ભાગે પોતાનાં પાલતૂ પ્રાણીઓને ગળામાં બાંધવામાં આવતા ઘૂઘરાઓ ઉપયોગમાં લે છે.

## દેવલાકડી

દક્ષિણ ગુજરાત અને ઉત્તર પૂર્વ મહારાષ્ટ્રમાં વસતા ચૌધરી, ગામીત, કુંકણા, ધોડિયા, વસાવા, કોટવાળિયા, વારલી વગેરે જાતિના લોકો આ દેવ–લાકડીનો ઉપયોગ દેવના નૃત્ય સમયે કરે છે. દેવલાકડી એના નામ પ્રમાણે દેવની લાકડી માનવામાં આવે છે. આ લાકડી બહુ શ્રદ્ધાથી તૈયાર કરવામાં આવે છે. દેવલાકડી આદિવાસીઓની એક પ્રમુખ વસ્તુ રહી છે. વાંસ માનેલ, મોટા બાંબુ, કાટી વગેરે જુદી જુદી જાતિના હોય છે. બીજી રીતે જોઈએ તો વાંસ પોલા અને નક્કર એવા બે પ્રકારના હોય છે. પોલા વાંસ માનેલ સામાન્ય રીતે વાદ્યો બનાવવામાં ઉપયોગમાં આવે છે. જ્યારે નક્કર વાંસમાંથી લાકડી અથવા જ્યાં મજબૂત વાંસની જરૂર પડે એવાં અનેક કામોમાં ઉપયોગમાં આવે છે.

દેવલાકડી માટે નક્કર વાંસ પસંદ કરવામાં આવે છે. જે વાંસના પેરાની ગાંઠ સારી હોય તેને લોકો પહેલા પસંદ કરે છે. દેવલાકડી હાથમાં સારી રીતે પકડી શકાય એવી ગોળાકાર અને ચારથી પાંચ ફૂટ લાંબી હોય છે. લાકડીને હંમેશાં જમીન પર ઠોકવાની હોવાથી નીચેના ભાગે લોખંડની રિંગ બેસાડવામાં આવે છે. લાકડીના ઉપરના ભાગે છ ઇંચ લાંબા સળિયા સાથે બે ઇંચના અંતરે લોખંડની ચાર રિંગ હોય છે તેમાં લોખંડની પાતળી પીપળાના પાન આકારની પટ્ટીઓનો નાનો દરેક રિંગમાં નાના ઝૂમખા હોય છે. જે લાકડી જમીન સાથે ઠોકવાથી પાતળી પટ્ટીઓનો અવાજ આવે છે. દેવલાકડીને પવિત્ર માનવામાં આવે છે.

## કીરચો

કીરચો આદિવાસીઓનાં વાદ્યો બનાવવા માટે વાંસ સામાન્ય બની રહે છે. ડોવળું, પાવરી, ટારપું, પીસવો, પાવો, વાંસળી, ટીંગરી વગેરે વાદ્યો બનાવવા વાંસનો ઉપયોગ થાય છે. વાંસના પેરા ફોડીને, વાંસની જોડી અને પાતળી કામડી, લાંબો વાંસ, પીપી બનાવવા ગાંઠ વગરનો નાનો વાંસ, ટીંગરી માટે પાતળી કાંબડી અને કીરચો બનાવવા વાંસને ફોડીને બે ભાગમાંથી બનાવવામાં આવે છે.

કીરચો બનાવવાનું કામ સૌથી સરળ છે. ચાર–પાંચ વેંત લાબો વાંસ લઈ તેના બે ભાગ કરવા. ત્યાર બાદ ઉપર અને નીચે બંને તરફ એક વેંત જેટલો ભાગ છોડીને કાપા-ખાંચા પાડવામાં આવે છે. તેના ઉપર ઘસવા માટે એક–દોઢ બે વેંત જેટલી કામડી લઈ તેને એક તરફ કામડી બરાબર રહે અને બીજી તરફ એકમાંથી ત્રણ–ચાર નાની કામડી નીકળે એ રીતે ફોડવામાં આવે છે.

## તંતુવાદ્યો

### ડેરા

સામાન્ય રીતે લોકવાદ્યો પુરુષો વગાડે છે. ડોવળું, પાવરી, દેવડોવળી, તૂર જેવાં વાદ્યો પુરુષો, જ્યારે ટીંગરી, ચંગ અને ડેરા જેવાં વાદ્યો સ્ત્રીઓ વગાડે છે. ડેરા કુંકણા જાતિની સ્ત્રીઓનું ઘન ને તંતુ બંને પ્રકારના ગુણો ધરાવતું લોકવાદ્ય છે. ડેરા માત્ર સ્ત્રીઓનું એકમાત્ર લોકવાદ્ય છે.

ડેરા બનાવવા માટે એક માટીનો ઘડો, સાગનાં બે પાન, મોરપીંછ, સૂતરનો દોરો, શણ દોરી ને માટીના ઘડા પર ચિત્ર દોરવા માટે ચૂનો, સિંદૂર અને પીછી માટે વડની વડવાઈનો ઉપયોગ થાય છે. આ સામગ્રીનો કલાત્મક ઉપયોગ કરી ડેરામાંથી કર્ણપ્રિય સૂર નીકળે એવી કલાના સર્જનની કલા ધીરે ધીરે લુપ્ત થવાના આરે છે. ત્યારે ડેરા વાદ્યનો સામાન્ય પરિચય મહત્ત્વનો બનશે એવી અપેક્ષા છે.

કુંભાર પાસેથી માટીનો ઘડો ખરીદી, ઘડા પર સફેદ ચૂનો અને સિંદૂરથી વાઘ, નાગ, વીંછી વગેરેનાં ચિત્રો દોરી સુંદર અને પ્રતિકાત્મક બંને રૂપમાં ઢાળવાનું કામ પુરુષ કરે છે. (આદિવાસીઓમાં વાઘ, નાગ, વીંછી જેવા જંગલી જીવજંતુઓ માણસ, ગાય, ભેંસ, બકરી વગેરે પશુધનને નુકસાન કરે તે માટેની માનતા ચોમાસાની શરૂઆતમાં રાખવામાં આવે છે. આદિવાસીઓનું જીવન જંગલ આધારિત હતું ને આજે પણ છે. વાઘબારસને દિવસે એની પૂજા પરંપરાગત આદિકાળથી કરતા આવ્યા છે.) માટીના ઘડામાં ત્રણ–ચાર ખોબા ડાંગર નાખી, સાગનાં બે પાના(દાથરા-પાના ભેગા કરી)થી ઘડાનું મોં બંધ થાય એ રીતે ગોઠવી, કાંઠામાં શણથી બાંધવામાં આવે છે. એ પહેલાં સાગનાં પાંદડાંની વચ્ચે સૂતરનો દોરો પસાર કરી બે ઇંચ જેટલો ગોળાકાર બને એવી રીતે બાંધવામાં આવે છે.

ઘડાના કાંઠાની ફરતે ગલગોટાના ફૂલહારથી શણગારી વાદન માટે તૈયાર કરવામાં આવે છે. મોરપીંછને નીચેના ભાગે બે ઇંચ જેટલું વાળી, સૂતરથી બાંધવાથી સાગનાં પાંદડાં વચ્ચે દોરામાં ભેરવી શકાય એવો હૂક બને છે. જે દોરામાં ભેરવી પીંછાને તંગ રાખી નીચેથી ઉપર હળવા હાથે ખેંચવાથી જંગલમાં વાઘ અવાજ કરે એવો સૂર સંભળાય છે. હળવી અને સહજ રીતે ખેંચાય તે માટે હાથના આંગળા પાણીથી ભીના કરવા પડે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની વસ્તીવાળાં ગામોમાં દરેક ગામને સીમાડે વાઘદેવનાં સ્થાનકો છે. આસો વદ વાઘબારસને દિવસે વાઘદેવના સ્થાનકે જઈ ગામના લોકો વાઘદેવની પૂજા કરે છે. વાઘદેવની પૂજા પહેલાં સ્થાનક પર ગામની બહેનો ડેરાનું વાદન કરતી હતી. ડેરાનો અવાજ સાંભળીને ત્યાં વાઘ આવતો અને ડેરાને જીભથી ચાટીને જતો, ને પછી સ્ત્રીઓ તે દિવસથી ડેરા વગાડવાનું શરૂ કરે.

## ઘાંઘળી

ઘાંઘળી તંતુવાદ્ય છે. કુંકણા, વારલી, ચૌધરી, ધોડિયા વગેરે જાતિના લોકો જુદા જુદા પ્રસંગો પ્રમાણે આ વાદ્યનો ઉપયોગ કરે છે. આ વાદ્યને કુંકણા અને વારલી જાતિના લોક–દેવવાદ્ય તરીકે, દેવવાદ્ય તરીકે ઓળખે છે.

ઘાંઘળી બનાવવા માટે બે જુદા જુદા આકારના તુંબડા, ત્રણેક ફૂટ લાંબો એક પોલો વાંસ, સાગની મોર આકારની કલાત્મક ઘોડી, લાંબી અને ટૂંકી એવી બે ગોળ સીસમની ગોળ લાકડાના ટૂંકા, આનીટુ(સ્થાનિક નામ)ના ઝાડમાંથી બનાવેલ ખાંચાવાળી નાની એક ફૂટની પટ્ટી, ત્રણ–ચાર ઇંચની એક આડી મૂકી શકાય એવી પટ્ટી, કાળી બંગડી, લાંબા તાર, એક ગોળ કાપેલ કાચનો ટુકડો, મધનું મેણ, શણગારવા માટે મોરનાં પીંછાં વગેરે ભેગા કરીને ઘાંઘળી બનાવવામાં આવે છે.

સૌપ્રથમ વાંસની પેર ઘસીને નાની બાજુ એકાદ વેંત પછી સીસમનો નાનો લોકટાનો ગોળ ટુકડો પસાર થાય તેટલું કાણું પાડવામાં આવે છે. તેની છ આંગળ આગળ બીજું કાણું પાડી તૈયાર કરવામાં આવે છે. નાનામોટા બે તુંબડામાં નીચેના ભાગે એટલે કે ડીચા તરફ જ્યાંથી વેલા પર બીજ આવ્યું હોય તેની વિરુદ્ધ બાજુથી પ્રમાણસરનું કાણું પાડીને અંદરનો ગર કાઢી નાંખવામાં આવે છે. બંને

તુંબડાના ઉપરના ભાગે વાંસ આરપાર પસાર થાય એટલું છિદ્ર પાડવામાં આવે છે. મોટા તુંબડાની ઉપરની બાજુ ગોળાકાર કાપ મૂકવામાં આવે છે, જ્યાં કાચનો ટુકડો મૂકવામાં આવે છે. સાગની મોર આકારની ઘોડી જેને એક તરફ વાંસમાં ખોસી શકાય એ રીતે વાંસના છિદ્ર પ્રમાણે બે આંગળ જેટલો ભાગ નાનો કરવામાં આવે છે. બીજી તરફ તાર પસાર કરવા માટે નાનું કાણું પાડવામાં આવે છે. બે સીસમના ગોળ ટુકડા ઘસીને વાંસના કાણામાં ઊભા મૂકી શકાય એ રીતે તૈયાર કરવામાં આવે છે. ઘાંઘળી માટેની સામગ્રી તૈયાર થયા પછી વાદ્ય બનાવવાની શરૂઆત કરવામાં આવે છે. આનીટાની બે ખાંચાવાળી પટ્ટી ખાંચા પાડીને તૈયાર કરવામાં આવે છે. ઘાંઘળી માટેની સામગ્રી તૈયાર થયા પછી વાદ્ય બનાવવાની શરૂઆત કરવામાં આવે છે. આ સામગ્રી ભેગી કરી તૈયાર કરવામાં એક–બે દિવસ જોઈએ. સૌપ્રથમ નાનો તંબુડો અને ત્યાર બાદ મોટા તંબુડાના કાણામાં વાંસને નાખવામાં આવે છે. પછી મોર લાકડીને મોટા તુંબડા તરફ વાંસના છેલ્લે ખોસવામાં આવે છે. સીસમના બે ટુકડાઓ નાના તુંબડા તરફ ઊભા ખોસવામાં આવે છે. ત્યાર બાદ ખાંચાવાળી પટ્ટી નાના તુંબડાના ઉપરના ભાગે ઊભી ખોસવામાં આવે છે. પછી મોર પટ્ટીમાંથી એક તાર સીધી સીસમના મોટા ટુકડા સાથે અને એક તાર ત્રાંસો નાના તુંબડાની બાજુમાં સીસમના નાના ટુકડા સાથે વીંટવામાં આવે છે. બંને તંબુડાને વાંસ સાથે મેણથી ચોંટાડવામાં આવે છે. મોટા તુંબડા પર કાચના ટુકડાને મેણથી ચોંટાડવામાં આવે છે.

સીસમની બે લાકડીઓને ફેરવીને તારને તંગ કરવામાં આવે છે. એ તાર બે ખાંચાવાળી પટ્ટીના જુદા જુદા ખાંચામાં મૂકી કલાકાર એનો સૂર મેળવીને ઘાંઘળીને વાદ્યનું સુંદર રૂપ આપે છે. જેને લોકો ભક્તિભાવથી પૂજનીય બનાવે છે. કુંકણા અને વારલી આદિવાસીઓ માવલીની પૂજા વખતે ઘાંઘળી વગાડે છે. જેવી રીતે થાળી વાદ્ય પર કથા કહેવાય તે રીતે ઘાંઘળી પર આખી રાત ઉના અને મસાની ધાર્મિક કથા કહેવાય છે.

ચૌધરી, ગામીત અને વસાવા જાતિના લોકો એક તુંબડાની ઘાંઘળી બનાવે છે. આ ઘાંઘળી દેવના કાર્ય માટે અને વ્યક્તિગત મનોરંજન એમ બંને માટે વગાડાય છે. પરંતુ જે ઘાંઘળી દેવના કાર્યમાં વગાડાતી હોય તે જ ઘાંઘળી બનાવે છે. આ ઘાંઘળી વ્યક્તિગત મનોરંજન માટે વગાડાતી નથી. જે તે કલાકાર એની આમન્યા જાળવે છે. દરેક વાદ્ય જુદા જુદા ભાવ અને શ્રદ્ધા સાથે જોડાયેલું હોય છે. આ વાદ્યો માત્ર વાદ્યો નથી એક દેવ તરીકે આદિવાસીઓ માને છે, એ આપણે સૌએ જોવું રહ્યું. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ગામીત અને વસાવા જાતિના લોકો ઘાંઘણીની સાથે મંત્રો ગાય છે. દરેક ભગત ઘાંઘળી દેવ તરીકે માનીને એની પૂજા કરે છે.

### ટીંગરી

ટીંગરી એક તંતુવાદ્ય છે. ટીંગરી બનાવવા માટે વાંસની કામડી, દોરી અને થોડું મેણ જોઈએ. વાંસની એક ઇંચ પહોળી અને છ ઇંચ લાંબી પટ્ટીની વચ્ચે વાંસની પટ્ટીને ફોડીને જીભ જેવું બનાવવું તેને ટીંગરી કહેવામાં આવે છે. જુદા જુદા પ્રદેશ પ્રમાણે આ વાદ્યને ઘાંઘરી, ખાંગલો, ગોરાડિયું, ઘોડાલિયું વગેરે નામે ઓળખવામાં આવે છે. આ વાદ્યના નામ થોડા જુદા હોઈ શકે, પણ એકસરખા આકારનું જ જોવા મળે છે.

વાંસની કામડીને અંદરની બાજુ બરાબર ઘસી પાતળી કરવામાં આવે. ત્યાર બાદ કામડીમાંથી ચીપડો ફાડવામાં આવે. ચીપડો ફાડવાની કારીગરી હોવી જોઈએ. જેટલો ચીપડો સારી રીતે ફૂટે એટલી ટીંગરીનો અવાજ સારો નીકળે–વાગે. ચીપડો એટલે કે કામડીની વચ્ચે નાની જીભ-પટ્ટી, જે હવાથી સ્પંદિત થાય છે. જો ચીપડો વધારે પાતળો થઈ

જાય તો તેના પર નાની મેણની ગોળી મૂકવામાં આવે છે.

ટીંગરીને એક છેડે જાડો સૂતરનો સુંવાળો દોરો બાંધવામાં આવે છે. જે એક છેડે પ્રમાણસરનો પાતળો હોય અને બીજા છેડે થોડો જાડો. જાડો દોરો ટીંગરીનો ચાપડો ફોડવામાં આવ્યો તે તરફ બાંધીને ટચલી આંગળી પછીની આંગળીએ બાંધવામાં આવે છે. જ્યારે પાતળો દોરો જમણી તરફ બાંધવામાં આવે છે. ઘણા લોકો દોરાના સ્થાને આંકડાની છાલ બાંધે છે. કારણ કે તે વધારે સુંવાળી હોય છે. આ રીતે ટીંગરી તૈયાર થયા પછી મોં પર બે હોઠની વચ્ચે ટીંગરી આવે એ રીતે મૂકી જમણા હાથથી દોરી ચીપડો સ્પંદિત થાય એ રીતે ઝટકો મારતાં જીભમાં કંપન પેદા થાય છે. આ ઝટકો એક પછી એક તાલ પ્રમાણે મારવામાં આવે છે. આ ટીંગરીને બે હોઠની વચ્ચે પકડી રાખવામાં આવે છે. મોંની બખોલ નાનીમોટી કરવાથી અને ટીંગરીને પોતાની જીભ અડાડવાથી કર્ણપ્રિય અનેક સ્વર નીકળે છે.

વગાડનાર પોતાની કલા પ્રમાણે મોંની બખોલ અને દોરીના જુદા જુદા ઝટકાથી જુદા જુદા ગીત વગાડે છે. વગાડનારે પોતાની આંગળીઓમાં નાની ઘૂઘરીવાળી વીંટીઓ પહેરી હોય તો ટીંગરીનો તાલ અને લય સુમધુર બને છે. જુવાનિયાઓ ટીંગરી વગાડીને નાચે છે. યુવતીઓનું આ પ્રિય વાદ્ય રહ્યું છે. ગાયો ચરાવતી વખતે, લગ્ન પ્રસંગે, મેળામાં જતી વખતે ટીંગરી વગાડતાં વગાડતાં જવું એમાં જુદાં જુદાં ગીતો ગવડાવવાનો આનંદ જીવનને સંગીતમય બનાવી દે છે. આદિવાસીઓમાં આ વાદ્ય આજે ટીંગરી વગાડવાનું પ્રમાણ નહિવત્ જેવું બની ગયું છે. સમયના પ્રવાહમાં ટીંગરી ખોવાઈ ગઈ છે. સ્ત્રીનું પ્રિય વાદ્ય આજે દક્ષિણ ગુજરાતમાં ભૂતકાળનું વાદ્ય બની ગયું છે.

## ચૂનેચૂને

ચૂનેચૂને વાદ્ય ગુજરાત અને મહારાષ્ટ્રની સીમમાં વસતા કુંકણા, પાવરા વગેરે આદિવાસીઓ વગાડે છે. આ વાદ્ય આનંદ કે મનોરંજન સમયે વગાડવામાં આવે છે. ચૂને ચૂને નામ એના અવાજ પરથી પાડવામાં આવ્યું છે. એક–બે–ત્રણ પેરાનો વાંસ, નાની વાંસની કામડી, બે ત્રણ ફૂટ લાંબો તાર, ગોળાકાર વાંસ કે લાકડાનો ટુકડો જેના ઉપર ચામડું ચઢાવવાથી ગોળાકાર બને છે. બે–ત્રણ ફૂટની પોલી વાંસના ઉપરના ભાગે ત્રણ–ચાર ઇંચ પછી આરપાર નીકળે એ રીતે આડું છિદ્ર કરવામાં આવે છે. નીચેના ભાગે છિદ્ર ન પડે એવો ખાંચો કરવામાં આવે છે. આ ખાંચામાં વાંસ અથવા લાકડાના ગોળાકાર ટુકડાને યોગ્ય રીતે ગોઠવીને તારથી બાંધવામાં આવે છે. વાંસના ઉપરના ભાગે પાડેલ છિદ્રમાં લાકડાની નાની ખૂંટી મારવામાં આવે છે. નીચેના ગોળાકાર ભાગ સાથે એક તાર બાંધી ઉપરની ખૂંટી સાથે વીંટવામાં આવે છે. ઉપરની ખૂંટી ફેરવવાથી તાર તંગ કરી શકાય છે. આ તારને આંગળી અથવા નાના કોલ ટુકડાથી હલાવવાથી તારમાં કંપન થાય છે. આ કંપનને હાથથી યોગ્ય લય આપવામાં આવે છે.

ચૂને ચૂને કથાગીતો ગાતાં વગાડવામાં આવે છે. એમાં ખાસ ચાળા હોતા નથી. કથા અને ગીતના લય પ્રમાણે વગાડવાની એટલે કે તારને સંપાદિત કરવાથી ગતિ બદલાતી રહે છે. ચૂન ચૂને એકતારો પ્રકારનું તંતુવાદ્ય છે.

* * *

# ૨૧. આદિવાસી અને પ્રત્યાયન માધ્યમો



## પ્રસ્તાવના

એક એવા વિસ્તારની કલ્પના કરો જ્યાં ઘેર ઘેર વીજળી નથી, પાકા રસ્તા નથી, મોબાઇલ ટાવર નથી. ૩૦-૪૦ ઘરના ફળિયામાં લોકો રહે છે, ડુંગરાળ પ્રદેશ છે, પેટ્રોલ-ડીઝલનાં વાહનો જવલ્લે જ દેખાય છે અને પોસ્ટ ઑફિસ પણ નથી. હવે વિચારો કે આવા વિસ્તારમાં રહેતા આદિવાસીઓ પરસ્પર સાથે સંદેશાવ્યવહાર કઈ રીતે કરતા હશે ? પાંચ–દસ કિલોમિટર દૂર રહેતા લોકોને પોતાની વાત કઈ રીતે પહોંચાડતા હશે ? આ સંદર્ભમાં આદિવાસી વિસ્તારનાં પ્રત્યાયન માધ્યમોની સમીક્ષા કરશું.

આમ ભારત અને ગુજરાતના આદિવાસી સમાજો પાષાણયુગ, ધાતુયુગ, પશુપાલન અને કૃષિયુગના તબક્કાઓ વટાવીને આજે ઔદ્યોગિક અને અણુયુગના ઉંબરે આવીને ઊભા છે. ભારતના સંવિધાનની આર્થિક જોગવાઈ અને વિકાસ નીતિઓને કારણે તેમનામાં શિક્ષણ અને તાલીમ સાથે સામાજિક ચેતના અને રાજનૈતિક દ્રષ્ટિનો ઉદ્‌ભવ થયો છે. ભારતના અન્ય વિકાસશીલ અને વિકસિત સમાજોના પ્રવાહમાં તેમની નવી પેઢી એકતા અને સમાનતા સાધી રહી છે ત્યારે એ જોવું જરૂરી બની રહે છે કે પહેલાંથી આજ સુધી તેમના જીવનમાં માહિતીનું આદાનપ્રદાન કઈ રીતે થયું છે.

આજના ગુજરાતના પરિવર્તનશીલ આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત અને અર્વાચીન–બન્ને પ્રકારનાં માધ્યમો અસ્તિત્વ ધરાવે છે. આપણે આ પ્રકરણમાં નીચેનાં માધ્યમોની વાત કરશું :

### પરંપરાગત માધ્યમો –

૧. ચિત્ર અને શિલ્પ કલા
૨. પરંપરાગત વાદ્યો
૩. ઉત્સવો અને મેળાઓ
૪. આદિવાસી હાટ બજાર
૫. નૃત્ય, નાટ્ય, કથા અને ભજનમંડળી
૬. આદિવાસી બોલીઓ

### આધુનિક માધ્યમો –

૭. છાપ માધ્યમો – ધાર્મિક પરચા, કંકોતરી, ચોપાનિયાં, સામયિકો, વર્તમાનપત્રો
૮. આદિવાસી સાહિત્ય
૯. રેડિયો-દૂરદર્શન અને પ્રત્યાયન
૧૦. ટેલિફોન અને મોબાઇલ
૧૧. વાહનવ્યવહાર – બસ, રેલવે, ગાડાં, છકડા, સાઇકલ, મોટરસાઇકલ, ટ્રૅક્ટર, ટ્રોલી

આમાં પ્રથમ છ પરંપરાગત માધ્યમો છે, જ્યારે બાકીનાં ત્રણ આધુનિક માધ્યમો છે. પ્રથમ પરંપરાગત માધ્યમોની વાત કરીએ.

### ૧. ચિત્ર અને શિલ્પ કલા :

આદિમજાતિના લોકોની કલા, સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિઓ, ધર્મ અને પરંપરા તથા સામાજિક ઉપયોગિતા સાથે સંકળાયેલી છે. કલાની અભિવ્યક્તિ માટે પરંપરાગત શૈલી હોય છે. ડૉ. એલ્વિન “Tribal Art” નામના પુસ્તકમાં

જણાવે છે કે આદિમજાતિ કલા દ્વારા વાસ્તવિકતાનું નિરૂપણ કરે છે ને નવી પેઢી માટે એક ખજાનો ઊભો કરે છે. આદિયુગમાં આપણે જોયું હતું કે ચિત્રો દ્વારા સાંકેતિક રીતે આદિમાનવો માહિતીનું આદાનપ્રદાન કરતા હતા. તે જ રીતે આદિમજાતિઓમાં મૂર્તિકલા અને ચિત્રકલા બંનેનું અસ્તિત્વ જોવા મળે છે. એ બંને દ્વારા સંપ્રેષણ થાય છે. જેમ કે નાગા લોકો શિકારનું આબેહૂબ ચિત્ર બનાવે છે. જ્યારે હો લોકો પશુપક્ષીઓનાં ચિત્રો આબેહૂબ દોરે છે. હૈદરાબાદના આદિજાતિના લોકો વૃક્ષની ડાળીઓ, પાંદડાં અને મૂળિયાં પણ દોરે છે. આદિમજાતિના કલાકારો પથ્થર, માટી અને લાકડાની મૂર્તિઓ બનાવે છે. ગોધરા, પંચમહાલ અને સાબરકાંઠામાં આવા લાકડાની કોતરણીવાળા દેવ બનાવીને પૂર્વજોને ધરાવવાનો રિવાજ છે. લાકડા અને માટીનાં પાત્રો ઉપર સુંદર કોતરણી, પથ્થરો, દીવાલો, ઓજારો, આભૂષણો એ દરેક ઉપર ચિત્રકામ કરવાની હસ્તકલા તેઓએ હસ્તગત કરેલ છે. તો શુભ પ્રસંગે ભીંતચિત્રો બનાવવાની કલા સમગ્ર ભારતીય આદિમજાતિમાં પરંપરાઓથી પ્રચલિત છે. આદિમજાતિઓમાં કલાને ખાતર કલા નથી. દેવતાઓને અર્પણ કરવા માટે પથ્થર, માટી કે લાકડામાંથી મૂર્તિઓનું નિર્માણ આદિવાસીઓ કરે છે તેવું ડૉ. વેરિયર એલ્વિનનું માનવું છે. મૃતકોની યાદમાં ખતરાં અને પાળિયા મૂકવાની પ્રથા ગુજરાતના આદિવાસીઓમાં આજ પણ પ્રચલિત છે. શામળાજી વિસ્તારના માટીના ઘોડા તો જગપ્રસિદ્ધ બન્યા છે. અલબત્ત, દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં પણ કેટલેક અંશે આવા માટીના ઘોડા બનાવવાનું ચલણ છે.

આદિવાસી ચિત્રકલા પણ વિશિષ્ટ સ્વરૂપ ધરાવે છે. ખાસ કરીને ઘરની દીવાલો પર ચૂનાથી વિવિધ ચિત્રો દોરવાની પ્રથા સદીઓથી ચાલી આવે છે. ચૂનો અથવા ખડીનો ઉપયોગ કરીને વિવિધ ચિત્રો દોરાય છે. આ રીતે જ પીઠોરા ચિત્રો જગમશહૂર થયાં છે.

પહેલાં આદિવાસીઓમાં કાપડના પટ પર ચિત્રો દોરી પટકથા બનાવવાનો રિવાજ હતો. આજે આ ચાલ લુપ્ત થઈ ગયો છે. તે ચિત્રોમાં પ્રાકૃતિક (હર્બલ) રંગોનો ઉપયોગ થતો હતો. પછી તો દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં ચિત્રકલાની આધુનિક કૉલેજ પણ સ્થાપવામાં આવી હતી. પરંતુ તે બહુ લાંબું ન ચાલ્યું. પટકથામાં કોઈ કથા હોય છે, અને મૌખિક રીતે કથા કહેતા જતાં પટને ફેરવતા જાય છે.

આદિવાસીઓમાં ચિત્રોનું આલેખન માટીનાં વાસણો, લાકડાની પટ્ટી, ભોજપત્ર, કાપડ અને મંદિર, રાજમહેલ, ચૈત્યગૃહ તેમ જ વિહારની દીવાલો અને છતમાં કરવામાં આવતું હતું. ભીંતચિત્રો આલેખવા માટે સૌપ્રથમ લીસી અને સુંવાળી ભીંત તૈયાર કરવી પડે. ચિત્રકલાની પરિભાષામાં આ ક્રિયાને 'ભૂમિકર્મ' કહેવામાં આવે. પથ્થરની કે ઈંટની દીવાલને ટાંકણા વડે કોચીને સૌપ્રથમ ખરબચડી બનાવવામાં આવે. પછી તેના ઉપર લેપનકાર્ય કરવામાં આવે. લેપનકાર્ય છાણ, માટી, પથ્થરનો ભૂકો, લાકડાનો વેર, ડાંગરની કુશકી વગેરેમાંથી બનાવેલા લેપ વડે કરવામાં આવે. પછી ચૂનાનું પાતળું પડ બનાવી તૂલિકા વડે ગેરુ રંગથી તેના ઉપર ચિત્રનું રેખાંકન કરવામાં આવે અને પછી રંગકામ થાય.

ભીંતચિત્રોના ગણેશ સ્થાપન નાગપૂજા, દેવદેવીઓના ચિત્રણ થાય છે. ગુજરાતના છોટાઉદેપુરના રાઠવા કે મધ્યપ્રદેશના પાટણગઢ વિસ્તારમાં વસતા પરધાન અને ગૌંડ જાતિના આદિવાસીઓના દેવતાઓની યાદી પણ ઘણી લાંબી થાય. રત માઈ, મેડોકી માઈ, ફૂલવારી દેવી, બડાદેવ, બાળાદેવ, બુઢાદેવ, બુઢીમાઈ, ફૂલપાવો, ઉનપાવો, પીઠોરો, દૂધિયો, રતુમાળ, ભેંહાટો, બોકડિયો, ઝેરિયો, અરિયા-ગળિયા વગેરે દેવોનાં ચિત્રો હોય છે. ચિત્રો કરતી વખતે સામાજિક પ્રસંગો, અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રસંગો, પુત્રૈષણાને કારણે

અસંતુષ્ટ આત્માઓને શાંત રાખવા ચૂંદડી, કાંસકી, બંગડી, ઘૂઘરો વગેરેનાં પણ ચિત્રો દોરાય છે અને ઓરિસ્સામાં મૃત સ્વજનોને રહેવા દીવાલ પર 'ઘર' નું ચિત્ર થાય છે ને રોજબરોજની ચીજવસ્તુનું ચિત્ર થાય છે. સાવરા ચિત્રોમાં મૃતકોને આપવા માટે આગગાડી, વિમાનનાં ચિત્રો અપાય છે. મધ્યપ્રદેશ તથા રાજસ્થાનમાં સાઝા–આકૃતિઓ કરવામાં આવે છે.

## પીઠોરો

ગુજરાત અને મધ્યપ્રદેશના સરહદી વિસ્તારોમાં રાઠવા આદિવાસીઓ 'પીઠોરો' ચીતરાવે છે. પીઠોરો આદિવાસીઓની સમગ્ર જીવનવ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક કલાકૃતિ છે. આ ચિત્ર ઘરની ઓસરીની ત્રણ બાજુની દીવાલો પર ચીતરવામાં આવે છે. પીઠોરો આમ તો આદિવાસીઓનો એક મોટો દેવ છે. તેને તેઓ 'બાબો પીઠોરો' એમ કહે છે. કુંવારી છોકરીની તબિયત સારી ન રહેતી હોય, ખેતીવાડીમાં સારી બરકત ન આવતી હોય, પશુઓમાં સુખાકારી અને સમૃદ્ધિ ન હોય ત્યારે આ દેવની માનતા રાખવામાં આવે છે. માનતા પૂરી થતાં ઘરની ભીંત પર અનુકૂળતાએ પીઠોરોની નકશી કરવામાં આવે છે. નકશી પાડવાનું કામ તેના ખાસ નિષ્ણાત આદિવાસી ચિતારા જ કરે છે.

આમ, બાબો પીઠોરો એ આદિવાસીઓનો મોટામાં મોટો દેવ છે. ધાર્મિક રીતે તેનું મહત્ત્વ તેમને મન ઘણું છે. સાથે સાથે પીઠોરોની કલાકૃતિમાં આદિવાસી જીવનની સામાજિક, આર્થિક અને ધાર્મિક સમગ્ર જીવન વ્યવસ્થાની પ્રતિભાનાં દર્શન થાય છે.

## ૨. પરંપરાગત વાદ્યો

પરંપરાગત વાદ્યો દ્વારા આદિવાસીઓ પોતાની વિવિધ લાગણીઓ વ્યક્ત કરે છે. ગુજરાતના આદિવાસીઓમાં તાલવાદ્ય વિશેષ જોવા મળે છે. તાલવાદ્યમાં ઢોલ વ્યાપક સ્વરૂપે પ્રસિદ્ધ છે. ઢોલી ઢોલ પર દાંડી પીટે એટલે આદિવાસી યુવાન-યુવતીઓના પગ થિરકવા લાગે છે. ઢોલના તાલે કલાકો સુધી નૃત્ય એ આદિવાસીઓ માટે સાહજિક છે. ગુજરાતના આદિવાસીઓ ઢોલનો ઉપયોગ સંદેશ આપવા માટે પણ કરે છે. મૃત્યુ, જન્મ, મદદ માટે પોકાર, એકત્ર થવા પોકાર વગેરે દરેક પ્રકારના પ્રત્યાયન માટે દરેક જાતિ ઢોલનો ઉપયોગ પોતપોતાની રીતે કરે છે. એક યુવાન ઢોલ લઈ ટેકરી પર ચડી જઈ ઢોલ પર દાંડી પીટે તે નજીકનાં ફળિયાં અને ગામોમાં સંભળાય છે. ઢોલ બાદ ઢોલક આવે, જે હાથની થાપીથી વગાડાય છે અને ગીત-સંગીતમાં તાલનો સાથ આપવામાં તેનો ઉપયોગ થાય છે. થાળીને પીટીને પણ તાલ અપાય છે.

ત્યાર બાદ સૂરવાદ્યો આવે. તારના ઝંકારથી વાગતાં વાદ્યોમાં તંબૂર જોવા મળે છે, જેનો ઉપયોગ ભજનમાં થાય છે. ફૂંક મારીને વગાડાતાં વાદ્યોમાં ડોબરું સાર્વત્રિક છે. આને મહુવર અથવા બીન સાથે સરખાવી શકાય. દૂધીના તુંબડામાંથી બનતું આ વાદ્ય આદિવાસી નૃત્યોમાં સાથ આપવા માટે પ્રયોજાય છે. ડોબરું વાગવું શરૂ થાય એટલે યુવાનો નૃત્ય માટે પહોંચી જાય છે. ફૂંકથી વગાડાતાં વાદ્યોમાં પાવો અથવા વાંસળી પણ એટલાં જ પ્રચલિત છે. મેં ઘણા આદિવાસી યુવાનોને વાંસ કાપી, સૂકવી તેમાંથી વાંસળી બનાવતા જોયા છે. ઢોર ચરાવા જતા યુવાનો વાંસળી વગાડી પ્રિયતમાને આકર્ષે છે. આ ઉપરાંત પૂર્વજોના આહ્‌વાન માટે ધાંધરીનો ઉપયોગ પણ થાય છે.

લોકસમુદાય વાદ્યોને દૈવી, અતિપવિત્ર અને માનપ્રદ માને છે. કોઈ પણ વાજિંત્રના નિર્માણ વખતે વાજિંત્ર બનાવનાર વાર નક્કી કરે છે અને શુભ ઘડીએ બનાવવાનો પ્રારંભ કરે છે. વાજિંત્ર તૈયાર થતું હોય તેટલો સમય બનાવનારે બ્રહ્મચર્ય પાળવું પડે છે. વાદ્ય તૈયાર થઈ ગયા પછી પહેલી વાર વગાડતી વખતે તેનો ભોગ ધરાવવો પડે છે.

દક્ષિણ ગુજરાતનું "દેવાહાડોવ્હી" માત્ર બાધા, જાત્રા, પૂજા કે વ્રતના પ્રસંગે જ વગાડવામાં આવે છે. તેવી જ રીતે સૌરાષ્ટ્રના સીદીઓનો મલંગો દરગાહ કે ઘરના કોઈ પવિત્ર ખૂણામાં સાચવવામાં આવે છે અને દર ગુરુ કે શુક્રવારે તેને ધૂપ કરવામાં આવે છે. તેનો સ્પર્શ કેવળ મુંજાવર કે તે કક્ષાનો પુરુષ જ કરી શકે છે.

ગુજરાતના આદિવાસીઓનો બિનઆદિવાસી સાથેનો સંપર્ક બહુ જૂનો છે. તેથી તેઓમાં ઘણી બાબતોમાં બિનઆદિવાસીઓના જીવનની અસર આવી ગઈ છે. આદિવાસીઓનાં વાજિંત્રો હજી તેવાં ને તેવાં જ છે જેવાં તેમના ઉત્પત્તિકાળ વખતે હતાં. વિશ્વભરના આદિવાસીઓ સ્વયંસ્ફૂર્તિથી પોતાનાં વાદ્યો એકસરખા રાહ કે તર્જમાં વગાડે છે. આફ્રિકાના દક્ષિણ આફ્રિકા, નાઈજીરિયા, કોંગો વગેરે દેશો, અમેરિકાના બ્રાઝિલ, ચીલી, મેક્સિકો, એશિયાના જાવા, ફિઝી, બર્મા, આલ્બેનિયા, યુરોપમાં સ્લાવ દેશો, બલ્ગેરિયા, હંગેરી અને જર્મની તથા ન્યૂ ઝિલૅન્ડમાં ગુજરાતનાં વાદ્યો જેવાં જ વાદ્યો બનાવવામાં આવે છે. ખાંગલો, ખપાર, તૂટ, ઠગેસ, માંહોળ, કુડી અને ચતેકથા જેવાં વાદ્યો વિદેશના આદિવાસીઓનાં વાદ્યો જેવાં હોય છે.

આદિવાસીઓ પોતાનાં વાજિંત્રો પોતાની આસપાસ મળતા પદાર્થો જેવા કે વાંસ, તાડની પટ્ટી, લાકડાના થડ, માટલા, તગારા, કુંડી, કડવી, દૂધી, તુંબડા વગેરેમાંથી બનાવે છે.

આદિવાસીઓ પોતાનાં વાદ્યો દ્વારા જુદા જુદા કબીલાઓ, ફળિયા અને ગામે સંદેશાઓ મોકલતા રહે છે. ગામના વડીલોને ભેગા કરવા માટે ઢોલ પર વાગતો દાંડીનો પ્રકાર કે આપત્તિ વખતે ઢોલ અને ડોબરું દ્વારા જણાવાતી સંદેશાની વાત તેમની આગવી પ્રત્યાયનની પ્રક્રિયા છે.

આદિવાસીઓની દ્રષ્ટિએ વાજિંત્રોના બે પ્રકાર છે – એક મેદાની અને બીજા મહેફિલના કે નિરાંતના. મેદાની વાજિંત્રો નૃત્ય, લગ્ન, મરણ જેવા શુભાશુભ પ્રસંગે અથવા આગ, પશુનો હુમલો કે મારામારી જેવા ભયજનક પ્રસંગે વગાડવામાં આવે છે. ઢોલ, માંદળ, તૂર, દાયરો, કુંડી, થાળી, નરહિલો, કાહડો, ઢાંકો વગેરેનો સમાવેશ આ વર્ગમાં થાય છે. જ્યારે ધાંગળી, અંબાડાની થાળી, ચોંદકું, તંબૂરો, ઘડો વગેરેનો સમાવેશ બીજા પ્રકારમાં થાય છે. આ વાદ્યો નાનાં, વજનમાં હલકાં અને સહેલાઈથી હેરવી-ફેરવી શકાય તેવાં હોય છે. તે કોઈ ઝાડ નીચે નાની મંડળીમાં બેસીને કે ઠંડી રાત્રે તાપણાં ફરતે બેસીને વાર્તા કે ગીત કહેતી વખતે વગાડવામાં આવે છે.

કેટલાંક વાજિંત્રોને ઉસ્તાદો કંઠ પ્રમાણે ન મેળવી શકાય તેવા હોવાથી જડવાદ્યો તરીકે અર્ધવાદ્યો જ ગણે છે. આદિવાસીઓ તેવાં વાદ્યોની નમ્રતાનાં મર્મસ્થાનો શોધી કાઢી વાજિંત્રોને પૂર્ણ વાદ્યોની પ્રતિષ્ઠા અપાવે છે. દા.ત આદિવાસીઓ એક કાંસાની થાળીમાં મીણના ટપકામાં એક અંબાડાની સોટી ઊભી કરી તે ઉપર આંગળી ફેરવી સારંગી પર ગજ ફેરવવા જેવાં સાતત્ય વાદ્યો પેદા થાય તેવો સ્વર પેદા કરે છે. આદિવાસીઓ થાળીની અસમાન જાડાઈથી તથા કોઢાથી દૂર નજીક ટપકું ખસેડવાથી થતા સ્વરભેદનો ઉપયોગ કરી તે સ્વરને ગળાના સ્વરની માફક મેળવે છે. તે જ પ્રમાણે આદિવાસીઓ વાંસળી વર્ગના પાવટી નામના વાજિંત્રમાં અવાજ કાઢનાર કાણા ઉપર મીણથી એક વાંસની પટ્ટી ચોંટાડે છે અને તેને આઘીપાછી કરી ગાનારના કંઠ પ્રમાણે મેળવી શકે છે.

આદિવાસીઓ ઉત્તમ પુરુષના ગુણોની યાદીમાં સ્વરો પારખવાની શક્તિ પણ એક ગુણ ગણે છે. આદિવાસીઓમાં 'ચોલો-ચાલ' નૃત્યનો તાલ ન જાણનારને માણસ નહીં પણ પશુ જ ગણવામાં આવે છે. અપવાદ સિવાય દરેક આદિવાસી નૃત્ય વખતે વગાડવામાં આવતા તાલ

ઓળખે છે. નૃત્ય વખતે વગાડનાર જેવી ચાલ બદલે છે તેવી રીતે તરત જ નાચનાર પણ તેવી જ રીતે પોતાની ચાલ બદલી નાખે છે. આદિવાસીઓ આવા વીસેક જાતના ચાળા વગાડી જાણે છે. આદિવાસીઓના રાગો પાંચેય સ્વર સુધીના હોય છે અને તેમાં અંતરાય ભાગ્યે જ હોય છે.

આદિવાસીઓ વાજિંત્રો દ્વારા દૂર દૂર સંકેતો મોકલે છે, તેથી લગ્ન, મૃત્યુ, કોઈ અમલદારનું આગમન, જંગલી જાનવરોનો હુમલો, ધાટ, આગ, પુત્ર કે પુત્રીનો જન્મ વગેરે સંકેતો જુદા જુદા તાલો દ્વારા મોકલે છે.

આદિવાસીઓમાં સ્ત્રીઓ માટે કોઈ વાજિંત્ર નથી. તેમના કંઠમાં કુદરતે મધુર વાદ્ય મૂક્યું છે. જેનો પ્રયોગ હાલતાં-ચાલતાં, કામ કરતાં, રોતાં કે હસતાં તેઓ કરી શકે છે.

આદિવાસીઓ વાદ્યોના રાગને કે વાજિંત્રના તાલને 'આલો-તાલ' કહે છે. આ ગાવાનું પગેરું ભારતની સાથે અફઘાનિસ્તાન, ઈરાન, સાઈબેરિયા, તુર્કસ્તાન બલ્ગેરિયા, બધી જ જગ્યાએ એક જ પ્રકારનું મળ્યું છે.

આદિવાસી એટલે જ જાણે ઢોલના તાલે નૃત્ય કરતો માનવ એવું ચિત્ર બિનઆદિવાસીઓના મનમાં વ્યાખ્યારૂપે ખડું થાય છે. તે જો કાઢી લઈએ તો બિનઆદિવાસીઓની નજર સામેથી આદિવાસી ચાલ્યો જાય અને આદિવાસીને પોતાના જીવનમાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય તેવું લાગે.

### ૩. ઉત્સવો અને મેળાઓ

ડાંગના આદિવાસીઓ વાઘબારસથી દિવાળીનો તહેવાર ઊજવે છે. દિવાળીની દેવપૂજા કરીને પછી બોલાવો કાઢે છે. બોલાવાનો કરંડિયો એક ગામથી બીજે ગામ જાય, તે પછી દેવસ્થાનકે પહોંચાડે.

ડાંગી આદિવાસીઓ પાદરમાં ઈંડું મૂકી ગાયોનું ધણ દોડાવીને આવતા વર્ષના રોગચાળા અંગેની આગાહી કરે છે. બળદોને શણગારીને ગાડાં દોડાવવાની હરીફાઈઓ કરે છે. દિવાળીના બીજે દિવસે દિવંગત દિવસોને, સગાંઓને યાદ કરી રડે છે.

પંચમહાલના આદિવાસીઓ ઘરમાંથી 'ખોખોહલો' કાઢે છે. ખોખોહલોની હાંડલી ખેતરમાં ફેંકી આવે છે. દિવાળીને દિવસે ગોહરી એટલે કે ગાયોનું ધણ જોવા જાય છે. ગામના પાદરમાં જુવાનિયાઓ ઊંધા સૂઈ જાય છે. તેમના શરીર પરથી ગાયોના ધણ પસાર થાય છે. અને આ વખતે સ્ત્રીઓ જુવાનોના રક્ષણ માટે માતાનાં ગીતો ગાય છે.

દિવાસો એ ગુજરાતના દૂબળાઓનો તહેવાર છે. દૂબળાઓની કન્યાઓ ઢીંગલા-ઢીંગલીના લગ્નનો ઉત્સવ ઊજવે છે. લગ્ન પછી ઢીંગલા-ઢીંગલીને કેળના થડિયા પર બેસાડીને પાણીમાં વહેતા મૂકવામાં આવે છે.

સુરતના ગામીતો વસંતનો ઉત્સવ ઊજવે છે. પ્રકૃતિના પરિવર્તનને ગીત, નૃત્ય દ્વારા વધાવે છે.

પંચમહાલ અને વડોદરા વિસ્તારની આદિવાસી કન્યાઓ એકબીજાની કેડમાં હાથ પરોવી આણેલિયાં ગીતો ગાઈ વસંતને વધાવે છે. ડાંગી સ્ત્રી-પુરુષો વસંતના દિવસોમાં નદીના ધરામાં સમૂહસ્નાન કરી માછલીનો શિકાર કરે છે.

ગામીત આદિવાસીઓ અનાજની લણણી વખતે ઊંદરા કાઢવાનો ઉત્સવ ઊજવે છે. ડાંગીઓ નાગપૂજાનો ઉત્સવ "પચવી" ઊજવે, પોળા એ ગાડાં ચલાવવાનો પ્રારંભ કરવાનો ઉત્સવ છે. તો દશેરા એ દેવી કનસરીની પૂજા અને ઉજાણીનું પર્વ છે. આમ વિવિધ ઊજવાતા ઉત્સવો માનવીના સાંસ્કૃતિક ઘડતરમાં મદદ કરે છે. તથા આદિવાસી સમાજના સાંસ્કૃતિક ઉત્સવો ભાષાકીય જ્ઞાનના

આદાનપ્રદાનનું પણ કામ કરે છે. આમ ઉત્સવો પણ મનુષ્યજીવનના વિકાસમાં ખાસ કરીને લોકજીવનના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આદિવાસી વિસ્તારોમાં જે મેળા ભરાય છે તેમાં લોકજીવનની કંઈક કેટલીય કળાઓ ઠલવાય છે. સૌને પોતાની શક્તિ અને કળા બતાવવાનો અવકાશ મળે, ઊર્મિઓની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન તે આ મેળો. મેળામાં લોકજીવનના સંસ્કારોના વિનિમય થાય. અને દૂર દૂરના ખૂણાના ગામડામાંથી, નેસમાંથી કે ટીંબામાંથી આવેલા માનવી, સૌંદર્ય, શક્તિ અને ભક્તિની ત્રિવેણીથી ભીંજાતા વધુ બળ, વધુ શ્રદ્ધા અને વધુ આત્મવિશ્વાસ મેળવી, અખૂટ આનંદનું ભાથું ભરીને પાછા ફરે. પણ લોકસંસ્કૃતિના પ્રતિનિધિ બનીને રહે તે જરૂરી છે.

જૂનાગઢના સીદીઓનો મેળો નગારચી કે નગારશા પીરનો ઉર્સ બહુ જાણીતો છે. તલાલા પંથકમાં રહેતા અને અન્ય જગ્યાએ રહેતા આદિમજાતિના સીદીઓ રજબ માસની ૧૬મી તારીખે મેળામાં ભેગા થાય છે. નગારશા પીરની દરગાહ બધા સીદી માટે પવિત્ર સ્થળ મનાય છે. મુંબઈ અને આગ્રા કે ઉત્તર પ્રદેશમાંથી પણ સીદીઓ આ સ્થળે આવે છે. મેળામાં કવ્વાલી, ગરબા, નાચ, વિવિધ રમતો, વાયઝ, ધમાણ ખૂંદાય છે. કેટલાક ધાર્મિક ને ભાવુક સીદીઓ આગ પર પણ ચાલે છે.

બનાસકાંઠા જિલ્લામાં ડુંગરપુરી બાવાનો મેળો, શીતળા માતાનો મેળો, ગોરનો મેળો, કેદારનાથનો મેળો, ધૂણીનો મેળો, માતાનો મેળો, ઠાકોરજીનો મેળો, જન્માષ્ટમીનો મેળો, કારતકી પૂનમનો મેળો વગેરે જાણીતા મેળાઓ છે.

સાબરકાંઠા જિલ્લામાં ચિત્રવિચિત્રનો મેળો, આનંદમેળો, દાણ મદુડિનો મેળો, ખેતલા બાવાજીનો મેળો, વીરેશ્વરનો મેળો, જન્માષ્ટમીનો મેળો, અંઘ્રોળાનો મેળો, શામળાજી(ગદાધરઃકારતક સુદ ૧૧)નો મેળો, અને શામળાજીનો (શ્રાવણ વદ આઠમ) મેળો, ભવનાથ(ભુવનેશ્વર)નો મેળો, વડોદિતવારનો મેળો, ગાંધીપેટ મેળો, સ્વામીનારાયણ મેળો, સર્વોદય મેળો, કંટાણુ હનુમાનનો આંબલી અગિયારશનો મેળો, ચાડિયાનો મેળો, ગાંધીઘેરા મેળો, ઝાલાનો મેળો વગેરે મેળાઓ જાણીતા છે.

પંચમહાલ જિલ્લામાં ઘણી જગ્યાઓએ મેળા ભરાય છે. જાણીતા મેળાઓમાં જન્માષ્ટમીનો મેળો, ઝાલાનો મેળો, મઠ-કોટલનો મેળો, ચાડિયાનો મેળો, મહાશિવરાત્રિનો મેળો, ગોળગધેડાનો મેળો, ધુંધટનાથનો મેળો, શેષનારાયણનો મેળો, આંબલી અગિયારશનો મેળો, ચૂલનો મેળો, પાંચ કૃષ્ણનો મેળો, દશેરાનો મેળો, ગુલદેવરાનો મેળો, કાળકા માતાનો મેળો, રામનવમીનો મેળો, અખાત્રીજનો મેળો, હોળીનો મેળો વગેરે જાણીતા છે.

મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લાના અગત્યના મેળાઓમાં ભાથીજીનો મેળો, જાવલિયા હનુમાનજીનો મેળો, દશેરાનો મેળો, ખોડિયાર માતાનો મેળો, દેવલાનો મેળો, પંચકુબેરેશ્વરનો મેળો, સીંધવાઈ માતાનો મેળો (નવરાત્રિનો મેળો), મહાશિવરાત્રિનો મેળો, દશેરાનો મેળો, હનુમાનજીનો મેળો, જળઝીલણી અગિયારશનો મેળો, પાંચિયાનો મેળો, ચૈત્રી પૂનમનો મેળો, ચૂલનો મેળો, ધુળેટીનો મેળો, તલાવનો મેળો, વિધાવાસી માતાનો મેળો, ભાથીજીનો મેળો,ચૂલ દેવીનો મેળો, તૈલાવ માતાનો મેળો, હોળીનો મેળો, દેવાઢનો મેળો, પંચમીનો મેળો, કાળિયોમેળો, ભંગોળિયું, વાઘેશ્વરી માતાનો મેળો, ફણાઈ માતાનો મેળો અને દિવાળીનો મેળો છે. આ મેળાઓમાં આદિવાસીઓનાં નૃત્યો, નાચ, વાંસ, ટોપલા–ટોપલું વેચાણ, કપડાનું વેચાણ, પ્રદર્શનો વગેરે યોજાય છે.

આદિવાસીઓનાં ખાસ વાદ્યો જેવાં કે વાંસળી, પાવા, ઢોલ, તાડપું જેવાં વાદ્યોની મેળામાં ધૂમ મચે છે.

ભરૂચ જિલ્લાના આદિવાસીઓના મેળામાં કેશરવા માતાનો મેળો, કડિયાકુંવરનો મેળો, આનંદલાનો મેળો, ધામદ્રાનો મેળો, પાંડરા અને કાળકામાતાનો મેળો બહુ જાણીતા મેળા છે.

સુરત અને ડાંગ જિલ્લામાં પંચનાથ મહાદેવનો મેળો, આદાપીરનો મેળો, ગોળનશાવલીનો ઉરસ, દશેરા તથા મોગરાનો મેળો, ટોકરવાનો મેળો, ચાસનાવલીનો મેળો, પીરનો મેળો, દેવડી માડીની જાત્રા, વૈશાખ સુદ બીજનો મેળો અથવા દોણની જાત્રા, ખાટલીશા પીરનો મેળો અથવા ઘોડની જાત્રા, કાળીચૌદશનો મેળો, મહાશિવરાત્રિ, કારતકી પૂનમ, મનકાળેશ્વર મહાદેવનો મેળો, વસંતપંચમી મહાલક્ષ્મી માતાનો મેળો, ચોકીનો મેળો, દેવ-દિવાળી, કપિલેશ્વર મહાદેવની જાત્રા, અગ્નિમાતાની જાત્રા, રતનમાતાનો મેળો, કાળિયાભૂતની જાત્રા, સોમવતી અમાસનો મેળો, સિંધવાઈ માતાનો મેળો, ખોડિયલ માતાનો મેળો, સતીમાઈની જાત્રા, પીરનો ઉરસ, નાળિયેરી પૂનમ, દિવાસાનો મેળો, ગોલીગઢની જાત્રા, ઉનાઈ માધ્વની જાત્રા, હુમાનનો મેળો, પ્રતાપનગર મહાદેવનો મેળો, હઝરત સૈયમ ગુલામ દસ્તમીર સાહેબનો ઉરસ, કાળીમાઈની જાત્રા, અંબાજી માતાની જાત્રા, મીરાં દાતાર પીરનો મેળો, હોળીનો મેળો, ગોકુલઅષ્ટમી, ગંગાજીનો મેળો, હિંગળાજ દેવીની જાત્રા, નકટી માઈની જાત્રા, બી-દાશાવલી મિયાંનો ઉર્સ, કમાલિયા લાવાનો મેળો, રામનવમીનો મેળો અને ડાંગ દરબાર મુખ્ય છે.

અહીં બધી જાતિના આદિવાસીઓ ભેગા થાય છે. મેળામાં વિવિધ જાતિઓનાં વસ્ત્ર, આભૂષણો, નૃત્યો, વાદ્યો, ભાતીગળ કળાઓ, લોકગીતો, લોકબોલીઓ, હથિયારો, રીતરિવાજો, ખાવાપીવાની ટેવો, એમનું સાહિત્ય, એમનાં દેવદેવીઓ અને ધાર્મિક માન્યતાઓ વિશે જાણવા મળે છે. દરેક માહિતીનું આદાનપ્રદાન થાય છે. પરિણામે માહિતીનું પ્રત્યાયન થાય છે. આમ માહિતીના પ્રત્યાયન માટે મેળાઓ એ બહુ મોટું પરંપરાગત માધ્યમ છે.

આદિવાસીઓમાં જુદાં જુદાં કારણોસર લગભગ ૨૨૫ મેળાઓ પ્રખ્યાત છે. જે સંસ્કારોના આદાનપ્રદાનમાં વધુ દ્રઢ બને અને પ્રત્યાયનની પ્રક્રિયામાં સામેલ થાય.

### ૪. આદિવાસી હાટ બજાર

આદિવાસી વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ અઠવાડિયામાં એક વખત બજાર ભરાય છે. આને હાટ અથવા હાટવાડા કહેવામાં આવે છે.

બજારને જુદી જુદી રીતે સમજી શકાય. બજારમાં લોકો આદિવાસીઓનો માલ ખરીદવા, વેચવા અને વિનિમય કરવા આવે છે. કેટલાક લોકો પોતાનો શ્રમ પણ વેચે છે, તો કેટલાક શ્રમ ખરીદે છે. આ રીતે બજારમાં ખરીદનારા અને વેચનારા ભેગા થાય છે. બજાર એક વેચવા યોગ્ય માલની વહેંચણીનું માધ્યમ છે.

આદિવાસી સમાજના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર હાટની ઘણી અસરો થાય છે. સમાજને પરિવર્તનની દિશામાં લઈ જાય છે. આદિવાસીઓ અહીં પોતાનાં સગાંવહાલાંને વારંવાર મળે છે. પરિણામે આદિવાસી સમાજમાં એક પ્રકારની એકતા ઉદ્‌ભવે છે, સંવાદિતા પ્રવર્તે છે. બધા જ આદિવાસીઓ એક જ પ્રકારની સામાજિક અને આર્થિક ભૂમિકામાં કામ કરે છે. આદિવાસીઓ બિનઆદિવાસીઓના સંપર્કમાં આવે છે. ત્યાંથી તેમને માહિતીનું આદાનપ્રદાન કરવાની તક મળે છે. ત્યાંથી આદિવાસીઓ નવું જાણે છે અને અમલમાં મૂકે છે. આદિવાસીઓની જીવનવ્યવસ્થા, પોશાક, રહેણીકરણી, રીતભાત વગેરેમાં અહીંથી પરિવર્તન આવે છે. આદિવાસી

ભાષામાં શુદ્ધતા પ્રવેશે છે. વીજાણુ માધ્યમો સાથે સંપર્ક થાય, આદિવાસીઓ તે વસાવે છે. આ રીતે સંપ્રેષણ થાય છે.

કેટલાક વૃદ્ધ આદિવાસીઓ તેમ જ વેપારીઓ કઈ રીતે સંપર્કમાં આવ્યા હતા તે તેમના વડવાઓ પાસેથી યાદ રાખ્યું હતું. તેમના કહેવા મુજબ વેપારીઓ ઉપરાંત કેટલાક કારીગરો પણ આદિવાસીઓનાં ગામડાંઓમાં જતા. અંદરના ભાગમાં આવેલા આ વિસ્તારોમાં તેઓ બળદગાડામાં અથવા પગે ચાલીને જતા. આ જનારાઓ નાના શહેરના અથવા વિકસિત ગામડાના રહીશો હતા. મીઠું, મસાલા, કાપડ અને ધાતુનાં ઘરેણાં જેવી વસ્તુઓ તેઓ આદિવાસી પ્રદેશમાં ધંધો કરવા લઈ જતા. ત્યાં જઈને આ વેપારીઓ આ વસ્તુઓનો સોદો અનાજ, ફળો, વન્યપેદાશો તથા કેટલીક વાર પક્ષીઓના બદલામાં કરતા. અંદરના પ્રદેશના આદિવાસીઓ તેમ જ આ વેપારીઓ વચ્ચે નાણાંનો વ્યવહાર નહોતો. આ વાત બસોએક વર્ષ પહેલાંની છે.

જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ આ ફેરી કરનારા વેપારીઓએ સ્થાનિક આદિવાસી વસ્તી સાથે ઘનિષ્ઠ સંપર્કો વિકસાવ્યા અને તેમનો વિશ્વાસ મેળવ્યો. આદિવાસી ગામડાંઓ પણ ફેરી કરનારા વેપારીઓ અને કારીગરો ઉપર વધારે ને વધારે આધાર રાખતા ગયા. પોતાની ખેતપેદાશો અને વન્યપેદાશો ખરીદે તેવા કોઈકની આ આદિવાસીઓને જરૂર હતી જ. પછી તો આ અવલંબન વધ્યું. જ્યારે વેપારીઓને લાગ્યું કે પોતાના રોકાણનું અને પ્રયત્નોનું સારું વળતર મળે છે ત્યારે આ વેપારીઓ અને આદિવાસીઓની પરસ્પરની જરૂરિયાત સંતોષનારાં હાટ અસ્તિત્વમાં આવ્યાં.

હાટ, ગ્રામપંચાયત, જૂથપંચાયત કે શહેરની નગરપાલિકાની જમીન પર ભરાતાં. તેની નજીવી ફી લેવાતી. હાટમાં ખાદ્યતેલ અથવા કેરોસીન, અનાજ, શાકભાજી, વન્યપેદાશો, લીલા અને સૂકા મસાલા, માંસ, મચ્છી, ઈંડાં, ફળ, વાસણો, કાપડ અને કપડાં, ઘરેણાં, પગરખાં, કટલરી અને સૌંદર્યપ્રસાધનો, પીણાં અને ખાદ્ય પદાર્થો, તમાકુની બનાવટો, કારીગરોની સેવાઓ જેમ કે લુહારો (ઓજારો), સુથારો, દરજીકામ કરનારાઓ, હજામો, વાંસકામના કારીગરો વગેરે આવતા. આ ઉપરાંત સાઇકલ રિપેરિંગ, બેટરી અને લાઇટર રિપેર કરનારા, કાંડાઘડિયાળ કે એલાર્મ ઘડિયાળ પહેરનારા તથા પરચૂરણ ચીજવસ્તુ વેચનારા પણ આવે છે.

આમ, હાટનું પ્રાથમિક કાર્ય આર્થિક પ્રકારનું છે. જેમાં ચીજવસ્તુઓ અને સેવાઓના વિનિમયની તક હાટ પૂરી પાડે છે. પોતાને જોઈતી વસ્તુ ખરીદી લે છે. પણ ઘણા જમીનવિહોણા આદિવાસીઓ પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે વસ્તુઓ ખરીદી શકતા નથી. આથી તેઓ પોતાની આર્થિક સ્થિતિ માટે સભાન થાય છે અને વધુ સારી મહેનત કરવા પ્રેરાય છે.

હાટ બજારનું સ્થળ તો છે જ પણ તે એકબીજાને મળવા માટેનું સ્થળ પણ છે. ત્યાં જ લોકો ભેગા થાય છે. તેઓ સામાજિક, આર્થિક અને રાજકીય બાબતો વિશે માહિતીની આપલે કરે છે. તેઓ લગ્ન, છૂટાછેડા તેમ જ અન્ય બાબતોની પણ ચર્ચા કરે છે. તેઓ આર્થિક બાબતોને રાજકીય માળખા સાથે સાંકળે છે. ગામડાંઓમાં રાજકીય પક્ષો પોતાની સભાઓ હાટના દિવસોએ યોજે છે જેથી બધા આદિવાસીઓ તેમને મળી શકે. આમ, આદિવાસીઓના સામાજિક-સાંસ્કૃતિક માળખામાં હાટ એ માહિતીના આદાનપ્રદાનનું કેન્દ્ર બની રહે છે. નવી જીવનવ્યવસ્થા અને ઉપકરણો નિહાળવાનું સ્થાન બની રહે છે અને આ રીતે આદિવાસી-હાટ એ સંપ્રેષણનો મુખ્ય સ્રોત બની રહે છે.

## ૫. નૃત્ય, નાટ્ય, કથા અને ભજનમંડળી

ગુજરાતની સાંસ્કૃતિક લોકકળાના વારસારૂપ એવાં લોકનૃત્યો, લોકઉત્સવો અને ધાર્મિક પરંપરાઓ સાથે જૂના કાળથી જોડાયેલાં છે. જોબનિયાને હેલે ચડાવતા લોકમેળાઓ હોય, ઋતુઓના રંગોત્સવની છાબ લઈને આવતો હોળીનો તહેવાર હોય, ગોકળઆઠમ ને નોરતા જેવા વાર પરબ હોય કે પછી લગ્ન જેવા મંગલ પ્રસંગની રંગેચંગે ઉજવણી થતી હોય ત્યારે લોકહૈયા આનંદવિભોર બનીને નાચે છે, ગાય છે. જીવનનો થાક ખંખેરીને જીવન માણે છે. નાદ અને નર્તન આદિમાનવના આંતરિક આવેગ અને ઊર્મિઓની અભિવ્યક્તિ છે. ભય અને રક્ષાભાવમાંથી આદિમાનવ પૂજા કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે રક્ષાભાવે એણે બલિદાન, નાદ અને નર્તનરૂપે વ્યક્ત કર્યાં. ગરબો એ સર્વાંશે ધર્મનું જ પ્રતીક છે. ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિનું મહાત્મ્ય જોડાયેલું છે. નવરાત્રિનો ગરબા મહોત્સવ એ આ શક્તિપૂજાનો જ ઉત્સવ છે. ગરબો એ પ્રગટપણે જ એકમાંથી અનેક જ્યોત પ્રગટાવતી આદ્યશક્તિ મહામાયાની પૂજાનું જ સ્વરૂપ છે. આ ગરબા સાથે ધર્મસાધના જોડાયેલી છે. કાળાંતરે આ ગરબામાં શક્તિપૂજા સિવાયનાં ગીતો પણ ગવાતાં નજરે ચઢે છે. અહીં કેટલાંક નૃત્યોની વાત કરીએ.

### પઢારોનું મંજીરાનૃત્ય

પઢારો આદિમ જૂથના આદિવાસીઓ છે. જે અમદાવાદ, સુરેન્દ્રનગર વચ્ચેના બનાસકાંઠા વિસ્તારમાં રહે છે.

પઢારો દ્વારા વારતહેવારે મંજીરાને કુશળતાપૂર્વક રાસમાં ઉતારીને સુંદર નૃત્ય રજૂ થાય છે. વારતહેવારે આ નૃત્ય કરતી વખતે પઢારો પગ લાંબા કરીને ગોળાકાર બેસે છે. એકતારો, તબલા, કાંસીજોડા, બગલિયું વગેરે વાદ્યો સાથે મંજીરાનો તાલ આપીને જમીન પર સૂઈ જાય છે અને સૂતા સૂતા મંજીરાના તાલ આપીને અવનવી રીતે મંજીરા વગાડતાં વગાડતાં બેઠા થાય છે, કૂદડી ફરે છે ને પાછા સૂઈ જાય છે. શરીરના સ્ફૂર્તિભર્યા હલનચલન સાથે મંજીરાનો તાલ અદ્દભુત રીતે સચવાય છે. રાસની જેમ મંજીરા-રાસમાં પણ અજબગજબની ચપળતા, જોમ અને સાગરની લહેરો જેવી સરકતી ગતિ જોવા મળે છે. રાજસ્થાનમાં આ નૃત્ય 'તેરહ તાલ' તરીકે જાણીતો છે.

### સીદીઓનું ધમાલ નૃત્ય

સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જાફરાબાદ વિસ્તારમાં રહેતા સીદીઓના ધમાલ નૃત્યમાં આદિ સંસ્કૃતિનું તત્ત્વ જળવાયું છે. ધમાલ નૃત્ય મશીરા નૃત્યને નામે પણ ઓળખાય છે. સીદીઓ નારિયેળની આખી કાચલીમાં કોડિયું નાંખીને બનાવેલા મશીરા પર લીલું કપડું વીંટાળીને તાલબદ્ધ રીતે ગોળ ગોળ ફરતા જાય છે. હાઉ હાઉ જેવો અવાજ અને ચિચિયારીઓ કરે છે અને હવામાં નારિયેળ ઉડાડીને તેને માથા ઉપર ઝીલીને તોડે છે.

### ઘેરૈયા

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં ઘેરૈયાની પ્રથા છે. આદિવાસીઓ બહુરૂપી બનીને કે વિવિધ વેશ ધારણ કરીને ઘેર કાઢે છે. ખાસ કરીને જ્યાં આદિવાસી-બિનઆદિવાસી મિક્સ વસતિ હોય ત્યાં ઘેર કાઢવાની પ્રથા વધુ પ્રચલિત છે.

### ચાળા

આદિવાસીઓમાં મરઘાચાળો, હરણચાળો, વાઘચાળો વગેરે અનેક ચાળાનૃત્યોની પ્રથા છે. મરઘાચાળામાં નૃત્ય કરનાર મરઘાની નકલ કરે છે.

### ડાંગી નૃત્ય

સ્ત્રી-પુરુષ કેડ પર હાથ બાંધીને તાલબદ્ધ રીતે કલાકો સુધી નૃત્ય કરે છે. આ નૃત્યના વિવિધ પ્રકારો છે. ડાંગી નૃત્ય દેશપરદેશમાં પ્રખ્યાત થયેલ છે.

## મેવાસી નૃત્ય

મેવાસ વિસ્તારના, ખાસ કરીને તડવી, આદિજાતિનું નૃત્ય મેવાસી નૃત્ય ગણાય છે.

## રાઠવા નૃત્ય

હાથે રૂમાલ બાંધીને સ્ત્રી-પુરુષ અલગ હરોળમાં રહીને નૃત્ય કરે છે.

આદિવાસીઓના તમામ તહેવારોમાં નૃત્ય અનિવાર્ય અંગ હોય છે. નૃત્ય દ્વારા તેઓ પોતાની વિવિધ ભાવનાઓની અભિવ્યક્તિ કરે છે.

નૃત્યકલાની જેમ કથા અને વાર્તાનાં માધ્યમો પણ પ્રત્યાયનનાં મજબૂત માધ્યમો છે. ખાસ કરીને ભૂવા, ભગતો અને ગુરુઓ સામાન્ય આદિવાસી જનોને સંદેશ આપવા માટે આ સાધનનો ઉપયોગ કરતા હોય છે. જે તે જાતિનો લોકઇતિહાસ, નુસખાઓ, જંગલનાં વૃક્ષો અને પશુઓ સાથેના તેમના સંબંધો, વિધિવિધાનો વગેરેની વાતો રસાળ શૈલીમાં કહેવામાં આવે છે, આવી કથાવાર્તાઓ થકી સંસ્કૃતિનું એક પેઢીમાંથી બીજી પેઢીમાં સંક્રમણ થતું હોય છે. પાવાગઢ વિસ્તારના આદિવાસીઓમાં પતઈ રાજાની કથા પેઢીઓથી જાણીતી છે. તેવી જ રીતે વીરોની વાતો, શહીદોની વાતો પણ કંઠોપકંઠ ઊતરી આવી છે.

ભજન પણ પ્રત્યાયનનું પરંપરાગત માધ્યમ છે. આદિવાસીઓને પોતાનાં ભજનો છે, આ ઉપરાંત બિનઆદિવાસી સંતોએ રચેલાં ભજનો પણ પ્રચલિત છે. ગાંધીવાદી સેવકોએ આદિવાસી વિસ્તારમાં જ્યારે આશ્રમો સ્થાપ્યાં ત્યારે તેમાંના કેટલાકે સમાજસુધારા અંગે જે ભજનો રચ્યાં તે આજે પણ પ્રચલિત છે. જેમ કે જુગતરામ દવેનું ‘‘તમે પીજો તો રામરસ પીજો કે દારવો પીશો ના’’ ભજન આજે પણ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં પ્રચલિત છે. લગભગ દરેક ગામના આદિવાસીઓને ભજનમંડળી બનાવવા માટે પ્રોત્સાહિત કરવા એક સમયમાં ભજનસંગીત માટેનાં સાધનો અપાયાં હતાં.

## કથા

ભારતમાં કથા કહેવાનું અને કથા સાંભળવાનું એમ બંને પ્રચલિત છે. ગ્રામીણ પ્રજા સાથેનો સાહિત્યનો સંગમ લોકકથા દ્વારા થાય છે. યુવા હૈયાંઓને પણ લોકકથા ગમતી હોય છે. મધ્યપ્રદેશના બસ્તર વિસ્તારની મૂરિયા નામની આદિવાસી જાતિના યુવાનો ‘‘ઘોટુલ’’ નામની યુવા ક્લબમાં ભેગા થાય છે અને આવી પરંપરાગત રીતે ચાલી આવતી લોકકથા સાંભળે છે, માણે છે અને સામાજિક જીવનના પાઠ શીખે છે. લોકકથાકાર ટુચકા અને કહેવતોને લોકકથામાં વણીને સંપ્રેષણને રસપ્રદ બનાવે છે. આમ, આદિવાસીઓની બધી જ જાતિઓ લોકકથા ઉપર શ્રદ્ધા રાખે છે. અને કથાઓમાં એકતા, નાનું કુટુંબ, મહિલાઓ ને બાળકોનું સ્થાન વગેરે અંગે જાણકારી મેળવે છે. આમ, લોકકથા દ્વારા સંદેશાઓ વણી લેવામાં આવે છે, અને તેનો પ્રચાર કરવામાં આવે છે.

આદિવાસી પ્રજામાં મેળા, ઉત્સવો, પ્રાસંગિક મિલન અને લોકનૃત્યોના કારણે ટોળું જમા થાય છે. આવા ટોળામાં સંબંધો ગાઢ થાય છે. માહિતીની આપલે થાય છે. જૂની મિત્રતાનો સેતુ સંધાય છે. આવા મેળામાં આદિવાસીઓ સંપ્રેષણની નવી તરકીબોથી આકર્ષાય છે, અને સામાજિક અને આર્થિક જરૂરિયાતો માટે માહિતી એકઠી કરે છે. દ્રશ્યશ્રાવ્ય માધ્યમો – પ્રદર્શનો અને નિદર્શન પદ્ધતિના કારણે ખેતીની, ખાતરની, દવાની અને નવી ટૅક્નૉલૉજીની તેમને ખબર પડે છે.

ભારત એ પ્રતીકો અને આકૃતિઓનો દેશ છે. કેટલાય સૈકાઓથી પરંપરાગત કલા સ્વરૂપોમાં પ્રતીકો, તાંત્રિક વિદ્યાઓ, માટીની મૂર્તિઓ, જમીન પર ચિત્રિત કરવામાં આવતી રંગોળીઓ, કાપડની પરંપરાગત ડિઝાઇનો, પ્લાસ્ટિક ઉપર અને કાગળ ઉપર રંગોથી ચિત્રિત થતા જુદા જુદા આકારો વગેરે આપણને કંઈ કહી જાય છે. આવાં કલા

સ્વરૂપો દ્વારા પણ કહેવાની વાત આદિવાસીઓ કહી દેતા હોય છે. જૂની ડિઝાઇન અને રંગોળીઓ દ્વારા પણ સંપ્રેષણ થતું હોય છે. બંગાળમાં 'અલ્પના', રાજસ્થાનમાં 'માંડણાં', મહારાષ્ટ્રમાં 'રંગોળી',

ભારતની આદિમજાતિઓમાં ભાષા, બોલીઓ અને સાહિત્ય વિશેનાં સંશોધનો વિકસતાં જાય છે. આદિમજાતિઓમાં પણ પૌરાણિક કથાઓ અને લોકકથાઓ દ્વારા તેઓનો સાહિત્ય વારસો પ્રગટ થાય છે. ફ્રાન્ઝ બોએસની માન્યતા મુજબ લોકકથાઓમાં કલ્પનાનું તત્ત્વ ઉમેરાઈ દૈનિક જીવનના અનુભવના આધારે નવી કથા ઉદ્‌ભવે છે. લોકકથાઓ આર્થિક, સામાજિક તથા ધાર્મિક જીવન સાથે સંબંધિત હોઈ શકે છે. કેટલીક લોકકથાઓ થોડા પરિવર્તન સાથે વિશ્વની બધી આદિમ સંસ્કૃતિઓમાં સંપ્રેષિત થઈ છે. આમ આદિવાસીઓમાં લોકનૃત્યો, લોકસંગીત, લોકકથા, ચિત્રો, ઉત્સવો, મૂર્તિકલા, શિલ્પકલા વગેરે માધ્યમો એ પરંપરાગત માધ્યમો છે જેના દ્વારા આદિવાસીઓ આનંદપ્રમોદ સાથે કલાને જીવંત પણ રાખી શકે છે અને કલાનું હસ્તાંતરણ બીજી પેઢીમાં કરી શકે છે.

ટૅક્નૉલૉજી પર આધારિત માધ્યમો વિવિધ પ્રકારના દર્શકો અને શ્રોતાઓને સંદેશાઓ આપે છે. જ્યારે પરંપરાગત લોકમાધ્યમો ગ્રામવિસ્તારમાં રહેતી માનવ પ્રજાતિઓ સુધી સંદેશ પહોંચાડે છે. આ માધ્યમો સમાજની સામાજિક-આર્થિક વર્તણૂક, રીતિરિવાજોના સંમિશ્રિત માળખામાં વણાયેલાં છે. આથી પરંપરાગત માધ્યમોના તંતુઓ, રૂઢિઓ ને ઉજવણી કરવા લાયક ઉત્સવો સાથે સંકળાયેલા છે. પરંપરાગત માધ્યમોના શ્રોતાઓ-દર્શકો સ્થાનિક, પ્રાદેશિક સ્તરના વિવિધ ભાષાના પ્રજાતિ વિભાગના હોય છે. આમ ભારતીય સમાજના તેના ઇતિહાસ સાથે સાંસ્કૃતિક મૂળ જોડાયેલાં હોય છે. પરંપરાગત લોકમાધ્યમો કંઠ્ય-શાબ્દિક-સંગીતમય અને દાર્શનિક કલાનાં સ્વરૂપોનો ઉપયોગ કરી એક પેઢીથી બીજી પેઢી સુધી સંદેશ લઈ જાય છે અને પહોંચાડે છે.

લોકમાધ્યમો દ્વારા અપાયેલા સંદેશની ચર્ચા ગ્રામીણ સમાજની સાંજની કે રાતની બેઠકમાં થતી હોય છે. આમ કર્ણોપકર્ણ મૌખિક વાત રજૂ થાય ત્યારે સંદેશ આંતરિક બાબત બની જાય છે. આદિમ પ્રજાતિ જૂથોમાં અને ખેડૂત સમાજોમાં સંપ્રેષણની પદ્ધતિ વૈધિક નથી હોતી. તેઓના સામાજિક ઉત્સવો કે ઉજવણીમાં મૌખિક કવિતાઓ, લોકકથાઓ, દંતકથાઓ, નૃત્યનાટિકાઓ, માઇમ, કઠપૂતળી અને અન્ય નાટક સ્વરૂપો દ્વારા સંદેશાઓ સહેલી ભાષામાં અપાય છે. નૃત્યો, આદિવાસીઓ અને ખેતમજૂરો માટે સર્વશ્રેષ્ઠ સંપ્રેષણ માધ્યમો બને છે. તે રોજના કામ કરવામાં અને સહકાર સાધવામાં મદદરૂપ બને છે.

ડેવિડ હાર્ડિમને દેવી આંદોલન પુસ્તકમાં નોંધે છે તેમ કેટલાક ભણેલા આદિવાસી યુવાનોને પોતાના સમાજમાં સુધારણાની જરૂર લાગી. ગામેગામ ભજન કરે અને એક યુવાનને 'દેવી'(માતાજી) આવે તે શ્રાપ આપે કે માંસ-મદિરા લો છો તો તમારું ધનોતપનોત થઈ જશે. આની અસરથી આદિવાસીઓ માંસ-મદિરા ત્યાગવાની પ્રતિજ્ઞા લે. આ એક પ્રકારનું લોકનાટ્ય ગણાય.

ઘણા સૈકાઓથી ભારતમાં લોકનાટ્ય સ્વરૂપ ગ્રામીણ પ્રજાની સાંસ્કૃતિક અને સામાજિક જરૂરિયાતો સાથે સંકળાયેલું રહ્યું છે. આથી ગ્રામીણ નાટકોમાં જ્યારે વિદૂષક કે ભવાઈમાં રંગલો આવીને સાંપ્રત વિષયો ઉપર ચર્ચા કાઢીને તેને નાટકમાં વણી લે છે ત્યારે તે અદ્‌ભુત અભિવ્યક્તિ બને છે.

## ૬. આદિવાસી બોલીઓ

માત્ર બોલાય તે બોલી અને લખી પણ શકાય તે ભાષા. પરંપરાગત રીતે આદિવાસીઓ પૂર્વ શાળેય સમાજ હોવાથી સાક્ષરતા-અક્ષરોનો અભાવ હતો. ગુજરાતના ઘોડિયા, ચૌધરી, ગામીત, ભીલ વગેરેને પોતાની બોલીઓ છે, જે હવે ગુજરાતી લિપીમાં લખવામાં આવે છે.

રૂબરૂ વાતચીત કે લોકસંપર્ક વખતે જે તે આદિવાસી સમૂહોની બોલી કે ભાષામાં જો વિકાસની વાત કરવામાં આવે તો અસરકારક સંપ્રેષણ થઈ શકે. ભાષા એ ધ્વનિ સંકેતોની વ્યવસ્થા કહેવાય. ચોક્કસ પ્રકારના ધ્વનિ, તેઓના નિયતક્રમ મુજબ રચના અને તેની સાથે જોડાયેલા અર્થને ભેગાં કરી સંપ્રેષણ થઈ શકે. ભાષાઓ પ્રતીકો–સંકેતોની વ્યવસ્થા છે. સમાજનાં પ્રવર્તમાન મૂલ્યો, વર્તન અને વ્યવહારનાં છે. સમાજનાં પ્રવર્તમાન મૂલ્યો, વર્તન અને વ્યવહારની સીધી અસર ભાષા પર પડે છે અને વ્યક્ત થાય છે. ભાષા થકી સામાજિક ગઠબંધન, પરસ્પર સાહચર્ય અને સહકાર, સંદેશાવ્યવહાર અને વિચારોની આપલે થઈ શકે છે. આથી જ સંપ્રેષણ એ સમુદાયના વિકાસ માટે ઉપયોગમાં લેવામાં આવતું હથિયાર છે. આથી જ પ્રત્યાયન કરવું, કયા માધ્યમ દ્વારા કરવું અને આદિવાસીઓના વિકાસ માટે તેમની ભાષામાં જ કરવું કે પછી રાષ્ટ્રભાષામાં એ બધું જ અગત્યનું છે.

આમ તો મુખના ચાળા, અનુકરણાત્મક ક્રિયાઓ, ઊંચો-નીચો અવાજ, ચેષ્ટાઓ વગેરે તેમ જ પદાર્થોને હાથમાં પકડીને આપણે બીજી વ્યક્તિને કેટલુંક સૂચવી શકીએ છીએ. એટલે કે આ બધા સંદેશાવ્યવહારનાં માધ્યમો તરીકે કામ આપે છે. આમ સંપ્રેષણના માધ્યમ તરીકે ભાષા બહુ જ અગત્યનું સ્થાન ધરાવે છે.

માનવસહજ આદતો અને રહેણીકરણીના કારણે આદિવાસીઓના એક સમૂહને સ્પર્શતો પ્રશ્ન અને તેનું નિરાકરણ સામાન્ય રીતે અન્ય આદિવાસી સમૂહને પણ સ્પર્શે કે પ્રશ્નનું નિરાકરણ લાવી શકે. સંસ્કૃતિના પ્રત્યાયનમાં આની વૈચારિક શક્તિનું પણ પ્રત્યાયન થાય છે. જે એક પેઢીથી બીજી પેઢી અને ઉત્તરોત્તર પેઢી દર પેઢી થતું રહે છે.

ગુજરાતમાં આદિવાસી બોલીઓના વિકાસના ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે. સર્વ પ્રથમ ગુજરાતી-ડાંગી શબ્દકોશની રચના થયા પછી આદિવાસી બાળકોને તેમની બોલીમાં પ્રાથમિક શિક્ષણ આપવાના અનેક પ્રયાસો થયા છે. વિવિધ આદિવાસી બોલીઓના અભ્યાસો થયા છે અને જે તે બોલી અને ગુજરાતી ભાષાના શબ્દકોશો પણ તૈયાર થયા છે.

આ ઉપરાંત ગણેશ દેવીની 'ભાષા' સંસ્થાએ ભારતની આદિવાસી બોલીઓનું દસ્તાવેજીકરણ કર્યું. તેમાં ગુજરાતના આદિવાસીઓની બોલીઓના દસ્તાવેજીકરણનો સમાવેશ પણ થાય છે. તાજેતરમાં કેટલાક આદિવાસી વિદ્વાનોએ આદિવાસી બોલીઓને વ્યાકરણબદ્ધ અને લિપીબદ્ધ કરવાના પ્રયાસો કર્યા છે તે પણ સરાહનીય છે.

## આધુનિક માધ્યમો

૧૯મી સદીની ઔદ્યોગિક ક્રાંતિની સાથે સાથે વિશ્વમાં એક નવી જાગૃતિ આવી. સંપ્રેષણ માધ્યમોમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. પ્રિન્ટિંગ પ્રેસના વિકાસની સાથે સંપ્રેષણ માધ્યમોનો ઝડપથી વિકાસ થયો. પ્રિન્ટિંગ પછી ફોટોગ્રાફી શોધાઈ. અક્ષરજ્ઞાન પ્રત્યે લોકોની જાગૃતિ વધી અને મનુષ્યના વ્યક્તિત્વમાં ફેરફાર નોંધાયો. અંધવિશ્વાસનું અજ્ઞાન દૂર થવા લાગ્યું તથા વિવેકસભર વિચારધારાઓનો જન્મ થયો. વિશ્વમાં અને દેશોમાં લોકશાહીવાળું વ્યવસ્થાતંત્ર અમલમાં આવ્યું. આથી જનસમાજમાં મહત્ત્વ વધ્યું. વહીવટીતંત્રે નક્કી કર્યું કે જનસમાજને શિક્ષણ આપવું. આને કારણે સંપ્રેષણ માધ્યમોની આવશ્યકતા ઊભી થઈ.

લોકો વડે, લોકો દ્વારા, લોકો માટે લોકશાહી સરકાર રચાઈ. આવા પ્રજાતંત્ર માટે પ્રજામાં જાગૃતિ આવે તેવા કાર્યક્રમો વિવિધ માધ્યમો વડે અપાયા. હકો અને ફરજો માટે પ્રજા જાગ્રત થાય તેવી જરૂરિયાત ઊભી થઈ.

૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અંગ્રેજોને માહિતી મોકલવાની ઘણી જરૂર પડી.

આથી તેમણે રેલવે, સડકો, હવાઈયાનો, સમુદ્રીયાનો, ટપાલ, તાર વગેરે માહિતી મોકલવાનાં સાધનોને આધુનિક બનાવ્યાં. આમ, વાહનવ્યવહારને કારણે માનવી સ્થળાંતર કરતો રહ્યો અને વિભિન્ન જાતિ, ધર્મો અને સંપ્રદાયો પણ એકબીજા સાથે જોડાયા.

ગુજરાતના આદિવાસી જીવનમાં આધુનિક માધ્યમોએ ક્રાંતિકારી પરિવર્તન આણ્યું છે. સર્વ પ્રથમ છાપ માધ્યમોની વાત કરીએ.

## ૭. છાપ માધ્યમો – ધાર્મિક પરચા, કંકોતરી, ચોપાનિયાં, સામયિકો, વર્તમાનપત્રો

અંગ્રેજોએ છાપખાનું દાખલ કર્યા પછી જ્યારે આદિવાસી વિસ્તારમાં સન ૧૮૫૬થી શાળાઓ શરૂ થવા લાગી, અને ખાસ કરીને ૧૮૮૫થી ગાયકવાડે ધાણકા વસતિ ગૃહો શરૂ કર્યાં ત્યારથી પાઠ્યપુસ્તકોનો પ્રવેશ થયો અને સાક્ષર આદિવાસીઓ પ્રવેશવા લાગ્યા. ધીમે ધીમે ભણેલા આદિવાસીઓમાં પુસ્તકોનો પ્રસાર થયો અને પુસ્તકોની સામગ્રીની અસરથી આધુનિકતા પ્રવેશવા લાગી. ગાંધીપ્રેરિત આશ્રમો સ્થપાયા પછી મોહન પરીખે વ્યારામાં સુરુચિ પ્રેસ સ્થાપ્યું અને આદિવાસી વિસ્તારમાં છાપકામની શરૂઆત થઈ. પછી લગ્નની કંકોત્રીઓ, ધાર્મિક અને રાજકીય ચોપાનિયાંઓ તથા સમારંભોનાં આમંત્રણો છપાવા લાગ્યાં. આદિવાસી સાક્ષરો વધતાં ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકો આદિવાસી વિસ્તારોમાં આવવા લાગ્યાં.

૧૯૭૦ આસપાસ આદિવાસી લેખકોએ લખેલાં પુસ્તકો છપાવવાની શરૂઆત થઈ. આમાં શંકરભાઈ તડવીને પ્રથમ હરોળમાં મૂકવા પડે. પરંતુ ૧૯૯૦ પછી સાક્ષરી વ્યવસાયોમાં આવેલા આદિવાસી યુવાનોએ વાર્તા, નવલકથા, કાવ્યો, ઇતિહાસ વગેરેનાં પુસ્તકો છપાવવાની શરૂઆત કરી. આદિવાસી સંશોધકોએ સંશોધન કરી પુસ્તકો લખ્યાં. સિદ્ધરાજ સોલંકીનું 'શામળહજ્જાં ગરાહજ્જાં' પુસ્તક અધિકૃત સંશોધન ગ્રંથ છે.

## ૮. આદિવાસી સાહિત્ય

બોલીના વિકાસ સાથે જ સાહિત્યનો પણ વિકાસ થાય છે. ગુજરાતની દરેક આદિજાતિને પોતપોતાનું મૌખિક સ્વરૂપે ચાલ્યું આવતું પરંપરાગત સાહિત્ય છે, જેમાં કથાઓ, વાર્તાઓ, નાટકો, ગીતો તથા આખ્યાનોનો સમાવેશ થાય છે. સર્વ પ્રથમ શંકરભાઈ તડવીએ મૌખિક પરંપરાના આદિવાસી સાહિત્યને ગ્રંથસ્થ કરવાના પ્રયાસો કર્યા. સન ૧૯૯૦ પછી જે સંદર્ભો બદલાયા તેમાં ઘણા આદિવાસી સાક્ષરોએ અને રૂપાલી બર્ક જેવા બિનઆદિવાસી સાક્ષરોએ આદિવાસી સાહિત્યને અક્ષર સ્વરૂપે મૂક્યું. જ્યારે આદિવાસી સાહિત્યકારોનું જૂથ મોટું થતાં આદિવાસી સાહિત્ય અકાદમીની સ્થાપના પણ આ સાહિત્યકારોએ કરી.

ગણેશ દેવીએ 'ભાષા' સંસ્થાના આદિવાસી સાહિત્યને ગ્રંથસ્થ કરવામાં બહુ મોટી સેવા આપી. શરૂમાં આ સંસ્થાના સામયિક 'ઢોલ' દ્વારા અને હવે અન્ય સામયિક 'આદિલોક' દ્વારા આદિવાસી સાહિત્યને વિધિવત્ સ્વરૂપ આપવાના પ્રયાસો થયા.

બોલી અને ભાષાના વિકાસને કારણે સંપ્રેષણ માધ્યમોમાં પણ ફેરફાર થયો. કુટુંબકબીલાના નેતાને કંઈક કહેવું હોય તો ડુગડુગી વગાડીને લોકોને એકઠા કરે અને ત્યાર બાદ પોતાની બોલીમાં સૌને વિગત જણાવે. ઉત્સવ, તહેવાર કે મેળાનું આયોજન પાછળથી સંપ્રેષણ માટે માહિતીની આપલે માટે થવા માંડ્યું હતું. જેથી એકબીજા સાથે હળીમળી આદાનપ્રદાન થઈ શકે.

ભાષાના વિકાસ સાથે જ સાહિત્યનો વિકાસ થયો તથા ધર્મ, સંસ્કૃતિ, સામાજિક વહેવાર વગેરે સ્પષ્ટ થવા લાગ્યા. વૈદિક કાળમાં સમાજને

નિયંત્રિત કરવા માટે ઋષિઓએ નૈતિક, ધાર્મિક, સામાજિક નિયમોની વ્યવસ્થા કરી રાખી હતી અને તેને સાહિત્યબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એ સમયે યજ્ઞોનું આયોજન કરવામાં આવતું હતું. યજ્ઞમાં બધી જ નાતજાતના લોકો ભાગ લેતા હતા, વિચારવિમર્શ કરતા હતા. ગુરુ-શિષ્ય વચ્ચે અનેક વિષયો ઉપર ચર્ચા થતી હતી અને જ્ઞાન વહેંચવામાં આવતું હતું. તે વખતે રાજ્યોની સરહદ ૪૦-૫૦ કિલોમિટરથી થઈ ૩૦૦-૪૦૦ કિલોમિટરની જ રહેતી હતી. આથી વર્ષમાં એક કે બે વખત તો રાજધાનીમાં એકઠું થવું પડતું હતું. આ સમયે નૃત્ય, ગીત, નાટક, સંગીત, સંભાષણ, પ્રવચન, સંપ્રેષણ દ્વારા સામાન્ય જનતાને સંદેશો આપતા હતા અને પ્રચાર કરવામાં આવતો હતો.

મૌર્યકાળથી સંપ્રેષણ વ્યવસ્થા અને સાધનોનો વિકાસ થયો. રામાયણ અને મહાભારત કાળમાં રથ, ઘોડા કે ઘોડેસવાર દ્વારા સંપ્રેષણ થતું હતું. પરંતુ આ વ્યવસ્થા નિયમિત નહોતી. ઋષિઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ રાજ્યોમાં માહિતી પહોંચાડતા હતા. મહાભારતમાં સંજય દ્વારા યુદ્ધનું વર્ણન જે રીતે કરવામાં આવ્યું હતું તે સંપ્રેષણ વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે.

આ ગાળામાં જ ભજન, કીર્તન, પ્રાર્થના, ઉત્સવ, તીર્થ, મેળા, રાસલીલા વગેરે દ્વારા વ્યવસ્થિત રૂપે સંપ્રેષણ થવા લાગ્યું અને વિકસવા માંડ્યું. મધ્યયુગમાં હસ્તપ્રતોનું ચલણ હતું. હસ્તલેખો દ્વારા સંપ્રેષણ થતું હતું. અઢારમી સદી પછી મુદ્રિત પુસ્તકોનું પ્રકાશન મોટા પાયે થવા માંડ્યું અને આ રીતે એક મોટો ચમત્કાર સર્જાયો.

## આદિવાસીઓમાં માહિતીનું આદાનપ્રદાન

ગુજરાતમાં આજે ૧૪ જિલ્લાઓમાં ૨૫ જાતિના આદિવાસીઓ જેમાં પાંચ આધાતક્ષમ જૂથોના લોકો વસે છે. જે મુખ્યત્વે ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાંથી આવ્યા હોય તેવું તેમની ભાષા પરથી લાગે છે. તેઓનાં નામ અને રીતરિવાજો પણ એ પ્રકારના છે. પરંતુ તેમના વસવાટ પછી ઉત્તરમાંથી આવેલી દેશી, વિદેશી કોમોએ તેમને મેદાનોમાંથી પૂર્વ સરહદે આવેલાં જંગલો અને ટેકરીઓના પ્રદેશોમાં હાંકી કાઢ્યા હતા. આથી તેઓને સપાટ મેદાનમાંથી ખસી જઈ જંગલોમાં અને પર્વતોમાં આશ્રય લેવો પડ્યો હતો. તેઓનો જગત સાથેનો વ્યવહાર કપાઈ ગયો હતો. આથી જોઈએ તેટલો તેમનો વિકાસ થયો નહીં. તેઓ જ્યાં વસ્યા ત્યાં જ તેમના ગોળમાં, કુટુંબોમાં કે વાડામાં હરતાફરતા રહ્યા ને માહિતીની આપલે પણ તેમના પૂરતી જ મર્યાદિત હતી.

આમ જુઓ તો આઝાદી પહેલાં આદિવાસીઓના જીવનમાં માહિતીની આપલે બહુ જ સરળતાથી થતી હતી – (૧) વાતચીત દ્વારા (૨) હાવભાવથી (૩) રહેણીકરણીથી (૪) રીતરિવાજો દ્વારા (૫) ઉત્સવો દ્વારા. આદિવાસીઓ જંગલોમાં પોતાના ખેતરમાં જ નજીક નજીક ઝૂંપડાં બાંધીને રહેતા હોય છે. આથી એકબીજાને લગભગ રોજ મળવાનું થાય અને માહિતીની આપલે થાય. જ્યાં ભાષાની તકલીફ પડે ત્યાં હાવભાવથી પણ પોતાની વાત સમજાવી શકે છે.

પરાપૂર્વથી આદિવાસી બાપ પાસેથી લાકડાં કાપવાનું કામ જેમ દીકરો શીખી લે છે કે મા પાસેથી વાંસની ટોપલી બનાવવાનું દીકરી શીખી જાય તેમ જ તેમની રહેણીકરણી, પહેરવેશ, રોજિંદાં કાર્યો. નવી પેઢી તરત જ શીખી લે છે અને રહેણીકરણી દ્વારા માહિતીનું આદાનપ્રદાન થાય છે. આ જ રીતે આદિવાસી જાતિઓના લગ્નના, બાળક જન્મના, આણાંના, મરણનાં, શ્રાદ્ધના કે યુવાગૃહોના રીતરિવાજો દ્વારા પણ માહિતીની આપલે થાય છે.

આદિવાસીઓ સામાન્ય રીતે ૧૦-૧૫ના જૂથમાં વસે છે, જેને ફળિયું કહેવાય. ઘણા બધાને ભેગા કરવા કે ખબર પહોંચાડવા કોટવાળ હોય છે જે સામાન્ય રીતે માહિતીના આદાનપ્રદાનનું કામ કરે છે.

જાતિપંચો દરેક ફળિયામાં ને ગામમાં હોય. તેઓ તેમના સામાજિક અને આર્થિક વ્યવહારોનું નિયમન કરે. પરંતુ આવા કોઈ એક પંચનો મુખી જ્યારે કોઈ વાર બહારની દુનિયા સાથે સંપર્કમાં આવતો અને નવું જે કંઈ જાણી લાવતો, શીખી લાવતો એ બધા જ ફળિયાવાળાને જણાવતો. આ રીતે આદિવાસીઓને માહિતી મળતી. આ બધી જ માહિતીની આપલે કરવાની રીતો આઝાદી પહેલાંની જૂની રીત હતી.

આમ, પરંપરાગત માધ્યમોના વિવિધ વિભાગો હેઠળ ઉપયોગમાં લેવામાં આવતાં સાધનો સ્થળો અને ઉત્સવો દ્વારા પ્રત્યાયન બહુ જ સારી રીતે થઈ શકે છે. પરંતુ ધીમે ધીમે આવેલી ઔદ્યોગિક ક્રાંતિને કારણે નવા ઉદ્‌ભવેલાં છાપ અને વીજાણુ માધ્યમોએ પણ માહિતીસંચારમાં ક્રાંતિ સરજી છે. વળી જનસંચાર સાચા અર્થમાં જનસંચાર બની શક્યું છે. આધુનિક સંપ્રેષણ માધ્યમોએ પણ પરંપરાગત માધ્યમોનો ઉપયોગ પોતાના માધ્યમમાં કરી તેને લોકો સુધી પહોંચાડવાનું ઉત્તમ સંપ્રેષણ માધ્યમ બનાવ્યું છે. રેડિયો, ટેલિવિઝન, ફિલ્મો અને સોંગ્સ ઍન્ડ ડ્રામા ડિવિઝન, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા લોકસંગીત, ભવાઈ કે લોકનૃત્યો, સંતો, ભજનમંડળી અને લોકનાટિકાનો ઉપયોગ વીજાણુ માધ્યમને સમુદ્ધ બનાવવામાં કરવામાં આવ્યો છે. તો હવે જોઈએ આધુનિક સંપ્રેષણ માધ્યમના વિવિધ પ્રકારો અને સંપ્રેષણ, તેમના થતા ઉપયોગની વિવિધ રીતો.

## ૯. રેડિયો-દૂરદર્શન અને પ્રત્યાયન

શરૂમાં આદિવાસી ગામડામાં વીજળી ન હોવાથી રેડિયોનો પ્રવેશ મોડો થયો. પરંતુ બેટરી સંચાલિત ટ્રાન્ઝિસ્ટર રેડિયો બજારમાં આવતાં આદિવાસી યુવાનો હાથમાં ટ્રાન્ઝિસ્ટર લઈને ફરવા લાગ્યા. ખેતરમાં કામ કરતાં પણ બાજુમાં ટ્રાન્ઝિસ્ટર વાગતો હોય તેવાં દ્રશ્યો આદિવાસી ગામોમાં સ્વાભાવિક થઈ પડ્યાં. તેમાં પણ વિવિધ ભારતી કેન્દ્રો પર આવતાં સિનેમાનાં ગીતો અત્યંત લોકપ્રિય થયાં.

દૂરદર્શનનો વ્યાપ વધતાં રેડિયોનું ચલણ ઓછું થવા લાગ્યું. આ સમય દૂરદર્શનની ખાનગી ચૅનલો શરૂ થયા પછી વિશેષ સ્વરૂપે આવ્યો. તેમાં પણ આદિવાસી વિસ્તારનાં નાનાં નગરોમાં પાનની દુકાને ટીવી પર આવતી ક્રિકેટની મેચ જોવા લોકો ટોળે વળવા લાગ્યા.

## ૧૦. ટેલિફોન અને મોબાઇલ

આદિવાસી વિસ્તારમાં જૂના સમયમાં આહવા, વ્યારા, સોનગઢ-ઉકાઈ, રાજપીપળા, ગોધરા, દાહોદ, છોટાઉદેપુર, શામળાજી વગેરે નગરોમાં જ્યાં સરકારી કચેરીઓ હતી ત્યાં ટેલિફોન પહેલા આવ્યા. પછી વેપારીઓ પાસે આવ્યા. ગામડાના આદિવાસીઓના ઘરે ટેલિફોન લેન્ડ–લાઇન હોય તેવું દ્રશ્ય કોઈક સરપંચના ઘરને બાદ કરતાં ભાગ્યે જ જોવા મળતું. પરંતુ મોબાઇલ ફોન યુગમાં ખાસ કરીને ૨જી (બીજી પેઢી) આવતાં મોબાઇલ થકી આપલે સસ્તી બની. હેન્ડસેટ સસ્તા બન્યા. પહેલાં આદિવાસી મજૂરોના હાથમાં ટ્રાન્ઝિસ્ટર્સ રહેતા હતા તેમ હવે તેમના હાથમાં મોબાઇલ રહેવા લાગ્યા. ગુજરાતના ૮૦ % વિસ્તારો મોબાઇલના કવરેજ ક્ષેત્રમાં આવી જાય છે. આથી હવે સંદેશાવ્યવહાર સરળ બન્યો છે.

મોબાઇલ થકી આધુનિક ટૅક્નૉલૉજીના ઉપયોગથી પ્રત્યાયન શરૂ થતાં ઢોલ કે 'લાકડિયા તાર'થી અપાતા સંદેશાનો યુગ લગભગ ખતમ થઈ ગયો છે.

ટૅક્નૉલૉજિકલ ઉપકરણોની જેમ જેમ શોધ થઈ તેમ તેમ આદિવાસીઓમાં પણ તેનો ફેલાવો ઝડપથી થવા માંડ્યો. જેમ આદિવાસીઓ પોતે પણ વ્યક્તિગત રીતે મોબાઇલ ખરીદી પોતાના વ્યક્તિગત સંદેશાઓ પહોંચાડવાનું કામ કરવા લાગ્યા, તો સરકાર પણ રેડિયો અને કમ્યુનિટી

ટી.વી. આપ્યા પછી દૂરદરાજના અંતરિયાળ વિસ્તારમાં રહેતા આદિવાસી ડોક્ટરો, શિક્ષકો, વહીવટી પ્રાયોજનાદારો વગેરેને મોબાઇલ આપી તેમના સંદેશાઓ પહોંચાડવા લાગ્યા. ભણેલા ગણેલા આદિવાસીઓએ બહુ નજીવી કિંમતે મોબાઇલ ખરીદી ઘેર ને ખેતરમાં વાત કરવાનો સરળ માર્ગ શોધી કાઢ્યો. એમાં પણ બી.એસ.એન.એલ. કે એમ.ટી. અને એન.એલ જેવી ભારતની સરકાર આધારિત ટેલિફોન કંપનીઓએ ઠેર ઠેર ગામડે, પર્વતો ઉપર ને નદીને કિનારે મોબાઇલ ટાવરો ઊભાં કરી દીધાં અને તેમાં પણ ઉપગ્રહ-કૉમ્યુનિકેશન અવકાશમાં ગયા પછી મોબાઇલમાં બહુ સહેલાઈથી સિગ્નલ મળવા લાગ્યા. તેથી મોબાઇલનું પ્રચલન આદિવાસીઓમાં વધ્યું અને સહેલાઈથી સંદેશાનું સંપ્રેષણ થવા લાગ્યું. ભારતની વસ્તીને જોતાં જે ઝડપથી મોબાઇલોની ખરીદી અને વપરાશ વધી તે જોઈને ગૂગલ, વોટ્સઅપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વિટર જેવી એપનો ફાયદો ગ્રાહકોને મળવા લાગ્યો અને સહેલાઈથી સંદેશાની સાથે ફોટાઓ પણ મોકલવા શરૂ થયા. મોબાઇલ પર ફોટા ને વીડિયો જોઈને આદિવાસીઓ તેનું અનુકરણ કરવા લાગ્યા. આમ મોબાઇલ જેટલું સહેલું સંપ્રેષણનું સાધન છે, તેટલું જ ઘણી વાર ભયકારક પણ સાબિત થઈ શકે છે. પરંતુ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રીના સ્થાને આવ્યા પછી તો આવા ટૅક્નૉલૉજિકલ પરિવર્તનની હવા ચાલી. અને ૨૦૧૬થી બૅંકોમાં ને અન્ય જગ્યાઓએ મોબાઇલ દ્વારા સીધું પેમેન્ટ કરવાની રીત અમલમાં આવી.

### ૧૧. વાહનવ્યવહાર – બસ, રેલવે, ગાડાં, છકડા, સાઇકલ, મોટરસાઇકલ, ટ્રૅક્ટર, ટ્રોલી

ગુજરાતમાં સન ૧૮૫૪માં મુંબઈ-અમદાવાદ રેલવેલાઇન નંખાતી હતી ત્યારે કૉન્ટ્રેક્ટરના માણસો સ્લીપર માટે સાગ કાપવા જંગલમાં ગયા હતા ત્યારે આદિવાસીઓએ વિરોધ કર્યો હતો. પછી તો બીલીમોરા-વઘઈ, કોસંબા-ઉમરપાડા કે અંકલેશ્વર-રાજપીપળાની નૅરો ગેજ રેલવે જંગલમાંથી લાકડું કાપવાના મુખ્ય હેતુથી નાખવામાં આવી હતી. પરંતુ આદિવાસી-બિનઆદિવાસી સંપર્ક વધારવામાં આ ત્રણેય નૅરો ગેજ લાઇનોનો બહુ મોટો ફાળો છે. ત્યાર બાદ મધ્ય અને ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારોમાંથી પણ રેલવેલાઇન પસાર થઈ. આજે ગુજરાતના દરેક આદિવાસી વિસ્તારમાંથી રેલવેલાઇન પસાર થાય છે. આના થકી બહારના લોકો અને ઉત્પાદનો આદિવાસી વિસ્તારમાં આવે છે અને આદિવાસીઓ– ખાસ કરીને મજૂરો – બહારના વિસ્તારમાં જાય છે.

અલગ ગુજરાતની સ્થાપના થતાં એસ.ટી. (સ્ટેટ ટ્રાન્સપૉર્ટ) બસ અસ્તિત્વમાં આવી. આજે ગુજરાત રાજ્યનાં ૯૮ % ગામડાંઓને એસ.ટી.ની સેવા મળે છે. આનાથી રાજ્યના વિકસિત વિસ્તારો (સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ વગેરે) તરફ આદિવાસીઓનું ઋતુગત સ્થળાંતર વધ્યું છે.

### સમાપન

પ્રત્યાયનનાં આધુનિક માધ્યમોની અસર જેમ વધતી જાય છે તેમ પરંપરાગત માધ્યમો નબળાં પડતાં જાય છે. રામદેવપીરનો વરઘોડો (દારૂબંધી પ્રચાર), દેવી આંદોલન (સામાજિક સુધારણા) કે ભૂવા-ભગત-સંતો દ્વારા કથા અને આખ્યાનો પણ ઓછાં થતાં જાય છે. તેની સામે ટીવી, મોબાઇલ, વર્તમાનપત્રો, એસ.ટી વગેરેનું મહત્ત્વ વધતું જાય છે. આ બધાં માધ્યમોને લીધે, પહેલાં સાપેક્ષ એકલતામાં રહેતા આદિવાસી સમૂહો હવે પૂર્ણપણે દેશના અન્ય ભાગો સાથે જોડાઈ ગયા છે.

વર્ષોમાં ઝડપી પ્રગતિ સાધી શકાઈ છે.

દા.ત. પોસ્ટ ઑફિસો અને ટેલિગ્રાફ ઑફિસોમાં ચાર ગણો વધારો થયો છે, જ્યારે ટેલિફોનમાં સત્તર ગણો વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં પ્રગતિની વધુ આવશ્યકતા છે. પછાત વિસ્તારો, પર્વતીય પ્રદેશો અને આદિવાસી વિસ્તારમાં ટપાલની સેવાઓ વિસ્તારવા પ્રયત્ન ચાલુ છે. દૂરદરાજના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઇલ પોસ્ટ ઑફિસ ચાલુ થઈ છે. વિસ્તારોમાં પત્ર નાખવાના ડબ્બાઓને મોબાઇલ વાનમાં પહોંચાડવા એજન્ટો નિમાયા છે. ૯૯ % વધુ ગામડાંઓમાં ટપાલ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૯૭૫માં 'ક્વિક મેઇલ સર્વિસ'(QMS)ની સેવા અમલમાં મૂકવામાં આવી છે. આ સેવા હેઠળ પિન કોડ નંબર લખેલા પત્રો બીજે દિવસે જ ધાર્યા સ્થળે પહોંચી જાય છે. ભારત યુનિવર્સલ પોસ્ટલ યુનિયન તથા એશિયન અને ઓસનિક પોસ્ટલ યુનિયનનું સભ્ય હોવાને કારણે ટપાલસેવાની સવલત ૧૬૬ દેશો સાથે ભોગવી શકાય છે.

આ વધતાં પ્રત્યાયનથી માત્ર બહારનાં ઉત્પાદનો આદિવાસી વિસ્તારમાં પહોંચે અને આદિવાસી મજૂરો બહાર જાય તેમ થવાને બદલે સંતુલિત અને સમાવિષ્ટ પ્રત્યાયન થાય તે જોવું પડે.

* * *

# આદિવાસીઓ – સંદેશાવ્યવહાર પદ્ધતિ

## સંદર્ભસૂચિ



| ક્રમ | નામ | વિગત |
|---|---|---|
| ૧. | સંપાદન : ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય (૨૦૧૪) | આદિવાસીઓ અને દ્રષ્ટિકોણ (૨૦૧૧) |
| ૨. | દેસાઈ (ડો.) ઊર્મિબહેન | "સાંસ્કૃતિક માનવશાસ્ત્ર" (૧૯૭૫) |
| ૩. | પ્રો. કે. સત્યનારાયણ અને અન્ય | ઉત્ક્રાંતિ (૧૯૮૯) |
| ૪. | ડૉ. ધીરુભાઈ ઠાકર | ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧, પા. ૯૭૪-૭૫ (૨૦૦૧) |
| ૫. | ત્રિવેદી હર્ષદ, સોલંકી સિદ્ધરાજ | 'માનવવિજ્ઞાન' (૧૯૮૮) |
| ૬. | દેસાઈ, અક્ષયકુમાર દેસાઈ | 'સામાજિક માનવશાસ્ત્ર એક સૈદ્ધાંતિક અભ્યાસ" ૧૯૭૧ |
| ૭. | Majumdar, D.N. and Mandan, T.N. | An Introduction to Social Anthropology (1956) |
| ૮. | मेलविल जे. हर्सकोविलस अनुवादक रघुराज गुप्त | સાંસ્કૃતિક માનવશાસ્ત્ર (૧૯૬૦) |
| ૯. | Dr. Verier Elvin | 'The Adivasis' Mini. of I & B, Gov. of India |
| ૧૦. | Parmar Shyam | Traditional Folk Media in India (1994) |
| ૧૧. | પટેલ રમણભાઈ (ડૉ.) | લોકસાહિત્ય ચર્ચા (૧૯૮૪) |
| ૧૨. | આચાર્ય શાન્તિભાઈ (ડૉ.) | ચૌધરીઓ અને ચૌધરી શબ્દાવલી (૧૯૬૯) |
| ૧૩. | પરમાર જયમલ્લ | આપણી લોકસંસ્કૃતિ (૧૯૭૬) |
| ૧૮. | નાયક ચીન્કુભાઈ (ડૉ.) | ભારતીય ચિત્રકલા – એક રૂપરેખા (૧૯૯૭) |
| ૧૫. | ગુલામ મોહમ્મદ શેખ | લલિતકલા દર્શન-૨, દ્રશ્યકલા (૧૯૯૬) |
| ૧૬. | મીનાક્ષી ઠાકર (ડૉ.) | આદિવાસી અને સંપ્રેષણ માધ્યમો (૨૦૦૭) |
| ૧૭. | માર્શલ રતન | ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ (૧૯૫૦) |
| ૧૮. | રાવલ જ્યોતિર | "સમૂહ પ્રત્યાયન" (૧૯૯૫) |
| ૧૯. | મહેતા ચંદ્રકાંત | 'પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન - ૧૯૯૦' |
| ૨૦. | Tiwari, I. P. | Communication Technology and Development (1987) |

# ૨૨. આદિવાસી વિસ્તારોનાં અભયારણ્યો



ભારત જેવા વિશાળ દેશમાં, વિપુલ પ્રમાણમાં 'વન્ય જીવ સંપત્તિ' છે. કોઈ પણ દેશમાં વન્ય પ્રાણીઓ એ પ્રદેશના પર્યાવરણ સંકુલનો અગત્યનો ભાગ બની રહે છે. આપણા દેશમાં આપણને વન્ય પ્રાણીસૃષ્ટિનો અત્યંત સમૃદ્ધ વારસો મળ્યો છે. પરંતુ આ સદી દરમિયાન દેશભરમાં વન્ય પ્રાણીઓની સંખ્યામાં ભયપ્રેરક ઘટાડો થતો રહ્યો છે. જમીન અને વન પરના ભારે ઘસારામાં પરિણમતો માનવવસતિનો ઝડપી વધારો, પ્રાકૃતિક વસવાટોનો નાશ કરતું, વધતું જતું શહેરીકરણ તથા ઔદ્યોગિકીકરણ તેમ જ નાણાં કમાવવા માટે થતી ઘૂસણખોરી અને તે દ્વારા થતા અનિયંત્રિત શિકાર ને પકડવામાં આવતાં પ્રાણીઓ જેવી વિવિધ બાબતોને કારણે આમ બન્યું છે.

આપણે જોઈએ તો આ પ્રાણીઓનું પ્રાગ્-ઐતિહાસિક કાળથી આપણી સાથે સહઅસ્તિત્વ રહ્યું છે. જીવ સ્થિતિ વિજ્ઞાન સંબંધી પ્રાકૃતિક સમતુલા જાળવવામાં તેમણે ફાળો આપ્યો છે. અને તેનું રક્ષણ કરવું જરૂરી છે. હવે મોડા મોડા પણ વીસમી સદીના પાંચ દાયકા પછી આપણે અભયારણ્યો બનાવીને વન્ય જીવોને સંરક્ષણ આપવા લાગ્યા છીએ, પણ આવાં અભયારણ્યો ભારતમાં આજથી ૩૦૦૦ વર્ષો પહેલાં હતાં. જેને તે વખતે 'ધર્મારણ્યો' તરીકે ઓળખવામાં આવતાં હતાં આજથી ૨૨૦૦ વર્ષ પૂર્વે 'કૌટિલ્યની અર્થનીતિ'માં એટલે કે સમ્રાટ અશોકના સમયમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે.

કાલિદાસના સમયે આજના ઉત્તર પ્રદેશના તરાઈના જંગલ વિસ્તારમાં હરણો મોટા પ્રમાણમાં નિવાસ કરતાં હતાં. એ વખતે કણ્વઋષિએ માલિની નદીને કાંઠે તેમના આશ્રમની પાસે એક અભયારણ્ય બનાવ્યું હતું એ વખતે તેને અભયારણ્યને બદલે 'ધર્મારણ્ય' તરીકે ઓળખવામાં આવતું હતું. આ આપણા ભારત દેશમાં સૌપ્રથમ બનેલું અભયારણ્ય ગણાય છે. અહીં સમૂહમાં રહેતાં પશુ-પક્ષીઓના પરિવાર એકઠા થઈને આનંદવિભોર બનતા હતા. કારણ કે શિકારની મનાઈ તેમ જ પશુ-પક્ષીનાં ઘર સમાન વૃક્ષ-વેલીઓના છેદન ઉપર પણ પ્રતિબંધ હતો.

આદિવાસીઓ મુખ્યત્વે જંગલો કે જંગલની નજીક રહેતા હોવાથી જંગલમાં મળતી ચીજવસ્તુઓ ઉપર પોતાનો જીવનનિર્વાહ કરે છે. જંગલોમાંથી મળતી પેદાશોમાંથી રોજીરોટી પણ મેળવે છે. પણ જંગલ સાથે ઓતપ્રોત થઈ ગયેલા આદિવાસીઓ વિકરાળ વન્ય પશુથી ડરતા નથી, પણ તેને ડરાવે છે. આ વન્ય જીવોને સાચવવામાં, પશુને ઓળખવામાં તેઓ મુખ્ય ભૂમિકા ભજવે છે.

ભારતની કુલ વસતિમાં કેટલાંક જૂથો એવાં છે, જે વનમાં વસે છે. (ક્યારેક તેઓ આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર વનમાં વસે છે. અને અન્ય પ્રજાની સરખામણીએ હજુ ઘણાં પાછળ છે.) જો કે આવાં પાછળ રહી ગયેલાં જૂથોના વિકાસ માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આવાં જૂથોને આદિવાસી ગણાવાય છે. ભારતમાં આદિવાસી વસતિ વિસ્તારની મહત્ત્વની દ્રષ્ટિએ ભારતનાં રાજ્યોના બે ભાગ પાડી શકાય – પહેલા ભાગમાં ઉત્તર અને દક્ષિણે આવેલાં રાજ્યો જ્યાં આદિવાસી વસતિ ઓછી છે. જ્યારે બીજા ભાગમાં જે રાજ્યોમાં આદિવાસી વસતિ ઘણી સંખ્યામાં છે.

ભારતની આદિવાસીઓની વસતિ ભૌગોલિક રીતે જોઈએ તો ૬ વિભાગોમાં વહેંચાયેલી છે :

૧. ઉત્તરપૂર્વ વિભાગ – જેમાં આઠ રાજ્યોનો સમાવેશ થાય છે. અહીં ઊંડી ખીણોવાળો પ્રદેશ ભારે વરસાદથી ન જઈ શકાય તેવા દુર્ગમ એવા ગાઢ અને ગીચ જંગલ વિસ્તારો છે.
૨. મધ્યપૂર્વ વિભાગ – આમાં આઠ રાજ્યોનો સમાવેશ થાય છે. આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, પં.બંગાળ, છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તરાંચલનો સમાવેશ થાય છે.
૩. ઉત્તર પશ્ચિમ ક્ષેત્ર – જેમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.
૪. દક્ષિણ ક્ષેત્ર – આ વિસ્તારમાં કર્ણાટક, કેરળ અને તામિલનાડુનો સમાવેશ થાય છે.
૫. દ્વિપ ક્ષેત્ર – આ વિસ્તારમાં આંદામાન અને નિકોબારનો સમાવેશ થાય છે.
૬. પશ્ચિમ વિભાગ – આ વિભાગમાં દાદરા નગર હવેલી, દીવ-દમણ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ રાજ્યોનો મોટા ભાગનો વિસ્તાર સપાટ પ્રદેશ અને જંગલોનો વિસ્તાર છે. આ વિસ્તારમાં વસવાટ કરતી આદિવાસી વસતિ અન્ય સમુદાયના સતત સંપર્કના કારણે જાગ્રત પણ છે.

ભૌગોલિક રીતે જોઈએ તો ગુજરાતમાં અંબાજીના દાંતા તાલુકામાં પથરાયેલા ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને ભીલોડા અને મેઘરજની પૂર્વ પટ્ટીથી દક્ષિણ તરફ નીચે ઊતરી પંચમહાલ, ઝાલોદ, દાહોદથી, પૂર્વ સીમાને આવરી લઈ દક્ષિણ ગુજરાતમાં આવેલ નાનછલ વિભાગમાંથી પસાર થઈ નીચે સુરત જિલ્લાનાં માંડવી – સોનગઢ, વાંસદા, ધરમપુર, ડાંગ, ઉમરગામનાં દરિયાકિનારા સુધીની પૂર્વપટ્ટી એ આદિવાસીઓનું મુખ્ય રહેણાક વિસ્તારનાં ક્ષેત્રો છે. આખોય વિસ્તાર, ઉત્તરે અરવલ્લી, પૂર્વે સાતપુડા અને વિંધ્યાચલ તેમ જ દક્ષિણે સહ્યાદ્રિ પર્વતમાળામાં આવેલા ૧૪ જિલ્લાઓ અને ૫૨ તાલુકાઓ આદિવાસી વસતિની સઘન વસતિ ધરાવતાં અનુસૂચિત જનજાતિનાં ક્ષેત્રો છે. જે કુલ ૨૦ હજાર ચો.મી.નો આખો વિસ્તાર પહાડો અને જંગલોથી આચ્છાદિત છે.

રાજ્યની કુલ વસતિમાં અનુસૂચિત જનજાતિની સંખ્યાનું બળ ૮૯,૧૭,૧૭૪ એટલે કે ૧૪.૭૫ ટકાનું છે. જેમાં જંગલો છે, ત્યાં વન્ય જીવો પણ વધુ રહે છે, અને વન્ય પશુ-પક્ષી તેમ જ વન્ય સંપત્તિનું રક્ષણ એ આદિવાસી પોતાની પવિત્ર ફરજ માને છે. આ ફરજ નિષ્ઠા અને મૂલ્યના સંદર્ભમાં ગુજરાત સરકારે ઊભા કરેલાં અભયારણ્યોનો હવે આપણે પરિચય કેળવીએ.

### ૧. ગીર અભયારણ્ય

(એશિયાઈ સિંહોનું નિવાસસ્થાન)

ગીર અભયારણ્ય એ જૂનાગઢ જિલ્લામાં આવેલું છે. જૂનાગઢની કુલ ૨૭ લાખ ૪૩ હજાર ૮૨ની વસતિમાં ૫૫.૫૭૧ આદિવાસીઓની વસતિ છે. તેમાં પણ ગીર જંગલમાં આદિમ જૂથના સીદીઓનો વસવાટ વધુ છે. આફ્રિકા સિવાય વિશ્વમાં એશિયાઈ સિંહોનું જો નિવાસસ્થાન હોય તો એ ભારતમાં જૂનાગઢ પાસે આવેલા ગીર જંગલમાં છે. ઈસુના સમયથી માંડીને લગભગ ૧૦૦ વર્ષ પહેલાં સુધી એશિયાઈ સિંહો ગ્રીસથી લઈને પશ્ચિમ એશિયા અને ત્યાંથી બંગાળા અને બિહાર સુધી ઘૂમતા હતા. અંતે હવે ગીર અભયારણ્યમાં સિંહોની વસતિ જીવે છે.

ઈ.સ ૧૯૧૦માં ગીર અભયારણ્યમાં સિંહોની વસતિ માત્ર ૧૫ જેટલી જ થઈ ગઈ હતી, પરંતુ ત્યાર બાદ અભયારણ્યમાં સિંહોને સાચવવા માટે ગંભીર અને યોગ્ય સુરક્ષાત્મક પગલાંઓ લેવાવાના કારણે આ સંખ્યા હવે ૩૦૦થી વધુ થઈ ગઈ છે. અભયારણ્યમાં આવેલો જંગલનો વિસ્તાર ઘાસસારા માટે ફરતા માલધારીઓ અને પશુઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ પરિસ્થિતિ પલટાઈ. ઈ.સ ૧૯૭૨માં વન્ય જીવન

સંરક્ષણ કાયદાને કારણે પર્યાવરણવાદીઓ અને વન્ય જીવનની સુરક્ષા કરનારાઓને મજબૂત સાથ સાંપડ્યો.

ગીર જંગલને ઈ.સ. ૧૯૬૫માં સિંહો માટે પદ્ધતિસર અને વ્યવસ્થિત બનાવવામાં આવ્યું હતું અને ઈ.સ. ૧૯૭૨માં ૧૫૦૦ ચો. કિ.મિ.ના વિસ્તારને આવરી લઈ તેને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

પહેલાંના જમાનામાં મહારાજાઓ અને નવાબો શિકારને એક શોખ તરીકે ગણી આનંદપ્રમોદ મેળવવા સિંહ અને વાઘનો શિકાર કરતા હતા. શિકાર કરવા માટે તેઓ નિયમિત રીતે સમય ફાળવી જંગલમાં જતા હતા. તે સમયે બ્રિટિશ સરકારને આ પ્રવૃત્તિ વાંધાજનક લાગી નહોતી. ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીની શરૂઆતમાં નવાબો અને મહારાજાઓ સાથે બ્રિટિશ અફસરોએ જંગલમાં જઈ ઘણા સિંહો, વાઘો, દીપડાઓ અને ચિત્તાઓનો શિકાર કર્યો હતો. પરિણામે ૧૯૧૦માં જૂનાગઢના ગીર જગલમાં માત્ર ૧૫ સિંહો જ બચ્યા હતા.

પરિસ્થિતિની ગંભીરતા સમજી અને લોકો તરફથી ભયંકર વિવાદનો સામનો કરવાના કારણે જૂનાગઢના નવાબ અને બ્રિટિશ ગવર્નર લોર્ડ કર્ઝને સિંહોની સુરક્ષા કરવાનો નિર્ણય કર્યો

લોર્ડ કર્ઝને આપેલી કડક સૂચનાઓ અને જૂનાગઢના નવાબના સિંહોને બચાવવાના સત્તાશીલ અભિગમને કારણે સિંહોની વસતિ નામશેષ થતી અટકી.

જૂનાગઢથી ૬૫ કિ.મિ. દૂર આવેલા અને વેરાવળથી ૩૫ કિ.મિ. દૂર આવેલા સાસણ ગામે ગીર અભયારણ્ય/રાષ્ટ્રીય પાર્કનું મુખ્ય મથક છે.

ગીરનો સિંહ એ રાજવી પ્રાણી છે, જેની લંબાઈ લગભગ ૨.૭૫ મીટર હોય છે. પહોળા ખભા, લાંબી પૂંછડી અને હ્રષ્ટપુષ્ટ તેવું પેટ આફ્રિકાના સિંહ સાથેનું સામ્ય યોજે છે. ગીરનો સિંહ ઊંચો છે. અને આફ્રિકાના સિંહ કરતાં તેનો રંગ આછો ભૂખરો છે. પરંતુ આ બંને સિંહોની રીતભાત, તેમની શિકાર કરવાની પદ્ધતિ, આરામ કરવાની રીત, દિવસ દરમિયાન છાયામાં આરામ કરવો અને સાંજ પડતાં ખોરાક માટે શિકાર કરવો એ સરખી છે. ગીર જંગલમાં એશિયાઈ સિંહો ઉપરાંત અન્ય વિવિધ પ્રકારનાં પશુપક્ષીઓ પણ વસે છે. સૂકું વાતાવરણ છે. થોડા કાંટાઓવાળું જંગલ છે. અને નદીના કિનારે લીલી હરિયાળીવાળાં જંગલો છે. આ જંગલમાં નાનાં પશુપ્રાણીઓ અને પક્ષીઓની વિવિધ શ્રેણીઓ પણ વસે છે. આ ઉપરાંત અહીં બળવાન દીપડા અને પટ્ટાવાળા ઝરખ, સાંભર, ટપકાંવાળા હરણ (ચિત્તલ), નીલગાય, ચિંકારા ને ચૌશિંગા વગેરે જેવાં પશુઓ વસે છે. આ ઉપરાંત આ જંગલમાં મગર ઉછેર કેન્દ્ર પણ રાખવામાં આવ્યું છે, જ્યાં મગરનાં બચ્ચાંને યોગ્ય વાતાવરણ પૂરું પાડી ઉછેરવામાં આવે છે. એવું કહેવાય છે કે ગીરનું જંગલ એ એશિયાઈ સિંહોનું માત્ર સ્થાન નથી, પરંતુ સુંદર પક્ષીઓનું પણ અભયારણ્ય છે. અહીં વિવિધ પ્રકારનાં સ્થાનિક અને વિદેશથી આવતાં પક્ષીઓ જોવા મળે છે. પક્ષીઓ નિહાળનારા અને પક્ષીઓના ફોટા પાડનારા બંનેને ગીર જંગલમાં ખૂબ જ તકો મળી જાય છે.

જંગલની મધ્યમાં સાસણથી ૯૨ કિ.મિ. દૂર તુલસીશ્યામમાં ગરમ પાણીના ઝરા આવેલા છે. તો સાસણથી માત્ર ૧૩ કિ.મિ. દૂર શિરવાણ ગામમાં આફ્રિકાથી આવેલા સીદી વસે છે. આ સીદીઓને જૂનાગઢના નવાબ જંગલના કામ માટે લઈ આવેલા. પરંતુ હવે આ સીદીઓ ભારતીય અનુસૂચિત જનજાતિનો એક ભાગ બની ગયા છે.

ગીર અભયારણ્ય એ પ્રવાસીઓ માટેનું અને ખાસ કરીને વન્ય જીવનને ચાહનારા પ્રવાસીઓનું શ્રેષ્ઠ સ્થાન છે. ગીરમાં રહેવા માટે ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ આવેલું છે. અને ભારતીય પ્રવાસન નિગમની બે હોટલો આવેલી છે.

સાસણની નજીક જ આવેલા દેવળિયા નામની જગ્યાએ સફારી પાર્ક છે. જેમાં જંગલ–ખાતાના વાહનમાં બેસીને અચૂક સિંહદર્શન થઈ શકે છે.

સાસણ અભયારણ્યમાં વરસાદ પછીના શરૂઆતના સમયમાં જઈએ તો સિંહોને જંગલની અંદર પૂરતા જલસ્રોતો મળી રહેવાના કારણે બહુ બહાર આવતા નથી, તેથી સિંહદર્શન થવાની શક્યતા ઘટે છે. જેમ જેમ ગરમી વધતી જાય છે, તેમ તેમ પાણી અને શિકારની શોધમાં તેઓ અભયારણ્યની બહારની સીમા તરફ આવતા જાય છે. અને સિંહદર્શનની શક્યતા વધતી જાય છે.

સિંહદર્શનનો યોગ્ય સમયગાળો નવેમ્બરથી મે મહિનાનો ગણાય છે.

## ૨. વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન

વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના બહુ રમણીય અને પ્રસિદ્ધ અભયારણ્યોમાંનું એક છે. આ ઉદ્યાન નવસારી જિલ્લામાં આવેલ છે. તે બીલીમોરાથી ૪૨ કિ.મિ. દૂર છે. નવસારી જિલ્લાની કુલ ૧૩,૨૯,૬૭૨ની વસતિમાં આદિવાસી વસતિ કુલ ૬,૩૯,૬૫૯ છે. એકલા વાંસદા તાલુકામાં જ ૨,૦૯,૪૭૪ હજાર જેટલી આદિવાસી વસતિ અને ગાઢ જંગલો આવેલાં છે. આ રાષ્ટ્રીય ઉદ્યાન ૨૩ ચો.કિ.મિ.ના વિસ્તારમાં અને અંબિકા નદીને કિનારે આવેલું છે. બહુ નાનું અભયારણ્ય છે એમ માનીને ખોટી ધારણાઓ ન બાંધવી. કારણ અહીં મોટી સંખ્યામાં વન્ય જીવનની વસતિ છે. અંબિકા નદી જંગલોમાં થઈને વહે છે. આ જંગલો મોટાં વૃક્ષોથી રમણીય લાગે છે. વાંસદાનાં આ જંગલોમાં દીપડા, ચાર શિંગડાંવાળાં દેશી જરખ, જંગલી રીંછ, લાલ મોઢાવાળા વાનરો, અજગર, જંગલી બિલાડી, હરણાં, ઊડતી ખિસકોલી અને ચામાચીડિયાં જોવા મળે છે, આ ઉપરાંત ૧૫૫ જાતનાં પક્ષીઓનો વસવાટ આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં જોવા મળે છે. વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બરથી માર્ચ વચ્ચેનો છે.

ભૂતકાળમાં વાંસદાનાં જંગલોમાં ખૂબ વાઘ રહેતા હતા, પરંતુ હવે વાઘ માંડ જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લો અને વાંસદાનાં જંગલોમાં વાઘ જીવતા રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ઘણા પ્રયત્નો થયા છે. વાંસદાનાં જંગલોમાં વાઘની ઉપસ્થિતિ હોવાના કારણે જંગલનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. અહીં ભીલ, ચૌધરી, ધોડિયા પટેલ, હળપતિ (તલાવિયા), ગામીત કોંકણા, ધાનકા, નાયક-નાયકડાં અને વારલી જાતિના આદિવાસીઓ રહે છે.

## ૩. શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્ય

ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલું શૂલપાણેશ્વર અભયારણ્ય કાળા રીંછ માટે ભારતમાં ખૂબ સુરક્ષિત અભયારણ્ય માનવામાં આવ્યું છે. આ અભયારણ્ય વન આચ્છાદિત છે. ઊંચાં તાડનાં વૃક્ષો, એકદમ હરિયાળી, ભવ્ય ખીણો અને ખળખળ વહેતાં ઝરણાંથી સમગ્ર વિસ્તાર છવાયેલો છે. આથી ગુજરાતના અભયારણ્યના વન્યજીવો માટે જાણે કે તે સ્વર્ગ બની રહ્યો છે. આ વિસ્તાર ૬૦૭ ચો. કિલોમિટર જેટલો વિશાળ છે. શૂલપાણેશ્વર તેના કાળા રીંછ, દીપડા, ઝરખ, વાંદરાઓ, ભારતીય જંગલી બિલાડી, ચૌશિંગા, ઊછળતાં હરણાં, ચિત્તલ, સાંભર, ઊડતી ખિસકોલી, અજગર, સાપ, મોટી ગરોળીઓ અને કાચબાઓથી ભરપૂર છે. વન્યજીવોની સંખ્યા અદ્‌ભુત છે. તો મુખ્ય નોટિસ કરવા જેવી વાત એ છે કે આ વિસ્તારમાં ૫૦૦ જેટલાં વૃક્ષો અને છોડોની જાત ઉપલબ્ધ છે. અહીં કઈ કેટલીયે પ્રકારનાં પંખીઓનાં રહેઠાણ છે. સવાર પડતાં જ પંખીઓનાં ટોળેટોળાં ઊડતાં નજરે પડે. અને સાંજ પડતાં જ તેમની ચિચિયારીઓથી જંગલ ગાજવા લાગે છે. શૂલપાણેશ્વર વન્ય જીવ અભયારણ્યમાં ઈકોટૂરિઝમ પણ વિકસાવવામાં આવેલું છે.

ડેડિયાપાડાથી ૩૦ કિ.મિ. દૂર અને અંકલેશ્વરથી ૬૫ કિ.મિ. દૂર અને નર્મદાબંધ નજીક આવેલા આ અભયારણ્યની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ

સમય નવેમ્બરથી માર્ચ છે. શૂલપાણેશ્વરમાં આદિવાસીઓની ધાનકા, તડવી, ગામીત, નાયક, રાઠવા, કોટવાળિયા જાતિ વસે છે.

### ૪. બાલારામ અંબાજી વન્યજીવ અભયારણ્ય

બાલારામ અંબાજી વન્યજીવ અભયારણ્ય બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે. બનાસકાંઠા જિલ્લાની કુલ ૩૧,૨૦,૫૦૬ની વસતિમાંથી ૨,૮૪,૧૫૫ જેટલી આદિવાસી વસતિ છે. પાલનપુરમાં ૧,૦૭,૬૫૧ તો દાંતામાં ૧,૨૬,૭૨૮ જેટલા આદિવાસીઓ વસે છે. અહીં ઊંચા–નીચા રસ્તાઓ, ઊબડખાબડ ટેકરાઓ તેમ જ ખીણો અને પહાડોમાંથી ઝરતાં ઝરણાંઓ છે. આ અંબાજીનો વિસ્તાર જંગલ વિસ્તાર હોવાથી બાલારામથી અંબાજીના પટ્ટે ઘણા બધા વન્યજીવો વસે છે. અહી વસતા આદિવાસીઓમાં મુખ્યત્વે ભીલ, ભીલગરાસિયા, ડુંગરી ગરાસિયા વગેરે આદિવાસી વસે છે.

બાલારામ પાલનપુરથી ૮૦ કિ.મિ. દૂર આવેલું છે. આ બાલારામ – અંબાજી અભયારણ્યનો વિસ્તાર ૫૪૦ કિલોમિટર જેટલો છે.

આ વિસ્તારમાં કાળા રીંછ, દીપડા, નીલગાય, ચૌશિંગાઓ ખૂબ વસે છે. અહીં વસતા વન્યજીવોને રહેવા માટે ભરપૂર વનરાજી અને પાણી ઉપલબ્ધ છે. સરકારે આ અભયારણ્યમાં શિકાર કરવા ઉપર પ્રતિબંધ મૂકેલો છે. અહીં મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બરથી માર્ચ વચ્ચેનો છે.

### ૫. બરડા વન્યજીવ અભયારણ્ય

પોરબંદરથી ૧૫ કિલોમિટર દૂર બરડા ખીણ વન્યજીવ અભયારણ્ય આવેલું છે. જે તેનાં ગાઢ જંગલો, ઊંચાં વૃક્ષો, છોડો અને આયુર્વેદની દ્રષ્ટિએ ઉપયોગી વનસ્પતિઓથી ભરપૂર છે. બરડા વન્યજીવ અભયારણ્ય ૧૯૨ ચો.કિ.મિ.ના વિસ્તારમાં ફેલાયેલું છે. બરડા અભયારણ્ય કેટલીક દુર્લભ અને નાશ પામી રહેલી વનસ્પતિનું સ્થાન છે. જેને સાચવી રાખવી જરૂરી છે. આ અભયારણ્યમાં દીપડા, નીલગાય, ટપકાંવાળા હરણ, જંગલી વરુ, રીંછ, શિયાળ અને સાંભર તથા અન્ય ઘણાં વન્યજીવો વસે છે. આમ તો બરડા ખીણમાં સિંહોને વસવા માટેની વિશાળ જગ્યા અને અનુકૂળ વાતાવરણ છે. વળી ઘણી જગ્યાએ સિંહને અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરીને અહીં વસાવવા માટેના ભરપૂર પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. બરડા ડુંગરમાં માલધારીઓ, ભરવાડો, રબારીઓ અને ગઢવીઓનો વધુ વસવાટ છે. બરડા ડુંગર વન્યજીવ અભયારણ્યની મુલાકાતનો શ્રેષ્ઠ સમય નવેમ્બરથી મધ્ય જૂન સુધીનો ગણી શકાય.

### ૬. જેસોર રીંછ અભયારણ્ય

ગુજરાત અને રાજસ્થાનને સાંકળતી સરહદ પર આવેલા બનાસકાંઠા જિલ્લામાં જેસોર રીંછ અભયારણ્ય આવેલું છે. બનાસકાંઠાના પાલનપુરથી લગભગ ૨૫ કિલોમિટર દૂર આવેલું જેસોર રીંછ અભયારણ્ય ૧૮૦ ચો.કિ.મિ.માં પથરાયેલું છે. અહીં રીંછ ઉપરાંત દીપડા, સાંભર, નીલગાય, જંગલી રીંછ, ભુંડ અને ૧૦૫ જેટલી પક્ષીઓની વિવિધ જાત વસે છે. આ વિસ્તારમાં શાહુડી પણ જોવા મળે છે. અભયારણ્યમાં યાયાવર પક્ષીઓનો તો અડ્ડો જામે છે. અભયારણ્યની સૂકી આબોહવાને કારણે ૪૦૫ જેટલી વનસ્પતિની જાતો વિકસી છે. જેમાંની કેટલોક ભાગ અરવલ્લી પહાડોનો વિસ્તાર પણ છે. જેને જેસોર તરીકે ઓળખવામાં આવે છે. આ અભયારણ્ય ખૂબ જ રમણીય અને આહ્લાદક વાતાવરણ ઊભું કરે છે. જેસોર અભયારણ્યમાં રહેવા માટે અન્ય કોઈ વ્યવસ્થા નથી. પરંતુ પોતાના તંબુ લઈ જઈને ત્યાં ઊભા કરી શકાય અથવા જંગલખાતાએ ઊભી કરેલી, પહાડોની વચ્ચે બનાવેલી ઝૂંપડીઓમાં રહી શકાય.

જેસોર રીંછ અભયારણ્યની મુલાકાતનો શ્રેષ્ઠ સમય વરસાદની ઋતુનો છે. પરંતુ મુલાકાત સમયે ઘૂંટણ સુધીના ઊંચા બૂટ અને રેઇનકોટ પહેરી ફરવું યોગ્ય ગણાય. આ વિસ્તારમાં કેદારનાથ મહાદેવ મંદિર અને મુનિની ગુફા બન્ને જોવાલાયક સ્થળો

છે. જેમને ઝૂંપડીમાં ન રહેવું હોય તેઓ જેસોરથી ૨૦ કિલોમિટર દૂર બાલારામ હોલિડે હોટલમાં રહી શકે છે. અથવા જેસોરથી ૧૦ કિ.મિ. દૂર આવેલા અમીરગઢ ખાતે જાહેર બાંધકામ ખાતાનું વિશ્રામગૃહ છે ત્યાં રહી શકાય છે.

### ૭. પૂર્ણા વન્યજીવ અભયારણ્ય

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદોને સાંકળતા પશ્ચિમીઘાટના પહાડોની હારમાળામાં દક્ષિણ ગુજરાતના તાપી, અને આહવા-ડાંગ જિલ્લાની વચ્ચે આવેલું વન્યજીવ પૂર્ણા અભયારણ્ય છે. ડાંગ જિલ્લાના ઉત્તરી ક્ષેત્રમાં આવેલું પૂર્ણા અભયારણ્ય ગાઢ જંગલોમાં આવેલું છે. અહીંનાં જંગલોમાં સાગ અને બામ્બુનાં વૃક્ષો બહુ મોટાં છે. પૂર્ણા નદીના કિનારે અડીને આવેલાં ગાઢ જંગલોને પૂર્ણા નદીની પાછળ પૂર્ણા અભયારણ્ય એવું નામ આપેલું છે. અહીં ગાઢ જંગલ હોવાને કારણે ૨૫૦૦ મિલીમીટર જેટલો વરસાદ અહીં પડે છે. આ અભયારણ્યનો વિસ્તાર ૧૬૦ ચો. કિ.મિ.નો છે. તો અહીં ૭૦૦ જેટલાં વૃક્ષો અને વનસ્પતિની જાતો જોવા મળે છે. અહીં દીપડા, ચિંકારા, જરખ, એક શીંગડાવાળા જરખ, કૂદતાં હરણાં, જંગલી બિલ્લી, ઊડતી ખિસકોલી, અજગર અને ગરોળીઓ છે. તો અહીં વિવિધ પ્રકારનાં પક્ષીઓનો વસવાટ ઘણો છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ભીલ, વારલી, કોંકણા, હળપતિ, અને કોલચા જાતિના આદિવાસીઓ વસે છે. અભયારણ્યની મુલાકાત વખતે અહીંનાં ઘરોમાંથી સમૃદ્ધ આદિવાસી સમાજની સંસ્કૃતિની ઝલક જોવા મળે છે. અહીં સૂર્યાસ્ત બાદ દૂર દૂરથી આદિવાસી નૃત્યનો ઝણકાર કે પછી આદિવાસી ગીતોનો રણકાર સાંભળવા મળે છે. અને પાવરી તથા ઢોલના નાદ સાંભળવા મળે છે. આ અભયારણ્યનું મુખ્ય ગામ “મહલ” છે. જે પૂર્ણા નદીને કિનારે આવેલું છે. અહીં પ્રાકૃતિક શિક્ષણની શિબિરો યોજાય છે. અહીં પહોંચવા માટે હવાઈ માર્ગે પહેલાં સુરત પહોંચવું પડે (૧૩૦ કિ.મિ.) અને ત્યાર બાદ રોડ રસ્તે અભયારણ્ય પહોંચી શકાય. જ્યારે રેલ માર્ગે જવું હોય તો વ્યારા સ્ટેશન ઊતરીને (૨૦ કિ.મિ.) રોડ રસ્તે અભયારણ્ય પહોંચી શકાય. આ અભયારણ્યની મુલાકાત લેવાનો સમય નવેમ્બરથી માર્ચનો છે.

### ૮. જાંબુઘોડા અભયારણ્ય

મધ્ય ગુજરાતના પંચમહાલ જિલ્લાનું જાંબુઘોડા પહેલા રાજવી રાજ્ય હતું. અહીં વન્યજીવ અભયારણ્ય તરીકે માન્યતા મળી છે. અહીં વિપુલ પ્રમાણમાં વન્યસંપત્તિ અને વન્યજીવોની સંપત્તિ છે.

જાંબુઘોડા વન્યજીવ અભયારણ્યનો વિસ્તાર ૧૩૦ ચો. કિ.મિ.નો છે. (જેમાંનો કેટલોક વિસ્તાર વડોદરા જિલ્લામાં પણ પડે છે.) જાંબુઘોડા વન્યજીવ અભયારણ્યમાં દીપડા ઉપરાંત ચિંકારા, શિયાળ, મગરમચ્છ, ક્રોબ્રાનાગ, અજગર, જરખ, જંગલી રીંછ અને અન્ય ઘણાં પક્ષીઓની વસતિ છે. આ અભયારણ્યના જમીનવિસ્તારની વાત કરીએ તો તેમાં બે વિભાગ પડે છે – જેમાં એક તારગોળ અને બીજો કડાવિસ્તાર જે મુલાકાત લેવા જેવા છે. ધ્યાનાકર્ષક લીલીછમ ટેકરીઓ અને ગાઢ જંગલોથી છવાયેલું કડા ખૂબ સુંદર લાગે છે. વળી કડામાં રહેવા માટે અને તંબુ બાંધીને કુદરતને જાણવા માટે સારી જગ્યા મળી રહે છે. અહીં જંગલ વિભાગ તરફથી પાણીના સરોવર પાસે ઘણી બધી ઝૂંપડીઓ બાંધવામાં આવી છે, જ્યાં સહેલાઈથી રહી શકાય છે. આ અભયારણ્યનાં પક્ષીઓનું અવલોકન કરવા માટેનો શ્રેષ્ઠ સમય જુલાઈથી ફેબ્રુઆરી સુધીનો છે. પંચમહાલ જિલ્લો આદિવાસી જિલ્લો છે, જ્યાં રાઠવા, ભીલ, પટેલિયા, નાયકા, નાયકડા, જાતિના આદિવાસીઓ વસે છે.

### ૯. નળસરોવર પક્ષી અભયારણ્ય (સ્થળાંતરિત પક્ષીઓનું અભયારણ્ય)

નળસરોવર ખાતે આવેલું પક્ષી અભયારણ્ય અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું છે. અમદાવાદથી આ અભયારણ્ય માત્ર ૬૫ કિ.મિ. દૂર છે. અમદાવાદ જિલ્લો આમ તો આદિવાસી જિલ્લો

ન ગણાય, પરંતુ તેની ૫૮,૧૬,૫૧૯ની વસતિમાંથી કુલ ૮૯,૧૩૮ આદિવાસીઓ અમદાવાદ જિલ્લામાં રહે છે. આદિવાસીઓની આ વસતિ અમદાવાદ જિલ્લાના વિરમગામ, સાણંદ, અમદાવાદ સિટી, દસક્રોઈ, ધોળકા, બાવળા અને ધંધૂકા વિસ્તારમાં વધુ રહે છે. અહીં પઢાર, સીદી, બાવચા, ભીલ, ભીલગરાશિયા, તડવીભીલ, વસાવા જાતિના આદિવાસીઓ વસે છે.

નળસરોવર ખાતે આવેલું પક્ષી અભયારણ્ય અમદાવાદથી માત્ર ૬૫ કિ.મિ. દૂર છે. રેલવે માર્ગે સાણંદથી માત્ર ૫૦ કિ.મિ. દૂર આવેલું આ અભયારણ્ય ૧૨૫ ચો.કિ.મિ. વિસ્તારમાં પથરાયેલું છે. વરસાદના પાણીથી આ સરોવર ભરાઈ જાય છે. આથી શિયાળામાં અહીં ઘણાં પક્ષીઓ સ્થળાંતર કરીને બહારથી આવે છે. જળચર પક્ષીઓ માટે નળસરોવરનું વાતાવરણ ખૂબ અનુકૂળ આવે તેવું હોય છે. ૧૯૫૫થી નળસરોવરનો પ્રવાસ કરતા પ્રવાસીઓને કોઈ જ મર્યાદાઓ નહોતી પરંતુ ૧૯૭૯ની સાલથી સરકારે તેને અભયારણ્ય જાહેર કર્યા બાદ પક્ષીઓનું સંરક્ષણ કરવાનું વન્યજીવન સંરક્ષકોને સોંપી દીધેલું છે. અહીં પક્ષીઓ જોવાનો શ્રેષ્ઠ સમય ઑક્ટોબરથી ફેબ્રુઆરી ગણી શકાય. ડિસેમ્બર-જાન્યુઆરી માસ શ્રેષ્ઠતમ સમય છે. પક્ષીઓ પાણીમાં, જમીનમાં રહી શકે છે. નળ–સરોવર અને પશ્ચિમ અમદાવાદ નજીક આવેલા થોળ સરોવરમાં પણ વિવિધ આકાર અને કદનાં પક્ષીઓ જોવા મળે છે. અહીં આવતાં ૨૫૦ પ્રકારનાં પક્ષીઓમાં પેલીકન, ફ્લેમિંગો, બતકો, ઢોક (painted stork), ચમચો (spoonbill), મોટા સફેદ બગલાઓ (egrets), દેશી નીલકંઠ (roller bird), ટીસો (eagle), વનખાડીનો કલકલિયો (kingfisher), કબૂતર(dove), કેટલ ઈંગટ્રેસ, પોપટ/સૂડો (parakeet) વગેરે જેવાં પક્ષીઓ સ્થળાંતર કરીને નળસરોવરમાં આવે છે. અને સરોવરની બંને બાજુઓએ આ પક્ષીઓ તેમનું ઘર બનાવે છે. પક્ષીઓનો મુખ્ય ખોરાક માછલી હોય છે. અને પોતાની લાંબી ચાંચ વડે પાણીમાંથી તેનું ભક્ષણ કરે છે. ફ્લેમિંગો તેમના લાંબા ગળા અને પગને કારણે પાણીમાં તરતાં રહે છે. અને કાદવમાંથી પણ તેમની લાંબી ચાંચને લીધે ખોરાક મેળવતા રહે છે.

નળસરોવરમાં આવતાં પક્ષીઓની વિવિધ જાતો, રંગો, તેમની ઊડવાની પદ્ધતિ, જુદા જુદા અવાજો અને નર-માદાનું સંવનન સારી રીતે જોવા મળે છે. આ ઉપરાંત પક્ષીઓ પોતાના માળા બનાવે કે પોતાના ખોરાક માટેની જગ્યાઓ શોધે એ પણ જોવાલાયક હોય છે. એક જ દિવસમાં આટલું બધું વન્ય જીવન માત્ર નળસરોવરમાં જ જોવા મળે છે. પક્ષીઓને ઓળખનાર ગાઇડને તથા દૂરબીન સામે રાખવાથી નળસરોવરમાં વસતી પક્ષીઓની વિવિધ જાતોનો સુંદર અભ્યાસ અને અવલોકન થઈ શકે છે.

નળસરોવરનું પાણી ઉનાળામાં સુકાઈ જતું હોવાથી આ અભયારણ્ય અમુક ઋતુ પૂરતું મર્યાદિત છે. શિયાળામાં જ સ્થળાંતર કરીને પક્ષીઓ આવે છે. નળસરોવરમાં પક્ષી અવલોકન સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી બોટમાં જઈને સારી રીતે કરી શકાય છે. ચૌધરી, ધાનકા, ધોડિયા, હળપતિ ગામીત, ગોંડ, કોંકણા, કોલઘા, નાયકડા, નાયકા, પઢાર, પટેલિયા રાઠવા અને કોટવાળિયાની વસતિ છે. આ બધામાંથી નળસરોવરની આસપાસ પઢારોની વસતિ સૌથી વધુ રહે છે. નળસરોવરમાં લગભગ ૨૦૦ જેટલી પક્ષીઓની જાતો વસે છે. ભારતમાં પક્ષીનિરીક્ષણ માટે આ ક્ષેષ્ઠ જગ્યા છે. અહીં મધ્ય એશિયા, યુરોપ અને સાઇબેરિયાથી પક્ષીઓ સ્થળાંતર કરીને આવે છે. અહીં પક્ષીઓ ઉપરાંત વાંદરા, જંગલી બિલ્લી, ભારતીય શિયાળ, વરુ અને ક્યારેક સાંભર પણ જોવા મળે છે.

## ૧૦. રતનમાલ રીંછ અભયારણ્ય

રતનમાલ કાળા રીંછ અભયારણ્યમાં મુખ્યત્વે રીંછની વસતિ વધારે છે. આ અભયારણ્ય મધ્ય ગુજરાતના દાહોદ જિલ્લામાં આવેલું છે. આ અભયારણ્યની સરહદો મધ્યપ્રદેશને અડીને

આવેલી છે. અહીંનાં જંગલોમાં પહાડીની નીચે ઇમારતી લાકડાનાં વૃક્ષો અને સૂકા વાંસનાં ઝાડો છે. જે અભયારણ્યને આવરી લે છે. રતનમાલ અભયારણ્યમાં દીપડા, ચિંકારા, શિયાળ, ચૌશિંગા, વાંદરા, જંગલી બિલ્લી, વાંદરા, ક્રોબ્રાનાગ, ચામાચીડિયાં અને વાંસમાં રહેતાં ઊડતાં પક્ષીઓ છે. જંગલમાં અજગર ઉંદર, સાપ અને અન્ય સાપોની વસતિ ખૂબ છે. આ અભયારણ્યમાં ૧૪૭ પ્રકારનાં જુદી જુદી જાતનાં પક્ષીઓ વસે છે. અહીં ૧૬ જેટલા અભયારણ્યના નાના પ્રોજેક્ટસ છે. ત્યાં પણ વન્યપશુ, જંગલી જાનવરો અને પક્ષીઓનો વસવાટ છે. પંચમહાલ જિલ્લાના દેવગઢબારિયાથી ૪૮ કિ.મિ. દૂર અને પીપલોદ રેલવે સ્ટેશનથી ૫૦ કિ.મિ.ના અંતરે ટેકરી ઉપર આવેલા રતનમાલ અભયારણ્યનો વિસ્તાર લગભગ ૫૫ ચો. કિ.મિ.નો છે. ચારે બાજુ વૃક્ષોનું અડાબીડ જંગલ છે. અહીં રહેવા માટે નજીકમાં કોઈ વ્યવસ્થા નથી. પરંતુ દેવગઢબારિયાના વનખાતાનાં વિશ્રામગૃહો છે. તથા જાહેર બાંધકામ ખાતાનાં વિશ્રામગૃહો છે. રતનમાલ અભયારણ્યની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ઑક્ટોબરથી મેની વચ્ચેનો ગણાય. સાહસિક યુવાનો વૅકેશનમાં વન્ય પશુપક્ષીઓનું તેમ જ જંગલનું સાંનિધ્ય માણવા અહીં આવી જાય છે. અહીં મુખ્યત્વે ભીલ, ધાનકા, તડવી, નાયકા, નાયકડા, અને પટેલિયા જાતિના આદિવાસીઓ વસે છે.

## ૧૧. પાણિયા વન્યજીવ અભયારણ્ય

પાણિયા વન્યજીવ અભયારણ્ય એ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનનો જ એક મહત્ત્વનો ભાગ ગણાય. અહીં (ભારતીય ગૅઝેટ અનુસાર) ચિંકારાની સૌથી વધુ વસતિ છે. આ સ્થળનું નામ ચાંચાઈ પાણિયા પણ ગણાવી શકાય. અમરેલીથી માત્ર ૨૦ કિ.મિ. દૂર ગીર તરફના રસ્તે આવેલા પાણિયા વન્યજીવન અભયારણ્યનો વિસ્તાર ૪૦ ચો. કિ.મિ. જેટલો જ છે.

આ વિસ્તાર ખૂબ જ રમણીય, અદ્‌ભુત અને દર્શનીય છે. અહીં ઈકો-ટૂરિઝમની પૂરેપૂરી શક્યતા રહેલી છે. આ અભયારણ્યમાં સિંહ, દીપડા, ચિંકારા, જંગલી બિલ્લી, ટપકાંવાળા હરણ, કાળિયાર, શિંગડાંવાળા હરણ અને જરખ જેવી વન્યજીવોની વસતિ વધુ છે. ઉપરાંત અહીં મગર, નીલગાય, જંગલી વરુ અને રીંછ પણ ક્યારેક દેખાય જાય છે. અહીં વિવિધ જાતનાં પક્ષીઓ પણ ઘણાં વસે છે. અહીં રહેવાની કોઈ પણ વ્યવસ્થા નથી. પરંતુ અમરેલીમાં રહી આ અભયારણ્યની મુલાકાત લઈ શકાય. અહીં મુલાકાત લેવી હોય તો શ્રેષ્ઠ સમય ઑક્ટોબરથી જૂન વચ્ચેનો ગણાવી શકાય. જૂનાગઢ વિસ્તારમાં સીદીઓ, રબારી, અને ચારણોની વસતિ વધુ છે.

## ૧૨. ગાગા વન્યજીવ અભયારણ્ય

ગુજરાતનું સૌથી નાનું ગાગા અભયારણ્ય ગાગા વન્યજીવ અભયારણ્ય છે. વન્યજીવ અભયારણ્યમાં ફરવું એટલે એક પ્રકારનો ઉન્માદ છે, સાહસ છે. વન્યજીવોને ચાહતા પ્રકૃતિપ્રેમીને પર્યાવરણવાદીઓ માટે જાણે કે આ સ્થળ સ્વર્ગ છે. ગાગા વન્યજીવ અભયારણ્ય કચ્છના અખાતમાં જામનગર જિલ્લામાં આવેલું છે. આ ભારતના ઘણા ઓછા અભયારણ્યમાંનું એક છે. જ્યાં હોબારા બસ્ટર્ડ, ભારતીય વરુ વગેરે જોવા મળે છે. ૩૩૨.૮૭ હેક્ટર જમીનમાં ફેલાયેલા આ અભયારણ્યમાં મામલની ૧૨ જાતિઓ, સરીસર્પ વિભાગના આઠ પ્રકારો અને પક્ષી વિભાગની ૮૮ જાતિઓનાં પક્ષીઓ જોવા મળે છે. કેટલાંક સામાન્ય પ્રાણીઓમાં વરુ, શિયાળ, મંગૂરી, જંગલી બિલ્લી અને નીલગાય ઉપરાંત પક્ષીઓ પેલીકન, લાંબી ચાંચવાળા બગલા, ફ્લેમિંગો અને સારસ જોવા મળે છે. ઉપરાંત અહીં પતંગિયાંઓ મધમાખીઓ, ઊડતાં જીવડાં, કરોળિયા અને ઊધઈના જાતની કીટકો પણ જોવા મળે છે. ગાગા વન્યજીવ અભયારણ્યમાં મુલાકાત લેવાનો સમય ઑક્ટોબરથી માર્ચ વચ્ચેનો ગણી શકાય.

* * *

# ૨૩. આદિવાસી ધાર્મિક માન્યતાઓ



## આદિવાસી ધાર્મિક માન્યતાઓ

### પ્રાસ્તાવિક

આદિવાસી સમાજ ધર્મસાપેક્ષ સમાજ છે. તેઓ દેવ-દેવીઓના સ્વરૂપમાં અલૌકિક શક્તિઓની પૂજા-આરાધના કરે છે. અલૌકિક અને આધિદૈવિક-અવૈયક્તિક શક્તિમાં પણ શ્રદ્ધા ધરાવે છે. ભૂત-પ્રેતનો ભય પણ અનુભવે છે. દેવ-દેવીઓની પ્રાર્થના કરે છે. તેમ જ ખુશ કરવા બલિ ચઢાવે છે. જંતર-મંતર, દોરા-ધાગા, દૈવી કૃપામાં શ્રદ્ધા ધરાવે છે. સમગ્ર માન્યતાઓ અને પ્રવૃત્તિઓમાં આદિવાસી ધર્મ અને જાદુ બંને તત્ત્વો સમાયેલાં છે. ધર્મ દ્વારા તેઓ આધિદૈવિક સત્તા સાથે વિશિષ્ટ પ્રકારનો સંબંધ બાંધી એક પ્રકારની સુરક્ષા મેળવવા પ્રયત્ન કરે છે.

આદિવાસી માટે ધર્મ, માનવી, પ્રકૃતિ તથા સમાજમાં આધિદૈવિક સત્તા દ્વારા ભાવનાત્મક સમાયોજન સાધવાનું માધ્યમ છે. આદિવાસીઓના ધર્મમાં ધાર્મિક ફિલોસોફી નથી, તેમ જ ધર્મમાં દર્શન નથી. ધાર્મિક બાબતો હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરા છે. એ મુજબ બધા ચાલે છે. આદિવાસી સમાજમાં ધાર્મિક દ્રષ્ટિએ ભગત/ભૂવાનું મહત્ત્વનું સ્થાન છે. આથી વિદ્વાનો આદિવાસી ધર્મને આત્મવાદી તરીકે ઓળખાવે છે. ટાઇલર કહે છે, આદિવાસીઓ એવા આત્મામાં માને છે, જે સતત ફર્યા કરે છે. જે સારું કે ખોટું કશું જ જાણતા નથી.

### ધર્મનો અર્થ

ધર્મ શબ્દ ધૃ **धारयति इति धर्म** એ રીતે ઉદ્‌ભવ્યો છે. જે ધારણ કરે છે તે ધર્મ. વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વને જે ધારણ કરે છે, ટકાવી રાખે છે તેમ જ જે આધારશિલા બને છે તે ધર્મ.

આર. એન. મુકરજીના મતે "ધર્મ કોઈ ને કોઈ પ્રકારની અતિ માનવીય અથવા અલૌકિક અથવા સમાજથી પર એવી શક્તિ પરનો વિશ્વાસ છે કે જેનો આધાર ભય, શ્રદ્ધા, ભક્તિ અને પવિત્રતાની ધારણા છે. તેમ જ તેની અભિવ્યક્તિ પ્રાર્થના, પૂજા અથવા આરાધના છે."

### ધાર્મિક જીવન

ગુજરાતના આદિવાસીઓનો આદિમ ધર્મ છે. મુખ્યત્વે પ્રકૃતિની પૂજા કરે છે. પરંપરાગત રીતે તેઓ પહાડ, ઝાડ, ગુફા, નદી, ઝરણાં વગેરેને પૂજે છે. તેમનાં દેવસ્થાનો ખુલ્લી જગ્યાઓમાં હોય છે. મંદિરો બાંધેલાં હોતાં નથી. તેમનું ધાર્મિક જીવન વિવિધ દેવ-દેવીઓ, ભૂત-પ્રેત, પિતૃપૂજા, ભગત-ભૂવા તથા કેટલીક ધાર્મિક માન્યતાઓ ઉપર આધારિત હોય છે. મૃતાત્માનો ભય તેમને સતત સતાવે છે. પિતૃઓમાં તેઓ ગૂઢ શક્તિઓનું આરોપણ કરે છે. રોગ, આફત, મુશ્કેલી વગેરે તેઓની નાખુશીને કારણે છે તેમ માને છે. તેથી તેઓ વાર-તહેવારે, પ્રસંગે તેમની પૂજા કરી ભોગ-બલિ દ્વારા તેમને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે. દેવસ્થાનોએ માટીના ઘોડા, હાથી, ઊંટ, વાઘ વગેરે પણ પ્રતીકો તરીકે મૂકે છે. આમ, આદિવાસીઓનાં પરંપરાગત દેવ-દેવીઓમાં, ગોત્રમાં કુળના દેવો ઉપરાંત વન, વનસ્પતિ, પ્રકૃતિ અને પ્રાણી-સૃષ્ટિ સંબંધિત દેવોને ખાસ સ્થાન હોય છે. વારલી,

કુનબી, ડાંગના ભીલો, રાઠવા વગેરેમાં વાઘદેવ, ડુંગરદેવ છે. સાબરકાંઠાના ભીલ-ગરાસિયા, ડુંગરી ગરાસિયામાં થુર, પંખી, જળચર, સર્પ વગેરે પ્રતીકોની પૂજા થાય છે. ગોત્ર ચિહ્‌ન તરીકે માન્યતા છે. મોટા ભાગના આદિવાસીઓમાં પિતૃના પાળિયાઓ, ગાતલાં, પાળિયા, ખૂંટા, ખંભા વગેરે નામે ઓળખાતાં સ્વરૂપોની પૂજાનું વિશિષ્ટ મહત્ત્વ જોવા મળે છે.

ગુજરાતની બધી જ આદિવાસી જાતિઓમાં ધાર્મિક બાબતોમાં ભગત-ભૂવાનું તથા મંત્ર-તંત્ર, વંતરી વગેરેનું વિશિષ્ટ સ્થાન છે. ભગત-ભૂવો, બડવો તેમનો ધાર્મિક આગેવાન ગણાય છે. તે લોક અને પરલોકના સંબંધો જોડનારો, જીવનની તમામ બાબતોમાં માર્ગદર્શન આપનારો, દેવ-દેવીઓની પૂજા, ધાર્મિક તહેવારો અને તેની પૂજાનું આયોજન કરનારો, લોકોની વાતો દેવ-દેવીઓ સુધી પહોંચાડનાર અને દેવ-દેવીઓની વાતો લોકો આગળ રજૂ કરનાર માધ્યમ છે. તેમ જ મંત્ર-તંત્ર જાણનારો, સાપ, વીંછી, ભૂત-પ્રેત મેલા વળગાડને દૂર કરનારો આમ અનેકવિધ રીતે સામાજિક, ધાર્મિક, આર્થિક બાબતોમાં મદદરૂપ થનારો ગણાય છે. આથી તે અત્યંત આદરણીય, વિશ્વાસપાત્ર અને અસરકારક પ્રભુત્વવાળો નિઃસ્વાર્થ સેવક મનાય છે.

મોટા ભાગના આદિવાસીઓ મૃતદેહને બાળે છે. રોગિષ્ઠને દાટે છે. બધા આદિવાસીઓમાં પિતૃશ્રાદ્ધ કરવાનો રિવાજ છે. બનાસકાંઠાના ભીલોમાં સમૂહશ્રાદ્ધ કે હખાઢોળ, પંચમહાલના ભીલોમાં કાયટું, રાઠવાઓમાં ડોયરી, ચૌધરીઓમાં દહાડો, હળપતિઓમાં મોટોદાંડો, ધોડિયા, વારલી અને કુનબીમાં પરજણ જેવા નામે ઓળખાય છે. આ બધા આદિવાસીઓ દ્વારા પિતૃઓની યાદમાં એક રક્ષક તરીકે પથ્થર, લાકડના પાળિયા, ચીરાં, ખતરાં તરીકે મૂકવામાં આવે છે. અને તેમાં પિતૃઓને સ્થાપિત કરવામાં આવે છે. આમ તેઓમાં બે સ્વરૂપના પિતૃઓ જોવા મળે છે – (૧) અદ્રશ્ય પિતૃ અને (૨) ભૂત સ્વરૂપે જોવા મળે છે. અદ્રશ્ય પિતૃ ખેતી, પશુ, સંતાન વગેરેમાં સુખ આપનારો મનાય છે. જ્યારે બીજા સ્વરૂપમાં ઇચ્છાઓની પરિતૃપ્તિ માટે ભોગ–નૈવેદ્ય માંગે છે. અતૃપ્તિ, માંદગી, નુકસાન, આફત, મૃત્યુ વગેરે નોતરે છે. આથી ખતરા, પાળિયાની વાર-તહેવારે પૂજા થાય છે. ઉત્તર ગુજરાતના ભીલો હવે પાળિયા માટે પાકી દેરી બનાવે છે, જેથી પિતૃઓની સારી સેવાચાકરી કરી છે તેવું નવું વલણ વિકસતું જોવા મળે છે.

ગુજરાતના આદિવાસીઓ વિવિધ ધર્મો, સંપ્રદાયોની અસર હેઠળ આવ્યા છે, ખાસ કરીને હિંદુ ધર્મની વધુ અસર જોવા મળે છે. આ ઉપરાંત ખ્રિસ્તી ધર્મ તથા આનુષંગિક કેટલાક સંપ્રદાયો જેમાં સ્વામીનારાયણ, રામાનંદી, સદાફલ, દાદાગુરુ, પ્રણામી, મોક્ષમાર્ગી, સતકેવલ વગેરે. આ સિવાય દેવીનોવા, સતિપતિ જેવાં ધાર્મિક આંદોલનો તેઓમાં સ્વયં પેદા થયેલાં છે. આઝાદી પછી પ્રણામી, સ્વાધ્યાય-પરિવાર, આશારામજી વગેરેનો પણ પ્રભાવ જોવા મળે છે. આ બધાને પરિણામે પરંપરાગત દારૂ, માંસાહાર કરતા હતા તે છૂટતો જાય છે. ઉત્તર ગુજરાતના ભીલોમાં આઝાદી પહેલાં ભક્તિસંપ્રદાયની જે ચળવળ શરૂ થઈ હતી, પંચમહાલ ભીલોમાં ગોવિંદગુરુ, દાદાગુરુની ચળવળ શરૂ થઈ હતી તેની વિશિષ્ટ અસર થઈ હતી. ભરૂચ વિસ્તારના કેટલાક સરહદી વિસ્તારોમાં તથા સુરત જિલ્લાના માંગરોળના આદિવાસીમાં મુસ્લિમ, ખ્રિસ્તી સંપ્રદાયની અસર થયેલી છે. સાબરકાંઠા જિલ્લાના ભીલોડા, વિજયનગર, શામળાજી અને પંચમહાલના ઝાલોદ તાલુકાના અને ભરૂચના ડેડિયાપાડા વિસ્તારમાં સુરત અને તાપી જિલ્લાના અને ડાંગના ગામીતોમાં છેલ્લા થોડાક દાયકાઓમાં અને ૧૮૫૫થી ઉત્તર ગુજરાતમાં મિશનરીઓનો પ્રવેશ થયો હોઈ ખ્રિસ્તી ધર્મની અસર વિસ્તરતી જાય છે. તેમાં મુખ્યત્વે પ્રોટેસ્ટન્ટ પંથી હતા. અત્યારે કૅથલિક સંપ્રદાયનું

અનુસરણ કરનારની સંખ્યા વધતી ગઈ છે. આ ઉપરાંત સીદીઓમાં મુસ્લિમ ધર્મનું અનુસરણ જોવા મળે છે. આમ જુદી જુદી ધાર્મિક ચળવળોએ તેમના પરંપરાગત બાહ્ય જીવન, રહેણીકરણી કે આધાર પર કેટલીક તતપૂરતી અસર કરી છે. દારૂ છૂટતો જાય છે. ચા પ્રવેશે છે. માંસાહાર છૂટ્યો છે. તેમ છતાં પરંપરાગત દેવ-દેવો પરત્વેની માન્યતા, પિતૃપજા, ભૂતપ્રેત તથા અન્ય મેલા પ્રભાવમાંથી બહુ મુક્ત થયા નથી. બકરાં, કૂકડાની બલિ ચઢાવવી, ભૂત-પ્રેતમાં માનવું, માંદગી વખતે ભગત-ભૂવા કે બડવાનો ઉપયોગ, દેવપૂજામાં જવું વગેરે વલણો ટકી રહ્યાં છે. જે વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે, નોકરી કરતા થયા છે ત્યાં પ્રમાણ ઘટ્યું છે. નિયમિત સ્નાન, માંદગીમાં ડૉક્ટર પાસે જવું, દારૂ-તાડી ઓછાં થવાં વગેરે સ્પષ્ટ પરિવર્તનો દેખાય છે. છતાં પણ પરંપરાગત ધાર્મિક સ્વરૂપો, પૂજા, માન્યતાની પકડ બહુ ઢીલી થઈ નથી. વર્તમાનમાં આદિવાસી ઓળખના પ્રશ્નો ઊભા થયા છે. આદિવાસીઓ વધુ જાગ્રત થયા છે. પોતાની પરંપરા ટકી રહે તે માટેના પ્રયત્નો શરૂ થયા છે. ગુજરાતનાં આદિવાસી સંગઠનો, આદિવાસી એકતા પરિષદ દ્વારા પરંપરા ટકે, પોતાની સંસ્કૃતિ માટે ગૌરવ વધે તે માટેના જુદા જુદા કાર્યક્રમો અને પ્રયત્નો થઈ રહ્યા છે.

## ધાર્મિક માન્યતાઓ અને ક્રિયાઓ

આદિવાસીઓના જીવનનાં દરેક પાસાં સાથે ધર્મ તાણાવાણાની જેમ ગૂંથાઈ ગયેલો જોઈ શકાય છે. તેઓ પ્રાકૃતિક જીવન જીવે છે જેથી પ્રાકૃતિક વસ્તુઓ, જીવજંતુઓ, ઝાડ તથા દેવ-દેવીઓની પૂજાનું ઘણું ઘેરું સ્વરૂપ જોવા મળે છે. કોઈ પણ આફત, દુઃખ આવી પડે ત્યારે દેવ ખિજાયા હશે, દેવપૂજા કરવામાં કંઈક ખામી હશે કે મેલાં તત્ત્વો (ભૂત, ડાકણ, ચુડેલ, વંતરી વગેરે) હેરાન કરે છે તેવી માન્યતા છે. આવા સમયે તેઓ ભગત પાસે જઈ ઇલાજ કરાવે છે. ભગત તેમનાં દેવ-દેવીઓ અને તેમની વચ્ચેનું માધ્યમ છે. ભગત દુઃખ–દર્દ જાણી દેવોને વિનંતી કરી, ખુશ કરી આફત દૂર કરવા પ્રયત્ન કરે છે.

## દેવી-દેવતાઓ

આદિવાસીઓ ઉત્સવ, તહેવારો, પ્રસંગો, દુઃખ, આફત, રોગ, ભય જેવી સ્થિતિમાં દેવ-દેવીઓની પૂજા કરે છે. તેમનાં દેવી-દેવતાઓ પ્રકૃતિની ખુલ્લી ગોદમાં, ડુંગરો ઉપર પોલાણો કે ગુફાઓમાં, ઝાડના થડમાં કે નદીકિનારે હોય છે. ભાગ્યે જ પાકાં મંદિરો કે સુરેખ મૂર્તિઓ હોય છે. આ દેવી-દેવતાઓની નિયમિત પૂજા થતી નથી. તેમને રક્ષણની જરૂર નથી. તેમનાં દેવી-દેવતાઓને મુખ્ય બે ભાગમાં વહેંચી શકાય :

(૧) સ્થાનિક દેવી-દેવતા(ગામના)

(૨) ચઢિયાતા દેવી-દેવતા (ગામ-બહારના)

આ દેવી-દેવતાઓ અલગ અલગ કાર્ય માટે હોય છે. જેને નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય :

### (૧) પ્રાકૃતિક દેવી-દેવતાઓ

આ દેવી-દેવતાઓમાં સૂર્ય, ચંદ્ર, ધરતી, નદી, જળ, વૃક્ષ, અગ્નિ, વીજળી, દરિયો, મેઘ, હિમાર્યોદેવ, ડુંગરદેવ-દેવી વગેરેનો સમાવેશ થાય છે.

### (૨) ખેતી અને પશુના દેવો

જેમાં ગોવાળદેવ, નાંદરવોદેવ, કંસરીદેવી, વાઘદેવ, મગરદેવ, દૂધમોગરા, દૂધિયોદેવ, ભેંસધરો, હિમાર્યોદેવ, ખેતરપાળ, રખેવાળદેવ, પાંડમાતા, કાળોકાકર, દેવલીમાડી વગેરે.

### (૩) માનવરોગ માટેના દેવો

જેમાં ઉનાઈમાતા, પેટફોડીમાતા, ડેબરીદેવી, અગાહીમાતા, માવલીમાતા, પીઠોરાદેવ, શીતળામાતા, ખોખલીમાતા, ધોહળીમાતા, ઇન્દ્રરાજદેવ, અંકાશીમાતા, કાળિયોપર, હોળીમાતા, રાજાપાંઠો, હૈડાજાતર, અહિત્રાદેવ, ભેંડો તળાવ,

કાંગરીવેલ, બણબોદેવ, ખત્રીદેવ, ગામખેડાવાળામાતા, બાબોકસુરમોર, ભેહલોદેવ, ધૂઘરદેવ વગેરે.

### (૪) હિંદુ દેવી-દેવતા

અંબામાતા, ભવાનીમાતા, મહાકાળીમાતા, રામ-સીતા, રાધે-કૃષ્ણ, શંકર-પાર્વતી, હનુમાન, ગણેશ વગેરે.

ઉપરોક્ત દેવ-દેવીઓની તેના બે ભાગમાં વહેંચી પૂજા થાય છે.

(૧) **કોરાદેવ** - આ પ્રકારનાં દેવી-દેવતાને બલિ ચઢાવવામાં આવતો નથી. આથી આ દેવોને કોરાદેવ તરીકે ઓળખવામાં આવે છે.

(૨) **મેલાદેવ** – આ પ્રકારનાં દેવ-દેવીઓને બલિ ચઢાવવામાં આવે છે. જેથી મેલાદેવ તરીકે ઓળખાય છે. આ બધાં દેવી-દેવતાઓની પૂજા બે સ્વરૂપમાં તેઓ કરે છે.

### (૧) વ્યક્તિગત પૂજા

કુટુંબમાં કોઈ વ્યક્તિ બીમાર હોય, મુશ્કેલી કે આફત આવી પડે ત્યારે ભગત પાસે 'દાણા' (બીમાર વ્યક્તિ પરથી ઉતારેલું અનાજ) જોવડાવવામાં આવે છે. ભગત બીમારી તપાસી જે તે દેવ-દેવીની બાધા/માનતા લેવડાવે છે. જ્યારે સારું થઈ જાય છે, ત્યારે બાધા પૂરી કરવામાં આવે છે.

### (૨) સામૂહિક પૂજા

જ્યારે ગામ ઉપર આફત આવી પડે છે ત્યારે તે ગામમાં આફત ન આવે તે માટે સ્થાનિક અને ગામ બહારનાં દેવ-દેવીઓની સામૂહિક પૂજા કરવામાં આવે છે.

દર વર્ષે ગામના મુખીની આગેવાની હેઠળ નક્કી કરેલા દિવસે ભગત પૂજા કરે છે. જેને ગામબાંધણી તરીકે ઓળખવામાં આવે છે. પહેલા દિવસે ભગતો ધૂણે છે. બીજા દિવસે ગામ બહાર ચઢિયાતા દેવના સ્થાનકે જાય છે. ત્યાં જઈ ભગતો ધૂણે છે. બીજા દિવસે વહેલી સવારે નાહી-ધોઈ પૂજા થાય છે. ત્યાંથી કણી લઈ પાછા ફરે છે. કણી પવિત્ર હોઈ બધા પોતાની ઘરે લઈ જઈ અનાજમાં મૂકે છે, જેથી અનાજમાં વૃદ્ધિ થાય છે. સાથોસાથ મુશ્કેલીઓ દૂર થાય છે. આમ સામૂહિક પૂજાનું ખૂબ જ મહત્ત્વ છે.

## દેવ-દેવીઓનાં સ્થાનકો અને પૂજાનું મહત્ત્વ

### (૧) હિમાર્યોદેવ

આ દેવનું સ્થાનક ગામના પાદરે કે સીમમાં, ખેતરના શેઢા ઉપર હોય છે. જેની પૂજા ભગત કરાવે છે. આ દેવની પૂજા કોરી અને ભોગવાળી બંને પ્રકારની થાય્ છે. પૂજા વ્યક્તિગત અને સામૂહિક થાય છે. પૂજાની સામગ્રીમાં ચોખા, અડદ, માટીની ગાય, બળદ, ઘોડા, સફેદ કે લાલ ધજા, ધૂપ-દીવા, નાળિયેર, મરઘો કે બકરું, દારૂની જરૂર પડે છે.

આ દેવ સીમનો દેવ હોઈ ગામનું રક્ષણ કરે છે. હિંસક પશુઓથી ઢોરનું અને પાકનું રક્ષણ કરે છે. આથી નવો પાક તૈયાર થતા પહેલાં આ દેવને ચઢાવવામાં આવે છે. એવી માન્યતા છે કે, જ્યારે દેવ ક્રોધે ભરાય છે ત્યારે ખેતરોના ખેતર ઉજ્જડ કરી નાંખે છે. ગામમાં રોગ ફાટી નીકળે છે. આ દેવની વાઘબારસના દિવસે પણ પૂજા થાય છે.

### (૨) કાકાબળિયો

સ્થાનક ગામમાં કે ગામ બહાર ઝાડ નીચે હોય છે. તેની કોઈ ચોક્કસ મૂર્તિ હોતી નથી. પૂજા કોરી અને ભોગવાળી બંને પ્રકારની થાય છે. વર્ષમાં એક વખત સામૂહિક પૂજા થાય છે. પૂજા માટે ચોખા, દૂધ, નાળિયેર, સિંદૂર, ધૂપ-દીવો, માટીના બનાવેલા માણસ, ગાય, બળદ, ઘોડા, ધજા, મરઘું, દારૂની જરૂર પડે છે. આ દેવની પૂજા શીતળા અને બળિયા માટે થાય છે. પૂજા ભગત કરાવે છે.

## (૩) ભવાનીમાતા

સ્થાનક ગામમાં કે ગામની બહાર ઝાડ નીચે હોય છે. મૂર્તિ હોતી નથી. પૂજા કોરી કરવામાં આવે છે. પૂજા માટે ચોખા, કંકુ, નાળિયેર, ફળફૂલ, ધૂપ-દીવો, ધજાનો ઉપયોગ થાય છે. આ દેવીની પૂજા બેસતા વર્ષને દિવસે, વાવણી વખતે, નવું અનાજ આવતાં અને નવરાત્રિમાં પૂજા થાય છે. લગ્ન પછી વર-કન્યાને પગે લગાડી આશીર્વાદ મેળવાય છે. આમ સુખસમૃદ્ધિ માટે વ્યક્તિગત અને સામૂહિક રીતે પૂજા થાય છે.

## (૪) નાંદરવોદેવ

આ દેવ દરેક ગામમાં ખાસ કરીને ખેતરના શેઢે હોય છે. વરસાદ પડતાં નવું ઘાસ ઊગે છે. ત્યારે ગામના લોકો નક્કી કરેલા દિવસે ભેગા મળીને પૂજા કરે છે. પૂજા કોરી અને ભોગવાળી બંને પ્રકારની હોય છે. પૂજા માટે ચોખા, કંકુ, ધૂપ-દીવો, નાળિયેર, મરઘું, દારૂ, ધજાની જરૂર પડે છે.

લોકમાન્યતા મુજબ વરસાદ ગાયમાતા માટે આવે છે. જેથી તેને કોઈ રોગ ન થાય, નવું ઘાસ ખાવાથી હેરાન ન થાય તે માટે પૂજા થાય છે. આ દિવસે જંગલમાંથી લાવેલી ઔષધીમાંથી બનાવેલ દવા ઢોર બાંધવાની કોઢમાં છાંટવામાં આવે છે.

## (૫) કંસરીમાતા (અનાજની દેવી)

આ દેવીનું સ્થાનક ગામમાં કોઈ ઝાડ નીચે હોય છે. પૂજા માટે ધૂપ-દીવો, શ્રીફળ, ચોખા, કંકુ, મરઘું જરૂર પડે છે. આ દેવીની પૂજા અનાજમાં વૃદ્ધિ કરવા થાય છે. આથી વાવણી કરતી વખતે, નવું અનાજ આવતાં પૂજા થાય છે. નવું અનાજ ચઢાવી 'કણી' બરકત લેવા માટે જાય છે.

## (૬) માવલીમાતા

દક્ષિણ ગુજરાતમાં કપરાડા અને ધરમપુર તાલુકાના ડુંગર વિસ્તારના લોકો વિશેષ પૂજા કરે છે. ગામમાં સુખ-શાંતિ માટે માતાને રીઝવવામાં આવે છે. માતાજીને બલિ ચઢાવી, ગામનાં સૌ સાથે જમે છે.

## (૭) બરમદેવ

પીપળો, સીસમ, સાવરના ઝાડ નીચે સ્થાનક હોય છે. વલસાડ જિલ્લાના આદિવાસીઓ ગામમાં કોઈ બીમાર પડે, આફત આવે ત્યારે પૂજા કરે છે. લગ્ન વખતે તેની પહેલી પૂજા થાય છે.

## (૮) વાઘદેવ

મુખ્યત્વે જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ ઢોરઢાંખરના રક્ષણ માટે પૂજા કરે છે. આસો વદ બારસના દિવસે તેની પૂજા થાય છે. ગામના બધા જ ઘરેથી ચોખા-દાળ, દૂધ લાવી ખીર તેમ જ દાળ-ભાત બનાવી સમૂહમાં ભોજન કરે છે. ક્યારેક બલિ ચઢાવવામાં આવે છે. વાઘદેવની પૂજામાં દરેક વિસ્તાર અને આદિવાસી જાતિમાં ફેરફાર જોવા મળે છે. વાઘદેવની પૂજાનો મુખ્ય ઉદ્દેશ પશુઓના રક્ષણનો છે.

## (૯) ખતરું (પિતૃપૂજા)

ગામમાં કે ગામની પાદરે ઝાડ નીચે ખાસ કરીને સામરાના કે પીપળાના ઝાડ નીચે હોય છે. કેટલાક લોકો પથ્થર પર ઘોડેસવાર કોતરાવી મૂકે છે. પૂજા ભોગવાળી થાય છે. ભગત પૂજા કરાવે છે. ક્યારેક કુટુંબની વડીલ વ્યક્તિ પણ કરાવે છે.

ખતરાની પૂજા લગ્નપ્રસંગે , વારતહેવારોએ, ખાસ કરીને દિવાળી–શરાધ વખતે થાય છે. ખતરું પિતૃઓનું પ્રતીક છે. તેની પૂજા ન કરતાં તે હેરાન-પરેશાન કરે છે તેવી માન્યતા છે.

## (૧૦) હનુમાનજી

સ્થાનક ગામમાં કે બીજાં દેવ-દેવીઓના મંદિરમાં હોય છે. એકલા હનુમાનજીનું મંદિર ગામની પાદરે કે એકાંત જગ્યામાં હોય છે. મુખ્યત્વે

શનિવારે કોરી પૂજા થાય છે. પૂજા ઘરની સુખાકારી માટે હોય છે.

### (૧૧) દેવલીમાડી

સ્થાનક દેવલપાડા ગામે ડુંગરપર તા. સોનગઢ આવેલું છે. આદિવાસીઓ જુદી જુદી મુશ્કેલીઓમાં – બાળક ન થવા, લાંબી બીમારી, પશુઓમાં રોગચાળો, ખેતીમાં સારું ઉત્પાદન ન થતું હોય, વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળતા માટે વગેરે હેતુસર બાધા/માનતા પૂરી થતાં આ દેવની પૂજા માટે જાય છે. પૂજા વ્યક્તિગત કે સામૂહિક થાય છે. પૂજા કોરી–ભોગવાળી બંને પ્રકારની થાય છે.

### (૧૨) ગૌમુખ

સ્થાનક સોનગઢથી દોણગામ જતા ડુંગર પર આવેલું છે. પૂજા વ્યક્તિગત-સામૂહિક હોય છે. લાંબી બીમારી, પશુ–બીમારી, વધુ ઉત્પાદન, પરીક્ષામાં સફળતા માટે, સ્ત્રી-બાળકના સુખ માટે પૂજા કરવા જાય છે. યુવાનો ભજનમંડળી લઈને જાય છે.

### (૧૩) ગોવાળદેવ

સ્થાનક વ્યારા તાલુકાના કાંજણ ગામમાં આવેલું છે. જ્યારે કુટુંબમાં માંદગી, આર્થિક મુશ્કેલી, નબળી ખેતી, પશુમાંદગી, રોગચાળો ફેલાય ત્યારે માનતા રાખવામાં આવે છે. માનતા પૂરી થતાં પૂજા કરવા માટે આવે છે.

### (૧૪) અહિંદો ડોગા

સ્થાનક માંડવીથી ઉત્તર-પૂર્વમાં ૮ માઈલ દૂર ડુંગર પર આવેલું છે. ખાસ કરીને શારીરિક સુખાકારી માટે પૂજા માટે જતા હોય છે. નવું અનાજ આવતાં 'કણી' ચઢાવવા માટે જાય છે. પૂજા ભગત કરાવે છે.

### (૧૫) કાળો કાકર

સ્થાનક વ્યારા તાલુકામાં આવેલું છે. ખાસ કરીને નવું અનાજ આવ્યા પછી તેની વિપુલતા માટે પૂજા માટે જાય છે. પૂજા બંને પ્રકારની થાય છે. મોટે ભાગે સામૂહિક પૂજા થાય છે.

### (૧૬) ભેંડો તળાવ

માંડવી તાલુકામાં ડુંગર પર આવેલું છે. ધનધાન્યની વિપુલતા માટે નવું અનાજ આવતાં સામૂહિક પૂજા માટે જાય છે. પૂજા કોરી અને ભોગવાળી બંને પ્રકારની થાય છે.

### (૧૭) દૂધમોગરા

સ્થાનક માંડવી તાલુકામાં આવેલું છે. પશુ–બીમારી અને ધનધાન્યની વિપુલતા માટે કરવામાં આવે છે. વ્યક્તિગત અને સામૂહિક પૂજા માટે જાય છે. ભગત પૂજા કરાવે છે.

### (૧૮) ઉનાઈમાતા

સ્થાનક વાંસદા તાલુકામાં આવેલું છે. ચામડીના રોગ થાય ત્યારે પૂજા માટે જાય છે. અહીં કુદરતી ગરમ પાણીના કુંડ છે, જેમાં સ્નાન કરી રોગમુક્ત થાય છે. મકરસંક્રાંતિ અને ચૈત્રી પૂર્ણિમાએ મોટો મેળો ભરાય છે. યુવાનો ભજનમંડળી લઈને આવે છે. પૂજા ફળ-ફૂલ, નાળિયેર, ધૂપ-દીવાથી થાય છે.

### (૧૯) બણભોદેવ

સ્થાનક ડાંગમાં આવેલું છે. રોગ માટે દેવની સામૂહિક પૂજા માટે જાય છે.

### (૨૦) પાંઢરમાતા

સ્થાનક સાગબારા તાલુકામાં દેવમોગરા સ્થળે આવેલું છે. વંશવૃદ્ધિ અને સમૃદ્ધિ માટે પૂજા કરવામાં આવે છે. પૂજા વ્યક્તિગત અને સામૂહિક બંને પ્રકારની થાય છે.

### (૨૧) સાતભૂત

સ્થાનક વ્યારા તાલુકામાં કાકડાપાર ગામે આવેલું છે. પોતાના કુટુંબમાં આવી પડેલી મુશ્કેલી

માટે જ બાધા રાખે છે એવું નથી. પરંતુ કેટલીક વખત દુશ્મન સાથે વેર લેવા, તેનો નાશ કરવા આ દેવ પાસે જાય છે. એ જ રીતે જમીનનો ઝઘડો હોય તો પણ વિધિ કરવામાં આવે છે. ટૂંકમાં બીજાને નુકસાન પહોંચાડવા અને બીજા નુકસાન ન કરે તે માટે દેવની ભોગવાળી પૂજા ભગત દ્વારા કરાવવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાં ભૂતનાં સ્થાનકો ઘણાં સ્થળોએ આવેલાં છે. માલઘા, તા. માંડવી, કાળિયોભૂત ખેડપૂર, તા. માંડવી, સાતભૂત કણઝા, તા. વ્યારા, બગનો ભૂત કલકવા, તા. વ્યારા, બામણિયોભૂત ઉમરા, તા. મહુવા અને મસાણિયોભૂત દરેક સ્મશાનોમાં આવેલ છે. આ જુદાં જુદાં સ્થાનકોએ તેઓ જુદા જુદા હેતુઓ માટે જાય છે અને પૂજા કરે છે.

## પ્રકૃતિપૂજા

(૧) **સૂર્ય** – આદિવાસીઓ સૂર્યની સૂર્યદેવ તરીકે પૂજા કરે છે. તેઓની માન્યતા મુજબ રામ અને કૃષ્ણનું માનવશરીર છે તેમ સૂર્યદેવનું પણ માનવ જેવું શરીર છે. રંગ ગૌરવર્ણનો છે. માથા ઉપર મુગટ હોય છે, તે સાત સફેદ ઘોડાના રથમાં બેસી પૂર્વથી પશ્ચિમ દિશામાં જાય છે. સવારે ઊઠીને આ દેવને નમસ્કાર કરે છે. સૂર્યગ્રહણના સમયને તેઓ અશુભ માને છે. જેથી ભોજન બનાવતા નથી. સૂર્યગ્રહણ પછી નાહીધોઈને ભોજન બનાવે છે. સૂર્યને દિવસનો દેવ માનવામાં આવે છે. જેને કારણે દિવસ થાય છે જેથી લોકો પોતાનું કાર્ય કરી શકે છે.

(૨) **ચંદ્ર** – ચંદ્રને પણ દેવતા તરીકે માને છે. ચંદ્ર રાત્રે પ્રકાશ આપે છે. આનો આકાર મનુષ્ય જેવો હોવાનું માને છે. ચંદ્રગ્રહણના દિવસે તેઓ ભોજન બનાવતા નથી. ચંદ્રગ્રહણ પૂરું થયા પછી ભોજન બનાવે છે. ચંદ્રને રાતનો દેવ માનવામાં આવે છે.

(૩) **પૃથ્વી/ધરતીમાતા** – પૃથ્વીને દેવી તરીકે પૂજે છે. સમગ્ર જીવન પૃથ્વી પર આધારિત છે. જેથી સવારે ઊઠી ધરતીમાતાને પગે લાગે છે. વારતહેવારે તેની પૂજા કરે છે.

(૪) **નદી** – નદીની માતા તરીકે પૂજા કરે છે. કેટલાક તહેવારોમાં સ્ત્રીઓ નદીએ સ્નાન કર્યા પછી પૂજા કરે છે. લગ્નપ્રસંગે જાનૈયા નદીને પગે લાગી ચોખા, પૈસા, ફૂલ વધાવી આગળ જાય છે. દરેક નદીને નર્મદા, તાપી, ગંગા, યમુના, માની પૂજા કરે છે. પાણીને જલદેવતા માનવામાં આવે છે. વરસાદ સ્વરૂપે પડતા પાણીને કાળિયોમેઘ તરીકે ઓળખાવે છે.

(૫) **ઝાડ** – આદિવાસીઓ ઝાડની પણ દેવતાના રૂપમાં પૂજા કરે છે. વડ, પીપળાની તેઓ પૂજા કરે છે. ઝાડના થડમાં તેઓના દેવ-દેવીઓનાં સ્થાનકો હોય છે. જુદા જુદા પ્રસંગોપાત્ત ઉંબરો, સમડી, કાકડોનાં ઝાડની પૂજા થાય છે. જંગલનાં ઝાડો જુદી જુદી રીતે ઉપયોગી થાય છે. જંગલ સાથે આદિવાસીઓ નિકટનો સંબંધ ધરાવે છે. આમ ઝાડની પૂજા તેઓ કરે છે.

(૬) **અગ્નિ** – અગ્નિની દેવ તરીકે પૂજા થાય છે. વાસ્તુ, લગ્ન, હવન, દેવપૂજા વખતે અગ્નિની ફળ, ફૂલ, ઘી વગેરે ચઢાવી પૂજા થાય છે. પરંપરાગત ભગત ધૂણતાં પહેલાં અગ્નિ ઉપર ઘી નાંખી માળ કરતા અને તેઓ ધૂમાડો લઈ ધૂણે છે. અગ્નિમાં થૂંકવું, પેશાબ કરવો પાપ મનાય છે.

(૭) **ડુંગર** – ડુંગરની ડુંગરદેવ તરીકે પૂજા કરે છે. આદિવાસીઓનાં દેવ-દેવીઓનાં સ્થાનક ડુંગર કે પહાડ ઉપર હોય છે. તેથી તેની પૂજા તેઓ કરે છે. તેને સૌથી ચઢિયાતો દેવ

ગણે છે. મુખ્યત્વે સુખાકારી, વંશવૃદ્ધિ તેમ જ સર્વ પ્રકારની સમૃદ્ધિ માટે ચોક્કસ દિવસે તેઓ પૂજા કરે છે. ડાંગના આદિવાસીઓ માગસર પૂનમ પહેલા પંદરથી વીસ દિવસના ગાળામાં પૂજા કરે છે. પૂજા કેવળ ભગત દ્વારા જ થાય છે.

## પિતૃપૂજા

આદિવાસીઓ પિતૃપૂજા – પૂર્વજ પૂજા કરે છે. મૃત્યુ પછી ખતરૂં, પાળિયા, ખૂંટ મૂકવાની પરંપરા છે. આકસ્મિક મૃત્યુ થયું હોય તો સીમાડા પર કે ચાર રસ્તા પર પાટલી મૂકવામાં આવે છે જે પિતૃઓનાં પ્રતીકો છે. જેની પૂજા વારતહેવારે, લગ્નપ્રસંગે થાય છે. સામાન્ય રીતે પિતૃઓના સ્થાનકે જઈ જગ્યા સાફ કરી છાણથી લીંપણ કરી પૂજા થાય છે. ચોખાની પુંજ, કંકુ, ધજા, દારૂની છાક અને મરઘાનો ભોગ અપાય છે. પૂજા ભગત કરાવે છે.

પિતૃઓની પૂજા પાછળ એવી માન્યતા છે કે તેઓ દરેક પ્રસંગે ખુશ રહી પ્રસંગને પાર પાડવામાં મદદરૂપ થાય છે. જીવનમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન આવે તે માટે થાય છે. જ્યારે પૂજા થતી નથી ત્યારે તેઓ નાખુશ થઈ હેરાન-પરેશાન કરે છે. કુટુંબમાં બીમારી આવે, પશુઓ મરી જાય તેવી માન્યતા છે. પિતૃઓ ખુશ રહે તો ખેતી, વરસાદ, પશુવૃદ્ધિ, વંશવૃદ્ધિ, સુખશાંતિ વગેરે લાભ થાય છે. જેથી તેઓને માનપાન આપવા પૂજા થાય છે. દિવાસો, અખાત્રીજ, દિવાળી અને શ્રાદ્ધ પર્વમાં તેમની ખાસ પૂજા કરી ભોગ-નૈવેદ્ય મૂકી ખુશ રાખવાનો પ્રયત્ન તેઓ કરે છે.

## ગામબાંધણી

ગામબાંધણી એ સામૂહિક પૂજા છે. જેમાં આખું ગામ એક થઈને ખાસ કરીને વર્ષાઋતુ પૂરી થવા આવે ત્યારે ગામદેવ કરવામાં આવે છે. ગામબાંધણી પાછળનો આશય ગામમાં આપત્તિ, પશુ–બીમારી ન આવે તે માટે સર્વ દેવોને યાદ કરી પૂજા કરવામાં આવે છે. આ માટે ગામના વડીલો અને ભગત મળી દિવસ નક્કી કરે છે. ગામનાં બધાં ઘરેથી ફાળો એકત્ર કરી પૂજાની સામગ્રી લાવવામાં આવે છે. રાત્રે ગામની ખુલ્લી જગ્યામાં ભગત અને તેના સાથીઓ ધૂણે છે. એ દરમિયાન બધા દેવોનું આહ્‌વાન કરી પૂજા થાય છે. બીજે દિવસે ગામનાં ઢોર ગામથાણમાં ભેગા થાય ત્યારે જંગલમાંથી લાવેલી જાળીમૂળીમાંથી તૈયાર કરેલ દવા (પાણી) ઢોર ઉપર છંટકાવ કરવામાં આવે છે. જેથી પશુ–બીમારી દૂર થાય તેવી માન્યતા છે.

બીજી રીતે કહીએ તો ગામદેવ-ગામબાંધણી એટલે 'સામૂહિક સ્વચ્છતા અભિયાન'. આ પૂજાવિધિ પરંપરાગત ગામના સર્વ લોકો સામૂહિક રીતે કરે છે. આદિવાસીઓ ગામબાંધણીનો તહેવાર સ્વયંભૂ આદિકાળથી કરતા આવ્યા છે.

## તહેવારો-ઉત્સવો

આદિવાસીઓમાં તહેવારો અને ઉત્સવોનું આગવું સ્થાન છે. તેઓ તહેવારો ધામધૂમથી ઊજવે છે. તેઓની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી મજૂરી માટે સ્થળાંતર કરે છે. પરંતુ દિવાળી કે હોળી જેવા તહેવારોમાં ગમે તેટલું સારું કામ મળ્યું હોય તેમ છતાં તેને છોડી પોતાના ગામમાં પાછા ફરે છે. આ જ બાબત દર્શાવે છે કે તહેવારોની ઉજવણી પ્રત્યે તેઓ કેટલી ઊંડી લાગણી ધરાવે છે. તેઓ મોટા ભાગના તહેવારો સાથે મળીને ઊજવે છે.

### (૧) નવું વર્ષ

કારતક સુદ એકમના દિવસે નવા વર્ષના આગમનની ખુશીમાં આ તહેવાર ઊજવવામાં આવે છે. સવારે દીપ પ્રગટાવી નવા વર્ષનું સ્વાગત થાય છે. આ દિવસે સગાંસંબંધી, મિત્રમંડળને મળવા જાય છે. બધાને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવે છે. વડીલોને પગે લાગી આશીર્વાદ મેળવાય છે. ઘરે આવતા જતા લોકોને નાસ્તો-મીઠાઈ ખવડાવે છે.

આ દિવસે તેઓ પશુઓનાં શિંગડાં ગેરુથી રંગે છે. ઘરની ભીંત ઉપર વહેલી સવારે છાશમાં ચોખાનો લોટ મેળવી છાંટવામાં આવે છે. હાથના પંજા પાડવામાં આવે છે. આમ નવા વર્ષનું સ્વાગત થાય છે. સાંજે મિષ્ટાન્ન બનાવી બધા જમે છે.

### (૨) ભાઈબીજ

ભાઈબીજના તહેવારમાં બહેન ખૂબ જ ભાવથી ભાઈને જમવા માટે બોલાવે છે. બહેનના આશીર્વાદપૂર્વક પ્રસાદ પ્રાપ્ત કરવાથી આયુષ્યમાં વૃદ્ધિ થાય છે. આ પ્રસંગે ભાઈ યથાશક્તિ બહેનને ભેટ આપે છે. આમ આ ઉત્સવ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતીક માની ખૂબ ઉત્સાહ અને શ્રદ્ધાથી ઊજવાય છે.

### (3) દેવ-દિવાળી

દેવ-દિવાળી દેવતાઓએ મનાવી હતી. આ દિવસે ભગવાન વિષ્ણુ અને તુલસીનાં લગ્ન થયાં હતાં. ભગવાન શંકરે જલંધરનો વધ કર્યો હતો. આ દિવસે આદિવાસીઓ સાંજે બારણા પાસે, તુલસી પાસે, કૂવાએ, અનાજની કોઠી ઉપર દીવો પ્રગટાવી મૂકે છે. બાળકો ફટાકડાં ફોડે છે. મંત્રતંત્રના જાણકાર પોતાના મંત્રોની પૂજા કરે છે. અને સારું મિષ્ટાન્ન બનાવી જમે છે. આ દિવસથી અમુક લીલાં શાકભાજી-નવું અનાજ ખાવાનું નૈવેદ્ય મૂકે છે.

### (૪) ગામદેવ

કારતક માસમાં આ ઉત્સવ ઊજવવામાં આવે છે. દરેક આદિવાસી ગામમાં ગામદેવનું સ્થાનક હોય છે જેની વર્ષમાં એક વખત ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ગામના આગેવાનો અને ભગત વગેરે ભેગા મળી નક્કી કરે છે.

આ તહેવાર હિંદુ પંચાગ મુજબ પહેલો તહેવાર છે. દિવાળીનો તહેવાર ગયા પછી કારતક માસના શરૂઆતના દિવસોમાં ભગત અને સાથીદારો ધૂણે છે. આ દિવસે બધા પોતાનું કામકાજ છોડી આનંદથી ફરે છે. ગામદેવની પૂજામાં ભાગ લે છે. પૂજા પાછળ ગામમાં કોઈ પણ પ્રકારની આપત્તિ ન આવે તેવો આશય રહેલો છે. આ માટે ભગત ગામદેવને પ્રાર્થના કરે છે. રાત્રે સારું મિષ્ઠાન્ન બનાવી ખાય છે અને નાચે છે.

### (૫) મકરસંક્રાંતિ

મહા માસમાં આ ઉત્સવની ઉજવણી કરે છે. આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. આ દિવસને અશુભ માનવામાં આવે છે. જેથી આ દિવસે મહત્ત્વનાં કાર્યો કરવામાં આવતાં નથી. છોકરાઓ પતંગ ઉડાડી આનંદ માણે છે. તલ-ગોળના લાડુ બનાવી પહેલા ઉંદર માટે એક ખૂણામાં મૂક્યા પછી બધા ઘરના સભ્યો ખાય છે. આ દિવસે લોકો ઢોર માટે રસ્તાની બાજુમાં ઘાસચારો નાખે છે.

### (૬) મહાશિવરાત્રિ

ભગવાન શિવની પૂજા માટેનો દિવસ ગણાય છે. આ દિવસે ઉપવાસ રાખવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ રામેશ્વર, થાનેશ્વર (કાકરાપાર), ગૌમુખ (સોનગઢ) ભજનમંડળ લઈને રવિવારે રાત્રે ભજન ગાય છે. વહેલી સવારે તાપી નદીમાં નાહી-ધોઈ પૂજા કરી ઘરે આવે છે. આ દિવસોમાં અહીં મેળા જેવું વાતાવરણ હોય છે. પંચમહાલ-દાહોદ જિલ્લાના ભીલો ચાકલિયા, તા. ઝાલોદમાં મેળો ભરાય છે ત્યાં જાય છે. અહીં ત્રણ રાજ્યના આદિવાસીઓ ભેગા થાય છે અને મહાદેવની પૂજા થાય છે. જેને ધૂધરદેવ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક પોતાના ઘરે ભજનકીર્તન કરે છે.

### (૭) હોળી

હોળીનો તહેવાર ગુજરાતના આદિવાસીઓનો મોટામાં મોટો તહેવાર ગણાય છે. જેની તેઓ

આતુરતાથી રાહ જોતા હોય છે. આ તહેવારની અગત્યતા એ છે કે આ તહેવાર લગભગ ૨૦ દિવસ સુધી ચાલે છે. આ દિવસની શરૂઆત ફાગણ સુદ એકમથી થાય છે. આ તહેવારને ત્રણ ભાગમાં વહેંચી શકાયઃ

૧. હોળીનું આગમન

૨. હોળીનો દિવસ

૩. હોળી પછીના પાંચ દિવસ.

રોજીરોટી મેળવવા બહારગામ ગયેલા આદિવાસીઓ આ પર્વે વતનમાં આવી જાય છે. ખાવું, પીવું, નાચવું માટે અતિપ્રિય આ લોકો હોળીનાં ગીતો ગાઈ, વાદ્યોની મસ્તીમાં ઝૂમે છે. દક્ષિણ ગુજરાતમાં ગામડે ગામડે હોળી પ્રગટાવાય છે. હોળીબાઈનાં ગીતો ગવાય છે. દેવ-દેવીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા વીનવવામાં આવે છે. આ અવસરે સ્ત્રીપુરુષ એકમેકની કમરમાં હાથ નાખી મસ્તીમાં નૃત્ય કરે છે. ડાંગમાં આ તહેવારને 'શિમગા' તરીકે ઓળખે છે. હોલીના મહાનપર્વમાં એક બીજું ઉપપર્વ છે તે છે હોળીના તહેવાર દરમિયાન યોજાતો ડાંગદરબાર. આ તહેવાર ફાગણ સુદ પાંચમ સુધી ચાલે છે. આદિવાસી ‘તમાસા’ પાર્ટીઓ ગામેગામે ફરી આદિવાસી લોકબોલીમાં વેશભૂષા દ્વારા મનોરંજન પૂરું પાડે છે.

પંચમહાલ-દાહોદના ભીલોમાં હોળીના બીજે દિવસે 'ચૂલ' હોય છે. હોળીથી છઠ્ઠા દિવસે 'ગોળગધેડો'નો તહેવાર ઊજવવામાં આવે છે. લોકો ઢોલ સાથે નાચે છે. મેળો પણ ભરાય છે. આવા મેળામાં 'ગીહી' લઈ જવાની પ્રથા પણ જોવા મળે છે.

હોળીના દિવસે સાંજે ૭ વાગ્યાની આજુબાજુ હોળી પ્રગટાવાય છે. એ સમયે એકત્રિત લોકો હોળીનો જયજયકાર બોલાવે છે. 'હોળી બળી રે હોલકી' કહી વધાવી લે છે. બધા હોળીમાં ચણા, વટાણા, કોપરું, હારડા, નાળિયેરની આહુતિ આપે છે. હોળીની ફરતે પ્રદક્ષિણા કરી હોળીને પગે લાગી આશીર્વાદ મેળવે છે. આની પાછળ દુઃખો દૂર થાય છે અને શાંતિ મળે છે તેવી માન્યતા છે. રાત્રે મિષ્ટાન્ન જમે છે અને વાજિંત્રો વગાડી નાચવા–(નૃત્ય)નો કાર્યક્રમ ચાલે છે.

## (૮) ધુળેટી

હોળીના બીજા દિવસથી ધુળેટી શરૂ થાય છે, જે પાંચ દિવસ ચાલે છે. આ દિવસોમાં આદિવાસીઓ જુદાં જુદાં ગામોમાં ઘરે ઘરે ફરી હોળીનો ફાગ ઊઘરાવે છે. આ પાંચ દિવસ જેમની વચ્ચે પરિહાસ સંબંધ છે તેઓ એકબીજા ઉપર રંગ, ગુલાલ કે કાદવ-કીચડ, મેસ વગેરે લગાડી ધુળેટી રમે છે. ટૂંકમાં પાંચ દિવસ લોકો ખૂબ જ આનંદમસ્તીથી ઉત્સવને મનાવે છે. પાંચમના દિવસે ભગત હોળીમાતાની પૂજા કરે છે સાંજ સુધીમાં 'હોલકાર્યા' આવી જાય છે. પછી કુંવારી કન્યા પાસે કૂવેથી પાણી મંગાવી હોળીને હોલવવામાં આવે છે.

આમ હોળી-ધુળેટીનો તહેવાર વીસ દિવસ સુધી ચાલે છે. પાંચ દિવસ હોલકાર્યાઓએ એકત્ર કરેલ અનાજ-પૈસા દ્વારા ઉજવણી કરે છે.

## (૯) રામનવમી

આ દિવસ ભગવાન રામના જન્મદિવસ તરીકે ઊજવવામાં આવે છે. કેટલાક લોકો ઉપવાસ રાખે છે. અને ભગવાનનાં દર્શન-આશીર્વાદ માટે મંદિરે જાય છે. રાત્રે મંદિર કે ગામમાં ભજનમંડળી ભજન માટે જાય છે. આ ઉત્સવ બીજા આદિવાસીઓના સંપર્કથી શરૂ થયો છે.

## (૧૦) નાંદરવા પૂજા

આ દિવસે નાંદરવાદેવની પૂજા કરવામાં આવે છે. અષાઢ માસમાં (ચોમાસાની ઋતુ) પ્રથમ વરસાદ પડે પછી ઘાસ ઊગે છે, તેના માનમાં આ ઉત્સવ ઊજવાય છે. કુમળા ઘાસને આદિવાસીઓ

'નાંદરિયું' તરીકે ઓળખે છે. નાંદરવાપૂજન માટે ગામના આગેવાનો દિવસ નક્કી કરે છે. આ દિવસે ગામનાં પશુઓ ગામથાણમાં ભેગા થાય છે જ્યાં જંગલમાંથી લાવેલ જાળીમૂળીને પાણીમાં ભેળવી પશુઓ પર છાંટવામાં આવે છે. આ વિધિ કરવાથી પશુઓને કોઈ પણ જાતનો રોગ થતો નથી. આ દિવસે ભેગા થયેલા લોકો સારો વરસાદ વરસે, પાક સારો થાય તે માટે પ્રાર્થના કરે છે અને દેવની પૂજા કરે છે.

### (૧૧) નાગપાંચમ

આ દિવસે નાગદેવતાની પૂજા કરવામાં આવે છે. ઘરે ભીંત ઉપર નાગનું ચિત્ર દોરી અથવા મંદિરે જઈ પૂજા કરે છે. કેટલાક લોકો સાપના દર પાસે દૂધ મૂકી આવે છે. નાગપાંચમની ઉજવણી મુખ્યત્વે શિક્ષિતો કરે છે. આ દિવસે સ્ત્રીઓ ઉપવાસ કરે છે અને પૂજા કરે છે. આ સાપનું ઝેર ઉતારવાવાળા ભગતનો મહત્ત્વનો દિવસ હોય છે. બીજું ખેતી સાથે સંકળાયેલા આદિવાસીઓ સાપને ખેતીના રક્ષક માને છે જેથી પણ પૂજા કરે છે.

### (૧૨) બળેવ

શ્રાવણ માસમાં બારસ કે તેરસે આ તહેવાર ઊજવાય છે. આ દિવસે વાઘદેવ અને હિમાર્યાદેવની પૂજા કરવામાં આવે છે. આ પાછળ એવી માન્યતા છે કે વાઘ આવી ઢોરને ઉપાડી ના જાય. આ દિવસે ખેતરમાં, ઘરના વાડામાં ખજૂરી કે ખાખરાનાં ડાળાં ખોંસવામાં આવે છે. આ દિવસ પછી કોઈના ખેતરમાં કે જમીનમાં ઢોર ચરાવવા જઈ શકાતું નથી. સાંજે મિષ્ટાન્ન બનાવી જમે છે.

### (૧૩) રક્ષાબંધન

ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે. આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધે છે. મોઢું મીઠું કરાવે છે અને ભાઈની પ્રગતિ થાય એવા આશીર્વાદ આપે છે. ભાઈ બહેનને યથાશક્તિ વસ્તુ કે પૈસા ભેટ સ્વરૂપે આપે છે. સાથોસાથ બહેનનું રક્ષણ કરવાની જવાબદારી સ્વીકારે છે.

### (૧૪) રાંધણછઠ

રાંધણછઠના દિવસે સાતમના દિવસે ખાવા માટેની રસોઈ બનાવવામાં આવે છે. રસોઈ બની ગયા પછી ચૂલાને લીંપીને પૂજા કરવામાં આવે છે. બીજે દિવસે ઠંડું જમે છે. ચૂલો સળગાવતા નથી.

### (૧૫) શીતળાસાતમ

આ દિવસે શીતળામાતાની પૂજા કરવામાં આવે છે. આ પાછળ બાળકોની સુખાકારીનો ખ્યાલ રહેલો છે. આ દિવસે રાંધણછઠના દિવસે બનાવેલ ભોજન બધા જમે છે. ચૂલો સળગાવતા નથી તે પાછળ એવી માન્યતા છે કે શીતળામાતા અગ્નિ સહન કરી શકતા નથી.

### (૧૬) જન્માષ્ટમી

ભગવાન શ્રીકૃષ્ણના જન્મદિવસના માનમાં આ તહેવાર ઊજવાય છે. આ દિવસે લોકો ઉપવાસ કરે છે. ગામના મંદિરે કે ગામમાં કોઈકની ઘરે ભજનમંડળનો કાર્યક્રમ રાખવામાં આવે છે. રાત્રે કૃષ્ણ જન્મ પછી આરતી અને પ્રસાદ લઈ બધા છૂટા પડે છે. ગામના યુવાનો લાડુ બનાવીને ખાય છે.

### (૧૭) દિવાસો

આદિવાસીઓનો ખૂબ માનીતો તહેવાર છે. ઢોડિયા, કુંકણા, ચૌધરી, ગામીત, વસાવા લોકો માનભેર આ દિવસને ઊજવે છે. ખેતીના કામની રીતે નિરાંત અનુભવવાનો દિવસ છે. આ દિવસે સૌ ભેગા મળી ઢીંગલા-ઢીંગલી બનાવી લગ્નોત્સવ ઊજવે છે. ઢીંગલા-ઢીંગલીને હળદર લગાવીને લગ્નગીત ગવાય છે. અંતે વાજતેગાજતે ઢીંગલા-ઢીંગલીને નદીમાં તરતા મૂકી દેવામાં આવે છે. મુખ્યત્વે વલસાડ જિલ્લામાં આ ઉત્સવની વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે.

## (૧૮) શ્રાદ્ધ (હરાદ)

પિતૃ કે  પૂર્વજ પૂજાનો દિવસ છે. ભાદરવા મહિનામાં વદપક્ષમાં બારસથી અમાસના ગાળા દરમિયાન એક દિવસ શ્રાદ્ધના તહેવાર માટે નક્કી કરવામાં આવે છે. ગામના આગેવાનો અને ભગતો મળી નક્કી કરે છે. નજીકનાં ગામોમાં આ તહેવાર અલગ અલગ દિવસે ઊજવાય તેવું બને છે. આ તહેવારના દિવસે  'ડીની' નામના છોડનાં પાનમાં કાકડી, ડાંગરની કંઠી, તેમ જ મિષ્ટાન્ન મૂકી ઘરના છાપરા ઉપર મૃતકો માટે મૂકવામાં આવે છે. ઘરમાં ચૂલા ઉપર મિષ્ટાન્ન મૂકી દારૂની છાક પાડી નૈવેદ્ય ધરાવાય છે. આ પૂજા થઈ ગયા પછી ઘરના વાડામાં તૈયાર થયેલ કાકડી, મકાઈ વગેરે ખાઈ શકે છે. આ રીતે પહેલા પિતૃઓને ધરાવ્યા પછી વડીલો ખાય છે. આ તહેવાર ઊજવવા પાછળ પિતૃઓના આત્માને શાંતિ મળે અને કુટુંબની વ્યક્તિને હેરાન ન કરે તેવી માન્યતા રહેલી છે.

## (૧૯) નવરાત્રી

નવરાત્રીના નવ દિવસ માતાજીની પૂજા થાય છે. મંદિરે અથવા કોઈકના ઘરઆંગણે ગરબી મૂકવામાં આવે છે અને ગરબા ગાય છે. દિવસે પુરુષો ઘેરૈયા બની ડાંડિયા-રાસ રમવા જુદાં જુદાં ગામોમાં ઘરે-ઘરે જાય છે. આ દિવસોમાં માતાજીના ઉપાસકો ઉપવાસ કરે છે.

## (૨૦) દશેરો

આ દિવસે ભગવાન રામે રાવણનો વધ કર્યો હતો એ દિવસને યાદ કરી ઊજવવામાં આવે છે. નવરાત્રી પૂરી થયા પછી દસમા દિવસે ભવાની માતાના સ્થાનકે માતાજીની ગરબી મૂકવા જાય છે. અહીં કોરી પૂજા કરી–પ્રસાદ વહેંચવામાં આવે છે. ઢોડિયા અને કુંકણા લોકો દશેરાના આગલા દિવસે માવલીમાતાની પૂજા શરૂ કરી દે છે. ભગત-ભૂવા માતાજીની કથા ગાય છે. દશેરાના દિવસે ગામના સીમાડે તોરણ બાંધી ગામમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે હોમહવન કરે છે.

દશેરાના દિવસે ડાંગી આદિવાસીઓ પોતાના દેવની પૂજા કરે છે. ભીલો વાડુદેવને બલિ ચઢાવીને પૂજા કરે છે. આ દિવસે લોકો ખળાની સાફસફાઈ કરે છે. જેથી ધનધાન્યની બાબતમાં બરકત રહે તેવી માન્યતા છે. હવે કેટલાક ગામના લોકો માતાજીનો ગરબો મૂકવા પાવાગઢ, કાવડિયાડુંગર વગેરે સ્થળે જાય છે.

## (૨૧) ધનતેરસ

ધનતેરસના દિવસે ગાય કે પશુધનની, ખેતીનાં સાધનોની, વાહનોની પૂજા કરવામાં આવે છે. બળદ અને ગાયને નવડાવી શિંગડાં ગેરુથી રંગવામાં આવે છે. આમ આદિવાસીઓ લક્ષ્મીપૂજા કરે છે. ત્યાર પછી બધાને પ્રસાદ વહેંચવામાં આવે છે.

## (૨૨) કાળીચૌદશ

આ દિવસ મૃત્યુના દેવ યમ અને મહાકાળીનો મનાય છે. આ દિવસે મંત્રવિદ્યાના જાણકાર ભગતો તથા ભગતની તાલીમ લેનાર વ્યક્તિ પોતાના મંત્રોની અને દેવની પૂજા કરે છે.  નવા શિષ્યોને વિધિ કરી દીક્ષા અપાય છે. આ માટે ગામ બહાર કે હિમાર્યાદેવના સ્થાનકે જઈ પૂજા કરી મંત્રો બોલી સિદ્ધ કરવામાં આવે છે. દારૂ-મરઘાનો બલિ અપાય છે. મંત્રોવિદ્યાના જાણકાર એકબીજાના મંત્રોની કસોટી કરે છે. તેને ‘ગાડી રમવી’, ‘દડો રમવો’ વગેરે નામથી ઓળખે છે.

આ દિવસે જે સ્ત્રી મેલીવિદ્યાની જાણકાર હોય છે તે પણ પોતાના શિષ્યને દીક્ષા આપે છે. આદિવાસીઓ આવી સ્ત્રીને ડાકણ તરીકે ઓળખાવે છે. તેઓ પણ પોતાના મંત્રોનો પ્રયોગ કરે છે. ટૂંકમાં આ દિવસ ભગત અને ડાકણનો બની રહે છે.

### (૨૩) દિવાળી

દિવાળીના તહેવારનું આદિવાસીઓમાં હોળી જેટલું જ મહત્ત્વ છે. દિવાળી પહેલાં ઘરને લીંપી-ગૂંપીને સ્વચ્છ બનાવાય છે. આ દિવસે પિતૃઓનાં સ્થાનકે (ખતરાં, પાળિયા, ખાંભી) જઈ પૂજા કરવામાં આવે છે. સાંજે દીવા ઘરના દરવાજે, અનાજની કોઠી ઉપર, તુલસી પાસે, કૂવાએ મૂકવામાં આવે છે. બાળકો ફટાકડાં ફોડે છે. સારું મિષ્ટાન્ન જમે છે. કપરાડા તાલુકાના કૂંકણા સમાજમાં અનોખી રીતે દિવાળીનો તહેવાર ઊજવાય છે. આ દિવસે તમામ કામો પડતાં મૂકી ખૂબ જ આનંદથી ઉજવણી થાય છે. નવાં કપડાં પહેરી, ભેગા મળી વાજિંત્રો(તારપા)ના સૂરે યુવક-યુવતીઓ જોડીમાં સાંકળ બનાવી નાચે છે. સવારે દરેક ઘરે ખેતીનાં સાધનોની પૂજા કરવામાં આવે છે. આ સમયે અનાજ, કઠોળ, કોળું, દૂધી, ચોળા, કાકડી વગેરે પણ પૂજામાં મૂકે છે. આ ઉપરાંત ગાય, બકરી, મરઘાંની પણ પૂજા કરે છે. પૂજાવિધિ ભગત/ભૂવો કરાવે છે. આમ પહેલા અનાજ-કઠોળ વગેરે દેવ-દેવીઓને ધરાવ્યા બાદ ઉપયોગ કરવામાં આવે છે.

આ સિવાય જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં વિભિન્ન તહેવારો ઊજવવામાં આવે છે. ડાંગના આદિવાસીઓમાં અખાત્રીજ, તેરા, પોળા, પિતરા, વાઘબારસ ઊજવવામાં આવે છે. પંચમહાલ-દાહોદ જિલ્લાના ભીલોમાં પિઠોરો, આંબલી અગિયારસ, ગોળ-ગધેડો ઊજવાય છે.

આમ આદિવાસીઓ વિભિન્ન તહેવારો આનંદ અને ઉત્સવથી ઊજવે છે. આ તહેવારો નિમિત્તે જુદાં જુદાં સ્થળોએ 'જાતરા' ભરાય છે. જેમણે માનતા (બાધા) રાખી હોય તેઓ માનતા પૂરી કરવા માટે તથા જાતરામાં ફરવા માટે જાય છે. આ સિવાય જે આદિવાસીઓ ભક્તિસંપ્રદાયમાં જોડાયા છે તેઓ હિંદુ યાત્રાસ્થળોએ જાય છે.

## જાદુ, મંત્રતંત્ર અને ભૂતપ્રેત સંબંધી માન્યતાઓ

આદિવાસીઓને અદ્રશ્ય શક્તિઓ અને અતૃપ્ત પિતૃઓની પજવણીનો ભય સતત સતાવે છે. જેથી તેને ખુશ રાખવા માટે પૂજા, આરાધના તથા નૈવેદ્ય ચઢાવે છે. આવી શક્તિઓ ઉપર કાબૂ મેળવી હેરાન કરતાં તત્ત્વોને રોકે છે.

### જાદુ-મંત્ર-તંત્ર

જ્યારે અલૌકિક શક્તિઓ(દેવ-દેવીઓ)ને પ્રસન્ન કરી ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવા પૂજાપાઠ કરવામાં આવે છે ત્યારે તેને ધર્મ કહેવાય છે. પરંતુ આ અલૌકિક શક્તિ ઉપર કાબૂ મેળવી (વશ કરી) પોતાની ઇચ્છા મુજબ કામ કરાવવામાં આવે છે ત્યારે તેને જાદુ કહેવામાં આવે છે. સામાન્યપણે અલૌકિક શક્તિ ઉચ્ચ તથા શક્તિશાળી હોય છે. પરંતુ અલૌકિક શક્તિ ઓછી શક્તિશાળી હોય તો તેને વશમાં કરી શકાય છે. ધર્મ અને જાદુમાં સાધક મંત્રોની સહાયતા લે છે.

આદિવાસીઓ જાદુ અને મંત્રતંત્રમાં વિશ્વાસ ધરાવે છે. આવા મંત્રો બે પ્રકારના જોવા મળે છે – (૧) ચોખ્ખી વિદ્યા (સફેદ જાદુ) અને (૨) મેલી વિદ્યા(કાળો જાદુ).

### (૧) ચોખ્ખી વિદ્યા

સામાન્ય રીતે સફેદ જાદુનો સાધક ભગત હોય છે. જેનો ઉપયોગ સમાજના હિત માટે કરવામાં આવે છે. પશુ–માંદગી દૂર કરવા, પાકના રક્ષણ માટે, બાળકને રોગમાંથી મુક્ત કરવા વગેરે માટે થાય છે.

### (૧) માનવીની માંદગી માટે

કોઈ પણ વ્યક્તિ લાંબા સમયથી બીમાર હોય કે પાગલ થઈ ગઈ હોય ત્યારે તેઓ એવું માને છે કે બાહ્યતત્ત્વ એટલે કે ભૂતપ્રેત વળગ્યું હશે. આવા સમયે બીમાર વ્યક્તિ ઉપરથી ચોખા કે

અનાજના દાણા સાત વખત ઉતારી ભગતને બતાવે છે. ભગત ઘંટીના પડ ઉપર દાણા મૂકી શેનું વળગાડ છે તે તપાસે છે. ઘંટીનું પડ ઊંચું કરતો જાય છે. ક્યારેક જમીન સાથે ચોંટી જાય છે. આ રીતે ચોખા મંતરી 'પૂડી' બનાવી બીમારની પથારી નીચે મૂકવા કે બારણા સાથે બાંધવા આપે છે. આ અંગે વિધિ ક્યારે કરવાની તે દિવસ નક્કી કરી આપે છે.

## વિધિ અને સામગ્રી

નક્કી કરેલા દિવસે વિધિ માટે સામગ્રી લઈ આવવામાં આવે છે. જેમાં માટીનો ઘોડો, માણસની પ્રતિમા, ધજા, કંકુ, નાળિયેર તેમ જ ભોગ માટે મરઘું, દારૂ હોય છે ત્યાર બાદ બીમાર વ્યક્તિની 'ભક્તાઈ' શરૂ થાય છે. ભગત ધૂણતા ધૂણતા મંત્રોચ્ચાર કરે છે. લીમડાના ડાળા વડે કે મોરના પીંછાની પીંચી વડે બીમારના માથેથી પગ સુધી ઉતારતો જાય છે. ઘરની બહાર ભગત તેના સાથીઓ સાથે ઘરની ફરતે ફરતા ફરતા મંત્રોચ્ચાર કરે છે. એ દરમિયાન ઘરમાં રહેલ બીજા સાથી ભગત કુહાડી વડે ઘરના થાંભલાને મારતા જાય છે. ભગત તેઓને પૂછે છે ભૂત નીકળ્યું, અંદરથી જવાબ મળે છે નીકળ્યું. છેલ્લે ઘરના મુખ્ય દરવાજાના બહારના ભાગથી ઘરની ઉપર થઈ નાળિયેર ઘરની પાછળ નાંખે છે. જે પાછળ ઊભેલા ભગત ઝીલી લે છે. ત્યાર બાદ પૂજાની સામગ્રી બીમાર ઉપરથી ઉતારી સ્મશાને વિધિ માટે જાય છે. અહીં ભોગ ધરાવી ભૂતપ્રેતને પ્રસન્ન કરી બીમાર વ્યક્તિ સાથેનું વળગાડ દૂર કરે છે.

આમ ભગત વળગાડ ઉતારી, દોરાધાગા કરી જાળીમૂળી પિવડાવી બીમાર વ્યક્તિને સાજો કરે છે. આવી વિવિધ માંદગીઓમાં તાવ, માથું દુખવું, ગૂમડા થવા, પેટમાં દુખવું, મૂઠ-ચોટ લાગવી વગેરેની સારવાર કરે છે. જ્યારે લાંબી બીમારી હોય ત્યારે ભારે વિધિ કરે છે. આ દરેક વિધિમાં ભગત માટે મંત્રો ખૂબ જ મહત્ત્વના બની રહે છે. જુદા જુદા વિસ્તાર મુજબ ભગત/ભૂવો/બડવો/ રાવલ પોતપોતાની રીતે વિધિવિધાન કરે છે પરંતુ સૌનો હેતુ એક જ હોય છે.

### (૨) પશુ-માંદગી

જ્યારે પશુ દૂધ ન આપે, ગળા કે પેટની બીમારી હોય ત્યારે પશુ પરથી ઉતારેલા દાણા ભગતને બતાવવામાં આવે છે. આ દાણા જોઈને ભગત ઉપચાર કરે છે. દોરો, જાળીમૂળી આપે છે. મોટી બીમારીમાં પશુનો દેવ ગોવાળદેવની માનતા રાખે છે.

### (૩) પાકમાં રોગ

જ્યારે પાકમાં રોગ પડે છે ત્યારે ભગત મંત્રોચ્ચાર દ્વારા તેને દૂર કરે છે. દક્ષિણ ગુજરાતમાં જુવારના પાકમાં 'રાતડો' નામનો રોગ થતાં જુવારનો છોડ લાલ થવા લાગે છે અને પાક થતો નથી. આ માટે ભગત પાસે રાતડો બંધાવવામાં આવે છે, જેથી તે અટકી જાય છે. આ માટે ભગત અન્નની દેવી કંસરીમાતાને વિનંતી કરે છે અને માનતા રાખે છે.

### (૪) સાપ અને વીંછી ડંખ મારે

સાપ કે વીંછી ડંખ મારે ત્યારે ઝેર ચઢે છે. આ સમયે ભગત મંત્રોચ્ચાર દ્વારા ઝેર ઉતારે છે. તે માટે દોરો બાંધી જાળીમૂળી પીવા માટે આપે છે.

### (૫) અદ્રશ્ય શક્તિના પ્રભાવથી થતી બીમારી

આવી બીમારીમાં ભૂતપ્રેત વળગવું, નજર લાગવી, મૂઠ લાગવી, ઝડપ લાગવી વગેરે. આવું થતાં વ્યક્તિ ખૂબ જ હેરાનપરેશાન થઈ જાય છે. દિન-પ્રતિદિન શરીર સુકાતું જાય છે. આવી બીમારી દૂર કરવા ભગતને બોલાવી વિધિ કરવામાં આવે છે.

### (અ) નજર લાગવી

બાળકને નજર લાગે ત્યારે ભગત પહેલા ધૂપ કરી મોરપીંછી વડે બાળક ઉપરથી ઉતારે છે. તેમ જ છાણા ઉપર લોટનો દીવડો બનાવી-પ્રગટાવી મૂકે છે. તેની સાથે ખાવાની વાનગી, કાદવની બનાવેલ માણસની પ્રતિમા બાળક ઉપરથી ઉતારી ચાર રસ્તા ઉપર ચૂલાની રાખ વડે કૂંડાળું કરી મૂકી આવે છે. ત્યાર પછી બાળકને ફરી નજર ન લાગે તે માટે મંત્રેલો દોરો ગળામાં કે કમ્મરે બાંધી દે છે.

### (બ) મૂઠ વાળવી

જે વ્યક્તિને મૂઠ લાગે છે તેને શરીરના કોઈ પણ ભાગમાં કાંટાની જેમ ખૂંચે છે. તેમ જ ખૂબ જ દુખાવો થાય છે. ભગત મંત્રોચ્ચાર દ્વારા મૂઠ વાળવાની વિધિ કરે છે. સૌથી પહેલા ભગત દેવનું સ્મરણ કરી, મંત્ર બોલી અડદના દાણા વ્યક્તિના માથાથી પગ સુધી સાત વખત ઉતારે છે. છેલ્લે બંને કાનમાં મંત્ર બોલી ફૂંક મારે છે. આમ મૂઠ વાળવાની કે દૂર કરવાની વિધિ કરે છે.

આ રીતે ભગત ચોખ્ખી વિદ્યાનો ઉપયોગ કરી સમાજના હિતમાં કાર્ય કરે છે.

### ભગત

દરેક ધર્મ કે સંપ્રદાયને ગુરુ હોય છે, તેમ આદિવાસી સમાજમાં ધર્મનો વડો, આદરણીય વ્યક્તિ, ભગત, ભૂવો, બડવો, પૂંજારો, રાવળ વગેરેનું મહત્ત્વનું સ્થાન છે. આવી ધાર્મિક ક્રિયાઓ કરાવતી વ્યક્તિને ભગત તરીકે ઓળખવામાં આવે છે. જે સમાજની સુરક્ષા અને કલ્યાણ માટે સાધના કરનાર, પોતાનું સમગ્ર જીવન આપનાર વ્યક્તિ છે. ભગતનું જીવન સામાન્ય વ્યક્તિ કરતાં કંઈક જુદા પ્રકારનું છે.

### ભગતની તાલીમ

મોટે ભાગે ભગતનું કાર્ય વંશપરંપરાગત ચાલ્યું આવે છે. પિતા પોતાના સંતાનમાંથી એક પુત્રને આ તાલીમ આપે છે. ક્યારેક પુત્ર બીજા ભગત પાસે તાલીમ લે એવું પણ બને છે. ભગત તરીકેની તાલીમ લેવા માટે કોઈને ફરજ પાડવામાં આવતી નથી. જેમને રસ જાગે તે કોઈ પણ ભેદભાવ વગર શીખી શકે છે. આ કાર્ય મોટે ભાગે પુરુષો કરે છે, ક્યારેક સ્ત્રીઓ પણ આ કાર્ય કરે છે.

જે વ્યક્તિને ભગત તરીકેની તાલીમ લેવા ઇચ્છા છે તે કાળીચૌદશના બે-ત્રણ મહિના અગાઉ મંત્રો શીખવાની શરૂઆત કરે છે. કાળીચૌદશના દિવસે મંત્ર સિદ્ધ કરાય છે. વિદ્યાપ્રાપ્તિ બે પ્રકારની જોવા મળે છે – (૧) મેલીવિદ્યા (૨) ચોખ્ખી વિદ્યા

(૧) મેલીવિદ્યાના મંત્રો પ્રેતાત્માઓ કે ડાકણ પાસેથી શીખી શકાય છે. કેટલાક ભગતો ડાકણ પાસે શીખતા હોય છે. આ વિદ્યા માટે સાધના કરવી પડે છે. ગુરુને દક્ષિણા તરીકે મરઘો કે બકરો કે માનવબલિ આપવો પડે છે.

(૨) ચોખ્ખી વિદ્યા શીખવા માટે ભગત સાથે દૂર એકાંતમાં કે સ્મશાને જવું પડે છે, મંત્રો શીખવતા પહેલાં ભગત જગ્યાને બાંધે છે. એ જગ્યામાં બેસી મંત્ર શીખવવામાં આવે છે. પહેલે દિવસે દારૂ, મરઘો, સિંદૂર, સોપારી, ચોખા વડે પૂજા કરી નારિયેળ વધેરવામાં આવે છે. જગ્યા બાંધવાનું કારણ મેલાં તત્ત્વો હેરાન ન કરે. આમ કાળીચૌદશ સુધીમાં મંત્રો શીખવી દે છે અને કાળીચૌદશે મંત્ર સિદ્ધ કરાય છે ત્યાર બાદ મંત્રશક્તિ પ્રગટે છે.

આમ નવો શીખનાર સામાન્ય ભગત કહેવાય છે. ધીરે ધીરે ગુરુ સાથે રહીને બધી વિધિઓ ભગતાઈનું કાર્ય શીખી લે છે. વર્ષોના અનુભવે પાકો ભગત બને છે. ત્યાર બાદ મંત્રોનો પ્રભાવ જાળવી રાખવા દર વર્ષે કાળીચૌદશ કે દેવદિવાળી વખતે મંત્રોની પૂજા કરે છે. આ મંત્રોના વધુ પ્રભાવ માટે કેટલાક નિયમો પાળવા પડે છે.

## ભગતે પાળવાના નિષેધો

(૧) રસોઈ બની ગયા પછી ચૂલા પરથી વાસણો નીચે ઊતરે પછી જ જમી શકે છે.

(૨) પહેલો અને છેલ્લો રોટલો ખવાય નહીં. જો તેમ કરે તો સાપનું ઝેર જલદી ઉતારી શકતો નથી. છેલ્લો રોટલો ખાય તો ઝેરનો છેલ્લો ચઢાવ જલદી ઊતરતો નથી.

(૩) વિધિ કરવાની જગ્યાએ ખાઈ શકાતું નથી.

(૪) જમવા બેસે ત્યારે દીવો હોલવાઈ જાય તો જમવાનું મૂકી ઊઠી જવું પડે છે.

(૫) સગર્ભા કે માસિકધર્મવાળી સ્ત્રીના હાથનું પાણી-રસોઈ લઈ શકતો નથી.

(૬) સાવરણી, ખાંડણિયું – સાંબેલું ઓળંગી શકતો નથી.

(૭) સાપ કે પશુઓ મારવા પર પ્રતિબંધ હોય છે.

(૮) કેટલીક વેલાવાળી શાકભાજી ખાવા પર પ્રતિબંધ.

આવા જુદા જુદા નિયમો અલગ અલગ વિસ્તાર પ્રમાણે પાળવામાં આવે છે. આ નિષેધો પાળવા પાછળ મંત્રશક્તિને જાળવી રાખવાનો ખ્યાલ રહેલો છે. આ સિવાય વર્ષમાં એકાદ વાર મોટા દેવ-દેવીઓના સ્થાનકે દેવદર્શન અને પૂજા માટે જવું પડે છે.

આમ તાલીમ પામેલો ભગત રોજિંદા જીવનમાં વિશિષ્ટ પ્રકારનું જીવન જીવે છે. ક્યારેક સંજોગોવશાત્ કોઈ ભગત આ કાર્ય કે મંત્રો છોડી દેવા માગતો હોય તો નદીકિનારે જઈ મંત્રો બોલી વહેતા પાણીમાં ડૂબકી મારીને મંત્રો છોડી શકે છે. ત્યાર પછી એ મંત્રોનો પ્રભાવ રહેતો નથી.

ભગત પોતાના કાર્ય બદલ વળતર માંગતો નથી. જે ઘરે જાય છે ત્યાંથી સ્વેચ્છાએ જે આપે તે સ્વીકારે છે. કેટલીક વખત સામાન્ય બીમારીમાં ચા કે દારૂ પિવડાવવામાં આવે છે. બે-પાંચ રૂપિયા કે અનાજ આપે છે. આમ આદિવાસીઓમાં ભગતનું ખૂબ જ મહત્ત્વ છે. તેનો દરજ્જો ઊંચો અને આદરણીય છે. દેવ-દેવીની પૂજા, તહેવારોની ઉજવણીમાં ભગતનું કાર્ય મુખ્ય હોય છે. આજે સંપર્કને કારણે વિભિન્ન સંપ્રદાયોની અસરથી તેનું મહત્ત્વ ઘટતું જાય છે.

## (૨) મેલીવિદ્યા (કાળો જાદુ)

આદિવાસીઓ સફેદ વિદ્યાની સાથે મેલીવિદ્યામાં પણ વિશ્વાસ ધરાવે છે. મેલીવિદ્યાનો ઉપયોગ બીજાને નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવે છે. આ વિદ્યાના જાણકાર મોટે ભાગે સ્ત્રીઓ હોય છે. જેને તેઓ ડાકણ તરીકે ઓળખે છે.

### ડાકણ

આદિવાસી સમાજમાં ડાકણને ભયાનક અને બીજાને નુકસાન કરનાર તરીકે માનવામાં આવે છે. ડાકણને બીજા શબ્દમાં 'ડોહી', 'ભૂતાળી' તરીકે પણ ઓળખવામાં આવે છે. ડાકણ એ કોઈ દેવી કે પૂતળું નથી પરંતુ જીવતી જાગતી સ્ત્રી છે. તે સંજોગો મુજબ પોતાના મંત્રના બળે સ્વરૂપ બદલતી હોય છે. ડાકણ આકસ્મિક નજરે પડે છે. મોટે ભાગે રાતના સમયે ઘરના સભ્યો ઊંઘી જાય પછી નીકળે છે. તેઓની માન્યતા મુજબ તેના માથાના વાળ છૂટા હોય છે. નદીકિનારે એકાંત જગ્યામાં ફરે છે. તેનો સંગ મેલાં તત્ત્વો સાથે હોય છે. આ મેલાં તત્ત્વોનો ઉપયોગ કરી દુશ્મનો સામે તે બદલો લે છે.

ડાકણનું કામ બીજાને હેરાન-પરેશાન કરવાનું છે. જેમાં બીમાર પડવું, મૂઠ મારવી, નજર લગાડવી, ભરણ ભરવું વગેરે. આથી ડાકણ તરીકે ઓળખાતી સ્ત્રી સાથે બધા ભયને કારણે સારા સંબંધ રાખે છે. ગાય-ભેંસનું દૂધ લેવા આવે તો તેને આપવું પડે છે. જો ન આપે તો તે ગાય-ભેંસને

દૂધ આપતી બંધ કરી દે છે. ક્યારેક પશુઓને મારી પણ નાંખે છે. તે આવે છે ત્યારે બાળકોને તેની નજરથી દૂર રખાય છે. ડાકણ તેની નજરથી અને ભગતના જણાવવાથી ઓળખાય છે. જે પાકા ભગત છે તેઓ તેનાથી ડરતા નથી. ટૂંકમાં ડાકણની અનિષ્ટકારક શક્તિથી બધા ડરે છે.

## ડાકણની તાલીમ

સામાન્ય રીતે ડાકણ પોતાની પુત્રીને વિદ્યા શીખવે છે. પરંતુ બીજી કોઈ સ્ત્રીએ શીખવું હોય તો ના પાડતી નથી. કાળીચૌદશના બે-ત્રણ માસ પહેલાં સ્મશાન કે નદીકિનારે મંત્રવિદ્યા શીખવે છે. શીખવતાં પહેલાં શિષ્ય પાસે ભોગ આપવાનું કબૂલ કરાવે છે. જેમાં ઘરની વ્યક્તિની માંગણી કરે છે. ભોગ આપવાનું સ્વીકારતાં મંત્રવિદ્યા શીખવે છે. જેને કાળીચૌદશના દિવસે સિદ્ધ કરાવવામાં આવે છે. મંત્રની સિદ્ધિ પહેલાં નક્કી કર્યા મુજબ ભોગ માગે છે. જે સ્ત્રી ભોગ આપવા તૈયાર થતી નથી તેને પાગલ બનાવી દે છે. આદિવાસીઓ તેને 'અધઇખી' અધૂરી શીખેલી તરીકે ઓળખાવે છે. જે સ્ત્રી ભોગ આપે છે, તેને દીક્ષિત કરવામાં આવે છે. આમ તાલીમ પામેલી સ્ત્રી ડાકણ કહેવાય છે. ત્યાર બાદ દર વર્ષે મંત્રોની પૂજા કરે છે અને મરઘો અને દારૂનો ભોગ આપે છે.

નવી શીખેલી ડાકણની મુખ્ય ડાકણ પરીક્ષા લે છે. તે માટે ભટકતા કૂતરા કે જુવાન છોકરા પર વિદ્યા અજમાવવામાં આવે છે. કેટલીક વખત મંત્રના બળે તેને મારી પણ નાંખવામાં આવે છે. ભગતો ઉપર ગુપ્ત રીતે મંત્રો અજમાવાય છે. આ રીતે તેની પરીક્ષા કરે છે. કાચો ભગત તેનો સામનો કરી શકતો નથી. કેટલીક વખત બીમાર પડી મૃત્યુ પણ પામે છે. આમ મંત્રોની ચકાસણી થાય છે. આદિવાસી સમાજમાં ડાકણનું સ્થાન એકદમ નીચું છે. તેને બધા ધુત્કારે છે. તેની સાથે સામાજિક સંબંધો રાખતા નથી. ડાકણ સ્વભાવે ઈર્ષાળુ હોય છે જેથી કોઈનું સારું જોઈ શકતી નથી. હંમેશ બીજાનું અહિત કરે છે. આમ સૌ તેનાથી દૂર રહે છે.

## ભૂતપ્રેતસંબંધી માન્યતાઓ

આદિવાસીઓ ભૂતપ્રેતમાં વિશ્વાસ ધરાવે છે. તેઓની માન્યતા મુજબ વ્યક્તિનું જ્યારે અકાળે અવસાન થાય, કુંવારા પુરુષનું મૃત્યુ થાય ત્યારે તેના આત્માને મુક્તિ મળતી નથી. તેઓ ભૂતપ્રેત બની ભટકતા રહે છે. જ્યારે ગર્ભવતી સ્ત્રી કે પ્રસૂતા મૃત્યુ પામે ત્યારે તે 'વંતરી' બની ભટકતી રહે છે.

## ભૂતપ્રેત

ભૂત ક્યારેક જ જોવા મળે છે. તે મનુષ્યને વિભિન્ન ચાળા કરી ડરાવે છે. ક્યારેય કોઈને નુકસાન કરતું નથી. પરંતુ તેની સાથે અયોગ્ય વ્યવહાર કરવામાં આવે તો હેરાન–પરેશાન કરે છે. આખી રાત રખડાવે છે, મારે છે. જે સારો વ્યવહાર કરે છે તેને મદદરૂપ થાય છે. દોસ્તી રાખે છે. ભૂતના સ્વરૂપ અંગે આદિવાસીઓ એવી માન્યતા ધરાવે છે કે, તે સફેદ હોય છે તેના પગના પંજા ઊલટા હોય છે. તે રાત્રે ખેતરમાં રખડતો હોય છે. તેનો વસવાટ આમલીના ઝાડમાં, પીપળો, વડ, સામરો, જૂનાં મોટાં ઝાડના પોલાણમાં, ભમ્મરિયો કૂવો, સ્મશાન ઘાટ તેમ જ જૂના પડતર મકાનમાં હોય છે. આદિવાસીઓ ભૂતને બે પ્રકારે જુએ છે.

### (૧) ચોખ્ખો ભૂત

આ ભૂત મનુષ્યને હેરાન-પરેશાન કરતો નથી. જે વ્યક્તિ સારો વ્યવહાર કરે છે તેની સાથે દોસ્તી રાખે છે અને જુદાં જુદાં કાર્યોમાં મદદરૂપ થાય છે.

### (૨) મેલોભૂત

આ ભૂત મનુષ્યને નુકસાન પહોંચાડે છે. તે ડાકણનો સાથી હોય છે. તેના કહેવાથી વ્યક્તિને

હેરાન કરે છે. આથી આ ભૂત સાથે મનફાવે તેવું વર્તન કરાતું નથી. તે મનુષ્યની પરીક્ષા કરવા જુદા જુદા રૂપમાં આવે છે. તેને ભગાડવા કે ચાળા કરવામાં આવે તો ખૂબ જ હેરાન કરે છે. સામાન્ય રીતે ભૂત માણસને હેરાન કરતું નથી. પરંતુ જ્યારે તેને ગાળ દેવામાં આવે, તેના નિવાસ/સ્થાનકે ઝાડો કે પેશાબ કરવામાં આવે ત્યારે તે હેરાન કરે છે. જે વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ થાય અને ભૂત બને છે તે પૂર્વ દુશ્મનાવટને યાદ કરી હેરાન કરે છે.

આદિવાસીઓ ભૂતની પૂજા પણ કરે છે. જેમાં ડાકણ મેલાભૂતની અને ભગત ચોખ્ખા ભૂતની પૂજા કરે છે. તે પાછળનો હેતુ ડાકણને ભગાડવા માટે, રોગ દૂર કરવા માટે પૂજા કરે છે. ભૂતની વ્યક્તિગત પૂજા થતી નથી. ક્યારેક દુશ્મનને પાઠ ભણાવવા ભગત દ્વારા પૂજા કરવામાં આવે છે.

## વંતરી

આદિવાસીઓની માન્યતા મુજબ ગર્ભવતી કે પ્રસૂતા સ્ત્રી મૃત્યુ પામે ત્યારે વંતરી બને છે. વંતરીના સ્વરૂપ વિશે એવી કલ્પના છે કે તે સ્ત્રી જેવી જ હોય છે પણ એકદમ લાલ દેખાય છે. તેના માથે સળગતી સગડી હોય છે. આંતરડાં બહાર લટકતાં હોય છે. ખાસ કરીને વંતરી જેઠ મહિનામાં નીકળે છે. તે એકમાંથી બે, બેમાંથી ત્રણ એમ વધુ સંખ્યામાં જોઈ શકાય છે. તેના સંપર્કમાં આવનાર મનુષ્યને તે બાળી નાખે છે. મનુષ્યની ગંધ તેને દૂરથી જ આવી જાય છે અને પાછળ દોડે છે. નજીક આવતાં મનુષ્યને તેની ઝડપ લાગે છે. તેથી તેનાથી બચવા માટે વિરુદ્ધની દિશામાં ભાગવું પડે છે. ખાસ કરીને કાંટાળાં ઝાડવાં, કપાસનું ખેતર હોય એ તરફ ભાગવું ઉચિત છે. કેમ કે આવા ખેતરમાં વંતરી ઝડપથી દોડી શકતી નથી. કેમ કે લટકતાં આંતરડાં તેમાં ભેરવાઈ જાય છે. આવી માન્યતા તેઓમાં પ્રચલિત છે. વર્તમાનમાં આ માન્યતા દૂર થતી જાય છે.

## અલૌકિક માન્યતાઓ

આદિવાસીઓ કેટલીક અલૌકિક માન્યતાઓમાં માને છે.

### (૧) આત્મા સંબંધી માન્યતા

આત્માના સંબંધમાં તેઓ વિશ્વાસ ધરાવે છે. માનવશરીરમાં આત્મા છે જે અદ્રશ્ય છે. જેને ભગવાન ભવધારીમાં કેટલાક દિવસ માટે મોકલે છે. જ્યારે ભગવાન બોલાવી લે છે ત્યારે તે શરીર છોડી ચાલ્યો જાય છે. તેમ થતાં મનુષ્યનું મૃત્યુ થાય છે. આત્મા અમર છે જે વ્યક્તિના કર્મ મુજબ સંસારની વિવિધ યોનિમાં જન્મ લે છે. પાપ અને પુણ્ય મુજબ તેને સ્વર્ગ કે નર્ક મળે છે. તેઓની માન્યતા મુજબ જે વ્યક્તિ પાપી હોય, આકસ્મિક કે દુર્ઘટનાથી મૃત્યુ થાય છે, તે વ્યક્તિના આત્માને મોક્ષ પ્રાપ્ત થતો નથી. તે ભૂતપ્રેત બની ભટકે છે. જો ગર્ભવતી સ્ત્રી મૃત્યુ પામે તો વંતરી બને છે. જે ધાર્મિક પરોપકારનાં કાર્યો કરે છે તેને સ્વર્ગ મળે છે.

### (૨) સ્વપ્ન સંબંધી માન્યતા

સ્વપ્નમાં પણ આ લોકો વિશ્વાસ ધરાવે છે. વ્યક્તિ જ્યારે ઊંઘી જાય છે ત્યારે આત્મા શરીરમાંથી બહાર નીકળી ફરવા જાય છે. આત્મા જે કંઈ જુએ છે તે સ્વપ્ન છે. કેટલાક લોકોની માન્યતા મુજબ સૂતા સમયે જે વિચારીએ છે તે સ્વપ્નમાં આવે છે. ક્યારેક પાણીની તરસ લાગવાથી, છાતી ઉપર હાથ રાખી સૂવાથી સ્વપ્ન આવે છે. જે સ્વપ્ન મારામારીનું, પૂર આવ્યાનું, ભૂતપ્રેતવાળું આવે છે જેને તેઓ અશુભ માને છે. જ્યારે ખેતરમાં સારા પાક અંગે, દેવ-દેવીઓનું, પ્રિયવસ્તુનું વગેરે સ્વપ્નમાં આવે છે ત્યારે તેઓ શુભ માને છે. આદિવાસીઓની માન્યતા મુજબ વહેલી સ્વારનું કે મળસકે સ્વપ્ન આવે છે તે સાચું પડે છે.

### (૩) શુકન-અપશુકન સંબંધી માન્યતા

જ્યારે શુભ કામ કરવાનાં હોય ત્યારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

આદિવાસીઓમાં પ્રચલિત માન્યતાઓ મુજબ કૂતરાનું રડવું, સવારે ઊઠી સાવરણી (ઝાડુ) જોવું, રસ્તામાં બિલાડી આડી ઊતરે, દૂધ ઢળી જવું, રાત્રે ચીબરીનું બોલવું, ખાલી બેડું સામે મળવું, વિધવા સ્ત્રી મળવી, મૂછ વગરનો પુરુષ મળવો વગેરે બાબતોને તેઓ અપશુકન ગણે છે. જ્યારે ભરેલું બેડું મળવું, રસ્તે નોળિયો કે શિયાળ મળવું, ગાય સામે મળવી, સ્મશાને લઈ જવાતું મડદું મળવું, સારા કામ માટે જતા પહેલાં દહીં ખાવું વગેરે બાબતો શુકન ગણાય છે.

સારા કામ માટે જતી વખતે વ્યક્તિને દહીં ખવડાવી મોકલાય છે. છતાં કામમાં સફળતા મળતી નથી ત્યારે સામે કોણ મળ્યું હતું તે યાદ કરાય છે. તેથી જ કામ ન થયું, તેમ તેઓ માને છે. કામ માટે જતી વ્યક્તિને ક્યાં જાય છે તેવો પ્રશ્ન કરાતો નથી. જો કરવામાં આવે તો તેને અપશુકન માનવામાં આવે છે. સારા કામ માટે મુહૂર્ત જોવાય છે. દેવપૂજા માટે ચોક્કસ દિવસ પસંદ કરાય છે. સામાન્ય રીતે રવિ કે મંગળ પસંદ કરાય છે. આ દિવસે ભોગ આપી શકાય છે. શનિવાર હનુમાનજીનો દિવસ હોઈ હિંસા થતી નથી. આમ આદિવાસીઓ શુકન-અપશુકનમાં માને છે.

### (૪) શુભ-અશુભ દિવસ સંબંધી માન્યતા

આદિવાસીઓ દેવ-દેવીની પૂજા માટે રવિવાર અને મંગળવારને પસંદ કરે છે. પસંદગીનું કારણ આ દિવસે ભોગ આપી શકાય છે. શનિવાર હનુમાનજીનો દિવસ છે, જેને પવિત્ર દિવસ માને છે. જેથી આ દિવસે હિંસા કરતા નથી. આ સિવાય પૂનમને શુભ અને અમાસને અશુભ દિવસ માને છે. હવે શુભ પ્રસંગોની ઉજવણી માટે મુહૂર્ત જોવડાવવામાં આવે છે. આમ શુભ-અશુભ દિવસમાં તેઓ માને છે.

### (૫) પાપ-પુણ્ય સંબંધી માન્યતાઓ

જે કાર્યો બીજાના ઉપકાર માટે કરવામાં આવે જેવાં કે દાન આપવું, ગૌસેવા કરવી, બ્રાહ્મણને દાન આપવું અને ખવડાવવું, પોતાના સમાજને અને ગરીબોને ખવડાવવું વગેરે પુણ્યનું કાર્ય છે. આવી વ્યક્તિને સ્વર્ગ મળે છે. જ્યારે બીજાને હેરાન–પરેશાન કરવું, બીજાને મારવું, ગામનો વધ કરવો, ચોરી-લૂંટફાટ, ખૂન કરવું વગેરે કાર્યો કરવાથી પાપ લાગે છે. આવું કર્મ કરનારાને નર્ક મળે છે. આમ પાપ-પુણ્ય સંબંધી માન્યતાઓમાં આદિવાસીઓ માને છે.

## વિવિધ ધર્મો અને સંપ્રદાયની અસર

આદિવાસીઓના પરંપરાગત આદિમધર્મ ઉપર વિભિન્ન ધર્મો અને સંપ્રદાયોની અસર જોવા મળે છે. જેથી તેઓના ધાર્મિક જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. જેની શરૂઆત ૨૦મી સદીમાં શરૂઆતનાં ૨૫ વર્ષમાં થાય છે. જે ચાલુ રહે છે.

### (૧) દેવી ચળવળ

આ આંદોલન ૧૯૨૧માં ધાર્મિક સુધારણા માટે આદિવાસીઓમાંથી થાય છે. મૂળ ખાનદેશમાંથી ડાંગ થઈ સુરત જિલ્લામાં વ્યારા, સોનગઢ, મહુવા વગેરે તાલુકામાં વિસ્તરે છે. ગામીત, ચૌધરી, ધોડિયા, કોંકણીઓમાં પરંપરાગત ભગતો ચમત્કારિક રીતે ધૂણવાનું શરૂ કરી દેતા. ગામને પાદરે નાનકડો ખાડો ખોદી ભગતો તેની સામે બેસતા. લોકોને સ્નાન કરાવી ખાડાને ઓળંગાવતા. એ સમયે મંત્રેલું પાણી તેઓ પર છાંટી પવિત્ર બનાવતા અને દારૂ-તાડી, માંસ-મચ્છી છોડવાનું કહેતા. દેવીની પૂજાથી ભલું થશે તેવો ઉપદેશ આપતા જેથી કેટલાક લોકોએ કાયમ માટે દારૂ-તાડી અને માંસાહાર છોડ્યો. આ ચળવળ પાછળ જતાં મંદ પડે છે. તેનું કારણ કાર્યકર્તાઓનો અભાવ, દારૂબંધ થતાં પારસી અને સરકારની આવક ઘટશે,

બિનઆદિવાસીઓને મજૂરોની કમી રહેશે, લાંબે ગાળે આ પ્રવૃત્તિ સરકાર સામે બંડ પોકારશે એવી રજૂઆતો થઈ જેથી ધીમી પડે છે છતાં આ ચળવળથી ધાર્મિક જાગૃતિની શરૂઆત થાય છે.

### (૨) જાગૃતિનો પ્રારંભ

ગાયકવાડ સરકાર દ્વારા શિક્ષણની શરૂઆત થાય છે. બીજી તરફ સ્વાતંત્ર્ય ચળવળના આગેવાનો આદિવાસી વિસ્તારમાં રચનાત્મક કાર્યોના ફેલાવા માટે આવે છે. આમ દેવી ચળવળ અને સ્વાતંત્ર્ય ચળવળથી આ સમગ્ર વિસ્તારમાં જાગૃતિની શરૂઆત થાય છે. આગેવાનો દારૂ-તાડી, માંસાહાર, ભોગ આપવાની પ્રથા બંધ કરાવી પરિવર્તનને વેગ આપે છે.

આ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોની અસરથી ધાર્મિક જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે.

### (૧) હિંદુ ધર્મની અસર

આદિવાસીઓ ઉપર સૌથી વધુ પ્રભાવ હિંદુ ધર્મનો જોવા મળે છે. આજે તેઓએ હિંદુ દેવ-દેવીઓ, ઉત્સવ-તહેવારો અને પૂજાવિધિ અપનાવી છે. હિંદુઓના સંપર્કમાં તેમ જ રચનાત્મક સંસ્થાઓ, સ્વતંત્ર લડતના કાર્યકરોના સંપર્કથી તેઓના ધાર્મિક જીવનમાં અસર થાય છે. તેઓ સારું જીવન જીવવાની સૂચના આપતા. ભોગ ન ચઢાવવો, હિંસા ન કરવી, દારૂ-માંસાહર છોડવા સમજાવતા. આમ આદિવાસીઓ જાગ્રત થવા લાગ્યા. જેથી રૂઢિગત આચારો બદલાવાનું વલણ તેઓમાં વિકસે છે.

બીજી તરફ રચનાત્મક સંસ્થાઓની અસરથી શિક્ષણનું પ્રમાણ વધે છે. જેની અસર સ્વરૂપે દૈનિક જીવનમાં ફેરફાર શરૂ થાય છે. સ્વચ્છતા, ચોકસાઈ, વ્યસન ન કરવું, સ્વાવલંબી બનવું જેવા ગુણો વિકસે છે. સાથોસાથ સહકાર દ્વારા વિકાસ માટેનાં પગલાં લેવાય છે. જેથી બાળકોને શિક્ષણ આપવા માટેની ભૂખ જાગે છે. આદિવાસી વિસ્તારોમાં કાર્યરત શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણ માટે જવાની શરૂઆત થતાં પરિવર્તનની શરૂઆત થાય છે.

### (૨) હિંદુ સંપ્રદાયોની અસર

#### સતકેવલ સંપ્રદાય

આદિવાસી વિસ્તારમાં આ સંપ્રદાયોનો ફેલાવો થયેલો જોઈ શકાય છે. મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં માંગરોળ, માંડવી, વાલોડ, વ્યારા, મહુવા વગેરેમાં થયો છે. આ સંપ્રદાયના અનુયાયીઓ કપાળમાં કેસરી અને પીળી જ્યોત જેવો ચાંદલો કરે છે. જેનું મુખ્ય કેન્દ્ર ખેડા જિલ્લાના સારસા ગામે છે. જેના સ્થાપક કરુણાસાગર ભગવાન છે. તેમના શિષ્ય સુખાનંદ મહારાજે ૧૯૨૬માં જુદા જુદા આદિવાસી વિસ્તારમાં ધર્મ પ્રચારનું કામ કર્યું હતું. એ સમયે કેટલાક આદિવાસીઓને કંઠી બાંધી હતી. જેથી પરંપરાગત માન્યતાઓ દૂર થવા લાગે છે. તેઓ માંદગી કે મુશ્કેલીમાં કરુણાસાગરની પૂજા કરે છે. વર્ષમાં એકાદ વખત સારસા દર્શન માટે જાય છે. હવે પરંપરાગત દેવ-દેવીની પૂજા, 'હોબ' લઈ જવી, ભગત પાસે જવું વગેરે બંધ થયું છે. તો રોજ પૂજા કરતા થયા છે. ભજનમંડળ બેસાડે છે જેની અસર સામાજિક જીવન ઉપર પણ પડી છે. જેમણે માંસાહાર અને દારૂતાડી છોડ્યાં છે તેઓ સાથે જ રોટી–બેટીવ્યવહાર કરે છે.

#### મોક્ષમાર્ગી સંપ્રદાય

આ સંપ્રદાયના સ્થાપક વલ્લભરામ છે. દક્ષિણ ગુજરાતમાં રમુજીલાલ મહારાજ દ્વારા આ પંથનો પ્રચાર-પ્રસાર થયો હતો. અનાવલ તેનું મુખ્ય કેન્દ્ર છે. આ સંપ્રદાયમાં જોડાનાર

આદિવાસીઓ માંસાહાર, દારૂ-તાડી, બલિ આપવાનું બંધ કરે છે. તેઓ નિયમિત ૐકારનો જપ અને નારાયણ ભગવાનની પૂજા કરે છે.

## સતિપતિ સંપ્રદાય

આ સંપ્રદાયની શરૂઆત ૧૯૩૦ની આજુબાજુ ધાર્મિક સુધારણાના હેતુથી મહારાષ્ટ્રની સરહદે સાતપુડાના વિસ્તારમાં રંજનપુર ગામના ગુલીયા મહારાજે કરી હતી. તેને આગળ વધારવાનું કામ રામદાસ મહારાજે કર્યું હતું. ત્યાર પછી ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસે આવેલા કટાસવાણ ગામના કેસરીસિંહ ગામીતે ૧૯૫૦માં નવા સ્વરૂપે 'આપ કી જય'ના નામે વિકાસ કર્યો. તેમણે હિંદુ દેવ-દેવીઓ, આચારો, લખાણોને ખોટા ઠરાવવાનો પ્રયત્ન કર્યો. પોતાને સર્વોત્તમ પુરુષ ગણાવતા. દાદા કહેતા, હિંદુ ધર્મ આદિવાસીઓ ઉપર પ્રભુત્વ જમાવવા ઉજળિયાત વર્ગે ઠોકી બેસાડ્યો છે. વાસ્તવમાં આદિવાસીઓ દેશના મૂળ માલિકો છે. જળ-જમીન-જંગલ આદિવાસીઓનું છે તેથી મહેસૂલ કે કરવેરા ભરવા જોઈએ નહીં. આમ રાજકીય ઉશ્કેરણી હોવા છતાં ધાર્મિકતાને પણ મહત્ત્વ આપે છે.

તેઓ એક ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. સ્વકર્તા પિતૃ એટલે ઈશ્વર. જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે. જેમને પોતાનો હિસાબ 'એકાઉન્ટ' આપવો જોઈએ. જે એકાઉન્ટ એને એકલાને જ આવડે છે. જે હિસાબ આપી શકે તે સ્વકર્તા પિતૃનો સાચો પુત્ર છે તેવું દાદા જણાવે છે. આ સંપ્રદાયના લોકો દારૂ-તાડી અને માંસાહાર બંધ કરે છે. મુશ્કેલીમાં તેઓ દાદાનું માર્ગદર્શન મેળવે છે. આ પંથની અસર ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં જોવા મળે છે. દર રવિવારે દાદાની સભા હોય છે. જેમાં તેઓ હાજર રહે છે. એટલું જરૂર કહી શકાય કે તેમણે લોકોને દારૂ-તાડી, માંસાહારથી દૂર કર્યા છે.

સને ૨૦૦૧માં શ્રી કેસરીસિંહ ગામીત(દાદા)નું અવસાન થતાં આ કામ તેમના વારસદાર શ્રી રવીન્દ્રકુમાર સંભાળે છે.

## સ્વાધ્યાય પરિવાર

આ સંપ્રદાય શ્રી પાંડુરંગ શાસ્ત્રીએ સ્થાપેલ છે. જેનું વડું મથક માધવબાગ મુંબઈમાં આવેલું છે. તેઓ ગીતા ઉપર વધુ ભાર મૂકે છે. ગુજરાતના જુદા જુદા આદિવાસી વિસ્તારમાં ઘરમંદિર, બાળસંસ્કાર કેન્દ્ર, ભક્તિફેરી દ્વારા તેનો પ્રચાર–પ્રસાર કરે છે. આદિવાસીઓ દારૂ-તાડી, માંસાહાર છોડે એ બાબત ઉપર ભાર મૂકતા નથી. પરંતુ આધ્યાત્મિક જ્ઞાન થાય અને જાતે તેઓ છોડે તેમ તેઓ માને છે. આ રીતે સ્વાધ્યાય પરિવારની અસર આદિવાસી વિસ્તારમાં થઈ છે. તેઓ નિયમિત સ્નાન કરી પૂજા કરે છે, ભક્તિફેરીમાં જાય છે. આમ પરંપરાગત ધાર્મિક જીવનમાં પરિવર્તન આવ્યું છે.

આમ, આદિવાસીઓ ઉપર જુદા જુદા હિંદુ સંપ્રદાયોની અસર જોવા મળે છે. આ સિવાય કેટલાક લોકો સ્વામીનારાયણ સંપ્રદાય, કબીરપંથ, માળકરીપંથ, નિકલંદપંથ વગેરેમાં જોડાયેલા છે. તેઓ નિયમિત પૂજાપાઠ કરે છે. માંસાહાર અને દારૂ-તાડી છોડ્યાં છે. પરંપરાગત દેવ-દેવીઓની પૂજા કરતા નથી. પરંતુ ગામમાં થતી સામૂહિક પૂજામાં પોતાનો ફંડફાળો આપે છે. ભગત ઉપરનો વિશ્વાસ ઘટ્યો છે. ભૂત-પ્રેત, ડાકણમાં માનતા નથી.

## (૩) ખ્રિસ્તી ધર્મની અસર

અન્ય ધર્મની જેમ ખ્રિસ્તી ધર્મની અસર પણ આદિવાસીઓ ઉપર જોવા મળે છે. બ્રિટિશ સમયે આદિવાસી વિસ્તારમાં શાસનકાર્ય કરતા બ્રિટિશ

અધિકારીઓ સાથે સંકળાયેલા ખ્રિસ્તી મિશનરીઓ આદિવાસીઓની સેવા કરતા તથા ધર્મપરિવર્તન કરાવતા હતા. ગુજરાતમાં ખ્રિસ્તી મિશનરીઓનો પ્રવેશ ૧૯મી સદીના મધ્યભાગમાં થાય છે. શરૂઆતમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં ૧૮૯૪માં એક અમેરિકન ખ્રિસ્તી મંડળીએ કામ શરૂ કર્યું. ત્યાર પછી ધીરે ધીરે સુરત જિલ્લામાં આઝાદી પછી ૧૯૬૦માં પ્રવેશ કર્યો. હાલમાં વ્યારા તથા ઝંખવાવમાં મિશનરી કેન્દ્રો કાર્યરત છે. આ મિશનરીઓ આદિવાસીઓને જુદી જુદી રીતે મદદ કરે છે. તેઓ ધર્મપ્રચાર માટે આદિવાસી વિસ્તારમાં આરોગ્ય, આર્થિક મદદ, શિક્ષણ સંસ્થાઓ, ખાવા માટે અનાજ વગેરે પૂરું પાડે છે. વ્યારા અને ઝંખવાવ ખાતે છાત્રાલયની સગવડ છે તેમ જ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરી છે. ઝંખવાવ ખાતે ૫૦ જેટલા પલંગની હૉસ્પિટલ છે. ખ્રિસ્તી ધર્મમાં બે પંથ કાર્યરત છે.

(૧) કૅથલિક (મૂર્તિપૂજક છે અને આરતી ઉતારે છે)

(૨) પ્રોટેસ્ટન્ટ (મૂર્તિપૂજા કરતા નથી)

આ પંથનાં સાત મિશનો જોવા મળે છે. જેમાં મેથોડિસ્ટ, ચર્ચઓ ફ્રાનેલ, મુક્તિફ્રોજ, સેવન્થ ડે, આઈ પી., બ્રધરન ચર્ચ અને પેન્ટીકોસ્ટલ.

આ ધર્મ જે આદિવાસીઓએ સ્વીકાર્યા છે, તેમનાં ગામોમાં કાચા અને પાકા ચર્ચ જોવા મળે છે. આ ચર્ચમાં નિયમિત પ્રાર્થના, ઉપદેશ, બાઇબલનું વાંચન વગેરે થાય છે. તેઓએ સ્થાનિક લોકોમાંથી વ્યક્તિ તૈયાર કરી ખ્રિસ્તી ધર્મનું સાહિત્ય આદિવાસી બોલીમાં તૈયાર કર્યું છે. જેથી આદિવાસી લોકોને વધુ રસ પડે છે. આજે ખ્રિસ્તી ધર્મની અસરથી આદિવાસીઓમાં શૈક્ષણિક પરિવર્તન આવ્યું છે. પરિણામે તેઓ એકમાત્ર ઈશુને માને છે. દારૂ-તાડી, બીડી જેવાં વ્યસનો છોડ્યાં છે. પરંતુ માંસાહાર ચાલુ છે. કપાળે ટીલાં-ટપકાં કરતા નથી. સામાજિક જીવનમાં પણ બદલાવ આવ્યો છે. જન્મ, લગ્ન અને મૃત્યુવિધિમાં પરિવર્તન આવ્યું છે. પરંપરાગત આદિમ દેવ-દેવીઓને માનતા નથી. ઉત્સવો-તહેવારો ઓછા ઊજવે છે. આ ધર્મ અંગીકાર કરવાથી આદિવાસીઓ અને ખ્રિસ્તી આદિવાસીઓ એવા બે ભાગ પડ્યા છે. સામાજિક અને સાંસ્કૃતિક રીતે જ નહીં પણ માનસિક રીતે પણ એકબીજાથી અલગ પડ્યા છે. આજે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

### (૪) ઇસ્લામ ધર્મની અસર

અજમેરના પીરસંત મુઇદ્દીન ચિશ્તીની એક ગાદી ગુજરાતમાં સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં મોટામીયાં ગામે વર્ષોથી છે. તેમના વંશના મુરશી સૈયદ કામુદ્દીન ચિશ્તી મુસ્લિમ સંતની દરગાહ મોટીમીયાં માંગરોળમાં છે. અસાધ્ય દુઃખ, દર્દ, આફતો વગેરેમાં આદિવાસીઓ આ પીરની બાધા માને છે. સારું થતાં દરગાહ પર જઈ બાધા પૂરી કરે છે. આ સંતની ગાદી પર તેમના વંશના શ્રી ફકરુદ્દીન ચિશ્તી ગુરુ તરીકે છે. માંગરોળ અને માંડવી વિસ્તારના આદિવાસીઓ ઉપર આનો પ્રભાવ પડ્યો છે. આ સંત માંસાહાર, દારૂ-તાડી છોડવા, ચોરી, ઝઘડો ન કરવા તથા સાદું, પવિત્ર અને નૈતિક જીવન જીવવાનો ઉપદેશ આપે છે. માંડવી તાલુકાનાં કેટલાંક ગામોના ચૌધરીઓ તેના શિષ્ય થયા છે. ટૂંકમાં ઇસ્લામ ધર્મની અસર સ્વરૂપે આદિવાસીઓના ધાર્મિક જીવન પર કેટલીક અસરો જોવા મળે છે.

(૧) તેઓ નિયમિત રીતે પશ્ચિમ દિશામાં મુખ રાખી બંદગી કરે છે.

(૨) તેમના ઉત્સવો કે તહેવારો જેવા કે ઉર્સ, રમજાન, તાજિયા, ઈદ વગેરે પ્રસંગોએ ભજનમંડળી લઈ મોટામીયાં કે જાહેર કરેલા સ્થળે ભેગા થાય છે. ભજન, કવ્વાલી, કુરાન–શરીફનો ઉપદેશ અપાય છે.

(૩) જેમણે ગુરુ કર્યા છે તેઓ પોતાની આવકમાંથી ગુરુદક્ષિણા રૂપે મોટામીયાં – ગુરુગાદીએ નિયમિત રીતે અર્પણ કરે છે.

(૪) શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક તકલીફ કે આફત પ્રસંગે આ સંતને યાદ કરે છે, તેમની છબી ઘરમાં રાખવામાં આવે છે.

આ ધર્મની અસર હોવા છતાં પરંપરાગત આદિમ માન્યતા કે પૂજા બંધ થયા નથી. જરૂર પડે તો ભગતનો સહારો પણ લે છે. પરંતુ બલિ, માંસાહાર, દારૂ-તાડીનો ઉપયોગ કરતા નથી. સીધો ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો હોય તેવું જોવા મળતું નથી.

આમ આદિવાસીઓ ઉપર વિવિધ ધર્મની અસર જોવા મળે છે. જેથી તેઓ નિયમિત પૂજા-પાઠ કરતા થયા છે. માંસાહાર અને દારૂ-તાડી છોડ્યાં છે. પરંપરાગત આદિમ દેવ-દેવીઓ અને વિધિવિધાન તરફ ઓછો વિશ્વાસ ધરાવતા થયા છે. આ રીતે ગુજરાતના આદિવાસીઓનું ધાર્મિક જીવન જોવા મળે છે. જેમાં આજે પરિવર્તન આવી રહ્યું છે. જેથી આદિવાસી સમુદાય પોતાની સંસ્કૃતિ છીનવાઈ જવાનો ભય અનુભવી રહ્યા છે. લાંબે ગાળે તેમને ગેરલાભ થશે તેવો ગર્ભિત ભય સેવી રહ્યા છે. જેથી ફરી પોતાની સંસ્કૃતિ ટકે, આદિમધર્મ ટકી રહે તે માટે આદિવાસી સમુદાયનાં સંગઠનો રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રયત્ન કરી રહ્યાં છે. રાષ્ટ્રીય કક્ષાએ આદિવાસી એકતા પરિષદ કાર્યરત છે જેનું દર વર્ષે જુદાં જુદાં રાજ્યોમાં સંમેલન થાય છે. જેમાં આ અંગે જાગૃતિ વિકસે અને જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો થાય તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે.

* * *

# સંદર્ભસૂચિ


૧. ગામીત, મહેશ સી. (૨૦૧૨), ગામીત જાતિ સમાજ અને સંસ્કૃતિ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨. ગુજરાત રાજ્ય (૨૦૦૦), ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ – સુરત જિલ્લો, ડાંગ જિલ્લો, વલસાડ જિલ્લો, પંચમહાલ-દાહોદ જિલ્લો, બનાસકાંઠા જિલ્લો, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૩. દેસાઈ, ઊર્મિબહેન – સાંસ્કૃતિક માનવશાસ્ત્ર, રચના પ્રકાશન, અમદાવાદ.

૪. પંડ્યા, ગૌરીશંકર (૧૯૯૨) વારલી જાતિનો સમાજ-માનવશાસ્ત્રી શાસ્ત્રીય અભ્યાસ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૫. ભટ્ટ, અરવિંદ (૧૯૮૫), ગુજરાતના ચૌધરીઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૬. સોલંકી, સિદ્ધરાજ (૧૯૭૪), શામળાજીના ગરાસિયા, ગુજરાત યુનિવર્સિટી, અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, અમદાવાદ.

# ૨૪. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિઓ



## પ્રસ્તાવના

સમાજની શરૂઆતથી જ માનવોમાં પરસ્પર સહકારનું મહત્ત્વ સ્વીકારાયું છે. સમાજશાસ્ત્રીઓ તેમ જ નૃવંશશાસ્ત્રીઓએ અભ્યાસો પછી પ્રતિપાદિત કર્યું છે કે, આદિવાસી સમાજજીવન પરસ્પર સહકારના પાયા પર આધારિત છે. આદિવાસી સમાજમાં કેટલાક પ્રસંગો તો એવા જોવા મળે છે જેમાં ઘણી ઉચ્ચ કક્ષાનું સહકારી જીવન જિવાતું હોય તેવા દાખલા મળે છે. દા.ત. બસ્તરના આદિવાસીઓમાં ઘોટુલ વ્યવસ્થા તેમ જ મોટા ભાગના આદિવાસી સમાજોમાં ખેતી તેમ જ અન્ય કામોમાં એકબીજાને મદદ કરીને જીવન જીવવાની પ્રણાલી છે. આમ, સામાજિક અને આર્થિક બંને વ્યવહારોમાં પરંપરાગત રીતે સહકારનો આશ્રય લેવાતો રહ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો, સહકાર વિના માનવજીવનની હસ્તી જ સંભવિત નથી.

પરંતુ ચોક્કસ ધારાધોરણથી અંકિત એક વ્યવસ્થિત સંગઠનના સ્વરૂપમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ ઓગણીસમી સદીની અધવચથી યુરોપના દેશોમાં થયેલો જોવા મળે છે. ઓગણીસમી સદીના અંત ભાગમાં ઉપરાછાપરી આવેલા દુષ્કાળને પરિણામે ભારતનો ખેડૂત મોટા દેવામાં ઊતરી ગયો હતો. તેમાંથી એને ઉગારવા માટે રેઈફેશન પદ્ધતિની ધિરાણ મંડળીઓ ઊભી કરવાની ભલામણ મદ્રાસ પ્રાંતના એક અમલદાર શ્રી નિકોલ્સને ભારત સરકારને કરી હતી. સરકારે એ ભલામણનો સ્વીકાર કરી ૧૯૦૪માં સર્વ પ્રથમ સહકારી કાયદો અમલમાં મૂક્યો, અને ખેડૂતોની ધિરાણ મંડળીઓ શરૂ કરવાનો આદેશ આપ્યો. આ અગાઉ પણ કેટલાક વ્યક્તિગત પ્રયત્નોએ આ કાયદો પસાર થયા પછી વેગ મળ્યો. ધિરાણ પ્રવૃત્તિ તરીકે શરૂ થયેલી સહકારી પ્રવૃત્તિમાં ૧૯૧૨માં સહકારી કાયદામાં થયેલા ફેરફાર મુજબ બિનધિરાણ પ્રવૃત્તિઓને સંગઠિત કરવાની અનુકૂળતા થઈ. ૧૯૧૯માં મોન્ટફર્ડ સુધારાઓ પછી સહકારનો વિષય રાજ્ય સરકારોને સોંપાતાં સહકારી પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. ૧૯૨૯માં શરૂ થયેલી આર્થિક મંદીએ સહકારી પ્રવૃત્તિ કેટલેક અંશે ખોરંભે પડી અને અસંખ્ય મંડળીઓ મુશ્કેલીમાં મુકાઈ ગઈ. ૧૯૩૫ના બંધારણના કાયદા મુજબ નવી રચાયેલી પ્રાંતિક લોકશાહી સરકારોએ મંદીની અસરમાં ઝડપાયેલી સહકારી પ્રવૃત્તિને પુનઃ વ્યવસ્થિત કરી. આ જ સમયગાળા દરમિયાન બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને તેને કારણે પેદા થયેલી અછતની પરિસ્થિતિમાં સહકારી પ્રવૃત્તિને આપોઆપ કેટલુંક પુનઃજીવન મળી ગયું. આઝાદી બાદ સહકારી પ્રવૃત્તિને સામાજિક અને આર્થિક પરિવર્તનના મહત્ત્વના સાધન તરીકે સ્વીકારવામાં આવી તેમ જ પ્રવૃત્તિનો વિકાસ કરવા માટે ખાસ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા (મહેતા, વૈકુંઠ, ૧૯૬૪),

આઝાદી બાદ અમલમાં મુકાયેલ પંચવર્ષીય યોજનામાં પણ સહકારી પ્રવૃત્તિને વેગ મળે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. પ્રથમ પંચવર્ષીય યોજનામાં કલ્યાણ રાજ્યની સ્થાપનાનું ધ્યેય નક્કી કરવામાં આવ્યું. જ્યારે બીજી પંચવર્ષીય યોજનામાં સમાજવાદી પ્રકારના સમાજની સ્થાપનાનું ધ્યેય નક્કી કરાયું. આમ, બંને પંચવર્ષીય યોજનાઓમાં લોકકલ્યાણ માટે સહકારી પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનું સ્વીકારાયું. ત્રીજી પંચવર્ષીય યોજનાના 'સહકાર' નામના ૧૩મા પ્રકરણમાં સહકારી પ્રવૃત્તિ

માટે ખાસ પગલાં લેવાનું નક્કી કરાયું. આ પ્રકરણમાં નોંધવામાં આવ્યું કે,

> "સમાજવાદ અને લોકશાહીના આદર્શોને વરેલી આયોજિત અર્થવ્યવસ્થાના કાર્યક્રમમાં સહકારી પ્રવૃત્તિ અનેક ક્ષેત્રોમાં સંગઠનનું મુખ્ય માધ્યમ બનવી જોઈએ. આ વાત વિશેષ કરીને ખેતી, નાની સિંચાઈ, નાના ઉદ્યોગો, વેચાણ, રૂપાંતર તથા વિતરણ અંગેની પ્રવૃત્તિઓ, ગ્રામ-વીજળીકરણ, ઘર-બાંધકામ તથા અન્ય બાંધકામો અને સ્થાનિક લોકોની જરૂરી સગવડો પૂરી પાડવાનાં કામોને લાગુ પડે છે. સામાજિક સ્થિરતા ઊભી કરવાની દ્રષ્ટિએ રોજગારીની તકો વધારવા માટે અને ઝડપી આર્થિક વિકાસ સાધવા માટે, ખાસ કરીને ખેડૂત, કારીગર અને ગ્રાહકગણની જરૂરિયાતો પૂરી કરે એવા સહકારી ક્ષેત્રને ઝડપથી વિકસાવવાની ખૂબ જ જરૂર છે."

(ત્રીજી પંચવર્ષીય યોજના,૧૯૬૨)

આમ, પ્લાનિંગ કમિશનની દ્રષ્ટિને અમલમાં મૂકવા માટે ૧૯૬૦ બાદ સહકારી પદ્ધતિ થકી સમાજના નબળા વર્ગોનો વિકાસ કરવા માટે અનેકવિધ સહકારી યોજનાઓનું અમલીકરણ થયું. સામાજિક અને આર્થિક રીતે પછાત એવા આદિવાસી સમાજના સર્વાંગીણ વિકાસ માટે સહકારી પદ્ધતિએ કરેલ કામગીરીની વિગતે છણાવટ એ પછી કરવામાં આવી છે.

## ભારત અને ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિના મંડાણ

૧૯૬૧માં ઉછરંગરાય ઢેબરની અધ્યક્ષતામાં નિમાયેલા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ/જનજાતિના અહેવાલની પ્રસ્તાવનામાં તે સમયના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે,

> "આપણે આદિવાસીઓને તેમની પ્રણાલિકા મુજબ અને બુદ્ધિ મુજબ વિકસવા દેવા જોઈએ. તેથી તેમની પ્રણાલીઓ, તેમનું ભૌતિક વાતાવરણ તેમ જ તેમની કારીગરીનો ખ્યાલ મેળવ્યા બાદ જ તેમના કલ્યાણની યોજનાઓ તૈયાર કરવી જોઈએ."

(ઢેબર, યુ.એન. ૧૯૬૧)

આ જ વાતને ત્રીજી પંચવર્ષીય યોજનામાં પ્લાનિંગ કમિશને નક્કર સ્વરૂપ આપીને જણાવ્યું કે,

> "આદિવાસી લોકોનો વિકાસ સહકારી પદ્ધતિએ કરી શકાય એવાં ઘણાં તત્ત્વો આ સમાજમાં છે. સામાન્ય રીતે આદિવાસી સમાજમાં એકવિધતા છે અને મહદંશે આ સમાજમાં સામૂહિક ભાવના જીવંત છે. આવી પરિસ્થિતિમાં આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં ક્રાંતિકારી ફેરફારો લાવવા માટે સહકારી પ્રવૃત્તિ સૌથી વધુ ઉપયોગી નીવડી શકે તેમ છે."

(પ્લાનિંગ કમિશન, ૧૯૬૧)

આયોજનની શરૂઆત થઈ ત્યારથી જ સહકારી પ્રવૃત્તિને સામાજિક નીતિના એક સાધન તરીકે સ્વીકારવામાં આવી. પરંતુ, આ પહેલાં પણ ૧૯૨૦ની આસપાસ સહકારી પ્રવૃત્તિના ઇતિહાસમાં પહેલી જ વખત બિહારના છોટાનાગપુર જિલ્લાના રાંચીમાં પરદેશી મિશનરીઓએ સંથાલો અને બીજા આદિવાસીઓમાં ધિરાણ કરવા માટે એક મોટી સહકારી મંડળીની સ્થાપના કરી હતી, જે સમયાંતરે બંધ થઈ ગઈ. આ ઉપરાંત આ જ સમયગાળા દરમિયાન બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ તેમ જ મહારાષ્ટ્રના આદિવાસી વિસ્તારોમાં સહકારી ધોરણે ધાન્ય કોઠારો (ગ્રેનગોલા) સ્થાપવામાં આવ્યા હતા (મહેતા, વૈકુંઠ, ૧૯૬૪). આદિવાસી વિસ્તારોમાં સહકારી પદ્ધતિ મુજબ ચાલતા આવા ધાન્ય કોઠારોનો મુખ્ય હેતુ અનાજના રૂપમાં મહેસૂલ ઉઘરાવવાનો તેમ જ જ્યારે આદિવાસીઓ પાસે અનાજ તેમ જ બિયારણ ખલાસ થઈ જાય ત્યારે ઉછીનું આપવાનો હતો. ધાન્ય કોઠારોને કારણે

આદિવાસી સમાજમાં સકારાત્મક સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું હતું જે નોંધનીય છે

૧૯૨૦ના અરસામાં ગુજરાત(તે સમયના મુંબઈ રાજનો એક ભાગ)ના પંચમહાલ જિલ્લાના દાહોદ અને ઝાલોદ તાલુકાની ભીલ વસ્તીને માટે કેટલીક સહકારી ધિરાણ મંડળીઓ શરૂ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ શરૂ કરવા માટેનો યશ ઠક્કરબાપા(અમૃતલાલ ઠક્કર)ને આપવો રહ્યો. તેમણે દાહોદમાં ભીલ સેવા મંડળ નામની સંસ્થા શરૂ કરીને અનેક સેવાનાં કામો હાથ ધર્યાં હતાં. તેમના જ પ્રયત્નોથી પંચમહાલમાં બૉમ્બે પ્રોવિન્શિયલ કો–ઓપરેટિવ બૅંકની એક શાખા ખોલવામાં આવી હતી. આ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં ખેતી માટેના ધિરાણની જોગવાઈ કરવા ઉપરાંત આદિવાસી રાજ્યોના ખેતીના માલના સંગ્રહ અને વેચાણ માટેની સગવડ કરવાની તેમ જ ધિરાણ ઉપર બિયારણ, અનાજ અને જરૂરી ઘરગથ્થુ ચીજો પૂરી પાડવાની જોગવાઈ માટેની મંજૂરી મુંબઈ સરકાર પાસેથી મેળવવામાં આવી. પરિણામ સ્વરૂપે આદિવાસી ગામોમાં પ્રાથમિક ધિરાણ મંડળીઓની સ્થાપના કરવામાં આવી. સાથે સાથે મુખ્ય ગામ અને તેની આજુબાજુનાં ગામોને સાંકળતી મુખ્ય ગામમાં બૅંક ખોલવામાં આવી અને તેની સાથે અનાજ વેચાણ માટેની દુકાનો ખોલવામાં આવી. આ દુકાનોમાં જરૂર પડે ત્યારે ધિરાણ ઉપર બિયારણ તથા અનાજ પણ આપવામાં આવતું. સમય જતાં આ માળખું જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ તરીકે ઊભું થયું. મુખ્ય ગામની બૅંકનું સ્થાન જિલ્લા સહકારી મધ્યસ્થ બૅંકે લીધું. આમ, ૧૯૨૦-૨૫ની આસપાસ પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ મુંબઈ પ્રાંત કે ભારતના અન્ય આદિવાસી વિસ્તારો કરતાં વધુ વિકસ્યો જેની નોંધ લેવી ઘટે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં મુખ્યત્વે ધિરાણ તેમ જ ખેતી સહકારી મંડળીઓ, જંગલ કામદાર સહકારી મંડળીઓ, મજૂર કામદાર સહકારી મંડળીઓ, મોટા કદની વિવિધ કાર્યકારી મંડળીઓ(LAMPS), દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, કારપેટ વણાટ ઉદ્યોગ સહકારી મંડળીઓ તેમ જ અન્ય સહકારી મંડળી જેવી કે હાઉસિંગ સહકારી મંડળી, ગ્રાહક સહકારી મંડળી વગેરે શરૂ થઈ. જેની વિગતવાર ચર્ચા હવે પછી.

## ધિરાણ તેમ જ ખેતી સહકારી મંડળીઓ

ઢેબર કમિશનના હેવાલ મુજબ આદિવાસી વસ્તીનો ઘણો મોટો ભાગ ખેતીના કામમાં રોકાયેલો હતો. તેથી તેમને ખેતી ઉત્પાદકો તરીકે મદદ કરવી જરૂરી હતી અને આ માટે તેમને સહકારી પદ્ધતિએ સંગઠિત કરવાની જરૂર હતી. આદિવાસી ગરીબ ખેડૂતોની સૌથી પાયાની જરૂરિયાત ધિરાણની હતી. આથી પ્લાનિંગ કમિશન અને ઢેબર કમિશન બંનેએ તેઓના જૂના દેવાના નિકાલને પ્રાધાન્ય આપ્યું. પરિણામ સ્વરૂપે દેશના મોટા ભાગનાં રાજ્યોમાં આદિવાસીઓનાં દેવાઓ માફ કરવામાં આવ્યાં તેમ જ ખેતી અને બિયારણ માટે ધિરાણ આપવાનું સહકારી મંડળીઓ મારફતે શરૂ કરવામાં આવ્યું. ઢેબર કમિશને તેના ૧૯૬૧ના અહેવાલમાં દેશમાં ૧000થી વધુ ધિરાણ મંડળીઓ કાર્યરત હોવાનું નોધ્યું છે. જેમાં મુંબઈ રાજ્યમાં (ગુજરાત સહિત) ૨૭૧ ધિરાણ સહકારી મંડળીઓ કાર્યરત હતી. જેમાંથી ૩૮ મંડળીઓ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કાર્યરત હતી. ધિરાણ સહકારી મંડળીઓ થકી આદિવાસી ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવાની નેમ હતી જે સમયાંતરે સાચી પુરવાઈ થઈ. ગુજરાત રાજ્ય તરફથી પ્રકાશિત સહકારી પ્રવૃત્તિનું માહિતી દર્શન (૧૯૬૧) પુસ્તકમાં તા. ૩૦-૬-૧૯૬૯ સુધીમાં સમગ્ર રાજ્યમાં ખેતીવિષયક ધિરાણ સહકારી મંડળીઓની સંખ્યા ૭૪૪૧ હતી જે રાજ્યના ૧૮,૭૨૯ ગામડાંને આવરી લેતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતનાં ૯૫.૯૬ ટકા ગામડાંઓમાં આ પ્રકારની મંડળી કાર્યરત હતી. આદિવાસી વિસ્તારનાં ગામોને

અલગ રીતે આ અહેવાલમાં દર્શાવવામાં આવ્યાં નથી, પરંતુ, અહેવાલ એ બાબત તરફ અંગુલીનિર્દેશ કરે છે કે ગુજરાતનાં ૯૫ ટકા ગામોમાં આવી ધિરાણ મંડળીઓ કાર્યરત હતી જેના પરથી અંદાજ લગાવી શકાય છે કે, આદિવાસી વિસ્તારોમાં પણ મોટા પાયે ધિરાણ મંડળીઓ કાર્યરત હતી.

## જંગલ કામદાર સહકારી મંડળીઓ

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સૌથી મહત્ત્વની સહકારી પ્રવૃત્તિ જો કોઈ થઈ હોય તો તે જંગલ કામદાર સહકારી મંડળીઓની પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિની અસરો આદિવાસીનાં સામાજિક-આર્થિક-રાજકીય અને સાંસ્કૃતિક પાસાંઓ પર પડી હોઈ અહીં જગલ કામદાર સહકારી મંડળીઓની પ્રવૃત્તિની વિશદ રીતે છણાવટ કરવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૪ આદિવાસી જિલ્લાઓમાંથી ૫૦ ટકા જેટલા જિલ્લાઓ દક્ષિણ ગુજરાતમાં આવેલા છે (સુરત, તાપી, નર્મદા, ભરૂચ, વલસાડ, નવસારી અને ડાંગ). વળી રાજ્યની કુલ આદિવાસી વસ્તી– (લગભગ ૯૦ લાખ)ના ૫૫ ટકા કરતાં વધુ વસ્તી દક્ષિણ ગુજરાતમાં વસે છે. વળી, દક્ષિણ ગુજરાતમાં ગુજરાતનાં ઘનિષ્ઠ જંગલો પણ આવેલાં હતાં. હાલમાં પણ તાપી, નર્મદા, ડાંગ, સુરત અને વલસાડ જિલ્લાઓમાં ખાસ્સો એવો જંગલ વિસ્તાર અસ્તિત્વમાં છે. આટલી પૂર્વભૂમિકા બાદ જંગલ કામદાર સહકારી મંડળીઓની સ્થાપના અને વિકાસ અંગેની છણાવટ કરીશું.

## જંગલ કામદાર સહકારી મંડળી પૂર્વે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની સ્થિતિ

ગુજરાતમાં જુદી જુદી ૨૫ અનુસૂચિત જનજાતિઓ વસે છે. જેમાં ભીલો ગુજરાતની કુલ આદિવાસી વસ્તીના (૧૪.૭૫ ટકા) ૪૧.૮૯ ટકા સાથે જનસંખ્યાની દ્રષ્ટિએ મોખરે છે. ત્યાર બાદ હળપતિ, ધોડિયા, રાઠવા, નાયકડા, ગામીત, કુંકણા, ચૌધરી, ધાણકા, વારલી વગેરે ચઢતા ક્રમે ૯ ટકાથી માંડીને ૩ ટકા સુધીની વસ્તીમાં ગુજરાતમાં વસે છે. આ બધા જ આદિવાસીઓ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાં વસવાટ કરે છે. આ સાત જિલ્લાઓમાં આદિવાસીઓની વસ્તીનું પ્રમાણ જિલ્લાની કુલ વસ્તીની સરખામણીમાં નીચે પ્રમાણે છેઃ નર્મદા (૮૧.૬૦), તાપી (૮૪.૨૦), વલસાડ (૫૦.૫૯), ડાંગ (૯૪.૩૧), ભરૂચ (૩૧.૪૮), નવસારી (૪૮) અને સુરત (૧૪.૦૯). આમ, ગુજરાતની કુલ આદિવાસી વસ્તીના ૫૫ ટકા આદિવાસીઓની વસ્તી દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાં છે. ભૌગોલિક રીતે દક્ષિણ ગુજરાત જંગલોનો પ્રદેશ છે. જંગલોમાં આદિવાસીઓનો વસવાટ હોય એ સ્વાભાવિક છે. આદિવાસીઓ ઐતિહાસિક કારણોસર વિકાસની દોડમાં પાછળ રહ્યા છે. કેટલીક આદિવાસી જાતિઓ પછાત રહી તેનાં કારણો આર્થિક પ્રકારનાં છે. ખાસ પ્રકારનું આર્થિક માળખું તેમના ઉત્પાદન અને કૌશલ્યનું વાજબી મૂલ્ય ન ચૂકવતું હોવાને કારણે તેઓ ગરીબીની રેખા નીચે જીવી રહ્યા છે. જડ ઘાલી ગયેલી જાતિ પ્રથા પણ તે માટે જવાબદાર છે.

જંગલ કામદાર સહકારી મંડળીની સ્થાપના પહેલાં ખાનગી જંગલના કૉન્ટ્રેક્ટરો જંગલ કાપવાનો કૉન્ટ્રેક્ટ રાખતા. કૉન્ટ્રેક્ટરના માણસો જે મોટે ભાગે શહેરી વિસ્તારના હતા તેઓ જે દિવસે જંગલ કાપવાનું હોય તેના બે દિવસ અગાઉ આદિવાસી મજૂરને જણાવી જતા. જંગલોની કાપણીનો કૉન્ટ્રેક્ટ પારસી, વાણિયા કે મુસ્લિમો રાખતા. તેઓ ઘોડા પર આવીને બહારથી જ ચાર આના ઘરમાં નાંખી જતા. પૈસા નાંખી જાય એટલે આદિવાસીઓએ જંગલો કાપવા જવું જ પડતું. ન જાય તો તેમના પર શારીરિક જુલમ ગુજારવામાં આવતો. વળી, દિવસની ૧૧થી ૧૨ કલાકની કાળી મજૂરી કરવી પડતી. પોલીસ તેમ જ સરકારી અધિકારી સાથે જંગલના આ બિનઆદિવાસી ખાનગી કૉન્ટ્રેક્ટરોને ઓળખાણ હોવાથી તે

આદિવાસી લોકોને રંજાડતા. તેઓ પાસે બંદૂકો પણ હતી એટલે તેમને સતત બીક રહેતી. આમ, જંગલના કૉન્ટ્રેક્ટરોનો જંગલના લોકો પર ખૂબ ત્રાસ હતો (જોષી, સત્યકામ, ૧૯૯૨).

## જંગલ કામદાર સહકારી મંડળીના ઉદ્‌ભવ માટેના સામાજિક સંદર્ભો

આવી પરિસ્થિતિમાં ૧૮૮૫માં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવે સોનગઢ તેમ જ વ્યારામાં (સુરત જિલ્લામાં) ધાણકા વસ્તીગૃહ નામની શાળાઓ ખોલી. તેને પગલે અનાવલ અને મહુવામાં પણ આવાં વસ્તીગૃહ થયાં. સયાજીરાવ ગાયકવાડના અધિકારીઓએ ગામેગામ ફરીને આદિવાસીઓને સમજાવ્યા. આમ, દક્ષિણ ગુજરાતના ગાયકવાડીના વિસ્તારમાં અક્ષરજ્ઞાનનો પ્રવેશ થયો. ગાયકવાડી સિવાયના દક્ષિણ ગુજરાતના બ્રિટિશ તાબા હેઠળના વિસ્તારમાં પણ શિક્ષણના વ્યાપ માટે પ્રયત્ન કરવામાં આવ્યા હતા. આ સિવાય આ જ સમયગાળામાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા પણ કેળવણી માટેના પ્રયત્નો થયા હતા.

આમ, વીસમી સદીની શરૂઆતમાં જુદી જુદી સંસ્થાઓ અને સંગઠનો દ્વારા દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં અક્ષરજ્ઞાનના પ્રસાર માટે કરવામાં આવેલ પ્રયત્નોને કારણે અલ્પસંખ્યક આદિવાસીઓ પ્રાથમિક શિક્ષણ મેળવી શક્યા તેમ જ બહારી સમાજના સંપર્કમાં આવી શક્યા. ભણેલ આદિવાસીઓ તેમની કંગાળિયત ભરેલ પરિસ્થિતિ અને શોષણ અંગે ચિંતિત હતા. તેમને લાગ્યું કે અમારી પાયમાલી માટે દારૂ-માંસ, વ્યભિચાર અને અજ્ઞાનતા જવાબદાર છે જેનો લાભ ઉજળિયાતો લે છે. પરિણામ સ્વરૂપે ભણેલ અને જાગ્રત આદિવાસી યુવકોએ પોતાના સમાજમાં સુધારો લાવવાના પ્રયત્નો શરૂ કર્યા. આ સુધારાવાદી પ્રવૃત્તિને સમાજવિજ્ઞાનીઓએ ‘દેવી આંદોલન’ એવું નામ આપ્યું. દેવી આંદોલને દક્ષિણ ગુજરાતમાં સ્વાતંત્ર્ય આંદોલન માટેના સંજોગો ઊભા કરી આપ્યા. સ્વાતંત્ર્ય આંદોલનના સંકલને જંગલ કામદાર સહકારી મંડળીની સ્થાપના માટેની ભૂમિકા ઊભી કરી આપી.

દેવી આંદોલન બાદ સમાજ સુધારણાની પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર અર્થે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં અનેક આદિવાસી પરિષદો ભરાઈ હતી. અગાઉ નોંધ્યું છે તેમ દેવી આંદોલન પછી આરંભાયેલી આદિવાસીઓની સમાજ સુધારણાની પ્રવૃત્તિ અને ગાંધીવાદીઓની રચનાત્મક પ્રવૃત્તિઓમાં ઘણું સામ્ય હતું. ગાંધીવાદીઓની રચનાત્મક પ્રવૃત્તિનો આરંભ દક્ષિણ ગુજરાતમાં ૧૯૨૨ની આસપાસ થયો એટલે સ્વાભાવિક રીતે જ દેવી આંદોલનમાં જોડાયેલાં નવજાગ્રત આદિવાસી ભાઈ-બહેનો ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિ તરફ આકર્ષાયાં. દેવી આંદોલન થકી શરૂ કરાયેલી આદિવાસી સમાજ સુધારણાની પ્રવૃત્તિ બિનઆદિવાસીઓ તેમ જ ગાયકવાડી સરકારના દબાણને કારણે થોડી મંદ પડી પરંતુ આ જ અરસામાં આઝાદીની લડતમાં રાષ્ટ્રીય સ્તરે કેટલીક મહત્ત્વની ઘટના બની જેના કારણે મંદ પડેલ આદિવાસી સમાજ સુધારણાની પ્રવૃત્તિને વેગ મળ્યો. જેનો સંદર્ભ ફેબ્રુઆરી ૧૯૨૨ની ઉત્તર પ્રદેશના ચૌરીચોરામાં બનેલ ઘટનામાં રહેલો હતો. ચૌરીચોરાની ઘટનામાં લોકો હિંસક બનીને અંગ્રેજ સરકાર સામે ઝનૂને ચઢીને કેટલાક સૈનિકોને જીવતા બાળી નાંખ્યા. જેને પગલે દેશમાં હિંસા ફાટી નીકળી. ગાંધીજીને લાગ્યું દેશ હજી અહિંસક લડત માટે કેળવાયેલો નથી. પરિણામ સ્વરૂપે ગાંધીજીએ સત્યાગ્રહ બંધ રાખ્યો અને પ્રજાને અહિંસક રીતે લડત આપવા માટે તૈયાર કરવાની જરૂરત પર ભાર મૂક્યો. તેમણે તેમના સાબરમતી આશ્રમમાં રહેતા આશ્રમવાસીઓને હાકલ કરી કે, લોકોની સાથે તેમના જેવા થઈને વસો, અને રચનાત્મક કાર્યો દ્વારા તેમનામાં સત્ય-અહિંસાના પૂર ફેલાવો. ગાંધીજીની હાકલની અસર સાબરમતી

આશ્રમમાં રહેતા ઉત્સાહી યુવાનો પર પડી. જેના ભાગરૂપે આશ્રમમાં રહેતા જુગતરામ દવે, નરહરી પરીખ અને ચુનીભાઈ મહેતાએ ગાંધીજીની હાકલ મુજબ આશ્રમની સુખસગવડ છોડીને ગામડાંઓમાં સ્થાયી થઈને રચનાત્મક કાર્યો શરૂ કરવાનું ઠરાવ્યું. આ માટે તેમણે દક્ષિણ ગુજરાતને પસંદ કર્યું કેમ કે આ વિસ્તારમાં વસતા આદિવાસીઓ ઘણા પછાત હતા તેમ જ જુગતરામ દવેને બારડોલીમાં કામ કરવાનો અનુભવ હતો. બારડોલી જનાર સર્વ પ્રથમ નરહરી પરીખ હતા (દવે, જુગતરામ, ૧૯૭૫). ૧૯૨૨માં તેમણે બારડોલી તેમ જ સરભોણમાં આશ્રમી વિદ્યાલયો સ્થાપ્યાં તેમ જ ખાદી-વણાટ કેન્દ્રો શરૂ કર્યાં. આદિવાસીઓ આ કેન્દ્રોમાં તાલીમ લેવા માટે આવતા થયા. પરંતુ ઘર તેમ જ જમીન છોડીને તાલીમ લેવા આવવું તેમના માટે શક્ય ન હતું. આથી કેટલાક આદિવાસી તાલીમાર્થીઓએ તેમના ગામમાં ગાંધીવાદી રચનાત્મક કાર્યકરોને આવીને તાલીમ આપવાની વિનંતી કરી. આ વિનંતી કરનારાઓમાં વેડછી ગામના જીવણજી બાબર અને લવજી ગોમા નામના આદિવાસીઓ મુખ્ય હતા. તેમની વિનંતીને માન આપીને ગાંધીવાદીઓ વેડછી ગયા. વેડછીમાં ત્યાંના રહીશ રૂપલાકાકાએ ૧૨ એકર જમીન દાનમાં આપી. આ રીતે વેડછીમાં રચનાત્મક પ્રવૃત્તિનાં મંડાણ થયાં. જે સમય જતાં દક્ષિણ ગુજરાતની રચનાત્મક પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર બન્યું. જુગતરામ દવે અહીં પાછળથી જોડાયા. ૧૯૨૪થી ૧૯૪૭ સુધીના ૨૩ વર્ષના ગાળામાં વેડછી આશ્રમ થકી ગાંધીવાદી રચનાત્મક કાર્યકરોએ ખાદી–વણાટ, આરોગ્ય મૂલક યોજનાઓ, આશ્રમશાળાઓ થકી શિક્ષણ, હળપતિઓમાં પ્રૌઢ શિક્ષણ, ગૌશાળા, ગામડાંઓમાં રસ્તા બનાવવા વગેરે કાર્યો સામેલ કર્યાં હતાં. જેમ જેમ આઝાદી આવતી ગઈ તેમ તેમ રચનાત્મક કાર્યોમાં પણ વૈવિધ્ય આવતું ગયું. ખાદી, શિક્ષણ જેવાં કામો સિવાય આદિવાસીઓને ખેડૂત બનાવવા માટે ગણોત અંગેના કાયદાનો અમલ કરાવ્યો જેના થકી આદિવાસીઓ જમીન માલિક બન્યા અને તેની સાથે જ અગાઉ જણાવ્યું તે મુજબ દેવામુક્તિના કાયદાનો અમલ કરાવ્યો. ગાંધીવાદી રચનાત્મક કાર્યકરો દ્વારા શરૂ થયેલ કાર્યો અને આદિવાસી સમાજ સુધારણાનાં કાર્યોમાં સામ્યતા હતી જેના પરિણામે આદિવાસીઓને ગાંધીવાદી રચનાત્મક કાર્યકરો પર વિશ્વાસ બેઠો. આદિવાસીઓએ ગાંધીવાદીઓને પોતાના સમાજ સુધારણા માટેના જ્યોતિર્ધરો તરીકે સ્વીકારી લીધા (દેસાઈ,આઈ.પી., ૧૯૮૨).

## જંગલ કામદાર સહકારી મંડળીઓનો ઉદ્‌ભવ

જંગલ મંડળીઓની સર્વ પ્રથમ શરૂઆત મુંબઈ રાજ્યના થાણા જિલ્લામાં થઈ. ભારત આઝાદ થયું ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર સંયુક્ત મુંબઈ રાજ્યમાં હતાં. ૧૯૬૦માં જ્યારે ગુજરાત મુંબઈ રાજ્યથી અલગ પડ્યું તે પહેલાં જંગલ મંડળીઓની પ્રવૃત્તિઓ મહારાષ્ટ્રના થાણા જિલ્લામાં અને ગુજરાતના સુરત જિલ્લામાં શરૂ થઈ ચૂકી હતી. ગુજરાતમાં શરૂ થયેલી જંગલ મંડળીઓની રચના મહદંશે મહારાષ્ટ્ર રાજ્યમાં શરૂ થયેલ જંગલ મંડળીઓની ભાત પ્રમાણે જ કરવામાં આવી.

સૌપ્રથમ જંગલ કામદાર સહકારી મંડળી ૧૯૪૭ની ૫મી એપ્રિલે મુંબઈ રાજ્યના તે વખતના મુખ્ય પ્રધાન બાળાસાહેબ ખેરના પ્રયત્નોથી થાણા જિલ્લાના મહાલક્ષ્મી મુકામે શરૂ કરવામાં આવી. બાળાસાહેબ ખેર થાણા જિલ્લાનાં જંગલોમાં ફરતા હતા ત્યારે તેમણે ત્યાંના વારલીઓ પર જંગલની કાપણીનું કામ રાખનારા કોન્ટ્રેક્ટરો દ્વારા થતા જુલમો જોયા. આ જુલમોમાં ઘણી વાર વારલીઓને કૉન્ટ્રેક્ટરોએ કોલસાની ભઠ્ઠીમાં જીવતા ને જીવતા હોમી દીધાની વાત પણ બાળાસાહેબના કાને ગઈ. આદિવાસીઓનો આવી પરિસ્થિતિમાંથી છુટકારો કઈ રીતે થાય એનો વિચાર કરતાં એવી યોજના ઘડવામાં આવી કે, જેમાં, જંગલોની કાપણીનો ખાનગી કૉન્ટ્રેક્ટ પ્રથમ રદ કરવો અને તેના સ્થાને

જંગલોની કાપણીનું કામ કરતા આદિવાસીઓની સહકારી મંડળી સ્થાપવી અને જેના થકી જંગલોની કાપણીનું કાર્ય કરવું. આ યોજના સરકારે સ્વીકારી લીધી. જેના પરિપાક રૂપે જંગલ કામદાર સહકારી મંડળીનો ઉદ્‌ભવ થયો.

**જંગલ કામદાર સહકારી મંડળીના ઉદ્દેશો નીચે મુજબ હતા:**

૧. આદિવાસીઓનું અને બીજા જંગલ મજૂરોનું જંગલ કૉન્ટ્રેક્ટરો દ્વારા જે શોષણ થતું હતું તે અટકાવવું.
૨. તેઓની મજૂરીનો પૂરતો અને સારો બદલો આપવો અને જંગલના કૂપોનું કામ કરતાં જે નફો થાય તેમાં તેમને હિસ્સેદાર બનાવવા.
૩. તેઓને ફક્ત મજૂરિયા તરીકે રોજી પૂરી પાડવા ઉપરાંત તેઓ મોટી જવાબદારીઓ ઉપાડી શકે તે રીતે તેમને તૈયાર કરવા.
૪. તેઓમાં સામુદાયિક રીતે અને સહકારીપણાથી કામ કરવાની વૃત્તિઓ કેળવવી તેમ જ તેઓમાં આત્મશ્રદ્ધા અને આત્મનિરીક્ષણ કરવાની વૃત્તિ કેળવવી.
૫. તેઓનો સર્વાંગી – સામાજિક-સાંસ્કારિક-શૈક્ષણિક અને આર્થિક વિકાસ કરી ભારતની અન્ય પ્રજાની હરોળમાં ટૂંક સમયમાં તેમને માનભર્યું સ્થાન આપવું.

બાળાસાહેબ ખેર પણ ચુસ્ત ગાંધીવાદી હતા એટલે તેમણે દક્ષિણ ગુજરાતમાં રચનાત્મક કાર્ય કરતા કાર્યકરો સાથે નિકટનો સંબંધ હતો. જુગતરામભાઈ દવેએ પણ દક્ષિણ ગુજરાતમાં વ્યાપ્ત એવી જંગલો કાપવાની ખાનગી કૉન્ટ્રેક્ટ પ્રથા અંગે જાણ્યું હતું અને કૉન્ટ્રેક્ટરો થકી આદિવાસીઓનું જે શોષણ કરવામાં આવતું હતું તેનાથી તેઓ પણ માહિતગાર હતા. એટલે તેમણે તુર્ત જ મહારાષ્ટ્રની ભાતવાળી જંગલ કામદાર સહકારી મંડળીઓ દક્ષિણ ગુજરાતમાં સ્થપાય તેવી માંગણી કરી. જેનો સરકારે યોગ્ય પ્રતિભાવ આપ્યો.

આમ, ગુજરાતમાં સર્વ પ્રથમ જંગલ કામદાર સહકારી મંડળી દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના માંડવી ખાતે તા. ૨૩મી જુલાઈ, ૧૯૪૮ના રોજ શરૂ થઈ. માંડવીમાં જંગલ મંડળીઓ શરૂ કરવા પાછળનું મુખ્ય કારણેય આ વિસ્તારમાં વેડછી આશ્રમમાંથી તૈયાર થયેલ આ જ વિસ્તારના આદિવાસી કાર્યકર મકનજીબાબા, માંડવી અને તેની આજુબાજુના વિસ્તારમાં સર્વોદય યોજનાનું કામ કરતા હતા તે હતું. તેઓને આ વિસ્તારના લોકો સાથે ઘનિષ્ઠ પરિચય હતો તેમ જ પોતે આ વિસ્તારના આદિવાસી પણ હતા. આથી કરીને તેઓ જંગલ વિસ્તારના જંગલવાસીઓને સરળતાથી સંગઠિત કરી શકે તેમ હતા. માંડવી ખાતે સ્થપાયેલ જંગલ મંડળીનું નામ ‘માંડવી તાલુકા પરસ્પર સહાયકારી સહકારી મંડળી’ એવું રાખ્યું હતું. જેના પ્રથમ પ્રમુખ પણ મકનજીભાઈ ચૌધરી બન્યા. જ્યારે મંત્રી તરીકે માંડવીના જ બિનઆદિવાસી રચનાત્મક કાર્યકર શ્રી રામચંદ્ર ઉપાધ્યાય બન્યા. આ મંડળીનું પાછળથી ‘સઠવાવ વિભાવ જંગલ કામદાર સહકારી મંડળી’ તરીકે રૂપાંતર થયું.

જંગલ મંડળીઓની સર્વ પ્રકારની જવાબદારી અને પ્રવર્તનનું કામ વેડછીસ્થિત ‘રાનીપરજ સેવા સભા’ સંભાળતી હતી. જેના પ્રમુખ શ્રી જુગતરામ દવે હતા. જંગલ મંડળીઓના વ્યવસ્થાતંત્રનો વિકાસ તબક્કાવાર થયો. જ્યારે સંયુક્ત મુંબઈ રાજ્યમાં ગુજરાત અને મહારાષ્ટ્ર એક હતાં ત્યારે સરકારે જંગલ મંડળીઓના સંચાલન માટે આયોજન સમિતિની રચના કરી હતી. આયોજન સમિતિમાં સરકારી અધિકારીઓ તેમ જ ગાંધીવાદી રચનાત્મક કાર્યકરોને લેવામાં આવ્યા હતા. ૧૯૪૭થી ૧૯૫૬ સુધી જંગલ મંડળીઓનું સંચાલન આયોજન સમિતિ મારફતે થયું. દક્ષિણ ગુજરાતમાં આ સમય દરમિયાન જંગલ મંડળીઓનું સંચાલન ‘રાનીપરજ સેવા સભા, વેડછી’એ કર્યું, જેને આયોજન સમિતિ માર્ગદર્શન પૂરું પાડતી હતી.

૧૯૫૬ બાદ રાનીપરજ સેવા સભાની જગ્યા પર જંગલ મંડળીઓની સમન્વય સમિતિ અસ્તિત્વમાં આવી જેણે જંગલ મંડળીઓને વ્યવસ્થિત ધારાધોરણથી અંકિત એવા એકમ તરીકેનું સ્થાન આપ્યું. સમન્વય સમિતિએ પોતાનું કાર્ય ૧૯૬૫ સુધી ચાલુ રાખ્યું. આ સમય દરમિયાન ૧૯૬૦માં ગુજરાત મુંબઈ રાજ્યથી અલગ પડ્યું. એટલે સમન્વય સમિતિએ સ્વતંત્રપણે જંગલ મંડળીના સંચાલનનું કાર્ય હાથ પર લીધું. ૧૯૫૬થી ૧૯૬૫ સુધી દક્ષિણ ગુજરાતની જંગલ મંડળીઓનું સંચાલન સમન્વય સમિતિ મારફતે થયું. ત્યાર બાદ સમન્વય સમિતિએ તેનું કામ આટોપી લીધું અને દરેક જિલ્લામાં જિલ્લા જંગલ કામદાર સહકારી મંડળીઓના સંઘોની સ્થાપના કરવામાં આવી. સંઘોએ તેમની કામગીરી ૧૯૬૬થી શરૂ કરી. જિલ્લા જંગલ સંઘો, જંગલ મંડળી પર દેખરેખ તેમ જ માર્ગદર્શન આપવાનું કાર્ય કરતા હતા.

## જંગલ મંડળીઓનું કાર્ય અને કાર્યક્રમો

જંગલ મંડળીના સભાસદ થવા માટેની લાયકાત મુજબ મંડળીના કુલ સભાસદોમાંથી ૯૫ ટકા પછાતવર્ગના હોવા જોઈએ અને ૮૫ ટકા મજૂરી કરનાર હોવા જોઈએ. રચનાત્મક કાર્યકરો સહાનુભૂતિદર્શક સભાસદ તરીકે મંડળીમાં જોડાઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી. તેમની સંખ્યા ૩ ટકાથી વધવી ન જોઈએ. જંગલ મંડળીનું મુખ્ય કાર્ય જંગલ ખાતા તરફથી જંગલના કૂપો મેળવીને જંગલનાં લાકડાં કાપીને તેની હરાજી કરવાનું હતું.

જંગલના કયા કૂપો કાપવા તે સરકારનું જંગલ ખાતું નક્કી કરતું. જે મંડળીના કાર્યક્ષેત્રમાં આ કૂપો આવતાં તે મંડળીએ જંગલ ખાતા સમક્ષ તેની કાપણીની દરખાસ્ત મૂકવી પડતી. આ બધી વિધિ સામાન્યતઃ ફેબ્રુઆરીમાં પૂર્ણ થતી. જંગલ ખાતું ઑગસ્ટ માસમાં કૂપોની ફાળવણી કરતું અને કાપણીનું કાર્ય નવેમ્બર માસથી શરૂ થતું.

કૂપોનું કામ શરૂ થતાં જ મંડળીના સભાસદોને લઈને જંગલના કૂપોના કૅમ્પ નાખવામાં આવતા. કૂપોમાં સભાસદોને રહેવાની, પીવાના પાણીની તેમ જ નાસ્તાની સગવડ મંડળી મારફતે કરવાની રહેતી. ખાનગી કૉન્ટ્રેક્ટ પ્રથામાં આવી કોઈ જ સગવડ આપવામાં આવતી ન હતી. કૂપોમાં ઝાડોની કાપણી માટે સરકારે નક્કી કરેલા દરે સભાસદોને રોજી ચૂકવવામાં આવતી. જંગલ મંડળીનાં કાર્યોના મુખ્ય બે પ્રકારો પાડી શકાયઃ (૧) કૂપમાં સેવા કાર્યો અને (૨) કૂપો બહારનાં સેવા કાર્યો.

### ૧. કૂપમાં સેવા કાર્યો

સભાસદો માટે કૂપમાં સ્વચ્છ અને આયોજનયુક્ત રહેવાની સગવડો કરવામાં આવતી. સભાસદોને કૂપોમાં ચોખ્ખા પાણીની સગવડો, શક્ય હોય ત્યાં કૂપોમાં નાના કૂવાઓ ખોદીને ઉપલબ્ધ કરવામાં આવતી. સભાસદોને પૌષ્ટિક નાસ્તો આપવાની વ્યવસ્થા પણ મંડળી તરફથી કરવામાં આવતી. જંગલોના કૂપોમાં કામ કરતા સભાસદોને જો કોઈ અકસ્માત નડે તો તે માટે તેમ જ સામાન્ય માંદગી માટે પ્રાથમિક ઉપચાર માટેની સગવડ કરવામાં આવતી હતી. દક્ષિણ ગુજરાતની બધી જ જંગલ મંડળીઓમાં ઉપર જણાવ્યા પ્રમાણેની સુવિધા આપવામાં આવી હતી. સભાસદોએ જ્યારે પણ ઊંડાણનાં જંગલો કાપવા જવાનું હોય ત્યારે કૂપમાં જ મંડપ બાંધીને તેમને રહેવાની વ્યવસ્થા કરવામાં આવતી. રાત્રિ મુકામ દરમિયાન જંગલ મંડળીના કાર્યકર્તા તેમ જ જે તે વિસ્તારના રચનાત્મક કાર્યકરો સભાસદોના રાત્રિનિવાસ દરમિયાન વાર્તા, ભજનો, કથાઓ અને નાટકોનું આયોજન કરતા. નાટકોના કથાવસ્તુમાં લોકશિક્ષણના વિષયોને આવરી લેવામાં આવતા. જેમાં નશાબંધી, ગ્રામોદ્યોગ, સહકાર, પરિવાર નિયોજન વગેરે મુદ્દાઓને આવરી લેવામાં આવતા. રામાયણની કથાનું પણ આયોજન

કરવામાં આવતું. કૂપોમાં સંયુક્ત સહવાસના પરિણામે રચનાત્મક કાર્યકરો અને સભાસદો વચ્ચે ગાઢ સંબંધ પ્રસ્થાપિત થતો. રચનાત્મક કાર્યકરો સભાસદોના અન્ય પ્રશ્નોના નિરાકરણના પ્રયત્નો કરતા.

### ૨. કૂપો બહારનાં સેવા કાર્યો

કૂપોમાં થતાં સેવા કાર્યોનો લાભ મહદંશે જંગલ મંડળીના સભાસદો પૂરતો જ મર્યાદિત રહેતો. જ્યારે જંગલ મંડળીઓના અન્ય ઉદ્દેશોમાં જંગલ મંડળીના કાર્ય વિસ્તારના લોકોનો સર્વાંગી વિકાસ કરવો એવો પણ હતો. આ માટે જંગલ મંડળીઓ થકી આશ્રમશાળા – ઉત્તર બુનિયાદીની સ્થાપના કરવામાં આવી. પ્રૌઢ શિક્ષણ, નશાબંધી, બાળકો માટે બાલવાડી, રસ્તા બનાવવા, સસ્તા અનાજની દુકાન, સભાસદોનાં બાળકોને શિષ્યવૃત્તિ વગેરે કાર્યો પણ જંગલ કામદાર મંડળીઓ દ્વારા થતાં. તે ઉપરાંત સરકાર દ્વારા અમલીકરણ પામેલ ગ્રામીણ વિકાસના કાર્યક્રમને લોકો સુધી પહોંચાડવા જંગલ મંડળીઓ મદદ કરતી. આરોગ્ય માટેની સુવિધા તેમ જ ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ માટે લોકોને તાલીમ આપવી વગેરે કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા હતા.

## જંગલ મંડળીઓ થકી આદિવાસી સર્વાંગી વિકાસ

૧૯૪૮થી શરૂ થયેલ જંગલ મંડળીઓ ખૂબ જ ટૂંકા ગાળામાં સમગ્ર (દક્ષિણ) ગુજરાતમાં વ્યાપકપણે વિસ્તરી. ૧૯૪૮થી ૧૯૬૦ દરમિયાન ગુજરાતમાં ૫૬ જંગલ કામદાર સહકારી મંડળીઓ સ્થપાઈ. આ મંડળીઓના સભાસદોને સહકારી દરે રોજગારી તો ચૂકવાતી જ હતી, તદ્‌ઉપરાંત કાર્યકરો તેમ જ જિલ્લા જંગલ સંઘોએ સરકાર સાથે વાટાઘાટો કરીને કાયમી ધોરણે નફા અંગેની ફૉર્મ્યુલા બનાવી છે, જે ફૉર્મ્યુલા ૮૦:૨૦ની ફૉર્મ્યુલા તરીકે ઓળખાય છે. આ ફૉર્મ્યુલા મુજબ જંગલોમાંથી ઉત્પન્ન થતા માલની હરાજી થતાં તેની જે કિંમત ઊપજે તેમાંથી ૨૦ ટકા મંડળીઓના સભાસદ કલ્યાણ પ્રવૃત્તિ માટે આપવામાં આવતા, જ્યારે ૮૦ ટકા રકમ સરકારને મળતી. જંગલ મંડળીને નફામાંથી જે ૨૦ ટકા સેવા પ્રવૃત્તિ માટે મળતાં તે નાણાં ક્યાં વાપરવા તે અંગે પણ ચોક્કસ ધારા-ધોરણો બનાવવામાં આવ્યાં હતાં; જેના થકી જે તે જંગલ મંડળીના ક્ષેત્રના લોકો માટે જંગલ મંડળી થકી કલ્યાણનાં કાર્યો હાથ ધરાયાં હતાં. ઉપર્યુક્ત જણાવેલ ફૉર્મ્યુલા મુજબ ૧૯૪૮થી ૧૯૬૦ દરમિયાન કાર્યરત ૫૬ જંગલ મંડળીઓને સેવા પ્રવૃત્તિ માટે કુલ નફામાંથી રૂ. ૯૦ લાખ ૭૬ હજાર મળ્યા હતા. જ્યારે મંડળીએ તેના સભાસદોને રૂ. ૧ કરોડ ૫૦ હજારની મજૂરી ચૂકવી હતી. મંડળીઓએ કુલ રૂ. ૪ કરોડ ૫૦ હજારની કિંમતનું લાકડું કાપ્યું હતું.

જંગલ મંડળીઓની પ્રવૃત્તિ ૧૯૪૮માં શરૂ થઈ અને સમયાંતરે તે સમગ્ર ગુજરાતના આદિવાસી વિસ્તારમાં વિસ્તરી. જંગલ મંડળીઓની પ્રવૃત્તિઓ ૧૯૮૪ સુધી વ્યવસ્થિત ધોરણે ચાલી પરંતુ ત્યાર બાદ જંગલોના ઘટેલા પ્રમાણને કારણે સરકારે પર્યાવરણ નીતિને લક્ષમાં લઈને જંગલો કાપવાનું બંધ કરાવ્યું જેના કારણે ૧૯૮૪ બાદ જંગલ મંડળીની મુખ્ય પ્રવૃત્તિ એવી જંગલોની કાપણીનું કાર્ય ધીમું થયું જે ૧૯૯૦ સુધી ચાલ્યું. ત્યાર બાદ સદંતર બંધ થયું છે. હાલમાં પણ જંગલ મંડળીઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ તે સુષુપ્ત અવસ્થામાં છે. સમગ્ર ૪૦ વર્ષ દરમિયાન જંગલ મંડળીની પ્રવૃત્તિમાં અનેક બદલાવ આવ્યા; જંગલ મંડળીની સંખ્યા ૧૯૮૮ના અંતમાં ગુજરાતમાં ૧૫૨ હતી જેના કુલ ૧,૬૭,૯૦૦ સભાસદો હતા. જેમાંથી ૯૨ ટકા સભાસદો આદિવાસી હતા. સમગ્ર રીતે જોતાં એવું ચિત્ર ખડું થાય છે કે, જંગલ મંડળીની પ્રવૃત્તિના ફળસ્વરૂપે દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજ અને વિસ્તારમાં ચોક્કસ આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક બદલાવો આવ્યા. જેમાં શિક્ષણ, પ્રાથમિક સુવિધાઓ, સભાસદને રોજગારી

વગેરે વિકાસનાં કામો થઈ શક્યાં. આદિવાસી સભાસદોમાં રાજકીય સભાનતા આવી તેમ જ તેઓ આર્થિક રીતે સમૃદ્ધ બન્યા. જો કે આ પ્રક્રિયા બધા જ સભાસદો માટે સરખી રહી નથી. આ સંદર્ભમાં જંગલ મંડળીઓની વિકાસના કાર્યક્રમોની દિશા કંઈક અંશે જુદી રહી. આમ છતાં, સરેરાશ આદિવાસી સભાસદોનું જીવનધોરણ ઊંચું આવ્યું. સભાસદોના છોકરાઓ જંગલ મંડળી થકી ઊભી થયેલ આશ્રમશાળાઓમાંથી શિક્ષણ લઈ શક્યા તેમ જ સરકારી તેમ જ અર્ધસરકારી નોકરીઓમાં પણ ગોઠવાયા. આદિવાસી સભાસદોના ઘરે વાસણો, લાઇટ તેમ જ સાઇકલો જેવી ચીજવસ્તુઓ આવી. જેમાં જંગલ મંડળીએ પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ મદદ કરી (જોષી, સત્યકામ, ૧૯૯૨).

## આદિવાસી મજૂર કામદાર સહકારી મંડળી

આદિવાસી સમાજમાં મોટા ભાગની વસ્તી ખેતીના વ્યવસાય સાથે જોડાયેલી છે; પરંતુ, આદિવાસીઓ જંગલ તેમ જ દુર્ગમ વિસ્તારમાં રહેતા હોવાથી તેમની જમીન ટેકરી પર છે. ઊંચાઈવાળી જગ્યા પર આવેલી છે. સિંચાઈની સગવડ ખૂબ જ ઓછી હોવાના કારણે તેમ જ સરેરાશ કુટુંબ દીઠ એક હેક્ટર કરતાં ઓછી જમીન હોવાને કારણે ચોમાસા સિવાયની ઋતુમાં તેઓને જીવનનિર્વાહ કરવા માટે કામની શોધમાં ભટકવું પડતું હોય છે. આવા સંજોગોમાં મજૂરી કરીને ગુજરાન ચલાવવું અનિવાર્ય થઈ પડે છે. જે આદિવાસીઓ જંગલ મંડળીના સભાસદો ન હતા તેમ જ જંગલ વિસ્તારમાં રહેતા ન હતા તેવા આદિવાસીઓને મજૂર સહકારી મંડળીઓ બનાવીને સરકારનાં વિવિધ ખાતાંઓના રોડ તેમ જ અન્ય બાંધકામનાં કામો આ મંડળીને આપવામાં આવતાં હતાં. જંગલ કામદાર સહકારી મંડળીઓની જેમ આ મંડળીઓને પણ સરકાર તરફથી ખાસ સવલતો આપવામાં આવેલ હતી. જેમાં ૨૦,૦૦૦ રૂપિયા સુધીના જાહેર બાંધકામનાં કામો ટેન્ડર વિના આપવામાં આવતાં હતાં. આ ઉપરાંત મંડળીના વ્યવસ્થા ખર્ચ પેટે વાર્ષિક રૂ. ૧૮૦૦ લેખે શરૂઆતના બે વર્ષ સુધી આપવામાં આવતા હતા. વળી, આદિવાસીઓમાં ટેક્નિકલ નિષ્ણાત ન હોવાથી ટેક્નિકલ નિષ્ણાત રોકવા માટે મંડળી શરૂ થયાનાં ત્રણ વર્ષ સુધી વાર્ષિક રૂ. ૫૦૦૦ પ્રમાણે સહાય આપવામાં આવતી હતી. બાંધકામ માટેની બીજી સામગ્રી ખરીદવા માટે વાર્ષિક રૂ. ૨૦૦૦ સુધીની સહાય આપવામાં આવતી હતી. જ્યારે મશીનરી કે ટ્રક ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવતી હતી. આદિવાસી સભાસદોની મંડળી બનાવવા માટે રૂ. ૨૦૦૦ સુધીની અનામત રકમ તરીકે પણ મળતી હતી. ૩૦ જૂન, ૧૯૬૧ દરમિયાન ગુજરાતમાં ૨૬૧ મજૂર કામદાર સહકારી મંડળીઓ અસ્તિત્વમાં હતી. જેના ૧૩ હજારથી વધુ સભાસદો હતા. ૧૯૮૮માં આ મંડળોની સંખ્યા ૧૯૭૦ની આસપાસ પહોંચી હતી જેમાં સવા લાખથી વધુ સભાસદો હતા. આદિવાસી વિસ્તારોમાં મજૂર કામદાર સહકારી મંડળીઓ સમય જતાં બંધ પડી. હાલમાં પણ સુષુપ્ત અવસ્થામાં આ મંડળીઓ અસ્તિત્વ ધરાવે છે.

## મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ

(Large Size Multipurpose Co-operative Society-LAMPS)

૧૯૬૧માં રચાયેલ અનુસૂચિત જાતિ-જનજાતિ પંચ(જે ઢેબર કમિશનના નામે પણ ઓળખાય છે)ના અહેવાલમાં આદિવાસીઓને આર્થિક રીતે પગભર કરવા માટે આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિને વેગ આપવો જોઈએ અને આદિવાસી કુટુંબોમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ ગામની સહકારી મંડળીનો સભ્ય હોવો જોઈએ એવું લક્ષ રાખવામાં આવ્યું હતું. આ સહકારી મંડળીનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી ખેડૂત/મજૂરને આર્થિક રીતે પગભર કરવાનો હોવો જોઈએ.

ઉપર્યુક્ત સૂચનને ધ્યાનમાં રાખીને ભારત સરકારના ગૃહ મંત્રાલયે ૧૯૬૧માં શ્રી એમ. પી. ભાર્ગવના વડપણ હેઠળ પછાત વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ શા માટે મંદ રહ્યો છે તે જાણવા માટે એક કાર્યકારી જૂથની નિમણૂક કરી હતી. ઘણી મહેનતને અંતે કાર્યકારી જૂથે તેમના અહેવાલમાં આદિવાસી વિસ્તારમાં મંદ ગતિએ ચાલી રહેલી સહકારી પ્રવૃત્તિ માટે માળખાગત નબળાઈઓ, મંડળીની કાર્યક્ષમતામાં નબળાઈઓ, કાર્યાન્વિત મંદતા, સંચાલકીય સમસ્યાઓ, ગેરકાયદેસર વહીવટી પ્રક્રિયાઓ તેમ જ આદિવાસીઓ સાથે સુસંગત ન હોય તેવું ધંધાકીય માળખાનું અમલીકરણ વગેરે બાબતોને આદિવાસી વિસ્તારમાં કાર્યરત સહકારી મંડળીઓના નબળા વિકાસ માટે જવાબદાર ઠેરવી હતી. આના ઉકેલ માટે કાર્યકારી જૂથે ભલામણ કરી કે, આદિવાસી વિસ્તારમાં સહકારી સંસ્થાઓનું એક અલગ વ્યવસ્થાતંત્ર ઊભું કરવું આવશ્યક છે તેમ જ આ વ્યવસ્થાતંત્ર શાહુકારો અને વેપારીઓ જેવા પ્રકારની સેવા આપતા હતા તેવી જ સેવા આપવા માટે સક્ષમ હોય. આના માટે જૂથે ગામના સ્તરે 'સંકલિત સેવા સહકારી' મંડળીની સ્થાપના કરવા પર ભાર મૂક્યો. આ સેવા પ્રકારની સહકારી મંડળીઓમાં ચાર વિભાગો જેવા કે, અનાજ વિભાગ, રોકડ લોન વિભાગ, વેચાણ વિભાગ અને ગ્રાહક ભંડાર વગેરે હોવા અત્યંત આવશ્યક હોય તેવું જણાવ્યું. આ ભલામણોને જે તે રાજ્યના આદિવાસી વિભાગને મોકલી આપવામાં આવી. પરિણામ સ્વરૂપે કેટલેક અંશે આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિને વેગ મળ્યો. પરંતુ તેને જોઈએ તેટલો પ્રતિસાદ ન મળ્યો. સહકારી પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવવા માટે તેમ જ આદિવાસીઓની ઉન્નતિ માટે સરકારે ડિસેમ્બર ૧૯૭૧માં શ્રી કે. એસ. બાવાના વડપણ હેઠળ એક સમિતિની રચના કરી અને તેમને આદિવાસી વિસ્તારોમાં કાર્યાન્વિત સહકારી મંડળીઓ વિશે તપાસ કરવાનું સોંપ્યું. બાવા કમિટીએ તેમના અહેવાલમાં ભલામણ કરી કે, આદિવાસી સંકલિત પ્રયોજનાના વિસ્તારોમાં આદિવાસી કલ્યાણની યોજનાઓનું ઝડપી અને અસરકારક અમલીકરણ થાય તે માટે આદિવાસીઓને ત્વરિત ધિરાણ મળે તેમ જ વેચાણની પ્રક્રિયા ઝડપી બને તે માટે મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ (હવે પછી LAMPS) સ્થાપવાની વાત કરી. મંડળીઓ આદિવાસીઓના સર્વાંગીણ વિકાસ માટે બધી જ સેવા પૂરી પાડે તે પ્રકારનું માળખું ગોઠવવાની ભલામણ કરી. આના પ્રતિસાદ રૂપે ભારત સરકારે પાંચમી પંચવર્ષીય યોજનામાં મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ આદિવાસી વિસ્તારોમાં શરૂ કરવાની યોજનાને મંજૂરી આપી. આ મંડળીઓ થકી આદિવાસીઓને ખેત પેદાશોના ઉત્પાદન તેમ જ ઉપભોગ કરવા માટે ધિરાણ પૂરું પાડવું, જંગલની ગૌણ વન્ય પેદાશો આદિવાસીઓ પાસેથી ખરીદવી અને તેનું યોગ્ય રીતે વેચાણ કરવું વગેરે કાર્યો માટે અમલીકરણ કરવામાં આવ્યું. ૧૯૮૧ના અંત સુધીમાં સમગ્ર ભારતમાં ૧૦ હજારથી ૨૦ હજારની આદિવાસીઓની વસ્તી વચ્ચે ૧ મોટા કદની ૨૨૫૮ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં ભીલ સેવા મંડળ, દાહોદના મુખ્ય ગાંધીવાદી રચનાત્મક કાર્યકર શ્રી ડાહ્યાભાઈ નાયકના પ્રયત્નથી પંચમહાલ તેમ જ અન્ય આદિવાસી જિલ્લાઓમાં ૬૩ મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી.

૧૯૯૫ના અંત સુધીમાં ગુજરાતમાં ૨૫૭ મોટા કદની વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ અસ્તિત્વમાં હતી જેમાં ૨ લાખ ૬૦ હજાર જેટલા સભાસદો હતા. ગુજરાતમાં LAMPS દ્વારા આદિવાસી વિસ્તારના ખેત ઉત્પાદન બજાર સમિતિના સ્થળે જઈને આ મંડળીઓ અનાજ ખરીદ

કરવાનું મર્યાદિત કાર્ય હાથ પર ધરે છે. આમ, અનાજ ખરીદ કરીને જે નફો થાય તે મંડળીના સભાસદોને વિવિધ સહાય થકી આપવામાં આવે છે. પરંતુ તેની અસરકારકતા ખૂબ જ ઓછી છે. વળી, ગુજરાતમાં જંગલની ગૌણ વન્ય પેદાશોની ખરીદી ૨૦૦૦ના વર્ષ સુધી ગુજરાત રાજ્ય વન વિભાગ મારફતે થતી હતી. જેથી કરીને LAMPS સારાં ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવી હતી પરંતુ, સમયાંતરે તે સુષુપ્ત અને નિષ્ક્રિય બની ગઈ (વી. એમ.એન. પુને, ૧૯૮૨)

## આદિવાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ

સમગ્ર ગુજરાતમાં 'અમૂલ'ની પ્રેરણાથી સહકારી ક્ષેત્રે ઉદ્યોગના પગરણ મંડાયા. જેને પરિણામે મધ્ય તેમ જ ઉત્તર ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ઝડપથી વિકસ્યો. જ્યારે દક્ષિણ ગુજરાતમાં આ ઉદ્યોગ થોડો મોડો શરૂ થયો. આમ છતાં આ ઉદ્યોગે આદિવાસી વિસ્તારમાં સહકારી મંડળીઓ થકી મસમોટી શ્વેત ક્રાંતિ કરી છે જેની નોંધ અચૂક લેવી પડે એમ છે. સુરત અને વલસાડ જિલ્લો સંયુક્ત હતો ત્યારે આ વિસ્તારમાં ચોર્યાસી ડેરી થકી દૂધ સહકારી મંડળીઓ ચાલતી હતી. ચોર્યાસી ડેરી ૧૯૪૦ની આસપાસ સુરત અને ચોર્યાસી તાલુકાનાં આજુબાજુનાં ગામો પૂરતી જ મર્યાદિત હતી. જ્યારે સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ, સુરતની સ્થાપના ૧૯૫૧માં કરવામાં આવી. શરૂઆતનાં વર્ષોમાં તે સુરતની આસપાસનાં ગામડાંઓ પૂરતી મર્યાદિત હતી. પરંતુ ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ, આણંદ દ્વારા ૧૯૪૬માં સહકારી ધોરણે ગામડાંના દૂધ ઉત્પાદકોને સંગઠિત કરીને અમૂલ દૂધ ડેરીની સ્થાપના બાદ સહકારી મંડળીઓના સભાસદ બનાવીને દૂધ ઉત્પાદકોની દૂધ સહકારી મંડળીઓ બનાવવાનું કાર્ય પૂરઝડપે ચાલ્યું. આના જ ભાગરૂપે સુરત જિલ્લામાં પણ સુરત જિલ્લા દૂધ સહકારી સંઘ (સુમૂલ) મારફતે ઊંડાણના આદિવાસી વિસ્તારોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના થઈ શકી. ગુજરાતમાં જે ૧૮ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો કાર્યરત છે તેમાંથી સાત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો આદિવાસી વિસ્તારમાં કાર્યરત છે ગુજરાતમાં હાલની પરિસ્થિતિ પ્રમાણે ૧૬,૫૦૭ પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. અહીં નોંધનીય છે કે, ગુજરાતનાં કુલ ૫,૮૮૪ આદિવાસી ગામોમાંથી ૭૦થી ૭૩ ટકા જેટલાં ગામો દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ સાથે જોડાયેલાં છે. સુરત તેમ જ તાપી જિલ્લામાં હાલમાં ૧૦૮૦ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. જેના ૨,૨૯,૦૦૦ દૂધ ઉત્પાદકો સભાસદ છે. જે દૈનિક ૩.૫ લાખ લિટર દૂધનું વેચાણ કરે છે. વર્ષમાં ૩૦૦ કરોડ રૂપિયાનો વ્યાપાર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ કરે છે. આ આંકડામાં આદિવાસી વિસ્તારના આંકડા સામેલ છે. પરંતુ એ નોંધનીય છે કે, આદિવાસી વિસ્તારમાં દૂધ મંડળીઓના કારણે તેમની આર્થિક પરિસ્થિતિમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ જ રીતે ૧૯૭૩માં સ્થપાયેલ વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ, જે વસુધારા ડેરીના નામે ઓળખાય છે. તેના કાર્યક્ષેત્રમાં આદિવાસી બહુલ જિલ્લાઓ જેવા કે વલસાડ, નવસારી અને ડાંગ આવેલા છે. આ જિલ્લા સંઘમાં મોટા ભાગની દૂધ મંડળીઓ આદિવાસી વિસ્તારમાં આવેલી છે. ૧૦૪૬ કુલ મંડળીઓમાંથી વસુધારા ડેરીમાં ૯૬૫ સંપૂર્ણ આદિવાસી સભાસદોવાળી દૂધ મંડળીઓ છે. વલસાડ, નવસારી અને ડાંગમાં વસતાં કુલ ૧,૧૮,૩૪૦ આદિવાસી કુટુંબોમાંથી ૭૬,૩૦૪ કુટુંબો દૂધ મંડળી જોડે સંકળાયેલાં છે. વસુધારા ડેરી વાર્ષિક ૧૫૦ કરોડનું ટર્ન ઓવર કરે છે. દૂધ સહકારી મંડળીઓને કારણે આદિવાસી વિસ્તારના લોકો આર્થિક રીતે સધ્ધર થયા છે. આર્થિક સધ્ધરતાને કારણે શિક્ષણ અને રોજગારી પણ વધ્યાં છે. દૂધ સહકારી મંડળીઓની આદિવાસી

વિસ્તારોમાં સૌથી વધુ સકારાત્મક અસર પડી છે. ડેરીના સંચાલનમાં પણ આદિવાસી ભાઈ-બહેનો સંકળાયેલ છે જે નોંધ લેવી ઘટે (પટેલ, પ્રથમેશ, ૧૯૯૯).

## દક્ષિણ ગુજરાતના ઊંડાણના વિસ્તારમાં કારપેટ સહકારી મંડળીઓ

ગુજરાતના આદિવાસી વિસ્તારમાં જમીનની પ્રત તદ્દન હલકા પ્રકારની, સિંચાઈની સગવડ વગરની અને તેમાંય જંગલો પાંખાં થતાં જતાં હોવાથી આદિવાસીઓને રોજગારી માટે દર દર ભટકવું પડતું. એક બાજુ જંગલો ઓછાં થતાં જતાં હોવાથી આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલી જંગલ સહકારી મંડળીઓની પ્રવૃત્તિ પર વિપરીત અસર પડી. આ મંડળીઓ દ્વારા સભ્યોને ચોમાસા પછી જે કાંઈ રોજગારી મળતી હતી તે બંધ થઈ. બીજી બાજુ મરઘાં ઉછેર, હીરા ઉદ્યોગ, ખાદી પ્રવૃત્તિ દ્વારા વિવિધ અખતરા કર્યા પરંતુ એમાં સ્થાનિક કક્ષાએ સતત અને પૂરતી રોજી મળતી નહોતી. આવા સંજોગોમાં ૧૯૭૫ની આસપાસ દક્ષિણ ગુજરાતના ગાંધીવાદી રચનાત્મક તેમ જ કૉંગ્રેસી નેતા શ્રી ઝીણાભાઈ દરજીએ ગુજરાતના વંચિત-શોષિત અને પીડિતો માટે ગુજરાત ખેત વિકાસ પરિષદ– (હવે પછી પરિષદ)ની સ્થાપના કરી. પરિષદ દ્વારા શિક્ષણ અને આર્થિક વિકાસ માટે આદિવાસીઓ, દલિતો અને મહિલાઓ માટે અનેક વિકાસકીય યોજનાઓમાં અમલમાં મૂકી.

કારપેટ પ્રવૃત્તિ દ્વારા વિપુલ પ્રમાણમાં રોજગારી આપી શકાય પરંતુ ઉપરોક્ત સંજોગોમાં તે વ્યવસ્થિત ધોરણે ચલાવવી એ એક પડકાર હતો. પરિષદે ૧૯૮૧માં સહકારી મંડળી દ્વારા આ પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. ખાનગી ઉત્પાદકે બિન તંદુરસ્ત હરીફાઈ કરી. પરિણામે શરૂઆતમાં નિરાશા સાંપડી, પણ પછી આ પ્રવૃત્તિએ ઘણી સારી સિદ્ધિ હાંસલ કરી.

પરિષદ દ્વારા સંચાલિત કારપેટ કેન્દ્રો ગુજરાતના આર્થિક દ્રષ્ટિએ તદ્દન પછાત ગણાતા ધરમપુર તાલુકામાં ચલાવાયાં. જેમણે ઉકાઈ બંધમાં જમીન ગુમાવી છે એવા વિસ્તારમાં ચલાવાયાં તેમ જ જંગલના એકદમ ઊંડાણના વિસ્તારમાં પણ ચલાવાયાં છે. ગુજરાતની સરહદે નાસિક જિલ્લાના લોકો રોજીની તલાશમાં હતા. તેમણે સતત માગણી કરી તેથી ત્યાં પણ કારપેટ કેન્દ્રો શરૂ કર્યાં. શરૂઆતમાં પરિષદ દ્વારા સીધા કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યાં. ૧૯૯૪ના અંતમાં ૧૦ કારપેટ એન્ડ હૅન્ડીક્રાફ્ટ સહકારી મંડળીઓ દ્વારા તાપી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ૧૪૬ કેન્દ્રો કાર્યરત હતાં. જેમાં દસ હજારથી વધુ આદિવાસી યુવક-યુવતીને રોજગારી પૂરી પાડવામાં આવતી હતી.

આ પ્રવૃત્તિનું ઉલ્લેખનીય પાસું એ છે કે જે વિસ્તારમાં પ્રવૃત્તિ ચલાવાઈ છે ત્યાં સ્થાનિક રોજગારી મળી છે, એટલું જ નહીં બારેમાસ નિશ્ચિત આવક મળતી થઈ. તેથી આદિવાસીઓના જીવનમાં પણ ક્રમે ક્રમે પરિવર્તન આવતું રહ્યું. શરૂઆતમાં તાલીમાર્થીઓ એનેમિક, નબળા જોવા મળતા તેને બદલે હવે પૂરતું ભોજન મળી રહેતું હોવાથી તંદુરસ્ત થયા. મહિલાઓ તેમની આવકમાંથી બચત પણ કરતી થઈ અને કુટુંબને મદદરૂપ થતા હોય એવું જોવા મળ્યું. શરૂઆતના તબક્કે તાલીમાર્થીઓને કામ શીખવવા માટે કારીગર (ઇન્સ્ટ્રક્ટર) બીજા રાજ્યમાંથી લાવવા પડતા હતા. પરંતુ સમયાંતરે સ્થાનિક આદિવાસીઓએ આ કળા હસ્તગત કરી લીધી. મહિલાઓ પણ કેટલાંક કેન્દ્રોમાં કારીગર તરીકે કામ કરતી થઈ. લૂમ પર વણનારને આગળ વધવાની તકો મળી. સને ૧૯૮૧-૮૨માં કારપેટ પ્રવૃત્તિનો આરંભ થયો ત્યારે લાભાર્થીઓને રૂ. ૧.૨૪ લાખની રોજી ચૂકવાઈ હતી. ૧૯૮૭થી આ પ્રવૃત્તિએ જબરદસ્ત વિકાસ સાધ્યો. એ વર્ષે રૂ. ૭૦.૨૮ લાખ

રોજી ચૂકવાઈ, પછીના વર્ષે રૂ. ૧.૧૫ કરોડની રકમ રોજગારી પેટે ચૂકવાઈ. ૧૯૯૧-૯૨માં ૧૬૬ ગામોમાં આ પ્રવૃત્તિ ચાલતી હતી. કુલ ૧૨,૬૫૧ કામદારોને એ વર્ષ દરમ્યાન રૂ. ૪.૫૯ કરોડની રોજગારી ચૂકવાઈ. ૨૦૦૦ની સાલ સુધી આ પ્રવૃત્તિઓ પ્રમાણમાં ઘણી સારી રીતે ચાલી પરંતુ ત્યાર બાદ આંતરરાષ્ટ્રીય બજારો અને માંગમાં આવેલ પરિવર્તન તેમ જ અન્ય ટૅક્નૉલૉજીના વિકાસના કારણે આ પ્રવૃત્તિ ધીમી પડી. હાલમાં સહકારી મંડળી થકી ખૂબ જ ઓછી કારપેટનું ઉત્પાદન થાય છે (પરિષદ, ૨૦૦૦).

## આદિવાસી સમાજ, સહકારિતા અને સાંપ્રત પરિસ્થિતિ

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં છેલ્લાં ૧૫૦ વર્ષ દરમિયાન શરૂ થયેલ સહકારી પ્રવૃત્તિઓનું સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરીએ તો એવું ચિત્ર નજરે પડે છે કે, અહીં વર્ણવેલ મોટા ભાગની સહકારી મંડળીઓ હાલની પરિસ્થિતિમાં સુષુપ્ત અથવા તો મૃતપાય અવસ્થામાં છે. બદલાયેલા આર્થિક સંજોગો તેમ જ બદલાયેલી વિકાસ નીતિઓને કારણે આદિવાસી સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમૂહજીવન અને સામુહિકતાની ધરી પર નિર્ભર આદિવાસી સમાજ વધુ ને વધુ વ્યક્તિકેન્દ્રી બન્યો છે. સરકાર દ્વારા અમલીકરણ પામેલ કલ્યાણ યોજનાઓ પણ વ્યક્તિકેન્દ્રી રહી છે. વળી, છેલ્લાં ૧૫૦ વર્ષમાં આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, રોજગારી, વ્યક્તિગત સ્થિર ખેતી, ખેતી ઉત્પાદન, રોકડિયા પાકો વગેરેમાં અનેક ઘણો વધારો થયો છે. પરિણામ સ્વરૂપે જૂની પદ્ધતિ, સમાજ, પરંપરા તેમ જ આર્થિક પ્રવાહો સાંપ્રત પરિસ્થિતિ સાથે બંધબેસતા નથી. જેથી કરીને મોટા ભાગની સરકારી મંડળીઓએ પોતાનું ઔચિત્ય ગુમાવી દીધું છે. જંગલો પાખાં થતાં રાષ્ટ્રીય સ્તરે અમલમાં મુકાયેલ જંગલ નીતિના કારણે જંગલ મંડળીઓને જંગલ કાપણીના કૂપો આપવાનું બંધ કરવામાં આવ્યું, આથી જંગલમાં રહેતો આદિવાસી રોજગારીની શોધમાં શહેરી વિસ્તાર તરફ જતો થયો છે. ખેતી માટે ધિરાણ, બિયારણ, પાકની ખરીદી-વેચાણ વગેરે આર્થિક વ્યવહારો આદિવાસીઓ સીધી રીતે કરતા થયા હોવાથી સહકારી મંડળીઓની અસરકારકતા નહિવત્ રહેવા પામી છે. નવી આર્થિક નીતિ તેમ જ આર્થિક ઉદારીકરણના અમલીકરણ બાદ સરકાર દ્વારા અમલીકૃત કલ્યાણ યોજનાઓ અને તેની નીતિમાં બદલાવ આવ્યો છે, જેની અસર પણ સરકારી મંડળીની પ્રવૃત્તિઓ પર પડી. આંતરરાષ્ટ્રીય બજાર પરિબળોને કારણે પણ સહકારી પ્રવૃત્તિઓ પર અસર થઈ. ઉદાહરણ સ્વરૂપે રોજગારી માટે શરૂ કરાયેલી કાર્પેટ સહકારી મંડળીઓની પ્રવૃત્તિઓ આંતરરાષ્ટ્રીય બજારના પરિવર્તનને કારણે બંધ પડી, તો બીજી તરફ આદિવાસી યુવક-યુવતીઓમાં શિક્ષણ અંગે જાગૃતિ આવવાથી તેઓ પણ આધુનિક રોજગારી તરફ વળ્યાં.

આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિનું પ્રેરક બળ બિનઆદિવાસી રચનાત્મક ગાંધીવાદી કાર્યકરો હતા. ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ પણ સાંપ્રત પરિસ્થિતિ સાથે તાલમેલ મેળવવામાં ઊણી ઊતરી તેમ જ પ્રથમ તેમ જ બીજી હરોળના રચનાત્મક કાર્યકરો પણ વયને લીધે નિવૃત્ત થયા જેની અસર પણ સહકારી પ્રવૃત્તિઓ પર પડી. નવા બદલાયેલા સંદર્ભોમાં ગાંધીવાદી રચનાત્મક કાર્યક્રમો અને કાર્યકરો અપ્રસ્તુત બન્યા જેના કારણે સેવા સહકારી મંડળીઓમાં ખાસ્સી એવી ઓટ આવી. હાલમાં આદિવાસી વિસ્તારમાં સૌથી અસરકારક રીતે જો કોઈ સહકારી મંડળીની પ્રવૃત્તિ ચાલતી હોય તો તે, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ એક મહત્ત્વની આર્થિક વિકાસ માટેની પ્રવૃત્તિ તરીકે

ચાલી રહી છે. જેનું મુખ્ય પ્રેરક બળ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો તેમ જ કૌટુંબિક આર્થિક પગભરતા છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં સહકારિતા ઓછી પરંતુ વ્યક્તિગત આર્થિક લાભ વધુ હોય તેના કારણે તે વધુ અસરકારક સાબિત થઈ હોય તેવું માનવું ખોટું નથી. આમ, સમગ્રતયા ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિ ધીમે ધીમે અપ્રસ્તુત બનતી જાય છે, તેવું ચિત્ર ઊપસી રહ્યું છે.

* * *

# સંદર્ભસૂચિ


૧. મહેતા, વૈકુંઠભાઈ : 'સહકારી સમાજ', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૬૪.

૨. રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ : 'સહકારી પ્રવૃત્તિનું માહિતી દર્શન', રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત સરકાર, અમદાવાદ, ૧૯૬૧.

૩. પટેલ, છોટાલાલ : 'સહકારિતા અને સહકારી મંડળીઓ', નાયબ સૂબા, મહેસાણા, વડોદરા રાજ્ય, મનહર પ્રિન્ટિંગ, અમદાવાદ, ૧૯૧૫.

૪. Singh, Bhupinder : 'Co-operatives in Tribal Areas', Occasional Papers on Tribal Development, No. 32, Ministry of Home Affairs, Government of India, New Delhi, 1983.

૫. Dhebar, U.N. : Report of the Scheduled Areas and Scheduled Tribes Commission, Ministry of Home Affairs, Government of India, New Delhi, 1961.

૬. Bhargava, M.P. : Report of the Special Working Group on Co-operation for Backward Classes, Ministry of Home Affairs, Government of India, New Delhi, 1962.

૭. Bawa, K. S. : Report of the Study team on Co-operation Structure in Tribal Development, Ministry of Agriculture, Government of India, New Delhi, 1971.

૮. 'Evaluation of LAMPS', Vaikunth Mehta National Institute of Co-operative Management, Pune, 1982.

૯. 'Co-operative Movement in Gujarat', The Gujarat State Co-operative Union, Ahmedabad, 1989.

૧૦. 'Evaluation Study of Forest Labourers' Co-operative Societies', Directorate of Evaluation, Government of Gujarat, Ahmedabad, 1970.

૧૧. જોષી, સત્યકામ : 'દક્ષિણ ગુજરાતની જંગલ કામદાર સહકારી મંડળીઓઃ એક અભ્યાસ', પીએચ.ડી મહાનિબંધ, સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત, ૧૯૯૨.

૧૨. જોષી, સત્યકામ : 'દક્ષિણ ગુજરાતની જંગલ કામદાર સહકારી મંડળીઓઃ સ્થાપના, વિકાસ અને પરિવર્તન', અર્થાત્, ગ્રંથ-૧૫, અંક-૨, એપ્રિલ-જૂન-૧૯૯૬, સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, સુરત, ૧૯૯૬.

૧૩. Labour Welfare Activities of Surat District Forest Labourers Co-operative Societies (1957-1969), Surat Jilla Jungle Kamdar Sahakari Sangh Ltd,. Madhi, Surat 1970.

૧૪. 'પ્રવૃત્તિ અહેવાલ - ૧૯૭૫-૨૦૦૦', ગુજરાત ખેત વિકાસ પરિષદ, ખેતભવન, અમદાવાદ, ૨૦૦૦.

૧૫. Bokil, Milind : Weaving Carpets for Development Designs, Gujarat Khet Vikash Parishad, Ahmedabad, 1992 .

૧૬. પટેલ, પ્રથમેશ : 'સુરત જિલ્લામાં સહકારી શ્વેત ક્રાંતિ', સહકાર સાતત્ય, સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત, ૧૯૯૯.

૧૭. દેસાઈ, આઈ. પી. : 'વેડછી આંદોલન', સેન્ટર ફૉર સોચિશલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૨.

૧૮. દવે, જુગતરામ : 'મારી જીવનકથા', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૭૫.

# ૧. આદિવાસી વિસ્તારો : પરિચય



ભીખાભાઈ પરમાર, ગામ–બેડી, જિલ્લો–સાબરકાંઠા



બળદથી ખેતી કરતા ખેડૂતો



અશોકભાઈ મોખસી, ભવાડી, જિલ્લો – ડાંગ





શીતકેન્દ્ર અને ડેરી, ધોળુઉંબર, જિલ્લો – નવસારી




આદિવાસી ડુંગરાળ વિસ્તાર, તાપી નદી

# ૨. ગુજરાતનો આદિવાસી સમાજ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં


આદિકાલીન આદિવાસીઓ


આદિકાલીન આદિવાસીઓ


પથ્થરયુગનાં હથિયારો


પ્રાચીન કાળના આદિવાસીઓ



આધુનિક સમયના આદિવાસી–વસાવા જાતિ



આદિવાસી ભીલ કન્યાઓ



આધુનિક સમયના આદિવાસી



આધુનિક સમયના આદિવાસી

# ૪. ગુજરાતના આદિવાસીઓ



આદિવાસી વિસ્તારનાં પ્રવાસન કેન્દ્રો – સાપુતારા



આદિવાસી વિસ્તારનાં પ્રવાસન કેન્દ્રો – સાપુતારા



અરવલ્લી જિલ્લાના નાપડા ગામે પાણી માટે વલખાં



બનાસકાંઠા–દાંતા પશ્ચિમ રેંજ



શિક્ષણ લેતાં બાળકો



પંચમહાલ જંગલ વિસ્તાર



શાળાએ જતાં આદિવાસી બાળકો



તાપી જિલ્લો જંગલ



સુરત અને તાપી જિલ્લામાં કામ કરતા આદિવાસીઓ



સાંબરકાંઠા વિજયનગર  જંગલ



પોળો ફોરેસ્ટ




સફેદ મૂસળી ડાંગ જિલ્લો



સુરત અને તાપી જિલ્લામાં કામ કરતાં આદિવાસીઓ



તાપી જિલ્લામાં પાકો



સાંબરકાંઠા–પોળોનું જંગલ



ડાંગ જિલ્લાના ધુડા ગામે શિક્ષણ લેતાં આદિવાસી બાળકો

# ૪. ગુજરાતના આદિવાસીઓ (૪.૧થી ૪.૬ આદિજાતિઓનો પરિચય)



પઢાર જાતિ



અંબાભાઈ મજુભાઈ પરમાર, શિયાળ, જિલ્લો – અમદાવાદ



કાથોડી જાતિ, વસવાટ



કાથોડી જાતિ, જિલ્લો – સાબરકાંઠા



નળસરોવર



પઢાર જાતિ, આવાસ



પઢાર નૃત્ય



કાથોડી જાતિ, જિલ્લો – સાબરકાંઠા



કાથોડી જાતિ, જિલ્લો – સાબરકાંઠા



હળપતિ જાતિ



પટેલિયા જાતિ



હળપતિ આવાસ, ભામૈયા, માંડવી, જિલ્લો – સુરત



હળપતિ આવાસ, ભામૈયા, માંડવી, જિલ્લો – સુરત



હળપતિ આવાસ, ભામૈયા, માંડવી, જિલ્લો – સુરત




પટેલિયા જાતિ



પટેલિયા જાતિ



ચારણ જાતિ




ચારણ જાતિ



ચારણ જાતિ



ચારણ જાતિ

# ૪. ગુજરાતના આદિવાસીઓ (૪.૭થી ૪.૧૨ આદિજાતિઓનો પરિચય)



ધાણકા જાતિ



ધાણકા જાતિ



કોલઘા જાતિ, લીમજાર, તા.–વાંસદા, જિલ્લો – નવસારી



કોલઘા જાતિ રહેઠાણ, લીમજાર, તા.–વાંસદા, જિલ્લો – નવસારી



કોલઘા જાતિ ક્રાફ્ટ, લીમજાર, તા.–વાંસદા, જિલ્લો – નવસારી



ચૌધરી જાતિ



ચૌધરી જાતિ



ચૌધરી જાતિ



ચૌધરી જાતિ



પોમલા જાતિ



પોમલા જાતિ



પોમલા જાતિ



વારલી જાતિ



વારલી જાતિ ઘર



વારલી ચિત્રકળા

# ૪. ગુજરાતના આદિવાસીઓ (૪.૧૩થી ૪.૧૮ આદિજાતિઓનો પરિચય)



કુણબી જાતિ



કુણબી જાતિ



કુણબી જાતિ



ગામીત જાતિનું આવાસ



ગામીત જાતિ



ગામીત જાતિ



ભરવાડ જાતિ



ભરવાડ જાતિ



ગોંડ–રાજગોંડ



ભીલ જાતિ



ભીલ જાતિ આવાસ પો.–બોરચપડા, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



ગોંડ–રાજગોંડ



ગોંડ–રાજગોંડ



ભીલ જાતિ, પો.–બોરચપડા, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



ભીલ જાતિ ધર્મ પો. બોરચપડા, તા. ક્વાંટ, જિલ્લો-છોટાઉદેપુર



સીદી જાતિ



સીદી જાતિ



સીદી જાતિ



સીદી જાતિ

# ૪. ગુજરાતના આદિવાસીઓ (૪.૧૯થી ૪.૨૫ આદિજાતિઓનો પરિચય)



ધોડિયા જાતિ


ધોડિયા જાતિ, આવાસ


ધોડિયા જાતિ


ધોડિયા જાતિ, ધોળીઉંબર, જિલ્લો – નવસારી


ધોડિયા જાતિ, ગંગપુર, જિલ્લો – નવસારી


કુંકણા જાતિ


કુંકણા જાતિ, ઘર



કુંકણા જાતિ



રબારી જાતિ (નેસ વિસ્તાર)



રબારી જાતિ (નેસ વિસ્તાર)



કોટવાળિયા જાતિ, ડાંગ



કોટવાળિયા જાતિ–આવાસ, ગંગપુર, તા.–વાંસદા, જિલ્લો–નવસારી



બાવચા આદિજાતિ



કોટવાળિયા જાતિ, ગંગપુર, તા.–વાંસદા, જિલ્લો–નવસારી



રાઠવા જાતિ, નૃત્ય, પો.–નખલ, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



કોટવાળિયા જાતિ,પો.–પથરડા, તા.–સોનગઢ, જિલ્લો–તાપી



રાઠવા જાતિ, આવાસ, પો.–બોરચોપડા, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



કોટવાળિયા જાતિ, ગંગપુર, તા.–વાંસદા, જિલ્લો–નવસારી



રાઠવા જાતિ, પો.–રાઈપુર, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



રાઠવા જાતિ–ધર્મ, પો.–હાથીખાન, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



રાઠવા જાતિ–આર્ટ, પો.–ધાનપુરી, તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર



રાઠવા જાતિ–આર્ટ, પો.તા.–ક્વાંટ, જિલ્લો–છોટાઉદેપુર

# ૫. આદિવાસી વિસ્તારની વનૌષધિઓ


હર્બલ વૃક્ષ


મહુડો


તુલસી


અરડૂસી


શ્યામ તુલસી


પીપળાનું વૃક્ષ


અળવી



તુલસી



બીલાનું ઝાડ



આમળાં



જડીબુટ્ટીઓ



સરગવો

# ૬. આદિવાસી શિક્ષણ



આદિવાસી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ



આદિવાસી રમત રમતાં નાનાં બાળકો



આદિવાસી શૈક્ષણિક ફોટો



ઉત્તર બુનિયાદી શાળાઓ



આદિવાસી શૈક્ષણિક ફોટો



આદિવાસી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ



આશ્રમશાળા




બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી, રાજપીપળા



શુબિર તાલુકાના આંગણવાડીમાં નાનાં બાળકો



આશ્રમશાળા



આદિવાસી શૈક્ષણિક ફોટો

# ૮. આદિવાસીઓ અને જંગલો



આદિવાસી જંગલો–વલસાડ




રતનમહલ જંગલ વિસ્તાર



જંગલમાં મહુડાં ફૂલ વીણતી આદિવાસી બહેનો



ડાંગ જંગલ વિસ્તાર



ડાંગના જંગલ વિસ્તારમાં કામ કરતા આદિવાસી યુવકો



વ્યારા જંગલ વિસ્તાર



સુરત જંગલ વિસ્તાર

# ૯. અનુસૂચિત વિસ્તારોમાં પેસા એક્ટ કાયદાનો અમલ






# ૧૦. આદિવાસીઓમાં આરોગ્ય



આરોગ્ય શાખા



૧૦૮ સુવિધાનો લાભ




ખિલખિલાટ

# ૧૧. ગુજરાતનાં આદિવાસી આંદોલનો



સ્વામિનારાયણ સંપ્રદાય



નર્મદા આંદોલન



વન અધિકાર ભરૂચ મહાસંઘ

# ૧૪. આદિવાસી વિસ્તારનાં પ્રવાસન ધામો



શામળાજી



શામળાજી



દરબારગઢ પોશીના



અંબાજી મંદિર



મેશ્વો ડેમ



ઈડરનો ડુંગર




દરબારગઢ રાજમહેલ, પોશીના



પાલ-ચિતરિયા હત્યાંકાડ



બાલારામ પેલેસ - પાલનપુર



સુખી ડેમ



ટુંવા - ગરમ પાણીના કુંડ



પાનમ ડેમ-માનગઢ હિલ



હાફેશ્વર મહાદેવનું મંદિર



ચાંપાનેર - પ્રવાસન ધામ



પાવાગઢ - પંચમહાલ જિલ્લો



સરદાર સરોવર



દેવમોગરા - નર્મદા



નિનાઈ ધોધ - નર્મદા



કડાણા ડેમ



ઉનાઈ માતાનું મંદિર



નિનાઈ ધોધ-4



મહીસાગર નદી



બરુમાળ મહાદેવ મંદિર, ધરમપુર-વલસાડ



પદમડુંગરી – ઈકો–ટૂરિઝમ તાપી જિલ્લો



સાપુતારા



પમ્પા સરોવર શુભપિર - ડાંગ




ધોધ- ડાંગ



શબરી ધામ - સુબીર ડાંગ



ગીરા ધોધ-ડાંગ



ઉકાઈ ડેમ

# ૧૫. આદિવાસી પરંપરાગત હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર



હાટ બજાર

# ૧૬. આદિવાસી કલા-કૌશલ્ય



આદિવાસી કલાઓ



વારલી ચિત્ર કરતા



આદિવાસી નૃત્ય



આદિવાસી વાદ્ય



આદિવાસી વાદ્ય



વારલી નૃત્ય કરતા



આદિવાસી નૃત્ય



વાંસકલા



આદિવાસી વાદ્ય



ખો-ખો



ચણાની ભાજી



કરમદાનું અથાણું



દારૂ ગળવાની ભઠ્ઠી



કોળાની ભાજી



ઢેખળા



તીરકામઠાથી શિકાર



માટીકામ

# ૧૯. આદિવાસી વિસ્તારના મેળાઓ



શીતળા માતાનો મેળો



જન્માષ્ટમીનો મેળો



રવાડીનો મેળો



મહાશિવરાત્રિનો મેળો



અંબાજીનો મેળો



ઝાલાનો મેળો



ચૂલનો મેળો



માનગઢનો મેળો



વલસાડ તિથલનો મેળો



ગોળગધેડાનો મેળો



વિજયાદશમીનો મેળો



દેવદિવાળીનો મેળો



હોળીનો મેળો



મહાશિવરાત્રિનો મેળો



ડાંગ દરબાર



ચૂલનો મેળો



શામળાજીનો મેળો

# ૨૦. આદિવાસી સંગીત વાદ્યો



દેવડોવળી



ટારપું



ડોવળું



ડોવાળ



પાવરી



તારફા



કાહળે



વાંસળી



માદળ



કાહળે



તૂર અને થાળી



ઢાક



ઢોલ



નગારું



થાળી



ઘૂઘરા



કીરચો



દેવલાકડી



ડેરા



ઘાંઘળી



ટીંગરી

# ૨૨. આદિવાસી વિસ્તારોનાં અભયારણ્યો



ગિરનાર



સિંહ (ગીર સાંસણ વિસ્તાર)



ગીર જંગલ




અર્જુન સદડ બાલારામ અભયારણ્ય



સિંહસદન



રીંછ – જેસોર



રીંછ (બાલારામ અભયારણ્ય)



થોળ અભયારણ્ય



થોળ અભયારણ્ય